મહાન નેપોલિયન

[illegible]

મહાન નેપોલિયન

[illegible]

* ओ३म् *

पुस्तक की संख्या ४३ग/२३

पुस्तकालय-पञ्जिका-संख्या ....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

~~१५८२~~

~~२०६४०~~

२०६४०

४३ग
२२

20640

विश्वविद्यालय गुरुकुल कांगड़ी
पुस्तकालय
LIBRARY
VISHWA VIDYALAYA

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

વિવિધ ગ્રંથમાળા વર્ષ ૧૪ મું. સં. ૧૯૮૦ ગ્રંથાંક ૧૬૦ થી ૧૬૬
ચાલુ સાલમાં પૃષ્ઠસંખ્યા ૧૫૦૦, મુલ્ય રૂ. ૪, પાકાંપુંઠાં ૫, પો. માફ

महान नेपोलियन

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी
પ્રયોજક: નર્મદાશંકર બાલાશંકર પંડ્યા, મુ૦ સુરત
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ–અખંડાનંદ.
સ્થળ–અમદાવાદ અને મુંબઈ.

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૮૪૦, ચિત્ર ૬, પ્રત ૭૩૦૦, સં. ૧૯૮૦
વાર્ષિક ફાળે મૂલ્ય ૨ા પાકાંપૂંઠાં ૨ાા પો. માફ

CHECKED 1973
Initial

છુટક મૂલ્ય (પાકાંપૂંઠાં સાથે) રૂ. ૨ાા, પો૦ જુદું

" સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન "

અમદાવાદ રાયખડમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલયમાં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

ખાસ સૂચના અવશ્ય વાંચો.

૧-હવે પછીનું પુસ્તક વી. પી. થી મોકલાશે.-ચાલુ ૧૯૮૦ ના વર્ષમાં નીકળેલા સ્વામી રામતીર્થ ગ્રંથ ત્રીજાનાં તથા આ ગ્રંથનાં મળીને પૃષ્ઠ આશરે ૧૩૫૦ થશે. ખૂટતાં દોઢસોક પૃષ્ઠનું પુસ્તક તૈયાર થતાં બનતાં સુધી તે આવતા આસો માસમાં વી. પી. થી મોકલીને સંવત ૧૯૮૧ ના નવા વર્ષનું લવાજમ (સાદાં પૂંઠાં માટે રૂ. ૪, અને પાકાં પૂંઠાં માટે રૂ. ૫,) મંગાવી લેવાશે. માટે ૧. જેમને તે સાલથી નવા ગ્રાહક થવું હોય, ૨. જેમને તે સાલથી ગ્રાહકમાં ન રહેવું હોય, ૩. જેમને સાદાં પૂંઠાંમાંથી પાકાં પૂઠાંના વર્ગમાં જવું હોય, ૪. જેમને પોતાના શિરનામામાં ફેરફાર કરાવવો હોય, ૫. જેમને બીજું કાંઇ લખવું પૂછવું હોય, તેમણે તે ભાદરવા માસની આખર સુધીમાં લખી મોકલવા તસ્દી લેવી.

૨-વી. પી. પાછું વાળનાર છેલ્લું પુસ્તક ખોશે-ઉપર મુજબ સવેળા સૂચના અપાયા છતાં એવું જે કાંઇ લખવાનું હોય તે જેઓ એ મુદ્દત સુધીમાં નહિ લખી મોકલે, અને વી. પી. મોકલાયેથી પાછું વાળશે, તેઓ તેની નુકશાની બદલ તેમના તે (સં ૧૯૮૦ ના છેલ્લા) પુસ્તક ઉપરનો સઘળો હક્ક ગુમાવશે; અને પછી આઠ આના મોકલ્યા વિના એ પુસ્તક મેળવી શકશે નહિ.

૩-અગત્યની સૂચના:—ગ્રંથમાળાના વી. પી ભેગાં આ સંસ્થાનાં બીજાં પુસ્તકો મોકલવાનુ અગવડભર્યું હોવાથી બીજાં પુસ્તકો જોઇયે તેમણે તે જૂદાંજ મંગાવવાં.

૪-અમદાવાદના ગ્રાહકોને—ઉપર જણાવેલું પુસ્તક અમદાવાદના ગ્રાહકોને પણ વી. પી. થીજ મોકલાશે; અને જેઓ મોડામાં મોડું દિવાળી સુધીમાં પોતાનું લવાજમ અમદાવાદના કાર્યાલયમાં પહોંચાડી દેશે, તેમની પાસેથી ચાર આના ઓછા લેવાશે. ઉપરાંત વી. પી. ખર્ચના પણ બે આના તેમને બચી જશે. ૧૯૮૦ નું છેલ્લું પુસ્તક તૈયાર થયેલું હશે તો તે પણ પૈસા ભરતી વખતે તેમને મળી જશે.

૫-આફ્રિકાનાં ગ્રાહકોને—આફ્રીકાનાં ગ્રાહકોને પ્રત્યેક પુસ્તક નવા વર્ષથી રજીષ્ટર્ડ કરાવીને મોકલવાનું રાખેલું હોવાથી વધારાના પોસ્ટેજ વગેરે સાથે તેમણે સાદાં પૂઠાંના સં૦ ૧૯૮૧ ના લવાજમતરીકે શીલીંગ ૭) અને પાકાં પૂંઠાંના લવાજમ તરીકે શીલીંગ ૮) મોકલવાના છે. એ સિવાય જેમને સંસ્થાનાં બીજાં પુસ્તકો પણ મંગાવવાં હોય તેમણે આ પુસ્તકની છેવટે આપેલી યાદીમાં જણાવ્યા મુજબનું મૂલ્ય, પોસ્ટેજ તેમજ પેકેટ દીઠ રજીષ્ટર્ડ ખર્ચના ૦)= ગણતાં જે રકમ થાય તેના અગીઆર આનાને હિસાબે થાય તેટલા શિલિંગ મોકલી આપવા.

૬-એક નવી યોજના-નવા વર્ષથી આ ગ્રંથમાળામાં એક યા બે વર્ષને માટે રૂ. ૧૦ થી ૧૨ વાળો એક નવો વર્ગ ઉમેરીને તે વર્ગમાં ગ્રાહક થનારને તેટલા પ્રમાણમાં વધુ પુસ્તકો આપવાની યોજના ઉપર વિચાર ચાલે છે. તે જો થોડા સમયમાં નક્કી થશે તો તેને લગતું એક જૂદું ચોપાનીયું છપાવીને આ પુસ્તક સાથે મોકલાશે.

નવાં નીકળેલાં પુસ્તકો

૧–શ્રીજ્ઞાનેશ્વરીભગવદ્ ગીતાની નવી આવૃત્તિ

શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતાની બીજી આવૃત્તિ ગયા વર્ષમાં નીકળીને થોડાજ માસમાં ખપી જવાથી સેંકડો જણને એ પુસ્તક નહિ મળેલું. ઈશ્વરકૃપાથી હવે તેની ત્રીજી આવૃત્તિ તૈયાર થઇ ચૂકી છે. આ ત્રીજી આવૃત્તિમાં બનતું સંશોધન કરવામાં આવ્યું છે, અને બીજી આવૃત્તિના ધોરણેજ તે છપાઇ છે. એનું કદ ૫ાા×૮ નાં પૃષ્ઠ ૭૦૦ ઉપરાંતનું, પૂંઠાં પાકાં કાપડી, તથા મૂલ્ય અમદાવાદમાં રૂ. ૨ાા અને રેશમી પૂંઠા સાથે રૂ. ૩) રાખવામાં આવ્યું છે. મુંબઇ અને બીજાં સ્થળો માટે તેનું મૂલ્ય અનુક્રમે રૂ. ત્રણ અને સવાત્રણ છે. પો. જૂદું.

દિવાળી સુધી અમદાવાદ તેમજ મુંબઇમાં ચાર આના ઓછા લેવાશે.

૨–શ્રી ભજનસાગર–૧૨મી આવૃત્તિ

ભજનસાગરની છૂટી બે આવૃત્તિઓ આગળ આ સંસ્થા તરફથી નીકળી હતી. એ પછી એની બીજી પણ અનેક આવૃત્તિઓ એ પુસ્તકના પ્રયોજક–મુંબઇ નરનારાયણના મંદીરની ભજનમંડળીના ઉપદેશક ભક્તરાજ શ્રી જાદવજીભાઇએ પ્રસિદ્ધ કરાવી હતી. જેમ જેમ આવૃત્તિઓ નીકળતી ગઈ તેમ તેમ તેઓ તેમાં અનેક ઉત્તમ ભજનો, લાવણીઓ વગેરે પણ ઉમેરતા રહ્યા છે અને પુસ્તકનું કદ વધતું ચાલ્યું છે; પરંતુ મોટી સંખ્યામાં વખતો વખત છપાવવા વેચવાની વ્યવસ્થાને અભાવે આ પુસ્તક (તેની છેલ્લી ૧૧ મી આવૃત્તિ) તેનું છાપેલું મૂલ્ય રૂ. ૧ાા આપવા છતાં પણ જેને જોઇએ તેને છૂટથી મળી શકતું નહિ. આ અગવડ દૂર થઇ પુસ્તક સર્વ કોઇને સ્વલ્પ મૂલ્યે અને છૂટથી મળી શકે એથી શ્રીજાદવજી મહારાજ પણ રાજી હોવાથી આ આવૃત્તિ આ સંસ્થાએ પ્રસિદ્ધ કરી છે; અને હવે પછી પણ જરૂર જણાશે તેમ તેમ તેની આવૃત્તિઓ પ્રસિદ્ધ કરવા ધારી છે.

આ આવૃત્તિનું કદ ઇંચ૫×૮ નું, કાગળો જાડા–મજબૂત–સ્વદેશી, અક્ષર મોટા, પૃષ્ઠ સંખ્યા ૨૦૦ ની, તથા પૂંઠું પાકું કાપડી હોવા છતાં મૂલ્ય માત્ર ૦ાા= અને મુંબઇ વગેરે બહારનાં સ્થળો માટે ૦ાા≋ છે. દિવાળી સુધી એક આનો ઓછો લેવાશે.

દીવાળી સુધીમાં નીકળશે

અખાની વાણી—નવી આવૃત્તિ.
ગિરીધરકૃત શુદ્ધ રામાયણ.
બંકિમ નિબંધમાલા.
ભારતનાં સ્ત્રીરત્નો—નવી આવૃત્તિ.
મહાન અકબર—નવી આવૃત્તિ.

નિવેદન

વિવિધ ગ્રંથમાળાના ૧૬૧ થી ૧૬૬મા અંકરૂપે ફ્રાન્સના મહાન દેશભક્ત નેપોલિયન બોનાપાર્ટનું આ વિસ્તૃત વૃત્તાન્ત પાઠકબંધુઓની સેવામાં સપ્રેમ રજુ થાય છે.

અગાઉ સંવત ૧૯૭૦ માં આજ ગ્રંથમાળાદ્વારા આ જગપ્રસિદ્ધ વીરકેસરીનું જે સંક્ષિપ્ત ચરિત્ર અપાયું હતું; તેમાં નહિ આવેલા એવા અનેક આકર્ષક પ્રસંગો, રસપ્રદ વર્ણનો અને બીજી જાણવા જેવી પુષ્કળ હકીકતો આ ચરિત્રમાં સમાયલી હોવાથી આગલા ચરિત્ર કરતાં આનું કદ જેમ ચારગણું થયું છે; તેમ તેની મનોરંજકતા અને ઉપકારકતા પણ તેટલીજ વધી છે. કલ્પિત અને અદ્ભુત નવલકથાઓ કરતાં આવાં ખરી હકીકતોવાળાં આકર્ષક, અને ઉચ્ચ ભાવોને જગાડે તેવાં જીવનચરિત્રોના વાંચનમાં જે હિત રહેલું છે; તે સંસ્કારી પાઠકોને સમજાવવું પડે તેમ નથી. આગલા સંક્ષિપ્ત ચરિત્રની ભૂમિકામાં તેના મૂળ લેખક શ્રીયુત ઇંદ્રવેદાલંકારે નરકેસરી નેપોલિયનના જીવનચરિત્રની ઉપકારકતા તેમજ તેના વિસ્તૃત વૃત્તાંતની વિશેષતા વર્ણવતાં લખ્યું છે કેઃ—

“જાપાનની પાઠશાળાઓમાં સૌથી પ્રથમ અભ્યાસનું પુસ્તક નેપોલિયન બોનાપા-
“ ર્ટનું જીવનચરિત્ર ગણાય છે. આ અસાધારણ મહાપુરુષનું જીવનચરિત્ર છે પણ
“ એવુંજ. એનું અધ્યયન પ્રત્યેક બાળક, યુવા અને વૃદ્ધ પુરુષે અવશ્ય કરવું જોઇએ.

× × × × × × ×

“ ઉક્ત જીવનનાં વીશ પચીશ વર્ષ એવી અસાધારણ ઘટનાઓથી ભરેલાં છે કે મીઠું-
“ મરચું મેળવ્યા વગર તેનો ઇતિહાસ વર્ણવવામાં આવે તોપણ હાલના પુસ્તકથી
“ તે ગ્રંથ દશગણો મોટો થાય! નેપોલિયનનું જીવનચરિત્ર આ પુસ્તક જેવડા દશ ભાગોમાં
“ લખનાર સર વૉલ્ટર સ્કૉટને કોઇએ પૂછ્યું કે તમે આવું લાંબુ જીવનચરિત્ર કેમ
“ લખ્યું ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, એથી નાનું લખવાનો મારી પાસે વખત
“ ન હતો ! + + “ લૉર્ડ રોઝબરીએ કેવળ સેન્ટ હેલેનાની કેદનુંજ
વૃત્તાંત લખ્યું છે; તોપણ તે પુસ્તક “ આના અર્ધા ભાગ જેટલું થયું છે; + +
“ જો આ ચરિત્રને હાલના કદ કરતાં પાચ છ ગણા મોટા કદમાં તૈયાર કરવામાં આવે

“ તો તેની મનોરંજકતા પણ આથી પાંચ છ ગણી વધી જાય; કેમકે આ પુરુષના
“ ચરિત્રની ઘટનાઓ જેટલી પણ સવિસ્તર અને પરિપૂર્ણ રીતે ચીતરવામાં આવે,
“ તેટલે અંશે તે ચરિત્ર વધારે મનોરંજક થઇ પડે તેવું છે. ” × ×

નેપોલિયનના દુશ્મનોએ પણ તેનાં અનેક ચરિત્ર લખ્યાં છે અને મિત્રોએ પણ તેના અનેક ચરિત્ર પ્રસિદ્ધ કર્યાં છે; પરંતુ સહૃદય પાઠકોનો એવો મત છે કે નેપોલિયનના ભક્ત જે. એમ. સી. ઍબટના કરતાં સારૂં ચરિત્ર અંગ્રેજીમાં મળતું નથી. શત્રુ પક્ષના લેખકોવિષે શ્રીયુત ઈંદ્ર પોતાની ભૂમિકામાં ટુંકમાં ઠીકજ કહે છે કેઃ—

“અંગ્રેજ ઇતિહાસ લેખકો તો નેપોલિયનનું ચરિત્ર લખતી વખતે પણ જાણે
“ તેની સાથે લઢવા બેઠા હોય, અને જાણે કે તેમના વિરોધી લેખથી નેપોલિયનની
“ સેનાનો નાશ થઇ જવાનો હોય ! એવીજ કલ્પનાથી તેના જીવનનું આલેખન
“ કરતા દેખાય છે. ગોલ્ડસ્મીથ, સર વોલ્ટર સ્કૉટ, આદિના ગ્રન્થો તો નેપોલિ-
“ યનની વિરુદ્ધમાં જવાળામુખી પહાડનુંજ કાર્ય કરી રહ્યા હોય એવા છે. તેમાં તેની
“ સર્વ ખરાબ વાતોને આગળ કરીને, સારી બાબતોને છુપાવવાની કોશીશ કરતાં સાધા-
“ રણ સત્યની પણ હદ ઓળંગી જવામાં આવી છે. કોઇ કોઈ સ્થળે તો સત્યનું
“ હનન કરીને પણ એ લોકોએ નેપોલિયનના ચરિત્રને કાળું ચિતરવાનો બન્યો
“ તેટલો યત્ન કર્યો છે.

અમેરિકાના એક આગલા જગપ્રસિદ્ધ પ્રેસિડન્ટે ઠીકજ કહ્યું છે કે,—કેટલાક સમય માટે બધાઓને પણ છેતરી શકાય; અને કેટલાકોને બધા વખત માટે પણ છેતરી શકાય; પરંતુ **બધાઓને બધા વખત માટે તો કોઇ નજ છેતરી શકે.** નેપોલિયનની બાબતમાં પણ એમજ થયું છે. રોમેરોમમાં પ્રસરી ગયેલા દ્વેષને લીધે એ અસામાન્ય મહાપુરુષને અધમ મનુષ્યમાં ગણાવવાનું અનેક લેખકોએ લખ્યા કર્યું; પણ છેવટે ઉપરોક્ત ઍબટ મહાશયે તેના મહાન હેતુઓ, ઉત્તમ ગુણો અને અસામાન્ય કૃતિઓને સ્પષ્ટ રૂપમાં રજુ કરીને, તેમજ દ્વેષમૂલક આરોપોના સચોટ રદીયા આપીને તેના જીવનપર જે પ્રકાશ પાડયો, તેથી છેવટે તેના સાંકડા હૃદયના વિરોધીઓની હલકાઇઓજ ઇતિહાસનાં પૃષ્ઠોપર કાળા અક્ષરે નોંધાવાને તરી આવી છે !

ઉપરોક્ત મહાશય એબટના ગ્રંથના સારાંશરૂપે, પરંતુ પદ્ધતિમાં કેટલોક ફેરફાર કરીને બંગાળીમાં શ્રીયુત્ બંકિમચંદ્ર લાહિડી બી. એલ. તરફથી નેપોલિયનનું જે ચરિત્ર છપાયું હતું, તેનોજ સીધો અનુવાદ કરાવવાની પ્રથમ ધારણા હતી. પરંતુ એબટ કૃત અંગ્રેજી ગ્રંથ અવલોકયા પછી ભાઇ નર્મદાશંકરને એમ લાગ્યું કે આવા ગ્રંથનો વિસ્તાર ભલે વધે, પરંતુ ઍબટના ગ્રંથમાંથી હજી જે પુષ્કળ સારી સારી બાબતો લેવા જેવી છે તે લઇને આ ગ્રંથને જેટલો સંપૂર્ણ બનાવવામાં આવે તેટલો તે ઉપયોગી પણ વધુ થાય તેમ છે. માત્ર પુસ્તકનું કદ વધે નહિ

તેટલા સારૂજ અનેક રસપ્રદ અને બોધપ્રદ બાબતો તેમાં આવતી અટકે, એ અઠીક લાગવાથી પછી તે બંધુની યોજના મુજબજ આ ગ્રંથ તેમણે તૈયાર કરવો એમ ઠર્યું. આ કાર્ય તેમણે જે કાળજીથી બજાવ્યું છે, તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

શ્રીયુત બંકિમચંદ્ર લાહિડીએ પોતાના બંગાલી પુસ્તકની શરૂમાં નેપોલિયનના સંબંધમાં ટુંકામાં જે સરસ ખ્યાલ આપ્યો છે, તેનો સારાનુવાદ નીચે પ્રમાણે છેઃ—

“ ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં ફ્રાન્સ દેશમાં એક અવનવું તોફાન પ્રબળ
“ વેગથી ચાલી રહ્યું હતું. આખો દેશ ઘોર અંધકારમાં ડૂબી ગયો હતો. રાજા અને
“ રાણી બન્નેનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. અસંખ્ય લોકોના પ્રાણના બલિનાં
“ દાન અપાઇ રહ્યાં હતાં. રીતિ, નીતિ, વ્યવસ્થા અને સુશ્રૃંખલા, એ સર્વનો નાશ
“ થયો હતો. સમગ્ર દેશમાં ભારે હીલચાલ ચાલી રહી હતી. આ ભીષણ અંધકારમાં
“ ઇશ્વર અને ધર્મ, એ તો ઉપહાસપાત્ર વસ્તુઓ ગણાવા લાગી હતી. અર્થાત્ સર્વના
“ મનમાંથી ઇશ્વર અને ધર્મનો ભય જતો રહ્યો હતો. ધર્મપ્રચારકોને મારીને હાંકી
“ કાઢવામાં આવ્યા હતા. પૈસો જ્યાં ત્યાં અનર્થના કારણરૂપ બની રહ્યો હતો. વિશ્વાસ-
“ ઘાતકતાનું જોર પૂરેપૂરૂં જામ્યું હતું. ભયંકર અરાજકતાની અસ્થિપિંજરમય પૈશા-
“ ચિક મૂર્તિ દેશમાં ચોતરફ ઘુમી ઘુમીને નાચી રહી હતી. જ્ઞાનહીન લોકોના સ્વે-
“ ચ્છાચાર અને અનિષ્ટ વ્યવહાર પ્રકટી નીકળીને બીજાઓની સંપત્તિ અને પ્રાણ
“ સુદ્ધાં ખુંચવી લેવાનું ભયંકર કૌતુક ચાલી રહ્યું હતું. સમગ્ર ફ્રાન્સમાં એક પણ
“ એવી વ્યક્તિ ન હતી કે જે આપત્તિ અને ચિંતા સિવાય સમય ગાળતી હોય.
“ દરિદ્ર અને મૂર્ખ પ્રજાગણે, ધનમદ, સત્તામદ અને કુલમદવાળાઓની લાંબો સમય
“ સુધીની સતાવણી અને અત્યાચાર વેઠયા પછી અત્યંત સાહસમાં આવી જઇને
“ પોતાના સંપૂર્ણ શરીરબળનો એવો દુરુપયોગ કરવા માંડયો હતો કે દેશ જાણે
“ કે રસાતાળમાંજ પેસી જવાનો માર્ગ શોધી રહ્યો હતો. ફ્રાન્સમાં ચાલેલું આ
“ ઘોર અત્યાચારનું અવનવું તોફાનજ આજે ઇતિહાસમાં ફ્રાન્સના ભયંકર વિપ્લવ
“ (ઉથલપાથલ–ક્રાન્તિ) ના નામથી પ્રખ્યાત છે.

“ છેવટે જે મહાપુરુષે પોતાની અલૌકિક પ્રતિભા, અસામાન્ય વીરત્વ અને અદ્-
“ ભુત કૌશલ્યવડે ફ્રાન્સને અરાજકતા અને સ્વેચ્છાચારની ઘોર યાતનામાંથી છોડા-
“ વીને તથા રસાતળના માર્ગમાંથી પાછો વાળીને વ્યવસ્થા તેમજ નિયમનના શિખરે
“ પહોંચાડયો હતો; તથા જે પરાક્રમી પુરુષે લોકરક્ષા માટે કટિબદ્ધ થઇને પોતાની
“ વીરતાના પ્રભાવથી ફ્રાન્સવાસીઓને ચેતના તથા શૌર્ય સમર્પીને તેમને સમુદ્રપર
“ તેમજ સમસ્ત પૃથ્વીમાં અગ્રગણ્ય બનાવી દીધા હતા; તે પુરુષ નરકેસરી **નેપોલિયન**
“ **બોનાપાર્ટ** હતો.

“ નેપોલિયને પોતાના દેશને માટે આત્મસમર્પણ કર્યું. પોતાના સ્વાર્થની
“ તેણે કોઇ દિવસ દરકાર ન કરી. તે જનતાના અધિકારોને માટેજ સદા લડતો રહ્યો.

“ પોતાના અધિકારને અખંડિત રાખવાનો તેણે કદી પ્રયત્ન કર્યો નથી. સર્વવ્યાપી
“ ત્રિગુણાત્મકતાને અનુસરીને તેનામાં પણ માનવોચિત દુર્બળતા થોડી ઘણી
“ હશે, તોપણ તે સાહિત્ય, ગણિત, વિજ્ઞાન, દર્શન, મધુર આલાપ, ઇતિહાસ, રણ-
“ કૌશલ્ય, રાજનીતિ, વગેરે વિષયોમાં તેના સમયનો સર્વપ્રધાન પુરુષ હતો. પુરાણ
“ સમયના પ્રધાન વીર પુરુષો—જુલિયસ સિઝર વગેરેની સાથે તેને બેસાડીએ તો તેની
“ અસાધારણ પ્રતિભા આગળ એ લોકો ઝાંખાજ દેખાય. તેનું નિષ્કલંક ચારિ-
“ ત્ર્ય, સર્વ વિષયોમાં ઉત્કૃષ્ટ બુદ્ધિ, મધુર અને તેજસ્વી વાણી, અલૌકિક વીરતા,
“ સ્વાર્થરહિત સ્વદેશસેવા, વગેરે સર્વ વાતો મનને મુગ્ધ કરનારી અને અસાધારણ
“ પ્રતિભાના દૃષ્ટાંતરૂપ હતી. તેની અનેકવિધ કીર્તિ સેંકડો મુખે તેની અસાધારણ-
“ તાની ઘોષણા કરી રહી છે. તે સંસારમાં અનુપમ વીર અને અનેક
“ દેશોમાં ઘેરઘેર પ્રાતઃસ્મરણીય થઇ ગયો છે. તેણે કૃતજ્ઞ ફ્રાન્સવાસીઓની હાર્દિક
“ ઇચ્છાથી સિંહાસનારૂઢ થઇને પોતાના દેશની ઉન્નતિ માટે પોતાના અસાધારણ
“ ગુણોનો સદુપયોગ કર્યો અને જે ફ્રાન્સ દેશમાં ધર્મનો લોપ થયો હતો ત્યાં પુનઃ
“ ઇશ્વરની પૂજા અને ધર્મની સ્થાપના કરી. અંતે પણ તે દેશનું હિત સાધવામાં—ફક્ત તે
“ દેશનુંજ નહિ બલ્કે સમગ્ર યૂરોપ અનેસમસ્ત માનવજાતિનું કલ્યાણ સાધવામાંજ
“ તેણે પોતાની જાતને અર્પણ કરી દીધી. જો નેપોલિયને આ મહાન ઉદ્દેશને બદલે
“ પોતાના સિંહાસનનેજ મજબૂત કરવાનો પ્રયત્ન કર્યો હોત; તો તેનાથી યૂરોપનું
“ રક્ષણ ન થાત, અને યૂરોપનો વૈજ્ઞાનિક દીપક આજે દેદીપ્યમાન થઇને આખી
“ પૃથ્વીને પ્રકાશિત કરી શકત નહિ.

ઉપરોક્ત વિષયમાં મહાશય ઍબટની પણ થોડીક સુંદર લીટીઓને આપીશું કે:—

“ હાલના જમાનામાં આપણને એવો રાજા ક્યાંય જડશે નહિ કે જેણે પોતાના
“ અંગત સુખવૈભવની દરકાર ન રાખતાં પોતાના દેશનાજ ભલાને માટે આટલો અન-
“ ન્યભક્તિભાવ દાખવ્યો હોય. જે કોઈ ફ્રાન્સવાસી નેપોલિયનને ઓળખતો હતો
“ તે તેને ચાહતો હતો, અને હવે તેનું સત્ય ચારિત્ર્ય આખી દુનિયામાં જાણીતું થયું
“ છે, એટલે પ્રત્યેક દેશનો દરેક સહૃદય માણસ તેને ચાહ્યા વિના રહેશે નહિ.

આવા એક અતિ અસામાન્ય મહા પુરુષનું વૃત્તાંત આ પુસ્તકદ્વારા પાઠકને પ્રાપ્ત થાય છે. ચરિત્રનાયકની એકનિષ્ઠ દેશહિતૈષિતા, દેવતાઇ કાર્યકુશળતા, ઉત્તમ ઔદાર્ય, અડગ નિશ્ચયબળ, અખૂટ આત્મશ્રદ્ધા, અદ્‌ભુત વિચક્ષણતા, અસામાન્ય શૂરવીરતા, અને સહનશીલતા, સતત્ કર્તવ્યપરાયણતા, આશ્ચર્યકારક સમયસૂચકતા, સર્વદેશી વિદ્વત્તા, વીરોચિત ક્ષમાવૃત્તિ, હૃદયની વિશાળતા, વગેરે અનેક અસામાન્ય સદ્‌ગુણોને સ્પષ્ટ અને અસરકારકરીતે આ ગ્રંથ રજુ કરે છે. તેમજ ઉન્નતિને ઇચ્છનાર કોઇ પણ પ્રજાના નાયકો, ધનવાનો, પ્રજાવર્ગ, સમાજસેવકો, ઉપદેશકો, ધર્માચાર્યો, વગેરે સર્વને માટે મનન અને અનુસરણ કરવા જેવી બીજી પણ પુષ્કળ બાબતો પૂરી પાડે છે.

આશા છે કે સર્વ સહૃદય વાંચનાર ભાઇબ્હેનો વિવિધ ગ્રંથમાળાના આ સર્વથી મોટા ગ્રંથનું વાચન કરીને તેની રચના અને મનોરંજકતાથી પ્રસન્ન થશે; તેમાં ઠેકઠેકાણેથી તરી આવતું શિક્ષણ મનનપૂર્વક હૃદયમાં ઉતારશે; અને ભારતવર્ષને અત્યારે ક્રાન્તિની અમુક ભૂમિકામાં પ્રવેશ કરાવવા તથા આગળ વધારવા માટે મ૦ ગાંધી જેવો જે અપૂર્વ દોરવનાર મળ્યો છે, તેને માટે પરમકૃપાળુ પ્રભુનો આભાર માનશે. સમગ્ર પાઠકો અને માનવબંધુઓ પોતાના જ્ઞાનચારિત્રને અધિકાધિક ખીલવીને તે અનંત કૃપાસાગરની અધિકાધિક કૃપા મેળવે; દેશોદયના કાર્યમાં તેના હથિયારરૂપ બનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે; અને તેના અનંત ઐશ્વર્ય તથા માહાત્મ્યનું હૃદયમાં ધ્યાન કરીને તેના સચ્ચિદાનંદમય પદને પ્રાપ્ત કરે; એ ભાવનાપૂર્વક ॐतत्सत्

અષાડ માસ, વિ. સં. ૧૯૮૦ ભિક્ષુ–અખંડાનંદ

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧ લું–	બાલ્યાવસ્થા	૧
૨ જું–	રાજ્યવિપ્લવનું પરિણામ	૧૨
૩ જું–	તુલોન શહેરનો ઘેરો.	૨૬
૪ થું–	ઈટાલિ અને પારિસમાં કરેલાં પરાક્રમ–૧૭૯૪	૩૩
૫ મું–	લગ્ન ૧૭૯૬	૪૮
૬ ઠું–	ઈટાલિયન વિગ્રહ ૪૦ સ૦ ૧૭૯૬	૫૫
૭ મું–	આસ્ટ્રિયન સેનાની પૂંઠ પકડવી–૧૭૯૬	૬૬
૮ મું–	મંટુઆનો ઘેરો–૧૭૯૬	૮૧
૯ મું–	મંટુઆ પડયું–૧૭૯૭	૯૨
૧૦ મું–	આસ્ટ્રિયા ઉપર ચઢાઇ અને સંધિ ૧૭૯૭	૧૦૯
૧૧ મું–	ઇટાલિમાં નવયુગ (૧૭૯૭)	૧૧૮
૧૨ મું–	મિસર ઉપર સ્વારી–૧૭૯૮	૧૩૦
૧૩ મું–	સિરિયા ઉપર ચઢાઇ ૧૭૯૮–૧૭૯૯	૧૫૩
૧૪ મું–	નેપોલિયનને એકરનો ઘેરો ઉઠાવી લેવો પડયો. ૧૭૯૯	૧૬૭
૧૫ મું–	મિસરથી પારિસમાં પુનરાગમન–૧૭૯૯	૧૮૧
૧૬ મું–	ડિરેકટરીનો ધ્વંસ અને નેપોલિયન ફ્રાન્સના પાયતખ્તના પગથીઆ ઉપર પગ મૂકે છે. ૧૭૯૯	૨૦૦

૧૭ મું– ફ્રાન્સમાં નવયુગ ૨૧૪
૧૮ મું– નેપોલિયનની સલાહમાટે પ્રાર્થના અને તેનો તોછડો અસ્વીકાર.... ૨૨૯
૧૯ મું– આલ્પ્સ ઓળંગી જવું ૨૩૬
૨૦ મું– મારેન્ગોનો સંગ્રામ ૨૪૪
૨૧ મું– હોહેન્લિન્ડેનનું યુદ્ધ ૨૫૩
૨૨ મું– ઈંગ્લંડ સાથે સલાહ ૨૬૩
૨૩ મું– ફ્રાન્સમાં જાતીય સુધારણાની યોજના ૨૭૬
૨૪ મું– નેપોલિયન જીવનપર્યંતનો ફર્સ્ટ કૉન્સલ થયો.... ... ... ૨૮૩
૨૫ મું– એમેનની સુલેહનો ભંગ ૨૯૩
૨૬ મું– બોલોનની છાવણી ૩૦૧
૨૭ મું– બુર્બોન કાવત્રાનો હેવાલ ૩૧૧
૨૮ મું– નેપોલિયન શહેનશાહ થયો. ૩૨૨
૨૯ મું– ઇટાલિનું રાજ્યાસન મળ્યું ૩૩૨
૩૦ મું– અલ્મનો રણસંગ્રામ ૩૪૨
૩૧ મું– આસ્ટરલિટ્ઝનું મહાયુદ્ધ ૩૪૯
૩૨ મું– પરરાજ્યો સાથે મૈત્રી અને ફ્રાન્સનો વિસ્તાર... ... ... ૩૫૭
૩૩ મું– જેનાનું યુદ્ધ ૩૬૯
૩૪ મું– બર્લિનડીક્રી અને ઈલાઉનું યુદ્ધ ૩૭૭
૩૫ મું– રશિયામાં ઠેઠ ફ્રિડલેન્ડ સુધી ૩૮૯
૩૬ મું– ટિલ્સિટની સલાહ ૪૦૦
૩૭ મું– નેપોલિયનના રાજનૈતિક અભિપ્રાય... ... ... ૪૦૬
૩૮ મું– પારીસ નગરીનાં દૃશ્ય ૪૧૭
૩૯ મું– ડેનિશ રાજધાનીપર અંગ્રેજોએ ચલાવેલો તોપોનો મારો... ... ૪૨૩
૪૦ મું– સ્પેનમાં રાજ્યવિપ્લવ ૪૩૦
૪૧ મું– સંકટમાં વધારો ૪૪૧
૪૨ મું– શહેનશાહોનું સંમલેન ૪૪૭
૪૩ મું– નેપોલિયન ફરીથી સ્પેનમાં ૪૫૪
૪૪ મું– યૂરોપના રાજાઓની નવી એકસંપી... ... ... ૪૬૨
૪૫ મું– ‘એકમૂલનો’ દારુણ સંગ્રામ ૪૭૦
૪૬ મું– વિયેના જીતાયું... ... ... ૪૭૬
૪૭ મું– લોબોનો ટાપુ ૪૯૦

૪૮ મું– વાગ્રામનો સંગ્રામ ૪૯૮
૪૯ મું– શહેનશાહ બાનુ જોસેફાઇન સાથે છૂટા છેડા... ... ... ૫૦૬
૫૦ મું– આસ્ટ્રિયાની શાહજાદી સાથે લગ્ન ૫૧૧
૫૧ મું– રશિયા સાથે પુનઃ યુદ્ધ ૫૧૬
૫૨ મું– માસ્કો તરફ પ્રયાણ ૫૨૪
૫૩ મું– ફ્રેન્ચો મોસ્કોથી પાછા ફર્યા ૫૪૭
૫૪ મું– લ્યૂઝેન અને બોઝેનના સંગ્રામ ૫૭૨
૫૫ મું– પુનરાવલોકન ૫૯૧
૫૬ મું– ડ્રેસ્ડન આગળ મેળવેલી વધુ ફતેહ... ... ... ૬૦૪
૫૭ મું– લિપ્ઝિક આગળ ફ્રેન્ચોની ખુવારી... ... ... ૬૧૫
૫૮ મું– વળી લડાઈ શરૂ થઈ ૬૩૦
૫૯ મું– પારીસ શરણ થયું ૬૩૭
૬૦ મું– રાજ્યાસન છોડયું ૬૪૮
૬૧ મું– એલ્બા તરફ પ્રયાણ ૬૬૫
૬૨ મું– નેપોલિયન એલ્બામાં ૬૭૫
૬૩ મું– એલ્બાથી ફ્રાન્સ ૬૮૪
૬૪ મું– પુનઃ પારીસમાં ૬૯૨
૬૫ મું– મિત્રરાજાઓની શત્રુતા જેવી ને તેવીજ ૭૦૦
૬૬ મું– વૉટર્લુ ૭૦૯
૬૭ મું– બીજીવારનો રાજ્યત્યાગ ૭૨૪
૬૮ મું– શહેનશાહ કેદી બન્યો ૭૩૬
૬૯ મું– સેન્ટ હેલેના ૭૫૧
૭૦ મું– લોંગવુડમાં પહેલું વર્ષ ૭૫૮
૭૧ મું– કેદનું બીજું તથા ત્રીજું વર્ષ ૭૬૫
૭૨ મું– કેદનું ચોથું અને પાંચમું વર્ષ ૭૭૩
૭૩ મું– છેલ્લા દિવસ ૭૮૨
૭૪ મું– શહેનશાહનાં અસ્થિને માટે માગણી... ... ... ૭૯૪

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૮	એમનું જીવનચરિત્ર	એ શબ્દો વાંચવા નહિ.
૮	૮	ાઇ છોકરો	કોઇ છોકરો
૩૯	૧૪	ણે કહ્યું	તેણે કહ્યું
૪૨	૭	કો	કોઇ
૪૫	૨૪	શત્રને	શત્રુને
૪૬	૧૨	સન્યનું	સૈન્યનું
૪૮	૧	૧૯૭૬	૧૭૯૬
૪૯	૧૫	મતે	મને
૬૭	૧૧	ગારવ	ગૌરવ
૭૧	૧૦	(એ	એ
૯૨	૯	ભુઝગ	ભુઝર્ગ
૯૫	૩	મેળવ્યા	મેળવ્યા પછી
૧૦૬	૫	તવારખ	તવારિખ
૧૧૦	૧૪	સાથી	સાથી
૧૧૦	૨૮	અરિત્રનો	ચરિત્રનો
૧૩૬	૮	પાર્વાત્ય	પૌર્વાત્ય
૧૪૩	૨૬	પોતાન	પોતાના
૧૪૬	૨૧	બ્યપારનું	બ્યાપારનું
૧૪૬	૨૫	સાર્વભામ	સાર્વભામ
૧૪૬	૩૩	અપ્યું	આપ્યું
૧૫૦	૬	નાકા	નૌકા
૧૫૩	૬	સન્યના	સૈન્યના
૧૮૦	૧૨	અલાકિક	અલૌકિક
૧૮૦	૧૬	નાકાઓની	નૌકાઓની
૧૮૪	૩૦	પ્રેમથીજે	પ્રેમથીજ
૧૮૫	૧૮	યું	થયું
૨૦૨	૧૨	સેનાપતની	સેનાપતિની
૨૧૫	૧૬	વખને	વખતે
૨૧૫	૧૮	ઉમેદવારતે	ઉમેદવારને
૨૩૬	૧૨	અઢનળક	અઢળક

૨૩૮	૨૦	ગજના	ગર્જના
૨૫૬	૨૪	લખનારની	પત્ર લખનારની
૨૫૭	૮	નાકાબળ	નાકાબળ
૨૮૬	૨૧	કીતિમાં	કીર્તિમાં
૨૯૦	૭	કીતિમાં	કીર્તિમાં
૨૯૫	૨૫	આદ્યોગિક	ઔદ્યોગિક
૨૯૮	૨	નૈકાસૈન્ય	નૌકાસૈન્ય
૩૦૭	૯	નાકાધિપતિનો	નૌકાધિપતિનો
૩૨૧	૧૦	એન્ડીને	એન્ડ્રીને
૩૩૬	૨૪	નાકાસૈન્ય	નૌકાસૈન્ય
૩૩૭	૩	નાકાસૈન્યાધિપતિ	નાકાસૈન્યાધિપતિ
૩૪૭	૨૨	કર્યું	કર્યું
૩૫૧	૨૬	શાર્ય	શૌર્ય
૩૬૪	૪	હતો હતો	હતો
૩૬૫	૩૨	તુર્કસ્તાના	તુર્કસ્તાન
૩૮૩	૩૦	નહ	નહિ
૪૧૨	૧૯	ટિલ્સિટની	ટિલ્સિટની
૪૧૯	૨૮	લત્તાાઓને	લત્તાઓને
૪૨૧	૩૦	સાથે	સાથે
૪૨૯	૨૩	તો	તે
૪૪૧	૨૦	આપવામાં	આપવામાં આવી
૪૪૯	છેલ્લી	અલાકિક	અલૌકિક
૪૫૦	૧૮	સાડવા	બેસાડવા
૪૬૬	૨૩	અલાકિક	અલાકિક
૪૭૮	૨૧	સરદાને	સરદારને
૪૭૮	૨૦	સાથી	સૌથી
૪૮૭	૨૨	નેપોલિય	નેપોલિયન
૫૦૪	૭	ભલે	ભલો
૫૨૦	૩	લશ્કની	લશ્કરની
૫૨૧	૧૪	ઉમરાવવગ	ઉમરાવવર્ગ
૫૨૭	૨૮	વૉરસોસાં	વૉરસોમાં
૫૪૧	૧૧	એકોએક	એકાએક
૫૪૮	૨૬	સૂય	સૂર્ય

૫૫૭	૫	સાથી	સૌથી
૫૬૦	૧૮	સાથી	સૌથી
૫૬૫	૪	સૂચવ્વા	સૂચવ્યા
૫૭૬	૧૭	નાકાબળ	નૌકાબળ
૫૮૧	૨	શાર્યનાં	શૌર્યનાં
૫૮૧	૨૦	એલ્બ	એલ્બા
૫૮૨	૧૯	આપવનું	આપવાનું
૫૮૬	છેલ્લી	લડવાતી	લડવાની
૫૯૩	૨૨-૨૩	આ લીટીઓમાંથી નીચલું લખાણ છેકી નાંખવું કે કોઈ પણ કામમાં વિજય મેળવવાની ચાવી, તેના અંગનું દરેક કામ એક પછી એ કળતાજ નહિ.	
૫૯૪	૧૭	સાથી	સૌથી
૬૦૫	૨૯	સૈન્ચ	સૈન્ય
૬૦૬	૨૨	અને અને	અને
૬૧૫	૧૯	એલ્બ	એલ્બા
૬૧૭	૧૫	,,	,,
૬૧૭	૨૦	,,	,,
૬૧૮	૨૩	અલાકિક	અલૌકિક
૬૨૧	છેલ્લી	યુદ્ધકાશલ્ય	યુદ્ધકૌશલ્ય
૬૨૪	૧૧	તું	હતું
૬૨૪	૧૪	ફડાકા	ધડાકા
૬૨૪	૧૫	વા	થવા
૬૭૪	૧૦	સાને	સાને
૬૮૦	૨૭	અશ્ચર્ય	આશ્ચર્ય
૬૮૫	૧૩	હર્યાજ	હાર્યાજ
૬૮૭	૧૮	સાનંદાશ્ચયથી	સાનંદાશ્ચર્યથી
૬૮૯	૨૩	સાને	સૌને
૭૩૭	૬	સા	સૌ
૭૪૩	૮	થયા	થવા
૭૬૨	૧૯	ગમ	ગમે
૭૬૪	૨	જનરલ	કે જનરલ
૭૬૯	૧૨	પ્રાઢ	પ્રૌઢ
૭૭૪	૨૨	એવું	એવું)
૭૮૨	૧૭	નાકાવ્યવહારને	નૌકાવ્યવહારને

फ्रान्सनी राज्यक्रान्ति

(નેપોલિયનનું ચરિત્ર શરૂ થાય તે પૂર્વે ફ્રાન્સની તે સમયની તેમજ તેની પૂર્વની સ્થિતિ જાણવાની જરૂર હોવાથી અને આ સંસ્થાએ અગાઉ પ્રકટ કરેલા શ્રીયુત ઇંદ્રવેદાલંકારવાળા સંક્ષિપ્ત ચરિત્રનું પહેલું પ્રકરણ વિષયને લગતું હોવાથી આ નીચે તે આપવામાં આવ્યું છે. **સંપાદક**)

રાજ્યક્રાન્તિની તૈયારી

अपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम् । भवभूति ।

" પત્થર પણ રોવા માંડે છે, અને વજ્ર જેવું હૃદય પણ વિદીર્ણ થાય છે. "

બુદ્ધિમાન પુરુષોનું એ કથન છે કે, આ સસારમાં, વિના પ્રયોજને કોઈ પણ ક્રિયા થતી નથી. કંઇ પણ ઉદ્દેશ વગર, એક તણખલું પણ તોડી શકાતું નથી. ત્યારે પછી અતુલ શક્તિવાળા પરમાત્માની સૃષ્ટિમાં, કોઇ પણ નિરર્થક બાબત કેમ બની શકે ? જ્યારે અમે નાની નાની ક્રિયાઓને બાજુએ મૂકીને, સંસારની મોટી મોટી બાબતોપર વિચાર કરીએ છીએ ત્યારે અમને આ કથનમાં એથી પણ વધુ સત્ય માલૂમ પડે છે. બુદ્ધિમાન પુરુષોએ, મહાભારત શોધ અને યત્નોથી એમ સિદ્ધ કરવા કોશીશ કરી છે કે, સંસારની રંગભૂમિપર જે અદ્ભૂત નાટ્યપ્રયોગ થઈ રહ્યો છે,—જે આશ્ચર્યકારક તથા અસાધારણ ઘટનાઓ બનતી માલૂમ પડે છે, તે સર્વ સકારણ હોવાનું જણાય છે—નિષ્પ્રયોજન નહિ. જે પરિસ્થિતિ તથા કાળચક્રમાં એવા પ્રસંગનું આગમન થાય છે, ત્યાં તેની જરૂરજ હોય છે. તે સિવાય તે ઘટનાચક્ર અંગવિહીન પ્રતીત થઇ યથાવત્ કાર્ય કરી શકતું નથી, અને વિધિની ઇચ્છા પણ ત્યારેજ પૂર્ણ થાય છે. ઉક્ત પ્રસંગ કોઇને પ્રિય લાગે કે અપ્રિય, પરંતુ તેની આવશ્યકતા અને સકારણતામાં લેશપણ સંદેહ રાખવો નિરર્થક છે. પુષ્પ ખીલે છે તે પૂર્વે કળીના રૂપમાં બહાર આવે છે, એ સૃષ્ટિક્રમ શું બતાવે છે? કોઇ પણ પુરુષ એમ ઇચ્છતો નથી કે સુંદર પુષ્પનું સ્થાન તેવા સૌંદર્યથી રહિત એક કળીને પ્રથમ પ્રાપ્ત થાય. સર્વની એજ ઇચ્છા હોય છે કે પુષ્પ ક્યારે ખીલે અને અમે તેના ભોક્તા થઇએ ! પરન્તુ એ અભિલાષા ઉચિત નથી. કળી ન હોય તો ફૂલની આશાજ વ્યર્થ છે; અર્થાત જેમ કળીની અનિચ્છા, ખીલેલા પુષ્પના આનંદથી મનુષ્યને વંચિત રાખે છે, તેવીજ રીતે પ્રતિકૂળ ઘટનાઓની અનિચ્છા, આપણને અનુકૂળ સુખોથી વિમુખ રાખે છે. માટેજ પ્રતિકૂળ સંજોગોને વ્યર્થ નહિ, પરંતુ સાર્થક સમજવાયોગ્ય છે.

હવે હુ આપની સમક્ષ એક મહાભારત ઘટના રજુ કરૂં છું. એક એવું જીવનચરિત્ર હું આપની પાસે મૂકવા માગું છું, કે જે એક મહાન ઘટનાચક્રનું અંગ હોવા છતાં, તેનું થોડે થોડે નિરીક્ષણ કરવું એ ઓછું મહત્ત્વનું નથી. આ ઘટના તે નેપોલિયન બોનાપાર્ટનું સુપ્રસિદ્ધ જીવનચરિત્ર છે. નેપોલિયનનું જીવનચરિત્ર યુરોપજ નહિ પરંતુ સમસ્ત સંસારના ઇતિહાસોમાં, એક અસાધારણ બનાવ છે, એમ આ પુસ્તક વાંચ્યા પછી આપને અવશ્ય સમજાશે. જ્યારે કોઇ સાધારણ ઘટના પણ, વિના પ્રયોજને બની શકતી નથી, ત્યારે નેપોલિયનના જીવન જેવો મહાન બનાવ નિષ્કારણ હોય એ સર્વથા અસંભવિત છે.

અત્રે એ પ્રશ્ન થશે કે, નેપોલિયનની આ સંસારમાં શું જરૂર હતી ? પરમાત્માએ એદ્વારા સૃષ્ટિપર શું ઉપકારો કરવા ધાર્યા હતા ? એનો જવાબ આપવા માટે, કેવા સંજોગોમા તેનો જન્મ થયો હતો ? એ આપણે પ્રથમ જોવું પડશે. એ સમયે કયી વસ્તુની જરૂર હતી ? અને નેપોલિયનના જન્મથી તે ખામી દૂર થઇ હતી કે કેમ ? જો તેમ બન્યું હોય તોજ નેપોલિયનની હસ્તી સપ્રયોજન હતી, અને તે ઘટના ઈશ્વરપ્રેરિત હોવી જોઇએ એમ માનવું જોઇયે. અન્યથા નહિ.

ઉક્ત વસ્તુઓ ધ્યાનમાં રાખીનેજ, નેપોલિયનના ચરિત્રસંબંધી કંઈ પણ ઉલ્લેખ કરવા પૂર્વે, જે ભૂમિમાં નેપોલિયનનો જન્મ થયો હતો, તે ફ્રાન્સ દેશની તે સમયની સ્થિતિ કેવી હતી ? તેનો પ્રથમ ખ્યાલ આપવાનું મેં ઉચિત ધાર્યું છે. જે પ્રસંગે ફ્રાન્સમાં રાજ્યક્રાન્તિનો અગ્નિ ચારે બાજુએ સળગી ઉઠયો હતો, તે સમયથી નેપોલિયનના વાસ્તવિક જીવનનો આરંભ થાય છે. એ સમયે જૂના જમાનાના રાજકીય તથા ધાર્મિક વિચારો લોકોના હૃદયમાંથી બીલકુલ નીકળી ગયા હતા. "કેવળ રાજાજ સમસ્ત પ્રજાના જીવન તથા એ સંપત્તિનો સંપૂર્ણ અધિકારી છે" એવા વિચારવાળું પ્રાચીન એકસત્તાત્મક રાજ્યબળ એ સમયે સર્વથા નષ્ટ થઈ ચૂક્યું હતું. તે ક્રીશ્ચીયન ધર્મ જેણે એક વખત ફ્રેન્ચ પ્રજાના હૃદયપર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરીને તેની વૃદ્ધિપર સીલ માર્યું હતું ! તે પણ આ સમયે ધૂળધાણી થઇ ગયો હતો. મોટા મોટા ઠાકોરો અને જમીનદાર લોકો જે એક વખત રાજાનો જમણો હાથ ગણાતા તથા સર્વ સાધારણ ઉપર પોતાનો અખંડિત અધિકાર હોવાનું માની અક્કડ ફરતા હતા, તેઓ સર્વે પોતાનો જીવ પડીકે બાંધીને ફ્રાન્સની હદ બહાર જઈ બેઠા હતા, અને આરોપીઓની માફક પોતાનો પ્રાણ બચાવવાની ફીકરમાં પડયા હતા. ટુંકામાં પ્રાચીનકાળનો સર્વ રંગ બદલાઇ ગયો હતો. પ્રથમ રાજા અને સરદારોજ જે રાજ્યના માલિક હતા તે રાજ્ય હવે પ્રજાનું થઇ પડયું હતું. "બાબા વાક્યં પ્રમાણમ્" એ સૂત્રની જગાએ, તર્કશક્તિને પ્રાધાન્ય મળ્યું હતું; અને ફ્રાન્સ તે સમયે એક નવા યુગમાંથી પસાર થતું હતું.

આ રાજ્યક્રાન્તિ, કેવળ ફ્રાન્સને માટે નહિ, પરંતુ સમસ્ત યૂરોપને માટે એટલી જરૂરની હતી કે તેને યૂરોપના ઇતિહાસમાં હમેશાં ખાસ સ્થાન આપવામાં આવે છે. જે ક્રાન્તિને એટલી બધી પ્રધાનતા આપવામાં આવે છે, જે ક્રાન્તિએ એક સૈકાના ચોથા ભાગમાં આખા ફ્રાન્સ દેશની કાયા પલટી નાખી, અને નેપોલિયનનું સમસ્ત જીવન જે ક્રાન્તિનો એક ખંડમાત્ર છે, તે ક્રાન્તિ તે શું હતી ? તથા શું કારણથી અને કેવી રીતે થઈ ? એ સંબંધી, પણ વાચકોને કંઈક જ્ઞાન આપવું એ બહુજ રોચક અને આવશ્યક થઇ પડશે.

સેંકડો વર્ષ પૂર્વે ફ્રાન્સમાં બોર્બોન વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. એજ વંશનો લ્યૂઇ નામનો ચૌદમો રાજા ૧૭ મા સૈકાની મધ્યમાં ફ્રાન્સની ગાદીપર આવ્યો. આ એક બહુજ વિચિત્ર રાજા હતો. પોતે બહુજ પ્રબળ પરંતુ નીચ વિચારનો હતો. આ રાજા ફ્રાન્સની હદ વધારવાની તૃષ્ણાથી વ્યાકુળ થઇને સમસ્ત યૂરોપમાં ધાંધલ મચાવી રહ્યો હતો; પરંતુ તે પોતાની પ્રજાના સુખની લેશ પણ કાળજી રાખતો નહોતો. યુદ્ધ માટે કંઈ દ્રવ્યની જરૂર પડે તો પોતાની દરિદ્ર પ્રજાપર તે વગર વિચાર્યે ધડાધડ કર નાખતો હતો. મારા યુદ્ધ-વિજયથી મારી પ્રજાને શું લાભ વા હાનિ થાય છે તેનો તે કદી પણ વિચાર કરતો નહોતો. એના સમયમાં ફ્રાન્સની રાજ્યમર્યાદા જોઇએ તેટલી વધી ગઇ હોય તોપણ તે દુર્ભાગી દેશ ગરીબ તથા દુઃખી મનુષ્યોથી ભરપૂર બની ગયો હતો. ફ્રાન્સ દેશ એ સમયે જાણે એક દુઃખીઓનું હોસ્પીટલ હોય તેવો તે સમયે પ્રતીત થતો હતો. લ્યૂઇનાં યુદ્ધ તો ફ્રાન્સની બહાર થતાં હતાં, પરંતુ તેના ઘા તો ફ્રાન્સની પ્રજાપરજ પડતા હતા; કારણ કે એક બાજુએ ફ્રાન્સની પ્રજા યુદ્ધથી તંગ થઇ રહી હતી, અને બીજી બાજુએ ઉક્ત ચૌદમો લ્યૂઇ રાજા પોતાના દરબારની અસાધારણ શોભા માટે પોતાની રંક પ્રજાનું લોહી ચૂસતો હતો. એમ કહેવાય છે કે, ચૌદમા લ્યૂઇને પોતાના દરબારના દમામનો જેટલો શોખ હતો તેટલો શોખ યૂરોપના બે ચાર રાજાઓ સિવાય બીજા કોઇને નહોતો. તેના રાજ્યમાં પ્રજાને એક ટંકપૂરતું પણ ખાવાનું મળતું નહોતું. ઉક્ત પ્રબળ કિન્તુ ક્રૂર રાજા પોતાની પ્રજાને દુઃખી તથા કમભાગ્ય દશામાં મૂકીને ઇ. સ. ૧૭૧૫ ના સપ્ટેમ્બરની તા. ૧ લીએ, આ સંસારમાંથી સદાને માટે ચાલ્યો ગયો. ૧૫ મો લ્યૂઇ રાજા આ વખતે કેવળ પાંચ વરસનો બાળક હતો. એથી પહેલાં આઠ વર્ષપર્યંત ડ્યૂક ઓફ ઑર્લિંને તેને બદલે કામ કર્યું. પછી લ્યૂઇએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી; પરંતુ આ નિર્બળ રાજાની રાજ્યપદ્ધતિ શાસન કહેવાવાને યોગ્ય નથી. આ રાજાની રાજ્યપદ્ધતિને ફ્રાન્સના અધઃપાતની પદ્ધતિની ઉપમા આપીએ તો અયોગ્ય ગણાશે નહિ. આ રાજાનાં આચરણ બહુજ હલકાં હતાં. તે નિરંતર કોઇને કોઈ સ્વરૂપવતી સ્ત્રીના

ફંદમાં ફસેલો રહેતો. રાજ્યકાર્યની જાતે દેખરેખ રાખવી એ તો એને મન હરામ હતું–શીખ્યોજ નહોતો. આવી નિર્બળતા ધરાવનારને માથે એક દુઃખી અને દરિદ્ર દેશપર શાસન ચલાવવાનો ભાર આવી પડ્યો હતો. ફ્રાન્સ દેશ આ સમયે જો કે ચૌદમા લ્યૂઇના ભયંકર દંડના ભયથી ચૂપ હતો તોપણ અંદરખાનેથી તો સંપૂર્ણ રીતે ખળભળી ઉઠ્યો હતો–માથું ઉંચકવાની વાટજ જોઈ રહ્યો હતો. બસ, ચૌદમા લ્યુઇએ એકત્ર કરેલી અનિયંત્રિત શક્તિને હવે વધુવાર કાબૂમાં રાખવા માટે હાલનો લ્યુઈ સર્વથા નિર્બળ હતો, અને એ અશક્યતાનું ફળ જે નિર્માયું હતું તે દેશને પ્રાપ્ત થયું. રાજ્યપ્રબંધ શિથિલ થઇ ગયો. દબાઇ રહેલી પ્રજા નિરંકુશ થતાં અવશપણે સફાળી ઉઠી ઉભી થઇ અને દેશની શાસનપદ્ધતિ, ધર્મ, કર, વિગેરે વિષયમાં, પ્રજામાં સ્વતંત્ર વિચારો ફેલાવા લાગ્યા. પ્રજાએ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તૈયારીઓ શરૂ કરી, અને એજ વખતે ફ્રાન્સના મુખ્ય ત્રણ તત્ત્વવેત્તાઓએ સમસ્ત ફ્રાન્સને પોતાના નવા વિચારોથી તરબોળ કરી દીધો.

ઉક્ત ત્રણ તત્ત્વવેત્તાઓ, મૌંટસ્કયુ, વોલ્ટેયર, અને રૂશો હતા. મી. મૌંટસ્કયુએ ઈ. સ. ૧૬૮૯ થી ૧૭૫૫ પર્યન્ત પોતાના ‘ધી સ્પીરીટ ઑફ લોઝ’ (નિયમતત્ત્વ) લેખદ્વારા, ફ્રાન્સની તે વખતની રાજ્યપદ્ધતિનો કંઇક વિરોધ કરીને, ઈંગ્લંડ માફકની શાસનપદ્ધતિની જરૂર જણાવી. બીજા વોલ્ટેયરે ઇ. સ. ૧૬૯૪ થી ૧૭૭૮ સુધીમાં, પોતાની દલિલપૂર્વકની માર્મિક ભાષામાં, તે સમયના ધર્મ તથા શાસનપદ્ધતિની બરોબર ખબર લીધી. વોલ્ટેયરમાં બીજાપર કટાક્ષ કરવાનું, અને નવી નવી પરિભાષા બનાવવાનું અસાધારણ સામર્થ્ય હતું. ઇતિહાસમાં એવા લેખકો વિરલ છે. તેણે જૂના વિચારોનો વિધ્વંસ કરીને, વિપ્લવને માટેનો નવીન માર્ગ ખુલ્લો કર્યો. રાજ્યક્રાન્તિનો ખરેખરો ત્રીજો દર્શનકાર રૂશો ઇ. સ. ૧૭૧૨ થી ૧૭૭૮ માં થયો. ખરી રીતે તો એણેજ દઢતાપૂર્વક ક્રાન્તિનો પાયો નાખ્યો–એણેજ એક રીતે ફ્રાન્સની રાજ્યસત્તાની જડ ઉપર ખરેખરો ઘા કર્યો. ‘સોશીયલ કૉન્ટ્રેકટ, નામના પોતાના પુસ્તકમાં રૂશોએ એ સિદ્ધ કરી બતાવ્યું છે કે, પ્રકૃતિએ હરેક મનુષ્યને બીજાની બરોબર તથા તેના જેટલોજ સ્વતંત્ર બનાવ્યો છે.

પ્રાચીનકાળમાં મનુષ્યસમાજની પ્રાકૃતિક (સ્વાભાવિક) દશામાં રાજા પ્રજા જેવું કંઈજ નહોતું. સૌ કોઇ એકસરખા અને સ્વતંત્ર હતા; પરંતુ તત્પશ્ચાત્ દસ્યુ–અનાર્યોના ભયથી તેમણે પોતાની એક બીજાની સ્વેચ્છાથી પોતામાંથી એકને પોતાનો રક્ષક નીમવાનો ઠરાવ કર્યો; તેનાપર પોતાની રક્ષાનો ભાર નાખી તે બદલ સર્વ તેને કર આપવા લાગ્યા; અને પોતાની સ્વતંત્રતાને કંઇક કમ થવા દીધી. રૂશોએ આ પ્રમાણે લખીને પ્રજાના હૃદયમાં ઠસાવ્યું કે શાસન કરનારા સર્વ પુરુષો અથવા સંસ્થાઓ જનસમાજે પોતે બનાવેલી છે, અને તેથી સમાજ જ્યારે પણ

ઇચ્છે ત્યારે તેમાં ઉચિત પરિવર્તન કરી શકે છે. એણે એ સાથે લોકોને એ પણ શીખવ્યું કે સર્વ મનુષ્યો એકબીજાની બરોબરના અને સ્વતંત્ર છે. રૂશોના આ સિદ્ધાન્તો ક્રાન્તિના કાર્યમાં બહુજ સહાયક નિવડયા. એ ક્રાન્તિનો મૂળ મંત્ર “ સ્વાધીનતા, સમાનતા, અને ભ્રાતૃભાવ અથવા તો મૃત્યુ ” હતો. રૂશોના દાર્શનિક વિચારોની ચાવી એમાં રહેલી હતી.

એક બાજુએ અગ્રેસરો સામાન્ય પ્રજાને આવી જાતનું શિક્ષણ આપી રહ્યા હતા, જ્યારે બીજી બાજુએ રાજા, દરબારીઓ, ભાયાતો, તથા ક્રીશ્ચીયન ધર્મના પાદરીઓ તે શિક્ષણરૂપી અગ્નિમાં અત્યાચાર, અન્યાય, તથા દુરાચારરૂપી ઘૃતની આહુતિઓ આપી રહ્યા હતા. ઉપર જણાવ્યા મુજબ રાજાના અત્યાચારની કંઇ હદ રહી નહોતી. રાજાની ઇચ્છાવિરુદ્ધ કોઇથી કંઇ પણ કહેવાતું નહોતું. તે ચાહે તે કરી શકતો. પ્રજાની સંપત્તિ પરિવાર અને પ્રાણ સુદ્ધાં રાજાની ઇચ્છા ઉપર નિર્ભર હતાં. તે ચાહે તે સમયે નવીન કર નાખી શકતો. શહેનશાહની હદપાર શોભા માટે, તે પ્રજાપર નિરંતર અવનવા કર નાખતો. તેના અમીરઉમરાવો, જાગીરદારો, ઠાકોરો અને પટાવતોના એથી પણ ખરાબ હાલ થઈ ચુકયા હતા. તેમના ઘણાખરા અધિકારો રાજાએ છીનવી લીધા હતા. તથાપિ પોતાના ઈલાકામાં તેમનું જોર અને અધિકાર જેવોને તેવો કાયમ હતો. ચાહે તેને તેઓ બેહાલ કરતા અને ચાહે તેને મારી પણ નાખતા. તેમનાપર કોઇ જાતનો અંકુશ નહોતો. ઇશ્વરના આ ઉખડેલા પુત્રોને શિકાર ખેલવામાં વાંધો ન આવે એટલા માટે કોઇ પણ ખેડુતો પોતાના ખેતરને વાડ પણ લગાવી શકતા નહોતા તે બિચારાઓને એક ટંક પણ પૂરૂં ખાવાનું નહોતું મળતું છતાં પણ ઉકત જમીનદાર તથા અમીરઉમરાવ વર્ગ જ્યારે ચાહે ત્યારે પૂલો અને સડકો ઉપર કર નાખીને તેમની પાસે જે કંઇ અલ્પ જીવિકા હતી તેમાંથી પણ બનતું લઇ લેવાની કોશિશ કરતા હતા. ગમે તેવા મનુષ્યને વિના તપાસ કર્યે કેદ કરવાનો રાજાને અધિકાર હતો. ઉમરાવ લોકો પોતે પણ રાજાને ખુશી કરીને તેના આ અધિકારનો ઇચ્છાનુસાર ઉપયોગ કરી શકતા. ક્રિશ્ચીયન ધર્મગુરુઓની દશા પણ એવીજ સ્વચ્છંદી અને બગડેલી હતી. તે લોકો નામમાત્રના ધર્મગુરુ અથવા પાદરી હતા. ધર્મના નામે લોકોની આવકમાંથી દશાંશ મેળવી ત્હેનો પોતાના સુખમાટે ઉપભોગ કરવો, એજ એમનું એ વખતનું મુખ્ય કર્તવ્ય થઇ પડયું હતું, અર્થાત્ એ લોકો તે સમયે તો સર્વ સાધારણમાં સુખને બદલે દુઃખનોજ પ્રચાર કરી રહ્યા હતા. આ સર્વ દુર્દશામાં સૌથી વધારે ખરાબ અને આશ્ચર્યજનક વાત તો એ હતી કે સર્વ પ્રકારના રાજકીય કરો સાધારણ અથવા ગરીબ વર્ગના લોકો પાસેથીજ લેવામાં આવતા હતા. લૉર્ડ લોકો અને ધર્માધિકારીઓ વિગેરે તો તેમાંથી મુક્તજ હતા.

પરમાત્માની સૃષ્ટિમાં, તેમનાંજ કનિષ્ઠ બાળકો પ્રતિ આવો અસહ્ય વર્તાવ વર્ત-

વામાં આવે એ કયાંસુધી નભે ? એની પણ હદ હતી. બેહદ અત્યાચારથી ખળભળાટ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી. ફુટબોલમાં આપ હવા ભરશો તો તે તેમાં દબાઇ ચંપાઇને પણ નિયત હદસુધી તો રહેશેજ, અને ફુટબોલ પણ એથી પ્રફુલ્લ થશે, પરન્તુ અમુક હદ વટાવ્યા પછી તેમાં જો વિશેષ હવા ભરવાનો યત્ન કરવામાં આવશે તો તે તેમાં સમાઇ શકશે નહિ; એટલુંજ નહિ પરંન્તુ ફૂટબોલ આખરે ફુટી જશે. અને અંદર જેમ તેમ ભરેલી હવા આપોઆપ બહાર નીકળી જશે. બસ, એ વખતથી વાયુનો દબાઇ રહેવાનો ધર્મ દૂર થઇ, તેમાં અન્યને દબાવવાનો વિપરીત ગુણ દાખલ થશે. મનુષ્યપ્રકૃતિની પણ એવીજ સ્થિતિ છે. આપ કોઇપણ મનુષ્યપર કંઇ પણ અત્યાચાર કરશો તો બહુ વખતસુધી કદાચ તે સાખી શકશે, પરન્તુ તે સહજશક્તિની અમુક હદ હોય છે. તે હદથી વિશેષ અત્યાચાર જો તેનાપર કરવામાં આવે તો તે પછી તેને તે સહન કરી શકશે નહિ; અને તે મનુષ્યની દબાઇ જવાની પ્રકૃતિને બદલે તેમાં બીજાને દબાવવાની ભયંકર શક્તિ આપોઆપ દાખલ થયલી આપને માલૂમ પડશે. આ વખતે આપણે એમ કહી શકીશું કે ઉક્ત મનુષ્યમાં ક્રાન્તિનો વેગ દાખલ થયો છે. જયારે ક્રાન્તિની અગ્નિ અત્યાચારોરૂપી ઘૃતની આહુતિઓ તથા ત્યાના તે સમયના નવીન તત્ત્વવેત્તાઓના ઉપદેશરૂપી પવનોથી ચોતરફ જોરથી ફાટી નીકળી પ્રચંડપણે સમસ્ત યૂરોપની આંખો ઉઘાડી રહી હતી, તે વખતે ફ્રાન્સની પણ બરોબર ઉપર જણાવી એવી સ્થિતિ હતી.

રાજ્યક્રાન્તિનો પ્રકાશ

क्रान्तेरोघः प्रगुणितरयः केन वा वारणीयः ?

“ ક્રાન્તિરૂપી વેગવાળા જળપ્રવાહને કોણ રોકી શકે છે ? ”

પ્રથમ પરિચ્છેદમાં જણાવ્યા પ્રમાણે મનુષ્યની સહનશક્તિની પણ હદ હોય છે. અમુક મર્યાદા પછી તે આગળ વધી શકતી નથી. તે પછી યા તો તે મનુષ્ય મૃતપ્રાય બને છે, અથવા તો તે વ્યાધિ દૂર કરવાનો તે યત્ન કરે છે. એવે સમયે તેને જો કોઈ ઉત્તમ ચિકિત્સક મળી ગયો; અને તેણે રોગનું યથાસ્થિત સ્વરૂપ તથા નિદાન સમજી લઇને તેનું બરોબર ઔષધ તથા સારવાર કર્યાં, તો તે રોગીના યત્નો અવશ્ય સફળ થઇ તે નિરોગી બનશે; પરન્તુ દુર્ભાગ્યશાત્ અગર તેને કોઈ તેવો વૈદ્ય ન મળ્યો તો તે વ્યાધિ દિવસે દિવસે બળવત્તર નિવડી તેને નિર્માલ્ય બનાવી દેશે, અને કોણ જાણે તેને કેટલાંએ વર્ષપર્યન્ત પથારીવશ રહેવું પડશે અથવા તો તેનું મૃત્યુ થશે !

રાષ્ટ્રની દશા પણ લગભગ એવીજ છે. રાષ્ટ્રને પણ એવાજ રોગો લાગુ પડે છે.

સમય સમયપર તે જૂદા જૂદા રોગોથી પીડાય છે. એટલા માટેજ કદાચ આધુનિક રાજનૈતિક વિચારકોએ સિદ્ધ કરવાનો યત્ન કર્યો છે કે, રાષ્ટ્ર એ એક દેહની ઉપમાને યોગ્ય છે. જૂદાં જૂદાં અંગોમાં જેમ જરાપણ વિકાર થતાં તે શરીર રોગગ્રસ્ત થઇ પડે છે, તેવીજ રીતે રાષ્ટ્ર પણ પોતાનાં અંગો બગડવાથી બીમાર પડી જાય છે,

જે સમયની આપણે અત્રે વાત કરીએ છીએ તે વખતે ફ્રાન્સદેશ રાષ્ટ્રીય બીમારીથી ગ્રસ્ત હતો. તે સમયે તે અસ્વસ્થ દશા ભોગવતો હતો. ચારે તરફની બૂમો અને ફેલાઇ રહેલા આક્રંદે ફ્રાન્સની આ રોગગ્રસ્ત દશાનું દૂર દૂરના દેશો સુધી સર્વ કોઇને ભાન કરાવ્યું હતું. જે વિદેશી યાત્રિયોએ તે સમયે ફ્રાન્સ દેશનું અવલોકન કર્યું હતું તેમણે સર્વેએ મુક્તકંઠે એજ સ્વીકાર્યું હતું કે, બહુ નજદિકના ભવિષ્યમાં અથવા કંઇક સમય બાદ ફ્રાન્સમાં બંડ મચવું જોઇએ. ફ્રાન્સ દેશનાં સર્વ રાષ્ટ્રીય અંગો આ વખતે વિકારયુક્ત દશામાં હતાં. તેમાં કીડા પડયા હતા એમ કહીએ તોપણ ચાલશે. આ વખતે તેને એક એવા વૈદ્યની જરૂર હતી કે જે તેના રોગને બરાબર ઓળખી તેનો સત્વર ઇલાજ કરે. બસ એજ સમયમાં એવા એક વૈદ્યનું ફ્રાન્સમાં આગમન થયું. તે ક્રાન્તિરૂપી વૈદ્યે ફ્રાન્સ દેશને રોગમુક્ત કરવા માટે જોરશોરથી ભારે પ્રયત્નો કર્યા. તેણે તેનાં સમસ્ત વિકારી અંગોની એવી સરસ રીતે વાઢકાપ કરી તેમાંનો મલિન ભાગ કાઢી નાખ્યો કે, સમસ્ત સંસાર એ દશ્ય જોઇને આશ્ચર્યચકિત થયો. જે વખતે ઉક્ત રાષ્ટ્રપર ઓપરેશન (વાઢકાપ) ની આ ક્રિયા ચાલતી હતી તે વખતે સમસ્ત સંસાર ઉક્ત વૈદ્યને ધિક્કારતો હતો. અજ્ઞાન અને કાયર પુરુષો તેને ક્રૂર કહેતા હતા: પરન્તુ વૈદ્યવિદ્યામાં નિપુણ પુરુષો એમ જણાવતા હતા કે તેજ વૈદ્ય ખરો ચિકિત્સક હતો; કારણ કે જે વૈદ્ય પોતાનું કાર્ય કરતી વખતે રોગીના ઉદ્ધાર સિવાય બીજા કશાની પરવા કરતો નથી તેનેજ બુદ્ધિમાનો ખરેખરો વૈદ્ય કહે છે. બસ, ક્રાન્તિરૂપી વૈદ્યે પણ એવીજ રીતે કોઇનું કંઇપણ સાંભળ્યા સિવાય પોતાનું કાર્ય જારી રાખ્યું. જેનું પરિણામ એ આવ્યું કે ફ્રાન્સરાષ્ટ્ર ઉક્ત વાઢકાપના દુ:ખથી જો કે કંઇક કમજોર થઇ ગયું પરન્તુ તેનો રોગ તો નિ:સંશય સદાને માટેજ દૂરજ થયો. તેના સર્વ વિકારો નષ્ટ થયા.

ફ્રાન્સનાં એ વિકૃત અંગ કયાં હતાં એ જાણવા માટે એટલુંજ લખવું બસ થશે કે તે સમયનો રાજા, અમીરઉમરાવો, તથા પાદરીઓ એ સર્વ રાષ્ટ્રનાં સડેલાં અંગ સમાન હતા. ક્રાન્તિનું એજ કાર્ય હતું કે તે અંગોને નષ્ટ કરવાં; અને કાર્ય થઇ રહ્યું કે તુરતજ ક્રાન્તિરૂપી વૈદ્ય ફ્રાન્સ છોડીને કૃતાર્થ થઇને ચાલ્યો ગયો.

ઉપર જણાવ્યું તેમ એ વખતની દશા જોઇને ફ્રાન્સની મુલાકાત લેનારા વિદેશી યાત્રીઓનીજ એ બૂમ નહોતી કે ફ્રાન્સમાં થોડા વખતમાં બંડ થશે; પરન્તુ ફ્રાન્સની અંદરના વિદ્વાનોની પણ એજ ભવિષ્યવાણી હતી, એટલુંજ નહિ પરન્તુ દુરાચારી, લંપટ, તથા નિર્બળ રાજા પંદરમો લ્યૂઇ પણ મરતી વખતે એજ કહી ગયો હતો કે મારી પાછળ મહા વિપ્લવ થશે. આવી ભવિષ્યવાણીનું કથન કરનાર એ રાજાનું

કલંકિત શરીર ઇ. સ. ૧૭૭૪ માં આ સંસારમાંથી નષ્ટ થયું.

હવે રાજ્યનો ભાર સોળમા લ્યૂઇને માથે પડ્યો. જે વખતે તેનો રાજ્યાભિષેક થઇ રહ્યો હતો, તેજ સમયથી દૂરથી આવતી આપત્તિઓની ઘોર મેઘગર્જના તેના કાનો ઉપર પડી ચૂકી હતી. એથી તેણે એજ વખતે ભયભીત થઇને પોતાના સહાયકોને શોધવા માટે ચારે તરફ નજર દોડાવી, પરન્તુ તુરતજ તેને માલૂમ પડ્યું કે સૃષ્ટિમાં હવે એવી એકે શક્તિ નથી રહી કે જે તેને ઉક્ત ભાવિ સંગ્રામથી બચાવે, અને ક્રાન્તિરૂપી તીક્ષ્ણ છરાના ભયથી તેની રક્ષા કરે. આમ માલૂમ પડતાંની સાથેજ તે ગભરાઈ ગયો, અને તેના મોંમાંથી એ શબ્દો નીકળી પડ્યા કે, “ હે પરમાત્મન્ ! આપજ મારા સાથી અને રક્ષક બનો, હું હજુ એવો બાળક છું કે મારામાં આ દેશનું શાસન કરવાનું અત્યારે બળ નથી.” પરન્તુ ઇશ્વરે પણ આ પ્રાર્થના સાંભળી ન સાંભળી કરી નાખી; કારણ કે સૃષ્ટિના અટલ નિયમ આગળ એક વ્યક્તિની પ્રાર્થનાનું કેટલું બળ !

સોળમો લ્યૂઇ જો આ ક્રાન્તિના વખતને બદલે બીજા સમયમાં ઉત્પન્ન થયો હોત તો કદાચ સંસારના સર્વોત્તમ રાજાઓમાં તેની ગણના થાત. તે સદાચારી, મિતવ્યયી, પ્રજાહિતની કાળજી રાખનારો, દયાળુ અને સ્નેહાળ હૃદયનો રાજા હતો. જે સર્વ ગુણો સાધારણ સમયમાં એક રાજાને માટે બહુજ ઉત્તમ ગણાય છે, પરન્તુ ક્રાન્તિના સમયમાં એવા કેવળ શાન્ત અને સુશીલ રાજાઓ કંઇજ કરી શકતા નથી. તેઓ જુએ છે કે પોતાનું સિંહાસન ડોલવા લાગ્યું છે, તોપણ તેઓ કંઈ કરી શકતા નથી. આવા સમય માટે તો, બહુજ મજબૂત અને ક્રાન્તિને દાબી શકે એવા હૃદયવાળા રાજાની જરૂર છે; અથવા તો જે રાજા પોતાની પ્રબળ માનસિક શક્તિવડે ક્રાન્તિને પણ માર્ગ દર્શાવનારો થઈ પડે તેવો રાજાજ આવા ઉથલપાથલના વખતમાં સ્થિર રહી શકે છે. કુભાગ્યે સોળમા લ્યૂઇમાં આ બેમાંનો એકકે ગુણ નહોતો. તે ન તો કઠોર હતો કે ન તેનામાં એવી પ્રબળ માનસિક શક્તિ હતી. તે તુરતજ કોઇની સલાહને આધીન થઇ જતો હતો. સ્વતંત્રપણે વિચાર કરવાની કે માર્ગ કાઢવાની તેનામાં શક્તિ નહોતી.

રાજા બનતાંજ તેણે જોયું કે દેશની આર્થિક દશા બહુજ બગડેલી છે અને રાજ્યભંડાર તદ્દન ખાલી પડ્યો છે, એથી એ દોષ દૂર કરવા માટે, તેણે કંઇ એક યોગ્ય પુરુષોને પોતાના મુખ્ય મંત્રી તરીકે નિયત કર્યા, પરન્તુ કોઇથી પણ એ દશા સુધારી શકાઇ નહિ. તેણે પોતાના કૃપાપાત્ર પુરુષોની એક સભા બોલાવી, અને તેમાં મોટા મોટા અમીરઉમરાવો સામેલ થયા. રાજાએ તેમની પાસે રાજ્યના સુધારાર્થે ધનની સહાયતા માગી, પરન્તુ તે કૃતઘ્ન પુરુષોએ તે ભલા રાજાને તે માટે એક પાઇ પણ આપી નહિ. કેવળ સુકો જવાબજ પકડાવી દીધો ! રાજાએ જ્યારે પોતાની આવી દશા જોઈ, ત્યારે તેણે લાચાર થઇને સમસ્ત પ્રજાકીય પ્રતિનિધિઓની સાધારણ સભા બોલાવી; જેમાં લોર્ડ અને પાદરીઓ ઉપરાંત સાધારણમાં સાધારણ પ્રજાસમૂહના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. ફ્રાન્સના પૂર્વ રાજાઓ તરફથી, કોઇ કોઈ વખતે

આવી જાતની રાજસભાઓ અગાઉ પણ બોલાવવામાં આવતી હતી; પરન્તુ આ સભામાં કંઈક વિશેષતા હતી. લાંબા વખત સુધીના અત્યાચારો, નવા તત્ત્વવેત્તાઓએ પ્રજામાં દાખલ કરેલા નવીન વિચારો, તથા સાર્વદેશિક ક્રાન્તિના સિદ્ધાન્તોથી પ્રભાવિત થયેલા ફ્રાન્સ દેશના મધ્યમ વર્ગના શિક્ષિત લોકો, પોતાને માટે આ પ્રસંગને એક ઉત્તમ અવસર હોવાનું સમજતા હતા. આ સભામાં લોર્ડ તથા પાદરીઓના ત્રણસો ત્રણસો, પરન્તુ સર્વસાધારણ તરફથી છસો પ્રતિનિધિઓ હાજર થયા હતા. આ સભા અત્યાચારોથી કંટાળીને શસ્ત્ર પકડવાની ઇચ્છા રાખનારાઓના હાથમાં શસ્ત્ર સમાન હતી. જ્યાં સર્વ સાધારણને માલૂમ પડ્યું કે આપણી ફરિયાદો સંભળાવવાનો આ ખરેખરો પ્રસંગ છે. તેજ વખતે તેમણે નિશ્ચય કર્યો કે આ ઉત્તમ અવસર કોઇએ ખોવો નહિ.

ઇ. સ. ૧૭૮૯ ના મે મહિનાની પહેલી તારીખે સાધારણ રાજસભાની પ્રથમ બેઠક મળી. રાજ્યાશ્રિત લોકો (પાદરીઓ અને ઉમરાવો) સાથે શરૂઆતમાંજ સાધારણ વર્ગને લડાઇ થઇ. રાજાના ઉક્ત કૃપાપાત્ર લોકોની એ ઇચ્છા હતી કે ત્રણે વર્ગના લોકો હરેક પ્રશ્નપર અલગ અલગ સ્થાનોમાં વિચાર કરે અને ત્રણેના પૃથક્ પૃથક્ નિશ્ચયો અને નિર્ણયોનું જે પરિણામ નીકળે, તે પછી એ જોઇ લેવું કે ઉક્ત બે વર્ગોના પ્રતિષ્ઠિત પુરુષોનો શું મત છે? બસ તેમના મત મુજબ તે પ્રશ્નનો ફડચો લાવવો અને ત્રીજી શ્રેણીના લોકોના સાધારણ મતને વિશેષ વજન આપવું નહિ. સામાન્ય પ્રજા આ પદ્ધતિની વિરુદ્ધ હતી. તેમની ઇચ્છા એ હતી કે ત્રણે વર્ગના લોકો એકજ સ્થળે, એકજ સાથે એ વિષયપર વિચાર કરે. અને સૌ કોઇનો મત લેતાં જે તરફ વધારે મત પડે, તે નિર્ણયનો સ્વીકાર કરવો. બડેખાં ઉમરાવો સર્વ સાધારણની બહુમતીનો લાભ ઉડાવી દેવા માગતા હતા, ત્યારે સામાન્ય પ્રજા તેની તરફેણમાં હતી. બસ, અહીંથીજ ઝગડો ઉભો થયો. જેનું પરિણામ એ આવ્યું કે સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓએ દઢતાપૂર્વક હઠ કરીને પોતાથી બનેલી “ સાધારણ રાજસભા ” નેજ રાષ્ટ્રીય પરિષદ્‌ના રૂપમાં ફેરવી નાખી અને એ સભાએ રાજતંત્રની સમસ્ત વ્યવસ્થા પોતાના હાથમાં લીધી; આ દશા દેખીને ઉમરાવોમાંના પણ કેટલાક રાષ્ટ્રીય પરિષદ્‌માં દાખલ થયા.

રાજા, તેના આશ્રિત અમીરઉમરાવો, અને તેમની હામાં હા મેળવનારા અનેક લોકો આથી ગભરાટમાં પડી ગયા. રાજાએ પોતાના રાજકીય ભુવનમાં રાષ્ટ્રીય પરિષદ્ ભરવા દેવાની મના કરી; કિન્તુ રાષ્ટ્રીય પરિષદ્ વિશ્વાસ તથા ધૈર્ય સાથે એક ટેનીસ કોર્ટમાં મળી. સર્વ પ્રતિનિધિઓએ ઉભા થઇને એ પ્રતિજ્ઞા કરી કે, જ્યાંસુધી તેઓ ફ્રાન્સની રાજકીય સત્તાને સુધારી લેશે નહિ ત્યાંસુધી સર્વ એકસંપીથી અડગપણે પોતાનું કાર્ય ચાલુ રાખશે. રાષ્ટ્રીય પરિષદ્‌માં એક બાજુએ તો આ કાર્ય ચાલી રહ્યું હતું, જ્યારે બીજી બાજુએ પૅરીસમાં કંઈક બીજીજ ધૂમ

મચી રહી હતી. પૅરીસના લોકોને જ્યારે ખબર પડી કે રાજા તથા રાજસભા વચ્ચે વિરોધ ઉભો થયો છે અને રાજા, રાષ્ટ્રીય પરિષદ્‌થી ચીડાઇ તથા ગભરાઇને પોતાના રક્ષણાર્થે ચારે તરફથી મોટું સૈન્ય એકઠું કરે છે, ત્યારે સર્વને પોતાના જાનમાલની ફીકર થવા લાગી. પ્રજાના મનમાં એ ભય ઉત્પન્ન થયો કે, કદાચ રાજા આ સેના એકઠી કરેલી સેના સાથે પૅરીસ નગરી તથા રાષ્ટ્રીય પરિષદ્‌ને દબાવા માટે તેના ઉપર હલ્લો કરશે. આથી આવા વિચારની કાંઇએક વાતો–બૂમો પ્રજામાં ફેલાવા લાગી. એકે કહ્યું કે આજ રાત્રેજ રાજસેના પૅરીસ અથવા રાજસભા ઉપર હુમલો કરશે; તો બીજાએ તેમાં મીઠું મરચું ઉમેરીને એવી ગપ મારી કે આજરાત્રે રાષ્ટ્રીય પરિષદ્‌ના સર્વ પ્રતિનિધિઓને કેદ કરવામાં આવશે. આવા પ્રકારના સંદેહ, ભય તથા અવિશ્વાસના વખતમાં પૅરીસમાં શાન્તિ ફેલાવવા માટે તેના મુખ્ય મુખ્ય પુરુષોની એક કમીટી નિમવામાં આવી. જેનું નામ 'ક્રાન્તીયનગરપ્રબન્ધકર્ત્રી સભા' રાખવામાં આવ્યું. આ ઉપસભાએ જ્યારે નગરની રક્ષા કરી શાંતિ ફેલાવવાનું બીડું ઝડપ્યું, ત્યારે પૅરીસના અનેક દેશભક્ત નાગરિકોએ તેમની સિહાયતા અર્થે પોતાની પણ એક સેના ઉભી કરી, જેને 'રાષ્ટ્રરક્ષક સેના' નું નામ આપ્યું. આ પ્રમાણે, જેનાવડે ક્રાન્તિના આખા વખતમાં એક મહાન કાર્ય કરવાનું હતું, તેવી બન્ને લોકોપયોગી સંસ્થાની સ્થાપના એની મેળેજ થઇ ગઇ!

દુર્ભાગ્યવશાત્ આ વર્ષે ફ્રાન્સમાં અન્નનો પાક પણ થોડો થયો હતો. દૈવનોજ કંઇ કોપ હોય એવું જણાતું હતું. રાજનૈતિક ઝગડામાં પડવાથી કેટલાક ખેતીનું કામ ન કરી શકયા. એનું પરિણામ એ આવ્યું કે દેશમાં અન્નનો દુકાળ પડયો. પેરીસપર આની ભારે અસર થઇ; કારણ કે ગામડાંઓના અસંખ્ય લોકો પણ અન્નના વાખાથી ત્યાં આવીને વસ્યા હતા, પરન્તુ આ અશાન્તિમાં તેમને રોજી પણ કયાંથી મળે? તેઓએ રાષ્ટ્રીય પરિષદ્ સમક્ષ જઇ બૂમ મારવા માંડી અને નગરપ્રબન્ધકર્ત્રી સભા પાસે પણ પોતાની ફરીઆદ કરી; પરંતુ જે સમયે અન્નના વાખા પડવા આવ્યા હતા, તેવે વખતે તેમને કોણ અનાજ આપે? આ સ્થિતિમાં ઉક્ત અશાન્ત જનસમૂહમાં કોઈએ જોરશોરથી એવી બૂમ ઉઠાવી કે "આપણે માટે અન્ન વિગેરેનો પ્રબંધ કરવા માટે મી. નૈકર નામના મંત્રીએ, રાષ્ટ્રીય પરિષદ્‌ની તુરત સભા બોલાવવાની સલ્લાહ આપી હતી, ત્હેને રાજાએ પદભ્રષ્ટ કર્યો છે." પછી શું પૂછવું? એ બૂમે બળતામાં ઘી હોમવા જેવી દશા કરી.! હર એક મનુષ્યના મનમાં એ બાબતનો બદલો લેવાની વેરની લાગણી ઉભી થઇ! સામાન્ય સમૂહની આ દશા જોઇને, એક મગજના ફાટેલાએ એવી **બૂમ** મારી કે, જે કિલ્લામાં રાજા ન્યાય અન્યાયનો વિચાર કર્યા વિના પોતાની ઇચ્છાનુસાર અનેક કેદીઓને વરસોના વરસો સુધી કેદ કરે છે, તે મહાદુર્ગનો આજે આપણે નાશ કરવાની જરૂર છે. આ મહાદુર્ગનું નામ 'બેસ્ટાઇલ્લ' હતું. બેસ્ટાઇલ્લના નામે સર્વ લોકો ઉપર એવી

જાદુઇ અસર કરી નાખી કે, તે વર્ષના જુલાઈ માસની ૧૪ મી તારીખે, ત્રીશ હજાર માણસો તે તોપોથી સુરક્ષિત થયેલા પ્રાચીન કીલ્લા ઉપર તૂટી પડયાં અને તેના પ્રબન્ધકર્તા અધિકારીને મારી નાખી, કિલ્લો પોતાને સ્વાધીન કર્યો ! અને આખરે તે નિરંકુશ બળવાખોરો રાજ્યની પ્રચંડ ધ્વજાને ભૂતળપર સૂવાડીનેજ પાછા પૅરીસ આવ્યા.

આ પ્રમાણે જનસમૂહે જ્યારે પોતાનું બાહુબળ દેખાડયું ત્યારે રાજા તથા તેના કૃપાપાત્ર અમીરઉમરાવો અને પાદરીઓ, મહાન ચિંતામાં પડી ગયા ! સર્વ સાધારણને શાન્ત કરવાનો અન્ય ઉપાય રાજાએ ન જોયો એટલે તેણે લોર્ડ તથા પાદરીઓને એવી આજ્ઞા કરી કે તેઓએ પણ રાષ્ટ્રીય પરિષદ્‌માં સામેલ થવું. રાજાએ ધાર્યું કે આમ કરવાથી પોતાને માથેનો ભય ઓછો થશે. બીજી બાજુએ લૉર્ડ તથા પાદરીઓ પણ એમ સમજ્યા કે હવે કંઇ પણ ઉદારતા કે છૂટછાટ મૂકયા વિના પ્રજા આપણો કેડો છોડશે નહિ. તેઓએ પણ રાષ્ટ્રીય પરિષદ્‌માં ઉભા થઇને પોતપોતાના વંશપરંપરાનો ભૂમિનો કર તથા દશાંશનો હક્ક છોડવા માંડયો. બસ. તા. ૪ થી ઑગસ્ટને દિવસે એક રાજા સિવાય ફ્રાન્સનિવાસી બીજા સર્વ મનુષ્યોને તે દિવસની પરિષદે એકજ સપાટીપર લાવી મૂકયા ! ક્રાન્તિનો આ પ્રથમ મહા વિજય હતો. એ પછી બાવીશ દિન વ્યતીત થતાં પરિષદે પ્રજાકીય અધિકારોનો ઢંઢેરો પીટાવ્યો જેદ્વારા સર્વ મનુષ્યોની સમાનતા તથા સ્વતન્ત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો અને સાથે સાથે એ પણ પ્રકટ કરવામાં આવ્યું કે, રાજ્યશક્તિનું મધ્યબિંદુ રાષ્ટ્રમાંજ હોવું જોઈએ. કોઇ ખાસ વ્યક્તિમાં નહિ, અર્થાત્ રાષ્ટ્રની સંમતિ એજ રાજ્યનિયમ. અન્ય નહિ.

પરિષદ્‌માં આ વ્યવસ્થા બની રહી હતી, પરંતુ ભૂખ્યું પૅરીસ તો ખોરાક વિનાજ તરફડતું હતું ! પીડિતોને જ્યારે એમ જણાયું કે, હવે કંઇથી પણ અન્નની આશા રહી નથી, ત્યારે તે ભૂખ્યા કૂતરાઓની માફક રાજાના મહેલોપર તૂટી પડયા, અને રાજાના સમસ્ત રક્ષકોને પગતળે કચરીને તેઓ ઠેઠ રાજાની પાસે પહોંચી ગયા અને તેને પરિવારસહિત ગાડીમાં બેસાડીને પૅરીસમાં લઇ આવ્યા ! જનસમાજની આ સાહસિક ચેષ્ટાથી ફ્રાન્સના રાજાનું સિંહાસન કંપવા લાગ્યું ! પ્રજાની આવી તોફાની વલણ જોઇને, રાજાના માનીતા સમસ્ત અમીરઉમરાવ તથા પાદરી લોકો પણ સ્તબ્ધ બની ગયા, અને ભયના માર્યા કંપવા લાગ્યા ! જ્યાં તેમના આશ્રયદાતા રાજાને પણ ઉપાડી લઇ જવામાં આવ્યો, ત્યાં પછી તેઓ કોને આશરે રહી શકે ? એક પછી એક તરતજ સમસ્ત પાદરીઓ તથા લૉર્ડોએ ફ્રાન્સની હદ છોડવા માંડી. સૌને પોતાનો જીવ બચાવવાની ફીકર આવી પડી, અને જ્યાં રસ્તો મળ્યો ત્યાં ભાગવા માંડયું. પરિષદે પણ આ તકનો ખરેખરો લાભ લીધો. ચર્ચ (ધર્મમંદિર)ની સમસ્ત જમીન, જે પહેલાં પાદરીઓના અધિકારમાં હતી, તે સર્વ રાષ્ટ્રના કબજામાં લઈ લેવામાં આવી, અને નાસી ગયેલા ઉમરાવોની સંપત્તિ પણ રાષ્ટ્રની સંપત્તિમાં મે-

ળવી દીધી. માત્ર ત્યાં રહેલા સ્વતન્ત્ર અને ઉદાર વિચારના પાદરીઓના નિર્વાહ માટે રાજ્યભંડારમાંથી વ્યવસ્થા કરી આપવામાં આવી.

આવાં સર્વ નાનાં નાનાં પરિણામો પશ્ચાત્ ઇ. સ. ૧૭૯૧ ના સપ્ટેમ્બરની ૧૪ મી તારીખે રાષ્ટ્રીય પરિષદે ફ્રાન્સ દેશની એક નવીન સંપૂર્ણ રાજસભા બનાવી. આ નૂતન સંસ્થાના નિયમાનુસાર રાજા જો કે દેશનો મુખ્ય શાસનકર્તા તરીકે ગણાવા લાગ્યો તોપણ રાજ્યપ્રબંધ માટે સમસ્ત રાજનિયમોને બનાવનારી તથા સમસ્ત પ્રજાનો અભિપ્રાય પ્રગટ કરનારી એક વ્યવસ્થાપકસભા નિમવામાં આવી. આ નવીન સંસ્થાને બનાવીને, ક્રાન્તિને ઉઠાવનારી રાષ્ટ્રીય પરિષદ્ તૂટી ગઇ. અહીંઆં ફ્રાન્સની રાજ્યક્રાન્તિની પૂર્વપીઠિકાની સમાપ્તિ થાય છે.

ભયંકર ખુનરેજી

विवेकभ्रष्टानां भवंति विनिपातः शतमुखः । भर्तृहरिः ।

વિવેકથી ચ્યુત થએલાઓનો અનેક પ્રકારે અધ:પાત થાય છે.

જૂની રાષ્ટ્રીય પરિષદ્ સમાપ્ત થઇ નવી વ્યવસ્થાપકસભા નિમાઈ; તેણે પોતાનું કામ એ નિયમથી શરૂ કર્યું કે વ્યવસ્થાપકસભામાં રાષ્ટ્રીય પરિષદ્‌ના સભાસદોમાંથી કોઇને લેવા નહિ. આથી વ્યવસ્થાપકસભાએ પોતાનું કાર્ય શરૂ કર્યું તે વખતે તે નવીન વિચારવાળા નવયુવક પુરુષોથીજ ભરપૂર હતી, ઉક્ત ઉત્સાહી નવયુવકોના વિચારો પણ બે ભાગમાં વહેંચાયલા હતા. એક પક્ષવાળાઓ નવીન સંસ્થાના પક્ષપાતી હોઈ એવી ઇચ્છા ધરાવતા હતા કે, ફ્રાન્સનું અસલી રાજ્ય, રાજા તથા વ્યવસ્થાપકસભાના સંમિલિત અધિકારમાં રહે, જ્યારે બીજાઓ એવા વિચારવાળા હતા કે ફ્રાન્સની શાસન સંસ્થા અમેરિકાની માફક પ્રજાના પ્રતિનિધિઓના સ્વતંત્ર અધિકારોમાં રહેવી જોઇએ. રાજાને પ્રજાના નાયક તરીકે રાખવાની કંઇ જરૂર નથી. આવા વિચારવાળાઓને "ગિરોડિસ્ટ" કહેવામાં આવતા. આ પ્રમાણે જો કે નિયામકસભાના બન્ને વિચારોમાં કંઇક મતભેદ જરૂર હતો, અને એ પ્રકારે પરસ્પરના વિરોધની સામગ્રી પ્રથમથીજ પરિષદ્‌માં વિદ્યમાન હતી, તથાપિ શરૂઆતમાં તો તે મતભેદે કોઇ વિશેષ સ્પષ્ટરૂપ ધારણ કર્યું નહિ. એનું એક કારણ તો એ હતું કે જેની સાથે પરસ્પર ઝઘડો થવાનો પરિષદ્‌ને ભય હતો. હજી ઘણાએ એવા ઉમરાવો ફ્રાન્સમાં મોજૂદ હતા કે જેઓ રાજા માટે પોતાનો પ્રાણ આપવા પણ તૈયાર હતા, અને રાજા પણ તે વખતે રાજધાનીમાંજ વિદ્યમાન હતો. વળી આ આન્તરિક શત્રુઓના ભય ઉપરાંત બહારના આક્રમણનો પણ પરિષદ્‌ને પ્રચંડ ભય હતો !

જ્યારથી ફ્રાન્સમાં રાજાઓના અનુચિત અત્યાચારોને દબાવનારી ક્રાન્તિનો

પ્રારંભ થયો; ત્યારથી યૂરોપનાં સમસ્ત રાજ્યોની શુદ્ધિ પણ ઠેકાણે આવી, અને તેઓ જાગૃત થઇ ગયાં. પોતાના પ્રભાવની રક્ષા કરવાની ઇચ્છાવાળા હોવા છતાં ભયથી કંપતાં હૃદયોથી તેઓ આ સર્વ ઘટનાઓને સાવધાનીથી ક્રમશઃ નિહાળતાં હતાં. તેઓ જાણતાં હતાં કે ફ્રાન્સના રાજાનું પદચ્યુત થવું, એ યૂરોપનાં સર્વ સિંહાસનોને ડોલાવવાનું કારણ નિવડશે. એક દેશમાં જો પ્રજાનો રાજાપ્રતિનો વિરોધ સફળ નિવડે, તો અન્ય દેશોની પ્રજાનું પણ તે માટેનું સાહસ કેટલું બધું વધી જશે, તે તેઓ બહુ સારી રીતે સમજતાં હતાં; આથી તેઓ સોળમા લ્યૂઇની રક્ષાથી પોતાની રક્ષા, અને તેના પરાજયથી પોતાનો પરાજય માનતાં હતાં.

જ્યારે રાજાને પેરીસમાં કેદ કર્યો છે, એ વાત પ્રસિદ્ધ થઇ ગઈ, ત્યારે સમસ્ત યૂરોપનાં રાજસિંહાસન ડોલવા લાગ્યાં ! ઑસ્ટ્રીયાએ પ્રશીયાની સાથે મળીને તરતજ ફ્રાન્સપર આક્રમણ કર્યું. પરિષદે પણ તા. ૨૦ એપ્રીલ ૧૭૯૨ માં, ઉક્ત બન્ને રાજ્યોવિરુદ્ધ યુદ્ધની આઘોષણા પ્રકટ કરી; અને મી. લા ફેયટ આદિ વીર સેનાપતિઓની સેનાસહિત તેમની સાથે યુદ્ધના રણમાં ઉતરવાની તૈયારી કરી. પ્રારંભમાં તો ફ્રાન્સની સેના સમરભૂમિમાં ટકી શકી નહિ, અને શત્રુઓના મોટા સૈન્યનો માર ખાતાં ખાતાં રાજધાની તરફ પાછી હઠી. આ વિજયથી શત્રુઓના સેનાપતિઓનો ઉત્સાહ બહુ વધી ગયો, અને ફ્રાન્સ દેશને હવે પોતાના હાથમાં આવ્યો સમજીને, તે લોકોએ ફ્રાન્સનિવાસીઓનું અપમાન કરી તેમને પ્રકટપણે ધમકાવવાનું શરૂ કર્યું. પોતાતા ઢંઢેરામાં તેમને હાર ખાધેલી જાતિતરીકે સંબોધવામાં આવ્યા, અને તેના નામપર હુકમો કાઢવાનું શરૂ કર્યું. વિદેશીઓના આ ગર્વયુક્ત વ્યવહારથી ફ્રાન્સના પ્રત્યેક દેશભક્ત પુરુષોની નસોમાં નવું લોહી રેડાયું. એક અન્યદેશીય સેનાપતિ ફ્રાન્સ રાજ્યનું અપમાન કરે, એ ફ્રાન્સ નિવાસીઓથી સહન થઇ શક્યું નહિ. તેમનાં હૃદય આવેશથી ઉભરાવા લાગ્યાં, અને એથી ક્રોધાન્ધ થઇને તેમણે જે કંઇ કર્યું તે યાદ કરતાં શરીરનાં રોમાંચ ઉભાં થયા વિના રહેતાં નથી ! સર્વ સાધારણ પ્રજાએ જ્યારે જોયું કે તેઓ શત્રુઓની સેનાને કંઈ પણ કરી શકે એમ નથી, ત્યારે તેમણે પોતાનો રોષ શત્રુઓના અંદરખાનેના પક્ષપાતીઓ ઉપર કાઢવો શરૂ કર્યો. ઇ. સ. ૧૭૯૨ ના ઓગસ્ટ માસની ૧૦ મી તારીખે, પેરીસના બજારોમાં એકત્રિત થએલા સર્વ પ્રાન્તોના લોકોએ રાજાના નિવાસસ્થાનપર હુમલો કર્યો, અને રાજાના સમસ્ત રક્ષકોને મારી નાખ્યા. આખરે રાજાએ પોતાને નિરાશ્રિત અને એકલો પડેલો જોઇને પોતાના પરિવારસહિત નિયામક પરિષદ્‌ના મકાનનો આશ્રય લીધો. પરિષદે રાજાને આશ્રય તો આપ્યો, પરંતુ કેટલાક સમયપર્યંત તેના સર્વ અધિકારોથી તેને ચ્યુત કરીને કારાગૃહે નાંખ્યો, અને શાસન સંસ્થાને ફરી બદલવાને માટે દેશના પ્રતિનિધિઓની વળી એક વિચા-

રકસભા બોલાવવામાં આવી. આ અરસામાં શત્રુઓ પણ રાજધાનીથી પાસે આવી પહોચ્યા. લોકોનું જોશ આથી બમણું થઇ ગયું. અને જે ક્રૂરતા સાધારણ રીતે મરણીયા મનુષ્યમાં દાખલ થાય છે, તેવી ક્રૂરતા તેમનામાં આવી ગઇ. આ સમયે ત્યાંની સામાન્ય પ્રજાએ જે એક ઘોર પાપ કર્યું હતું તે ઇતિહાસમાં આજે સપ્ટેમ્બરના “ સર્વવધ ” તે નામે ઓળખાય છે.

સપ્ટેમ્બરનો હત્યાકાંડ રાજનૈતિક સંસારના જીવનમાં લોહીથી ખરડાયલો એક મહા દુષ્ટ પ્રસંગ છે. એ સમયે આવેશથી અંધ થયેલા પેરીસના જનસમૂહે જે ઘોર કતલ ચલાવી હતી તે યાદ આવતાં આજે પણ રોમાંચ ખડાં થાય છે ! તે દિવસની ઘટનાએ આ સરસ રીતે સિદ્ધ કર્યું હતું કે, સાધારણ યોગ્યતાવાળા પરંતુ સામાન્ય પ્રજાને ભડકાવવાની શક્તિ ધારણ કરનારા પુરુષો સંસારમાં જેટલો ઘોર અત્યાચાર કરાવવા ધારે તેટલો કરાવી શકે છે. “ મારા ” નામનો એક પત્રકાર, જેની જીભ આગ જેવી, અને જેનું હૃદય આગની ભઠ્ઠી સમાન હતું; તે પેરીસના લોકોને બહુજ બહેકાવતો ફરતો હતો. ઉશ્કેરાયલા લોકોએ કુલીન કેદીઓને સર્વ કારાગૃહોમાંથી કાઢી કાઢીને તેમનાં ગળા કાપી નાખ્યાં ! જેનાપર જરા પણ સંદેહ ઉત્પન્ન થયો કે તરતજ તેનું માથું ધડથી અલગ કરવામાં આવતું ! એમ કહેવાય છે કે આ ઘોર હત્યાકાંડમાં ઓછામાં ઓછાં ૧૪૦૦ મનુષ્યોને કાપી નાખવામાં આવ્યાં હતાં. હાલમાં જેમ સ્વર્ગના નામપર દેવીઓને પશુઓનો ભોગ આપવામાં આવે છે, તેવી રીતે સ્વતંત્રતા દેવીને નામે આ સર્વ સેંકડો મનુષ્યોનો નિરર્થક વધ કરવામાં આવ્યો હતો.

સપ્ટેમ્બરના આ હત્યાકાંડે, ફ્રાન્સમાંજ નહિ પરંતુ સમસ્ત યુરોપમાં એક પ્રકારનો ત્રાસ ફેલાવી મૂકયો ! વિદેશી રાજ્યોનાં સિંહાસનો મૂળમાંથી શિથિલ થવા લાગ્યાં ! બુદ્ધિમાન પુરુષોના હૃદયમાં ક્રાન્તિમાટે ઘૃણા ઉત્પન્ન થવા લાગી. ફ્રાન્સમાં આ ખુનરેજીનું એ પરિણામ આવ્યું કે, રાજાના પક્ષપાતીઓની સર્વ હિલચાલો એકદમ દબાઇ ગઈ, તેમની વૃત્તિઓ સર્વથા ભયભીત થઇ ગઇ, ચારે તરફ બીભત્સ રસ વ્યાપી રહ્યો ! આ સર્વ જોઇને રાષ્ટ્રીય શાસકસભાના કંઇ એક સભાસદોને પણ આ ભયભરેલા રાજ્ય માટે ઘૃણા ઉત્પન્ન થઈ !

આ ઘોર હત્યાકાંડની પછી દેશની ભાવિ રાજસંસ્થાને સ્થિર કરવાને માટે એક રાષ્ટ્રીય વિચારક સભા બોલાવવામાં આવી અને નિયામક સભાને સમાપ્ત કરવામાં આવી. ઇ. સ. ૧૭૯૨ ની તા. ૨૦ મી સપ્ટેમ્બરે વિચારકસભા સ્થાપન કરવામાં આવી; અને તેણે ચાલુ પરિસ્થિતિપર વિચાર કરવા માંડયો. લાંબો વિચાર કર્યા પછી સભાએ નક્કી કર્યું કે ફ્રાન્સમાં પ્રજાતંત્રરાજ્યની સ્થાપના કરવી અને એકતન્ત્ર રાજ્યનો આજથી નાશ કરવો. પ્રજાતન્ત્ર રાજ્યની સ્થાપનાના દિવસથી નવો સંવત

શરૂ કરવામાં આવ્યો. જેને લોકો "સ્વતંત્રતા" એ વર્ષ નામથી ઓળખવા લાગ્યા.

ઉક્ત કાર્ય કર્યા પછી વિચારકસભા એક વિશેષ ઘોર કાર્ય કરવા તત્પર થઇ. ફ્રાન્સના કેદી રાજાએ વચ્ચે એક વખત કેદમાંથી નીકળી જઇ ભાગી જવાની ચેષ્ટા કરી હતી; પરંતુ ફ્રાન્સની બહાર જતા પૂર્વે તેને પકડવામાં આવ્યો. તેને પેરીસમાં ફરી કેદ કરવામાં આવ્યો. હવે તેનું નશીબ તેની પાછળ ફરી વળ્યું. પ્રથમ એ પ્રશ્ન ઉઠ્યો કે આ રાષ્ટ્રીય વિચારકસભા રાજાના અપરાધની તપાસ ચલાવી શકે કે નહિ? સભાએ પોતે એ બાબતમાં નિશ્ચય કર્યો કે રાજાપર કેસ ચલાવવાનો તથા તેનો ફેંસલો આપવાનો સભાને અધિકાર છે. તરતજ એક અધિકારીની માફક રાજાને સભામાં ઉભો કરવામાં આવ્યો, અને તેને કેટલાક પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા. રાજા તથા રાજાના પક્ષપાતી વકીલોએ રાજાને નિરપરાધી સિદ્ધ કરવાના અનેક પ્રયત્નો કર્યા. રાજાએ ન્યાય તથા મનુષ્યપણાની માગણીથી સભાને અપીલ કરી પરંતુ આ વખતે ઉપચારસભા વિચારસભા નહોતી; પરંતુ ખાસ સંમતિથી રચાયલી અત્યાચારસભાનો નમુનો હતી. મનુષ્યત્વ તથા ન્યાયનું નામસરખું પણ તે જાણુતી નહોતી, તેના મનથી તો તેનું મૃત્યુ સરજાયલુંજ હતું. એથી ઉક્ત સભાએ એક લંબાણ ચર્ચા પછી રાજાને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો; અને તે પ્રમાણે તે સત્યપરાયણ પરંતુ નિર્બળ રાજા સોળમા લ્યૂઇનો દુઃખદાયક રીતે અંત આવ્યો.

સપ્ટેમ્બરના હત્યાકાંડનું દશ્ય જોવા છતાં જે લોકો ક્રાન્તિના પક્ષપાતી હતા, તેમનાં દિલ પણ રાજાનો આવા પ્રકારે થયેલો વધ સાંભળી ઘૃણિત થયાં ! આવા ગ્લાનિ ઉત્પન્ન કરે એવા હૃદયભેદક બનાવથી પ્રત્યેક દયાળુ પુરુષોનાં હૃદયો ત્રાસી ગયાં ! અનંતકાળથી સ્થાપિત થએલી રાજશક્તિની ચિતા, ફ્રાન્સરૂપી સ્મશાનભૂમિમાં ભસ્મીભૂત થતી જોઇને યૂરોપનાં અનેક સામ્રાજ્યોનાં ગાત્ર શિથિલ થઇ ગયાં ! સમસ્ત ફ્રાન્સમાં ક્રાન્તિના માત્ર એચારજ પક્ષપાતી રહી ગયા. આ પ્રસંગને એક પ્રકારની દૈવી સહાય સમજીને નાસી ગયેલા અમીર ઉમરાવોએ અન્ય રાજાઓને પ્રોત્સાહિત કરીને નવીન સેનાના બળથી ક્રાન્તિને દાબી દેવાની કોશીશ કરવા માંડી. ઇંગ્લંડ, પ્રશિયા, ઑસ્ટ્રીયા, તથા અન્ય કઈ એક નાનાં રાજ્યોએ મળીને ફ્રાન્સની રાજધાની પેરીસને તાબે કરવાનો તથા ક્રાન્તિનાં મૃત્યુ–દુન્દુભિ વગાડવાનો નિશ્ચય કર્યો. બહારવાળાઓની આ વલણુ જોઇને ફ્રાન્સમાં રહેતા રાજકીય પક્ષના મનુષ્યોએ પણ પાછું પોતાનું માથું ઉંચકવા માંડયું.

બહાર તથા અંદર બન્ને બાજુથી તંગ થએલી ક્રાન્તિએ હવે પૂર્વથી પણ વધારે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું ! સૌ કોઇને પોતાના શત્રુ દેખીને ચારે તરફથી નિરાશ થયેલા મનુષ્યની '**शरीरं पातयामि वा कार्य साधयामि**' વાળી સાહસિક સ્થિતિ જેવી રીતે થઇ જાય છે, તેવી દશા ફ્રાન્સની ક્રાન્તિની થઈ !

જ્યારે તેણે તો જાણ્યું કે, હવે આપણે માટે બચવાનો કોઇ ઉપાય નથી; તે વખતે તે બીજાનું લોહી ચૂસવામાં પાછી પાની કરે કે ? ચારે તરફનું આક્રમણ જોઇને ઉક્ત વિચારકસભાએ બે ઉપસભાઓ નિયત કરી. ફ્રાન્સની અંદરના રાજકીય પક્ષના અનુયાયીઓને દબાવવા માટે એક ‘ ક્રાન્તિ-ન્યાયાલય ’ અને બહારના પ્રકટ શત્રુઓને દબાવવા માટે ‘લોકરક્ષક સભા’ સ્થાપવામાં આવી. ક્રાન્તિ-ન્યાયાલય, ન્યાયાલય નહિ પરંતુ યમાલયજ હતું. પાંચ પાંચ મીનીટમાંજ એક ગુન્હેગારના ગુન્હાઓનો નિર્ણય કરવામાં આવતો હતો. ગુન્હેગારને રજુ કરતાંની સાથે પ્રથમ એ પ્રશ્ન પૂછવામાં આવતો હતો કે તમે કોઇ ખાનદાન–કુલીન માબાપના પુત્ર છો ? અર્થાત્ અમીરઉમરાવ કે સરદાર છો ? જવાબ મળતો કે “ હા. ” એટલે તુરતજ મુખ્ય જજ ફેંસલો આપતો કે “ બસ છે–પૂરાવો મળી ચૂકયો. ફાંસીએ ચઢાવો અને બીજો ગુન્હેગાર લાવો. ” બસ આવી રીતેજ ગુન્હેગારના ભાગ્યનો શીઘ્ર નિશ્ચય થઈ જતો, અને રોજ એવા સેંકડો કહેવાતા ગુન્હેગારોને ફાંસી દેવાતી !

ઉપર જણાવેલી બીભત્સ લીલા કોઇ પણ અંધ બની ગયેલા અત્યાચારી રાષ્ટ્રના ત્રાસદાયક નમુનારૂપ છે ! રાષ્ટ્રરૂપી સિંહ જલદી ક્રોધમાં આવતો નથી, પરંતુ જ્યારે તે ક્રોધાયમાન થાય છે; ત્યારે સમસ્ત પાર્થિવ અને દિવ્ય શક્તિઓ એકત્ર થઇને કાર્ય કરે તોપણ તેને શાન્ત કરવો અશક્ય થઈ પડે છે. એ સિંહનું તો ન રીસાવું–ન છેડાવું એજ ઉત્તમ છે. તેને શાન્તિપૂર્વક પોતાની ઉન્નતિ કરવા દેવી એજ ઠીક છે. એક વખત પણ તેની ગતિને રોકો–એકવાર પણ તેની સ્વાભાવિક ચાલમાં અડચણ નાખો–કે તરતજ તે ક્રોધાયમાન બની જશે. રાષ્ટ્રોનો રોષ એ કંઇ જેવી તેવી વાત નથી. રૂઠેલા રાષ્ટ્રોના અત્યાચાર તથા તીવ્ર ચેષ્ટા સામે ગગનભેદી પર્વત તથા અત્યંત વિસ્તૃત સમુદ્ર પણ કંઇ ચીજ નથી. એવા એકાદ રાષ્ટ્રની સામે એકત્ર થયેલાં સો રાજ્યો કે રાજાઓ પણ તૃણવત્ છે. એવે વખતે રાષ્ટ્રના ક્રોધાગ્નિમાં જે કંઇ પડયું તે નિઃસંશય ભસ્મીભૂતજ થવાનું.

સપ્ટેમ્બરના હત્યાકાંડ તથા રાજવધના ઘોર કુકર્મથી વિચારકસભાના કંઇ એક નેતાઓ ખિન્ન થઇ ગયા અને આ અત્યાચારોથી ગભરાઇ ગયા. તેમણે આ અત્યાચારો તથા નવીન ન્યાયાલય અને લોકરક્ષક ઉપસભાની વિરુદ્ધમાં પોતાનો અવાજ ઉઠાવ્યો. ક્રોધાતુર થએલા રાષ્ટ્રે તથા પેરીસના અંધ બનેલા જનસમૂહે–તેમના પ્રતિનિધિ રાબસ્પ્યેર આદિ ક્રાન્તિના ગરમ દળના નેતાઓએ આ નરમ પાર્ટીને પોતાના સ્થાનથી પદચ્યુત કરી, અને એ પાર્ટીના સમસ્ત નેતાઓને વીણી વીણીને ફાંસીએ ચઢાવવામાં આવ્યા ! આવી રીતે અત્યાચારની મસ્તીમાં ચઢેલા રાષ્ટ્રની પાસે શાન્તિની વાત કેવળ અસંભવિત થઇ પડી હતી. જેને તે વખતે ‘ ગિરાંડ ’ પાર્ટી કહેવામાં આવતી હતી તે નર્મદળે અસંભવિત કાર્ય હાથ ધરવાની કોશિશ

કરી, જેમ કરતાં તેઓ પોતેજ સમાપ્ત થઇ ગયા ! આ બધા માટે દૂષિત કોણ હતું ? આ સર્વ હત્યાઓનું પાપ કોને માથે ગણાય ? નિ:સંશયપણે એનો એજ જવાબ આપવો પડશે કે જેમના દબાણથી જેમના જુલમથી ક્રાન્તિનો આરંભ થઇ તેણે આ ભયંકર રૂપ ધારણ કર્યું, તેઓજ આ પાપને માટે ખરેખરા જવાબદાર છે.

નર્મદળનો વિધ્વંસ કરીને એ ગર્મદળે પોતાનું અબાધત રાજ્ય શરૂ કર્યું. ગર્મ વિચારક સભાએ સૌથી પ્રથમ દુષ્ટ કાર્ય એ કર્યું કે તેણે રાણીનો વધ કર્યો ! અને તે પછી બીજું કાર્ય ક્રીશ્ચીયન ધર્મને ઉડાડી મૂકવાનું કર્યું ! વિચારક સભાની આજ્ઞાથી ક્રિશ્ચીયન મંદિરોમાંની મૂર્તિઓ કાઢી નાખવામાં આવી ! સભાએ એટલું કર્યા પછી, જાણે હજીએ અધુરૂં રહ્યું હતું તે પેરીસના જનસમાજે પૂરૂં કર્યું ! પાદરીઓએ પોતપોતાના પદનાં રાજીનામાં આપ્યાં. "ફ્રાન્સના પાર્થિવ રાજાની સાથે સ્વર્ગના રાજાનો પણ નાશ થવો જોઇએ." એ વિચાર ચારે તરફ ફેલી ગયો અને આ પ્રસંગ—આ ઘાતક ઘટના—બનતાંની સાથે ક્રાન્તિનું ભયાનકમાં ભયાનક તથા નીચમાં નીચ સ્વરૂપ પ્રકટ થયું ! જ્યાં ક્રીશ્ચીયન દેવોની પૂજા થતી હતી ત્યાં તર્ક, ઋષિ અને સ્વતંત્રતાદેવી તથા સમાનતાદેવીનીજ મૂર્તિઓ ચારે તરફ પૂજાવા લાગી.

જે લોકો ઓછા ગરમ હતા, જેઓની કંઇક વૃત્તિ શાંતિ તરફ વળેલી હતી, અને જેઓ એમ સમજતા હતા કે હવે હદ થઈ—ઘણી હત્યાઓ થઈ ગઇ છે, તેઓનાં રુધિર ક્રાન્તિરૂપી વિક્રાળ રાક્ષસીની ઉદર મૂર્તિ માટે જરૂર થઇ પડ્યાં. ઉક્ત સર્વ સભ્યોને ફાંસીએ ચઢાવવા એ ગરમ વિચારના નેતાઓનું ત્રીજું પાપકર્મ હતું, વિચારકસભામાં આ વખતે અત્યંત ઉગ્ર વિચારના સભાસદો બાકી રહ્યા હતા. જેમનામાં દયાનો લેશ પણ અંશ હતો, તેમને સર્વેને દેશદ્રોહી ગણીને ફાંસીએ ચઢાવવામાં આવ્યા, ઉક્ત બાકી રહેલા સભાસદોનો નેતા રોબસ્પ્યેર હતો. જ્યારે સર્વે સામા થનારા મરી ગયા, ત્યારે તેણે (પ્રજા પાસે) વિજય દિવસ મનાવ્યો. પેરીસમાં તેની પૂજા થવા લાગી—તે પોતાને ફ્રાન્સનો રાજા સમજવા લાગ્યો.

અત્યાચારોની પરાકાષ્ઠા થઇ ચૂકી; 'હવે શાન્તિ થવી જોઇએ' એવો અવાજ ચારે તરફ પાછો ઘૂમવા લાગ્યો. અમુક ભાગો સિવાય, હવે સર્વત્ર શાન્તિ તથા સ્થિરતાની ઇચ્છા પ્રકટ થવા લાગી. મનુષ્યપ્રકૃત તો આખર મનુષ્યપ્રકૃતિજ છે, તે કંઇ સદૈવ રાક્ષસી સ્વરૂપ ધારણ કરતી નથી. ચારે તરફ ઉલટી લહેરો ઉડવા લાગી. ક્રાન્તિકાર્યાલય, લોકરક્ષકસભા, તથા વિચારકસભાના ગરમ નેતાઓ, લોકોમાં અપ્રિય થવા લાગ્યા. એ ઉલટી લહેરનું પ્રથમ પરિણામ એ આવ્યું કે ગર્મદળના નેતા રોબસ્પ્યેરની પણ એજ ગતિ થઇ, કે જે ગતિને એણે પોતાની પૂર્વેના સેંકડો લોકોને પહોંચાડ્યા હતા. ફેરવાયલી બાજીનું બીજું પરિણામ એ આવ્યું કે, વિચારકસભાએ 'નવી સરકાર'નું એક બીજું ઓડું ઉભુ કર્યું. જેમાં શાસનકાર્યમાં લોકસત્તાની અસર

પૂર્વેની સભાઓના જેટલી નહોતી. આ નવીન સંસ્થાદ્વારા શાસનનો મુખ્ય ભાર એક પ્રધાનમંડળને સોંપવામાં આવ્યો; જેના પાંચ સભાસદો નિયત કરવામાં આવ્યા, અને તેમને મદદ કરવા તથા તેમની શક્તિઓને મર્યાદિત કરવા માટે બીજી બે સભાઓ સ્થાપવામાં આવી. એકનું નામ 'પાંચસોની સભા' અને બીજીનું નામ 'વૃદ્ધોની સભા' રાખવામાં આવ્યું. ઉક્ત બન્ને સભાઓનો સંબંધ એવો સ્થિર કરવામાં આવ્યો કે, જેના વડે તે બન્ને એક બીજીને તથા પ્રધાનમંડળને પણ મર્યાદામાં રાખે. વિચારકસભાએ એ સાથે એ પણ નિશ્ચય કર્યો કે, નવી સ્થપાયલી પ્રતિનિધિ સભાના ⅔ સભાસદો પૂર્વેની વ્યવસ્થાપકસભામાંના હોવા જોઇએ. આ નવા ભૂતનો પડઘો પડવાની સાથેજ, ફ્રેંચ પ્રજામાં નવી આગ દાખલ થઇ. હવે લોકો કહેવા લાગ્યા કે વિચારકસભા વળી પાછી જૂના ⅔ સભાસદોને નવા બંધારણમાં લઇને ભયંકર ક્રાન્તિ ફેલાવવાની કોશીશ કરે છે ! આ વાત ફેલાતાં તુરતજ પેરીસના જનસમૂહે વિચારકસભાપર હુમલો કરવાનો નિશ્ચય કર્યો. પેરીસની નજીકના બહારના લોકો પણ આ કાર્યમાં સામેલ થયા, અને આશરે એંશી હજાર લોકોએ એકત્ર થઇને વિચારકસભાના મકાનપર હુમલો કર્યો !

વિચારકસભાને આ ખબરો પહોંચતાંની સાથેજ તેમાં ભારે ખળભળાટ મચી ઉઠયો. પહેલાં તો સર્વે સભાસદો બહુજ ડરી ગયા; પરંતુ પાછળથી તેમણે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય તોપણ 'આપણે આપણી જગા છોડવી નહિ' અને સત્યને માટે પ્રાણ જાય તોપણ તેની પરવા કરવી નહિ. વિચારકસભાએ પોતાની રક્ષા માટે સેનાપતિને બોલાવ્યો અને તુરત હાજર થવા કહ્યું. સેનાપતિ ગભરાયો. તેણે કહ્યું કે "તેની સેના પેરીસનાજ લોકોપર હાથ ઉઠાવશે કે કેમ એ એક શંકા છે ! એથી તે અત્યારે તો તેનો આશ્રય લઇ શકે એમ નથી. હા, એક સાધન છે અને તે એ કે હું કોર્સિકાના એક નવયુવકને જાણું છું. જો તે યુવક આ સમયે વિચારકસભાના રક્ષણમાટે તત્પર થાય તો કંઈક બની શકે એમ છે. એના સિવાય અમને આ ભયથી બીજું કોઇ બચાવી શકે એમ નથી. તે નવયુવકને તુરતજ બોલાવવામાં આવ્યો. તેણે વિચારકસભાની આજ્ઞા લઇને તેની રક્ષા કરવાનું પણ લીધું; અને થોડીએક સેના, ઘોડા તથા અસ્ત્રોની સહાયતાથી ૮૦,૦૦૦ રાજદ્રોહીઓની સામે ઝંપલાવ્યું. ચારે તરફ તેની તોપોના અવાજ સંભળાવા લાગ્યા ! એ સર્વે ભેરીનાદ વચ્ચે એજ એક શબ્દ સર્વના મુખમાંથી નીકળતો હતો કે,—

નૅપોલિયન બોનાપાર્ટ

આ નવયુવક કોણ હતો ? તેનું સવિસ્તર વૃત્તાન્ત હવે પછીનાં પૃષ્ઠોમાંથી મળશે.



સમ્રાટ નેપોલિયન ઇ. સ. ૧૮૧૫



નેપોલિયન ૧૪ વર્ષનો વિદ્યાર્થી

A. 3932 Lakshmi Art Bombay 8

महान नेपोलियन

एमनुं जीवनचरित्र

प्रकरण १ लुं--बाल्यावस्था

ઈ૦ સ૦ ૧૭૬૯—૧૭૯૧

દેશના પુનરુદ્ધારને માટે નમુનેદાર માતાઓની જેટલી જરૂર છે તેટલી બીજા કશાની નથી.

નેપોલિયન

ફ્રાન્સ દેશમાં એક અપૂર્વ ભયાનક વાવાઝોડું પ્રચંડ વેગથી વાઇ રહ્યું છે, આખા દેશમાં ઘોર અંધકાર છવાઇ રહ્યો છે, રાજા અને રાણીનો શિરચ્છેદ કરવામાં આવ્યો છે; અસંખ્ય મનુષ્યોની કતલ થઇ છે, અને વ્યવહાર, નીતિ, અને કાયદાનાં બંધનો છિન્નભિન્ન થઇ ગયાં છે. સારાંશમાં સમગ્ર ફ્રાન્સના સામાજીક પાયા મૂળમાંથી હાલી ગયા છે; અને ધર્મ તથા ઈશ્વર બંને કેવળ ઉપહાસને પાત્ર બની રહ્યા છે. પુરોહિતવર્ગ પણ પદભ્રષ્ટ થઇ ગયો છે. ભયંકર અરાજકતાની હાડપિંજર જેવી પૈશાચિક મૂર્તિ આ વાવાઝોડાની સાથે આખા દેશમાં તાંડવ નૃત્ય કરતી ઘૂમવા લાગી છે. જ્ઞાનહીન જનસમૂહની લુંટફાટ અને ખુનીવૃત્તિને લીધે આ પ્રમાણે ફ્રાન્સ દેશે ભયાનક સ્થાનનું સ્વરૂપ ધારણ કરવાથી ત્યાં નિશ્ચિંતપણે અને વિના હરકતે રહી શકાવું મુશ્કેલ થઇ પડયું છે. નિર્ધન અને અશિક્ષિત લોકવર્ગ ઉપર ફ્રાન્સના ઉમરાવ અને શ્રીમંત વર્ગે લાંબા સમયથી જે ક્રૂર અત્યાચાર ચલાવ્યા કર્યો હતો, તેને પરિણામે તે કચરાયલા, હીણાયલા લોકવર્ગે અસાધારણ બળપૂર્વક ઉછાળો

માર્યો, અને તેઓ હવે પોતાના બળનો ઉપર કહ્યો તેવો ખરાબ ઉપયોગ કરવા લાગ્યા છે. આમ કરીને તેઓ પોતાના સ્વદેશનોજ વિનાશ કરવા તત્પર થયા છે. આ ભયાનક વાવાઝોડાને અથવા લોકવર્ગના બળવાન અભ્યુત્થાનને ઇતિહાસમાં **ફ્રેન્ચ રાજ્યવિપ્લવ** એવું નામ આપેલું છે.

આ અરાજકતામાંથી અને ચારે દિશાએ ફેલાયલા સ્વેચ્છાચારના પંજામાંથી ફ્રાન્સનો ઉદ્ધાર કરનાર–તેને વિનાશના મુખમાં ધસી જતો અટકાવીને ઉન્નતિને શિખરે બેસાડનાર અલૌકિક પ્રતિભાશાળી મહાપુરુષ કોણ ? સામાન્ય પ્રજાવર્ગના હિતનું સંરક્ષણ કરવા તત્પર થઇને તે અર્થે અસાધારણ વીરત્વ દર્શાવનાર, પોતાના પરાક્રમના પ્રભાવથી ફ્રાન્સ દેશની પ્રજામાં નવજીવન પ્રેરનાર, તેમના રુધિરમાં વીરત્વનો સંચાર કરનાર, તથા તેમને ક્ષાત્રમદથી ઉત્તેજિત કરીને આખા જગત્‌ની લડાયક પ્રજાઓમાં સર્વશ્રેષ્ઠ સ્થાન અપાવનાર વીરપુરુષ કોણ ? તે વીર કેસરી **નેપોલિયન બોનાપાર્ટ.** સ્વદેશના કલ્યાણનેમાટે તેણે આત્મબલિદાન આપ્યું હતું–કદિ પણ સ્વાર્થ તરફ તેણે દૃષ્ટિ કરી નથી. તેણે સામાન્ય પ્રજાવર્ગના અધિકારના રક્ષણમાટે જીવનપર્યંત યુદ્ધો કર્યાં હતાં પણ પોતાનો અધિકાર જાળવી રાખવાને માટે તેણે કદિ આંગળી પણ ઉંચી કરી નથી. માનવજાતિના સ્વભાવસિદ્ધ દોષો તેના ચારિત્ર્યમાં પણ હશે, પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે સાહિત્યમાં તેમજ ગણિતશાસ્ત્રના વિષયોમાં વિજ્ઞાનમાં તેમજ ફિલસુફિમાં, ઇતિહાસમાં તેમજ વાક્ચાતુર્યમાં, યુદ્ધકૌશલ્યમાં તેમજ રાજનીતિશાસ્ત્રમાં આધુનિક યુગના મહાપુરુષોમાં સર્વથી પ્રથમ સ્થાન નેપોલિયનનુંજ છે. પ્રાચીન યુગના યૂરોપીય મહાપુરુષો જેવા કે જુલિયસ સીઝર વગેરેની કક્ષામાં નેપોલિયનને બેસાડીએ તો તેઓ બધા એની અસામાન્ય પ્રતિભા આગળ છેકજ નિસ્તેજ બની જાય છે. તેનું નિષ્કલંક ચરિત્ર, તમામ વિષયોમાં તેની પારદર્શિતા, તેની અમૃત જેવી મધુર છતાં પ્રતાપપૂર્ણ વાણી, તેનું અલૌકિક વીરત્વ, તેની નિઃસ્વાર્થ સ્વદેશ સેવા–એ સર્વ લક્ષણો કોઇ પણ તટસ્થ નિરીક્ષકને એકદમ મોહિત કરી દે છે અને તેની અસામાન્ય પ્રતિભાનું દર્શન કરાવે છે. તેની આજસુધી જળવાઈ રહેલી કીર્તિ, તેના અસાધારણ સામર્થ્યની અત્યંત સ્પષ્ટ ભાષામાં સાક્ષી આપી રહી છે. તેની કક્ષામાં ઉભો રહી શકે એવો એક પણ ઐતિહાસિક પુરુષ અદ્યાપિપર્યંત બીજો કોઈ યૂરોપમાં થયો નથી. દુર્દશાએ પહોંચેલા દરેક દેશમાં નેપોલિયન પૂજનીય થઈ પડ્યો છે. તેનો એકે અવાજે આભાર માની રહેલી ફ્રાન્સની પ્રજાની માગણી સ્વીકારીને તે દેશનું રાજ્યતંત્ર પોતાના હાથમાં લીધા પછી સ્વદેશનો ઉત્કર્ષ કરવા માટે તેણે પોતાની અસાધારણ શક્તિઓનો સદુપયોગ કરવામાં બાકી રાખ્યું ન હતું. જે ફ્રાન્સ દેશમાંથી ધર્મને દેશનિકાલ કરવામાં આવ્યો હતો ત્યાં તેણે ઈશ્વરોપાસનાની પુનઃ સ્થાપના કરી, અને એમ કરતાં કરતાં પોતાના દેશનું કલ્યાણ

સાધવામાંજ—એકલા સ્વદેશનુંજ નહિ પણ સમગ્ર યૂરોપનું, સમગ્ર પ્રજાવર્ગનું કલ્યાણ સાધવાના મહાયત્નમાંજ તેણે આખરે આત્મબલિદાન આપ્યું. જો આ મહાન ઉદ્દેશના બદલામાં નેપોલિયને ફ્રાન્સ દેશના સિંહાસન ઉપરનો પોતાનો અધિકાર દૃઢ કરવાનો પ્રયત્ન ન કર્યો હોત, તો કદાચ રૂશીઆની સર્વભક્ષી સત્તામાંથી યૂરોપનું રક્ષણ થવુંજ મુશ્કેલ થઇ પડયું હોત; અને તેમ થતાં યૂરોપના વિજ્ઞાનનો જે પ્રકાશ આજે આખા જગતને દેદીપ્યમાન કરે છે તે સમય કદાચ આવ્યોજ ન હોત !

પોતાના ઉંચા પર્વતોનાં શિખરોરૂપી મસ્તકવડે જાણે ભૂમધ્ય સમુદ્ર ઉપરથી આકાશને ઉંચે ઠેલી દેતો હોય એવો કુદરતની રમણીય શોભાવડે અલંકૃત થએલો કૉર્સિકાનો દ્વીપ આજે પણ ભૂમધ્ય સમુદ્રને ખેડનાર નાવિકોનાં નેત્રને પ્રત્યેક સમયે પોતાના તરફ આકર્ષે છે. એ દ્વીપ નેપોલિયનની જન્મભૂમિ તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો છે, અને જો કે સમયના જવાની સાથે નેપોલિયન અને તેનો કીર્તિકલાપ કાંઇક ઝાંખાં થવા આવ્યાં છે, તોપણ આજ દિનસુધી એ દ્વીપ તરફ છેક દૂર પ્રદેશોના લોકો પણ આકર્ષાય છે ! એક પિત્તળની તોપ હજી પણ ત્યાં અત્યંત કાળજીપૂર્વક સાચવી રાખવામાં આવી છે. એ તોપ બાળક નેપોલિયનના વિનોદનું સાધન હતી. તેનું વજન આશરે ૩૦ શેરનું છે. એ દ્વીપના એજેશિઓ શહેરમાં ઇ૦ સ૦ ૧૭૬૯ ની સાલમાં ઑગસ્ટની ૧૫ મી તારીખે નેપોલિયનનો જન્મ થયો હતો. આશ્ચર્યની વાત એ છે કે તેના જન્મ વખતે તેની માતાએ જે વસ્ત્ર ઓઢયું હતું તેના ઉપર ઇલિયડના મહાન રણસંગ્રામનાં તથા તે સમયના વીર પુરુષોનાં ચિત્રો અંકિત કરેલાં હતાં અને તેથી કરીને નેપોલિયને આ સંસારમાં પ્રથમ શ્વાસ લેતાંજ જો કાંઇ જોયું હોય તો તે યુદ્ધ સંબંધી ચિત્રોથી અંકિત થએલું વસ્ત્રજ હતું. તેની માતાનું નામ લેટિશિયા રૅમોલિની હતું. તે આખા કૉર્સિકા દ્વીપની મહિલાઓમાં સર્વથી શ્રેષ્ઠ સૌન્દર્યવાન, બુદ્ધિમતી અને સુશિક્ષિત બાઇ હતી. નેપોલિયનના પિતાનું નામ ચાર્લ્સ બોનાપાર્ટ હતું. તે એક અસલી ખાનદાન કુટુંબમાં જન્મેલો, શરીરે દેખાવડો, પ્રતાપશાળી અને અત્યંત મનોબળવાળો પુરુષ હતો. કુટુંબની અસલથી ચાલી આવેલી શ્રીમંતાઇ ઘસાતી ચાલવાથી તેને પોતાના બુદ્ધિબળવડેજ પોતાનું ભરણ પોષણ કરવાની જરૂર પડી હતી. વકીલ તરીકે તેણે સારી ખ્યાતિ મેળવી હતી અને તેને આવક પણ તેના બહોળા કુટુંબને સારી રીતે પોષી શકે તેવી બહોળી થતી હતી. અસલની ખાનદાનીને લીધે સમાજમાં પણ તેને સારી પદવી પ્રાપ્ત થઇ હતી અને તેનું મનોબળ, જે કાર્યનો પ્રસંગ આવતાં કદિ પણ શિથિલ થતું નહિ તેના વડે દેશમાં તેનો વગવસીલો પણ ઘણો હતો. ચાર્લ્સ અને લેટિશિઆને બધાં મળી તેર સંતાન થયાં હતાં, જેમાંનાં આઠ જીવ્યાં હતાં.

ઇ૦ સ૦ ૧૭૬૭ ની સાલસુધી કૉર્સિકા એ ઇટાલીના તાબાનો દ્વીપ હતો અને

તેની ભાષા, તેની પ્રજાકીય ભાવનાઓ તથા રીતરિવાજો તદ્દન ઇટાલિયનજ હતાં. ઈ૦ સ૦ ૧૭૬૭ માં ફ્રૅન્ચ સેનાએ આ પ્રદેશ ઉપર આક્રમણ કર્યું અને કેટલાંક ખૂનખાર યુદ્ધો પછી ત્યાંના વતનીઓને ફ્રાન્સના આધિપત્યને તાબે થવું પડ્યું. જે વખતે કૉર્સિકાની સ્વાધીનતામાટેનાં યુદ્ધોમાં તેના પુત્રોનું ખૂન રેડાતું હતું, તે વખતે ચાર્લ્સને પરણ્યે થોડોજ સમય થયો હતો અને તેને એકજ પુત્ર જોસૉફ હતો. સ્વદેશસેવાથી પ્રેરાઇને તેણે એકદમ વકીલાતના ધંધાને બાજુએ મૂકી સમશેર લીધી અને જનરલ પાઓલિના સૈન્યમાં શામિલ થયો. લેટિશિયા તે વખતે ગર્ભવતી હતી અને તેને છેલ્લા દિવસ જતા હતા, છતાં યુદ્ધના અને પરાજયના બારિક પ્રસંગોમાં પણ તે પોતાના પતિ સાથેજ રહીને પતિના લશ્કરની સાથે તે ઘણીવાર ઘોડા ઉપર લાંબી, જોખમભરેલી મજલો કરતી હતી. તેની પ્રસૂતિનો સમય પાસે આવતાં તે 'ઍજેશિયો' માં આવીને રહી. યુદ્ધ પણ તે સમયે પૂરૂં થયું હતું અને કૉર્સિકા ઈટાલિયન મટીને ફ્રાન્સના તાબાનો પ્રદેશ ગણાવા લાગ્યો હતો. જો નેપોલિયન એજ મહિના પહેલો જન્મ્યો હોત તો તો તે જન્મથી ફ્રૅન્ચ ન ગણાતાં ઇટાલિયનજ ગણાત !

નેપોલિયનના જન્મ પછી તેનો પિતા ઘણાં વર્ષ જીવ્યો નહિ. આ બનાવથી તેની માતાના શિર ઉપર આઠ બાળકના પોષણ અને શિક્ષણની જવાબદારી આવી પડી. તેની પાસે દ્રવ્ય તો થોડુંજ હતું પણ આ મુસ્કેલ કામને સારી રીતે પહોંચી વળે તેવું અગાધ મનોબળ અને દઢ ચારિત્ર્ય તેની પાસે હતાં. જ્યારે ફ્રાન્સના રાજાએ કૉર્સિકા ઉપર આક્રમણ કર્યું ત્યારે તેના પિતાએ તથા બીજા દેશભક્તોએ એકત્ર થઇને સ્વદેશની સ્વતંત્રના રક્ષણમાટે કેવા કેવાં યુદ્ધો કર્યાં હતાં, તેની વાતો તે પોતાના પુત્રને કહેતી; તેમજ નેપોલિયન ગર્ભમાં હતો તે વખતે પોતે ઘોડે બેસીને એક પર્વતથી બીજા પર્વત ઉપર અને એક જંગલમાંથી બીજા જંગલમાં પોતાના પ્રિય પતિની સાથે કુચ કરતી હતી તેનું વર્ણન પણ તે પોતાના પુત્રની આગળ કરતી. બાળક નેપોલિયનનું હૃદય આવી વાતો સાંભળીને વીરરસથી ભરપૂર થઇ જતું. આ પ્રમાણે ગર્ભની તેમજ બચપણની અવસ્થામાંજ તેના હૃદયમાં ક્ષાત્રગુણનાં બીજ વવાઇ ચૂક્યાં હતાં.

નેપોલિયન હમેશાં પોતાની માતા તરફ અત્યંત માન અને પ્રેમની દૃષ્ટિથી જોતો. તે વારંવાર કહેતો કે અમારૂં કુટુંબ જે ઉન્નત દશાએ પહોંચી શક્યું તે તેણે અમને આપેલી શારીરિક, માનસિક અને નૈતિક કેળવણીને લીધેજ છે. આ આભારની લાગણીની અસર તેના હૃદય ઉપર એટલી ઉંડી હતી કે તે ઘણીવાર કહેતો કે 'બાળકને સારો વા માઠો બનાવવાનું કામ ઘણું ખરૂં તેની માતાનુંજ છે.' ફ્રાન્સમાં તેને કાંઇક સત્તા મળતાં તેણે પહેલું કામ એ કર્યું કે દ્રવ્યથી જે જે પ્રકારનાં સુખ અને આરામનાં સાધનો મળી શકે તે પોતાની માતાને આપવામાં તેણે જરા પણ કચાશ

રાખી નહિ; અને જ્યારે ફ્રાન્સનું રાજ્યતંત્ર તેના હાથમાં આવ્યું ત્યારે સ્ત્રી કેળવણીનો બહોળો ફેલાવો કરવા માટે તેણે તરતજ ચાંપતા ઉપાયો લીધા. તે કહેતો કે ફ્રાન્સ દેશના પુનરુદ્ધારમાટે **જેટલી જરૂર નમુનેદાર માતાઓની છે તેટલી બીજા કશાની નથી.**

નેપોલિયનને બધાં મળીને સાત ભાઇબેન હતાં. તેમનાં નામ અને જન્મસાલ નીચે પ્રમાણે છે. (૧) જોસૅફ ૧૭૬૮ (૨) નેપોલિયન ૧૭૬૯ (૩) લુશિયેન ૧૭૭૫ (૪) ઇલીઝા ૧૭૭૭ (૫) લૂઇ ૧૭૭૮ (૬) પૌલિન ૧૭૮૦ (૭) કૅરોલિન ૧૭૮૨ (૮) જેરોમિ ૧૭૮૪.

નેપોલિયન નાનપણમાં બાળકને યોગ્ય પ્રફુલ્લતાવિનાનો અને એકાંતપ્રિય હતો. તેને પોતાની વયનાં છોકરાં જોડે રમવું ગમતું નહિ. જ્યારે તેનાં ભાઇ બહેનો આનંદોન્મત્ત બનીને કીકીઆરીઓથી બગીચો, ઘરનું આંગણું અને આકાશ ગજવી મૂકતાં ચારે દિશાએ દોડાદોડ કરી મૂકતાં, ત્યારે નેપોલિયન એકાંતમાં કાંઇક ઉંડા વિચારમાં નિમગ્ન જણાતો. તેના માર્ગમાં સહજ પણ વિઘ્ન આવે તે તેનાથી સહન થઇ શકતું નહિ. તેનો સ્વભાવ એવો સ્વાભિમાની હતો કે કોઇપણ પ્રકારની શિક્ષાના ભયથી તે નમ્યું આપતો નહિ. એક દિવસ બીજા એક છોકરાના અપરાધને માટે તેને શિક્ષા કરવામાં આવી. ત્રણ ત્રણ દિવસસુધી તેણે શિક્ષા સહન કરી પણ ગુન્હેગાર છોકરાનું નામ તેણે પોતાને મોઢેથી પ્રકટ કર્યું નહિ. પાંચ વર્ષની વયે તેને નિશાળે બેસાડવામાં આવ્યો હતો, અને દશ વર્ષની ઉમ્મરે તે લશ્કરી શાળામાં દાખલ થયો. આ વાતને ચાલીશ વર્ષ વીત્યા પછી નેપોલિયને આ પ્રસંગવિષે કહ્યું હતું કે મારી માતાથી વિખૂટા પડતી વખતે જે મનોવ્યથા મને થઇ હતી તેનું મને હજી પણ વિસ્મરણ થયું નથી.

લશ્કરી પાઠશાળાના ધનવાન અને ઉમરાવ કુટુંબોના છોકરાઓ નેપોલિયનનો ટાપટીપ વગરનો અને સાદો પોશાક જોઇને તેની અવજ્ઞા કરતા. તેમને શી ખબર કે આ સાદાં કપડાંવાળો છોકરો આગળ જતાં દેશમાંથી જન્મપ્રાપ્ત અમીરીને હાંકી કહાડી લાયકાતથી ઉત્પન્ન થતી અમીરીને તેનું સ્થાન આપશે !

નેપોલિયન તે છોકરાઓ સાથે ઝાઝો ભળતો નહિ. તે હમેશાં પોતાનાં પુસ્તકો અને નકશાઓમાંજ મશગૂલ રહેતો હતો. થોડા સમયમાંજ તે પોતાની પ્રતિભાવડે વિદ્યાલયના શણગારરૂપ નીવડ્યો અને ત્યાંના તમામ વિદ્યાર્થીઓમાં પહેલું સ્થાન પામ્યો. ત્યાર પછી તેના નાના પ્રકારના ગુણથી આકર્ષાઇને બધા વિદ્યાર્થીઓ તેના પ્રત્યે માનની નજરથી જોવા લાગ્યા. ગણિત, ઇતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય તમામ વિષયોમાં તેણે એવી નિપુણતા મેળવી કે અલ્પ સમયમાંજ તે પોતાના વિદ્યાલયને ગર્વ ઉત્પન્ન કરાવે એવા એક ભૂષણરૂપ મનાવા લાગ્યો. એ અરસામાં તેણે પોતાની

માતાને એક પત્ર લખ્યો હતો તેમાં એક ઠેકાણે એવું લખ્યું હતું કે “ **કમ્મરે તલવાર અને ગજવામાં * હોમર રાખીને હું જગત્માં મારો રસ્તો કાપી કહાડીશ** ”

તે કદિ રમવામાં વખત ગાળતો નહિ. અવકાશનો વખત પણ તે પુસ્તકશાળામાં જઈને અભ્યાસમાંજ ગાળતો. જે દિવસે તે કાંઇ પણ નવું ન શીખવા પામ્યો હોય તે દિવસે તે પોતાના મનથી ઘણો પસ્તાતો હતો. આ સમયે પ્લૂટાર્કનાં જીવનચરિત્રોનો અભ્યાસ તે એવો તો એકાગ્રચિત્તે કરતો કે ગ્રીસ અને રોમન મહારાજ્યના આગેવાન પુરુષો, તેમનાં વીરરસપૂર્ણ પરાક્રમો તેમજ મોટાં મોટાં સામ્રાજ્યોના અભ્યુદય અને અધઃપાતવિષેના ચિંતનમાં તે ગરકાવ થઇ જતો. મનને વશ કરવાના અભ્યાસથી તેણે મનોનિગ્રહનો ગુણ પણ એટલે દરજ્જે કેળવ્યો હતો કે અઘરામાં અઘરા વિષયને પણ તે એકાગ્રતાના પ્રભાવથી સહેલા બનાવી શકતો. એક વખત ગણિતનો ઘણોજ કઠિન પ્રશ્ન તેના શિક્ષકે વર્ગ આગળ મૂકયો અને તેનો ઉત્તર શોધી કહાડવા માટે નેપોલિયને બોંતેર કલાકસુધી પોતાના ઓરડામાં બેસીને લાગલાગટ વિચાર કર્યો હતો. લાગલાગટ ઘણાજ લાંબા સમયસુધી શારીરિક અને માનસિક પરિશ્રમ સહન કરવાની અદ્‌ભુત શક્તિ એ તેની મુખ્ય ખાસિયત હતી અને તે તેની ભવિષ્યની જિંદગીમાં પણ કાયમ રહી હતી. વળી તે અત્યંત નીતિપરાયણ અને આસ્તિક હતો.

ઈ૦ સ૦ ૧૭૮૪ ના શિયાળામાં યૂરોપમાં સર્વત્ર બરફના થર જામી જવાથી ખેતરોમાં ફરવાનું તથા રમવાનું બંધ થઇ જવાથી બ્રિયેનની લશ્કરી પાઠશાળાના વિદ્યાર્થીઓ વિચાર કરવા લાગ્યા કે કઇ જાતની રમત રમીને આનંદ અને વ્યાયામ મેળવવા કે જેથી શરીરના આરોગ્યમાં વૃદ્ધિ થાય. અસામાન્ય બુદ્ધિવાન નેપોલિયને આ વખતે એક નવીજ જાતની રમત શોધી કહાડી. ખેતરોમાં જામેલા બરફના ઢગલાઓને એકત્ર કરીને તે વડે બરફના કોટકિલ્લા બાંધવાની તેણે પોતાના સોબતીઓને સૂચના કરી. કિલ્લા બાંધવાને લગતું ગણિતશાસ્ત્ર તથા બીજા એ કાર્યને લગતા વિષયોનો નેપોલિયને એવો તો સરસ અભ્યાસ કર્યો હતો, કે તેની દેખરેખ અને સલાહ મુજબ વિદ્યાર્થીઓએ બાંધેલા બરફના કોટકિલ્લા અને બુરજ વગેરેની રચના જોઇને સૈનિક વિદ્યાલયના મુખ્ય શિક્ષકોને પણ તેની અદ્‌ભુત બુદ્ધિ અને પ્રતિભાની એકકે અવાજે પ્રશંસા કર્યા વગર ચાલ્યું નહિ. કોટકિલ્લા બંધાઇ રહ્યા પછી વિદ્યાલયના વિદ્યાર્થીઓના નેપોલિયને બે પક્ષ બનાવ્યા. એક પક્ષને માથે તે કિલ્લા ઉપર હુમલો કરવાનું અને બીજા પક્ષને માથે તેનો બચાવ કરવાનું કામ હતું. નેપો-

---

* પ્રાચીન ગ્રીક વીરોના ઇતિહાસરૂપ **ઇલિયડ** નામક મહાકાવ્યનો કર્તા. જગત્ના મહાકવિઓમાં તેની ગણના થાય છે.

લિયન પોતે બેઉ પક્ષનો નેતા બનીને કોઇવાર હુમલો કરનાર પક્ષને ઉત્સાહ આપતો તો બીજી વાર સંરક્ષક પક્ષને શૂર ચડાવતો. આ પ્રમાણે કેટલાંક અઠવાડીઆંસુધી તોપના ગોળાને ઠેકાણે બરફના ગોળાથી કૃત્રિમ યુદ્ધ ચાલ્યું અને આ યુદ્ધમાં ઘણા છોકરાઓને બરફના ગોળાઓથી થોડી ઘણી ઇજા પણ થઇ હતી. આ યુદ્ધ પ્રસંગે એકવાર એક છોકરાએ સેનાપતિ નેપોલિયને કરેલી આજ્ઞાનું પાલન કર્યું નહિ. તે ઉપરથી નેપોલિયને તેજ ઘડીએ તેને બરફના ગોળાનો એવો તો સખ્ત પ્રહાર કર્યો કે તે ભોંયપર ગબડી પડ્યો અને તે પ્રહારની નિશાની તેના શરીર ઉપર તે જીવ્યો ત્યાંસુધી રહી !

નેપોલિયનના ચરિત્રનું મહત્ત્વ સારી રીતે સમજી લેવાને માટે તેના બાળપણાના થોડાક પ્રસંગોનો ઉલ્લેખ કરીશું. સમય જતાં જ્યારે એજ નેપોલિયન ફ્રાન્સ દેશનો સાર્વભૌમ સમ્રાટ્ બન્યો, ત્યારે બચપણમાં જેને તેણે બરફના ગોળાનો માર માર્યો હતો તે બિચારો દારિદ્યના પંજામાં સપડાઇને તેમાંથી છૂટવાની લાલસાથી શહેનશાહ નેપોલિયનને મળવાને આવી ઉભો. નેપોલિયન તેનું નામ ભૂલી ગયો હતો તેથી તેણે પોતાના હજૂરીને કહ્યું કે “ આવનારને પૂછો કે નાનપણના સમયની યાદગીરી તાજી કરી આપે એવો કોઇ પ્રસંગ તું કહી શકીશ ? ”

હજૂરી જવાબ લાવ્યો કે મળવા આવનાર માણસ કહે છે કે “ મારા કપાળ ઉપર આ ઉંડા પ્રહારની નિશાની છે તે પ્રહાર મને શહેનશાહે પોતે કર્યો હતો. ” નેપોલિયન તે સાંભળીને હસ્યો અને બોલ્યો, “ ખરી વાત છે. મેં મારેલા બરફના ગોળાની એ નિશાની છે. તેને જલ્દી તેડી લાવો. ” તે દીન, કંગાલ પુરુષને શહેનશાહ નેપોલિયનની પાસે હાજર કરવામાં આવ્યો અને તેજ ઘડિએ તેની તમામ મનકામનાઓ પૂર્ણ થઇ ગઈ.

નેપોલિયનના અક્ષર ઘણાજ ખરાબ હતા. જ્યારે તે શહેનશાહ થયો ત્યારે બ્રિયેન શહેરના વિદ્યાલયનો અક્ષર શીખવનાર ગરીબ માસ્તર તેની આગળ હાજર થયો અને સારી નોકરીને માટે પ્રાર્થના કરી. શહેનશાહ નેપોલિયને કૃત્રિમ ક્રોધ કરીને ગંભીર અવાજે તેને કહ્યું, “ આપ મારા શિક્ષક હતા. છતાં મારા અક્ષર તરફ આપે તે વખતે જરા પણ લક્ષ આપ્યું ન હતું. આ જોસેફાઈનને પૂછી જુઓ કે મારા અક્ષર કેવા ખરાબ છે ! ” આ વચન સાંભળીને જોસેફાઇને પોતાની મોહક ચતુરાઇથી મનોહર હાસ્ય કરીને જવાબ આપ્યો. “ માસ્તર સાહેબ ! શહેનશાહના પત્રો ઘણાજ રમણીય છે. ” આ સાક્ષી સાંભળીને નેપોલિયન હસી પડ્યો અને તે શિક્ષકે પોતાનું બાકીનું જીવન સુખચેનમાં ગુજાર્યું.

નેપોલિયન બ્રિયેનની પાઠશાળામાં ભણતો હતો તે વાતને ઘણાં વર્ષ વીતી ગયા પછી જ્યારે સમગ્ર યુરોપની પ્રજાઓ સમ્રાટ્ નેપોલીયનને કચરી નાખવા માટે યુદ્ધની

તૈયારી કરવા લાગી હતી, તે વખતે એજ બ્રિયેન શહેરનાં મેદાનોમાં જ્યાં તેણે પોતાના જીવનના પ્રભાતમાં બરફના કોટકિલ્લાની રચના કરીને બરફના ગોળાવડે કૃત્રિમ યુદ્ધ કર્યું હતું, ત્યાં–તે પોતાના જીવનની આખરની ઘડીએ ખરેખરી તોપો અને દારૂગોળાઓ લઇને તૈયાર થઇ ઉભો હતો. આવે અણીને પ્રસંગે પણ તેને નાનપણની એક વાત યાદ આવી ગઇ. તેણે એક ડોશીને શોધી કહડાવીને તેની મુલાકાત લીધી. નેપોલિયન જ્યારે ભણતો હતો ત્યારે તે સ્ત્રી પાસે તે દૂધ તથા ફળ વેચાતાં લેતો. શહેનશાહ નેપોલિયને તેને પૂછ્યું કે ‘બોનાપાર્ટ નામનો ૧૪ છોકરો તને યાદ છે? તે અહિંની નિશાળમાં ભણતો હતો.’

ડોશી:—હા, બરાબર યાદ છે.

શહેનશાહ:—તેણે તારી પાસેથી જે કાંઈ લીધું હતું તેના પૂરેપૂરા પૈસા તને આપ્યા હતા કે?

ડોશી:—હા, પૂરેપૂરા પૈસા આપતો એટલુંજ નહિ પણ બીજા છોકરાઓ માલ લઇને મને છેતરવાનો વિચાર કરતા તેમની પાસેથી પણ તે મને પૈસા અપાવતો.

શહેનશાહ:—કદાચ તે થોડાક માલની કિંમત આપવી ભૂલી ગયો હશે. આ સોના મહોરની કોથળી હું તને આપું છું. અને જો મારે તારૂં કાંઇક દેવું રહી ગયું હોય તો આજે હું તે ચૂકવું છું.

ત્યાર પછી શહેનશાહે પોતાના સોબતીઓનું ધ્યાન એક ઝાડ તરફ દોર્યું અને કહ્યું કે “નાનપણમાં આ ઝાડ નીચે બેસીને અત્યંત આનંદસહિત “જેરુસલેમ ડીલીવરલ” નામનું પુસ્તક હું વાંચતો હતો. કેટલી બધી વાર ઉનાળામાં સાંજને સમયે આ ઝાડ તળે બેસીને પેલા દૂરના ગામડાના દેવળના ઘંટના ટકોરા હું સાંભળતો અને અપાર આનંદ અનુભવતો.” આ પ્રમાણે નાનપણનાં સુખમય સ્મરણો તાજાં કરનાર દશ્યોની ખિન્ન મનથી રજા લઇને શહેનશાહ ત્યાંથી પાછો ફર્યો અને ધૂમાડો તથા સર્વસંહારક ગોળાઓનો વરસાદ વરસાવતી તોપોથી છવાયલા, યુદ્ધનિનાદથી ગાજી રહેલા રણક્ષેત્રમાં અદશ્ય થઇ ગયો.

બ્રિયેનના વિદ્યાલયમાં નેપોલિયન પાંચ વરસસુધી ભણ્યો હતો. રજાઓમાં તે કૉર્સિકા જતો અને ત્યાંનાં પર્વતો તથા ખીણોમાં પરિભ્રમણ કરીને ખેડુતોને મોઢેથી ફ્રાન્સે કૉર્સિકા ઉપર આક્રમણ કર્યું તેને લગતી વાતો સાંભળવામાં કાળ વ્યતીત કરતો. આટલી નાની વયમાં પણ નેપોલિયને પોતાના ગુણનું એવું ચોકખું દર્શન કરાવ્યું હતું કે કૉર્સિકાના સુપ્રસિદ્ધ, વયોવૃદ્ધ યોદ્ધા પાઓલિએ ને કહ્યું કે “ઓ નેપોલિયન! તું આજના માણસો સાથે જરાએ મળતો આવતો નથી! પ્લૂટાર્કે વર્ણવેલા પ્રાચીન વીર પુરુષો સાથે તું આબેહુબ મળતો આવે છે!

નેપોલિયન જ્યારે બ્રિયેનના સૈનિક વિદ્યાલયમાં ભણતો હતો ત્યારે એક પરીક્ષા

વખતે પોતાના જવાબમાં તેણે પ્રજાસત્તાક રાજ્યના પક્ષમાં કાંઇક લખ્યું હતું, અને એક રાજાને હાથે ચાલતી શાસનપદ્ધતિને વખોડી કહાડી હતી. આને માટે તેના શિક્ષકે તેને ઘણો સખ્ત ઠપકો આપ્યો હતો અને તેણે લખેલા કાગળોને બાળી નાખવાની આજ્ઞા કરી હતી. ત્યારપછી ઘણે વર્ષે જ્યારે નેપોલિયન ફ્રાન્સના સામ્રાજ્યનો ‘ફર્સ્ટ કોન્સલ’ નીમાયો ત્યારે તેણે પોતાના જૂના શિક્ષકને મળવા બોલાવ્યો. જ્યારે તે શિક્ષક તેની આગળ હાજર થયો ત્યારે તેને યોગ્ય આદરમાન આપ્યું પણ વાતચીત પૂરી થયા પછી નેપોલિયને તેને કહ્યું, કે પેલા કાગળો બાળી નાખવામાં આવ્યા ત્યારથી આજસુધીમાં જમાનો ઘણો બદલાઇ ગયો છે. ત્યારપછી પોતાના નાનાભાઇ જેરોમિને એજ શિક્ષકના હાથમાં સોંપવામાં આવ્યો.

તે સમયે ફ્રાન્સમાં બાર પ્રાંતિક યુદ્ધવિદ્યાલયો હતાં અને તે પ્રત્યેક વિદ્યાલયમાંથી દર વર્ષે સારામાં સારા ત્રણ વિદ્યાર્થીઓને પારિસના મુખ્ય યુદ્ધવિદ્યાલયમાં મોકલવામાં આવતા. આ નિયમ પ્રમાણે નેપોલિયનને પંદર વર્ષની ઉમ્મરે બ્રિયેનના વિદ્યાલયમાંથી પારિસના યુદ્ધવિદ્યાલયમાં મોકલવામાં આવ્યો. આ વિદ્યાલયમાં કુળવાન લોકોના છોકરાઓનેજ દાખલ કરવામાં આવતા. તેમના ઘોડાની બરદાસ્ત લેવા માટે, તેમનાં હથિયાર સ્વચ્છ રાખવા માટે તથા એવાં એવાં બીજાં પરચુરણ કામ માટે દરેકને નોકર આપવામાં આવતા, અને વિદ્યાર્થીઓ અત્યંત સુંવાળી તળાઈઓ ઉપર સૂઇને તથા સ્વાદિષ્ટ ભોજન જમીને સંપૂર્ણ એશઆરામવાળું જીવન ગુજારતા. પંદર વર્ષની વયનો એવો કોણ છોકરો હોય કે જેને ઉપર કહ્યાં એવાં સુખનાં સાધનો પ્રિય ન હોય ? પણ નેપોલિયન આ વિલાસમય જીવનનો કટ્ટો શત્રુ હતો. તેણે ત્યાંના ગવર્નર ઉપર જ્વલંત ભાષામાં એક અરજ પત્ર લખી મોકલ્યો. કે “**સૈનિક વિદ્યાલયમાં નોકરો રાખવાનો રિવાજ રદ્દ કરવાની જરૂર** છે. ઘોડાની માવજત, હથિયાર સાફ કરવાં, અને એવાં બીજાં નાના પ્રકારનાં કામ જે હમણાં નોકરો પાસે કરાવવામાં આવે છે તે કામ જાતેજ કરવાની વિદ્યાર્થીઓને ફરજ પાડવી જોઇએ. ખોરાકની બાબતમાં તથા બીજા શારીરિક પરિશ્રમ સહન કરવાની બાબતમાં વિદ્યાર્થીઓને અત્યારથીજ સાદા અને શ્રમસહિષ્ણુ બનાવવામાં નહિ આવે તો યુદ્ધ સમયે પડતી મુશીબતો, અને તનતોડ મહેનત તેઓ કેવી રીતે સહન કરી શકશે ?” ભવિષ્યમાં નેપોલિયને પોતે ફોન્ટેનબ્લો શહેરમાં સ્થાપેલી યુદ્ધ પાઠશાળામાં ઉપર કહ્યો તેવોજ નિયમ રાખ્યો હતો. એ વિદ્યાલય પોતાનું કામ ઉત્તમ રીતે બજાવતું હતું અને લોકોમાં પણ તેની પ્રશંસા થતી હતી. ભવિષ્યમાં નેપોલિયને અસાધારણ લોકપ્રિયતા સંપાદન કરી હતી તેનું મુખ્ય કારણ એ **હતું કે પોતે કરી ન શકે એવું કોઇ પણ કામ કરવાની તે બીજાને આજ્ઞા કરતો નહિ;** અને પોતે હામ ભીડી ન શકે એવા જોખમમાં ઉતરવાને તે કદિ પણ

પોતાના તાબાના અમલદારોને મોકલતો નહિ.

એક દિવસ અમુક ઉત્સવને પ્રસંગે નાનો નેપોલિયન માર્સેલ્સ ગયો હતો. ત્યાં સાંજની રમણીય વેળાએ ઘણા યુવાનો અને યુવતીઓ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરીને આનંદપૂર્વક નૃત્ય કરતાં હતાં. તેમણે નેપોલિયનને તેમના આનંદોત્સવમાં જોડાવાનું નિમંત્રણ કર્યું. તે ઉપરથી તેણે સખ્ત ભાષામાં જવાબ આપ્યો "**નાચ્યા કૂદ્યાથી કદિ મનુષ્યત્વ આવતું નથી.**" ખરૂં જોતાં નૃત્ય તથા બીજા વિનોદને તે છેવટ સુધી ધિક્કારતો હતો.

નેપોલિયન જ્યારે સોળ વર્ષનો થયો તેવામાં તેના પિતાનો દેહાંત થયો. એજ વર્ષમાં તેને સૈનિક વિભાગમાં સહકારી લૅફ્ટેનન્ટની જગ્યા પ્રાપ્ત થઈ. એ અરસામાં તે એકવાર સખ્ત મંદવાડનો ભોગ થઇ પડયો. તેની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી, અને પરદેશમાં એક વીશીના સૌથી ઉપલા કાતરીઆમાં—શરીરે વ્યાધિગ્રસ્ત અને પૈસે ખાલી હોવાથી ઘણી દયાજનક હાલતમાં આવી પડયો હતો. એક સહૃદય બાઇના સાંભળવામાં આ વાત આવતાં તેણે પરોપકારવૃત્તિથી પ્રેરાઇને નેપોલિયનની સેવાચાકરી કરી તેને સાજો કર્યો. પાછળથી ઘણે વર્ષે જ્યારે ફ્રાન્સની પ્રજાએ કૃતજ્ઞતાપૂર્વક નેપોલિયનને રાજમુકુટ અર્પણ કર્યો ત્યારે આ સ્ત્રીએ તેના ઉપર અભિનંદનનો પત્ર લખીને પોતાનો હર્ષ પ્રદર્શિત કર્યો. તેની સાથે પોતાનું જીવન દારિદ્ય અને વિપત્તિને લીધે અંધકારમય બની ગયું હતું તેનો પણ તેણે ઈસારો કર્યો હતો. આ પત્ર વાંચતાની સાથેજ શહેનશાહ નેપોલિયને તે બાઇને ૧૦૦૦૦ ફ્રાન્કનો ચૅક મોકલી દીધો અને લખ્યું કે ભવિષ્યમાં પણ તમે જે કાંઇ માગણી કરશો તે હું પૂરી કર્યા વગર રહીશ નહિ.

આટલી નાની વયે પણ નેપોલિયને પોતાનાં મનોહર સંભાષણ, સાધુતા, અવિરત પરિશ્રમ, અને અનેક વિષયોમાં પારદર્શિતા વગેરે ગુણોવડે પારિસનાં સ્ત્રીપુરુષોનો પ્રેમ સંપાદન કરી લીધો અને ત્યાંનાં પહેલી પંક્તિના અમલદારો, પંડિતો અને સન્નારીઓનું લક્ષ તેના તરફ ખેંચાયું. નેપોલિયને આગળ ચાલતાં જે પ્રસિદ્ધિ મેળવી છે તે કાંઇ આકસ્મિક કે કોઇ દૈવી ઘટનાના પરિણામે નથી મેળવી. અસાધારણ ગુણસમૂહ અને આત્મચેષ્ટાના પ્રભાવવડેજ તે જગતના ઇતિહાસમાં સર્વોત્તમ સ્થાન મેળવી શક્યો છે. યુદ્ધક્ષેત્રમાં તે જેવો અદ્વિતીય હતો તેવોજ તે મંત્રણામંદિર (કૅબિનેટ) માં હતો. જો તેણે સાહિત્યનો વિષય પોતાનો કર્યો હોત તો તેમાં પણ તે સાહિત્ય-સમ્રાટ્નું પદ પ્રાપ્ત કર્યા વગર રહેત નહિ. જે જાહેરનામાં તેણે પ્રસિદ્ધ કર્યાં છે તે વાંચતાં રોમાંચ થાય છે અને નિર્બળ મનુષ્યોમાં પણ વીરરસનો સંચાર કરે છે. તે વાંચતાં જાણે એક પ્રચંડ જ્વાળામુખી પોતાની અગ્નિશિખાવડે આખી પૃથ્વીને સળગાવી મૂકવા માટે ભયંકર અગ્નિના પ્રવાહનું વમન કરી રહ્યો હોય એવો વાંચનારને

ભાસ થાય છે. ઇતિહાસમાં પણ તેની નિપુણતા અસાધારણ હતી. તેનાં જાહેરનામાં અને પ્રસિદ્ધ થએલાં ભાષણો વાંચતાં ખાત્રી થાય છે કે તેણે મોટા સામ્રાજ્યોના અભ્યુદય અને અધઃપાતનાં કારણોનો બહુજ ઉત્તમ રીતે અભ્યાસ કર્યો હોવો જોઇએ. પારિસના વિદ્યાલયના ઇતિહાસના પ્રોફેસરે તેની ઇતિહાસના વિષયમાં પરીક્ષા લીધી હતી. તેના જવાબથી તેને એટલો બધો સંતોષ થયો હતો કે તેણે નેપોલિયનના ઉત્તરપત્ર ઉપર એવી નોંધ કરી કે “ આ છોકરાને પ્રારબ્ધવશાત્ અનુકૂળ સંજોગો મળશે તો તે જગત્માં નામના કર્યા વગર રહેશે નહિ. ”

प्रकरण २ जुं--राज्यविप्लवनुं परिणाम

(ઈ૦ સ૦ ૧૭૯૧ થી ૧૭૯૩)

રાષ્ટ્રવિપ્લવ એ ઈશ્વરના કોપને લીધે માનવસમાજને થતી એક મોટામાં મોટી શિક્ષા છે :

નેપોલિયન

હવે ૧૭૯૦ ની યાદગાર સાલ નજીક આવવા લાગી. ૧૭૮૯ ની સાલમાં જે જગવિખ્યાત ફ્રૅન્ચ રાજ્યવિપ્લવનો પ્રારંભ થયો હતો, તેણે હવે ધીરેધીરે અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા માંડ્યું. ઉમરાવ વર્ગ અને સૈન્યના મુખ્ય મુખ્ય અમલદારો રાજકુટુંબના પક્ષપાતી હતા. સામાન્ય સૈનિકો તથા જનસમુદાય પ્રજાસત્તાક તંત્રના પક્ષમાં હતા. આપણે ગયા પ્રકરણમાં જોઈ ગયા છીએ કે નેપોલિયનનું વલણ પ્રથમથીજ જન્મપ્રાપ્ત ખાનદાની અને ઉમરાવોની અનિયંત્રિત સત્તાની વિરુદ્ધ હતું. આવે પ્રસંગે ગમે તે ઠેકાણે, ગમે તેવા વસીલાવાળા અને સત્તાવાળા માણસોના સાંભળતાં તે પોતાના અભિપ્રાયો વ્યક્ત કરીને અને પ્રજાસ્વાતંત્ર્યની સખ્ત ભાષામાં હિમાયત કરીને ઘણીવાર જોખમમાં પણ આવી પડતો હતો. હવે જે સમયની આપણે વાત કરીએ છીએ તે વખતે યુગના યુગ થયાં દબાયલા, કચરાયલા, તિરસ્કારને પાત્ર થએલા લોકવર્ગના ક્રોધે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. નીતિ, ધર્મ, કાયદો, પવિત્રતા વગેરેનાં બંધનો આ ભયંકર ભરતીના આઘાતથી છિન્નભિન્ન થઈ ગયાં હતાં. ઉચ્છૃંખલ લોકસમુદાયે બાસ્ટાઇલનું કારાગૃહ જમીનદોસ્ત કરી નાખ્યું હતું. જે પ્રચંડ વાવાઝોડાએ ફ્રાન્સની પ્રજાને ઉન્નતિ અને શ્રેયના માર્ગમાંથી ઉપાડીને વિનાશના મુખમાં ઝંપલાવી દીધી તે વાવાઝોડું હવે પુષ્કળ વેગથી આખા દેશમાં ઘૂમવા લાગ્યું હતું. ટુંકીદૃષ્ટિવાળા અને પ્રજાની સુવ્યવસ્થાના નિયમોથી અજ્ઞાત મનુષ્યો આ તોફાની વાયુને વસંતઋતુના પવનની સ્નિગ્ધ અને સુખકર લહરીઓ સમજીને પ્રેમથી વધાવી લેતા, અને તેના આઘાતથી દેશમાં ફેલાયલો વિષમય વાયુ દૂર થઈ જશે એવી ખોટી આશામાં ઠગાતા હતા; પરંતુ તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન, દૂરદર્શી વિદ્વાનોના કાન ઉપર ભવિષ્યમાં નીપજનાર પ્રજાકીય વિનાશના પડઘા અત્યારથી પડવા લાગીને તેઓ સહકુટુંબ રક્ષણ માટે વિદેશ નાસી જવા લાગ્યા હતા.

આ સમયે એક રમણીય સંધ્યા સમયે મોશીયો નેકર, જે ફ્રાન્સનો તીજોરીખાતાનો સુપ્રસિદ્ધ પ્રધાન હતો તેનો મહેલ ભભકાદાર રોશનીથી શોભી રહ્યો હતો, અને પારિસ નગરની ઉત્તમોત્તમ ઘોડાગાડીઓ એક પછી એક તેના દરવાજામાં પ્રવેશ કરતી હતી. ભવ્ય કપાળ અને ગંભીર અવાજને માટે જાણીતો તેમજ વિવિધ વિષયોમાં નિપુણતાવાળો મિરાબો, પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ ટૅલિરૅન્ડ, જ્યૉર્જ વૉશિંગ્ટનનો મિત્ર અને અગ્રણી રાજનીતિજ્ઞ સેનાપતિ લા ફ્રાયેટ, વગેરે ફ્રાન્સના આગેવાન પુરુષો અને સ્ત્રીઓવડે તેમજ ફ્રાન્સના મોટા મોટા તત્ત્વજ્ઞો, રાજપુરુષો, ઉમરાવો, શ્રીમંતો વગેરેથી આજે મોશીયો નેકરનું દિવાનખાનું શોભી રહ્યું હતું. નેકરની પુત્રી મેડમ ડી. સ્ટીલ પોતાના સર્વોત્તમ વસ્ત્રાલંકારથી સુસજ્જિત બનીને ઘરની અધિષ્ઠાત્રી દેવીરૂપે પોતાના સૌંદર્ય અને ગુણવડે અને વિશેષ કરીને પોતાના મોહક સંભાષણથી પરોણાઓના ચિત્તને પ્રસન્ન કરી રહી હતી. તે અને ત્યાં નિમંત્રિત થએલી લાવણ્યવતી જોસેફાઇન બંને પીયાનો વગેરે બજાવીને સુલલિત નાદલહરીવડે પરોણાઓનો સત્કાર કરી રહી હતી. એ સમયે ત્યાં બે પુરુષો દાખલ થયા. આ અમૃતમય સંગીતના શ્રવણમાં કોઇને વિક્ષેપ ન થાય તેટલા માટે તેઓ લેશ પણ અવાજ કર્યા વગર ગુપચૂપ દિવાનખાનાના બારણા આગળનીજ બેઠક ઉપર બેસી ગયા. એમાંનો એક વયોવૃદ્ધ, અત્યંત સાદા પોશાકવાળો પણ માનનીય અને ભવ્ય આકૃતિવાળો આબિ રેનલ હતો. દૃષ્ટિમાત્રથી બધાએ તેને ફ્રાન્સદેશના ભૂષણરૂપ, સુવિખ્યાત તત્ત્વજ્ઞ તરીકે ઓળખી લીધો. પણ તેની સાથે આવેલા તરુણને કોઇએ ઓળખ્યો નહિ. તે પાતળો, ફિક્કો અને નાજુક દેખાતા બાંધાનો તરુણ હતો.

સંગીત પૂરું થતાંજ આબિ મેડમ ડી. સ્ટીલ પાસે ગયો અને પોતાની સાથે આવેલા યુવકનું તેની સાથે ઓળખાણ કરાવ્યું કે એનું નામ નેપોલિયન બોનાપાર્ટ છે. નેપોલિયનનું અપરિચિત નામ સાંભળીને તેના તરફ કોઇએ લક્ષ આપ્યું નહિ, પણ બુદ્ધિમાન મેડમ ડી. સ્ટીલ નેપોલિયનના પ્રથમ સંભાષણથીજ તેના વાક્ચાતુર્ય અને રૂપમાધુર્યથી આકર્ષિત થઈ અને તેની સાથે ઉલટભેર વાત કરવા લાગી. નેપોલિયનની વાણીમાં અસામાન્ય આકર્ષક શક્તિ હોવાથી થોડીવારમાં જોસેફાઇન પણ તેમની પાસે આવીને બેઠી અને તેમના વાર્તાલાપમાં ભાગ લેવા લાગી. એમ કરતાં કરતાં ઘણાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષો તેમના તરફ ખેંચાયાં અને તેમની આસપાસ ઉભાં ઉભાં મધુર વાર્તાલાપ શ્રવણ કરવા લાગ્યાં. પ્રત્યેક પળે તેમની સંખ્યામાં વધારો થતો ગયો. ત્યાં ઉભેલા બિશપ ઑફ ઑટને ઇંગ્લંડના રાજનીતિજ્ઞ પુરુષો–ફૉકસ અને શેરિડનનાં આ પ્રસંગે વખાણ કર્યાં. ફૉકસે પોતાના ભાષણમાં એવા વિચાર જાહેર કર્યા હતા કે “ફ્રેન્ચ સેનાએ પોતાના ઉપરી અમલદારોની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સામાન્ય લોકવર્ગ ઉપર ગોળીબાર કરવાની ના પાડીને યૂરોપના

તમામ સૈનિકોને માટે અનુકરણીય આદર્શ રજૂ કર્યો છે. તેમણે બતાવી આપ્યું છે કે મનુષ્યો સૈન્યમાં જોડાયા છતાં પણ બંધુભાવ અને સ્વજાતિ પ્રેમનાં બંધનોનો ઉચ્છેદ કરી શકતા નથી.”

આ શબ્દો બોલાયા કે તરતજ નેપોલિયને સઘળા માણસો સાંભળે તેવી રીતે તેનો સખ્ત ભાષામાં જવાબ આપ્યો. તેણે કહ્યું, “ મહાશય! આપના મતનું મારે હાથે ખંડન થતું હોય તો ક્ષમા કરશો. જે મત કોઈપણ પ્રકારની શાસનપદ્ધતિથી વિરુદ્ધ છે તેનું ખંડન કરવા જતાં કદાચ મારૂં અપમાન થાય તો પણ ભલે; પરંતુ હું મૂંગે મોંઢે આ અસત્ય અભિપ્રાય સાંભળી શકીશ નહિ. આપણા દેશમાં જે જે અત્યાચાર અને અસત્ પ્રવૃત્તિઓ ચાલે છે તે દૂર થાય, અમુક વર્ગના લોકો પરાપૂર્વથી જે એક હથ્થીસત્તા ભોગવતા આવ્યા છે તેનો અંત આવે, અને અમુક શ્રેણીના લોકોએ ગેરકાયદેસર, નીતિવિરુદ્ધ ઝૂંટવી લીધેલા હકકનું ખંડન થાય એવી તો હું પણ બીજાઓની માફકજ અભિલાષા રાખું છું; પણ છેલ્લા બાર મહિના થયાં લોકવર્ગની નિરંકુશતા અને અત્યાચાર એટલે દરજ્જે વધી ગયાં છે, અને આપણા દેશના નેતાઓ પરસ્પરમાં કલહ કરીને એવા વિભિન્ન થઇ ગયા છે, કે જો આ પ્રસંગે શાંતિ અને નિયમબદ્ધ શાસન પ્રણાલીનું રક્ષણ કરવું હોય તો મારો એવો દઢ અભિપ્રાય છે કે બીજા કોઇપણ સમય કરતાં અત્યારેજ સૈન્ય ઉપર વિશેષ સખ્ત અંકુશની સૌથી પહેલી અને સૌથી વધારે જરૂર છે. મારે કહેવું પડે છે કે જો આપણા સૈનિકોને તેમના અમલદારોની આજ્ઞાનું જરાપણ બડબડયા વગર અને તાત્કાળિક પાલન કરવાની ફરજ પાડવામાં નહિ આવે તો નિશ્ચયપૂર્વક માનજો કે થોડાજ સમયમાં આપણે લોકવર્ગની નિરંકુશ અરાજકતાના ભોગ થઇ પડીશું. પારિસ નગરમાં લોકવર્ગનો અત્યાચાર દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે અને જો તેને પ્રબળ સત્તાના પ્રભાવવડે એકદમ દાબી દેવામાં નહિ આવે, અને સમાજની સુવ્યવસ્થાનું દઢતાથી રક્ષણ કરવામાં વિલંબ થશે તો તેનું પરિણામ એ આવશે, કે એકલા આ પાટનગરમાંજ નહિ અટકતાં આખા દેશમાં અરાજકતા ફરી વળશે અને જેઓ આપણા દેશની સ્વાધીનતાના સાચા રક્ષકો છે, શિક્ષિત અને સ્વદેશહિતૈષી છે અને જેઓ અત્યારે સ્વદેશના શ્રેયમાટે તનતોડ પરિશ્રમ કરી રહ્યા છે તેઓ લોકવર્ગના અશિક્ષિત નેતાઓનાં ટોળાંઓમાં અટવાઇ જશે; અને એ ઉશ્કેરાયલા નિરંકુશ લોકો મોઢેથી સ્વાધીનતાના પોકાર કરશે પણ વાસ્તવિક રીતે તેમની ક્રૂરતા અને અત્યાચાર રાની પશુઓની અથવા જંગલી મનુષ્યોની ક્રૂરતાને અથવા તો પ્રાચીન કાળમાં થઇ ગએલા નિર્દયતાના અવતાર સ્વરૂપ [1]નીરોની ક્રૂરતાને પણ વિસરાવી દેશે.”

આ પ્રમાણે નેપોલિયને એવા તો પ્રભુત્વસૂચક અવાજથી પોતાનો અભિપ્રાય

---

[1] એ નામનો રોમન પાદશાહ હતો. યૂરોપમાં તે નિર્દયતાની મૂર્તિરૂપ મનાય છે.

જાહેર કર્યો કે તે સાંભળીને સર્વના મનમાં એક નવીન ભાવનો સંચાર થવા લાગ્યો. તે બોલતો ગયો ત્યાંસુધી સઘળાએ શાંતિથી સાંભળ્યા કર્યું. સર્વની દષ્ટિ તેના ફિક્કા ચહેરા ઉપર ઠરી રહી. ટૅલિરૅન્ડને મિરાબો વારંવાર ઇસારતથી કહેવા લાગ્યો કે નેપોલિયન જે કાંઇ કહે છે તે સત્યજ છે. નેકર અને લા ફાયેટનાં અંતઃચક્ષુ આગળ નેપોલિયને પોતાની જ્વલંત ભાષામાં વર્ણવેલું વિપત્તિનું ચિત્ર જાણે અત્યારેજ ખડું થયું હોય તેમ તેઓ ચિંતાતુર ચહેરે તેના શબ્દો સાંભળવા લાગ્યા. ત્યારે કેટલાકોએ પ્રજાકીય સ્વાતંત્ર્યની વિરુદ્ધ દર્શાવાયલા વિચારો સાંભળી ગુસ્સે થઇને ચાલવા પણ માંડયું; પરંતુ આપણે હવે પછી જોઈશું કે તેના કહેલા અક્ષરે અક્ષર સાચા પડયા.

જ્યારે તે બોલી રહ્યો ત્યારે મેડમ ડી. સ્ટીલે આબિ. રેનલ પાસે નેપોલિયન જેવા એક રાજનીતિજ્ઞ પુરુષ સાથે પોતાનો પરિચય કરાવી આપવા માટે તેનો ખરા અંતઃકરણથી આભાર માન્યો અને પોતાના પિતા તથા તેની સાથે ઉભેલા બીજા ગૃહસ્થો તરફ જોઇને તે ગંભીર અવાજે બોલી, "ગૃહસ્થો! જે અત્યંત મહત્ત્વનું સત્ય તમારી આગળ આજે પ્રદર્શિત કરવામાં આવ્યું છે તેના તરફ તમે લક્ષ આપશો એવી હું આશા રાખું છું." આ પ્રમાણે માત્ર એકવીશ વર્ષના નેપોલિયને ફ્રાન્સ દેશના અલંકાર તુલ્ય અને સુપ્રસિદ્ધ વ્યક્તિઓના મંડળમાં સર્વનું ધ્યાન ખેંચે એવું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું.

આ બનાવ બન્યાને થોડા દિવસ પછી નેપોલિયન લાંબી રજા લઇને પોતાને દેશ કૉર્સિકા ગયો. ત્યાર પહેલાં થોડા વખત આગમચ તેને મુખ્ય લૅફ્ટેનૅન્ટની પદવીએ ચડાવવામાં આવ્યો હતો. ઘેર પહોંચતાંજ તેણે પાછો એકાગ્રતાથી પોતાનો અભ્યાસ જારી કર્યો. ઘરના સૌથી ઉપલા માળનો એક એકાંત નિઃશબ્દ ઓરડો તેણે પસંદ કર્યો અને ત્યાં તે પોતાનાં પુસ્તકો સાથે સમય ગાળવા લાગ્યો. વિશ્રાંતિને માટે તે કોઈ કોઈવારજ બહાર જતો; ખરૂં જોતાં વિશ્રાંતિની તેને ઇચ્છાજ થતી ન હતી. તેમ તેને મળવા પણ ભાગ્યેજ કોઇ આવતું. અભ્યાસમાં તેની એકનિષ્ઠા એવી તો સરસ હતી કે તેના દ્વારા ભવિષ્યમાં અતિ મહત્ત્વનાં કાર્યો થવાનું કોઇ દેવતાએ તેને કહેલું હોત તોપણ એથી વધારે પરિશ્રમ તેનાથી બની શકયો હોત નહિ.

એક દિવસ સવારમાં તે વહેલો ઉઠીને પોતાની વિચારસૃષ્ટિમાં રમણ કરતો કરતો દરિયા કિનારે ફરતો હતો એવામાં તેને એક લસ્કરી અમલદારનો મેળાપ થયો. નેપોલિયને તેને પોતાની સાથે ફરવા આવવાનો આગ્રહ કર્યો. કિનારેથી થોડે દૂર એક મછવો હતો. બેઉ જણ તે મછવામાં બેઠા અને નેપોલિયને ખારવાઓને અખાતના સામા કિનારા તરફ હાંકવા કહ્યું. મછવો ચાલવા માંડયો તે આગમચ નેપોલિયને ગજવામાંથી દોરાનો દડો કહાડયો અને તેનો એક છેડો કિનારા પર કોઇ ચીજ સાથે બાંધી લીધો. પછી પોતે દડો હાથમાં લઇને મછવામાં બેઠો અને તે સામે

કિનારે પહોંચ્યો તે દરમ્યાન તેણે અખાતની પહોળાઈનું બરાબર માપ કહાડી લીધું. આવા પ્રકારની ગમ્મતમાં નેપોલિયનના સોબતીને બિલકુલ મજા પડી નહિ અને આવા ચક્રમ માણસ સાથે ફરવા આવવા માટે તે પસ્તાવા લાગ્યો. તેઓ કિનારે પહોંચ્યા એટલે નેપોલિયન કહે કે ચાલો, આપણે આ ટેકરી ઉપર ચડીએ અને ત્યાં રહીને ઍજેશિયો શહેરનું દિગ્દર્શન કરીએ. પેલો અમલદાર કહે કે મને ભૂખ લાગી છે, મારે ઘેર ખાવાનું ટાઢું પડી જશે; પણ નેપોલિયને ટેકરીપર ચડવાનો સંકલ્પ છોડયો નહિ.

આ પ્રસંગનું વર્ણન નેપોલિયન પોતે નીચે પ્રમાણે કરે છેઃ–" મારા સંગાથીને આવી જાતની શોધખોળમાં બિલકુલ રસ પડતો નહિ તેથી તે મને વારંવાર પાછા ફરવાનું કહ્યા કરતો. જ્યારે હું તેને અખાત આટલો પહોળો છે એવું કહેતો ત્યારે તે બોલતો કે મને બહુ ભૂખ લાગી છે; મારૂં ખાવાનું ટાઢું થઇ જતું હશે. આ ટેકરી ઉપર તોપ ગોઠવી હોય તો શહેરના અમુક મકાન અથવા અમુક મિનારાની ટોચ ઉપર ગોળો ફેંકી શકાય ખરો, એવું હું જ્યારે તેને કહેતો ત્યારે તે બોલતો કે ભાઇ સાહેબ, એ તો ખરૂં પણ હું સાવ ભૂખ્યો આવ્યો છું. આખરે ઘણો દિવસ ચડી ગયા પછી અમે નીચે ઉતરીને ઘેર ગયા પણ તે બિચારાના મિત્રોએ તેની વાટ જોઇને જમી લીધું હતું અને તેને માટે કશુંએ રહેવા દીધું ન હતું. હવે પછી કેવા માણસની સોબત કરવી અને કયે વખતે ફરવા નીકળવું તે વિષે વધારે સાવચેત રહેવાનો તેણે નિશ્ચય કર્યો. "

પરંતુ આપણે આગળ ઉપર જોઇશું કે નેપોલિયને કરેલું અવલોકન ફોકટ ગયું ન હતું. થોડાજ વખત પછી અંગ્રેજ સેનાએ એજ ટેકરીનો કબજો લીધો અને તે સમયે તેમની સામેના યુદ્ધમાં નેપોલિયને રમતમાં ને રમતમાં મેળવેલી માહિતી તેને ઘણીજ ઉપયોગી થઈ પડી.

નેપોલિયન કૉર્સિકામાં રહ્યો તે દરમ્યાન તેણે લશ્કરી અમલદારોની એક સભા સ્થાપી અને જે રાજનૈતિક મહા પ્રશ્નોવિષે તે સમયે આખા યૂરોપમાં ખળભળાટ મચી રહ્યો હતો તે વિષે અંદર અંદર ચર્ચા કરવા માંડી. તેના રાજનૈતિક વિચારોમાં લોકસ્વાતંત્ર્યનો પ્રબળ પક્ષપાત જણાઈ આવતો હતો, તોપણ તે નિરંકુશતા અને નીતિનિયમોના ઉલ્લંઘનનો સખ્ત વિરોધી હતો. એ અરસામાં પારિસ નગરમાં હાહાકાર વર્તાવા લાગ્યો હતો અને ત્યાં ચાલતા કસાઇખાનાના નવા નવા સમાચાર દરરોજ આવવા લાગ્યા હતા. આથી કરીને નેપોલિયન જે પ્રથમથીજ અરાજકતાનો શત્રુ હતો તે હવે તેનો કટ્ટો દુશ્મન બની ગયો અને તે પોતાના વિચાર નિડરપણે જાહેરમાં મૂકવા લાગ્યો. સૅલિસેટી નામના તેના એક દુશ્મને પારિસની સરકારને તેને વિષે ચાડી ખાધી અને તેને રાજદ્રોહી ઠેરવ્યો. તે ઉપરથી નેપોલિયનને પકડીને પારિસ

લઇ જવામાં આવ્યો પણ ત્યાં તે નિર્દોષ ઠરતાં છૂટી ગયો.

નેપોલિયનના હૃદયની ઉદારતા ત્યાર પછીના એક બનાવવડે સારી રીતે જાહેરમાં આવી. જે શત્રુએ તેનો+ વધ કરાવવાના હેતુથી સરકાર આગળ તેની ચાડી ખાધી હતી તેજ સૅલિસેટી હવે રાજ્યવિપ્લવકારી જેકોબિન પક્ષની આંખમાં ખૂંચવા લાગ્યો અને તેને પકડીને તેનો શિરચ્છેદ કરવાનો હુકમ થતાંજ પોલિસના અમલદારો તેની પાછળ પડયા. બચવાનો બીજો ઉપાય નહિ હોવાથી સૅલિસેટીએ 'પર્યન' નામે એક સ્ત્રીના ઘરનો આશ્રય લીધો. નેપોલિયને તરતજ તે બાઇને ઘેર જઇ કહ્યું કે સૅલિસેટી તમારા ઘરમાં છુપાએલો છે. તે બાઇએ તે વાતની ના કહી એટલે નેપોલિયન વધારે આગ્રહ ન કરતાં ત્યાંથી ચાલ્યો ગયો. બીજે દિવસે મળસ્કામાં તે બાઈ અને તેના નોકરના પોશાકમાં સંતાયલો સૅલિસેટી પારિસ છોડીને ચાલતાં થયાં. જ્યારે તેઓ થોડાક માઇલ ગયાં ત્યારે તે બાઇના હાથમાં કોઇએ આવીને એક ચિઠ્ઠી આપી. તે નેપોલિયનની લખેલી હતી. તેમાં નીચે મુજબ લખ્યું હતું:–

“ હું તમારાથી છેતરાયો છું એમ તમે સમજતાંજ નહિ. ગઇ કાલે સૅલિસેટી ક્યાં સંતાયલો હતો તેની મને પૂરેપૂરી ખબર હતી. સૅલિસેટી ! તેં મારા તરફ જે અન્યાય કર્યો હતો તેનું વેર લેવાની મારી ઇચ્છા હોત તો હું લઈ શકત. આજે તું વિચાર કર કે કોનું વર્તન સદાચારયુક્ત છે ? જા, તું સુખેથી પલાયન કર. હવે તું વધારે પવિત્ર વિચારોનું સેવન કરીને સુખેથી ફાવે ત્યાં રહેજે. મારા મોઢેથી તારે વિષે કોઈને કશી જાણ થવા પામશે નહિ. તું હવે તારો કરેલાં પાપનો પશ્ચાત્તાપ કરજે અને તને નાસી જવા દેવાનો મારો શુભ ઉદ્દેશ સમજવાનો યત્ન કરજે. મેડમ પર્યન ! ઘણાં હુશીઆર રહેજો અને જે જે શહેરમાં થઇને પસાર થાઓ ત્યાં વધારે વખત થોભતાં નહિ. કલ્યાણ થાઓ ! ”

સૅલિસેટીએ તેના ઉપર મૂકેલા આરોપમાંથી નિર્દોષ ઠર્યા પછી નેપોલિયન પારિસમાં બે ત્રણ મહિના રહ્યો. તે ત્યાં ઘણાજ થોડા ખર્ચ ઉપર નિર્વાહ કરતો અને ગમ્મત કે વિલાસમાં જરા પણ વખત યા પૈસો ગુમાવતો નહિ. તે પોતાનો ઘણો ખરો વખત અધ્યયનમાં તથા પ્રસિદ્ધ માણસો સાથે વાતચીત કરવામાંજ ગાળતો હતો.

હવે ૧૭૯૨ ની સાલ આવી પહોંચી. એ વર્ષમાં વિનાશની ભયંકર પૈશાચિક મૂર્તિ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કરીને ચારે દિશાએ વિપત્તિ, ખૂન, ભૂખમરો વગેરે વર્ષાવતી પારિસના રાજમાર્ગ ઉપર ઘૂમવા લાગી. એજ વર્ષના જૂન માસની ૨૦ મી તારીખ જે દિવસ ફ્રાન્સના ઇતિહાસમાં ચિરઃસ્મરણીય રહેશે, તે દિવસે સવારે નેપોલિયન એક મિત્રની સાથે સેન નદીને કિનારે ભ્રમણ કરતો હતો. એ વખતે

+ કેમકે ફ્રાન્સમાં તે વખતે રાજદ્રોહીઓનો શિરચ્છેદ કરવામાં આવતો. ભા૦ ક૦ ને. ૨

હૃદયને કંપાવે અને શરીરમાંના રુધિરને થીજાવી નાખે એવો દેખાવ તેની નજરે પડયો. તેણે જોયું તો પુરુષો, સ્ત્રીઓ અને છોકરાઓના સમુદાયનો પ્રવાહ પહાડી નદીના પૂરની માફક પારિસ નગરના રસ્તા ઉપરથી ચાલ્યો આવતો હતો. અહા ! તે દૃશ્યનું કોણ બ્યાન કરી શકે ! તેઓ ભૂખ્યાં વરુ જેવી ભયાનક કીકીઆરીઓ કરતા, ક્રોધથી ગાંડા બન્યા હોય તેવી વિચિત્ર ત્રાસદાયક મુખાકૃતિ અને હાથના ચાળા કરતા, અને હાથમાં હરેક પ્રકારનાં આયુધને વીંઝતા—નરપિશાચના ટોળાની માફક પારિસ નગરીના રાજમાર્ગ ઉપર થઇને તેમના નજરકેદ કરેલા રાજાના નિવાસ તરફ ધસ્યા જતા હતા. તેઓ શું કરવા જાય છે તે સારી રીતે જોઇ શકાય તે માટે નેપોલિયન પણ તેમની આગળ આગળ દોડવા લાગ્યો. તેણે જોયું તો લગભગ ત્રીસ હજાર ગંદા મવાલીઓનું ટોળું ટુઇલેરિસના બગીચામાં દાખલ થયું; રાજમહેલના દરવાજા આગળ મધમાખીઓની માફક તેઓ ઉભરાવા લાગ્યા. આ ઉશ્કેરાયલા માણસોએ અપમાન અને શરમથી નિસ્તેજ થએલા રાજાને માથે જેકૉબિન પક્ષની રાતી ટોપી પહેરાવી. ન્યાય અને નીતિના પવિત્ર કાનુનોને પગતળે કચરી નાખનાર ઝનુની મવાલીઓએ કરેલો એ અત્યાચાર અને રાજ્યકર્તાના બેહાલ જોઇને નેપોલિયનનું લોહી ઉકળી આવ્યું. રાજરક્ષકોએ આ સો બદમાસો ઉપર બંદુક છોડવાનું પોતાનું કર્તવ્ય વિચાર્યું નહિ તે વાત તેનાથી સહન ન થઇ શકવાને લીધે તે ક્રોધ અને ઘૃણાપૂર્વક ત્યાંથી ચાલ્યો ગયો.

તે દિવસથી પારિસના રાજમાર્ગ ઉપર દરરોજ અન્યાયયુક્ત અને રૂવાડાં ઉભાં કરી નાખે એવાં ત્રાસદાયક નવાં નવાં પાપ જાહેર રીતે થવા લાગ્યાં. લોકવર્ગને હવે ખાત્રી થઇ હતી કે રાજા શક્તિહીન થયો છે; અને હવે તેમની નિરંકુશતાને અટકાવનાર કોઈ રહ્યું નથી. નેપોલિયનના રાજનૈતિક અભિપ્રાયો કેટલેક અંશે ફરવામાં આ પ્રસંગો કેટલે અંશે કારણભૂત થયા હતા તે આપણે પછી વિચારીશું.

એમ કરતાં કરતાં ઑગસ્ટ માસની દશમી તારીખનો સૂર્ય ઉગ્યો. અહા ! તે દિવસની ભયાનકતાનું વર્ણન કોની કલમ કરી શકે ? રાજમાર્ગ ભયંકર કોલાહલ મચાવતા અસંખ્ય મનુષ્યોના સમુદાયથી પરિપૂર્ણ થયો હતો. પ્રલય સાગરના પ્રવાહની માફક આ નરપિશાચોનો સમુદાય અનિવારિતપણે ટુઇલેરિસના રાજમહેલ તરફ ધસ્યોજ જતો હતો. તેઓ રાજમહેલમાં વગર પ્રતિબંધે દાખલ થયા. રાજારાણીને તથા બાદશાહી કુટુંબનાં અન્ય સ્ત્રીપુરુષોને તેમના પૂર્વજોનો નિવાસ છોડીને જીવ લઇને નાસવું પડયું અને તેમની પાછળ હજારો લોકો ચીચીઆરીઓ પાડતા, તિરસ્કારયુક્ત તાળીઓ પાડતા, તેમને અનેક પ્રકારનું અપમાન પહોંચાડતા દોડવા લાગ્યા. ભયના માર્યાં પ્રાણરક્ષણ કરવાને માટે લાચાર થઇને તેમણે સભાગૃહનો આશ્રય લીધો અને તેમ કરીને થોડા દિવસને માટે પોતાનો જાન બચાવ્યો. પણ

તેમના નિમકહલાલ અંગરક્ષકોની તો લોકોએ નિર્દયપણે કતલજ કરી. આવી રીતે આ પાપકાંડનો આરંભ કર્યા પછી પોતાનાં પૈશાચિક કૃત્યોની પરાકાષ્ઠાનું જગતને દર્શન કરાવવા માગતા હોય તેમ કતલ કરવામાં આવેલા અંગરક્ષકોનાં લોહીથી નીગળતાં માથાંને ધારીઆં અને ભાલાની અણીઓ ઉપર ચડાવીને આ નરપિશાચો પારિસ શહેરના રાજમાર્ગ ઉપર ઘૂમવા લાગ્યા. આ બીભત્સ દેખાવ નેપોલિયનની નજર આગળ બન્યો હતો અને તે જોઇને તેનું ઉદાર હૃદય ક્રોધ, તિરસ્કાર અને શરમની તીવ્ર લાગણીઓથી ભભૂકી ઉઠયું.

આ પૈશાચિક ઘટનાઓની અસર નેપોલિયનના રાજનૈતિક અભિપ્રાયો ઉપર થયા વગર રહી નહિ. અસલથીજ તેનું વલણ જનસ્વાતંત્ર્ય તરફ હતું. ઈંગ્લંડની નિયમબદ્ધ શાસનપદ્ધતિ જેને લીધે રાજ્ય વહીવટમાં લોકવર્ગનો પૂરતો ભાગ હતો તેને માટે નેપોલિયનને ઘણું માન હતું; અને અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યના વ્યક્તિસ્વાતંત્ર્યની તો તેનાથી પણ વિશેષ પ્રશંસા કરતો હતો. પણ ઉપર વર્ણવેલા બનાવો જોતાં તેની ખાત્રી થઈ કે ફ્રાન્સની પ્રજા એટલી બધી અવનત અને અંધકારમાં છે કે તેઓમાં પોતાનું રાજ્યતંત્ર પોતાની મેળે ચલાવવાની યોગ્યતા છેજ નહિ; એટલુંજ નહિ પણ તેઓને નિયમમાં રાખવાને માટે અસામાન્ય કુશળતાવાળા નિયામકની ઘણીજ જરૂર છે. જે રાજાઓનો લોકસમુદાયે ઉચ્છેદ કર્યો હતો તે એવા નિર્વીર્ય, લંપટ, સ્વાર્થી અને પ્રજાપીડક હતા કે તેને માટે તો નેપોલિયનને લેશ માત્ર પણ સહાનુભૂતિ હતી નહિ; પણ તેની સાથે અસંસ્કૃત લોકવર્ગની નિરંકુશ સત્તાનાં ભયાનક પરિણામો જોઇને તેના તરફ પણ તેને ઘૃણા ઉત્પન્ન થઇ હતી.

નેપોલિયનના રાજનૈતિક અભિપ્રાયોનું નિષ્પક્ષપાતપણે દર્શન કરવા માટે આ વાત ધ્યાનમાં રાખવાની ઘણીજ અગત્ય છે. એક બાજુએ પ્રજાસ્વાતંત્ર્ય તરફ પ્રબળ પક્ષપાત, પણ તે પ્રજા અસંસ્કૃત હોઇ સ્વતંત્રતા લેવા જતાં નિરંકુશ બનીને જાત નિયમોનું ઉલ્લંઘન કરીને અનર્થ ન ઉપજાવે તેને માટે સાવધાનતા, એ બેઉ પરસ્પર વિરુદ્ધ ભાવનાઓનો અધિકાર નેપોલિયનના રાજનૈતિક જીવનમાં પહેલેથી છેવટ સુધી જોવામાં આવે છે. જ્યારે તેના હાથમાં રાજ્યતંત્ર આવ્યું ત્યારે રાષ્ટ્રવિપ્લવ ઉત્પન્ન કરનાર જેકોબિન પક્ષને તેણે દૃઢતાથી દબાવી દીધો; અને ફ્રાન્સના રાજકર્તાની અપ્રતિહત સત્તા સ્થાપિત કરી, પરંતુ તેની સાથે રાજ્યવહીવટને લગતા તમામ વિભાગો તેણે સર્વને માટે ખુલ્લા મૂકયા અને વર્ણ તથા પદવીનો વિચાર રાખ્યા વગર અધિકાર, સત્તા અને પ્રતિષ્ઠા દરેક જણ પોતપોતાની ખરી લાયકાત પ્રમાણે વગર હરકતે પ્રાપ્ત કરી શકે એવું રાજ્યબંધારણ તેણે ભવિષ્યની પ્રજાને માટે ઘડી આપ્યું. તે ખુલ્લી રીતે કહેતો કે **ધર્મભાવના અને સંસ્કૃતિ વગર ફ્રાન્સની પ્રજાને બીજી પ્રજાસત્તાક પ્રજાની માફક સ્વાધીન રાજ્યતંત્ર ભોગવવા લાયક ગણી**

શકાયજ નહિ. પોતાની અપ્રતિહત સત્તાના બળથી તેણે નિરંકુશતા અને અરાજકતાને જડમૂળથી ઉખેડી નાખી પણ તેની સાથે ઉત્કૃષ્ટ પ્રકારની શક્તિવાળા માણસો સમાજની જે શ્રેણીમાંથી મળી આવ્યા ત્યાંથી વીણી લાવીને તેમનાવડે તેણે પોતાના દરબારને અલંકૃત કર્યો. રાષ્ટ્રવિપ્લવના જમાનામાં ફ્રાન્સની પ્રજામાં ધર્મભાવના, નીતિપરાયણતા કે સંસ્કૃતિ એમાંનું કાંઈ હતુંજ નહિ. જેને ઈશ્વરકૃત કે મનુષ્યકૃત કોઈ પણ પ્રકારના કાયદાનો ભયજ હતો નહિ; એવી પ્રજાના હાથમાં સ્વાધીન રાજ્યતંત્ર આપતાં અનર્થ નીપજ્યા વગર રહેશેજ નહિ એવી નેપોલિયનને તેમજ લા ફાયેટ જે ફ્રાન્સના દીર્ઘદર્શી અને નિપુણ પુરુષોમાં શ્રેષ્ઠ મનાતો હતો તેને ખાત્રી હતી.

પારિસમાં થએલા ભયંકર હત્યાકાંડનું દર્શન કર્યા પછી નેપોલિયન કૉર્સિકા ગયો પણ આ વખતે તેના રાજનૈતિક વિચારોમાં ઉપર જણાવ્યો તેવો ફેરફાર થવા પામ્યો હતો. નેપોલિયને ફ્રાન્સ છોડ્યું ત્યાર પછી થોડાજ દિવસમાં ઉન્મત્ત થએલા લોકોએ પોતાનાં રાજારાણીનો શિરચ્છેદ કર્યો, અને ત્યાંની અરાજકતાનો અંધકાર દિવસે દિવસે વધારે ઘાડો અને ભયંકર બનવા લાગ્યો. ફ્રાન્સમાં ફાટેલા જવાળામુખીના ધડાકા યૂરોપના એકે એક રાજ્યમાં સંભળાયા હતા. અને તેઓની પ્રજાઓ પણ રખેને ફ્રેન્ચોનું અનુકરણ કરે એવી દરેક રાજાને દહેશત પેઠી હતી. ફ્રાન્સના સમીપસ્થ ઈંગ્લંડના રાજપુરુષો આ બનાવોનું ચિંતાપૂર્વક અવલોકન કરતા હતા અને તેઓમાંના એક પક્ષનો અભિપ્રાય એવો હતો કે ઇંગ્લંડના સૈનિક બળથી ફ્રેન્ચોને નરમ પાડવા અને તેમના પદભ્રષ્ટ થએલા રાજવંશને ફરીથી સિંહાસન ઉપર સ્થાપિત કરવો. આ યોજના યૂરોપનાં બીજાં રાજ્યોએ પણ વધાવી લીધી અને પરિણામે એકલા ફ્રાન્સ ઉપર થોડાજ વખત પછી ચારે દિશાએથી આક્રમણ શરૂ થયાં.

હવે આપણે કૉર્સિકા તરફ નજર કરીએ. ૧૭૬૯માં ફ્રેન્ચ સેનાએ કૉર્સિકા ઉપર આક્રમણ કરીને તે દ્વીપ પોતાને સ્વાધીન કરી લીધો હતો. એ વખતે ફ્રેન્ચોની સામે યુદ્ધ કરનાર કૉર્સિકન સેનાપતિ જનરલ પાઓલિ હતો એ આપણે જોઈ ગયા છીએ. જનરલ પાઓલિએ પોતાના દેશની સ્વાધીનતા ઝુંટવી લેવા આવલા ફ્રેન્ચો સામે આખર સુધી યુદ્ધ કર્યું અને આખરે લાચારીથી તેને તાબે થવું પડ્યું હતું; છતાં પણ ફ્રેન્ચ સરકારે એજ પાઓલીને કૉર્સિકાનો ગવર્નર નીમ્યો અને તે ફ્રેન્ચ સત્તા નીચે રહીને પોતાના સ્વદેશનું શાસન કરવા લાગ્યો. એજ કૉર્સિકાવાસી નેપોલિયનની યોગ્યતાની આગળ જતાં ફ્રેન્ચોએ કદર કરી અને જીતનાર પ્રજાએ જીતાયલી પ્રજામાંના એકને પોતાનો શાસનકર્તા બનાવ્યો એ પણ આપણે હવે પછી જોઈશું.

ફ્રાન્સમાં ચાલી રહેલું અંધેર જોઈને પાઓલિના હૃદયમાં ધૂમાઈ રહેલી વૈરની લાગણીને ઉત્તેજન મળ્યું. તેને એવું લાગ્યું કે ફ્રાન્સ કરતાં ઇંગ્લંડનું શરણ લેવાથી

પોતાના દેશનું હિત વધારે સારી રીતે જળવાશે. આવા ઠરાવ ઉપર આવીને તેણે કૉર્સિકાનો દ્વીપ ઈંગ્લંડને સ્વાધીન કરી દેવાનું કાવત્રું રચ્યું. આ વિશ્વાસઘાત પાઓલિની કીર્તિને સદાને માટે કલંકિત કરે છે. નેપોલિયનનો પિતા પાઓલિનો મિત્ર હતો અને આ ઉછરતા યોદ્ધાની શક્તિ તે સારી પેઠે જોઈ શક્યો હતો તેથી તેણે નેપોલિયનને પણ આ કાવત્રામાં જોડાવા માટે ઘણું દબાણ કર્યું; પરંતુ નેપોલિયન જેવા ઇતિહાસના અભ્યાસકને ભવિષ્યના બનાવોનું વધારે સ્પષ્ટ દર્શન થયું હતું. તેણે આ કાવત્રામાં જોડાવાની ઘસીને ના પાડી એટલુંજ નહિ પણ પાઓલિને પણ વિશ્વાસઘાતના પાપમાંથી ઉગારવાનો પ્રયત્ન કર્યો. તેણે પાઓલિને સમજાવ્યું કે **ભાષા, રીતરિવાજ અને ધર્મભાવના**ઓમાં કૉર્સિકા ઇંગ્લંડ કરતાં ફ્રાન્સ સાથે વધારે નિકટનો સંબંધ ધરાવે છે. પોતાના રાજ્યકર્તાઓ આફતમાં હોય તે પ્રસંગે તેમને સહાય કરવાની દરેક સાચા દેશજનની ફરજ છે; પરંતુ પાઓલિને જૂના વેરે ઉશ્કેર્યો હતો અને તેણે ઇંગ્લંડ સાથે કરાર પણ કરી દીધો. ઇંગ્લંડને એટલુંજ જોઇતું હતું. તેથી અંગ્રેજ સેના અને લડાયક વહાણો આવી પહોંચ્યાં અને એજેશિયોનો કિલ્લો અને આખો કૉર્સિકાનો ટાપુ તેમને સ્વાધીન કરવામાં આવ્યો. આમ થવાથી એક વાવાઝોડાવાળી અંધારી રાત્રે નેપોલિયને થોડાક ફ્રેન્ચ સિપાઇઓ સાથે મછવામાં બેસીને એજેશિયો શહેર આગળ આવેલો ઉપસાગર ઓળંગ્યો અને અંગ્રેજ સેનાની છાવણી પાસેની ટેકરીની તળેટી આગળ ઉતરીને તેઓ રાતોરાત આ ટેકરી ઉપર ચડી ગયા, અને ઉંઘતી અંગ્રેજ સેના ઉપર છાપો માર્યો. વાચકને યાદ હશે કે થોડાક સમય ઉપર નેપોલિયને આ અખાત, ટેકરીઓ અને તેની આસપાસના પ્રદેશની ભૌગોલિક રચનાવિષે માહિતી મેળવી હતી. તે આ વખતે તેને ઘણીજ ઉપયોગી થઇ પડી. દુશ્મનના અણધાર્યા હુમલા સામે અંગ્રેજો ટકી શક્યા નહિ, અને નેપોલિયને એજેશિયોનો કિલ્લો કબજે કર્યો; પરંતુ જે મછવામાં બેસીને પોતે આવ્યો હતો તે પવનના તોફાનને લીધે કિનારેથી દૂર ઘસડાઇ ગયા હતા અને સવાર પડતાં એકત્ર થએલા અંગ્રેજ અને કૉર્સિકન લશ્કરે તેને કિલ્લામાં ઘેરી લીધો. તેમની સ્થિતિ હવે ઘણીજ ભયંકર થઇ પડી. તેમની પાસે ખોરાકનું લેશમાત્ર પણ સાધન ન હતું, કેમકે કિલ્લામાં ઘેરાઇ જવાની તેમણે વકી રાખી ન હતી. તોપણ પાંચ દિવસ સુધી નેપોલિયને અને તેની સાથેના બહાદૂર માણસોએ લાચારીથી પોતાના ઘોડાઓના માંસ ઉપર નિર્વાહ કરીને પોતાનો બહાદૂરીથી બચાવ કર્યો. પણ ત્યાર પછી તેનો મછવો પાછો આવી પહોંચ્યો અને નેપોલિયને કિલ્લો છોડયો. હવે પાઓલિનો પક્ષ દિવસે દિવસે મજબૂત થતો ગયો અને નેપોલિયન તથા તેનાં કુટુંબને દેશનિકાલ કરવાનો હુકમ નીકળવાની તૈયારી થવા લાગી; પણ નેપોલિયનના કુટુંબ સાથે પોતાનો જૂનો સંબંધ વિચારીને પાઓલિ મૅડમ લેટિશિયા (નેપો-

લિયનની માતા) પાસે ગયો અને વિશ્વાસઘાત કરીને કૉર્સિકાનો ટાપુ અંગ્રેજોને સ્વાધીન કરવાના કાવત્રામાં જોડાવા માટે તેને ઘણી સમજાવી, પણ નેપોલિયન જેવા પુત્રની માતાને છાજે એવી દૃઢતાથી તેણે જવાબ આપ્યો કે " હું માત્ર બેજ કાયદાઓ જાણું છું–એક કાયદો કર્તવ્યનો છે અને બીજો ઈજ્જત અને નેકીનો છે." આ વાતચીત પૂરી થતાંજ નેપોલિયનના કુટુંબ સામે દેશનિકાલનો હુકમ પસાર થયો. હવે પોતાની જન્મભૂમિ ઉપરનો સ્નેહ જતો કરીને પોતાનો અને કુટુંબીઓનો જાન બચાવવાને માટે રાતોરાત નાસી ગયા વગર નેપોલિયનને માટે બીજો માર્ગ રહ્યો નહિ. તેણે દોડીને પોતાની માતાને ખબર આપી કે પાઓલિના પક્ષના હજારો ખેડુતો દરેક પ્રકારનાં હથિયાર લઇને તેમના ઘર ઉપર હુમલો કરવા ચાલ્યા આવે છે. નેપોલિયનની માતા તથા તેનાં ભાઇબહેન સાથે જે કાંઇ આવી વખતે સાથે લઇ શકાય તે લઇને નાઠાં. લોકોએ આવીને તેમનું ઘર લુંટયું અને તમામ રાચરચીલાંના ભાગી ફોડીને ચૂરા કરી નાખ્યા. થોડા દિવસસુધી તો તેઓ બિચારાં નિરાધાર હાલતમાં દરિયા કિનારે ભટકયાં, તે દરમ્યાન તેમને ફ્રાન્સ લઇ જવાની નેપોલિયને વ્યવસ્થા કરી.

મધ્યરાત્રિનો સમય હતો, આખું જગત્ શાંત નિસ્તબ્ધપણે સૂતું હતું. નેપોલિયનના જમીનદોસ્ત થઇ ગએલા ઘરની નજીકના દરિયાકિનારે એક હોડી ઘણીજ ચૂપકીથી લાવવામાં આવી અને એક ઝાંખા દીવાના પ્રકાશની મદદથી શાંતિ ગમગિની, ગરીબાઈ, અને તેનાં અનુસંગી અનેક વીતકો સહન કરવાને બોનાપાર્ટ કુટુંબ તે મછવામાં બેઠું. બે ચાર પેટીઓ, એજ તેમની કુલ મિલકત હતી. અંધકારભર્યા દરિયામાં મછવો હંકારાયો. આ નિરાધાર, અનાથ, ગરીબ નાસનારાઓને શી ખબર કે ભવિષ્યમાં તેઓ યૂરોપનાં રાજ્યાસનો ડોલાવવાને સરજાયાં છે અને તેમની કીર્તિ આખા જગતમાં ફેલાવાની છે! મછવામાં તેઓ એક નાના વહાણમાં બેઠાં અને ભૂમધ્ય સમુદ્ર ઓળંગીને તેઓ નાઇસ બંદરે ઉતર્યાં. ત્યાંથી તેઓ માર્સેલ્સ ગયાં અને નેપોલિયનની ઉજમાળી ભાગ્યરેખાએ તેમને છોડવ્યાં ત્યાંસુધી તેઓ નિર્ધનતાને લીધે અનેક પ્રકારની મુશીબતો વેઠીને દુઃખના દહાડા કહાડવા લાગ્યાં. આ બનાવ બન્યા પછી તેઓ ફ્રાન્સનેજ પોતાનો દેશ માનવા લાગ્યાં અને ફ્રેન્ચોમાંજ તેમની ગણના થવા લાગી.

અંગ્રેજોએ કૉર્સિકાનો કબજો લીધો પણ તેમનો અમલ ત્યાં બેથી વધારે વર્ષ ટકી શકયો નહિ. કૉર્સિકાના રહીશો તેમના નવા રાજ્યકર્તાઓથી થોડાજ વખતમાં કંટાળી ગયા, કેમકે ભાષા રીતરિવાજ ધર્મભાવના વગેરે વિષયોમાં તેઓ અને અંગ્રેજો વચ્ચે આસમાન જમીન જેટલું અંતર હતું. જોત જોતામાં આખા કૉર્સિકામાં અંગ્રેજો સામે બળવો ફેલાઇ ગયો અને જેટલી ત્વરાથી તેમણે આ ટાપુનો

કબજો લીધો હતો તેના કરતાં પણ વધારે ત્વરાથી તેમને ત્યાંથી ચાલ્યા જવું પડ્યું.

આ બનાવ બન્યા પછી માત્ર એકજવાર નેપોલિયન કૉર્સિકા ગયો હતો પણ જે લોકોનું રક્ષણ કરવા જતાં તેને સખ્ત અન્યાય મળ્યો હતો તેમને તો તે ચાહી શકયોજ નહિ. તોપણ તેની આખરની ઘડીસુધી તેની જન્મભૂમિની કુદરતની રમણીય શોભાનું ચિત્ર તેના સ્મરણમાંથી ખસ્યું ન હતું, અને ત્યાંની સીધી ટેકરીઓ, રંગબેરંગી આકાશ અને ભવ્યકુંજોનું લાગણીને ઉશ્કેરે એવી ભાષામાં બ્યાન કરતો હતો. તેના શત્રુઓ તેને વર્ણવે છે તેવો તે જડ અને નિષ્ઠુર હતોજ નહિ. ઉંચી કવિત્વ શક્તિ, તીક્ષ્ણ રસેન્દ્રિયતા અને પ્રૌઢ ગણિતબુદ્ધિ એ ત્રણનું તેના સ્વભાવમાં સંમિલન થયું હતું.

હવે આપણે પાછા ફ્રાન્સ તરફ નજર કરીએ. રાષ્ટ્રવિપ્લવને લીધે એ દેશની અવસ્થા દિવસે દિવસે વધારે ને વધારે શોચનીય થતી હતી. આખો દેશ અશાંતિ, અરાજકતા, નિર્ધનતા અને ભૂખમરાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારતો હતો. જેમણે ચિરકાળથી ચાલી આવેલી રાજસત્તાનું ખંડન કરીને નવીન પ્રકારની શાસન પદ્ધતિની શરૂઆત કરી હતી તેમનામાં આ કાર્યને માટે જોઇતી શક્તિ, કાર્યદક્ષતા, સંસ્કૃતિ અનુભવ એમાંનું કશું ન હતું. રાષ્ટ્રવિપ્લવને જન્મ આપનારા લોકો તે સમયે થઇ ગએલા રૂસો, વૉલ્ટેર વગેરે લોકપ્રિય લેખકોનાં વાકયો મોઢેથીજ બોલી જાણતા હતા. તેઓ કહેતા કે " આ જગત્‌માં બધાએ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. " "સર્વમાં સ્વમાન અને આત્મગૌરવની ભાવનાઓ જાગૃત થઇ છે. " વળી તેઓ કહેતા કે "ઇશ્વર છેજ નહિ અને તે હોય તોપણ તેણે કોઇપણ અમુક વ્યક્તિને લોકસમુદાયનો રાજા બનાવીને પેદા કર્યો નથી; અને તેથી કરીને તે વગર હરકતે વંશપરંપરા પ્રમાણે રાજ્યપદ ભોગવવાનો હક્ક ધરાવે છે એવો કોઇ સૃષ્ટિનો નિયમ છેજ નહિ. બધા માણસો સ્વતંત્ર છે; એ સ્વતંત્રતાનો ઉપયોગ કરીનેજ લોકોએ પોતાનાં સુખ અને રક્ષણને માટે સમાજની બાળક અવસ્થા હતી તે વખતે એક યોગ્ય વ્યક્તિને રાજસત્તા આપી હતી. પણ જો તેઓને એવું માલૂમ પડે કે એ રાજા લોકોના કલ્યાણ તરફ દૃષ્ટિ કરતો નથી તો તેને પદભ્રષ્ટ કરવાનો લોકોને પૂરતો અધિકાર છે. " વળી તેઓ કહેતા કે " વંશપરંપરાથી ચાલતી આવેલી કુલીનતાને લીધે કુલીન કહેવાતા (પણ ખરી યોગ્યતા વગરના) લોકોને સમાજમાં આટલો બધો માનમરતબો શામાટે હોવો જોઇએ ? આ જગત્‌માં સઘળા મનુષ્યો સરખા છે અને સર્વના અધિકાર પણ સરખાજ છે. " આવા આવા સમાનતા અને સ્વાધીનતાના મહામંત્રો ફ્રાન્સના હૃદયમાંથી જન્મ પામ્યા અને ક્રમે ક્રમે તેમના તરંગ આખા યૂરોપની સમાજ ઉપર અસર કરવા લાગ્યા. ભાંગ્યાંતૂટયાં ઝુંપડાં અને અંધકારમય ખીણોના ઉંડાણોમાં કામ કરતા મજૂરોથી માંડીને લોકોથી ભરપૂર થએલા રાજમાર્ગ અને કારખાનાંઓ-

માંથી પણ આ ભાવનાઓનો ધીરે ધીરે સંચાર થવા લાગ્યો, અને સમય જતાં તેનો વેગ ઘણો બળવાન થતો ગયો. આ તરંગના આઘાતથી ઈંગ્લંડ અને સ્વતંત્રતાને માટે અધીરૂં બનેલું આયર્લેંડ કંપવા લાગ્યાં, અને આખા યૂરોપખંડનાં નાનાં મોટાં તમામ રાજ્યાસનો ડોલવા લાગ્યાં. આ નવા વિચારતરંગને દબાવી દેવાને અને સદાકાળથી ચાલતો આવેલો રાજા, ઉમરાવો અને ધર્મગુરુઓનો અધિકાર તેવીને તેવીજ સ્થિતિમાં જાળવી રાખવા માટે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યની વિરુદ્ધ યૂરોપના તમામ રાજાઓએ એકસંપી કરી, અને ધીમી પરંતુ મજબૂત ગતિથી તેઓનાં સંયુક્ત સૈન્યો પારિસ તરફ કૂચ કરવા લાગ્યાં. ફ્રાન્સથી નાસી ગએલા હજારો ઉમરાવો અને રાજાના પક્ષકારો પણ પોતાના સ્વાર્થને માટે આ સંયુક્ત સૈન્યમાં સામેલ થયા. તેઓમાંના જે હજી લગી ફ્રાન્સમાં રહ્યા હતા તેઓની ઉશ્કેરણીથી પ્રજાસત્તાક રાજ્યતંત્રની સામે બળવાની લાગણી ફ્રાન્સનાં મોટાં મોટાં શહેરોમાં ફેલાવા લાગી હતી. આ પ્રમાણે ફ્રાન્સ ઉપર વિપત્તિનાં વાદળાં ઘેરાતાં હતાં. ચારે દિશાએથી શત્રુઓનાં અને સ્વદેશના શત્રુ બનેલા ફ્રેન્ચ ઉમરાવોનાં સૈન્ય ફ્રાન્સ ઉપર ધસ્યાં આવતાં હતાં; અને દેશની અંદર નિર્ધનતા, ભૂખમરો અને સ્વદેશદ્રોહ પ્રજાકીય શક્તિને ક્ષીણ કરતાં હતાં.

હવે જે ભયંકર વિગ્રહ શરૂ થવાનો હતો તેમાં એક બાજુએ રાજાના પક્ષકારો અને બીજી બાજુએ પ્રજાસત્તાક રાજ્યના પક્ષકારો હતા. ફ્રાન્સના રાજાના અપમાનમાં સર્વ દેશના રાજાઓનું અપમાન છે એવું સમજીને યૂરોપના રાજ્યકર્તાઓએ ફ્રાન્સના લોકોના સ્વાધીનતાના અભિલાષોને પગ તળે કચરીને, ફ્રેન્ચ રાષ્ટ્રવિપ્લવને દબાવી દઇને ત્યાંના માજી રાજાના વંશજોને ફ્રાન્સના રાજ્યાસન ઉપર પુનઃ સ્થાપિત કરવાની અથવા જો તેમ ન બને તો આ પ્રયાસમાં આત્મવિસર્જન કરવાની દઢ પ્રતિજ્ઞા લીધી.

આ ઠરાવ પ્રમાણે ઑસ્ટ્રિયાના રાજાએ ફ્રાન્સ ઉપર આક્રમણ કરવાને માટે +ઈટાલિમાં મોટું સૈન્ય એકત્ર કર્યું અને અંગ્રેજ સેનાએ ટુલોન ઉપર નિશાન તાકવા માંડ્યું. ટુલોન એ ભૂમધ્ય સમુદ્રને કિનારે આવેલું ફ્રાન્સનું બંદર છે અને તે સમયે ફ્રાન્સનાં લડાયક વહાણો અને તોપખાનાનું તે મુખ્ય મથક હતું. ત્યાંની ગોદીમાં પચાસથી વધારે લડાઇનાં વહાણો હતાં અને તેના યુદ્ધભંડારમાં જમીન ઉપરની તેમજ દરિયાની દરેક પ્રકારની લડાઇને લગતા સરંજામનો ગંજાવર જથ્થો ભરી રાખેલો હતો.

ટુલોન શહેરની વસ્તીનો મોટો ભાગ પણ પદભ્રષ્ટ થયેલા રાજતંત્રના પક્ષનો હતો. ફ્રાન્સના બીજા ભાગમાંથી નાસી આવેલા લગભગ દશહજાર રાજભક્ત પુરુષો

+ તે સમયે ઈટાલિનો ઉત્તર ભાગ ઑસ્ટ્રિયાને તાબે હતો.

ત્યાં આવી વસ્યા હતા. તેમણે ત્યાંના રાજભક્ત લોકો સાથે ઐક્ય કરીને આખું શહેર, યુદ્ધસામગ્રીનો ભંડાર, વહાણો, કિલ્લા તમામ અંગ્રેજ અને સ્પેનના નૌકા સૈન્યને સ્વાધીન કરી દીધાં. તેમનો ઉદ્દેશ એવો હતો કે જો અહિં ફત્તેહ મળે તો આજ પ્રમાણે ફ્રાન્સના બીજાં શહેરોમાં પણ દાવાનળ સળગાવીને યૂરોપના એકત્ર થયેલા રાજાઓની મદદથી પ્રજાસત્તાક રાજ્યને કચરી નાખવું. તેમને પોતાના હથિયારના જોરથી એવું સાબીત કરવું હતું કે રાજા અને ઉમરાવ વર્ગના ચાલ્યા આવેલા અધિકાર ઉપર હાથ નાખવાનો સાધારણ લોકવર્ગનો બિલકુલ હક્ક નથી; તેઓ તો માત્ર રાજા તથા ઉમરાવોની સેવા કરવાનેજ જન્મ્યા છે.

આ વિશ્વાસઘાતના સમાચારથી રાષ્ટ્રવિપ્લવ કરનારા રાજપુરુષોના મનમાં ક્રોધ અને ભયનો સંચાર થયો. ટુલોન શહેર ફરીથી કબજે કરીને ત્યાંથી અંગ્રેજો, સ્પેનીઆર્ડો, નેપલ્સના લોકો તથા ત્યાં બીજા જે જે પરદેશીઓ હતા તેમનાં સૈન્યોને હાંકી કહાડવાં એવો તેમણે દરાવ કર્યો. અંગ્રેજ સૈન્ય જે સ્થાનનો કબજો લે તેમાંથી તેને મારી હડાવવાનું કામ જેવું તેવું ન હતું. તેમાં વળી જ્યારે તેમને પોતાના અજય્ય નૌકાસૈન્યની, ટુલોન જેવા અભેદ્ય કિલ્લાની અને ભરપૂર યુદ્ધસામગ્રીની સહાયતા હોય તો તેવા સંજોગો વચ્ચે તેમને મારી હડાવવાનું કામ અસાધારણ સાહસભરેલુંજ કહી શકાય; પરંતુ જે કાર્ય અનુભવી સેનાપતિઓ ન કરી શક્યા તે ચોવીશ વર્ષના જુવાનીઆએ સંપાદન કરીને પોતાની કીર્તિની ઇમારતનો પાયો કેવી રીતે નાખ્યો તે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.



प्रकरण ३ जुं--टुलोन शहेरनो घेरो (१७९३)

"ભીરુ પુરુષો દેહાન્ત થતા પહેલાં અનેકવાર મરણ પામે છે, પણ શૂરાઓ તો એકજવાર મૃત્યુનો સ્વાદ ચાખે છે. મેં જેટલી આશ્ચર્યકારક વાતો સાંભળી છે તેમાં સૌથી વધારે આશ્ચર્યકારક વાત એ છે કે માણસો મોતથી ડરે છે. તેમણે મોતથી ડરવુંજ શાને જોઈએ ? તેઓ જાણે છે કે મૃત્યુ અનિવાર્ય છે અને તે આવ્યા વગર રહેવાનુંજ નથી ત્યારે પછી મોતનો ભયજ શો છે ?"

શેક્સપિયર.

હવે આપણી નજર આગળ આ મહાપુરુષના જીવનના વિચિત્ર ઘટનામય નાટકના નાના પ્રકારના દેખાવોની શરૂઆત થાય છે. ટુલોન શહેરમાંથી અંગ્રેજોને હાંકી કહાડવા માટે ૪૦૦૦૦ ફ્રેન્ચ સૈનિકોનું લશ્કર મોકલવામાં આવ્યું હતું. ટુલોનને ઘેરીને આ સૈન્ય ત્રણ મહિનાસુધી પડી રહ્યું પણ ત્યાંનો અભેદ્ય કિલ્લો જેને નાનું જિબ્રાલ્ટર એવું નામ આપવામાં આવ્યું હતું, અને જેને અંગ્રેજોએ સંપૂર્ણ રીતે અભેદ્ય બનાવી દીધો હતો, અને જે કિલ્લાવડે આખા શહેરનો તથા બંદરનો બચાવ થઇ શકતો હતો, તે તેમના હાથમાં આવ્યો નહિ.

ફ્રાન્સની પ્રજાસત્તાક સરકારે જોયું કે ત્રણ મહિના વીતી ગયા તોપણ કશું કાર્ય થયું નથી; ત્યારે તેમણે નેપોલિયનને બ્રિગેડિયર જનરલની પદવી આપીને તોપખાનાના ઉપરી તરીકે ટુલોન મોકલ્યો. તેણે આવીને જોયું તો ફ્રેન્ચ લશ્કર સેનાપતિની આજ્ઞા પ્રમાણે દુશ્મનના ગોળાની મર્યાદાની બહાર સલામત અંતરે શહેરને ઘેરીને પડયું હતું અને ફ્રેન્ચ સેનાપતિએ પોતાની તોપોને એવે ઠેકાણે ગોઠવી હતી કે તેમનો ગોળો જે ઠેકાણે પડવો જોઇએ તેને અડધે અંતરે પણ જઇ શકે નહિ. ટુલોન શહેરને જીતવાની આવી તૈયારીઓ જોઇને નેપોલિયન તો વિસ્મિતજ થઈ રહ્યો.

તેણે નમ્રતાથી પરંતુ દઢતાથી "કૉન્વેન્શન" (વિચારક સભા) ને લખી જણાવ્યું કે ટુલોન શહેર ઉપર હલ્લો ન કરતાં નાના જીબ્રાલ્ટર ઉપરજ લક્ષ આપવાની અત્યારે જરૂર છે. એ કિલ્લો જો એકવાર આપણા કબજામાં આવે તો તેના બુરજ ઉપરથી આપણે ગોળાનો એવો વરસાદ વરસાવી શકીએ કે જેને લીધે અંગ્રેજ

નૌકાસૈન્યથી એક પળવાર પણ બંદરમાં ટકી શકાશે નહિ, અને નૌકાસૈન્યની સહાય વગર અંગ્રેજો શહેરનો બચાવ કરી શકનાર નથી. આવી રીતે જે દાવપેચથી વૉશિંગ્ટને અંગ્રેજોને બોસ્ટનમાંથી નસાડયા હતા તેજ દાવપેચથી નેપોલિયને ટુલોનને જીતવાની ધારણા બાંધી.

પણ વૉશિંગ્ટન કરતાં નેપોલિયનનું કામ વધારે વિકટ હતું. એક તો અંગ્રેજો તેનો દાવ ચેતી ગયા હતા. બીજું ફ્રેન્ચ લસ્કરના લગભગ તમામ સેનાપતિઓ તેના વિચારને મળતા ન હોવાથી તેને આ મહાભારત કામ એકલે હાથેજ કરવાનું હતું.

તેણે થોડાજ દિવસમાં કિલ્લાને તોડી નાખે એવી ૨૦૦ મોટી મોટી તોપો જ્યાંથી મળી શકી ત્યાંથી એકઠી કરી. ઉત્સાહ અને શક્તિનો જાણે તેનામાં અખૂટ ભંડાર ભરેલો હોય એવી રીતે તે કામ કરવા માંડયો. પણ એ તોપોને કિલ્લાની નજદીક ગોઠવવીજ કેવી રીતે તે મોટો સવાલ હતો. શત્રુઓ કિલ્લાના બાકોરામાંથી ગોળા અને ગોળીનો અતૂટ વરસાદ વરસાવતા હતા. કોની મગદૂર કે આવા ધગધગતા ગોળાઓની ઝડીની સામે ઉભા રહીને તોપો ગોઠવી શકે? પણ **જેને દેશસેવા કરવી છે તેણે તો જોખમ, મુશીબત અને મૃત્યુની પરવા કરવીજ ન જોઇએ.** નેપોલિયન પણ નિડરપણે પોતાની જિંદગીને સ્વદેશસેવા આગળ તુચ્છ ગણીને ફ્રાન્સની સેવા કરવા તત્પર થયો. ગોળાઓ અને ગોળીઓના ધૂમકોટની વચમાં જાતે ઉભા રહીને તેણે તોપો ગોઠવવાનું ચણતર કામ શરૂ કરાવ્યું અને પાંચ છ જબરી તોપો તો શત્રુના બાંધકામ અને કિલ્લાની દિવાલની છેક લગોલગજ ગોઠવી દીધી. પોતાની જાતની સલામતીની લેશમાત્ર પણ પરવા તેણે કરી નહિ. તેના એકાદ બે ઘોડા માર્યા ગયા અને એક અંગ્રેજ સિપાઇએ તેની જાંઘમાં સંગીનનો એવો તો પ્રહાર કર્યો કે કદાચ તેનો પગ કાપી નાખવો પડશે એવી ડૉકટરોને દહેશત હતી. પણ તે છતાં શત્રુઓના મારાની સામે, હાથોહાથની લડત લડતા જઇને પણ તોપો ગોઠવવાનું કામ ચાલુજ રહ્યું. એક ખરેખરા વીર પુરુષની માફક ધાસ્તી ભરેલી જગ્યાએ જાતે ઉભા રહીને તે પોતાના સૈન્યને પાણી ચડાવવા લાગ્યો. એક દિવસ તે એક તોપ પાસે ઉભો ઉભો યુદ્ધ ચલાવી રહ્યો હતો, તેવામાં એક ગોલંદાજ શત્રુની ગોળીથી વીંધાઇ ગયો અને જે લોખંડના ગજવડે તે ઠેસી ઠેસીને તોપમાં દારૂ ભરતો હતો તે ગજ તેના લોહીથી ખરડાઇ ગયો પરંતુ **નેપોલિયન એક પળનો પણ વિલંબ ન કરતાં મરનારની જગ્યાએ જઇને ઉભો રહ્યો** અને તે લોહીથી ખરડાયલો ગજ પોતે પકડીને તોપમાં દારૂ ભરવા લાગ્યો. આવું અસાધારણ સાહસ અને ધૈર્ય જોઇને તેના સિપાઇઓ પણ શૂરત્વના આવેશમાં આવી જઇને પોતાના સેનાપતિનું અનુકરણ કરવા લાગ્યા. નેપોલિયન ઘણીવાર કહેતો કે "હું મૃત્યુથી જરા પણ ડરતો નથી. **જયારે ત્યારે મરવુંજ પડવાનું છે તો.**

પછી તેને માટે આગળથી શામાટે ડર રાખવો ?"

આ પ્રમાણે ટુલોનના ઘેરાનું કાર્ય ધમધોકાર ચાલી રહ્યું હતું તેવામાં પારિસથી પંદર ગાડીઓ ફ્રેન્ચ છાવણીમાં આવી ચડી, અને તેમાંથી સાઠ માણસો ઉતર્યાં. તેમણે ઠઠેરાબંધ પોશાક પહેર્યો હતો અને રાષ્ટ્રવિપ્લવ કરનાર સરકારના જાણે પોતે પ્રતિનિધિઓ હોય તેમ તેઓ રોફબંધ સેનાધિપતિ પાસે ગયા અને તેઓમાંનો એક વક્તા બોલ્યો:–" નાગરિક સેનાપતિ ! અમે પારિસથી આવીએ છીએ. પ્રજાસત્તાક સરકાર તમને પૂછે છે કે આટલો બધો વખત થયો તોપણ હજી તમે ટુલોન શહેર કેમ જીતી શકયા નથી ? શામાટે હજીસુધી અંગ્રેજના લડાયક વહાણોને ભાંગી તોડી નાખવામાં આવ્યાં નથી ? તમે આ કામ કરવાને નાલાયક ઠર્યા છો માટે તેમણે બીજા બહાદુર સ્વદેશ સેવકોને મોકલ્યા છે. અમે તેઓની આજ્ઞા મુજબ આવ્યા છીએ અને તેમની ઈચ્છા પૂર્ણ કરવાને ટમટમી રહ્યા છીએ. અમે પારિસના સ્વયંસેવક ગોલંદાજો છીએ. બસ, અમને તોપો આપો અને કાલે સવારને પહોર અમે શત્રુની સામા ધસી જઇશું."

આવાં દબદબાવાળાં વચન સાંભળીને સેનાધિપતિ તો ગભરાઈજ ગયો પણ નેપોલિયને તેના કાનમાં કહ્યું, " તમે ગભરાશો નહિ. એ સાહેબોને તમે મારા હાથમાં સોંપી દો; હું બધું જોઇ લઈશ." આમ કહીને નેપોલિયન અંધારી રાતનો લાભ લઈ થોડાક બહાદૂર માણસો પોતાની સાથે રાખીને સમુદ્ર તીરે ગયો અને ત્યાંની એક અનુકૂળ જગ્યાએ તોપ ગોઠવવાની પેરવી કરવા લાગ્યો.

બીજે દિવસે નેપોલિયન પેલા નવા આવેલા વીરપુરુષોને દરિયા કિનારે લઈ ગયો. પોતે ગોઠવેલી તોપો તેમને બતાવી અને અંગ્રેજોનું એક લડાયક વહાણ જે સવારના ઝાંખું ઝાંખું દેખાતું હતું તેના તરફ આંગળી કરીને કહ્યું કે આ તોપોના ગોળાથી એ વહાણને ડૂબાડી દો. પણ શત્રુની ગોળીઓ ધડાધડ પડી શકે એવી જગ્યાએ પોતાને ઉભેલા જોઇને પેલા સાહેબો તો ભયભીત થઇને આસપાસ જોવા લાગ્યા, અને ગભરાતા ગભરાતા નેપોલિયનને પૂછવા લાગ્યા કે આપણને દુસ્મનની ગોળીઓ ન વાગે એવી કોઇ ઉભા રહેવાની જગ્યા નથી ? એટલામાં તો તેમના ઉપર પેલા લડાયક વહાણની તમામ તોપોમાંથી વજ્રનાદ કરતા એકસામટા ગોળાઓનો વરસાદ થવા લાગ્યો. હવે તેઓને માલૂમ પડયું કે આપણે ધારતા હતા તેવી આ રમત નથી. તેથી તેમણે તો ઉભી પૂછડીએ નાસવાજ માંડયું ! નેપોલિયન આ દેખાવ ઘોડા ઉપર બેઠો બેઠો જોવા લાગ્યો પણ તેના ગંભીર ચહેરા ઉપર હાસ્યની એક રેખા પણ પ્રકટી નહિ.

એમ કરતાં કરતાં છેવટનો સચોટ હૂમલો કરવાની સઘળી તૈયારી થઇ ચૂકી. ૧૭૯૩ ના ડિસેંબર માસની ૧૭ મી તારીખે મધ્ય રાત્રે ટુલોનના કિલ્લા ઉપર

આક્રમણ કરવાની ફ્રેન્ચ સેનાને આજ્ઞા આપવામાં આવી. મધ્ય રાત્રિનો સમય હતો; આકાશ ઘાડાં વાદળાંથી છવાઇ જઇ ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો; મુસળધાર વરસાદ વરસતો હતો; પવન પ્રબળ વેગથી સુસવાટ કરતો વાતો હતો; નેપોલિયને પોતાની તીક્ષ્ણ બુદ્ધિવડે સઘળા પ્રકારની તૈયારી કરી રાખી હતી અને ફ્રેન્ચ સેનામાં અદમ્ય ઉત્સાહ અને શૌર્યનો સંચાર કર્યો હતો. દારુણ સંગ્રામમમાં ઝુકાવવા માટે બેઉ પક્ષ કમ્મર બાંધીને ઉત્સાહભેર સજ્જ થયા હતા. શત્રુ સૈન્યને ગભરાટમાં નાખવાના હેતુથી નેપોલિયને ટુલોન શહેર અને કિલ્લા ઉપર બધી બાજુએથી એકસામટો હૂમલો કરવાની આજ્ઞા આપી. તેની વજ્રનાદ કરતી તોપોદ્વારા થોડાજ કલાકમાં નાના જીબ્રાલ્ટર ઉપર ૮૦૦૦ ગોળાઓનો વરસાદ વરસાવવામાં આવ્યો અને તેથી કરીને તેની અડગ દિવાલો ચૂર્ણ થઇ ગઇ. મધ્ય રાત્રિના ગાઢ અંધકારમાં, વાવાઝોડા અને વરસાદની ઝડીની વચ્ચે અંગ્રેજોની તોપોમાંથી છૂટતા ધગધગતા ગોળાઓ સામે મૃત્યુની લેશમાત્ર પણ દરકાર કર્યા વગર ફ્રેન્ચ સેના વીરહાક કરતી શત્રુઓની તોપોના મુખસુધી ધસી ગઇ; અને તેમની બંદુકો અને તોપોમાંથી છૂટતા ગોળા અને ગોળીઓના મારથી ફ્રેન્ચોની આગલી હાર જોતજોતામાં જમીનદોસ્ત થઈ ગઇ. પણ તેથી લેશમાત્ર પણ પાછાં પગલાં ન કરતાં બીજી હાર આગળ ધસી અને તે પણ અંગ્રેજોના તોપોના પ્રલયાગ્નિમાં સ્વાહા થઈ ગઇ. ખાઇઓ, મૂડદાં અને ઘવાયલા સૈનિકોનાથી ભરાઈ ગઈ. ભરતીનાં મોજાંની માફક ફ્રેન્ચ સેના ફરી ફરીને ખડકની માફક અડગ રહેલી અંગ્રેજોની તોપોની ઉપર ધસી આવી અને દરેક વખતે તેમના ધગધગતા ગોળાના મારથી છિન્ન ભિન્ન થવા લાગી. આવા દારુણ સંગ્રામમમાં નેપોલિયનમાં જાણે દૈવી શૌર્યનો સંચાર થયો હોય તેમ તે ચારે દિશાએ ફરી વળતો હતો. જાણે આજે પોતાના જીવનનું બલિદાન આપીને પોતાના દેશનું કલંક ધોઇ નાખવાનો તેણે નિશ્ચય કર્યો હોય એમ નિડરપણે અગ્નિના વરસાદની સામે તે ઉભેલો જોવામાં આવતો હતો. તેની આસપાસ તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું. ફ્રેન્ચ સેનાની હારની હાર ઘાસની માફક કપાઇ જતી હતી. કેટલાક કલાક વીતી ગયા; પરંતુ હજી એક પણ પક્ષે નમ્યું આપ્યું ન હતું. એક ઠેકાણે ઉભાં ઉભાં તેના જોવામાં આવ્યું કે અંગ્રેજોના મારથી ફ્રેન્ચ સેના થંભી ગઇ છે; અને પાછી હઠવાની તૈયારીમાં છે. તેજ વખતે એક બીજી ટુકડી લઇને તેણે અંગ્રેજ સેના ઉપર પ્રચંડ ધસારો કર્યો. કોની મગદૂર કે આ ધસારાની સામે ટકી શકે ? કોની મગદૂર કે તેમને એક પળવાર પણ રોકી શકે ? અંગ્રેજોની તોપોમાંથી અવિરત ગોળાઓ છૂટયાજ જતા હતા, ફ્રેન્ચ યોદ્ધાઓનાં શબ પટાપટ પડયાંજ જતાં હતાં, પણ બાકી રહેલા યોદ્ધાઓ પોતાના સેનાપતિનું અનુસરણ કરીને ક્ષાત્રમદથી ઉન્મત્ત બનીને આગળ અને આગળજ ધસ્યા જતા હતા. એમ કરતાં કરતાં છેવટે નેપોલિયનની

લોહીથી નીંગળતી, છિન્નભિન્ન થએલી પલટણ ટુલોનના કિલ્લામાં પડેલાં બાકોરાંમાં થઇને અંદર દાખલ થઈ, તેમની સમશેર અંગ્રેજ ગોલંદાજોની ગરદન પર ફરી વળી અને થોડીજ વારમાં મધ્ય રાત્રિનું આકાશ જે અત્યારસુધી વજ્ર નિનાદથી ગાજી રહ્યું હતું ત્યાં સર્વત્ર શ્મશાનવત્ ઘોર શાંતિ પથરાઇ ગઇ.

આ પ્રમાણે નાનું જીબ્રાલ્ટર અર્થાત્ ટુલોનનો કિલ્લો જીતાયો ખરો; પણ સવાર થતાં સુધી શહેરના જૂદા જૂદા ભાગમાં સંગ્રામ ચાલુજ રહ્યો. હવે ફ્રેન્ચોના હાથમાં ટુલોન કિલ્લો આવી ગયો હતો તેથી તે ઠેકાણેથી તેમની તોપો આખા શહેર ઉપર ધગધગતા ગોળા અને છરાથી ભરેલા ગોળાઓનો વરસાદ વરસાવવા લાગી. પારણામાં સૂતેલાં નિર્દોષ બાળકો અને ઘરમાં ધ્રુજી ઉઠેલી સ્ત્રીઓના કોમળ શરીર ઉપર આ ભયાનક અસ્ત્રનું પતન થતાં તેમના ટુકડે ટુકડા થઇ જતા હતા. શહેરમાં અનેક ઠેકાણે આગ સળગતી હતી અને પવન જોરથી વાતો હોવાને લીધે તે સર્વત્ર ઝડપથી ફેલાઇ જતી હતી; ઘવાયલાં માણસો અને મરી ગયેલાંઓનાં શબ એક સાથે અગ્નિના મુખમાં ભસ્મીભૂત થતાં હતાં અને જીવતાંઓની ભયભરેલી ચીચીઆરીઓ તોપોની વજ્ર ગંભીર ગર્જનાઓના અવાજને ભેદીને પણ કર્ણગોચર થતી હતી.

આ ભયાનક હત્યાકાંડનું ચિત્ર કલ્પનામાં ખડું થતાં એક સવાલ પૂછ્યા વગર રહેવાતુંજ નથી કે દયાળુ ઈશ્વિર પોતાની રચેલી ઉમદા માનવસૃષ્ટિને આ પ્રમાણે નિર્દયપણે મનુષ્યોનેજ હાથે શામાટે વિનષ્ટ થવા દેતો હશે ? ઉપરોકત દિવસે જે ઘોર કૃત્ય કરવામાં આવ્યું હતું, માનવજાતિ ઉપર જે નિર્દય બળાત્કાળ ગુજારવામાં આવ્યો હતો, દયા અને ધર્મના પવિત્ર કાયદાઓને જે અપમાન પહોંચાડવામાં આવ્યું હતું તેની ભયંકર શિક્ષાએ પાપચરણના મૂળ પ્રવર્તકોને કોઇ કાળે, આ લોકમાં નહિ તો પરલોકમાં પણ ખમવીજ પડશે. હજારો હૃદય આજે કચરાઇ ગયાં હતાં, તેમની તમામ આશાઓ, મનોરથો, તેમના જીવનની સાથે હતાં ન હતાં થઇ ગયાં હતાં. ઇંગ્લંડની સરકાર એમ સમજતી હતી કે ફ્રાન્સમાં બનતા બનાવોનું પરિણામ લક્ષમાં લેતાં અંગ્રેજ સેનાને ટુલોનનો કબજો લેવાને માટે તેમણે ફ્રાન્સમાં ઉતારી એ તેમનું કૃત્ય વાજબી અને કાયદેસર હતું. એથી ઉલટ પક્ષ નેપોલિયન એમ માનતો હતો કે મારી જન્મભૂમિ ઉપર આક્રમણ કરવા આવેલા અંગ્રેજોને મારી હઠાવીને મેં મારા દેશપ્રત્યેની ફરજ બજાવી છે. અલ્પ જ્ઞાનવાળા મનુષ્યથી ન્યાય અને અન્યાયનો હિસાબ નિષ્પક્ષપાતપણે થઇ શકતોજ નથી. પણ બેઉ પક્ષને એટલું તો કબૂલ કરવુંજ પડશે કે તેમને હાથે ઘણાજ મોટા પાયા ઉપર ખૂન, જુલ્મ અને બળાત્કારનાં ભયંકર પાપ થયાં હતાં. ઇશ્વરના પવિત્ર કાયદાઓને ઉઘાડી રીતે ઘણાજ મોટા સ્વરૂપમાં અપમાન પહોંચાડવામાં આવ્યું હતું અને આ મહાન્ પાપનો ઈન્સાફ કોઈ દિવસે ઇશ્વરને હાથે થશેજ અને તે વખતે ન્યાય અને અન્યાયની તુલના ઘણીજ બારીક તુલનાશક્તિથી

કરવામાં આવશે.

સવાર થયું ત્યારે રાત્રિના અંધકારમાં થયેલા રોમાંચ કરે એવા કૃત્ય ઉપર સર્વની નજર પડી. શહેરના રાજમાર્ગ લોહીથી ખરડાઇ ગયેલા હોવાથી જાણે તેમના ઉપર લાલ રંગની ચાદર પાથરી હોય તેવા દેખાતા હતા. અસંખ્ય શબના ઢગલા અને વિખૂટા થઇ ગયેલા અવયવોના ટૂકડાથી રસ્તા ભરાઇ ગયા હતા. જીવતા રહેલા પુરવાસીઓ ભયભીત થઇને આશ્રયસ્થાન શોધતા રાજમાર્ગમાં નાસ ભાગ કરતા હતા. અસંખ્ય મકાનો તોપોના મારથી ચૂર્ણવિચૂર્ણ થઇ ગયાં હતાં. આખા શહેરનો દેખાવ મનુષ્યોની નીચ, નિર્દય પ્રવૃત્તિના ભયાનક ચિત્રરૂપ હતો. આટલું થયું તોપણ હજી ફ્રેન્ચોની તોપોની ગર્જના આકાશને ફાડી નાખતી હતી અને ખંડેર જેવા થયેલા શહેર ઉપર અને ભયભીત થયેલા નગરવાસીઓ ઉપર અગ્નિની વૃષ્ટિ કરતી હતી.

નાના જીબ્રાલ્ટરને કબજે કરીને નેપોલિયને પોતાનું એક મહાન સાધ્ય સિદ્ધ કર્યું; તોપણ તેણે એક પળની વિશ્રાંતિ લીધી નહિ. વિજયથી થતી તૃપ્તિ કે નરહત્યાથી થતો પશ્ચાત્તાપ એ એમાંથી એકનો પણ વિચાર કરવાનો તેને અવકાશ ન હતો. હવે તેણે પોતાની તોપો અંગ્રેજોના લડાયક વહાણો તરફ ફેરવી અને તેમને તે દરેક ઠેકાણેથી છિન્નભિન્ન કરવા લાગ્યો. તે જોતામાંજ અંગ્રેજ નૌકાસેનાધિપતિએ ટુલોનના યુદ્ધ ભંડારમાંથી જેટલી સામગ્રી લૂંટાય તેટલી લૂંટીને પલાયન કરવાની આજ્ઞા કરી. ટુલોનનાં જેટલાં વહાણ તેમનાથી પોતાની સાથે લઇ જવાય એવાં હતાં તેમાં બિચારા હતભાગ્ય, રાજભક્ત ટુલોનવાસીઓને બેસાડવામાં આવ્યા. બાકીનાં જે વહાણ સાથે લેવાય એવાં ન હતાં તેમને એક સ્થળે એકત્ર કર્યાં. એવાં બાવીશ વહાણ એક સાથે રાખીને તેમની વચમાં જ્વાલાગ્રાહી પદાર્થોથી ભરેલું એક વહાણ મૂક્યું અને રાતના દશ વાગે તેને આગ લગાડવામાં આવી. જાણે એક જ્વાલામુખી પર્વત ફાટ્યો હોય તેમ ગોદીના મધ્ય ભાગમાંથી અગ્નિના ગોટેગોટ નિકળવા લાગ્યા અને તેના ભડકાથી ખરા બપોર જેવું અજવાળું થઇ ગયું. જોત જોતામાં એક પછી એક વહાણ સળગવા લાગ્યાં અને થોડી વારમાં બધાંજ બળીને ભસ્મ થઇ ગયાં.

એક બાજુએ જ્યારે અંગ્રેજો પલાયન કરવાની તૈયારી કરતા હતા, ત્યારે વિજયોન્મત્ત ફ્રેન્ચો પોતાની તોપોનો મારો ચાલુ રાખીને નાસતા શત્રુને ગભરાવવાની અને બની શકે તેટલાને જીવતા ન જવા દેવાની પ્રવૃત્તિ કરતા હતા. હવે રાજાના પક્ષના ફ્રેન્ચોની સ્થિતિ ઘણી દયાજનક અને ભયભરેલી હતી. જે પરદેશીઓને તેમણે પોતાની કુમકે બોલાવ્યા હતા તેઓ ચાલ્યા જતા હતા અને હવે ક્રોધોન્મત્ત થયેલા ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યને હાથે તેમની અને તેમના કુટુંબોની પૂરેપૂરી પાયમાલી થશે એમાં કશો શક ન હતો. તેઓ હવે અંગ્રેજોને કાલાવાલા કરતા હતા કે અમને સાથે લઇ જાઓ.

સ્ત્રીઓ, બાળકો અને પુરુષોનાં ટોળાં ભયભીત થયેલાં હરણુની માફક અંગ્રેજોનાં વહાણુનો આશ્રય લેવાને બંદર તરફ દોડી આવતાં હતાં. હજી તેમના ઉપર ગોળીઓનો વરસાદ ચાલુજ હતો. તોપના ગોળાથી નાસી છૂટતા રાજભક્તોની અનેક હોડીઓ સમુદ્રમાં ઉંધી વળી ગઇ અને સ્ત્રીઓ તેમના પતિથી અને બાળકો તેમનાં માબાપથી વિખૂટાં પડી ગયાં. શહેરના રાષ્ટ્રવિપ્લવકારીઓ પણ રાજભક્તો ઉપર વરૂની માફક તૂટી પડયા. આખા શહેરમાં આગ અને કતલ જામ્યાં અને હજારો કન્યાઓ તથા સ્ત્રીઓની લજ્જા લૂંટાઇ. ટુલોનના યુદ્ધ ભંડારમાંથી અંગ્રેજોએ લેવાયું તેટલું લીધું અને બાકીનાં દારૂ ગોળાથી ભરેલાં બે વહાણો તેમણે સળગાવી મૂકયાં તેના ધડાકાથી જાણે ધરતીકંપ થયો હોય તેમ આસપાસના પર્વતો પણ કંપવા લાગ્યા.

આ પ્રમાણે અંગ્રેજો ટુલોનમાંથી પલાયન કરવા લાગ્યા એટલે ચાલીશ હજાર ફ્રેન્ચો સમુદ્રની ભરતી જેવા વેગથી શહેરમાં પેઠા. અંગ્રેજોનાં અને સ્પેનનાં વહાણુ લગભગ વીશ હજાર ગૃહશૂન્ય, નિર્ધન, હતભાગ્ય ફ્રેન્ચોને લઇને સમુદ્રમાં હંકાર્યાં અને જોતજોતામાં અદશ્ય થઈ ગયાં.

વિજયોન્મત્ત સૈનિકોના જુલ્મમાંથી નગરવાસીઓનું રક્ષણ કરવાને નેપોલિયને તથા સેનાધિપતિએ બનતો પ્રયાસ કર્યો પણ પૂરેપૂરો સફળ થયો નહિ. તેમણે કેટલાક દિવસસુધી પોતાથી બની શકે તેટલાં પાપાચરણ કરીને રાજાનો પક્ષ લેનાર નગરવાસીઓ ઉપરના વૈરની લાગણીને તૃપ્ત કરી. આ પૈશાચિક અપકૃત્યો જોઇને નેપોલિયનનું ઉદાર અને દયાળુ હૃદય ઘણુંજ દુખાયું, અને પોતાના શિર ઉપર જોખમ લઇને કેટલાક નિર્દોષ નગરવાસીઓના પ્રાણ તેણે બચાવ્યા.

વિચારકસભાના પ્રતિનિધિઓએ કરેલા ટુલોનની જીતના રિપોર્ટમાં નેપોલિયનની સેવાનો કશો ઉલ્લેખ કર્યો ન હતો, તોપણ તેનું નામ ફ્રેન્ચ સૈન્યના તમામ અમલદારોમાં જાણીતું થઇ ગયું અને તે તેમનો સર્વનો ઉંચો અભિપ્રાય સંપાદન કરી શકયો. ટુલોનની જીત પછી તે એકવાર ફ્રેન્ચ સેનાપતિ જનરલ ડુગોમિયરની સાથે માર્સેલ્સ ગયો હતો. ત્યાં બીજા કેટલાક લશ્કરી અમલદારો પણ હાજર હતા. તેમાંના એકે તેની સ્ત્રીના જેવી નાજુક શરીરરચના જોઇને મશ્કરીમાં જનરલ ડુગોમિયરને પૂછ્યું કે "આ નાનકડો અમલદાર કોણ છે અને તમે તેને કયાંથી ઉપાડી લાવ્યા છો ?" જનરલ ડુગોમિયરે ગંભીર અવાજથી જવાબ આપ્યો કે એ "અમલદારનું નામ નેપોલિયન બોનાપાર્ટ છે અને હું તેને ટુલોનના ઘેરામાંથી ઉપાડી લાવ્યો છું. ટુલોન જીતાયું તે એનાજ પરાક્રમ અને બુદ્ધિનું પરિણામ છે અને એક દિવસ એવો આવશે કે એ નાનકડો અમલદાર આપણા સર્વ કરતાં મોટો છે તેની સર્વને ખાત્રી થશે."

प्रकरण ४ થું

ઇટાલિ અને પારિસમાં કરેલાં પરાક્રમ. ૧૭૯૪

ટુલોન શહેર આગળ પરાભવ પામ્યા પછી ઈંગ્લંડ અને સ્પેનનાં નૌકાસૈન્ય ફ્રાન્સના દક્ષિણ કિનારા પર આવેલાં બંદરો ઉપર આક્રમણ કરીને તેમનો બને તેટલો નાશ કરીને પોતાની નષ્ટ થએલી પ્રતિષ્ઠાને પુનઃ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. ઠંડી, પવનનાં તોફાન અને વરસાદે જાણે શત્રુઓની સાથે સંધિ કરી હોય તેમ તેઓ પણ દુઃખી થએલા ફ્રેન્ચોની આફતમાં વધારો કરવા લાગ્યાં. ઈંગ્લંડ અને સ્પેનનાં લડાયક વહાણ ભૂમધ્ય સમુદ્રમાં ઘૂમતાં અને જે જે બંદરો અરક્ષિત હતાં તેમના પર આક્રમણ કરતાં. આ વિપત્તિમાંથી તેમને ઉગારવાને નેપોલિયનને મોકલવામાં આવ્યો.

ટુલોનના ઘેરામાં જે અદમ્ય ઉત્સાહ અને કાર્યકુશળતાવડે તેણે કીર્તિ પ્રાપ્ત કરી હતી તેનો પોતાના દેશબાંધવોના રક્ષણને માટે આ સ્થાને તેણે ફરીથી ઉપયોગ કર્યો. શિયાળાની સખ્ત ઠંડી, ઠંડા વાયુના સૂસવાટ અને વરસાદની ઝડી--કશાને ન ગણકારતાં તેણે ફ્રાન્સના દક્ષિણ કિનારાની એકેએક ભૂશિર, ઉપસાગર અને ટેકરીઓનું નિરીક્ષણ કરવા માંડયું. આવી પ્રતિકૂળ ઋતુમાં સાધારણ શારીરિક સંપત્તિવાળો મનુષ્ય તો મરણતોલ થયા વગર રહેજ નહિ; પણ નેપોલિયનની માનસિક શક્તિ અને તેનો ઉત્સાહ એવાં અસાધારણ હતાં કે તેમના પ્રભાવથી આ ચોવીશ વર્ષનો, નાજુક બાંધાનો યુવક લેશમાત્ર પણ વિશ્રાંતિ વગર અથાગ માનસિક અને શારીરિક પરિશ્રમ સહન કરવાને શક્તિવાન થયો હતો. વરસાદથી તરબોળ થઇને તે આખો દિવસ ઘોડે બેસીને ભટકતો; રાત્રે માછીઓનાં ઝુંપડાંમાં જે સૂકુંપાકું અન્ન મળી શકતું તે ઉપર નિર્વાહ કરતો અને રાત્રે તેમના ભાગાતૂટા ખાટલા ઉપર બે ચાર કલાકની નિદ્રા લેતો.

જે કાર્ય કરતાં બીજાં માણસોને વરસનાં વરસ લાગે તે તેણે બે ચાર અઠવાડીઆંમાંજ પૂરૂં કરી નાખ્યું. આટલી ટૂંકી મુદતમાં તેણે એવી વિશાળ

અને વિગતવાર યોજનાઓ ઘડી કહાડી અને તેમને અમલમાં મૂકીને એવું આશ્ચર્યકારક પરિણામ નિપજાવ્યું કે આપણા માન્યામાં પણ આવે નહિ. તેની સાથેના બીજા લશ્કરી અમલદારો અરણ્યોમાં અને ખેતરોમાં ભ્રમણ કરતા, અથવા ગલ લઇને માછલી મારવાની રમત કરતા અથવા તરુણીઓ સાથે નૃત્યક્રીડા કરતા; ત્યારે નેપોલિયન પોતાને સોંપેલા કાર્યને ફળીભૂત કરવાને ભગીરથ પરિશ્રમ કરી રહ્યો હતો. તેણે કિનારા ઉપર રાખેલા તોપખાનાને ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યું; એક વિભાગ અગત્યનાં બંદરોમાં રહેતાં લડાયક વહાણોનું રક્ષણ કરવા માટે, બીજો વિભાગ ફ્રાન્સનાં વ્યાપારી વહાણોને સુરક્ષિત કરવા માટે અને ત્રીજો વિભાગ દેશની ઉંચી ભૂશિરો ઉપર ગોઠવીને તે વડે કિનારે કિનારે ફરતાં વહાણોના રક્ષણ માટે રાખીને આખા દક્ષિણ કિનારાને ભયમુક્ત કર્યો; અને તેમ કરીને આવા બારીક પ્રસંગમાં પોતાના દેશના વ્યાપારને સુરક્ષિત કર્યો.

આ દુર્ઘટ કાર્ય માત્ર બેજ મહિનામાં સમાપ્ત કરીને નેપોલિયન સને ૧૭૯૪ના માર્ચ માસમાં ઇટાલીમાં આવેલા નાઇસ શહેરમાં જ્યાં ફ્રેન્ચ સેનાએ પડાવ નાખ્યો હતો ત્યાં જઇ પહોંચ્યો.

વસંતઋતુનો પ્રારંભ થયો છે. કુદરતે શીતઋતુનો ખડબચડો પોશાક ત્યાગ કરીને ઋતુરાજ વસંત સાથે સમાગમ કરવા માટે મનોહર વસ્ત્ર પરિધાન કરીને પોતાની રમણીયતાનું દર્શન કરાવવા માંડયું છે. આલ્પ્સ પર્વતના તટ ઉપર ઉગેલાં વૃક્ષો અને લતાઓ ઉપર હવે કુમળાં પાનની ટીશીઓ ફૂટવા લાગી છે. વૃક્ષે વૃક્ષે અને વેલીએ વેલીએ નાના વર્ણનાં પુષ્પનાં ઝૂમખાંઓથી આખું અરણ્ય લગ્નમંડપની શોભા ધારણ કરી રહ્યું છે. એ પત્ર પલ્લવ અને પુષ્પો ઉપર બેસીને મધુર કંઠવાળાં પક્ષીઓ અને મધુકરો વનસ્થલીને ગજાવી રહ્યાં છે. મધુમક્ષિકાઓ ગણગણાટ કરી, મકરન્દ ચૂસતી પુષ્પે પુષ્પે ભ્રમણ કરવા લાગી છે. સુગંધયુક્ત અને શીતલ પવનની સુખકર લહરીઓ પક્ષીઓના ગુંજનને અને પુષ્પોના પરિમલને ચારે દિશાએ પ્રસરાવી રહી છે.

આ પ્રદેશની આવી અપૂર્વ શોભાનું દર્શન કરીને નેપોલિયનનું કવિત્વપ્રિય, રસિકહૃદય મુગ્ધ થઇ ગયું. ગયા શિયાળામાં કરેલા બેહદ પરિશ્રમને લીધે તેનું શરીર લેવાઈ ગયું હતું અને રંગ ફિક્કો થઇ ગયો હતો. વિશ્રાંતિ લેવાનો અને તેના તૂટી ગએલા શરીરને સશક્ત કરવાનો આ પ્રસંગ ઘણો સારો હતો છતાં તેણે એક પણ દિવસનો આરામ ભોગવ્યો નહિ. નાઈસ પહોંચતાંવારનેજ તેણે પર્વતની એકેએક ખીણ અને નદીઓની ભૌગોલિક રચના વિષેની તથા પોતાના અને શત્રુના સૈન્યની સંખ્યા, જગ્યા, વ્યવસ્થા અને યુદ્ધસામગ્રીની વિગતવાર માહિતી મેળવવા માંડી. તે આખો દિવસ ઘોડે બેસીને આસપાસના પ્રદેશોમાં ફરી ફરીને સેનાપતિ તરીકેની નજરથી

અવલોકન કરતો અને રાત્રે વિશ્રાંતિ ન લેતાં નકશાઓ લઇને પ્રત્યેક નદી, ખીણ અને ટેકરીઓની રચનાનો અભ્યાસ કરીને ફ્રેન્ચ સેનાને કયે ઠેકાણે ગોઠવ્યાથી ફાવતું આવે, અને કયાં જતાં તે જોખમમાં આવી પડે તે સંબંધી સઘળી યોજનાઓ તે પોતાના મનમાં ઘડી રાખતો. બે ત્રણ કલાકની ટુંકી નિદ્રા લઇને સવાર પડતાં પાછો એનો એજ ક્રમ જારી રાખતો. આમ કરીને તે થોડાજ વખતમાં આલ્પ્સ પર્વતની વિકટ કરાડો, નદીઓનાં વહેણ અને રસ્તાઓથી માહિતગાર થઇ ગયો. આ વખતનો તેનો દેખાવ તે સમયના ફ્રાન્સના ફક્કડ યુવાનોથી તદ્દન જૂદાજ પ્રકારનો હતો. શરીરે પાતળો, એકવડા કોડાનો અને તેમાં વળી અત્યંત પરિશ્રમથી સૂકાઇ ગએલો, પાતળું મોં, અણીદાર નાક, ફીક્કો વર્ણ, કાળજી વગર ઉભા હોળેલા વાળ, સ્ત્રીના જેવી નાજુક આંગળીઓ, એ સર્વ જોતાં અજાણ્યો માણસ તેનામાં છૂપાયલા અગાધ સામર્થ્યને કળી શકતો નહિ. માત્ર તેની ચળકતી આંખ તેનામાં રહેલા પ્રતાપાગ્નિની સાક્ષી પૂરતી હતી.

નેપોલિયન જ્યારે નાઈસની છાવણીમાં આવી પહોંચ્યો ત્યારે ફ્રેન્ચ લશ્કર કાંઇ પણ લશ્કરી હિલચાલ કર્યા વગર સમુદ્ર કિનારે આવેલા આલ્પ્સ પર્વત ઉપર ખાઈઓમાં પડાવ નાખીને બેસી રહ્યું હતું. તેમની સામે ઑસ્ટ્રિયા અને સાર્ડિનિયાનાં, સંખ્યામાં ફ્રેન્ચોથી અનેક ગણાં મોટાં સૈન્યો તેમના ઉપર તૂટી પડવાનો લાગ જોતાં બેઠાં હતાં. ફ્રેન્ચ સેનાધિપતિ અનુભવી તો હતો પણ ઘરડો હોવાથી નિર્બળ થએલો અને સંધિવાના દરદથી પીડાતો હતો. નેપોલિયને છાવણીમાં આવ્યા પછી ત્રણ અઠવાડીઆંની અંદર પોતાનો ઉત્સાહ, તેજસ્વિતા અને કાર્યતત્પરતાના પ્રભાવથી આખા ફ્રેન્ચ સૈન્યમાં વિદ્યુતવેગે ક્ષાત્રમદનો સંચાર કર્યો. એટલા થોડા વખતમાંજ આખી ફ્રેન્ચ સેનાએ ત્રણ વિભાગમાં વહેંચાઇને નેપોલિયને બતાવેલા જૂદે જૂદે રસ્તે થઇને શત્રુસૈન્ય ઉપર આક્રમણ કરવાને કૂચ કરી.

ઑસ્ટ્રિયાનું વિશાળ સૈન્ય મોટી છાવણી નાખીને નિરાંતે આરામ લેતું પડયું હતું. તેમની દક્ષિણે આવેલા ઇટાલિના ફળદ્રૂપ પ્રદેશોમાંથી તેમને ખોરાકની પૂરતી સામગ્રી મળ્યા કરતી હતી, અને તેઓ ખાઈપીને એશઆરામ કરતા હતા. તેમને લેશમાત્ર પણ ખબર ન હતી કે ફ્રેન્ચ સેના વંટોળીઆની ઝડપથી તેમના તરફ ધસી આવતી હતી. જનરલ માસેના પંદર હજાર માણસો લઈને છૂપે રસ્તે થઇને રોઝા નદી ઓળંગીને શત્રુના પાછલા ભાગ ઉપર હુમલો કરવા આવતો હતો. સેનાધિપતિ જનરલ ડુમરબિયન દશ હજાર માણસ સાથે તેમના આગલા ભાગ તરફ આગળ વધતો હતો; અને નેપોલિયન પોતે બીજાં દશ હજાર માણસો લઇને ભૂમધ્ય સમુદ્રને કિનારે થઈને શત્રુને ઈટાલિમાંથી મળતા અનાજ વગેરે અટકાવવા અને તેમને નાસતા અટકાવવાને ઉભો હતો.

ઉપર કહેલી યોજના પ્રમાણે શત્રુસૈન્ય પર એવો જોસભેર હુમલો થયો કે થોડાંક ખૂનખાર યુદ્ધો થયા પછી તેમને પોતાનાં મથક છોડીને નાસવું પડયું અને ફ્રેન્ચોના હાથમાં તેમના અનાજના ભંડાર તથા દારૂખાનું વગેરે સામગ્રી આવી ગઈ. મે માસની આખર પહેલાં તો ફ્રેન્ચોની જયધ્વજા દક્ષિણ આલ્પ્સના એકેએક શિખર ઉપર ફરકવા લાગી. આવી ત્વરિત અને અસાધારણ ફતેહના સમાચાર પારિસમાં વિજળીને વેગે પહોંચી ગયા. તેનો બધો યશ સેનાધિપતિને મળ્યો પણ લશ્કરમાં બધાને સારી પેઠે ખબર પડી ગઈ હતી કે એક બીજાજ પુરુષની બુદ્ધિ અને સાહસથી આ પરિણામ આવ્યું હતું. આ પ્રમાણે બીજી વાર નેપોલિયનને તેના પરાક્રમને માટે જાહેર યશ મળ્યો નહિ તોપણ ફ્રેન્ચ સેનામાં તેનું માન અને ગૌરવ તો દિવસે દિવસે વધવાજ લાગ્યાં હતાં.

હજી પણ નેપોલિયન આસપાસના પ્રદેશની ભૂગોળરચના, લશ્કરને કૂચ કરાવવાનાં અને ખોરાક વગેરે મેળવવાનાં સાધનનો અભ્યાસ કરવામાં લાગલાગટ મંડયોજ રહ્યો હતો. તેના મનમાં હવે દૃઢ વિશ્વાસ બેઠો હતો કે પોતે મહાન કીર્તિ મેળવવા સરજાયો છે અને તે દિશામાં તેનો પ્રયાસ ચાલુજ હતો.

આ પ્રમાણે નેપોલિયન સ્વદેશસેવા કરવા માટે રાતદિવસ કઠોર પરિશ્રમ કરી રહ્યો હતો, તેવામાં તેને એકાએક કેદ કરીને લઈ ગયા અને સારે નસીબેજ પ્રાણદંડની શિક્ષામાંથી તે ઉગરી ગયો. ગયા શિયાળામાં તે જ્યારે ભૂમધ્ય સમુદ્રને કિનારે આવેલાં બંદરોનું રક્ષણ કરવા માટે નાના પ્રકારના ઉપાયની યોજના કરતો હતો તે વખતે તેણે એક કેદખાનાને સમારવાની આજ્ઞા કરી હતી. તેનો વિચાર એવો હતો કે એ મકાન દારૂગોળો ભરી રાખવા માટે ઠીક ઉપયોગમાં આવશે. તેની આજ્ઞા પ્રમાણે તે મકાનની મરામત થવા લાગી. પણ કોઈ દુસ્મને રાષ્ટ્રવિપ્લવકારિણી સરકારના અધિકારીઓને એવું ભેરવ્યું કે દેશહિતૈષી નગરવાસીઓને કેદ કરવાને માટેજ નેપોલિયન એ મકાનની મરામત કરાવે છે. તે સમયે ફ્રાન્સની એવી શોચનીય અવસ્થા હતી કે આ અપવાદની સત્યાસત્યતાનો નિર્ણય કર્યા વગરજ નેપોલિયનને માર્સેલ્સના કેદખાનામાં બંદીવાન બનાવીને પૂરી દીધો. પંદર દિવસસુધી કેદખાનાનો સખ્ત જુલમ સહન કર્યા પછી તે નિર્દોષ ઠર્યો. રાત્રિના બે વાગ્યે આ શુભ સમાચાર તેને પહોંચાડવા માટે એક લશ્કરી અમલદાર તેની કોટડીમાં દાખલ થયો અને જુએ છે તો નેપોલિયન ત્યાં કેદખાનામાં પણ પુસ્તકો અને નકશાઓ લઈને અભ્યાસ કરતો બેઠો હતો ! આવે વખતે જ્યારે પોતાની ગરદન જલ્લાદની છરીથી કઈ ઘડીએ કપાઈ જશે તેનીજ માત્ર તે રાહ જોતો હતો ત્યારે પણ તેને સ્વસ્થ ચિત્તે એકાગ્રતાથી પોતાની સેનાપતિ તરીકેની યોગ્યતામાં વૃદ્ધિ કરતો જોઈને મહાન નેપોલિયન તરફ શત્રુને પણ ભક્તિભાવ અને પ્રશંસા ઉત્પન્ન થયા વગર રહે નહિ.

પેલા અમલદારે તેને પૂછ્યું કે તમે હજી ઉંઘી ગયા નથી ? નેપોલિયન કહે, “ હું ઉંઘી ગયો હતો અને પાછો જાગ્યો પણ છું. ” તેણે પૂછ્યું, “ એટલા વહેલા કેમ ઉડયા ? ” નેપોલિયન કહે, “ બે કે ત્રણ કલાકની ઉંઘ બસ છે. ”

જ્ઞાન સંપાદન કરવાની અગત્યવિષે નેપોલિયનના પોતાના અભિપ્રાયના સંબંધમાં તેના જીવનને લગતો એક બીજો પ્રસંગ લઇએ. એકવાર ટુલોનના ઘેરા દરમ્યાન તેનો નાનો ભાઇ લૂઇ તેને મળવા આવ્યો હતો. બેઉ ભાઈ સવારમાં ફરતા હતા તેવામાં એક ફ્રેન્ચ પલટણે અંગ્રેજોનાં બાંધકામો ઉપર હલ્લો કર્યો અને એક પળવારમાં બસેં ફ્રેન્ચોનાં મૂડદાં જમીનપર રઝળતાં થઇ ગયાં આ દેખાવ જોઇને નેપોલિયનને ઘણો ખેદ થયો અને તેણે પોતાના ભાઇને કહ્યું, “ અફસોસ ! આ લોકોના જાનનો નાહક ખુવારી થઈ ગઇ. જો કોઇ પ્રવીણ સેનાપતિ તેમનો નેતા હોત તો આવું પરિણામ આવત નહિ; માટે ભાઇ, આ ઉપરથી શિખામણ લેજે કે **જેઓને બીજાઓના સરદાર થવાની અભિલાષા હોય તેમને જ્ઞાન મેળવવાની અત્યંત આવશ્યકતા છે.**” નેપોલિયન હમેશાં પોતાનું જ્ઞાન વધારવાની પ્રવૃત્તિ કર્યાજ કરતો હતો. તે એટલે સુધી કે તેના દરબારમાં આવતા મોટા મોટા પંડિતો પણ તેનું અનેક વિષયોમાં અગાધ જ્ઞાન જોઇને તેની આગળ માથું નમાવતા હતા. જયારે તે એક ઠેકાણેથી બીજે ઠેકાણે કૂચ કરતો ત્યારે તે એક નાની સરખી લાઇબ્રેરી સાથેને સાથેજ રાખીને ફરતો હતો. યુદ્ધક્ષેત્રમાં પણ આ નિયમનો કદિ પણ ભંગ થતો નહિ. જે રથમાં બેસીને તે પ્રયાણ કરતો હતો તેની અંદર અનેક વિષયોના ગ્રંથો અને લખવાની સામગ્રી રાખ્યા વગર રહેતોજ નહિ. પ્રારબ્ધયોગે આજ એ રથ લંડનના બ્રિટિશ મ્યૂઝિયમ (સંગ્રહસ્થાન)માં પડયો છે. વૉટર્લૂના સંગ્રામ પછી રણક્ષેત્રમાંથીજ તે અંગ્રેજ સૈન્યના કબજામાં આવ્યો હતો.

નેપોલિયનને ફ્રાન્સની પ્રજાસત્તાક સરકારે નિર્દોષ ઠરાવીને બંદીખાનામાંથી મુક્ત કર્યો તોપણ તેને બ્રિગેડિયર જનરલના પદ ઉપરથી નીચો ઉતારીને પાયદળ સૈન્યના ઉપરી તરીકે તેની નિમણુક કરી; પરંતુ નેપોલિયન કાંઇ નિર્માલ્ય ન હતો કે આ અપમાન ગળી જઇને નોકરી ઉપર હાજર થાય. પ્રજાસત્તાક સરકારે તેની અમૂલ્ય સેવાની કદર ન કરતાં આવું અવિચારી કૃત્ય કર્યું તેથી પોતાને ભારે અપમાન થયું માનીને તેણે તરતજ રાજીનામું લખી આપ્યું અને પોતાની માતા તથા ભાઇ બહેનો માર્સેલ્સ રહેતાં હતાં ત્યાં ચાલ્યો ગયો. પરંતુ ત્યાં પણ તેણે ચાલુ રાજ્ય વિપ્લવના તેમજ ભૂતકાળના રાજ્યવિપ્લવોના ઇતિહાસનું તથા રાજ્યશાસન પદ્ધતિના શાસ્ત્રનું અધ્યયન તેણે જારીજ રાખ્યું હતું. આવી પ્રવૃત્તિમાં ૧૭૯૪નું વર્ષ પૂરું થયું.

કેટલાક સમયસુધી નિરુદ્યોગી બેસી રહેવાનો તેને કંટાળો આવ્યો. તેથી નોકરી શોધવાને તે બીજીવાર પારિસ આવ્યો. ઘણાં ફાંફાં માર્યાં. તોપણ તેને નિરાશ થવું

પડયું. આ વખતે તેને તુર્કસ્તાન જઇને ત્યાંના સૈન્યમાં દાખલ થવાનો વિચાર પણ આવ્યો હતો.

નેપોલિયન જ્યારે નોકરીની શોધમાં પારિસની લશ્કરી ઑફિસોનાં પગથીઆં ઘસતો હતો તે વખતની તેની આર્થિક સ્થિતિ ઘણી દયામણી હતી. ત્યારપછી ઘણે વર્ષે પદભ્રષ્ટ થઇને તેને સેંટહેલેનાના ટાપુમાં કેદ કરવામાં આવ્યો ત્યારે એક રાત્રે તેને બિલકુલ નિદ્રા ન આવવાથી વાતો કરીને રાત ગાળવાની ઇચ્છાથી તેણે પોતાના વિષેની જૂની વાતો કહેવા માંડી. પોતે ઉન્નત અવસ્થાએ પહોંચ્યો ત્યાર પહેલાં એકવાર તે કેવા દારિદ્રયમાં સડતો હતો તેનું તેણે નીચે મુજબ વર્ણન કર્યું હતું:–

“આ વખતે એક દિવસ મારા મનમાં અત્યંત નિરાશા ઉત્પન્ન થઇ. ઘોર નિરાશાનું જોર એટલું બધું વધી ગયું કે તેથી મારા મગજની તુલનાશક્તિ પણ હું ગુમાવી બેઠો. મારૂં જીવન મને ભારરૂપ લાગવા માંડયું. ત્યાર પહેલાં થોડાજ વખત પર મને મારી માતાનો કાગળ મળ્યો હતો. તે પણ પોતાના દહાડા અત્યંત કંગાલિયતમાં કહાડી રહી છે, એવા ખેદકારક સમાચાર તેમાં લખ્યા હતા. તે બિચારી વખાની મારી પોતાનાં બાળકોને લઇને કૉર્સિકામાંથી નાસીને માર્સેલ્સમાં આવીને વસી હતી; પણ પોતાના બહોળા કુટુંબના ભરણપોષણનું સાધન તેની પાસે ન હતું. તે જમાનામાં ફ્રાન્સના લોકોની અત્યંત નિરંકુશ અવસ્થા હતી અને દરેક પ્રકારનાં પાપાચરણ અને અનીતિ સ્ત્રીપુરુષોમાં સામાન્ય થઇ ગયાં હતાં. એટલે સુધી કે અમુક આચરણ પાપ છે એવી ભાવના પણ ઘસાઈ ગઇ હતી. મારી માતા માત્ર તેના દૃઢ સાધુચરિત્ર અને સદ્‌ગુણોના બળથીજ પોતાની પુત્રીઓની પવિત્રતા સાચવી રહી હતી. હું નોકરી વગર રખડતો હતો. મારી પાસે જે કાંઇ નાણું હતું તેમાંનો મોટો ભાગ હું ખરચી ચૂક્યો હતો. મારા ગજવામાં હવે માત્ર એકજ ડૉલર બાકી રહ્યો હતો. તે વખતે મારા મનમાં એકાએક એવોજ વિચાર આવ્યો કે આ જિંદગીનું ભવિષ્ય જ્યારે ઘોર અંધકારમાં દટાયલું છે અને વર્તમાન સમયની વિટંબણા અસહ્ય છે, તો એવી અવસ્થામાં જીવવા કરતાં આ જિંદગીનો અંત લાવીને દુઃખના કારાગરમાંથી મુક્ત થવું એજ બહેતર છે. આવો ભયંકર વિચાર કરીને હું સેન નદીને કાંઠે આપઘાત કરવાનો લાગ શોધતો ભટકતો હતો. વળી વિચાર આવતો કે આત્મહત્યા કરવી એ તો બાયલાનું કામ કહેવાય પણ વળી પાછું ચાલુ દુઃખ સાંભરી આવતું અને આપઘાત કરવાના સંકલ્પને પુષ્ટિ મળતી. આવી અવસ્થામાં જો હું થોડોજ વખત એકલો રહ્યો હોત તો જરૂર મેં નદીમાં ભૂસકો મારીને આપઘાત કર્યોજ હોત; પણ એવામાં હું એકાએક એક માણસની સાથે અથડાઇ પડયો. તેનો પોશાક સામાન્ય મજૂરના જેવો હતો. તેણે મને તરતજ ઓળખી કહાડયો અને મારી કોટે બાઝી પડયો. પછી તેણે પૂછયું,

“ કોણ નેપોલિયન ! તને હું બીજીવાર મળવા ભાગ્યશાળી થયો તેથી આજે મને કેટલો હર્ષ થાય છે ? ’ તેનું નામ ડિમેસિસ હતું. તે તોપખાનાના સૈન્યમાં મારો સોબતી અને જૂનો મિત્ર હતો. અમે એકજ સૈનિક વિભાગમાં નોકરી કરી હતી. ફ્રાન્સમાં રહેવું તેને અત્યંત વિપત્તિ અને દહેશતભરેલું લાગવાથી તે પરદેશ જતો રહ્યો હતો અને હમણાં તે પોતાની ઘરડી માતાને મળવા માટે ગુપ્ત વેશે ફ્રાન્સ પાછો આવ્યો હતો. તે મારી પાસેથી ચાલ્યો જતો હતો એટલામાં તે એકાએક થંભ્યો અને મારા ભણી જોઇને બોલ્યો, ‘ પણ નેપોલિયન ! તને આ શું થયું છે ? તું મારા બોલવા તરફ લક્ષજ આપતો નથી. મને જોઇને તું રાજી થયો હોય એવું મને લાગતું નથી. શું તારે માથે કોઇ પ્રકારની આફત છે ? જાણે તું ગાંડો બની ગયો હોય અને આપઘાત કરવાના વિચારમાં હોય એવાં તારાં લક્ષણ દેખાય છે. ’ મારા મનનો વિચાર તે પૂરેપૂરો જાણી ગયો હતો તેથી હવે મારાથી તેની આગળ કશી વાત ગુપ્ત રાખી શકાઇ નહિ. મેં મારૂં હૃદય ખોલીને બધું વૃત્તાંત તેને માંડીને કહ્યું. આ સાંભળીને તેણે કહ્યું. ‘ઓહો ! તારે આટલુંજ દુઃખ છે ને ? એ કશા હિસાબનું નથી. ગભરાઇશ નહિ ! એમ કહીને તેણે મારા હાથમાં એક કોથળી મૂકી અને બોલ્યો, ‘એમાં છ હજાર સોનાના *ડૉલર છે. આ રકમ તને આપવાથી મને કોઇ જાતની અગવડ પડવાની નથી અને એ વડે તારી માનું સંકટ તો દૂર થશેજ. ’ આ નાણું લેવાની તે ઘડીએ મને કેમ ઈચ્છા થઈ આવી તે તો હું અત્યારે પણ નિશ્ચયપૂર્વક કહી શકતો નથી; પણ તે વખતે એક ગાંડાની માફક મેં તે કોથળી તેના હાથમાંથી લીધી અને હર્ષથી ઘેલો બનીને મારી ગરીબડી માને તે નાણું મોકલી દેવાને વીજળીને વેગે ઉભે રસ્તે દોડયો. જ્યારે મારી માને તે રકમ હું મોકલી ચૂકયો ત્યારેજ મારા મનમાં વિચાર આવ્યો કે અરે ! આ મેં શો અન્યાય કર્યો ! જે જગ્યાએ મને ડિમેસિસ મળ્યો હતો ત્યાં હું દોડી ગયો પણ ત્યાં તે ન હતો. ત્યાર પછી ઘણા દિવસ સુધી મેં સવારથી સાંજ સુધી તેની ખોળ કર્યા કરી. પારિસમાં જ્યાં જ્યાં તેનો મુકામ હોઈ શકે એવું મને લાગ્યું ત્યાં બધે હું તપાસ કરી આવ્યો પણ મારી મહેનત ફોકટ ગઈ. મારી ચઢતી અવસ્થા થઈ અને મારા હાથમાં સત્તા આવી ત્યારે પણ મેં તેની ઘણીએ શોધ કરાવી પણ કાંઇ વળ્યું નહિ. છેવટે મારૂં ફ્રેન્ચ સામ્રાજ્ય પડવાની અણી પર આવ્યું હતું તેવામાં પાછો ડિમેસિસનો મને એકાએક મેળાપ થઇ ગયો. તેના સમાચાર પૂછવાનો અને મારા તે વખતના વર્તન વિષે તેણે શો મત બાંધ્યો હતો અને આટલાં પંદર વર્ષ સુધી શા માટે તેનું નામ સરખું પણ મારા સાંભળવામાં આવ્યું નહિ તે પૂછવાનો

---

* ડૉલર સોનાના તેમજ ચાંદીના પણ થતા હતા. હમણાં ચાંદીના ડૉલરની કિંમત રૂ. ૩–૨–૦ જેટલી છે.

હવે મારો વારો આવ્યો હતો. તેણે કહ્યું કે ‘મારે પૈસાની જરૂર હતી નહિ તેથી મેં તારી પાસે માગ્યા નહિ; જો કે મારી ખાત્રી હતી કે મેં માગ્યા હોત તો તું તત્કાળ આપ્યા વગર રહેતજ નહિ. પણ મને બ્હીક એટલીજ હતી કે જો હું તારી પાસે આવીશ તો તું મને એ છ હજાર ડૉલર બળાત્કારે આપ્યા વગર અને મારો એકાંતવાસ છોડાવીને તારી નોકરીમાં રાખ્યા વગર રહીશજ નહિ.’ તે શહેરના કોલાહલથી દૂર એકાંત સ્થળમાં સુંદર બાગ બગિચા બનાવીને શાંતિમય અને પરમસુખમય જીવન ગાળતો હતો. તેણે પોતાના એક મિત્રને અત્યંત દુઃખના વખતમાં છ હજાર ડૉલર આપ્યા હતા પણ હવે તે મિત્ર એક શહેનશાહ હતો તેથી તેણે જોરજૂલમથી તેના હાથમાં સાઠ હજાર સોનાના ડૉલર મૂકીને પોતાનું કરજ અદા કર્યું. તેને બાગ બગીચાનો શોખ હોવાથી મેં તેને વાર્ષિક છ હજાર ડૉલરના પગારથી બાદશાહી બગીચાઓનો ઉપરી બનાવ્યો અને તેના ભાઇને પણ સારી જગ્યાએ દાખલ કર્યો.”

“ મહાન ઈશ્વિરના અત્યંત ગૂઢ નિયમોની પ્રબળ અસર હું મારા જીવનમાં હમેશ જોતો આવ્યો છું. એ ગૂઢ નિયમોમાંના કોઇ એક નિયમના પ્રભાવથી મારા બે મિત્રો, જેઓ બાળપણમાં મારા સહાધ્યાયી હતા અને જેમની સાથે હું દૃઢ સ્નેહના બંધનથી જોડાયલો હતો તેમણે મારા ભવિષ્ય ઉપર અદ્ભુત અસર નીપજાવી છે. ડિમેસિસે મને આપઘાત કરતાં અને ફિલિપ્પોએ મને ‘સેંટ જીન ડી એકર’ જીતતો અટકાવ્યો. જો મારા કાર્યમાં ફિલિપ્પો આડો આવ્યો ન હોત તો પ્રાચ્ય જગત્‌ના દરવાજા જેવું તે શહેર મેં જીત્યું હોત. ઇસ્તંબુલ પણ મારા હાથમાં આવત અને એશિયા ખંડમાં હું એક વિસ્તીર્ણ સામ્રાજ્યની સ્થાપના કરી શક્યો હોત.”

હવે ફ્રાન્સની દક્ષિણ સીમા અને ઇટાલિના ઉત્તરના પ્રદેશ વચ્ચે પડેલી ફ્રેન્ચ સેના તરફ પાછા નજર કરીએ. એ સૈન્યને જીવન આપનાર નેપોલિયન હવે ત્યાં ન હતો. ઈટાલિમાં વારંવાર પરાજય પામીને તે સેનાએ હવે પાછાં પગલાં કરવા માંડયાં હતાં. પારિસના સત્તાધિકારીઓને લાગ્યું કે ફ્રાન્સની પ્રતિષ્ઠા જાળવવાનો બીજો કશો ઉપાય રહ્યો નથી ત્યારે તેમણે આખરે નેપોલિયનને તેડાવ્યો. તેણે એ પ્રદેશમાં પોતાના નિવાસ દરમ્યાન મેળવેલી સ્થાનિક માહિતી, યુદ્ધશાસ્ત્રનું તેનું ઉંડું જ્ઞાન અને અનુભવ અને તેના અત્યંત સુસંસ્કૃત મગજમાં ભરેલી અખૂટ યોજનાઓ એ સર્વના પ્રભાવથી તે થોડાજ વખતમાં પારિસના મંત્રીમંડળનો નેતા બની ગયો.

નેપોલિયન પ્રધાનમંડળના (કમિટી ઑફ પબ્લિક સેફ્ટી) તમામ સભાસદો કરતાં વયમાં નાનો અને દેખાવમાં છોકરા જેવો દેખાતો હતો તોપણ તેની ગંભીર, વિચારશીલ મુખાકૃતિવડે તેણે આપેલી સલાહ સૂચનાઓ બધાને માન્ય રાખવી પડી અને ઈટાલીમાં પોતે હતો તે દરમ્યાન તેણે જે સ્થાનિક માહિતી મેળવી હતી તેને આધારે ફ્રેન્ચ સૈન્યને કયી કયી જગ્યાએ ગોઠવી દેવું તે વિષે તેણે એવી તો આબાદ

યોજના રજૂ કરી કે તેને અમલમાં મૂકતાંની સાથેજ ઑસ્ટ્રિયાનું સૈન્ય આગળ વધતું અટકયું અને ફ્રેન્ચ સૈન્ય જો કે પોતાના શત્રુઓથી નાનું હતું તોપણ પોતાનો બચાવ કરવાને શક્તિવાન થઈ ગયું. આ પ્રમાણે પારિસમાં રહ્યાં રહ્યાં જ્યારે નેપોલિયન ફ્રેન્ચ સૈન્યની પરિચાલના કરતો હતો તે વખતે પણ જ્યારે તેને અવકાશ મળતો ત્યારે પોતાનું જ્ઞાન વધારવા તે ચૂકતો ન હતો.

ફ્રાન્સના લોકોનું નીતિનું ધોરણ તે સમયે ઘણુંજ હલકું થઈ ગયું હતું અને તે જમાનામાં **તમામ યુવકો જ્યારે વિષયલંપટતામાં** ગરકાવ થઇ ગયા હતા, ત્યારે **નેપોલિયન એક સાધુની બરોબરી કરી શકે એવી** દૃઢ **અને નિષ્કલંક નીતિ જાળવી રહ્યો હતો** તેનું કારણ વિચારવા જેવું છે. હાલ જેને આપણે ધર્મ કહીએ છીએ તેવા ધર્મના સંસ્કાર તેના હૃદય ઉપર પડેલા ન હતા. પરલોકમાં થતી શિક્ષાનો ભય જે ઘણા માણસોને પાપ કરતાં અટકાવે છે તેવો કોઈ જાતનો ભય અથવા તેનો વિચાર સરખો પણ તેને આવતો ન હતો; પરંતુ તેના મનમાં એવી પ્રબળ મહત્વાકાંક્ષાનો અને પોતાની નામના થાય એવાં પરાક્રમો કરવાની અભિલાષાનો વેગ એવો અદમ્ય હતો કે તેમની આગળ વિષયવાસના તો શું પણ બીજો સામાન્ય વિચાર પણ તેના મગજમાં આવી શકતો ન હતો; અને તેની સાથે તેનું મન કુદરતી રીતે એવું સુસંસ્કૃત હતું કે ધર્મશાસ્ત્રની મદદ વગર પણ શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે તેનો વિવેક તે આપોઆપજ કરી શકતો હતો.

આ વખતે પારિસમાં ભયંકર અરાજકતા અને હડહડતી નિરંકુશતાનું રાજ્ય ચાલી રહ્યું હતું અને તેથી કરીને રાત પડી ગયા પછી પણ શહેરના રાજમાર્ગ ઉપર ચાલવું ઘણુંજ જોખમ ભરેલું ગણાતું હતું. એવામાં એક સ્નેહી માંદો પડયો અને નેપોલિયન તેને જોવા ગયો. રાતના દશ વાગ્યા પછી તેની માંદગીએ ગંભીર સ્વરૂપ લીધું. ડૉકટરને બોલાવવા જવા માટે આવા જોખમ ભરેલા સમયમાં ઘર બહાર નીકળીને પોતાના ઉપર સંકટ વહોરી લેવાની ઘરના કોઈ પણ નોકરે ઇચ્છા બતાવી નહિ. વરસાદ પણ મુશળધાર વરસતો હતો. નેપોલિયનથી આ અવસ્થા જોઇ શકાઇ નહિ. તે પોતાની સલામતીનો બિલકુલ વિચાર ન કરતાં ઘરમાં કોઇને કશી વાત કર્યા વગર એકલો બહાર નીકળી પડયો અને આ ઘોર અંધારી રાતે વરસાદથી તરબોળ બનીને ડૉકટરને તેડી લાવ્યો. આવી ઉદારવૃત્તિ, પરમાર્થ ભાવના અને આત્મત્યાગનો જુસ્સો એ સર્વ ઉમદા ગુણો નેપોલિયનમાં સ્વાભાવિક રીતેજ હતા. તે જમાનામાં ફ્રાન્સની અંદર કોઈ પણ જાતનો ધર્મ તો હતોજ નહિ. ખ્રિસ્તી ધર્મ તિરસ્કારને પાત્ર થઈ ચૂકયો હતો અને દેવાલયોને લોકોએ કાં તો તોડી પાડયાં હતાં અથવા તો વિજ્ઞાનની પ્રયોગશાળાઓ તરીકે તેમનો ઉપયોગ કરવામાં આવતો હતો. વળી આત્માના અવિનાશીપણાને તો કોઇ માનતુંજ નહિ. આવી વસ્તુ-સ્થિતિ

હોવાથી ચારિત્ર્યના સંઘટ્ટનમાં ધર્મની જે સહાયતા મળે છે તે લાભ નેપોલિયનને મળ્યો ન હતો. છતાં પણ તેનું હૃદય સ્વાભાવિક રીતેજ ભકિતથી ભરપૂર હતું. તે વિચારશીલ અને ગંભીર હતો અને કુદરતની ભવ્યતા અને ગહનતાની તેના હૃદય ઉપર ઉંડી અસર થતી હતી. જગત્માં સર્વથી મહાન્ બનીને અમર કીર્તિ પ્રાપ્ત કરવી એજ વિચાર તેના મગજમાં ઘુમતો હતો અને તેજ દિશા તરફ તેના જીવનનો પ્રવાહ એક, અવિચ્છિન્ન ધારાએ વહેતો હતો. તેની જુવાનીમાં પણ તેને કોઈ જાતનો મોહ હતોજ નહિ અને ઘડપણમાં પણ તે કહેતો કે મારી આખી જિંદગીમાં મેં ઘણીજ થોડીવાર વિષયસુખ લીધું છે અને તે પણ માત્ર જોસેફાઈનના પ્રેમને લીધેજ.

હવે આપણે ફ્રાન્સના આંતરિક ઇતિહાસનું અને ત્યાંની નવીન શાસનપદ્ધતિનું અવલોકન કરીએ. આ સમયે ફ્રાન્સની “જાતીયસમિતિ” એ નવીન શાસન પદ્ધતિ ઘડી કહાડી હતી. આ નવીનપદ્ધતિ મુજબ ફ્રાન્સના રાજ્યતંત્રના નેતા તરીકે કોઈ પણ એકજ માણસને સભાપતિ (પ્રેસીડેન્ટ) ન બનાવતાં પાંચ યોગ્ય માણસોની એક સભાનું બંધારણ કરવામાં આવ્યું હતું: અને એ સભાના સભાસદોને “ડાઇરેકટર” એવું નામ આપવામાં આવ્યું હતું. રાજકારભારની તમામ પ્રકારની સત્તા અને જવાબદારી એ પાંચ જણની હતી. કાયદા ઘડવાનું કાર્ય બીજી એ સભાઓના હાથમાં હતું. એકનું નામ “પ્રાચીન સમિતિ” અને બીજીનું નામ “પ્રતિનિધિઓની સભા” અથવા “પંચશતી સમિતિ” હતું. પહેલી સભામાં ૨૫૦ સભાસદો હતા અને બીજીમાં તેના નામ પ્રમાણે ૫૦૦ સભાસદો રાખ્યા હતા.

અત્યાર સુધીમાં ઘડાઇ ગએલાં તમામ રાજ્યબંધારણો કરતાં આ બંધારણ સર્વથી સારૂં અને પ્રજાસત્તાક રાજ્યના ધોરણપર ઘડાયું હતું. તેના બે ઉદ્દેશ હતા. એક તો ફ્રાન્સ ઉપર આક્રમણ કરવા આવેલા વિદેશી રાજાઓના સૈન્યથી અને દેશમાં વસતા રાજભકતોનાં કાવત્રાંથી દેશનું રક્ષણ કરીને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ જાળવી રાખવી અને બીજું જેકોબિન પક્ષવાળાઓ દેશમાં જે કેવળ અંધેર અને અરાજકતાજ પ્રવર્તાવી રહ્યા હતા તેમની નિરંકુશતામાંથી પણ દેશનો બચાવ કરવો.

હવે આ વખતે ફ્રાન્સની પ્રજામાં રાજનૈતિક વિચારોના ધોરણથી જોતાં ત્રણ પક્ષ પડી ગયા હતા. એક પક્ષ રાજભકતોનો હતો. તેઓ વિદેશી રાજાઓની સહાયથી પ્રજાસત્તાક રાજ્યને તોડી પાડીને પદભ્રષ્ટ થએલા બુર્બોન વંશીય રાજાઓનો પુનઃ રાજ્યાભિષેક કરવા ચાહતા હતા; બીજો પક્ષ રાષ્ટ્રવિપ્લવકારી જેકોબિન લોકોનો હતો; તેઓ ચાલુ જનસમાજને ભાંગી તોડીને એક નવીન પ્રકારની સમાજ ઉત્પન્ન કરવા ઉત્સુક હતા; અને પ્રજાસત્તાક રાજ્યનું રક્ષણ કરવું, રાજ્યબંધારણમાં અને સમાજનીતિમાં સુધારણા કરવી છતાં ઉચ્છેદ ન કરવો અને રાષ્ટ્રવિપ્લવનું ઉપશમન

કરવું એવો મત ધરાવનાર એક ત્રીજો પક્ષ હતો.

ઉપર કહેલું નવીન રાજ્યબંધારણ જ્યારે લોકવર્ગની સભા આગળ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યું ત્યારે લોકોએ તથા લશ્કરે બેઉએ તેને વધાવી લીધું. પણ ખુદ પારિસ નગરમાં એની વિપરીત અસર થઇ. રાજભકતો અને જેકોબિન પક્ષના લોકો જેઓ અત્યારસુધી એકબીજાના કટ્ટા શત્રુ હતા તેઓ આ નવીન રાજ્યપદ્ધતિની સામે લડત કરવામાં એક થઇ ગયા. દરેક પક્ષ એમ સમજતો હતો કે પ્રજાસત્તાક રાજ્યનો વિનાશ થતાં અમારો પોતાનો હેતુ સફળ થશે. પારિસ શહેરના ૯૪ વિભાગમાંથી ૪૮ વિભાગ આ નવા ખરડાની તરફેણમાં અને ૪૬ વિરુદ્ધ પડયા. પ્રજાકીય સમિતિએ તે ઉપરથી આ ખરડાને વધુમતે મંજૂર થએલો જાહેર કર્યો અને તરતજ તેનો અમલ કરવા માંડયો. આથી વિરુદ્ધ પક્ષના લોકોએ શસ્ત્ર ધારણ કરવા માંડયાં. પારિસના હલકા વર્ગના લોકોને કોઇ પણ જાતનું તોફાન કરવાનુંજ પસંદ હતું તેથી તેઓ પણ રાજભકતોના પક્ષમાં ભળ્યા, અને પ્રજાકીય સૈન્ય પણ બળવાખોરોની સાથે સામેલ થયું અને આખા રાજનગરનું વાતાવરણ બળવો અને તોફાનથી ભરપૂર થઇ ગયું.

હવે પ્રજાકીય સમિતિની સ્થિતિ ઘણીજ ભય ભરેલી થઇ પડી; કારણ કે તે જમાનામાં મનુષ્યજીવનની કિંમત ઘણીજ તુચ્છ ગણાતી હતી અને મનુષ્યરકતનો પાણીની માફક દુર્વ્યય થતો હતો. વળી સામા પક્ષમાં અશિક્ષિત, ભટકેલ મવાલીઓ કે કાચી ઉમરના છોકરાઓ ન હતા કે તેઓ માત્ર ચીચીઆરીઓ પાડીને અથવા તેમના ઘર ઉપર પથરા નાખીને બેસી રહે. પણ તેમના પક્ષમાં ચાળીશ હજાર તાલીમબાજ યોદ્ધા પૂરતો દારૂગોળો અને તોપખાનું હતું. તેમના આગેવાનો અનુભવથી ઘડાયલા સેનાપતિઓ હતા. આ બળવાન શત્રુઓની સામે મોકલવાને પ્રજાકીય સમિતિ પાસે માત્ર પાંચ હજાર સિપાઇઓ હતા અને તેઓ પણ અણીની વખતે શત્રુને મળી જશે કે નહિ તેનો સંદેહ હતો. પ્રજાકીય સમિતિએ એ પાંચ હજાર માણસો સાથે જનરલ મેનુને મોકલ્યો. શું થાય છે તે જોવાની ખાતર નેપોલિયન પણ એ સૈન્યની સાથે ગયો; પરંતુ એ નરમ હૈયાનો સેનાપતિ શત્રુની મોટી સંખ્યા જોઇનેજ ડરી ગયો અને લડયા વગર પાછો હઠયો. આ બનાવ બનતાંજ પારિસના રાજમાર્ગ ફતેહના પોકારથી ગાજી ઉઠયા અને હવે બળવાખોરોને ખાત્રી થઇ કે લશ્કરનાં માણસો લોકો ઉપર ગોળીબાર કરશે નહિ.

આ પ્રમાણે ભયભીત થએલા પારિસ શહેર ઉપર રાત્રિની કાળી, શોકાતુર ચાદર પથરાતી હતી અને હવે શું કરવું તેનો વિચાર કરવાને પ્રજાકીય સમિતિના સભાસદો ધડકતે હૈયે મંત્રણાગૃહમાં બેઠા હતા. શું થાય છે તે સાંભળવાને નેપોલિયન પણ ઝરૂખામાં જઇને બેઠો હતો. સમિતિએ જનરલ મેનુને બરતરફ કર્યો અને

તેની જગ્યાએ બારાસને નીમ્યો. સમય ઘણોજ બારીક હતો. બળવાખોરોની સામે થવું એ અસંભવિત હતું અને જો સામે થતાં પરાજય થયો તો મરણજ નીપજવાનું એમાં પણ શક ન હતો. બારાસ ગભરાયો પણ આ વખતે તેને નેપોલિયન યાદ આવ્યો. તે પણ ટુલોનના ઘેરામાં હાજર હતો અને તેણે નેપોલિયનનું સાહસ, યુદ્ધનિપુણતા વગેરે જોયાં હતાં. તેથી તેણે કહ્યું, “ જો આ અણીને વખતે આપણું રક્ષણ કરી શકે એવો કોઈ હોય તો માત્ર એકજ માણસ છે અને તે નેપોલિયન બોનાપાર્ટ છે. ”

નેપોલિયનને તરતજ સભામાં બોલાવવામાં આવ્યો. બારાસે તેનાં વખાણ કરેલાં તે ઉપરથી સભાસદો એવું ધારતા હતા કે નેપોલિયન રાક્ષસી કદનો, લડાયક આકૃતિનો અને કરડા દેખાવવાળો માણસ હશે પણ મોટા આશ્ચર્ય સાથે તેમણે જોયું કે તે તો એક નાજુક બાંધાનો, ફિક્કા ચહેરાનો, કોમળ ગાલવાળો અને દેખાવમાં અઢારેક વર્ષની ઉમ્મરનો જુવાનીઓ છે. પ્રમુખે તેને પૂછ્યું કે “ તમે પ્રજાકીય સમિતિનો બચાવ કરવા તૈયાર છો ? ” બને તેટલો ટુંકો જવાબ આપવાની નેપોલિયનને ટેવ હોવાથી તેણે ઠંડે કલેજે જવાબ આપ્યો કે હા, એક પળવાર વિચાર કરીને પ્રમુખે તેને ફરીથી પૂછ્યું કે “ આ કામમાં રહેલું ગંભીર જોખમ તમે બરાબર સમજ્યા છો ? ” નેપોલિયનના તીક્ષ્ણ દૃષ્ટિપાત આગળ ભલભલા માણસો ક્ષોભ પામ્યા વગર રહેતાજ નહિ; પ્રમુખ તરફ તેવો એક વીજળી જેવો દૃષ્ટિપાત કરીને તેણે કહ્યું, “ હું એ જોખમ પૂરેપૂરૂં સમજ્યો છું અને જે કામ હું માથે લઉં છું તેને પાર પાડયા વગર રહેતોજ નથી. ” આ અસાધારણ પ્રતિભાશાળી પુરુષના અવાજમાં એવી એક ગૂઢ શક્તિ રહેલી હતી કે તે વડે તેણે બધી સભાની શ્રદ્ધા તરતજ સંપાદન કરી લીધી. આવા દિલને ઉશ્કેરે એવા પ્રસંગમાં પણ શાંત, ગંભીર અને ઠરેલપણે તેણે જે ઉત્તર આપ્યો હતો તેથી આખી સભાને એમજ લાગ્યું કે આપણી આગળ એક અસાધારણ સામર્થ્યવાન પુરુષ ઉભેલો છે. થોડીક જરૂરની વાતચીત કરી લીધા પછી તેણે કહ્યું કે “ મારી એક સરત મંજૂર રાખશો તોજ હું આ કામ માથે લઇશ કે સૈન્યનું ઉપરીપણું મારા એકલાનાજ હાથમાં રહેવું જોઇએ. ” આવા કટાકટીના વખતમાં તકરાર કરવાનો અવકાશ ન હોવાથી સભાએ તેની સરત મંજૂર રાખી.

ટુલોનના ઘેરા વખતે અને ઇટાલિની લડાઇઓમાં નેપોલિયને જે બુદ્ધિબળ, સાહસ અને કાર્યતત્પરતા બતાવ્યાં હતાં તેનો યશ બીજાને મળ્યો હતો, પણ હવે આ મહાપુરુષની બાહોશી અને કાર્યતત્પરતા પારિસ નગરના લોકો નજરોનજર જોઇ શક્યા. પારિસથી પાંચ માઇલને અંતરે એક તોપખાનું હતું ત્યાંથી તોપો લઈ આવવાને નેપોલિયને લશ્કરી ઘોડેસ્વારો મોકલ્યા અને બળવાખોરો સામે થયા.

છતાં તેઓ રાતોરાત પચાસ તોપો ખેંચી લાવ્યા. ટુઇલેરિસના રાજભવનની આસપાસ નગરની સાથે સંબંધ ધરાવતા, નાના પ્રકારનાં વૃક્ષોથી સુશોભિત થએલા અનેક રાજમાર્ગ હતા. એ તમામ રસ્તે થઇને ઉપરોક્ત મહેલની નજીક આવી શકાતું હતું. નેપોલિયને પોતાની તોપો એવી એવી જગ્યાએ ગોઠવી દીધી કે બળવાખોરોનું સૈન્ય એમાંના કોઇ પણ રસ્તેથી આવી શકે નહિ અને આવવા જાય તો એ તોપોના ગોળાથી વીંધાયા વગર રહે નહિ. તે સિવાય મહેલથી થોડે થોડે અંતરે આવેલા તમામ પૂલ અને રસ્તાઓ ઉપર ગોળાઓનો વરસાદ વરસાવી શકાય એવી તમામ જગ્યાએ તેણે ગોળા અને છરાથી ભરેલી તોપો ગોઠવી દીધી.

આખી રાત આ યુવાન સેનાપતિએ પળનો પણ આરામ લીધો ન હતો. ઘડીમાં અહિં તો ઘડીમાં બીજે ઠેકાણે એમ સ્થળે સ્થળે જઇને તે યોદ્ધાઓને સૂચના આપતો હતો અને તેમના હૃદયમાં ઉત્સાહ અને વીરરસનો સંચાર કરતો હતો. કેવા બળવાન શત્રુ સામે લડવાનું છે તેની તેને પૂરેપૂરી ખબર હતી. માત્ર પાંચજ હજાર માણસોની મદદથી અનુભવી સરદારોવાળા અને ઉંચામાં ઉંચાં હથિયારવાળા ચાલીશ હજાર તાલીમબાજ યોદ્ધાઓની સામે તેને ટક્કર લેવાની હતી. બધી તૈયારી કરી રહ્યા પછી નેપોલિયને આઠસો બંદુકો મંગાવી અને એક એક સભાસદને એક એક બંદુક આપી. આથી કરીને તેમને નેપોલિયનની દઢતાની અને આવતી કાલના યુદ્ધના જોખમની પૂરેપૂરી ખાત્રી થઇ. જ્યારે રાત્રિનો અંધકારમય પડદો ધીરે ધીરે ઓછો થતો ગયો અને અરુણોદયથી પૂર્વ દિશાનું આકાશ રંગાઇ ગયું ત્યારે સર્વના જોવામાં આવ્યું કે નેપોલિયનના અવિશ્રાંત પરિશ્રમને પરિણામે ટુઇલેરિસનો મહેલ એક કિલ્લેબંધીવાળી લશ્કરી છાવણીના રૂપમાં ફેરવાઈ ગયો હતો.

હવે પારિસમાં ઘંટનાદ થવા લાગ્યા, હજારો મનુષ્યોનાં ટોળાં એકઠાં થતાં ગયાં, અને ટુઇલેરિસના મહેલ તરફ કૂચ શરૂ થઈ. સભાસદો ધડકતે હૈયે મૌનપણે બેઠા બેઠા શત્રુના હુમલાની રાહ જોવા લાગ્યા. નેપોલિયન પણ શત્રુને આવકાર આપવાની તમામ તૈયારી કરી નાખ્યા પછી ફિક્કે અને ગંભીર ચહેરે તેમની રાહ જોતો બેઠો હતો. તેનો નિશ્ચય એવો હતો કે શત્રુઓ પહેલો ગોળીબાર કરે ત્યાર પછી આપણે તેનો જવાબ વાળવો; પણ પહેલો ઘા કર્યાની જવાબદારી શત્રુને માથે રાખવી.

હવે ચારે દિશાએથી શત્રુદળ ધ્વજા ફરકાવતું અને યુદ્ધનાં ગીત ગાતું ગાતું રાજમહેલ તરફ આવવા લાગ્યું. વિજયની તેમને પૂરેપૂરી ખાત્રીને લીધે તેઓ નેપોલિયનની તોપોનું નિશાન થઇ શકે એટલા બધા નજદીક આવી પહોંચ્યા અને તેમની આગલી હારે ગોળીબાર શરૂ કર્યો. તરતજ નેપોલિયનની તોપોમાંથી પણ પ્રલયાગ્નિ વરસવા લાગ્યો. તેની દરેક તોપ શત્રુ ઉપર સચોટ, પ્રાણઘાતક અને નિર્દય ગોળાઓની વૃષ્ટિ કરવા લાગી; અને માણસોથી ખીચોખીચ ભરાયલા રસ્તાઓ

ઉપર છરા અને ગોળાની ઝડી મચી રહી. મરેલા અને ઘવાયલા યોદ્ધાઓથી સડકો છવાઈ ગઇ. શત્રુની હાર તૂટી–નાસભાગ થઈ પણ નેપોલિયનની નિર્દય તોપોના ધડાકા ચાલુજ રહ્યા. તેઓ નાઠા પણ તેમની પાછળ યમના દૂત જેવા આવતા ગોળાઓથી હજારો પટકાઇ ગયા. પારિસના રાજમાર્ગમાં હાહાકાર વર્તાઇ ગયો. હજી રાજમહેલની ચારે દિશાએથી ધગધગતા ગોળાઓ છૂટયાજ જતા હતા. શત્રુઓ નાને મોટે અનેક રસ્તે થઇને નાઠા પણ એકે રસ્તો એવો ન હતો કે જ્યાં નેપોલિયનની તોપનો ગોળો ન પહોંચે. શત્રુને નાસતા જોઇને નેપોલિયને પોતાના નાના સૈન્યને તેમની પૂઠ પકડવાની આજ્ઞા આપી; પરંતુ વગર ગોળીના ખાલી બારજ કરવા એવું તેમને સાથે સાથે કહી રાખ્યું હતું. ભયભીત થએલા લોકો નાસવા લાગ્યા અને તેમની પાછળ બંદુકોના ખાલી બાર થતા ગયા. એમ કરતાં એક કલાકની અંદર શત્રુસન્યનું નામનિશાન ન રહ્યું. પછી નેપોલિયને શહેરના જૂદા જૂદા વિભાગોમાં લશ્કરનાં થાણાં બેસાડયાં અને ફરીથી બખેડો થવા ન પામે તે માટે નગરવાસીઓનાં હથિયાર જપ્ત કર્યાં. ઘાયલ થએલાઓને દવાખાનામાં લઇ જવાનો અને મરેલાઓને દફન કરવાનો તેણે હુકમ કર્યો. આ પ્રમાણે તમામ કામ પૂરૂં કરી રહ્યા પછી જાણે કશો મહત્ત્વનો બનાવ બન્યોજ ન હોય તેમ પોતાના હમેશના શાંત, ગંભીર અને ફિક્કે ચહેરે તે ટુઇલેરિસના રાજમહેલમાં દાખલ થયો.

હવે પ્રજાકીય સમિતિએ નેપોલિયનને માનથી વધાવી લીધો અને તેણે પોતાનાજ બુદ્ધિબળ અને પરાક્રમથી પ્રજાસત્તાક રાજ્યતંત્રનું રક્ષણ કર્યું છે એવો સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો. નેપોલિયનને ફ્રાન્સના સ્થાનિક સૈન્યના સેનાધિપતિનું પદ મળ્યું અને રાજનગરનું સંરક્ષણ અને શાસન કાર્ય પણ તેનેજ સોંપવામાં આવ્યાં. પાંચ ડાઇરેકટરો ઉપરથી ડાઇરેકટરી એવું નામ આપીને નેપોલિયને નવું રાજ્યબંધારણ ઘડી આપ્યું પણ થોડાજ મહિનામાં તેણે લેશ માત્ર પણ રક્તપાત કર્યા વગર કેવળ નૈતિક બળથી એ રાજ્યતંત્રને ઉથલાવી નાખ્યું.

આ પ્રમાણે બળવાખોરોનો પરાજય થયાથી રાજાના પક્ષકારોને સખત ફટકો વાગ્યો અને પ્રજાસત્તાક રાજ્યના પાયા સુદૃઢ થયા; પરંતુ આ ફતેહને વખતે પણ નેપોલિયને પોતાનો હમેશનો ઉદાર સ્વભાવ જાળવી રાખ્યો હતો. તેણે પોતાના વગથી બળવાખોરોને માફી આપવાનો ઠરાવ પસાર કરાવીને જનરલ મેનુને દેશદ્રોહી તરીકે વધસ્તંભ ઉપર જતો બચાવી લીધો.

આ ફતેહથી નેપોલિયનના દરજ્જામાં અને માન મરતબામાં ઘણો વધારો થઇ ગયો. હજી તે માત્ર પચીશજ વર્ષની ઉંમરનો હતો. પણ તેની અસાધારણ દેશ સેવાને લીધે લોકોમાં તે માનનીય થઇ પડયો. નેપોલિયનની આ ચડતી દશા કાંઈ આકસ્મિક દૈવયોગનું પરિણામ ન હતું; પણ તેણે યુદ્ધ પાઠશાળામાં કરેલો તનતોડ અભ્યાસ,

લશ્કરી અમલદાર થયા પછી યુદ્ધશાસ્ત્રનું જ્ઞાન મેળવવા પાછળ તેણે લીધેલી લાગટ મહેનત, ટુલોનના ઘેરા વખતે તેણે બતાવેલાં કાર્યતત્પરતા, ઉત્સાહ, અને નીડરતા, ફ્રાન્સના કિનારાનું રક્ષણ કરતી વેળા ઠંડા પવનના સુસવાટ અને વરસાદની સખ્ત ઝડીઓમાં લીધેલો પરિશ્રમ અને આલ્પ્સ પર્વતના ઘાટનો આસ્ટ્રિયાના સૈન્ય સામે બચાવ કરવાનો તેનો અવિશ્રાંત ઉદ્યોગ, આ સર્વના ફળ તરીકેજ આ ચડતી દશા તેને પ્રાપ્ત થઈ હતી.

આ પ્રમાણે તેની અવસ્થા સુધરી અને તેની આવક વધી કે તરતજ તે પોતાની માતાને મળવા માર્સેલ્સ દોડી ગયો અને તેને માટે તથા પોતાનાં ભાઇબહેનોમાટે તમામ પ્રકારનાં સુખનાં સાધનો આપી આવ્યો, અને ત્યાર પછી આખર સુધી તેણે તેમના સુખને માટે કાળજી રાખી હતી.

હવે જે જગ્યાએ તેની નિમણુક થઇ હતી તે અત્યંત જોખમભરેલી હતી અને તેને હમેશાં અત્યંત બુદ્ધિ, ચતુરાઈ અને નૈતિક બળનો ઉપયોગ કરીને કામ લેવું પડતું હતું. રાજાના પક્ષકારો તથા જેકોબિન મંડળના લોકો ઘણાજ ઉશ્કેરાઈ ગયા હતા. નવું રાજ્યતંત્ર હજી દઢ થયું ન હતું અને તેનો પ્રભાવ હજી લોકો ઉપર પૂરેપૂરો પડ્યો ન હતો. પારિસમાં દુર્વ્યવસ્થા અને અંધેર ચાલી રહ્યું હતું. રાષ્ટ્રવિપ્લવને લીધે હજારો-લાખો માણસો ધંધા વગર રખડતાં થયાં હતાં અને પાટનગરમાં ભૂખમરો ચાલતો હતો. ભૂખે મરતી રૈયતનો નિર્વાહ કરવાનો બોજો, સરકારી તિજોરી ખાલી છતાં નવા રાજ્યતંત્રને માથે આવી પડ્યો હતો. આ અણીને વખતે નિરંકુશતાને દબાવી દેવામાં નેપોલિયને દઢતાની સાથે બુદ્ધિનો અને દયાનો પણ પુષ્કળ ઉપયોગ કર્યો હતો.

प्रकरण ५ मुं–लग्न १९७६

ઉપર કહ્યા પ્રમાણે ઉત્સાહ, કુશળતા અને સહૃદયતાથી નેપોલિયને પારિસ નગરીનું રાજયતંત્ર ચલાવવા માંડયા પછી અલ્પ સમયમાં તે સર્વને અત્યંત પ્રિય થઇ પડયો અને તેનું નામ પારિસમાં ઘેરેઘેર ગવાવા લાગ્યું. તેની નાજુક આકૃતિ, સુંદર કાંતિ. હસમુખો અને મોહક ચહેરો. અથાગ ઉત્સાહ અને તેજસ્વિતા વગેરે વિવિધ ગુણવડે તેણે સર્વનું લક્ષ પોતાના તરફ ખેંચ્યું અને સર્વના હૃદય જીતી લીધાં.

આ વખતે પારિસમાં ભયંકર મોંઘવારી અને ભૂખમરાને લીધે હજારો કુટુંબોની દુર્દશા થઇ હતી. દરેક જાતના ધંધારોજગાર બંધ થઇ ગયા હતા, આથી કરીને મહેનત મજૂરી કરીને નિર્વાહ કરનારા માણસોને ગુજરાનનું લેશ પણ સાધન રહ્યું ન હતું. શ્રીમંતો પોતાની દોલતનો નાશ થતાં થતાં જે કાંઇ બચ્યું હતું તે લઇને પરદેશ નાસી જતા હતા. હજી નવીન રાજ્યતંત્રનો અમલ બરાબર જામ્યો ન હતો. આ સમયે લોકો કાયદાને માન આપતા ન હતા. સર્વત્ર અંધેર અને અંધાધુંધી પ્રવર્તી રહ્યાં હતાં. બદમાસ અને બળવાખોર લોકોની નિરંકુશતાને વશ રાખવાનું એક માત્ર સાધન નેપોલિયનનું તોપખાનુંજ હતું. તેની એકલાનીજ ધાક લોકોમાં બેસી ગઇ હતી. નેપોલિયને થોડાજ વખતમાં નેશનલ ગાર્ડ (પ્રજાકીય રક્ષકોનું સૈન્ય) નામના સૈન્યને સુવ્યવસ્થિત કર્યું અને તેની મદદથી શહેરમાં સુલેહશાંતિ જાળવી રાખ્યાં; પણ એટલાથીજ તેનું કામ પૂર્ણ થયું ન હતું. શિક્ષાના ભયથી બંડખેડાઓને દબાવી દઇને અને ભવિષ્યમાં થતા અટકાવીને નેપોલિયન સંતુષ્ટ થયો નહિ, પણ ભૂખમરાથી પીડાતી રૈયત તરફ દયા અને સહાનુભૂતિ દાખવીને તેમનાં દુઃખ દૂર કરવાને તેણે બનતો પ્રયાસ કર્યો; અને એજ કાર્યને લીધે તેણે આરંભથીજ પારિસની પ્રજાની અથાગ પ્રીતિ સંપાદન કરી. તે જાતે ગરીબ કંગાલ લોકોનાં ઝુંપડાંમાં તેમજ અંધકાર અને દુર્ગંધમય ભોંયરાઓમાં જતો અને તેમની દુઃખમય સ્થિતિ નજરોનજર જોતો. આવી દુઃખમય અવસ્થા જોઇને તેનું કોમળ હૃદય પીગળતું અને તેની આંખમાંથી દયાનાં આંસુ ટપકતાં. ગરીબ, દુઃખી લોકો પાસે બેસીને

તેમની સાથે પ્રેમથી વાતચીત કરીને તેમને દિલાસો અને નીતિપૂર્ણ ઉપદેશ આપતો. તેણે ગરીબોમાં અનાજ અને બાળવાનાં લાકડાં મફત વહેંચાવ્યાં અને પોતાના આરામ અને સુખની તિલમાત્ર પણ પરવા રાખ્યા વગર અનેક રીતે ગરીબોનાં દુઃખ દૂર કરવાને અવિશ્રાંત પરિશ્રમ ઉઠાવ્યો.

એક દિવસ મૅડમ પાર્મનને ઘેર જમવા જવાનું નેપોલિયનને નિમંત્રણ હોવાથી તે ત્યાં જતો હતો. તે ગાડીમાંથી ઉતર્યો તેવીજ એક અનાથ સ્ત્રી તેની પાસે આવી અને પોતાના દુઃખની કહાણી કહેવા લાગી. ભૂખમરાથી તેનું શરીર હાડપિંજર જેવું બની ગયું હતું; શરીર ઉપર મેલાં, ચીથરેહાલ વસ્ત્ર વીંટયાં હતાં. શોક અને લાંબા વખતની ભૂખથી તેનાં સૂકાયલાં સ્તનમાં દૂધનું એક ટીપું પણ ન હતું. તેની નિસ્તેજ થએલી આંખોમાંથી અશ્રુ ટપકતાં હતાં અને હાથમાં તેનું મરી ગએલું ધાવણું બાળક હતું. શોકથી લગભગ ગાંડી બની ગએલી તે સ્ત્રી ચોધાર આંસુએ રડતી ગઇ અને નેપોલિયનને પોતાનાં વીતકની વાત કહેવા લાગી; તેણે કહ્યું કે "આ છોકરૂં ભૂખે મરી ગયું છે. મારો ધણી કેટલોક વખત થયાં મરણ પામ્યો છે અને ઘેર પાંચ છોકરાં ભૂખે ટળવળે છે. જો મને તાત્કાલિક મદદ નહિ મળે તો તેમને બધાંને લઇને હું નદીમાં ડૂબી મરીશ." આ કમકમાટી ઉપજાવે એવો દેખાવ જોઇને નેપોલિયનનું હૃદય પીગળી ગયું. તેણે તે બાઇનું સરનામું લખી લીધું અને તેને તરતને માટે થોડા પૈસા તથા થોડા વખતમાં મદદ કરવાનું વચન આપીને તે પરોણાઓથી ભરાયલા સુશોભિત દિવાનખાનામાં દાખલ થયો. એક બાજુએ પોતાના મિત્રોની વિલાસપરાયણતા અને ધનવાન લોકોના વૈભવ તથા લખલૂટ ખર્ચ, અને બીજી બાજુએ ગરીબોની વિટંબણા એ બેની સરખામણી કરતાં તેના મનમાં દયાભાવ પ્રબળપણે જાગૃત થયો અને તેના હૃદયને ઘણોજ ખેદ થવા લાગ્યો. ભોજન ચાલ્યું તે દરમ્યાન તેની મુખાકૃતિ ઘણીજ મ્લાન અને ગંભીર જોઇને સઘળાને ઘણું આશ્ચર્ય લાગ્યું. જમીને તરતજ તે ઘેર ગયો અને તપાસ કરતાં તેને માલૂમ પડ્યું કે પેલી સ્ત્રીએ કહેલી હકીકત અક્ષરે અક્ષર ખરી હતી. તે ઉપરથી તે દયાપાત્ર સ્ત્રી અને તેનાં છોકરાંના ગુજરાનનો ખર્ચ તેણે પોતે ઉપાડી લીધો. તેની છોકરીઓને તેણે પ્રયાસ કરીને પોતાના મિત્રોથી સીવણકામ આપ્યું અને એ રીતે નેપોલિયન તે બાપ વગરનાં બાળકોનો ધર્મનો પિતા થયો. આવા આવા પ્રસંગો નેપોલિયનના જીવનમાં અનેકાનેક જોવામાં આવતા હતા અને ફ્રેન્ચો તેને પોતાના પ્રાણથી પણ વધારે ચાહતા હતા તેનું કારણ પણ આજ હતું.

હવે આ વખતે પારિસના ઉંચા દરજ્જાના લોકોના મંડળમાં એક યુવાન મહિલા પોતાના મળતાવડા સ્વભાવ, અનુપમ લાવણ્ય, માનસિક સૌંદર્ય અને કુલિનતાને લીધે જાણીતી થઇ ચૂકી હતી. તે અઠ્ઠાવીસ વર્ષની વિધવા હતી. તેનો પતિ વાઇકાઉન્ટ

ઓહાર્નેસ રાષ્ટ્રવિપ્લવના જુલ્મનો ભોગ થઇને વધસ્તંભ ઉપર મરણ પામ્યો હતો. એકવાર આ મહિલાને નેકરના દિવાનખાનામાં નેપોલિયન મળ્યો હતો. તેનું નામ જોસેફાઈન હતું. તેનો જન્મ અમેરિકાંના વેસ્ટઇન્ડીઝ ટાપુમાં થયો હતો. વાઇકાઉન્ટ ઓહાર્નેસ ત્યાં કામ પ્રસંગે જઈ ચડ્યો અને આ બાલિકાના અસામાન્ય રૂપલાવણ્યથી મોહિત થતાં તેને પરણીને પારિસ તેડી લાવ્યો. લગ્ન વખતે તે છેક બાલિકાજ હતી. ફ્રાન્સની ભાગ્યહીન રાણી મેરી એન્ટીઓનેટ સાથે તેને સહીપણાં થયાં અને રાજારાણીનો વધ થતાંની સાથે જોસેફાઈનનું સૌભાગ્ય પણ નષ્ટ થયું. પોતાની મિલકતમાંથી જે કાંઈ બચવા પામ્યું તે લઇને જોસેફાઇન પોતાની પુત્રી હોર્ટેન્સ અને પુત્ર યુજીનની સાથે પારિસ આવીને રહી હતી. તેના સૌંદર્યની ભભકથી અને તેના નાના પ્રકારના માનસિક સદ્ગુણોથી પારિસનાં કુલવાન કુટુંબોમાં તે ઘણી માનીતી થઈ હતી.

પારિસના લોકો ફરીથી હુલ્લડ ન મચાવે તે માટે નેપોલિયનને લોકોનાં હથિયાર જપ્ત કરવાનો પ્રજાકીય સમિતિ તરફથી હુકમ થયો હતો. એ આજ્ઞાને અમલમાં મૂકતાં તેને મરનાર વાઈકાઉન્ટ બોહાર્નેસની તલવાર પણ જપ્ત કરવી પડી હતી. એક દિવસ એ તલવાર પાછી મેળવવાના આશાએ જોસેફાઇનનો પુત્ર યુજીન નેપોલિયનની પાસે આવ્યો. તે બાર વર્ષની વયનો, પરમ સુંદર અને બુદ્ધિવાન બાળક હતો. તેણે પિતૃભક્તિથી ગદ્ગદ સ્વરે પોતાના સ્વર્ગસ્થ પિતાની તલવાર પાછી મેળવવાને નેપોલિયનને આજીજી કરી. તેની વાણી અને સૌન્દર્યથી નેપોલિયન મોહિત થયો અને **તે પિતૃવત્સલ પુત્રની માગણી પાછી ઠેલી શક્યો નહિ.** તેણે તરતજ તે તલવાર મંગાવી, પોતાને હાથેજ યુજીનને આપી, અને તેના આ કાર્યને માટે તેને ઘણી શાબાશી આપી. પિતૃભક્ત પુત્રે પિતાની તલવારને છાતી સરસી દાબી. તેની આંખમાંથી ચોધાર અશ્રુ ટપકવા લાગ્યાં. પોતાની કૃતજ્ઞતા દર્શાવવાને માટે એક વાક્ય પણ તે બોલી શક્યો નહિ. બોલ્યા વગર નેપોલિયનને નમસ્કાર કરીને તે બાળક આંસુથી ભીંજાયલી આંખે ઘેર જવા નીકળ્યો. એક સ્વર્ગસ્થ પિતા પ્રત્યેનો તેના પુત્રનો આવો ભક્તિભાવ જોઇને નેપોલિયનના હૃદય ઉપર ઘણી ઉંડી અસર થઈ અને જે માતાએ પોતાના પુત્રના ચારિત્ર્યને આવું મધુર બનાવ્યુ તું તે માતાના પણ તેને વિચાર આવવા લાગ્યા.

વિધવા જોસેફાઇન પોતાનાં પુત્રપુત્રીને અત્યંત પ્રેમથી ચાહતી હતી. તેમના સિવાય આખા સંસારમાં તેને બિચારીને બીજું કાંઇ હતુંજ નહિ. સુપ્રસિદ્ધ યુવાન સેનાપતિએ તેના પિતૃહીન પુત્ર તરફ જે સૌજન્ય બતાવ્યું તે જોઇને તેના અંતઃકરણમાં પણ નેપોલિયનને માટે સદ્ભાવ જાગ્યો અને પોતાની કૃતજ્ઞતા દર્શાવવાને નેપોલિયન પાસે જવાની તેને પણ ઇચ્છા થઇ. બીજે દિવસે પતિવિહોણી શોકાતુર વિધવા જોસેફાઇન શોકનાં વસ્ત્ર પહેરીને ગાડીમાં બેસીને નેપોલિયનને ઘેર ગઇ અને

તેણે પોતાના સ્વાભાવિક, મધુર કંઠથી નેપોલિયનને પોતાનો આભાર દર્શાવ્યો. આભાર દર્શાવતી વખતે લાગણીના આવેગને લીધે તેનો સ્વર કંપવા લાગ્યો હતો. તે સ્ત્રીનું રૂપમાધુર્ય, વાણીની છટા, અને તેનો પ્રબળ પુત્રપ્રેમ–એ સર્વ જોઈને નેપોલિયનનું હૃદય ડોલવા લાગ્યું. તેણે પણ પોતાની સભ્યતા દર્શાવવાને માટે જોસેફાઇનની મુલાકાત લીધી. એમ સભ્યતાનો વિનિમય કરતાં કરતાં તેમનો ગાઢ પરિચય બંધાયો અને પરિચયમાંથી પરસ્પર પ્રેમનો ઉદય થયો.

જોસેફાઈન નેપોલિયનથી બે વરસે મોટી હતી. આ વખતે તેની ઉમર અઠ્ઠાવીશ વર્ષની હતી તોપણ રમણીઓના રૂપમાધુર્યનો વિનાશ કરનાર કાળચક્રનો ઘસારો તેના રૂપ યૌવનનું હરણ કરવામાં પરાજય પામ્યો હતો. હજી તેના એકેએક અવયવની ખુબસુરતી બાળપણામાં હતી તેવી ને તેવીજ જળવાઈ રહી હતી. તેનું સૌન્દર્ય અને પ્રફુલ્લતા જોઇને તેને હરકોઇ માણસ યૌવનના પૂર બહારમાં આવેલી નવયૌવના ધાર્યા વગર રહે નહિ.

આજ અરસામાં જોસેફાઇને એક સખીને પત્ર લખ્યો હતો. તેમાં તેણે પોતાના લગ્ન સંબંધનો ઉલ્લેખ કરતાં લખ્યું હતું કેઃ—

“મને પુનર્લગ્ન કરવાની દરેક જણ અતિ આગ્રહ સાથે ભલામણ કરે છે; મારી સખીઓ પણ મને એજ સલાહ આપે છે; મારી એક નજીકની સગી પણ મને પુનર્લગ્ન કરવા માટે દબાણ કરે છે અને મારાં છોકરાં પણ હું પુનર્લગ્ન કરવાની સંમતિ આપું તે માટે મારા કાલાવાલા કરે છે. સેનાપતિ બોનાપાર્ટને તમે એકવાર મારાજ ઘરમાં મળ્યાં હતાં. (મારા સ્વર્ગસ્થપતિ) અલેક્ઝાન્ડર બોહેનિસનાં બાપવિહોણાં બાળકોના પિતાનું સ્થાન લેવા અને તેની વિધવા પત્નીના પતિનું સ્થાન લેવા જો કોઈ પુરુષમાં યોગ્યતા હોય તો તે એકલો બોનાપાર્ટજ છે. હું પણ તેના ઉંડા જ્ઞાનની અને નિઃસીમ ધૈર્યની પ્રશંસા કરૂં છું. તે લગભગ દરેક વિષય પર ઘણી કુશળતાથી વાતચીત કરી શકે છે. તેની બુદ્ધિ પણ અત્યંત તીક્ષ્ણ છે. બીજો માણસ પોતાના મનના વિચાર પૂરેપૂરા દર્શાવે ત્યાર પહેલાં તો તે ઝટ લઇને સમજી જાય છે. પણ જે જે માણસો તેના સહવાસમાં આવે છે તેમના ઉપર તે કંઇક એવી સત્તા ચલાવવા માગે છે કે તે જોઇને હું તેનાથી કાંઇક ભય પામું છું. તેની તીક્ષ્ણ દૃષ્ટિમાં એવું અસાધારણ અને ગૂઢ સામર્થ્ય છે કે તેના પ્રતાપથી રાજ્યના ડિરેકટરો પણ અંજાઇ જાય છે તો હું એક અબળા તેનાથી ભયભીત થાઉં તેમાં આશ્ચર્યજ શું?

“ડાઇરેકટર બેરાસનું કહેવું એવું છે કે જો હું બોનાપાર્ટ સાથે લગ્ન કરૂં તો ઇટાલિમાં મૂકેલા સૈન્યના સેનાધિપતિનું પદ તેને જરૂર પ્રાપ્ત થઇ શકશે. ગઇ કાલે એજ બાબત વિષે મારે તેની (બોનાપાર્ટ) સાથે વાતચીત થઈ હતી. તે ઉપરથી તેણે કહ્યું કે ‘શું એ લોકો એમના મનમાં એમ સમજે છે કે ઉંચે દરજ્જે ચડવામાં હું

એમના મદદની દરકાર રાખું છું? એ તેમનો ખોટો ખ્યાલ છે. એક દિવસ એવો આવશે કે મારી મદદની તેમને જરૂર પડશે અને જો હું તેમને મદદ કરવા જેટલી મહેરબાની બતાવીશ તો તેઓ પોતાને ઘણા ભાગ્યશાળી માનશે.' આ તેના આત્મવિશ્વાસ વિષે તમે શું ધારો છો? પોતે એક સાધારણ સેનાપતિ છતાં દેશના રાજકર્તાઓને મદદ કરવાની ધારણા ધરાવે છે! પણ ખરેખર, એ બનાવ પણ તેનું સામર્થ્ય જોતાં અસંભવિત નથી લાગતો. કોણ જાણે કેમ પણ તેના આત્મગૌરવથી હું પણ અંજાઇ જાઉં છું અને એટલે સુધી માનું છું કે આ અસાધારણ પુરુષ જે કાર્ય કરવાનો સંકલ્પ કરશે તેને સિદ્ધ કર્યા વગર રહેશે નહિ; અને તેની કલ્પનાશક્તિ એવી ફળદ્રુપ છે કે તે શી શી યોજનાઓ ઘડી કહાડશે તે કહી શકાયજ નહિ!"

જોસેફાઇને પોતાના માધુર્યના પ્રભાવથી નેપોલિયનના હૃદયમાં જે પ્રેમનું પ્રબળ આંદોલન જાગૃત કર્યું હતું તેનો વેગ ઘણો બળવાન હતો તોપણ તેનાવડે નેપોલિયનના ઉચ્ચ અભિલાષો દબાઇ જતા ન હતા. તે જોસેફાઇનના પ્રેમને આખો દિવસ હૃદયમાં બળપૂર્વક દબાવી રાખીને પોતાના ધંધાને તથા અભ્યાસને લગતાં તમામ કામકાજ સાંગોપાંગ રીતે પૂર્ણ કરતો; અને સાંજ પડતાં તેના પ્રેમતરંગમાં તરબોળ બનીને તેના મહેલમાં હાજર થતો. ત્યાં પારિસના અનેક બુદ્ધિસંપન્ન અને પ્રસિદ્ધ પુરુષોના સમાગમમાં તે આવતો અને તેમને સર્વને પોતાની બુદ્ધિના પ્રભાવથી અને વાણીની છટાથી મોહિત કરી નાખતો; અને બિચારી જોસેફાઇન! તે તો નેપોલિયનના અસાધારણ માધુર્યની જાળમાં દિવસે દિવસે વધારે જકડાઇ જવા લાગી.

આખરે ઇ૦ સ૦ ૧૭૯૬ ના માર્ચ માસની છઠ્ઠી તારીખે નેપોલિયન અને જોસેફાઇન લગ્નસૂત્રથી જોડાયાં. નેપોલિયન તે વખતે છવ્વીશ વર્ષની વયનો હતો. એમનું લગ્ન સર્વાંશે સ્નેહલગ્ન હતું, કારણ કે બેઉ જણ પ્રેમમુગ્ધ હતાં. નેપોલિયનના હૃદયમાં રાજ્ય અને તેના મનને સર્વદા રોકાએલું રાખતા ઉચ્ચ અભિલાષોથી બીજે નંબરે જોસેફાઈન તેના હૃદયની અધિષ્ઠાત્રી દેવી તરીકે સ્થાપિત થએલી હતી. તે સમયે નાસ્તિક થએલા ફ્રાન્સ દેશમાં લગ્નવિધિમાંથી ધાર્મિક તત્ત્વને કહાડી નાખવામાં આવ્યું હતું. તે વખતે સ્ત્રી અને પુરુષ એકત્ર થઇને સાંસારિક કાર્યોનો નિર્વાહ કરવા સંમત થાય એનું નામ લગ્ન એવું મનાતું હતું; અને તેઓ પોતાની મરજીમાં આવે ત્યાંસુધી આ કરારનું પાલન કરતાં અને મરજીમાં આવે ત્યારે મુક્ત પણ થઇ શકતાં. ફ્રાન્સમાં તે વખતે ધર્મમંદિરો રદ કરવામાં આવ્યાં હતાં. તેથી કરીને સ્ત્રીપુરુષને લગ્ન કરવાની ઇચ્છા થતી ત્યારે પારિસના રાજકીય લગ્નનાં દફતરમાં તેમના લગ્નકરારની નોંધ કરવામાં આવતી અને તેના ઉપર બેઉ પક્ષના બે ત્રણ શુભેચ્છકોની સાક્ષી કરવામાં આવતી. આવીજ વિધિથી નેપોલિયન અને જોસેફાઇનનાં લગ્ન પણ થયાં. પણ

તેઓ બન્નેને આવી શુષ્ક લગ્નવિધિ પસંદ ન હતી લગ્ન એ ઘણોજ ગંભીર અને પવિત્ર સંબંધ છે એવી એ બેઉની માન્યતા હતી. સ્વાભાવિક રીતે બેઉ જણ વિચારશીલ અને ગંભીર હોવાથી ઈશ્વરીય સત્તાના છત્ર નીચે રહેવાની વૃત્તિ રાખતાં હતાં. તેમની આસપાસ હડહડતી નાસ્તિકતા અને નીતિભ્રષ્ટતા પ્રસરી રહેવાં છતાં પણ બેઉ સ્વાભાવિક રીતે ખ્રિસ્તી ધર્મના ભવ્ય અને માનનીય તત્ત્વો તરફ ભક્તિભાવથી જોતાં હતાં. જ્યારે ફ્રાન્સના શહેનશાહ તરીકે નેપોલિયનનો રાજ્યાભિષેક થયો ત્યારે તેણે ફ્રાન્સમાં ખ્રિસ્તી ધર્મની પુનઃસ્થાપના કરી અને જોસેફાઈન સાથે ધર્મવિધિ પ્રમાણે કાર્ડિનલ ફિશને હાથે ફરીથી લગ્ન કર્યું.

જોસેફાઇનને વિષે નેપોલિયન કહે છે કે "જોસેફાઇનને જોતાં વારનેજ હરકોઇ માણસ તેને ચાહ્યા વગર રહેજ નહિ. તેનો સ્વભાવ ઘણોજ સરળ હતો. ચારિત્ર્ય ઘણું પવિત્ર હતું. હૃદય ઘણું ઉચ્ચ હતું અને રસિકતામાં તે સ્ત્રીજાતિના શણગારરૂપ હતી. શરીરને સુશોભિત કરવાની કળામાં તે સર્વોપરિ હતી અને શરીર શૃંગારની નવનવીન પદ્ધતિઓનો તેણેજ પ્રચાર કર્યો હતો. તે ગમે તેવી રીતે વસ્ત્રાલંકાર પહેરતી તોપણ તેના શરીર ઉપર તે દીપી નીકળતા હતા. તે ઉપરાંત તે દયાના મહાસાગર જેવી હતી, અને આખા ફ્રાન્સમાં તે સર્વથી સુંદર અને સર્વ વાતે શ્રેષ્ઠ હતી. જેટલાં વર્ષ હું તેની સાથે રહ્યો તેટલા વખતમાં મેં તેને કદિ પણ તેના દરજ્જાને ન શોભે એવું કામ કરતી જોઈ નથી. મારા ચારિત્ર્યની દરેકે દરેક બાજુનું તેણે સારૂં જ્ઞાન મેળવ્યું હતું અને એ જ્ઞાનનો સદુપયોગ કરાવી શકે એવી તેનામાં તીક્ષ્ણ બુદ્ધિ હતી. તેણે કોઇ દિવસ પણ યુજીનને માટે મને કશી ભલામણ કરી નથી અથવા જ્યારે જ્યારે મેં યુજીન ઉપર અનુગ્રહ કર્યો હશે ત્યારે તેણે કદિ મારો આભાર માન્યો નથી. જ્યારે જ્યારે મેં યુજીનને અનેક પ્રકારનાં સન્માન અને ખિતાબો આપ્યા હશે ત્યારે પણ તેણે કદિ પોતાની હમેશની પ્રસન્નતા કરતાં વધારે પ્રસન્નતા બતાવી નથી કારણ કે તે સારી પેઠે માનતી હતી કે યુજીન તેનો એકલીનોજ નહિ પણ અમારો બેઉનો પુત્ર છે અને તેને માટે હું જે કાંઈ કરૂં તે એક પિતા તરીકેના કર્તવ્ય કરતાં વિશેષ નથી. તેને એવી ઇચ્છા હતી કે હું યુજીનને મારા વારસ તરીકે જાહેર કરૂં."

"જોસેફાઇનને પેટે જો મને એક પુત્રની પ્રાપ્તિ થઈ હોત તો મારા સુખનાં મણા રહેત નહિ અને તેથી કરીને રાજગાદી મારા વંશમાં કાયમની રહી શકત. મારા અને જોસેફાઇનના સંતાન ઉપર જેટલો પ્રેમ ફ્રાન્સના લોકો રાખત તેટલો મેરી લુઈસી (નેપોલિયનની બીજી પત્ની) ના પુત્ર ઉપર રાખત નહિ: અને જે કાર્યથી મારો વિનાશ થયો તે કાર્ય મેં કદિ કર્યું ન હોત. આજ પછી કોઇએ મનુષ્યબુદ્ધિ ઉપર આધાર રાખવો નહિ અને જીંદગીની છેલ્લી ઘડી સુધી અમુક માણસ સુખી છે કે દુઃખી છે તે નક્કીપણે કહેવું નહિ. જ્યારે જોસેફાઇનને તેના વંધ્યત્વની જાણ

થઇ કે તરતજ તેનું ભવિષ્ય તે ચેતી ગઇ. તે સારી પેઠે જાણતી હતી કે સંતતિનો જન્મ થયા વગર દંપતીનું યથાર્થ લગ્ન થયું કહેવાયજ નહિ. જેમ જેમ મારી ઉન્નતિ થતી ગઇ તેમ તેમ તેની ચિંતા વધતી ગઇ અને તેણે મારા પ્રત્યે અત્યંત ગાઢ પ્રેમ રાખવા માંડયો. × × × ×”

“રાજનૈતિક કારણને લીધે મારે જોસેફાઇનનો ત્યાગ કરીને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું પડયું. તેનો ત્યાગ કર્યા પછી પણ તેના પ્રત્યે મારો સ્નેહ ઓછો થયો ન હતો. તે ભાગ્યશાળી સ્ત્રી મારા ઉપર પડેલી છેલ્લી આફત જોવા × જીવી નહિ એટલું સારૂં થયું. તેનો મેં બળાત્કારે ત્યાગ કર્યો તોપણ મારી સાથે દેશનિકાલ થવાને તેણે અત્યંત શુદ્ધ સ્નેહપૂર્વક વિનતિ કરી હતી અને તેના પ્રત્યેની મારી વર્તણુકની પ્રશંસા કરી હતી. અંગ્રેજ ઇતિહાસકારોએ મને એક નિષ્ઠુર રાક્ષસ તરીકે વર્ણવ્યો છે પણ મારા જેવી સહૃદયતા અને પ્રેમભાવના એક રાક્ષસમાં હોઇ શકે ખરાં? માણસ પોતાની સ્ત્રી પ્રત્યે તથા પોતાના તાબાનાં મનુષ્યો પ્રત્યે જે પ્રકારનું વર્તન રાખે છે તે ઉપરથી પણ તેના ચારિત્ર્યની તુલના થઇ શકે છે.”+

×નેપોલિયનને એલ્બાના દ્વીપમાં કેદ કર્યો તે વખતેજ એ સ્ત્રીનું મરણ થયું. ત્યારપછીનો તેનો વૉટર્લુના સંગ્રામમાં પરાજય અને સેંટ હેલેનાના ટાપુમાં સખ્ત નજરકેદ જોવાને તે જીવી ન હતી. ભા૦ ક૦

+નેપોલિયને પોતે હાથે લખેલા અને તેમાંના ઘણાખરા તો તે ઉંચે દરજ્જે ચડયો ત્યાર પહેલાંના લખાયલા લગભગ છસેં કાગળો જે તેના ભાઈ જોસેફ બોનાપાર્ટે ઘણીજ મુશ્કેલીએ સાચવી રાખ્યા હતા તે મારી સહાયથી ફિલાડેલ્ફિયાની સરકારી ટંકશાળમાં જાળવી રાખ્યા છે. (જે હમણાં છપાયા છે) તે કાગળોમાંથી ઉપરનું અવતરણ લીધેલું છે અને એ તમામ પત્રો નેપોલિયનના ચારિત્ર્ય, વિચાર અને અભિપ્રાયને તેના સત્ય સ્વરૂપમાં જાહેર કરે છે; કેમકે એ પત્રો તેણે પોતાના ભાઇને ખાનગી લખેલા હતા. (જોસેફ ઍબટના ટિપ્પણનો સારાંશ.) ભા૦ ક૦

प्रकरण ६ ठुं–इटालियन विग्रह ई० सं० १७९६

નેપોલિયનનું લગ્ન થયું ત્યાર પહેલાં થોડાજ દિવસ અગાઉ ઈટાલિમાં પડેલી ફ્રેન્ચ સેનાના સેનાધિપતિની જગ્યાએ તેની નિમણુક થઈ. તેને આ પદવી આપતી વખતે એક ડિરેકટરે ટીકા કરી કે "આ જોખમ ભરેલા કાર્યમાટે અને વયોવૃદ્ધ સેનાપતિઓ ઉપર અધિકાર ચલાવવા માટે તમે હજી ઘણા નાના છો." નેપોલિયને તરતજ તેને જવાબ પરખાવી દીધો કે "**એક વર્ષની અંદર કાંતો હું વરડો થયો હોઈશ અથવા તો હું મરી ગયો હોઇશ.**" બીજા ડિરેકટરે કહ્યું કે "અમે તો તમને માત્ર સૈન્યજ આપીએ છીએ. આપણાં લશ્કર, ખોરાક, અને વસ્ત્ર વગરનાં થઇ ગયાં છે તે ખરીદવાને અમે તમને નાણાં આપી શકતા નથી." નેપોલિયને તેને પણ જવાબ આપી દીધો કે "**મને માત્ર સૈન્યજ આપો; એ સિવાય બીજું કાંઇજ નહિ જોઇએ; અને પરિણામમાટે મને જવાબદાર ગણજો.**"

લગ્ન કર્યા પછી પોતાની નવવિવાહિતા પત્નીને પારિસમાં રાખીને નેપોલિયન ઇટાલિની છાવણીમાં જવા માટે ઉપડી ગયો, પણ ત્યાં જતાં પહેલાં માર્સેલ્સ જઇને પોતાની માતાને મળી આવ્યો. આ વખતે ફ્રેન્ચ લશ્કર ખોરાક અને પૂરતાં વસ્ત્ર વગર દરેક પ્રકારની મુશીબતો વેઠતું આલ્પ્સ પર્વતનાં શિખરો ઉપર પડયું હતું. તેમની આસપાસ શત્રુઓનું વિશાળ સૈન્ય ચોતરફ પથરાયલું હતું. ઈટાલિના ફળદ્રૂપ પ્રદેશોમાંથી શત્રુઓને ખોરાકની સામગ્રી પૂરતા જથ્થામાં મળી આવતી હતી, ત્યારે બિચારા નિર્ધન અને ભયત્રસ્ત થએલા પ્રજાસત્તાક રાજયના લશ્કર પાસે પેટ પુરતું અન્ન અને શિયાળાની સખ્ત ઠંડીમાં શરીર ઢાંકવા જેટલાં વસ્ત્ર પણ ન હતાં. આવી અવસ્થામાં નેપોલિયને આવીને સેનાપતિપણું ગ્રહણ કર્યું.

એક બાજુએ ફ્રાન્સનું ઉછરતું પ્રજાસત્તાક રાજ્ય અને બીજી બાજુએ યૂરોપના બલિષ્ઠ નૃપતિઓ વચ્ચે ચાલેલા લાંબા યુદ્ધના રણક્ષેત્રમાં પ્રવેશ કરતા પહેલાં આપણે બેઉ પક્ષને પરસ્પર કલહ કરવાના મૂળ કારણનો વિચાર કરવા માટે પણ ક્ષણવાર થોભીએ.

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનું અનુકરણ કરીને ફ્રેન્ચોએ પ્રજાસત્તાક રાજ્યતંત્રની સ્થાપના કરી હતી. અને તેમ કરવાનો તેમને હક્ક ન હતો એમ કોઇથી કહી શકાશે

નહિ. જમાના ને જમાના થયાં વિષયલંપટ રાજાઓ અને નિરંકુશ ઉમરાવો લાખો ગરીબ લોકોનું જીવનરક્ત ચૂસીને પુષ્ટ થતા હતા; તેથી આખરે તેમનો જુલ્મ ન સહન થવાથી રૈયતે તેમની સત્તાનો નાશ કરીને પોતાનું શાસન પોતાના હાથમાં લીધું એમાં તેમણે કશું ખોટું કર્યું ન હતું. તેમને શાસનકાર્યનો અનુભવ ન હતો, અને રાજ્યતંત્રની વિદ્યાથી તેઓ અજાણ હતા તેથી કરીને શરૂઆતમાં તેમણે ઘણી ભૂલો કરી એ વાત ખરી; અને જ્યારે તેમણે પોતાના દેશની આસપાસ ચારે બાજુએથી ધસી આવતાં શત્રુસૈન્ય જોયાં અને દેશની અંદર રહેતા રાજભક્તોનાં કાવત્રાં જોયાં ત્યારે ક્રોધ અને આત્મસંરક્ષણની વૃત્તિને વશ થઇને તેમણે નહિ કરવા જેવાં, અનેક કાર્ય કર્યાં એ વાત પણ ખરી; પરંતુ તેમને ઉશ્કેરનાર કોણ? તેઓ તો માત્ર પોતાનું રાજ્યતંત્ર પોતાની મેળે ચલાવવાનો હક્ક માગતા હતા અને તેમ કરતાં જ્યારે તેમના પાડોશીઓ તેમને ઉપદ્રવ કરવા લાગ્યા ત્યારે મરણીઆ થએલા વાઘની માફક તેઓ પોતાના શત્રુઓ ઉપર તૂટી પડે એમાં શું આશ્ચર્ય? બીજી બાજુએ ફ્રાન્સમાં થતા રાજનૈતિક પરિવર્તનથી યૂરોપના રાજાઓ ભયભીત થયા. જો ફ્રાન્સની પ્રજા પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવામાં વિજયી થાય તો તેજ દહાડે યૂરોપના એકેએક રાજાને રાજ્યાસન છોડવાનો વખત આવે, એવી ધારતી તેઓને પેદા થઇ. ઇંગ્લાંડ ખળભળી ઉઠયું. સ્વરાજમાટે અધીરા થયેલા આયર્લેંડના કાદવનાં ઝુંપડામાંથી, અંધકારમય કોલસા અને લોખંડની ખાણોમાંથી તથા મનુષ્યોથી ઉભરાઇ જતાં નગરોમાંથી સ્વાતંત્ર્ય અને સમાનતાના પોકાર થવા લાગ્યા. પ્રજાસત્તાક રાજ્યની ભાવના પારિસના હૃદયમાંથી જન્મ પામી અને સમય જતાં યૂરોપનું એકેએક રાજ્યાસન ડોલાવવા લાગી. આ નવીન સત્તાનો નાશ કરવો અથવા તેને હાથે પોતાનો વિનાશ થવા દેવો એ બેમાંથી એક પરિણામ સ્વીકાર્યા વગર યૂરોપના રાજકર્તાઓને હવે છુટકો ન હતો. રાજાસત્તાક રાજ્યતંત્રના હિમાયતીઓની સહાનુભૂતિ યૂરોપના રાજાઓની તરફેણમાં હતી અને તમામ દેશોનો લોકસમુદાય પ્રજાસત્તાક રાજ્યનો જય ઇચ્છતો હતો. આ કારણથી નેપોલિયનનું સૈન્ય યૂરોપના જે જે શહેરમાં જતું ત્યાંના લોકો તેને પ્રેમથી વધાવી લેતા હતા; પરંતુ બીજી બાજુએ ખુદ ફ્રાન્સમાંજ રાજાના રાજભક્તો વિદેશી રાજાઓ ક્યારે પોતાના દેશમાં દાખલ થાય અને પ્રજાસત્તાક રાજ્યતંત્રને કચરી નાખીને રાજસત્તાની પુનઃ સ્થાપના કરે તે શુભ દિવસની રાહ જોતા બેઠા. આવી વસ્તુસ્થિતિ હોવાથી એક તરફ ફ્રાન્સમાં વિજયી થએલા પ્રજાસત્તાક રાજતંત્રના સિદ્ધાંતો યૂરોપના રાજ્યાસનોના પાયાને શિથિલ કરી રહ્યા હતાં,ત્યારે બીજી બાજુએ યૂરોપના રાજાઓનાં સંયુક્ત સૈન્યો સંગીન અને તોપોના જોર ઉપર નિર્ભર રહીને ફ્રાન્સની સરહદ ઓળંગીને તેનાં શહેરો ઉપર દારૂગોળાનો વરસાદ વરસાવતાં થકાં તેની સ્વાભિમાની પ્રજાને તેના પદભ્રષ્ટ થએલા રાજવંશને વિદેશી પ્રજાની આજ્ઞાનુસાર સિંહાસન

પર બેસાડવાની ફરજ પાડવાને પારિસ તરફ ધસી આવતાં હતાં. આ પ્રમાણે બેઉ પક્ષે આત્મસંરક્ષણ કરવાને યુદ્ધ આરંભ્યું હતું. ફ્રેન્ચો પોતાનું રાજ્યતંત્ર પોતે ચલાવાના અને પોતાને મન માનતું રાજ્ય બંધારણ પસંદ કરવાના વાજબી હક્ક માટે લડવા તત્પર થયા હતા. ત્યારે બીજી બાજુએ ભવિષ્યમાં પોતાની રાજસત્તાને આઘાત ન પહોંચે તેને માટે યૂરોપના રાજાઓએ શસ્ત્ર ધારણ કર્યાં હતાં. કયા પક્ષનું કહેવું વધારે ન્યાયપુરઃસર છે તેમાં ભલે મતભેદ હોય પણ એટલું તો ખરૂંજ કે જ્યારે ફ્રાન્સના પાડોશી રાજાઓ પોતાના સૈન્યના બળથી ફ્રાન્સમાં દાખલ થઈને તેની પ્રજાના વાજબી હક્ક ઉપર તરાપ મારે તો તેઓ પોતાના સ્વમાનની ખાતર પ્રાણાન્ત સુધી લઢવા તત્પર થાય એ સ્વાભાવિકજ છે. જ્યારે અમેરિકાનાં સંયુક્ત રાજ્યોએ ઇંગ્લંડની શૃંખલા તોડી નાખી ત્યારે યૂરોપ અને અમેરિકાની વચમાં વિશાળ મહાસાગર આવ્યો હતો તેથીજ તેમનું રક્ષણ થયું, નહિ તો યૂરોપના રાજાઓ ત્યાં પણ જરૂર લડવાને ગયા હોત. ફ્રાન્સની પ્રજાએ કયા પ્રકારનું રાજ્યતંત્ર રાખવું તેનો ઉપદેશ પોતાના હથિયારના જોરથી આપવા જવાનો યૂરોપના રાજાઓને હક્ક હતો ખરો ?

જ્યારે નેપોલિયન ઇટાલિ તરફ જવા નીકળ્યો ત્યારે ફ્રાન્સની પશ્ચિમ તરફની સરહદ ઉપર આસ્ટ્રિયાનું બે લાખ માણસોનું સૈન્ય ઝઝુમી રહ્યું હતું અને આસ્ટ્રિયાના પાદશાહે પોતાનાં ઇટાલિનાં તાબાનાં રાજ્યમાંથી એંશી હજાર માણસોનું સૈન્ય તૈયાર કરીને તેને ફ્રાન્સની દક્ષિણ હદ ઉપર મોકલવાની વ્યવસ્થા કરી હતી. દરિયા કિનારે ઇંગ્લંડનું અજય્ય નૌકાસૈન્ય ફ્રાન્સનાં એકેએક બંદરની ખબર લેતું હતું અને જે બંદર સુરક્ષિત ન હતાં તેનો નાશ કર્યે જતું હતું. આ પ્રમાણે બિચારૂં ફ્રાન્સ ચારે દિશાએ ઘેરાયું હતું. તેની તિજોરી ખાલી હતી દેશમાં દુષ્કાળ અને ભૂખમરો ડોળા ઘુરકાવી રહ્યા હતા અને રાજાના પક્ષના લોકો બળવો કરવાનો લાગ શોધી રહ્યા હતા. આવી અણીના વખતે ઈશ્વરે આ ભાગ્યહીન દેશને એક સમર્થ પુરુષ મેળવી આપ્યો અને તેણે પોતાનાં અસામાન્ય બુદ્ધિ અને સાહસથી બાજી ફેરી પલટાવી નાખી તેનો રોમાંચ કરે એવો ઇતિહાસ હવે શરૂ થાય છે.

નાઇસ શહેર પાસે આવેલી ફ્રેન્ચ લશ્કરની છાવણીમાં આવીને નેપોલિયને જોયું તો માત્ર ત્રીશ હજાર માણસોવડે તેને એંશી હજાર જેટલા શત્રુસૈન્ય સામે બાથ ભીડવાની હતી એટલુંજ નહિ; પણ એ ત્રીશ હજાર ફ્રેન્ચો નિરાશાની અણીપર આવેલા અને ભૂખે દુર્બળ બનેલા હતા. તેમનાં વસ્ત્રો ફાટી ગયેલાં હતાં. ઘોડાઓ ઘાસ ચંદી વગર મરી જવા આવ્યા હતા, તોપખાના માટે જોઇતો દારૂગોળો હતો નહિ અને ફ્રાન્સની ખાલી તિજોરીમાંથી આર્થિક સહાય મેળવવાની આશા વ્યર્થ હતી.

યુવાન સેનાધિપતિએ હોદ્દા ઉપર આવતાંવારનેજ સેનાપતિઓની એક સભા બોલાવી. ઘરડા અનુભવી સેનાપતિઓ આવો મૂછ વગરનો, નાદાન છોકરા જેવો સેનાધિપતિ

જોઇને પ્રથમ તો મૂછમાં હસ્યા પણ એક કલાકમાંજ તેમને સમજાઇ ગયું કે આપણા સર્વ કરતાં એ શ્રેષ્ઠ છે અને એનીજ આગેવાની નીચે લઢીને આપણે જરૂર વિજયી થઇશું. તેનો અથાગ ઉત્સાહ, અડગ આત્મશ્રદ્ધા, ગયે વખતે તે ઇટાલિમાં હતો તે દરમ્યાન અભ્યાસ અને શોધખોળ કરીને તેણે મેળવેલું સ્થાનિક ભૂગોળવિષયક જ્ઞાન તેની થોડું બોલવાની અને બીજાને ઝાઝી છુટ નહિ આપવાની ટેવ અને તે ઉપરાંત તેનું નિષ્કલંક ચારિત્ર્ય એ સર્વવડે તે મોટા, અનુભવી, અનેક યુદ્ધોમાં ઘડાયલા, અને બુદ્ધિમાન છતાં નીતિભ્રષ્ટ સેનાપતિઓ ઉપર થોડાજ વખતમાં તેનો પ્રભાવ પડી ગયો.

તે અત્યંત મિતાહારી હતો. દારૂને તો તે કદિ અડતોજ નહિ. જુગાર અને લાંચરૂશ્વતનો પણ તેને અત્યંત તિરસ્કાર હતો. વિષયવાસનાનો તેણે એક યોગીના માફક સંયમ કર્યો હતો. નાઇસ શહેરની પરમ રૂપવતી વારાંગનાઓએ આ યુવાન સેનાધિપતિને પોતાની મોહજાળમાં ફસાવવાનો ઘણોએ પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. પૈસાનો તેને લેશમાત્ર લોભ ન હતો. બીજા સેનાપતિઓ લશ્કરના ખર્ચમાંથી લાખો રૂપીઆ મારી ખાતા ત્યારે નેપોલિયન દિગ્વિજય કરીને પણ ખાલી હાથેજ સ્વદેશ પાછો ફર્યો હતો.

આ પ્રસંગને ઉદ્દેશીને તેણે, ઘણાં વર્ષ પછી એકવાર કહ્યું હતું કે “મારે અતટ્ઠ રહેવાની અને નિષ્કલંક ચારિત્ર્ય જાળવી રાખવાની જરૂર એટલા માટે હતી કે જ્યારે હું ઇટાલિના લશ્કરનો સેનાધિપતિ થઇને ગયો ત્યારે હુ છેક યુવાન હતો અને મારાથી મોટી ઉંમરના સેનાપતિઓ ઉપર મારે પ્રભાવ પાડવાનો હતો. આથી કરીને હું ઉમરમાં તેમનાથી નાનો છતાં પણ નીતિમાં મોટો છું એવી છાપ મારે તેમના મન ઉપર પાડવી હતી. જો આ પ્રસંગે હું પાર્થિવ લાલચે.ને વશ થયો હોત તો જરૂર મેં મારી સત્તા ગુમાવી હોત.”

હવે પ્રશ્ન એ થાય છે કે આ યુવાન સેનાપતિને નીતિ અને સદાચારના આવા ઉંચા આદર્શ ક્યાંથી પ્રાપ્ત થયા ? ફ્રાન્સમાં +ખ્રિસ્તી ધર્મની ઇશ્વરીય ત્રિમૂર્તિને ઠેકાણે વ્યભિચાર, અધર્મ અને જુગાર એ નવીન ત્રિમૂર્તિની પ્રતિષ્ઠા થયેલી હોવા છતાં નેપોલિયનનું ચારિત્ર્ય તેના જમાનાના માણસોના ચારિત્ર્યને મુકાબલે તદ્દન નિષ્કલંક હતું એમ કહેવાને હરકત નથી. તે પોતે કહે છે કે “મારા હૃદયમાં જો કાંઈ પવિત્ર અને ઉદાર ભાવનાઓ હોય તો તે મને મારી માતા પાસેથી પ્રાપ્ત થઈ હતી.

નેપોલિયનની જનની લેટિશિયા અસાધારણરીતે સુલક્ષણા સન્નારી હતી. જ્યારે

+ ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ઈશ્વર, જીસસક્રાઈષ્ટ અને પવિત્ર આત્મા એ ત્રણ ત્રિમૂર્તિ મનાય છે.

તેણે તેના બીજા પુત્ર નેપોલિયનને જન્મ આપ્યો અને ઈશ્વરનો આભાર માનીને તે કુમળા બાળકને પોતની ગોદમાં લીધો ત્યારે તે પોતે માત્ર ઓગણીશજ વર્ષની હતી. પોતાના પ્રતિભાશાળી પુત્રને તેને માટે સરજાયલા સર્વોત્કૃષ્ટ સ્થાનને યોગ્ય કેળવણી આપનાર આ યુવાન માતાજ હતી. જે બાળકે ભવિષ્યમાં રાજદંડ ધારણ કર્યો, ભલભલા મુકુટધારીઓનાં સિંહાસનો ઉથલાવી નાખ્યાં અને જેની અપ્રતિહત તલવારે ચતુરંગ સૈન્યોની ઘાસની માફક કાપણી કરી નાખી તે કુમળા હાથ તે માતાનેજ ગળે વીંટળાઇને લાડતા હતા. જેની આજ્ઞા આખા યુરોપખંડને હલમલાવી નાખતી, જેના + જ્વલંત અને ઉત્તેજક શબ્દો સાંભળીને રણસંગ્રામમાં એક પછી એક પ્રજાઓ રણઘેલી થઇને કુદી પડતી તે બાળકને "મા" અને "બાપા" શબ્દોનો ઉચ્ચાર શીખવનાર તેજ હતી. જે પગે ભવિષ્યમાં મિસર દેશના રેતાળ મેદાનોમાં કુચ કરી, જે પગ રૂશિયાના રુધિરપ્લાવિત અને બરફથી ઢંકાયલા પ્રદેશોમાં ફર્યા અને જે પગ ઘડપણ અને માંદગીથી નિર્બળ બનીને સેંટ હેલેનાના ઉજ્જડ અને ખડકાળ જમીન ઉપર ટગુમગુ ટગુમગુ ગતિથી ચાલ્યા તે પગને પ્રથમ ચાલતાં શીખવનાર તેજ હતી. આસપાસની આખી આલમ જ્યારે પાપ અને અનીતિમાં ગરકાવ થઇ હતી ત્યારે, પોતાના પુત્રના હૃદયમાં સ્વમાન અને સુનીતિનાં બીજ વાવનાર તથા તેને વિષયી અને જુગારી બનતો બચાવનાર તેજ આદર્શ માતા હતી. તેનાજ સદુપદેશના પ્રતાપે નેપોલિયને એક ક્ષણવાર પણ નૈતિક સીમાનું ઉલ્લંઘન કર્યું ન હતું અને તેની રાજસભા, જે આખા જગત્‌માં સર્વથી વિશેષ ભવ્ય હતી તે હજી પણ નીતિ અને સૌજન્યને માટે આદર્શરૂપ મનાય છે.

લેટિશિયાની ધર્મભાવના તે સમયના ભ્રષ્ટ થએલા ખ્રિસ્તીધર્મ કરતાં એવી સાચી અને પવિત્ર હતી કે તેના બુદ્ધિમાન પુત્રને પણ એ ધર્મને સન્માન આપવું પડયું. એજ કારણથી ફ્રાન્સની પ્રજાને નાસ્તિકતા, ભ્રષ્ટતા, લંપટતામાંથી વાળીને ધર્મની સુશીતળ, પવિત્ર અને જીવનપ્રદ છાયા તરફ ફરીથી લઈ જવાની નેપોલિયનને પ્રેરણા થઇ. તેની આજ્ઞાથીજ દેવાલયોમાં ઘંટનાદ થવા લાગ્યા, હજારો નગરવાસીઓ ભકિતભાવ ધારણ કરીને દેવળમાં ફરીથી જતા થયા અને લગ્ન તથા અંત્યેષ્ટિની ક્રિયાઓ ફરીથી ધર્મવિધિ પ્રમાણે થવા લાગી. આ સર્વ ચમત્કારિક ફેરફાર કરનાર અને નાસ્તિક ફ્રાન્સને એક કલાકમાં ખ્રિસ્તી બનાવનાર બીજું કોઇજ નહિ પણ નેપોલિયનની દેવીતુલ્ય માતાજ હતી. નેપોલિયનના આજ્ઞાપત્રમાં તેનાજ કોમળ, મધુર અને હૃદયદ્રાવક અવાજનો રણકો સંભાળાયો હતો. ધન્ય છે એવી આદર્શ માતાને! ધન્ય છે એ નેપોલિયનની જનેતા લેટિશિયાને!

હવે પાછા આપણે પ્રસ્તુત વિષય તરફ વળીએ. આસ્ટ્રિયાના લશ્કરનો પરાભવ કરવાની યોજના કરવાને નેપોલિયને પોતાના સેનાપતિઓને એકઠા કર્યા. અનુભવી

સેનાપતિઓ દાઢીમૂછ વગરના સેનાપતિને જોઇને ખીજવાયા હતા. તેમાંના એકે નેપોલિયનને સલાહ આપવાની હિંમત ચલાવી પણ નેપોલિયને તેને એકદમ ચૂપ કરી દીધો અને કહ્યું, “ ગૃહસ્થો ! યુદ્ધ કળાનો હજી જેવો જોઇએ તેવો વિકાસ થયો નથી. શત્રુને અગાઉથી ચેતવણી આપીને લડાઈ કરવાનો જમાનો તો હવે વીતી ગયો છે. આપણે તો તેમની ઉપર વજ્રની માફક તૂટી પડીને તેમના કટકે કટકા કરી નાખવાની જરૂર છે. શત્રુના લશ્કરમાં અનુભવી સેનાપતિઓ છે, પરંતુ મારા દાવપેચ આગળ તેમનો અનુભવ કશાજ કામમાં આવવાનો નથી. મારા શબ્દો યાદ રાખજો. મારા સૈન્યના પહેલાજ ધસારાની સાથે તેઓ ગભરાટમાં પડી જશે અને પોતાના યુદ્ધકળાનાં પુસ્તકોને નિરુપયોગી ગણીને સળગાવી મૂકશે. મારા પહેલાજ યુદ્ધની સાથે યુદ્ધકળાનો નવીન યુગ મંડાશે અને સૂર્યનો ઉદય થતાં અંધકાર નાસે તેમ તેઓ પલાયન કરી જશે. ”

આસ્ટ્રિયા અને સાર્ડિનિયાનાં સંયુક્ત સૈન્યો જૂદે જૂદે ઠેકાણે છાવણીઓ નાખીને પડયાં હતાં. નેપોલિયનની યુક્તિ એવી હતી કે પોતાનાં ત્રીશ હજાર માણસોવડે ઘણીજ ત્વરાથી કુચ કરીને શત્રુઓનાં વિભક્ત સૈન્ય એકત્ર થવા પામે તે પહેલાંજ એક પછી એક સૈન્ય ઉપર તૂટી પડીને તેમનો વિનાશ કરી નાખવો.

વગર વિલંબે ફ્રેન્ચ સેનાએ કૂચ કરવા માંડી. નેપોલિયન રાતદિવસ ઘોડા ઉપરજ પસાર કરવા લાગ્યો. તેને આહાર કે નિદ્રાને માટે કામમાંથી અવકાશ કહાડવાની જરૂર જણાતી નહિ. તેનો જુસ્સો સેનાપતિઓમાં અને આખા સૈન્યમાં ફેલાઈ ગયો હતો અને તેમનામાં પણ ઓર પ્રકારની ચેતના આવી ગઇ હતી. તે દરેકે દરેક ટુકડીની મુલાકાત લેતો, સિપાઇઓ સાથે સહાનુભૂતિથી વાતચીત કરતો અને તેમના દુઃખનો અંત તથા યશ પ્રાપ્તિ કરવાનો સમય નજીક આવ્યો છે એમ કહીને તેમને ઉત્સાહ આપતો. વસંતઋતુ બેઠી હતી. તેની અને તેના શત્રુઓની વચ્ચે બરફની નદીઓ અને બરફથી ઢંકાયલાં આલ્પ્સ પર્વતનાં શિખરો આવેલાં હતાં. તેને ઓથે રહીને શત્રુઓને તેની હિલચાલની જાણ ન થાય તેવી રીતે તેણે પોતાના સૈન્યને તૈયાર કર્યું. લશ્કરને જૂદે જૂદે રસ્તે થઇને મુકરર કરેલે વખતે અને મુકરર કરેલી જગ્યાએ લાવવામાં હજારો કુદરતી અંતરાયો હતા અને ભારે જોખમ ખેડવાનું હતું. પણ નેપોલિયનને કશાની પરવા ન હતી. મુકરર કરેલે વખતે ફ્રેન્ચ સેના અનેક ટુકડીઓમાં વિભક્ત થઇને પોતપોતાના સેનાપતિ સાથે જૂદે જૂદે રસ્તે થઇને મુકરર કરેલી જગ્યાએ આવી મળવા માટે ચાલતી થઇ. ઠંડા પવનના સુસવાટ તથા કરા અને વરસાદના મારને ન ગણકારતું ફ્રેન્ચ લશ્કર આલ્પ્સની ખીણોમાં થઈ વેગબંધ વહેતી નદીઓ ઓળંગીને ભૂખ અને ઉજાગરાને તુચ્છકારતું હર્ષભેર આગળ વધવા લાગ્યું. જેઓ થાકયા તેઓ અને જલદીથી નહિ ખેંચી જવાય

તેવી ભારે તોપોને રસ્તામાં રહેવા દઇને તેઓ આગળ કૂચ કરતા ગયા. અગીઆરમી એપ્રિલની રાત્રિએ મુશળધાર વરસાદ વરસ્યો, અને જ્યારે આસ્ટ્રિયન લશ્કર પોતાના તંબુઓમાં સુખચેનથી ઉંઘતું હતું ત્યારે નેપોલિયનનું લશ્કર ભીને વસ્ત્રે, એકાંઠે વહેતી નદીઓ ઓળંગીને તથા કાદવથી ભરેલી ખીણો ખુંદીને અને લપસણી ટેકરીઓ ઉપર ચઢીને સવાર થવા પહેલાંજ શત્રુની લગોલગ આવી પહોંચ્યું. બારમી એપ્રિલનું મળસ્કું થતાં નેપોલિયન શત્રુની છાવણીની પાછળ આવેલી ટેકરીની ટોચ ઉપર આવી લાગ્યો. ત્યાં રહીને તેણે નીચે દૃષ્ટિ કરી તો શત્રુઓ નિશ્ચિંતપણે ટેકરીની તળેટીમાં આવેલા મોન્ટિનોટ ગામ આગળ ઘસઘસાટ ઉંઘતા હતા. હજી અરુણોદય થવાને ઘણીવાર હતી. એક પળવારમાં તેણે પોતાના સૈન્યની વ્યૂહરચના એવી કુશળતાથી કરી નાખી કે શત્રુસૈન્યને બધી બાજુથી ઘેરી લેવામાં આવ્યું. પોતાનું સૈન્ય લાંબી કંટાળાભરેલી દડમજલ કરીને થાકેલું હતું તોપણ નેપોલિયને તેમને જરા સરખો આરામ લેવા દીધો નહિ. આસ્ટ્રિયા અને સાર્ડિનિયાના સંયુક્ત સૈન્ય ઉપર ફ્રેન્ચ સેના વાવાઝોડાના વેગથી બધી બાજુએથી તૂટી પડી. શત્રુઓ ચમક્યા-લાંબા વખત સુધી મરણીઆ થઇને લડ્યા, પણ ફ્રેન્ચો ત્રીશ હજાર અને શત્રુઓ દશ હજારજ હતા. એટલે તેમને હારવુંજ પડ્યું. આ યુદ્ધમાં થએલી કતલ કમકમાટી ઉપજાવે એવી હતી. હુમલો કરતા યોદ્ધાઓની વીરહાક, ઘવાયલાઓની ચીચીઆરીઓ, દોડતા ઘોડાઓની ખરી નીચે કચરાતા વીર પુરુષોનાં ખૂમરાણ, કાદવમાં રગદોળાતા અને ભારે તોપોની ગાડીઓ નીચે પીલાતા સૈનિકોના કચ્ચરઘાણ થએલા દેહ, અનાથ વિધવાઓ અને નબાપાં બાળકોની હાય-આવાં આવાં અનેક બીભત્સ દૃશ્યો સંસ્કૃતિનો ગર્વ રાખતી માનવપ્રજાના ઇતિહાસમાં કલંકરૂપજ છે.

આસ્ટ્રિયા અને સાર્ડિનિયાનાં સૈન્ય બહાદૂરીથી લડ્યાં પણ અંતે ફ્રેન્ચોના મારથી છિન્ન ભિન્ન થઇને રણક્ષેત્ર ઉપર ત્રણ હજાર હણાયલા અને ઘવાયલા સાથીઓને રઝળતા મૂકીને પલાયન કરી ગયાં. મુખ્ય સેનાધિપતિ તરીકે નેપોલિયનનું આ પહેલુંજ યુદ્ધ હતું અને તેમાં તેનો સંપૂર્ણ વિજય થયો. આ બનાવ બન્યા પછી ઘણે વર્ષે તેણે ×આસ્ટ્રિયાના શહેનશાહને કહ્યું હતું કે **મારી કુલીનતાનો પ્રારંભ મોન્ટિનોટના રણસંગ્રામમાં થયો હતો.**

આસ્ટ્રિયાનું સૈન્ય દેગો તરફ નાઠું કેમકે ત્યાંથી તેમને સહાય મળવાની આશા

× આસ્ટ્રિયાની રાજકન્યા સાથે નેપોલિયનનુ લગ્ન થવાનું હતું. નેપોલિયન રાજવંશી અને ઉમરાવ કુળનો ન હતો, તેથી કરીને પોતાના જમાઇને ગમે તેમ કરીને ઉમરાવ કુળમાં જન્મેલો સિદ્ધ કરવા આસ્ટ્રિયાનો શહેનશાહ ફાંફાં મારતો હતો. નેપોલિયનને કુલીનતાના મિથ્યાભિમાન તરફ તિરસ્કાર હતો તેથી તેણે ઉપલો જવાબ આપ્યો હતો.

હતી અને મિલાન શહેરનો બચાવ કરવાની જરૂર હતી. સાર્ડિનિયાના લશ્કરે પોતાની રાજધાની ટ્યૂરિનનું રક્ષણ કરવા મિલેસિમોનો રસ્તો પકડયો. આ પ્રમાણે નેપોલિયને બેઉને છૂટાં પાડયાં. પોતાના થાકેલા સૈન્યને થોડાક કલાકનો આરામ લેવા દઇને અને પોતે એક કલાકનો પણ આરામ ન લેતાં, નેપોલિયને શત્રુની પૂંઠ પકડવાની તૈયારી કરી. પોતાનું સૈન્ય વિજયોન્મત્ત હોય અને શત્રુઓ પરાજયથી નાહિંમત થએલા હોય એવીને એવીજ હાલતમાં તેણે શત્રુ સૈન્ય ઉપર આક્રમણ કર્યું. એપ્રિલની તેરમી અને ચૌદમી તારીખ અવિરત સંગ્રામમાં વ્યતીત થઇ. શત્રુઓ મજબૂત કિલ્લામાં રહીને અને ટેકરાઓ ઉપર મોરચા બાંધીને યુદ્ધ કરવા લાગ્યા. નેપોલિયન પોતાના લશ્કરની મુશીબતોમાં સમાન ભાગ લેતો હતો અને પોતાના જાનને પણ જોખમમાં મૂકીને તેમને શૂર ચડાવતો હતો. ડેગો અને મિલેસિમોનાં યુદ્ધોમાં શત્રુઓનો પૂરેપૂરો પરાજય થયો, અને તેમની તોપો તથા યુદ્ધ સામગ્રી વિજયી ફ્રેન્ચોના હાથમાં આવ્યાં. નેપોલિયને પ્રથમ કહ્યું હતું તે પ્રમાણે તે શત્રુસેના ઉપર વજ્રની માફક તૂટી પડયો અને વજ્રપાતની માફક તેમનો સંહાર કરી નાખ્યો. ત્રણ દિવસમાં તેણે ત્રણ તુમુલ સંગ્રામ કર્યા અને ત્રણેમાં તેણે પૂરેપૂરો વિજય મેળવ્યો.

પરંતુ હજી નેપોલિયનની સ્થિતિ ભયભરેલી હતી. વિખરાયલું શત્રુસૈન્ય પાછું તેની આસપાસ એકત્ર થતું હતું. તેને જો તેમ કરતું સવેળા ન અટકાવે તો તેના નાનકડા સૈન્યનો કચ્ચરઘાણ નીકળી જાય તેમ હતું. એક દિવસ આળસથી કે એક કલાકના પણ વિલંબથી ફ્રેન્ચ સેના સપડાઈ જાય એવી બાજી હતી. આથી તેણે આગળ વધવાનું જારીજ રાખ્યું. લાગલાગટ કૂચ કરવામાં અને ઉપરાઉપરી લડાઇઓ લડવામાં સિપાઇઓને સીધું આપી શકાયું ન હતું; તેઓ ભૂખ્યા અને લગભગ વસ્ત્રહીન હોવાથી તેમણે લૂંટફાટ કરવા માંડી. પણ નેપોલિયનનો ઉદ્દેશ ઇટાલિના લોકોની પ્રીતિ મેળવવાનો હતો; ઈટાલિના લોકો ફ્રેન્ચોને જીતનાર નહિ પણ ગરીબ રૈયતને જુલ્મી રાજાઓના જુલ્મમાંથી છોડાવનાર ગણે એવો તેનો ઉદ્દેશ હતો. તેથી તેણે લૂંટ ચલાવનાર સિપાઇઓને સખ્ત શિક્ષા કરી.

ઉપર કહ્યા મુજબ આગળ વધતો વધતો નેપોલિયન થોડાજ વખતમાં ઈટાલિની સરહદ ઉપર આવેલા પર્વતોના શિખર ઉપર આવી પહોંચ્યો. ત્યાં રહ્યાં રહ્યાં ઇટાલિનાં રળીઆમણાં મેદાનોનું અવલોકન કરતાં તેનું કવિત્વપૂર્ણ હૃદય આનન્દોન્મત્ત બની ગયું. વિશાળ ખીણોમાં નાના પ્રકારનાં વૃક્ષો, દ્રાક્ષથી ઝૂકી રહેલા બગીચા, તાજા લીલા પાકથી ઉભરાઇ જતાં ખેતરો, તેમની વચમાં આવેલાં શાતિમય નાનાં નાનાં સુંદર ગામડાંઓ, એ સર્વની અપૂર્વ શોભા તેની દૃષ્ટિએ પડી. વળી એ ખીણોમાં રૂપેરી કોરની માફક સૂર્યકિરણથી ચળકાટ મારતી અસંખ્ય રમણીય નદીઓ કોઇ ઠેકાણે અરણ્ય અને ખેતરો પાસે થઇને સર્પાકારે વહેતી, કોઇ ઠેકાણે પર્વતોની

હારોને ઓથે અદશ્ય થઈ જતી તો કોઇ ઠેકાણે ઈટાલિનાં ધન અને મનુષ્યથી ભરપૂર શહેરો આગળ થઇને વહી જતી હતી. ઠેકાણે ઠેકાણે બરફથી ઢંકાયલાં શિખરોને લીધે વૃદ્ધ દેખાતા પર્વતોની હાર નજરે પડતી હતી. નેપોલિયને ઘોડે બેઠાં બેઠાં * સીઝર અને સીપીઓ, ગ્રેકાઇ અને હોરેશિઓની અપૂર્વ શોભામય લીલાભૂમિનું થોડીવાર નિરીક્ષણ કર્યું.

પણ હમણાં તેને પ્રકૃતિની લીલાનું દર્શન કરવાનો અવકાશ ન હતો. દરેક દિશાએથી શત્રુસૈન્યરૂપી વાદળાં એકત્ર થયે જતાં હતાં. ફ્રેન્ચ સેના પર્વતોની સાંકડી ખીણોમાં થઇને ઇટાલિનાં રળીયામણાં મેદાનોમાં દાખલ થઇ. એક ટુકડીને આસ્ટ્રિયાના સૈન્યની પૂંઠ પકડવા મોકલીને નેપોલિયન સાર્ડિનીયાની રાજધાની ટ્યૂરિન તરફ આગળ વધ્યો. અઢારમી તારીખે કેવા આગળ મોરચો નાખીને પડેલા આઠ હજાર માણસોના સાર્ડિનિયન લશ્કર સાથે યુદ્ધ કર્યું. સાર્ડિનિયનો મરણીઆ થઇને લઢયા. અંધારૂં થતાંસુધી તોપોના ધડાકા સંભળાયાજ ગયા. અંધારૂં થતાં યુદ્ધ બંધ પડયું. ફ્રેન્ચોએ પોતાનાં હથિયાર ઉપરજ સૂઇને રાત્રિ કહાડી. પણ શત્રુઓ તો રાતોરાત ભાગી ગયા. જયનાદ કરતી ફ્રેન્ચસેના આગળ વધી. હવે તેમના માર્ગમાં એક ઉંડી અને અત્યંત વેગબંધ વહેતી નદી આવી. તેને પેલે કિનારે શત્રુસૈન્ય મજબૂત મોરચા બાંધીને પડયું હતું. ફ્રેન્ચસેનાની પાછળ આસ્ટ્રિયાના સૈન્યનો જમાવ થયેજ જતો હતો. ફ્રેન્ચોએ આટલી મોટી ફતેહો મેળવી છતાં તેમની સ્થિતિ ભયભરેલી હતી. રાત્રે સેનાપતિઓની એક સભા મળી અને નેપોલિયને ઠરાવ કર્યો કે લશ્કર થાકેલું છે, છતાં પણ સવાર પડતા પહેલાંજ પૂલ ઓળંગીને શત્રુઓ ઉપર તૂટી પડવું. સવાર થતાંજ ફ્રેન્ચ સેનાએ પૂલ ઓળંગ્યો પણ તેમને સારે નસીબે શત્રુઓ તેમની આગળ આગળ ભાગી ગયા હતા. નેપોલિયને તેમને મોન્ડોવી આગળ પકડી પાડયા અને એક તુમુલ સંગ્રામ થયો. અહિં પણ નેપોલિયનનું બુદ્ધિબળ ફાવ્યું. તોપો અને વાવટા છોડીને શત્રુઓ નાઠા. નેપોલિયને તેમના પૂંઠ લીધી અને રાજધાની ટ્યૂરિનથી માત્ર વીસ માઇલને અંતરે આવી પહોંચ્યો.

હવે તે રાજધાનીમાં ઉથલપાથલ થવા લાગી. રાજનૈતિક વિષયમાં પ્રજાસત્તાક રાજ્યતંત્રના પક્ષના ઘણા માણસો ટ્યૂરિનમાં હતા. તેઓ પણ ફ્રેન્ચોની માફક પોતાના રાજા અને ઉમરાવોને પદચ્યુત કરવાની ઉમેદ રાખતા હોવાથી નેપોલિયનને આવકાર આપવાને ઉત્સુક બની ગયા. બીજી બાજુએ રાજકુટુંબ અને ઉમરાવ વર્ગમાં ગભરાટ ફેલાયો. સાર્ડિનિયાનો રાજા ભયભીત બની ગયો. ઇંગ્લંડ અને આસ્ટ્રિયાના રાજપ્રતિનિધિઓએ તેને ઘણોએ સમજાવ્યો કે ગાંડાની માફક મોતના મોઢામાં ધસ્યો આવતો નેપોલિયન જરૂર માર્યો જશે પણ તેની હિંમત રહી નહિ. જો તેનો

---

* ઇટાલીના પ્રાચીન વીર પુરુષો.

પરાજય થાય અને ઇંગ્લંડ અને આસ્ટ્રિયા તેનું રક્ષણ કરવામાં નિષ્ફળ નીવડે તો ફ્રેન્ચ પ્રજાસત્તાક સરકાર તેના રાજ્યની અને તેની દુર્દશા કરે એ ઉઘાડુંજ હતું. તેણે અંગ્રેજો સાથે મૈત્રી કરીને ફ્રાન્સનાં શહેરોનો વિનાશ કરવામાં ભાગ લીધો હતો; ફ્રાન્સના દેશદ્રોહીઓને આશ્રય આપ્યો હતો અને ફ્રાન્સમાં ત્યાંની સરકાર સામે કાવત્રાં કરાવ્યાં હતાં. એજ ફ્રેન્ચો હવે તેની રાજધાનીની નજીક આવ્યા હતા તેથી તેણે હિંમત છોડી દીધી અને નેપોલિયનને શરણ થવાનું કબૂલ કર્યું. આ બાજુએ નેપોલિયનને પોતાની સ્થિતિની ખબર હતી. તે સ્વદેશથી ઘણે દૂર આવ્યો હતો. તેના લશ્કરને હજી પેટ પૂરતું અન્ન અને વસ્ત્ર અપાયાં ન હતાં અને આપવાનાં સાધન પણ ન હતાં. બીજી તરફ શત્રુઓનું બળ દિવસે દિવસે વૃદ્ધિ પામતું હતું. આથી કરીને સાર્ડિનિયાના રાજા તરફથી આવેલી સલાહની માગણીને નેપોલિયને મનથી તો વધાવી લીધી પણ બહારથી તેના એલચીઓને આવતીજ કાલે ટ્યૂરિનને તોપને ગોળે ઉડાવી દેવામાં આવશે એવી ખાલી ધમકી આપીને તેમની પાસે મન માનતી સરતો કરાવી લીધી. એ સરતોની રૂએ નેપોલિયને શત્રુના કેટલાક કિલ્લા, પુષ્કળ યુદ્ધ સામગ્રી તથા તમામ રાજમાર્ગનો વહીવટ મેળવ્યાં. ત્યાર પછી તેણે પોતાના લશ્કરમાં નીચે મુજબનું શૂરાતન ચડાવે એવું જાહેરનામું પ્રકટ કર્યું:—

“ યોદ્ધાઓ ! છેલ્લા પંદર દિવસની અંદર તમે છ યુદ્ધોમાં ફતેહ મેળવી છે. તમે શત્રુના એકવીસ વાવટા, પચાસ તોપો અગત્યની જગ્યાઓ અને પિડમોન્ટનો સારામાં સારો પ્રદેશ જીતી શક્યા છો. તમે શત્રુનાં પંદર હજાર માણસોને કેદ પકડ્યાં છે અને દશહજાર માણસોને માર્યાં અથવા ઘાયલ કર્યાં છે. તમે તમારી બહાદૂરીથી હોલેંડ અને હ્રાઇન નદી ઉપર લડતી ફ્રેન્ચ સેનાની બરોબરી કીધી છે. તમે તદ્દન ઉઘાડા અને ભૂખ્યા હતા પણ હવે તમે તમારી જરૂરીઆતો મેળવી લીધી છે. તમે વગર તોપોએ લડાઇઓ જીત્યા છો; વગર પૂલે નદીઓ ઓળંગી ગયા છો; પગરખાં વગર લાંબી મજલો કરી છે; અને ભૂખે પેટે, વગર તંબુએ પડી રહ્યા છો. પ્રજાસત્તાક રાજ્યના યોદ્ધાઓજ—સ્વાધીનતાના રક્ષકોજ આવી સેવા બજાવી શકે. પણ મારા યોદ્ધાઓ ! આટલું કર્યા છતાં પણ જો હજી ઘણું કામ બાકી રહેતું હોય તો તમારો પરિશ્રમ હજી સફળ થયો કહેવાય નહિ. હજી ટ્યૂરિન અને મિલાન આપણે જીત્યાં નથી. મારા સાંભળવામાં આવ્યું છે કે તમારામાંના કેટલાક નાહિંમત થયા છે. પણ હું તે માની શકતોજ નથી. મોન્ટેનોટ અને મિલેસિમો ડિગો અને મોન્ડોવીના સંગ્રામોમાં ફતેહ મેળવનારા યોદ્ધાઓ ફ્રેન્ચ નામને વિશેષ કીર્તિ અપાવવાને તલપી રહેલા હોવા જોઇએ. પરંતુ હું તમારો સેનાપતિ થઇને તમારાં શસ્ત્રોને જય અપાવું તો તમારે પણ મારી એક સરત કબૂલ કરવીજ: પડશે. તે સરત એ છે કે **જે જે પ્રજાઓને તમે તેમના રાજાઓના જુલમમાંથી મુક્ત કરો તેમનું તમારે**

રક્ષણ કરવું અને તેમના ઉપર લેશમાત્ર પણ અત્યાચાર કરવો નહિ. જો તમે તેમ નહિ કરો તો તમે રૈયતને મુક્તિ આપનારા ન ગણાતાં પ્રજાપીડક ગણાશો. મારા હાથમાં ફ્રેન્ચ પ્રજાએ જે સત્તા મૂકી છે તે સત્તાનો ઉપયોગ કરીને હું ન્યાય અને કાયદાનો અમલ કરીશ અને તમને દયા અને સૌજન્યના કાનુનોનું પાલન કરવાની ફરજ પાડીશ. લુંટફાટ કરનારાઓને તો હું ગોળીથીજ ઠેર કરાવીશ.

“ ઈટાલિની પ્રજાઓ ! ફ્રેન્ચ સેના તમને રંજાડવા નહિ પણ તમારી બેડીઓ તોડી નાખવા આવે છે. ફ્રેન્ચો કોઈના દુશ્મન નહિ પણ તમામ પ્રજાઓના મિત્રો છે. તમે તેમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખજો. તમારી માલમિલ્કતને, તમારા ધર્મને અને તમારા રીતરિવાજોને અમે જરાએ અપમાન પહોંચાડીશું નહિ. અમે તમારી સાથે લઢીશું તોપણ ઉદાર દિલના દુશ્મન તરીકે લઢીશું. અમારે રૈયતની સાથે લઢવુંજ નથી; તમે અમારા દુશ્મન નથી પણ જે જુલમગાર રાજાઓએ તમને દાસત્વમાં જકડી રાખ્યા છે તેઓજ અમારા દુશ્મન છે. ”

प्रकरण ७ मुं

આસ્ટ્રિયન સેનાની પૂંઠ પકડવી. ૧૭૯૬

“ અસંભવિત ! એ શબ્દ ફ્રેન્ચ ભાષાનો નથી. ” **નેપોલિયન**

સાર્ડિનિયાના રાજા સાથે નેપોલિયને જે સંધિ કરી તે તેના લશ્કરના મોટા ભાગને નાપસંદ હતી. તેઓ તો રાજાને પદભ્રષ્ટ કરીને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા ટમટમી રહ્યા હતા. સાર્ડિનિયાના લોકો પણ નેપોલિયનની પ્રાર્થના કરતા કહેતા હતા કે તમે સંમતિ આપો તો અમે પ્રજાસત્તાક રાજ્ય બનાવીએ અને ફ્રાન્સના સદાના મિત્રો થઇએ. જો તે મોઢેથી હા ભણ્યો હોત તો તેમ થવાને વિલંબ ન હતો, પણ અસાધારણ રાજનૈતિક દીર્ઘદષ્ટિ વાપરીને આ ઉછાંછળા વિચારોને તેણે અનુમોદન આપ્યું નહિ. તે જાણતો હતો કે ઇટાલિની અશિક્ષિત અને રાજ્યતંત્રથી બિનવાકેફ પ્રજા પોતાનું રાજ્ય પોતાની મેળે ચલાવવા જતાં ફ્રેન્ચોની માફક ભયાનક રાષ્ટ્રવિપ્લવ કરી નાખશે. એથી કરીને તેણે ઘણી સમયસૂચકતાથી લોકોના ખોટા ઉત્સાહને ઠંડો પાડયો. તે રાજનૈતિક સુધારણાને પસંદ કરતો હતો પણ રાજ્યપરિવર્તનને ધિક્કારતો હતો. અલબત્ત, રાજાઓ અને ઉમરાવો દોલત, સત્ત અને પ્રતિષ્ઠાને પોતાનીજ કરી બેઠા હતા અને લોકવર્ગ તો તેમનું દાસત્વ કરવા માટેજ સરજાયા છે એવો દાવો કરતા હતા. એ માન્યતાનું ખંડન થાય, અને લોકવર્ગ દાસત્વમાંથી મુક્ત થાય એવું તે ઇચ્છતો હતો; પણ રાજાનાં સિંહાસનો ઉથલાવી નાખીને અને અસંસ્કૃત, બિન અનુભવી લોકોના હાથમાં રાજસત્તા મૂકીને આ ફેરફાર કરવો નહિ પણ રાજાના અધિકારની સાથે લોકોની સ્વાધીનતાના અંશોની મિલાવટ કરીને લોકોને રાજકારભારમાં ધીરે ધીરે વધારે જવાબદારી આપતા જઇને એક સુદૃઢ અને સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ઉપજાવીને લોકોની ખીલતી અભિલાષાઓને પોષણ મળે એવું તે ઇચ્છતો હતો.

નેપોલિયન પોતે ઘણીજ છટાદાર ભાષામાં લખે છે કે “ જો લોકહિત તરફ નજર રાખીને, ઉદાર રાજનીતિ અખ્ત્યાર કરીને ઈંગ્લંડે ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યને પોતાના મિત્ર તરીક ગણ્યું હોત તો ફ્રાન્સ અને આખા યૂરોપનું પ્રારબ્ધ કેવું સુધરી

જાત ! જો ઈંગ્લંડે તેમ કર્યું હોત તો ફ્રાન્સમાં ઠેરઠેર વધસ્તંભો ઉભા ન થયા હોત, લોહીની નદીઓ ન વહી હોત, યૂરોપના રાજાઓ ભયભીત થાત નહિ અને કાળે કરીને લોકમતમાં ફેરફાર થતાં, યૂરોપનાં રાજ્યોને રાષ્ટ્રવિપ્લવનો સખ્ત આચકો લાગ્યા વગર × રાજાસત્તાક રાજ્યો સુવ્યવસ્થિત રાજાપ્રજાસત્તાક રાજ્યનું સ્વરૂપ ધારણ કરત.”

નેપોલિયને શત્રુરાજ્યના જીતાયલા વાવટાઓ સાથે સેનાપતિ મુરાને પારિસ મોકલ્યો. આવી અણુધારી ફતેહથી આખા શહેરમાં હર્ષના ઉત્સવ થયા અને જ્યાં ત્યાં નેપોલિયનનાં યશોગાન થવા લાગ્યાં. મુરાએ વિજયનાં ચિન્હો ડિરેકટરોની સભા આગળ રજુ કર્યાં તે વખતે બીજા દેશોના રાજપ્રતિનિધિઓ પણ હાજર હતા. પ્રજાસત્તાક રાજ્યની સેનાએ મેળવેલી ફતેહથી દુનિયાની નજરમાં તેમનું ગારવ ઘણું વધી ગયું.

નેપોલિયન આવાં સંકટથી ભરેલા રણસંગ્રામોમાં રાતદિવસ રોકાયો હતો, તે છતાં પણ તે પોતાની નવવિવાહિતા પત્નીને ભૂલી ગયો ન હતો. લગભગ રાત દિવસ સુધી તો તે પેટ ભરીને જમ્યો ન હતો, તેમ નિરાંતે ઉંઘ્યો ન હતો; શરીર પરનો ડગલો કે જોડા પણ ઉતાર્યા ન હતા તે છતાં પણ તે પોતાની સ્ત્રીને ટૂંકા પણ અત્યંત પ્રેમપૂર્ણ પત્રો લખવાને ચૂક્યો ન હતો. જોસેફઈન પ્રત્યે આવી માયાળુ વર્તણુક તેણે આખા જીવનપર્યંત રાખી હતી અને તેની સાથેનો લગ્નસંબંધ રદ કર્યા પછી પણ તેનો સદ્વયવહાર તો પ્રથમના જેવોજ કાયમ રાખ્યો હતો.

સાર્ડિનિયા સાથે સંધિ કર્યા પછી નેપોલિયને પોતાનાં સૈન્યસહિત પાર્માના રાજ્યમાં પ્રવેશ કર્યો. ત્યાંના રાજાએ આસ્ટ્રિયાનો પક્ષ છોડી દઇને નેપોલિયનને સલાહનું કહેણ મોકલ્યું. તેણે પણ ફ્રાન્સ ઉપર આક્રમણ કરવામાં આસ્ટ્રિયાના રાજાને સહાય આપી હતી તેથી લડાઇના ખર્ચના પેટામાં તેની પાસે દંડ લેવો ઉચિત હતો. પાંચસો ચાદીના ડૉલર, સોળસો લડાયક ઘોડા, અનાજનો સારો જથ્થો અને તેની ચિત્રશાળામાંનાં વીસ સર્વોત્તમ ચિત્રો એટલાં વાનાં લઇને નેપોલિયને તેની સાથે સંધિ કરી. નેપોલિયને તેની પાસેથી ચિત્રો પડાવી લીધાં તેને માટે કેટલાક ઇતિહાસકારો તેને વખોડે છે. એ વીસમાંના એકજ ચિત્રને માટે પાર્માના રાજાએ નેપોલિયનને બે લાખ ડૉલર આપવા માંડયા પણ તેણે તેનો સ્વીકાર કર્યો નહિ. તેણે કહ્યું કે “પૈસા તો થોડાજ વખતમાં ખર્ચાઇ જશે પણ સર્વોત્તમ ચિત્રકળાનાં નમુનેદાર ચિત્રો અનંતકાળપર્યંત પારિસની શોભામાં વૃદ્ધિ કરશે અને ત્યાંના રહેવાસીઓને એવાં ઉમદા ચિત્રો અંકિત કરવાની પ્રેરણા કરતાં રહેશે.” જીતાયલા રાજાઓ પાસેથી દંડ તરીકે દ્રવ્ય, ઘોડા વગેરે વસ્તુઓ લેવાનું જ્યારે કાયદેસર ગણાય છે ત્યારે

× અને કદાચ વર્તમાન સમયનું દારુણ યુદ્ધ ઉભું થાતજ નહિ. ભા૦ ક૦

ચિત્રોમાં એવું શું છે કે તે લેવા માટે નેપોલિયનને વખોડવો જોઈએ ? ચિત્રો પણ એક પ્રકારની મિલ્કત છે. રાજા પાસેથી દ્રવ્ય લેતાં એ દંડનો બોજો તેની ગરીબડી રૈયત ઉપર પડે છે. રાજાઓ પોતાના લોભમાટે લઢે અને તેના દંડનો બોજો રાંકડી રૈયત સહન કરે એ કેવો ન્યાય ? નેપોલિયને જે પ્રકારનો દંડ લીધો તેનો બોજો લડાઇ ઉભી કરનાર પાર્માના રાજાના ઉપરજ પડયો હતો. ભલે ઇતિહાસકારો ગમે તે મત આપે પણ એટલું તો ઉઘાડુંજ છે કે નેપોલિયન ધનલોભી ન હતો; ફ્રાન્સની કીર્તિ અને શોભા વધે એવી તેની અભિલાષા હતી; તેની રસવૃત્તિ ઘણીજ સુસંસ્કૃત હતી; અને તેનો ઉદ્દેશ ઘણા ઉંચા પ્રકારનો હતો.

નેપોલિયન ત્યાંથી આસ્ટ્રિયાના સૈન્યને પોતાની આગળ આગળ ધકેલતો વધ્યો ગયો. બે ત્રણ જગ્યાએ શત્રુનો પરાભવ કરતો તે લોંબાર્ડિના ફળદ્રૂપ પ્રદેશમાં દાખલ થયો. ત્યાંના લોકો પણ પોતાના રાજાના અમલથી કંટાળ્યા હતા અને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાની ઉમેદ રાખતા હતા. પોનદીને સામે કિનારે આસ્ટ્રિયાનું લશ્કર પડયું હતું, પણ નેપોલિયન ચાલાકીથી તેમની સરત ચૂકાવીને નીચાણેથી નદી ઓળંગી ગયો. આસ્ટ્રિયન સેનાપતિ બોલુએ પણ તેની પાછળ કુચ કરી અને બેઉ લશ્કરનો ફોમ્બિઓ ગામ આગળ ભેટો થયો. શહેરના મિનારા, ઘરની બારીઓ અને છાપરાં ઉપર ચઢી ચઢીને આસ્ટ્રિયનોએ ફ્રેન્ચો ઉપર ગોળાઓનો વરસાદ વરસાવ્યો, પણ તેઓ મોતને ન ગણકારતાં શત્રુઓને સંગીનથી વીંધતા આગળ વધ્યા, અને અંતે આસ્ટ્રિયનો નાઠા. ફ્રેન્ચોએ નાસતા શત્રુની પૂંઠ લીધી અને મે માસની (૧૭૯૬) ૧૦ મી તારીખે તેઓ અડાર નદીને કિનારે આવેલા લોદી નામના ગામ આગળ આવી પહોંચ્યા. નદીને સામે કિનારે આસ્ટ્રિયનો ૩૨૦૦૦ પાયદળ, ૪૦૦૦ ઘોડેસ્વાર અને ૩૦ ભારે તોપો સાથે ફ્રેન્ચોનો સત્કાર કરવા ઉભા હતા; અને વચમાં માત્ર એક ઘણો સાંકડો પૂલ હતો. થાકેલી અને ઘવાયલી ફ્રેન્ચ સેના લોદી ગામમાં પેઠી અને પોતાના જે યુવાન સેનાપતિને તેઓ હવે અજય્ય માનવા લાગ્યા હતા તેની આજ્ઞાની રાહ જોતા ઉભા. શત્રુઓ સામે કિનારેથી તેમના ઉપર ગોળાઓ વરસાવવા લાગ્યા. તેના મારથી બચવાને તેમણે શહેરના મકાનોની દિવાલોનો આશ્રય લીધો.

પ્રારબ્ધ ઉપર નેપોલિયનને એવી ચૂસ્ત શ્રદ્ધા હતી કે ભયની તેના મન ઉપર કશી અસરજ થતી ન હતી. તેણે તરતજ તોપના ગોળા અને બંદુકની ગોળીઓના વરસાદ સામે નિડરપણે ઉભા રહીને શત્રુસૈન્યનું નિરીક્ષણ કરી લીધું. ફ્રેન્ચસેના પૂલ ઓળંગી ન શકે તેટલા માટે આસ્ટ્રિયન સેનાપતિએ ઘણીજ ચતુરાઈથી પોતાની તોપો ગોઠવી હતી અને હજારો આબાદ નિશાનબાજ યોદ્ધાઓને પૂલ ઉપર ચારે બાજુએથી ગોળીઓની અજસ્રધારા કરવાની સૂચના કરી હતી. તે ધારત તો નેપોલિયનના આવતા પહેલાં સહેલાઈથી એ પૂલને તોડી શકત, પણ પોતે પસંદ કરેલી જગ્યાને

તે ઘણીજ અભેદ્ય સમજતો હતો અને કયારે ફ્રેન્ચો પૂલ ઉપર પગ મૂકે તેનીજ તે આતુરતાથી રાહ જોતો હતો. ફ્રેન્ચ લશ્કર પૂલ ઓળંગતું હોય તે વખતે શત્રુઓ પૂલ તોડી ન શકે તે માટે નેપોલિયને દુશ્મનની ગોળીઓની સખત ઝડી વચ્ચે જાતે ઉભા રહીને પોતાની તોપો ગોઠવાવી. પછી તે ગામમાં પાછો ગયો અને લશ્કર તથા સેનાપતિઓને જાહેર કર્યું કે આપણે ગમે તેમ કરીને પણ પૂલ ઓળંગવોજ જોઇએ. આ આજ્ઞા સાંભળીને બહાદૂરમાં બહાદૂર માણસો પણ થંભ્યા અને કહ્યું કે એ અસંભવિત છે. નેપોલિયને કહ્યું, " અસંભવિત ! એ શબ્દ ફ્રેન્ચ ભાષાનો નથી." અડગ આત્મશ્રદ્ધાવાન યુવાન વીર કેસરી નેપોલિયન બીજાના અભિપ્રાયથી ડગે તેવો ન હતો. સેનાપતિઓની નામરજી છતાં તેણે પોતાના સૈન્યમાંથી ૭ હજાર માણસો ચૂંટી કહાડયા અને વીરરસથી ભરપૂર શબ્દો જે તેને ખોળવા પડે એવા હતાજ નહિ તેવા ઉત્તેજક શબ્દો તેમને કહીને તેમનામાં ક્ષાત્રરસનો એવો તો સંચાર કર્યો, કે તેઓ પોતેજ શત્રુ ઉપર તૂટી પડવાને અધીરા બની ગયા. આ કાર્યમાં કેટલુંક જોખમ હતું પણ જો વિજય મળે તો કેવી ઉજ્જવલ કીર્તિ મળવાની વકી હતી તે તેણે સર્વને પૂરેપૂરૂં સમજાવ્યું. તેના તેમજ શત્રુના ઉભયના સૈન્યમાંથી આવું જોખમ ખેડવાને તૈયાર થાય એવો એક પણ વીર ન હતો. પણ પોતાની જિંદગીની તેમજ બીજા હજારો જાનની ખુવારી થતાં પણ જો ધારેલું કામ થતું હોય તો તે કરવા નેપોલિયન પાછો હઠે એવો ન હતો.

અડાર નદીમાં એક ઠેકાણે કિનારો ધસાઇને આરો થયો હતો અને આસ્ટ્રિયનોએ નહિ માની શકાય એવી ગફ્લત કરીને તે રસ્તો સાચવ્યો ન હતો. નેપોલિયને પોતાના ૭ હજાર ઘોડેસ્વારોને એ જગ્યાએથી નદી ઓળંગીને શત્રુસૈન્યના પાછલા ભાગ ઉપર તૂટી પડવાની આજ્ઞા આપીને મોકલ્યા અને પૂલના નાકાની નજીક આવેલા શહેરના રસ્તા ઉપર તેણે પોતાના સૈન્યને હારબંધ ગોઠવી દીધું.

સાંજ પડવા આવી હતી અને સૂર્ય ધીમે ધીમે ટાઇરોલિયન પર્વતના શિખરોને ઓથે ભરાવા લાગ્યો હતો. પવન શાંતપણે મંદગતિથી વાતો હતો. નદીમાંનું જળ સ્થિર ગતિથી વહન કરતું હતું. સમસ્ત પ્રકૃતિ શાંત અને ગંભીર હતી અને તેની રમણીય શોભા રાત્રિના અંધકારમાં ઢંકાવા આવી હતી. એવામાં નેપોલિયને શત્રુસૈન્યમાં ગરબડ થતી જોઇ. તે ઉપરથી તે સમજી ગયો કે તેમના પાછલા ભાગ ઉપર પોતે મોકલેલી ઘોડેસ્વારની ટુકડીએ ધસારો કર્યો હશે. તેનાં રણવાદ્ય પણ વાગવા લાગ્યાં અને ફ્રેન્ચસેનાએ શહેરના માર્ગ ઉપર એક અભેદ્ય સૈન્યસમૂહની આકૃતિમાં ગોઠવાઈને કુચ કરવી શરૂ કરી. ત્વરિત ગતિથી શહેરનાં મકાનોના ઓથામાંથી નીકળીને પૂર ઉત્સાહથી વીરગર્જના કરતા રણોન્મત્ત ફ્રેન્ચ યોદ્ધાઓ પૂલ તરફ ધસ્યા. તેમના ઉપર દુશ્મનોની તોપો અને બંદુકોમાંથી ગોળા અને ગોળીઓની વૃષ્ટિ થવા

લાગી. આગલી હાર તો એક ક્ષણ વારમાં ઘાસની માફક કપાઈ ગઇ અને મૂડદાંઓને લીધે પાછળ આવનારાઓને આગળ વધવું મુશ્કેલ થઇ પડયું; પરંતુ ધગધગતા લોખંડ અને સીસાની ઝડીની સામે મોતને તરણાતુલ્ય ગણીને બહાદૂર ફ્રેન્ચો આગળ ને આગળ ધસ્યા ગયા અને પૂલના મધ્ય ભાગ સુધી આવી પહોંચ્યા. શત્રુની તોપો અને બંદુકોનો માર જે ચાલુજ હતો, તે હવે અસહ્ય થઇ પડયો. જાણે ધગધગતો જ્વાળામુખી ફાટયો હોય અને ફ્રેન્ચો ઉપર પ્રલયાગ્નિ વરસાવી રહ્યો હોય એવો તોપોનો માર થવાથી તેઓ થંભ્યા અને પાછા હઠવાની તૈયારી કરવા લાગ્યા. નેપોલિયન તેમની વચમાંજ હતો. તેણે તરતજ વાવટો પકડનારના હાથમાંથી વાવટો ઝૂંટવી લીધો અને “તમારા સેનાપતિની પાછળ પાછળ ચાલો” એવો પોકાર કરીને ધૂમાડાથી અને ગોળાઓની વૃષ્ટિથી ચોમેર ઢંકાઇ ગએલા પૂલ ઉપર ઘોડો દોડાવી મૂકયો. તેની પાછળ લેની, માસેના બાર્થિયર વગેરે વીર સેનાપતિઓ ધસ્યા અને પોતાના યુવાન સેનાધિપતિના ઉદાહરણથી શૂરના આવેશમાં આવી ગએલું વીંધાતું, રુધિરથી ખરડાયલું સૈન્ય પણ કીકીઆરી કરતું પૂલ ઉપરથી પસાર થવા લાગ્યું. હવે કોની મગદૂર કે તેમને અટકાવી શકે ? વીરચૂડામણિ નેપોલિયનને ખાળવાની કોનામાં તાકાત હતી ? તેજ ઘડીએ ફ્રેન્ચ સ્વારો પણ શત્રુના તોપખાના તરફ પાછળની બાજુએથી ધસારાબંધ આવવા લાગ્યા; દારૂગોળાનો ધૂમ્રકોટ તો હજી ચાલુજ હતો પણ ફ્રેન્ચ સેના વેગબંધ વહેતી નદીની ત્વરાથી સાંકડા પૂલની ઉપર થઇને પસાર થઇ ગઇ, અને આસ્ટ્રિયન ગોલંદાજોને નિર્દયપણે સંગીનથી વીંધી નાખવા લાગી. બેઉ પક્ષ વચ્ચે દારુણ સંગ્રામ શરૂ થયો. આસ્ટ્રિયનો મરણીયા થએલા વાઘની માફક લઢયા, પણ નેપોલિયનના વીર્યવહ્નિની સામે ટકવું મુશ્કેલ હતું. પોતાના ચકિત કરી નાખે એવા છેલ્લા પરાક્રમથી ઉન્મત્ત થએલા ફ્રેન્ચો તોપો અને બંદુકોમાંથી તેમના ઉપર જાણે પુષ્પવૃષ્ટિજ થતી હોય તેમ બેધડક સિંહની માફક ઝૂઝયા.

તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું અને કાનના પડદા પાડી નાખે એવા તોપોના ધડાકા થયા જતા હતા તે વખતે એક સેનાપતિના જોવામાં આવ્યું કે દુશ્મનની અમુક તોપ ફ્રેન્ચોનો કચ્ચરઘાણ કહાડી નાખે છે. એક લશ્કરી અમલદાર ઘોર સંગ્રામની વચ્ચે થઇને દોડતે ઘોડે નેપોલિયનની પાસે આવ્યો અને કહ્યું કે તે તોપને પકડી લેવાને અમે ઘણો યત્ન કર્યો પણ વ્યર્થ ગયો માટે એક છેલ્લી વારનો યત્ન કરાય તો સારૂં. નેપોલિયન કહે, “એમાં શું ? ચાલો ત્યારે, આપણે તેને હમણાંજ ચૂપ કરી દઇએ.” પાસે ઉભેલા ઘોડેસ્વારો તરફ ફરીને તેણે કહ્યું, “ચાલો તમારા સરદારની પાછળ” જાણે વરઘોડામાંજ જતા હોય તેમ તેઓ ગોળા અને ગોળીઓના ધૂમ્રકોટની સામે હરખભેર ધસ્યા અને તોપસુધી દોડી ગયા. તેમની સમશેરો આસ્ટ્રિયન ગોલંદાજોની ગરદન પર ફરી વળી અને તેજ તોપનો ઉપયોગ શત્રુઓ ઉપર થવા લાગ્યો.

આસ્ટ્રિયનોએ હવે હિંમત છોડીને ભાગવા માંડ્યું. તેમના અઢીહજાર સિપાઇઓ અને ચારસો સ્વારો જમીનદોસ્ત થઇ ગયા અને વીસ તોપો તથા બે હજાર કેદીઓ ફ્રેન્ચોના હાથમાં આવ્યાં. ફ્રેન્ચોનાં પણ લગભગ તેટલાંજ માણસો રણમાં પડયાં.

એક ઘરડો ફ્રેન્ચ યોદ્ધો જે આ સંગ્રામમાં હાજર હતો તે લખે છે કે " **નેપોલિયનને ઉંચા પહેલવાન જેવા સિપાઈઓની સાથે વગર ઘોડે ઉભેલો જોઇને મને બહુ મજા પડી. તે નાના છોકરા જેવો દેખાતો હતો.** " આસ્ટ્રિયન સેનાપતિ તો આ પરાજયથી આભોજ બની ગયો. તેણે કહ્યું કે " એ દાઢી મૂછ વગરના પોરીઆને તો સારી પેઠે ખોખરોજ કરવો જોઇએ. આવી રીતે તે આજસુધી કોઇ લઢ્યું હતું !(એ બૂડથલને યુદ્ધકળાનું અને દાવપેચનું તો ભાનજ નથી ! ઘડીમાં પાછળથી, ઘડીમાં બાજુએથી અને ઘડીમાં સામેથી હુમલો કરે છે ! યુદ્ધ કરવાના મુકરર કરેલા અને પ્રમાણભૂત મનાયલા નિયમોનો ભંગ થાય છે એ અમારાથી સહન થતું નથી. " નેપોલિયને કહ્યું હતું તેવુંજ થયું. યુદ્ધકળાનાં પુસ્તકો ઉપરજ મુસ્તાક રહેનારા સેનાપતિઓ તેના અપૂર્વ દાવપેચથી આભાજ બની ગયા !

નેપોલિયન દેશનિકાલ થઇને સેંટહેલેનામાં રહેતો હતો તે વખતે એક માણસે તેને લોદીના સંગ્રામનો હેવાલ વાંચી સંભળાવ્યો. તેમાં એવું લખ્યું હતું કે નેપોલિયને અત્યંત બહાદૂરી બતાવી હતી અને તે સૌથી પહેલો પૂલ ઓળંગી ગયો હતો અને સરદાર લેની તેની પાછળ હતો. આ સાંભળીને તેણે કહ્યું કે " આ લખાણમાં ભૂલ છે. અહિંને અહિંજ સુધારવું પડશે. લેની તો મારી આગળ હતો ! મારી આગળ હતો ! અને હું તેની લગોલગ પાછળ હતો. " નેપોલિયન કેટલો **સત્યપ્રિય અને નિરભિમાની** હતો તે આ દૃષ્ટાંત ઉપરથી જણાઇ આવે છે.

આ ફતેહથી ફ્રેન્ચસેનાનો ઉત્સાહ બેહદ વધી ગયો અને તે આ પોતાના યુવાન સેનાપતિમાં અત્યંત શ્રદ્ધા રાખતા થયા. લશ્કરના વયોવૃદ્ધ યોદ્ધાઓએ પોતાના તદ્દન છોકરા જેવા દેખાતા સેનાધિપતિને " નાનો કોરપોરલ " (નાયક) એવું નામ આપ્યું. ત્યાર પછી જ્યારે જ્યારે તે પોતાના સૈન્યની સન્મુખ ઉભો રહેતો ત્યારે " **આપણો નાનો કોરપોરલ ઘણું જીવો** " એવા પોકારથી તેને વધાવી લેવામાં આવતો. તે પાછળથી કૉન્સલ અને શહેનશાહ થયો તોપણ તેનું આ નામ લશ્કરમાં તો કાયમને માટે રહી ગયું. નેપોલિયન કહે છે કે " મેં પારિસનો બળવો સમાવ્યો તેમજ મોન્ટિનોટનો સંગ્રામ જીત્યો તોપણ તેથી મારા સામર્થ્યનો પૂરેપૂરો ખ્યાલ મને આવ્યો ન હતો; પરંતુ લોદીનો વિકટ પૂલ જીત્યા પછીજ મને એકાએક વિચાર આવ્યો કે યૂરોપના રાજનૈતિક નાટકમાં મહત્ત્વનો પાઠ ભજવવાને માટે હું સરજાયો છું. તેજ દિવસથી મારા હૃદયમાં ઉંચામાં ઉંચા મનોરથનો ઉદય થયો.

લોદીના સંગ્રામનું પરિણામ જાહેર થતાં લોંબાર્ડિનો રાજા ફર્ડિનાંડ તેની ચોધાર

આંસુએ રડતી રાણી સાથે રાજમહેલ છોડીને ચાલતો થયો. તેમના ગયા પછી લોકોએ પોતાની સ્વાધીનતાની લાગણી ઉત્સાહભેર જાહેર કરી અને નેપોલિયનને પોતાના ઉદ્ધાર કરનાર તરીકે પ્રેમથી વધાવી લીધો; અને રાજમહેલની દિવાલ ઉપર એક પાટીયું લગાવી દીધું કે " આ મકાન ભાડે આપવાનું છે. હકીકત માટે ફ્રેન્ચ કમિશનરને લખો. "

મે માસની ૧૫મી તારીખે એટલે મોન્ટેનોટના સંગ્રામ પછી એક મહિને નેપોલિયન ફતેહનો ડંકો વગાડતો મિલન શહેરમાં દાખલ થયો. આખા ઇટાલિના દેશભકતો તેની મુલાકાતે આવ્યા. તેમને પણ એવી આશા હતી કે નેપોલિયન તેમને રાજાઓની ધૂંસરીમાંથી મુકત કરીને સ્વાધીન રાજ્યતંત્ર સ્થાપવામાં સહાય આપશે. શહેરમાં તેનો સત્કાર કરવાને કમાનો અને તોરણો બાંધવામાં આવ્યાં અને જ્યારે તેની સ્વારી પસાર થઇ ત્યારે પુરુષોએ હર્ષનાદ કર્યા અને મિલન શહેરની સુંદરીઓએ તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

મોડેનાનો રાજા પણ તેને શરણે આવ્યો અને તેની પાસેથી દંડ તરીકે વીસ-લાખ ડૉલર અને તેની ચિત્રશાળાનાં વીસ ઉત્તમોત્તમ ચિત્રો લેવામાં આવ્યાં. આ સંધિનો કરાર જ્યારે લખાતો હતો ત્યારે એક ફ્રેન્ચ અમલદાર નેપોલિયન પાસે આવીને કહેવા લાગ્યો કે " મોડેનાના રાજાનો ભાઇ આઠ લાખ સોનાના ડૉલર લાવ્યો છે અને તે તમને ભેટ આપવા ઇચ્છે છે. મારી પણ તમને સલાહ છે કે તમે તેનો સ્વીકાર કરો. એમાં શું ? એના બદલામાં રાજાના દંડમાંથી કાંઇક ઓછું કરજો. " નેપોલિયને જવાબ આપ્યો કે " હું રાજાનો આભાર માનું છું પણ એ નાણું લઇને તેના દબાણ નીચે આવવા ચહાતો નથી. " દંડની કુલ રકમ લશ્કરની તિજોરીમાં જમા થઇ અને નેપોલિયને એક દમડી પણ લીધી નહિ.

હવે નેપોલિયને એક બીજું જ્વલંત જાહેરનામું પ્રકટ કર્યું. તેનાથી ફ્રેન્ચસેનામાં અપૂર્વ શૌર્ય અને ઉત્સાહનો સંચાર થયો અને ઇટાલિના તમામ લોકોની પ્રબળ કલ્પનાશક્તિ ઉપર વીજળીના જેવી બળવાન અસર થઇ.

" યોદ્ધાઓ ! તમે [૧] એપિનાઇન પર્વતમાંથી વેગબંધ ધડધડાટ વહેતી નદીની પેઠે ત્વરાથી ઇટાલિનાં મેદાનોમાં ધસ્યા આવ્યા છો. તમારી ગતિમાં અટકાવ કરવાનો જેમણે યત્ન કર્યો તેમને સર્વને સૂકાં પાંદડાંની માફક તમારી આગળ આગળ ધકેલતા તમે ફતેહભેર ચાલ્યા આવ્યા છો. તમે ઓસ્ટ્રિયાની બેડીઓમાંથી અને ત્યાંના રાજાના જુલમમાંથી પિડ્મોંટ પ્રદેશની પ્રજાને મુક્ત કરી છે; મિલન શહેર તમે જીતી લીધું છે અને આખા લોંબાર્ડિ પ્રાંતમાં પ્રજાસત્તાક રાજ્યની ત્રિરંગી ધ્વજા ફરફરી રહી છે. પાર્મા અને મોડેનાના રાજાઓ તમારી મહેરબાનીને લીધેજ પોતાનાં સિંહાસનો

---

[૧] ઇટાલિ દેશનો મુખ્ય પર્વત.

ઉપર કાયમ રહ્યા છે. જે સૈન્ય એક દિવસ ગર્વથી છકી જઇને તમને ડરાવતું હતું તેને નાસવાનો, તમારા ક્રોધાગ્નિમાંથી પોતાનું રક્ષણ કરવાનો માર્ગ રહ્યો નથી. વેગવતી સો નદી અને આલ્પ્સ પર્વતની માફક ઇટાલિના કોટકિલ્લારૂપ મનાતી બીજી નદીઓ તમારા ધસારાને એક દિવસ પણ ખાળી શકી નથી. કુદરતી દિવાલ જેવા આલ્પ્સ પર્વતે પણ તમને નમ્રતા સહિત માર્ગ આપ્યો છે. તમારા આ પરાક્રમથી આજે તમારા સમસ્ત દેશમાં આનંદોત્સવ થઇ રહ્યો છે. સરકારની આજ્ઞાથી તમારા માનમાં આજે મહોત્સવ કરવામાં આવ્યો છે. આજે તમારી માતાઓ, તમારા પિતાઓ, તમારી બહેનો, પત્નીઓ અને તમારા સર્વ મિત્રો તમારી ફતેહથી પોતાનો હર્ષ પ્રદર્શિત કરી રહ્યાં છે, અને તેઓ તમારાં કુટુંબીઓ છે એમ કહેતાં તેમની છાતી ગર્વથી ફૂલાઇ જાય છે. ”

“ યોદ્ધાઓ ! તમે ઘણું કર્યું છે એ વાત ખરી પણ તમારે માટે હજી ઘણું કાર્ય કરવાનું બાકી છે. શું તમારાં સંતાનોને—તમારી ભવિષ્યની પ્રજાને તમે એમ કહેવા દેશો કે અમારા પૂર્વજોને સંગ્રામોમાં જય મેળવતાં આવડ્યો પણ જય મેળવ્યા પછી જે કર્તવ્ય કરવું જોઇએ તે નજ આવડ્યું ? શું લોંબાર્ડિ આપણું × કૅપુઆ થશે ? નહિ, નહિ, તેમ કદિ બનશે નહિ. આપણે હજી વગર આરામે લાંબી કૂચ કરવાની છે. હજી શત્રુઓને પગતળે કચરવાના છે, હજી અક્ષય કીર્તિ મેળવવાની છે અને આપણને વિનાકારણ ઉપદ્રવ કરનાર ગર્વિષ્ટ રાજાઓને આપણી સમશેરનો સ્વાદ ચખાડવાનો છે. ફ્રાન્સમાં જાતિદ્રોહ અને અંદર અંદરના કલહ કરવાની ઉશ્કેરણી આપનારાઓ ! અમારા રાજનૈતિક આગેવાનોનાં ખૂન કરાવનારા કસાઇઓ ! અમારા ટુલોન શહેરનાં વહાણોને સળગાવી મૂકનારાઓ ! હવે તમારે ભયથી થરથર કંપવું પડશે. વેર લેવાનો સમય આવી પહોંચ્યો છે. પણ રૈયતે લેશમાત્ર ગભરાવું નહિ. અમે જ્યાં જ્યાં જઇએ છીએ ત્યાંના લોકો સાથે હમેશાં બંધુભાવ રાખીએ છીએ; અને ખાસ કરીને ૧ સિપિયો અને બ્રૂટસની જન્મભૂમિના (ઇટાલિ) લોકો તો અમારા સગા ભાઇ જેવા છે; કારણ કે તેમના સ્વદેશવત્સલ મહાપુરુષોને અમે અમારા આદર્શરૂપ માનતા આવ્યા છીએ. રોમના કૅપિટોલની પુનઃ સંસ્થાપના કરવી, રોમનું ગૌરવ વધારનાર

× કાર્થેજનો મહાન વિજેતા હૅનિબાલ ઇટાલિ જીતવા આવ્યો હતો. તેણે ઇટાલિના સૈન્યને અનેક યુદ્ધમાં હાર ખવડાવી પણ આળસથી અથવા ગમે તે કારણથી તે કૅપુઆથી આગળ વધી શક્યો નહિ અને તેથી રોમ શહેર ઉપર આક્રમણ ન કરતાં સ્વદેશ પાછો ફર્યો. ત્યાર પછી ઝામાના રણસંગ્રામમાં રોમન સેનાપતિ સિપિયોએ તેનો પરાજય કર્યો હતો. નેપોલિયનનું કહેવું એવું છે કે આપણે હૅનિબાલની માફક લોંબાર્ડિથી અટકી જવું નહિ. ભા૦ ક૦

[1] રોમન પ્રજાસત્તાક રાજ્યનું રક્ષણ કરનાર વીરપુરુષો.

મહાપુરુષોની મૂર્તિઓને તેમના અસલ સ્થાનકે ફરીથી બેસાડવી અને સૈકાના સૈકા થયાં પરાધીનતાને લીધે વીર્યહીન, તેજહીન થએલી રોમન પ્રજાને જાગૃત કરવી—એજ અમારી ફતેહનું લક્ષ્ય છે. કાર્યની સિદ્ધિ થતાં રોમના ઇતિહાસમાં એક નવો યુગ મંડાશે. મારા યોદ્ધાઓ ! યૂરોપના દેશોમાં સર્વથી રમણીય દેશનો ઉદ્ધાર કરવાનો અક્ષય યશ તમારે પ્રાપ્ત કરવાનો છે. ફ્રેન્ચ પ્રજા સર્વાંશે સ્વતંત્ર અને આખા જગત્માં સ્વતંત્રતા માટે માનનીય ગણાયેલી ફ્રેન્ચ પ્રજા લડાઇઓનાં બીજનો સમૂળો નાશ કરીને યૂરોપમાં શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તાવશે. આ મહાન કાર્ય સિદ્ધ કરીને જ્યારે તમે સ્વદેશ સિધાવશો ત્યારે તમારા દેશબાંધવો તમને ઉદ્દેશીને કહેશે કે "આ યોદ્ધો ઈટાલિના વિજયી સૈન્યમાંનો છે."

મગજને ગૂંચવી નાખે એવી રાજ્યતંત્રની ઉપાધિ અને યુદ્ધની ગગનભેદી ગર્જના અને કોલાહલની વચ્ચે નેપોલિયન આવાં તેજસ્વી અને ઉન્માદકારી જાહેરનામાં, નહિ માની શકાય એવી ઝડપથી સડસડાટ લખી કહાડતો. તે લખાયા પછી વીશ વર્ષે સેંટહેલેનામાં તેનું એક જૂનું જાહેરનામું કોઇએ વાંચી સંભળાવ્યું. તે સાંભળી નેપોલિયન બોલી ઉઠયો કે " આટલું છતાં પણ મને લખતાં નહોતું આવડતું એમ કહેવાની તેઓ (વિરુદ્ધ પક્ષના ઇતિહાસકારો) મૂર્ખાઇ કરે છે. " કેટલાક તો એટલી હદ સુધી કહે છે કે તે પૂરેપૂરો નિરક્ષર હતો—તેને પૂરી જોડણી પણ આવડતી ન હતી. પરંતુ ખરૂં જોતાં તે પરિપક્વ અને પ્રવીણ સાક્ષર હતો. તેની માનસિક શકિતઓ અને તેનું બુદ્ધિવિષયક જ્ઞાન ઉંચામાં ઉંચા પ્રકારનાં હતાં. લાગલાગટ પ્રખર અભ્યાસ કરીને તેણે પોતાની મગજ શક્તિને સારી રીતે કેળવી હતી. તે વ્યાકરણના નિયમોની દરકાર કરતો નહિ અને એ વાત ખરી છે. તે પોતે કહે છે કે " રાજકાર્ય જેવા વધારે અગત્યના કાર્યમાં પડેલા માણસને વ્યાકરણના નિયમો જાળવવાની ફુરસદ હોતી નથી. કલમ કાગળ ઉપર ઉતારી શકે તેના કરતાં પણ વધારે ઝડપથી તેના મગજમાંથી વિચારોનો પ્રવાહ વહેવો જોઇએ. તેણે તો વાકયોને ઠેકાણે શબ્દોમાં અને શબ્દોને ઠેકાણે અક્ષરોમાં પોતાના વિચારને સમાવવા જોઇએ. " આવીજ ઝડપથી નેપોલિયન લખતો. તેના અક્ષર નહિ વાંચી શકાય એવા લીટા જેવાજ દેખાતા—કોઇ કોઇ વાર તો તે પોતે પણ ઉકેલી શકતો નહિ.

નેપોલિયનને હજી પારિસના ડિરેકટરો તરફથી યુદ્ધના ખર્ચને પેટે એક દમડી પણ મળી ન હતી, તેથી તેને લશ્કરના ખર્ચનો નિભાવ જીતાયલાં શહેરો પાસેથી દંડની રકમ મેળવીને તેમાંથી કરવો પડતો. લોકો પાસેથી દંડ લેવો અને તે છતાં પણ તેમની પ્રીતિ જાળવી રાખવી એ દુર્ઘટ કાર્ય નેપોલિયને પોતાના બુદ્ધિબળથી વાણીની મિઠાશથી, લોકો પ્રત્યે પ્રેમની લાગણીથી અને તે ઉપરાંત પોતાના નિષ્કલંક

ચારિત્ર્યના પ્રભાવથી સિદ્ધ કર્યું. મિલનના લોકોએ તેને ખુશીથી દંડ આપ્યો. તે વડે તેણે પોતાના આજ સુધી વાસ્તવિક રીતે ભૂખે મરતા અને ચીથરેહાલ થએલા સૈન્યને અન્ન અને નવાં વસ્ત્ર અપાવ્યાં. ઘાયલ થએલા યોદ્ધાઓની સારવાર માટે તેણે દવાખાનાં સ્થાપ્યાં અને પોતાના લશ્કરની તિજોરીમાં સારી રકમ એકઠી કરી. તે ઉપરાંત દેશાવર ગએલો પિતા પોતાનાં ગરીબ બાળકોને માટે ઘેર નાણું મોકલાવે તેમ તેણે દશ લાખ ડૉલર પારિસના ડિરેક્ટરોને મોકલાવ્યા અને ર્હાઇન નદીને કાંઠે ફ્રેન્ચ સેનાપતિ મુરો બિચારો નાણાં વગર તંગીમાં આવી પડ્યો હતો તેના લશ્કરના પોષણને માટે તેણે પચીસ લાખ ડૉલર મોકલ્યા. ધનનો સંગ્રહ કરવાની નેપોલિયનના જેવી સરસ તક જગતમાં કોઇને મળી નથી તે છતાં પણ પોતાના ગજવામાં એક પાઈ પણ ન મૂકે એવો બીજો કોઈ વીરલો જણાયો નથી.

વળી તેણે મિલન શહેરને માટે સુવ્યવસ્થિત મ્યુનિસિપલ રાજ્યતંત્ર ઘડી કહાડ્યું અને આખા લોંબાર્ડિના મેદાનના રક્ષણને માટે તાત્કાળિક પાકો લશ્કરી બંદોબસ્ત કરી દીધો. કોઇ પણ મનુષ્ય સહન કરી ન શકે એવો શારીરિક અને માનસિક પરિશ્રમ એક મહિનાસુધી લાગલાગટ ઉઠાવ્યા પછી તેણે ઉપર કહેલું દુર્ઘટ કાર્ય માત્ર પાંચજ દિવસમાં પૂરૂં કરી નાખ્યું. તેના મગજની એક વિલક્ષણ પ્રકૃતિ ન હોત તો આવો પરિશ્રમ તે કરી શકતજ નહિ. તે પોતેજ એક પ્રસંગે કહે છે કે "મારા મગજમાં જૂદા જૂદા વિષયોને માટે નોખાં નોખાં ખાનાં હોય તેમ દરેક વિષયને તેના ખાનામાં હું ગોઠવી દઉં છું. મારે અમુક બાબતનો વિચાર ન આવવા દેવો હોય તો હું તે બાબતનું ખાનું બંધ કરી દઉં છું. આથી કરીને મારા મગજમાં વિચારોનો ગુંચવાડો થવા પામતો નથી. મારી નામરજી છતાં મારા મગજમાં વિચાર આવ્યા કરે અને તેથી કરીને મને ઉંઘ ન આવી હોય એવું કદિ બન્યું નથી. મારે ઉંઘવું હોય છે ત્યારે હું મારા મગજનાં તમામ ખાનાં બંધ કરી દઉં છું એટલે મને તરતજ ઉંઘ આવી જાય છે. મારે જ્યારે આરામની જરૂર હોય ત્યારે ગમે તે વખતે હું ઉંઘી લઉં છું અને લગભગ ઉંઘવાનો સંકલ્પ કરતાંનીજ સાથે મને ઉંઘ આવે છે." કોઈ વાર છેવટનું પરિણામ લાવી મૂકે એવાં યુદ્ધોની તૈયારી કરવામાં દિવસના દિવસ અને રાત્રિની રાત્રિસુધી એક ઝોકું પણ લીધા વગર કામ કર્યા પછી તોપોના ધડાકા અને યોદ્ધાઓની વીર હાકનો ભયાનક કોલાહલ થતો હોય તેવે વખતે તે નિરાંતે ઉંઘ કહાડતો હોય એવાં દૃષ્ટાંત જોવામાં આવ્યાં છે. આવો અદ્‌ભુત સંયમ નેપોલિયન જેવો રાજયોગીજ કરી શકે.

ઉપર વર્ણવેલાં યુદ્ધોના વિકટ મામલા વખતે, અનેક પ્રકારની ઉપાધિઓ અને જંજાળ છતાં તેના બુદ્ધિવિષયક બંધારણમાં કેવો વિકાસ થયા કરતો હતો તે ઓરિઆની નામના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી ઉપર તેણે લખેલા એક પત્ર ઉપરથી જણાય

આવે છે. તે લખે છે કે:–"અત્યાર સુધી ઇટાલિના વિદ્વાનોની જોઇએ તેવી કદર કોઇએ કરી નથી. ÷ રાજાઓ અને ધર્મગુરુઓના ભયને લીધે તેઓ બિચારા દબાઇ છુપાઇને પોતાની અભ્યાસની ઓરડીમાં ભરાઇ બેઠા છે. પણ હવે તેમ બનશે નહિ. ધર્મના જુલ્મનો અને રાજાની જુલમગાર સત્તાનો હવે અંત આવ્યો છે. હું સાહિત્યસેવકોને અને વિજ્ઞાનશાસ્ત્રીઓને એકઠા મળવાનું નિમંત્રણ કરૂં છું. હું તેમને કહું છું કે તમે એકત્ર થઇને પરસ્પર ચર્ચા કરો અને સાહિત્ય, કળા અને વિજ્ઞાનમાં નવું ચેતન લાવવાને માટે શું શું કરવું જોઇએ તેની એક યોજના ઘડીને મારી આગળ રજુ કરો. તેઓમાંથી જેમને ફ્રાન્સ આવવાની ઇચ્છા હોય તેમને હું ખાત્રી આપું છું કે ફ્રેન્ચ સરકાર તરફથી તેમને સન્માન મળશે. બાહોશ ગણિતવેત્તા, કુશળ ચિત્રકાર અથવા સાહિત્યના કોઈ પણ ક્ષેત્રમાં પ્રવીણતા પામેલો પંડિત ફ્રાન્સ આવીને રહે તે જોઇને ફ્રેન્ચ પ્રજાને જેટલો ગર્વ થશે તેટલો ગર્વ એક વિશાળ પ્રાંત અથવા ધનવાન નગરની જીતથી થશે નહિ."

નેપોલિયનની આ પ્રમાણે ઝડપથી ઉન્નતિ થતી જોઇને પારિસના ડિરેક્ટરોના મનમાં ભય પેદા થયો. તેમણે એક બીજા સેનાપતિને નેપોલિયનના જેટલીજ સત્તા આપીને મોકલ્યો અને એવી આજ્ઞા કરી કે લશ્કરના બે વિભાગ કરવા અને એક એક વિભાગ તેઓ પોતાના તાબામાં રાખે. નેપોલિયનને પોતાના લશ્કર સાથે × પોપનાં રાજ્યો ઉપર આક્રમણ કરવાનો હુકમ કર્યો. નેપોલિયને આ હુકમ વાંચીને તરતજ નમ્રતાપૂર્વક પોતાનું રાજીનામું મોકલી દીધું અને લખ્યું કે "બે સારા સેનાપતિ કરતાં એક નઠારો સેનાપતિ વધારે ઉપયોગી છે." રાજીનામું જોતાંજ ડિરેક્ટરો ગભરાયા અને ઉપલી નિમણુક રદ કરી. હવે તેણે પાછી આસ્ટ્રિયન સેનાપતિ બોલુની પૂંઠ લીધી. બોલુએ નેપોલિયનને આગળ વધતો અટકાવવાને મંટુઆના અભેદ્ય કિલ્લામાં પોતાનાં પંદર હજાર માણસોનું સૈન્ય રાખ્યું હતું. આવા મજબૂત કિલ્લાને અને આટલા મોટા શત્રુસૈન્યને પોતાની પાછળ રહેવા દઇને નેપોલિયન કદિ આગળ વધશેજ નહિ, અને મંટુઆનો કિલ્લો તે જીતે તોપણ તેને ત્યાં લાંબા સમયસુધી રોકાઇ રહેવું પડશે એવી તેને ખાત્રી હતી.

÷ વિજ્ઞાન (સાયન્સ) ના અભ્યાસથી બુદ્ધિ સ્વતંત્ર થતી અને તેથી કરીને ધર્મના વહેમોને અને એ વહેમ ઉપરજ નિર્વાહ કરનારા ધર્મગુરુઓની પ્રતિષ્ઠાને આઘાત લાગતો. ધર્મગુરુઓએ રાજાઓની સાથે ઐકય કરીને વિજ્ઞાનની શોધખોળને અટકાવવાનો યત્ન કર્યો અને સેંકડો પંડિતો (રૉજર, બેકન, ગેલેલિયો) ને જીવતાને જીવતા બાળી મૂકયા હતા અથવા જન્મસુધી કારાગૃહમાં પૂરી રાખ્યા હતા. ભા૦ ક૦

× ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ધર્મગુરુ. એના તાબામાં ઈટાલિનો કેટલોક પ્રદેશ હતો.

ભા૦ ક૦

નેપોલિયને મિલન શહેર છોડયું તેને બીજેજ દિવસે તેના આસપાસનાં ગામડાંમાં ધર્મગુરુઓની ઉશ્કેરણીથી ભયંકર બળવો ઉભો થયો. ધર્મગુરુઓ અને રાજકર્તાઓ હમેશાં એક બીજાની સત્તાના રક્ષણને માટે પરસ્પર સહાય કરતા આવ્યા હતા. થોડાજ વખતમાં બળવો ગામેગામ ફેલાઇ ગયો. નેપોલિયને જોયું કે એક કલાકની ઢીલ કરવા જેવો વખત નથી. તે બાર હજાર માણસો અને છ તોપો લઇને બળવાખોરોની સામે ગયો. દયા બતાવવાનો આ વખત ન હતો તેથી તેણે પોતાના સૈન્યને શત્રુ ઉપર તૂટી પડવાની આજ્ઞા કરી. તાલીમબાજ ફ્રેંચ યોદ્ધાઓ અને બિનકવાયતી ગામડીઆઓની લડાઈ ઝાઝો વખત ચાલીજ નહિ. તેઓ ઘાસની માફક કપાઇ ગયા અને બીજા બળવાખોરોના મનમાં દહેશત ઉપજાવવાને ગામને આગ લગાડવામાં આવી. ત્યાર પછી નેપોલિયનનું સૈન્ય તરતજ શત્રુના રુધિરથી ખરડાયલી તલવારો સાથે પાવિયા શહેર આગળ આવી પહોંચ્યું. એ શહેર પણ બળવાખોરોનું મથક હતું. ત્યાંના માણસોએ તાબે થવાની ના પાડી એટલે તરતજ શહેરની દિવાલોને તોપોને ધડાકે ઉડાવી દેવામાં આવી અને નદીના પૂર માફક ફ્રેન્ચ સૈન્ય શહેરમાં દાખલ થયું અને નેપોલિયને તેમને શહેર લૂંટવાની અને બળવાખોરોની નિર્દયપણે કતલ કરવાની રજા આપી દીધી.

પાવિઆના ભયાનક દૃષ્ટાંતથી લોકોમાં એટલી ધાક બેસી ગઇ કે ત્યાર પછી તેમણે ઉંચું ડોકું કરવાની હિંમતજ ચલાવી નહિ. નેપોલિયનને નિર્દયતા કદિ પસંદજ ન હતી પણ તેમ કર્યા વગર તેને ઇલાજ ન હતો. માણસનો જીવ બચાવવાને માટે શસ્ત્રવૈદને જેમ તેના અવયવ ઉપર નસ્તર ચલાવવાની જરૂર પડે છે તેમ પોતાની આસપાસ એકઠા થએલા શત્રુઓ સામે બચાવ કરવા માટે તેને આવું સખ્ત પગલું ભરવું પડયું. તે પોતે કહે છે કે "જો મેં કોઇ પણ શહેરમાં કતલ અને લૂંટફાટ ચલાવી હોય તો તે માત્ર પાવિઆમાંજ. મેં લશ્કરને ચોવીસ કલાકસુધી ફાવે તેમ નિર્દય વ્યવહાર ચલાવવાની રજા તો આપી હતી; પણ ત્રણજ કલાક થયા પછી મારાથી આ જુલ્મ જોઇ શકાયો નહિ તેથી મેં તાબડતોબ સિપાઇઓને તલવાર મ્યાન કરવાની આજ્ઞા આપી."

જ્યારે પાવિઆમાં ઉપર પ્રમાણે મારકાપ ચાલતી હતી તે વખતે આ અસાધારણ માણસને શહેરના વિદ્યાલયની મુલાકાત લેવાની વૃત્તિ થાય એ પણ તેની વિલક્ષણતાનું એક દૃષ્ટાંત છે. પાવિઆના સુવિખ્યાત વિશ્વવિદ્યાલયની તેણે મુલાકાત લીધી અને એક વર્ગમાથી બીજા વર્ગમા તે ઝડપબંધ ફરી વળ્યો. તત્ત્વજ્ઞાનના વર્ગમાં જઇને તેણે વિદ્યાર્થીઓને પૂછ્યું કે "નિદ્રા અને મૃત્યુ વચ્ચે શો તફાવત છે?" વિદ્યાર્થી ગુંચવાયા અને પ્રોફેસર તરફ જોવા લાગ્યા. વિદ્વાન પ્રોફેસરે વિદ્વત્તાભર્યું વિવેચન કરવા માંડયું પણ નેપોલિયનને તત્ત્વજ્ઞાનના શંકાભર્યા સિદ્ધાંતો માટે ઝાઝો

સદ્દભાવ નહિ હોવાથી પ્રોફેસરનું વાક્ય પૂરૂં થયું ત્યાર પહેલાં તો તે ચાલ્યો ગયો. પછી તે ગણિતના વર્ગમાં ગયો. ગણિત તેનો પ્રિય વિષય હતો તેથી તે પ્રસન્ન થયો. તેણે વિદ્યાર્થીના હાથમાંથી એક પુસ્તક લીધું અને એક ઘણોજ અઘરો પ્રશ્ન પૂછ્યો. એક ઘણાજ ચાલાક વિદ્યાર્થી તરફ તેનું ધ્યાન ખેંચાયું. નેપોલિયને તેનો દાખલો જોઇને કહ્યું કે “ તમારી ભૂલ છે. ” પણ તેણે કહ્યું કે “ નહિ મારો જવાબ ખરો છે. ” નેપોલિયને તેના હાથમાંથી સ્લેટ લીધી અને પોતે તે હિસાબ ગણ્યો. ગણતાં ગણતાં **તેને પોતાની ભૂલ સમજાઇ જે તેણે બધાનાં દેખતાં તરતજ કબૂલ કરી.** ત્યાંથી તે સાયન્સના વર્ગમાં ગયો. સાયન્સના જગવિખ્યાત × પ્રોફેસર વોલ્ટાને તેણે પ્રેમથી આલિંગન દીધું. વિશ્વવિદ્યાલયના પ્રમુખે તેને જે માનપત્ર આપ્યું, તેમાં તેણે કહ્યું હતું કે “ મહાન ચાર્લ્સ પાદશાહે આ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી અને અમે આશા રાખીએ છીએ કે મહાન નેપોલિયન તેને ઉચ્ચતમ અવસ્થાએ પહોંચાડશે. ”

પછી તેણે વેનિસની ખબર લીધી. ત્યાંના આગેવાનોએ તેને પ્રસન્ન કરવાને બાર લાખ ડૉલરની લાંચ આપવા માંડી પણ તેણે ધસીને ના પાડી. પોતાની ખાનગી મિલ્કત વધારવાની તેને આવી અનેક તક મળી છતાં પણ તેણે એક પાઈ સરખી લીધી નથી. તેના મિત્રો કહેતા કે ડિરેક્ટરો તમારો દ્વેષ કરે છે અને તમને કશો બદલો આપવાના નથી. પણ તેણે એ વાત કાને ધરી નહિ. તેણે જે ધન મેળવ્યું હતું, જે ચિત્રો મેળવ્યાં હતાં તે સર્વ પારિસને માટેજ હતાં. તે કહેતો કે “ દરેક **જણની અભિલાષાઓ જૂદી જૂદી હોય છે. મારી કીર્તિ એજ મારી દોલત છે.** ”

એક દિવસ નેપોલિયન આસ્ટ્રિયાના સૈન્યની પૂઠે જતો હતો તેવામાં તેને માથામાં સખ્ત વેદના થવા લાગી. તેથી થોડાક માણસોને સાથે રાખીને પાસેના એક ખાલી મહેલમાં ગયો અને ગરમ પાણીથી પગ શેકવા બેઠો. થોડીજવારમાં એક પહેરેગીરે આવીને ખબર આપી કે “ આસ્ટ્રિયનો આવે છે ! સાવધાન થાઓ ! ” બચવાનો બીજો ઉપાય ન હોવાથી એક પગે બૂટ પહેરેલો અને બીજો બૂટ હાથમાં લઇને તે બારીએથી ભૂસકો મારીને નાઠો અને જ્યાં પોતાનું સૈન્ય હતું ત્યાં જઈ પહોંચ્યો. પોતાના સેનાપતિને આવી હાલતમાં જોઇને સિપાઇઓનું ખૂન ઉકળી ગયું અને તેઓ શત્રુની સામા ગયા પણ તેઓ તો ક્યારનાએ નાસીજ ગયા હતા. આ ઉપરથી નેપોલિયન સમજી ગયો કે હિચકારા શત્રુઓએ તેનો જીવ લેવાની તદબીર કરી હશે. તે દિવસથી તેણે ૫૦૦ ચુનંદા સ્વારોનું અંગરક્ષક સૈન્ય રાખ્યું. જેમણે ઓછામાં ઓછાં દશ વર્ષ નોકરી કીધી હોય અને રણસંગ્રામમાં અત્યંત પરાક્રમ દાખવ્યું

× ગણિતમાં જેમ ન્યૂટન અદ્વિતીય હતો તેમ વિદ્યુતના વિષયમાં વૉલ્ટા હતો. ભા. ક.

હોય તેમનેજ આ સૈન્યમાં દાખલ કરવામાં આવતા. નેપોલિયનના " ઇમ્પિરિયલ ગાર્ડ " નામનું ઘોડેસ્વારનું સૈન્ય જે અક્ષય કીર્તિ મેળવી ગયું છે અને ભવિષ્યમાં જેના પરાક્રમથી યૂરોપ થરથર કંપતો હતો તે સુપ્રસિદ્ધ સૈન્યની આ પ્રમાણે ઉત્પત્તિ થઇ.

નેપોલિયન ત્યાર પછી આસ્ટ્રિયન સૈન્યની પૂંઠે પડયો અને થોડુંક આગળ જતાં મંટુઆ શહેરની નજીક આવી પહોંચ્યો. શહેરથી થોડે દૂર મિન્સિઓ નદી એક સરોવરને મળીને ઘણી વિપુલ બની જતી હતી. તેના મધ્ય ભાગમાં એક બેટ હતો, અને તેના ઉપર એક મજબૂત કિલ્લો હતો. કિલ્લાની ચારે બાજુએ નદી ધડધડાટ વહેતી હતી, અને તેના જળમાં કિલ્લાના ઉંચા બુરજોનું પ્રતિબિંબ પડતું હતું. મનુષ્યના સમાગમથી દૂર હોવાથી જાણે તેના આક્રમણ કરવાના પ્રયત્ન તરફ તિરસ્કાર યુક્ત ઉપહાસ કરી રહ્યો હોય તેમ તે કિલ્લો બેટની વચમાં અડગપણે ઉભો હતો. નદીનો કિનારો બેટ અને કિલ્લાની સાથે પાંચ વિશાળ પૂલવડે સંધાયલો હતો અને તે પૂલને મજબૂત તોપોવડે સુરક્ષિત કરવામાં આવ્યો હતો.

આસ્ટ્રિયન સેનાપતિ બોલુ લોદીના સંગ્રામમાં પરાજિત થયા પછી નેપોલિયનની આગળ આગળ નાસતો હતો. તેણે મંટુઆના કિલ્લામાં નેપોલિયનનો માર્ગ રોકવાને વીસ હજાર માણસોનું સૈન્ય રાખ્યું હતું. નેપોલિયને કિલ્લાની પાસે આવીને જોયું તો લોકો કિલ્લાને અભેદ્ય માનતા હતા તે વાત ખરી માલૂમ પડી. હુમલો કરીને કિલ્લો સર કરવાનું અસંભવિત હોવાથી નાઇલાજે તેને ઘેરો ઘાલવાની જરૂર પડી.

એ દરમ્યાન પોતાના સૈન્યમાંથી એક ટુકડી લઇને નેપોલિયને પોપ મહારાજની ખબર લીધી. રસ્તામાં નેપલ્સનું બળવાન રાજ્ય આવ્યું. ત્યાંનો રાજા આસ્ટ્રિયા સાથે ફ્રાન્સની સાથેના યુદ્ધમાં જોડાયો હતો અને તેની પાસે સાઠ હજાર માણસનું બળવાન સૈન્ય હતું. આવા બળવાન શત્રુ સામે નાની ફોજ લઇને લડવામાં જોખમ હતું, પણ નેપલ્સના રાજાને આસ્ટ્રિયાના પક્ષમાંથી છૂટો કરવાની જરૂર હતી. ત્યાંનો રાજા નેપોલિયનની ઉપરાઉપરી ફતેહથી ગભરાઇ ગયો તેથી તેણે સંધિનું કહેણુ મોકલ્યું અને નેપોલિયને સમય વિચારીને તે કબૂલ રાખ્યું. હવે પોપ મહારાજ નિરાધાર થઈ ગયા. તેના બેઉ મિત્રો નેપલ્સ અને આસ્ટ્રિયા પૈકી અત્યારે તેની વહારે આવે એવી હાલતમાં કોઇ ન હતા. તેણે તરતજ નેપોલિયનને કાલાવાલા કરવા માંડયા. ચાલીશ લાખ ડૉલર, ત્રણ ચાર ફળદ્રૂપ પ્રાંત, ૧૦૦ સર્વોત્તમ ચિત્રો અને મૂર્તિઓ અને ૫૦૦ જૂની હસ્તલિખિત પોથીઓ એટલાં વાનાં લઇને નેપોલિયને તેની સાથે સંધિ કરી. પોપની રૈયત તો તેના અંધેરથી કાયર થઇ ગઇ હતી તેથી તેની સત્તાનો સત્વર અંત આવે અને રાજનૈતિક સ્વાધીનતા મળે એવું ઇચ્છતી હતી. પણ રાજ્યપરિવર્તન કરવાની નેપોલિયનને જરા પણ ઇચ્છા ન હતી. તે તો માત્ર સુલેહની

ખાતરજ લડતો હતો.

ટસ્કનિનું રાજ્ય આ યુદ્ધમાં તટસ્થ રહ્યું હતું પણ ઇંગ્લંડે તેની તટસ્થતાની દરકાર ન કરતાં તેનાંજ બંદર આગળ ફ્રાન્સનાં વ્યાપારી વહાણો લૂંટયાં હતાં. ઇંગ્લંડ સમુદ્રની કુલ માલકીનો દાવો કરતું હતું અને પોતાના સમુદ્રના રાજ્યમાં કોઇની પણ ખાનગી મિલ્કતની પરવા કરતું નહિ. ત્યારે નેપોલિયને જમીનની માલિકીનો દાવો કરીને ઇંગ્લંડની મિલ્કતને જ્યાં જોવામાં આવી ત્યાંથી લૂંટવા માંડી. લૂંટ કરવાનું પાપ બેઉએ કર્યું હતું અને બેમાંથી એક પણ પક્ષનો બચાવ કરી શકાય એમ નથી.

આ પ્રમાણે વીસ દિવસમાં મંટુઆની આજુબાજુનો મુલક સર કરીને અને તેના ઘેરા વખતે આસ્ટ્રિયાનાં મિત્રરાજ્યો તરફથી પોતાને ઉપદ્રવ ન થાય તેનો પાકો બંદોબસ્ત કરીને નેપોલિયન મંટુઆ પાછો આવ્યો.

આવી આવી ભયંકર લડાઇઓ લડવાનો નેપોલિયનનો ઉદ્દેશ માત્ર પોતાના દેશનું રક્ષણ કરવાનોજ હતો. તેના દેશને જુલ્મી બુર્બોન વંશીય રાજાઓની બેડી સ્વીકારવાની ફરજ પાડવાને યૂરોપના રાજાઓ બળવાન સૈન્યો સહિત ફ્રાન્સ ઉપર ચડાઇ કરવા ધસી આવ્યા હતા. તેમનો પરાભવ કર્યા સિવાય ફ્રાન્સનો બચાવ થઇ શકે એમ ન હતો. તે વારંવાર શત્રુઓને જાહેર કરતો કે હું તો તમારી સાથે સલાહ કરવા રાજી છું; અને શત્રુરાજ્યને જીત્યા પછી જો તે ધારત તો તેને જપ્ત કરી લેત પણ તેમ ન કરતાં તે ઘણી ઉદાર સરતે તેની સાથે સંધિ કરતો અને તે શરત માત્ર એટલીજ કે તેમણે ફ્રાન્સને ઉપદ્રવ કરવો નહિ.

તે જ્યારે સેંટ હેલેનામાં હતો ત્યારે લા કાસાસે તેને કહ્યું કે "આવી ઉપરા ઉપરી કીર્તિમંત ફતેહો મેળવ્યાથી તમારો યશ આખી દુનિયામાં ફેલાઇ ગયો જાણીને તમને ઘણો સંતોષ થયો હશે નહિ વારૂ?" નેપોલિયને જવાબ આપ્યો કે "જરાએ નહિ; જેઓ એમ માનતા હોય તેમને અમારી યોદ્ધાઓની સ્થિતિનો ખ્યાલજ નથી. એક ફતેહ મેળવ્યા પછી બીજે દિવસે બીજા યુદ્ધની તૈયારી કરવામાં ગઇ કાલની ફતેહ હું તરતજ ભૂલી જતો. ભવિષ્યનાં જોખમ અને મુશીબતોનું ચિત્ર મારી આંખ આગળ ખડું ને ખડુંજ રહેતું તેથી મને એક પળની પણ વિશ્રાંતિ મળતી નહિ."

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે બીજાં રાજ્યો ફ્રાન્સને ફરી ફરીને જૂની રાજ્ય પદ્ધતિમાં ધકેલી પાડવા માગતાં તેમનાથી પોતાના દેશને બચાવવા માટેજ નેપોલિયનને સદા ચિંતિત રહેવું પડયું હતું. પોતાના અંગત લાભ માટે કે બીજા દેશોને પોતાના દેશના ગુલામ બનાવવા માટે નહિજ.

प्रकरण ८ मुं--मंटुआनो घेरो १७९६

ઈ૦ સ૦ ૧૭૯૬ ના જુલાઇ માસના પ્રારંભમાં મંટુઆ તરફ આખા યૂરોપનું લક્ષ ખેંચાયું અને તેની આસપાસના નજીકના પ્રદેશોમાં ઘણીજ ટૂંકી મુદતમાં ઉપરા ઉપરી દારુણ યુદ્ધો થયાં.

નેપોલિયને અત્યાર સુધી લાંબી લાંબી કુચ કરી હતી પણ તે દરમ્યાન તેણે પોતાના લશ્કરને તંબુ પૂરા પાડ્યા ન હતા. તેના સિપાઇઓ આખો દિવસ દડમજલ કરીને વરસાદથી તરબોળ થએલાં કપડાં સહિત ઠંડા પવનનાં ઝાપટાંમાં ભીની જમીન ઉપર સૂઇને રાત્રિ પસાર કરતા. નેપોલિયનના દૃષ્ટાંતનું અનુકરણ કરીને આખા યૂરોપની પ્રજાઓએ હવે તંબુ વાપરવાનો રિવાજ કહાડી નાખ્યો છે.

તેના અસલના ત્રીસ હજાર સિપાઇઓમાંથી હવે પંદર હજાર બાકી રહ્યા હતા, પણ ફ્રાન્સથી આવેલાં નવાં માણસોની ભરતી થવાથી તેની પાસે પાછું કુલ ત્રીસ હજાર માણસોનું સૈન્ય થયું હતું. તેની સ્થિતિ ઘણીજ ભય ભરેલી હતી. થોડા વખતને માટે તાબે થએલો ઇટાલિનો ઉમરાવ વર્ગ બળવો કરવાની તક શોધ્યાજ કરતો હતો અને તેનો સંપૂર્ણ વિનાશ કરવા માટે આસ્ટ્રિયાનો રાજા બળવાન સૈન્ય એકઠું કરતો હતો. લોદિના અને તેની પહેલાના સંગ્રામોમાં આસ્ટ્રિયાના મોટા સૈન્યનો કચ્ચરઘાણ નીકળી ગયો તોપણ એવાં અનેક સૈન્યો ઉભાં કરવાનું તેનામાં સામર્થ્ય હતું.

સેનાધિપતિ બોલુને ઉતારી પાડીને તેને ઠેકાણે સેનાપતિ વર્મસરની નિમણુક કરવામાં આવી અને તેને સાઠહજાર માણસોનું સૈન્ય આપીને ઇટાલિ તરફ રવાના કરવામાં આવ્યો. સેંકડો યુદ્ધો લડતાં લડતાં એ વર્મસરને પળીઆં આવ્યાં હતાં અને સેનાપતિ તરીકે તેણે ઘણી સારી પ્રતિષ્ઠા મેળવી હતી. મંટુઆથી ઉત્તરમાં સાઠ માઇલને અંતરે ગાર્ડા નામનું સરોવર છે અને તેની આસપાસ ટાઇરોલિયન પર્વતોની હાર આવેલી છે. એ સરોવરની ઉત્તરે ટ્રેન્ટ કરીને મજબૂત કિલ્લેબંદી શહેર છે. ત્યાં વર્મસરે પોતાનું સાઠહજાર માણસોનું સૈન્ય એકત્ર કર્યું. તેની ધારણા

એવી હતી કે આ સૈન્ય લઇને તાબડતોબ મંટુઆ પહોંચી જવું અને નેપોલિયન ઉપર એક બાજુએથી પોતે અને બીજી બાજુએથી મંટુઆનાં વીશહજાર માણસોએ સામટો હલ્લો કરવો. તે બુઢ્ઢા સેનાપતિએ પોતાના વિશાળ સૈન્ય તરફ દૃષ્ટિ કરીને ઠંડે કલેજે કહ્યું "હવે એ પોરીઓ સપડાયો ખરો." પણ તેને દહેશત એટલીજ હતી કે વખતે તે છટકી જાય. તેથી કરીને નેપોલિયનને નાસી જવાના તમામ માર્ગ બંધ કરવાની તેણે તદબીર રચી. તેણે પોતાના લશ્કરના ત્રણ સરખા ભાગ કર્યા. જનરલ કવાડાનોવિશને વીશહજાર માણસો આપીને ગાર્ડા સરોવરને પશ્ચિમ કિનારે થઇને મંટુઆ તરફ જવાની આજ્ઞા કરી. પોતે બીજાં વીશહજાર માણસો લઇને સરોવરને પૂર્વ કિનારે થઇને મંટુઆ તરફ જવા નીકળ્યો અને જનરલ મેલાને બાકીનાં વીશહજાર માણસો આપીને સરોવરની ધારે ધારે આવેલા એડિજ પર્વતની બીજી બાજુએ થઇને મંટુઆ આવવાને મોકલી દીધો. આ ત્રણે સૈન્યો ધારે તો એકજ મજલ કરીને એકઠાં થઇ શકે. પોતાના બળવાન લશ્કરના ભાગ પાડીને આસ્ટ્રિયન સેનાપતિએ મોટામાં મોટી ભૂલ કરી, અને ચાલાક નેપોલિયને તેનો લાભ લીધો.

૩૧ મી જુલાઇની સાંજે નેપોલિયનના જાસુસોએ આ સમાચાર આપ્યા. તરતજ ઘેરો ઉઠાવવાની તેણે પોતાના લશ્કરને આજ્ઞા આપી. એક કલાકમાં તેની છાવણી ગતિમાં આવી ગઇ. આખી રાત કોઇ ઉંઘ્યા નહિ, દરેક જણ અંધકારનો લાભ લઇને પોતપોતાને કામે મંડી ગયા. મંટુઆની દિવાલોને જમીનદોસ્ત કરવાને નેપોલિયને ઘણે ખર્ચે અને ઘણી મહેનતે મોટી મોટી તોપો ગોઠવી દીધી હતી અને દારૂગોળાનો પુષ્કળ ભંડાર એકઠો કર્યો હતો. આ અણધાર્યું વિઘ્ન ન આવ્યું હોત તો થોડાજ દિવસમાં તે મંટુઆ સર કરત પણ હવે એ તોપો અને દારૂગોળો શત્રુને હાથ ન જાય માટે તેનો નાશ કરવો પડયો. તોપોનાં ગાડાં વગેરેને સળગાવી મૂકયાં. દારૂના હજારો કોથળા તળાવમાં ફેંકી દીધા. તોપોના મોઢામાં ખીલા મારીને નકામી કરી નાખી. મધરાત પહેલાં તો કૂચ કરવાની સઘળી તૈયારી થઇ ગઇ, અને રાતોરાત લશ્કરે ચાલવા માંડયું. આલ્પ્સ પર્વત ઉપરથી તુટી પડતા બરફના ડુંગરની માફક બિચારા જનરલ 'કવાડાનોવિશ'ના સૈન્ય ઉપર તુટી પડવાને તેઓ ચાલતા થયા. સવાર પડી ત્યારે તાબે થવાની અણીપર આવેલા, ભૂખે મરતા મંટુઆના લશ્કરે ફ્રેન્ચ છાવણી ખાલી જોઇ અને સર્વત્ર અંગારા અને રાખ જોઇને તેઓ અચંબામાં ગરકાવ થઈ ગયા.

સવારના આઠ વાગે જનરલ કવાડાનોવિશ નિશ્ચિંતપણે કૂચ કરતો હતો. તેને સ્વપ્નામાં પણ ખ્યાલ ન હતો કે શત્રુ તેની સામે વેગબંધ ધસ્યો આવે છે. એટલામાં એકાએક પ્રચંડ વંટોળીઆની માફક તેના દિગ્મૂઢ થએલા લશ્કર ઉપર ફ્રેન્ચો

તુટી પડયા. જો આસ્ટ્રિયનો નાઠા ન હોત તો તેમના ટુકડે ટુકડા થઇ જાત. થોડી વાર લઢીને તેઓ પર્વતોની કરાડોમાં ભરાઇ ગયા. તોપણ તેમનાં ઘણાં માણસો કપાઇ ગયાં અને કેદ પકડાયાં. એજ સરોવરને પૂર્વ કિનારે કુચ કરતાં બેઉ આસ્ટ્રિયન લશ્કરોએ તોપોના ધડાકા સાંભળ્યા પણ શું કરે ? મંટુઆ આગળ નેપોલિયને ઘણીજ કિંમતી યુદ્ધ સામગ્રી એકઠી કરી હતી અને ભારે ખર્ચ કરીને તોપો ગોઠવવાનાં ચણતર કામ કરાવ્યાં હતાં, તેથી તેમને છોડીને તે જનરલ કવાડાનોવિશ ઉપર હલ્લો કરશે એ વાત તેમના માનવામાં આવે એવી ન હતી. તોપણ જનરલ વર્મસરે અને મેલાએ પોતાનાં સૈન્યોને ગાર્ડા સરોવરના નીચાણના ભાગમાં એકઠાં કરવાને ત્વરાથી દોડવા માંડયું. આ બાજુએ તેઓ ભેગા થવા પામે, ત્યાર પહેલાં તેમને ખોખરા કરી નાખવાને નેપોલિયને તો પોતાના સૈન્યને વાસ્તવિક રીતે દોડવાનીજ આજ્ઞા કરી; કારણકે તેમના ઉગરવાનો આધાર માત્ર તેમની ઝડપ ઉપરજ હતો. તેણે લશ્કરને ઉતાવળા અવાજે કહ્યું, “ સિપાઇઓ ! આજની ફતેહ તમારે તમારા પગના જોરથી મેળવવાની છે. બિલકુલ ડરશો નહિ. ત્રણજ દિવસમાં આસ્ટ્રિયનોના આપણે ભુકા કહાડી નાખીશું. હું મારો બોલ કેવો પાળુ છું તે તમે સારી પેઠે જાણો છો. ”

ભૂખ, તરસ, થાક, અને નિદ્રાને-કશાને ન ગણકારતા, તંબુરાવઠીના બોજા વગરના ફ્રેન્ચ સિપાઇઓ ઝડપથી દોડયા ગયા. આખો દિવસ અને ત્યાર પછીની રાતના બે પ્રહર સુધી તેમણે મજલ કરી. મધરાતે નેપોલિયને પોતાના થાકેલા લશ્કરને એક કલાક ભોંયપર લાંબા થવાની રજા આપી પણ પોતે એક પળવારના પણ વિસામો લીધો નહિ.

૩૧ મી જુલાઇની મધરાતે મંટુઆ છોડયું. ૧ લી ઑગસ્ટની સવારના આઠ વાગે કવાડાનોવિશના લશ્કરને પૂરૂં કર્યું અને ૩ જી ઓગસ્ટની સવારે જનરલ મેલા પોતાની સામે અભેદ્ય હારબંધ ધસી આવતી ફ્રેંચસેનાને જોઇને ચકિત થઈ ગયો. વર્મસરનાં પાંચ હજાર માણસો તેને આવી મળ્યાં હતાં અને વર્મસર પોતે પણ થોડાજ માઇલને અંતરે તેની સાથે જોડાઇ જવાને ઝડપથી ચાલ્યો આવતો હતો.

એક પળનો પણ વિલંબ કરવા જેવો વખત ન હતો. ટૂંકા પણ જ્વલંત શબ્દોમાં તેણે પોતાના સૈન્યને વર્તમાન સ્થિતિથી વાકેફ કર્યું, અને કહ્યું કે મરણીઆ થઇને લઢજો. તમારી ફતેહ થશે એમાં જરાપણ શક નથી. તેના શબ્દો ઉપર આખા લશ્કરને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેના એક ઇસારાની સાથે તેઓ દોડી જવા તૈયાર હતા. નેપોલિયને હુમલો કરવાની આજ્ઞા આપતાંની સાથેજ તેઓ શત્રુ ઉપર ગાંડાની માફક યાહોમ કરીને તુટી પડયા. આસ્ટ્રિયનોનું પણ જાતીય અભિમાન જાગૃત થયું અને એક તુમુલ યુદ્ધ મચી રહ્યું. નેપોલિયન જાણે શેતરંજની

રમત રમતો હોય તેમ યુદ્ધની બાજી નિહાળતો હતો. શત્રુની નબળી બાજુ તેની શકરાબાજ જેવી આંખે જોઇ લીધી અને તે બાજુએ એવો પ્રચંડ ધસારો કર્યો કે આસ્ટ્રિયનોની વ્યૂહરચના તુટી. તેઓ નાઠા અને ફ્રેન્ચ સ્વારોએ તેમની પાછળ માઇલના માઇલ સુધી દોડીને હજારોને ઝટકાવી નાખ્યા, અને ઘોડાની ખરીઓ તળે છૂંદી માર્યા.

અંધારૂં થતાં સુધી યુદ્ધ ચાલ્યું. રાત પડતાં ત્રણ ત્રણ દિવસની સખત જહેમતથી થાકીને લોથ થએલા ફ્રેન્ચ સિપાઇઓ મૂડદાંઓના ઢગલાઓની વચમાં લોહીથી લદબદ થએલી જમીન ઉપર લાંબા થયા. મુડદાં અને તેમની કતલ કરનાર બેઉ અડોઅડ સૂતા અને આખા દિવસની કતલની ભયાનકતાનું ગાઢ નિદ્રાને લીધે તેમને વિસ્મરણ થઈ ગયું. પણ હજી નેપોલિયનને ઉંઘવાની ફુરસદ ન હતી. સવાર પડતાં પહેલાંજ બીજા વધારે બળવાન સૈન્ય સાથે ટક્કર લેવી પડશે તેની તેને ખાત્રી હતી. આખી રાત તે દોડતે ઘોડે ઘૂમ્યો અને બીજા દિવસના યુદ્ધને માટે તૈયાર થયો.

જનરલ મેલાના વિખરાયલા સૈન્યના બચેલા સિપાઇઓ વર્મ્સરને જઇ મળ્યા હતા. નેપોલિયનના મુકામથી પાંચ માઇલને અંતરે એ બુઝર્ગ યોદ્ધો ત્રીશ હજાર માણસોને વ્યૂહ રચનામાં ગોઠવીને તેની રાહ જોતો ઉભો હતો. મોટા મળસ્કામાં ફ્રેન્ચસેનાએ પાછી કુચ કરી. પોતાના લશ્કરની જૂદી જૂદી ટુકડીઓ પૂર ઝડપથી કુચ કરે તે માટે ચારે તરફ નેપોલિયન ઘોડો દોડાવતો હતો. ઘણીજ અગત્યની સૂચનાઓ બીજા સ્વારો મારફતે મોકલવાનો આ વખત ન હતો. આ દડમજલથી તેના એક પછી એક પાંચ ઘોડા મરણતોલ થઇને પડયા. સેનાપતિના ઉત્સાહનો ચેપ આખા લશ્કરને લાગુ પડયો હતો. સવાર પડતાં બેઉ લશ્કરનો ભેટો થયો અને પરિણામે આસ્ટ્રિયનોએ રણક્ષેત્રમાંથી નાસવા માંડયું. અંધારૂં થતાં સુધી ફ્રેન્ચ સ્વારો તેમની પાછળ પડયા અને તેમને નિર્દયપણે કાપી નાખ્યા.

એક અડવાડીઆનીજ વાત પર આ આસ્ટ્રિયન સૈન્ય રણવાદ્ય વગાડતું, ધ્વજા ફરકાવતું પૂર ભભકામાં ટ્રેન્ટથી નીકળ્યું હતું, વિજયની તેમને પૂરેપૂરી ખાત્રી હતી. પણ માત્ર છજ દિવસની અંદર ઘવાયલાં, કપાયલાં અને કેદ થએલાંઓ મળીને કુલ ચાળીસ હજાર માણસો તેમણે ગુમાવ્યાં. આ પ્રમાણે આસ્ટ્રિયન સૈન્યની બીજીવાર ધૂળધાણી થઇ ગઇ. નેપોલિયનના આ જંગમાં બધા મળીને સાત હજાર સિપાઇ મરાયા.

આ પ્રમાણે છ દિવસનો જંગ ખતમ થયો. આ અજાયબ જેવી ફતેહનું મુખ્ય કારણ નેપોલિયનનું બુદ્ધિબળજ હતું, આવાં અસાધારણ પરાક્રમ જગત્ના ઇતિહાસમાં બીજે કોઇ સ્થળે જોવામાં આવ્યાં નથી. હવે ફ્રેન્ચ યોદ્ધાઓ તેમના અજય્ય સેનાપતિ ઉપર બેહદ પ્રેમ અને વિશ્વાસ રાખવા લાગ્યા. લોદીના સંગ્રામ પછી જેમ તેમણે નેપોલિયનને “ નાનો નાયક ” નામ આપ્યું હતું તેમ હવે તેમણે

તેને એક પદવી ઉંચે ચડાવીને “નાનો જમાદાર” એવું નામ પાડયું.

આસ્ટ્રિયાનું લશ્કર નેપોલિયનને કચરી નાખવાને ચાલ્યું આવે છે એ સમાચાર ઇટાલિમાં ફેલાઇ જતાંજ રોમ, વેનિસ અને નેપલ્સ વગેરે રાજ્યોએ તેમના કોલકરાર તોડયા અને હવે નેપોલિયન જરૂર માર્યો જશે એમ જાણીને તેઓ તેના શત્રુના પક્ષમાં ભળ્યા. પવિત્ર પોપ મહારાજે વચન તોડયું. હવે તેઓ આસ્ટ્રિયાનો પરાજય જોઇને ગભરાયાં અને નેપોલિયનને પગે પડવા લાગ્યા. પોપ મહારાજનો વયોવૃદ્ધ પ્રતિનિધિ તો નાના બાળકની માફક દીનતાપૂર્વક રડી પડયો. પણ ઉદાર દિલના નેપોલિયને સર્વને માફી આપી. માત્ર એટલુંજ કહ્યું કે હવેથી તમારા ઉપર સખત જાપતો રાખવામાં આવશે. માત્ર એકલા લોંબાર્ડિના લોકોજ પોતાનો નેક જાળવી રહ્યા હતા. નેપોલિયને તેમનો આભાર માન્યો અને તેઓ સ્વરાજ માટે યોગ્ય થયા છે એવો મત દર્શાવ્યો.

છેલ્લી લડાઇઓ દરમ્યાન લશ્કરના પહેરેગીરો બરાબર ચોકી કરે છે કે નહિ તેની તપાસ કરવાને નેપોલિયન છૂપે વેશે બહાર નીકળી પડયો હતો. એક સિપાઇ નાકું સાચવતો હતો તેણે તેને અટકાવ્યો અને કહ્યું કે તમે ગમે તે હો કદાચ સેનાધિપતિ પોતે હો તોપણ હું તમને જવા દઇશ નહિ. આવી કર્તવ્યપરાયણતાથી પ્રસન્ન થઇને નેપોલિયને તેને અમલદારની પદવી આપી.

ત્યાર પછી નેપોલિયન બીજીવાર મંટુઆ પાસે જઇ પહોંચ્યો. ગયા વખતની તેની બધી મહેનત ધૂળધાણી થઈ ગઇ હતી. શત્રુએ તેનાં બાંધકામ ભાગી નાખ્યાં હતાં, તેની તોપો ઘસડી ગયા હતા અને શહેરમાં જોઇએ તેટલું અનાજ તથા પુષ્કળ દારૂગોળો લઈ આવ્યા હતા. નેપોલિયન પાસે ઘેરો ઘાલવાનાં પૂરતાં સાધન ન હતાં અને આસ્ટ્રિયનો ત્રીજી વાર આવશે એવી વકી હતી. હજી ત્યાંના બાદશાહનો નિશ્ચય ડગ્યો ન હતો. તે હજી પણ ફ્રાન્સ સાથે સલાહ કરવાની ઘસીને ના પાડતો હતો. “ ફ્રેન્ચ પ્રજાસત્તાકનો નાશ કરવોજ જોઇએ. ” એવા શબ્દો તેના વાવટા ઉપર તેણે ચીતરાવ્યા હતા. નેપોલિયને પોતાના સૈન્યથી ત્રણગણાં મોટાં બે આસ્ટ્રિયન સૈન્યનો કચ્ચર ઘાણ કહાડી નાખ્યો, તોપણ હજી આ ઉગતા પ્રજાસત્તાક રાજ્યને કચરી નાખવાને આસ્ટ્રિયાએ પોતાનું તમામ સામર્થ્ય એકઠું કરીને ત્રીજી વારની તૈયારી કરવા માંડી. ત્રણજ અઠવાડીઆંની અંદર વર્મસર પંચાવન હજાર માણસોની ફોજ લઇને બીજીવાર ટ્રેન્ટ આવ્યો. મંટુઆનાં વીસ હજાર માણસો મળીને તેની પાસે કુલ પોણો લાખ માણસ હતાં. નેપોલિયનને પારિસથી નવું લશ્કર મળ્યું હતું પણ તે માત્ર ગઇ લડાઈની ખોટ પૂરી કરવા પૂરતુંજ હતું. એટલે તેની પાસે તો ત્રીસજ હજાર સિપાઇઓ હતા.

ફ્રેન્ચો ટાઇરોલ શહેર ઉપર હુમલો ન કરી શકે તેથી વર્મસરે પચીસ હજાર

માણસોને ટ્રેન્ટથી દક્ષિણે દશ માઇલને અંતરે મજબૂત સ્થળે મૂક્યાં અને પોતે ત્રીસ હજાર માણસો લઇને મંટુઆ તરફ ચાલ્યો. શત્રુને આ પ્રમાણે છૂટા પડેલા જાણીને નેપોલિયન ખુશખુશ થઇ ગયો. તેણે ટ્રેન્ટ નજીક પડેલા સૈન્ય તરફ વીજળીને વેગે કૂચ કરી અને એક પળનો પણ વિરામ કર્યા વગર ૪થી સપ્ટેંબરે તેના ઉપર તૂટી પડયો. ઘોર યુદ્ધ થયું અને આસ્ટ્રિયન સેનાનો ભૂકો નીકળી ગયો. નેપોલિયન ટ્રેન્ટ શહેરમાં વિજયનો ડંકો વગાડતો દાખલ થયો, અને ત્યાં તેણે એક જ્વલંત જાહેરનામું પ્રકટ કર્યું. તેમાં તેણે લોકોને ખાત્રી આપી કે હું **જીતવાને માટે નહિ પણ સલાહ કરવા માટે લડું છું, પણ મારા દેશના શત્રુઓ સલાહ કરવા રાજી નથી.** ફ્રેન્ચો કોઇપણ પ્રદેશના લોકોના દુશ્મન નથી. પણ આસ્ટ્રિયાના પાદશાહ જેને ઇંગ્લંડ પોતાનું નાણું આપીને લઢવાને ઉશ્કેરે છે, તે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યની સામે લઢવાનો અડગ નિશ્ચય પકડી બેઠો છે. જો લોકો મારી સામે હથિયાર નહિ ઉપાડે તો તેમના જાનમાલ અને તેમના રાજનૈતિક હક્ક હું જાળવીશ. આવા કટાકટીના મામલા વખતે પણ તેણે લોકોના આગેવાનોને એકઠા કર્યા, તેમના સ્થાનિક રાજ્યતંત્રની વ્યવસ્થા કરી આપી અને તેમનો રાજ્ય વહીવટ તેમના પોતાના હાથમાં સોંપી દીધો.

આ બધું કામ તેણે એકજ દિવસમાં પતાવી દીધું અને પાંચમી સપ્ટેંબરની રાતે વર્મસરની ત્રીસ હજાર માણસોની ફોજ ઉપર છાપો મારવાને તે નીકળી પડયો. સાઠ માઇલની મજલ તેના લશ્કરે ૩૬ કલાકમાં કરી નાખી અને સાતમી સપ્ટેંબરની સવાર પહેલાં તો વર્મસરે નેપોલિયનની તોપોના ધડાકા સાંભળ્યા. આવી અપૂર્વ હોશિયારીથી તે બૂઝર્ગ સેનાપતિ ગભરાયો તો ખરો તોપણ બનતી ઝડપથી તેણે પોતાના સૈન્યને વ્યૂહમાં ગોઠવી દીધું. નેપોલિયને તેને તૈયાર થવાને માટે એક પળ વારનો પણ વખત ન આપતાં હુમલો શરૂ કર્યો. નેપોલિયન અપરાજિત છે એવી બેઉ સૈન્યને ખાત્રી થઈ ચૂકી હતી. ફ્રેન્ચોનો ઉત્સાહ તેમણે ઉપરા ઉપરિ મેળવેલી ફતેહને લીધે બેહદ વધી ગયો હતો; ત્યારે બીજી બાજુએ વારંવાર પરાજય થયાથી આસ્ટ્રિયનોનો જુસ્સો અને હિંમત નરમ પડી ગયાં હતાં. આગલાં યુદ્ધોમાં જે થયું હતું તે આ યુદ્ધમાં પણ થયું. આસ્ટ્રિયનોએ સખ્ત હાર ખાધી અને પોતાનાં પંચાવન હજારમાંથી માત્ર સોળજ હજાર માણસો લઇને બિચારો વર્મસર મંટુઆ તરફ નાઠો. તેના નાસતા સૈન્યને તોપોના ગોળાથી છિન્ન ભિન્ન કરતો નેપોલિયન ભયાનક જુસ્સાથી તેની પાછળ દોડયો. જ્યારે વર્મસર મંટુઆની નજીક આવી પહોંચ્યો ત્યારે કિલ્લામાંનું સૈન્ય તેની વહારે આવ્યું. સંયુક્ત સૈન્યો સાથે નેપોલિયને લાંબા વખત સુધી દારુણ સંગ્રામ મચાવ્યો અને આખરે આસ્ટ્રિયનો એકેએક ઠેકાણેથી માર ખાઇને ત્રાહ્ય ત્રાહ્ય પોકારતા નાઠા અને કિલ્લામાં ભરાઈ ગયા. વર્મસર “પોરી-

આને સપડાવવા જતાં” પોતેજ પોરીઆને હાથે મંટુઆના કિલ્લામાં ઘેરાઇ ગયો. આ પ્રમાણે બીજો દસ દિવસનો જંગ ખતમ થયો. દસજ દિવસમાં નેપોલિયને પોતાના સૈન્યથી બમણા આસ્ટ્રિયન લશ્કરનો ત્રીજીવાર ભૂકો કહાડી નાખ્યો. હવે આખું રણક્ષેત્ર તેને માટે ખુલ્લું થઇ ગયું હતું. મંટુઆ સર કરતી વેળા તેને ઉપદ્રવ કરે એવો એક પણ દુશ્મન ન હતો. આવી ઉપરાઉપરિ યશસ્વી અને આશ્ચર્યકારક ફતેહની પરંપરા જોઇને આખો યૂરોપ ચકિત થઇ ગયો.

ઉપર વર્ણવેલી લડાઇઓ દરમ્યાન એકવાર નેપોલિયનની પાસે એક સિપાઇ આવીને કહેવા લાગ્યો કે “ સાહેબ ! અમે આટલી આટલી લડાઇઓ જીત્યા તોપણ જુઓ, અમારાં કપડાં કેવાં ચીથરેહાલ છે ?” લશ્કરમાં અસંતોષની લાગણીને મૂળમાંથીજ દાબી દેવાને માટે નેપોલિયને પોતાની સ્વાભાવિક સમયસૂચકતા વાપરીને જવાબ આપ્યો કે **“ મારા બહાદુર મિત્ર ! આ ફાટલાં કપડાંમાંથી તારા આબરૂ ભર્યા જખમો જેવા ખુલ્લા દેખાય છે તેવાં નવાં કપડાં પહેર્યા પછી નહિ દેખાય.”** આ જવાબની અસર લશ્કર ઉપર એવી જાદુઇ થઈ કે ચારે દિશાએથી વાહ ! વાહ ! ના પોકાર થઈ રહ્યા. આ વાત આખા સૈન્યમાં વાને વેગે ફેલાઇ ગઈ અને નેપોલિયન તરફ સિપાઇઓનો પ્રેમ હતો તે કરતાં ઘણોજ વધી ગયો.

એજ લડાઇઓ દરમ્યાન એકવાર નેપોલિયન પોતાની મુખ્ય ટુકડીથી ઘણો આગળ નીકળી ગયો. તે આખા દિવસનો અપવાસી હતો અને ઉપરાઉપરિ ઘણી રાતના ઉજાગરા પણ થયા હતા. આવા વખતે એક સામાન્ય સિપાઇએ પોતાના એકજ સૂકા રોટલામાંથી નેપોલિયનને અરધો રોટલો ખાવા આપ્યો અને બેઉ જણ જમીન ઉપર સાથે સાથે સૂતા. આ વાતને દસ વર્ષ વીતી ગયા પછી નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ્ થયો અને એકવાર બેલ્જીયમમાથી તે પસાર થતો હતો ત્યારે પેલો સિપાઇ તેની પાસે આવીને કહેવા લાગ્યો કે “ સાહેબ ! આપને યાદ છે કે આપ એકવાર ભૂખ્યા હતા ત્યારે મેં મારા ભાથામાંથી આપને અડધો રોટલો આપ્યો હતો ? આજે મારોજ ઘરડો બાપ અન્ન વગર ટળવળે છે તેને માટે રોટલો માગવા હું આપની પાસે આવ્યો છું.” નેપોલિયને તેજ ઘડીએ તે ડોસાને પેન્શન બાંધી આપ્યું અને તે સિપાઇને લેફ્ટેનન્ટને દરજ્જે ચઢાવી દીધો.

એકવાર યુદ્ધના બારીક મામલા વખતે નેપોલિયન શૂરના આવેશમાં સાધારણ સિપાઇની માફક ઘણીજ જોખમભરેલી જગ્યાએ ઉભો હતો. એક બુઝર્ગ સિપાઇ સેનાધિપતિની ભયભરેલી સ્થિતિ જોઇને તેનું કાંડુ પકડીને બોલ્યો, “ બાજુએ જાઓ.” નેપોલિયને તેના તરફ કરડી નજરે જોવા માંડયું તોપણ તેથી ન ડરતાં તેણે કહ્યું, **“ જો તમે કપાઇ જશો તો અમને મોતમાંથી કોણ બચાવશે ?” એમ કહીને બંદુકની ગોળીઓ અને નેપોલિયનની વચ્ચે પોતાની પહોળી**

છાતી ધરીને તે ઉભો રહ્યો. બીજે દિવસે નેપોલિયને તેને પોતાની પાસે બોલાવ્યો અને સિપાઇમાંથી એકદમ અમલદાર બનાવી દીધો.

નેપોલિયનની પ્રતાપી મુખાકૃતિથી અને તેની અસામાન્ય બુદ્ધિને લીધે સેનાપતિઓ તેનાથી ડરીને ચાલતા અને તેની સાથે જરાપણ છૂટ લેવાની હિંમત કરતા નહિ. પણ સિપાઇઓ તો જેમ બાપની પાસે બાળક દોડી જાય તેમ તેની પાસે જતા. આસ્ટ્રિયનો સાથેના એક તુમુલ યુદ્ધ વખતે નેપોલિયને શત્રુસૈન્યની નબળી બાજુ જોઇ લીધી અને તે દિશા તરફ હલ્લો કરવાની તે આજ્ઞા આપવાની તૈયારીમાંજ હતો એટલામાં એક સામાન્ય સિપાઇ તેની પાસે દોડતો આવીને કહેવા લાગ્યો કે "સાહેબ ! પેલી બાજુએ એક ઘોડેસ્વારની ટુકડી મોકલશો તો આપણે જીત્યાજ જાણજો." સામાન્ય સિપાઇમાં આવી અસાધારણ યુદ્ધકુશળતા જોઇને નેપોલિયન ચકિત થઇ ગયો અને બોલ્યો, "ઓ બહાદૂર ! મારા મનની વાત તું ક્યાંથી જાણી ગયો ?" તે સિપાઇએ કહ્યું તેમજ થયું. આસ્ટ્રિયનો હાર્યા. બીજે દિવસે નેપોલિયને તે સિપાઈની તપાસ કરાવી પણ તે તો એક ગોળીથી વિંધાઇને માર્યો ગયો હતો. જો જીવ્યો હોત તો તે પણ નેપોલિયનના સૈન્યના નામાંકિત સેનાપતિઓમાંનો એક નીવડત. તેના મરણના સમાચાર સાંભળીને નેપોલિયન ઉંડી દિલગીરીમાં ગરકાવ થઇ ગયો.

હજી પણ આસ્ટ્રિયાને મદ ઉતર્યો ન હતો, તેમ ફ્રાન્સને કચરી નાખવાનો તેનો નિશ્ચય ડગ્યો ન હતો. આવા અડગ નિશ્ચયનો અને આવા અસાધારણ ઉત્સાહનો ઉપયોગ જો આસ્ટ્રિયાના બાદશાહે સારા કાર્યમાં કર્યો હોત તો તે ધન્યવાદને પાત્ર થાત; પરંતુ ભયંકર દુરાગ્રહને વળગી રહીને તેણે ફ્રાન્સ સાથે સલાહ કરવાને ના પાડી. ઇંગ્લંડ કે જેનાં વહાણ અને લશ્કર જ્યાં જવાય ત્યાં જઇને ફ્રાન્સને ઉપદ્રવ કરતાં હતાં તેજ આ વિગ્રહનું મૂળ ઉત્પાદક હતું; અને તેનાજ ઉત્તેજનથી, તેનીજ ભારે લાંચને વશ થઇને આસ્ટ્રિયાનો રાજા પણ આ યુદ્ધમાંથી હાથ ઉઠાવતો ન હતો. આસ્ટ્રિયાના પ્રધાનમંડળને પણ યુદ્ધ કરવાની મંજૂરી અપાવવા ઇંગ્લંડજ ઉશ્કેરતું હતું અને આસ્ટ્રિયાને મદદ કરવા માટે છૂટે હાથે નાણાં વેરતું હતું. સ્વાધીનતાની ઉપાસક, રાજાઓના જુલમની કટ્ટા શત્રુ જેવી ઇંગ્લંડની ઉદાર પ્રજા આ યુદ્ધથી વિરુદ્ધ હતી અને સલાહ કરી દેવી જોઇએ એવો પોકાર ઉઠાવતી હતી. પણ ત્યાંનું રાજકુટુંબ અને ત્યાંના ઉમરાવો જ્યાંસુધી ફ્રાન્સ પોતાના રાજાઓનો અમલ ન સ્વીકારે ત્યાંસુધી સલાહ નજ કરવી એવો દૃઢ સંકલ્પ લઈ બેઠા હતા.

નવું સૈન્ય ઉભું કરવાને માટે આસ્ટ્રિયાના બાદશાહે પોતાનું તમામ સામર્થ્ય ખરચી નાખ્યું, અને એક મહિનાની અંદર એક લાખ માણસનું સૈન્ય તૈયાર કર્યું. લશ્કરના વાવટાનું ભરતકામ રાણીએ પોતાને હાથે કર્યું અને તે વાવટા તેણે પોતાને હાથે

લશ્કરને **અર્પણ** કર્યાં. પુરુષોને શૂર ચડાવવા માટે સ્ત્રીઓએ પોતાના મોહક હાસ્યનો અને મીઠી વાણીનો પૂરતો ઉપયોગ કર્યો. 'આલ્વિન્ઝિ' નામનો એક નવો સેનાપતિ ૭૫૦૦૦ સિપાઇઓ લઇને મંટુઆ તરફ ચાલતો થયો અને મંટુઆનાં ૨૫૦૦૦ સિપાઇઓ મળીને કુલ એક લાખ માણસોનું સૈન્ય નેપોલિયનની બેઉ બાજુએ આવીને ઉભું.

હવે તેની સ્થિતિ ઘણીજ ભયંકર હતી. ફ્રાન્સથી તેને થોડું સૈન્ય મળ્યું હતું પણ તે થયેલી ખોટ પૂરી કરવા જેટલુંજ હોવાથી તેની પાસે ત્રીશ હજાર માણસો હતાં. લશ્કરી તિજોરી લગભગ ખાલી થવા આવી હતી અને ઉપરા ઉપરિ ફતેહો મેળવ્યા છતાં પણ તેના સિપાઈઓને હજી અન્નવસ્ત્રને માટે તંગી વેઠવી પડતી હતી. તેમનામાં પણ અસંતોષ ફેલાવા લાગ્યો હતો.

નેપોલિયનને પોતાની ભયભરેલી સ્થિતિની પૂરેપૂરી ખબર હતી; પરંતુ થોડાજ વખતમાં થવાના ભયંકર સંગ્રામની તૈયારી કરવા માટે તેનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. તેના મિત્રો અને શત્રુઓ, બેઉને ખાત્રી હતી કે હવે તેનું આવી બન્યું. છેલ્લી લડાઇઓના અનુભવથી આસ્ટ્રિયનો ચેતી ગયા હતા તેથી તેમણે પોતાના સૈન્યના વિભાગ કરવાની ભૂલ ત્રીજી વાર કરી નહિ. પોતાનાથી લગભગ અઢી ગણું મોટું સૈન્ય સામેથી આવતું હતું અને લડાઇ વખતે વર્મસર મંટુઆના કિલ્લામાંથી નીકળીને તેના લશ્કરના પાછલા ભાગ પર તૂટી પડવાનો લાગજ જોયા કરતો હતો. આથી નેપોલિયનને પણ દહેશત લાગી કે હવે ટકી શકાશે નહિ; તોપણ જાણે પોતાને ફતેહની પૂરેપૂરી ખાત્રી હોય એવો દેખાવ તે લશ્કર આગળ કરતો હતો.

આ વખતે નવું લશ્કર મંગાવવા માટે તેણે ફ્રાન્સના ડિરેક્ટરોને જે અરજી લખી હતી તે તેની ભાષાની છટા અને હૃદયના ગાંભીર્યના ભવ્ય દૃષ્ટાંતરૂપ છે. તેણે લખ્યું કે "આપણા ઉંચા દરજ્જાના તમામ અમલદારો અને સારામાં સારા સેનાપતિઓ કપાઇ ગયા છે અથવા ઘાયલ થવાથી નકામા બની ગયા છે. ઈટાલિનું સૈન્ય જે શત્રુ સૈન્યને મુકાબલે મુઠ્ઠીભર કહી શકાય તે તદ્દન થાકી ગએલું છે. મિલેસિપો અને લોદિના સંગ્રામવીરો તેમના દેશની લડતમાં કપાઇ ગયા છે અને જે જીવતા છે તેઓ દવાખાનાંઓમાં પથારીવશ છે. મારા સૈન્યની પાસે હવે તેની પાછલી કીર્તિ અને હિંમત સિવાય બીજુ કાંઇ રહ્યું નથી. જે બહાદુર માણસો મારી પાસે છે તેમને માટે મોત સિવાય હવે બીજા કશાની આશા નથી. બહાદુર ઓગેરો અને રણધીર માસેનાના દિવસ પણ ભરાઇ ચૂક્યા છે. આવા બહાદુર યોદ્ધાઓનો વિનાશ થવાનો છે તે જોતાં મને મારા પોતાના મરણને માટે કશી ચિંતા રહેતી નથી. મારા લશ્કરે તેની ફરજ પૂરેપૂરી બજાવી છે અને હું મારી બજાવ્યો જાઉં છું. લડાઇ ખાતાના વડા પ્રધાને જે મદદ આપવાનું મને વચન આપ્યું હતું તેના ચોથા ભાગની મદદ પણ મને આજ સુધીમાં મળી નથી.

મારી તબીયત એવી લાસ થઈ ગઇ છે કે ઘોડે બેસતાં પણ મને મુશીબત પડે છે. મારી પાસે હવે મારી હિંમત સિવાય બીજું કશું સાધન રહ્યું નથી અને જે જગ્યાએ તમે મને નીમ્યો છે તેને માટે તે એકલીજ બસ છે. લશ્કર મોકલો, નહિ તો ઇટાલિ ગયુંજ જાણજો !"

એક બાજુએ તેણે ડિરેક્ટરોને આ પ્રમાણે લખ્યું ત્યારે બીજી બાજુએ પોતાના લશ્કર સાથે જૂદાજ પ્રકારનું સંભાષણ કર્યું, અને તેમને પાણી ચડાવવાને માટે તેણે પોતાની તમામ ચિંતાઓને છુપાવી રાખી. તેણે કહ્યું, " આપણે હવે એક છેલ્લોજ યત્ન કરવાનો છે અને ઇટાલિ જીતાયુંજ જાણજો. દુશ્મનો આપણા કરતાં સંખ્યામાં ચઢીઆતા છે પણ તેથી ગભરાશો નહિ. તેમનામાંના અડધો અડધ માણસો બિન અનુભવી ગામડીઆઓ છે. આલ્વિન્ઝિનો પરાજય થતાંજ મંટુઆ પડવાનુંજ અને તેથી આપણે ઈટાલિ જીતીશું એટલુંજ નહિ પણ શત્રુને સલાહ કરવાની ફરજ પણ પાડીશું."

જે મહિનામાં આસ્ટ્રિયાનો બાદશાહ પોતાના સૈન્યનો જમાવ કરતો હતો તે મહિનામાં નેપોલિયન એક પળવાર પણ ઠરીને બેઠો ન હતો. તેને પોતાની આસપાસનાં રાજ્યો અને નગરોની સાથે દોસ્તીના કોલકરાર કરવા હતા, અને દુશ્મનાવટ બતાવે એવાં રાજ્યોને નિઃશસ્ત્ર કરવાં હતાં. ડિરેક્ટરોની મરજી વિરુદ્ધ તેણે ઘણાં કરારનામાં કર્યાં અને લખ્યું કે જો તમે તમારા સેનાપતિના હાથમાં કુલ સત્તા નહિ સોંપો તો ઇટાલિ ગયુંજ જાણજો. પોપના અંધેરથી કાયર થએલાં રાજ્યોના લોકોને તેણે સ્વરાજ આપ્યું. લોકો તેના ઉપકાર નીચે આવી ગયા અને તેમની વફાદારી દઢ થઇ. ઇટાલિમાંથી અનેક માણસો તેના લશ્કરમાં જોડાયા અને તેના દુશ્મનની સામે બહાદુંરીથી લડ્યાં. વિશ્વાસ અને સ્વાધીનતા શું નહિ કરે ? *સ્વાધીનતા મળવાથી ઈટાલિની નામર્દ ગણાતી પ્રજા એકદમ લડાયક બની ગઇ અને શૂરવીર ફ્રેન્ચોની સાથે આષ્ટ્રિયાની સામેના યુદ્ધોમાં ઝૂઝવા લાગી.

ઇટાલિનાં રાજ્યો સાથે કોલકરાર કરવામાં, ત્યાંના નગરવાસીઓની પ્રીતિ સંપાદન કરવામાં આ સત્તાવીશ વર્ષના યુવાને વયોવૃદ્ધ અને ઘડાયલા રાજનીતિજ્ઞ પુરુષને પણ લજાવે એવી કુનેહ, ડહાપણ અને ઉદારતા બતાવ્યાં તેથી કરીને ડિરેક્ટરો પાસેથી તેને સહાય મળી ન હતી તેની ખોડ તેને ઝાઝી જણાઇ નહિ; પણ તેની સાથે ઈટાલિના લોકોનું રાજ્યપરિવર્તન કરવાનું વલણ તેણે દઢતાથી દબાવી દીધું. નહિ તો પારિસમાં ૧૭૯૩ની સાલમાં જે ભયંકર ઘટના થઇ હતી તે ઇટાલિમાં થાત; ઉમરાવવર્ગ ઉશ્કેરાઇ જાત અને તેની સ્થિતિ જે ભયંકર તો હતીજ તે છેકજ નિરા-

---

* આવી રાજનીતિ બ્રિટિશ રાજ અખ્તિયાર કરત તો હિંદની ૩૦ કરોડની વસ્તીમાંથી જર્મન સામે લડવા માટે કેટલાં સૈન્ય ઉભાં થયાં હોત ?

શાજનક થઇ પડત. એક બાજુએ લોકોને સ્વાધીનતા આપવાની વૃત્તિ; પણ તેઓ નિરંકુશ ન બની જાય તે માટે તેમના ઉપર અંકુશ રાખવાની પણ જરૂર; આ બે પરસ્પર વિરુદ્ધ વિચારોનું સમતોલપણું જાળવવાની કુશળતા નેપોલિયનમાં હતી તેથી રાજનીતિજ્ઞ પુરુષ તરીકે તેને ઉંચામાં ઉચું સ્થાન મળવું જોઇએ.

આટલી બધી ઉપાધિઓ વચ્ચે નેપોલિયન પોતાની જન્મભૂમિ કૉર્સિકાને ભૂલી ગયો ન હતો. અંગ્રેજોની ઝુંસરીમાંથી તેને મુક્ત કરવાને તેણે એક વહાણનો કાફલો રવાના કર્યો હતો. નેપોલિયન પોતાની અપ્રસિદ્ધ જન્મભૂમિને માટે ખાસ પ્રેમ રાખતો ન હતો એવો આક્ષેપ મૂકતાં સ્કૉટ લખે છે કે “નેપોલિયન સિંહના બચ્ચાની માફક ઘેટાંનાં ટોળાંને વીખેરતી વખતે અને શિકારીઓનો નાશ કરતી વખતે જે પર્વતની ગુફામાં પોતે જન્મ્યો હતો, તેને તદ્દન વીસરી ગયો હતો.”

પણ સેંટ હેલેનામાં નેપોલિયને પોતે એક પ્રસંગે કહ્યું હતું:—

“જ્યારે રાજનૈતિક વિષયના વિચાર મારા મનમાં નથી હોતા અથવા મારા ઉપર જાપતો રાખનાર* અમલદારનાં અપમાન ભરેલાં વચનોને હું ભૂલી જાઉં છું, ત્યારે મારા બાળપણની સ્મૃતિઓ મારા મનમાં એકસામટી જાગૃત થઈ જાય છે. માનવજીવન સંબંધી મારી તે સમયે જે ધારણાઓ હતી તેનું મને ફરીથી સ્મરણ થાય છે. હમેશાં જ્યારે જ્યારે મારા મનને સંપૂર્ણ શાંતિ હોય છે ત્યારે મને એમજ લાગે છે કે જો રાજનૈતિક વમળમાં ન પડયો હોત, અને મારી સ્ત્રી અને પુત્રની સાથે મારા એજેશિયોના બાપોતી ઘરમાં માત્ર પાંચસેંજ પાઉન્ડની આવક ઉપર નિર્વાહ કરતો હોત તો હું જગત્માં સર્વથી વધારે સુખી હોત. મોન્થોલન ! તે સ્થાન કેવું રમણીય હતું તે તને યાદ છે ? તું પાઈલાઇન સાથે દોડતો અને સારી સારી દ્રાક્ષના ઝુમખા તોડી ખાતો ! કેવા સુખના દિવસ ! તે દિવસ વહી ગયા ! × × × મને તે સ્થાનની સ્મૃતિ હજી એવી ચોકખી છે કે આંખો મીંચીને પણ હું દરેકે દરેક જગ્યા ઓળખી શકું. જે ક્ષેત્રોમાં મારા સ્વદેશબાંધવો સ્વતંત્રતાને માટે યુદ્ધો લડયા હતા તે ક્ષેત્રોમાં હું જનરલ પાઓલીની સાથે ફરતો તે મને બરાબર યાદ છે. તેની અસર હજી મારા હૃદયમાં પ્રબળ આંદોલન ઉત્પન્ન કરે છે. આવ, મોન્થોલન, મારી પાસે આવીને મારી છાતી ઉપર તારો હાથ મૂકી જો. જો તે કેવી ધડકે છે ?”

મોન્થોલન લખે છે કે “ખરેખર તેની છાતી જોરથી ધડકતી હતી. તેના મનમાં લાગણીનો ઉદય થતાં તેના આખા શરીરમાં એક પ્રકારના વિજળીક પ્રવાહનો સંચાર થતો હતો એ વાતને હું જાણુતો ન હોત તો અમને તેની છાતી ઉપર હાથ મૂકતાં આશ્ચર્ય થયા વગર રહેતજ નહિ.”

---

*સેંટ હેલેનામાં તેના તરફ ઘણી અપમાનભરેલી વર્તણુક ચલાવવામાં આવી હતી.

प्रकरण ९ मुं—मंटुआ पड्युं. १७९७

નવેંબર માસના પ્રારંભમાં આસ્ટ્રિયન લશ્કરે કુચ શરૂ કરી. ઠંડા પવનના સુસવાટ વાતા હતા, અને પર્વતોનાં શિખર બરફથી સફેદ બન્યાં હતાં; પરંતુ તેમને કુચ કર્યા વગર ઈલાજજ ન હતો; કારણ કે જો મંટુઆ પડે તો તેની સાથેજ ઇટાલિમાં આસ્ટ્રિયાના અમલનો પણ અંત આવે.

આ બાજુએ નેપોલિયન મંટુઆ ઉપર સખતમાં સખત દબાણ કર્યો જતો હતો. શહેરમાં અનાજ ખૂટયું હતું. નીડર અને બુઝર્ગ વર્મસરે પોતાના તમામ ઘોડાઓની કતલ કરાવીને તેમના આથેલા માંસ ઉપર નિર્વાહ કરવા માંડયો. આખરે તે પણ ખૂટવા આવ્યું ત્યારે તેણે ઘણીજ કુનેહ વાપરીને 'આલ્વિન્ઝિ'ને પેગામ પહોંચાડયો કે છ અઠવાડીઆંથી વધારે મુદત સુધી મારાથી ટકી શકાશે નહિ.

આસ્ટ્રિયન સૈન્યની હિલચાલ તપાસવાને અને બને તો તેમને રોકી રાખવાને નેપોલિયને જનરલ વોઓઇને બાર હજાર માણસ આપીને મોકલ્યો. તેણે ટ્રેન્ટ શહેરથી દક્ષિણે થોડેક દૂર બે પર્વત વચ્ચેની સાંકડી ખીણમાં મજબૂત જગ્યા જોઇને પડાવ નાખ્યો. પણ શત્રુઓની મોટી સંખ્યાને લીધે તેને પાછા હઠવું પડયું. આ આફતના સમાચાર મળતાંજ નેપોલિયન પોતાના સૈન્યને હિંમત આપવાને માટે વાને વેગે દોડી ગયો. જનસ્વભાવનો તેણે જે ઉંડો અભ્યાસ કર્યો હતો અને લશ્કરને ઉત્તેજિત કરવાની તેનામાં જે ખાસ કુશળતા હતી તેનો આ પ્રસંગે તેણે સારો પરિચય કરાવ્યો. આ વખતે તો દરેક જણે મરણીયા થઈને લઢયા વગર બચવાનો એકકે ઇલાજ નથી એમ જાણીને આખા લશ્કરને ગોળ કુંડાળામાં એકત્ર કર્યું અને તેમની વચમાં પોતે ઉભો. દરેક સિપાઇની નજર તેમના પરમપ્રિય સેનાધિપતિના ફિક્કા અને કામના ઘસારાને લીધે શુષ્ક થઈ ગએલા ચહેરા ઉપર પડી. તેણે સખ્ત અને દિલગીરીભરેલા અવાજે કહ્યું, "સિપાઇઓ ! હું તમારાથી ઘણો નારાજ થયો છું. જે જગ્યાએ રહીને થોડાંજ માણસો બહાદુરીથી લઢીને આખા લશ્કરને ખાળી શકે તેવી

જગ્યા છોડીને તમે નાઠા ! તમે ફ્રેન્ચ યોદ્ધાઓ છોજ નહિ. સરદાર ! તમારા લશ્કરના વાવટા ઉપર લખાવો કે ‘ **આ લશ્કર હવે ઇટાલિના સૈન્યમાંનું નથી.** ”

આ શબ્દોની જાદુઇ અસર થઈ. સિપાઇઓના ખડબચડા ગાલ ઉપર આંસુની ધાર વહેવા લાગી અને ઘણાક તો ઉઘાડી રીતે ડૂસકાં ભરવા લાગ્યા. તેમણે પોતાની હાર તોડી નાખી અને બાળકોની માફક પોતાના વહાલા સેનાધિપતિની આસપાસ ભેગા થઇ ગયા અને બોલ્યા, “ શત્રુઓ અમારાથી ત્રણ ગણા હતા. અમને બીજી વાર તેમની સામે મોકલી જુઓ. અમે મોતના મોઢા સામે દોડી જઇશું; પછી જોજે કે ઇટાલિના લશ્કરમાંના છીએ કે નહિ ! ”

નેપોલિયને તરતજ ગુસ્સો ઉતારી નાખ્યો, તેમની સાથે પ્રેમથી વાત કરી, અને કહ્યું કે તમારી ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવવાની હું તમને જલદી તક આપીશ. થયું પણ તેમજ. પછીનાજ યુદ્ધમાં નેપોલિયને તેમને મોખરે રાખ્યા અને તેમણે માણસ જાતથો ન બની શકે એવાં પરાક્રમ કરીને પોતાનાથી અનેકગણી મોટી આસ્ટ્રિયન સેનાને ઉથલાવી નાખી. આવીજ યુક્તિથી નેપોલિયન પોતાના સૈન્યમાં વ્યવસ્થા જાળવતો હતો. હાલ લશ્કરમાં થાય છે તેમ સિપાઇઓના ઉઘાડા બરડા ઉપર તેમના લોહીથી ખરડાયલી ચાબુક મારવાની તેને જરૂરજ પડતી નહિ. તે સિપાઈઓના મન ઉપરજ અધિકાર મેળવતો; **તેનું ખરૂં સામ્રાજ્ય મનુષ્યોનાં શરીરપર નહિ પણ અંત:કરણપર હતું.** તે કહેતો કે “ **મારા સિપાઇઓ તો મારાં છોકરાંઓ જેવા છે.** ” લશ્કરના એકજ વિભાગને થએલી શિક્ષાની અસર આખા લશ્કર ઉપર થઇ; અને તેમ થવાની જરૂર પણ હતી; કારણ કે આ પ્રસંગે દરેક જણને પૂરેપૂરા મરણીઆ થઇને યાહોમ કર્યા વગર બચવાનો ઇલાજજ ન હતો.

આલ્વિન્ઝિએ વર્મસરને એક છુપો પેગામ મોકલાવ્યો કે અમે આવી પહોંચીએ છીએ. આ સંદેશો એક ઘણાજ બારીક કાગળ ઉપર લખીને તેને મીણની ગોળીની અંદર છુપાવીને કાસદ સાથે મોકલવામાં આવ્યો. નેપોલિયનના ચોકીદારોએ તેને પકડયો કે તરત તે પેલી ગોળી ગળી ગયો. પણ તેને જુલાબ આપીને તેના પેટમાંથી ગોળી બહાર કહાડવામાં આવી અને નેપોલિયને શત્રુની યોજના જાણી લીધી. મંટુઆ આગળ ઘેરો ચાલુ રાખવાને તેણે દશહજાર માણસો રાખ્યાં અને બાકીનાં પદર હજાર માણસો લઇને આખા આસ્ટ્રિયન સૈન્યને અટકાવવાને તે ચાલતો થયો. એડિજ પર્વતની આખી ખીણ તેમનાથી સચરાચર ભરાઈ ગઈ હતી અને રાત્રે તેમના તાપણાથી ક્ષિતિજમાં ઘણે દૂરસુધી અજવાળું અજવાળું થઇ રહેતું. તેઓ હવે ઘણીજ સાવચેતીથી આગળ વધતા હતા અને એકેએક અગત્યની જગ્યાનો કબજો લેતા હતા. નેપોલિયને તેમની નબળી બાજુ પકડી કહાડવાને ચારે તરફ નજર નાખી પણ વ્યર્થ. સિપાઇઓ પણ હવે તેમની ધાસ્તી ભરેલી સ્થિતિથી વાકેફ થઇ ગયા. આ વખતે

ફ્રેન્ચસેનાની સ્થિતિ એવી ભયંકર હતી કે મિલન પાવિઆ અને લોદીના દવાખાનાંઓમાં પડેલા ફ્રેન્ચ યોદ્ધાઓ પોતાની રાજી ખુશીથી લશ્કરમાં આવીને હાજર થયા હતા. ઘણા તો સૂકાઇને હાડપિંજર જેવા બની ગયા હતા અને તેમના ઘા હજી પૂરા રૂઝાયા પણ ન હતા. પોતાના ઘાયલ થએલા મિત્રોને આવી હાલતમાં આવેલા જોઇને આખા સૈન્ય ઉપર અદ્દભુત અસર થઇ. એક બાજુએ તેમની પોતાની ધાસ્તી ભરેલી સ્થિતિનું તેમને પૂરેપૂરૂં ભાન થઇ ગયું ત્યારે બીજી બાજુએ સ્વદેશભક્તિનું આવું જ્વલંત દૃષ્ટાંત જોઇને તેમને શૂરાતન ચડ્યું. શત્રુઓ વધારે સંખ્યામાં એકઠા થાય ત્યાર પહેલાંજ નેપોલિયને યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. આસ્ટ્રિયનો ચાળીશહજાર અને ફ્રેન્ચો પંદર હજાર હતા.

નેપોલિયને જ્યારે પોતાના જમીનપર સૂતેલા સિપાઇઓને કુચ કરવાને જાગૃત કર્યા ત્યારે રાત્રિનો ઘોર અંધકાર ચોતરફ છવાઇ રહ્યો હતો, અને ઠંડા પવનના સુસવાટ જોરથી વાતા હતા. આ કામ અત્યંત જોખમભરેલું હતું. પંદર હજાર ફ્રેન્ચોને શત્રુના ચાળીશ હજાર સિપાઇઓના અભેદ્યવ્યૂહ ઉપર આંધળાની માફક તૂટી પડવાનું હતું. આગલા દિવસના વરસાદને લીધે રસ્તામાં એટલો કાદવ થયો હતો કે તેમનાથી પોતાની તોપો સાથે લઇ જવાનું બને તેમ ન હતું. આખો દિવસ ભયાનક કતલ ચાલી. યુદ્ધની કારમી કીકીઆરી, લડવૈયાઓની વીરહાક અને ઘાયલ થએલાઓની ચીસાચીસ પવનના સુસવાટ સાથે ભળી જતાં હતાં. આખી રાત બરફ વરસ્યું અને ફ્રેન્ચ સિપાઇઓ તેમના મુખ ઉપર પડતા કરાની વૃષ્ટિથી કાયર કાયર થઇ ગયા. અંધારૂ થયા પછી વરસાદથી તરબોળ થએલા, ટાઢથી ઠરી ગએલા અને આખો દિવસ લઢી લઢીને થાકીને લોથ થએલા સિપાઇઓ લોહીથી ખરડાયલા બરફ ઉપર મુડદાંઓ અને મરવા પડેલાની સાથે આરામ લેવા સૂતા. બેમાંથી એકે પક્ષે જીત મેળવ્યાનો દાવો કર્યો નહિ તેમ પોતાનો પરાજય પણ સ્વીકાર્યો નહિ.

ઘોર અંધારી રાત, ઠંડા પવનના સુસવાટ, કરાનો વરસાદ, અને તેની સાથે રણક્ષેત્રનો બીભત્સ દેખાવ એનું વર્ણન તો શું પણ કલ્પના કરવી પણ અસંભવિત છે. માઇલના માઇલસુધી વિસ્તરાયલા રણક્ષેત્રમાંથી ઘાયલ થએલા સિપાઇઓના કરુણ પોકાર આખી રાત સંભળાયા કર્યા. આરામનાં સાધનોથી ભરેલા ઘરમાં, બરદાસ્ત લેનાર કુટુંબીઓની હાજરીમાં પણ મરણ દુઃખદાયક લાગે છે, ત્યારે ઠંડા બરફના તકીયા ઉપર માથું મૂકીને ઘાની વેદનાથી રીબાઇ રીબાઇને મરતાં આ બહાદુર માણસોને કેટલું કષ્ટ થયું હશે તેનું વર્ણન કરવું અશક્ય છે. નેપોલિયનનાં બે હજાર અને આસ્ટ્રિયાનાં તેથી પણ વધારે માણસો જમીનદોસ્ત થઈ ગયાં હતાં.

સવાર પડી અને નેપોલિયનને માલૂમ પડ્યું કે શત્રુના સન્યમાં વધારો થયા કરે છે તેથી તેણે વેરોના શહેરના કિલ્લાનો આશ્રય લીધો. દુશ્મનો આગળથી પાછા હઠવાનો

પ્રસંગ તેની જિંદગીમાં આ પહેલોજ હતો. તેની ગ્રહદશા હવે પલટાઇ હતી. તેના સિપાઇઓ પણ ગંભીર અને ગમગીન બની ગયા. આવી ઉપરાઉપરિ ફતેહો મેળવ્યા નામોશીથી પાછા હઠવું અથવા વધારે નામોશી સાથે શત્રુને તાબે થવું એ બે સિવાય ત્રીજો માર્ગ રહ્યો ન હતો. બીજી રાત ગઇ. તોફાન હવે શમી ગયું હતું અને બરફથી ઢંકાયલા પર્વતો ઉપર ચાંદરણું પથરાયું હતું. એકાએક નેપોલિયને સિપાઇઓને કુચ કરવાની આજ્ઞા આપી. વેરોના શહેરનો પશ્ચિમ તરફનો દરવાજો જે ફ્રાન્સ તરફ પડતો હતો તે ઉઘડયો અને ફ્રેન્ચસેના શાંતિથી બહાર નીકળીને ચાલવા લાગી. દરેક જણના ચહેરા ઉપર ઉદાસીનતાનું વાદળું છવાયું હતું. તેમને ભારે નામોશી સાથે આખરે પાછા હઠવાની જરૂર પડી, તેથી તેઓ તદ્દન નિરુત્સાહી અને શરમથી મરવા જેવા થઇ ગયા હતા. એવામાં એકદમ બધાની અજાયબી અને ગભરાટની વચ્ચે નેપોલિયને કુચ કરવાની દિશા ફેરવા અને ફ્રાન્સ તરફ ન જતાં એડિજ પર્વતની ખીણ તરફ ચાલવા માંડયું. તે પોતાના લશ્કરને કયાં લઈ જતો હતો તેની કોઇને સમજ પડી નહિ; પણ તેઓ તેની આજ્ઞા પ્રમાણે ઉતાવળે પગલે ચાલ્યા અને મધરાત પહેલાં ચૌદ માઇલની મજલ કરીને આસ્ટ્રિયન સેનાની બરાબર પાછલી બાજુની નજીક આવી પહોંચ્યા. અહિં તેમણે માઈલના માઇલસુધી વિસ્તરાયલી ભેજવાળી જમીન જોઇ. તેની ઉપર જવા આવવા માટે સાંકડા પૂલ જેવા રસ્તા બનાવ્યા હતા, આ રસ્તા સાંકડા હોવાને લીધે શત્રુની સંખ્યા ગમે તેટલી મોટી હોય તોપણ કશા ખપમાં આવે એવી ન હતી, કેમકે બેઉ સૈન્યનો મુખ ભાગજ સામ સામો આવી શકે એમ હતું. ફ્રેન્ચ લશ્કરમાંના ચાલાક સિપાઈઓ નેપોલિયનની યુક્તિ સમજી ગયા. આખા સૈન્યમાંથી હર્ષના પોકાર થઇ રહ્યા અને અત્યંત નિરાશાને ઠેકાણે તેમના હૃદયમાં જ્વલંત જુસ્સો પ્રદીપ્ત થયો.

મધરાત થઈ હતી. આસ્ટ્રિયન સૈન્યનાં તાપણાં માઇલના માઇલસુધી પથરાયાં હતાં. ચિંતા અને પરિશ્રમથી લેવાઇ ગએલો અને તીવ્ર વિચારમાં ગરકાવ થઇ ગએલો નેપોલિયન લેશમાત્ર પણ ક્ષુભિત થયા વગર એક ટેકરી ઉપર ચઢીને શાંત ચિત્તે પોતાના સૈન્યનું અને તેમણે લીધેલી જગ્યાનું અવલોકન કરવા લાગ્યો. તેને ચારે દિશાએથી ઘેરી વળેલા શત્રુઓનાં ચાળીશ હજાર માણસો સાથે લઢવાને તેની પાસે માત્ર તેરજ હજાર માણસો રહ્યાં હતાં, પણ હવે આખી ફ્રેન્ચ સેનામાં બેહદ ઉત્સાહ ફેલાઇ ગયો હતો અને આ યુદ્ધમાં તેમનો વિજયજ થશે એવું તેમના મનમાં પકકું ઠસી ગયું હતું.

ઉપર કહેલા ભેજવાળા પ્રદેશના મધ્ય ભાગમાં આર્કોલા નામનું ગામ હતું. સાંકડી, ઉંચી પાળો ઉપર થઇનેજ તેમાં દાખલ થઇ શકાતું હતું. તેની નજીકમાં એક નદી વહેતી હતી અને તેના ઉપર નાનો, લાકડાનો પૂલ બાંધ્યો હતો. આસ્ટ્રિયન

લશ્કરની મજબૂત ટૂકડીએ ત્યાં પડાવ કર્યો હતો અને એ સ્થળ એવું અગત્યનું હતું કે શત્રુના હાથમાંથી તે ઝૂંટવી લેવાની ઘણીજ જરૂર હતી. સવાર થતાં પહેલાંજ નેપોલિયનનું સૈન્ય સાંકડી પાળો ઉપર સજ્જડ હારબંધ ચાલતું થયું અને તેમને ખાળવા આવેલા આસ્ટ્રિયનો સાથે ઘોર સંગ્રામ શરૂ થયો. ફ્રેન્ચો હર્ષનાદ કરતા પૂલ તરફ ધસ્યા કે તરતજ આસ્ટ્રિયાની તોપોમાંથી પ્રલયાગ્નિ વરસવા લાગ્યો. ફ્રેન્ચોની પહેલી હારના તો પળવારમાં ફુરચી ફુરચી ઉડી ગયા. નેપોલિયને પોતાના હાથમાં વાવટો પકડી લીધો અને “ લોદીના સિંહો ! ચાલો તમારા સરદારની પાછળ ” એવો પોકાર કરીને તે આગળ ધસ્યો. જ્વાળામુખીના મુખમાંથી નીકળતા ધગધગતા અંગારા જેવા ગોળા અને ગોળીઓની સખત ઝડી તેમના ઉપર ચારે તરફથી થવા લાગી તોપણ તેની વચ્ચેથી તે પોતાની ટુકડીને મોખરે રહીને પૂલના મધ્ય ભાગસુધી તો આવી પહોંચ્યો. અહિં આવ્યા પછી તો તોપોનો મારો એવો અસહ્ય થવા લાગ્યો કે ફ્રેન્ચોની હાર તૂટી અને નાસાનાસ થઈ રહી. ધૂમાડાથી પૂલ છવાઈ ગયો અને મધરાતના જેવો અંધકાર થઇ ગયો. પડેલા સિપાઇઓને પોતાના પગ તળે છૂંદતા ફ્રેન્ચ સિપાઇઓ અવ્યવસ્થિતપણે નાસવા લાગ્યા. ઉંચા પહેલવાન જેવા સિપાઇઓએ નેપોલિયનને નાના બચ્ચા માફક ઉંચકી લીધો અને સર્વભક્ષી તોપના મારમાંથી તેને બચાવવાને પોતાના જાનની દરકાર કર્યા વગર તેને લઇને નાઠા; પરંતુ તેમની આસપાસ મચી રહેલી ધક્કાધક્કીમાં તેઓ પાળ ઉપરથી ઉથલી પડયા અને નેપોલિયન કાદવમાં ગરકી ગયો. આસ્ટ્રિયન યોદ્ધાઓ તેની નજીકજ આવી પહોંચ્યા હતા પણ આ અંધકાર અને ગરબડ છતાં ફ્રેન્ચ યોદ્ધાઓને ખબર પડી ગઇ કે તેમના પ્રાણાધિક પ્રિય સેનાપતિનો પત્તો નથી. “ આપણા સરદારની વહારે દોડો રે દોડો ! ” ની બૂમ આખા લશ્કરમાં ફેલાઇ ગઇ. દરેકે દરેકના હૃદયમાં નવું ચેતન આવી ગયું. નાસતા સિપાઇઓ પાછા ફર્યા અને મોતને તુચ્છકારતા પ્રચંડ સુસવાટાભેર પૂલ તરફ મરણીયા થઇને દોડયા, નેપોલિયનને તેમણે બચાવી લીધો અને આર્કોલા સર થયું.

નેપોલિયને વેરોના ખાલી કર્યું તેના સમાચાર આસ્ટ્રિયન સેનાપતિને બીજે દિવસે મળસ્કામાં મળ્યા, પણ ત્યારપછી થોડીજ વારમાં તેની તોપોની ગર્જના સાંભળીને તે દિગ્મૂઢ બની ગયો. પોતાના શત્રુના બુદ્ધિબળની તેને ઘણીજ દહેશત હતી અને તેથી તરતજ તેણે પોતાના સૈન્યને કૂચ કરવાની આજ્ઞા આપી. આખો દિવસ સાંકડી પાળો ઉપર ફ્રેન્ચ અને આસ્ટ્રિયન ટુકડીઓના અગ્રભાગ સામાસામી પ્રચંડ વેગથી અથડાયા ગયા. થોડાજ દિવસપર નેપોલિયને આપેલા ઠપકાનો ડંખ સિપાઇના હૃદયમાં ખટકયા કરતો હતો તેથી એકેએક જણ સિંહની માફક લઢતો તો. નેપોલિયન ચારે તરફ ઘૂમતો હતો અને બંદુકની ગોળીઓ તેના માથાની નજીક થઇને સણસણાટ કરતી ચાલી જતી હતી. સરદાર લેની આગલી ડાઇઓમાં જખમી થવાથી મિલ-

નના દવાખાનામાં પડયો હતો ત્યાંથી તે દોડતો આવી પહોંચ્યો. તેના ઘા હજી રૂઝાયા ન હતા. આ લડાઇમાં નેપોલિયનને બચાવતાં તેને બીજા ત્રણ જખમ વાગ્યા પણ તે પોતાના વહાલા સરદારની પાસેથી લડાઇ પૂરી થતાં સુધી ખસ્યોજ નહિ.

નેપોલિયને એવા અનેક વીર પુરુષોને પોતાના પ્રેમના જાદુથી વશ કરી લીધા હતા. સુરિઓન પણ તેમાંનો એક હતો. **નેપોલિયનની સામે ધગધગતો તોપનો ગોળો આવતો જોઇને એ મુરિઓન છલંગભેર આગળ આવ્યો અને તે પ્રાણઘાતક ગોળાને તેણે પોતાનાં છાતી પર ઝીલી લીધો. આથી તેના પોતાના તો ટુકડે ટુકડા થઇ ગયા પણ પોતાના જાનના ભોગે તેણે નેપોલિયનને બચાવ્યો.** અંધારૂં થયાથી થોડાક કલાક યોદ્ધાઓ છૂટા પડયા પણ સવાર થતાંજ પાછો દારુણ સંગ્રામ ચાલુ થયો. ઘડાયલા તાલીમબાજ ફ્રેન્ચોએ હજારો બિનકવાયતી આસ્ટ્રિયનોને સંગીનથી વીંધી વીંધીને કાદવમાં ઉથલાવી પાડયા. પાછી રાત પડી અને વળી ત્રીજો દિવસ ઉગ્યો, અને વળી પાછા શિકારી કુતરાઓની માફક ફ્રેન્ચો શત્રુઓ ઉપર તૂટી પડયા. આ સંગ્રામમાં નેપોલિયનનો ઘોડો જખમી થયો અને તેને કાદવમાં ફેંકી દઇને નાઠો. તે કાદવમાં ગળાસુધી ગરકી ગયો. કાં તો કાદવમાં ગરકી જઇને અથવા તો આસ્ટ્રિયન સ્વારની તલવારથી પોતાનું મરણ નીપજશે એવી તેને ખાત્રી હતી. પણ તેના સૈન્યને આ વાતની ખબર પડી ગઇ. તેઓ બીજીવાર તેની વ્હારે દોડી આવ્યા અને તેને બચાવી લીધો. આખો દિવસ યુદ્ધનો ભરતીઓટ ચાલ્યાજ કર્યો. પાછું નેપોલિયને પોતાનું બુદ્ધિબળ અજમાવ્યું. તેણે કેદ પકડાયલા શત્રુઓની અને તેમનાં કપાયલાં માણસોની ઘણીજ સંભાળથી ગણત્રી કરી. તેની ખાત્રી થઇ કે પોતાનું સૈન્ય શત્રુસૈન્યના પોણા ભાગ કરતાં ઓછું નથી.

હવે શત્રુની સાથે આખરનું યુદ્ધ કરવાને ખુલ્લા મેદાનમાં ઉતરવાનો તેણે નિશ્ચય કર્યો. તેના સૈન્યનો ઉત્સાહ વધી ગયો હતો અને શત્રુઓ તેટલાજ પ્રમાણમાં નાહિંમત બન્યા હતા. ત્રણ દિવસના લાગટ યુદ્ધથી બેઉ તરફના યોદ્ધાઓ થાકી ગયા હતા અને લડાઈ પૂરી થાય એટલુંજ ઇચ્છતા હતા.

મધરાત થઈ હતી પણ નેપોલિયનની ભૂખ અને નિદ્રા બેઉ ઉડી ગયાં હતાં. તે ઘોડે બેસીને સૈન્યને દરેક થાણે ફરી વળ્યો અને વાણીની મીઠાશથી અને ઉત્તેજક શબ્દોથી થાકેલા સિપાઇઓમાં ઉત્સાહ વધારવા લાગ્યો. તેના આત્માની તમામ શક્તિઓ આવતી કાલના ભગીરથ પ્રયત્નમાટે જાગૃત થઇ હતી. એ વાગે તેણે પોતાના થાકેલા, ઘવાયલા અને ક્ષીણ થએલા સૈન્યને કાચી નિદ્રામાંથી જગાડયું અને વ્યૂહમાં ગોઠવી દીધું. ઠંડી સખત હતી અને તેના હારબંધ ઉભેલા સિપાઇઓ થર થર ધ્રૂજતા હતા. તેની સાથે ધુમ્મસ પણ વરસવા લાગ્યું હતું. શત્રુને ગભરાટમાં

નાખવા માટે નેપોલિયને એક અજાયબ જેવી યુક્તિ રચી. ચૂંટી કહાડેલા પચાસ સ્વારોને કાદવવાળી જમીનમાં થઇને શત્રુના પાછલા ભાગ તરફ જઈ છૂપાઇ રહેવાની આજ્ઞા આપીને મોકલ્યા. એ દરેકને અકકેક રણશિંગડુ પણ તેણે આપ્યું હતું.

હવે તેણે શત્રુસૈન્યના તમામ આગલા ભાગ ઉપર પ્રચંડ ધસારો કર્યો. તોપોના ધડાકા સખ્ત થવા લાગ્યા કે તરત પેલા સ્વારો પોતપોતાનાં રણશિંગડાં વગાડીને શત્રુઓ ઉપર તૂટી પડયા. આથી આસ્ટ્રિયનો એવું સમજ્યા કે નેપોલિયનના તમામ ઘોડેસ્વારો સાથે સેનાપતિ મુરા ધસ્યો આવે છે. તેમનામાં ભારે ગભરાટ ફેલાયો. તેમની વ્યૂહરચના છિન્ન ભિન્ન થઈ ગઇ અને તેઓ જીવ લઇને ચારે તરફ નાસવા લાગ્યા. નાસતા શત્રુની પાછળ ફ્રેન્ચો પણ જોસપૂર્વક દોડયા, અને સાંજ પડતા પહેલાં આલ્વિન્જિ આસ્ટ્રિયાના પર્વતો ભણી નાસવા લાગ્યો. આ યુદ્ધમાં તેનાં આશરે ત્રીશહજાર માણસો ધૂળ ચાટતાં થઇ ગયાં હતાં. હવે નેપોલિયન વિજયધ્વજા ફરકાવતો, રણવાદ્ય વગડાવતો વેરોના શહેરમાં ફરીથી દાખલ થયો. નગરવાસીઓએ તેને આશ્ચર્ય અને ઉમંગસહિત વધાવી લીધો. તેના અસાધારણ શૌર્ય અને બુદ્ધિવૈભવથી તેના દુશ્મનો પણ ચકિત થઇ ગયા અને તેના મિત્રોના જેટલીજ તેની પ્રશંસા કરવા લાગ્યા. આ પ્રમાણે તેણે છેલ્લા આઠ મહિનામાં તેના સૈન્યથી બમણી મોટી ચાર ચાર આસ્ટ્રિયન સેનાનો કચ્ચરઘાણ કહાડી નાખ્યો. પારિસના ડિરેક્ટરોને તેણે આ લડાઇનો હેવાલ લખી મોકલ્યો. તેમાં તેણે પોતાના સ્વભાવ પ્રમાણે પોતાને માટે ઘણુંજ થોડું લખ્યું હતું; બધો યશ પોતાના લસ્કરનેજ આપ્યો હતો. તેણે લખ્યું હતું કે “ આર્કોલાની લડાઈ કરતાં વધારે રસાકસીવાળી અને વધારે શૂરાતનથી લઢવામાં આવી હોય એવી લડાઇ કદિ થઇજ નથી. મારી પાસે હવે ગણ્યા ગાંઠયાજ સરદારો રહ્યા છે. તેમનું શૌર્ય અને તેમની સ્વદેશભક્તિ અપ્રતિમ છે. ”

આટલી બધી જંજાળ છતાં નેપોલિયને મુઇરોનની વિધવાને દિલાસાનો પત્ર લખવાનો અવકાશ મેળવ્યો. તે લખે છે કે “ તેના મરણથી તમે તમારા પ્રિય પતિ વગરનાં થયાં છો અને હું સાચા, દિલોજાન મિત્ર વગરનો થયો છું; પણ તેના મરણથી આખા દેશને એક બુદ્ધિમાન અને નિડર સેનાપતિની ખોટ પડી છે. જો તમને અને તમારા નાનકડા બાળકને સહાય કરવા જેવું મારા લાયકનું કામ હોય તો તમને મારી પ્રાર્થના છે કે મને બેલાશક લખજો. ”

યુદ્ધનાં ભયંકર પરિણામોનો અંત લોહીથી ખરડાયલાં રણક્ષેત્રોમાંજ નથી પણ તેની અસર ઘણે દૂરસુધી લાગુ પડે છે. આર્કોલાના કાદવવાળા પ્રદેશોમાં વીસ હજાર માણસોના પ્રાણ ગયા. યુદ્ધના કોલાહલ અને તોપોની ગર્જના શમી ગયા પછી ત્યાંથી ઘણે દૂર આવેલાં ફ્રાન્સ અને આસ્ટ્રિયાનાં હજારો ઘરમાંથી અનાથ

વિધવાઓ અને નબાપાં બાળકોના કરુણ વિલાપ નીકળવા લાગ્યા.

આવા ભયંકર સંજોગોમાં નેપોલિયનને દિલાસાના પત્રો લખવાનો કેવી રીતે અવકાશ મળ્યો હશે તે સમજી શકાતું નથી. છતાં આર્કોલાના યુદ્ધ પછી તેણે એક દિલાસાપત્ર લખ્યો હતો તેમાં તે લખે છે કે " તે વીર પુરુષની માફક શત્રુના સાથે સામી છાતીએ લડતાં મરણ પામ્યો છે. આવું મોત કોને નહિ ગમે ? જગત્ના નિંદા, શત્રુઓની ઈર્ષ્યા અને મનુષ્યના હૃદયમાં વસતી અનેક પાપમય વૃત્તિઓથી નીપજતા ક્લેશ સહન કરવાને હું શામાટે જીવ્યો હોઇશ એમ કહેનાર માણસો શું જગત્માં ઓછાં છે ? " સત્તાવીશ વર્ષે, ભરજુવાનીમાં, ચારે દિશામાં પોતાનો યશ ગવાતો હતો તે વખતે પણ નેપોલિયનના હૃદયમાં ઉદાસીનતાના છાયા જણાતી હતી.

આસ્ટ્રિયનો નાસતા હતા અને તેમનો સંહાર કરતી ફ્રેન્ચ તોપોની ગર્જના તો ચાલુજ હતી તે વખતે નેપોલિયન પ્રાણાધિક પ્રિયતમા જોસેફાઇનને પત્ર લખવા બેઠો. તે પત્ર તેની ઢબ પ્રમાણે " વાક્યોને ઠેકાણે શબ્દો અને શબ્દોને ઠેકાણે અક્ષરો " વાપરીને લખાયો હતો. તે પત્ર જોસેફાઈનના હાથમાં પહોંચાડવાને એક સ્વાર પૂર વેગથી ઘોડો દોડાવતો રવાના થઇ ગયો. તે પત્ર નીચે પ્રમાણે હતો:—

" મારા હૃદયના દેવી જોસેફાઇન ! આખરે હું જીવતો થયો છું. મૃત્યુ હવે મારાથી દૂર નાસી ગયું છે અને મારા યશ તથા માનના અભિલાષ હજી તેવાને તેવાજ રહ્યા છે. શત્રુની હાર થઇ છે. આજકાલમાં મંટુઆ પણ મારા હાથમાં આવશે. તેમ થતાંજ તારો પતિ તને ગાઢ આલિંગન દેવા અને તેના નિઃસીમ પ્રેમનાં અનેક પ્રમાણો બતાવવા તારી પાસે આવી પહોંચશે. હું જરા થાકી ગયો છું. મને વારંવાર યાદ કરજે. જો તારો પ્રેમ જરાક પણ કમી કરીશ તો તું મારા તરફ નિષ્ઠુર અને અન્યાયી થઇ કહેવાઇશ. પણ હું નિશ્ચયપૂર્વક માનું છું કે જેવો હું તારો પ્રેમઘેલો પ્રિયતમ છું તેવીજ તું પણ મારી ચિરકાળપર્યંત સહચરી રહીશ. જે હૃદયો પ્રેમ, સમાનવૃત્તિ અને અનુકંપાવડે સંલગ્ન થયાં છે તે મૃત્યુ સિવાય બીજા કશાથી વિખૂટાં પડશે નહિ. તારી તબીયતના સમાચાર લખજે. "

આ અલૌકિક પુરુષમાં એક વિચિત્ર પ્રકારનો વહેમ દઢ થઇ ગએલો જોવામાં આવે છે. તે માનતો કે હું પ્રારબ્ધને અધીન છું—મને મારા કરતાં વધારે બળવાન શક્તિ મારા જીવન માર્ગ ઉપર દોરી જાય છે. તે પોતાની જિંદગીને તુચ્છ માનતો હતો અને મરણના વિચારથી તેને લેશમાત્ર પણ ભય ઉપજતો નહિ. તે પોતેજ કહે છે કે " હું મારા પ્રારબ્ધના હાથમાં પૂતળા જેવો છું મારૂં પ્રારબ્ધ મને જ્યાં ઘસડી જાય ત્યાં હું ઘસડાઉં છું. મોતની હું જરાએ ચિંતા કરતો નથી. માણસના આયુષ્યની અવધ આવે ત્યારે તેને ગયા વગર છૂટકોજ નય . " એકે તેને પૂછ્યું કે " પ્રારબ્ધવાદી છો ? " તેણે કહ્યું, " હા, મુસલમાનોની માફક હું કિસ્મતને માનું

છું. પહેલેથીજ મારી આવી માન્યતા છે. કિસ્મતમાં જે નિર્માયું હોય તેજ થાય છે." સાંભળો હું તમને એક દૃષ્ટાંત આપું. ટુલોનના ઘેરા વખતે એક સરદાર પોતાની જાતનું ઘણુંજ જતન કરતો હતો. એકવાર અમારી તોપનો ગોળો કેટલે સુધી પહોંચે છે તે અમે તપાસતા હતા. રખેને શત્રુની તોપનો ગોળો પોતાને વાગી બેસે તે માટે તે ભીંતને ઓથે ઉભો રહી નીચો વળીને જોતો હતો. એટલામાંજ એક ગોળો આવ્યો અને તેના ભૂકેભૂકા થઈ ગયા. જો તે નીચો ન વળ્યો હોત અને મારી માફક ટટાર ઉભો રહ્યો હોત તો તેને કશી ઇજા થાત નહિ," સેંટહેલેનામાં તે માંદો પડયો ત્યારે ઓ'મીરાએ તેને દવા ખાવાને કહ્યું. નેપોલિયને જવાબ આપ્યો કે 'જે પ્રારબ્ધમાં નિર્માણ થઇ ચૂકયું છે તે બન્યા વગર રહેનાર નથી. આપણા આયુષ્યના દિવસ પહેલેથીજ મુકરર થએલા છે." નેપોલિયન આવો ચુસ્ત પ્રારબ્ધવાદી હતો છતાં ઉગ્ર પુરુષાર્થી હતો એ ઘણુંજ વિસ્મયજનક છે.×

તેના લગ્ન વખતે તેને જોસેફાઇનની છબિવાળું એક સુંદર લૉકેટ ભેટ મળ્યું હતું. જોસેફાઈન તરફ તેનો એટલો તો ગાઢ પ્રેમ હતો કે તે લોકેટને હમેશાં પોતાના હૃદય

× વેદાન્તની વિશાળ દૃષ્ટિને આમાં આશ્ચર્ય લાગે તેમ નથી. પૂર્વજન્મના દૃઢ સંસ્કારોએ અથવા તો વર્તમાન જન્મના બહોળા ગ્રંથસેવને આવા ઉચ્ચ વિચાર તેનામાં ઉગતી ઉમ્મરમાંજ ઉગાડેલા હોવા જોઇએ. નેપોલિયનની દેશહિતસ્વિતા અને બીજી ઉચ્ચતા તરફ જોતાં પણ ઉપર જણાવેલી તેની માન્યતા તેની કક્ષાને બંધ બેસતી છે. હલકી કક્ષાના, પોપટીયા જ્ઞાનવાળા, પાખંડી તેમજ એદી આળસુઓ પણ આવા શબ્દો બોલે છે અને અતિ ઉચ્ચ કક્ષાવાળાઓ પોતાની ઉંડી આધ્યાત્મિક સમજણને લીધે અથવા સ્વપ્રકૃતિને તેમજ બહારના બનાવોને ઉંડી નિરીક્ષણ બુદ્ધિથી નિરખવાની યોગ્યતાને લીધે આ વાતને એક પૂર્ણ સત્ય તરીકે કહે છે. જગતની વ્યવસ્થાપક સત્તાનો કેટલો મોટો હાથ દુનિયાનાં મોટાં કામોમાં રહેલો હોય છે. પામર અને વિષયીની કક્ષા ઓળંગીને જીજ્ઞાસુ અથવા જીવન્મુક્તની દશાએ પહોંચેલા માણસો જે કાંઇ નિષ્કામ કર્મ, લોકસેવા, પ્રભુભક્તિ, જ્ઞાનાભ્યાસ, લોકસંગ્રહ કે સ્વભાવસિદ્ધ કાર્યો કરે કરાવે છે તે અન્ય સામાન્ય મનુષ્યો કરતાં વિશેષતાવાળાં હોવા છતાં પણ સામાન્ય મનુષ્યોના જેટલી વૃથા અહંમન્યતા તેમનામાં નથીજ હોતી, અને તે નથી હોતી તેથીજ તેવાં કાર્યોમાં નિમિત્ત તરીકે યોજાવાને તેઓ ભાગ્યશાળી બને છે. અને કર્તૃત્વાભિમાન ન હોવાથીજ અભિમાનીઓ કરતાં તેમનાં કામો વધારે સબળ અને મહત્ત્વનાં હોય છે; છતાં તેઓ તેમાં પ્રારબ્ધને અથવા જગદ્વ્યવસ્થાપક સત્તાનોજ કરનાર કરાવનાર કહી ઉચ્ચ સત્યનું પાલન કરે છે અને અહંકારીઓ કરતાં પણ એ અકર્તાપણામાં તેઓ ઘણું વધારે હિત તથા આનંદ અનુભવે છે.

સંપાદક

ઉપર ધારણ કરતો હતો. યુદ્ધમાં તેમજ ઘોર અંધારી રાત્ર તે પોતાની પ્રિયતમાની છબીને પ્રેમપૂર્ણ દૃષ્ટિએ નિહાળતો હતો. એક દિવસ તેણે જોસેફાઇનને લખ્યું હતું કે “ પ્રેમમયિ! તેં કયી મોહિનીવડે મને વશ કરી લીધો છે? કયી કરામતથી મારા અસ્તિત્વને તારામાં સમાવી લીધું છે? મારી પ્રેમની પૂતળી! મારા પ્રારબ્ધમાં શું નિર્માણ થયું છે તે તો હું જાણતો નથી. પણ મારૂં પ્રારબ્ધ મને તારાથી વધારે સમયસુધી દૂર રાખશે તો તે હવે મારાથી સહન થશે નહિ. જીવનસહચરિ! હું કોની સાથે તારી તુલના કરૂં? આ દુ:ખમય જીવનમાં મારી સાથે રહીને વિચરણ કરવા તું સરજાઇ છે. જે દિવસે તારા હૃદયમાંથી મને બળાત્કારે કહાડી મૂકવામાં આવશે તે દિવસે મારા જીવનનો અંત આવ્યો જાણજે.”

એક દિવસ તે લોકેટનો કાચ ભાગી ગયો. નેપોલિયનને તેથી અશુભની શંકા પેસવાથી જોસેફાઈનના સમાચાર લાવવા માટે એક સ્વારને તેણે દોડતે ઘોડે પારિસ મોકલ્યો હતો.

તેના આવા ગુણ જોતાં જોસેફાઈનના હૃદયમાં તેને માટે પ્રબળ પ્રેમ જાગૃત થાય એમાં કશું આશ્ચર્ય જેવું છેજ નહિ. જોસેફાઇન પણ તેને વિષે કહે છે કે “નેપોલિયન અત્યંત મોહક પુરુષ છે.”

ડચેસ ઑફ આબ્રેન્ટિસ કહે છે કે “નેપોલિયનની હાસ્યમય મુખાકૃતિનું વર્ણન કરવું અશક્ય છે. તેના આત્માનું તેજ તેના હોઠ અને નેત્રમાં પ્રતિબિંબિત થતું હતું.”

× શહેનશાહ અલેક્ઝાંડર કહે છે કે “ નેપોલિયનને હું જેટલો ચાહતો હતો તેટલો હું બીજા કોઇને ચાહતો નહિ.”

ડયૂક ઑફ વિસેઝા કહે છે કે “ હું મારા સમયના યૂરોપના તમામ રાજ્યકર્તાઓને ઓળખું છું. મારા રાજનૈતિક દરજ્જાને અંગે મારો તેમની સાથે પરિચય છે એટલુંજ નહિ પણ ઇતિહાસમાં મશહૂર થએલા ઘણાક અગ્રણીઓ સાથે તેમના બરોબરીના માણસ તરીકે લાંબા વખતથી રહેતો આવ્યો છું. તેમની તુલના કરવાના મને ઘણા સારા પ્રસંગો પ્રાપ્ત થયા છે; પણ નેપોલિયન સાથે તેઓમાંના કોઇની પણ સરખામણી થઈ શકે એમ છેજ નહિ. જેઓ આથી વિરુદ્ધ મત ધરાવતા હશે તેઓ ખરૂં જોતાં નેપોલિયન વિષે કાંઇ જાણતાજ નથી.”

ડયૂરૉક લખે છે કે “ તેનામાં એવી અનેક પ્રકારની અસાધારણ શક્તિઓ છે કે જેમાંની માત્ર એક શક્તિના પ્રભાવથી પણ હરકોઇ માણસ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે. તે તેના જમાનાનો સર્વશ્રેષ્ઠ નેતા છે. તે આખા દેશના કારોબારનું સુકાન ચલાવે છે અને રાજ્યના દરેક દરેક ખાતા ઉપર નજર રાખે છે. તેના મોટા મોટા પ્રધાન તેના હાથ નીચેના કારકુન જેવા છે. આટલું છતાં પણ મોટાં

× રૂશિયાનો ઝાર જે નેપોલિયનનો એકવાર વિરોધી હતો.

મોટાં રાજ્યોને પોતાના હાથમાં રમાડનાર અને આખા જગતનો ધન સંબંધી પ્રબંધ પોતાની આંગળીના વેઢા ઉપર ગણી કહાડનાર આ મહાપુરુષ પોતાના ઘરસંસારની ઝીણામાં ઝીણી બાબતો ઉપર પણ ધ્યાન આપી શકે છે.

આસ્ટ્રિયાનાં ચાર ચાર વિશાળ સૈન્યો ધૂળધાણી થઇ ગયાં તોપણ હજી ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય સાથે સલાહ નહિજ કરવી, એવો ત્યાંના શહેનશાહનો અને પ્રધાન મંડળનો જે નિશ્ચય હતો તે હજી ડગ્યો ન હતો. નેપોલિયનની સામે મોકલવા માટે પાંચમું લશ્કર ઉભું કરવાની તૈયારીઓ તેમના તરફથી પુનઃ થવા લાગી. આ ઘટનાઓને લીધે ઈટાલિમાં પ્રબળ ક્ષોભ ફેલાયો હતો. ઉમરાવવર્ગ અને રૈયતનાં હૃદય એક બીજાથી વધારેને વધારે વિમુખ બનતાં જતાં હતાં. આસ્ટ્રિયા અને ઈંગ્લંડે વેનિસ, નેપલ્સ વગેરે રાજ્યોને નેપોલિયનની સામે લઢવાને અને ઈટાલિમાં જોરભેર ફેલાતા સ્વતંત્રતાના જુસ્સાને દાબી દેવાને રાજખટપટ કરવામાં કચાશ રાખી નહિ. આથી કરીને આત્મરક્ષણને માટે પ્રજાસત્તાક રાજ્યને માટે ઉત્સુક થએલી ઈટાલિની પ્રજાની પ્રીતિ સંપાદન કરવાની નેપોલિયનને જરૂર પડી.

ઉપર કહ્યા પ્રમાણે જ્યારે આસ્ટ્રિયામાં નવું સૈન્ય ઉભું કરવાની તૈયારી ચાલતી હતી ત્યારે પોપ મહારાજ પણ તેમનું સૈન્ય એકઠું કરતા હતા. એકવાર તો નેપોલિયને તેને ક્ષમા આપી હતી પણ હવે તેણે પોપ મહારાજને સખત ધમકીભરેલો સંદેશો મોકલાવ્યો કે “ રોમને હવે અમારી સાથે યુદ્ધમાંજ ઉતરવું છે ત્યારે અમે પણ તૈયાર છીએ. પણ મનુષ્યજાતિ તરફનું મારૂં કર્તવ્ય વિચારીને એકવાર ફરીથી પોપ મહારાજને ડહાપણ વાપરવાની સલાહ આપું છું. મારૂં લશ્કર ઘણું સામર્થ્યવાન છે અને જો હું ધારીશ તો પોપની રાજસત્તાનો (ધાર્મિક નહિ) નાશ થયોજ જાણજો. તે છતાં પણ હજી તેમની સાથે સલાહ કરવા ફ્રાન્સ ઉત્સુક છે. હું સલાહ કરીને આ વિગ્રહનો નિવેડો લાવવા ઘણો ઉત્સુક છું. હવે મને લડાઇનો ભય નથી તેમજ કીર્તિની તૃષ્ણા નથી.” પણ પોપ મહારાજે આસ્ટ્રિયાના લશ્કરી બળ ઉપર હજી નિર્ભર રહીને આ ધમકીને લેખવી નહિ. એમ કરતાં કરતાં એક મહિનો વીતી ગયો અને આસ્ટ્રિયાનું પાંચમું બળવાન સૈન્ય અંટુઆની મદદે ઈટાલિ તરફ ચાલતું થયું. હવે વર્મસરને ગળે પાણી આવી ગયાં હતાં અને તેનાથી વધારે દિવસ ટકી શકાય એમ હતુંજ નહિ.

નેપોલિયનના કહેવાથી જોસેફાઈન તેની સાથે છાવણીમાં આવીને રહી હતી. તેની કાળજી અને પ્રયત્નથી તેની લથડી ગએલી તબીયત પાછી સુધરવા લાગી હતી. એકવાર બેઉ વાર્તાવિનોદ કરતાં હતાં તે દરમ્યાન નેપોલિયને સ્ત્રીજાતિના સ્વાભાવિક દોષો ગણાવ્યા. તે સાંભળીને જોસેફાઇનથી રહેવાયું નહિ; જેથી બેઉ વચ્ચે પુષ્કળ વાદવિવાદ ચાલ્યો. તેણે પોતાની જાતિનો પક્ષ લઇને પોતાના પતિને ખૂબ હંફાવ્યો.

તેની દલીલ સાંભળી લીધા પછી નેપોલિયને મધુર, મૃદુ હાસ્ય કરીને કહ્યું, “ પ્રિયે! શું બધી સ્ત્રીઓ તારા જેવી છે? તારી સાથે કોઇ પણ સ્ત્રીની સરખામણી કરી શકાય એમ નથી.” આ શબ્દોથી તેમના વિવાદનો અંત આવ્યો.

વાચકોને મૅડમ ડી. સ્ટીલનું નામ તો યાદ હશે. તેણે એક દિવસ નેપોલિયનને કહ્યું કે “ લોકો કહે છે કે તમે સ્ત્રીજાતિના પક્ષપાતી નથી.” નેપોલિયને તરતજ ટૂંકાં વાકય બોલવાની પોતાની ઢબ પ્રમાણે જવાબ આપ્યો કે “ મારી સ્ત્રી તરફ મને અત્યંત પ્રેમ છે.” તે વારંવાર કહેતો કે “ **પવિત્ર આચરણવાળી સ્ત્રીનો સહવાસ પુરુષની મનોવૃત્તિને પવિત્ર બનાવે છે.**” વળી એક પ્રસંગે તેણે કહ્યું હતું કે “ મને સ્ત્રીસુખ સંબંધી વિચાર કરવાનો અવકાશજ નથી; અને **એ દિશા તરફ વળવાથી માણસ ઉચ્ચ સ્થાન તેમજ યશ મેળવી શકતો નથી.** મારા જીવનનો માર્ગ મેં આગળથીજ નિર્માણ કરી રાખ્યો છે. જગતની **અપ્સરા જેવી મોહક કાન્તિવાળી રમણીઓ મારી પાસે આવે**–અને અત્રે પણ (મિલન શહેરમાં) તેવી સુંદરીઓનો અભાવ નથી–તોપણ **તેઓ મને મારા મુકરર કરેલા** નિશ્ચયમાંથી તલમાત્ર વિચલિત કરી શકે નહિ.”

નેપોલિયનના હાથ નીચે આ વખતે **અથાગ દોલત હતી તોપણ તેની ખાનગી જિંદગી ઘણીજ સાદી અને ઘણીજ ઓછી ખર્ચાળ હતી.** તેના તાબાના બીજા સેનાપતિઓ વિલાસવૈભવમાં મશગૂલ રહેતા હતા ત્યારે તેમનો સેનાધિપતિ નેપોલિયન પોતાની સ્ત્રી સાથે ઘણીજ કરકસરથી રહેતો હતો. તેના અનેકગણા કામમાંથી જો તે જરા પણ વિશ્રાંતિ કે વિનોદ મેળવતો હોય તો તે માત્ર જોસેફાઈનની સાથે એકાદ કલાક નિર્દોષ આનંદમાં પસાર કરીનેજ મેળવતો. લશ્કરને જ્યારે એક સ્થાનેથી બીજે સ્થાને જવું પડતું ત્યારે જોસેફાઈન પણ પોતાના પતિની સાથેને સાથેજ જતી; માત્ર લડાઈને પ્રસંગે તેને કોઇ સલામત જગ્યાએ મોકલવી પડતી.

આ વખતે નેપોલિયનનો દેખાવ ઘણોજ નિરતેજ બની ગયો હતો. તેના ગાલમાં ખાડા પડયા હતા અને શરીરમાં માત્ર હાડકાંજ બાકી રહ્યાં હતાં. ફક્ત તેની તેજસ્વી આંખજ તેના હૃદયમાં છુપાયલી અગાધ શક્તિની સાક્ષી પૂરતી હતી.

હવે ૧૭૯૭ ના જાન્યુઆરી માસની બારમી તારીખ આવી પહોંચી. ઠંડી સખ્ત હતી અને ઠંડા પવનના સુસવાટ જોસભેર વાતા હતા, પર્વતોનાં શિખર સફેદ બરફથી ઢંકાઈ ગયાં હતાં, અને નદીઓના પ્રવાહમાં મોટાં મોટાં ગચીઆં જોસબંધ તણાયાં જતાં હતાં. એવામાં સાંજે નેપોલિયનની છાવણીમાં એક સ્વારે મારતે ઘોડે આવીને સમાચાર આપ્યા કે આસ્ટ્રિયન સૈન્ય રિવોલીના મેદાનમાં એકઠું થયું છે. તેજ પળે બીજો સ્વાર સમાચાર લાવ્યો કે દુશ્મનના લશ્કરનો એક બીજો વિભાગ મંડુઆ

તરફ ઝડપબંધ ધસી આવે છે. હવે શું કરવું તે અઘરો સવાલ થઇ પડયો. જો એ બેઉ લશ્કરોને ભેગાં થવ જેટલો વખત મળે અને મંટુઆમાં રહેલું સૈન્ય તેના ઉપર બીજી બાજુએથી હલ્લો કરે, તો તેના સૈન્યમાંથી એક પણ માણસ ભાગ્યેજ જીવતો ફ્રાન્સ જવા પામે એવી સ્થિતિ આવી પડો. જો તે રિવોલીવાળા સૈન્ય ઉપર હુમલો કરવા જાય તો પેલું સૈન્ય મંટુઆ પહોંચી જાય અને તેથી કરીને તે શહેરને કબજે કરવાનો બધો પરિશ્રમ ધૂળધાણી જાય; પરંતુ શું કરવું તેનો વિચાર કરવામાં નેપોલિયને એક મિનિટ પણ ગુમાવી નહિ. તેને માટે માત્ર એકજ માર્ગ હતો. આસ્ટ્રિયનો કહેતા કે "ફ્રેન્ચો કુચ કરતા નથી પણ ઉડે છે." વાવાઝોડાની ત્વરાથી તે પોતાનાં ત્રીસ હજાર માણસો સાથે દોડયો અને નહિ માની શકાય તેટલા વખતમાં તો શત્રુની છાવણી પાસે આવેલા, બરફથી ઢંકાયલા પર્વતોના શિખરો ઉપર જઇ પહોંચ્યો. ત્યાં રહીને તેણે જોયું તો શત્રુની છાવણી માઈલના માઇલ સુધી પથરાઈ ગઈ હતી. તેણે તીક્ષ્ણ નજરથી ગણત્રી કરી લીધી કે તેમની સંખ્યા ૫૦ હજારની હોવી જોઇએ. વળી તેણે બીજું પણ જોઈ લીધું કે તેમની તોપો હજી આવી પહોંચી નથી, તેથી તેણે વગર વિલંબે હુમલો કરવાનો નિશ્ચય કર્યો.

સવારના ચાર વાગે નેપોલિયનની તોપોના ધડાકાથી આસ્ટ્રિયન લશ્કર ઉંઘમાંથી બેબાકળું જાગી ઉઠયું. આહા! રિવોલીનો રણસંગ્રામ! આખો દિવસ બેઉ પક્ષે ભયંકર કતલ ચલાવી. કોઇ વાર ફ્રેન્ચો હઠતા તો કોઇ વાર આસ્ટ્રિયનો હઠતા. જય અને પરાજયનો ભરતી ઓટ નેપોલિયન પોતાના સ્વભાવસિદ્ધ શાંત, ક્ષોભરહિત ચિત્તથી જોતો હતો. પણ આખરે આ યુદ્ધમાં તેનું બુદ્ધિબળ ફાવ્યું અને રાત પડતાં શત્રુઓ અવ્યવસ્થિતપણે ચારે દિશાએ નાસતા જણાયા. ફ્રેન્ચોની તોપોએ તેમનો કચ્ચરધાણ વાળી નાખ્યો અને માઇલના માઇલ સુધી આખા મેદાન ઉપર તેમનાં મુડદાં રઝળતાં થઇ ગયાં. નેપોલિયન કહે છે કે "આસ્ટ્રિયનોની વ્યૂહરચના ભૂલ વગરની હતી પણ તેમનો પરાજય થવાનું કારણ એજ હતું કે તેમને મિનિટે મિનિટનો સદુપયોગ કરતાં આવડયો નહિ."

આ યુદ્ધમાં નેપોલિયનના ત્રણ ઘોડા હણાયા અને ત્રણવાર તે મરતો મરતો બચ્યો; તોપણ તેણે પોતાના જાનની દરકાર કરી નહિ. ભયંકરમાં ભયંકર જગ્યાએ શત્રુઓના ગોળાઓના વરસાદ વચ્ચે ઉભા રહીને તે પોતાના યોદ્ધાઓને શૂર ચડાવતો ગયો. એકવાર તો તેનું સૈન્ય શત્રુઓથી ચારે દિશાએ ઘેરાઈ ગયું. હવે શત્રુની સજડા સજડી હારને ભેદીને નાસવાનો પણ માર્ગ રહ્યો નહિ. આવે અણીને વખતે તેની સ્વભાવસિદ્ધ સમયસૂચકતા કામ આવી. તેણે તરતજ સુલેહનો સફેદ વાવટો શત્રુનો સેનાપતિ જોઇ શકે તેમ બતાવી દીધો; અને તેને કહેવડાવ્યું કે મને હમણાંજ પારિસથી અગત્યના હુકમો મળેલા છે તેને અંગે આપણી

વચ્ચે અડધો કલાક વાતચીત થવાની જરૂર છે; માટે તેટલો વખત યુદ્ધ થોભાવવું જોઇએ. આલ્વિન્જિ આ જાળમાં સપડાયો. તોપના ધડાકા બંધ થયા અને યોદ્ધાઓ બંદુકોને ટેકો દઇને થાક ખાતા ઉભા. નેપોલિયનનો સેનાપતિ ‘જૂનો’ શત્રુની છાવણીમાં ગયો અને શત્રુ કબૂલ રાખે નહિ એવી સરતો બતાવીને રકઝક કરવામાં અડધો કલાક કહાડી નાખ્યો. નેપોલિયને તે દરમ્યાન પોતાના સૈન્યને નવી આકૃતિમાં ગોઠવી દીધું અને પછી જે સંગ્રામ શરૂ થયો તેમાં આસ્ટ્રિયનોથી ટકાયું નહિ અને તેઓ રણક્ષેત્ર છોડી નાસવા લાગ્યા.

શત્રુઓ નાઠા ત્યાર પછીનો રણક્ષેત્રનો દેખાવ અત્યંત ભયાનક થઈ પડયો. પાયદળ, ઘોડેસ્વાર, તોપો, સામાનનાં ગાડાં બધાનો ગોટાળો થઇ ગયો. સાંકડા રસ્તામાં નાસવાનો માર્ગ રહ્યો નહિ; અને પાછળથી ફ્રેન્ચોની તોપોના ગોળા આવી આવીને માણસોના ટોળામાં મોટાં મોટાં બાકોરાં પાડવા લાગ્યા. જાણે કોઇ જવાળામુખી ફાટયો હોય અને તેના મુખમાંથી પત્થર અને અંગારા ચારે તરફ ઉડે તેમ આસ્ટ્રિયનોના શરીરના ટૂકડા ચારે તરફ ઉડવા લાગ્યા. ચારે દિશાએ પ્રલય થઈ રહ્યો.

તોપણ હજી નેપોલિયનને આરામ લેવાનો વખત ન હતો. વીસ હજાર આસ્ટ્રિયનો મંટુઆ તરફ દોડતા હતા. તેમની પાસે અનાજ અને યુદ્ધસામગ્રીનો પુષ્કળ ભંડાર હતો. જો તેઓ મંટુઆમાં દાખલ થવા પામે તો તેની બધી મહેનત બરબાદ જાય એ નક્કી હતું. તેણે ગઈ રાત્રે આખી રાત ઝડપથી કુચ કરી હતી, અને આખો દિવસ દારુણ યુદ્ધ કર્યું હતું. તેથી તેણે પોતાના થાકેલા સૈન્યને થોડાક કલાકનો આરામ લેવા દીધો પણ પોતે એક પળ વારનો પણ આરામ લીધો નહિ. હજી તેના સૈન્યને માથે ભયનું વાદળ ઝઝુમતું હતું. તેનામાં ચિંતા એટલી બધી તીવ્ર હતી કે જ્યારે બધા ઉંઘવા પડયા હતા ત્યારે પોતે ઉંડા વિચારમાં નિમગ્ન થઇને આંટા મારતો હતો.

મધ્ય રાત પછી તરતજ ફ્રેન્ચો ઉપડયા અને બાકીની આખી રાત અને પછીનો આખો દિવસ દડમજલ કરતા સાંજ પહેલાં મંટુઆની નજીક આવી લાગ્યા. મંટુઆની દિવાલો ઉપરથી ફૂટતી તોપોના ધડાકા તેમણે દૂરથી સાંભળ્યા. નેપોલિયનના ત્યાંના નાનકડા સૈન્ય ઉપર બેઉ બાજુએથી હુમલો થઇ ચૂકયો હતો. નેપોલિયનને ત્યાં આવતાં એકજ કલાકનો વિલંબ થયો હોત તો આસ્ટ્રિયનો મંટુઆમાં દાખલ થઇ જાત; પણ વિજળીની ત્વરાથી તે આવી પહોંચ્યો. વંટોળીઆના ઝપાટાની સામે છોલાં ઉડી જાય તેમ તાલીમબાજ ફ્રેન્ચોએ બિનકવાયતી આસ્ટ્રિયનોને ઉડાવી દીધા અને વર્મસરને પાછું કિલ્લામાં ભરાઇ જવું પડયું. આ પ્રમાણે આસ્ટ્રિયાના પાંચમા લશ્કરની મિટ્ટી દાણાદાણા થઇ ગઇ, અને સંકટનું ભયસૂચક વાદળ જે તેની આસપાસ ઘેરાયું હતું તેને નેપોલિયને ત્રણ દિવસમાં વિખેરી નાખ્યું.

ફ્રેન્ચો હવે બિન હરીફ થઇને મંટુઆની સામે ઉભા રહ્યા. આવી ફતેહના સમાચાર સાંભળીને જગત્ આશ્ચર્યમુગ્ધ થઇ ગયું; અને હજી પણ યુદ્ધકળાના નિપુણ સેનાપતિઓ કહે છે કે **આવાં ઝળકતાં પરાક્રમ નેપોલિયન સિવાય બીજા કોઇ પણ વીર પુરુષે કર્યાં હોય એવું આખા જગત્નાં યુદ્ધોની તવારીખ જોતાં માલૂમ પડતું નથી.**

હવે નાઇલાજે વર્મસરને નેપોલિયનને શરણે આવવાની જરૂર પડી. તેણે પોતાના એક દૂતને ફ્રેન્ચોની છાવણીમાં મોકલ્યો. નેપોલિયને દયા અને ઉદારતાભરેલી સરતે સલાહ કરવાનું વચન આપ્યું અને વૃદ્ધ સેનાપતિ વર્મસરના મનમાં ઓછું ન આવે અને તેના દરજ્જાને હલકું ન લાગે તે માટે ૨૦૦ સ્વાર, ૫૦૦ પાયદળ અને છ તોપો સાથે જવાની રજા આપી, અને કહ્યું કે તે આજે મંટુઆ છોડે કે મહિના પછી છોડે પણ આના કરતાં વધારે કઠોર અથવા વધારે ઉદાર સરતો હું કરનાર નથી. વર્મસરે પોતે આવી ઉદાર સરતોની વકી રાખી ન હતી તેથી તે **નેપોલિયનની ઉદારતા જોઇને ચકિત** થઇ ગયો અને નેપોલિયનને ઝેર દઇને મારી નાખવા માટે પોપ મહારાજે જે કાવત્રું રચ્યું હતું તે સંબંધી તેને ચેતવણી આપીને તેણે આ ઉપકારનો બદલો વાળ્યો.

બીજેજ દહાડે સવારમાં મંટુઆનો કિલ્લો નેપોલિયનને સ્વાધીન કરી દેવામાં આવ્યો; અને આસ્ટ્રિયન સેનાપતિ કિલ્લામાંથી બહાર નીકળ્યો. ઘણા સમયના ભૂખમરાને લીધે દુર્બળ થએલા આસ્ટ્રિયનો શરમને લીધે નીચું માથું કરીને ફ્રેન્ચ સેનાપતિના પગ આગળ પોતાનાં હથિયાર મૂકતા ગયા પણ આ વખતે નેપોલિયન પોતે ત્યાં ન હતો. વર્મસરની તલવાર લેવાનો તેનો હક્ક હતો. પણ **પોતાના દુશ્મનોની નામોશી જોવી એ તેના ઉદાર દિલને પસંદ ન હતું.** આસ્ટ્રિયનોએ તેની સાથે અનેક રીતે શત્રુત્વ બતાવ્યું હતું તોપણ તેમની દુર્દશા જોવા હાજર રહેવું એ તેને ઘણું હલકું લાગતું હતું, અને તે ઉપરાંત વયોવૃદ્ધ વર્મસરને મસ્તક નમાવીને પોતાની તલવાર શત્રુના હાથમાં મૂકવી પડે અને તેમ કરતાં તેના હૃદયને જે દુઃખ થાય તે જોવું એ તો તેનાથી બને તેવુંજ ન હતું. એ માટેજ તે પોતે ત્યાંથી દૂર જતો રહ્યો હતો. આવી અપૂર્વ ઉદારતાને લીધે નેપોલિયનના **શત્રુઓ પણ તેને ધન્યવાદ આપવા લાગ્યા.**

હજી પણ આસ્ટ્રિયાનો પાદશાહ ફ્રાન્સ સાથે સુલેહ કરવા નારાજ હતો. નેપોલિયને તેનાં પાંચ પાંચ સૈન્યોનો ઘાણ કહાડી નાખ્યો, મંટુઆનો અભેદ્ય કિલ્લો જીતી લીધો. અને આખા ઇટાલિમાં ફ્રાન્સની ત્રિરંગી ધ્વજા ઉડવા લાગી; તોપણ હજી ફ્રાન્સ સાથે યુદ્ધ કરવાનો તેનો સંકલ્પ ડગ્યો નહિ. હજી પણ ફ્રાન્સના ઉછરતા પ્રજાસત્તાક રાજ્યને કચરી નાખવાને તે ફરીથી પ્રયત્ન કરવાની તૈયારી કરતો હતો.

નેપોલિયનને દિગ્વિજય કરવો ન હતો તેમ યશની પણ સ્પૃહા ન હતી. ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો વિનાશ કરવાને તત્પર થએલા યૂરોપના રાજાઓના આક્રમણમાંથી પોતાના દેશનું રક્ષણ કરવાનોજ માત્ર તેનો ઉદ્દેશ હતો; પરંતુ શત્રુરાજ્યોનો ગર્વ ચૂર્ણ થયા સિવાય તેઓ ફ્રાન્સના નવા રાજ્યબંધારણને કબૂલ કરી તેની સાથે સલાહ કરે એ આશાજ વ્યર્થ હતી. નેપોલિયનની જ્યારે પૂર્ણ ખાત્રી થઇ કે આસ્ટ્રિયાનો પાદશાહ ફ્રેન્ચો તરફનું પોતાનું વેર ઓછું કરતો નથી ત્યારે તેણે દઢ સંકલ્પ કર્યો કે હવે તો આપણેજ આસ્ટ્રિયા ઉપર ચડાઇ કરવી અને વિયેના સર કરીને ત્યાંના રાજમહેલમાંજ ગર્વિષ્ટ આસ્ટ્રિયન નૃપતિને ફ્રાન્સ સાથે સલાહ કરવાની ફરજ પાડવી. આ સંગ્રામના આરંભમાં નેપોલિયને આવું બનવાની વકી રાખી ન હતી પણ સંજોગોએ અથવા તો તેના કહેવા પ્રમાણે કિસ્મતે તેને માટે આ માર્ગ ખુલ્લો કર્યો.

પરંતુ પોપ મહારાજે પણ ચાળીશ હજાર માણસોનું સૈન્ય એકઠું કર્યું હતું અને નેપોલિયન આસ્ટ્રિયા તરફ કુચ કરે તો તેના સૈન્યના પાછલા ભાગ ઉપર આક્રમણ કરવાની તક જોયા કરતો હતો. તેથી નેપોલિયન પ્રથમ તેના તરફજ વળ્યો. પોપની રૈયતને જાહેરનામાદ્વારા તેણે જણાવી દીધું કે અમે તમારા ધર્મને જરા પણ અપમાન પહોંચાડીશું નહિ. અમારા એક હાથમાં તલવાર છે પણ બીજા હાથમાં સુલેહનું ચિન્હ ઑલિવ ઝાડની શાખા છે. નેપોલિયન માત્ર આઠ હજાર માણસો સાથે પોપના રાજ્યમાં દાખલ થયો. પોપનું સૈન્ય તેની સામે ટકી શક્યું નહિ. નેપોલિયન જે શહેરમાં ગયો ત્યાંના ધર્મગુરુઓ તરફ તેણે એવી દયાળુ વર્તણુક ચલાવી કે તમામ રૈયત તેને ચહાવા લાગી. ફ્રાન્સના પણ ઘણા ધર્મગુરુઓ નાસીને અહિં આવ્યા હતા અને ભૂખે મરતા હતા. તેમના નિર્વાહ માટે પણ તેણે વ્યવસ્થા કરી. પોપ તેને શરણે આવ્યો અને નેપોલિયને પોતાની ઉપરી સરકારની મરજી વિરુદ્ધ પોપ સાથે સુલેહ કરી. તે જ્યારે હારેલા શત્રુ સાથે સલાહ કરતો ત્યારે માત્ર એટલીજ શરત કરતો કે તમારે અમારા પ્રજાસત્તાક રાજ્યને ઉપદ્રવ કરવો નહિ. આવી ઉદાર શરતો જોઇને પોપ પોતે પણ ચકિત થઈ ગયો. જેઓ રોમન કેથોલિક ખ્રિસ્તી ન હતા તેમની સામે પોપ મહારાજ ઘણાજ કઠોર કાયદાઓ અને શિક્ષાઉપયોગ કરતા હતા. નેપોલિયને તે રદ કરવાની પ્રાર્થના કરી. તેણે પોપ સાથે ઘણીજ માનભરેલી વર્તણુક રાખી હતી અને સલાહની શરતો ઘડતાં પણ ઘણીજ ઉદારતા બતાવી હતી; તોપણ તેના નામને કલંકિત કરવાને તેના શત્રુઓએ ઘણીજ બદનક્ષી ભરેલી પત્રિકાઓ છપાવીને આખા યૂરોપમાં ફેલાવી દીધી. યૂરોપની કેથોલિક પ્રજાને તેની સામે ઉશ્કેરવાના હેતુથી એમાં એવું લખાણ પ્રકટ કર્યું હતું કે તેણે પૂજ્ય પોપ મહારાજના સફેદ વાળ પકડીને તેમને આખા ઓરડામાં આમ તેમ

ઘસડયા હતા. એવું એક લખાણ નેપોલિયનના વાંચવામાં આવ્યું હતું. તેમાં તેને મહાપાતકી વ્યભિચારી, લોહીનો તરસ્યો રાક્ષસ જેવો ચીતર્યો હતો. એ વાંચીને તે પુષ્કળ હસ્યો; તે ઉપરથી એક માણસને ઘણી નવાઈ લાગી તેને તેણે જવાબ આપ્યો કે:–

" આપણા સાચા દોષ કોઇ પ્રકટ કરે તોજ આપણને રીસ ચડે. આખું જગત્ જાણે છે કે * વિષયવાસના તરફ કુદરતીરીતે મારૂં વલણ છેજ નહિ, અને વળી હું એટલો કામકાજમાં ગૂંથાયલો રહું છું કે એવા દુર્ગુણનો વિચાર કરવા જેટલી મને ફુરસદ પણ નથી; તોપણ આ લખાણમાં જે વાતો લખી છે તેને સાચી માનનારા લોકો દુનિયામાં નથી એમ નથી. પણ આપણે કરીએ શું ? કોઇના મગજમાં એવોજ તરંગ આવે કે મારે આખે શરીરે વાળ ઉગ્યા અને હાથે પગે વરૂના જેવા નખ ઉગ્યા અને એવી વાત તે છપાવે તો તેને પણ સાચી માનનારા લોકો નીકળી આવે પણ તેમાં આપણે કરીએ શું ? એવી બાબતોનો પ્રતિકાર થઇ શકેજ નહિ. "



---

* તે વ્યભિચારી હતો અને તેની છાવણીમાં સંખ્યાબંધ સુંદરીઓ રાખતો હતો એવો મિથ્યા આરોપ તેના ઉપર મૂકવામાં આવ્યો હતો.

प्रकरण १० मुं

આસ્ટ્રિયા ઉપર ચડાઇ અને સંધિ ૧૭૯૭

મંટુઆ પ્રાચીન સમયના જગવિખ્યાત કવિ વર્જિલની જન્મભૂમિ હતી; પણ સૈકાના સૈકાં થયાં દોલત અને વિષય વાસનામાં મશગૂલ થએલી ઇટાલિની પ્રજાને તેમજ તેમના ઉપર રાજ્ય કરનાર આસ્ટ્રિયનોને આ મહાન કવિનું વિસ્મરણ થઇ ગયું હતું, અને શહેરમાં તેને માટે એક પણ સ્મારકચિન્હ ઉભું કરવામાં આવ્યું ન હતું. નેપોલિયનને રણસંગ્રામ કરતાં સુલેહના સમયમાં ખીલી નીકળતી કળાને માટે ઘણું માન હતું તેથી આ યુદ્ધના ભયાનક કોલાહલ અને ઉપાધિઓ છતાં, તેનો વિનાશ કરવાની બાજી ચારે તરફ ગોઠવાયલી છતાં તેણે વર્જિલની યાદગીરી જાળવી રાખવાને એક ભવ્ય રોજો ચણાવવાની અને તે કવિવરના માનમાં એક જાહેર ઉત્સવ પળાવવાની યોજના કરી. તેમ કરવાનો તેનો હેતુ એટલોજ હતો કે નિઃસત્ત્વ થએલી ઈટાલિયન પ્રજા પોતાના પ્રતાપી પૂર્વજોનું અનુકરણ કરવા પ્રેરાય. **તેણે જે જે દેશ જીત્યા ત્યાંના સાહિત્યની, કલાની, વ્યાપારની અને ઉદ્યોગની ખીલવણીમાટે તાબડતોબ ઉપાયો લીધા હતા. એથી કરીને નેપોલિયન દેશો જીતનારજ નહિ પણ જીતાયલા દેશોનું કલ્યાણ સાધનાર ફિરસ્તો હતો.**

પછી તેણે વિયેના ઉપર ચડાઈ કરવાની તૈયારી કરવા માંડી. આ કાર્ય કાંઇ જેવું તેવું નહોતું. આસ્ટ્રિયાની કુલ વસ્તી બે કરોડ માણસોની હતી અને તેની પાસે માત્ર પચાસ હજાર માણસોનું સૈન્ય હતું. વળી આસ્ટ્રિયન પ્રજા લડાયક, પરાક્રમી અને પ્રતિષ્ઠિત હતી. વિયેના શહેરના રક્ષણ માટે અભેદ્ય કિલ્લો બાંધવામાં આવ્યો હતો. સૈકાના સૈકા થયાં અનેક રાજાઓએ પરિશ્રમ લઇને તેને એવો મજબૂત બનાવ્યો હતો કે રાણી મેરિયા થેરેસાએ બળવાન તુર્કસેનાને પણ તેની દિવાલ આગળથી નામોશી સાથે પાછી હઠાવી હતી.

દશ હજાર સિપાઇઓની ફોજને નેપોલિયને ઇટાલિના બંદોબસ્ત માટે રહેવા

દીધી અને બાકીના ચાળીશ હજાર યોદ્ધાઓ સાથે તે આગળ વધ્યો. કુચ કરતી વખતે તેણે પોતાના સૈન્યમાં નીચે પ્રમાણે વીરરસથી ભરપૂર જાહેરનામું પ્રકટ કર્યું અને તેના પડઘા રણશિંગડાના તીવ્ર નિનાદની માફક આખા યૂરોપમાં સંભળાઇ ત્યાંના તમામ રાજાઓનાં હૃદય ધડકવા લાગ્યાં.

“ યોદ્ધાઓ ! થોડાજ વખત પર પૂરાં થએલાં યુદ્ધોમાં અક્ષય કીર્તિ મેળવી છે. તમે ૧૪ સંગ્રામોમાં અને બીજાં નાનામોટાં મળીને ૭૦ યુદ્ધોમાં વિજયી થયા છો; તમે એક લાખ કરતાં વધારે શત્રુઓને કેદ પકડયા છે, શત્રુની બે હજાર મોટી અને પાંચસો નાની તોપો તમે જીતી લાવ્યા છો. આ આખા વિગ્રહનો તમામ ખર્ચ તમે પોતે પ્રાપ્ત કર્યો છે એટલુંજ નહિ પણ તમે તમારા દેશની તિજોરીમાં ૬૦ લાખ ડૉલર મોકલી શકયા છો. ઇટાલિના સુપ્રસિદ્ધ ચિત્રકારો અને શિલ્પીઓએ ગયાં ત્રણ હજાર વર્ષ થયાં અંકિત કરેલાં ભવ્ય અને ઉત્તમોત્તમ ચિત્રો અને મૂર્તિઓમાંથી ત્રણસેં ચિત્રો અને મૂર્તિઓ તમે તમારા પાટનગર પારિસને શણગારવા મોકલી દીધાં છે. તમે યૂરોપનો સાથી સારામાં સારો પ્રદેશ જીતી લીધો છે. મહાવીર સિકંદરની લીલાભૂમિ માસિડોનિયાની સામેના આડ્રિયાટિક ઉપસાગરને કાંઠે તમારાજ પ્રતાપથી આજે ફ્રાન્સની ત્રિરંગીધ્વજા સૌથી પહેલીવાર ઉડતી જોવામાં આવી છે; પરંતુ હજી આના કરતાં પણ વિશેષ યશોન્નતિ તમારા પ્રારબ્ધમાં નિર્માણ થએલાં છે. મને વિશ્વાસ છે કે તમે તેને માટે નાલાયક નિવડશો નહિ. ફ્રાન્સના ઉછરતા પ્રજાસત્તાક રાજ્યને નિર્મૂળ કરવા જે જે રાજાઓ એકત્ર થયા હતા તેમાંથી હવે આપણી સામે એકલો આસ્ટ્રિયાનો રાજાજ બાકી રહ્યો છે. આપણી સાથે સલાહ કરવાની તેને ફરજ પાડવા માટે હવે આપણે તેના રાજ્યના છેક અંદરના ભાગમાં દાખલ થયા સિવાય છૂટકો નથી. ત્યાં તમે એક બહાદૂર પ્રજાને જોવા પામશો. તેમના ધર્મને, તેમના રીતરિવાજોને તમે માન આપજો; અને તેમના જાનમાલને પવિત્ર ગણીને તેમને હાથ લગાડતા નહિ. બહાદૂર હંગેરિયન પ્રજાને સ્વતંત્રતા આપવાઃ તમે જાઓ છો તે બરોબર યાદ રાખજો. ”

આસ્ટ્રિયાના પાદશાહે પોતાના ભાઇ આર્ચડ્યૂક ચાર્લ્સને હવે સેનાપતિ નીમ્યો હતો. તેને માટે તેનો ઉદાર દિલનો અને મહાનુભાવ પ્રતિસ્પર્ધી નેપોલિયન જે ઉદ્ગાર કહાડે છે તે જોતાં તે ઘણીજ ઉંચી કોટિનો અને નિષ્કલંક ચરિત્રનો રાજકુમાર હતો એમ જણાઇ આવે છે. તેણે અત્યાર આગમચ હ્રાઇન નદીને કિનારે થએલાં યુદ્ધોમાં સારી નામના મેળવી હતી. ૫૦ હજાર સિપાઇઓની ફોજ તેને આપવામાં આવી હતી અને તેને મદદ કરવા માટે બીજા ૪૦ હજાર સિપાઇઓ તેના તરફ પ્રયાણ કરવા લાગ્યા હતા. યૂરોપમાં હવે સર્વને ખાત્રી હતી કે વિજયથી છકી ગએલો નેપોલિયન આસ્ટ્રિયામાં નહિ પણ મૃત્યુનાજ મુખમાં ઘસ્યો જાય છે. પણ

ઘણોજ વિચાર કરીને, શત્રુપક્ષ તેની સામે કેવા કેવા સંજોગો ઉત્પન્ન કરશે, તેમનાં સૈન્ય કયાં કયાં એકઠાં થશે તે સર્વનો પૂરતો વિચાર કરીને નેપોલિયને પોતાનો કાર્યક્રમ ઘડી કહાડયો હતો. એક બાજુએ વીરશિરોમણિ નેપોલિયન અને બીજી બાજુએ મહાવીર ચાર્લ્સના યુદ્ધનું પરિણામ જોવા માટે આખો યૂરોપ ઉત્સુક બની રહ્યો હતો.

હજી શિયાળાનો અમલ ઉતર્યો ન હતો. આલ્પ્સ પર્વતનાં શિખર હજી બરફથી ઢંકાયલાંજ હતાં. ઠંડા પવનનાં તોફાન હજી ચાલુજ હતાં. આથી કરીને સર્વને ખાત્રી હતી કે વસંતઋતુ બેસતાં પહેલાં નેપોલિયન પ્રયાણ કરશે નહિ. પણ તે **ઘણોજ વિલક્ષણ પ્રકૃતિનો માણસ હતો.** ઠંડા પવનનાં તોફાન જોસભેર ચાલતાં હતાં, વરસાદ મુસળધારે વરસતો હતો અને રાની પશુઓની પણ બહાર નીકળવાની હિંમત ચાલતી ન હતી; તેવે વખતે નેપોલિયને પોતાના સૈન્યને કુચ કરવાની આજ્ઞા આપી. થોડેક દૂર ચાલ્યા પછી તેના જોવામાં આવ્યું કે એક અત્યંત વેગવતી વિશાળ નદી ગર્વોન્મત્તપણે તેના માર્ગમાં અટકાવ કરતી વહેતી હતી. તેની સામે આસ્ટ્રિયન સેના સજ્જ થઇને તેના આવવાની રાહ જોતી ઉભી હતી. તેમની અસંખ્ય તોપો એવી ચતુરાઇથી ગોઠવી હતી કે તેમાંથી છૂટતા ગોળા નદીના પ્રવાહ ઉપર બધે ઠેકાણે પડી શકે. પાયદળની હારની હાર સૂર્યના તેજથી ઝગારા મારતી સંગીન હાથમાં લઇને, નદી ઓળંગવાનું સાહસ કરનાર શત્રુને ગોળીઓના વરસાદથી વધાવી લેવાને સજ્જ થઇને ઉભી હતી. તેની બેઉ બાજુએ સંખ્યાબંધ ઘોડેસ્વારો હણહણાટ અને થનથનાટ કરતા ઘોડાઓ ઉપર સ્વાર થઇને શત્રુ ઉપર ધસારો કરવાને સેનાપતિની આજ્ઞાની રાહ જોતા ઉભા હતા.

આ બાજુએ ફ્રેન્ચ સૈન્ય કાદવથી ભરેલા રસ્તાઓ અને પર્વતોની સાંકડી નાળોમાંથી મજલ કરતું આવ્યું હતું. જ્યારે તેઓ નદીકિનારે આવી પહોંચ્યા ત્યારે તોફાન શમી ગયું હતું અને સ્વચ્છ ભૂરા આકાશમાં સૂર્ય પ્રકાશી રહ્યો હતો. તેમના પોશાક ફાટેલા, કાદવથી ખરડાયલા અને વરસાદથી ભીંજાયલા હતા. વેગબંધ વહેતી નદી, દારૂગોળાથી ભરેલી તોપોની હાર, શત્રુના થનથનાટ કરતા પાણીદાર અને પુષ્ટ ઘોડાઓ અને મજબૂત ખાઇઓમાં ગોઠવાયલું પાયદળ જોઇને નેપોલિયને તરતને માટે નદી ઓળંગવાનો વિચાર માંડી વાળ્યો, અને શત્રુની તોપના ગોળા ન પહોંચે એટલે દૂર જઇને સિપાઇઓને રસોઇ કરીને જમી લેવાની રજા આપી.

થાકેલા સિપાઇઓ ખુશખુશ થઇ ગયા. લશ્કરી છાવણીને બદલે ઉજાણીનો દેખાવ થઇ રહ્યો. કેટલાક પોતાનાં હથિયાર બાજુએ મૂકીને લીલી હરિયાળી જમીન ઉપર આનંદથી આળોટવા લાગ્યા. કેટલાક ચૂલા સળગાવીને રસોઇ કરવા મંડી ગયા. એક પળવારમાં ફ્રેન્ચ સેનાએ સંહારક સ્વરૂપનો ત્યાગ કરીને શાંત ભાવ ધારણ કર્યો. જલકણથી શીતળ થએલા વાયુની લહરીઓના સ્પર્શથી તેમનો થાક ઉતરી ગયો.

આર્ચડયૂક ચાર્લ્સ એમ સમજ્યો કે નેપોલિયનનું સૈન્ય થોડો વખત આરામ લીધા પછી નદી ઓળંગવાની તૈયારી કરશે. તેથી તેણે પણ પોતાના લશ્કરને ખાઇ પીને તાજા થવાની રજા આપી. આથી કરીને ઑસ્ટ્રિયન સૈન્ય વ્યૂહરચનાનો ભંગ કરીને નદીથી થોડે દૂર આવેલી પોતાની છાવણીમાં ગયું. થોડીજ વારમાં નેપોલિયનની રણતુરીનો અવાજ સંભળાયો. ફ્રેન્ચ લશ્કરને તો આજ્ઞા મળતાંની સાથેજ ઝટપટ તૈયાર થવાનો અભ્યાસ પડી ગયો હતો. તેઓ એક ક્ષણવારમાં હથિયાર લઇને હારબંધ નદીમાં કૂદી પડયા અને ઑસ્ટ્રિયન સેના સાવધાન થાય ત્યાર પહેલાં તો અડધી નદી ઓળંગી ગયા. હવે તેમને કિનારા ઉપર પગ મૂકતા અટકાવવાનું કામ ઑસ્ટ્રિયનોનું હતું. બેઉ પક્ષ વચ્ચે ઘોર સંગ્રામ શરૂ થયો. પરિણામે નેપોલિયન જીત્યો અને તેનું સૈન્ય સામે કિનારે જઇ પહોંચ્યું. આસ્ટ્રિયનો ગભરાટમાં પડી ગયા અને અવ્યવસ્થિતપણે ચારે દિશાએ નાસવા લાગ્યા. તેમનામાંના હજારો યોદ્ધાનાં શબ નદીકાંઠે રઝળતાં થઇ ગયાં. નેપોલિયને તેમની પૂંઠ લીધી. રસ્તામાં જ્યાં જ્યાં કિલ્લો આવે અથવા પર્વતની સાંકડી નાળ કે નદી આવે ત્યાં ત્યાં તેઓ નેપોલિયનના સૈન્યને અટકાવવાનો મહાભારત યત્ન કરતા પણ દરેક સંગ્રામમાં પરાજય પામીને તથા અનેક યોદ્ધાઓનું બલિદાન આપીને દિવસે દિવસે ક્ષીણ થતા તેઓ પાછા અને પાછાજ હઠતા ગયા. આમ છતાં નેપોલિયન રાક્ષસી ઝડપથી તેમને પકડી કહાડતો અને તેમના દળને નાશકારક ગોળાઓના મારથી છિન્નભિન્ન કરી નાખતો. એમ કરતાં કરતાં તેઓ પર્વતની તળેટીસુધી આવી પહોંચ્યા. ત્યાંથી પાછા હઠીને તેઓ સીધી ટેકરીઓ ઉપર ચડયા. આખરે બેઉ સૈન્ય સનાતનકાળથી બરફ વડે ઢંકાયલા આલ્પ્સ પર્વતનાં શિખર ઉપર એકઠાં થયાં. આ ઠેકાણે નાસતી આસ્ટ્રિયન સેના હિંમત પકડીને દુશ્મનો સામે યુદ્ધ કરવાને તૈયાર થઇને ઉભી રહી. આ સ્થાન તેમને માટે અનુકૂળ હતું. આસપાસ ઘણે દૂર સુધી બરફથી ઢંકાયલો પર્વતનો પ્રદેશ ફેલાયલો હતો અને તેના સીધા લપસણા ટેકરાઓ ઉપર ફ્રેન્ચ સ્વારોથી ચડાય એવું નહોતું. અહિં ઑસ્ટ્રિયનોએ મોરચો નાખ્યો અને જીવપર આવીને એક છેલ્લો યત્ન કરવાને તૈયાર થઇને ઉભા. તેમની પાછળની બાજુએ બરફથી છવાયલી, દિવાલ જેવી સીધી અને ધારવાળા ખડકવાળી પર્વતની બાજુઓ હતી અને એવા વિકટ રસ્તા ઉપર થઇને શત્રુની તોપોના માર આગળ નાસવાનું અશક્ય હતું. તેથી જીવવું કે મરવું એવો નિશ્ચય કરીને તેઓ હવે લડવાને તૈયાર થયા. ટારવિસ પર્વતના શિખર ઉપર આ ભયાનક સંગ્રામનું છેવટ આવવાનું હતું. આવા દારુણ યુદ્ધને માટે આ સ્થાન પણ યોગ્યજ હતું. ઉપર સ્વચ્છ અને હિમથી ભરપૂર થએલું આકાશ હતું, ઠંડા પવનના સુસવાટ વાતા હતા, અને બેઉ પક્ષના યોદ્ધાઓ એક બીજા ઉપર દૈત્યોની માફક કુદી પડતા હતા. તોપોની ગર્જના વાદળાંઓથી પણ વધારે ઉંચાઇએ સંભ-

ળાવા લાગી. જોતજોતામાં બરફથી ઢંકાયલાં પર્વતનાં શિખર મનુષ્યરક્તથી રંગાઇ ગયાં. મરી ગએલા અને મરવા પડેલા સિપાઇઓના ઢગના ઢગ જામી ગયા અને બરફમાં લાંબા વખતસુધી સચવાઇને મનુષ્યની જાતભાઇ પ્રત્યેની નિર્દયતાની સાબીતી આપતા થયા. આર્ચડયૂક ચાર્લ્સે પાછા હઠવા માંડયું પણ ફ્રેન્ચો તેના નાસતા સૈન્યને વિખેરતા, તેમના ઉપર ગોળીઓનો વરસાદ વરસાવતા તથા હજારો મણનાં બરફનાં ગચ્છીયાં ગબડાવીને એકીવખતે સેંકડો માણસોનો કચ્ચરઘાણ કહાડતા તેમની પાછળ દોડતાજ ગયા. છિન્નભિન્ન થએલી આસ્ટ્રિયન સેના હવે નીચેની ખીણોમાં આવી પહોંચી, અને આસ્ટ્રિયાની હદમાં દાખલ થઈ. હવે જૂદી ભાષા, જૂદા રીતરિવાજ અને જૂદાજ પ્રકારના કુદરતના દેખાવ ફ્રેન્ચોની નજરે પડયા. હવે ઇટાલિ ઘણે દૂર પાછળ રહી ગયો હતો અને તેઓ આસ્ટ્રિયાની રાજધાની વિયેના તરફ ઝડપથી દોડયા જતા હતા.

નેપોલિયન હવે તે શહેરની છેક પાસે આવી પહોંચ્યો. હજી પણ કોઇ રીતે સલાહ થાય તો સારૂં એવું તે અંતઃકરણથી ઇચ્છતો હતો તેથી તે વિજયી થયો હતો, અને આસ્ટ્રિયન સેનાને ઘાસની માફક ઉડાવી મૂકતો ચાલ્યો આવતો હતો તોપણ તેણે આસ્ટ્રિયન રાજકુમાર ચાર્લ્સને સુલેહનું કહેણ મોકલ્યું અને તેને એક પત્ર લખ્યો કેઃ—"સેનાધિપતિ ! શૂરવીર પુરુષો યુદ્ધ કરતા હોય છે તે વખતે પણ અંતઃકરણથી તો સુલેહનેજ ચહાય છે. આ લડાઈ છ છ વર્ષ થયાં નથી ચાલી ? આપણે જાતિભાઇઓની પૂરતી કતલ નથી કરી ? આપણે મનુષ્યજાતિને પૂરતું કષ્ટ નથી આપ્યું ? હવે તો આ યુદ્ધનો અંત આવવોજ જોઇએ. ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય સામે જે જે રાજ્યો લડવા મેદાન પડયાં હતાં તેમણે બધાએ તલવાર મ્યાન કરી છે અને એકલું આસ્ટ્રિયાજ બાકી રહ્યું છે × × × × આ યુદ્ધનું ગમે તે પરિણામ આવે તોપણ એટલું તો સ્પષ્ટજ છે કે બેઉ પક્ષનાં હજારો માણસોના પ્રાણ જશે. આપણે હવે એ યુદ્ધનો નિવેડો લાવવો જોઇએ. કારણ કે પ્રવૃત્તિમાત્રનો અંત આવે છે, ત્યારે યુદ્ધનો પણ અંત હોવો જોઇએ. આપ સેનાપતિ છો અને પાદશાહના બંધુ છો ! જે નીચ પ્રવૃત્તિથી રાજ્યના મંત્રીઓ અને બીજા અમલદારો પ્રેરાય છે તેની આપને અસર થવી ન જોઇએ. મનુષ્યજાતિ ઉપર ઉપકાર કરવાની આપને ઇચ્છા નથી ? આસ્ટ્રિયાનું રક્ષણ કરવાની આપ ઇચ્છા રાખતા નથી ? આપ બાહુબળથી સ્વદેશનું રક્ષણ નહિજ કરી શકો એવું મારૂં કહેવું નથી પણ તેમ કરવા જતાં આપના દેશને શું ઓછી હાનિ થશે ? મેં નમ્રતાપૂર્વક સલાહ માટે પ્રાર્થના કરવાની પહેલ કરી છે તેને પરિણામે માત્ર એકજ માણસનો પ્રાણ બચવા પામશે તો યુદ્ધમાં વિજય મેળવ્યાથી પ્રાપ્ત થતા વિષાદમય યશ કરતાં મને તેથી વધારે ગૌરવ ઉત્પન્ન થશે."

આવી ઉદારતાભરેલી માગણીનો રાજકુમાર ચાર્લ્સે નીચે મુજબ જવાબ આપ્યો:– "મને જે કાર્ય સોંપવામાં આવ્યું છે તેમાં યુદ્ધનો અંત લાવવાની તેમજ યુદ્ધનાં કારણોની પરીક્ષા લેવાની સત્તાનો સમાવેશ થતો નથી. આ કાર્ય મારા અધિકારની બહારનું છે. તેથી કરીને હું આપની સાથે સલાહનો કોઇ પણ જાતનો કોલકરાર કરી શકતો નથી."

જીતની અણી પર આવેલા નેપોલિયને સલાહ કરવાની પ્રાર્થના કરી; પરંતુ આસ્ટ્રીયાને યુદ્ધ કરતાં પ્રજાસત્તાક લોકસ્વાતંત્ર્ય તરફ વિશેષ તિરસ્કાર હોવાથી તેણે સલાહ કરવાની ચોકખી ના પાડી. તરતજ નેપોલિયનની તોપોની ગર્જના શરૂ થઇ અને ટેકરીઓ અને ખીણો ઉપર થઈને શત્રુ સૈન્યને પોતાની આગળ ને આગળ ધકેલતો અપ્રતિહત ગતિથી તે વિયેના તરફ ચાલ્યો. માર્ગમાં જ્યાં જ્યાં નદી આવતી, જ્યાં જ્યાં પર્વતની સાંકડી નાળ આવતી, જ્યાં જ્યાં કિલ્લેબંદી નગર આવતું ત્યાં ત્યાં આસ્ટ્રિયનો ઉભા રહેતા; પણ ખૂનખાર યુદ્ધ કર્યા પછી છેવટે તેમને નાસવુંજ પડતું અને તેઓમાંના હજારો માણસો ઘાસની માફક કપાઇ જઇ ફ્રેન્ચ સ્વારોના દોડતા ઘોડાઓની ખરીઓ નીચે છુંદાઇ મરતાં. એમ કરતાં કરતાં ન્યુમાર્ટ નામની સાંકડી પર્વતની નાળ આવી. અહિં પણ આસ્ટ્રિયનો થંભ્યા.અહિં પણ મનુષ્યરકતની નદી વહેવા લાગી અને હજારો યોદ્ધાઓનો સંહાર થયો. નેપોલિયનને રોકવાનો પ્રયત્ન મિથ્યા ગયો. આસ્ટ્રિયનોથી ફ્રેન્ચોનો માર સહન થયો નહિ. તેઓ પાછા હઠીને સાંકડી નાળમાં ભરાઇ ગયા. ગભરાટને લીધે અવ્યવસ્થિતપણે નાસતાં હજારો માણસો, અનાજ અને તોપોનાં ગાડાં, તથા નાસતા ઘોડેસ્વારો અને પાયદળને લીધે તે સાંકડો રસ્તો ખીચોખીચ ભરાઇ ગયો અને જવાનો માર્ગ રહ્યો નહિ. ફ્રેન્ચોની તોપોના ગોળાઓએ શત્રુદળને વીંધી વીંધીને માર્ગ ખુલ્લો કર્યો અને તેમના સ્વારોએ હજારો આસ્ટ્રિયનોને બકરાની માફક કાપી નાખ્યા. એ નાળ ઘણીજ લાંબી હતી. આખે રસ્તે ભયંકર કાપાકાપી ચાલી અને ફ્રેન્ચો આસ્ટ્રિયનોને સૂકાં પાંદડાની માફક પોતાની આગળ ધકેલતા લ્યુએન શહેર પાસે આવી પહોંચ્યા. શહેરની આસપાસ આવેલી ઉંચી ટેકરીઓ ઉપરથી દૂરબિનવડે વિયેના નગરના મિનારા અને મકાનોનાં શિખર જોઇ શકાતાં હતાં. અહિં એક દિવસ વિશ્રાંતિ લઇને ફ્રેન્ચો પુનઃ આગળ ચાલ્યા. ચાર્લ્સ વિયેનાના અભેદ્ય કિલ્લા તરફ પોતાના સૈન્યના અવશેષ સાથે નાઠો. હવે વિયેના નગરમાં ગરબડાટ મચી રહ્યો. રાજા, ઉમરાવો અને શ્રીમંતો શિકારી કૂતરાના ભયથી નાસતા હરણની માફક ડુંગરિનાં જંગલોનો આશ્રય લેવા નાસવા લાગ્યા. રાજધાનીની દોલતને અને ભયભીત થએલા લોકોને લઇ જવાને ડાન્યુબ નદીમાં હજારો નૌકાઓ દોડાદોડ કરવા લાગી. આસ્ટ્રિયાની રાજકન્યા મેરી લુઇસી જે તે વખતે માત્ર ૭ વર્ષની હતી તે પણ તેના ભવિષ્યના ભર્તાર નેપોલિયનના ડરથી

નાસી જનાર રાજકુટુંબમાંની એક હતી. સામ્રાજ્યની તમામ સેના હવે રાજધાનીનું રક્ષણ કરવા માટે એકત્રિત થવા લાગી. કિલ્લાનો પુનઃ સંસ્કાર કરવાનું કાર્ય શરૂ થયું. રાજમાર્ગ બંધ થઇ ગયા. ત્યાં તો માત્ર નાસભાગ કરતા લોકોનોજ સમુદાય જોવામાં આવતો હતો. બચાવ કરવાની તૈયારી કરવાનો વખત મેળવવા માટે ચાર્લ્સે ૨૪ કલાક સુધી યુદ્ધ બંધ રાખવાની નેપોલિયન પાસે માગણી કરી. પણ તે કાંઇ કાચો ન હતો. તેણે જવાબ આપ્યો કે મારો વખત ઘણો કિંમતી છે. તમે લડતા જાઓ અને સલાહના કોલકરાર કરતા જાઓ. તેજ વખતે તેણે આસ્ટ્રિયાની રૈયતને માટે એક જવલંત જાહેરનામું પ્રકટ કર્યું અને આસ્ટ્રિયાના જે જે ભાગમાં થઇને પોતે આવ્યો હતો ત્યાં બધે તેની નકલો ફેલાવી દીધી. તેણે રૈયતને ખાત્રી આપી કે **હું તમારો મિત્ર છું. હું તમારા દેશને જીતવા આવ્યા નથી પણ તમારી પાસે સલાહ માગવા આવ્યો છું.** આસ્ટ્રિયાની સરકારે ઈગ્લંડની ભારે રૂશવતથી લલચાઇને ફ્રાન્સની સાથે વિનાકારણે, ગેરકાયદેસર લડાઇ ઉભી કરી છે, પણ આસ્ટ્રિયાના લોકો સાથે મારે વૈર નથી. હું તો તેમનો રક્ષક છું. તેમના ધર્મને, તેમના રાજનૈતિક હક્કને પૂરતું માન આપવામાં આવશે. તેમના જાનમાલને પવિત્ર ગણવામાં આવશે. નેપોલિયને પોતાનો બોલ પાળ્યો હતો. તેના યોદ્ધાઓએ પણ સેનાપતિનું અનુકરણ કરીને નિઃશસ્ત્ર આસ્ટ્રિયનો સાથે બંધુભાવજ રાખ્યો, અને પૂરતી કિંમત આપ્યા વગર લોકો પાસેથી તેમણે કોઇ પણ ચીજ લીધી ન હતી.

હવે તો આસ્ટ્રયાના લોકો પણ સલાહ કરી દેવાને માટે છચોક માગણી કરવા લાગ્યા. આર્ચ ડ્યૂકે પાદશાહને જણાવી દીધું કે લશ્કરી બળથી પાટનગરનું રક્ષણ થઇ શકે એમ છેજ નહિ. હવે ઇંગ્લંડની પરવાનગી વગર આસ્ટ્રિયાના પાદશાહને સલાહ કરવાની જરૂર પડી, અને એક રાજદૂતે આવીને નેપોલિયનને પ્રાર્થના કરી કે સલાહના કોલકરાર નક્કી કરવાને પાંચ દિવસની મહેતલ આપો, અને યુદ્ધ બંધ રાખો. આ માગણીનો નેપોલિયને જે જવાબ આપ્યો હતો તે તેના ઉદાર અંતઃકરણની સ્પષ્ટ સાબિતી આપે છે. તેણે કહેવડાવ્યું કે “ મારી વર્તમાન સ્થિતિ એવી છે કે યુદ્ધમાં એક ક્ષણ વારનો પણ વિલંબ થાય તો તેથી મારૂં સૈન્ય ઘણીજ મુશીબતમાં આવી પડે. તોપણ જો આટલું આત્મસમર્પણ કર્યાથી જનસમાજના સુખને માટે જે સલાહ ઇષ્ટ અને આવશ્યક છે તે જો થઇ શકે એમ હોય તો આપની માગણી કબૂલ કરવા માટે મને લેશમાત્ર પણ ખેદ થતો નથી. ”

નેપોલિયન હવે વાસ્તવિકરીતે ફ્રાન્સનો ચક્રવર્તી સમ્રાટજ બની ગયો હતો; તેથી તેણે આ સલાહના કોલકરાર માટે ફ્રાન્સના ડિરેકટરોની મંજૂરી માગી નહિ, તેમ કરારનામા ઉપર સહી કરવાને માટે કોઇ પણ વડા અધિકારીના આવવાની રાહ પણ જોઇ નહિ; પરંતુ સલાહના કરારનામા ઉપર પોતાનીજ સહી કરી અને તેમ કરીને

આસ્ટ્રિયાના સમ્રાટ્‌ની સાથે પોતાની સમાનતાનો અધિકાર સિદ્ધ કર્યો.

સલાહના કોલકરારમાં પહેલી સરત એ હતી કે “ આસ્ટ્રિયાનો નૃપતિ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યતંત્રને મંજૂર રાખે છે. ” નેપોલિયન એકદમ ગર્વસહિત બોલી ઉઠયો કે “ એ સરત કહાડી નાખો. ફ્રાન્સનું પ્રજાસત્તાક રાજ્ય સૂર્ય જેવું દેદીપ્યમાન છે; માત્ર આંધળાઓજ તેને જોઇ શકતા નથી. અમે સ્વતંત્ર છીએ. અમારી મરજીમાં આવે તેને અમારો રાજા બનાવીએ અને અમારી મરજી આવે તેવું રાજ્યતંત્ર સ્થાપિત કરીએ તેમાં મંજૂરી આપનાર તમે કોણ ? ” આ શબ્દો કેવળ અહંકારનાજ ન હતા, પણ જાણે ભવિષ્યની ઘટનાઓનો તેને ચોકખો સાક્ષાત્કાર થયો હોય તેવી રીતે તે બોલ્યો હતો. ત્યાર પછી તેણે કહ્યું કે “ કદાચ ભવિષ્યમાં ફ્રાન્સની પ્રજાને એવી ઇચ્છા થાય કે આપણે અમુક માણસને આપણો રાજા બનાવીએ તો આસ્ટ્રિયાનો રાજા કહેવા ઉભો થાય કે મને એ મંજૂર નથી; હું તો પ્રજાસત્તાક રાજ્યનેજ મંજૂર રાખું છું. ” આ કોલકરાર મુજબ ફ્રાન્સ અને આસ્ટ્રિયા વચ્ચે રીત પ્રમાણે સલાહ થઇ. ઇતિહાસમાં તેને ‘ કેમ્પો ફોર્મિઓની સંધિ ’ એવું નામ આપ્યું છે. એ સલાહ મુજબ ફ્રાન્સની પૂર્વ સીમા ર્હાઇન નદીના કિનારાસુધી મુકરર થઇ અને ઇટાલિનાં ઉપરાજયો આસ્ટ્રિયાને પાછાં આપવામાં આવ્યાં.

નેપોલિયન આસ્ટ્રિયા ઉપર ચડાઇ કરતી વખતે વેનિસના રાજાને તટસ્થ રહેવાનું કહી ગયો હતો; પરંતુ તેણે પોતાનું વચન તોડયું એટલુંજ નહિ પણ તેના હાથ નીચેના ઉમરાવવર્ગે અને ધર્માંધ, લોભી ધર્મગુરુઓની ઉશ્કેરણીથી ખીજવાયલા લોકોએ અનેક નિઃશસ્ત્ર ફ્રેન્ચોની કતલ કરી અને દવાખાનાઓમાં ઘૂસી જઇને જખમી થએલા ફ્રેન્ચ સિપાઇઓને ખંજરથી મારી નાખ્યા. હવે આ અત્યાચારનું વેર લેવાને નેપોલિયન વેનિસ તરફ ધસ્યો. ત્યાંનો રાજા અને ઉમરાવવર્ગ ગભરાઇ ગયા. તેમણે તેની આજીજી કરવા માંડી, તેના પગ આગળ અથાગ દોલત ઢાલવવા માંડી પણ તેણે તિરસ્કારપૂર્ણ જવાબ આપ્યો કે “ તમે મારાં બાળકોનાં દગાથી ખૂન કર્યાં છે. આખા જગતની દોલત તમે મને આપો તોપણ તમે જે અત્યાચાર કર્યો છે તેનો બદલો વળી શકશે નહિ. તમારા વાવટાને હું ધૂળ ચાટતો કરીશ. ચાલ્યા જાઓ. ” દાવાનળ જેવું નેપોલિયનનું સૈન્ય ક્રોધ અને વૈરથી ઉન્મત્ત થઇને તોપોની ગર્જના કરતું વેનિસ પાસે આવી પહોંચ્યું. રાજાએ આત્મરક્ષણને માટે ફ્રાન્સના ડિરેકટરોને ભારે લાંચ આપીને નેપોલિયન ઉપર મનાઇહુકમ મોકલાવ્યો. પણ તેણે કશાની દરકાર ન કરતાં વેનિસ સર કર્યું. લોકોએ તેને હર્ષના પોકારથી વધાવી લીધો. નેપોલિયને વેનિસમાં પ્રજાકીય રાજ્યતંત્રની સ્થાપના કરી. આવી રીતે તેણે જીનોઆ શહેરને પણ સ્વાધીન રાજ્યતંત્ર આપ્યું. તે જ્યાં ગયો ત્યાંની પ્રજાની રાજનૈતિક અને અન્ય વિષયક ઉન્નતિ કરતો ગયો, અને લોકોએ તેને પોતાનો ઉદ્ધાર

કરનાર માનીને તેના ઉપર પ્રેમ અને સન્માનની વૃષ્ટિ કરી.

આ પ્રકરણમાં વર્ણવેલા બનાવો બનતાં માત્ર દોઢજ મહિનો થયો હતો. બળવાન સૈન્યની સામે ટક્કર લઈને નેપોલિયન સેંકડો માઇલસુધી શત્રુના રાજ્યમાં પેસી ગયો. ગોળીઓ અને ગોળાઓના વરસાદ વચ્ચે તે અનેક નદીઓ ઓળંગી ગયો. કુમ્મરપૂર બરફમાં પોતાની ભારે તોપો સાથે આલ્પ્સ પર્વતના વિકટ ઘાટ ઉપરથી પસાર થયો. આસ્ટ્રિયાનાં બળવાન સૈન્યને તળીયાઝાટક કરી નાખ્યાં. ત્યાંના ગર્વિષ્ઠ રાજાના ગર્વનું, ચૂર્ણ કરીને તેને સલાહ કરવાની ફરજ પાડી. વેનિસની પ્રજાને જૂલ્મગાર રાજાની બેડીમાંથી મુક્ત કરી અને જીનોઆનું રાજ્યતંત્ર ફેરવી નાખ્યું.

તે હવે મિલનના રાજમહેલમાં રહેવા લાગ્યો. જોસેફાઇન પણ ત્યાં આવી હતી. ઈટાલિનાં અનેક રાજ્યો હવે તેની કૃપાની પ્રાર્થના કરતાં હતાં અને આખા યૂરોપનું ભવિષ્ય તેના એક શબ્દ ઉપર અવલંબતું હતું. યૂરોપના કોઈ પણ રાજા કરતાં તેનું સામર્થ્ય વિશેષ થઇ ગયું હતું. ઈટાલિની પ્રજા તેને એક દેવ તરીકે પૂજતી હતી. તેનું અસાધારણ પરાક્રમ અને તેને મુકાબલે વિચિત્ર દેખાતી એક સ્ત્રીને શોભા આપે એવી તેની નાજુક આકૃતિ સર્વને મોહ ઉપજાવતાં હતાં. તેણે પોતાના બાહુબળના પ્રતાપથી ફ્રાન્સ સાથે સલાહ કરવાની ઇગ્લંડ સિવાયના તમામ દેશોને ફરજ પાડી. એકલું ઈંગ્લંડજ સમુદ્ર અને અજય્ય નાકાસૈન્યથી સુરક્ષિત હોઇ નિડરપણે ફ્રાન્સને રંજાડતું હતું. તેનાં વહાણ ફ્રાન્સના એકે એક બંદર ઉપર બોંબગોળા ફેંકીને, જાનમાલનો નાશ કરીને લોકોને ત્રાહ્ય ત્રાહ્ય પોકારાવતાં હતાં. નેપોલિયનના લસ્કરથી તેને ડરવાનું પ્રયોજન ન હોવાથી ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય સાથે સંધિ કરવાની તે ઘસીને ના પાડતું હતું.



प्रकरण ११ मुं--इटालिमां नवयुग (१७९७)

ન્યાય અને કરારનું યથાવિધિ પાલન કર્યા વગર બે પ્રજાઓનું ઐક્ય સંભવતુંજ નથી. **નેપોલિયન**

હવે નેપોલિયનને હાથે ઇટાલિના નૂતન યુગનો પાયો નંખાયો. તેણે આ વખતે અને ત્યાર પછી પણ એ દેશની ઉન્નતિ કરવાને અનેક ઉપાયો યોજ્યા. તેણે ઇટાલિને આસ્ટ્રિયાના સ્વેચ્છાચારમાંથી મુક્ત કરીને ઉન્નતિના માર્ગ તરફ પ્રેર્યો. ઇટાલિના ઇતિહાસમાં એક સમય એવો હતો કે આખો યૂરોપ તેને હાથ જોડીને નમન કરતો. તેના શૂરવીર પુત્રોનો પ્રતાપાગ્નિ આખી પૃથ્વીને સ્વાહા કરવાની અભિલાષા રાખતો હતો; પરંતુ તે સુખના દિવસ વહી ગયા હતા. ઇટાલિની પ્રજા ઉપર હવે તો દુઃખની અંધકારમય રાત્રિ ફરી વળેલી હતી. નેપોલિયને તે દેશને બંધનમુક્ત કર્યો તે વખતે તેની ભૂમિ ઉપર એક પણ વીરપુરુષ પેદા થતો ન હતો. આખી પ્રજા નિર્વીર્ય અને સ્વાભિમાન રહિત થઇ ગઇ હતી. ઇટાલિયન લોકો પરદેશીઓની બેડીઓ પહેરીને નૃત્યગીત, અને વિલાસવૈભવમાં મશગૂલ બની ગયા હતા. તેમના સ્વતંત્રતાના જુસ્સા હોલવાઇ ગયા હતા. પરાધીનતા હવે તેમને ખૂંચતી ન હતી. તેઓમાં સામર્થ્ય, જાગૃતિ અને સંપ એમાંનું કશું ન હતું. તેજ કારણથી તેઓ આસ્ટ્રિયાના પગ તળે કચરાતા હતા તોપણ તેમની સામે થતા નહિ. પોતાનો અસંતોષ જાહેર કરવાની પણ હિંમત ચલાવતા નહિ. **તેઓ પોતાપર રાજ્ય કરનાર સ્વાર્થી પ્રજાનાં ગુણગાન કરતા અને તેમના પગ ચાટીને કૃતાર્થ થતા.** નેપોલિયને તેમના જાતીય જીવનનો નવયુગ પ્રવર્તાવ્યો. એક હાથે તેણે તેમના ઉપરના આસ્ટ્રિયાના અત્યાચારને નિર્મૂળ કરી નાખ્યો અને બીજે હાથે ઇટાલિની પ્રજા સમક્ષ પ્રજાકીય રાજ્યતંત્રનો ભવ્ય આદર્શ રજૂ કર્યો. ઇટાલિના રાજાઓના સ્વેચ્છાચારને અંકુશમાં રાખી “ **પ્રજાના કલ્યાણને માટેજ રાજાનું પ્રયોજન છે.** ” એવી ઉદાર અને કલ્યાણકારક રાજનીતિનો રાજા અને પ્રજાને બેઉને ઉપદેશ આપ્યો. ઉમરાવવર્ગના અનેક સૈકાથી ચાલ્યા આવેલા જૂલમમાંથી લોકવર્ગને મુક્ત કરીને તેમને તેણે મનુષ્યની સમાનતાના મૂળ મંત્રની દીક્ષા આપી. નિશ્ચેતન થએલા ઇટા-

લિને ઘોર નિદ્રામાંથી જાગૃત કરીને તેમની જાતીય એકતા દૃઢ કરવાનો પ્રયાસ આદર્યો. તેમનામાં આત્મરક્ષણ કરવાનું સામર્થ્ય આવે તેટલા માટે તેમને લશ્કરી તાલિમ આપવા માંડી. આ કાર્યને માટે આસ્ટ્રિયનો તેનો ઉપહાસ કરવા લાગ્યા. આસ્ટ્રિયનો બોલતા કે “ ઇટાલિના લોકો ગાય, નાચે, વિદ્યા અને બુદ્ધિના વિષયોમાં પ્રવીણ થાય, પણ તેઓ યુદ્ધ તો કરી શકેજ નહિ; વીરત્વ બતાવી શકેજ નહિ. તેઓ બીકણ છે, નામર્દ છે અને અમારૂં દાસત્વ કરવાને માટેજ સરજાયા છે.” સ્વાર્થી પ્રજાઓ ! સબૂર કરો. આખા જગતમાં હવે મનુષ્યની સમાનતાનો પવન ફૂંકાયો છે અને અમેરિકામાં પ્રજાકીય સ્વાતંત્ર્યના દુંદુભિનાદ ગાજી રહ્યા છે. અંધકારના ઓથાર વિરમ્યા છે અને પ્રભાતનાં કુંકુમ પગલાં પડવા લાગ્યાં છે.

નેપોલિયન પોતે એક પ્રસંગે કહે છે કે “ મેં ઇટાલિના લોકોને યુદ્ધવિદ્યા શીખવવા માંડી હતી અને પરિણામે હજારો યુવાન ઇટાલિયનોની મારા સૈન્યમાં ભરતી થઈ હતી. તેઓ રણસંગ્રામમાં ફ્રેન્ચોના જેટલુંજ શૌર્ય બતાવતા હતા અને એવા વફાદાર હતા કે વિપત્તિના વખતમાં પણ અમારો ત્યાગ કરતા નહિ.”

ઇટાલિના મહાપુરુષો તરફ ભક્તિભાવ બતાવીને નેપોલિયને મહાકવિ વર્જિલનું સ્મારક ઉભું કર્યું એ વાતનો ઉલ્લેખ આગળ થઇ ગયો છે. તેવીજ રીતે તેણે ઇટાલિના વિદ્વાનોને પોતાના દેશનાં સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરેની અભિવૃદ્ધિ કરવાની યોજના ઘડવાનું સૂચન કર્યું હતું તે વાત પણ વાચકોને યાદ હશે.

નેપોલિયને ઇટાલિમાં અનેક નહેરો, પૂલ અને ધર્મમંદિરોની રચના કરાવી. પારિસથી મિલનસુધી એક વિશાળ અને લશ્કરને જવા આવવામાં ઉપયુક્ત થઇ પડે એવી પાકી સડક બંધાવી. અનેક નગરની અને બંદરોની ઉન્નતિ કરી. આડ્રિઆટિક ઉપસાગરને કિનારે આન્કોના નામનું એક બંદર છે. તેનું રક્ષણ કરવાને, ત્યાંના વ્યાપારની અભિવૃદ્ધિ કરવાને તેમજ તેની ગોદીમાં સંખ્યાબંધ વહાણ રહી શકે તે માટે નેપોલિયને મહાભારત પ્રયત્ન કરીને મોટા પાયા ઉપર એવાં મજબૂત બાંધકામ કરાવ્યાં, કે અદ્યાપિ તે સ્થાન તેની પ્રતિભાની અને ભવિષ્યદર્શિતાની બુલંદ અવાજે સાક્ષી પૂરે છે. ઇટાલિમાં વસતી યાહૂદી પ્રજા સૈકાના સૈકા થયાં તિરસ્કાર અને જૂલમને લીધે પશુની અવસ્થા ભોગવતી હતી. નેપોલિયને તેમને પણ ઇટાલિની અન્ય પ્રજાઓની સમાન કક્ષામાં બેસાડયા. સ્વિટ્ઝર્લૅન્ડમાં થઇને પાકી સડકો બાંધવાના ઇરાદાથી તેણે ત્યાંની સરકાર સાથે મસલત ચલાવી અને તે સડકો કયે કયે ઠેકાણેથી લઇ જવી અને તેનો શો ખર્ચ થાય તેની તપાસ કરવાને બાહોશ ઇજનેરોને મોકલ્યા. આ પ્રમાણે જે સમયે ઇટાલિનો ઉત્કર્ષ કરવાને માટે નેપોલિયન અનેક દિશાએ પ્રયત્ન કરી રહ્યો હતો ત્યારે ઇંગ્લંડને પણ તે વિસર્યો ન હતો. ઇંગ્લંડે સમુદ્ર ઉપર નિરંકુશ અધિકાર મેળવ્યો હતો તેનું તે ઘણીજ ચિંતાસહિત

અવલોકન કરતો હતો. આ બળવાન શત્રુના બળને ક્ષીણ કરવાને તેણે ભૂમધ્ય સમુદ્રમાં આવેલા દ્વીપોનો કબજો લેવાનો ઠરાવ કર્યો. તેણે પારિસના ડિરેકટરોને લખ્યું કે "એ દ્વીપો આપણા હાથમાં આવે તો ત્યાં રહ્યાં રહ્યાં ક્ષીણ થતા તુર્ક સામ્રાજ્ય ઉપર આપણે નજર રાખી શકીએ, અને ઇંગ્લંડનો સમુદ્ર ઉપરનો અધિકાર લગભગ નિરુપયોગી બનાવી દઇએ. અંગ્રેજોએ આફ્રિકાની દક્ષિણનો ભાગ મેળવ્યો છે તે ભલે તેઓ ભોગવે. જો આપણે મિસર દેશનો કબજો લઇએ તો ત્યાંથી આપણે હિંદુસ્થાન સાથે સીધો સંબંધ રાખી શકીશું. હિંદુસ્થાનમાં આપણે જગત્‌માં સારામાં સારૂં ગણાય એવું સંસ્થાન (કૉલૉનિ) બનાવી શકીશું." ×

પરંતુ બીજી તરફ આસ્ટ્રિયનો હજી પણ પોતાના આખા રાજ્યનું લશ્કરી બળ એકત્ર કર્યાં જતા હતા અને થોડા વખત પર જે સંધિ થઈ હતી તેનું છેલ્લું નિરાકરણ કરવામાં તેમણે જાણી જોઇને હજાર પ્રકારના વાંધા ઉઠાવવા માંડયા. તેમણે એવી સરતો રજુ કરવા માંડી કે તે નેપોલિયન કદિ મંજૂર રાખેજ નહિ, અને તેની સાથે એવી ધમકી આપી કે આસ્ટ્રિયાની સાથે રૂશિઆ જોડાશે અને પછી ફ્રાન્સને આના કરતાં પણ વધારે આકરી સરતો કબૂલ કરવી પડશે. એક આસ્ટ્રિયન એલચીએ તો એટલે સુધી અપમાનસૂચક શબ્દો કહ્યા કે "જુઓ, આસ્ટ્રિયા સલાહ કરવા તૈયાર છે અને જે માણસ પોતાની યુદ્ધની મહેચ્છાઓને તૃપ્ત કરવા માટે પોતાના દેશનું અહિત કરવા તૈયાર થયો છે તેના તરફ (નેપોલિયન તરફ) સખ્ત પગલાં ભરશે." નેપોલિયને આ ઉદ્‌ગાર ઠંડે પેટે ક્રોધની લેશમાત્ર નિશાની બતાવ્યા વગર સાંભળ્યા પછી તે ઉભો થયો અને અભરાઈ ઉપરથી એક સુંદર બિલોરી કાચનું વાસણ હાથમાં લઇને બોલ્યો, "ગૃહસ્થો ! આજથી આપણી સલાહ રદ થઈ છે અને તમારા દેશની સાથે હું લડાઈ જાહેર કરૂં છું. **પણ યાદ રાખજો કે જેમ આ વાસણના ચૂરા કરી નાખું છું તેમ તમારા રાજાની રાજસત્તાના ત્રણ મહીનામાં ચૂરેચૂરા કરી નાખીશ."** એમ કહીને તે વાસણ તેણે જોરથી ભોંયપર પછાડયું અને સર્વને નમન કરીને ચાલતો થયો. પોતાની હમેશની ત્વરાથી તેણે આર્ચડયૂક ચાર્લ્સને સંદેશો મોકલ્યો કે ચોવીશ કલાકમાં યુદ્ધ શરૂ થશે. આસ્ટ્રિયનો ગભરાઇ ગયા અને બીજેજ દિવસે સલાહના કરારનામા ઉપર આખરનો સહી સિક્કો કરવામાં આવ્યો. નેપોલિયનની જે માગણીઓ આસ્ટ્રિયનોને નાપસંદ હતી. તેમાંની એક એ હતી કે +લા ફ્રાયેટ નામનો પ્રજાસત્તાક રાજ્યતંત્રનો હિમાયતી જે આસ્ટ્રિયાના

× આ આજથી સો વર્ષથી પણ અગાઉની વાત છે કે જ્યારે અંગ્રેજોનો કાબુ હિંદ ઉપર પૂરો જામ્યો ન હતો અને અંગ્રેજો તથા ફ્રેન્ચો બંને હિંદમાં જમાવટ કરવા મથી રહ્યા હતા.

+ એજ લા ફ્રાયેટ પાછળથી આ ઉપકારના બદલામાં નેપોલિયનને પદભ્રષ્ટ કર-

બંદીખાનામાં સડતો હતો તેને મુક્ત કરવો.

‘કેમ્પો ફોર્નિઓ’ ની સલાહ કરતી વખતે રકઝક ચાલતી હતી તે દરમ્યાન નેપોલિયનને અંગત લાભ આપીને લલચાવવાને યુક્તિપૂર્વક અનેક પ્રલોભનો આપવામાં આવ્યાં હતાં. વાસ્તવિકરીતે આખા યૂરોપની દોલત, કરોડો **સોના મહોરની લાંચ તેની આગળ ધરવામાં આવી પણ તેનું ટેકી હૃદય** ડગ્યું નહિ. એકલા વેનિસેજ પંદર લાખ સોના મહોર આપવા માંડી. તેણે હસીને ઉપકાર સાથે ના પાડી. આસ્ટ્રિયાના પાદશાહે તેને અઢી લાખ માણસની વસ્તીવાળું નાનું સરખું રાજ્ય વંશપરંપરાને માટે આપવા માંડયું પણ નેપોલિયને જવાબ આપ્યો કે **મને ફ્રેન્ચ પ્રજાએ જે માન આપ્યું છે તે સિવાય બીજા માનની કે ઈનામની મને સ્પૃહા નથી.**

ઇટાલિની પ્રજા ઉપર નેપોલિયને જે ઉપકાર કર્યા તેના બદલામાં તેમણે પણ પોતાની કૃતજ્ઞતા દર્શાવી. આ વખતે અને ભવિષ્યમાં પણ જ્યારે તે ઇટાલીમાં ગયો હતો ત્યારે લોકસમુદાયે તેને અત્યંત આદરપૂર્વક વધાવી લીધો હતો. તેના જવાના માર્ગમાં અગણિત મનુષ્યોનો સમુદાય એકઠો થતો, ઉત્સવસૂચક મોટા મોટા અગ્નિકુંડ સળગાવવામાં આવતા, આવકારદાયક તોપોની ગર્જનાથી આકાશ ધમધમી ઉઠતું, માર્ગમાં ઠેકાણે ઠેકાણે પુષ્પોનાં અને લીલાં પત્રોનાં તોરણ બંધાતાં, સુંદરમાં સુંદર કુમારિકાઓ હારબંધ ઉભી રહીને તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરતી અને “નેપોલિયન ઘણું જીવો ” એવા પોકાર હજારો માણસોને મોઢેથી નીકળતા.

નેપોલિયને જેમ અનેક લોકોપકારક કાર્યોદ્વારા જનસમૂહની પ્રીતિ સંપાદન કરી તેમ જોસેફાઇને પણ તેના અલૌકિક રૂપલાવણ્યવડે અને તે કરતાં પણ પોતાના ચારિત્ર્યના માધુર્યવડે ઈટાલિની કુલવતી મહિલાઓનાં ચિત્ત ચોરી લીધાં હતાં. નેપોલિયન કહે છે કે “ હું રાજ્યો ઉપર અધિકાર જમાવું છું અને જોસેફાઇન લોકોના હૃદય ઉપર અધિકાર જમાવે છે. ”

ઇટાલિની પ્રજા તે સમયે નીતિ અને શીયળને ઓળખતીજ ન હતી. વ્યભિચાર તો દૂષણ નહિ પણ રૂપવતી સ્ત્રીનું ભૂષણ હોય એવી તેમની માન્યતા થઇ ગઇ હતી ! **નેપોલિયનને લોભાવવા માટે અપ્સરા જેવી કાંતિવાળી અનેક ઈટાલિયન સુંદરીઓએ ફાંફાં માર્યાં, પણ આ મહાયોગીનું મન કનકથી તેમજ કામિનીથી ચંચળ થયું નહિ.**

નેપોલિયનની વધી ગએલી સત્તા જોઇને પારિસના ડિરેકટરોને પણ અદેખાઇ આવવા લાગી. તેથી તેમણે તેની આસપાસ જાસુસો રાખ્યા. જોસેફાઇન સાચાબોલી અને બહુ ભોળી હોવાથી તે પણ તેમને ઘણી વાતો કહી દેતી. આથી નેપોલિયને

વામાં સાધનભૂત થયો હતો !

તેને રાજનૈતિક ભેદ કહેવાનું છોડી દીધું. તે પોતે તો સામા માણસને લેશમાત્ર પણ ભેદ આપે એવો ન હતો. બીજા માણસ પાસેથી તેના હૃદયની છુપી વાતો કઢાવી લેતો પણ તેના ચહેરા ઉપરથી કે મુખરેખા ઉપરથી ચાલાકમાં ચાલાક માણસ પણ લેશમાત્ર તેનો ભેદ પામી શકતો નહિ.

ઈટાલિની પ્રજાને પણ ફ્રાન્સની માફક પ્રજાસત્તાક રાજ્યતંત્ર સ્થાપવાની ઘણી હોંસ હતી અને નેપોલિયનની અનુમતિમાટે વારંવાર પ્રાર્થના કરતી હતી. પણ તેને પૂરી ખાત્રી હતી કે જમાના ને જમાના થયાં રાજાઓની સત્તા નીચે દબાયલા અશિક્ષિત, અને રાજકાજના બિનઅનુભવી ઇટાલિના લોકો પ્રજાસત્તાક રાજ્ય જાળવી શકશે નહિ અને સ્વતંત્રતા લેવા જતાં નિરંકુશ બની જઇને ફ્રેન્ચ રાષ્ટ્રવિપ્લવ વખતે થએલી ભયંકર હોનારતની પુનરાવૃત્તિ કરશે. તેથી તેમને રાજાના અમલ નીચે રહેવા દઇને તેમને ધીમે ધીમે રાજકારભારમાં વિશેષ જવાબદારી અને અધિકાર મળતાં રહે તેવી નેપોલિયને વ્યવસ્થા કરી.

ઇટાલિ વિષે તે એક પ્રસંગે કહે છે કે “ ઇટાલિ અનેક નાનાં નાનાં રાજ્યોથી વિભક્ત થએલો છે અને તેમાંના રાજ્યની પ્રજા બીજા રાજ્યની પ્રજા તરફ તિરસ્કારની નજરથી જુએ છે. તેઓ એમ સમજે છે કે અમે બધા કરતાં શ્રેષ્ઠ છીએ. અત્યારે તો આખા ઇટાલિને સંયુક્ત કરવાનું અસંભવિત છે. થોડા સમયસુધી એક રાજાના કાયદેસર અધિકાર નીચે રહેવાથી તેમની આત્મકલહ કરવાની વૃત્તિ ઓછી થશે અને એક બીજા પ્રત્યે સહાનુભૂતિ રાખતાં શીખશે. તેમ થયા પછી આખો ઇટાલિ દેશ એક થશે અને તેઓ પોતાના પ્રાચીન કાળના ગૌરવનું પુનર્દર્શન કરાવતા થશે. ત્યારે હું તેમને પૂર્ણ સ્વતંત્રતા આપીશ; પણ તેમ થતાં હજી વીશ વર્ષ લાગશે. પણ કોણ જાણે ભવિષ્યમાં શું નિર્માણ થયું છે? આ તો મારૂં જાગૃતસ્વપ્ન છે.”

નવેંબર માસના ૧૭મી તારીખે રાસ્ટામાં મળનારી યૂરોપીય રાજ્યોની પરિષદમાં બેસવા માટે તેણે મિલન છોડયું. ફ્રાન્સનું પ્રતિનિધિપણું કરવા માટે તેને કુલ અધિકાર આપવામાં આવ્યો હતો. મિલન નગર છોડતી વખતે તેણે લોકોને નીચે પ્રમાણે ઉપદેશ કર્યો હતો:—

“ અમે તમને સ્વતંત્રતા આપી છે પણ તેને ખૂબ યત્નથી જાળવી રાખજો. તમારા ઉંચા ભવિષ્યને માટે યોગ્ય થવા સારૂ તમે ડહાપણભરેલા અને પ્રતિષ્ઠા જળવાય તેવા કાયદા ઘડજો, અને તેમનું ઉત્સાહથી પાલન કરજો. જ્ઞાનનો ફેલાવો કરજો અને ધર્મને સન્માન આપજો. તમારા સૈન્યમાં સ્વાધીનતાના જુસ્સાવાળા યોદ્ધાઓનેજ દાખલ કરજો. તમે બળવાન છો એવી દઢ ભાવના રાખજો અને સ્વતંત્ર પ્રજા તરીકેનો તમારો દરજ્જો જાળવજો. તમારામાં કુસંપ હતો અને ઘણા

સૈકાના જૂલમથી તમારૂં સત્ત્વ નીચોવાઇ ગયું હતું તેથી અમારી મદદ વિના તમે સ્વતંત્ર થઇ શકત નહિ. પણ થોડાજ સમયમાં, જો તમે નીતિપરાયણ રહેશો, તો કોઈ પણ પ્રજા તમારૂં સ્વાતંત્ર્ય ઝુંટવી શકશે નહિ. ત્યાંસુધી ફ્રાન્સની મહાન પ્રજા તમારૂં રક્ષણ કરશે.”

નેપોલયન રાસ્ટા ગયો પણ ઝાઝો વખત થોભ્યા વગર પાછો ચાલ્યો આવ્યો. તેના મનમાં અનેક પ્રકારના તર્કવિર્તક અને યોજનાઓ ઘોળાયા કરતાં હતાં. એક રાજનૈતિક પુરુષ જેણે તેને આ પ્રસંગે જોયો હતો તે કહે છે કે આ અસાધારણ પરાક્રમ કરનાર મહાપુરુષને મેં ધારી ધારીને જોયો અને મને એમ ખાત્રી થઇ કે હજી આટલેથીજ તેનો કાર્યક્રમ અટકનાર નથી. × × × તેના વિચારશીળ મગજમાં અને તેના સાહસિક હૃદયમાં એવી યોજનાઓ ઘડાતી હોવી જોઇએ કે જેની અસર આખા યૂરોપના ભવિષ્ય ઉપર થયા વગર રહે નહિ.

મિલન આવ્યા પછી તરતજ તેણે પોતાના સૈન્યની વિદાય લઇને પારિસ જવાની તૈયારી કરી. તેણે તેમને કહ્યું કે “ યોદ્ધાઓ ! કાલે હું તમારાથી છૂટો પડીશ. તમારાથી વિખુટા પડતાં મને દિલાસો માત્ર એટલોજ રહે છે કે આપણે ફરીથી એકઠા થઇશું અને હું તમને નવાં પરાક્રમો કરવા દોરવીશ. જ્યારે તમે જીતેલા રાજાઓ વિષે અને જેમને તમે સ્વતંત્રતા આપી છે તે લોકોવિષે વાતો કરો ત્યારે યાદ રાખજો કે હવે પછીનાં યુદ્ધોમાં આપણે એથી પણ વધારે મહત્ત્વનાં કામો કરીશું.”

ડિસેંબર માસની સાતમી તારીખે નેપોલિયન પારિસમાં આવી પહોંચ્યો. તેના યશની સુવાસ દેશમાં ઘેરે ઘેર ફેલાઇ ગઈ હતી. તેને જોવા માટે આખું પારિસ ઉત્સુક હતું. ઘણાએ તેને જોયો ન હતો. તેને જોવાને માટે રાજમાર્ગ ઉપર, બગીચાઓમાં અને નાટકશાળાઓમાં લોકોનાં ટોળેટોળાં એકઠાં થતાં. પણ તે કોઇની નજરે પડતો નહિ. ઝાઝો બહાર નીકળતો નહિ અને બહાર જતો ત્યારે એવાં સાધારણ કપડાં પહેરતો કે લોકો તેને ઓળખી શકતા નહિ.

પારિસના ડિરેકટરો તેની સત્તા જોઇને ભયભીત અને શંકાશીલ થયા તો હતા, તોપણ લોકસમુદાયની ઇચ્છાની વિરુદ્ધ થતાં તેઓ ડર્યાં. આખું પારિસ ફ્રાન્સનું ગૌરવ વધારનાર અને તેનું રક્ષણ કરનાર વીર પુરુષને માન આપવા ઉત્સુક થયું હતું. તેથી નેપોલિયનને જાહેર સન્માન આપવા માટે ૧૦ મી ડિસેંબરનો દિવસ નક્કી કરવામાં આવ્યો. આ સમારંભમાટે લકઝેંબર્ગનો રાજમહેલ શણગારાવા લાગ્યો. શત્રુરાજ્યો પાસેથી નેપોલિયને જીતેલી રંગબેરંગી ધ્વજાઓ દિવાલો ઉપર ઠેકાણે ઠેકાણે લટકાવવામાં આવી હતી. એક ઉંચી, સુંદર વેદી ઉપર ફ્રાન્સનું રાજ્યતંત્ર વહન કરનારા પાંચ ડિરેકટરો પ્રાચીન કાળના રોમન સેનેટરોના પોશાક પહેરીને બેઠા હતા. તેમની ચારે બાજુએ દેશ વિદેશના એલચીઓ, મંત્રીઓ, અને બેઉ + સભા-

---

+ પ્રાચીન સમિતિ અને પ્રતિનિધિઓની સભા.

ઓના સભાસદો બેઠા હતા. દરબાર હૉલની ચારે બાજુએ આવેલા ઝરૂખાઓ પારિસના આગેવાન પ્રતિષ્ઠિત પુરુષોથી અને સૌન્દર્યવતી મહિલાઓથી ચીકાર ભરાઇ ગયા હતા. વખતો વખત યુદ્ધનાં વાજીંત્રોમાંથી વીરરસપૂર્ણ સૂર નીકળતા હતા, અને નેપોલિયનના માનમાં ફોડવામાં આવેલી તોપોના અવાજથી તેમજ હજારો મનુષ્યોના એકસામટા હર્ષનિનાદથી દિશાઓ ગાજી ઉઠતી હતી. નેપોલિયનનાં પરાક્રમની હકીકતથી બધાએ વાકેફ હતા; હવે તો તેને નજરો નજર જોવાનેજ સર્વ ઉત્સુક બન્યા હતા. દિવાનખાનામાં, આંગણામાં અને નજીકના રાજમાર્ગ ઉપર લોકોની ઠઠ જામી હતી. એવામાં રણુશિંગડાનો અવાજ થયો અને નેપોલિયન આવે છે એ વાત લોકોમાં જાહેર થઈ. તેનાં દર્શન કરવાને હજારો નેત્ર આતુર બની ગયાં હતાં. તેણે ઘણોજ સાદો પોશાક પહેર્યો હતો. તેની સાથે ટેલિરેન્ડ તથા તેના અંગરક્ષકો ચાલતા હતા. તેને જોતાંજ ચારે બાજુએથી એવા હર્ષનાદ થવા લાગ્યા કે તેમાં તોપોના ગડગડાટ પણુ ડૂબી ગયા. હજારો માણુસો એકેઅવાજે તેના દીર્ઘાયુષ્યની કામના કરવા લાગ્યા.

ટેલિરેન્ડે નેપોલિયનનું જાહેરમાં ઓળખાણુ કરાવતાં કહ્યું કેઃ—“પ્રજાસત્તાક રાજ્યના આરંભના સમયમાં અમુક વ્યક્તિ અત્યંત બળવાન થવાથી શહેરીઓની સમાનતાનો નાશ કરવા તત્પર થાય છે. નેપોલિયનની વધતી જતી સત્તા જોઇને મને તેને માટે પણુ એવાજ પ્રકારનો અંદેશો રહેતો હતો. પણુ થોડા સમયમાંજ મને મારી ભૂલ સમજાઈ ગઈ. જ્યારે તેના ચારિત્ર્યમાં **વિલાસપરાયણતા તરફ વિરાગ, અભ્યાસ પ્રતિ દૃઢ અનુરાગ અને અહંકાર તથા એવી બીજી નીચ પ્રવૃત્તિઓ તરફ સખત તિરસ્કાર** એવા એવા અનેક સદ્‌ગુણો હું જોઉં છું ત્યારે તેના ઉચ્ચાભિલાષ જોઇને ભયભીત ન થતાં હું એવી આશા રાખું છું કે એક દિવસ આખી પ્રજાના કલ્યાણુમાટે એના ઉચ્ચાભિલાષને વિશેષ જાગૃત કરવાની જરૂર પડશે. તેના દિનપ્રતિદિન વધતા જતા સામર્થ્યમાં ભય રાખવા જેવું કશું નથી એટલુંજ નહિ, પણુ તેમાં આખી ફ્રેન્ચ પ્રજાના ઉદ્ધારની ચાવી રહેલી છે.”

નેપોલિયનને આવું અસામાન્ય સન્માન મળ્યું તોપણુ તેના ચિત્તની સ્થિરતા લેશમાત્ર પણુ ક્ષુભિત થઈ ન હતી. તેણે ઉભા થઇને ફ્રેન્ચ પ્રજાને જે ઉત્તર આપ્યો તેમાં પોતાનાં વખાણુનો અથવા પોતે કરેલા મહાન્ કાર્યનો ઉલ્લેખ પણુ કર્યો નહિ. તેના ભાષણુના શબ્દે શબ્દે સાંભળવા માટે લોકોની ઉત્સુકતા એટલી બધી વધી ગઇ કે ચારે દિશાએ ગંભીર શાંતિ પથરાઇ ગઇ. તે બોલતો બંધ રહ્યો. એટલે કાનને બહેરા કરી નાખે એવા પોકાર અને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લેવામાં આવ્યો. “નેપોલયન ઘણું જીવો!” “ઇટાલિનો વિજેતા” “ફ્રાન્સનો ઉદ્ધારક” “યૂરોપમાં સુલેહ પ્રવર્તાવનાર નેપોલિયન” એવા અનેક પ્રકારના પોકાર ચારે દિશા-

એથી થયા. ડિરેક્ટર બારાસે કહ્યું કે “ **કુદરતે પોતાની તમામ શક્તિઓને એક શરીરમાં ભરીને નેપોલિયનને ઉત્પન્ન કર્યો છે.** ” પછી તેણે નેપોલિયન તરફ ફરીને કહ્યું કે “ ફ્રાન્સની મહાન પ્રજાનું હડહડતું અપમાન કરનાર પ્રજાને શિક્ષા કરીને, યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરીને તમારા જીવનને અલંકૃત કરજો. લંડનના પ્રધાનમંડળને એવો ભય ઉત્પન્ન કરજો કે ફ્રાન્સની સ્વતંત્ર પ્રજાના સામર્થ્યની તુલના કરતાં બીજી પ્રજાઓ વિચાર કરે. ઈંગ્લંડ દેશની ઉદાર પ્રજા એકે અવાજે તમારો સત્કાર કરવા તૈયાર છે. ” *

વચમાં વચમાં ફ્રાન્સનું પ્રજાકીય સંગીત ગવાતું હતું. લોકોનાં હૃદય પૂરજોસથી ઉભરાઇ ગયાં હતાં. આ પ્રસંગે ડિરેક્ટરો પણ તેમની નેપોલિયન પ્રતિની ઈર્ષ્યા ભૂલી ગયા અને લાગણીને વશ થઇને તેમણે પાંચે જણે તેને પ્રેમાલિંગન દીધું. રણશિંગડાંના નિનાદ, તોપોની ગર્જના અને અગણિત મનુષ્યોના પોકારથી આકાશ ગાજી ઉઠયું. એક ઇતિહાસકાર કહે છે કે “ આ પ્રસંગે એકે એક માણસ હર્ષોન્મત્ત બની ગયો હતો અને તેજ વખતથી આખો ફ્રાન્સ દેશ એક અસાધારણ શક્તિસંપન્ન મનુષ્યને અધીન થઈ ગયો હતો. ”

પારિસ નગરમાં ત્યાંના પ્રસિદ્ધ પંડિતો અને વિજ્ઞાનીઓનું એક પ્રતિષ્ઠિત મંડળ હતું. નેપોલિયનને એ મંડળે પોતાનો સભાસદ ગણ્યો અને ત્યાં પધારવાનું તેને નિમંત્રણ મોકલ્યું. તેના જવાબમાં નેપોલિયને લખ્યું કે “ આ મંડળના સુપ્રસિદ્ધ સભાસદોના નિમંત્રણથી મને ઘણું માન મળેલું હું માનું છું. તેમની કક્ષામાં ઉભા રહેવાની મને ઇચ્છા હોય તો મારે ઘણાં વર્ષસુધી તેમના શિષ્ય થઇને અધ્યયન કરવાની જરૂર છે એમ હું સારી રીતે જાણું છું. જે વિજય મેળવ્યા પછી કદિ પણ પશ્ચાત્તાપ કરવો ન પડે તેજ—એટલે કે અજ્ઞાન ઉપર મેળવેલો વિજયજ યથાર્થ વિજય છે. જ્ઞાનની વૃદ્ધિ અને બુદ્ધિનો વિકાસ થાય એવી પ્રવૃત્તિ દરેક જનસમાજને માટે અત્યંત આવશ્યક અને પ્રશંસનીય છે. મનુષ્યને પ્રાપ્ત થઈ શકે તેટલું સંપૂર્ણ જ્ઞાન મેળવવું અને પોતાનાજ સ્વતંત્ર પ્રયાસથી નવા વિચારો ઉત્પન્ન કરવા એમાંજ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનું ખરેખરૂં ગૌરવ રહેલું છે. એવી ધારણા આજથી થવી જોઇએ. ”

પારિસમાં આવ્યા પછી નેપોલિયને લશ્કરી અમલદારનો પોશાક કહાડી નાખ્યો અને બીજા મુલ્કી અમલદારોનો પોશાક પહેરવા માંડયો. તે પોતે ઉપરોક્ત સભામાં હમેશાં એક તત્ત્વજ્ઞ અને વિજ્ઞાની તરીકે હાજર થતો હતો. તેની બુદ્ધિ એવી સર્વ-

---

* અત્રે ધ્યાનમાં રાખવાનું એ છે કે ઇંગ્લંડનો પ્રજાવર્ગ નેપોલિયન તરફ પ્રેમની નજરથી જોતો હતો. માત્ર ત્યાંના ઉમરાવો, પ્રધાનમંડળ અને ધર્મગુરુઓનેજ તેના તરફ વેર હતું.

ગ્રાહી હતી કે દરેકે દરેક વિષય ઉપર તે અધિકાર મેળવી લેતો અને **જે જ્ઞાન મેળવવા માટે બીજાઓએ વર્ષનાં વર્ષ ગાળ્યાં હોય તેનું તારતમ્ય તે એક કલાકમાં સમજી જતો.** જેટલી ત્વરાથી તેણે રણસંગ્રામમાં પોતાનું સર્વોપરિપણું સ્થાપિત કર્યું તેટલીજ ત્વરાથી તેણે વિદ્યાના વિષયોમાં પણ પોતાની પ્રતિષ્ઠા બેસાડી દીધી.

બુર્બોન વંશીય રાજાઓને ફરીથી રાજ્યાસનપર બેસાડવા માટે રાજાના પક્ષકારોએ આ વખતે પાછો ભારે પ્રયત્ન કર્યો. નેપોલિયન રાજસત્તાક રાજ્યનો વિરોધી ન હતો; પરંતુ બુર્બોન વંશીય રાજાઓ પ્રજાવર્ગને કચરીને માત્ર ઉમરાવોની વિલાસપરાયણતાને પોષતા હતા તેથી તેઓનો ફરીથી અમલ ન થાય એવી તેની ઈચ્છા હતી. આવા હેતુથી તે હમેશાં ડિરેકટરોને સલાહસૂચનાઓ આપતો. તેઓ પણ જ્યારે ગૂંચવાતા ત્યારે તેને પોતાના મંત્રણાગારમાં બોલાવતા અને વિકટ રાજનૈતિક પ્રશ્નોવિષે તેની સલાહ લેતા. એવે પ્રસંગે તે પોતાની ઠરેલ અને ગંભીર મુખાકૃતિવડે તેમજ સર્વોપરિ બુદ્ધિના પ્રભાવવડે અનુભવી ડિરેકટરો ઉપર પણ પોતાની નૈતિક સત્તા બેસાડી શક્યો અને **એક પિતા પોતાનાં બાળકોને સૂચના આપે એવી ઢબથી તે વયોવૃદ્ધ ડિરેકટરોને સૂચના આપતો** અને તેઓ પણ તેના બુદ્ધિવૈભવથી ખુશ થઇને તેની સૂચનાઓ વગર તકરારે માન્ય રાખતા.

હવે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય સાથે એકલા ઇંગ્લંડ સિવાય આખા યૂરોપે સલાહ કરી હતી. ઈંગ્લંડ હજી પણ તેને ઉપદ્રવ કરવામાં બાકી રાખતું ન હતું; ફ્રાન્સ સાથે સલાહ કરવાની તે લેશ પણ વલણ બતાવતું ન હતું એટલુંજ નહિ પણ ફ્રેન્ચ પ્રજાને તેમના પદભ્રષ્ટ થયેલા રાજાઓનો અમલ સ્વીકારવાની ફરજ પાડવાના હેતુથી તેની સાથે લડાઇમાં ઉતરવાને યૂરોપના તમામ રાજ્યકર્તાઓને તે ઉશ્કેર્યા કરતું હતું. ઇંગ્લંડે પોતાના અજય્ય નૌકાસૈન્યના બળવડે ફ્રાન્સનો પરદેશ સાથેનો વ્યાપાર તદ્દન તોડી નાખ્યો હતો. ફ્રાન્સના સૈન્યની તેને બીક ન હતી, કેમકે સમુદ્રકિનારાવડે પોતે સુરક્ષિત હતું. આથી કરીને તેનાં વહાણ બેધડક ફ્રાન્સના બંદરો ઉપર ધસ્યાં આવતાં અને બને તેટલું નુકશાન કરીને ચાલ્યાં જતાં. આથી કરીને હવે આત્મસંરક્ષણને માટે ખુદ ઈંગ્લંડ ઉપરજ સ્વારી કરવાની પારિસના ડિરેકટરોને ફરજ પડી અને તેમણે નેપોલિયનને સેનાધિપતિનું પદ આપ્યું. **આ પ્રમાણે પર રાજ્યને જીતવા માટે નહિ પણ સ્વદેશનું રક્ષણ કરવાને માટે** નેપોલિયનને બીજીવાર યુદ્ધ કરવાની જરૂર પડી. તેણે ઇંગ્લંડની સામેના ફ્રાન્સના કિનારાનું બારીકીથી અવલોકન કર્યું. ત્રણ સેનાપતિઓને સાથે લઇને તેણે આઠ દિવસસુધી કિનારા ઉપર ભ્રમણ કર્યું. સમુદ્રકિનારે આવેલી જગ્યાઓ, કિલ્લાઓ, બંદરો, વહાણો, સર્વને તપાસી લીધાં; ખલાસીઓ, માછીઓ, વગેરે સાથે પુષ્કળ

મસલત ચલાવી. ઇંગ્લંડ ઉપર ચઢાઇ કરવામાં કેટલું જોખમ સમાયેલું છે તેની ડહાપણપૂર્વક તુલના કરી અને ડિરેક્ટરોને જણાવ્યું કે ઈંગ્લંડ ઉપર સ્વારી કરવાનું કામ ઘણું જ જોખમભરેલું છે. હું તે માથે લઇ શકીશ નહિ. આવું દેખીતું જોખમ ખેડીને મારા સુંદર દેશને હું સંકટમાં મૂકીશ નહિ." પણ તેની સાથે ઈંગ્લંડની સત્તા ઉપર સખત પ્રહાર કરવાની તેણે એક બીજી સુલભ યોજના ઉભી કરી.

મિસર દેશ જો ફ્રાન્સના હાથમાં આવે તો ત્યાં રહ્યાં રહ્યાં જે વિશાળ સામ્રાજ્ય ઇંગ્લંડ હિંદુસ્તાનમાં મેળવતું હતું તેના ઉપર ત્રાપ મારી શકાય, એ વિચાર કેટલાક વખતથી તેના મનમાં રમ્યા કરતો હતો. મિસર સંબંધી પૂરતી માહીતી મેળવવા માટે તેણે બજારમાંથી તેમજ પુસ્તકશાળાઓમાંથી ગાડાંનાં ગાડાં ભરાય એટલાં પુસ્તકો મંગાવ્યાં. અસાધારણ ત્વરાથી તે બધાં પુસ્તકોને તે જોઈ ગયો અને તેના માનસિક સંગ્રહસ્થાનમાં મિસર દેશને લગતી દરેકે દરેક ઉપયોગી બાબત ભરી લીધી. એમાંનાં ઘણાં પુસ્તકો હજી પણ પારિસની પુસ્તકશાળાઓમાં મોજૂદ છે અને તેમના હાંસિયામાં નેપોલિયને પોતાના હાથે જે ટિપ્પણો લખ્યાં છે, તે જોતાં તેનાં અસામાન્ય બુદ્ધિ અને સામર્થ્યનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી.

આટલું છતાં પણ નેપોલિયનની સત્તાને દિવસે દિવસે વધતી જતી જોઇને ડિરેક્ટરો મનમાં ગભરાવા લાગ્યા કે રખેને તે પોતાના સામર્થ્યવડે તેમની સત્તાને ઉથલાવી નાખે અને ફ્રાન્સનું રાજ્યતંત્ર પોતાના હાથમાં લઈ લે. તેથી તેને વગર વિલંબે કેદ કરવા માટે પોલિસ વિભાગના પ્રધાન ફુશને હુકમ કર્યો. તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન ફુશે જવાબ આપ્યો કે "**નેપોલિયન બોનાપાર્ટ એવો માણસ નથી કે તેને કેદ કરી શકાય**; તેમ ફુશ પણ એવો માણસ નથી કે આવું કામ કરવાને તૈયાર થાય." પણ અફસોસની વાત એ છે કે એજ માણસ ભવિષ્યમાં વિશ્વાસઘાત કરીને નેપોલિયનને પાયમાલ કરનાર નીકળ્યો !

બીજી તરફ આખા યૂરોપમાં સ્વતંત્ર રાજ્યતંત્રને પસંદ કરનારા લોકો નેપોલિયનને સ્વાતંત્ર્યનું રક્ષણ કરનાર માનીને તેના ગુણની પ્રશંસા કરવા લાગ્યા હતા. દરેક **દેશની પ્રજા તેને પોતાનો રક્ષક અને શુભેચ્છક માનતી હતી.** ખુદ ઇંગ્લંડમાં પણ એવો એક બળવાન વર્ગ ઉત્પન્ન થયો હતો. તેઓ રાજાની આપખુદી સત્તા અને ઉમરાવ વર્ગના તોરથી કંટાળી ગયા હતા. તેઓ હમેશાં નેપોલિયનની પ્રશંસા કરવાનું અને રાજનૈતિક ચર્ચાઓ વખતે તેનો પક્ષ લેવાનું ચૂકતા નહિ. તેની અસામાન્ય બુદ્ધિ, એક સાધુના જેવી નીતિ, અથાગ ઉત્સાહ, તેનાં ભાષણનાં પ્રત્યેક વાક્યની અદ્ભુત છટા, અને યશસ્વી પરાક્રમને લીધે લોકો તેના ઉપર અત્યંત આફરીન થઇ ગયા હતા. ઈંગ્લંડ ઉપર નેપોલિયન ચઢી આવનાર છે એ વાત પ્રસિદ્ધ થઇ હતી અને ઇંગ્લંડની રાજસત્તાનો તે કટ્ટો અને ભયંકર શત્રુ મનાઇ ચૂક્યો હતો; તો

પણ ત્યાંની રૈયતમાંના એકે એક માણસનું હૃદય તેના તરફ પ્રેમથી આકર્ષાતું હતું. + લોકોની પ્રીતિનું આવું વલણ જોઇને રાજાનું સિંહાસન ડોલવા લાગ્યું. ઉમરાવવર્ગમાં ખળભળાટ મચી રહ્યો. લોર્ડ ચેધામ, જે તે સમયે ઈંગ્લંડનો મુખ્યપ્રધાન હતો તેણે એકવાર સાચે સાચી હકીકત જાહેર કરી હતી કે ” **જો આપણે ફ્રાન્સ સાથે ન્યાયથી વર્તવા જઈએ તો ઈંગ્લંડનું રાજયતંત્ર ચોવીશ કલાક પણ ટકી શકે નહિ.**”

હવે આવા પ્રકારના લોકમતને ફેરવવાની તથા નેપોલિયનની લોકપ્રિયતા ઉપર પ્રહાર કરવાની ઈંગ્લંડના રાજદ્વારી પુરુષોને જરૂર પડી. તેથી કરીને તેમણે એ કાર્ય પાછળ પોતાની બુદ્ધિનો તથા ધનનો છૂટથી ઉપયોગ કરવા માંડયો. જેને પરિણામે ઈંગ્લંડમાંથી નેપોલિયનની નિંદા તથા બદનક્ષીથી ભરેલાં હજારો ચોપાનીઆં બહાર પડવા લાગ્યાં. તેમાં તેને અત્યંત વ્યભિચારી, નિર્દય, લોભી, કંજુસ, મનુષ્યોની કતલ કરવામાં આનંદ માનનારા હડહડતા રાક્ષસ જેવો વર્ણવ્યો હતો. ઇગ્લંડનાં વર્તમાનપત્રો આવાં નિંદાવાકયથી ભરાઇને બહાર પડતાં હતાં. આ નિંદાવાદ તરફ જે ઉદારતા ભરેલી બેપરવાઈ તેણે બતાવી હતી તે જોતાં આપણને આશ્ચર્ય ઉત્પન થાય છે. તે પોતે કહે છે કે ઈંગ્લંડના પ્રધાનમંડળે મારી બદનક્ષીથીભરેલું સાહિત્ય મારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના હેતુથી યૂરોપમાં સર્વત્ર ફેલાવી દીધું છે, પણ તેમાંનું એક પણ ચોપાનીયું માત્ર એકજ જમાના પછી જોવામાં આવશે નહિ. જ્યારે તેમનો જવાબ આપવા માટે મને મારા મિત્રો તરફથી દબાણ કરવામાં આવે છે ત્યારે હું તેમને એટલુંજ કહું છું કે મેં યુદ્ધોમાં મેળવેલા વિજય અને પ્રજાનાં કલ્યાણને માટે કરેલા પ્રયાસ એજ તેમને માટે સારામાં સારો જવાબ થઈ પડશે. આ નિંદાત્મક ચોપાનીઆં કાળના અંધકારભર્યા ઉંડાણમાં વિલીન થઈ જશે અને સાધારણ પ્રજાવર્ગના કલ્યાણને માટે મેં જે પ્રયાસ કર્યા છે, * તેમને માટે જે કાયદાઓ ઘડયા છે, તે અનેક સૈકાઓસુધી વંશપરંપરાને માટે કાયમ રહેશે અને ભવિષ્યના ઇતિહાસકારો મારા ઉપર ગુજરેલા ગેરઈન્સાફનો બદલો વાળશે. ધન્ય છે નેપોલિયનને ! ધન્ય છે તેની ઉદારતાને ! તેની ભવિષ્યવાણી અક્ષરે અક્ષર સાચી પડી છે. આજે એકે એક દેશમાં અનેક માણસો તેના વીરત્વની

+ નેપોલિયન તરફ ઈંગ્લંડની રૈયતની કેટલી પ્રીતિ હતી તેની સાબીતી એ છે કે જ્યારે થોડા વખત પછી ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે સલાહ થઈ આખી પ્રજાએ હર્ષમાં આવી જઇને ઉત્સવ કર્યો હતો. તેની સાથે લઢવામાં પ્રજા તો તદ્દન નારાજ હતી.

ભા૦ ક૦

* એ કાયદાઓ આજ પણ ફ્રાન્સમાં ચાલે છે અને બીજી પ્રજાઓએ તેમનું અનુકરણ કર્યું છે.

ભા૦ ક૦

તથા ગુણની પ્રશંસા કરેછે. સ્વતંત્રતાના એકે એક ઉપાસકને મન તે દેવતુલ્ય પૂજનીય થઇ પડયો છે.

પારિસમાં ૨૧ મી જાન્યુઆરીનો દિવસ રાજાના વધની જયંતિ તરીકે જાહેર ઉત્સવમાં ગણાતો હતો. નેપોલિયનના ઉદાર દિલને આ જંગલીપણું પસંદ ન હતું. તે કહેતો કે એ ઘણોજ શોકપૂર્ણ પ્રસંગ છે અને તેની વાર્ષિક જયંતિ ઉજવીને હર્ષ જાહેર કરવો એ શરમભરેલું છે. જો જયંતિજ ઉજવવી હોય તો આપણી પ્રજાએ મેળવેલી ફતેહોનીજ ઉજવવી જોઇએ. પણ ડિરેકટરોએ તેને જણાવ્યું કે તમે આ પ્રસંગે હાજરી નહિ આપો તો તેથી લોકોના મન ઉપર અવળી અસર થશે અને પ્રજાસત્તાક રાજ્યને હાનિ પહોંચશે. આથી કરીને તે ત્યાં ગયો. લોકો તેનેજ જોવાને માટે આતુર હતા. તે આવ્યો એટલે તેની પ્રતિભા આગળ બીજા બધા ઝાંખા પડી ગયા. અને નેપોલિયન ઘણું જીવો’ ના પોકાર થવા લાગ્યા. રસ્તામાં લોકો છચોક બોલતા હતા કે ‘આપણે નાના નાયકને (નેપોલિયનને) આપણો રાજા બનાવીએ અને પેલા વકીલોને ઝાડુ આપીએ તો કેમ ? ડિરેકટરોને આથી દહેશત લાગી અને તેથી તેમણે નેપોલિયનને મિસર જવા માટે ભારે ઉલટથી અનુમતિ આપી, તેમજ અત્યંત ઉત્સાહપૂર્વક તૈયારી કરવા માંડી. તેઓ અંતઃકરણપૂર્વક એવી આશા રાખતા હતા કે આટલે દૂર જવાથી તે ભાગ્યેજ જીવતો પાછો આવશે.

प्रकरण १२ मुं--मिसर उपर स्वारी १७९८

ઈંગ્લંડ ઉપર સ્વારી કરવાની તજવીજ ચાલતી હતી ત્યારે પણ નેપોલિયને પોતાના સેક્રેટરીને કહ્યું હતું કે “ જો આ કાર્ય દુર્ઘટ માલમ પડશે તો એજ સૈન્યવડે આપણે મિસર જઈશું. ” ઈંગ્લંડ ઉપર સ્વારી લઈ જવામાં અત્યંત જોખમ સમાયલું છે એવું ડિરેક્ટરોને જાહેર કરતી વખતે તેણે મિસર ઉપર સ્વારી લઇ જવાનો આગ્રહ કર્યો, અને કહ્યું કે “ એકવાર જો આપણો અધિકાર એ પ્રદેશમાં દૃઢ થાય તો ભૂમધ્ય સમુદ્ર તો ફ્રાન્સનું એક સરોવરજ બની જાય, પૌર્વાત્ય પ્રદેશોના તમામ વ્યાપારીમાર્ગોનું કેન્દ્રસ્થાન કેરો થઇ પડે, અને હિંદુસ્તાન સાથેનો વ્યાપાર આફ્રિકાની દક્ષિણેથી ન ચાલતાં રાતા સમુદ્રમાં થઇનેજ ચાલવા લાગે. ત્યાંથી સાઠ હજાર માણસો લઇને હું સિંધુ નદી ઓળંગીને હિંદુસ્તાનમાં દાખલ થાઉં અને અંગ્રેજોથી અસંતુષ્ટ થએલી ત્યાંની દેશી પ્રજાને મુક્ત કરી અંગ્રેજોને હિંદમાંથી કી કહાડું, અને હિંદુસ્તાનની પ્રજાનું હરેક પ્રકારે કલ્યાણ થાય એવું ઉદાર રાજ્યતંત્ર ત્યાં પ્રવર્તાવું. ત્યાંના લોકો આપણને દાસત્વમાંથી અને જૂલ્મમાંથી મુક્તિ અપાવનાર તરીકે આશિષ આપશે. આર્મિનિયા અને સિરિયાના ખ્રિસ્તીઓ જેમને તુર્ક લોકો ઘણા જમાના થયાં પીડતા આવ્યા છે તેઓ આપણા સૈન્યમાં જોડાશે અને એવી રીતે આપણે આખા જગતનું ભાવિ પલટાવી નાખીશું. ”

સામા પક્ષના ઇતિહાસકારો એવી તકરાર લાવે છે કે નેપોલિયનને મિસર દેશ ઉપર સ્વારી કરવાનો શો હક્ક હતો ? પણ ત્યારે ગરીબડા હિંદુસ્તાનને શસ્ત્રના બળથી જીતી લેવાનો ઈંગ્લંડને શો અધિકાર હતો ? લિવરપૂલ અને માન્ચેસ્ટરની પેદાશોથી ભરેલાં હજારો વહાણ મુંબઈ અને કલકત્તાનાં બંદરોમાં દાખલ થાય છે અને હિંદની દોલતથી પોતાના સ્વદેશમાં દોલતની રેલછેલ કરી મૂકે છે તે કયા હકકથી ?

નેપોલિયનનો મિસર જવાનો હેતુ તદ્દન જૂદા પ્રકારનો હતો. તે રંક પ્રજાને જીતવા નહિ પણ જૂલ્મગાર રાજાઓની બેડીઓમાંથી તેને છોડાવવાને અને ઉન્નત બનાવવાને જતો હતો.

મિસર દેશની પ્રાચીન જાહોજલાલીનાં અવશેષ અને સ્મરણચિન્હો હજી પણ સુધરેલી દુનિયાની પ્રશંસા પામે છે અને વર્તમાન સંસ્કૃતિનો ગર્વ રાખતી પ્રજાઓને પણ આશ્ચર્ય ઉપજાવે છે. તેનો ઉત્તર કિનારો ભૂમધ્ય સમુદ્રથી અને પૂર્વ કિનારો રાતા સમુદ્રથી મર્યાદિત થએલો છે. આફ્રિકાના અગોચર પ્રદેશોમાંથી આવતી નાઈલ નદીનો વિશાળ પટ વ્યાપારને માટે મિસર દેશને અનુકૂળ બનાવે છે. તેની રસાળ જમીન એજ નદીના કાંપની બનેલી છે. પણ સમુદ્રકિનારેથી થોડે દૂર જતાં રસાળ પ્રદેશ છેક સાંકડો બનતો જાય છે અને તેની બેઉ બાજુએ આવેલાં રેતાળ અને ઉજ્જડ રણમાં સમાઈ જાય છે. એ પ્રદેશમાં વરસાદ બિલકુલ વરસતોજ નથી. વરસાદનું એક પણ ટીપું પડયા વગર વર્ષોનાં વર્ષ વહી જાય છે. ગ્રીક રાજાઓના સમયમાં એટલે અઢી હજાર વર્ષ ઉપર ત્યાં બે કરોડ માણસની વસ્તી હતી, પણ વર્તમાન સમયમાં રાજ્યકર્તાઓના જુલ્મને લીધે અને રૈયત ઉપર પડતા રાક્ષસી ત્રાસને લીધે વસ્તી ઘટી જઈને માત્ર પાંચ લાખ માણસોજ રહ્યાં છે. અઢારમા સૈકાના અંતરમાં એટલે નેપોલિયનના સમયમાં એ પ્રદેશ તુર્ક લોકોના હાથમાં હતો. અને બીજો સત્તાધારી વર્ગ મામેલુક લોકોનો હતો. તેઓ પણ રૈયતને પીડવામાં બાકી રાખતા નહિ. ઘોડેસ્વારી કરવી અને લૂંટફાટ ચલાવવી એજ તેમની મુખ્ય પ્રવૃત્તિઓ હતી. તેમના સરદારો ઇબ્રાહિમ અને મુરાદ એ નામના બે સેનાપતિઓ હતા અને તેઓજ આખા મિસરના કુલ માલિક હતા એમ કહીએ તો ચાલે. આ તુર્ક અને મામેલુક સિવાયના બીજા રહેવાસીઓની દુર્દશામાં કશી મણા ન હતી. ઉપર કહેલી બે જાતિઓની સેવા કરવા અને આજ્ઞા ઉઠાવવા સિવાય તેમને માટે જિંદગીનું કશું પ્રયોજનજ ન હતું.

નેપોલિયનની ધારણા એવી હતી કે આ તમામ અત્યાચારનો અંત લાવવો. અંધકારમાં સડતા મિસરવાસીઓને સંસ્કૃતિનો ચેતનપ્રદ પ્રકાશ આપીને તેમનામાં જ્ઞાન મેળવવાની વૃત્તિને પ્રદીપ્ત કરવી અને ત્યાં એવા કલ્યાણકારક રાજ્યતંત્રની સ્થાપના કરવી કે જેથી એ લોકો સુખ અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરી શકે અને પોતાનું નામ તમામ પાર્વાત્ય પ્રદેશોમાં ઉદ્ધાર કરનાર તરીકે ચિરસ્મરણીય રહે. વળી એજ. અવનત પ્રજાઓ તેના આભાર નીચે આવીને તેના સૈન્યમાં જોડાય, તેમની મદદથી હિંદુસ્તાનમાં ઇંગ્લંડે મેળવેલા સામ્રાજ્ય ઉપર પ્રહાર કરી શકાય અને પોતાને સમુદ્રના કુલ માલિક માનતા ઇંગ્લંડને ખબર પડે કે તેનો ગર્વ ઉતારે એવી અન્ય પ્રજા છે ખરી. આ યોજનાઓ ઘણી મહાન અને ભવ્ય હતી પણ તે પૂર્ણ કરવાની ઇશ્વરની મરજી ન હતી.

પરદેશ ઉપર સ્વારી કરવાની તૈયારી કરવામાં જો સાહિત્ય, વિજ્ઞાન અને કલાને મહત્ત્વ આપવામાં આવ્યું હોય તો પ્રથમ નેપોલિયનેજ આપ્યું એમ કબૂલ કરવું

પડશે. તેણે ચૂંટી કહાડેલા છેંતાળીશ હજાર યોદ્ધાઓનું અને પોતે પસંદ કરેલા સર્વોત્તમ લશ્કરી અમલદારોનું સૈન્ય એકત્ર કર્યું. એ સૈન્યની સાથે સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનશાસ્ત્રીઓ, ઇજનેરો અને ભૂગોળવેત્તાઓને પણ લેવામાં આવ્યા હતા. વિજ્ઞાન, પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળ વિગેરેને લગતી શોધખોળ કરવાનાં સાધનોનો પુષ્કળ ભંડાર પણ સાથે રાખવામા આવ્યો હતો. એકે એક પ્રકારની કળાનો ખાસ અનુભવ ધરાવનારા ચુનંદા કારીગરોને આખા યૂરોપમાંથી–જ્યાંથી મળ્યા ત્યાંથી વીણી વીણીને સાથે લીધા હતા. પૂર્વના પ્રદેશોના જૂદી જૂદી ભાષાઓની લિપિઓનાં બીબાં, છાપખાનાને લગતો તમામ સરસામાન અને છાપનારાઓને સાથે લીધા. મોટા મોટા પંડિતો અને વિજ્ઞાનીઓ, પોતાને કયાં લઇ જવાના છે તે તેમના જાણવામાં ન હતું છતાં તેઓ ઘણી આતુરતાથી નેપોલિયનની સાથે જવાને તૈયાર થયા. **આવી સામગ્રી સાથે કોઈ પણ સેનાપતિએ પરદેશ ઉપર આક્રમણ કર્યું નથી.**

આ બધી તૈયારી કરવામાં નેપોલિયને પોતાની અથાગ કાર્યકુશળતાનો અને સામર્થ્યનો ઉપયોગ કરવા માંડયો. તેની ઑફિસમાંથી. ઉપરાઉપરિ આજ્ઞાઓ છૂટવા લાગી. રાત અને દિવસ કામ કામ અને કામમાં તે મશગૂલ થઇ ગયો. દરેક ખાતા ઉપર તે જાતે દેખરેખ રાખતો, ઝડપથી ઠેકાણે ઠેકાણે ફરી વળતો, પંડિતો અને સેનાપતિઓ સાથે મસલત કરતો, વહાણોનો જમાવ કરતો અને જરૂરની વસ્તુઓનો સંગ્રહ કરાવતો. તેની સર્વગ્રાહી બુદ્ધિ ઝીણામાં ઝીણી બાબતની પણ વ્યવસ્થા કરવા ચૂકી ન હતી.

પરંતુ આ બધી તૈયારીઓ ઘણીજ છુપી રીતે કરવાની જરૂર હતી. પોતે કયાં જવાનો છે તેની ઈંગ્લંડને ખબર પડી જાય તો તે પોતાના અજય્ય નૌકાસૈન્યવડે તેને જતોજ અટકાવે અને મામેલુક લોકોને આગળથી ચેતવણી આપીને તેમને લડાઇની વધારે સારી તૈયારી કરવાની તક આપે. માટે તમામ યોજનાઓ બંધબારણે ઘડાતી હતી અને સ્વારીની દિશા તથા કાર્યક્રમ પૂરેપૂરાં ગુપ્ત રાખવામાં આવ્યાં હતાં.

ફ્રાન્સની જૂદી જૂદી ચાર જગ્યાએ સૈન્ય અને વહાણોને એકત્ર કરવામાં આવ્યાં. ટુલોન અને જીનોઆ પણ તેમાંનાં મુખ્ય કેન્દ્ર હતાં. પરંતુ નેપોલિયન યુદ્ધને માટે મોટા પાયા ઉપર તૈયારી કરે છે એ વાત તો ગુપ્ત રહે એમ ન હતું. આખા યૂરોપમાં તે વાતે વેગે ફેલાઇ ગઈ અને તે વિષે અનેક પ્રકારની વિચિત્ર અટકળો થવા લાગી. નેપોલિયને પોતાનો કાર્યક્રમ એટલે સુધી ગુપ્ત રાખ્યો હતો કે લશ્કરને તો શું પણ સેનાપતિઓને પણ પોતે કયાં જવાના છે તેની જરાએ ખબર પડી ન હતી. દરેકના મનમાં એજ પ્રશ્ન ઉઠતો હતો કે “ નેપોલિયન જાય છે કયાં ? ” કોઇ કહેતા કે તે “ કાળા સમુદ્ર તરફ જાય છે ”–“ હિંદુસ્તાન જાય છે ”–“ સુએજની નહેર ખોદાવવા જાય છે. ”–“ આયર્લૅંડ જાય છે ”–“ લંડન તરફ જાય છે. ” ઇંગ્લંડના

પ્રધાનમંડળને પણ ફાળ પડી. તેઓ જાણતા હતા કે આટલી બધી તૈયારી કશા ઉદ્દેશ વગરની હોયજ નહિ. તેઓ જાણી ગયા કે તોફાનનું વાદળું ઘેરાય છે પણ તે કયી દિશાએ તૂટી પડશે તેની અટકળ તેમનાથી થઇ નહિ. તેથી તેમણે પણ એક અત્યંત બળવાન નૌકાસૈન્ય સજ્જ કરાવ્યું અને તેનું ઉપરિપણું મહાવીર સેનાપતિ નેલ્સનને આપીને તેને ભૂમધ્ય સમુદ્ર ઉપર ચોકી રાખીને નેપોલિયનની હિલચાલ ઉપર નજર રાખવાને મોકલી દીધો.

નેપોલિયન ટુલોન બંદરેથી સમુદ્રયાત્રા કરવાનો હતો. જોસેફાઇન પણ તેની સાથે ત્યાંસુધી આવી. તેને માન આપવાને સજ્જ થઇને હારબંધ ઉભેલા યોદ્ધાઓને શૂર ચડાવવાને તેણે કહ્યું,–"યોદ્ધાઓ ! જે સૈન્ય ઇંગ્લંડ ઉપર આક્રમણ કરવાને તૈયાર થયું હતું તેમાંના તમે છો. તમે પર્વત ઉપર, મેદાનોમાં અને નગરોમાં યુદ્ધ કરીને વિજય મેળવ્યો છે. હવે તમારે સમુદ્ર ઉપર યુદ્ધ કરવાનું છે. તમે પ્રાચીન રોમન વીરોનું અનુકરણ કર્યું પણ હજી તમે તેમની બરોબરી શકયા નથી. રોમન લોકોએ કાર્થેજની સાથે સમુદ્ર ઉપર અને ત્યાર પછી જમીન ઉપર ઝામના રણસંગ્રામમાં યુદ્ધો કર્યાં હતાં. તેમણે ધૈર્ય, પરાક્રમ અને એકસંપી બતાવવામાં ન્યૂનતા રાખી નથી અને તેથી વિજયલક્ષ્મીએ તેમની જયધ્વજાનો કદિ ત્યાગ કર્યો નથી. યોદ્ધાઓ! આજે આખા યૂરોપની નજર તમારા ઉપર છે. હજી તમારે અનેક યુદ્ધો અને પરાક્રમો કરવાનાં છે. તમે તમારા સ્વદેશના ઐશ્વર્યને માટે, મનુષ્યજાતિના સુખને માટે અને તમારી પોતાની કીર્તિને માટે આજ સુધી જે કાંઇ કર્યું છે તે કરતાં પણ અનેકગણું કાર્ય કરી બતાવવાનું હજી બાકી છે." આ ભાષણથી+ એક રીતે સ્વારીની દિશા અને મહત્ત્વ સૂચિત થયાં પણ કયે ઠેકાણે જવાનું છે તે તો હજી નેપોલિયને યુક્તિપૂર્વક ગુપ્તજ રાખ્યું.

મિસરમાટે પ્રયાણ કરતાં પહેલાં તેણે ટુલોનમાં એક દયાભરેલું કાર્ય કર્યું. પ્રજાસત્તાક રાજ્યના ભયથી દેશાવર નાસી ગએલા લોકોની સામે એક ઘણાજ કઠોર અને નિર્દય કાયદાનો અમલ કરવામાં આવતો હતો. નેપોલિયને તે કાયદાની સખ્તાઇ ઓછી કરી અને લોકોને કહ્યું કે "લડાઇના સમયમાં પણ સ્ત્રીઓ અને વૃદ્ધ પુરુષો તરફ ફ્રેન્ચ પ્રજા હમેશાં માનની નજરથી જુએ છે એવું જગત્ જોઈ શકે, તેવી રીતનું વર્તન રાખજો."

૧૭૯૮ ના મે માસની ૧૯ મી તારીખે સૂર્ય પોતાની લાલ આભાથી પૂર્વાકાશને શોભાયમાન કરતો, ભૂમધ્ય સમુદ્રના ભૂરા જળરાશિ ઉપર પોતાની રતાશનું પ્રતિબિંબ પાડતો ધીરેધીરે ક્ષિતિજ ઉપર ચઢવા લાગ્યો. નેપોલિયનને ઇટાલિથી પાછા આવ્યે હજી પૂરા પાંચજ મહિના થયા હતા. એટલી વારમાં તો એક બીજા મહાન્ યુદ્ધની

+ કાર્થેજના દૃષ્ટાંતથી આફ્રિકાનું સૂચન થયું. ભા૦ ક૦

તૈયારી કરીને સૈન્યસહિત પ્રયાણ કરવા માટે તે વહાણ ઉપર આરૂઢ થયો. આકાશ નિર્મળ અને મેઘમુક્ત હતું. નેપોલિયન પોતાના સાવકા પુત્ર યુજિન સાથે ઓરિયેન્ટ નામના ગંજાવર વહાણમાં બેઠો. તેનું વિશાળ નૌકાસૈન્ય અર્ધ ચંદ્રાકૃતિમાં ગોઠવાઇને અઢાર માઇલસુધી વિસ્તરાયું હતું. આવાં કદાવર વહાણોનો આટલો મોટો સમૂહ અગાઉ કદિ પણ સમુદ્ર ઉપર પ્રયાણ કરવા નીકળ્યો ન હતો.

જોસેફાઇન અને નેપોલિયનનો આ વખતનો વિયોગ ઘણોજ કરુણાજનક હતો. તેણે એક ઉંચી અટારી ઉપર બેઠાં બેઠાં આંસુથી ભરાઈ ગએલી આંખે નેપોલિયનને રામરામ કર્યા, અને દૂર જતાં વહાણ છેક નાનાં બનતાં બનતાં છેક દૂરના ક્ષિતિજમાં અદૃશ્ય થઇ ગયાં ત્યાંસુધી તેણે તેમના તરફ મીટ માંડીને જોયા કર્યું. પોતાના પતિની સાથે જવાની તેને તીવ્ર ઇચ્છા હતી પણ મિસરમાં પ્રવાસ કરતાં સહન કરવાનાં ભારે સંકટનો તથા જોખમનો વિચાર કરીને નેપોલિયને તેની ઇચ્છા પૂર્ણ કરી નહિ.

માર્ગમાં ઇટાલિના કિનારા આગળથી પસાર થતાં નેપોલિયને દૂરબિન મંગાવીને ત્યાંના બરફથી ઢંકાયલા પર્વતો જોઇને કહ્યું “ આજ પર્વતોની પાસેના મેદાનોમાં મેં ઘણીવાર ફ્રેંચ સૈન્યને વિજય અપાવ્યો છે. એના એજ યોદ્ધાઓ આજે મારી સાથે છે તો ફતેહ થવીજ જોઇએ.” નવીન વિચારોને ઉત્પન્ન કરવાની શક્તિ, ઉત્સાહ અને વક્તૃત્વશક્તિવડે તે સર્વને ચકિત કરી દેતો. પ્રાચીન કાળનો ઇતિહાસ તેની આંખ આગળ રમી ગયો હતો તેથી માર્ગમાં આવતા દરેક ટાપુ, અખાત અને ભૂશિરને લગતા ઐતિહાસિક પ્રસંગો તેને તરતજ યાદ આવી જતા. ઋતુ સારી હોવાથી તે ઘણીવાર તુતક ઉપર બેસતો અને તેની આસપાસ તેની વાર્તાઓ સાંભળવાને આતુર માણસોનું ટોળું હમેશાં જામેલુંજ જોવામાં આવતું. લગભગ દરેક વિષયથી તે માહિતગાર હતો અને જૂદા જૂદા વિષયમાં પ્રવીણ મનાતા પંડિતો પણ તેનું અગાધ જ્ઞાન અને દરેક વિષયને તરતજ સમજી જવાની તેની શક્તિ જોઈને ચકિત થઈ જતા. પંડિતો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ તેની પાસે હમેશાં બેઠેલાજ હોય. તે વારા ફરતી દરેક વહાણમાંથી વિદ્વાન લોકોને પોતાની પાસે તેડાવતો. તેમને પોતાની પાસે બેસાડીને જમાડતો અને વાતનો પ્રસંગ કહાડીને તેમના જ્ઞાનના ગાંભીર્યની પરીક્ષા કરી લેતો. સામા માણસની બુદ્ધિની પરીક્ષા તે અદ્ભુત ત્વરાથી કરી શકતો. પ્રવાસમાં પણ તેણે એક પળ ગુમાવી નથી. બુદ્ધિવિષયક વાર્તાવિનોદ, વાચન અને તત્ત્વજ્ઞાનવિષયક વિવાદ કરવામાં તેનો સમય વ્યતીત થતો હતો. નેપોલિયન મુસાફરી દરમ્યાન પોતાની સાથે ગાડું ભરાય તેટલાં પુસ્તકો રાખતો અને બે પાંચ મિનિટનો અવકાશ મળતાં પણ કાંઇક વાંચી લેતો એ જાણીતી વાત છે. ભાષાને તે મહત્ત્વ આપતો નહિ; માત્ર વિચારનુંજ પ્રાધાન્ય તે સ્વીકારતો. જીવનચરિત્રો, ઇતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને વિજ્ઞાનની જૂદી જૂદી શાખાનાં પુસ્તકો એટલા ઉપરજ તેની પ્રીતિ હતી. નવલકથાના વાચન

ઉપર તેને ઘણોજ તિરસ્કાર હતો. થોડાક અવકાશ મળતો ત્યારે ઘાતાંકગણનાના કઠિન દાખલાઓ ગણતો. તેમાંજ તેને વિશ્રાંતિ મળતી હતી. અઠ્ઠાવિશ વર્ષના યુવાન નેપોલિયને જૂદા જૂદા વિષયો ઉપર એટલું અગાધ જ્ઞાન સંપાદન કર્યું હતું કે વયોવૃદ્ધ પંડિતો પણ તેની આગળ માથું નમાવતા. જમ્યા પછી નકામાં ગપાટાં મારવાને બદલે એક વાદસભા રચાતી. દરરોજ નવા નવા વિષયો ઉપર પંડિતો વિવાદ કરતા. દાખલા તરીકે "પૃથ્વીને ઉત્પન્ન થયે કેટલાં વર્ષ થયાં હશે?" "અન્ય ગ્રહો ઉપર વસ્તી હશે કે નહિ?" "પૃથ્વીનો પ્રલય શાથી થશે? પાણીથી કે અગ્નિથી?" "મુસલમાન અને ખ્રિસ્તી ધર્મની તુલના"–એવા એવા પ્રશ્નો વિદ્યાવિલાસી નેપોલિયન પંડિતો આગળ રજૂ કરીને ચર્ચા કરતો.

માર્ગમાં માલ્ટાનો દ્વીપ આવ્યો. એ દ્વીપ કેટલાક સૈકાથી ખ્રિસ્તી "સાધુ યોદ્ધા"-ઓના હાથમાં હતો. નેપોલિયને તેમની સાથે અગાઉથીજ ગોઠવણ કરી દીધી હતી તેથી તેમણે લડાઇનો દેખાવ કરવા માટે બેચાર નામની તોપો ફોડીને આખો દ્વીપ અને તે ઉપરનો પ્રચંડ પુરાતન કિલ્લો તેને હસ્તક કરી દીધો. ત્યાંના વહાણો ઉપર સંખ્યાબંધ તુર્ક ગુલામો કામ કરતા હતા. નેપોલિયને તેમને છૂટા કર્યા અને દરેક વહાણમાં થોડા થોડા મોકલી દીધા. તેનો હેતુ એવો હતો કે એ ગુલામો ફ્રેન્ચોના સહવાસમાં આવીને ફ્રેન્ચો કેવા ઉદાર અને મિલનસાર છે તે જાણી શકે અને મિસર ગયા પછી ત્યાંના વતનીઓના મનમાં ફ્રેન્ચોવિષે સદ્‌ભાવ ઉત્પન્ન કરવામાં મદદગાર થઈ પડે. જાણે પોતે પ્રથમથીજ કેવળ રાજનૈતિક વ્યવહારમાંજ રોકાયો હોય તેટલી સહેલાઈથી તેણે માલ્ટા દ્વીપનું સ્થાનિક રાજતંત્ર એક અઠવાડીઆમાં થાળે પાડી દીધું અને આગળ પ્રયાણ કર્યું. ફ્રેન્ચોને અંગ્રેજ નૌકાસૈન્ય સાથે અથડાઈ પડવાની પૂરેપૂરી ખાત્રી હતી તેથી તેમણે પૂરતી તૈયારી રાખી હતી. નેપોલિયનની આજ્ઞા હતી કે એક પણ અંગ્રેજ વહાણ જોવામાં આવે તો તેના ઉપર મરણીઆની માફક એકસામટા તૂટી પડવું અને યાહોમ કરીને તેના ઉપર ચડી જવું. દરેક વહાણ ઉપર તેણે પાંચસો નિશાનબાજ યોદ્ધાઓ મૂકી દીધા હતા અને તોપોવડે નિશાન તાકવાનો તેમનો દરરોજ મહાવરો કરાવવામાં આવતો હતો. ફ્રેન્ચોનાં વહાણ ફ્રાન્સથી ઉપડી ગયાં છે એવા સમાચાર મળતાં અંગ્રેજ નૌકાધિપતિ નેલ્સન આમતેમ બધે ભમ્યો પણ કાંઇ વળ્યું નહિ. તેઓ ક્યાં જતા હતા તેની થોડાક વિશ્વાસપાત્ર ફ્રેન્ચ સેનાપતિઓ સિવાય કોઇને પણ ખબર ન હતી. જ્યારે આફ્રિકાના કિનારા દૂર ક્ષિતિજમાં દેખાવા લાગ્યા ત્યારેજ ભરમ ફૂટવા લાગ્યો. નેપોલિયને રાત્રે પોતાના કૅબિનમાં સેનાપતિઓ તથા વિજ્ઞાનીઓની સભા ભરી અને મિસરના પ્રખ્યાત વિશ્વવિદ્યાલયવિષે ચર્ચા કરવા માંડી. એક રાત્રે તો અંગ્રેજો અને ફ્રેન્ચોનાં વહાણ પંદરજ માઇલને અંતરે આવી ગયાં અને અંગ્રેજોનાં વહાણમાંથી સંજ્ઞા આપવાને

ફૂટતી તોપોના અવાજ પણ ફ્રેન્ચોએ સાંભળ્યા, પણ ઘણું ધુમ્મસ વરસતું હોવાથી બેઉ અથડાઇ પડયા વગર પસાર થઇ ગયા.

જુલાઇ માસની ૧ લી તારીખે સમુદ્રના જળમાંથી મિસરના રેતાળ કિનારા બહાર આવતા દેખાયા. તેઓ હવે સ્વદેશથી આશરે બે હજાર માઇલ દૂર આવ્યા હતા. પવન અનુકૂળ હોવાથી તેઓ કિનારા પાસે જતા ગયા અને ધીમે ધીમે અલેક્ઝાન્ડ્રિયાના ઉંચા મિનારાનાં શિખર, ક્લિઑપૅટ્રાની સોય વગેરે દેખાવા લાગ્યાં અને ભાવપ્રધાન ફ્રેન્ચોના હૃદયમાં પાર્વાત્ય જાહોજલાલીનાં ભવ્ય સ્વપ્ન જાગૃત થતાં ગયાં. અલેક્ઝાન્ડ્રિયા બંદરથી ત્રણ માઇલ દૂર એક અખાત આગળ ફ્રેન્ચોએ વહાણ લાંગર્યાં. નેલ્સન તેમને શોધતો શોધતો આજ જગ્યાએ બેજ દિવસ પહેલાં આવી ગયો હતો અને ત્યાંથી ડાર્ડનલ્સની સામુદ્રધુની તરફ ચાલ્યો ગયો હતો.

સાંજ પડવા આવી હતી. પવન પણ જોરથી વાવા લાગ્યો હતો અને સમુદ્ર પણ તેની સાથે જોરથી ઉછળતો હતો; પરંતુ સમુદ્રમાં આથી પણ કદાચ વધારે ભયંકર તોફાન થવા પામે અથવા નેલ્સન આવી પહોંચે એવી દહેશતથી એક પળનો પણ વિલંબ કર્યા વગર બનતી ઝડપે કિનારા ઉપર ઉતરી જવાની નેપોલિયને આજ્ઞા કરી. વહાણમાંથી મછવામાં બેસીને કિનારા ઉપર ઉતરવાનું કાર્ય શરૂ થયું. ઘોડાઓને પણ વહાણમાંથી ઉતારવામાં આવ્યા. આ કામ ઘણું મુશ્કેલ હતું. પ્રથમ થોડાકને મછવા સાથે બાંધીને કિનારા તરફ દોર્યા એટલે બાકીના ઘોડાઓ હારબંધ ચાલવાને ટેવાયલા હોવાથી પાછળ પાછળ આવ્યા. જેમ જેમ તેઓ કિનારે પહોંચતા ગયા તેમ તેમ તેમના સ્વારોને સોંપાતા ગયા. સવાર થતાં તોફાન નરમ પડયું અને આફ્રિકાના રેતાળ કિનારા ઉપર સ્વાર, પાયદળ અને તોપખાનાયુક્ત ભવ્ય સેના સજ્જ થઇને તેના સેનાપતિની આજ્ઞાની રાહ જોતી ઉભી. ઉતરવાનું કાર્ય ચાલતું હતું તે વખતે દૂરથી એક વહાણનો સઢ દેખાયો. કદાચ અંગ્રેજોનું વહાણ હોય એવો શક પડવાથી નેપોલિયન બોલી ઉઠયો, “ ઓ મારા કિસ્મત ! તું મારો ત્યાગ કરવા બેઠું છે ? મારે થોડોજ સમય જોઇએ છે. ” પણ તે ફ્રેન્ચોનુંજ વહાણ નીકળ્યું. ઉતરવાનું હજી ચાલુ હતું તેટલામાં તો નેપોલિયને ત્રણ હજાર માણસોને દરિયાના ભાઠા ઉપર વ્યૂહરચનામાં ગોઠવી દીધાં અને તુર્ક લોકોને બચાવની તૈયારી કરવાનો વખતજ ન મળે તેટલા માટે તેણે અલેક્ઝાન્ડ્રિયા તરફ ઝડપથી કૂચ કરવા માંડી. **વખતની કિંમત સમજવામાં તેની બરોબરી કોઈથી થઈ શકે એમ નથી.** તેણે એકવાર એક શાળાની મુલાકાત લેતી વખતે વિદ્યાર્થીઓને ઉપદેશ આપ્યો હતો કે “ વખતની એકેએક પળ ભવિષ્યના જીવનમાં મોટાં પરિણામ ઉત્પન્ન કરી શકે છે. ” તેણે આ સૂત્રનું પોતાના જીવનમાં યથાર્થ રીતે પાલન કર્યું હતું.

વહાણોમાંથી ઉતરવા પહેલાં નેપોલિયને નીચે પ્રમાણેની આજ્ઞાપત્રિકા પોતાના



નેપોલિયન જહાજ ઉપર એલેકઝાંડ્રિયાના બદરમાં

A3942 Lakshmi Art Bombay

સૈન્યમાં પ્રકટ કરી હતીઃ—"યોદ્ધાઓ ! આખા જગત્‌ના વ્યાપાર અને સંસ્કૃતિ ઉપર અગણ્ય અસર થઈ શકે એવા પ્રકારનો વિજય મેળવવાનું કાર્ય તમે હવે હાથ ધરો છો. તમે તેના વડે ઇંગ્લંડ ઉપર એક સખ્ત પ્રહાર કરી શકશો. જે લોકોની સાથે આપણે સમાગમમાં આવવાનું છે તેઓ મુસલમાન ધર્મ પાળનારા છે. તેમના ધર્મનો પહેલો સિદ્ધાંત એ છે કે " **ઇશ્વર એકજ છે અને મહંમદ તેનો પયગંબર છે.** તમે તેમના આ મતની વિરુદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારતા નહિ. યાહૂદીઓ અને કેથોલિક ઇટાલિયનો સાથે તમે જેવી ઉદારતાથી વર્ત્યા હતા તેવીજ રીતે તેમની સાથે પણ વર્તજો. તમે તમારા પોતાના ધર્મગુરુઓને જેવું સન્માન આપો છો તેવુંજ આ લોકોના મુફ્તિઓને અને ઇમામોને આપજો. તમારા બાઇબલનાં ધર્મવિધાનોમાટે તેમજ મુસા અને ખ્રિસ્તની આજ્ઞાઓમાટે તમે જે પૂજ્યભાવ રાખો છો, તેટલોજ પૂજ્યભાવ કુરાન એને તેના વિધાનો માટે બતાવજો. રોમન યોદ્ધાઓ તમામ ધર્મનું માન સાચવતા હતા; વળી અહીંના રીતરિવાજ કે જે આપણા યૂરોપના રીતરિવાજોથી તદ્દન જૂદાજ પ્રકારના છે, તેમને માન આપવાનો અભ્યાસ પાડજો. સ્ત્રીજાતિ તરફ આપણે જે સદ્‌ભાવ અને અદબ રાખીએ છીએ તેટલે દરજ્જે અહિંના લોકો નથી રાખતા; તોપણ સ્ત્રીની પવિત્રતાને જોરજુલમથી ભ્રષ્ટ કરનાર તો સર્વત્ર રાક્ષસતુલ્યજ મનાય છે. લૂંટફાટથી કદાચ અમુક વ્યક્તિને ધન મળે પણ તેથી આખા સૈન્યની આબરૂને હાનિ પહોંચે છે. નિર્વાહનાં સાધનનો નાશ થાય છે અને જે લોકોની પ્રીતિ મેળવીને તેમને પોતાના સહાયક બનાવવામાંજ આપણું હિત છે. તેઓ આપણા શત્રુ બની જાય છે."

પ્રભાતનો સૂર્ય પૂરો ઉગ્યો ન હતો તેટલામાં નેપોલિયને અલેક્ઝાન્ડ્રિયા ઉપર આક્રમણ શરૂ કર્યું. મામેલુક યોદ્ધાઓએ અતિશય બહાદુરીથી લઢવા માંડયું અને શત્રુને બંદુકોની ગોળીઓ તથા વીરહાકથી વધાવી લીધા; પરંતુ પાશ્ચાત્ય યુદ્ધપદ્ધતિ આગળ એકલી બહાદુરી કામ આવતી નથી. ફ્રેન્ચો નદીના પૂરની માફક ધસારાબંધ નગરમાં દાખલ થઈ ગયા અને તેમના ધસારા આગળ ઘાસની માફક ધકેલાતા મામેલુક લોકો થોડીજ વારમાં અદૃશ્ય થઇ ગયા. પૌર્વાત્ય પ્રદેશ ઉપર ઘણીજ સહેલાઇથી ફ્રેન્ચોની વિજયધ્વજા ઉડવા લાગી. પૂર્વના પ્રદેશો પાશ્ચાત્ય પ્રદેશોના અધિકાર નીચે આવી જાય એવી વિધાતાનીજ યોજના હોવી જોઇએ. બધા માણસો જેમ નેપોલિયનની મહાનુભાવતા જોઇ મુગ્ધ બનતા હતા, તેમ માલ્ટાથી આણેલા તુર્ક ગુલામો પણ મુગ્ધ બન્યા હતા. નેપોલિયને તેમને છૂટા કર્યા અને પોતાનો તેમ કરવાનો ઉદ્દેશ સમજાવ્યો. એ લોકો ટોળાબંધ આખા અલેક્ઝાન્ડ્રિયા નગરમાં બધે વિખેરાઇ ગયા અને પોતાના સ્વધર્મીઓ આગળ નેપોલિયનની ઉદારતાનાં વખાણ કરવા લાગ્યા. ફ્રેન્ચસેનાને પણ તેમના સેનાપતિની ઉદારતા અને રાજનૈતિક અભિપ્રાય-

ની અસર થઇ હતી તેથી તેમણે લેશમાત્ર પણ નગરની પ્રજા ઉપર જૂલ્મ કર્યો નહિ; તેથી ત્યાંની કચરાયલી, ગુલામની હાલત ભોગવતી રૈયત ફ્રેન્ચોની ઉદારતા, દયા અને ન્યાયપરાયણતા જોઇને ચકિત થઇ ગઇ. આરબો અને મિસરવાસી કૉપ્ટ લોકો એકે અવાજે નેપોલિયનનાં ગુણગાન કરવા લાગ્યા. પૂર્વના પ્રદેશોને માટે તે તદ્દન નવા પ્રકારનો વિજેતા માલમ પડયો. જીતાયલી પ્રજાને રંજાડનાર નહિ પણ તેમને દાસત્વમાંથી મુકત કરનાર અને તેમનું કલ્યાણ કરનાર નીવડયો. જે દિવસે નેપોલિયને મિસરની ભૂમિ ઉપર પગ મૂકયો તે દિવસ તે દેશને માટે ઘણોજ શુભ હતો અને તેણે ઘડેલી યોજનાઓની જો સિદ્ધિ થઇ હોત તો ખરેખર તેણે મેળવેલી જીત પૂર્વના પ્રદેશોને માટે ઘણીજ ઉપકારક થઇ પડત. તેણે મિસરવાસીઓને માટે એક જ્વલંત જાહેરનામું પ્રકટ કર્યું:—“ મિસરવાસીઓ ! તમને મારા શત્રુઓ એમ કહેશે કે હું તમારા ધર્મનો ઉચ્છેદ કરવા માટે આવ્યો છું. પણ તેમનું કહેવું જરાએ માનતા નહિ. તેમને સંભળાવી દેજો કે હું તમને તમારા વાજબી રાજનૈતિક અધિકાર પાછા અપાવવા, તમારા ઉપર જૂલ્મ કરનારાઓને શિક્ષા કરવા અને મહંમદના શુદ્ધ ધર્મને નવું જીવન અપાવવા આવ્યો છું. તેમને કહેજો કે મામેલુક લોકોના કરતાં હું ઈશ્વરને, તેના પયગંબરને અને કુરાનને વિશેષ સન્માન આપું છું. તેમને કહેજો કે ઈશ્વરના દરબારમાં સઘળાં માણસો સમાન છે; માત્ર જો તફાવત હોય તો તે માત્ર જ્ઞાન, બુદ્ધિ અને સદાચારમાંજ રહેલો છે. તમારા કરતાં મામેલુક લોકોમાં એવો કયો વિશેષ સદ્ગુણ છે કે તેઓ જીવનનાં તમામ પ્રકારનાં સુખ અને ઐશ્વર્ય એકલાં પોતાનાંજ કરી બેઠા છે? જો ઈશ્વરે મિસર દેશ તેમના એકલાનાજ વૈભવ અને ઉપભોગને માટે તેમને અર્પણ કર્યો છે એવું તેઓ માનતા હોય, તો તેમને કહેજો કે તમારી માલિકીનો દસ્તાવેજ બતાવો. મિસરમાં જે કાંઈ સુખપ્રદ હોય તો તે બધુંજ તેમના એકલાનું ! સારી જમીન હોય તો તે મામેલુક લોકોની. સુંદર સ્ત્રી, મકાન, ઘોડો કાંઇ પણ હોય તો તે તેમનાંજ ! પણ ઈશ્વર ન્યાયપરાયણ અને દયાળુ છે. તેની આજ્ઞાથી હવે મામેલુક લોકોની જુલ્મજહાંગિરીના દિવસ ભરાઇ ચૂકયા છે. જેઓ અમારા પક્ષમાં આવશે તેમનું અનેક રીતે કલ્યાણ થશે. જેઓ તટસ્થ રહેશે તેમને પણ લાભજ છે કારણ કે તેમને અમારી નીતિ અને ન્યાયપરાયણતાની પરીક્ષા કરવાની તક મળશે અને તેઓ પણ અમારા પક્ષમાંજ છેવટે જોડાશે. પણ જેઓ મામેલુક લોકોનો પક્ષ લઇને અમારી સાથે લઢવા તત્પર થશે તેમની તો પાયમાલીજ આવી જાણજો.”

આ જાહેરનામું વાંચ્યાથી મિસરવાસીઓ નેપોલિયન તરફ સ્વાભાવિકરીતેજ અનુરાગ રાખવા લાગ્યા. આરબ લોકોએ ત્રીસ ફ્રેન્ચોને કેદ પકડયા હતા તેમને તેમણે છોડી મૂકયા અને નેપોલિયનને કહેવડાવ્યું કે મામેલુક લોકોની સામે યુદ્ધ

કરવામાં અમે તમને મદદ આપવા તૈયાર છીએ.

છેલ્લા યુદ્ધમાં ત્રીસ ફ્રેન્ચ યોદ્ધાઓ મરાયા હતા. પોમ્પિનો સ્તંભ જે અનેક સૈકા થયાં આખા જગતની ચિત્તવૃત્તિને પોતાના તરફ આકર્ષી રહ્યો છે તેનાજ તળીઆ આગળ નેપોલિયને આ ત્રીસ યોદ્ધાઓનાં શબને ઘણી ધામધૂમ સાથે દટાવ્યાં અને તેમનાં નામ એ સ્તંભ ઉપર કોતરાવ્યાં. આખું લશ્કર પોતાના સ્વર્ગસ્થ સોબતીઓનું અહોભાગ્ય જોઇને તેમના સુખની ઈર્ષ્યા કરવા લાગ્યું. કેવા પ્રકારના કાર્યથી મનુષ્યના હૃદયમાંના ઉંડામાં ઉંડા ભાગને સ્પર્શ કરી શકાય છે તે જાણી લેવાની ચાવી નેપોલિયન પૂરેપૂરી જાણતો હતો.

મનુષ્યની બુદ્ધિના વિકાસની જૂદી જૂદી શ્રેણીઓની જરૂરિયાતો જોતાં ધર્મનાં દરેક સ્વરૂપ જરૂરનાં છે એવું માનીને નેપોલિયન તમામ ધર્મ તરફ માનભરી નજરથી જોતો હતો. ધર્માંધતાને પરિણામે પ્રચલિત થએલી નહિ માની શકાય એવી તદ્દન અસંભવિત બાબતોવિષે પણ તે કદિ તિરસ્કારયુક્ત ઉદ્‌ગાર કહાડતો નહિ. આજ હેતુથી તે મુસલમાન ધર્મ તરફ પણ સદ્‌ભાવ રાખતો હતો. તે મુસલમાન ધર્મ પાળવાનો ઢોંગ કરતો હતો એવો આક્ષેપ વિરુદ્ધપક્ષ તરફથી તેના ઉપર મૂકવામાં આવે છે. નેપોલિયન પોતેજ તે વિષે કહે છે કે “ મેં તેવો ઢોંગ જરા પણ કર્યો નથી. હું નમાજ પડવા માટે મસ્જિદોમાં ગયો નથી. મેં દારૂનો ત્યાગ કર્યો નથી, તેમ સુન્નત પણ કરાવી નથી. એટલું ખરૂં કે હું મુસલમાન ધર્મ તરફ અને પેગંબર મહંમદ સાહેબ તરફ સદ્‌ભાવ ધરાવું છું એવું મેં જાહેર કર્યું હતું અને હજી પણ મારો તે મત કાયમ છે.” તે મુસલમાન ધર્મને એક અદ્‌ભુત જાતીય બળના મૂળ તરીકે માનતો હતો.

તે અલેક્ઝાન્ડ્રિયામાં માત્ર છજ દિવસ રહ્યો, પણ એટલી ટુંકી મુદતમાં પણ તેણે ત્યાંની પ્રજાને માટે ન્યાયી કાયદાઓ ઘડવામાં તેમનું રક્ષણ કરવાની વ્યવસ્થા કરવામાં અને ત્યાંની કુદરતી પેદાશોનો કેવી રીતે સારામાં સારો ઉપયોગ થઈ શકે તેને લગતો બંદોબસ્ત કરવામાં અથાગ પરિશ્રમ લીધો. ફ્રેન્ચો ત્યાં દાખલ થયા તેજ પળથી કારીગરો; ઈજનેરો વગેરે ધમધોકાર કામ કરવા મંડી ગયા અને અલેક્ઝાન્ડ્રિયાનાં લગભગ સ્મશાન જેવાં શાંત, નિશ્ચેષ્ટ બની ગએલા બજારોમાં યૂરોપની ચેતનમય જાગૃતિ આવી ગઈ. બંદરની સુધારણા, કિલ્લાની મરામત, કારખાનાંઓ, નિશાળો વગેરેની સ્થાપનાઓ થવા લાગી અને ત્યાંના પ્રાચીન ઇતિહાસને લગતી શોધખોળનું કાર્ય શરૂ થયું. શહેરનું સ્થાનિક રાજ્યતંત્ર ત્યાંનાજ બાહોશ આગેવાનોના હાથમાં સોંપી દેવામાં આવ્યું; પણ મિસરના પ્રારબ્ધમાં આવો અભ્યુદય લખાયો ન હતો. નેપોલિયનની ઉદાર યોજનાઓ ધૂળમાં મળી ગઈ અને તે દિવસથી આજ એક સૈકો થયાં મિસરની પ્રજા અજ્ઞાન, ગરીબાઈ, જુલ્મ અને અવનતિના અંધારામાં સડયાજ કરે છે.

જો તેની યોજનાઓ સફળ થઈ હોત તો મિસર આજે ધનાઢ્ય અને સંસ્કૃતિવાળો દેશ બન્યો હોત. નાઇલને કિનારે મોટા મોટા વ્યાપારથી આબાદ થએલાં નગર વસ્યાં હોત અને ત્યાંના હાલ દેખાય છે તેવા શાંત, નિર્જીવ કિનારા આગળ હજારો વહાણોની આવજા અને લાખો કરોડો રૂપીઆની ઉથલપાથલ થતી હોત. જો કે તેમ તો ન બન્યું, તોપણ નેપોલિયનના એ દેશમાં આવવાથી તેની પ્રજાને અપૂર્વ પ્રોત્સાહન મળ્યું; અને એ દેશની કુદરતી પેદાશોનો સારામાં સારો ઉપયોગ કરવા માટે, ત્યાંની પ્રજાના સાહસને તથા વ્યાપારઉદ્યોગને ઉત્તેજિત કરવા માટે મનુષ્યપ્રયત્ન અને મનુષ્યબુદ્ધિથી જે કાંઇ થઇ શકે તે સર્વ તેણે કર્યું.

જુલાઇ માસની છઠ્ઠી તારીખે નેપોલિયને કેરો નગર તરફ કૂચ કરવાની તૈયારી કરી. તેના માર્ગમાં સાઠ માઇલનું રેતાળ રણ આવતું હતું. ચારે દિશાએ ક્ષિતિજ સુધી રેતીના ઢગલા સિવાય બીજું કાંઈજ નજરે પડતું ન હતું. સૂર્યનાં પ્રખર કિરણ અગ્નિનો વરસાદ વરસાવી રહ્યાં હતાં. એક પણ લીલું ઝાડ કે લીલોતરીવાળી નાની સરખી જગ્યા પણ જોવામાં આવતાં નહિ. આવી મરુભૂમિમાં થઇને તેનું સૈન્ય પસાર થવા લાગ્યું. તેઓ ઠંડા પ્રદેશમાં જન્મેલા અને ઇટાલિ જેવા રળિયામણા દેશમાં ફરેલા હોવાથી તેમને આ પ્રવાસ અત્યંત વિષમ જણાયો. રસ્તામાં કેટલાક તો તાપ અને શ્રમથી તડફડીને મરવા લાગ્યા; પણ આખું સૈન્ય તો આગળ ને આગળ વધતું ગયું. આ પ્રસંગે સામાન્ય સિપાઇને પડતી દરેકે દરેક મુશીબત નેપોલિયને પોતે સહન કરી હતી. તે ઘોડા ઉપર ન બેસતાં સિપાઇઓની સાથે પગે ચાલતો હતો. તેઓ જે ખાતા પીતા તેજ તે પોતે પણ ખાતો અને રાત પડતાં સિપાઇઓની સાથેજ રેતીના બિછાના ઉપર સૂતો હતો. બધાના સૂવા પછીજ તે સૂતો અને બધા જમી રહ્યા પછીજ તે જમતો હતો. સઘળાના ઉઠતા પહેલાં તે ઉઠતો અને પોતાના સૈન્યની જરૂરિયાતો પૂર્ણ કરવાને બનતો પ્રયત્ન કરતો. આજ કારણને લીધે સિપાઇઓ તેના ઉપર ફિદા થઇ જતા અને તેનું રક્ષણ કરવાને પોતાનો જાન આપવામાં પાછી પાની કરતા નહિ. સિપાઇઓ તાપ, તરસ, ભૂખ અને પરિશ્રમથી કાયર કાયર થઈ ગયા હતા, અને પારિસના રાજકર્તાઓએ તેમને આવા પ્રદેશમાં મોકલ્યા તે માટે તેમના ઉપર ગાળો વરસાવતા હતા તોપણ નેપોલિયનની વિરુદ્ધ તો એક શબ્દ પણ બોલવામાં આવતો ન હતો. એટલો બધો તેણે પોતાના સૈન્યના હૃદય ઉપર અધિકાર બેસાડી દીધો હતો.

માર્ગમાં તેમની ઉપર ઘણીવાર મામેલુક ઘોડેસ્વારો હુમલો કરવા આવતા અને વિજળીની ઝડપથી તરતજ અદૃશ્ય થઈ જતા. આવા વિચિત્ર પ્રકારના આક્રમણથી ફ્રેન્ચોને ઘણો ઉપદ્રવ થતો. તેઓ જેમ જેમ નાઇલ નદીની નજીક આવતા ગયા તેમ તેમ ઉપર કહ્યા તેવા હૂમલા વધારે પ્રબળ સ્વરૂપમાં અને વારંવાર થવા

લાગ્યા. આ સ્વારોનો દેખાવ અને તેમની નિડરતા ભય ઉપજાવે તેવાં હતાં. દરેકની પાસે પાણીદાર અરબી ઘોડા હતા. હથિયારમાં તલવાર, પિસ્તોલ, બંદુક અને નાની હલકી તોપ એટલાં તેઓ રાખતા હતા. ઘોડે બેસવાનો તો તેમને બાળપણથીજ અભ્યાસ હતો. ભભકાદાર પાઘડી, તેની ઉપર ખોસેલી કલગીઓ, જરીયાનનો પોશાક અને ઝળકતી તલવાર સાથે આ ભયાનક યોદ્ધાઓ આકાશ ફાડી નાખે એવી વિકરાળ ચીસ પાડતા નદીના પ્રબળ પૂરની પેઠે એકાએક ધસી આવતા. દોડતે ઘોડે ગોળીબાર કરતા, એકદમ ઘોડાને અટકાવતા અને તેમને પાછા વાળીને આવ્યા તેવીજ ત્વરાથી રેતીના ટેકરાઓની પાછળ અદૃશ્ય થઈ જતા. રેતાળ પ્રદેશથી પણ તેમની ત્વરા ઓછી થતી નહિ. તેમના ઘોડાની ખરીઓના આઘાતથી ઉડતી રેતીનાં ઘન વાદળાં બની જતાં. તેમને ઓથે રહીને ગોળીબાર કરીને તેઓ નિડરપણે ચાલ્યા જતા. શત્રુસૈન્યમાંથી જો કેટલાક સિપાઇઓ વિખુટા પડી જતા તો તેમના ઉપર આ સ્વારો દૈત્યની માફક તૂટી પડતા અને તેમના ટૂકડે ટૂકડા કરી નાખતા. આવા વિચિત્ર પ્રકારના અણધાર્યા હૂમલા સામે બચાવ કરવા માટે નેપોલિયને તદબીર શોધી કહાડી. તેણે પોતાના સૈન્યને પાંચ ચોરસ આકૃતિમાં ગોઠવી દીધું. દરેક ચોરસને ચારે ખૂણે તોપખાનું રાખ્યું. દરેક ચોરસ આકૃતિની ચારે બાજુએ સિપાઇઓને છ છ હારમાં ગોઠવીને વચમાંની ખાલી જગામાં ખોરાકની સામગ્રી, લડાઇને લગતો સામાન, તથા સેનાપતિઓ અને વિદ્વાનોને રાખવાની ગોઠવણ કરી હતી. આખે રસ્તે આજ ક્રમ પ્રમાણે આખું લશ્કર પદ્ધતિસર કુચ કરતું હતું. કુચ કરતી વખતે સઘળાના મુખ એક તરફ રહેતાં હતાં પણ શત્રુનો હૂમલો થતાંજ તેઓ એકદમ અટકતા અને ચારે હારના સિપાઇઓ ચારે દિશાએ મોં કરીને ઉભા રહેતા. આગલી હારના સિપાઇઓ જમીન ઉપર ઘુંટણ ટેકવીને પોતાની સંગીન આગળ ધરીને ઉભા રહેતા. એથી કરીને પાછળની હારના સિપાઇઓ તેમના માથા ઉપર થઇને શત્રુ ઉપર ગોળીબાર કરી શકતા. આવી વ્યૂહ રચનાને લીધે મામેલુક સ્વારોના હૂમલાને તેઓ તુચ્છ જેવા ગણવા લાગ્યા; અને જ્યારે જ્યારે તેઓ ધસી આવતા ત્યારે આખા લશ્કરમાં હસાહસ થઈ રહેતી. મામેલુક સ્વારો દૂરથી નજરે પડતા એટલે દરેક વિભાગના સેનાપતિ આજ્ઞા કરતા કે “ સાક્ષરો અને ગધેડાઓ બંનેને વચમાં રાખો, અને ચોરસ આકૃતિમાં ગોઠવાઈ જાઓ. ” હકીકત એવી હતી કે સાક્ષરોને બેસવા માટે તથા તેમનાં પુસ્તકો અને શોધખોળને લગતો સરસામાન ઉંચકવા માટે તેમને ગધેડાંઓ આપવામાં આવ્યાં હતાં. ઉપર કહેલી આજ્ઞા થતાં તમામ સિપાઇઓ ખડખડ હસી પડતા. તેઓ મશ્કરીમાં ગધેડાંઓને અડધા સાક્ષરો કહીને આખે રસ્તે ગમ્મત કરતા હતા; તોપણ તેઓ વિદ્વાનો તરફ હમેશાં માનભરી વર્તણુક રાખતા હતા, અને

વિદ્વાનો પણ ભયને પ્રસંગે ઘણીજ વખાણવાલાયક હિંમત બતાવતા હતા. આ પ્રમાણે સાત દિવસસુધી અનેકવાર શત્રુની સાથે સખત ઝપાઝપી કરતા કરતા તેઓ કેરો શહેરની નજીક જવા લાગ્યા.

પાંચમા દિવસની આખરે નાઈલ નદીનો પ્રવાહ રેતીના ટેકરાઓની વચમાં રૂપાના પતરાની માફક ચળકતો સર્વના જોવામાં આવ્યો. તેને કાંઠે ફળ ફૂલથી ઝૂકી રહેલાં અસંખ્ય વૃક્ષો પ્રવાસીઓના મનનું રંજન કરતાં હતાં. વૃક્ષની ડાળીઓમાં લપાઇને હજારો મધુર કંઠવાળાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. પ્રકૃતિની રમણીય શોભાનું દર્શન કરતાં આખા ફ્રેન્ચ લશ્કરમાં આનંદના ઉદ્‌ગાર નીકળવા લાગ્યા અને ઘણે દિવસે કુદરતનું બદલાયલું સ્વરૂપ જોઇને તેઓ હર્ષઘેલા થઈ ગયા. વ્યવસ્થા જાળવવાનો આ વખત ન હતો. હજારો સિપાઇઓ નાના બાળકની માફક નદીમાં કૂદી પડયા અને તેનું સ્વચ્છ પાણી પીને તથા તેમાં આનંદપૂર્વક તરીને પોતાના આગલા દિવસોની વિટંબણાઓ આ સ્થિતિસ્થાપક મનોવૃત્તિવાળી ફ્રેન્ચ પ્રજાના બાળકો ભૂલી ગયા.

પણ આ આનંદનો અવસર લાંબો વખત ટકયો નહિ. દૂરથી રેતીનું વાદળું ઉડતું માલમ પડયું અને સેંકડો ઘોડાઓની પડઘીનો અવાજ સંભળાયો. જોત જોતામાં ઝળકતી તલવારોવાળા, દૈત્યોના જેવી હૃદય વિદારક ચીસ મારતા મામેલુક સ્વારોની એક ટોળી રાક્ષસી ઝડપથી ધસી આવતી જણાઈ. એકદમ પડઘમનો અવાજ થયો અને રમતા, તરતા સિપાઇઓ પટાપટ બહાર આવીને ચોરસ આકૃતિમાં ગોડવાઇ ગયા. એક ક્ષણવારમાંજ નદીના પ્રબળ પૂરના વેગથી શત્રુનો ધસારો શરૂ થયો પણ અડગ ખડકની સામે અથડાતા મોજાની માફક તે ફોકટ ગયો. ફ્રેન્ચોની એક હાર પણ ડગી નહિ. શત્રુના ઘોડાઓની છાતીની સામે તીક્ષ્ણ અણીઆળી સંગીનોનો કોટ બની ગયો હતો. તે જોઇને ઘોડાઓ પાછા હઠયા. બંદુક અને તોપોના જ્વાળામુખી જેવા અગ્નિના વરસાદ આગળ સેંકડો ઘોડાઓ અને સ્વારો ધૂળમાં રોળાઇ ગયા અને જેઓ જીવતા રહ્યા તેઓ આવ્યા હતા તેટલીજ ત્વરાથી પલાયન કરી ગયા.

એવામાં અનાજથી ભરેલાં વહાણો નાઇલ નદીને કાંઠે કાંઠે મુસાફરી કરતાં કરતાં એ સ્થળે આવી પહોંચ્યાં. નેપોલિયને પ્રથમથીજ માર્ગની ગણત્રી કરીને તેમને આવવાનો વખત મુકરર કર્યો હતો તે પ્રમાણે તેઓ વખતસર આવી પહોંચ્યાં. હવે આખા સૈન્યના ભાવમાં પરિવર્તન થઈ ગયું. નિરાશા અને ખેદને ઠેકાણે આનંદ આનંદ થઇ રહ્યો. આનંદી ફ્રેન્ચ સિપાઇઓ વર્તમાન સમયના સુખમાં આગલા અડવાડીઆનાં કષ્ટ ભૂલી ગયા. સાત દિવસસુધી તેમણે નાઈલને કિનારે કિનારે કુચ કરી. રસાળ પ્રદેશ છતાં ત્યાંના રહેવાસીઓનું દારિદ્ર જોઇને તેમને ઘણીજ ઘૃણા

ઉત્પન્ન થતી. માર્ગમાં જે જે ઘર આવ્યાં તે સઘળાં પાંદડાનાં બનાવેલાં ઝુંપડા જેવાં હતાં અને તેમાં રહેનાર લોકો તદ્દન કંગાલ હતા. આનું કારણ શોધી કહાડવા માટે નેપોલિયન એક ઝુંપડાની અંદર ગયો. ઘરનાં માણસોને અભયદાન આપીને તેમની કંગાલિયતનું કારણ પૂછ્યું. ઘરધણીએ જવાબ આપ્યો કે “સાહેબ, મેં જાતમહેનત કરીને થોડુંક ધન મેળવ્યું હતું અને આ ઝુંપડાને હાલના કરતાં વધારે સારી હાલતમાં મૂક્યું હતું. થોડાજ દિવસમાં એ સમાચાર કેરો શહેરમાં પહોંચી ગયા. મેં ઘણું ધન પેદા કર્યું છે એમ જાણીને મારી પાસેથી પૈસા ખુંચવી લેવાને મામેલુક લોકોમાંના કેટલાક અહિં આવી પહોંચ્યા. મેં તેમને ધન આપવા માંડયું પણ તેથી તેમને સંતોષ થયો નહિ. મને તેમણે ઘણો રીબાવ્યો. હું તેમને મારી બધી દોલત આપી દઉં એવા ઈરાદાથી ઘાતકી મામેલુક લોકોએ મને રીબાવવામાં બાકી રાખી નહિ અને તેની નિશાની આ રહી. મારો પગ ભાગી ગયો છે અને આખી જીંદગીને માટે હું લંગડો બન્યો છું. મારી પાસે જે કાંઈ હતું તે બધું તેમને આપી દીધું. ત્યાર પછી હું જેમ તેમ ગુજરાન ચાલે એટલુંજ કમાઉં છું. બધા લોકોની મારા જેવીજ દશા છે. આવી સ્થિતિ હોવાથી અમે ઉદ્યમ કરતા નથી. એ નરપિશાચોનો જુલ્મ એટલે સુધી છે કે તેમની ઈચ્છાવિરુદ્ધ અમે અમારા શરીરનું અથવા સ્ત્રી કે પુત્રપુત્રીનું પણ રક્ષણ કરી શકતા નથી.” આ વૃત્તાંત સાંભળીને નેપોલિયનને ઘણોજ ખેદ થયો.

આખરે જુલાઇ માસની ૨૧ મી તારીખે ફ્રેન્ચસેના શત્રુપક્ષના સ્વારો સાથે ઉપર કહી તેવી વખતો વખત ઝપાઝપી કરતી કેરો નગર પાસે આવી પહોંચી. અહિં તેમનો સત્કાર કરવા માટે મુરાદ બેએ એક બળવાન સૈન્ય સજ્જ કરી રાખ્યું હતું. છેવટના યુદ્ધને માટે ઘણા ખરા મામેલુક સ્વારો આ ઠેકાણે એકત્ર થયા હતા. તેમની સંખ્યા દસ હજારના હતી. આ મદોન્મત્ત, બલિષ્ઠ સ્વારોની મદદમાં ચોવીશ હજાર પાયદળ સિપાઇઓનું સૈન્ય મજબૂત મોરચો નાખીને પડયું હતું. કેરો નગર નાઇલને પૂર્વ કિનારે આવેલું છે અને નેપોલિયન નાઈલને પશ્ચિમ કિનારે કુચ કરતો હતો. ૨૧ મી જુલાઇએ તેણે પોત સૈન્યને સવાર પડતા પહેલાંજ કુચ કરવાનો હુકમ કર્યો અને મિસરના સ્વચ્છ આકાશમાં જ્યારે સૂર્યનો ઉદય થયો ત્યારે કેરો નગરના ગગનચુંબી મિનારાનાં શિખર અને નિઃસીમ મેદાનની વચમાં પર્વતોની માફક ઉભેલા પ્રચંડ પિરામિડો તેમની દૃષ્ટિએ પડવા લાગ્યા. દેખાવની ભવ્યતાની છાપ જાણે તેમના હૃદય ઉપર પ્રબળપણે પડી હોય તેમ આખું સૈન્ય એકાએક થંભ્યું. નેપોલિયનનો ચહેરો શૌર્ય અને ઉમંગને લીધે તેજસ્વી દેખાવા લાગ્યો. તેણે સૈન્યને સંબોધીને કહ્યું, “યોદ્ધાઓ ! આ પિરામિડનાં શિખર ઉપરથી ચાર ચાર હજાર વર્ષની પ્રાચીન પ્રજાઓ તમારાં પરાક્રમો નિહાળવા ઉભી

છે.” યોદ્ધાઓનાં હૃદયમાં રણોન્માદ ઉભરાઈ જવા લાગ્યો. શૂર ચડાવે એવાં રણવાદ્યનાં સંગીતથી રણઘેલા બનીને શત્રુસૈન્યતરફ તેઓ ગાંડાની માફક દોડી જવા લાગ્યા. પિરામિડોની આસપાસનું આખું મેદાન હથિયારબંધ યોદ્ધાઓથી ચીકાર ભરાઇ ગયું હતું. ઝળકતાં હથિયારવાળા દસહજાર સ્વાર અને તે વળી પૂર્વની લડાયક પ્રજાઓના રિવાજ મુજબ પૂરભભકામાં સજ્જ થએલા હોવાથી તેમનો દેખાવજ શત્રુને ભયભીત કરવાને પૂરતો હતો, પણ ફ્રેન્ચો વગર સંકોચે, પાંચ અભેદ્ય ચોરસ આકૃતિમાં ગોઠવાઇને નિડરપણે આગળ વધ્યા. તેઓ માટે શત્રુની છાવણી ઉપર ધસી ગયા વગર બીજો ઇલાજજ ન હતો. ત્યાં ચોવીશ હજાર સિપાઇઓ હારબંધ ઉભા હતા. ફ્રેન્ચસેનાની વ્યૂહરચનાને ભેદી નાખવાને તેમનું ભયંકર તોપખાનું પણ તૈયારજ હતું અને તેમનામાં જરા પણ ભંગાણ પડે તો તેમના ઉપર યમદૂતની માફક તૂટી પડવાને દશ હજાર પાણીદાર આરબી ઘોડાઓ ઉપર સ્વાર થએલા મદોન્મત્ત મામેલુકો ટમટમી રહ્યા હતા.

નેપોલિયનને માટે આ પ્રસંગ ઘણોજ ચિંતાભરેલો હતો. તોપણ તેણે હમેશના શાંત સ્વભાવ પ્રમાણે દૂરબિનવડે શત્રુસૈન્યનું નિરીક્ષણ કરવા માંડયું. તેની ચાલાક આંખે શત્રુની નબળી બાજુ એકદમ શોધી કહાડી. તેણે જોઇ લીધું કે શત્રુની તોપો ગાડીઓ ઉપર ગોઠવેલી નથી તેથી કરીને જે બાજુ તરફ તેમને ગોઠવી છે ત્યાંથી બીજી બાજુ તરફ તેમને ખસેડાય એમ નથી. બીજા ઘણા સેનાપતિઓ સારાં સારાં દૂરબિનવડે શત્રુસૈન્યને તપાસતા હતા તોપણ કોઇથી આવી જરૂરની શોધ થઈ શકી નહિ. નેપોલિયને તરતજ બાજી બદલી. પિરામિડની જમણી બાજુ તરફ થોડુંક આગળ વધીને શત્રુ સૈન્ય ઉપર એક બાજુએથી હુમલો કરવા માટે તેણે સેનાપતિઓને હુકમ કર્યો. આમ કરવાથી તેના સૈન્ય ઉપર શત્રુની તોપનો એક પણ ગોળો પડી શકે એમ ન હતું.

મુરાદ બે પણ ઘણોજ ચાલાક અને નિપુણ સેનાપતિ હતો. નેપોલિયનના સૈન્યે શા હેતુથી દિશા બદલી તે સમજી જતાં તેને જરા પણ વાર લાગી નહિ. તેણે ડહાપણ વાપરીને તરતજ પોતાના સ્વારોને શત્રુ ઉપર ધસી જવાની આજ્ઞા કરી. ગર્વોન્મત્ત મુરાદ બે એ કહ્યું. “હવે જો, અમારો સપાટો ! આ નાપાક કૂતરાઓને તો અમે ચીભડાંની માફક કાપી નાખીશું.”

આ વખતનો દેખાવ ઘણોજ ભયંકર હતો. ભભકાબંધ પોશાકમાં સજ્જ થયેલા દશહજાર સ્વાર આખા જગતમાં સારામાં સારા ગણાય એવા પાણીદાર ઘોડાઓ ઉપર સ્વાર થઇને, તેમને પૂર વેગથી દોડાવતા સમુદ્રની પ્રચંડ ભરતીની માફક રણોન્મત્ત બનીને ધસી આવવા લાગ્યા. તેમની વિકરાળ ચીસોથી આકાશ ગાજી ઉઠયું અને તેમના પગના આઘાતથી ધરતી ધ્રૂજવા લાગી. તેમની ટક્કર ઝીલવા માટે ફ્રેન્ચ સેના

વજ્રની દિવાલની માફક અભેદ્ય ચોરસ આકૃતિમાં ગોઠવાઇને ઉભી રહી. જગત્ના કોઇ પણ રણસંગ્રામમાં આના કરતાં વિશેષ પ્રચંડ ધસારો થયો નથી. લાંબા વખત સુધી પ્રાણઘાતક સંગ્રામોમાં ટેવાઇ ગયેલા ફ્રેન્ચ યોદ્ધાઓને પણ આ પ્રસંગ ઘણોજ ભયંકર જણાયો. આ સખતમાં સખત આક્રમણની સામે ટકી શકાશે કે નહિ એ શકમંદ હતું—લગભગ અશક્યજ હતું. આખા સૈન્યમાં ગંભીર શાંતિ પ્રસરી રહી. માત્ર સેનાપતિઓની આજ્ઞા સિવાય બીજો એક પણ શબ્દ ત્યાં સંભળાતો નહિ. સિપાઇઓ નિઃશબ્દપણે ખભે ખભા અડકાડીને પોતાની સંગીનોને આગળ ધરીને આ પ્રચંડ શત્રુસૈન્યના સમાગમની વાટ જોતા ઉભા રહ્યા.

બંદુક અને તોપના ગોળા પહોંચે એટલા નજીક તેઓ આવ્યા કે તરતજ ચોરસ આકૃતિઓના ચારે ખૂણાઓમાંથી દારૂગોળાનો અખંડ વરસાદ વરસી રહ્યો. તેના પ્રહારથી ઘાયલ થયેલા સેંકડો ઘોડાઓ તેમના સ્વારસહિત રેતીમાં રોળાઈ ગયા, અને તેમની પાછળના ઘોડાઓના પગ નીચે છૂંદાઈ મુઆ. ધૂળ અને ધૂમાડાનો ધૂમકોટ બની ગયો, પણ ફ્રેન્ચ સેના તેમની સામે આવેલા પિરામિડના સુદૃઢ પાયાની માફક અડગ ઉભી રહી. મામેલુક સ્વારોના તરંગ ઉપર તરંગ ખડકની પેઠે ઉભેલા ફ્રેન્ચ લશ્કર ઉપર અથડાતા ગયા. ક્રોધ અને નિરાશાથી ગાંડા થયેલા મામેલુક યોદ્ધાઓ મરણીઆ થઇને યાહોમ ઝુકાવીને તૂટી પડયા. તોપણ તેઓ શત્રુની સજ્જડ હારને ભેદી શકયા નહિ. તેમણે પોતાની પિસ્તોલો અને બંદુકો ફોડવા માંડી અને જમીન પર ગબડી ગયેલા યોદ્ધાઓએ પેટે ચાલીને ફ્રેન્ચ સિપાઇઓના પગ ઉપર તલવારના પ્રહાર કરવા માંડયા. શૂરાતન એ મામેલુક લોકોમાં એકજ વખાણવા લાયક ગુણ હતો અને તેમણે આ યુદ્ધમાં તેની પૂરેપૂરી સાબિતી આપી.

પણ નેપોલિયનના કવાયતી ગોલંદાજોના અવિરત અગ્નિવર્ષણના પ્રતાપથી તેમની સંખ્યા ક્રમે ક્રમે ઓછી થતી ગઇ; તેથી કરીને આખરે નિરાશ થઇને તેઓ તદ્દન અવ્યસ્થિતપણે જીવ લઇને નાઠા. જે સ્વારો પૂરેપૂરા અજિત મનાતા હતા તેમની આવી દુર્દશા જોઇને પાયદળ પણ નાસવા લાગ્યું. આખા શત્રુસૈન્યમાં જ્યાં ત્યાં ગભરાટ અને ભય ફેલાઇ ગયો. ભયભીત થઇને નાસતા સ્વારો અને સિપાઇઓથી દિશાઓ ભરાઈ ગઈ. પ્રાણ બચાવવા માટે હજારો માણસોએ નાઇલ નદીમાં ઝંપલાવ્યું પણ કરાની માફક વરસતી ફ્રેન્ચોની ગોળીઓથી વીંધાઇ વીંધાઇને તેઓ માર્યા ગયા અને નાઇલનું પાણી તેમના રક્તથી રંગાઇ ગયું. વિજયી ફ્રેન્ચ યોદ્ધાઓએ નાસતા શત્રુની પૂંઠ પકડી અને તેમના ઉપર તોપોનો મારો જારી રાખ્યો. તેઓ ચારે દિશાએ વિખેરાઇ ગયા અને તેમની ખુઆરી પણ ઘણી ભયંકર થઇ. બપોર થવા પહેલાં તો આખું મામેલુક સૈન્ય હતું ન હતું થઇ ગયું અને આખું મેદાન ઘાયલ થયેલા અને કપાઇ ગયેલા સિપાઇઓથી છવાઈ ગયું. અનર્ગળ દોલતથી ભરેલી

તેમની છાવણી ફ્રેન્ચોને હાથ આવી. કિંમતી હથિયાર, કિનખાબથી ભરેલા શાલજોટા, પાણીદાર આરબ ઘોડા અને સુવર્ણમુદ્રાઓનો ભંડાર એ સર્વ ફ્રેન્ચોને પ્રાપ્ત થયાં. કેટલાક દિવસસુધી નદીમાં ડૂબી મૂએલા મામેલુકોનાં ઘરેણાં તેમણે વીણ્યાજ કર્યાં. આ યુદ્ધમાં ફ્રેન્ચોનાં માત્ર સોજ માણસો હણાયાં હતાં. નેપોલિયને પોતાના બહાદૂર શત્રુના શૌર્યની ઘણી પ્રશંસા કરતાં કહ્યું કે “જો ફ્રેન્ચ પાયદળ સાથે આ સ્વારોને હું જોડી શકયો હોત તો આખું જગત્ જીતતાં મને મુશ્કેલ પડત નહિ.”

આ યુદ્ધ પછી નેપોલિયન હવે આખા મિસર દેશનો અધિપતિ થઈ પડયો. તેણે તરતને માટે મુરાદ બેના ઉદ્યાનગૃહમાંજ મુકામ કર્યો. આખા દેશની ગરીબ રૈયતને લૂંટી લૂંટીને પેદા કરેલી અનર્ગળ દોલતથી તથા અનેક અમૂલ્ય રાચરચીલાંથી મુરાદ બેએ તે મહેલને સુશોભિત કર્યો હતો. એક બાજુએ જ્યારે આખો દેશ કંગાલ થઇ ગયો હતો ત્યારે ત્યાંના રાજાના વિલાસની સામગ્રીમાં કશી પણ ઉણપ ન હતી. તે જોઇને સર્વને નવાઈ લાગી. સ્વાદિષ્ટ દ્રાક્ષથી ઝુકી રહેલા લતામંડપોમાં અને કિંમતીમાં કિંમતી મિઠાઇઓથી ભરેલા ઓરડામાં ફ્રેન્ચ સિપાઇઓ છૂટથી ઘૂમવા લાગ્યા. બધાએ ખવાય તેટલું ખાધું અને સાથે રખાય તેવું કોથળીઓમાં ભરી લીધું. પિરામિડના સંગ્રામના સમાચારથી આખા આફ્રિકામાં અને ઠેઠ એશિયાસુધી ફ્રેન્ચ યોદ્ધાઓની ધાક બેસી ગઈ. નિર્દય, વિષયલંપટ અને જુલ્મી મામેલુક લોકોને આખો મિસર દેશ ધિક્કારતો હતો તોપણ તેઓ જગત્માં અપરાજિત છે એવું તો મનાઇ ગયુંજ હતું. તે બળવાન મામેલુક લોકો નેપોલિયનના બુદ્ધિબળ આગળ એક કલાકમાંજ સવારના પહોરના ધુમસની માફક ઉડી ગયા. આફ્રિકા અને એશિયા બેઉ ખંડના વ્યાપારનું કેન્દ્રસ્થાન કેરો હતું. હજારો વ્યાપારી કાફલાઓ ત્યાં હમેશાં આવતા જતા. તેમની મારફતે આ સમાચાર દૂરદૂર ફેલાઈ ગયા અને નેપોલિયનનું નામ ;યૂરોપની માફક પૂર્વના પ્રદેશમાં પણ જાણીતું થઇ ગયું. મિસરના કિનારા ઉપર પગ મૂકયે તેને માત્ર એકવીશજ દિવસ થયા હતા; એટલી વારમાં તો તે આખા દેશનો સાર્વભામ અધિપતિ થઈ ગયો. મિસરવાસીઓએ તેને પોતાના મિત્ર અને મુક્તિદાતા તરીકે વધાવી લીધો. મામેલુક ઉમરાવોની બેગમો હજી કેરોમાંજ હતી. નેપોલિયને તેમના તરફ ઘણીજ માનભરી વર્તણુક રાખી. મુરાદ બેની બેગમ પાસે તેણે પોતાના સાવકા પુત્ર યુજિનને મોકલ્યો અને કહેવડાવ્યું કે તમે નિર્ભય રહેજો. તેની તમામ મિલકત તેનાજ હાથમાં રહેવા દીધી અને તેની બીજી ઇચ્છાઓ પણ પૂર્ણ કરી.

કેરો નગરમાં ત્રણ લાખ માણસની વસ્તી હતી. તેમની હાલત કંગાલ અને સર્વાંશે અવનત હતી. તેમનો અત્યારસુધીનો અનુભવ એવો હતો કે વિજયી પ્રજાએ જીતાયલી પ્રજાને લૂંટફાટ કરીને રંજાડવીજ જોઇએ. શહેરમાં પણ અરાજકતાને લીધે અત્યાચાર થવાજ જોઇએ. પણ નેપોલિયને તો સર્વને અભયદાન આપ્યું અને શહેરમા

રૈયતના જાનમાલનું રક્ષણ કરવા માટે ખાસ બંદોબસ્ત કર્યો. નવા જીતેલા દેશને ઉન્નત અને આબાદ કરવા માટે તેણે પોતાની અદ્‌ભુત બુદ્ધિ અને કાર્યદક્ષતાનો ઉપયોગ કર્યો.

એક પણ જરૂરી બાબત તેના ધ્યાન બહાર રહી નહિ. મસ્જીદો, સ્ત્રીઓનાં અંતઃપુર, સ્ત્રીજાતિની હાલત, દેશની લૌકિક અને ધાર્મિક સંસ્થાઓ, ખેતી કલા અને વિજ્ઞાનવિષયક સ્થિતિ–સારાંશમાં ત્યાંની પ્રજાને સર્વાંગે ઉન્નત અને આબાદ કરવા માટે તેણે પ્રજાજીવનનાં એકે એક અંગની તપાસ કરવા માંડી. તે આગેવાન આરબ લોકોને ઘેર જતો અને તેમની ખાત્રી કરી આપતો કે હું તમારો શત્રુ નહિં પણ શુભેચ્છક છું, તમારા ધર્મમાટે મને ઘણું માન છે, તમારા હક્ક જાળવવાનો મારો નિશ્ચય છે અને મિસર દેશની નષ્ટપ્રાય થએલી અસલી કીર્તિ પાછી ઝળકી નીકળે તે જોવાને હું ઘણો આતુર છું. તે કહેતો કે હું મિસરનો રાજા કે માલિક નથી. તેણે **ત્યાંનું રાજ્યતંત્ર સર્વાંશે ત્યાંના વતનીઓના હાથમાં રહે એવા ધોરણ ઉપર સુવ્યવસ્થિત કરી દીધું.** તેણે રૈયતનો વિશ્વાસ અને સન્માન સંપાદન કરી લીધાં. કાયદાઓ ઘડવા માટે તથા રાજ્યવહીવટને માટે તેણે કૈરોના આગેવાન લોકોની એક પરિષદ્ બોલાવી અને રાજ્યના જૂદા જૂદા પ્રાંતોમાં એવી ઉપસભાઓની યોજના કરી અને દરેક ઉપસભા પ્રજાકીય પરિષદ્‌માં પોતપોતાના પ્રતિનિધિઓ મોકલે એવું બંધારણ ઘડયું. લોકોમાં યૂરોપનાં જ્ઞાન અને હુન્નરકલાનો ફેલાવો કરવા માટે મિસરના સુપ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયનો પુનરુદ્ધાર કર્યો. ત્યાંના કેટલાક વિદ્વાનોને મિસરનો શુદ્ધ નકશો તૈયાર કરવાનું કામ સોંપ્યું. કેટલાકને દેશની કુદરતી પેદાશોની તપાસ કરી, તેને કેવી રીતે ખીલવી શકાય તથા દેશની આર્થિક સ્થિતિમાં સુધારો થઇ શકે તેની યોજના ઘડવાનું કામ સોંપ્યું, કેટલાક વિદ્વાનોને દેશનાં પ્રાચીન ખંડિયેરોને લગતી શોધખોળ કરીને દેશના ઇતિહાસ ઉપર નવો પ્રકાશ પાડવાનું કામ સોંપ્યું. કેટલાક વિદ્વાનોને લોકોની સામાજિક હાલતનો અભ્યાસ કરવાનું કામ સોંપ્યું. એ ઉપરાંત તેણે નવાં નવાં કારખાનાંઓ ઉઘાડયાં, રસ્તાઓ બંધાવવા માંડયા, નહેરો ખોદાવી, કાપડ વણવાની મીલો ઉભી કરી અને ખેતીવાડીમાં ઘણો સુધારો કરાવ્યો.

નેપોલિયનની વિશાળ યોજનામાં કેવી કેવી બાબતોનો સમાવેશ થતો હતો તેનો ખ્યાલ તેણે વિશ્વવિદ્યાલયના પંડિતો આગળ રજૂ કરેલી કેટલીક કામગીરીઓ ઉપરથી સારી રીતે આવી શકે છે. પવનચક્કી અને જળચક્કીઓની સારામાં સારી રચના શોધી કહાડો. દ્રાક્ષના વાવેતર માટે અનુકૂળ પ્રદેશ નક્કી કરો; કૈરો નગરને માટે પાણી પૂરૂં પાડવાના ઉપાય નક્કી કરો; રણના જૂદા જૂદા ભાગમાં કૂવા ખોદાવવા માટે જગ્યાઓ મુકરર કરો, નાઇલના પાણીને ઠંડું કરવાના અને તેનું બરફ બનાવવાના ઉપાય શોધી કહાડો, કૈરો નગરમાં તેમજ બીજાં શહેરોમાં જે કચરો

એકઠો થએલો છે તેનો નફાકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે વિષે વિચાર કરો; બંદુકનો દારૂ બનાવવાનાં દ્રવ્યોની શોધ કરો; ઇજનેરો, નકશા દોરનારાઓ અને વિજ્ઞાનીઓ આખા મિસર દેશમાં બધે ફરી વળવા લાગ્યા. આલેક્ઝાંડ્રિયા, કેરો, રોઝેટા વગેરે શહેરોની સંચાથી ચાલતી ઘંટીઓમાં ઝીણો લોટ દળાવા લાગ્યો. રોટલી બનાવવાનાં કારખાનાં સ્થપાવાથી રોટલી પણ સસ્તે ભાવે વેચાવા લાગી. સાર્વજનિક દવાખાનાંઓ સ્થપાયાં અને એક એક દરદીને માટે એક એક જૂદી પથારી રાખવામા આવી. સુરોખાર અને બંદુકનો દારૂ બનાવવાનાં કારખાનાં ધમધોકાર ચાલવા લાગ્યાં. સંચાને લગતો લોખંડનો સામાન બનાવવાની તથા જાતજાતનાં બીબાં બનાવવાની "ફાઉન્ડ્રીઓ" સ્થપાઇ. જૂદા જૂદા પ્રકારના પરચુરણ ઉદ્યોગ ખીલવા લાગ્યા. યૂરોપ અને મિસર વચ્ચે જ્ઞાનનો પરસ્પર વિનિમય થવા માટે ફ્રેન્ચ અને અરબી બેઉ ભાષાઓનાં સાહિત્ય પ્રકટ કરવા માટે એક છાપખાનું સ્થાપ્યું. ઉદ્યોગના દરેકે દરેક વિભાગમાં નહિ માની શકાય એવી અદ્‌ભુત ચેતના આવી ગઈ. નેપોલિયનની બુદ્ધિ, જે કદિ શ્રમને લેખવતીજ નહિ અને કાર્યનો પ્રસંગ ઉભો થતાં પૂર જોસથી ભભૂકી નીકળતી તે આ પ્રમાણે મિસર દેશના કલ્યાણને માટે તમામ કાર્યોની પ્રેરણા અને પરિચાલના કરી રહી.

અનેક સૈકા થયાં અજ્ઞાન અને નિષ્ક્રિય થઇ પડેલા મિસર માટે આ ઘણો શુભ અવસર હતો. તેની ભાગ્યરેખા બદલાવા લાગી હતી, અને જો આ પ્રમાણે થોડાક વખતસુધી આવી પ્રવૃત્તિ ચાલુ રહી હોત તો એ દેશ આજે જે અધમ હાલતમાં છે તેવી હાલતમાં હોત નહિ. રાતા સમુદ્ર અને કેરો નગર વચ્ચે લાંબી નહેર ખોદાવવાનો અને સુએજ આગળ ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડી દેવાને બીજી નહેર ખોદવાનો માર્ગ નકકી કરવામાં આવ્યો તથા તેમના ખર્ચનો અંદાજ પણ ગણવામાં આવ્યો. આ કાર્યમાં બે કરોડ અને પાંચ લાખ ફ્રૅન્કના ખર્ચની અને બે વર્ષની મહેનતની જરૂર હતી. જો એ કાર્ય પૂર્ણ થયું હોત તો આજે જે જાહોજલાલી સંયુક્ત રાજ્યોમા મિસિસિપ્પી અને ઓહિયો નદીને કિનારે આવેલા પ્રદેશ ભોગવે છે તેવીજ જાહોજલાલી મિસરવાસીઓ પણ ભોગવી શકત. પણ એ સુખ તેના પ્રારબ્ધમાં નિર્માણ થયું ન હતું.

આરબ લોકો તો નેપોલિયનનું વર્તન જોઇને ચકિતજ થઇ ગયા! તેની પાસે અદ્‌ભુત સૈનિકબળ છતાં તે કેવો દયાળુ અને નિઃસ્વાર્થી હતો! આવી ઉદાર વર્તણુકનો તેમને કદિ અનુભવજ ન હતો. તેઓ બિચારા નેપોલિયનનો શુભ આશય સમજવાને અસમર્થ હોવાથી તેમને આ સઘળું અજાયબ જેવુંજ લાગતું. તેમની સ્ત્રીઓ ઉપર જુલ્મ તો શું પરંતુ તેમને અપમાન પણ કરવામાં આવ્યું નહિ. તેમની માલમિલ્કતને સ્પર્શ પણ કરવામાં ન આવ્યો. એટલુંજ નહિ પણ ત્રીશ હજાર

યૂરોપવાસીઓ તેમના સુખને માટે, તેમના દેશની સુધારણાને માટે પરિશ્રમ લેતા હતા. તે બધું જોઇને મિસરવાસીઓ નેપોલિયનને **પેગંબરનો સુપાત્ર પુત્ર અથવા અલ્લાહનો પ્રેમપાત્ર** કહે એમાં નવાઇ પણ શી? તેના તરફ તેમની ભક્તિ એટલી હદસુધી વધી ગઇ કે મસ્જિદોમાં જાહેર પ્રાર્થના વખતે પણ તેના ગુણગાન થવા લાગ્યાં. તેઓ નિમાજ વખતે બોલવા લાગ્યા કે:—સમુદ્ર માર્ગનાં જોખમમાંથી અને શત્રુઓના વૈરમાંથી તેને સહિસલામત રાખનાર કોણ? તે અલ્લાહ—મહાન અલ્લાહ છે. પશ્ચિમના બહાદૂર પુરુષોને નાઇલને કિનારે ક્ષેમકુશળ લાવનાર કોણ? તે અલ્લાહ છે. મામેલુક લોકોએ તેમના ઘોડાઓ ઉપર, બળવાન પાયદળ ઉપર, અને તોપો ઉપર વિશ્વાસ રાખ્યો હતો પણ વિજયલક્ષ્મીના આ માનીતા પુત્રે તેમના સૈન્યને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યું. જેમ પ્રભાતના સૂર્યનાં કિરણ ધુમસનો નાશ કરી નાખે છે તેમ આ બહાદૂર લોકોએ મામેલુક સૈન્યનો નાશ કરી નાખ્યો કારણ કે તેઓ અલ્લાહના પ્યારા છે."

લોકોની પ્રીતિ મેળવવા તથા તેમના જાતીય લક્ષણનો વધારે પરિચય મેળવવા માટે નેપોલિયન તેમની ધર્મક્રિયાઓમાં તથા જાહેર ઉત્સવોમાં ભાગ લેતો. સ્થાનિક રાજ્યતંત્ર તો આગેવાન આરબોના હાથમાંજ તેણે સોંપી દીધું હતું; તોપણ તેઓ નિષ્પક્ષપાતપણે કાયદાઓનો અમલ કરે તે વિષે તે ખાસ કાળજી રાખતો હતો. ઘણાજ લાંબા વખતથી રણમાં પ્રવાસ કરતા વ્યાપારી કાફલાઓને લૂંટારાઓ રંજાડતા હતા. તેમને માટે તેણે સખ્ત ઉપાયો લીધા. આખા દેશમાં કોઇને પોતાના જાનમાલની ધાસ્તી રહી નહિ. ફ્રેન્ચ સિપાઇઓ પણ તેમના સેનાપતિનું અનુકરણ કરીને લોકો સાથે છૂટથી ભળવા લાગ્યા અને ઘણીવાર તેઓ તેમને ઘેર જઇને આનંદથી વાર્તાલાપ કરતા અને તેમના કામમાં મદદ પણ કરતા.

એકવાર નેપોલિયન શેખ તથા બીજા આબરૂદાર લોકો સાથે વાતો કરતો હતો એવામાં સમાચાર આવ્યા કે કેટલાક લુંટારાઓ એક ગરીબ ખેડુતનું ખૂન કરીને તેનાં ઢોર હાંકી ગયા છે. નેપોલિયને તરતજ ત્રણસો સ્વાર અને બસેં ઉંટનું લશ્કર તે બદમાસોને પકડીને શિક્ષા કરવા મોકલી દેવાનો હુકમ કર્યો. આ સાંભળીને એક શેખે કટાક્ષમાં કહ્યું કે "શું તે ખેડુત તમારો સગો ભાઈ હતો કે તેના મરણથી તમને આટલું લાગી આવે છે?" નેપોલિયને જવાબ દીધો કે "**તે ખેડુત મારા ભાઈ કરતાં પણ વધારે હતો.** તેનું રક્ષણ કરવાનું કામ ઈશ્વરે મને સોંપ્યું હતું." આ જવાબથી શેખ આભો બની ગયો. તેણે કહ્યું "**તમે તો ઇશ્વરના પ્રેરિત પેગંબરની માફક બોલતા જણાઓ છો.**"

તુર્કસ્તાનના સુલતાનની ઉશ્કેરણીથી નેપોલિયનનું ખૂન કરવાની ઘણીવાર કોશેશ કરવામાં આવી હતી, પણ પુત્રો પોતાના પિતાનું જેટલી કાળજીથી રક્ષણ કરે તેટલીજ કાળજીથી મિસરવાસીઓએ તેમના વહાલા નેપોલિયનના જાનનું રક્ષણ કર્યું, અને

કાવત્રાખોરની બાજી વ્યર્થ ગઇ.

આવી અદ્‌ભુત ફતેહના આનંદમય અવસરની વચમાં ફ્રેન્ચ સૈન્ય ઉપર એક અણધાર્યો, નહિ રૂઝવી શકાય એવો કારી ઘા પડયો. અબુકરના ઉપસાગર આગળ તમામ ફ્રેન્ચસેના વહાણમાં ઉતરી રહે એટલે તરતજ વહાણોને સલામતીભરેલી જગ્યાએ લઈ જવાનો નેપોલિયને હુકમ કર્યો હતો; પણ ફ્રેન્ચ નાકા સેનાધિપતિ નેપોલિયનની સલામતી માટે ઘણીજ કાળજી રાખતો હતો તેથી તેણે વિચાર્યું કે આવા અજાણ્યા અને દૂરના પ્રદેશમાં તેની સ્થિતિ તદ્દન નિર્ભય છે એવા સમાચાર ન મળે ત્યાંસુધી વહાણને અહિંને અહિંજ રાખવાં જોઇએ; કેમકે કદાચ તેનો પરાજય થાય તો તે પોતાના વહાણની મદદથી સ્વદેશ જઇ શકે. આવા વિચારથી તેણે મોટાં મોટાં વહાણને અબુકરના ઉપસાગરમાંજ રહેવા દીધાં હતાં. માત્ર નાનાં વહાણનેજ અલેક્ઝાન્ડ્રિયાના બંદરમાં મોકલાવ્યાં હતાં. નેપોલિયનને આ વાતની ખબર પડતાંજ તેણે દોડતે ઘોડે સંદેશો કહાવ્યો કે એકદમ વહાણને અલેક્ઝાંડ્રિયાના બંદરમાં દાખલ કરી દેવાં. પણ આ સ્વારને માર્ગમાં ઝનુની આરબ લોકોએ ઠાર કર્યો અને કદાચ તે જીવતો પહોંચ્યો હોત તોપણ વખતસર તો જઇ શકતજ નહિ.

એ દરમ્યાન અંગ્રેજ નૌકાસેનાધિપતિ નેલ્સનને સમાચાર મળ્યા કે ફ્રેન્ચો મિસર દેશમાં દાખલ થઇ ચૂકયા છે; એટલે તરતજ તે ફ્રેન્ચોનાં વહાણને શોધતો અબુકરના ઉપસાગર પાસે આવી પહોંચ્યો, અને તમામ ફ્રેન્ચ કાફલાને પોતાનાં સંખ્યાબંધ વહાણોવડે ઘેરી લીધો. તેણે એવી તદ્દન નવી અને સાદી પદ્ધતિથી યુદ્ધની શરૂઆત કરી કે તેનો વિજય થશે એ વાત પહેલીજ પળે જાહેર થઇ ગઇ. શત્રુને છૂટા પાડીને તેમના અમુક ભાગ ઉપર એકસામટો હલ્લો કરી પોતાની મોટી સંખ્યાના બળથી તેનો પરાભવ કરવાની નેપોલિયનની રીત નેલ્સને નૌકાયુદ્ધમાં ગ્રહણ કરી. આથી કરીને એકએક ફ્રેન્ચ વહાણની સામે બબ્બે અંગ્રેજ વહાણ આવી ગયાં. તેના એક અમલદારે હર્ષમાં આવીને કહ્યું કે “ આપણે જીતીશું તો જગત્‌માં આપણે માટે શું બોલાશે ? ” નેલ્સન કહે, “ અહિં ‘ તો ’ શબ્દ છેજ નહિ. આપણે જીતવાનાજ. ” અને થયું પણ તેમજ.

ફ્રેન્ચો ઘેરાયલા સિંહોની માફક મરણીઆ થઇને લઢયા. પંદર કલાકસુધી તેમણે પોતાનાથી સંખ્યામાં બમણા દુસ્મનો સાથે લાગલાગટ ટક્કર લીધી. રાત્રિનો ઘોર અંધકાર છવાઇ રહ્યો હતો અને તેની અંદર સળગતાં વહાણોના ભડકા જવાળામુખીનો દેખાવ આપતા હતા. સમુદ્ર ઉપર કદિ આવી ખૂનખાર અને ભયંકર લડાઇ ભાગ્યેજ થઈ હશે. રાતના અગીઆર વાગે નેપોલિયનનું ગંજાવર ઓરિયન્ટ વહાણ સળગી ઉઠયું. તેની અંદર હજારો મણ દારૂખાનાનો ભંડાર હતો. તેને આગ લાગતાં એવો પ્રચંડ ધડાકો થયો કે બેઉ પક્ષનાં વહાણ કંપવા લાગ્યાં અને ખલાસીઓ

એવા દિંગમૂઢ થઈ ગયા કે થોડી વારસુધી યુદ્ધ બંધ રહ્યું અને સર્વત્ર શ્મશાનવત્ ભયંકર શાંતિ ફેલાઇ ગઈ. પણ રાત્રિના ઘોર અંધકારમાં પાછી ભયાનક જાદવાસ્થળી મચી રહી. સવાર થઈ તોપણ યુદ્ધ શમ્યું નહિ. આખરે બપોર થયા ત્યારે ફ્રેન્ચ કાફલાનો પૂરેપૂરો વિનાશ થઈ ગયો. તેમનાં માત્ર ચારજ વહાણ નાસી છૂટયાં. નેલ્સનનાં વહાણને ઘણું નુકસાન થયું હતું તેથી તેનાથી તેમની પૂંઠ લેવાઇ નહિ.

લડાઇની શરૂઆતમાંજ **ફ્રેન્ચ નોકાસેનાધિપતિ તોપના ગોળાથી ચીંથાઈ ગયો, તોપણ તે તુતક પરથી ખસ્યો નહિ.** તેણે કહ્યું કે "સેનાધિપતિએ તો યુદ્ધ કરતાં કરતાંજ પ્રાણત્યાગ કરવો જોઇએ." નેલ્સનને પણ જખમ લાગ્યો હતો, પણ **બીજા ઘવાયલા ખલાસીઓને પાટા બાંધવામાં આવે ત્યાર પહેલાં પોતાની સારવાર કરવાની ડૉક્ટરોને તેણે મના કરી.**

લશ્કરની ખોરાકી તથા બીજાં સામાનથી ભરેલાં ફ્રેન્ચ વહાણ અલેક્ઝાંડ્રિયાના બંદરમાં સલામત રહ્યાં. નેલ્સનથી ત્યાં જવાય એમ ન હતું. સમુદ્રમાં ઘણા માઈલ સુધી ભાંગેલાં વહાણના ટુકડા અને સિપાઇઓનાં કપાયલાં, વિરૂપ થએલાં મુડદાં તરવા લાગ્યાં. માત્ર એકજ મહિનાની વાતપર જે ભવ્ય ફ્રેન્ચ કાફલો ટુલોનથી નીકળીને અહિં આવ્યો હતો તે હતો ન હતો થઇ ગયો. અંગ્રેજોનાં એક હજાર અને ફ્રેન્ચોનાં પાંચ હજાર માણસો મરાયાં અને ત્રણ હજાર કેદ પકડાયાં.

ફતેહ પૂરેપૂરી થઇ રહ્યા પછી નેલ્સને દરેક વહાણના ખલાસીઓને એકઠા થઇને પ્રાર્થના કરવાની આજ્ઞા કરી. મનુષ્યનું હૃદય કેવા વિચિત્ર પ્રકારનું છે? ફ્રાન્સની પ્રજાને પ્રજાસત્તાક રાજ્યતંત્રનો ત્યાગ કરીને રાજાની સત્તાનો સ્વીકાર કરવાની ફરજ પાડવાના હેતુથી ઇંગ્લંડ તમામ સુધરેલા પ્રદેશોને લડાઇઓથી રંજાડી રહ્યું હતું; છતાં આ ખૂનખાર લડાઈ પછી જ્યારે હજારો પ્રભુનાં બાળકોનાં કપાયલાં છુંદાયલાં મુડદાં સમુદ્ર ઉપર રઝળતાં હતાં તે વખતે પણ જાણે કશું પાપ કર્યુંજ નથી તેમ ઠંડે કલેજે, ખુલ્લા દિલથી વિજયને માટે ઈશ્વરનો આભાર માનવાને પ્રાર્થના કરવામાં આવી! ઇંગ્લંડમાં પણ હજારો ભક્તિમાન (!) આત્માઓએ આ ફતેહને માટે ઈશ્વરના આભારસૂચક પ્રાર્થના કરી!

આ પ્રમાણે ઇતિહાસમશહુર નાઇલ નદીનું યુદ્ધ પૂરૂં થયું. તેમાં ઇંગ્લંડનો પૂરેપૂરો વિજય થયો હતો. તેના યોદ્ધાઓનું આ પરાક્રમ તેને ગર્વ ઉપજાવે એવું હતું; પરંતુ કહેવું જોઇએ કે માનવજાતિના શ્રેયને વધારેમાં વધારે હાનિ કરે એવું યુદ્ધ જો જગત્માં થયું હોય તો તે આજ યુદ્ધ છે. પુનર્જીવન પામતા બિચારા મિસર દેશને તો આ લડાઈથી એક ઘણોજ કારી ઘા વાગ્યો. તેના વેરાન કિનારા ઉપર હમણાં હમણાં જ્ઞાન અને વિજ્ઞાનનો થોડો થોડો ઉજાસ થવા લાગ્યો હતો તેને ઠેકાણે પાછો મધ્યરાત્રિનો ઘોર અંધકાર છવાઇ ગયો, અને તેને પરિણામે એશિયા અને આફ્રિકાની પ્રજાઓ ઉપર નિર્દય અને જુલ્મી અધિકારની બેડીઓ પ્રથમની માફકજ જકડાઇ ગઇ.

નેપોલિયને જોઇ લીધું કે આ હારથી મારી તમામ શુભ આશાઓ ધૂળમાં મળી ગઇ; યૂરોપની સાથેનો મારો સંબંધ તૂટી ગયો; હવે ત્યાંથી લશ્કરી સામગ્રી આવી શકવાની નથી અને જરૂર પડે તોપણ સ્વદેશ જવાય એમ નથી; હવે મિસર દેશમાં તે વાસ્તવિકરીતે તે કેદી બની ગયો છે. આવા ભયંકર સમાચાર મળ્યા છતાં પણ તેની શાંત ગંભીર મુખાકૃતિમાં નિરાશા કે ક્ષોભની એક રેખા પણ જણાઇ નહિ. લશ્કર નાહિંમત બની જાય એવો એક શબ્દ પણ તેના મુખમાંથી નીકળ્યો નહિ. ઉલટું તેણે કહ્યું, “ હવે આપણને આથી પણ વધારે મહત્ત્વનાં કામ કરવાનો ઉત્સાહ મળશે. આપણે મિસર દેશને મહાન પ્રજા બનાવી શકીશું. ”

આ ફતેહના સમાચારથી યૂરોપના તમામ રાજાઓ ખુશાલીમાં આવી ગયા. ઈંગ્લંડે નેલ્સનને ઉંચી પદવી અને ભારે ઇનામ આપ્યાં. બીજા રાજાઓ તરફથી પણ તેને ઘણાંજ ભારે ઈનામો મળ્યાં. યૂરોપ ખંડમાં રાજાઓનું જોર વધ્યું; નેપોલિયનના પ્રહારથી અધમુઇ થએલી તેમની જુલ્મગાર રાજસત્તામાં નવો જુસ્સો આવવા લાગ્યો; પરંતુ થોડા સમયથીજ સ્વતંત્ર થએલો બિચારો પ્રજાવર્ગ હતાશ થઇ ગયો. ઇંગ્લંડે ફ્રાન્સને કચરી નાખવાને નવા કોલકરારો કરવા માંડ્યા. **ઇંગ્લંડના આ પરાક્રમથી રાજાઓ પ્રફુલ્લિત થયા અને પ્રજાસત્તાક રાજ્યોની પ્રજાના મનોરથ પડી ભાંગ્યા.**

આ પરાજય ફ્રાન્સને માટે ઘણાજ સખ્ત પ્રહારરૂપ હતો. નેપોલિયને બહારથી ઉંડા શાંતિ અને ધૈર્ય બતાવ્યાં પણ મનથી તો તેને ઘણો ઉદ્વેગ થયો. પળવાર તે ઉંડા વિચારમાં પડી ગયો. અને બોલી ઉઠયો કે “ અરે હતભાગ્ય * બ્રૂ ! આ તેં શું કર્યું ? ” પણ તરતજ તેની સમયસૂચકતા અને આત્મબળ પાછાં જાગૃત થયાં. લશ્કરને હિંમત આપી, આ પરાજયથી થવાનાં તમામ દુઃખદ પરિણામ તે તરતજ કળી ગયો હતો; પરંતુ આવી ભયંકર નિરાશાને પ્રસંગે પણ તેણે પોતાનું દુઃખ વિસારે પાડ્યું અને મરનાર નૌકાસેનાધિપતિની વિધવાને તે દિલાસાનો પત્ર લખવા બેઠો. એ વાત ઉપરથી તે કેવો સહૃદય હતો તે જણાઇ આવે છે. તેના શત્રુઓ તેને નિષ્ઠુર રાક્ષસ કહે છે પણ નિષ્ઠુર માણસ અણજાણ્યે પણ પોતાની પાયમાલી કરનાર માણસની વિધવાને તેણે લખ્યો હતો તેવો અનુકંપાભર્યો પત્ર લખી શકેજ નહિ.

ફ્રેન્ચ પ્રજા એક ઘણીજ આનંદી પ્રજા તરીકે જાણીતી છે. પોતાના પ્રજાકીય સ્વભાવને લીધે ફ્રેન્ચ યોદ્ધાઓ પણ આ આફતનો ઘા થોડા વખતમાં વિસરી ગયા. યૂરોપ પાછા જવાનો માર્ગ બંધ થઇ ગયો એ વાતથી તેઓ હતાશ થયા હતા તો પણ પાછા તેઓ હતા તેવા આનંદી બની ગયા, અને નેપોલિયનને મિસરની સુધારણાના કામમાં સહાય આપવા લાગ્યા.

---

* ફ્રેન્ચ નોકાસેનાધિપતિ.

प्रकरण १३ मुं–सिरिया उपर चढाइ १७९८–१७९९

પિરામિડના યુદ્ધ પછી નેપોલિયન મિસર દેશનો કુલ માલિક બની શકયો હતો તોપણ તેને હજી ઘણું કાર્ય કરવાનું બાકી હતું. તેના માર્ગમાં હજી ઘણા વિઘ્નો હતાં અને માથા ઉપર સંકટનાં ઘોર વાદળાં ઝઝૂમી રહ્યાં હતાં. મુરાદ બે પોતાના સૈન્યના અવશેષ સાથે મિસરના ઉત્તર ભાગમાં નાશી ગયો હતો. તેને ત્યાંથી મારી હઠાવવાને નેપોલિયને જનરલ ડીસેને મોકલ્યો. તેણે તે પ્રદેશ જીતી લીધો અને ત્યાંના લોકો સાથે એવું તો દયા અને પ્રેમભર્યું વર્તન રાખ્યું કે હજી પણ એ દેશના વતનીઓ એ ભલા ફ્રેન્ચ સેનાપતિને યાદ કરે છે.

મિસરવાસીઓમાં હજી પણ મામેલુક લોકોના મિત્રો ઘણા હતા. તેઓ નેપોલિયનની સત્તા જરાક ઢીલી પડે તો તરત બળવો ઉઠાવવાની રાહ જોતા હતા. બીજી બાજુએ નાઈલની દરિયાઇ ફતેહથી ઉત્તેજિત થએલું ઇંગ્લંડ ફ્રાન્સને કચરી નાખવાને નવાં હથિયાર ઘડી રહ્યું હતું. તેના એલચીઓએ તુર્કસ્તાનના સુલતાનને ફ્રેન્ચો ઉપર આક્રમણ કરવાને ઉશ્કેર્યો અને ધન, લશ્કર, દારૂગોળો, નૌકાસૈન્ય વગેરે તમામ યુદ્ધ સામગ્રી પૂરી પાડવાનું ઈંગ્લંડે તેને વચન આપ્યું. રૂશિયાનો ઝાર પણ તેની સાથે જોડાયો. એ પ્રમાણે ઇંગ્લંડ, તુર્કસ્તાન અને રૂશિયાની ત્રિપુટિ નેપોલિયનનો વિનાશ કરવાને તૈયાર થઇ. મુસલમાનો અને ખ્રિસ્તીઓ પોતાનાં જૂનાં વેર ભૂલી ગયા અને જે પ્રજાસત્તાક રાજ્યતંત્રને તેઓ શત્રુરૂપે માનતા હતા તે રાજ્યો ઇંગ્લેંડની સાથે લઢવામાટે વેરભાવ વિસારીને બંધુભાવથી એકત્ર થયાં. કાળા સમુદ્રમાં થઈને રૂશિયાનો બળવાન કાફલો હેલિસ્પોન્ટની સામુદ્રધુની આગળ આવી પહોંચ્યો. ઈંગ્લંડનું વિજયી નૌકાસૈન્ય તેને આવી મળ્યું. આવકારની તોપોના ધડાકા તુર્કી વહાણોમાંથી થયા. કિનારા પર ભેગા થએલા હજારો ખ્રિસ્તી અને મુસલમાનોએ હર્ષનાદ કર્યા. ખ્રિસ્તીઓનો ક્રૉસ અને મુસલમાનોનો અર્ધચંદ્રાકૃતિવાળો વાવટો સાથે સાથે ફરકવા લાગ્યા. ધર્મનાં હડહડતાં વેર, રૂશિયા, ઈંગ્લંડ અને તુર્કસ્તાનના એક બીજા માટેના પ્રજાકીય વિદ્વેષ આ વખતે વિસારે મૂકાયાં; કેમકે તેઓ એક બીજાને જેટલા ધિક્કા-

રતા હતા તે કરતાં પણ ઝાર અને સુલતાનના રાજમુકુટને તેમની આપખુદી રાજસત્તાને ધાસ્તીમાં મૂકનાર ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યને વિશેષ ધિક્કારતા હતા.

તુર્કસ્તાનના સુલતાને ૨૦,૦૦૦ માણસોનું સૈન્ય એકઠું કર્યું હતું. તેને ઈંગ્લંડ અને રૂશિયાના સંયુક્ત કાફલાવડે, તેમનીજ તોપોના રક્ષણ નીચે મિસરને કિનારે ઉતરવાનું હતું. બીજું બળવાન સૈન્ય સિરિયાના રણમાં થઇને જમીન માર્ગેથી મિસરમાં દાખલ થવાનું હતું. ઈંગ્લંડે અને ફ્રાન્સના પદભ્રષ્ટ થએલા બુર્બોન વંશીય રાજાના એલચીઓએ આ સૈન્યને દારૂગોળો અને લશ્કરી ઈંજિનેરો પૂરા પાડવામાં પુષ્કળ ધનનો વ્યય કર્યો. બીજી બાજુએ યૂરોપમાં ફ્રાન્સની સાથે યુદ્ધ કરવાને, તેને ઇટાલિમાંથી મારી કહાડવાને બની શકે તો ખુદ ફ્રાન્સ ઉપરજ ચઢાઇ કરવા માટે આસ્ટ્રિયા તથા બીજાં રાજ્યો એકત્ર થયાં. આવી વિપત્તિના સમયમાં નેપોલિયનની મદદે પારિસથી સૈન્ય મોકલાવાનું અસંભવિત હતું. ફ્રાન્સની ઉપર ચારે બાજુએ તેના શત્રુઓ ટમટમી રહ્યા હતા, અને નેપોલિયન પણ તેની આસપાસ એકત્ર થએલાં બળવાન સંયુક્ત સૈન્યોને હાથે હાર ખાઇને માર્યો જશે એ વાત બધાને હવે નિઃસંદેહ લાગતી હતી.

આ પ્રસંગનો લાભ લઇ મુરાદ બેએ ભયંકર કાવત્રું રચ્યું. એક મુકરર કરેલે વખતે આખા મિસર દેશમાં જ્યાં જ્યાં ફ્રેન્ચો હોય ત્યાં બધે તેમના ઉપર એકસામટા તૂટી પડીને તેમને ખંજરથી, તલવારથી કતલ કરી નાખવાની બાજી રચાઇ, પણ જેમ જેમ વિપત્તિનું વાદળ ઘેરૂં બનતું ગયું તેમ તેમ નેપોલિયનની બુદ્ધિનો પ્રકાશ પણ જ્વલંત તેજથી ભભૂકી ઉઠયો. બળવાની શરૂઆત કેરોમાં થઇ. પણ તોપો અને બંદુકોના પ્રભાવથી બળવાખોરો વિખેરાઇ ગયા. શહેરમાં ખૂનખાર કતલ ચાલી. તોપોના ગોળાથી મસ્જિદો અને મિનારાઓના ચૂરેચૂરા થઇ ગયા અને એવો હાહાકાર મચી રહ્યો કે આખો મિસર દેશ ફ્રેન્ચોની ધાકથી દબાઇને ચૂપ થઈ ગયો. ફ્રેન્ચ સિપાઇઓની થએલી કતલનું નેપોલિયને ભયંકર વેર લીધું. તેની તોપોની ગર્જનામાંથી પ્રતિધ્વનિત થતા તેના સામર્થ્યની અસર થઇ. બળવાખોરોના હાંજા ગગડી ગયા અને પછી જ્યારે નેપોલિયન ઇંગ્લંડ અને રૂશિયાના સૈન્ય સાથે બાથ ભરવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે આખો મિસર દેશ ચૂપકીથી તમાશો જોતો બેસી રહ્યો; પણ તેની સામે માથું ઉંચકવાની હિંમત ચાલી નહિ. આવી વિપત્તિને વખતે સખ્તાઇ વાપરવાની તેને જરૂર હતી; કેમકે ત્રીશ હજાર સ્વદેશ બંધુઓની સલામતી તેને માથે હતી. જો તેણે બળવાખોરો તરફ દયા બતાવી હોત તો તેનાં અને તેના સિપાઇઓનાં હાડકાં મિસરના રણમાં રઝળી જાત. યુદ્ધ એટલે પશુતા અને કસાઈખાનાનું મોટા પાયા ઉપર રચાયલું પ્રદર્શન છે. ઈંગ્લંડનો સેનાપતિ ડ્યૂક ઑફ વેલિંગ્ટન એક પ્રસંગે કહે છે કે “કોમળ લાગણીવાળા માણસને યોદ્ધાના કાર્યમાં માથું મારવાનો હક્કજ નથી.”

આ વાતમાં ઘણુંજ સત્ય છે. એકવાર યુદ્ધ શરૂ કર્યા પછી અનિચ્છાએ પણ ક્રૂરતા વાપર્યા વગર ચાલતુંજ નથી. તોપના ગોળા વરસાવતાં પ્રેમ અને દયાને તિલાંજલિ આપવીજ પડે છે. ઘોડેસ્વારનો ધસારો વગર જુસ્સાએ થઈ શકતોજ નથી. એકવાર શહેર ઉપર ગોળા ફેંકવા માંડયા કે પછી તે કુમળા બાળક ઉપર કે નિર્દોષ કુમારિકા ઉપર પડે છે તેનો વિચાર કરવાનો અને એવા નિર્દોષ આત્માઓને વ્યથા ન થાય તેની કાળજી રાખવાનો અવકાશજ હોતો નથી. યુદ્ધની સાથે વળગેલાં આ પરિણામો અનિવાર્ય અને ભયંકર છે પણ જ્યાંસુધી મનુષ્ય પ્રજા પરસ્પર યુદ્ધ કરવુંજ નહિ એવો સંકલ્પ નહિ કરે, ત્યાંસુધી આવી પૈશાચિક ક્રૂરતા જગત્ ઉપર ચાલ્યાજ કરવાની.

૧૭૯૯ ના જાનેવારીમાં સમાચાર મળ્યા કે એક બળવાન તુર્કી લશ્કર જેને ઈંગ્લંડે યુદ્ધ સામગ્રી અને દારૂગોળો પૂરાં પાડયાં હતાં તેણે સિરિયાના રણની સીમા ઉપર આવેલા મિસર દેશના એલ આરિસ નામના ગામનો કબજો લીધો છે, અને અંગ્રેજ નૌકાસૈન્ય તેમને પૂરતી મદદ આપે છે. નેપોલિયને વગર વિલંબે આ સૈન્ય ઉપર આક્રમણ કરવાનો ઠરાવ કર્યો. તેને દોઢસો માઇલના વિસ્તારવાળા રણમાં થઇને પસાર થવાનું હતું પરંતુ તેનો નિશ્ચય ડગ્યો નહિ. સિરિયાનો અત્યંત જુલ્મી પાદશાહ જેને તેની ક્રૂરતાને લીધે "એકમેટ કસાઇ" એવું નામ મળ્યું હતું તેની ખ્રિસ્તી રૈયત તેના અત્યાચારથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારતી હતી તેથી નેપોલિયનને એવી આશા હતી, કે જો એકવાર એ પ્રદેશમાં જવાય તો હજારો ખ્રિસ્તીઓ તેના સૈન્યમાં જોડાય અને તેમની મદદથી પોતે મુલકને જીતતો જીતતો ઠેઠ હિંદુસ્તાનસુધી પહોંચી જાય; અને હિંદુસ્તાનમાંથી ઈંગ્લંડના અધિકારની જડ ઉખેડી નાખે. આવા અત્યંત સાહસિક કાર્યને માટે તે માત્ર દશ હજાર માણસો લઇને જવા તૈયાર થયો, અને પાંચ દિવસ અત્યંત કલેશ વેઠીને આખું રણ ઓળંગીને એલ આરિસ સુધી પહોંચી ગયો. તે નાનું પણ મજબૂત કિલ્લેબંદી શહેર હતું. આસપાસનાં ગામડાંઓની રૈયતનો દેખાવ અત્યંત કંગાલિયત અને અધમતા સૂચવતો હતો. નેપોલિયન ત્યાં મધરાત્રે આવી પહોંચ્યો અને તુર્ક યોદ્ધાઓ તોપોના ધડાકા અને પ્રાણઘાતક ગોળાઓના વરસાદથી જાગી ઉઠયા. તેમણે યુદ્ધ તો કર્યું પરંતુ ફ્રેન્ચોના પરાક્રમ આગળ તેમના હાથ નીચે પડયા, અને તેઓ જીવ લઇને નાઠા. કિલ્લામાં બે હજાર તુર્ક સિપાઇઓ હતા તેઓ કેદ પકડાયા. હવે આ કેદીઓની શી વ્યવસ્થા કરવી તે એક મોટો સવાલ થઇ પડયો. નેપોલિયનના પોતાના સિપાઇઓનેજ પેટપૂરતું અન્ન મળતું ન હતું તેમાં આ બે હજાર કેદીઓને ખવરાવવું શું ? તેના લશ્કરની સંખ્યા શત્રુની સંખ્યાની સાથે સરખાવતાં એટલી નજીવી હતી કે આ કેદીઓ ઉપર જાપ્તો રાખવાને માણસો લાવવા ક્યાંથી ? અને મુશ્કેલીનો વખત આવતાં તેઓ બળવો ન કરે તેનો શો ભરોંસો ? તેમના વચન ઉપર તેમને છૂટા મૂકવા એ પણ સલાહભરેલું ન હતું; કારણ કે તેઓ

તરતજ તુર્કસેનામાં જોડાઇ જાય અને તેમની સંખ્યા જે અનેકગણી વધારે તો હતીજ તેમાં વિશેષ વધારો કરે. નેપોલિયનની જગ્યાએ બીજો માણસ હોત તો આ બે હજાર નિઃશસ્ત્ર કેદીઓની કતલ કરાવત પણ તેના દયાળુ અને ઉદાર હૃદયને આ પગલું ઘણુંજ પૈશાચિક લાગ્યું. તેથી તેણે કેદીઓ પાસેથી એવું વચન લીધું કે અમે કદિ ફ્રેન્ચોની સામે શસ્ત્ર ધારણ કરીશું નહિ અને એટલુંજ કહીને તેમને છોડી મૂકયા. દગાબાજ તુર્કો તેના ભોળપણને હસવા લાગ્યા. તરતજ તેઓ "કસાઇ" ના સૈન્યમાં ભળી ગયા અને તેમને જીવનદાન આપનાર નેપોલિયનના સૈન્યનો વિનાશ કરવામાં સહાયભૂત થયા.

ફ્રેન્ચ સૈન્યે ત્યાંથી આગળ વધીને સિરિયાના ગાઝા શહેર તરફ પ્રયાણ કર્યું. થોડાજ દિવસમાં તેઓ તે શહેરની નજીક આવી પહોંચ્યા. અહિં તેમનો બીજી તુર્ક સેના સાથે ભેટો થયો. એ સેનાનો નેતા "કસાઇ" પોતે હતો. તોપણ ફ્રેન્ચ સેનાના પ્રચંડ ધસારા આગળ તુર્કોથી ઉભા રહેવાયું નહિ. તેમનો પરાજય થયો અને તેમની તમામ યુદ્ધ સામગ્રી ફ્રેન્ચોના હાથમાં આવી. પણ આ નાના સરખા બહાદૂર સૈન્યના માથા ઉપર બીજાં વિપત્તિનાં વાદળાં ઝડપથી એકઠાં થવા લાગ્યાં હતાં.

ઇંગ્લંડ તેના અજય્ય નૌકાબળની મદદથી લશ્કર, દારૂગોળો, યુદ્ધસામગ્રી, યૂરોપિયન ઇજનેરો વગેરે સિરિયાના કિનારા ઉપર ઉતારતું અને નેપોલિયનને આગળ વધતો અટકાવવાને બનતી સહાય આપતું હતું. તુર્ક અને રૂશિયન કાફલા બધા કિનારા ઉપર ભ્રમણ કરી રહ્યા હતા અને તેથી કરીને નેપોલિયનને અલેક્ઝાન્ડ્રિયાથી ખોરાકી તથા બીજી સામગ્રી મળતી અટકી ગઇ હતી. ત્રીશ હજાર તુર્ક લોકોનું બળવાન ઘોડેસ્વાર અને પાયદળ સૈન્ય દમાસ્કસમાં ભેગું થયું હતું અને સિરિયાની એકેએક ખીણમાંથી હજારો ઝળકતી તલવારવાળા તુર્કો તુર્કસેનાની સંખ્યાનો વધારો કરતા હતા. બળવાન શત્રુની સામા નેપોલિયન દશજ હજાર માણસો લઇને નિડરપણે આગળને આગળ દોડયો જતો હતો. તેનો જરૂર વિનાશ થશે એવી તેના શત્રુઓને તેમજ મિત્રોને ખાત્રી થઇ હતી. હવે તે પ્રાચીન જાફા નગરની દિવાલો પાસે આવી પહોંચ્યો. તેની પાસે ભારે તોપો ન હતી. તેણે અલેક્ઝાન્ડ્રિયાથી થોડી તોપો મંગાવી હતી પણ માર્ગમાં અંગ્રેજ નૌકાઓએ તેમને પકડી લીધી હતી. તેની આસપાસ ચારે દિશાએથી શત્રુસૈન્યનો જમાવ થતો જતો હતો. દરિયાકિનારો તેમનાં વહાણોથી છવાઇ ગયો હતો અને ચારે દિશાએથી દોડી આવતા ઘોડેસ્વારોથી ધરતી ધ્રૂજી રહી હતી. તેનો બચાવ માત્ર તેની ત્વરામાંજ હતો; શત્રુઓ ભેગા થાય ત્યાર પહેલાં તેમને છૂટા છૂટા પકડી પકડીને પરાસ્ત કરવા એજ માત્ર બચવાનો ઉપાય હતો. તેણે તરતજ જાફા ઉપર હલ્લો કર્યો. દિવાલ તોડીને ફ્રેન્ચો અંદર દાખલ થયા. નાહક મનુષ્યહત્યા ન થાય એવા હેતુથી તેણે જાફાના સુબાને તાબે થવા ફરમાવ્યું. પણ તે જંગલી તુર્કે સંદેશો

લાવનાર માણસનું ખૂન કરાવી તેનું લોહીથી નીંગળતું માથું એક બૂરજ ઉપર લટકાવ્યું. ફ્રેન્ચોનાં લોહી ઉકળી ગયાં. ઉશ્કેરાયલા વાઘની માફક તેઓ તુર્કો ઉપર તૂટી પડયા. શેરીએ શેરીએ હાહાકાર મચી રહ્યો. નેપોલિયનથી આ કસાઇખાનું દેખી ખમાયું નહિ. તેણે પોતાનાં માણસોને ખામોશી રાખવાનો ઉપદેશ કર્યો.

જાફા નગર ફ્રેન્ચ સેનાના હાથમાં આવ્યું. કેદ પકડાયલા સિપાઇમાં પેલા દગાખોર તુર્ક લોકો જેમને એલ આરિસમાં જીવનદાન આપીને નેપોલિયને છોડી મૂકયા હતા તેઓ પણ જોવામાં આવ્યા. નેપોલિયન તેમને જોઈને ઘણી મુંઝવણમાં પડી ગયો. તેઓને છોડી મૂકતાં તેઓ ફરીથી યુદ્ધ નહિ કરે તેની શી ખાત્રી ? હવે એમનું કરવું પણ શું ? જીવતા રાખીને તેમને ખવડાવવું શું અને તેમના ઉપર જાપ્તો પણ શી રીતે રાખવો ? છેવટે આ સવાલનો નિર્ણય કરવાનું કામ તેણે સેનાપતિઓની સભાને સોંપ્યું. તેઓ ત્રણ દિવસસુધી ઘણો વિચાર કરીને એવા ઠરાવ પર આવ્યા કે તેમને મારી નાખ્યા વગર છુટકોજ નથી. નેપોલિયને પ્રથમ તો આ ઠરાવ નામંજુર રાખ્યો પણ આખરે નિરુપાયે તેને આ રસ્તો લેવો પડયો અને તે એવચની લુચ્ચાઓને ગોળીથી મારવામાં આવ્યા. આ કૃત્ય નેપોલિયનના ચારિત્ર્ય ઉપર એક કાળું કલંક છે એમ તેના વિરોધીઓ પૂરવાર કરવા મથે છે. તેના જવાબમાં નેપોલિયને પોતે એકવાર કહ્યું હતું કે હું જેવી વિપત્તિમાં હતો તેવી વિપત્તિમાં ફ્રેન્ચ સૈન્યના સંરક્ષણને માટે એવું પગલું ભર્યા વગર મારે છુટકોજ ન હતો. **મારા સિપાઇઓ અને મારા પુત્રો જેવા વહાલા હતા** અને દરેક સેનાપતિએ એમજ સમજવું જોઇએ. તેમના પ્રાણ રક્ષણની જવાબદારી મારે શિર હતી. તુર્ક લોકોએ કેદીઓ તરફ દયા બતાવી નથી. તેમણે મારો સુલેહનો સદેશો લાવનારની પણ કતલ કરી હતી. જે કામ મેં કર્યું તે કામ આવા સંજોગોમાં વેલિંગ્ટન કે બીજો કોઈ પણ સેનાપતિ કર્યા વગર રહેતજ નહિ."

આ કૃત્યવિષે ભવિષ્યની પ્રજા ગમે તે તુલના કરે પણ એટલું તો ઉઘાડુંજ છે **કે નેપોલિયનને ક્રૂરતા પ્રિય ન હતી.** યુદ્ધને અંગે જે ઘાતકીપણું નાઇલાજે કરવું પડે છે તેમાંનું આ એક હતું. યુદ્ધ એક અસભ્ય જાતિની પ્રવૃત્તિ છે અને તેને અંગે આવા દગાખોર તો શું પણ નિર્દોષ માણસોને પણ અવર્ણનીય વ્યથા થયા વગર રહેતી નથી. આ કેદીઓને નેપોલિયને જીવતા છોડી મૂકવા હતા એમ જેઓ કહે છે તેઓ એમ પણ શા માટે નથી કહેતા કે નેપોલિયને લડાઇ બંધ કરવી હતી, તુર્ક લોકોને તાબે થવું હતું અને ઈંગ્લંડ, રૂશિયા આસ્ટ્રિયા તેના દેશને જે અપમાન પહોંચાડતા હતા તે ખમી લેવું હતું ! ઇંગ્લંડ ફ્રાન્સનાં શહેરો ઉપર તોપોના ગોળા વર્ષાવતું હતું, તેનાથી હજારો કુમળાં બાળકો, અને સ્ત્રીઓની હત્યા થતી હતી, યુરોપના રાજાઓ એકત્ર થઇને ફ્રાન્સને તેના પ્રજાપીડક પદભ્રષ્ટ થયેલા

રાજાનેજ પાછો તખ્તનશીન કરવાની ફરજ પાડવા માગતા હતા તો તેના બદલામાં નેપોલિયન હિંદુસ્તાન તરફ જવા મથતો હતો; કેમકે સમુદ્રથી અને બળવાન નૌકાસૈન્યથી સુરક્ષિત રહેલા ઇંગ્લંડ ઉપર પ્રહાર કરવાનું તે એકલુંજ સ્થળ હતું. ન્યાયની દૃષ્ટિએ જોતાં આ યુદ્ધની તમામ જવાબદારી લડાઇ ઉભી કરનાર પક્ષને માથે છે અને પોતાનો બચાવ કરનાર ફ્રેન્ચોને શિર નથી.

બ્રિટિશ પાર્લામેન્ટમાં તેમજ પ્રજાસમસ્તમાં એક બળવાન પક્ષ હતો. તેઓ સ્વતંત્રતા અને રાજનૈતિક સુધારણાના હિમાયતીઓ હતા. તેઓની સહાનુભૂતિ ફ્રેન્ચો તરફ હતી. આ લડાઈ ગેરવાજબી અને રાજનીતિવિરુદ્ધ છે એવા સખ્ત પોકાર તેઓ ઉઠાવતા હતા. પણ રાજા અને ઉમરાવોના વગવસીલા આગળ તેમનું ચાલ્યું નહિ. અને ફ્રેન્ચો ઇંગ્લંડની જોહુકમીને સહેલાઇથી તાબે થાય એવા ન હતા તેથી યૂરોપમાં અને તેની સાથે સંબંધ ધરાવતા તમામ દેશોમાં મનુષ્યરક્તની નદીઓ વહેવા પામી. એક અંગ્રેજ ઇતિહાસકાર લખે છે કે "તેઓને જીવતા છોડી મૂકવા એજ સહેલામાં સહેલો માર્ગ હતો." એનો અર્થ એટલોજ કે ફ્રેન્ચોએ લઢવું ન હતું અને ઇંગ્લંડની આજ્ઞાને તાબે થવું હતું. તે સમયની લોકસ્થિતિ જોતાં, ખુદ ઈંગ્લંડનાજ પ્રજાવર્ગનો લોકમત જોતાં ફ્રાન્સને પોતાને મનગમતું રાજ્યતંત્ર પસંદ કરવા દેવું એજ ઇંગ્લંડને માટે સહેલામાં સહેલો માર્ગ હતો." પણ જો તેમ કરવા દેવામાં આવે તો ત્યાંના (ઈંગ્લંડના)રાજકર્તાનું સિંહાસન અને ઉમરાવોના મહેલ રાષ્ટ્રવિપ્લવની ભરતીના આઘાતથી ઉથલી પડયા વગર રહે ખરા કે ? અરેરે ! માણસજાત !

બુરિયેન જે એક વાર નેપોલિયનનો સેક્રેટરી હતો અને પાછળથી ફ્રાન્સની ગાદીએ આવેલા ૧૮મા લૂઇનો માનીતો અને ખુશામતખોર પ્રધાન થયા પછી નેપોલિયનનો કટ્ટો શત્રુ થયો હતો, તેણે નેપોલિયનના જીવનના કેટલાક પ્રસંગોની નોંધ ઘણીજ સખ્ત ભાષામાં અને વૈરભાવથી પ્રેરાઇને લખી છે, તે પણ આ પ્રસંગવિષે લખતાં છેવટે કહે છે કે "મેં તમામ સત્ય અને ખરેખરૂં સત્યજ જાહેર કર્યું છે. એ કેદીઓનું શું કરવું તેનો નિર્ણય કરવાને મળેલી સભાઓ વખતે હું હાજર હતો અને જો મને મત આપવાનો અધિકાર હોત તો તેમને મારી નાખવા જોઇએ એવો મત હું પોતે પણ આપત. યુદ્ધમાં ઘણીવાર અનેક માણસોના લાભની ખાતર ખાનગી માણસોના સુખની દરકાર કરી શકાતી નથી અને દયાની કોમળ લાગણીને બળાત્કારે દાબી દેવી પડે છે. નેપોલિયનનો આ વખતે આવી કફોડી સ્થિતિ હતી કે નહિ તેની તુલના કરવાનું હું ભવિષ્યની પ્રજાને સોંપું છું. હું નિશ્ચય પૂર્વક કહું છું કે તેની એવી સ્થિતિ હતીજ અને સભાએ સર્વાનુમતે આ ઠરાવ પસાર કર્યો હતો એ વાતથી મારી વાતને ટેકો મળે છે. મારે સત્યને ખાતર કહેવુંજ જોઇએ કે નેપોલિયને નાઈલાજેજ મંજુરી આપી અને આ ઘોર કૃત્યથી તે ઘણોજ દિલગીર થયો હતો."

સર વૉલ્ટર સ્કૉટ પણ નેપોલિયનના વિરુદ્ધ લેખકોમાંનો એક છે. તે પણ લખે છે કે આ કૃત્ય નેપોલિયનના ચારિત્ર્ય ઉપર કાળા કલંકરૂપ છે, તોપણ તેના સ્વભાવમાં લક્ષણગત ક્રૂરતા હતી અને તેથીજ તેણે આ કતલ કરાવી એવું માનવાને આધાર નથી. કેમકે તેના જીવનનો આખો ઇતિહાસ જોતાં તેનામાં ક્રૂરતાની નિશાની નજરે પડતી નથી અને તેનો સ્વભાવ દયાળુ હતો એવું પૂરવાર કરનારા ઘણા પ્રસંગો સુવિદિત છે.”

જાફા નગરથી નેપોલિયને એકર તરફ પ્રયાણ કર્યું. સિરિયાનું તે સૌથી ઉપયોગી યુદ્ધનું સ્થળ હતું. તેનો કિલ્લો ઘણોજ મજબૂત હતો અને ઍકમેટ ‘કસાઇ’ એ યૂરોપી યુદ્ધસામગ્રીવડે તેને સુસજ્જિત કરીને પોતાનું તમામ સૈન્ય ત્યાં એકત્ર કર્યું હતું. નેપોલિયનનો સહાધ્યાયી ફ્રેન્ચ ઈંજિનેર જે બુર્બોન રાજાઓના પક્ષનો હતો તેણે પોતાની નિપુણતાથી કિલ્લાને અધિક મજબૂત બનાવી દીધો હતો, અને રક્ષણ કાર્યનો નેતા પણ તેજ હતો. સિરિયાને સમુદ્રકિનારે અંગ્રેજોનો સેનાપતિ સર સિડની સ્મિથ નૌકાઓ લઇને ભ્રમણ કર્યાજ કરતો હતો. નેપોલિયન નજીક આવતો જાય છે એવા સમાચાર ઍકમેટ ‘કસાઈ’ એ તેને મોકલાવ્યા એટલે તરતજ તે યૂરોપિયન ઇંજનેરો, ગોલંદાજો અને દારૂગોળો લઇને એકરના ડક્કામાં દાખલ થયો. નેપોલિયને અલેકઝાન્ડ્રિયાથી કેટલીક તોપો મંગાવી હતી તે તમામ તોપોનું વહાણ તેના કમનસીબે સિડનિ સ્મિથે રસ્તામાંથી પકડી લીધું અને તેજ તોપો એકરના બુરજ ઉપર ચઢાવવામાં આવી. આ નુકશાન તેને માટે ઘણુંજ હતું તોપણ નિરુત્સાહી થયા વગર ઘેરો ઘાલવાને જરૂરતું ચણતર કામ તેણે શરૂ કર્યું. હજી પણ સલાહ કરો બેઉ પક્ષને લાભ છે એવો સંદેશો તેણે ઍકમેટ કસાઇને કહેવડાવ્યો. પણ અસભ્ય પ્રજાના જાતીય સ્વભાવ અનુસાર તે દૂતનું ખૂન કરવામાં આવ્યું. તે ઉપરથી નેપોલિયને સિરિયાની પ્રજાની જાણ માટે એક જાહેરનામું પ્રકટ કર્યું. તેનો ભાવાર્થ નીચે મુજબ હતો:—

“હું સિરિયામાંથી મામેલુક અને પાશાના સૈન્યને કહાડી મૂકવા આવ્યો છું. મારા ઉપર મિસરમાં હુમલો કરવાનો તેમને કશો હક્ક ન હતો. લડાઈ તેમણે ઉભી કરી છે તો હું લઢવા માટે તેમના ઘરને બારણે આવ્યો છું પણ રૈયતે મારાથી જરા પણ ડરવાનું પ્રયોજન નથી. તમે તમારાં ઘરમાં નિશ્ચંતપણે રહેજો. જેઓ નાસી ગયા છે તેઓ સુખેથી પાછા આવે. તેમની મિલ્કત તેમને સ્વાધીન કરવામાં આવશે. મારી ઇચ્છા છે કે તમારા કાજીઓ ન્યાયની વ્યવસ્થા કરે, ધર્મનું રક્ષણ થાય અને તેની પ્રતિષ્ઠા જળવાય. મુસલમાનો તેમના રિવાજ પ્રમાણે મસ્જિદોમાં જઇને ઈશ્વરપ્રાર્થના કરે. દરેક પદાર્થ આપણને ઈશ્વરદ્વારા મળેલા છે અને વિજય આપનાર પણ તેજ છે પણ ગાઝા અને જાફના દૃષ્ટાંતથી તમારે જાણવું જોઇએ કે મારા શત્રુઓને માટે હું જેવો કાળરૂપ છું તેવોજ મારા મિત્રો તરફ પ્રેમાળ છું અને

ખાસ કરીને ગરીબ લોકો તરફ હું હમેશાં દયા રાખું છું અને તેઓને સુખી કરવા પ્રયત્ન કરૂં છું."

એવામાં પૂર્વ દેશોની પ્રજા ઉપર પડેલા પ્રભુના શાપરૂપ મરકીનો રોગ ફ્રેન્ચ છાવણીમાં ફાટી નીકળ્યો. આ આકૃતિ તદ્દન નવી જાતની હતી અને તેથી સૈન્ય ભયભીત થઇ ગયું. સિપાઇઓ ચેપના ડરથી તેમના માંદા સોબતીઓની સારવાર કરવા ના પાડતા અને ડૉકટરો પણ માંદાઓની પાસે જતા નહિ અને તેમને બિચારાને એમને એમ મરવા દેતા. નેપોલિયને તરતજ લશ્કરી દવાખાનામાં જવા માંડયું અને ત્યાં તે માંદાઓના ખાટલા પાસે બેસતો, તેમના તાવથી ધગધગતા હાથને પંપાળતો, તેમની લોહીપરૂથી નીંગળતાં ગાંઠો ઉપર પ્રેમથી હાથ મૂકતો અને તેમને આશા અને ધૈર્ય મળે એવા મીઠા શબ્દો કહેતો. મરવા પડેલા સિપાઇઓ પોતાના શૂરા અને માતાના જેવા પ્રેમાળ સેનાપતિ તરફ અશ્રુભીની આંખે જોઈ રહેતા અને તેના ઉપર આશીર્વાદ વર્ષાવતા. આથી કરીને તેમનામાં નવી હિંમતનો સંચાર થતો અને ઘણાક તો સાજા થઇ જતા. નેપોલિયનની આવી વર્તણુક જોઇને ડૉકટરો શરમાયા અને તેમણે પણ કાળજીપૂર્વક પોતાની ફરજ બજાવવા માંડી. સિપાઈઓને પણ હિંમત આવી અને તેઓ પણ પોતાના સેનાપતિનું અનુકરણ કરીને માંદાઓની સારવાર કરવા લાગ્યા. એમ થતાં મરકીનું જોર નરમ પડયું. એકવાર એક ડૉકટર નેપોલિયનને શિખામણ આપવા ગયો કે તમે તમારા જાતને જોખમમાં નાખો છો એ ઘણું અવિચારી કામ કરો છો. તેણે જવાબ આપ્યો કે "એ મારી ફરજ છે. હું સેનાધિપતિ છું."

નેપોલિયને હવે એકરને ઘેરો ઘાલીને જીતવાનું કામ ધમધોકાર આગળ ચલાવ્યું. જો એકર તેને હાથ જાય તો સિરિયાનો તે કુલ માલિક થઈ પડે. આસપાસના પ્રદેશોની ખ્રિસ્તી પ્રજા મુસલમાનોના જુલ્મથી ત્રાસ પામી ગઇ હતી અને નેપોલિયન એકર જીતે તો તેઓ બધા તેના પક્ષમાં જોડાવા માટે તૈયારજ હતા. દયામણી, રાંકડી રૈયત નેપોલિયનને ફતેહ મળે એવી પ્રાર્થના કરી રહી હતી. આ યુદ્ધમાં નેપોલિયન માણસજાતની સ્વતંત્રતામાટે લઢતો હતો અને યૂરોપના સંયુકત રાજાઓ જુલ્મી રાજસત્તાના તરફથી લઢતા હતા એ ઉઘાડુંજ છે. જ્યારે તે એકર ઉપર દબાણ કરતો હતો ત્યારે બીજી બાજુએ તેનો વિનાશ કરવા માટે મોટા પાયા ઉપર તૈયારી ચાલી રહી હતી. આખી મુસલમાન આલમ " ખ્રિસ્તી કૂતરા " ઓ સામે ધર્મયુદ્ધ કરવા તૈયાર થઇ હતી. એકરને છોડાવવા માટે જંગી ફોજ તે તરફ કુચ કરવા લાગી. મિસરમાંથી નાસી આવેલા વિકરાળ કાળ યવન જેવા મામેલુકો અને રણમાં વસતી ભયંકર બેદુઇન જાતનાં ટોળેટોળાં આ સૈન્યમાં દરરોજ ભરતી કરતાં હતાં.

એકર શહેરમાંની તુર્કી ફોજ નેપોલિયને ચણાવેલાં બાંધકામો ઉપર રાતદિવસ લાગલાગટ હુમલો કર્યાજ કરતી. તેમની સાથે યુદ્ધ આરંભ્યે દશ દિવસ થયા નહિ એવામાં સમાચાર આવ્યા કે એક મોટી તુર્કી ફોજ આવી પહોંચે છે. નેપોલિયન પાસે માત્ર આઠજ હજાર માણસો હતાં. તેણે આ વખતે પણ પોતાની હમેશની ત્વરાથી કામ લીધું. એકરનો ઘેરો ચાલુ રાખવા માટે બે હજાર માણસો રહેવા દઇને પોતે છ હજાર માણસો સાથે શત્રુઓની સામે જવા તૈયાર થયો. શત્રુસૈન્યમાં ત્રીશ હજાર માણસો હતાં, તેમાં બાર હજાર તો ઘણાજ ઝનુની અને તાલિમબાજ ઘોડેસ્વાર હતા. નેપોલિયને સેનાપતિ ક્લેબરને ત્રણ હજાર માણસો આપીને પોતાના સૈન્યની આગળ મોકલ્યો અને પોતે તરતજ તેની પાછળ નીકળી પડયો.

ક્લેબર ૧૦ મી એપ્રિલે એક સાંકડી ખીણમાં થઇને ટેબર પર્વતની તળેટીએ આવેલા વિસ્તીર્ણ મેદાનમાં દાખલ થયો. સૂર્યોદય થતો હતો અને તેજસ્વી સૂર્ય પાલેસ્ટાઈનની ટેકરીઓમાંથી ધીરે ધીરે ડોકીયું બહાર કહાડતો હતો. તે વખતે ક્લેબરે પોતાની સામેનું આખું મેદાન શત્રુદળથી છવાયલું દીઠું. દબદબાવાળી ધ્વજાઓ, સ્વારોની કલગીઓ, સુશોભિત પાઘડીઓ, ઝળકતાં હથિયાર, થનથનાટ કરતા સુંદર સાજવાળા પાણીદાર અરબી ઘોડા, આવો પૂર્વના દેશોની ઢબ મુજબ આખા લશ્કરનો ભભકાદાર રૂઆબ જોઇને ફ્રેન્ચોની આંખો ઝંખવાઈ ગઇ. તૂર્કોએ પોતાનો ભોગ થઇ પડેલી નાનકડી ફ્રેન્ચ સેનાને મેદાનમાં આવેલી જોઇને આકાશ ફાડી નાખે એવી વૈર અને હર્ષસૂચક ગર્જના કરી. સંખ્યામાં ગમે એટલી ચઢીઆતી શત્રુસેનાને પીઠ ન બતાવે એવા ટેકી અને અડગ આત્મશ્રદ્ધાવાન ફ્રેન્ચ યોદ્ધાઓ હવે પોતાની અભેદ્ય ચોરસ આકૃતિમાં ગોઠવાવા લાગ્યા. પણ તેમને તેમ કરવાનો વખત મળે તે પહેલાં તો શત્રુનું તમામ ઘોડેસ્વારોનું સૈન્ય ઝળકતી નાગી તલવારો સાથે દૈત્યોના જેવી ભયાનક ચીસ પાડતું વાવાઝોડાના વેગથી ધસી આવ્યું. દરેક ફ્રેન્ચ સિપાઇને ખબર હતી કે તેની સલામતીનો એક માત્ર આધાર તેની સ્થિરતા ઉપરજ રહેલો છે અને તેઓ ખભેખભો અડકાડીને ખડકની માફક અડગ ભાવે ઉભા રહ્યા.

ઘોડાને સંગીનની તીક્ષ્ણ અણીની સામે દોડાવી શકાતોજ નથી. તે ત્યાંસુધી જાય છે ખરો પણ આત્મરક્ષણ કરવાની વૃત્તિને લીધે તે પાછો હઠે છે અને સ્વાર એડીઓ મારીને આગળ ધકેલે તો તે ઉછળે છે, આગલે પગે ઉભો થાય છે, ચકકર ફરે છે પણ આગળ તો જતોજ નથી ! આગળ સંગીન ધરીને ઉભેલા ફ્રેન્ચો તરફ ઘોડેસ્વારોનો ગંજાવર સમુદાય ધસી આવ્યો પણ નજીક આવતાં જવાળામુખીની માફક અગ્નિનું વમન કરતી તોપો અને બંદુકોએ તેને વધાવી લીધો અને પહેલેજ તડાકે સેંકડો ઘોડાઓ તેમના સ્વાર સહિત ધૂળમાં રોળાઇ ગયા. અગ્નિ વર્ષાવતા નાના સરખા જીવતા કિલ્લાની માફક ઉભેલી ચોરસ આકૃતિની દરેક બાજુએ તીક્ષ્ણ

સંગીનોનો કોટ બની ગયો હતો, તેથી કોઈ પણ ઉપાયે તેમની વ્યૂહરચનાનો ભંગ થઇ શકયોજ નહિ. ૭ કલાકસુધી આ નાના સૈન્યે પોતાનાથી અનેક ગણા શત્રુઓ સામે ટકકર લીધી. શત્રુની તોપોએ તેમની સજડા સજડી ગોઠવાયલી હારને તોડવાનો યત્ન કર્યો. ઘોડેસ્વારોએ પણ તેમના વ્યૂહને ભેદવામાટે ચારે બાજુએ ઉપરા ઉપરિ ધસારા કર્યાજ કર્યા પણ ફોગટ. એ દરમ્યાન ફ્રેન્ચોની તોપોએ શત્રુનો એટલો સંહાર કર્યો કે તેમની આગળ મરેલા ઘોડા અને સ્વારોનો કોટ બની ગયો.

આ મનુષ્યોથી બનેલી દિવાલની પાછળ તેઓ તૂર્કોના ઝનુની હુમલા સામે નિડરપણે ઉભા રહ્યા. એમ કરતાં કરતાં સાત કલાક પૂરા થયા પણ લડાઇ તો એક સરખી રીતે ચાલુજ રહી. ખરા બપોર થયા અને સૂર્યનાં પ્રખર કિરણ લગભગ થાકી જવા આવેલા ફ્રેન્ચોના માથા ઉપર તપવા લાગ્યાં. તેમનો દારૂગોળો પણ ખૂટવા આવ્યો. તેમણે શત્રુઓની ભારે ખુઆરી કરી હતી તોપણ તેમની સંખ્યામાં દેખીતો ઘટાડો થયો ન હતો. આટલું છતાં પણ તેઓ જીવપર આવીને લઢતા હતા અને મરતાં મરતાં ઘણામાં ઘણા શત્રુઓનો સંહાર કરીનેજ મરવું એવો અડગ નિશ્ચય કરીને ઉભા હતા.

આવા અણીના મામલા વખતે નેપોલિયન પોતાનાં ત્રણ હજાર માણસો સાથે રણક્ષેત્રની નજીકના ટેકરાઓના શિખર ઉપર એક વાગે આવી પહોંચ્યો. તેણે નીચે નજર કરી તો આખું મેદાન અગણિત યોદ્ધાઓથી ભરપૂર માલૂમ પડયું અને ભરતીનાં મોજાંની માફક મનુષ્યનો સમુદાય ઘડીમાં એક દિશાએ તો ઘડીમાં તેથી ઉલટી દિશા તરફ ધકકેલાતો હતો. બેઉ પક્ષનાં સૈન્ય ધૂમાડો અને ધૂળના ધૂમ્રકોટથી ઢંકાઈ ગયાં હતાં. તેની અંદરથી તેનું સૈન્ય સ્થિર ડાઘા જેવું માલમ પડયું; અને તેમાંથી લાલ પ્રકાશના ઝબકારા નિયમિત રીતે થતા જણાયા તે ઉપરથી તેણે પોતાના સૈન્યને ઓળખી કહાડયું. આવે પ્રસંગે ઘણાજ અગત્યના ઉપાયનો અત્યંત ઝડપથી નિર્ણય કરવાની તેનામાં કુદરતી બક્ષિસ હતી. તેણે તરતજ પોતાના સૈન્યને બે ચોરસ આકૃતિમાં ગોઠવી દીધું અને કલેબરના સૈન્યની પાસે આવતાં આખું લશ્કર ત્રિકોણાકૃતિમાં આવી જાય એવી વ્યૂહરચના કરીને તે આગળ વધ્યો. માત્ર ૭ હજાર માણસો વડે આખા જગતમાં સર્વથી વધારે ઝનુની અને મરણીયા ગણાતા ત્રીશ હજાર માણસોને ઘેરી લેવાનું તેણે અપૂર્વ સાહસ આદર્યું.

તેની બેઉ ટુકડીઓ ઘણીજ સાવધાનતાથી પોતાના આવ્યાની શત્રુને ખબર ન પડે એમ આગળ ચાલી. એમ કરતાં કરતાં તેઓ છેક નજીક આવી પહોંચ્યા. એકાએક ટેકરી ઉપરથી ફૂટતી તોપની પ્રચંડ ગર્જના કલેબરના થાકેલા યોદ્ધાઓને કાને પડતાં સર્વને હર્ષ અને આશ્ચર્ય પેદા થયાં. તે તોપની ગર્જનામાં તેમની વારે આવેલા નેપોલિયનનો સિંહનાદ સંભળાતો હતો. હર્ષથી ઘેલા થએલા સિપાઇઓના

સમૂહમાંથી "બોનાપાર્ટ" "બોનાપાર્ટ" ના એકસામટા ઉદ્ગાર સંભળાયા. એ નામથીજ દરેકના હૃદય ઉપર જાદૂઇ અસર થઇ. ઘવાયલા, લોહીથી ખરડાયલા યોદ્ધાઓની આંખમાં હર્ષનાં, આભારનાં આંસુ તરી આવ્યાં. તેમનો થાક એકદમ ઉતરી ગયો. હવે બચાવ કરીનેજ બેસી ન રહેતાં તેમણે આવેશને લીધે ધ્રૂજતે હાથે પોતાની સંગીનો કચકચાવીને પકડી અને એક વીરહાક મારીને શત્રુસમૂહ ઉપર મરણીયા થઇને તૂટી પડયા. વજ્રની દઢતાથી અત્યારસુધી ટકી રહેલા ફ્રેન્ચોની હિંમત જોઇને તુર્ક સિપાઇઓ નાહિંમત તો થવાજ આવ્યા હતા, એવામાં આ ધસારો જોઇને તેઓ વિહ્વલ બની ગયા અને વ્યૂહ ભંગ કરીને નાસવા લાગ્યા. આખા મેદાન ઉપર દરિયાનાં મોજાંની માફક પથરાઇ ગએલું તેમનું વિશાળ સૈન્ય નેપોલિયનના તાજા યોદ્ધાઓની દિવાલ સાથે અથડાઇને આ પ્રમાણે પાછું વળ્યું. તુર્ક સૈન્યમાં આ પ્રમાણે ભંગાણ પડતાં જે અવ્યવસ્થા થઈ ગઇ તેની કલ્પના પણ થઇ શકે તેવી નથી. ઘોડેસ્વાર, પાયદળ, તોપખાનું, સરસામાનનાં ગાડાં વગેરેની અથડા અથડી થઈ રહી અને ફ્રેન્ચ સૈન્યમાંથી તોપોના ઉપરાઉપરિ ધડાકા થતા ગયા. ગોળીઓ અને ગોળાઓની અખંડ ઝડી મચી રહી અને ફ્રેન્ચોની સંગીનો મનુષ્યરક્તથી રંગાઇ ગઇ.

કૅપ્ટન મુરા, જેને નેપોલિયન બહાદૂરમાં બહાદૂર માણસ તરીકે વર્ણવે છે તે શૂરવીર મુરા પણ હવે પોતાના ઘોડેસ્વારોની પલટણ સાથે આવી પહોંચ્યો હતો. શરીરે રાક્ષસી કદનો અને અત્યંત ભભકાદાર લશ્કરી પોશાકમાં સજ્જ થએલો મુરા તેની ઉંચાઇ અને સફેદ કલગીને લીધે આખા સૈન્યમાંથી ઓળખાઇ આવતો હતો. તેના બહાદૂર સ્વારોએ નાસતા તુર્કો ઉપર ધસારો કર્યો અને તલવારોની રમઝટ મચી રહી. શૂરવીર મુરાની પ્રચંડ આકૃતિ થનથનાટ કરતા અશ્વ ઉપર બેસીને તલવારનો પ્રયોગ કરતી ચોતરફ ઘૂમતી જણાતી હતી.

ફ્રેન્ચ સેનાની પૂરેપૂરી ફતેહ થઇ અને ધગધગતા અંગારા જેવો દેખાતો સૂર્ય લેબેનોનના પર્વત પાછળ ભરાઈ જાય તે પહેલાં મિસર ઉપર આક્રમણ કરવા જનાર અને પોતાને અપરાજિત માનનાર ગર્વોન્મત્ત તુર્ક સેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો. ચારસો ઉંટ અને બીજા સરસામાન સહિત આખી તુર્ક છાવણી ફ્રેન્ચોના હાથમાં આવી.

૭ હજાર માણસોએ મેદાન ઉપરના ખુલ્લા રણસંગ્રામમાં પોતાનાથી અનેકગણા મોટા સૈન્ય ઉપર મેળવેલી આ મહાન ફતેહની નોંધ લેતાં ઇતિહાસકારો પણ આશ્ચર્ય પામે છે. આ ફતેહથી નેપોલિયનનો સિરિયામાં આવવાનો દેખીતો હેતુ સિદ્ધ થયો. પણ તેના સર્વગ્રાહી અને યોજનાઘટક મગજમાં હજી ઘણી ઘણી ભવ્ય યોજનાઓ ઘડાતી હતી. તેણે એકર પાછા આવીને તે શહેરને સર કરવાનો ઉદ્યોગ પૂર્ણ ઉત્સાહથી કરવા માંડયો. એકવાર ફરતાં ફરતાં તેણે પોતાના સેક્રેટરી બુરિયેનને કહ્યું કે

“ પૂર્વની પ્રજાઓના ભવિષ્યનો આધાર એકરના જીતાવા ઉપર રહેલો છે. જો એ શહેર જીતાય તો ઇસ્તંબલ, ડમાસ્કસ વગેરે અનેક નગર એક પછી એક જીતી શકાશે * અને મુસલમાની રાજ્યથી અસંતુષ્ટ થએલા લોકો મારા સૈન્યમાં ઉમેરો કર્યાજ જશે. હું તેમને કહી દઇશ કે તમારી બેડીઓ તૂટી છે અને પાશાના જુલ્મી રાજનો અંત આવ્યો છે. હજારો ખ્રિસ્તીઓ એકરના પડવાનીજ રાહ જુએ છે. તેઓ સહાય આપવા તૈયાર છે. ”

આવા ભવ્ય મનોરથોવડે પ્રોત્સાહિત થઇને તેણે એકર શહેરને જીતી લેવા માટે સતત ઉદ્યોગ ચાલુ રાખ્યો; પણ બીજી બાજુએ કિલ્લાનો બચાવ અંગ્રેજ, તુર્ક અને રૂશિયાનાં વહાણ તથા યૂરોપિયન ઇજનેરો અને સેનાપતિઓ તેટલાજ શૌર્ય બુદ્ધિબળ અને વિજ્ઞાનનો ઉપયોગ કરીને કરતા હતા. એકરની દિવાલ પાસે રાતદિવસ ચાલી રહેલી ખુનરેજીનું વર્ણન થઇ શકે એમ નથી. નેપોલિયને ગમે તે તદબીર કરીને વહાણ મારફતે અલેક્ઝાંડ્રિયાથી તોપો મેળવી અને શહેરની દિવાલોને જમીનદોસ્ત કરી નાખી. શહેરમાં રસ્તાઓ અને મકાનો ઉપર બોંબગોળા વરસવા લાગ્યા અને સેંકડો મકાનોના ચૂરેચૂરા થઇ ગયા. આ ધૂમકોટની વચમાં ધૂમાડાથી કાળા થએલા મુખવાળા બેઉ પક્ષના યોદ્ધાઓ દૈત્યોની માફક એકબીજા ઉપર તૂટી પડવા લાગ્યા. એક બાજુએ તોપોની અવિરત ગર્જના અને બીજી બાજુએ તલવારો અને સંગીનોની રમઝટ મચી રહી.

ફ્રેન્ચોએ દિવાલની નીચે મોટી મોટી સુરંગો ખોદી અને તેમાં સેંકડો કોથળા દારૂ ભરીને સળગાવી મૂકયો. જવાળામુખીના જેવા ધડાકાની સાથે બૂરજોના ટૂકડા અને મનુષ્યોનાં શરીર આકાશમાં ઉડવા લાગ્યાં. ધૂળ અને ધૂમાડાથી આકાશ છવાઇ ગયું અને અંધકાર થઇ ગયો. એવા અંધકારની વચ્ચે ફ્રેન્ચોએ માનવ જાત કરી શકે તેવો પ્રચંડ ધસારો કર્યો અને સામા પક્ષે પણ તેટલાજ નિડરતા અને દ્રઢતાથી તેની ટક્કર ઝીલી.

સિડનિ સ્મિથે એકરનો બચાવ કરવા માટે એક પ્રવીણ સેનાપતિ ઉપયોગમાં લઈ શકે તેવી તમામ યુક્તિઓનો ઉપયોગ કર્યો. ફ્રેન્ચ સિપાઇઓ સ્વદેશ જવા આતુર છે અને ફ્રેન્ચ નૌકાસૈન્યનો નાશ થવાથી તેમની સ્વદેશ જવાની આશા તદ્દન પડી ભાગી છે એ વાતની તેને ખબર હતી. તેથી તેણે એવું જાહેરનામું પ્રગટ કર્યું કે નેપોલિયનને તજીને ઘેર જવા માટે જેટલા ફ્રેન્ચ સિપાઇ ખુશી હશે તેમને સર્વને અમે સહિસલામત અમારાં વહાણ મારફતે ફ્રાન્સ પહોંચાડવાનું વચન આપીએ છીએ. આ જાહેરનામાની સંખ્યાબંધ નકલો છપાવીને ફ્રેન્ચ સિપાઇઓના હાથમાં આવે એવી રીતે કિલ્લા ઉપરથી ફેંકી. તે એમ માનતો હતો કે મનુષ્યને જન્મભૂમિ

---

* એ સ્થળ તુર્કસ્તાન અને હિંદની ચાવીતુલ્ય છે.

કરતાં કશું વધારે પ્રિય હોતું નથી. સ્ત્રી છોકરાં સાથે સુખમય સંસાર ભોગવવા કરતાં વિશેષ સુખ બીજા શામાં છે? તે એમ ધારતો કે ફ્રેન્ચ સિપાઇઓને સ્વદેશ જવાની તક મળે તે કરતાં વધારે બળવાન પ્રલોભન બીજું શું હોઇ શકે? તેણે આથી કરીને એવી આશા રાખી હતી કે નેપોલિયનનું તમામ સૈન્ય મારી પાસે આવીને ઉભું રહેશે અને તેમ થતાંજ તે ફસાઇ જશે. પણ ફ્રેન્ચ સિપાઇઓ અને તેમના સેનાપતિ વચ્ચેનો સ્નેહ એવો દૃઢ હતો કે આખા લશ્કરમાંથી એક પણ સિપાઇએ સ્વદેશ જવાની ઇચ્છા બતાવી નહિ. આ જાહેરનામાના જવાબમાં નેપોલિયને પણ એક બીજું સામું જાહેરનામું પ્રકટ કર્યું. તેમાં એવું જણાવ્યું હતું કે અંગ્રેજ સેનાપતિને ગાંડપણ લાગુ પડયું છે. આથી સિડનિ સ્મિથને એવો ગુસ્સો ચડયો કે તેણે નેપોલિયનને દ્વંદ્વયુદ્ધ કરવાનું કહેણ મોકલ્યું. યુવાન ફ્રેન્ચ સેનાપતિએ આ કહેણનો સગર્વ જવાબ આપ્યો કે "જો સિડનિ સ્મિથ અંગ્રેજ સેનાપતિ માર્લબરોને તેની કબરમાંથી ઉઠાડીને મારી સાથે લઢવા મોકલવા ખુશી હોય તો તેને સમોવડીઓ સમજીને હું વિચાર કરીશ. પણ મ્યાન બહાદૂર સ્મિથ સાહેબને પોતાનેજ બાહુબળ બતાવવાની ઇચ્છા હોય તો મારી પલટણમાંના એક પહેલવાનને મોકલાવું અને તેની સાથે તેઓ ભલે બાહુબળ અજમાવે."

આ ઘેરામાં એક બહાદૂર ફ્રેન્ચ સેનાપતિ તોપના ગોળાથી જખમી થયો. નેપોલિયન દિવસમાં બે વાર તેની ખબર લેવા જતો. આ ઘાયલ સેનાપતિ ઉપર તેનો એટલો પ્રભાવ પડી ગયો હતો કે ગમે તેટલી બેશુદ્ધ અવસ્થામાં પણ નેપોલિયન આવે છે એટલું સાંભળતાંજ તે શુદ્ધિમાં આવી જતો અને સનેપાતની લવરી ન કરતાં હુશિયારીથી વાત કરતો.

નેપોલિયનને તેના સિપાઇઓ કેટલા સ્નેહથી ચાહતા હતા તેનાં ઉમદા ઉદાહરણ એકરના ઘેરાના પ્રસંગોમાંથી મળી આવે છે. એકવાર તે પોતાની લશ્કરી ખાઇઓ પાસે ઉભો રહીને સૂચનાઓ આપતો હતો. એવામાં શત્રુનો ધગધગતા પદાર્થથી ભરેલો બોંબગોળો તેના પગ આગળજ આવીને ફૂટયો. બે સિપાઇઓ તેની ભયભરેલી હાલત જોઇને એકદમ તેની પાસે દોડી ગયા અને બેઉ જણે મળીને પોતાના કદાવર શરીરવડે તેને એવો ઢાંકી દીધો કે તેના શરીરને જરાપણ આંચ ન આવે. તે ગોળો એટલા જોરથી પૃથ્વી સાથે અથડાઇને ફૂટયો કે જમીનની અંદર એક ઉંડો ખાડો પડી ગયો અને ત્રણે જણ તેની અંદર લોટપોટ થઇને ગબડી પડયા. તેમાંના એક સિપાઇને તો સખ્ત ઇજા થઇ. નેપોલિયનને તો સહેજસાજ વાગ્યું. સિપાઈઓનો આત્મત્યાગનો જુસ્સો જોઇને તે ખુશ થઇ ગયો અને તેમને તરતજ ઉંચી પાયરીએ ચઢાવી દીધા.

નેપોલિયન પોતે એક પ્રસંગે કહે છે કે "મારે માટે મારા સિપાઇઓએ

એવાં ઉગ્ર આત્મબલિદાન આપ્યાં છે કે તેવાં બીજા કોઈ પણ સેનાપતિને માટે તેમના લશ્કરના સિપાઇઓએ આપ્યાં નથી. અર્કોલાના સંગ્રામમાં કર્નલ મુઇરોએ મને પોતાના શરીરવડે ઢાંકી દીધો અને જે ગોળો મારા ઉપર પડત તે તેણે પોતાના શરીર ઉપર ઝીલી લીધો અને મારા પગ આગળજ મરણ પામ્યો. તેના લોહીથી મારૂં મોં ખરાડાઈ ગયું. મારી વિપત્તિના પ્રસંગો વખતે પણ મારા સિપાઈઓએ મારા તરફ વિશ્વાસઘાત કર્યો ન હતો. તેમની વફાદારી ઓછી થઇ ન હતી. તેમણે મારા પ્રત્યે જેટલી ભક્તિ દાખવી છે તેટલો ભક્તિ કોઈપણ લશ્કરે તેના સેનાપતિ તરફ દાખવી નહિ હોય. તેમની નાડીમાં લોહીનું એકપણ ટીપું રહેતાં સુધી તેઓ "નેપોલિયન ઘણું જીવો" એવો પોકાર કરતા. તે પોતે પણ સિપાઇઓ તરફ અત્યંત પ્રેમ રાખતો અને કહેતો કે "મારા સિપાઇઓ મારા દીકરા બરોબર છે."

પ્રકરણ ૧૪ મું

નેપોલિયનને એકરનો ઘેરો ઉઠાવી લેવો પડયો. ૧૭૯૯

એમ કરતાં કરતાં એકરના ઘેરામાં બે માસ પૂરા થયા. નેપોલિયનનાં આશરે ત્રણ હજાર માણસો પ્લેગ અને શત્રુને હાથે માર્યાં ગયાં હતાં. અને દવાખાનાં બિમાર અને ઘાયલ થએલા સિપાઇઓથી ભરાઈ ગયાં હતાં. તોપણ નેપોલિયને પ્રયત્ન જારી રાખ્યો. તે કહેતો કે "યુદ્ધમાં લાગલાગટ મંડયો રહેનારજ હમેશાં વિજય મેળવે છે." પણ હવે તેના ગોળા ખૂટવા આવ્યા. તેના વગર યુદ્ધ કરાયજ શી રીતે? પણ અહિં વળી પાછી તેની ફળદ્રૂપ બુદ્ધિએ અદ્‌ભુત ઉપાય શોધી કહાડયો. તેણે એક ટુકડીને સમુદ્રને કિનારે મોકલી અને જાણે તેઓ તોપ ગોઠવવાને ચણતર કામ કરતા હોય એવો ડોળ કરવા લાગ્યા. સિડનિ સ્મિથ તરતજ પોતાનાં વહાણ લઇને ત્યાં આવી પહોંચ્યો અને તે ટુકડી તરફ ગોળાનો અજસ્ર વરસાદ વરસાવ્યો. ફ્રેન્ચ સિપાઇઓ હસતા હસતા શત્રુના ગોળાઓને એકઠા કરતા ગયા..× નેપોલિયને એક એક ગોળા દીઠ પાંચ ફ્રૅન્કનું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું. આ યુક્તિથી તેની પાસે પુષ્કળ ગોળા ભેગા થયા. જ્યારે તે ખૂટવા આવ્યા ત્યારે ફરીથી એનો એજ ઉપાય લેવામાં આવ્યો. આ પ્રમાણે કેટલાક વખત સુધી શત્રુનાજ ગોળાનો ઉપયોગ કરીને નેપોલિયને તેમની સાથે યુદ્ધ જારી રાખ્યું.

હવે મે માસની શરૂઆત થઈ ચૂકી હતી. એક દિવસ સમી સાંજે ક્ષિતિજમાં ઘણે દૂરથી ત્રીશ વહાણો દેખાયાં. બધા તેમના તરફથી આતુરતાથી જોવા લાગ્યા. આ દેખાવથી બેઉ પક્ષનાં માણસોમાં અત્યંત આતુરતા ઉત્પન્ન થઇ. ફ્રેન્ચો સમજતા

× યુદ્ધમાં ફેંકાતા ગોળા તો ફાટીને ઘમસાણ વાળી દે, પણ આ સ્થળે સમુદ્રનો કિનારો હોવાથી કાદવકીચડ હશે એટલેજ ગોળાઓ ફાટવાને બદલે ઠંડા પડી જઈ તેને વીણી લેતા હશે.

સંપાદક

હતા કે એ વહાણુ અલેક્ઝાન્ડ્રિયાથી અથવા ફ્રાન્સથી તેમની મદદે આવતાં હશે. ઘેરાયલાં લસ્કરને એવી આશા ઉત્પન્ન થઇ કે તે વહાણુ તેમના પક્ષનાં હશે. અને હવે તેમને પૂરતી યુદ્ધસામગ્રી તથા મદદ મળી શકશે. આખરે તે વહાણુ તુર્કસ્તાન અને ઇંગ્લંડનાં નીકળ્યાં અને તેથી ફ્રેન્ચો નિરાશ થઇ ગયા. આ નવા આવનાર વહાણુની અંદર બાર હજાર સિપાઇઓ અને પુષ્કળ યુદ્ધસામગ્રી હતી.

આ તાજું લશ્કર યુદ્ધસામગ્રી સહિત કિનારે ઉતરે તે પહેલાં એકરને સર કરવું તેજ માત્ર હવે નેપોલિયનને માટે ઉગરવાનો માર્ગ હતો. તેણે ગણત્રી કરી કે તેમને કિનારે આવતાં ઓછામાં ઓછા છ કલાક લાગશે. તેથી તેણે એકરના કિલ્લા ઉપર તરતજ હલ્લો કરવાની આજ્ઞા આપી. સાંજ પડી ચૂકી હતી, અને અંધકાર પથરાતો હતો. તે વખતે ફ્રેન્ચ યોદ્ધાઓ મરણીયા થઇને દૃઢ પગલે ખાઈઓમાંથી બહાર નીકળ્યા. દિવાલમાં એક ઠેકાણે મોટું ગબારૂં પડયું હતું. તે તરફ ફ્રેન્ચો કેસરીઆં કરીને ધસ્યા. તુર્કોએ જોયું કે હવે થોડાક કલાક ટકી રહીશું તો આપણો છુટકારો જરૂર થશે એમ ધારીને તેઓ પણ દૃઢ નિશ્ચયથી લઢવા લાગ્યા. ફ્રેન્ચો દિવાલ પસાર કરીને ઠેઠ પાશાના બગીચાસુધી ઘુસી ગયા. પણ આ ઠેકાણે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ખંજર લઇને ઝનુની તુર્કોનું ટોળું તેમની સામે ધસી આવ્યું ક્ષણવારમાં ફ્રેન્ચોનાં માથાં ધડથી જૂદાં થઈ ગયાં. એકમેટ કસાઇએ એક એક ફ્રેન્ચ સિપાઇના માથા દીઠ ભારે ઇનામ આપવા માંડયું. થોડીવારમાં તેના પગ આગળ લોહીથી નીંગળતાં માથાંનો ઢગલો થઇ ગયો. શૂરવીર અને ઉદાર બુદ્ધિવાળો સિડની સ્મિથ પણ આ દેખાવ જોવા હાજર હતો અને તેને પોતાના તુર્ક મિત્રોનું કૃત્ય જોઇને ઘણીજ ગ્લાનિ ઉપજી. પણ શું કરે ? પ્રજાકીય સ્વતંત્રતાના જુસ્સાને દાબી દેવા માટે તે લઢતો હતો અને એવા કાર્યને માટે અસભ્ય તુર્કની તલવાર એજ તેને માટે સારામાં સારૂં હથિયાર હોઈ શકે. અમેરિકામાં પણ ૧૮૬૦ ના અરસામાં સીદી ગુલામોને ગુલામીમાંથી મુક્ત કરવા માટે સ્વતંત્રતાના હિમાયતીઓ અને ગુલામીના હિમાયતીઓ વચ્ચે યુદ્ધ થયું ત્યારે પણ અસભ્ય રાતા ઇન્ડિયનોનાં જંગલી હથિયારનીજ મદદ સામા પક્ષે લીધી હતી. " કસાઇ "ના હાથમાંથી તેની ખૂની અને પ્રજાપીડક તલવાર ઝૂંટવી લેવા નેપોલિયન લઢતો હતો, ત્યારે સિડની સ્મિથ તુર્ક અને રૂશિયાની સાથે જોડાઇને તે તલવાર તેના હાથમાંજ રહે તે અર્થે કોશીશ કરતો હતો.

સર સિડનિ સ્મિથે સિરિયાની ખ્રિસ્તી પ્રજાઓને માટે એક જાહેરનામું પ્રકટ કરી તેમાં જણાવ્યું હતું કે "સ્વચ્છંદી નાસ્તિક" ના ઉપર વિશ્વાસ ન કરતાં એક 'ખ્રિસ્તી નાઇટ" ના વચન ઉપર વિશ્વાસ રાખજો; પણ જયારે પોતાની ફતેહ થઇ ત્યારે એ "ખ્રિસ્તી નાઇટ" ને પોતાનું વચન જરા પણ યાદ ન આવ્યું. તે બિચારાઓને

તેણે દયા કે અનુકંપાનો એક સુખન પણ ન કહ્યો અને તેમને ઘાતકી તુર્કોની તલવારવડે રેંસાઇ જતા રહેવા દઇને ચાલતો થયો.

ફ્રેન્ચ લસ્કરની એક પછી એક ટુકડી દિવાલ તરફ ધસી ગઇ પણ દરેકને ભયંકર ખુઆરી સાથે પાછા હઠવું પડયું. દરેક કલાકે શત્રુનું બળ વધવા લાગ્યું અને કિલ્લાની દિવાલો ઉપરથી વરસતા અગ્નિના વરસાદથી નેપોલિયનનું સૈન્ય ઓછું થતું ગયું. હજારો માણસો અવ્યવસ્થિતપણે લઢતાં હોય એવી હાથોહાથની લડાઇમાં યૂરોપિયન સિપાઇની સંગીન, તુર્કોની તલવાર આગળ કામ આવી નહિ; તેમજ તુર્કોના ઝનૂનની સામે યૂરોપિયન યુદ્ધપદ્ધતિ નિષ્ફળ નીવડી.

હવે નેપોલિયને ફતેહની આશા છોડી દીધી. ઘણીજ દિલગીરીની સાથે તેણે યુદ્ધ બંધ કરવાની તૈયારી કરી. વળી એક બીજું બળવાન તુર્ક સૈન્ય ઈંગ્લંડ અને રૂશિયાનાં વહાણ મારફતે થોડાજ વખતમાં મિસરના કિનારા ઉપર આવી પહોંચશે એવા સમાચાર તેને મળ્યા હતા. તેનો તાબડતોબ પરાજય કરવાની જરૂર હતી અને એક પળનો પણ વિલંબ કરવામાં નુકસાન હતું. જો અબુકરના ઉપસાગરમાં તેનાં વહાણનો નાશ થયો ન હોત તો તે સહેલાઇથી એકર જીત્યો હોત, અને તેમ થતાં જગતના ઇતિહાસમાં કેવાં સુંદર પરિવર્તન થાત તેની કલ્પના કરતાં મગજ ગૂંચવાઇ જાય છે. સિડ્નિ સ્મિથનાં અજય્ય પરાક્રમ, ધૈર્ય અને કાર્યદક્ષતા વચમાં આડાં આવ્યાં ન હોત તો તે પોતાનાં વહાણની મદદ વગર પણ એકરને જીતી શકત અને “કસાઇ”ની ખૂની રાજસત્તાનો અંત આવ્યો હોત. આ પ્રમાણે તેણે ઘણા વખત સુધી સેવેલી તેના જીવનની વહાલામાં વહાલી અભિલાષા નષ્ટ થઈ ગઇ. એશિયાના કરોડો વતનીઓ જેઓ અધમમાં અધમ ગુલામી હાલતમાં સડતા હતા તેમની બેડીઓને તોડી નાખવાની અને રૈયતને તેમની શારીરિક, માનસિક અને સામાજિક શક્તિઓનો વિકાસ કરવાનો પૂર્ણ અવકાશ આપે એવું સામ્રાજ્ય સ્થાપવાની અભિલાષા એક ઓગણત્રીશ વર્ષના યુવાનને માટે ખરેખર ઘણી ઉંચા પ્રકારની કહી શકાય. પણ બિચારી એશિયાની પ્રજા ઉપર ઈશ્વરનોજ કોપ હોવો જોઇએ કે જેથી નેપોલિયન જેવા દઢ પ્રતિજ્ઞાવાળા પુરુષના સંકલ્પની સિદ્ધિ ન થઈ!

મનુષ્યનાં કર્મ અને તે કર્મ કરવાના હેતુની નોંધ લેવી એ ઇતિહાસ લખનારનું એક કર્તવ્ય છે. પણ માણસના હૃદયમાં ઘણીવાર એવા પરસ્પર વિરુદ્ધ હેતુઓ જોવામાં આવે છે કે તેમનું પૃથક્કરણ કરવામાં ભૂલ થવાનો સંભવ છે.

જે સેનાપતિ અતિ લોભથી પ્રેરાઇને વગર કારણે શાંતિમય પ્રદેશ ઉપર આક્રમણ કરી, ત્યાંની પ્રજાને તોપ અને તલવારના જોરથી હરાવીને તેમની દોલતવડે પોતે અને પોતાના ખુશામતીઆઓ મોજ માણે તેટલા માટે ગરીબ રૈયત પાસેથી હરેક ઉપાયે પૈસા નીચોવી લે છે, અને ગંદકી, અંધકાર અને દારિદ્રયથી ભરેલાં ઝુંપડાંઓમાં તે

જીતાયલી પ્રજાને નરકમય જીવન ગાળતી કરે છે, તેવા જીતનારાઓ ખરેખર તિરસ્કારને પાત્ર છે; પણ એવા સેનાપતિની કોટિમાં નેપોલિયનને મૂકવો કે નહિ તેની તુલના કરવાનું અમે વાચકોનેજ સોંપીએ છીએ. અલબત્ત, તેનામાં મનુષ્ય તરીકેના સ્વાભાવિક દોષ હશે, પણ મિસરમાં તેણે જે કાર્યો કર્યાં હતાં તે જોતાં જણાય છે કે ગરીબડી રૈયતને ગળે દાસત્વની સાંકળો બાંધવા સારૂ નહિ, પણ તેમની સાંકળોને તોડવા માટે તે ગયો હતો. તેમને અવનત કરવા નહિ પણ ઉન્નત કરવા ગયો હતો; તેમની પાસેથી ધન નીચોવી લેવા નહિ પણ તેમને સમૃદ્ધ કરવા ગયો હતો. તેમની આજીવિકા અને ઉદ્યોગો ઉપર કુહાડી મારીને પોતે અને પોતાના દેશીઓ ધનવાન થાય અને વિવિધ પ્રકારના વિલાસ ભોગવે તે માટે નહિ, પણ જીતાયલી પ્રજામાં નવું ચેતન પ્રેરીને તેમનામાં ઉદ્યોગ અને હુન્નરકળાની ખીલવણી કરવા ગયો હતો. નેપોલિયનમાં જે મહેચ્છા હતી તે માત્ર આજ હતી અને તે ઘણી ઉદાર અને ભવ્ય હતી.

આ વાતને વીશ વર્ષ વીતી ગયા પછી સેંટ હેલેનામાં નેપોલિયને પોતાની જુવાનીની સ્વપ્નસૃષ્ટિવિષે વાત કહાડી હતી. તેણે કહ્યું હતું કે "જો એકર જીતાયું હોત તો ફ્રેન્ચસેના પળવારમાં અલેપ્પો અને ડમાસ્કસ પહોંચી જાત, ત્યાંથી કોન્સ્ટેન્ટીનોપલ અને હિંદુસ્તાનને પણ જીતી લેતાં વાર લાગત નહિ. એમ થયું હોત તો આખા જગતનું પ્રારબ્ધ ફરી જાત."

નેપોલિયન પોતાને વિષે કહે છે કે "હું મોટા મોટા પરાજય પામવાનો છું એવું અગાઉથી જાણીનેજ કુદરતે મારૂં મન એવું વજ્ર જેવું ઘડયું છે કે ભારે તોફાનોથી પણ તેની શાંતિનો ભંગ થતો નથી." એકરનો પરાજય તેણે એવી શાંતિથી સહન કર્યો કે તેના અંગત મિત્રો પણ તેનામાં નિરાશાની એક રેખા સરખી જોઇ શકયા નહિ. તે એવો અસામાન્ય ઉદાર પ્રકૃતિનો હતો કે **શત્રુના પણ ઉમદા ગુણની કદર કરતો.** સિડનિ સ્મિથે તેના મનોરથ ધૂળધાણી કરી નાખ્યા તોપણ તેના તરફ તેણે કદિ વૈરભાવ વ્યક્ત કર્યો ન હતો. વર્મસર સાથે તેણે ઇટાલીમાં અનેક દારુણ સંગ્રામ કર્યા હતા. તેને વિષે પણ તે કહેતો કે તે ઘણો બહાદૂર અને ઉદાર છે. વળી વર્મસરના પરાજય વખતે પણ તેણે તેના તરફ નિકટના મિત્રના જેવો ભાવ રાખ્યો હતો. યુદ્ધ કરતી વખતે તે જાણે પોતાના પ્રતિસ્પર્ધી સાથે શેત્રંજની રમત રમતો હોય તેમ તેના તરફ તદ્દન નિર્વૈરપણે વર્તતો હતો. તે એમજ સમજતો હતો કે પ્રજાનું હિત સાચવવા માટે જેટલા ઉત્સાહથી હું લઢું છું તેટલાજ ઉત્સાહથી રાજાઓ તેમનું પોતાનું હિત સાચવવા લઢે એ સ્વાભાવિક છે. એકવાર રૂશિઆના ઝારને પોતાના ઉપર અંગત વૈર રાખતો જોઇને નેપોલિયનને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું હતું. એક શેત્રંજ રમનાર પ્યાદું મહાત થતાં જો ખીજવાઈ જાય તો તે જોઇને તેના

હરિફને જેવું આશ્ચર્ય થાય તેવુંજ આશ્ચર્ય જ્યારે તેના પ્રતિસ્પર્ધીઓ તેના તરફ અંગત દ્વેષ રાખતા ત્યારે તેને થતું. આનું કારણ એ છે કે ન્યાયપરાયણતા, ઉદારતા, મહાનુભાવતા—આ બધા સદ્ગુણો તેનામાં સ્વાભાવિક હતા. તેણે પોતાના હૃદયને કેળવીને પોતાની યોગ્યતા વધારી ન હતી; પણ તેનામાં એ યોગ્યતા જન્મથીજ હતી.

મે માસની ૨૦ મી તારીખે એકર છોડી જવાનો વિચાર તેણે જાહેર કર્યો. આદરેલું કાર્ય છોડી દેવાનો તેનો આ પહેલોજ પ્રસંગ હતો. છાવણીનો સામાન, તોપો અને માંદા સિપાઇઓને પ્રથમ રવાના કરવામાં આવ્યાં અને તુર્ક લોકોને ખબર ન પડે તે વાસ્તે શહેર તરફ આખર સુધી તોપનો માર ચાલુ રાખ્યો. પ્લેગ તથા યુદ્ધમાં તેનાં એકંદર ત્રણ હજાર માણસો માર્યાં ગયાં હતાં. તોપણ તેણે સિરિયા ઉપર આક્રમણ કરવાનો મુખ્ય ઉદ્દેશ સિદ્ધ કર્યો હતો. તેણે તુર્કોના બળનો સંપૂર્ણ નાશ કર્યો હતો; એકર શહેર ખંડિયેર બની ગયું હતું અને મિસર દેશને તુર્ક લોકોના આક્રમણના ભયમાંથી મુક્ત કર્યો હતો, તેના મનની ઉંડી આશાઓ ધૂળ મળી ગઇ હતી, પણ સૈન્યને તેની જાણ ન હતી. તેથી તેઓ તો જાણે તેઓની જીતજ થઇ હોય તેવા ઉત્સાહથી પાછા ફર્યા. રોડ્સથી નીકળેલું એક લશ્કર થોડાજ સમયમાં મિસરને કિનારે ઉતરવાનું હતું તેની મુલાકાત લેવા તેઓએ ઉલટભેર મિસર તરફ કુચ કરી.

નેપોલિયનનાં દવાખાનાંઓમાં માંદા અને ઘાયલ થએલા મળીને બાર સો સિપાઇઓ હતા. તેમને ઘોડા ઉપર તથા ડોળીઓમાં બેસાડીને લઇ જવાના હતા. નેપોલિયને પોતાનો ઘોડો પણ ઘાયલ સિપાઇને બેસવા આપ્યો અને પોતે નીચામાં નીચા દરજ્જાના સિપાઈની સાથે ગરમ ધગધગતી રેતીમાં પગે મુસાફરી કરી. ફ્રેન્ચો એકર છોડીને ચાલ્યા જાય છે આ સમાચારથી સિરિયાની તમામ ખ્રિસ્તિ પ્રજાઓમાં હાહાકાર થઈ રહ્યો. ઍકમેટ કસાઈ હવે તેમની બેવફાદારી માટે સખ્ત વેર લેશે એવી તેમને ખાત્રી હતી. અંગ્રેજ, તુર્ક અને રૂશિઆએ ફ્રેન્ચો ઉપર જીત મેળવી ખરી પણ તે જીતથી બિચારી સિરિયાની પ્રજા ઉપર ગુલામગિરિનાં બંધન વધારે કઠોર થયાં અને નિર્દય તુર્કોએ જ્યારે તેમના ઉપર ભયંકર વેર લીધું ત્યારે તે બિચારાં સ્ત્રી, પુરુષો અને બાળકોએ આખી ખ્રિસ્તી આલમનાં હૃદય દ્રવી જાય એવો આર્તનાદ કર્યો; પણ તે અવાજ કોઈએ સાંભળ્યો નહિ.

એકરથી ઉપડીને ફ્રેન્ચ સેના પાછી જાફા શહેરમાં દાખલ થઈ. ત્યાંના દવાખાનામાં પ્લેગથી પીડાતા અનેક સિપાઇઓ હતા. નેપોલિયન નિડરપણે દવાખાનાના એકેએક વિભાગમાં ફરી વળ્યો અને તમામ માંદા સિપાઇઓ સાથે સહાનુભૂતિથી વાતચીત કર્યા પછી તેમને પોતાના લશ્કર સાથે લઈ જવાનો બંદોબસ્ત કરવા લાગ્યો. ત્યાં સાત સિપાઇઓ મરવાની અણીપર હોવાથી તેમને બીજે ઠેકાણે લઈ જવાય એમ

હતું નહિ. તેમનું શું કરવું તે વિષે તેણે થોડીવાર સુધી ઘણીજ કાળજીપૂર્વક વિચાર કર્યો. તેમને અહિં મૂકી જવામાં ભય એ હતો કે તુર્ક લોકો કેદીઓને ઘાતકીપણે રીબાવી રીબાવીને મારી નાખતા એ વાતની તેને ખબર હતી. આથી ઘણીજ દિલગિરી સાથે એ સાત જણને ઝેર દઈ મારી નાખવાનો તેણે વિચાર કર્યો. તેઓને તુર્ક લોકો અત્યંત રીબાવી રીબાવીને મારી નાખે તે કરતાં તેઓ સુખેથી મરે એ વિચાર તેને વધારે સારો લાગ્યો. તેમને જીવવાની આશા તો હતીજ નહિ. તેણે નાઇલાજે, અત્યંત ખેદસહિત ડૉકટરને કહ્યું કે “એમને અફીણની ગોળી ખવરાવીને તરતજ છોડવી શકાય તો તેઓ નિર્દય તુર્ક લોકોના હાથમાં જતા બચે.” ડૉકટરે જવાબ આપ્યો કે “મારો ધંધો દર્દીને દર્દમાંથી મુક્ત કરવાનો છે; તેમની હત્યા કરવાનો નથી.” નેપોલિયને પછી વિચાર કરીને તેમના રક્ષણને માટે પાંચ સો માણસો ત્યાં રહેવા દીધા અને તેઓ પ્રાણ છોડે ત્યારપછીજ જાફા છોડવું એવી તેમને આજ્ઞા આપી. તેણે સિપાઇઓને ઝેર આપીને મારી નાખવાનો એકવાર વિચાર જાહેર કર્યો તે માટે તેના વિરોધીઓ તેની અત્યંત નિંદા કરે છે. અલબત્ત, ધર્મની દૃષ્ટિથી જોતાં તેનો આ વિચાર કદાચ ભૂલભરેલો હશે તોપણ તે નિર્દય સ્વભાવનો હતો એમ તો સાબિત નથીજ થતું. જો તે નિર્દયજ હોત તો મોતની અણીપર આવેલા માણસોના રક્ષણ માટે આટલી કાળજી ન રાખતાં તેમને પડયા રહેવા દઇને ચાલતો થાત. આ બાબત વિષે સામા પક્ષે તેની એટલી બધી નિંદા કરી હતી કે એકવાર સેંટ હેલેનામાં વાત નીકળતાં નેપોલિયને કહ્યું હતું કે “જો તેમને અફીણ આપવામાં આવ્યું હોત તો તે કામને હું પાપ માનતો નથી. હું તો એમ માનું છું કે એ કામમાં પુણ્ય હતું. તેઓ મોતની અણિપર હતા. તેથી તેઓ જીવે એમ તો હતુંજ નહિ. તેમને એવી હાલતમાં નિરાધાર મૂકીને ચાલ્યા જવું અને તુર્કોને હાથે ઘણીજ ભયંકર રીતે તેમને કતલ થવા દેવા, એ કામને હું તો નિર્દય માનું છું તેવી હાલતમાં આપણે હોઇએ તો આપણે પોતાને માટે શું ઇચ્છીએ એનો વિચાર કરીને તે પ્રમાણેજ સેનાપતિએ પોતાના સિપાઇઓ સાથે વ્યવહાર કરવો જોઇએ. જેની શુદ્ધિ ઠેકાણે હોય એવો કોઇપણ માણસ આવા સંજોગોમાં થોડા કલાક વધારે જીવીને પશુ જેવા તુર્કોની ક્રૂરતાનો ભોગ થઇ પડવા કરતાં સુખપૂર્વક મરણ પામવાનું પસંદ કર્યા વગર રહેજ નહિ. પિતા પોતાના પુત્ર ઉપર જેટલો પ્રેમ રાખી શકે તેટલાજ પ્રેમથી હું મારા પુત્રને ચાહું છું પણ જો તેજ પુત્ર આવી હાલતમાં હોત તો હું તેને માટે પણ એવોજ ઉપાય બતાવત. હું પોતે એવી હાલતમાં હોત અને જો મારી શુદ્ધિ ઠેકાણે હોત તો આવા પ્રકારનો છુટકારો હું પોતે પણ આગ્રહસહિત માગી લેત. તે વખતે સૈન્યની સ્થિતિ એવી હતી કે તેમના રક્ષણને માટે એક લશ્કરી ટુકડી મૂકી જવાની સગવડ ન હતી. તોપણ આખરે તેમને ૫૦૦ માણસોની ટુકડીના રક્ષણ નીચે મૂકીને

જ હું ગયો હતો. તેમને અફીણ ખવરાવી મારી નાખવાની જરૂર મને જણાઇ હોત તો હું *લશ્કરી અમલદારોની એક સભા બોલાવત, આવું પગલું લેવાની જરૂર છે એવું તેમને કહેત અને આવું કામ કરવામાં આવ્યું છે એવું ખુલ્લે ખુલ્લું જાહેર કરત. તેને કદિ પણ ગુપ્ત તો રાખતજ નહિ. + જો મારા સિપાઇઓને છૂપી રીતે ઝેર દઇને મારી નાખવા જેટલી નિષ્ઠુરતા મારામાં હોત અને મારા ઘાયલ થએલા અને મરેલા સિપાઇઓના શરીર ઉપર થઇને મારી ગાડી ચલાવી જાઉં એવો જો હું કસાઇ હોત, તો જેવા અદ્વિતીય શૌર્ય અને ઉત્સાહથી મારા સિપાઇઓ મારે માટે લઢયા હતા તેમ લઢત ખરા કે? સિપાઇઓને ઝેર દઇને મારી નાખવાનું કામ ગમે તેવું ના ઇલાજે કર્યું છતાં તે છુપી રીતે કર્યું તેટલાથીજ તે ગુન્હાનું સ્વરૂપ ધારણ કરત. એકવાર તેમ કર્યા પછી બીજીવાર એવું પાપાચરણ કરવાને હું જીવતો રહેવા પામતજ નહિ. જતાં જતાં એકાદ સિપાઇ મને ગોળીથી માર્યા વગર રહેતજ નહિ. ઘાયલ થએલામાંથી પણ કોઈ પડયો પડયો મને ગોળીથી મારી નાખતજ. **મારા સમગ્ર રાજનૈતિક જીવનમાં મેં કદિ પાપાચરણ કર્યું નથી.** જો મેં તેમ કર્યું હોત તો અત્યારે મારી આ દશા ન હોત. ફ્રાન્સનું સિંહાસન મેળવવાને તલપી રહેલા બુર્બોન રાજાઓને હું સહેલાઈથી મરાવી શકત. મારે તો માત્ર અનુમતિજ આપવાની હતી. મારા એક શબ્દની સાથે તેઓને આ દુનિયા છોડવી પડત. છતાં પણ ત્યારપછી મેં આ વિષે ઘણો વિચાર કર્યો છે અને હવે મારો અભિપ્રાય એવો છે કે માણસના પ્રારબ્ધમાં ગમે તેટલું સુખ હોય, અથવા દુઃખ હોય તોપણ તેને કુદરતી રીતેજ તેનું જીવન પૂર્ણ કરવા દેવું જોઇએ. મારો એક મિત્ર અત્યંત વેદનાથી પીડાતો હતો અને દુઃખમાંથી છુટવાને વારંવાર ઝેરની માગણી કરતો હતો. તેને મેં કહ્યું હતું કે 'મને તારા ઉપર દયા તો આવે છે પણ તેમાં બીજો ઉપાય નથી. આખર સુધી તારે પીડા સહન કરવીજ પડશે.' "

સર રૉબર્ટ વિલ્સન નામના વિદ્વાને લખ્યું કે નિર્દય અને હત્યારા નેપોલિયને પોતાના કામનો બોજો ઓછો કરવા માટે પાંચસો અને એંસી ઘાયલ થએલા માંદા સિપાઇઓને જાફા શહેરમાં ઝેર દઇને મારી નંખાવ્યા. આ લખાણનો બધે પ્રચાર કરવામાં આવ્યો અને તેમાં લખેલી વાતને યૂરોપ અને અમેરિકાના લોકોએ સાચી માની અને આવીજ જાતનાં લખાણથી ખોટે રસ્તે દોરવાઇને હજી પણ ઘણા માણસો નેપોલિયનને વિષે ખોટો અભિપ્રાય બાંધતા હશે; પરંતુ પાછળથી વિલ્સનને પોતાની ભૂલ સમજાઇ અને તે નેપોલિયનના પક્ષમાં ભળી ગયો. એકવાર એજ વિલ્સનની

---

* જાફામાં તુર્ક કેદીઓને ગોળીબાર કરવા કે નહિ તે સવાલનો નિર્ણય કરવાનું કામ તેણે અમલદારોની સભાનેજ સોંપ્યું હતું.

+ આ મિથ્યા વચન નેપોલિયનના વિરોધીઓનાં છે.

તેના સાંભળતાં કોઇએ નિંદા કરી પણ ઉદાર બુદ્ધિવાળા નેપોલિયનથી તે સહન થયું નહિ, તેથી તેણે કહ્યું કે કદાચ લખનારે લાગણીના આવેશમાં લખી દીધું હોય અથવા તેને કોઇએ ખોટી ખબર આપી હોય અને હવે તે પસ્તાતો હોય એમ પણ કેમ ન બને ?

નેપોલિયન પોતે એક પ્રસંગે કહે છે કે “ મેં કદિ પાપ કર્યું નથી એટલુંજ નહિ પણ પાપ કરવાનો વિચાર સરખોએ કર્યો નથી. હું હંમેશાં પચાસ સાઠ લાખ માણસોનો પ્રેમ સંપાદન કરતો આવ્યો છું અને તેમની પ્રશંસાના પ્રતાપે આગળ વધ્યો છું. ભલેને સામો પક્ષ મારી થાય તેટલી નિંદા કરે પણ મારી પ્રતિષ્ઠાને માટે મને જરા પણ ભય નથી. ભવિષ્યની પ્રજા મને ન્યાય આપ્યા વગર રહેશેજ નહિ. આખરે સત્ય જાહેર થશે અને મેં જે લોકોપકારક કાર્યો કર્યાં છે તેમની સાથે મારા દોષની તુલના થશે અને તેનું શું પરિણામ આવશે તે વિષે મને ચિંતા છેજ નહિ.”

એક પ્રસિદ્ધ ડૉકટર જે નેપોલિયનની સાથે આ સ્વારીમાં હાજર હતો અને જેણે માંદા અને ઘાયલ થએલા સિપાઇઓની સેવા કરવા માટે અવિરત પરિશ્રમ ઉઠાવ્યો હતો, સિપાઇઓની જરૂરીઆતો પૂરી પાડવા માટે સેનાપતિઓને વારંવાર સૂતા ઉઠાડતો હતો અને તેની સૂચનાનો તાત્કાળિક અમલ કરવામાં ન આવે તો તરતજ તે નેપોલિયન પાસે જઇને ફરિયાદ કરતો. તે ડૉકટરે પોતાનું એક વૈદ્યકીય પુસ્તક નેપોલિયને માંદા સિપાઇઓની લીધેલી બરદાસ્ત માટે પોતાનું સન્માન પ્રદર્શિત કરવાના હેતુથી તેને અર્પણ કર્યું હતું. એક બીજો ડૉક્ટર લખે છે કે “ નેપોલિયનના સ્વભાવની ખરી મહત્તા વિપત્તિના વખતમાં જણાઈ આવતી હતી. તે સેંકડોવાર જરા પણ અચકાયા વગર પ્લેગનાં દવાખાનાંઓમાં જતો. તે પ્લેગથી પીડાતા રોગીઓના ઓરડાઓ તપાસતો અને તેમની સાથે એક નિકટના મિત્રની માફક પ્રેમથી વાતચીત કરતો. જ્યારે પ્લેગનું જોર ઘણુંજ વધી ગયું અને બધા લોકો (ડૉકટરો પણ) ડરવા લાગ્યા તેવે વખતે તેણે પોતાની હિંમતનો દાખલો આપીને સર્વનો ભય દૂર કર્યો, માંદાઓને ધૈર્ય આપ્યું અને ડૉકટરોને માંદાઓની સારવાર કરવા માટે ઉત્તેજિત કર્યા.

હવે સૈન્ય જાફાથી આગળ ચાલ્યું. માર્ગમાં અનેક માંદા અને ઘાયલ સિપાઇઓ મરતા ગયા. નેપોલિયન અને તમામ સરદારો પગે ચાલતા હતા તોપણ માંદાઓને માટે પૂરતા ઘોડા ન હતા. તોપો ખેંચનાર ઘોડા પણ આજ કામમાં રોકયા અને તોપોને રેતીમાં દાટી દીધી. કોઈ કોઇને સહાનુભૂતિ આપે એવો આ વખત ન હતો. અત્યંત વિટંબણાથી હૃદયમાંથી દયા અને બીજી કોમળ વૃત્તિઓ કચરાઈ જાય છે. દરેક જણ માત્ર પોતાનીજ સલામતી માટે ઉત્સુક હતો. મનુષ્યસ્વભાવને ભ્રષ્ટ કરી નાખે એવા સંજોગોનું અને યુદ્ધની ભયાનકતાનું ખરેખરૂં દર્શન આ પ્રસંગે થતું હતું. આ દેખાવ જોઇને નેપોલિયનનું હૃદય ઘણું ખિન્ન થતું. તે ધગધગતી રેતીમાં

વગર છત્રીએ સિપાઇઓની સાથે ચાલતો હતો. એવામાં તેણે એક હૃદયપુષ્ટ અમલદારને ઘોડે બેસીને કુચ કરતો જોયો અને માંદા સિપાઇઓને માટે પોતાનો ઘોડો આપવાની તે ચોક્ખી ના પાડતો હતો. આ જોઇને નેપોલિયનને એટલો ક્રોધ ચહડ્યો કે તલવારની મૂઠના પ્રહારથી તેણે તેને જમીનદોસ્ત કર્યો અને તેના ઘોડા ઉપર તેણે પોતાને હાથે એક માંદા સિપાઇને બેસાડ્યો. લશ્કરના તમામ સિપાઇઓએ તેને હર્ષના ઉદ્ગારથી વધાવી લીધો.

પ્લેગવાળા દરદીઓને લશ્કરથી દૂર ચલાવવામાં આવતા હતા અને રાત્રે તેમનો મુકામ પણ અલગ કરવામાં આવતો. તોપના ગોળા સામે બેધડકપણે ધસી જનારા સિપાઇઓ પણ તેમનાથી દૂરને દૂરજ રહેતા. આત્મસંરક્ષણ કરવાની વૃત્તિનું બળ એટલે દરજ્જે વધી ગયું હતું કે માંદાઓને જરા પણ મદદ કરવા તેઓ ના પાડતા હતા. માત્ર એકલો નેપોલિયનજ પ્લેગવાળા દરદીઓની પાસે પોતાનો તંબુ રોપાવતો. તેમને સારૂ જોઇતો બંદોબસ્ત થયો છે કે કેમ તે જોવા માટે હમેશાં રાત્રે તેમની દરેકની મુલાકાત લેતો. સવારે પણ જાણે એક પિતા પોતાના પુત્રોની સંભાળ લેતો હોય તેટલી કાળજીથી તેમને ઘણાજ જતનથી ઘોડા ઉપર બેસાડાવતો. જેની કીર્તિ આખા જગત્માં ફેલાઈ ગઈ છે એવા દિગ્વિજયી સેનાપતિને પોતાના જેવા ક્ષુદ્ર સિપાઇઓ તરફ આટલો પ્રેમ રાખતો જોઇને તેઓ તેને દેવતુલ્ય ચહાતા. તે તેમના પ્રેમને માટે યોગ્ય પણ હતો. * હજી પણ પારિસના અપંગાશ્રમમાં જીવનની છેલ્લી ઘડીઓ પૂરી કરતા તેના કોઇ કોઈ સિપાઈ જોવામાં આવે છે અને આટલે વર્ષે પણ તેઓ તેનું નામ સાંભળીને એકદમ ઉત્સાહપૂર્વક તેનાં વખાણ કરવા મંડી જાય છે. માણસોનો જેટલો પ્રેમ નેપોલિયને સંપાદન કર્યો છે તેટલો ભાગ્યેજ બીજા કોઇ પ્રાચીન અથવા અર્વાચીન પુરુષે કર્યા હશે. જે લોકો તેને સૌથી વધારે ઓળખતા તે તેને સૌથી વિશેષ પ્રેમથી ચહાતા હતા.

આખરે ત્રણ મહિનાની ગેરહાજરી પછી ફ્રેન્ચસેના કેરો નગરમાં પૂર દમામથી દાખલ થઈ. સિપાઇઓમાં હવે ભારે અસંતોષ ફેલાઈ ગયો હતો. તેમને સ્વદેશ છોડ્યે એક વર્ષ થઈ ગયું હતું. પૌર્વાત્ય પ્રદેશોમાં સામ્રાજ્ય સ્થાપવાની યોજના પડી ભાગવાથી નેપોલિયન પણ હવે સ્વદેશ જવાનો વિચાર કરવા લાગ્યો; પણ ઇંગ્લંડ અને રૂશિયાની મદદથી એક બળવાન તુર્કસેના મિસરને કિનારે ઉતરવાની તૈયારી કરતી હતી. આ બળવાન શત્રુસૈન્યને પરાસ્ત કર્યા પહેલાં સ્વદેશ જવાનો વિચાર તેણે માંડી વાળ્યો. એ લશ્કર ક્યાં અને ક્યારે ઉતરવાનું હતું તેની તેને ખબર ન હતી તેથી તે રાહ જોતો બેઠો.

થોડા દિવસ પછી એટલે જુલાઇ માસમાં એક દિવસ સાંજને વખતે એક ધૂળથી

---

* આ લખાયે ૫૦ વર્ષ થઈ ગયાં છે. ભા૦ ક૦

ઢંકાયલો ઘોડેસ્વાર મારતે ઘોડે અલેક્ઝાન્ડ્રિયાથી આવી પહોંચ્યો. તે એવા સમાચાર લાવ્યો કે “ અબુકરના ઉપસાગર આગળ એક બળવાન નૌકાસૈન્ય આવી પહોંચ્યું છે. અઢાર હજાર હથિયારબંધ ઝનુની તુર્ક સિપાઇઓ કિનારે ઉતર્યા છે, તેમની પાસે પુષ્કળ તોપખાનું છે, તેમની પાસે અંગ્રેજ અને રૂશિયન સેનાપતિઓ છે અને મુરાદ બે પોતે મામેલુક સ્વારોનું સૈન્ય લઇને તેમની સાથે જોડાઈ જવાને માટે ઝડપથી ચાલ્યો આવે છે. ” આ પ્રમાણે આખરે જે વિપત્તિનું વાદળ ઘેરાઈ રહ્યું હતું તે હવે કડાકા ધડાકા સાથે આવી પહોંચ્યું.

આ વખતે ફ્રેન્ચ લશ્કર આખા મિસર દેશમાં ચારે દિશાએ છૂટું પડયું હતું. કેટલુંક કેરો નગરથી આઠસો માઈલ દૂર હતું. થોડુંક અલેક્ઝાન્ડ્રિયામાં હતું. થોડુંક તુર્ક લોકોને આવતા અટકાવવાને સિરિયાની હદ ઉપર હતું. તેથી નેપોલિયન પાસે તરતને માટે કામ આવે એવા માત્ર આઠજ હજાર માણસો હતાં. જૂદાં જૂદાં મથકોના સેનાપતિઓને માટે નેપોલિયને રાતના ત્રણ વાગ્યાસુધી જાગીને હુકમો લખીને રવાના કરી દીધા. ચાર વાગે ઘોડે બેસીને છાવણીમાં ગયો અને તરતજ તેના લશ્કરે ઝપાટાબંધ કુચ કરવા માંડી. આ વજ્રદેહી સિપાઇઓ ભૂખ્યા અને તરસ્યા, ઉના ધગધગતા રણમાં થઇને બાળી નાખે એવો સૂર્યનો તાપ છતાં આખા જગતને ચકિત કરી નાખે એવી ત્વરાથી માત્ર સાતજ દિવસમાં અબુકરના ઉપસાગર નજીક આવી પહોંચ્યા.

ઈ૦ સ૦ ૧૭૯૯ ના જુલાઇ માસની ૨૫ મી તારીખે માત્ર આઠજ હજાર માણસો લઇને નેપોલિયન મજબૂત મોરચો નાખીને પડેલી તુર્ક સેનાની સન્મુખ આવી પહોંચ્યો. તે વખતે મધ્યરાત્રિ થઈ હતી. મેદાન અને સમુદ્ર ઉપર ચંદ્રકિરણો પથરાઇ ગયાં હતાં. નેપોલિયને એક ઉંચી જગ્યા ઉપર ઉભા રહીને જોયું તો અઢાર હજાર તુર્ક સિપાઇઓ ઘસઘસાટ ઉંઘ લેતા હતા. તેમની ત્રણે બાજુએ સમુદ્ર હતો અને બાકીની એક બાજુએથી પોતાનું રક્ષણ કરવાને તેમણે મજબૂત દિવાલો ઉભી કરી હતી. પાસેના ઉપસાગરમાં તેમનું નૌકાસૈન્ય નિડરપણે ઉભું હતું. નેપોલિયનની અનુભવી આંખે શત્રુના પાયદળનો, તોપખાનાનો અને સ્વારોની સંખ્યાનો અડસટ્ટો કરી લીધો. વળી તેઓ બીજા સૈન્યની તથા બીજી યુદ્ધસામગ્રીના આવવાની રાહ જોતા હોય એમ લાગ્યું. નેપોલિયનનો સરદાર કલેબર પોતાનાં બે હજાર માણસો લઇને હજી આવ્યો ન હતો. તો પણ તેની રાહ ન જોતાં તેણે શત્રુ ઉપર તાબડતોબ હુમલો કરવાનો ઠરાવ કર્યો.

આ યુદ્ધમાં બેઉ પક્ષનું બળ તદ્દન અસમાન હતું. તુર્ક લોકો ઘણીજ ઝનુની અને નિડર જાત છે, અને વળી તેમના બળનો ઉપયોગ કરનારા બાહોશ અંગ્રેજ અને ફ્રેન્ચ ઇજનેરો હતા. આજ જગ્યાએ એક વર્ષની વાત ઉપર નેપોલિયન ઉતર્યો હતો.

જ્યાં અત્યારે શત્રુનું નૌકાસૈન્ય દમામભેર લંગરાયું હતું તેજ જગ્યાએ તેનાં વહાણોના શત્રુએ ચૂરેચૂરા કરી નાખ્યા હતા. આ દેખાવ જોઇને તેના હૃદયમાં વેરનો દાવાગ્નિ સળગી ઉઠયો. આ યુદ્ધના પરિણામ ઉપર ઘણીજ મહત્ત્વની બાબતોનો આધાર હતો. તેની હાર થઈ તો તેનો પૂરેપૂરો વિનાશ થવાનોજ. સહેજસાજ જીત થઇ તો યુદ્ધ લંબાય અને તેથી જો તે પૂરેપૂરો વિજય મેળવ્યા વગર ફ્રાન્સ જાય તો તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચ્યા વગર રહેજ નહિ. જો આજ યુદ્ધમાં શત્રુદળનો કચ્ચરઘાણ નીકળી જાય તો તે હાર ખાઇને નહિ પણ અપરાજિત ગણાઇને સ્વદેશ પાછો ફરે. મિસરમાં રહેલા ફ્રેન્ચોને સલામતીમાં મૂકી જાય અને ફ્રાન્સમાં ચાલી રહેલી અવ્યવસ્થિત સ્થિતિને લીધે કીર્તિ મેળવવાના નવા માર્ગ તેને માટે બેશક ખુલ્લા થાય. જ્યારે તે આ પ્રમાણે ઉભો ઉભો શત્રુસૈન્ય તરફ દૃષ્ટિ કરીને વિચાર કરતો હતો તે વખતે તેનો બહાદૂર સેનાપતિ મુરા તેની પાસે ઉભો હતો. પોતે ઘણીજ ઉંચી અવસ્થા ભોગવવાને અને ઘણાં મહત્ત્વનાં કામ કરવાને સરજાયો છે એવી તેની દૃઢ માન્યતા હતી, અને આ માન્યતાએ તેના મન ઉપર આ પ્રસંગે એટલો અધિકાર જમાવ્યો કે તેણે પાસે ઉભેલા મુરાને કહ્યું, “આ યુદ્ધના પરિણામ ઉપર જગતનું પ્રારબ્ધ અવલંબે છે.” બહાદૂર મુરા નેપોલિયનના જેટલો દૂરદર્શી ન હતો. તેથી તેણે કહ્યું, “ અલબત્ત, આપણા લશ્કરનું પ્રારબ્ધ તો તેના ઉપરજ અવલંબે છે. દરેક ફ્રેન્ચ સિપાઇ અત્યારે જાણે છે કે જો હું જીતીશ નહિ તો મારે મરવુંજ પડશે, અને તેથી સજ્જડમાં સજ્જડ ધસારો તુર્કસૈન્ય ઉપર મારા સ્વાર કરશે તેની ખાત્રી રાખજો.”

પૂર્વ દિશામાં સૂર્યનો કાંઇક ઝાંખો ઉજાસ થવા લાગ્યો હતો એવા સમયે પોતાની છાવણી ઉપર ધડાધડ વરસતા બોંબ ગોળાના આઘાતથી અને તોપોના વજ્રનિનાદથી ઉંઘતી તુર્કસેના સફાળી જાગી ઉઠી, અને જગત્નાં અત્યંત દારુણ યુદ્ધમાં ગણી શકાય એવું યુદ્ધ શરૂ થયું. નેપોલિયનની બુદ્ધિની ભયાનક તેજસ્વિતા પૂર જોસમાં ભભુકી નીકળી. તે એક નાની ટેકરી ઉપર પૂર્ણ શાંતિથી, અક્ષુબ્ધ ચિત્તે ઉભો ઉભો આ વખતે પોતાના અપ્રતિહત બુદ્ધિબળથી સેનાપતિઓનો નિયામક બનીને શત્રુનો સંહાર કરવા લાગ્યો. તુર્ક લોકો બહાદૂરીથી પોતાનો બચાવ કરવા લાગ્યા. અંગ્રેજ સેનાપતિઓ તેમના નેતા હતા સર સિડનિ સ્મિથ પોતે મુખ્ય સેનાપતિ હતો. તો પણ તેમનું કાંઈ વળ્યું નહિ. ફ્રેન્ચ યોદ્ધાઓનો ધસારો વિકરાળ વરૂના ધસારા જેવો હતો અને તેમને હાથે તુર્ક સિપાઇઓનો હરણની માફક સંહાર થવા લાગ્યો. આજ જગ્યાએ અમારાં ભવ્ય વહાણોનો નાશ થયો હતો એ વાત યાદ આવવાથી એકેએક ફ્રેન્ચ સિપાઇનાં હૃદયમાં ક્રોધાગ્નિ ભભુકી ઉઠતો હતો. ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો નાશ કરવા યૂરોપના રાજાઓ એકઠા થયા છે તે વાતનું સ્મરણ થવાથી

તેમની નસેનસમાં ખૂન ઉછળી આવતું હતું. માત્ર છજ હજાર ફ્રેન્ચો, ઇંગ્લંડ, રૂશિયા અને તુર્કસ્તાનના સંયુક્ત સૈન્ય ઉપર તૂટી પડતા હતા એ વિચારથી તેમનું હૃદય અહંકારથી ફૂલાતું હતું. તેમના ધસારાનો જુસ્સો અને યુદ્ધનિપુણતા જોઇને તુર્કસેનામાં ગભરાટ ફેલાવા લાગ્યો. તેમનો વ્યૂહ ભેદાયો અને સિપાઇઓ અને સ્વારો એક બીજા સામે અથડાતાં ભયંકર ગોટાળો થઈ ગયો. અદ્ભુત ત્વરાથી તોપો ભરી ભરીને ફોડવાના કામથી ટેવાયલા ફ્રેન્ચ ગોલંદાજોએ તેમના ઉપર ગોળા, ગોળીઓ અને બોંબગોળાની અખંડ ઝડી મચાવી મૂકી. સંખ્યાબંધ તુર્કોના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા. સેંકડો માણસો તલવાર અને સંગીનના પ્રહારથી ઘાસની માફક કપાઇ ગયાં અને નાસવા જતાં ઘોડાની ખરીઓ નીચે છુંદાઇ મુઆં. હજારો તુર્ક સિપાઇઓએ પ્રાણ બચાવવાને સમુદ્રમાં ઝંપલાવ્યું અને કિનારેથી ત્રણ માઇલને અંતરે ઉભેલાં વહાણસુધી પહોંચી જવાને સ્વારો અને સિપાઇઓ સમુદ્રમાં ગાંડાની માફક તરફડીઆં મારવા લાગ્યા; પરંતુ નેપોલિયને યમરાજના જેવો શાંત, ગંભીર પણ ભયાનક ભાવ ધારણ કરીને તેમના તરફ તોપોનો એવો મારો ચલાવ્યો કે સમુદ્ર ઉપર ઘણે દૂરસુધી કરાના ઝાપટાની માફક ગોળા અને ગોળીઓની એકસામટી રમઝટ મચી રહી. જમીનમાર્ગે શત્રુથી નસાય એમ હતુંજ નહિ; તેમ તેઓ શરણે આવે એવા પણ ન હતા. આ બાજુએ ફ્રાન્સની ગએલી કીર્તિ પાછી મેળવવાની નેપોલિયને જ્વલંત પ્રતિજ્ઞા લીધી હતી. સેનાપતિ મુરાએ પણ પોતાનું વચન પાળ્યું. શત્રુસૈન્ય જ્યાં ઘણોજ મજબૂત અને અભેદ્ય વ્યૂહ રચીને ઉભું હતું ત્યાં તેના સ્વારો ધસી ગયા અને મુરા પોતે મરણીઓ થઇને ઘોડો દોડવતો જ્યાં પાશા પોતે અને તેના સેનાપતિઓ ઉભા હતા ત્યાંસુધી ઘુસી ગયો. ગર્વિષ્ઠ સુલતાન તેના તરફ પિસ્તોલ છોડે તે પહેલાં તો મુરાની લોહીથી ખરડાયલી તલવારના ઝાટકાથી તેનો જમણો હાથ ઉડી ગયો અને તેને જીવતો કેદ પકડીને નેપોલિયનની પાસે મોકલી દેવામાં આવ્યો.

સાંજના ચાર વાગતા પહેલાં તમામ તુર્કસૈન્યનો નાશ થઇ ગયો, માત્ર બે હજાર કેદ પકડાયા, અને બાકીના તમામ માર્યા ગયા અથવા સમુદ્રમાં ડૂબી મુઆ. સિડનિ સ્મિથ પોતે પણ ઘણી મુશીબતે કેદ પકડાતો બચ્યો. તુર્કોની નાસાનાસ વખતે એક મછવામાં બેસીને તે નાઠો અને પોતાના વહાણમાં જઈ પહોંચ્યો. અબુકરના ઉપસાગરમાં બાર હજાર તુર્કોનાં મુડદાં તરતાં થયાં; પરંતુ થોડાજ મહિના ઉપર એજ ઠેકાણે તેટલાજ ફ્રેન્ચોની પણ એવીજ દશા થઇ હતી. શત્રુસૈન્યનો પૂરેપૂરો વિનાશ જો કોઇ યુધ્ધમાં થયો હોય તો તે માત્ર આજ યુદ્ધમાં થયો હતો. અબુકરના નૌકાયુદ્ધમાં ઈશ્વરે ફ્રેન્ચો તરફ તીખી નજર કરી હતી, પણ આ યુદ્ધમાં ફ્રાન્સના શત્રુઓ તરફ પણ તેની દૃષ્ટિ તેવીજ ઉગ્ર થઈ હતી.

હવે મિસરમાં લડાઇનું નામનિશાન રહ્યું ન હતું. હવે કોઇ પણ શત્રુ સાથે લઢવાનું બાકી ન હતું, તેમ કોઈ પણ દિશાએથી મિસર દેશ ઉપર આક્રમણ થાય એવો સંભવ પણ ન હતો. હવે તો માત્ર નવા સંસ્થાનની અંદરની વ્યવસ્થાનું કામ નેપોલિયને બતાવેલી દિશાએ ક્યાં કરવાનું હતું અને તેમાં ખાસ અસાધારણ બુદ્ધિની જરૂર ન હતી.

પણ આટલા બધા બહાદૂર સિપાઇઓના જાન તથા જહેમતને ભોગે નેપોલિયને મિસર જીત્યો તો ખરો, પરંતુ તે ફળપ્રદ નીવડયો નહિ. તેના નૌકાસૈન્યનો નાશ થવાથી ફ્રાન્સ સાથેનો તેનો સંબંધ તૂટી ગયો હતો અને તેથી હવે હિંદુસ્તાન ઉપર સ્વારી કરવાના વિચારને માટે મુદ્દલે અવકાશ ન હતો. આખા ભૂમધ્ય સમુદ્રમાં ઈંગ્લંડ, રૂશિયા અને તુર્કસ્તાનનાં લડાયક વહાણો ચારે દિશાએ ઘૂમતાં હોવાથી મિસરદેશ ફ્રેન્ચોને બહુ ઉપયોગી થઈ પડે એમ ન હતો. વળી તેઓની દહેશતને લીધે તેઓથી ફ્રાન્સ પાછા જવાય એમ પણ ન હતું. આથી કરીને ફ્રેન્ચો જો કે વિજયી થયા હતા તોપણ તેમણે પોતાને હાથે પોતાની આસપાસ એવી દિવાલ બાંધી લીધી હતી કે જે દિવાલવડે તેઓ શત્રુના હુમલાનું નિવારણ કરી શકે તોપણ તે દિવાલની બહાર તેઓથી નીકળાય એમ ન હતું.

છેલ્લા દશ મહિના થયાં તેને યૂરોપવિષે જરા પણ ખાત્રીભર્યા સમાચાર મળ્યા ન હતા. સિડ્નિ સ્મિથે કાં તો એક ગૃહસ્થને યોગ્ય સૌજન્યથી પ્રેરાઇને અથવા તો ફ્રાન્સ ઉપર એકસામટી આવી પડેલી વિપત્તિઓના સમાચાર આપીને વિજયી નેપોલિયનને તેના પૂરેપૂરા વિજયની પળે નિરાશા ઉપજાવવાના હેતુથી, તેને ઘણાજ માઠા સમાચારની વિગતોથી ભરપૂર વર્તમાનપત્રોની ફાઇલ મોકલાવી, અને ત્યાર પછી તરતજ શત્રુપક્ષનું નૌકાસૈન્ય ઝપાટાબંધ અદૃશ્ય થઈ ગયું.

નેપોલિયને આખી રાત બેસીને તે વર્તમાનપત્રો ઘણાજ ધ્યાનથી તપાસ્યાં. તેમાંથી તેને માલૂમ પડયું કે ફ્રાન્સમાં અવર્ણનીય ગેરવ્યવસ્થા થઇ ગઈ હતી. ડાયરેકટરોની નિર્બળ રાજસત્તા એવાં મૂર્ખાઇભરેલાં કામ કરતી હતી કે આખી પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ તે ગુમાવી બેઠી હતી. આખા દેશમાં નાના પ્રકારનાં કાવત્રાં અને ગુપ્ત રાજનૈતિક હત્યાઓ થતાં હતાં. વળી ફ્રાન્સને યૂરોપ સાથે બીજી વારની લડાઇ જાગી હતી. આસ્ટ્રિયાએ ઇટાલી સર કરી લીધો હતો, અને વિહ્વલ બનેલા ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યની સીમા ઉપર શત્રુરાજ્યોનાં સૈન્યનો જમાવ થવા લાગ્યો હતો.

આ સમાચાર વાંચ્યા પછી તેણે પોતાના સેક્રેટરી બુરિયેનને કહ્યું, "મારી આગાહી આખરે ખરી પડી. મૂર્ખાઓએ ઇટાલિ ખોયું. મારી તમામ ફતેહ બરબાદ ગઇ. આપણે હવે વગર વિલંબે ફ્રાન્સ જવું જોઇએ અને હજી બગડેલી બાજી સુધરે તો સુધારીને ફ્રાન્સને વિનાશમાંથી બચાવી લેવો જોઇએ."

નેપોલિયનમાં ખાસ વિલક્ષણતા એ હતી કે જ્યારે જ્યારે તે અમુક નિશ્ચય ઘડતો

ત્યારે સવાલની દરેક બાજુનો વિચાર તે ઘણીજ ઝડપથી કરી લેતો અને તરતજ પરિણામ શું આવશે તે પણ કળી શકતો. બીજાં માણસો ઘણા સમયસુધી શાંતિથી ઉંડો વિચાર કર્યા પછી પોતાના નિશ્ચયોમાં જે શાણપણ અને દીર્ઘદૃષ્ટિનું દર્શન કરાવતા તેટલુંજ શાણપણ અને તેટલીજ દીર્ઘદષ્ટિ તેના એક પળવારમાં ઘડી કાઢેલા નિશ્ચયોમાં જોવામાં આવતાં. લઢાઇના વિકટ મામલામાં, પળે પળે બદલાતા અને નવા ઉભા થતા સંજોગોમાં તે કદી પણ ગુંચવાતો નહિ. શું કરવું તેના વિચાર કરવાને એક પળવાર પણ તે થોભતો નહિ, પણ ધીમેથી પાકો વિચાર કર્યા પછી પણ આખરે જે માર્ગ તેને જડી શકે તેજ માર્ગ તે એકદમ શોધી કહાડતો અને મનમાં જરા પણ અંદેશો લાવ્યા વગર તેનો અમલ કરતો. આ પ્રમાણે સ્વાભાવિક પ્રેરણાથી તાત્કાળિક પણ ખરા નિશ્ચય કરવાની તેની અદ્‌ભુત શકિત એ તેના અસામાન્ય સામર્થ્યની એક મુખ્ય ચાવી હતી. તેની કાર્યદક્ષતા પણ તેવી અલૌકિક હતી. આથી કરીને જે કાર્ય કરવાને બીજા માણસોને દિવસના દિવસ લાગે તે કામ તે થોડા કલાકમાંજ ઉકેલી નાખતો.

આ વખતે પણ તેણે એક પળવારમાં ફ્રાન્સ જવાનો નિશ્ચય કરી નાખ્યો. કયે માર્ગે મુસાફરી કરવી, મિસરના સૈન્યનું શું કરવું, અગ્રેજ નાકાઓની સરત કેવી રીતે ચૂકાવવી, કોને કોને સાથે લઈ જવા, એ બધું તેણે એકદમ નક્કી કરી દીધું. તેણે પોતાના અંગત સલાહકારોને પોતાનો નિશ્ચય જણાવા દીધો પણ એમાંની લેશમાત્ર પણ ખબર શત્રુના નૌકાસૈન્યને મળવા પામે નહિ તેને માટે સઘળી યોજના પૂરેપૂરી ગુપ્ત રાખવાની સૂચના કરી, અને બે નાનાં વહાણ તથા ચારસો માણસોને બે મહિનાસુધી ચાલે તેટલું સીધું તૈયાર કરવાનો પણ હુકમ કરી દીધો.

ત્યાર પછી તે કેરો તરફ જવા નીકળ્યો અને ૧૦ મી ઑગસ્ટે સમરવિજયી સેનાપતિ તરીકે પૂર દમામથી નગરમાં દાખલ થયો. પોતે ફ્રાન્સ જવાની તૈયારી કરે છે એ વાતની તેણે સૈન્યને બિલકુલ જાણ થવા દીધી નહિ. થોડા દિવસ નાઇલ નદીના પ્રદેશમાં પરિભ્રમણ કર્યા પછી રણ ઓળગીને ઘણીજ ઝડપથી તે ૨૨ મી ઑગસ્ટે અલેક્ઝાન્ડ્રિયા આવી પહોંચ્યો. અધારી રાતે થોડા વફાદાર અંગરક્ષકો અને આઠ સોબતીઓને સાથે લઇને તે ઉપસાગરના એક એકાંત ભાગ આગળ ગયો. તેઓ કયાં જતા હતા તેની કોઇને કશી ખબર ન હતી. ત્યાં આગળ બે વહાણ તેમની રાહ જોતાં ઉભાં હતાં. પછી ત્યાં આગળ નેપોલિયને ફ્રાન્સ જવાનો પોતાનો ઉદ્દેશ જાહેર કર્યો. આખા મંડળમાં આનંદ આનંદ થઇ ગયો. તેઓ ગુપચુપ મછવામાં બેસીને વહાણ આગળ ગયા. બધા વહાણમાં બેસી ગયા એટલે તરતજ સઢ છોડવામાં આવ્યા અને સવારનો ઝાંખો પ્રકાશ થયો તે વખતે તો મિસરના રેતાળ કિનારાની રેખા સમુદ્રના ક્ષિતિજમાં અદૃશ્ય થઈ ગઈ !

प्रकरण १५ मुं–मिसरथी पारिसमां पुनरागमन १७९९

નેપોલિયને મિસર ઉપર કરેલી સ્વારીની યોજના માનુષી બુદ્ધિથી ઘડાયલી મહાન યોજનાઓમાંની એક હતી, પણ જે સંજોગો વચ્ચે તે ફ્રાન્સ પાછો આવ્યો તે સંજોગો જોતાં તેના નૈતિક બળનું અને ભવ્યતાનું વિશેષરૂપે દર્શન થાય છે. તેના નૌકાસૈન્યનો નાશ થયો ત્યારથી પૂર્વ દિશા તરફ આગળ વધવાનો સવાલ તો ઉડીજ ગયો હતો. તેનું સૈન્ય વાસ્તવિકરીતે મિસરમાં કેદ પકડાયું હોય એવી હાલતમાં હતું. હવે તો સારામાં સારો માર્ગ એજ હતો કે તેણે ફ્રાન્સ જવું અને ત્યાં પોતાની પ્રતિભા વાપરીને મિસરના લશ્કરને મદદ મોકલાવવી. આથી કરીને તેના સ્વદેશ પાછા ફરવાના વિચારને પુષ્ટિ આપનાર તેની પોતાના સૈન્ય તરફની લાગણી હતી. નાઇલાજે તેમને એકલા મૂકી જવાની તેને ફરજ પડી હતી. જો તે સહિસલામત ફ્રાન્સ ન પહોંચી શકે તો તેમાં એકલી તેની પોતાનીજ નહિ પણ તેના લશ્કરની સલામતીને પણ જોખમ પહોંચે તેમ હતું. આજ કારણથી તેને સઘળી યોજનાઓ ગુપ્ત રાખવાની જરૂર હતી. જો શત્રુને લેશમાત્ર પણ બાતમી મળે તો તેઓ સમુદ્રમાર્ગ ઉપર સખ્ત દેખરેખ રાખે અને તેને જતો અટકાવે. આ સંજોગો જોતાં તેના ધીટ સાહસને માટે તેને આખું જગત્ ધન્યવાદ આપે છે.

આ સાહસમાં રહેલી નૈતિક ભાવનાનો આપણે જરા વિચાર કરીએ. ત્રણ કરોડ મનુષ્યોની બનેલી ફ્રેન્ચ પ્રજા છેલ્લાં દશ વર્ષથી ભયંકર સામાજિક સંનિપાતથી પ્રક્ષુબ્ધ અને છિન્ન ભિન્ન થઇ ગઈ હતી. એવું એક પણ પાપ ન હતું કે જે તે હતભાગ્ય દેશમાં ન બન્યું હોય. મનુષ્યના હૃદયમાં જે જે આસુરીવૃત્તિઓ ઉદ્ભવી શકે છે તે તમામ દુર્વૃત્તિઓ દાવાનળની માફક શહેરે શહેર અને ગામેગામ ફરી વળી હતી. શ્રીમંતોના સુશોભિત મહેલનાં ખંડિયેર થઇ ગયાં હતાં અને રળિયામણાં ખેતરો સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનાં લોહીથી રંગાઇ ગયાં હતાં. લૂંટફાટનું કામ મોટા પાયા ઉપર ચાલી રહ્યું હતું અને હજારો સુખી કુટુંબો કંગાલ બનીને ભિખારીની હાલતમાં રવડતાં હતાં. નીતિભંગ અને વ્યભિચાર કાયદેસર મનાઇ ગયાં હતાં અને

અલબેલી ફ્રેન્ચ પ્રજા અધમ ભ્રષ્ટ વારાંગનાના બીભત્સ આવાસતુલ્ય બની ગઇ હતી.

કાયદાએ વાસ્તવિકરીતે પોતે પોતાનોજ વિનાશ કર્યો છે અને તેના ફેંસલા લોકસમૂહની ત્રાસદાયક ચીચીઆરીને અનુકૂળ થવા માટે ઘડીમાં આ બાજુએ તો ઘડીમાં બીજી બાજુએ ઢળતા હતા. તેની ભૂલ બતાવનારને ચૂપ કરવાને માટે એકજ સબળ દલીલનો ઉપયોગ કરવામાં આવતો હતો, અને તે માત્ર મનુષ્યરક્તથી રાતદિવસ ભરપૂર રહેતી ગટરોવાળું વધસ્થાનજ હતું. આજ હથિયારથી સમાલોચના કરનારની જીભ અને કલમ અંકુશમાં રહ્યાં હતાં. રોજ રોજ નવાં રાજ્યબંધારણો ઘડાતાં. જાતીય વિદ્રોહ આખા દેશમાં દાવાનળની માફક સળગી રહ્યો હતો. રાજાના પક્ષકારો અને રાષ્ટ્રવિપ્લવ કરનાર પક્ષ નિરાશાથી ગાંડા બનીને એક બીજાનાં ગળાં રેંસી નાખતા હતા. આ પ્રલયાગ્નિને યૂરોપના રાજાઓ સંકોરી આપતા હતા અને ફ્રાન્સને પોતાનાં લશ્કર અને લડાયક વહાણોવડે ચારે દિશાએ ઘેરી વળતા હતા.

ફ્રાન્સની પ્રજાના સામાજિક ઇતિહાસનાં પાનાં ભયાનક અને અસહ્ય અત્યાચારની સાક્ષી પૂરે છે. અનેક સૈકા થયાં રૈયત, રાજા અને ઉમરાવવર્ગના જુલ્મની ઘાણીમાં તે પ્રજા પીલાઈ હતી. આખરે આ દબાણ છેકજ અસહ્ય થઇ પડયું. ક્રોધના આવેશમાં આવીને લોકોએ પોકાર કર્યો કે “ અમે લાખો માણસો તમારી વિષયલંપટતાની સામગ્રી પૂરી પાડીશું નહિ; તમારી તુમાખી સહન કરીશું નહિ. ” રાજા અને ઉમરાવોએ પ્રતિધ્વનિ કર્યો કે “ તમારે તે સહન કરવાંજ પડશે. અમે તમારા બબડાટ ફફડાટને લેખવતા નથી. ” પોપ મહારાજના સભામંડપમાંથી ગંભીર ગર્જના નીકળી કે “ લોકોએ સહન કરવુંજ પડશે. ” વિયેનાના રાજ્યપ્રાસાદમાંથી, રૂશિયાના ઝારના ઘુમટવાળા મહેલમાંથી, અને તુર્કસ્તાનના સુલતાનના વિલાસપૂર્ણ જનાનખાનામાંથી પણ એવોજ પ્રતિધ્વનિ નીકળ્યો; અને તે સર્વના કરતાં વિશેષ ગંભીર, પ્રચંડ, અને દઢતાપૂર્ણ સિંહનાદનો સ્વતંત્રતાના ઉપાસક, સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ભોગવતા સુખી ઇંગ્લંડે કર્યો કે “ લોકોએ સહન કરવુંજ જોઇશે. ”

આના પરિણામે ઘણાં વર્ષસુધી દબાઇ રહેલો જ્વાળામુખી ફ્રાન્સમાં ભયાનક ધડાકા સાથે ફાટયો અને તેમાંથી ધડધડાટ વહેતો લાવાનો રસ આખા યૂરોપમાં સચરાચર વહેવા લાગ્યો. ચારે દિશાએથી શત્રુઓવડે ઘેરાયલા અને પોતાનાજ દેશના જુલ્મી કાયદાઓથી કચરાયલા લોકોના ક્રોધની સીમા ન રહી. તેઓ નિરાશાથી, અપમાનથી ગાંડા બની ગયા. પોતાની તુલનાશક્તિ ખોઇ બેઠા. ઉમરાવોના મહેલ તેમને ગેરવાજબીકર, અને દાસત્વનાં ચિન્હરૂપ દેખાવા લાગ્યા. ધિક્કાર અને વૈરથી પ્રજ્વલિત થઇને તેઓ દૈત્યોની માફક ઉમરાવોનાં અને શ્રીમંતોનાં નિવાસસ્થાનપર તૂટી પડયા અને તેમને જમીનદોસ્ત કરી નાખ્યાં. રાજમહેલ કે જ્યાં સૈકાના સૈકા થયાં રાજાઓ નીતિ અને ધર્મવિરુદ્ધ વિષયભોગ ભોગવતા આવ્યા હતા તે પ્રજાના

દાસત્વની નિશાની તરીકે ગણાયા અને ઉશ્કેરાયલા લોકોએ તેમને પણ ભાંગી તોડીને પાયમાલ કરી નાખ્યા. રાજાની આપખુદી સત્તાને એકકે ઝપાટે તોડી નાખીને ફ્રેન્ચોએ અરાજકતા અખ્તિયાર કરી. હીરાજડિત સુવર્ણમુકુટ અને રાજદંડ ધારણ કરનાર રાજા, તેના દરબારમાં રહેનાર શ્રીમંત ઉમરાવો અને વ્યભિચારિણી સુંદરીઓ અદૃશ્ય થઇ ગયા અને *કારખાનાંઓના ધૂમાડામાંથી, લોખંડની ખાણોના ઉંડાણમાંથી તથા દરિદ્રતાથી ભરેલાં ગંધાતાં ઝુંપડાંઓમાંથી, ગંદો, અસંસ્કૃત, બીભત્સ, અને મનુષ્યરક્તનો તરસ્યો હજાર માથાંવાળો ભયાનક રાક્ષસ નીકળી આવી રાજાને સ્થાને આવીને બેઠો. ફ્રાન્સે રાજસત્તાનો નાશ કર્યો પણ તે સુવ્યવસ્થિતિ, કાયદેસર, સંગીન પ્રજાતંત્ર સ્થાપી શક્યું નહિ. એક જુલ્મી રાજાને ઠેકાણે ઉશ્કેરાયલા, અર્ધઘેલા તથા અભણ લોકસમૂહની સત્તા સ્થપાઇ.

ખાસ કરીને છેલ્લાં દશ વર્ષથી ફ્રાન્સની આવી સ્થિતિ હતી. લોક વર્ગ હવે દુઃખથી કંટાળી ગયો હતો અને છૂટકારાની રાહ જોતો હતો. પણ આખી પ્રજાનો નેતા બની શકે એવા પ્રતિભાશાળી વીરપુરુષનો અભાવ હતો. રાજ્યતંત્ર લોકોના તિરસ્કારનો પાત્ર થયું હતું અને તેની લગામ ઢીલી પડી હતી. ફ્રાન્સમાં સર્વત્ર અંધેર અને પૂરેપૂરી પાયમાલીનાં ચિન્હો નજરે પડતાં હતાં. ઘણા લોકોનાં હૃદય હવે બોનાપાર્ટને માટે ઉત્સુક થયાં હતાં. "બોનાપાર્ટ ક્યાં છે ? ઇટાલિ અને મિસર જીતનાર બોનાપાર્ટ ક્યાં બેસી રહ્યો છે ? જો આપણને આ વિપત્તિમાંથી છોડાવવાને કોઈ સમર્થ હોય તો એકલો નેપોલિયનજ છે" એવા ઉદ્ગાર ઘણાં માણસોને મોઢેથી અનેક ઠેકાણે નીકળવા લાગ્યા અને આખી પ્રજા છૂટકારાની આશાએ તેના એકલાનાજ તરફ જોવા લાગી.

આવા વિકટ પ્રસંગોમા, નિપોલિયન જે ત્રણજ વર્ષ પહેલાં તદ્દન અપ્રસિદ્ધ અને વગવસીલા વગરનો હતો તે હવે પોતાના દેશને નામોશી લગાડનાર, કંગાલ રાજ્યતંત્રને ઉથલાવી નાખવાને દેશમાં પ્રવર્તાયલી અરાજકતાનો નાશ કરવાને, વિદેશી રાજ્યોના હુમલાનો પ્રતિકાર કરવાને અને ચાર કરોડ મનુષ્યોનો વિનાશ થતો અટકાવવાને સ્વદેશ જવા તૈયાર થયો. આ સાહસ ઘણુંજ ગંભીર અને પ્રશંસનીય હતું અને તેનો ઉદ્દેશ ઘણોજ ઉદાર હતો. તેને બે શત્રુઓની સામે પોતાની શક્તિ અજમાવવાની હતી—એક તો રાજાનો પક્ષ લઇને લઢનાર યૂરોપના સંયુક્ત રાજાઓ અને બીજો પારિસનો અશિક્ષિત લોકવર્ગ. છતાં પણ અત્યંત શાંતિ અને અડગ આત્મવિશ્વાસ રાખીને તેણે આ સાહસ ઉઠાવ્યું. તેના અલૌકિક જીવનમાં આ એક સૌથી મહત્ત્વનો પ્રસંગ છે. સામા પક્ષવાળાઓને મહાત કરવા માટે તેણે પોતાની સાથે લશ્કર રાખ્યું ન હતું. તેણે ઘણાં છુપાં અને વ્યાપક કાવત્રાંની જાળ રચી ન હતી.

---

* આ શબ્દોવડે અસંસ્કૃત મજૂરવર્ગનું સૂચન કરવામાં આ[illegible]. છે. ભા૦ ક૦

તે પોતાની બુદ્ધિ અને શક્તિ ઉપર તથા લોકોના મોટા ભાગની સહાનુભૂતિ ઉપર વિશ્વાસ રાખીને ફ્રાન્સનું અવ્યવસ્થિત રાજ્યતંત્ર પોતાના હાથમાં લેવાને માટે લગભગ એકલોજ જવાને માટે તત્પર થયો. આના કરતાં વધારે ગંભીર સંકટ તેણે કદિ પણ ખેડયું નથી. જેમ મધપૂડાને કોઈ તોડવા જાય ત્યારે તેનું શી રીતે રક્ષણ કરવું તથા કોના ઉપર વેર લેવું તેની કશી સૂઝ ન પડતાં હજારો મધમાખીઓ મધપૂડામાંથી બહાર નીકળીને ચારે દિશાએ ભણભણાટ કરી મૂકે છે; તેમ અબુકરના સંગ્રામ પછી ઇંગ્લંડ, રૂશિયા અને તુર્કસ્તાનનાં હજારો લડાયક વહાણો આખા ભૂમધ્ય સમુદ્રમાં ઘૂમવા લાગ્યાં હતાં. તેમની નજર ચૂકાવીને શી રીતે ફ્રાન્સને કિનારે પહોંચવું એ પણ એક ગંભીર પ્રશ્ન હતો. બીજી બાજુએ ફ્રાન્સની વધભૂમિ મનુષ્યરક્તથી ભીનીને ભીનીજ રહેતી હતી. ઉચ્છ્રંખલ અને ઉશ્કેરાયલા લોકવર્ગના અભિપ્રાયની સામે થનારને માટે એજ સ્થાન નિર્માણ થયું હતું. પોતાની બોડમાં સૂતેલા સિંહની દાઢમાં હાથ નાખવા જેવું આ સાહસ હતું અને તે નેપોલિયને એકલે હાથે માથે લીધું હતું; પણ **સ્વદેશસેવા કરવા માટે જેનું હૃદય વ્યાકુળ બની ગયું છે તે શું પોતાની સલામતીનો વિચાર કરીને બેસી રહેશે?** તે શું વિપત્તિથી ડરી જઇને પાછી પાની કરશે?

૧૭૯૯ ના ઑગસ્ટ માસની ૨૨ મી તારીખે રાત્રે દશ વાગે નેપોલિયન ફ્રાન્સ જવા માટે વહાણમાં બેઠો. તારાનાં પ્રતિબિંબ ભૂમધ્ય સમુદ્રના શાંત, તરંગરહિત ભૂરી આરસી જેવા જળરાશિમાં પડતાં હતાં અને તેને ભેદીને તેનું વહાણ ફ્રાન્સ તરફ પ્રયાણ કરવા લાગ્યું. તેના અનુસંગીઓ પોતે સ્વદેશ જવા નીકળ્યા છે એ વિચારથી હર્ષઘેલા બની ગયા હતા; પણ નેપોલિયન વિચારમાં ગરકાવ થઇને શાંત મુખમુદ્રા ધારણ કરીને તુતક ઉપર ઉભો ઉભો અદૃશ્ય થઇ જતા મિસરના કિનારાની રેખા નિહાળતો હતો. તેના અક્ષુબ્ધ ચિત્ત ઉપર હર્ષ કિંવા ગ્લાનિ બેમાંથી એકની પણ અસર થતી ન હતી. પૂર્ણ શાંત અને ગંભીર ભાવે તે એકલો એકલો વિચાર કર્યો જતો હતો અને એવે પ્રસંગે એના મનમાં ઉત્પન્ન થતા વિચારનું જ્યારે જ્યારે આપણને કાંઇક દર્શન થઇ જાય છે ત્યારે તેમાં ભવ્યતાની ઉંડી છાપ જોવામાં આવે છે.

નેપોલિયન પોતાના સિપાઇઓ સાથે વારંવાર છૂટથી વાતચીત કરતો, છતાં પણ તેના ચારિત્ર્યના પ્રભાવથી તેઓ અંજાઈ જતા અને તેના તરફ માત્ર પ્રેમથીજ નહિ પણ સન્માન અને ભક્તિભાવથી જોતા હતા. તેની રીતભાતમાં તુમાખીની છાયા ન હતી તો પણ તેનું સ્થાન તેની આસપાસનાં બધાં માણસો કરતાં ઘણી ઉંચી ભૂમિકા ઉપર હતું. તેના સિપાઇઓ અને સરદારો ગંજીફાનાં પાનાંનું, મદિરાનું, અને સુંદર સ્ત્રીઓને લગતા વિચારોનું સેવન કર્યા કરતા; પરંતુ નેપો-

લિયનના મનમાં તો પ્રજાતંત્રવાળાં મહારાજ્યો સ્થાપવાની, અમર કીર્ત્તિ મેળવવાની અને પ્રજાનાં પ્રારબ્ધ ઘડવાની યોજનાઓ રચાતી હતી. તેના ઉત્તમોત્તમ સરદારો પણ તેના શરીરના અવયવની માફક તેના આત્માના આદેશને અધીન હતા. તેઓ તો માત્ર તેની આજ્ઞા ઉઠાવનાર સેવકો હતા. તેના હૃદયમાં ચાલતા વિચારોની ચાવી તેમની પાસે ન હતી. મનુષ્યસ્વભાવને માટે નેપોલિયન ઘણોજ હલકો અભિપ્રાય ધરાવતો હતો અને તેથી કરીને જ્યારે જ્યારે તે કોઇના ચારિત્ર્યમાં દોષ જોતો ત્યારે હમેશાં કહેતો કે માણસજાતની નિર્બળતા જોતાં એવા દોષને ક્ષમ્ય ગણવા જોઇએ. તેને ભારેમાં ભારે ઈજા કરનાર તરફ પણ તેને કદિ વૈરભાવ ઉપજતો નહિ. તેનો એકવારનો અંગત મિત્ર અને પાછળથી તેનો કટ્ટો શત્રુ બનેલો બુરિયેન પણ જણાવે છે કે " નેપોલિયનમાં ક્રૂરતા, દ્વેષ અને વૈરભાવ ન હતાં. તે બાળકો પર ઘણો પ્યાર રાખતો અને દુષ્ટ માણસોમાં બાળક તરફ પ્રેમની વૃત્તિ જોવામાં આવતી નથી. હું જે કહું છું તે સત્ય કહું છું અને પાકો વિચાર કરીનેજ કહું છું."

નેપોલિયનનાં વહાણ અફ્રિકાનો કિનારો છોડીને રાતોરાત ઉપડી ગયાં. સર્વને આશા હતી કે સવાર પડતા પહેલાં અલેક્ઝાન્ડ્રિયાથી ઘણે દૂર નીકળી જઇશું અને તેમ થવાની જરૂર પણ હતી: કારણ કે એટલામાં અંગ્રેજોનાં ઘણાં લડાયક વહાણ ઘૂમતાં હતાં, પણ મધરાત થયા પછી કમનશીબે પવન ધીમો પડયો અને થોડીવારમાં તો તદ્દન પડી ગયો. આથી કરીને સવાર થયું ત્યારે તેઓને જણાયું કે આપણે બહુ અંતર કાપ્યું નથી. સર્વના મનમાં પકડાઈ જવાની ચિંતા પેઠી અને તેમનો આનંદ ભયના રૂપમાં ફેરવાઇ ગયો. તેઓ નેપોલિયનને કહેવા લાગ્યા કે આપણે મિસર તરફજ પાછા જવું જોઇએ, પણ તેણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. તેણે જવાબ દીધો કે "તમે ફિકર રાખશો નહિ; આપણે નિર્વિઘ્ને ફ્રાન્સ પહોંચીશું." નૌકાધિપતિનો વિચાર એવો હતો કે ફ્રાન્સ જવાના ટુંકામાં ટુંકે માર્ગે વહાણ હંકારવું. પણ આ વિચાર પણ નેપોલિયને નામંજૂર કર્યો. તેણે કહ્યું કે " નહિ. આફ્રિકાને કિનારે કિનારેજ વહાણને ચાલવા દો, અને સાર્ડિનિયાના ટાપુથી સીધી લીટીમાં આવીએ નહિ ત્યાંસુધી બીજાં વહાણનો અવરજવર ન હોય તે રસ્તેજ જવું; કારણ કે જો અંગ્રેજોનાં વહાણ આવી પડે તો આપણાથી જલદીથી કિનારા ઉપર ઉતરી જવાય અને આપણી સાથે રાખેલી નાની તોપો અને મુઠ્ઠીભર માણસો વડે આપણો બચાવ કરતા કરતા આપણે ટ્યુનિસ બંદર સુધી જમીનમાર્ગે જઇ શકીશું અને ત્યાંથી આપણને સ્વદેશ જવાની અનુકૂળતા મળી આવશે."

આ જોખમભરેલા પ્રવાસમાં નેપોલિયને અનેક પ્રકારનાં સંકટ સહન કર્યાં. અંગ્રેજોને હાથે કેદ પકડાઇને ત્યાંના કોઈ કેદખાનામાં બંદીવાન થવું એ મોટામાં મોટી દહેશત હતી. વીસ દહાડાસુધી પવન એવો પ્રતિકૂળ રહ્યો કે તેઓ પૂરા ત્રણસો

માઇલ પણ આગળ જઈ શકયા નહિ. બધા નાહિંમત થઈ ગયા અને જરૂર પકડાઈ જઈશું એવી તેમને ધાસ્તી પેઠી. તેથી તેઓ અલેક્ઝાન્ડ્રિયા પાછાં જવાય તો ઠીક એવું કહેવા લાગ્યા, પણ નેપોલિયન તો આ વિકટ મામલામાં પણ શાંત અને અક્ષુબ્ધ ભાવે તેમને કહેતો કે “ આપણે જરૂર નિર્વિઘ્ને ફ્રાન્સ પહોંચીશું. ગમે તે સંકટ આવી પડે પણ જે સાહસ આપણે ઉઠાવ્યું છે તેને છોડી નજ દેવું એવો મારો દૃઢ નિશ્ચય છે. મારૂં કિસ્મત મને દગો નહિજ દે.”

નેપોલિયન પ્રારબ્ધવાન હતો એવી સર્વની માન્યતા છે. તેનો સેક્રેટરી બુરિયેન આ પ્રવાસ વખતે પણ તેની સાથે હતો તે લખે છે કે “ અમુક માણસો પ્રારબ્ધવાન હોય છે અને તેમની આખી જિંદગીસુધી તેઓ પ્રારબ્ધના જોરથી ફાવી જાય છે એવી લોકમાન્યતા છે. હું તે માનતો નથી. પણ નેપોલિયન એવા એવા બારિક સંજોગોમાંથી પસાર થઇ ગયો હતો, તથા ઘણીવાર એવો જરા જરા માટે બચી ગયો હતો કે તે હું જ્યારે યાદ કરૂં છું, ત્યારે મને પણ એમજ લાગે છે કે લોકો તેને પ્રારબ્ધવાન ગણે તેમાં આશ્ચર્ય નથી. 'પ્રારબ્ધના આ પૂતળા'નું મેં લાંબા વખત સુધી નિરીક્ષણ કર્યું છે અને હું એવા ઠરાવપર આવ્યો છું કે **લોકો જેને કિસ્મત કહે છે તે ખરૂં જોતાં તેની બુદ્ધિજ છે.** તેની ફતેહ એ તેની દૂરદર્શિતાનું, સાચી ગણતરી કરવાની અને ત્વરાથી ડહાપણભરેલા નિશ્ચય ઘડી કહાડવાની શક્તિનું અને નિઃસીમ સાહસનુંજ પરિણામ છે. દાખલાતરીકે મિસરથી ફ્રાન્સ જતી વખતે નૌકાપતિની સલાહનો તેણે દૃઢતાથી અનાદર ન કર્યો હોત અને તેણે બતાવેલા સામાન્ય માર્ગે તે ગયો હોત તો તે બચત ખરો કે ? ઘણું કરીને તે કેદ પકડાયા વગર રહેતજ નહિ. હવે આમાં એના કિસ્મતનો પ્રતાપ હતો કે એની દૂરદર્શિતા અને બુદ્ધિનો ?”

આવા શકમંદ સંજોગોમાં તે પોતાના મનને લેશમાત્ર પણ ક્ષુભિત કે વ્યગ્ર ન કરતાં સમુદ્રના જેવી ગંભીર શાંતિ ધારણ કરીને અને પોતાની તમામ શક્તિઓનો પૂરેપૂરો સંયમ કરીને સમય વ્યતીત કરતો હતો. તેની પાસે ચૂંટી કહાડેલાં પુસ્તકોનો સંગ્રહ તો હમેશાં સાથેજ રહેતો. **કલાકના કલાક તે વાંચવાલખવામાં ગાળતો;** અને થાકતો ત્યારે મનને વિનોદ આપવા માટે ભૂમિતિના કઠિન પ્રશ્નો છોડતો, રસાયનશાસ્ત્ર તથા એવા બીજા ક્રિયાત્મક વિષયમાં સંશોધન કરવામાં ગુંથાતો અને પોતાની સાથે રાખેલા પંડિતો સાથે જ્ઞાનચર્ચા કરતો. સાહિત્ય અને વિજ્ઞાનના અભ્યાસમાં તેના આત્માની તમામ શક્તિઓ કેન્દ્રીભૂત બની ગઈ હતી. આજ અરસામાં તેણે બાઇબલ અને કુરાનનું તત્ત્વજ્ઞની દૃષ્ટિથી અવલોકન કર્યું અને ખ્રિસ્તી અને ઇસ્લામી ધર્મના વિરોધાત્મક સિદ્ધાંતોનું પૃથક્કરણ કરવા માંડયું. ઇસુ ખ્રિસ્તે આપેલા ઉપદેશના નૈતિક સિદ્ધાંતોની ઉચ્ચતાની તેના મન ઉપર ઘણી ઉંડી અસર

થઈ. તે એટલે સુધી કે તેણે ગંજીફાનાં પાનાં ટીચતા પોતાના મિત્રોને પાસે બોલાવીને ઇસુની વાણીની છટા અને તેના નૈતિક સિદ્ધાંતોની ખુબી તરફ તેમનું ધ્યાન ખેંચ્યું. તેમાંના એકે જરાક કટાક્ષમાં કહ્યું કે એમ કરતાં કરતાં તમે એક દિવસ ભક્ત બની જશો. નેપોલિયને ઉત્તર આપ્યો કે "હું ઇચ્છું છું કે હું તેવો થાઉં. જેમને ધર્મની સત્યતા ઉપર અડગ વિશ્વાસ હશે તેમને ધર્મદ્વારા કેટલું બધું આશ્વાસન મળતું હશે?"

એક દિવસ તુતક ઉપર બેઠા બેઠા કેટલાક અમલદારો ઈશ્વરના અસ્તિત્વવિષે ચર્ચા કરતા હતા. તેઓમાંના ઘણાક નાસ્તિક હતા. આકાશ સ્વચ્છ હતું, તારા ઝગઝગી રહ્યા હતા, અને ઈશ્વરની કારીગિરીની ભવ્યતાનું દર્શન થતું હતું. ઈશ્વરે સૃજેલા તારા અને ચંદ્ર તેમનાં તેજસ્વી કિરણથી જગતને દીપાવી રહ્યા હતા. પેલા અમલદારોની નાસ્તિકતાભરેલી તોછડી દલીલો તેને કાને પડી. તે પોતાનાજ વિચારમાં ગુલતાન થઈ ગયો હોય તેવો દેખાવ કરીને આમતેમ આંટા મારતો હતો અને ચર્ચામાં કશો ભાગ લેતો ન હતો. એકાએક તે તેઓની વચમાં આવીને ઉભો અને બોલ્યો, "તમારી દલીલ ઘણી સુંદર શબ્દોમાં ગોઠવેલી તો છે પણ મને કહેશો કે જે તેજસ્વી ગોળાઓ આપણા માથા ઉપર જોઇએ છીએ તેમને કોણે પેદા કર્યા ?" કોઇથી જવાબ ન અપાયો. નેપોલિયન પાછું પહેલાંની માફક મૌન ધારણ કરીને ફરવા લાગ્યો અને પેલા ગૃહસ્થોએ વાતનો વિષય બદલ્યો.

આ પ્રમાણે બાઈબલનો ઉંડો અભ્યાસ કર્યા પછી તેને ખ્રિસ્તી ધર્મની ખુબીઓ અને મહત્ત્વ સમજાવા લાગ્યાં. શરૂઆતમાં તો માત્ર પારકા મત તરફ ઉદારભાવ રાખવો એવોજ તેનો સિદ્ધાંત હતો. તેના મનથી ખ્રિસ્તી, યાહુદી અને ઇસ્લામી ત્રણે ધર્મ સરખાજ હતા; પણ હવે તેને ખ્રિસ્તી ધર્મની શ્રેષ્ઠતા જણાઈ અને ત્યાર પછીનાં વર્ષોમા પ્રવૃત્તિનો બોજો જેમ જેમ વધતો ગયો તેમ તેમ તે ધર્મવિષેનો તેનો સદ્ભાવ પણ વધતોજ ગયો. આખરે નાસ્તિક લોકોના ઉપહાસને ન ગણકારીને પોતાની લોકપ્રિયતાને જોખમમાં નાખીને, પોતાના મિત્રો અને શુભેચ્છકોની સલાહને તરછોડીને તેણે નાસ્તિક ફ્રાન્સમાં ખ્રિસ્તી ધર્મની પુનઃ સંસ્થાપના કરી; કારણ કે તેની એવી દૃઢ માન્યતા હતી કે કોઇપણ રાજ્યની સુસ્થિતિને માટે ધર્મની ઘણીજ અગત્ય છે. એકવાર સેંટહેલેનામાં તેણે પોતાની જ્વલંત અને અનતુકરણીય છટાદાર ભાષામાં કહ્યું હતું કે "જીસસ તત્ત્વજ્ઞ ન હતો. તે પોતાનાજ સિદ્ધાંતોના જીવતા આદર્શરૂપ છે. તેના શબ્દો અને સિદ્ધાંતો અપૂર્વ છે. જીસસનો ઉદ્દેશ ઈશ્વરનું ગૂઢ રહસ્ય અને આત્માને લગતા ગૂઢ નિયમોને પ્રકટ કરવાનો હતો. તેની બુદ્ધિ અને તેનું આત્મબળ અમાનુષી છે. સિકંદરે, સીઝરે, શાર્લમેને અને મેં મોટાં મોટાં રાજ્યો સ્થાપ્યાં તો ખરાં, પણ અમારાં રાજ્યોનો આધાર કોના ઉપર હતો ? અમારા બળ

ઉપર. પણ જીસસે જે રાજ્ય પ્રવર્તાવ્યું છે તેનો આધાર પ્રેમ ઉપર છે, અને અત્યારે આટલે વર્ષે પણ તેને માટે પ્રાણ પાથરવા લાખો માણસો તૈયાર છે. મારૂં શું ? હું અકાળે મરણ પામીશ અને મારા શરીરને કીડા કોતરી ખાશે. એકવાર જે મહાન નેપોલિયન કહેવાઇ ગયો તેની આ દશા થવાની. મારૂં ભયકર પતન અને જીસસનું સનાતન ધર્મરાજ્ય, જેનો વિસ્તાર, જેની લોકપ્રિયતા દિવસે દિવસે વધતાંજ જાય છે તે બેની વચ્ચે કેટલું અગાધ અંતર છે. !"

તેના ધર્મસંબંધી વિચાર તેના નીચેના ઉદ્ગારવડે સારી રીતે સમજી શકાશેઃ—"ધર્મભાવના એવું અદ્ભુત આશ્વાસન આપે છે કે તેને ઈશ્વિરીય પ્રસાદજ કહી શકાય. જો આપણી પાસે એ ભાવના હોત તો અત્યારે આપણને કેટલું આત્મબળ મળત ! મારી આખી કારકીર્દિ જે મોટાં મોટાં તોફાનોથી ભરપૂર અને અસામાન્ય હતી, તે દરમ્યાન મેં એક પણ પાપ કર્યું નથી. તેના બદલાનો શું હું હક્ક નથી ધરાવતો ! હું ઈશ્વરના દરબારમાં જરા પણ ડર રાખ્યા વગર ઉભો રહેવા તૈયાર છું. ક્રૂરતાભરેલી, અને ઇરાદાપૂર્વક કરેલી હત્યાઓથી, ખૂન કરાવવાના અને ઝેર દેવાના વિચારોથી મારો અંતરાત્મા કલંકિત થયો નથી; જ્યાર મારા જેવું જીવન ગાળનારા રાજનૈતિક પુરુષોમાં એવા દોષ ઘણા સાધારણ છે. હું તો માત્ર મારા દેશની મહત્તા, મારા દેશની કીર્તિ અને મારા દેશનું સામર્થ્ય વધે એટલુંજ ઇચ્છતો હતો. તેજ ઉદ્દેશની સિદ્ધિને માટે મેં મારી તમામ માનસિક શક્તિનો અને કાર્યદક્ષતાનો ઉપયોગ કર્યો હતો. મારી તમામ પ્રવૃત્તિઓ તેજ દિશા તરફ હતી. એને પાપ કહી શકાયજ નહિ. હું તો તેને પુણ્ય સમજુ છું. એની સાથે મારા જીવનની છેલ્લી ઘડીએ મને પરલોકમાં સુખ શાંતિ મળશે એવી શુભાશાનું આશ્વાસન મળે તો હું કેવો કૃતાર્થ થાઉં !" *

પણ થોડીવાર પછી તેણે કહ્યું, "પરંતુ જ્યારે મૂર્ખાઇભરેલા શબ્દોમાં આપણને ધર્મનાં સત્યો સમજાવવામાં આવે અને જેમનું કર્તવ્ય ધર્મનો ઉપદેશ કરવાનું છે, તેમનેજ જ્યારે અધમ આચરણ કરતા જોઇએ ત્યારે તેમના ઉપદેશ આપણા હૃદય ઉપર શી રીતે અસર કરી શકે ? × મારી આસપાસના ધર્મગુરુઓ કહે છે કે આ જગત્ મિથ્યા છે, અહિંનો આનંદ જૂઠો

---

* ખ્રિસ્તીઓમાં મરતી વખતે એવો રીવાજ છે કે ધર્મગુરુ ઉપદેશ તથા આશ્વાસન આપે છે. તેને ઉદ્દેશીને નેપોલિયને આ વાત કહી હશે. સંપાદક.

× આપણા દેશમાં પણ જગત્‌ને જૂઠું કહેનારા પંડિતો અને આચાર્યો શિષ્યોને પૈસે ગબ્બર નથી બનતા ? અને પૈસાને માયા કહેનારા સાધુઓ શિષ્યોની ખુશામત કરતા નથી જોવામાં આવતા ?

છે પણ તેજ ધર્મગુરુઓને હું પરધનનું હરેક રીતે હરણ કરવામાં કુશળ જોઉં છું."

ચાલીશ દિવસસુધી તેનાં વહાણ પ્રતિકૂળ પવનને લીધે આમ તેમ ધકકેલાયા કર્યાં. આખરે ૧ લી અકટોબરે તેમણે કોર્સિકા ટાપુનો ખડકાળ કિનારો જોયો અને એજેશિયોના બંદરનો તેમને આશ્રય મળ્યો. નેપોલિયન આવ્યો છે એ સમાચાર વિજળીને વેગે આખા શહેરમાં ફેલાઇ ગયા અને પોતાના યશસ્વી દેશબાંધવનું દર્શન કરવા માટે હજારો લોકો બંદર ઉપર એકઠા થયા. થોડાં વર્ષ ઉપર એજ લોકોએ તેનું ઘરબાર ભાંગી ફોડીને લૂંટી લીધું હતું અને નેપોલિયનની માતા લેટિશિયાને તેનાં છોકરાંઓ સાથે નિર્ધન અનાથ અવસ્થામાં હાંકી મૂકી હતી. એજ લોકો આજે હર્ષનાદથી તેને વધાવી લેતા હતા. પણ **નેપોલિયનને મન નિંદા અને સ્તુતિ બેઉ સમાન હતાં.** નિંદાથી તે જેમ ખિન્ન થતો ન હતો તેમ સ્તુતિથી તે ફૂલાઇ જતો ન હતો. તેઓએ થોડા દિવસ ત્યાં રહીને સીધું સામાન વગેરે ભરી લીધા પછી ૭ મી અકટોબરે પાછી તેમની જોખમભરેલી મુસાફરી શરૂ કરી. બીજે દિવસે સાંજે સૂર્યાસ્ત વખતે પશ્ચિમાકાશમાં અંગ્રેજોનો એક કાફલો સ્પષ્ટ રીતે જોવામાં આવ્યો. નૌકાપતિએ તાબડતોબ કોર્સિકા તરફ પાછા જવાનો આગ્રહ કર્યો. પણ નેપોલિયનને ખાત્રી હતી કે તેમ કરવા જતાં ઉલટા પકડાઇ જઇશું તેથી તેણે જવાબ આપ્યો કે "કોર્સિકા તરફ જવું એ સીધા ઈંગ્લંડ જવા બરોબર છે. મારે તો ફ્રાન્સ જવું છે. માટે તમારા સઢ ઉકેલો. દરેક જણને તેની મુકરર જગ્યાએ ઉભો રાખો. વાયવ્ય કોણ તરફ હંકારો. ડર્યા વગર આગળ જાઓ." રાત અંધારી હતી અને પવન પણ અનુકૂળ હતો. વહાણ ઝપાટાબંધ શત્રુના કાફલાની વચમાં થઇને ફ્રાન્સ તરફ જવા લાગ્યાં. દરેક પળે તેમને પકડાઇ જવાની ધાસ્તી હતી. નેપોલિયન સિવાય દરેક જણે આખી રાત ઘણીજ ચિંતા અને વ્યાકુળતાસહિત પસાર કરી. તેણે તો ઠરાવજ કરી રાખ્યો હતો કે અણીને વખતે મછવામાં કૂદી પડવું અને તેમાં બેસીને પણ અંધારાનો લાભ લઇને ફ્રાન્સ તરફ પ્રયાણ કરવું. અક્ષુબ્ધ ચિત્તે અને લેશમાત્ર પણ ગભરાટ વગર તેણે મછવો તૈયાર રખાવ્યો. સાથે કોને કોને લઇ જવા તેમનાં નામ પણ નક્કી કર્યાં અને જરૂરના કાગળો જૂદા પાડીને એક જૂદું બંડલ બાંધી રાખ્યું. આખી રાત કોઇને નિદ્રા તો આવીજ નહિ. કાં તો તેઓ થોડા વખતમાં પોતાના કુટુંબ ભેગા થવાના અથવા તો ઈંગ્લંડના કેદખાનામાં સડી સડીને મરવાના. આવા ભયંકર મામલામાં પણ નેપોલિયનના ચેહેરા ઉપર લેશમાત્ર પણ ગભરાટ કે વ્યાકુળતા જણાઈ ન હતી.

બીજે દિવસે સવાર થતાં ઉગતા સૂર્યના મંદ પ્રકાશમાં ફ્રાન્સના દક્ષિણ કિનારે આવેલા પર્વતોનાં શિખર દૃષ્ટિએ પડયાં અને શત્રુનો કાફલો અગ્નિકોણમાં દૂર

ક્ષિતિજમાં અદૃશ્ય થઇ જતો દેખાયો. ફ્રેન્ચો બચ્યા. પ્રવાસીઓમાં આનંદ આનંદ થઇ રહ્યો; પણ **નેપોલિયન શાંત અક્ષુબ્ધભાવે લેશમાત્ર પણ લાગણીનો આવેશ બતાવ્યા વિના પોતાના સ્વદેશના કિનારા તરફ જોતો ઉભો હતો.** તેજ દિવસે આઠવાગે તેનાં વહાણ ફ્રેજુ બંદર પાસે આવી લાગ્યાં. આ પ્રમાણે પચાસ દિવસસુધી ભૂમધ્ય સમુદ્રના તરંગ ઉપર ઝોકાં ખાધા પછી, શત્રુઓના સંયુક્ત કાફલાની વચમાં થઇને, તેમની નજર ચૂકાવીને નેપોલિયન ફ્રાન્સ આવી પહોંચ્યો.

તેની આ અજાયબ જેવી સફરને લગતાં ઈંગ્લંડ અને ફ્રાન્સનાં વર્તમાનપત્રોમાં અનેક ચિત્રો પ્રકટ થયાં. લંડનથી પ્રકટ થતા એક વર્તમાનપત્રમાં એક એવું ચિત્ર છપાયું હતું કે તે જોઇને નેપોલિયન પોતે પણ પુષ્કળ હસ્યો હતો. અંગ્રેજ નૌકાધિપતિ લોર્ડ નેલ્સન બહાદૂર હતો ખરો, પરંતુ મનુષ્યની કેટલીક નિર્બળતા તેનામાં પણ હતી એ જાણીતી વાત છે. તે ચિત્રમાં નેલ્સનને નેપોલિયન ઉપર ચોકી રાખતો ચિતર્યો હતો; પણ લેડી હેમિલ્ટનના સૌન્દર્યમાં તે એવો ગુલતાન બની ગયો હતો કે નેપોલિયન તેના બે પગ વચ્ચે થઇને પસાર થઇ ગયો. આવી મતલબનું તે ચિત્ર હતું, અને તેમાં અતિશયોક્તિ વગરનું શુદ્ધ ઐતિહાસિક સત્ય હતું. જ્યારે નેપોલિયનનાં વહાણ પ્રતિકૂળ પવનને લીધે ભૂમધ્ય સમુદ્રના કિનારા પાસે આમ તેમ ઝોલાં ખાતાં હતાં, ત્યારે નેલ્સન તેની મહાન ફતેહના પારિતોષિકરૂપ જય કલગીથી શણગારાઇને લેડી હેમિલ્ટન સાથે વિષયલંપટ અને વિલાસપરાયણ ઇટાલિના રાજાઓના રાજ્યમહેલમાં યથેચ્છ વિહાર કરતો હતો. નેપોલિયન કહેતો કે કીર્તિનો **થોડો પણ ભોગ આપ્યા વગર મનુષ્ય વિલાસ ભોગવી શકતોજ નથી.”**

નેપોલિયનના વહાણ ઉપર તેના આગમનસૂચક ધ્વજા ચડાવવામાં આવી. વહાણ લંગર કરે તે પહેલાં તો અસંખ્ય લોકો સમુદ્રતટ ઉપર એકઠા થઇ ગયા. હજારો માણસોથી ભરેલા મચ્છવા તેના વહાણને ચારે દિશાએથી ઘેરી વળ્યા. હર્ષનાદથી કિનારો ગાજી રહ્યો. જ્યારે તેણે કિનારા ઉપર પગ મૂક્યો ત્યારે “ ઇટાલિ અને મિસર જીતનાર વીર કેસરી નેપોલિયન ઘણું જીવો. ” એવા પોકાર અસંખ્ય મનુષ્યોનાં મુખમાંથી નીકળ્યા.

લોકો દેશમાં ચાલી રહેલી અરાજકતાથી કાયર થયા હતા. આસ્ટ્રિયા તેમના દેશ ઉપર આક્રમણ કરનાર છે એવી ધાસ્તીથી તેઓ કંપતા હતા. તે અણીને વખતે જેના ઉપર તેઓ સંપૂર્ણ રીતે વિશ્વાસ રાખી શકે એવો મુકિતદાતા જાણે પરલોકમાંથી તેમની વહારે દોડી આવ્યો હોય તેમ નેપોલિયનને આવેલો જોઈને તેઓ હર્ષોન્માદમાં આવી ગયા. કવારન્ટાઇનના કાયદાઓનો ભંગ કરવાને લોકો તૈયાર થયા. તેમને સત્તાવાળાઓએ કહ્યું કે એ વહાણ પ્લેગવાળા પ્રદેશમાંથી આવે છે, ત્યારે લોકોએ જવાબ આપ્યો કે “**અમારા દેશમાં આસ્ટ્રિયનો આવે તે કરતાં**

પ્લેગ આવે તો ભલે આવતો ” એમ કહીને લોકસમૂહ નેપોલિયન તરફ ઉલટ્યો અને તેઓએ તેને ઉમંગભેર કિનારાસુધી ખેંચી આણ્યો. લોકોના હૃદયમાં લાગણીનો પ્રવાહ ઉછળી રહ્યો. આખા ગામમાં તેના આવ્યાના સમાચાર ફેલાઈ ગયા. સ્ત્રીઓ, પુરુષો અને બાળકોની બંદર ઉપર ઠઠ જામી ગઇ. ઘાયલ થએલા સિપાઇઓ આ સમરવીરનું દર્શન કરવાને દવાખાનાંઓમાંથી લથડીઆં ખાતા દોડી આવ્યા.

પછી તેના આવ્યાના શુભ સમાચાર તાર મારફતે પારિસ પહોંચાડવામાં આવ્યા. તાર ૯ મી અકટોબરે સાંજના પારિસ પહોંચ્યો. તે વખતે ડાયરેકટરના પ્રમુખને ઘેર મિજબાની હતી. જોસેફાઈન પણ ત્યાં હતી. પાટનગરના તમામ આગેવાન પુરુષો ત્યાં હાજર હતા. આ સમાચારથી આખું પારિસ ખળભળી ઉઠયું. જેઓ નિર્બળ રાજ્યતંત્રનો લાભ લઇને સરકારી નાણાં ઉચાપત કરી ગયા હતા તેઓ ભયભીત થઇ ગયા. નેપોલિયનના બુદ્ધિબળથી અને તેની અસાધારણ લોકપ્રિયતાથી તેઓ વાકેફ હતા. તેમને મોટી ધાસ્તી એ હતી કે નેપોલિયન બીજો રાષ્ટ્રવિપ્લવ કરાવશે અને તેમની સત્તા તેમના હાથમાંથી જતી રહેશે. ફ્રાન્સનો ઉદ્ધાર કરે એવો વીરપુરુષ આવા અણીના વખતમાં ઈશ્વરે મોકલ્યો તે જાણીને કેટલાક ઘણા રાજી થયા.

એકાએક આ અણધાર્યા સમાચાર સાંભળીને જોસેફાઇનનું હૃદય અત્યંત ભાવાવિષ્ટ થઈ ગયું. તે મિજલસમાંથી ઉઠીને તરતજ ઘેર આવી અને પોતાની પુત્રી હોર્ટેન્સ અને દીયેર લૂઈની સાથે ગાડીમાં બેસીને પોતાના પ્રિયતમને મળવા માટે ફ્રેજુ જવા નીકળી. નેપોલિયન પણ લગભગ તેજ વખતે પારિસ જવા નીકળ્યો. તેના આગમનના સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા હતા. રાજમાર્ગની બેઉ બાજુએ તેનો સત્કાર કરવા માટે અસંખ્ય માણસો એકઠાં થયાં હતાં. રાત્રે તેના માનમાં આખે રસ્તે રોશની કરવામાં આવી. જ્યાં જ્યાં તેની સ્વારી આવી પહોંચતી ત્યાં બધે લોકો તેના માથા ઉપર પુષ્પવૃષ્ટિ કરતા. માર્ગમાં આવતાં શહેરના લોકોએ પોતાનો આનંદ પ્રદર્શિત કરવા માટે લીલાં પાતરાં અને પુષ્પોનાં સુંદર તોરણ તથા ભભકાદાર કમાનો બાંધી હતી.

નેપોલિયને લિયો શહેર આગળથી પારિસ જવાનો સરળ માર્ગ છોડીને આડે માર્ગે પોતાની ગાડી હંકાવી. આ બાજુએ જ્યારે જોસેફાઇન ત્યાં આવી પહોંચી ત્યારે તેને માલૂમ પડયું કે નેપોલિયન તેના આવતા પહેલાં થોડાજ કલાક આગમચ પારિસ જવા ઉપડી ગયો હતો. આ સમાચાર સાંભળીને તેના સંતાપનો અને તેની નિરાશાનો પાર ન રહ્યો. તેણે બિચારીએ અઢીસો માઈલની મુસાફરી રાત અને દિવસ લાગલાગટ કરી હતી. નિદ્રા કે આહારમાટે પણ તે ગાડીમાંથી ઉતરી ન હતી. તેના મનમાં અનેક પ્રકારની શંકા અને ચિંતાની ગડમથલ થતી હતી. ઘણા મહિનાથી તેને તેના પ્રાણાધિક પ્રિયપતિ તરફથી એક પણ પત્ર મળ્યો ન

હતો. નેપોલિયનના તમામ કાગળોને માર્ગમા અંગ્રેજોએ અટકાવ્યા હતા. તે ઉપરાંત તે સારી પેઠે જાણતી હતી કે ઘણા માણસો તેની અદેખાઈ કરતા હતા અને તેમણે તેની ચાલચલગતવિષે ઘણી ખોટી અફવાઓ ફેલાવી હતી. તેને ખબર હતી કે એજ અદેખા લોકો તેના જઇ પહોંચતા પહેલાં નેપોલિયનની આસપાસ ભેગા થઇ જશે અને તેને જૂઠી જૂઠી હજાર વાતો કહીને તેના કાન ભંભેરશે. આટલાજ માટે તેના શત્રુઓમાથી કોઇ તેના પતિને મળવા પામે ત્યાર આગમચ તે પોતેજ તેને મળીને તેને વિષે ઉડેલી અફવાઓના સાચા ખુલાસા આપવા માગતી હતી. આટલાજ માટે તેણે આટલી લાંબી મુસાફરી કરી. પણ જ્યારે તે પોતાના પતિને નજ મળી શકી અને હવે તે પારિસ તરફ ગમે તેટલી ઝડપથી જાય તોપણ તેના પતિના પહેલાં તો પારિસમાં નજ પહોંચી શકે એ જાણીને તેની નિરાશાની સીમા રહી નહિ. આ વખતે આખા ફ્રાન્સમાં બિચારી જોસેફાઇનના કરતાં વધારે દયામણી હાલત બીજી ભાગ્યેજ કોઇ સ્ત્રીની હશે.

હકીકત એવી હતી કે પારિસ નગરની સંભ્રાન્ત મહિલાઓને જોસેફાઇનની એકદમ વધી ગએલી ઉચ્ચ અવસ્થા જોઇને તેના ઉપર અદેખાઇ આવતી હતી. નેપોલિયનની પત્ની તરીકે તેનું માન વધી ગયું હતું. નેપોલિયનના હૃદય ઉપર તે ઘણો અધિકાર ભોગવતી હતી એ વાત જાણીતી હતી. તેથી કરીને મોટા મોટા સેનાપતિઓ રાજનીતિજ્ઞ પુરુષો, તત્ત્વચિંતકો તેની ખુશામત કરતા હતા. તેની વાણીની મીઠાશ, અનુપમ મોહક કાંતિ, ચારિત્ર્યની પ્રતિમા વગેરેને લીધે તે જ્યાં જતી ત્યાં આદર પામતી અને સર્વનાં હૃદય જીતી લેતી, આમ હોવાથી તેનો દ્વેષ કરનારની સંખ્યા ઘણી હતી. નેપોલિયનનાં ભાઇબેન પણ તેને જોઇને બળતાં હતાં. આથી કરીને બધાંએ મળીને એવી અફવા ફેલાવી કે તે પોતાના પતિને વિસરી ગઇ છે. ઘણા માણસોની સાથે અયોગ્ય વ્યવહાર રાખે છે અને પોતાના ચારિત્ર્યને તથા પોતાના પતિની આબરૂને કલંકિત કરે છે.

નેપોલિયનને પણ જોસેફાઇનના પત્રો ઘણા વખત થયાં મળ્યા ન હતા. એકવાર મિસરમાં તેના સરદાર જૂનોએ પારિસના નિંદાખાનાના ગેઝેટની કેટલીક ઉડતી વાતો સાંભળી. નેપોલિયનને તે યુક્તિથી કહી હતી. આથી તેના ચિત્તને પણ ઘણો ક્ષોભ થયેલો અને ખિજવાયલા સિંહની માફક તે મોટે મોટે પગલે ઓરડામાં ફરતો ફરતો બબડેલો કે " શા માટે હું એ સ્ત્રીને આટલો બધો ચાહું છું ? શામાટે તેની મૂર્તિને મારા હૃદયમાંથી ઉખાડી શકતો નથી ? બસ, હું તેની સાથેનો મારો લગ્ન સંબંધ તોડી નાખીશ. " તેણે ગુસ્સાના આવેશમાં જોસેફાઇનને એક પત્ર લખ્યો. તેમાં તેણે વ્યભિચારિણી કહીને તેનો ઘણો તિરસ્કાર કર્યો હતો. કમનસીબે આ પત્ર અંગ્રેજોના હાથમાં ન જતાં જોસેફાઇનને મળ્યો હતો. આ કારણને લીધે જ્યારે તે લીયો

શહેરમાં નેપોલિયનને ન મળી શકી ત્યારે તેનું હૃદય ચીરાઇ ગયુ. તે તરતજ પારિસ જવા નીકળી. તેનું સુંદર વદન વિષાદમય બન્યું હતું, હૃદય શોક અને ચિંતાથી વલોવાઈ ગયું હતું. તેના મનમાં એકજ વિચાર આવતો હતો કે "મેં કશો અપરાધ કર્યો નથી છતાં બીજાઓનું કહેણુ સાંભળીને શું તે મારો ત્યાગ કરશે ? શું તે મારો ખુલાસો સાંભળ્યા વગરજ મને તરછોડી કહાડશે ? હાય ! મારા સુખનો સૂર્ય અસ્ત પામ્યો ! હવે તેનો ફરીથી ઉદય થવાનો નથી" અને આ વખતે નેપોલિયનના મનની કેવી અવસ્થા હતી ! જોસેફાઇન તેને પ્રાણાધિક પ્રિય હતી. જોસેફાઇન તેના હૃદયની અધિષ્ઠાત્રી દેવી હતી. હા ! તે દિવસ ચાલ્યા ગયા. હવે સંસારમાં તેનું કોણ રહ્યું ? તે ચીરાતે હૈયે પારિસ તરફ પ્રયાણ કરતો હતો. લોકો તેને જોઇને પોતાના અંતરનો આનંદ જાહેર કરતા હતા. તેમના આનંદધ્વનિથી ચારે દિશાઓ ગાજી ઉઠતી હતી; પરંતુ એથી કરીને નેપોલિયનના હૃદયનો વિષાદ અને વ્યાકુળતા લેશમાત્ર પણ ઓછાં થયાં નહિ. તેનું મન તે તરફ લાગતુંજ નહિ. તેનો તો વારંવાર એજ વિચાર આવ્યા કરતો કે હું કયાં જાઉં છું ? પારિસમાં હવે મારે માટે શું સુખ છે ? જેને મેં મારા હૃદયની તમામ લક્ષ્મી અર્પણ કરી તેજ વિશ્વાસઘાતિની નીકળી ! તે મારા તરફ જે પ્રેમ બતાવતી હતી તે ખરેખરી તેની ઠગાઇજ હતી ! હાય ! આ જગત્માં પ્રેમનો બદલો છેજ નહિ !"

આવા આવા દુઃખદ વિચારોથી તેનું હૃદય ચીરાઇ જતું હતું. જે અમાનુષી જુસ્સો તેની દરેક પ્રવૃત્તિમાં ઉછળતો જોવામાં આવે છે તેનો તેજ જુસ્સો તેના જોસેફાઇન તરફના પ્રેમમાં પણ હતો. તેનો પ્રેમપ્રવાહ છીછરો નહિ પણ ઘણોજ ગંભીર અને અગાધ હતો. જગત્માં તેને બેજ પદાર્થ પ્રિય હતા—કીર્તિ અને જોસેફાઇન. પ્રથમ કીર્તિ અને ત્યાર પછી મૂર્તિમાન કીર્તિરૂપ જોસેફાઇન તેના હૃદય ઉપર અધિકાર ચલાવતી હતી.

આવી અવસ્થામાં તે પારિસ આવી પહોંચ્યો અને પોતાના ઘરમાં દાખલ થયો. હૃદય જેને માટે ઉછળી રહ્યું હતું તે મૂર્તિને તેનાં નેત્ર શોધવા લાગ્યાં, પણ તે કયાં હતી ? ગૃહ શૂન્ય હતું ! આ ઉપરથી નેપોલિયનની ખાત્રી થઇ કે જોસેફાઇન અપરાધિની હોવાથી તેના આવ્યાની ખબર પડતાંજ ઘરમાંથી નાસી ગઈ છે અને હવે તે પોતાનું મોં તેને બતાવી શકશેજ નહિ.

તે વ્યાકુળ બનીને ઘરમાં ફરતો ગયો, અને આતુર નેત્રે વારંવાર બારીએ જઇને કદાચ બગીચાના લતામંડપમાં છુપાયલી તેની પ્રિય મૂર્તિનું દર્શન થઇ જાય એવી આશાથી તે ચારે બાજુએ જોવા લાગ્યો. તે વખતે જોસેફાઇન તરફ દ્વેષ રાખનાર એક માણસે ટકોર કરી કે "જોસેફાઇન તેનું મોહાસ્ત્ર લઇને હમણાં આવી પહોંચશે. તે આપને એ શબ્દો કહેશે કે તરતજ આપના મનનો સંદેહ દૂર થઇ જશે. આપ

તેને ક્ષમા આપશો અને આપનો સંસાર ફરીથી સુખશાંતિમય બની જશે."

નેપોલિયને જવાબ આપ્યો કે " તેમ કદિ પણ બનશે નહિ. " પછી હૃદયના ઉછળતા જુસ્સાને વશ થઇને તે લાંબે લાંબે પગલે ઓરડામાં આંટા મારવા લાગ્યો. વળી ઉભો રહીને તે ઘણાજ દૃઢ અવાજે બોલ્યો, " તમે મને ઓળખો છો ? જો હું મારી પ્રતિજ્ઞાનું પાલન નહિ કરી શકું તો હું મારા હૃદયને ચીરીને આગમાં નાખી દઇશ. "

તે પોતેજ કહી ગયો છે કે "મનુષ્યનું હૃદય એ ઘણોજ વિસ્મયજનક પદાર્થ છે." ઉપર કહેલું સંભાષણ થયા પછી એટલે તેને પારિસમાં આવ્યાને બેજ કલાક થયા પછી જ્યારે તેનું હૃદય સાંસારિક કલહને લીધે ચીરાઇ જતું હતું, તેનો આત્મા અત્યંત ક્ષુભિત થયો હતો તેવીજ સ્થિતિમાં ત્યાંથી ઉઠીને નેપોલિયન ડિરેક્ટરોને મળવા માટે તથા ફ્રાન્સના વર્તમાન રાજ્યતંત્રમાં પરિવર્તન કરવાની યોજનાઓ ઘડવા માટે લક્ઝેમ્બર્ગના રાજમહેલ તરફ ચાલતો થયો. હવે તેના હૃદયમાં પ્રણયજનિત પરિતાપની છાયા સરખી પણ ન હતી; ફ્રાન્સની સ્થિતિ કેવી રીતે સુધારી શકાય તેનુંજ ચિંતન તેના હૃદયમાં ચાલી રહ્યું હતું. તેની કાંતિ ફિક્કી હતી, તેનો ચહેરો વિષાદગ્રસ્ત હતો અને મુખમુદ્રા વિચારમગ્ન હતી; પરંતુ પોતાની અહેચ્છા પાર પાડવાનો તેનો દૃઢ સંકલ્પ શિથિલ થયો ન હતો. તેના અદમ્ય ઉત્સાહમાં અને કાર્યકારિણી શક્તિમાં જરા પણ ન્યૂનતા ન હતી. જોસેફાઇન હજી તેને પ્રાણાધિક પ્રિય હતી. તે તેને પૂજતો હતો પણ તેજ વખતે તેને ધિક્કારતો પણ હતો. તેના પ્રેમનો વેગ જેટલો પ્રબળ હતો તેટલોજ તિરસ્કાર પણ ઉગ્ર હતો. એક પળે જોસેફાઇનને દૃઢ આલિંગન દઇને તેને પ્રેમોષ્ણ ચુંબનો કરે પણ બીજીજ પળે જાણે તે કોઈ ભયાનક સર્પિણી હોય તેમ તેને તિરસ્કારપૂર્વક તરછોડી નાખે એવો તે હતો.

પરંતુ કીર્તિ તો તેને મનથી જોસેફાઇનના કરતાં પણ વધારે પ્રિય હતી. તે દેવીના ચરણમાં તે નિશ્ચલ શ્રદ્ધાભક્તિથી નમન કરતો હતો. કીર્તિ પ્રાપ્ત કરવાની યોજનાઓમાં પૂર ઉત્સાહથી ઝંપલાવીને તે પોતાના સાંસરિક ક્લેશને વિસારે પાડવા લાગ્યો. લક્ઝેમ્બર્ગના રાજમહેલની સીડી ઉપર જ્યારે તેણે પગ મૂક્યો ત્યારે કેટલાક પહેરેગીરો જે તેની સાથે ઇટાલિ ગયા હતા તેમણે તેને તરતજ ઓળખ્યો અને "બોનાપાર્ટ ઘણું જીવો" એવો ઉલટભેર પોકાર કર્યો. આ પોકારનો પ્રતિધ્વનિ રાજમહેલના વિશાળ ઓરડામાં મેઘગર્જનાના ગંભીર ધ્વનિની માફક સઘળે સંભળાયો અને ડાઇરેક્ટરોને તે નિનાદમાં પોતાના વિનિપાતની નિશાની અને પોતાની સત્તાલોપનાં ચિન્હ સ્પષ્ટ રીતે પ્રતીત થયાં. માર્ગમાં જતા આવતા લોકોએ એ પોકાર ઝીલી લીધો અને શેરીએ શેરીએ તેના પ્રતિધ્વનિ સંભળાવા લાગ્યા. નાટકશાળાઓમાં, નાટકો અને સંગીતશાળાઓમાં સંગીતના જલસા અધવચ બંધ કરવામાં આવ્યા અને ત્યાં

હાજર રહેલા પ્રેક્ષકોને બોનાપાર્ટ આવી પહોંચ્યો છે એ સમાચાર રંગભૂમિ ઉપરથી જાહેર કરવામાં આવ્યા. એ શબ્દ કાને પડતાંજ સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ટપોટપ ઉભાં થયાં અને હર્ષનાદ કરીને તેમણે પોતાનો આનંદ જાહેર કર્યો. જાણે પારિસ નગરની પ્રજાને દૈવયોગે તેમનું ખોવાયલું રત્ન પાછું મળ્યું હોય તેમ આખું શહેર આનંદ અને ઉત્સાહથી ગાંડું બની ગયું.

પારિસ નગરમાં એકદમ ભારે ખળભળાટ મચી ગયો. નેપોલિયન મિસર ગયો ત્યારથી ફ્રેન્ચ લોકોનો યુદ્ધમાં ઉપરાઉપરિ પરાજય થયો હતો, અને તેમાં અબુકરના નૌકાયુદ્ધમાં તેમના નૌકાસૈન્યનો નાશ થયાના સમાચાર જ્યારથી દેશમાં આવ્યા ત્યારથી તેઓ હતાશ થઇ ગયા હતા. ટેબર પર્વતની તળેટીમાં અને અબુકરના રણસંગ્રામમાં ફ્રેંચ યોદ્ધાઓએ વિજય મેળવીને ફ્રેન્ચોની પ્રતિષ્ઠાનું રક્ષણ કર્યું છે એ સમાચાર લાવનાર પણ નેપોલિયનજ હતો. એ ફતેહની ખબર પડતાંજ લોકો હર્ષોન્મત્ત બની ગયા. શહેરના દરેકે દરેક લત્તામાંથી મંગળ ઘંટનાદ સંભળાવા લાગ્યા; હર્ષસૂચક તોપોના ધડાકા ઉપર ધડાકા થવા લાગ્યા અને હર્ષોન્મત્ત અલબેલી પારિસ નગરી પોતાના ભવિષ્યના પતિનું દર્શન કરવાને આતુર બનીને એક હાથમાં ઝળહળતી દીપમાળા અને બીજા હાથમાં પુષ્પોનો થાળ લઇને તેને વધાવી લેવાને સુંદર વસ્ત્રાભૂષણ સજીને બહાર નીકળી. અબુકર અને ટેબરનાં નામ દીપમાળામાં અક્ષરના આકારમાં ઝગઝગતા દીવાઓને ગોઠવીને પ્રકટ કરવામાં આવ્યાં. આખુ શહેર ગાંડું-ઘેલું બની ગયું અને અગાઉથી જરા પણ તૈયારી કરવામાં આવી ન હતી તોપણ શહેરમાં બધે ઘણાજ ઠાઠમાઠથી જાહેર ઉત્સવ ઉજવવામાં આવ્યો.

આ સમયનું ફ્રાન્સનું રાજ્યતંત્ર અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના ધોરણ ઉપર રચવામાં આવ્યું હતું. ફરક માત્ર એટલોજ હતો, કે એક પ્રમુખને ઠેકાણે ફ્રાન્સમાં પાંચ ડાઇરેક્ટરો હતા. કાયદા ઘડનારી અને તેમનો અમલ કરનારી સભાનું નામ +“હાઉસ ઓફ એન્શન્ટસ” હતું અને લોકોના પ્રતિનિધિઓની સભાને “પાંચસોની સભા*” એવું નામ આપવામાં આવ્યું હતું. સ્વાભાવિક રીતે એ પાંચે ડાઇરેક્ટરોમાં મતભેદ હતો. તેઓ હમેશાં અંદર અંદર કલહ કરતા અને દરેક જણને સૌથી વધારે સત્તા પચાવી લેવાની અભિલાષા હતી. રાજાના પક્ષકારો, પ્રજાવર્ગના સ્વાતંત્ર્યનો હિમાયતી જેકોબિન પક્ષ અને પ્રજાકીય રાજ્યતંત્રની હિમાયત કરનાર ઠરેલ રાજનીતિજ્ઞ પક્ષ એવા ત્રણ જૂદાપક્ષ હોવાથી રાજ્યતંત્ર વગર હરકતે, વગર વિદ્વેષે સરળપણે ચાલી શકતુંજ નહિ. તેઓ દરેક કાર્યમાં એકબીજાની આડે આવતા અને પરિણામે સમગ્ર રાજ્યતંત્ર સત્તાહીન અને પ્રતિષ્ઠાહીન બની ગયું હતું.

નેપોલિયન જે દિવસે પારિસમાં આવી પહોંચ્યો તેને બે દિવસ અને બે રાત્રિ

+ પ્રાચીન સમિતિ * પ્રતિનિધિઓની સભા.

વીતી ગઇ પણ જોસેફાઇન આવી શકી નહિ. ત્રીજે દિવસે રાત્રે બાર વાગ્યાના સુમારે જોસેફાઇનની ગાડીનો અવાજ નેપોલિયનના મકાનના આંગણામાં સંભળાયો. તે જાગતો જ હતો. માતૃવત્સલ યુજિન પણ અત્યંત ઉત્કંઠાસહિત માની રાહ જોતો હતો. ગાડીનો અવાજ સાંભળતાંજ તે ઉતાવળે પગલે બહાર આવ્યો અને ઉમળકાસહિત માને ભેટી પડયો. હતભાગી જોસેફાઇનના હૃદયમાં પુત્રસ્નેહનો જુઆળ ઉછળ્યો. તેના પ્રેમાળ સ્પર્શથી તેનું ગાત્ર પુલકિત થઇ ગયું. થોડી વારસુધી તો તેનો સઘળો પરિશ્રમ ઉતરી ગયો અને ઉદ્વેગ પણ વિસારે પડયો. પળવાર પછી તેનો પુત્રસ્નેહનો ઉભરો કાંઇક શમી ગયો અને તેણે પોતાની આસપાસ જોયું, પણ ત્યાં નેપોલિયન ન હતો. તેને આશા હતી કે આટલી લાંબી મુદત પછી તેઓ મળતાં હતાં તેથી તે પોતાના હમેશના રિવાજ મુજબ તેને લેવાને સામો આવશે. તેમના લગ્ન પછી તેઓ સાથે રહેતાં હતાં તે દરમ્યાન જ્યારે જ્યારે જોસેફાઇન બહારથી આવતી ત્યારે નેપોલિયન હમેશાં તેને લેવામાટે સામે આવતો અને પોતાને હાથે તેને ગાડીમાંથી ઉતારીને ઘરમાં તેડી જતો. તે સવાર સાંજ અમસ્તી ફરીને આવતી તે વખતે પણ નેપોલિયન તેના તરફ આવો સદ્‌વ્યવહાર કરવા ચૂકતો નહિ. આજે દોઢ દોઢ વર્ષ થયાં તેમણે એક બીજાનું મોં જોયું ન હતું, એક બીજાનો અવાજ સાંભળ્યો ન હતો અને તેઓ જ્યારે છૂટાં પડયાં હતાં ત્યારે પુનઃ કયારે મળાશે તે નિશ્ચિત ન હતું. તે છતાં બિચારી જોસેફાઇન પોતાનાજ ઘરના આંગણામાં પતિની અણુમાનીતી બનીને એકલી અટૂલી ઉભી છે ! અને નેપોલિયન પોતાની પ્રણયરીતિ ભૂલી જઇને હૃદયને કઠોર કરીને ઘરમાંથી બહાર આવતો નથી !

પતિપ્રેમઘેલી જોસેફાઇને જ્યારે જોયું કે પોતે આવી છે એવું તેનો પતિ જાણે છે તે છતાં પણ તેને મળવા માટે બહાર આવતો નથી ત્યારે પતિવિરહથી જર્જરિત થયેલું તેનું કોમળ હૃદય વિશેષ ચીરાવા લાગ્યું. તેનું શરીર થરથર કંપવા લાગ્યું. તે પોતાનીજ મેળે ગાડીમાંથી ધીરે ધીરે નીચે ઉતરી. યુજિને પોતાની ધ્રૂજતી, વ્યાકુળ બનેલી સ્નેહાળ માતાને ટેકો આપ્યો અને તેને લઇને ધીરે ધીરે સીડીનાં પગથીઆં ચડવા લાગ્યો. તેઓ બેઉ પોતપોતાના મનમાં સમજી ગયાં હતાં કે કાંઈક ભારે વિપત્તિ તેમના ઉપર પડવાની છે. બેઉ જણ નિઃશબ્દપણે ધીરે પગલે, અત્યંત દીનભાવે બોલ્યા ચાલ્યા વગર જાણે ચોરની માફક પરાયા ઘરમાં પેસતાં હોય તેમ તેઓ અંદર ગયાં.

જે ઓરડામાં એકવાર જોસેફાઇને પોતાના પતિનો કેટલો પ્રેમ, કેટલું સન્માન, કેટલી કાળજી અને કેટલાં લાડ અનુભવ્યાં હતાં તેજ ઓરડામાં દાખલ થવા માટે તે જતી હતી. પણ આજ તેનાં બારણાં બંધ હતાં. જોસેફાઇને ધ્રૂજતે હાથે બારણું ઉઘાડયું અને જોયું તો નેપોલિયન અદબ વાળીને તેની સામે પત્થરની મૂર્તિની માફક

નિશ્ચેષ્ટપણે ઉભો હતો. તેનો ચહેરો ફિક્કો હતો અને હોઠ દૃઢતાથી દબાવેલા હતા. તેના હૃદયમાં ઈર્ષ્યાનો અગ્નિ પ્રજ્વળી રહ્યો હતો. તેણે જોસેફાઇન તરફ ક્રોધભર્યો, તીવ્ર દૃષ્ટિપાત કર્યો અને પછી તેના હૃદયને વિદારી નાખે એવા ખંજરના પ્રહાર જેવા શબ્દો કહ્યા કે "બાઈ, મારી મરજી એવી છે કે તમારે અત્યારે ને અત્યારેજ માલમેસનવાળા ઘરમાં રહેવા જવું."

આ શબ્દો જોસેફાઇનના હૃદય ઉપર વજ્રઘાત જેવા મર્મવિદારક થઈ પડયા. સાંભળતાંની સાથેજ તે ત્યાંને ત્યાં બેભાન થઇને જમીન પર ઢળી પડી. યુજિને તેને ઝાલી લીધી. પછી હોર્ટેન્સ અને યુજિન બેઉએ મળીને તેને તેના પોતાના ઓરડામાં લઇ જઇને સુવાડી. તેમનાં નેત્રમાંથી પણ ચોધાર આંસુ ટપકતાં હતાં. નેપોલિયનનું હૃદય શુષ્ક બની ગયું હતું, પણ આ વખતે જોસેફાઇનના પવિત્ર અને રમણીય મુખચંદ્રને જોતાંજ તેના હૃદય ઉપર જામેલું પત્થરનું પડ ભેદાઇ ગયું; તેમાં રહેલા પ્રેમના અસલી પ્રવાહે બહાર નીકળવાને ઉછાળો માર્યો અને તેના હૃદયને પ્રેમથી પરિપૂરિત કરીને તેના નેત્ર અને મુખદ્વારા બહાર વ્યક્ત થવા લાગ્યો. નેપોલિયને મમતપર ચડીને આ પ્રેમપ્રવાહને પોતાના હૃદયમાંજ દબાવી રાખીને બહારથી કઠણ હૃદયના દેખાવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ તેમ બની શકયુંજ નહિ. તે ઉપરાઉપરિ દીર્ઘ નિઃશ્વાસ મૂકતો મૂકતો ઓરડામાં આંટા મારવા લાગ્યો. તેને ક્ષણવાર એવું પણ લાગ્યું કે "મેં ઘણું ખોટું કર્યું. જોસેફાઇનને એ વિષે પૂછવાની જરૂર હતી. આ જગત્માં કેવાં કેવાં વિચિત્ર પ્રકારનાં માણસો છે અને તેમાંના કેટલાક વિઘ્નસંતોષી લોકોએ પોતાની બૂરી ઇચ્છા પાર પાડવાના હેતુથી તેને વિષે ખોટી અફવા ઉડાવી હોય એ પણ બનવા જોગ છે." વળી બીજીજ પળે તેના હૃદયમાં ઘૂમાઇ રહેલા ક્રોધે તેને ઉશ્કેર્યો અને તે બોલ્યો, "નહિ, નહિ. શા માટે લોકો જૂઠી વાતો ઉડાવે ? જોસેફાઇન નક્કી વિશ્વાસઘાતી છે અને મારે તેનો ત્યાગજ કરવો પડશે" એના મનમાં એમજ ઠસી ગયું હતું કે જોસેફાઇને તેને ઠગ્યો છે અને પોતાના તરફ ઘણા લોકો મોહભરી દૃષ્ટિ નાખે તેવી રીતે વર્તીને તેણે પોતાની તથા પોતાના પતિની આબરૂને કલંક લગાડયું છે. પોતાના પ્રેમનો આવો નીચ બદલો મળેલો જોઇને તેના અભિમાની હૃદયને ઘણો સખ્ત પ્રહાર લાગ્યો હતો અને તેથી જોસેફાઇનને ક્ષમા નજ આપવી એવો તેણે દૃઢ નિશ્ચય કર્યો.

જોસેફાઇનના અંતરનો પરિતાપ કેટલીક વારે દ્રવીભૂત થઇને તેનાં નેત્રદ્વારા અશ્રુરૂપે પુષ્કળ પ્રમાણમાં બહાર નીકળી ગયો ત્યારે તેના હૃદય પરનો ભાર કાંઇક ઓછો થયો. તે વખતે મધરાત થઇ ગઇ હતી. આવી ઘોર અંધારી રાતે તે પોતાના પતિની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થઈ. છેલ્લા કેટલાક દિવસમાં નેપોલિયનને મળવાની લાલસાથી તેણે આહાર કે નિદ્રા લીધા વગર ગાડીમાં બેસીને દડમજલ કરી હતી.

ઘેર આવતાં તેના ઉપર વજ્રઘાત થયો. જરાક સ્વસ્થ થતાં તેણે ઘર છોડી જવાની તૈયારી કરવા માંડી અને પોતાનાં પુત્રપુત્રી સાથે પતિના સુંદર મકાનને છેલ્લી સલામ કરીને સીડીનાં પગથીઆં ઉતરવા લાગી. પોતાના પતિની આજ્ઞાને અધીન થવામાં, તેના અભિલાષને અનુકૂળ થવામાંજ તે પોતાનું સુખ સમજતી હતી. પતિની ઇચ્છાને સંપૂર્ણરીતે અધીન થવું એજ પોતાનું કર્તવ્ય છે એમ તે માનતી હતી. તેથી કરીને પતિપ્રત્યે લેશમાત્ર ક્રોધ કે અભિમાન લાવ્યા વગર માત્ર તેની આજ્ઞાને માથે ચડાવીનેજ પતિવ્રતા જોસેફાઇન પતિગૃહ છોડવા તૈયાર થઇ.

માલમેસન પારિસથી બાર માઇલ દૂર હતું. નેપોલિયન એમ ધારતો હતો કે જોસેફાઇન ત્યાં જવા માટે સવારમાં નીકળશે. પણ જેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો તે બનાવ તેણે પોતાની નજર આગળ બનતો જોયો. પ્રથમ તો તે ચકિત થઇ ગયો. તેના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ. અભિમાન ઓગળી ગયું. તે કહે છે કે "**મારૂં હૃદય એવું છે કે મારાથી કોઇનાં આંસુ નિષ્ઠુરપણે જોઈ શકાતાંજ નથી.**" તે બહાર આવ્યો. શરમ અને કાંઇક અભિમાનને લીધે તેણે જોસેફાઇનને કાંઇ કહ્યું નહિ, પણ યુજિનને આગ્રહસહિત કહ્યું કે તમે બધાં ઘરમાં આવીને વાળુ કરીને સૂઇ જાઓ. પતિપરાયણ જોસેફાઇન વગર આનાકાનીએ પાછી વળી. બધાં ઘરમાં ગયાં. જોસેફાઇને તે રાત્રિ પોતાના ઓરડામાં અત્યંત સંતાપ કરવામાં પસાર કરી. નેપોલિયને પણ તેના જેવીજ હાલતમાં બીજા ઓરડામાં આખી રાત પથારીમાં તરફડયા કર્યું. બેમાંથી કોઇની આંખ મીચાઇ નહિ. સવાર પડી. તે દિવસ પણ એમને એમ મનોવ્યથામાં પસાર થયો. રાત પડી અને પાછો દિવસ ઉગ્યો પણ દંપતીના અબોલા ભાગ્યા નહિ. બેઉનાં હૃદય વિરહાગ્નિથી ધગધગી રહ્યાં હતાં. બેઉ હૃદય એક બીજા તરફ ખેંચાતાં હતાં; બેઉ એક બીજા સાથે પ્રેમાલિંગનમાં બંધાઇ જવા તલપી રહ્યાં હતાં. પણ નેપોલિયન શરમ અને અભિમાનને લીધે અચકાતો હતો અને જોસેફાઇન બીકને લીધે પતિની પાસે જઇ શકતી ન હતી!

પણ એકવાર હૃદયમાં પ્રેમનો તરંગ ઉછળવા લાગ્યા પછી તે ખાળ્યો રહેતોજ નથી. લજ્જા, અભિમાન, ભય બધાંય તેના ધસારા આગળ તૂટી જાય છે. નેપોલિયનના હૃદયમાં એક બાજુએ પ્રેમ અને બીજી બાજુએ અભિમાનની વચ્ચે ભયંકર સંગ્રામ મચી રહ્યો હતો; પણ ત્રીજે દિવસે આખરે પ્રેમનો સંપૂર્ણ વિજય થયો. અભિમાન ઉતરી ગયું. તેણે પત્નીને બોલાવવાની પહેલ કરી. તેણે ધીમેથી જોસેફાઇનના ઓરડાનું બારણું ઉઘાડયું. જોયું તો તે બિચારી દીન વેશે, અત્યંત વિષાદપૂર્ણ ભાવે એક ખુરશી ઉપર લમણે હાથ દઇને શોકસમુદ્રમાં ગરકાવ થઇ ગએલી હાલ્યા ચાલ્યા વગર દયામણી હાલતમાં બેઠી હતી. તેની સામેના ટેબલ ઉપર કેટલાક કાગળો પડયા હતા. એ પ્રેમપૂર્ણ પત્રો નેપોલિયને તેના ઉપર સુખના સમયમાં

લખ્યા હતા. તે પત્રો તે કોઇ કોઇવાર વાંચતી હોય એમ જણાતું હતું. પુત્રી હોર્ટેન્સ માનો સંતાપ જોઇને અત્યંત વ્યાકુળ બની હતી અને આ વખતે તે વિષાદપૂર્ણ ભાવે માથી થોડે દૂર એક બારી પાસે પૂતળીની માફક નિશ્ચેષ્ટ ઉભી હતી. શોકની છાયા તે દુઃખી કુટુંબના મુખ ઉપર પથરાઈ રહેલી હતી. નેપોલિયને બારણું એટલું ધીરેથી ઉઘાડયું કે તેનો અવાજ જોસેફાઇને સાંભળ્યો નહિ. તે ધીરે પગલે, દીનભાવે તેની પાસે જઇને ઉભો રહ્યો. તે શોક અને દુઃખને લીધે કાંઇક બેભાન હાલતમાં બેઠી હતી. પોતાની પાસે કોણ ઉભું છે તેની તેને કશી ખબર ન હતી. નેપોલિયનને આવતો જોઇને હોર્ટેન્સ ત્યાંથી ગુપચુપ ચાલી ગઇ. નેપોલિયને જોસેફાઈન પાસે જઇને સ્નેહપૂર્ણ કરુણ સ્વરે "જોસેફાઈન" એવો ઉચ્ચાર કર્યો. તે પરિચિત મધુર અવાજને પોતાની નજીકમાંથી આવતો સાંભળીને એકાએક ચમકી ઉઠી. તેણે નેત્ર ઉંચાં કરી જોયું તો તેનો પ્રિયતમ પતિ જાણે તેની ક્ષમા માગતો હોય તેમ દીનભાવે તેની પાસે ઉભો હતો. તેની રડી રડીને સૂજી ગએલી આંખોમાં ફરીથી આંસુનું પૂર ઉભરાયું. વીણાના કોમળ ઝણુકાર જેવા મધુર સ્વરે "મારા પ્રિયતમ" એવા કરુણ પ્રેમપૂર્ણ શબ્દો તેના મુખમાંથી નીકળ્યા. એ સાંભળીને નેપોલિયનનું હૃદય પણ દ્રવી ગયું. "મારા પ્રિયતમ" એજ શબ્દોથી તે તેને બોલાવતી હતી અને તે શબ્દો ફરીથી નેપોલિયનને કાને પડતાં તેના હૃદયમાં ભૂતકાળના પ્રેમ અને સુખનાં સ્મરણો તાજાં થયાં. જોસેફાઇનની આંસુભરી આંખ જોઇને તેના હૃદયમાં કારી જખમ વાગ્યો. તેણે હાથ પહોળા કર્યા અને જોસેફાઇન તેની છાતી નજીક આવતાં બેઉ હૃદય એકમેક થઇ ગયાં. તેણે જોસેફાઈનની દેહલતાને બાહુ બંધનથી છાતી સરસી જકડી લીધી અને જોસેફાઇન પોતાની કરલતા નેપોલિયનને ગળે વીંટાળીને તેની છાતી ઉપર માથું મૂકીને હર્ષ અને વિષાદથી અભિભૂત થઇને ડૂસકાં ભરી ભરીને રડવા લાગી. તેનાં અશ્રુથી નેપોલિયનનું વિષાદદગ્ધ હૃદય શીતળ થયું. તેના કઠણ હૃદયે સ્ત્રીના કોમળ હૃદયમાં પ્રવેશ કરીને કોમળભાવ ધારણ કર્યો. તેના માધુર્યથી તે મુગ્ધ થયો, અને માહાત્મ્યવડે પરાજિત થયો. પછી તેના હોઠ ઉઘડયા. બેઉએ પોતપોતાના મનોભાવ સરળપણે જણાવ્યા. પોતે લોકોની ખોટી અફવાથી કેટલો ભ્રમિત થયો હતો તે જાણ્યાથી નેપોલિયને પોતાનો દોષ કબૂલ કર્યો અને જોસેફાઇન તરફ ચલાવેલી નિષ્ઠુર વર્તણુકમાટે પશ્ચાત્તાપ કર્યો. જોસેફાઇન પતિપ્રેમ પુનઃ પ્રાપ્ત કરીને સુખી થઇ અને પાંછલું દુઃખ ભૂલી ગઇ. ફરીથી પાછો સુખનો સૂર્ય તે કુટુંબ ઉપર પ્રકાશવા લાગ્યો અને દુઃખની શોકમય છાયા દૂર થઇ ગઇ. જાણે તેમના વચ્ચે કદિ પણ વૈમનસ્ય થયુંજ ન હોય તેવાં તેઓ પુનઃ સુખી થયાં અને એ સુખ અને સ્નેહ તેઓના અંતકાળસુધી કાયમ રહ્યાં.

प्रकरण १६ मुं

ડિરેક્ટરીનો ધ્વંસ અને નેપોલિયન ફ્રાન્સના પાયતખ્તના પગથીઆ ઉપર પગ મૂકે છે. ૧૭૯૯

> “ યાદ રાખજો કે હું રણક્ષેત્રમાં રણદેવતા અને સૌભાગ્યની સાથે એકતા કરીનેજ આગળ વધુ છું.”
>
> **નેપોલિયન.**

ફ્રાન્સને અરાજકતામાંથી મુક્ત કરવાની પોતાની યોજનાઓની સિદ્ધિને માટે હવે નેપોલિયન વશેષ હિંમતથી પુરુષાર્થ કરવા મંડ્યો. દેશનું રાજ્યતંત્ર ચલાવવાને પોતે સર્વ રીતે યોગ્ય છે એવું તે સારી રીતે સમજતો હતો. પોતે રાજ્યની લગામ હાથમાં લે તો તેમાં સમસ્ત પ્રજા તેને એ કામમાં અનુમોદન આપશે અને તેની દરેકે દરેક યોજનાનો સ્વીકાર કરશે એવી પણ તેને પક્કી ખાત્રી હતી. આટલું છતાં પણ ડિરેક્ટરોને તેમના અધિકારના સ્થાનમાંથી પદભ્રષ્ટ કરવા અને બેઉ પ્રજાકીય સભાઓ ઉપર અખ્તિયાર મેળવવો, એ કામ કાંઇ જેવું તેવું ન હતું.

તે ઘણા દિવસસુધી તો શહેરમાં તદ્દન અપ્રસિદ્ધપણે, લોકોનું ધ્યાન પોતાના તરફ ન આકર્ષાય તેવી રીતે રહેવા લાગ્યો. લશ્કરી પોષાકને બદલે નેશનલ ઈન્સ્ટીટ્યૂટના સભાસદનો પોષાક તેણે ધારણ કર્યો. તે કોઇ કોઇવાર તુર્કી તલવાર લટકાવતો તે જોઇને પારિસની કલ્પનાશીલ પ્રજાના મનમાં પિરામિડ, ટેબર પર્વત અને અબુકરના સંગ્રામમાં તેણે મેળવેલા વિજયની યાદગીરી તાજી થતી હતી. તે હમેશાં ખાસ કાળજી રાખીને વિદ્વાનોના સમાગમમાં આવતો; તેમને પોતાને ઘેર નિમંત્રણ કરતો. સાહિત્ય અને વિજ્ઞાનના વિષયોપર તેમની સાથે તે ચર્ચામાં ઉતરતો પણ રાજનૈતિક વિષયને કદિ પણ છેડતો નહિ.

પછી તેણે પારિસની પ્રજાના આગેવાનોની પ્રીતિ અને મૈત્રી સંપાદન કરવાની પેરવી કરવા માંડી. સૈન્યમાં તેની લગભગ બરોબરી કરી શકે એવા બે સેનાપતિઓ હતા–એક મોરો અને બીજો બર્નાડો. મોરોને આત્માશ્લાઘા ઘણી પ્રિય હતી. નેપો-

લિયને તે રસ્તે તેને પોતાનો કરી લીધો: પરંતુ બર્નાડો એવો ન હતો. તે એકવાર એમ પણ બોલી ગયો હતો કે “ આ પચીશ છવીશ વર્ષનો જુવાનીઓ જાણે મોટો અનુભવી અને વયોવૃદ્ધ હોય તેવો ડોળ કરે છે પણ મને લાગે છે કે પ્રજાસત્તાક રાજયતંત્રને તે ભવિષ્યમાં ઘણું નુકશાન પહોંચાડનાર નીવડશે. ” આથી કરીને બર્નાડોને નેપોલિયન પોતાના પક્ષમાં લઇ શકયો નહિ અને આ બેઉ રાજપુરુષો એક બીજા તરફ ડોળા ઘૂરકાવતાજ રહ્યા.

આત્મશ્લાઘાના લોભી મોરોને નેપોલિયને ભેટ દાખલ આપેલા હીરાજડિત ખંજરવડે તેમના વચ્ચેની મૈત્રી વધારે દઢ થઇ. હવે નેપોલિયને ગોહિયરને પોતાને ઘેર જમવા નોતર્યો. તુર્ક લોકો તેમની પાઘડીએ જવાહીર જડાવતા હતા તે વિષે વાત નીકળી. નેપોલિયને તરતજ તેને એક હીરાજડિત બ્રૂચ (અલંકાર) ની ભેટ આપી. એજ પ્રકારની ભેટ તેણે પોતાના જૂના મિત્ર ડીસેને પણ આપી. આવી રીતે આ બે આગેવાન પુરુષોને નેપોલિયને મહોબતના બંધનથી બાંધી લીધા.

“ પ્રાચીન સમિતિ ” અને “ પાંચસો પ્રતિનિધિઓની સભા ” એ બેઉ રાજનૈતિક સભાઓના રક્ષકોનો સેનાપતિ પણ અગત્યનો માણસ હતો. નેપોલિયને તેને પોતાને ઘેર ખાસ નિમંત્રણ મોકલ્યું. વાતનો પ્રસંગ કહાડીને નેપોલિયને તેને કહ્યું, “ તમે પ્રજાસત્તાક રાજયના સ્તંભરૂપ થઇને તમારી આંખ આગળ પેલા વકીલો (ડિરેકટરો) ને હાથે તેનો નાશ થવા દો છો ? મારી સાથે સામિલ થાઓ અને તેનું રક્ષણ કરવામાં મને મદદ કરો. ” એમ કહીને તેણે એક તુર્કી તલવાર તેને ભેટ તરીકે આપી અને કહ્યું કે “ આ તલવાર મેં પિરામિડના યુદ્ધ વખતે ધારણ કરી હતી. મારા પ્રેમ અને વિશ્વાસની નિશાની બદલ હું તમને એ ચીજ અર્પણ કરૂં છું. ” આ કિંમતી ભેટ નેપોલિયનની ઉદારતા અને વિશ્વાસના ચિન્હ તરીકે પોતાને મળી તેથી તે માણસ ખુશ ખુશ થઈ ગયો અને બોલ્યો, “ ચાલો, આપણે એ પાંચે વકીલોને નદીમાં ફેંકી દઇએ. ”

આ પ્રમાણે નેપોલિયને જૂદા જૂદા પક્ષના રાજપુરુષોને ખરી હકીકત સમજાવીને તેમજ પ્રેમ કરીને હાથ કરી લીધા. ફ્રાન્સમાં તે વખતે ત્રણ રાજનૈતિક પક્ષ પડી ગયા હતા. એક પક્ષ અસલી રાજસત્તાનો પક્ષપાતી હતો. કોઇ પણ ઉપાયે પદભ્રષ્ટ થએલા રાજાઓને ફરીથી રાજયાસન પર સ્થાપિત કરવાને તે પક્ષના લોકો ઉત્સુક હતા. બીજા પક્ષમાં જેકોબિન લોકો હતા. તેઓ હડહડતા રાષ્ટ્રવિપ્લવની તરફેણમાં હતા. પારિસના નીચા વર્ગના લોકો તથા તમામ અશિક્ષિત, અસંસ્કૃત લોકો આ પક્ષમાં હોવાથી તે ઘણો બળવાન હતો. ત્રીજા પક્ષમાં ઠરેલ, વિચારશીળ પુરુષો હતા. તેઓ પ્રજાસત્તાક રાજયના પક્ષમાં હતા. આ ત્રણમાંના બીજા પક્ષનો આગેવાન બેરાસ નામનો ડિરેકટર હતો અને ત્રીજા પક્ષનો નેતા સિયાઇ હતો. આ

એ જણ તથા ડૂકો, ગોહિયર અને મોલિન્સ મળીને પાંચ ડિરેક્ટરો ફ્રાન્સનું રાજ ચલાવતા હતા.

નેપોલિયનનું વલણ વિચારશીલ અને ઠરેલ સ્વભાવના પ્રજાસત્તાક રાજ્યતંત્રના પક્ષકારોની તરફેણમાં હતું. એ પક્ષના આગેવાન સિયાઇને તેણે પોતાનો કરી લીધો. સિયાઇએ કહ્યું કે આપણા બચાવમાટે બુદ્ધિબળ અને લશ્કરી બળની જરૂર છે અને નેપોલિયનમાં એ બેઉ હતાં. તેને મિસરથી પાછા આવ્યે પંદરજ દિવસ થયા એટલામાં તો તેણે જોઇ લીધું કે જે “ ફળ ગયે વર્ષે પાકયું ન હતું ” તે હવે “ પાકી ગયું છે.” હવે એ મહાન રાજનૈતિક યુદ્ધ માટેની તેની યોજનાઓ પરિપકવ થઈ ચૂકી. એ કાર્યમાં જેમની જેમની સહાયતા લેવાની હતી તેમની સર્વની ખરા દિલની સહાનુભૂતિ અને સહકાર તેણે મેળવી લીધાં હતાં. હવે તો માત્ર સેનાપતિની માફક જૂદા જૂદા સૈન્યસમૂહને આજ્ઞાજ આપવાની બાકી હતી. તે આજ્ઞા મળતાંજ તેના તાબાના સરદારો તેણે બતાવેલી દિશામાં ધસી જવાના હતા અને તેની આજ્ઞાનું અક્ષરે અક્ષર પાલન કરવાના હતા. જો કે તેની ધારણા ચાલુ રાજ્યતંત્રને ઉથલાવી નાખીને સત્તારહિત કરી નાખવાની હતી, તોપણ જેમ ચતુર સેનાપતિ શત્રુની તોપોનો તેમના ઉપરજ પ્રયોગ કરે છે તેવીજ કુશળતાથી નેપોલિયને ચાલુ કાયદાઓનો પણ પોતાના લાભમાં ઉપયોગ કરવાનો ઘાટ ઘડયો હતો. આવી સારી છતાં અત્યંત સાહસિક અને સફળ નીવડે એવી રાજનૈતિક યોજના નેપોલિયન સિવાય બીજો કોઇ કરી પણ શકે નહિ અને સફળ પણ થાય નહિ.

આખા પારિસ નગરમાં અત્યંત ઉત્સુકતા આવી ગઇ હતી. કાંઇ અદ્ભુત બનાવ બનવાનો છે એવા ભણકારા સર્વને કાને પડતા હતા; અને એ કાર્ય નેપોલિયનજ કરનાર છે એ વાત પણ ઉઘાડી હતી. શું થવાનું છે અને તે કયારે અને કેવી રીતે થવાનું છે તેની કોઇને ખબર ન હતી. પ્રાચીન સમિતિનું વલણ હમેશાં સંરક્ષક રાજનીતિ તરફ હતું, અને એક વાર જેકોબિન પક્ષના અમલ દરમ્યાન તેમણે ફ્રાન્સમાં ચાલી રહેલી ભયંકર અરાજકતા અનુભવ્યા પછી નેપોલિયન જેવા દૃઢ નેતાનું અનુસરણ કરવા તેઓ પોતેજ ઘણા રાજી હતા. નેપોલિયન જે દરખાસ્ત લાવે તેને એકદમ પસાર કરવા તેઓ તૈયાર થઇને બેઠા હતા. પ્રતિનિધિઓની સભાની રચના પ્રજાસત્તાક રાજ્યના ધોરણે થએલી હોવાથી તેની અંદર ઘણા ઝનુની, અસંસ્કૃત, અને અસભ્ય સભાસદો હતા અને પોતાનું આધિપત્ય સ્થાપિત કરવા માટે હમેશાં ધમપછાડ કરતા હતા. પણ પ્રાચીન સમિતિના પ્રમુખ કાર્નોની પૂર્ણ સહાનુભૂતિ નેપોલિયને અગાઉથીજ મેળવી લીધી હતી; અને પ્રતિનિધિઓની સભાનો અધ્યક્ષ તેનો ભાઇ લૂશિયન બોનાપાર્ટજ હતો. બેઉ સભાઓનું અધિવેશન ટુલિયર્સના રાજમહેલમાં થતું હતું, પરંતુ ચાલુ કાયદા પ્રમાણે બેઉ ધારાસભાઓએ કયાં મળવું

તેનું સ્થળ નક્કી કરવાનો અધિકાર પ્રાચીન સમિતિને હતો.

નેપોલિયન મિસરમાં દિગ્વિજય કરીને આવ્યો હતો. તેનો યશ મહાન સિકંદરના યશની માફક દિગંતમાં ફેલાઇ ગયો હતો; તેથી કરીને પ્રસિદ્ધ સેનાપતિઓ અને શહેરના મુખ્ય મુખ્ય લશ્કરી અમલદારો તેની મુલાકાત લેવાને ઘણા ઈંતેજાર હતા. રાજધાનીમાં જે સૈન્ય હતું તેને એકવાર જોવા આવે તેમાં સિપાઇઓ અને સેનાપતિઓ પોતાને માન સમજતા હતા. તેથી તેમણે નેપોલિયનને પોતાના મનની ઇચ્છા જણાવી. જાહેરમાં એ વાત પ્રકટ ન થાય તેવી રીતે તેણે દરેક સેનાપતિને જણાવી દીધું કે ૯ મી નવેંબરે સવારમાં હું સૈન્યની મુલાકાત લઇશ, અને તેમની કવાયત જોઇશ. તેજ દહાડે સવારના છ વાગે પ્રાચીન સમિતિનું અધિવેશન થવાનું હતું અને પ્રતિનિધિઓની સભા અગીઆર વાગે મળનાર હતી. આ પ્રમાણે ૯ મી નવેંબરનો દિવસ નેપોલિયને પોતાના રાજનૈતિક સંગ્રામને માટે મનમાં મુકરર કરી રાખ્યો હતો. આ બધી ગોઠવણ એવી સંભાળપૂર્વક કરવામાં આવી હતી કે લોકોનું ધ્યાન તે તરફ ખેંચાયજ નહિ અને તે દ્વારા નેપોલિયન પોતાનો હેતુ સિદ્ધ કરવાનો છે એવો કોઇને શક જાયજ નહિ. આ પ્રમાણે છેવટનો હલ્લો કરવાને નેપોલિયને પોતાના કાર્યનાં સહાયક અંગોને બહુજ યુક્તિપૂર્વક ગોઠવી દીધાં; અને જે યુક્તિથી જરા પણ ખૂન રેડયા વગર મહાન વિજય મેળવવાનો હતો તેની જરા પણ તેણે કોઈને ખબર પડવા દીધી નહિ.

પછી ૯ મી નવેંબરનો દિવસ આવી પહોંચ્યો. સૂર્યોદય પહેલાં ઘણા કલાક આગમચથી પારિસ નગરની પ્રજા જાગૃત થઈ હતી. આજે જાણે એક મહોત્સવ થવાનો હોય તેવો ખળભળાટ મચી રહ્યો હતો. સવાર થવા પહેલાંજ સૈનિકવાદ્ય અને લલિત સંગીતનો આરંભ થઈ ચૂકયો હતો. પાયદળ લશ્કરના સિપાઇઓ ભભકાદાર લશ્કરી પોશાક પહેરીને રણવાદ્ય સાથે હારબંધ ચાલવા લાગ્યા હતા. તેમની સુશોભિત ધ્વજાઓ, તેમની ચાલવાની લડાયક ઢબ અને તેમનું યુદ્ધસંગીત જોઇને લોકો મુગ્ધ થતા હતા. પાયદળની પાછળ ઘોડેસ્વારોની હારની હાર થનથનાટ કરતા પાણીદાર ઘોડાઓ ઉપર બેસીને ઝડપથી ચાલી આવતી હતી. સ્વારોના રમણીય શિરપેચ, શૂરતાનભરી દેદીપ્યમાન કાંતિ, વગેરે ઘણાં મનોહર લાગતાં હતાં. શહેરના ફરસબંદી રસ્તાઓ ઘોડાની પડઘીના અવાજ, તોપોનાં ગાડાંના ગડગડાટ, સિપાઇઓનાં પગલાંના ધબકારા તથા યુદ્ધવાદ્ય અને સંગીતથી ગાજી રહ્યા હતા. આજે લશ્કરનો આનંદ માતો ન હતો. આજે દિગ્વિજયી નેપોલિયન તેમની કવાયત જોવા આવનાર હતો. થોડાજ વખતની અંદર નેપોલિયનનું ઘર ભભકાદાર લશ્કરી પોશાકમાં સજ્જ થએલા વિખ્યાત સેનાપતિઓથી ભરાઇ ગયું. તેની મુલાકાતે આવનાર લોકોની સંખ્યા એટલી બધી હતી કે એકે એક ઓરડો ચીકાર થઇ ગયો હતો અને ઘણાને ઘરમાં ઉભા

રહેવાની જગ્યા ન મળવાથી બહારના રાજમાર્ગ ઉપર તેની આવવાની રાહ જોતા ઉભા હતા.

અગાઉથી કરી રાખેલા સંકેત પ્રમાણે તેજ દિવસે સવારના છ વાગે પ્રાચીન સમિતિનું અધિવેશન કરવાનો વખત મુકરર કરવામાં આવ્યો હતો. એ સભાનો પ્રમુખ કાર્નો તથા ઘણાખરા સભાસદો નેપોલિયનના પક્ષના થયા હતા. તેમણે તરતજ એવો ઠરાવ પસાર કર્યો કે રાજધાનીના તમામ સૈન્યનું સેનાપતિપણું નેપોલિયનને આપવું કે જેથી કરીને શહેરમાં સુલેહશાંતિ જળવાઇ રહે. વળી એક બીજો ઠરાવ એવો પસાર કર્યો કે આજથી સેંટ કલાઉડ નામના રાજમહેલમાં આ સભાનું તથા પ્રતિનિધિઓની સભાનું અધિવેશન કરવામાં આવશે. આ મકાન પારિસથી થોડા માઈલને અંતરે હતું. ત્યાં શું શું થાય છે તેના સમાચારથી પારિસનો અશિક્ષિત લોકવર્ગ તરતજ માહિતગાર ન થાય એવા હેતુથી સ્થળનો ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમ ન કર્યું હોત તો જે રાજનૈતિક તોફાન સભાગૃહમાં ઉત્પન્ન થનાર હતું તેના સમાચાર લોકોમાં ફેલાઈ જતાં લોકો ઉશ્કેરાઇ જઇને હુલ્લડ મચાવત; અને લશ્કરીમળથી તેમને દબાવી દેવાની જરૂર પડત અને તેમ કરવાથી ઘણા મનુષ્યોની નાહક હત્યા કરવી પડત. આ ઠરાવની નકલ લઇને પ્રાચીન સમિતિનો પ્રમુખ જાતેજ નેપોલિયનને ઘેર ગયો. તે આજ્ઞાપત્ર લેવાને નેપોલિયન તૈયાર થઇનેજ બેઠો હતો. પોતાના ઘરમાં એકત્ર થએલા સત્તાધારી પરોણાઓને સંબોધીને તેણે દૃઢ અને સુસ્પષ્ટ અવાજે તે આજ્ઞાપત્ર વાંચી સંભળાવ્યું અને કહ્યું, “ ગૃહસ્થો ! પ્રજાસત્તાક રાજ્યનું રક્ષણ કરવામાં તમે મને મદદ આપશો ? ” તેમણે પોતાની તલવારો મ્યાનમાંથી બહાર કહાડીને એકે અવાજે પોકાર કર્યો કે અમે તેમ કરવાની પ્રતિજ્ઞા લઇએ છીએ.

બસ, તેજ ઘડીએ નેપોલિયનની જીત થઇજ ચૂકી. તેને આખી ફ્રેન્ચ પ્રજાએ પોતાના નેતા તરીકે સ્વીકારી લીધો. હવે તો માત્ર આ તકનો લાભ લઇને વિજયની પરિપૂર્ણતા કરવાનુંજ બાકી રહ્યું હતું. આ સમાચાર મેદાનમાં નેપોલિયનના આવવાની આતુરતાથી રાહ જોતા સૈન્યને પહોંચાડવામાં આવ્યા. તેમણે ગગનભેદી હર્ષનાદ કરીને પોતાના પરમપ્રિય નેપોલિયનની સેનાધિપતિ તરીકેની નિમણુક વધાવી લીધી. હવે તેની સામે માથું ઉંચકવાની હિંમત ચલાવવા જેટલી તેના કોઇ પણ પ્રતિસ્પર્ધીમાં તાકાત ન હતી. આટલું થયા પછી તેણે આ કાર્યને પૂર્ણ રીતે સફળ અને યશસ્વી બનાવવામાં પોતાના તમામ મનોબળનો અને બુદ્ધિબળનો ઉપયોગ કર્યો.

પછી નેપોલિયન ઘોડેસ્વાર થઇને ટુલિયર્સના રાજમહેલ તરફ જવા નીકળ્યો. તેની સાથે પંદરસો ઘોડેસ્વારનું લશ્કર અને આંખને આંજી નાખે એવા પ્રતાપવાન સેનાપતિઓ હતા. વખતે જરૂર પડે તેટલા માટે તેણે આટલું સૈન્ય પોતાના મકાનની પાસેજ પહેલેથીજ રાખ્યું હતું. એકાએક આ રસાલો પારિસના આશ્ચર્યચકિત

થએલા લોકોની નજર આગળ થઇને એક સ્વપ્નની માફક પસાર થઇ ગયો. કિનખાબના ભભકાદાર વાવટા, સરદારોના અને તેમના ઘોડાના કસબી સાજ અને તેને મુકાબલે નેપોલિયનના તદ્દન સાદા પોશાકના ભવ્યતા વિશેષ ભવ્ય લાગતી હતી અને બધા લોકોની નજર તેના ઉપરજ ઠરતી હતી.

જાણે પોતે મુકુટધારી નૃપતિજ હોય તેવા દમામથી અને રાજસત્તાથી નેપોલિયન પ્રાચીન સમિતિના સભાગૃહમાં દાખલ થયો. સભાસદો તેના એકાએક દેખાવથી અને તેના પ્રૌઢ સામર્થ્યના પ્રત્યક્ષ દર્શનથી ચકિત થઇ ગયા. તેણે પોતાનો નવો હોદ્દો ધારણ કરતાં સભાને સંબોધીને કહ્યું કે "તમે આખી પ્રજામાંથી સૌથી વિશેષ શાણા અને રાજનીતિજ્ઞ પુરુષો છો. પ્રજાસત્તાક રાજ્યનો વિનાશ થતો અટકાવવાને શાં શાં પગલાં લેવાં જોઇએ તેનો નિર્ણય કરવાનું કામ તમારૂં છે. હું મારા સરદારો સાથે તમને સહાય આપવા આજે હાજર થયો છું. તમે જે કાર્ય મને સોંપ્યું છે તે હું પ્રમાણિકપણે અદા કરીશ. અત્યારે આપણે શું કરવું તેને માટે પાછલા ઇતિહાસનાં દૃષ્ટાંત જોતા નહિ. અઢારમા સૈકાના જેવો મામલો પૂર્વે કદિ ઉભો થયો નથી અને હાલના જેવો મામલો આખા અઢારમા સૈકામાં પણ ઉપસ્થિત થયો નથી."

નેપોલિયનની સેનાધિપતિ તરીકેની નિમણુકની ખબર પ્રાચીન સમિતિએ પાંચ ડિરેક્ટરોને કહેવડાવી એટલે તરતજ સિયાઇ, ડૂકોએ પોતપોતાના હોદ્દાનાં રાજીનામાં આપી દીધાં. બાકીના ડિરેક્ટરોએ વાંધો લીધો. બૅરાસે પોતાના ખાનગી સેક્રેટરીને નેપોલિયન પાસે પોતાનો વાંધો દર્શાવવાને મોકલાવ્યો. જાણે ફ્રાન્સ દેશ પોતાને પૂર્વજો તરફથી વારસામાંજ મળ્યો હોય અને પોતે તેનો વહીવટ ડિરેક્ટરોને સોંપી ગયો હોય તેમ રાજાનો રૂવાબ ધારણ કરીને નેપોલિયને કહ્યું, "જે આબાદ અને રમણીય ફ્રાન્સ હું તમને સોંપી ગયો હતો તે ક્યાં છે ? હું ગયો ત્યારે બધે સુલેહશાંતિ હતી અને આવું છું ત્યારે લડાઇઓ જોઉં છું. હું ફ્રાન્સને તમામ લડાઇઓમાં વિજય અપાવીને ગયો હતો અને આવું છું ત્યારે તેની હાર થએલી જોઉં છું. દેશમાં જુલ્મી કર અને કંગાલીયતજ મારી નજરે પડે છે, મારા એક લાખ સમર વિજયી યોદ્ધાઓ ક્યાં ગયા ? દેશની આવી ખરાબી થાય તે ચાલવા દેવામાં નહિજ આવે."

આ જવાબથી બૅરાસ ગભરાઇ ગયો. તેણે પણ નાઇલાજે રાજીનામું આપ્યું. હવે બાકીના બે ડિરેક્ટરો લાચાર થઈ ગયા. તેઓ નેપોલિયન પાસે ગયા અને ત્યાં પણ તેમણે રાજીનામું આપવાની આનાકાની કરી. નેપોલિયને તેમને તરતજ પરહેજ કરીને લક્ઝેમ્બર્ગના મહેલમાં કેદ રાખવાનો હુકમ કર્યો.

તેજ દિવસે અગીઆર વાગે અત્યંત ખળભળાટ અને ઉશ્કેરાયલી હાલતમાં પ્રતિનિધિઓની સભા મળી. એ સભાનું અધિવેશન હવેથી સેંટ ક્લાઉડના મહેલમાં કરવું એવો જે ઠરાવ પ્રાચીન સમિતિએ પસાર કર્યો હતો, તે નેપોલિયનના ભાઈ

લૂશિયનને વાંચી સંભળાવ્યો. આ ઠરાવ કાયદેસર હતો. તકરાર કરવાનો અવકાશ હતોજ નહિ. નેપોલિયન સૈન્યનો માનીતો હતો. રાજ્યનું તમામ લશ્કરીબળ તેની એક આંગળીના ઈસારાને તાબે હતું. એની સામે થવું એ કેવળ અસંભવિતજ હતું. તેણે તમામ બાજી ઘણીજ કુનેહથી ગોઠવીને પોતાનું કાર્ય સિદ્ધ કરી દીધું. અગીઆર વાગે ડિરેક્ટરોના અમલનો અંત આવ્યો. આખા સૈન્યે પોતાના હૈયાના ઉમળકાથી એકકે અવાજે નેપોલિયનને પોતાનો નેતા માની લીધો હતો. “ નેપોલિયન ઘણું જીવો ” એવા પોકારથી પારિસ નગર ગાજી રહ્યું હતું. પ્રાચીન સમિતિ તેના હાથમાં હતી. પ્રતિનિધિઓની સભામાંથી પણ ઘણા સભાસદો તેના પક્ષમાં હોઇને તેની આજ્ઞાને નિઃશંકપણે અનુસરવા તૈયાર હતા. શાંત, ગંભીર, મગરૂર નેપોલિયન પોતાની શક્તિઓને સારી રીતે સમજતો હોઇ, સેનાપતિઓને, રાજનીતિજ્ઞ પુરુષોને અને લોકવર્ગને પોતાના શેત્રંજનાં મોરાં જેવા સમજતો, જાણે ટૂલિયર્સના રાજમહેલનો તે વંશપરંપરાનો માલિક હોય તેમ તે ભવ્ય પ્રાસાદમાં દાખલ થયો.

રાજ્યના તમામ પક્ષના લોકોએ નેપોલિયને મેળવેલી ફતેહ તરફ અનુમતિ દર્શાવી. તે દિગ્વિજયી સેનાપતિ હતો તેથી સિપાઇઓએ હર્ષના પોકાર કર્યા અને તોપો ફોડીને પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો. વળી તે એક વિદ્વાન અને વિદ્યાવિલાસી હતો; મનુષ્યબુદ્ધિનો ઉચ્ચતમ વિકાસ કરાવવા અને તેના દ્વારા ઉત્તમોત્તમ કાર્યો કરાવવાને તે પ્રોત્સાહન આપતો હતો. તેથી પારિસની પંડિતસમાજે તેને અભિનંદન આપ્યું. ફ્રાન્સનો તરુણ વર્ગ જ્યારે વિષયલંપટતામાં, મદિરાપાનમાં અને નૃત્યવિલાસમાં ગુલતાન બની ગયો હતો તે જમાનામાં અપ્સરાઓને લજાવે એવી સૌન્દર્યવાન રમણીઓના લાવણ્યથી જે લલચાયો ન હતો, લાખો રૂપીઆની લાંચથી જેનું નીતિબળ ડગ્યું ન હતું, ઇન્દ્રિયવિલાસની મોહનીના પ્રલોભને જેને સતત પરિશ્રમ અને સ્વદેશસેવાના વ્રતમાંથી ચલિત કર્યોં ન હતો તે નેપોલિયનને આખા દેશના ચારિત્ર્યવાન અને કુલિન પુરુષોએ અંતઃકરણથી વધાવી લીધો. નેપોલિયન કાયદાનો અને સુલેહનો દૃઢ અને અડગ હિમાયતી હતો. તેથી અરાજકતાથી કંટાળી ગએલા રાજનીતિજ્ઞ પુરુષોએ તેને દેશનો ઉદ્ધાર કરનાર માન્યો. અસંખ્ય હત્યાઓથી, ને જુલમથી ત્રાસ પામેલી સ્ત્રીઓએ અને કુમારિકાઓએ તેના ઉપર આશીર્વાદ વર્ષાવ્યો. આ પ્રમાણે આખા દેશના રાજનીતિજ્ઞ, સાહિત્યવિલાસી, વિજ્ઞાનવિદ્દ, ચારિત્ર્યવાન અને કુલિન લોકો પોતાની સહાનુભૂતિ જાહેર કરવા તેની પાસે આવવા લાગ્યા. સર્વને એમજ લાગ્યું કે યોગ્ય જગ્યાએ યોગ્ય વ્યકિતની નિમણુક થએલી છે.

પછી બીજા દિવસના કાર્યને માટે જોઇતી તૈયારી નેપોલિયને રાતો રાત કરી નાખી. શહેરનાં અગત્યનાં સ્થળોમાં બહાદૂર સેનાપતિ મુરા, સમરવીર લાની, સેનાપતિ મોરો વગેરેને લશ્કરની મજબૂત ટુકડીઓ સાથે ગોઠવી દીધા. શહેરનો જેકોબિન વર્ગ

વખતે હુલ્લડ મચાવે એવી ધાસ્તી હતી. તેને માટે નેપોલિયન ઝીણામાં ઝીણી વાતનો પણ બંદોબસ્ત કરવા ચૂક્યો ન હતો. તે પ્રારબ્ધમાં શ્રદ્ધાવાન હતો તોપણ ભવિષ્યમાં જે જે નવા નવા સંજોગો ઉભા થવા પામે તેની અગાઉથી ગણત્રી કરીને પૂરેપૂરી સાવચેતી રાખવામાં તે કચાશ રાખતો નહિ. આખી રાત પારિસમાં ભારે ખળભળાટ મચી રહ્યો હતો તોપણ લશ્કરની ધાકથી હુલ્લડ થવા પામ્યું નહિ. આવતી કાલે નેપોલિયન નવાજૂની કરશે એ ત્રણે પક્ષના લોકો જાણતા હતા; પણ તે શું કરવાનો છે તેની કોઇને ખબર ન હતી. જેકોબિન પક્ષના આગેવાનો પ્રતિનિધિઓની સભામાં ભારે તકરાર લેશે એવી તેને ખાત્રી હતી અને તેને એક શુભેચ્છકે સલાહ પણ આપી કે રાતોરાત એ પક્ષના ચાલીશ આગેવાનોને કેદ કરવા; પણ નેપોલિયને જવાબ આપ્યો કે "પ્રજાના પ્રતિનિધિઓને માન આપવાના મેં આજ સવારેજ સોગંદ લીધા છે." જો એ સભાનું અધિવેશન પારિસમાં થયું હોત તો જરૂર હુલ્લડ થાત અને મનુષ્યરક્તની નદીઓ વહેવા પામત, પણ સભાને દૂર લઇ જવાથી અને લશ્કરની ધાકથી એ માઠો બનાવ બનવા પામ્યો નહિ.

આવા અત્યંત ગુંચવણભરેલા અને જીવ સટોસટના પ્રસંગમાં પણ નેપોલિયન તેની પ્રિય જોસેફાઇનને ભૂલ્યો ન હતો. આખા દિવસમાં એવા પ્રસંગો ઉભા થતા હતા કે આવતી કાલે નેપોલિયન રાજ્યાસનપર ચડશે કે ફાંસીને લાકડે લટકશે તે અનિશ્ચિત હતું. તેવે વખતે પણ તે કલાકે કલાકે તમામ સમાચાર જોસેફાઇનને ટુંકામાં, ઉતાવળથી લખી મોકલતો. મોડી રાત્રે તે પોતાને ઘેર ગયો ત્યારે પણ તે ઉત્સાહથી ભરપૂર હતો. સવારથી આખરસુધીની બધી ઝીણી ઝીણી વિગતો તેણે જોસેફાઇનને કહી. એક કલાક આરામ લીધો અને સવારમાં પોતાના રસાલા સાથે સેંટ કલાઉડના મહેલ તરફ જવા નીકળ્યો.

આજે ૧૭૯૯ ના નવેંબર માસની ૧૦ મી તારીખ હતી. સેંટ કલાઉડના મહેલમાં એક ઓરડો નેપોલિયનની પોતાની ઑફિસ માટે, બીજો પ્રાચીન સમિતિના અધિવેશન માટે અને ત્રીજો પ્રતિનિધિઓની સભાને માટે નિયુક્ત કરવામાં આવ્યો હતો. પોતે આખી પ્રજાની અનુમતિથી કૉન્સલની પદવી ધારણ કરવાનો છે એવી તેને ખાત્રી હોય તેમ તે પોતાના કાર્યાલયમાં પોતાના સેનાપતિઓ, અને અંગરક્ષકો સહિત દાખલ થયો. તે રાજસત્તાનો લોભી છે અને તેથીજ તેણે આ કાવત્રું ઉભું કર્યું છે એવો તેના ઉપર આરોપ મૂકીને જેકોબિન પક્ષના સભાસદોએ તેનો આજે વિનાશ કરવાનો દઢ સંકલ્પ કર્યો હતો. ગઇ રાતે તેમણે પોતાની સત્તાને મજબૂત કરી હતી. આજે તેઓ નેપોલિયનને પ્રજાસત્તાક રાજ્યનો શત્રુ ઠરાવવાના હતા. આવા સંજોગોમાં બેઉ સભાઓનું અધિવેશન થયું. જેકોબિન પક્ષનો અને પ્રતિનિધિઓની સભાનો વૈરભાવ જોઇને પ્રાચીન સમિતિના સભાસદો પણ ડરી ગયા. તેમણે

જ્યારે જોયું કે પ્રતિનિધિઓની સભાનું વલણ નેપોલિયનનો વિનાશ કરવા અને ચાલુ રાજ્યતંત્રનું રક્ષણ કરવા તરફ છે ત્યારે થોડાજ સમયપર પ્રવર્તેલા રક્તપ્રવાહનું સ્મરણ કરીને નેપોલિયનનો ત્યાગ કરવામાંજ પોતાનું શ્રેય છે એવું તેઓ માનવા લાગ્યા. વૈરભાવથી ઉશ્કેરાયલા સભાસદોની દુષ્પ્રવૃત્તિની ભરતી આગળ નેપોલિયનના પક્ષકારો ઘાસની માફક તણાઇ જવા લાગ્યા. જીવનમરણના સંધિસ્થાનમાં ઉભા રહીને પોતાની સમયસૂચકતાના પ્રભાવથી હારની અણીપર આવેલા પોતાના સૈન્યને જેણે અનેક તુમુલ રણસંગ્રામોમાં વિજય અપાવ્યો હતો તે નેપોલિયને આજે પણ પ્રલયકાળના મહાસાગરની માફક પ્રક્ષુબ્ધ થએલા સભાગૃહમાં પોતાની સમયસૂચકતાનું, અગાધ બુદ્ધિસામર્થ્યનું અને દઢ મનોબળનું દર્શન કરાવ્યું.

પોતાના માથા ઉપર ઝઝુમી રહેલી વિપત્તિનું મહત્ત્વ જોઇને થોડાક નિમકહલાલ અંગરક્ષકો અને લશ્કરની એક ટુકડી લઇને તે પ્રથમ પ્રાચીન સમિતિના સભાગૃહમાં દાખલ થયો. તેના સિપાઇઓ પોતાનાં તીક્ષ્ણ અને તેજસ્વી શસ્ત્રોનો ચળકાટ સભાગૃહમાં પડે એવી રીતે ઉંબરા આગળ, પોતાના સામર્થ્યના ગર્વસહિત છાતી કહાડીને ઉભા રહ્યા. નેપોલિયનને એકાએક પોતાની સમક્ષ ઉભેલો જોઇને તથા તેના અંગરક્ષકોનું વીરત્વ જોઈને સભાસદો શાંત અને સ્તબ્ધ બની ગયા. નેપોલિયનના પક્ષકારોના હૃદયમાં આશાનો ઉદય થયો. તેણે સભાને સંબોધન કરીને કહ્યું કે "સદ્‌ગૃહસ્થો ! આપણે એક ભયાનક જ્વાળામુખી પર્વત ઉપર ઉભા છીએ. પ્રજાસત્તાક રાજ્યતંત્ર જોખમમાં છે એ આપ સર્વેએ નક્કી કર્યું છે અને આપેજ મને મદદ માટે બોલાવ્યો છે. મેં આપની ઇચ્છા પૂર્ણ કરી છે. પણ હમણાં મારા તરફ તમે તિરસ્કારસૂચક ઉદ્‌ગાર કહાડો છો. તમે બધા મને × સીઝર અને * ક્રૉમ્વેલની ઉપમા આપો છો. પણ વર્તમાન સમયના કોઇ પણ રાજ્યપ્રકરણી બનાવ સાથે ભૂતકાળના બનાવની સરખામણી થઈ શકે એમ છેજ નહિ. વિપત્તિ તમારી પાસેને પાસે આવતીજ જાય છે; વિનાશનો સંભવ દિવસે દિવસે વધતોજ જાય છે. હાલમાં ખરૂં પૂછો તો આપણા દેશમાં કોઇ પણ જાતની શાસનપ્રણાલિ છેજ નહિ. ડિરે-

---

× દિગ્વિજયી રોમન સેનાપતિ હતો. પ્રજાસત્તાક રાજ્યનો મુખ્ય પુરુષ હોવા છતાં તેણે પોતાની મરજી પ્રમાણે કુલસત્તા હાથમાં લઇને રાજ્યતંત્ર ચલાવ્યું હતું. એવો આરોપ તેના ઉપર મૂકવામાં આવ્યો હતો.

* ઇંગ્લંડને તેના જુલ્મી રાજાના જૂલમમાંથી છોડાવનાર, રાજાની આપખુદી સત્તાને તોડનાર વીર પુરુષ હતો. પણ પાછળથી તે એટલો બળવાન બની ગયો કે જે રાજાની સામે તેણે યુદ્ધ કર્યું હતું તેના કરતાં પણ વિશેષ સ્વેચ્છાચારી નીવડયો અને રૈયત પણ તેનાથી કંટાળી ગઈ. પણ તેના લશ્કરી બળ આગળ કોઇનું ચાલ્યું નહિ.

કટરોએ પોતપોતાના હોદ્દાનાં રાજીનામાં આપી દીધાં છે. પ્રતિનિધિઓની સભામાં ઉત્પાત થઇ રહ્યો છે. પારિસમાં વિદ્રોહનો અગ્નિ ધૂમાઈ રહ્યો છે અને સળગી ઉઠવાની તૈયારીમાં છે. પદભ્રષ્ટ રાજાના દૂતો પ્રજાને બળવો કરવા ઉશ્કેરી રહ્યા છે. લોકોને ઉશ્કેરનારા લોકો ગયા જમાનાના કેર અને હત્યાકાંડનું ભયંકર નાટક બીજીવાર ભજવવા ઉત્સુક છે. પણ તમે ડરશો નહિ. હું આ મારા હથિયારબંધ મિત્રોની મદદથી તમારૂં રક્ષણ કરવા સજ્જ થઇને ઉભો છું. પ્રજાસત્તાક રાજ્યનું રક્ષણ કરવા ઉપરાંત બીજી કોઇ પણ જાતની મને અભિલાષા નથી. જે સ્વાતંત્ર્ય અને મનુષ્ય માત્રના સરખાપણા માટે આપણે આટલા આટલા ભોગ આપ્યા છે, આટલું આટલું કષ્ટ સહન કર્યું છે તેનું હું રક્ષણ કરીશ એવા હું આપની સમક્ષ સોગંદ લઉં છું.”

એક સભાસદ વચમાં બોલી ઉઠયો કે ચાલુ શાસનપ્રણાલિને પણ જાળવવી પડશે. નેપોલિયને એક પળ વાર વિચાર કરી લીધો. ચાલુ શાસનપ્રણાલિને જાળવી શકાયજ કેવી રીતે? જેનો ઉચ્છેદ કરવાને માટે તો તે આટલો પરિશ્રમ લે છે તેને સાંગોપાંગ સાચવી રાખીશ એવા સોગંદ તે કદિ લઇ શકેજ નહિ. તેણે મેઘગંભીર સ્વરે જવાબ આપ્યો કે “ચાલુ શાસનપ્રણાલિ? એમાંનું અત્યારે કાંઇ છેજ નહિ. જે દિવસે કાર્યવાહક સભાએ ધારાસભાનો અધિકાર તોડી પાડયો તે દિવસે તમે તમારે હાથેજ તમારી શાસનપ્રણાલિના મૂળમાં પ્રહાર કર્યો છે. જે દિવસે ધારાસભાએ કાર્યવાહક સભાની સ્વતંત્રતામાં દખલ કરવા માંડી તે દિવસથી તમારી શાસનપ્રણાલિનો નાશ થઈજ ચૂકયો છે. વળી જે દિવસે ધારાસભાએ અને કાર્યવાહક સભાએ લોકોએ ચૂંટી કહાડેલા પ્રતિનિધિઓને નાકબૂલ કર્યા, તે દિવસે એ પ્રાણાલિનું જે કાંઇ અવશિષ્ટ રહ્યું હતું તે પણ હતું ન હતું થઇ ગયું છે. તમારી હાલની શાસનપદ્ધતિ તો માત્ર ઉપહાસનો વિષય બનવા જેવીજ રહી છે–બધા તેનો ઉલ્લેખ કરે છે પણ કોઇ તેને સન્માન આપતું નથી.”

આ સંભાષણ ચાલતું હતું તેવામાં સમાચાર આવ્યા કે પ્રતિનિધિઓની સભામાં નેપોલિયનને દેશના કાયદાના રક્ષણની બહાર મૂકવાનો ઠરાવ મૂકવાની તૈયારી ચાલે છે અને એ ઠરાવ બાબત સભાસદોના મત લેવાનું કાર્ય કરવા માટે અધ્યક્ષને દબાણ કરવામાં આવે છે. અધ્યક્ષ નેપોલિયનનો ભાઇ લૂશીયનજ હતો. આ ઠરાવ જો એકવાર પસાર થવા પામે તો નેપોલિયનનું આવી બને અને તેની જીવનકથા અહિંથીજ સમાપ્ત થાય. આ રોમાંચિત કરે એવી ભયંકર ખબર સાંભળીને તે બોલી ઉઠયો કે “જો વીશ કરોડ સુવર્ણમુદ્રા આપતા પણ મારા સેનાપતિ તેને કોઇ મારી પાસે તેડી લાવે તો હું તે આપવા અચકાઉં નહિ.” તોપણ તેણે હિંમત છોડી નહિ. તેણે સભાને સંબોધીને કહ્યું કે “જો કોઈ પણ સભાસદ પરદેશી રાજ્યોના દૂતોની સમજૂતથી મને કાયદાના રક્ષણની બહાર મૂકવાનો પ્રયત્ન કરશે તો હું તરતજ મારા

તેજસ્વી હથિયારવાળા મિત્રો (સિપાઇઓ) નો આશ્રય લઇશ. જુઓ, તે બારણા આગળજ ઉભા છે. યાદ રાખજો કે હું રણક્ષેત્રમાં રણદેવતા અને સૌભાગ્યલક્ષ્મીની સાથે એકતા કરીનેજ આગળ વધું છું. ”

એમ કહીને તે તરતજ સભાગૃહ છોડીને પ્રતિનિધિઓની સભાના ઓરડા તરફ ચાલ્યો. તેના અંગરક્ષકો તેની પાછળ જવા લાગ્યા. રસ્તામાં તેને ઑગેરિયો મળ્યો. તે નેપોલિયનનો એક ઘણોજ બહાદૂર સેનાપતિ હતો તોપણ તેની ભયભરેલી અવસ્થા જોઇને બીકને લીધે તેનો ચહેરો વિવર્ણ બની ગયો હતો અને તે થરથર ધ્રૂજતો હતો. તેણે કંપતે સ્વરે નેપોલિયનને કહ્યું, “ આપે એક ભયંકર આફત વહોરી લીધી છે. ” નેપોલિયને સ્થિર ચિત્તે જવાબ આપ્યો, “ આર્કોલાના રણસંગ્રામ વખતે આના કરતાં પણ વધારે ભયાનક સ્થિતિમાં હું હતો. ધૈર્ય રાખો, અડધા કલાકમાંજ બધી બાજી બદલાઇ જશે. ”

એમ કહીને તે પ્રતિનિધિઓના સભાગૃહમાં દાખલ થયો. તેના અંગરક્ષકો બારણા આગળ પૌરુષજનિત ગર્વસહિત ઉઘાડી તલવારે ઉભા રહ્યા. નેપોલિયનને જોતાંજ તમામ સભાસદો ગાંડાની માફક ખળભળી ઉઠયા. આ પળ એવી હતી કે તેના બુદ્ધિવૈભવ સિવાય બીજા કશાથી તેનું રક્ષણ થઈ શકે એમ હતુંજ નહિ. “ તું તારા મનમાં શું સમજે છે ? ” “ સ્વેચ્છાચારીનો અંત લાવો, ” ચાલ્યો જા, ” “દૂર જા ” એવા ધમકીભર્યા ઉદ્ગાર ચારે તરફથી નીકળવા લાગ્યા. સભાની તે સમયની અવસ્થાનું વર્ણન કરતાં તે કહે છે કે “ ઇયોલસની ગુફામાં પૂરાઇ રહેલો વાયુ એકાએક બહાર નીકળે અને જે પ્રચંડ તોફાન થવા લાગે તે તોફાનનો ખ્યાલ કરવાથી આ સભાગૃહના ઉત્પાતનો કાંઇક ઝાંખો ખ્યાલ આવી શકે. ”

નેપોલિયને સભાને સંબોધીને બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તેનું બોલ્યું સાંભળેજ કોણ ? સભાસદો ક્રોધના પોકાર કરતા કરતા તેની આસપાસ એકત્ર થઇ ગયા, તેનો જાન જોખમમાં છે એમ જાણીને તેના અંગરક્ષકો ત્વરાથી અંદર ધસી આવ્યા, અને તેની ચારે દિશાએ ફરી વળ્યા. એક સભાસદ તેની છાતીમાં ખંજર ઘોંચવા જતો હતો પણ તેના અંગરક્ષકોએ તેનો હાથ એકદમ પકડી લીધો. તેઓ તેને સભાગૃહમાંથી સહિસલામત બહાર લઇ ગયા પણ સભા શાંત થઈ નહિ. નેપોલિયન દાદરનાં પગથીયાં ઉતરતો હતો એટલામાં એક જણે ખબર આપી કે બધા સભાસદો તમારા ભાઇ લૂશીયન ઉપર તૂટી પડયા છે; અને તેને મારી નાખ્યા વગર નહિ રહે. તેજ ઘડીએ નેપોલિયનની આજ્ઞાથી સિપાઇઓની એક ટુકડી વીજળીને વેગે સભાગૃહમાં ધસી ગઈ અને “ તમારા ભાઇની આજ્ઞાથી ” એવું લૂશીયનને કહીને તેને પણ સહિસલામત બહાર લઇ આવ્યા. બેઉ ભાઇ ઘોડે બેઠા અને જ્યાં લશ્કર ઉભું હતું ત્યાં આગળ જવા લાગ્યા. રસ્તામાં લૂશીયને કહ્યું, “ આજથી

પ્રતિનિધિઓની સભાનો ભંગ થયો છે એમ હું તમને મારા હોદ્દાની રૂએ જણાવું છું. સભાગૃહ ખૂનીઓથી ભરપૂર થઈ ગયું છે. હું તમને આવાહન કરૂં છું કે તમે ત્યાં જઇને તેમને ત્યાંથી હાંકી કહાડો.”

નેપોલિયને સૈન્યને સંબોધીને કહ્યું, “ યોદ્ધાઓ ! કેમ ? હું તમારા ઉપર સંપૂર્ણ આધાર રાખું કે ? ” તેમણે એકકે અવાજે ગર્જના કરીને જવાબ આપ્યો કે “ બોનાપાર્ટ ઘણું જીવો. ”

સેનાપતિ મુરા લશ્કરની એક ટુકડી લઇને સભાગૃહ તરફ ચાલતો થયો. મુરા નેપોલિયનના એક વજ્ર સમાન હતો અને જેના તરફ એ વજ્રનો પ્રહાર થયો તેની પાયમાલીજ થઇ જાણવી. મુરાનો ધસારો જેવો તેવો નથીજ એનો સર્વને અનુભવ હતો. તેની પડઘમ વાગી. ઝળકતી તીક્ષ્ણ સંગીનોવાળા તાલમબાજ સિપાઇઓ હારબંધ આગળ ધસ્યા. સભાગૃહમાં નાસભાગ થઇ ગઇ. સભાસદો બારીએથી કૂદી કૂદીને જીવ લઇને નાઠા. એક પળવારમાંજ મનુષ્યોના કોલાહલથી ગાજી રહેલું સભાગૃહ શાંત શમશમાકાર બની ગયું. નાસતા સભાસદો તરફ ગોળીબાર કરવાની આજ્ઞા આપવા એક જણે નેપોલિયનને સૂચના કરી, પણ તેણે જવાબ આપ્યો કે “ નહિ, મારી ઇચ્છા એવી છે કે મનુષ્યરક્તનું એક ટીપું પણ આજે પડવું ન જોઇએ. જેઓ તેને અને તેના ભાઇને મારી નાખવા તત્પર થયા હતા તેઓ સહિસલામત નાસી જવા પામ્યા !

સાંજે નેપોલિયને ઉપર કહેલી બેઉ સભાઓનું ફરીથી અધિવેશન કરાવ્યું. આ વખતે જેઓ તેના પક્ષના હતા તેઓજ માત્ર હાજર થયા હતા. તેમણે સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો કે નેપોલિયને બજાવેલી સ્વદેશસેવામાટે તેને ધન્યવાદ આપવો. ત્યાર પછી એજ સભાએ પાંચ ડિરેકટરોની સત્તાથી ચાલતી શાસનપદ્ધતિ રદ કરી. તેમની જગ્યાએ નેપોલિયન, સિયાઇ અને ડૂકોને કૉન્સલની પદવી આપીને તેમની નિમણુક કરી. ફ્રાન્સની રાજયવ્યવસ્થામાટે નવી શાસન પદ્ધતિ નકકી કરવા બેઉ સભાઓએ ચૂંટી કહાડેલી પચીશ પચીશ સભાસદોની બે કમિટિઓ નિમવામાં આવી.

સાંજે પારિસમાં એવી અફવા ફેલાઇ કે નેપોલિયનને નિષ્ફળતા મળી છે. આ સમાચારથી શહેરની પ્રજામાં ભારે ગભરાટ ફેલાઈ ગયો. તમામ વર્ગના લોકો રાષ્ટ્રવિપ્લવથી ઉત્પન્ન થએલી અરાજકતા અને પૈશાચિક હત્યાકાંડથી ત્રાસી ગયા હતા, અને તેઓ પોતાની આશા અને ભરોંસો માત્ર નેપોલિયન ઉપરજ રાખી બેઠા હતા. જૂનું રાજયતંત્ર બદલાઇ ગયું છે તે સમાચાર તથા નેપોલિયને પોતાની હમેશની ઢબ પ્રમાણે ઝડપથી લખાવેલું જવલંત જાહેરનામું રાત્રે નવ વાગે પ્રજાની જાણ માટે વાંચી સંભળાવવામાં આવ્યાં. લોકોએ આ સમાચાર સાંભળીને એકેકઅવાજે પોતાનો સંતોષ પ્રદર્શિત કર્યો. તમામ કાર્યની સંપૂર્ણ વ્યવસ્થા કરીને રાતના ત્રણ

વાગે નેપોલિયન ગાડીમાં બેસીને પોતાને ઘેર જવા નીકળ્યો. આખે રસ્તે તે પોતાના વિચારમાં એવો ગરકાવ થઇ ગયો હતો કે તે પોતાના ખાનગી સેક્રેટરી બુરિયેન સાથે એક શબ્દ પણ બોલ્યો ન હતો.

ચાર વાગ્યાને સુમારે તે ગાડીમાંથી ઉતરીને ઘરમાં ગયો. જોસેફાઈન અત્યંત આતુરતા અને ચિંતાસહિત તેની આવવાની રાહ જોતી બારીએ બેસી રહી હતી. આજના ઉપરાઉપરિ બન્યા જતા અગત્યના બનાવોથી અને દારુણ જોખમ તથા ભયાનક ઉત્પાતથી ભરપૂર દિવસમાં શી શી ઘટનાઓ થઇ હતી તે વિષે જોસેફાઇનને નેપોલિયનથી ખબર અપાઇ ન હતી. તેને આવેલો જોતાં તે દોડીને સામે ગઈ. નેપોલિયને તેને છાતી સરસી ચાંપી અને આખા દિવસના બનાવોનો સારાંશ તેને કહી સંભળાવ્યો, અને કહ્યું કે “ પ્રિયતમે, આજથી હું વાસ્તવિકરીતે ફ્રાન્સના સિંહાસને બેઠો છું. પણ સૌથી પ્રથમ મારી પ્રિયતમ જોસેફાઇનજ પોતાના સુમધુર સ્વરથી મને અભિનંદન આપે તેટલા માટે મારી નવી પદવી ગ્રહણ કર્યા પછી હું કોઇ સાથે એક અક્ષર પણ બોલ્યો નથી. નેપોલિયનના પ્રેમની સુકોમળતા અને દાક્ષિણ્ય જોસેફાઇનના લક્ષ બહાર ગયાં નહિ. તેજ કારણથી તે કહે છે કે “ નેપોલિયનના જેટલી મોહકશક્તિ જગતમાં બીજા કોઇ પણ પુરુષમાં નથી. ” તે વખતે ચાર વાગી ગયા હતા. બીજે દિવસે સવાર થતાં પ્રજાસત્તાક રાજ્યની સુવ્યવસ્થા કરવાના ભગીરથ કાર્યમાં નેપોલિયન રોકાવાનો હતો. થોડી મિનિટનો આરામ લેવા માટે તે પલંગપર લાંબો થયો. સૂતાં સૂતાં તે હસીને બોલ્યો, “ જોસેફાઈન, અત્યારે સૂઈ જા. આવતી કાલે આપણે લક્ઝેમ્બર્ગના રાજમહેલમાં સૂઈશું. ”

આ વખતે તેની ઉમ્મર માત્ર ત્રીસજ વર્ષની હતી. છતાં નહિ માની શકાય એવી મુશીબત અને જીવ સટોસટના જોખમભર્યા સંજોગો વચ્ચે, પોતાના એકલા બુદ્ધિ વૈભવ ઉપર અડગ વિશ્વાસ રાખીને ત્રણ કરોડ મનુષ્યની વિશાળ પ્રજાને માટે નવું રાજ્યતંત્ર રચીને તેને સુવ્યવસ્થિત કરવાનું ભગીરથ કાર્ય અને તેની સઘળી જવાબદારી તે પોતાને માથે લેતા અચકાયો નહિ. તેની બુદ્ધિની પૂર્ણતમ કળાનું દર્શન કરાવે એવો જો તેણે વિજય મેળવ્યો હોય તો તે આ પ્રસંગેજ હતો. તેના જીવનના બીજા કોઇપણ પ્રસંગમાં તેની બુદ્ધિનો પ્રકાશ આટલો જવલંતપણે ઝળકી નીકળ્યો નથી. અલબત્ત, આ બનાવવિષે તુલના કરવામાં ઇતિહાસકારો એકમત બાંધતા થાય એવો વખત આવવાને હજી ઘણા જમાનાની વાર છે. કેટલાક લોકો કહે છે કે તેણે આ કાર્ય કરીને પ્રજાના કાયદા અને સ્વાતંત્ર્ય ઉપર એક અક્ષમ્ય અત્યાચાર કર્યો છે; ત્યારે બીજા એવો મત દર્શાવે છે કે અરાજકતા અને નીતિભ્રષ્ટ થએલા રાજ્યતંત્રને ઉથલાવી નાખવાની જરૂરજ હતી. ગમે તેમ હોય પણ એટલું તો ઉઘાડુંજ છે કે નેપોલિયને જે કાર્ય કર્યું હતું તેમાં પ્રજાના અત્યંત મોટા ભાગની

પૂર્ણ સંમતિ હતી.

આ કાર્યને માટે ઘણા માણુસો તેની નિંદા કરે છે. પણ જો તેણે પોતાના હાથમાં રાજ્યની લગામ લીધી ન હોત તો જે રક્તપ્રવાહથી આખો ફ્રાન્સ દેશ અનેક સમયથી કલંકિત થતો આવ્યો હતો તે પ્રવાહ કદિ બંધ પડત ખરો કે? પ્રજાના જાનમાલની સલામતી સચવાત ખરી કે? અને એ દેશનું સ્વાતંત્ર્ય પણ લાંબો વખત ટકી શકત ખરૂં?

માત્ર રાષ્ટ્રવિપ્લવકારી જેકોબિન વર્ગ સિવાયના તમામ લોકો આ ફેરફારની તરફેણમાં હતા. છેલ્લાં દશ વર્ષથી લોકોએ એવાં એવાં કાયદાવિરુદ્ધ કાર્ય અનુભવ્યાં હતાં કે તેથી કરીને નેપોલિયનનું આ કાર્ય રાજ્યના કાયદાવિરુદ્ધ છે કે નહિ તે તરફ નહિ જોતાં તેનું પરિણામ સારૂં આવશે એવી તેમની ખાત્રી હોવાથી તેમણે તેમાં પોતાની સંમતિ આપી. આખા ફ્રાન્સમાં બધે ઠેકાણે નવા રાજ્યતંત્રને લોકોએ વધાવી લીધું. અંગ્રેજ ઇતિહાસકાર એલિસન, જે અનેકવાર નેપોલિયન ઉપર આક્ષેપ મૂકવા ચૂકતો નથી તે પણ આ પ્રસંગની નોંધ લેતાં લખે છે કે:—

“ નેપોલિયને પોતાના વિજય પછી શત્રુપક્ષ તરફ જે રહેમ નજર રાખી હતી તે જોતાં તેને સીઝરની કોટિમાં મૂકવો જોઇએ. તેનો અમલ વિરોધીઓની કતલથી કલંકિત થયો નથી; થોડાંજ માણુસોને ના છૂટકે કેદ કર્યાં હતાં. ફ્રાન્સના કૉન્સલ તરીકેની તેની કારકીર્દી દયા અને ઉદારતાના અનેક કાર્યોથી ઝળકી રહી છે. તેણે આ સત્તા પ્રાપ્ત કરવા માટે મનુષ્યરક્તનું એક ટીપું પણ પડવા દીધું નથી; એટલુંજ નહિ પણ એક પણ માણુસને ઝાઝો વખત કેદમાં રાખ્યો નથી. તેનો વિજય એ વાસ્તવિકરીતે નિષ્ઠુરતા ઉપર દયા અને મનુષ્યભાવે મેળવેલો વિજય છે; અને ક્રૂરતા વાપરીને મેળવેલા વિજય કરતાં શાણપણ અને રહેમિયતથી મેળવેલો વિજય વધારે સ્થાયી છે એનું ચિરસ્મરણીય દષ્ટાંત તે મૂકી ગયો છે. ”

प्रकरण १७ मुं–फ्रान्समां नवयुग

નેપોલિયન કૉન્સલ થયો.

"જેઓ લોકોને ઠગવા માટે અને પોતાનો સ્વાર્થ સાધવા માટેજ તેમના ઉપર રાજ્ય કરતા હોય તેઓજ લોકોને અજ્ઞાન રાખવાની ઈચ્છા કરે છે. જ્ઞાન લોકવર્ગને માટે અહિતકર ક્યારે થઈ પડે કે જ્યારે રાજ્યકર્તા પ્રજાના કલ્યાણની વિરૂદ્ધ વર્તન કરીને તેને નહિ ઇચ્છવા જોગ હાલતમાં લાવી મૂકે અથવા જ્યારે સમાજના પછાત વર્ગને કંગાલીયતમાં સડવા દે ત્યારેજ. આવા સંજોગો ઉભા થાય ત્યારે જ્ઞાનને લીધે પ્રજામાં પોતાનું રક્ષણ કરવાનો પ્રબળ જુસ્સો જાગૃત થાય છે." **નેપોલિયન**

ફ્રાન્સની પ્રજાએ પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનો પ્રયોગ કરી જોયો પણ તેમાં તેને પૂરેપૂરી નિષ્ફળતા મળી. પોતાનું રાજતંત્ર પોતાની મેળે ચલાવવા જેટલું તેમનામાં જ્ઞાન પણ ન હતું, તેમ ચારિત્ર્યબળ પણ ન હતું. અનેક જમાનાઓથી જુલ્મ અને અત્યાચાર નીચેથી કચરાઇને તેઓ એક એવા ઉંડા ખાડામાં ગરકી ગયા હતા કે તેઓને એકજ દિવસમાં સ્વતંત્ર પ્રજાને યોગ્ય બનાવવાનું અશક્ય હતું.સ્વરાજ ભોગવવાને યોગ્ય થવા માટે તેમને કેળવણીની, રાજનૈતિક જુસ્સાના વિકાસની અને ચારિત્ર્યબળ પ્રાપ્ત કરવાની જરૂર હતી. આવા કેટલાક ગુણની ખામીને લીધે તેમણે રાજાની સત્તાનો નાશ કરીને સ્વતંત્રતા મેળવી તો ખરી, પણ તેનો ઉપભોગ કરી શક્યા નહિ. ફ્રાન્સની કુલ વસ્તીમાંથી સત્તાણું ટકા માણસો તદ્દન નિરક્ષર હતાં. ધર્મ અને નીતિના નિયમો ધર્માંધ લોકોની ઘેલછા જેવા ગણાઇને ઉપહાસને પાત્ર થતા હતા. સભાગૃહમાં મત આપવાની જવાબદારી અને ગાંભીર્યને તો કોઇ જાણતુંજ નહિ અને પોતાના કરતાં સામા પક્ષના મત વધારે હોય તો તેને ખુશીથી તાબે થવું જોઇએ એ વાતનો તો કોઇને ખ્યાલ પણ ન હતો.

સ્વાધીન રાજ્યતંત્ર ભોગવવાની ઇચ્છા રાખનારી પ્રજામાં આ જાતના ગુણ આવશ્યક છે અને તે ન હોય તો તેઓ પોતાને હાથેજ પોતાનો વિનાશ કરી મૂકે છે. ફ્રાન્સની પ્રજાને રાજનૈતિક વિષયમાં મત આપવાની, પ્રતિનિધિઓ ચૂંટવાની, ચૂંટણી-

વખતે કાયદેસર અને વાજબી સ્પર્ધા કરવાની અને પ્રતિનિધિઓના કાર્યની સમાલોચના કરવાની કદિ પણ તાલિમ મળી ન હતી. જે લોકોને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો તેઓ કદિ પણ પોતાના પ્રતિનિધિની યોગ્યતાનો વિચાર કરીને મત આપતા નહિ. ઘણીવાર તો સુશિક્ષિત લોકો પણ ચાલવાના આળસને લીધે અથવા મત આપવાની જગ્યાએ રખેને કોઇ સાથે ટંટો ફિસાદ થાય તેની બીકને લીધે મત આપવા જતા ન હતા. આથી કરીને જ્યાં મતની ગણના થતી હતી ત્યાં આગળ ઘણાખરા અભણ માણસોજ જતા, અને પોતાની મરજીમાં આવે તેને પ્રતિનિધિ ચૂંટી કહાડતા. ઘણીખરી વાર યોગ્ય માણસની ચૂંટણી થતી ન હતી. સાધારણ મૂર્ખ લોકો એકલા વાક્ચાતુર્યવડે અંજાઇ જઈને તેવા વાચાળ માણસને યોગ્ય ધારીને તેનેજ પોતાના મત આપી દેતા. ઘણીવાર તો જેનાવડે પોતાનો અંગત સ્વાર્થ સધાવાની વકી હોય તેવાનેજ ચૂંટવામાં આવતા. આવી રીતે મત આપવાથી સ્વાધીન રાજ્યતંત્ર કલ્યાણનું નહિ પણ આત્મવિનાશનું સાધન થઈ પડે છે. વળી મત આપતી વખતે મારામારી પણ થતી. એક માણસે અમુક ઉમેદવારને મત આપ્યો તે જો બીજાને નાપસંદ હોય તો બેઉ જણ લઢી પડતા. અમેરિકામાં પ્રમુખ અને સભાસદોની ચૂંટણી વખતે ઉમેદવારો તથા તેમના પક્ષકારો વચ્ચે ભારે રસાકસી થાય છે અને ઘણીવાર હજારો મત આપનારાઓ હોવા છતાં વિજયી ઉમેદવાર બહુજ થોડા મતે જીતી જાય છે. તે છતાં પણ સામા પક્ષના લોકો ખુશીથી ચૂંટાયલા ઉમેદવારને કબૂલ રાખે છે અને લેશમાત્ર પણ કડવાશની લાગણી તેના તરફ બતાવતા નથી. ચૂંટણીનું પરિણામ બહાર પડે કે તરતજ વિજયી ઉમેદવારને તેનો પરાજિત થએલો પ્રતિસ્પર્ધી પોતેજ અભિનંદન આપે છે. તેઓ જાણે છે કે મત આપવાની પ્રથાનો એવો નિયમજ છે કે એક પક્ષ જીતવોજ જોઇએ અને સ્વાભાવિકરીતે બીજા પક્ષની હાર થવીજ જોઇએ. પણ મત ગણના પૂરી થયા પછી વિજયી અને પરાજિત પક્ષ વચ્ચે એક પળવાર પણ સ્પર્ધાનો ભાવ રાખવો એ અયોગ્ય છે. તે વખતે તો બધાએ એમજ જાણવું જોઇએ કે અમુક વ્યક્તિએ અથવા અમુક પક્ષે આ ઉમેદવારને ચૂંટયો નથી પણ આપણે બધાએ મળીને તેને ચૂંટી કહાડયો છે. ચૂંટાયલા ઉમેદવારે પણ યાદ રાખવું જોઈએ કે જે અધિકાર તેના હાથમાં મૂકવામાં આવ્યો છે તે સ્વાર્થ સાધવા માટે નહિ પણ સ્વદેશની સેવા કરવા માટે, લોકવર્ગના કલ્યાણને માટે મૂકવામાં આવ્યો છે. ફ્રાન્સના લોકોમાં આવી ભાવના કેળવાયલી નહિ હોવાથી તેમના છેલ્લાં દશ વર્ષના રાજનૈતિક ઈતિહાસમાં ઉપરાઉપરિ રાષ્ટ્રવિપ્લવ સિવાય બીજું કાંઇજ થયું ન હતું. કાયદાના બળનું નહિ પણ શારીરિક બળનુંજ આધિપત્ય ચાલતું હતું. રાજ્યમાં જેઓ બીજા કરતાં વિશેષ શક્તિવાન હતા તેઓજ રાજ્યનાં સૂત્ર પોતાના હાથમાં ઝૂંટવી લેતા અને વધસ્તંભ, દેશનિકાલ અથવા કેદની શિક્ષા, મિલ્કતને જપ્ત

કરી લેવાની ધમકી, એવાં એવાં આસુરી હથિયારની મદદથી પોતે મેળવેલી સત્તાને સાચવી રાખતા.

દશ વર્ષસુધી ચાલી રહેલી આવા પ્રકારની ભયાનક અરાજકતાથી આખો દેશ ત્રાસ પામી ગયો હતો, અને છુટકારાને માટે આતુરતાથી રાહ જોતો હતો. આ અવસ્થામાંથી પ્રજાનો ઉદ્ધાર કરવાને એકલો નેપોલિયનજ સમર્થ હતો. આખી પ્રજા તેને મોટે અવાજે પોકારતી હતી અને રાજ્યની સત્તા પોતાના હાથમાં લઇને અવ્યવસ્થા અને અંધેરને ઠેકાણે વ્યવસ્થા અને કાયદાનો અમલ ફરીથી સ્થાપિત કરવાને આજીજી કરી રહી હતી. આખી પ્રજાની એકે અવાજે કરવામાં આવેલી માગણીને તાબે થઇને જે વ્યક્તિ રાજ્યની લગામ પોતાના હાથમાં લે તેને રાજ્યસત્તા પચાવી લેનાર, સત્તાનો લોભી કહી શકાયજ નહિ. નેપોલિયન યશલોભી હતો. પણ તેની અભિલાષા જો પોતાના દેશનું ગૌરવ વધારવાનીજ હોય; જે સત્તા તે ઇચ્છતો હતો તેનો ઉપયોગ જો તેણે લોકવર્ગની બુદ્ધિનો વિકાસ કરવામાં, તેમને સમૃદ્ધ કરવામાં, તેમનામાં સ્વમાનનો જુસ્સો પેદા કરવામાંજ કર્યો હોય તો તેવા નેપોલિયનની ગણના, જગતના બીજા રાજાઓ જેમણે પ્રજાને અવનત કરીને, કચરીને, નિર્ધન કરીને, ગુલામ જેવી બનાવીને પોતે એકલાએજ મોજશોખ માણ્યા હોય તેવાઓની પંક્તિમાં કરવી ઘટતી નથી. નેપોલિયનને જગતના મહાન સેનાપતિઓ, મહારાજ્યોના સ્થાપનારાઓ અને પ્રજા માત્રના આશીર્વાદસહિત રાજ્યાસન પ્રાપ્ત કરનારા રાજાઓની પંક્તિમાં મૂકવો જોઇએ. આવા દૃષ્ટિબિંદુથી તેની તુલના કરવા જતાં તે આખા જગતમાં અદ્વિતીય જણાય છે અને તેની નીતિ અને ન્યાયપરાયણતા જોતાં સંયુક્ત રાજ્યોને સ્વાધીનતા અર્પનાર એકલો વૉશિંગ્ટનજ તેની બરોબરી કરી શકે છે. જગતના આધુનિક સમયના અન્ય ચક્રવર્તીઓ તેની સાથે સરખાવતાં ઘણાજ ઝાંખા અને પામર ઠરે છે.

ડિરેક્ટરોના અમલનો અંત આવ્યો તેને બીજે દિવસે સવારમાં લક્ઝેમ્બર્ગના રાજમહેલના એક ઓરડામાં નેપોલિયન, સિયાઇ અને ડૂકો જેઓ ત્રણ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યના નવા કોન્સલો ચૂંટાયા હતા તેઓની એક કમિટિ મળી. નેપોલિયન પોતાની મેળે પહેલેથીજ પ્રમુખની જગ્યા લઇને બેઠો હતો, સિયાઇ આથી નારાજ થયો. તે એમ સમજતો હતો કે હું ઘણો અનુભવી, વયોવૃદ્ધ અને પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ છું તેથી કરીને બીજા બે કોન્સલો મનેજ પ્રમુખપદ આપશે અને નેપોલિયન તો માત્ર લશ્કરના સેનાધિપતિપણાથીજ સંતોષ માનશે. પણ જ્યારે તેણે પોતાની ધારણાથી તદ્દન વિપરીત બનેલું જોયું ત્યારે તેણે કહ્યું, “ ગૃહસ્થો, આપણા ત્રણમાંથી પ્રમુખસ્થાન કોને આપીશું ? ”

ડૂકોએ જવાબ આપ્યો કે, “ જરૂર બોનાપાર્ટનેજ. તે પહેલેથી પ્રમુખની ખુરસી

ઉપર બેઠેલાજ છે અને આપણા સર્વનું રક્ષણ કરવાને તે એકલાજ સમર્થ છે.”

નેપોલિયને કહ્યું, “ભલે, ત્યારે તેમ કરો. હવે ચાલો, આપણે આપણા કાર્યની શરૂઆત કરીએ.”

સિયાઇને દ્રવ્યનો ઘણો લોભ હતો. તે ઓરડામાં પડેલા એક પેટી જેવા પદાર્થ તરફ નેપોલિયનનું લક્ષ ખેંચીને તેણે કહ્યું, “તમે આ સુંદર પદાર્થ જોયો?” નેપોલિયનનું હૃદય કવિત્વપ્રિય હોવાથી તે એમ સમજ્યો કે જે પદાર્થ સિયાઇ બતાવે છે તે પ્રાચીન રાજાઓની મિલ્કતનો અવશેષ હશે. પણ સિયાઇએ ખુલાસો કરતાં કહ્યું કે “હું તમને આજે એક છૂપો ભેદ કહી દઉં છું. અમને ડિરેક્ટરોને એવી દહેશત રહેતી કે રાજ્યની ઉથલપાથલને લીધે, વખતે અમે પદભ્રષ્ટ થઇ જઇએ અને નિર્ધન હાલતમાં અમારે ઘેર બેસવાનો વખત આવે તેથી કરીને અમારી આબરૂ સાચવવા માટે સરકારી ત્રિજોરીમાંથી દશ લાખ ફ્રેન્ક અમારે માટે અમે છાનામાના અનામત રાખી મૂકયા હતા. હવે ડિરેક્ટરો તો છેજ નહિ. માટે એ દ્રવ્ય ઉપર આપણો ત્રણનો હક્ક છે.” હવે નેપોલિયનને સમજ પડી. જેણે કરોડો ફ્રેન્કની રકમોને એક વાર ઠોકર મારી હતી તેને મન તેત્રીશ હજાર ફ્રેન્ક કશા હિસાબમાં ન હતા. તેને ડિરેક્ટરો ઉપર તિરસ્કાર ઉત્પન્ન થયો. જેના હાથમાં પ્રજાએ રાજ્યતંત્ર સોંપ્યું હતું તેઓજ ચોર! એવા દેશનો અધઃપાત કેમ ન થાય? તોપણ તેણે પોતાના મનનો ભાવ ગુપ્ત રાખીને કહ્યું કે “ગૃહસ્થો, જો આ વાત મને મારા હોદ્દાની રૂએ જણાવશો તો હું તો એમજ કહીશ કે એ રકમ સરકારી ત્રિજોરીમાં મોકલી દો. પણ અત્યારસુધી હું એમાંનું કાંઇ જાણતોજ ન હોઉં એમ સમજી તમે બેઉ જૂના ડિરેક્ટરો હોવાથી બેઉ જણ એ રકમ વહેંચી લો તો તેમાં હું દખલ નહિ કરૂં. પણ આજે ને આજે વહેંચી લેજો. આવતી કાલે નહિ લેવા દઉં.” બેઉ જણ ચેતી ગયા અને તેમણે તે દ્રવ્ય વહેંચી લીધું. પણ સિયાઇએ મોટો ભાગ પડાવી લીધો તે વિષે ડૂકો નેપોલિયન પાસે આવીને બબડવા લાગ્યો.

પછી તે દિવસના કાર્યનો આરંભ થયો, પણ ઉપર જણાવેલા બનાવને લીધે નેપોલિયન તેના સહભાગીઓ ઉપર નિઃશંકપણે અધિકાર ચલાવવા જેવી સ્થિતિમાં આવી ગયો હતો. તેના અડગ પ્રમાણિકપણા આગળ અને નૈતિકબળના તેજ આગળ તેઓ દબાઈ ગયા હતા. કાયદા પ્રમાણે તેમને પચીશ પચીશ સભાસદોની કમિટીની સાથે મળીને લોકોની આગળ રજૂ કરવા માટે નવી શાસનપદ્ધતિનું સ્વરૂપ ઘડવાની સત્તા આપી હતી; પરંતુ નેપોલિયનનું બુદ્ધિબળ, તેનું અગાધ જ્ઞાન, તમામ ગૂંચવણભરેલા વિષયમાં ઉંડા ઉતરીને તેનો તાત્કાળિક નિકાલ લાવવાનું સ્વાભાવિક અંતઃપ્રેરણાનું બળ-એ તમામ પ્રકારની શક્તિઓ આજની સભામાં થએલી ચર્ચાને પ્રસંગે એવી તો ઝળકી નીકળી કે તેના સહભાગીઓ ચકિત થઈ ગયા.

તેની સર્વોપરિ શક્તિ આગળ પોતાનું પામરપણું તેઓ પ્રત્યક્ષ જોઇ શક્યા.

તે દિવસનું કાર્ય પૂર્ણ થયા પછી ત્રણે કોન્સલો પોતપોતાને ઘેર ગયા. સિયાઇ સાંજના કેટલાક પ્રજાસત્તાક રાજ્યના આગેવાનો સાથે જમવા બેઠો હતો તે વખતે નેપોલિયનવિષે વાત નીકળતાં તેણે કહ્યું કે “ગૃહસ્થો, આજથી આપણા પ્રજાસત્તાક રાજ્યનો અંત આવ્યો છે. આજ તેના ઇતિહાસનું છેવટનું પ્રકરણ પૂરૂં થયું છે. આજ મેં એક એવા પુરુષ સાથે વાતચીત કરી છે કે જે એક મહાન સેનાપતિ છે એટલુંજ નહિ પણ જે દરેકે દરેક કાર્યવિષે માહિતી ધરાવે છે અને દરેક કાર્ય કરી લેવાની શક્તિ ધરાવે છે. તેને કોઇની સલાહની તેમજ કોઈની મદદની જરૂર નથી. તે રણસંગ્રામમાં સૈન્યની વ્યૂહ રચનામાં કુશળ છે એટલુંજ નહિ પણ રાજનીતિમાં, કાયદા ઘડવામાં, રાજ્ય ચલાવવામાં પણ તેટલોજ કુશળ છે. યુદ્ધના વિષયને લગતું તે જેટલું જ્ઞાન ધરાવે છે તેટલુંજ જ્ઞાન રાજ્યની વ્યવસ્થા કરવાનાં તમામ કાર્યોને સંબંધે ધરાવે છે. તે યુવાન, દૃઢનિશ્ચયી અને સ્થિર બુદ્ધિવાળો છે. તેથીજ હું તમને કહું છું કે આજથી આપણા પ્રજાસત્તાક રાજ્યનો અંત આવ્યો છે.”

આ સાંભળીને એક જણે કહ્યું, “જો તે પોતાની મરજી પ્રમાણેજ અમલ ચલાવવા લાગશે તો આપણે * બ્રુટસના ખંજરનો ઉપયોગ કરીશું.”

સિયાઇએ કહ્યું “તેમ કરવા જતાં આપણે બુર્બોન વંશના રાજાઓના પંજામાં સપડાઇશુ અને એ પરિણામ વળી વધારે ભયંકર છે.”

નેપોલિયને તેજ ઘડીથી ફ્રાન્સના કલ્યાણને અર્થે પોતાની તમામ માનસિક શક્તિઓને અવિશ્રાંતપણે વાપરવા માંડી. રાજ્યતંત્રની નવેસરથી વ્યવસ્થા કરવાનો તથા રાજ્યને લગતા તમામ પ્રકારના વહીવટનો ભાર તેણે પોતાને માથે લીધો. રાતદિવસ કામમાં ને કામમાંજ મશગૂલ થઈ ગયો. કામના બોજાની અને પરિશ્રમની તેના શરીર અને મન ઉપર કશીજ અસર થતી નહિ. દરેકે દરેક વિષય તેને સરખી રીતે પરિચિત હતો. બેંકોની વ્યવસ્થા, પોલિસખાતું, રાજનીતિ, સૈન્ય, નૌકાસૈન્ય વગેરે જે જે બાબતો ઉપર ફ્રાન્સની આબાદીનો આધાર હતો તે તમામ વિષયો તેણે પોતાની સર્વગ્રાહી બુદ્ધિવડે હસ્તામલકવત્ કરી લીધા.

ફ્રાન્સમાં રાષ્ટ્રવિપ્લવ જાગ્યા પછી અસંખ્ય માણસો પોતાનો પ્રાણ બચાવવા માટે પરદેશ નાસી ગયાં હતાં. તેઓ પરદેશમાં રહ્યાં રહ્યાં પ્રજાસત્તાક રાજ્યને ઉપદ્રવ કરવાની ચેષ્ટા ન કરે તેટલા માટે માજી ડિરેકટરોએ તેમની સ્ત્રીઓ, છોકરાંઓ, ભાઇઓ, બહેનો વગેરે તમામ સગાસંબંધીઓને તેમના પરદેશ નાસી ગએલાં સગાંઓની સારી ચાલચલગતની જામિનગિરી તરીકે કેદ કર્યાં હતાં. તેઓ પોતે નિર્દોષ

---

* સીઝર ઘણો સત્તાવાન થયો ત્યારે બ્રુટસ વગેરેએ મળીને તેને સભાગૃહમાં ખંજરથી મારી નાખ્યો હતો.

હોવા છતાં ડિરેક્ટરોની ક્રૂરતાનાં ભોગ થઇને કેદખાનામાં દુઃખમય જીવન ગુજારતાં હતાં. નેપોલિયને તરતજ એ કાયદો રદ કર્યો અને ગામો ગામ સ્વારો દોડાવીને બિચારાં હતભાગ્ય કેદીઓને બંધનમુક્ત કરાવ્યાં.

આ જમાનામાં ફ્રાન્સ દેશમાં ધર્મગુરુઓ તરફ નિર્દય વર્તન ચલાવવામાં આવતું હતું. તેઓ ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ શપથ લેવા ના પાડતા તો તેમને કેદ કરવામાં આવતા. હજારો ધર્મપ્રાણ–ધર્મગુરુઓ આવી રીતે સ્વધર્મની ખાતર કેદમાં સડવાનું પસંદ કરતા. વળી ઘણા પરદેશ નાસી ગયા હતા અને ઘરબાર વગર નિરાધાર હાલતમાં રઝળતા હતા. નેપોલિયને તેમના ઉપર થતો જુલમ અટકાવ્યો અને તેમના ઉપર પોતાની સત્તાની બળવાન અને સંરક્ષક ઢાલ ધરી. કેદીઓને બંધનમુક્ત કરાવ્યા અને પરદેશ નાસી ગએલાઓને અભયદાન આપીને પાછા સ્વદેશમાં બોલાવી લીધા. તે દિવસથી ફ્રાન્સમાં મનુષ્યના વ્યક્તિગત ધર્મના સિદ્ધાંતોને માન આપવાનો અને લોકોને પોતાની મરજી મુજબ ધર્મનું પાલન કરવા દેવાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો. આ કાયદાના અમલથી વીશહજાર કમનસીબ ધર્મગુરુઓ જેઓ પરદેશમાં ભિક્ષાવૃત્તિ કરતા રઝળતા હતા, તેઓ પોતાના દેશમાં પાછા આવ્યા અને મુખ્ય કૉન્સલની ઉદારતાનાં અને દયાનાં વખાણ ગામે ગામ અને શહેરે શહેરમાં કરવા લાગ્યા. ફ્રાન્સના ગ્રામ્ય પ્રદેશોમાં લોકોનું વલણ હજી પણ ધર્મ તરફ હતું. તેમણે આ ધર્મગુરુઓને પ્રેમથી આવકાર આપ્યો અને અસંખ્ય ખેડુતોના ઘરોમાં લોકો આભારનાં આંસુ ટપકાવીને પોતપોતાની પ્રાર્થનામાં નેપોલિયનનું નામ સામેલ કરવા લાગ્યા.

ફ્રાન્સમાંથી ખ્રિસ્તી ધર્મનો જાહેર રીતે બહિષ્કાર કરવામાં આવ્યો હતો; અને તેથી કરીને રાષ્ટ્રવિપ્લવકારી સત્તાના આદેશથી દેવળ બંધ કરવામાં આવ્યાં હતાં અને રવિવારને વિશ્રામવાર તરીકે પાળવાની મનાઇ કરવામાં આવી હતી. તે ઉપરાંત ખ્રિસ્તીધર્મનું બની શકે તો નામનિશાન ભુંસી નાખવાના હેતુથી દસ દસ દિવસે એક દિવસ વિશ્રાંતિ અને જાહેર ઉત્સવ તરીકે પાળવાનો હુકમ થયો હતો. રવિવારને દિવસે દુકાન બંધ રાખનાર તથા તે દિવસે ધર્મની આજ્ઞાનુસાર વિશ્રાંતિ લેવીજ જોઇએ એવું લેશમાત્ર પણ વલણ બતાવનારને ભારે દંડ કરવામાં આવતો હતો. નાસ્તિક થએલા ફ્રાન્સમાં ખ્રિસ્તી ધર્મની પુનઃ સંસ્થાપના કરવાનો નેપોલિયનનો ઘણા વખતથી નિશ્ચય થઈ ચૂકયો હતો. તોપણ તેને ઘણી સાવધાનતાથી એ કામ કરવાની જરૂર હતી. પ્રથમ તો તેણે એવી આજ્ઞા પ્રકટ કરી કે કોઇ પણ માણસ ઉપર તેની ધર્મની માન્યતામાટે અથવા ધર્મના પાલન માટે કાયદાનો અંકુશ મૂકવામાં આવશે નહિ. આ હુકમ પ્રકટ થતાંજ તેની સામે સખ્ત વિરોધ બતાવવામાં આવ્યો. આખું પારિસ હડહડતું નાસ્તિક થઇ ગયું હતું. સેનાપતિઓ, રાજ-

નીતિજ્ઞ પુરુષો, પંડિતો અને દાર્શનિકો ધર્મનો તિરસ્કાર કરતા હતા. તેમણે વાંધો ઉઠાવ્યો; પણ નેપોલિયન દૃઢ રહ્યો. પ્રજાનો સામાન્ય વર્ગ તેની તરફેણમાં હતો અને તેથી ઉચ્ચ પદવી ભોગવતા નાસ્તિક વર્ગનું કશું ચાલ્યું નહિ.

અસામાન્ય ચતુરાઇથી તેણે બાહોશમાં બાહોશ માણસોને રાજ્યની નાની મોટી અનેક જગ્યાએ રોકી દીધાં. દરેકને પુષ્કળ કામ સોંપવામાં આવ્યું અને દરેક ઉપર તે પોતાની તીક્ષ્ણ આંખે દેખરેખ રાખવા લાગ્યો. કાયદા ઘડવાના પ્રત્યેક અંગ વિષે તથા આખા રાજ્યવહીવટના યંત્રના દરેક પેટા ભાગવિષે તે પોતાની અંતઃપ્રેરણાના બળથી તરતજ માહિતગાર થઇ જતો. અર્થ (નાણું) વિભાગના મંત્રીને અઠવાડીઆમાં ત્રણ વખત પોતાની પાસે બોલાવતો અને તેમ કરીને તેણે પહેલાંના અધિકારીઓએ આવકજાવકના હિસાબમાં કરેલા ગોટાળા શોધી કહાડયા અને ફરીથી થતા અટકાવ્યા.

રાજ્યની ત્રિજોરી ખાલી થઇ ગઇ હતી. નેપોલિયને તરતજ તેને પાછી તર કરવા માંડી. લશ્કરના સિપાઇઓને ઘણા વખતથી પગાર મળ્યો ન હતો. તેઓ ભૂખમરો વેઠતા હતા અને બળવો કરવાનો વિચાર કરતા હતા. નેપોલિયને તેમને એકઠા કરીને ઉત્તેજન અને સહાનુભૂતિથી ભરપૂર શબ્દોમાં એવું જ્વલંત ભાષણ આપ્યું કે ચીંથરેહાલ વસ્ત્રવાળા, અને પૂરતા ખોરાક વગર દુર્બળ થએલા સિપાઇઓ ઉત્સાહથી પોતપોતાના લશ્કરી વાવટા નીચે જઇને ઉભા, અને થોડાજ દિવસમાં અનાજ અને કપડાંથી ભરાયલાં ગાડાંઓ ચારે દિશાએથી પારિસમાં આવવા લાગ્યાં. ફ્રાન્સનું નૌકાસૈન્ય કંગાલ હાલતમાં હતું અને શત્રુના કાફલાની બીકે તેને બંદરોમાં ભરાઇ રહેવું પડયું હતું. નેપોલિયનની આજ્ઞાથી ફ્રાન્સના એકેએક બંદરમાં હથોડાના ઘા સંભળાવા લાગ્યા. થોડાજ વખતમાં બળવાન કાફલો તૈયાર થયો અને તે દ્વારા મિસરમાં રહેલા સૈન્યને મદદ મોકલવામાં આવી. આવો ઉગ્ર પરિશ્રમ અગાઉ કોઇ મનુષ્યે કર્યો ન હતો. આખા ફ્રાન્સમાં કાંઇક અદ્ભુતજ ચેતન હવે આવી ગયું. જે વખતે નેપોલિયન આવાં વિવિધ કાર્યો કરવા લાગ્યો હતો, જેમાંનું પ્રત્યેક કાર્ય એવું મહત્ત્વનું હતું કે સામાન્ય શક્તિવાળા માણસને પોતાનું તમામ લક્ષ્ય તેમાં એકમાંજ રોકવું પડે, તેજ વખતે તે દરરોજ પોતાના સહભાગી કૉન્સલો અને કમિટીઓની સાથે નવું રાજ્યતંત્ર ઘડવાના કામમાં પણ બેસતો હતો.

ત્રણ અઠવાડીઆંની અંદર નવું રાજ્યબંધારણ પ્રજા સમક્ષ રજૂ કરવા જેવા સ્વરૂપમાં તૈયાર થઈ ગયું. સિયાઇએ જે કાચો ખરડો તૈયાર કર્યો હતો તેમાં મુખ્ય સત્તા ગ્રાંડ ઇલેક્ટર નામના સર્વોપરિ અધિકારીને આપવામાં આવી હતી. તે પોતાનો હોદ્દો જીવનપર્યંત ભોગવે, તેને પચાસ લાખ ફ્રેન્કનું વાર્ષિક વેતન મળે અને તે બાદશાહને યોગ્ય તમામ બાહ્ય ઠાઠમાઠથી રહી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી;

પણ તેને ખરેખરી રાજસત્તા આપવામાં આવી ન હતી. સિયાઇ એમ ધારતો હતો કે નેપોલિયન આટલાથી રાજી રાજી થઇ જશે પણ તેણે તો એ ખરડાને તોપને ધડાકે ઉડાવી દીધો. તેણે કહ્યું કે " શું તમે એમ માનો છો કે કોઇ પણ બુદ્ધિમાન અને સ્વાભિમાની પુરુષ આવી પદવી કે જેમાં ભૂંડની માફક પડયા પડયા ખાવાનોજ અધિકાર આપવામાં આવ્યો છે તેનો સ્વીકાર કરે ? " પછી તેણે એક નવો ખરડો તૈયાર કર્યો. તેમાં ગ્રાંડ ઇલેકટરની પદવીને ઠેકાણે નેપોલિયન મુખ્ય કૉન્સલની પદવી દશ વરસ સુધી ભોગવે એવી સરત હતી. અને તેનું વાર્ષિક વેતન પાંચ લાખ ફ્રેન્કનું ડરાવવામાં આવ્યું હતું. તેના હાથ નીચે બે ઉપ કૉન્સલ નીમ્યા અને તે પદવી કાંબેશેરાઇ અને લેબ્રૂન નામના બે શખસોને આપવામાં આવી. નેપોલિયન જે જે કાયદા રજૂ કરે તેમની કાયદા તરીકે ગણના થાય તે પહેલાં ટ્રિબ્યુનેટ, લેજિસ્લેચર અને સેનેટ એ ત્રણ સભાઓની સંમતિ મળવી જોઈએ એવું પણ ધોરણ રાખવામાં આવ્યું.

નેપોલિયન નવા રાજ્યબંધારણ પ્રમાણે ફ્રાન્સનો વડો કૉન્સલ નીમાયો. તે બંધારણ એવી કુનેહથી ધડવામાં આવ્યું કે સાધારણ શક્તિવાળો માણસ જો નેપોલિયનની જગ્યાએ હોત તો ફ્રાન્સમાં પ્રજાને સ્વાધીન રાજયતંત્ર ચાલત. પણ તેના હાથમાં તો તે અનિયંત્રિત રાજસત્તાના સ્વરૂપમાં ફેરવાઇ ગયું. તેની માનસિક શક્તિનો પ્રભાવ એવો પ્રચંડ હતો કે ટૂંક મુદતમાં તમામ સભાઓ તેના હાથમાં એક રમકડા જેવી બની ગઇ; કેમકે જે જે યોજનાઓ મંજૂરીમાટે આ ત્રણે સભાઓ સમક્ષ તે રજૂ કરતો તે કાં તો દેખીતી રીતેજ પ્રજાને હિતકારક હતી; વળી સામા પક્ષને સમજાવવાની તેની શક્તિ પણ એવી અદ્દભુત હતી કે ટ્રિબ્યૂનો, લેજીસ્લેટરો, અને સેનેટરો, ત્રણે સભાઓ આગળ જ્યારે જ્યારે તે નવી દરખાસ્ત રજૂ કરતો ત્યારે તે મંજૂર થયા વગર રહેતી નહિ.

ગમે તેમ કરીને ફ્રાન્સનું ગૌરવ વધારવું એજ નેપોલિયનનું લક્ષ્ય હતું એમાં કશો શક નથી. એ હેતુની સફળતામાટે તે હરેક પ્રકારનાં અંગત સુખનો કે સ્વાર્થનો ભોગ આપવાને તૈયાર રહેતો. એ હેતુની સિદ્ધિ થાય તોજ પોતાને ખરો યશ મળ્યો એમ તે માનતો હતો. ભારેમાં ભારે રકમની લાંચથી તે લલચાતો નહિ. વિષયભોગની મોહિનીથી તે ચલિત થતો નહિ અને પોતાના એક માત્ર લક્ષ્યમાંથી કદિ પણ મન ખસેડતો નહિ. જે જે બાબતો ફ્રાન્સને કલ્યાણકારક નીવડે એવી હતી તે તમામ બાબતો તેણે પોતાની વિશાળ અને સર્વગ્રાહી બુદ્ધિવડે ગ્રહણ કરી લીધી, અને આખા યૂરોપમાંથી બાહોશ માણસોને વીણી વીણીને શોધી લાવીને તેમને પોતાના કાર્યમાં સામેલ કરી દીધા. છતાં પણ તે બધા તેની આગળ બાળક જેવા હતા. મોટા મોટા રાજનીતિજ્ઞ પુરુષો તેની પાસે એક કારકુન જેવા થઈ જતા. જેને કદિ

પણ શ્રમ લાગતોજ નથી એવી શારીરિક શક્તિ અને અગાધ સામર્થ્યવાળી માનસિક શક્તિઓવડે તે આ ભગીરથ કાર્ય પૂર્ણ કરવા માટે રાતદિવસ કામ કરવા લાગ્યો. તેની કાર્યકારિણી શક્તિ જોઇને તેના સમકાલીન પુરુષો આશ્ચર્યચકિત થઇ જતા અને હજી પણ આખું જગત્ વિસ્મય પામ્યા વગર રહેતું નથી. તેના તાબાના માણસો તેના યંત્ર જેવા હતા. ગમે તેટલી કુનેહથી રાજ્યબંધારણ રચાયું હોય તોપણ તેની સાહસિકતાના સ્વતંત્ર વ્યાપારને કશી દખલ થતી નહિ. તેની સાથે કામ કરનારા માણસો કહે છે કે અમે તેની બુદ્ધિની ભવ્યતા જોઇને અંજાઈજ જઇએ છીએ.

ઘણા એમ કહે છે કે નેપોલિયને પોતાના લશ્કરીબળવડે ફ્રાન્સના “ પ્રથમ કૉન્સલ ” ની પદવી પ્રાપ્ત કરી. પણ ખરૂં જોતાં તેમ નથી. તેને દશ વર્ષની મુદતને માટે “ પ્રથમ કૉન્સલ ” નો અધિકાર આપવો વાજબી છે કે નહિ તેનો નિર્ણય કરવાને માટે સમસ્ત પ્રજાના મતાધિકારીઓના મત લેવાયા હતા. તેમાં તેના તરફ ૩૦૧૧૭૦૦ મત હતા અને વિરુદ્ધમાં માત્ર ૧૫૬૨ મત અપાયા હતા. આ ઉપરથી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે તેને આખી ફ્રેન્ચ પ્રજાએ પોતાના રાજ્યકર્તા તરીકે પસંદ કર્યો હતો. નેપોલિયનને આ રીતે જે સત્તા પ્રાપ્ત થઈ તે તેણે પચાવી લીધી એમ તો નજ કહી શકાય. આખી પ્રજાના સંયુક્ત અવાજે તેને એ પદવી આપી હતી. આ મિથ્યા આરોપનો નેપોલિયન અહંકારભરેલો પણ વાજબી જવાબ આપે છે. તે કહે છે કે “ મેં રાજ્યમુકુટ ઝૂંટવી લીધો નથી. તે રસ્તામાં પડેલો હતો. મેં તેને મારા હાથમાં લીધો અને પ્રજાએ તે મારા માથા ઉપર મૂક્યો છે. ” ફ્રેન્ચ પ્રજાએ કરેલી તેની પસંદગી પણ નવાઇ ઉપજાવે એવી નથી. ફ્રેન્ચોએ નેપોલિયનને આ સ્થાન ન આપ્યું હોત તો જે પ્રકારનું રાજ્યતંત્ર ત્યાં તે વખતે પ્રવર્ત્યું હોત તેમાં રહેવા કરતાં નેપોલિયનના રાજમાં વસવાનું કોણ પસંદ ન કરે ? તેણે પોતાની કારકીર્દિ દરમ્યાન જે અગણ્ય લોકોપયોગી કાર્યો કર્યાં છે તે જેમ જેમ આપણે જોતા જઇશું તેમ તેમ ફ્રેન્ચ પ્રજાએ કરેલી પસંદગીમાં સમાયલું ડહાપણ આપણા ધ્યાનમાં આવતું જશે.

હવે નેપોલિયન અને જોસેફાઇન સાધારણ મકાન છોડીને ટૂલીયર્સના બાદશાહી રાજમહેલમાં રહેવા જવાનાં હતાં. એ મહેલને એકવાર પારિસના ઉશ્કેરાયલા લોકોએ તોડીફોડીને પાયમાલ કરી નાખ્યો હતો. તેને હવે બાદશાહી ઠાઠમાઠથી ફરીથી શણગારવામાં આવ્યો, અને પૂર્વે હતો તે કરતાં પણ તે વિશેષ ભવ્ય બની ગયો.

ફ્રાન્સનો માજી રાજા લૂઇ ઉમરાવોનો રાજા હતો. તે કેવળ પોતાના અને ઉમરાવોના સ્વાર્થ તરફજ દૃષ્ટિ રાખતો હતો. માત્ર તેમને એકલાનેજ માટે માન અને ધન પ્રાપ્ત કરવાના માર્ગ તે ખુલ્લા રાખતો હતો. સામાન્ય અને નીચા દરજ્જાના લોકોના પ્રારબ્ધમાં તો તેમનું દાસત્વ કરવાનુંજ ઘડાયું હતું. ફ્રાન્સના રાજાઓ સામાન્ય

વર્ગના લોકોના સુખ તરફ તદ્દન બેદરકાર હતા. ઉમરાવો ધનવાન થાય અને હરેક પ્રકારના વિષયભોગ ભોગવે તેટલા માટે બિચારા લોકોને અજ્ઞાન, નિર્ધન અને સત્તાહીન બનાવી દેવામાં આવ્યા હતા. પણ નેપોલિયન તો લોકોનો રાજા હતો. તે પણ રૈયતમાંનો એક હતો. લોકોની પસંદગીથી રાજ્યાસનપર બેઠો હતો. તેણે સામાન્ય લોકવર્ગની બુદ્ધિને અને મહેચ્છાઓને પૂરતો અવકાશ મળે તેટલા સારૂ તમામ માર્ગ ખુલ્લા કરી દીધા. તેઓ પોતપોતાની શક્તિ પ્રમાણે યશ અને ધનની પ્રાપ્તિ કરી શકે તેટલા માટે તેમને પૂરતી અનુકૂળતા કરી આપી. તેના રાજ્યમાં **બુદ્ધિ અને ઉદ્યોગ એ બે ગુણ જેમનામાં હોય તેઓજ કુલીન અને ઉંચા વર્ગના બનાવા લાગ્યા.** તેમના સિવાય બીજા પ્રકારની એટલે **જન્મ અને ધનથી ઉત્પન્ન થએલી કુલીનતાનો જમાનો ખતમ થયો.** કાયદાની નજરે સર્વ મનુષ્ય સમાન ગણાવા લાગ્યાં. નાના મોટા સર્વને એકજ ન્યાયમંદિરમાં ઉભા રહેવું પડતું અને સર્વને સરખોજ ઈન્સાફ મળતો. અસલના વારામાં ઉમરાવો અને શ્રીમંતો કરમાંથી મુક્ત રહેતા અને કરનો સઘળો બોજો લોકવર્ગ ઉપરજ પડતો હતો. હવે મિલકત અને આવકના પ્રમાણમાં કર નંખાવા લાગ્યા. અમીરોના ખાસ અધિકાર રદ થઇ ગયા અને રાજ્યમાં એવો એક પણ હોદ્દો ન હતો કે જે મેળવવાને ગરીબમાં ગરીબ માણસ પણ અભિલાષા ન રાખી શકે. માત્ર ગુણનુંજ સન્માન થવા લાગ્યું. લોકો પોતે પસંદ કરેલા કૉન્સલને માટે ઘણા મગરૂર થવા લાગ્યા. તે કૉન્સલ કહેવાય કે બીજા કોઇ નામે ઓળખાય પણ સર્વોપરિ સત્તા તેનાજ હાથમાં રહે એમ તેઓ ઇચ્છતા હતા. પોતાનો માનીતો નેપોલિયન ઉમરાવોએ પસંદ કરેલા રાજાઓ કરતાં વધારે સત્તાવાન થાય, વધારે સન્માન પામે અને વિશેષ ઠાઠમાઠથી રહે એવું તેઓ અંતઃકરણથી ઇચ્છતા હતા. નેપોલિયનનો દરજ્જો વધે એવી દરેક દરખાસ્તને તેઓ અનુમતિ આપતા હતા. તેનું ખરૂં કારણ આજ છે. તેની કીર્તિમાં લોકોની કીર્તિ હતી, અને યૂરોપનો ગર્વિષ્ઠમાં ગર્વિષ્ઠ રાજા તેના વૈભવ આગળ ઝાંખો પડી જાય એ જોઇને તેમને ભારે ખુશાલી ઉપજતી હતી, કેમકે તે તેમનો પોતાનો બનાવેલો રાજા હતો.

સને ૧૮૦૦ ના ફેબ્રુઆરીની ૧૯ મી તારીખે આખું પારિસ શહેર ખળભળી ઉઠયું. આજે લોકોનો રાજા બાદશાહી મહેલમાં રહેવા જવાનો હતો. તે આલ્હાદજનક દેખાવ જોવાને બધું શહેર ઉમંગમાં આવી ગયું હતું. તેની બુદ્ધિના અને ચારિત્ર્યના તેજથી તેના બીજા બે સહભાગી કૉન્સલો તો ઝાંખાજ પડી ગયા હતા. તેમને કોઇ પૂછતું પણ નહિ અને તેમના તરફ કોઇ જોતું પણ નહિ. આવું પરિણામ આવશે તે સિયાઇ તો અગાઉથીજ જાણી ગયો હતો. તેમનું કામ તો માત્ર નેપોલિયન કહે ત્યારે સલાહજ આપવાનું હતું અને એવો વખત જવલ્લેજ આવતો.

જે દિવસે તે ટુલીયર્સના રાજમહેલમાં રહેવા જવાનો હતો તે દિવસે તે હમેશ કરતાં વધારે વખત સુધી સૂઈ રહ્યો હતો. તેનો ખાનગી સેક્રેટરી બુરિયેન તેના સૂવાના ઓરડામાં ગયો ત્યારે તે ઘસઘસાટ ઉંઘતો હતો. જાગ્યા પછી તેણે બુરિયેનને કહ્યું, "તમે મારા કરતાં વધારે ભાગ્યશાળી છો. આપણે આજે ટુલીયર્સ જવાનું છે. તમે તો તમારી હમેશની ઢબ પ્રમાણે જઇ શકશો. પણ મારે તો સ્વારી કહાડીને દમદમાથી જવું જોઇશે. મને એ નાપસંદ તો છે, પણ લોકોને રાજી કરવાને બાહ્ય ઠાઠમાઠની જરૂર છે. ડિરેકટરો ઘણાજ સાદા હતા. એથી તેમનો પ્રભાવ લોકો ઉપર પડતો નહિ. લશ્કરી છાવણીમાં હું સાદાઇ રાખતો તે ચાલતું, પણ શહેરમાં, અને રાજમહેલમાં બાહ્ય દમામથી લોકોનું ધ્યાન ખેંચવાની જરૂર છે."

પછી નેપોલિયન ભભકાદાર ગાડીમાં બેઠો. તેની આસપાસ બીજા બે કૉન્સલો બેઠા હતા પણ તેઓ તેના નોકર જેવા દેખાતા હતા. આસ્ટ્રિયાના બાદશાહે કેમ્પોફાર્મિયોની સંધિ પછી ઘણાજ કિંમતી અને દૂધ જેવા ધોળા છ ઘોડા નેપોલિયનને ભેટ આપ્યા હતા, તેમને આજે જોડવામાં આવ્યા હતા. તેની ગાડીની પાછળ મુખ્ય મુખ્ય લશ્કરી અમલદારો તેજસ્વી પોશાકમાં ઝળકતાં આયુધ ધારણ કરીને ઘોડેસ્વાર થઇને ચાલતા હતા. તેમની પાછળ સમસ્ત ફ્રેન્ચસૈન્યમાંથી વીણી કહાડેલા છ હજાર યોદ્ધાઓ પૂર લશ્કરી દમામમાં ચાલતા હતા. તેના રસ્તાની બેઉ બાજુએ હારબંધ વીશ હજાર યોદ્ધાઓ ઉભા હતા. બગીચા, રસ્તા, ઝરૂખા, બારીઓ અગાસીઓ અને ઘરનાં છાપરાં ઉપર તેને જોવા ઉભેલા માણસોની ઠઠ જામી હતી. તેઓ આજે વીર શિરોમણિ, સૈન્યનો પ્રાણાધિક પ્રિય અને પ્રજાના પસંદ કરેલા રાજાને રાજમહેલમાં જતો જોવાને ઉભા હતા, કે જે મહેલમાંથી તેમણે પોતાને હાથેજ પ્રાચીન રાજાઓને હાંકી કહાડયા હતા. તેની ગાડી નજરે પડતી કે તરતજ "પ્રથમ કૉન્સલ ઘણું જીવો" એવી ગગનભેદી ગર્જના સંભળાતી. લોકોની કલ્પનાને ઉશ્કેરવાને, તેમનો સ્વદેશપ્રેમ જાગૃત કરવાને અને પોતે મેળવેલા વિજયની યાદગિરી તાજી કરાવવાને નેપોલિયને આ પ્રસંગે પૂરતી સામગ્રી તૈયાર રાખી હતી. મહેલની સીડીનાં પગથીઆં આગળ આવતાં તે ગાડીમાંથી નીચે ઉતર્યો અને પોતાના સહભાગીઓને પડતા મૂકીને ઘોડેસ્વાર થયો, અને તેની સામે પૂર ભભકામાં ઉભા કરેલા લશ્કરની સલામતી લેવા ગયો. વીર કેસરી મુરા તેની જમણી બાજુએ હતો અને લાની ડાબી બાજુએ હતો. તેની સાથે બીજા પણ અનેક સંગ્રામવીર સેનાપતિઓ હતા. તેમના ચહેરા ઉપર દેખાતી જખમની નિશાનીઓ અને તડકાથી થએલો તેમનો શ્યામવર્ણ એ તેમનાં ખૂનખાર યુદ્ધો અને ઉગ્ર પરિશ્રમની સાક્ષી પૂરતાં હતાં. લોદિ, આર્કોલા અને રિવોલીના સંગ્રામોમાં વપરાયલા વાવટાઓ, જેઓ તોપના દારૂથી કાળા પડી ગયા હતા અને ગોળીઓ વાગવાથી જેમનાં ચીથરે ચીથરાં નીકળી ગયાં હતાં તેમને

ઉપર કહેલાં યુદ્ધોમાં હાજર રહેલી ત્રણ ટુકડીઓ પકડીને ઉભી હતી. નેપોલિયને ટોપી ઉતારી અને ફ્રાન્સની વિજયશ્રીનાં આ ચિન્હોને ભક્તિભાવથી નમન કર્યું. આ સમયાનુકૂલ અને સૌજન્યસૂચક કાર્ય જોતાંજ લોકોએ હર્ષનાદ કર્યો અને પછી નેપોલિયને રાજમહેલમાં દાખલ થઇને સભાગૃહમાં તેને માટે મુકરર કરી રાખેલું આસન ગ્રહણ કર્યું.

તેણે પોતાના અલૌકિક પ્રતિભાના બળથી બાહોશમાં બાહોશ અને સર્વથી શ્રેષ્ઠ બુદ્ધિવાન પુરુષોને વીણી વીણીને તેમને કામે લગાડયા. ટેલિરૅન્ડને પરરાજ્ય વિષયક મંત્રીનું, કાર્નોને યુદ્ધવિભાગના મંત્રીનું, ફૉશને પોલિસવિભાગના મંત્રીનું, અને એબ્રિયનને ન્યાયવિભાગના મંત્રીનું પદ આપ્યું. કેટલાક લોકોએ આ નિમણુક સંબંધી વાંધો ઉઠાવ્યો. એક જણે કહ્યું કે “ ટેલિરેન્ડ અસ્થિર મનનો છે. તે જેની ચઢતી કળા જુએ છે, તેની આજ્ઞા ઉઠાવે છે.” નેપોલિયને કહ્યું, “ ભલે તેમ હોય પણ પરરાજ્ય વિભાગના મંત્રીનું કામ કરવાને તેના કરતાં વધારે બાહોશ માણસ મળી શકે એમ છેજ નહિ.” બીજાએ કહ્યું કે “ફૉશ તો જૂઠો અને બેધારી તલવાર વાપરે એવો છે.” નેપોલિયને જવાબ આપ્યો કે “ પોલિસ વિભાગના મંત્રીનું કામ કરવાને એકલો તેજ યોગ્ય છે. **આપણે નવા માણસો પેદા કરી શકતા નથી. મારે તો દેશમાં જે માણસો છે તેમાંથીજ પસંદગી કરવાની છે. એક બાહોશ માણસની મનોવૃત્તિઓને અને તેના વર્તનને યુક્તિથી પલટાવી નાખીને તેના દ્વારા લોકહિતનું કાર્ય કરાવતાં મને આવડે છે.**”

જ્યારે જ્યારે માજી ડીરેકટરોને નાણાંની તંગી પડતી ત્યારે દેશના ધનવાન લોકો પાસે જોરજુલમથી સરકારી લોનો લેવડાવીને તેઓ ત્રિજોરી ભરપૂર કરતા. નેપોલિયને આ રિવાજ રદ કર્યો. તેણે પારિસના શ્રીમન્તમાં શ્રીમંત એવા સીત્તેર શેઠીઆઓને પોતાની પાસે બોલાવ્યા. નવા રાજ્યબંધારણનું ધોરણ તેમને ખુલ્લા દિલથી સમજાવ્યું અને સરકારને નાણું ધીરવા વિનતિ કરી. સ્થાયી અને વાજબી કાયદાઓ ઉપર ઘડાયલા રાજ્યબંધારણ ઉપર તેમને વિશ્વાસ બેઠો અને તેમણે ઘણીજ ખુશીથી ૨૦ લાખ ડોલર ધીર્યા. આ રકમ તો માત્ર થોડાજ દિવસ ચાલે એટલી અને તાત્કાલિક ખર્ચને માટેજ લીધી હતી. રાજ્યના ખર્ચના નિભાવમાટે રૈયત ઉપર તેમની મિલકતના પ્રમાણમાં વાજબી કર મૂકવામાં આવ્યો અને લોકો ઘણીજ ખુશીથી તે કર આપવા લાગ્યા.

નેપોલિયનને કુલીનતાનું અભિમાન પસંદ ન હતું. પોતાના ઉંચા દરજ્જાનો તોર ન હતો. સામાન્યમાં સામાન્ય સિપાઇ સાથે પાસે બેસીને તેની સાથે પ્રેમપૂર્વક તે વાતચીત કરતો હતો. મનુષ્યમાત્ર સમાન છે અને અમુક વર્ગના લોકોને ચોક્કસ અધિકાર હોવા જોઇએ એવી સ્વાર્થપરાયણ માન્યતાઓને તે ધિક્કારતો હતો. તેની

બહેન કેરોલાઇન સેનાપતિ મૂરાનાં પરાક્રમ જોઇને તેના ઉપર મોહિત થઇ હતી. મૂરા ખાનદાન કુળનો હતો નહિ તોપણ નેપોલિયને એ લગ્નમાટે પોતાની સંમતિ આપી. લગ્ન વખતે તેણે પોતાના દરજ્જા પ્રમાણે પોતાની બહેનને સારી લગ્નભેટ આપવી જોઇએ. તે શું આપવું તે વિષે તેને ઘણી ચિંતા ઉભી થઈ. **પોતે દિગ્વિજયી થયો હતો અને લાખો કરોડો સોનામહોર તેના પગ આગળ અથડાતી હતી તોપણ તેની ખાનગી તિજોરી તો ખાલીજ હતી.** જોસેફાઇનના આગલા ધણીએ તેને લગ્ન વખતે એક ઘણીજ કિંમતી માળા ભેટ આપી હતી. તેણે આ વખતે તે માળા નેપોલિયનના હાથમાં મૂકી, અને નેપોલિયને પોતાની બહેનને તેનાં લગ્નને દિવસે પહેરાવી. જોસેફાઈનની ઉદારતાનું અનુકરણ કરે એવી કેટલી થોડી સ્ત્રીઓ આપણા દેશમાંથી મળી આવશે?

એવામાં એક અત્યંત ખેદકારક સમાચાર આવ્યા કે અમેરિકાનો સૂર્ય મહાત્મા જ્યૉર્જ વૉશિંગ્ટન પરલોકવાસી થયો છે. નેપોલિયને તરતજ નીચે મુજબ આજ્ઞા પત્રિકા પ્રકટ કરી:–" મહાત્મા વૉશિંગ્ટન પરલોકવાસી થયો છે. પોતાના દેશને સ્વાધીનતા અપાવનાર અને રાજસત્તાના અત્યાચારની સામે લડત લડનાર તે એક મહાપુરુષ હતો. આખી પૃથ્વીના સ્વાધીનતાને ચહાનારા તમામ લોકો તેના સ્મરણને ઘણાજ પ્રેમ અને ભક્તિપૂર્વક હૃદયમાં સાચવી રાખશે, અને ખાસ કરીને ફ્રેન્ચ યોદ્ધાઓ, જેઓ સદ્દગત વૉશિંગ્ટન અને અમેરિકન યોદ્ધાઓની માફક સ્વાધીનતા અને મનુષ્યમાત્રની સમાનતાના રક્ષણુમ ડયા છે, તેમને તો તેનું સ્મરણ વિશેષ પ્રીતિભાજન થવું ઘટે છે. માટે એ મહાત્મા તરફ આપણી ભક્તિના ચિન્હ તરીકે પ્રજાસત્તાક રાજ્યના તમામ વાવટાઓ અને ધ્વજાઓ ઉપર દશ દિવસસુધી કાળી પટ્ટી ચોંટાડવાની પ્રથમ કૉન્સલ આજ્ઞા કરે છે."

નેપોલિયને જે રાજનીતિ અખ્તિયાર કરી હતી તેના સંબંધમાં તે કહે છે કે "જેઓ પોતાના એકલાનાજ સુખને માટે રાજ કરવા ચહાતા હોય અથવા રૈયતમાંના સામાન્ય લોકવર્ગને ઠગવા ઇચ્છતા હોય તેઓજ જનસમૂહને અજ્ઞાન દશામાં અને અંધકારમાં રાખવાનો પ્રયત્ન કરે છે. જનસમૂહ જેમ જેમ જ્ઞાન પ્રાપ્ત કરતો જશે તેમ તેમ તેઓ કાયદાનું પ્રયોજન સમજવા લાગશે અને તેમનું પાલન કરવાની અગત્ય વધારે વધારે સ્વીકારવા લાગશે. તેમ કરવાથી સમાજનાં સુખ અને આબાદીની વૃદ્ધિ થવા લાગશે અને તેનું બંધારણ વિશેષ સુદૃઢ થતું જશે. માત્ર જ્યારે રાજસત્તા જનસમૂહના હિતની વિરુદ્ધ વર્તન કરીને તેમને કફોડી હાલતમાં મૂકી દે છે, અથવા તો તેમને પોતાના સ્વાર્થને ખાતર દુઃખદારિદ્રમાં ગરકાવ કરી નાખે છે તેવાજ સંજોગોમાં જ્ઞાન તેમને આત્મરક્ષણાર્થે રાજસત્તાની સામે થવા ઉશ્કેરે છે. મેં જે કાયદાઓ ઘડયા છે, તે ઘણા સરળ છે અને અગાઉના

કાયદાઓ કરતાં જનસમૂહના હિતનું વિશેષ રક્ષણકર્તા છે. મેં પ્રવર્તાવેલી કેળવણીની પદ્ધતિ એવી છે કે તેથી ભવિષ્યની પ્રજા સુસંસ્કૃત થયા વગર રહેશેજ નહિ. મારા રાજ્યમાં ગુન્હાનું પ્રમાણ ઘણું ઓછું થવાનું આજ મુખ્ય કારણ છે. એથી ઉલટું તમે જોશો તો ઈંગ્લંડમાં ગુન્હાની સંખ્યા ભયંકર રીતે દિનપ્રતિદિન વધતી જાય છે. એમાંથી કયા દેશનાં રાજ્યબંધારણ અને રાજનીતિ શ્રેષ્ઠ છે તે નક્કી કરવાને આટલુંજ ઉદાહરણ પૂરતું છે.”

“અમેરિકાનાં સંયુક્ત રાજ્યો તરફ જરા નજર કરો. જુઓ, બહારના કોઈ પણ જાતના પ્રયત્ન કે જોરજૂલ્મ વગર આખી પ્રજા ઉન્નતિના માર્ગે તરફ પ્રગતિ કરતી ચાલે છે. દરેક જણ સુખી અને સંતુષ્ટ છે. જનસમૂહની ઇચ્છા અને તેમનું કલ્યાણ એજ ત્યાંની રાજનીતિનો મૂળ મંત્ર છે. ત્યાં જો રૈયતની ઈચ્છા અને હિતની વિરુદ્ધ રાજનીતિ અખ્તિયાર કરવામાં આવે તો તરતજ સુખ અને શાંતિને બદલે નિરંકુશતા અને અરાજકતા ઉત્પન્ન થાય. ગુન્હેગાર માણસોની સંખ્યા એકદમ વધી જાય; જ્યારે ફ્રાન્સનું રાજ્યતંત્ર મેં હાથમાં લીધું ત્યારે બધા એવી ઈચ્છા રાખતા હતા કે હું ફ્રાન્સનો વૉશિંગ્ટન થાઉં. એ બધું મોઢેથી બોલવું તો સહેલું છે, અને ખાસ કરીને જેઓ એવું બોલે છે તેઓ દેશ, કાળ અને પાત્રાપાત્રતાનો વિચાર કર્યા વગરજ બોલે છે. જો ફ્રાન્સની પરિસ્થિતિ અમેરિકા જેવી હોત તો હું સ્વાભાવિકરીતેજ વૉશિંગ્ટન જેવો થાત અને હું વૉશિંગ્ટન જેવો ન થાઉં તો બીજા કોના જેવો થાઉં તે પણ હું સમજી શકતો નથી; પરંતુ એજ વૉશિંગ્ટન જો ફ્રાન્સમાં જન્મ્યો હોત, અને હાલ છે તેવા આભ્યંતરિક કુસંપ અને બહારનાં આક્રમણ સાથે તેને કામ લેવાનું હોત તો તેણે જે રાજનીતિ અમેરિકામાં ધારણ કરી તે ફ્રાન્સમાં લાગુ પાડી શકતજ નહિ અને જો તે તેમ કરવા ગયો હોત તો તેને જરૂર નિષ્ફળતાજ મળત. એવી રાજનીતિનું પરિણામ એ થાત કે ફ્રાન્સમાં અશાંતિ વધારે સમયસુધી ઘર કરીને રહેત. મારી આસપાસ દેશને નુકશાન પહોંચાડવાને શત્રુ રાજાઓ ટમટમી રહેલા છે. તેથી મારે તો “ રાજમુકુટધારી વૉશિંગ્ટન ” થયા વગર બીજો ઉપાયજ નથી. તેમ કરીને મેં વૉશિંગ્ટનની સહૃદયતા, નિઃસ્વાર્થતા અને શાણપણનું દર્શન કરાવ્યું છે.”

આ પ્રમાણે જ્યારે નેપોલિયન ફ્રાન્સની જનસમાજને સુવ્યવસ્થિત કરવામાં, સૈન્યને નવેસરથી બળવાન બનાવવામાં, નૌકાસૈન્યને સ્વદેશના રક્ષણને માટે સજ્જ કરવામાં, પરરાજ્યો સાથે રાજનૈતિક સંધિકરાર વગેરે કરવામાં રોકાયો હતો તેજ વખતે તે દેશની આભ્યંતરિક સ્થિતિમાં સુધારણા કરવાની વિશાળ યોજનાઓ પણ અમલમાં મૂકે જતો હતો. પ્રથમથીજ તેને ભવ્ય ઇમારતોનો ઘણો શોખ હતો અને મિસરના પ્રવાસ દરમ્યાન ત્યાંની પ્રાચીન ઐતિહાસિક ઇમારતોનું નિરીક્ષણ કર્યાથી

તે શાખ સુસંસ્કૃત થયો હતો. પારિસની શોભામાં વૃદ્ધિ થાય અને જનસમાજને અનેક રીતે ઉપયોગી થઇ પડે એવી ભવ્ય ઇમારતો બંધાવવાનું કાર્ય હવે તેણે શરૂ કર્યું અને તે ઇમારતો આજ દિનસુધી તેની બુદ્ધિનું સ્મરણ જાળવી રાખે છે. આજે પણ પારિસની સર્વશ્રેષ્ઠ શોભાયમાન ગણાતી કેટલીક ઇમારતો તેનીજ બંધાવેલી છે. એ ઉપરાંત તેણે રાજ્યમાં સંખ્યાબંધ નહેરો, પૂલો અને પાકી સડકો બંધાવી છે. આ દરેક કાર્યને પ્રેરનાર તેનીજ સર્વોપરિ બુદ્ધિ હતી. આ સર્વ લોકોપયોગી કાર્યો જોતાં અને ફ્રાન્સમાં આવા અણીના સમયમાં તેણે જે સુવ્યવસ્થા પ્રવર્તાવી તે વિચારતાં તેના કટ્ટામાં કટ્ટા શત્રુને પણ તેની બુદ્ધિ અને શાણપણની પ્રશંસા કરવી પડે છે.

ફ્રાન્સના એક ઘીચ વસ્તીવાળા પ્રદેશમાં રાજભક્તોનો એક બળવાન સમુદાય રહેતો હતો. ઈંગ્લંડ તરફથી તેમને હથિયાર, દારૂગોળો તથા દ્રવ્ય પૂરાં પાડવામાં આવતાં હતાં. ડિરેક્ટરોએ તેમને તાબે કરવાનો ઘણીવાર પ્રયત્ન કરી જોયો હતો. પણ તે તદ્દન વ્યર્થ ગયો હતો. નેપોલિયન કૉન્સલ તરીકે સ્થિર થયો કે તરતજ તેણે તે પક્ષના આગેવાનોને પોતાની પાસે બોલાવ્યા, અને તેમને સહિસલામત પાછા મોકલવામાં આવશે એવું વચન આપ્યું. તેમની સાથે મુલાકાત લેતી વખતે તેણે તેમને કહ્યું કે “ ફ્રાન્સનો વિનાશ અને અધઃપાત અટકાવવો અને આપણા અવ્યવસ્થિત થએલા દેશમાં પુનઃ સુલેહશાંતિ પ્રવર્તાવવાં એજ મારો ઉદ્દેશ છે. તેની દલીલ તેના સૈન્યના જેવીજ સચોટ હતી. તેણે કહ્યું “ તમે આત્મરક્ષણમાટે લઢતા હો તો તમારે લઢવાનું પ્રયોજન નથી. હું તમને ઇજા કરીશ નહિ અને તમારા હક્ક જાળવીશ. તમે રાજાઓને પુનઃ સ્થાપિત કરવા લઢતા હો તોપણ તમારૂં લઢવું નિષ્પ્રયોજન છે; કેમકે દેશની સમસ્ત પ્રજાની ઇચ્છાવિરુદ્ધ થોડાઘણાં માણસોએ લઢવામાં અને તેમને શસ્ત્રના બળથી મહાત કરવાની કોશિશ કરવામાં શું તમારી શોભા છે ! તમે જુઓ છો કે પ્રજાનો ઘણોજ મોટો ભાગ રાજાની વિરુદ્ધ છે. ” તેઓ મહાત થઇ ગયા. તેમણે પોતાનાં એકલાં હથિયારજ નહિ પણ **પોતાનાં હૃદય પણ નેપોલિયનને અર્પણ કર્યાં**. આવી રીતે તેણે આખા દેશમાંથી આભ્યંતરિક વિદ્રોહની જડ મૂળમાંથી ઉખાડી નાખી.

પ્રકરણ ૧૮ મું

નેપોલિયનની સલાહમાટે પ્રાર્થના અને તેનો તોછડો અસ્વીકાર. ઈ૦ સ૦ ૧૮૦૦

નેપોલિયને પોતાની ઉદાર અને શાણપણભરેલી રાજનીતિથી ફ્રાન્સમાં સળગી રહેલો અંદર અંદરનો કલહ શમાવી દીધો. આખી ફ્રેન્ચ પ્રજા સંયુક્ત થતાં બહારના આક્રમણની સામે આત્મરક્ષણ કરી શકે—એવી બળવાન થઇ ગઇ. યુદ્ધ એ મનુષ્યની હત્યા કરાવવાનું અને પ્રજાનાં નાણાંનો દુર્વ્યય કરવાનું સાધન છે; અને તે આભ્યંતરિક ઉન્નતિમાં મોટા વિઘ્નરૂપ છે. નેપોલિયનને યુદ્ધ કાર્યમાં આખી જિંદગી રોકાવું પડયું હતું. તોપણ તે તેને ઘણોજ ધિક્કારતો હતો. વિનાશક કાર્યના કરતાં તેને સંયોજક કાર્ય વિશેષ પ્રિય હતું. જાતભાઇઓની કતલ કરાવનાર કરતાં પોતે તેમનો કલ્યાણકર્તા ગણાય એ તેને વધારે પસંદ હતું. તેણે જે જે યુદ્ધો આદર્યાં હતાં તે બધાં આત્મસંરક્ષણને અર્થેજ હતાં. પણ હવે ફ્રાન્સ પગભર થયું હતું. નેપોલિયનની પોતાની સત્તા નિરંકુશ હતી અને પ્રજાનો તેના ઉપર નિઃસીમ પ્રેમ હતો. તે ધારત તો આખી પ્રજાની સમૃદ્ધિ યુદ્ધ કાર્યમાં ખરચી શકત; પરંતુ આવે વખતે જ્યારે તેની સત્તા પૂર્ણ કળાએ હતી તે વખતે તેણે ઈંગ્લંડ અને આસ્ટ્રિયાના રાજાઓને સુલેહની પ્રાર્થના કરી અને પોતાને સુલેહશાંતિ કેટલી પ્રિય છે તે સચોટરીતે સિદ્ધ કરી બતાવ્યું. આ કૃત્ય તેના ઉદાર દિલની સાબિતી આપે છે. જો તેનામાં અભિમાન હોત તો તે એમજ કહેત કે લડાઈ ઉભી કરનાર તેઓ એ જણ હતા માટે સુલેહની પ્રાર્થના તેમના તરફથીજ થવી જોઈએ.

આ ઉદ્દેશથી તેણે ઈંગ્લંડના રાજા જ્યૉર્જ ત્રીજાને પોતાને હાથે એક પત્ર લખ્યો. તેમાં તેણે લખ્યું કે “ જે યુદ્ધથી છેલ્લાં ચાર વર્ષ થયાં જગતની પાયમાલી થાય છે તે શું ચિરકાળસુધી ચાલ્યાજ કરશે? શાન્તિ સ્થાપન કરવાના શું કોઇ ઉપાય

નથી ? ઇંગ્લંડ અને ફ્રાન્સ—યૂરોપની બે સૌથી વધારે સુસંસ્કૃત પ્રજાઓ જેમણે પોતાના સ્વાતંત્ર્યના રક્ષણમાટે જોઇએ તે કરતાં વિશેષ બળ સંચિત કર્યું છે, તેમણે શું મિથ્યા કીર્તિલોભની ખાતર વ્યાપાર, આભ્યંતરિક ઉન્નતિ અને અસંખ્ય કુટુંબોની શાંતિનો નાશ થવા દેવો જોઇએ ? શાંતિ સર્વ કરતાં વિશેષ આવશ્યક અને વિશેષ કીર્તિપ્રદ છે એ વાત બેઉ પ્રજાઓના મનમાં ઉતરતી નથી એ કેટલા આશ્ચર્યની વાત છે ? આપ તો સ્વતંત્રતાને પૂજનારી પ્રજાને સુખી કરવાના ઉદ્દેશથીજ તેના ઉપર રાજ કરો છો તેથી આપને તો આ વિચારમાં કશું નવીન હોવું નજ જોઇએ. ”

સુલેહની માગણીમાટે લખાયલા આવા ઉદારતાભરેલા પત્રનો જાતે જવાબ લખવાનું ઇંગ્લંડના રાજાને યોગ્ય લાગ્યું નહિ. તેમણે પોતાના ખાનગી મંત્રીને હાથે સખત આક્ષેપયુક્ત પત્ર લખાવ્યો. તે એવો તોછડો અને અપમાનપ્રદ હતો કે તે વાંચીને આખી ફ્રેન્ચ પ્રજાનું લોહી ઉકળી આવ્યું. તેમાં તેણે લખ્યું હતું કે “ જો ફ્રાન્સને સલાહજ કરવી હોય તો તે સલાહની યથાર્થતા અને સ્થિરતાની નિશાની તરીકે જે રાજાઓએ અનેક સૈકાસુધી દેશને આબાદ રાખ્યો હતો, અને પરરાજ્યોમાં તેનું ગૌરવ જાળવી રાખ્યું હતું તેમને ફરીથી સિંહાસન ઉપર સ્થાપિત કરવા ફ્રાન્સે તૈયાર થવું જોઇએ. એટલું કર્યાથીજ હમણાં તેમજ ભવિષ્યમાં પણ સલાહ થઇ શકશે. ”

આ પત્ર વાંચીને હરકોઇ માણસને ક્રોધ ચડે તોપણ નેપોલિયને શાંતિથી અને અને નમ્રતાપૂર્વક પોતાના મંત્રી ટેલિરેન્ડદ્વારા તેનો જવાબ લખાવ્યો. તેમાં લખ્યું હતું કે:—

“ફ્રાન્સે લડાઇ ઉભી કરી નથી એ તો ઉઘાડુંજ છે, એટલુંજ નહિ પણ રાષ્ટ્રવિપ્લવની શરૂઆતથીજ ફ્રાન્સે પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કર્યું હતું કે અમે કોઇ સાથે લડવા ચહાતા નથી; અમારે રાજ્યો જોઇતાં નથી અને બીજાં તમામ રાજ્યોની સ્વતંત્રતાને માન આપીએ છીએ, અને શરૂઆતમાં પોતાની આભ્યંતરિક બાબતોમાં ફ્રાન્સ એવું ગૂંથાયલું હતું કે જો તેને બહારથી ઉપદ્રવ કરવામાં આવ્યો ન હોત તો તે ઉપર કહેલી નીતિનું પાલન કર્યા વગર રહેતજ નહિ. ”

“ પણ રાષ્ટ્રવિપ્લવ થવાની સાથેજ આખા યૂરોપના રાજાઓ એકલા ફ્રાન્સને કચરી નાખવાને એકત્ર થઈ ગયા. તેમની દુશ્મનાવટ અને તેમનો ઉપદ્રવ જાહેર કરવામાં આવ્યો ત્યાર પહેલાં પણ તેમણે શરૂઆત તો કરી દીધીજ હતી. તેમણે ફ્રાન્સમાં આત્મકલહ કરાવવાને કાવત્રાં રચ્યાં, પ્રજાસત્તાક રાજ્યના શત્રુઓને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો, ફ્રાન્સના રાજપ્રતિનિધિઓનું અપમાન કરીને ફ્રેન્ચપ્રજાને અપમાન પહોંચાડવામાં આવ્યું અને તેમ કરવામાં ઇંગ્લંડે પહેલ કરી

હતી. આખરે લડાઇ જાહેર થઈ ત્યાર અગાઉથીજ ફ્રાન્સની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને સલામતી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ”

“આ પ્રમાણે જ્યારે ફ્રાન્સ ઉપર ચારે દિશાએ આક્રમણ શરૂ થયાં ત્યારે આત્મરક્ષણ કરવાને માટે પોતાના તમામ સૈનિકબળનો અને પોતાના પુત્રોના પરાક્રમનો સંપૂર્ણ ઉપયોગ કર્યા વગર તેને છૂટકોજ ન હતો. આ બારીક પ્રસંગે ફ્રાન્સે જેટલું ધૈર્ય બતાવ્યું છે તેટલો વિવેક અને ખામોશ કદાચ ન બતાવ્યાં હોય તો તેનું કારણ એટલુંજ છે કે ઈંગ્લંડે તેનો નાશ કરવાનો દઢ સંકલ્પ કરીને તે અર્થે પોતાનાં તમામ સાધનોનો ઉપયોગ કર્યો હતો.”

“ દરેક પ્રજાને પોતાને મનગમતું રાજ્યતંત્ર પસંદ કરવાનો અધિકાર છે એ વાતની ઈંગ્લંડના રાજાથી ના પડાય એમ છેજ નહિ; કારણ કે પ્રજાના આ અધિકારના પ્રતાપેજ તેઓ રાજ્યાસનપર બેસી શક્યા છે. આ નીતિ ઉપરજ તમામ રાજનૈતિક સમાજની સુસ્થિતિનો આધાર છે. ઈંગ્લંડનો રાજા આ મૂળ નીતિનો સ્વીકાર કર્યા પછી ફ્રાન્સના આંતરિક રાજ્યતંત્રમાં પોતે કયા અધિકારથી હસ્તક્ષેપ કરી શકે તે પ્રથમ કૉન્સલથી સમજાતું નથી. પરરાજ્યના આભ્યંતરિક રાજ્યતંત્રમાં દખલ કરવાની નીતિ જેટલી ફ્રાન્સને નુકસાનકારક છે તેટલીજ ઈંગ્લંડને અને ઈંગ્લંડના રાજાને પણ નુકસાનકારક છે; કારણ કે ઈંગ્લંડનો રાજા જેમ ફ્રાન્સને તેના પદભ્રષ્ટ કરાયલા રાજાને પાછો ગાદીએ બેસાડવાની ફરજ પાડવા જાય છે, તેમ ઈંગ્લંડે પણ ગયા સૈકામાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું હતું તેનો ફરીથી સ્વીકાર કરવાની અથવા જે સ્ટૂઅર્ટ રાજાઓનો ઈંગ્લંડની ગાદી ઉપર જન્મસિદ્ધ હક્ક છે છતાં પણ ત્યાંની પ્રજાએ જેમને પદભ્રષ્ટ કરી દીધા છે તેમના વંશજોને ફરીથી ગાદીએ બેસાડવાની ઈંગ્લંડની પ્રજાને પણ ફરજ પાડી શકાય. ”

આ ફટકો એવો આબાદ હતો કે ઈંગ્લંડથી તેનો જવાબ અપાયો નહિ. ઈંગ્લંડના પ્રધાને મિજાજ ખોઇને પહેલાના કરતાં વધારે ક્રોધ અને કટુતાભરેલો પત્ર લખીને જણાવ્યું, કે ફ્રાન્સના રાષ્ટ્રવિપ્લવકારી જેકોબિન લોકોને હાથે બીજાં રાજ્યોને નુકસાન ન થાય તેને માટે ઈંગ્લંડ લડ્યું છે અને લડશે. આ જવાબથી નેપોલિયન લેશમાત્ર પણ નિરાશ કે દિલગીર થયો નહિ. તે સુલેહ કરવા માગતો હતો પણ લડાઇથી ડરતો ન હતો. તેનો દઢ વિશ્વાસ હતો કે તમામ પ્રજાના નિષ્પક્ષપાત લોકો મારા તરફ સહાનુભૂતિ રાખ્યા વગર રહેશે નહિ. વળી તે જાણતો હતો કે ઈંગ્લંડે જે ઉદ્ધત અને અપમાનપ્રદ જવાબ વાળ્યો છે તેની અસરથી આખી ફ્રેન્ચ પ્રજા વગર અપવાદે પ્રાણાન્તસુધી લડવાને દઢ સંકલ્પ કરીને તૈયાર થઇ જશે. તેણે કહ્યું, “ ઈંગ્લંડને લડાઇજ જોઇએ છે. આપણે તેની ઇચ્છા પૂરી કરીશું. બસ. પ્રાણાન્ત સુધી લડીશું.”

આવા સંજોગો વચ્ચે યૂરોપમાં પાછો બીજી વાર દાવાનળ સળગ્યો. નેપોલિયને શાંતિ મંત્ર ભણીને તેનું નિવારણ કરવાનો યત્ન કર્યો પણ વ્યર્થ ગયો; કેમકે યૂરોપના રાજાઓને અને ખાસ કરીને ઈંગ્લંડના રાજાને તથા ઉમરાવોને તેમની દોલત, તેમના વૈભવ, તેમના ખાસ હક્ક, સામાન્ય લોકો કરતાં તેમનો ઉંચા પ્રકારનો દરજ્જો એ સર્વને મનુષ્યની સમાનતા અને સ્વાધીનતાનો ભેરી નાદ કરતા ફ્રાન્સ તરફથી ધાસ્તી હતી.

ઈંગ્લંડના રાજાનું રાજ્યાસન, ત્યાંના ધર્મગુરુઓની અથાગ દોલત અને ત્યાંના ઉમરાવોની વિસ્તીર્ણ જાગીરો, એ ત્રણેનો આધાર આ લડાઈના પરિણામ ઉપર હતો. ફ્રાન્સમાં ઉમરાવ લોકોના અમુક ખાસ અધિકાર જો રદ થાય અને તેની સાથે મનુષ્યની સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાય તો તેનું પરિણામ એ થાય કે ઈંગ્લંડના રાજાનું રાજ્યાસન અને ત્યાંના ઉમરાવોનાં ઉમરાવપદ એક સામાજિક ધરતીકંપના આચકાની પેઠે ડોલવા લાગે. તે વખતે ઈંગ્લંડનું રાજ્યતંત્ર, રાજા, ઉમરાવો અને ધર્મગુરુઓનાજ હાથમાં હતું. ફ્રાન્સના રાષ્ટ્રવિપ્લવથી તેમનું સર્વસ્વ જોખમમાં હતું. તેમણે ફ્રાન્સના રાજાઓને દશ વર્ષ થયાં ઘરબાર વગરના રખડતા જોયા હતા. ફ્રાન્સના ઉમરાવોની જાગીરો પ્રજાએ જપ્ત કરી લીધી હતી અને તેઓ ભિખારી વેશે પરદેશમાં ભટકતા હતા. ધર્મગુરુઓની પણ એજ દશા થઇ હતી. તેઓને પણ વિલાસવૈભવ વગરના બનીને ખેડુતોનાં ઝુંપડાંઓ આગળ જઇને ભિક્ષાંદેહી કરીને પેટ ભરવાનો વખત આવ્યો હતો. પારકાની મહેનતે મોજ મારનારા, અને પ્રજાના મોટા ભાગને પોતાના પગ તળે દબાવીને રાજની તમામ સત્તા પોતાના એકલાના હાથમાં રાખનારા ઈંગ્લંડના ઉમરાવવર્ગને માટે આ દૃષ્ટાંત ભયભરેલું હતું અને ત્યાંના રાજાને પણ ધાસ્તી ઉપજાવનાર હતું. ઈંગ્લંડના લોકવર્ગની સહાનુભૂતિ ફ્રેન્ચો તરફ હતી તેથી બેઉ પ્રજાઓ વચ્ચે મિત્રભાવ ન થાય અને નેપોલિયન જે સ્વાતંત્ર્ય અને સમાનતાના રક્ષક તરીકે ઈંગ્લંડની પ્રજાનો વહાલો થઇ પડયો હતો તેના તરફ તિરસ્કાર ઉત્પન્ન થાય, એવાં પગલાં લેવાની ઈંગ્લંડના રાજાને તથા ઉમરાવવર્ગને જરૂર હતી.

પણ જગત્ના કોઇ પણ દેશનો નિષ્પક્ષપાત માણસ નેપોલિયન તરફજ સહાનુભૂતિ ધરાવશે. ફ્રેન્ચોએ કયું રાજ્યતંત્ર પસંદ કરવું તેનો આદેશ કરવાનો તેના પાડોશીઓને અધિકાર ન હતો. છતાં તેઓ તલવારના જોરથી તેને ધમકાવી રહ્યા હતા. તેનાં બંદરો ઉપર બોંબગોળા વર્ષાવતા હતા. તેનો વ્યાપાર નષ્ટ કરતા હતા. નેપોલિયન તેમના આક્રમણને હઠાવવાને બળવાન હતો તોપણ મનુષ્યજાતિની નાહક કતલ ન થાય તેટલા માટે તેણે સુલેહની પ્રાર્થના કરી; પરંતુ ઈંગ્લંડના દરબારમાંથી યુદ્ધના આવાહનની મતલબનોજ જવાબ મળ્યો. આસ્ટ્રિયાએ કહ્યું કે ઈંગ્લંડની પરવાનગી વગર અમારા એકલાથી સલાહ કરી શકાય નહિ. આ પત્રવ્યવહાર ચાલતો

હતો તે દરમ્યાનજ ત્રણ લાખ માણસોનું બળવાન સૈન્ય ફ્રાન્સ તરફ જૂદી જૂદી દિશાએથી ધસી આવવા લાગ્યું. હવે નેપોલિયનને દેશનું રક્ષણ કર્યા સિવાય છૂટકોજ ન હતો અને તેણે તે કાર્ય રૂડી રીતે કર્યું.

નેપોલિયન અને ઈંગ્લંડના રાજા વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર વાંચીને ઈંગ્લંડના ઘણા લોકો તેના અનુરાગી થયા અને ફૉકસ, શેરીડન વગેરે ઉદાર બુદ્ધિવાળા રાજનીતિજ્ઞ પુરુષોએ પ્રધાનમંડળની સાંકડી, સ્વાર્થપરાયણ અને બ્રિટિશ પ્રજાને નીચું જોવરાવે એવી રાજનીતિ ઉપર સખ્ત આક્ષેપ કર્યા. પાર્લામેન્ટમાં ઝુંબેશ મચી રહી. આ ઉદાર પક્ષ તરફથી ફૉકસની અને સામા પક્ષ તરફથી મુખ્ય પ્રધાન પિટની વકતૃતા ગાજી રહી. અંતે પિટનો જય થયો અને ઈંગ્લંડની સરકારે ફ્રાન્સની સાથે યુદ્ધમાં ઝંપલાવ્યું.

નેપોલિયનના ચારિત્ર્યમાં **દઢતા અને દયાળુતાની** ઘણીજ અદ્‌ભુત મિલાવટ થએલી જોવામાં આવે છે. એક ત્રીશ વર્ષના પુરુષે પોતાના ધનના જોરથી એક સોળ વર્ષની સુન્દર સ્ત્રીની પ્રીતિ પ્રાપ્ત કરવાના હેતુથી તેની મરજી વિરુદ્ધ તેની સાથે લગ્ન કર્યું. તે સુન્દરી પોતાના પ્રૌઢ વયના પતિને પોતાના હૃદયની પ્રીતિ અર્પણ કરી શકી નહિ. પુરુષે જ્યારે જોયું કે તે સ્ત્રી ધનને વશ થતી નથી ત્યારે તેણે તેનું ખૂન કર્યું અને એ અપરાધને માટે તેને કાયદા પ્રમાણે દેહાન્ત દંડની શિક્ષા કરવામાં આવી. આ કમનશીબ માણસની સાથે ફ્રાન્સનાં અનેક પ્રતિષ્ઠિત કુટુંબો સગપણથી જોડાયલાં હતાં. તેથી તેને માફી અપાવવા માટે નેપોલિયન ઉપર ઘણાં માણસો તરફથી સિફારસ, દબાણ અને આજીજી થવા લાગી. વળી તેઓમાંના કેટલાંક જોસેફાઇનનાં સગાં હતાં. તેમના આગ્રહથી જોસેફાઇન પણ તે માણસને માફી આપવા માટે નેપોલિયનને કાલાવાલા કરવા લાગી. નેપોલિયને તેને જવાબ આપ્યો કે “હું એ માણસને કેવી રીતે માફી આપી શકું? એ પોતાની દોલતવડે એક બાળાનો પ્રેમ ખરીદવા માગતો હતો. તેમાં નિષ્ફળ થયો ત્યારે તેનું ખૂન કર્યું. એવા માણસને હું દયાને પાત્ર માનતો નથી. જો હું એવા માણસને માફી આપું તો કોઇ પણ પરણેલી સ્ત્રીની જિંદગી સલામત નહિ રહે.” જોસેફાઇને કહ્યું, “પ્રિયતમ, તમે ઉંચે દરજ્જે ચડયા પછી મેં જો કાંઇ તમારી પાસે માગ્યું હોય તો તે આજ છે. તમે મારી આટલી પ્રાર્થના નહિજ તરછોડો એવી મને આશા છે.” નેપોલિયને જવાબ આપ્યો, “જોસેફાઈન! હું તમારી માગણી સ્વીકારી શકતો નથી. જ્યારે તમારી પણ પ્રાર્થનાને વશ થઇને હું ન્યાય માર્ગમાંથી ચ્યુત થયો નથી એ વાત જ્યારે લોકોમાં જાહેર થશે ત્યારે મારે હાથે આવો અન્યાય કરાવવા કોઇ પણ પ્રાર્થના કરશે નહિ.”

બુર્બોન વંશીય રાજાઓએ નેપોલિયનને પોતાના પક્ષમાં લેવા ઘણાં ફાંફાં માર્યા. ભારે રકમની લાંચ, મોટી મોટી પદવીઓ વગેરે જ્યારે ફોગટ ગયાં ત્યારે સ્ત્રીનું

મોહાસ્ત્ર વાપરતાં પણ તેઓ અચકાયા નહિ. એક લંપટ અને નિર્લજ્જ, ઉમરાવ સ્ત્રીને તેમણે નેપોલિયનને ઘેર મોકલાવી. તેણે જોસેફાઇન સાથે બેનપણાં કરવા માંડયા અને નેપોલિયન સાથે લળી લળીને વાત કરવા લાગી. પણ તેણે તેને તરતજ ફ્રાન્સની હદપાર મોકલાવી દીધી.

નેપોલિયન લોકપ્રિય હતો પણ લોકોની મરજીને તાબે થઇને તેણે લોકપ્રિયતા મેળવી ન હતી. આસપાસ ચારે દિશાએ વિપત્તિનાં વાદળાં ઘેરાતાં હતાં. એકલા ફ્રાન્સની સામે ઇંગ્લંડનાં નાણાંથી લલચાયલાં અનેક રાજ્યો સંધિ કરીને તેનો વિનાશ કરવા તત્પર થયાં હતાં. આવા સંયુક્ત બળ સામે ટકવું હોય તો આખા રાજ્યનું બળ એકજ માણસના હાથમાં હોવું જોઇએ, અને એ નીતિને નેપોલિયન અનુસર્યો હતો. તેની યુદ્ધનીતિવિષે તે કહે છે કે “ મેં પરારાજ્યો જીત્યાં હશે તો તે આત્મરક્ષણ કરવા માટેજ અમે જીતાઇએ નહિ તેટલા માટે અમારે બીજાં રાજ્યો જીતવાની જરૂરજ પડતી હતી. ચારે દિશાએ લડાઇનાં વાજાં વાગી રહ્યાં હતાં તેવે વખતે પ્રજાસત્તાક રાજ્યના નિયમ મુજબ રાજ્ય કરવાની મારી મરજી છતાં તેમ કરવું મને વાજબી લાગ્યું ન હતું. દેશના રક્ષણને માટે નિઃસીમ ક્ષમતાસંપન્ન રાજાની જરૂર હતી. છતાં પણ ફ્રાન્સમાં મનુષ્યની સમાનતા જેટલે અંશે જળવાતી હતી તેટલી બીજા કોઇ દેશમાં જળવાઇ ન હતી.”

“દરેક માણસ કેળવણી લઇ શકે એવી રીતે કેળવણીનાં દ્વાર ખુલ્લાં મૂકવાં એ એક મારો મહાન ઉદ્દેશ હતો. મેં જે કેળવણીની સંસ્થાઓ સ્થાપી હતી તેમને એવા ધોરણ પર સ્થાપી હતી કે તેમની મારફતે દરેકને મફત અથવા ઘણેજ ઓછે ખર્ચે કેળવણી મળી શકે. મેં રાજ્યનાં તમામ સંગ્રહસ્થાન પ્રજાના ઉપયોગમાટે ખુલ્લાં મૂકયાં હતાં. લોકોને અજ્ઞાન અને વહેમવડે પશુ જેવાં ન બનાવતાં તેમને જ્ઞાનનો પ્રકાશ આપવા મેં પ્રયત્ન કર્યો હતો. ઇંગ્લંડની પ્રજા જે સ્વતંત્રતાને ચહાય છે તેને પોતાના વૉટર્લુના વિજયમાટે એકવાર પશ્ચાત્તાપ કરવાનો વખત આવશે. એ ફતેહથી યૂરોપની પ્રજાઓની સ્વતંત્રતાને નુકસાન પહોંચ્યું છે અને મનુષ્યજાતિને પીલી નાખવાને તૈયાર થએલા નિરંકુશ રાજાઓના હાથમાં આખો યૂરોપ આવી ગયો છે.”

દશ હજાર રશીયન સિપાઇઓ ફ્રાન્સમાં કેદ પકડાયા હતા. તેવીજ રીતે ઇંગ્લંડ અને આસ્ટ્રિયાના હાથમાં ઘણા ફ્રેન્ચ કેદીઓ પણ હતા. નેપોલિયને એવી માગણી કરી કે મને મારા ફ્રેન્ચ કેદીઓ પાછા આપો તો હું રશીયન કેદીઓને છૂટા કરૂં. પણ રશીયન કેદીઓ છૂટા થાય તેમાં ઇંગ્લંડને કે આસ્ટ્રિયાને અંગત લાભ ન હતો તેથી તેમણે પોતાના મિત્ર રાજ્યના કેદીઓને મુક્ત કરવા કેદીઓની સાટાબદલી કરવાની ના પાડી. બેઉની નીચતા જોઇને નેપોલિયનને ઘણો ગુસ્સો ચડયો. તેણે કહ્યું, “જે રશીયનો ઇંગ્લંડ અને આસ્ટ્રિયાની ઉશ્કેરણીથી ફ્રેન્ચોની સામે લડવામાં બેઉને

સહાયભૂત થયા હતા, તેમણે જે જય મેળવ્યા તેમાં રશીયનોનો પણ ભાગ હતો તેમને બંધનમુક્ત કરાવવાને તેમનાજ મિત્રો આનાકાની કરે છે! શરમની વાત છે!” એમ કહીને તેણે તમામ રશીયન કેદીને છૂટા કરીને દરેકને નવો પોશાક અને હથિઆર આપીને તેમના રાજા પાસે મોકલી દીધા. રશીઆનો ઝાર જે ઈંગ્લંડ અને આસ્ટ્રિયા સાથે મળીને ફ્રાન્સ તરફ સૈન્યસહિત કુચ કર્યો જતો હતો; તેના ઉપર નેપોલિયનની ઉદારતાની સચોટ અસર થઈ. તેણે નેપોલિયનને એક ધન્યવાદનો પત્ર લખ્યો. તેમાં તેણે લખ્યું હતું કે “હું તમને આ ઉપરથી જણાવી દઉં છું કે હું ઈંગ્લંડથી ઘણો નારાજ થયો છું. તે રાજ્યોના અરસ્પરસના કાયદાની એકેએક કલમનો ભંગ કરે છે અને પોતાના અહંકાર અને સ્વાર્થ સિવાય બીજા કોઇ ઉદ્દેશને ધ્યાનમાંજ લેતું નથી. હું તેના અન્યાયી વર્તનનો અંત લાવવા માટે તમારી સાથે જોડાવા માગું છું.” ઝારે તરતજ ઈંગ્લંડ સાથેની સલાહ રદ કરી, અને ફ્રાન્સ અને રશીયા વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ. પછી નેપોલિયને પ્રશિયા સાથે સલાહ કરવા માટે પોતાનો દૂત મોકલ્યો અને રશીયાની માફક પ્રશિયાએ પણ તેની સાથે સલાહ કરી દીધી. ફ્રાન્સની સાથે પ્રાણાન્તસુધી લડવાનો સંકલ્પ કરનાર ઈંગ્લંડ એકલુંજ હવે સલાહ કરવા નારાજ હતું અને તેની ઉશ્કેરણીથી આસ્ટ્રિયા પણ ફ્રાન્સની સરહદ ઉપર પોતાનું સૈન્ય ઉતારવાની તૈયારી કરતું હતું.

હવે નેપોલિયનની ઉદારતાની સાથે ઈંગ્લંડના સેનાપતિ લૉર્ડ નેલ્સનની ઉદારતા(!)ની સરખામણી કરી લઇએ. નેપલ્સના સ્વતંત્ર વિચારવાળા લોકોએ રાજાની સામે બળવો કર્યો પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. અંગ્રેજ સરકારની બાંહેધરી વચ્ચે તેઓ એવી સરતે તાબે થયા કે અમારા જાનને નુકસાન કરવું નહિ અને અમને ફ્રાન્સ જવાની પરવાનગી આપવી. આ કરારનામા ઉપર બ્રિટિશ પ્રતિનિધિએ સહી કરી, પણ તેજ ઘડીએ સેનાપતિ નેલ્સન અબુકરના જંગમાં ફતેહ મેળવીને પોતાની માશુક લેડી હેમિલ્ટન સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે આ કરાર રદ કર્યો અને તાબે થએલા લોકોને—બાર વરસના બાળકથી માંડીને ઘરડાં સ્ત્રીપુરુષોને સુદ્ધાં ફાંસીને લાકડે લટકાવી દીધાં! નેપોલિયને પોતાના મરવા પડેલા સાત સિપાઇઓને ઝેર આપવાનો વિચારજ કર્યો તેટલા માટે તેને ફજેત કરી નાખ્યો; પણ જે દોષ નેલ્સન ઉપર તેનું જીવનવૃત્તાંત લખનારા મૂકે છે તેવા કોઇ દોષ નેપોલિયનમાં હોત—જેવા કે શીયળવતી ધર્મપત્નીને રઝળતી મૂકીને એક નિર્લજ્જ કુલટાના પ્યારમાં ગુલતાન બની જવું, પ્રતિજ્ઞાપૂર્વક કરેલા કોલકરારનો ભંગ કરવો, સ્ત્રીઓ,પુરુષો અને છોકરાંઓને પણ ઉશ્કેરાયલા લોકોને હાથે કતલ થવા દેવાં, વગેરે દોષ હોત ત્યારે તો નેપોલિયનને કેટલો ફજેત કર્યો હોત! છતાં ઈંગ્લંડ નેલ્સનની યાદગીરીમાટે સ્મરણસ્તંભો રચાવે છે અને નેપોલિયનને ભવિષ્યની પ્રજા ઘૃણાસહિત યાદ કરે તેવો યત્ન કરે છે.

* * *

प्रकरण १९ मुं

આલ્પ્સ ઓળંગી જવું

નેપોલિયને કરેલી સલાહની માગણીને ઈંગ્લંડે તિરસ્કાર અને અભિમાનથી તરછોડી નાખી અને આસ્ટ્રિયાએ પણ તેનો અસ્વીકાર કર્યો તેથી હવે તેણે તેઓના હુમલાને પાછા હઠાવવા માટે હમેશની માફક ઉત્સાહભેર તૈયારી કરવા માંડી. પણ સભામંદિરમાં તે સ્વદેશરક્ષણનો વિચાર કરવા લાગ્યો તેટલામાં તો ફ્રાન્સને ચારે દિશાએથી ઘેરી વળીને તેના ઉપર નિર્દયપણે આક્રમણ કરતા શત્રુઓની તોપોની ગર્જના તેના કાન પર અથડાવા લાગી. ઈંગ્લંડના નૌકાસૈન્યે ફ્રાન્સનો સમુદ્રકિનારો ઘેરી લઇને તેના વ્યાપારનો નાશ કરવા માંડ્યો, કિનારા ઉપર આવેલાં અરક્ષિત બંદરો ઉપર ગોળાઓનો વરસાદ વરસાવ્યો અને ફ્રાન્સમાં આભ્યંતરિક કલહ જગાડવા માટે અઢનળક નાણું અને યુદ્ધસામગ્રી ફ્રેન્ચ પ્રજાસત્તાક રાજ્યના શત્રુઓને પૂરી પાડીને ફ્રાન્સને ઉપદ્રવ કરવા માટે બનતું કર્યું. ઉત્તર તરફથી દોઢલાખ સિપાઇઓના સૈન્ય સાથે આસ્ટ્રિયાનો સેનાપતિ માર્શલ ક્રે ચાલ્યો આવતો હતો. તેની પાસે સારામાં સારી અને ભારેમાં ભારે તોપો હતી. ઈટાલીમાં સેનાપતિ મેલાની સરદારી નીચે ૧૪૦૦૦૦ માણસોનું સૈન્ય એકત્ર થયું હતું. તેમના આક્રમણ સામે ત્યાંના ગણ્યા ગાંઠ્યા ફ્રેન્ચ યોદ્ધાઓ નાસી ગયા હતા અને બાકીના ઘેરાઇ જઇને ભૂખે મરવાની અણી પર હતા. ફ્રાન્સના સમુદ્રકિનારાની આસપાસ ઇંગ્લંડનાં અસંખ્ય વહાણો ભમતાં હતાં. આ પ્રમાણે બધી બાજુએથી ફ્રાન્સને સજ્જડ રીતે ઘેરી લીધું હતું.

નેપોલિયનને પોતાના યુદ્ધકૌશલ્ય ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. તેણે લોહીમાં રગદોળાતાં મનુષ્યોની ખાતર કરેલી સલાહની માગણી વ્યર્થ ગઇ ત્યારે હવે તેણે બીજા ઉપાય તરીકે પોતાના દેશના એકત્ર થએલા શત્રુઓ ઉપર પ્રહાર કરવાની પોતાના અખૂટ ઉત્સાહથી અને પ્રચંડ કાર્યશક્તિથી એવી તૈયારી કરવા માંડી કે તેના શત્રુઓએ તેને “ **એક લાખ માણસ** ” એવું ઉપનામ આપ્યું; કારણ કે તે જ્યાં જતો ત્યાં માત્ર તેની હાજરીથીજ એક લાખ માણસનું બળ તેના સૈન્યમાં આવી જતું.

પછી ફ્રાન્સની પ્રજાને માટે તેણે નીચેની ઘોષણા પ્રગટ કરી અને તેનો તીવ્ર, ઉત્સાહક રણકાર આખા દેશની ખીણે ખીણમાં અને ટેકરીએ ટેકરીએ ગાજી રહ્યો. “ ફ્રેન્ચો ! તમે સલાહ કરવા ઘણા ઉત્સુક હતા. તમારી સરકારે તેથી પણ વધારે ઉત્સુકતાથી સલાહની માગણી કરી હતી. ઈંગ્લંડના પ્રધાનમંડળે પોતાની દુષ્ટ રાજનીતિ ઉઘાડી પાડી છે. ફ્રાન્સમાં કુસંપ કરાવવો, તેના વ્યાપારનો નાશ કરવો, બની શકે તો યૂરોપના નકશામાંથી તેનું નામનિશાન ભૂંસી નાખવું અને નહિ તો તેને એક ઉતરતા દરજ્જાના તાબેદાર રાજ્ય જેવું બનાવી મૂકવું એ તેનો હેતુ છે. યૂરોપનાં તમામ રાજ્યોમાં અંદર અંદર કલહ જગાડીને, તેમનો નાશ કરીને ઈંગ્લંડ પોતે સમૃદ્ધ અને બળવાન થવા માગે છે અને આખા જગત્નો વ્યાપાર પોતાનો એકલાનોજ કરી લેવા તાકે છે. આટલા માટે અઢળક નાણું વેરીને અને મીઠાં મીઠાં વચનો આપીને તે લોકોને લલચાવે છે અને પોતાની કપટજાળ વધારે છે. ”

આ ઉદ્‌ઘોષણાએ ફ્રેન્ચ પ્રજાનો લડાયક જુસ્સો જાગૃત કર્યો અને લડી શકે એવા તમામ પુરુષોએ શસ્ત્ર ધારણ કર્યાં. સ્વદેશભકિતના આવેશને લીધે અને કોઈ પણ રીતે ફ્રાન્સ જીતે એવી ઉત્કટ ઇચ્છાને વશ થઇને નેપોલિયન પોતાની કીર્તિ તો વિસરીજ ગયો હતો. સેંકડો લડાઇઓમાં ઘડાએલા દોઢ લાખ સિપાઇઓનું સૈન્ય, અને પોતાની તૈયાર કરેલી યોજના સમજાવીને તેણે મોરોને ઉત્તર તરફ મોકલ્યો અને ઉત્તર તરફના રણસંગ્રામમાં જનારને વધારે કીર્તિ મળવાની વકી હતી છતાં પણ પોતે માત્ર પાસેઠ હજાર સિપાઇઓ, જેમાંના ઘણા ખરા તો છેક નવાજ હતા તેમને લઇને દક્ષિણ તરફ જવા તૈયાર થયો. પોતાના તાબેદારને સારામાં સારૂં સૈન્ય આપીને જ્યાં ખરેખરી કીર્તિ મેળવવાની હતી, ત્યાં મોકલવામાં જે ઉદારતા નેપોલિયને બતાવી છે તેનો જોટો જગત્ના ઇતિહાસમાં મળી આવતો નથી.

આસ્ટ્રિયાનો સેનાપતિ માર્શલ મેલા પોતાના એક લાખ અને ચાળીશ હજાર સિપાઇઓને ઇટાલિની ઉત્તરે આવેલા કિલ્લાઓમાં ગોઠવીને પોતે ફ્રાન્સની દક્ષિણ હદપર પ્રચંડ વેગ અને દઢ શ્રદ્ધાપૂર્વક આગળ વધ્યો જતો હતો. તેના વિશાળ અને કવાયતી લશ્કરની સામે પોતાનું નાનું અને બિન અનુભવી લશ્કર ગોઠવવા કરતાં, આલ્પ્સ પર્વતની દેખીતી રીતે અભેદ્ય પર્વતમાળા ઓળંગીને પર્વત શિખર ઉપરથી તૂટી પડતા બરફના ડુંગરના જેવા પ્રચંડ અને સર્વનાશક વેગથી આસ્ટ્રિયન લશ્કરના પાછલા ભાગ ઉપર એકાએક તૂટી પડવું એવો નેપોલિયને ઠરાવ કર્યો. આલ્પ્સ પર્વતના પ્રદેશમાં કોઇ અનુકૂળ સ્થળે લશ્કર, દારૂગોળો તથા યુદ્ધસામગ્રી એકત્ર કરવાની જરૂર હતી. પણ આ તૈયારીની શત્રુને ખબર ન પડે તે માટે સાવચેતી રાખવાની હતી; નહિ તો આસ્ટ્રિયન સેના આલ્પ્સના સાંકડા ઘાટ ઘેરી લે અને તેના લશ્કરને પસાર થતું અટકાવ્યા વગર રહેજ નહિ. ઈંગ્લંડ અને આસ્ટ્રિયાના

જાસુસો તેની એકેએક હિલચાલ તપાસીને જાહેર કરવા ચાલાકીથી બાતમીઓ સૂંઘતા ફરતા હતા.

નેપોલિયને આલ્પ્સની તળેટીમાં આવેલું ડિર્જોન નામનું સ્થળ લશ્કરને એકત્ર કરવા માટે પસંદ કર્યું. પણ જે રસ્તે તે પોતાનું સૈન્ય ઉતારવાનો હતો તે માર્ગ જાહેર કરી દઇને તેણે શત્રુઓને આબાદ થાપ ખવડાવી. શત્રુપક્ષે આ ઉપરથી એવું અનુમાન કર્યું કે ડિર્જોનનું ઓથું બતાવીને નેપોલિયન પોતાનું ખરૂં યુદ્ધ કેન્દ્ર છુપાવે છે અને તેઓ મનમાં ફૂલાવા લાગ્યા કે અમે એમ છેતરાઇ જઇએ એવા નથી. લંડનનાં અને વિયેનાનાં પત્રોમાં નેપોલિયનની મૂર્ખાઇની ઉઘાડી રીતે મશ્કરી થવા લાગી. કેટલાક જાસુસો ડિર્જોન્ જઇ આવ્યા અને તેમણે રિપોર્ટ કર્યો કે અહિં તો માત્ર થોડી ટુકડીઓજ આવી છે અને તે પણ આપણને થાપ ખવડાવવાના હેતુથીજ મોકલી હશે. જેમ જેમ શત્રુપક્ષ નેપોલિયનની યોજનાને હસી કહાડવા લાગ્યો તેમ તેમ તે ડિર્જોન આગળ લશ્કર મોકલવાની વાતને વધારે જોરથી જાહેર કરવા લાગ્યો. તેણે એ સ્થળની આસપાસ જૂદે જૂદે ઠેકાણે લશ્કર અને યુદ્ધ સામગ્રી મોકલાવી દીધાં, અને એવી કુનેહથી છુપાવી રાખ્યાં કે તેના ખરા બળની શત્રુને ખબરજ પડી નહિ. ઈંગ્લંડ તો ખુશ ખુશ થઈ ગયું. તે તો એમજ સમજ્યું કે ફ્રાન્સનું લડાયક બળ હવે ખપી ગયું.

ફ્રાન્સના અગ્નિકોણમાં લીલાં હરિયાળાં ખેતરો અને દ્રાક્ષથી લચી રહેલા મંડપોમાંથી એક એકથી ઉંચે જતી સનાતન બરફથી ઢંકાયલાં શિખરોવાળી આલ્પ્સની પર્વતમાળા આવી રહી છે. તેની સાંકડી કરાડોમાંથી ઘોર ગર્જના કરતા જળ ધોધ નિરંતર ઉછળ્યાજ કરે છે. કેટલેક ઠેકાણે તો પર્વતની બાજુઓ દિવાલના જેવી સીધી છે અને સૃષ્ટિના આરંભથી આજદિન સુધીમાં મનુષ્યનાં પગલાં ત્યાં ભાગ્યેજ પડયાં હશે. આ દુર્ભેદ્ય પર્વતમાળા ઓળંગવાના મુખ્ય ઘાટને સેન્ટ બર્નાર્ડ કહે છે. સાહસિક મુસાફર ખચ્ચર ઉપર સ્વાર થઇને ધીમેથી, સાવચેતીથી, મુશ્કેલીથી સાંકડા અને સીધા રસ્તા ઉપરથી પ્રયાણ કરે છે. કોઇવાર સાંકડા પૂલવડે અગાધ ઉંડાં કોતરો ઓળંગે છે; કોઇવાર પર્વતની સાંકડી કોરણ ઉપરજ સાચવી સાચવીને પગ મૂકતો ચાલે છે. એકજ પગલું ચૂકે તો નીચેના ધારાવાળા ખડકોવડે ભયાનક રાક્ષસ જેવાં દેખાતાં ઉંડાં કોતરોમાં તે ગબડી પડયા વગર રહેજ નહિ. કોઇવાર ઘણાં ઉંચાં શિખર ઉપરથી બરફના ડુંગર જોરથી તૂટી પડે છે અને વૃક્ષો, ખડકો સર્વનો કચ્ચરઘાણ કરે છે તે જોઇને પ્રવાસી આશ્ચર્યચકિત થઇને ઉભો રહે છે. આ ઉજ્જડ બરફના પ્રદેશમાં પવન અને બરફનાં વાવાઝોડાં અનેકવાર ઉત્પાત મચાવી મૂકે છે, અને બિચારાં હતભાગ્ય પ્રવાસીઓ તેમના ભોગ થઇને હમેશને માટે બરફના બિછાનામાં દટાઇ જાય છે. આવા પ્રકારની વિપત્તિમાંથી પ્રવાસીઓને ઉગારી લેવાના

સ્તુત્ય હેતુથી પરોપકારી ખ્રિસ્તી સાધુઓનો એક પ્રાચીન મઠ એ સ્થળે સ્થપાયલો છે, અને તેઓ આજે સેંકડો વર્ષથી નિષ્કામભાવે પ્રભુનાં વિપત્તિગ્રસ્ત બાળકોની સેવાબરદાસ્ત કરતા આવ્યા છે. આ સ્થળ યૂરોપમાં સૌથી ઉંચામાં ઉંચું છે. તેની આસપાસનો દેખાવ ઘણોજ ગંભીર અને ગમગીનીભરેલો છે. ઉતરવાનો માર્ગ ચડવાના માર્ગ કરતાં પણ વધારે વિકટ છે. આ ઉજ્જડ પહાડી પ્રદેશ તદ્દન વનસ્પતિરહિત વેરાન જેવો છે. મુસાફરનાં પગલાંથી ચમકીને ઉડી જતા ગરુડ પક્ષીની ચીચીઆરી સિવાય ત્યાં બીજા કશાનો અવાજ સંભળાતો નથી. સીધા ખડકો ઉપર ચડી જવાને ટેવાયલા બકરા અને વનહરિણો ત્યાં પગ મૂકવાની હિંમત ચલાવી શકતાં નથી.

ફ્રેન્ચ સેનાપતિ માસિનાને આસ્ટ્રિયન લશ્કરે જીનોઆના કિલ્લામાં ઘેરી લીધો હતો અને તેમની તોપના મારાથી છિન્નભિન્ન થઇને તે કિલ્લો પડવાની તૈયારીમાં હતો. વિજયોન્મત્ત શત્રુસૈન્ય નાઇસ નગરના દરવાજાસુધી ધસ્યું આવતું હતું. તે બળવાન સૈન્યના પાછલા ભાગ ઉપર ઓચિંતો ધસારો કરવા જવા માટે નેપોલિયને ઉપર કહ્યો તેવો અત્યંત વિકટ માર્ગ પસંદ કર્યો હતો. જે પર્વતના ઘાટ પર ખચ્ચર પણ મુશ્કેલીથી ચાલી શકતાં, જ્યાં કદિ ગાડું તો ગયુંજ ન હતું અને જઈ શકે પણ નહિ, ત્યાં થઇને સાઠ હજાર માણસનું પાયદળ અને ઘોડેસ્વારનું સૈન્ય, ભારે તોપો, દારૂગોળો, સીધુંસામાન અને બીજી તમામ યુદ્ધસામગ્રી સહિત લઇ જવું એવી તેણે કલ્પના કરી હતી. ઈંગ્લંડ અને આસ્ટ્રિયા તો આ યોજનાને તિરસ્કારસહિત હસી કહાડવા લાગ્યાં.

પણ નેપોલિયન પોતાની કલ્પનાશક્તિવડે ભવ્ય યોજનાઓ ઘડવામાં કુશળ હતો એટલુંજ નહિ પણ યોજનાની ઝીણામાં ઝીણી બાબત પણ અમલમાં મૂકી શકે એવો તે કાર્યદક્ષ હતો. સેન્ટ બર્નાર્ડના ઘાટને રસ્તે ચાલીશ હજાર માણસોને લઇ જવાં, બાકીનું સૈન્ય બીજા બે ત્રણ નાના નાના ઘાટ મારફતે ઇટાલિમાં ઉતારવું, એકાએક જાણે પોતે આકાશમાંથી ઉતરી આવતો હોય તેમ ઝડપથી શત્રુસૈન્ય ઉપર પાછળથી આક્રમણ કરવું, આસ્ટ્રિયા સાથેનો તેનો તમામ વ્યવહાર તોડી નાખવો, અને પછી તેના ઉપર તૂટી પડવું; એવી તેની યોજના હતી. આમ કરવાથી ફ્રાન્સનો દક્ષિણ ભાગ ભયમુક્ત થાય એટલુંજ નહિ પણ ફ્રાન્સના શત્રુઓ ભયથી કંપ્યા વગર રહે નહિ.

ડિજૉનની આસપાસની જગ્યાઓમાં લશ્કરની ટુકડીઓ આવતી ગઇ અને છેલ્લો હુકમ થતાંની સાથે આખું લશ્કર સાંકડા ઘાટના નાકા આગળ હાજર થવાની રાહ જોતું બેઠું. ઘઉં, બિસ્કિટ અને અનાજનો અખૂટ ભંડાર પણ અનુકૂળ સ્થળોમાં ભરવામાં આવ્યો હતો. પાર્વત્ય પ્રદેશના એકે એક માણસ અને એકે એક ખચ્ચરને આગળથી પુષ્કળ પૈસા આપીને રોકી લીધાં હતાં. જાણે કોઇ મંત્રના પ્રભાવથી એકા-

એક ત્યાં આવાને ખડા થઈ ગયા હોય તેમ હજારો લુહારો અને કારીગરોની દુકાનો રસ્તામાં ઠેકાણે ઠેકાણે ઉભી થઇ હતી. તોપોનાં તથા બીજી સામગ્રી લઇ જવાનાં ગાડાંને માણસો અથવા ખચ્ચરો ઉંચકી શકે તેટલા માટે તેઓ તેમના સર્વ ભાગો છૂટા પાડી નાખતા હતા અને સમાર કામ કરતા હતા. વળી તેવાજ કારીગરોની એક બીજી ટુકડી અગાઉથી પર્વત ઓળંગીને ફ્રેન્ચ લશ્કરની રાહ જોતી બેઠી હતી કે જેવું તે આવી પહોંચે કે તોપોને ગાડામાં ચડાવી દે તથા ઘોડાના સામાન અને આયુધ વગેરેનું સમારકામ કરીને લશ્કરને સંપૂર્ણરીતે સજ્જ કરી શકે. પર્વતની બેઉ બાજુએ તમામ પ્રકારની સગવડવાળું એકેક દવાખાનું પણ ઉભું કર્યું હતું. નેપોલિયને એટલેસુધી દીર્ઘદૃષ્ટિ વાપરી હતી કે સેન્ટ બર્નાર્ડ મઠમાં બિસ્કિટ, માખણ અને દારૂનો પુષ્કળ જથ્થો આગળથી રવાના કરી દીધો હતો; તેથી જ્યારે થાકેલા સિપાઇઓ ત્યાં આવ્યા કે તરતજ તેમને માટે ત્યાં ખાઈ પીને તાજા થવાની ઉત્તમ પ્રકારની સગવડ તૈયારજ હતી. ફ્રાન્સની પ્રજાને સુવ્યવસ્થિત કરવા પોતે બાર માણસ જેટલું કામ કરતો તે વખતે આવી ઝીણી બાબતોની વ્યવસ્થા કરવાનું પણ તે કદી ભૂલતો નહિ. જો પરિશ્રમવડે મોટાઇ મળતી હોય તો નેપોલિયને જે કીર્તિ મેળવી છે તે તેણે સખત મહેનત કરીનેજ મેળવી છે; છતાં તેનું માનસિક બંધારણ પણ એવું હતું કે આહારનિદ્રારહિત અવિરત પરિશ્રમ કરવામાં તે આનંદ ભોગવતો હતો.

ઈ૦ સ૦ ૧૮૦૦ ના મે માસની ૭ મી તારીખે કુચ કરવાનું નિર્માણ કર્યું હતું. તે દિવસે ગાડીમાં બેસતાં તેણે પોતાની પત્નાને કહ્યું:—

“ વહાલી જોસેફાઈન, સલામ. હું ઈટાલી જાઉં છું. હું તને ભૂલી નહિ જાઉં. અને ઘણા દિવસ નહિ રોકાઉં.”

તેના એક ઈસારાની સાથે ફ્રાન્સનું ભવ્ય સૈન્ય ગતિમાં આવી ગયું. ઝડપથી તે ફ્રાન્સમાંથી પસાર થઇને આલ્પ્સ પર્વતની તળેટી આગળ આવી પહોંચ્યું. યુદ્ધ સામગ્રીસહિત તમામ સૈન્ય નીમેલે વખતે મુકરર જગ્યાએ હાજર થઇ ગયું. એકે એક સિપાઇ અને એકે એક સ્વાર તેની નજર આગળથી પસાર થતો ગયો. તેના પોશાકમાં, હથીઆરમાં જરાક પણ ખામી માલમ પડતી તો ત્યાંને ત્યાંજ તેને સમારવામાં આવતી. તેના જ્વલંત ઉત્સાહથી ભરેલા શબ્દો આખા સૈન્યને પ્રોત્સાહિત કરતા હતા. દરેક માણસ પોતાથી બનતું કરવા તૈયાર થયો હતો. માર્ગનું નિરીક્ષણ કરવા બે ઈજનેરોને આગળ મોકલ્યા હતા. તેમણે આવીને કહ્યું કે કામ ઘણુંજ મુશ્કેલીભરેલું છે.

નેપોલિયને પૂછ્યું, “ પણ બની શકે એવું તો છે ને ?” તેમણે કહ્યું “ કદાચ બની શકે એવું તો કહી શકાય.”

“ ત્યારે તો કુચ કરવાજ માંડો, ” એવો નેપોલિયને ઉત્સાહપૂર્ણ આદેશ કર્યો.

દરેક સિપાઇએ પોતાનાં હથીઆર ઉપરાંત થોડાક દિવસ ચાલે એટલો ખોરાક અને પુષ્કળ કાર્તુસો ઉંચકી લેવાનાં હતાં. માર્ગ અત્યંત સાંકડો હોવાથી એકજ માણસથી ચલાય તેમ હતું. તેથી ગાડાંનાં પૈડાંને છૂટાં કરીને, વચમાં વાંસ ખોસીને બે સિપાઇઓ તેમને ઉંચકીને ચાલતા. ઘોડેસ્વારો પોતાના ઘોડાને જેમ તેમ કરીને દોરી લેતા. જરાક ભૂલ થાય તો નીચે આવેલાં અગાધ ઉંડાં કોતરોમાં ગબડી જવાનો ભય હતો. આખી મુસાફરીમાં આ રીતે અનેક ઘોડાઓ અને કેટલાક સ્વારો પણ મૃત્યુને શરણ થયા. એક એક તોપ ખેંચવાને માટે સો સો ખચ્ચર હારબંધ જોડયાં હતાં. તેઓ થાકીને થંભી જતાં ત્યારે સિપાઇઓ પાછળથી જોરથી હડસેલી આપતા. નેપોલિયને મજૂરોને મજૂરી આપવામાં કસર રાખી ન હતી. તોપણ જે કામ એકલા પૈસાના લોભથી ન થતું તે નેપોલિયનની મોહક વાણી અને પ્રોત્સાહક શબ્દોના પ્રભાવથી થતું. સિપાઇઓ હર્ષનાદ કરીને તોપો ધસડતા. આ પ્રમાણે સીધા, સાંકડા, ખડકાળ માર્ગ ઉપર આખું ફ્રેન્ચસૈન્ય યુદ્ધના સરંજામસહિત પસાર થવા લાગ્યું. જ્યારે અત્યંત મુશ્કેલીવાળી જગ્યા આવતી ત્યારે રણતુરીના તીવ્ર નિનાદ કરવામાં આવતા. તેમના ધ્વનિના પડઘા ટેકરીએ ટેકરી અને ખીણે ખીણને ગજવી મૂકતા. નેપોલિયને મજૂરોના જેટલીજ બક્ષિસ સિપાઇઓને આપવા માંડી. પણ તેમના સેનાપતિનો જુસ્સો તેમનામાં વ્યાપી ગયો હતો તેથી પૈસા લેવાની તેમણે સાફ ના પાડી. તેમણે કહ્યું, “ અમે કાંઇ પૈસાને માટે આટલી મહેનત કરવા આવ્યા નથી, પણ તમને પ્રસન્ન કરવા અને અક્ષય કીર્તિને માટે આવ્યા છીએ. ”

નેપોલિયન મનુષ્યસ્વભાવનો પૂરેપૂરો પરીક્ષક હતો. મનુષ્યમાં રહેલી ઉદાર વૃત્તિઓને કેવી રીતે જાગૃત કરીને કામે લગાડવી તે કળામાં તે સંપૂર્ણરીતે નિપુણ હતો. અત્યારસુધી એવો રિવાજ હતો કે જે લોકો રણસંગ્રામમાં તોપો ખેંચી લાવતા તેમનો દરજ્જો તોપ ફોડનાર સિપાઇઓ કરતાં નીચો મનાતો હતો. આનું પરિણામ એ થતું કે તેઓ પોતાની જાતને મજૂર માનતા હતા; કેમકે યોદ્ધાઓની કીર્તિમાં તેમને કશો હિસ્સો મળતો નહિ. તેથી ભયના વખતમાં તેઓ તોપો મૂકીને નાસી જતા. નેપોલિયને જાહેર કર્યું કે “જેઓ રણસંગ્રામમાં તોપો ખેંચી લાવે છે તેઓ પણ તોપ ફોડનારના જેટલીજ સેવા બજાવે છે. અને તેમના જેટલુંજ જોખમ ખેડે છે માટે બેઉનો દરજ્જો સરખો ગણાવો જોઇએ. ” તેમણે તોપ ખેંચનારાઓને સિપાઇઓના જેવોજ પોશાક આપ્યો એટલે તેઓ મજૂર મટીને મગરૂર યોદ્ધાઓ બની ગયા અને હવે રણસંગ્રામમાં તોપો ખેંચી લાવવામાં તેઓ માન અને મગરૂરી માનવા લાગ્યા. હવે એ તોપો તેમને બોજારૂપ નહિ પણ પ્રીતિપાત્ર થઈ પડી. નિર્દય દૈત્ય જેવી તોપને તેઓ પોતાની પ્રિયતમાની માફક ચાહતા. તેની સાથે લાડ કરતા,

ચુંબનો કરતા અને તેના બચાવને માટે પ્રાણની પણ આહૂતિ આપવા તૈયાર થતા. આલ્પ્સના વિકટ પ્રવાસ દરમ્યાન એકવાર પુષ્કળ બરફ વરસવા લાગ્યું છતાં આ સિપાઇઓ તોપોને માર્ગમાં પડતી મૂકીને સારી જગ્યાનો આશ્રય લેવા ગયા નહિ. પરંતુ એક ભાઇ પોતાની બહેનને સાચવે તેમ આ ખડબચડા દેખાવના સિપાઇઓ આખી રાત તોપોની જોડે સૂઇ રહ્યા. તેમનામાં આ અજાયબ જેવો ફેરફાર નેપોલિયનની અસાધારણ બુદ્ધિને લીધે થયો હતો.

એમ કરતાં કરતાં પર્વતના શિખર ઉપર આવી પહોંચ્યા. ત્યાં તેમને માટે ખાઈ પીને તાજા થવાની ઉત્તમ પ્રકારની સગવડ કરાવેલી જોઇને સિપાઇઓના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ચાલીસ હજાર ભૂખ્યા અને થાકેલા સિપાઇઓને જમાડતાં તો ગરબડાટ મચી રહે; પણ નેપોલિયનની વ્યવસ્થા એવી ખામી વગરની હતી અને સિપાઇઓ ઉપર તેનો એવો નૈતિક અધિકાર દઢ બેસી ગયો હતો, કે એક પણ સિપાઇ પોતાની હાર છોડીને એક તસુ પણ આગળ ખસતો ન હતો. એક પછી એક સિપાઈ પોતાના ભાગનું ખાવાનું લઇને આગળ કુચ કરતો. થોભવામાં તો નામોશી મનાતી હતી. માર્ગમાં ગમે તેટલી અડચણ હોય તોપણ વીસ માઇલસુધી લાંબી પથરાતી સૈન્યની હારમાં ભંગાણ ન પડે તે પરજ સર્વનું લક્ષ્ય હતું. ચઢાણ કરતાં ઉતરવાનું વધારે મુસ્કેલ હતું. પરંતુ આકાશ ઉઘડી ગયું હતું, ઋતુ અનુકૂળ હતી, તેથી આખું સૈન્ય વગર અડચણે ઇટાલીનાં મેદાનોમાં આવીને ઉભું રહ્યું.

આખા સૈન્યમાં સૌથી છેલ્લો નેપોલિયન પોતે હતો. એક ખચ્ચર પર સ્વાર થઇને, વિચારમાં ગરકાવ થઇને, તે પ્રયાણ કરતો હતો. પોશાકમાં હમેશની માફક તેણે ભૂરો ડગલો પહેર્યો હતો. તેના ખચ્ચરનો દોરનાર જે એક તરુણ ખેડુત હતો તેને જરા પણ ખબર ન હતી કે દિગ્વિજયી નેપોલિયનની સેવા કરવા પોતે ભાગ્યશાળી થયો હતો.

માર્ગમાં ઘણો ખરો વખત તે શાંતપણે પોતાના વિચારોમાં મશગુલ રહ્યો હતો. ઈંગ્લંડ અને આસ્ટ્રિઆનાં સંયુક્ત સૈન્યો સામે ટક્કર લેવાના વિચારમાં તેની તમામ માનસિક શક્તિઓ રોકાઈ ગઇ હતી; એક લાખ અને વીસ હજાર જેટલા બળવાન સૈન્ય સામે બાથ ભરવાની યોજના ઘડવાની અનેક પ્રકારની ચિંતાઓનો અને સેનાપતિ તરીકેની જવાબદારીઓનો બોજો તેના હૃદય પર હોવા છતાં, આવે વખતે પણ તેના હૃદયમાં ચિરસ્થાયી વાસો કરી રહેલી ઉદારતા અને અનુકંપા પ્રકટ થયા વગર રહી નહિ. તેણે પોતાના તરુણ ભોમીઆની પાસેથી વાતમાં ને વાતમાં જાણી લીધું કે તે એક પર્વતનિવાસી ખેડુતની કન્યાને ચાહતો હતો. તે પણ તેને ચાહતી હતી. તે સાદો અને સરળ હૃદયનો હતો; પરંતુ ગરીબ હોવાથી પરણતાં અચકાતો હતો.

પ્રવાસને અંતે નેપોલિયને તેને સારૂં ઈનામ આપ્યું અને પેન્સીલથી પોતાના

એક કૉમીસેરીયટ ખાતાના (લશ્કરને સામગ્રી પૂરી પાડનાર) અમલદાર પર ચિઠ્ઠી લખી આપી. તે ચિઠ્ઠી બતાવતાંની સાથેજ તે તરુણને આનંદાશ્ચર્ય સાથે ખબર પડી કે તે ચિઠ્ઠી લખનાર સેનાધિપતિ નેપોલિયન હતો, અને તેણે તેને એક ઘર અને ખેતર ઈનામમાં આપ્યાં હતાં. તે ભલો માણસ પરણીને પોતાનું મનનું ધારેલું સુખ ભોગવવા લાગ્યો અને મહાન નેપોલિયનને આશીર્વાદ આપતો લાંબો વખત જીવ્યો. આવા કટોકટીના વખતમાં પણ રાજકાજના કામમાંથી જેને પોતાની ઉદારતા બતાવવાની વૃત્તિ થાય, તે મહાપુરુષમાં ઉદારતાનો ગુણ પ્રકૃતિગતજ હોવો જોઈએ એમાં જરાએ સંદેહ નથી.



प्रकरण २० मुं—मारेन्गोनो संग्राम

ફ્રેન્ચસેના હવે એઓસ્ટા નદીને કિનારે કિનારે કુચ કરવા લાગી. રળીઆમણાં ખેતરો, દ્રાક્ષના મંડપો, સ્વચ્છ ઝુંપડાં વગેરેથી હવે તેમનો પ્રવાસ ઘણોજ આનંદજનક થતો હતો. તેમની બેઉ બાજુએ દેવદારનાં વૃક્ષોથી છવાયલી એક એકથી ઉંચે જતી ભવ્ય પર્વતમાળા વિરાજતી હતી. આસ્ટ્રિયન લશ્કર વેગભેર ફ્રાન્સની હદ તરફ કુચ કરતું હતું. પોતાની પાછળ વંટોળિયાની ઝડપથી ફ્રેન્ચ લશ્કર દોડ્યું આવે છે તેની તેમને લેશમાત્ર પણ ખબર પડી ન હતી. આ બાજુએ ફ્રેન્ચ યોદ્ધાઓ આલ્પ્સ ઓળંગવાના પોતાના છેલ્લા પરાક્રમથી ગર્વિષ્ટ બનેલા હોવાથી અને પોતાના સેનાપતિમાં અટળ વિશ્વાસવાળા હોવાથી આનંદભેર આગળ કુચ કરતા હતા. પણ આગળ જતાં ખીણ સાંકડી થતી ગઇ. બેઉ બાજુના પર્વતો વધારે સીધા અને ખડકાળ દેખાવા લાગ્યા. તેમની વચમાં થઇને એઓસ્ટા નદીનો પ્રવાહ ફીણના ગોટેગોટ ઉરાડતો વેગભેર વહેતો હતો, અને તેની અને કિનારાપરના પર્વતની વચમાંનો માર્ગ અત્યંત સાંકડો અને વિકટ બનતો ગયો. એવામાં માર્ગમાં પર્વતના ઉંચા શિખર ઉપર બાંધેલા પ્રચંડ કિલ્લાથી તેમનો માર્ગ રોકાઇ ગયો. છેક નદીના કિનારા ઉપર ઉભેલા પિરામિડના જેવો તે ગગનચુંબી ગઢ હતો, તેના મજબૂત બુરજ ઉપર ચારે બાજુએ એવી ચતુરાઇથી તોપો ગોઠવી હતી કે નીચેના રસ્તા ઉપર એક ચકલું પણ ન ફરકી શકે.

આ સમાચાર વીજળીને વેગે લશ્કરના પાછલા ભાગમાં જ્યાં નેપોલિયન હતો ત્યાં પહોંચી ગયા. તે તરતજ આગળ આવ્યો અને કિલ્લાની સામેના એક પર્વતપર ચઢીને નાનાં ઝાડવાંના ઓથા નીચે જમીન પર સૂતો અને દૂરબીનથી કિલ્લો અને તેની આસપાસનો પ્રદેશ તપાસવા લાગ્યો. તેણે તરતજ શોધી કહાડ્યું કે કિલ્લાના કરતાં પણ વધારે ઉંચું એક સ્થળ છે અને ત્યાં જવા માટે શત્રુની તોપનો ગોળો ન પહોંચે એવો એક સાંકડો પગ રસ્તો પણ છે. ત્યાં જો તોપો ગોઠવાય તો શત્રુના ગઢ ઉપર આબાદ મારો થઇ શકે. તરતજ કુચ કરવાનો હુકમ થયો. પાયદળ અને આલ્પ્સના ઘાટપર ચઢીને ટેવાયલા ઘોડાઓ પણ સ્વારો સાથે

ચઢવા લાગ્યા. કિલ્લામાં રહેલા આસ્ટ્રિયનો ચાળીશ હજાર ફ્રેન્ચોને તેમના ઘોડાઓ સહિત કીડીઓની હારની માફક પર્વતને વળગીને ચઢતા જોઇને અજાયબીમાં ગરકાવ થઇ ગયા. પર્વતના શિખરપર આવ્યા પછી ઘણા દિવસનો **થાકેલો નેપોલિયન પત્થરનું ઓશીકું કરીને ઉંઘી ગયો.** તેની ઉંઘમાં ખલેલ ન થાય તેટલા માટે તેની આગળથી આખું લશ્કર પસાર થઇ ગયું તોપણ કોઇએ પગનો સહેજ પણ અવાજ કર્યો ન હતો, અને દરેકની આંખ તેના ફિક્કા, ચિન્તાગ્રસ્ત શુષ્ક વદન ઉપર પ્રેમપૂર્વક ઠરતી હતી. દેખાવમાં ખડબચડા, લઢી લઢીને રીઢા થઇ ગયેલા સિપાઇઓ પણ તેના તરફ આવી કોમળ લાગણી બતાવતા એ દેખાવ ઘણોજ હૃદયદ્રાવક હતો.

લશ્કર તો આવીને ગોઠવાઇ ગયું પણ હવે તોપોને શી રીતે લાવવી ! તોપખાના વગર ગઢ જીતાવાનો પણ નથીજ, એમ સમજીને કિલ્લામાંના અમલદારે સેનાધિપતિ મેલાને લખ્યું કે લશ્કર તો કિલ્લા પાસે આવ્યું છે પણ તેઓની પાસે તોપો નથી. તેને બિચારાને ખબર ન હતી કે તે આ પત્ર લખતો હતો તેજ વખતે અડધું તોપખાનું તો તેના કિલ્લાની પાસે થઇનેજ પસાર થઈ ગયું હતું. રાતના અંધારાનો લાભ લઇને પૈડાની સાથે ચીંથરાં વીંટાળીને, રસ્તા ઉપર સુકું ઘાસ પાથરતા જઇને, અને ધરીમાં બરાબર તેલ આંજીને લેશમાત્ર પણ અવાજ કર્યા વગર છેક શત્રુના કિલ્લાની દિવાલ પાસે થઇનેજ કેળવાયલા ફ્રેન્ચ તોપચીઓ બધું તોપખાનું ઘસડી ગયા અને થોડાજ દિવસમાં તે અભેદ્ય કિલ્લાના બુરજ ઉપર ફ્રેન્ચોની ધ્વજા ફરકવા લાગી !

હવે સેનાધિપતિ મેલાના ગભરાટનો પાર રહ્યો નહિ. નેપોલિયન—જેના નામથી મોટા મોટા યોદ્ધાઓ ડરતા હતા તે નેપોલિયન આલ્પ્સ પર્વત ઓળંગીને તેની નજીક આવી પહોંચ્યો છે, તેના ખોરાકી મેળવવાના માર્ગ રોકી બેઠો છે, અને આસ્ટ્રિયા સાથેનો તેનો વ્યવહાર કાપી નાખ્યો છે; એ સમાચાર મેલાને મળતાં તેના ગભરાટ તથા ગૂંચવાડાનો પાર રહ્યો નહિ. તેને માથે ઝઝુમતું ભયનું વાદળું એવું અસાધારણ હતું કે તેણે પારિસ જવાની તો આશા છોડીજ દીધી પણ હવે જીવતાં સ્વદેશ જવાશે કે કેમ તેનોજ તેને સંદેહ થવા લાગ્યો. આ વખતે તેના મનમાં ઘણાજ દુઃખજનક ગૂંચવાડા ઉત્પન્ન થતા હતા. તે કીર્તિના શિખર ઉપરથી પરાજયના ઉંડા ખાડામાં ગબડી પડવાની તૈયારીમાં હતો. તેણે હવે પોતાનું તમામ સામર્થ્ય પાછા સહિસલામત આસ્ટ્રિયા જવાનો રસ્તો મેળવવામાંજ વાપરવા માંડયું.

આ બાજુએ નેપોલિયનની પણ મુસ્કેલી અને ગૂંચવણો ઓછી ન હતી. શત્રુ તેની નજર ચૂકાવીને ઘણે રસ્તેથી નાસી શકે એમ હતું. આથી તેણે પોતાના સૈન્યને જૂદે જૂદે ઠેકાણે ગોઠવી દીધું હતું. પોતાની સાથે માત્ર તેણે વીસ હજાર સિપાઇઓ રાખ્યા હતા. તેમાંના ઘણા ખરા તો કદિ લડાઈમાં ઉતર્યાજ ન હતા. શત્રુ પાસે એક લાખ અને વીસ હજાર સિપાઇઓ હતા. ગમે તે વખતે તેના ઉપર

હુમલો થાય અને તેનું બધું લશ્કર એકઠું થવા પામે ત્યાર પહેલાં તો તેના નાના સરખા સૈન્યના ટુકડે ટુકડા થઇ જાય. તેણે ઉંઘ, આરામ અને ખોરાકનો ત્યાગ કર્યો હતો. દિવસ અને રાત તે ઘોડા ઉપર અને ઘોડા ઉપરજ કહાડતો. તેના જાસુસો ચારે દિશાએ ફરી વળ્યા હતા. શત્રુની એકેએક હિલચાલ તે તપાસતો હતો. ભવિષ્યમાં તેઓ કયો માર્ગ લેશે અને તેઓનાં સૈન્ય કેવી કેવી રીતે એકત્ર થઇ શકે તેની બધી ગણત્રી તે કરતો જતો હતો. મેલા ફ્રેન્ચો ઉપર તૂટી પડવાને પોતાનું આખું સૈન્ય એક ઠેકાણે એકત્ર કરવાનો યત્ન કરતો હતો પણ કયે ઠેકાણે તેનો હુમલો થશે તેની ફ્રેન્ચોને ખબર ન પડે તે માટે જૂદી જૂદી જગ્યાએ હુમલો કરવાનો ઢોંગ કરતો હતો.

હવે બેઉ સૈન્યને અથડાવાનો સમય નજીક આવ્યો જાણી નેપોલિયને પોતાના સૈન્યને પાણી ચડાવવા માટે એક પ્રોત્સાહક જાહેરનામું પ્રકટ કર્યું.

જે દિવસે તેણે પારિસ છોડયું તેજ દિવસે તેનો વિશ્વાસુ સેનાપતિ અને જીવજાન મિત્ર ડિસે મિસરથી આવી પહોંચ્યો હતો. તે ભલો, સાચા દિલનો અને નીતિવાન યોદ્ધો હતો. જે થોડા ઘણા માણસોને નેપોલિયન ખરા દિલથી ચાહતો હતો તેમાંનો તે એક હતો. ડિસેને આવતા વારજ નેપોલિયનના પત્રો મળ્યા. વાંચતાંની સાથેજ તે પણ આલ્પ્સ ઓળંગીને ઇટાલિ જવા નીકળ્યો અને નેપોલિયનને આવી મળ્યો.

તેને હવે પૂરેપૂરી ખબર પડી ગઇ હતી કે થોડાજ દિવસમાં આખરનું યુદ્ધ થઇ જશે, કારણ કે મેલા જૂદી જૂદી જગ્યાએથી પોતાના લશ્કરને ઝડપથી એકત્ર કરવા મંડી ગયો હતો. તેણે સેનાપતિ લાની અને મુરાને પોતાનો લક્ષણગત ટૂંકો પેગામ મોકલ્યો કેઃ—

“ સ્ટ્રાડેલા નદી આગળ તમારૂં લશ્કર તૈયાર રાખો. આઠમી કે મોડામાં મોડું નવમી તારીખે તમારી સામે પંદરથી અઢાર હજાર આસ્ટ્રિયનો આવી પહોંચશે. તેમના ઉપર ધસી જજો અને જીવતા જવા ન દેશો. મેલાના મુખ્ય સૈન્ય સાથે આપણને છેવટની લડાઇ થશે તે વખતે દુશ્મનનાં એટલાં ઓછાં માણસો હણવાં પડશે. ”

ખરેખર નેપોલિયને કહ્યું હતું તેજ પ્રમાણે અઢાર હજાર આસ્ટ્રિયનો આવી પહોંચ્યા. લાનિ તેમને મોન્ટેબેલોના મેદાનમાં જઇ મળ્યો. આસ્ટ્રિયનોની વ્યૂહરચના ઘણી મજબૂત હતી. આસપાસની ટેકરીઓ ઉપર એવી યુક્તિથી તો ગોઠવી હતી કે તેમના ગોળા આખા મેદાનમાં પડી શકે. આ લશ્કરને આસ્ટ્રિયાનાં બીજાં સૈન્યો જોડે મળી જતું અટકાવવાની ઘણીજ જરૂર હતી. લાની પાસે માત્ર આઠજ હજાર સિપાઇઓ હતા. થોડા કલાક જો તે ટકી રહે તો બીજાં ચાર હજાર માણસો જેઓ થોડે દૂર હતાં તે આવી મળે એમ હતું.

પોતાના કરતાં શત્રુઓ ઘણા વધારે છે અને તેઓ ભયંકર કતલખાનામાંજ પ્રવેશ કરે છે એમ પૂરેપૂરૂં જાણીનેજ ફ્રેન્ચ યોદ્ધાઓ ઉત્સાહથી વીરહાક ગજાવતા શત્રુસૈન્ય ઉપર તૂટી પડયા અને તરતજ ત્રણે બાજુએથી શત્રુની તોપોમાંથી તેમના ઉપર અગ્નિનો વરસાદ વરસવા લાગ્યો. સવારના અગીઆરથી રાતના નવ સુધી ખુનખાર કતલ મચી રહી. ફ્રેન્ચોની ઘવાતી, લોહીમાં રગદોળાતી, છિન્નભિન્ન થતી ટુકડીઓ વારે વારે શત્રુ ઉપર ધસી જતી. આખરે ત્રણ હજાર વીરોનું બલિદાન આપીને ફ્રેન્ચો જીત્યા. શત્રુઓ છિન્નભિન્ન થઇને નાઠા. તેમના ત્રણ હજાર યોદ્ધાઓનાં શબ રણક્ષેત્રમાં રઝળતાં થઇ ગયાં અને છ હજાર બંદીવાન થયા. નેપોલિયન લાનીની મદદે આવવા નીકળ્યો હતો પણ બરાબર જીતની વખતેજ આવી લાગ્યો. તે તરતજ લાનીને મળવા દોડી ગયો. તે શૂરો યોદ્ધો હાથમાં લોહીથી નીંગળતી તલવાર લઇને મુડદાંના ઢગલા વચ્ચે ઉભો હતો. ધૂમાડો, ધૂળ અને દારૂથી તેનું મોં કાળું થઇ ગયું હતું અને તેનો પોશાક ખરડાયલો હતો તેમજ ફાટી પણ ગયો હતો. નેપોલિયને તેના તરફ મગરૂરીથી જોયું અને તેને તેજ જગ્યાએ ડયૂક ઑફ મોન્ટેબેલોનો ખિતાબ આપ્યો, કે જે ખિતાબ તેના વંશજો પણ હજી મગરૂરીથી ધારણ કરે છે.

આ તો યુદ્ધની ફક્ત શરૂઆતજ હતી. ખરેખરો સંગ્રામ તો હવે થવાનો હતો. પણ ફ્રેન્ચો હવે જેટલા ઉત્સાહમાં આવી ગયા હતા તેટલાજ તેમના શત્રુઓ નિરુત્સાહ બની ગયા હતા. હવે તો શત્રુની જાળ તોડીને રસ્તો કરવા માટે મરણીઆ થઇને લઢવાનો મેલાએ સંકલ્પ કર્યો. આ બાજુએ નેપોલિયન શત્રુની દરેક હિલચાલને ઘણીજ ચિન્તાસહિત તપાસતો બેઠો હતો; કારણ કે કઇ જગાએથી તેનો હુમલો થશે તે સમજાતું ન હતું. ૧૪ મી જૂને સવાર પડતાં પહેલાં મેલાએ ૩૩૦૦૦હજાર પાયદળ, ૭૦૦૦ ઘોડેસ્વાર અને ૨૦૦ તોપો લઇને મારેન્ગોના મેદાનમાં વ્યૂહરચનામાં તૈયાર થઇને ઉભેલા ફ્રેન્ચો ઉપર પ્રબળ આક્રમણ કર્યું. ફ્રેન્ચોને માથે ઘણું જોખમ હતું. પોતાનાં છ હજાર માણસો સાથે ડિસે ત્રીસ માઇલ દૂર હતો અને તેને સાંજ પહેલાં તેડાવાય એમ હતુંજ નહિ, અને મદદ આવી પહોંચે તે પહેલાંજ ફ્રેન્ચોના ટુકડે ટુકડા થઇ જાય એવી ધાસ્તી હતી.

પરંતુ ડિસેના તીણા કાન ઉપર નિયમિત ફૂટતી તોપોની ગર્જનાઓ અથડાઇ કે તરતજ તે ચેતી ગયો કે લડાઈ શરૂ થઇ ચૂકી છે. તેને પોતાના સૈન્યને સાવધ કર્યું અને વીજળીને વેગે રણક્ષેત્ર તરફ કુચ કરી. નેપોલિયનને તેણે તેડાવી મંગાવવાને સ્વાર ઉપર સ્વાર દોડાવ્યા. દરમ્યાન તોપોના અસહ્ય મારથી ફ્રેન્ચ વ્યૂહરચના ભેદાતી ગઇ. નેપોલિયનનું સૈન્ય જેમ તેમ કરીને ટકાવ કરવા લાગ્યું. આખર તો બહાદૂરમાં બહાદૂર માણસથી પણ સહન ન થઇ શકે એવા સખત અગ્નિની ઝડી તેમના ઉપર વરસવા લાગી. ફ્રેન્ચવ્યૂહ ભેદાયો. “ બાજી બગડી છે-નસાય તેમ નાસો. ”

એવી બૂમ પાડતા સિપાઇઓ ચારે બાજુએ નાસભાગ કરવા લાગ્યા.

રણક્ષેત્રમાં ભંગાણ પડયું. વ્યવસ્થા તૂટી અને બધે નાસાનાસ થઇ રહી. શત્રુના દારૂગોળાથી સેંકડો નાસતા યોદ્ધાઓ વીંધાઈ જવા લાગ્યા. નેપોલિયન મહા પ્રયત્ને બે ચાર ટુકડીઓ વ્યવસ્થિત રાખી શક્યો હતો. તેમને લઇને તે ધીરે ધીરે પાછો હઠતો હતો. તેમની પાછળ શત્રુની બસેં તોપો લગોલગ આવી લાગી હતી. ફ્રેન્ચો પગલે પગલે લડતા સંખ્યાબંધ માણસોનો ભોગ આપીને પાછા હઠતા હતા. સેનાધિપતિ મેલાએ જોયું કે ફતેહ પૂરેપૂરી થઇ છે તેથી પોતાના તાબાના સેનાપતિને રણક્ષેત્ર સોંપીને તે પોતે થાકેલો હોવાથી આરામ લેવા ગયો અને સ્વારો દોડાવીને યૂરોપમાં બધે સમાચાર કહેવડાવ્યા કે મારેન્ગોના સંગ્રામમાં આસ્ટ્રિયનોએ પૂરેપૂરો વિજય મેળવ્યો છે. પણ એક અનુભવી સેનાપતિ જે આર્કોલા અને રિવોલીના સંગ્રામમાં હાજર હતો તે બોલ્યો કે " મેલા જરા વધારે પડતો આશાવંત છે. હજી આપણું કામ પૂરૂં નથી થયું. હજી નેપોલિયન તેનું અનામત રાખેલું લશ્કર લઇને લડયા વગર રહેશેજ નહિ. "

એજ પળે નેપોલિયને ડિસેની દૃઢ વ્યૂહબદ્ધ સેનાને રણક્ષેત્રમાં દાખલ થતી જોઇ. ડિસે મારતે ઘોડે તેની પાસે આવીને કહેવા લાગ્યો કે " પરાજય તો થયો છે અને હવે મારૂં કામ એટલુંજ છે કે તમે સલામત જગ્યાએ નાસી જાઓ ત્યાંસુધી શત્રુને ખાળી રાખું. "

જાણે પોતાના ઘરમાંજ બેઠો હોય તેવાજ સ્વસ્થ ચિત્તે નેપોલિયને કહ્યું, "ના, ના. ફતેહ તો આપણીજ છે. તમે શત્રુ ઉપર હુમલો કરો અને આપણું નાસતું લશ્કર તો હમણાં તમારી પાછળ આવીને ઉભું સમજજો."

ડિસે અને તેના સિપાઇઓ વિજયોન્મત્ત આસ્ટ્રિયનોની પ્રચંડ ભરતી સામે ખડકના જેવા ઉભા રહ્યા. તેજ વખતે નેપોલિયનની આજ્ઞાથી કેલરમેનના સ્વારોની ટુકડીએ શત્રુ ઉપર બીજી એક બાજુથી ધસારો કર્યો. એક પળમાંજ લડાઇનો રંગ બદલાઇ ગયો. નેપોલિયન દોડતે ઘોડે ચારે બાજુએ ફરી વળ્યો, અને સિપાઇઓને કહ્યું કે "**આપણે હવે બહુ નાઠા. હવે ધસારો કરવાનો આપણો વારો આવ્યો છે.**"

નાસતું લશ્કર થોડીજવારમાં વ્યવસ્થિત થઇ ગયું, અને શત્રુ ઉપર સામેથી અને બાજુએથી પ્રબળ આક્રમણ શરૂ થયું. તેમનો વેગ થંભ્યો. ડિસેની પલટણે ગોળીઓની ઝડી વરસાવી મૂકી. તેમના ઉપર પણ તેવીજ વરસવા લાગી. તેમાંની એક ડિસેની છાતીમાં વાગી. તે મરણતોલ થઇને ભોંયપર પડયો અને તરતજ મરણ પામ્યો. તેના સિપાઇઓને તે પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હતો. તેના ખૂનનું વેર લેવા તેઓ શત્રુસૈન્ય ઉપર ક્રોધોન્મત્ત વાઘની માફક તૂટી પડયા. હવે આસ્ટ્રિયનોની

નાસાનાસ કરવાની વારી આવી. ભરતીનાં પાણી થંભ્યાં હતાં તે: અસલના જેટલાજ વેગથી પાછાં વળ્યાં. થોડીજવાર ઉપર જે આસ્ટ્રિયનો વિજયથી ફૂલાઇ ગયા હતા તેઓ હવે ભયભીત બનીને ગમે તેમ ભાગવા લાગ્યા. રણક્ષેત્ર ફ્રેન્ચોની વીરહાકથી ગાજી રહ્યું. તેઓ શત્રુની પાછળ તીવ્ર વેગે દોડીને તેમને ઘેટાંની માફક કાપી નાખવા લાગ્યા. નાસતાં પણ તેમનાથી પ્રાણરક્ષણ થઇ શકે એમ ન હતું. બાર કલાકની ખૂનખાર કતલ પછી જ્યારે સાંજ પડી ત્યારે રણક્ષેત્રનો દેખાવ એવો ભયાનક થઇ પડયો હતો કે રાક્ષસના હૃદયને પણ કમકમાટી ઉપજાવે. વીસ હજાર માણસો ઘવાયલા, છુંદાયલા, ધૂળ અને કાદવમાં રગદોળાયલા પડયા હતા અને તોપોનાં ગાડાં અને સ્વારો તેમને છુંદતાં, કચરતાં દોડયે જતાં હતાં. યુદ્ધમાં બહાદૂરી, દેશભક્તિ અને સ્વાર્પણની ઉત્તમ વૃત્તિઓ કેળવાય છે એ વાત ખરી છે પણ તેની સાથે એટલું પણ યાદ રાખવું જોઇએ કે યુદ્ધમાં નિર્દય, કઠોર, રાક્ષસી વૃત્તિઓને પણ તેટલુંજ પોષણ મળે છે.

જે માણસ માત્ર શૌર્ય, કલ્પિત કીર્તિ અને દીલને ઉશ્કેરે એવા પ્રસંગોને લીધે યુદ્ધને પસંદ કરે છે તે મોટામાં મોટો મૂર્ખ અને પાપી છે. જે માણસ યુદ્ધને અંતઃકરણથી ધિક્કારે છે, યુદ્ધનો પ્રસંગ ઉભો ન થાય તે માટે બનતો પ્રયત્ન કરે છે પણ તેમ છતાં નિરુપાયે સ્વદેશના, સ્વધર્મના અને પોતાના પ્રિયજનોના રક્ષણને માટે, મનુષ્યપ્રજાનું હિત સાચવવા માટે દૃઢતાપૂર્વક યુદ્ધનો સ્વીકાર કરે છે; તેને જગત્ પૂજે છે અને ઈશ્વર પણ તેના સત્કાર્યને વખાણશે. પ્રજાસ્વાતંત્ર્યનો ઉપાસક મહાન્ વૉશિંગ્ટન યુદ્ધને ધિક્કારતો, તોપણ જરૂર પડે ત્યારે યુદ્ધમાં ભારેમાં ભારે જોખમ ખેડવાને હમેશાં તૈયાર રહેતો.

મારેન્ગોના રણક્ષેત્રમાં જે ખૂનખાર કતલ થઇ તેને માટે કોને જવાબદાર ગણવો? નેપોલિયનને તો નહિજ. આ મહાપાપનો, આ ભયાનક મનુષ્યહત્યાનો સઘળો બોજો ઈંગ્લંડ અને આસ્ટ્રિયાને શિર છે. નેપોલિયને તો લડાઈ અટકાવવાને બનતું કર્યું. પોતે હારેલો નહિ હતો છતાં અભિમાન મૂકીને તેણે સલાહ માટે પ્રાર્થના કરી. તે તેના અભિમાની શત્રુઓએ તરછોડી કહાડી એટલુંજ નહિ પણ ફ્રાન્સને તેના તિરસ્કારપાત્ર રાજાનો સ્વીકાર કરવાની ફરજ પાડવા માટે ત્રણ લાખ માણસોનું સૈન્ય બેઉ બાજુએથી આવવા લાગ્યું. ત્યારે નેપોલિયને તો માત્ર સ્વદેશરક્ષણને માટેજ તલવાર ખેંચી અને શત્રુનો પરાજય કર્યો.

શું આ વિજયથી તે ફૂલાઇ ગયો હતો? મારેન્ગોનો સંગ્રામ તેનું એક મોટામાં મોટું પરાક્રમ હતું, તેના શત્રુનો ગર્વ ચૂર્ણ વિચૂર્ણ થઇ ગયો હતો, અને સેનાપતિ મેલા હવે તેની દયાપરજ જીવતો હતો; છતાં જ્યારે તે સમરાંગણમાંથી પોતાના તંબુ તરફ મુડદાંના ઢગલાપર થઇને જતો હતો ત્યારે તેણે વિવિધ શસ્ત્રાસ્ત્રથી વીં-

ઘાયલાં અને તોપોના ગોળાથી કકડે કકડા થઇ ગએલાં માનવશરીરોના ઢગલા અને ઘાયલ થએલા સિપાઇઓનાં ગાડેગાડાં ભરેલાં જોયાં ત્યારે તે ઉંડી ગમગીનીમાં ડૂબી ગયો અને થોડીકવાર ટોપી ઉતારીને નિશ્ચેષ્ટ ઉભો રહ્યો.

ઇટાલિ તરફ કુચ કરવા પહેલાં તેણે યૂરોપમાં સુલેહ પથરાવવા માટે પોતાથી બન્યું તેટલું કર્યું હતું. હવે તે વિજેતા હતો. છતાં પણ લડાઇ પૂરી થતાંની સાથેજ પરાજિત થએલા આસ્ટ્રિયાના રાજા ઉપર નમ્રતા અને ઉદારતાભરેલો હૃદયદ્રાવક પત્ર લખવાની પહેલ કરી તેને માટે તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. તે પત્ર નીચે પ્રમાણે છેઃ—

"સાહેબ, પંદર હજાર મુડદાં અને ઢગલાબંધ ઘાયલ થએલા સિપાઇઓની વચમાં ઉભો રહીને આપને આ પત્ર લખું છું અને માનવજાતિના કરુણ પોકાર તરફ લક્ષ આપવાની આપ નામદારને પ્રાર્થના કરૂં છું. હજી પણ આપને કહું છું કે ફ્રેન્ચો અને આસ્ટ્રિયનો એક બીજાનાં ગળાં કાપે છે તે આપ હજી અટકાવો તો સારૂં. હું રણક્ષેત્રમાં છું અને આપ નામદાર તેનાથી ઘણે દૂર છો તેથી નાહક પીડાતા માનવબંધુઓમાટે આપના કરતાં મને વધારે લાગે એ સ્વાભાવિક છે, અને તેથીજ મારે આપશ્રીને આ વાત લખવી પડે છે."

આપ શાને માટે લડો છો? શું આપ ધર્મને માટે લડો છો? ત્યારે તો આપે રૂશિયા અને ઇંગ્લંડ સાથેજ લડવું જોઇએ; કેમકે તેઓજ આપના ધર્મના ખરેખરા શત્રુઓ છે. શું આપ રાજ્યવિપ્લવકારી સિદ્ધાન્તોની સામે યુદ્ધ કરો છો? તેમ હોય તો આપે જાણવું જોઇએ કે આ યુદ્ધને લીધેજ ફ્રેન્ચોને અડધા યૂરોપમાં ઘૂમવું પડયું છે અને તેથી તેવા વિચારોનો તો ઉલટો વધારેજ ફેલાવો થાય છે અને જેમ લડાઇ વધારે લંબાશે તેમ તેનો ફેલાવો હજી પણ વધારેજ થતો જશે. શું આપ યૂરોપિયન રાજ્યોની સત્તાની સમાનતામાટે લડો છો? ત્યારે તો ફ્રાન્સના કરતાં ઇંગ્લંડ વિશેષ અંશે એ સમાનતાનો ભંગ કરી રહ્યું છે; કેમકે યૂરોપની બીજી પ્રજાઓને દબાવીને આખી દુનિયાનો વેપાર ઇંગ્લંડ પોતાનો કરી બેઠું છે. × × × હમણાં આપણે આપણાં તમામ સૈન્યોની પ્રવૃત્તિ બંધ કરીને સુલેહની શરતો નક્કી કરીએ એમ હું ઇચ્છું છું."

આ સખત પરાજય પછી આસ્ટ્રિયન છાવણીમાં ફેલાયલા ગભરાટનું વર્ણન કરવું મુશ્કેલ છે. હવે તેમને નાસવા માટે રસ્તો રહ્યો ન હતો, અને નેપોલિયનની દયા ઉપરજ તેઓ જીવતા હતા. રાતોરાત સેનાપતિઓ મસલત કરીને શરણે આવવાના ઠરાવ પર આવ્યા, અને તેમને કેદ કરવા નહિ એ સરતે તેમણે ઇટાલિ ખાલી કરવાની કબૂલાત આપી. આ સરતો ઉપર બેઉ પક્ષની સહીઓ થઇ અને આસ્ટ્રિયાથી છેવટનો જવાબ આવતાંસુધી યુદ્ધવિરામ જાહેર થયો.

નેપોલિયને મે માસની ૭ મી તારીખે પારિસ છોડયું અને ૧૪ મી જુને મારેન્ગોનો સંગ્રામ થયો. એટલે પાંચ અઠવાડિયામાં તેણે આલ્પ્સ પર્વત ઓળંગ્યો અને સાઠ હજાર સિપાઇઓ જેમાંના ઘણાખરા તો નવા દાખલ થએલા હતા, તેમનાવડે એક લાખ અને વીશ હજાર આસ્ટ્રિયનોને જેર કરી નાખ્યા. આ પરાક્રમથી આખી સુધરેલી દુનિયા ચકિત થઇ ગઇ. દરેક ફ્રાન્સવાસીનું હૃદય વાજબી મગરૂરીથી વેંત વેંત ઉછળવા લાગ્યું. નેપોલિયને પોતાનું સિંહાસન મનુષ્યહૃદયના ઉંડામાં ઉંડા ભાગમાં સ્થાપ્યું હતું અને હજી પણ ત્યાંથી તેને કોઈ ખસેડી શક્યું નથી. તેની સ્વારી પારિસમાં આવી પહોંચતાં રોશની, આતશબાજી, ધ્વજા, પતાકા, તોરણો અને કમાનોથી નગર શણગારાઇ ગયું; ગીત, નૃત્ય તમાશા અને જયધ્વનિથી ગાજી રહ્યું; સુંદરમાં સુંદર કન્યાઓએ તેના માર્ગમાં ફૂલ વેર્યાં અને મુખડાના હાસ્યથી તેને વધાવી લીધો. તમામ સભાઓએ અને આગેવાન પુરુષોએ તેને અભિનંદન આપ્યાં. એકવાર આખી ફ્રેન્ચ પ્રજાના આભારસૂચક હર્ષનાદ સાંભળતાં નેપોલિયને કહ્યું કેઃ—

“ આ હર્ષનાદ જોસેફાઇનના સ્વરના જેવાજ મારા કાનને મધુર લાગે છે. આવા લોકોની પ્રીતિ હું મેળવી શક્યો તે જાણી હું પોતાને ઘણો સુખી માનું છું.”

ફ્રાન્સના જેવી ભાવપ્રધાન પ્રજાનાં અંતઃકરણ નેપોલિયન તરફ પ્રેમ અને ગર્વની લાગણીથી ઉછળે એમાં આશ્ચર્ય જેવું પણ નથી. માત્ર ચારજ મહિનામાં તેણે ફ્રાન્સને શરમ, દારિદ્ર અને અપમાનના ખાડામાંથી ઉંચકીને કીર્તિના અને આબાદીના શિખર ઉપર બેસાડી દીધું; અરાજકતાને ઠેકાણે વ્યવસ્થિત રાજ્યતંત્ર આપ્યું; દારિદ્ર ટાળીને પ્રજાકીય તિજોરી નાણાંથી ભરપૂર કરી; શરમભરેલા પરાજયનાં કલંક ભૂંસીને વિજયની કલગીએ પ્રજાને શણગારી પનોતી કરી અને સર્વત્ર અસંતોષ હતો તેને ઠેકાણે સર્વને પૂર્ણ સંતોષ આપ્યો. ફ્રાન્સ ઉપર ચડી આવેલા શત્રુઓનો પરાજય થયો હતો; તેની સામે થએલા કોલકરાર તૂટી ગયા હતા અને લડાઇથી પીડાતી પ્રજા હવે સુલેહનાં સુખવૈભવ આશાની નજરથી જોઇ શકી હતી.

શત્રુસૈન્યની હિલચાલ, તેમના દાવપેચ અને ભવિષ્યમાં થનારા બનાવ અગાઉથી સમજી જવાની નેપોલિયનમાં કેવી આશ્ચર્યકારક શક્તિ હતી તેનું ઉદાહરણ મારેન્ગોના રણસંગ્રામમાંથી મળી આવે છે. આ વિગ્રહની શરૂઆત થઈ તેને આગલે દિવસે નેપોલિયનના મંત્રમંદિરમાં તેનો પ્રાઇવેટ સેક્રેટરી બુરિયેન ગયો ત્યારે તે જમીનપર બેસીને ઇટાલીના નકશામાં લાલ અને કાળી ટાંકણીઓ ખોસીને રમત કરી રહ્યો હતો. નેપોલિયને તે વખતે બુરિયેનને પોતાનો તેમજ શત્રુસૈન્યનો કાર્યક્રમ સમજાવ્યો અને મારેન્ગો આગળ લાલ ટાંકણી ખોસીને કહ્યું કે આ ઠેકાણેજ હું જનરલ મેલાના સૈન્ય સાથે લઢીશ. બુરિયેને શકથી ડોકું હલાવ્યું પણ ત્યાર પછી દશજ અઠવાડીઆમાં એજ મારેન્ગોના રણક્ષેત્રપર વિજયી નેપોલિયનના લખાવ્યા પ્રમાણે બુરિયેન

યુદ્ધનો હેવાલ લખવા બેઠો ત્યારે તેણે પોતાના ઉપરિના અદ્ભુત રણકૌશલ્યનો સ્વીકાર કર્યો.

મારેન્ગોના સંગ્રામ પહેલાં બેજ દિવસ આગમચ ઈંગ્લંડે આસ્ટ્રિયા સાથે એવો કરાર કર્યો હતો કે આસ્ટ્રિયાએ લડાઈ પૂરજોસથી ચાલુ રાખવી, અને તેના બદલામાં ઈંગ્લંડે આસ્ટ્રિયાને લડાઈ દરમ્યાન વગર વ્યાજે પાંચ કરોડ ફ્રાંક ધીર્યા. આ કરારનામાથી ઈંગ્લંડની પરવાનગી વગર ફ્રાન્સ સાથે સલાહ ન કરવાને આસ્ટ્રયા બંધાઈ ચૂક્યું હતું. હવે તે ઘણી સંકડામણમાં આવી પડયું. ઈંગ્લંડને આપેલું વચન તોડી શકાય નહિ અને નેપોલિયનનું સૈન્ય વિયેનાના દરવાજા પાસે આવીને ઉભું રહે તો તેને ખાળવાનું આસ્ટ્રિયામાં બળ ન હતું. આથી માત્ર વખત કહાડવા માટે તેણે નેપોલિયન સાથે સલાહની શરતો નક્કી કરવાનો દેખાવ કરવાના હેતુથી રાજદૂત મોકલ્યો. નેપોલિયનને ઉપલા તહનામાની ખબર ન હતી તેથી તેણે તો પોતાની હમેશની ત્વરાથી તહનામું ઘડી કહાડયું અને તેના ઉપર ફ્રેન્ચ અને આસ્ટ્રિયાના પ્રધાનમંડળને સહી કરવીજ પડી. આસ્ટ્રિયાના શહેનશાહે આ તહનામું સ્વીકારવાની ના પાડી અને કહેવડાવ્યું કે ઈંગ્લંડ પણ સલાહ કરવા રાજી છે માટે ત્રણે રાજ્યોના એલચીઓની પરિષદ્ થોડાજ વખતમાં લુનેવિલે ખાતે ભરવી. આ પણ વખત મેળવવાનીજ યુક્તિ હતી.

આવી નીચ કુટિલતા અને બેઈમાનીપણા ઉપર નેપોલિયનને ઘણો ક્રોધ તો ચડ્યો છતાં તેણે ઈંગ્લંડ સાથે દરિયાઇ યુદ્ધ બંધ રાખવાની માગણી કરી. પણ તેની ઈંગ્લંડે તરતજ ચોકખી ના પાડી. આથી નેપોલિયનને ખાત્રી થઇ કે ઈંગ્લંડને પોતાના સુરક્ષિતપણા ઉપર વિશ્વાસ હોવાથી તેને સલાહ કરવીજ નથી; પણ પરિષદ્માં પોતાના એલચીઓને મોકલીને ફ્રાન્સ અને આસ્ટ્રિયા વચ્ચેની સલાહમાં ભંગ પડાવવાનોજ તેનો ઇરાદો છે. નેપોલિયને ઈંગ્લંડની સાથે એલાયદી સલાહ કરવાનું કહેણ મોકલ્યું; પરંતુ તે પણ ઈંગ્લંડે નાકબૂલ કર્યું.

* * *

प्रकरण २१-मुं होहेन्लिन्डेननुं युद्ध

મારેન્ગોના સંગ્રામને પૂરા બે મહિના વીતી ગયા અને સપ્ટેંબર મહિનો બેઠો. પણ તે દરમ્યાન સુલેહને માટે નેપોલિયનની તમામ માગણીઓને તરછોડી ક્હાડવામાં આવી. તેણે પોતે તો યૂરોપમાં સુલેહ જાળવવા માટે બનતું કર્યું. પોતે વિજયી થયેલો છતાં પણ નમ્રભાવે તેણે પરાજિત થએલા શત્રુરાજ્યને સુલેહને માટે વિનંતિ પર વિનંતિઓ કરી. કીર્તિની તેને કશી ઉણપ ન હતી. વિજયી સેનાપતિને મળી શકે એવી સઘળી કીર્તિ તે મેળવી ચૂક્યો હતો. તેને તો માત્ર ફ્રાન્સની જનસમાજને સુવ્યવસ્થિત કરવાની અને પોતાના અધિકારને મજબૂત બનાવવાની સ્પૃહા હતી; અને ઈંગ્લંડને જે દહેશત હતી તે એજ હતી. પોતાને સામેજ બારણે એક પ્રજાસત્તાક રાજ્ય બળવાન અને સુદૃઢ બને એ ઈંગ્લંડના ઉમરાવવર્ગને માટે અને ત્યાંની રાજ્યસત્તાને માટે ઘણુંજ જોખમભર્યું હતું.

આજ કારણથી ઈંગ્લંડના ઉમરાવવર્ગનો નેતા પિટ્ટ ફ્રાન્સની સાથે સલાહ કરવામાં પોતાથી બને તેટલા વિક્ષેપો નાખતો હતો, અને તેમ કરવામાં ઈંગ્લંડને જોખમમાં ઉતારવા જેવું પણ ન હતું. ફ્રાન્સથી તેનો વાળ પણ વાંકો થાય એમ ન હતું; અને ઈંગ્લંડ તો તેના નૌકાસૈન્યના બળવડે ફ્રાન્સના વ્યાપારને પાયમાલ કરવા સમર્થ હતું. ફૉક્સ અને તેના પક્ષના અન્ય વક્તાઓ યુદ્ધની વિરુદ્ધ મજબૂત લડત ચલાવતા હતા. નેપોલિયનની વિરુદ્ધ અનેક પ્રકારનો અસત્ય અને હલકી નિંદાથી ભરપૂર પત્રિકાઓ લોકોમાં વહેંચવામાં આવતી હતી તોપણ ઈંગ્લંડની પ્રજા તો એમજ માનતી હતી કે નેપોલિયન તેમનો—અને હરકોઈ દેશની પ્રજાનો મિત્રજ છે. પણ ઉમરાવોની સભામાં પિટ્ટનો લાગવગ જબરો હતો તેથી ફૉક્સના શુભ આશયો સફળ ન થયા. પિટ્ટે અનેક પ્રકારના કાવાદાવાથી, પ્રજા પાસેથી નાણાની ગંજાવર રકમનું દેવું કરીને અને તે રકમ આસ્ટ્રિયાને ધીરીને યુદ્ધ જારીને જારીજ રાખ્યું. તેમ કરીને ઈંગ્લંડની પ્રજાને ખર્ચના બોજા નીચે કચરવાનું અને યૂરોપમાં પચીશ વર્ષ સુધી મનુષ્યહત્યાનો દારુણ વિપ્લવ સળગાવવાનું પાતક પોતાને માથે વહોરી લીધું; પછીના યુગમાં યૂરોપની પ્રજામાં જે અસંતોષ ઘણાં વર્ષસુધી ચાલુ રહ્યો તેનો

ઉત્પાદક પિદૃજ હતો.

આસ્ટ્રિયાને તો સલાહ કરવાની ઘણીએ મરજી હતી. ફ્રાન્સમાં નેપોલિયન પોતાનો અધિકાર જમાવે તે કરતાં તેનું સૈન્ય વિયેનાના દરવાજા આગળ આવીને ઉભું રહે તેમાં તેને વિશેષ ડરવા જેવું હતું. પણ ઈંગ્લંડે ધીરેલાં નાણાં લઇને તેની સાથે કરેલા કોલકરારનાં બંધનોથી તે એવું જકડાઇ ગયું હતું કે ઈંગ્લંડની સંમતિ વગર સલાહ કરવાનું તેનાથી બને તેવુંજ ન હતું. નેપોલિયને જોયું કે આસ્ટ્રિયા સલાહની વાતો કરીને તેને ઉડાવ્યાજ કરે છે અને એ પ્રમાણે વખતનો લાભ લઇને આસ્ટ્રિયા યુદ્ધની ફરીથી તૈયારી કરે છે અને આવતો શિયાળો ગયા પછી તે ફ્રાન્સ ઉપર પહેલાંની માફક ધસી આવ્યા વગર રહેનાર નથી.

નવેંબર માસની શરૂઆત થઇ. પર્વતોનાં શિખર ઉપર બરફના ઢગલા જામવા લાગ્યા અને ઠંડા પવનના સુસવાટા શરૂ થયા. યુદ્ધવિરામની મુદત પૂરી થઇ હતી. આસ્ટ્રિયાએ તેને લંબાવવાની માગણી કરી, પણ નેપોલિયનને હવે ઠગી શકાય એમ ન હતું. તેણે જણાવી દીધું કે અડતાળીશ કલાકમાં તહનામા ઉપર સહી થાય તોજ યુદ્ધવિરામ ચાલુ રહેશે. આસ્ટ્રિયાએ વિચાર્યું કે ભર શિયાળામાં જર્મનોમાં થઇને આવવાનું જોખમ કોઇ પણ શાણો માણસ પોતાને માથે લેજ નહિ, અને શિયાળામાં તો પોતે યુદ્ધની તૈયારી કરી શકશે એવી ગણત્રી કરીને તેણે નેપોલિયનના કહેણનો અસ્વીકાર કર્યો. તેજ દિવસે ફ્રેન્ચસૈન્યે આસ્ટ્રિયા તરફ કુચ કરી. આ ચાર મહિનામાં પોતાના સૈન્યને પુનઃ સર્જ્ કરવામાં આસ્ટ્રિયાના શહેનશાહે પળેપળનો ઉપયોગ કર્યો હતો. સૈન્યમાં ઉત્સાહ પ્રેરવા માટે તે જાતે તેની મુલાકાત લેતો. આ વખતે બાદશાહી સૈન્યનું સેનાપતિપણું શહેનશાહના બીજા ભાઇ આર્ચડ્યૂક જૉનને આપ્યું. નેપોલિયનની હિલચાલ તો હમેશની માફક પૂર ઉત્સાહથી થતી હતી. પારિસની રાજદ્વારી સ્થિતિ જોતાં તેનાથી ફ્રાન્સ છોડાય એમ હતુંજ નહિ. એક બળવાન લશ્કર જનરલ બ્રૂનની સરદારી નીચે ઈટાલિમાં દાખલ થયું. તેને હાથે ત્યાંના આસ્ટ્રિયન સૈન્યનો પરાજય થયો અને તે વિયેના તરફ આગળ વધવા લાગ્યું. આ જંગમાં માર્શલ મેકડોનલ્ડે પણ આલ્પ્સ પર્વતનું અતિક્રમણ કરવાનું સાહસ કર્યું.

સેનાધિપતિ મોરોએ પોતાની ભવ્ય સેના સાથે ર્હાઇન નદીના પ્રદેશમાં મોરચો માંડયો. ઇસર અને ઇન નદીની વચ્ચે વિશાળ અને ઘાડું જંગલ આવેલું છે. એ નિર્જન પ્રદેશમાં ધોધબંધ વહેતા પહાડી ઝરા અને ઘીચ ઝાડી સિવાય બીજું કાંઇ છેજ નહિ. આ જંગલમાં થઇને બે મોટા રસ્તાઓ બનાવેલા છે. જંગલના મધ્ય ભાગમાં થોડાંક કંગાલ ઝુંપડાંઓનું બનેલું હોહેન્લિન્ડેન નામનું ક્ષુદ્ર ગામડું છે. આ સ્થળે ડિસેંબરની ત્રીજી તારીખે રાત્રે સાઠ હજાર ફ્રેન્ચો અને આર્ચડ્યૂક જૉનના સીત્તેર હજાર આસ્ટ્રિયનોનો ભેટો થયો.

મ્યુનિચના દેવળમાં મધ્યરાત્રિના ટકોરા થતાંજ બેઉ સૈન્યે એક બીજા ઉપર છાપો મારવાના હેતુથી હિલચાલ કરવા માંડી. ઠંડો પવન જોરથી વાતો હતો અને બરફના થર રસ્તાઓ ઉપર એવા ઘાડા જામી ગયા હતા કે રસ્તાની નિશાની સરખી પણ રહી ન હતી. બેઉ સૈન્ય રાત્રિના અંધકારને લીધે ઝાડીમાં ગૂંચવાઇ ગયાં અને તેમના અગ્ર ભાગ એકાએક એકબીજાના સાથે અથડાઇ ગયા. ત્યાર પછી જે ભયાનક ઘટનાનો આરંભ થયો તેની તો કલ્પના પણ થવી મુસ્કેલ છે. કાળી ઘોર રાત્રિ, ઠંડા પવનના સુસવાટ, બરફની વૃષ્ટિ, તોપોના વજ્રનિનાદ, રાત્રિના અંધકારને વિશેષ ભયાનક બનાવતા અગ્નિના ચમકારા, ગોળાના આઘાતથી કડાકા સમેત તૂટી પડતાં વૃક્ષો, બરફ અને ઝાડીમાં ગૂંચવાઇ ગએલા ભયભીત ઘોડાઓના હણહણાટ, હૃદયભેદી યુદ્ધગીત–આ સર્વ ઉપકરણોસહિત એક લાખ અને ત્રીશ હજાર યોદ્ધાઓ એક બીજા ઉપર દૈત્યોની માફક તૂટી પડયા. શત્રુ કોણ અને મિત્ર કોણ તેની કશી ખબર પડતી નહિ. ગોલંદાજો અડસટ્ટે તોપો ફોડયા જતા હતા. બેઉ સૈન્યમાં ભયંકર ગોટાળો મચી રહ્યો. તલવારો અને સંગીનો સામસામી અથડાવા લાગી. હજારો ઘાયલ થએલા સિપાઇઓ બરફમાં, ઝાડીમાં, અને કોતરોમાં રઝળતા થઇ ગયા અને જેઓ પગ ટેકવીને ઉભા રહી શકતા તેઓ દૈત્યોની માફક શસ્ત્ર ચલાવતા ગયા; કારણ કે સેનાપતિઓમાં અને અમલદારોમાં તો દેશભક્તિના ઉમદા ભાવ હોય છે ખરા પણ સામાન્ય સિપાઇઓ તો હમેશાં પાજી, બદમાસ અને અધમતાની આખરની પાયરીએ પહોંચેલા માણસોજ હોય છે. તે ભયંકર તોફાની રાત્રિએ રુધિરાપ્લાવિત અરણ્યમાં ઇશ્વરની છુપી આંખ કેવાં બીભત્સ દસ્યો જોઇ રહી હશે ?

સવાર થયું. આકાશમાં વાદળનો ઘટાટોપ અને પૃથ્વી ઉપર મનુષ્યના કતલખાનાની પ્રવૃત્તિ એક સરખી રીતે ચાલુજ રહી હતી. વીશ હજાર યોદ્ધાઓ પોતાના લોહીથી ખરડાયલી બરફની કબરમાં દટાયા ત્યારે ફ્રેન્ચોનો દરેક બાજુએથી વિજય થયો. આસ્ટ્રિયાએ પચીશ હજાર યોદ્ધાઓનો ભોગ આપ્યો અને તેનું સૈન્ય છિન્ન ભિન્ન થઇને ડાન્યુબ નદીની ખીણમાં નાસવા લાગ્યું. નાસતા શત્રુને પણ ગોળાથી વીંધતા, વિખેરતા ફ્રેન્ચોએ તેમની પૂંઠ લીધી અને આસ્ટ્રિયાના પાટનગર વિયેનાથી ત્રીશ માઇલસુધી આવી પહોંચ્યા. હવે ત્યાંના શહેનશાહે સલાહને માટે નેપોલિયનની આજીજી કરવા માંડી. પણ તેણે તો તરતજ શત્રુના કહેણને સન્માન આપ્યું અને જો કે તેણે ધાર્યું હોત તો પ્રથમના કરતાં વધારે આકરી શરતો તે કરાવી શકત; પરંતુ તેણે પોતાની સ્વાભાવિક અદ્વિતીય ઉદારતા બતાવીને પ્રથમની શરતોનીજ માગણી કરી.

જનરલ મોરોને તેના અમલદારોએ કહ્યું કે શામાટે અમને આગળ વધતા અટકાવો છો ? મોરોએ જવાબ આપ્યો કે “ **આપણે સલાહને માટેજ લઢીએ**

છીએ અને તેટલાથીજ આપણે સંતોષ માનવો જોઇએ. ”

આ પ્રમાણે ઇંગ્લંડની સંમતિ વગર આસ્ટ્રિયાને સલાહ કરવાની ફરજ પડી; એટલે માત્ર ઇંગ્લંડ સિવાય આખા જગત્માં ફ્રાન્સનો કોઇ વૈરી રહ્યો નહિ. સુલેહની શરતોમાં નેપોલિયને એક ખાસ શરત એ કરાવી હતી કે ઇટાલિમાં જેમને રાજકીય અપરાધને માટે કેદ કરવામાં આવ્યા હોય તેમને બંધનમુક્ત કરવા, અને જે જે નાનાં પ્રજાસત્તાક રાજ્યો હસ્તીમાં આવ્યાં હતાં તેમને આત્મનિર્ણય કરવાનો હક્ક આપવો, કે જેથી તેઓ પોતાનું રાજ્યતંત્ર પોતેજ પસંદ કરી શકે.

શત્રુરાજ્યોએ તેને આટલો બધો રંજાડયો તોપણ તેણે અસલની શરતોમાં કશો ફેરફાર કર્યો નહિ. એવી ઉદારતા નેપોલિયન સિવાય બીજો કોઇ ભાગ્યેજ બતાવે.+ તેણે ઇટાલિમાં જે પ્રથમ યુદ્ધો કર્યાં તે પણ માત્ર સલાહ કરાવવાને માટેજ હતાં. આખરે તેણે પોતાને અને સામા પક્ષને એઉને માટે સરખી રીતે માનભરેલી ગણાય એવી શરતો કેમ્પોફોર્નિઓ આગળ આસ્ટ્રિયા પાસે લખાવી લીધી. જ્યારે તે મિસરથી પાછો ફર્યો ત્યારે આસ્ટ્રિયા અને ઇંગ્લંડ એક થઇ ગયાં હતાં અને ફ્રાન્સની હદ ઉપર ત્રણ લાખ માણસોનું સૈન્ય આક્રમણ કરવા તત્પર થયું હતું. તેણે મનુષ્યજાતિની નાહક થતી કતલ અટકાવવાની મતલબથી પરપક્ષના સલાહમાટે કાલાવાલા કર્યા પણ તેઓ એમ સમજ્યા કે એનામાં લઢવાનું સામર્થ્યજ રહ્યું નથી માટે સલાહ માગે છે. એમ સમજીને તેમણે યુદ્ધ આરંભ્યું, અને નિરપરાધી ફ્રેન્ચ પ્રજા ઉપર દારૂગોળાનો વરસાદ વરસાવવા લાગ્યા.

આત્મસંરક્ષણને માટે નેપોલિયને ભર શિયાળામાં આલ્પ્સ ઓળંગ્યો અને મારેન્ગોના રણક્ષેત્રમાં શત્રુસૈન્યને સૂકાં પાનની માફક ઉડાવી દીધું. લડાઇના મેદાનમાંજ, ફતેહની પળેજ તેણે ફરીથી સલાહ કરવાની પ્રાર્થના કરી અને લખ્યું કે “ હું તો હજી કેમ્પોફોર્નિયોની શરતો પ્રમાણેજ સલાહ કરવા ખુશી છું. ” આ પત્ર કોઇ નિષ્ઠુર અને આડંબરવાળા રાજદ્વારી લખાણની ઢબમાં લખાયો ન હતો પણ લખનારની દયા અને સાચી નિષ્ઠા સ્પષ્ટપણે પ્રતીત થતાં હતાં.

સામા પક્ષે માત્ર વખત લેવાને માટે તેને ઉડાવ્યા કર્યો અને આખરે ના પાડી ત્યારે નેપોલિયનના સૈન્યને ફરીથી બરફથી ઢંકાયલા પર્વતો, ઘીચ જંગલો અને ઠંડા પવનનાં તોફાનમાં થઇને આસ્ટ્રિયા તરફ કુચ કરવાની જરૂર પડી. ફરીથી હોહેન્લિન્ડેનના સંગ્રામમાં શત્રુનો પરાજય થયો અને ફ્રેન્ચસેનાની તોપોના ધડાકા

+ ઉદારતા નહિ તો ક્રૂરતા તો બતાવેજ ! ભોળા અમેરિકન પ્રેસિડેન્ટનાં ઉત્તમ ૧૪ સૂત્રો મોઢે મોઢેથી સ્વીકારી અમેરિકાના વિશ્વાસે યુદ્ધ બંધ કરનારા જર્મનીની સાથે તેનો સર્વનાશ કરનારી કેવી કેવી શરતો પરાણે કરાવી લેવામાં આવી તે વાત જગપ્રસિદ્ધજ છે.
સંપાદક

આસ્ટ્રિયાના શહેનશાહે રાજધાનીમાં બેઠાં બેઠાં સાંભળ્યા ત્યારે તેણે હતાશ થઇને સલાહની પ્રાર્થના કરી; પણ નેપોલિયને તેનો તિરસ્કાર ન કરતાં ઉદારભાવે જવાબ આપ્યો કે " હું કીર્તિને માટે કે પર મુલક જીતવા માટે લઢતો નથી, પણ સલાહને માટેજ લઢું છું અને હજી હું કેમ્પોફોર્નિયોના કોલકરાર પ્રમાણેજ તમારી સાથે સલાહ કરવા રાજી છું."

હવે આખા યૂરોપ ખંડે ફ્રાન્સ સાથે સુલેહ કરી પણ ઈંગ્લંડે એકલે હાથે યુદ્ધ જારીજ રાખ્યું. ફ્રાન્સનું નાકાબળ અલ્પ હોવાથી તે સામો પ્રહાર કરી શકતું ન હતું. સર વૉલ્ટર સ્કોટ પોતેજ લખે છે કે " ઈંગ્લંડનો કાફલો બધા દરિયામાં ઘૂમી વળતો અને ફ્રાન્સનો વેપાર નષ્ટ કરતો, તેની આવકને મોટો ધોકો પહોંચાડતો અને તેના બંદરોને ઘેરી લેતો."

આસ્ટ્રિયા સાથે થએલી સલાહ પ્રજાને જાહેર કરતાં નેપોલિયને જણાવ્યું હતું કે " શામાટે આ સલાહથી આખા યૂરોપમાં બધે સુલેહ નથી થતી ? ફ્રાન્સને તો એજ ઇચ્છા છે. એનેજ અર્થે ફ્રાન્સનું પ્રજાસત્તાક રાજ્ય પ્રયત્ન કરે છે પણ તે સઘળા વ્યર્થ જાય છે. આસ્ટ્રિયા સાથેની સલાહમાં વિઘ્નો નાખનાર ઈંગ્લંડનો પ્રધાન છે એ વાત યૂરોપમાં બધા જાણે છે. આપણે તેની સાથે જૂદી સલાહ કરવાની પ્રાર્થના કરી પણ ફોકટ. આપણને જવાબ મળ્યો કે ઈંગ્લંડ પોતાના મિત્રરાજ્યને મૂકીને એકલું સલાહ કરી શકેજ નહિ. હવે જ્યારે એ મિત્રરાજ્યે સલાહ કરી છે ત્યારે ઈંગ્લંડ પ્રતિષ્ઠાનાં અને પ્રજાઓના હકકોનાં એવાં એવાં બહાનાં બતાવીને હજી પણ સલાહ કરવાની ના કહે છે. આખા એશિયાનો વ્યાપાર તેના હાથમાં છે, તેની પાસે વિસ્તીર્ણ સંસ્થાનો છે પણ એટલાથી તેની મહત્વાકાંક્ષા તૃપ્ત થતી નથી. તેને તો તમામ સમુદ્રો ઉપર પોતાનો એકલાનોજ અધિકાર બેસાડવો છે." બ્રિટિશ પ્રધાન પિટ્ટે જ્યારે આસ્ટ્રિયાના પરાજયના સમાચાર સાંભળ્યા ત્યારે તે ઘણો નિરાશ અને ખિન્ન થઇ ગયો અને બોલ્યો " યૂરોપનો નકશો વાળી દો. બીજાં વીશ વર્ષસુધી તેને ઉઘાડવાની જરૂર નથી."

યૂરોપમાં જ્યારે ઉપરના બનાવો બનતા હતા ત્યારે નેપોલિયન પારિસમાં રહ્યો રહ્યો પોતાના વિશાળ રાજ્યનાં તમામ સાધનો અને શક્તિઓનો વિકાસ કરવા માટે તનતોડ પરિશ્રમ કરી રહ્યો હતો. તેનામાં એવી અપૂર્વ શક્તિ હતી કે પોતાના માથા ઉપર અનેક કામ હોય તોપણ જે કામમાં તેને ચિત્ત પરોવવું હોય તેમાં તે સંપૂર્ણ ધ્યાન લગાડી શકતો, અને તેને પતાવી દીધા પછી, નકામી ચિંતા કરીને શક્તિનો ક્ષય ન કરતાં તે પૂર્ણ ઉત્સાહથી બીજા કામમાં મંડી જતો. નિરંતર માનસિક પરિશ્રમ એ તો તેને મનથી વિલાસનો એક વિષય હતો.

હવે નેપોલિયનની સર્વ વિષયોમાં પારંગત થઇ શકે એવી બુદ્ધિ ઝળકી નીકળી.

રાજ્યની મહેસુલમાં તેણે વૃદ્ધિ કરી અને પ્રજાને સંતોષ થાય એવી રીતે તમામ કરની વ્યવસ્થા કરી દીધી. ફ્રાન્સની મુખ્ય બેંકને નવેસરથી કામ કરતી કરી અને તેના વહીવટમાં નવો ઉત્સાહ રેડયો. પારિસથી પાંચ લાંબા, વિશાળ રાજમાર્ગ બંધાવવામાં સીત્તેર લાખ ફ્રાન્કનો ખર્ચ કર્યો. લૂટારાઓ, અને લશ્કરમાંથી છૂટા થએલા બદમાસોનો રાજમાર્ગમાં ઘણો ભય હતો. નેપાલિયને કહ્યું, " જરા ધીરજ રાખો. મને એક બે મહિનાની મુદત આપો. પહેલાં તો હું દેશની બહાર જીતીને સલાહ કરાવું અને પછી એ લૂંટારાઓનો તરતજ ઈન્સાફ કરવા મંડી જઇશ. " ફ્રાન્સ અને બેલ્જીયમને જોડનારી એક ઘણીજ અગત્યની નહેર થોડાં વર્ષથી ખોદાવા માંડી હતી, પણ તેને ખોદવાના માર્ગના સવાલમાં ઈજનેરો વચ્ચે મતભેદ હતો. નેપોલિયને જાતે જઇને તે સ્થળનું અવલોકન કર્યું અને એ પ્રશ્નનો ત્યાંને ત્યાંજ સુંદર નિર્ણય કરી આપ્યો. સેન નદી ઉપર પારિસ પાસે બે નવા પૂલ બંધાવ્યા અને આલ્પ્સ પર્વત ઓળંગવા માટે વિશાળ પાધર રસ્તો તૈયાર કરાવ્યો. આ બે કાર્યો અનેક સૈકાસુધી નેપોલિયનની બુદ્ધિ અને શક્તિની સાક્ષી આપતાં જગત્માં વિદ્યમાન રહેશે. ઈટાલિના યુદ્ધ વખતે સેંટ બર્નાર્ડ મઠના સાધુઓએ ફ્રેન્ચ સૈન્યની સારી બરદાસ્ત લીધી હતી તેનો આભાર માનવા નેપોલિયને ત્યાં આગળ મુસાફરોને માટે બે મોટાં મુસાફરખાનાં બંધાવ્યાં અને તેની વ્યવસ્થા તે ભલા સાધુઓને સુપ્રત કરી. આ બધાં કાર્યોની સાથે સાથેજ તેણે ફ્રાન્સમાટે દિવાની કાયદા ઘડવાનો આરંભ કર્યો. યૂરોપમાંથી વીણી વીણીને સારામાં સારા ધારાશાસ્ત્રીઓને તેડાવ્યા, અને સભાના પ્રમુખસ્થાને બેસીને નેપોલિયન તેમની સાથે કાયદાની એકેએક કલમનું પૃથક્કરણ કરતો. તેની યુદ્ધકળાના જેટલીજ રાજનૈતિક અને કાયદાની બાબતોમાં પણ નિપુણતા જોઇને ધારાશાસ્ત્રીઓ પણ આશ્ચર્ય પામતા.

આ વખતે નેપોલિયનનું ખૂન કરવાના અનેકવાર પ્રયત્નો થયા. ફ્રાન્સની પ્રજા તો તેના ઉપર બેહદ વિશ્વાસ, આભાર અને સ્નેહ દાખવતી હતી પણ દેશમાં હજી રાજ્યવિપ્લવકારી જેકોબિન પક્ષ હયાત હતો; તેમજ રાજાહિતૈષિઓ પણ વખત આવ્યે માથું ઉંચકવાની રાહ જોતા હતા. રાજહિતૈષિઓએ નેપોલિયનનું ખૂન કરવાના હેતુથી ભયંકર યંત્ર રચ્યું પણ તેમાંથી તે બચી ગયો તે ખરેખર આશ્ચર્યકારક છે.

સને ૧૮૦૦ ના ડિસેંબર માસની ૨૪ મી તારીખે એટલે એક બાજુએ આસ્ટ્રિયાનો પરાજય થતો હતો અને ઈંગ્લંડથી તે છૂટું પડવાની તૈયારીમાં હતું, તે વખતે રાત્રે નેપાલિયને જોસેફાઇનના આગ્રહને વશ થઇને લાચારીથી નાટક જોવા જવા કબૂલ કર્યું. તેની ગાડીની આગળ આગળ એક ગાડું જતું હતું. નીચે પીપ જેવું કાંઇક લટકતું હતું અને તેની અંદર એક ભયાનક યંત્ર હતું. એકાએક ગાડું ઉંધું થઈ ગયું અને નેપોલિયનની ગાડી તેની પાસેથી પસાર થાય છે તેવોજ પેલા પીપ-

માંથી એવો પ્રચંડ ધડાકો થયો કે આખું પારિસ નગર ધ્રૂજી ઉઠયું. આઠ માણસો તો ત્યાંને ત્યાંજ મરણ પામ્યાં, સાઠ ઘાયલ થયાં તેમાંથી પણ પાછળથી વીશ મરી ગયાં. આસપાસનાં કેટલાંક ઘરના ભૂકે ભૂકા ઉડી ગયા. આવા અણીના પ્રસંગો નેપોલિયને એટલા બધા જોયા હતા કે તેથી તેને લેશમાત્ર પણ ગભરાટ થયો નહિ. નાટકશાળામાં સઘળાએ આ ધડાકો સાંભળ્યો હતો તેથી લોકોને તેની સલામતીમાટે ચિંતા થઈ હતી. તેને સહિસલામત આવતો જોઇને તાળીઓના અવાજથી નાટકશાળા ગાજી ઉઠી. તે શાંતિથી જોસેફાઇન પાસે બેઠો અને બોલ્યો. “ આજે તો હરામખોરો મને ઉડાવી મૂકતા હતા. ચાલ, ગાયનની ચોપડી લાવ જોઇએ. ”

આ ભયંકર કૃત્યથી આખા નગરમાં ખળભળાટ વ્યાપી ગયો અને નેપોલિયનની લોકપ્રિયતા હતી તે કરતાં બેહદ વધી ગઇ. તેના તરફ હજારો અભિનંદનપત્રો અને ડેપ્યુટેશનો આવવા લાગ્યાં. આ કારસ્તાનનો પ્રથમ શક જેકોબિન પક્ષના આગેવાનોપર ગયો. શહેરમાં તેવા ઘણા હતા અને ચાલુ રાજ્યબંધારણને ઉથલાવી નાખવા તથા નેપોલિયનનું ખૂન કરવા માટે તેઓ હમેશાં કાવત્રાં ઘડયાજ કરતા હતા. પ્રજાનો તેમના તરફ સખ્ત તિરસ્કાર હતો તેથી તેમના ગુન્હાની પૂરતી તપાસ કર્યા વગર ક્રોધના આવેશમાં ધારાસભાએ એકસો સાઠ મનુષ્યહત્યાકારીઓને દેશનિકાલ કરવાની આજ્ઞા પ્રકટ કરી; પણ આ આજ્ઞાને અમલમાં મૂકવાનું નેપોલિયનપર ઘણું દબાણ કરવામાં આવ્યું તે છતાં તેની ન્યાયવૃત્તિને તે રુચ્યું નહિ. તેના દરેક કૃત્યપર પ્રજાનો બેહદ વિશ્વાસ હતો અને તે હમેશાં ન્યાય અને ડહાપણથીજ વર્તે છે એવી સર્વની ખાત્રી હતી, છતાં તેણે દૃઢતાથી જવાબ આપ્યો કે આ કામ પદ્ધતિસર નિમાયલી અદાલતોદ્વારા કાયદેસર રીતેજ થવું જોઇએ. આ પ્રમાણે આવા દિલને ઉશ્કેરે એવા પ્રસંગમાં તેણે ઘણીજ શાંતિથી અને સાવધાનીથી કામ લીધું પણ આ કાવત્રામાં જેકોબિન પક્ષના આગેવાનોનો હાથ છે તેના પૂરાવા નેપોલિયનને પૂરતા જણાયા નહિ. તેણે કહ્યું, “ તેઓ ગુન્હેગાર છે એમ આપણે **માનીએ છીએ પણ જાણતા નથી**. જે અપરાધ તમે સાબિત કરી શકતા નથી તેને માટે તમે શિક્ષા કરી શકો નહિ. ” તેમને દેશનિકાલ કરવાનો હુકમ તો થયો પણ અમલમાં મૂકાયોજ નહિ. તેઓને ફ્રાન્સમાં રહેવા દીધા પણ તેની સાથે તેમને એટલી તો ખાત્રી થઇ કે પોલિસની આંખ તેમના ઉપર હરહમેશ છે ને છેજ. પાછળથી માલૂમ પડયું કે આ કાવત્રું જેકોબિન પક્ષનું નહિ પણ બુર્બોન રાજાઓના પક્ષકારોએ ગોઠવેલું હતું. આ દારુણ કૃત્યમાં મોટા મોટા માણસો સંડોવાયલા હતા. નેપોલિયને તેમને અનેકવાર કાયદાની તલવારમાંથી બચાવી લીધા હતા. તેમની જપ્ત થએલી જાગીરો પાછી અપાવી હતી. છતાં તેઓ આવું નીચ કૃત્ય કરતાં સંકોચાયા નહિ. પોલિસ કમીશ્નર ફ્રોશેએ ખરા અપરાધીઓને શોધી કહાડવા અને તેમને ગોળીબાર

કરવામાં આવ્યા.

નેપોલિયનનું કાસળ કહાડી નાખવા માટે એવાં એવાં કાવત્રાં રચાતાં હતાં કે તેમાંથી એ બચીજ કેમ શકયો એ ઘણું નવાઇ જેવું છે. પદભ્રષ્ટ થએલા રાજાના પક્ષકારો માનતા હતા કે જો તે ન હોય તો રાજા ફરીથી ગાદીએ આવી શકે. માત્ર તેના એકલાના બુદ્ધિપ્રભાવવડેજ એકત્ર થએલા યૂરોપની સામે ફ્રાન્સ ટકી શકતું હતું. તેના મૃત્યુથી ફ્રાન્સ નેતા વગરનું અનાથ થઇ જાય. તેમ થતાંજ યૂરોપનાં મિત્ર રાજ્યોનાં સૈન્ય લોહીની નદીઓ વહેવરાવતાં પારિસમાં દાખલ થઇને પ્રજાના તિરસ્કારપાત્ર બુર્બોન વંશીય રાજાઓને તખ્તનશીન કરી શકે. યૂરોપના નૃપતિમંડળને આ વાતની ખાત્રી હતી અને તેથીજ નેપોલિયનની હત્યા કરવા એક પછી એક કાવત્રાં યોજાતાં હતાં.

એવાં કાવત્રાંનું મુખ્ય કાર્યક્ષેત્ર લંડનમાં હતું. ત્યાં આવાં આવાં અનેક કુટિલ કારસ્તાનની યોજનાઓ ઘડાતી હતી. લંડનમાં સરકારી ખર્ચે બુર્બોન વંશીય રાજાઓનો તથા તેમના મળતીઆઓનો નિભાવ કરવામાં આવતો હતો. એકવાર તેની ગાડી ઉપર ફેંકવા માટે પંદર શેરના વજનનો બોંબ બનાવવામાં આવ્યો હતો. નેપોલિયનનું ખૂન કરવા જતાં સાથે સાથે બીજાં અનેક નિર્દોષ માણસો માર્યાં જાય તેની તો કાવત્રાંખોરો પરવાજ કરતા નહિ. આ ભયંકર ચીજને એક ગાડીમાં મૂકી અને શક ન પડે તેટલા માટે પંદર વર્ષની છોકરીને હાંકવા બેસાડી. અચાનક રીતે તે બોંબ ફૂટી ગયો અને તે છોકરીના એવા ચૂરેચૂરા થઈ ગયા કે તેના પગ સિવાય કોઇપણ અવયવનો પત્તો લાગ્યો નહિ. એવાં એવાં ત્રીશ કાવત્રાં પોલિસે પકડીને ઉઘાડાં પાડયાં હતાં.

ફ્રાન્સ ઉપર ચડી આવેલું આપત્તિનું વાદળ વિખેરી નાખ્યા પછી દેશમાં લૂંટારાઓનો જે અસહ્ય ત્રાસ વધી ગયો હતો તેનું નિવારણ કરવાનું કામ નેપોલિયને હાથમાં લીધું. હજારો બદમાસ લૂંટારાઓ દેશમાં ઠેકાણે ઠેકાણે ભટકતા હતા અને હથિયારબંધ પહેરેગીરો સિવાય રાજમાર્ગ ઉપર થઇને જવું જોખમભરેલું મનાતું હતું. નેપોલિયનનું લશ્કર વીજળીની ત્વરાથી આખા દેશમાં ફરી વળ્યું અને લૂંટ, ધાડ, કાવત્રાં કરનારાઓને પકડી પકડીને તેમને આઠ ન્યાયાધીશોની નીમેલી ખાસ કોર્ટને સ્વાધીન કરી દીધા અને ત્યાં તેમના અપરાધને ઘટતી શિક્ષા કરવામાં આવી. નેપોલિયનના હાથમાં આ પ્રસંગને લઇને કેવી ભયંકર સત્તા આવી જતી હતી તેની લોકોને કશી પરવાજ ન હતી. તેમને તો દેશમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવે એવા બાહોશ નેતાની જરૂર હતી, અને તેવો નેતા તેમને એક નેપોલિયન મળી આવ્યો હતો. લોકો કહેતા કે “ અમારૂં શામાં કલ્યાણ છે તે તમે સારી રીત જાણો છો. અમારે શું કરવું તે માત્ર તમે કહો અને તે કરવા અમે તૈયાર

છીએ." આથી કરીને નેપોલિયનના હાથમાં નિરંકુશ રાજસત્તા આપોઆપજ આવી ગઇ. તેનો હોદ્દો તો માત્ર પ્રથમ કૉન્સલનોજ હતો પણ તેના હાથમાં ચક્રવર્તી સીઝરના કરતાં પણ વધારે સત્તા આવેલી હતી.

મિસરથી તેને પાછા આવ્યાને માત્ર સોળજ મહિના થયા હતા, પણ એટલામાં તો તે એક સેનાપતિમાંથી શહેનશાહની કોટિએ જઇ પહોંચ્યો. દેશમાં જ્યાં ત્યાં અરાજકતા અને અંધેર હતું તેને ઠેકાણે તેણે દરેક ખાતામાં સુવ્યવસ્થા અને સુલેહશાંતિ પ્રવર્તાવી દીધી. ઉદારતાવડે રશિયાના ઝારને તેણે પોતાનો મિત્ર કરી લીધો. લશ્કરી કુશળતા અને સાહસને પ્રતાપે આસ્ટ્રિયાનો ગર્વ ચૂર્ણ કરી નાખ્યો, અને ફ્રાન્સ સાથે આબરૂભેર સલાહ કરવાની ઇંગ્લંડ સિવાય યૂરોપનાં તમામ રાજ્યોને ફરજ પાડી. આવી સેવાના બદલામાં પ્રજાનો તેના તરફ બેહદ પ્રેમ હોવોજ જોઇએ અને તેને તે પુષ્કળ પ્રમાણમાં મળવા લાગ્યો. આવા મુસ્કેલીના અને અત્યંત બારિક બનાવોથી ભરપૂર સમયમાં તેને હાથે એક પણ અનુદાર કે ઇર્ષ્યાભર્યું કામ થયું હોય એમ બતાવી શકાતું નથી.

સેંટ હેલેનામાં બંદીવાનની અવસ્થા ભોગવતાં તેણે એકવાર કહ્યું હતું કે "મારી કીર્તિ માટે મને લેશમાત્ર પણ દહેશત નથી. ભવિષ્યની પ્રજા મને જરૂર ન્યાય આપશે. મારા દોષની સાથે મારાં ભલાં કામોની તુલના તેઓ કરશે. જો આખરસુધી વિજયી થયો હોત તો હું જગત્માં મોટામાં મોટો માણસ ગણાત. છેક સામાન્ય હાલતમાંથી હું સ્વપરાક્રમથી જગત્માં મોટામાં મોટો પાદશાહ થઇ શક્યો અને તે પણ પાપાચરણ કર્યા વગર. મારી મહત્ત્વાકાંક્ષા ઘણી ઉચ્ચ હતી પણ તેનો આધાર પ્રજાવર્ગના અભિપ્રાય ઉપરજ હતો. લોકોના વિશ્વાસ ઉપરજ રાજસત્તાનો ખરો આધાર છે એમ હું હમેશાં માનતો આવ્યો છું. જે રાજ્યનું સૂત્ર મારા હાથમાં હતું તે મારી વ્યવસ્થા પ્રમાણે ખરી રીતે પ્રજાસત્તાક રાજ્યજ હતું. લોકોના મતના આધારેજ હું સિંહાસનપર આવ્યો હતો અને મારો મુદ્રાલેખ તો એજ હતો કે **જાતિ અને કુળનો ભેદ રાખ્યા સિવાય સર્વને તેમની યોગ્યતાના પ્રમાણમાં કાર્ય કરવાનો અવકાશ આપવો.** આને લીધેજ યૂરોપનો ઉમરાવવર્ગ મારા તરફ તિરસ્કાર રાખે છે. છતાં ઇંગ્લંડમાં તો હરકોઇ માણસ તેની શક્તિ અને લોકસેવાના પ્રભાવવડે ઉંચામાં ઉંચી પદવીએ જઇ શકે છે. બીજા દેશોએ તો નહિ પણ ઇંગ્લંડે તો મને ન્યાય આપવો જોઇતો હતો."

નેપોલિયને બીજે એક પ્રસંગે કહ્યું છે કે "ફ્રેન્ચરાજ્યવિપ્લવ એ અમુક અધિકારોને પોતાના કરી બેસનાર વર્ગના સામે જનસમૂહનો પ્રત્યાઘાત હતો. ઉમરાવવર્ગ રાજ્યખર્ચના બોજામાંથી (એટલે તમામ જાતના કરમાંથી) મુક્ત હતો છતાં સન્માન, અધિકાર અને સારી આવકવાળી પદવીઓ તો તેમને એકલાનેજ મળી

શકતી. રાજ્યવિપ્લવના ધડાકાથી આ એકહથ્થા અધિકારની દિવાલો ચૂર્ણ થઇ ગઇ અને મનુષ્યની સમાનતાનો યુગ મંડાયો. પોત પોતાની શક્તિના પ્રમાણમાં સન્માન અને ધન પ્રાપ્ત કરવાના માર્ગ દરેકને માટે મોકળા થયા. પછી ફ્રેન્ચ પ્રજાએ નવું રાજતંત્ર સ્થાપ્યું અને રાજદંડ મારા હાથમાં મૂક્યો. ”

ફ્રાન્સના પદવીભ્રષ્ટ થએલા અને દેશનિકાલ થએલા ઉમરાવોને નેપોલિયને સ્વદેશમાં પાછા આવવા દીધા, તેમની મિલ્કતો પાછી અપાવી છતાં તેમનાં અંતઃકરણ પીગળ્યાં નહિ અને તેમાંથી વેરનો ડંખ નીકળ્યો નહિ. તેઓ તો હજી ગએલો જમાનો કે જ્યારે તેઓ એકહથ્થો અધિકાર ભોગવી શકતા હતા અને સામાન્ય લોકો તો તેમનું દાસત્વજ કરી શકતા તેવો જમાનો ફરીથી આવી પહોંચે તેનીજ અભિલાષા રાખી બેઠા હતા. તેઓ નેપોલિયનના દરેક કામને વખોડી કહાડતા હતા, પણ તે ખડખડાટની જરાએ પરવા રાખતો નહિ. તે સગર્વ કહેતો કે હું **મારા રાજ્યતંત્રમાં ઇશ્વરની ક્ષમાનું અનુકરણ કરવાની ઇચ્છા રાખું છું અને તેથી સર્વનું શામાં કલ્યાણ રહેલું છે તેનોજ માત્ર વિચાર કરૂં છું** તેની કીર્તિનો આધાર પોતાના શત્રુઓ ઉપર વેર લેવામાં નહિ પણ તેમને પરાજીત કરવામાં તેમજ ક્ષમા આપવામાં હતો.

प्रकरण २२ मुं–इंग्लंड साथे सलाह

નેપોલિયનની મોટામાં મોટી નેમ એ હતી કે આખા યૂરોપ સાથે ફ્રાન્સને સલાહ થાય અને જગત્માં સુલેહશાંતિ જળવાઇ રહે. ફ્રાન્સ તો લડાઇઓથી કાયર થઈ ગયું હતું. રાજ્યવિપ્લવના આઘાતમાંથી તેને ટટાર થવા માટે સંપૂર્ણ આરામની પૂરેપૂરી જરૂર હતી. સ્વદેશની આ જરૂરીઆત જોઇને કોઇ પણ ઉપાયે સુલેહ થાય એવા ઘાટ નેપોલિયન ઘડતો હતો. ડાઇરેકટરોનું અંધેર અને તેમના જુલ્મથી અમેરિકાનાં સંયુક્ત રાજ્યોને ઘૃણા ઉત્પન્ન થઇ હતી, પણ નેપોલિયને સમાધાન કરવાની કુશળતા વાપરીને એ ઘૃણાનું ઝેર ક્હાડી નાખ્યું અને ફ્રાન્સ અને સંયુક્ત રાજ્યો વચ્ચે મિત્રાચારીના કરાર થયા. એ સમારંભ વખતે એક ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો અને “ જે અમેરિકનો અને ફ્રેન્ચો અમેરિકાના સ્વાતંત્ર્યમાટે લઢતાં રણક્ષેત્રમાં પડયા હતા તેમના માનમાટે સલામતી લીધી. ”

એ અરસામાં પોપ પાયસ છઠ્ઠો મરણ પામ્યો અને તેની જગ્યામાટે આમોલાનો વિદ્વાન અને ધર્મપરાયણ બિશપ ઉમેદવાર હતો. ઇટાલિના યુદ્ધ વખતે નેપોલિયને પોપ તરફ સન્માન બતાવ્યું હતું અને કૅથોલિક સાધુઓને અભયદાન આપ્યું હતું તેથી કરીને આ પ્રતિસ્પર્ધી મંડળનો પણ તેણે વિશ્વાસ મેળવી લીધો હતો. એ પ્રસંગે એક કૅથોલિક કાર્ડિનલે કહ્યું કે “ આપણા ઉપર ફ્રાન્સ દેશે અત્યાચાર કર્યા હતા પણ આજે એજ ફ્રાન્સની આપણે સહાય માગવાની છે. અત્યારે ત્યાં એક **અત્યંત અદ્ભુત પુરુષ, જેને સમજવો ઘણો મુશ્કેલ છે તે સર્વ પ્રકારની સત્તા ભોગવે છે.** થોડાજ વખતમાં તેનો લાગવગ ઇટાલિમાં વધી જશે. ” નેપોલિયનની કૃપા મેળવવા માટે અમોલાના બિશપની પોપ તરીકે ચૂંટણી થઈ. આ રીતે નેપોલિયને કૅથોલિક પ્રજાની પણ મૈત્રી પ્રાપ્ત કરી.

નેપલ્સની રાણી તેના કટ્ટા શત્રુઓમાંની એક હતી. તે આસ્ટ્રિયાના રાજાની અને ફ્રાન્સની કમનસીબ ભલી રાણી મેરીની બહેન થતી હતી. પોતાની બહેનના વધના અને રાજકુટુંબની પાયમાલીના કારણરૂપ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યને અને

તેને અંગે નેપોલિયનને તે પોતાનો અંગત શત્રુ માનતી હતી. હવે તે ખૂબ ગભરાઇ. તેના ભાઈ તરફથી તો હવે તેને મદદ મળવાનો સંભવજ ન હતો. તેથી તે બાહોશ અને સાહસિક રાણી જાતે રશિયાના ઝાર પાસે ગઇ અને તેની યાચના કરી. આ ખૂબસુરત રાણીની આજીજીથી તે કાંઇક ચક્રમ રાજા ખુશ ખુશ થઈ ગયો અને એક કાસદ સાથે નેપોલિયન ઉપર એક પત્ર મોકલાવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે નેપલ્સની રાણી સાથે રહેમથી વર્તશો તો હું તમારો અંગત ઉપકાર માનીશ. વળી તેણે ઇટુરિયાના યુવરાજ અને યુવરાજ્ઞીનો પારિસમાં રાજ્યાભિષેક કરાવ્યો. જે ફ્રેન્ચ પ્રજાએ રાજસત્તાને ફેંકી દીધી હતી તેજ મોજીલી અને નવીનતામાં આનંદ માનનારી પ્રજા આજે યુવાન રાજપુત્ર અને રાણીને જોઇને હર્ષઘેલી બની ગઇ. ત્રીશ વર્ષનો નેપોલિયન આ પ્રમાણે શેતરંજની બાજી ઉપર મોરાં ગોઠવે તેમ યૂરોપના રાજનૈતિક શેતરંજ ઉપર રાજા રાણીઓ ગોઠવવા લાગ્યો. એમ કરવામાં તેના અનેક હેતુઓ હતા. ફ્રેન્ચ પ્રજાને રાજાઓ ઉપરજ તિરસ્કાર હતો. તે તેમની આગળ રાજ ચિન્હોને પૂર ઠાઠમાં રજૂ કર્યાથી ઓછો થવાનો સંભવ હતો. વળી યૂરોપના રાજાઓને બતાવવું હતું કે હું રાજા માત્રનો દુશ્મન નથી, અને રાજાઓને ઉથલાવીને જ્યાં ત્યાં પ્રજાસત્તાક રાજ્યો સ્થાપવા માગતો નથી. તેની સાથે આ કાર્યમાંથી રાજ્યકર્તાઓના અંતઃકરણને વીંધે એવો પણ એક અર્થ ધ્વનિત થતો હતો કે "હે રાજાઓ! તમે તમારો ગર્વ મૂકીને નિરભિમાની થાઓ. જુઓ, તમારા જેવા રાજાઓ તો હું જોઇએ તેટલા બનાવી શકું છું." આ પ્રમાણે નેપોલિયને યૂરોપનાં રાજકુટુંબોમાંથી ફ્રાન્સમાટેનું વૈર ઓછું કરી નાખ્યું અને તેની સાથે આખો યૂરોપ મિત્રભાવે વર્તવા તૈયાર થયો.

હવે તેણે પોતાનું તમામ લક્ષ ઈંગ્લંડ તરફ આપવા માંડ્યું. કોઇ પણ ઉપાયે આ દૃઢપ્રતિજ્ઞ પ્રતિસ્પર્ધીને તેનાં હથિયાર હેઠાં મૂકવાની ફરજ પડે એવું કરવાની તે યુક્તિ રચવા લાગ્યો. તેણે કહ્યું કે "જ્યાંસુધી ઈંગ્લંડ સાથે સુલેહ નહિ થાય ત્યાંસુધી આ સુલેહનો સંપૂર્ણ લાભ ફ્રાન્સને મળવાનો નથી. પણ ઈંગ્લંડનું રાજતંત્ર જેમના હાથમાં છે તેમને એક જાતનો સંનિપાત થયો છે. તેને મનથી કશું પવિત્ર છેજ નહિ. તેની વર્તણુક એકલા ફ્રાન્સ સાથે નહિ પણ યૂરોપના તમામ દેશો સાથે અન્યાયી છે; અને જ્યાં જ્યાં રાજપદ્ધતિમાં અન્યાય દાખલ થાય છે ત્યાં ત્યાં તેની સત્તા અલ્પજીવી નીવડે છે. યૂરોપનાં બધાં રાજ્યોએ એકસંપી કરીને ઈંગ્લંડને નીતિ, ન્યાય, અને વિવેકને રસ્તે વળવાની ફરજ પાડવી જોઇએ.

ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે આવી શત્રુતા હતી છતાં નેપોલિયને ઈંગ્લંડની રોયલ સોસાઇટીની લાઇબ્રેરીને કેટલાંક ઘણાં કિંમતી પુસ્તકો સુંદર રીતે બંધાવીને ભેટ મોકલાવ્યાં અને મંત્રી ઉપર એક પત્ર લખ્યો. પોતાના સિદ્ધાંતનું ધ્યાન ખેંચે તેવી

રીતે સૂચન કરવાના હેતુથી એ પત્ર ઉપર નેપોલિયને જે મુદ્રાલેખ છાપ્યો હતો તેમાં (લીબર્ટી ઓફ ધી સીઝ) દરિયાઇ છૂટાપણું એવા શબ્દો સુંદર રીતે છપાવ્યા હતા.

ઈંગ્લંડનો એવો દાવો હતો કે કોઈ પણ દેશનું વ્યાપારી વહાણ, ગમે તે માલ ભરીને, ગમે ત્યાં જતું હોય તોપણ તેની ઝડતી લેવાનો ઈંગ્લંડને હક્ક છે. આ હક્કની બજાવણીમાં જરા પણ વાંધો બતાવવામાં આવતાંજ તે તમામ માલની સાથે વહાણને પણ કબજે કરી લેતું. કોઇ પણ બંદરને ઘેરો ઘાલવો હોય તો માત્ર આ વાત જાહેર કરવી અને તે બંદરની નજીક પહેરો ફરવા માટે એક લડાયક વહાણ મોકલી દેવું એટલુંજ ઈંગ્લંડને માટે બસ હતું. આવી રીતે અટકાવ કરવાથી કોઇ પણ દેશનું વહાણ ફ્રાન્સના કોઇ પણ બંદર આગળ આવી શકતુંજ નહિ. ઈંગ્લંડની સરકારનો દાવો એ હતો કે મંજુર કરવામાં આવેલા દરિયાઇ કાયદા પ્રમાણે આમ કરવાનો તેને અધિકાર છે. ફ્રાન્સ સિવાયનાં બીજાં તટસ્થ રાજ્યોનું કહેવું એવું હતું કે ઈંગ્લંડનું આ પગલું દરિયાઇ કાયદાથી અને પ્રજાઓના ચાલતા આવેલા વ્યવહારથી વિરુદ્ધ છે અને માત્ર પોતાના ચડીઆતા દરિયાઇ સૈન્યના બળથી ઈંગ્લંડ આ ગેરકાયદેસર પગલું ભરવામાં ફાવે છે.

આવા સંજોગોમાં યૂરોપનાં તમામ રાજ્યોને સમજાવીને તેમને સર્વને પોતાના બળવાન હરિફ ઈંગ્લંડની સાથે કલહ કરવા યોજી દેવામાં નેપોલિયનને ઘણી મુશ્કેલી પડી નહિ. ઈંગ્લંડે એકવાર આખા યૂરોપને ફ્રાન્સની સામે ગોઠવી દીધું હતું તે ફેરવીને હવે નેપોલિયને તેમને સર્વને ઈંગ્લંડના શત્રુ બનાવ્યા અને તેમના એકત્ર થએલા બળનો ઉપયોગ પોતાના હજી સુધી અક્ષત અને અપરાજિત શત્રુ રહેલા ઈંગ્લંડની સામે કરવા માંડયો. સમુદ્ર ઉપર તો ઈંગ્લંડનું નૌકાબળ સર્વોપરિ હતું. આખા યૂરોપનું નૌકાસૈન્ય તેની સામે આવે તોપણ તે એકલું સર્વને પહોંચી વળે તેવું બળવાન હતું. બ્રિટિશ પ્રધાનમંડળનો એક મુખ્ય હેતુ એ હતો કે યૂરોપના કોઇ પણ રાજ્યને નૌકાસૈન્યમાં ઈંગ્લંડનું હરિફ થવા દેવુંજ નહિ. એટલા માટે તેમણે એવો કાયદો પસાર કરાવ્યો હતો કે અમુક રાજ્યથી અમુક સંખ્યા કરતાં વધારે લડાયક વહાણ બંધાયજ નહિ. નેપોલિયન જ્યારે ચાર કરોડની વસ્તીવાળું વિશાળ ફ્રાન્સનું રાજ્ય અને જગતના કોઈ પણ દેશનું સૈન્ય જેની સામે ટકી ન શકે એવું અજિત સૈન્ય અવલોકતો અને તેની સાથે માત્ર દોઢ કરોડ વસ્તીવાળા નાનકડા ટાપુ ઈંગ્લંડના બળની તુલના કરતો ત્યારે તે મનમાં ઘણોજ ખીજવાતો કે આ ક્ષુદ્ર રાજ્ય આખા જગતના સમુદ્રો ઉપર અધિકાર ચલાવી શકે છે !

અંગ્રેજ પ્રજાને દુનિયાની બીજી પ્રજાઓ કરતાં તેમની દોલત, બળ, હિંમત અને બુદ્ધિને માટે સન્માનને મળે છે ખરૂં પરંતુ કોઇ પણ તેમને ખરા મનથી ચાહતું નથી. અંગ્રેજો સૌથી બળવાન પણ સૌથી વિશેષ અપ્રિય પ્રજા છે. કોઇપણ એક પ્રજામાં

બધા પ્રકારના સદ્‌ગુણની આશા રાખી શકાય નહિ. કોઇનામાં કેટલીક ખામી હોય તો કેટલીક ખુબી પણ હોય છેજ.

ઈગ્લંડના આવા વર્તનને લીધે તેનાં તમામ મિત્રરાજ્યો તેનાથી છુટાં પડી ગયાં તોપણ તેણે એકલે હાથે યુદ્ધ જારી રાખ્યું; કારણ કે શત્રુ તેને સલાહ કરવાની ફરજ પાડે એ તેની અભિમાન વૃત્તિથી સહન થતું નહિ; અને ખરૂં જોતાં તેનો પરાજય પણ થયો ન હતો. તેનું નૌકાસૈન્ય જ્યાં ગયું ત્યાં જય કરીનેજ આવતું. નેપોલિયનના પ્રહારથી બીજાં રાજ્યોનો કચ્ચરઘાણ નીકળી જતો, પણ ઇંગ્લંડના તરતા કિલ્લાઓ (વહાણો) ઉપર તેની કશી અસર થતી નહિ. નેપોલિયનની બુદ્ધિનો વિજય જમીન ઉપરતી લડાઇમાં હતો, ત્યારે પિટ્ટની બુદ્ધિનો વિજય સમુદ્ર ઉપર હતો. ફ્રાન્સનો વેપાર તો તળીઆઝાટક થઇ ગયો હતો. ઇંગ્લંડનાં વહાણોને આખરે બીજો સારો શિકાર ન મળતાં તેઓ બિચારા ગરીબ માછીમારોને પણ રંજાડવા લાગ્યા. નેપોલિયને ઇટાલિના રાજાઓ પાસેથી સુંદર મૂર્તિઓ અને ચિત્રો તફડાવી લીધાં અને ઇંગ્લંડે ફ્રાન્સના માછીઓ પાસેથી માછલીઓ તફડાવી લીધી, એ બેમાંની કયી લૂંટ ઓછી શોભા આપનારી છે તેનો ન્યાય ઇતિહાસકારો કરી લેશે.

ઈંગ્લંડે જાહેર કર્યું કે ફ્રાન્સને અમે ઘેરી લીધું છે માટે કોઇ પણ દેશથી તેની સાથે વેપાર ચલાવી શકાશે નહિ. ઇંગ્લંડનો કાફલો ફ્રાન્સની આસપાસના દરિયામાં ઘૂમી વળતો હતો, અને કોઇ પણ દેશનું એક પણ વહાણ નજરે પડતાં તેને થોભવાની આજ્ઞાની નિશાની તરીકે તેના તરફ તોપનો એક ગોળો તાકવામાં આવતો અને એટલેથી તે તરતજ ન અટકે તો તેના ઉપર ગોળાનો વરસાદ વરસાવી તે નિર્દોષ વેપારી વહાણને અંગ્રેજ નાવિકો કાયદેસર મેળવેલી લુંટ તરીકે પોતાનું કરી લેતા. જો તે વહાણ થોભતું તો અંગ્રેજ વહાણમાંથી એકાદ જુવાન અમલદાર તેના ઉપર ચહડી જતો અને મરજીમાં આવે તે રીતે તેના ઝડતી લેતો; અને તેની સમજ મુજબ જો તે વહાણમાં દારૂગોળા જેવું જોવામાં આવતું તો તે વહાણ તેના માલ સાથે જપ્ત થઇ જતું. જુવાન લશ્કરી અમલદારો ઘણીવાર તોછડા અને ઉદ્ધત માણસો હતા; પણ ઈંગ્લંડ કહેતું કે તેની વર્તણુક સ્વીકારાયલા દરિયાઇ કાયદાઓ મુજબ વાજબીજ હતી.

યૂરોપનાં તમામ રાજ્યોને ફ્રાન્સ સાથે મૈત્રી હતી અને ઈંગ્લંડ આ પ્રમાણે દરેક દેશનાં વહાણની ઝડતી લેતું તેથી બધા તેના ઉપર ખીજવાયા હતા, અને તેમણે જાહેર કર્યું કે તેની આવી ગેરકાયદેસર વર્તણુક અમે સહન કરનાર નથી. રૂશિયા, પ્રશિયા, ડેન્માર્ક, સ્વીડન, હોલેન્ડ, સ્પેન બધાંએ સમુદ્ર ઉપર ચક્રવર્તી રાજ્ય ચલાવનાર ગર્વિષ્ટ ઈંગ્લંડની સામે એકસંપી કરી. આ સુંદર એકસંપી નેપોલિયનની બુદ્ધિને આભારી હતી. રશિઆનો ઝાર પોલ, જે નેપોલિયનનો ચુસ્ત પ્રશંસક બની ગયો હતો તે આ એકસંપીનો આત્મા હતો. હવે ઈંગ્લંડને એકલે હાથે

આખા યૂરોપની સાથે પોતાનું બળ અજમાવવાનો વખત આવ્યો. આ પ્રસંગને માટે બ્રિટિશ પ્રધાનમંડળે રાજ્યનું તમામ બળ એકત્ર કરવામાં તેમની પ્રૌઢ શક્તિનું દર્શન કરાવ્યું. તોપણ ઈંગ્લંડના પ્રજાવર્ગમાં તો આ લડાઇની વિરુદ્ધમાં અસંતોષનાં ઉદ્ગારો નીકળવા લાગ્યા. પ્રધાનમંડળની સામેનો પક્ષ પણ જાગૃત થયો. પ્રધાનમંડળે આ લડાઇમાં પ્રજા ઉપર કરોડો પાઉન્ડનું દેવું વધારી મૂક્યું હતું. પણ તે છતાં અંગ્રેજ પ્રજાનું જાતિય અભિમાન ફાવ્યું અને ઈંગ્લંડે લડાઇમાં ઝોકાવ્યું. તેને પોતાના દરિયાઇ બળ ઉપર દૃઢ વિશ્વાસ હતો તેથી તેને આખી આલમની પણ પરવા ન હતી.

તેનો કાફલો સર્વત્ર ઘૂમવા લાગ્યો. મિત્ર રાજ્યોનાં સંસ્થાનો પાકાં ફળની માફક ટપોટપ તેના હાથમાં પડવા લાગ્યાં. યૂરોપી રાજ્યોની એકસંપી થઇ પણ લડાઈ જાહેર થઇ ન હતી. તેટલામાં તો ઈંગ્લંડે જાહેર કીધું કે મિત્રરાજ્યોનાં વહાણ જ્યાં હોય ત્યાંથી પકડી લેવાં. દેશાવરના વેપારીઓને આ વાતની ખબર ન હતી. તેમનાં વહાણ સફરે નીકળી પડયાં હતાં. ઈંગ્લંડે તે સર્વને વગર સંકોચે પકડીને કેદ કરી લીધાં. આ પ્રમાણે શત્રુનાં અડધો અડધ વહાણ તેના હાથમાં ગયાં.

બાલ્ટિક સમુદ્રમાં રશિયા, સ્વીડન અને ડેન્માર્કનો મોટો કાફલો હતો. તેનો નાશ કરવા માટે નેલ્સન બળવાન કાફલ સાથે નીકળી પડયો. કોપનહેગન આગળ દારુણ દરિયાઈ સંગ્રામ થયો અને અબુકરના ઉપસાગરના યુદ્ધ કરતાં પણ વિશેષ આ પ્રસંગે નેલ્સનની પ્રચંડ શક્તિ ઝળકી નીકળી. ડેન્માર્કની પાટનગરીમાં રડારોળ થઇ રહી અને તેના હજારો યુવાન, હસમુખા પુત્રો તેમના પોતાના લોહીથી ખરડાયલી ભૂમિ ઉપર પડયા.

મિત્રરાજ્યોના સેનાપતિએ આ ખૂનખાર કતલ જોઇને સુલેહનો વાવટો બતાવ્યો. નેલ્સન આ જોઇને પ્રથમ તો જરા અચકાયો પણ તરતજ હૈયું કઠણ કરી બોલ્યો, હું એક આંખે કાણો તો છું અને મરજીમાં આવે ત્યારે આંધળો પણ થઈ શકું છું. એમ કહીને જાણે તે શત્રુનું નિશાન જોતોજ ન હોય તેમ યુદ્ધ જારી રાખ્યું. આ પરાજયથી મિત્રરાજ્યોનું બળ છિન્નભિન્ન થઈ ગયું. તેજ અરસામાં રૂશિયાના ઝાર પૉલનું બાદશાહી મહેલમાંજ ઉમરાવોએ ખૂન કર્યું અને તેનો પુત્ર અલેક્ઝાન્ડર ગાદીએ બેઠો. પૉલના ખૂનના સમાચારથી નેપોલિયનના હૃદય ઉપર વજાઘાત થયો. તેના મત પ્રમાણે આ બનાવ ફ્રાન્સ અને એક રીતે આખા જગતને માટે આપત્તિ સમાન હતો. પૉલ જરા ચક્રમ તો હતો અને કોઈ વાર લગભગ ગાંડા જેવો વ્યવહાર પણ કરતો; પણ તેના ઉત્સાહને લીધેજ ફ્રાન્સ અને રશિયા વચ્ચે એકતા સધાઇ હતી, તે હવે તૂટવાનો વખત આવ્યો.

નેપોલિયન ફ્રાન્સના જનસમાજમાં મનુષ્યની સમાનતા સાચવતો હોવાથી રશિયાનો ઉમરાવવર્ગ તેનાથી નાખુશ થયો હતો. આજ કારણથી તેમણે ઝારનું ખૂન

કરાવ્યું, અલેકઝાન્ડરને ગાદીએ બેસાડ્યો અને રશિયાની રાજનીતિ બદલાવી નાખી. નવા ઝારે ફ્રાન્સની સાથેના કરાર તોડીને ઈંગ્લંડ સાથે મૈત્રી બાંધી. આ બનાવો ફ્રાન્સને માટે દેખીતી રીતે વિપત્તિ સમાન હતા; તોપણ લડાઇનો જલદીથી અંત લાવવામાં તે કારણરૂપ થયા. અંગ્રેજ પ્રજા આ નિરંતર ચાલતા વિગ્રહથી હવે કાયર થઈ ગઇ હતી; તેમણે હવે સુલેહ કરી દેવા માટે જોરથી માગણી કરવા માંડી; અને ચાલુ સંજોગો જોતાં ઈંગ્લંડ પોતાનું સ્વમાન ગુમાવ્યા સિવાય સલાહ કરી શકે એવી સ્થિતિમાં હતું.

મિસરમાં રહેલા ફ્રેન્ચસૈન્યને મદદ આપવાની વાત આવા અધરા સંજોગોમાં પણ નેપોલિયન ભૂલી ગયો ન હતો. જો ફ્રાન્સનું દરિયાઈ બળ ટકાવી રાખવું હોય તો મિસર તેના કબજામાં રહેવુંજ જોઇએ એમ તે માનતો હતો. લગભગ દરરોજ ફ્રાન્સ, હોલેન્ડ, ઇટાલિ અને સ્પેનનાં બંદરોમાંથી મિસર જવા માટે સંખ્યાબંધ વહાણો બહાર પડતાં. તેમાં ખોરાકીની વસ્તુઓ, દારૂ, યુદ્ધસામગ્રી, કપડાં તથા ફ્રેન્ચ વર્તમાનપત્રોની ફાઇલો કાળજીપૂર્વક મોકલવામાં આવતાં. તેમાંના ઘણાંક અંગ્રેજોના હાથમાં પકડાઈ જતાં છતાં થોડાં ઘણાં ત્યાં જઇ શકતાં હતાં. તે ઉપરાંત ત્યાં નવું લશ્કર અને યુદ્ધસામગ્રી મોકલવા માટે પણ નેપોલિયન ઘાટ ઘડી રહ્યો હતો.

બ્રેસ્ટ બંદર આગળ તેણે એક કાફલો તૈયાર કરાવ્યો. તેમાંથી સારામાં સારાં સાત વહાણ ચૂંટી કહાડીને દરેકમાં મિસર મોકલવાની વસ્તુઓ ભરી કે જેથી કરીને એમાંનાં કેટલાંક શત્રુને હાથ જાય તોપણ જે ત્યાં પહોંચે તેમાં થોડી થોડી બધી વસ્તુઓ તો મળી આવેજ. ત્યાર પછી ઈંગ્લંડને થાપ ખવડાવવા માટે તેણે એવા કાફલા બીજે ઘણે ઠેકાણે તૈયાર રાખ્યા. જો તેની સૂચનાનો તેના અમલદારોએ બરાબર અમલ કર્યો હોત તો આ યુક્તિ સફળ થયા વગર રહેતજ નહિ.

અહિં નેપોલિયનના હાથમાં કેટલી મોટી સત્તા આવેલી હતી તેનો એક જાણવા જેવો દાખલો મળી આવે છે. છતાં ખુબીની વાત એ છે કે આપખુદ સત્તાની સામે ચનાર ફ્રેન્ચ પ્રજા નેપોલિયનની આપખુદ સત્તાને ચહાતી હતી. તેણે પોલિસ ખાતાના પ્રધાનને એક પત્રમાં જણાવ્યું કે પારિસના એકંદર ચૌદ વર્તમાનપત્રોના અધિપતિઓને હુકમ કરો કે સરકાર તરફથી તેમને જે ખબર પૂરી પાડવામાં આવે તે સિવાય એવી જરા પણ ખબર પ્રકટ ન કરવી કે જેથી કાફલાની હીલચાલ સંબંધી શત્રુને માહિતી મળી શકે. અત્યાર પહેલાં નેપોલિયને પદ્ધતિસર કોર્ટો મારફતે તપાસ ચલાવીને ચૌદ સિવાયનાં બાકીનાં તમામ વર્તમાનપત્રોને બંધજ કરી દેવડાવ્યાં હતાં. અજાયબીની વાત એ છે કે નેપોલિયન ગમે તેટલી નિરંકુશ સત્તા વાપરતો તોપણ પ્રજા તેને રાજીખુશીથી અધીન રહેતી. તેમને ખાત્રી હતી કે લડાઇને ફતેહમંદ બનાવવા માટે નેપોલિયનને તેવી સત્તા આપવાની જરૂર હતી અને વળી તે જે કાંઇ કરતો તે

ડહાપણથી તથા સ્વદેશપ્રેમથી પ્રેરાઇનેજ કરતો એવી સર્વને ખાત્રી હતી. આથી કરીને પ્રજાએ છાપાના છુટાપણાનો ખુશીથી ભોગ આપ્યો.

હવે ઈંગ્લંડની આંતરિક સ્થિતિ ઘણીજ ચિન્તા ઉપજાવે એવી થઈ પડી હતી. લગભગ તમામ સુધરેલા દેશો તેની સામે ઉઠયા હતા. તેની ખેતી બરબાદ બની ગઈ હતી, અને દેશમાં ભયંકર દુષ્કાળ ફેલાયો હતો. ભૂખે મરતા લોકોએ ઠેકાણે ઠેકાણે હુલ્લડ–તોફાન કરવા માંડયાં; ઉમરાવોના મહેલો અને વાડી વજીફાઓનો નાશ કરતાં કરતાં તેમણે શહેરોમાં દાખલ થઇને લુંટફાટ કરવા માંડી. ઈંગ્લંડ અને આયર્લેન્ડની ભૂખે મરતી પ્રજા બધો દોષ પિટ્ટને માથે મૂકવા લાગી. તેઓ ઉઘાડે છોગે બોલતા કે આપણાં દુઃખ અને ભૂખમરાનું કારણ પિટ્ટ છે. તેણેજ પ્રજાને અસહ્ય દેવું અને અન્યાયી કરના બોજા નીચે કચરી નાખી છે. ફ્રાન્સ આપણી સાથે સલાહ કરવા તૈયાર હતું પણ તેમાં ફાચર મારનાર એ પિટ્ટજ હતો. તેમ કરીને તેણે આખા યૂરોપીય વિશ્વનાં દિલ દુભાવ્યાં છે અને તેથીજ હવે આપણે માટે તે દેશો અનાજ મોકલતા નથી. પ્રધાનમંડળની સામેનો પક્ષ હવે વિશેષ જોર પર આવી ગયો અને પાર્લામેન્ટમાં પિટ્ટની સત્તા નિર્બળ થવા લાગતાં તેમણે તેનાં કાર્યો અને નીતિપર સખ્ત પ્રહાર કરવા માંડયા. ફૉક્સ, શેરિડન વગેરે વક્તાઓનાં ભાષણોથી સભામંદિર ગાજવા લાગ્યું.

તેમણે કહ્યું, “ મારેન્ગોના યુદ્ધ પહેલાં ફ્રાન્સ સાથે તમે શામાટે સલાહ ન કરી ? એ લડાઇ થયા પછી પણ તમારે માટે સલાહ કરવાનો અવસર હતો તે પણ તમે ગુમાવ્યો. સમુદ્ર ઉપરનું યુદ્ધ મોકુફ રાખ્યા સિવાય પણ નેપોલિયને ઈંગ્લંડ સાથે નોખી સલાહ કરવાની માગણી કરી હતી તેને પણ તમે તરછોડી કહાડી. જુઓ, તમે ફ્રાન્સને પાયમાલ કરવાને આટલો આટલો પ્રયત્ન કરો છો તોપણ તે આબાદ થતું જાય છે અને આપણી પ્રજા ભૂખે મરવાની અણીપર છે; કારણ કે ત્યાંની રાજ્યવ્યવસ્થા ઘણી સુંદર છે અને આખા યૂરોપ સાથે તેને સુલેહ છે. જગતમાં તેને માટે ઘણું સારૂં બોલાય છે કારણ કે ઉપરા ઉપરિ વિજય મેળવ્યા છતાં તે પોતાના શત્રુપક્ષ સાથે ન્યાય, વિવેક ડહાપણ અને દયાથી વર્તે છે. ” સામા પક્ષને વીંધી નાખે એવી તીક્ષ્ણ કરડાકીથી તેઓ પૂછવા લાગ્યા કે “ જે બોનાપાર્ટને પ્રધાનો ઉદ્ધત અવિચારી પોરીઓ કહેતા હતા અને થોડાજ વખતમાં તે હતો ન હતો થઇ જશે એવી ગણત્રી કરીને તેની સાથે સુલેહ કરવાની પરવા પણ કરતા નહિ તે બોનાપાર્ટને હવે જોયો ? ”

સામા પક્ષના એકસામટા હુમલાથી અને ભૂખે મરતા લોકોનાં બૂમરાણથી પિટ્ટનું પણ ધૈર્ય ખૂટી જવા આવ્યું; પણ પોતાની અત્યારસુધીની નીતિ બદલવાનું તેની અભિમાનવૃત્તિને ખૂંચવા લાગ્યું. તે એકનો એકજ જવાબ આપતો કે જો

આપણે રાષ્ટ્રવિપ્લવકારીઓ સામે ન લડીએ તો આપણા દેશમાં પણ વિપ્લવ થયા વગર નહિ રહે. પાર્લામેન્ટમાં હજી તેના પક્ષના સભાસદો તો વધારે હતા તોપણ લોકમત તેની વિરુદ્ધ હતો અને દિવસે દિવસે તેની સ્થિતિ નબળી પડી જતી હતી. તેથી આખરે ઉમરાવવર્ગના માનીતા પણ લોકોના તિરસ્કારને પાત્ર થએલા પિટ્ટે પોતાના પદનું રાજીનામું આપ્યું. તેનો અર્થ બધે એવોજ થયો કે આખરે ફ્રાન્સ સાથે સલાહ તો કરવીજ પડશે તેથી સ્વમાન સાચવવા માટે એ ખસી જાય છે. પિટ્ટ જતાં જતાં પણ પોતાની જગ્યાએ મી. એડિંગ્ટન નામના અપ્રસિદ્ધ અને પોતાનું પાયું પાણી પીએ તેવા માણસની ગોઠવણ કરતો ગયો.

નેપોલિયને હવે જગતને જાહેર કર્યું કે જ્યાંસુધી ઈંગ્લંડને ફ્રાન્સની સાથે સુલેહ કરવાની જરૂર નહિ સમજાય ત્યાંસુધી હવે તેની સાથે હાથો હાથ લઢવાનો મેં નિશ્ચય કર્યો છે. અંગ્રેજોનું નૌકાબળ ચડીઆતું તો હતુંજ તે છતાં તેણે જાહેર કર્યું કે ગમે તેમ કરીને હું ઈંગ્લીશ ચૅનલ ઓળંગીને ખુદ લંડન ઉપર ચડાઇ લઇ જઇશ અને ત્યાં તેમના ઘરના આંગણામાં બ્રિટિશ પ્રધાનમંડળને સલાહના કોલકરાર કરવાની ફરજ પાડીશ. આ સંકલ્પમાં સાહસ તો ઘણુંજ હતું અને નેપોલિયને આ વિચાર અમલમાં મૂકવાનું ધાર્યુંજ હતું કે નહિ તેમાં પણ ઘણાને શક છે; પરંતુ તેમ કર્યા સિવાય તેને માટે બીજો માર્ગજ રહ્યો ન હતો. ઈંગ્લંડનું નૌકાબળ એવું અપ્રતિમ હતું કે તેની સાથે દરિયાઇ યુદ્ધનું સાહસ કરવામાં ડહાપણ હતુંજ નહિ. તેમ નેલ્સન ઈંગ્લીશ ચૅનલ એવી ચાલાકીથી સાચવતો હતો કે ફ્રાન્સના બંદરમાંથી એક મછવાથી પણ બહાર નીકળાય એમ હતું નહિ.

ઈંગ્લંડનો પ્રજામત પોતાની તરફેણમાં વાળવાની અને આખા યૂરોપની સહાનુભૂતિ મેળવવાની નેપોલિયનને ઘણી ઈચ્છા હતી. તે માટે તેણે “મોનિટયૂર” નામના ફ્રેન્ચ પત્રમાં પોતાને હાથેજ લખીને કેટલાક લેખ પ્રસિદ્ધ કરવા માંડયા. એ લેખની ભાષા એવી અપ્રતિમ છટાદાર હતી અને તેની દલીલ એવી અકાટ્ય હતી કે તમામ દેશોના વાચકો લેખકની સ્તુતિ કરવા લાગ્યા. તેણે નવા બ્રિટિશ પ્રધાનમંડળનો માનભર્યા શબ્દોમાં ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તેઓ ઘણા બુદ્ધિમાન, પ્રમાણિક અને શુભ આશયવાળા છે. ફ્રાન્સ બીજી પ્રજાના હક્ક કે સ્વતંત્રતા ઉપર તરાપ મારવાને બિલકુલ નારાજ છે એવું યૂરોપની પ્રજાના મન ઉપર ઠસાવવાનો પ્રયત્ન કર્યો અને તેની સાથે ફ્રાન્સ પોતાના જીતેલા પ્રદેશો છોડી દેવાને કેવું રાજી છે અને ઈંગ્લંડ હિંદનો તથા યૂરોપના દ્વીપોનો મેળવેલો કબજો કેવો મક્કમપણે પકડી રાખે છે તેની તુલના પણ કરી. અંગ્રેજ પ્રજાની સ્વાભિમાનની લાગણી ન દુખાય તે માટે તેણે લખ્યું કે ઈંગ્લંડપર ચડાઇ કરવાનું પગલું મારે નાઇલાજે, છેલ્લામાં છેલ્લા ઉપાય તરીકેજ લેવું પડશે; કારણ કે અંગ્રેજ પ્રજાનું બળ અને તેની સાથે યુદ્ધ માંડવામાં

કેટલું ભયંકર જોખમ સમાયલું છે તે હું સારી પેઠે જાણું છું, પણ છેવટે તેમ કર્યા સિવાય મારી પાસે બીજો ઉપાય રહ્યો નથી; અને જો બ્રિટિશ પ્રધાનમંડળે એવોજ નિશ્ચય કર્યો હોય કે ઈંગ્લંડ કે ફ્રાન્સ એ બેમાંથી એકનો સંપૂર્ણ વિનાશ થયા સિવાય યુદ્ધનો અંત નહિજ લાવવો તો પછી ફ્રાન્સમાં એવો એક પણ પુરુષ નથી કે આ પ્રાણઘાતક યુદ્ધના પરિણામે ફ્રાન્સનો યશ વધે તે માટે ભારેમાં ભારે પ્રયત્ન કરવામાં કચાશ રાખે.

તેણે સુંદર અને જ્વલંત ભાષામાં પ્રશ્ન કર્યો કે “ શામાટે આ તકરારનો નિર્ણય છેવટના ઉપાયથીજ આણવો જોઇએ ? શામાટે મનુષ્યજાતિ ઉપર ગુજરતી વિપત્તિઓનો અંત એકદમ ન લવાય ? શામાટે આ બેઉ મહાન પ્રજાઓનું ભવિષ્ય જોખમમાં નાખવું જોઇએ ? ”

ફર્સ્ટ કૉન્સલ નેપોલિયનને હાથે લખાયલા, તેની બળવાન અને સંગીન દલીલ તથા લાગણીથી ભભૂકી ઉઠતી જુસ્સાદાર ભાષાવાળા લેખની અસર સર્વત્ર થઇ. પણ આ સમાધાનીના લેખની પ્રસિદ્ધિની સાથે ફ્રાન્સના કિનારા ઉપર નેપોલિયન પોતાના સૈનિક બળનું મક્કમપણે દર્શન કરાવવા લાગ્યો. બોલોન બંદરની નજીક એક લાખ માણસોનું સૈન્ય એકત્ર થયું અને ઈંગ્લંડ ઉપર સ્વારી કરવાની તૈયારીનાં ચિહ્ન દેખાવા લાગ્યાં. લશ્કરને સામે કિનારે ઉતારવા માટે અસંખ્ય મછવાઓ બંધાવા લાગ્યા. નેપોલિયનની યોજના એવી હતી કે સમુદ્રના તોફાનને લીધે ઈંગ્લંડનો કાફલો વિખેરાઈ જાય કે તરત પોતાનું તમામ નૌકાબળ એકજ જગ્યાએ એકત્ર કરીને થોડા વખતને માટે ખાડીનો કબજો લઇ લેવો અને તાબડતોબ લશ્કરને સામે કિનારે ઉતારી દેવું.

ઈંગ્લંડ પણ પૂરેપૂરૂં જાગૃત થઇ ગયું છતાં તે ગભરાયું નહિ. લશ્કરને તાલીમ અપાવા લાગી; સિપાઇઓને લઇ જવાને સંખ્યાબંધ ગાડાં ઘડાવા લાગ્યાં અને આખો ટાપુ લશ્કરી છાવણી જેવો દેખાવા લાગ્યો પણ તેની આભ્યંતરિક સ્થિતિ ઘણી શોચનીય હતી. દેશમાં દુષ્કાળ કેર વર્તાવી રહ્યો હતો, વ્યાપાર નિસ્તેજ થઇ ગયો હતો અને પ્રજા ઉપર કરનો બોજો અસહ્ય હતો, આયર્લૅન્ડ બળવો કરવાની તૈયારીમાં હતું, પ્રધાનમંડળે નેપોલિયનને હલકો પાડવા માટે ગમે તેટલા પ્રયત્નો કર્યા હતા તે છતાં ઈંગ્લંડની પ્રજા તો તેના તરફ માનની નજરથી જોતી હતી અને તેને ઉમરાવવર્ગનો શત્રુ અને સામાન્ય પ્રજાજનનો મિત્રજ માનતી હતી.

નેલ્સને એકવાર સ્ત્રીના મોહપાશમાં લપટાઇ જઇને નેપોલિયનને ફ્રાન્સ આવવાની તક આપી હતી તેને માટે તેની કીર્તિને કલંક લાગ્યું હતું. એ કલંક ધોઇ નાખવાને તેણે હવે પૂરતી હુશિયારી રાખી હતી. નેપોલિયનની દરેક હિલચાલ ઉપર તેની નજર એવી તીણી હતી કે એક મછવો પણ ફ્રાન્સને કિનારેથી છૂટી શકતો

ન હતો. ફ્રાન્સનું વિશાળ નૌકાસૈન્ય ત્રણ વિભાગમાં વહેંચાઇને બોલીન બંદર આગળ સમુદ્રકિનારે લંગરાઇને પડયું હતું. ચોથી આગસ્ટને રોજ સવાર થતાંજ નેલ્સનનો કાફલો વ્યૂહબદ્ધ થઇને ત્યાં આગળ આવી ઉભો અને સોળ કલાકસુધી ફ્રેન્ચો ઉપર ગોળા, ગોળીઓ અને બોંબની ઝડી વરસી રહી; પણ ફ્રેન્ચોની હોડીઓ એક બીજા સાથે સાંકળોવડે એવી મજબૂત જકડાઇ હતી કે તેનાથી એક પણ હોડી પકડી શકાઈ નહિ. પોતાનો આખરે માનભંગ થઈને તેણે પૂંઠ ફેરવી. ફ્રેન્ચોએ સ્વપરાક્રમથી પોતાનો પરાજય થતો અટકાવ્યો તેથી તેઓની ખુશાલીનો પાર ન રહ્યો.

પણ ખીજવાયલો નેલ્સન પાછો આવશે એવી ચોકકસ વકી હતી તેથી ફ્રેન્ચો તેનો સારી રીતે સત્કાર કરવાને તૈયાર થઇને બેઠા હતા. બાર દિવસ પછી તે વધારે નૌકાબળ સાથે પાછો આવ્યો. અંધારી રાત્રિએ તેણે ચૂંટી કહાડેલા માણસોને હોડીઓમાં બેસાડયાં અને એક અત્યંત દારુણ સાહસ ખેડવાને તેમને પ્રેર્યા. હલેસાંનો પણ અવાજ ન થાય તેવી રીતે તેઓ ફ્રેન્ચોના મછવાઓ પાસે આવી પહોંચ્યા. પછી તલવાર, સંગીન, કુહાડા, બંદુક વગેરે આયુધોથી સજ્જ થઇને ફ્રેન્ચો અને અંગ્રેજો એક બીજાની ભયાનક કતલ કરવા મંડી ગયા. બેઉ પક્ષનાં માણસો શરીરની કે કશાની પરવા કર્યા વગર દૈત્યોની માફક લઢયાં. ફ્રેન્ચો સ્વરક્ષણને માટે લઢતા હતા. અંગ્રેજો શામાટે લઢતા હતા તેની તેમને પોતાને પણ ખબર ન હતી. આખી રાત ખૂનખાર કતલ ચાલી રહી. બેઉ પક્ષના હજારો યોદ્ધાઓ ખપી ગયા. સવાર પડયા પછી બીજી વાર માનભંગ થઇને અને આ વખતે તો લગભગ હાર ખાઇને નેલ્સનને પાછા ફરવું પડયું. આ પરાજયથી અંગ્રેજ પ્રજાને નેલ્સનમાં જે વિશ્વાસ હતો તે ઘણે ભાગે ઓછો થઇ ગયો, અને કદાચ ફ્રેન્ચો તેમના ઘરના બારણા આગળ પણ લડાઇ કરવાને આવી પહોંચે એવી ધાસ્તી વધવા લાગી. નેપોલિયન કહેતો કે હું ગમે તેમ કરીને બેઉ પ્રજાઓને હાથોહાથની લડાઇમાં ઉતારીશ. ચાર કરોડ ફ્રેન્ચો અને દોઢ કરોડ અંગ્રેજોના યુદ્ધના પરિણામમાં મને જરા પણ શંકા નથી.

ઉપર કહ્યા તેવા બનાવો પછી સુલેહ કરવાના માર્ગમાં જે જે વિઘ્નો હતાં તે એક પછી એક ઓછાં થતાં ગયાં. ઈંગ્લંડેજ હવે સલાહને માટે માગણી કરી અને તે નેપોલિયને ઘણાજ વિવેકની સાથે સ્વીકારી. તેણે કહ્યું કે " જો ઈંગ્લંડનેજ સલાહ કરવી હોય તો તે ઘણી સહેલાઇથી થઇ શકશે. "

એકવીશમી ઑકટોબરે સુલેહનો કાચો ખરડો તૈયાર થયો. આ ખુશીના સમાચાર પહોંચાડવા માટે એક સ્વાર દોડતે ઘોડે પારિસ જવા રવાના થઇ ગયો. નેપોલિયન પોતાના ત્રણ સહકારી કૉન્સલો સાથે મંત્રણાગૃહમાં બેઠો હતો. પેગામના કાગળો ફોડતી વખતે તેમની લાગણીઓ ઘણીજ ઉશ્કેરાઇ ગઇ અને વાંચ્યા પછી તેઓ એટલા ખુશ થઇ ગયા કે એક બીજાને ભેટી પડયા.

નેપોલિયને ખુલ્લા દિલથી પોતાની હર્ષની લાગણીને અવકાશ આપ્યો. આજનો પ્રસંગ તેના જીવનમાં અત્યંત અભિમાન ઉત્પન્ન કરે તેવો હતો. બે વર્ષની અંદર તેણે ફ્રાન્સની આભ્યંતરિક સ્થિતિને વ્યવસ્થિત કરી દીધી અને આખા જગત્માં સુલેહ પ્રવર્તાવી. એક કૉન્સલે કહ્યું, " હવે ઈંગ્લંડ સાથે સલાહ થઇ છે તો આપણે બેઉ પ્રજા વચ્ચે જે વેપારને લગતી તકરારો છે તેનો પણ નિવેડો લાવી નાખીએ."

નેપોલિયને જવાબ આપ્યો, " બહુ ઉતાવળા થાઓ નહિ. સુલેહ થઇ છે તો તેનો આનંદ ભોગવો. વેપારને લગતા કોલકરાર આપણે કરવા હશે તો કરી શકીશું પણ ફ્રાન્સના ખીલતા ઉદ્યોગોને હું જોખમમાં નાખવા માગતોજ નથી." સ્વદેશમાટેની તેની અચળ ભક્તિ જે તેના મરણપર્યંત તેવીને તેવીજ રહી હતી તે આનંદના આવેશમાં પણ દબાઇ ગઇ ન હતી.

બેઉ દેશની રાજધાનીમાં આ શુભ સમાચાર એકજ વખતે જાહેર કરવામાં આવે તેટલા માટે સુલેહની ખબર ચોવીશ કલાકસુધી લંડનમાં દબાવી રાખવામાં આવી. ઈંગ્લંડ અને ફ્રાન્સના લોકો હર્ષ અને ઉત્સાહના આવેશમાં ઉન્મત્ત જેવા બની ગયા. આખા યૂરોપમાં હવે સુલેહ થઈ હતી. હવે દેશ દેશ વચ્ચેના વ્યાપારના માર્ગ મોકળા થવાના હતા. રોશનીથી બેઉ નગર ઝળહળી રહ્યાં. ઈંગ્લંડની પ્રજાનો હર્ષ તો તેમના હૃદયમાં માતો ન હતો. સ્વતંત્રતાને માટે મરી ફીટનારી ફ્રેન્ચ પ્રજાને તેઓ ચહાતા હતા. તેમના શાણા અને જગત્માં સલાહશાંતિનો મંત્ર ભણનાર રાજયકર્તા નેપોલિયનને તો તેઓ પૂજતા હતા. " બોનાપાર્ટ ઘણું જીવો " ના ધ્વનિથી આખું લંડન નગર ગાજી રહ્યું.

લંડન શહેરના લોકોનું મોટું ટોળું ફ્રેન્ચ એલચીને બંગલે ગયું. તે ગાડીમાં બેસીને સલાહના કોલકરારનો પાકો ખરડો કરાવવા લૉર્ડ હૉકસબરીને ઘેર જતો હતો. ઉમંગમાં આવી ગએલા લોકોએ તેના ઘોડા છોડી નાખ્યા અને હર્ષનાદથી આકાશ ગજવતા ભરબજારમાં થઇને તેની ગાડી ખેંચી જવા લાગ્યા. આગળ જતાં ટોળામાં લોકોની સંખ્યા બેહદ વધી ગઇ અને ધમ્માચકડી મચી રહી. તેમને પોલિસથી રોકી શકાય એમ તો હતુંજ નહિ, તેથી પોલિસ ખાતાના વડા લૉર્ડ વિન્સેન્ટને લોકોના ટોળાની આગળ આગળ ચાલવું પડયું.

તે દિવસે અંગ્રેજ ખલાસીઓનું ભોળપણ, ભલાઇ અને તોછડાઈનું ઉદાહરણરુપ થઇ પડે એવો એક નાનો રમુજી બનાવ બન્યો. ફ્રેન્ચ પ્રધાનને બારણે રોશની કરવામાં આવી હતી. તેમાં સુલેહ શબ્દની આકૃતિમાં સૌથી વધારે તેજસ્વી દીવાઓ ગોઠવ્યા હતા. તેના તરફ ખલાસીઓનું ધ્યાન ખેંચાયું અને ત્યાં આગળ તેઓ ટોળાબંધ ભેગા થયા. અભણ ખલાસીઓ 'કોન્કર્ડ' (સુલેહ) અને 'કોન્કર્ડ' (જીત્યા) એ શબ્દનો અંગ્રેજી બોલીમાં એક જેવોજ ઉચ્ચાર હોવાથી અર્થનો તફાવત સમજ્યા

નહિ. તેમણે કહ્યું, “ શું અમને જીત્યા ? એટલા બધા અમે કાંઇ હાર્યા નથી. તે નહિ ચાલશે. એમ કરતાં કરતાં અસંતોષ વધી ગયો અને તેઓ તોફાનપર ચડયા. ફ્રેન્ચ પ્રધાને બહાર આવીને ખરો અર્થ તેમને ઘણોએ સમજાવ્યો પણ એ વાત તેમને ગળે ઉતરીજ નહિ. આખરે એ અણગમતા શબ્દને ઠેકાણે એજ અર્થનો ‘એમીટી’ (મૈત્રીસૂચક) શબ્દ મૂકવામાં આવ્યો. એટલે તેમને સંતોષ થયો અને ત્રણ વાર હુરરેના પોકાર કરીને તેઓ ચાલતા થયા.

ફ્રાન્સનો ઉત્સવ અને આનંદ ઈંગ્લંડના કરતાં પણ વધારે હતો. નેપોલિયન તરફ પ્રજાની ભક્તિ અને તેનાં શાણપણ અને સ્વદેશમાં તેમનો વિશ્વાસ બેહદ વધી ગયાં. હવે તેને જે જે સત્તા લેવી હોય તે ઘણી સહેલાઇથી મળે તેમ હતું. પ્રજા તેને શરણે આવી હતી. તેને નહિ પસંદ કરનારા અને તેની ફતેહથી બળનારા હવે માત્ર ઉમરાવોજ હતા.

આ હર્ષનાદના પડઘા પિટ્ અને તેના સહકારીઓના હૃદયને કારી ઘા જેવા લાગતા હતા. પિટ્‌ને ખબર હતી કે હવે ફ્રાન્સને માટે સમુદ્ર ખુલ્લો થઈ જશે અને થોડાજ વખતમાં નેપોલિયનની કાર્યકારિણી શક્તિ અને અદમ્ય ઉત્સાહના પ્રભાવે જાદુઇ સૃષ્ટિની પેઠે અંગ્રેજ કાફલાને ટક્કર મારે તેવો બળવાન ફ્રેન્ચ કાફલો પેદા થશે; અને તેઓ પણ સમુદ્રમાં ચારે દિશાએ ઘૂમવા લાગશે. તેથી કરીને લોકમતને વશ થઇને પ્રધાનમંડળને જે સલાહ કરવાની ફરજ પડી હતી તેમાં તેની નજરે ઈંગ્લંડનું ભારે અકલ્યાણ જણાતું હતું.

સલાહની સરતોમાં એક સરત એવી હતી કે ફ્રેન્ચોએ મિસર છોડવું; કારણ કે તેથી અંગ્રેજોના હિંદુસ્તાનના રાજ્યની સલામતી ઓછી થતી હતી. એ સરત બોનાપાર્ટે કબૂલ રાખી; પણ બીજો સવાલ માલ્ટાનો હતો. બોનાપાર્ટનું કહેવું એવું હતું કે અંગ્રેજો પાસે જિબ્રાલ્ટર છે તે માટે માલ્ટા તો તેમની પાસે રહેવોજ ન જોઇએ. વાજબીરીતે જિબ્રાલ્ટરના બદલામાં તે ફ્રાન્સને માટે માલ્ટાની માગણી કરી શકે, કારણ કે તેમ થાય તોજ બેઉ રાજ્યોનું બળ સરખું થઈ રહે; પણ સલાહ કરવા માટે તે ઉત્સુક હતો અને કોલકરાર કરતી વખતે તે મોટું મન રાખતો તેથી તેણે કહ્યું કે ભલે ઈંગ્લંડ પાસે જિબ્રાલ્ટર રહે તોપણ અમે માલ્ટા ઉપરનો દાવો છોડી દેવા ખુશી છીએ. માત્ર એ ટાપુ અને તેના ઉપરનો કિલ્લો કોઇ તટસ્થ રાજ્યને સોંપાવાં જોઇએ; પણ ઈંગ્લંડને તો માલ્ટા અને જિબ્રાલ્ટર બેઉ જોઇતાં હતાં. આ વખતે નેપોલિયને ઢીલું મૂક્યું નહિ તેથી આખરે ઈંગ્લંડને માલ્ટા ઉપરથી હાથ ઉઠાવવો પડયો, અને ત્રણ મહિનામાં તેનો કબજો છોડવાનું ઈંગ્લંડે કબૂલ કર્યું.

નેપોલિયન જણાવે છે કે “ ફ્રાન્સનું તેમજ સામા પક્ષનું ગૌરવ સચવાય એવી સરતોએ સલાહ થવાથી બધા એમ આશા રાખતા હતા કે હવે ખુનરેજીભર્યાં

યુદ્ધોનો અંત આવતાં ફ્રાન્સને તેની પ્રજાકીય સંસ્થાઓની ખિલવણી કરવાનો સારો અવકાશ મળશે; પણ આ એમેનની સલાહથી ફ્રાન્સ જે આબરૂભર્યો દરજ્જો ભોગવવા લાગ્યું તેથી તેના પાડોશીઓના મનમાં ઇર્ષ્યાગ્નિ સળગવા લાગ્યો છે અને તેથી ભવિષ્યમાં પ્રજાઓની સુખશાંતિનો ભંગ થયા વગર રહેશે નહિ; ” અને થયું પણ તેમજ. નજીવાં કારણોને લઇને ફરીથી લડાઇ જાગી અને પહેલાનાં કરતાં વધારે ભયાનક સ્વરૂપમાં સળગી ઉઠી.

અંગ્રેજો તરફથી આ કોલકરાર વખતે એલચીનું પદ હિંદના એક વખતના વાઇસરૉય લૉર્ડ કૉર્નવાલિસને આપ્યું હતું. તેની સજ્જનતા, પ્રમાણિકતા અને એક ગૃહસ્થને શોભા આપે એવાં સુલક્ષણોને લીધે નેપોલિયન તેને માટે ઘણો ઉંચો મત જાહેર કરે છે અને તેનાથી બીજે નંબરે ફૉકસને મૂકે છે.

એમેનના કોલકરારનો છેવટનો ખરડો તૈયાર થઈ રહ્યા પછી તેના ઉપર બીજે દિવસે અમુક કલાકે સહી કરવાનું કૉર્નવાલિસે વચન આપ્યું; પણ કામના રોકાણને લીધે તેનાથી તે વખતે સહી કરવા અવાયું નહિ. દરમ્યાન કોલકરારની સરતોમાં અમુક અમુક ફેરફારો કરવા જોઇએ એવી પ્રધાનમંડળની સૂચનાનો પત્ર લઇને એક સ્વાર દોડતે ઘોડે પારિસ આવ્યો, પણ કૉર્નવાલિસે લખી જણાવ્યું કે સહીઓ થઈ ગઈ છે. હવે ફેરફાર નહિ થાય. એમ કહીને તરતજ તે નેપોલિયન પાસે ગયો અને દસ્તાવેજ ઉપર પોતાનો સહી શિક્કો કર્યો. તેને માટે નેપોલિયનને એટલું બધું માન હતું કે તેની એક સામાન્ય ઇચ્છાને કોઇ શહેનશાહની ઇચ્છાના કરતાં પણ તે વધારે વજન આપતો.

ફૉકસને ઈંગ્લંડના સ્ટૂઅર્ટ રાજાઓનો ઇતિહાસ લખવો હતો. તે માટે ફ્રેન્ચ સરકારનાં દફતરો તપાસવાની જરૂર હતી. નેપોલિયને આખું દફતરખાનું તેને ખુલ્લું કરી આપ્યું. તે કહેતો કે કૉર્નવાલિસ અને ફૉકસ જેવા પાંચ છ માણસો પોતાની પ્રજાની નીતિની છાપ બીજા લોકો ઉપર પાડવા માટે પૂરતા છે. એવા બીજા માણસો ઈંગ્લંડમાં હોત તો ત્યાંની પ્રજા જેમાં ઘણા છુપા ગુણ રહેલા છે તેની સાથે ફ્રાન્સને હમેશાં સુલેહજ રહેત અને બેઉ પ્રજાઓ સાથે મળીને ઘણાં મહત્ત્વનાં કામ કરી શકત.

प्रकरण २३ मुं

ફ્રાન્સમાં જાતીય સુધારણાની યોજના

ઉપર જણાવેલી એમેનની સલાહ યૂરોપના ઇતિહાસમાં તેની ઉત્પત્તિને માટે તથા તેના કમનશીબે થએલા ભંગને માટે ઘણી મશહૂર છે. નેપોલિયને આ સલાહનો મહોત્સવ ભારે ઠાઠમાઠથી ઉજવવા માટે ૧૦મી નવેંબર ૧૮૦૧નો દિવસ જાહેર કર્યો. ઈંગ્લંડ અને ફ્રાન્સ જે ઘણાં વર્ષોથી એકબીજાની પાયમાલી કરે તેવું યુદ્ધ મચાવી રહ્યાં હતાં તેમની વચ્ચે મૈત્રી થએલી હોવાથી ઘણા અંગ્રેજો ફ્રાન્સની મોજીલી, રંગીલી પ્રજાનો મહોત્સવ જોવા માટે ફ્રાન્સમાં આવવા લાગ્યા હતા. શહેરના દરેક વર્ગમાં પથરાયલા સંતોષ અને આનંદને લીધે મહોત્સવની શોભામાં ઘણો વધારો થયો હતો. નેપોલિયનની આજ્ઞાથી લોર્ડ કોર્નવૉલિસ સિવાય બીજા કોઇની ગાડીને શહેરમાં ફરવાની મનાઇ હતી. ઈંગ્લંડના રાજપ્રતિનિધિની ગાડીને હર્ષનાદ સાથે લોકોએ બાજુએ થઇ જઇને માર્ગ કરી આપ્યો. પ્રજાસ્વાતંત્ર્યનો હિતચિંતક ફૉક્સ પણ આ વખતે હાજર હતો. નેપોલિયને તેમનું બેઉનું અત્યંત સન્માન અને કાળજીપૂર્વક સ્વાગત કર્યું કે જેથી ત્યાં હાજર રહેલાં તમામ માણસો ઉપર તેના ઉચ્ચ ચારિત્ર્યની ઉંડી છાપ પડી.

સ્વીટ્ઝર્લૅન્ડના પ્રજાસત્તાક રાજ્યમાં કેટલાક ગુંચવણભરેલા તકરારી સવાલ ઉભા થયા હતા. તેના નિર્ણયમાટે ત્યાંના પ્રતિનિધિઓ નેપોલિયનની મુલાકાતે આવ્યા હતા. તેમણે પોતાની તરફના વાંધા રજૂ કર્યા પછી નેપોલિયને પોતાના બુદ્ધિચાતુર્યથી નિષ્પક્ષપાતપણે એવો ઉત્તર આપ્યો કે તેઓ ઘણા સંતુષ્ટ થઇને સ્વદેશ ગયા અને તે દિવસથી ફ્રાન્સ અને સ્વીટ્ઝર્લૅન્ડ વચ્ચે ઘણો સારો સંબંધ બંધાયો. એટલુંજ નહિ પણ નેપોલિયનની નૈતિક અસર એ દેશના કાર્યવાહકો ઉપર ઘણી સબળ થઇ. આ પણ ફ્રાન્સના હરિફ રાજ્યોમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરવાનું એક કારણ થઇ પડયું.

જે અંગ્રેજો પારિસ જોવા આવ્યા હતા તેઓ ત્યાંના સમૃદ્ધિ અને સુખશાંતિ જોઇને છક થઇ ગયા. ઈંગ્લંડનાં છાપાંમાં ફ્રાન્સમાટે જે હકીકતો પ્રકટ થતી હતી તે જોતાં તેમણે અહિં અંધેર, દારિદ્ર અને અસંતોષની નિશાનીઓ જોવાની વકી

રાખી હતી. પણ અહિં તો તેથી ઉલટુંજ દસ્ય નજરે પડયું. ઈંગ્લંડમાં પિટ્ટ અને તેના રાજદ્વારી મંડળનો એક પક્ષ હતો. તેમનાથી આ સુલેહ અટકાવી શકાય એમ ન હતું. તેથી તેમણે વખતને માન આપીને નમી જવાનું ડહાપણ વાપર્યું. પ્રજા તો લડાઇથી કાયર થઇ ગઇ હતી તેથી તેમણે આ સુલેહને વધાવી લીધી. એલિસન નામનો ઇતિહાસકાર લખે છે કે "સુલેહની તરફેણમાં લોકલાગણી વિશેષ હતી; પણ લોકો તો હમેશાં વર્તમાન કાળનોજ વિચાર કરીને દોરવાઇ જાય છે અને ખરી તુલના બાંધવા જેટલી જરૂરી હકીકતોથી તેઓ અજ્ઞાત હોય છે, તેથી કરીને તેમની માન્યતામાં ભૂલ થવાનો ઘણો સંભવ છે; પણ દેશમાં કેટલાક વધારે શાણા માણસો હતા તેમને સલાહની સરતો જોઇને ઉંડો ખેદ થતો હતો અને તેઓ માનતા હતા કે તે લાંબો વખત ટકવાની પણ નથી; કેમકે ફ્રાન્સની લોલુપતા અને તેના પ્રજાસ્વાતંત્ર્યના સિદ્ધાતોનો ફેલાવો–એ બેઉનું નિવારણ કરવા લડાઇ કરવામાં આવી હતી અને તે હેતુ જ્યાંસુધી સફળ ન થાય ત્યાંસુધી ભવિષ્યમાં લડાઇ થયા વગર રહેશેજ નહિ."

દેશના "કેટલાક વધારે શાણા માણસો" જેમનો આગેવાન પિટ્ટ હતો તેમનો આ અભિપ્રાય હતો, અને સુલેહનો જેમ બને તેમ જલદી ભંગ કરવા માટે તેમણે અવિરત પ્રયત્ન આદર્યો અને કમનશીબે તેઓ ફાવ્યા પણ ખરા. આ પક્ષના રાજદ્વારીઓનો ઉંડો આશય શો હતો તે તે વખતનો લેખક સ્કૉટ ઉઘાડો પાડી દે છે. તે લખે છે કે "સુલેહના ખરડા ઉપર સહી થઇ તે વખતે લંડનમાં લોકોનાં ટોળાંએ હર્ષ બતાવ્યો. ફ્રેન્ચ પ્રધાનની ગાડી ખેંચી ગયા, "બોનાપાર્ટ ઘણું જીવો" એવા પોકાર કર્યા, તે ઉપરથી ફ્રાન્સના રાજકર્તાએ ભૂલ ખાધી અને માની લીધું કે ઈંગ્લંડને આ સુલેહની જરૂરજ હતી."

આવી આવી વિચિત્ર જંજાળોની વચમાં ફ્રાન્સમાં ધર્મની ફરીથી સ્થાપના કરવા માટે નેપોલિયને મહાભારત પ્રયત્ન કરવા માંડયો. આ ફેરફાર કરવા માટે અસાધારણ નૈતિકબળની જરૂર હતી. આખા ફ્રાન્સ દેશનો કેળવાયલો વર્ગ હડહડતો નાસ્તિક બની ગયો હતો. ધર્મ, પ્રાર્થના, પ્રાર્થનામંદિર અને એવા બીજા ધર્મસૂચક ભાવો ઉપહાસને પાત્ર થતા હતા. લશ્કરના લગભગ તમામ સેનાપતિઓ પૂરેપૂરા નાસ્તિક હતા, અને મદિરા, નૃત્ય અને પ્રેમકેલિ એમાંજ ખરૂં સુખ સમજી બેઠા હતા. નેપોલિયનના અંતઃકરણમાં ધર્મભાવના ઉંડું મૂળ ઘાલી બેઠી હતી. તેની પ્રકૃતિ પણ વિચારવંત, કાંઇક ઉદાસીન અને ગંભીર હતી. તેની તીક્ષ્ણ બુદ્ધિ ભૂતકાળના ભેદ અને ભવિષ્યની અસ્થિરતાવિષે વિચારવા મથતી હતી. કુદરતી શોભાથીજ રળીઆમણા દેખાતા ટાપુમાં, ધર્મપરાયણ સાદા ગ્રામ્યવાસીઓના સહવાસમાં વ્યતીત થએલું તેનું બાળપણ અને અત્યંત ધર્મિષ્ઠ અને પવિત્ર માતાની કેળવણીના

ઉંડા સંસ્કાર, એ બે બાબતોને લીધે પવિત્ર ધર્મક્રિયાઓના દર્શનથી તેની તીવ્ર અને ઉચ્ચ કલ્પનામાં બાળપણના સંસ્કારનું ઉદ્દીપન થતું હતું.

મિસરથી પાછા આવ્યા પછી તેણે બાયબલનો ઉંડો અભ્યાસ કર્યો અને તેમાં રહેલા ઉંચા નીતિસિદ્ધાંતોને માટે તેને ઘણો ભક્તિભાવ ઉત્પન્ન થવા લાગ્યો. લાપ્લેસ તથા બીજા તત્ત્વવેત્તાઓ સાથે તે ઘણીવાર ધર્મવિષયક ચર્ચામાં ઉતરતો અને તેની સબળ દલીલવડે આ પ્રૌઢ વિદ્વાનો પણ ગુંચવાઇ જતા. વૉલ્ટેરના તીક્ષ્ણ પ્રહાર અને બીજાં કારણોને લીધે ફ્રાન્સની નૈતિક ભાવના એવી ભ્રષ્ટ અને કલુષિત થઇ ગઇ હતી કે બાયબલમાં બોધેલી પવિત્રતા લોકોને રુચે એમજ ન હતું. નેપોલિયનના લગભગ તમામ સહાયકો તેના આ પગલાથી વિરુદ્ધ હતા અને તેઓ કહેતા હતા કે તમે આ જૂનો સડેલો વહેમ દેશમાં ફરીથી દાખલ કરવા મથો છો તે તરફ અમે નાપસંદગી બતાવીએ છીએ.

એક દિવસ તેણે મોંગ નામના વિદ્વાન આગળ પોતાના મનના ખરા વિચાર જાહેર કર્યા. " હું એક ભક્તની દૃષ્ટિથી મારા ધર્મવિષયક મતને વળગી રહેતો નથી, પણ બુદ્ધિપૂર્વક વિચાર કરીનેજ તેમને માન્ય રાખું છું. મારો ધર્મ ઘણો સાદો અને સરળ છે. આ વિશાળ, ભવ્ય અને અટપટું જગત્ હું જાઉં છું અને માનું છું કે તે એમને એમ તો નજ બની શકે, પણ તેનો રચનાર ગમે તે હોય, સૃષ્ટિ રચવાનો તેનો ગમે તે હેતુ હોય તોપણ તે સર્વશક્તિમાન આત્મા છે અને તેનું રચેલું જગત્‌રૂપીયંત્ર મનુષ્યે રચેલા બારિકમાં બારિક યંત્ર કરતાં ઉંચા પ્રકારનું છે. માણસ માત્રને પોતાને વિષે તથા પોતાની ભવિષ્યની હાલતને વિષે હજારો છુપી વાતો જાણવાની ઇચ્છા હોય છે; પણ બાહ્ય જગત્માંથી એ જિજ્ઞાસાને તૃપ્તિ મળતી નથી. ધર્મ એવી અનેક બાબતોના ખુલાસા આપે છે. માટે માણસને જે જાણવું છે તે જાણવા માટે ભલે ધર્મનો આશ્રય લે અને તેના સિદ્ધાંતો તરફ માનની નજરથી જુએ."

આ પ્રશ્નને અંગે બીજા કેટલાક વાંધા બતાવવામાં આવ્યા કે પ્રજાનો અમુક ભાગ એથી કૅથોલિક થશે; અમુક ભાગ પ્રોટેસ્ટન્ટ મત તરફ વળશે અને તેમ થતાં સોળમા અને સત્તરમા સૈકામાં થયા હતા તેવા ધર્મના કલહ અને ખુનરેજી ફરીથી શરૂ થશે; પણ નેપોલિયન કહેતો કે **લોકોને ધર્મ વગર ચાલી શકેજ નહિ** અને દરેકને તેના મત પ્રમાણે વર્તવાની છૂટ આપ્યાથી કજીઆ થવાનો સંભવ નહિ રહે.

આ સવાલ ધારાસભામાં જોસભેર ચર્ચાયો અને સામા પક્ષની દલીલોના ઉત્તર નેપોલિયને ઘણીજ સારી રીતે આપતાં જણાવ્યું કે પ્રજાના અંતઃકરણમાં ધર્મ ભાવનાનાં બીજ છે. તે કાળે કરીને પણ નાશ પામવાનાં નથી. લોકો અવ્યવસ્થિત રીતે ધર્મનો આશ્રય તો વહેલા મોડા લેવાનાજ; તો શામાટે પદ્ધતિસર ધર્મનું બંધારણ તેમને માટે આપણે તૈયાર ન કરવું ? વળી ધર્મગુરુઓ પણ પ્રજાસત્તાક

રાજ્યની વિરુદ્ધ વિચારો બતાવે છે કારણ કે આ રાજ્યબંધારણથી તેમને કશો લાભ મળતો નથી. તેઓ તેમના બાપદાદાના ધર્મને વળગી રહે છે એટલાજ અપરાધને માટે આપણે શું તેમને બહિષ્કૃત કરવા ? આ પ્રમાણે બધી રીતે તેણે સામા પક્ષને સમજાવ્યો અને જ્યારે મત લેવાયા ત્યારે નેપોલિયનની દરખાસ્ત ૩૦૬ વિરુદ્ધ ૨૮ મતે પસાર થઇ.

આ રીતે તેણે એક બાજુએ યૂરોપમાં સુલેહ પ્રવર્તાવી અને બીજી બાજુએ ફ્રાન્સમાં ધર્મની પુનઃ સ્થાપના કરી. ગામડાંની પ્રજા તો બિચારી ધર્મ, પ્રાર્થના અને ધર્મગુરુઓને માટે ઉત્સુકજ હતી. ડિરેકટરોએ ક્રાઇસ્ટની માતા મેરીની જે મૂર્તિને દેવળમાંથી ખસેડીને સંગ્રહસ્થાનમાં જોવા લાયક ચીજ તરીકે ગોઠવીને કેથોલિક પ્રજાનાં દિલ દુખાવ્યાં હતાં; તે મૂર્તિને તેને અસલ સ્થાને બેસાડયાના સમાચારથી ઇટાલિ અને ફ્રાન્સની કેથોલિક પ્રજાને પણ ઘણો આનંદ થયો. એજ અરસામાં નેપોલિયને પોપ મહારાજની સાથે સંધિ કરવાની પેરવી કરવા માંડી. પોપની પાસે લસ્કરી બળ નહિ જેવું હતું. નેપોલિયન ધારે તો એક પળમાં તેનો મુલક સ્વાધીન કરવા સમર્થ હતો; પણ તેણે પોપને કહેવડાવ્યું કે “ મારા ઉપર આપ વિશ્વાસ રાખજો. હું શાર્લમેનની માફક ધર્મ અને તેની સંસ્થાઓનો પોષક થઇશ. ” પોપની સાથે કોલકરાર કરવા જે પ્રતિનિધિઓ થઇને જવાના હતા તેમને પણ નેપોલિયને કહી રાખ્યું હતું કે જાણે બે લાખ યોદ્ધાઓનું સૈન્ય પોતાની પાસે હોય તેટલું તેને માન આપજો. સંધિ કરવામાં મુસ્કેલીઓ ઘણી હતી. ફ્રેન્ચ સેનાપતિઓ અને રાજદ્વારીઓ નાસ્તિકો હતા અને કેથોલિક સંપ્રદાય તેમના ઉપર આટલું આટલું વીત્યું તોપણ તેમનું ભદ્રંભદ્રપણું ઓછું કરવા તૈયાર ન હતો. આથી કરીને નેપોલિયને ડહાપણ, સમયસૂચકતા અને ધૈર્યથી કામ લેવાનું હતું. આ કઠિણ કામ પણ તેણે પાર ઉતાર્યું. આ બનાવને ધારાસભામાં જાહેર કરતી વખતે તેણે દોઢ કલાકસુધી જ્વલંત, જુસ્સાદાર અને મુદ્દાસર શબ્દોમાં અતિ સુંદર વ્યાખ્યાન આપ્યું, ધર્મને વહેમનો ઢગલો માનનારા અને ધર્મનો બહિષ્કાર કરવામાં મહત્તા માનનારા તત્ત્વચિંતકો પણ નેપોલિયનની પ્રતિભા અને આત્મબળ આગળ નમી ગયા. પ્રજાવર્ગ તો પહેલેથીજ તેની તરફેણમાં હતો.

પછી તેણે આ પ્રસંગને લગતી જે જાહેર ઉદ્‌ઘોષણા પ્રકટ કરી તે ઘણીજ ઉદાર અને સુંદર ભાવનાઓથી ભરપૂર હતીઃ—

“ રાજ્યક્રાંતિ વખતે ધાર્મિક કલહોને પવિત્ર વેદીનાં ખંડિયેર નીચે અને ધર્મભાવનાની રાખોડી નીચે દાટી દેવાની મૂર્ખનીતિ આદરવામાં આવી હતી. જે પવિત્ર અને ગંભીર વિધાનોવડે લોકો એક બીજાને “ ભાઈ ” શબ્દથી સંબોધતા હતા અને ઇશ્વરના દરબારમાં મનુષ્ય માત્રની સમાનતા સ્થાપિત થતી હતી તે વિધાનો

સત્તાધારીઓની આજ્ઞાથી બંધ કરવામાં આવ્યાં હતાં. મરવા પડેલાં માણસોને ધર્મનું આશ્વાસન કે પરલોકના સુખની આશાનું કિરણ મળતું નહિ. ખુદ ઈશ્વરનો પણ જગત્માંથી બહિષ્કાર કરવામાં આવ્યો હતો. હે શાંતિપ્રદાતા ધર્મના ઉપદેશકો ! તમારા મતભેદો, તમારા ઉપર પડેલી વિપત્તિઓ, તમારા દોષો, સર્વ ભૂલી જજો. એમજ સમજજો કે તમારો ધર્મ તમને તમારા દેશના હિતની સાથે સનાતન બંધનોથી બાંધી લે છે. હે તરુણ પુરુષો ! તમને તમારા ઉપદેશકો શીખવશે કે શાંતિનો દેવ તેજ યુદ્ધનો પણ દેવ છે અને યાદ રાખજો કે ફ્રાન્સના સ્વાતંત્ર્ય માટે જેઓ રણમાં જાય છે તેમના ઉપર ઈશ્વરની ઢાલ સદાને માટે છે ને છેજ. હે પ્રોટેસ્ટન્ટ મતના અનુયાયી નાગરિકો ! દેશનો કાયદો બીજાના જેટલીજ તમારા લાભ સાચવવાની પણ અપેક્ષા રાખે છે. જે પવિત્ર, નિષ્કલંક અને બંધુભાવનાયુક્ત નીતિનાં ધોરણો અનુસાર વર્તવાનું તમે સ્વીકારો છો તે નીતિનિયમોવડે તમે સઘળા પ્રેમબંધનથી તમારા સ્વદેશ સાથે અને માનની લાગણીથી તમારા દેશના કાયદાઓ સાથે બંધાઓ. તે ઉપરાંત જે ઉદારતા અને સહિષ્ણુતા ધર્મ શીખવે છે અને જેનું પાલન કરવાની આજ્ઞા કરે છે તે બે ગુણ તમારા ધર્મનાં મતમતાંતરોમાં માર્યા ન જાય તેની કાળજી રાખજો. ”

ફ્રાન્સની પ્રજા પોતાની સ્વેચ્છાથી ખ્રિસ્તી ધર્મ તરફ વળી એ સમાચારથી પરરાજ્યોને પણ ઘણો સંતોષ થયો. આ બનાવ તો યૂરોપમાં સુલેહશાંતિનું રાજ્ય ફેલાવનાર ચિન્હ જેવો ગણાવા લાગ્યો. રશિયા, પ્રશિયા, અને આસ્ટ્રિયાના રાજાઓએ તેમનો સંતોષ જાહેરમાં પ્રદર્શિત કર્યો.

૧૮૦૨ ના એપ્રિલની ૧૧ મી તારીખે આ બનાવના ઉત્સવમાં નોટર ડેમના પ્રાચીન દેવાલયમાં ભવ્ય ધર્મક્રિયા કરવામાં આવી. ક્રિયાની ભવ્યતા અને ગંભીરતામાં વધારો કરવા માટે ખર્ચની કચાશ રાખવામાં આવી ન હતી. ઘણા સેનાપતિઓ અને અમલદારો આ ક્રિયામાં ભાગ લેવા નાખુશ હતાં પણ નેપોલિયનની સત્તા અને લોકપ્રિયતા જોતાં તેમનાથી વિરોધ બતાવાયો નહિ.

આ બનાવથી કેટલાક ધર્મગુરુઓ અભિમાનથી છલકાઈ ગયા. પારિસની એક પ્રખ્યાત નર્તકી ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયા વગર મરણ પામી. સેંટ રોશના ધર્મોપદેશકે તેની ઉત્તરક્રિયા કરવાની અને તેના શબને દેવળના કબરસ્તાનમાં દાટવા દેવાની ના પાડી નેપોલિયને બીજેજ દિવસે “મોનિટયૂર” પત્રમાં નીચલો લેખ પ્રસિદ્ધ કર્યો:—

“ મેડેમોઇલી ક્રેમેરોયની અંત્યેષ્ટિની ક્રિયા કરવા માટે સેંટ રોશના ધર્મોપદેશકે તેના ચિત્તની ક્ષણિક ભ્રાંતિને લીધે ના પાડી છે, પણ તેના એક સહકારી, જે વિવેકી છે તેમણે એ બાઈના શબને સેંટ ટોમસના દેવળમાં ધર્મને લગતી ક્રિયાઓ કરીને દટાવ્યું છે. પારિસના વડા બિશપે સેંટ રોશના ધર્મોપદેશકને તેમની ફરજનો વિચાર

કરવાનો અવકાશ મળે અને જીસસ ક્રાઇસ્ટે શત્રુઓને માટે પ્રાર્થના કરવાનો આદેશ કર્યો છે તેનો તે પૂરતો વિચાર કરે તેટલા માટે તેને ત્રણ મહિનાસુધી તેની જગ્યાએથી સસ્પેન્ડ કર્યા છે. આ પ્રમાણે વિચાર કર્યાથી તેને તેના કર્તવ્યનું વધારે સારૂં જ્ઞાન થશે અને તે સમજશે કે આવા વહેમ જે અજ્ઞાન અને વિકૃતિ પામેલાં ભેજાંની પેદાશ છે તે વડે ધર્મનું ખરૂં સ્વરૂપ માર્યું જાય છે, ધર્મ કલંકરૂપ થઇ પડે છે અને આપણા રાજ્યે મંજુર કરેલા ધર્મના કાનુનોથી વિરુદ્ધ છે."

નેપોલિયને ફ્રાન્સની પ્રજાનું અનેક રીતે કલ્યાણ સાધ્યું હતું તેના આભારના ચિન્હ તરીકે તેના નામનો સ્મરણસ્તંભ રચાવવા પારિસના માજીસ્ટ્રેટોએ નેપોલિયનની અનુમતિ માગી. તેનો જવાબ તેણે નીચેના શબ્દોમાં આપ્યો:—

"પારિસના માજીસ્ટ્રેટોનાં હૃદયની શુભેચ્છા અને મારા પ્રત્યેનો ઉંચો ભાવ હું સમજી શક્યો છું અને તેને માટે આભાર માનું છું. જેમણે પ્રજાની સેવા બજાવી હોય તેમની યાદગીરીમાટે સ્મરણસ્તંભો રચાવવાની ભાવના દરેક પ્રજાને માટે પ્રશંસનાય તો છે. તમે સ્મરણ સ્તંભની સાથે મારૂં નામ જોડવા માગો છો. તે વિચારને હું વધાવું છું; પરંતુ એને માટે માત્ર જગ્યાજ નક્કી કરો અને સ્તંભની રચનાનું કામ ભવિષ્યની પ્રજાને સોંપજો. તમે મારી જે સેવાની કદર કરો છો તે સેવા જો તેમને પણ અગત્યની જણાશે તો તેઓ એ કામ ઉપાડી લેશે." ફ્રાન્સની આભારવશ પ્રજાએ તેની સેવાની જે કદર કરી છે તેની સાબિતી હમણાં ઇન્વેલાઇડસના ઘુમટ નીચે મોજૂદ છે.

નેપોલિયનમાં એક અજાયબ જેવી મોહિની હતી. એવી શકિત બીજા પુરુષમાં કદિ જોવામાં આવી નથી. તેની પાસે જનાર દરેક જણ એ શકિતના ઓજસ્થી મુગ્ધ અને દીન બની જતા. કેટલાક લશ્કરી અમલદારો તેમને પસંદ નહિ આવી હોય એવી અમુક બાબતોવિષે ફરિયાદ કરવા તેની પાસે ગયા હતા. તેમાંનો એક જણ પોતાનો અનુભવ નીચે પ્રમાણે જણાવે છે:—

"આ માણસમાં એવી એક શકિત છે કે જેનું વર્ણન થઇ શકતું નથી અને જેની સામે ટકી શકાતું પણ નથી. એ શક્તિ શામાંથી ઉત્પન્ન થાય છે તે હું જાણતો નથી. હું તેનો પ્રશંસક નથી. જે અધિકાર તેણે પોતાને હાથ કરી લીધો છે તે મને જરાએ પસંદ નથી. છતાં એટલું તો મારે કહેવુંજ પડશે કે તે બીજાઓ ઉપર અમલ ચલાવવાનેજ જન્મ્યો હોય એવું તેનામાં કાંઇક છે તો ખરૂં. અમે તેની પાસે ગયા ત્યારે નિશ્ચય કરીને ગયા હતા કે તેની સાથે ખુલ્લા મનથી વાત કરવી, તેની સાથે નિડરપણે રકઝક કરવી અને આપણી ફરિયાદનું કારણ દૂર ન થાય ત્યાંસુધી તેની પાસેથી ખસવું નહિ. પણ જે રીતે તેણે અમને આવકાર આપ્યો તેમાં કાંઇક એવી મોહિની હતી કે એક પળવારમાં અમે નરમ ઘેંસ થઇ ગયા, અને જે અમારે કહેવું

હતું તેમાંનો એક શબ્દ પણ અમે બોલી શકયા નહિ. તેણે તેની હમેશની છટાદાર અને મુદ્દાસર ભાષામાં અમારી સાથે લાંબા વખતસુધી વાત કરી અને તેણે ગ્રહણ કરેલી નીતિનું વાજબીપણું અમારા મન ઉપર ઠસાવી દીધું. અમારી દલીલનો સીધી રીતે પ્રતિકાર કર્યા વગરજ તેણે અમારા અભિપ્રાય એવા આબાદ ફેરવી નાખ્યા કે અમે નિરુત્તર બની ગયા. અમારાથી ધાર્યા પ્રમાણે કશી રકઝક થઇજ નહિ. માત્ર તેનું ભાષણ અમે સાંભળીને પાછા આવ્યા અને થોડીવારસુધી તો અમને પણ એમજ લાગ્યું કે અમારૂં માનવું ખોટું હતું અને તેનું માનવું સાચું હતું.”

એક વિદ્વાન મહિલા લેડી મોર્ગન કહે છે કે “જે માણસ વિશાળ રાજ્યનું જોખમભરેલું તંત્ર ચલાવે છે અને મોટાં સ્થાયી કાર્યોની યોજનાઓ ઘડે છે, છતાં લાપ્લેસની સાથે ખગોળવિદ્યાની, ટાલ્માની સાથે કરુણ નાટકોની, ચેરુબિનિ સાથે સંગીતની, *જેરાર્ડની સાથે ચિત્રકળાની અને દરેકની સાથે સાહિત્ય અને વિજ્ઞાનની ચર્ચા કરી શકે છે તેને સામાન્ય કોટિનો માણસ તો કેમજ કહી શકાય ?

હવે નેપોલિયનને પોતાની તમામ શક્તિનો ઉપયોગ માત્ર ફ્રાન્સની ઉન્નતિમાંજ કરવાનો અવકાશ મળ્યો. તેણે બુદ્ધિવાન માણસોને વીણી વીણીને શોધી કહાડયા અને તેમને પૂરતું ઉત્તેજન આપ્યું. એક પણ લાયકાતવાળા માણસને તેનો બાદશાહી ઉદાર આશ્રય મળ્યા વગર રહ્યો નહિ. લેખકો, કલાવિધાયકો, વિજ્ઞાનીઓ, સર્વને સન્માન અને પારિતોષિક મળવા લાગ્યાં. કેળવણીમાટે તેણે અત્યંત પરિશ્રમ અને લક્ષ આપવા માંડયું. નૌકાસૈન્ય, વ્યાપાર, ખેતી, ઉદ્યોગ, યંત્રોની રચના બધામાં તે ચિવટથી લક્ષ આપવા લાગ્યો. તે ઉપરાંત અસાધારણ નૈતિક બળ વાપરીને પ્રજામાં જે કાંઇ અનીતિવાન અને નિર્બળ બનાવે એવાં તત્ત્વો હતાં તેમને વીણી વીણીને દૂર કરવા માંડયાં.

પ્રજાનું અત્યંત પ્રિય અને મુખ્ય વિનોદનું સાધન નાટકશાળાઓ હતી. ત્યાંનાં નિર્લજ્જ અને વિષયવાસનાને ઉત્તેજિત કરે એવાં ગાયનો અને અભિનયો તરફ સખ્ત તિરસ્કાર બતાવીને તેને નેપોલિયને નાબૂદ કરાવ્યાં અને જે નાટકો નીતિબોધક, બળપ્રેરક અને ઠરેલ હતાં તેમને સારૂં ઉત્તેજન આપ્યું. **તેનું ગૃહજીવન સાદાઈ, નીતિ અને પરિશ્રમના ઉદાહરણરૂપ હતું. ફ્રાન્સની ચાર કરોડની વસ્તીમાં તેના કરતાં વધારે મિતાહારી અને પરિશ્રમ કરનાર માણસ કોઈ હતોજ નહિ.** તે કદિ દારૂ પીતો નહિ. **રાતદિવસ નિરંતર મહેનત કર્યા પછી માત્ર લીંબુનું શરબતજ પીતો.** લોકોનો તેના ઉપર એટલો બધો પ્રેમ હતો કે હજારો માણસો તેને માટે મરી ફીટવા તૈયાર હતાં, અને એ પ્રેમ તેના મરણ પછી પણ ટકી રહ્યો છે. હજી પણ નેપોલિયનના પ્રેમની ખાતર મૃત્યુના મુખમાં ઝંપલાવવા હજારો માણસો રાજી છે.

---

* આ બધા વિદ્વાનો પોતપોતાના વિષયમાં એક્કા મનાતા હતા.



નેપોલિયન બોનાપાર્ટ-ફ્રાન્સનો પ્રથમ કોન્સલ

प्रकरण २४ मुं

નેપોલિયન જીવનપર્યંતનો ફર્સ્ટ કૉન્સલ થયો.

હવે ફ્રાન્સને આખા જગત્ સાથે સુલેહ હતી અને નેપોલિયન સર્વાનુમતે સુલેહ પ્રવર્તક મનાવા લાગ્યો હતો. આખું ફ્રાન્સ તેના ઉપર ફિદા હતું. વળી યૂરોપના દરેક દેશનો સામાન્ય પ્રજાવર્ગ તેને પોતાનો શુભેચ્છક, સંરક્ષક, ઉમરાવવર્ગના અત્યાચારનો શત્રુ અને મનુષ્યજાતિની સમાનતાનો આચાર્ય માનવા લાગ્યો હતો. હવે ફ્રાન્સની પ્રજાને સ્વાધીન રાજ્યતંત્રની જરાએ પરવા ન હતી. નેપોલિયન બળવાનમાં બળવાન રાજા કરતાં પણ વધારે સત્તા ધરાવતો હતો, છતાં સ્વતંત્રતાની ઉપાસક ફ્રેન્ચ પ્રજા તેને એથી પણ વધારે સત્તા આપવાને રાજી હતી, તેનો શબ્દ એજ કાયદો મનાતો હતો; કારણ કે એણે પોતાનું રાજ્યાસન ચાર કરોડ માણસોનાં અંતઃકરણના ઉંડાણમાં સ્થાપિત કર્યું હતું.

નેપોલિયને ઈટાલિના મધ્ય ભાગમાં પચાસ લાખની વસ્તીવાળું એક નાનું સરખું પ્રજાસત્તાક રાજ્ય ઉત્પન્ન કર્યું હતું. આ નાનકડું રાજ્ય તેની આસપાસના બળવાન મુકુટધારી રાજાઓના આક્રમણ સામે એકલે હાથે પોતાની સ્વતંત્રતા જાળવી રાખવાને અસમર્થ હતું. નેપોલિયનના આસપાસ પણ વિરોધી રાજાઓનું બળવાન મંડળ હતું, તેથી કરીને ઇટાલિમાં પોતાના મતને અનુકૂળ અને પોતાની સાથે સહાનુભૂતિ રાખી શકે એવા રાજ્યને જાળવી રાખવાની તેને પણ રાજનૈતિક દૃષ્ટિએ જરૂર હતી. ઇટાલિની પ્રજા અનેક સૈકાથી પરાધીન રહેલી હોવાથી સ્વાધીન સ્વરાજ્ય ચલાવવા જેટલો તેમને અનુભવ ન હતો; તેથી તેઓ નેપોલિયન તરફથીજ સહાયની આશા રાખતા હતા અને તેમનું રાજ્યતંત્ર પણ તેજ રચી આપે એવું ઇચ્છતા હતા. એ પ્રજાસત્તાક રાજ્યના ત્રણ પ્રતિનિધિઓ તેમના રાજ્યતંત્રની વ્યવસ્થા સંબંધે નેપોલિયનની સલાહ લેવા માટે પારિસ આવ્યા. નેપોલિયનની સલાહ પ્રમાણે તેમનું રાજ્યતંત્ર નક્કી કર્યું. ઇટાલિની પ્રજાની પ્રકૃતિ અને તેમની આસ-

પાસના બળવાન રાજકર્તાઓની વિરુદ્ધ અસર, એ સઘળું ધ્યાનમાં લેતાં એ રાજ્યતંત્ર ઘણુંજ ઉદાર હતું. તેમણે પોતાનો એક પ્રમુખ અને ઉપપ્રમુખ દશ વર્ષને માટે ચૂંટી કહાડવા, આઠ સભાસદોની અને પંચોતેર પ્રતિનિધિઓના ધારાસભા બનાવવી અને એ પ્રતિનિધિઓ ૩૦૦ જમીનદારો, ૨૦૦ વેપારીઓ અને ૨૦૦ ધર્મગુરુઓ તથા વિદ્વાનો મળીને ચૂંટી કહાડે. આ પ્રમાણે રાજ્યના તમામ અગત્યના વર્ગોનું પ્રતિનિધિત્વ એ બંધારણમાં જળવાયું હતું.

તે જમાનામાં ઈટાલિમાં તેમજ યૂરોપના ઘણા ખરા દેશોમાં ત્રણ રાજદ્વારી પક્ષ હતા. એક પક્ષ રાજાઓના હિમાયતીઓનો હતો. તેઓ રાજસત્તાની પુનઃ સ્થાપના કરવા તેમજ ઉમરાવવર્ગના અસલથી ચાલતા આવેલા એકહથ્થા ખાસ હક્કો તાજા કરવા ઇચ્છતા હતા. બીજો પક્ષ વિનીત પ્રજાસત્તાક રાજ્યની હિમાયત કરનારાઓનો હતો. તેઓ સ્વાધીનતા અને સમાનતાના સિદ્ધાંત પ્રમાણે પદ્ધતિસર રાજ્ય કારોબાર સ્થાપવા મથતા હતા. ત્રીજો પક્ષ જેકોબિન ટોળીના નામથી ઓળખાતો હતો. તેમને તો તમામ મિલ્કતની એક સરખી વહેંચણી કરવી, સમાજની અંદર ધન, દરજ્જો એ સર્વને લગતા જે કાંઈ ભેદ હોય તેમને તોપને ધડાકે ઉડાવી દેવા અને લોકસમૂહના વિવેકશૂન્ય લાગણીના ઉભરા પ્રમાણેજ રાજ્ય કરવું હતું. ઇટાલિ લાંબા વખતથી ધર્મગુરુઓના ધાર્મિક જુલમ અને આસ્ટ્રિયાનાં હથિયારનો શિકાર થઇ પડ્યું હતું. ઘણા સમયની પરાધીનતાથી પ્રજાનું હીર ચૂસાઈ ગયું હતું. આવા મુશ્કેલીના સમયમાં રાજ્યનું સુકાન ધારણ કરી શકે એવો એક પણ બાહોશ પુરુષ તેમનામાં ન હતો. એ લોકો પોતાને પ્રમુખ તરીકે ચૂંટી કહાડે એવી નેપોલિયનની ઇચ્છા હતી. તેઓ પોતાની નવી જવાબદારી જાળવવા શકિતવાન થાય અને તેમને રાજ્યવહીવટની ઝીણવટો સમજાય ત્યાંસુધી રાજ્યની મુખ્ય લગામ તે પોતાના હાથમાં રાખી બીજો બધો વહીવટ તેમના આગેવાન માણસોને સોંપવા ઇચ્છતો હતો.

થેર્સ લખે છે કે " આ યોજના નેપોલિયને તેની લોભવૃત્તિને વશ થઇને નહિ પણ પરિણામનો વિચાર કરીને ઘણાજ ડહાપણપૂર્વક ઘડી હતી. આ બાબતના તેના વિચાર ઘણાજ શુદ્ધ, નિઃસ્વાર્થી અને ઉદાર હતા. સ્વદેશના રાજ્યવહીવટની જંજાળ ઉપરંત પચાસ લાખ માણસની વસ્તીવાળા નવા રાજ્યની વ્યવસ્થા કરવાની જવાબદારી તેણે એકદમ પોતાને માથે લીધી. તેમાં તેની અદ્વિતીય બુદ્ધિ, કાર્યકારિણી શક્તિ અને આત્મશ્રદ્ધાનું જેટલું દર્શન થાય છે તેટલું તેનાં બીજાં કાર્યમાં ભાગ્યેજ થઈ શકે, અને તે વળી સને ૧૮૦૨ માં કે જે વખતે તેનું વય તેત્રીશ વર્ષનું હતું ત્યારે.

ઈટાલિની પ્રજા જે આસ્ટ્રિયા સામેના યુદ્ધમાં ફ્રાન્સના વાવટાનીચે રહીને ધાસ્તીભર્યા સંજોગોમાં પણ વફાદારીથી લઢી હતી તેને આસ્ટ્રિયાની જોહુકમી નીચે પાછી

ધકેલી મૂકવામાં તો ચોકખી દગલબાજીજ કરી કહેવાય. રાજ્યવહીવટમાં બિનઅનુભવી રૈયતને એક બાજુએ જેકોબિન પક્ષનાં અને બીજી બાજુએ રાજહિતૈષીઓનાં કાવત્રાંનો ભોગ થવા દેવામાં તો તેની પાયમાલીજ હતી; પણ રાજ્ય વહીવટનું મુખ્ય સૂત્ર પોતાના હાથમાં રાખીને, રાજ્યની બીજી નાનીમોટી બાબતોનો વહીવટ લોકનાયકોને સોંપ્યાથી તેમને રાજદ્વારી તાલિમ પણ મળે અને થોડા વખતમાં તેઓ સ્વતંત્ર થવા લાયક બને તેવો સંભવ હતો. આવા શુભ આશયથી નેપોલિયને આ નવીન જવાબદારી પોતાને માથે લીધી હતી. તેના માથા ઉપર કામનું એટલું બધું દબાણ હતું કે તેનાથી ઈટાલિ જવાય એમ ન હતું તેથી પારિસ અને મિલનની મધ્યમાં આવેલા લીયોન શહેરમાં પ્રજાસત્તાક રાજ્યતંત્રનો સ્વીકાર કરવા માટે ઈટાલિની રાષ્ટ્રીય પરિષદ્ ભરવાનું નક્કી કરવામાં આવ્યું.

ઇટાલિ તરફથી ૪૫૨ પ્રતિનિધિઓ આ પરિષદ્માં હાજર થવા આવનાર હતા. તેમના સત્કારને માટે લીયોન શેહેરમાં ધામધુમથી તૈયારીઓ થવા લાગી. પરિષદની બેઠકમાટે ભવ્ય અને વિશાળ મંડપને સુસજ્જિત અને અલંકૃત કરવામાં આવ્યો હતો. મિસરથી પાછા આવેલા સૂર્યના તાપથી શ્યામ બનેલા યોદ્ધાઓની પલટણો અને હર્ષમાં આવેલા તરુણ ઇટાલિયનોની અશ્વારોહી ટુકડીઓથી દેખાવની ભવ્યતામાં બેહદ વધારો થતો હતો.

સને ૧૮૦૨ ના જાનન્યુઆરીની ૧૧ મી તારીખે નેપોલિયન જોસેફાઇન સાથે લીયોન આવી પહોંચ્યો. શહેરની તમામ રૈયત તેની સ્વારી જોવા માટે માર્ગની બેઉ બાજુએ એકઠી થઇ હતી. " બોનાપાર્ટ ઘણું જીવો " ના પોકાર તેની ગાડીની પાછળ ચારે બાજુએથી નીકળતા હતા. રાત્રે આખું શહેર રોશનીથી ઝળહળી રહ્યું હતું. નેપોલિયન કૉર્સિકામાં જન્મેલો હોવાથી તેને પોતાનો દેશબાંધવ ગણતા હતા, અને ઇટાલિયન ભાષામાં તે ઘણીજ છટાથી અને રસિક શબ્દોમાં ભાષણ કરી શકતો હતો. પ્રમુખ તરીકે તેના નામનું સૂચન થતાં લોકોએ તાળીઓ અને હર્ષનાદથી આકાશ ગજાવી મૂક્યું.

બીજે દિવસે પરિષદ્નો સમારંભ થયો. નેપોલિયન પોતાની પત્ની અને ફ્રેન્ચ પ્રધાનમંડળ સાથે તેમને માટે તૈયાર કરી રાખેલા ઉંચા મંચ ઉપર બેઠો. પછી ઇટાલિયન ભાષામાં તેણે પોતાનું પ્રમુખ તરીકેનું ભાષણ આપ્યું. તેની છટા, શબ્દોની પસંદગી અને ભાષણ કરવાની ઢબ એવાં ઉત્તમ હતાં કે તેણે પોતાની આખી જિંદગી×

× "જો નેપોલયને યોદ્ધા તરીકે નામના ન મેળવી હોત તો તે વક્તા, કવિ, ગ્રંથકાર, ગણિતશાસ્ત્રી અથવા એવી કોઇ પણ દિશામાં તેવીજ નામના મેળવ્યા વગર રહેત નહિ. શસ્ત્ર વાપરવામાં જેવો તે કુશળ હતો તેવોજ તે લખવામાં અને ભાષણ કરવામાં પણ હતો. તેની ઉદ્ઘોષણાઓ, ભાષણો, પત્રિકાઓ, માનપત્રોના જવાબો, તેણે કરેલું

વકતૃત્વકળાના અભ્યાસ પાછળજ ગાળી હશે એમ સાંભળનારને લાગ્યા વગર રહે નહિ. જે પદ તેને લોકોએ સ્વેચ્છાથી આપ્યું હતું તેનો તેણે સ્વીકાર કર્યો અને ઇટાલિના પ્રજાસત્તાક રાજ્યને આબાદ બનાવવાના સંબંધમાં પોતાના જે જે વિચારો હતા તે પ્રતિનિધિઓને સમજાવ્યા. તેના ભાષણની વચમાં વારંવાર તાળીઓના અવાજ થયા કરતા હતા અને જ્યારે તે પૂરૂં થયું ત્યારે તો લાંબા વખતસુધી તાળીઓ અને હર્ષનાદથી સભાસ્થાન ગાજી રહ્યું. નેપોલિયન ત્યાં વીશ દિવસ રહ્યો તે દરમ્યાન આ નવા રાજ્યને સુવ્યવસ્થિત કરવાને પુષ્કળ પરિશ્રમ લીધો અને આખો વખત તેમાંજ રોકાયલો રહેવા છતાં તે ફ્રાન્સને પણ ભૂલી ગયો ન હતો. ત્યાં બનતા બનાવો ઉપર અહિં રહ્યો રહ્યો પણ તે લક્ષ આપતો હતો એ તેના તે વખતના ખાનગી પત્રવ્યવહાર ઉપરથી જણાય છે.

જ્યારે નેપોલિયન પારિસ પાછો આવ્યો ત્યારે ધારાસભાઓની ચૂંટણી થઇ ગઇ હતી. નવો દિવાની કાયદો મંજૂર કરવામાં અને ખ્રિસ્તી ધર્મની સ્થાપના કરવામાં જે જે સભાસદોએ વિરુદ્ધતા બતાવી હતી તે બધા આ નવી ચૂંટણીમાં ઉડી ગયા હતા. જે નવા સભાસદો તેમની જગ્યાએ ચૂંટાયા હતા તે સઘળા નેપોલિયનનાં તમામ કાર્યોને ટેકો આપે એવા હતા. એટલે હવે તેના માર્ગમાં કશી મુસ્કેલી કે વિરુદ્ધતાનો અંશ સરખો પણ ન હતો. હવે તે ખરેખરો રાજાજ હતો, અને યૂરોપના કોઇ પણ રાજ્યકર્તા કરતાં તેના હાથમાં વિશેષ સત્તા મૂકાઇ હતી.

હવે તેની તમામ શક્તિઓ એકજ હેતુની સિદ્ધિને અર્થે કામે લાગી હતી. ફ્રાન્સ તેની જાગીર હતી, તેજ તેનો રાજ્યમુકુટ હતો અને તેમાંજ તેનું સર્વસ્વ હતું. ફ્રાન્સની કીર્તિમાં તેની કીર્તિ હતી, તેના સુખમાં તેનું સુખ હતું અને તેની આબાદી એજ તેની સઘળી દોલત હતી. રાતદિવસ ઉજાગરા વેઠીને, સુખનો, આરામનો ભોગ આપીને, પોતાની તમામ શક્તિઓ એકજ ધ્યેયમાં સ્થિર કરીને નેપોલિયન સ્વદેશને માટે જેટલી શારિરીક અને માનસિક મહેનત લેતો તેટલી મહેનત ભાગ્યેજ કોઇ કુટુંબનો પાલક પોતાનાં પેટનાં બાળબચ્ચાંના સુખને માટે પણ લેતો હશે. આરામની તેને પરવા ન હતી, શરીરસુખની તેને તૃષ્ણા ન હતી અને ઇન્દ્રિયોપભોગનો તો વિચાર કરવાની પણ તેને ફુરસદ ન હતી. બીજા દેશોની પાયમાલી કરીને સ્વદેશોન્નતિ કરવાની તો તેણે કદિ ધારણા સુદ્ધાં રાખી ન હતી. તેની મહેચ્છા એવી હતી કે ફ્રાન્સ તમામ પ્રકારના સદ્‌ગુણોમાં આદર્શરૂપ બનીને સર્વદેશોને સુખ, સ્વાસ્થ્ય અને કુશળતા પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે. આ વખતે નેપોલિયનનું હૃદય આવી ભવ્ય અભિલાષાથી ઉછળતું હતું અને એ કરતાં વધારે ઉદાર અને ઉચ્ચ અભિલાષાને

છેલ્લું વસિયતનામું એ સર્વની અંદર કવિત્વ, તીવ્ર કલ્પનાશક્તિ, તર્કશક્તિ, વિવાદ કરવાની કુશળતા, પ્રતિભા વગેરે ઉમદા શક્તિઓનું દર્શન થાય છે. ”ઈંગરસોલ—

ભાગ્યેજ બીજા કોઈ માનવીના હૃદયમાં સ્થાન મળ્યું હશે.

પણ તેની આ અભિલાષાની આડે આવનાર ફ્રાન્સનો બળવાન હરિફ જો કોઇ હોય તો તે એકલું ઈંગ્લંડજ હતું. ઈંગ્લંડની વસ્તી દોઢ કરોડની હતી ત્યારે ફ્રાન્સની ચાર કરોડની હતી; પણ ઈંગ્લંડ પાસે તેનાં સંસ્થાનો હતાં અને તેનો કાફલો તમામ સમુદ્રો ઉપર અધિકાર ભોગવતો હતો. નેપોલિયન કહેતો કે “ ફ્રાન્સ પણ શામાટે સંસ્થાનો ન વસાવે અને કાફલો ન બાંધે ?” ઈંગ્લંડના રાજદ્વારીઓ કહેતા કે “ જો અમે તેમ કરવા દઇએ તો ઈંગ્લંડ બીજા દરજ્જાનું રાજ્ય બની જાય અને ફ્રાન્સની દયા ઉપરજ અમે જીવી શકીએ. ”

ઈંગ્લંડનું બળ સમુદ્ર ઉપર અપ્રતિમ હતું, પણ તેણે ગર્વિષ્ઠ બનીને પોતાના બળનો દુરુપયોગ કર્યો અને બીજી બધી પ્રજાઓમાં અપ્રિય થઇ પડયું હતું. કોઇ જો એમ કહે કે ઈંગ્લંડ પોતાનું સર્વોપરિપણું ગુમાવવાને, સમુદ્ર ઉપરનો પોતાનો અધિકાર છોડી દેવાને અને બીજા દરજ્જાનું રાજ્ય બનવાને રાજી ન હતું તે તદ્દન વાજબી હતું; તો પછી ફ્રાન્સ પણ સંસ્થાનો વસાવવાની, પોતાનો વ્યાપાર વધારવાની, બીજી પ્રજાઓ સાથે દોસ્તી દાવા બાંધવાની અને સ્વરક્ષણ કરવા માટે કાફલો રાખવાની ઇચ્છા કરે તો તેમાં તેનો પણ શો દોષ કહેવાય ?

પોતાના તરફ બતાવાતી દુશ્મનાવટને લીધે નેપોલિયન કોઇ કોઇ વાર મિજાજ ખોઈ બેસતો પણ તેની ઉદારતા એવી લક્ષણગત હતી કે તે હમેશાં પોતાના હરિફની સકારણતા જોઇ શકતો અને તેને માન આપતો. ખેદની વાત એ હતી કે તેના પ્રતિસ્પર્ધીઓમાં તેટલી ઉદારતા ન હતી. આ બે મહાન પ્રજા વચ્ચે ચાલેલી ખૂનખાર લડાઇમાં સત્ય અને અસત્યનું મિશ્રણ થયું હતું. તેનો ન્યાય કરવાની મનુષ્યને સત્તા નથી. એ ત્રાજવાનું સમતોલપણું જાળવવાનું તો ઈશ્વરનાજ હાથમાં છે. મનુષ્યજાતિના ઇતિહાસમાં શુદ્ધ અને અશુદ્ધ આશયોની, લોલુપતાની અને સચ્ચાઇની એવી ભૂલભૂલામણી બની ગઇ છે કે તેમાં માનવબુદ્ધિ તો ગુંચવાઇજ જાય છે. જગત્ ઘણું પામર છે. પ્રજાના ઇતિહાસમાં અનેક કરુણ પ્રકરણો છે.

ફ્રાન્સની ત્વરાથી વધતી જતી શક્તિ અને સમૃદ્ધિ જોઇને ઈંગ્લંડની ચિંતા અને ભીતિમાં વધારો થતો હતો. નેપોલિયનની કાર્યદક્ષતા અમાનુષિક હતી. તેના દરેક કૃત્યમાં ઉંડું ડહાપણ અને લાંબી દીર્ઘદૃષ્ટિ હતી. આજે લંડનમાં સમાચાર આવે છે કે તે ઇટાલિના પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ ચૂંટાયો. પચાસ લાખ માણસોનો તેના રાજ્યમાં ઉમેરો થયો! કાલે નવી ખબર આવે છે કે તે એલ્બાના દ્વીપમાં ફ્રેન્ચોનું સંસ્થાન વસાવે છે અને સેંટ ડોમિન્ગોને સુદૃઢ કરવાને એક ફ્રેન્ચ કાફલો તે તરફ ઉપડી ગયો છે! ઈંગ્લંડની દહેશત વધવા લાગી. વળી ખબર આવે છે કે અમેરિકામાં મિસિસિપી નદીની ફળદ્રૂપ ખીણમાં ફ્રેન્ચોનું એક

સંસ્થાન તૈયાર થાય છે.

દરમ્યાન આખું ફ્રાન્સ નવચેતનથી ભરપૂર બની ગયું છે. કારખાનાં, રસ્તા, પૂલ, કિલ્લા નહેરો ઠામઠામ જાદુઇ સૃષ્ટિની માફક ત્વરાથી ઉભાં થતાંજ જાય છે. ફ્રાન્સના એકે એક બંદર ઉપર વહાણુ બાંધનારાઓના હથોડાના અવાજ રાતદિવસ સંભળાયાજ કરે છે, અને દરેક મહિને તેનાં લડાયક વહાણોની સંખ્યા વધતીજ જાય છે. ફ્રાન્સની પ્રજામાં શક્તિનો અદ્‌ભુત વિકાસ થયેલો જોઇને ઈંગ્લંડની પ્રજા પ્રસન્ન થઇને ધન્યવાદ આપે છે. ત્યાંના રાજદ્વારીઓ તેથી ભય પામીને વિચારમાં પડી જાય છે.

આટલી બધી જંજાળ પોતાના માથા ઉપર છતાં છેલ્લા કેટલાક મહિના થયાં નેપોલિયન ફ્રાન્સના યુવાનોની કેળવણીને માટે વિશાળ યોજના ઘડતો હતો. તેણે પોતાને હાથેજ શાળાઓની યોજના લખી અને તેમાં ચલાવવાનો અભ્યાસક્રમ પણ નકકી કર્યો. વિજ્ઞાન તરફ તેનો મજબૂત પક્ષપાત છતાં તેણે આ ઠેકાણે પ્રાચીન ભાષાઓના અભ્યાસને વિશેષ અગત્યનું સ્થાન આપ્યું હતું. આ બધી શાળાઓ લશ્કરી ઢબ ઉપર રચવામાં આવી હતી; કારણ કે ફ્રાન્સ બળવાન પ્રતિસ્પર્ધી રાજ્યોની વચ્ચે આવેલું હોવાથી દેશના એકે એક માણસને હથીઆર વાપરી શકે એવો બનાવવાની ઘણી જરૂર હતી. દરેક શાળામાં ધર્મગુરુઓદ્વારા ધાર્મિક શિક્ષણ અપાતું, લશ્કરમાંથી નિવૃત્ત થએલા વૃદ્ધ અમલદારો લશ્કરી તાલીમ આપતા અને પ્રાચીન ભાષાઓ તથા વિજ્ઞાનના વિષયો શીખવવા માટે યૂરોપના સારામાં સારા શિક્ષકોને રોકયા હતા.

કન્યાકેળવણીમાટે તે ખાસ લક્ષ આપતો હતો. “ ફ્રાન્સનો પુનરુદ્ધાર કરવા માટે સારી માતાઓ કરતાં વધારે જરૂરનું બીજું કાંઇ છેજ નહિ,” એમ તે વારંવાર કહેતો હતો. દેશના યુવાન વર્ગને શાળાઓ તરફ આકર્ષવા માટે છ હજાર પ્રદર્શનો ભરાવવા તેણે પચાસ લાખ ફ્રાન્કની રકમ ખર્ચવાની મંજૂરી આપી, અને તે જોવા જવા માટે કશી ફી રાખવામાં આવી ન હતી.

કાયદાના શિક્ષણમાટે દશ, અને વૈદ્યકીય શિક્ષણમાટે નવ શાળાઓ સ્થાપી. હુન્નર ઉદ્યોગ શીખવવા માટે “ પૂલો અને રસ્તાઓની રચના શીખવવાની શાળા ” એ નામની એક શાળાના સ્થાપના કરી. આ સંસ્થાઓમાં અમુક વર્ગના ખાસ અધિકાર જેવું કાંઇ હતુંજ નહિ. તમામ વર્ગના વિદ્યાર્થીઓને એકસરખી કોટિએ મૂકવામાં આવતા હતા અને સર્વને માટે આગળ વધવાના માર્ગ ખુલ્લા હતા. નેપોલિયને કહ્યું, કે “ આ તો હજી શરૂઆત છે; આગળ ઉપર આપણે ઘણું અને વધારે સારૂં કરી શકીશું. ”

ઘણા લોકોની વિરુદ્ધતા છતાં જેમ તેણે ખ્રિસ્તી ધર્મ દેશમાં ફરીથી દાખલ કરાવ્યો તે પ્રમાણે તેની સામે સખત વિરોધ છતાં દેશની સારી રીતે સેવા બજાવ-

નાર પુરુષોને માન આપવા માટે તેણે લિજીયન ઑફ ઑનરની પ્રથા શરૂ કરી. રાજ્યક્રાંતિનો મુખ્ય સિદ્ધાંત એ હતો કે માણસ માણસ વચ્ચેના તમામ ભેદને રદ કરવા. આ હેતુથી ફ્રાન્સમાં ઉંચાનીચા દરેક માણસને "નાગરિક" એ નામથીજ સંબોધવામાં આવતો હતો. નેપોલિયનની ઈચ્છા એવી હતી કે લોકોમાં શૌર્યનાં કામો કરવાનો ઉત્સાહ વધે અને જેમણે દેશસેવા કરી છે તેમનો દરજ્જો બીજાના કરતાં વધે તે માટે કોઇ પણ પ્રકારના ઇનામની પ્રથા દાખલ કરવી. ફ્રાન્સમાં ઘણીવાર ખિતાબો અને ચાંદ ધારણ કરનારા પરદેશીઓ આવતા હતા અને લોકો તેમનાં માનસૂચક ચિન્હો તરફ કેવી આતુરતાથી જોઇ રહે છે તેની નેપોલિયનને ખબર હતી. ધારાસભામાં આ વિચારની સામે સખત વિરોધ બતાવવામાં આવ્યો. સામા પક્ષની દલીલ એવી હતી કે એ બધી વસ્તુઓ માત્ર મનુષ્યજાતિના મિથ્યાભિમાનની નિશાનીઓ છે. નેપોલિયને જવાબ આપ્યો કે ભલે તત્ત્વજ્ઞાનીઓ એ મિથ્યાભિમાનની નિશાનીઓને ધિક્કારે પણ તેણે વીરપુરુષોને ઉત્પન્ન કર્યાં છે, અને પ્રજામાં અનેક સદ્ગુણ ખીલવ્યા છે. બીજા બધા દેશોમાં એનો પ્રચાર છે, પણ ત્યાં એવાં માન માત્ર ઉમરાવકુળમાં જન્મેલા માણસોનેજ મળે છે. આપણા દેશમાં તેમ ન કરતાં માણસની લાયકાત જોઇને એવું માન આપવામાં આવે તો શું ખોટું? અમુક માણસે લશ્કરી કે મુલ્કી ખાતામાં સારી સેવા બજાવી હોય, કોઈએ ઉમદા ગ્રંથ લખ્યો હોય, કોઈએ ઉપયોગી યંત્ર બનાવ્યું હોય કે સુંદર ચિત્ર તૈયાર કર્યું હોય તો તેવા માણસોને જાહેરમાં માન આપવું એમાં શું વાંધાભરેલું છે? વળી એ માન આપણે વંશપરંપરાનું નથી આપવાના કે જેથી કરીને બીજા દેશોમાં એ બદામની અકકલવાળા સર અને બેરોનેટ કહેવાય છે તેવું આપણા દેશમાં પણ થાય. માણસને તેની યોગ્યતાના પ્રમાણમાં માન આપ્યાથી મનુષ્યની સમાનતાનો સિદ્ધાંત તૂટતો નથી. વળી આ ઈનામ ફર્સ્ટ કૉન્સલથી માંડીને નાનામાં નાના ખેડુતસુધી સર્વને માટે ખુલ્લાં રાખીશું. આવી આવી દલીલોથી નેપોલિયને સામા પક્ષની વિરુદ્ધતા ઓછી કરવાનો પ્રયત્ન કર્યો પણ જ્યારે મત લેવાયા ત્યારે આ દરખાસ્ત પસાર થવા છતાં તેના વિરુદ્ધમાં ઘણા મત નોંધાયા. આ માનનીય વર્ગમાં છ હજાર માણસો રાખવાનાં હતાં, અને તેમાં વધારે ઓછી લાયકાત પ્રમાણે ચાર વર્ગ પાડવાના હતા. આ વર્ગમાં દાખલ થયાની નિશાની તરીકે એક લાલ પટ્ટી આપવાની હતી. સામાન્ય સિપાઇ, વૃદ્ધ, સાક્ષર, કુશળ કારીગર, સેનાધિપતિ, સર્વને એકસરખી પટ્ટી આપવાની હતી. ફ્રાન્સને માટે આ પ્રથા એટલી જરૂરી જણાઈ છે કે ત્યાર પછી તે દેશમાં અનેક રાજ્યક્રાંતિઓ થઈ ગઈ પણ લિજીયન ઑફ ઑનરની પ્રથા તો હજી ચાલુજ છે, અને હવે તો તેની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઈ છે કે કુલીનતાનો ગર્વ રાખનારા ઉમરાવો અને અન્ય દેશોના બાદશાહો પણ નેપો-

લિયને સ્થાપેલું આ માન મેળવવાનો લોભ રાખે છે.

નેપોલિયનની લોકપ્રિયતાની હવે સીમા ન હતી. પ્રજા તરફથી તેના પ્રત્યેનો આભાર વ્યાવહારિકરીતે દર્શાવવાને કાંઈક થવું જોઇએ એવી વાત ઘણે ઠેકાણે ચર્ચાવા લાગી. ધારાસભામાં પણ આ વાત આવી અને પ્રમુખે પોતાના વિચાર નીચેના શબ્દોમાં જાહેર કર્યા:—

" જેમણે પોતાનાં સુંદર કાર્યોવડે દેશની કીર્તિમાં વધારો કર્યો હોય અથવા આપત્તિમાંથી સ્વદેશનું રક્ષણ કર્યું હોય તેવા વીરપુરુષોને જાહેર માન આપવાનો રિવાજ દરેક દેશમાં પ્રચલિત છે. આપણા દેશમાં જનરલ બોનાપાર્ટ કરતાં દેશને વધારે આભારી કરનાર બીજો કોઈ પુરુષ છેજ નહિ. તેણે પોતાની બુદ્ધિ અને વીરતાવડે અરાજકતાના અંધકારમાંથી તેમજ બહારનાં આક્રમણમાંથી સ્વદેશને મુક્ત કર્યો છે. ફ્રાન્સની મહાન અને ઉદાર પ્રજા આવા ઉપકારની યોગ્ય કદર કર્યા વગર રહેશેજ નહિ. પ્રજાએ તેના પ્રત્યેનો આભાર અને પ્રેમ બતાવવા માટે શું કરવું તે વિષે તેના સાથે મસલત કરવાને એક ડેપ્યુટેશન તરતજ મોકલવામાં આવ્યું. તેમણે તેનાં કાર્યોનાં અને ગુણનાં વખાણ ઘણી સુંદર ભાષામાં કર્યાં તે સાંભળ્યા પછી તેણે તેનો આ પ્રમાણે ઉત્તર વાળ્યો:—

"મને જે કાર્ય સોંપવામા આવ્યું હતું તે મેં પૂર્ણ કર્યું છે એમ જાણીને થતા આત્મસંતોષ સિવાય બીજી કીર્તિની મને સ્પૃહા નથી. મારા સ્વદેશબંધુઓના પ્રેમ સિવાય બીજા ઈનામની હું ઇચ્છા રાખતો નથી. તેમના ઉપર પડતાં દુ:ખને હું મારી મોટામાં મોટી વિપત્તિરૂપ માનું છું; મારા દેશની સેવા કરી શકું તેટલા માટેજ હું મારી જિંદગીને વહાલી ગણું છું અને મરતી વખતે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યની અચળ કીર્તિ અને આબાદી જોઇને મરૂં તો મરણ પણ મને આકરૂં નહિ લાગે, એવી જો મારા દેશબાંધવોને ખાત્રી થતી હોય તો મને પૂરતો સંતોષ થશે."

ત્યારે હવે તેને આપવું શું? દોલતની તેને દરકાર નથી; લાખો કરોડો સોના મોહોરના ઢગલા તેની આગળ ધરવામાં આવ્યા પણ તે ન લેતાં તેણે સ્વદેશને અર્પણ કરી દીધા. આરામ, વિલાસ તરફ તો તેને રુચિજ નથી. સ્મરણસ્તંભોને પણ તે સાધ્ય નહિ પણ સાધનરૂપ માને છે. તેને માત્ર સત્તાજ વહાલી છે જેનો ઉપયોગ તે લોકોના કલ્યાણમાટે કરી શકે.

પરંતુ સવાલ એ થયો કે તેની પાસે હાલ જે સત્તા છે તેમાં કયે રસ્તે વધારો કરવો? તેને કયી સત્તાની ઉણપ હતી? તે ચક્રવર્તી રાજાના જેટલી સત્તા ધરાવતો હતો. ધારાસભા, વડીધારાસભા, અમલદારમંડળ સર્વ તેની મરજી અધીન હતાં. તેની કૉન્સલ તરીકેની નિમણૂક દશ વર્ષ માટેની હતી. તેમાં કાં તો બીજાં દશ

વર્ષનો વધારો કરી આપવો અથવા તો તે જીવનપર્યંત એ પદવી ભોગવે એવો ઠરાવ પસાર કરવો. આ બે સિવાય ત્રીજો રસ્તો ન હતો. તેને પોતાને શું પસંદ હતું તે જાણવાને પ્રજાના નેતાઓએ, અને વડીધારાસભાના સભ્યોએ ઘણાં ફાંફાં માર્યાં, પણ કશું જણાયું નહિ. તેને રાજા થવાની ઇચ્છા હોય તો તેને માથે રાજ્યમુકુટ પહેરાવવાને પણ પ્રજા તૈયાર હતી; પણ તેણે તો માત્ર એટલુંજ કહ્યું કે વડી ધારાસભાને જે કરવું હોય તે કરે. તેઓ જે કરશે તેમાં મારી સંમતિ છે.

૧૮૦૨ના મે માસની ૮ મી તારીખે નેપોલિયનની ફર્સ્ટ કૉન્સલ તરીકેના હોદ્દાની મુદતમાં બીજાં દશ વર્ષનો વધારો કરી આપવાનો ઠરાવ પસાર થયો. તેણે તેનો આભારસૂચક ઉત્તર આપ્યો.

ત્યાર પછી વડીધારાસભાની એક ખાસ બેઠક કરવામાં આવી અને તેની આગળ બે ઠરાવ રજૂ થયા. (૧) નેપોલિયનને જીવનપર્યંત ફર્સ્ટ કૉન્સલની પદવી આપવી કે નહિ? (૨) તેના પોતાના પછી આવનાર કૉન્સલની નિમણુક કરવાનો અધિકાર તેને આપવો કે નહિ? બીજા ઠરાવ પ્રમાણે કરવાથી તો પ્રજાસત્તાક રાજ્યના ઓથા નીચે રાજાસત્તાક રાજ્યતંત્ર લાવવા જેવું હતું.

આ બેઉ ઠરાવવિષે નેપોલિયનનો મત પૂછવામાં આવ્યો. તેણે સર્વની અજાયબી વચ્ચે બીજો ઠરાવ તો તદ્દન રદ્દજ કર્યો. આમ કરવામાં તેનો ખરો હેતુ શો હતો તે બાબતમાં ઇતિહાસ લખનારાઓ જૂદાં જૂદાં અનુમાન કરે છે; અમુક કાર્ય કરવામાં કરનારનો ખરો હેતુ શો છે તે વિષે ચોક્કસપણે મત આપવો એ જોખમભરેલું છે; પણ નેપોલિયને જે નીતિનો અંગીકાર કર્યો તેમાં તેનું નિર્લોભીપણું અને ઉદારતા તો જણાઇજ આવે છે. પહેલી દરખાસ્તના જ્યારે મત લેવાયા ત્યારે તેની વિરુદ્ધમાં માત્ર આઠેક હજાર મત હતા અને તરફેણમાં ૩૫૬૮૮૮૫ મત પડ્યા હતા. કોઈપણ રાજ્યકર્તાની ચૂંટણી આટલી બધી ભારે વધુમતીથી ભાગ્યેજ થઈ હશે.

અન્ય રાજ્યોના એલચીઓ અને પ્રજાના પ્રતિનિધિઓનાં અભિનંદન નેપોલિયન સ્વીકારે તેને માટે એક ભવ્ય રાજદ્વારી મહોત્સવ પાળવાનો દિવસ મુકરર કરવામાં આવ્યો. ટ્યૂલેરીસ રાજમહેલથી લક્ઝેમ્બર્ગ સુધી માર્ગના બેઉ બાજુએ ભભકાદાર લશ્કરી પોશાકમાં સજ્જ થએલા સિપાઇઓ હારબંધ ગોઠવાઇ ગયા હતા અને તેમની વચમાં થઇને આઠ ઘોડાની ગાડીમાં બેસીને નેપોલિયન અને તેના દરબારીઓની સ્વારી જવાની હતી એ દેખાવ જોવાને આખા પારિસ નગરની વસ્તી એકત્ર થઇ હતી અને તેમના હર્ષનાદથી દિશાઓ ગાજી રહી હતી. પોતાને મળેલાં અભિનંદન પત્રોના ઉત્તરમાં નેપોલિયને કહ્યું કેઃ—

“ દરેક દેશજનનું જીવન તેનું પોતાનું નહિ પણ તેના દેશનું છે. ફ્રેન્ચ પ્રજાની

એવી ઇચ્છા છે કે મારે મારી આખી જિંદગી ફ્રાન્સની સેવામાં અર્પણ કરવી તો હું તેમની ઇચ્છા પ્રમાણે વર્તવાને ખુશી છું. હે સભાસદો અને શહેરીઓ! તમારા સહકારથી, અમલદારોની મદદ અને આ બળવાન પ્રજાના વિશ્વાસ અને સહાનુભૂતિવડે હું ફ્રાન્સના સ્વાતંત્ર્યનું, સમાનતાનું અને તેના આબાદીનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરીશ. જે પ્રજા સદ્‌ગુણોમાં ચડીઆતી હશે તેનોજ સૌથી વધારે સુખી થવાનો હક્ક છે, અને તેના સુખમાંથી આખા યૂરોપને પણ સુખશાંતિ મળશે. તમામ પ્રકારની સત્તાના મૂળ સ્વરૂપ પરમાત્માની આજ્ઞાથી પૃથ્વી ઉપર ન્યાય, સમાનતા અને વ્યવસ્થા જાળવવાની ફરજ મને પ્રાપ્ત થઈ છે તેને માટે હું ઘણો મગરૂર છું. મારા જીવનની છેલ્લી ઘડી આવશે ત્યારે મારી જવાબદારી હું મારે માથેથી ઉતારીશ અને મારા કાર્યને માટે ભવિષ્યની પ્રજા શો મત બાંધે છે તેને માટે ચિંતા રાખવાનું મને કારણ રહેશે નહિ એવી હું આશા રાખું છું."

બીજે દિવસે વડી ધારાસભામાં નવા રાજ્યતંત્રને લગતા ખરડા રજૂ થયા. નેપોલિયને પ્રમુખસ્થાન લીધું અને તેની એકેએક કલમ વિગતવાર સમજાવી. તેમાં એવી પણ એક કલમ હતી કે નેપોલિયનને તેના વારસની પસંદગી કરવાની સત્તા આપવી. કેટલીકવાર આનાકાની કર્યા પછી છેવટે તે તે બાબતમાં પણ સર્વની ઇચ્છાને તાબે થયો. પ્રજાસત્તાક રાજ્યતંત્રમાંથી ફ્રાન્સ હવે નિરંકુશ રાજસત્તા સ્વીકારવાની તૈયારી કરતું હતું તે આ ઉપરથી જણાઇ આવે છે. આસપાસના તે વખતના સંજોગો અને ફ્રાન્સના લોકોની તે સમયની પ્રકૃતિ ધ્યાનમાં લેતાં ત્યાં પ્રજાસત્તાક રાજ્યતંત્ર તેના શુદ્ધ સ્વરૂપમાં લાંબો વખત નભી શકે એમ હતુંજ નહિ.

નેપોલિયન મિસરથી પાછો આવ્યો તેને પૂરાં ત્રણ વર્ષ થયાં ન હતાં. તે દરમ્યાન તેણે એવી મહાભારત યોજનાઓ સફળતાપૂર્વક પાર ઉતારી, કે આખી દુનિયાનો ઇતિહાસ ઉથલાવી જોતાં પણ તેની તુલનામાં મૂકી શકાય એવું બીજું ઉદાહરણ જોવામાં આવતું નથી. કોઇ પણ માણસ આટલું મોટું કાર્ય આટલા ટુંક વખતમાં સિદ્ધ કરી શકયો નથી.

प्रकरण २५ मुं–एमेननी सुलेहनो भंग

નેપોલિયનને જીવનપર્યંત અનિયંત્રિત સત્તા આપવામાં આવી એ સમાચારથી યૂરોપનાં તમામ રાજ્યોમાં સંતોષની લાગણી ફેલાઇ ગઇ; કેમકે પ્રજાસત્તાક રાજ્યના સિદ્ધાંતોની તેમની પ્રજા ઉપર થતી અસરની તેમને જે મોટી ધાસ્તી હતી તે આથી ઓછી થઇ અને ફ્રાન્સનું રાજ્યતંત્ર તેની આસપાસના દેશોના રાજ્યતંત્ર સાથે વધારે સામ્યતા ધરાવતું થયું. ઇંગ્લંડના મુખ્ય પ્રધાને પણ ફ્રેન્ચ રાજપ્રતિનિધિને ખાત્રી આપી કે આ બનાવને બ્રિટિશ સરકાર અંતઃકરણપૂર્વક અનુમોદન આપે છે. પ્રશિયાના રાજાએ, રશિયાના ઝારે અને આસ્ટ્રિયાના રાજકર્તાએ પણ નેપોલિયનને અભિનંદન આપ્યું. નેપલ્સની ગર્વિષ્ઠ રાણીએ પણ ફ્રેન્ચ રાજદૂતને મોઢે પોતાનો સંતોષ જાહેર કરતાં કહ્યું કે "જનરલ બોનાપાર્ટ મહાન્ વ્યક્તિ છે. તેણે મને અંગત નુકસાન કર્યું છે તોપણ તે બુદ્ધિમાન છે એમ તો મારે કહેવુંજ પડે છે. ફ્રાન્સની અરાજકતાને અંકુશ નીચે આણીને તેણે યૂરોપની સેવા બજાવી છે. તેણે પોતાની યોગ્યતાને લીધેજ પોતાના દેશનું રાજ્યતંત્ર પ્રાપ્ત કર્યું છે. હું મારા કુટુંબના રાજકુમારોને તેનોજ દાખલો લેવાનું શીખવું છું, અને તેની અદ્ભુત કારકીર્દીનું મનન કરવાનો આગ્રહ કરૂં છું."

પણ ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચેની મુશ્કેલીઓ દિવસે દિવસે ઝપાટાબંધ વધતીજ જતી હતી. ફ્રાન્સની સાથે સલાહ થયા પછી ઈંગ્લંડે પોતાના માલના વેચાણની જે આશા રાખી હતી તેમાં તેને નિરાશા મળી. ઈંગ્લંડનો મુખ્ય ઉદ્યોગ સુતરાઉ કાપડ અને લોખંડનો સામાન બનાવવાનો હતો; પણ આ બાજુએ નેપોલિયને પોતાના દેશના હુન્નર ઉદ્યોગનો વિકાસ કરવાના હેતુથી એવો હુકમ કર્યો હતો કે જે માલ દેશમાં બની શકતો હોય તે માલની પરદેશમાંથી જરા પણ આયાત ન કરવી. પિટ્ અને તેના મંડળનો લાગવગ હજી પણ પુષ્કળ હતો. નેપોલિયનને દિવસે દિવસે વધારે બળવાન બનતો જોઇને તેમનો ઇર્ષ્યાગ્નિ પ્રજ્વલિત થયો અને તેથી જેને તેઓ "ફ્રાન્સનો લોભ" કહેતા હતા તેની વિરુદ્ધ અંગ્રેજી વર્તમાનપત્રોમાં સખત

લખાણ લખવા લાગ્યા. ફ્રાન્સના પદભ્રષ્ટ થએલા રાજાના પક્ષકારો, જેમણે નવું રાજ્યબંધારણ સ્વીકારવાને ના પાડી હતી અને હજી પણ એ રાજાના વંશજોને ફરીથી ફ્રાન્સની ગાદીએ બેઠેલા જોવાને ઇચ્છતા હતા તેમને ઘણાખરાને ઇંગ્લંડે આશ્રય આપ્યો હતો.

ફ્રાન્સની સાથેની લડાઇમાં તેઓ ઇંગ્લંડના સહાયક હતા. એવા વિપત્તિગ્રસ્ત માણસો તરફ સહાનુભૂતિ બતાવ્યા વગર બ્રિટિશ સરકારને કેમ ચાલે ? તેમ ન કરે તો તેમની ઉદારતામાં ખામી આવે. એ પરદેશીઓને વળી દયાળુ બ્રિટિશ સરકારે પેન્શન બાંધી આપ્યાં હતાં; અને એ પેન્શન લેનાર ગૃહસ્થો નેપોલિયનનું ખૂન કરવાનાં કાવત્રાં રચતા હતા અને તેને ગોળીથી મારી નાખવા માટે મારાઓ મોકલતા હતા. નેપોલિયન ક્રોધ સાથે ફરિયાદ કરતો કે તેનું ખૂન કરવા આવનાર મારાઓને બ્રિટિશ સરકાર તરફથી પગાર મળે છે.

પેંલ્ટયર નામના એક શખસે નેપોલિયન, તેની સ્ત્રી, તેના ભાઇઓ, બહેનો સર્વને વિષે ઘણી નિંદ્યમાં નીચ બદનક્ષીભરેલી પત્રિકાઓ ઇંગ્લંડમાં છૂટે હાથે વહેંચી; તેમાં નેપોલિયનનાં કુટુંબીઓ ઉપર હલકામાં હલકા અને ભયંકરમાં ભયંકર કમકમાટી ઉપજાવે એવા દુર્ગુણોનો આરોપ મૂકયો હતો. એ પત્રિકાનો ફેલાવો આખા ઇંગ્લંડમાં અને અમેરિકામાં કરવામાં આવ્યો. લોકો ઉપર તેની ઘણી અસર થઇ. આવા ગલીચ હેવાલનો ફેલાવો કરવામાં ઘણા માણસો રસપૂર્વક ભાગ લેતા; કેમકે તેમને તો ગમે તેમ કરીને નેપોલિયનની લોકપ્રિયતા ઓછી કરવી હતી અને ફ્રાન્સ સાથે ફરીથી લડાઇમાં ઉતરવાની તરફેણમાં લોકલાગણી મજબૂત કરવી હતી. ઇંગ્લંડમાં પોતાની આવી હલકી બદનક્ષીભરેલી પત્રિકાનો શામાટે અટકાવ કરવામાં આવતો નથી એવી નેપોલિયને ફરિયાદ કરી પણ જવાબ મળ્યો કે ઇંગ્લંડમાં છાપખાનાં સ્વતંત્ર છે. માટે તમારે ઇંગ્લંડની અદાલતમાં એ વિષે કાયદેસર ફરિયાદ કરવી હોય તો કરો. આવાં ખોટાં આળ પ્રજાની લાગણીઓ ઉશ્કેરે છે અને યૂરોપને ફરીથી રુધિરપ્લાવિત કરનાર યુદ્ધની આ રીતે તૈયારી થાય છે તે નેપોલિયન સારી પેઠે જાણતો હતો.

એમેનની સુલેહના કોલકરારમાં એવી સરત હતી કે અંગ્રેજોએ અને ફ્રેન્ચોએ બેઉએ મિસર ખાલી કરવું અને અંગ્રેજોએ માલ્ટા ટાપુનો કબજો તેના અસલ માલિક સેંટ જોનના નાઇટસ ટેમ્પ્લર્સને સોંપી દેવો. માલ્ટાનો અભેદ્ય કિલ્લો ભૂમધ્ય સમુદ્ર અને મિસરની ચાવીરૂપ હતો. તેથી કરીને એ ટાપુનો કબજો છોડતી વખતે નેપોલિયને સામી એવી સરત કરાવી લીધી હતી કે ઇંગ્લંડે પણ તેમજ કરવું પડશે. કરાર ઉપર બેઉ પક્ષની સહીઓ થઇ ગઇ હતી. નેપોલિયને તરતજ પ્રમાણિકપણે એકે એક સરતનો અમલ કર્યો. માલ્ટાનો કબજો છોડવામાં કેટલાંક અનિવાર્ય

કારણોને લીધે ઈંગ્લંડને વિલંબ થયો, પણ તે માટે આપણે તેને જવાબદાર ગણતા નથી; પરંતુ હવે તો સુલેહના ખરડા ઉપર સહી થવાને એક વર્ષ થઈ ગયું હતું. માલ્ટા છોડવાને જે હરકતો હતી તે બધી દૂર થઇ ગઇ હતી; પરંતુ હજી પણ ઈંગ્લંડનાં લશ્કર મિસરમાં તેમજ માલ્ટામાં પડી રહ્યાં હતાં. ઈંગ્લંડના રાજદ્વારીઓને માલ્ટા જેવું અગત્યનું મથક છોડવાની મરજી ન હતી તેથી તેઓ ઉપલા કરારનો ભંગ કરવાને ગમે તેમ કરીને બહાનાં ખોળતા હતા. ઈંગ્લંડનાં વર્તમાનપત્રોમાં તેમજ પાર્લામેન્ટમાં પણ એવો સવાલ ચર્ચાવા લાગ્યો કે ફ્રાન્સ આટલું બધું, ઈંગ્લંડને ધારતી ઉપજાવે એવું બળવાન થતું જાય છે તે જોતાં ઈંગ્લંડ પોતાનું વચન પાળવાને બંધાયલું છે કે ?

આ અપ્રમાણિકતાની સામે ફૉક્સે ઘણી ઉદારતાથી અને જુસ્સાથી ધૂજારો કર્યો. તેણે કહ્યું, “ અલબત્ત, ફ્રાન્સ બળવાન બનતું જાય છે–એક ચૂસ્ત અંગ્રેજ ઇચ્છે તે કરતાં તે વધારે બળવાન બને છે એ વાત ખરી પણ તેથી કરીને શું આપણને ગંભીર કોલકરાર તોડવાનો હક્ક છે ? આપણે ધારતા હતા તે કરતાં ફ્રાન્સનું બળ વધતું જાય છે તે આપણે દેખી ખમી શકતા નથી, પણ તેથી આપણે યૂરોપની પ્રજાઓની સમક્ષ કરેલા ગંભીર કોલકરાર તોડીને ઈંગ્લંડની આબરૂને કલંકિત કરવી જોઇએ ? ”

નેપોલિયન તો અંતઃકરણપૂર્વક સુલેહજ ઇચ્છતો હતો. તેણે તો પોતાના દેશને સમૃદ્ધ કરવાને, તેમાં આંતરિક સુધારા કરવાને મહાભારત કામોની યોજના ઘડી હતી. આલ્પ્સ પર્વતને ફોડીને વિશાળ રસ્તાઓ બનાવવામાં ફ્રાન્સના હજારો કારીગરો કામે લાગી ગયા હતા. કિલ્લાઓના અને નહેરોનાં બાંધકામ તરફ તે આતુરતાથી ધ્યાન આપી રહ્યો હતો. તેના હાથમાં અનિયંત્રિત રાજસત્તા આવી હતી અને પ્રજા તેના ઉપર ફિદા થઇ ગઇ હતી. સુલેહશાંતિનાં મીઠાં ફળ તે અનુભવતો હતો અને પોતાને યૂરોપમાં સુલેહ પ્રવર્તાવનાર માનીને મનમાં પ્રસન્ન થતો હતો. તેણે પોતાના સૈન્યને રજા આપી હતી, અને તેનું તમામ લક્ષ દેશની આદ્યોગિક ઉન્નતિ કરવા પાછળ લાગ્યું હતું. આથી કરીને લડાઇ અટકાવવા માટે તેણે ઘણીજ ખામોશ અને સમાધાનવૃત્તિથી બનતો યત્ન કરી જોયો.

અંગ્રેજ રાજપ્રતિનિધિ લૉર્ડ વ્હીટવર્થ અને તેની બાનુનું અત્યંત કાળજી અને વિનયપૂર્વક સન્માન કરવામાં આવ્યું. તેમના માનમાં ભવ્ય મિજલસો કરી. નેપોલિયનના બેઉ સહકારી કૉન્સલો પણ આ નામાંકિત અંગ્રેજ પરોણાઓની મહેમાની કરવા અડધા અડધા થઇ જતા હતા. ઈંગ્લંડની સાથે મૈત્રીભાવ જાળવવાને આટલા બધા યત્ન કર્યા છતાં કશું સારૂં પરિણામ આવ્યું નહિ. હજી પણ બ્રિટિશ સરકારે પોતે આપેલા વચનની વિરુદ્ધ જઇને માલ્ટાનો કબજો છોડયો નહિ. આખરે તેમણે

નિડરપણે માગણી કરી કે માલ્ટા તો ઈંગ્લંડને આપવોજ પડશે. નેપોલિયનને અત્યંત ક્રોધ ચડ્યો. તેણે કહ્યું, " ફ્રાન્સને સલાહ કરવી છે પણ આબરૂદાર પ્રજાને ઘટે તેવી સરતે કરવી છે. " તેણે અંગ્રેજ રાજપ્રતિનિધિને મળીને તેને પોતાના વિચાર અને નિશ્ચય ખુલ્લે ખુલ્લા શબ્દોમાં સમજાવી દેવાનો ઠરાવ કર્યો.

તેણે લૉર્ડ વ્હીટવર્થને પોતાના મંત્રણામંદિરમાં આવવાનું નિમંત્રણ મોકલ્યું. એક મોટા ટેબલની એક બાજુએ પોતે બેઠો અને તેની સામેની બાજુએ અંગ્રેજ રાજપ્રતિનિધિને આસન આપ્યું. તેણે કહ્યું, "મારા ખરા અભિપ્રાયની અને ભવિષ્યમાં હું કેવાં પગલાં લઈશ તેની આપને ખાત્રી થાય તે માટે તમારી સાથે રૂબરૂમાં વાતચીત કરવાની મારી ઈચ્છા છે. " પછી પોતાની અપ્રતિમ જુસ્સાદાર, મનોવેધક અને અત્યંત સ્પષ્ટ ભાષામાં તેણે ફ્રાન્સ અને ઈંગ્લંડના વ્યવહારનો અથથી ઈતિસુધી હેવાલ રજૂ કર્યો. ત્યાર પછી તેણે છેવટમાં કહ્યું કે " ઈંગ્લંડની સાથે સારો સંબંધ જાળવવા માટે જે જે પ્રયત્નો કર્યા તેનો ઉત્તર મને ઈંગ્લંડે મિત્રભાવે આપ્યો નથી. ત્યાંનાં વર્તમાનપત્રો મારે માટે વેરઝેરથી ભરાયલાં લખાણ પ્રકટ કરે છે. ત્યાં આવી રહેલા ફ્રેન્ચોનાં પત્રોને બ્રિટિશ રાજનીતિ પ્રમાણે ન આપી શકાય એટલી બધી હદ બહારની છૂટ આપવામાં આવી છે. મારૂં ખૂન કરવા માટે કાવત્રાં કરનારાઓને ઈંગ્લંડ તરફથી પેન્શનો આપવામાં આવ્યાં છે. એ લોકો વારંવાર ફ્રાન્સ આવીને અહિં આભ્યંતરિક કલહ ઉભો કરવાની ખટપટ કરે છે. ફ્રાન્સના પદભ્રષ્ટ થએલા રાજવંશીઓને રાજકર્તાઓને ઘટતું માન આપવામાં આવે છે. તેમના માણસો ઈટાલિ અને સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ ફ્રાન્સની સામે ખટપટ ઉભી કરવાને કોશેષ કરતા ફરે છે. ઈંગ્લંડથી આવતી એકે એક વાયુની લહેરમાં વૈર અને અપમાનની ગંધ આવે છે. હવે અમે એવી સ્થિતિમાં મૂકાયા છીએ કે અમારે આમાંથી મુક્ત થવુંજ પડશે. તમારે એમેનના કોલકરાર પાળવા છે કે નથી પાળવા ? મેં મારા તરફથી તમામ સરતોનો પૂરેપૂરો એકનિષ્ઠાથી અમલ કર્યો છે. એ કોલકરાર પ્રમાણે મારે નેપલ્સ અને રોમનાં રાજ્યો ત્રણ મહિનામાં ખાલી કરવાનાં હતાં. મેં બેજ મહિનામાં ત્યાંના ફ્રેન્ચ લશ્કરને બોલાવી લીધું, પણ આજે દશ દશ મહિના થયા તોપણ હજી અંગ્રેજ લશ્કર તો માલ્ટા અને મિસરમાંથી ખસ્યુંજ નથી. આ બાબતમાં મને ઠગવાની કોશેષ ફોકટ છે. તમારે સલાહ જોઈએ છે કે લડાઈ કરવી છે ? જો તમારે લડાઈજ કરવી હોય તો તેમ ખુલ્લે ખુલ્લું કહી દો. અમે જરા પણ કચાશ રાખ્યા વગર લઢવા તૈયાર છીએ. જો તમારે સલાહજ કરવી હોય તો માલ્ટા અને મિસર ખાલી કરો. "

" માલ્ટાનો કિલ્લો દરિયાઈ દૃષ્ટિબિન્દુથી ઘણો અગત્યનો છે; પણ તે કરતાં પણ હું તેને વધારે અગત્યનો માનું છું કારણ કે ફ્રાન્સનું સ્વમાન તેની સાથે જોડાયલું છે. જે ગંભીર સુલેહનામા ઉપર અમે સહી કરી તેની કલમનો અમે ભંગ થવા

દઈએ તો દુનિયા અમારે માટે શું બોલશે ? તેમ કરીએ તો અમારા બળ ઉપર સૌને શંકા આવે. મારો નિશ્ચય થઇ ચૂક્યો છે. હું તમને માલ્ટા આપું તે કરતાં પારિસ આપવાનું વધારે પસંદ કરૂં.”

“ સુલેહ જાળવવા હું કેટલો ઇન્તેજાર છું તે વિષે જો તમને શક આવતો હોય તો મારી હકીકત સાંભળો અને પછી મારી દાનત સાચી છે કે નહિ તેની તુલના કરજો. મારી નાની ઉમર છતાં મેં જે સત્તા અને કીર્તિ મેળવી છે, તે તમામ કીર્તિ અને સત્તાને એક જીવસટોસટની લડાઇમાં ઉતરીને જોખમમાં નાખવા શું હું રાજી છું ? જો મારે આસ્ટ્રિયા સાથે લઢવું હોય તો મારે માટે વિયેના જવાનો માર્ગ હું કરી શકું છું. જો મારે તમારી સાથે લડાઈમાં ઉતરવું પડશે તો યૂરોપખંડના એકેએક રાજ્યને હું તમારાથી વિખુટું પાડવા શક્તિવાન છું. તમે અમને ઘેરી લેશો પરંતુ હું પણ તમને તેવીજ રીતે ઘેરી શકીશ. તમે અમને યૂરોપખંડમાંજ પૂરી મૂકશો તો હું પણ તમને સમુદ્રોમાંજ પૂરી રાખીશ; છતાં પણ લડાઇનું સફળતાસહિત છેવટ લાવવા માટે એના કરતાં પણ વધારે બળ બતાવવાની જરૂર છે. દોઢ લાખ યોદ્ધાઓનું સૈન્ય અને વિશાળ કાફલો અમારે તૈયાર કરવો પડશે. તે અમે કરી શકીશું. હું કાં તો ઇંગ્લીશ ખાડી ઓળંગીને લંડનના દરવાજા આગળ આવી ઉભો રહીશ અથવા તો મારી કીર્તિ, મારી જિંદગી, મારૂં ભવિષ્ય, મારૂં સર્વસ્વ લઇને મારે સમુદ્રને તળીએ ડૂબવું પડશે તો હું ડૂબીશ. ઈંગ્લંડપર ચઢાઇ કરવી એ ભયંકર સાહસ છે, પણ જો તમે મને ફરજ પાડશો તો છેવટે મારે તે પણ કરવું પડશે.”

પછી લૉર્ડ વ્હીટવર્થની અજાયબી વચ્ચે આ સાહસ ખેડવામાં કેવાં કેવાં જોખમ સમાયલાં છે; વહાણ, સૈન્ય, દારૂગોળો તથા બીજી યુદ્ધસામગ્રી એકઠી કરવા માટે શી શી તૈયારી કરવી પડશે; અંગ્રેજ કાફલાની નજર ચૂકાવવામાં કેટલી કેટલી મુશ્કેલીઓ નડશે તે બધું ખુલ્લા દિલથી કહ્યા પછી તેણે જણાવ્યું કે “ અમે જીતીએ તે કરતાં અમારો વિનાશ થવાનો સંભવ વધારે છતાં મારે તે સાહસ ખેડવુંજ પડશે. તમે જુઓ છો કે અત્યારે મારી પાસે દોલત છે, સત્તા છે અને મારા દેશમાં સુલેહ છે, છતાં હું શામાટે તે સર્વને જોખમમાં નાખું ? હવે હું ખરા અંતઃકરણથી બોલું છું કે નહિ તેનો તમે વિચાર કરી જુઓ.”

“ માટે બહેતર છે કે હું અને તમે બેઉ સુલેહની સરતો પાળીએ. તમારે માલ્ટા ખાલી કરવો જોઇશે. તમારાથી મારૂં ખૂન કરવાનો પ્રપંચ કરનારાને આશ્રય નહિ અપાય. ઈંગ્લંડનાં વર્તમાનપત્રો ભલે મારી બદનક્ષી કરે પણ પેલા કંગાલ દેશદ્રોહી ફ્રેન્ચોને કાયદા પ્રમાણે તમારે દેશપાર કરવા જોઇએ. આપણે બેઉ એક થઇએ તો જગત્ ઉપર આપણે કેટલું બળ અજમાવી શકીએ તેનો ખ્યાલ કરો ! હું દશ વર્ષ

મહેનત કરૂં તોપણ તમારી બરોબરી ન કરી શકું એવું બળવાન નૈકાસૈન્ય તમારી પાસે છે; પણ દુનિયાના કોઈ પણ ભાગમાં મારી સાથે આવવા તૈયાર હોય એવા અદ્વિતીય પાંચ લાખ યોદ્ધાઓનો હું માલિક છું. તમારૂં આધિપત્ય સમુદ્ર ઉપર છે તો મારૂં જમીન ઉપર છે; માટે આપણે અંદર અંદર લઢી મરવા કરતાં આપણાં બળ એકત્ર કરીને આખા જગતનું ભાવિ આપણી હથેલીમાં રમાડીએ. ફ્રાન્સ અને ઈંગ્લંડ એક થાય તો માણસજાતનું દરેક રીતે કલ્યાણ કરી શકે."

આટલું છતાં ઈંગ્લંડે તો જૂદાં જૂદાં બહાનાં બતાવીને માલ્ટા ખાલી કર્યોજ નહિ, અને બેઉ પક્ષ વચ્ચે કડવાશ વધતી ચાલીને લડાઈની પણ તૈયારી થવા લાગી.

નેપોલિયને એમ પણ કહ્યું કે ફ્રાન્સ અને ઈંગ્લંડની તકરારનો નિવેડો ન આવે ત્યાંસુધી જામીનગીરી તરીકે રૂશિયાને માલ્ટા સોંપો. ઝારે પોતે પણ મધ્યસ્થ થવા ખુશી બતાવી. આ વાતની પણ ઈંગ્લંડે ના કહી અને કહ્યું કે ઝાર આ કામ માથે લેવા ખુશી હોય એમ અમે માનતા નથી. પછી તેમણે કહેવડાવ્યું કે અમને માલ્ટાનો કબજો દશ વર્ષસુધી આપવો અને તેના બદલામાં અમે ઇટાલિના પ્રજાસત્તાક રાજ્યને રાજ્ય તરીકે સ્વીકારીએ. સાથે સાથે પોતાના રાજપ્રતિનિધિને સૂચના કરી હતી કે જો આ સરતો ફ્રાન્સ સાત દિવસની અંદર કબૂલ ન કરે તો ફ્રાન્સ છોડી ચાલ્યા આવવું. આવી અપમાનભરેલી સરતો ફ્રાન્સે સ્વીકારી નહિ અને લડાઈ જાહેર કરી છે એવી ફ્રાન્સને નોટીસ મળતા પહેલાં તો ઈંગ્લંડે ફ્રાન્સનાં વેપારી વહાણો જ્યાં દીઠાં ત્યાંથી પકડી લેવા માંડયાં અને જગત્ ઉપર દાવાગ્નિ ફરીથી સળગી ઉઠયો.

આ લડાઈમાટે નેપોલિયન જવાબદાર હતો એવું સાબિત કરવા માટે એક પણ ઐતિહાસિક પૂરાવો નથી. અનેક ઇતિહાસકારો જેમાંના કેટલાક તો નેપોલિયનને ઇન્સાફ આપવા કરતાં ગેરઈન્સાફ આપવાનું વધારે વલણ બતાવે છે તેઓ પણ આ બાબતમાટે તો ઈંગ્લંડનેજ જવાબદાર ગણે છે. દાખલાતરીકે એલિસન શું લખે છે તે જોઈએ:–" જે સંજોગો વચ્ચે આ કલહ ફરીથી ઉત્પન્ન થયો તેનું શાંત ચિત્તે અવલોકન કરતાં બ્રિટિશ સરકાર સલાહ તોડવા હદ બહાર આતુર હતી એ વાતની તો ના પાડી શકાતીજ નથી; અને એ બે દેશના અરસ્પરસના વ્યવહાર જોતાં અંગ્રેજોએજ લડાઈની શરૂઆત કરી એમ કહેવું પડશે."

લૉકહાર્ટ લખે છે કે "સને ૧૮૦૩ ની ૧૮ મી મેને રોજ ઈંગ્લંડે લડાઈ જાહેર કરી, પણ ત્યાર પહેલા તો ફ્રાન્સનાં વહાણને જ્યાં મળી આવે ત્યાંથી પકડી લેવાના હુકમ છૂટી ગયા હતા. લડાઈ જાહેર થયાના સમાચાર પારિસ પહોંચે ત્યાર પહેલાં તો ઈંગ્લંડે સાડાસાત કરોડ ફ્રાન્કની કિંમતના માલ સાથે બસેં વહાણ કેદ પકડયાં. આ પ્રમાણે ખાનગી મિલ્કત લૂંટી લેવાનું કામ વાજબી હોય કે ગેરવાજબી હોય

પણ એવો રિવાજ લાંબા વખતથી ચાલતો આવેલો હતો અને ઈંગ્લંડ તે પ્રમાણે આવા સંજોગોમાં વર્તન કરતું હતું.”

લડાઇ નવેસરથી સળગી તે પ્રસંગે નેપોલિયને પોતાના પ્રધાનમંડળને જે ભવ્ય શબ્દો કહ્યા છે તેનો પડઘો પ્રત્યેક ઉદાર હૃદયમાંથી પડયા વગર રહેશેજ નહિ. “ જ્યારે અંગ્રેજો આપણને ઈંગ્લીશ ચેનલ કૂદી જવાની ફરજ પાડે છે ત્યારે આપણે કૂદીશું. ભલે તેઓ આપણાં થોડાં વહાણ અને સંસ્થાનો પડાવી લે, પણ હું તો ખુદ લંડન શહેરમાં મારી હાક વગાડીશ. હું તેમને એવી આબાદ શીખામણ આપીશ કે આંખમાંથી રુધિરનાં આંસુ ટપકાવીને તેઓ આ લડાઇ ઉભી કરવા માટે પસ્તાશે. ત્યાંના પ્રધાનમંડળે પોતાના રાજાને આખા યૂરોપના દેખતાં જૂઠું બોલવાની ફરજ પાડી છે. ભૂમધ્ય સમુદ્રને માટે તો હું કંઠે પ્રાણ આવતાસુધી લઢીશ. એકવાર હું ડોવર પહોંચી જાઉં તો પછી સમુદ્ર ઉપરના જુલમગારોનું આવી બન્યુંજ જાણવું. વળી જે પ્રજાથી ફ્રાન્સની ચડતી દેખી ખમાતી નથી તેની સાથે આપણે વહેલું મોડું લઢવું તો પડતજ. તો હવે અત્યારેજ કાં ન લઢીએ? અંગ્રેજોએ આ વખતે અન્યાય કર્યો છે. આવો અન્યાય તેઓ કદાચ ફરીથી ન પણ કરે. તેમણે સંધિવ્યવહાર પણ નથી કર્યો. મને એક કાગળ પણ નથી લખ્યો. આ વાતની તો લૉર્ડ વ્હીટવર્થ ના પાડી શકતો નથી. છેલ્લા બે મહિના થયાં મારૂં તેઓ દરેક રીતે અપમાન કરે છે. મેં તેમને તેમના અપરાધનો ઘડો ભરવા દીધો છે. મેં સલાહ માટે પ્રયત્ન કરી જોયા તેમાં તેમને મારામાં નબળાઇની નિશાની જણાઇ; તેથી તેઓ એટલેસુધી ઉદ્ધત બની ગયા કે તેમણે તેમના એલચી પાસે કહેવડાવ્યું કે ‘ આમ આમ કરો, નહિ તો હું સાત દિવસમાં ચાલ્યો જઇશ.’ શું એક મહાન્ પ્રજા સાથે વર્તન કરવાની આ તેમની રીત છે?

લૉર્ડ વ્હીટવર્થને આપણે કહ્યું કે તમારે જે કહેવું હોય તે કાગળ ઉપર લખો કે જેથી કરીને તેનો કાગળ ફ્રેંચ સરકારની આગળ રજૂ કરી શકાય. ત્યારે તે કહે, ‘ ના, મને તો મોઢે મોઢેજ વાત કરવાનો હુકમ મળ્યો છે.’ કોઇ દેશમાં મોઢે મ્હોડે સંધિવ્યવહાર થયા હતા? આ ઉપરથી તેમની દાનત જૂઠું બોલવાની અને બોલેલું ફરી જવાની છે એમ સ્પષ્ટ નથી લાગતું? અને પાછું પોતે શું કર્યું તેની સાબિતી રહે નહિ તેટલા માટે મોઢા મોઢાની વાતો કરે છે! ચાર કરોડની પ્રજાને તેઓ કાયદા શીખવવા આવ્યા છે પણ તેઓ ખાંડ ખાય છે. તેઓ એમ સમજે છે કે માત્ર મારી સત્તા જાળવી રાખવાને માટે હું સલાહ કરવાને આટલો બધો ઇન્તેજાર છું, પણ તેમની ગણત્રી ભૂલભરેલી છે. જરૂર પડશે તો હું વીસ લાખ માણસોનું સૈન્ય ઉભું કરી શકીશ. જો આપણે ઈંગ્લંડને આ કરાર તોડવા દઇએ તો આપણી અવનતિ થઇ એમ નક્કી જાણવું. એકવાર નમ્યા એટલે પડયાજ. હું તો

એટલેસુધી કહું છું કે એ લોકોની આપખુદી અને ઢંગધડા વગરની માગણીઓને તાબે થવું તે કરતાં તો ફ્રાન્સની પ્રજા ઈંગ્લંડના રાજાનું આધિપત્ય સ્વીકારે અને પારિસમાં તેની રાજગાદી સ્થાપે તે વધારે સારૂં છે. ”

“ જ્યારે ઈંગ્લંડે સલાહ કરવાનું કબૂલ કર્યું ત્યારે તેની ધારણા એવી હતી કે આપણે અંદર અંદર લઢી મરીશું—આપણા સેનાપતિઓ બળવા મચાવશે. એ લોકોએ આવી ખટપટ ઉભી કરવાને ફાંફાં તો ઘણાં માર્યાં પણ તેમનું કાંઇ ચાલ્યું નહિ. વહેલાં મોડાં આપણે લઢવું તો પડશેજ તો અત્યારે લઢી લઇએ. આપણે દરિયાઈ વ્યવહાર થાળે પડે તે પહેલાં એકસામટું લઢી લેવું એજ વધારે સારૂં છે. ”

વડી ધારાસભામાં મુખ્ય પ્રધાને આ બનાવની હકીકત નીચેના શબ્દોમાં રજૂ કરીઃ-

“ જે શસ્ત્રોવડે ફ્રાન્સે એકવાર યૂરોપનો પરાજય કર્યો હતો તે શસ્ત્ર આજે તે ફરીથી ધારણ કરવા તૈયાર થાય છે; પણ લડાઇ ઉભી કરનાર આપણે નથી; આપણને લડાઇનું કહેણ મોકલવામાં આવ્યું છે; આપણે તેને નિડરપણે સ્વીકારીશું અને આપણા તમામ બળથી તેમાં મચ્યા રહીશું. આપણો દેશ બીજીવાર યૂરોપની સંસ્કૃતિનું મધ્યબિન્દુ બનશે. હવે ઈંગ્લંડથી એમ નહિ કહી શકાશે કે સમાજશાસ્ત્રના અમુક નિયમો જોખમમાં છે માટે તેને લઢવું પડે છે. જો એમ કહેવાનો કોઇનો અધિકાર હોય તો તે આપણોજ છે. જે દેશની સરકાર છેતરવા માટેજ સંધિના સંદેશા મોકલાવે છે, લડાઇની તૈયારી કરી લેવા માટેજ સલાહ માગે છે અને કોલકરાર તોડવા માટેજ તેના ઉપર સહી કરે છે તેના ગેરવાજબી હુમલાની સામે પ્રજાઓના મૂળ હકકનું રક્ષણ કરવા લઢીએ છીએ એમ આપણે કહી શકીશું. લડાઇનું નિશાન જોતાંની સાથેજ આખું ફ્રાન્સ એકનિષ્ઠાથી આપણા માનીતા સરદારના વાવટા નીચે એકઠું થઇ જશે. વધારે ઉત્સાહ અને હિંમત કોણ બતાવે છે તેને માટે તમામ પક્ષના લોકોમાં વાજબી હરિફાઇ થવા લાગશે. આપણને સર્વને બોનાપાર્ટની બુદ્ધિની જરૂર છે અને આપણે માનીએ છીએ કે આપણી ભવિષ્યની મહત્તા જાળવનાર તે એકલોજ છે. ”

ઈંગ્લંડ પોતાના સંકલ્પમાં મક્કમ રહ્યું, અંગ્રેજ પ્રતિનિધિએ પારિસ છોડયું અને ફ્રાન્સના પ્રતિનિવિએ લંડન છોડયું. બેઉ પ્રજાઓ હવે ભયાનક યુદ્ધમાં ઝંપલાવવાની તૈયારીઓ કરવા લાગી. પહેલેજ તડાકે ઈંગ્લંડે ફ્રાન્સનાં બસેં વેપારી વહાણો જેમાં સાડા સાત કરોડ ફ્રાન્કનો માલ ભરેલો હતો તે કેદ પકડી લીધાં અને પછી જે મહાન્ પુરુષે માત્ર સ્વદેશરક્ષણને અર્થેજ પોતાની પ્રજાને યુદ્ધને માટે સજ્જ કરી, તેના ઉજ્જવલ નામને કલંકિત કરવા આખા જગત્માં ખોટી હકીકતો ફેલાવી કે નેપોલિયને પોતાના અદમ્ય લોભ અને ખૂનરેજીના શોખને તૃપ્ત કરવા માટે વગર કારણે લડાઇ ઉભી કરી છે. આવી નીચતાને કાળામાં કાળા અક્ષરે ચીતરીએ તોપણ ઓછું છે.

प्रकरण २६ मुं–बोलोननी छावणी

નિષ્પક્ષપાત ઇતિહાસકારો એકેકેઅવાજે એમેનના કોલકરારના ભંગની જવાબદારી ઈંગ્લંડને માથે નાખે છે. નેપોલિયનને આ લડાઇનું સાહસ ખેડવામાં મેળવવાનું કશુંજ ન હતું અને ગુમાવવા જેવું ઘણું હતું. સમુદ્ર અને નૌકાસૈન્યથી સુરક્ષિત થએલા શત્રુ ઉપર પ્રહાર કરવા માટે તેણે ઇંગ્લિશ ખાડી ઓળંગીને ઈંગ્લંડમાંજ જવું જોઇએ. બધા જાણતા હતા અને તે પોતે પણ કબૂલ કરતો કે આ સાહસ જીવ સટોસટનું હતું. ઈંગ્લંડનું કામ તો ઘણુંજ સહેલું હતું. એકેકેઝપાટે તે ફ્રાન્સનાં એકેએક બંદર ઉપર હૂમલો કરીને તેનાં વેપારી વહાણોનો શિકાર કરી શકે અને આખી દુનિયાનો વ્યાપાર પચાવી પડે. આ લડાઇથી ઈંગ્લંડને તો ફાયદો હતો. પોતાના પાડોશીને બળવાન અને સમૃદ્ધ બનતો જોઇને તેને ચિંતા ઉત્પન્ન થઇ હતી પણ હવે તેના વ્યાપારને તારાજ કરી નાખવાનો આ સરસ યોગ હતો. આવા બળવાન પ્રલોભનને વશ થઇને બ્રિટિશ પ્રધાનમંડળે લડાઇ ફરીથી ઉભી કરી. આવી લાલચને જીતવા માટે પ્રધાનમંડળમાં બેસનાર માણસોમાં સામાન્યરીતે જેટલું નૈતિક બળ હોય છે તે કરતાં વધારે બળની જરૂર હતી; પણ મનુષ્યજાતિના કમનસીબે જોર કર્યું અને ઈંગ્લંડથી એ લાલચની સામે ટકી શકાયું નહિ.

ઈંગ્લંડનો અધિકાર આખા જગત્માં જામી ગયો હતો. સ્પેન, ભૂમધ્ય સમુદ્ર, ઇસ્ટ ઇન્ડિઝ, વેસ્ટ ઇન્ડિઝ, એશિયા, આફ્રિકા, અમેરિકા અને સમુદ્રના અસંખ્ય દ્વીપોમાં તેની ધ્વજા ઉડતી હતી. ફ્રાન્સની પાસે માત્ર પાર્મા, પિડ્મેન્ટ એવાં એવાં ક્ષુદ્ર રાજ્યોજ હતાં અને તેની આસપાસનાં પ્રતિકૂળ રાજ્યોની સામે તે પોતાના બાહુબળથી બચાવ કરી રહ્યું હતું; છતાં ઈંગ્લંડ કહેતું કે ફ્રાન્સની લોભવૃત્તિથી જગત્ ધાસ્તીમાં છે. આ વાતની યથાર્થતાવિષે નેપોલિયને શંકા ઉઠાવી પણ તેનો ઉત્તર ઈંગ્લંડે પોતાનાં વહાણની તોપોવડે આપ્યો.

ઈંગ્લંડ—“તમે દેશનિકાલ થએલા બુર્બોન રાજાની ગાદીએ બેઠા છો. ”

નેપોલિયન—“ તમારો રાજા દેશનિકાલ થએલા સ્ટૂઅર્ટ રાજાઓની ગાદીએ

બેઠો છે. ”

ઈંગ્લંડ—“ પણ ફ્રાન્સનો ફર્સ્ટ કૉન્સલ ઇટાલિના પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ છે.”

નેપોલિયન—“ ઈંગ્લંડનો રાજા હેનોવરના રાજ્યનો ઇલેકટર છે. ”

ઈંગ્લંડ—“ તમારાં લશ્કર સ્વિટ્ઝર્લૅન્ડમાં છે. ”

નેપોલિયન—“ તમારૂં લશ્કર સ્પેનમાં છે અને જિબ્રાલ્ટરના ખડક ઉપર તો તમે કિલ્લો પણ બાંધ્યો છે. ”

ઈંગ્લંડ—“ તમે ઘણા લોભી છો. તમે સંસ્થાનો વસાવવવાની કોશીષ કરો છો. ”

નેપોલિયન—“ પણ તમારે દશ સંસ્થાનો છે ત્યારે અમારે તો માત્ર એકજ છે.”

ઈંગ્લંડ—“ અમે માનીએ છીએ કે તમે મિસર પડાવી લેવા માગો છો. ”

નેપોલિયન—“ પણ તમે તો આખો હિંદુસ્તાન પડાવી લીધો છેજ. ”

બસ, હવે ઈંગ્લંડનો ક્રોધ માતો નથી. તે પોકાર કરે છેઃ—“ નેલ્સન, ઝોકાવ તારાં વહાણ ! વેલિંગ્ટન, લશ્કર તૈયાર કર ! આ માણસને તો દાબીજ દેવો જોઇએ. તેના લોભથી જગતની સ્વતંત્રતાને દહેશત રહે છે. અંગ્રેજ ઇતિહાસકારો ! જગતને જાહેર કરો કે પરરાજ્ય પચાવી પડનાર બોનાપાર્ટ તેના લોભ અને અહંકારથી યૂરોપમાં લોહીની નદીઓ વહેવડાવે છે. ”

અંગ્રેજ પ્રતિનિધિએ પારિસ છોડયું અને ફ્રેન્ચ પ્રતિનિધિ તો લંડનમાં હજી હતો, તેટલામાં તો લડાઇ જાહેર કર્યા અગાઉ સમુદ્રની રાણીનાં (ઇંગ્લંડ) ચાલાક, સર્વજ્ઞ વહાણોએ ફ્રાન્સનાં વેપારી વહાણ વીણી વીણીને પકડવા માંડયાં. કેટલાંક વહાણ તો માલથી ભરેલાં લંડનના બારામાંજ પડયાં હતાં. આ દુઃખદ સમાચાર નેપોલિયનને કાને આવ્યા તે પહેલાં લડાઇ જાહેર કર્યાની ઠરી ખબર તેને મળીજ ન હતી.

હવે તેને પૂરેપૂરો ક્રોધ ઉપજ્યો. આના બદલામાં તેણે કઠોર પણ ઈંગ્લંડનું કૃત્ય જોતાં વાજબી પ્રહાર કર્યો. મધ્યરાત્રિએ તેણે પોલિસખાતાના વડા પ્રધાનને બોલાવ્યો અને હુકમ કર્યો કે અઢાર અને સાઠ વર્ષની વચ્ચેના જેટલા અંગ્રેજો રાજમાં હોય તેમને એકદમ કેદ કરવા, અને ઈંગ્લંડે કેદ કરેલા ફ્રેન્ચોની જામીનગીરી તરીકે આપણા કબજામાં રાખવા. આ સમાચારથી ઈંગ્લંડનાં શાંત સુખી કુટુંબો ઉપર દુઃખ અને શોકનો પ્રબળ આઘાત થયો; કારણ કે હજારો પ્રવાસીઓ નિશ્ચિંતપણે ફ્રાન્સમાં સહેલ માટે નીકળી પડયા હતા, અને તેઓ સમજતા હતા કે દુશ્મનાવટ શરૂ કરતાં પહેલાં રીતસર લડાઇ જાહેર કરવામાં આવશે. તેમનાં કુટુંબીઓના કલેશનું વર્ણન કરવું અશકય છે. ઘણા ખરા પ્રવાસીઓ કેળવાયલા અને ખાનદાન કુટુંબના હતા. તેમને સ્ત્રીઓ હતી, છોકરાં હતાં, ભાઇઓ હતા, બેનો હતી. બાર બાર વરસસુધી આ કમનસીબ માણસોને દેશવટો ભોગવવો પડયો. ઘણાં મરી ગયાં અને ફ્રાન્સની માટીમાં

તેમની માટી મળી ગઇ. તેમનાં બાળકો મોટાં થયાં પણ બાપનું મોં તેઓ જોવા પામ્યાં નહિ અને તેઓ જીવે છે કે મરી ગયા છે તેના સમાચાર આપનાર કોઇ હતું નહિ. ! વહુઓ, દીકરીઓ સંતાપથી, નિરાશાથી બળી જળીને કમોતે કરમાઇ ગઈ.

આ ઘોર સંગ્રામનો સૂત્રધાર પિટ્ટ અમાનુષિક બુદ્ધિ અને શક્તિસંપન્ન હતો, પણ તેના અંતઃકરણમાં પ્રેમ અને દયા જેવા કોમળ ભાવોનો અભાવ હતો. તેને ન હતી પ્રજા અને ન હતી સ્ત્રી. પોતાના દેશનું ગૌરવ એજ તેના જીવનનો આદર્શ હતો અને પ્રીતિ, અનુકંપા વગેરે કોઇ પણ જાતની લાગણીની તેના પ્રશાંત અને લાગણી–શૂન્ય હૃદય ઉપર કશી અસર થતી નહિ.

અંગ્રેજોએ તેમના ફ્રેન્ચ કેદીઓને નાના કંગાલ મછવાઓમાં પૂરી રાખ્યા. ત્યાં તેમના ઉપર જે દુઃખો પડયાં તેનો ખ્યાલ પણ આપણને આવી શકતો નથી. નેપોલિયને અંગ્રેજ કેદીઓમાંથી જેઓ લશ્કરી અમલદારો હતા તેમનેજ કબજામાં રાખ્યા; બાકીનાઓને કિલ્લેબંદી શહેરમાં છૂટથી ફરવા હરવા દીધા. ફ્રેન્ચ કેદીઓ ઉપર થતો જુલમ જોઇને તેને ઘણીવાર ક્રોધ ચડતો અને અંગ્રેજ કેદીઓ ઉપર સાટું વાળવાની વૃત્તિ થઈ આવતી, પણ તેની સ્વાભાવિક દયાળુતા હમેશાં સર્વોપરિ થતી અને વૈરની ઇચ્છાને દબાવી દેતી. આ નિરપરાધી માણસોને કેદ પકડયાં તે માટે બ્રિટિશ રાજદ્વારીઓએ નેપોલિયનની સામે સખત પોકાર ઉઠાવ્યો.

નેપોલિયન કહે, “ તમે નિશ્ચિંતપણે દરિયામાં સફર કરતા ફ્રેન્ચોને કેદ કર્યા તેનું શું ?” ઈંગ્લંડે ઉત્તર આપ્યો, “ સમુદ્ર ઉપર શત્રુરાજ્યનું જે કાંઈ હાથ આવે તે બધું પકડી લેવાનો રિવાજ છે માટે તે વાજબી છે. ”

નેપોલિયને સામો ઉત્તર વાળ્યો કે “ જમીન ઉપર શત્રુરાજ્યનું જે કંઈ હાથ આવે તે બધું પકડી લેવાનો રિવાજ હું દાખલ કરૂં છું. એટલે તે પણ વાજબીજ ગણાશે.

તકરાર અહિં પૂરી થઇ અને નિર્દોષ માણસો કેદમાંને કેદમાંજ રહ્યા. નેપોલિયને એવી પણ દરખાસ્ત મૂકી કે આપણે બેઉ એક બીજાના કેદીઓને છૂટા કરીએ, પણ ઈંગ્લંડ આ સરત કબૂલ કરે તો નેપોલિયનનો કેદ પકડવાનો હક્ક સાબીત થાય માટે આ વાતની પણ તેમણે ના પાડી. નેપોલિયને તો અંગ્રેજ કેદીઓ તરફ ઘણી દિલસોજી બતાવી અને કહ્યું કે તમારૂં ભાવિ તમારા દેશના પ્રધાનોના હાથમાં છે માટે તેમને તમારે અરજ કરવી જોઈએ.

સેંટ હેલેનામાં આ સંબંધમાં વાતનો પ્રસંગ નીકળતાં તેણે કહ્યું હતું કે “ મેં અંગ્રેજોને કેદ કર્યા તે માટે તમારા દેશના પ્રધાનોએ બૂમાટો કરી મૂક્યો, પણ લડાઇ જાહેર થયા અગાઉ અને મેં એક પણ અંગ્રેજને કેદ પકડયો ત્યાર પહેલાં તમે જેટલા અને જ્યાંથી હાથમાં આવ્યા તે ફ્રેંચોને કેદમાં પૂર્યા તેનું શું ? જો સમુદ્ર

ઉપર તમે સર્વોપરિ હોવાથી વહાણમાં મુસાફરી કરનારા માણસોને પકડવાનો તમને હક્ક હોય તો જમીન ઉપર હું સર્વોપરિ હતો એટલે જમીન ઉપર મુસાફરી કરનારાને પકડવાને મને હક્ક હોવો જોઇએ; છતાં પણ એક બીજાના કેદીઓને છૂટા કરવાની મેં માગણી કરી પણ તે તમારા પ્રધાનોએ નામંજૂર કરી. તમારા પ્રધાનો ખરી વાત જાહેર કરતાજ નથી. જ્યારે તેઓ જાણે છે કે અમુક વાત તો છુપી રહી શકે એમ નથી અને લોકો બીજી રીતે જાણી જશે ત્યારે તેઓ ના છુટકેજ સાચી વાત જાહેર કરે છે. ”

આ પ્રમાણે ઈંગ્લંડે નેપોલિયન ઉપર સખત ફટકો માર્યો તેના જવાબમાં તેણે પણ સમયસૂચકતા વાપરીને તેવોજ સખત પ્રહાર કર્યો. બેઉ પ્રજાઓ આથી પૂરેપૂરી ઉશ્કેરાઇ ગઈ. ફ્રાન્સની તમામ સત્તા અને બુદ્ધિ એકલા નેપોલિયનમાંજ સ્થિર થઇ હતી એટલે આ લડાઈ ખરૂં જોતાં તેના એકલાનીજ સામે હતી. ફ્રાન્સ લડાઇ માટે જરાએ તૈયાર ન હતું. તેના લશ્કરને રજા આપવામાં આવી હતી અને પ્રજાનું તમામ બળ અંદરના સુધારાનાં કામો પાછળ રોકાઇ ગયું હતું. તેમાં એકાએક આ જ્વાળામુખી ફાટી નીકળ્યો.

નેપોલિયનની અવિરત અને નિરંતર જાગૃત રહેતી શક્તિવડે તરતજ આખો દેશ સાવધાન થઈ ગયો. ફ્રાન્સથી થોડે દૂર ઈંગ્લંડના રાજાની માલિકીનું હૅનોવરનું નાનું રાજ્ય હતું. અંગ્રેજ કાફલામાંથી પહેલી તોપની ગર્જના થઇ તેને પૂરા દસ દિવસ થયા ન હતા તેટલામાં તો ૨૦,૦૦૦ હજાર ફ્રેન્ચો ત્યાં જઇ પહોંચ્યા અને ત્યાંના ૧૬૦૦૦ સિપાઇઓ, ૪૦૦ તોપો, ૩૦,૦૦૦ બંદુકો અને ૩૫૦૦ ઉમદા ઘોડા કબજે કર્યા અને આખું હૅનોવરનું રાજ્ય પડાવી લીધું; અને ઇંગ્લંડને જણાવ્યું કે તમે માલ્ટા ખાલી કરો અને એમેનના કોલકરાર પાળો. તેની જામીનગિરી માટેજ અમે હૅનોવર લીધું છે; માટે હજી પણ સલાહ થઇ શકે છે, પણ બ્રિટિશ પ્રધાને ટુંકો જવાબ આપ્યો કે અમારો રાજા હૅનોવરને માટે જર્મન શહેનશાહની મદદ માગશે.

આ પ્રમાણે ઇંગ્લંડે નેપોલિયનને લઢવાની ફરજ પાડી. યૂરોપના બીજા રાજાઓને પણ તેની સામે લઢવાને ઉશ્કેર્યા. આથી કરીને ફ્રાન્સને લશ્કરી છાવણી જેવું બનાવવું પડ્યું અને નેપોલિયને કુલ સત્તા પોતાના હાથમાં લઇ લીધી. અમેરિકાનાં સંયુક્ત રાજ્યો જ્યારે સ્વતંત્ર થયાં ત્યારે અમેરિકા અને યૂરોપની વચમાં આટલાંટિક મહાસાગર ન હોત તો તેને પણ યૂરોપના રાજાઓ ઠરીને બેસવા દેત નહિ.

ફ્રાન્સની પાસે સંસ્થાનો હોવાંજ જોઇએ એવી નેપોલિયનની પ્રિય ભાવના હતી. તે માટે તેણે મિસિસિપ્પીની ફળદ્રૂપ ખીણમાં સંસ્થાન બનાવવા માટે સ્પેનની પાસેથી જમીન વેચાતી લીધી હતી. ફ્રાન્સની આ કિંમતી મિલ્કત ઈંગ્લંડ તફડાવી ન જાય તે માટે તે જમીન સંયુક્ત રાજ્યોને તરતજ વેચી દેવી પડી. તેમ કરવામાં તેને

ભારે નુકસાન હતું પણ બીજો ઉપાય ન હતો.

ફ્રાન્સને અંગ્રેજ કાફલો હવે દરેક બાજુએથી ઉપદ્રવ કરવા લાગ્યો. તેનાં સંસ્થાનો ગયાં, તેનો વ્યાપાર તારાજ થઇ ગયો અને તેનાં બંદરો ઉપર બોંબનો વરસાદ વરસવા લાગ્યો. અંગ્રેજ કાફલો એવો અદ્વિતીય હતો કે જ્યાં ત્યાં તેની ફતેહજ થતી. ઇંગ્લંડ તેના આ કાફલાથીજ સુરક્ષિત હોઇને નચિંત રહેતું અને શત્રુ ઉપર આખી દુનિયામાં જ્યાં ફાવ્યું ત્યાં પ્રહાર કર્યેજ જતું હતું. ઇંગ્લંડના કિનારા ઉપર એકવાર ફ્રેન્ચ લશ્કર ઉતરે તોજ આનો બદલો વાળી શકાય તેમ હતું. પણ નેપોલિયને બ્રિટિશ પ્રતિનિધિને કહ્યું હતું તેમ " એ જીવ સટોસટનું કામ હતું. "

પરંતુ હવે એ જીવસટોસટનું સાહસ ખેડ્યા સિવાય બીજો ઉપાયજ રહ્યો ન હતો; અને આ સાહસ તેણે એવા અસાધારણ ઉત્સાહથી અને અદ્ભુત ડહાપણ અને દીર્ઘદૃષ્ટિથી ઉપાડ્યું કે તેની ભવ્ય તૈયારી જોઇને જગત્ ચકિત થઇ ગયું અને ઇંગ્લંડને પણ તેની જોખમભરેલી સ્થિતિનું ભાન થયું. ઈંગ્લંડપર સ્વારી કરવાને માટે ઈંગ્લીશ ખાડીના કિનારા ઉપર જાદુઇ સૃષ્ટિની ઝડપથી ત્રણ લાખ માણસોનું સૈન્ય ખડું થઇ ગયું. આખા ફ્રાન્સમાં ચેતન આવી ગયું. બે હજાર તોપવાળા મછવા બંધાઇ ગયા અને દોઢ લાખ સિપાઈઓ, દશ હજાર ઘોડા અને ચારસો તોપોને સામે કિનારે લઇ જવા માટે બોલોન બંદરના ડક્કા ઉપર તે મછવા લંગરાઇ ગયા. ફ્રાન્સનાં તમામ લોખંડનાં કારખાનાં ધમધોકાર કામ કરવા લાગ્યાં અને સારામાં સારી અને મોટામાં મોટા કદની તરેહ તરેહની તોપો અને દારૂગોળા તૈયાર થવા લાગ્યા.

આ બધી તૈયારી ઉપર નેપોલિયન જાતેજ દેખરેખ રાખતો હતો. તેના જુસ્સાનો પ્રભાવ આખી પ્રજા ઉપર પડી ગયો હતો, અને બધામાં તેના જેટલોજ જુસ્સો જણાતો હતો. દરેક પ્રકારની મુશ્કેલીઓ અને વિઘ્નોને આગળથી જાણી લઇને તેમનો પ્રતિકાર કરવાના ઉપાય પહેલેથીજ ગોઠવી રાખવામાં આવ્યા.

આ લડાઇનો ખર્ચ ઘણો ગંજાવર થઇ ગયો હતો અને તેને પહોંચી વળવા માટે પ્રજા ઉપર ખાસ કર નાખવામાં આવ્યો. પ્રજાએ તે કર ઘણી ખુશીથી આપ્યો એટલુંજ નહિ પણ ઘણા ખરા કસ્બા અને નગરોએ પોતાના તરફથી વધારાનો ફાળો આપવા માંડ્યો. કેટલાંકે નવાં વહાણ બંધાવી આપ્યાં તો કેટલાંકે અમુક તોપો બંધાવી આપી. નાનકડા ઇટાલિના પ્રજાસત્તાક રાજ્યે પણ પોતાના તરફથી પચાસ લાખ ફ્રાંક એકઠા કરીને મોકલી દીધા. બધાનો એકંદર સરવાળો પાંચ કરોડ ફ્રાંક જેટલો થઇ ગયો.

નેપોલિયને પોતાનો મુકામ બોલોનમાંજ રાખ્યો. ત્યાં રહીને તે કિનારાની રચનાની ઝીણી ઝીણી વિગતો, ભરતી, ઓટ અને ઋતુની ફેરફારી સર્વનું નિરીક્ષણ કરી

રહ્યો હતો, અને આ પ્રચંડ સાહસને લગતી તૈયારીની દરેક વિગતની કાળજીથી વ્યવસ્થા કર્યો જતો હતો. લશ્કરના સરંજામને લગતા **એકેએક કબાલા તે જાતે તપાસતો હતો અને નાનામાં નાની બાબતમાં પણ ચોકસાઈથી કરકસર કરવામાં આવતી.** આથી દેશનાં નાણાંપ્રકરણમાં સંપૂર્ણ વ્યવસ્થા સચવાઈ હતી. ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચેના આ દારુણ સંગ્રામની અસર બીજા દેશો ઉપર પણ થયા વગર રહી નહિ. રશિયાના ઝારે મધ્યસ્થ થઈને આ તકરારને પરિણામે નીપજતો ભયંકર દાવાનળ અટકાવવાનું માથે લીધું. નેપોલિયને તરતજ જવાબ આપ્યો કે ઝારનું મધ્યસ્થપણું મને કબૂલ છે અને તે જે નિર્ણય કરી આપે તે પણ મને કબૂલ છે. ઈંગ્લંડને આ માર્ગ પણ રુચ્યો નહિ.

નેપોલિયન પછી ર્હાઇન નદીના પ્રદેશનું અવલોકન કરવા માટે બેલ્જીયમ ગયો. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં લોકો તેના ઉપર ફિદા થઇ ગયા અને તેને બાદશાહી માન આપ્યું. બધે ઠેકાણેથી તેના પ્રત્યે સહાનુભૂતિનાં, ઈંગ્લંડપ્રત્યે તિરસ્કારનાં અને ફ્રાન્સની સાથે દૃઢ શત્રુવટ રાખનારા શત્રુની સામે પ્રાણાન્તસુધી લડવાનાં વચન પ્રજાજન તરફથી તેને મળ્યાં; પરંતુ તેની નજર તો ડક્કા, દારૂખાનાં, યુદ્ધસામગ્રી અને દેશનાં વિવિધ સાધનો ઉપરજ પડતી હતી. એક કલાક પણ તે પરિશ્રમ કર્યા વગર ગુમાવતો નહિ અને પરિશ્રમમાંજ તે આનંદ માનતો. ત્યાંથી તે સીધો બોલોન પાછો આવ્યો.

ઈંગ્લંડનું મહા બળવાન નૌકાસૈન્ય તેના કિનારાનું રક્ષણ કરતું હતું છતાં જે ઈંગ્લીશ ખાડી ઓળંગવાનો તેણે સંકલ્પ કર્યો હતો તેની પહોળાઇ માત્ર ત્રીશ માઇલની હતી. ચાર કારણોને લીધે આ દારુણ સાહસમાં ફતેહ મળી શકે એમ હતું. ઉનાળામાં ઘણીવાર અડતાળીશ કલાકસુધી સમુદ્ર સ્થિર થઇ જતો હતો અને તે દરમ્યાન ઈંગ્લંડનાં વહાણને ત્યાંને ત્યાંજ પડી રહેવું પડતું. આ વખતનો લાભ લઈને મછવાઓદ્વારા અંગ્રેજોની નજર આગળ રહીને પણ ખાડી ઓળંગી શકાય. શિયાળામાં ઘણીવાર ધાડું ધૂમસ વરસતું હતું. તે તક સાધીને પણ અંગ્રેજો ન જોઇ શકે એમ સામે પાર જઇ શકાય. એ બેઉ કરતાં એક ત્રીજો માર્ગ વધારે અનુકૂળ હતો. ઈંગ્લીશ ખાડીમાં ઘણીવાર ભયંકર તોફાન થતાં. તે વખતે કાફલાને ખાડી છોડીને ખુલ્લા સમુદ્રમાં જઇને ઉભા રહેવું પડતું. તોફાન શમી જાય કે તરતજ સમય સાધી લેવામાં આવે તો અંગ્રેજોનાં વહાણ આવી પહોંચવા પહેલાંજ ફ્રેન્ચ મછવા સામી પાર જઈ પહોંચે. આ ત્રણ ઉપરાંત એક ચોથો રસ્તો પણ હતો. ચાલાકીથી હિલચાલ કરીને બળવાન ફ્રેન્ચ કાફલો ઈંગ્લીશ ખાડીમાં લાવી રાખવો અને તેની તોપોના રક્ષણ નીચે રહીને નાના મછવા સૈન્યસહિત હંકારી શકાય. આ મહાભારત યોજનાને સાંગોપાંગ વ્યવસ્થિત કરવા માટે તેણે લાગલાગટ ત્રણ વર્ષસુધી અવિરત પરિશ્રમ ઉઠાવ્યો હતો.

આટલું છતાં આ સાહસના ગંભીર સ્વરૂપનો તેના કરતાં વધારે સારો ખ્યાલ બીજા કોઇને ભાગ્યેજ હશે. ઇંગ્લંડનો કાફલો અને બીજી બાજુએ દોઢ લાખ સિપાઈઓથી ભરેલા તોપોવાળા મછવાનો સંગ્રામ શરૂ થાય—એક અંગ્રેજ વહાણની આસપાસ સંખ્યાબંધ મછવાઓ તેને ચારે બાજુએથી ગોળાથી વીંધતા ફરી વળે અને તેની સાથે ભારે વહાણના પ્રચંડ ઘસારાના વેગથી અનેક મછવાઓ ઉંધા વળી જાય, ભાગીને ભૂકો થઇ જાય અને તેમાંથી છૂટતા ગોળાના વરસાદથી ચૂર્ણવિચૂર્ણ થઇ જાય–આમ બેઉ બાજુના સંજોગો જોતાં આ લડાઇનું પરિણામ શું આવત તે કહી શકાય એવું નથી. ફ્રેન્ચ નાકાધિપતિનો એવો અભિપ્રાય હતો કે સો મછવા અને દશ હજાર માણસોના ભોગે આપણે શત્રુના કાફલાને બાજુએ હઠાવીને સામી પાર જઇ શકીશું.

નેપોલિયને કહ્યું, “ એટલાં માણુસ તો આપણે દરેક લડાઇમાં ગુમાવીએજ છીએ; પણ એકવાર આપણું લશ્કર ઈંગ્લંડને કિનારે ઉતાર્યાથી જે લાભ થવાનો છે તે લાભ દરેક લડાઇમાં આપણને મળતો નથી.”

તેના માથાપર કામનો અને ચિંતાનો આટલો બધો બોજો હતો છતાં આવા વખતમાં પણ તે પોતાની લક્ષણગત ઉદારતા અને મહાનુભાવપણાનું ઘણીવાર દર્શન કરાવતો હતો, તેથી કરીને તેના સમાગમમાં આવનાર સર્વને તેના ઉપર અત્યંત પ્રેમ અને ભક્તિ ઉપજ્યા વગર રહેતાંજ નહિ. કેદ પકડાયલો એક તરુણ અંગ્રેજ ખલાસી કેદખાનામાંથી છટકી નાઠો અને બોલોન બંદર નજીક સમુદ્રકિનારે આવી પહોંચ્યો. ઝાડની ડાળીઓને એકબીજા સાથે બાંધીને તેણે એક નજીવો તરાપો બનાવ્યો અને તેના ઉપર બેસીને દરિયામાં ઝુકાવવાનું સાહસ કર્યું ! પણ એમ કરતાં તે પકડાઇ ગયો. તપાસ કરતાં નેપોલિયનને માલૂમ પડયું કે તે પોતાને માટે કલ્પાંત કરતી ઘરડી અને અશક્ત માતાને મળવા આવું સાહસ કરવા તૈયાર થયો હતો. આ કરુણ પ્રસંગથી તેનું કોમળ હૃદય પીગળી ગયું. તેણે કહ્યું, “હું જરૂર તને તારી માને મળવા જવા દઇશ. આ સોનામોહોરની કોથળી તું તેને જઇને આપજે. જે માતાએ તારા જેવા કર્તવ્યપરાયણ અને સ્નેહાળ પુત્રને કેળવ્યો હશે તે સાધારણ સ્ત્રી નહિજ હોય. ”

બોલોનના ખડકાળ સમુદ્રકિનારા ઉપર જ્યાં વરસાદ અને વાવાઝોડાની રમઝટ મચી રહેતી ત્યાં નેપોલિયન માટે એક નાનું ઘર બંધાવ્યું હતું. આખો દિવસ રાજદ્વારી પ્રકરણોમાં સખત માનસિક પરિશ્રમ કર્યા પછી રાતોરાત સેંટ કલાઉડનો મહેલ છોડીને ૧૮૦ માઇલની મુસાફરી કરીને બીજે દિવસે બપોરે તે બોલોન આવી પહોંચતો, અને જાણે કશોજ થાક ન લાગ્યો હોય તેમ એક પળવારનો પણ આરામ લીધા વગર તે છાવણીનાં તમામ ખાતાં તપાસી વળતો. ફ્રેન્ચો જે

તૈયારી કરી રહ્યા હતા તેમાં ભંગાણ પાડવા માટે અંગ્રેજો બને તેટલો ઉપદ્રવ કર્યાજ જતા હતા. તેમની ક્રૂઝરો કિનારા આગળ ભમ્યા કરતી અને ગોળાઓનો વરસાદ અખંડ વરસાવ્યાજ કરતી. શત્રુના ગોળા પોતાની આસપાસ પડયાજ કરતા છતાં પણ નેપોલિયનની હાજરીથી સઘળા કામદારોને એવો જુસ્સો આવી ગયો હતો કે મોતની પરવા કર્યા વગર તેઓ ગાતા ગાતા ઉલટભેર પોતપોતાનું કામ કર્યા જતા હતા. તેમના રક્ષણમાટે ચોવીશ રતલનો ગોળો ત્રણ માઇલ દૂર ફેંકી શકે એવી જબરી તોપો બનાવીને કિનારા ઉપર ગોઠવવામાં આવી. ત્યાર પછીજ અંગ્રેજોનાં વહાણ ત્યાં આગળ આવતાં અટક્યાં. નેપોલિયને આ પ્રસગે જે પરિશ્રમ લીધો હતો તેનું વર્ણન કરવા જતાં એક મોટું પુસ્તકજ જોઇએ. સિપાઇઓની તબીયત અને સુખને માટે સંપૂર્ણ કાળજી રાખવામાં આવી હતી. તેમને પેટપૂરતો પગાર, સારૂં ખાવા પીવાનું અને કપડાં મળતાં. તેમની છાવણીઓ એક સ્વચ્છ અને સુખી શહેરના જેવી દેખાતી હતી. પોતાનો સરદાર તેમના રક્ષણને માટે કેટલી બધી કાળજી રાખે છે તે જાણીને તેમનાં હૃદય આભારની લાગણીથી છલકાઇ જતાં હતાં, અને જ્યારે તે તેમની પાસે આવતો ત્યારે તેઓ હર્ષનાદથી તેને વધાવી લેતા.

મછવાઓ બંધાઇ ગયા, તોપો અને દારૂગોળો તૈયાર થઇ ગયાં, સૈન્ય પણ સજ્જ થઇ ગયું. હવે એ બધા સરંજામસહિત સિપાઇઓને તથા તેમના ઘોડા અને તોપોને કુશળતાથી મછવામાંથી કિનારે ઉતારવાનો મહાવરો કરવાનું કામ બાકી રહ્યું. ડક્કા ઉપર મછવા નવ હારોમાં ગોઠવાઈ ગયા. ઘોડાને ચામડાના મજબૂત પટ્ટાવડે વચમાંથી મજબૂત બાંધીને ગરગડીદ્વારા એક મછવામાં ઉતારતા અને ત્યાંથી માત્ર એજ મિનિટમાં છેક નવમા મછવાસુધી તે ઘોડો પહોંચી જતો. આ પ્રમાણે દરરોજ ઘોડા, તોપો અને માણસોને ચડાવવા ઉતારવાની કવાયત થતી, અને થોડા વખતમાં મહાવરો પડી જતાં ખારવાઓ એ કામ નહિ માની શકાય તેવી ઝડપથી જરા પણ ભૂલચૂક વગર કરી શકતા. ઉનાળામાં તેમજ શિયાળામાં દરિયાઇ યુદ્ધને લગતા દાવ-પેચનો મહાવરો કરવા ખારવાઓ મછવાઓ લઇને છેક શત્રુનાં વહાણની લગોલગ પહોંચી જતા અને ત્યાં તેમની તોપોના મોં આગળ કવાયત કરતા. શત્રુને કિનારે ઉતરતાં તેમની તોપોના માર સિવાય બીજું કાંઇ પણ નુકશાન ન થાય તેનો આગળ આગળથી વિચાર કરીને સંપૂર્ણ તૈયારી કરી દીધી. આ કવાયત જોવા માટે નેપોલિયન બધે ઠેકાણે ફરી વળતો. કોઈ વાર ઘોડેસ્વાર થઇને ખડક ઉપર ઉભો ઉભો તો કોઇ વાર ભાઠાની રેતીમાં મારતે ઘોડે દોડી જઇને પોતાનાં માણસોનાં પરાક્રમ સગર્વ નિહાળતો. વળી કોઈ વાર એકાદ તોપવાળા મછવામાં બેસીને અંગ્રેજોની ક્રૂઝર સાથે તે મછવો કેવી રીતે લડી શકે છે તે જોવા માટે સમુદ્રમાં પણ જઇ આવતો.

નેપોલિયન જેવો સાહસિક યોજનાઓ ઘડવામાં એક્કો હતો તેવોજ તેને અમલમાં

મૂકતી વખતે દીર્ઘદૃષ્ટિ અને ડહાપણ વાપરવામાં પણ અદ્વિતીય હતો. કોઇને પણ જણાવ્યા વગર ઈંગ્લિશ ખાડીની સામેના ફ્રેન્ચકિનારા ઉપર પોતાના તમામ નૌકાસૈન્યને એકત્ર કરવાની યોજના તેણે મનમાં ઘડી રાખી હતી, કે જરૂરને પ્રસંગે આ મછવાઓની સાથે તે કોઇ પણ વખતે એકદમ જોડાઇ શકે. તે કહેતો કે "આપણને રાતને વખતે માત્ર આઠજ કલાકની અનુકૂળતા મળી જાય તો પછી આખી દુનિયાનું પ્રારબ્ધ ઘડવું એ આપણાજ હાથમાં છે."

ઈંગ્લંડને આ બધી વિશાળ તૈયારીઓની ખબર પડી હતી તેથી તેને ખરેખરી ચિંતા અને દહેશત લાગતી હતી. તેણે સમુદ્ર અને પોતાના કાફ્લા ઉપર પોતાની સલામતીનો મદાર બાંધ્યો હતો, પણ હવે તેને ખરી સ્થિતિનું ભાન થવા લાગ્યું. સામે કિનારે, માત્ર ત્રીશ માઇલને છેટે દોઢલાખ કવાયતી યોદ્ધાઓ, બે હજાર તોપવાળા મછવા, દશ હજાર ઘોડા અને ચારસો તોપો દુનિયાના અદ્વિતીય સેનાપતિ નેપોલિયનની સરદારી નીચે જરાક તક મળતાં ઠેઠ લંડનસુધી આવી પહોંચે તો તેની ખરેખર કમબખ્તીજ સમજવી. "દોઢ લાખનું લશ્કર અને તેનો સરદાર નેપોલિયન"ની આટલીજ વાત બળવાનમાં બળવાન રાજ્યને કંપાવી નાખવા માટે બસ હતું. ત્યાંના દરિયા ખાતાના અમલદારોએ પણ લગભગ સર્વાનુમતે એવો અભિપ્રાય આપ્યો હતો કે ધૂમસ, રાત્રિનો અંધકાર અને પ્રશાંત સમુદ્ર એવા કોઇ સંજોગનો લાભ લઇને ફ્રેન્ચ મછવા ઈંગ્લિશ ખાડી ઓળંગી શકે એ અસંભવિત નથી.

દેશનું સંરક્ષણ કરવાના ઉપાય યોજવાની બાબતમાં પાર્લામેન્ટમાં પણ ચિન્તાથી અને જુસ્સાથી ચર્ચાઓ ચાલી રહી. ખાસ ઠરાવ કરીને સત્તરથી પંચાવન વર્ષના દરેક અંગ્રેજને હથિયાર ધારણ કરવાની ફરજ પાડવામાં આવી. ઘરડો રાજા જ્યોર્જ ત્રીજો અને પરદેશના લશ્કરની મદદથી પોતાનું સિંહાસન પાછું મેળવવા ફાંફાં મારનારા બુર્બોન વંશીય રાજકુમારો લશ્કરનું જાતે નિરીક્ષણ કરવા લાગ્યા.

દક્ષિણ કિનારે ઘણે દૂરસુધી ભયસૂચક નિશાનોની હારની હાર દેખાવા લાગી. જરાક ભયનું નિશાન મળતાં તમામ ભૂશિરો ઉપર મોટાં મોટાં બળતાં સળગાવવાની ગોઠવણ થઇ ગઇ. માતાઓ અને કુમારિકાઓ ચિંતાતુર અને ભયભીત બની ગઈ; કારણ કે લડાઈના દૈત્ય જાગ્યા હતા અને જગાડનાર ઈંગ્લંડજ હતું. આ પાપની શિક્ષા તેને પૂરેપૂરી ખમવી પડી, અને હજી પણ અંગ્રેજ પ્રજા ગંજાવર કર અને દેવાના બોજા નીચે એ પાપની શિક્ષા ખમ્યા કરે છે.

આવા સંજોગોમાં નેપોલિયનનું ખૂન કરવાને લંડનમાં જે કાવત્રાં રચાતાં હતાં તેને ઈંગ્લંડે પૂરા જિગરથી ઘણી સંગીન મદદ આપવા માંડી. બ્રિટિશ પ્રધાનમંડળે તેમને જોઇતાં નાણાં આપ્યાં અને બ્રિટિશ વહાણની મારફતે તેમને ફ્રાન્સમાં ઉતારવાની જોગવાઇ કરી આપી. જે ભયંકર પ્રાણનાશક યંત્રની વાત આગળ આવી ગઇ

છે તેનો બનાવનાર બદમાસ જ્યોર્જિસ કેડાઉડલ હજી લંડનમાંજ ભમતો હતો અને બ્રિટિશ સરકારે બક્ષેલાં નાણાંવડે ચમન ઉડાવતો હતો. તેણે તેમજ કાઉન્ડ ડી એન્ઘિયેન અને બીજા આગેવાન ફ્રેન્ચ ઉમરાવો અને શાહજાદાઓએ મળીને નેપોલિયનનું કાસળ કહાડી નાખવા એક ભયંકર કાવત્રું રચ્યું.

કાવત્રાંખોરોમાંના કેટલાક પારિસમાં આવીને ભરાયા, કેટલાક ફ્રાન્સ અને જર્મનની સરહદપર આવેલાં ગામોમાં છૂટાછવાયા આવીને વસ્યા. જર્મનીનાં નાના રાજ્યોમાં જૂદી જૂદી જગ્યાએ ઈંગ્લંડના એજંટો આવીને નેપોલિયનની સત્તા ઉથલાવી નાખવાની પેરવી કરવા લાગ્યા. તેમને બધાને ઈંગ્લંડ તરફથી પગાર અને ચાલુ ખર્ચ માટે પૂરતું નાણું મળ્યા કરતું હતું. આ જીવપર આવેલા બદમાસોએ નેપોલિયનનું કોઇ રીતે ખૂન કરવા માટે અનેક કાવત્રાં રચ્યાં. તેમાંનાં ત્રીશ તો ફ્રાન્સની પોલિસે પકડીને ઉઘાડાં પાડયાં. નેપોલિયનને પોતાને પણ આખરે ઘણો ક્રોધ ચડયો. આ ખૂનીઓને ઈંગ્લંડની મદદ છે તેની તેને ખબર હતી. પ્રજાના સર્વાનુમતે ચૂંટાયલા કૉન્સલને એક સામાન્ય બહારવટીઓ ગણીને તેનું ખૂન કરવા રાજવંશી શાહજાદાઓ તૈયાર થાય અને તેમાં ઈંગ્લંડ સામેલ થાય એ વાતથી તેના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે આવેશમાં આવીને કહ્યું મારૂં લોહી કાંઈ ખાબોચીયામાંનું પાણી નથી. એ બુર્બોન લોકોને એવી નશીયત આપીશ કે મરતાંસુધી નહિ ભૂલે. ”

प्रकरण २७ मुं–बुर्बोन कावत्रानो हेवाल

કાઉન્ટ ડી આર્ટોઇ તથા બીજા દેશવટે નાસી આવેલા ફ્રેન્ચ-ઉમરાવોએ મળીને લંડનમાં મોટા પાયા ઉપર આ કાવત્રું રચ્યું. તેમાં લાખો પાઉન્ડનો ખર્ચ થયો અને તે બધો બ્રિટિશ સરકારે પૂરો પાડયો. ઇંગ્લંડનો નાયબ દિવાન મી૦ હેમંડ, જર્મન રાજ્યોના દરબારમાંના બ્રિટિશ એલચીઓ અને ફ્રાન્સમાં આભ્યંતરિક કલહ જગાડનાર પક્ષ એકબીજાને જરે જર ખબર આપ્યા કરતા હતા. ત્રણ ફ્રેન્ચ શાહજાદાઓ ઇંગ્લંડનો પગાર લઇને તેની નોકરીમાં રહ્યા હતા અને વખત આવ્યે તેમનાજ દેશીઓની સામે શસ્ત્ર ચલાવવાની રાહ જોતા હતા. એક બીજો ઉમરાવ ર્હાઇનને કિનારે એક ગામમાં રહ્યો હતો અને ફ્રાન્સમાં જરાક ગરબડ થાય તો અંદર દાખલ થવાને ટમટમી રહ્યો હતો.

આ લોકોની યુક્તિ નીચે પ્રમાણે હતી. મજબૂત અને દૃઢ મનના સો માણસો સાથે કેડાઉડલને છુપી રીતે ફ્રાન્સ મોકલવો અને નેપોલિયન તેના મુકામપર એટલે માલમેસન જતો હોય તે વખતે તેના ઉપર હુમલો કરવો; તેના દશ અંગરક્ષકોને વિખેરી નાખીને તેને ત્યાંને ત્યાંજ પૂરો કરી નાખવો. આ ખૂન નહિ પણ લડાઈ છે એમ કહીને કાવત્રાખોરો પોતાના અંતઃકરણને ઠગતા હતા. નેપોલિયનનું ખૂન થવાથી દેશમાં ગરબડ મચી જશે અને તેનો લાભ લઇને બુર્બોન વંશી શાહજાદામાંથી એકને ગાદીએ બેસાડી દેવાશે; પણ તેમ કરવામાં લશ્કરને ફોડવાની જરૂર હતી. તેનો ઉપાય પણ તેમણે કરવા માંડયો.

જ્યારે આ કાવત્રું પકડાયું અને ખરી હકીકત બહાર આવી ત્યારે બ્રિટિશ પ્રધાનો જૂઠું બોલ્યા કે અમે કેડાઉડલને એવું કહ્યું ન હતું કે તમે નેપોલિયનનું ખૂન કરજો; પરંતુ એ બચાવ લૂલો છે. તેઓ જાણતા હતા કે ખૂન થાય તોજ કાવત્રું ફતેહમંદ થાય; અને છતાં તેમણે નાણું આપ્યું અને બીજી બધી જોઇતી મદદ આપી. નેપોલિયને કહ્યું કે એ ગૃહસ્થો ઉપર ઇંગ્લંડના પંચ સમક્ષ કેસ ચલાવ્યો હોય: તોપણ તેઓ જરૂર ગુન્હેગાર પૂરવાર થાય.

દુનિયામાં મોટા ગણાતા માણસો નાની બાબતોને મોટું રૂપ આપીને એકબીજાની અદેખાઈ કરે છે તેમાં મનુષ્યસ્વભાવની નબળાઈ સૌથી વધારે ઉઘાડી પડી જાય છે. નેપોલિયન સપાટાબંધ સત્તાવાન બની ગયો તે જનરલ મોરોથી સાંખાયું નહિ. તેની સ્ત્રી ઘણાજ હલકા સ્વભાવની, મિથ્યાભિમાની અને બળીયલ હતી. તેણે આગમાં ઘી હોમ્યું. હોહેન્લિડેનનો સંગ્રામ જીતનારને ફ્રાન્સે સૌથી વધારે માન આપવું જોઇએ એ વાત આખરે તેણીએ પોતાના ધણીના મન ઉપર ઠસાવી.

એક દિવસ એવું બન્યું કે જનરલ મોરોની સ્ત્રી જોસેફાઇનને મળવા ગઈ પણ તેને થોડીવાર બહારના ઓરડામાં થોભવું પડયું. આથી તેને ઘણો ક્રોધ ચડયો. તેણે ઘેર જઇને વાગ્ધારા છોડી મૂકી. તે વખતે મોરોની મનોદશા તેની સ્ત્રીના સંભાષણને ઘણી અનુકૂળ હતી. આથી તેને પણ લાગી આવ્યું અને નેપોલિયન તરફથી તેને જે સન્માન મળતું તેનો જાણે તે અસ્વીકાર કરતો હોય એવું વર્તન કરવા લાગ્યો. એક વાર તો દરબારમાંથી પણ ગેરહાજર રહેવાની તેણે તોછડાઇ બતાવી. તે ઉપરથી પ્રજાસત્તાક રાજ્યની સ્થાપનાના વાર્ષિક મહોત્સવની મિજબાનીમાં તેને નિમંત્રણ અપાયું નહિ. આ પ્રમાણે આરંભમાં બેઉની વચ્ચે જરા અન્યમનસ્ક જેવું હતું તેમાંથી હવે દુશ્મનાવટ ઉભી થઇ.

ઉપર કહેલા કારણને લીધે મોરોને પોતાની તરફ વાળી લેવાનું કામ કાવત્રાંખોરોને માટે ઘણું અઘરૂં ન હતું, અને મોરોની સાથે લશ્કરને પણ ફોડી શકાય એમ હતું. કાવત્રાંખોરોની યોજના એવી હતી કે જેવું નેપોલિયનનું ખૂન થાય કે તરતજ રાજાના પક્ષકારોએ એકદમ આખા ફ્રાન્સમાં બળવો જગાડવો; દેશવટે ગએલા બુર્બોન શાહજાદાઓએ ઈંગ્લંડનાં નાણાં અને શસ્ત્રની મદદથી ફ્રાન્સની સરહદપર ચઢાઇ કરવી અને સમુદ્રકિનારે ફરતો બ્રિટિશ કાફલો પણ આ હિલચાલને પૂરતી મદદ આપે.

પરંતુ આ યોજનામાં એક અણધાર્યું નડતર ઉભું થયું. મોરો ચૂસ્ત પ્રજાસત્તાકવાદી હતો. તેણે તો નેપોલિયનની કૉન્સલ તરીકેની નિમણુકને પણ વખોડી કહાડી હતી. કેમકે એમાંથી રાજસત્તા ફરીથી પ્રકટી નીકળે. પિચેગ્રુ નામનો ફ્રાન્સનો એક જૂનો સેનાપતિ ફ્રાન્સમાં દરેક પક્ષના લોકોમાં સારો વગવસીલો ધરાવતો હતો. ડિરેક્ટરોએ તેને ફ્રાન્સમાંથી દેશનિકાલ કરવાથી તે પણ લંડનમાં આવી વસ્યો હતો. મોરોનો તે એક વારનો મિત્ર અને લડાઇઓમાં પણ તેનો સોબતી હતો. મોરોને પલાળવાનું કામ આ માણસને સોંપવામાં આવ્યું; પરંતુ વાતને અંતે પિચેગ્રુને સમજાયું કે મોરો જો કે નેપોલિયનની સત્તા ઉથલાવી નાખવામાં રાજી હતો છતાં રાજાઓનો તો તે કટ્ટો વિરોધી હતો. આ વાત કાવત્રાંખોરોને ઘણી મોડી સમજાઇ, જેથી તેમણે મોરોની મદદ ઉપર જે ગણત્રી બાંધી હતી તે ખોટી પડી. વળી ફ્રાન્સમાં બળવો

જગાડવા માટે તેમણે ફાંફાં તો માર્યાં; પરંતુ તેમાં પણ તેમની મુરાદ બર ન આવી. રાજાના પક્ષકારો અને ધર્મગુરુઓ પણ નેપોલિયનથી સંતુષ્ટ હતા તેથી તેમણે આ લોકો તરફ કશી સહાનુભૂતિ બતાવી નહિ. બે મહિના લાગલાગટ મહેનત કરી ત્યારે કેડાઉડલને આ કૃત્યમાં સહાય આપનારાં માત્ર ત્રીશજ માણસો મળ્યાં અને તે પણ ભારે ઇનામની આશાથીજ. આથી કરીને કાવત્રાખોરો પોતેજ ગભરાટમાં પડી ગયા. ઈંગ્લંડમાં નેપોલિયનને વિષે જે લખાણ પ્રગટ થતાં હતાં તેનાથી અહિં તો ઉલટુંજ જોવામાં આવ્યું. અહિં તો આખી પ્રજા તેના તરફ એવો ઉંડો ભકિતભાવ રાખતી હતી કે બળવો જગાડવાની આશા તેમના મનમાં ને મનમાંજ રહી ગઈ!

કાંઇક ગંભીર કાવત્રું દેશમાં ચાલી રહ્યું છે એની ખબર નેપોલિયનને પણ થઇ ગઇ. કેટલાક ઈંગ્લંડના મંત્રીઓ ત્રણ ચાર જર્મન રાજ્યોમાં રહ્યા રહ્યા ફ્રાન્સમાં ચાલતી ખટપટને ઉત્તેજન આપી રહ્યા હતા. તેમણે પોતાના કાગળ–પત્ર લઇ જવા લાવવા માટે એક ફ્રેન્ચ માણસ રાખ્યો હતો. પણ તે માણસ તો શત્રુનો પગાર ખાઇને તેમનુંજ ઘર ખોદે એવો નીકળ્યો. તેની મારફતે કાવત્રાખોરોનો બધો પત્રવ્યવહાર નેપોલિયનને મળવા લાગ્યો. તેણે આ બધા કાગળ જૂદા જૂદા દેશોના પ્રતિનિધિઓને વંચાવ્યા. આ કાવત્રામાં મદદ કરનારા કેટલાક બદમાસોને પોલિસે પકડયા અને તેમને ગોળીબાર કરવાનો હુકમ થયો. તેમાંના એકે કેડાઉડલના કાવત્રાની બધી હકીકત અને તેમનાં નામ કહી દીધાં. તેમાં જનરલ મોરોનું પણ નામ આવ્યું. તેમાં એવી હકીકત બહાર આવી કે મોરોએ લશ્કરને ફોડવાનું કબૂલ કર્યું હતું અને લંડનમાં વસતા રાજપક્ષકારોને ખબર આપવા તેણે પોતાના એક લશ્કરી અમલદારને પણ મોકલ્યો હતો; પણ પાછળથી તેણે પોતાના વિચાર ફેરવ્યા હતા, અને ફર્સ્ટ કૉન્સલ તરીકે પોતાની નિમણુક થવી જોઇએ એવી માગણી કરી હતી.

પ્રથમ તો આ વાત નેપોલિયન માની શકયોજ નહિ. તેણે પ્રધાનોની છુપી સભા બોલાવી. મોરો લશ્કરનો માનીતો હતો, અને તેના ઉપર હુમલો કરવો એ તો નેપોલિયન જેવાને માટે પણ મોટો સવાલ થઇ પડે એમ હતું. તેના સેંકડો વગવસીલાવાળા મિત્રો હતા. તેઓ તો ઉલટોજ અર્થ કરવાના કે નેપોલિયનને મોરો ઉપર ઇર્ષ્યા હતી તેથી તેણેજ એને ફસાવ્યો છે. પ્રધાનોની સલાહ એવી હતી કે ડહાપણ વાપરીને મોરો તરફ આંખ આડા કાન કરવા, પણ નેપોલિયને કહ્યું કે મને દયા અને સખ્તાઇ બેઉ વાપરતાં આવડે છે. મોરોએ જે કાવત્રામાં ભાગ લીધો છે તેનો હેતુ અને તેમાં જોડાયલા માણસો બેઉ એવાં ભયંકર છે કે તેને બીજા માણસોના જેટલીજ શિક્ષા હું કરીશ.

બીજેજ દિવસે સવારમાં મોરોને પકડવામાં આવ્યો. આખા પારિસ નગરમાં ખળભળાટ મચી રહ્યો. મોરોના મિત્રો કહેવા લાગ્યા કે કાવત્રું થયુંજ નથી, અને

ફ્રાન્સમાં કેડાઉડલ અને પિચેગ્રુ નામના શખસો છેજ નહિ, અને આ બધી હકીકત ઘડી કહાડવાનો હેતુ એટલોજ છે કે તેમ કરીને નેપોલિયન પોતાના હરિફ મોરોને નિકાલ કરી નાખવા માગે છે. પોતાની આબરૂ ઉપર આવા હુમલા થતા જોઇને નેપોલિયનને ઘણુંજ લાગી આવ્યું. તેણે કહ્યું, “ ઘણાજ ભયંકર કાવત્રાનો હું ભોગ થયો છું અને છતાં તે કાવત્રાંનો કરનાર હું છું એમ કહેવામાં આવે તે સહન કરવું મુસ્કેલ છે. ” તેથી પોતાની પ્રતિષ્ઠાના રક્ષણની ખાતર આ કાવત્રાની જરેજર હકીકત શોધીને જાહેર કરવા માટે પૂરેપૂરા ઉત્સાહથી તેની પાછળ લાગ્યો.

તેણે પોતે ફ્રાન્સના રાજાઓને પદભ્રષ્ટ કર્યા ન હતા. નેપોલિયનના ઉદય અગાઉ લોકોએજ રાજસત્તાનો ધ્વંસ કરી નાખ્યો હતો. તેણે તો લોકોની નામરજી છતાં રાજાના પક્ષકારોને સ્વદેશ પાછા આવવાની રજા અપાવી અને બન્યું ત્યાંસુધી તેમની મિલ્કતનો કબજો પણ તેમને અપાવ્યો. આ પ્રમાણે નેપોલિયને તો તેમનું અનેક રીતે ભલું કર્યું હતું; છતાં આ ભલાઈના બદલામાં તેઓ તેને ઉડાવી મૂકવા માગતા હતા અને તેને ઠાર કરાવવા મારાઓ મોકલતા હતા.

મોરોના ઉપર તો તેને દયાજ આવતી હતી અને તેના ઉપર માફીનું દબાણ મૂકીને તેને છૂટો કરવાનો હતો. પણ છુપાઈ બેઠેલા બીજા કાવત્રાખોરોને પકડવા માટે ચાંપતા ઉપાયો લેવામાં આવ્યા. દરરોજ નવા નવા માણસો પકડાતા ગયા. તેમાંના બેએ તો ગુન્હાનો પૂરેપૂરો એકરાર કર્યો. તેમણે કહ્યું કે આ કાવત્રામાં ઉંચા દરજ્જાના ઉમરાવો સામેલ થયા છે અને એક જાણીતો બુર્બોન વંશીય શાહજાદો નેપોલિયનના ખૂન પછી રાજપક્ષકારોનો બળવો થાય તો તરત તેની સરદારી લેવાની રાહ જોતો ફ્રાન્સની સરહદપર આવી ઉભો છે.

આ સાંભળીને નેપોલિયનને ઘણોજ ક્રોધ ચડયો. તેણે કહ્યું, “ ઠીક, હું મોરોને તેની નબળાઇ અને અદેખાઇને માટે ક્ષમા આપીશ પણ આમાંનો કોઇ શાહજાદો મારા હાથમાં આવશે તો તેનો ગોળીબાર કરાવ્યા વગર નહિ રહું. ”

બીજા ગુન્હેગારો પણ પકડાતા ગયા. તેમની કબૂલાત ઉપરથી એટલું તો ચોકકસ સાબિત થયું કે એક શાહજાદો આ કાવત્રાંનો આગેવાન છે. હજી પિચેગ્રુ અને કેડાઉડલ પકડાયા ન હતા. તેઓ પારિસમાંજ ભટકતા હતા તેથી ધારાસભાએ સર્વાનુમતે એક કાયદો પસાર કર્યો કે જે કોઈ તેમને આશ્રય આપશે તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવશે અને જાણ્યા છતાં પણ તેમની સંતાઇ રહેવાની જગ્યા નહિ બતાવે તેને છ વર્ષની કેદની શિક્ષા કરવામાં આવશે. શહેરના દરવાજા ઉપર સખત જાપ્તો રાખવામાં આવ્યો. હવે તેઓ ખૂબ સંકડામણમાં આવી પડયા. કોઇ કોઈવાર માત્ર રાતની રાત સૂઇ રહેવા માટે પાંચ દશ હજાર ફ્રાન્ક તેઓ આપતા ત્યારે છુપાઈ રહેવાની જગ્યા મળતી. પિચેગ્રુ તો આ ત્રાસથી કાયર થઇ ગયો અને પિસ્તોલથી આપઘાત

કરવા જતો હતો પણ એક મિત્રે અટકાવી રાખ્યો. નેપોલિયનના પ્રધાનમંડળનો એક સભાસદ પિચેગ્રુનો જૂનો મિત્ર હતો. તેને ત્યાં તે થોડો વખત છુપાઇ રહ્યો. તે ગયા પછી પેલા સભાસદે નેપોલિયન ઉપર એક પત્ર લખીને પોતાનો અપરાધ જાહેર કર્યો. મહાનુભાવ નેપોલિયને જવાબમાં લખ્યું કે "તમે સંકટમાં આવી પડેલા મિત્રને આવા સંજોગોમાં પોતાના જાનને જોખમમાં નાખીને ઉદારતાથી આશ્રય આપ્યો તેથી હું તમારા ચારિત્ર્યવિષે ઘણો ઉંચો અભિપ્રાય બાંધું છું."

આખરે પિચેગ્રુને કોઇએ ફસાવ્યો અને ત્યાર પછી કેડાઉડલ પણ નાસભાગ કરતાં પોલિસના હાથમાં આવી ગયો.પકડાતાં પકડાતાં પણ તેણે એક પોલિસ અમલદારને ઠાર કર્યો અને બીજાને ઇજા કરી. કૉર્ટમાં પણ તે સ્વસ્થચિત્તે જરા પણ ગભરાટ વિના ઉભો રહ્યો. તેની ઝડતી લેતાં એક ખંજર, એક પિસ્તોલ અને નોટો તથા સોના નાણું મળીને સાઠ હજાર ફ્રાન્ક જેટલું દ્રવ્ય મળી આવ્યું. કૉર્ટમાં તેણે ગર્વસહિત જાહેર કર્યું કે નેપોલિયનનું ખૂન કરવાનો મારો ઈરાદો હતો અને આ કાવત્રામાં બુર્બોન વંશીય શાહજાદાનો હું સહાયક હતો.

આ ઉપરથી કાવત્રું તો વગર શકે સાબિત થઇ ચૂક્યું. મોરોના મિત્રો ફિક્કા પડી ગયા અને નેપોલિયન ઉપર વળી સભાએ મુબારકબાદીનો પત્ર લખ્યો. તેના જવાબમાં તેણે લખ્યું કે "ઈશ્વર ફ્રાન્સનું રક્ષણ કરશે અને દુષ્ટોની દગાબાજીને ફાવવા નહિ દે. પ્રજાએ મારે માટે ગભરાવું નહિ. જ્યાંસુધી પ્રજાને મારી સેવાની જરૂર રહેશે ત્યાંસુધી મારૂં આયુષ્ય લંબાયાજ કરશે; પણ હું પ્રજાને એટલું કહેવા ઇચ્છું છું કે "**પ્રજાના વિશ્વાસ અને પ્રેમ વગર જીવવામાં મને કશો આનંદ નહિ આવે, અને તેમને પણ કશો લાભ નહિ થાય.**"

નેપોલિયનને મોરો અને પિચેગ્રુ બેઉની ખરેખરી દયા આવતી હતી, અને તેમને શરમભરેલા મોતમાંથી બચાવવા તે ઇચ્છતો હતો. તેણે મોરોને કહેવડાવ્યું કે તમે બધી હકીકત સરળપણે જાહેર કરી દેશો તો માફી આપવામાં આવશે એટલુંજ નહિ, પણ તમે પ્રથમ સરકારની કૃપાનાં જે ફળ ભોગવતા હતા તે ફરીથી ભોગવી શકશો. ક્ષમા આપવી એ નેપોલિયનને માટે સહેલ હતું પણ ક્ષમા અને મહેરબાની સ્વીકારવી એ અભિમાની મોરોને માટે ઘણું અઘરૂં હતું. પિચેગ્રુની થએલી અવદશાનો વિચાર કરતાં નેપોલિયનનું દયાળુ હૃદય દ્રવી ગયું અને તે બોલ્યો, "હોલેન્ડ જીતનાર જગવિખ્યાત સેનાપતિની આ અવસ્થા!" પછી તેણે એવો મનસુબો કર્યો કે દક્ષિણ અમેરિકામાં કાયેન આગળ એક ફ્રેન્ચ સંસ્થાન વસાવવું અને પિચેગ્રુ તે સ્થળથી પરિચિત છે માટે તેને પૂરતાં માણસ અને દ્રવ્ય આપીને ત્યાં મોકલવો. જેનું ખૂન કરવા પોતે તૈયાર થયો હતો તેજ નેપોલિયનની ક્ષમાવૃત્તિ અને ઉદારતાની પિચેગ્રુના મન ઉપર એટલી બધી અસર થઇ કે તે નાના બાળકની માફક

છૂટે મોઢે રડયો.

પણ આ કાવત્રાંના મૂળ સૂત્રધાર, પોતે સલામત રહીને બીજાઓને જોખમના ખાડામાં ઉતારનાર શાહજાદાઓમાંથી કોઈ પકડાયા નહિ. તે નેપોલિયનને ખૂંચવા લાગ્યું. એક દિવસ તેણે પોલિસખાતાના પ્રધાન ફૉશને તમામ શાહજાદાઓનાં રહેઠાણવિષે પૂછયું; તેમાંથી તેને ખબર પડી કે કાઉન્ટ ડી એન્ઘિયેન પોતાની એક પ્રિયતમા શાહજાદી સાથે જર્મનીની હદમાં સ્ટ્રેસબર્ગની પાસેના એટનહેમ નામે ગામમાં રહેતો હતો. સ્મિથ ડેક અને ટેલર નામના બ્રિટિશ એજંટો પણ સ્ટ્રેસબર્ગમાંજ રહ્યા રહ્યા કાવા દાવા કરી રહ્યા હતા. માટે જે કાંઈ હોય તે આટલામાંજ હોવું જોઇએ. એ કાઉન્ટ પણ છુપા વેશમાં ઘણી વાર સ્ટ્રેસબર્ગ જઈ આવતો. તે ઇંગ્લંડનો પગાર ખાતો હતો અને પોતાનાજ દેશની સામે લડવાના કામમાં જોડાયો હતો. ઈંગ્લંડના પ્રધાનમંડળ તરફથી તેને એવો હુકમ પણ મળ્યો હતો કે ફ્રાન્સપર સ્વારી કરવાનો કાંઇ પણ લાગ મળી આવે તો તેનો લાભ લેવા ચૂકવું નહિ. આ પ્રમાણે તેણે ખરેખરા દેશદ્રોહનો અપરાધ કર્યો હતો. કાવત્રાના કેસની સુનાવણી વખતે કેટલાક ગુન્હેગારોએ જે જુબાની આપી હતી તે ઉપરથી પણ આ કાઉન્ટ ઉપર શક દઢ થતો ગયો અને કાવત્રાખોરોની યોજના ઉપર ઘણું અજવાળું પડયું.

હવે આ કાઉન્ટ અને તેના મળતીઆઓનું શું કરવું તે વિષે પ્રધાનમંડળે વિચાર કરવા માંડયો. તેઓ એકમત થઈ શકયા નહિ. કેટલાકે એવી સલાહ આપી કે છુપાં માણસોદ્વારા એ કાઉન્ટને તેના મળતીઆ અને કાગળીઆં સાથે પકડીને પારિસ લાવવો. કેટલાકે કહ્યું કે એમ કરવા જતાં જર્મનીની હદમાં જવું પડે અને ત્યાં જઇને ત્યાં વસનાર માણસને આ પ્રમાણે પકડી લાવવાથી યૂરોપમાં આપણે માટે ખોટું દેખાય. નેપોલિયને તેમના શુદ્ધ હેતુનો સ્વીકાર કર્યો પણ કહ્યું કે મારે આ લોકો ઉપર અત્યારે એવી ધાક બેસાડવી છે કે થોડા વખતસુધી તેમને મૂંગા મૂંગા બેસી રહેવુંજ પડે.

એ ઉપરથી ત્રણસો સિપાઇઓને એકદમ એટનહેમ જઇને તે કાઉન્ટને તેના મળતીઆઓ સાથે પરહેજ કરીને તેમને સ્ટ્રેસબર્ગ લઈ આવવાનો હુકમ થયો, અને આ કામ થઇ રહ્યા પછી આ લશ્કરી ટુકડીના અમલદારે ત્યાંના જર્મન તાલુકદારની પાસે જઇને માફી માગવી અને વિનંતિ કરવી કે જરૂરના કામમાટે તમારી પરવાનગી વગર તમારી હદમાં અમારે પ્રવેશ કરવો પડયો છે. આ હુકમનો તરતજ અમલ થઈ ગયો અને તે કાઉન્ટને પકડીને પારિસમાં આણ્યો. તેના ગુન્હાની તપાસ માટે લશ્કરી અમલદારોનું એક ખાસ કમીશન બેસાડવામાં આવ્યું.

કોર્ટમાં તે શાંતિથી અને મગરૂર ચહેરે ઉભો રહ્યો. નેપોલિયનના ખૂનમાં પોતાનો હાથ ન હતો પરંતુ ફ્રાન્સ ઉપર ચડાઈ કરવાનો પોતાનો ઇરાદો તેણે નિડરપણે

જાહેર કર્યો. પ્રજાસત્તાક રાજ્યના કાયદા પ્રમાણે ફ્રાન્સનો કોઇ પણ વતની જો ફ્રાન્સની સામે હથિયાર ઉપાડે તો તે ગુન્હો દેહાંતદંડની શિક્ષાને પાત્ર ગણાતો હતો. કાઉન્ટે કોર્ટને વિનતિ કરી કે “ મને એકવાર નેપોલિયનને મળવા દો ” અને જો તેને રજા મળી હોત તો તેની જિંદગી કદાચ બચત. નેપોલિયને પણ એક અમલદારને તેને કેટલાક સવાલ પૂછવા મોકલ્યો હતો. તે માણસને પણ જરા મોડું થયું. સવાર પડતાં તો તેને મેદાનમાં લઈ જઇને સિપાઇઓની ટુકડીની સામે ઉભો રાખ્યો અને તે સાત ગોળીઓથી વીંધાઇને મરણ પામ્યો. પોતાનું ખૂન કરવાના કાવત્રામાં તેનો હાથ હતો એવી નેપોલિયનને ખાત્રી ન હોત અને બુર્બોન લોકો ઉપર ધાક બેસાડવાની તેને જરૂર ન લાગી હોત તો આ કાઉન્ટના કેસમાં તેણે દેશદ્રોહની શિક્ષાનો અમલ કરાવ્યો ન હોત. પાછળથી ખરી હકીકત મળી આવી કે ગુન્હેગારોએ જે આગેવાનની વાત કરી તે કાઉન્ટને નહિ પણ પિચેગ્રુને લાગુ પડતી હતી. નેપોલિયનને આ સમાચાર મળતાં તેને ઘણુંજ લાગી આવ્યું, પરંતુ કાઉન્ટ ખૂની નહિ તો દેશદ્રોહી તો હતોજ અને દેશની સલામતી ખાતર પણ આવી શિક્ષા જરૂરની હતી.

એક શાહજાદાને દેહાંતદંડની શિક્ષા થઈ, એ વાતથી આખા યૂરોપના દરબારોમાં ફ્રાન્સ તરફ ક્રોધની લાગણી ઉત્પન્ન થઈ. તેના પ્રતિનિધિઓ તરફ અવિવેકી અને લગભગ અપમાનભરેલું વર્તન થવા લાગ્યું. રશિયાના ઝાર, અલેક્ઝાન્ડરે તો નેપોલિયન ઉપર ઠપકાનો પત્ર લખ્યો. તેનો જવાબ નેપોલિયને ઝારનું હૃદય વીંધી નાખે એવા શબ્દોમાં આપ્યો. અલેક્ઝાન્ડર પોતાના પિતાના ખૂનથી ખરડાયલા સિંહાસન ઉપર બેઠો હતો અને તેનું ખૂન કરનારમાંના એક પણ શખ્સને શિક્ષા થઇ ન હતી. આ વાતનો માર્મિક રીતે ઇસારો કરતાં નેપોલિયને લખ્યું કે “ આ સંજોગોમાં રશિયા જે કરત તે ફ્રાન્સે કર્યું છે; તમને હમણાં એમ કહેવામાં આવે કે માજી ઝાર પોલના ખૂનીઓ રાજ્યની સરહદ પાસે એકઠા થયા છે તો તમે ગમે તે ભોગે પણ તેમને પકડાવો ખરા કે નહિ ? ”

આવી મનને ગૂંચવણમાં નાખે એવી જંજાળને લીધે નેપોલિયનને બીજા આરોપીઓ તરફ લક્ષ આપવાનું સાભર્યું નહિ. પિચેગ્રુને કાયેન જવા સંબંધે બીજી વાર કાંઇ કહેવામાં ન આવ્યું અને તેણે કાઉન્ટના મોતની વાત જાણી તેથી પોતાને માટે આશા મૂકી દીધી. તેનો જાહેરમાં વધ કરવામાં આવે તે તેનાથી ખમાયું નહિ તેથી તેણે રાત્રે ફાંસો ખાઇને આપઘાત કર્યો.

મોરોને બે વર્ષના કેદખાનાની શિક્ષા કરવામાં આવી. પણ નેપોલિયને તેને માફી અપાવી અને તેને અમેરિકા જવું હોય તો જવા દેવાની રજા આપી. તેને પોતાની મિલ્કત વેચી નાખવી હતી તે વિષે પણ નેપોલિયને બંદોબસ્ત કરાવી આપ્યો કે

જેથી તેની સારામાં સારી કિંમત ઉપજે અને તે ઉપરાંત તેને મુસાફરીનો ખર્ચ પણ અપાવ્યો.

કેડાઉડલ તથા તેના બીજા જોડીદારોને દેહાંતદંડની શિક્ષા થઈ. કેડાઉડલની દૃઢતા અને બહાદૂરી જોઇને બને તો તેને બચાવી લેવાની નેપોલિયનને ઈચ્છા થઇ પણ કેડાઉડલે તો તેની માફી, દયા, લાલચ સર્વને ધૂતકારી કહાડયાં. મરતાં મરતાં પણ તેણે જેલરના માથામાં દારૂની ફૂટી બાટલી મારીને તેનું ખૂન કર્યું. તેને તેના સોબતીઓ સાથે ગોળીબાર કરવામાં આવ્યો.

આ કાવત્રામાં પોલિનેક નામનો એક આબરૂદાર માણસ સપડાયો હતો. તેની સ્ત્રી જોસેફાઇન પાસે આવીને પોતાના ધણીને માટે કરગરવા લાગી. એક સ્ત્રીને દુઃખથી ગાંડાની માફક વલોપાત કરતી જોઇને તેનું હૃદય પીગળ્યું અને નેપોલિયન પાસે જઇને પોલિનેકને માફ કરવા આજીજી કરી. પોતાના હૃદયમાં જાગૃત થએલી દયાની વૃત્તિને જરાક કરડા ચહેરા નીચે છુપાવીને તેણે કહ્યું, “ જોસેફાઈન, હજી તું મારા શત્રુઓ ઉપર સહાનુભૂતિ રાખે છે ? જો હું તેમને શિક્ષા ન કરૂં તો તેઓ ફરીથી આવાં કામ કરશે અને બીજા નવા ગુન્હેગારોને ઉભા કરશે. ”

જોસેફાઇન નિરાશ થઇને ચાલી ગઈ પણ તેને ખબર હતી કે નેપોલિયન થોડાજ વખત પછી બંગલાની અમુક ગેલેરી આગળથી પસાર થવાનો છે. પોલિનેકની સ્ત્રીને બોલાવીને બેઉ જણ ત્યાં ઉભાં રહ્યાં અને નેપોલિયન ત્યાં આવ્યો એટલે બેઉ રડતાં કકળતાં તેને પગે પડયાં. પોતાને આવા અઘરા સંજોગોમાં મૂકવા માટે જોસેફાઇનને ઠપકો આપતો હોય તેમ તેના તરફ કરડી નજરે જોયું પણ તેના કોમળ અંતઃકરણથી આવી કરુણ રીતે કરેલી અરજ પાછી ઠેલાઈ નહિ. તેણે પોલિનેકની સ્ત્રીનો હાથ પોતાના હાથમાં લઇને કહ્યું, “ લશ્કરી શાળામાં મારા એકવારના બાળપણના સોબતી આર્મન્ડ પોલિનેકને મારૂં ખૂન કરવાના કાવત્રામાં જોડાયલો જોઇને મને ઘણી નવાઈ લાગે છે; છતાં હું તેના સ્ત્રીનાં આંસુ જોઇને તેનો અપરાધ ક્ષમા કરૂં છું. માત્ર હું એટલું ઇચ્છું છું કે મારી આ નબળાઇ જોઇને તે ફરીથી આવાં કામ કરવા પ્રેરાય નહિ. પોતે જોખમમાં ઉતર્યા વગર પોતાના વિશ્વાસુ અનુયાયીઓના જાન આવી રીતે જોખમમાં રાખનાર બુર્બોન શાહજાદાઓ સૌથી વધારે અપરાધી છે.”

જનરલ લાજોલેને પણ દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી હતી. તેને ચૌદ વર્ષની ઘણીજ ખૂબસુરત છોકરી હતી. પોતાના બાપની દુર્દશાથી આ બાલિકાને અસહ્ય વેદના થતી હતી. એક દિવસ તે કોઇને કહ્યા વગર પગે ચાલતી નેપોલિયનના નિવાસ આગળ પહોંચી ગઇ; અને તેની ખૂબસુરતી, આંસુ, કાલાવાલા વગેરે જોઇને દયાળુ પહેરેગીરે તેને જોસેફાઈન પાસે જવાની રજા આપી. પોલિનેકવાળો બનાવ બન્યા પછી જોસેફાઈનને નેપોલિયને તાકીદ આપી હતી કે હવેથી

મને એવા ગુન્હેગારોનાં સગાંને બતાવીને મારા હૃદયને વ્યથા કરવી નહિ; પણ આ છોકરીની તીવ્ર મનોવ્યથા અને દુઃખથી તેનો ગાંડા જેવો થઈ ગએલો ચહેરો જોસેફાઈન અને દીકરી હોર્ટેન્સ બેઉથી જોઇ રહેવાયો નહિ, અને જે ઓરડીમાં થઇને નેપોલિયન પસાર થવાનો હતો ત્યાં તેને ઉભી રાખી. તેને આવતો જોઇને તે નાજુક છોકરી જેના મગજ ઉપર મનોવ્યથા અને લાગણીના વેગથી ઘણો આઘાત થયો હતો તે નેપોલિયનને લાંબી થઇને પગે લાગી અને બોલી, “સાહેબ, મારા બાપને માફ કરો. સાહેબ, માફ કરો.”

નેપોલિયનને નવાઇ લાગી અને નારાજ પણ થયો, તેણે ચીડાઇને કહ્યું, “મારે હવે આવા દેખાવ જોઇતા નથી. એવું મેં કહ્યું છે છતાં તને અહિં કોણ લાવ્યું ? ચાલ, બેન, મને જવા દે.” એમ કહીને તેણે ચાલવા માંડયું, પણ તે છોકરી તેને પગે વળગી પડી. આંસુથી છલકાતી આંખ, અને તેના ખૂબસુરત ચહેરાની એકે એક રેખામાં પ્રતિબિંબ થતું ઉંડું દુઃખ દર્શાવતી તે અર્ધગાંડી બાલિકાએ ફરીથી પોકાર કર્યો, “માફ કરો ! માફ કરો ! હું મારા બાપાને માટે માફી માગવા આવી છું.”

નેપોલિયને માયાળુ અવાજે પૂછ્યું, “તારો બાપ કોણ છે ? અને તું કોણ છે ?”

છોકરીએ જવાબ આપ્યો, “મારૂં નામ મિસ લાજોલે છે અને મારા બાપને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી છે.” નેપોલિયને એક પળવાર વિચાર કરીને કહ્યું. “પણ બેન, તારા બાપનો આ બીજીવારનો ગુન્હો છે. હું તારે માટે કાંઈ કરી શકું એમ નથી.”

તે દુઃખી છોકરી બોલી, “સાહેબ, તે હું બધું જાણું છું, પણ પહેલીવારના ગુન્હામાં મારા બાપા નિર્દોષ હતા. આ વખતે હું ન્યાય નથી માગતી પણ માફી માગું છું–દયા માગું છું.”

નેપોલિયનનું હૃદય દ્રવી ગયું, તેના હોઠ કંપવા લાગ્યા અને આંખ આંસુથી ભરાઈ ગઈ. તે બાળકીના હાથ તેણે પોતાના હાથમાં લઇને તેને પ્રેમથી પંપાળીને તેણે કહ્યું, “મારી ભલી છોકરી ! તારી ખાતર હું તારા બાપને જવા દઉં છું. હવે થયું ? ઉભી થા અને જા.”

આ ઉત્તર સાંભળતાંની સાથે તે બાળકી મૂર્છિત થઇ ગઇ અને નિશ્ચેષ્ટ થઇને પૃથ્વી ઉપર પડી. તેને જોસેફાઈનના ઓરડામાં લઇ ગયા. ત્યાં તે થોડીવારે શુદ્ધિમાં આવી. તે શકિતહીન થઇ ગઇ હતી તોપણ તે તરતજ પારિસ જવા તૈયાર થઇ. તેના બાપને જે કેદખાનામાં પૂર્યો હતો ત્યાં તેને સહીસલામત લઇ જવાને નેપોલિયનનો એક એ–ડી–કાં (અંગરક્ષક) અને તેની સ્ત્રી તેની સાથે ગયાં. પોતાના બાપની ઓરડીમાં જતાંજ તે તેની કોટે વળગી પડી. તેને ઉપરાઉપરિ ડૂસકાં આ-

વવા લાગ્યાં; સ્વર રૂંધાઈ ગયો; અને તેના નાજુક જ્ઞાનતંતુ ઉપર લાગણીના આવેશના સખત આચકા લાગતા ગયા. થોડીવાર પછી તેને તાણ આવવા લાગી, આંખ સ્થિર થઇ ગઇ અને નેપોલિયનના અંગરક્ષકની સ્ત્રીના હાથમાં બેભાન થઇને ઢળી પડી. તે શુદ્ધિમાં તો આવી પણ તેનું મગજ ગયું અને તે પિતૃભક્ત પ્રેમાળ પુત્રી પૂરેપૂરી દિવાની બની ગઇ !

આ નવી વિપત્તિના સમાચાર નેપોલિયનને સાંજે મળ્યા. ઉદાસીનતાથી તેનું માથું નીચું ઢળ્યું. થોડીવાર વિચારમાં ડૂબી ગયો અને આંખમાં આવેલું આંસુનું બિન્દુ લૂછીને તે બોલ્યો, “ભલી કમનશીબ છોકરી ! આવી પુત્રીનો બાપ આવો અપરાધી હોય છે ! હું તે છોકરીની અને તેની માની સંભાળ લઇશ.”

બીજા છ આરોપીઓને પણ થોડા દિવસ પછી ક્ષમા કરવામાં આવી. નેપોલિયનનું ખૂન કરવા રચાયલા બુર્બોન કાવત્રાનું આવું પરિણામ આવ્યું.

નેપોલિયનના ચારિત્ર્યમાંથી કાંઈક દોષ મળી આવે છે કે નહિ, તેના ઉપર કોઇ રીતે રાજયલોભ, કીર્તિનો લોભ, સત્તાનો લોભ, ક્રૂરતા, લંપટતા વગેરે અપરાધો સાબિત કરી શકાય છે કે નહિ એવીજ દૃષ્ટિથી તેના ચારિત્ર્યને અવલોકનારા ઘણા છે; અને તેવાઓના હાથમાં કાઉન્ટ ડી ઍન્ધિયેનને થએલી પ્રાણદંડની શિક્ષાનો દાખલો નેપોલિયનને નિંદાથી વીંધી નાખવાને અને તેની ઉજ્જવલ કીર્તિને કલંકિત કરવાને સાધનરૂપ થઇ પડ્યો છે.

એન્સાઇક્લોપીડિયા અમેરિકાના અને સને ૧૮૩૦ ના સપ્ટેંબરના કવાર્ટર્લીરિવ્યુના અંકમાં પ્રકટ થએલો લેખ વિગેરે પ્રમાણોદ્વારા નિષ્પક્ષપાત ઇતિહાસકાર જોઇ શકે છે, કે કાઉન્ટને ફરમાવેલી શિક્ષાનો અમલ થયો ત્યાંસુધી નેપોલિયનને તેની વિગતની ખબર ન હતી અને તેણે તો તેને બંધનમુક્ત કરવાના હુકમ સાથે એક અમલદારને પણ મોકલ્યો હતો. કમનસીબે તે ઘણો મોડો આવી પહોંચ્યો અને ત્યાર અગાઉ કાઉન્ટનો અમર આત્મા ઈશ્વરના દરબારમાં પહોંચી ગયો હતો. આ ભૂલને માટે નેપોલિયન અપરાધી ન હતો છતાં તેમાં નિમિત્તરૂપે પણ પોતાનો હાથ હતો તે જાણીને તેને ઘણો ખેદ થયો હતો, અને એ પાપની સર્વ જવાબદારી બીજાને માથે ન મૂકતાં તેણે પોતાનેજ માથે વહોરી લીધી હતી. આટલું છતાં પણ નેપોલિયનનાં ગમે તેમ કરી છિદ્રોજ શોધવાં એવા સંકલ્પથી તેનું જીવનચરિત્ર લખનારાઓએ તેને ખૂની, હત્યારો કહીને અત્યંત વગોવ્યો છે. ફ્રાન્સની તે સમયની રાજનૈતિક સ્થિતિ, આવા આવા અનેક કાવત્રાખોરોની કપટજાળ, આસપાસ ચારે બાજુએથી ઝઝૂમતાં શત્રુરાજયોનાં સૈન્યો, ફ્રાન્સને કોઈ પણ રીતે પાયમાલ કરવા માટે તેમના અનેક પ્રકારના કાવાદાવા એ સર્વ ધ્યાનમાં લેતાં નેપોલિયને લીધેલું પગલું વાજબીજ હતું. કાઉન્ટ દેશદ્રોહી હતો; શત્રુ રાજયનો પગાર ખાઇને

સ્વદેશની સામે શસ્ત્ર ઉપાડવા તૈયાર થયો હતો. આવો હડહડતો દેશદ્રોહનો આરોપ જેના ઉપર કાયદાની કચેરીમાં સાબિત થયો હતો તેને કાયદા પ્રમાણે કરવામાં આવેલી શિક્ષાને યૂરોપનો નૃપતિવર્ગ અને ઉમરાવવર્ગ ખૂનની કોટિમાં મૂકે છે.

અમેરિકામાં સ્વતંત્રતાનું પૂજન કરાવનાર મહાન વોશિંગ્ટન પણ એવાજ સંજોગોમાં મૂકાયો હતો અને એન્ડ્રી નામના એક દેશદ્રોહીને આવાજ પ્રકારની સજા તેને કરવી પડી હતી, એટલે વોશિંગ્ટનને પણ હત્યારો કહેવો જોઇએ; અને અમેરિકાના સંયુક્ત રાજ્યે પોતાની ફતેહવડે શત્રુનાં મોં બંધ કરી નાખ્યાં ત્યાંસુધી યૂરોપનો અમુક વર્ગ તેને માથે પણ એવુંજ કલંક મૂકતોજ હતો. અમેરિકાના સ્વાતંત્ર્યને જોખમમાં નાખ્યા વગર જો એન્ડ્રીને માફી આપી શકાતી હોત તો વોશિંગ્ટને તેમ કર્યું હોત; અને કાઉન્ટને માફી આપીને તેના જેવા સમર્થ માણસને પોતાના પક્ષમાં લઇ તેને દેશઘાતક નહિ પણ દેશસેવક બનાવવાની નેપોલિયનના મનમાં ઇચ્છા હતી, અને તે તેણે કાઉન્ટના વધ પહેલાં જણાવી પણ દીધી હતી. અણધાર્યા બનાવને લીધે તે ઇચ્છા બર ન આવી તેને માટે નેપોલિયનના મનમાં ઉંડો ખેદ થયા કરતો હતો.



प्रकरण २८ मुं—नेपोलियन शहेनशाह थयो.

પદભ્રષ્ટ થએલા શાહજાદાઓના કાવત્રાથી પ્રજાસત્તાક રાજ્યના નેતાઓ વધારે જાગૃત બની ગયા અને રાજ્યને વધારે સુદૃઢ અને સુવ્યવસ્થિત કરવાને પ્રયત્ન કરવા લાગ્યા. બીજા હાથપર બાદશાહી કુટુંબના નબીરા કાઉન્ટ એન્ઘિયેનને થએલી શિક્ષાથી યૂરોપનો નૃપતિ વર્ગ ચીડાઇ ગયો અને પ્રજાની સ્વતંત્રતા તથા તેના હિમાતીઓ તરફ તેમનો દ્વેષ વધતો ગયો. રાજાઓના પક્ષના માણસોની આંખ નેપોલિયન ઉપરજ હતી. તે એકલોજ તેની અમાનુષિક શક્તિના પ્રભાવથી તેમના લક્ષ્યની સિદ્ધિમાં વિઘ્નરૂપ હતો. આ બાજુએ ફ્રાન્સની આખી પ્રજા તેના આભાર નીચે દબાઇ હતી અને તેઓ મુક્તકંઠે સ્વીકારતા હતા કે તેણેજ પોતાના ડહાપણથી અને બાહોશીથી રાજ્યમાં સુવ્યવસ્થા આણી હતી અને તેના પરિશ્રમથીજ રાજ્યની ઉત્તરોત્તર આબાદી થયા કરતી હતી.

ધારાસભાઓમાં, સ્થાનિક સભાઓમાં, પારિસ તથા બીજાં મુખ્ય શહેરોમાં સૌને મોઢેથી એકજ પ્રશ્ન નીકળવા લાગ્યો કે જેના ઉપર ફ્રાન્સની સલામતીનો આધાર છે તેનેજ રાજ્યમુકુટ શામાટે ન પહેરાવાય ? પાછલા અનુભવ ઉપરથી સાબિત થઇ ચૂકયું હતું કે ફ્રાન્સની પ્રજાની માનસિક સ્થિતિ જોતાં ત્યાં પ્રજાસત્તાક રાજ્ય તેના શુદ્ધ સ્વરૂપમાં, સફળતાપૂર્વક નભી શકેજ નહિ. રાજ્યક્રાંતિનો મુખ્ય હેતુ એટલોજ હતો કે ઉમરાવોની ખોટી શ્રેષ્ઠતા, તેમનો એકહથ્થો અધિકાર, રાજાની નિરંકુશ સત્તા અને સામાન્ય પ્રજાવર્ગનું દાસત્વ વગેરે જૂના જમાનાના દોષને કહાડી નાખવા અને તે હેતુ તો સર્વાંશે સિદ્ધ થઇ ચૂકયો હતો હવે તો નેપોલિયન યૂરોપના બીજા નૃપતિઓની સાથે સમાન પદવીએ બેસી શકે તેટલા માટે તેને રાજસત્તા આપવાની જરૂર હતી. તેમ થાય તોજ ફ્રાન્સની સલામતી અને ગૌરવ સાચવી શકાય એમ હતું.

ફ્રાન્સની પ્રજામાં તીવ્ર લાગણીના પ્રાધાન્યનો જે લક્ષણગત ગુણ રહેલો છે



સમ્રાટ નેપોલિયન

તેનું આ વખતે ખરેખરૂં દર્શન થતું હતું. રાજારાણીને વધસ્તંભપર ઘસડી જનાર, અને તેમના ભવ્ય મહેલોને ચૂર્ણવિચૂર્ણ કરી નાખનાર પ્રજા આજે નેપોલિયનને પોતાનો રાજા બનાવવાની આતુરતાથી માગણી કરતી થઇ હતી. આખા દેશમાં એક અપૂર્વ ઉત્સાહનો પવન ફરી વળ્યો હતો, અને પ્રજાના માનીતા તથા પ્રજાપક્ષના હિમાયતી નેપોલિયનને રાજચિન્હ ધારણ કરાવવા આખો દેશ ટમટમી રહ્યો હતો. નેપોલિયનને જ્યારે આ હકીકત જણાવવામાં આવી ત્યારે તેણે પણ સંમતિ આપી અને કહ્યું કે ફ્રાન્સ દિવસે દિવસે પ્રજાસત્તાક રાજ્યના ઝનુની ઉભરાથી દૂરને દૂર જતું જાય છે અને દેશમાં ફરીથી રાજસત્તાને સ્થાપવાથી આપણા પાડોશી રાજ્યોનો આપણા પરનો દ્વેષ પણ ઓછો થશે અને અંતે તેથી દેશનું હિત વધારે સારી રીતે જળવાશે.

નેપોલિયને હમેશની માફક ડહાપણ વાપરીને યૂરોપના રાજ્યકર્તાઓનો અભિપ્રાય પૂછાવ્યો કે આ ફેરફાર તેમને સંમત છે કે નહિ. ઇંગ્લંડ સાથે લડાઇ હતી અને રશિયા સાથે કાવત્રાકેસ પછી અણબનાવ થયો હતો તેથી તેમને પૂછવામાં સ્વમાન સચવાતું ન હતું. બુર્બોન રાજાઓને ફરીથી રાજ્યાસને લાવવાનો સંભવ હવે જણાતો ન હતો તેથી ફ્રાન્સ પોતાના પ્રજાસત્તાક રાજ્યતંત્રને રદ કરે તેમાં તેઓ સઘળા ખુશી હતા. પ્રશિયાના રાજાએ સ્વહસ્તે પત્ર લખીને જણાવ્યું કે આ શુભ કાર્યમાં મારી સંપૂર્ણ દિલસોજી છે અને નેપોલિયનને ફર્સ્ટ કોન્સલનું પદ જિંદગીસુધી આપ્યું હતું તેથી હું પ્રસન્ન થયો હતો; અને હવે તેને તેમજ તેના વંશજોને રાજ્યાસને બેસાડવાની પ્રથા ફ્રાન્સ સ્વીકારે છે તેથી હું આશા રાખું છું કે તે પોતાના શાણપણથી અને મહત્ત્વનાં કાર્યોથી દેશમાં વધારે સારો બંદોબસ્ત જાળવશે. આસ્ટ્રિયાના શહેનશાહ તરફથી પણ તેવીજ મતલબનો પત્ર મળ્યો.

ફ્રાન્સની વડી ધારાસભામાં સર્વાનુમતે ઠરાવ પસાર થયો કે “ નેપોલિયન બોનાપાર્ટને શહેનશાહનું પદ આપવું અને તે પદવીની રૂએ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનું તંત્ર તેના હાથમાં સોંપવું. ” ઉત્સાહમાં આવી ગએલા શહેરી બાવાઓએ બીજો ઠરાવ એવો કર્યો કે તેમણે નેપોલિયનની રૂબરૂમાં બધાએ એક સમૂહમાં જવું, તેની આગળ આ ઠરાવ વાંચી સંભળાવવો અને પછી તેને શહેનશાહ તરીકે સન્માન આપવું. સને ૧૮૦૪ ના મે માસની ૧૮ મી તારીખે ગાડીઓની અને તેમની સાથે ચાલતા ઘોડેસ્વાર અંગરક્ષકોની ભપકાદાર સ્વારી સેંટ કલાઉડના મહેલ આગળ આવી પહોંચી. હૃદયમાં તુમુલ મંથન ઉત્પન્ન કરે અને મનને અત્યંત ક્ષુભિત કરી નાખે એવા પ્રસંગોમાં નેપોલિયન શાંતિ, સ્વસ્થતા અને ગંભીરતા જાળવી શકતો હતો તે પ્રમાણે આ પ્રસંગે પણ શહેરી બાવાઓનો સત્કાર કરતાં તેનું હૃદય હમેશની માફક શાંત અને સ્વસ્થ હતું. લાગણીના વેગથી ધ્રૂજતી, ભવિષ્યની અમંગળ શંકાઓ

કરીને ભયભીત થતી, છતાં પોતાના પતિને નવું પદ મળવાથી મગરૂર થતી જોસેફાઇન તેની બાજુમાં ઉભી હતી. પછી ધારાસભાના પ્રમુખે પોતાના એકવારના સહકારી કૉન્સલ-પણ હવે “ શહેનશાહ નેપોલિયનને ” નીચા વળીને નમન કર્યું અને કહ્યું;-

“ સાહેબ,-ચાર વર્ષ પહેલાં પ્રજાએ આપના પ્રત્યેના આભાર અને સ્નેહને વશ થઇને આપ નામદારના હાથમાં રાજ્યનાં સૂત્ર સોંપ્યાં હતાં, અને રાજ્યના કાયદા પ્રમાણે આપને આપના વારસની પસંદગી કરવાનો હક્ક પણ મળી ચૂક્યો હતો. આથી કરીને જે વધારે ભવ્ય પદવી આપને આજે અર્પણ કરવામાં આવે છે તે ઉપરથી એટલું સૂચિત થાય છે કે પ્રજાને તેનું પોતાનું ગૌરવ ઘણું પ્રિય છે અને તે આપના તરફજ વધારેને વધારે માન અને ભક્તિથી જોતી જાય છે; તેની નવી સાબિતી બતાવવાની તેને જરૂર છે. ફ્રાન્સને ઇશ્વરે આપના રક્ષણ નીચે મૂક્યું ત્યારથી તે જે સુખશાંતિ ભોગવે છે તેનો વિચાર કરતાં લોકોનાં હૃદય ઉછળ્યા વગર રહેજ કેમ ? આપના આવતાં પહેલાં આપણાં સૈન્યોનો બધે ઠેકાણેથી પરાજય થયો હતો, દેશની નાણાં સંબંધી હાલત કંગાલ હતી; જૂની બાદશાહીનાં ભાગ્યાં તૂટયાં અવશેષ માટે લોકો લઢી મરતા હતા; ધર્મનો તો શું પણ નીતિનો પણ ખ્યાલ પ્રજાના મનમાંથી ભૂંસાઈ જવા આવ્યો હતો. આવા સંકટના સમયમાં આપ વહારે આવ્યા; આપે ફ્રાન્સનાં સૈન્યને વિજયશ્રીથી દીપાવ્યાં; રાજ્યના ખર્ચમાં સુવ્યવસ્થા અને ઘટતી કરકસર જોવામાં આવે છે તે પણ આપનોજ પ્રતાપ છે. આ પ્રમાણે ઉત્તેજન મળવાથી પ્રજામાં આત્મવિશ્વાસ આવવા લાગ્યો, અને તે પોતાનાં કુદરતી સાધનોનો ઉપયોગ કરવા તરફ પ્રેરાઇ. દેશમાં ચાલી રહેલી પક્ષાપક્ષી આપે સમાવી દીધી; ધર્મની પવિત્ર વેદીનું ફ્રાન્સમાં ફરીથી દર્શન કરાવ્યું તે ખરેખર આપની બુદ્ધિએ કરેલા ચમત્કારિક કાર્યોમાં સૌથી વિશેષ મહત્ત્વનું છે. જે લોકો અંદર અંદરના વિખવાદને લીધે અધીનતા શું તે તો સમજતાજ હતા તેઓ પણ માનવા લાગ્યા છે કે પ્રજાની સુખશાંતિ અને કીર્તિને અર્થે જે પોતાની સત્તાનો ઉપયોગ કરે તેને માન આપવું જોઇએ એ પણ આપના શુભ શિક્ષણનું ફળ છે.”

આ સંભાષણ પૂરૂં થતાં “ શહેનશાહ ઘણું જીવો ” ના હર્ષનાદ ચારે બાજુએથી થયા અને આસપાસના બગીચામાં તથા જાહેર રસ્તામાં કુતૂહલથી જોવા ઉભેલા લોકોએ તે ઝીલી લીધા. તે અવાજ બંધ પડી ગયા પછી નેપોલિયને નીચે પ્રમાણે ટુંકો ઉત્તર આપ્યો:—

“ જે જે ઉપાયોવડે દેશને સુખ થતું હોય તે સર્વમાં મારૂં સુખ મુખ્યત્વે કરીને રહેલું છે. પ્રજાની કીર્તિને ખાતર આ પદવીનો મારે સ્વીકાર કરવો જોઇએ એમ તમે માનો છો તેથી હું તે સ્વીકારૂં છું. મારા વારસોને મારા પછી રાજ્યા-

સન આપવું કે નહિ એ સવાલનો નિર્ણય હું લોકોનેજ સોંપું છું. હું આશા રાખું છું કે મારા વંશજોને આ પદવી આપવામાં આવશે તો લોકોને પસ્તાવાનું કારણ નહિ મળે; અને જે દહાડે મારા વારસો આ મહાન પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ ગુમાવશે તે દહાડે મારો આત્મા તેમનાથી વિમુખ થશે.”

ત્યાર પછી ધારાસભાના પ્રમુખે જોસેફાઇનને શહેનશાહ બાનુ તરીકે સંબોધન કરીને તેને અભિનંદન આપ્યું, જેનો જવાબ તેણે પોતાનાં આંસુવડેજ વાળ્યો. રાજ્યાસન દઢ થાય એવા તમામ ઉપાય આ પ્રસંગે યોજવા એવી નેપોલિયનની ઇચ્છા હતી; તેથી પોતાનો રાજ્યાભિષેક પોપને હાથે પારિસમાં થવો જોઇએ એવો ઠરાવ તેણે કર્યો. પોપ પાયસ સાતમો. તેનો મિત્ર હતો અને તેના આભાર નીચે આવ્યો હતો, પણ કોઇ પણ રાજાનો રાજ્યાભિષેક કરવા માટે રોમ છોડીને જવાની કોઈ પણ પોપે મહેરબાની બતાવી ન હતી; પરંતુ આ પોપ પોતાના પ્રતિભાશાળી મિત્રની ઇચ્છાને તરતજ તાબે થયો.

નેપોલિયનની એવી ઇચ્છા હતી કે પોતાનો રાજ્યાભિષેક થતા પહેલાં ઈંગ્લંડ ઉપર આક્રમણ કરવાની યોજનાનો અમલ કરી દેવો. આ મહત્ કાર્યને માટે થએલી તૈયારીઓ એવી સંપૂર્ણ થઇ ગઈ હતી કે નેપોલિયન પોતે પણ વિજયની આશા રાખતો હતો. તે એકવાર ફરીથી સમુદ્ર કિનારાપરની તમામ છાવણીઓ તપાસી વળ્યો અને એક એક હોડી કરીને આખો કાફલો જોઇ લીધો. લશ્કરના તેમજ નૌકાસૈન્યના દરેક ખાતામાં તેની આજ્ઞાનું બરાબર પાલન થયું હતું. પછી અંગ્રેજોના કાફલાની નજર આગળ “લીજીયન ઑફ ઑનર” ના ચાંદ ઈનાયત કરવા માટે સમુદ્રકિનારે એક ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો. નેપોલિયનને માટે કિનારા ઉપર સિંહાસન રચવામાં આવ્યું હતું તેના ઉપર તેણે પોતાની જગ્યા લીધી અને તેનું વિશાળ સૈન્ય તેની આસપાસ અર્ધ ગોળાકૃતિમાં નાટકશાળાની માફક ચડતા ઉતરી હારોમાં ગોઠવાઇ ગયું. મોટામાં મોટા કદની હજારો તોપોના ધડાકા થયા અને તેનો ધ્વનિ ઇંગ્લંડને કિનારે પણ સંભળાયો. આ દેખાવની ભવ્યતાની છાપ સર્વનાં અંતઃકરણ ઉપર પડી હતી. એવામાં શહેનશાહ નેપોલિયનની પાસે બેઠેલાં હજારો માણસોની નજર આગળ બોલોન બંદરે આવતા ફ્રેન્ચ મછવાના સમૂહ ઉપર અંગ્રેજોના કાફલાએ હુમલો કર્યો, અને ખૂબ લડાઈ જામી. આ મહોત્સવના કામમાં પોતે રોકાયલો હતો છતાં લડાઇનો રંગ કેવો જામે છે તે જોવા નેપોલિયન વારંવાર પોતાનું દૂરબિન તે તરફ ફેરવતો હતો. આખરે તે મછવા બંદર આગળ સહીસલામત આવી પહોંચ્યા અને મહોત્સવના આનંદમાં તેથી ઓર વધારો થયો.

ત્યાર પછી ફ્રેન્ચ મછવા અને અંગ્રેજોના વહાણનું યુદ્ધ જોવાનો તેને બીજીવાર પ્રસંગ મળ્યો. એક વાર તે પોતાના તોપોવાળા મછવા તપાસતો હતો. સામે થોડે

અંતરે અંગ્રેજોનો કાફલો ઉભો હતો તેમાંથી એક વહાણ ફ્રેન્ચોના મછવા ઉપર આક્રમણ કરવા નજીક આવી પહોંચ્યું. તેને જોતામાંજ કેટલાક મછવા તેના ઉપર તૂટી પડયા. પોતાના વહાણની મદદે અંગ્રેજોએ એક નાનું વહાણ અને થોડાક મછવા મોકલ્યા. શહેનશાહ પોતે નૌકાસૈન્યાધિપતિ એડમિરલ બ્રુઇસની સાથે વહાણમાં બેઠો હતો. તેણે તરતજ પોતાના વહાણને તે તરફ હંકારવાની આજ્ઞા કરી, ખલાસીઓ અને સિપાઇઓ ઘણી વાર અંદર અંદર પૂછતા હતા કે જમીન ઉપરનાં યુદ્ધોમાં નેપોલિયન જેવો નિડર છે તેવો દરિયાની લડાઈમાં હશે કે નહિ. આ વાતની તેને ખબર હતી તેથી તેમનો શક દૂર કરવાનો આ એક સારો પ્રસંગ હતો.

અંગ્રેજ નાવિકોએ વાવટા અને તોરણથી શણગારાયલું બાદશાહી વહાણ જોયું અને તેમાં ઘણો અગત્યનો માણસ (નેપોલિયન) બેઠેલો હશે એવો તેમને શક પડવાથી તેમણે તે વહાણને નજીક આવવા દીધું; એવા ઈરાદાથી કે પાસે આવે એટલે તોપોનો સામટો માર મારીને તેનો ભૂકો કરી નાખવો. શહેનશાહ જોખમમાં છે એમ જાણીને સમુદ્રખાતાના પ્રધાને વહાણનું સુકાન પોતાના હાથમાં લીધું અને તેની દિશા ફેરવવા જતો હતો. પણ નેપોલિયને વહાણને આગળ ચાલવા દેવા દઢ આગ્રહસૂચક ઇસારત કરી. તે શત્રુના વહાણને દૂરબિનવડે અવલોકતો હતો એવામાં તેમની તોપો ફૂટી અને ફ્રેન્ચ વહાણની આસપાસ ધગધગતા લોખંડના ગોળાનો વરસાદ વરસી રહ્યો; પણ તેમનાથી સમુદ્રનું પાણીજ ઉછળ્યું; કોઇને કશી ઇજા થઇ નહિ. ફ્રેન્ચોના તોપોવાળા મછવા સપાટાબંધ આવી પહોંચ્યા અને તેમણે ચારે બાજુએથી શત્રુના વહાણની ગોળા અને ગોળીઓથી એવી સખત મહેમાનગિરી કરી કે તેને ભાગેલી તૂટેલી હાલતમાં નાસવું પડયું, અંગ્રેજોના મછવા પણ નાઠા અને એક તો ડૂબીજ ગયો. આ ઝપાઝપીમાં અંગ્રેજોનાં બારથી પંદર માણસો માર્યાં ગયાં અને સાઠ ઘાયલ થયાં. ત્યારે ફ્રેન્ચોના બે મૂઆ અને સાત ઘાયલ થયા. આની અસર ઇંગ્લંડ ઉપર ઘણી માઠી થઇ. તેને હવે ખરેખરી ધાસ્તી પેઠી. હવે સર્વને સમજાયું કે ઇંગ્લંડ ઉપર સ્વારી કરવાનું કામ મહાભારત તો હતુંજ પણ નેપોલિયને તેમાં સફળતા મેળવવા માટે મહાભારત તૈયારી પણ કરી હતી. આખા ફ્રાન્સમાં ભારે ઉત્સાહ ફેલાઇ ગયો, અને રાજ્યાભિષેક માટે ભારે ધામધૂમથી તૈયારીઓ થવા લાગી. દેશમાં વાત ફેલાઇ ગઇ હતી કે આ પ્રસંગે પોપ પારિસ પધારવાના છે. આ સમાચારથી ધાર્મિક વૃત્તિવાળા લોકો સાનંદાશ્ચર્ય પામ્યા. પોતાને હાથે રાજ્યારોહણની ક્રિયા કરાવવાના સંબંધમાં ધારાસભામાં મતભેદ ઉભો થયો. પ્રજાએ પોતાની સ્વેચ્છાથી અને લશ્કરે પોતાના પરાક્રમથી નેપોલિયનને અર્પણ કરેલો મુકુટ પોપજ શામાટે પહેરાવે એવો ઘણા સભાસદોએ વાંધો ઉઠાવ્યો; પરંતુ રણક્ષેત્રમાં અને સભાસ્થાનમાં બેઉમાં સરખી રીતે પોતાનો પ્રભાવ બેસાડનાર નેપોલિયને એવી સબળ દલીલ બતાવી કે આલ્પ્સ ઓળં-

ગીને પોપ પારિસ આવે અને તમારા શહેનશાહનો રાજ્યાભિષેક સ્વહસ્તે કરે એમાં તમારા દેશની મહત્તા ઘટવાની કે વધવાની ? કારણ કે આવો અપૂર્વ પ્રસંગ ફ્રાન્સના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

નેપોલિયને પોપને પત્ર લખ્યો તેમાં જણાવ્યું હતું કે ફ્રાન્સમાં જ્યારથી ધર્મની પુનઃ સ્થાપના થઇ ત્યારથી પ્રજાની નીતિ ઉપર ઘણી સારી અસર થવા પામી છે અને આપના પધારવાથી તેમાં વધારો થશે. આપ મારૂં તથા આ મહાન પ્રજાનું હિત ઇચ્છો છો તેની એક વધુ સાબિતી આથી મળશે, માટે ફ્રાન્સના પહેલા શહેનશાહની રાજ્યારોહણની ક્રિયાને ધાર્મિક સ્વરૂપ આપવા માટે જરૂર પધારશો. એમ કર્યાથી આપના ઉપર અને મારી પ્રજા ઉપર પ્રભુના આશીર્વાદ ઉતરશે.

નેપોલિયનને સંતાન થયાં ન હતાં. જોસેફાઇન પોતાના પતિની ચઢતી કળા જોઇને એક બાજુએ મગરૂર થતી પણ બીજી બાજુએ પોતાને નેપોલિયનથી સંતાન ન હોવાને લીધે પોતાનું વંધ્યત્વ ભવિષ્યમાં દુઃખનું અને પોતાના પતિથી છૂટા પડવાનું કારણ થઇ પડશે એવા ભયથી મનમાં અત્યંત સંતપ્ત થતી હતી. તેના પહેલા પતિથી તેને એક પુત્ર અને પુત્રી એમ બે સંતાન હતાં. નેપોલિયન તેમને પોતાનાં સંતાનતુલ્ય ચહાતો હતો પણ નેપોલિયનની પછી ગાદીએ કોણ આવે એ પ્રશ્ન જ્યારે ઉભો થાય ત્યારે તો તેમના તરફ નજર નજ કરી શકાય. આ કારણથી જોસેફાઇને આગળથી ચેતીને પોતાની પુત્રી હોર્ટેન્સનું લગ્ન નેપોલિયનના ભાઇ સાથે ગોઠવી દીધું કે જેથી તેમનાં સંતાન બોનાપાર્ટનું નામ ધારણ કરતાં હોવાથી ફ્રાન્સની ગાદીને માટે હક્કદાર થઇ શકે અને નેપોલિયનને બીજીવાર લગ્ન કરવાની જરૂર ન પડે. પણ હમણાં હમણાં દેશમાં બધે એવી વાત ચર્ચાવા લાગી હતી કે રાજનૈતિક જરૂરીઆત જોતાં નેપોલિયન એક બાદશાહી વંશનો સ્થાપનાર થવો જોઇએ અને તેણે પોતાનું રાજ્યાસન પોતાનાજ વંશમાં આપી જવું જોઇએ; માટે તેણે *જોસેફાઈન સાથેનો લગ્નસંબંધ રદ કરીને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવુંજ જોઇએ. નેપોલિયનની સાથેનો પોતાનો સંબંધ વધારે દઢ થાય અને વિવાહોચ્છેદનો સંભવ ઓછો થાય તેટલા માટે જોસેફાઈનને એવી ઇચ્છા હતી કે નેપોલિયનની સાથે શહેનશાહબાનુ તરીકે તેનો પણ રાજ્યાભિષેક થાય તો સારૂં. નેપોલિયન તેને ઘણાજ પ્રેમથી ચહાતો હતો છતાં રાજનૈતિક જરૂરીઆતને વશ થઇને તેને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું પડશે એ વિચારને તેના હૃદયમાં સ્થાન મળી ચૂક્યું હતું. એકવાર પોતાની પ્રિયતમા પત્ની તરફનો પ્રેમ, તેનાથી છૂટા પડતાં થતી મનોવ્યથા વગેરે દુઃખદ વિચારોથી તે એવો વ્યાકુળ થઇ ગયો, અને તેના હૃદય ઉપર પ્રેમે એટલી બધી સત્તા ચલાવી કે તેણે જોસેફાઇનને દઢ આલિંગન દઇને કહ્યું કે રાજનીતિ મને તારાથી છૂટા થવા પ્રેરે પણ તારા તરફ

---

* ખ્રિસ્તી પ્રજામાં એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકાતું નથી.

મારો એવો સાચો પ્રેમ છે કે મારાથી તેમ કરી શકવાનુંજ નથી. આટલું કહીને તેણે જોસેફાઇનને ખાત્રી આપી કે મારી સાથે તારો પણ પોપને હાથે રાજ્યાભિષેક કરવામાં આવશે.

ડીસેંબર માસ બેસતાં નોટર ડેમના ભવ્ય દેવાલયમાં રાજ્યાભિષેકના સમારંભને લગતી તમામ તૈયારીઓ થઈ રહી. પોપ મહારાજ રોમથી પારિસ આવવા નીકળ્યા. ફ્રાન્સમાં આખે રસ્તે તેમનું અત્યંત સન્માનસહિત સ્વાગત કરવામાં આવ્યું હતું. ફોન્ટેન્બ્લોના મહેલ આગળ નેપોલિયન રસાલાસહિત તેમને લેવાને માટે સામો આવ્યો. એક પૃથ્વીપતિ અને બીજો ઇશ્વરનો પૃથ્વી ઉપરનો પ્રતિનિધિ બેઉ ભેટયા અને એક ગાડીમાં બેઠા. નેપોલિયને તેમના દરજ્જાને માન આપીને પોતાની જમણી બાજુએ બેસાડયા.તેની ભલી અને નમ્રતાભરેલી કાન્તિની અને ગંભીર રીતભાતની લોકોના મન ઉપર ઘણી સારી અસર થઈ. તેમનું દર્શન કરવા માટે તેમના મુકામના દરવાજા આગળ લોકોનાં ટોળે ટોળાં એકઠાં થતાં અને લોકોની ઇચ્છાને માન આપીને જ્યારે તે ઝરૂખામાં આવતા ત્યારે ઉત્સાહભેર હર્ષના પોકાર થઇ રહેતા. હજારો માણસો તેમની આગળ જમીનપર ઘુંટણીએ પડીને તેમનો આશીર્વાદ માગતા. કેવી વિચિત્રતા ! માત્ર દશજ વર્ષ ઉપર પારિસના જે લોકોએ કેથોલિક સાધુઓને પથરે પથરે માર્યા હતા અને નિર્દયપણે ગોળીઓથી વીંધી નાખ્યા હતા. તેજ લોકો આજે કેથોલિક આચાર્યને દેવતુલ્ય સન્માન આપતા થયા હતા !

જોસેફાઇન અને નેપોલિયનનું લગ્ન થયું ત્યારે ફ્રાન્સમાં ધાર્મિક ક્રિયાઓને રાજ્યના હુકમથી બંધ કરવામાં આવી હતી. તેથી તેઓ ધાર્મિક વિધિ પ્રમાણે નહિ પણ (સીવીલ મેરેજ) એટલે કાયદા પ્રમાણે પરણ્યાં હતાં. નેપોલિયનની બહેન જ્યારે સેનાપતિ મુરાને પરણી ત્યારે જોસેફાઈન સાથે ધર્મવિધિ પ્રમાણે ફરીથી લગ્ન કરવાની તેણે ઇચ્છા જણાવી હતી. આ વખતે આ ઈચ્છાને અમલમાં મૂકવાનો અને પોપને હાથે પોતાના લગ્નસંબધને પવિત્ર કરવાનો જોસફાઇને આગ્રહ કર્યો. તે પ્રમાણે રાજ્યાભિષેકને આગલે દિવસે તેઓ ધર્મવિધિ અનુસાર ફરીથી પરણ્યાં. આ પ્રસંગે જોસેફાઈન લાગણીના આવેશથી વિહ્વળ બની ગઇ અને તેણે કેટલો અશ્રુપાત કર્યો હશે તે બીજે દિવસે તેનાં રાતાં થએલાં નેત્રો ઉપરથી માલૂમ પડતું હતું.

બીજે દિવસે ૧૮૦૪ ના ડિસેંબરની ૨ જી તારીખનો યાદગાર દિવસ ઉગ્યો. ઠંડી તો સખત પડતી હતી પણ જાણે વસંત ઋતુ બેઠી હોય તેમ પોતાના માનીતા નેપોલિયનનો રાજ્યાભિષેક જોવાને પારિસની પ્રજા હર્ષઘેલી બની ગઈ હતી. નોટરડેમનું દેવાલય કિંમતીમાં કિંમતી અલંકારથી, રેશમના અને મખમલના ભભકાદાર પડદાઓવડે શણગાર્યું હતું. શહેનશાહ અને શહેનશાહ બાનુમાટે ભવ્ય સિંહાસન તૈયાર રાખ્યું હતું. નેપોલિયન કાચથી મઢેલી ગાડીમાં બેસીને ત્યાં જવા નીકળ્યો. તેના પોશાકનો ઘાટ

સારામાં સારા ચિત્રકારની ભાવના પ્રમાણે કરવામાં આવ્યો હતો. તેની ગાડીની પાછળ હજારો માણસો ઉન્મત્ત બનીને જયનાદ ગજવતા હતા. તેના માથા ઉપર સુવર્ણનો બનાવેલો રોમન ઢબનો લોરેલ વૃક્ષનાં પાંદડાંનો બનાવેલો મુકુટ સર્વની નજર ખેંચી રહ્યો હતો. તેનો દેવળમાં પ્રવેશ થતાં પાંચસો ગવૈયાઓએ ઘણુંજ ગંભીર સંગીત શરૂ કર્યું. પોપે સ્વહસ્તે તેના માથા ઉપર પવિત્ર તેલનું સિંચન કર્યું અને તેની તલવાર અને રાજદંડને પોતાના આશીર્વાદથી પવિત્ર કર્યાં. પછી જેવો રાજમુકુટ લેવા માટે પોપે હાથ લાંબો કર્યો કે તરતજ નેપોલિયને મુકુટ લઇને પોતાને હાથે પહેરી દીધો. આમાં ઉંડી રાજનીતિ રહેલી હતી અને સભા ઉપર તેની અવર્ણનીય અસર થઇ. પછી તેણે શહેનશાહ બાનુનો મુકુટ હાથમાં લીધો અને તેની આગળ ઘુંટણીએ પડીને જોસેફાઇનના માથાપર અત્યંત પ્રેમસહિત મૂક્યો. જોસેફાઇન વિહ્વળ નેત્રે, ઉંડા ઉમળકાથી પોતાના પ્રિયતમ અને જગવિખ્યાત પતિના મુખ સામે જોઇ રહી. નેપોલિયને પણ તેની સામે તેટલીજ પ્રેમપૂર્ણ નજર નાખી. બહાવરી બની ગએલી જોસેફાઇને મસ્તક નમાવ્યું અને તેની આંખમાંથી આંસુની ધારા ચાલી. "શહેનશાહ ઘણું જીવો" ના અસંખ્ય મનુષ્યોના મુખમાંથી નીકળતા પોકાર અને હજારો તોપોના કર્ણભેદી ગર્જનવડે આખું પારિસ નગર ગાજી ઉઠયું.

મનુષ્યના મહાસાગર જેવા દેખાતા પારિસ નગર ઉપર રાત્રિના પડછાયા પથરાતા હતા અને ટ્રુઇલેરીસનો બાગ, મહેલ, સર્વ ભભકાદાર રોશનીથી ઝળહળી રહ્યાં હતાં તેવે વખતે નેપોલિયન અને જોસેફાઇન તેમનાં બાદશાહી નિવાસમાં આવી પહોંચ્યાં. જોસેફાઈનનું હૃદય હજી પણ ભાવતરંગથી ઉછળતું હતું. તે કોઇ સાથે ન બોલતાં પોતાના ખંડમાં ચાલી ગઇ અને ઘૂંટણીએ પડીને રાજાઓના રાજા પરમેશ્વરની સહાયને માટે યાચના કરવા લાગી. નેપોલિયન આવા ઠાઠ અને ભભકાદાર દેખાવને બિલકુલ નાપસંદ કરતો હતો પણ રાજસત્તાની ભવ્યતાની લોકોના મન ઉપર સારી છાપ બેસાડવાના હેતુથી તેણે આ સમારંભ કરાવ્યો હતો. એટલે તે પણ આ દિવસના કાર્યક્રમથી કંટાળી ગયો હતો. એટલે પોતાના ખંડમાં પેસતાંજ અધીરાઈથી એક નોકરને કહ્યું "ફેંકી દે આ બધાં નકામાં કપડાં!" એમ કહી એક ખુણામાં સુંદર ઝબ્બો ફેંકી દીધો, બીજા ખુણામાં બીજું વસ્ત્ર ફેંકી દીધું અને એ બધાના બોજામાંથી મુક્ત થયા પછી કહ્યું કે આવો કંટાળાભરેલો દિવસ તો મેં કદી પણ જોયો નથી."

અનેક જમાના થયાં ફ્રાન્સના રાજાનો નિવાસ અને દરબાર અધમમાં અધમ વિષયલંપટતા અને રીઢા થઇ ગએલા પાપીઓના અખાડા જેવા બની ગયા હતા. ભ્રષ્ટમાં ભ્રષ્ટ રિવાજોને બહારના સુંદર ઠાઠથી મોહક બનાવવામાં આવ્યા હતા. નેપોલિયને પોતાના દરબારને નીતિ અને સદાચારના આદર્શરૂપ બનાવવાનો નિશ્ચય કર્યો

હતો અને તેણે આજ્ઞા કરી કે **જેમનું ચારિત્ર્ય નિષ્કલંક હોય તેવાં સ્ત્રીપુરુષોનેજ બાદશાહી નિવાસમાં આવવા દેવાં.** બારીક કપડાં અને અવયવો અર્ધાં ઉઘાડા રહે એવી શિલાઇના પોશાકને તે ધિક્કારતો હતો. એકવાર તેનાં ભાઇ બહેને પોતાને ઘેર મિજલસને પ્રસંગે આવા પોશાકમાં અમર્યાદ અભિનય યુક્ત નૃત્ય કર્યું. ત્યારે નેપોલિયને તેમની સખત ઝાટકણી કહાડી નાખી.

યૂરોપનો નૃપતિવર્ગ અને ફ્રાન્સનું પ્રજાસત્તાક રાજ્ય એ બેની વચ્ચે વિરોધનું મુખ્ય કારણ એ હતું, કે રખેને પ્રજાસ્વાતંત્ર્યના સિદ્ધાન્તોની અસર તેમની પોતાની રૈયતપર થાય અને તેમની રાજસત્તાને ધોકો પહોંચે. ફ્રાન્સના રાજ્યતંત્રનું બાહ્ય સ્વરૂપ બદલવાનો વિચાર નેપોલિયને એટલાજ માટે પસંદ કર્યો કે તેમનો તે મત ટળી જાય અને યૂરોપમાં સુલેહશાંતિ જળવાઈ રહે; પરંતુ ફ્રાન્સમાં થએલો ફેરફાર માત્ર બાહ્યસ્વરૂપનોજ હતો. ફર્સ્ટ કૉન્સલને ઠેકાણે મુકુટ અને રાજદંડ ધારણ કરનાર શહેનશાહ રાજ્ય કરતો હતો પણ રાજનીતિ ઉપર પ્રજામતનો સર્વોપરિ પ્રભાવ તો હજી કાયમજ હતો.

શામાટે ફ્રાન્સની પ્રજાએ તેમના જૂના રાજ્યકર્તાઓને દેશમાંથી હાંકી કહાડયા? કારણ કે તેઓ પ્રજાને નીચોવતા હતા; કરનો બોજો એકલી પ્રજાને માથે હતો; ઉમરાવો કરથી મુકત હતા અને અધિકાર અને સન્માન પ્રાપ્ત કરાય એવા સરકારી હોદ્દાઓ ઉપર તેમના એકલાનોજ હક્ક હતો. પ્રજા તો તેમનું દાસત્વ કરવા માટેજ જન્મી હોય એમ મનાતું હતું. આખો દેશ ભૂખમરો વેઠતો; પણ રાજા, તેના ઉમરાવો અને ધર્માચાર્યો તો લખલૂટ ખર્ચ કર્યા કરતા અને સરકારી તિજોરીનું નાણું રાજાની માલિકીનુંજ મનાતું.

નેપોલિયને જે રાજ્ય સ્થાપ્યું તેની અને ઉપલાં રાજ્યની વચ્ચે દિવસ અને રાત્રિના જેટલો તફાવત હતો. તેના રાજ્યમાં વ્યકિતસ્વાતંત્ર્ય અને ખાનગી મિલ્કતનું કાળજીપૂર્વક રક્ષણ થતું હતું. સરકારી નોકરીમાં દાખલ થવાને દરેક માણસને સમાન હક્ક હતો. અમુક હોદ્દાઓ અમુક વર્ગના લોકોનેજ મળે, એવો ગેરઇન્સાફ તેના રાજ્યમાં ન હતો. કરની વહેંચણી પણ સરખી રીતેજ થતી. પોતપોતાના ધર્મ પાળવાની અને બીજાને ઇજા ન થાય ત્યાંસુધી પોતાના અંતઃકરણના આદેશ પ્રમાણે વર્તવાની સર્વને છૂટ હતી. તમામ સંપ્રદાયના લોકોને અને યાહુદીઓને પણ સર્વના જેટલુંજ માન મળતું. * સરકારી નાણુાંના વહીવટમાં ઝીણામાં ઝીણી બાબતની પણ કરકસર થતી અને તેનો હિસાબ માગવાનો પ્રજાના પ્રતિનિધિઓને હક્ક હતો. લીજી-

---

* આપણા દેશમાં સરકારી અમલદાર અને સરકારી ત્રિજોરી વગેરે શબ્દો વાપરવાની રૂઢિ દાખલ થઇ છે તે આપણા દેશની ગુલામગિરી સૂચવે છે. અંગ્રેજીમાં તેમને **'સાર્વજનિક નોકર'** અને **'સાર્વજનિક ત્રિજોરી'** કહેવાનો રિવાજ છે. **ન૦ બા૦**

યન ઑફ ઑનરનો માનનીય વર્ગ પણ સર્વને માટે ખુલ્લોજ હતો. આથી કરીને નેપોલિયને સ્થાપેલું રાજ્ય અસલના જેવું નહિ પણ “ **બાદશાહી પ્રજાસત્તાક** ” રાજ્ય હતું એમ કહી શકાય. ફ્રાન્સમાં દરેક વિચારશીળ વ્યકિતનો એવો મત હતો કે તે જમાનાના સંજોગો જોતાં ફ્રાન્સને માટે આજ સારામાં સારૂં રાજ્યતંત્ર હતું. તેને આખી પ્રજાની બળવાન બહુમતીનો ટેકો હતો. હજી પણ આથી ઉલટો મત દર્શાવનાર ભાગ્યેજ કોઇ વિચારશીલ પુરુષ નીકળી આવે. “ નેપોલિયન ધારત તો ફ્રાન્સમાં પ્રજાસત્તાક મહારાજ્યની સ્થાપના કરી શકત પણ શહેનશાહ થવાના લોભને વશ થઇને તેણે દેશના રાજ્યબંધારણમાં પોતાની લોકપ્રિયતાના પ્રભાવથી મનમાનતો ફેરફાર કરાવી લીધો ” એમ કહેવું, એ વિચારવંત માણસનું કામ નથી. યૂરોપના રાજાઓ તેને તેમ કરવા દેતજ નહિ. જો તેણે ફ્રાન્સને બાદશાહી રાજદંડથી મજબૂત ન કર્યું હોત અને જાતીય સંસ્થાઓની જાળ આખા દેશમાં પાથરી ન હોત તો ફ્રાન્સને તેના વિરોધીઓ તારાજ કરી નાખત. આવા સંજોગોમાં દેશનું સફળતાપૂર્વક રક્ષણ કરવાનો જે એકજ માર્ગ તેને માટે ખુલ્લો હતો તે માર્ગ અખ્તિયાર કરવાને માટે નેપોલિયનને વગોવવો એ ઘણુંજ ભૂલભરેલું કૃત્ય છે.

प्रकरण २९ मुं–इटालिनुं राज्यासन मळ्युं

આગલા પ્રકરણમાં જણાવ્યું તેમ નેપોલિયનની જે એવી ધારણા હતી કે ફ્રાન્સમાં રાજસત્તાની ફરીથી સ્થાપના કરવાથી આસપાસના રાજાઓને સંતોષ થશે, તે ધારણા ખરીજ પડી. માત્ર એકલું ઈંગ્લંડજ ધૂંધવાતું સૌથી અળગું રહ્યું. આ નવી ફેરફારીથી ઈંગ્લંડના મનમાથી પણ ડંખ નીકળી જશે એવી તે આશા રાખતો હતો તેથી તેને તે ગર્વિષ્ઠ રાજ્ય તરફથી વારંવાર તોછડા જવાબ મળ્યા હતા છતાં ખુનરેજી અટકાવવાના હેતુથી તેણે ફરીથી એકવાર પ્રયત્ન કરી જોયો અને રાજ્યાસને બેસતાંજ ઈંગ્લંડના રાજાને એક પત્ર લખ્યો. તેમા તેણે પ્રથમની માફકજ પોતાની સલાહ કરવાની ઈચ્છા બતાવી અને ફ્રાન્સ અને ઈંગ્લંડ મિત્રભાવે કામ કરે તો તેમનું પોતાનું અને જગતનું પણ કલ્યાણ છે એવું આગ્રહપૂર્વક જણાવ્યું. તેના ઉત્તરમાં ત્યાંના પ્રધાને લખ્યું કે અમારા રાજા યૂરોપના બીજા રાજાઓની અને ખાસ કરીને રશિયાના શહેનશાહની સંમતિ વગર તમારી માગણીનો કશો જવાબ આપી શકે એમ નથી; બાકી સુલેહ કરવાને તો તેઓ તમારા જેટલાજ ઉત્સુક છે. આનો અર્થ એ હતો કે યૂરોપના ઉત્તર ભાગમાં તોફાનની શરૂઆત થઇ હતી અને ફ્રાન્સનું ભાવિ હજી એક બીજા મહાસંગ્રામના પરિણામવડે નિર્ણીત થવાનું હતું.

ઈટાલિમાં જે નાનું સરખું પ્રજાસત્તાક રાજ્ય નેપોલિયને સ્થાપ્યું હતું તેના નેતાઓને પણ ફ્રાન્સનું અનુકરણ કરવાની ઇચ્છા થઈ; અને નેપોલિયનને તેઓ પોતાનો સ્વદેશબંધુ ગણતા હોવાથી તેને રાજ્યાસને બેસાડવાનો વિચાર સર્વને ગમ્યો. આ કાર્યને માટે તેનો અભિપ્રાય જાણવા સારૂ ત્યાંના પ્રતિનિધિઓ પારિસ આવ્યા. તેમની માગણી સાંભળી લીધા પછી નેપોલિયને તેનો યોગ્ય ઉત્તર આપ્યો. "ફ્રાન્સ અને ઇટાલિનાં રાજ્ય ભવિષ્યમાં એક રહી શકે એમ નથી પણ આપણી આસપાસનાં શત્રુરાજ્યો અને અસ્થિર મનનાં મિત્રરાજ્યો તરફ જોતાં હાલ તેમના એકતા જાળવવાની રાજનૈતિક દષ્ટિએ જરૂર છે. ઈટાલિના લોકો મને પહેલેથી ઘણા પ્રિય છે. તેમના તરફ મારો પ્રેમ છે તેને વશ થઇને હું નવા રાજ્યની જવાબદારીનો

અંગીકાર કરૂં છું."

આ બનાવના સંબંધમાં પોતાના બાળપણના સહાધ્યાયી અને તે વખતના ખાનગી મંત્રી બુરિયેનને નેપોલિયને ખાનગી વાતચીતમાં કહ્યું હતું કે "આઠ દિવસમાં હું પ્રાચીન શહેનશાહ શાર્લમેનનો લોખંડનો મુકુટ ધારણ કરવાને ઇટાલિ જવા નીકળીશ. ઈટાલિને માટે મારા મનમાં જે ભવ્ય યોજના ઘડી રાખી છે તેની તો આ માત્ર શરૂઆતજ છે. ઇટાલિ એક મહાન રાજ્ય બની જશે અને તેમાં વેનિસથી આલ્પ્સના સમુદ્ર કિનારા સુધીના પ્રદેશનો સમાવેશ થઇ શકશે. ત્યાંનાં જૂદાં જૂદાં શહેરોના લોકો એક બીજાને તિરસ્કારની નજરથી જુએ છે અને પોતાના કનિષ્ઠપણાનો સ્વીકાર કરવા કોઇ તૈયાર થતું નથી. ઇટાલિની વસ્તુસ્થિતિ પ્રમાણે અને ઐતિહાસિક દૃષ્ટિએ રાજધાનીને માટે સૌથી વધારે યોગ્યતા રોમની છે; પણ જ્યાંસુધી પોપના હાથમાંથી રાજસત્તા દૂર થઇને માત્ર ધર્મના વિષયપરત્વેજ તેની સત્તા રહે નહિ, ત્યાંસુધી એ બનવું અશક્ય છે. પોપના હાથમાંથી તેની સત્તા લઇ લેવામાં હમણાં ડહાપણ નથી. પણ અનુકૂળ સંયોગો ઉભા થતાં તેમ કરવામાં ઘણી મુશ્કેલી નહિ પડે."

ત્યાર પછી શહેનશાહ નેપોલિયન અને શહેનશાહ બાનુ જોસેફાઈન પોપની સાથેજ ઇટાલિ જવા નીકળ્યાં, માર્ગમાં બ્રુઇન શહેરમાં જ્યાં એકવાર નેપોલિયન બાલ્યાવસ્થામાં ભણતો હતો, ત્યાં તેમણે મુકામ કર્યો. હર્ષના અને શોકના અનેક વિચારો આ જૂના અને ભૂલાઇ ગએલા પણ પરિચિત સ્થળને જોવાથી નેપોલિયનને થઈ આવ્યા. આગળનાં અનેક સંસ્મરણો તેના મગજમાં ત્વરાથી ઉભરાવા લાગ્યાં. તેમણે આલ્પ્સ ઓળંગ્યો. નેપોલિયનના હાથનો આશ્રય લઇને પર્વતના ઉચ્ચ શિખર ઉપર ઉભી ઉભી જોસેફાઇન કુદરતની ભવ્ય લીલાનું દર્શન કરતી હતી અને તેની નજીકમાં આવેલાં મારેન્ગો તથા બીજાં રણસંગ્રામોનાં સ્થળ બતાવીને નેપોલિયન પ્રચંડ યુદ્ધોનાં વર્ણન ઉત્સાહભરી ભાષામાં કરતો હતો. તે સાંભળીને તેનું હૃદય ભાવતરંગથી ડોલતું હતું.

ટ્યૂરિન આગળથી પોપ મહારાજે તેમની રજા લઈ રોમ તરફ પ્રયાણ કર્યું અને નેપોલિયન પોતાના રસાલા સાથે મારેન્ગોની રણભૂમિ તરફ ચાલ્યો. અહિં જોસેફાઇનને યુદ્ધનું દૃશ્ય બતાવવાને ત્રીશ હજાર માણસોની સેના નેપોલિયને વ્યૂહબદ્ધ આકૃતિમાં ઉભી રખાવી હતી, એજ યુદ્ધમાં લઢનારા ઘણા યોદ્ધાઓ પણ તેમાં હાજર હતા. નેપોલિયને યુદ્ધને દિવસે પહેરેલો ડગલો, ટોપી અને તલવાર ધારણ કર્યાં હતાં. આઠ ઘોડાની ગાડીમાં બેસીને રાજયુગલ રણક્ષેત્રમાં દાખલ થતાં તેમને ત્રીશ હજાર કંઠથી જયનાદવડે વધાવી લેવામાં આવ્યાં. આ દૃશ્ય જોવા માટે આસપાસના ગ્રામ્યવાસીઓનો મોટો સમુદાય ભેગો થયો હતો. યોદ્ધાઓના ભભકાદાર

પોશાક, ઘોડાના હણહણાટ, ઝળકતાં હથિયાર, તોપોની ગર્જના, અને ધૂમાડાના ઘનઘોર વાદળાં, એ સર્વની એકસામટી અસરથી પ્રેક્ષકોના મન ઉપર ફ્રાન્સના સૈનિક બળની ઘણી સારી છાપ પડી.

મે માસની ૨૬ મી તારીખે મિલનના દેવાલયમાં નેપોલિયનનો રાજ્યાભિષેક થયો. શાર્લમેનનો મુકુટ એક પ્રાચીન ઐતિહાસિક રાજચિન્હ હતું અને એક હજાર વર્ષથી સચવાઇ રહ્યું હતું. જે ખીલાવડે ઇસુ ખ્રિસ્તનો વધ થયો હતો તે ખીલાને ગોળ વાળીને તેના ઉપર હીરાજડિત સોનાનું પતરૂં મઢયું હતું. યૂરોપના એકવારના પરાક્રમશાળી શાર્લમાન પાદશાહે આ મુકુટ ધારણ કર્યો હતો. નેપોલિયને તે મુકુટ સ્વહસ્તે ધારણ કર્યો અને મોટેથી નીચેના ઇતિહાસપ્રસિદ્ધ શબ્દો ઉચ્ચાર્યા;–“ ઈશ્વરે મને આ મુકુટ આપ્યો છે–તેને જે અડકશે તેની પાયમાલી થયા વગર રહેનાર નથી.”

મિલન શહેરમાં તે એક મહિનો રહ્યો તે દરમ્યાન તેણે કેટલીક વિશાળ યોજનાઓ ઘડવામાં રાતદિવસ પરિશ્રમ લીધો હતો. ઈટાલિના લોકો હજી પણ તેના અમલને પોતાના ઈતિહાસમાં સારામાં સારો યુગ માને છે.

આવા સંજોગોમાં પણ ગરીબોનાં દુઃખ ઓછાં કરવા અને બીજાને સુખી કરવા તે કેટલો ઉત્સુક હતો તે નીચેના દૃષ્ટાંત ઉપરથી જણાઇ આવે છે. એક દિવસ બાદશાહી ઠાઠથી કાંઇક વિરક્ત થઇને રાજદંપતી પાસેના સરોવરના એક ટાપુના એકાંત ભાગમાં ભ્રમણ કરતાં કરતાં એક કંગાલ ઝુંપડામાં પેઠાં. તેમાં એક દરિદ્ર સ્ત્રી રહેતી હતી. પોતાને ઘેર આવેલાં માનવંતાં પરોણાઓને ન ઓળખવાથી તેણે સરળતાથી કહ્યું કે મારા ધણીને મજૂરી મળતી નથી તેથી છોકરાંને માટે મને ઘણી ચિંતા રહે છે; અને હું રાતદિવસ વલખાં મારૂં છું ત્યારેજ અમારો જેમ તેમ નિભાવ થાય છે.

નેપોલિયન—“ તને કેટલું નાણું મળે તો તું પૂરેપૂરી સુખી થાય ?”

સ્ત્રી—“ અરે સાહેબ, ઘણું નાણું જોઇએ.”

નેપોલિયન—“ પણ કેટલું તે તો કહે ”

સ્ત્રી—“ ચારસો ફ્રાન્ક જોઇએ. પણ મારા જેવીને એટલી રકમ મળવાની શી આશા ? ” નેપોલિયને એક અનુચરને ઇસારત કરી એટલે તેણે તે સ્ત્રીની આગળ ત્રણ હજાર સુવર્ણના ફ્રાન્કની ઢગલી કરી દીધી. એ જોઇ થોડીવાર તો તે સ્ત્રી આશ્ચર્યચકિત થઇ ગઇ અને બોલી, “ અરે શેઠ ! શેઠાણી ! આ તો ઘણું થઇ ગયું. તમે મારા જેવી ગરીબ બાઇડીની મશ્કરી કરતાં હો એવાં તો લાગતાં નથી. ” જોસેફાઇને અત્યંત કોમળ સ્વરે કહ્યું, “ ના, ના, એ નાણું તારૂંજ છે. તું જમીન લેજે, જોઇએ તેટલાં ઘેટાં બકરાં રાખજે અને તારાં છોકરાંને સુખેથી મોટાં કરજે. ”

મદદને માટે ખરેખરો પાત્ર કોણ છે તે બરાબર જોઇ લેવા માટે નેપોલિયનને તેનું મનુષ્યસ્વભાવનુ જ્ઞાન ઘણું ઉપયોગી થઈ પડતું હતું.

નેપોલિયને મિલન છોડયું તે પહેલાં હિંદુસ્તાનના ગવર્નર જનરલ સર આર્થર વેલેસ્લી અને ઈંગ્લંડના મુખ્ય પ્રધાન વચ્ચેનો સરકારી પત્રવ્યવહાર ફ્રેન્ચ જાસુસોએ રસ્તામાંથી અટકાવીને તેના હાથમાં મૂકયો. હિંદુસ્તાનમાં અંગ્રેજો કેવો વિશાળ મુલક કબજે કરી લેતા હતા તેનો વિગતવાર હેવાલ તેમાં હતો. તે વાંચી નેપોલિયને કહ્યું કે "બ્રિટિશ પ્રધાનો ફ્રાન્સના પાદશાહને તેની મહત્ત્વાકાંક્ષા માટે આખા યૂરોપમાં વગોવે છે; પણ હું તો શત્રુઓ સામે દેશનો બચાવ કરવા માટે કેટલાંક રાજ્યો સાથે માત્ર મૈત્રીજ બાંધું છું; તેમનાં રાજ્ય સ્વાહા કરી જતો નથી. ત્યારે અંગ્રેજો તો પોતાના લોભને માટેજ હિંદુસ્તાનમાં આખા યૂરોપ જેટલું વિસ્તૃત રાજ્ય સંપાદન કરતા જાય છે! વળી તેમને પોતાનો છૂટકારો કરવા માટે હિંદુસ્તાનના લોકોએ બોલાવ્યા હોય અથવા પોતાનું રક્ષણ કરવા જતાં અમુક રાજ્ય તેમના હાથમાં આવ્યું હોય એમ પણ નથી. બીજાનો નાનો દોષ જોવો સહેલો છે પણ પોતાનો મોટો દોષ પણ જોવો અઘરો છે."

આલ્પ્સ ઓળંગતાં એક વાર નેપોલિયન પોતાના રસાલાની આગળ થોડેક દૂરસુધી પગે ચાલ્યો હતો. ત્યાં તેને એક ગામડીઅણ મળી. તેને નેપોલિયને પૂછયું કે તું આટલી ઉતાવળી કયાં જાય છે? તે બાઇએ કહ્યું, "પાદશાહ આ રસ્તેથી જવાનો છે તેને જોવા." નેપોલિયને કહ્યું, "એનામાં શું જોવાનું છે? તમારા ઉપર એક જુલમગાર રાજા રાજ કરતો હતો તેને ઠેકાણે આ બીજો તેવો આવ્યો." તે બાઇએ કહ્યું, "એમ નથી. બુર્બોન રાજાઓ તો ઉમરાવોના રાજા હતા; અને નેપોલિયન તો અમારો રાજા છે."

આ વાત એક માણસને કહ્યા પછી નેપોલિયન બોલ્યો, "આટલામાંજ બધું રહસ્ય રહેલું છે."

ઈટાલિના વાઇસરોય તરીકે જોસેફાઇનના પુત્ર યુજીનને નીમીને નેપોલિયન પારિસ આવ્યો અને પાછો પોતાને કામે મંડી ગયો. તે મિતાહારી હતો અને તેનું ગૃહજીવન ઘણું સાદું હતું. સવારમાં ઉઠીને તે રોજની આજ્ઞાપત્રિકા પ્રકટ કરતો અને પછી મળવા આવેલા લાયક માણસોની મુલાકાત લેતો. નવ વાગે નાસ્તો કરતો. તેમાં–તેને આઠ દશ મિનિટ લાગતી. ત્યાર પછી મંત્રગૃહમાં જઇને પ્રધાનો સાથે રાજકાર્ય કરતો. આ કામ સાંજના છ સુધી ચાલતું. પછી જમવાનો વખત થતો. ઘણી ખરી વાર રાજારાણી એકલાંજ જમતાં. જમણમાં હમેશાં તે એકજ પદાર્થ ખાતો અને ઉપર લીલો મેવો ખાતો. જલદ દારૂને તે કદિ અડકતો નહિ. જમ્યા પછી એક પ્યાલો કાફી પીતો. ત્યાંથી ફરી પાછો મંત્રણાગૃહમાં જતો અને આજે જે કામ થઇ શકે તેને કાલપર મુલતવી ન રાખવું એ નીતિવચન પ્રમાણે કામ કરવા મંડી જતો. વચમાં વચમાં કોઇ કોઇ વાર તે જોસેફાઇનના

ઓરડામાં જઇ તેની સાથે થોડી થોડી મિનિટ વાતચીત કરી આવતો. સાંજે દરબાર ભરાતી. ત્યાં રાજ્યના અમલદારોને આવતી કાલને માટે હુકમો મળતા. લોકોના ચૂંટેલા રાજાનું આવું ગૃહજીવન હતું.

નેપોલિયનનો રાજ્યાભિષેક થયો કે તરતજ પદભ્રષ્ટ થએલા લુઇ ૧૮ મા એ તેના હક્ક સામે સખત વિરોધ દર્શાવ્યો. નેપોલિયને તેનો કશો ઉત્તર ન આપતાં તેને ફક્ત “ મોનિટયૂ ” નામના પત્રમાં પ્રસિદ્ધ કરાવ્યો કે જેથી કરીને આખા ફ્રાન્સના વાંચવામાં આવે. તેણે આના સંબંધમાં એકવાર કહ્યું હતું કે “ ફ્રાન્સની પ્રજાની પસંદગી એ મારો ગાદીપરનો હક્ક છે, અને મારા હાથમાં તલવાર હશે ત્યાંસુધી તે હક્ક જાળવીશ. ”

નેપોલિયનની હયાતી પછી તેના વંશમાં રાજગાદી જવા દેવી કે નહિ એ પ્રશ્ન જ્યારે લોકોની આગળ રજુ કરવામાં આવ્યો ત્યારે પાંત્રીશ લાખ કરતાં વધુ મત તેની તરફેણમાં હતા અને માત્ર બેજ હજાર વિરુદ્ધમાં હતા. પ્રજાની આવી સર્વાનુમતિથી કોઈ રાજકર્તા રાજ્યાસને આવ્યો હોય એવો બીજો દાખલો ઇતિહાસમાં નથી.

ઇંગ્લંડને સામે કિનારે વળી પાછું ફ્રેન્ચ સૈન્ય અને કાફલારૂપી કાળું વાદળ ઘેરાવા લાગ્યું. આ જોઇને ત્યાંના પ્રધાનમંડળને ખરેખરી ધાસ્તી પેઠી અને તેથી કરીને ફ્રાન્સની સામે થવાને કેટલાંક યુરોપી રાજ્યોને લલચાવવાની તેમણે તજવીજ કરવા માંડી. આસ્ટ્રિયા, સ્વીડન અને રશિયા, એ ત્રણ રાજ્યોએ ઇંગ્લંડની સમજાવટ સ્વીકારી અને એ ચાર રાજ્યો એકસંપી કરીને પ્રજાના ચૂંટાયલા રાજાને ઉથલાવી નાખવા તૈયાર થયાં. જો એ ત્રણ ઉત્તરનાં રાજ્યો ફ્રાન્સ ઉપર સ્વારી કરે તો તેથી નેપોલિયન તેમની સામે લડવામાં રોકાય અને ઇંગ્લંડપર સ્વારી કરવાનો તેને અવકાશજ મળે નહિ. આ ત્રણે રાજ્યોનો લડાઇનો ખર્ચ ઇંગ્લંડે આપવાનું માથે લીધું. નેપોલિયનને આ દાવપેચની ખબર પડી ગઈ હતી. આવા સંજોગોમાં અને ઇંગ્લિશ ખાડીમાં પોતાનું નાકાસૈન્ય એકત્ર કરવામાં તેને વિવિધ પ્રકારની નિષ્ફળતા મળી હતી તેથી શત્રુઓ સાથે ક્યાં લઢવું–ઇંગ્લંડના કિનારાપર કે તેઓ જર્મનીની ખીણોમાંથી આવતા હોય ત્યાં આગળ, તેનો નિર્ણય કરવામાં તેણે ઘણો વિચાર કર્યો. તેણે કહ્યું, “ જો કાફલો આવી પહોંચશે તો હું લંડન જઈશ અને ત્યાં એ ચારે રાજ્યોની એકસંપીની ગાંઠ તોડી નાખીશ પણ જો મારો નૌકાસૈન્યાધિપતિ નિષ્ફળ જશે તો હું મારી સમુદ્રની છાવણી ઉઠાવીને જર્મનીમાં બે લાખ માણસો સાથે દાખલ થઇશ; વિયેના અને વેનિસસુધી પહોંચી જઇશ. આસ્ટ્રિયા અને રશિયા એકત્ર થવા પામે ત્યાર પહેલાં તો હું બેઉને ખોખરાં કરી નાખીશ. અને આ પ્રમાણે યૂરોપમાં શાંતિ પથરાવ્યા પછી પાછો હું સમુદ્ર તરફ વળીશ. ”

ઇંગ્લંડ જવા માટે બધું તૈયાર હતું. માત્ર કાફલો આવી પહોંચે તેનીજ વાર

હતી. ત્રણ દિવસ ચિંતામાં ને ચિંતામાં પસાર થયા પણ કાફલો આવ્યોજ નહિ. નૌકાસૈન્યાધિપતિ બેવકુફી કરીને તેની ફરજ ચૂકયો અને તેથી તેણે નેપોલિયનની ભવ્ય યોજના બરબાદ કરી નાખી. નેપોલિયનને જે કેટલીક ઘણી ભારે નિષ્ફળતાઓ મળી હતી તેમાંની આ પણ એક હતી. તે ઘણોજ ખીજવાઇ ગયો. નિરાશા અને ખીજવાટથી તેના આત્માનો પૂર્ણ પ્રતાપ ઝળકી નીકળ્યો.

સંગીનમાં સંગીન યોજનાને પણ પોતાની નામર્દાઈથી ધૂળધાણી કરી નાખનાર નૌકાસૈન્યાધિપતિને તેણે ખૂબ ગાળો દઈ લીધી, પણ એકજ કલાકમાં પાછું તેના હૃદયનું વાવાઝોડું શમી ગયું. તેણે ક્રોધને શમાવ્યો અને શાંતિ ધારણ કરી; અને જાણે કાંઇજ બન્યું ન હોય તેમ અજાયબ જેવી ચપળતાથી અને શાંતિથી ઈંગ્લંડની સ્વારીમાંથી ચિત્તને વાળી લઇને તે ઉત્તર દિશાએથી ચાલ્યાં આવતાં શત્રુસૈન્યોને રોકવાની તૈયારી કરવા લાગ્યો. કલાકના કલાકસુધી લાગલાગટ શ્રમ કરીને તેણે આસ્ટર્લિટ્ઝમાં અને અલ્મનાં ઇતિહાસપ્રસિદ્ધ યુદ્ધોની યોજના તૈયાર કરી. આ રીતે જો કે ઈંગ્લંડપર સ્વારી કરવાની તેની યોજના ભાગી પડી; પણ તે યોજના મૂર્ખાઇભરેલી અને અસંભવિત હતી એમ તો નજ કહી શકાય.

નેપોલિયનના ચારિત્ર્યની ખાસ ખુબીઓ જણાવે એવી તેને લગતી અનેક સપ્રમાણ વાર્તાઓ મળી આવે છે અને તે દરેકમાંથી તેની ઉદારતા, દયાળુતા અને ઉચ્ચતા પ્રતીત થાય છે. હજી પણ તેમના પ્રાણતુલ્ય વહાલા શહેનશાહની વાતોને સ્મરણપટમાં સાચવી રાખનારા તેના હાથ નીચેના અનેક ઘરડા યોદ્ધાઓ ફ્રાન્સમાં છે. તેના સમાગમમાં આવનાર તેમાંનો દરેક જણ હજી પણ તેની બુદ્ધિ અને તેના માયાળુપણાવિષે બોલતાં ઉત્સાહના આવેશમાં આવી જાય છે.×

બેરન લેંગન લખે છે કે “હાલના વખતમાં રાજકર્તાઓ એવા સાધારણ કોટિના માણસો હોય છે કે તેથી નેપોલિયન તરફ અમારી કેવી ભક્તિ હતી તે આજની પ્રજા સમજી શકેજ નહિ. નેપોલિયનની સન્મુખ ઉભા રહેવું, તેનો અવાજ સાંભળવો અને તેની શાંત, ભવ્ય મુખાકૃતિનું દર્શન કરવું અમારાજ ભાગ્યમાં હતું અને તેને માટે અમે મગરૂર છીએ. **તે અમારો એકલો રાજાજ ન હતો. પણ અમારો પિતા હતો, અમારો ગુરુ હતો; અમારો ઉપાસનીય દેવ હતો. તે સામાન્ય મનુષ્ય ન હતો પણ ઇશ્વરની વિભૂતિનો ખ્યાલ આવે એવો દેવતાઈ પુરુષ હતો.**”

એકવાર એક તોપખાનાના સિપાઇએ પ્યારમાં નિરાશા મળવાથી આપઘાત કર્યો, તે ઉપરથી નેપોલિયને લશ્કરમાં એવી આજ્ઞાપત્રિકા પ્રકટ કરી કે યોદ્ધાઓએ તોપોની સામે અડગપણે ઉભા રહેવું જોઇએ એટલુંજ નહિ પણ મનોવ્યથાનો પણ

× આ શબ્દો મૂળ પુસ્તકમાં લખાયાને ૫૦ ઉપરાંત વર્ષ વહી ગયાં છે.

આત્મબળથી જય કરતાં શીખવું જોઇએ. **જે યોદ્ધો દુઃખથી કાયર થઇને આપઘાત કરે છે તે રણક્ષેત્રમાંથી નાસી જનારના જેટલોજ નામર્દ છે.**

એક દિવસ છાવણી આગળ ફરતાં તેણે એક ખૂબસુરત સ્ત્રીને રડતી જોઇ. તે નેપોલિયનને ઓળખતી ન હતી તેથી તે તેની પાસે ગયો અને રડવાનું કારણ પૂછ્યું. બાઈ કશું બોલી નહિ પણ તેના ચાર પાંચ વર્ષના છોકરાએ કહી દીધું.

“ સાહેબ, મારી બાને મારા બાપાએ મારી તેથી રડે છે. ”

“ તારો બાપ કોણ છે ? ”

“ તે સિપાઇ છે. ત્યાં આગળ પહેરા ઉપર છે. ”

નેપોલિયને તે સ્ત્રીને તેના ધણીનું નામ પૂછ્યું, પણ તેણે જાણ્યું કે આ માણસ તેના ધણીનો સરદાર હશે અને વખતે તેને શિક્ષા કરશે માટે બોલીજ નહિ.

નેપોલિયન કહે, “ તારો વર તને મારે છે તેથી તું રડે છે, અને તેને શિક્ષા થાય માટે તું તેનું નામ આપતી નથી; પરંતુ એમાં તારો પણ કાંઇ વાંક હશે. ”

તે ક્ષમાશીલ ભલી બાઇ બોલી, ના, સરદાર, તેનામાં અનેક સારા ગુણ છે પણ તે ખીજવાય છે ત્યારે કશાનો વિચાર કરતા નથી. છતાં હું તો તેમને ચાહું છું; તે મારા ધણી અને મારા છોકરાના બાપ છે. ” એમ કહીને તેણે છોકરાને સોડમાં લઈ ચુંબન કર્યું, અને છોકરો માને વહાલથી વળગી પડયો.

આ સાંસારિક નાટક જોઇને નેપોલિયનના મન ઉપર ઘણી અસર થઇ. તેના માથાપર રાજ્યને લગતી અનેક જંજાળ હોવા છતાં પણ આ ગરીબ સ્ત્રીનો સંતાપ ઓછો કર્યા વગર તે તેની પાસેથી ચાલ્યો જાય એવું તેનું હૃદય કઠણ ન હતું. તેણે કહ્યું, “ તમે એક બીજાને ચાહતાં હો યા ન હો પણ તારો વર તને મારે તે તો મને પસંદ નથીજ. તું મને તેનું નામ કહે. હું આ વાત શહેનશાહને કાને નાખીશ. બાઇએ કહ્યું, ” તમે પોતેજ શહેનશાહ હો તોપણ હું તમને મારા વરનું નામ નહિ આપું. નેપોલિયન કહે, “ હું તારા વરને શિક્ષા નહિ કરાવું પણ હવે પછી તે તારી સાથે સારી રીતે વર્તે તેવી શિખામણ આપીશ. ” પણ તે સ્ત્રી એકની બે ન થઈ, અને સ્ત્રીહઠ ઉપર કટાક્ષ વાક્ય બોલતો બોલતો નેપોલિયન અંતે ત્યાંથી થાકીને ચાલ્યો ગયો ! તેણે પોતાના મિત્રોને કહ્યું કે “ આવી **સ્નેહાળ સ્ત્રી એ તેના ધણીની ખરેખરી દોલત છે.**રાજમહેલમાં પણ આવી સ્ત્રીઓ બહુ થોડી હશે.”

પછી તેણે તે સિપાઇના અમલદારને બોલાવીને બધી વાત કહી. અમલદારે કહ્યું, ” આખી ટુકડીમાં તે એક સારામાં સારો સિપાઇ છે. પણ તે વગર કારણે અદેખાઇ કરે છે. તેની સ્ત્રીની ચાલચલગત તદ્દન શુદ્ધ છે. ”

આટલું જાણી લીધા પછી તેણે સિપાઇને રૂબરૂમાં બોલાવ્યો અને પોતાની સ્ત્રીને મારવા માટે ઠપકો આપ્યો. સિપાઇ નેપોલિયનને ઓળખતો ન હતો. તેણે

કહ્યું, " સરદાર, મારી બાયડીને મેં બીજા ભાયડાઓ સાથે વાત કરવાની ના કહી છે છતા તે વાત કરે છે. તો પછી તેને મારવાનો મારો હક્ક છે. તમે શહેનશાહની મને ધમકી આપો છો પણ હું શહેનશાહને મોઢે કહીશ કે સાહેબ, તમે તમારૂં રાજ્ય સંભાળો અને મને મારી બાઇડી સંભાળવા દો."

આવો સીધો અને કડક જવાબ સાંભળીને નેપોલિયન હસ્યો અને તેણે કહ્યું, " તું જેની સાથે વાત કરે છે તેજ શહેનશાહ છે."

આ શબ્દોની સિપાઇના ઉપર જાદુઇ અસર થઈ. તે ગભરાઈ ગયો. સિંહ જેવો હતો તે મેંઢા જેવો થઇ ગયો અને ગરીબડે અવાજે બોલ્યો, " સાહેબ, હવે વાત બદલાઇ ગઇ. આપ નામદારનો હુકમ હોય તો હું તે માથે ચઢાવીશ."

નેપોલિયને કહ્યું, " શાબાશ, તારી સ્ત્રીની ચાલચલત ઘણીજ ઉમદા છે. વાતચીત કરવી એ તો સ્ત્રીઓનો સ્વભાવ છે. નદીને વહેતી અટકાવાય તો તેમને વાત કરતાં અટકાવાય. જા, તને આજથી સારજંટની જગ્યા અને પાંચસો ફ્રાન્કનું ઇનામ આપવામાં આવે છે. ઘેર જા, અને તારી સ્ત્રીને ખુશી કર, પણ ખબરદાર તેં તેને મારી એવી ફરિયાદ જો ફરીથી મારે કાને આવી તો યાદ રાખજે મને પણ મારતાં આવડે છે."

નેપોલિયન એકજ વાર કોઇને જોતો તો તેનો ચહેરો તે કદિ ભૂલતો નહિ. ઉપરની વાત બન્યા પછી ઘણે વર્ષે બીજા યુદ્ધના પ્રસંગમાં તે રોકાયલો હતો તેવામાં ફરીથી પેલી સ્ત્રી તેની નજરે પડી. નેપોલિયને તેના તરફ ઘોડો દોડાવ્યો અને નજીકમાં જઇને તેને પૂછ્યું, " કેમ બાઈ ? શી ખબર છે ? તારા વરે મને આપેલું વચન પાળ્યું છે કે તને હજી મારે છે ?"

તે સ્નેહાળ પત્નીની આંખમાંથી આંસુ આવી ગયાં. તે નેપોલિયનને પગે પડી અને બોલી, " સાહેબ, મારે સારે નસીબે હું તમારી નજરે પડી ત્યારથી હું તો દુનિયામાં સુખીમાં સુખી સ્ત્રી બની છું."

નેપોલિયને કહ્યું, " ત્યારે તેના બદલામાં તું સદ્‌ગુણીમાં સદ્‌ગુણી સ્ત્રી થજે." એમ કહી થોડી સોના મોહોર તેના હાથમાં મૂકી તે દોડતે ઘોડે ચાલ્યો ગયો અને ત્યાં ઉભેલા સૈનિકોએ " શહેનશાહ ઘણું જીવો " એવો જોરથી હર્ષનાદ કર્યો.

ઈંગ્લંડપર સ્વારી કરવાના સંબંધમાં નેપોલિયનને લા કાસાસ સાથે સેંટ હેલેનામાં લાંબી વાતચીત થઇ હતી. તે નીચે પ્રમાણે છે:—

તેણે પૂછ્યું, " હું ઈંગ્લંડપર સ્વારી કરવાનો હતો તેથી અંગ્રેજો ડરતા હતા કે નહિ ? " લા કાસાસે કહ્યું " અંગ્રેજોની વાત તો કોણ જાણે પણ અમે તો તમારા વિચારને પારિસમાં રહ્યા રહ્યા હસી કહાડતા હતા."

નેપોલિયને જવાબ દીધો, " તમે કદાચ હસતા હશો પણ પિટ કાંઇ હસતો ન

હતો. તેણે તો તરતજ જોખમનો અંદાજ કહાડી લીધો અને તેથી જ્યારે ઈંગ્લંડપર પ્રહાર કરવાને હું મારો હાથ ઉગમતો હતો ત્યારે રશિયા, સ્વીડન વગેરે સાથે સંધિ કરીને મને ગભરાવવાની તેણે તજવીજ કરી. ઇંગ્લંડના ઉમરાવવર્ગને આ વખતના જેવી પૂર્વે કદિ પણ ધાસ્તી લાગી નથી. મેં એવી સંગીન તૈયારી કરી હતી કે ઇંગ્લંડના **કિનારાપર ઉતરવામાં મને નિષ્ફળતા મળતજ નહિ.** આખી દુનિયામાં સારામાં સારૂં લશ્કર મારી પાસે હતું. આસ્ટરલિટ્ઝનો સંગ્રામ જેણે જીત્યો તેજ લશ્કર ઈંગ્લંડ પર ઉતારવાનું હતું, ચારજ દિવસમાં હું લંડન આગળ જઇ પહોંચત, અને બ્રિટિશ રાજધાનીમાં દાખલ થાત—**પણ તે બંધનમુક્ત કરનાર તરીકે દાખલ થાત, જીતનાર તરીકે નહિ.** ઈંગ્લંડમાં જેમ ત્રીજો વિલિયમ ગયો હતો તેમ હું પણ જાત. પણ તેના કરતાં વધારે ઉદારતાથી અને નિઃસ્વાર્થતાથી વર્તત. મારા લશ્કરના બંદોબસ્તમાં લેશમાત્ર ખામી ન હતી. લંડનમાં પણ મારા સિપાઇઓ જાણે તેઓ પારિસમાં હોય તેમજ વર્તત. અંગ્રેજો પાસેથી દંડ કે લડાઈનો ખર્ચ કશુંજ લેત નહિ.

“ અમે તેમને કહેત કે અમે કાંઇ તમને જીતવા આવ્યા નથી પણ તમારા ભાઇઓની માફક તમારા કુદરતી હક્ક અને તમારી કુદરતી સ્વતંત્રતા તમને પાછી અપાવવા આવ્યા છીએ. હું અંગ્રેજ લોકોને જાહેર કરત કે તમારૂં સુખ અને તમારી આબાદીજ પ્રિય છે અને એ વચનને હું વળગી રહેત. બે પ્રજાઓ વચ્ચે કટ્ટી દુસ્મનાવટ હતી તે આવી રીતે થોડાજ મહિનામાં મૈત્રીના રૂપમાં ફેરવાઇ જાત, અને એક સિદ્ધાંતથી, એક આશયથી અને એકજ લક્ષ્ય તરફ બંને પ્રજાઓ પ્રગતિ કરત. આ પ્રમાણે હું યૂરોપના એકેએક દેશને નવજીવન આપત.”

“ આ પ્રમાણે થયું હોત તો જે દુઃખ યૂરોપની પ્રજા હમણાં ખમે છે અને ભવિષ્યમાં તેને ખમવાંજ પડશે તે બધાં ટળી જાત. **સંસ્કૃતિના પ્રચારને અર્થે સૌથી વધારે નિઃસ્વાર્થપણે રચાયલી અને પૂર્ણ થવાની તૈયારીપર આવેલી કોઇ યોજના હોય તો તે મારીજ હતી.** એ પણ એક જાણવા જેવું છે કે મને જે વિઘ્નો નડયાં તે મનુષ્યે ઉભાં કરેલાં વિઘ્નો ન હતાં પણ કુદરતેજ ઉભાં કરેલાં હતાં. દક્ષિણમાં મને સમુદ્ર નડયો અને મારી યોજના ધૂળધાણી થઈ ગઈ. ત્યાર પછી રશિયાએ પોતાની રાજધાની મોસ્કોને લગાડેલી આગ અને ત્યાંનું બરફ એ બે કારણોને લીધે મારી પાયમાલી થઈ ગઇ. આ પ્રમાણે જળ, વાયુ અને અગ્નિ એ ત્રણ કુદરતનાં તત્ત્વો એટલે સમસ્ત કુદરતજ પોતાના કામને આડે આવીને ઉભી રહી. કારણ કે મનુષ્યપ્રજાને નવજીવન આપવું એ પણ કુદરતના કાર્યક્રમમાં તો છેજ; પરંતુ ઇશ્વરની કૃતિના મહાપ્રશ્નો નથી ઉકેલાતા.”

થોડી વાર વિચારગ્રસ્ત અવસ્થામાં બેસી રહ્યા પછી તેણે કહ્યું, “ કોઇ કોઈ એમ ધારતા હતા કે હું માત્ર ખોટી ધમકી આપતો હતો; કારણ કે મારી પાસે જે

સાધનો હતાં તે મેં બધાની નજરે પડવા દીધાં ન હતાં. મારી તૈયારી ઘણી સંગીન અને છૂપી હતી. મારા વહાણુ મેં વિખેરી નાખ્યાં હતાં પણ તે બધાં એકદમ ફ્રાન્સના કિનારાપર એકઠાં થવાનાં હતાં. કમમાં કમ બે મહિનાસુધી તો હું ઇંગ્લિશ ખાડીને મારા કબ્જામાં જરૂર રાખી શકત. ”

“ એક લાખ માણુસો દરરોજ વહાણુમાં ચઢાવવા ઉતારવાની કવાયત કર્યાજ કરતાં હતાં. તેમનામાં પૂર્ણ ઉત્સાહ હતો અને આ સાહસ તેમને ઘણુંજ મનગમતું હતું. ઘણા અંગ્રેજોની સહાનુભૂતિ પણ મારા તરફ હતી. ઇંગ્લંડને કિનારે ઉતર્યા પછી મારે એકજ પદ્ધતિસરની લડાઇ કરવી પડત અને તેનું પરિણામ તો સૌને ખુલ્લુંજ હતું. અંગ્રેજો પ્રત્યેની મારી રીતભાત બાકીનું બધું કામ કરી લેત. ઇંગ્લંડના લોકો ઉમરાવોની ઝૂંસરી નીચે દબાયલા હતા. તેમના સ્વદેશાભિમાનને આઘાત ન લાગે એવી સંભાળથી હું તેમની સાથે વર્તત તો તેઓ બધા મારા પક્ષમાં આવત અને તેઓ અમને તેમની મદદે આવેલા મિત્રોજ લેખત. સમાનતા અને સ્વતંત્રતાના જાદુઈ મંત્રો ભણીને અમે અંગ્રેજ પ્રજાની આગળ ઉભા રહેત. ”

प्रकरण ३० मुं—अल्मनो रणसंग्राम

યૂરોપના એકે એક દેશમાં નેપોલિયનની પ્રતિષ્ઠાની હાનિ થાય અને લોકો તેના જીવનને, તેની કારકીર્દીને ખરાબ સ્વરૂપમાં જુએ એવી રીતનો ઇરાદાપૂર્વક પ્રયત્ન થતો આવ્યો છે. પ્રજાના પસંદ કરેલા પ્રજાસત્તાક રાજ્યના આ નૃપતિની પડતી થઈ અને ફ્રાન્સની ગાદીએ પાછા બુર્બોન વંશીય રાજાઓ બેઠા, ત્યારે તેમણે પોતાનો હક્ક સાબિત કરવા માટે નેપોલિયનને એટલો બધો વગોવ્યો હતો કે ઇતિહાસકારો પણ આ રાજાઓના ડરના માર્યા તેને ઇન્સાફ આપી શકયા નહિ. યૂરોપના દરેક રાજા તેમજ ઉમરાવોની જોહુકમીની સામે પ્રજાના હક્કનો તે રક્ષક હોવાથીજ તેઓ તેના શત્રુ થયા અને બધાએ મળીને તેને કચરી નાખ્યો, અને પછી તેની નિંદા કરવા લાગ્યા.

અલ્મ અને આસ્ટરલિટ્ઝના રણસંગ્રામનું સ્મરણ જગતમાં અનંત યુગસુધી કાયમ રહેશે. નેપોલિયનને સ્વરક્ષણને માટે ઈંગ્લંડની સાથે એ યુદ્ધ કરવાની જરૂર પડી. તેણે તો સલાહની યાચના કરીજ હતી; કેમકે સુલેહશાંતિ હોય તોજ વ્યાપાર, કૃષિ અને હુન્નરઉદ્યોગની ખીલવણી કરીને ફ્રાન્સ સુખી અને બળવાન થઈ શકે, પણ ફ્રાન્સ સમૃદ્ધ અને બળવાન બને તે ઈંગ્લંડથી ખમાયજ કેમ ? તેને તો લઢવુંજ હતું. પોતાના કાફલાના બળથી ફ્રાન્સનો વ્યાપાર તારાજ કરવાની અને આખી દુનિયાનો વ્યાપાર પોતાના કાબુમાં રાખવાની તેનામાં શક્તિ હતી. આથી તે નાસીપાસ તો થયો, છતાં લેશમાત્ર ડર્યા વગર તે યુદ્ધને માટે પ્રૌઢતાથી સજ્જ થયો. તેની અદ્‌ભુત તૈયારીઓ જોઇને ઈંગ્લંડને પ્રથમ અચંબો લાગ્યો અને પછી ભય લાગ્યો. આ આફતનું વાવાઝોડું પોતાના કિનાર ઉપર ન ઉતરે તે માટે તેણે રશિયા, આસ્ટ્રિયા, સ્વીડન, અને પ્રશિયા જોડે સંધિ કરી. તેમને પણ ફ્રાન્સમાંથી ફેલાતા સ્વતંત્રતાના સિદ્ધાંતોની ધાસ્તી લાગી ચુકેલી હોવાથી તેમણે ઈંગ્લંડે આપેલી નાણાંની લાંચ ખુશીથી સ્વીકારી. એકબીજાથી દૂર આવેલી જૂદી જૂદી જગ્યાએ બધાં મળીને પાંચ લાખ માણસો આ એકસંપીમાં જોડાયલાં રાજ્યોએ સજ્જ કર્યાં અને બધાંએ એકકે વખતે

ફ્રાન્સ ઉપર તૂટી પડવું એવી તેમની ધારણા હતી. ઈંગ્લંડે આ વખતે તેમને દર લાખ માણસે દર વર્ષે ત્રણ કરોડ ફ્રાન્ક આપવાનું વચન આપ્યું હતું. આ પ્રમાણે લશ્કર વગેરે તૈયાર થયા પછી ઈંગ્લંડનાં લડાયક વહાણ ફ્રાન્સનાં બંદરોને ઘેરી વળ્યાં અને સમુદ્રકિનારે આવેલા દરેક અરક્ષિત શહેર ઉપર બોંબગોળાની ધૂમ વરસાવી તેને તારાજ કરવા લાગ્યાં.

ઈંગ્લંડે મિસરમાં, હિંદુસ્તાનમાં, ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર, પૃથ્વીના એક એક ખુણાથી બીજા ખુણા સુધી પોતાની સત્તા ફેલાવી દીધી હતી. રશિયાએ પોતાનાં રાક્ષસી પગલાંથી અડધો યૂરોપ અને અડધો એશિયા દબાવી દીધો હતો. આસ્ટ્રિયાએ ઇટાલિના મોટા ભાગ ઉપર પોતાનો પંજો મૂક્યો હતો અને પ્રશિયા તથા રશિયા સાથે પોલેંડની લૂંટમાં ભાગ પડાવ્યો હતો. છતાં તેઓ બેશરમપણે બોલતા કે “ જુઓ, નેપોલિયન મહાન લોભી છે ! તેણે જીનોઆ પિડમોન્ટ અને એલ્બાનો ટાપુ જીતી લીધો અને લોંબાર્ડીનો રાજા બની ગયો. ”

તે સમયની યૂરોપની રાજનીતિની તુલના કરતાં અંગ્રેજ ઇતિહાસકાર નેપિયર પ્રમાણિકપણે કબૂલ કરે છે કે “ ટિલ્સીટની સલાહ થઇ ત્યાંસુધી ફ્રાન્સ માત્ર પોતાનો બચાવ કરવાનેજ લઢતું હતું. જે ખૂનખાર યુદ્ધોથી યૂરોપનું સત્ત્વ નીચોવાઇ ગયું તેનું કારણ માત્ર એકજ હતું. યૂરોપનું રાજતંત્ર વંશપરંપરાથી અમુક અધિકારો પોતાના કહેવડાવનારા ઉમરાવોના હાથમાં રહે, કે મનુષ્યમાત્રની સમાનતાનો દાવો કરનાર પ્રજાસંઘના હાથમાં રહે. આ સવાલનો નિર્ણય કરવા સિવાય બેઉ પક્ષને લઢવાનું બીજું કશુંજ કારણ ન હતું. ”

વસ્તુસ્થિતિનું પ્રમાણિકપણે અવલોકન કરતાં નેપોલિયન ઉપર દોષારોપણ કરી શકાતું નથી. આસપાસનાં બળવાન શત્રુરાજ્યો ફ્રાન્સની પાયમાલી કરવાનો દઢ સંકલ્પ લઇ બેઠાં હતાં તેમની સામે તેણે પોતાના દેશનો બચાવ ન કરવો ? તેને લેશ માત્ર પણ ખબર આપ્યા વગર શત્રુસૈન્ય ફ્રાન્સ ઉપર ધસ્યાં આવે અને તેણે શું ઉંઘ્યા કરવું ? પોતાના દેશબંધુઓને શું તેણે ઘણાજ અપ્રિય અને જુલમગાર રાજાઓની દયાપર છોડી મૂકવા ? જે રાજ્યાસનપર તેને પ્રજાએ સર્વાનુમતે બેસાડ્યો હતો તે ઉપરથી તેને તેના શત્રુઓ ઉઠાડી મૂકે તો તેણે શું મૂંગે મોઢે સહન કરવું ? નિષ્પક્ષપાત ઇતિહાસકારો આવા સવાલનો માત્ર એકજ જવાબ આપે છે કે, ના.

આ એકસંપી કરનાર રાજ્યોની એવી દાનત હતી કે નેપોલિયનને ખબર ન પડે તેમ તેના ઉપર ચઢાઈ લઇ જવી. લડાઇ જાહેર કરવામાં આવી નહિ. આસ્ટ્રિયાનો પ્રતિનિધિ પારિસમાં બેસી રહ્યો. નેપોલિયનને પોતાની સલામતીની ખાત્રી રહે એવી જાતના તમામ ઉપાયો લેવામાં આવ્યા. તેના શત્રુઓ મનમાં ફૂલાતા હતા કે હવે તેનું આવી બન્યું. આવાં મોટાં સૈન્યો સામે તે એકલો શું કરી શકવાનો છે ?

આસ્ટ્રિયન સેનાપતિ જનરલ મૅક ૮૦,૦૦૦નું સૈન્ય લઇને ચુપકીથી ફ્રાન્સ તરફ આવવા લાગ્યો. બીજી બાજુએથી રશિયાનો ઝાર અલેક્ઝાન્ડર ૧૧૬૦૦૦ (એક લાખ સોળ હજાર) માણસો સાથે જનરલ મૅકને મળી જવા પોલેન્ડમાં થઇને ઉતાવળે પગલે ચાલ્યો આવતો હતો. તેમને ખાત્રી હતી કે નેપોલિયન તો સમુદ્રકિનારે તેનાથી એક હજાર માઇલને અંતરે બોલોનમાં બેઠો છે અને તેને આપણી હિલચાલની કશીજ ખબર નહિ હોય. તેમણે ઝપાટાબંધ ફ્રાન્સનું મિત્રરાજ્ય બાવેરિયા જીતી લીધું અને મ્યૂનિચ તથા અલ્મ શહેરનો કબજો લઇને તેઓ હ્રાઇન નદીની ખીણમાં એકે એક અગત્યનાં મથક સાચવીને બેઠા.

પણ નેપોલિયન એમ છેતરાય તેવો ન હતો. શકરાબાજની માફક તે શત્રુની બધી હિલચાલ જોયા કરતો હતો. સ્વચ્છ આકાશમાં એકાએક ગાજવીજ અને તોફાન સહિત વંટોળીઓ ચઢી આવે તેમ તે શત્રુઓ ઉપર ચઢી આવ્યો.

નેપોલિયને હ્રાઇન અને ડાન્યૂબ નદીઓ ઓળંગી છે. તેણે આસ્ટ્રિયા અને રશિયાની સાથેનો આપણો વ્યવહાર બંધ કરી દીધો છે અને આપણા લશ્કર ઉપર પાછળથી ધસ્યો આવે છે. આવા એકાએક સમાચાર મળતાં આસ્ટ્રિયાના લશ્કરમાં ગભરાટ અને ભયનો પારજ ન રહ્યો. ગભરાટમાં અને બીકના માર્યા તેઓ ગમે તેમ ભાગવા લાગ્યા, પણ નેપોલિયને પોતાની ટુકડીઓ એવી રીતે ગોઠવી હતી કે તેમનાથી નસાય તેમ પણ હતું નહિ; તો પછી લઢવાની તો વાતજ શી ; નિરાશ થઇને તેઓ પોતાની તોપો, હથિયાર, ઘોડા અને તમામ યુદ્ધસામગ્રીસહિત ફ્રેન્ચોને શરણે આવ્યા. આ વખતે તેણે એવા દાવપેચથી પોતાના લશ્કરની હિલચાલ કરી હતી કે શત્રુની એક ટુકડીની સામે ફ્રેન્ચોની અનેક ટુકડીઓ આવીને ગોઠવાઇ જાય. **આવી રીતે ખુનરેજી કર્યા વગરજ તેણે અજાયબ જેવો લશ્કરી વિજય મેળવ્યો.** તે શી રીતે બન્યું તે આપણે હવે જોઇએ.

બોલોનમાં રહ્યાં રહ્યાં શત્રુની પહેલી મજલની ખબર પડતાંજ તેણે છાપખાનાં અને તારખાતાં ઉપર અંકુશ મૂકી દીધો અને કોઇ પણ હકીકત પ્રકટ કરવાની મના કરી. વીશ હજાર ગાડાંમાં બેસીને બે લાખ ફ્રેન્ચોનું સૈન્ય એકદમ હ્રાઇનને કિનારે આવી પહોંચ્યું. ત્યાં બધા સિપાઇઓને શત્રુની લુચ્ચાઇ અને એકદમ જર્મનીમાં દાખલ થવાની જરૂરીઆત સમજાવવામાં આવી. એક કલાકમાંજ હર્ષનાદ કરતા ફ્રેન્ચ યોદ્ધાઓ ચાલતા થયા. દરેક ટુકડીને કયે રસ્તેથી લઇ જવી, રોજ કયાં કયાં અટકવું, બધાએ કયાં કયાં એકઠા થવું એ બધાની ઝીણામાં ઝીણી વિગતથી નેપોલિયને પોતાના સેનાપતિઓને વાકેફ કર્યા. ફ્રેન્ચોએ બોલોન છોડયું એવી આસ્ટ્રિયનોને ખબર પડી ત્યાર પહેલાં તો બે લાખ ફ્રેન્ચો હ્રાઇન અને ડાન્યૂબ ઓળંગીને તેમને નાસવાનો રસ્તો પણ બંધ કરીને બેઠા.

આ લડાઈના ગંજાવર ખર્ચનો બંદોબસ્ત કરવો એ કુશળ નાણાંશાસ્ત્રીનું કામ હતું; પણ નેપોલિયનની બુદ્ધિ આ વિષયને પણ બરાબર હાથ ધરી શકે એવી હતી. તેની લોકપ્રિયતા એટલી બધી હતી કે લોકો તેને કરોડો ફ્રાન્ક ધીરત; પણ પિટ્ટ તેમ કરીને કરના ભારે બોજાનો વારસો ઈંગ્લંડની પ્રજાને માટે આપી ગયો છે તેમ નેપોલિયનને કરવું ન હતું. તેણે કહ્યું, “ **હું જીવીશ ત્યાંસુધી તો સરકારી લોનો અને નોટોનાં કાગળીઆં કહાડીશ નહિ.** ”

આ વખતે નેપોલિયન પાસે સારામાં સારૂં લશ્કર હતું. એક લાખ ને છયાસી હજાર ઉત્સાહના ભરેલા અને સેનાપતિના ઇસારાની સાથે મૃત્યુના મોંમાં ધસી જાય એવા યોદ્ધાઓ તેની પાસે હતા. ત્રણસો ચાળીશ તોપો અને આબાદ નિશાન મારી શકે એવા કેળવાયલા ગોલંદાજો આ લશ્કરની સાથે હતા. પણ તેની સામે એકત્ર થએલા લશ્કરનું બળ તેના કરતાં ઘણું વધારે હતું. તેમાં અઢી લાખ આસ્ટ્રિયનો, બે લાખ રશિયનો, પચાસ હજાર અંગ્રેજો વગેરે હતા; અને ફ્રેન્ચ લશ્કરનો એકાદ પરાજય થતાંજ બે લાખ પ્રશિયનો સામી બાજુએ જવા માટે તૈયાર હતા.

હવે છેવટનો અવસર પાસે આવતો હતો. જનરલ મૅક ફ્રેન્ચ ટુકડીઓની જાળમાં પૂરેપૂરો ફસાઈ ગયો હતો. નેપોલિયન બધું તપાસી વળતો. જ્યાં જોઇએ ત્યાં તે હાજરનો હાજરજ. ઉંઘ, આરામ અને આહાર વગર પણ તે ચલાવી લેતો. રાત-દિવસ ઘોડેસ્વાર થઇને પવનની માફક એક થાણેથી બીજે થાણે તે દોડી જતો. તેનું મગજ કદિ થાકતું નહિ અને શરીર પણ થાકતું નહિ. ઠંડીમાં અને વરસાદની ઝડીમાં તે ધોધબંધ વહેતાં નદીનાળાંને ઓળંગતો, ભીનાં અને કાદવથી ખરડાયલાં કપડાંભેર આખી રાત ભટકતો હતો. માર્ગમાં ઘણીવાર કાદવમાં થઇને ભારે તોપો ઘસડતા, થાકથી અધમુઆ થએલા સિપાઇઓ મળતા, તેમની સાથે નેપોલિયન એક પિતાની માફક પ્રેમથી વાત કરતો અને કહેતો કે આપણી સંખ્યા નાની છતાં પણ આપણે એવી કુશળતાથી હિલચાલ કરી શકીશું કે લઢયા વગરજ શત્રુને જેર કરી નાખીશું. તેના શબ્દોમાં એવું બળ હતું કે તે સાંભળતાંજ સિપાઇઓમાં નવચેતન આવતું અને તેઓ રણઘેલા બની જઇને થાક, ભૂખ, કે ઠંડી કશાને ન લેખવતાં નિર્ણીત દિશા તરફ ઉત્સાહભેર આગળ વધતા.

નેપોલિયનની મહાન યોજના પૂરેપૂરી સફળ નીવડી. માત્ર વીશજ દિવસમાં એક પણ લડાઇ લઢયા વગર શત્રુનું એંશી હજાર માણસોનું સૈન્ય નકામું થઇ ગયું. થોડા હજાર આસ્ટ્રિયનો પર્વતોની સાંકડી ખીણોમાં થઇને નાસી ગયા અને ત્રીશ હજાર માણસો ફ્રેન્ચોની ચાલાકી ભરેલી હિલચાલોમાં સપડાઇને કેદ પકડાયા. તે સિવાય બાકીનાં છવીશ હજાર માણસોસહિત જનરલ મૅક અલ્મના કિલ્લામાં પૂરાઇ ગયો. તે કિલ્લો પણ શરણ થવાની તૈયારીમાંજ હતો. પોતાના ઉપર એક પછી એક પડતા ફટકાથી

આસ્ટ્રિયનો હવે એવા નાહિંમત થઇ ગયા હતા કે એકવાર તો **સો આસ્ટ્રિયનો માત્ર એક ફ્રેન્ચ અમલદાર અને બે સિપાઇઓને તાબે થઈ ગયા !**

હવે અલ્મના કિલ્લામાં ઘેરાયલા લશ્કરનું પ્રારબ્ધ ભરાઇ ચૂકયું હતું. નેપોલિયન દર કલાકે ઘેરાતું દબાણ વધાર્યા જતો હતો. તાબે થયા સિવાય તેમને છુટકોજ ન હતો. નેપોલિયન સાથે વાતચીત કરવાને આસ્ટ્રિયા તરફથી શાહજાદા મોરિસને મોકલવામાં આવ્યો. ઋતુ તો ઘણીજ પ્રતિકૂળ હતી. ઠંડા પવનના સુસવાટ વાતા હતા. બરફ વરસતું હતું, અને પૃથ્વીપર પડતાં પીગળી જઇને રસ્તાને કાદવમય બનાવી મૂકતું હતું. તેના ઉપર ઘોડા અને તોપોનાં ગાડાંની વારંવાર આવજા થવાથી પગ ગરકી જાય એવો કીચ્ચડ થઇ ગયો હતો. નેપોલિયને પણ પોતાના સિપાઇઓની સાથે આવીજ જગ્યામાં પોતાનો સાદો તંબુ રોપાવ્યો હતો, અને તંબુમાં થઇને પાણી વહ્યા કરતું હતું તેથી પાટીઆં ઉપર પગ મૂકીને પોતે બેઠો હતો. શાહજાદા મોરિસે એવી દરખાસ્ત મૂકી કે અમને આસ્ટ્રિયા જવા દો તો અમે તાબે થવા ખુશી છીએ.

નેપોલિયને હસીને જવાબ આપ્યો. “ તમારી આવી સરત કબૂલ રાખવાની મારે જરૂરજ શી છે ? હું તમારી હાલતથી વાકેફ છું. તમે રશિયનોને આવવાની રાહ જુઓ છો પણ તેઓ હજી બોહીમિયા લગી નથી આવ્યા, અને આઠજ દિવસમાં તમારે બિનસરતે તાબે થવું પડશે. હું તમને તમારા સૈન્યસહિત આસ્ટ્રિયા જવા દઉં પણ તમે જઇને રશિયનો સાથે મળી ન જાઓ અને મારી સાથે ફરીથી લઢવા ન આવો તેની શી ખાત્રી ? તમારા સેનાપતિઓએ મને ઘણીવાર ઠગ્યો છે. આ વખતે હું ઠગાવાનો નથી. મારેન્ગોના યુદ્ધ પછી મેં તમારા સેનાપતિ મેલાને તેના લશ્કર સાથે જવા દીધો અને તમારા રાજાએ સલાહ કરવાનાં ગંભીર વચનો આપ્યા છતાં એનાં એજ માણસોને હોહેન્લિન્ડેનના સંગ્રામમાં અમારી સાથે લઢવા મોકલ્યાં. આસ્ટ્રિયાના પ્રધાનમંડળે મારી સાથે આવો પ્રપંચ એટલી બધી વાર કર્યો છે કે હવે હું તમારા કોઇ પણ વચન ઉપર ભરોંસો રાખી શકતો નથી. આ લડાઇ મેં ઉભી કરી નથી. પહેલેથી છેવટસુધી મારી સાથે દગો કરવામાં આવ્યો છે. માટે તમારા સેનાપતિને જઇને કહો કે તમારી સરતો હું સ્વીકારતો નથી. તમારા અમલદારોને હું જવા દઇશ પણ તમારા લશ્કરને તો હું કેદમાંજ રાખીશ. માટે ફરી વિચાર કરે, અને જલદી નિર્ણયપર આવી જાય. હું મારો વખત બરબાદ કરવા માગતો નથી. જેમ વધારે વિલંબ કરશો તેમ તમારી અને તમારા લશ્કરની હાલત વધારે ખરાબ થતી જશે. ”

બીજે દિવસે જનરલ મૅક જાતે નેપોલિયનને મળવા આવ્યો. પરાજિત થએલા હરિફની સાથે તે હમેશાં વિવેકથી અને તેને જરા પણ ઓછું ન આવે તેવી રીતે

વર્તતો હતો. તે પ્રમાણે આ વખતે પણ તે મૅકની સાથે વર્ત્યો. તેની હમેશની છટાથી તેણે મૅકને સઘળી હકીકત કહી અને કહ્યું કે માણસજાતપ્રત્યે દયા લાવીને પણ તમે તાબે થવાનું કબૂલ કરો. તમારે આજે નહિ તો અઠવાડીઆ પછી તાબે થવું તો પડશેજ; પણ શહેરને હુમલો કરીને જીતતાં કેટલી ખુનામરકી થશે, શહેરમાં બોંબગોળા વરસવાથી કેટલા નિર્દોષ રહેવાસીઓના જાનમાલની ખુવારી થશે તેનો વિચાર કરી તમે તાબે થાઓ; અને આ ઘાતકી ઉપાય અજમાવવાની મને ફરજ ન પાડો. મૅક શરણે આવ્યો અને છત્રીશ હજાર આસ્ટ્રિયનોએ તેમનાં હથિયાર હેઠે મૂક્યાં. નેપોલિયન આ દશ્ય એક ટેકરી ઉપર ઉભો ઉભો જોઇ રહ્યો હતો. આ અવસર તેને માટે મગરૂર થવાનો હતો પણ તેના શાંત અને ગંભીર વદન ઉપર હર્ષની કે અભિમાનની એક પણ નિશાની જણાતી ન હતી.

ફ્રેન્ચ છાવણીમાં આનંદોત્સવ થઈ રહ્યો. શસ્ત્રનો ઉપયોગ કર્યા વગરજ મેળવેલી આવી મહાન ફતેહ આ પહેલીજ હતી. નેપોલિયન તરફ સિપાઇઓની પ્રેમભક્તિ હદ બહારની વધી ગઇ. કેટલાક બુઢ્ઢા સિપાઇઓ બોલવા લાગ્યા કે "આપણા 'નાના હવાલદારે" (નેપોલિયને) આ તો વળી નવોજ દાવ શોધી કહાડયો ! આ વખતે તો આપણી સંગીનને બદલે તેણે આપણા પગના જોરથી જીત મેળવી."

ત્યાર પછી નેપોલિયને એક જુસ્સાદાર ઉદ્ઘોષણા પ્રકટ કરી. તેમાં દર્શાવેલી જંગી ફતેહથી અને તેની જવલંત ભાષાની છટાથી આખો યૂરોપ ચકિત થઇ ગયો.

"ભવ્યસેનાના યોદ્ધાઓ ! પંદર દિવસમાં આપણે એક મહાન જંગને ખતમ કરી નાખ્યો છે. આપણે આપણું વચન પાળ્યું છે. બાવેરિયાને શત્રુના હાથમાંથી છોડવ્યું છે અને ત્યાંનો રાજા જે આપણો મિત્ર છે તેને ફરીથી તેનું રાજ્ય સ્વાધીન કર્યું છે. જે શત્રુસૈન્ય પૂર દમામથી, આપણા બળનું માપ આંક્યા વગર ઉદ્ધત બનીને આપણા દેશની સરહદપર આવતું હતું તે તારાજ થઇ ગયું છે, પણ તેથી ઇંગ્લંડને કાંઇ નુકસાન થયું નથી; કારણ કે આપણે બોલોનમાં નથી.

"શત્રુના એક લાખ માણસો પૈકી સાઠ હજાર તો આપણા કેદી બન્યા છે. તેઓ આપણા ખેતરોમાં મજૂરી કરશે. તેમની બસેં તોપો, પુષ્કળ દારૂગોળાનો સરંજામ અને નેવું વાવટા આપણે જીત્યા છે. સિપાઈઓ ! આ પ્રસંગે આપણે વગર જોખમે મોટી ફતેહ મેળવી શક્યા છીએ, દુનિયાના ઇતિહાસમાં ન બન્યું હોય તેવું આ કામ આપણે કરી બતાવ્યું છે. આટલી મોટી જીત મેળવ્યા છતાં આપણે માત્ર દોઢજ હજાર માણસો ગુમાવ્યાં છે. આવું ભવ્ય પરિણામ તમે તમારા શહેનશાહ પર મૂકેલા નિઃસીમ વિશ્વાસ, તમારી સહનશક્તિ અને બહાદુરીને લીધે આવ્યું છે. પણ શું આપણે આટલેથીજ અટકી જઇશું ? હું જાણું છું કે તમે સઘળા એક વધુ લડાઇ લઢવા માટે અધીરા થયા છો. ઇંગ્લંડનાં નાણાંએ રશિયન લશ્કરને દુનિ-

યાના ખુણામાથી તેડાવીને આપણી સામે ખડું કર્યું છે. પણ તેના આપણે આવાજ હાલ કરવાના છે. જેમને હરાવવામાં મને યશ મળે એવા સેનાપતિઓ પણ કમનસીબે તેમની પાસે નથી. થોડામા થોડા માણસના ભોગે કેમ ફતેહ થાય તેનીજ હું કાળજી રાખું છું. **મારા સિપાઇઓ મારા પુત્ર સમાન છે.**"

સત્તરમી ઑક્ટોબરે નેપોલિયને ઘોડા ઉપર બેંતાળીશ માઇલની મજલ કરી અને ત્યાર પછી કાદવવાળો ડગલો ઓઢીને તેણે થોડું ઘાસ પાથરીને એક કલાકનો આરામ લીધો. પાસેજ એક ધનાઢ્ય ધર્મગુરુનો તમામ પ્રકારની વિલાસની સામગ્રીથી ભરેલો મહેલ હતો અને નેપોલિયનને પોતાના મહેમાન તરીકે સત્કારવા તે ઘણોજ ખુશી હતો; પણ **પોતાના સિપાઇઓ કાદવમાં, બરફના તોફાનમાં ખુલ્લા મેદાનમાં પડ્યા રહે અને પોતે સુખચેનથી સુવે એવો નેપોલિયન ન હતો.**



प्रकरण ३१ मुं–आस्टरलिट्झनुं महा युद्ध

સને ૧૮૦૫ના અક્ટોબરની ૨૦ મી તારીખે અલ્મ આગળ આસ્ટ્રિયન સૈન્ય શરણે આવ્યું. સર્વને ચકિત કરી નાખે એવી આ જીત મેળવ્યા છતાં હજી નેપોલિયનના માથા પર ભયતું વાદળું ઝઝુમતું હતું. એક લાખ ને સાઠ હજાર સિપાઇઓ સાથે રશિયાનો ઝાર અલેક્ઝાન્ડર ચાલ્યો આવતો હતો. તેના સૈન્યમાં દરરોજ આસ્ટ્રિયનો ભરતી કર્યાજ જતા હતા. વળી પ્રશિયાએ પણ બે લાખ માણસો એકઠાં કર્યાં હતાં અને અલેક્ઝાન્ડર અને પ્રશિયાના રાજા વિલિયમે પરસ્પર મૈત્રીના પવિત્ર સોગંદ લીધા હતા. વળી ઈંગ્લંડે તે ત્રીશ હજાર માણસોનું લશ્કર જર્મનીમાં ઉતાર્યું હતું તે પણ ઝપાટાબંધ ચાલ્યું આવતું હતું. શત્રુસૈન્યના આવા મોટા વિશાળ સમુદાયની સામા રક્ષણ કરવા માટે તેણે કાં તો પાછા હઠવું જોઇએ અથવા તો મજબૂત મોરચો માંડીને પડાવ નાખવો જોઇતો હતો. પણ તેણે તો મૃત્યુના મુખમાં ધસી જવાનો પોતાના લશ્કરને હુકમ કર્યો તે જાણીને આખો યૂરોપ ચકિત થઈ ગયો. નદીના પ્રબળ પૂરના વેગથી ફ્રેન્ચસેના ડાન્યૂબની ખીણમાં થઇને પોતાને રોકનાર શત્રુસૈન્યના ફૂર્ચેફૂર્ચા ઉડાવતી આગળ વધી. નદીઓ, તોપો, કિલ્લા, શત્રુના મોરચા કોઈનાથી તેનો પ્રચંડ વેગ ખળાતો નહિ. આખા સૈન્યમાં તેના સેનાપતિનો જુસ્સો આવી ગયો. ભય અને શ્રમને તરણાને તોલે ગણે એવા લોખંડી શરીરના તે યોદ્ધાઓ હતા.

ત્રણ દિવસમાં તેઓ બાવેરિયાની રાજધાની મ્યૂનિચ પહોંચ્યા. તેમના માનમાં આખું શહેર રોશનીથી ઝળહળી રહ્યું હતું અને હર્ષનાદથી આકાશ ગાજી ઉઠતું હતું; પણ ત્યાં એક કલાક પણ નેપોલિયને લશ્કરને થોભાવ્યું નહિ. “ આગળ ચાલો, ” “ આગળ ચાલો ” નોજ હુકમ થયો અને નદીની રેલની માફક, પાયદળ, સ્વાર અને તોપોનો પ્રવાહ ધડધડાટ આગળ ચાલ્યો. આખું આસ્ટ્રિયા થરથર ધ્રૂજવા લાગ્યું. શહેનશાહ ફ્રાન્સિસ નાઠો. અજય્ય ફ્રેન્ચો આગળ વધતા ગયા. તેમના મારથી નાસતા

આસ્ટ્રિયનો અને રશિયનો અલેક્ઝાન્ડરના સૈન્યમાં ઉમેરો કરવા લાગ્યા. ૧૩ મી નવેંબરે આસ્ટ્રિયાની રાજધાની વિયેનાની નજીકની ટેકરીઓ ઉપરથી ફ્રેન્ચોની રણતુરીનો નાદ નગરવાસીઓએ સાંભળ્યો, અને તેમનાં શસ્ત્રનો ચળકાટ જોયો. નગર શરણે આવ્યું. આગેવાન શહેરીઓ દયામાટે નેપોલિયનની યાચના કરવા તેની પાસે ગયા. તેણે સર્વને ખાત્રી આપી કે કોઇ પણ વ્યક્તિની ખાનગી મિલ્કતને તેમજ કોઇના જાનને અમે ઈજા કરીશું નહિ. સરકારી ત્રિજોરીઓ અને તોપખાનાં હવે અમારાં છે. તેમાંથી એક લાખ બંદુકો, બે હજાર તોપો અને દરેક પ્રકારની યુદ્ધસામગ્રી ફ્રેન્ચોને પ્રાપ્ત થઈ. વીશ દિવસમાં નેપોલિયન સમુદ્રકિનારેથી હ્રાઇનસુધી અને ચાલીશ દિવસમાં હ્રાઈનથી વિયેનાસુધી શત્રુસૈન્યને સૂકાં પાનની માફક ઉડાવતો આવી પહોંચ્યો.

આટલું છતાં પણ હજી તેની સ્થિતિ સલામત ન હતી. તે પોતાની રાજધાનીથી પંદરસો માઇલ દૂર નીકળી ગયો હતો. શત્રુસૈન્યની સરખામણીમાં તેનું લશ્કર ઘણું નાનું હતું, અને પરરાજ્યના મધ્ય ભાગસુધી તે ઘૂસી ગયો હતો. દક્ષિણમાંથી આર્ચડ્યૂક ચાર્લ્સ ૭૦,૦૦૦ માણસો સાથે ચાલ્યો આવતો હતો. શહેનશાહ ફ્રાન્સિસના મિત્રોએ ૮૦,૦૦૦ હંગેરિયનોનું સૈન્ય ઉભું કર્યું હતું. ૧૦૦,૦૦૦ રશિયનોનાં પગલાં સંભળાતાં હતાં અને પાછળથી ૨૦૦,૦૦૦ પ્રશિયનો તેના ઉપર તૂટી પડે એવો સંભવ હતો. લોકો કહેતા કે હવે તે વિયેનાના કિલ્લાનો આશ્રય લેશે; પણ નહિ! “ આગળ ચાલો ” નો તરતજ હુકમ થયો. આરામ લેવાને એક પળની પણ રજા આપી નહિ. આમ દેખીતી રીતે તે વગર વિચાર્યું સાહસ કરતો હોય એમ લાગતું તોપણ તમામ પ્રતિકૂળ સંજોગોને ધ્યાનમાં લઇને અને કદાચ પોતાના સૈન્ય ઉપર એકાએક આફત આવી પડે તો તેને માટે પૂરતી તૈયારી રાખીને ઘણી દીર્ઘદૃષ્ટિથી તે આગળ વધતો હતો.

ઠંડા પવનના સુસવાટ વાતા હતા અને ટેકરીઓનાં શિખર બરફને લીધે સફેદ બની ગયાં હતાં. છતાં તેનું લશ્કર કશાની પરવા કર્યા વગર બેધડક આગળ ધસતું હતું. એમ કરતાં પારિસથી પંદરસો માઇલને અંતરે અસ્ટરલિટ્ઝના મેદાનમાં તેમનો શત્રુસૈન્ય સાથે સમાગમ થયો. શત્રુનું એકંદર બળ એક લાખ માણસનું હતું અને તેમના સેનાપતિની જગ્યાએ રશિયાનો ઝાર અને આસ્ટ્રિયાનો પાદશાહ ફ્રાન્સિસ હતા. ફતેહની સંપૂર્ણ ખાત્રીથી તેઓ પૂર ઉત્સાહમાં આવ્યા હતા. નેપોલિયન પાસે માત્ર સીત્તેર હજાર સિપાઇઓ હતા. એક કલાકનો પણ વિલંબ થઇ શકે એમ ન હતું. દરેક દિશાએથી હથિયારનો ખણખણાટ સંભળાતો હતો અને દર કલાકે ઘોડેસ્વાર અને પાયદળનાં અગણિત ટોળાં શત્રુના બળમાં વૃદ્ધિ કરવા આવ્યેજ જતાં હતાં.

ડિસેંબરની ૧ લી તારીખે નેપોલિયને શત્રુદળ જોયું; અને તેણે તેમની સંગીન

હારો પોતાની આટલી બધી નજીક આવી પહોચેલી જોઇ કે હવે છેવટની લડાઇનો સમય ઘણો નજીક જણાયો. તેણે તેમની હિલચાલ ઘણાજ લક્ષ્યથી તપાસી અને તરતજ તેમની હુમલો કરવાની પદ્ધતિનો ભેદ તેને સમજાઇ ગયો, અને આ પ્રમાણે તેમનો દાવપેચ જોઇ લીધાથી પોતાના વિજયની સંપૂર્ણ ખાત્રી થતાં તેણે કહ્યું, “ કાલે સાંજ પહેલાં આ લશ્કરનો આપણે પરાજય કરવાના. ”

આખો દિવસ તેણે ઘોડાપરને ઘોડાપરજ કહાડયો. જમીનની રચનાનું અવલોકન કરતો, સિપાઇઓને ઉત્તેજક શબ્દ કહેતો, ઘાયલ સિપાઇઓને માટે બંદોબસ્ત કરાવતો; તે આખી છાવણીમાં ઘૂમી વળ્યો. **ઝીણામાં ઝીણી બાબતવિષે સૂચના આપવાની અને પોતાની સૂચનાનો બરાબર અમલ થાય છે કે નહિ તે તપાસી જોવાની તેને ટેવ હતી.** રાત પડી પણ તેનો ઉદ્યોગ ચાલુજ રહ્યો. તે દિવસે તેના રાજ્યારોહણને એક વર્ષ પૂરૂં થયું હતું. એક સિપાઇએ પોતાની સંગીનની અણી ઉપર ઘાસની પૂળી ચઢાવીને સળગાવી. તેની નકલ બીજા બધાએ કરી. થોડીવારમાં આખી ફ્રેન્ચ છાવણી રક્તવર્ણ પ્રકાશથી ઝળહળી રહી અને તેનું અજવાળું શત્રુની છાવણીસુધી જતાં તેમને પણ ભય ઉપજ્યો. તે ઉપરાંત ક્ષણિક ઉત્સાહના માર્યા તમામ સિપાઇઓએ એકસામટો જયધ્વનિ પણ કર્યો. સીત્તેર હજાર કંઠમાંથી નીકળેલો આ પ્રચંડ અવાજ અનેક જળધોધના ઘોર ગર્જનની માફક શત્રુની છાવણીસુધી સ્પષ્ટ સંભળાયો. નેપોલિયને ઘોડો ઉભો રાખ્યો અને એક પળવાર શાંત વિચારમગ્ન ચહેરે આ ભવ્ય દૃશ્ય નિહાળ્યું અને પછી પોતાના તંબુમાં જઇને જાણે બોલતો હોય તેટલી ત્વરાથી તેણે નીચેની ઉદ્ઘોષણા લખાવીને લશ્કરને જાહેર કરી.

“ સિપાઇઓ ! અલ્મના પરાજયનું વેર લેવા માટે રશિયનો તમારી સન્મુખ આવીને ઉભા છે. આપણી વ્યૂહરચના ઘણી મજબૂત છે. એ લોકો આપણા લશ્કરની જમણી બાજુ તોડવા જશે તેજ વખતે તેમના લશ્કરની બાજુને તમે ભેદી શકશો. હું જાતે તમારી ટુકડીઓની હિલચાલ કરાવીશ. જો તમે તમારૂં હમેશનું શૌર્ય બતાવીને શત્રુને છિન્ન ભિન્ન કરી નાખશો તો હું તોપોના મારાથી દૂર ઉભો રહીને તમારૂં તે પરાક્રમ જોયા કરીશ. પણ **ફતેહવિષે મને જરા પણ શક લાગશે તો તમારો પાદશાહ ગોળાની ઝડીની સામે આગલી હારમાં આવીને ઉભો રહેશે.** આ વખતે આપણી ફતેહ થવીજ જોઇએ. ”

કોઇ દિવસ કોઇ પણ સેનાપતિએ સિપાઇઓને શત્રુનો પરાજય કરવાનો પોતાનો ખરો દાવપેચ બતાવ્યો નથી. પણ નેપોલિયને સિપાઇઓને વિશ્વાસમા લીધા. માત્ર એકજ નિમકહરામ સિપાઈ આ ચાવી શત્રુને બતાવી શકત, પણ જે 'સિપાઇઓ ઉપર તે વિશ્વાસ મૂકતો હતો તેમને તે સારી પેઠે ઓળખતો હતો. તોપોના મારથી

હું દૂર સલામત જગ્યાએ ઉભો રહીશ એમ કહીને કોઇ પણ સેનાપતિએ પોતાના સિપાઇઓને પાણી ચઢાવ્યું જાણમાં નથી. સિપાઇઓની સાથે આવો અખતરો કરી શકે એવી સિપાઇઓની પ્રીતિ કોઇ સેનાપતિએ મેળવી નથી. માટે નેપોલિયન નિર્દય, લોભી અને મનુષ્યરક્તનો તરસ્યો હતો એમ કહેવાનું પાપ કદી કોઇએ પણ કરવું ઘટતું નથી. ઘાતકીપણાથી અને સ્વાર્થપરાયણતાથી કદિ આવો પ્રેમ મળી શકતો નથી. નેપોલિયન તેના એકે એક સિપાઇનો ખરેખરો શુભેચ્છક હતો અને તેથીજ તે સર્વની કાયમની પ્રીતિ મેળવી ગયો છે.

રાત્રિ ઘણીજ ઠંડી હતી. ધૂમસ પુષ્કળ વરસતું હતું. માઇલના માઇલસુધી બેઉ લશ્કરની તાપણીઓનો પ્રકાશ પથરાઇ ગયો હતો. મોડી રાતે તાપણાં હોલવાઈ ગયાં અને સર્વત્ર ગાઢ અંધકાર છવાઇ રહ્યો. ચાર વાગ્યામાં તો નેપોલિયન પાછો ઘોડા ઉપર સ્વાર થઇ ગયો. દૂરથી આવતો અસ્પષ્ટ અવાજ તેના ટેવાયલા કાનપર પડતાંજ તે ચેતી ગયો કે શત્રુસૈન્યની હિલચાલ શરૂ થઇ ચૂકી છે. તેના ધાર્યા પ્રમાણે તેમનો ધસારો તેના લશ્કરની જમણી બાજુ ઉપરજ થયો. આમ કરવા જતાં શત્રુસૈન્યનો મધ્ય ભાગ નબળો પડી ગયો. આ તરફ ફ્રેન્ચોની રણતુરી પણ ગરજી ઉઠી. જમીનપર સૂતેલા સિપાઈઓ પટાપટ ઉભા થઇને વ્યૂહબદ્ધ થઇ ગયા. દરેક સિપાઈના દિલમાં ઉત્સાહ માતો ન હતો. દરેક અમલદાર પોતપોતાના કામથી વાકેફ થયો હતો. આકાશમાં હજી તારા હતા. પૂર્વમાં હજી અરુણોદય પણ થયો ન હતો.

ધીમે ધીમે તારાગણ અદૃશ્ય થવા લાગ્યા. પૂર્વાકાશમાં રતાશ પથરાઇ. થોડાજ વખતમાં રશિયનોની તોપોની ગંભીર ગર્જના થવા લાગી. નેપોલિયને યુદ્ધ શરૂ કરવાની આજ્ઞા આપી દીધી. સરદારો પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ ગયા. શત્રુના મધ્યભાગ ઉપર વાવાઝોડાના વેગથી ફ્રેન્ચો તૂટી પડયા અને જરા વારમાં તેને છિન્ન ભિન્ન કરી નાખ્યું. તેમના ઘોડેસ્વારો અને પાયદળ સિપાઇઓ વિજયોન્મત્ત ફ્રેન્ચોના ધસારામાં અટવાઇ ગયા, છૂંદાઇ ગયા. રણક્ષેત્રમાં ભંગાણ પડયું અને નાસાનાસ થઇ રહી. નેપોલિયનના બાદશાહી સ્વારોની ટુકડીએ હવે પોતાની—તલવાર જોસથી વાપરવા માંડી. શત્રુની જમણી પાંખ, તેની ડાબી પાંખની કુમકે ન આવે તે માટે થોડી ટુકડીઓ ત્યાં રાખી. બાકીના લશ્કર સાથે ડાબી પાંખપર નેપોલિયન તૂટી પડયો અને તેની પાયમાલી કરી નાખ્યા પછી એક છેલ્લો પ્રચંડ ધસારો કરીને શત્રુની જમણી પાંખને પણ સૂવાડી દીધી. તેમના લશ્કરનો એક મોટો ભાગ ઠરી ગયેલા સરોવરપર થઇને નાસવા લાગ્યો; પરંતુ સિપાઈઓ અને ઘોડાના વજનથી બરફ બેસવા લાગ્યું. એટલામાં ફ્રેન્ચોની તોપોના બે ચારજ ગોળા આવી પડતાં બરફનું પડ તૂટી ગયું અને બધાએ ઠંડા પાણીમાં જળસમાધિ લીધી ! અલેક્ઝાન્ડરે અને શહેનશાહ ફ્રાન્સિસે નજીકની ટેકરી ઉપરથી પોતાનાં સૈન્યોની આ મહાન ખરાબી દીઠી અને તેઓ નિરાશ

થઇને રણક્ષેત્રમાંથી પલાયન કરી ગયા !

ઑસ્ટર્લિટ્ઝના સંગ્રામનું આવું પરિણામ આવ્યું. નેપોલિયન આ એક યશસ્વી ફતેહ હતી, અને તેની કીર્તિમાં એથી વિશેષ વૃદ્ધિ થઇ. શત્રુને ભારે નુકશાન ખમવું પડયું હતું. તેમના પંદર હજાર યોદ્ધાઓ કપાઇ મુઆ અને વીશ હજાર બન્દીવાન બન્યા. તેમની એકસો એંશી તોપો, પિસ્તાળીશ વાવટા અને બીજો કિંમતી સરસામાન ફ્રેન્ચોને હાથ આવ્યાં.

પલાયન કરતા શત્રુસૈન્યનો ગભરાટ અને ગેરવ્યવસ્થાનું વર્ણન થઇ શકે એમ નથી. રાની રશિયન સિપાઇઓ માર્ગમાં આવતાં ગામડાં ઉપર નિર્દયપણે જૂલમ કરતા ગયા, પણ ફ્રેન્ચ સ્વારોએ તેમની પૂંઠ લીધી અને તેમનો કચ્ચરઘાણ કહાડી નાખ્યો. શહેનશાહ ફ્રાન્સિસે હવે જીતની આશા છોડી દઇને નેપોલિયન પાસે સલાહની યાચના કરવા શાહજાદા જૉનને મોકલ્યો.

નેપોલિયન તે વખતે જાતે ઉભો રહીને પોતાના ઘાયલ થયેલા સિપાઈઓને મલમપટ્ટા કરાવતો હતો અને તેમને આશ્વાસન મળે એવા મધુર પ્રેમપૂર્ણ શબ્દ કહેતો હતો. આ પ્રમાણે દરેકે દરેક સિપાઇને પૂરતી રાહત અપાઇ રહી ત્યારેજ તે આરામ લેવા પોતાના તંબુમાં ગયો. અનેક સિપાઇઓ મરતાં મરતાં પણ આંખમાં પ્રેમાશ્રુસહિત તેમના વહાલા શહેનશાહની છેલ્લી ઝાંખી કરી લેતા અને તેને આશીર્વાદ આપીને પ્રાણત્યાગ કરતા. તેમના સૂકા હોઠ આગળ નેપોલિયન જાતે દવાનું પ્યાલું ધરતો અને ઠંડીથી ધ્રૂજતા સિપાઇઓને ઢાંકવા માટે મરી ગયેલા સિપાઇઓના ડગલા ઉતારી લેવામાં જાતે મદદ કરતો.

નેપોલિયને શાહજાદા સાથે વિવેકથી વાતચીત કરી અને કહ્યું કે સલાહ કરવા હું ઘણો ખુશી છું અને તમારા પિતા સાથે હું આવતી કાલે વાત કરીશ. પણ તેજ પળે નાસતા શત્રુની પૂંઠ પકડવાનો હુકમ તો કર્યોજ; કારણ કે તેની સ્થિતિ ઘણી જોખમભરેલી હતી. હજી જૂદી જૂદી દિશાએથી લાખો માણસોનાં લશ્કર તેના તરફ આવી પહોંચવાને ઝાઝી વાર ન હતી. તેના બળની અને જોખમની નેપોલિયનને પૂરેપૂરી ખબર હતી.

બીજે દિવસે શહેનશાહ ફ્રાન્સિસ થોડાક અંગરક્ષકો સાથે નેપોલિયનને મળવા મુકરર કરેલી જગ્યાએ આવ્યો. તે વખતે તે એક તાપણી પાસે ઉભો હતો. તેણે શહેનશાહનો વિનયપૂર્વક સત્કાર કરતાં કહ્યું કે “ જે મહેલમાં હું છેલ્લા બે મહિના થયાં રહું છું તેમાંજ હું તમારી પધરામણી કરી શકું છું. ”

ફ્રાન્સિસે કહ્યું, “ તમે એ રહેઠાણનો જેવો સરસ ઉપયોગ કરી બતાવ્યો છે તે જોતાં તમને તે પ્રિય લાગવુંજ જોઇએ. ”

પછી બેઉ નૃપતિઓએ છૂટથી વાત કરી અને મોઢે મોઢે સુલેહની શરતો નક્કી

કરી. નિરાશ થએલા અને પોતાના શરમભરેલા પરાજયથી ચીડાયલા ફ્રાન્સિસે પોતાના બેવચનીપણાનો બધો બોજો ઈંગ્લંડને માથે નાખ્યો. નેપોલિયને કહ્યું, "અંગ્રેજો બડી સ્વાર્થી પ્રજા છે. આખી દુનીયાનો વેપાર પોતાના એકલાના હાથમાં રહે તે માટે તેઓ આખા યૂરોપમાં દાવાનળ સળગાવે છે."

ફ્રાન્સિસને ધાર્યા કરતાં વધારે સારી સરતો મળવાથી તેણે પોતાના મિત્ર અલેક્ઝાન્ડરને માટે પણ વકીલાત કરી. નેપોલિયને કહ્યું "રશિયન લશ્કર ઘેરાઈ ગયું છે; એક પણ માણસ બચવાનો નથી. છતાં જો અલેક્ઝાન્ડર રશિયા ચાલ્યા જાય એવું આપ વચન આપતા હો તો હું મારા લશ્કરને આગળ વધતું અટકાવું." ફ્રાન્સિસે તે પ્રમાણે વચન આપ્યું.

બીજે દિવસે નેપોલિયને પોતાના એક સરદારને ઝાર પાસે મોકલ્યો. તેણે તેના યુદ્ધ-કૌશલ્યનાં ઘણાં વખાણ કર્યાં અને આગલે દિવસે ફ્રાન્સિસે કરેલી સુલેહની સરતો કબૂલ રાખી. તેમ થતાંજ યુદ્ધ બંધ થયું અને બેઉ રાજ્યનાં સૈન્યના બાકી રહેલા સિપાઇઓ પોતપોતાના વતન તરફ ચાલતા થયા.

નેપોલિયન વિયેના તરફ પાછો ફરતો હતો તેવામાં રસ્તામાં ઘાયલ થએલા આસ્ટ્રિયન સિપાઇઓનો એક સમુદાય જતો તેના જોવામાં આવ્યો. તે તરતજ ગાડીમાંથી નીચે ઉતર્યો અને સ્વદેશને માટે લોહી રેડનારા એ વીરપુરુષોને પોતાની ટોપી ઉતારીને માન આપ્યું. પોતાની સામે યુદ્ધ કરનાર સામા પક્ષના યોદ્ધાઓ તરફ આવો તેનો સદ્ભાવ જોઇને શત્રુઓના દિલમાંથી કીનો નીકળી ગયો અને તેઓ પણ તેને પ્રેમ અને માનસહિત નમ્યા.

ફ્રાન્સના શત્રુઓએ બેવચની થઇને તેની સાથે લઢાઇ ઉભી કરી હતી. પોતાના દેશનો બચાવ કરવા માટે તેને લઢવું પડયું અને તેમાં કરોડો ફ્રાન્કનો ખર્ચ થઇ ગયો; સુલેહના સમયમાંજ ખીલવી શકાય એવા હુન્નરઉદ્યોગ અટકી પડયા અને સાત હજાર ફ્રેન્ચોના જાનની ખુવારી થઈ. આસ્ટ્રિયાને લડાઇનો તમામ ખર્ચ આપવો પડયો. બાવેરિયા તથા બીજાં નાનાં મિત્ર રાજ્યોની સીમા વધારી અને તેમ કરીને ફ્રાન્સ અને તેના હરિફ રાજયોની વચ્ચે તટસ્થ રાજ્યોરૂપી મજબૂત દિવાલ બાંધી દીધી. સુલેહના કોલકરારપર સહીઓ થઈ ગયા પછી નેપોલિયને પોતાના લશ્કરમાં એક જાહેરનામું ફેરવ્યું. તેમાં તેણે સિપાઇઓને ઘણી શાબાશી આપી, મરેલાંઓની કીર્તિ જાળવી રાખવાનું વચન આપ્યું અને સ્વદેશ પાછા જતી વખતે માર્ગમાં કોઇને કશો ઉપદ્રવ કરવો નહિ એવી આજ્ઞા કરી.

પોતાને હવે પારિસ જવાની ઘણી ઉતાવળ હોવાથી માર્ગમાં મિત્રોનાં અભિનંદન સ્વીકારવા ન થોભતાં નેપોલિયન પૂર વેગે ચાલતો થયો, પણ લશ્કરે તો રોજના બાર માઈલ લેખે કુચ કરીને આરામથી આવવું એવી સૂચના તે કરતો ગયો.

પારિસના શહેરીઓએ તેનો સત્કાર કરવા માટે ભારે ઠાઠથી તૈયારી કરી હતી પણ તે તો રાત્રે ગુપચુપ પોતાના નિવાસમાં દાખલ થઈ ગયો. લોકો નિરાશ થયા, બીજે દિવસે તેઓ તેને રૂબરૂમાં મળવા ગયા અને તેને મુબારકબાદી આપતાં પોતાને થએલી નાસીપાસી દર્શાવી. નેપોલિયને તેનો નીચે પ્રમાણે યાદગાર જવાબ આપ્યો:–

“ જો હું હાર ખાઇને આવ્યો હોત તો હું જાહેર રીતે શહેરમાં દાખલ થાત અને તે વખતે પારિસના શાણા શહેરીઓ મારો સત્કાર કરત, તો તે ઉપરથી આપણા શત્રુઓને ખાત્રી થાત કે હું હારીને આવું કે જીતીને આવું, તોપણ તમારો મારા તરફનો પ્રેમ એકસરખોજ કાયમ રહે છે. આ પ્રસંગે હું જીતીને આવ્યો છું તેથી તમે મને માન આપો તો કદાચ તેઓ તમારા ઉપર ખુશામતનો આરોપ મૂકે અને તે હું જોવા નથી ઇચ્છતો.”

ફ્રાન્સની સામે ઇંગ્લંડના મુખ્ય પ્રધાન પિટ્ટે પોતાના બુદ્ધિબળથી જે મજબૂત એકસંપી રચી હતી તેને નેપોલિયને આમ એકજ ઝપાટે તોડી નાખી. આસ્ટર્લિટ્ઝના સંગ્રામના સમાચારથી પિટ્ટના હૃદયમાં કારી ઘા વાગ્યો. તેણે યૂરોપના નકશા તરફ શોકાતુર નજરે જોયું અને કહ્યું, “ હવે અડધા સૈકાસુધી આ નકશો વાળી રાખીશું તો ચાલશે.” તેની તબીયત લથડતી ગઇ અને ૨૩મી જાન્યુઆરી ૧૮૦૫ ને રોજ “ અફસોસ ! મારા દેશ ” એવો નિરાશાપૂર્ણ ઉદ્ગાર કહાડતાં તેણે પ્રાણ ત્યાગ કર્યો.

એલિસન નામનો અંગ્રેજ ઇતિહાસકાર લખે છે કે “ ફ્રાન્સમાં રાજ્યક્રાન્તિની શરૂઆત થઇ ત્યારથીજ પ્રજાસત્તાક રાજ્યના વિચારોના પ્રચારને રોકવા માટે યૂરોપના રાજાઓએ જે જે એકસંપી કરી હતી તેનો મૂળ સૂત્રધાર પિટ્ટ હતો.”

નેપોલિયને પોતાના સિપાઇઓ તરફ જે ઉદારતા બતાવી તે પણ તેની ફતેહના જેવીજ ભવ્ય હતી. લડાઇમાં હણાયલા સિપાઈઓ અને અમલદારોનાં બાળકોને તેણે તરતજ દત્તક લઇને પોતાનાં બાળકો જેવાં ગણ્યાં, અને તેમનો નિર્વાહ અને કેળવણીનો ખર્ચ દેશ આપે એવી ગોઠવણ કરી. તેઓ બધા પાદશાહનાં બાળક કહેવાતાં અને તેમને પોતાના નામની સાથે નેપોલિયનનું નામ લખવાની છૂટ આપી. સેનાપતિથી માંડીને સામાન્ય સિપાઇની વિધવાને ૬૦૦૦થી ૨૦૦ ફ્રાન્ક સુધીનાં વાર્ષિક પેન્શન તેણે બાંધી આપ્યાં અને ઘાયલ થએલાઓને પણ સારો બદલો આપ્યો.

આવા લડાઇના મામલામાં પણ નેપોલિયન પોતાની પ્રિય પત્નીને ટુંકા પણ પ્રેમપૂર્ણ પત્રો લખવાની ફુરસદ મેળવતો. તે પત્રો કોઈવાર પડઘમપર કે ઘોડાના જીન પર કાગળ મૂકીને તેની આસપાસ તોપોના ગોળા ઉડતા હતા તેવે વખતે લખાયલા હતા; અને એટલી ઝડપથી લખાયા હતા કે તે વાંચવાને જોસેફાઇનને

તેની બધી અક્કલ વાપરવી પડતી. અલ્મ અને આસ્ટર્લિટ્ઝના સંગ્રામો વખતે આવી રીતે લખાયલા કેટલાક પત્રો પ્રાપ્ત થયા છે તેમાંના થોડાક નીચે ટાંકવામાં આવે છે. એ પત્રો ઉપરથી સાબિત થાય છે કે નેપોલિયનના, જ્વલંત બુદ્ધિવૈભવની તળે તેની પ્રેમની કોમળ લાગણીઓ દબાઇ ગઈ ન હતી.

“ મારી શાણી જોસેફાઇન, હું ઘણો થાકી ગયો છું. આખું અઠવાડિયું વરસાદમાં તરબોળ થઇને મારે કામ કરવું પડયું છે. મારા પગ અકડાઇ જવા આવ્યા છે. આથી મારી તબીયત પણ જરા બગડવા આવી છે. આજે મેં સહેજ આરામ લીધો છે. મારી ધારણા સફળ થઇ છે. મેં આસ્ટ્રિયનોને માત્ર મારી કુચ કરવાની ચાલાકીથી હરાવ્યા છે. તેમના સાઠ હજાર સિપાઈઓ, ૧૨૦ તોપો, ૯૦ વાવટા અને ૩૦ સેનાપતિઓ મારે હાથ આવ્યા છે. આજે હું રશિયાના લશ્કરની પૂંઠે જાઉં છું. તેમનું પણ આવી બન્યું છે. મેં માત્ર પંદરસો માણસ ગુમાવ્યાં છે અને તેમાંનાં બે તૃતીયાંશ તો સહેજ ઘાયલજ થયાં છે. સલામ મારી જોસેફાઈન એક હજાર પ્રેમવાક્યો સાથે ”—**નેપોલિયન ૧૯-૧૦-૧૮૦૫**

“ ઘણો વખત થયાં તારા સમાચાર મને મળ્યા નથી. બેડન, સ્ટટગર્ડ અને મ્યૂનિચમાં થએલા સુંદર જલસા અને મિજબાનીઓથી મારા સિપાઈઓ વરસાદ અને કાદવમાં તેમણે કરેલો પરિશ્રમ અને તેમના જખમ પણ ભૂલી ગયા છે. હું આજે વિયેના જાઉં છું. રશિયનો હાર ખાઇને શરમીંદા થઇને ચાલતા થયા છે. હું તને મળવાને ઘણોજ ઉત્સુક થયો છું. સલામ મારી પ્રિયતમા.” **નેપોલિયન ૧૦-૧૨-૧૮૦૫**

નીચેના પત્રમાં રમુજીપણા ઉપરાંત તેને જરાક ઓછું આવ્યું હોય એમ પણ લાગે છે.

“ મારાં નેકનામદાર રાણીજી ! તમે સ્ટ્રેસબર્ગ છોડયું ત્યારપછી તમારો એક પણ કાગળ નહિ ? મને જરા પણ ખબર કર્યા વગર તમે મ્યૂનિચ, બેડન, સ્ટટગર્ડ બધે ફરી આવ્યાં ! તમારૂં આવું વર્તન સ્નેહીને ન ઘટે. હું હજી બ્રૂન છું. રશિયનો ગયા. સલાહ થઇ છે. તમારા ઉંચા હોદ્દા ઉપરથી જરા નીચે ઉતરીને તમારા સેવકનો વિચાર કરવાની કૃપા કરજો.” **નેપોલિયન ૧૦-૧૨-૧૮૦૫**

प्रकरण ३२ मुं

પરરાજ્યો સાથે મૈત્રી અને ફ્રાન્સનો વિસ્તાર

વિએનાથી નીકળીને પારિસ આવતાં નેપોલિયનને માર્ગમાંજ જોસેફાઈનનો મેળાપ થયો. તેઓ પારિસ પહોંચ્યાં ત્યારે મધ્યરાત્રિ થવા આવી હતી. તે પરબાર્યો ટૂઇલેરીસ ગયો અને ઉતાવળે પગલે દાદરનાં પગથીઆં કુદાવતો મંત્રગૃહમાં દોડી ગયો. તેણે કપડાં પણ ઉતાર્યાં નહિ, એક પળવાર પણ આરામ લેવા પલંગપર પડ્યો નહિ, પણ આવતાંની સાથેજ તેણે પોતાના ફિનેન્સ મિનિસ્ટર (નાણાં ખાતાના પ્રધાન)ને તેડાવી મંગાવ્યો. ફ્રાન્સની બેંકની સ્થિતિવિષે બારિક તપાસ કરવામાં તેણે તેની સાથે રાત્રિનો બધો વખત કહાડ્યો. એ બેંકના નાણાંસંબંધી વહીવટમાં ઘણો ગુંચવાડો ઉત્પન્ન થયો હતો, તે તેણે બોલોન રહ્યાં રહ્યાં જાણી લીધું હતું. અલ્મ અને આસ્ટર્લિટ્ઝના સંગ્રામની તૈયારી કરવાની ભારે ઉપાધિઓની વચમાં તેણે નાણાં ખાતાના પ્રધાનને સખ્ત ઠપકાનો પત્ર લખ્યો હતો. તેમાં તેણે લખ્યું હતું કે બેંકે હુંડીઓ અને ઓચરીઆં બહાર પાડતી વખતે નાણાંનો ભૂલભરેલો અંદાજ કર્યો છે. એમ કરવાથી દેશના વ્યાપારની પાયમાલી થયા વગર રહેજ નહિ. છેવટમાં તેણે લખ્યું કે " મારે મારા ચાલુ સંજોગોને વશ થઇને છાવણીઓમાં અને દૂરની સ્વારીઓમાં રોકાઇ રહેવું પડે છે તેથી મને અસંત સંતાપ થાય છે. જો મારે તેમ ન કરવું પડતું હોત તો બેંક, ઉદ્યોગ, અને વ્યાપારની સંગીન ખીલવણી એ વિષયો જે મને અત્યંત પ્રિય છે તેમાંજ હું મારૂં સઘળું ધ્યાન પરોવત."

બીજે દિવસે અગીઆર વાગે નાણાંખાતાના મંત્રીઓની સભા બોલાવી. નેપોલિયન સમીપ તેમને નવ કલાકસુધી ચર્ચામાં લાગલાગટ રોકાવું પડ્યું. ત્રણ ત્રણ મહિનાસુધી ઠંડીમાં, વરસાદમાં, રાતદિવસ સખત શારીરિક પરિશ્રમ લીધા પછી યુદ્ધમાંથી પરવારીને તરતજ એક પળનો પણ આરામ લીધા વગર સખતમાં સખત માનસિક પરિશ્રમ કરવા મંડી જાય એવો વીર નેપોલિયન એકલોજ છે. ભાગવામાં નહિ પણ જોડવામાં આ અલૌકિક પ્રકૃતિના પુરુષને વિશેષ આનંદ થતો હતો. લડા-

ઇની ખૂનખાર કતલને તે પસંદ કરતો ન હતો. ગામો અને શહેરો ઉપર આગ વરસી રહી હોય, સ્ત્રીઓ અને બાળકો બિચારાં ભયત્રસ્ત હરિણની માફક નાસભાગ કરતાં હોય, રણઘેલા સિપાઇઓના સમુદાય એક બીજાના લોહીની નદીઓમાં ઝીલતા હોય એવા દેખાવોથી તેના સુંદર અને સુસંસ્કારી આત્માને તૃપ્તિ થતી ન હતી. તેના દયાળુ સ્વભાવને, તેની તીક્ષ્ણ બુદ્ધિને અને તેની સંસ્કૃતિ પામેલી રસજ્ઞતાને માટે ચિરસ્મરણીય રહે એવી ભવ્ય અને લોકકલ્યાણકારક સંસ્થાઓ, યોજનાઓ અને ઇમારતોની રચના કરવાનું વધારે અનુકૂળ હતું. તે એક પૂરેપૂરો મનુષ્ય હતો, રાક્ષસ ન હતો. મરતા સિપાઇઓની કારમી ચીસો તેના કાનને સંગીતના જેવી મધુર લાગતી ન હતી. હમેશાં લડાઈ પૂરી થયા પછી તે દયાના ફિરસ્તાની માફક રણક્ષેત્રની તપાસ લેવા ફરતો ત્યારે ઘવાયલા, છુંદાયલા મરેલા અને મરવા પડેલા મર્દાની ચહેરાવાળા ગબરૂ જુવાનોને જોઇને તેને ઘણોજ સંતાપ થતો, પણ તેના હઠીલા શત્રુઓએ તેને ઠરીને બેસવાજ દીધો નહિ અને તેને પોતાની અડધો અડધ શક્તિ તેમના હુમલાને ખાળવામાં વાપરવાની ફરજ પાડી.

ઉપર જણાવ્યું તેમ ફરી પણ લડાઇઓ જીતીને નેપોલિયને ઈંગ્લંડ સિવાય તમામ રાજ્યોને સુલેહ કરવાની ફરજ પાડી. ઈંગ્લંડના લોકોનો સખત વિરોધ છતાં ત્યાંની સરકારે પ્રજાસત્તાક ફ્રાન્સ સાથે અવિરતપણે લડાઇ ચાલુજ રાખી. નેપોલિયન કૉન્સલને બદલે પાદશાહ થયો પણ તેથી ફ્રાન્સના રાજ્યતંત્રના સિદ્ધાન્તો—પ્રજાની સ્વતંત્રતા અને સમાનતા તે તો તેના તેજ રહ્યા હતા. નેપોલિયન પાદશાહ હતો પણ લોકોએ પંસદ કરેલો પાદશાહ હોઇને દેશનો કારોબાર લોકમતને આધારેજ ચાલતો હતો. ઉમરાવોએ પોતાના કરી લીધેલા અધિકારનું ગૌરવ હલકું કરવું અને મનુષ્યમાત્રની સ્વતંત્રતા અને સમાનતાનું ધોરણ સ્વીકારી સામાન્ય પ્રજાવર્ગની ઉન્નતિ કરવી એજ નેપોલિયનનું જીવનવ્રત હતું.

લડાઈ પૂરી થયા પછી આસ્ટ્રિયા, રશિયા તથા બીજાં યૂરોપીય રાજ્યો સાથે સુલેહની સરતો નક્કી કરવાની તથા બીજી એટલી બધી વિવિધ પ્રકારની યુદ્ધને લગતી ચિંતાઓ તેને માથે હતી કે તેવી ભાગ્યેજ બીજા કોઇ માણસે સહન કરી હશે. તેનું ચિત્ત આ જંજાળનો નિવેડો લાવવામાં રોકાયલું હતું તે વખતે કલાને જેથી ઉત્તેજન મળે અને તે લોકોપકારક નીવડે એવી ભવ્ય કૃતિઓની રચના કરાવવામાં માત્ર શોખને લીધેજ નહિ, પણ એવી પ્રવૃત્તિની જાણે તેને લગની લાગી હોય તેમ તે કામે લાગી ગયો. તેના એકત્ર થએલા શત્રુઓની સામે લઢતાં તેને જ્યારે જ્યારે થોડો ઘણો અવકાશ મળતો ત્યારે તે રાજધાનીમાં તેમજ રાજ્યમાં બધે ફરી વળતો. તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં પ્રજાની નૈતિક, માનસિક કે શારીરિક સ્થિતિમાં સુધારણા કરવાની સુંદર ભાવનાઓ તેના મગજમાં ઉદય પામતી. પારિસમાં તથા

ફ્રાન્સના અત્યંત દૂરના પ્રદેશોમાં પણ તેનાં પગલાંની નિશાનીઓ હજી જળવાઇ રહી છે અને તે તેની પરોપકારવૃત્તિ તથા વિશાળ બુદ્ધિનો પૂરાવો આપતી ઉભી છે. એક વારનાં સુંદર પણ તે વખતે જીર્ણ દશામાં પડું પડું થઇ ગએલાં દેવળો અને ઇમારતોનો તેણે પુનરુદ્ધાર કરાવ્યો. અલ્મ અને આસ્ટર્લિટ્ઝમાં ફ્રેન્ચ યોદ્ધાઓએ કરેલાં પરાક્રમોનું સ્મરણ જાળવી રાખવા શત્રુની તોપોને ગાળીને તેનો સ્મરણસ્તંભ રચાવ્યો અને તેના ઉપર તે યુદ્ધોનાં દૃશ્યો કોતરાવ્યાં. ફ્રાન્સ સુલેહમાટેજ લઢતું હતું તેથી એ સ્તંભના શિખર ઉપર સુલેહશાંતિની દેવી કલ્પીને તેની મૂર્તિ ગોઠવવાનો નેપોલિયનને વિચાર હતો; પણ કૃતજ્ઞ ફ્રેન્ચ પ્રજાએ સુલેહના દેવ તરીકે બાદશાહી પોશાકમાં ખુદ નેપોલિયનનીજ મૂર્તિ તે સ્થળે બેસાડી. પચીશ વર્ષસુધી યૂરોપને લોહીથી તરબોળ કર્યા પછી આગળ ઉપર ઇંગ્લંડ અને તેનાં મિત્રરાજ્યો જ્યારે નેપોલિયનને પદભ્રષ્ટ કરીને ફ્રાન્સના માજી બુર્બોનવંશીય રાજાઓને ગાદીપર બેસાડવામાં ફાવ્યાં, ત્યારે તેમણે પ્રજામતથી ચૂંટાયલા એ રાજાની મૂર્તિને ત્યાંથી ગબડાવી પાડી હતી; પણ ફ્રેન્ચોના હૃદયમાં જે મૂર્તિ સદાને માટે અંકિત થએલી હતી તે તો નજ ઉખેડી શકાઈ. અંતે પાછો એ રાજાઓને એ પ્રજાએ ફરીથી દેશવટો આપ્યો અને નેપોલિયનની મૂર્તિને પાછી તેની અસલ જગ્યાએ બેસાડી છે. હવે મગદૂર નથી કે પ્રજાની પ્રેમભક્તિના એ સ્મારકને કોઇ પોતાનો અપવિત્ર હાથ લગાડી શકે.

લાવરે અને ટૂઇલેરીસને આખી દુનિયામાં સુંદરમાં સુંદર ગણાય એવા ભવ્ય મહેલથી સાંધી દીધાં. એ મહેલ અસલના વિષયલંપટ રાજાઓ, ઉમરાવો અને ઉમરાવજાદીઓના વૈભવવિલાસને માટે નહિ પણ લલિત કળાને પોષવા તથા તે કલાનો લોકોને લાભ આપવા બંધાવ્યો હતો. સેન નદી ઉપર બીજા બે નવા પૂલ બંધાવ્યા. રાજ્યમાં જળમાર્ગનો વિસ્તાર કરવા માટે લાંબી નહેરો ખોદાવી. હજી પણ પ્રવાસીઓ જેમને જોઇને ચકિત થાય છે એવા વિશાળ રાજમાર્ગ બંધાવ્યા અને અનેક શહેરોને એવા રાજમાર્ગોવડે જોડી દીધાં. આવાં લોકોપકારક કાર્યોનો તેને શોખ હતો; એવાં કાર્યો કરવાથી પ્રાપ્ત થતી અક્ષય કીર્તિની તે આકાંક્ષા રાખતો હતો. તેનું નામ ઇતિહાસમાં ચિરંજીવ રહી ગયું છે. આ પ્રમાણે તેની પરોપકારવૃત્તિની નિશાનીઓ દીર્ઘકાળે પણ ભૂંસાય તેવી નથી; પરંતુ તેની હયાતીમાં તો આખો યૂરોપ તેની સાથે કેડ બાંધીને લડવા તૈયારને તૈયારજ હતો. તે લડાઇઓમાં રોકાયલો હતો તે વખતે પણ સ્વદેશના રક્ષણમાટે તેને ચાર લાખ સિપાઇઓનું લશ્કર નિરંતર રોકી રાખવું પડતું.

તે પહેલેથીજ ગંભીર અને વિચારશીળ હતો, ધર્મ તરફ તેનું સ્વાભાવિકરીતે વલણ હતું, જુવાનીમાં પણ તે ઘણોજ ઠરેલ અને પૂર્ણ નીતિપરાયણ હતો. તે

જમાનામાં નાસ્તિક જેવા બની ગએલા યૂરોપમાં તેની મશ્કરી થતી તોપણ તે કહેતો કે માણસજાતને ધર્મની ઘણીજ જરૂર છે; માત્ર દેશમાં સુલેહશાંતિ જાળવવા માટેજ નહિ પણ દરેકના આત્માના કલ્યાણને માટે પણ ધર્મ આવશ્યક છે. એક કન્યાશાળાના કાર્યક્રમમાં બાળકીઓએ "અઠવાડિયામાં બેવાર પ્રાર્થના" કરવી એવું લખેલું હતું. તે કાર્યક્રમ જ્યારે નેપોલિયનને બતાવવામાં આવ્યો ત્યારે "અઠવાડિયામાં બેવાર" ને છેકીને "દરરોજ" એવો શબ્દ તેણે લખ્યો હતો.

એક વાર તેના એક સેનાપતિએ કહ્યું, "સાહેબ, તમે પણ ઈશ્વરને માનો છો અને હું પણ માનું છું; પરંતુ ઈશ્વર તે શી વસ્તુ છે? તેને વિષે આપણે શું જાણીએ છીએ? આપણે તો તેને જોયો પણ નથી."

નેપોલિયને જવાબ દીધો, "અમુક માણસ બુદ્ધિમાન છે એમ તમે શાથી જાણો છો? તમે તેની બુદ્ધિને તમારી આંખોથી જરા પણ જોઇ શકો છો? નહિજ. આપણે તેની બુદ્ધિનાં કામ જોઇએ છીએ. તેથીજ આપણે તેને જાણીએ છીએ અને ખાત્રીપૂર્વક કહીએ છીએ કે આવાં કામના કરનારમાં બુદ્ધિ છે. લડાઇમાં ઘણીવાર આપણે સેનાપતિનો દાવપેચ ન સમજી શકીએ પણ તેની પલટણોની ચાલાકીભરેલી હિલચાલ ઉપરથી આપણને ખાત્રી થાય છે કે સેનાપતિ અક્કલવાન માણસ છે. ઘણીવાર લડાઇઓમાં તમે મુંઝાઓ છો ત્યારે મને ખોળતા આવો છો. શા માટે? તમને મારી બુદ્ધિમાં સ્વાભાવિકરીતે શ્રદ્ધા છે. તેવીજ રીતે મને ઈશ્વર ઉપર શ્રદ્ધા છે અને અંતઃપ્રેરણાના બળથી હે "ઈશ્વર!" એવો ઉદ્‌ગાર મારા મુખમાંથી નીકળી જાય છે."

તે જમાનામાં કેળવણી આપવાનું કામ ધર્મગુરુઓના હાથમાં હતું. તેઓ ઘણા જૂના વિચારના અને નવી પ્રગતિથી તદ્દન વિરુદ્ધ હતા. એવા શિક્ષકોને હાથે કેળવાયલાં બાળકોમાં નવા વિચાર, નવો જુસ્સો, સ્વતંત્ર ભાવના અને પૃચ્છક બુદ્ધિ વગેરે ગુણનો ઉદ્‌ભવ થાયજ કેવી રીતે? એટલા માટે સારા શિક્ષકો કેળવાઇને તૈયાર થાય તે સારૂ નેપોલિયને એક ખાસ વિશ્વવિદ્યાલય સ્થાપ્યું. રાજ્યમાં શિક્ષકોનો દરજ્જો વધાર્યો અને તેમને પગાર પણ ઉદાર હાથે અપાવ્યો. સામાન્ય વર્ગના લોકોની કેળવણી પાછળ આવી રીતે તેણે ખાસ લક્ષ આપવા માંડ્યું.

૧૮૦૬ ના જાન્યુઆરીથી જુલાઈસુધીમાં તે આવાં અનેકવિધ લોકોપકારક કામોમાં રોકાયો હતો. દરમ્યાન ઈંગ્લંડના બળવાન કાફલાના નિરંતર હુમલાની સામે રાજ્યનો બચાવ કરવાવાનું કામ તો ચાલુને ચાલુજ હતું. વળી તેજ વખતે યૂરોપનાં જૂદાં જૂદાં રાજ્યો સાથે ઘણીજ અગત્યની સંધિની સરતોવિષેની ચર્ચા પણ ચાલતી હતી.

પાંચ લાખની વસ્તીનું જીનોઆનું નાનું સરખું રાજ્ય હતું. ત્યાંના લોકોએ

પણ પ્રજાસત્તાક રાજ્યના સિદ્ધાન્તો સ્વીકાર્યા હતા. એવું નાનકડું રાજ્ય પોતાનાજ બાહુબળથી આસપાસના બળવાન રાજાઓ સામે ટકી શકે નહિ, એવું ત્યાંના વતનીઓને સમજાયાથી તેમણે આ રાજ્ય ફ્રાન્સની સાથે જોડી દેવાની નેપોલિયનને વિનતિ કરી, અને કહ્યું કે કોઇ પણ જાતના બહારના દબાણથી કે બીજાની સમજાવટથી નહિ પણ અમારી સ્થિતિનો વિચાર કરીનેજ અમે આ માર્ગ પસંદ કરીએ છીએ. તેમની ઇચ્છાને માન આપી જીનોઆને ફ્રાન્સની સાથે જોડી દેવામાં આવ્યું.

એંશી લાખની વસ્તીનું નેપલ્સનું રાજ્ય હતું અને ત્યાં બુર્બોન વંશીય રાજાઓ રાજ કરતા હતા. તેમણે અનેકવાર નેપોલિયનના સામા પક્ષને મદદ કરી હતી તટસ્થ રહેવાનાં વચનો આપ્યા છતાં બેઈમાનથી તોડયાં હતાં. છતાં પણ નેપોલિયને એ રાજ્ય તરફ લડાઈને અંતે વારંવાર ક્ષમા બતાવી હતી. આસ્ટર્લિટ્ઝના સંગ્રામ વખતે તે ફ્રાન્સથી ઘણે દૂર ગયો છે એમ જાણીને નેપલ્સના રાજાએ વગર કારણે અંગ્રેજો અને આસ્ટ્રિયાના સૈન્યમાં પોતાનાં પચાસ હજાર માણસનું સૈન્ય સામેલ કર્યું અને ફ્રાન્સ ઉપર ચઢાઈ કરી હતી. આ દગલબાજીની ખબર તેને આસ્ટર્લિટ્ઝનું યુદ્ધ પૂરૂં થયા પછી પડી.

નેપોલિયન જાણે બહારવટીઓ હોય અને આબરૂભરેલા વ્યવહારને માટે તે છેકજ નાલાયક હોય તેમ યૂરોપના રાજાઓ તેની સાથે વર્તતા હતા. તેની સાથે કરેલા અત્યંત ગંભીર કોલકરારને પણ તેઓ કાગળના ચીંથરા જેવા ગણતા. ફ્રાન્સમાં બળવો જગાડવા અને આભ્યંતરિક કલહ ઉભો કરવા તેઓ વારંવાર ખટપટ કર્યાજ કરતા હતા. રણક્ષેત્રમાં તેમજ સભામંદિરમાં તો તેની જ્વલંત બુદ્ધિ આગળ તેઓ ક્ષુદ્ર પ્રાણીઓની માફક દબાઇ જતા હતા; પરંતુ લાગ આવે ત્યારે નામર્દની માફક તેની પીઠ પાછળ ઘા કરવાને તેઓ ચૂકતા નહિ. ચાર કરોડની વસ્તીવાળી સ્વતંત્ર પ્રજાએ સર્વાનુમતે પસંદ કરેલા નેપોલિયનને યૂરોપના આપખુદ સત્તા ધરાવનારા રાજાઓ રાજાજ ગણતા નહિ. ઈંગ્લંડ તેને જનરલ બોનાપાર્ટ કહેતું અને કેટલાક રાજાઓ તો મીસ્ટર બોનાપાર્ટ કહેતા. કોઈ પણ રીતે તેના નામની સાથે રાજાની પદવી ન જોડાય તે માટે તેઓ તેમના રાજદ્વારી વ્યવહારમાં તેને માટે ગમે તેવો હલકો શબ્દ વાપરતા. તેની કીર્તિને કલંકિત કરવા તેની હલકામાં હલકી બદનક્ષી ભરેલી પત્રિકાઓ આખી દુનિયામાં તેઓ ફેલાવતા. તેના ઉપર છાકટાપણાનો, વ્યભિચારનો, ખૂનનો, એવા અનેક નીચ આરોપો મૂકતા. તેનું ખૂન કરવા માટે ભયંકર યંત્રો અને ઝેર બનાવનારા માણસોને અને તેની છાતીમાં ખંજર ભોકવાનાં કાવત્રાં કરનારાઓને તેઓ ઉદારતાથી આશ્રય આપતા. આટલું છતાં પણ નેપોલિયન તો પોતાનું કામ શાંતિથી કર્યેજ જતો અને આવાં આવાં અનેક કારસ્તાનોને પહોંચી વળતો. તેમાં તેનું ભવ્ય અને અસાધારણ નૈતિક બળ જણાઈ આવે છે.

તેણે નેપલ્સને ત્રણ વાર માફી આપી હતી. હવે તેની સહનશીલતાની હદ આવી ગઈ. તેણે જાહેર કર્યું કે "આજથી નેપલ્સના રાજાઓ રાજ કરતા બંધ થયા છે. મારા રાજ્યની સલામતીમાટે અને યૂરોપની આબરૂના રક્ષણને માટે હવે તેમની હસ્તી રહેવી જોઇતી નથી." તેણે તરતજ પોતાના નાના ભાઇ જોસેફને લખ્યું કે "તમારે ફેબ્રુઆરી માસના પહેલા અઠવાડીઆમાં નેપલ્સ જઇને તેના બુરજપર ફ્રાન્સની ધ્વજા ચડાવી દેવી અને સલાહ કરવાની કે યુદ્ધવિરામની કોઇ પણ સરત સાંભળવીજ નહિ. નેપલ્સની ગાદી હું તમને આપવા માગું છું અને તમને ન રુચે તો હું બીજા કોઇને આપીશ; પણ બુર્બોન રાજાઓનો પગ તો હવે ત્યાં નજ જોઇએ" જોસેફ લશ્કર લઇને નેપલ્સ ગયો. તેને જોતાંજ ત્યાંનું અંગ્રેજ લશ્કર જીવ લઇને નાઠું. ત્યાંનું રાજ્યકુટુંબ પણ તેમની સાથે ગયું, અને જોસેફ નેપલ્સનો રાજા થયો. આ કામમાટે આખો યૂરોપ તેના ઉપર ક્રોધે ભરાયો. અંગ્રેજ ઇતિહાસકાર એલિસન તેને માટે સખત શબ્દોમાં ટીકા કરે છે. નેપલ્સના રાજાનો અપરાધ તે કબૂલ કરે છે, પણ તે લખે છે કે એવા અપરાધને માટે નેપોલિયન તેની પાસે ભારે દંડ લઈ શકત પણ તેની ગાદી ઝૂંટવી લેવા માટે નેપોલિયન પાસે સબળ કારણ ન હતું!

આવા કૃત્યથી પોતાના ઉપર આખા યૂરોપનો ક્રોધ ઉતરશે અને તેની સ્થિતિ વધારે ગુંચવણભરેલી થઇ પડશે તે નેપોલિયન જાણતો હતો; પણ નેપલ્સના રાજા જેવા બેવચની પાડોશીને ભવિષ્યમાં ખરી અણીને વખતે પાછળથી ઘા કરવા માટે રહેવા દેવો તેમાં પણ અત્યંત જોખમ હતું. પહેલા કરતાં પાછલું જોખમ તેને વધારે લાગ્યું, અને તેની ધારણા ખરી હતી. આ પ્રસંગ પછી તેણે એક દૃઢ સિદ્ધાંત બાંધ્યો કે જ્યારે આખો યૂરોપ તેની સામે લઢવા એકસંપી કરી બેઠો છે અને તેના ઉપર તૂટી પડવાની સારી તકનીજ રાહ જુએ છે, ત્યારે ફ્રાન્સની સલામતીને માટે તેની આસપાસનાં રાજ્યો તેના મિત્રોનાંજ હોવાં જોઇએ અને તેમને બને તેટલાં મજબૂત બનાવી દેવાં જોઇએ.

ફ્રાન્સના ઈશાન કોણમાં નીચો અને ભેજવાળો હોલેન્ડ દેશ છે. તેનો કેટલોક ભાગ તો સમુદ્રની સપાટી કરતાં પણ નીચો છે અને દરિયાનો ધસારો ન લાગે તે માટે ઘણી જગ્યાએ મજબૂત બંધ બાંધી લીધા છે. ત્યાંના લોકોએ પણ ફ્રાન્સનું અનુકરણ કરીને ઉમરાવોના દબાણમાંથી મુક્ત થવા રાજ્યવિપ્લવ કર્યો હતો. ઇંગ્લંડ અને તેનાં મિત્રરાજ્યો તેને પણ ફ્રાન્સની માફક સતાવવા લાગ્યાં. તેનાં સંસ્થાનો ઝુંટવી લીધાં, તેના વેપારની પાયમાલી કરી નાખી અને તેનાં બંદરોને ઘેરી લીધાં. શત્રુરાજ્યોનાં સૈન્ય સમુદ્રની ભરતીની પેઠે તે નાનકડા દેશ ઉપર ફરી વળ્યાં. હોલેન્ડ તેમની સામે એકલે હાથે ટક્કર લેવા અસમર્થ હતું. તેણે ફ્રાન્સની મદદ માગી. તેની મદદથી હોલેન્ડે પોતાનો બચાવ કર્યો, અને શત્રુઓને મારી હઠાવ્યા. જ્યારે ફ્રાન્સે

રાજ્યતંત્રમાં ફેરફાર કર્યો ત્યારે હોલેન્ડને પણ તેમ કરવાનું મન થયું. એકસરખી ભાવનાવાળાં આ બેઉ રાજ્યોને એકબીજાની મદદ જરૂરની હતી. હોલેન્ડે નેપોલિયનના ભાઇ લૂઇ બોનાપાર્ટને પોતાના રાજા તરીકે પસંદ કર્યો. લૂઇ ઘણો બુદ્ધિશાળી અને નીતિપરાયણ માણસ હતો. નિંદાખોરો પણ તેનું ભૂંડું બોલી શકતા નથી અને તેની પ્રજા તો તેને દિલોજાનથી ચહાતી હતી.

નેપોલિયને પોતાના બાળકની પેઠે ઉછેરેલું ઇટાલિનું નાનકડું રાજ્ય પોતાના સાવકા પુત્ર યુજીનને સોંપ્યું હતું. તેનાથી ઈટાલિની પ્રજા ઘણી સંતુષ્ટ હતી. હજી પણ તેઓ આ જમાનાને પોતાના દેશના ઇતિહાસના સારામાં સારા યુગ તરીકે ગણે છે. યુજીન હમેશાં નેપોલિયનની શિખામણ અને તેણે આદરેલી નીતિ પ્રમાણેજ રાજ્ય કરતો હતો. તેને વિષે એલિસન લખે છે કે “ત્યાંના લોકોને પોતાના દેશની વધતી જતી દોલતમાં, તેમના ઉદ્યોગનો વિકાસ થવામાં, અને કામ કરવાનું ક્ષેત્ર વધારે વિશાળ બનવામાં, એ ત્રણ શુભ પરિણામરૂપેજ તેમને આ નવી રાજ્યવ્યવસ્થાનું અસ્તિત્વ જણાતું હતું. તમામ હોદ્દાઓ, તેમજ સન્માન અને સારા પગારની જગ્યાઓ ત્યાંના દેશીઓનેજ મળતી. ભાગ્યેજ કોઇ પરદેશી માજીસ્ટ્રેટ કે મુલ્કી ખાતાનો અમલદાર ત્યાં જોવામાં આવતો.”

પિડમોન્ટના રાજ્યમાં પંદર લાખ માણસની વસ્તી હતી. આસ્ટ્રિયાની બેડીમાંથી તેઓ છૂટયા તેથી તેઓ ફ્રાન્સના આભાર નીચે આવ્યા હતા. તે લોકો પણ પોતાની રાજીખુશીથી ફ્રાન્સના રાજ્ય સાથે જોડાઈ ગયા. આ બધાં રાજ્યોની જવાબદારી લેતી વખતે નેપોલિયને ધારાસભાને જણાવ્યું હતું કે આપણે હોલેન્ડ, ઇટાલિ, જર્મની સ્વિટ્ઝર્લૅન્ડ એ અનેક મુલકોને એક રીતે જીત્યા છતાં આપણે તેમાંના એક સિવાય બીજા કોઇને અડકયા નથી; અને તે એકને પણ ફ્રાન્સની પ્રતિષ્ઠા જાળવવાની ખાતરજ. જર્મની અને આસ્ટ્રિયા પોલેન્ડ ખાઈ ગયાં, રશિયાએ તુર્કસ્તાન પાસેથી કેટલાક પ્રાંતો પડાવી લીધા, ઇંગ્લંડે હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય જમાવ્યું. આથી કરીને આપણે પણ જો કાંઇક ન રાખીએ તો બળનું ત્રાજવું છેકજ આપણી વિરુદ્ધ નમી જાય; છતાં આપણે તો ઘણાંખરાં રાજ્યોને તેમના પરરાજ્ય સાથેના સંબંધ સિવાય બીજી બધી બાબતમાં સંપૂર્ણ રીતે સ્વતંત્ર રહેવા દીધાં છે.

ઇટાલિમાં અનેક નાનાંમોટાં રાજ્યો હતાં. તેઓ કોઇ પોતાની સ્વતંત્રતા જાળવી શકે એવાં ન હતાં. નેપોલિયનની એક અભિલાષા એવી હતી કે એ બધાં રાજ્યોને એક કરીને જીર્ણશીર્ણ થઈ ગયેલી પ્રાચીન રોમન ચક્રવર્તીઓની પાટનગરી, યૂરોપીય સંસ્કૃતિની જનની રોમ નગરીને ઇટાલિનું મધ્યબિંદુ બનાવવું. ઇટાલિના લોકો પણ પ્રજાસત્તાક રાજ્ય પાછળ આટલા ઘેલા થઈ ગયા હતા કે પોતપોતાના રાજાઓને પદભ્રષ્ટ કરવાને માત્ર નેપોલિયનની સંમતિનીજ રાહ જોતા હતા. જ્યાં જ્યાં ફ્રાન્સનું

લશ્કર જતું ત્યાં ત્યાં તમામ લોકો તેમને પોતાના મિત્રો અને બંધનમુક્ત કરનારાઓ ગણતા; પણ આખા યૂરોપમાં રાજ્યક્રાંતિનો દાવાનળ સળગાવવાની નેપોલિયનની ઇચ્છા ન હતી. તેની સાથે તે એટલું પણ માગતો હતો હતો કે યૂરોપના અન્ય રાજાઓએ ફ્રાન્સને તેના પદભ્રષ્ટ થએલા અપ્રિય રાજાઓને પાછા બોલાવવાની ફરજ ન પાડવી. ઉપર કહેલી તમામ સંધિઓ અને ગોઠવણો ૧૮૦૨ અને ૧૮૦૬ ની વચ્ચેના વખતમાં થઇ હતી.

યૂરોપમાં તે વખતે ફ્રાન્સ આ દરજ્જે પહોંચ્યું હતું. એલિસન લખે છે કે "જ્યારે ઈંગ્લંડ પોતાના બળવાન હાથ પૃથ્વીના બેઉ ગોળાર્ધ ઉપર પ્રસારતું હતું ત્યારે ફ્રાન્સ યૂરોપના સારામાં સારા અને ફળદ્રૂપમાં ફળદ્રૂપ પ્રાંતોને પોતાના પંજામાં દબાવતું હતું. આવાં બે હરિફ રાજ્યો વચ્ચે જીવસટોસટનું યુદ્ધ થયા વગર રહેજ નહિ." હવે આ કથનમાં કેટલું સત્ય છે તે આપણે તપાસીએ. ઈંગ્લંડ આખી દુનિયામાંથી પ્રાંતો, રાજ્યો અને દ્વીપો જીતી જીતીને પોતાના રાજ્યને વધારતું હતું. તેની ધ્વજા હિંદુસ્તાનમાં, આફ્રિકામાં, ઉત્તર અમેરિકામાં, દક્ષિણ આફ્રિકામાં અને ત્રણે મહાસાગરના દ્વીપો ઉપર ફરકતી હતી. તેણે રશિયા, સ્વીડન, પ્રશિયા, આસ્ટ્રિયા, સ્પેન, પોર્ટુગાલ તથા અનેક નાનાં રાજ્યોની સાથે ફ્રાન્સની સામે લડવાના કોલકરાર કર્યા હતા; છતાં નેપોલિયન અત્યંત લોભી છે એમ કહીને ઈંગ્લંડ આખી દુનિયામાં તેને ફજેત કરતું. નેપોલિયને ત્રણ ચાર ક્ષુદ્ર રાજ્યો ફ્રાન્સ સાથે ત્યાંના લોકોની મરજીથીજ જોડી દીધાં અને હોલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ અને ઇટાલિ સાથે એકબીજાનો બચાવ કરવાના કોલકરાર કર્યા તેનેજ માટે તેને લોભી કહેવો, એ તો ભાષાનો દુરુપયોગ માત્ર છે. તેણે તો પોતાના ઘરને લૂંટારાઓથી બચાવવાને ફક્ત વધારે મજબૂત તાળું માર્યું હતું.

હવે નેપોલિયનના પ્રારબ્ધમાં એક અનિવાર્ય આફત નિર્માણ થએલી હતી. તે પોતે પણ તેનાથી અજાણ્યો ન હતો. યૂરોપનો ઉમરાવવર્ગ અને નિરંકુશ સત્તાધારી નૃપતિઓ પ્રજાસત્તાક ફ્રાન્સના કટ્ટા શત્રુ હતા. જો નેપોલિયને સ્વદેશનો બચાવ કરવા માટે ફ્રાન્સની સીમાનો વિસ્તાર ન કર્યો હોત અને પોતાની સાથે સહાનુભૂતિ રાખનારાં રાજ્યો સાથે એકસંપી ન કરી હોત તો યૂરોપના રાજાઓ તરતજ ફ્રાન્સને પાછું જૂના રાજાની ગુલામીમાં નાખત, અને નેપોલિયનને મૂર્ખ કહેત; પણ તેમ કરવા જતાં બીજી ઉપાધિ ઉભી થઇ. સમાન અધિકારના સિદ્ધાંતોનો ફેલાવો કરવા જતાં અને કેટલાંક રાજ્યોને ફ્રાન્સની દિવાલને ઠેકાણે મૂકતાં તે રાજાઓ ઉલટા વધારે ક્રોધે ભરાયા. ઈંગ્લંડ સિવાય યૂરોપના બધા રાજાઓ તે વખતે નિરંકુશ સત્તા ભોગવતા હતા. સ્વતંત્રતામાં ઈંગ્લંડ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોથીજ બીજે નંબરે આવતું હતું. છતાં ત્યાંનો ઉમરાવવર્ગ ફ્રાન્સની પ્રજાસ્વાતંત્ર્યની ભાવનાથી ઘણોજ

કરતો હતો. ખુદ પાર્લામેન્ટમાં પણ સારામાં સારા વક્તાઓ રાજ્ય કારોબારમાં લોકોને વધારે હિસ્સો મળે એવા સુધારાની જોરથી માગણી કરતા હતા. આયર્લેન્ડ બળવો કરવાની તૈયારીમાં હતું. વળી નેપોલિયનને તેની શક્તિને કામે લગાડવાની ફુરસદ મળે તો તે ફ્રાન્સનું બળ એટલું વધારી દે કે ઈંગ્લંડનું સમુદ્ર ઉપરનું સામ્રાજ્ય પણ ખોવાનો વખત આવે. આવાં આવાં કારણોને લીધે સ્વતંત્રતાનું ઉપાસક ઇંગ્લંડ પ્રજાના સ્વાતંત્ર્યને કચરી નાખવા કેડ બાંધીને તૈયારી કરનાર નિરંકુશ રાજાઓની જોડે સામેલ થયું હતું.

આખરે તેમની તે ધારણા સફળ થઇ, અને નેપોલિયનને બધાએ મળીને કચરી નાખ્યો; પણ તેના પરિણામે હવે યૂરોપની દશા શી છે તે જુઓ. હમણાં ત્યાં બે પ્રકારનાં માણસો વસે છે. જૂલમ કરનાર અને જૂલમ ખમનાર × નેપોલિયન કહેતો કે “એક દિવસ એવો આવશે કે ઈંગ્લંડને વૉટર્લુની જીતમાટે રડવું પડશે.” વૉટર્લુ ! અજાયબ જેવા સંજોગોથી પ્રારબ્ધ ફર્યું અને નેપોલિયનની પૂરેપૂરી હાર થઈ! છતાં હારનારની કીર્તિ જરા પણ ઝાંખી ન થઇ, અને જીતનારની કીર્તિ હતી તે કરતાં વધી નહિ. એકની કીર્તિ અક્ષય રહેશે ત્યારે બીજાની તેની જીતની નીચેજ દટાઇ જશે એક અંગ્રેજ લખે છે કે “જ્યારે મેં વૉટર્લુના સંગ્રામનું પરિણામ જાણ્યું ત્યારે મને થયું કે દુનિયાની પ્રગતિ છ જમાના પાછળ હઠી ગઇ.”

પોતાની હાલની સ્થિતિ અનિશ્ચિત હોવાની વાત નેપોલિયન સારી પેઠે જાણતો હતો. એટલા માટેજ સમુદ્રકિનારા ઉપર એક ઘણો મજબૂત કિલ્લો બંધાવવાની તેણે જોસેફને આગ્રહ સાથે સૂચના કરતાં લખ્યું હતું કે “એ કામ પાછળ દરવર્ષે પચાસથી સાઠ લાખ ફ્રાન્કનો ખર્ચ કરવો પડે તો કરવો, કે જેથી કરીને કદાચ બે કે ત્રણ વર્ષ પછી તમે એ કિલ્લાનો નિશ્ચિંતપણે આશ્રય લઇ શકો. આપણા માથા ઉપર બે, ત્રણ, કે ચાર વર્ષ પછી શી શી વિપત્તિઓ પડવાની છે તેની અત્યારે તમને કે મને ખબર નથી, પણ આપણે સૈકાઓ સુધી તો ટકી રહેવાના નથીજ.” પોતાના ઉદયની પૂર્ણ જાહેજલાલીમાં તેણે એક મિત્રને કહ્યું હતું કે “જીંદગીની વારાફેરી વિચિત્ર છે. કદાચ મારોજ છોકરો એવી હાલતમાં આવી પડે કે છ હજાર ફ્રાન્કની વાર્ષિક આવકથી પણ તે પોતાને નશીબદાર માને.”

આ બનાવો બન્યા ત્યાર પહેલાં બાર વર્ષ અગાઉ સ્પેન અને ફ્રાન્સ વચ્ચે

× ઈશ્વરની કૃપાથી છેલ્લા મહાયુદ્ધને પરિણામે રશીયન પ્રજા એ ગુલામીમાંથી છૂટી છે અને દુનિયામાં સર્વત્ર મુડીવાદ અને તેની ગુલામીપ્રત્યે ધિક્કાર ફેલાવા માંડયો છે. પોતાના ફાંટાને માટે પ્રજાનાં સત્યાનાશ વાળનારા સમ્રાટો રશીયા, જર્મની, તુર્કસ્તાના અને ઇરાનમાંથી દૂર થયા છે, અને હિંદુસ્તાન પણ અંગ્રેજોના અન્યાયને અથવા તો તેમના રાજ્યને ટાળવા ઇચ્છી રહ્યું છે. સંપાદક.

એવો કરાર થયો હતો કે લડાઇ વખતે સ્પેને ફ્રાન્સને અમુક લશ્કર પૂરૂં પાડવું. ત્યાર પછી તે સરતમાં એવો ફેરફાર કર્યો કે લશ્કરને બદલે દર વર્ષે સાડાસાત કરોડ ફ્રાન્કની ખંડણી આપવી. એક તટસ્થ રાજ્ય આ પ્રમાણે પોતાના શત્રુને ખંડણી આપે તે ઈંગ્લંડથી સહન થયું નહિ. સ્પેનની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ. જો ખંડણી આપવી ચાલુ રાખે તો ઈંગ્લંડનો કાફલો તેનાં બંદરો તારાજ કરી નાખે અને જો બંધ કરે તો ફ્રાન્સ તેને જંપવા ન દે. લાંબા વખતસુધી ઈંગ્લંડ અને સ્પેન વચ્ચે રકઝક ચાલી; એવામાં ઈંગ્લંડે લડાઇ જાહેર કર્યા વગરજ સ્પેનનાં વેપારી વહાણો જ્યાં દીઠાં ત્યાંથી પકડવા માંડ્યાં. ચાર વેપારી વહાણ માલથી ભરેલાં કૅડિઝ બંદરે જતાં હતાં તેના ઉપર અંગ્રેજોનાં ચાર લડાયક વહાણોએ હુમલો કર્યો. એકને તો તોપને ગોળે ઉડાવીજ દીધું અને તેમાં બેઠેલાં અઢીસો માણસો ડૂબી મુઆં. બાકીનાં ત્રણને કેદ પકડયાં. તેમાંના પણ ઘણાં માણસોના જાન લીધા. આ પ્રસંગે ઈંગ્લંડને એકંદર શિકાર પાંચ કરોડ ફ્રાન્કનો મળ્યો.

આ કૃત્યને માટે ઈંગ્લંડની પાર્લામેન્ટમાં ખૂબ ચર્ચા થઈ. ફૉક્સ, ગ્રેન્વિલ વગેરે આગેવાનો અને ઘણા ખરા લોકો આ કૃત્યને ધિક્કારવા લાગ્યા અને તેને અનુમોદન આપીને પ્રધાનમંડળે પ્રજાની આબરૂને ભારે બટ્ટો લગાડ્યો છે, એવો સખત આક્ષેપ મૂક્યો. પ્રધાનમંડળે તો હમેશાં એકજ જવાબ ગોખી રાખ્યો હતો કે આ પગલું સકારણ અને જરૂરનું હતું. સ્પેને તરતજ ઈંગ્લંડની સાથે લડાઇ જાહેર કરી. ફ્રાન્સ અને સ્પેનનો કાફલો ટ્રફાલ્ગરની ભૂશિર આગળથી પસાર થતાં ઈંગ્લંડનું નૌકાસૈન્ય ત્યાં આવી પહોંચ્યું અને દારુણ યુદ્ધ શરૂ થયું. ફ્રાન્સ અને સ્પેન બેઉનાં વહાણોનો સંપૂર્ણ નાશ થઇ ગયો. ઓગણીશ વહાણ કેદ પકડાયાં અને સાતેક વહાણ તદ્દન ભાગીતૂટી હાલતમાં નાસીને કૅડિઝ બંદરે જઇ પહોંચ્યાં. આ બનાવ ૧૮૦૫ ના અકટોબરની ૨૧ મી તારીખે એટલે અલ્મ આગળ આસ્ટ્રિયનો શરણે આવ્યા તેને બીજેજ દિવસે બન્યો. પરિણામે ઈંગ્લંડનો સમુદ્ર ઉપરનો અધિકાર કાયમ રહ્યો. અને તેના ઉપર આક્રમણ કરવાનાં નેપોલિયનનાં સ્વપ્ન ઉડી ગયાં. હવે તો ઈંગ્લંડ પ્રહાર કરે તેની સામે પોતાનો બચાવ કરવાનુંજ તેના હાથમાં રહ્યું, અને તેથી કરીને ફ્રાન્સની આસપાસ મિત્રરાજ્યોનો મજબૂત કોટ તેણે ગોઠવી દીધો.

પરંતુ ટ્રફાલ્ગરનો પરાજય આસ્ટર્લિટ્ઝના વિજય આગળ ભૂલાઇ ગયો. દરિયાઇ સંગ્રામની ગર્જના તો સમુદ્રના ગર્જનમાંજ સમાઇ ગઈ, પણ નેપોલિયનના અપરાજિત સૈન્યનાં ધરણી ધ્રૂજવતાં પગલાંનો અવાજ યૂરોપની એકે એક રાજધાનીમાં સંભળાયો. આસ્ટર્લિટ્ઝના આઘાતથી હતાશ થઇને પિટ્ટ મરણ પામ્યો. તે પછી લોકમતનું પૂર ફૉક્સની તરફેણમાં એવું પ્રબળ હતું કે આખરે રાજાને નમવું પડ્યું અને ફૉક્સ મુખ્ય પ્રધાન થયો. તેને અને નેપોલિયનને મૈત્રી હતી. ઈંગ્લંડનો લોક-

વર્ગ પણ સલાહ કરવાની તરફેણમાં હતો. આ પ્રમાણે સંજોગો અનુકૂળ થયા હતા અને હવે ફરીથી સુલેહ થઇ શકશે એવી નેપોલિયન આશા રાખવા લાગ્યો.

ફૉકસ મુખ્ય પ્રધાન થયા પછી એક ચંડાળ તેની પાસે આવ્યો અને કહ્યું કે મને રજા આપો તો હું જઇને નેપોલિયનનું ખૂન કરૂં. આવા માણસોને પ્રથમ પ્રધાનો તરફથી ઉત્તેજન મળતું હતું, તેથીજ આ માણસે તેની પાસે આવવાની, અને આવી વાત કરવાની હિંમત ચલાવી. ફૉકસે તેને કેદ પકડાવ્યો અને ફ્રેંન્ચ સરકારને ઉદારતા ભરેલો પત્ર લખ્યો. આ સૌજન્યની નેપોલિયનના મન ઉપર ઘણી અસર થઈ અને તેણે ફૉકસની મુક્તકંઠે સ્તુતિ કરી. તેણે કહ્યું કે “મિસ્ટર ફૉકસને કહેજો કે ગમે તો તમારા રાજાની નીતિને લીધે બેઉ દેશ વચ્ચે લડાઇ ચાલુ રહે અને ગમે તો બેઉ પ્રજાની મરજીને અનુસરીને તેની તરત પતાવટ કરવામાં આવે; પરંતુ તમારા આ કૃત્યથી તો હું ઘણોજ પ્રસન્ન થયો છું.” આ સંદેશો ફૉકસને મળતાંજ તેણે નેપોલિયનપર સરળતાથી મૈત્રીનો પત્ર લખ્યો અને સલાહની માગણી કરી. નેપોલિયને તેટલીજ સુજનતાથી તેનો સ્વીકાર કર્યો.

પણ સલાહની સરતોનો નિર્ણય કરવામાં ઘણી મુશ્કેલીઓ હતી. ફ્રાન્સમાં નેપોલિયનનો પ્રભાવ એટલો બધો હતો કે તે તો જે કાંઈ સરતો નક્કી કરે તે ફ્રેન્ચ પ્રજા મંજૂર કરે એમજ હતું; પણ ફૉકસની સ્થિતિ જૂદા પ્રકારની હતી. તેની આસપાસ એક તત્ત્વ એવું અનિષ્ટ હતું કે તેમને તો સલાહજ કરવી ન હતી. તેમનું બળ જેવું તેવું ન હતું. લડાઇ દરમ્યાન ઈંગ્લંડે ફ્રાન્સનાં તેમજ તેનાં મિત્રરાજ્યોનાં ઘણાં સંસ્થાનો જીતી લીધાં હતાં. ઈંગ્લંડને તે છોડવાં ન હતાં. પણ ફ્રાન્સે જે મુલક જીત્યા હતા તે તો તેણે છોડીજ દેવા, એવી ઈંગ્લંડની માગણી હતી. આ ઉપરાંત એક બીજી પણ તકરારી બાબત હતી. ઈંગ્લંડને એવી ઇચ્છા હતી કે અમારાજ દેશનાં કારખાનાં આખી દુનિયાને તૈયાર માલ પૂરો પાડે અને આખી દુનિયાની પ્રજાઓ અમારી ગ્રાહક થાય; વળી દેશાવર તો જતો આવતો માલ પણ અમારાંજ વહાણ લઇ જાય અને લાવે. નેપોલિયન સલાહ કરવા ઉત્સુક હતો પણ ફ્રાન્સને ઈંગ્લંડનું તાબેદાર અને લૂટનાર બનાવવા માગતો ન હતો. ફ્રાન્સના ઉછરતા ઉદ્યોગને ઈંગ્લંડની હરિફાઇમાંથી બચાવવા માટે પોતાનાં બંદરોમાં આયાત થતા ઈંગ્લિશ માલ ઉપર જકાત મૂકવીજ જોઇએ, એમ તે ચુસ્તપણે માનતો હતો. **જે અબાધિત વ્યાપારની નીતિએ હિંદુસ્તાનની પાયમાલી કરી નાખી તે નીતિ તેને પસંદ ન હતી.** તેને તો ફ્રાન્સના ઉગતા ઉદ્યોગોનું રક્ષણ કરવાને માટે જકાતરૂપી દિવાલની આડ બાંધવી હતી. જે ઈંગ્લંડને પસંદ પડે એમ હતુંજ નહિ. આવા સંજોગોમાં નેપોલિયને ફૉકસને પોતાના પ્રધાન મારફતે કહેવડાવ્યું કે “ઈંગ્લંડે જે કાંઇ જીત્યું હોય તે ભલે તેની પાસે રહે અને અમારી પાસે હાલ છે તે કરતાં અમે કાંઇ વધારે

લેવા માગતા નથી. વળી તમારા દેશને વ્યાપારને લગતા બની શકે તેવા અમુક ફાયદાઓ આપવાની સાથે ફ્રાન્સના ઉદ્યોગને હાનિ પહોંચે એવી તો કોઇ પણ સરત અમે કબૂલ કરનાર નથી. અમારા દેશના ઉદ્યોગના રક્ષણમાટે તો અમારે પરદેશના માલને કાં તો આયાત થતો સદંતર અટકાવવો પડશે અથવા તો તેનાપર જકાત નાખવી પડશે. અમારા દેશમાં અમે અમારી મરજી મુજબ વર્તીએ અને કોઇ પણ હરિફ પ્રજા તેમાં હરકત કરી શકે નહિ.

ફૉકસ અને નેપોલિયન વચ્ચે જે વિવેકભર્યો પત્રવ્યવહાર ચાલ્યો તે ખરેખર આત્માને સંતુષ્ટ કરે તેવો છે. દરેક સરકારી કાગળ જોડે ફૉકસ પોતાના તરફથી મિત્રભાવે ખાનગી પત્ર પણ મોકલતો અને નેપોલિયન તરફથી તેને પણ તેવાજ રૂપમાં ઉત્તર મળતો. લડાઇની શરૂઆતમાં નેપોલિયને ઘણા અંગ્રેજ ગૃહસ્થોને કેદ પકડયા હતા. ફૉકસે તેમને છૂટા કરવાની પ્રાર્થના કરી, જેનો નેપોલિયને તરતજ સ્વીકાર કર્યો; અને તેના બદલામાં ફૉકસે તેટલા ફ્રેન્ચ કેદીઓને પણ મુકત કર્યા.

વળી બીજી પણ એક મોટી મુશ્કેલી સલાહની વચમાં આવીને ઉભી નેપોલિયને ઇંગ્લંડના રાજાનું હેનોવર જીતી લીધું હતું અને આસ્ટર્લિટ્ઝના યુદ્ધ પછી તે મુલક તેણે પ્રશિયાને આપી દીધો હતો. ઇંગ્લંડે પોતાની પ્રતિષ્ઠાની ખાતર હેનોવરની માગણી કરી. પણ પ્રશિયાનો રાજા તે પાછું આપે એવો ન હતો. તેના બદલામાં તેને બીજું કાંઇક આપવાની ગોઠવણ નેપોલિયન કરતો હતો અને રાજખટપટની જાળ ઘણી ગુચવાઇ ગઇ હતી, તેવામાંજ ફૉકસ એકાએક માંદો પડયો અને મરણ પામ્યો. જગતની સુલેહશાંતિ પણ તેની સાથે તેની કબરમાંજ દટાઇ. ઇંગ્લંડનું પ્રધાનમંડળ બદલાઇ ગયું અને સુલેહના વિરોધીઓનું જોર વધ્યું. ઇંગ્લંડ તરફથી નવા નવા વાંધા ઉઠાવવામાં આવ્યા અને પારિસ આવેલા અંગ્રેજ એલચીઓએ સ્વદેશ જવાના પરવાના માગ્યા. સલાહની વાત ઉડી ગઇ અને લંડનના શેર બજારના વેપારીઓ લડાઇની વધામણીથી આનંદમાં આવીને હાથ હાથ કુદવા લાગ્યા.

ફૉકસના મરણને નેપોલિયન પોતાના ઉપરની મોટામાં મોટી આપત્તિરૂપ ગણે છે. તેના ચારિત્ર્ય માટે તેણે ઘણોજ ઉંચો અભિપ્રાય દર્શાવ્યો છે. તે કહે છે કે “જો તે જીવ્યો હોત તો જૂદાજ પ્રકારના બનાવ બનવા પામત. પ્રજાપક્ષનો વિજય થાત અને યૂરોપમાં નવીન યુગ મંડાત.”

प्रकरण ३३ मुं–जेनानुं युद्ध

વળી પાછા ઇંગ્લંડ, રશિયા, અને પ્રશિયા નેપોલિયનની સામે લઢવા માટે એકત્ર થયાં. લડાઇ ચાલુ કરવાને તેમની પાસે કશું બહારથી બતાવવા જેવું પણ બહાનું ન હતું. નેપોલિયન ફ્રાન્સનો આંતરિક વિકાસ કરવા પાછળ મંડયો હતો અને તેને માટે સુલેહની જરૂર હતી. તેણે આટલી મોટી જીત મેળવી છતાં સલાહ કરતી વખતે તેણે એવી નરમાશ બતાવી હતી કે તે જોઇને આ ત્રણે રાજ્યોએ શરમાવું જોઇતું હતું. તે ઉપરાંત " મોનિટયૂર " પત્રમાં—ઘણું કરીને નેપોલિયનનોજ લખેલો એક સમર્થ લેખ પ્રકટ થયો. યૂરોપે તેનો ઉત્તર લડાયક વહાણોની તોપોના ધડાકાથી અને લશ્કરના ધસારાથી આપ્યો. તે લેખનો મુખ્ય ભાગ આ પ્રમાણે છેઃ–" ફ્રાન્સ અને રશિયાએ લઢવુંજ શામાટે જોઇએ ? બેઉ પૂરેપૂરાં સ્વતંત્ર રાજ્યો એક બીજાને નુકસાન કરવાને બદલે અરસપરસ લાભ આપવાનું સામર્થ્ય ધરાવે છે. જો ફ્રાન્સના શહેનશાહે ઇટાલિમાં ઘણી લાગવગ મેળવી હોય તો રશિયાનો ઝાર ઇરાન અને તુર્કસ્તાનમાં એથી પણ વધારે સત્તા ધરાવે છે તેનું શું ? ફ્રાન્સે પોતાની સત્તા કેટલે સુધી વધારવી તે નક્કી કરવાનો હક્ક જો રશિયાના ઝારને હોય તો પછી રશિયાએ કેટલેસુધી આગળ વધવું તે ફ્રાન્સનો શહેનશાહ નક્કી કરી શકે કે નહિ ? રશિયા પોલેન્ડ પચાવી બેઠું છે અને ક્રિમિયા, કાકેસસ અને ઇરાનની ઉત્તરનો પ્રદેશ પણ તેણે દબાવ્યો છે; છતાં ફ્રાન્સની પાસે બેલ્જીયમ અને ર્હાઇનના પશ્ચિમ કિનારાનો પ્રદેશ છે તે રશિયાની આંખમાં ખૂંચે છે ! એક હરિફ રાજ્ય પોતાનું બળ વધાર્યા કરે તો પછી સ્વરક્ષણને માટે ફ્રાન્સને પણ પોતાનું બળ વધારવાનો હક્ક ખરો કે નહિ ? નહિ તો છેલ્લાં પચાસ વર્ષમાં દરેક રાજ્યે જે કાંઇ મેળવ્યું હોય તે બધા ઉપરથી દરેકે પોતપોતાનો હાથ ઉઠાવવો એવો ઠરાવ બધાં રાજ્યો કરતાં હોય તો તે પણ ફ્રાન્સને કબૂલ છે. પોલેન્ડને તેની સ્વતંત્રતા પાછી આપો, વેનિસ પાછું તેના શહેરીઓને સોંપી દો, ટ્રિનિડાડ સ્પેનને પાછું આપો, સિલોન વલંદાઓને આપો, કાકેસસ અને જીયોર્જિયા ઇરાનને આપો. મૈસુર ટીપુ

સાહેબના શાહજાદાઓને આપો. મરાઠા રાજ્યો તેમના અસલ રાજ્યકર્તાઓને આપી દો. આટલું કરો અને પછી ફ્રાન્સને તેની જૂની હદસુધી હઠી જવાનું કહેવા આવો. ફ્રાન્સના લોભને વગોવવાની તો હમણાં હમણાં ચાલુ રુઢિજ પડી ગઇ છે. જો ફ્રાન્સે જીતેલો બધો મુલક પોતાને કબજે રાખ્યો હોત તો અરધું આસ્ટ્રિયા, વેનિસ, હોલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ બધુંજ તેની પાસે હોત. છતાં ફ્રાન્સે તો પોતાની હદ હ્રાઇન નદીવડેજ બાંધી લીધી છે.”

અલ્મના સંગ્રામ વખતે લડાઇની જરૂરીઆતને લીધે પ્રશિયાની હદમાં થઇને એક લશ્કરી ટુકડી મોકલવાની નેપોલિયનને જરૂર પડી હતી, અને તેમ કર્યા સિવાય તેને બીજો ઇલાજ ન હતો. આ હકીકત પ્રશિયાના રાજાને જણાવવા માટે તથા તેની માફી માગવા માટે નેપોલિયને પોતાના એક સેનાપતિને ખાસ બર્લિન મોકલ્યો હતો. રાજાએ તો જરા તોછડાઇ બતાવીને આ વાત બાજુએ મૂકી પણ તેની ખૂબસુરત અને શૂરવીર રાણીએ રાજ્યના તમામ લડાયકવર્ગને ઉશ્કેર્યો અને કહ્યું કે આવા અપમાનની શિક્ષા તો તલવારથીજ કરવી જોઇએ. ફ્રાન્સની સાથે લડાઇમાં ઉતરવાનું આ સિવાય પ્રશિયાને બીજું કશું કારણ ન હતું.

યૂરોપમાં હાલની માફક તે વખતે પણ બે વર્ગ હતા—ઉમરાવવર્ગ અને સામાન્ય જનસમૂહ. નેપોલિયનના વિજયમાં જનસમૂહનો વિજય હતો. રશિયાનો ઝાર જુવાન, મહત્ત્વાકાંક્ષી અને કરોડોની વસ્તીવાળા મુલકનો નૃપતિ હોવાથી આસ્ટર્લિટ્ઝના પરાજયનું કલંક ધોઇ નાખવા ઘણો આતુર હતો. પ્રશિયાને તેની શૂરવીર અને જાજ્વલ્યમાન રાણી ઉશ્કેરતી હતી અને પૃથ્વીનો પાંચમો ભાગ દબાવી બેસનાર ઇંગ્લંડ ‘ફ્રાન્સના અપાર લોભ’ની સામે ચાલુ પોકાર કર્યાજ કરતું હતું.

પ્રશિયાનું બે લાખ માણસોનું સૈન્ય ત્યાંના રાજા ફ્રેડરિક વિલિયમની સરદારી નીચે ફ્રાન્સ તરફ ચાલતું થયું. “આપણે તો દરેક કાયદેસર રાજાના હિતાર્થે લઢીએ છીએ. માટે તેવા તમામ રાજાઓએ આ કામમાં મદદ કરવી જોઇએ.” પ્રશિયાના રાજાનો આ સંદેશ હતો. રશિયાના ઝારે પણ અસંખ્ય જંગલી અને ઝનુની રશિયનોને સાથે લઇ પોલેન્ડમાં થઇને પ્રશિયા સાથે એકત્ર થવા માટે ઉતાવળે પગલે કુચ કરવા માંડી. તેની પાસે પણ બે લાખ માણસો હતાં. ઇંગ્લંડનાં વહાણ તેના રિવાજ પ્રમાણે ફ્રાન્સનાં બંદરોની ખબર લેવા લાગ્યાં અને તેણે પોતાનાં નાણાં તથા લાગવગવડે બીજાં પણ કેટલાંક રાજ્યોને આ બળવાન એકસંપીમાં ઉતાર્યાં.

ફ્રાન્સની આસપાસ ઘેરાતાં તોફાનનાં વાદળાં નેપોલિયને ઉંડા ખેદસહિત જોયાં. હમણાંજ તેણે એક વિગ્રહ પૂરો કર્યો હતો અને હારેલા શત્રુઓ સાથે અપૂર્વ ઉદારતા બતાવી હતી. કાયમની સલાહ કરવાની તે આશા રાખતો હતો. તેને બદલે યુદ્ધનો ભેરીનાદ સાંભળી તેનું હૃદય ખિન્ન તો થયું પણ તરતજ તેનું આત્મબળ

ઝળકી નીકળ્યું. એક કલાકમાંજ નિરાશાપૂર્ણ વિચારોને ફેંકી દઇને સિંહની માફક યાળ ખંખેરીને તૈયાર થઈ ગયો. હોલેન્ડ અને નેપલ્સમાં રાજ્ય કરતા પોતાના ભાઇઓને તેણે લખ્યું કે " તમે જરા પણ ચિંતા કરશો નહિ. આ લડાઇનો જલદીજ અંત આવી જવાનો છે. પ્રશિયા અને તેના મિત્રો ગમે તે હશે તોપણ તે બધાને હું કચરી નાખીશ. આ વખતે હું યૂરોપની સાથે છેવટનો ફેંસલો કરી દઈશ. બીજાં દશ વર્ષસુધી તેઓ ઉંચી ડોકી ન કરી શકે તેવી સ્થિતમાં હું મારા શત્રુઓને લાવી મૂકનાર છું."

પછી તેણે પોતાના ઓરડાનાં બારણાં બંધ કરીને અડતાળીશ કલાકસુધી બેસીને લડાઇની યોજના અને તેને લગતી ઝીણામાં ઝીણી વિગત લખીને નક્કી કરી દીધી. ત્યાર પછી લાગલાગટ બે દિવસસુધી બેસીને આશરે બસેં કાગળો તેણે લખાવ્યા. આ બધા કાગળો સચવાઇ રહ્યા છે. રાજ્યો અને સૈન્યોની વ્યવસ્થા કેમ કરવી તેના પાઠ શીખનારને માટે તે આદર્શરૂપ છે. રોજના સાઠ માઇલની મજલ કરીને ૭ દિવસમાં બાદશાહી સ્વારોનું લશ્કર હ્રાઇનને કિનારે પહોંચી ગયું. ૧૮૦૬ના સપ્ટેંબરની ૨૪ મી તારીખે મધરાતે નેપોલિયને પણ પારિસ છોડયું. ફ્રાન્સની હદસુધી જોસેફાઇન તેની સાથે આવી હતી. છુટાં પડતી વેળા તેની આંખમાં આંસુ ભરાઇ આવેલાં જોઇ એક પળવાર નેપોલિયનનું હૃદય પણ ક્ષુબ્ધ થયું, અને એક સ્નેહપૂર્ણ પતિમાં હોવી જોઇએ તેવી કોમળ લાગણીઓ તેનામાં ઉભરાઈ આવી.

નેપોલિયને લશ્કરની સરદારી લીધી અને હમેશની માફક ચાલાકીભરેલી હીલચાલો કરીને શત્રુસૈન્યને ગુંચવી નાખ્યું. પોતાનું બધું લશ્કર શત્રુની પાછળ લાવીને તેમને અનાજ તથા યુદ્ધસામગ્રી મળવાનો તથા પરાજય વખતે નાસવાનો માર્ગ તેણે બંધ કરી દીધો. હવે તેને ફતેહની પૂરેપૂરી ખાત્રી હતી, તોપણ નાહક મનુષ્યહત્યા ન થાય તેટલા માટે પ્રશિયાના રાજાને એક પત્ર લખ્યો તેમાં તેણે લખ્યું હતું કે તમે મારી આગળ ટકી શકવાના નથીજ. આપણે લઢીએજ શામાટે ? મારા હજારો પુત્રોના લોહીથી મેળવેલી ફતેહ ઉપર મને મોહ નથી. હજી તમને કશું નુકસાન થયું નથી. હજી તમારે માટે સ્વમાન સચવાય એવી સલાહ કરવાનો વખત છે. એક મહિના પછી પણ તમારે સલાહ તો કરવી પડશે પણ તે વખતે તમારી સ્થિતિ બદલાઈ ગઈ હશે. માણસોના વિના કારણ કતલ થતી અટકાવવા સિવાય આ પત્ર લખવાનો મારો કશો હેતુ નથી; પરંતુ તેનો પ્રશિયાના રાજા તરફથી કશો જવાબ મળ્યો નહિ. જે અમલદારના હાથમાં એ પત્ર ગયો હતો તેણે તે પોતાના રાજાને લડાઇને દિવસેજ આપ્યો એમ કહેવાય છે.

પ્રશિયન લશ્કર જેના અને ઑર્સ્ટૅટના મેદાનમાં મજબૂત મોરચો બાંધીને પડયું હતું. નેપોલિયન પોતાના સૈન્યના આગલા ભાગ સાથે ત્યાં આગળ તેરમી અકટોબરે

સાંજે આવી પહોંચ્યો. આકાશ સ્વચ્છ હતું અને આથમતા સૂર્યનાં કિરણ એક લાખ પ્રશિયન યોદ્ધાઓનાં ઝળકતાં શસ્ત્રોપર પડીને ચમકી રહ્યાં હતાં. અઢાર હજાર સ્વારો તેજી અને પાણીદાર ઘોડાઓ ઉપર સ્વાર થઇને હારબંધ ઉભા હતા. ત્રણસેં ભારે તોપોનો સમૂહ ગોઠવાઇ ગયો હતો. પ્રશિયન ફોજનો અગ્ર ભાગ પાસેની સીધી અને ઉંચી ટેકરીપર હતો. નેપોલિયને ત્યાંથી તેમને મારી હઠાવીને ટેકરી કબ્જે કરી લીધી અને આખી રાત દારુણ પરિશ્રમ કરીને ભારે ભારે તોપોને ટેકરીને મથાળે લાવીને ગોઠવી દીધી. સિપાઇઓને ઉત્તેજન આપવા નેપોલિયન પોતે હાથમાં ફાનસ લઇને રસ્તો સરખો કરવા માટે સુરંગ ફોડવા અને તોપ ખેંચવા મંડી ગયો, અને આસ્ટ્રિયનો જે કામને અસંભવિત માનતા હતા તે થઇ ગયું. સવાર પડતાંજ છેવટની લડાઇ થશે એમ હોવાથી છુટી છવાઇ ફ્રેન્ચ ટુકડીઓને આ જગ્યાએ બોલાવી લાવવા સ્વાર પર સ્વાર દોડાવી મૂકયા. આખી રાત ફ્રેન્ચ લશ્કર આવતું ગયું. પ્રશિયનોને પાછળથી ઘેરી લેવા નેપોલિયને પોતાના બે સરદારોને આખી રાત કુચ કરવાનો હુકમ કર્યો. આ પ્રમાણે **આવતી કાલે કરવાની જબ્બરદસ્ત લડાઇને માટે બધી વ્યવસ્થા કર્યા પછી તે નિરાંતે પારિસની એક કન્યાશાળાનો અભ્યાસક્રમ અને નિયમો ઘડવા બેઠો.** આ અજાયબ જેવા પુરુષના મગજનું બંધારણ કેવું વિશિષ્ટ પ્રકારનું હતું તે આ બનાવ ઉપરથી પણ સારી રીતે સમજાય છે. લડાઇના જોખમભરેલા મામલા વખતે પણ પોતે સ્વસ્થ ચિત્તે બીજાં કામ કરી શકે છે એવો દેખાવ કરવાનો તેનો હેતુ ન હતો. **તે ગમે તેવા અગત્યના વિષયમાંથી પણ ચિત્તવૃત્તિને ખેંચી લઇને તેને પૂર્ણ એકાગ્રતાથી બીજા વિષયમાં પરોવી શકતો.** યુદ્ધ ઉપર તેને કદી મોહ હતોજ નહિ. તેની બુદ્ધિને, તેની કેળવાયલી રસજ્ઞતાને દેશની આંતરિક ઉન્નતિનાં કાર્યો વધારે અનુકૂળ હતાં અને એવા પ્રકારનાં **જે જે સંગીન સુધારણાનાં કામ તેણે કર્યાં છે તે સઘળાં તેને લડાઈના વખતમાંથી ગમે તેમ કરીને થોડો થોડો વખત બચાવીનેજ કરવાં પડયાં છે.** યૂરોપના રાજાઓએ તેને પોતાની તલવાર બાજુએ મૂકવા દીધીજ ન હતી.

મધ્યરાત્રિ થઇ હતી. તેના લશ્કરની આસપાસ શત્રુસૈન્યની અસંખ્ય તાપણીઓ છેક દષ્ટિમર્યાદાસુધી ઝબુકતી હતી. તે ડગલો ઓઢીને સામાન્ય સિપાઇની માફક એકાદ કલાક આરામ લેવા જમીન ઉપર સૂતો હતો. સ્વદેશથી તે સેંકડો માઇલ દૂર હતો. આવતી કાલની લડાઇના પરિણામપર તેના રાજ્યનું ભાવિ અવલંબતું હતું. જગતમાં સૌથી બળવાન ગણાતાં ત્રણ રાજ્યો–ઈંગ્લંડ, પ્રશિયા અને રશિયા એ ત્રણ એકત્ર થઇને લઢવા આવ્યાં હતાં. જો હાર થાય તો સ્વીડન, આસ્ટ્રિયા અને બીજાં નાનાં રાજ્યો પણ પ્રજાના ચૂંટેલા રાજા ઉપર તૂટી પડે અને તેની પાયમાલી કરી

નાખે એમ હતું.

એવામાં શત્રુની છાવણીમાં જતા કેટલાક ઘણાજ અગત્યના પેગામો તેનાં માણસોએ ઝુંટવી લઇને તેના હાથમાં મૂક્યા. ઉંઘમાંથી ઉઠીને તે કાગળો તાપણીને અજવાળે વાંચવા બેઠો. તેમાં માઠા સમાચાર હતા. ટ્રફાલ્ગરની લડાઇથી ડરીને સ્પેન ફરીને ઈંગ્લંડના પક્ષમાં ગયું હતું, એટલુંજ નહિ પણ ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે આવેલો પિરીનીઝ પર્વત ઓળંગીને સ્પેનનું લશ્કર નેપોલિયનની મુસ્કેલીઓમાં વધારો કરવા માટે ફ્રાન્સમાં આવવાની તૈયારી કરતું હતું. આ પેગામ વાંચીને તેણે નિશ્ચય કર્યો કે " સ્પેનની ગાદી ઉપર બુર્બોન રાજાઓને ઠેકાણે મારા વશંનો રાજાજ બેસશે." તેમ કર્યા સિવાય તેની સ્થિતિ સલામત ન હતી. તે દિવસથી સ્પેનના રાજાઓનું ભાવિ નિર્માણ થઇ ગયું. પેગામ વાંચીને તરતજ તાપણી તરફ પગ રાખીને જાણે પોતાના મહેલમાંજ સૂતો હોય તેમ તે ઘસઘસાટ ઉંઘી ગયો.

ચાર વાગતાં ઉઠીને પાછો તે ઘોડા ઉપર સ્વાર થયો. ઘાડું ધુમ્મસ વરસતું હતું તેને ઓથે બધું ફ્રેન્ચ લશ્કર વ્યૂહબદ્ધ થઇને ઉભું રહ્યું. તેમની પાસે થઇને જ્યારે જ્યારે નેપોલિયન પસાર થતો ત્યારે " શહેનશાહ ઘણું જીવો " એવી દીર્ઘ ગર્જના થતી. ઠંડીથી ઠરી ગએલા ધ્રૂજતા સિપાઇઓ છેલ્લી આજ્ઞાની રાહ જોતા ઉભા રહ્યા. છ વાગે યુદ્ધ શરૂ થયું અને સંગીન ફ્રેન્ચ ટુકડીઓએ પોતાના ધસારાથી શત્રુસૈન્યના વ્યૂહને એકેએક ઠેકાણેથી ભેદી નાખ્યો.

ત્યાર પછી કલમથી જેનું વર્ણન થઈ શકે નહિ અને કલ્પનામાં પણ જેનો ખ્યાલ ન આવી શકે એવું તુમુલ યુદ્ધ શરૂ થયું. આઠ આઠ કલાકસુધી નેપોલિયનના યોદ્ધાઓ અને પ્રશિયાના માજી રાજા મહાન ફ્રેડરિકની તાલીમ લીધેલા યોદ્ધાઓ દૈત્યોની માફક લઢયા. રણક્ષેત્ર મુંડદાંથી ઢંકાઇ ગયું. ઘાયલ થએલા અને દોડતા સ્વારોની અડફટમાં આવીને છૂંદાતા કચરાતા સિપાઇઓની ચીસો અને લડવૈયાઓની વીરહાકનો ભયંકર કોલાહલ તોપોનાં ઘોર ગર્જન નિરંતર થયા કરતાં તો પણ આખા રણક્ષેત્રમાં સંભળાતો હતો. સમુદ્રની ભરતીનાં મોજાંની માફક બેઉ સૈન્ય કોઈ વાર આ બાજુએ તો કોઇ વાર તેથી ઉલટી દિશામાં ધકેલવા લાગ્યાં. બપોર થતાં તો પ્રશિયન સેનાધિપતિને પોતાનો સંપૂર્ણ વિજય થશે એવી પ્રતીતિ થઇ, પણ થોડાજ વખત પછી તેને પોતાનો મત ફેરવવો પડયો, અને પોતાના પાછા હઠતા લશ્કરને ભયાનક ફ્રેન્ચ સ્વારો ઘાસની માફક કાપી નાખે અને તોપખાનું, સ્વાર અને પાયદળનો ભારે ગોટાળો ન થઇ જાય તેને માટે તેને તૈયારી કરવી પડી. પ્રશિયન સૈન્યનું બળ ખૂટવા આવ્યું હતું; તેમનામાં ભંગાણ પડવાની તૈયારી હતી, પણ નાસતા લશ્કરની પાછળથી વીશ હજાર પ્રશિયનોનું અનામત રાખી મૂકેલું લશ્કર આગળ આવ્યું અને પરાજયનો વેગ થંભ્યો. નેપોલિયન ટેકરીપર ઉભો ઉભો

રણક્ષેત્રનો એકેએક ભાગ તપાસતો હતો અને સૈન્યની પ્રચંડ શક્તિનું યુક્તિપૂર્વક નિયમન કરી રહ્યો હતો. બાર હજાર બાદશાહી ઘોડેસ્વારોની પલટણ કે જેણે પોતાના અજય્ય ધસારાથી આખા યૂરોપમાં નામના મેળવી હતી તે આટલો બધો વખત તેની આજ્ઞાની આતુરતાથી રાહ જોતી ઉભી હતી. હવે તેનો ઉપયોગ કરવાનો વખત આવ્યો જાણીને નેપોલિયને સેનાપતિ મુરાને આજ્ઞા કરી. બાર હજાર તલવારો ઝળકી રહી. બાર હજાર દોડતા ઘોડાઓની પડઘીનો અવાજ પ્રચંડ જળધોધની ગર્જનાની માફક ચારે દિશાએ ગાજી રહ્યો. તેમના ધસારાથી પૃથ્વી ધમધમી રહી. એક પલકારામાંજ થવાનું હતું તે થઈ ગયું. પ્રશિયન લશ્કર તેમની આગળ સૂકા ઘાસની માફક ઉડી ગયું. નાસતાં માણસોપર બાર હજાર મદોન્મત્ત સ્વાર હાથમાં લોહીથી નીંગળતી સમશેરો લઇને પ્રચંડ વેગથી ધસી ગયા. બીજી તરફ બિચારા હતભાગ્ય પ્રશિયનો ઉપર ટેકરી ઉપરથી પણ ધગધગતા ગોળાનો વરસાદ વરસતો હતો. તેમને માટે નાસી જવાનો એક પણ માર્ગ નેપોલિયનની ભયાનક બુદ્ધિએ રહેવા દીધો ન હતો. તેઓ જ્યાં ગયા ત્યાં તેમને શત્રુઓએ ગોળીઓથી વધાવી લીધા. નાસતું લશ્કર પાછું ફર્યું અને અંદર અંદર પણ ભયંકર અથડા અથડી મચી રહી.

‘જેનાથી બાર માઇલને અંતરે ઓર્સ્ટેટ આગળ એક બળવાન પ્રશિયન ફોજે પડાવ નાખ્યો હતો, તેની પણ આવીજ વલે થઇ. તેઓ નાસીને જેનાથી નાસી આવતા સિપાઇઓની સાથે અથડાઇ પડયા. રસ્તા ભરાઇ ગયા. નાસવાનો માર્ગ રહ્યો નહિ અને ઉપર ગોળા, ગોળીઓ, બોંબ વગેરે અસ્ત્રનો વરસાદ વરસવા લાગ્યો. રાત પડી, અંધકાર થયો, પણ કતલ તો ચાલુજ રહી. પ્રશિયનો ચારે બાજુએ ઘેરાઈ જવાથી બહાવરા બનીને નાઠા. નાસતાં હજારોની કતલ થઇ ગઇ. પ્રશિયાનો રાજા પોતે પણ કેદ પકડાઇ જવાના ભયથી કાંટાની વાડો કૂદાવી કૂદાવીને નાઠો અને છેક સવારના પાંચ વાગે બહુ મુશ્કેલીએ સલામત જગ્યાએ જઇ પહોંચ્યો.

આ ખૂનખાર લડાઇમાં વીશ હજાર પ્રશિયનો કપાઇ ગયા અને તેટલા બીજા કેદ પકડાયા. નેપોલિયને પોતાના રિવાજ પ્રમાણે નાસતા શત્રુસૈન્યની પૂંઠ પકડવાને ચારે દિશાએ સેનાપતિઓને મોકલી દીધા. પછી મોડી રાતસુધી ઘાયલ થએલાઓની પોતાને હાથે માવજત કરી. તે પોતાને હાથે તેમને પાણી પાતો અને પ્રેમથી હાથ ફેરવીને મરતા યોદ્ધાઓને દિલાસો આપતો. સિપાઇઓ પણ તેનો પ્રેમ જોઇને મરતાં મરતાં પણ છેલ્લીવારનું તેનું મોં જોઈ લેતા અને જીવાય તો તેની સેવામાં જાતને હોમવાની બીજી તક મળે તેટલા માટે જીવવાની ઈચ્છા કરતા.

જીત થયા પછી તેનો લાભ લઇ લેવા માટે નેપોલિયન અસામાન્ય ત્વરાથી શત્રુની પૂંઠ લેતો. ચૌદ દિવસમાં પ્રશિયન લશ્કરનો બાકી રહેલો ભાગ કેદ પકડાયો અને તેમના તમામ કિલ્લા ફ્રેન્ચોના હાથમાં આવી ગયા. રાજા નાસીને રશિયાની

હદમાં ઝારની આવ્યાની રાહ જોતો બેઠો. પ્રશિયા ઉપર તો ખરેખર વજ્રપાતજ થયો હતો. **આવું મોટું બળવાન સૈન્ય આટલી ટુંક મુદતમાં ધૂળધાણી થઈ ગયાનો બીજો દાખલો જગતના ઈતિહાસમાંથી જડતો નથી.** નેપોલિયને પારિસ છોડયું તેને એકજ મહિનો થયો તેટલામાં તેણે શત્રુનું બે લાખ માણસોનું લશ્કર તારાજ કરી નાખ્યું, તેના અભેદ્ય ગણાતા કિલ્લાઓ જીતી લીધા અને બર્લિન શહેરમાં પ્રશિયાના રાજાની પેઠે નિશ્ચિંતપણે જઇ બેઠો. આ સમાચારથી આખા યૂરોપમાં હાહાકાર થઇ રહ્યો, કારણ કે આ બનાવ ખરો નહિ પણ એરેબિયન નાઇટ્સ જેવી અસંભવિત નવલકથામાં હોય એવો લાગતો હતો. રશિયાનો ઝાર કહેતો કે " એ માણસની સાથે લઢતા આપણે રાક્ષસની સામે લઢતાં બચ્ચાંઓ જેવા દેખાઇએ છીએ."

પ્રશિયામાં વેમર નામનું ઐતિહાસિક નગર હતું. હિંદુસ્તાનમાં જેમ કાશીવિદ્યાપીઠ છે તેમ પ્રશિયામાં વેમર ગણાય છે. ગિટ્રે, શિલર વગેરે જગવિખ્યાત જર્મન કવિઓ ત્યાંના વતનીઓ હતા. તેનો રાજ્યકર્તા પણ એક પ્રશિયન સેનાપતિ હતો. 'જેના'થી નાસતું પ્રશિયન લશ્કર અને તેમની પાછળ આવતું ફ્રેન્ચ લશ્કર બેઉ આ શહેરમાં ભેગાં થઇ ગયાં. રસ્તા લોહીથી લપસણા બની ગયા. ગોળા અને બોંબના મારથી સારાં સારાં મકાનના ભૂકા ઉડી ગયા. શહેરમાં કોલાહલ અને કતલ મચી રહી. ત્યાંના ડયૂકની પત્ની બેબાકળી બનીને નેપોલિયનની યાચના કરવા લાગી. તેણે જવાબ આપ્યો કે " બાઇ! લડાઇ શું છે તે હવે તમે સમજ્યાં?"

શત્રુની સાથે વિનયથી વર્તન કરીને તેને વશ કરી લેવો એજ તેની વેર લેવાની રીત હતી. તેણે ડચેસ સાથે ઘણુંજ વિવેકભર્યું વર્તન ચલાવ્યું અને ઘાયલ થએલા પ્રશિયન સિપાઇઓને પણ મલમપટ્ટા કરવાની ખાસ સગવડ કરવાનો હુકમ કર્યો. એક કૅથોલિક સાધુએ આ કામમાં અથાગ પરિશ્રમ લીધો તે બદલ તેને સારૂં ઇનામ પણ આપ્યું.

અક્ટોબરની ૨૮ મી તારીખે તે ભારે દબદબાથી બર્લિન શહેરમાં દાખલ થયો, અને ત્યાંના રાજાના મહેલમાંજ તેણે ઉતારો કર્યો. પ્રશિયાએ પોતેજ લડાઇ ઉભી કરી હતી તેથી જીતનાર તરીકે તે હવે ખરી રીતે આખા રાજ્યનો માલિક થયો હતો, તોપણ તેણે પોતાની લક્ષણગત સભ્યતા અને ઉદારતા વાપરીને રાણીના ઓરડામાં કોઇને પેસવા દીધા ન હતા. તે પોતાના તમામ ખાનગી અને રાજદ્વારી કાગળો જેમના તેમ મૂકીને નાસી ગઈ હતી. લડાઈને ઉભી કરનાર ખરૂં જોતાં તેજ હતી. તે ઘણીવાર પંડે ઘોડેસ્વાર થઇને પોતાની ખૂબસુરતીથી અને શૂરાતન ચઢાવે એવા શબ્દોથી સર્વને ઉશ્કેરતી હતી.

નેપોલિયન મહાન ફ્રેડરિકની દરગાહની મુલાકાત લેવા પોટ્સડામ ગયો. તે અદ્ભુત શૌર્ય, શક્તિ અને દઢતાવાળા મહાન વીરનરની કબરને જોતાં તેનું અંતઃકરણ ગંભીર ભાવથી ભરપૂર થઇ ગયું અને થોડીવાર સુધી તે એક અક્ષર પણ બોલી

શકયો નહિ. ફ્રેડરિકની તલવાર ત્યાં લટકતી હતી. નેપોલિયને તેને નીચે ઉતારી, ધારી ધારીને જોઈ અને પોતાના એક સેનાપતિને કહ્યું:—

"સ્પેનના એલચીએ મને ફ્રાન્સિસની તલવાર ભેટ આપી હતી. ઇરાનના એલચીએ મને જંગીસ ખાનની તલવાર ભેટ કરી હતી. આજે હું મહાન ફ્રેડરિકની તલવારને મારા વિજયના સ્મરણચિન્હ તરીકે ગ્રહણ કરૂં છું અને એ કરોડ ફ્રાન્કનો દંડ લઇને પણ હું તે પાછી આપીશ નહિ.એ તલવાર તો પારિસના સંગ્રહસ્થાનમાં જશે અને જગતના આ મહાન સેનાપતિના શસ્ત્રને વૃદ્ધ સિપાઇઓ પૂજ્યભાવથી જોતાં શીખશે."

આ રીતે નેપોલિયને માત્ર એકજ મહિનામાં પ્રશિયન રાજ્યસત્તા ઉથલાવી નાખી, તેના સૈન્યને તારાજ કરી નાખ્યું અને આખો પ્રદેશ જીતી લીધો. આ સમાચારથી યૂરોપની તમામ રાજસભાઓ અને ઉમરાવોમાં ભારે ધારતી પેઠી. નેપોલિયન રાજ્યક્રાંતિનો પુત્ર, ખેડુત અને ઉમરાવ બેઉના સમાન હક્કોનો સિદ્ધાંતો ફેલાવનાર અને મોટા મોટા ગર્વિષ્ટ રાજાઓને પદદલિત કરી નાખવાવાળો અદ્ભુત માણસ હતો. ફ્રાન્સમાં દરેક માણસ સમજતો હતો કે દોલત, સત્તા અને સન્માન મેળવવાના તમામ માર્ગ તેને માટે ખુલ્લા છે. તે પોતાની માનસિક અને શારીરિક શક્તિઓવડે રાજ્યમાં ઉંચામાં ઉંચો હોદ્દો મેળવી શકે છે. આ વિચારથી તેના હૃદયમાં સુંદર અભિલાષાઓ જન્મતી અને યુદ્ધને પ્રસંગે તેના હાથમાં અજાયબ જેવું બળ આવતું. આખા ફ્રાન્સની તે વખતે દૃઢ માન્યતા હતી અને હજી પણ તે તેવીને તેવીજ કાયમ છે કે નેપોલિયન પ્રજાવર્ગનો મિત્ર અને તેમના હક્કનો રક્ષક હતો. સ્વતંત્રતા અને સમાનતાના વિચાર બીજા રાજાઓની નામરજી છતાં લડાઈના પ્રસંગોદ્વારા ધીરે ધીરે પરરાજ્યોમાં પણ દાખલ થતા હતા. એક પ્રશિયન સેનાપતિ પોતાના એક પત્રમાં લખે છે કે "ફ્રેન્ચો અલૌકિક રીતે લઢે છે. તેમનામાં જે અવર્ણનીય ઉત્સાહ છે તેનો અંશ પણ આપણા સિપાઇઓમાં નથી, અને હોય પણ કયાંથી ? જે સિપાઇઓને મારી ધકેલીને લડાઈમાં મોકલ્યા હોય અને તેઓ જાન જોખમમાં નાખીને લઢે છતાં તેમને કીર્તિ મેળવવાનો સંભવ પણ ન હોય તેવાની પાસેથી બીજી શી આશા રાખી શકાય ?" ખુદ પ્રશિયાના રાજાને પણ સમજાયું કે તેના લશ્કરમાં પણ સમાનતાનું ધોરણ દાખલ કર્યા વગર તેનાથી ફ્રાન્સની સામે ટકી શકાવાનું નથી.આ રીતે જ્યાં જ્યાં ફ્રાન્સનું લશ્કર જતું ત્યાં ત્યાં ઉદાર વિચારોનો પ્રચાર થયા વગર રહેતોજ નહિ.

આવાં દારુણ યુદ્ધોમાં રોકાયા છતાં કોઇ કોઇવાર થોડો થોડો અવકાશ મેળવીને નેપોલિયને મેડેલેનનું ભવ્ય દેવાલય બાંધવાની યોજના રચી. 'જેના' વગેરે યુદ્ધસ્થળોમાં હાજર રહેલા અમલદારો તથા સિપાઇઓનાં નામ આરસની તકતીઓ ઉપર અને મુએલા યોદ્ધાઓનાં નામ સોનાની તકતીઓ ઉપર કોતરાવીને તે વડે એ દેવાલયને જીવંત સ્વદેશપ્રેમનું મંદિર બનાવવાનું હતું.

प्रकरण ३४ मुं--बर्लिनडिक्री अने इलाउनुं युद्ध

જેના'ના સંગ્રામમાં પ્રશિયન સૈન્યની ધૂળધાણી થઇ ગઇ અને ત્યાંનો રાજા ફ્રેડરિક વિલિયમ પોતાના સૈન્યના અવશેષ સાથે છેક દૂરના પ્રાંતમાં ભરાઇ બેઠો. તેણે જેમ તેમ કરીને પચીશ હજાર માણસો એકઠાં કર્યાં હતાં. મહાન ફ્રેડરિકે તૈયાર કરેલા શ્રમ, જોખમ અને મોતને પણ ન લેખવે એવા લોખંડી સિપાઇઓમાંથી હવે આટલાજ બચવા પામ્યા હતા. આટલું છતાં પણ હજી તેનો દુરાગ્રહ જેવો ને તેવોજ હતો. પ્રશિયા, રશિયા અને ઈંગ્લંડે ફ્રાન્સની સાથે વગર કારણે લડાઇ ઉભી કરી. નેપોલિયને તેમને ત્રણને એકઠા થવા દીધા હોત ત્યારે તો શત્રુના અનેકગણા સૈન્ય આગળ તે માર્યોજ જાત; પણ તેણે તો વિજળીની ત્વરાથી પ્રશિયાના લશ્કરને ઘેરી લીધું અને પોતાને જીતવાની ખાત્રી હતી છતાં તેણે પત્ર લખીને સલાહની માગણી કરી. ત્યાર પછી જેનાનું યુદ્ધ થયું અને આખો પ્રશિયા નેપોલિયનના હાથમાં આવી પડયો; છતાં તેણે બીજીવાર સલાહની માગણી કરી અને આ વખતે તેણે ફ્રેડરિક પાસે પોતાના સરદાર ડૂરોને મોકલ્યો; પરંતુ આ વખતે પણ “ રશિયાનું અસંખ્ય સૈન્ય પોતાની કુમકે આવી પહોંચ્યું છે અને તેમની મદદથી ગુમાવેલી સ્થિતિ પાછી મેળવી શકાશે ” એમ ધારીને તેણે નેપોલિયનની માગણીનો તોછડો અસ્વીકાર કર્યો. રશિયાનો ઝાર ભારે ઉલટમાં આવીને પોતાનાં નિઃસીમ રાજ્યનાં તમામ સાધનો એકત્ર કરવા લાગ્યો હતો અને ઈંગ્લંડ પણ ફ્રાન્સનાં બંદરોને રંજાડવા ઉપરાંત નાણું, દારૂગોળો અને લશ્કર મોકલાવ્યા કરતું હતું. શિયાળાનો અમલ શરૂ થઈ ચૂકયો હતો. નેપોલિયન ફ્રાન્સની હદથી એક હજાર માઇલ દૂર આવ્યો હતો. શત્રુસૈન્ય પોલેન્ડની બરફથી ઢંકાયલી ટેકરીઓ અને જંગલોમાં પડયાં હતાં અને વસંતઋતુ બેસતાંજ તીડનાં અસંખ્ય ટોળાંઓના માફક ફ્રેન્ચો ઉપર તૂટી પડવાની રાહ જોઈ રહ્યાં હતાં.

નેપોલિયનના અત્યંત આશ્ચર્યકારક વિજયથી ચમકીને અને ક્રોધે ભરાઇને ઈંગ્લંડે હવે એક એવું પગલું ભર્યું, કે જે પ્રજાઓના સામાન્ય હક્ક ઉપર તરાપ મારવા જેવું હોવાથી આખી સુધરેલી દુનિયાએ તેના આ કૃત્ય તરફ તિરસ્કાર દર્શાવ્યો. એ

રાજ્યો વચ્ચે લડાઈ ચાલતી હોય ત્યારે પણ દારૂગોળો તથા યુદ્ધસામગ્રી સિવાય કોઈ પણ પ્રકારનો માલ ભરીને દરેક તટસ્થ રાજ્યનાં વહાણ એકના રાજ્યના બંદરેથી બીજાના બંદરે જઇ શકે એની તો કોઇથી ના પાડી શકાય એમ છેજ નહિ. ઇગ્લંડ પોતાના કાફલાવડે દરિયા ઉપર એકહથ્થો અધિકાર ભોગવતું હોવાથી તેણે જાહેર કર્યું કે ફ્રાન્સ અને તેનાં મિત્રરાજ્યો સાથે કોઇ પણ પ્રજાથી વેપાર કરી શકાશે નહિ અને શત્રુરાજ્યોનાં વહાણ, માલમિલ્કત અને બિનલડાયક મુસાફરોને પણ કેદ કરી લેવામાં આવશે.

આ બાબતવિષે પરરાજ્ય ખાતાના ફ્રેન્ચ પ્રધાને ઘણોજ બાહોશીભરેલો રિપોર્ટ રજૂ કર્યો. તેમાં છેવટે લખ્યું હતું કે આત્મરક્ષણ કરવાનો આપણને કુદરતી રીતે હક્ક હોવાથી આપણે પણ એના એજ ઉપાય યોજવા જોઇએ. જો ઈંગ્લંડ નિઃશસ્ત્ર ફ્રેન્ચ શહેરીઓને, અને તેમની માલમિલ્કતને, અને વેપારીઓનાં વહાણોને કેદ પકડી લે છે તો આપણે પણ તેમને તેવોજ બદલો આપવો અને જ્યાંથી મળી આવે ત્યાંથી અંગ્રેજોને કેદ પકડવા તથા તેમની મિલ્કત લૂંટી લેવી. સુધરેલી પ્રજાઓએ એક બીજા વચ્ચેના વ્યવહારમાટે જે નિયમો સ્વીકાર્યા છે તેને ઈંગ્લંડ માન આપે; ખાનગી મિલ્કત અને બિન લડાયક શહેરીઓ ઉપર જીતનો અધિકાર લાગુ પાડી ન શકાય એમ તે કબૂલ કરે ત્યારેજ આપ નામદારે (નેપોલિયને) આ સખત પણ ગેરવાજબી નહિ એવો વ્યવહાર બંધ કરવો એવી હું ભલામણ કરૂં છું.

આ રિપોર્ટમાં સૂચવેલા નિયમ મુજબ નેપોલિયને પોતાનું સુવિખ્યાત જાહેરનામું પ્રકટ કર્યું અને તે બર્લિન શહેરમાંથી પ્રકટ થએલું હોવાથી “ બર્લિન ડિક્રી ” કહેવાય છે. તે પ્રખ્યાત દસ્તાવેજ નીચે પ્રમાણે છેઃ—

બાદશાહી છાવણી, બર્લિન
૨૬ મી નવેંબર ૧૮૦૬

“ ફ્રેન્ચ પ્રજાનો શહેનશાહ અને ઇટાલિનો રાજા નેપોલિયન નીચે જણાવેલી બાબતોની નોંધ લે છેઃ—

“ ૧ તમામ સુધરેલાં રાજ્યોએ સ્વીકારેલા કાયદાની ઈંગ્લંડ અવગણના કરે છે.”

“ ૨ શત્રુરાજ્યની દરેક વ્યક્તિને તે દુશ્મન ગણે છે અને લડાયક વહાણોના ખલાસીઓનેજ નહિ પણ વેપારીવહાણોના ખારવાઓ તથા વેપારને અંગે મુસાફરી કરતા વેપારીઓને પણ કેદ કરી લે છે. ”

“ ૩ જીતનો અધિકાર સાધારણ રીતે જીતાયલા શત્રુરાજ્યની સરકારી મિલ્કતને લાગુ પડી શકે છે, પણ ઈંગ્લંડ તો ખાનગી ગૃહસ્થોની અને વેપારીઓની મિલ્કતને પણ જીતના અધિકારની રૂએ પોતાને સ્વાધીન કરી લે છે. ”

“ ૪ સુધરેલી પ્રજાઓના વ્યવહાર પ્રમાણે શત્રુનાં માત્ર કિલ્લેબંદી બંદરો

ઉપર કાફલાનો પહેરો રાખી શકાય પણ ઈંગ્લંડ તો એકેએક સામાન્ય બંદર, ડક્કા અને નદીઓનાં મુખ ઉપર પણ કાફલો ગોઠવી તમામ વ્યવહારને રૂંધી નાખે છે.”

“૫ જ્યાં ઈંગ્લંડનું એક પણ વહાણ હોતું નથી એવી જગ્યાઓને પણ તે ઘેરાયલી જગ્યાઓની ગણત્રીમાં ગણે છે; જો કે ખરી રીતે તો જે જગ્યાએ જતાં જોખમ વેઠવુંજ પડે એવી રીતે જે જગ્યાને ઘેરી લીધી હોય તેનેજ ઘેરાયલી ગણવી જોઇએ.”

“૬ ઇંગ્લંડનું આખું નૌકાસૈન્ય પણ જેને ઘેરી ન શકે એવી જગ્યાને પણ તે ઘેરાયલી જગ્યામાં ગણે છે. દાખલાતરીકે ફ્રાન્સનો તમામ સમુદ્રકિનારો.”

“૭ બંદરો ઘેરવાના હકકનો ભયંકર દુરુપયોગ કરવામાં ઇંગ્લંડનો એકજ હેતુ રહેલો છે, અને તે જૂદા જૂદા દેશો વચ્ચેના વ્યવહાર અટકાવી દઇને આખા યૂરોપના હુન્નર ઉદ્યોગની પાયમાલી કરીને પોતાના હુન્નરઉદ્યોગ અને વેપારની આબાદી કરવી.”

“૮ ઇંગ્લંડનો સ્પષ્ટ રીતે એવો હેતુ હોવાથી જે કોઇ તેનો માલ યૂરોપખંડમાં ખરીદશે અગર વેચશે તે ઇંગ્લંડને તેના પ્રપંચમાં સહાય આપતો હોવાથી તેનો મળતીઓ કહેવાશે.”

“૯ ઇંગ્લંડની આવી વર્તણુક હાલના કરતાં અસલના વખતની અસભ્ય પ્રજાઓને વધારે યોગ્ય છે; કેમકે તેથી કરીને બીજાં તમામ રાજ્યોને નુકસાન થાય છે અને તેને એકલાને લાભ થાય છે.”

“૧૦ જ્યારે શત્રુરાજ્ય ન્યાયના નિયમનું ઉલ્લંઘન કરે અને સામાજિક સંસ્કૃતિના પરિણામરૂપ ઉદાર ભાવનાઓને બાજુએ મૂકી દે. ત્યારે તેની સામે તેના જેવાંજ શસ્ત્રનો ઉપયોગ કરવો અને તે જે રીતે લઢતું હોય તેજ રીતે તેની સામે લઢવું એજ કુદરતી કાયદો છે.

“આ બધી બાબતોનો વિચાર કરીને અમે એવો ઠરાવ કરીએ છીએ કે સમુદ્રવ્યવહારને માટે જે કાયદાઓ ઇંગ્લંડે સ્વીકાર્યા છે તેવાજ કાયદાનો ઉપયોગ તેની પોતાની સામે કરવો.”

“લડાઇના નિયમ સમુદ્ર ઉપર અને જમીન ઉપર એકજ હોવા જોઇએ, કોઈ પણ પ્રકારની ખાનગી મિલ્કતને જીતનો અધિકાર લાગુ પાડીને જપ્ત કરી ન લેવાય, બિનલડાયક માણસોને કેદ ન કરી શકાય અને માત્ર કિલ્લેબંદી બંદરો કે સ્થળો જેમને ઘેરી લેવાને પૂરતું મજબૂત નૌકાસૈન્ય ગોઠવ્યું હોય તેમનેજ ઘેરાયલાં બંદરો તરીકે ગણી શકાય. આ કાયદાઓને જ્યાંસુધી ઇંગ્લંડ ન સ્વીકારે ત્યાંસુધી આ આજ્ઞાપત્રિકાનું ધોરણ આખા ફ્રાન્સના રાજ્યમાં રાજ્યનીતિના પાયા તરીકે ગણવું એવો અમે હુકમ કરીએ છીએ.”

“આ ઉપરથી અમે એવી આજ્ઞા પ્રકટ કરીએ છીએ કે:—

“ ૧ બ્રિટિશ ટાપુઓને ઘેરી લીધેલા પ્રદેશ તરીકે ગણવા ”

“ ૨ બ્રિટિશ ટાપુઓ સાથે કોઈ પણ જાતનો વેપાર કરવાની તથા કશો પણ વ્યવહાર રાખવાની મના કરવામાં આવે છે; તેથી કરીને ઇંગ્લંડના અથવા ત્યાંના કોઇ પણ રહીશના કાગળો અને એંગીઓ તથા અંગ્રેજી ભાષામાં લખાયલું કોઇ પણ લખાણ ટપાલ મારફતે ન પહોંચાડતાં જપ્ત કરી લેવામાં આવશે. ”

“ ૩ કોઈ પણ અંગ્રેજ ગમે તે દરજ્જાનો હશે, લડાયક હશે કે બિનલડાયક હશે તોપણ યૂરોપ ખંડના કોઇ પણ ભાગમાં અમારા કે અમારા મિત્રરાજ્યના લશ્કરના જોવામાં આવશે તો તેને લડાઇના કેદી તરીકે કેદ કરવામાં આવશે. ”

“ ૪ ઇંગ્લંડના કોઇ પણ રહેવાશીની માલની વખારો, તેનો તમામ પ્રકારનો માલ તથા તેની કોઇ પણ જાતની મિલ્કત, તેમજ ઇંગ્લંડમાં અને તેનાં સંસ્થાનોમાં બનેલી કોઇ પણ ચીજને લડાઈના વાજબી શિકાર તરીકે ગણીને કબજે કરવામાં આવશે. ”

“ ૫ ઇંગ્લંડમાં બનતા માલનો વેપાર કરવાની મનાઇ કરવામાં આવે છે. ઇંગ્લંડના કોઇ પણ વેપારીના માલને તથા તેનાં અગર તેનાં સંસ્થાનોનાં કારખાનાંની પેદાશને લડાઇનો વાજબી શિકાર ગણવામાં આવશે. ”

“ ૬ આ પ્રમાણે લડાઇનો શિકાર ગણીને જપ્ત કરેલા માલમિલ્કતની કિંમતનો અડધો ભાગ, જે વેપારીઓનાં વહાણ અગર માલ ઇંગ્લંડે જપ્ત કરી લીધાં હોય તેમને નુકસાની બદલ આપવાનો બંદોબસ્ત કરવો. ”

“ ૭ આ હુકમ પ્રકટ થયા પછી ઇંગ્લંડ અગર તેનાં સંસ્થાનોમાં પરબાર્યા આવતાં વહાણને કોઇ પણ બંદરમાં દાખલ થતાં અટકાવવામાં આવશે. ”

“ ૮ કોઇ પણ વહાણનો માલિક ખોટી હકીકત આપીને ઉપલા કાનુનના અમલમાંથી છટકી જવાની કોશિશ કરશે તેને કેદ પકડવામાં આવશે અને ઇંગ્લંડની મિલ્કત તરીકે તેના તમામ માલ સહિત જપ્ત કરવામાં આવશે. ”

“ ૯ આ હુકમના વહીવટના સંબંધમાં આપણા રાજ્યમાં અગર આપણા લશ્કરે કબજે કરેલા મુલકમાં કોઇ પણ તકરાર કે મતભેદ ઉભો થાય તો તેનો છેવટનો નિર્ણય પારિસની લડાઇના શિકારની કચેરીદ્વારા કરવામાં આવશે. ઇટાલિના રાજ્યમાં તેવા પ્રકારના તકરારી સવાલનો નિર્ણય મિલનની તેવી કચેરીદ્વારા થશે. ”

“ ૧૦ પરરાજ્ય વિભાગના પ્રધાનને સૂચના આપવામાં આવે છે કે તેણે સ્પેન, નેપલ્સ, હોલેન્ડ, ઇટુરિયા અને બીજાં આપણાં મિત્રરાજ્યો જેમની રૈયતને આપણી માફકજ ઇંગ્લંડના સમુદ્રવ્યવહારને લગતા કાયદાના અન્યાયી અને જંગલી ધોરણથી ખમવું પડે છે તેમને બધાંને આ આજ્ઞાપત્રિકાની ખબર કરવી. ”

“ ૧૧. આપણી પરરાજ્ય વિભાગના, યુદ્ધ વિભાગના, સમુદ્ર વિભાગના, નાણાં વિભાગના અને પોલિસ વિભાગના પ્રધાનોને તથા પોસ્ટ માસ્તર જનરલોને ખબર આપવામાં આવે છે કે તેમણે પોતપોતાનાં ખાતાંમાં આ આજ્ઞાપત્રિકાનો બરાબર અમલ કરવો.”

(સહી) “ **નેપોલિયન** ”

ઈંગ્લંડને તેના કૃત્યના બદલામાં તેના જેવોજ સખત પ્રહાર કરવાના કાર્યને કેટલાક લોકો રાજનીતિની કુશળતા કહીને વખાણે છે, તો કેટલાક તેને નહિ સહન થઇ શકે તેવા આપખુદ સત્તાના કૃત્ય તરીકે વખોડી કહાડે છે. અલબત્ત શત્રુ એક ગાલપર પ્રહાર કરે તો આપણે તેને બીજો ગાલ ધરવો, એવું ખ્રિસ્તી ધર્મનું નીતિસૂત્ર અહિં નથી પળાયું. અહિં તો પ્રહારને સાટે પ્રહાર કરવામાં આવ્યો છે. યૂરોપખંડમાંથી અંગ્રેજી માલનો બહિષ્કાર કરવાથી નેપોલિયન આખા યૂરોપની પ્રજાને ઈંગ્લંડનાં કારખાનાંના માલિકો અને વેપારીઓથી સ્વતંત્ર કરવાની આશા રાખતો હતો. ઈંગ્લંડનાં સંસ્થાનોમાંથી આવતી ખાંડનો બહિષ્કાર કરવાથીજ ફ્રાન્સમાં બીટરૂટમાંથી બનાવવાનો ઉદ્યોગ ખીલી શક્યો છે.”

સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે નેપોલિયન કેટલી કાળજી રાખતો હતો તે નીચેના પત્ર ઉપરથી જણાઇ આવે છે. આ પત્ર બર્લિન ડિક્રી પ્રકટ કર્યાને બે દિવસ થયા પછી તેણે પોતાના એક સેનાપતિને લખ્યો હતો.

“ તમારા કુટુંબની સ્ત્રીઓ સ્વિટ્ઝર્લૅન્ડનીજ ચા વાપરે તેને માટે ખાસ ચાનક રાખજો. તે ચીનાઇ ચાના જેવીજ સારી છે. આપણા દેશમાં જે કૉફી બને છે તે અરબસ્તાનથી આવતી કૉફી કરતાં જરા પણ ઉતરતી થથી. અમુક ફૅશનદાર સ્ત્રીઓની માફક રાજનૈતિક બાબતોવિષે ડાહી ડાહી વાતો કરવા કરતાં તેઓ ઉપલી સ્વદેશી ચીજો વાપરે તો વધારે સારૂં. તેમના પોષાકનો કોઈ પણ ભાગ ઇંગ્લંડની બનાવટનો ન હોય તેની તેમણે કાળજી રાખવી જોઈએ. મુખ્ય અમલદારોની સ્ત્રીઓ રૈયતને સારો દાખલો નહિ બેસાડે તો પછી બીજાની પાસેથી મારે શી આશા રાખવી ? યાદ રાખજો કે અત્યારે ફ્રાન્સ અને ઈંગ્લંડ વચ્ચે જીવસટોસટની હરિફાઇ ચાલી રહી છે. મારી આસપાસનાં માણસો મને દિલોજાનીથી ટેકો આપે એટલી તો હું આશા રાખીજ શકું.”

નેપોલિયને જાહેર કરેલી બર્લિન ડિક્રીના જવાબમાં ઈંગ્લંડે પ્રથમના કરતાં પણ વધારે ઉદ્ધતાઇ અને જુલ્માટભરેલું જાહેરનામું પ્રકટ કર્યું. એ હુકમની રૂયે ફ્રાન્સ અને તેનાં મિત્રરાજ્યોના તમામ વેપાર, ઉદ્યોગ અને સમુદ્રપર્યટનને પૂરેપૂરો ધક્કો પહોંચ્યો. નેપોલિયને તેના જવાબમાં બીજું મિલન ડિક્રી નામનું જાહેરનામું પ્રકટ કર્યું. આ બે કામને માટે તેના પર સખતમાં સખત આક્ષેપ મૂકવામાં આવે છે કે

તેણે એક નમ્ર અને કોઇને પણ ઇજા ન કરે એવા (!) રાજ્ય (ઈંગ્લંડ)ની સામે વગર કારણે ઘણુંજ જુલમી વર્તન ચલાવ્યું હતું. પાર્લામેન્ટમાં પણ એ સંબંધે પુષ્કળ ચર્ચા થઇ પણ બેઉ પક્ષના વક્તાઓ ભૂલીજ ગયા કે ફ્રાન્સનાં બંદર, વેપાર, અને સમુદ્રપર્યટન ઉપર નહિ સહન થાય એવું દબાણ કરીને અને તેનાં બિનલડાયક વહાણ તથા પ્રવાસીઓને કેદ કરીને ઈંગ્લંડેજ અન્યાયી અને સુધરેલી પ્રજાને ન ઘટે એવું વર્તન કરવામાં પહેલ કરી હતી.

નેપોલિયનને હવે એવી ખબર મળી કે તેના સૈન્યનો ઉત્સાહ કમી થતો જાય છે અને તેઓ આરામનાં સાધનોથી ભરેલી છાવણીઓ છોડીને પોલેન્ડના બરફમય પ્રદેશમાં જવા નારાજ છે. આ સાંભળતાંની સાથેજ તે ઓરડામાં ફરતો ગયો અને નપુંસકને પાણી ચઢાવે એવું જવલંત જાહેરનામું પોતાના મંત્રીને લખાવતો ગયો.

“ સિપાઇઓ ! આજથી એક વર્ષ ઉપર તમે આસ્ટર્લિટ્ઝના રણક્ષેત્રમાં ઉભા હતા. તમને જોતાંજ રશિયનસેના ભયભીત થઇને પલાયન કરી ગઇ અને ઘેરાઇ ગઇ તેટલી તમારે તાબે થઈ. બીજેજ દિવસે તેઓ સલાહની યાચના કરતા આવ્યા, પણ તેમણે આપણને ઠગ્યા. આપણી ઉદારતાને લીધે તેઓ આપણા સપાટામાંથી ત્રીજી વાર બચી ગયા કે તરતજ તેમણે ચોથીવાર લઢવામાટે એકસંપી કરી; પણ તેમના જે મિત્ર (પ્રશિયા) ઉપર તેઓ ગાજતા હતા તે તો હવે હતો ન હતો થઇ ગયો છે. તેની રાજધાની, તેના કિલ્લા, તોપો, દારૂગોળો બધુંએ હવે આપણા હાથમાં આવી ગયું છે. મોટી મોટી નદીઓ, પોલેન્ડનાં બરફથી ભરેલા ઉજ્જડ મેદાન, શિયાળાના બરફનાં તોફાન કશાથી તમારો વેગ ખાળ્યો ખળાયો નથી. તમે દરેક દરેક વિઘ્નને જીતી શક્યા છો. તમારી સામે કોઇ પણ શત્રુ ટકી શક્યો નથી.”

“ પોલેન્ડની પ્રાચીન ઐતિહાસિક રાજધાનીને રશિયનો તમારી સામે બચાવી શક્યા નથી. આજે તમારા દેશનો વાવટો વિસ્ટયુલા નદીના કિનારા ઉપર ઉડવા લાગ્યો છે; પણ જ્યાંસુધી પૂરેપૂરી સલાહ ન થાય, આપણાં મિત્રરાજ્યોના હક્ક નિર્ણય ન થાય અને આપણને વ્યાપારની સ્વતંત્રતા તથા આપણા સંસ્થાનો પાછાં ન મળે ત્યાંસુધી આપણે કદિ પણ તલવાર મ્યાન કરનાર નથી. પ્રજાઓનું ભાવિ ઘડવાની સત્તા રશિયાને કોણે આપી ? આપણી વાજબી અભિલાષાઓને કચરી નાખવાનો તેમને શો હક્ક છે ? જોઇ લઇશું. આપણે છીએ અને તેઓ છે. યાદ રાખજો કે તમે આસ્ટર્લિટ્ઝનો જંગ જીતનાર વીરો છો.”

તેનો ખાનગી મંત્રી બુરિયેન લખે છે કે “ આ જાહેરનામું લખાવતી વખતે તે ખરેખર ભાવાવેશમય બની ગયો હતો અને એટલી ઝડપથી લખાવતો હતો કે લખવામાં ઘણીજ ઉતાવળ કરવી પડતી.”

આ જાહેરનામાની લશ્કરના ઉપર વિજળીના જેવી અસર થઇ. તેના શંખનાદનો

ધ્વનિ એકેએક સિપાઇના હૃદયને ઉશ્કેરવા લાગ્યો. સિપાઇઓ ભારે ઉલટમાં આવી ગયા. તેમનો બબડાટ ફફડાટ બંધ થઇ ગયો અને દડમજલ કરવા તેઓ આગળ વધ્યા. નેપોલિયનની સાથે કુચ કરતા સિપાઇઓ તો થાક, ભૂખ બધુંએ વિસરી ગયા અને રણઘેલા બનીને શત્રુને ભેટવા ટમટમી રહ્યા. તેના ઉપર સિપાઇઓનો એવો બેહદ પ્યાર હતો, તેના નેતાપણામાં તેમનો એવો અડગ વિશ્વાસ હતો કે તેઓ ભૂખ્યા ભૂખ્યા ઉઘાડે પગે, થાકને ન ગણકારતાં ગાંડાની માફક મજલ પર મજલ કરતાજ ગયા. શિયાળાના ઠંડા પવનના સુસડાટ તેમની આસપાસ વાતા હતા. ભારે તોપોનાં પૈડાં બરફ અને કાદવમાં ગરકી જતાં હતાં, છતાં તેઓ તેમના અપરાજિત સેનાપતિના જોડે હરખભેર આગળ વધતા હતા. તેઓ તે સમયે ભૂતકાળની મુશ્કેલીઓનું ગર્વથી સ્મરણ કરતા હતા. અને ભવિષ્યમાં પરાક્રમો કરી બતાવવાની તક ક્યારે મળે તેની ઉત્સુકતાથી કલ્પના કરતા હતા.

રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયા મળીને આખું પોલેન્ડ ખાઇ ગયાં હતાં. એ કૃત્યના નીચતા એવી અધમ હતી કે જગત્ એકે અવાજે તેને **વર્તમાન યૂરોપનું કાળામાં કાળું** કલંક ગણે છે. નેપોલિયન આવ્યાની ખબર થતાંજ જુલમથી ત્રાહિ ત્રાહિ પોકારતા પોલેન્ડવાસીઓએ તેને પોતાના મિત્ર તરીકે વધાવી લીધો અને તેને અરજ કરી કે જો તમે અમને અમારા જુલમગાર માલિકોના પંજામાંથી છોડાવો તો અમારી દોલત અને અમારી જિંદગી પણ અમે તમને અર્પણ કરીએ. નેપોલિયનનો જ્યાં જ્યાં મુકામ ગયો ત્યાંના લોકોએ હર્ષનાદથી આકાશ ગજવી મૂક્યું અને તેઓ કહેવા લાગ્યા કે અમને શસ્ત્ર આપો તો અમે પણ તમારા આશ્રય નીચે રહીને અમારી સ્વતંત્રતામાટે લઢીએ. નેપોલિયન ઘણો ગુંચવાઇ ગયો. તે જ્યારે વૉર્સૉ શહેરમાં ગયો ત્યારે ત્યાંના આગેવાન શહેરીઓનું એક પ્રતિનિધિમંડળ તેની રૂબરૂમાં ગયું અને અરજ ગુજારી કે અમને સ્વતંત્ર પ્રજા તરીકે સ્વીકારો અને તમારા કુટુંબમાંથી ગમે તેને અમારા રાજા તરીકે નિયુક્ત કરો. નેપોલિયને તેમને ઘણોજ સુંદર જવાબ આપ્યો:—

“પોલેન્ડને તેના ત્રણ પાડોશી રાજાઓએ છિન્નભિન્ન કરી નાખ્યું તે ફ્રાન્સે કદિ મંજૂર રાખ્યુંજ નથી; તોપણ જ્યાંસુધી તમે તમારી સ્વતંત્રતાને ખાતર હાથમાં હથિયાર લઇને તથા તમામ પ્રકારના ભોગ આપીને પ્રાણાન્ત સુધી લઢવામાટે તૈયાર ન થાઓ, ત્યાંસુધી હું તમને સ્વતંત્ર પ્રજા તરીકે જાહેર કરી શકું ન હુ. તમારા અંદર અંદરના કજીઆ આડે તમે તમારા દેશનું ખરૂં હિત ભૂલી ગયા હતા એવો તમારા ઉપર દોષ મૂકવામાં આવે છે. તમારા ઉપર ગુજરેલી વિપત્તિના કારણોનો વિચાર કરીને તેમાંથી સારો ધડો લો અને વધારે શાણા થાઓ. દેશમાં સંપ વધારો અને જગત્‌ને

જણાવો કે પોલેન્ડની તમામ પ્રજાની રગેરગમાં એકજ ભાવના ઉછળી રહી છે અને તે છિન્નભિન્ન વ્યકિતઓરૂપે હવે નથી, પણ એક સુદૃઢ પ્રજા બની ગઇ છે.”

તેમના ગયા પછી નેપોલિયને કહ્યું, “એ લોકો મને ગમે છે. તેમનો ઉત્સાહ જોઇને હું રાજી થાઉં છું, અને તેમને સ્વતંત્રતા અપાવવા પણ રાજી છું; પણ પોલેન્ડને રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયા એ ત્રણે મળીને તફડાવી લીધો છે. તેથી કરીને પોલેન્ડનો પક્ષ લેતાં એવો તો દાવાનળ સળગે કે પછી તે કયારે અટકે તે કહી શકાય નહિ; અને તેમ કરવા જતાં ફ્રાન્સનું હિત જોખમમાં આવી પડે.”

આ વાત સાચી હતી. તેની સ્થિતિ ઘણીજ જોખમભરેલી હતી. ફ્રાન્સથી તે એક હજાર કરતાં વધારે માઇલ દૂર નીકળી ગયો હતો. ઉત્તર તરફથી રશિયાનું અસંખ્ય માણસોનું સૈન્ય તેના ઉપર ઝઝુમી રહ્યું હતું. પ્રશિયા પણ પોતાને લાગેલું કલંક ધોવાનો લાગ મળે તેનીજ રાહ જોઇ રહ્યું હતું. આસ્ટ્રિયાએ પણ એંશી હજાર માણસો તૈયાર કર્યાં હતાં અને નેપોલિયનનો એકાદ વાર પરાજય થાય તો તે પણ તેના ઉપર તૂટી પડે એ ચોકકસજ હતું. આથી કરીને પોલેન્ડને મુક્ત કરવા જતાં તેના ત્રણે શત્રુઓ એવા ક્રોધે ભરાય કે પછી સલાહ થવાનો સંભવ ઘણો ઓછો થઇ જાય; અને સલાહમાટે તો તે લઢતોજ હતો; તેથી તેણે પોલેન્ડના પ્રતિનિધિમંડળને કહ્યું કે “**મારા કુટુંબીઓમાટે રાજ્યાસન માગવા હું નથી આવ્યો.** તેમને મારે રાજ્ય આપવાં હશે તો મારી પાસે ઘણાં છે.”

શિયાળાની સખત ઠંડી અને બરફનાં તોફાન છતાં નેપોલિયનનું સૈન્ય શત્રુઓને સૂકા ઘાસની માફક ઉડાવતું આગળ વધ્યું. કોઈ કોઈવાર પોણો પોણોસો માઇલના વિસ્તારમાં ગોઠવાયલા શત્રુના તોપખાનાની સામે થઇને, તેમના ગોળાઓના વરસાદમાં થઇને ફ્રેન્ચો પસાર થતા. કશાથી તેમનો વેગ અટકતો નહિ. જાન્યુઆરીની શરૂઆતમાં તેઓ વિસ્ટયૂલાને કિનારે આવી પહોંચ્યા અને નદીને કિનારે દોઢસો માઇલ જેટલી લાંબી છાવણીના આકારમાં પડાવ નાખ્યો. સિપાઇઓએ જંગલો કાપીને ઝુંપડાં બનાવ્યાં. છાવણીની રચના કોઇ સુઘટિત શહેરના જેવી થઇ રહી. ત્યાં તમામ પ્રકારના આરોગ્યનાં અને સુખનાં સાધનોના અને માંદાઓમાટે સગવડવાળાં દવાખાનાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સિપાઇઓનો નવરાશનો વખત કવાયત અને લશ્કરી રમતગમતોમાં સુખપૂર્વક પસાર થતો હતો. નેપોલિયને દીર્ઘદૃષ્ટિ વાપરીને સિપાઇઓને માટે દરેક પ્રકારની જરૂરની વસ્તુઓ આગળથી તૈયાર રખાવી હતી. પોતાના સુખની તેને પરવા ન હતી. હજી પણ તે દરરોજ છાવણીને નાકે નાકે વરસાદથી ભીંજાઇને અને કાદવથી ખરડાઇને ફેરા મારતો હતો અને સિપાઇઓ તેના આ પરિશ્રમ તરફ આભારની લાગણીથી જોતા હતા. “મારા સિપાઇઓ મારા પુત્રો

છે," એમ તે કહેતો. તેમનાં સુખ અને સલામતીને માટે બરફનાં તોફાન, ઉજાગરો, શ્રમ કશાની પરવા કર્યા વગર તે રાતદિવસ મહેનત કરતો અને તેથીજ **તેણે જેટલો માણસોનો પ્રેમ સંપાદન કર્યો હતો તેટલો બીજા કોઈ માણસે કદિ પણ કર્યો નથી.**

વૉરસોના લશ્કરી દવાખાનામાં છ હજાર દરદીઓની સગવડ કરી હતી અને તેવાં દવાખાનાં છાવણીમાં થોડે થોડે અંતરે ગોઠવી દીધાં હતાં. માંદા અને ઘાયલ સિપાઇઓની અત્યંત પ્રેમ અને કાળજીથી માવજત થતી હતી. દરેક દવાખાના ઉપર એક અધ્યક્ષ રાખ્યો હતો અને દરદીને માટે જે કાંઇ જોઇએ તે ખરીદવા માટે તેને રોકડ રકમ આપવામાં આવી હતી. માંદાઓને ધર્મનું આશ્વાસન મળે તે માટે દરેક દવાખાનામાં એક એક ધર્મગુરુની પણ નિમણુક કરી હતી. શહેનશાહ તરફથી તેને ખાસ આજ્ઞા થઈ હતી કે માંદાંની માવજતમાં જરા પણ બેદરકારી જોવામાં આવે તો મને જાહેર કરવું. નેપોલિયન પોતાના "પુત્ર સમાન" સિપાઇઓ માટે આવી હદ બહારની કાળજી પૂર્વક મહેનત લેતો હતો. સિપાઇઓની તમામ મુશીબતોમાં તે ભાગીદાર થતો. તેનો પોતાનો મુકામ તેમનાથી વધારે સારા સ્થળમાં ન હતો. **એકજ ઓરડામાં તે જમતો, સૂતો અને કચેરી પણ રાખતો.**

જાન્યુઆરી માસ તેની ઉગ્ર ઠંડી અને બરફના તોફાનસહિત પસાર થવા લાગ્યો. એકથી બે લાખ માણસોનું ફ્રેન્ચ લશ્કર ભર શિયાળામાં વિસ્ટયૂલાને કિનારે પડયું હતું અને આખો યૂરોપ આ ભવ્ય દેખાવ તરફ અજાયબીથી જોઇ રહ્યો હતો. રશિયાના ઝારે ફ્રેન્ચો ઉપર છાપો મારવાનો યત્ન કર્યો. તેણે પોતાના સૈન્યને ગુપચુપ ખસેડયું, પણ ચાલાક નેપોલિયન તૈયારજ હતો. અને છાપો મારવા આવનાર ઉપર તેણેજ છાપો માર્યો !

એક પછી અનેક યુદ્ધો થયાં. રશિયનો અડગ દઢતાથી અને ફ્રેન્ચો ઉછળતા ઉત્સાહના વેગથી લઢયા. જંગલે જંગલે, ખીણે ખીણે, બરફથી ભરેલી નદીઓને કિનારે રશિયનોએ તોપો ગોઠવી હતી અને ફ્રેન્ચો ઉપર અનેકવિધ અસ્ત્રનો વરસાદ વરસાવતા હતા; પણ તેમના સેનાપતિના બળપ્રેરક ઉદાહરણથી શૂરના આવેશમાં આવેલા ફ્રેન્ચો મોતને ન લેખવતા આગળ ધસતાજ ગયા. લોહીથી બરફના ઢગલા રંગાઇ ગયા. બરફના પ્રવાહની સાથે અસંખ્ય મુડદાં ઘસડાવા લાગ્યાં. સિપાઇઓ દિવસે લઢતા અને રાત્રે બરફની પથારીપર આકાશના ખુલ્લા છત્ર નીચે સૂતા.

આવી રીતે લઢતાં લઢતાં નેપોલિયને રશિયન લશ્કરને વિસ્ટયૂલાને કિનારેથી બસો ચાલીશ માઈલ દૂર હાંકી કહાડયું. આખરે પાછા હઠતા રશિયનો ઇલાઉના મેદાન આગળ થોભ્યા. ઠંડી તો સખત પડતી હતી, અને રાત અંધારી હતી. થાકીને લોથપોથ થએલા રશિયનો બીજે દિવસે થવાના યુદ્ધને માટે પોતાને અનુકૂળ જગ્યાએ

ગોઠવાઇ ગયા. બે ત્રણ માઇલસુધી થોડીક ઉંચાઈની ટેકરી હતી. તેના ઉપર તેમણે પોતાની પાંચસો તોપો ગોઠવી અને લશ્કરે પણ એવડી હારમાં ગોઠવાઇને રાતને માટે બરફના પાથરણાપર પડાવ નાખ્યો. નેપોલિયનનું લશ્કર પણ અંધારી રાતે જેમ તેમ રસ્તો શોધતું ત્યાં આવી પહોંચ્યું. તેણે પોતાની બસેં તોપો શત્રુસૈન્યને ભેદે એવી રીતે રાતોરાત ગોઠવી દીધી. ટેકરી ઉપર ૮૦૦૦૦ રશિયનો સૂતા હતા અને નીચેના મેદાનમાં ૬૦૦૦૦ ફ્રેન્ચો પડયા હતા. આ પ્રમાણે બેઉ સૈન્ય બહુજ નજીક આવી ગયાં હતાં. બેઉ પક્ષના પહેરેગીરો એક બીજાને બંદુક અડકાડી શકે એટલા નજીક હતા.

અંધારી રાત, બરફની વૃષ્ટિ, પવનના સુસવાટ, આકાશમાં ઘસડાતાં વાદળાંના ગાભલાં, અંધારી રાતે વ્યૂહમાં ગોઠવાઇ જતા ઘોડેસ્વારોને અને પાયદળનો તાપણીઓના પ્રકાશવડે દેખાતો ભૂતાવળી જેવો દેખાવ, અને સેંકડો નદીઓના ધ્વનિ જેવો હજારો સિપાઇઓનો ગંભીર, અસ્પષ્ટ ધ્વનિ–એ સર્વવડે રણક્ષેત્રનો દેખાવ બીહામણો બન્યો હતો. આવતી કાલે એક બીજાની છાતીમાં બરછી ઘોચનારા બેઉ પક્ષના સિપાઇઓ અત્યારે થાકેલા અને ભૂખ્યા હોવાથી તેમની કુદરતી દયાળુ વૃત્તિ થોડીવાર માટે જાગૃત થઇ અને તેઓ એક બીજા સાથે વિવેકથી અને માયાથી વાત કરતા કરતા સૂઇ ગયા. નેપોલિયને ખુરસી ઉપર એક કલાક આરામ લીધો અને પછી ઘોડે બેસીને ઠંડીથી થરથર ધ્રૂજતા સિપાઇઓને લડાઇને માટે વ્યૂહબદ્ધ કરવા મંડી ગયો.

સવાર થયા પહેલાં તો તોપોનો મારો શરૂ થઈ ગયો. સાતસો તોપોની એક સામટી ગર્જનાથી પૃથ્વી ધ્રૂજવા લાગી, અને કાનને બહેરા કરી નાખે એવા મેઘગર્જના કરતાં પણ વધારે ભયંકર અને તીવ્ર નિનાદથી આકાશ ફાટી જવા લાગ્યું. બેઉ પક્ષના યોદ્ધાઓ ગોળા અને ગોળીઓની ઝડી સામે મરદાઇથી સામી છાતીએ ઉભા રહેતા. ટુકડીઓ અને આખીને આખી પલટણો પણ અદશ્ય થવા લાગી. આકાશ ધૂમ્રમય બની ગયું. અંધકારમાં શત્રુ અને મિત્ર ન ઓળખાવાથી સ્વારો ફાવે તેમ ધસારો કરતા હતા અને તોપચીઓ તથા સિપાઇઓ ગમે તેમ તોપો અને બંદુકો તાકતા હતા. સવાર થઇ, બપોર થયા, અને સાંઝ પડી તોપણ દારુણ સંગ્રામ પૂર જોસમાં મચી રહ્યો. નેપોલિયન આખો દિવસ ઘોડા ઉપરને ઘોડા ઉપરજ ફરતો રહ્યો અને જ્યાં જ્યાં ધાસ્તી જેવું લાગે ત્યાં ત્યાં હાજર થઇ જતો.

લડાઇ દરમ્યાન નેપોલિયનને સમાચાર મળ્યા કે એક દેવળનું મકાન જેનો કબ્જો ઘણો જરૂરનો હતો તે શત્રુના હાથમાં ગયું છે. તેણે તરતજ ઘોડાને એડી મારી અને પોતાનાથી અનેકગણા રશિયનોના ધસારાથી પાછી હઠતી ફ્રેન્ચ ટુકડી આગળ દોડી ગયો. તેની હાજરીથી અને તેના ઉત્તેજક શબ્દોથી પાછા હઠતા સિપા-

ઇઓમાં નવો જુસ્સો આવી ગયો. તેઓ તરતજ મજબૂત હારમાં ગોઠવાઇ ગયા, અને “ શહેનશાહ ઘણું જીવો ” ની ગર્જના યુદ્ધનો કોલાહલ છતાં પણ ચોતરફ સંભળાવા લાગી. ફ્રેન્ચો મરણીઆ થઇને ધગધગતા ગોળા અને ગોળીઓની ખરેખરી ઝડીમાં થઇને ધસી ગયા. આ પ્રસંગે એક વૃદ્ધ સિપાઈ નેપોલિયનના જોવામાં આવ્યો. તેનું મોં દારૂની ઝીણ ઉડવાથી કાળું મેસ થઇ ગયું હતું, કપડાં લોહીથી ખરડાઇ ગએલાં હતાં, તેનો ડાબો હાથ ગોળાથી ઉડી ગયો હતો અને તેમાંથી લોહી ટપકયા કરતું હતું; છતાં તે બહાદૂર નર હારબંધ ગોઠવાઇ જતા સિપાઇઓમાં સામેલ થવા દોડી જતો હતો. નેપોલિયને કહ્યું, “ ઉભો રહે ! ઉભો રહે ! દવાખાનામાં જઇને પ્રથમ પાટો બંધાવ. ” સિપાઇએ જવાબ આપ્યો કે “ **હમણાં નહિ, દેવળનું મકાન જીતાયા પછી થઈ રહેશે.** ” એમ કહીને તે ધૂમાડાના વાદળામાં અદૃશ્ય થઇ ગયો. એક નજરે જોનાર કહે છે કે પોતાના તરફ સિપાઇઓની આવી હૃદયદ્રાવક ભક્તિ જોઇને **નેપોલિયનની આંખમાંથી આંસુ નીકળી પડયાં.**

લડાઈ શરૂ થયાને અઢાર કલાક થઇ ગયા. ધોળું બરફ રક્તથી રંગાઇ ગયું અને મેદાન મુડદાંથી અને ઘાયલ થએલાઓથી ભરાઇ ગયું. છિન્ન ભિન્ન થએલા અવયવોવાળા, પ્રહારની તીવ્રવેદના અનુભવતા હજારો સિપાઇઓ જમીનપર તરફડતા હતા અને ગાંડાની માફક દોડતા સ્વારોના ધસારા નીચે છૂંદાઇને અટવાઇ જતા હતા. લડાઇના ભારે કોલાહલ વચ્ચે પણ તેમની કારમી ચીસો સંભળાતી હતી. પાસેનાં ગામડાં ભડભડ બળવા લાગ્યાં હતાં. આગના અજવાળાથી નિર્દય યુદ્ધની ભયાનકતામાં વધારો થતો હતો. આગથી સળગતાં અને ગોળાઓથી ભાંગી જતાં ઘરોમાંથી નાસીને સ્ત્રીઓ અને બાળકો ખેતરોમાં ગયાં તો ત્યાં પણ તેઓ માર્યાં જતાં હતાં છતાં હજી યુદ્ધ તો ચાલુજ હતું.

અંધારૂ થવા આવ્યું હતું અને નેપોલિયન ફરીથી જીતાયલા દેવળમાં શાંતિ અને દઢતાથી ઉભો ઉભો યુદ્ધ જોતો હતો. મુખ્ય સેનાપતિઓનાં મુખ ઉદાસીન અને ચિંતાતુર બન્યાં હતાં. તેઓ તેને સલામત જગ્યાએ જતા રહેવા માટે અત્યંત વ્યગ્રતાથી આજીજી કરતા હતા. તેની આસપાસ ગોળા વરસતા હતા અને બોંબ ધડાધડ ફાટતા હતા. પણ કોઈનું ન સાંભળતાં તે જોખમની વચમાં ઉભો રહ્યો. તેણે પોતાનો જુસ્સો અને દઢતાની છાપ સિપાઇઓના મન ઉપર સચોટ રીતે પાડીને શત્રુના મારથી છિન્નભિન્ન થતા સૈન્યને ફરી ફરીને આગળ મોકલ્યાજ કર્યું. ત્રીશ હજાર રશિયનો, દશ હજાર ફ્રેન્ચો અને દશ હજાર અશ્વોનાં મુડદાં રણક્ષેત્રમાં રઝળતાં થઈ ગયાં હતાં અને તેમની ચીચીઆરીથી દિશાઓ ભરાઇ ગઇ હતી.

એમ કરતાં કરતાં દશ વાગવા આવ્યા. અડધો અડધ રશિયન સૈન્ય કપાઈ ગયું હતું. એટલામાં ઘણે દૂરથી ઝપાટાબંધ કુચ કરતું નવું ફ્રેન્ચ લશ્કર આવી

પહોંચ્યું, અને યુદ્ધનો રંગ સ્પષ્ટ રીતે બદલાઇ ગયો. રશિયનોથી હવે ટકાયું નહિ. પણ મહાન નેપોલિયનના સૈન્ય સામે પોતે આખો દિવસ ટકી રહ્યા. તેથી ફૂલાઇને જીતના પોકાર કરતા તેઓ દૂર ચાલ્યા ગયા. ફ્રેન્ચોએ તેમના લોહીના ઉગ્ર બલિદાનથી જીત તો મેળવી; પરંતુ તેઓ પણ થાકીને લોથ થએલા હોવાથી શિયાળાની રાતમાં લોહીથી ખરડાયલા બરફ ઉપર જે કાંઇ આરામ મળી શકે તે લેવાની તેમને પણ જરૂર પડી. નેપોલિયનનું હૃદય શોકથી વિહ્વલ થઇ ગયું હતું. આજના જેવો ત્રાસદાયક દેખાવ તેણે કદી પણ નજરે જોયો ન હતો. લડાઈ પૂરી થયા પછી તે હમેશાં ઘાયલ થએલાની સારવાર કરવાના કામમાં જોડાઇ જતો અને પોતાને હાથે તેમને દવા વગેરે પાતો. તેનો સારો દાખલો જોઇને સેવકવર્ગ પણ સિપાઇઓની ભાવપૂર્વક માવજત કરતા. ઘાયલ થએલા રશિયનોપ્રત્યે પણ તેણે તેટલીજ દયા બતાવી અને તેમની પણ સારવાર કરવામાં આવી.

લોહીથી ખરડાયલા અને મુડદાંના ઢગલાથી ભરેલા રણક્ષેત્રમાં અને તેને અનેકવિધ ચિંતાઓ હતી છતાં પણ તેને પોતાની પતિપરાયણ પત્ની યાદ આવી. તેણે ઉતાવળથી ટુંકો પત્ર લખી કહાડયો અને દોડતે ઘોડે પારિસ જઈને જોસેફાઇનને તે પત્ર પહોંચાડવા એક સ્વારને રવાના કર્યો.

બીજે દિવસે સવારે રણક્ષેત્રનો બીભત્સ દેખાવ તેના ખરા સ્વરૂપમાં સર્વની નજરે પડયો. ચાળીશ હજાર યોદ્ધાઓનાં છિન્નભિન્ન થએલાં શબ, ભાંગેલી તોપો, તલવારો, ગોળાઓ, ઘોડાના અવયવોના ટુકડા, છૂટા પડી ગએલા હાથ, પગ અને માથાંના ઢગલા જોઇને નેપાલિયનનું હૃદય ભરાઈ આવ્યું. તેણે કહ્યું કે “ આ દેખાવ જોઇને રાજાઓને સુલેહ તરફ પ્રીતિ અને યુદ્ધને માટે તિરસ્કાર અને ભય ઉત્પન્ન થવાં જોઇએ. ”

प्रकरण ३५ मुं–रशियामां ठेठ फ्रिडलेन्ड सुधी

નેપોલિયન હવે આશા રાખતો હતો કે આટલું લોહી રેડયા પછી રશિયાના અને પ્રશિયાના નૃપતિઓને વધારે નરહત્યા કરાવવાની અપેક્ષા નહિ રહે, અને તેઓ સલાહની માગણી કરતા આવશે. તમામ ઇતિહાસકારો સ્વીકારે છે કે આ વિગ્રહની શરૂઆત નેપોલિયને કરી ન હતી. અત્યારસુધી પણ તે માત્ર આત્મરક્ષણ કરવાજ લઢતો હતો. 'જેના'નો સંગ્રામ થયો ત્યાર અગાઉ પણ પ્રશિયાના રાજાને તેણે સલાહનું કહેણ મોકલ્યું હતું, અને તેના તરફ પ્રશિયાના રાજાએ લક્ષજ ન આપ્યું તેથીજ જેનાનો દારુણ સંગ્રામ થયો. ત્યારપછી પણ તેણે તરતજ લડાઈના મેદાનમાં અને લોહીની નીકો તથા મૂડદાંના ઢગલાની વચ્ચે ઉભા રહીને બીજો પત્ર લખ્યો અને નાહક કપાઈ મરતા માનવબંધુઓ તરફ દયા લાવવાની ફરીથી અરજ કરી; પરંતુ આ અરજને પણ ધૂતકારી કહાડીને છુપી રીતે પોતાનું સૈન્ય સજ્જ કરીને તેમણે નેપોલિયનની છાવણી ઉપર હુમલો કર્યો. નેપોલિયને તેમને ૨૪૦ માઇલસુધી પાછા હઠાવીને આઇલોના મેદાનમાં સખત હાર ખવડાવી. હવે તેમના તરફથી સુલેહનું કહેણ આવે એવી આશા રાખીને તેણે પાંચ દિવસસુધી રાહ જોઇ. પછી પોતાની અભિમાનના વૃત્તિને તેણે ઉદારતાથી દબાવી અને સ્વમાનને કોરે મૂકીને તેણે ફરીથી એક પત્ર લખ્યો; પણ તેના શત્રુઓએ તેની ઉદારતાનો અવળોજ અર્થ કર્યો કે હવે તેનામા લઢવાની શક્તિ હશે નહિ માટેજ સલાહ માગતો આવે છે. આથી રશિયાએ પોતાના ઉત્તર પ્રદેશોમાં અસંખ્ય અસભ્ય માણસોને એકઠાં કરીને વળી પાછી યુદ્ધની જોસભેર તૈયારી કરવા માંડી. સ્વીડનના રાજાએ તો એટલેસુધી લખ્યું કે ફ્રાન્સના બુર્બોન રાજાઓના ખરા હક્કની લડાઇમાં આપણે ખુલ્લી રીતે તેમના પક્ષમાં જોડાવું જોઇએ; કારણ કે તેમાંજ પદ્ધતિસર રચાયલાં તમામ રાજ્યોનું હિત સમાયલું છે.

યૂરોપના રાજાઓની એવી ઉદ્ધતાઇભરેલી માન્યતા હતી કે ફ્રાન્સને પોતાનો રાજા અને રાજ્યતંત્ર પસંદ કરી લેવાનો હક્કજ નથી; અને તેને લીધેજ યૂરોપમાં

સલાહ થાય એ અસંભવિત હતું. આખા યૂરોપમાં સૌથી બળવાન અને ગર્વિષ્ઠ ફ્રેન્ચ પ્રજા શું બીજાની અપમાનભરેલી આજ્ઞાને તાબે થઇને તેઓ કહે તે રાજાની ધુંસરી નીચે ગરદન નમાવે ? નેપોલિયને એકવાર ખરેખરૂં સત્ય કહ્યું હતું કે "જો કદાચ બુર્બોન રાજાઓ ફ્રાન્સની ગાદીએ ફરીથી આવે તો એક લાખ ફ્રેન્ચોનાં મુડદાં ઉપર થઇને તેમને આવવું પડશે." આખરે યૂરોપના આપખુદ રાજાઓનાં એકત્ર થએલાં સૈન્યોની પાછળપાછળ તેઓ પારિસમાં પાછા આવ્યા તો ખરા, પણ તે ક્યારે ? આખો યૂરોપ લોહીથી ખરડાયો અને દશ લાખ ફ્રેન્ચો સ્વમાનના રક્ષણ માટે મૃત્યુના મુખમાં હોમાયા ત્યાર પછીજ; પરંતુ તે છતાં પણ આજે એ રાજાઓનું નામનિશાન રહેવા પામ્યું છે ?[1] આજે ફ્રાન્સની ગાદીએ કોણ છે ? **પ્રજાની મરજી ઉપર એકલા પાશવબળનું દબાણ લાંબો વખત ચાલી શકતુંજ નથી.**

આસ્ટ્રિયા ફ્રાન્સની સાથે ઘણાજ ગંભીર કોલકરારથી બંધાઇ ચૂક્યું હતું, તોપણ ત્યાંના રાજાની અંદરખાનેથી મરજી લડાઇનું બહાનું શોધવાની હતી. તેણે નેપોલિયનને લખ્યું કે મને મધ્યસ્થ નીમો તો હું સલાહની સરતોનો નિર્ણય કરાવી આપું. નેપોલિયન તેનાથી છેતરાય એવો ન હતો. તે સમજી ગયો કે આસ્ટ્રિયા સલાહ ન કરાવતાં ઉલટા નવા વાંધા ઉભા કરશે. તેથી તેણે જવાબ આપ્યો કે જે રાજ્યે પોતાની દોલત અને મોટાઇ બીજાં રાજ્યોને સ્વાહા કરીને મેળવી છે, તે રાજ્ય સલાહ કરાવવાને બદલે નવાં વેર અને કુસંપ ઉભાં કરાવવાનાંજ બહાનાં શોધ્યા કરશે. તેજ વખતે તેણે પારિસમાં બીજું એક લાખ સિપાઇઓનું લશ્કર ઉભું કરવાની મુખ્ય પ્રધાનને આજ્ઞા કરી, કે જેથી કરીને જર્મનીમાં પડેલા એક લાખ માણસો ઉપરાંત બીજી તેટલીજ બળવાન ફોજ તૈયાર થએલી જોઇને આસ્ટ્રિયા ડરતુંજ રહે. આવી સમયસૂચકતા વાપરીને નેપોલિયને આસ્ટ્રિયાને પોતાની સામેની એકસંપીમાં જોડાતું અટકાવ્યું.

સ્પેનનો બુર્બોન વંશીય રાજા પણ ફ્રાન્સ ઉપર તૂટી પડવાની તક શોધ્યા કરતો હતો. નેપાલિયન પોતાના રાજ્યથી ઘણો દૂર છે અને તેના અસંખ્ય દુસ્મનો વચ્ચે ઘેરાઈ ગયો છે એમ ધારીને તેણે એવચની થઇને લશ્કર તૈયાર કર્યું અને "જેના"નું યુદ્ધ થયું તેને આગલેજ દિવસે તેણે પોતાની રૈયતને લશ્કરમાં જોડાવાની જાહેર આજ્ઞા પ્રકટ કરી; પણ 'જેના'ના સંગ્રામના ચોંકાવનારા પરિણામથી તે પાછો ડરી ગયો અને પોતે નિર્દોષ હોય અને નેપોલિયનનો હિતેચ્છુ હોય તેમ તેણે જણાવ્યું કે સ્પેનમાં જે લશ્કર તૈયાર થયું છે તે માત્ર ફ્રાન્સને મદદ કરવાને માટેજ ઉભું થયું છે. નેપોલિયનને સ્પેનના રાજાનો છુપો પત્રવ્યવહાર તેના જાસુસોએ પહોંચાડી

---

[1] આ પુસ્તક રચાયું ત્યારે પાછો એ આગલા રાજવંશનો અમલ નષ્ટ થઇ નેપોલિયનનો વંશજ ફ્રાન્સનો રાજા બન્યો હતો.

દીધો હતો તેથી તે મનમાં હસ્યો અને જાણે પોતે છેતરાતો હોય તેમ સ્પેનના રાજાને આભારનો પત્ર લખીને તેના લશ્કરને ફ્રાન્સમાં આવવા દીધું; પણ તેને ફ્રેન્ચ લશ્કરની વચમાં સાચવીને રાખ્યું.

આ પ્રમાણે સ્પેનના રાજાએ વારંવાર બેઇમાની બતાવી તેથી આખરે તેને પણ પદભ્રષ્ટ કરવાની નેપોલિયનને જરૂર પડી અને તેમ કરવા જતાં તેની પોતાની પણ પડતી થઈ. જો તેણે એ રાજાને સ્પેનની ગાદી ઉપર રહેવા દીધો હોત તો-પણ વહેલું મોડું પરિણામ તો એનું એજ આવત. નેપોલિયન ઉન્નતિના શિખર ઉપર પહોંચશે અને ત્યાંથી તેનું પતન થશે એવું પ્રારબ્ધની પોથીમાં નિર્માણજ થઇ ચૂકયું હતું. ઉંડામાં ઉંડી દીર્ઘદૃષ્ટિથી અને કાર્યદક્ષતાથી પણ તેનો અધઃપાત અટકાવી શકાય એવો હતોજ નહિ. જો નેપોલિયને પોતાના અંતઃકરણને વેચીને યૂરોપના રાજાઓની મૈત્રી સાધી હોત અને તે લોકોનો રાજા મટીને ઉમરાવોનો રાજા થયો હોત તો તેના તરફ નૃપતિ વર્ગનો દ્વેષ ઓછો થાત, પણ તેમ કરવા જતાં તે લોકોની પ્રીતિ ગુમાવત. **ઉચ્ચ કક્ષાના મનુષ્ય તરીકે નેપોલિયને** પોતાના **આદર્શથી ભ્રષ્ટ થવા કરતાં વિનાશનેજ વધારે** પસંદ કર્યો. તે પડયો, પણ જગતમાં પોતાના ભવ્ય જીવનની ચિરસ્મરણીય છાપ મૂકીને અને પ્રજાના અંતઃકરણમાં હમેશનું સ્થાન પ્રાપ્ત કરીને પડયો. તે પોતેજ કહે છે કે “ સેંટ હેલેના તો મારા પ્રારબ્ધમાં પહેલેથીજ નિર્માણ થઇ ચૂકયો હતો.

બેઉ પક્ષ નવેસરથી યુદ્ધની તૈયારી કરવા મંડી પડયા હતા. દરમ્યાન શિયાળાનો અમલ ઉતરવા આવ્યો. નેપોલિયન સિપાઇઓની સાથે છાવણીમાંજ રહેતો હતો અને દરેક પ્રકારની મુશીબતો જાતે સહન કરીને તેમને પણ સહન કરવાનું શીખવતો. એકવાર તેના ભાઈ જોસેફે લખ્યું કે અમને નેપલ્સમાં ઘણી વિટંબણા પડે છે તેના જવાબમાં તેણે લખ્યું કેઃ—

“ આજે બે મહિના થયાં મારા લશ્કરના અમલદારોએ શરીરપરથી કપડાં ઉતાર્યાં નથી; કેટલાકને તો ચાર ચાર મહિના પણ થઇ ગયા છે. મેં પોતે પણ પખવાડિયું થયાં બૂટ ઉતાર્યા નથી. અમે કાદવ અને બરફમાં પડયા રહીએ છીએ. રોટી અને દારૂનું મોં જોતા નથી. બટાકા અને માંસ ઉપર નિર્વાહ કરીને લાંબી લાંબી કુચ કરીએ છીએ. આરામ શું છે તે અમે જાણતા નથી. ગોળીઓના ઝડીની વચમાં સંગીનથી યુદ્ધ કરીએ છીએ અને ઘાયલ થએલા સિપાઇઓને પણ બસેં બસેં માઇલસુધી ઠંડા પવનના ઝપાટા લાગે તેવી રીતે બરફ ઉપર ધકેલવાની ગાડીઓમાં નાખીને લઇ જવા પડે છે. ”

નેપોલિયન આ સમયે પોતાના રાજ્યથી દોઢ હજાર માઇલ દૂર હતો અને અહિંના કામનો અથાગ બોજો તેને માથે હતો તે છતાં પણ તે છાવણીમાં રહ્યો

રહ્યો પોતાના રાજ્યની વ્યવસ્થામાં નિરંતર લક્ષ આપતો હતો. દર અઠવાડીએ દરેક ખાતાના પ્રધાનોની ટપાલ તેને મળ્યાજ કરતી. તે આવે કે તરતજ તે વાંચી નાખતો અને ઝીણામાં ઝીણી બાબતોવિષે પણ પોતાના જવાબમાં સૂચનાઓ કરતો. કોઈએ તેની સ્તુતિની કવિતા રચી હતી અને તે નાટકશાળાઓમાં ગવાતી હતી. તેની રસજ્ઞતાને તે રૂચી નહિ. તેથી તેને ઠેકાણે વધારે ઉદાર ભાવનાઓવાળી અને જેમાં પોતાનાં વખાણ ઓછાં આવે એવી કવિતા ગવડાવવાની સૂચના કરી. તેણે કહ્યું કે **"પ્રજામાં ઉત્તમ અને પ્રબળ ભાવનાઓ જાગૃત થાય એવી કવિતા એજ મારી સારામાં સારી સ્તુતિ છે."**

કેળવણી ખાતાની સુધારણા તરફ તો તે અત્યંત કાળજીપૂર્વક લક્ષ આપ્યા કરતો હતો. કન્યાકેળવણીની એક સંસ્થાને અંગે તેણે કેળવણીખાતાના પ્રધાનને લખ્યું કે " **આ શાળામાં કન્યાઓને શિક્ષણ આપવાનો હેતુ એ છે કે તેઓ આદર્શ કુમારિકાઓ, આદર્શ પત્નીઓ અને આદર્શમાતાઓ થાય. તેમને એવી રીતે કેળવજો કે તેમનામાં પૃચ્છક બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો વિકાસ વધારે થાય.** સ્ત્રીઓના મગજની કેટલેક અંશે નિર્બળતા, તેમના વિચારની અસ્થિરતા, સમાજજીવનમાં તેમને માટે કુદરતે નિર્માણ કરેલું સ્થાન અને ગમે તે અવસ્થામાં ઈશ્વરના ન્યાયીપણા ઉપર શ્રદ્ધા રાખીને શાંતિ ધારણ કરવાની તથા બીજાના દોષને પ્રેમ અને ઉદારતાપૂર્વક ક્ષમાદૃષ્ટિથી જોવાની તેમની ટેવ, એ બાબતો તેમને માટે ખાસ અગત્યની હોવાથી **સ્ત્રીકેળવણીમાં ધાર્મિક શિક્ષણ બહુ અગત્યનું સ્થાન ભોગવે છે. એ કન્યાઓ શાળા છોડે ત્યારે ફેશનદાર રમણીઓ નહિ પણ સુશીલ સન્નારીઓ નીવડે અને તેમની મોહકશકિત તેમના શરીરની ખુબસુરતીમાં નહિ પણ તેમના ઉંચા પ્રકારના ગુણમાં રહેલી હોય** એ જોવાને હું ઘણો ઉત્સુક છું."

તેણે આગ્રહપૂર્વક સૂચના કરી હતી કે " **કન્યાઓએ ઈતિહાસ, સાહિત્ય, પોતાની આસપાસના લોકોમાં મૂળ ઘાલી બેઠેલા વહેમોને દૂર કરવા જેટલું ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન, થોડુંક વૈદક, વનસ્પતિશાસ્ત્ર, નૃત્ય–પણ તે નાટકની ઢબનું નૃત્ય નહિ–વાચન અને તમામ જાતનું શીવણકામ શીખવું જોઇએ.** તેમના ઓરડાનો શણગાર તેમને પોતાને હાથેજ સજી લેતાં આવડવું જોઇએ. પોતાનાં મોજાં, કપડાં, ટોપીઓ, રોજના ઉપયોગની સૌંદર્યવર્ધક વસ્તુઓ, બાળકોનાં કપડાં, એ બધી ચીજો તેમણે જાતેજ બનાવી લેવી જોઇએ. આ તરુણ છોકરીઓને આગળ જતાં ઉપયોગી સ્ત્રીઓ થએલી જોવા હું ઇચ્છું છું."

છાવણીમાં અને રાજધાનીથી દોઢ હજાર માઇલ દૂર છતાં તેની સર્વગ્રાહી બુદ્ધિ અને અદમ્ય કાર્યકારિણી શક્તિવડે રાજ્યની દરેક બાબત તેના ધ્યાન બહાર જતી નહિ.

વર્તમાનપત્રોના સંબંધમા તેણે એ વિષયની સાથે સંબંધ રાખનાર પ્રધાનને લખ્યું કે "**સાહિત્યને સફળતાપૂર્વક ઉત્તેજન આપવું હોય તો એવું એક પત્ર ચલાવવું જોઇએ, કે જેમાં પ્રકટ થતી સમાલોચનાઓ શુદ્ધ હેતુવાળી, ચાલુ વર્તમાનપત્રોમાં જોવામાં આવતા પક્ષપાતથી તેમજ તોછડાઇભરેલા આક્ષેપોથી મુકત અને વિદ્વત્તાથી ભરપૂર હોય.** હાલમાં જે સમાલોચનાઓ લખાય છે તે બિનઅનુભવી અને સામાન્ય શક્તિવાળા હોવા છતાં પોતાને વિદ્વાનમાં ખપાવનાર લેખકોને પણ.માર્ગદર્શક થતી નથી, તેમ તે તેમની કલમપર અંકુશ પણ મૂકી શકતી નથી. વળી તે ખરેખરી યોગ્યતાવાળા વિદ્વાનોની કદર પણ કરી શકતી નથી. તેઓ તો માત્ર લેખકોને ઉતારી પાડીને તેમને નિરુત્સાહી બનાવી દે છે. જેમાં ભાષાની છટાની સાથે બુદ્ધિનો ઝળકાટ હોય, અને જેમાં ગુણ અને દોષની વિવેકપૂર્વક સમીક્ષા થતી હોય, એવા લેખ લખાવા જોઇએ. કોઈનામાં થોડામાં થોડી યોગ્યતા હોય તો તે પણ શોધી કહાડીને સમાલોચનામાં તેના કદર થવી ઘટે છે."

ફ્રાન્સનાં વિશ્વવિદ્યાલયોની સુધારણાના સંબંધમાં તેણે લખ્યું કે "તમારે સાહિત્યના શિક્ષણને માટે એક વિશ્વવિદ્યાલય સ્થાપવાની યોજના ઘડી કહાડવી જોઇએ. **સાહિત્ય એટલે માત્ર કાવ્યો અને નવલકથાઓજ નહિ પણ તેમાં ઇતિહાસ અને ભૂગોળનો પણ સમાવેશ કરવો.** તેમાં ઓછામાં ઓછા ત્રીસ પ્રોફેસરોની ગોઠવણ કરવી અને તે એવા હોવા જોઇએ કે ભણાવવા ઉપરાંત વિદ્યાર્થીઓના ખાનગી અભ્યાસને લગતી પણ ઉપયોગી સૂચનાઓ આપી શકે. કોઇને અમુક યુગના સાહિત્યનો અભ્યાસ કરવો હોય તો તેણે કયાં પુસ્તકો જોવાં અને કયા પ્રાચીન લેખો, સ્મરણસ્તંભો તથા ઇમારતો તપાસવી; કોઇને પરદેશમાં મુસાફરી કરવા જવું હોય તો ત્યાંનું રાજ્યબંધારણ, સાહિત્ય, તે દેશની કુદરતી પેદાશ વગેરે બાબતોની માહિતીમાટે કયા પ્રોફેસર પાસે જવું, તે સર્વને જાહેર કરી દેવું જોઇએ."

"ઘણાજ અફસોસની વાત છે કે આવા વિશાળ દેશમાં કોઇ યુવકને પોતાનું જ્ઞાન વધારવું હોય અથવા અમુક વિષયમાં પ્રવીણતા મેળવવી હોય, તો તેને ઘણા વખત સુધી ખરા માર્ગદર્શકને અભાવે અંધારામાં ફાંફાં મારવાં પડે છે અને પોતાને જોઈતું જ્ઞાન મેળવવાનો સત્ય માર્ગ તેને હાથ લાગે ત્યાંસુધીમાં તેને ઘણાં વર્ષ મિથ્યા શોધાશોધ કરવામાં ગુમાવવાં પડે છે. માટેજ મેં ઉપર કહી તેવી સંસ્થાઓની જરૂર છે. ઘણાં વર્ષથી હું એ વિષે વિચાર ચલાવી રહ્યો છું; કારણ કે **મને મારા અભ્યાસમાં પણ એવીજ મુશ્કેલી નડયા કરે છે.**"

આ પ્રમાણે ફ્રાન્સની સંગીન સુધારણા તરફ તે નિરંતર લક્ષ આપતો હતો અને તેની સાથે જે વિશાળ સૈન્યને લઇને તે શત્રુના મુલકમાં, અસંખ્ય શત્રુસૈન્યની વચમાં પડયો હતો તેના સુખસાધનો તરફ પણ તેની કાળજી ઓછી ન હતી.

તેના લશ્કરને ખોરાક, વસ્ત્ર અને આરામનાં સાધનો યથેચ્છ મળ્યેજ જતાં હતાં. બિચારા રશિયનો ભૂખમરો વેઠતા હતા. તેઓ ઘણીવાર આસપાસના તાલુકાઓમાં નિર્દયપણે લૂંટફાટ અને જોરજુલમ કરતા અને કોઈ કોઇ તો ફ્રેન્ચોની છાવણીઓમાં પણ આવી પહોંચીને સિપાઇઓ પાસે રોટલી માટે ભીખ માગતા. તેઓ ઇશારતથી કહેતા કે અમે કેટલાક દિવસના ઉપવાસી છીએ. ફ્રેન્ચો તેમનો પ્રેમથી સત્કાર કરતા અને પેટ ભરીને ખવરાવતા.

પારિસના ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે નેપોલિયને જથ્થાબંધ જોડા, બૂટ, ઘોડાનાં જીન, તોપોની ગાડીઓ વગેરે ત્યાંજ બનાવવાની વરદી આપી હતી. એ બધી વસ્તુઓ ફ્રાન્સથી પોલેન્ડ સુધી લાવવાની હતી. રસ્તામાં લૂંટારાનાં અસંખ્ય ટોળાં ભમતાં હતાં અને કાદવથી ભરેલા મોટા મોટા ધરા આવતા હતા. મારેન્ગોના યુદ્ધ વખતે તોપોનાં ગાડાં ખેંચનારને પાણી ચઢાવવા માટે નેપોલિયને તેમના દરજ્જામાં વધારો કર્યો હતો તેમ આ વખતે ભારદારી ગાડાં હાંકનારને પણ લશ્કરી પોશાક વગેરે આપીને તેમની સ્વમાનવૃત્તિને તેણે જાગૃત કરી. તેઓ બિચારા અત્યારસુધી રોજીયા મજૂર જેવા હતા. હવે તેમને લશ્કરી પોશાક મળ્યો અને તેઓ પણ સૈન્યના અંગભૂત ગણાવા લાગ્યા તેથી જે કામ તેઓ પહેલાં માત્ર પગારને માટે કરતા હતા તે હવે દેશાભિમાનની લાગણીપૂર્વક કરવા લાગ્યા.

આવાં આવાં અનેકવિધ કાર્યોમાં નેપોલિયન લક્ષ દોડાવતો હતો. પોલેન્ડના બરફમય પ્રદેશમાં પડેલી તેની છાવણી ઉપર આખા યૂરોપની આંખ ઠરી હતી. તેનાં મહાભારત કાર્યો અને તેની કાર્યદક્ષતા જોઇને તેના શત્રુઓ ભયભીત થઇ ગયા હતા. આટલે દૂર રહ્યાં રહ્યાં પણ જાણે તે ટુઇલેરીસ મહેલમાં બેઠો હોય તેવી રીતે તે પોતાના રાજ્યની વ્યવસ્થા જાળવી શકતો હતો. વળી આટલો બધો કામનો બોજો છતાં ઓછામાં ઓછો દિવસમાં એકવાર અને કોઇવાર તો દિવસમાં બબ્બે વખત પોતાની પ્રિય પત્નીને પત્રો લખતો.

સાવકી પુત્રી હૉર્ટેન્સનું લગ્ન તેના નાના ભાઇ લૂઇ સાથે થયું હતું. તેમનો નાનો પુત્ર જેનું નામ પણ નેપોલિયનજ પાડવામાં આવ્યું હતું તે શહેનશાહ નેપોલિયનને ઘણોજ વહાલો હતો. તે પાંચ વર્ષનો પરમ સુંદર બાળક હતો અને નાનપણથીજ તેનામાં ચારિત્ર્યની ભવ્યતાનાં ચિન્હ નજરે પડતાં હતાં. નેપોલિયનને પોતાને સંતાન નહિ હોવાથી આ છોકરાને પોતાનો વારસ ઠરાવવાની તેને ઇચ્છા હતી; પરંતુ આ બાળક એકાએક મરણ પામ્યો અને નેપોલિયનની તે આશા વૃથા ગઇ. તેના પ્રેમાળ હૃદયને આથી સખત પ્રહાર લાગ્યો. તે બે હાથમાં માથું ઢાંકીને લાંબા વખતસુધી અત્યંત ઉદ્વેગભર્યા વિચારોમાં ગરકાવ થઇને બેસી રહ્યો. તેને બોલાવવાની પણ કોઇની હિંમત ચાલી નહિ.

નેપોલિયન આખા યૂરોપમાં બલિષ્ટ રાજા હતો. છતાં તેને વારસ ન હતો. તેના મરણ પછી ફ્રાન્સમાં ફરીથી અંદર અંદરનો કલહ જાગે એવાં ચિન્હ સ્પષ્ટ દેખાતાં હતાં. તે ઘણીવાર ભારે ખેદ સાથે પોતાના મન સાથે બોલતો કે " આ બધું રાજ્ય મારે કોને સોંપી જવું ? " હૉર્ટેન્સના પુત્ર ઉપર તેણે આશા બાંધી હતી. હવે જોસેફાઇન સાથેનો લગ્નસંબંધ રદ કરીને બીજીવાર લગ્ન કરવાનો દુઃખદ પ્રશ્ન ફરી પાછો ઉભો થયો. એક બાજુએ જોસેફાઇન તરફ તેનો અગાધ પ્રેમ અને બીજી બાજુએ પોતાનો વંશ કાયમ રાખવાની તેની ઇચ્છા એ બે વચ્ચે ખેંચતાણ થવાથી તેના હૃદયને એવી તીવ્ર વેદના થતી હતી કે તેનો મજબૂત મનોનિગ્રહ છતાં તેના ગાલ ફિક્કા પડી ગયા અને ઉંઘ તેમજ આહાર કમી થઈ ગયાં. જોસેફાઇનને ભવિષ્યના વિચાર આવવાથી ઘણોજ સંતાપ થતો હતો અને તે પણ રાતદિવસ રડી રડીને કહાડતી હતી. નેપોલિયન વારંવાર જોસેફાઇનને અને દીકરી હૉર્ટેન્સને દિલાસાના પત્રો લખતો હતો.

પોલેન્ડના બરફમય પ્રદેશમાં છાવણી નાખીને જ્યારે સૈન્યસહિત નેપોલિયન રહ્યો હતો તે વખતે તે સખતમાં સખત શારીરિક અને માનસિક પરિશ્રમ લેતો હતો અને તેની તમામ શક્તિઓ પૂર જોસમાં કામ કરી રહી હતી. પોતાની છાવણીમાં આંટા મારતી વખતે બરફ, વરસાદ અને કાદવમાં થઇને તે ઘણી વાર રોજના નેવું નેવું માઇલની સ્વારી કરતો. લશ્કરમાં માણસોની ભરતી કરનારા માણસોની સાથે અને આટલા વિશાળ સૈન્યમાટે જોઇતી વસ્તુઓનો ગંજાવર જથ્થો વહીં લાવનાર મારફતીઆઓની સાથે તે પત્રવ્યવહાર કરતો. પારિસમાં બનતા દરેક બનાવપર તે નજર રાખતો; ત્યાંના રાજતંત્રનું નિયમન અહિં રહ્યાં રહ્યાં કરતો; અને પોતાનાં શત્રુરાજ્યો ફરીથી લડાઇ ન કરે, મિત્રરાજ્યોને સારો બદલો મળે, અને ફ્રાન્સનું ફરીથી કોઇ અપમાન ન કરી શકે તેને માટે પોતે કેવી નીતિ અખ્ત્યાર કરવી તે સર્વ બાબતોનો પણ વિચાર કર્યા કરતો.

ઈંગ્લંડે હવે એક નવી બાજી રમવા માંડી. તેનું નૌકાસૈન્ય ડાર્ડનલસની સામુદ્રધુની ઓળંગી તુર્કસ્થાનની નબળી તોપોનો તિરસ્કાર કરીને કૉન્સ્ટંટિનોપલના બારા આગળ આવી ઉભું અને ટુંકા, લશ્કરી શબ્દોમાં કહેવડાવ્યું કે " ફ્રાન્સની સાથેની મૈત્રી તોડો, તમારો કાફલો અમને સોંપી દો, અમારા પક્ષમાં જોડાઓ નહિ તો અડધા કલાકમાં આખા નગરના ભૂકા કહાડી નાખીશું. "

પણ તુર્કસ્તાનના દરબારમાં જે એલચીની નેપોલિયને નીમણુક કરી હતી તે ઘણોજ બાહોશ માણસ હતો. તેણે એક બાજુએ આખી તુર્ક પ્રજાને જાગૃત કરી અને બીજી બાજુએ શત્રુના સેનાપતિને સુલેહ કરવાની સરતોની વાતોને બહાને રોકી રાખ્યો. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો, ખ્રિસ્તીઓ અને મુસલમાનો સર્વ કામે લાગી

ગયાં. ફ્રાન્સના ઈજનેરોની સલાહ પ્રમાણે જોતજોતામાં બચાવનાં બાંધકામ તૈયાર થઇ ગયાં અને તેમના ઉપર આશરે એક હજાર તોપો ગોઠવાઇ ગઇ. છેવટે અંગ્રેજ કાફલાને નામોશી સાથે ત્યાંથી પાછા ફરવું પડયું. આ બનાવથી તુર્કસ્તાન અને ફ્રાન્સની મૈત્રી વધારે દૃઢ થઇ.

શિયાળો ઉતરી ગયો અને યુદ્ધનું મંડાણ ફરીથી મંડાયું. રશિયા અને પ્રશિયાએ મળીને ૧૪૦૦૦૦ માણસો એકઠાં કર્યા હતાં; તેમાંથી તેઓ ગમે ત્યારે ૧૦૦૦૦૦ માણસોને યુદ્ધમાં ઉતારી શકે એમ હતું. બીજી બાજુએ ચાર લાખ ફ્રેન્ચો માઇલોના માઇલ સુધી લંબાયલી છાવણીમાં અને કિલ્લાઓમાં પડયા હતા, તેમાંથી નિમેન અને વિસ્ટયુલા નદીની વચ્ચેના કોઇ પણ સ્થળમાં એક લાખ સાઠ હજાર માણસો એકત્ર કરી શકાય એમ હતું. ઊનાળો બેસતાંજ નેપોલિયને લશ્કરને મેદાનમાં ઉતાર્યું અને કવાયત આપવા માંડી.

જૂન મહિનો બેસતાંજ ફ્રેન્ચ સરદાર માર્શલ નેની છાવણી ઉપર એકદમ ધસારો થયો. દોઢસો માઇલસુધી લાંબીને લાંબી છાવણી નાખીને પડેલી ફ્રેન્ચ સેના એક જગ્યાએ સપાટાબંધ એકઠી થવાને ગતિમાન થઇ ગઇ. દરેક જગ્યાએ શત્રુસૈન્ય અથડાતું. તોપોના અવાજ, સ્વારના ધસારા અને તલવારોની અથડાઅથડી રાતદિવસ ચાલુજ રહેતાં. નેપોલિયનની હિલચાલ એવી ચાલાકી ભરેલી હતી કે દરેક ઠેકાણે શત્રુસૈન્ય કરતાં તેનાં માણસો વધારેજ હોય. પર્વતો, ખીણો, નદીઓ, અને જંગલો ઓળંગતો તે શત્રુની પૂઠે પડયો.

એક પછી એક મેદાન લોહીથી રંગાવા લાગ્યાં. જ્યાં જ્યાં ગામ આવતું ત્યાં ત્યાં રશિયનો થોભતા અને મરણીઆ થઇને લઢતા. એકાદ કલાક ગોળા અને ગોળીઓની ઝડી મચી રહેતી. મકાનો ભાગી તૂટીને મેદાન થઇ જતાં. સ્ત્રીઓ પોતાનાં બાળકોને કેડે લઇને બાવરી બાવરી ચારે દિશાએ નાસતી. એકાદ કલાકમાં બોંબ, ગોળીઓ અને તોપના ગોળા પોતાનું કામ કરી નાખતા. બળતાં ઘરોમાથી લોહી નીંગળતા રશિયનો નાસતા. શેરીએ શેરીએ જંગ મચી રહેતા. હજારો ઘરના ચૂરેચૂરા થઇ ગયા. સેંકડો સ્ત્રીઓ અને બાળકો વીંધાઇ ગયાં. પાકથી ભરેલાં ખેતરો સ્વારોના પગતળે છુંદાઈ ગયાં. છતાં હજી ભયંકર વાવાઝોડું આગ અને વિનાશની વૃષ્ટિ કરતું આગળને આગળ વધતુંજ ગયું. જંગલી રશિયનો નાસતા અને ઝનુની ફ્રેન્ચો તેમની પૂંઠ પકડતા. આ પ્રમાણે પાંચદિવસ સુધી રાતદિવસ યુદ્ધોની રમઝટ મચી રહી. છઠ્ઠે દિવસે ૯૦૦૦૦ રશિયનો અને પ્રશિયનો હેલ્સબર્ગના મેદાનમાં એકઠા થયા અને પાંચસો ભારે તોપો ગોઠવીને મજબૂત મોરચો નાખીને બેઠા. મેદાનમાં દાખલ થતા ફ્રેન્ચોને એકસપાટે વીંધી નાખવાને એ તોપોને ગોળાઓથી ઠાંસી ઠાંસીને ભરી હતી.

જિંદગીની લેશમાત્ર પણ દરકાર રાખ્યા વગર ૩૦૦૦૦ ફ્રેન્ચો હર્ષનાદથી

આકાશ ગજવતા તોપોનાં મોં સામે ધસી ગયા. મુરા અને ને સર્વની આગળ હતા. આ હુમલો તદ્દન સાહસિક અને અવિચારી હતો અને પોતાના સિપાઇઓની બિનજરૂરી કતલ જોવાને સારે નસીબે નેપોલિયન તે વખતે ત્યાં ન હતો. રશિયનોની તોપોનાં મુખમાંથી પ્રલયાગ્નિ વરસવા લાગ્યો, અને તેની સામે ઉઘાડી છાતીએ ફ્રેન્ચો નિડરપણે દોડી આવ્યા તેમની હારોની હારો ઉડી જવા લાગી. પણ લોહીથી વહેતી નીકોમાં થઇને, મુડદાંના ઢગલાને કચરતા પાછલી હારના સિપાઇઓ બેધડક આગળ દોડતાજ ગયા. તોપોના મુખ પાસે જઇને તોપો ફોડનારને તેમણે તલવારથી ઝટકાવી નાખ્યા અને જયનાદ ગજાવતા ઉભા રહ્યા.

પરંતુ એટલામાંજ શત્રુના સ્વારોની પડઘીઓ સંભળાઇ. રણશિંગડાનો તીણો અવાજ સંભળાયો. સમુદ્રની ભરતીનાં મોજાંના વેગથી દશહજાર સ્વાર ફ્રેન્ચ સેના ઉપર તૂટી પડયા. જયનાદ બંધ થઇ ગયા અને જીવને જોખમે તોપોની પાસે જઈ ઉભેલા ફ્રેન્ચો ઘાસની માફક કપાઈ ગયા. આ પ્રમાણે ફતેહનું મોજું કોઇવાર આ બાજુએ તો કોઈવાર સામી બાજુએ એમ ઝોકાં ખાવા લાગ્યું. રાત પડી. આકાશમાં ધૂમાડાનાં વાદળાં જામ્યાં હતાં અને તેના છત્ર નીચે મનુષ્યો દૈત્યોની માફક પ્રલય મચાવી રહ્યાં હતાં. મધ્યરાત્રિ થઈ ત્યારે તોપોના અવાજ બંધ થયા. બાર કલાક સુધી લઢી થાકીને લોથપોથ થએલા સિપાઈઓ મુડદાંના ઢગલા વચ્ચે રુધિરપ્લાવિત મેદાનમાંજ આરામ લેવા સૂતા. મોડી રાતે નેપોલિયન ત્યાં દોડતે ઘોડે આવી પહોચ્યો. છેલ્લા પાંચ દિવસ થયાં તેણે ઉંઘ આહારને જાણ્યો ન હતો. વરસાદ, બરફ, કાદવની પરવા કરી ન હતી. દોઢસો માઇલસુધી વિસ્તરાતી લાંબી હારમાં કુચ કરતા વિશાળ સૈન્યમાં સર્વને ઉત્સાહ આપતો તે બધે ઘૂમી વળતો. એક ઘોડો અત્યંત દોડવાથી થાકીને મરી જતો ત્યારે બીજો અને તેના પછી ત્રીજો એમ અનેક ઘોડાપર સ્વારી કરતો તે વાવાઝોડાની ત્વરાથી આખા લશ્કરમાં ફરી વળતો. હેલ્સબર્ગના મેદાનમાં તેના અતિ બહાદૂર સેનાપતિઓએ અવિચારીપણે પોતાના સિપાઇઓની કતલ કરાવી નાખી તે જાણીને તે ઘણોજ નારાજ થયો.

સવાર પડતાંજ પાછાં બેઉ લશ્કર અસલ જગ્યાએ ગોઠવાઇ ગયાં. ફ્રેન્ચો મેદાનમાં અને રશિયનો પોતાના મોરચાની પાછળ ઉભા રહ્યા. સિપાઇઓની નાહક ખુવારી ન થાય તે માટે નેપોલિયન હમેશાં કાળજી રાખતો હતો. તેણે એવી કુનેહથી લશ્કરની હિલચાલ કીધી કે રશિયનોને એક પણ તોપ ફોડયા વગર તેમની મજબૂત જગ્યાએથી ખસી જવું પડયું. તેઓ પાછા અને પાછા હઠતા ગયા. આખી રાત તેમણે ઝડપથી અવળી કુચ કરી. બીજે દિવસે પણ તેઓ થાકેલા છતાં પાછા હઠતાજ ગયા. આખરે તેમને થોભવાની ફરજ પડી. આજે હવે તેમનું આવી બન્યું. નેપોલિયને તેમને ધકેલી ધકેલી એક નદીના વાંક આગળ લાવી મૂકયા હતા અને તેમને પોતાના

લશ્કરની વચમાં એવા સજ્જડ ઘેરી લીધા હતા કે તેમને માટે નાસવાનો માર્ગજ રહ્યો ન હતો.

જૂનની ૧૪ મી તારીખે સવારના પહોરમાંજ ફ્રિડલૅન્ડનું યુદ્ધ શરૂ થયું. માર્શલ નેની ટુકડી આગળ વધી હતી તેના ઉપર આખું રશિયન સૈન્ય યાહોમ કરીને તૂટી પડયું. મદદ આવી પહોંચે ત્યાર પહેલાં માર્શલ નેના લશ્કરના ટુકડે ટુકડા કરી નાખવાનો તેમનો ઈરાદો હતો. નેપોલિયને દશ માઇલને છેટે તોપોના ધડાકા સાંભળ્યા. તેણે આસપાસની તમામ ટુકડીઓને રણક્ષેત્રમાં તેડી લાવવા માટે ચારે બાજુએ સ્વાર દોડાવી મૂકયા અને પોતે મારતે ઘોડે ત્યાં આવી પહોંચ્યો. નદીના વાંકવડે ઘેરાયલી રશિયન ફોજ અને ચારે દિશાએથી દોડી આવતી પોતાની ટુકડીઓને જોઇ તેના ચહેરા ઉપર આનંદ છવાઈ રહ્યો. તેણે કહ્યું, " આજે મારેન્ગોના યુદ્ધની વરસગાંઠ છે. આજનો દિવસ આપણે માટે ફતેહનોજ છે. "

માર્શલ 'ને'ની પાસે માત્ર ૨૬૦૦૦ માણસો હતાં. તેટલા વડે તે ૮૦૦૦૦ રશિયનોની સામે સવારથી અત્યારસુધી ટકી રહ્યો હતો. નેપોલિયનને ટેકરીની ટોચ ઉપર જોઇને એ સરદાર ત્યાં દોડતે ઘોડે આવી પહોંચ્યો અને બોલ્યો, "સાહેબ, જલદી કરો. મારૂં લશ્કર થાકી ગયું છે. મને મદદ આપો તો તમામ રશિયનોને હું નદીમાં ધકેલી મૂકું. " તે વીર પુરુષનાં કપડાંમાં બંદુકની ગોળીઓથી કાણાં પડી ગયા હતાં અને તેનો ઘોડો લોહીથી ખરડાઇ ગયો હતો. નેપોલિયન તેના તરફ જોઇ મગરૂર થયો અને પછી દૂરબિનથી પોતાના અને શત્રુના લશ્કરની ગોઠવણ કાળજીથી તપાસી લીધી. એક અમલદારે સૂચના કરી કે હજી થોડા કલાક થોભી જવું. નેપોલિયને દઢતાથી કહ્યું, " નહિ, નહિ, શત્રુ ફરીથી આવા સંકજામાં નહિ આવે. "

સરદારોને પોતાની પાસે બોલાવીને શત્રુ ઉપર કઇ કઇ રીતે હુમલો કરવો તેની યોજના તેણે પોતાના અપ્રતિમ, ટુંકા, દઢતાવાળા અને બરાબર અર્થસૂચક શબ્દોમાં સમજાવી દીધી. પછી માર્શલ નેનો હાથ પકડીને તેને ફ્રિડલૅન્ડ ગામ અને તેની આગળ એકત્ર થએલા રશિયન સિપાઇઓનો ઘન સમુદાય બતાવ્યો અને કહ્યું—" આ તમારૂં લક્ષ્યબિંદુ છે. આસપાસ નજર પણ કર્યા વગર તમે ત્યાં સીધા પહોંચી જાઓ અને ગમે તેમ કરીને શત્રુસમૂહને ભેદીને શહેરમાં ઘૂસી જાઓ; તમામ પૂલ તમારે કબજે કરી લો. તમારી આસપાસ શું થાય છે તેની તમારે પરવા ન કરવી. તે કામ મારૂં અને લશ્કરનું છે. "

આવું અત્યંત સાહસિક કામ પોતાને સોંપાયલું જોઇને મગરૂર થએલો માર્શલ ને ઘોડો દોડાવતો પોતાના લશ્કરની આગેવાની લેવા ચાલતો થયો. નેપોલિયન તે વીર શિરોમણીની પાછળ જોઇ રહ્યો અને બોલ્યો, " આ ખરેખરો સિંહ જેવો છે. " નેના ૧૪૦૦૦ સિપાઇઓ સુદઢ પગલાંથી ધરતી ધ્રુજાવતા શત્રુ ઉપર તૂટી પડયા.

તેની સાથેજ આખું ફ્રેન્ચ લશ્કર આગળ વધવા લાગ્યું. આ દેખાવ ભયાનક પણ ભવ્ય હતો. હજારો મેઘગર્જનાના જેવા તોપોના ધડાકાથી મેદાન ધ્રુજવા લાગ્યું.

ફ્રિડલેન્ડ ગામ સળગી ઉઠયું અને માર્શલ ને તેનાં સળગતાં ઘર અને લોહીથી ખરડાયલી શેરીઓમાં જઈ પહોંચ્યો. રાત્રિ પડી અને ત્યાર પછી દૃશ્યની ભયાનકતા અવર્ણનીય થઇ પડી. ૨૫૦૦૦ રશિયનો હણાયા પછી આખું લશ્કર ગભરાટમાં પડીને નદી તરફ નાસવા લાગ્યું. ફ્રેન્ચો તેમના સમૂહમાં તોપના ગોળા, બોંબ અને ગોળીઓનો વરસાદ વરસાવી મોટાં મોટાં ગાબડાં પાડતા ગયા. નદી ઉપરના પૂલ તો માર્શલ નેના માણસોએ અગાઉથીજ ભાંગી નાખ્યા હતા. પછી તો નાસાનાસ થઇ રહી અને રશિયનોની ઘાસની માફક કતલ થવા લાગી. ઘણા કે તો નદીમાં ઝંપલાવ્યું. કેટલાક જ્યાં પાણી ઘટી ગયું હતું ત્યાંથી સામે કિનારે જઇ શકયા; પણ હજારો સિપાઇઓ તણાઇ ગયા. માઈલના માઇલ સુધી નદીના કિનારા ઉપર ડૂબી મુએલાનાં મુડદાં જોવામાં આવતાં હતાં. જેઓ તરી શકતા તેઓ પણ ગોળીઓથી વીંધાઇને મરણ પામતા અને તેમના રુધિરથી નદીનું પાણી લાલ થઇ જતું.

હવે રશિયા અને તેના મિત્રોનું બળ પૂરેપૂરૂં તૂટી ગયું. હવે બીજીવાર લઢવાની તાકાત તેમનામાં રહી ન હતી. હવે તો રશિયન સેનાપતિઓ અને સિપાઈઓ પણ સલાહ થવીજ જોઇએ એવી બૂમ ઉડાવવા લાગ્યા. અલેક્ઝાન્ડરે હવે યુદ્ધવિરામ માટે યાચના કરી. નેપોલિયને કહ્યું કે આટલો બધો પરિશ્રમ અને દુઃખ વેઠયા પછી ભવિષ્યમાં સલામતી અને સ્વમાન જળવાય એવી સલાહ કરવા હું ઘણો ખુશી છું. આ પ્રમાણે દશ દિવસનો જંગ પૂરો થયો.

प्रकरण ३६ मुं–टिलसिटनी सलाह

રશિયાની સરહદ આગળ નિમેન નદીને કિનારે નેપોલિયને પોતાના સૈન્યને શોભાવ્યું. બોલોનની છાવણી છોડયાને માત્ર વીશજ મહિના થયા હતા એટલામાં તે આખા યૂરોપ ખંડમાં ફરી વળ્યો અને એકત્ર થએલા યૂરોપના નૃપતિઓનાં સૈન્યનો પરાજય કરી નાખ્યો. શિયાળાનાં બરફનાં તોફાન શમી ગયાં હતાં અને ઊનાળાની રમણીય શોભા જગત્ ઉપર પથરાઇ હતી. ફતેહથી ઉલ્લાસમાં આવી ગએલા સિપાઇઓને જ્યાં તેમનો પરમપ્રિય સરદાર લઇ જાય ત્યાં જવા તેઓ ખુશી હતા; પણ તેના શત્રુઓનું બળ ક્ષીણ થઇ ગયું હતું. અલેક્ઝાંડર અને પ્રશિયાનો રાજા ૭૦૦૦૦ સિપાઇઓ સાથે નદીને ઉત્તર કિનારે પડયા હતા; પણ ઘણી ખરી તોપો અને દારૂગોળો ગુમાવવાથી તેમનું લશ્કર નિરુત્સાહી થઇ ગયું હતું. સામા કિનારા ઉપર નેપોલિયનની ધ્વજા એક લાખ અને સિત્તેર હજાર ફતેહમંદ થએલા યોદ્ધાઓ ઉપર ગર્વસહિત ફરફરતી હતી.

બેઉ સૈન્યની વચમાં માત્ર નિમેન નદીજ હતી, પણ નેપોલિયને હમેશની માફક અગમચેતી વાપરીને જાણે લડાઇ ચાલુજ હોય તેમ મોરચા નાખીને, યુદ્ધસામગ્રી તથા લશ્કર તૈયારને તૈયારજ રાખ્યાં હતાં. પરાજિત થએલા બેઉ રાજાઓ સંધિવિચાર ચલાવવા ઘણાજ આતુર હતા. ૨૫મી જુને પહેલી મુલાકાતનો દિવસ ઠરાવ્યો હતો.

ગણિતશક્તિ અને કવિત્વવૃત્તિ બેઉ એક માણસમાં ઘણીવાર હોતાં નથી, પણ નેપોલિયનમાં બેઉનું અજાયબ જેવું સંમિલન થયું હતું. તે પૂરેપૂરો રસજ્ઞ હતો અને સૌન્દર્ય તથા ભવ્યતાનું દર્શન સારામાં સારી રીતે કરી શકતો. નૈતિક ભવ્યતાની છાપ તેના હૃદયપર પડી શકતી હતી અને બીજાનાં હૃદય ઉપર તેની છાપ કેમ પાડવી તેની પણ ચાવી તે જાણતો હતો. યૂરોપમાં હવે સુલેહ પ્રવર્તાવવી કે યુદ્ધો મચાવીને પ્રજાની પાયમાલી થવા દેવી તેનો નિર્ણય કરવાને દુનિયાના બે સૌથી બળવાનમાં બળવાન રાજાઓ આજે તેને મળવાના હતા. એક વરસસુધી તેમનાં સૈન્યોએ ખૂનખાર યુદ્ધો કર્યાં હતાં. બેઉ પક્ષનાં મળીને બેથી અઢીલાખ માણસો સામસામાં ઉભાં હતાં; વચમાં નદીનો પ્રવાહ વહી જતો હતો. આ આશ્ચર્યકારક દશ્ય

ઉપર આખા યૂરોપની દૃષ્ટિ ઠરી હતી. આ બનાવ કેવો ભવ્ય થવાનો હતો તે નેપોલિયન જાણતો હોવાથી તેની ભવ્યતાની છાપ ચિરકાલીન રહે તે માટે તેણે પૂરતી ગોઠવણ કરાવી હતી.

નિમેન નદીના બેઉ કિનારાથી સમાંતરે એક વિશાળ અને ભવ્ય તરાપો ગોઠવાવ્યો. તેના ઉપર કિંમતી ગાલીચા પથરાવ્યા અને તેને શણગારીને ઘણોજ સુશોભિત બનાવ્યો. તેના એક ભાગમાં બાદશાહી ઠાઠનો મંડપ ઉભો કરાવ્યો. સઘળો દેખાવ અત્યંત ભવ્ય અને મનોવેધક બનાવવામાં ખર્ચની ઉણપ રાખી ન હતી. બેઉ પક્ષનાં સૈન્ય લશ્કરી ઢબમાં સામ સામે કિનારે ગોઠવાઇ ગયાં. આસપાસના હજારો પ્રેક્ષકોની પણ ઠઠ જામી હતી. ઈશ્વર પણ આ દૃશ્ય જોઇને પ્રસન્ન થયો હોય એમ દેખાયું.

બરાબર એક વાગ્યે બેઉ કિનારેથી તોપોના ધડાકા થયા અને તેની સાથે બેઉ શહેનશાહ પોતપોતાના મુખ્ય અમલદારો સાથે હોડીઓમાં બેસીને તરાપામાં રચાવેલા મંડપ તરફ જવા નીકળ્યા. નેપોલિયનની હોડી પહેલી જઇ પહોંચી તેથી તે અલેક્ઝાન્ડરને લેવા માટે સામો આવ્યો. બેઉ નૃપતિઓ એક બીજાને ભેટયા. હજારો મનુષ્યોનાં નેત્ર આ સુંદર દૃશ્ય જોઇ પ્રસન્ન થયાં અને બે લાખ મનુષ્યોના કંઠમાંથી એવો મેઘગંભીર જયધ્વનિ નીકળ્યો કે તેના ઘોરમાં એક હજાર તોપોના ધડાકા પણ ડુબી ગયા.

બેઉ શહેનશાહ જોડે મંડપમાં દાખલ થયા. અલેક્ઝાન્ડરે શરૂઆતમાંજ કહ્યું:-

" હું પણ અંગ્રેજોને તમારા જેટલાજ ધિક્કારૂં છું. તેમની સામે તમે જે જે સાહસ આદરો તેમાં હું તમારી સાથે સામેલ થવા તૈયાર છું."

નેપોલિયને કહ્યું, " જો તેમજ હશે તો બધી ગોઠવણ સહેલાઇથી થઈ શકશે અને સલાહ પણ થઇ ગઇજ જાણવી. "

તેમની વાતચીત બે કલાક સુધી ચાલી. નેપોલિયનના અસામાન્ય બુદ્ધિ વૈભવથી અલેક્ઝાન્ર અંજાઇ ગયો. તેણે પછીથી એક પ્રસંગે કહ્યું હતું કે " બીજા કોઇએ એ માણસ જેટલો મારો પ્રેમ સંપાદન કર્યો નથી. " નેપોલિયને કહ્યું, " આપણે એક બીજાનાં મન સારી રીતે સમજી શકીશું; માટે વચમાં કોઇ મધ્યસ્થને રાખ્યા વિના આપણે જે વાત કરવી હશે તે રૂબરૂમાંજ કરીશું. "

અલેક્ઝાન્ડરની ઉમ્મર માત્ર ત્રીશજ વર્ષની હતી. આખી દુનિયામાં જેની કીર્તિ ગવાઇ રહી છે એવો નેપોલિયન પોતાની સાથે આવી રીતે વાત કરે છે તે જોઇને તે ખુશખુશ થઈ ગયો. એવો ઠરાવ થયો કે ટિલ્સિટ શહેરના એક ભાગમાં નેપોલિયને અને બીજા ભાગમાં અલેક્ઝાન્ડરે રહેવું. નેપોલિયને તેના સત્કારને માટે ઉમદામાં ઉમદા રાચરચીલાં ગોઠવાવીને પોતાના પરોણાને માટે દરેક પ્રકારની સુખ-

સામગ્રી પૂરી પાડી.

બીજે દિવસે તેઓ પાછા તરાપા ઉપર બીજીવાર મળ્યા. આ વખતે પ્રશિયાનો કમનશીબ રાજા ફ્રેડરિક પણ અલેક્ઝાન્ડરની સાથે આવ્યો હતો. તે સુસ્ત ચહેરાનો, મંદ બુદ્ધિનો, અને જડ જેવો હતો. અલેક્ઝાન્ડરનો બધો મુલક હજી તેનાજ હાથમાં હતો. તેના રાજ્યનાં તમામ સાધનો હજી તેના કાબૂમાં હતાં. તેથી તે નેપોલિયનની સાથે સમાનતાના ધોરણ ઉપર સલાહ કરવા ધારે તો કરી શકે; પણ ફ્રેડરિકે તો વગર કારણે લડાઇ ઉભી કરી હતી. તેણે પોતાનું તમામ રાજ્ય ગુમાવ્યું હતું. હવે તો નેપોલિયન દયા બતાવીને જે કાંઇ પાછું આપે તેટલુંજ તેને મળે એમ હતું. તેમની વાતચીત અડધો કલાક ચાલી. બિચારા ફ્રેડરિકને એ અડધો કલાક અડધા યુગ જેવો લાગ્યો. તેણે લડાઇનાં બહાનાં બતાવવા માંડયાં. હારેલા શત્રુની લાગણી ન દુખાય તેટલા માટે નેપોલિયને મોટું મન કરી એટલુંજ કહ્યું કે ઈંગ્લંડના કાવાદાવાને વશ થઇને પ્રશિયાની સરકારે યૂરોપ ખંડને લડાઈમાં સંડોવ્યો એ ઘણુંજ ખોટું થયું. પછી તેમણે એવો નિશ્ચય કર્યો કે ફ્રેડરિકે પણ અલેક્ઝાન્ડરની સાથે રહેવા આવવું.

આ પ્રમાણે તેઓ વારંવાર મળવા લાગ્યા અને જૂના મિત્રોની માફક સાથે જમતા અને ઘોડે બેસીને ફરવા જતા. માત્ર ફ્રેડરિક એકલો આ આનંદમાં ભાગ લઈ શકતો ન હતો. તે હમેશાં થોડું બોલતો અને જાણી જોઇને પાછળ રહી જતો. નેપોલિયન અને અલેક્ઝાન્ડર તો ખરેખરા મિત્રોજ બની ગયા. તેમનું જોઇને બેઉ સૈન્યના સરદારો અને સિપાઇઓ પણ એક બીજા સાથે મિત્રભાવે વર્તવા લાગ્યા. ઉજાણીઓ અને લશ્કરી રમતગમતોના જલસા થવા લાગ્યા. બેઉ પ્રજાની છાવણીઓમાં ખરેખરો બંધુભાવ પ્રવર્તી રહ્યો. " નેપોલિયન જીવો " " અને અલેક્ઝાન્ડર જીવો "ની ગર્જનાઓ ઓતપ્રોત થઈ ગઇ.

એક દિવસે નેપોલિયન અને અલેક્ઝાન્ડર સાથે ફરતા હતા તે વખતે એક ફ્રેન્ચ સિપાઇએ તેમને શસ્ત્રવડે સલામ કરી. તેના કપાળ ઉપર તલવારનો લાંબો અને ઉંડો ઘા થવાથી તેનો ચહેરો બીહામણો દેખાતો હતો. નેપોલિયને તેના તરફ પ્રેમાળ નજર નાખીને અલેક્ઝાન્ડરને કહ્યું, ભાઈ,"આવા ઘાને પણ જે જીરવી શકે છે તે સિપાઈઓને તમે કેવા ધારો છો ?"

અલેક્ઝાન્ડરે તે ઘાની નિશાની તરફ જોઇને કહ્યું, " પણ મારા સિપાઇઓ આવા ઘા મારી શકે છે તેમને તમે કેવા કહેશો ?

તે સિપાઈ પોતાની લોખંડની મૂર્તિ જેવી મુખાકૃતિની એક રેખા પણ બદલ્યા વગર ગંભીર અવાજે બબડયો, "એ ઘા મારનારા તો મરી ગયા-મરી."

પળવાર સુધી તો અલેક્ઝાન્ડરને કશો ઉત્તર સૂઝયો નહિ. પછી તેણે નેપોલિયન

તરફ ફરીને વિવેકથી કહ્યું, “ ભાઇ, તમે બીજે બધે ઠેકાણે જીતો છો તેમ અહિં પણ તમારીજ જીત થઇ છે.”

નેપોલિયને તરતજ યોગ્ય ઉત્તર વાળ્યો કે “ બીજે ઠેકાણે મને મારા સિપાઇઓ જીત અપાવે છે તેમ અહિં પણ આ સિપાઇઓજ મને જીત અપાવી છે.”

બેઉ જણ તેમની આગળ જગતનો નકશો રાખીને કલાકના કલાક સુધી વાતો કરતા. અલેક્ઝાન્ડર નેપોલિયનના નવા સુંદર વિચારો જાણીને મુગ્ધ બની ગયો. તેને ઈંગ્લંડના પક્ષમાંથી છૂટો પાડીને ફ્રાન્સનો મિત્ર બનાવવાની નેપોલિયનની મોટી ઉમેદ હતી. તેણે એક દિવસ અલેક્ઝાન્ડરને કહ્યું, “ ઈંગ્લંડનો આશય શો છે? સમુદ્ર ઉપર બધી પ્રજાઓનો હકક છે તેને બદલે ઈંગ્લંડને એકલે હાથેજ હક્ક ભોગવવો છે. દુનિયાનો વ્યાપાર પોતાનાજ હાથમાં લઇ લેવો છે. તટસ્થ રાજ્યો ઉપર પણ દબાણ કરવું છે અને દેશાવરથી આવતા માલની મોં માગી કિંમત લેવી છે; યૂરોપના તમામ દેશોમાં પગપેસારો કરવો છે અને વ્યાપારને લગતા પોતાના કાયદા આખી દુનિયા પાસે પળાવવા છે!”

“મારા ઉપર આરોપ મૂકવામાં આવે છે કે લડાઇ હું ઉભી કરૂં છું. હું તો સલાહ કરવા તૈયાર છું. તમે પોતેજ અમારા મધ્યસ્થ થાઓ. ચાલો હું માલ્ટા છોડી દઉં છું પણ ઈંગ્લંડે સ્પેન અને હોલેન્ડ પાસેથી જે સંસ્થાનો ઝુંટવી લીધાં છે તે પાછાં આપવાં જોઇએ.”

“ જો ઈંગ્લંડ આ સરતો નાકબુલ કરે તો આપણે તેને તાબે થવાની ફરજ પાડવી જોઇએ. આખી દુનિયાને તે વખતો વખત લડાઇઓથી રંજાડયા કરે છે તે શું વાજબી છે? જો ઈંગ્લંડ આપણી વાજબી સરતો સ્વીકારવા ના પાડે તો તમારે ફ્રાન્સના મિત્ર બનીને તેની સામે લડાઇ જાહેર કરવી. તેને જયારે એમ માલમ પડશે કે મારી સામે એકલું ફ્રાન્સ નહિ પણ આખો યૂરોપ ઉભો થએલો છે તો તેને કાયદેસર સલાહ કરવાની અને નહિ તો હારીને હથિયાર મૂકી દેવાની ફરજ પડશે.”

તુર્કસ્તાનનો સવાલ ઘણો તકરારી હતો. રશિયાને તુર્કસ્તાન ખાઈ જવું હતું અને યૂરોપમાંથી મુસલમાન સત્તાનો પગજ કહાડી નાખવો હતો; પણ જો તેમ થાય તો તેની સત્તા હાલના કરતાં પણ વિશેષ ભયપ્રદ થઈ જાય. તુર્કસ્તાનને નવજીવન આપીને તેનો પુનરુદ્ધાર કરવાનું તો અશકયજ હતું. નેપોલિયન કહેતો કે એ રાજ્યને કૃત્રિમ ટેકો આપીને નિભાવી રાખવું નકામું છે. તે વહેલું મોડું પડશે તો ખરૂં પણ તે વખતે તેનો મોટો ભાગ ઈંગ્લંડ ન પચાવી પડે તેટલુંજ સાચવી લેવાની જરૂર છે.”

પ્રશિયાની ખૂબસુરત અને બાહોશ રાણીએ પોતાના સૌંદર્ય અને વાણીની છટાથી નેપોલિયનના મન ઉપર અસર કરીને પોતાના પતિને માટે વધારે અનુકૂળ સરતો કરાવી લેવાને ફાંફાં માર્યાં. જો તે વહેલી આવી હોત તો કદાચ તેણે કેટલોક ફેરફાર

કરાવ્યો હોત. પણ હવે કાંઇ વળે એ ન હતું એટલે પ્રશિયામાં અને તેથી કરીને આખા યૂરોપમાં દાવાગ્નિ સળગાવનાર તે રાણી ત્યાંથી ચાલી ગઇ. પોતાની સઘળી આશાઉમેદ આ પ્રમાણે ભાગી પડવાથી અને પ્રશિયાની અવનતિ તેના અભિમાની હૃદયથી ખમી નહિ શકાવાથી શોકની અસરથી તે થોડાજ વખતમાં મરણ પામી.

રશિયા, પ્રશિયા, અને ફ્રાન્સ વચ્ચે આ પ્રસંગે થએલી સલાહ ઇતિહાસમાં "ટિલ્સિટની સલાહ" ને નામે મશહૂર છે. પ્રશિયાના રાજાને તેના રાજ્યનો અડધો ભાગ પાછો મળ્યો. પોલેન્ડનો જે મુલક તેણે તફડાવી લીધો હતો તેનું એક જૂદું રાજ્ય બન્યું. નેપોલિયને ગુલામો રાખવાનો રિવાજ નાબૂદ કર્યો; મજૂરો પણ લગભગ ગુલામી અવસ્થામાં હતા તેમાંથી તેમને મુક્ત કર્યા અને યાહુદીઓ ઉપર થતો અન્યાય અટકાવ્યો. નેપોલિયન અને અલેક્ઝાન્ડર એકબીજાને લડાઇમાં મદદ કરવાને બંધાયા. પ્રશિયા પાસેથી મેળવેલા મુલકનું એક નવું વેસ્ટફેલિયાનું રાજ્ય બનાવ્યું અને જોસેફ્ બોનાપાર્ટ તેનો રાજા થયો. આ પ્રમાણે નેપોલિયને પોતાની સ્થિતિ મજબૂત કરી દીધી.

નેપોલિયનને ફ્રાન્સ છોડયાને લગભગ એક વર્ષ થયું હતું. અત્યારે તે પોતાની રાજધાનીથી પંદરસો માઇલ દૂર આવ્યો હતો. યૂરોપખંડમાં હવે તેણે સુલેહ પ્રવર્તાવી હતી. આ વખતે તેની સત્તા છેક ઉંચામાં ઉંચી અવસ્થાએ પહોંચી ગઇ હતી. યૂરોપ તેના બુદ્ધિવૈભવથી અંજાઇ ગયો હતો, તેના સૈન્યથી પરાજિત થઇ ગયો હતો અને તેથી તેનો નૃપતિ તરીકે સ્વીકાર કરવાની એકલા ઈંગ્લંડ સિવાય તમામ દેશના રાજાઓને ફરજ પડી હતી. એકલું ઈંગ્લંડજ પોતાના નૌકાસૈન્યથી સુરક્ષિત હોવાથી તલવાર મ્યાન કરતું ન હતું. હજી પણ તે રાજખટપટ અને નાણાંના જોરથી બીજાં નવાં રાજ્યો સાથે એકસંપી કરવા કાવાદાવા કરી રહ્યું હતું. ઈંગ્લંડનો સમુદ્ર ઉપર અધિકાર છતાં હવે નેપોલિયનના બુદ્ધિબળથી તેની સ્થિતિનું ગૌરવ ઉતરી ગયું હતું. પોતાની અભિમાની વર્તણુકને લીધે તે સર્વત્ર અપ્રિય થઇ પડયું હતું. હેઝલિટ્ લખે છે કે "ફ્રાન્સના રાજાએ ઈંગ્લંડની બીજાં રાજ્ય ઉપર ગેરવાજબી દબાણ કરવાના નીતિ, તેની ઉદ્ધત વર્તણુક અને લોભવિષે જે પોકાર ઉઠાવ્યો હતો તે ઘણોજ વાજબી હતો." બીજાં રાજ્યોના હક્ક મંજૂર કરવાની અને પોતાના લોહી નીંગળતી તલવાર મ્યાન કરવાની ઈંગ્લંડને ફરજ પાડવાના ઉદ્દેશથી આખો યૂરોપ હવે તેની સામે લઢવા તૈયાર થયો હતો. પણ તેણે કોઇની પણ દરકાર કર્યા વગર પોતાનો કાફલો તૈયાર રાખ્યો અને આખા જગતને પોતાની સાથે યુદ્ધ કરવાને અહંકારસહિત નિમંત્રણ કર્યું.

સલાહના કોલકરારપર સહીઓ થયા પછી નેપોલિયન તરતજ પારિસ જવા નીકળ્યો અને જુલાઇની ૨૭ મી તારીખે સવારના ૭ વાગે તોપોના અવાજ ઉપરથી

લોકોને જાણ થઇ કે શહેનશાહ રાજધાનીમાં આવી પહોંચ્યો છે. ખાલી ભભકા ઉપર તેને અણગમો હોવાથી રાતો રાત મુસાફરી કરીને લોકોને અગાઉથી ખબર આપ્યા વગર સવારના પહોરમાં તે શહેરમાં દાખલ થઈ ગયો. આ સમાચાર શહેરમાં વિજળીને વેગે ફેલાઈ ગયા, અને શેરીએ શેરીએ લોકોએ પોતાના હૈયાના ઉમંગથી ઉત્સવ કરવા માંડયો. નેપોલિયને દેશને દારિદ્ર્ય અને અરાજકતામાંથી મુક્ત કર્યો હતો અને સમૃદ્ધિ તેમજ ગૌરવના શિખર ઉપર બેસાડયો હતો એટલું તો ગમે તે પ્રકારના રાજનૈતિકપક્ષના માણસને પણ કબૂલ કરવું પડતું. રાત પડતાંજ આખું શહેર રોશનીથી ઝળહળી રહ્યું; પણ લોકોનાં અભિનંદન સ્વીકારવાની તેને નવરાશ ન હતી. તે તો જાણે વિનોદને માટે ટુંકી મુસાફરી કરીને પાછો આવ્યો હોય તેમ એકદમ સેંટ કલાઉડ ગયો અને ત્યાં પ્રધાનમંડળની સાથે કામ કરવા મંડી ગયો.

જગત્ના ઇતિહાસમાં કદિ પણ જોવામાં ન આવી હોય એવી ઉપરાઉપરી લડાઇઓ જીતીને તે પારિસ આવ્યો હતો. તેના ચહેરા ઉપર આજે અપૂર્વ આનંદ અને સંતોષ છવાઇ રહ્યો હતો. તેણે પોતાના પ્રધાનમંડળને કહ્યું, “ હવે યૂરોપમાં સુલેહ જળવાઇ રહેશે એમ આપણે ખાત્રીથી માનીએ છીએ. સમુદ્ર ઉપરની તકરારનો નિર્ણય થઇ જશે. માટે હવે વળી પાછા આપણે વેપાર અને ઉદ્યોગ તરફ વળીએ. હું સેનાપતિનું કામ કરીને ધરાઇ ગયો છું તેથી હવે લશ્કરની તપાસ ન લેતાં રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે રાજનૈતિક પ્રસંગોનું અવલોકન કરવા માગું છું ”

નેપોલિયનના રાજ્યની સ્થિરતા ઉપર લોકોને કેટલો વિશ્વાસ હતો તે સરકારી લોનના ભાવ ઉપરથી જણાઇ આવે છે. તે ફર્સ્ટ કૉન્સલ થયો ત્યારે પાંચ ટકાના વ્યાજની પાંચસો ફ્રાન્કની લોન પાંસેઠ ફ્રાન્કે વેચાતી હતી. તેજ લોનનો ભાવ આજે ચારસો પાંસેઠનો થયો હતો. તે જમાનામાં છથી સાત ટકાનું વ્યાજ લોકોને સહેલાઇથી ઉપજતું છતાં તેઓ પાંચ ટકાની સરકારી લોન લેતા તે ઉપરથી રાજ્યની સ્થિરતા ઉપર લોકોને દૃઢ વિશ્વાસ હતો એમ સાબિત થાય છે.

प्रकरण ३७ मुं—नेपोलियनना राजनैतिक अभिप्राय

એક દિવસનો પણ આરામ લીધા વગર આવતાંની સાથેજ ફ્રાન્સનું જેમાં ઘણામાં ઘણું હિત સમાયલું હતું એવાં કાર્યોની અભિવૃદ્ધિ કરવા પોતાના તમામ માનસિક બળ અને ઉત્સાહસહિત નેપોલિયન કામે લાગી ગયો. યૂરોપના તમામ દરબારોમાં ચૂંટી કહાડેલા પ્રતિનિધિઓને તેણે મોકલી દીધા. રશિયા જે સરતો રજૂ કરે તે સ્વીકારવાની ઈંગ્લંડ ના પાડે તો પછી તેને સલાહ કરવાની ફરજ પાડવામાં તમામ રાજ્યોના સહકારની જરૂર હતી હવે અમુક રાજ્યો તટસ્થ રહે તે પરવડે તેમ ન હતું. જે રાજ્યો પોતાનાં બંદરોમાં ઈંગ્લંડનો માલ આવવા દેતાં તે તેને સંગીનમાં સંગીન મદદ આપતાં; માટે નેપોલિયને તો તટસ્થ રાજ્યોને તેમજ પોતાનાં મિત્ર-રાજ્યોને સર્વને ઈંગ્લંડનો માલ ખરીદવાની મના કરી. આ પગલું ગેરવાજબી તો હતું પણ ફ્રાન્સનો વેપાર તોડી નાખવા ઈંગ્લંડે જે ઉપાય લીધો હતો તે પણ તેટલોજ ગેરવાજબી હતો, તેથી થાય તેવા થયા સિવાય બીજો રસ્તોજ ન હતો.

નેપોલિયનનો ભાઇ લૂઇ હોલેન્ડનો રાજા હતો. હોલેન્ડ કેવળ વેપારી મુલક હતો. વ્યાપાર વિષયક પ્રતિબંધને લીધે ત્યાંની પ્રજાને ઘણું નુકસાન થતું હતું. લૂઈ ઘણો ભલો, પ્રમાણિક અને દયાળુ માણસ હતો, તેથી ઈંગ્લંડના માલનો બહિષ્કાર કરવાની રૂઢિનો બરાબર અમલ કરતો ન હતો. તેના ઉપર નેપોલિયને નીચે પ્રમાણે ઘણોજ સચોટ પત્ર લખ્યો.

“ રાજાઓએ પોતાની રાજનીતિનું સ્વરૂપ માત્ર એકલા વર્તમાન ઉપરજ નજર રાખીને ઘડવાનું નથી; ભવિષ્યનાં પરિણામ પણ તેમણે ધ્યાનમાં લેવાં ઘટે છે. યૂરોપની વર્તમાન સ્થિતિ કેવી છે તેનો વિચાર કરો. એક બાજુએ ઈંગ્લંડ પોતાનાજ પ્રયાસથી આખા જગત્ ઉપર સામ્રાજ્ય ભોગવે છે અને આખા જગતને પોતાની ઇચ્છાને વશ થવાની ફરજ પાડે છે. બીજી બાજુએ ફ્રાન્સ તથા બીજાં યૂરોપીય રાજ્યો એકસંપી કરવાથી બળવાન બન્યાં છે અને ઈંગ્લંડનું સર્વોપરિપણું

સ્વીકારી શકતાં નથી. એ રાજ્યો પાસે પણ એકવાર સંસ્થાનો હતાં. એકવાર તેઓ પણ ઈંગ્લંડની માફક વેપાર ખેડતાં હતાં. તેમના રાજ્યોનો સમુદ્રકિનારો ઈંગ્લંડના કરતાં વધારે છે; પણ કુસંપથી તેઓ બળહીન બની ગયાં અને ઈંગ્લંડે એક પછી એક રાજ્ય ઉપર આક્રમણ કરીને તેમનું નૌકાસૈન્ય નષ્ટ કરી નાખ્યું. રશિયા, સ્વીડન, ફ્રાન્સ, સ્પેન વગેરે રાજ્યો પાસે બળવાન કાફલો તૈયાર કરવાનાં પૂરતાં સાધન છતાં તેમનાં વહાણથી બંદરની બહાર ફરકાતું પણ નથી.”

“હું તો સલાહજ કરવા ઇચ્છું છું. ફ્રાન્સના ગૌરવને ક્ષતિ ન પહોંચે અને પ્રજાનું સ્વમાન સચવાય તેવા કોઈ પણ ભોગે હું સલાહ કરવા માગું છું. સલાહ થવાની જરૂર છે અને હું તથા યૂરોપ ખંડના બધા રાજાઓ સલાહ કરવા ઇન્તેજાર છીએ.મને ઈંગ્લંડ પ્રત્યે દ્વેષ નથી તેમ ક્રોધવૃત્તિને વશ થઈને તેના તરફ હું અન્યાય પણ કરતો નથી. ઈંગ્લંડે મારા તરફ બહિષ્કારની નીતિ આદરી છે. તેની સામે મેં કોન્ટિનેન્ટલ પદ્ધતિ (યૂરોપ ખંડમાંથી ઈંગ્લંડના માલનો બહિષ્કાર) રૂપી શસ્ત્ર વાપર્યું છે. મારા શત્રુઓ જણાવે છે તેમ ઈંગ્લંડ તરફ ઈર્ષ્યાથી પ્રેરાઇને નહિ પણ ઇંગ્લંડ અને ફ્રાન્સના હકક વચ્ચે જે કૃત્રિમ અને ગેરવાજબી ભેદ ઉભો થયો છે તેને રદ કરવાની ઈંગ્લંડને જરૂર લાગે એટલોજ મારો ઉદ્દેશ છે. ભલે ઈંગ્લંડ પૈસે ટકે આબાદ થાય. તેમાં મને જરાએ વાંધો નથી; પરંતુ ફ્રાન્સને તથા તેનાં મિત્રરાજ્યોને પણ તેટલાજ હક્ક મળવા જોઇએ.”

“કોન્ટિનેન્ટલ પદ્ધતિનો એકજ ઉદ્દેશ છે કે યૂરોપની પ્રજાના અને ફ્રાન્સના જાહેર અધિકારનો કાયમને માટે નિર્ણય કરવાનો સમય જેમ બને તેમ નજીકમાં લાવી મૂકવો. ઉત્તરનાં રાજ્યોના રાજાઓ મારી સૂચવેલી બહિષ્કારની નીતિનો ચુસ્તપણે અમલ કરે છે અને પરિણામે તેમના દેશના વ્યાપારને ઘણો લાભ થયો છે. પ્રશિયાના કારીગરો હવે આપણા દેશના કારીગરોની બરોબરી કરી શકે એવા થયા છે. તમને ખબર તો હશે કે ફ્રાન્સનાં કોઇ પણ બંદરે પરદેશમાં બનેલી ચીજ દાખલ થઇ શકતી નથી. તેજ પ્રમાણે હું સ્પેનમાં પણ બંદોબસ્ત કરી દેવાનો છું. એટલે પોર્ટુગાલ ઈંગ્લંડથી છૂટું પડશે અને બેઉ રાજ્યો ફ્રાન્સની વ્યાપારનીતિનો સ્વીકાર કરશે. તેમ થતાં તુર્કસ્તાન સિવાય યૂરોપના કોઇ પણ દેશના બંદરે ઈંગ્લંડનો માલ જવા પામશે નહિ. તુર્કસ્તાન યૂરોપ સાથે વેપાર કરતું નથી એટલે તેની મને ઝાઝી પરવા નથી.”

“હોલેન્ડના રાજ્યમાં થઈ ને યૂરોપ ખંડમાં પોતાનો માલ મોકલવાની અંગ્રેજ વેપારીઓને તમે જે અનુકૂળતા કરી આપો છો, તેનું વિનાશકારક પરિણામ હવે તમને સમજાય છે ? તેમ કરવાથી આપણી સામે લઢવાનું બળ મેળવવાની અને બીજાં રાજ્યોને આપણી સામે ઉભાં કરવાની આપણે ઈંગ્લંડને અનુકૂળતા કરી

આપીએ છીએ. ઈંગ્લંડના પ્રધાનમંડળની ચાણક્યનીતિની સામે બચાવ કરવાની જેટલી મને જરૂર છે તેટલીજ તમને છે. થોડાં વરસ તમે ગમે તેમ કરીને ટકી રહેશો તો અત્યારે આપણને જેટલી સલાહ કરવાની જરૂર લાગે છે તેટલી ઈંગ્લંડને પણ લાગશે. તમારા દેશની વસ્તુસ્થિતિ તપાસશો તો માલમ પડશે કે મારી બહિષ્કારની નીતિથી મારા કરતાં તમારા દેશને વધારે લાભ છે. હોલેન્ડ નાવિકોનો અને વેપારીઓનો મુલક છે. હોલેન્ડ પાસે ઉત્તમ બંદરો, વહાણ, નાવિકો, સેનાપતિઓ અને પોતાના પગપર ઉભાં રહી શકે એવાં સંસ્થાનો છે. અંગ્રેજોના જેટલોજ તમારા લોકો વ્યાપાર ખેડી જાણે છે, ત્યારે આ બધા લાભ સાચવવાની હોલેન્ડને જરૂર નથી ? જ્યારે સુલેહ થશે ત્યારે હોલેન્ડને તેની અસલની જાહોજલાલી પ્રાપ્ત થશે કે નહિ ? થોડાં વરસ કદાચ દુઃખ વેઠવું પડે પણ હોલેન્ડનો રાજા ઈંગ્લંડના સુબા જેવો બની જાય અને આખો દેશ ઈંગ્લંડના તાબાના મુલક જેવો બની જાય એ વધારે દુઃખકર નથી ? છતાં અંગ્રેજ વેપારીઓને તમે જે અનુકૂળતા આપો છો તેનું પરિણામ તો મેં ઉપર કહ્યું તેજ આવનાર છે. સિસિલિ અને પોર્ટુગાલનાં દૃષ્ટાંત તમારી નજર આગળ મોજૂદ છે. ”

“ ધીરજ રાખો. વખત શું કરે છે તે જુઓ. તમારે તમારા દેશમાં બનતો દારૂ વેચવો છે અને ઈંગ્લંડને તે ખરીદવો છે. તે માટે તમે એવી ગોઠવણ કરો કે અંગ્રેજ વેપારીઓ અમુક જગ્યાએ ચોરી છૂપીને આવે અને દારૂ લઇ જાય; પણ તેના બદલામાં પૈસાજ લેજો. તેમનો માલ કદી પણ લેતા નહિ. સલાહ તો આખરે થવાનીજ છે, પણ મારી સૂચના પ્રમાણે ચાલશો તો તેમના અને આપણા બેઉનાં હિત જળવાય એવી રીતની સલાહ આપણે કરી શકીશું. ઈંગ્લંડનો સમુદ્ર ઉપરનો અધિકાર આપણને સ્વીકારવો પડશે તોપણ તે આપણે એવી રીતે સ્વીકારીશું કે આપણા વ્યાપારને નુકસાન ન કરી શકાય અને સમુદ્રમાં ફરતાં આપણાં વહાણોનું અપમાન કાઇ પણ ન થાય. ”

ઇટાલિમાં ઇટ્રુરિયાનું નાનું રાજ્ય છે. તેની ગાદી ઉપર નેપોલિયને સ્પેનના રાજકુમારને મૂક્યો હતો. તે આળસુ અને નિર્બળ મનનો રાજા મરી ગયા પછી તેની રાણી રાજ કરવા લાગી. તે પણ તેના પતિના જેવીજ હતી. નેપોલિયનની યોજનાનું સ્વરૂપ તેનાથી સમજાય એમ હતુંજ નહિ. તેથી ત્યાંના લેગહૉર્ન શહેરમાં અંગ્રેજ વેપારીઓ બેધડક વેપાર કર્યા જતા હતા, અને ત્યાંથી તેમનો માલ આખા યૂરોપમાં ફેલાઇ જતો હતો. આમ થવાથી નેપોલિયનની સુંદર યોજના બરબાદ જતી હતી. નેપોલિયને એકદમ ૪૦૦૦ માણસો મોકલીને તે શહેર કબજે કરી લીધું, અંગ્રેજ વેપારીઓની તમામ મિલ્કત જપ્ત કરી લીધી અને તેમના વ્યાપારનું આ દ્વાર બંધ કરી દીધું. આ કામ આપખુદ સત્તાનું હતું. પોતાના બચાવમાં નેપોલિયને કહ્યું કે

"જગતને સલાહની જરૂર છે. ઇંગ્લંડને સલાહ કરવી નથી. તેનું સમુદ્ર ઉપર સર્વોપરિપણું હોવાથી તેને હરાવી શકાય એમ તો છેજ નહિ. તેને સલાહ કરવાની ફરજ પડે એવી રીતનું તેના ઉપર દબાણ કરવું હોય તો તેના વેપારને તોડી પાડવો. આ કામ કરવા આખો યૂરોપ એક થયો હતો. આવી ભવ્ય યોજનાનો શું એક નાનકડા રાજ્યની મૂર્ખ અને સ્વચ્છંદી રાણીને લીધે મારે બરબાદ કરી નાખવી ?"

નેપોલિયને પોતાના પ્રધાનમંડળને માટે સભાસદોની પસંદગી ઘણીજ સંભાળથી કરતો. રાજ્યના દરેક પ્રકરણમાટે ખાસ યોગ્યતાવાળા માણસો જ્યાંથી મળી આવે ત્યાંથી વીણી વીણીને લઇ આવતો. પ્રધાનમંડળના સભાસદોએ સાહિત્ય, વિજ્ઞાન, કાયદા, દિવાની અને લશ્કરી બાબતો તથા ધર્મ અને નૌકાસૈન્યનો વહીવટ એટલી બાબતોવિષે હેવાલ રજૂ કરવાનો હતો. કોઈ **નવો મુલક જીતાતો કે તરતજ ત્યાંના સારામાં સારા માણસોને પ્રધાનમંડળમાં જગ્યા મળતી,** અને એ રીતે ત્યાં બાહોશમાં બાહોશ માણસોની હમેશાં ભરતી થયા કરતી.

સભાના પ્રમુખસ્થાને નેપોલિયન બેસતો. કોઇવાર કંટાળો આવે એવી ચર્ચા ચાલતી હોય ત્યારે તે છાતી ઉપર ડોકું નમાવીને ઉંડા વિચારમાં ગરકાવ થઈ જતો; અને કોઇવાર પોતાના અદ્‌ભુત શક્તિસંપન્ન મન અને બુદ્ધિના ચમત્કારથી આખી સભાને વિજળીના પ્રવાહની માફક અજાયબ જેવી સ્ફુર્તિ આપી દેતો. સભાની બેઠક ગમે તેટલા કલાક ચાલે તોપણ તે કદિ કંટાળતો નહિ. કોઈ કોઇવાર તો સવારના નવ વાગ્યાથી સાંજના પાંચસુધી સભાને કામમાં રોકી રાખતો. વચમાં માત્ર એકજ કલાકનો આરામ આપતો. કોઇવાર રાતના દશથી સવારના પાંચ સુધી સભાની બેઠક રાખતો. વચમાં તે **એકવાર ઉઠીને સ્નાન કરી આવતો અને પાછો પહેલાંના જેવો તાજો થઇને આવતો.** તે કહેતો કે એક કલાક સ્નાન કુંડમાં બેસીને **સ્નાન કરવાથી ચાર કલાકની ઉંઘનો બદલો** વળે છે. તે પોતે જેટલું કાળજીથી કામ કરતો તેટલી કાળજીથી બીજાઓ પાસેથી પણ આશા રાખતો. કોઇ બાબતનો રિપૉર્ટ તૈયાર કરવાનો હોય તો તે કાલે સવારે અથવા અમુક સમય સુધીમાં તે થઇ જવો જોઇએ એવી તાકીદ આપતો. કોઇ સભાસદને નવા કાયદાનો ખરડો રજૂ કરવો હોય તો તેને બધા મુદ્દાઓ ગોઠવીને પોતાનું ભાષણ સમજાવવા માટે માત્ર એજ કલાક આપવામાં આવતા. સભામાં ચાલતા વિવાદો વખતે વક્તાઓને ભભકવાળી ભાષા કે વાણીનો આડંબર બતાવવાનો જરા પણ અવકાશ મળતો નહિ. **જે કાંઈ બોલવું હોય તે સાદી ભાષામાં અને થોડામાં થોડા શબ્દોમાં બોલવાનો તેનો રિવાજ હતો.** પોતાની વકતૃત્વશક્તિને માટે નામાંકિત થએલો એક નવો સભાસદ એકવાર પોતાની વાણીની છટા અને કળા બતાવવા ગયો પણ બધા હસી પડયા એટલે ઉત્સાહભરી વાતચીતની ઢબમાં બોલતાં શીખવાની તેને જરૂર

પડી. નેપોલિયનના પ્રધાનમંડળમાં સાહિત્ય, કલા, વિજ્ઞાન એમ દરેકે દરેક વિષયના પ્રતિનિધિઓ હતા એટલુંજ નહિ પણ ભિન્ન ભિન્ન રાજનૈતિક માન્યતાઓના પણ પ્રતિનિધિઓ હતા. જૂદા જૂદા પક્ષના લોકોને સ્વદેશપ્રેમની સાંકળથી બાંધીને સર્વનું એકીકરણ કરવા માટે નેપોલિયન ખાસ યત્ન કરતો હતો.

નેપોલિયન પોતાના ઘાયલ સિપાઈઓની જરૂરીઆતો પૂરી પાડવા માટે નિરંતર કાળજી રાખતો અને માર્યા ગએલા યોદ્ધાઓનાં બાળકો તરફ સગા બાપના જેટલું હેત રાખતો. કલ્પનામાં પણ નહિ આવે એવાં દુ:ખો અને જોખમો વેઠનારા પોતાના સાચા સિપાઈઓને માટે શું શું કરવું જોઈએ તેના વિચાર તેના કૃતજ્ઞ હૃદયમાં વારંવાર આવ્યા કરતા હતા. એક વાર તેણે પ્રધાનમંડળ આગળ એવી દરખાસ્ત મૂકી કે મ્હેસુલી, આબકારી અને જકાત ખાતાની તમામ ખાલી પડેલી જગ્યાઓ ઘાયલ થવાથી લશ્કરી સેવા માટે નાલાયક બનેલા જૂના યોદ્ધાઓ અને સેનાપતિઓને આપવી કે નહિ ? સભાસદો એ સાંભળીને નારાજ થયા હતા એમ લાગવાથી નેપોલિયને સૌને પોતપોતાનો અભિપ્રાય ખુલ્લી રીતે દર્શાવવાનો આગ્રહ કર્યો. એકે કહ્યું કે “ લશ્કરી ધંધો કરનારાને વધારે પસંદગી આપવાથી બીજો ધંધો કરનારા લોકો નારાજ થશે. ” નેપોલિયને કહ્યું કે “ અત્યારે આપણે ત્યાં લશ્કરી ધંધો કરનારાઓનો જૂદો વર્ગ છેજ નહિ. આપણી સ્થિતિ જોતાં રાજ્યના દરેક માણસે શસ્ત્ર ધારણ કરવાની જરૂર છે. જેમણે સ્વદેશના રક્ષણમાટે શસ્ત્ર ધારણ કર્યાં છે તેઓમાંના ઘણાખરાને તેમના ચાલું ધંધા છોડી દેવા પડયા છે. તેને માટે તેમને યોગ્ય બદલો આપવોજ જોઈએ. ”

એક બીજા સભાસદે પ્રશ્ન કર્યો કે આ ઉપરથી પ્રજા એવો અર્થ નહિ કરે કે ભવિષ્યમાં પણ ઘણીખરી જગ્યાઓ આપ લશ્કરી માણસોથીજ પૂરવા ઈચ્છા રાખો છો?

નેપોલિયને કહ્યું, “ મારી ઈચ્છા છેજ. માત્ર સવાલ એ છે કે હું તેમ કરૂં તો તે વાજબી છે કે નહિ ? રાજ્ય બંધારણના નિયમ પ્રમાણે તમામ જગ્યાઓ પૂરવાનો મને હક્ક પણ છેજ. વળી જેમણે દેશને માટે ઘણામાં ઘણું સહન કર્યું હોય તેમને યોગ્ય બદલો આપવો એમ મારી ન્યાયવૃત્તિ પણ આદેશ કરે છે.” પછી તેણે દીર્ઘ અને ગંભીર સ્વરે કહ્યું, “ગૃહસ્થો, લડાઈ એ કાંઈ એશઆરામનો ધંધો નથી. તમે તમારી ખુરશીઓપર સ્વસ્થ ચિત્તે બેઠા બેઠા માત્ર વર્તમાનપત્રો તથા મારી આજ્ઞાપત્રિકાઓદ્વારા લડાઈની સ્થિતિ વિષે જેટલું જાણી શકાય તેટલું જાણો છો, પણ અમે કેવી રીતે અખંડ ઉજાગરા કરીને રાત્રે ચોકી પહેરા કરીએ છીએ. રોજ લાંબી લાંબી મજલો કરીએ છીએ અને બીજાં અનેક પ્રકારનાં સંકટો અને વિટંબણાઓ વેઠીએ છીએ તેનો તમને ઘેર બેઠાં બેઠાં જરાએ ખ્યાલ આવી શકે નહિ. મેં તે સઘળું જોયું છે અને વેઠયું, છે, માટે હું તે સારી રીતે જાણી શકું છું.”

આ દરખાસ્ત પસાર કરાવવાની તેની ઘણી મરજી હતી છતાં સભાસદોની વિરુદ્ધતાને વશ થઇને તેણે તે પાછી ખેંચી લીધી.

આસ્ટર્લિટ્ઝના સંગ્રામમાં મરણ પામેલા તમામ સિપાઇઓ અને અમલદારોનાં બાળકોને નેપોલિયને દત્તક લીધાં હતાં અને તેઓ પોતાનાં નામની સાથે નેપોલિયનનું નામ જોડતાં હતાં. તેમાંના એક છોકરાને તેણે પૂછયું કે તારે કયો ધંધો કરવો છે? છોકરો વિચાર કરવા રહ્યો તેથી નેપોલિયનેજ એક ધંધો બતાવ્યો. છોકરાએ કહ્યું કે હું એ ધંધામાં જોડાઇ શકું તેટલી મારા પિતાની મિલ્કત નથી. નેપોલિયને કહ્યું, “તેની તારે શી ફિકર? શું હું તારા પિતાને ઠેકાણે નથી?” આ પ્રમાણે **નેપોલિયનના હૃદયની ઉદારતા તેના બુદ્ધિબળના જેટલીજ અસામાન્ય હતી.**

રાજ્યના રક્ષણમાટે તમામ વસ્તીનું લશ્કરી દૃષ્ટિબિન્દુથી વર્ગીકરણ કરવાનો નેપોલિયનને વિચાર થયો. આખી પ્રજાના તેણે ત્રણ વિભાગ કર્યા. પહેલા વિભાગમાં તરુણ પુરુષોનો સમાવેશ કર્યો. તેમની ફરજ જરૂર પડે તો રાજ્યની હદસુધી જઇને લઢવાની હતી. બીજા વર્ગમાં પરણેલા આધેડ વયના પુરુષો હતા. તેઓ જે ધંધો કરતા હોય તે કરતા રહીને તેમણે લશ્કરી તાલિમ લેવાની હતી. ત્રીજા વર્ગમાં વધારે મોટી વયના પુરુષો આવતા હતા. તેમણે માત્ર પોતાનાજ ગામ અથવા શહેરનો બચાવ કરવાનો હતો. થોડાજ વખત પછી ફ્રેન્ચ પ્રજા ઉપર જે વિપત્તિનું વાદળ તૂટી પડયું તે નેપોલિયને પોતાની ભવિષ્યવેધી દૃષ્ટિએ જાણી લીધું હતું. સભાસદોએ અનેક પ્રકારના વાંધા દર્શાવ્યા, અને કહ્યું કે પ્રજામાં ગેરસમજ ઉભી થશે. નેપોલિયને કહ્યું કે “મારી પ્રજાનો મારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. આવી રીતે લશ્કરી વ્યવસ્થાનો મારો બીજો ઉંડો હેતુ છેજ નહિ. હું જે કરૂં છું તે પ્રકટ રીતે કરૂં છું. મારો વિચાર રાજ્યની સલામતી અને સ્થિરતા જાળવી રાખવાનો છે. આફતને વખતે દરેક નાગરિક પોતપોતાની જગ્યાએ જઇને ઉભો રહે એવી રીતે પ્રજા–રક્ષક સૈન્યની વ્યવસ્થા કરી દો.” પછી મુખ્ય પ્રધાન તરફ ફરીને તેણે કહ્યું કે જરૂર પડે તો તમારે પણ બંદુક ધારણ કરવા તૈયાર થવું પડશે. એમ કરીશું તોજ આખો દેશ લડવૈયાનો દેશ બની રહેશે અને ચૂના તથા પત્થરે ચણેલી પાકી ઇમારતની માફક આપણી પ્રજા સમય અને મનુષ્યના આક્રમણની સામે ટકી રહેવા શક્તિમાન થશે.

નેપોલિયને જાહેર ઉપયોગનાં અસંખ્ય બાંધકામો તરફ પોતાની શક્તિ કામે લગાડી હતી. રાજ્યની અંદર કુલ ચાળીશ હજાર માઇલની લંબાઇના રાજમાર્ગ બંધાવી દીધા હતા. આલ્પ્સ પર્વતના ઘાટ ઉપર થઇને લઇ જવાની ચિરસ્મરણીય સડકો પણ હવે બનતી તાકીદે પૂરી કરાવવા માંડી. ચૌદ વિશાળ પૂલ બંધાવ્યા અને તેમાંના કેટલાક તો હજી આખા યૂરોપમાં કીર્તિવંત બાંધ કામોમાં ગણાય છે.

આખા ફ્રાન્સને જળમાર્ગનું સાધન થઇ પડે એવી બે ભવ્ય નહેરો ખોદાવી. એંટવર્પ શહેરમાં તેણે બંધાવેલાં ગંજાવર બાંધકામો જોઇને આજે પણ જગત તેની પ્રશંસા કરે છે. આખા રાજ્યના કિલ્લાની બારીક તપાસ કરાવીને સર્વને દુરસ્ત કરાવ્યા. પારિસ નગરમાં રાત દિવસ ચૌદ ફુવારા ઉડવા લાગ્યા. ઇમારતો, મંદિરો, કમાનો અને કીર્તિસ્તંભો પારિસમાં જાદુઈ સૃષ્ટિની માફક એક પછી એક ઉભાં થવા લાગ્યાં અને હજારો કારીગરોને રોજી મળી.

ફ્રાન્સ આટલું બધું પ્રવૃત્તિમય અને આબાદ પૂર્વે કદી હતું નહિ. આખા રાજ્યમાં સર્વત્ર શાંતિ હતી. તમામ પક્ષના લોકો નેપોલિયન ઉપર ફિદા હતા. ઈંગ્લંડે ફ્રાન્સનો સમુદ્ર માર્ગ રૂંધી નાખ્યો પણ નેપોલિયનના બુદ્ધિબળથી તેને જમીન માર્ગે વેપાર કરવાનું વિશાળ ક્ષેત્ર પ્રાપ્ત થયું. રસ્તાઓ ઉપર ગાડાંની અને નહેરોમાં હોડીઓની સજડાસજડી હારોની આવજા થવા માંડી. ચિત્રકળા અને શિલ્પકળાનો વિકાસ થવા લાગ્યો. ફ્રાન્સના વીરોનાં પરાક્રમ આરસપહાણ ઉપર ટાંકણાથી અને પડદા ઉપર પીંછીથી આલેખાવા લાગ્યાં. વૈદકીય અભ્યાસ માટે રાજ્યનાં તમામ મુખ્ય શહેરોમાં મફત વૈદકશાળાઓ સ્થપાઇ. જરૂરના વિષયોના સામાન્ય જ્ઞાનનો ફેલાવો કરવાની શરૂઆત થઇ.

ફ્રાન્સના પ્રધાને કરેલા વાર્ષિક રિપોર્ટમાથી ઉપરની હકીકતોથી ભરેલો એક લાંબો ફકરો ટાંકયા પછી અંગ્રેજ ઇતિહાસકાર એલિસન તેના ઉપર વિવેચન કરતાં પ્રમાણિકપણે સ્વીકારે છે કે " જ્યારે એક બાજુએ ટિલ્સિટની સલાહ થઇ, પ્રશિયા જીતાયું, ફ્રાન્સના બચાવમાટે પૂર્વમાં વેસ્ટ ફેલિયા અને વૉર્સોનાં રાજ્યોની સ્થાપના થઇ ત્યારે તેજ વખતે દેશમાં આવા અત્યંત ભવ્ય અને સંગીન સુધારણાનાં કામો થયાં તે જોઇને ફ્રેન્ચ પ્રજા અંજાઈ જાય અને ખૂન તથા અત્યાચારમાં જન્મીને ઉછરેલો રાષ્ટ્રવિપ્લવ આવા અપૂર્વ યશસ્વી યુગના તેજમાં સમાઇ ગયો એમ તેઓ માનતા થાય એમાં કશુંજ આશ્ચર્ય નથી.

પોતાની જાતનાં સુખ અને વૈભવની જેણે સંપૂર્ણ ઉપેક્ષા કરી હોય અને દેશને સમૃદ્ધ કરવા માટે જેણે અનન્ય દેશભક્તિથી પ્રેરાઇને પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કર્યો હોય એવો રાજા નેપોલિયન સિવાય બીજો હશે ખરો ? ફ્રેન્ચો તેને ઓળખતા હતા તેથી તેને ચાહતા હતા અને તેના ખરા ચારિત્ર્યની જેમ જેમ જગતને જાણ થતી જશે તેમ તેમ હરકોઈ દેશના ઉદાર માણસો તેને ચાહ્યા વગર રહેશે નહિ.

માનસિક તેમજ શારીરિક શ્રમ કરવામાં કોઇ પણ માણસ હજીસુધી નેપોલિયનની બરોબરી કરી શક્યો નથી. તેના જે પત્રો પારિસના સરકારી દફતરોમાં સચવાઇ રહ્યા છે તેને એકઠા કર્યા હોય તો સેંકડો ગ્રંથોના જેટલા થવા જાય. એક

એ વિષય નહિ પણ મનુષ્યબુદ્ધિ જે જે વિષયોમાં પ્રવેશ કરી શકે તે સઘળા વિષયોથી તે માહિતગાર હતો. યુદ્ધકળા, રાજનીતિ, કાયદા, કેળવણી, નાણાંપ્રકરણ, અર્થશાસ્ત્ર, ધર્મ, તત્ત્વજ્ઞાન, સ્થાપત્ય—જે જે વિષયોમાં મનુષ્યબુદ્ધિ રસ લઈ શકે છે તે સર્વમાં તે નિપુણ હતો. તેના એકત્ર થએલા શત્રુઓએ તેને ભયંકર યુદ્ધો કરવામાં નિરંતર રોકી રાખ્યો હતો અને તેનું વિશાળ રાજ્ય જેમાં કોઇ કોઇવાર તો આખા યૂરોપખંડનો સમાવેશ થઈ જતો હતો તેને લગતી અનેક પ્રકારની ચિંતાઓનો બોજો તેના ઉપર હતો; તે છતાં તેની કારકીર્દીનાં વીશ વર્ષની અંદર તેણે એટલા કાગળો લખ્યા અગર લખાવ્યા હતા કે તે સઘળાને એકઠા કરીને છપાવ્યા હોય તો એકાદ આખી લાઇબ્રેરી ભરાઇ જાય. ૧૭૯૬ થી ૧૭૯૮ સુધીનાં બેજ વર્ષમાં લખાયલા તેના ખાનગી પત્રો પ્રસિદ્ધ થયા છે તેના વડે પણ ઝીણે અક્ષરે છાપેલાં સાત પુસ્તક ભરાયાં છે.

નેપોલિયને આ વરસે હિસાબી ખાતામાં ઘણીજ ચોકસાઇ જળવાય તે માટે નામામાં ‘ બેવડી નોંધ ’ ની રૂઢી દાખલ કરી. એ રૂઢી આજે પણ ચાલુ રહી છે અને તેથી કરીને આખા યૂરોપમાં સૌથી વધારે ચોક્કસ, વિશ્વાસપાત્ર અને ચોકખી નામાની પદ્ધતિ ફ્રાન્સનીજ ગણાય છે.

બીજાઓની દરેક પ્રકારની સગવડ જાળવવાને તે હમેશાં કાળજી રાખતો હતો; પણ પોતાના અંગત ખર્ચની બાબતમાં તે ઘણોજ સાદો અને પૂરેપૂરો કરકસરીઓ હતો અને પ્રજાનાં નાણાંમાંથી એક પાઇ પણ વ્યર્થ ન ખરચાય તેને માટે તે હમેશ સાવધ રહેતો હતો.

નેપોલિયને ધારાશાસ્ત્રીઓની સાથે મસલત કરીને ફ્રાન્સને માટે જે દિવાની કાયદો તૈયાર કર્યો હતો તેને માટે આખી પ્રજા મગરૂર હતી અને લોકોની એવી ઇચ્છા હતી કે એને ‘ નેપોલિયનનો કાયદો ’ એવું નામ આપવું. પ્રજાએ પોતાની ઇચ્છા પૂર્ણ કરી છે અને એ કાયદો એવો સંપૂર્ણ છે તેમજ મનુષ્યની સમાનતાના એવા ઉદાર ધોરણપર રચાયો છે કે યૂરોપના ઘણાખરા દેશોમાં તે કાયદો માન્ય થઈ પડયો છે. નેપોલિયનની બુદ્ધિ અને મહાનુભાવતાના કાયમના સ્મરણચિન્હ તરીકે તે સદાને માટે રહેશે, અને જ્યાં જશે ત્યાં મનુષ્યમાત્રના સમાન અધિકારનું રક્ષણ કરશે.

ફ્રાન્સની શોભા અને મહત્તામાં વધારો કરવાની તેને ઉત્કટ ઇચ્છા હતી અને તેથી કરીને બુદ્ધિનાં કાર્યોની તેના જેટલી કોઇ પણ રાજાએ ભાગ્યેજ કદર કરી હશે. સાહિત્ય, કળા, વિજ્ઞાનને તેણે દરેક રીતે ઉત્તેજન આપ્યું. પોતાના લશ્કરની સાથે સાક્ષર પંડિતો અને વિજ્ઞાનવેત્તાઓને લેતો જાય અને નવા મુલકની સાથે જ્ઞાનના પણ નવા નવા પ્રદેશ જીતે એવો સેનાપતિ તો જગત્માં તે પહે-

લોજ હતો. તેના આશ્રયથી ગણિતવેત્તાએ ગણિતમાં ખગોળવેત્તાએ ગ્રહોની શોધખોળમાં અને ભૂગર્ભશાસ્ત્રીઓએ પૃથ્વીની પૂર્વાવસ્થાની શોધ કરવામાં ઘણું નવું અને મહત્ત્વનું પરિણામ નીપજાવ્યું છે.

નેપોલિયન જો ગ્રંથકાર થયો હોત તો એ દિશામાં પણ જગવિખ્યાત થયા વગર રહેત નહિ. તેના પત્રો, જાહેરનામાં, સરકારી આજ્ઞાપત્રિકાઓ, પ્રધાનોને લખેલી સૂચનાઓ–સર્વમાં તેની અપૂર્વ બુદ્ધિ અને વાણીની છટા દૃષ્ટિગોચર થાય છે. એ બધું સાહિત્ય જ્યારે પ્રસિદ્ધ થશે ત્યારે તેના શત્રુઓએ દ્વેષભાવથી તેની ઉજ્જવલ કીર્તિને કલંકિત કરવા માટે જે અસત્ય અને નિંદાત્મક વાતોનો ફેલાવો કર્યો છે તેનું પોકળ સર્વને આપોઆપ સમજાઈ જશે. તેના પત્રો વાંચતાં તેની સર્વ વિષયગ્રાહી બુદ્ધિની ભવ્યતા જોઇ તેને નમ્યા વગર રહેવાયજ નહિ. થેર્સ નામનો વિદ્વાન તેના હસ્તલિખિત પત્રો વાંચ્યા પછી ઉદ્ગાર કહાડે છે કે " અજાયબ જેવા પ્રારબ્ધયોગવડે તે **સૌથી મહાન સેનાપતિ**, સૌથી મહાન **સ્મૃતિકાર** અને સૌથી મહાન **રાજ્યકર્તા** ઉપરાંત **સૌથી મહાન લેખક** થવા પણ સરજાયો હતો.

કોઈ પણ વિદ્વાનની કે કળારસિકની શહેનશાહ પ્રશંસા કરે એ તેને મોટામાં મોટું ઇનામ મળ્યું કહેવાય. ડેવિડ નામના એક ચિત્રકારે નેપોલિયનના રાજ્યાભિષેકનું સુંદર ચિત્ર અંકિત કર્યું હતું. કળાને ઉત્તેજન આપવા માટે જોસેફાઇન તથા દરબારીઓને લઇને તે ઠાઠથી પેલા ચિત્રકારના કળામંદિરમાં ગયો, ચિત્રની પ્રસંસા કરી અને ટોપી ઉતારીને તેને નમન કર્યું.ચિત્રકાર ડેવિડને તથા તેના સારા સારા શિષ્યોને લિજીયન ઑફ ઑનરની શ્રેણીમાં તેણે દાખલ કર્યા.

રાષ્ટ્રવિપ્લવના આચકાથી ઉમરાવોના પક્ષપાતી બુર્બોન વંશીય નૃપતિઓનું રાજ્યાસન ગબડી ગયું હતું અને તેને ઠેકાણે પ્રજાના માનીતા અને પ્રજાએ પસંદ કરેલા રાજાનું વધારે ભપકાદાર રાજ્યાસન મંડાયું હતું. હવે તેની આસપાસ બીરાજવાને ઉમરાવમંડળની ઉણપ હતી. નેપોલિયન પ્રજાપ્રિય અને પ્રજામતથી ચૂંટાયલો રાજા હતો. લોકહિત તરફજ તેનું લક્ષ્ય હતું. પ્રજાસત્તાક રાજ્યના ઉદાર સિદ્ધાંતોને ક્ષતિ ન પહોંચે અને વંશપરંપરાનું ઉમરાવપદ ન મળે એવી રીતે નવો ઉમરાવવર્ગ ઉભો કરવામાં તેણે પોતાની આશ્ચર્યકારક બુદ્ધિનું દર્શન કરાવ્યું. તેને માટે તેણે એવો નિયમ રાખ્યો કે સામાન્ય માણસોને ન મળી શકે એવા ખાસ અધિકાર આ નવા ઉમરાવોને આપવા નહિ અને પ્રજામાંથી હરકોઈ માણસને તેની જાહેર સેવાના બદલામાં ઉમરાવપદ આપવું. સ્વદેશને માટે પ્રાણ અર્પણ કરવા તૈયાર થએલા, રિવોલિ, ઇલાઉ, વગેરે યુદ્ધોમાં સદાને માટે અમર રહે એવાં પરાક્રમો કરનાર અનેક વીર નરોનાં નામ તેની પાસે હતાં. તેઓને તેણે ઉમરાવપદ આપ્યાં અને એ રીતે તેણે ચાલુ જમાનાના ઉમરાવવર્ગની શરૂઆત કરી. તેમાંના કોઇ

ખલાસી હતા તો કોઇ વેપારી હતા; કોઈ કારકુન હતા, તો કોઈ ચરવાદાર હતા; કોઇ દરજી હતા, તો કોઇ મોચી હતા; અને બુદ્ધિ તથા પરાક્રમના પ્રભાવથી સમાજની ટોચપર આવ્યા હતા. જૂનાં ઉમરાવ કુટુંબો તેમના તરફ તિરસ્કારની નજરથી જોતાં હતાં. નેપોલિયનને આ મુશ્કેલીની પૂરેપૂરી ખબર હતી. પ્રજાસત્તાક રાજ્યને યોગ્ય મનુષ્યમાત્રની સમાનતાનુ ધોરણ, અને બાદશાહી ઠાઠ, એ બેઉનું સંમિલન થઇ શકતુંજ નથી. પોતાના રાજ્યાસનની સ્થિરતાને માટે નેપોલિયનને રાજદરબારી નીતિરીતિ ધારણ કરવાની જરૂર હતી, છતાં મનુષ્યની સમાનતાના ધોરણને ક્ષતિ ન પહોંચે, એક વર્ગને દબાવીને બીજો વર્ગ વધારા પડતી સત્તા ન પચાવી પડે તેની તેણે સંભાળ રાખી હતી. તે નાનામોટા બનાવોની એવી અજાયબ જેવી જાળમાં ગૂંચવાઇ ગયો હતો કે ગમે તેટલા ડહાપણ અને દીર્ઘદષ્ટિથી પણ એ જાળ ઉકેલાય એમ ન હતું. પ્રજાસત્તાક રાજ્યતંત્રને માટે ફ્રાન્સ નાલાયક હતું એ તો દશ વર્ષની અરાજકતાએ સ્પષ્ટ રીતે પૂરવાર કરી દીધું હતું. નેપોલિયને બધી રાજસત્તા પોતાનાજ હાથમાં લઇ લીધી હતી; અને પ્રજાના હિતાર્થે તનમનથી તે પરિશ્રમ કરતો હતો છતાં તે ધીમે ધીમે નિરંકુશ રાજસત્તાનો પાયો ચણતો હતો. તેની આજુબાજુના સંજોગો એવા ગુંચવણભરેલા હતા કે તેમ કર્યા વગર બીજો રસ્તોજ ન હતો. ફ્રાન્સની ચારે દિશાએ ઝઝૂમી રહેલાં શત્રુસૈન્યની સામે તેની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે એક બળવાન અને પ્રતિભાશાળી વ્યક્તિના હાથમાં નિરંકુશ સત્તા આપવાની જરૂર હતી. રાજ્યનો દરેક કેળવાયલો માણુસ તેની અગત્ય સ્વીકારતો હતો. ઉપરાંત એટલું પણ કહેવું જોઇએ કે જે નિરંકુશ સત્તા નેપોલિયને પ્રાપ્ત કરી હતી તેનો ઉપયોગ તેણે સ્વાર્થસાધનમાટે નહિ પણ સર્વાંશે દેશહિતાર્થે કર્યો હતો.

તેણે ઘડેલું અને નિભાવેલું રાજ્યતંત્ર ઘણુંજ સંગીન હતું એની તો કોઇ ના પાડી શકતુંજ નથી. ફ્રાન્સ ઉપર શત્રુ રાજાઓએ કરેલા ચાલુ હુમલાઓને લીધે પ્રજાને નેપોલિયનનું અનન્ય શરણ લેવાની ફરજ પડી હતી. તેમ થયું તોજ વીશ વર્ષસુધી તે પોતાનાથી અનેક ઘણા બળવાન નૃપતિમંડળની સામે એકલે હાથે ટકી રહ્યો. આખી પ્રજા સ્વસંરક્ષણને માટે તેની સામે જોઈ રહી હતી અને તેણે ઘણીજ સુંદર રીતે પોતાની ફરજ બજાવીને પ્રજાનો વિશ્વાસ અસ્થાને ન હતો એમ સિદ્ધ કરી બતાવ્યું.

રશિયાના ઝારના જેટલી નિરંકુશ રાજસત્તા નેપોલિયન ભોગવતો હતો; પણ ઝાર તેના ઉમરાવોનો પક્ષપાતી હતો, ત્યારે નેપોલિયન પ્રજાનો પસંદ કરેલો અને પ્રજાના લાભનો હિમાયતી હતો. તેણે પોતાના હાથમાં જે સત્તા કેન્દ્રીભૂત કરી હતી તે ઘણીજ જબરદસ્ત હતીજ. ધારાસભા, કાર્યવાહીમંડળ અને પ્રધાનમંડળ સર્વની પસંદગી તેજ કરતો હતો. પોલિશખાતાના અમલદારો; ન્યાયાધીશો; જકાતખાતાના,

મહેસુલખાતાના, અને આબકારી ખાતાના અમલદારો; ધર્મગુરુઓ, શાળાના શિક્ષકો, વિશ્વવિદ્યાલયોના અધ્યાપકો અને પોસ્ટમાસ્તરો; ઈજનેરો અને કિલ્લા તથા નહેર વગેરેની દેખરેખ રાખનારા અમલદારો–સર્વની નિમણુક તે જાતે કરતો અથવા તેને જાણ કર્યા પછીજ થતી.

સેંટહેલેનાના દ્વીપમાં બન્દીવાન બનેલા નેપોલિયનના હાથમાં અંગ્રેજે લખેલું તેનું જીવનચરિત્ર આવ્યું. એક રાક્ષસના જેવો નિષ્ઠુર માણસજ જેવાં પાપાચરણ કરી શકે તેવાં પાપ કર્યાનો આરોપ તેના ઉપર એ પુસ્તકના લખનારે મૂક્યો હતો. અક્ષુબ્ધ ચિત્તે તેણે પુસ્તક હેઠે મૂક્યું અને કહ્યું:—

" તેઓ સત્ય વાતને ગમે તેટલી મરડે મચડે, છુપાવે અને વિકૃત કરે તોપણ તેઓ મને તદ્દન અંધારામાં રાખી શકશેજ નહિ. ફ્રાન્સના ઇતિહાસકારને મારા સામ્રાજ્યની સમાલોચના કર્યા વગર છુટકોજ નથી. જો તે પ્રમાણિક હશે તો તે મને જરૂર ન્યાય આપશે. **ખરી હકીકતો પોતે પોતાની મેળેજ બોલી ઉઠશે. તે સૂર્યના જેવી ઉજળી અને ઉઘાડી છે.** "

" મેં અરાજકતાનું ઉંડું કોતર પૂરી નાખ્યું અને તેને ઠેકાણે સુવ્યવસ્થા કરી દીધી. મેં રાષ્ટ્રવિપ્લવનું કલંક ધોઈ નાખ્યું, પ્રજાઓને ઉન્નત કરી અને રાજાઓનાં રાજ્યાસન વધારે સલામત બનાવ્યાં. મેં પ્રજામાં સાચી બાબતની સ્પર્ધા જાગૃત કરી અને દરેક જાતની આવડતની કદર કરીને યોગ્ય પુરસ્કાર આપ્યો. એ કાંઈ ઓછું ન કહેવાય. એવી કઇ બાબત છે કે જેમાં પ્રમાણિક ઇતિહાસકાર મારો બચાવ ન કરી શકે ? શું મારો હેતુ શુદ્ધ ન હતો ? આ બાબતમાં તો મારા ઉપર દોષ મૂકી શકાય એમ છેજ નહિ. હું નિરંકુશ સત્તા ભોગવતો હતો એમ કહેવામાં આવશે ? એનો જવાબ એ છે કે મારા હાથમાં એટલી સત્તા આપવાની પૂરેપૂરી જરૂર હતી. શું મેં સ્વતંત્રતાનો નિરોધ કર્યો ? સ્વચ્છંદતા, અરાજકતા અને ભયંકર ગેરવ્યવસ્થાનાં ભૂત સ્વતંત્રતાના આંગણા આગળ ભમતાંજ હોય છે તે યાદ રાખજો. મને લડાઇઓનો અપરિમિત શોખ હતો ? મારા ઉપર પહેલો હુમલો થયો હશે ત્યારેજ હું લડયો છું એમ સાબિત થઇ શકે છે. મારે ચક્રવર્તી થવું હતું એમ કહેવામાં આવશે તો મારા શત્રુઓજ મને ધીમે ધીમે તેવા નિશ્ચયપર લઇ આવ્યા હતા એમ સાબિત કરી શકાશે. હું ઘણો મહત્ત્વાકાંક્ષી હતો એવો આરોપ મારા ઉપર મૂકવામાં આવે તો હું કહું છું કે હું પૂરેપૂરો મહત્ત્વાકાંક્ષી હતો, અને મારે તેવા થવુંજ જોઇએ. પણ તેની સાથે મારે એટલું પણ કહેવું જોઇએ કે મારી મહત્ત્વાકાંક્ષા ઉંચામાં ઉંચા પ્રકારની અને ઉદારમાં ઉદાર હતી. મનુષ્યની તમામ શક્તિઓનો સંપૂર્ણપણે જ્યાં ઉપયોગ અને ઉપભોગ થાય એવું બુદ્ધિનું સામ્રાજ્ય સ્થાપવામાંજ તે મહત્ત્વાકાંક્ષાનો મેં ઉપયોગ કર્યો હતો. મારા સમગ્ર જીવનનો સંક્ષિપ્ત ઇતિહાસ આ પ્રમાણે છે. "

प्रकरण ३८ मुं–पारिस नगरीनां दृश्य

પંદરમી આગસ્ટ ૧૮૦૭ ને રોજ નેપોલિયનને આડત્રીશ વર્ષ પૂરાં થયાં. આખું પારિસ નગર તે દિવસે હર્ષઘેલું બનીને આનંદોત્સવ કરવા લાગ્યું. સાંજને વખતે મહેલની આસપાસના વિશાળ ઉદ્યાનમાં હજારો માણસોનો જમાવ થયો અને નેપોલિયનનું મુખદર્શન કરવા માટે અધીરા બનીને લોકો પોકાર કરવા લાગ્યા. શહેનશાહબાનુનો હાથ પકડીને તે વારંવાર ઝરૂખામાં આવતો અને લોકો તેને હર્ષનાદથી વધાવી લેતા. ત્યાર પછી લોકોમાં પોતાને વિષે શું બોલાય છે તે સાંભળવાને તે છુપે વેષે રાજમહેલમાંથી નીકળીને લોકોના ટોળામાં દાખલ થઇ ગયો. એક નાનો છોકરો “ શહેનશાહ નેપોલિયન ઘણું જીવો ! ” એવો પોકાર કરતો હતો તેને ઉંચકી લઇને નેપોલિયને પૂછ્યું કે “ તું શામાટે આ પ્રમાણે બૂમો પાડે છે ? ” છોકરાએ જવાબ આપ્યો કે “ મારાં માબાપે મને શીખવ્યું છે કે તારે રાજાનું કલ્યાણ ઇચ્છવું. ” નેપોલિયન તેનાં માબાપને મળ્યો. તેઓ બિચારાં રાષ્ટ્રવિપ્લવ વખતે આફતનાં માર્યાં દેશાવર નાસી ગયાં હતાં, પણ નેપોલિયન ગાદીએ આવ્યા પછી પારિસ પાછાં આવી સારે ઉદ્યમે વળગીને સુખી થયાં હતાં. તેઓ તેનાં વખાણ કરતાં થાકતાં ન હતાં. બીજે દિવસે તેમને જ્યારે નેપોલિયને મોકલેલી કિંમતી ભેટ મળી, ત્યારેજ તેમણે જાણ્યું કે આગલે દિવસે શહેનશાહ પોતેજ તેમને ઘેર આવ્યો હતો અને તેનીજ આગળ તેમણે પોતાની કૃતજ્ઞતા દર્શાવી હતી.

બીજે દિવસે નેપોલિયને હજારો માણસોની મેદની સમક્ષ પોતાના લશ્કરી અમલદારોસહિત ધારાસભા અને પ્રધાનમંડળના સભ્યોની મુલાકાત લીધી અને નીચે પ્રમાણે ભાષણ કર્યું :—

“ ગૃહસ્થો ! તમારી ગયા વર્ષની બેઠક પછી નવી લડાઇઓ, નવી ફતેહો અને સલાહના નવા કોલકરારોથી યૂરોપની રાજનૈતિક અવસ્થામાં મહત્ત્વના ફેરફાર થઇ ચૂકયા છે. યૂરોપ ખંડ ઉપર ઈંગ્લંડ જે કાબૂ ધરાવતું હતું તે હમેશને માટે જતો

રહ્યો તેથી તમામ પ્રજાઓ પ્રસન્ન થઇ છે. મારી પ્રજાનું હિત જે મને મારી કીર્તિના કરતાં વધારે પ્રિય છે તેના ઉપર હમેશાં લક્ષ રાખીનેજ હું મારૂં સઘળું કાર્ય કરતો આવ્યો છું. જમીનપર જેવી સુલેહ થઇ છે તેવી સમુદ્ર ઉપર સુલેહ થએલી જોવાને હું ઇચ્છું છું. દરિયાઇ યુદ્ધનું જે પરિણામ ઈશ્વરે નિર્માણ કર્યું હોય તે થાઓ; પણ મારી પ્રજાપ્રત્યેનો મારો ભાવ જેવો ને તેવોજ રહેશે અને મારી પ્રજા પણ એવા સદ્‌ભાવને સદા યોગ્યજ રહેશે. હું તમારાથી પંદરસો માઇલ દૂર હતો તે વખતનું તમારૂં વર્તન જોઈને તમારે માટે મને ઘણો ઉંચો મત બંધાવ્યો છે."

"આપણા દેશની પ્રજાકીય સંસ્થાઓને જેમ બને તેમ સાદી બનાવવાને અને સુધારવાને ઘણી યોજનાઓ ઘડી છે. પ્રજામાંથી યોગ્ય વ્યક્તિઓને સન્માન આપવા માટે નવા ખિતાબો ઉત્પન્ન કર્યા છે. કિંમતી જાહેર સેવા કરનારને તેની સેવાના પ્રમાણમાં માન મળે અને છતાં આપણે મુકરર કરેલા રાજ્યબંધારણને વાંધો આવે એવો કૃત્રિમ ઉમરાવવર્ગ ઉભો થવા ન પામે એવો મારો હેતુ છે. જાહેર પ્રજાને ઉપયોગી થાય એવાં બાંધકામો તૈયાર થયાં છે અને થતાં જાય છે તેનો હેવાલ તમને રાજ્યના આંતરિક વિભાગના કરેલા રિપૉર્ટમાંથી મળી શકશે. મારી ઇચ્છા એવી છે કે મારા રાજ્યના હરકોઇ ભાગમાં, નાનામાં નાના ગામડામાં પણ દરેક જણની આવક અને જમીનની કિંમત મેં ઘડેલી સામાન્ય સુધારણાની યોજનાને પરિણામે વધી જાય! ગૃહસ્થો, આ મહત્ત્વનું પરિણામ લાવવા માટે મારે તમારી મદદની જરૂર પડે અને તમારી મદદ ઉપર નિર્ભર રહેવાનો મારો હક્ક પણ છે."

આ ભાષણ લોકોએ ઉંડી લાગણીસહિત અને આનંદના ઘોષથી વધાવી લીધું. ત્યાર પછી ધારાસભાના પ્રમુખે જે ભાષણ કર્યું તેમાં આખા ફ્રાન્સના એકસામટા અવાજનો પ્રતિધ્વનિ થયો હતો. તે ભાષણ આ પ્રમાણે હતું:—

"આપણી આગળ જે હેવાલ રજૂ કરવામાં આવ્યો છે તે જોતાં હમેશાં સુલેહના સમયમાંજ રાજ્ય કરનાર અને રાજ્યની કેવળ આંતરિક સુવ્યવસ્થા તરફજ લક્ષ આપનાર રાજાનું આપણને ભાન થાય છે. આવાં ઉત્તમ પરિણામને ઉત્પન્ન કરે તેવો પરિશ્રમ લેનાર અને આટલી બધી દૂરઅંદેશીભરેલી સુંદર યોજનાઓ ઘડનાર નેપોલિયન નવા જીતાયલા પ્રશિયાના સીમાન્ત ભાગમાં અને રશિયાની સરહદને પગ નીચે દબાવીને યુદ્ધના ભયાનક કોલાહલની વચ્ચે રહ્યો રહ્યો આવાં અલૌકિક લોકોપયોગી કાર્ય કરાવી શક્યો છે. જે માણસ આપણાથી પંદરસો માઇલને અંતરે હતો છતાં યુદ્ધની જંજાળ અને પરિશ્રમમાંથી થોડો થોડો અવકાશ મેળવીને આવાં કામ કરી શકે તે હવે સુલેહના સમયમાં, રાજધાનીમાં રહીને એથી પણ વધારે મહત્ત્વના લાભ આપણને આપ્યા વગર રહેશેજ નહિ. પ્રજાના કલ્યાણમાંજ હવે તેનું ચિત્ત સર્વદા રોકાયલું રહેશે અને તેથી તેની કીર્તિ હજી પણ આપણાં હૃદય ઉપર

વધારે સચોટ અસર ઉપજાવી શકશે. ”

“ હવે સુલેહ થઇ છે. તેણે પોતાની તલવાર મ્યાન કરી છે. હવે આપણને માલમ પડશે કે તેની અજય્ય શક્તિથી રાજ્યો અને રાજ્યાસનો ડોલી જાય છે એટલુંજ નહિ પણ તે શક્તિની પાછળ ઉંડું ડહાપણ પણ રહેલું છે. તે સુલેહશાંતિ જાળવીને રાજ્યોને સુરક્ષિત રાખી શકે છે; ખેતી અને ઉદ્યોગનો ઉત્કર્ષ કરી શકે છે; લલિત કલાઓને પોષીને રાજ્યની શોભામાં વૃદ્ધિ કરી શકે છે અને નીતિ તથા સુવ્યવસ્થાના બેવડા મજબૂત પાયા ઉપર રાજ્યની કાયમની ઈમારત ચણે છે. ”

સેન્ટ હેલેનામાં રહેતાં નેપોલિયને એક પ્રસંગે કહ્યું હતું કે “ પારિસને યૂરોપનું સર્વોપરિ નગર બનાવી મૂકવાનું સ્વપ્ન મારી નજર આગળ હમેશાં રમ્યા કરતું. દાખલાતરીકે હું ઘણીવાર એવી ઇચ્છા રાખતો હતો કે વીશ, ત્રીશ કે ચાળીશ લાખની વસ્તીવાળું શહેર બની જાય-ટુંકામાં તે અત્યંત વિશાળ, અદ્વિતીય અને આદર્શરૂપ થાય અને આટલી મોટી વસ્તીને યોગ્ય જાહેર સંસ્થાઓ અને બાંધકામોથી ભરપૂર બની જાય. ”

“ જો ઈશ્વરે મને બીજાં વીશ વર્ષ વધારે અવકાશ આપ્યો હોત તો જૂના પારિસનું નામનિશાન પણ જોવામાં આવત નહિ. આખા ફ્રાન્સનું સ્વરૂપ પણ હું ફેરવી નાખત. ”

“ પારિસના લોકો મારા માનમાં જાહેર ઉત્સવો કરતા તેની હું હમેશાં સામે પડતો. એવા ઉત્સવમાં લોકો સારૂં સારૂં ખાતા, નાચતા, આતશબાજી કરતા અને હજારો ફ્રાન્કનો ધુમાડો કરી નાખતા. વળી એવા ઉત્સવની તૈયારી કરવામાં લોકોના રોજના કામમાં દશ બાર દિવસસુધી નાહક નડતર થતી અને ઉત્સવના સરસામાનને સમેટી લેવામાં પણ વખતની અને પૈસાની બરબાદી થતી. હું કહેતો કે એટલા ખર્ચમાં કેવી સુંદર અને સદા કાળ ટકે એવી લોકોપયોગી ઇમારતો ચણાવી શકાય. ”

“ સારૂં કામ કરવામાં કેટલી મુશ્કેલીઓ નડે છે તે મારા જેટલું જેને વીત્યું હોય તેજ જાણી શકે. બાદશાહી મહેલમાં જો મરામત કરાવવાની હોય, ફેરફારી કરવાની હોય, નવાં રાચરચીલાં બનાવવાં હોય તો તે કામ તરતજ ભૂલચૂક વગર થઇ જતું, પણ જાહેર બાગમાં વધારો કરવાની, કેટલાક ગંદા લત્તાઓને સુધારવાનું, શહેરની ગંદકીને દૂર કરવાનું અથવા એવું કોઈ જાહેર ઉપયોગનું કામ કરવાનું હોય ત્યારે તો હું તેની પાછળ મારા સઘળા ચારિત્ર્યબળથી મંડ્યો રહું, રોજના છથી દશ કાગળો લખું અને આખરે ગુસ્સે પણ થાઉં તોજ તે કામ થતું. આ રીતે શહેરની ગંદકી દૂર કરાવવા પાછળ મેં ત્રણ કરોડ ફ્રાન્કનો ખર્ચ કર્યો હતો અને તે માટે મારો કોઇ આભાર નહિ માને તે પણ

હું જાણતો હતો. મેં જે કર્યું તે ઘણું છે પણ મેં જે કરવા ધાર્યું હતું તે તો તેથી પણ વધારે છે.”

નેપોલિયનની રાજ્યકર્તા તરીકેની શક્તિનો ઉપલો હેવાલ તેના એક મિત્રે લખેલો હોવાથી તે અતિશયોક્તિવાળો હશે એવો કોઇને શક જાય માટે આપણે એક અંગ્રેજ ઇતિહાસકાર શું કહે છે તે તરફ પણ જોઇએ. લૉકહાર્ટે લખેલા નેપોલિયનના જીવનવૃત્તાંતના એકે એક પૃષ્ઠમાં તેના તરફ અંગ્રેજ પ્રજાની દુશ્મનાવટની છાયા જોવામાં આવે છે. છતાં એ લૉકહાર્ટને પણ કબૂલ કરવું પડયું છે કે:—

“શહેનશાહ નેપોલિયન ગમે ત્યાં જતો ત્યાં રહ્યો રહ્યો લડાઇના દારુણ પ્રસંગોમાં પણ પોતાના રાજ્યના વહીવટની ઝીણામાં ઝીણી બાબતો ઉપર એવી બારીક નજર રાખતો, કે બીજા રાજાઓ જેમની પાસે એના કરતાં અડધું રાજ્ય પણ ન હતું તેઓ પૂરેપૂરી સુલેહશાંતિના વખતમાં પણ રાજવહીવટ ઉપર તેટલી નજર રાખી શકતા ન હતા. નવરાશના વખતમાં બીજગણિત અને ભૂમિતિના પ્રશ્નો ઉકેલવામાં તે સૌથી વધારે ગમ્મત માનતો હતો. તેના ચોકસાઇ અને ઝીણવટની અસર રાજ્યનાં તમામ ખાતાંઓ ઉપર થઇ ગઇ હતી. તેના અમલની શરૂઆતમાંજ સરકારી હિસાબી ખાતામાં કેટલીક અગત્યની ભૂલો તેણે પકડી હતી. તે ઉપરથી દરેક ખાતાના ચોપડા એવા ચોકખા અને ચોક્કસ બની ગયા હતા કે શ્રીમંત વેપારીઓના ચોપડા પણ તેવા ઘણીવાર જોવામાં આવતા નથી. અમુક બાબત નજીવી છે માટે તે ધ્યાનબહાર જવા દેવી એવું તો તે માનતોજ ન હતો; અને દરેક પ્રકારનું કામ કરવા માટે તે વખત પણ શોધી કહાડતો. બાદશાહની નજર મારા કામ ઉપર પણ છે એવું જાણીને નીચામાં નીચા દરજ્જાનો નોકર પણ મનમાં રાજી થઇને સોંપેલું કામ કરતો. રાજનૈતિક બાબતો સિવાય બીજા તમામ વિષયની ચર્ચામાટે લખવાની, બોલવાની અને કાયદા ઘડવાની પ્રજાને છુટ હતી અને રાજદ્વારી આરોપીઓ સિવાય બીજા તમામ આરોપીઓની તપાસ પંચની મારફતેજ થતી.”

“નેપોલિયનનો કાયદો, જે એક ધારાશાસ્ત્રનો પ્રમાણભૂત અને ઘણીજ ઝીણવટભરેલો ગ્રંથ છે, જેને તૈયાર કરવા માટે તેણે યૂરોપના મોટામાં મોટા ધારાશાસ્ત્રીઓ સાથે બેસીને પુષ્કળ પરિશ્રમ લીધો હતો તે તેણે ફ્રાન્સની પ્રજાને આપેલી અમૂલ્ય બક્ષિસ ગણાય છે. તે પોતે સકારણ અભિમાનસહિત કહેતો કે “એ કાયદાવડે હું ભવિષ્યની પ્રજાની સાથે પણ જીવતો અને જાગતો બેસવા પામીશ.” જો ફ્રાન્સના રાજ્ય પાસે સંપૂર્ણ, એક સરખા અને ઘણાજ વિચારપૂર્વક ઘડાયલા કાયદાનો ગ્રંથ હોય તો તે આજ છે, અને એકલા ફ્રાન્સમાં નહિ પણ યૂરોપના ઘણા ભાગમાં તે માન્ય થઇ પડયો છે.”

“ દરબારના બાદશાહી ઠાઠમાઠભરેલા ઓરડાઓમાં જ્યાં અસલના રાજાઓ ધિંગામસ્તી કરતા ત્યાં નેપોલિયને પોશાકની અને જીવનની હમેશની સાદાઇ જાળવી રાખી હતી. આ મહાન શહેનશાહ પોતાની કચેરીના નોકર કરતાં વધારે કલાક કામ કરતો હતો; **મિત્રોને મળવું, હરવુંફરવું, જમવું, જમાડવું વગેરે સાંસારિક કાર્યો કરવાનો તેને અવકાશ પણ ન હતો અને તેના અંગત મિત્રો પણ ઘણા થોડા હતા.** તેના દિવસો કામકાજમાં અને **રાત્રિઓ અભ્યાસમાં વ્યતીત થતી.** લશ્કરની સાથે જવાની જરૂર ન હોય તેવા વખતમાં તે રાજ્યના પ્રાતે પ્રાંતમાં ફરી વળતો; ત્યાંની વ્યવસ્થાની ઝીણી ઝીણી બાબતોને જાતે તપાસી જતો અને છાવણીમાં રહ્યાં રહ્યાં એવા હુકમ પ્રકટ કરતો કે તે ઉપરથી તેણે કરેલું અવલોકન કેવું ચોક્કસ હતું અને ફ્રાન્સના એકે એક જીલ્લા, શહેર અને ગામડાંની હાલત સુધારવાને તે કેટલો ઇન્તેજાર હતો તે જણાઇ આવે છે. ”

નેપોલિયનના શત્રુની કલમ પણ તેનું આવું સરસ વર્ણન કરે છે. ઈંગ્લંડની સાથે સલાહ કરવાને તેણે એક પણ યત્ન કરવો બાકી રાખ્યો ન હતો. સમાધાન કરવા માટે જેટલી પણ કાળજી તથા કોશીશ બની શકે તે સઘળી તે કરી ચૂક્યો. ફ્રેન્ચ રાષ્ટ્રવિપ્લવના પછી યૂરોપમાં જે જે યુદ્ધો થયાં તેને માટે નેપોલિયનને જવાબદાર ગણવામાં મોટામાં મોટી ઐતિહાસિક ભૂલ થાય છે. પ્રખ્યાત અંગ્રેજ વક્તા રિચર્ડ કોબ્ડેન તેની પ્રખર ન્યાયવૃત્તિને છાજે એવા પ્રમાણિકપણાથી કહે છે કે:—

“ આપણા દેશમાં પ્રચલિત થઈ ગએલી અને લોકોમાં આદર પામેલી એક માન્યતા એવી છે કે આપણા ઉપર વિના કારણે ગેરવાજબી હુમલો કરવામાં આવ્યો હતો અને તેથી લડાઇ જાગી. આપણે તો સલાહ કરવા ઘણાજ ખુશી હતા પણ આપણને લાચારીથી લઢવાની ફરજ પડી; અને આપણો હેતુ શુદ્ધ અને વૈરથી મુક્ત હતો છતાં ફ્રેન્ચોએ આપણા કિનારા ઉપર ચઢાઇ લઇ આવવાની ધમકી આપી હતી.”

“ હવે હકીકત વસ્તુસ્થિતિથી એટલી જૂદી છે કે મારે દિલગીરીની સાથે જણાવવું પડે છે કે એ સત્યથી પૂરેપૂરી વિરુદ્ધ છે. હું બેધડક કહી શકું છું કે ફ્રેન્ચોની સાથેની છેલ્લી લડાઇમાં અંગ્રેજોએજ પહેલ કરીને લડાઇ ઉભી કરી હતી. ઐતિહાસિક દસ્તાવેજો તથા બેઉ દેશની સરકારે કરેલાં કામોના પૂરાવા એવા મજબૂત છે કે તેના વડે મારો અભિપ્રાય નિર્વિવાદપણે સાબિત થઇ શકે છે. ફ્રાન્સે લડાઇ ઉભી કરી ન હતી એમ કહીએ તોપણ તેમાં પૂરે પૂરૂં સત્ય નથી આવી જતું. **આપણી સાથે કલહ થતો અટકાવવાને આપણા પગે પડયા સિવાય બીજા બધા ઉપાય ફ્રાન્સ લઈ ચૂક્યું હતું.** ”

પાર્લામેન્ટના લિબરલ મતના સભાસદો સલાહ કરવાની તરફદારી કરતા. ઉમરાવોની સભામાં લેન્સડાઉન, બેડફોર્ડ, અને લૉડર્ડેલ તથા આમની સભામાં ફોક્સ, ગ્રે

અને શેરિડન લડાઈની વિરુદ્ધમાં ભારે ઝુમ્બેસ મચાવતા હતા. પણ થોડાક અક્કલબાજ માણસો જેમને લડાઇને લોકપ્રિય કરવાની કળા આવડતી હતી; તેઓ આ લોકોને હંફાવતા હતા. સલાહની તરફદારી કરનારાઓ પ્રત્યે અપમાનકારક શબ્દો વાપરીને તેમને તોડી પાડવામાં આવ્યા, તેમના જાનમાલની સલામતી રહી ન હતી અને તેમનાં કુટુંબોને તેમના ઉપર લોકોનાં ટોળાં જુલમ ગુજારે એવી અરક્ષિત હાલતમાં મૂકવામાં આવ્યાં હતાં એ ઘણીજ શરમભરેલી અને દિલગીર થવા જેવી વાત છે. છતાં હું તો છે તેવું, પુરેપૂરૂં સત્ય ઉઘાડું પાડવા માગું છું–એટલા માટે કે જો તે જગજાહેર થાય તો ફરીથી તેવા બનાવ બનતા અટકે. ઇંગ્લંડનો સામાન્ય લોકવર્ગ જે તે વખતે પૂરેપૂરો બિનકળવાયલો હતો તેને કેટલાક નેતાઓએજ ઉશ્કેરી મૂકયો હતો અને ફ્રાન્સની સાથે લડાઇ કરવીજ કરવી એવું બૂમરાણ તેમની પાસે કરાવ્યું હતું. તેની સાથે બીજી પણ એક સત્ય વાત યાદ રાખવી જોઇએ કે લડાઈ બે વરસ ચાલ્યા પછીજ તેની અસર લોકોને જણાઇ. અનાજ મોંઘું થઇ ગયું, રોજી ઘટી ગઈ અને મહેનતમજૂરી કરીને નિર્વાહ કરનાર લોકવર્ગના દુઃખનો પાર ન રહ્યો ત્યારેજ લોકોનાં ટોળેટોળાં રાજાની ગાડી ઘેરી વળ્યાં અને “ અનાજ ! અનાજ ! સલાહ કરો ! સલાહ કરો !” એવા પોકાર કરવા લાગ્યાં. ” +

+ એ પછી સો વર્ષ રહીને જે છેલ્લું મહાયુદ્ધ થયું તેનાં પરિણામો વળી એથી પણ વધારે ખરાબ પ્રકારનાં સર્વત્ર અનુભવાઇ રહ્યાં છે. સંપાદક.

प्रकरण ३९ मुं

ડેનિશ રાજધાનીપર અંગ્રેજોએ ચલાવેલો તોપોનો મારો

ટિલ્સિટની સુલેહના કરારનામામાં એક સરત એવી હતી કે જો અલેક્ઝાન્ડરની સમજાવટ ઈંગ્લંડ ન માને તો ફ્રાન્સ અને રશિયાએ મળીને તેની સાથે લઢવું. તેજ પ્રમાણે જો તુર્કસ્તાન ફ્રાન્સની સમજાવટ પ્રમાણે તેની રશિયા સાથેની તકરાર છોડી ન દે તોપણ બેઉએ ભેગા થઇને તુર્કસ્તાન સાથે લડાઈ કરવી. વળી ઈંગ્લંડ સલાહ કરવા ના પાડે તો તેના માલનો બહિષ્કાર કરવાને સ્વીડન, ડેન્માર્ક પોર્ટુગલ અને આસ્ટ્રિયાને સમજાવવાનું ફ્રાન્સ અને રશિયાએ માથે લીધું હતું.

નેપોલિયને પોતાના એલચીને તુર્કસ્તાનના દરબારમાં મોકલ્યો અને ગમે તેમ કરીને રશિયા અને તુર્કસ્તાન વચ્ચે સમાધાન કરાવ્યું. પણ ઈંગ્લંડને તેનાં જૂનાં મિત્રરાજ્યોએ તજી દીધું હોવાથી તેણે તુર્કસ્તાન સાથે દોસ્તી બાંધવા માંડી અને તેના મન ઉપર એવું દસાવી દીધું કે રશિયા તુર્કસ્તાનના કેટલાક સારા સારા મુલક ખાઇ જવાનો ઈરાદો રાખે છે. આવી યુક્તિપ્રયુક્તિથી તુર્કસ્તાનનું મન તેણે ફેરવી નાખ્યું અને થોડા વખતમાંજ તેને લડાઇ કરવા પ્રેર્યું. આ બાજુએ ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે સલાહ કરાવવામાં અલેક્ઝાન્ડરને ફતેહ મળી નહિ. ઈંગ્લંડે પ્રથમ તો સાંભળ્યું ન સાંભળ્યું કરવા માંડયું અને પાછળથી તો ગર્વ અને તિરસ્કારસહિત સલાહ કરવાની ચોકખી નાજ પાડી.

ઈંગ્લંડનું આવું વલણ જોઇને આખા યૂરોપને નવાઇ લાગી અને ત્યાર પછી તરતજ તેણે એવું એક કૃત્ય કર્યું કે તેથી દરેક રાજ્યને તેના ઉપર વાજબી ક્રોધ ઉત્પન્ન થયો. ડેન્માર્ક અત્યારસુધી સંપૂર્ણ રીતે તટસ્થ રહ્યું હતું. તેને કાંઇક ફ્રાન્સ તરફની દહેશત હોવાથી તેનું લશ્કર સરહદપર ગોઠવાઇ ગયું હતું પણ ઈંગ્લંડ તરફથી તો તે નિશ્ચિન્ત હોવાથી તેણે પોતાના નૌકાસૈન્યનો બચાવ કરવા માટે કશુંજ કર્યું ન હતું. નેપોલિયને દઢતાથી પણ વિવેક સાથે ડેન્માર્કને લખી જણાવ્યું કે જો ઈંગ્લંડ સલાહ કરવા ના પાડશે તો તેની અને યૂરોપનાં બીજાં રાજ્યો વચ્ચે

જીવસટોસટની લડાઇ ઉભી થશે. તેમાં તમારે બેમાંથી એકનો પક્ષ તો લેવોજ પડશે. અત્યારસુધી ડેન્માર્ક અને ઈંગ્લંડ વચ્ચે ઘણો સારો સંબંધ જળવાઇ રહ્યો હતો, પણ હવે ઈંગ્લંડને એમ લાગ્યું કે વખતે નેપોલિયન તેને પોતાના પક્ષમાં લઇ લે. તેથી ડેન્માર્કના નૌકાસૈન્યનો ગુપચુપ કબજો લઇ લેવાની તેણે તદબીર રચી. આ નૌકાસૈન્ય અરક્ષિત હાલતમાં ત્યાંની રાજધાની કોપનહેગનના બંદર આગળ લંગરાયું હતું.

ઈંગ્લંડની સરકારે ગુપચુપ લડાઇની તૈયારી કરી અને ત્રીશ હજાર સિપાઇઓના સૈન્યસહિત નૌકાસૈન્યનો મજબૂત કાફલો કોપનહેગન તરફ રવાના કરી દીધો. હિંદુસ્તાનમાં કેટલીક લડાઇઓ જીતીને પ્રખ્યાત થએલા સર આર્થર વેલેસ્લી–જે પાછળથી ડયૂક ઓફ વેલિંગ્ટન બન્યો હતો–તેના સેનાપતિપણા નીચે એકાએક આ સૈન્ય ત્યા જઇ પહોંચ્યું અને તે નિરપરાધી શહેરને જમીન તેમજ દરિયા તરફથી ચારે બાજુએથી ઘેરી લીધું. કિલ્લો અને નૌકાસૈન્ય બેઉ અમને સોંપી દો, એવો સંદેશો લઇને જેકસન નામના તોછડા અને ઝેરીલા માણસને ડેન્માર્કના દરબારમાં મોકલ્યો. તેણે જણાવ્યું કે તમારો કિલ્લો અને કાફલો ફ્રાન્સના હાથમાં આવી જાય તેવી ઈંગ્લંડને દહેશત રહે છે, માટે એ બેઉ અમને સ્વાધીન કરી દો. ધાસ્તી પૂરી થયા પછી અમે તે બેઉ તમને પાછાં આપીશું અને ખોરાકીનો ખર્ચ પણ આપીશું. આ વાત નહિ માનો તો આખા શહેરને અમે તોપને ધડાકે ઉડાવી દઇશું.

ડેન્માર્કના રાજાએ ક્રોધે ભરાઇને કહ્યું કે તમારી આવી નામોશીભરેલી માગણીને તાબે થવાથી અમારી આબરૂ જાય તેના બદલામાં તમે શું આપવાના છો?

જેકસન કહે, "લડાઈ તે લડાઇ છે એમાં તો નબળાએ સબળાને નમવુંજ પડશે."

આ પ્રમાણે કડવા અને તીખા શબ્દોની આપલે થયા પછી આ મસલત પૂરી થઇ. બચાવ કરવાનું સાધન ન હોવાથી ડેન્માર્કનો રાજા નિરાશાનો આશ્રય લઇને બેઠો. અંગ્રેજ એલચી પોતાના કાફલા આગળ જઇ પહોંચ્યો કે તરતજ તેણે આપેલી ધમકીની ભયંકર પૂર્ણાહુતિનું નિશાન બતાવવામાં આવ્યું. અંગ્રેજો પોતાની સાથે પુષ્કળ ભારે તોપો લાવ્યા હતા, અને કર્નલ કોન્ગ્રીવ પણ પોતે બનાવેલી વિનાશકારક હવાઇઓનો પહેલો પ્રયોગ અજમાવવા ત્યાં હાજર હતો.

શાંતચિત્તે અગ્રેજોએ શહેરની આસપાસ પોતાનું તોપખાનું ગોઠવ્યું અને લાલ ધગધગતા ગોળા તૈયાર કરવાની ભઠ્ઠીઓ ઉભી કરી દીધી. શાંતિથી, ઉત્સાહથી, નિર્દયપણે તમામ પ્રકારની તૈયારીઓ થવા લાગી. બિચારા ડેન્માર્કની નિરાધાર રાજધાની ઉપર વિનાશ અને મૃત્યુની ઝડી વરસાવવાની સંપૂર્ણ તૈયારી થઇ રહેતાં સુધી અંગ્રેજોએ એક પણ તોપ છોડી નહિ.

પછી ગીચ વસ્તીથી ભરેલા નગર ઉપર જે મારો શરૂ થયો તેના કરતાં વિશેષ ભયંકર, વિશેષ જંગલી કૃત્ય કલ્પનામાં પણ આવી શકતું નથી. તોપના ગોળાને દયા

હોતી નથી. તે તો માંદાની પથારીમાં અને ધાવણા બાળકના પારણાં ઉપર પણ નિર્દયપણે જઇ પડે છે. માતાની અને બાળકોની હૈયાફાટ ચીસની તેના ઉપર કશીજ અસર થતી નથી. કોપનહેગનમાં એક લાખ માણસની વસ્તી હતી. લોકો બિચારા શાંત અને સુખમય જીવન પસાર કરતા હતા. સપ્ટેંબરની બીજી તારીખે સાંજે તેમના ઉપર દાવાગ્નિનો વરસાદ શરૂ થયો અને તેમની વિપત્તિનું પગરણ મંડાયું. તોપના ગોળા, બોમ્બ, હવાઇઓ વગેરે અનેક જાતનાં નાશકારક અસ્ત્રોનો ભયંકર પ્રસ્તાવ શરૂ થયો. એક સામટા સેંકડો ધડાકાથી પૃથ્વી ધ્રૂજવા લાગી. આખી રાત અને બીજે દિવસે બપોરસુધી આ નિર્દય કૃત્ય જારી રહ્યું. શહેરમાં અનેક ઠેકાણે આગ લાગી. હજારો મકાન ભાગીને ચૂરેચૂરા થઇ ગયાં. સ્ત્રીઓ અને બાળકોનાં લોહીથી રસ્તા ખરડાઇ ગયા, બળતા શહેરમાંથી જ્વાલામુખીની માફક ધૂમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા. આટલી શિક્ષા પછી ડેન્માર્કનો રાજા તાબે થાય છે કે નહિ તે જાણી જોવા માટે અંગ્રેજ સેનાપતિએ તેનાં વિનાશકારક યંત્રો થોભાવ્યાં. ડેન્માર્કનો સેનાપતિ દયા અને ભય ઉપજાવે એવું દશ્ય જોઇને શોક અને ક્રોધથી વિહવળ બની ગયો, છતાં તેણે ગંભીર ઉદાસીનતાયુક્ત દઢતા જાળવી રાખી. એક બાજુથી રીબાતી પ્રજાપ્રત્યે દયા અને બીજી બાજુથી ઉંચા પ્રકારના સ્વાભિમાનની લાગણી વચ્ચે તેના હૃદયમાં તુમુલ સંગ્રામ મચી રહ્યો હતો.

સાંજ પડયા પછી અંગ્રેજોએ ફરીથી તોપનો મારો શરૂ કર્યો. આખી રાત, પછીનો આખો દિવસ અને ત્યાર પછીની આખી રાત તે ભાગ્યહીન શહેર ઉપર પ્રલયાગ્નિનો વરસાદ વરસી રહ્યો. હજારો માણસો નાશ પામ્યાં અને શહેરનો અડધો ભાગ સળગી ચૂકયો હતો. બે હજાર મકાનોના ભૂકેભૂકા થઇ ગયા હતા. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિસુધી વિનાશકારક ભયંકર યંત્રોમાંથી છુટતા વજ્ર જેવા ગોળાનો વરસાદ આખા શહેર ઉપર વરસતો હતો અને સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, અશક્ત લોકો સર્વ એકસરખી રીતે તેના ભોગ થઇ પડતાં હતાં. લોકો બીકના માર્યા ભોંયરામાં ભરાઇ ગયા પણ દૈત્ય જેવા, બોંબ ગોળા છાપરાં અને ત્રણ ત્રણ ચાર ચાર માળ ભેદીને છેક નીચે સુધી આવીને ભયાનક ધડાકા સાથે ફાટતા હતા. ઘાયલ થએલાં સ્ત્રીપુરુષો લોહીલુહાણ થઇને તરફડતાં હતાં અને બળતાં ઘરની સાથે બળીને ભસ્મ થઇ જતાં હતાં. માતાની આંખ આગળ તેના વહાલા બાળકના કોમળ શરીરના ટુકડે ટુકડા થઇ જતા હતા. ભયત્રસ્ત થએલી છોકરીઓ બાપને વળગી પડતી અને નિરાધાર પિતા પુત્રીના નાજુક શરીરને છુંદાતું, કચરાતું, વીંધાતું જોઇને દુઃખથી ગાંડા જેવો બનીને ફાટે ડોળે મનુષ્યની પૈશાચિક કૃતિનું ક્રૂર નાટક જોતો હતો. રસ્તાઓમાં રુધિરનાં ખાબોચીઆં બની ગયાં હતાં અને મનુષ્યદેહના છુટા છવાયા અવયવો જ્યાં ત્યાં રવડતા જણાતા હતા. આખરે ડેન્માર્કનો સેનાપતિ નિરપરાધી

સ્ત્રીઓ અને બાળકોની કતલ સહન કરી શકયો નહિ,અને કોપન્હેગન ઈંગ્લંડને તાબે થયું.

ડેન્માર્કનાં તમામ નાનાંમોટાં વહાણ અંગ્રેજોએ કબજે કરી લીધાં. વહાણ બાંધવાનાં લાકડાં, ઓજાર, નૌકાસૈન્યની તમામ સામગ્રી અને સાડાત્રણ હજાર તોપો સઘળું તેઓ પોતાનાં વહાણમાં ઘસડી ગયા. અંગ્રેજ નૌકાસૈન્યાધિપતિએ કરેલી ગણત્રી પ્રમાણે દશ લાખ પાઉન્ડ જેટલી રકમ અંગ્રેજ ખલાસીઓને ઈનામ તરીકે અપાવી. આટલું કર્યા પછી ડેન્માર્કના લોહીથી ખરડાયલા પાટનગરમાંથી અંગ્રેજોનો કાફલો વિદાય થયો. તોપોના ધડાકા, અને ફરફરતી ધ્વજાપતાકા સાથે બ્રિટિશ કાફલો ચાંચીઆબાજી કરીને મેળવેલી પુષ્કળ લૂંટસહિત ટેમ્સ નદીના બારામાં પેઠો.

ડયૂક ઑફ વેલિંગ્ટન હિંદુસ્તાનમાં બેહદ ફતેહો મેળવીને યૂરોપ આવ્યો હતો. તેણે કોપન્હેગનના યાદગાર પરાક્રમથી પોતાની યૂરોપની કારકીર્દીની શરૂઆત કરી અને વૉટર્લુના સંગ્રામમાં પૂર્ણ યશસહિત તેની પૂર્ણાહુતિ કરી. કોપન્હેગનને તોપને ગોળે ઉડાવી દેવામાં તેણે જે કૌશલ્ય અને બાહોશી (!) બતાવી હતી તેને માટે ઈંગ્લિશ પાર્લામેન્ટે આભાર પ્રદર્શિત કર્યો. કોપન્હેગન અને વૉટર્લુનાં પરાક્રમ! એ બેઉ બનાવોનાં સ્મરણથી ઈંગ્લંડને નીચું જોવાનો વખત હવે બહુ દૂર નથી.

આ કૃત્યના સંબંધમાં આખા યૂરોપમાં ઈંગ્લંડને માટે એકજ પ્રકારની લાગણી જાહેર થવા લાગી અને તે તરફ સૌથી વધારે તિરસ્કાર તો ખુદ ઈંગ્લંડની પાર્લામેન્ટમાંજ દર્શાવાયો. આમની તેમજ ઉમરાવોની બેઉ સભાના નેતાઓએ ક્રોધના સખ્ત ઉદ્‌ગાર કહાડયા. શેરિડન, લૉર્ડ ગ્રેન્વિલ વગેરે વક્તાઓએ સખ્તમાં સખ્ત ભાષામાં આ કૃત્ય તરફ તિરસ્કાર દર્શાવ્યો. સલાહ કરવાનો હવે સંભવ રહ્યો જ નહિ. એક બાજુએ ઈંગ્લંડે અને બીજી બાજુએ નેપોલિયને નવા દારુણ સંગ્રામની તૈયારીઓ કરવા માંડી.

રશિયાના ઝારની આંખ ઘણા વખતથી ડાન્યૂબ નદીને કિનારે આવેલા તુર્કસ્તાનના બે સુંદર પ્રાંતો ઉપર પડી હતી. એ પ્રાંત એકવાર તેના કબજામાં આવે તો પછી તે તુર્કસ્તાનની રાજધાની કૉન્સ્ટૅંટિનોપલ તરફ લાંબી છલંગ મારી શકે. એકલું તુર્કસ્તાન તેની સામે પળવાર પણ ટકી શકે નહિ એવું હતું. તુર્કસ્તાનનું રાજ્ય જો રશિયા પચાવી પડે તો તેનું બળ અત્યંત વધી જાય તેથી ઝારની આ ધારણાને નેપોલિયન પુષ્ટિ આપતો ન હતો. પણ તેની સ્થિતિ ઘણી ગૂંચવણ ભરેલી બનતી જતી હતી ઈંગ્લંડ સાથે લઢવામાં તેને ઝારની મૈત્રી જાળવી રાખવાની જરૂર હતી અને તુર્કસ્તાનનું રાજ્ય પડાવી લેવામાં ઝારને ઉત્તેજન આપવું એ બળવાન પ્રતિસ્પર્ધી રાજ્યને વિશેષ બળવાન બનાવવા જેવું હતું. આવી ગુંચવણમાં એકવાર તેના મનનું એવું પણ કાંઈક વલણ થયું હતું કે ભલે ઝાર તેની ઇચ્છા તૃપ્ત કરે.

ઈંગ્લંડના પ્રધાનમંડળને રશિયા સાથે તૂટેલી મૈત્રી સાંધવાનો આ લાગ ઠીક

લાગ્યો. એક બાજુએ ઈંગ્લંડના રાજદ્વારીઓ તુર્કસ્તાનમાં જઈને ત્યાંના સુલતાનને રશિયા અને ફ્રાન્સની સાથે લડાઈ કરવા ઉશ્કેરતા હતા ત્યારે બીજી બાજુએ અંગ્રેજ રાજદ્વારીઓ રશિયાના ઝારની ખુશામત કરતા હતા, ડેન્માર્ક ઉપર ગુજરેલા જુલમની વાત ભૂલી જવાનું તેઓ તેને સમજાવતા હતા. એ કાર્ય કરવામાં ઈંગ્લંડનો હેતુ શુદ્ધ હતો અને ડેન્માર્ક ફ્રાન્સની સાથે લઢવા તૈયાર થાય તો તેનો કાફલો જેમનો તેમ પાછો આપવામાં આવશે, એવું ઝારના મન ઉપર ઠસાવવાનો પ્રયત્ન તેઓ કરતા હતા અને જો ઝાર ઈંગ્લંડની સાથે મૈત્રી બાંધે તો તુર્કસ્તાનના પ્રાંત તેને જીતાવી આપવામાં ઈંગ્લંડ તેને મદદ કરશે એવું પ્રલોભન બતાવતા હતા. ઝાર ઈંગ્લંડ ઉપર ક્રોધે ભરાયો હતો તેથી તેણે એક ઘા અને બે કટકા જેવો જવાબ આપ્યો અને ત્યાર પછી થોડાજ વખતમાં બેઉ રાજ્ય વચ્ચે વ્યવહાર બંધ થયો.

પછી ઝારે તરતજ નેપોલિયનના પ્રતિનિધિને તેડાવીને કહ્યું, “ આપણે સુલેહ કરવાને પ્રયત્ન કર્યો પણ તેમાંથી લડાઈ જાગી છે. હું તે જાણતોજ હતો, પણ અંગ્રેજો કોપન્હેગનમાં આવું કૃત્ય કરશે અને તેમનું પ્રધાનમંડળ આટલું છકી ગયું છે તે મારા ખ્યાલમાં પણ ન હતું. મારો નિશ્ચય હવે થઈ ચૂક્યો છે અને મારૂં વચન પાળવા હું તૈયાર છું.તમારા શહેનશાહને જે માર્ગ ઠીક લાગે તે લે અને તેનું અનુવર્તન કરવાની મારી પૂરેપૂરી ઇચ્છા છે. ટિલ્સિટમાં અમે મળતા તેમ અમે દરરોજ દર કલાકે મળીએ તો કેવું સારૂં ? શી તેની વાત કરવાની છટા ! શી તેની તીક્ષ્ણ બુદ્ધિ ! તેના સહવાસમાં વધારે વખત રહું તો બેશક મને ઘણો લાભ થાય ! થોડા દિવસમાં પણ તેણે મને ઘણું ઘણું શીખવ્યું છે, અમે કમનશીબે એકબીજાથી ઘણા દૂર છીએ; પણ હું થોડા વખતમાં તેને મળવાની આશા રાખું છું. ”

ઝારની મૈત્રીથી નેપોલિયન રાજી થતો હતો પણ પ્રચંડ રાક્ષસ જેવું રશિયાનું સામ્રાજ્ય એક હાથમાં બાલ્ટિક સમુદ્ર અને બીજા હાથમાં ડાર્ડનલ્સ પકડીને ઉભું થાય તો એકવાર આખા જગતને પદદલિત કરી શકે અને યૂરોપમાં નવો દારુણ વિગ્રહ જાગે એવી તેને દહેશત હતી. તેથી તેણે રશિયાના દરબારમાં કૉલેન કૉર્ટ નામના કુશળ રાજનીતિજ્ઞ પુરુષને મોકલ્યો. નેપોલિયને તેને પોતાની બધી મુશ્કેલીઓ સમજાવી અને કહ્યું કે તુર્કસ્તાનને દબાવવામાં ઝારને ઉત્તેજન આપ્યા વગર તે આપણી સાથે જોડાયલો રહે તેને માટે બનતો પ્રયત્ન કરવો.

ઝારની પોતાની મુશ્કેલીઓ કાંઈ ઓછી ન હતી. તે નેપોલિયનને પૂજવાને પણ તૈયાર હતો; પણ રશિયાનો ઉમરાવવર્ગ પ્રજાસત્તાક રાજ્યની ભાવનાઓનો યૂરોપમાં ફેલાવો થતો જોઈને ધ્રુજી ગયો હતો. ફ્રાન્સનો ચેપ રશિયામાં દાખલ થવા પામે તો ઉમરાવોનો દરજ્જો નીચો ઉતરે અને ગુલામ જેવા મજૂર લોકો ઉમરાવોના બરો-

બરીઆ બનીને સ્વતંત્ર નાગરિકપણાનો દાવો કરે. ઉમરાવોનો દોર ઓછો થાય અને મજૂરવર્ગ વધારે સ્વતંત્ર વિચારના થાય, તે ઝારને તો ગમતું હતું; પણ રશિયામાં તેની વિરુદ્ધ વિચાર ધરાવનારો એક વધારે બળવાન પક્ષ હતો. ગર્વિષ્ઠ રાજમાતા તે પક્ષની આગેવાન હતી અને બધું ઉમરાવમંડળ તેની તરફેણમાં હતું. ઝારના વિચારોમાં ટિલ્સિટની સલાહ પછી જે પરિવર્તન થયું તેની રશિયાનો તમામ ઉમરાવવર્ગ ટીકા કરતો હતો, અને ઈંગ્લંડ સાથે લડાઇમાં ઉતર્યાથી રશિયાના વ્યાપારને નુકસાન પહોંચતું હતું તેના બદલામાં તુર્કસ્તાનના પેલા બે પ્રાંતો મળે તોજ તેઓ રાજી થાય એમ હતું. કૉલેન કૉર્ટે આ બધી મુસ્કેલીઓથી નેપોલિયનને વાકેફ કર્યો અને જણાવ્યું કે ઝાર સાચા હૃદયનો છે છતાં તેની મૈત્રી અને સહકાર ઉપર આધાર રાખી શકાશે નહિ. નેપોલિયને ઘણો વિચાર કર્યો. રશિયાની મૈત્રી જેમ તેને બહુ કિંમતી હતી તેમ આખા યૂરોપને આપખુદી રાજસત્તાના કાળા પડછાયાવડે ઢાંકી દેતી તેની રાજસત્તાની તેને ધાસ્તી પણ ઘણી હતી. તુર્કસ્તાનમાં અંગ્રેજ રાજદરબારીઓ ખટપટ મચાવી રહ્યા હતા. તે અને ઈંગ્લંડ ફ્રાન્સની સામે યુદ્ધ જાહેર કરવાની તૈયારીપર હતાં. ખરૂં જોતાં જે પ્રાંતો ઉપર રશિયાની દાઢ હતી તે તુર્કસ્તાને તલવારના જોરથી પડાવી લીધેલા હતા, અને રશિયાના કરતાં રૈયત ઉપર તેનો વધારે ત્રાસદાયક જુલમ હતો; એથી કરીને રશિયા એ પ્રાંતો તુર્કસ્તાન પાસેથી ઝુંટવી લે તેમાં નેપોલિયનને નીતિવિરુદ્ધ તો લાગતું ન હતું પણ એ પગલું રાજનીતિ વિરુદ્ધ હતું તેથી તે ગુંચવાતો હતો. વળી એ પ્રાંતો જો રશિયાના કબજામાં જાય તો તેથી ડાન્યૂબનું મુખ, જેને આસ્ટ્રિયા પોતાનો દરવાજો માનતું તે રશિયાની સત્તા નીચે જવાથી તેને પણ રશિયા તરફથી ભવિષ્યમાં બીવાનું રહે એ પણ ઉઘાડું હતું. આ પ્રમાણે આ પ્રશ્ન ત્રણ ગણી રીતે ગુંચવણભરેલો થઈ ગયો હતો.

આ પરિસ્થિતિમાં ઝાર અને આસ્ટ્રિયાના શહેનશાહ સાથે મળીને મસલત કરવાનો નેપોલિયને વિચાર જણાવ્યો. તેણે એવી પણ સૂચના કરી કે આપણે ત્રણે મળીને એશિયામાં દાખલ થઇએ અને હિંદુસ્તાનમાં ઈંગ્લંડે જે રાજ્ય જીતી લીધું છે ત્યાં જઇને અંગ્રેજો સાથે યુદ્ધ કરીએ. આસ્ટ્રિયાને આ વિચાર ગમ્યો. ઝાર તો તુર્કસ્તાનનો શિકાર કરવાની પોતાની લાંબા વખતની અભિલાષા તૃપ્ત કરવાનો વખત નજીક આવતો જોઇને ખુશખુશ થઇ ગયો. એર્ફ્ટ શહેરમાં આ ત્રણ રાજાઓનું જે ઇતિહાસપ્રસિદ્ધ સંમિલન થયું હતું તેની ઉત્પત્તિ આ પ્રમાણે થઇ હતી.

આ ત્રણ નૃપતિઓ મળે તે પહેલાં યૂરોપની પૂર્વ તરફના પ્રદેશોને અંદર અંદર કેવી રીતે વહેંચી લેવા તેની બે યોજનાઓ ઘડીને રશિયાના ઝારે નેપોલિયનને વાંચવા માટે મોકલાવી. તેનો સાર એ હતો કે તુર્કસ્તાનનો યૂરોપીય મુલક તેની પાસેથી ખુંચવી લેવો; કોન્સ્ટેન્ટિનોપલ રશિયાએ લેવું; રાજસત્તાની સમાનતા સાચવવા માટે ફ્રાન્સને

વ્યાપારી અને લશ્કરી દૃષ્ટિએ અગત્યનો ગણાય એવો ડાર્ડનલ્સની આસપાસનો પ્રદેશ આપવો; આસ્ટ્રિયાને સર્વિયા વગેરે પ્રાંતો આપવા અને ગ્રીસને તુર્કોના હાથમાથી છોડાવીને સ્વતંત્ર બનાવવું.

આ યોજના ન સ્વીકારવી એવો નેપોલિયને નિશ્ચય કર્યો. રશિયા ભલે ફ્રાન્સનાં શત્રુરાજ્યોની સાથે જોડાવું હોય તો જોડાય તોપણ આ પ્રમાણે વગર કારણે કેવળ સત્તાના બળથી રાજ્યો પચાવી પાડવાનું કૃત્ય કરવા તેનો અંતરાત્મા રજા આપતો ન હતો. આસ્ટ્રિયા પણ ગુંચાયું. ફ્રાન્સના સ્વતંત્રતાના વિચારોની તેને હમેશ ધાસ્તી રહેતી હતી કે રખેને મારી પ્રજા પણ તેવા વિચારની થઈ જાય. અલ્મ અને આસ્ટર્લિટ્ઝના પરાજય હજી તેને સંતપ્ત કરતા હતા. રશિયા તેની સાથે હોય તોપણ ઈંગ્લંડની મદદ વગર તેનાથી ફ્રાન્સ સામે ટકી શકાય એમ હતુંજ નહિ. નેપોલિયને નિખાલસપણે આસ્ટ્રિયાને પોતાની મુશ્કેલીઓ જણાવી અને લખ્યું કે રશિયા, ફ્રાન્સ અને આસ્ટ્રિયા ત્રણે મળીને ઇંગ્લંડને વાજબી સરતોએ સલાહ કરવાની ફરજ પાડી શકીશું.

નેપોલિયનને પોતાને તો સલાહની ઘણીજ જરૂર હતી. ફ્રાન્સનાં સાધનોનો વિકાસ કરવાને અને આખો દેશ જાણે જગત્નો બગીચો હોય તેવો સુંદર અને પ્રફુલ્લિત બનાવવાને સલાહનીજ જરૂર હતી. તે લડાઇથી એવો કંટાળી ગયો હતો કે સલાહ થાય તેટલા માટે ગમે તેટલું ઢીલું મૂકવા તે ખુશી હતો. પણ આસ્ટ્રિયા હમેશની માફક આ સમયે પણ દગલબાજી રમ્યું. એક ખાનગી અને બીજો જાહેર એવા બે પત્રો આસ્ટ્રિયાએ ઈંગ્લંડના પ્રધાનમંડળ તરફ મોકલ્યા. એકમાં એવું લખ્યું હતું કે રશિયાને મધ્યસ્થ પદ આપીને વાજબી સરતે સલાહ કરવા ફ્રાન્સ ખુશી છે અને હવે જો સુલેહ નહિ કરો તો અમે ત્રણ તમારી સામે લડાઇ જાહેર કરીશું એવી ધમકી આપી. આ પત્ર જાહેર હતો. બીજો પત્ર ખાનગી, તો પ્રપંચથી ભરેલો અને બે ધારી તલવાર જેવો હતો; તેમાં લખ્યું હતું કે રશિયા અને ફ્રાન્સની સામે અમારા એકલાથી ટકી શકાશે નહિ. પણ હવે ઈંગ્લંડે પણ સલાહ કરવાની જરૂરજ છે. છતાં જો તમે લડાઇ જારી રાખશો તો તમારા ચુસ્તમાં ચુસ્ત મિત્રોને પણ તમારો પક્ષ ત્યજી દેવાની ફરજ પડશે. આ પ્રમાણે ઈંગ્લંડને ધમકી આપીને આસ્ટ્રિયાએ પોતાનું ગૌરવ સાચવી રાખ્યું અને તેની સાથે ઈંગ્લંડને એવું પણ ઈંગિત કર્યું કે હજી અમે તમારાજ પક્ષમાં છીએ.

प्रकरण ४० मुं–स्पेनमां राज्यविप्लव

આ અરસામાં નેપોલિયને જોસેફાઇન સાથે ઇટાલિમાં પ્રવાસ કરવાનો વિચાર કર્યો. તે, પોતાની હમેશની ત્વરાથી સપાટાબંધ તમામ મુખ્ય મુખ્ય નગરોમાં ફરી આવ્યો અને દરેક ઠેકાણે સૌથી વિશેષ અગત્યનાં કયાં કયાં જાહેર બાંધકામો કરવાની જરૂર છે તે તેણે એક દૃષ્ટિપાતથી શોધીને તેનો ત્યાંને ત્યાંજ નિર્ણય કરી નાખ્યો. સોળમી નવેંબરે પારિસ છોડયું અને એકત્રીસમી તારીખે તેની ગાડી ગડગડાટ કરતી મિલન નગરમાં દાખલ થઇ. તેના આવવાની કશી ખબર ન હોવાથી યુજિન આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. જતાં વારનેજ તે મિલન નગરના પુરાણપ્રસિદ્ધ દેવાલયમાં ગયો, અને પ્રાર્થના સાંભળી. તેની શાંત, ગંભીર અને વિચારમગ્ન પ્રકૃતિને દેવાલયના ઘંટનું ઘેરૂં ગર્જન ઘણુંજ રુચતું હતું અને તે ધ્વનિ તેના કાનપર પડતાં તેનામાં ધર્મભાવના જાગૃત થતી. ત્યાર પછી ત્યાંની ધારાસભા સમક્ષ તેણે ભાષણ કરતાં કહ્યું કે ત્રણ વર્ષમાં તમે જે પ્રગતિ કરી છે તે જોઇને હું ઘણોરાજી થયો છું. પણ આપણા પૂર્વજોએ કરેલી ભૂલો ધોઇ નાખવાને તમારે હજી ઘણું કરવાનું છે. મિથ્યાભિમાન અને સંકુચિત દૃષ્ટિથી તેઓ આંતરિક કલહ કરી પોતાના જન્મસિદ્ધ હક્ક ગુમાવી બેઠા હતા. દેશનું પ્રાચીન ગૌરવ નષ્ટ થયું હતું; તેની કીર્તિ ઝાંખી થઇ ગઈ હતી. તમારા પૂર્વજોએ બાહુબળ, શૌર્ય અને બીજા મર્દાની ગુણોવડે જગતમાં નામના મેળવી હતી. તે ગુણોનો તમારામાં ફરીથી સંચાર કરવો એજ મારો હેતુ છે. સૈકાના સૈકા થયાં આવા બળપ્રેરક શબ્દો નગરવાસીઓને કાને પડયા ન હતા.

ત્યાર પછીના ત્રણ દિવસ તેણે કામમાં ગાળ્યા અને તેટલા વખતમાં અનેક કાર્યોનો નિકાલ કરી નાખ્યો. આલ્પ્સ ઓળંગવા માટે નવી સડક તૈયાર થઇ હતી છતાં હજી કેટલીક પ્રતિકૂળતાઓ રહી ગઇ હતી. બરફમય પ્રદેશમાં મુસાફરોને માટે માર્ગમાં પૂરતી સગવડ ન હતી. તેણે ત્રણ નવાં ગામ વસાવવાનો અને જે ખેડુતો ત્યાં જઇને વસે તેમનું જમીન મહેસુલ તથા કર માફ કરવાનો હુકમ કર્યો. આવાં અનેક લોકોપયોગી કામ જેમનો નિકાલ લાવતાં બીજાને અનેક મહિના લાગે તેમને ત્રણજ દિવસમાં ઉકેલી નાખીને નેપોલિયન વેનિસ જવા ઉપડી ગયો. જ્યાં ગયો ત્યાં

લોકોએ તેને હર્ષ અને પ્રેમસહિત આવકાર આપ્યો. બાવેરિયાનાં રાજારાણી તથા બીજું એક રાજયુગલ મળીને ત્યાં ત્રણ રાજકુલો એકત્ર થયાં હતાં અને તેમના ઉમરાવોની ભવ્ય મંડળી તેમની સાથે આવેલી હોવાથી તેમના માનમાં વેનિસ નગર વાદ્ય, નૃત્ય, અને સંગીતથી ગાજી રહ્યું હતું.

એક બાજુએ જ્યારે આવી આનંદ ઉલ્લાસની મિજલસો થતી હતી ત્યારે નેપોલિયન પોતાના બાહોશ ઇજનેરોની સાથે ડક્કા, નહેરો અને તોપખાનાંની નિરીક્ષા કરવામાં ગુંથાયો હતો. વેનિસના ડક્કામાં ભારેમાં ભારે વહાણ દાખલ થઇ શકે એવી એક યોજના ઘડીને તેને તરતજ અમલમાં મૂકવામાં આવી. નહેરોનું સમારકામ શરૂ થયું અને અખાતને વધારે વિશાળ બનાવવાની તૈયારી ચાલી રહી. કબ્રસ્તાનની જગ્યા દૂર ખસેડીને જાહેર તંદુરસ્તીમાં સુધારો કર્યો. તે ઉપરાંત લોકોને માટે વિનોદનાં સ્થળ અને દવાખાનાં સ્થપાવવાનું પણ તે ભૂલી ગયો ન હતો.

વેનિસને નેપોલિયને આવા અનેક લાભ આપ્યા. આસ્ટ્રિયાએ ત્યાં અનેક યુગ સુધી રાજ્ય કરવા છતાં જે કામ કરવાનો તેમને વિચાર પણ નહોતો આવ્યો તે નેપોલિયને થોડાજ દિવસની ચાલચલાઉ મુલાકાત દરમ્યાન કરી બતાવ્યું. તેના બદલામાં પ્રજાએ તેને અંતઃકરણનો શુદ્ધ પ્રેમ અર્પણ કર્યો.

વેનિસથી મંટુઆ જઇને તે પોતાના ભાઈ લૂશિયનને મળી આવ્યો અને ત્યાંથી પાછો મિલન આવી પહોંચ્યો. અહિં આવતાંજ તેને પારિસથી આવેલા ઘણાજ અગત્યના સરકારી પત્રો મળ્યા. તેમાં અનેક પ્રકારના સમાચાર હતા. ઈંગ્લંડને બર્લિન ડિક્રીના અમલથી ઘણો સખત ફટકો વાગ્યો હતો અને તેની આર્થિક હાલત વિપત્તિ ભરેલી બની ગઇ હતી. તેનો વ્યાપાર પડી ભાગ્યો હતો; તેના માલની ખપત ન થવાથી ઉદ્યોગો અને કારખાનાં બંધ પડી ગયાં હતાં; અને મજૂરવર્ગ ભૂખે મરવા લાગ્યો હતો. એથી ઉલટું યૂરોપખંડના અન્ય દેશો ઉપર ઈંગ્લંડ સાથેનો વ્યવહાર બંધ થઇ જવાથી કશી માઠી અસર થઇ ન હતી; કેમકે નેપોલિયનને તેમને માટે વ્યાપારનાં નવાં દ્વાર ઉઘાડયાં હતાં. આવી રીતે સંકડામણમાં આવી પડવાથી ઈંગ્લંડે પ્રથમના કરતાં પણ વધારે સખ્તાઇ ભરેલું પગલું ભર્યું અને જાહેર કર્યું કે ફ્રાન્સ તથા તેના મળતીઆં રાજ્યોમાં જતાં વહાણોને તેમના માલસહિત પકડીને જપ્ત કરવામાં આવશે. માત્ર તટસ્થ રાજ્યોને પોતાના દેશનો અથવા ઈંગ્લંડ સિવાયના બીજા દેશોનો માલ ફ્રાન્સ અથવા તેના મળતીયાં રાજ્યોમાં લઇ જવો હશે તો તેમને પચીશ ટકા જકાત ભરવી પડશે. આ પ્રમાણે જ્યારે ઈંગ્લંડનો માલ ખરીદવાની જે જે રાજ્યોએ ના પાડી તેમના ઉપર પોતાના દરિયાઇ બળને લીધે પચીશ ટકાની જકાત ટોકી બેસાડીને ઈંગ્લંડે વેરની વસુલાત લેવાનો પ્રયત્ન કર્યો. નેપોલિયને પણ પ્રથમ જેવોજ પણ વધારે વ્યાપક હુકમ પ્રકટ કરીને ઈંગ્લંડને

સામો ફટકો માર્યો અને તેનાં વ્યાપારનાં દ્વાર વધારે સખ્તાઇથી રૂંધી નાખ્યાં.

મિલનથી ઉપડીને નેપોલિયન પિડ્મોન્ટ ગયો અને ત્યાંનો ભવ્ય કિલ્લો જેને બાંધવાનું કામ શરૂ થયું હતું તે તપાસી આવ્યો. ત્યાંથી માર્ગમાં ગામેગામ લોકકલ્યાણની વૃષ્ટિ વરસાવતો તે ટ્યૂરિન પહોંચી ગયો. પિડ્મોન્ટ અને ટ્યૂરિન વચ્ચે મોટાં વહાણ આવજા કરી શકે તે માટે પો નદીને ખોદાવીને પહોળી અને ઉંડી કરાવી. પો નદીને ભૂમધ્યસમુદ્ર સાથે જોડી દેવાને નહેર ખોદાવવાનો નકશો એક કુશળ ઈજનેરની માફક તેણે પોતાને હાથેજ તૈયાર કર્યો. સુંદર કમાનદાર સાત નવા પૂલ બંધાવ્યા. આ સર્વ મહાભારત કાર્યોના ખર્ચને માટે પણ તેણે બુદ્ધિપૂર્વક નાણાંનો પ્રબંધ કરી દીધો. આથી કરીને વિવિધ પ્રકારનાં ઇન્દ્રિયસુખમાં રચ્યા પચ્યા રહેવામાં અને ખૂબસુરત સ્ત્રીઓ સાથે રમણ કરવામાંજ જીવનની સાર્થકતા માનનારા વિષયલંપટ રાજાઓ, પોતાનું સર્વસ્વ જીવન લોકોન્નતિના કાર્યમાટે અર્પણ કરનાર અને અંગત સુખનો વિચાર પણ કર્યા વગર પ્રજાને માટે અવિરત પરિશ્રમ લેનારા નેપોલિયનથી ડરે એ સ્વાભાવિકજ હતું.

નેપોલિયન જ્યારે ઇટાલિમાં પ્રવાશ કરતો હતો ત્યારે યૂરોપના પશ્ચિમ ભાગમાં એટલે સ્પેન અને પોર્ટુગાલમાં ભયાનક વિદ્રોહનાં બીજ રોપાઇ રહ્યાં હતાં. પોર્ટુગાલ સમુદ્રકિનારે આવેલો એક નાનો પ્રદેશ છે. તેની ત્રીશ લાખની વસ્તી અનેક સૈકાઓ થયાં જુલ્મી રાજાઓની જહાંગિરીનાં ચક્ર નીચે કચરાયલી હોવાથી કંગાલ જિંદગી ગુજારતી હતી. તેમનું મનુષ્યત્વ નીચોવાઇ ગયું હતું. એ દેશ જાણે ઈંગ્લંડનું એક સંસ્થાન હોય તેમ તેના પૂરેપૂરા દબાણ નીચે આવી ગયો હતો. ઈંગ્લંડના નૌકાસૈન્ય અને વ્યાપારી વહાણોમાટે તેનાં બંદરો ખુલ્લાં હતાં અને અંગ્રેજ વ્યાપારીઓ ત્યાં મોટી મોટી વખારો નાખીને ત્યાંથી બીજા દેશોમાં પોતાનો માલ મોકલવાની પેરવી કરતા હતા.

નેપોલિયને પોર્ટુગાલના રાજાને લખ્યું કે તમારે કાં તો ઈંગ્લંડના અથવા અમારા, એમાંથી એકના પક્ષમાં જોડાવુંજ પડશે. જો તમારે અમારી સાથે જોડાવું હોય તો તમારાથી ઇંગ્લંડના સૈન્યને તેમજ વ્યાપારીઓને આશ્રય આપી શકાશે નહિ. પોર્ટુગાલ સંકડામણમાં આવી પડ્યું. બેઉ રાજ્યો વચ્ચે કેટલોક પત્રવ્યવહાર ચાલ્યો. પોર્ટુગાલ તરફના જવાબ ઈંગ્લંડના પ્રધાનો લખાવતા હતા એ વાત મી. કેનિંગે પાર્લામેન્ટ વચ્ચે કબૂલ કરી દીધી હતી. આખરે નેપોલિયન કંટાળ્યો અને અંગ્રેજોના પંજામાંથી પોર્ટુગાલને મુક્ત કરવાને લશ્કર મોકલાવ્યું. કંગાલ પોર્ટુગાલ સામે થયું નહિ. તેનાથી સામે થવાય એમ હતુંજ નહિ. નાનકડું ફ્રેન્ચ લશ્કર સપાટાબંધ રાજધાની લિસ્બોનની નજીક આવવા લાગ્યું. અવનતિની છેલ્લી સ્થિતિએ પહોંચેલા, દરિદ્ર, નિઃસત્ત્વ પોર્ટુગીઝો જાણે પોતાને કાંઈ લેવા દેવા ન હોય તેમ ફ્રેન્ચ લશ્કર

કુચ કરતું હતું તે ઉભા ઉભા જોયા કરતા હતા. **સ્વતંત્રતાની તેમના હૃદયમાં અભિલાષા પણ ન જાગે એવી અધમ દશાએ તેઓ જઈ પહોંચ્યા હતા.**

ત્યાંની રાજસભામાં પણ ઐક્ય ન હતું. એક પક્ષ ઈંગ્લંડની સાથે જોડાઈ જવાની સલાહ આપતો હતો ત્યારે બીજા પક્ષને ફ્રાન્સની મૈત્રી વધારે લાભદાયક લાગતી હતી. કેટલાકનો મત એવો હતો કે રાજકુટુંબે બને તેટલી દોલત સાથે લઇને દેશ છોડીને અમેરિકામાં પોર્ટુગાલના તાબાનો બ્રાઝિલ દેશ છે ત્યાં ચાલ્યા જવું. છેલ્લો માર્ગ આખરે સૌને ગમ્યો અને ફ્રેન્ચ લશ્કર રાજધાની આગળ આવી લાગે તે પહેલાં બને તેટલી દોલત લઇને નાસી જવાની તૈયારીઓ થવા લાગી. રાજકુટુંબને, ઉમરાવવર્ગને તથા જેને નાસી જવું હોય તેને લઈ જવાને બંદરપર છત્રીશ વહાણનો કાફલો તૈયાર થયો. રાજકુમારો, કુંવરીઓ, સ્ત્રીઓ, પુરુષો, બાળકો, તેમના સરસામાનના ઢગલા વગેરેથી બંદર ભરાઈ ગયું અને દરેકને સૌથી પહેલાં વહાણમાં બેસી જવાની અધીરાઈ હોવાથી ધમ્માચકડી મચી રહી. સ્ત્રીઓ તેમના ધણીઓથી અને બાળકો તેમનાં માબાપથી વિખૂટાં પડી ગયાં. કેટલાંક વહાણમાં સીધું સામાન જ મૂકવાં રહી ગયાં. આખરે જેમ તેમ કરીને જેટલાં માઇ શકે તેટલાં માણસો ભરીને કાફલો ઉપડયો અને તેમના અંગ્રેજ મિત્રોનાં લડાયક વહાણ તેમને બ્રાઝિલ પહોંચાડી આવ્યાં. તેઓ જરાક ચાલ્યાં હશે ને તરતજ ફ્રેન્ચો લિસ્બોનમાં આવી પહોંચ્યા. ત્રીશ લાખની પ્રજાએ સ્વતંત્રતા જાળવવા માટે આંગળી પણ ઉંચી ન કરી. તેઓ તેમના રાજકર્તાઓના જુલમથી પણ કાયર કાયર થઇ ગયા હતા. આ પ્રમાણે જાદુના ખેલની માફક આખો પોર્ટુગાલ અંગ્રેજોના હાથમાંથી નીકળી એકદમ નેપોલિયનના અધિકાર નીચે આવી ગયો.

હવે આપણે સ્પેન તરફ નજર કરીએ. ત્યાં એક બુર્બોન વંશીય રાજા રાજ કરતો હતો. એ ચાર્લ્સ રાજા અતિશય ખાવાથી તન અને મનથી નિર્બળ બની ગયેલો, બુઢ્ઢો, કામ કરવાને નાલાયક અને નીતિભ્રષ્ટ નરાધમ હતો. તેની રાણી નેપલ્સની શાહજાદી હતી અને પ્રકટ રીતે રાજાના એક ખૂબસુરત અંગરક્ષક ગોડોયને પોતાનું શરીર અને શિયળ અર્પણ કરી પાપાચરણમાં દિવસ ગુજારતી હતી. એમ કરતાં કરતાં રાણીનો માનીતો બની ગએલો ગોડોય રાણીનો, રાજાનો અને રાજ્યનો પણ કુલ માલિક થઇ પડયો. નિર્બળ થઈ ગએલો રાજા પણ આ બાબતમાં સંમત થયો અને પોતાના માથા ઉપરથી રાજ્યનો બોજો ઓછો થએલો જાણીને પ્રસન્ન થયો. તેણે નેપોલિયનને કહ્યું હતું કે “દરરોજ સવારથી બપોરસુધી હું શિકાર ખેલું છું, ત્યાંથી આવીને જમું છું અને પાછો સાંજસુધી શિકારે જાઉં છું. સાંજે આવું છું ત્યારે ગોડોય મને રાજ્યનો ટુંકો હેવાલ આપે છે તે સાંભળીને હું સૂઇ જાઉં છું અને બીજે દિવસે ઉઠીને પાછો એનો એજ કાર્યક્રમ ચાલુ કરૂં છું.”

આખો યૂરોપ જ્યારે ‘ જેના ’ અને આસ્ટર્લિટ્ઝના સંગ્રામોની ગર્જનાથી ધ્રૂજી રહ્યો હતો ત્યારે પણ સ્પેનનો રાજા તો આવીજ રીતે પોતાનો વખત પસાર કરતો હતો.

આ ચાર્લ્સ રાજાને ત્રણ છોકરા હતા. તેમાં ગાદીનો વારસ ફર્ડિનાન્ડ સૌથી મોટો હતો. તે પચીશ વર્ષનો થવા આવ્યો હતો પણ પિતાની નિર્બળતાનો અને માતાની નીતિભ્રષ્ટતાનો દાખલો તેણે પૂરેપૂરી રીતે ગ્રહણ કર્યો હતો. રાણી કહેતી કે “ મારા ફર્ડિનાન્ડને ગધેડાનું ભેજું અને વાઘનું હૃદય છે. ” આ શાહજાદો ગાદીએ બેસવા ઘણો અધીરો બન્યો હતો. પ્રજાનો મોટો ભાગ તેના પક્ષમાં હતો. વ્યભિચારિણી રાણીથી લોકો શરમાતા હતા, અને ગોડોયને ધિક્કારતા હતા. સ્પેન જે એકવાર બળવાન રાજ્ય હતું તે અરાજકતા અને દારિદ્ર્યના ખાડામાં ધીમે ધીમે નીચે ઉતરતું હતું.

શાહજાદા ફર્ડિનાન્ડ ઉપર ગોડોયે રાજાને, રાણીને અને પ્રધાનને ઝેર દેવાનો આરોપ મૂક્યો અને કદાચ તે સાચો પણ હોય. તેને પકડીને કેદ કરવામાં આવ્યો. લોકો ગોડોયને ધિક્કારતા હોવાથી ઉશ્કેરાઈ ગયા અને ફાર્ડિનાન્ડે લોકલાગણીને વધારે પાનો ચઢાવ્યો. હજારો માણસોનાં ટોળાં હાથમાં છરા વગેરે લઇ ગોડોયના મહેલને ઘેરી વળ્યાં તે નાસીને કાતરીઆમાં ભરાયો અને જૂની સાદડીઓના ઢગલા નીચે દબાઇ છુપાઇને પડી રહ્યો. લોકોએ મહેલનાં રાચરચીલાંનો ભાંગી ફોડીને ભૂકો કરી નાખ્યો પણ ગોડોય બચી ગયો. છત્રીશ કલાક સુધી તે ભૂખ્યો, તરસ્યો બીકથી ધડકતે હૈયે ગુપચુપ દબાઇને પડી રહ્યો. આખરે તરસની વેદનાથી તે વધારે વખત ન રહી શક્યો. તે ગુપચુપ નીચે ઉતરતો હતો એવામાં કોઇએ તેને જોયો. “ મારો ! મારો ! પકડો ! પકડો ! ” ની બૂમ પડી રહી. ટોળાબંધ લોકો દોડી આવ્યા. કંગાલ ગોડોયને લોકો ગડદા પેચ કરવા લાગ્યા. તેનાં કપડાં ખરડાઇ ગયાં, ટોપી ક્યાંની ક્યાં ઉડી ગઈ, માથાના વાળ વેરણ છેરણ થઇ ગયા અને ભરરસ્તામાં લોકો તેને ઠોંસે ચઢાવવા લાગ્યા. એટલામાં હથીઆરબંધ સરકારી સ્વારો તેની મદદે આવી પહોંચ્યા, અને એકે તેનો હાથ પકડી લીધો અને દોડતે ઘોડે તેને રસ્તાપર ઘસડાતો ઘસડાતો લઇ જઇને સલામતીની ખાતર કેદખાનામાં પૂરીને દરવાજા બંધ કરી દીધા !

ખીજવાયલા લોકો રાજમહેલ તરફ ઉલટયા, અને પારિસમાં રાજ્યવિપ્લવ વખતે થયું હતું તેવું માડ્રિડમાં પણ થવા લાગ્યું. રાજારાણી ભયથી થરથર ધ્રૂજવા લાગ્યાં. કેદખાનાંનો અને જલ્લાદની કુહાડીનો ચિતાર તેમની આંખ આગળ તરવરવા લાગ્યો. લોકોને શાંત પાડવા માટે રાજાએ જાહેર કર્યું કે ગોડોયને બરતરફ કરવામાં આવ્યો છે અને “ મારા વહાલા દીકરા ફર્ડિનાન્ડ ” ના લાભમાં રાજ્યાસન ઉપરથી હું હાથ ઉઠાવું છું; પણ તેજ વખતે તેણે નેપોલિયનને મદદમાટે અરજ કરી અને એક કાકલુદીભરેલો પત્ર લખ્યો. તેમાં જણાવ્યું હતું કે મારા મહાન ઉદાર સ્વભાવના

મિત્ર, શહેનશાહ નેપોલિયન સિવાય બીજા કોઇનો હવે મારે આધાર રહ્યો નથી. બીજી બાજુએ ફર્ડિનાન્ડે પણ તેવોજ આજીજીભરેલો પત્ર નેપોલિયનને લખ્યો અને જણાવ્યું કે હું તમને પિતાતુલ્ય ગણીને હમેશાં પુત્રની માફક એકનિષ્ઠાથી તમારા પક્ષને વળગી રહીશ.

એજ દગાબાજ સ્પેનનો રાજા ઈંગ્લંડની શીખવણીથી નેપોલિયન પ્રશિયામાં હતો ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઇને ફ્રાન્સ ઉપર ચઢાઈ કરવાની તૈયારી કરતો હતો. ‘જેના’નો સંગ્રામ થયો તેની આગલી રાત્રે નેપોલિયનને આ વાતના સમાચાર મળ્યા હતા; પણ બીજેજ દિવસે પ્રશિયન લશ્કરનો કચ્ચરઘાણ નીકળી ગએલો સાંભળીને વળી પાછો તે નેપોલિયનની ખુશામત કરતો થયો. જો જેનાના યુદ્ધમાં તેનો પરાજય થયો હોત તો સ્પેનનું લશ્કર ફ્રાન્સમાં ભરતીના પૂરની માફક ફરી વળ્યા વગર રહેતજ નહિ. નેપોલિયન સમજતોજ હતો કે એ દગાખોર રાજા તેના ઉપર કારી ઘા કરવાનો લાગ મળે તેનીજ રાહ જોઇ રહ્યો છે. એલિસન પોતેજ કબૂલ કરે છે કે સ્પેન અને રશિયા વચ્ચે તે અરસામાં એક એવો છુપો કરાર થયો હતો, કે ફ્રાન્સનું સૈન્ય બર્લિન તરફ બહુ દૂર નીકળી ગયું હોય તે વખતે સ્પેને ફ્રાન્સ ઉપર દક્ષિણ દિશાએથી ચઢાઇ લઇ જવી અને એ કામમાં ઈંગ્લંડની પણ મદદ લેવી.

સ્પેનના રાજાનો તથા તેના દીકરાનો પત્ર વાંચીને નેપોલિયન ઘણો ગુંચવાડામાં પડી ગયો. તેની જિંદગીમાં તે કદિ આવો ગુંચવાયો ન હતો. માર્ગ નક્કી કરવામાં તેણે કદિ પણ આટલી બધી ઢીલ કરી નથી. તે ઘડીકમાં અમુક નિશ્ચય કરતો અને પાછો તેને ફેરવી નાખતો. અહિંથીજ તેની વિપત્તિઓની શરૂઆત થઇ અને સેંટ હેલેનાના વેરાન ખડક ઉપર તેનો છેલ્લો પડદો પડયો.

તેને માટે માત્ર બેજ માર્ગ હતા. એક તો સ્પેનના બુર્બોન વંશીય રાજકુલને પદભ્રષ્ટ કરવું અને તેમને ઠેકાણે પોતાના એવા કોઇ માણસને તે દેશની ગાદીએ બેસાડવો કે જે દેશની પ્રજામાં નવચેતન રેડી શકે; પરંતુ વંશપરંપરાથી ગાદીનો વહીવટ કરનાર રાજકુલના હાથમાંથી રાજ્યાસન ઝુંટવી લેવાનું તેને ગમતું ન હતું. વળી તેમ કર્યાથી યૂરોપના તમામ રાજાઓ ક્રોધે ભરાય અને તેમની તથા ફ્રાન્સની દુશ્મનાવટમાં નવાં ઝેર રેડાય તેમ હતું.

બીજો માર્ગ એ હતો કે ફર્ડિનાન્ડને સ્પેનની ગાદીએ બેસાડવો અને એવી એક ઉમદા ચારિત્ર્યવાળી બાઇ સાથે તેનું લગ્ન કરવું કે જે તેના નિર્બળ મન ઉપર અમલ ચલાવી શકે અને તેને અસત્ય તથા અનીતિને રસ્તેથી વાળીને સત્ય અને નીતિના માર્ગ ઉપર લઇ આવે. વળી તે બાઇ નેપોલિયનના જેવા વિચારની હોવી જોઇએ કે જેથી કરીને તે પોતાના વગને લીધે રાજ્યને અને રાજાને નેપોલિયનના પક્ષમાંથી ચલિત થવા ન દે.

ઘણો વિચાર કર્યા પછી તેને પાછલો માર્ગ રુચ્યો. તેણે ફર્ડિનાન્ડને લખી જણાવ્યું કે તમારી સામે જે આરોપ મૂકાયા છે તેના તપાસ કર્યા વગર બેઆબરૂ થએલા તમારા પિતાની સાથે હું સામેલ થઇ શકતો નથી. દરમ્યાનમાં તેણે તેને માટે કોઇ યોગ્ય કન્યાની તજવીજ કરવા માંડી. પારિસનાં પહેલા વર્ગના કુટુંબોમાં ઘણી ખૂબસુરત અને કુંવારી છોકરીઓ હતી, પણ નેપોલિયનના મહાન્ આદર્શ ઝીલી શકે એવી ન હતી. આખરે તેણે પોતાના ભાઇ લૂશિયનની પુત્રીને માટે વિચાર કર્યો અને તેનો સ્વભાવ વગેરે જોઇ લેવા માટે તેને પારિસ તેડાવીને પોતાનો સાથે રાખી. થોડા દિવસના સહવાસ પછી જણાયું કે એ બાઇમાં પણ સ્પેનમાં નવી જાગૃતિ લાવે એવા ગુણ ન હતા. નેપોલિયન ઘણો નાસીપાસ થયો. સ્પેનની ગાદીપર કોને બેસાડવો એ સવાલ તો હજી ઉભોને ઉભોજ રહ્યો. વળી ફર્ડિનાન્ડનો પક્ષ લેવો કે તેના બાપનો તેનું પણ નિરાકરણ કરવું મુશ્કેલ હતું.

આવી સ્થિતિમાં નેપોલિયન સ્પેન અને ફ્રાન્સની સરહદ ઉપર પિરિનીઝ પર્વતની તળેટીમાં આવેલા બેયોન શહેરમાં આવ્યો અને ત્યાં તેને સ્પેનસંબંધી ઘણા પરસ્પર વિરુદ્ધ સમાચાર મળ્યા. આ બાજુએ મૂર્ખ ફર્ડિનાન્ડ પોતાની માની ગેરઆબરૂ લોકોમાં ઉઘાડી પાડતો હતો. નેપોલિયને તેને વિવેકથી માર્મિક રીતે સમજ પાડી કે તમારી માતાની ફજેતી કરવાથી તમે તમારા રાજ્યાસનપરના હક્કને જોખમમાં નાખો છો; કેમકે તેમ કર્યાથી તમે તમારા પિતાના કાયદેસર પુત્ર નથી એમ સાબિત થઈ જાય છે. એ અધમ શાહજાદાને તો એમાં કશું લાંછન જેવું લાગતુંજ ન હતું. એની મા તો વળી તેના કરતાં પણ વધારે અધમતાની દશાએ પહોંચી ગઈ હતી. તે તો દીકરાને મોઢામોઢ કહેતી કે તું તો વ્યભિચારથી ઉત્પન્ન થએલો છે. મારો ધણી તારો બાપ નથી. આવી લાયકાતવાળા રાજકુટુંબને સ્પેનની ગાદીપર સ્થિર કરવાને સ્વતંત્રતાને પૂજનારૂં ઇંગ્લંડ મથન કરી રહ્યું હતું!

નેપોલિયનના આવ્યાના સમાચાર મળતાંજ ફર્ડિનાન્ડ તેને મળવા માટે ત્યાં આવી પહોંચ્યો અને તેની પાછળજ સ્પેનનો રાજા, રાણી અને ગોડોય ત્રણે પણ દોડતાં આવ્યાં. નેપોલિયને તેમનો સર્વનો યોગ્ય સત્કાર કર્યો.

અત્યારસુધી સ્પેનના મામલાના સંબંધમાં શું કરવું તેનેવિષે નેપોલિયન નિશ્ચય કરી શક્યો ન હતો પણ હવે તો તેનો નિશ્ચય થઇજ ગયો. સ્પેનનો વૃદ્ધ રાજા પોતાના પુત્રને રાજ્યાસન આપવા કરતાં નેપોલિયન જેને પસંદ કરે તેના લાભમાં રાજીનામું આપવા વધારે રાજી હતો. પછી નેપોલિયને ફર્ડિનાન્ડના શિક્ષક અને પ્રધાનને બોલાવ્યો અને કહ્યું:—

"મારા રાજ્યની સલામતી જાળવવા માટે મારા કટ્ટા શત્રુ બુર્બોન રાજાઓને સ્પેનની ગાદીપર નહિ રાખવાની મને જરૂર પડે છે. તમારી પ્રજાના હિતની ખાતર

પણ એવોજ ફેરફાર કરવાની જરૂર છે. હું સ્પેનને જે રાજા આપીશ તે તેમને સારૂ રાજ્ય બંધારણ આપશે અને ફ્રાન્સની સાથે અચળ મિત્રભાવ રાખીને તેને પરરાજ્યની ધાસ્તીમાંથી મુક્ત કરશે. પોતાના પુત્રો આવા બારીક સમયમાં સ્પેનનું રાજ્યતંત્ર ચલાવવા નાલાયક છે એમ રાજાને પણ ખાત્રી થઇ છે તેથી તે પોતાના તથા પોતાના કુટુંબના તમામ હક્ક મારા હાથમાં સ્વાધીન કરી દે છે.”

“ફર્ડિનાન્ડને પણ હું ચાહું છું અને જો તે સ્પેનની ગાદી ઉપરથી પોતાનો હાથ ઉઠાવે તો હું તેનો બદલો આપવા ખુશી છું. તે પોતાને માટે તથા પોતાના વંશવારસોને માટે સ્પેનની ગાદી ઉપરથી હક્ક ઉઠાવી લે તો હું તેને ઇટ્રુરિયાનું રાજ્ય અને મારી ભત્રીજી આપવા ખુશી છું; સ્પેનને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવશે અને તેના પોતાના કાયદા, રીતરિવાજ અને ધર્મમાં કશો ફેરફાર કરવામાં નહિ આવે. મારે પોતાને માટે તો મારે સ્પેનનું એક ગામડું પણ નહિ જોઇએ.”

રાજા, રાણી અને ગોડોયને રાજ્યની જંજાળ કરતાં દારૂ, શિકાર અને વિલાસનાં ઉપકરણો વધારે પ્રિય હતાં તેથી તેમને આ વ્યવસ્થા ઘણીજ ગમી અને નેપોલિયને આપેલું વર્ષાસન લઇને મોજ કરવા લાગ્યાં ફર્ડિનાન્ડ જરાક નારાજ હતો પણ માબાપનું ખૂન કરવાનો આરોપ જે તેના ઉપર મૂકાયો હતો તેની તપાસ થાય તો તેનું પાપ ઉઘાડું પડી જાય એમ હતું. નેપોલિયને તેને ધમકી આપીને કહ્યું કે જો રાજીનામું નહિ આપે તો એ આરોપની તપાસ કરવામાં આવશે. આથી અપરાધી શાહજાદો ધ્રૂજી ઉઠયો અને રાજીનામું આપવા તૈયાર થયો. ઇટ્રુરિયાના રાજ્યને બદલે તેણે દશ લાખ ફ્રાન્ક પોતાને માટે અને ચાર ચાર લાખ પોતાના દરેક ભાઇને માટે પેન્શન તરીકે લઇને ગાદી ઉપરથી હાથ ઉઠાવ્યો.

નેપોલિયને આ પ્રમાણે જે કુનેહથી સ્પેનના રાજકુલમાં પરિવર્તન કરી નાખ્યું તેમાં પણ તેનું અદ્‌ભુત બુદ્ધિબળ દેખાઇ રહે છે. એક પણ બંદુકનો બાર કર્યા વગર તેણે સફાઇથી સ્પેનની રાજગાદી ઉથલાવી નાખી. એનાથી વધારે આશ્ચર્યકારક ઘટના કોઇ કલ્પિત વાર્તામાં પણ ભાગ્યેજ જોવામાં આવે છે. ત્યાર પછી તેણે સ્પેનની પ્રજાજોગ નીચેનું જાહેરનામું પ્રકટ કર્યું:—

“સ્પેનના રહેવાસીઓ ! લાંબા સમયની વિપત્તિની પરંપરાનો ભોગ થઇ પડયા પછી તમારૂં પ્રજાકીય જીવન નષ્ટ થવાની તૈયારીમાં હતું. તમારી વિપત્તિઓ મારા જોવામાં આવ્યાથી હું તમારૂં રક્ષણ કરવા આવી પહોંચ્યો છું. તમારી મહત્તામાં અને તમારા જાતીય બળમાંજ મારી મહત્તા અને મારૂં બળ રહેલું હું માનું છું. તમારા રાજ્યકર્તાએ રાજ્યની લગામ મારા હાથમાં સોંપી દીધી છે. તમારા દેશ ઉપર રાજ્ય કરવાની મને જરા પણ ઇચ્છા નથી. મને તો તમારી ભવિષ્યની પ્રજા હમેશાં પ્રેમ અને આભારસહિત યાદ કરે તેટલીજ અભિલાષા છે. તમારામાં નવું ચેતન રેડવું

એજ મારૂં અત્રે આવવાનું પ્રયોજન છે. હું તમારી જાતીય સંસ્થાઓને સુધારીશ અને જો તમે મને સહાય આપશો તો નવીન સુધારાથી ઉત્પન્ન થતી અરાજકતા અને ઉત્પાત ન થવા દેતાં, તમને તેનાથી મળતા તમામ સંગીન લાભ અપાવવાનો હું પ્રયત્ન કરીશ. તમારા તમામ પ્રાંતો અને નગરોના પ્રતિનિધિઓની એક પરિષદ્ મેં બોલાવી છે. તેમની સાથે જાતે વાતચીત કરીને તમારી સઘળી જરૂરીઆતો મારે જાણી લેવી છે. તેમ કર્યા પછી સ્પેનની ગાદી ઉપરનો મારો અધિકાર હું છોડી દઇશ અને રાજાની પવિત્ર અને લોકહિતકારક સત્તાની સાથે પ્રજાના સ્વાતંત્ર્ય અને મૂળ હક્કોનું જેમાં યોગ્ય સંમિલન થયું હોય એવું રાજ્યબંધારણ તમારા દેશને માટે ઘડી આપ્યા પછી હું મારા પ્રતિબિંબતુલ્ય કોઇ રાજાને તમારા દેશનો રાજમુકુટ પહેરાવીશ. સ્પેનના રહેવાસીઓ ! તમારા પૂર્વજો કેવા હતા અને હાલ તમે કેવા છો તેનો વિચાર કરજો. તમારી અવનતિ થઇ તેમાં તમારી કસુર નથી. તમારા દેશ ઉપર જે રીતે આજસુધી અમલ કરવામાં આવ્યો છે તે પદ્ધતિજ દોષિત છે. ભવિષ્યને માટે સુંદરમાં સુંદર અને ઉજ્જવળમાં ઉજજવળ આશાઓને તમારા હૃદયમાં સ્થાન આપજો; કારણ કે મારી એટલીજ ઇચ્છા છે કે તમારી ભવિષ્યની સંતતિ મને યાદ કરીને કહે કે તેણે અમારા દેશનો પુનરુદ્ધાર કર્યો હતો."

હૉલેન્ડનો રાજા લૂઈ સાંસારિક ઉપાધિઓ અને માંદગીથી અશક્ત બની ગયો હતો તેથી તેણે સ્પેનની રાજગાદીની જવાબદારી લેવાની ના પાડી. નેપોલિયને તરતજ પોતાના ભાઇ જોસેફને નેપલ્સથી તેડાવી મંગાવ્યો અને સ્પેનનું રાજ્યતંત્ર તેના હાથમાં મૂક્યું.

સ્પેનમાં તે વખતે પ્રજાકીય સંસ્થાઓ હતીજ નહિ. જાહેર જીવનમાં પ્રજાને કશો હિસ્સો મળતોજ નહિ. તેનું રાજ્યબંધારણ રાજ્યકર્તાને નિરંકુશ રાજસત્તા આપતું હતું. ધર્મગુરુઓ તેમની ભયાનક સત્તાના જોરથી નવી રાજનૈતિક અને ધાર્મિક ભાવનાઓને દબાવી દેતા હતા. જનસમૂહ અજ્ઞાન અને અંધમતામાં સબડતો હતો. સ્પેનના કરતાં વધારે સડી ગએલું રાજ્યબંધારણ કોઇપણ સુધરેલા ગણાતા દેશમાં કદિ જોવામાં આવ્યું નથી. સ્પેનનો જીર્ણોદ્ધાર કરવાની નેપોલિયનની અભિલાષા સફળ થઇ હોત તો ત્યાંની સ્વતંત્ર થએલી કૃતજ્ઞ પ્રજાએ તેનાં સ્મરણચિન્હોરૂપી ભવ્ય ઇમારતોથી દેશને શણગારી મૂક્યો હોત; પણ હાય ! ગુલામી અવસ્થાનો મોટામાં મોટો દોષ એ છે કે ગુલામો પોતાને હાથેજ પોતાની બેડીઓને વધારે મજબૂત બનાવે છે, અને તેમનાં બંધનો લાંબા કાળના સહવાસને લીધે તેમને એવાં વહાલાં અને સ્વાભાવિક થઈ ગયાં હોય છે કે તેમને બંધનમુક્ત થવું ગમતુંજ નથી.

જોસેફ બોનાપાર્ટ ઘણો ઉદાર વૃત્તિનો, બુદ્ધિશાળી અને નીતિપરાયણ હતો

એવો સર્વનો અભિપ્રાય છે. તેની નીતિવિષે તેના શત્રુથી પણ સંદેહ લાવી શકાતો નથી. તેના ઉદાર, ન્યાયી અને સુદઢ અમલ નીચે નેપલ્સનું રાજ્ય થોડાજ વખતમાં આબાદ બની ગયું હતું.

જોસેફના આવતા પહેલાં સ્પેનના સૈન્યની, નૌકાસૈન્યની, જાહેર બાંધકામોની તથા પ્રજાની આર્થિક સ્થિતિની સાચી હકીકત મેળવીને તેનો રિપોર્ટ તૈયાર કરવાને નેપોલિયને બાહોશ માણસોને રાજ્યમાં જૂદે જૂદે ઠેકાણે મોકલી દીધા હતા. તે કહેતો કે “ મારે કયા ઉપાયો લેવા તે નક્કી કરવા માટે આ તમામ હકીકતો મારે પ્રથમથીજ જાણી લેવી જોઇએ. વળી સ્પેનનું રાજ્ય મારા હાથમાં આવ્યું ત્યારે તેની કેવી દશા હતી તે જાણવાનું સાધન ભવિષ્યની પ્રજાને માટે પણ મૂકી જવાની જરૂર છે. ” સ્પેનનું કલ્યાણ સાધવા માટે તેણે ભવ્યમાં ભવ્ય યોજનાઓ પોતાના મનમાં ઘડી રાખી હતી. તેણે કલ્પેલી અને તરતજ અમલમાં મૂકેલી યોજનાઓ જોઇને તેના કટ્ટા શત્રુઓને પણ તેની પ્રશંસા કરવી પડે છે. સ્પેનના સૌથી વધારે પ્રતિષ્ઠિત અને બુદ્ધિશાળી દોઢસો પ્રતિનિધિઓની પરિષદ્ બેયોન મુકામે ભરવામાં આવી. પોતાના દેશનું ઉજ્જવળ ભાવિ જોઇને આ ઉચ્ચ સંસ્કારવાળા દેશભક્તો ઘણાજ પ્રસન્ન થયા. સ્પેનના રીતરિવાજોને યોગ્ય અને તે જમાનાની ઉન્નતિકારક ભાવનાઓને અનુકૂળ થઇ પડે એવું ઉદાર રાજ્યબંધારણ એ પરિષદે ઘડી કહાડયું.

જોસેફ ત્યાં આવી પહોંચ્યો એટલે સ્પેનની રાષ્ટ્રીય પરિષદે તેને પ્રજા તરફથી સન્માન આપ્યું અને પોતાના દેશને માટે ઉજ્જવળ ભાવિ ઘડનાર નેપોલિયનનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. ત્યાર પછી ફ્રેન્ચ લશ્કર અને સેનાપતિઓના ભભકાદાર રસાલા સાથે જોસેફ સ્પેનની રાજધાની માડ્રિડ ગયો અને ત્યાં તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

આ સમાચાર તરતજ યૂરોપના તમામ રાજ્યકર્તાઓને મોકલવામાં આવ્યા. ઈંગ્લંડ સિવાય લગભગ તમામ યૂરોપીય નૃપતિઓએ જોસેફને ઘણી ખુશીથી રાજા તરીકે સ્વીકાર્યો. રશિયાના ઝારે તે ઉપરાંત જોસેફના ઉમદા ચારિત્ર્યની પ્રશંસા કરતાં તેને રાજા તરીકે સ્વીકારતાં ઉંડો હર્ષ જણાવ્યો. નાલાયક રાજાઓની વહારે ધાનારૂં એકલું ઈંગ્લડજ અળગું રહ્યું. પદભ્રષ્ટ થએલા ફર્ડિનાન્ડે પણ જોસેફને અભિનંદન-પત્ર લખ્યો.

સ્પેનના રાજાઓના હાથમાંથી રાજ્યાસન લઇને નેપોલિયને પોતાના ભાઇને આપ્યું તેમાં તેણે ન્યાય કર્યો કે અન્યાય એ પ્રશ્ન ઘણોજ ગુંચવણભરેલો છે. સ્પેનના રાજાની નાલાયકી તો ઉઘાડીજ છે. સ્પેનને પોતાનું હથિયાર બનાવીને નેપોલિયનના શત્રુ રાજાઓ તેની મુશ્કેલીમાં વધારો કરવાની પેરવી કરતા હતા અને કવખતે પાછળથી છુપો ઘા કરાવવાના હતા એ વાત પણ ઉઘાડી છે. ‘જેના’ના યુદ્ધ વખતે

નેપોલિયનને મળેલા પેગામ એ વાતનો પ્રત્યક્ષ પૂરાવો છે. સ્પેનનો રાજા ગાદી છોડવા ખુશી હતો અને તેના દીકરાને ગાદી ન મળે એમ ઇચ્છતો હતો. ફર્ડિનાન્ડ પણ ગાદી છોડવા ખુશી હતો અને પોતાનો પિતા પદભ્રષ્ટ થાય એવું માગતો હતો. જો નેપોલિયને જોસેફને ઠેકાણે ફર્ડિનાન્ડને રાજ્યાસન આપ્યું હોત તોપણ તેના શત્રુઓ તો એમજ કહેત કે તેણે પોતાનો સ્વાર્થ સાચવવા માટે ખરા રાજાને ઉડાડી મૂકીને એક બળવાખોર, પિતૃઘાતક પુત્રને ગાદીએ બેસાડયો. વળી આજે જગત્‌ના નિષ્પક્ષપાત લોકો નેપોલિયનને પ્રજાપક્ષના અને સ્વાતંત્ર્યના રક્ષક તરીકે પૂજે છે તેઓજ તેને ધિક્કારત અને કહેત કે તેણે પોતાના લશ્કરના બળવડે, પોતાના કાયમના સિદ્ધાંતોનું ખૂન કરીને ઘણાજ આપખુદી, અને સ્વતંત્રતાના કટ્ટામાં કટ્ટા શત્રુ એવા રાજાના હાથમાં રાજસત્તા આપી. જો તેણે તેમ કર્યું હોત તો તેના નામ ઉપર કદિ પણ ન ભૂસી શકાય એવું કલંક સદાને માટે રહી જાત. માટે બધી બાજુનો વિચાર કરીનેજ તેણે આ પગલું ભર્યું. શત્રુ **રાજાઓની ખફગી આથી તેણે વહોરી લીધી, પણ પોતાના પ્રાણપ્રિય સિદ્ધાન્તોનું ખુન તેણે ન થવા દીધું.**

આખા યૂરોપના રાજાઓ એકત્ર થઇને કાવત્રાંથી, અનેક પ્રકારના દગા અને પ્રપંચ કરીને તેને રાજ્યાસન ઉપરથી ગબડાવી પાડવા મથતા હતા. જગત્ ઉપર કદિ પણ કોઈ રાજાને કચરી નાખવા આવા મહાભારત પ્રયત્નો થયા નથી અને આખી પ્રજાના મતથી ચૂંટાયલા નેપોલિયન કરતાં રાજ્યાસન માટે વધારે હકદાર રાજા પણ કોઇ થયો નથી. તેણે આત્મરક્ષણને માટે સ્પેનના દગાખોર રાજાઓના હાથમાંથી રાજસત્તા લઇ લીધી; પણ તેમને ભિખારી અને નિરાધાર નહિ બનાવી દેતાં તેમના નિર્વાહ અને સુખમાટે ઉદાર ગોઠવણ કરી આપીને નેપોલિયને પોતાની સ્વાભાવિક ઉદારતા બતાવી આપી. તેઓ પોતે પણ તેના આ વર્તનથી સંતુષ્ટ થયા હતા અને તેને ચાહતા હતા. યૂરોપના રાજાઓએ શું કર્યું ? તેમણે આખરે નેપોલિયનને પદભ્રષ્ટ કરવામાં વિજય મેળવ્યો; પણ પછી તેમણે શું તેને આરામનાં અને સુખનાં સાધનો લેશમાત્ર પણ આપ્યાં હતાં કે ? તેને એક કંગાલ કેદી તરીકે સેન્ટ હેલેનાના નિર્જન ટાપુમાં, કોઇ પણ યૂરોપિયનને માફક નહિં એવા હવાપાણીવાળા સ્થાનમાં સખત જાપ્તામાં પૂરી રાખ્યો અને તેનું અંતઃકરણ દુઃખાય એવું અપમાનભરેલું વર્તન તેની સાથે આખરસુધી ચલાવ્યુ. કયાં ફાર્ડનાન્ડને આપેલો ભવ્ય મહેલ ! અને કયાં સેન્ટ હેલેનાનું કંગાલ તબેલા જેવું ઘર ! વધારે ઉદાર કોણ તેની તુલના હવે વાચક પોતેજ કરી લેશે.

प्रकरण ४१–मुं संकटमां वधारो

બેયોનથી નેપોલિયન પારિસ પાછો આવ્યો. માર્ગમાં તેણે જ્યાં જ્યાં મુકામ કર્યો ત્યાં ત્યાં પ્રજાએ તેને પ્રેમ અને હર્ષથી વધાવી લીધો હતો. કોઇ પણ રાજ્યકર્તા પ્રજાનો આટલો બધો બેહદ પ્રેમ ભોગવવા ભાગ્યશાળી થયો નથી. થેર્સ નામનો એક લેખક લખે છે કે "જે અદ્‌ભુત પુરુષે પ્રજાને આભ્યંતરિક કલહમાંથી છોડાવીને સુલેહ, શાંતિ, આબાદી અને પોતાને મનમાનતા ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતા બક્ષી હતી તેને તેઓ દૈવી પુરુષ—લગભગ દેવ જેવો માને એમાં કશું આશ્ચર્ય નથી." જેમણે ઈંગ્લંડ અને બુર્બોન રાજાઓએ પ્રકટ થવા દીધેલું સાહિત્યજ વાંચ્યું હોય તેમને આ વચનો અતિશયોક્તિભરેલાં લાગશે; પણ નેપોલિયનને પદભ્રષ્ટ કર્યા પછી પોતપોતાનાં રાજ્યોની સલામતીને માટે ફ્રાન્સ, ઈંગ્લંડ તથા અન્ય યૂરોપીય રાજાઓને નેપોલિયનને વિષે પ્રજામાં ભ્રમ ઉત્પન્ન કરવાની જરૂર પડી હતી અને તેથી તેના વિષે તેમને ખોટી હકીકતોથી ભરપૂર સાહિત્ય પ્રકટ કરવું પડયું હતું એજ બતાવી આપે છે કે તેની લોકપ્રિયતા અસાધારણ હતી. નેપોલિયનને જુલમગાર તરીકે ચીતરાવ્યાથીજ તેઓ પોતપોતાની ગાદી ઉપર સહિસલામત રહી શકે એમ હતું. એથી કરીને એવાં સાહિત્યને ઉત્તેજન આપવા માટે યૂરોપના રાજાઓએ મોકળે હાથે પૈસો વાપર્યો હતો. હજી પણ એ હુમલાના પડઘા શમી ગયા નથી. એ સર્વ આક્ષેપો તેણે મૂંગે મોઢે સહન કર્યા. પોતાના બચાવમાં એક અક્ષર પણ લખવાની તેને રજા આપવામાં ન હતી. છતાં આખરે પોતાના મરણ પછી તે પોતાનું સ્થાન પ્રાપ્ત કરતો જાય છે. તે કહેતો કે મારૂં સાચું રાજ્યાસન પ્રજાના હૃદયમાં છે અને પાર્થિવસિંહાસન જો કે તેણે ગુમાવ્યું પણ એ અવિનાશી સિંહાસન તે અન્તે પ્રાપ્ત કરી શક્યો છે.

ઇંગ્લંડ પોકાર કરતું કે અમે યૂરોપના સ્વતંત્રતાન બચાવને માટે નેપોલિયનની સાથે લઢીએ છીએ. તેઓ લઢયા અને જીત્યા; પણ ક્યાં છે તે સ્વતંત્રતા ? બેત્રચની

ફર્ડિનાન્ડના સ્પેનમાં છે ? બુર્બોન રાજાઓની જોહુકમી નીચે કચરાતા નેપલ્સમાં છે ? સૈબિરિયાના બરફમય પ્રદેશોમાંથી ઝારની ખફગીનો ભોગ થઇ પડેલી રાંક પ્રજાના પોકારમાં એ સ્વતંત્રતાનો અવાજ સંભળાય છે ? નહિ, નહિ. વૉટર્લુના રણક્ષેત્રમાં યૂરોપની સ્વતંત્રતા તો ક્યાંય કચરાઇ ગઈ અને સેન્ટ હેલેનાના દ્વીપમાં નેપોલિયનની કબરમાં તેની સાથેજ દટાઈ ગઇ !

બેયોનથી પારિસ આવતાં નેપોલિયને એક મોટો પૂલ બંધાવવા માંડયો હતો તેની મુલાકાત લીધી. એ કાર્ય તપાસવાની અને જેણે પોતાની દેખરેખ નીચે તે તૈયાર કરાવ્યું હતું તેને યોગ્ય પારિતોષિક આપવાની તેને ઇચ્છા હતી. મુખ્ય ઈજનેર સાથે વાત કરતાં ચતુર નેપોલિયને જાણી લીધું કે એ કામમાં ખરૂં જોતાં તેણે કશું કર્યું નથી; પણ બધી મહેનત તેના તાબાના એક ઈજનેરની છે, અને સઘળો યશ મુખ્ય ઈજનેર ખાટી જાય છે. તેણે તેને તેડાવી મંગાવ્યો અને તેની પાસેથી પૂલ સંબંધી સંતોષકારક માહિતી તેને મળવાથી તે ઘણો ખુશ થયો. તેણે તેની યોગ્ય કદર કરી અને મુખ્ય ઈજનેરની પદવી આપીને પારિસ મોકલી દીધો.

સને ૧૮૦૮ના આગસ્ટમાં નેપોલિયન પારિસ પહોંચ્યો કે તરતજ તેણે પોતાની આસપાસ તોફાનનાં વાદળ ઘેરાતાં જોયાં. આસ્ટ્રિયા બહારથી મૈત્રીભાવ રાખતું હતું છતાં તેનો પરાજય તેને સાલ્યા કરતો હતો અને ઉમરાવવર્ગ એકહથ્થા અધિકારના કટ્ટા શત્રુ તથા પ્રજાપક્ષના હિમાયતી નેપોલિયનપર પ્રહાર કરવાની તક જોયા કરતો હતો. સ્પેનમાં ઉત્પન્ન થએલો ગંભીર મામલો જોઇને તેણે એમ ધાર્યું કે નેપોલિયનને ત્યાંજ રોકાઇ રહેવું પડશે. આજે નેપોલિયન સ્પેનની રાજગાદી ઉથલાવી નાખે છે તો ભવિષ્યમાં બીજા રાજાઓની પણ તેવીજ વલે કેમ નહિ કરે એવી જાણે પોતાને ધાસ્તી લાગી હોય તેવો તેણે ડોળ કર્યો.

આસ્ટ્રિયામાં ઠેકાણે ઠેકાણે યુદ્ધની તૈયારીઓ થવા લાગી. સાત લાખ માણસોના લશ્કરનો જમાવ થયો અને તેમને લશ્કરી તાલિમ અપાવા લાગી. ચૌદ હજાર તોપો અને દશ લાખ બંદુકો ખરીદ કરવામાં આવી. કદાચ પરાજય થાય તો બચાવ કરતાં સુગમ પડે તે માટે આસ્ટ્રિયા અને હંગરીના કિલ્લાનાં સમારકામ થવા લાગ્યાં. લશ્કરની મજબૂત ટુકડીઓ ફ્રાન્સની સરહદ તરફ ગોઠવાઈ ગઇ.

નેપોલિયન લડવાથી કાયર થયો હતો. લડાઇથી તેને કશો ફાયદો થવાનો ન હતો. ફ્રાન્સને સમૃદ્ધ કરવાની સુંદર યોજનાઓમાં લડાઇને લીધે ભારે વિક્ષેપ પડતો હતો. તે અંતઃકરણથી સુલેહને ચાહતો હતો. તેણે આસ્ટ્રિયાના રાજપ્રતિનિધિને તેડાવીને બીજા દેશોના પ્રતિનિધિઓની સમક્ષ વિવેકભર્યા પણ દૃઢ શબ્દોમાં પોતાના વિચાર જણાવ્યા.

" મીસ્ટર મેટર્નિક, તમે અમારી સાથે કાં તો લઢવાની તૈયારી કરો છો અથવા અમને ડરાવવા માગો છો. "

" સાહેબ, અમે એમાંથી એકે કરવા માગતા નથી. "

નેપોલિયને કહ્યું, " ત્યારે આટલી બધી લશ્કરી ધામધૂમનો શો અર્થ છે ? તેમ કર્યાથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે અને નાણાંની ખરાબી થાય છે. "

મેટર્નિકે કહ્યું, " આ તૈયારી માત્ર રાજ્યના બચાવને માટેજ છે. "

નેપોલિયને નરમાશથી પણ સુદૃઢ અવાજે કહ્યું:—

" જો આ તૈયારીઓ માત્ર બચાવને માટેજ હોય તો તેમાં આટલી બધી ઉતાવળ હોયજ નહિ. નવી વ્યવસ્થા હમેશાં ધીરે ધીરેજ થાય છે, દોડધામથી થતી નથી. બચાવને માટે દારૂગોળાના ભંડાર, લશ્કરની ભરતી, ઘોડા અને ખાસ કરીને તોપો ખેંચનાર ઘોડા અને તોપોની ગંજાવર ખરીદી કરવામાં નથી આવતી. તમારૂં લશ્કર હાલ ચાળીશ લાખ માણસનું છે. હું જો તમારૂં અનુકરણ કરૂં તો મારે પણ ચાળીશ લાખ લઢી શકે એવાં માણસ એકઠાં કરવાં જોઇએ. આ તો વિવેકની હદ ઓળંગવા જેવું છે. એમ કરતાં કરતાં તો આખરે સ્ત્રીઓ અને છોકરાંઓને પણ હથિયાર લેવડાવવાનો વખત આવે અને આપણે રાની પશુઓ જેવા બની જઇએ. વળી તમારે આટલું મોટું લશ્કર અને યુદ્ધસામગ્રી એકઠી કરવાની જરૂરજ શી છે ? મેં તમારા કોઇ પણ પ્રાંતમાટે માગણી કરી છે ? પ્રેસબર્ગના કોલકરારથી તમારા અને મારા રાજ્યની વચ્ચેના તકરારી સવાલોનો નિર્ણય થઇ ચૂક્યો છે અને હજી જો કાંઇ પણ વાંધો હોય તો તમારા રાજાના એક શબ્દમાત્રથી બધી તકરારનું સમાધાન કરવા હું રાજી છું. મારે તમારી પાસેથી કાંઇ જોઇતું નથી. માત્ર બે રાજ્ય વચ્ચે સુલેહશાંતિ રહે એટલુંજ હું માગું છું, અને તમારે હજી કોઈ પણ પ્રકારની અડચણ હોય તો તે અબઘડી દૂર કરવા હું તૈયાર છું. "

મીસ્ટર મેટર્નિકે જવાબ દીધો કે " ફ્રાન્સ ઉપર હુમલો કરવાનો આસ્ટ્રિયાની સરકારના મનમાં જરા પણ વિચાર નથી. હજી અમારા લશ્કરની કશી હિલચાલ કરવામાં નથી આવી. "

નેપોલિયને મક્કમ અવાજે કહ્યું, " તમારી ભૂલ થાય છે. ગેલિશિયા અને બોહિમિયામાં તમારાં સૈન્ય બરાબર ફ્રેન્ચ લશ્કરની સામે ગોઠવાઇ ચૂક્યાં છે. એ વાતની કોઇ ના પાડી શકે એમ છેજ નહિ. તેનું તાત્કાલિક પરિણામ એ આવશે કે અમારે પણ તેટલુંજ લશ્કર તમારી સામે લાવીને ગોઠવવું પડશે. મારે પણ મારી સરહદપરના કિલ્લા તોડી નાખવાને બદલે સમરાવીને લશ્કર તથા લશ્કરી સામગ્રીથી ભરપૂર કરી દેવા પડશે. મારા ઉપર કદિ છાપો મારી શકાતો નથી એ તમે સારી પેઠે જાણો છોજ. તમે રશિયાની કુમકપર ગાજતા હો તો તેમાં પણ તમારી ભૂલ છે. રશિયા તમારી હાલની વલણ તરફ સખત નાપસંદગી બતાવે છે. હું જાણું છું કે તમને લડાઇ પસંદ નથી. તમારા રાજાને પણ પસંદ નથી. તમારા દેશના કેળવાયલા વર્ગને

પણ તે પસંદ નથી. નવી ફેરફારીથી ભડકી ગએલો ઉમરાવવર્ગજ દેશમાં બધે ઝેર રેડી રહ્યો છે. તેઓ વેરના વિચારો લોકોમાં ફેલાવે છે. એમ કરતાં કરતાં એવો વખત આવશે કે આપણે બેઉને અસહ્ય સ્થિતિમાંથી મુક્ત થવાને માટે છેવટનો ઉપાય લેવો પડશે; અને તે ઉપાય લડાઇ છે. તમારી હાલની વર્તણુક જોતાં મને તેનીજ ધાસ્તી લાગે છે. માટે હું તમને ફરીથી કહું છું કે મારે તમારી પાસેથી કંઇ જોઇતું નથી—માત્ર સલાહજ જોઇએ છે, પણ જો તમે લશ્કરી તૈયારી ચાલુ રાખશો તો હું પણ તેમજ કરીશ; એટલે સલાહ કરવાને માટે આપણે ફરીથી લઢવું પડશે. ”

આ વાતચીતના શબ્દે શબ્દ લખી લેવામાં આવ્યા અને આસ્ટ્રિયાના શહેનશાહ તરફ રવાના થઇ ગયા.

પણ તે દરમ્યાન સ્પેનના મામલાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. ત્યાંના ધર્મગુરુઓ અજ્ઞાન અને ધર્માન્ધ ખેડુતવર્ગમાં પુષ્કળ વગ ધરાવતા હતા. સ્વાભાવિક રીતેજ જૂના વિચારના ધર્મગુરુઓ પ્રગતિની, સ્વતંત્રતાની નવી ભાવનાઓના કટ્ટા શત્રુ હતા. તેમણે ફ્રેન્ચોની સામે લોકવર્ગને ઉશ્કેર્યો. ફ્રેન્ચો તેમને પરાધીન કરવા આવ્યા છે એવો ઉપદેશ આપીને તેમની પ્રજાકીય લાગણીને ઉશ્કેરી આપી અને આખા દેશમાં બળવાનો પવન ફેલાઇ ગયો. ફ્રેન્ચો અને તેમના તરફ સહાનુભૂતિ ધરાવનારા સ્પેનના રહેવાસીઓની નિર્દયપણે કતલ કરવામાં આવી.

આ બાજુએ આસ્ટ્રિયા લડાઇ જાહેર કરવાની ધમકી આપતું હોવાથી તે તરફ ગોઠવેલા લશ્કરમાં ઘટાડો થઇ શકે એમ ન હતું.તેથી નેપોલિયનને લશ્કરમાં નવા દાખલ થએલા બિનઅનુભવી સિપાઇઓને સ્પેનનો બળવો શમાવવા મોકલવા પડ્યા. દિવસે દિવસે ત્યાંની સ્થિતિ જોખમભરેલી બનતી જતી હતી. ત્યાંના ખેડુતો આળસુ અને જિંદગીથી કાયર થઇ ગએલા હતા; અને હરકોઇ રીતે તોફાન કરવાનું અને લૂંટફાટ કરવાનું બહાનું શોધી રહ્યા હતા. નેપોલિયને તેમને ભલો રાજા અને સારું રાજ્યબંધારણ આપ્યું હતું પણ તેમના કમનસીબે તેમણે જુલમગાર રાજાઓની બેડીઓ પોતાને હાથેજ પાછી પોતાના પગપર જડી દીધી.

આ હોળીને વધારે પ્રજ્વલિત કરવા ઇંગ્લંડ તો તૈયારજ હતું. તેને સ્પેન સાથે લડાઇ હતી તે એકદમ બંધ થઈ ગઈ અને સ્પેનિશ કેદીઓને છૂટા કરીને શસ્ત્ર આપીને બળવાખોરોના લશ્કરમાં સામેલ થવા માટે એકદમ રવાના કરવામાં આવ્યા. સ્પેનના કિનારા ઉપર ઇંગ્લંડનાં વહાણ મારફતે યુદ્ધસામગ્રી ધમધોકાર ઉતરવા લાગી અને ત્રીશ હજાર અંગ્રેજ સિપાઇઓનું લશ્કર ડ્યૂક ઓફ વેલિંગ્ટનની સરદારી નીચે સ્પેનને કિનારે ઉતર્યું. કોપનહેગનને તોપને ગોળે ઉડાવી દેવામાં તેણે બતાવેલી બાહોશી અને દઢતા જોતાં આ કાર્યને માટે પણ તે યોગ્યજ હતું !

જોસેફ બોનાપાર્ટ નરમ પ્રકૃતિનો, ભલો, દયાળુ અને ન્યાયને ચાહનાર હતો. લડાઇનું ભયંર વાવાઝોડું જોઇને તે ચોંકી ગયો. ભારે ગભરાટમાં તેણે નેપોલિયનને

લખ્યું કે “ મારા પક્ષમાં કોઇ નથી. પચાસ હજાર અનુભવી સિપાઇઓ અને પાંચ કરોડ ફ્રાન્કની મારે જરૂર પડશે. એ મોકલતાં વિલંબ થશે તો એક લાખ સિપાઇઓ અને દશ કરોડ ફ્રાન્ક જોઇશે. ” તે પોતાની નવી રૈયતને એટલો બધો ચાહતો હતો કે ફ્રેન્ચોની થએલી કતલનું વેર લેવા તેના લશ્કરે બળવાખોરો ઉપર જે અત્યાચાર કર્યો હતો તે વિષે તેણે ભારે દિલગીરી જાહેર કરી અને બળતામાં ઘી હોમવા જેવું કર્યું. સ્પેનવાસીઓનો ક્રોધ આથી શમી ન જતાં ઉલટો પ્રજ્વલિત થયો. નેપોલિયને તેને લખ્યું કે “ ધીરજ રાખજો. હું લશ્કર તથા યુદ્ધનાં સાધનો મોકલાવીશ; પણ મારા સિપાઇઓને ઉતારી પાડશો નહિ. તેમને ઝનૂનપર આવેલા ખૂનીઓ સાથે કામ લેવાનું છે અને તેમને દબાવી દેવાને માટે સખત ઉપાયો લેવાની પણ જરૂર પડે છે. તમારી રૈયતની પ્રીતિ મેળવવાનો યત્ન જારી રાખજો પણ લશ્કરને નાહિંમત કરશો નહિ.”

ફ્રાન્સની ઉત્તર દિશાએ આસ્ટ્રિયા સૈન્યનો જમાવ કર્યેજ જતું હતું તેથી કસાયલું લશ્કર તો ત્યાંથી ખસેડાય એમ હતુંજ નહિ. નેપોલિયને નવું લશ્કર ઉભું કર્યું અને પૂરતી યુદ્ધસામગ્રી સાથે સ્પેન મોકલાવી દીધું. દિવસે દિવસે ત્યાંની સ્થિતિ વધારે બગડતી જતી હતી. વીશ હજાર ફ્રેન્ચ સિપાઇઓ જનરલ ડુપોની સરદારી નીચે સ્પેનમાં હતા. મંદવાડ અને પૂરતા ખોરાકને અભાવે તેઓ લેવાઇ ગએલા હોવાથી તેમને તાબે થવાની ફરજ પડી. ફ્રેન્ચોની લશ્કરી કારકીર્દીને આ પહેલુંજ કલંક લાગ્યું. આ સમાચાર સાંભળીને નેપોલિયન ક્રોધથી કંપી ઉઠયો. ફ્રેન્ચ સૈન્ય તાબે થયું ! કપાઇ કેમ ન ગયું ! હારજીત તો લડવૈયાના નસીબમાં લખેલીજ હોય છે, પણ શરમભરેલી રીતે તાબે થઇ જવું એ કલંકના કુહાડાના ઘા કેમ રૂઝાય ! ફ્રેન્ચ નામને બટ્ટો લગાડયો ! એ કલંક હું એ હીચકારાઓના લોહીથી ધોઇ નાખીશ. સિપાઇઓ કપાઈ જાય તો તેમની જગ્યાએ નવા ગોઠવી શકાય છે પણ ગએલી આબરૂ પાછી નથી મળતી. આવા અનેક ઉદ્દગાર તેના મોંમાંથી નીકળતા ગયા, પણ થોડી વાર પછી તેના ક્રોધનો ઉભરો શમી ગયો અને જનરલ ડુપો તરફ તેને દયા પ્રગટી. “ કમનશીબ પુરુષ ! ફ્રેડલેન્ડ અને બીજાં અનેક યુદ્ધોમાં નામના મેળવનારનો આવો અધઃપાત ! લડાઇના કેવા ખેલ છે ! એકજ દિવસમાં આખી જિંદગીમાં મેળવેલી કીર્તિ ધૂળધાણી થઈ જાય છે ! ”

જોસેફે માડ્રિડ છોડયું અને ઇબ્રો નદીને કિનારે મોરચાબંદી લશ્કરી છાવણીનો આશ્રય લીધો. ત્યાંથી તેણે નેપોલિયનને લખ્યું કેઃ—

“ મારા તરફ સહાનુભૂતિ રાખે એવો એકે સ્પેનવાસી મારી પાસે રહ્યો નથી. એક સેનાપતિ તરીકે પણ હું મારૂં કાર્ય કરી શકું અને તે કામ અઘરૂં નથી; કારણ કે તમારા કસાયલા સિપાઇઓની મદદથી હું બળવાખોર સ્પેનવાસીઓને જેર કરી શકું, પણ રાજા તરીકેની મારી જવાબદારી અસહ્ય થઇ પડી છે. મારી રૈયતના એક ભાગને તાબે કરવા માટે શું મારે રૈયતના બીજા ભાગની કતલ કરવી ? માટે જે

લોકો મને રાજા ગણવા માગતા નથી તેમના ઉપર જબરાઇથી મારે રાજ કરવું પણ નથી; પણ હારીને હું સ્પેન છોડવા ઇચ્છતો નથી. તમારા કસાયલા સિપાઇઓની એકજ ટુકડી મને મોકલાવશો તો બસ થશે. હું તેમને લઇને માદ્રિડ જઈશ અને ત્યાં જઇને આબરૂભેર ગાદી છોડીશ. મને મારૂં નેપલ્સ પાછું આપવું જોઇશે. જે દેશ મારી બરદાસ્ત નીચે રહેવામાં પોતાનું સુખ માને છે ત્યાં હું જઇશ અને પૂર્ણ શાંતિ જે મારી પ્રકૃતિને અનુકૂળ છે તે હું ભોગવી શકીશ. ”

આવા ભલા રાજાના અમલ નીચે રહેવાનું કમનસીબ સ્પેનવાસીઓને ન ગમ્યું અને પોતાની ઉન્નતિ તેમણે પોતાને હાથેજ અટકાવી.

જોસેફનો પત્ર વાંચીને નેપોલિયનનું દિલ ઘણું દુખાયું. જોસેફને તે ચાહતો હતો. તેની ઠરેલ બુદ્ધિને માટે તેણે ઘણું માન હતું; અને પોતાના બીજા ભાઇઓ કરતાં તે તેની પાસેથી સહકાર મેળવવાની વધારે આશા રાખતો હતો. તેણે જોસેફને ઉત્તેજિત કરવા માટે બીજો પત્ર લખ્યો અને તેમાં પોતાનું આત્મબળ રેડાય તેટલું રેડયું.

પરંતુ સ્પેનવાસીઓ ઉપર ગોળી છોડવાનું નરમ પ્રકૃતિના જોસેફને રુચ્યુંજ નહિ; અને સ્પેનની સ્થિતિના બગાડામાં ચાલુ વધારો થતોજ ગયો. આખરે આસ્ટ્રિયા સાથે લડાઈ જાગશે એવી ભારે ધાસ્તી છતાં પણ ર્હાઇન નદી આગળ ગોઠવેલા લશ્કરમાંથી એક લાખ માણસો સ્પેન મોકલવાની નેપોલિયનને જરૂર પડી, અને તેમની જગ્યાએ એક લાખ નવા દાખલ થએલા સિપાઇઓને ગોઠવવા પડયા.

ફ્રાન્સની આર્થિક હાલત આ વખતે સારી ન હતી અને સરકારી ત્રિજોરી પણ ખાલી થવા આવી હતી. દક્ષિણમાં ઈંગ્લંડ, સ્પેન અને પોર્ટુગાલ ફ્રાન્સની સામે લઢવા એકત્ર થયાં હતાં. પરાજયથી માનભંગ થએલું પ્રશિયા ગુમાવેલી સંપત્તિ પાછી મેળવવાનો લાગ જોઇ રહ્યું હતું. ઉત્તરમાં આસ્ટ્રિયાએ સાત લાખ માણસોનો જમાવ કરી દીધો હતો. રશિયાનો ઝાર નેપોલિયનનો મિત્ર હતો પણ ત્યાંની રાજમાતા અને બધો ઉમરાવવર્ગ તેનાં કટ્ટાં વૈરી હતાં. ઝાર પોતે પણ તેમની બધાની સામે કયાંસુધી ટકી રહેશે તે પણ શક પડતું હતું. લોનશેરનો સટ્ટો કરનારાઓએ લોકોનાં મન ઉંચાં કરી નાખ્યાં હતાં. સરકારી લોનનો ભાવ ચોરાણુંથી ઉતરીને સીત્તેર સુધી ગબડી ગયો હતો. લડાઇનાં મેદાનમાં શત્રુસૈન્યની ટક્કર ઝીલતી વખતે નેપોલિયન જેમ અદ્‌ભુત શક્તિનું દર્શન કરાવતો હતો તેમ આ વખતે આર્થિક યુદ્ધના પ્રસંગમાં પણ તેણે પોતાની અલૌકિક બુદ્ધિનો પ્રભાવ સર્વને બતાવ્યો. એક એ મહિનાસુધી તેણે સરકારી લોનની ખરીદી એવી કુશળતાથી કર્યા કરી કે તેજી મંદીનો સટ્ટો કરનારાઓ આબાદ છક્કડ ખાઇ ગયા. રાજ્યની પ્રતિષ્ઠા જાળવવા માટે સરકારી લોનનો ભાવ જેટલો રહેવો જોઇએ તેટલો તેણે લાવી મૂક્યો. ઘણા સટોરીઆંઓ પાયમાલ થઇ ગયા પણ બધે પ્રસંગે ઉદારતા બતાવનાર નેપોલિયને તેમને થોડુંક ખાનગી વળતર અપાવ્યું.

प्रकरण ४२ मुं–शहेनशाहोनुं संमेलन

સને ૧૮૦૭–૮ની સાલમાં નેપોલિયનની ઉન્નતિનો સૂર્ય પૂર્ણતમ પ્રકાશથી ઝળહળી રહ્યો હતો. તેની સત્તા ઉંચામાં ઉંચા શિખરપર પહોંચી ગઈ હતી; પણ હવે એ વર્ષથી તેનો પ્રતાપભાનુ નમવા લાગ્યો. બીજાં ચાર પાંચ વર્ષ સુધી તેના અદ્ભુત બુદ્ધિબળના પ્રભાવથી તેણે આ ફેરફાર ઉઘાડો પડવા ન દીધો પણ અંતે ૧૮૧૩ની સાલથી તે સૂર્ય નમ્યો તે નમ્યોજ અને અંતે વૉટર્લુના સંગ્રામમાં લાખો ફ્રેન્ચોના લોહીથી ખરડાયલા રણક્ષેત્રમાં તે સદાને માટે આથમી ગયો. જે પળે તેને સ્પેનના રાજ્યવિપ્લવમાં હાથ ઘાલવાની જરૂર પડી તેજ પળથી તેની વિપત્તિની શરૂઆત થઇ.

એક બાજુએ ફ્રેન્ચ લશ્કર સ્પેનમાં જાગેલો બળવો શમાવવામાં રોકાયલું હતું; બીજી બાજુએ આસ્ટ્રિયા લઢવાને તાકી રહ્યું હતું અને રશિયાનો ઝાર તુર્કસ્તાનનો શિકાર કરવા ટમટમી રહ્યો હતો. લડાઇ કર્યા વગર ફ્રાન્સ, રશિયા અને આસ્ટ્રિયાના તકરારી સવાલોનો સમાધાનીથી નિર્ણય લાવવાના હેતુથી નેપોલિયને ઝારની સાથે એર્ફર્થ મુકામે ૧૮૦૮ના સપ્ટેંબરની ૨૭ મી તારીખે મળવાની ગોઠવણ કરી હતી. આખા યૂરોપની આંખ આ ઇતિહાસપ્રસિદ્ધ મેળાપ ઉપર ઠરી હતી. તેના પરિણામ ઉપર જગતનું પ્રારબ્ધ અવલંબતું હતું, અને આ અદ્ભુત પ્રસંગ જોવા માટે રાજાઓ, ઉમરાવો અને દરબારીઓ દેશે દેશથી ત્યાં આવીને તે યાદગાર દિવસની રાહ જોતા બેઠા હતા. તે સઘળા રાજવંશીઓ ફ્રાન્સના શહેનશાહના પરોણા હતા. તેણે ઘણાજ ભપકાદાર રસાલા સાથે પારિસ છોડ્યું. એવા ઠાઠથી ભાગ્યેજ બીજા કોઇ રાજાની સ્વારી ગઇ હશે. ઉમરાવોના નૃપતિઓ કરતાં પ્રજાના ચૂંટેલા નૃપતિનો વિશેષ ઠાઠ જોઇને પ્રજા પણ મગરૂર થઇ.

જેઓ આ ઠેકાણે કેવળ વિનોદને માટેજ આવ્યા હતા તેમને માટે પણ વિલાસની અનેક પ્રકારની સામગ્રી નેપોલિયને ત્યાં મોકલાવી દીધી હતી. નેપોલિયનની સવારી સવારના દશ વાગ્યે ત્યાં આવી પહોંચી હતી તે વખતે શહેરના રસ્તા રાજાઓ, શાહજાદાઓ, ઉમરાવો, રાજદરબારીઓ, લશ્કરના અને રાજ્યના અનેક મોટા મોટા અધિકા-

રીઓથી ભરાઈ ગયા હતા. તેને જોતાંજ ચારે દિશાએથી તાળીઓ અને હર્ષના પોકાર થવા લાગ્યા. ત્યાર પછી સેક્સની રાજાની સાથે પોતાના રસાલાસહિત ઝાર અલેક્ઝાન્ડર જે ઉઘાડા રથમાં બેસીને આવતો હતો તેને લેવાને માટે નેપોલિયન સામો ગયો. એર્ફર્થથી છ માઇલને અંતરે બેઉ નૃપતિઓ મળ્યા, અને હૈયાના ઉમળકાથી એક બીજાને ભેટયા. પછી બેઉ જણ ઘોડા ઉપર બેસીને મિત્રોની માફક વાતો કરતા કરતા શહેરમાં દાખલ થયા.

ઝારને માટે નેપોલિયને બાદશાહી ઢબનાં રાચરચીલાં અને સુખનાં સાધનોથી ભરપૂર સુંદર ઉતારો તૈયાર કરાવ્યો હતો. ત્યાં ઝારની સ્વારી ગઈ અને બેઉ જણ સાથે બેસીને જમ્યા. સાંજના દરબારી ઠાઠથી મિજબાની આપવામાં આવી; તેમાં ત્યાં આવેલા તમામ માનવંતા પરોણાઓને નોતરવામાં આવ્યા હતા. રાતના ફ્રાન્સથી આ પ્રસંગને માટે ખાસ તેડાવેલા સારામાં સારા નાટકકારોએ મનુષ્યના ઉમદામાં ઉમદા ગુણોનું દર્શન કરાવે એવું કરુણરસપ્રધાન નાટક ભજવી બતાવ્યું. નાટકશાળા રાજવંશી અને ખાનદાની પ્રેક્ષકોથી ચીકાર ભરાઈ ગઇ હતી. નાટક શરૂ થયું અને તેમાંના એક પ્રવેશમાં એક પાત્રના મુખમાંથી એવો ઉદ્ગાર નીકળ્યો કે—

“ મહા પુરુષની મૈત્રી એ તો દેવોની પ્રસાદી છે.”

આ વાકય બોલાયું કે તરત અલેક્ઝાન્ડર ઉભો થયો અને નેપોલિયનનો હાથ પકડીને તેણે કહ્યું, “ આ વાકયનું રહસ્ય હું દરરોજ અનુભવું છું. ” આ શબ્દો બોલાતાંજ તાળીઓ અને હર્ષોદ્ગારથી આખી રંગભૂમિ ગાજી ઉઠી.

નેપોલિયનની ચિત્તવૃત્તિ નાચતમાશામાં ઠરતી ન હતી. કાર્ય કરવામાંજ તેને તો મઝા પડતી હતી. એટલે જે કાર્યને અર્થે તેનું આવવું થયું હતું તેનોજ નિકાલ કરવામાં તે રોકાયો. દરરોજ લગભગ વીશ દિવસસુધી સાથે બેસીને ઝાર અને નેપોલિયન રાજદરબારી વાતચીત કરવામાં રોકાયા. તુર્કસ્તાન પાસેથી કોન્સ્ટેન્ટિનોપલ ઝુંટવી લેવા ઝારને તીવ્ર અભિલાષા હતી, અને તેમાં જો ફાવે તો તે ઘણોજ બળવાન બની જાય તે માટે નેપોલિયન તેની સખત વિરુદ્ધ હતો; છતાં ઝારનું મન મનવવાને તે ઘણોજ આતુર હતો. આસ્ટ્રિયાના નૃપતિએ હમણાં હમણાં ફ્રાન્સની વિરુદ્ધ વર્તન બતાવવા માંડયું હતું તેથી આ પ્રસંગે તેને પણ નિમંત્રણ કરવામાં આવ્યું હતું; પણ પોતાના રાજ્યની નજીકમાં યૂરોપના બે મહાબળવાન નૃપતિઓ મળવાના છે તેમને યોગ્ય માન આપવાને બહાને પોતાના તરફથી એક પ્રતિનિધિનેજ તેણે મોકલાવ્યો. તેનો અંદરખાનેથી એટલોજ હેતુ હતો કે બેઉ બાદશાહો વાતચીત કર્યા પછી છેવટે શા નિર્ણયપર આવે છે તે જાણી લેવું.

એર્ફર્થ શહેર જર્મનીના ઉમરાવો, શ્રીમંતો, સાક્ષરો, કવિવરો અને સુંદરમાં સુંદર મહિલાઓથી ભરાઇ ગયું હતું. તેમને માટે મિજબાનીઓ, નૃત્ય અને ગાયનના

જલસા વગેરેની નેપોલિયને મોટા પાયાપર સુંદર વ્યવસ્થા કરી દીધી હતી; પણ જ્યારે આ મોજીલા જીવો રંગરાગ અને નાચતમાશામાં રોકાઇ રહેતા હતા ત્યારે તે પોતે તો આખો વખત પોતે હાથ ધરેલા મહાભારત કાર્યમાંજ ગુંથાઇ રહેતો હતો.

નેપોલિયનના ઉદાર આશ્રયથી મોહિત થએલા દેશ દેશના સાક્ષરો ત્યાં એકત્ર થયા હતા. જગવિખ્યાત જર્મન કવિવર ગિટ્ટે અને સ્વિટ્ઝર્લેન્ડનો નામીચો ઇતિહાસકાર મૂલર પણ ત્યાં હતા. એ મૂલર એક ઠેકાણે નેપોલિયનના સમાગમની નીચેના શબ્દોમાં નોંધ લે છે.—

"તદ્દન નિષ્પક્ષપાતપણે અને ઈશ્વરની રૂબરૂમાં બોલતો હોઉં તેમ હું સાચેસાચી વાત કહું છું. તેના જ્ઞાનની વિવિધતા, તેની તીક્ષ્ણ અવલોકન શકિત, અને દરેક વિષયનું રહસ્ય સમજી શકે એવી પરિપકવ બુદ્ધિ જોઇને હું ચકિત થઇ ગયો. તેણે મારી સાથે એવી રીતે વાત કરી કે તેણે મારૂં હૃદય આકર્ષી લીધું અને મારો પ્રેમ જીતી લીધો. એ પ્રસંગને મારી જિંદગીનો સૌથી વિશેષ યાદગાર પ્રસંગ હું માનું છું. પોતાની બુદ્ધિના પ્રભાવથી અને નિઃસ્વાર્થ સૌજન્યથી તેણે મને જીતી લીધો છે."

તત્ત્વચિંતકો, કવિઓ, ઇતિહાસકારો, નાટકકારો સર્વની સાથે તે એકસરખી કુશળતાથી વાત કરતો, અને તેઓ પણ એના જ્ઞાનનું ઉંડાણ અને બુદ્ધિની શ્રેષ્ઠતાની પ્રશંસા કરતા. પ્રાચીન સાહિત્યની ચર્ચા થતી હોય તો તેમાં પણ તે એક્કો હતો. ખ્રિસ્તી અને મુસલ્માન ધર્મની તુલના થતી હોય તો તેમાં પણ તે ગંભીર તત્ત્વચિંતકની માફક પ્રૌઢ વિચારો દર્શાવતો. વર્તમાન સાહિત્યના દોષ બતાવવામાં પણ એક બાહોશ વિવેચકને શોભા આપે એવી ટીકા કરતો તેને જોઇને સાક્ષરમંડળ ચકિત થઇ જતું. શેકસપિયરના ધોરણ પર રચાતાં જર્મન નાટકોપર વિવેચન કરતાં તેણે કવિવર ગિટ્ટેને કહ્યું કે તમારા જેવો સર્વોપરિ બુદ્ધિમાન પુરુષ પણ કરુણરસ અને હાસ્યરસ જેમાં મિશ્ર થયો હોય એવાં નાટક પસંદ કરે છે તે જોઇને મને ઘણી નવાઇ લાગે છે.

સાહિત્યના વિષયોનો આવો સૂક્ષ્મ અભ્યાસ તેણે ક્યારે કર્યો એવો પ્રશ્ન ત્યાં હાજર રહેલા વિદ્વાનમાંથી કોઈએ કર્યો. નેપોલિયને જવાબ આપ્યો કે "એકવાર જ્યારે હું લશ્કરમાં લેફ્ટનેન્ટ (નીચા દરજ્જાનો સરદાર) હતો ત્યારે મારા લશ્કરની છાવણી વેલેન્સમાં હતી, અને મારો મુકામ ચોપડીઓ વેચનારના ઘરમાં હતો. મને લોકોમાં હળવું મળવું પસંદ ન હોવાથી હું એકલો ઘેર બેસીને વાંચ્યાજ કરતો. તે દુકાનમાંનાં ઘણાં ખરાં પુસ્તકો મેં એક કરતાં વધારે વાર વાંચી નાખ્યાં અને યુદ્ધને લગતાં તથા બીજા વિષયને લગતાં જે જે પુસ્તકો મેં વાંચ્યાં હતાં તેમાંથી હું કાંઇજ ભૂલી ગયો નથી." તેની સ્મરણશક્તિ અને હાથ લીધેલા કામમાં તલ્લીન થઇ જવાની શક્તિ બેઉ અલૌકિક પ્રકારનાં હતાં. **ફ્રાન્સમાં એવો એક પણ આગળ**

પડતો **માણસ ન હતો કે જેના ખાનગી ઇતિહાસથી, ચારિત્ર્યથી અને લાયકાતથી નેપોલિયન અજાણ્યો હોય.** તેણે પોતાના પ્રધાનો પાસે આગેવાન માણસોના ગુણદોષના કોઠા ઘણાજ ચોકકસપણે તૈયાર કરાવ્યા હતા. એ કોઠાને તે **“ મારા રાજ્યના નૈતિક હિસાબના આંકડા ”** કહેતો હતો. પ્રધાનોના હેવાલ અને ખાનગી પત્રવ્યવહારથી નવી નવી હકીકતો જાણી લઇને એ કોઠાઓમાં તે વખતોવખત ફેરફાર કર્યા કરતો હતો. **તે પોતાના કાગળો જાતેજ વાંચતો અને તેમાંની મતલબ તેના મગજમાંથી કદિ પણ ખસી જતી નહિ.** તેની નિદ્રા ઘણી અલ્પ હતી અને પળેપળનો તે રૂડો ઉપયોગ કરતો. તેની સ્મરણશક્તિ એવી હતી કે હિસાબના આંકડાપર તે એકવાર નજર ફેરવી જતો એટલે પછી તેની છાપ તેના મગજ ઉપરથી કદિ ભૂંસાતી નહિ. પોતાની કારકીર્દી દરમ્યાન દરેકે દરેક વર્ષમાં જૂદા જૂદા કરની કેટલી ઉપજ થઇ હતી તેના આંકડા તેને મોઢેજ હતા. **હિસાબી ખાતાની ભૂલો તે અજાયબ જેવી રીતે પકડી આપતો.** એકવાર લશ્કરી ખાતાના ખર્ચનો હિસાબ તપાસતાં તેણે શક ઉઠાવ્યો કે અમુક પલટણનું ભથ્થું ખોટું ચડાવવામાં આવ્યું છે; કારણ કે તે પલટણ હિસાબમાં બતાવેલી જગ્યાએ હતીજ નહિ. તપાસ કરતાં જણાયું કે હિસાબી ખાતાના એક કારકુને ભથ્થાના પૈસા ખાઇ જવા માટે ખોટો હિસાબ રજૂ કર્યો હતો. તેને તરતજ બરતરફ કર્યો અને રાજ્યમાં દાખલો સાડવા માટે એ હકીકત સર્વત્ર પ્રકટ કરવામાં આવી.

‘જેના’નો સંગ્રામ જે સ્થળે થયો હતો તે જગ્યાપર મોટા પાયાપર લશ્કરી રમતગમત કરવામાં આવી. જે ટેકરીપર બેસીને નેપોલિયને બે વરસપર પોતાનો તંબુ રોપ્યો હતો અને જ્યાંથી શત્રુસૈન્ય ઉપર નાશકારક તોપોનો માર ચલાવ્યો હતો ત્યાં આગળજ રાજવંશી પરોણાઓમાટે એક ભવ્ય સમીઆણો બાંધવામાં આવ્યો. આસપાસના પ્રદેશોના હજારો તમાશબીનો ત્યાં આવ્યા હતા તેમણે નેપોલિયનને જયનાદથી વધાવી લીધો. યુદ્ધ વખતે જેના શહેરને ભારે નુકસાન થયું હતું તેના બદલામાં નેપોલિયને ગામ લોકોને ત્રણ લાખ ફ્રાન્ક અપાવવાનો બંદોબસ્ત કર્યો. પૃથ્વી ઉપર એવો કયો રાજા છે કે જેણે શત્રુરાજ્યના શહેરને લડાઇમાં થએલી નુકસાનીનો બદલો આપવાની ઉદારતા બતાવી હોય ?

ઘણા દિવસસુધી વાતચીત કર્યા પછી ઝાર અને નેપોલિયને પોતાના તકરારી સવાલોનો નીચે પ્રમાણે નિર્ણય કર્યો. ફ્રાન્સ અને રશિયાને મૈત્રીની દઢ ગાંઠથી બાંધી દેવાં અને લડાઇ તેમજ સુલેહ કરવામાં બેઉ રાજ્યોએ સાથેજ ઉભા રહેવું. બેઉ રાજાએ સલાહમાટે ઇંગ્લંડ આગળ સામટી માગણી કરવી અને સલાહની સરતો એવી ન્યાયી રાખવી કે ઇંગ્લંડના લોકો પણ ત્યાંના પ્રધાનમંડળને સલાહ કરવાનો આગ્રહ કરે. રશિયાએ જોસેફને સ્પેનના રાજા તરીકે સ્વીકારવો અને રશિયા ફિનલેન્ડ

તથા તુર્કસ્તાનના મોલ્ડેવિયા અને વેલેશિયા નામના બે પ્રાન્તનો કબજો લે તેમાં ફ્રાન્સે હરકત કરવી નહિ. ઈંગ્લંડના રાજાને મોકલવાનો પત્ર નેપોલિયને પોતાને હાથે ઘડી આપ્યો અને તેના ઉપર તેણે તથા ઝારે સહીઓ કરી.

જ્યારે બેઉ નૃપતિઓ વચ્ચે રાજનૈતિક પ્રશ્નોની ચર્ચા ચાલતી હતી ત્યારે તેની સાથે સાથે જોસેફાઇન સાથે લગ્નસંબંધ રદ કરીને નેપોલિયને ઝારની બેન સાથે લગ્ન કરવું એ પ્રશ્ન પણ ચર્ચાવા લાગ્યો. નેપોલિયનના ચારિત્ર્ય ઉપર એ મોટામાં મોટું અને નહિ ભૂંસી શકાય એવું કલંક છે. નમ્ર પ્રકૃતિની, પતિપરાયણ અને ઉદાર સ્વભાવની ભલી જોસેફાઇને તો તેને આ અપરાધની ક્ષમા આપી, પણ જગત્ ક્ષમા નથી આપતું. એ જોસેફાઇન નેપોલિયનની તોફાની સમુદ્રના જેવી જિંદગીનાં પ્રચંડ તોફાનોમાં તેની સાથે સાચી પતિવ્રતા સ્ત્રીની માફક અડગ ભક્તિથી સામેલ થઇ હતી, અને અનન્ય પ્રેમ અને ભક્તિથી વિપત્તિના અનેક પ્રસંગોમાં તેને વળગી રહી હતી. આવા પવિત્ર લગ્નસંબંધનો ઉચ્છેદ કરવાનો તેને કશો હક્ક ન હતો. દુનિયાદારીની નજરે તેમ કરવાની ગમે તેટલી જરૂર જણાઇ હોય તોપણ એ પાપ તે પાપજ. જ્યારથી તેણે એ વિચારને અંતઃકરણમાં સ્થાન આપ્યું ત્યારથી ઈશ્વરની તેના ઉપર કરડી નજર થઇ અને તેની વિપત્તિઓનો વધારો થતો ગયો. તે પોતે પણ કબૂલ કરે છે કે જોસેફાઇનનો ત્યાગ એ મારા ઉપરની મોટામાં મોટી વિપત્તિ;હતી.

પણ એક બાજુએ આપણને નેપોલિયનને તેના આ કૃત્ય માટે સખતમાં સખત શબ્દોમાં વખોડીએ તે વખતે ન્યાયની ખાતર આપણે તેની પણ દલીલ સાંભળવી જોઇએ. પતિપરાયણ જોસેફાઇન પણ આંસુથી છલકાતી આંખે પોતાના પતિને ક્ષમા કરવા માટે જગત્‌ની યાચના કરે છે અને તેનો પતિ તેને અનન્ય પ્રેમથી ચહાતો હતો છતાં તેને તેનો લાચારીથી ત્યાગ કરવો પડ્યો છે એમ કહીને આપણને નેપોલિયનમાટે દયા ઉપજાવે છે. જોસેફાઈનનો ત્યાગ એ નેપોલિયનના જીવનનો અત્યંત અદ્ભુત, ભવ્ય અને કરુણ પ્રસંગ છે. નેપોલિયન પોતાના બચાવમાં શું કહે છે તે હવે આપણે સાંભળીએ. તે જોસેફાઇનને કહે છે, “ હું તને ચાહું છું અને તનેજ ચાહું છું. આ જીવનમાં મેં સુખની થોડી ઘણી પળ અનુભવી હોય તો તે માત્ર તારા પ્રેમને લીધેજ છે; પણ યૂરોપના તમામ રાજાઓ મને–પ્રજાના ચૂંટાયલા રાજાને કચરી નાખવા તૈયાર થયા છે. આખા યૂરોપને મનુષ્યરક્તથી રંગી નાખનાર અને હજારો સુખી કુટુંબોની પાયમાલી લાવનાર યુદ્ધોનો છેડો આવનાર નથી. જો હું રશિયા કે આસ્ટ્રિયાની શાહજાદીને પરણું તો હું રાજાઓની પંક્તિમાં સ્થાન પામી શકું અને મારા પુત્રને રાજા તરીકે સ્વીકારતાં તેઓ વાંધો ન ઉઠાવે. મારા પક્ષને સબળ ટેકો મળે અને યૂરોપમાં સુલેહશાંતિ પથરાય. આપણે છૂટાં પડીશું તોપણ આપણે એક બીજાને ચાહી શકીશું. બહારથી છૂટાં પણ અંતઃકરણથી એક રહીશું.

આવા મહાન હેતુને સિદ્ધ કરવાને આપણો પતિપત્ની તરીકેનો સંબંધ તોડી ન શકીએ? **માણસજાતને માટે આપણું એ મોટામાં મોટું બલિદાન કહેવાશે.**

“ હું અપુત્ર મરી જાઉં તો મારા મરણ પછી ફ્રાન્સમાં દાવાનળ જાગશે. લોહીની નદીઓ વહેશે. ઈશ્વર જો મને પુત્ર આપે તો આવા ઉત્પાતનો સંભવ ટળી જશે. ત્યારે આપણા દેશના કલ્યાણયજ્ઞની વેદીઉપર આપણું બલિદાન આપણે શું ન આપી શકીએ ? ફ્રાન્સ તેની જરૂર કદર કરશે અને ભવિષ્યની પ્રજા આપણને આશિષ આપશે. ”

જોસેફાઇનનો ત્યાગ કરવામાં નેપોલિયનનો આવો સુંદર ઉદ્દેશ હતો. તે પોતે પણ પતિનો મનોરથ સમજતી હતી; પણ આટલું છતાં ઈશ્વરની નજરે એ પાપાચરણ હતું અને એના બદલામાં તેને કેવી ભયંકર શિક્ષા થઇ તે જગતે જોઇ. તે આસ્ટ્રિયાની શાહજાદીને પરણ્યો, પુત્રનો પિતા થયો, એ પુત્ર રાજ્યાસને આવશે એવાં સ્વપ્ન રચવા લાગ્યો; પણ ડાહ્યામાં ડાહ્યા માણસની નજર પણ કેટલીક બાબતમાં ટુંકી હોય છે. આગળ ચાલતાં આસ્ટ્રિયાનો રાજા—તેનો સસરોજ તેનો વિનાશ કરવામાં સામેલ થયો, અને તે પુત્ર અપ્રસિદ્ધ રીતે અકાળમૃત્યુ પામ્યો. જેના જન્મ વખતે આખા ફ્રાન્સે ઉત્સવ કર્યો હતો તેના મરણની કોઇને જાણ સરખી પણ થઈ નથી.

ઝારને પોતાને પણ નેપોલિયન સાથે સગપણની ગાંઠથી જોડાવાની અભિલાષા હતી. નેપોલિયન તેનો મિત્ર તો હતોજ પણ બનેવી થાય અને પોતે પારિસ આવે ત્યારે પોતાની બેનને ફ્રાન્સની રાજરાણી થએલી જુએ એ વિચાર તેને ઘણોજ ગમ્યો. નેપોલિયન આગળ આ વિચાર રજૂ કરવામાં આવ્યો. તેણે પોતે પણ અત્યાર આગમચ એ વિષે ઘણું વિચાર્યું હતું પણ પોતાની પત્ની તરફના અગાધ પ્રેમે તે સમયે એ વિચારને તુચ્છકારી કહાડયો હતો.

નેપોલિયનનાં વખાણ કરતાં ઝાર તો કદિ થાકતોજ નહિ. તેની એકલી બુદ્ધિનીજ નહિ પણ તેની સભ્યતા અને માયાળુપણાની પણ તે પ્રશંસા કરતો. તેણે કહ્યું હતું કે “ **તે આજના જમાનામાં માત્ર મોટામાં મોટોજ નહિ પણ સારામાં સારો માણસ છે.** લોકો તેને લડાઇનો શોખીન અને કીર્તિલોભી કહે છે પણ એ ખોટી વાત છે. તે લઢે છે ખરો પણ રાજનૈતિક જરૂરીઆતોને તથા આસપાસના સંજોગોને વશ થઇને લઢે છે. ”

છૂટા પડવાને દિવસે નેપોલિયન અને ઝાર બેઉ ઘોડે બેસીને એર્ફર્થ શહેર બહાર નીકળ્યા. હજારો માણસો આ દશ્ય જોવા ટોળે મળ્યાં હતાં. તેઓ થોડા માઇલસુધી ગયા પછી હેઠે ઉતર્યા. એક બીજાને પ્રેમથી ભેટયા. પછી નેપોલિયન પોતાની ગાડીમાં બેઠો. છૂટા પડતાં બેઉએ હાથ મેળવ્યા,અને છેલ્લી વિદાય લીધી. પછી તેઓ ફરી મળ્યાજ નથી; પણ તેમનાં બેઉનાં સૈન્ય તુમુલ રણસંગ્રામ મચાવવા થોડાજ વખત પછી

રશિયાનાં લોહીથી રંગાયલાં બરફનાં મેદાનોમાં, અગ્નિથી બળીને ભસ્મ થઈ જતા મોસ્કો નગર આગળ એકઠાં થયાં હતાં.

ઈંગ્લંડના રાજાને લખાયલો પત્ર મુખ્ય પ્રધાન મી. કેનિંગને પહોંચાડવામાં આવ્યો. પત્ર લઈ જનાર દૂતને પણ ઈંગ્લંડને કિનારે ઉતરતાં અનેક હરકતો અને અપમાન વેઠવાં પડયાં. ઈંગ્લંડના પ્રધાનમંડળે તેનો હમેશની માફક તોછડો જવાબ વાળ્યો. અંગ્રેજ ઇતિહાસકાર સ્પષ્ટવક્તા કર્નલ નેપિયર પણ પ્રધાન મિ. કેનિંગના જવાબની “ભાષા અપમાનજનક” હતી એમ સ્વીકારે છે. આવો ઉત્તર મળ્યા પછી સલાહનો સંભવજ ન રહ્યો. યૂરોપમાં ખૂન અને કતલનો પવન ફૂંકાવા લાગ્યો અને નેપોલિયનનો “કદિ પણ તૃપ્ત ન થાય એવો લોભ” ચારે દિશાએ વગોવાવા લાગ્યો.

નેપિયર લખે છે કે “તેના (નેપોલિયનના) રાજ્યતંત્રનો મૂળ સિદ્ધાંત અને તેની લોકપ્રિયતાની ખરી ચાવી એ હતી કે તે ઉમરાવવર્ગનો નહિ પણ પ્રજાવર્ગનો રાજા હતો. એટલાજ કારણથી ઈંગ્લીશ પ્રધાન મી. પિટ્ટ તેને “પ્રજાસત્તાક રાજ્યતંત્રની ભાવનાનો પુત્ર અને રક્ષક” કહેતો હતો; કેમકે મી. પિટ્ટ અને તેની જગ્યાએ આવનારા પ્રધાનો ઉમરાવવર્ગનાં હિત અને લાભ જાળવનારા હતા. એજ કારણથી આખા યૂરોપનો ઉમરાવવર્ગ નેપોલિયનને સ્વાભાવિકરીતે પોતાનો કટ્ટામાં કટ્ટો દુશ્મન ગણીને તેને ધિક્કારતો હતો અને ફ્રાન્સના રાજ્યવિપ્લવપ્રત્યેનું તેમનું સઘળું વેર તેઓ નેપોલિયન તરફજ દાખવતા હતા; કારણ કે સ્વતંત્રતાની ભાવનાઓનો સમર્થ રક્ષક જો હોય તો તે એકલોજ હતો. એથીજ પ્રજાપક્ષનો હિમાયતી નેપોલિયન અને અમુક અધિકાર અમારા એકલાનાજ છે એમ માનનાર ઉમરાવવર્ગની હિમાયત કરનાર ઈંગ્લંડ હવે પ્રકટ રીતે સામસામાં આવી ગયાં. બીજાં રાજ્યો નેપોલિયન સાથે સુલેહ કરવા રાજી હોવા છતાં ઈંગ્લંડ શામાટે મમત મૂકતું ન હતું તેનું કારણ હવે ઉઘાડું પડી ગયું. જ્યાંસુધી આ બેઉ પક્ષમાં લઢવાનું સામર્થ્ય રહે ત્યાં સુધી તેમની વચ્ચે સલાહ થવાનો હવે સંભવજ ન હતો.”

प्रकरण ४३ मुं–नेपोलियन फरीथी स्पेनमां

એક બાજુએ સ્પેનમાં ભયંકર બળવો સળગી ઉઠયો હતો અને બીજી બાજુએ આસ્ટ્રિયાનું વિશાળ સૈન્ય ફ્રાન્સની સરહદ ઉપર ઝઝુમી રહ્યું હતું: એ તકનો લાભ લઇને ઈંગ્લંડે હવે બમણા ઉત્સાહથી કામ કરવા માંડયું. સ્પેનનો બળવો તેણે પ્રજ્વલિત કરી આપ્યો અને જ્યાં જ્યાં બની શકયું ત્યાં બળવાખોરોને માટે શસ્ત્ર અને દારૂગોળો પહોંચાડવા માંડયો. સલાહ થવાનો તો હવે સંભવ રહ્યોજ ન હતો; તેથી નેપોલિયને તકરારનો નિકાલ લડાઈથીજ લાવવાની તૈયારી કરવા માંડી. ફ્રાન્સની પ્રજા જોગ એક ઉત્સાહપૂર્ણ જાહેરનામું તેણે પ્રકટ કર્યું અને તેવાજ એક બીજા જાહેરનામાથી સૈન્યને શૂરાતન ચડાવ્યું.

પારિસથી માડ્રિક સાતસો માઇલને અંતરે હતું. શિયાળાનો ઠંડો પવન સુસવાટ કરતો વાતો હતો અને મુશળધાર વરસાદથી રસ્તા કાદવમય બની ગયા હતા. તોપોનાં ગાડાંના પૈડાં કાદવમાં ગરકી જતાં હતાં, તોપણ ધૂમકેતુના જેવી ગતિથી તે પૃથ્વીપર દોડવા લાગ્યો. થાક અને જોખમને તો તે ઘોળીને પીજ ગયો હતો. અંધકાર અને વરસાદને પણ તે ગણતો ન હતો. ચાર દિવસમાં તે બેયોન શહેરમાં આવી પહોંચ્યો.

આવતાં વારનેજ તેણે સ્પેનની વસ્તુસ્થિતિની ખરી હકીકત મેળવવા માંડી. તેને તરતજ ખબર પડી ગઇ કે તેના હુકમોનું બરાબર પાલન કરવામાં સેનાપતિઓ બેદરકાર રહ્યા હતા. સિપાઇઓ પાસે પૂરતાં કપડાં ન હતાં. ઘોડા અને ખચ્ચરોની પણ તંગી હતી. ખોરાકની સામગ્રી પણ પૂરતા જથ્થામાં ન હતી. આખું લશ્કર એકજ ઠેકાણે સ્પેનના લશ્કરની વચમાં રાખવાનો નેપોલિયનનો હુકમ હોવા છતાં ઘેરાઇ જવાની દહેશતથી જોસેફે લશ્કરની ટુકડીઓને વેરણ ખેરણ ગોઠવી દીધી હતી. પારિસથી બેયોનસુધીની મુસાફરીના થાકની પરવા કર્યા વગર નેપોલિયને કમ્મર બાંધીને એવા તો ઉત્સાહથી કામ કરવા માંડયું કે તેના સ્વભાવથી અજાણ્યા માણ-

સોથી માની પણ ન શકાય. અનાજ, કપડાં, ઘોડા, ખચ્ચર વગેરેની ખરીદીમાટે ગંજાવર કબાલા તેણે તાબડતોબ કરી નાખ્યા. સિપાઇઓને માટે છાવણીનું બાંધકામ ધમધોકાર શરૂ થઇ ગયું. નવા સિપાઇઓની ભરતી કરવા માટે દલાલોને ચારે દિશાએ મોકલી દીધા. ટપાલ, રસ્તા અને પૂલોનો વહીવટ કરનારા અમલદારો ઉપર ઝીણી ઝીણી બાબતોની સૂચનાઓથી ભરેલા સેંકડો કાગળો લખાવી દીધા. આખો દિવસ કામ કર્યા પછી જાણે આરામ લેતો હોય તેમ નેપોલિયન ઘોડે બેસીને ખડકાળ માર્ગ ઉપર પૂરવેગથી ઘોડો દોડાવતો સાઠ માઇલ દૂર આવેલા ટોલોસા ગામમાં ગયો, અને ત્યાંથી બીજે દિવસે તે તેટલીજ લાંબી મજલ કરીને વિટ્ટોરિયા પહોંચી જઇને જોસેફને મળ્યો.

સ્પેનમાં બળવાખોરોની સંખ્યા પાંચ લાખ માણસોની હતી અને ધર્મગુરુઓએ અજ્ઞાન ગામડીઆઓને ખૂબ ઝનુન ચઢાવ્યું હતું. ઈંગ્લંડના લશ્કરની મદદથી તેમને ફતેહ મળી હતી તેથી તેઓ ખૂબ ફૂલાઇ ગયા હતા. નેપોલિયનની પ્રથમની યોજના એવી હતી કે શત્રુસૈન્યના જમણા અને ડાબા ભાગ ઉપર એકકીવખતે હુમલો કરીને તેમને છૂટા પાડી નાખવા. પછી એંશી હજાર માણસોવડે મધ્ય ભાગ ઉપર તુટી પડીને તમામ સૈન્યને વેરણ ખેરણ કરી નાખીને શત્રુની એક પછી એક ટુકડીનો નાશ કરી નાખવો; પણ તેમ કરવાને તેની પાસે બધું લશ્કર એકકે જથે હોવું જોઇતું હતું અને જોસેફે લશ્કરને એવું છૂટું છવાયું કરી મૂક્યું હતું કે આ યોજનાને હવે અમલમાં મૂકી શકાય એમ ન હતું, તોપણ તે અસલની યોજનાનેજ વળગી રહ્યો.

નેપોલિયને વિટ્ટોરિયા જતાંજ ચારે દિશાએ પડેલા સેનાપતિઓને એકજ જગ્યાએ એકઠા થવાના હુકમ છોડી દીધા. એકદમ બે લાખ સિપાઈઓનું ફ્રેન્ચ લશ્કર ચારે દિશાએથી એકઠું થવા લાગ્યું. આખા સૈન્યમાં નેપોલિયનના આવવાથી નવો ઉત્સાહ આવી ગયો. તે જેવો નિડર હતો તેવોજ દીર્ઘદૃષ્ટિવાળો હતો. ભવિષ્યમાં કદાચ પાછા હઠીને બચાવ કરવાનો વખત આવે તો તેને માટે પણ તે આગળ ધસતા પહેલાંજ તૈયારી કરી રાખતો. બાદશાહી છાવણીમાંથી હુકમપર હુકમ છૂટવા લાગ્યા. દવાખાનાં બંધાઈ ગયાં, યુદ્ધસામગ્રીના ભંડાર ભરાઇ ગયા અને વખતે પાછા હઠવું પડે તો તેને માટે મજબૂત મોરચા પણ રચાઇ ગયા. પોતાના લશ્કરનું બેઉ બાજુથી રક્ષણ કરવાને મજબૂત ટુકડીઓ ગોઠવી દીધા પછી નેપોલિયને પચાસ હજાર ચૂંટી કહાડેલા સિપાઇઓવડે શત્રુ સૈન્ય ઉપર હુમલો શરૂ કર્યો. સ્પેનના બિનઅનુભવી ગામડીઆઓથી તાલીમબાજ ફ્રેન્ચ સિપાઇઓના ધસારા સામે ઉભા રહેવાયું પણ નહિ. હથીઆર, તોપો, વાવટાઓ વગેરે છોડી દઇને તેઓ ટેકરીઓપર નાસી ગયા. એમ કરતાં કરતાં નાસતા સ્પેનવાસીઓ અને તેમની પાછળ દોડયા આવતા ફ્રેન્ચો એસ્પિનોઝા ગામ આગળ આવી પહોંચ્યા. અહિં ત્રીશ હજાર બળવાખોરો અંગ્રેજ

સરદાર જનરલ બ્લેકની સલાહ પ્રમાણે મજબૂત મોરચો બાંધીને ઉભા. તોપો અને બંદુકોના મારની પરવા કર્યા વગર હર્ષનાદ કરતા છ હજાર ફ્રેન્ચ સિપાઇઓ મોરચો મારીને ઉભેલા ત્રીશ હજાર સ્પેનવાસીઓ ઉપર ધસ્યા. આખો દિવસ જંગ મચી રહ્યો. અંધારૂં થતાં તેઓ છૂટા પડયા. નેપોલિયનના સૈન્ય સામે પોતે ટકી શકયા તેથી સ્પેનવાસીઓએ રાત્રે ઉત્સવ કર્યો અને ટેકરીઓ ઉપર તાપણાં સળગાવીને વિજયની બધે ખબર આપી. રાત્રે બીજા બાર હજાર ફ્રેન્ચ સિપાઇઓ આવી પહોંચ્યા, અને સવાર પડતાંજ દારુણ સંગ્રામ શરૂ થયો. સ્પેનવાસીઓને છેવટે તેમની મજબૂત જગ્યાએથી ખસવું પડયું અને ફ્રેન્ચોની સંગીનના પ્રહારથી તેમનામાં ભંગાણ પડયું. સેંકડો બળવાખોરો ગોળીઓથી વીંધાઈ ગયા અને નજીકમાં વેગબંધ વહેતી નદીના વહેણમાં પડીને તણાઇ ગયા. તેમનું બળ હવે પૂરેપૂરૂં તૂટી ગયું. હવે ફ્રેન્ચોને માડ્રિડ તરફ જતા અટકાવવાની તેઓ હિંમત કરી શકયા નહિ. માત્ર એકજ ઠેકાણે પર્વતના સાંકડા ઘાટ ઉપર મજબૂત તોપો ગોઠવીને તેમણે છેલ્લો પ્રયત્ન કરી જોયો, પણ ફ્રેન્ચ સ્વારો ત્યાં પણ તેમની તોપોની સામે ધસી ગયા અને આગલી હાર ગોળાથી છિન્નભિન્ન થઇ ગઇ તોપણ પાછલી હારે ઠેઠ તોપોના મોં આગળ પહોંચી જઇને ગોલંદાજોની કતલ કરી નાખી. આટલું થતાંજ આખું સૈન્ય વેગબંધ આગળ ધસ્યું અને બળવાખોરો હથિયાર ફેંકી દઇને ચારે બાજુએ વિખેરાઇ ગયા.

પોર્ટુગાલથી સર જૉન મૂરની સરદારી નીચે ઈંગ્લંડનું લશ્કર સ્પેનની મદદે આવતું હતું. તે આવી પહોંચે ત્યાર પહેલાંજ માડ્રિડ જઇ પહોંચવાનો નેપોલિયને નિશ્ચય કર્યો અને ત્વરાથી કુચ કરીને તે ઠેઠ શહેરની દિવાલ નજીક આવી લાગ્યો. શહેરમાં સાઠ હજાર બળવાખોરો એકઠા થયા હતા અને દિવાલના બૂરજપર તોપો ગોઠવીને ફ્રેન્ચોનો સત્કાર કરવા તૈયાર થઇને ઉભા હતા. નેપોલિયને આવતાં વારનેજ શહેરની ચારે બાજુએ પોતાની તોપો ગોઠવાવી દીધી અને દિવાલ તોડીને શહેરને સર કરવાની પૂરતી તૈયારી કરી દીધી. પછી નાહક મનુષ્ય હત્યા ન થાય અને શહેરના નિર્દોષ માણસોને ખમવું ન પડે તે માટે તેણે કહેવડાવ્યું કે બળવાખોરો તાબે થશે તો કોઇને કશી ઇજા કરવામાં નહિ આવે. તેમણે તાબે થવાની ચોક્ખી ના પાડી. તોપોનો મારો શરૂ થયો અને કિલ્લાનો આગલો ભાગ ફ્રેન્ચોએ સર કર્યો. મુખ્ય દિવાલને તોડવા માટે મજબૂત તોપો ત્યાં ગોઠવાઈ ગઇ; તોપણ નેપોલિયને બીજીવાર બળવાખોરોને ચેતવણી આપી કે હજી પણ તાબે થવાનો વખત છે. શહેરના ઘણા લોકો તાબે થવા ખુશી હતા, પણ બળવાખોરોએ તેમની નિર્દયપણે કતલ ચલાવી, બાકીના ઉપર ધાક બેસાડી દીધી અને નેપોલિયન તેમની ધાર્મિક સ્વતંત્રતા છીનવી લેવા આવ્યો છે એમ સમજાવીને ધર્માન્ધ લોકોને સ્વાર્થી ધર્મગુરુઓએ ઉશ્કેરી આપ્યા. નેપોલિયને ઘણી દૃઢતાથી પોતાના સિપાઇઓને વારી રાખ્યા; કેમકે શહેરપર

ધસી જવાને તેઓ ટમટમી રહ્યા હતા. બીજીવાર પણ શહેર તરફથી નકારમાં ઉત્તર મળ્યો. એક દિવસ અને એક રાત રાહ જોયા પછી નેપોલિયને દિવાલ ઉપર તોપનો મારો શરૂ કરવાની આજ્ઞા આપી. શહેરની વસ્તીને ઇજા ન થાય તેટલા માટે એક પણ ગોળો શહેરમાં ન પડે એવી રીતે તોપો ફોડવાનો હુકમ કર્યો હતો. દિવાલ તૂટી ગઇ અને ફ્રેન્ચો હર્ષનાદ કરતા શહેરમાં ધસી ગયા. અહિંઆં પણ નેપોલિયને તેમને અટકાવ્યા અને ત્રીજીવાર બળવાખોરોને તાબે થવાને નોટિસ મોકલી. હવે તેમને તાબે થયા સિવાય છુટકો ન હતો. તેમણે નેપોલિયન પાસે પોતાના તરફથી બે પ્રતિનિધિઓ મોકલ્યા. તેમાંનો એક તો ફ્રેન્ચોની થોડાજ વખત પૂર્વે ઘાતકીપણે કતલ કરાવનાર ગવર્નર મોર્લો હતો. નેપોલિયનને જોતાંજ તે ધ્રૂજી ગયો. તેણે તાબે થવાનું કબૂલ કર્યું. માત્ર એટલું માગી લીધું કે સ્પેનની રાજસભા લોકોને શાંત પાડે ત્યાંસુધી ફ્રેન્ચ લસ્કરે શહેરમાં દાખલ થવું નહિ.

આ પ્રમાણે નેપોલિયને ઔદાર્ય દાખવીને થોડામાં થોડા જાનના ભોગે માડ્રિડ શહેર સર કર્યું. એકદમ જાદુઇ અસરની માફક શહેરમાં શાંતિ પથરાઇ ગઈ અને લોકોના જાનમાલ સુરક્ષિત થઇ ગયા. બજાર ઉઘડયાં અને લોકોનો દૈનિક વ્યવહાર હમેશની માફક ચાલવા લાગ્યો. સર્વ પ્રકારના રાજકીય અપરાધીઓને માફી આપવામાં આવી. ધર્મગુરુઓના હાથમાં લોકોને કચરવાના ભયંકર હથિયારરૂપ ઈન્કવીઝિશનની સંસ્થા નાબૂદ કરી. આળસુ સાધુઓના મઠની સંખ્યા બે તૃતીયાંશ જેટલી કમી કરી નાખી. રદ કરેલા મઠની અડધી ઉપજમાંથી સારા સાધુઓના પગારમાં વધારો કર્યો અને બાકીની રકમ માજી સરકારે કરેલું દેવું વાળવા પાછળ ખર્ચી દીધી. દેશના વ્યાપારને નડતર કરનારૂં જકાતખાતું ઉઠાડી લીધું અને ઉમરાવો તેમના ખેડુતો ઉપર જે સત્તા ભોગવતા હતા તે રદબાતલ કરી. સ્પેનની પ્રજાને માટે આ લાભ કાંઈ ઓછા ન હતા. તેનાથી ભવિષ્યમાં ઘણાં સારાં પરિણામ નીપજત; પરંતુ ઈંગ્લંડે આવા લોકોપયોગી સુધારાનો નાશ કરી નાખે એવા રાજાઓના હાથમાં એ દેશને સોંપી દઇને તેને મનુષ્યરક્તથી રંગી દીધો તથા ત્રણ સૈકાં જેટલો તેને પાછળ પાડી દીધો. ખરેખર આ વિચારથી ગ્લાનિ ઉપજ્યા વગર રહેતી નથી.

નેપિયરે આ યુદ્ધની તવારીખ લખી છે તે જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે સ્પેનમાં ચાલેલી લડાઇ ખરૂં જોતાં પ્રજાપક્ષના અને રાજસત્તાના હિમાયતીઓ વચ્ચેની હતી. તેનું આ ખરૂં સ્વરૂપ બેઉ પક્ષ સ્વીકારે છે. વેલિંગ્ટનને લખેલા સરકારી પેગામમાં " પ્રજાસ્વાતંત્ર્યના જુસ્સાને દબાવી દેવોજ જોઇએ " એવો ઘણે ઠેકાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રજાની સ્વતંત્રતાનું અને ગરીબ તેમજ અમીર સર્વને માટે એક સરખા કાયદા રાખવાના વિચારનું જોસેફ સમર્થન કરતો હતો. ફર્ડિનાન્ડની બેશરમી વર્તણુકનો તો કોઇથી બચાવજ થઇ શકે એમ નથી. સ્પેનની રાણી " ખરા-

બમાં ખરાબ સ્ત્રી " હતી એમ પણ વેલિંગ્ટન પોતેજ લખે છે; અને તે છતાં પણ આવા રાજાઓનો પક્ષ લઇને તેમના હાથમાં રૈયતને સોંપવા માટે ઇંગ્લંડ લડાઇમાં ઉતરતું હતું !

આટલો બંદોબસ્ત કર્યા પછી નેપોલિયને લોકોના આગેવાનોને બોલાવ્યા અને તેમને કહ્યું કે લોકોની મરજી વિરુદ્ધ હું જોસેફને સ્પેનની ગાદી આપવા ઇચ્છતો નથી. લોકો પોતે આવા ઉદાર અને સુધરેલા વિચારના રાજાને સ્વીકારવા રાજી હોય અને ફરીથી તેને પદભ્રષ્ટ કરવાનો વિચાર ન કરે તોજ જોસેફ અહિં રહેશે. ત્યાર પછી સ્પેનના ૧૨૦૦ આગેવાનોનું પ્રતિનિધિમંડળ તેની પાસે ગયું. પોતે સ્પેનને જે લાભ કર્યા હતા તે ગણાવ્યા પછી નેપોલિયને છેવટમાં કહ્યું, “ આજની પ્રજામાંથી મારેવિષે જૂદા જૂદા અભિપ્રાયવાળા ઘણા નીકળી આવશે; પણ તમારી ભવિષ્યની સંતતિ દેશને **નવજીવન** આપનાર તરીકે મને કૃતજ્ઞતાસહિત યાદ કરશે. ”

આ રીતે માત્ર પાંચજ અઠવાડીઆંમાં સ્પેનમાં જાગેલો બળવો શમાવીને નેપોલિયને અડધા દેશ ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો. હવે તેને ઈંગ્લંડના લશ્કરની ખબર લેવાની રહી. સર જોન મૂરની સરદારી નીચે ત્રીશ હજાર અંગ્રેજ સિપાઇઓનું સૈન્ય પોર્ટુગાલથી ઝપાટાબંધ ચાલ્યું આવતું હતું. બીજી દિશાએથી સર ડેવિડ બેર્ડ નામનો બીજો અંગ્રેજ સેનાપતિ દશ હજાર સિપાઇઓ સાથે ચાલ્યો આવતો હતો. આ કવાયતી સૈન્યો સ્પેનના હજારો બળવાખોરો સાથે સામેલ થવા પામે તો જરૂર ફતેહ મળે, એવી અંગ્રેજ સેનાપતિઓ આશા રાખતા હતા; પણ તેમ થવાનો તો હવે સંભવજ ન રહ્યો. નેપોલિયને બળવાખોરોને સૂકાં પાનની માફક ઉડાવી દીધા તેથી ઈંગ્લંડના લશ્કરને હવે તો જેમ જલદી નસાય તેમ નાસી જવા સિવાય બીજો માર્ગ રહ્યો નહિ.

સર જોન મૂરે હવે કોરૂના તરફ ઝડપથી કુચ કરવા માંડી. ત્યાં આગળ પોતાના સૈન્યને માટે વહાણ તૈયાર રખાવવાનો હુકમ આપી દીધો. આ બાજુએ પોતાના લશ્કરની સલામતીમાટે મજબૂત મોરચા અને તોપો ગોઠવાવી દીધા પછી નેપોલિયન ચાલીશ હજાર સિપાઇઓ સાથે મૂરને મળવા ચાલી નીકળ્યો. બિનકવાયતી સ્પેનના ગામડીઆ સાથે નહિ પણ તાલિમબાજ અંગ્રેજ સિપાઇઓ સાથે લઢવાનું હોવાથી તેણે બાદશાહી રક્ષકોની પલટણના સારામાં સારા સ્વાર, પ્યાદા, સિપાઇઓ અને તોપખાનાનો પુષ્કળ સરંજામ સાથે લીધો. સ્પેનવાસીઓ બધા નાસી ગયા અને તેમની મદદે આવેલા અંગ્રેજોજ હવે એકલા રહી ગયા. નેપોલિયન વંટોળીઆની ઝડપથી તેમની તરફ ધસી આવતો હતો. અંગ્રેજોની સલામતીનો આધાર હવે તેમના હાથ કરતાં પગ ઉપર વધારે હતો. તેઓ કોરૂના બંદરે પહોંચી જાય ત્યાર પહેલાં તેમને પકડી પાડીને સમશેરનો સ્વાદ ચખાડવાના વિચારથી નેપોલિયને અતિશય ત્વરાથી કુચ કરવા

માંડી. એકદમ ઋતુમાં ફેરફાર થઇ ગયો. બરફ અને વરસાદનાં તોફાન શરૂ થયાં અને તોપોનાં ગાડાનાં પૈડાં કાદવમાં ગરકી જવા લાગ્યાં. ઘોડેસ્વારો અને પાયદળની હારમાં ગોટાળો થઈ ગયો. ભોમીઆઓ કહેવા લાગ્યા કે આગળ જઈ શકાશેજ નહિ; પણ આલ્પ્સ પર્વતનાં બરફનાં તોફાનને ઘોળીને પી જનાર નેપોલિયનનો નિશ્ચય ડગ્યો નહિ. સ્વારો પોતપોતાના ઘોડા દોરવા માંડયા અને લોખંડ જેવા મજબૂત પગવાળા યોદ્ધાઓ બરફને છુંદતા, કચરતા આગળ ચાલવા લાગ્યા. એટલે પાછળ આવનારા માટે રસ્તો સરળ થતો ગયો. નેપોલિયન પણ લશ્કરની સાથે પગે ચાલતો હતો અને સામાન્ય સિપાઇની માફક બરફ અને વરસાદની ઝડીઓ સહન કરતો હતો. આ જોઇને સૈન્ય પણ ઉત્સાહભેર પોતાના સેનાપતિની પાછળ આવતું ગયું. એકવાર લશ્કરનો મુખ્ય ભાગ પાછળ પડી ગયો અને નેપોલિયને તેની સાથેનાં માણસો સાથે એક કંગાલ ઝુંપડામાં રાતવાસો કર્યો. તેને માટે જે ખોરાકની સામગ્રી સાથે આણી હતી તેમાંથી તેણે તથા બીજાઓએ વહેંચીને વાળુ કર્યું. પછી સગડીની આસપાસ બેસીને નેપોલિયને પોતે બ્રિયેનની નિશાળમાં ભણવા ગયો ત્યાંથી શરૂ થએલી અને “ તેનો ક્યાં અંત આવશે તે હું (નેપોલિયન) જાણતો નથી” એવી અદ્ભુત પોતાના જિંદગીના પ્રસંગોની વાતો કહેવામાં રાત્રિ પસાર કરી.

પર્વતો ઓળંગ્યા પછી બરફને ઠેકાણે હવે વરસાદની ઝડીઓ વરસવા લાગી અને તોપોનાં ગાડાં કાદવમાં થઇને ખેંચતા સિપાઇઓને ઘણો શ્રમ પડવા લાગ્યો. મૂરના લશ્કરને પાછળથી ઘેરી લેવા માટે નેપોલિયને એક ટુકડી આડ માર્ગે મોકલી દીધી. હવે અંગ્રેજ લશ્કર તેનાથી એકજ મજલને છેટે રહ્યું હતું, અને નેપોલિયને પાથરેલી જાળમાં લગભગ ફસાઈ ગયું હતું. તેઓ જીવ લઇને કોરૂના તરફ નાસતા હતા અને જતાં જતાં માર્ગમાંના પૂલોને દારૂથી ઉડાવી દેતા હતા.

સર જૉન મૂરે પોતાના સૈન્યને કાબૂમાં રાખવા માટે બનતો પ્રયત્ન કર્યો પણ તેણે ત્યાંની રૈયત ઉપર તો કેરજ વર્તાવી મૂકયો. માર્ગમાં તેના સૈનિકોને જ્યાં ત્યાં દારૂ હાથ લાગતો અને તે પીને તેઓ છાકટા બની જતા તથા ગામનાં ગામ લૂટતા અને સળગાવી મૂકતા. ઘણી વાર તો તેઓ ચકચૂર હાલતમાં પોતે સળગાવેલી આગમાં જાતેજ બળી મરતા. આને લીધે સ્પેનના રહેવાસીઓ અને અંગ્રેજો વચ્ચે તિરસ્કારની લાગણી દઢ થતી ગઇ. અંગ્રેજો તેમને “ કૃતઘ્ન ચંડાળો ” કહેતા. સ્પેનના લોકો ઉત્તરમાં કહેતા કે “ અમે શાના કૃતઘ્ન ? તમે તમારા સ્વાર્થમાટે અહીં આવ્યા હતા અને હવે અમારો બચાવ ન કરતાં નાસી જાઓ છો ! ” આખે રસ્તે અંગ્રેજ સૈન્યની ખરાબીની નિશાનીઓ ઠેકાણે ઠેકાણે જોવામાં આવતી હતી. તોપોનાં ભાગેલાં ગાડાં, સીધા સામાનના ખટારા અને માંદા, ઘાયલ થએલા તથા છાકટા બનેલા સિપાઇઓ રસ્તામાં જ્યાં ત્યાં પડયા હતા.

મુશળધાર વરસાદ વરસતો હતો, અને સિપાઈઓ ભીને કપડે ધ્રૂજતા આગળ વધતા હતા. નેપોલિયન પણ તેમની સાથેજ હતો. તે થોડાકજ માઈલ ગયો હશે એટલામાં ફ્રાન્સથી અગત્યના પેગામ લઇને મારતે ઘોડે એક સ્વારે આવીને તેના હાથમાં કાગળ મૂક્યો. આસપાસ કોઈ ઘર તો હતુંજ નહિ. ઘોર અંધકાર હતો તેથી તેણે તાપણી સળગાવી અને તેને અજવાળે કાગળ વાંચવા લાગ્યો. તેના સેનાપતિઓ તેની મુખાકૃતિને અત્યંત આતુરતાપૂર્વક નિહાળતા છેટે ઉભા રહ્યા, અને આખું લશ્કર પણ વરસાદ અને બરફની ઝડીમાં ત્યાંને ત્યાંજ ઉભું રહ્યું.

કાગળમાં ઘણા માઠા સમાચાર હતા. સ્પેનના બળવાને લીધે હ્રાઇન નદીને કિનારેથી એક લાખ સિપાઇઓ ખસેડવા પડયા તેથી ઉત્તેજિત થઇને આસ્ટ્રિયા ઈંગ્લંડ સાથે જોડાયું હતું. ફ્રાન્સ અને રશિયાની મૈત્રીથી તુર્કસ્તાન પણ ખીજવાયું હતું. તુર્કસ્તાન પાસેથી તેની રાજધાની ઝુંટવી લેવાની નેપોલિયનને સંમતિ ન આપી તેથી રશિયાની રાજમાતા તથા ત્યાંનો ઉમરાવવર્ગ ઉશ્કેરાઈ ગયો હતો અને ઝાર પોતે ફ્રાન્સના પક્ષમાં હતો તોપણ તેની વિરુદ્ધપક્ષનું બળ રોજ વધતું હતું અને ઝાર તેમના વિરોધની સામે મુશ્કેલીથી ટકી રહ્યો હતો.

આ પત્ર વાંચતાંજ નવા યૂરોપીય વિગ્રહનું ભયાનક દૃશ્ય નેપોલિયનનાં માનસચક્ષુ આગળ તરવરવા લાગ્યું. આ ચોંકાવનારા દૃશ્યથી તેની અમાનુષિક શક્તિઓ પળવાર કુંઠિત થઇ ગઇ. સ્પેનના મામલામાં હાથ ઘાલ્યો તેમાં પોતે મોટી ભૂલ કરી હતી એમ હવે તેને સમજાયું અને ઘણોજ પશ્ચાત્તાપ થવા લાગ્યો. હવે આ સ્થિતિમાં સ્પેનને એકદમ છોડી દેવામાં પણ ડહાપણ ન હતું; કારણ કે અંગ્રેજો અને સ્પેનવાસીઓ તરતજ એક થઇ જાય અને પિરિનીઝ પર્વત ઓળંગીને ફ્રાન્સના દક્ષિણ ભાગપર ધસ્યા આવે. યૂરોપમાં જે લડાઇની તૈયારી થતી હતી તેનું નિવારણ કરવું હવે અશક્ય હતું; કારણ કે પ્રજાપક્ષની હિમાયત કરનાર તે એકલોજ આગેવાન રાજા હતો અને પ્રજાસ્વાતંત્ર્યની ભાવનાને કચરી નાખવા યૂરોપના તમામ નૃપતિઓ તૈયાર થયા હતા.ઉત્તર દિશાએ તેની સામે ઈંગ્લંડ અને આસ્ટ્રિયા ઉભાં થયાં હતાં; દક્ષિણે સ્પેન, પોર્ટુગાલ અને ઇંગ્લંડ તેના ઉપર ઝઝુમી રહ્યાં હતાં અને બાકીનાં યૂરોપીય રાજ્યો તેનો જરાક પણ પરાજય થાય તો તેના પર તૂટી પડવાની વાટ જોતાંજ ઉભાં હતાં. આ બધાંની સાથે એકલે હાથે ઝુઝવામાં દારુણ સાહસ હતું. નેપોલિયન લડાઇથી કાયર થયો હતો. ફ્રાન્સ પણ કાયર થયું હતું. તેને માત્ર એજ માર્ગ ઉઘાડા હતા—કાં તો ફ્રાન્સને યૂરોપના રાજાઓની દયા ઉપર છોડી મૂકવું અથવા તો છેવટની ઘડીસુધી લઢવું.

કાગળ વાંચીને તરત તે ઘોડેસ્વાર થયો અને ઉદાસીનતામાં ગરકાવ થઇને ગઇ કાલે જ્યાં મુકામ કર્યો હતો ત્યાં ગયો. માર્ગમાં કોઇથી એક શબ્દ પણ બોલાયો

નહિ. તેના ચિત્તની એકાગ્રતાની ગંભીર છાપ સર્વના ઉપર પડી હતી. એક કલાક પછી તેના મુખ ઉપરથી શોકનું વાદળ ઉડી ગયું. તેની હમેશની પ્રસન્નતા ખીલી નીકળી, અને તેણે યુદ્ધની યોજના મનમાં ઘડી લીધી. નવાં સંકટની સામે બાથ ભરવા તે સિંહની માફક સજ્જ થઇ ગયો. ર્‌હાઇન નદી આગળ દોડી જવાની તેને પહેલી જરૂર હતી તેથી અંગ્રેજ લશ્કરની પૂંઠ જાતે ન લેતાં એ કામ માર્શલ સૅાલ્તને સોંપી તે એકદમ પારિસ જવા તૈયાર થયો.



प्रकरण ४४ मुं–यूरोपना राजाओनी नवी एकसंपी

સ્પેનમાંથી જે રીતે અંગ્રેજ સૈન્ય નાઠું હતું તેના જેવી શરમભરેલી નાસભાગનું વૃત્તાંત આધુનિક ઇતિહાસમાંથી મળી આવવું મુશ્કેલ છે. તેમને નાણાંની ભરેલી પેટીઓ પણ માર્ગમાં ફેંકી દેવી પડી અને ચળકતી સોના મોહોરો રસ્તામાં વેરાતી પડી હતી. માંદા અને ઘાયલ થએલા સિપાઇઓ ઘણીજ દયામણી હાલતમાં રસ્તામાં જ્યાં ત્યાં રવડતા હતા. માર્ગમાં જે જે ગામ આવે તેને અંગ્રેજ સિપાઇઓ લૂંટતા અને ત્યાંના કમનશીબ રહેવાસીઓ ઉપર હરેક પ્રકારનો અત્યાચાર કરતા. તેમનો સેનાપતિ નેપિયર પોતે લખે છે કે "સર્વાંશે શરમભરેલી રીતે નાસવાનો આવો બીજો પ્રસંગ ભાગ્યેજ બન્યો હશે."

સર જૉન મૂરે ઘણીજ બાહોશીથી લશ્કરને પાછું વાળ્યું હતું એમાં તો શક નથી. અંગ્રેજ સિપાઇઓ જ્યાં જ્યાં ઘેરાતા ત્યાં ત્યાં તેઓ અતિશય બહાદુરી અને દૃઢતાથી લઢતા હતા. એમ કરતાં કરતાં તેઓ કોરૂના આગળ આવી પહોંચ્યા. દારૂનાં ભરેલાં ચાર હજાર પીપ શત્રુના હાથમાં ન જાય માટે તે બધાંને ભયંકર ધડાકા સાથે તેમણે સળગાવી મૂક્યાં. પૃથ્વી કંપી ઉઠી, મોટા મોટા ખડકો મૂળમાંથી ઉખડી ગયા અને સમુદ્ર ઉપર તરતાં વહાણ પણ તોફાન વખતે જેમ ઝોલાં ખાય તેમ ઝોલાં ખાવા લાગ્યાં.

ત્યાર પછી ફ્રેન્ચો અને અંગ્રેજો વચ્ચે દારુણ સંગ્રામ શરૂ થયો. બહાદૂર સર-જૉન મૂર તોપના એક ગોળાથી સખત ઘાયલ થયો અને તત્કાળ મરણ પામ્યો. અંધારૂં થયું અને લઢવૈયાઓ થાક્યા ત્યારે છૂટા પડ્યા. કમનશીબ સેનાપતિના વિદીર્ણ થએલા શરીરને ગુપચુપ કોરૂનાના બુરજ ઉપર દાટી દીધું તે વખતનું દૃશ્ય ઘણુંજ કરુણાજનક હતું. બહાદૂર ફ્રેન્ચ સિપાઇઓએ તેમના શૂરવીર પ્રતિસ્પર્ધીની યાદગીરી જાળવવા ત્યાં તેના નામની એક દરગાહ બંધાવી.

અંગ્રેજ લશ્કર પોતાની હિલચાલ છુપાવવા લશ્કરની તાપણીઓ જેમની તેમ બળતી રહેવા દઇને વહાણમાં ચડી બેઠું. તેમણે એકંદર છ હજાર સિપાઇઓ અને

પુષ્કળ યુદ્ધસામગ્રી ગુમાવી. અંગ્રેજ ઇતિહાસકાર ઍલિસન લખે છે કે સર જૉન મૂરના સૈન્યને જેમણે વાજતે ગાજતે ફરફરતી ધ્વજાપતાકાસહિત, પૂર લશ્કરી દમામ સાથે સ્પેન જતું જોયું હતું તેમણે જ્યારે તેજ લશ્કરને બેહાલ થઇને પાછું આવેલું જોયું ત્યારે તેમને ભારે અચંબો અને ધાસ્તી લાગ્યા વગર રહી નહિ. કર્નલ નેપિયરનો ભાઈ મેજર નેપિયરકા આ લડાઈમાં ધાયલ થઇને કેદ પકડાયો હતો તેની ફ્રેન્ચ સેનાપતિઓએ જે ઉદારતાથી બરદાસ્ત લીધી હતી તેનો કૃતજ્ઞતાભર્યો ઉલ્લેખ નેપિયર પોતાના ઇતિહાસમાં કરે છે; અને આવા ઉદાર દિલનો સાચો દેશભક્ત માર્શલ ને જે સ્વદેશને માટે પાચસો યુદ્ધો લઢયો હતો, તેને બુર્બોન રાજાઓએ દેશદ્રોહી તરીકે ગોળીબાર કરાવ્યો તે વિષે તે ઘણો ખેદ દર્શાવે છે.

ત્યાર પછી ફ્રેન્ચ સેનાપતિઓએ ધીમે ધીમે આખો સ્પેન દેશ સર કર્યો. સારાગોસાના મજબૂત કિલ્લાનો આશ્રય લઇને અંગ્રેજોની મદદથી સ્પેનના બળવાખોરોએ લાંબા વખતસુધી બચાવ કર્યો પણ તેમને આખરે તાબે થવું પડયું અને તેઓનું છેલ્લું મથક ફ્રેન્ચોના હાથમાં આવ્યું. કેટલાક બળવાખોરોએ દવાખાનાંઓમાં પેસીને માંદા અને ઘાયલ ફ્રેન્ચ સિપાઇઓની કતલ કરી હતી તેમને સખત શિક્ષા કરવામાં આવી. આ બધાનો અપજશ અને જવાબદારી નેપોલિયને પોતાને શિર લીધી અને સ્પેનના લોકો જોસેફને ચહાય તેટલા માટે બધાં દયાનાં કામનો યશ તેને અપાવ્યો, તોપણ લોકો જોસેફ કરતાં નેપોલિયન તરફ વધારે આકર્ષાયા હતા.

ગયા પ્રકરણમાં જણાવેલા તાકીદના પેગામ વાંચ્યા પછી સ્પેનનો બંદોબસ્ત કરી લેવામાં નેપોલિયન થોડા દિવસ ત્યાં રોકયો. રસ્તામાં વેલેડોલિડ શહેરમાં તે પાંચ દિવસ થોભ્યો. ત્યાંથી તેણે યૂરોપનાં જૂદાં જૂદાં રાજ્યો ઉપર તાકીદના કાગળો લખી નાખ્યા અને બીજાને જે કામ કરતાં એક વર્ષ લાગે તે કામ તેણે પાંચજ દિવસમાં ઉકેલી નાખ્યું ફ્રાન્સ, સ્પેન, ઇટાલિ, જર્મની વગેરે દેશોમાં તેનાં જે જે લશ્કરો હતાં તેમને કયી કયી રીતે એકડાં કરી શકાય તેની યોજના તેની આંખ આગળ રમી ગઈ. આટલું કર્યા પછી તે ઘોડેસ્વાર થઇને પારિસ તરફ મારતે ઘોડે રવાના થઇ ગયો. પાંચ કલાકમાં તેણે પંચ્યાશી માઇલની મુસાફરી કરી. રસ્તામાં થોડે થોડે અંતરે તેને માટે તાજા ઘોડા તૈયાર રખાવ્યા હતા. એક ઉપરથી ઉતરીને તરત તે બીજા ઉપર બેસી જતો અને એડી મારીને ઘોડાને પૂરપાટ દોડાવી મૂકતો. જે લોકોએ તેને આ વખતે જોયો હતો તેઓ તેની નાની આકૃતિ, આરસપહાણ જેવો સફેદ ફિક્કો ચહેરો, પીસેલા હોઠ, લોખંડના જેવી દઢતા સૂચવતી ભ્રકુટિ અને અગ્નિના જેવી ચળકતી આંખ કદિ પણ ભૂલ્યા ન હતા.

વીજળીના વેગે તે બેયોન આવી પહોંચ્યો. બાદશાહી રક્ષકોના સૈન્યને બનતી તાકીદે ર્હાઈન તરફ ચાલ્યા જવાનો હુકમ કરીને તેણે પારિસ તરફ ગાડી દોડાવી

મૂકી અને રાત્રે એકાએક સર્વની અજાયબી વચ્ચે ટુઇલેરીસ આવી ઉભો. યૂરોપનાં જૂદાં જૂદાં રાજ્યોમાં પ્રવર્તી રહેલી કપટજાળથી નેપોલિયને પ્રજાને બિનવાકેફ રાખી હતી. માડ્રિડના માજી રાજાઓની દગલબાજીથી લોકો હજી પૂરેપૂરા અજાણ્યા હતા. તેથી કરીને લોકો એમ માનતા હતા કે તેણે સ્પેનની ખટપટમાં હાથ ઘાલીને પ્રજાનાં નાણાંની અને લશ્કરની વિના કારણ બરબાદી કરી હતી. તેને પોતાને પણ આ બાબતમાટે ઉંડો પશ્ચાત્તાપ થતો હતો. સ્પેનની પ્રજાને સારા અને સંગીન લાભ કરી આપીશ કે તેઓ પોતાના નાલાયક અને જુલમગાર રાજાને ભૂલી જશે એવી તે આશા રાખતો હતો. ઇંગ્લંડે વચમાં માથું માર્યું ન હોત તો સ્પેનનો જરૂર ઉદ્ધાર થાત અને ત્યાંના લોકોને નવું જીવન મળત. વળી જો નેપોલિયન સ્પેનનો બળવો શમાવવામાં રોકાયો ન હોત તો આસ્ટ્રિયા તેની સામે માથું ઉંચકવાની હિંમત કરત નહિ એ પણ બનવા જોગ છે; પણ નેપોલિયનની જરાક નમતી બાજુ થતાં સ્પેનના રાજા ઈંગ્લંડની સાથે મળી જઇને ફ્રાન્સની દક્ષિણ ઉપર જરૂર હુમલો કરત.

નેપોલિયન પોતે સ્પેનના રાજાઓને પદભ્રષ્ટ કરવા માટે ઘણીવાર પાછળથી પશ્ચાત્તાપ કરતો હતો તોપણ જેમાં સંપૂર્ણ જોખમ રહેલું ન હોય એવો તેને માટે એક પણ માર્ગ ન હતો. જો તેણે સ્પેનના મામલામાં હાથ ઘાલ્યો ન હોત તો ત્યાંના રાજા અને તેના પુત્ર વચ્ચે ભયાનક વિદ્રોહ સળગ્યા વગર રહેતજ નહિ. ઈંગ્લંડ જરૂર રાજપુત્ર ફર્ડિનાન્ડનો પક્ષ લેત અને તેથી કરીને સ્પેન ઈંગ્લંડના પૂરેપૂરા અધિકાર નીચે આવી જાત, અને તે ઈંગ્લંડનું એક સંસ્થાનજ બની જાત. જો તેણે પોતે ફર્ડિનાન્ડનો અથવા તેના બાપનો પક્ષ લીધો હોત તો તેને એક પ્રજાસત્તાક રાજ્યના રાજા તરીકે પોતાના સિદ્ધાંતોથી વિરુદ્ધ વર્તન કરવું પડત અને એક કચરાયલી, અજ્ઞાન પ્રજા ઉપર જુલમગાર રાજાના અસહ્ય અધિકારને દૃઢ કર્યાનું અને ઇન્કિવઝિશનનાં ભયાનક કેદખાનાની પદ્ધતિને ટેકો આપ્યાનું તેના ઉપર મોટું કલંક આવત. નેપોલિયને સારામાં સારો માર્ગ પસંદ કર્યો; પોતાનું આત્મરક્ષણ કરવા છતાં પણ તેણે સ્પેનને ઉદાર રાજ્યબંધારણ અને દયાળુ તથા કેળવાયલો રાજા આપ્યો.

પારિસ આવ્યા પછી તેને બધી દિશાએથી પાકે પાયે સમાચાર મળતા ગયા કે આસ્ટ્રિયામાં નવેસરથી લડાઇ કરવા માટે ધમધોકાર તૈયારીઓ ચાલી રહી છે. જર્મનીનાં અનેક રાજ્યોમાંથી તેને આસ્ટ્રિયાની લશ્કરી તૈયારીના વિગતવાર હેવાલ મળતા ગયા. હવે તેની સ્થિતિ પૂરેપૂરી જોખમભરેલી હતી એમાં શક ન હતો. ઈંગ્લંડે સલાહ કરવાની તો શું પણ સલાહનું કહેણ લઇ આવનારા દૂતને પોતાના કિનારા ઉપર ઉતરવા દેવાની પણ પરવાનગી આપી ન હતી. બુર્બોન રાજાને જ્યારે ફ્રાન્સની પ્રજાએ પદભ્રષ્ટ કર્યો ત્યારે તો નેપોલિયન નાનો બાળક હતો અને પાછળથી આખી

પ્રજાએ એકેઅવાજે તેને પોતાના રાજા તરીકે ચૂંટી કહાડયો હતો; તોપણ ઈંગ્લંડ તેને રાજગાદી પચાવી પડનાર અને કાયદેસર રાજાઓના મુકુટ છીનવી લેનાર કહીને વગોવતું હતું. “ પ્રજાસત્તાક રાજ્યના રાજાને પૂરો કરી નાખો ” એવી ગર્જનાથી આસ્ટ્રિયા ગાજી રહ્યું હતું અને રશિયાની રાજમાતાએ તથા ત્યાંના ઉમરાવવર્ગે પણ એ ગર્જના ઝીલી લીધી હતી.

આસ્ટ્રિયા સાથે કલહ ઉત્પન્ન ન થાય તે માટે નેપોલિયને બનતું કર્યું હતું. તેણે ત્યાંના રાજપ્રતિનિધિને ખાત્રી આપી હતી કે મારે તમારી સાથે લડાઇ કરવીજ નથી. આસ્ટ્રિયાને કાંઈ વાંધો હોય તો તે મને જણાવો એટલે તેનો તોડ કહાડી શકાય. આસ્ટ્રિયાએ કરવા માંડેલી લશ્કરી તૈયારીઓ આખા યૂરોપના જાણવામાં હતી અને તેનો હેતુ પણ કોઇથી અજાણ્યો ન હતો. જો આસ્ટ્રિયાને ખરેખરી એવીજ ધાસ્તી હોય કે મારા રાજ્ય ઉપર નેપોલિયન તરાપ મારશે અને તેથી સ્વરક્ષણને માટેજ તે તૈયાર થતું હોય તો તેનો સંદેહ ટાળવા માટે તેના રાજ્યને જેવું ને તેવું રહેવા દેવા માટે નેપોલિયને પોતાની તેમજ રશિયાની બેવડી જામિનગીરી આપવા માંડી; પણ આસ્ટ્રિયાને તો ઈટાલિ પાછું મેળવવું હતું, પ્રજાસત્તાક રાજ્યતંત્રની ભાવનાને કચરી નાખવી હતી અને વંશપરંપરાથી ચાલ્યા આવેલા રાજાના સિંહાસન ઉપર પ્રજાએ ચૂંટેલો રાજા બેસે એવો દાખલોજ તેને યૂરોપના ઇતિહાસમાંથી ભૂંસી નાખવો હતો. આટલું જોઇ લીધા પછી આસ્ટ્રિયાની વધારે ખુશામત કરવામાં સ્વમાન સચવાતું નથી એમ જાણીને નેપોલિયન ચૂપ રહ્યો અને હવે શું થાય છે તેની શાંતિથી રાહ જોતો બેઠો.

એકવાર ટ્યૂલેરીસના રાજમહેલમાં યૂરોપનાં રાજ્યોના પ્રતિનિધિઓ તથા બીજા દરબારીઓ બેઠા હતા, તેમની વચમાં નેપોલિયને કહ્યું, “આસ્ટ્રિયા પાછલા અનુભવોના પાઠ ભૂલી ગયું છે. તેને નવા પાઠજ શીખવાની ઇચ્છા છે તો હું તેમને આ વખતે તે બરાબર શીખવીશ. મારે લડાઇ કરવી નથી. આખો યૂરોપ જાણે છે કે મારૂં તમામ લક્ષ ઈંગ્લંડે સ્પેનમાં સળગાવેલી લડાઇમાં રોકાયું હતું. જ્યારે ૧૮૦૫ ની સાલમાં ઈંગ્લિશ ખાડી ઓળંગીને હું ઈંગ્લંડ ઉપર ચઢાઇ કરવાની તૈયારીમાં હતો તે વખતે આસ્ટ્રિયાએ મારી સાથે લડાઇ જાહેર કરીને ઈંગ્લંડને બચાવી લીધું. આ વખતે હું કોરૂના આગળ અંગ્રેજોની ખબર લેવા જતો હતો ત્યારે પણ તેણે માથું ઉંચકવાની તૈયારી કરીને મારા કામમાં વિઘ્ન નાખ્યું. મારે જો પારિસ આવવું પડ્યું ન હોત તો એક પણ અંગ્રેજ બચવા પામત નહિ. આ પ્રમાણે ફરીથી કનડગત કરવા માટે આસ્ટ્રિયાને ખમવું પડશે. કાં તો તેણે એકદમ લશ્કર વિખેરી નાખવું અથવા તો દારુણ સંગ્રામને માટે તૈયાર થવું. જો તે પોતાના લશ્કરને એટલે દરજ્જે ઓછું કરી નાખે કે મને તેના તરફ શક રાખવા જેવું ન રહે તો મારે તેની સાથે

લડવાનો વિચારજ નથી. મારે તો ઈંગ્લંડની સાથે સ્પેનમાંજ લઢવું છે. જો તે લશ્કર કમી નહિ કરે તો આ વખતે હું એવી છેવટની લડાઇ લઢીશ કે જેથી ભવિષ્યમાં કોઇ પણ રાજા યૂરોપખંડમાં તો ઈંગ્લંડનો પક્ષ લેવાની હિંમત નહિજ કરી શકે."

લડાઇ તો નેપોલિયનના પ્રારબ્ધમાં સરજાઇજ હતી. ફ્રાન્સમાં રાજ્યપરિવર્તન થયા પછી તરતજ ત્યાંનો રાજદંડ ધારણ કરીને તેણે યૂરોપના તમામ રાજાઓની ખફગી વહોરી લીધી હતી. કાં તો આપખુદ સત્તા ધરાવનારા રાજાઓને તાબે થવું અથવા તો પ્રજાવર્ગના હક્કનું રક્ષણ કરવા માટે ભયંકર લડાઇમાં ઝોકાવવું એ બે સિવાય ત્રીજો રસ્તોજ તેને માટે ન હતો.

તેણે રશિયાના ઝારને કહેવડાવી દીધું કે તમે જો મારી સલાહ પ્રમાણે ચાલ્યા હોત તો આપણે જૂદીજ સ્થિતિમાં હોત, અને ઓસ્ટ્રિયાની માથું ઉંચકવાની હિંમતજ ન ચાલત; પણ આપણે કામ કરવાને બદલે વાતોમાંજ વખત ગાળ્યો અને હવે નવી લડાઇ જાગશે, માટે આપણી સરત પ્રમાણે તમારૂં બધું લશ્કર તમારે મને સોંપી દેવું. હું પોતે ત્રણ લાખ ફ્રેન્ચો અને એક લાખ જર્મનો તૈયાર રાખીશ. આ લશ્કરને જોતાંજ કદાચ આસ્ટ્રિયા દબાઈ જશે, અને તેમ નહિ થાય તો તેના ઉપર બળ અજમાવીને પણ આપણી યોજનાઓમાં તે હવે પછી કનડગત ન કરી શકે એવી સ્થિતિમાં તેને લાવી મૂકવું પડશે. જર્મન રાજ્યોના પોતાના મિત્રરાજાઓને પણ પોતપોતાનાં સૈન્ય તૈયાર કરવાને તેણે ફરમાન કરી દીધું અને પ્રશિયાના રાજાને તાકીદ આપી દીધી કે તમે તટસ્થ રહેજો અને આપણા વચ્ચે થયેલી સલાહની સરત પ્રમાણે જો ૪૨૦૦૦ હજાર માણસ કરતાં વધારે લશ્કર તૈયાર કરશો તો તરતજ તમારી સામે લડાઈ જાહેર કરવામાં આવશે.

આખા ફ્રાન્સમાં એકદમ જાગૃતિ આવી ગઇ. રાજ્યના એકેએક પ્રાન્ત ઉપર નેપોલિયનની અલૌકિક શક્તિની જાદુઇ અસર થઇ ગઈ. હજારો દલાલો લશ્કરમાં ભરતી કરવા મંડી ગયા. રાજાઓ, સેનાપતિઓ, ઇંજનેરો અને કંટ્રાક્ટરોને દરરોજ સેંકડો પત્રો લખાવા લાગ્યા. દારૂગોળા અને તોપો બનાવવાનાં કારખાનાં ધમધોકાર કામ કરવા મંડી ગયાં. હજારો સિપાઇઓની ટુકડીઓ દેશમાં ઘૂમવા લાગી. બાર હજાર તોપ ખેંચનારા ઘોડાની ખરીદી થઇ. લડાઈની હરેક પ્રકારની વારાફેરીને માટે હમેશાં તૈયાર રહેનાર નેપોલિયને પચાશ હજાર કોદાળા અને પાવડા પણ લશ્કરની સાથે રાખ્યા અને તે પાછળથી ઘણાજ ઉપયોગી થઇ પડયા. લડાઇ વખતે ડાન્યૂબ નદીનો વિશાળ પટ અંતરાયરૂપ ન થઇ પડે તે માટે બોલોન બંદરથી ૧૨૦૦ ખલાસીઓને પણ લશ્કરમાં સામેલ કર્યા. પોતે લડાઇ જાહેર કર્યા વગરજ આસ્ટ્રિયાનું ધ્યાન ખેંચાય તેમ આવી બધી તૈયારીઓ તેણે કરી દીધી. તેમ કરવાનો તેનો એટલોજ હેતુ હતો કે હજી પણ આસ્ટ્રિયા ચેતે તો તેને ચેતાવવું અને લડાઇ અટકી શકે તો અટકાવવી.

આસ્ટ્રિયા હવે લડાઇની તૈયારીમાં એટલું બધું આગળ વધી ગયું હતું કે તેનાથી હવે પાછા હઠાય એમ હતુંજ નહિ. આખી આસ્ટ્રિયન પ્રજાને જાગૃત કરવા જેટલું કરી શકાય તેટલું કરવામાં આવ્યું હતું. લોકોના મન ઉપર એવું પણ ઠસાવ્યું હતું કે નેપોલિયનને ઈંગ્લંડ તથા સ્પેને મળીને સજ્જડ સપડાવી દીધો છે અને તેના ફસાયલા સિપાઇઓ બધા સ્પેનમાં ચાલ્યા ગયા છે તેથી તેના ઉપર હુમલો કરવાની આ સારામાં સારી તક છે. વળી જર્મની પણ વખત આવ્યે નેપોલિયનના પક્ષમાંથી ખસી જશે; પ્રશિયા પણ તેની સામે લઢવાની રાહ જોઇ રહ્યું છે; અને રશિયાના ઝારથી રાજમાતા તથા ઉમરાવવર્ગના દબાણને લીધે ફ્રાન્સને લેશમાત્ર પણ મદદ આપી શકાવાની નથી. ઈંગ્લંડના એજંટો પણ વિયેનામાં જઇને પ્રજાને ઉશ્કેરવા મંડી ગયા હતા. ઈંગ્લંડે આસ્ટ્રિયાને પોતાનું નૌકાસૈન્ય, લશ્કર તથા યુદ્ધસામગ્રી આપવાનું વચન આપ્યું. આવાં આવાં કારણને લીધે આસ્ટ્રિયાના સમગ્ર પ્રજા લઢવાને માટે એક પગે થઇ રહી. આખા દેશમાં સિપાઇઓના અને સ્વારોના અનેક દળ ઘૂમવા લાગ્યાં. પાંચ લાખ સિપાઇઓને રોજ લશ્કરી કવાયત અપાવા લાગી. હંગરીની આખી પ્રજા ઉલટી. તુર્કસ્તાને ફ્રાન્સની મૈત્રી તોડી અને ઈંગ્લંડ સાથે કોલકરાર કર્યા. એક વર્ષ ઉપર તો તેમણે અંગ્રેજોના કાફલાને ફ્રેન્ચોની મદદથી કોન્સ્ટેન્ટિનોપલના બંદરેથી મારી કહાડયો હતો, પણ આજે તુર્કસ્તાન અને ઈંગ્લંડ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યની સામે એક થઇ ગયાં.

રશિયાનો ઝાર નેપોલિયન તરફ ગાઢ મૈત્રી રાખતો હતો છતાં આ પ્રસંગે તેની વર્તણુકમાં શિથિલતા જણાવા લાગી. તેને તુર્કસ્તાનની રાજધાની પડાવી લેવી હતી અને નેપોલિયન તેથી વિરુદ્ધ હતો. છતાં તુર્કસ્તાનના ડાન્યૂબને કિનારે આવેલા બે પ્રાન્ત ઝાર જીતી લે તેમાં નેપોલિયને હરકત ન કરવી એવો બે વચ્ચે કોલકરાર થયો હતો. લડાઈ જાહેર કર્યા વગર એ કામ બને એમ ન હતું અને આસ્ટ્રિયા, ઈંગ્લંડ અને તુર્કસ્તાન એક થયાં હતાં તેથી હવે તે પ્રાંત જીતવાનું કામ સહેલું ન હતું. આટલા કારણથી ઝાર ઘણો ચીડવાયો હતો અને નેપોલિયન તરફની તેની વર્તણુક મોળી થવા લાગી હતી.

આસ્ટ્રિયાના રાજાને ઝારની ગુંચવણની ખબર હતી તેથી બની શકે તો તેને પણ સમજાવીને પોતાના પક્ષમાં વાળી લાવવા માટે આસ્ટ્રિયાએ પોતાના એલચીને રશિયાના દરબારમાં મોકલ્યો. તેણે આવીને તરતજ જોઈ લીધું કે આખું રશિયા ફ્રાન્સની વિરુદ્ધ છે—રાજકુટુંબનાં માણસોનું પણ તેવુંજ વલણ છે, પણ ઝાર એકલોજ અડગ રહ્યો. તેણે પોતાના ઉદાર સ્વભાવને અનુસરીને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે આસ્ટ્રિયાની રીતભાતથી હું ઘણો નારાજ છું; અને જો ફ્રાન્સ સાથે લઢશો તો તેમાં જરૂર માર્યા જશો અને તેથી આખા યૂરોપખંડમાં તેનો કોઇ હરિફ રહેશે નહિ,

અને જે સુલેહની યૂરોપને ઘણીજ જરૂર છે તે વધારેને વધારે આઘે જતી રહેશે. માટે જે કોઈ સુલેહનો ભંગ કરવા તત્પર થશે તેને હું અંગત દુશ્મન લેખીશ.

આ શબ્દો ઘણા ઉદાર હતા પણ આસ્ટ્રિયા સાથે સુલેહ રહે તો પોતે તુર્કસ્તાન પાસેથી પેલા બે પ્રાંત મેળવી શકે એટલા હેતુથીજ જો ઝારે આવું વલણ ન લીધું હોત તો આપણે તેની ઉદારતાનાં પૂરેપૂરાં વખાણ કરત; પણ ઝાર તો પહેલીજ તકે તુર્કસ્તાનનો શિકાર કરવા તૈયાર હતો તેથીજ તેના ઉપલા શબ્દોની ખુબી મારી જાય છે.

એક બાજુએ તેણે આસ્ટ્રિયાના પ્રતિનિધિને ધમકાવી કહાડયો ત્યારે બીજી બાજુએ તેણે ફ્રાન્સના પ્રતિનિધિ કૅાલેન્કોર્ટને કહ્યું કે મારા જૂના મિત્ર આસ્ટ્રિયાની સાથે લઢવા હું ઘણોજ નારાજ છું. વળી આપણે જીતીએ અને આસ્ટ્રિયા કચરાઇ જાય તો તેમાં પણ મને ઘણો ભય રહે છે; કારણ કે તેથી કરીને ફ્રાન્સનું બળ બેહદ વધી જાય. માટે લડાઇ અટકાવવાને હું મારાથી બનતું કરી જોઇશ, અને આસ્ટ્રિયાને ખાત્રી આપીશ કે તેના રાજ્યને કશી આંચ આવનાર નથી.

આ વિચાર નેપોલિયનને પણ ગમ્યા. લડાઈ અટકાવવાને તે પોતે પણ એટલો આતુર હતો કે તેણે પોતાના તરફથી ઘટતાં પગલાં લેવાની ઝારને સત્તા આપી અને કહ્યું કે આસ્ટ્રિયાના રાજની સલામતીમાટે ફ્રાન્સ અને રશિયાની બેવડી જામીનગિરી આપવી એટલુંજ નહિ પણ આસ્ટ્રિયાની મરજી હોય તો જર્મનીનાં સંયુક્ત રાજ્યોમાંથી મારા તમામ લશ્કરને ખસેડી લેવા હું ખુશી છું.

પણ નેપોલિયનની સામે એકસંપી કરી બેઠેલાં રાજ્યોને ખાત્રી થઈ હતી કે ફ્રાન્સમાં હવે લઢવાનું બળ રહ્યુંજ નથી અને નેપોલિયન જેમ જેમ સલાહ જાળવી રાખવાને યત્ન કરતો ગયો તેમ તેમ તેમને તેની નબળાઇની અને પોતાની ફતેહની વિશેષ ખાત્રી પડવા લાગી. તેથી તેમણે યુદ્ધની તૈયારીનો ઉદ્યોગ ધમધોકાર જારી રાખ્યો. નેપોલિયન તો પારિસમાંજ હતો. કયી બાજુએથી વાદળું તૂટી પડશે તે હજી તે જાણી શકયો ન હતો. રોજનાં હજાર જાતનાં કામો છતાં તેણે બધી બાજુએથી બચાવ કરવાની તૈયારી કરવા માંડી. તેની અદ્‌ભુત કાર્યકારિણી શક્તિ સ્પેન, ફ્રાન્સ, ઇટાલિ, જર્મની, બધા દેશોમાં ઘૂમી વળી હતી. સલાહની આશા તો હવે રહીજ ન હતી તેથી તેણે પણ પૂરઉત્સાહથી હુકમ પર હુકમ છોડવા માંડયા.

ડાન્યૂબ નદીની નજીકમાં રેટિસ્બન આગળ એક લાખ ફ્રેન્ચ સિપાઇઓની ટુકડીઓ ગોઠવાઈ ગઇ. ત્યાંથી પારિસસુધી તારનાં દોરડાં નંખાઇ ગયાં. નેપોલિયન પારિસ છોડીને ત્યાં ઝપાટાબંધ આવી શકે તેટલા માટે થોડે થોડે અંતરે ઘોડા તૈયાર રખાવ્યા. આ પ્રમાણે પૂરતી તૈયારી કર્યા પછી તે પારિસમાં બેઠો બેઠો રાજ્યનાં અનેક કામો ફેંસલવા લાગ્યો.

બાવેરિયાનું જર્મનરાજ્ય ફ્રાન્સના પક્ષમાં હતું. તેની અને આસ્ટ્રિયાની સીમાએ

ઇન નદી વહે છે. એ લાખ આસ્ટ્રિયનો ઇન નદી આગળ એકઠા થયા હતા. તેઓ નદી ઓળંગે એટલે લડાઇની શરૂઆત થાય એમ હતું. આ લડાઇથી ખુદ આસ્ટ્રિયાના પણ વિચારવંત માણસો વિરુદ્ધ હતા. તેમણે પોતાના રાજાને ઘણોએ વાર્યો, પણ તેમની શિખામણ તેણે તુચ્છકારી કહાડી અને કહ્યું કે હવે નેપોલિયનથી કશું વળે એમ નથી. તેનું સારામાં સારૂં લશ્કર તો સ્પેનમાં છે.

૧૮૦૯ ના એપ્રિલ માસની ૧૦ મી તારીખે આસ્ટ્રિયનોએ ઇન નદી ઓળંગી અને તે સમાચાર રાત્રે દશ વાગે નેપોલિયનને તારથી મળ્યા. તેણે કહ્યું કે "બહુ સારૂં; ચાલો ત્યારે આપણે ફરીથી વિયેના જઇએ. તેમને લડાઈ કરવીજ છે તો પેટ ભરીને કરવા દઇશું." મધરાતે તે ગાડીમાં બેઠો અને બાવેરિયા તરફ ચાલતો થયો.

ઇંગ્લંડે આસ્ટ્રિયાની મદદે નૌકાસૈન્ય અને લશ્કર મોકલાવ્યું, અને તેનાં બધાં મિત્રરાજ્યો "નેપોલિયનના અપાર લોભ" ને ચારે દિશાએ વગોવીને લઢવા ધસી આવ્યા. નેપોલિયને તેમના આક્ષેપોનો જવાબ ન આપતાં ભવિષ્યના ઇતિહાસકર્તાઓ પોતાને ન્યાય આપશેજ એમ માનીને કમ્મર બાંધી. તેને પૂરેપૂરી ખાત્રી હતી કે ભવિષ્યની પ્રજા ખરા ઐતિહાસિક બનાવોવડેજ તેની તુલના કરશે અને આપખુદ રાજાઓની તાકાત નથી કે તેઓ સાચા ઐતિહાસિક પૂરાવાને દબાવી શકે.

प्रकरण ४५ मुं–' एकमूलनो ' दारुण संग्राम

અમેરિકાનાં સંયુક્ત રાજ્યો જેવા સ્વતંત્રતા અને સમાનતાને પૂજનારા દેશોમાં પણ હજુ નેપોલિયનને કચરી નાખનારા યૂરોપના રાજાઓ તરફ સહાનુભૂતિ ધરાવનારા કોઇ કોઇ નીકળી આવે છે. પણ તેમની સંખ્યા ઘટતી જાય છે; કેમકે નેપોલિયનની અને ઉપરોક્ત રાજાઓના હયાતીમાં અંગત કારણોને લીધે જે સત્ય પ્રકટ થઇ શક્યું ન હતું તે હવે જાહેર થતું જાય છે. અમેરિકાએજ ફ્રાન્સમાં સ્વતંત્રતાની તૃષા જાગૃત કરી હતી. સ્વતંત્રતાને માટે વૉશિંગ્ટન અને નેપોલિયન બેઉને રાજસત્તાની સામે લઢવું પડયું હતું. વૉશિંગ્ટન વિજયી થયો અને નેપોલિયન તેના અનેકગણા પ્રતિસ્પર્ધીઓની સામે છેવટની પળસુધી એકલે હાથે નહિ ફાવવાથી અંતે પડયો.

“પ્રજાસત્તાક રાજ્યની ભાવનાના બાળક અને હિમાયતી” નેપોલિયનને કચરી નાખવા માટે આસ્ટ્રિયાનાં પાંચ લાખ માણસો ચડયાં હતાં. તેમાંથી બે લાખ સારા કવાયતી સિપાઇઓ સાથે આર્ચડ્યૂક ચાર્લ્સ ઇગ નદી ઓળંગીને આગળ વધતો હતો. નેપોલિયનનું લશ્કર સ્પેનમાં રોકાયલું હોવાથી એટલું મોટું સૈન્ય તેનાથી આ વખતે લાવી શકાય એમ ન હતું; તોપણ પોતાની ટુકડીઓની હિલચાલ ઝડપથી કરાવીને જ્યાં જરૂર પડે ત્યાં શત્રુની સામે મજબૂત સૈન્ય ગોઠવી દેવાની તેનામાં જે વિરલ શક્તિ હતી તેના ઉપર તેની ફતેહનો આધાર હતો. રાત્રે દશ વાગ્યે તાર મળતાંજ તે તૈયાર થઇ ગયો અને પૂરવેગથી મુસાફરી કરતો હાઇન નદીપર આવેલી ફ્રેન્ચ સૈન્યની મુખ્ય છાવણીમાં આવી પહોંચ્યો. માર્ગમાં તેણે થોડા કલાક જર્મનીના એક નાના રાજ્યના જંગલના ચોકીદારના ઘરમાં મુકામ કર્યો હતો. તેની એક ખાસ વિશિષ્ટતા એ હતી કે આવા પ્રસંગોમાં પણ પોતાની આસપાસનાં માણસોની ઘરસંસારની મુસ્કેલીઓથી વાકેફ થવા પ્રયત્ન કરતો. તે ચોકીદારને તેણે કેટલીક બાબતો પૂછી લીધી અને તે ઉપરથી તેણે જાણી લીધું કે તેને પરણાવવા જેવડી એકની એક પુત્રી હતી પણ પૈસાના અભાવે તે તેને પરણાવવા અશક્ત હતો. નેપોલિયને તેજ પળે તે છોકરીને કિંમતી પહેરામણી અપાવી દીધી અને ત્યાંથી ઘોડે બેસીને આગળ ચાલતો થયો.

મોડી રાત્રે નેપોલિયન અંગરક્ષકો વગર એકલોજ દોડતેઘોડે બાવેરિયાના રાજાનો જ્યાં મુકામ હતો ત્યાં આવી પહોંચ્યો. તે રાજા બિચારો પોતાની રાજધાની છોડીને દૂરના એક ગામડામાં આવીને રહ્યો હતો. એક કલાકસુધી બેઉએ વાતો કરી. પછી નેપોલિયને કહ્યું, "હું પંદર દિવસમાંજ તમને તમારી રાજધાનીમાં બેસાડી દઈશ." આ વચન પાળવામાં ઘણીજ મુસ્કેલી હતી. શત્રુસૈન્ય પાંચ લાખ માણસોનું હતું અને તેની પાસે પૂરાં બે લાખ પણ ન હતા. ત્યાર પછી મોડી રાત થએલી હોવાથી રાજા સૂવા ગયો અને નેપોલિયને તરતજ ઘોડે બેસીને રાતોરાત ચાળીશ માઇલની મુસાફરી કરી. ત્યાં જઇને તેણે પોતાના સરદારોને બોલાવીને સૈન્યની સ્થિતિવિષે પૂછપરછ કરવા માંડી અને તેમની ભૂલથી આખું ફ્રેન્ચ લશ્કર ઘણીજ ભયભરેલી હાલતમાં છે એમ જાણીને તે સ્તબ્ધજ થઇ ગયો.

શત્રુસૈન્ય ઘણું મોટું છે એમ તે સારી પેઠે જાણતો હતો તેથી કરીને જો ફ્રાન્સનું લશ્કર વેરણખેરણ પડી જાય તો તેની પાયમાલી થયા વગર રહેજ નહિ. એટલા માટે તેણે સેનાપતિ બાર્થિયરને ખાસ આજ્ઞા કરી હતી કે રેટિસ્બન આગળ બધું લશ્કર એકજ જગ્યાએ એકત્ર કરી રાખવું. પણ દુશ્મનોને ઘણે ઠેકાણેથી આગળ વધતા અટકાવવાના હેતુથી તેણે લશ્કરને જૂદી જૂદી ટુકડીઓમાં વહેંચી નાખ્યું હતું. જો આર્ચડ્યૂક ચાર્લ્સમાં નેપોલિયનની લેશમાત્ર પણ ચાલાકી હોત તો તેણે એક્કે સપાટે ફ્રેન્ચ લશ્કરનો ઘાણ કહાડી નાખ્યો હોત. નેપોલિયને તરતજ ચારે દિશાએ સ્વાર દોડાવી મૂક્યા અને દરેક સેનાપતિને પોતપોતાનાં લશ્કરસહિત શત્રુસૈન્યની જાળમાં થઇને કયે કયે રસ્તે થઇને આવવું તેની વિગતવાર સૂચનાઓ સાથે હુકમો મોકલી દીધા.

બધી ફ્રેન્ચ ટુકડીઓ જ્યાં જ્યાં હતી ત્યાંથી એકદમ ગતિમાં આવી ગઈ. માર્ગમાં ઘણીવાર સખત ઝપાઝપી થતી પણ બધે ઠેકાણે વિજયી થતા ફ્રેન્ચો ધારેલે સ્થળે આવી પહોંચ્યા. ત્રણજ દિવસમાં નેપોલિયને નેવું હજાર માણસો એકઠાં કરી દીધાં. આર્ચડ્યૂક ચાર્લ્સે પણ જરા પણ નાહિંમત ન થતાં 'એકમૂલ' આગળ એક લાખ સિપાઈઓનો જમાવ કર્યો. હવે ખરેખરી છેવટની લડાઇ થશેજ એમ નક્કી જણાવા લાગ્યું.

પછી નેપોલિયને લશ્કરને શૂરાતન ચડાવવા માટે એક જ્વલંત જાહેરનામું પ્રગટ કર્યું:–"સિપાઇઓ! આપણા મિત્રોના રાજ્ય ઉપર હુમલો કરવામાં આવ્યો છે. આસ્ટ્રિયાનો સેનાપતિ એમ સમજતો હશે કે આપણે તેનાથી ડરીને આપણા મિત્રોને રવડતા મૂકી દઇશું; પરંતુ હું વીજળીને વેગે તમારી પાસે આવી પહોંચ્યો છું. સિપાઇઓ! એજ આસ્ટ્રિયાનો રાજા મારી પાસે સલાહની યાચના કરવા આવ્યો ત્યારે તમે સઘળા હાજર હતા. તેણે આપણી સાથે અચળ મૈત્રી રાખવાના સોગંદ લીધા

હતા તે તમે જાણો છો. ત્રણ ત્રણ વિગ્રહોમાં વિજયી થએલા વીરો! આસ્ટ્રિયાના રાજા પાસે હાલ જે કાંઈ છે તે માત્ર તમારી ઉદારતાને લીધેજ છે. ત્રણ ત્રણ વાર તેણે આપણને દગો દીધો છે. ફિકર નહિ. આપણે ત્રણ વાર જીત્યા છીએ તો ચોથી વાર પણ જીતીશુંજ. માટે સજ્જ થાઓ અને શત્રુઓને બતાવી આપો કે તેમનો પરાજય કરનારા વીર પુરુષો આવી પહોંચ્યા છે."

આટલું કર્યા પછી તેણે આસપાસના પ્રદેશનો નકશો બહુજ ધ્યાનથી તપાસી લીધો. ત્યાર પછી તે ઘોડે બેસીને આખી છાવણીમાં બધે ફરી વળ્યો. પાછા આવીને તેણે ખુરસીપર બેઠાં બેઠાં થોડા કલાકની નિદ્રા લીધી. સવાર પડતા પહેલાં તો પાછો તે ઘોડેસ્વાર થઇ ગયો અને લશ્કરને લડાઇને માટે ગોઠવવા મંડી ગયો. સુંદર વનભૂમિ જે થોડાજ વખત પછી લોહીથી ખરડાઈ જવાની હતી તેના ઉપર અત્યારે ધાડું ધુમસ વરસતું હતું. એકમૂલનાં રસાળ ખેતરોમાં એક લાખ આસ્ટ્રિયનો નિશ્ચિંતપણે સૂતા હતા. બીજી બાજુએ નેવું હજાર ફ્રેન્ચો નેપોલિયનની લશ્કરીબુદ્ધિવડે જૂદી જૂદી જગ્યાએ ગોઠવાતા હતા. લીલાં ખેતરો, વાંકાચૂકા વહેતા વહેળા, વાડીઓ, ગામડાં વગેરેનો સુંદર શાંત દેખાવ નજરે પડતો હતો. હજારો ઘોડા નિરાંતે ઘાસ ચરતા હતા. સઘળો દેખાવ શાંત અને રમણીય હતો, પણ લડાઇનો દૈત્ય હવે થોડાજ કલાકમાં આ સુંદર વનભૂમિને યુદ્ધની કારમી ચીસો અને લોહીની નદીઓવડે બીહામણી બનાવી દેવાનો હતો.

મેદાનની આજુબાજુ આવેલી ટેકરીઓ ઉપર ફ્રેન્ચ સૈન્ય ગોઠવાઇ ગયું. શસ્ત્રોનો ખણખણાટ સંભળાવા લાગ્યો. રણતૂરીનો તીણો નાદ થયો અને વીરભાવ પ્રદીપક રણવાદ્ય વાગવા લાગ્યાં. તોપખાનું, ઘોડેસ્વારો, પાયદળ, સર્વ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયાં. હજી એક પણ તોપ કે બંદુક ફૂટતી ન હતી. રમત ગમતની તૈયારી થતી હોય તેમ બેઉ પક્ષનાં સૈન્ય શાંતિથી પોતપોતાની જગ્યા લેતાં હતાં. જાણે શેત્રંજની બાજી ગોઠવતો હોય તેમ નેપોલિયને પોતાની ઉંચામાં ઉંચા પ્રકારની યુદ્ધકળા મુજબ તમામ ટુકડીઓને લેશમાત્ર પણ ભૂલ કર્યા વગર વ્યૂહબદ્ધ કરી દીધી. બરાબર બપોર થતાંજ પહેલો તોપનો ધડાકો સંભળાયો. તેની સાથેજ ચારે દિશાએથી તોપ અને બંદુકનો પ્રચંડ માર શરૂ થયો. યુદ્ધોથી પાયમાલ થએલી દુનિયા ઉપર આવો દારુણ સંગ્રામ બીજો ભાગ્યેજ થયો હશે. અનેક ખૂનખાર યુદ્ધોમાં લઢીને રીઢા થઈ ગએલા યોદ્ધાઓ પણ આ યુદ્ધના દેખાવથી ભયભીત અને સ્તબ્ધ બની ગયા વગર રહેજ નહિ. નેપોલિયનનું અદ્ભુત રણકૌશલ્ય આ પ્રસંગે તેના ખરેખરા ઉગ્ર સ્વરૂપમાં ઝળકી રહ્યું હતું. પાંચ કલાકસુધી એકસરખી રીતે લડાઇ ચાલુ રહી.

સાંજ પડવા આવી. આસ્ટ્રિયન સૈન્યમાં કાંઇક શિથિલતાની નિશાની જણાતા

લાગી. ફ્રાન્સનું બાદશાહી રક્ષકોનું સૈન્ય કે જેનો ધસારો હમેશાં વિજયીજ થતો હતો તે અત્યારસુધી હુકમની રાહ જોતું ઉભું હતું. ચળકતા પોલાદનાં બખ્તર અને શિરટોપવાળા આ યોદ્ધાઓ તેમના બલિષ્ઠ ઘોડા ઉપર સ્વાર થઇને ધસી જતા ત્યારે એકેકે સપાટે વાવાઝોડાનો ઝપાટો જેમ સૂકાં પાનને ઉડાવી દે તેમ શત્રુસૈન્યને તેઓ ઉડાવી દેતા. આ સ્વાર હવે ધીમી ચાલે દબદબાથી ટેકરીઓ ઉપરથી નીચેના મેદાનમાં ઉતરવા લાગ્યા. ધીરે ધીરે તેમના ઘોડાની ગતિ વધતી ગઇ. બેઉ તરફનાં સૈન્ય તેમને જોઇ શકે એવી જગ્યાએ તેઓ આવી લાગતાંજ આખા ફ્રેન્ચ લશ્કરે હર્ષના ઉદ્ગારથી દિશાઓ ગજવી મૂકી. આ સ્વારો નેપોલિયનના જમણા હાથ જેવા હતા અને તેમની શક્તિથી સર્વ વાકેફ હતા. જયનાદ ઉપર જયનાદ થવા લાગ્યા અને તોપોના ધડાકા વચ્ચે પણ આ ધ્વનિ સ્પષ્ટ સંભળાવા લાગ્યા. આસ્ટ્રિયન સ્વારો પણ દૃઢતાપૂર્વક તૈયાર થઇ ગયા. તેમની તલવારો અને શિરટોપ આથમતા સૂર્યનાં કિરણમાં ચળકવા લાગ્યાં. બેઉ સૈન્ય સામસામાં આવી ગયાં.

ધીમી ચાલમાંથી એકદમ ઘોડા પૂરવેગે દોડતા થયા. અસંખ્ય રણતૂરીઓ વાગી રહી, અને પૂર ઝડપથી ધસ્યા આવતા બંને પક્ષના સ્વારો એક બીજાની સામે દૈત્યોની માફક અથડાઇ પડયા. આ દેખાવ એવો ભવ્ય હતો અને આ યુદ્ધના પરિણામ ઉપરજ છેવટના વિજયપરાજયનો આધાર હતો તેથી બેઉ પક્ષના પાયદળ સિપાઈઓએ લડાઇ બંધ રાખી. તેઓ બંદુકનો ટેકો દઇને અને ગોલંદાજો તોપોને અઢેલીને એકાગ્રચિત્તે આ પ્રચંડ રણસંગ્રામ નિહાળતા ઉભા રહ્યા.

બેઉ પક્ષના સ્વારો અત્યંત ભયાનક વેગથી એક બીજાની સાથે અથડાયા. સેંકડો સ્વારો અને ઘોડાઓ ગબડી પડયા અને તેમને છુંદતા કચરતા બીજા અનેક સ્વારો વાદળાંના સમૂહની માફક ધસ્યા આવતા અને લઢતા. પવનના સપાટાથી તોપોનો ધૂમાડો પણ ઉડી ગયો હતો, તેથી યુદ્ધનું દૃશ્ય બધાથી સારી રીતે જોઇ શકાતું હતું. પોતપોતાના સ્વારોના બાહુબળ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકીને આસ્ટ્રિયનો તેમજ ફ્રેન્ચો યુદ્ધ નિહાળતા ઉભા રહ્યા. તલવારની સાથે અફળાતી તલવારોના અને પોલાદના શિરટોપ તથા બખ્તર ઉપર થતા લોખંડી બાહુઓના પ્રહારના અવાજ સિવાય તથા વખતો વખત થતા રણશિંગાના તીણા નાદ સિવાય બીજો લેશ માત્ર અવાજ સંભળાતો ન હતો. સૂર્ય અસ્ત પામ્યો. અંધકાર પથરાઇ ગયો પણ પોલાદનાં શસ્ત્રો અને બખ્તરોના અથડાવાથી નીકળતા અગ્નિના ઉજ્જવલ ચમકારા રણક્ષેત્રમાં ઝબૂકતા બંધ થયા નહિ. યોદ્ધાઓ અને તેમના ઘોડાઓ રોળાઈ જવા લાગ્યા. તારા ઉગ્યા; થોડીવારે ચંદ્ર પણ ઉગ્યો. યુદ્ધનો ખડખડાટ કાંઇક નરમ થતો ગયો પણ હજી કોણ જીતપર છે તે કહેવું મુસ્કેલ હતું.

આસ્ટ્રિયન અશ્વસૈન્યના બેતૃતીયાંશ યોદ્ધાઓ રણભૂમિ ઉપર સૂતા. પછી તેમનાથી

ફ્રેન્ચોની સામે ટક્કર ઝીલી શકાઈ નહિ. તેઓ ડગમગ્યા, પાછા હઠયા અને દોડતા ઘોડાની પડઘીઓના અવાજ ઉપરથી માલૂમ પડયું કે તેઓ નાઠા. ફતેહમંદ ફ્રેન્ચ સ્વારો “ શહેનશાહ ઘણું જીવો ” એવો ભીષણ નાદ કરીને તેમની પાછળ દોડયા અને નાસતા સ્વારો તથા ઘોડાઓને છુંદતા, કચરતા, કાપતા પ્રલયના પૂરની પેઠે આગળ વધ્યા. હતાશ થએલું આસ્ટ્રિયાનું પાયદળ પણ પાછું હઠયું. તરતજ ફ્રેન્ચોની તોપોમાંથી અગ્નિની વૃષ્ટિ શરૂ થઇ. ધૂમાડાથી તારા અને ચંદ્ર ઢંકાઇ ગયા અને નાસતા આસ્ટ્રિયનોની પૂરેપૂરી ખરાબી થઇ ગઇ. જેમ તેમ કરીને તેઓ ડાન્યૂબની પેલીપાર જવા માટે રેટિસ્બન તરફ નાઠા. નેપોલિયને આ સમયે તેમની ઝાઝી પૂંઠ ન લેતાં સિપાઇઓને થોભાવ્યા અને તેઓ આખા દિવસના થાકેલા હોવાથી લોહીથી ખરડાયલી રણભૂમિ ઉપરજ સૂતા અને ઉંઘી ગયા.

હવે આસ્ટ્રિયન શાહજાદા ચાર્લ્સની સ્થિતિ ઘણીજ કફોડી થઇ પડી. તેના લશ્કરમાં નાઉમેદી આવી ગઇ હતી. નેપોલિયને બીજેજ દિવસે નાસતા આસ્ટ્રિયનસૈન્યની પૂંઠ પકડી. જ્યાં જ્યાં તેઓ પકડાતા ત્યાં ત્યાં તેમને માર ખાઈને નાસવું પડતું. આમ હોવાથી બનતી તાકીદે ડાન્યૂબ નદી ઓળંગીને બોહેમિયાના જંગલનો આશ્રય લેવા માટે ચાર્લ્સે નાસવા માંડયું. રેટિસ્બન આગળ એક પૂલ તો હતોજ અને બીજો હોડીઓનો કામચલાઉ પૂલ તૈયાર કરાવી દીધો. એ રીતે આસ્ટ્રિયન સૈન્ય પૂલ ઉપર થઇને રાતમાંને રાતમાં પસાર થઇ ગયું. ફ્રેન્ચોને છેતરવા માટે તેમણે પોતાનાં તાપણાં સળગતાં રાખ્યાં હતાં, એટલે સવારમાં નેપોલિયનને ખબર પડી કે તરતજ તેનું ઘોડેસ્વારનું સૈન્ય વેગભેર દોડતું આવ્યું અને રેટિસ્બન પાસે આસ્ટ્રિયન લશ્કરના પાછલા ભાગ સાથે તેમનો મેળાપ થયો. તેમને હારીને શહેરમાં ભરાઈ જવું પડયું. ફ્રેન્ચોએ તોપો ગોઠવી અને દિવાલ તોડવા માંડી. એવામાં શત્રુની એક તોપનો ગોળો નેપોલિયનના પગમાં વાગ્યો અને તેથી તેને સખત ઈજા થઇ. છતાં તેણે ઠંડે અવાજે કહ્યું, “ ઓહો ! મને માર્યો તો ! આ લોકો આટલે દૂરથી પણ આબાદ નિશાન મારતા જણાય છે. ” તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને તેના જખમ ઉપર પાટો બાંધવામાં આવ્યો. ગોળો જરાક વધારે ઉંચે વાગ્યો હોત તો આખો પગ કાપી નાખવો પડત.

શહેનશાહ ઘાયલ થયો છે એ સમાચાર લશ્કરમાં ફેલાતાંજ સિપાઇઓ પોતાની જોખમભરેલી સ્થિતિનો વિચાર કર્યા વગર એક પિતાની આસપાસ બાળકો એકઠાં થઇ જાય તેમ ઇન્તેજારીભરેલે ચહેરે તેઓ નેપોલિયનની આસપાસ એકઠા થઇ ગયા. તેણે તેમની સાથે પ્રેમભરી નજર કરી અને નજીકનાઓ સાથે હાથ મેળવ્યા. તેમને ચિંતા ન થાય માટે સખત દર્દ થવા છતાં પણ તે ઘોડે બેઠો અને લશ્કરની હાર આગળ ગયો. આખા સૈન્યે એકસામટો જયનાદ કરીને તેને એવો ભારે આવ-

કાર આપ્યો કે એવો આવકાર કોઇ સેનાપતિને ભાગ્યેજ મળ્યો હશે. થોડીવાર પછી તેનુ દર્દ વધવા લાગ્યું તેથી તેને એક ખેડુતના ઝુંપડામાં જઇને સૂઇ રહેવું પડયું અને ત્યાં તે થોડા કલાકસુધી બેશુદ્ધ પણ થઇ ગયો; પરંતુ શુદ્ધિમાં આવ્યા પછી તે પાછો તરતજ ઘોડેસ્વાર થયો અને શરીરે અશક્ત બનેલો છતાં પણ લશ્કરની આગેવાની લીધી.

ફ્રેન્ચ લશ્કર રેટિસ્બન શહેરમાં દાખલ થયું પણ ત્યારપહેલાં ઘણાખરા આસ્ટ્રિયનો નદી ઓળંગીને બોહેમિયાનાં જંગલોમાં અદૃશ્ય થઈ ગયા હતા. નેપોલિયને આ રીતે બાવેરિયાના રાજાને આપેલું વચન પાળ્યું. તેણે પંદર દિવસમાં તેના રાજ્યમાંથી આસ્ટ્રિયન લશ્કરનો પગ કહાડી નાખ્યો. બાર દિવસ ઉપર તો તે પારિસમાં હતો. છ દિવસમાં સેંકડો માઇલની મુસાફરી કરીને તે ડાન્યૂબ નદીને કિનારે આવી પહોંચ્યો. અડતાળીશ કલાકમાં તેણે પોતાના ચોગરદમ વેરણખેરણ પડેલા લશ્કરને એકઠું કર્યું અને તે પણ નિરંતર ઝપાઝપી કરીને અને ફતેહ ઉપર ફતેહો મેળવીને અજાયબ જેવી ઝડપથી લશ્કરની હિલચાલ કરીને તેણે 'એકમૂલ' ના મેદાનમાં નેવું હજાર માણસો એકઠાં કરી દીધાં અને બે લાખ આસ્ટ્રિયનોને ડાન્યૂબની પેલી પાર હાંકી કહાડયા. આવું આશ્ચર્યકારક વૃત્તાંત સાચા ઇતિહાસને બદલે કોઇ એક કલ્પિત વાર્તાના અદ્ભુત પ્રકરણને માટેજ વધારે યોગ્ય દીસે છે. મદમાતા આસ્ટ્રિયનો પૂરદમામથી બાવેરિયામાં પેઠા હતા પણ હવે તેઓ માર ખાઇને તથા હજારો યોદ્ધા અને લશ્કરી અસબાબનો ભોગ આપીને વીલે મોઢે નાસવા લાગ્યા હતા.

આ આશ્ચર્યકારક સંગ્રામમાં નેપોલિયને એટલો માનસિક તેમજ શારીરિક પરિશ્રમ સહન કર્યો હતો કે તેને માનવાને માટે સંગીન પૂરાવા ન હોય તો કોઇથી માની શકાય પણ નહિ. પારિસથી ડાન્યૂબસુધીની છસો માઇલની મુસાફરી દરમ્યાન તેણે ગાડીમાં બેઠે બેઠે જે આરામ લીધો હોય તેજ. વચમાં માત્ર કોઇ કોઈ કિલ્લાની તપાસ લેવા અથવા ફ્રાન્સ, સ્પેન, ઇટાલિ, જર્મની વગેરે રાજ્યોમાં રહેલા સેંકડો પ્રતિનિધિઓને કાગળો લખાવવા માટેજ તે થોભ્યો હતો. છાવણીમાં આવીને તરતજ તેણે પાંચ દિવસ અને પાંચ રાત્રિસુધી મહાભારત પરિશ્રમ ઉઠાવ્યો. આખો દિવસ કામ કરી રહ્યા પછી છેક મધરાતે કપડાં ઉતાર્યા વગર ખુરશી પર બેઠાં બેઠાં તે એકાદ કલાક આરામ લઇ લેતો, અને પાછો ઘોડે બેસીને વરસાદ અને વાવાઝોડાની પરવા કર્યા વગર છાવણીના એકેએક નાકાની તપાસ લઈ આવતો. આવી રીતે કોઇ કોઇ વાર પંદર પંદર કલાકની સ્વારી કરી આવ્યા પછી જાણે કશોજ થાક ન લાગ્યો હોય તેમ તે કાગળો અને હુકમો લખાવવા બેસી જતો. આ પાંચ દિવસમાં તેણે જેટલા કાગળો લખાવ્યા હતા તે એકઠા કરવામાં આવે તો એકાદ મોટું પુસ્તક ભરાય.

प्रकरण ४६ मुं–वियेना जीतायुं

वॉટર્લુના સંગ્રામ વખતે નેપોલિયનનો પરાજય થયા પછી તેના બીજા અસબાબની સાથે તેની મુસાફરી કરવાની ગાડી પણ અંગ્રેજોના હાથમાં આવી હતી અને તે આજે લંડનના બ્રિટિશ સંગ્રહસ્થાનમાં છે. તેની તમામ રચના નેપોલિયનના સ્વભાવને બરાબર યોગ્ય હતી. દેખાવમાં તે ગાડી તદ્દન સાદી અને ભભકા વગરની છતાં પણ તેમાં બેઠાં બેઠાં કામ કરવાની પૂરતી સગવડ કરાયલી હતી. તેમાં એક પાટીયું એવી રીતે ગોઠવ્યું હતું કે લખતી વખતે તેનો ટેબલ તરીકે ઉપયોગ કરી શકાય અને ન લખવું હોય ત્યારે ઉંચે ચડાવી દેવાય. તેમાં એક નાની સરખી પેટી હતી જેની અંદર લખવાની તમામ સામગ્રી રહી શકતી હતી. બધી બાજુએ અનેક ખાનાં હતાં. તેમાં પુસ્તકો, નકશા, સરકારી પત્રો અને દૈનિક વર્તમાનપત્રો મૂકવામાં આવતાં હતાં, બેઠકની પાછળ દીવો મૂકવાની ગોઠવણ હતી; તેથી કરીને રાત્રે પણ તે લખી વાંચી શકતો. બેઠક જરાક નમતી બનાવી હતી કે જેથી કરીને મુસાફરી દરમ્યાન ટટ્ટાર ન બેસવું પડતાં કાંઇક અઢેલીને આરામથી બેસી શકાય. ગાડીના આચકા ન લાગે તે માટે બધી બાજુએ નરમ ગાદી જડી લીધી હતી.

માર્ગમાં પૂર ઝડપથી ચાલતી ગાડીમાં બેઠો બેઠો નેપોલિયન પળે પળનો ઉપયોગ કરી લેતો. લશ્કરી અને મુલ્કી જનરલોના, રાજદ્વારી પુરુષોના તથા સરદારોના રિપોર્ટ તે તપાસી જતો, વાંચીને તે તરતજ તેના ઝીણા ઝીણા કટકા કરીને બારીએથી ફેંકી દેતો, પણ તેની સ્મરણશક્તિ એવી અદ્ભુત હતી કે તેને નાની નાની બાબત પણ યાદ રહેતી. સાહિત્ય, વિજ્ઞાન કે ધર્મ કોઇ પણ વિષયને લગતાં જે જે નવાં પુસ્તકો દેશમાં પ્રકટ થતાં તેની નકલ તો તે અવશ્ય ખરીદતો. આંખ ફેરવી જતાં જો તે પુસ્તક નિરુપયોગી જેવું લાગતું તો તેને ચાલતી ગાડીએ બારીમાંથી ફેંકી દેતો. આ રીતે કાગળોની કાપલીઓ અને માર્ગમાં વેરાતાં પુસ્તકો ઉપરથી તે કયે રસ્તેથી ગયો હશે તે જણાઇ આવતું હતું. જે

પ્રદેશમાંથી પોતે મુસાફરી કરતો હોય તેનો સારામાં સારો નકશો તે હમેશાં પોતાની સામે ટાંગી રાખતો.

તે જ્યાં જ્યાં મુકામ કરતો ત્યાં ત્યાં બધે બાદશાહી ધોરણ પ્રમાણે તમામ વ્યવસ્થા કરવામાં આવતી. નેપોલિયનની કચેરીમાટે એક સારામાં સારો ઓરડો પસંદ કરવામાં આવતો. ઓરડાની વચમાં એક ટેબલ ઉપર, જે જે પ્રદેશોમાં લશ્કરો કામ કરી રહ્યાં હોય તેના નકશા ગોઠવાઇ જતા. લશ્કરની તમામ ટુકડીઓ ક્યાં ક્યાં છે તે બધું નકશા ઉપર ટાંકણીઓ ખોસીને બતાવવામાં આવતું. ઉપરાંત તમામ રસ્તાઓ, પૂલો ખીણો વગેરે વીગતો નકશામાં બતાવવામાં આવતી. એજ પ્રમાણે શત્રુનાં લશ્કરે રોકેલી જગ્યા પણ જૂદા જૂદા રંગની ટાંકણીઓ ખોસીને એક નજર નાખતાંજ સમજાઇ જાય એમ બતાવવામાં આવતી હતી. આ બધું કામ તેના ખાનગી મંત્રીઓ અને સેવકો અત્યંત પ્રેમપૂર્વક હોંસભેર કરી નાખતા હતા, કે તે જ્યારે આવે ત્યારે તેને એ બાબતમાં કશું પૂછવાનું રહેજ નહિ; અને તેને પોતાનું કામ કરવામાં લેશમાત્ર ઢીલ થાય નહિ.

નેપોલિયનના સેક્રેટરીઓ માટે ચાર ખૂણે ચાર ટેબલ રહેતાં. આ અમલદારોને પણ તેની સાથે રાતદિવસ કામ કરવું પડતું અને બધાને તે એકીવખતે જૂદા જૂદા હુકમોના ખરડા લખાવતો. જરા પણ ગુંચવાયા વગર એકકી વખતે અનેક બાબતોનો નિર્ણય કરી દેવાની તેનામાં અલૌકિક શક્તિ હતી. તે પીઠ પાછળ હાથ રાખીને ઓરડામાં આંટા મારતો અને જેટલી ઝડપથી બોલી શકાય એટલી ઝડપથી લખાવ્યે જતો. ટુંકાં અને જુસ્સાદાર વાકયોમાં તે પોતાના અભિપ્રાય તેમજ હુકમ લખાવી નાખતો. એક સેક્રેટરીને લશ્કરની હિલચાલ કરવા સંબંધી હુકમો લખાવતો, તેજ વખતે બીજાને રાજ્યની નાણાં પ્રકરણી બાબતના અથવા રાજ્યકારોબારને લગતા ગુંચવાડાભરેલા પ્રશ્નનો પણ ત્યાંને ત્યાંજ નિર્ણય કરીને છેવટનો જવાબ લખાવતો. તેજ વખતે ત્રીજા તરફ ફરીને યૂરોપનાં અનેક રાજ્યોમાં ગએલા પોતાના પ્રતિનિધિઓને પત્રો લખાવતો અને ચોથાને પોતાના ખાનગી પત્રો લખાવ્યે જતો. આ પ્રમાણે અનેક પત્રો લખાવી દીધા પછી તે પોતેજ કલમ લઇને ભાગ્યેજ વાંચી શકાય એવા અક્ષરથી ટુંકા પણ જ્વલંત શબ્દોમાં જોસેફાઇન ઉપર એક કાગળ ઘસડી કહાડતો, અને તરતજ ગાડીમાં કે ઘોડે બેસીને ખરતા તારાની પેઠે ઝડપથી ત્યાંથી ચાલ્યો જતો. આવા રોકાણના વખતમાં તેણે જોસેફાઇનને જે પત્રો લખ્યા હતા તેમાંનો એક નીચે મુજબ છે.

ડૉન્સવર્થ, ૧૮મી એપ્રિલ ૧૮૦૯

" હું અહિં ગઇ કાલે સવારે ચાર વાગ્યે આવ્યો છું, અને હવે ઉપડી જવાની તૈયારીમાં છું. બધે દોડા દોડ થઇ રહી છે, લશ્કરી કામ પૂરવેગથી ચાલે છે. આજ-

ની પળ સુધી નવો બનાવ બન્યો નથી. મારી તબીયત સારી છે. સર્વાંશ તારો–
નેપોલિયન. ”

રેટિસ્બન શહેરનો કબજો લીધા પછી તેણે લશ્કરમાં એક પ્રોત્સાહક જાહેરનામું ફેરવી દીધું તે નીચે પ્રમાણે છેઃ—

“ સિપાઇઓ ! તમે મારા મનોરથ સિદ્ધ કરી આપ્યા છે. તમારા શૌર્યવડે તમારી સંખ્યાની ઉણપ તમે જણાવા દીધી નથી. થોડા દિવસમાંજ તમે એકમૂલ તથા બીજા પાંચ યુદ્ધોમાં ફતેહ મેળવી છે. સો તોપ, ચાળીશ વાવટા, પચીશ હજાર કેદી, ત્રણ પૂલ બંધાય એટલો સામાન, ત્રણ હજાર ગાડાં અને તેમના ઘોડા તથા શત્રુસૈન્યની નાણુંની તિજોરીઓ એ સર્વ તમારીજ બહાદૂરી અને કુચ કરવાની ઝડપનો બદલો છે. વચન ભંગ કરનાર આસ્ટ્રિયાના પ્રધાનોએ ત્યાંના લશ્કરને એવું ભરમાવી દીધું હતું કે તેઓ તમને ભૂલીજ ગયા હતા; પણ હવે તેમને ભાન આવ્યું છે. પહેલાંના કરતાં હવે તેઓ તમારાથી વધારે ડરવા લાગ્યા છે. થોડાજ દિવસ ઉપર તેઓ આપણા મિત્રના રાજ્યમાં ઘૂસ્યા હતા, અને ઠેઠ આપણા ઘરસુધી ધસી આવવાનો વિચાર તેમણે રાખ્યો હતો; પણ આજે તેઓ હાર ખાઇને તમારાથી નાસતા ફરે છે. આપણી આગલી ટુકડીઓ ઇન નદીને સામે કિનારે જઇ પહોંચી છે. એક મહિનામાં આપણે વિયેનામાં જઇને ઉભા રહીશું. ”

બીજે દિવસે નેપોલિયને લશ્કર તપાસી જોયું. ઘોડેસ્વાર અને પાયદળની ટુકડીઓ પોતપોતાના સરદારની સાથે તેની નજર આગળથી પસાર થતી ગઇ. તે વખતે આખી ટુકડીમાંથી સાથી વધારે માનને લાયક કયા કયા સિપાઇઓ છે તે દરેક ટુકડીના સરદાને તે પૂછી જોતો અને ખરેખરા બહાદૂર સિપાઇઓના લિજીયન ઓફ ઓનરની લાલ પટ્ટી તે પોતાને હાથે ચોંટાડતો. માત્ર સરદારોનેજ મળી શકે એવું આ માન આવી રીતે ઘણીવાર તે સામાન્ય સિપાઇઓને પણ આપતો હતો. આ પ્રસંગે એક જૂના સિપાઇના ડગલાને તે લિજીયન ઓફ ઓનરની પટ્ટી લગાડતો હતો તે વખતે તે ઘરડા સિપાઇએ નેપોલિયનને પૂછ્યું “આપ મને ઓળખો છો ?” નેપોલિયને કહ્યું, “કેવી રીતે ?” સિપાઇએ કહ્યું, “કેમ સાહેબ ? સિરિયાના રણમાં એકવાર આપ ઘણાજ ભૂખ્યા હતા ત્યારે જેણે પોતાના ભાથામાંથી આપને ખાવાનું આપ્યું હતું તેજ હું.” નેપોલિયને તરતજ જવાબ આપ્યો, “બસ, હવે મેં તમને ઓળખ્યા. આજથી તમને સર નાઇટ બનાવું છું અને એક હજાર ફ્રાન્કનું વાર્ષિક બક્ષિસ આપું છું.” આ પ્રમાણે તેણે સિપાઇઓમાં ઉદારવૃત્તિ અને સ્વમાનની ભાવના જાગૃત કરી હતી અને તેથીજ તેઓ યુદ્ધમાં અસાધારણ ઉત્સાહ અને પરાક્રમ બતાવતા હતા.

રેટિસ્બન શહેરનો મોટો ભાગ લડાઇ દરમ્યાન સળગેલી આગને લીધે તારાજ

થઇ ગયો હતો. એ શહેર નેપોલિયનના મિત્ર બાવેરિયાના રાજાનું હતું. નેપોલિયને હમેશની માફક ઉદારતા બતાવીને શહેરના બળી ગએલા ભાગો લાખો ફ્રાન્ક ખર્ચીને ફરીથી બંધાવી આપ્યા.

ત્યાર પછી કેટલેક વર્ષે સેન્ટ હેલેનામાં આ વાતનો પ્રસંગ નીકળતાં તેણે કહ્યું હતું કે સારામાં સારી યુદ્ધકળા મેં જો કોઇ પણ ઠેકાણે બતાવી હોય અને જેને હું પોતે પણ સારામાં સારી માનતો હોઉં તો તે એકમૂલનો સંગ્રામ છે. મારેન્ગો તથા બીજા સંગ્રામ એનાથી ઉતરતા પ્રકારના છે.”

અંગ્રેજ ઇતિહાસકાર એલિસન લખે છે કે “ ઓગણીશમી એપ્રિલની સંવારથી ૨૨મી ની સાંજસુધી તે રોજના અઢાર અઢાર કલાક ઘોડે બેસીને ઘૂમતો હતો અને કાગળો લખાવતો હતો. **તેની આસપાસના બધા માણસો જ્યારે થાકથી નરમ બની જઇ ઝોકાં ખાવા લાગ્યા, ત્યારે તે જાતેજ કાગળો વાંચીને તેના જવાબ લખવા મંડી ગયો.** ”

ડાન્યૂબ નદીને જે કિનારે રેટિસ્બન શહેર આવેલું છે તેજ કિનારે આસ્ટ્રિયાની રાજધાની વિયેના બસેં માઇલને અંતરે છે. માર્ગમાં ઘણી નાની નદીઓ ઓળંગવાની હતી અને અનેક સાંકડી ખીણોમાં થઇને પસાર થવાનું હતું. દરેક મજબૂત સ્થળે શત્રુસૈન્યની ટુકડીઓ તોપો ગોઠવીને પડી હતી, પણ નેપોલિયને ઠેઠ વિયેના જઇને ત્યાંના બેવચની પ્રધાનમંડળની સાથે પોતાની તકરારનો છેવટનો નિકાલ કરવાનો નિશ્ચય કર્યો હતો; તેથી શત્રુની તોપોની સામે થઇને પણ જવુંને જવુંજ એવો દૃઢ સંકલ્પ કરીને તેણે ફ્રેન્ચ લશ્કરને આગળ વધવાની આજ્ઞા આપી. તોપોના ગોળા તથા બંદુકની ગોળીઓને ફૂલની માફક વધાવી લેતા નિડર ફ્રેન્ચ યોદ્ધાઓ બેધડક આગળ વધ્યા. તેમના માર્ગમાં શત્રુએ બનતી અડચણો નાખી. પૂલ ઉડાવી દીધા, હોડીઓ ભાગી નાખી અને ટેકરીએ ટેકરીએ તોપો તથા હથિયારબંધ માણસો ગોઠવીને તેમને ખાળવાને ફાંફાં માર્યાં, પણ નદીના પૂરની માફક તેઓ ધસારાબંધ આગળજ વધતા ચાલ્યા.

એમ કરતું કરતું ફ્રેન્ચ લશ્કર ડાન્યૂબને મળનારી ટ્રેન નદીને કિનારે આવી પહોંચ્યું. એ નદીને એકકી વખતે જૂદી જૂદી જગ્યાએથી ઓળંગવાની નેપોલિયને આજ્ઞા કરી. જનરલ માસેના સાત હજાર માણસો લઇને નદી ઉતરવાની તૈયારી કરવા લાગ્યો. સામે કિનારે એબર્સબર્ગ શહેર હતું. તેના બુરજ ઉપર મજબૂત તોપો ફ્રેન્ચોનો સત્કાર કરવા માટે તૈયારજ હતી. નદીનો પૂલ ૧૨૦૦ ફુટ લાબો હતો. આ ઠેકાણે અવિચારી સાહસનું અને સિપાઇઓની કમકમાટ ઉપજાવે એવી નિર્દય કતલનું જેવું ભયંકર ઉદાહરણ જોવામાં આવે છે તેવું જગતપર કોઇ પણ યુદ્ધની તવારીખમાં મળી આવવું મુશ્કેલ છે. પૂલની સામી બાજુએ ૪૦૦૦૦ આસ્ટ્રિયન સિપાઇઓ બંદુકો ભરીને હારબંધ ગોઠવાઇ ગયા હતા; તેમજ કિનારાપરનાં મકા-

નોની બારીએ બારીએ સિપાઇઓ ફ્રેન્ચો પૂલ ઉપર પગ મૂકે તેની રાહ જોતા ઉભા હતા. પૂલ તદ્દન લાક્ડનો હોવાથી સહેલાઇથી ઉડાવી દેવાય એવો હતો.

સાહસિક અને નિડર ઉત્સાહથી ઉછળતો માસેના એક પળવાર પણ થોભ્યો નહિ. એક કલાકનો પણ વિલંબ થાય તો શત્રુ પૂલને ઉડાવી દે એવી તેને દહેશત હતી. શરીરે ઠીંગણો પણ શૌર્ય અને પ્રતાપમાં સૂર્ય જેવો તેજસ્વી જનરલ કોહોર્ન સૌથી આગળ ચાલ્યો. તરતજ સામે કિનારેથી નાના પ્રકારનાં અસ્ત્રનો વરસાદ વરસવા લાગ્યો. ધૂમાડાથી પૂલ ઢંકાઇ ગયો અને ગોળીઓ તથા ગોળાના મારથી ફ્રેન્ચોની હાર છિન્નભિન્ન થઇ ગઇ. સિપાઇઓના કુરચે કુરચા ઉડી જવા લાગ્યા. ત્રણેક દારૂગોળાનાં ગાડાં પણ સળગી ઉઠયાં અને આસપાસ ખીચોખીચ ઉભેલા સિપાઇઓના અણુ અણુ જેટલા ટુકડા થઇ ગયા. મુડદાંઓથી અને ઘાયલ થઇને પડેલા સિપાઇઓથી પૂલ હવે ભરાઇ ગયો. પાછળ આવતા સિપાઇઓ તેમને ઉંચકી ઉંચકીને નદીમાં પધરાવવા લાગ્યા, અને તેમ કરતાં તેઓ પડતા તો તેમની પણ તેવીજ વલે થતી. આમ કર્યા વગર છૂટકોજ ન હતો; કેમકે નહિ તો થોડીજ વારમાં આખો પૂલ ભરાઇજાય અને જવાનો રસ્તોજ ન રહે. ધૂમાડામાં ઢંકાયલા, તોપોના ધડાકાથી કાન બહેર મારી ગએલા, ગોળા અને ગોળીઓથી વીંધાતા અનેક યુદ્ધોમાં ઘડાઇને રીઢા થઈ ગએલા સિપાઇઓ પોતાના મરી ગએલા તથા ઘાયલ સોબતીઓને કચરતા છૂંદતા, તેમની આજીજીની પરવા કર્યા વગર તેમને નદીમાં પધરાવતા આગળ ને આગળ ધસ્યાજ ગયા. અંગ્રેજ સેનાધિપતિ વેલિંગ્ટન સત્યજ કહે છે કે “ શુદ્ધ ખ્રિસ્તી ભાવનાવાળો (કોમળ હૃદયનો) માણસ લશ્કરના ધંધામાટે પૂરેપૂરો નાલાયક છે.”

એમ કરતાં કરતાં તેઓ પૂલને સામે છેડે શહેરના દરવાજા નજીક જઇ પહોંચ્યા. અહીં આવતાંજ તેમની આગલી હાર તોપને ધડાકે ઉડી ગઇ પણ તેથી નાહિંમત ન થતાં પાછલી હારે ધસી જઇને દરવાજા ભાગી નાખ્યા અને શત્રુઓને મારી હઠાવીને જયનાદ ગજવતા શહેરમાં ઘૂસી ગયા. આસ્ટ્રિયનો શહેરમાં જ્યાં ત્યાં આગ સળગાવતા અને પગલે પગલે લઢતા પાછા હઠતા ચાલ્યા. બળતાં મકાનોમાંથી સળગતા ભારવટીઆ પડતા ગયા અને શેરીએ શેરીએ દારુણ સંગ્રામ થવા લાગ્યો. મુડદાંના ઢગલા થઇ ગયા. તેમને ખસેડવાનો વખત ન હતો. આખરે મુડદાં પણ આગમાં સળગવા લાગ્યાં અને બળતા માંસની દુર્ગંધ આખા શહેરમાં ફેલાઇ ગઇ. આ સર્વની વચમાં થઇને ફ્રેન્ચ સ્વાર, પાયદળ અને તોપખાનું ધડધડાટ પસાર થતુંજ ગયું. અડધાં બળી ગએલાં મુડદાં, હાડકાં, અને બળતાં મકાનોમાંથી, તથા વરસતા અંગારામાં થઇને લાગણીશૂન્ય થઇ ગએલા સિપાઇઓ યંત્રની માફક ચાલ્યાજ ગયા !

નેપોલિયને તોપોના ધડાકા ઘણે દૂરથી સાંભળ્યા અને દોડતે ઘોડે ત્યાં આવી પહોંચ્યો. પોતાના પ્રાણતુલ્ય વ્હાલા સિપાઇઓની કતલ જોઇને તેનું અંતઃકરણ ખિન્ન

થઇ ગયું. માસેના અને કોહોર્નને તેમના શૂરાતનમાટે ધન્યવાદ આપતાં તેમના અવિચારિ સાહસને માટે તેણે તેમને સખત ઠપકો આપ્યો, અને કહ્યું કે બીજું લશ્કર આવી પહોંચતાં સુધી તેઓ થોભ્યા હોત તો આવી ભારે ખુવારી થાત નહિ. મુડદાંને બાજુએ કરવા માટે પાવડા વળગાડવા પડયા એ જોઇને નેપોલિયને કહ્યું કે “ લડાઇને ઉત્તેજન આપનારાઓ અહિં આવીને જુએ અને તેમની મહત્ત્વાકાંક્ષાને લીધે માણસજાત ઉપર કેટલી વિપત્તિ પડે છે તે સમજે તો કેવું સારૂં ? ”

હવે ફ્રેન્ચ સૈન્યને માટે વિયેના જવાનો માર્ગ સરળ થઇ ગયો. નેપોલિયનની હરકોઇ પ્રસંગે નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની તૃષ્ણા આવાં યુદ્ધોના મામલામાં પણ દબાઈ જતી નહિ. માર્ગમાં આવતાં ઐતિહાસિક સ્થળોવિષે માહિતી મેળવી લેવા માટે તેણે એક ભોમીયાને સાથે લીધો હતો. દૂરથી નજરે પડતા, ગોથિક ઢબથી બંધાયલા ડિર્સ્ટેનના પ્રાચીન બુરજ તેને બતાવવામાં આવ્યા. આજ કિલ્લામાં ઈંગ્લંડના મહા પરાક્રમી અને આખા યૂરોપમાં સિંહના નામથી જાણીતા થએલા રિચર્ડ રાજાને કેદ કરવામાં આવ્યો હતો. નેપોલિયને ઘોડો ઉભો રાખ્યો અને કિલ્લા તરફ નજર કરી, પાસે ઉભેલા સરદાર બર્થિયર અને લાનીને સંબોધીને કહ્યું:—

“ રિચર્ડ પણ મારી માફક સિરિયા અને પાલેસ્ટઈનમાં યુદ્ધ કરવા ગયો હતો અને તેણે એકર જીત્યું તેટલો તે મારા કરતાં વિશેષ ભાગ્યશાળી ગણાય; પણ મારા શૂરવીર લાની ! રિચર્ડ તારા કરતાં તો શૌર્યમાં વધી જાય એવો ન હતો. પાલેસ્ટાઈન છોડીને યૂરોપમાં આવતાંજ તેના કરતાં અનેકગણા ઉતરતા માણસોએ તેને કેદ કર્યો, અને આસ્ટ્રિયાના રાજાએ જર્મનીના રાજાને વેચ્યો. આવા હલકા કૃત્યના કરનાર તરીકેજ એ જર્મનીના રાજાનું નામ જળવાઈ રહ્યું છે. ઈંગ્લંડની પ્રજાએ પણ પોતાના એ રાજાને છોડાવવાની ઝાઝી તત્પરતા બતાવી નહિ. ”

થોડીવાર થોભ્યા પછી કિલ્લા તરફજ નજર ચોંટાડી રાખીને તે આગળ બોલ્યો:-

“ એ જમાનો સંસ્કૃતિમાં ઘણો પછાત હતો. લોકો ભલે તેને શૌર્યનો જમાનો કહે પણ તે વખતે બાપ પોતાનાં બાળકોને સ્ત્રી પોતાના પતિને, પ્રજા પોતાના રાજાને અને સિપાઇ પોતાના સરદારને જરા પણ શરમ કે લાંછન વગર ત્યજી દેતાં ! આજે એ સમય કેટલો પલટાઇ ગયો છે ? તમે જુઓ છો કે મોટા મોટા રાજાઓ, શહેનશાહો, અને તેમની રાજધાનીઓ મારા કબજામાં આવી જવા છતાં પણ કશોજ દંડ લીધા વગર કે તેમની આબરૂને હાનિ પહોંચાડયા વગર મેં તેમને છોડી દીધાં છે. આસ્ટ્રિયાના રાજાને હું કેદ કરી શકત છતાં હું તેની સાથે કેવી ઉદારતાથી વર્ત્યો છું તે જગતથી અજાણ્યું નથી. અત્યારે પણ એજ રાજા લગભગ અડધો તો મારા કબજામાં આવી ગયો છે અને તેણે આપણા ઉપર બેવચની થઇને ચઢાઇ કરી છે, તોપણ તેના તરફ હું અગાઉના કરતાં ઓછી ઉદારતા બતાવવાનો નથી. ”

નેપોલિયનને બિચારાને ખબર ન હતી કે તેને પોતાનેજ થોડાં વરસ પછી રિચર્ડના કરતાં પણ વધારે સખત કેદખાનું ભોગવવું પડશે અને સુધરેલા જમાનામાં વપરાતી નિર્દયતા બતાવવાની સુધરેલી પણ ખરૂં જોતાં વધારે જંગલી પદ્ધતિનો ભોગ થવું પડશે.

તેણે એપ્રિલની ૧૦ મી તારીખે પારિસ છોડયું હતું અને ૧૦મી મેએ તે સૈન્યસહિત વિયેના નગરના દરવાજા પાસે આવી પહોંચ્યો. શાહજાદો ચાર્લ્સ નવું લશ્કર તૈયાર કરીને રાજધાનીનો બચાવ કરવા માટે ડાન્યૂબ નદીના સામા કિનારા તરફ ઝડપથી કુચ કરતો ચાલ્યો આવતો હતો. શહેર ત્રણ માઈલના ઘેરાવાનું અને મજબૂત કિલ્લાથી સુરક્ષિત હતું.તેમાં એક લાખ માણસની વસ્તી હતી. કોટની બહારની બાજુએ પા માઇલ પહોળા મેદાનમાં સુંદર વૃક્ષોની ઘટા આવી રહેલી હતી. તેની પાછળ શહેરનાં નાનાં-મોટાં અનેક પરાં આવેલાં હતાં. તેમાં બે લાખ માણસ રહેતાં હતાં. તેમની આસપાસ પણ મજબૂત દિવાલ બાંધેલી હતી.

શહેર ઉપર તોપોનો મારો ચાલુ કરીને નિર્દોષ રૈયતના જાનમાલની ખુવારી કરવી ન પડે તો સારૂં એમ નેપોલિયન આતુરતાથી ઇચ્છતો હતો. તેટલા માટે સુલેહનો સફેદ વાવટો આપીને એક અમલદારને તેણે શહેર તરફ મોકલ્યો; પણ તેના ઉપર હુમલો થયો અને તેને મારી નાખ્યો, અને જે કસાઇના છોકરાએ આ કૃત્ય કર્યું હતું તેને ફ્રેન્ચ અમલદારના ઘોડાપર બેસાડીને બધા શહેરમાં ધામધૂમથી ફેરવ્યો. નેપોલિયને આ સમાચાર જાણીને હુમલો શરૂ કર્યો અને બહારનો કોટ સર કર્યો; પણ પરાંમાં થઇને ફ્રેન્ચ લશ્કર જ્યાં વૃક્ષોની ઘટાવાળા મેદાનમાં દાખલ થયું કે તરતજ તેમના ઉપર કિલ્લાના બુરજ ઉપરથી અગ્નિનો વરસાદ વરસી રહ્યો. નેપોલિયને આગળ ન વધતાં શહેરને ઘેરો નાખ્યો અને તાબે થવાની ચેતવણી આપી. આ વખતે સંદેશો લઇ જવા માટે કોઇ ફ્રેન્ચ અમલદારને ન મોકલતાં પરાંની વસ્તીના આગેવાનને શાહજાદા મેકસીમિલિયન પાસે મોકલ્યો. આ સંદેશાના પત્ર ઉપર સેનાપતિ બર્થિયરની સહી હતી અને તે નીચે પ્રમાણે હતો:—

"મહાશય—આજે સવારમાં આપ નામદાર તરફ સુલેહના વાવટાસહિત એક અમલદારને મોકલવામાં આવ્યો હતો. તે હજીસુધી પાછો ફર્યો નથી. તેને આપ કયારે પાછો મોકલવાના છો તે જણાવવા કૃપા કરશો. આપ આ વખતે લડાઇના નિયમવિરુદ્ધ વર્ત્યા છો તેથી આ સંદેશો પહોંચાડવા માટે અમારા માણસ ન મોકલતાં આપની રૈયતના પ્રતિનિધિઓને અમે મોકલ્યા છે. મારા માલિક, ફ્રાન્સના શહેનશાહ એમ ઇચ્છે છે કે લડાઇની અનિવાર્ય વિપત્તિમાંથી શહેરની નિર્દોષ વસ્તીનું રક્ષણ થવું જોઇએ. તેથી તે નામદાર મારી મારફત આપને જણાવે છે કે જો આપ રાજધાનીને બચાવવાનો પ્રયત્ન કરશો તો યૂરોપના એક સુંદરમાં સુંદર શહેરનો નાશ

થશે અને વૃદ્ધ પુરુષો, સ્ત્રીઓ અને બાળકો જેમનું લડાઇ ચાલતી હોય તોપણ અવશ્ય રક્ષણ કરવા આપણે બંધાયલા છીએ તેમના જાનને આપ જોખમમાં નાખશો. મારા માલિકને જ્યારે જ્યારે લડાઇને લીધે પરરાજ્યમાં દાખલ થવું પડે છે ત્યારે તેઓ તે રાજ્યની નિઃશસ્ત્ર અને બિનલડાયક રૈયતને લડાઇની આફતમાંથી ઉગારી લેવા હમેશાં કાળજી રાખે છે. એમણે આગલી લડાઇ વખતે જે શહેરને જેવું ને તેવું રહેવા દીધું હતું તે શહેરનો આ વખતે નાશ કરવો પડે એ વિચાર મારા શહેનશાહને ઘણો ખૂંચે છે તેની આપને આ ઉપરથી ખાત્રી થવી જોઇએ; છતાં પણ આપે કિલ્લેબંધી શહેરના રિવાજ વિરુદ્ધ વર્તીને આપનાજ શહેરનાં પરાં તરફ તોપોના ગોળા ફેંકાવ્યા છે, તે વડે આપના શત્રુઓનાજ નહિ પણ આપનાં રાજ્યભક્ત નિર્દોષ સ્ત્રીબાળકોના પ્રાણ પણ ગયા હશે. મારે આપને જણાવવું જોઇએ કે અમારા લશ્કરમાંથી કોઇને પણ પરામાં દાખલ થવાની અમારા શહેનશાહે મના કરી છે. માત્ર અમે પરાંના દરવાજા ઉપર પહેરો રખાવ્યો છે; છતાં પણ જો આપ શહેરને બચાવવાનો આગ્રહ છોડશો નહિ તો તેમને શહેર ઉપર તોપનો મારો ચાલુ કરવાની ફરજ પડશે અને છત્રીશ કલાકમાં અમારી તોપોના ગોળા અને બોંબવડે શહેર જમીનદોસ્ત થઇ જવા ઉપરાંત આપની તોપોવડે પણ પરાંની વસ્તીનો અને મકાનોનો નાશ થયા વગર રહેશે નહિ. અમારા શહેનશાહ હજી એમ માને છે કે આપ નામદારના મન ઉપર આની શુભ અસર થશે અને જે શહેર હમણાં નહિ તો થોડા કલાક પછી અમારે તાબે થવાનું છે, તેનો મિથ્યા બચાવ કરવાની આપ હઠ મૂકી દેશો.

કૃપા કરીને મને આપનો છેવટનો નિર્ણય જણાવશો.—"બર્થિયર"

પણ પ્રતિનિધિઓ આ પત્ર લઇને નગરમાં ગયા કે તરતજ કિલ્લા ઉપરની તોપો બમણી ઝડપથી ફૂટવા લાગી અને પ્રતિનિધિઓમાંના ઘણાને તો તેમના દેશી ભાઇઓએજ મારી નાખ્યા ! હવે નેપોલિયનની ધીરજની હદ આવી ગઇ. છતાં પણ દયા વાપરીને પરાંની વસ્તીને કોઈ રીતે ઓછામાં ઓછું નુકસાન થાય એવો માર્ગ તેણે શોધવા માંડ્યો. તે ઘોડે બેસીને માસેનાની સાથે કિલ્લાના દક્ષિણ ભાગની આસપાસ ફરી આવ્યો અને તેણે જોઇ લીધું કે ત્યાં આગળ વસ્તી ઓછી હોવાથી કિલ્લાપરથી ફૂટતી તોપોના ગોળાથી ઘણાં થોડાં માણસોને નુકસાન થાય એમ છે; તેથી પોતાની મજબૂત તોપો ત્યાં ગોઠવાવવાનો હુકમ કર્યો અને શહેરપર દાવાનળ વરસાવવાનાં એ રાક્ષસી યંત્રો ગોઠવાઈ રહ્યા પછી પણ રાત્રે નવ વાગે છેલ્લી ચેતવણી મોકલાવી. તેનો જવાબ કિલ્લાપરથી ધડાધડ ફૂટતી તોપોએ વાળ્યો. ડેન્માર્કની રાજધાનીને જે અંગ્રેજ સેનાપતિએ તોપે ઉડાવી હતી તેના અને નેપોલિયનના સ્વભાવ વચ્ચે કેટલું અંતર હતું તે આ ઉપરથી જોઇ શકાશે.

ત્યાર પછી શહેરપર તોપનો ભયાનક માર શરૂ થયો. દશ કલાકસુધી શહેર ઉપર

પ્રલયાગ્નિની ઝડી વરસી રહી. શહેરનાં ઘીચોઘીચ આવેલાં મકાનો ઉપર ત્રણ હજાર બોંબગોળા ફેંકવામાં આવ્યા. મધ્યરાત્રિનું આકાશ ખરતા તારાની માફક વક્રગતિથી જતા જ્વલંત ગોળાઓથી અને તેમના પ્રચંડ ધડાકાથી ગાજી ઉઠયું. શહેરમાં બધે ઠેકાણે આગ લાગી અને જ્વાળામુખી ફાટયો હોય તેમ શહેરમાંથી ધૂમાડાનાં વાદળાં નીકળવા લાગ્યાં. ધડાધડ ફાટતા ગોળાઓની ગર્જના, ભાગીને ભૂકો થઇ જતાં મકાનોના કડાકા, ઘાયલ થએલાં મનુષ્યોની બૂમો અને બે લાખ યોદ્ધાઓની મદોન્મત્ત વીરહાકથી કાન પડયું સંભળાતું . ન હતું. બળતાં મકાનોના બીહામણા પ્રકાશથી ચારે દિશાઓ પ્રકાશી રહી હતી. તે વખતે શહેરના દરવાજામાંથી એક દૂત સુલેહનો વાવટો પકડીને બહાર આવ્યો. તેને તરતજ શહેનશાહ પાસે લઇ જવામાં આવ્યો. તેણે જાહેર કર્યું કે ફ્રેન્ચોની તોપોની બરાબર સામે આવેલા બાદશાહી મહેલમાં આસ્ટ્રિયાની શાહજાદી માંદગીને બિછાને પડી છે. રાજકુટુંબ નાસી ગયું છે પણ નાસવાની ઉતાવળને લીધે તેઓ બિચારી રાજકુમારીને આવી હાલતમાં રહેવા દઇને નાસી ગયાં છે.

નેપોલિયને તરતજ તે બાજુની તોપોનાં મોઢાં ફેરવી નાખવાનો હુકમ કર્યો. આ પ્રમાણે જે શાહજાદીનો જાન તેણે બચાવી લીધો હતો તેજ થોડા વખત પછી ફ્રાન્સની રાજરાણી બનવા ભાગ્યશાળી થઇ. તોપોના ધડાકા અને અગ્નિના વરસાદની વચ્ચે નેપોલિયને તે શાહજાદી મેરિયા લુઈસાના હૃદયમાં પોતાના પ્રતિ આકર્ષણનું બીજ રોપ્યું. આખું નગર જ્યારે બળીને અને ભાગીને ચૂર્ણવિચૂર્ણ થઇ જતું હતું ત્યારે તેનો મહેલ તદ્દન સહિસલામત રહ્યો હતો. આ પણ રાજ્યક્રાંતિનીજ એક વિશિષ્ટતા હતી કે કૉર્સિકાના દ્વીપમાં જન્મેલો સામાન્ય દરજ્જાનો પણ યુદ્ધનિપુણતાથી સમાજની ટોચપર આવેલો નેપોલિયન ગર્વિષ્ટ રાજકુલની પુત્રીનો પતિ થઇ શક્યો.

શાહજાદો મેક્સીમીલીયન હવે ગભરાયો અને કેદ પકડાઇ જવાના ભયથી ડાન્યૂબ નદીને સામે કિનારે નાસી ગયો. જતાં જતાં તેણે નદી ઉપરનો પૂલ ઉડાવી મૂક્યો. તેની પાછળ રહેલા અમલદારે તરતજ શરણ થવાનું કહેણ મોકલ્યું. નેપોલિયને તેનો સ્વીકાર કર્યો અને જરા પણ આકરી શરતો બતાવી નહિ. ચારસો તોપો, દારૂગોળાનો અથાગ ભંડાર, તથા તમામ સરકારી કોઠારનો તેણે કબ્જો લીધો. એ સિવાયની લોકોની ખાનગી મિલ્કતને હાથ નહિ લગાડવાનું અભયદાન આપ્યું. આ રીતે પારિસ છોડયા પછી એકજ મહિનાની અંદર નેપોલિયન વિજયડંકા વગાડતો વિયેના નગરમાં દાખલ થયો, અને ત્યાંના બાદશાહી મહેલમાંથી તેણે પોતાના લશ્કર જોગ એક જાહેરનામું પ્રકટ કર્યું. જેના છેલ્લા શબ્દો નીચે પ્રમાણે હતાઃ—

“સિપાઇઓ ! વિયેનાના રહેવાસોઓ તરફ આપણે ખાસ વિવેક અને સંભાળથી વર્તવું ઘટે છે. ઘરબારવગરનાં થઇ ગએલાં કુટુંબો અને વિધવાઓને આપણે આશ્રય

આપવાનો છે. વિયેના શહેરના શાણા વતનીઓને હું મારા ખાસ રક્ષણ નીચે મૂકું છું. માત્ર હુલ્લડખોર અને દુષ્ટ લોકોનેજ બીજાઓ ઉપર દાખલો બેસી જાય એવી શિક્ષા કરીશ. સિપાઇઓ! ખેડુત લોકો તરફ માયાળુપણે વર્તજો. તમારી ફતેહથી છલકાઇ ન જશો. તમારી ફતેહવિષે તમે એમ સમજજો કે કૃતઘ્ન અને બેવચનીઓને ન્યાયી ઇશ્વરે તમારી મારફતે શિક્ષાજ કરેલી છે.”

આસ્ટ્રિયાના દરબારમાં રહેલા ફ્રેન્ચ પ્રતિનિધિ જનરલ એન્ડ્રિયેસીને નેપોલિયને વિયેનાનો સુબો નીમ્યો. શહેરના લોકોનો તેના તરફ ઘણો સારો સદ્ભાવ હતો. પ્રજાજનની મૈત્રી મેળવવા માટે અને તેમને તેમનો પરાજય હીણપદભરેલો ન લાગે તે માટે નેપોલિયને બનતો પ્રયત્ન કર્યો. શહેરમાં બંદોબસ્ત જાળવવાનું કામ પોતાના લશ્કરને ન સોંપતાં તેણે શહેરના વતનીઓમાંથી છ હજાર સ્વયંસેવકોની ટુકડી ઉભી કરી. શહેરમાં ખોરાકનાં સાધનની અછત હતી અને તેમાં એક લાખ માણસોનો વધારો થવાથી લોકોને મોંઘવારી વેઠવી પડે એમ હતું તેથી તેણે હંગરીથી સંખ્યાબંધ ઢોર અને પુષ્કળ અનાજ મંગાવી દીધું. નીચલા વર્ગના માણસોમાટે ઉદ્યોગનાં સાધન ઉભાં કર્યાં અને તેમને વાજબી મજૂરી આપી, અને ઘણે પ્રસંગે તો શત્રુરાજાની પાયમાલ થએલી રાજધાનીને દુરસ્ત કરવામાંજ તેમનો ઉપયોગ કર્યો.

આવી મોટી ફતેહો મેળવ્યા છતાં પણ હજી નેપોલિયનની સ્થિતિ ઘણીજ બારીક હતી. તેના કરતાં હજી આસ્ટ્રિયન લશ્કરની સંખ્યા ત્રણ ગણી હતી. ઈંગ્લંડ તેની પાછળ કમ્મર બાંધીને મંડયું હતું. રશિયા સાથે તેને મૈત્રી હતી પણ તે ઘણી મોળી અને ઉપર ઉપરની હતી. પોલેન્ડના એક વિભાગને તેણે પ્રશિયાના જુલ્મમાંથી છોડાવીને સેકસનીના રાજાના રક્ષણ નીચે મૂકયો હતો. આસ્ટ્રિયાના રાજાનો ભાઇ ફર્ડિનાન્ડ સેકસનીમાં પેસીને રાજ્યની ધૂળધાણી કરી રહ્યો હતો. નેપોલિયનને મદદ કરવાનો ડોળ કરવા માટે રશિયાના ઝારે એક નાનું સરખું લશ્કર પોલેન્ડમાં ઉતાર્યું હતું; પણ એકવાર આસ્ટ્રિયાના લશ્કરે સેકસનીના લશ્કરને સખત હાર ખવડાવ્યા પછી આસ્ટ્રિયાનો એક દૂત કેદ પકડાયો. તેની પાસેથી રશિયન સેનાપતિનો લખેલો કાગળ મળી આવ્યો. તેમાં તેણે ફાર્ડિનાન્ડને મુબારકબાદી આપી હતી અને એવી આશા બતાવી હતી કે થોડાજ વખતમાં આસ્ટ્રિયા અને રશિયાનાં લશ્કર ફ્રેન્ચોની સામે એકત્ર થઇને લઢશે. નેપોલિયને આ પત્ર કાંઈ પણ ટીકા કર્યા સિવાય ઝારને મોકલાવ્યો. તે બિચારો રાજમાતા અને ઉમરાવોની ખટપટથી કાયર થઈ ગયો હતો તેથી બીજું કાંઇ કર્યા વગર તેણે તે સરદારને માત્ર પાછોજ બોલાવી લીધો.

નેપોલિયન ઝારની મુશ્કેલીઓ સમજતો હતો. પ્રજાસત્તાક ભાવનાઓના હિમાયતીઓની સામે લઢવા બધો યૂરોપ જોડાયો હતો અને દરરોજ ઝારને તેની રાજમાતા તથા ઉમરાવો મેણાં મારી મારીને કાયર કરી નાખતાં હતાં, તેથી હવે તેને ફ્રાન્સની

સાથે સલાહ કરવા માટે પસ્તાવો થવા લાગ્યો હતો. માત્ર નેપોલિયનની પ્રતિભાવડે ઝારના મન ઉપર જે ઉંડી છાપ પડી તેનાવડેજ તે હજી અળગો રહ્યો હતો. પણ નેપોલિયનને સારી પેડે ખબર હતી કે ઝારની મોળી મૈત્રી થોડાજ વખતમાં દુશ્મનાવટના રૂપમાં ફેરવાઇ જશે. ઝારે માત્ર તેની મદદે પચાસ હજારજ માણસ મોકલ્યાં હતાં પણ ગઇ લડાઇમાં આસ્ટ્રિયાની કુમકે તે બે લાખ માણસ લઇને જાતે આવ્યો હતો; તેથી નેપોલિયને પોતાના એક અમલદાર સેનટીને કહ્યું કે “ મારે મારા મિત્રોના ઉપર આધાર ન રાખતાં મારા પોતાના બળ ઉપરજ નિર્ભય રહેવાની જરૂર છે. ”

થોડી વાર વિચારમાં પડી ગયા પછી પાછો તે બોલ્યો કે, “ મેં એવા મિત્રો ઉપર ભરોંસો નહિ રાખવામાં ડહાપણજ વાપર્યું છે. રશિયા સાથે સલાહ કરવાથી મને શો લાભ થયો અને સલાહ ન કરી હોત તો આના કરતાં વધારે નુકસાન શું થવાનું હતું ? માત્ર એ સલાહની ભાગી તૂટી અસરથી ઝાર અચકાય છે નહિ તો તે ક્યારનોએ મારા શત્રુઓ સાથે ભળ્યો હોત. એ બધાએ આપણી પાયમાલી કરવાનીજ પેરવીમાં છે પણ આગળ આવવાની હિંમત ચાલતી નથી. ”

પ્રશિયા પણ તેના છેલ્લા કોલકરારથી ફ્રાન્સની સામે નહિ લઢવા બંધાઇ ચૂક્યું હતું; પણ તેની સહાનુભૂતિ આસ્ટ્રિયા તરફ વિશેષ હતી. પ્રજાને ઉશ્કેરવા માટે પ્રશિયામાં અસંખ્ય કાવત્રાં થવા લાગ્યાં. આખરે એક પ્રશિયન સેનાપતિએ ફ્રાન્સની સામે ખુલ્લી રીતે લડાઇ જાહેર કરી. તેણે એમ પણ જાહેર કરી દીધું કે પ્રશિયાનો રાજા ફ્રાન્સના શત્રુઓ સાથે જોડાવાની તૈયારીમાં છે. પ્રજાનું જાત્યભિમાન જાગૃત થયું અને હજારો માણસો તેને આવી મળ્યાં.

યૂરોપનાં જે જે રાજ્યો નેપોલિયનના રક્ષણ નીચે હતાં ત્યાં બધે તેણે લોકોને મન માનતો ધર્મ પાળવાની છૂટ આપી હતી. જૂના વિચારના, ધર્માન્ધ કૅથોલિક ધર્મગુરુઓ આથી ઘણા બળી રહ્યા હતા. તેમણે આ લાગ વિચારીને ટાઇરોલના લોકોને ઉશ્કેર્યા અને તેમણે બળવો કરીને ટાઇરોલમાંથી ફ્રેન્ચોને–તેમને સ્વાતંત્ર્ય આપનાર પ્રજાને મારી કહાડયા.

બેલ્જીયમમાં શેલ્ડ નદીને કિનારે એન્ટવર્પ શહેર આગળ ફ્રાન્સનો દારૂગોળાનો અને દરિયાઇ યુદ્ધને લગતી સામગ્રીનો મોટો ભંડાર હતો. તેના ઉપર ઈંગ્લંડે ચઢાઇ મોકલી. એન્ટવર્પમાં માત્ર બે હજાર અશક્ત સિપાઇઓજ હતા. નેપોલિયનથી અત્યારે બીજી મદદ મોકલાય એમ હતું નહિ. આવા નજીવા સૈન્યની સામે પોણીબસેં લડાયક વહાણ અને ખલાસીઓ તથા સિપાઇઓ મળીને એક લાખ માણસોની ફોજ ચઢી આવી. જો એન્ટવર્પ પડે તો ફ્રાન્સનું દારૂગોળાનું તથા નાકાસૈન્યનું મુખ્ય મથક જાય, આખા જર્મનીને કુમક મળે અને આસ્ટ્રિયામાં રહેલા ફ્રેન્ચ સૈન્યને ફ્રાન્સમાંથી મળતી મદદ અટકી પડે. આ સંબંધી વિવેચન કરતાં અંગ્રેજ ઇતિહાસકાર સ્કૉટ

લખે છે કે " અંગ્રેજ લશ્કર ઈટાલિ, સ્પેન, ગ્રીસ, બાલ્ટિક સમુદ્ર બધે ફરી વળ્યું હતું. જ્યાં જ્યાં નેપોલિયનની સામે થવાને લોકો જરા પણ ઈચ્છા બતાવતા તેમને મદદ કરવાને ઈંગ્લંડ તૈયાર ને તૈયારજ રહેતું. "

ઇટાલિમાં આસ્ટ્રિયન શાહજાદો જૉન ૮૦૦૦૦ માણસો લઇને યુજિનની પાછળ પડયો હતો. યુજિને યુદ્ધ કરવાનું સાહસ કર્યું અને તેમાં તેને સખત હાર ખમવી પડી. તેનો પરાજય એવો પૂરેપૂરો થયો હતો કે નેપોલિયનને બધી વિગત કહેતાં તે ડર્યો. તેણે એટલુંજ લખ્યું કે " પિતાજી, મને માફ કરજો. હું પાછો હઠું તો તમે ઠપકો આપો તેથી હું લઢયો, પણ તેમાં હાર્યો છું. " નેપોલિયન ઘણો ગુંચવાયો. પરરાજ્યમાં કેટલી ખુવારી થઇ તે વાત તેની જાણ બહાર હતી. યુજિનના પરાજયથી નહિ પણ તે હકીકત છુપાવે છે તેથી તેના ઉપર ઘણો નારાજ થયો. તેણે જવાબમાં લખ્યું:—" તું હાર્યો. ભલે. બિનઅનુભવી યુવાનને સેનાપતિપણું આપવાનું શું પરિણામ આવે તે મેં પહેલેથી જાણ્યું હોત તો સારૂં થાત. હું તને મદદ મોકલાવીશ. શત્રુની જીતને નિષ્ફળ કરતાં મને આવડે છે; પણ મારે બધી હકીકત જાણવી જોઇએ. કોઈ પણ શાણો સેનાપતિ ન કરે અને મેં પણ અગાઉ કદી કર્યું નથી એમ હું અત્યારે કરૂં છું. મારી આજુબાજુ શું થાય છે તે તરફ નજર કર્યા વગર આગળ દોડયોજ જાઉં છું; છતાં આ જોખમમાં ઉતરવા હું શક્તિમાન છું. તારી જગ્યાએ માસેના હોત તો આ પરિણામ ન આવત. તેની લશ્કરી બુદ્ધિ આગળ તમે બધા કશા હિસાબમાં નથી; છતાં તેં માસેનાની અવગણના કરી. હું તને મદદ તો મોકલીશ, પણ વધારે જરૂર પડે તો મુરાની મદદ માગજે અને સરદારી તેનેજ સોંપી દેજે. "

નેપોલિય વિજયી થયો હતો છતાં તેની આસપાસ આવી આવી મુશીબતોનાં વાદળાં ઘેરાયાંજ કરતાં હતાં અને આવાં સંખ્યાબંધ મક્કમ વિચારનાં શત્રુરાજ્યોની સામે તે એકલે હાથે બાથ ભર્યા કરતો હતો.

પણ નેપોલિયને 'એક્મૂલ'ના સંગ્રામમાં મેળવેલી ફતેહના અને તેણે વિયેના જીત્યાના સમાચાર આખા યૂરોપમાં ફેલાઇ ગયા. તેના મિત્રોને ધીરજ આવી અને શત્રુઓનાં કાળજાંમાં પાછો ધ્રાસ્કો પડયો. પ્રશિયામાં લડાઇ જગાડનાર પ્રશિયન સરદારનું લશ્કર વેરણખેરણ થઇ ગયું. શાહજાદા ફર્ડિનાન્ડે વૉર્સો જીત્યા પછી એક્મૂલના માઠા સમાચાર સાંભળ્યા એટલે એકદમ તે પોલેન્ડ છોડીને ચાર્લ્સની મદદે આવવા નીકળ્યો. ઇટાલિમાં યુજિનને શાહજાદા જૉને ઘેરી લીધો હતો તેથી તેણે બીજી વાર લડવાનું સાહસ કર્યું. તેના કરતાં શત્રુની સંખ્યા અનેકગણી વધારે હતી અને વિજયોન્મત્ત થએલા આસ્ટ્રિયનો તેનો બીજીવાર પણ પરાજય કરત; પરંતુ એવામાં દૂરથી તોપોના ધડાકા સંભળાયા. આસ્ટ્રિયનો સમજ્યા કે અમારી મદદે બીજું લશ્કર આવે

છે. ઈટાલિયનોને પણ એમજ લાગ્યું; પરંતુ તરતજ સમાચાર આવ્યા કે નેપોલિયનની મોટી ફતેહનો વેરોના શહેરમાં ઉત્સવ થાય છે તેના એ ધડાકા હતા. એવામાં જૉનને આસ્ટ્રિયાની હાર થયાના અને વિયેના ગયાના સમાચાર મળ્યા. તેના લશ્કરમાં ગભરાટ ફેલાઈ ગયો. ઈટાલિયનોએ હર્ષનાદ કર્યા. તરતજ બધું આસ્ટ્રિયન સૈન્ય લઢવું છોડી દઈને ઉત્તર તરફ ચાલતું થયું અને યુજિન તેમની પૂંઠે પડયો.

એક બાજુએ જ્યારે ડાન્યૂબને કિનારે નેપોલિયનની ફતેહની ગર્જના ગાજી રહી હતી ત્યારે ડાન્યૂબને સામે કિનારે શાહજાદો ચાર્લ્સ નવું લશ્કર જમાવીને વિયેના તરફ ચાલ્યો આવતો હતો. તેની મદદે દક્ષિણ દિશાએ શાહજાદો જૉન અને ઉત્તરેથી ફર્ડિનાન્ડ દોડયા આવતા હતા. નેપોલિયન વિજયી થયો હતો છતાં તે શત્રુઓના સૈન્ય વચ્ચે ઘેરાઈ ગયો હતો અને તેનું હવે આવીજ બન્યું એમ યૂરોપમાં બધા માનવા લાગ્યા. તેની જોખમભરેલી સ્થિતિ જોઈને પારિસના લોકો પણ ભયભીત બની ગયા અને બુર્બોન રાજાઓના હિતેચ્છુઓ આ લાગ સારો છે એમ ધારીને નવાં નવાં કાવત્રાં કરવા મંડી પડયા.

“એન્સાઇકલોપીડિયા અમેરિકાના” માં આ પ્રસંગને માટે લખે છે કે;–

“નેપોલિયન અત્યારે પ્રજાસત્તાક ફ્રાન્સ સામે થએલી યૂરોપના રાજાઓની સાતમીવારની એકસંપી સામે લઢતો હતો. **પહેલી** એકસંપી ૧૭૯૨ માં રાજ્યક્રાન્તિને દબાવી દેવા પ્રશિયા અને આસ્ટ્રિયાએ કરી. **બીજી** ૧૭૯૩ જર્મની, પોર્ટુગાલ, નેપલ્સ, પોપ વગેરેએ મળી કરી હતી. **ત્રીજી** ૧૭૯૫ માં ઈંગ્લંડ, રશિયા અને આસ્ટ્રિયાએ કરી. તે વખતે નેપોલિયન બહાર આવતો હતો. તેણે ટુલોન આગળ અંગ્રેજોનો પરાજય કર્યો અને ઇટાલિમાં આસ્ટ્રિયા ઉપર પ્રચંડ પ્રહાર કરીને એકસંપી તોડી નાખી. **ચોથી** વાર ૧૭૯૮ માં રશિયા, આસ્ટ્રિયા, તુર્કસ્તાન ઈંગ્લંડ અને નેપલ્સ એકઠાં થયાં. મારેન્ગોના યુદ્ધમાં નેપોલિયને તેમને ફરીથી વિભિન્ન કરી નાખ્યા. થોડીવાર યૂરોપમાં સુલેહ રહી પણ પૂરૂં એક વર્ષ થતાં પહેલાં ઈંગ્લંડ, રશિયા, આસ્ટ્રિયા અને પ્રશિયા. **પાંચમી** વાર ૧૮૦૩ માં લઢવા એકત્ર થયાં. અલ્મ અને આસ્ટર્લિટ્ઝ આગળ નેપોલિયને શત્રુઓને તલવાર મ્યાન કરવાની ફરજ પાડી; પણ ત્યાર પછી તરતજ ઈંગ્લંડ, રશિયા, પ્રશિયા અને નાનાં જર્મન રાજ્યોએ છઠ્ઠી એકસંપી કરી. જેના, ઈલાઉ અને ફ્રેડલેન્ડનાં યુદ્ધોમાં તેમનો ઘાણ નીકળી ગયો અને સલાહ કરવાની ફરજ પડી. ૧૮૦૭ માં ટિલ્સિટનું તહનામું થયું. બેજ વર્ષ પછી સ્પેન અને આસ્ટ્રિયાએ ઈંગ્લંડની ઉશ્કેરણીથી **સાતમી** વાર કલહ ઉભો કર્યો; પણ વાગ્રામના રણક્ષેત્રમાં આસ્ટ્રિયાને એકસંપીમાંથી છૂટા થવું પડયું. ત્યાર પછી યૂરોપના તમામ રાજાઓ જેમાં ઈંગ્લંડ, સ્પેન, પોર્ટુગાલ, રશિયા, આસ્ટ્રિયા, સ્વીડન, નેપલ્સ, ડેન્માર્ક તથા બીજાં અનેક રાજ્યો જોડાયાં અને લઢી લઢીને થાકી ગએલા

ફ્રાન્સ ઉપર દશ લાખ સિપાઇઓનું દળ ઉલટયું. આટલા બધા શત્રુઓની સામે એકલે હાથે લઢતાં નેપોલિયન હાર્યો અને તે દિવસથી યૂરોપની પ્રજા ઉપર ઉમરાવોની સત્તાની લોખંડી બેડીઓ જડાઇ આ એકસંપીની રચના કરીને ઈંગ્લંડે મનુષ્ય જાતિને જે નુકસાન કર્યું છે તેનો બદલો તે કદી વાળી શકનાર નથી. આ પ્રમાણે જ્યારે પોતાની સામે એક પછી એક રાજાઓની એકસંપી થતી નેપોલિયને જોઇ ત્યારે તેણે કહ્યું કે “ હું એંશી વર્ષનો થઇશ ત્યાંસુધી પણ મારે તો લડાઈજ કર્યા કરવાની. ”

प्रकरण ४७ मुं--लोबोनो टापु

વિયેનામાં નેપોલિયન પાસે નેવું હજાર સિપાઇઓ હતા. ડાન્યૂબને સામે કિનારે વિયેનાની બરાબર સામે શાહજાદો ચાર્લ્સ એક લાખ સિપાઈઓ સાથે મજબૂત ખાઇઓ બાંધીને બેઠો હતો. તેની કુમકે ચારે દિશાએથી નવું નવું લશ્કર આવ્યાજ કરતું હતું. વિયેના આગળ ડાન્યૂબનો પટ આશરે અડધા માઈલ ઉપરનો હતો અને પર્વતો ઉપરનું બરફ પીગળવાથી તેમાં પૂર આવ્યું હતું. સામે કિનારે શત્રુની બળવાન ફોજ અને તોપોની હાર ગોઠવાઇ ગઇ હતી. તેની સામે થઇને નદી કેમ ઓળંગવી એ ઘણોજ વિકટ પ્રશ્ન હતો.

વિયેનાથી નીચાણ તરફ છ માઇલને છેટે ડાન્યૂબ નદીમાં એક મોટો દ્વીપ બન્યો હતો, અને પ્રવાહના બે ભાગ પડી ગયા હતા. ત્યાં આગળ પાણી છાછરૂં હતું અને વહેણનું જોર પણ થોડું હતું. તેમાં આશરે સાડા ચાર માઇલ લાંબો અને ત્રણ માઈલ પહોળો લોબો નામનો એક દ્વીપ હતો. ડાન્યૂબને જમણે કિનારેથી લોબોના કિનારા સુધી નદીનો પટ નવસો વારનો હતો. તેના ઉપર કામચલાઉ પૂલ બાંધવામાં મુસ્કેલી ન હતી; કેમકે ટાપુને સામે કિનારે ઝાડી હતી તેથી શત્રુની તોપોના ગોળાથી બચાવ થતો હતો, તથા ફ્રેન્ચોની હિલ્લચાલ તેમના જોવામાં આવતી ન હતી; પણ તેને બીજે કિનારેથી ડાન્યૂબના ડાબા કિનારાસુધીનો પૂલ બાંધવા માટે તો શત્રુની તોપો સામેજ ઉભા રહીને કામ કરવાનું હતું.

આ કામ માટે હોડીઓ, દોરડાં અને પાટીઆંની જરૂર હતી. ઘણી મહેનતે નેપોલિયને નેવું હોડીઓ મેળવી. ભારે લંગર વિયેનામાં વપરાતાં ન હતાં એટલે તે તો મળી શક્યાંજ નહિ. તેથી લંગરને ઠેકાણે ભારે તોપો અને ગોળાથી ભરેલી લોખંડની પેટીઓનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું. શત્રુને જાણ ન થાય તેમ ગુપચુપ આ બધી ગોઠવણ થઈ ગઇ. બોલોનથી આણેલા ખલાસીઓ આ વખતે ખરેખરા કામ આવી ગયા. સીત્તેર હોડીઓ હારબંધ ગોઠવાઇ ગઈ અને તેના ઉપર પાટીઆં

ગોઠવાયાં. વખતો વખત પાણીના જોરથી હોડીઓ ખેંચાઇ જતી હોવાથી ઘણીજ મુશ્કેલીએ આ કામ પૂર્ણ થયું અને બધી હોડીઓ મજબૂત લંગરાઈ ગઈ.

તેના ઉપર થઇને ફ્રેન્ચ લશ્કર રાત્રે દસ વાગે નદી ઉતરવા લાગ્યું. આગલી ટુકડીએ જતાંની સાથેજ દ્વીપને સામે કિનારે તોપો ગોઠવીને ડાન્યૂબની ડાબી બાજુ ચોફ્ખી કરી નાખી. ઇંજનેરો લાગલાગટ કામ કરવા લાગ્યા. બીજે દિવસે બપોર પહેલાં તો સામી બાજુ ઉપરનો પૂલ પણ બંધાઇ ગયો અને દ્વીપની અંદર મોટી સડક તૈયાર થઇ ગઇ. આ કામ બહુજ તાકીદે કરવાનું હતું. નદીમાં પાણી ચડતું હતું, તેથી નેપોલિયન જાતે ઉપર રહીને બધી હિલચાલ તપાસતો હતો અને દરેકને ઉત્તેજન આપતો 'હતો.

આટલા સાંકડા પૂલ ઉપરથી નેવું હજાર સિપાઇઓનું લશ્કર, ઘોડા, તોપો, દારૂગોળો અને સામાન ઉતારવાનું કામ ઘણુંજ લાંબું અને કંટાળાભરેલું હતું. ૨૧ મી મેની સવાર સુધીમાં એમાંથી માત્ર વીશ હજાર સિપાઇઓજ ડાન્યૂબને સામે કિનારે ગોઠવાઇ શકયા. ચાર્લ્સ પાસે એક લાખ માણસો હતાં. ફ્રેન્ચ લશ્કરનો મોટો ભાગ તો હજી પેલે કિનારે હતો. નેપોલિયનની સ્થિતિ ભયભરેલી હતી. કોઇ પણ વખતે શત્રુસૈન્ય ધસી આવે અને આ નાની ફોજનો સહેલાઇથી નાશ કરી નાખે તેમ હતું. વરસાદ ધોધમાર પડતો હતો અને નદીમાં પૂર વધતું હતું. આથી તે દિવસે બપોર પછી પૂલની નીચેની કેટલીક હોડીઓ ખેંચાઇ ગઇ. રાતોરાત પૂલની મરામત થઈ ગઈ અને પાછી કુચ શરૂ થઇ.

ડાન્યૂબને સામે કિનારે ઉતરેલા ફ્રેન્ચ લશ્કરે માઇલ માઇલને છેટે આવેલાં એસ્પર્ન અને એસ્લિંગ નામનાં બે ગામડાંઓ કબજે લીધાં. તેમની વચમાં નાનું જંગલ હતું અને બીજી બાજુએ વિશાળ પાધર મેદાન હતું. નેપોલિયને એ જંગલના સીમાડા આગળ મુકામ કર્યો અને શત્રુની હિલચાલ તપાસવા રાતોરાત માણસો દોડાવ્યા. ઉત્તર દિશાનું તમામ ક્ષિતિજ શત્રુનાં તાપણાંથી ઝળહળી રહ્યું હતું. બીજે દિવસે બપોરે એસ્લિંગના મિનારા ઉપરથી નેપોલિયને દૂરબિનવડે દૂરથી ધૂળ ઉડતી જોઇ. પવનથી ધૂળ વિખેરાતી ત્યારે શસ્ત્રોનો ઝળકાટ પણ નજરે પડતો હતો. ચાર્લ્સનું લશ્કર ચાલ્યું આવતું હતું. નેપોલિયન લેશમાત્ર પણ ગભરાયો નહિ. તેણે કહ્યું, “ ચાલો આસ્ટ્રિયાને હરાવવાની આપણને આજે એક વધારે તક મળશે. તેમની આ છેલ્લીજ લડાઈ જાણજો. ”

એવામાં સમાચાર આવ્યા કે નદીમાં પૂર ઘણું આવ્યું છે, પૂલ છિન્નભિન્ન થઇ ગયો છે અને હોડીઓના બંધ તૂટતા જાય છે. આ સમાચાર ઘણાજ માઠા હતા. આ બાજુએ માત્ર વીશજ હજાર માણસો હતાં. દારૂગોળો પણ પૂરતો ન હતો. સામેથી એક લાખ માણસો ચાલ્યાં આવતાં હતાં. પાછા ટાપુ ઉપર ચાલ્યા જવું કે એસ્લિંગ

અને એસ્પર્નનાં પત્થરનાં મકાનોને ઓથે રહીને લડવું એનો નિપોલિયન વિચાર કરતો હતો એટલામાં બીજો પેગામ મળ્યો કે પૂલ સમરાઇ ગયો છે અને દારૂગોળાનાં ગાડાં આવવા લાગ્યાં છે. સાંજના ત્રણ વાગે યુદ્ધ શરૂ થયું. નાનકડા ફ્રેન્ચ લશ્કર ઉપર ત્રણસેં તોપોનો મારો શરૂ થયો. છત્રીશ હજાર આસ્ટ્રિયનો અને સાત હજાર ફ્રેન્ચો બાઝયા. પાંચ કલાકસુધી એસ્પર્નના ધોરી રસ્તા ઉપર તુમુલ યુદ્ધ મચી રહ્યું. અડધો અડધ ફ્રેન્ચો માર્યા ગયા. એવામાં તાજી ટુકડી લઇને માસેના આવી પહોંચ્યો અને આસ્ટ્રિયનોને મારી હઠાવ્યા.

આવુંજ બીજું યુદ્ધ એસ્લિંગ ગામ આગળ તેજ વખતે શરૂ થયું. ત્યાં 'લાની' અડગ ધૈર્યથી શત્રુસમૂહની ટક્કર ઝીલતો હતો. એઉ ગામનો બળીને, ભાગીને ભૂકો ઉડી ગયો અને તેનાં બળતાં ખંડેર આગળ દારુણ સંગ્રામ ચાલુજ રહ્યો, અને તેજ વખતે ગામની નજીકના મેદાનમાં એઉ પક્ષનાં ઘોડેસ્વાર લશ્કર પણ સામસામાં અથડાઇ પડયાં.

બીજાં વીશ હજાર માણસો જલદી આવી પહોંચે તોજ નેપોલિયનથી ટકી શકાય એમ હતું. આજ લડાઇના પરિણામ ઉપર લશ્કરની સલામતીનો આધાર છે એમ જાણીને તે અગ્નિના વરસાદ વચ્ચે ખુલ્લા મેદાનમાં ઉભો રહેતો. નદીમાં પૂર વધતું હતું. પૂલ તૂટવાથી સિપાઇઓ અને ઘોડા પાણીમાં ઘણીવાર ડૂબકાં ખાતા હતા. શત્રુએ બળતી સામગ્રી અને ભારે પત્થરોથી ભરેલી હોડીઓ છોડી મૂકી હતી. તે પણ નદીના વહેણથી ખેંચાઈ આવીને પૂલની સામે જોરથી અથડાતી અને પૂલને ઈજા કરતી.

આખરે અંધારૂં થતાં યુદ્ધ તો થંભ્યું. દાકતરો ઘાયલ થએલા સિપાઈઓના અવયવની વહાડકાપ કરવા મંડી ગયા અને થાકી ગએલા સિપાઇઓ લોહીથી ખરડાયલી જમીન ઉપર, ધૂંધવાતાં, ભાગેલાં ઘરોની વચમાં જ્યાં ત્યાં ઘસઘસાટ ઉંઘી ગયા; પણ નેપોલિયનને આરામ લેવાનો અવકાશ ન હતો. તેણે તો આખી રાત જાગીને બને તેટલું લશ્કર અને દારૂગોળાનાં ગાડાં ઉતરાવવા માંડયાં; પરંતુ હવે તો **કુદરતજ તેની વિરુદ્ધ અને શત્રુઓની તરફેણમાં હતી.** પાણીનું પૂર વધુને વધુ ચડવા લાગ્યું. પૂલને જાળવવા ખલાસીઓ તનતોડ મહેનત કરતા તોપણ ઘણીવાર પૂલ તૂટી જતો અને કામ અટકી પડતું. આખી રાતમાં કુલ ત્રીશ હજાર સિપાઇઓએ નદી ઓળંગી. હવે એક લાખ આસ્ટ્રિયનોની સામે તે સાઠ હજાર ફ્રેન્ચ સિપાઇઓ ગોઠવી શક્યો; પણ હજી માત્ર ૧૪૪ તોપો અને નહિ જેવોજ દારૂ ગોળો આ પાર આવ્યો હતો. સવાર પડતાંજ પાછો સંગ્રામ શરૂ થયો. 'માસેના' એસ્પર્ન બચાવવા ઉભો. જનરલ 'બોડે' ને 'એસ્લિંગ' સોંપવામાં આવ્યું. નેપોલિયનના પ્રેમમાં ગાડો બનેલો અતિ સાહાસક 'લાનિ' વીશ હજાર પાયદળ અને છ

હજાર સ્વાર લઇને શત્રુસૈન્યના મધ્ય ભાગ ઉપર વજ્રની માફક તૂટી પડયો. નેપોલિયન ટેકરી ઉપર ઉભો ઉભો યુદ્ધ નિહાળતો હતો. તેના લશ્કરની બેઉ પાંખ અડગ ઉભી રહી અને શૂરવીર લાનિએ શત્રુસૈન્યને સૂકા ઘાસની માફક ઉડાવી દીધું. તેના ધસારાને અટકાવવાનો ચાર્લ્સે ઘણોએ પ્રયત્ન કર્યો અને જાતે હાથમાં વાવટો લઇને આગળ ધસ્યો પણ શી તાકાત કે લાનિના ધસારા સામે ઉભા રહેવાય ? આસ્ટ્રિયનો નાઠા અને " નેપોલિયન ઘણું જીવો " ના જયનાદ તોપોની ગર્જનાને પણ દબાવીને ચારે દિશાએ ગાજી રહ્યા !

આવી અણીને વખતે નેપોલિયનને ઘણાજ માઠા સમાચાર મળ્યા. નદીમાં બેસુમાર પૂર આવવાથી આખો પૂલ તણાઈ ગયો છે. પૂલ ઉપર જતું લશ્કર છિન્ન ભિન્ન થઇ ગયું છે. હવે શું કરવું ? તેની પાસે જે દારૂગોળો હતો તે તો ખલાસ થવા આવ્યો હતો. દારૂગોળાનાં ઘણાં ખરાં ગાડાં હજી તો સામે પારજ હતાં. નેપોલિયન પાસે અડધું સૈન્યજ હતું. દારૂગોળો પૂરો થયો હતો અને એક લાખ આસ્ટ્રિયનો સામે તેને લઢવાનું હતું. આના કરતાં વધારે માઠા સમાચાર બીજા શા હોઈ શકે ?

છતાં તેણે પોતાની મુખાકૃતિમાં ગભરાટ અને ધાસ્તીની લેશમાત્ર પણ નિશાની બતાવી નહિ. તેના મન ઉપર એવો આશ્ચર્યકારક કાબુ હતો કે આ ચોંકાવનારા સમાચાર લડાઇને લગતી કોઈ સાધારણ નુકસાનની ખબર હોય એવી રીતે તેણે પૂર્ણ શાંતિથી સાંભળ્યા. લાનિને હવે તેણે હુકમ કર્યો કે આગળ વધવું નહિ, દારૂગોળાનો ખપજોગોજ ઉપયોગ કરવો અને શત્રુઓ પાછા હિમ્મતવાન ન બની જાય એવી રીતે પાછા હઠી જવું. ખરેખરી ફતેહની ઘડીએ આ સમાચાર મળવાથી લાનિને અસહ્ય નિરાશા થઈ. તે સિંહની માફક ધીરે ધીરે પાછો હઠવા લાગ્યો, પણ આ પૂલ તૂટયાના સમાચાર આસ્ટ્રિયાની છાવણીમાં પણ પહોંચી ગયા હતા. ફ્રેન્ચોના ધીમા પડેલા તોપોના અવાજ ઉપરથી પણ તેમની નિર્બળતા ઉઘાડી પડી ગઇ. નાસતા આસ્ટ્રિયનો પાછા વળ્યા અને હવે તેમની વારી આવી. ધીમે પગલે લાનિ પાછો હઠતો હતો. બસેં તોપો તેના સૈન્યને વીંધી નાખતી હતી. સ્વારોના નિરંતર ધસારાથી તેનો વ્યૂહ વારંવાર ભેદાતો હતો; પણ તૂટેલી હારને ગમે તેમ સાંધી લઇને કવાયતમાં ચાલતા હોય તેવી શાંતિથી ફ્રેન્ચો પાછા હઠયા જતા હતા.

એવામાં નેપોલિયનને આથી પણ વધારે માઠા સમાચાર મળ્યા—એક તોપના ગોળાથી લાનિના બેઉ પગ ઉડી ગયા હતા. આ ખબર તેને કહેવામાં આવતી હતી તેજ ઘડીએ લાનિની ડોળી ત્યાં આગળથી પસાર થઇ. આ વખતે તેનું ધૈર્ય રહ્યું નહિ; મન ઉપરનો કાબુ પૂરેપૂરો ગયો. તેનો સિંહ જેવો સેનાપતિ મરણવેદનાથી તરફડતો ડોળીમાં પડયો હતો. નેપોલિયનની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તે લાનિના હાથ પોતાના હાથમાં લઇને ઘુંટણીએ પડીને ગદ્ગદ સ્વરે બોલ્યો:—

“ લાનિ ! તું મને નથી ઓળખતો ? હું બોનાપાર્ટ છું. તારો મિત્ર છું. લાનિ ! હજી ઈશ્વર તને મારે માટે બચાવી લેશે. ”

લાનિએ આંખ ઉઘાડી અને કહ્યું, “ હું તમારી અને દેશની સેવા કરવા જીવ્યો હોત તો સારૂં થાત પણ ખરી અણીને વખતે તમને એક સમરાંગણના નિમકહલાલ સોબતીની અને વફાદાર મિત્રની ખોટ પડે છે ! તમે જીવતા રહો અને સૈન્યને બચાવો. ”

નેપોલિયન વિહ્વલ થઇ ગયો; તોપણ આ વખત શોક કરવાનો ન હતો. શત્રુની તોપો ધડાધડ ફૂટતી હતી અને તેમના સ્વાર વાદળાંની માફક ધસ્યા આવતા હતા. તેણે પોતાના મરતા મિત્રની છેલ્લી વિદાય લીધી. લાનિના બેઉ પગ કાપી નાખવા પડ્યા અને તે થોડે દિવસે મરણ પામ્યો.

માસેના હજી ખૂનખાર કતલ છતાં એસ્પર્ન જાળવી રહ્યો હતો. એસ્લિંગપર આસ્ટ્રિયન લશ્કરનો અસહ્ય ધસારો શરૂ થયો. ફ્રેન્ચ લશ્કરની સલામતીનો આધાર એસ્લિંગપર હતો. નેપોલિયને પોતાના ચુનંદા સિપાઇઓની ટુકડી છોડી મૂકી. તેના સરદારને નેપોલિયને લખ્યું કે “ લશ્કરને બચાવવા એક છેલ્લો પ્રયત્ન કરી જુઓ. હવે મારી પાસે આખરની ઘડીએ ઉપયોગમાં લેવા લાયક બાદશાહી રક્ષકો સિવાય બીજું કાંઇ રહ્યું નથી. ”

પાંચ પાંચવાર આસ્ટ્રિયનો એસ્લિંગ આગળ વજ્રની દિવાલની માફક ઉભેલા નાનકડા, ઘવાયલા ફ્રેન્ચ લશ્કરપર ધસી આવ્યા. પાંચ પાંચવાર તેમને ફ્રેન્ચોએ મારી હઠાવ્યા. એક ફ્રેન્ચ સિપાઈની સામે ચાર ચાર આસ્ટ્રિયનો હતા. તેઓથી હવે વધારે ટકી શકાય એમ ન હતું. એવામાં નેપોલિયને મોકલેલી મદદ આવી પહોંચી. ગોળા અને ગોળીઓના વરસાદને ન ગણકારતા, શત્રુને સંગીનથી વીંધી નાખતા તેઓ મરણીઆ થઇને તૂટી પડ્યા. આસ્ટ્રિયનોની ભરતીનું પાણી હઠ્યું. લોબોના ટાપુ ઉપર ગોઠવેલી ફ્રેન્ચોની તોપોએ તેમનો ઘાણ કહાડી નાખ્યો, અને એસ્લિંગ તો બચ્યું.

ત્રીશ કલાકસુધી લાગલાગટ દારુણ સંગ્રામ મચી રહ્યો હતો. બેઉ પક્ષનાં મળીને પચાસ હજાર મુડદાં રઝળતાં થઇ ગયાં હતાં. આખો દિવસ નેપોલિયન અત્યંત જોખમભરેલી જગ્યાએ ખુલ્લામાં ઉભો રહ્યો હતો. “ તમારી સલામતી ઉપર અમારો સૌનો આધાર છે માટે તમે દૂર ઉભા રહો ” એમ તેના સરદારો વિનતિ કરતા પણ તે ગણકારતો નહિ. તેની આસપાસ સિપાઇઓ અને અમલદારો ટપાટપ પડતા હતા. આખરે જનરલ વૉલ્થરથી રહેવાયું નહિ. તેણે કહ્યું, “ સાહેબ, તમે દૂર જાઓ. નહિ તો હું મારા સિપાઇઓવડે તમને બળાત્કારે ઉંચકાવી મોકલીશ. ”

હવે સાંજ પડવા આવી. નેપોલિયને રાતમાંને રાતમાં લોબોના ટાપુ ઉપર ચાલ્યા

જવાનો નિશ્ચય કર્યો. હજી એસ્પર્ન અને એસ્લિંગ ફ્રેન્ચોના હાથમાં હતાં તેથી સૈન્યને પાછા હઠવામાં જોખમ ન હતું. આસ્ટ્રિયાની તોપોના ધડાકા ચાલુજ હતા પણ ફ્રેન્ચો તેનો જવાબ આપી શકતા ન હતા. માસેનાને પૂછાવ્યું કે તમારાથી એસ્પર્ન કયાંસુધી જાળવી શકાશે ? જ્યારે આ સંદેશો લઈ જનાર અમલદાર માસેના પાસે ગયો ત્યારે તે અડગ ધૈર્યવાન સરદાર થાકથી લેવાઇ ગયો હતો, તેનાં કપડાં ધૂમાડાથી કાળાં મેસ જેવાં થઈ ગયાં હતાં અને આંખો લાલચોળ થઇ ગઈ હતી. એવી હાલતમાં કપાઈ ગએલા સિપાઇઓના ઢગલા વચ્ચે ધૂમાતા મકાનના ખંડીયેર ઉપર તે બેઠો હતો. તેણે દૃઢ આગ્રહપૂર્વક જવાબ આપ્યો કે "**શહેનશાહને કહો કે બે કલાક-છ કલાક-ચોવીશ કલાક જ્યાં લગી લશ્કરની સલામતી માટે જરૂર હશે ત્યાં લગી હું અડગ ઉભો છું**"

પછી નેપોલિયન ટાપુ ઉપર ગયો અને પૂલ નવેસરથી બંધાઈ રહેતાં સુધી થોડા દિવસ પોતાનું લશ્કર સહિસલામત રહી શકે એવી જગ્યા મુકરર કરવા ઘોડે બેસીને બધા ટાપુ ઉપર ફરી આવ્યો. તેણે તેવું એક સ્થળ પસંદ કર્યું. રાત પડયા પછી તેણે પોતાના સેનાપતિઓને એકઠા કર્યા. આનો હેતુ તેમની સલાહ લેવાનો નહિ પણ પોતાનો જુસ્સો તેમનામાં રેડીને આવે અણીને પ્રસંગે તેમનું ધૈર્ય ટકાવી રાખવાનો હતો. અંધારૂં થયું હતું; વરસાદ વરસતો હતો; ઘુઘવાટ કરતી ડાન્યૂબ નદી પૂર જોસથી વહેતી હતી. એવે સમયે તે ઝાડ નીચે માસેના, બાર્થિયર, ડેવાઉ વગેરે સેનાપતિઓની રાહ જોતો બેઠો.

આજે પણ તે હમેશના જેવોજ શાંત અને આત્મશ્રદ્ધાવાન હતો. મૃત્યુના મુખ આગળ ઉભા રહેવામાં તેમજ આપત્તિનો ઘા સહન કરવામાં તે એકસરખું ધૈર્ય ધારણ કરતો હતો. સેનાપતિઓ નાસીપાસ થઇ ગયા હતા. તેમણે વિયેના પાછા જવાની સલાહ આપી. તેમની દલીલ છેવટસુધી સાંભળી લીધા પછી નેપોલિયને તેમને સમજાવ્યું કે આપણે ટકી રહ્યા છીએ; હાર્યા નથી. આપણાં ઘણાં માણસો માર્યાં ગયાં છે પણ શત્રુએ તે કરતાં પણ વધારે ગુમાવ્યાં છે. તેઓ પણ હવે થાકયા છે તેથી થોડા દિવસ તેઓ આપણને નહિ છેડી શકે. ત્યાંસુધીમાં બીજો પૂલ બંધાઇ જશે. ઘાયલ થએલા સિપાઇઓ પણ ત્યાંસુધીમાં સાજા થઈ જશે. ઇટાલિથી આપણી મદદે લશ્કર ચાલ્યું આવે છે. આપણે વિયેના જઇએ તો ત્યાંના લોકો આપણે માટે હલકો મત બાંધશે અને ત્યાંથી પણ આપણને મારી કહાડશે. એટલે વિયેનામાં નહિ પણ આપણને ફ્રાન્સની હદસુધી પાછા હઠવું પડશે. આપણી મદદે આવતું લશ્કર પણ એકલું પડી જઇને સપડાઇ જશે. નાસીપાસ થવાનું કારણ નથી. પારિસથી પંદરસો માઇલ દૂર ચાલ્યા આવીને શત્રુની રાજધાનીમાં દાખલ થઇએ, ડાન્યૂબ જેવી વિશાળ નદી શત્રુની તોપોની સામે ઉભા રહીને ઓળંગીએ

અને તેની સામી પાર જઇને યુદ્ધ ખેલીએ તો વખતે જરા તરા છક્કડ પણ ખાવી પડે. આપણે જરા પણ નબળાઇ બતાવીશું તો આપણાં મિત્રરાજ્યો ગભરાઇને શત્રુની છાવણીમાં જતાં રહેશે અને ફ્રાન્સની કીર્તિ ધૂળમાં મળી જશે. "માસેના! ડેવાઉ! તમે હજી જીવતા છો. તમે સૈન્યને બચાવી શકશો. તમારી પાછલી કીર્તિને જેમ આપજો."

તેના શબ્દોથી દરેક સેનાપતિના હૃદયમાં નવું બળ આવી ગયું. સાહસિક નરકેસરી માસેના ઉમંગમાં આવી ગયો. તેણે નેપોલિયનના હાથ પોતાના હાથમાં લઇને કહ્યું, "ખરેખરજ તમે અમારા નેતા થવાને લાયક છો. નહિ, અમે બાયલાની માફક પાછા નહિજ હઠીએ. જે શત્રુ આપણને ડાન્યૂબમાં ધકેલી મૂકવા આવ્યો હતો તેને આપણે ધૂળ ચાટતો કરીને હજી અડગ ઉભા છીએ. હું પેલી પાર જાઉં છું અને લશ્કરને ટાપુ ઉપર સહિસલામત મોકલાવું છું. "**જે કોઈ તેમની પૂંઠ લેવા આવશે તેમને ડાન્યૂબમાં ન મારૂં તો મારૂં નામ માસેના નહિ.**"

રાત અંધારી ઘોર હતી. વરસાદ ધોધમાર વરસતો હતો. માસેના સામે કિનારે ફ્રેન્ચ છાવણીમાં પાછો આવ્યો. શત્રુની તોપોનો મારો ધીમો પણ ચાલુ હતો. તેના ગોલંદાજો પણ થાકી ગયા હતા. નદીમાં ભયંકર પૂર ચાલુ હતું છતાં હોડીમાં બેસીને નેપોલિયન ડાન્યૂબને જમણે કિનારે ગયો અને ત્યાંથી ભૂખ્યા સિપાઇઓમાટે બિસ્કિટ દારૂ હોડીઓમાં ભરાવી ભરાવીને મોકલાવ્યાં. સાથે જેટલો મોકલાય તેટલો આવતી કાલને માટે દારૂગોળો પણ મોકલાવ્યો. દીર્ઘદૃષ્ટિ વાપરીને સાથે આણેલા ખલાસીઓ આ અણીને વખતે ખરેખરા કામ આવી ગયા.

મધરાત્રે ફ્રેન્ચ લશ્કરે પાછા વળવાનું શરૂ કર્યું. પહેલાં તો ઘાયલ સિપાઇઓ અને યુદ્ધસામગ્રી રવાના થઇ. સવારનું ઝાખું અજવાળું થતાં આસ્ટ્રિયન સેનાપતિને આ વાતની જાણ થઇ. તેમની તોપો ધડાધડ ફૂટવા લાગી. આખું લશ્કર સહિસલામત પૂલપરથી પસાર થાય ત્યારપછી સૌથી છેલ્લોજ પૂલપર પગ મૂકવો એવો દૃઢ નિશ્ચય કરીને માસેના ગોળીઓના વરસાદની ઝડીમાં ઉભો રહ્યો. મોતને તુચ્છકારતો તે ચારે બાજુએ ફરી ફરીને જોતો કે એક પણ ઘાયલ સિપાઈ અગર એક પણ ખપની ચીજ રહી ન જાય. બધું લશ્કર પસાર થઇ ગયા પછી તેણે પૂલપર પગ મૂકયો અને તેની આસપાસ આસ્ટ્રિયન નિશાનબાજોની ગોળીઓ સણસણાટ કરતી ઉડવા લાગી. પછી દોરડાં કાપી નાખ્યાં અને આખો પૂલ નીચેની હોડીઓની સાથે સડસડાટ કરતો સામે કિનારે જઇ પહોંચ્યો.

નેપોલિયને ઘાસના ઢગલા ઉપર થોડા કલાકની ઉંઘ લીધી અને પાછો ઘોડેસ્વાર થઈ ગયો. તેણે જોઈ લીધું કે પાકો પૂલ બંધાઇ રહેતાં એક મહિનો લાગશે. તેણે મોટા પાયા ઉપર જંગી પૂલ બાંધવાનો હુકમ કરી દીધો; એ પૂલ તેના ઈજનેરોની

કુશળતા અને નેપોલિયનના અથાગ ઉત્સાહના કાયમના સ્મારક તરીકે હજી પણ એ સ્થળે સારી હાલતમાં ઉભેલો છે. આખું લશ્કર કામ કરવા મંડી ગયું. ત્રણ અડવાડીઆંમાં તો ભારેમાં ભારે પૂરથી પણ આંચ ન આવે એવો, ઉંચો મજબૂત પૂલ ઉભો થઇ ગયો! ત્રણ ગાડીઓ સાથે જઈ શકે એવો પહોળો અને ભારેમાં ભારે તોપોનો ભાર ખમે એવો સંગીન એ પૂલ બનાવવામાં આવ્યો. તેની નીચે પાયદળને જવા માટે વળી બીજો પૂલ પણ ઉભો કર્યો. આ રીતે એકી વખતે સંખ્યાબંધ સિપાઇઓ જઈ શકે એવી સગવડ થઇ ગઇ. આ પૂલ બંધાતો હતો ત્યારે તેના દરેક વિભાગ ઉપર નેપોલિયન જાતે ફરી ફરીને દેખરેખ રાખતો હતો, અને બીજીવાર ડાન્યૂબ ઓળંગતી વખતે લશ્કરને લેશમાત્ર પણ અડચણ ન પડે તે માટે દરેક પ્રકારની સાવચેતી રાખીને પૂલની રચના તેણે કરાવી હતી.

प्रकरण ४८ मुं—वाग्रामनो संग्राम

૧૮૦૯ ના જુલાઇ માસની ૪થી તારીખનો આખો દિવસ આકાશમાં વાદળનો ઘટાટોપ જામેલો રહ્યો હતો. રાત પડતાં પવનનું જોર વધ્યું અને તોફાન શરૂ થયું. આકાશ કાળાં વાદળાંથી છવાઇ ગયું અને વરસાદ ધોધમાર વરસવા લાગ્યો. વીજળી ઉપરાઉપરિ ઝબુકવા લાગી અને ભયંકર મેઘગર્જનાથી આકાશ અને પૃથ્વી ધમધમી રહ્યાં. ડાન્યૂબ ઓળંગીને સામે કિનારે જવાનો અત્યારેજ સારામાં સારો અવસર હતો. નેપોલિયનની આજ્ઞા થતાંજ તેનું આખું લશ્કર ગતિમાં આવી ગયું. શત્રુને ગભરાટમાં નાખવા માટે એકે વખતે તેમની છાવણીની બધી બાજુએથી આક્રમણ શરૂ થયું. મોટામાં મોટી નવસો તોપોના ધડાકા થવા લાગ્યા. લાલચોળ ધગધગતા ગોળા વીજળીના ઝબકારાની સાથે, અને તોપોના ધડાકા મેઘગર્જના સાથે ભળી જવા લાગ્યા. આકાશમાં અને પૃથ્વી ઉપર એકસરખી ભયાનક ઘટના ચાલુ રહી. આખા ફ્રેન્ચ સૈન્યમાં નેપોલિયનનો જુસ્સો વ્યાપી ગયો હતો. શત્રુના ગોળા, ગોળીઓ, બોંબ સર્વને ફૂલની વૃષ્ટિની માફક વધાવી લેતું આખું લશ્કર અગાઉના સંકેત પ્રમાણે પૂલ ઓળંગવા લાગ્યું.

સવાર પડતાં તોફાન શમી ગયું. રાતમાં ને રાતમાં સીત્તેર હજાર માણસો પૂલ ઓળંગીને વ્યૂહબદ્ધ થઇને ઉભાં રહ્યાં. બીજું લશ્કર હજી ચાલ્યુંજ આવતું હતું. આ પ્રમાણે લશ્કરને સામી બાજુએ સહિસલામત ઉતારવાની નેપોલિયનની કુશળતા આખા લશ્કરે વખાણી અને તે જ્યાં જતો ત્યાં “ શહેનશાહ ઘણું જીવો ” ના પોકારથી હર્ષઘેલા સિપાઇઓ તેને વધાવી લેતા. શાહજાદો ચાર્લ્સ તો એમ સમજતો હતો કે ફ્રેન્ચ લશ્કરને પૂલ ઓળંગતાં ચોવીશ કલાક થશે અને લશ્કરનો બીજો ભાગ આવી પહોંચતાં પહેલાં તો એક ભાગને હું પૂરો કરી નાખીશ. પણ નેપોલિયને જૂદા જૂદા સાત પૂલ ઉભા કરાવ્યા હતા અને આસ્ટ્રિયન છાવણીની પાછલી બાજુએ પણ ફ્રેન્ચો ગોઠવાઈ ગયા હતા. આખો દિવસ લાગલાગટ ઝપાઝપી કરતા કરતા ફ્રેન્ચો વાગ્રામના મેદાનમાં ગોઠવાઇ ગયા અને બીજા દિવસના દારુણ સંગ્રામની રાહ જોતા વરસાદમાં ભીને કપડે જ્યાંને ત્યાં સૂઇ ગયા.

પણ નેપોલિયનને આરામ લેવાની ફુરસદ ન હતી. લંબાણમાં નવ માઇલ અને

પહોળાઇમાં ત્રણ ચાર માઇલ સુધી પથરાઇ ગએલા વિશાળ લશ્કરની ગોઠવણ તે જાતે તપાસી આવ્યો. પછી મધરાતે સેનાપતિઓને બોલાવીને તેમને આવતી કાલને માટે ઝીણી ઝીણી બાબતોની સૂચના આપી. સેનાપતિઓ સમજી શકે એવી રીતે નહિ પણ ભૂલ થવાનો જરા પણ સંભવ ન રહે એવી રીતે સૂચના આપવાની તેને ટેવ હતી. સવાર પડતાં દારુણ સંગ્રામ શરૂ થયો. બાર કલાકસુધી ત્રણ લાખ યોદ્ધાઓનાં દળ સામસામાં અથડાયાં. તલવારની સામે તલવાર અને સંગીનની સાથે સંગીનો અથડાઇ. સ્વારોની ટુકડીઓ એકબીજાની સામે દૈત્યોની માફક ધસી ગઇ.

નરકેસરી માસેના ઘાયલ થવા છતાં પણ પાટા બંધાવીને ગાડીમાં બેઠો બેઠો પોતાનું કામ કર્યો જતો હતો. નેપોલિયન ઘોડેથી ઉતરીને તેની સાથે ગાડીમાં બેઠો, પૂરેપૂરો વિજય થાય એવી રીતની લશ્કરની હિલચાલ તેણે તેને સમજાવી. જનરલ ડેવાઉ શત્રુની ડાબી પાંખની નજીક આવી પહોંચ્યો હતો. તેજ વખતે ભારે તોપખાનું અને કસાયલું ફ્રેન્ચ પાયદળ મેક્ડોનલ્ડની સરદારી નીચે શત્રુના મધ્યભાગને તોડી નાખવા માટે ધસી આવતું હતું. એટલામાં ધરતી ધ્રુજાવતું તોપખાનું પણ આવી પહોંચ્યું અને યુદ્ધનો છેલ્લો દાવ શરૂ થયો. મેક્ડોનલ્ડની ચૌદ ટૂકડીઓ આગળ વધી. શત્રુઓએ તેના ઉપર બેઉ બાજુથી તોપોનો માર શરૂ કર્યો. ફ્રેન્ચોની એક પછી એક હાર અદૃશ્ય થવા લાગી પણ શત્રુના મધ્યભાગ તરફ લક્ષ રાખીને ગોળાના ધૂમકોટની સામે મેક્ડોનલ્ડ તો આગળનો આગળ વધ્યોજ ગયો. તેઓ પંદર હજાર સિપાઇઓમાંથી માત્ર પંદરસોજ જીવતા રહ્યા હતા. પણ નિડર મેક્ડોનલ્ડ આગળ જવાનીજ આજ્ઞા આપતો ગયો. પરિણામે આસ્ટ્રિયન સૈન્યનો મધ્યભાગ ભેદાઇ ગયો. ડેવાઉના લશ્કરે પણ તેની એક પાંખને સુવાડી દીધી. જનરલ બેસિયર્સના સ્વારો હવે વીરહાક ગજાવતા શત્રુ ઉપર તૂટી પડયા. બેસિયર્સ લોહીલુહાણ થઇ ગયો પણ તેથી પાછા ન હઠતાં ક્રોધોન્મત્ત થએલા સ્વારોએ તલવાર ચલાવી. આસ્ટ્રિયનો નાઠા. શહેનશાહ ફ્રાન્સિસ નિરાશ થઈને પલાયન કરી ગયો. હવે આસ્ટ્રિયાનું બળ ખતમ થઇ ગયું અને આખું રાજ્ય નેપોલિયનના સ્વામિત્વ નીચે આવી ગયું !

પોતાના હમેશના રિવાજ મુજબ નેપોલિયન ઘાયલ સિપાઇઓને આશ્વાસન આપવા તથા તેમની બરાબર સારવાર થાય તેની દેખરેખ રાખવા આખા રણક્ષેત્રમાં ફરી આવ્યો. કેટલોક વખત થયાં ગેરસમજુતને લીધે તેને મેક્ડોનલ્ડ સાથે અન્યમનસ્ક જેવું થયું હતું; પણ આજે નેપોલિયને તેના શૌર્યની કદર કરીને તેને માર્શલની પદવી આપી.

લડાઇની પહેલાં તેમજ લડાઈની પછી મળી નિરંતર કામ કરવા પાછળ એક પળનો પણ આરામ લીધા વગર નેપોલિયને ત્રણ દિવસ કહાડયા હતા અને સખત ગરમીમાં ભટક્યો હતો. તેને લીધે હવે તેને તાવ આવ્યો. થોડાક કલાકનો આરામ

લઇને તે પાછો ઘોડેસ્વાર થયો, અને શત્રુના નાસતા લશ્કરની પૂંઠે દોડતા પોતાના સૈન્ય સાથે સામેલ થઈ ગયો; પણ એવામાં આસ્ટ્રિયાના શહેનશાહ તરફથી સલાહની યાચના કરવામાં આવી અને નેપોલિયને તેનો તરતજ સ્વીકાર કર્યો. આ લડાઇમાં ઉતરવા તે ઘણોજ નારાજ હતો. લડાઈ અટકાવવાને તેણે બનતો પ્રયત્ન કરી જોયો હતો. છતાં તેના શત્રુઓએ તેની ઉદારતાને નિર્બળતાની નિશાની ધારીને તેને લડવાની ફરજ પાડી. આજે આસ્ટ્રિયાનું રાજ્ય તેના પગ નીચે હતું. છતાં પણ નેપોલિયનને સલાહની પ્રાર્થનાનો તરતજ સ્વીકાર કર્યો. સેવરી લખે છે કે "નેપોલિયનને લડયાવગર ચાલતુંજ ન હતું એમ કહીને તેને વગોવવાની ફેશનજ પડી ગઇ છે. છતાં તેની આખી કારકીર્દી જોતાં જણાય છે કે સલાહ કરવાની માગણી કરવામાં તે પહેલ કરતો હતો અને જયારે તેને લડાઇમાં ઉતરવું પડતું ત્યારે તેના ચહેરામાં ઉંડા અફસોસની નિશાનીઓ ઘણીવાર મારા જોવામાં આવી હતી."

આસ્ટ્રિયા સાથેની તકરારનો કેવી રીતે નિર્ણય કરવો તે વિષે મસલત કરવાને નેપોલિયને પોતાના તંબુમાં બધા સેનાપતિઓને એકઠા કર્યા અને ત્યાં એ વિષે ખૂબ ચર્ચા ચાલી. એક પક્ષનો અભિપ્રાય એવો હતો કે ફ્રાન્સના પ્રજાતંત્રનો જો કોઇ કટ્ટો શત્રુ હોય તો તે આસ્ટ્રિયા છે. જયાંસુધી આપણે તેને પૂરેપૂરૂં બળહીન નહિ કરી નાખીએ ત્યાંસુધી તે આવી રીતે અનેકવાર સલાહ કરશે, તોડશે અને આપણને હેરાન કરશે. માટે તેના ત્રણ ભાગ પાડી નાખવા અને તેમાંથી ત્રણ નાનાં નાનાં રાજ્યો બનાવવાં. બીજા પક્ષનો અભિપ્રાય એવો હતો કે તેમ કર્યાથી પ્રશિયા સાથે દુશ્મનાવટ થાય અને રશિયા પણ તેમાં જોડાય. હજી સ્પેનમાં તો લડાઇ જારીજ છે તેથી આપણે એક્કે વખતે ઉત્તરમાં અને દક્ષિણમાં બે ઠેકાણે પહોંચી વળીશું નહિ. માટે આસ્ટ્રિયા સલાહ માગે છે તો સલાહ કરવી અને સ્પેનની લડાઇનું છેવટ લાવી નાખવું એટલે ત્યાં આપણાં બે લાખ માણસો નકામાં રોકાઈ રહ્યાં છે તે છૂટાં થઇ જશે.

નેપોલિયને બેઉ પક્ષની દલીલો શાંતિથી સાંભળી લીધી અને સભા બરખાસ્ત કરતાં કહ્યું, "ગૃહસ્થો! પૂરતી ખૂનરેજી થઇ ચૂકી છે. મેં સલાહ કરવાનો નિશ્ચય કર્યો છે."

ત્યારપછી શાહજાદા ચાર્લ્સ સાથે સલાહના કોલકરારવિષે પત્રવ્યવહાર ચાલવા લાગ્યો, પણ વખતે સમાધાન ન થાય તો કેમ કરવું. તેને માટે પણ નેપોલિયને તૈયારી કરવા માંડી. ભારે પરિશ્રમ કરીને તેણે ત્રણ લાખ સિપાઇઓનું સૈન્ય આસ્ટ્રિયાના મધ્યભાગમાં ગોઠવી દીધું, નવા ઘોડા મંગાવ્યા અને તોપખાનામાં પુષ્કળ વધારો કર્યો. આટલી તૈયારી રાખ્યા પછી જેમ બને તેમ જલદી સલાહ કરવા માટે તેણે પેરવી કરવા માંડી. પણ આસ્ટ્રિયાએ આટલું છતાં વખત ગાળવા માટે નવાં નવાં બહાનાં બતાવ્યાં. અંગ્રેજ લશ્કર એન્ટવર્પ તરફ ચાલ્યું આવતું હતું. તેમાં જો ફ્રેન્ચોનો

પરાજય થાય તો વળી બીજીવાર લઢવાની તક મળે એવી આસ્ટ્રિયાની ધારણા હતી. એથી કરીને તેણે જુલાઇ અને આગસ્ટ બે મહિના કહાડી નાખ્યા.

આ તરફ ઈંગ્લંડનું લશ્કર માજી વડા પ્રધાન પિટ્ટના પુત્ર લૉર્ડ ચેથામની સરદારી નીચે બેલ્જીયમ પર ચઢી આવ્યું. ફ્રાન્સના એંશી હજાર સ્વયંસેવકો તેમને મારી કહાડવા તૈયાર થયા; પણ નેપોલિયને તેમના સરદારને લખ્યું કે તમારૂં લશ્કર બિનકવાયતી નવા સવા સિપાઇઓનું છે; વળી તમારી પાસે જોઇએ તેવું તોપખાનું તથા સારા સરદારો પણ નથી. માટે લઢશોજ નહિ. લઢશો તો જરૂર માર્યા જશો. અંગ્રેજોને ત્યાં પડાવ નાખવા દો. **તમારે બદલે એ પ્રદેશનો ઝેરી તાવજ તેમની સામે લઢશે અને એક મહિનામાં તેમને ભાગી જવું પડશે.**

નેપોલિયને ધાર્યું હતું તેમજ થયું. દશજ દિવસમાં પંદર હજાર અંગ્રેજ સિપાઓને તાવ લાગુ પડયો, અને દરરોજ સેંકડો મરવા લાગ્યા. લૉર્ડ ચેથામ નિરાશ થઇ ગયો. તેના ચાર હજાર સિપાઇઓ મરી ગયા, અને બાર હજારને માંદા માંદા ઈંગ્લંડ મોકલાવ્યા; પરંતુ તેમાંના પણ ઘણા ખરા રસ્તામાંજ મરી ગયા અને હજી પણ માંદગીના કેસ વધતાજ જતા હતા. આથી કરીને તેમણે પાછા જવાનું નક્કી કર્યું અને જેમ તેમ કરીને બેલ્જીયમ છોડીને ચાલ્યા ગયા!

આ બનાવથી આસ્ટ્રિયાના હાથ હેઠા પડયા. હવે તેને સલાહ કર્યા સિવાય છૂટકોજ ન હતો. તેનું આખું રાજ્ય નેપોલિયનના પગ તળે આવી ગયું હતું; તેનું સૈન્ય હજી જેવુંને તેવું અપરાજિત હતું; રાજ્યની અગત્યની જગ્યાઓ બધી તેના હાથમાં આવી ગઇ હતી. આ પ્રમાણે હોવા છતાં પણ તેણે આસ્ટ્રિયાના રાજા સાથે જે ઉદારતા અને મોટું મન બતાવ્યું તે જોઇને તેના શત્રુપક્ષના ઇતિહાસકારોને પણ તે ઉદાર હતો એમ કબૂલજ કરવું પડે છે.

તેણે આસ્ટ્રિયાના પ્રતિનિધિનો સત્કાર કર્યો અને તેની સાથે ખુલ્લા દિલથી વાત કરવા માંડી. તેણે સરળ શબ્દોમાં તેને કહ્યું કે " જો તમે મારી સાથે પ્રમાણિકપણે વ્યવહાર કરશો તો બેજ દિવસમાં બધો નિર્ણય થઇ જશે. મારે આસ્ટ્રિયા પાસેથી કાંઇ જોઇતું નથી. મારૂં હિત જાળવવા માટે મારી આગળ બે રસ્તા છે. કા તો તમારા રાજ્યના આસ્ટ્રિયા, બોહીમિયા અને હંગરી એવા ત્રણ ભાગ પાડી નાખવા અથવા તો આસ્ટ્રિયા સાથે કાયમની મૈત્રી બાંધવી. પહેલો માર્ગ લેતાં વધારે લડાઇઓ કરવી પડે છે અને જો કે તેમ હું કરી શકું છું તોપણ તમને વચન આપું છું કે એ માર્ગ હું નહિ સ્વીકારૂં.

બીજો માર્ગ મને વધારે અનુકૂળ છે, પણ તમારા રાજાની મૈત્રીની આશા કેવી રીતે રખાય? તે પોતે ઘણા શાણા છે પણ તેમની આસપાસના માણસોની ઉશ્કેરણીથી દોરવાઈ જાય છે. આપણી સલાહ કાયમની રહે તેને માટે એકજ રસ્તો છે.

તમારા રાજાને રાજ્યનો કંટાળો આવ્યો છે એમ કહેવાય છે. તેમનો એક ભાઇ મારી સાથે સદ્દભાવ ધરાવે છે અને ઘણો કેળવાયલો છે. ફ્રાન્સ તરફ તેને વેર નથી. પ્રધાનોથી કે અંગ્રેજોથી દોરવાઇ જાય તેવો પણ તે નથી. જો તમારા રાજા તેને ગાદી સોંપી દે તો હું આસ્ટ્રિયા છોડવા રાજી છું અને અમને આટલો બધો ખર્ચ થયો છે છતાં નુકસાનીના બદલામાં એક પ્રાંત કે એક પૈસો પણ તમારી પાસેથી લઈશું નહિ. જગતને આ બનાવથી રાહત મળશે એજ મને મોટો સંતોષ છે. કદાચ એથી પણ હું એક પગલું આગળ વધીને હું તમને ટાઇરોલ પણ પાછું આપીશ."

આસ્ટ્રિયાના પ્રતિનિધિએ કહ્યું કે "જો બની શકતું હોય તો તેમ કરવા અમારા રાજા ખુશી છે; પણ તેઓ તો પોતે ગાદીપર રહેવા કરતાં પોતાના વંશજોને ગાદી ઉપર કાયમ કરવા વધારે ઇચ્છે છે."

નેપોલિયને કહ્યું કે " હું તમને મારૂં વચન આપું છું કે જો તમારા રાજા તેમના ભાઇને ગાદી આપી દે તો આના કરતાં પણ વધારે આપવા ખુશી છું. પણ એટલો ત્યાગ તેઓ કરે એમ હું માનતો નથી અને તમારા રાજ્યના વિભાગ પાડવા હું ઇચ્છતો નથી. મારે તમારા બીજા કોઇ પ્રાંત જોઇતા નથી. માત્ર ફ્રાન્સની હદ તમારા રાજ્યથી દૂર જાય તે માટે તમારે આસ્ટ્રિયાનો થોડો ભાગ છોડવો પડશે. તુર્કસ્તાન સાથેનો અમારો સંબંધ જાળવવા માટે આડ્રિયાટિક સમુદ્રના કિનાર ઉપરના રાજમાર્ગનો કબજો અમારા હાથમાં રહેવો જોઇએ. તમારા રાજાએ મને ઈંગ્લંડનો નાશ કરતાં બે વાર અટકાવ્યો છે અને તુર્કસ્તાન ઉપર અમારો વગ બેસાડવા માટે સમુદ્રને બદલે જમીન માર્ગનો આશ્રય લેવાની ફરજ પાડી છે. માટે થોડું થોડું આપણે બેઉ છોડી દઇએ. હું બોહિમિયાના ત્રણ પ્રાંત માગતો હતો તે હું જવા દઉં છું અને આસ્ટ્રિયાના રાજ્યમાંથી જે ત્રણ મથક માગતો હતો તે પણ છોડી દઉં છું. ઇટાલિમાંથી કેરિન્થિયાનો એક ભાગ પણ તમને આપી દઉં છું. માત્ર મારા કબજામાં સોળ લાખ માણસની વસ્તીનો જર્મની તરફનો મુલક રહેવો જોઇએ." આના જવાબમાં આસ્ટ્રિયાના શહેનશાહે લખાવ્યું કે નેપોલિયન જે છુટછાટ મૂકે છે તે નહિ જેવી છે. સલાહ કરવીજ હોય તો આથી વધારે લાભ અમને મળવા જોઇએ.

આ જવાબ વાંચીને નેપોલિયન ઘણોજ ગુસ્સે થઈ ગયો અને આસ્ટ્રિયાના પ્રતિનિધિને કહ્યું, " તમારા પ્રધાનો તમારા રાજ્યની ભૂગોળ પણ જાણતા નથી. હું દશ લાખ માણસોની વસ્તીવાળો પ્રદેશ જતો કરૂં છું. માત્ર શત્રુ રાજ્યની હદને મારા રાજ્યની હદથી દૂર રાખવા જેટલો મુલકજ હું મારા કબજામાં રાખું છું અને છતાં તમારા શહેનશાહ લખે છે કે હું મારા હકક જતા કરૂં છું તે નહિ જેવા છે. આવીને આવી રીતેજ તમારા પ્રધાનો તમારા શહેનશાહને ભરમાવે છે. આમ ખોટું ખોટું સમજાવીને તેમણે તેની પાસે લડાઇ કરાવી અને આખરે તેના પાયમાલી

પણ કરવાના."

સલાહની સરતો નક્કી કરવામાં જે વિલંબ થયો હતો અને આસ્ટ્રિયાના દરબાર તરફથી જે બહાનાં બતાવવામાં આવ્યાં હતાં તે ઉપરથી નેપોલિયનને ખાત્રી થઇ હતી કે પોતે ગમે તેટલી ઉદારતા દાખવીને સમાધાન કરવા પ્રયત્ન કરે તોપણ સામા પક્ષને તો લડાઇ કરવીજ છે. તેથી તેણે લડાઈ ચાલુ કરવા લશ્કરને સજ્જ કરવાની આજ્ઞા આપી. સલાહ કરવા તે ગમે તેટલો ઉત્સુક છતાં જરૂર પડે ત્યારે લડાઇમાં ઉતરતાં પણ તે જરાએ ડરતો ન હતો. છેલ્લીવાર તેણે પોતાના પ્રતિનિધિને આસ્ટ્રિયાના દરબારમાં મોકલતાં સૂચના આપી કે "આસ્ટ્રિયા પાસે લડાઇના ખર્ચ પેટે જે દંડ લેવાનો છે તેમાં પાંચ પચીશ લાખ ઓછા કરતાં પણ સલાહ થતી હોય તો કરવી. આ બાબતમાં નમ્યું મૂકવું પડે તો મૂકવું. મારે હવે છેવટનો ફેંસલોજ લાવી નાખવો છે." આખરે ૧૪મી અકટોબરે સલાહ થઇ. આસ્ટ્રિયાએ છેલ્લાં સોળ વર્ષમાં કરેલી સલાહમાંની આ ચોથી સલાહ હતી, અને તેની પહેલાંની ત્રણ સલાહનો જેમ તેણે ભંગ કર્યો તેવી રીતે થોડાજ વખતમાં પાછો આ સલાહનો પણ આસ્ટ્રિયાએ ભંગ કર્યો.

વિયેના છોડીને જતા પહેલાં શહેરનો કોટ દારૂગોળાથી ઉડાવી મૂકવાનો હુકમ નેપોલિયન આપતો ગયો. તે મુજબ વજ્ર જેવો મજબૂત કોટ, જેણે અનેક સૈકાઓ સુધી લડાઇની ટક્કર ઝીલી હતી, મદોન્મત્ત તુર્કસેનાની ભરતીને પણ જેણે ખાળી રાખી હતી તે મોટા ધડાકા સાથે હવામાં ઉડી ગયો. આ કૃત્યને માટે નેપોલિયન ઉપર એલિસન તથા બીજા સામા પક્ષના ઇતિહાસકારો સખત હુમલો કરે છે. લડાઇની જરૂરીઆત જોતાં તેને આ પગલું લેવું પડયું હોય તોપણ સલાહ થઈ ગયા પછી તેણે વિયેનાની રાજધાનીને અપમાન પહોંચાડયું અને પરાજિત થએલા શત્રુને તેનો પરાજય વધારે સાલે એવું આચરણ કર્યું તેને માટે આપણે તેનો બચાવ કરી શકતા નથી.

વિયેના આગળ થએલી સલાહના કરાર મુજબ નેપોલિયને બાવેરિયાની સરહદ વધારી અને સેકસનીના રાજ્યનો પણ વિસ્તાર કર્યો. તેમ કર્યાથી તેણે પોતાનાં મિત્રરાજ્યોને આસ્ટ્રિયાના હુમલાથી વિશેષ સુરક્ષિત કર્યાં. તેજ રીતે ઇટાલિ અને પોલેન્ડને પણ આસ્ટ્રિયાથી બચાવવા તે પ્રદેશોની સીમાનો વિસ્તાર કર્યો. સુલેહ કરવામાં જો આ કરતાં પણ તેણે વધારે ઢીલું મૂકયું હોત તો જગત્ તેની મૂર્ખાઇને હસત. તેની ઉદારતા જોઇને તેના શત્રુઓ પણ ચકિત થઇ ગયા. વિરુદ્ધપક્ષના ઇતિહાસકારો નેપોલિયનની નૈસર્ગિક ઉદારતા હતી એવું તો સ્વીકારી શકતાજ નહિ; એટલે તેઓ કહેતા કે તેનામાં નવાં રાજ્યોની વ્યવસ્થા કરવાની હિમ્મત અને દઢતા ન હતી; તેથીજ તેણે હાથમાં આવેલાં રાજ્યો જવા દીધાં! એમાંના કોઇએ તેની ઉદારતાને તો નજ વખાણી! આવીજ રીતે તેને પહેલેથી છેવટસુધી અન્યાય આપવામાં આવે છે. પોતાના દેશનું રક્ષણ કરવાના તેના પ્રયત્નોને રાજ્યસત્તાના લોભનું અને મનુ

બ્યરક્તની પિપાસાનું સ્વરૂપ અપાતું અને પરાજય પામેલા શત્રુ તરફ જ્યારે તે ઉદારતા બતાવતો અને હાથમાં આવેલાં રાજ્યો છોડી દેતો ત્યારે તે નિર્બળ, નાહિમ્મત અને રાજ્યવ્યવસ્થા કરવાને અશક્ત કહેવાતો !

ઉપરના બનાવો જ્યારે આસ્ટ્રિયામાં બની રહ્યા હતા ત્યારે સ્પેનમાં પણ નવેસરથી લડાઇ મચી રહી હતી. નેપોલિયનને પેનથી દૂર રોકાયલો જોઇને સ્પેનવાસીઓ અને અંગ્રેજોના હૃદયમાં નવી આશા જન્મ પામી હતી. જોસેફ બોનાપાર્ટ ભલે અને સાધુ પુરુષ હતો પણ યુદ્ધનૈપુણ્યમાં કાચો હતો. સર્વમાન્ય નેતાને અભાવે ફ્રેન્ચ સેનાપતિઓ અંદર અંદર લઢયા. દરમ્યાન અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન ૩૦૦૦૦ અંગ્રેજ સૈનિકોની સાથે સ્પેનમાં આવી પહોંચ્યો અને ધર્માંધતાથી ઉન્મત્ત થએલા ૭૦૦૦૦ પોર્ટુગીઝ સિપાઇઓ તેને આવી મળ્યા. મહા ભયાનક હત્યાકાંડ શરૂ થયો, ગામનાં ગામ બળી ભસ્મ થઈ ગયાં, સ્ત્રીઓની પવિત્રતા લૂંટાઇ, બાળકો ઘોડાના પગ તળે છુંદાઇ કચરાઇ મરણ પામ્યાં. મદોન્મત્ત અને ધર્મઝનુનથી છકી ગએલા સિપાઇઓ કાબૂમાં ન રહ્યા. સેનાપતિ વેલિંગ્ટનને પોતાના સરકારી રિપોર્ટમાં પણ લખવાની ફરજ પડી કે **અંગ્રેજ સિપાઇઓ હાર કે જીત બેમાંથી એકકે જીરવી શકતા નથી.** લશ્કરની રીતભાત ઘણીજ દુર્વ્યવસ્થિત અને અમર્યાદ છે. **તેઓ ધાડપાડુઓની માફક દેશને લૂંટે છે અને રંજાડે છે. તેમને માણસાઇમાં લાવવાનો મારો યત્ન ફોકટ જાય છે અને હવે તો એકાદ બે ટુકડીને શરમભરેલી રીતે બરતરફ કરીને ઘેર મોકલવી પડશે.**

અંગ્રેજ લશ્કરમાં દેશના હલકામાં હલકા વર્ગમાંથી બદમાસો જેવાઓનીજ પુષ્કળ ભરતી થતી હતી, તેથી તેમના કરતાં ફ્રેન્ચ સિપાઇઓ વધારે મર્યાદાભરી વર્તણુક રાખી શકતા હતા; કેમકે ફ્રાન્સમાં ફરજીયાત લશ્કરી નોકરીની પ્રથા હોવાથી તેમના લશ્કરમાં કેળવાયલો અને સંસ્કારી વર્ગ પણ આવતો હતો. અંગ્રેજ અને પોર્ટુગીઝ સિપાઇઓના જુલમથી પોર્ટુગાલની અને સ્પેનની રૈયત ત્રાસ પામી ગઇ અને તેઓ પણ કહેવા લાગ્યા કે ઇંગ્લંડે પોતાનો વ્યાપાર અને સત્તા જાળવી રાખવા માટેજ આ લડાઇમાં માથું માર્યું છે. તેઓ ફ્રેન્ચોને ચાહતા ન હતા પણ ફ્રેન્ચોની રાજસત્તાને અંગ્રેજોના અમલ કરતાં ઓછી અશુભ ગણીને તે સ્વીકારવા તૈયાર હતા; કેમકે જે રાજનીતિની બેડીમાં તેઓ સૈકાઓ થયાં જકડાયા હતા તેના કરતાં વધારે ઉદાર રાજ્યબંધારણ તેમને ફ્રેન્ચોની પાસેથી મળવાની આશા હતી. વેલિંગ્ટને પોતે પણ સ્પેન અને પોર્ટુગાલની સ્થાનિક રાજસત્તા ઇંગ્લંડપ્રત્યે કેટલી અકૃતજ્ઞ છે તેની ફરિયાદ કરી હતી; કારણ કે ત્યાંના જુલ્મી રાજ્યાસનો ઉપર ઇંગ્લંડે જુલ્મી રાજાઓને બેસાડયા અને હવે તેજ રાજાઓ તેના તરફ અપમાન અને અત્યાચાર ગુજારતા હતા.

નેપોલિયને હવે તેના શત્રુઓ ઉપર બીજીવાર જીત મેળવી; છતાં પણ હજી તેની

સ્થિતિ અતિશય જોખમભરેલી હતી. બીજા બધા કરતાં તેને પોતાને આ વાતની વિશેષ ખબર હતી. ઇંગ્લંડે હજી પોતાનો દુરાગ્રહ છોડયો ન હતો; સલાહના દરેક કહેણને તે તુચ્છકારતું હતું અને ફ્રાન્સ ઉપરનાં આક્રમણ ચાલુ રાખતું હતું. યૂરોપના રાજાઓની એકસંપી છિન્ન ભિન્ન થઇ ગઇ છતાં તેમને ફરીથી એકત્ર કરીને ફ્રાન્સની સામે ગોઠવવાની રાજનૈતિક જાળ પાથરતા રહેવાનો આગ્રહ ઇંગ્લંડે હજી છોડયો ન હતો. તે તો હજી પણ સ્પષ્ટપણે જાહેર કરતું કે પ્રજાસત્તાક રાજ્યના સિદ્ધાંતોના પ્રચારથી યૂરોપનાં રાજ્યાસનોને ઉથલી પડવાની ધાસ્તી છે.

ઇટાલિમાં નેપલ્સ અને મિલનનાં નવાં સ્થપાયલાં પ્રજાસત્તાક રાજ્યો હતાં. નજીકમાં પોપનું રાજ્ય હતું. પોપે આ યુદ્ધમાં એક પણ પક્ષ તરફથી ભાગ લીધો ન હતો અને નેપોલિયનને પોપની ધર્મપરાયણતા અને સાધુતાને માટે ઘણું માન હતું; તોપણ પોપના દરબારમાં ઇંગ્લંડ અને આસ્ટ્રિયાના એલચીઓ પ્રપંચજાળ રચતા હતા અને ઇંગ્લંડનો કાફલો આસ્ટ્રિયાને મદદ કરવાનો લાગ જોતો ઇટાલિના કિનારા ઉપર ભમ્યાજ કરતો હતો. નેપોલિયને પોપને લખ્યું કે નેપલ્સ અને મિલનની સલામતીને ખાતર તમારે તેમની સાથે અરસ્પરસ બચાવ કરવાના કોલકરાર કરવા જોઇએ. પોપે તેમ કરવા ના પાડી. અનેકાનેક શત્રુઓની સામે એકલે હાથે ઝુઝતા નેપોલિયનને માટે બીજો ઉપાયજ ન હતો. કોઇ પણ વખતે દગો કે પાછળથી ઘા કરે અને પોતાના શત્રુઓને છુપી રીતે મદદ કરે, એવા રાજ્યની હસ્તીથી તેની સલામતી જોખમમાં હતી. તેથી છેવટે ફ્રેન્ચ લશ્કર રોમમાં દાખલ થયું અને પોપ મહારાજને પદભ્રષ્ટ કરી નજરકેદ કર્યા. નેપોલિયને તેમને વીશ લાખ ફ્રાન્કનું વાર્ષિક પેન્શન બાંધી આપ્યું અને ધાર્મિક ક્રિયાઓ કરવાની સંપૂર્ણ છૂટ આપી.

હવે તરતજ પ્રાચીન રોમની સુધારણા અને જીર્ણોદ્ધાર કરવાનાં અનેક કાર્યોની શરૂઆત કરવામાં આવી. નેપોલિયનની અદ્દભુત કાર્યકુશળતાને લીધે પ્રાચીન રોમન વીરોની દરગાહોમાં નવું ચેતન સિંચાયું. હુન્નર ઉદ્યોગના ધમધમાટથી રોમ નગરીની પુરાણી શેરીઓ ગાજી ઉઠી. સુંદરતા અને ઉપયોગીતા બેઉ તરફ સરખું લક્ષ આપવામાં આવ્યું. પ્રાચીન દેવદેવીઓની સુંદર ભવ્ય મૂર્તિઓ, દેવાલયો અને સ્મરણસ્તંભોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. જૂનાં મકાનોને ઠેકાણે નવાં રચાયાં. શહેરમાં રોગ ફેલાવતાં પાણીનાં ખાબોચીઆં અને ભીનાશવાળી જમીનોને કોરી કરી નાખવા ઈજનેરી ખાતું મોટા પાયાપર કામ કરવા મંડી ગયું. ટાઇબર નદી નીચે દટાઇ ગએલી પ્રાચીન રોમ નગરીના કળાના સુંદર બેનમુન અવશેષો પુનઃ પ્રાપ્ત કરવા માટે નદીના પ્રવાહને ખસેડી નાખવાની કોશિશ થવા લાગી. જ્યારે યૂરોપના રાજાઓ એકસંપી ;કરીને તેનો વિનાશ કરવા મથતા હતા ત્યારે નેપોલિયન સાર્વજનિક કલ્યાણ માટે આવી આવી અનેક યોજનાઓ ઘડીને તેમને વ્યવહારમાં મૂકી રહ્યો હતો.

પ્રકરણ ૪૯ મું

શહેનશાહ બાનુ જોસેફાઇન સાથે છુટા છેડા

નેપોલિયને શું શું કર્યું છે અને શું શું કહ્યું છે તેની નિષ્પક્ષપાત રીતે નોંધ લેવાની તેના ચારિત્ર્યલેખકની ફરજ છે. તેણે કરેલાં કાર્યો માટે તો બે મત છેજ નહિ. તેના પ્રત્યેક કાર્યમાં તેની આશ્ચર્યજનક પ્રતિભાની છાપ જોવામાં આવે છે. તેના ઉદ્ગાર પણ તેનાં કાર્યોના જેવાજ સુસ્પષ્ટ છે; પરંતુ તેણે જે જે કાંઈ કર્યું તેમ કરવાનો તેને હક્ક હતો કે નહિ તે વિષે પરસ્પર વિરુદ્ધ અભિપ્રાય દર્શાવવામાં આવે છે.

ડ્યૂક ઑફ રો વિગો કે જે નેપોલિયનના આંતર્ગત વિચારોથી સારી રીતે વાકેફ હતો, તે નીચે પ્રમાણે લખે છે:—

પંદર વર્ષના લગ્નસંબંધથી દૃઢ થએલાં બંધન તોડવા માટે અને પોતાની પરમપ્રિય સહચરીનો ત્યાગ કરવાના કારણમાં કેટલાક એમ કહે છે કે રાજવંશીય શાહજાદી સાથે પરણવાનો નેપોલિયનને લોભ લાગ્યો હતો; પરંતુ આ અભિપ્રાય વાસ્તવિક નથી. આ દુઃખદ કાર્ય કરતાં તેને તીવ્ર મનોવ્યથા થઇ હતી એ વાત તદ્દન સત્ય છે. જ્યારે તે રાજ્યાસન ઉપર બેઠો ત્યારે પણ લોકોએ તેનાપર સ્વાર્થીપણાનો આરોપ મૂક્યો હતો; પરંતુ ખરૂં જોતાં રાજ્યાસન ઉપર બેસવા માટે તે ઘણો નારાજ હતો અને ફ્રાન્સ પ્રજાસત્તાક રાજ્ય હોઇ અંદર અંદરના વિદ્વેષથી નિર્બળ બની જશે એવી તેની પૂરી ખાત્રી ન હોત, તો તે પ્રથમના રાજ્યબંધારણમાં કદિ ફેરફાર કરત નહિ. ગાદીએ બેઠા પછી પણ લોકમતને પુષ્ટિ આપનારી અને સ્વતંત્રતા તથા સમાનતાના આદર્શોને વિશેષરૂપે પ્રકટાવનારી સંસ્થાઓની ખિલવણી કરવામાં તેણે કચાશ રાખી ન હતી. એથી કરીને ફ્રાન્સમાં રાજાસત્તાક રાજ્ય હોવા છતાં પણ પ્રજાસત્તાક રાજ્યના સિદ્ધાંતો સારી પેઠે જળવાયા હતા. પોતાના મરણ પછી ભિન્ન ભિન્ન રાજનૈતિક પક્ષો પડી જઈ દેશ નિર્બળ ન બની જાય તેટલા માટે એકલું રાજ્યતંત્રજ ફેરવવાનું બસ ન હતું; પરંતુ તેને પોતાની પાછળ વારસ મૂકી જવાની પણ જરૂર હતી. તે વારસનો ગાદી ઉપરનો હક્ક સ્વતઃ-

સિદ્ધ અને દીવા જેવો હોય તોજ ગાદીમાટે વલખાં મારતા બીજા ઉમેદવારોનું જોર ચાલી ન શકે. જોસેફાઇનની પુત્રી હોર્ટેન્સના પુત્ર ઉપર તેણે આશા બાંધી હતી, પણ એ પુષ્પ તો અકાળે કરમાઇ ગયું. તેણે જોસેફાઇનના પુત્ર યુજીનને ગાદી આપવાનો વિચાર કર્યો, પણ તેમ કરવા જતાં તેના સગા ભાઇજ નારાજ થાય અને તેના મરણ પછી વિદ્રોહ જાગે એવા ભયથી તે વિચાર પણ માંડી વાળવો પડયો. વળી બીજી બાજુએથી કોઇ બળવાન રાજ્યની સાથે સંબંધ બાંધવામાં તેને રાજનૈતિક લાભ પણ દેખાતો હતો કે ખરી આફતને વખતે તેનો આશ્રય મળે અને રાજ્યનો સંપૂર્ણ વિનાશ થતો અટકે, એવા સંબંધથી યુદ્ધનો અંત આવી જવાની પણ તેણે આશા રાખી હતી. જૂના લગ્નના અને સ્નેહના સંબંધ ઉપર કુહાડી મારવાનાં તેને આવાં આવાં કારણો હતાં. છતાં આ વાત જોસેફાઇન આગળ ઉઘાડવાની તેની હિંમત ચાલતી ન હતી.

રાજ્યક્રાંતિ પછી ફ્રાન્સની પ્રજાનું નૈતિક ધોરણ ઘણું હલકું પડી ગયું હતું, અને લગ્નસંબંધની પવિત્રતાને પણ થોડાંજ માણસો સ્વીકારતાં હતાં. પ્રજા પણ જોસેફાઇન તરફ દયાની નજરથી જોઇને ઇચ્છતી હતી કે રાજ્યના વારસને જન્મ આપવા માટે નેપોલિયન બીજી વાર પરણે તો સારૂં. નેપોલિયને આખરે પોતાના વડા પ્રધાનને પોતાનો વિચાર જણાવતાં કહ્યું કે જોસેફાઇનને ત્રીશ લાખ ફ્રાન્કનું પેન્શન અને ભવિષ્યની શહેનશાહ બાનુથીજ ઉતરતી એટલે રાજ્યમાં પહેલા દરજ્જાની ઉમરાવજાદીની પદવી આપીને બાદશાહી ઢબના નિવાસમાં રહેવા દેવી.

એમ કરતાં કરતાં ૧૮૦૯ ની ૩૦મી નવેંબરનો કમનસીબ દિવસ આવી પહોંચ્યો. લોકોમાં ઉડતી અફવાઓ તો જોસેફાઇનને કાને આવી હતી અને તેથી તેનું કોમળ હૈયું સીજાઇ જતું હતું. એ દિવસે રાજદંપતી ફોન્ટેન્બ્લોના રાજમહેલમાં રહેતાં હતાં. ઉંડી ગમગીનીની કાળી છાયા સર્વત્ર પથરાઇ હતી. પરોણાઓ ગયા હતા. ઠંડા પવનના સુસવાટ વાતા હતા. જોસેફાઇનિ એકલી આંસુ ટપકાવતી પોતાના ઓરડામાં બેસી રહી હતી. પોતાની દુઃખથી કચરાઇ ગએલી પત્ની પાસે જતાં નેપોલિયનના પગ ઉપડતા ન હતા. તે પણ એકલો બેસી રહ્યો હતો. જમવાનો સમય થયો. તેઓ મૂંગાં મૂંગાં જમ્યાં. એક શબ્દ પણ બોલાયો નહિ. આંખે આંખ પણ મળી નહિ. બેઉનાં ફિક્કાં પડી ગએલાં વદન તેમના હૃદયની પીડા બતાવી આપતાં હતાં. નોકરો ચાલ્યા ગયા. સર્વાંગે થરથર ધ્રૂજતો નેપોલિયન ઉઠીને ઉભો થયો અને પાષાણમૂર્તિની માફક બેસી રહેલી જોસેફાઇન પાસે ગયો. તેનો હાથ પોતાના હાથમાં લઈ પોતાની છાતીએ ચાંપીને તે દુઃખથી રૂંધાઇ જતા ગદ્ગદ સ્વરે બોલ્યો:—

“ જોસેફાઇન, તું જાણે છે કે હું તને ચાહું છું. સંસારમાં થોડી ઘણી સુખની પળ જો મેં દીઠી હોય તો તે તારાજ સહવાસમાં; પણ મારૂં પ્રારબ્ધ મારા હૃદય

કરતાં બળવાન છે. ફ્રાન્સના ભલાને ખાતર મારે તારી સાથેના મારા પત્નીસંબંધનું બલિદાન આપવું પડે છે.

જે પ્રહારની તે ઘણા દિવસથી રાહ જોતી હતી તે આ પ્રમાણે આખરે પડયો. તેનું પ્રેમાળ હૃદય વીંધાઈ ગયું. જોસેફાઇન મૂર્ચ્છિત થઇને પૃથ્વી ઉપર ઢળી પડી. નેપોલિયન બાવરો બાવરો માણસોને બોલાવવા દોડી ગયો. એક પાર્ષદ અને નેપોલિયન બે થઇને બેશુદ્ધ જોસેફાઈનને તેના ઓરડામાં લઈ ગયા. તે અર્ધગાંડી બનીને લવવા લાગી–“ ના, ના, તમારાથી એવું નહિજ થાય. તમે મારી હત્યા નહિજ કરી શકો. ” નેપોલિયન પણ ઘણોજ પ્રક્ષુબ્ધ બની ગયો. જોસેફાઈન શુદ્ધિમાં આવી એટલે તે પોતાના ઓરડામાં જઇ ચોધાર આંસુએ રડતો ગયો અને આમ તેમ ફરતો ગયો. તેનું આખું શરીર કંપતું હતું, કંઠ રૂંધાઇ જતો હતો અને આસપાસનાં માણસો સાંભળે તેની પરવા કર્યા વગર તે અટકી અટકીને આ પ્રમાણે બબડતો હતો—

“ ફ્રાન્સનું હિત અને મારૂં પ્રારબ્ધ બેઉ મારા હૃદયને વીંધી નાખે છે. જોસેફાઇનનો ત્યાગ મને અનુલ્લંઘનીય આજ્ઞારૂપ છે. તેમાંથી હું ચલિત નહિ થાઉં છતાં હમણાં જોએલો બનાવ મારા આત્માને તાવી નાખે છે. ”

રાત્રે કલાકે કલાકે તે જોસેફાઇનની ખબર પૂછાવતો. પુત્રી હોર્ટેન્સ માની સાથે હતી. યુજીનને પણ ઇટાલિથી તેડાવ્યો હતો. માની અવસ્થા જોઇ પ્રથમ તો યુજીન માનભંગ થયો. નેપોલિયન પ્રત્યે નારાજ થયો અને માની સાથે જવા તૈયાર પણ થયો; પણ નેપોલિયને તેને આંખમાં આંસુ લાવીને સમજાવ્યો, મનાવ્યો અને કહ્યું કે એમ કર્યા વગર મારી પાસે બીજો ઉપાય નથી. શું તું પણ મને મૂકીને ચાલ્યો જઇશ? મારા ભવિષ્યના પુત્રને તારા વગર કોણ સંભાળશે ? મારા મરણ પછી તેને કોણ કેળવણી આપશે ? વીરશિરોમણિ નેપોલિયનની અર્ધાંગના જોસેફાઇને પણ અદ્વિતીય સ્વાર્પણ દાખવીને યુજીનને સમજાવ્યો અને કહ્યું કે શહેનશાહ તારા સગા પિતાતુલ્ય છે. તું તેનો અનેક રીતે ઋણી છે.

પંદરમી ડિસેંબરે દરબારમાં છૂટા છેડાનો કરાર રીતસર લખાયો અને વંચાયો. જોસેફાઇને રડતી આંખે, ચીરાતા હૃદયે તે સાંભળ્યો અને સ્વીકાર્યો. ધ્રૂજતે હાથે તેણે કલમ લીધી અને હૃદયના અત્યંત કોમળ સંબંધને છેદી નાખનાર એ લેખ ઉપર સહી કરી. યુજીન આ દેખાવ ન જોઇ શકયો. તેનું મગજ ઘૂમવા લાગ્યું, હૃદય બંધ થઇ ગયું અને તે નિશ્ચેષ્ટ થઇને ઢળી પડયો. આવી રીતે આ અસંત કરુણ પ્રકરણનો અંત આવ્યો.

કાળી રાત્રિ શહેરમાં પથરાઇ હતી. રાજમહેલ સ્મશાનવત્ બની ગયો હતો. નેપોલિયન એકલો પોતાના બિછાનામાં તરફડતો પડયો હતો. ધીમેથી તેનું એક બારણું

ઉઘડયું અને સર્વાંગે કંપતી જોસેફાઇન દાખલ થઇ. રડીરડીને તેની આંખો સૂજી ગઇ હતી, વાળ વિખેરાયલા હતા અને વાણીથી ન વર્ણવાય એવા શોક અને નાસીપાસીની મૂર્તિરૂપ તે બની ગઇ હતી. તે લથડતે પગલે બીતી બીતી આગળ વધી. આજથી જેને પોતાનો પતિ કહેવાનો અધિકાર ટળી ગયો હતો તેની શય્યા પાસે આવીને તે ઉભી રહી. મનમાં કાંઈ લાગણીનો આવેશ આવી જવાથી તેણે હાથમાં મોં ઢાંકી ડસકે ડસકે રડવા માંડયું. એક પળવાર સમાજના નિયમોની મર્યાદાના વિચારવડે—હવે તેને નેપોલિયનના ઓરડામાં પેસવાનો અધિકાર રહ્યો નથી એ ભાવનાવડે—તે અટકી હતી; પણ રૂંધાયલી-દબાયલી લાગણીએ જોરથી ઉછાળો માર્યો, દુઃખના આવેશમાં વિવેકનું ભાન ભૂલી જવાયું. જોસેફાઇને શય્યાપર પડતું નાખ્યુ અને નેપોલિયનને ગળે વળગીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. નેપોલિયનનો બાદશાહી ભાવ હારીને આઘો ખસી ગયો અને તે પણ સામાન્ય મનુષ્યની માફક છુટી પોકે રડવા લાગ્યો. તેણે પછી જોસેફાઇનને સાંત્વન આપવાનો દરેક પ્રયત્ન કર્યો. તેને પોતાના કાયમના સ્નેહની ખાત્રી આપી. થોડી વાર સુધી તો તેઓ બેઉ એકબીજાને આલિંગીનેજ બેસી રહ્યાં. ખિજમતદાર જે અત્યારસુધી હાજર હતો તેને રજા આપવામાં આવી. એકાદ કલાક સુધી છેલ્લી વાતચીત તેમણે કરી લીધી. પછી અતિશય કલ્પાંત કરતી જોસેફાઇને પોતાના પ્રાણાધિક પતિની છેલ્લી વિદાય લીધી. નોકરે આવીને જોયું તો શહેનશાહ માથે મોઢે ઓઢીને સૂઇ ગયો હતો. તે દીવો લઇ ગયો અને નેપોલિયન તેના ઉદાસીન વિચારોમાં ગોથાં ખાતો અધકારમાં એકલો શબવત્ પડી રહ્યો. સવારમાં તેનો શબવત્ ફિક્કો ચહેરો અને લાંબી માંદગી ભોગવીને ઉઠયો હોય એવી તેની કરમાયલી દીન હીન મુખાકૃતિ ઉપરથી કેટલા દુઃખમાં, કલેશમાં તેની રાત વીતી હશે તેનો જોનારને ખ્યાલ આવી જતો હતો. તેનો શોક સાચો હતો એમાં કશો શકજ નથી. તેણે હજી અન્ય સ્ત્રી સાથે પ્રેમ જોડયો ન હતો. તેણે થોડા દિવસ શોક પાળવા એકાંતવાસ કરવાનો નિશ્ચય કર્યો.

જોસેફાઈન, તેને માટે નિર્માણ કરવામાં આવેલા નવા નિવાસમાં રહેવા ગઇ ત્યારથી આઠ દિવસ સુધી નેપોલિયને એકાંતવાસ સેવ્યો. તે અરસામાં તે દરરોજ જોસેફાઈનને મળી આવતો અને તેને પોતાને ત્યાં જમવા તેડી લાવતો. આ અઠવાડીઆમાં તેણે જોસેફાઇન ઉપર લખેલી એક ચિઠ્ઠી તેના અંતરની સાચી લાગણી રજૂ કરે છે:—

“પ્રિયે ! આજે તું હોવી જોઇએ તે કરતાં વધારે અશકત જણાય છે. તેં ઘણુ ધૈર્ય બતાવ્યું છે પણ હજી એથીએ વધારે ધૈર્ય તારે ધારણ કરવું જોઇએ. શાંત થવાનો યત્ન કરજે અને તારૂં આરોગ્ય જે મારા મનથી ઘણુંજ મૂલ્યવાન છે તેને જાળવવા ખાસ કોશિષ કરતી રહેજે. જો મને તું ચાહતી હોય તો તારૂં હમેશનું

હૃદયબળ જાળવી રાખજે અને પ્રસન્ન રહેજે. મારા પ્રેમવિષે અને તારા પ્રત્યેની મારી નિશ્ચળ મમતાવિષે તને કશો સંદેહ હોવો નજ જોઇએ. તારા તરફ મારી કેટલી ઉંડી લાગણી છે, તે તું સારી રીતે જાણે છે; તેથી તું સુખી હોઉં તોજ હું સુખી રહું અને તારૂં ચિત્ત ક્ષુબ્ધ હોય તો હું સુખે ન રહી શકું, એ તને યાદ આપવાની જરૂર રહેતી નથી. સારી પેઠે નિદ્રા લેજે. સલામ પ્રિયે! "—નેપોલિયન.

જોસેફાઈન તરફ અંતસુધી નેપોલિયનનો પ્રેમ અવિચળ હતો અને તેનો ત્યાગ કરવા માટે તેને સબળ રાજનૈતિક કારણો હતાં, તોપણ તેણે ઈશ્વરના સનાતન નિયમનો ભંગ કર્યો તે ન કર્યો નહિ કહેવાય. દરેક પાપાચરણ, પ્રારંભમાં ગમે તેટલાં સુખજનક દેખાય તોપણ તેમાંથી અંતે વિનાશ અને પાયમાલી આવ્યા વગર રહેજ નહિ. તે જમાનામાં લોકોનો નીતિનો આદર્શ શિથિલ થઇ ગયો હતો અને એવા વાતાવરણમાં તે ઉછરેલો હોવાથી તે પોતાના કૃત્યને તેના સાચા કાળા સ્વરૂપમાં જોઇ શક્યો નહિ. તે એમજ સમજતો હતો કે હું કરૂં છું તે યોગ્ય છે અને ફ્રાન્સના હિતમાટે એવા સ્વાર્પણની જરૂર હતી; પણ એ પાપની અનિવાર્ય શિક્ષા તેને મળ્યા વગર ન રહી.

સેન્ટ હેલેનામાં બન્દીવાનની દશામાં પણ તે જોસેફાઇનનું અત્યંત પ્રેમપૂર્વક સ્મરણ કરતો અને તેના ગુણની, સ્નેહની, ભક્તિની પ્રશંસા કરતો. એક પ્રસંગે તેણે એવું પણ કહ્યું હતું કે "જોસેફાઇનથી જો મને એક પુત્રની પ્રાપ્તિ થઇ હોય તો રાજનૈતિક દૃષ્ટિથીજ નહિ પણ સંસારિક દૃષ્ટિએ પણ હું સંપૂર્ણ સુખી થયો હોત."

प्रकरण ५० मुं–आस्ट्रियानी शाहजादी साथे लग्न

ફ્રાન્સની રાજરાણી કોણ થશે એ પ્રશ્નનું હજી નિરાકરણ આવ્યું ન હતું. એ વિષે પરસ્પર વિરુદ્ધ અભિપ્રાય દર્શાવવામાં આવતા હતા, અને નેપોલિયન પોતે પણ કેટલોક સમય સુધી કશો નિશ્ચય કરી શકયો ન હતો. ૧૮૧૦ ના જાન્યુઆરીની ૨૧ મી તારીખે ફ્રાન્સને માટેના આ અગત્યના સવાલવિષે ચર્ચા કરવા માટે પ્રધાનમંડળની એક સભા રાજમહેલમાં મળી હતી. ગંભીર મુખાકૃતિ ધારણ કરીને નેપોલિયન બાદશાહી આસન ઉપર બેઠો હતો. રાજ્યના મુખ્ય મુખ્ય પદવીધારીઓ સઘળા ત્યાં હાજર હતા. કાર્યની શરૂઆત કરતાં નેપોલિયને જણાવ્યું કે, “ રાજ્યના હિતનો એક સૌથી અગત્યનો પ્રશ્ન જે રાજ્યના વારસને જન્મ આપનારી રાણીની પસંદગીનો છે તે વિષે તમારા વિચાર જણાવવા મેં તમને આજે અહિં એકઠા કર્યા છે. હવે આ વિષે તૈયાર કરેલો રિપોર્ટ તમે સાંભળો અને પછી તમે પોતપોતાનો અભિપ્રાય આપશો. ”

રશિયા, આસ્ટ્રિયા અને સેકસની એ ત્રણે દેશની શાહજાદીઓ સાથેના લગ્નસંબંધથી થતા લાભાલાભવિષે વિગતવાર હેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. તે વંચાઇ રહ્યા પછી લાંબા વખતસુધી કોઇ કાંઈ બોલી શકયું નહિ. તેથી નેપોલિયને દરેકને વારાફરતી સંબોધીને તેમના અભિપ્રાય માગ્યા. આસ્ટ્રિયાની શાહજાદી સાથે લગ્ન કરવા તરફ વધુમતી હતી. આ ચર્ચા ચાલી તે દરમ્યાન નેપોલિયન શાંત, આરસની મૂર્તિના જેવો નિશ્ચય વૃત્તિવાળો બનીને બેસી રહ્યો હતો. તેના ચહેરાની એક રેખા સરખી પણ બદલાતી ન હતી. તેથી તેનું પોતાનું વલણ જાણવું અશકય હતું. સભા બરખાસ્ત કરતાં તેણે સર્વનો આભાર માન્યો અને કહ્યું કે તમારી દલીલોનો હું પૂરતો વિચાર કરીશ. તમારા અભિપ્રાય જૂદા જૂદા છતાં એટલી તો મારી ખાત્રી થઇ છે કે ફ્રાન્સના હિત તરફ નજર રાખીને અને મારાપ્રત્યે ભક્તિ રાખીને તમે તે અભિપ્રાય બાંધ્યા છે.

રશિયાનો ઝાર અલેકઝાન્ડર નેપોલિયનનો મિત્ર અને સહાયક હતો. તેની બહેન

પણ આ ઉમેદવારોમાંની એક હતી; પણ રશિયાની રાજમાતા લગ્નની સાથે એવી સરત કરાવવા માગતી હતી કે રશિયા પોલેન્ડને સ્વાહા કરી જાય તેમાં નેપોલિયને મદદ કરવી અને સેકસનીના રાજ્યની સીમાનો વિસ્તાર ન વધારવો. તેની પહેલી માગણી પ્રજાઓના સ્વતંત્રતાના સિદ્ધાંતની વિરુદ્ધ હતી, અને બીજી માગણીથી ફ્રાન્સનું હિત જોખમમાં આવતું હતું. નેપોલિયને અલેકઝાન્ડરને ના લખી દીધી અને આસ્ટ્રિયાની રાજકુમારીનું માગું સ્વીકાર્યું. તે મનોહર આકૃતિની, તંદુરસ્ત અને અઢાર વર્ષની યુવતી હતી. આ સમાચાર મળતા ઝાર નિરાશ થયો અને પોલેન્ડ પચાવી લેવાની તથા તુર્કોની રાજધાની ઇસ્તંબુલ ખાઇ જવાની તેની અભિલાષા ભાગી પડી.

લગ્નની તૈયારી તરતજ કરવામાં આવી. નેપોલિયન તો પારિસમાંજ રહ્યો; પણ પોતાના એલચી તરીકે સેનાપતિ બર્થિયરને તેણે આસ્ટ્રિયાના રાજદરબારમાં મોકલ્યો. એકમૂલ અને વાગ્રામના દારુણ સંગ્રામોમાં થોડા મહિના ઉપરજ નેપોલિયનનો કટ્ટો હરિફ થઇને ઉભેલો આસ્ટ્રિયન શાહજાદો ચાર્લ્સ આજે તેના શત્રુનો પ્રતિનિધિ બન્યો અને નેપોલિયનના વતી તેણે કન્યાદાનનો સ્વીકાર કર્યો. ફ્રાન્સની નવી રાજરાણી મેરિયા લૂઇસાની સ્વારી પારિસની નજીક આવી પહોંચી એટલે નેપોલિયન રસાલા સહિત તેને સામો લેવા ગયો. બેઉએ એક બીજાને જોયાં ન હતાં. મોરિયા લૂઇસાની ગાડી નજીક આવતાં નેપોલિયન તેની ગાડીમાં ચઢી બેઠો અને સ્નેહપૂર્વક આલિંગનવડે તેનો સત્કાર કર્યો. પારિસ નગરમાં ઘંટનાદ, રોશની અને મિજબાનીઓ થઈ તથા આખું શહેર આનંદ સમુદ્રમાં ડૂબી ગયું.

લગ્ન પછી તરતજ રાજદંપતી રાજ્યના ઉત્તર પ્રદેશોની મુલાકાતે ગયાં. લોકોએ તેમનો સહર્ષ સત્કાર કર્યો. ઈંગ્લંડે હજી પણ શત્રુતા મૂકી ન હતી. ફ્રાન્સનો રાજવહીવટ ચલાવવા ઉપરાંત જગતમાં સૌથી બળવાન અને ધનવાન રાજ્યના અસામાન્ય આક્રમણની સામે તેને ટક્કર લેવી પડતી હતી. ઈંગ્લંડનું નૌકાસૈન્ય ફ્રાન્સના કિનારાની આસપાસ મધમાખની માફક ભમતું હતું અને જ્યારે લાગ ફાવે ત્યારે બંદરો ઉપર ગોળાઓનો વરસાદ વરસાવતું હતું. ઈંગ્લંડ પોતાની તમામ લાગવગ અને નાણાંનો ઉપયોગ ફ્રાન્સના રાજવિદ્રોહી પત્રને ઉત્તેજન આપવામાં અને ત્યાં આભ્યંતરિક કલહ જગાડવા પાછળ કર્યેજ જતું હતું. વળી બીજી બાજુએ તે સ્પેન અને પોર્ટુગાલમાં ધુંધવાતો અગ્નિ પ્રજ્વલિત કરવાની બાજી ગોઠવતું હતું; તેમજ યૂરોપમાં હમણાં શાંત પડેલો દાવાનળ પાછો ફરીથી સળગાવવા યુક્તિપ્રયુક્તિ રચતું હતું. કોઇ કલ્યાણકારક કાર્યમાં આટલો ઉત્સાહ અને ચીવટપણું બતાવ્યું હોત તો તે અલબત્ત વખાણ અને માનને પાત્ર ગણાત; પણ ઈંગ્લંડને તો પોતાની તમામ શક્તિ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો વિનાશ કરવા પાછળજ ખર્ચવી હતી અને તેમાં તેને વિજય પણ મળ્યો. લોહીથી ખરડાયલા યૂરોપમાં ફરીથી બમણા જોસથી

દાવાનળ સળગી ઉઠયો અને ઈંગ્લંડે બમણા જોસથી નેપોલિયનનો રાજ્યલોભ વગોવવા માંડયો.

યૂરોપના એક બળવાન રાજ્યની સાથે લગ્નસંબંધથી પોતે જોડાયો તેથી નેપોલિયન આશા રાખતો હતો કે યૂરોપના રાજાઓ હવે તેનું રાજ્યપદ સ્વીકારશે અને પ્રજાની પાયમાલી કરનારાં યુદ્ધોનો અંત આવશે. આથી કરીને ઈંગ્લંડ સાથે ફરીથી સલાહ કરવાની ઈચ્છાથી તેણે તનતોડ પ્રયત્ન કરી જોયો, પણ તે ફોકટ ગયો. મિ. કોલ્ડેને પાર્લામેન્ટમાં એક વેળા કહ્યું હતું કે “ ફ્રાન્સે પોતે લડાઇ ઉભી નથી કરી એટલુંજ કહેવું બસ નથી; પરંતુ ઈંગ્લંડ **સાથે લડાઈ થતી અટકાવવાને તેણે માત્ર પગે પડવાનુંજ બાકી રાખ્યું હતું** ” પણ ઈંગ્લંડે તો આખરસુધી લડવાનોજ ઠરાવ કર્યો હતો. અંગ્રેજ ઇતિહાસકાર એલિસન લખે છે કે “ ડયૂક ઑફ વેલિંગ્ટને ભાર મૂકીને જણાવ્યું હતું કે ઈંગ્લંડની આબાદ થતી આર્થિક સ્થિતિ અને આખી દુનિયાનો વેપાર તેના હાથમાં આવ્યો છે તે જોતાં ઈંગ્લંડ લડાઇમાં લાંબા વખતસુધી ટકી શકશે એવી તેની પૂરતી ખાત્રી છે. ” ઈંગ્લંડનો કાફલો સમુદ્રે સમુદ્ર ઘૂમી વળ્યો અને દેશાવરનાં ફ્રાન્સનાં સંસ્થાનો તેના હાથમાં આવતાં ગયાં. બાકી રહી ગએલા જાવાના ટાપુ ઉપર પણ તેની આંખ ઘણા વખતથી પડી ચૂકી હતી. મદ્રાસથી એક બળવાન કાફલો આ કામ માટે રવાના થયો અને જાવાનો ટાપુ સર કર્યો. આ રીતે ફ્રાન્સે પોતાનું છેલ્લું સંસ્થાન ગુમાવ્યું. છતાં જે ઈંગ્લંડ આખો પૃથ્વીનો ગોળો પોતાની બાથમાં ઝડપી લેવા ટમટમી રહ્યું હતું તે જ્યારે બોનાપાર્ટ ઉપર અખૂટ લોભવૃત્તિનો આરોપ મૂકવા જતું ત્યારે તેની જાહેરહિંમતનાં વખાણ કર્યા વગર કોણ રહી શકે ?

ફ્રાન્સ અને ઈંગ્લંડની વચ્ચેનું સમુદ્ર ઉપરનું યુદ્ધ તો આ પ્રમાણે ખતમ થઇ ગયું. એકનું બળ સમુદ્ર ઉપર હતું ત્યારે બીજાનું જમીન ઉપર હતું. હવે ઈંગ્લંડે ફ્રાન્સને જમીન ઉપરનાં યુદ્ધોમાં પણ મહાત કરવાનું બીડું ઝડપ્યું. આ યુદ્ધ આખરનું અને અત્યંત પ્રચંડ હતું. ફ્રાન્સનાં સંસ્થાનો ગયાં હતાં; દરિયા ઉપર તેનો લેશમાત્ર પણ કાબૂ રહ્યો ન હતો; તેનો વ્યાપાર તારાજ થઇ ગયો હતો; તેનાં બંદરો ઉપર વારંવાર ગોળાનો વરસાદ વરસતો હતો; સલાહને માટે તેણે કરેલી દરેક પ્રાર્થનાને તુચ્છકારવામાં આવી હતી. હવે તેને માટે બીજો કશો ઇલાજ રહ્યો ન હતો. હવે માત્ર જે એકજ સબળ હથિયાર તેના હાથમાં હતું, તેનો નેપોલિયને બીજીવાર ઉપયોગ કર્યો; અને તે એ કે યૂરોપીય રાજ્યોમાં ઈંગ્લંડના માલને દાખલ થતો અટકાવવો. **અજિત નૌકાબળથી બળવાન બનેલા ઈંગ્લંડને તેના માલના બહિષ્કાર સિવાય બીજો પ્રહાર વાગે એમ ન હતું.**

હોલેન્ડનું રાજ્ય નેપોલિયને પોતાના ભાઇ લૂઈને સોંપ્યું હતું. તે ભલો અને

પ્રજાવત્સલ હતો. હોલેન્ડનાં બંદરોમાં ઈંગ્લંડનો બેસુમાર માલ ઉતરીને ત્યાંથી બીજા દેશોમાં જતો, તે વ્યાપાર તૂટી પડવાથી હોલેન્ડના વેપારીઓને દેખીતું ભારે નુકસાન થવા લાગ્યું. નેપોલિયનની ઇચ્છા અને આજ્ઞા એવી હતી કે જે જે નાનાં નાનાં રાજ્યો તેના આશ્રયથી સ્થપાયાં છે અને સુરક્ષિત રહ્યાં છે તે બધાં આ આખરના યુદ્ધમાં તેની સાથે સહકાર કરે; કારણ કે નેપોલિયનના અધઃપાતની સાથે યૂરોપની પ્રજાની રાજનૈતિક સ્વતંત્રતાનો પણ નાશ થાય એ પણ નક્કીજ હતું. આથી કરીને તેની આજ્ઞા એક જુલ્મી રાજાની આજ્ઞા જેવી બહારથી દેખાવા છતાં પણ ભવિષ્યવેધી દૃષ્ટિએ તો તેમાં પ્રજા સમસ્તનું હિતજ રહેલું હતું. એ તમામ રાજ્યોએ તેની સાથે સહકાર કરવાનું વચન પણ આપેલું હતું. રશિયા અને પ્રશિયા પણ કોલકરારથી બંધાઇ ચૂક્યાં હતાં. તેમણે આપેલાં વચન પાળ્યાં નહિ અને તેથી પ્રજાઓની સ્વતંત્રતાનાં નેપોલિયને રચેલાં સુંદર સ્વપ્ન પણ બાતલ ગયાં. નેપોલિયનનો વિનાશ કરવામાં જે લોહી રેડાયું તેમાંથી અનેક યુદ્ધોનાં બીજ વવાયાં. હોલેન્ડના વ્યાપારીઓનું થતું નુકસાન ભલા લૂઇથી ન ખમાયું અને તે રાજીનામું આપીને ચાલતો થયો. નેપોલિયનની રાજનીતિને અને ભ્રાતૃવત્સલતાને તેથી કારી ઘા વાગ્યો. તેણે કહ્યું કે “ જ્યારે મારો સગો ભાઇજ મારી સામે ફર્યાદ કરે છે અને મારા ઉપર લોભવૃત્તિ અને અસહ્ય જુલ્મીપણાનો આરોપ મૂકે છે ત્યારે હવે મારે શું કહેવાનું રહ્યું ? ”

નેપોલિયનની મુશ્કેલીઓ હવે વધતી જતી હતી. ઈંગ્લંડ સ્પેનમાં જોસભેર લડાઇ જગાડતું હતું. રશિયાનો ઝાર ખીજવાયો હતો અને જેમ વખત જતો હતો તેમ તેમ તે મિત્ર મટીને શત્રુ બનતો હતો. ફ્રાન્સનો તમામ સમુદ્રકિનારો ઘેરાઇ ગયેલો હોઇ તેના કોઇ પણ બંદરમાંથી એક મછવો સરખો પણ બહાર કહાડી શકાતો નહિ. આથી કરીને ઈંગ્લંડના માલનો બહિષ્કાર કરાવીને તેનો વ્યાપાર તોડી પાડવા સિવાય નેપોલિયન પાસે હવે બીજો ઇલાજ રહ્યો ન હતો; પણ તેમ કરવા જતાં યૂરોપના બધા દેશોના વેપારને ધોકો પહોંચતો અને તેનાં મિત્રરાજ્યોનાં મન પણ ઉંચા થતાં. ત્યારે હવે કરવું શું ? કાં તો લડાઇ પડતી મૂકવી, ઈંગ્લંડને પગે પડવું અને ફ્રાન્સને ઈંગ્લંડની દયા ઉપર છોડીને ચાલતા થવું; કે કાં તો યૂરોપનાં બીજાં રાજ્યો બહિષ્કાર કરવાની પ્રથા ન સ્વીકારે તો તેમની પાસે બળજોરીથી તેનો સ્વીકાર કરાવવો અને તેમ થતાં અંદર અંદરના વિદ્વેષ જાગે તેમાં છેવટસુધી લડતાં લડતાં મરવું.

આવી અનેક પ્રકારની મુશ્કેલીઓમાં, પોતાના વિશાળ સામ્રાજ્યના હુન્નરઉદ્યોગની ખિલવણી કરવામાં, ઈંગ્લંડના પ્રહારની સામે રક્ષણ કરવામાં, યૂરોપખંડના રાજાઓની સમાધાની કરીને તેમની મૈત્રી સંપાદન કરવામાં, અને સ્પેનમાં ચાલતી લડાઇ ઉપર દૂર રહ્યાં રહ્યાં લક્ષ આપવામાં એક વર્ષ જોત જોતામાં પસાર થઇ ગયું. જે કામનાને લીધે તેણે પ્રાણપ્રિય જોસેફાઇનનો ત્યાગ કર્યો હતો તે કામના હવે પૂર્ણ

થઇ અને મેરિયા લૂઇસાએ પુત્રને જન્મ આપ્યો. ફ્રાન્સની પ્રજાએ સહર્ષ ઉત્સવ પાળ્યો. પતિઘેલી જોસેફાઇને નેપોલિયન ઉપર પ્રેમપૂર્ણ અભિનંદન પત્ર લખ્યો અને રાજકુમારના જન્મની વધામણી લાવનાર દૂતને કિંમતી બક્ષિસથી નવાજ્યો.

રાજકુમારને માટે એક સુંદર મહેલ બંધાવવાની નેપોલિયને આજ્ઞા કરી. તેને માટે જે જમીન પસંદ કરવામાં આવી હતી તેમાં એક પીપ બનાવનારનું જીર્ણ ઝુંપડું આવેલું હતું. તેના માલિકે લાગ સાધીને દશ હજાર ફ્રાન્ક માગ્યા. તે રકમ નેપોલિયને મંજુર કરી ત્યારે તે ત્રીશ હજાર માગવા લાગ્યો. તેની મંજુરી આપી ત્યારે પચાસ હજાર માગવા લાગ્યો. આખરે તેટલો ભાગ પડ્યો મૂકીને મહેલ બંધાવા લાગ્યો. નેપોલિયનની છેલ્લી હાર થઇ ત્યારે પણ એ મહેલ ચણાતો હતો. બુર્બોન રાજાએ આવતાંવારને તેને ભંગાવીને ખંડિયેર કરી નંખાવ્યું અને બિચારો પીપ બનાવનારો હાથ ઘસતોજ રહ્યો !

प्रकरण ५१ मुं–रशिया साथे पुनः युद्ध

અંગ્રેજ સેનાપતિ સર ચાર્લ્સ નેપિયરનો ઇતિહાસ પ્રમાણભૂત અને આદરપાત્ર મનાય છે. એ નેપિયર પણ પોતાની તલવારવડે નેપોલિયનનો વિનાશ કરવામાં સાધનભૂત થયો હતો; તે જોતાં તે પોતાના હરિફનો અંધ શ્રદ્ધાળુ પૂજારી બની ગયો હતો એવો શક તો કોઇ લાવી શકેજ નહિ. એજ નેપિયર નેપોલિયનના ઉચ્ચ ચારિત્ર્યની અને જે પક્ષને માટે તે લડતો હતો તેની સચ્ચાઇની સાબિતી આપે છે કે,—

“ પ્રજામતવડે નિયંત્રિત થએલા રાજ્યબંધારણ તરફ ઉંડી અને કટ્ટી શત્રુતા એજ તે સમયના ઇંગ્લંડના ટોરી પક્ષે આદરેલી રાજનીતિનો મૂળમંત્ર હતો. નેપોલિયન સાથે લડવાનું કારણ તેઓ જાહેરમાં જણાવતા કે તે જુલમગાર છે અને પરરાજ્યોને પચાવી પાડે છે; પરંતુ એ તો હડહડતું જૂઠું કારણ હતું; કારણ કે નેપોલિયન તેવો હતોજ નહિ. તેણે સ્પેન ઉપર કરેલી ચઢાઇ અન્યાયી હોવાનું કારણ પણ સાચું ન હતું; પરંતુ ઉમરાવ અને શ્રીમંતવર્ગના વિશેષ અધિકારનો તે બળવાન અને વિજયી શત્રુ હતો. તેમાંજ તેના પ્રત્યેની સઘળી દુશ્મનાવટનું મૂળ કારણ રહેલું હતું. ‘સ્પેન–પોર્ટુગાલની શાંતિ અને સ્વતંત્રતા, એ શબ્દો પણ માત્ર કાગળ ઉપરના અને ભાષણોમાં બોલવાનાજ હતા. તેમાં કશોજ અર્થ હતો નહિ. જે પ્રજાતંત્રની ભાવનાનો નાશ કરવા તેઓ મથતા હતા તે તો નેપોલિયનના પરાજય પછી ઉલટી વધારે પ્રબળ થઇ હતી અને તે જોઇને તેમના ક્રોધનો અને નિરાશાનો પાર રહ્યો ન હતો. ”

“ નેપોલિયન પોતાના જમાનાની વસ્તુસ્થિતિને સારી રીતે જોઇ શકતો હોવાથી તેની ખાત્રી થઇ હતી કે પોતાના યુદ્ધ–કૌશલ્યમાં અને શત્રુના અત્યાચાર અને ત્રાસથી ખીજવાયલા ખેડુતવર્ગના ક્રોધમાંજ તેના બચાવની–એટલે કે તેના દેશના બચાવની–ચાવી રહેલી હતી. તેની સમગ્ર રાજનીતિમાં પોતાનું અંગત જેવું કશુંજ નહિ હોઇને ફ્રાન્સની આબાદીમાંજ તે પોતાની આબાદી સમજતો હતો. **આવી ઉચ્ચ ભાવનાવાળો અને આવો પરમ નિઃસ્વાર્થી પુરુષ જગતે ભાગ્યેજ જોયો હશે. ”**

“ફ્રાન્સમાં નેપોલિયને જે સત્તા સંપાદન કરી હતી તેનો ખરો આધાર તેની પોતાની ભલાઈપર અને તેને માટે લોકોના–એટલે ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગના–આદરભાવ ઉપર હતો. ફ્રાન્સની પ્રજા તેના તરફ પ્રેમ રાખતી અને હજીપણ તેનું પ્રેમપૂર્વક સ્મરણ કરે છે. તેનું ખરૂં કારણ એજ છે કે મનુષ્યની સમાનતાના સિદ્ધાંતને તે બરાબર વળગી રહેતો હતો. તે નિરંતર પ્રજાકલ્યાણનાં કાર્યોમાં મચ્યો રહેતો; તેનું ખાનગી જીવન પરમ શુદ્ધ અને દુર્ગુણોથી રહિત હતું; અને સંખ્યા, ઉપયોગિતા અને ભવ્યતા–ત્રણે રીતે જોતાં આશ્ચર્ય ઉત્પન્ન કરે એવાં તેનાં જાહેર કાર્યો અવિરતપણે એક પછી એક ઉભાં થયાજ કરતાં; અને તે સર્વ જોઇને પણ પ્રજાનો પ્રેમ તેના તરફ ઢળી જતો હતો. **તેના રાજ્યમાં એક પણ ગરીબ માણસ ધંધો ન મળવાથી રખડતો નહિ.** ફ્રાન્સમાં તેણે ભવ્ય પ્રજાકીય સંસ્થાઓની ઉત્પત્તિ કરી હતી, બીજા દેશોને મુકાબલે વધારે ન્યાયી કાયદાઓ બાંધી આપ્યા હતા અને **રોમન લોકોના સમય પછી કોઇ પણ પ્રજા મેળવી શકી ન હતી એવી કીર્તિ પોતાના દેશને તેણે અપાવી હતી.**”

“તેના સિપાઇઓ તેના ઉપર ફિદા ફિદા હતા; તેને માટે તેઓ પ્રાણ ઓવારવા તૈયાર હતા. તેના ઉમદા ગુણ અને મહાનુભાવતા જોઇને તેની પાસે આવનાર શત્રુ પણ શત્રુતા ભૂલીને તેને અનુકૂળ બની જતો હતો. લોકોનો તે પરમપ્રિય એટલા માટે પણ હતો કે તેમણેજ તેને રાજા બનાવ્યો હતો. કોઇ પણ રાજ્યકર્તા પ્રજાને આવો પ્રિય ન હતો. એલ્બાથી નાસી છૂટીને જ્યારે તે પારિસ આવતો હતો ત્યારે તેની આસપાસ લાખો ગરીબ માણસો હતાં અને તેઓમાંથી કોઇ પણ તેના સિપાઈ ન હતા; દોઢ મહિનાસુધી તેની હાલત એવી હતી કે કોઈ પણ બદમાસ તેનું ખૂન કરીને જુલમગાર રાજા (!) ને મારનાર તરીકે નામના અને નેપોલિયનના નામથી ધ્રૂજતા યૂરોપીય રાજાઓ અને ઉમરાવો પાસેથી અઢળક ઇનામ મેળવી શકત. એવું નીચ કામ કરે એવા બદમાસ તો ઘણાય હતા; પરંતુ તેમાંથી કોઇને પણ આ કૃત્ય કરવાની વૃત્તિ થઇ નહિ અને પ્રજાની ઇચ્છાને આધારે તે ફરીથી ગાદી ઉપર બેઠો ત્યારે પાછો તેને ખસેડવા માટે દશ લાખ યોદ્ધાની સંગીનોની જરૂર પડી ! છેવટે તેમણે તેને રાજ્યાસનપરથી ખસેડયો ખરો, પણ પ્રજાના હૃદયમાંથી તો નજ ખસેડી શકયા.”

“મેં આગળ જણાવ્યા મુજબ નેપોલિયનની મહત્ત્વાકાંક્ષા ફ્રાન્સના ગૌરવ અને આબાદીને અર્થેજ હતી. **યૂરોપમાં નવજીવન લાવવું અને તે અર્થે જે રાજ્યતંત્ર તેણે ગોઠવ્યું હતું તેને સુદૃઢ કરવું, એજ તેની એક માત્ર કામના હતી; અને તેમાં અંગત સ્વાર્થ જેવું કશું હતુંજ નહિ.** આટલાજ કારણથી અનેક દેશોનો લોકસમુદાય તેનું કુદરતી રીતે હજી પણ પ્રેમપૂર્વક સ્મરણ કરે છે.

સને ૧૮૧૪ માં બુર્બોન રાજાઓએ પરદેશી રાજાઓની મદદથી તેના ઉપર ફતેહ મેળવી અને તે પ્રજાતંત્રના હિમાયતીને જમીનદોસ્ત કરી નાખ્યો, પરંતુ એજ નેપોલિયન સૌના આશ્ચર્ય વચ્ચે એલ્બાથી નાસી આવ્યો ત્યારે પાછા હજારો લાખો ગરીબ લોકો, જેઓ ગરીબ અને સરળ મનના હોવાથી શુદ્ધ દેશભક્ત હોઈ શકે છે, તેમણે તેનો પિતાની માફક સત્કાર કર્યો અને તેને સહાય કરવા તત્પર થઇ ગયા. તેઓ તેને તદ્દન નિર્દોષ માનતા હતા એમ નથીજ. આ જગત્માં સર્વાંશે નિર્દોષ છે પણ કોણ? પણ ભૂખ્યા તીડની માફક પ્રજાને ફોલી ખાનાર રાજાઓના જુલમમાંથી એક માત્ર બચાવનાર તરીકે જ્યારે લોકો તેને વળગતા હતા, ત્યારે તેઓ તેમની મુશીબતો દૂર થવી જોઇએ એવુંજ તેની પાસેથી ઇચ્છી રહ્યા હતા.

રશિયાનો ઝાર અલેક્ઝાન્ડર લાંબો વખત થયાં એવી માગણી કર્યા કરતો હતો કે પોલેન્ડને નવું રાજયતંત્ર કદિ પણ નહિ આપવામાં આવે એવી નેપોલિયને બાંહેધરી આપવી, અને વાર્સોના રાજ્યના બળમાં વધારો કરવો નહિ. આ સરતોનો નેપોલિયને અસ્વીકાર કરવાથી ઝાર ઘણો ક્રોધે ભરાયો અને ધમકી આપવા લાગ્યો.

નેપોલિયને આ સમાચાર સાંભળીને કહ્યું, “રશિયા સમજે છે શું? જો પોલેન્ડના રાજયતંત્રની પુનર્ઘટના કરવીજ હોત તો શામાટે હું મારૂં સૈન્ય જર્મનીમાંથી ખસેડી લેત? પણ એ પુનર્ઘટના કદિ પણ નહિજ થાય એવી બાહેધરી આપીને હું મારી જાતિને અવનત નહિ કરૂં. જે બહાદૂર પ્રજાએ મારી આવી ઉમદા સેવા બજાવી છે અને જે ભક્તિ તથા વફાદારીથી મને વળગી રહી છે તેના હિતની વિરુદ્ધ જાય એવી બાંહેધરી હું કદિ નહિ આપું.”

ત્યાર પછી ઝારે એક બીજી બેહુદી માગણી કરી કે ડાન્યૂબ નદીનું મુખ અને તેનો જમણો કિનારો રશિયાના અધિકાર નીચે રહે એવી નેપોલિયને બાંહેધરી આપવી; પણ તેણે તુર્કી અને આસ્ટ્રિયા સાથે કરેલા કરાર મુજબ આ પરરાજ્યપર લૂંટ ચલાવવા જેવા કાર્યમાં મદદ કરવાની સાફ ના કહી.

નેપોલિયનની આ નવી મુશીબતોનો પૂરેપૂરો લાભ અંગ્રેજ પ્રધાનમંડળે લીધો. તેની સામે નવી એકસંપી રચવા માટે રશિયાના પાટનગરમાં અંગ્રેજ એલચીઓ જઈ પહોંચ્યા. કાયદેસર બંધારણ મુજબ રાજ્યવહીવટ કરનાર ઇંગ્લંડ અને રાજાની આપખુદ સત્તાનું હિમાયતી રશિયા પ્રજાસત્તાક રાજ્યના પક્ષકાર નેપોલિયનને કચરી નાખવા હવે એક થઈ ગયાં. લંડનના દરબારની તિજોરીનો રશિયાને મદદ કરવામા મોકળે હાથે ઉપયોગ થવા લાગ્યો અને ઇંગ્લંડના લશ્કરની અને નૌકાસૈન્યની પણ તેને યથેષ્ટ મદદ આપવાનાં વચન અપાઈ ચૂક્યાં. નેપોલિયન સ્પેનની લડાઈના મામલામાં રોકાયલો હોવાથી તેનું લશ્કર ત્યાંથી ખસેડી શકાશે નહિ એમ ધારીને રશિયાને પણ હિંમત આવી.

રશિયાના દરબારમાં રહેનાર ફ્રેન્ચ રાજપ્રતિનિધિ. કૉલેંકૉર્ટ લખે છે કે, " ફ્રાન્સના કટ્ટા શત્રુ ઈંગ્લંડે રશિયાના દરબારમાં પોતાના છુપા દલાલો મૂકી રાખ્યા હતા. તેઓ પોતાના કાવાદાવાથી રશિયામાં ઝાર અને તેના ઉમરાવો વચ્ચે ઉંચાં મન કરાવવાની પેરવી કર્યાજ કરતા હતા. ઈંગ્લંડના પ્રધાનમંડળને ખાત્રી થઇ હતી કે જ્યાં સુધી રશિયા તેની સાથે ન જોડાય ત્યાંસુધી ફ્રાન્સની સામે ઉપાડેલી ઝુંબેસ કાર્યસાધક નહિ નીવડે. આ વાત યૂરોપનો દરેક રાજકર્તા સ્વીકારતો હતો અને તેથી બધા રાજાઓ નેપોલિયનને આપેલી પ્રતિજ્ઞાનો ભંગ કરી ચૂકયા હતા. એક રશિયા હજી તેની મૈત્રી જાળવી રહ્યું હતું. તેને પણ ફોસલાવીને પોતાનો કરી લેવો અને ન માને તો તેનો પણ વિનાશ કરાવવો; આવી ઈંગ્લંડ અને તેના મળતીઆ રાજાઓની દાનત હતી. ઝાર પોતે પણ પહેલાના જેવો ભોળો અને વિલાસપ્રિય રહ્યો ન હતો. આસપાસના સંજોગોએ તેને ઘડીને વિચારવંત બનાવી દીધો હતો અને પોતાની હાલની સ્થિતિ કેટલી જોખમભરેલી છે તે વાત તે સમજી ગયો હતો. તેણે મને ખાનગીમાં કહ્યું કે નેપોલિયનની વિરુદ્ધમાં જે જે કાવત્રાં રચાય છે તેનાથી તેને વાકેફ કરવાની ઘણી જરૂર છે. મેં તમારાથી કશું ગુપ્ત રાખ્યું નથી. કેટલીક વાર ડહાપણની હદ ઓળંગીને મેં તમને કેટલીક છુપી વાતો કહી દીધી છે. મેં તમને જે જે કહ્યું છે તે સઘળું તેને કહેજો કે તમારા પગનીચે જ્વાલામુખી છે અને તેણે કરારનો ભંગ કરીને મારા પોતાના રાજ્યમાં મારી સ્થિતિ અસહ્ય કરી નાખી છે. મારૂં આખરનું અને પ્રમાણિક કહેણ તેને કહી દેજો કે જો આખરે લડાઇ જાગશે તો નેપોલિયનને અથવા અલેક્ઝાન્ડર બેમાંથી એકને રાજ ખોવું પડશે. "

જે કરારના ભંગની વાત ઉપર કહેવામાં આવી છે તેમાં સત્ય હકીકત આટલી હતી કે ઈંગ્લંડનો માલ ચોરીછુપીથી દાખલ થતો અટકાવવા માટે નેપોલિયને ઓલ્ડેન બર્ગના પ્રદેશનો બળજોરીથી કબજો લીધો હતો.

લડાઇની ખૂનરેજીથી નેપોલિયન એટલો તો કાયર થઇ ગયો હતો કે બીજીવાર લડવા તે ઘણોજ નારાજ હતો. તેના રાજ્યને સર્વાંગે સુદૃઢ કરવા માટે શાંતિનીજ પૂરેપૂરી જરૂર હતી. વીશ વીશ વરસસુધી આખા યૂરોપની સામે ટકકર ઝીલ્યા પછી ફ્રાન્સ વિશ્રાંતિ માગી રહ્યું હતું. આવા સંજોગોમાં લડાઇ થતી અટકાવવા માટે નેપોલિયને પુષ્કળ પ્રયત્ન કર્યો. રશિયાના દરબારમાં પોતાના એલચીઓ મોકલ્યા અને કહેવડાવ્યું કે હજી આપણો મૈત્રીનો સંબંધ કાયમનોજ છે એમ જાણજો. પોલેન્ડની પુનર્ઘટનામાં પરોક્ષ કે અપરોક્ષ રીતે પોતે કશો ભાગ નહિ લેવાનું વચન ફરીથી આપ્યું. અંગ્રેજી માલના બહિષ્કારનો નિયમ પણ ઢીલો કર્યો અને રશિયાનાં અમુક બંદરોમાં પરવાનો ધરાવનાર વેપારીઓ અંગ્રેજી માલ ઉતારી શકે એવી સગવડ કરી આપવાનું વચન આપ્યું. પાછલી નુકસાનીનું વળતર આપવાનું કબૂલ કર્યું, પણ

રશિયા હવે ઇંગ્લંડના પ્રધાનમંડળના દબાણ નીચે આવી ગયું હતું. રશિયા નેપોલિયન ઉપર આક્રમણ કરે તોજ ઇંગ્લંડથી ફ્રેન્ચ લશ્કરની સામે ટકી શકાય એમ હતું. ઇંગ્લંડના પ્રધાનમંડળમાં પણ લડાઇ કરવી એવા મતવાળા પ્રધાનોનું જોર વધારે હતું. નેપોલિયને રશિયાની સાથે જે નમતું આપ્યું તેમાં રશિયાને તેની ઉદારતાને ઠેકાણે નબળાઇ જણાઇ. તેથી તેણે પણ છકી જઇને એવી માગણી કરી કે જ્યારે જ્યારે પોલેન્ડ સ્વતંત્ર થવાને માથું ઉંચકે ત્યારે નેપોલિયન તેમને દબાવી દેવાને બંધાય. આ સરત પ્રજાસ્વાતંત્ર્યના હિમાયતી નેપોલિયનથી પ્રાણાંતે પણ સ્વીકારાય એવી નહિ હોવાથી તેણે ધસીને ના પાડી. ×

બેઉ પક્ષે ગંજાવર ધોરણ ઉપર યુદ્ધની તૈયારીઓ કરવા માંડી. ફ્રાન્સ ઉપરનો ઇંગ્લંડનો દ્વેષ, એજ આ સર્વ મુશીબતનું મૂળ કારણ હતું. ઇંગ્લંડ સાથે સલાહ થાય તોજ આખી દુનિયાને શાંતિ મળે તેમ હતું. નેપોલિયનની સ્થિતિ એવી હતી કે ઇંગ્લંડનો કાફલો તેના રાજ્યને બધી બાજુએથી રંજાડી શકે, પણ તેનાથી ઇંગ્લંડનો વાળ પણ વાંકો કરાય એમ ન હતું. બાવીશ માઇલ પહોળી ઇંગ્લિશ ખાડી ઓળંગીને ફ્રાન્સની તોપનો ગોળો ઇંગ્લંડના બંદરને ઇજા કરે એ તો બનવા જોગજ ન હતું; પણ ઇંગ્લંડનો કાફલો મરજીમાં આવે ત્યારે ફ્રાન્સનાં અને તેનાં મિત્રરાજ્યોનાં બંદરો ઉપર ગોળા વરસાવતો, તેમનાં સંસ્થાનો લૂંટતો અને તેમનો વેપાર તારાજ કરી નાખતો. આવી સ્થિતિમાં ઇંગ્લંડ સાથે સલાહ કરવા માટે નેપોલિયને ફરી પણ એકવાર પ્રયત્ન કરી જોયો.

નેપોલિયનના મનમાં સલાહ કરવાની ખરેખરી ઇચ્છા ન હોત તો તે પોતાના દુરાગ્રહી શત્રુઓના આટલી ચીવટથી કાલાવાલા કરત નહિ. તેની પ્રાર્થનાનો તિરસ્કાર કરવામાં આવ્યો, તેનું અપમાન કરવામાં આવ્યું, બિલકુલ શરમ વગર આપેલાં વચનનો ભંગ કરવામાં આવ્યો અને તે છતાં પણ માણસ જાતના કલ્યાણની ખાતર તેણે સલાહની પ્રાર્થના કર્યાજ કરી. દશ લાખ સંગીનોના પ્રહારથી છેવટે તેને કચરી નાખવામાં આવ્યો; અને તેનું ઉદાર અંતઃકરણ સેન્ટ હેલેનાની જિંદગીનો ત્રાસ સહન કરી ન શકવાથી છેવટે જ્યારે તે હતાશ થઇને મરણ પામ્યો, ત્યારે પછી જેઓ પોતેજ હત્યાકાંડના અપરાધી હતા તેઓએ હત્યાકાંડનો આરોપ તેના ઉપર મૂકીને તેના નામને બટ્ટો લગાડવા પ્રયત્ન કર્યો. આના કરતાં વધારે અનુદાર કૃત્ય જગતમાં બીજું ભાગ્યેજ થયું હશે; પણ ઈશ્વર ન્યાયી છે. છેવટે ઇન્સાફનાં ત્રાજવાં

× યૂરોપના છેલ્લા મહાયુદ્ધ વખતે મીઠું મીઠું બોલીને સહાય મેળવવાના તથા તે માંડી વાળવામાં ગરજને અંગે હાઓહા કરી પાછળથી સંયોગ જોઈને ફરી જવાના બનાવો બન્યા છે, તેવી નીતિવાળો નેપોલિયન હોત તો આ વખતે તે પણ ઝારની હાઓહા કરીને પોતાનું કામ કહાડી લેવા ચૂકત નહિજ.

સંપાદક

તે બરાબર રીતે તોડ્યા વગર રહેનાર નથી.

સલાહને માટે તેની બધી મહેનત ફોકટ ગઇ અને એક બાજુએ સમુદ્ર ઉપર ઇંગ્લંડની સાથે તથા બીજી બાજુએ જમીન ઉપર રશિયાના રાક્ષસી રાજ્યની સાથે અને ત્રીજી બાજુએ ઇંગ્લંડની ઉશ્કેરણી, ઉત્તેજન અને મદદથી તેની સામે લડવાને તૈયાર થએલા સ્પેન અને પોર્ટુગાલના બળવાખોરોની સાથે એકી વખતે બાથ ભરવાની હવે જ્યારે નેપોલિયનને ફરજ પડી ત્યારે તે તેમ કરવાને પણ સજ્જ થઇ ગયો. દીનતાથી સલાહને માટે પ્રાર્થના કરનાર હવે સિંહની માફક ગર્જના કરીને તૈયાર થઇ ગયો અને તેણે પોતાનું સઘળું સામર્થ્ય એકત્ર કરવા માંડ્યું. આ કાર્ય બહુજ ભારે હતું પણ એ કાર્યને પહોંચી વળવા જેટલું સામર્થ્ય પણ તેણે દાખવ્યું. તેનાં મિત્રરાજ્યો ઉત્સાહભેર તેની મદદે દોડી આવ્યાં. આ યુદ્ધ સ્વાતંત્ર્યવાદ અને રાજની નિરંકુશ સત્તાના વાદ વચ્ચે હતું. ઉદાર રાજ્યતંત્ર અને ઉમરાવોની જૂની જુલમજહાંગિરીની વચ્ચેનું હતું.

યૂરોપના દરેક દેશમાં તે વખતે બે પક્ષ હતા–શ્રીમંત તથા ઉમરાવવર્ગ અને બીજો પ્રજાવર્ગ. નેપોલિયન પ્રજાવર્ગના મહાબળવાન હૃદય સમાન હતો અને તેના પ્રચંડ ધબકારાની અસર આખા યૂરોપમાં સર્વત્ર પહોંચતી હતી અને ચેતન પ્રસરાવતી હતી. ઇંગ્લંડમાં તે વખતે ઉમરાવોનો પક્ષ જોરમાં હતો અને પ્રજાપક્ષ તેમના પગ નીચે દબાઇને કચરાઈ ગયા જેવો થઇ ગયો હતો. હવે ઉમરાવોથી નિયંત્રિત થએલું ઇંગ્લંડ અને ઝારની એકહથ્થી સત્તાને અધીન થએલું રશિયા આગળ જણાવ્યું તેમ હવે દોસ્તીના કરારથી જોડાયાં.

ઉમરાવવર્ગ સાથે સંબંધ ધરાવનારમાંના કેટલાકે સૂચના કરી કે પારિસ છોડીને હજારો માઇલ દૂર જવામાં નેપોલિયન ઘણું જોખમ ખેડે છે; કેમકે તેની ગેરહાજરીનો લાભ લઇને કાવત્રાંખોરવર્ગ કાવત્રાં કર્યા વગર રહેશે નહિ. તેના જવાબમાં તેણે કહ્યું કે "મારા રાજ્યમાં એવા પક્ષ છેજ નહિ. માત્ર અમુક ગણ્યા ગાંઠયા ઉમરાવો મારી વિરુદ્ધના રહ્યા છે; પણ મારી પડતીને જેટલે દરજ્જે તેઓ ચહાય છે તેના કરતાં તેનાથી તેઓ વધારે ડરે છે. મારી જિંદગીનું મોટામાં મોટું કાર્ય તો એ છે કે મેં રાજ્યક્રાન્તિની વિનાશકારક ભરતીને ખાળી રાખી છે. જો હું ન હોત તો આખો યૂરોપ અને તમે બધા તેમાં સ્વાહા થઇ ગયા હોત. મારી મદદ વગર તમે ટકીજ કેમ શકત ? અસંખ્ય પ્રજાવર્ગની સામે તમે મુઠ્ઠીભર ઉમરાવો શા હિસાબમાં ? પ્રજાવર્ગ અને ઉમરાવ વર્ગના કલહનો અંત લાવવા માટે બેઉ વર્ગમાંથી જે ઉત્તમોત્તમ હોય તેમને એકમેક કરી નાખવાની જરૂર નથી ? હું તમને મૈત્રીભાવથી મારો હાથ આપું છું, છતાં તમે તે સ્વીકારતા નથી; તો પછી મારે પણ તમારી શી પરવાહ છે ? શું હું પ્રજાવર્ગનો રાજા નથી."

નેપોલિયને પોતાનાં મિત્રરાજ્યોને મદદે બોલાવ્યા. પ્રશિયા, આસ્ટ્રિયા, ઇટાલિ, બાવેરિયા, સેકસની, વેસ્ટફેલિયા અને બીજાં નાનાં નાનાં રાજ્યોએ તેની માગણીનો ઉદારતાથી જવાબ વાળ્યો. એ પૈકી પ્રશિયા અને આસ્ટ્રિયા સિવાયનાં તમામ રાજ્યોમાં પ્રજાસત્તાક રાજ્યની ભાવના દાખલ થઇ ચૂકી હતી. આસ્ટ્રિયા તો હવે તેની સાથે લગ્નસબંધથી પણ જોડાઇ ચૂકયું હતુ. સ્વાતંત્ર્ય અને જોહુકમી વચ્ચે ઝોકાં ખાતું પ્રશિયા પણ ફ્રાન્સના વાવટા નીચે આવીને ઉભું રહ્યુ.હવે નેપોલિયન પાસે ઉત્સાહ પૂર્ણ પાંચ લાખ માણસોનું સૈન્ય તેના હુકમ પ્રમાણે વર્તવાને તૈયાર થઇ ચૂકયું.

પોલેન્ડ તો હર્ષઘેલુંજ બની ગયું. તેને તો એમજ લાગ્યું કે હવે મારા છૂટકારાનો શુભ દિવસ આવી પહોંચ્યો. આખી પ્રજા એકદમ તૈયાર થઇ ગઈ અને નેપોલિયનના વાવટા નીચે સંપૂર્ણ એકદિલથી ઝૂઝવા માટે ટમટમી રહી. માત્ર તેઓ એટલીજ ઇચ્છા રાખતા હતા કે નેપોલિયન તેમને તેમના જુલ્મી રાજાઓનાં બંધનમાંથી છોડાવે. કારણ કે રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયા જેવાં બલિષ્ઠ રાજ્યોથી ઘેરાયલી માત્ર એક કરોડ અને સાઠ લાખની વસ્તીવાળી એ પ્રજા સ્વાતંત્ર્યમાટે જીવ આપવા તૈયાર થઇ હોય તોપણ બીજાની મદદ વગર તેનું કાંઈ વળે એમ ન હતું. નેપોલિયનની સ્થિતિ હવે સૂડી વચ્ચે સોપારીના જેવી બની ગઇ. તે પોલેન્ડની પ્રજા તરફ તેની પૂરેપૂરી સહાનુભૂતિ હતી પણ આસ્ટ્રિયાનો રાજા હવે તેનો સસરો અને મિત્ર બન્યો હતો; છતાં જો નેપોલિયન પોલેન્ડવાસીઓને સ્વતંત્ર પ્રજા બનાવવાનો પ્રયત્ન કરે તો તે તરતજ જમાઇને તજી રશિયાના પક્ષમાં ભળી જાય તેવો હતો.

ઝાર અલેકઝાન્ડરે નિમેન નદીને કિનારે પોતાના સૈન્યને એકત્રિત કર્યું હતું અને એપ્રિલ અધવારતાં તેણે પોતેજ આવીને તેની સરદારી લીધી. નેપોલિયન ફ્રાન્સની આંતરિક રાજવ્યવસ્થાને લગતી સૂચનાઓ આપ્યા પછી મે માસની ૯ મી તારીખે ડ્રેસ્ડન જવા નીકળ્યો. તેના સૈન્યના કેન્દ્રસ્થાન તરીકે ડ્રેસ્ડન નિર્માણ થયું હતું. સાથે રાજરાણી મેરિયા લૂઇસા પણ હતી. આખે રસ્તે તેમને પ્રેમ અને ઉત્સાહથી લોકોએ ભારે આવકાર આપ્યો અને તેમનું દર્શન કરવા લોકોનાં ટોળેટોળાં એકઠાં થતાં હતાં.

ડ્રેસ્ડન શહેરમાં નેપોલિયનના સઘળા મિત્ર રાજાઓ તેને આવી મળવાના હતા. આસ્ટ્રિયાનાં રાજારાણી તો પુત્રી અને જમાઇનો સત્કાર કરવા માટે આગળથીજ આવી પહોંચ્યાં હતાં. ડ્રેસ્ડનમાં નેપોલિયને એક પખવાડીયું ગાળ્યું. એ બધાજ દિવસ તેણે સ્પેન અને રશિયાની લડાઇને લગતા હુકમો લખવા લખાવવામાં રાતદિવસ સતત પરિશ્રમ કર્યા કર્યો. સિપાઇઓ, ઘોડા, ખચ્ચર, દારૂગોળા તથા અનાજનાં ગાડાં વગેરેનો પ્રવાહ યૂરોપના અનેક સ્થળ તરફથી નિમેન નદી તરફ વહી જવા લાગ્યો. સઘળી તૈયારી કરી રહ્યા પછી તેણે છેલ્લીવાર ઝારને સલાહ કરવા સંદેશો મોકલાવ્યો પણ

તેનો તિરસ્કાર કરવામાં આવ્યો. તરતજ સૈન્યને કુચ કરવાનો હુકમ થયો. નિમેન નદી ઓળંગતી વખતે તેણે ઑસ્ટર્લિટ્ઝ અને જેનાના સંગ્રામોનું સ્મરણ કરાવી યોદ્ધાઓમાં વીરત્વનો સંચાર કર્યો.

નેપોલિયને આશા રાખી હતી કે આખરે રશિયાને સલાહ કરવાની ફરજ પડશે અને પરિણામે આખા યૂરોપને રાહત મળીને જે નવાં સ્થપાયલાં પ્રજાસત્તાક રાજ્યો તેની પાસેથી રક્ષણ માગી રહ્યાં હતાં તેમનું પણ કલ્યાણ થશે. પોલેન્ડ સ્વતંત્ર પ્રજા બની જશે. એ બે કરોડની પ્રજા સ્વતંત્ર થવાથી અને ફ્રાન્સ પાસેથી સ્વાતંત્ર્યભાવનાનું ધાવણ ધાવીને એવી બળવાન અને ચેતનવંત બની જશે કે ભવિષ્યમાં તે રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયાની એકસપીને અટકાવનાર આડખીલીરૂપ નીવડશે. આથી રશિયાને ઈંગ્લંડના માલનો બહિષ્કાર કરવાની ફરજ પડતાં ઈંગ્લંડ પણ ભૂખમરાની પીડાથી મહાત થશે અને તેને પણ સલાહ કરવાની ફરજ પડશે. આ સ્વપ્ન ઘણાં ઉદાર, કલ્યાણજનક અને ભવ્ય હતાં. અફસોસ એટલોજ કે યૂરોપની પ્રજાના ટુંકા નસીબને લીધે તે ફળીભૂત ન થયાં !

સેન્ટ હેલેનામાં એક પ્રસંગે નેપોલિયને કહ્યું હતું કે “ આ લડાઈ વર્તમાન સમયમાં ઘણીજ લોકપ્રિય થવી જોઇતી હતી. સર્વની શાંતિ અને સલામતીમાટે તથા સર્વના સાચા લાભના રક્ષણને માટે આ લડાઇ કરવામાં આવી હતી. તેમાં ફતેહ મળી હોત તો યૂરોપના રાજાઓના બળનું સમતોલપણું બરાબર સચવાત, નવા પ્રકારના સંધિના કરારો રચાયા હોત અને હાલ સુલેહશાતિના ભંગની જે ધાસ્તી રખાય છે તે ટળી જઇને શાંતિનું સામ્રાજ્ય પ્રસર્યું હોત. મારે પોતાને તેમાં કશો અંગત લાભ કે ઇચ્છા હતીજ નહિ. માત્ર **ભલું કામ કરવું અને ભવિષ્યની પ્રજાની આશિષ લેવી એજ મારી મહેચ્છા હતી**; છતાં મારૂં આ કાર્ય નિષ્ફળ ગયું અને તેથી મારી પડતી થઇ. જાણે લોકમતને પણ ઉમરાવોનો ચેપ લાગ્યો હોય તેમ બધી તરફથી મારી સામે ફર્યાદના અવાજ સંભળાવા લાગ્યા. હું રાજાઓનો પેદા કરનાર હતો છતાં મારા ઉપર રાજઘાતક હોવાનો આરોપ મૂકાયો; પ્રજાઓના હિતને ખાતર મેં મારૂં સર્વસ્વ જોખમમાં મૂકયું હતું છતાં મને પ્રજાઓના હક્કના ઉચ્છેદક તરીકે વગોવ્યો અને રાજાઓ તેમજ લોકવર્ગ જેઓ આજ સુધી એક બીજાના કટ્ટા દુશ્મન હતા તેઓ મારી સામે લડવા માટે એક થઇ ગયા ! મારાં ભૂતકાળનાં તમામ સુકૃત્યો ઉપર બેદરકારીનો પડદો પાથરવામાં આવ્યો. હું કહેતો હતો કે જો હું જીતીશ તો પ્રજાવર્ગનો પ્રેમ અને વિશ્વાસ ફરીથી પાછો મારા તરફ વળશે પણ મારો પરાજય થયો અને એ પ્રેમ મારા ઉપરથી ખસ્યો તે ખસ્યોજ! પણ જરૂર એક સમય એવો આવશે કે જ્યારે રાજાઓ તેમજ પ્રજાવર્ગને બેઉને મને કરેલા અન્યાયમાટે પસ્તાવું પડશે. ”

प्रकरण ५२ मुं—मॉस्को तरफ प्रयाण

નેપોલિયનવિષેની જે જે હકીકતોવિષે બધા ઇતિહાસકારો એક મત થયા છે તે વિષે પ્રમાણો ટાંકી ટાંકીને પુસ્તકના કદમાં બિનજરૂરી વધારો કરવાની લેખકની ઇચ્છા નથી. તેના જીવનના મુખ્ય પ્રસંગો દીવાની જ્યોત જેવા સ્પષ્ટ હોઇ પ્રમાણની અપેક્ષા રાખતા નથી. ઇટાલિનાં યુદ્ધો, મિસરપર સ્વારી, આસ્ટર્લિટ્ઝ ફ્રેડલેન્ડ અને વાગ્રામના સંગ્રામોમાટે તેણે કરેલી કુચ, સ્પેનનો વિગ્રહ અને રશિયા ઉપર કરેલું આક્રમણ, એ સર્વ બિનતકરારે સાબિત થઇ ચૂક્યાં છે. તેમનું તો માત્ર વર્ણન કરવાનુંજ પ્રાપ્ત થાય છે. તકરારી સવાલો બહુજ થોડા છે. તેણે પરરાજ્યો અને સત્તા ખૂંચવી લેવાનો પ્રયત્ન કર્યો હતો ? સત્તા મેળવ્યા પછી પણ જનતાના હક્ક છીનવી લેવામાં તેણે પોતાની સત્તાનો ઉપયોગ કર્યો હતો ? જે લડાઇઓમાં ઉતરવાની તેને ફરજ પડી હતી તે લડાઇઓ જગાડવા માટે તે જવાબદાર હતો ? જાફાની કતલ, કાઉન્ટ એન્ઘિયેનને કરેલી દેહાંતદંડની શિક્ષા અને જોસેફાઇનનો ત્યાગ એ વિષે ઇતિહાસકારોને નિર્ણય આપવાનું રહ્યું છે.

આ તકરારી બાબતોવિષે લેખકે સ્પષ્ટપણે લખવાનો યત્ન કર્યો છે અને તે વિષે તેણે સંગીન પ્રમાણે ટાંકવા તરફ બનતું લક્ષ આપ્યું છે. હજી પણ કેટલાક એવા માણસો છે કે જેઓ આ યુદ્ધોના ઉત્પાદકોવિષે લોકાપવાદથી ડરીને સાચો મત દર્શાવતાં ખંચાય છે. બુર્બોન વંશીય રાજાઓએ તેમની દોલત, સત્તા, લાગવગ વગેરેનો યથેચ્છ ઉપયોગ કરીને નેપોલિયનના જીવન ઉપર કલંકની કાળાશ ચડાવવામાં બાકી રાખી નથી. તેમનો પ્રયાસ ઘણે અંશે સફળ થયો હતો અને પ્રજાવર્ગના અધિકાર અને સ્વાતંત્ર્યના સમર્થ રક્ષકને વિષે પ્રજાએ ઘણાં વર્ષ સુધી ભૂલથાપ ખાધી છે. લેખકને પોતાને પણ શરૂઆતમાં કુસંસ્કારને લીધે નેપોલિયન તરફ સખ્ત અણગમો ઉત્પન્ન થયો હતો, પણ તેના વિષેની હકીકતોનું બારીક પૃથક્કરણ કરતાં તેની ખાત્રી થઈ છે કે તે એક ઉદારમાં ઉદાર પુરુષ હતો અને એ માન્યતા જાહેર કરતાં લેખક જરા પણ અચકાતો નથી.

૧૧ મી જૂને તેણે ડેન્ઝિક છોડયું અને બારમી તારીખે કોનિંગ્સબર્ગમાં દાખલ થયો. રશિયાના ઉજ્જડ પ્રદેશમાં પોતાના વિશાળ સૈન્યને અનાજ અને બીજી જરૂરી વસ્તુઓની તંગી ન પડે તે માટે તેણે કોનિંગ્સબર્ગમાં સામગ્રીનો પુષ્કળ ભંડાર ભરાવી રાખ્યો હતો. તેનું અવિશ્રાંત મન આવા અગત્યના કામને લગતી ઝીણી ઝીણી બાબતોને પણ વિસારતું નહિ. તેનો આખો દિવસ અનાજ અને લશ્કરની વ્યવસ્થાને લગતા હુકમો લખવામાં પસાર થયો અને રાત્રિ તેનું પુનરાવર્તન કરવામાં પસાર થઇ. એકના એક સેનાપતિને દિવસમાં છ હુકમો મળ્યા અને તે દરેકમાં તેની અત્યંત કાળજી તરવરી આવતી હતી. તેમાંના એક હુકમમાં લખ્યું હતું કે “ આપણા વિશાળ સૈન્યને માટે, આપણે પૂરતી આગમચેતી નહિ વાપરીએ તો કોઇ પણ એક દેશનું અનાજ ખૂટયા વગર નહિ રહે. એકજ ઠેકાણે હું ચાર લાખ માણસો એકઠાં કરવા માગું છું, અને એટલાં બધાં માણસોને માટે તેજ સ્થાનમાંથી પૂરતું અનાજ મેળવવાની આશા રાખી શકાયજ નહિ. માટે આપણે જોઇતી વસ્તુઓ સાથેજ લેવી પડશે. ”

દરેક ઠેકાણેથી ફ્રાન્સના વિશાળ, ભવ્ય અને અપરાજિત સૈન્યની હિલચાલ થવા લાગી. તેમાં લગભગ પાંચ લાખ સૈનિકો તથા પૂર લશ્કરી દમામ અને આયુધોથી સજ્જ થએલી એંશી હજાર ઘોડેસ્વારો હતા. તેમની સાથે પૂલ બાંધવાની સામગ્રીના છ ભંડાર, કિલ્લો સર કરવાનાં સાધનો, હજારો સીધાસામાનનાં ગાડાં, તેરસો વીશ તોપો અને તેને ખેંચવાની તાલીમ પામેલા એક લાખ સત્યાશી હજાર ઘોડા તથા હજારો બળદ અને ગાડી ગાડાંનો અસંખ્ય સમૂહ નિમેન નદીના ઉજ્જડ કિનારાની આસપાસ આવેલાં ઉદાસીન અને શ્મશાન જેવાં શાંત જંગલોની પ્રગાઢ શાંતિને ભેદતાં આગળને આગળ માર્ગ કાપવા લાગ્યાં.

જૂનની ત્રેવીશમી તારીખે ફ્રેન્ચ સેના નિમેનના ભયાનક, ઉજ્જડ ખાવા ધાય એવા કિનારા પાસે આવી પહોંચી. સામે કિનારે શત્રુસૈન્યનું નામનિશાન પણ ન હતું. બળવાન ફ્રેન્ચ સૈન્યનો અવરોધ કરવાનું પોતાનામાં સામર્થ્ય નથી એમ જાણીને રશિયનોએ, અર્ધસુધરેલ પ્રજાથી અને સંપૂર્ણ આપખુદ રાજસત્તાને અધીન દેશથીજ સાધી શકાય એવો એક ભયંકર ઉપાય યોજી કહાડયો હતો. ઝારે નિશ્ચય કર્યો હતો કે યૂરોપ જીતનાર નેપોલિયનથી રશિયા નજ જીતાવો જોઇએ. તેથી તેણે પોતાના ત્રણ લાખ સૈનિકોને આજ્ઞા આપી હતી કે ફ્રેન્ચ સૈન્ય સામે ન લડતાં પાછળને પાછળ હઠતા જવું, માર્ગમાં આવતા એકેએક પૂલને દારૂગોળાથી ઉડાવી દેવા, શહેરો અને ગામડાંઓને બાળીને વેરાન કરી નાખવાં, જ્યાંથી જ્યાંથી શત્રુસૈન્યને ખોરાક વગેરે મળી શકે તે સર્વનો નાશ કરવો અને આ રીતે તેમને ભૂખે મારીને જીવતા ન જવા દેવા.

નેપોલિયન કિનારા તરફ દોડી ગયો અને નદી ઓળંગવાનાં ત્રણ સ્થાન નક્કી કર્યાં. તરતજ નિમેન નદી ઉપર ત્રણ પૂલ પથરાઇ ગયા અને “ શહેનશાહ ઘણું જીવો ” પોકારતા સૈનિકોની હારની હાર પૂલ ઉપરથી પસાર થવા લાગી. બે દિવસ અને બે રાતસુધી આ પ્રવાહ નિરંતર ચાલ્યાજ કર્યો. નાસતા રશિયનોને પકડી પાડવા માટે તેણે લશ્કરને આગળ વધવાની આજ્ઞા આપી. માર્ગમાં વેગબંધ વ્હેતી નદી આવી. તરતના વરસેલા વરસાદથી તેમાં ભારે પૂર આવ્યું હતું. કેટલાક પોલેન્ડના સ્વારોએ સાહસ કરીને પાણીમાં ઝંપલાવ્યું પણ પરપોટાની માફક તેઓ ખેંચાઇ ગયા. થોડાક તરીને સામે કિનારે આવી ગયા પણ ઘણાખરા તો ગયા તે ગયાજ; પરંતુ તે બધાએ ડૂબતાં ડૂબતાં નેપોલિયનનું દર્શન કરી લીધું અને “ શહેનશાહ ઘણું જીવો ” કહી જળસમાધિ લીધી. આ ઠેકાણે, ત્રણ દિવસસુધી નેપોલિયન રહ્યો. દરમ્યાન તેનું બધું લશ્કર આવી પહોંચ્યું. ત્યાં દવાખાનાં અને પાકી છાવણીઓ બંધાવ્યા પછી તેણે વિલ્ના તરફ કુચ કરી.

પોલેન્ડ પાસેથી રશિયાએ છીનવી લીધેલા મુલકનું વિલ્ના પાટનગર હતું. નેપોલિયને પોતાના સૈન્યના કેન્દ્ર તરીકે તેને પસંદ કર્યું. ફ્રેન્ચો આવી પહોંચ્યાના સમાચાર જ્યારે ઝાર અલેક્ઝાન્ડરને મળ્યા ત્યારે તે પોતાના એક ઉમરાવના કિલ્લામાં નૃત્ય કરતો હતો. તેણે તરતજ પાછા હઠવાની આજ્ઞા આપી અને પોતાના અનાજ વગેરે સામગ્રીના ભંડાર શત્રુને હાથ ન જાય તે માટે નાસતા પહેલાં તેમને સળગાવી મૂકવાનો હુકમ કર્યો.

જૂનની અઠ્ઠાવીશમી તારીખે પોલેન્ડના અંગરક્ષકો સહિત નેપેલિયને વિલ્ના નગરમાં જાહેર રીતે પ્રવેશ કર્યો. પોલેન્ડવાસીઓ તેને પોતાના મુક્તિદાતા તરીકે ગણતા હતા, અને હર્ષનાદસહિત પોતાના પ્રજાકીય વાવટા ફફડાવતા હતા. યુવાન પુરુષો હર્ષઘેલા બની જઇ એકબીજાને આલિંગીને હર્ષાશ્રુ ટપકાવતા હતા. વૃદ્ધ પુરુષો પણ પોલેન્ડના પ્રજાકીય પોશાકમાં સજ્જ થઇને બહાર નીકળી પડયા હતા. તેમની જાતીય મહાસભા મળી અને તેમણે જાહેર કર્યું કે પોલેન્ડ આજથી પુનઃ સ્વતંત્ર રાજ્ય બની ગયું છે અને વધારામાં નેપોલિયનના વાવટા નીચે એકત્ર થવા માટે સઘળા પોલેન્ડવાસીઓને આજ્ઞા કરી. તેમનો આ પ્રસંગે આટલો બધો ઉત્સાહ હતો કે એકલા પોલેન્ડ તરફથીજ નેપોલિયનને ઓછામાં ઓછા ૮૫૦૦૦ સૈનિકો આવી મળ્યા.

પ્રજાજન તરફથી નેપોલિયન પાસે એક ડેપ્યુટેશન આવ્યું. રશિયા અને આસ્ટ્રિયાએ પોલેન્ડના જે પ્રદેશોને સ્વાહા કર્યા હતા તેમને સ્વતંત્ર થવાના કાર્યમાં મદદને માટે પ્રાર્થના કરી. તેમણે કહ્યું કે:—

“ શા માટે અમારી જન્મભૂમિને યૂરોપના નકશામાંથી ભૂસી નાખી છે ? શા હક્કથી તેમણે અમારા પ્રદેશ ઉપર ચડાઇઓ કરી, અમને લૂંટયા, રંજાડયા અને અમારી

માતૃભૂમિના ટુકડે ટુકડા કરીને તેને જેને જેમ ફાવ્યું તેમ વહેંચી લીધી ? અમે શો અપરાધ કર્યો છે ? અમારો ઇન્સાફ કરનાર જગતમાં અમારૂં સ્થાન નક્કી કરનાર એ કોણ છે ? અમારાં તમામ દુઃખ અને મુશીબતોનો પિતા રશિયા છે. નિર્દયપણે અમને જીતીને વાગા શહેરની સમગ્ર વસ્તીનો જે હતભાગ્ય દિવસે આગ અને તલવારથી નાશ કરવામાં આવ્યો તે કમનસીબ દિવસના પ્રજાની ચીસોના ભણકારા હજી અમારા કાનમાં સંભળાય છે. પોલેન્ડ ઉપર રશિયા જે હક્ક ધરાવે છે તે લોહી અને તલવારનો છે. બળવડે તેણે અમને જીત્યા છે અને અમારી ડોક પર જડાયલી બેડીઓ પણ અમારે બળવડેજ તોડવી પડશે. જે મહાન વ્યક્તિ વર્તમાન સમયના ઇતિહાસનો જનક છે, જેનામાં સર્વશક્તિમાન ઇશ્વરના જેટલું સામર્થ્ય રહેલું છે તેની મદદની અમને અપેક્ષા છે; તે મળતાંજ અમારી જન્મભૂમિની સ્વતંત્ર પ્રજામાં ગણના થવા લાગશે.

નેપોલિયનના એક શબ્દમાત્રથી બે કરોડની પ્રજાનું સ્વરાજ્ય હસ્તીમાં આવ્યું હોત અને તેઓ કૃતજ્ઞતાપૂર્વક તેના રક્ષણને માટે પ્રાણાર્પણ પણ કરત; પણ તેજ શબ્દથી પ્રશિયા અને આસ્ટ્રિયા તેનાથી છૂટાં પડત અને ઝારના સૈન્યમાં ભરતી કરત અને વધારામાં ઝારની શત્રુતામાં દશગણો વધારો થાત.

ડેપ્યુટેશનની માગણીનો નેપોલિયને જે શબ્દોમાં ઉત્તર આપ્યો છે તેમાં મનની ગુંચવણભરેલી સ્થિતિ ઉઘાડી રીતે જણાઇ આવે છે. પોલેન્ડવાસીઓને સ્વતંત્ર થવાના પ્રયાસમાં તે મદદ કરવા ઇચ્છતો હતો પણ તેનાં મિત્રરાજ્યોની રૈયતના બળવાને ઉત્તેજન નહિ આપવા તે બંધાઇ ચૂક્યો હતો. તેણે જવાબ આપ્યો કે “ જ્યારે પોલેન્ડને પહેલી બીજી અને ત્રીજીવાર વહેંચી લેવામાં આવ્યું ત્યારે જો હું રાજા હોત તો મારી પ્રજાના લશ્કરી બળની મદદ હું તમને ખુશીથી આપત. મેં વૉરસો જીતીને તરતજ તેને સ્વતંત્ર બનાવી દીધું. તમારો ઉત્સાહ અને પ્રયત્નને હું પસંદ કરૂં છું. તમારા ઠરાવને ટેકો આપવા મારાથી બનતું હું કરીશ. **જો તમે સંપીલા થશો તો તમારા શત્રુને તમારા હક્ક મંજુર રાખવાની ફરજ અવશ્ય પાડી શકશો.** પણ ફ્રાન્સથી આટલે દૂર અને ઘણા વિશાળ પ્રદેશમાં તમે રહેતા હોવાથી **તમારે તમારા પોતાના પુરુષાર્થ ઉપરજ આધાર રાખવો પડશે.** વૉરસોસાં મેં જે જાહેર જુસ્સો જોયો હતો તે જો તમારા જીવનમાં ઉતારશો તો ઇશ્વર તમને તમારી વાજબી લડતમાં વિજય અપાવશે, સાથે સાથે મારે તમને પણ જણાવી દેવું જોઇએ કે આસ્ટ્રિયાના રાજ્યને છે તેવું અને તેટલું જાળવી રાખવાના કરાર ઉપર મેં સહી કરી છે, તેથી તેના હસ્તકનો પોલેન્ડનો પ્રવેશ તે ખોઇ બેસે એવી કોઇ પણ જાતની ચળવળને મારાથી ઉત્તેજન આપી શકાશે નહિ. ”×

× નેપોલિયન જરાપણ કપટી હોત તો આવો સાચો ઉત્તર આપવાને બદલે

છેલ્લા શબ્દો નેપોલિયને ભારે ઉદ્વેગની સાથે ઉચ્ચાર્યા અને દરેક પોલેન્ડવાસીના હૃદયમાં પણ એ શબ્દો સાંભળીને તેવીજ લાગણી પેદા થઈ. નવજીવનવંત પોલેન્ડની મૈત્રીને તે ઇચ્છતો હતો, તે જાણતો હતો કે જૂલ્મની બેડીઓમાંથી તરતની છૂટી થએલી સ્વાતંત્ર્યપ્રાણ પ્રજા, ફ્રાન્સના રાજનૈતિક વિચારોનું ધાવણ ધાવ્યાથી તેની સાથે દૃઢ સ્નેહગાંઠથી જોડાશે; પણ આસ્ટ્રિયા અને પ્રશિયા સાથે નહિ તોડી શકાય એવા કરારથી તે બંધાઇ ચૂકયો હતો; તેના સૈન્યને માટે ખોરાક વગેરે મેળવવાના, નવા લશ્કરને બોલાવી મંગાવવાના, ફ્રાન્સની સાથે વ્યવહાર ચલાવવાના અને પરાજય વખતે નાસી જવાના માર્ગ પ્રશિયા અને આસ્ટ્રિયાના રાજ્યોમાં હતા અને તેથી તેના સૈન્યની સલામતીનો કુલ આધાર એ બે રાજ્યોની મૈત્રી ઉપર હતો. તેથી પોલેન્ડવાસીઓની સ્વતંત્ર થવાની કોશિષને તેનાથી ઉત્તેજન ન અપાયું.

નેપોલિયન હવે તેની રાજધાનીથી ચૌદસો માઇલ દૂર ઉજ્જડ અને નિ:સીમ વેરાન જેવા પ્રદેશમાં આવી પહોંચ્યો હતો. રશિયા તરફથી તેને ઘણી પજવણી કરવામાં આવી હતી તોપણ રશિયા ઉપર સ્વારી લઇ જવામાં તેને વાજબી કારણ હતું કે કેમ તેનો નિર્ણય આપતી વખતે નિષ્પક્ષપાત ઇતિહાસકારના મનમાં ભારે ગુંચવણ ઉત્પન્ન થયા વગર રહેતી નથી.

અલબત્ત, ઝાર અલેકઝાન્ડરે ફ્રાન્સની સામે દુશ્મનાવટભરેલા ખરીતાઓ પ્રગટ કર્યા હતા અને ફ્રાન્સના મહા બળવાન અને કટ્ટા શત્રુ ઈંગ્લંડની સાથે તેણે સંધિના કોલકરાર કર્યા હતા એ પણ સત્ય છે; પરંતુ તેની સાથે એ પણ સત્ય છે કે યૂરોપનાં રાજ્યોમાંથી ઈંગ્લંડના માલનો બહિષ્કાર કરાવ્યા વગર તેને મહાત કરી શકાય એમ હતુંજ નહિ. રશિયાએ આ બાબતમાં પ્રતિકૂળતા બતાવીને ફ્રાન્સનું એક માત્ર બહિષ્કારનું હથિયાર નકામું કરી નાખ્યું હતું અને તેના ઉપર ઈંગ્લંડ જે ઉપરાઉપરિ પ્રહાર કરી રહ્યું હતું તેનાથી બચવાનું તેની પાસે બીજું કોઇ સાધન પણ હતું નહિ.

આટલું છતાં એટલું તો કહેવુંજ પડે છે કે રશિયા ઉપર સ્વારી લઈ જવાનો નેપોલિયનને કશો હક્ક ન હતો. તેની કફોડી સ્થિતિને લીધે તેને આ પગલું લેવું પડયું એ તેનું ભારે કમનસીબ હતું. રશિયાને ફ્રાન્સના માલનો બહિષ્કાર કરવાનો તેમજ ઈંગ્લંડના માલને પોતાના રાજ્યમાં દાખલ કરવાનો પૂરેપૂરો હક્ક હતો, અને તેમ કર્યાથી ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો વિનાશ થશે કે નહિ એ વિચારવાની તેની ફરજ ન હતી. આથી કરીને રશિયા ઉપર ચડાઈ લઇ જવા માટે નેપોલિયનને તકસીરવાર ઠરાવતી વખતે તેમ કરવાની તેને જે અનિવાર્ય જરૂરીઆત પડી હતી તે

યૂરોપનાં રાજ્યોની અત્યારસુધી ચાલતી આવેલી નીતિ પ્રમાણે તેણે પણ ગોળમટોળ અથવા જૂઠી આશા આપનારો ઉત્તર આપીને આ કરોડો મનુષ્યોની પૂરેપૂરી સહાયતા મેળવી લીધી હોત.

સંપાદક

ધ્યાનમાં લેતાં તેના તરફ કુદરતી રીતે સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે.

અલબત્ત અલેક્ઝાન્ડરે પણ એ વખત તો પોતાનો દેશ છોડીને ફ્રાન્સ ઉપર વિના કારણ ચડાઈ કરી હતી. આ વખતે પણ તે પોતે લીધેલી ગંભીર પ્રતિજ્ઞાનો ભંગ કરતો હતો અને નેપોલિયનના કટ્ટા શત્રુની સાથે મૈત્રીભાવથી જોડાયો હતો.

પણ ફ્રાન્સના લોકનિયુક્ત રાજાની સામે નિરંતર યુદ્ધ જારી રાખવા માટે ઈંગ્લંડના પ્રધાનમંડળને તો ઇતિહાસ દશગણી સખ્તાઇથી તકસીરવાર ઠરાવે છે. નેપોલિયનનો વિનાશ કરવા, ફ્રાન્સની ગાદી ઉપર બુર્બોન વંશીય રાજાઓને પુનઃ બેસાડવા અને સમુદ્ર ઉપર પોતાનો એકહથ્થો અધિકાર જાળવી રાખવા માટે તેણે એક પછી એક અનેકવાર યૂરોપના રાજાઓની સાથે એકસંપીના કોલકરાર કર્યા અને આખા યૂરોપને મનુષ્યરક્તથી રંગી નાખ્યો. કોઇ પણ રાજ્યકર્તા પોતાનું સ્વમાન જાળવીને સુલેહ કરવાને જે જે પ્રયત્ન કરી શકે તે બધા નેપોલિયને ઈંગ્લંડની સાથે અજમાવી જોયા; પણ તે બધાએ વ્યર્થ ગયા. વળી ઈંગ્લંડના ઉમરાવવર્ગનો ભયંકરમાં ભયંકર અપરાધ તો એ છે કે આ બધાં ખુનખાર યુદ્ધો જેની માઠી અસરમાંથી ઈંગ્લંડ તેના ભૌગોળિક સ્થિતિને લીધે મુક્ત હતું તે યુદ્ધો તેમણેજ ઉભાં કરાવ્યા છતાં તેનો સઘળો દોષ મહાનુભાવ પણ હતાશ અને હતવીર્ય થએલા, સેન્ટ હેલેનામાં બંદીવાનની દશામાં સબડતા નેપોલિયનને માથેજ તેમણે મૂક્યો.

નેપોલિયન વિલ્નામાં અઢાર દિવસ રહ્યો. એટલો વખત તેણે લશ્કરની જરૂરીઆતોમાટે તૈયારી કરવામાં, જીતાયલા અથવા સત્ય કહીએ તો તેની મદદથી સ્વતંત્ર થએલા પ્રદેશોની રાજવ્યવસ્થા કરવામાં ગાળ્યો. તેની આટલી કાળજી અને દીર્ઘદષ્ટિ છતાં પણ એક પણ લડાઇ લડાયા અગાઉ તો ભૂખ અને શ્રમથી દશ હજાર ઘોડા મરી ગયા અને પચીશ હજાર માંદા સિપાઇઓથી દવાખાનાં ભરાઇ ગયાં! આ અરસામાં વખત લેવા માટે ઝારે સુલેહનું કહેણ મોકલ્યું. નેપોલિયને રાજદૂતનો સત્કાર કર્યો પણ જ્યારે તેણે એવી સરત કરી કે ફ્રેન્ચો નિમેન નદીની પેલી પાર જાય તે પછીજ સલાહ કરવામાં આવશે; ત્યારે નેપોલિયને દઢતાથી ના પાડી અને કહ્યું કે સલાહ કરવીજ હોય તો વિલ્નામાંજ કરવી પડશે. રશિયાને તો ફક્ત થાપજ ખવડાવવી હતી એટલે એ વાત અટકી. અલેક્ઝાન્ડરે પોતાના સૈન્યને વિલ્નાથી દોઢસો માઇલ દૂર આવેલા ડ્રિસા શહેર આગળ એકત્ર કરવા માંડ્યું હતું, પણ જેમ જેમ ફ્રેન્ચો આગળ વધતા ગયા તેમ તેમ રશિયનો પાછા ને પાછાજ હઠતા ગયા. તેઓ જે જે માર્ગે થઇને નાઠા ત્યાં ત્યાં બધે શહેર અને ગામડાંનાં બળીને તૂટી પડેલાં ખંડિયેર, સળગતાં ખેતરોની જ્વાળાઓ અને નિર્દયપણે હાથપગ વગેરે કાપ્યા પછી રઝળતા મૂકેલા બિચારા પોલેન્ડવાસીઓના અર્ધમૃત દેહ—એવી એવી રશિયનોની પશુતા અને રાક્ષસી પ્રકૃતિની નિશાનીઓ નજરે પડતી. ફ્રેન્ચો ડ્રિસા આગળ

આવી લાગ્યા ત્યારે રશિયનો વળી દેશના મધ્યભાગમાં સો માઇલ વધારે દૂર નાસી ગયા. સત્તાવીશમી જુલાઇએ સવારના પહોરમાં નેપોલિયને એક ટેકરી ઉપર મજબૂત પડાવ નાખીને થોભેલા રશિયન સૈન્યને જોયું. વચમાં ડવીના નદીનો ઉંડો વિશાળ પ્રવાહ વહ્યો જતો હતો. રશિયનોએ તૈયાર કરેલી મજબૂત ખાઇઓ વગેરે ઉપરથી નેપોલિયનને લાગ્યું કે તેઓ હવે લડવાને માટે તૈયાર થઇનેજ બેઠા છે.

ફ્રેન્ચ સૈન્યની અસંખ્ય ટુકડીઓ જૂદી જૂદી દિશાએથી આવી પહોંચવા લાગી. આખા સૈન્ય પૈકી દરેક ટુકડીએ કયે રસ્તે થઇને કુચ કરવી અને કયાં કયારે આવી પહોંચવું એ બધું નેપોલિયને એવી અદ્દભુત ચતુરાઇ, દીર્ઘદૃષ્ટિ અને ચોકસાઇથી ગોઠવી રાખ્યું હતું કે ત્રણસો માઇલની કુચ કરીને બે લાખ સિપાઇઓનું સૈન્ય એકજ દિવસે લગભગ એકજ વખતે ત્યાં આગળ આવી પહોંચ્યું.સ્વાર,પાયદળ, તોપખાનું વગેરે વિવિધ ભારે યુદ્ધસામગ્રી આવી પહોંચતાં દેખીતી રીતે કોલાહલ અને ગરબડાટ દેખાયો; પણ એક મહાન વ્યક્તિ તે સર્વનું નિયમન કરી રહી હતી, એટલે ગરબડાટ જોત જોતામાં શમી ગયો. સેળભેળ થઇ ગએલી ટુકડીઓ સફાઈથી જરા પણ કોલાહલ વગર છૂટી પડી અને પૂર્ણ શાંતિથી વ્યૂહબદ્ધ થઇને પોતાને માટે નિર્માણ થએલી જગ્યાએ જઇને ઉભી રહી.

સવારમાં ઝપાઝપી શરૂ થઈ. રશિયનોને દરેક બાજુએથી પાછા હઠવું પડયું. અંધારૂં થતાં યુદ્ધ બંધ થયું. આખો દિવસ રશિયન સિપાઇઓની ઉપરાઉપરિ ટુકડીઓ આવ્યાજ કરતી હતી; તે ઉપરથી નેપોલિયને ધારણા બાંધી હતી કે સવાર પડતાંજ તુમુલ યુદ્ધ શરૂ થશે. સવાર પડતાં પહેલાં તો તે સ્વાર થયો અને વ્યૂહ રચના કરવા મંડી ગયો, પણ રશિયનો કયાં? તેઓ તો રાતમાંને રાતમાંજ એવી સફાઇથી પલાયન કરી ગયા હતા, કે કયે રસ્તેથી ગયા તેની પણ નિશાની સરખી જણાઇ નહિ. નેપોલિયન સ્મશાન જેવા નિર્જન બની ગએલા શહેરોમાં દાખલ થયો. તેનો માર્ગ રોકવા કોઈ ત્યાં હાજર ન હતું. શહેર ખાલી હતું. શત્રુઓ અનાજ વગેરે સામગ્રી સાથે લઈ ગયા હતા અને ન લઈ જવાય એવા પદાર્થોનો નાશ કરી ગયા હતા. ત્યાંના વતનીઓ જેઓ અસલના પોલેન્ડના રહેવાસીઓ હતા તેઓ નાશી ગયા હતા અથવા નાસતા રશિયનોએ તેમને શહેરમાંથી હાંકી મૂકયા હતા.

નેપોલિયન હવે ભારી મુશ્કેલીમાં આવી પડયો. હવે તે લગભગ નિઃસીમ ઉજ્જડ પ્રદેશમાં આવીને ફસાઇ પડયો. ત્યાંના રહેવાસીઓ નાશી ગયા હતા. ખોરાકનાં સાધન ત્યાં કશાં રહ્યાં ન હતાં. તેના ઘોડા ઘાસ વગર અને સિપાઇઓ અનાજ વગર મરી જતા હતા. ટિલ્સિટથી પાંચસો માઇલ દૂર તદ્દન ઉજ્જડ પ્રદેશમાં તે આવ્યો હતો. શત્રુઓનો પત્તો ન હતો. ઉન્હાળો અધવાર્યો હતો પણ હજીસુધીએ એક પણ મહત્ત્વનું કામ થયું ન હતું. તેણે સેનાપતિઓની સભા બોલાવી. મોટા ભાગનો મત એવો હતો

કે શિયાળો ઉતરીને પાછી વસંતઋતુ આવતાં સુધી જયાં છીએ ત્યાંજ થોભી જવું. નેપોલિયનથી આ સલાહ સાંભળવા જેટલી પણ ધીરજ ન રખાઇ. સૈન્યની અત્યારસુધીની કીર્તિ જાળવી રાખવા તથા નિરુત્સાહી થતું અટકાવવા માટે કાંઇ પણ કરવું તો જોઇએજ; એવો તેનો દઢ અભિપ્રાય હતો.

રશિયન સૈન્ય વળી પણ બીજા સો માઇલ દૂર જઇને એક મજબૂત કિલ્લેબંદી શહેર આગળ થોભ્યું હતું. ૧૩ મી આગસ્ટે ફ્રેન્ચ સૈન્ય જૂદી જૂદી ટુકડીઓમાં વિભક્ત થઇને જૂદે જૂદે રસ્તે થઇને નાસતા શત્રુઓનો માર્ગ રોકી લેવા ચાલતું થયું. રસ્તામાં રશિયન સ્વારોનાં ટોળેટોળાં તેમની આગળ આગળ દોડતાં હતાં અને ખોરાક તેમજ આશ્રયના એકેકે એક સાધનનો નાશ કર્યે જતાં હતાં. ગરમી સખત પડતી હતી અને માર્ગમાં ફ્રેન્ચ સિપાઇઓ મોટી સંખ્યામાં મરણ પામતા હતા. ૧૬ મી તારીખે નેપોલિયન રશિયનો નજીક આવી પહોંચ્યો. ટેકરી ઉપર ચડીને તેણે દૂરથી શત્રુસૈન્યને પૂર લશ્કરી દમામમાં ગોઠવાયલું જોયું, અને તેને ઘણોજ સંતોષ થયો. “ આખરે તેઓ મારા હાથમાં આવ્યા ” એવો તેના મુખમાંથી સંતોષનો ઉદ્ગાર નીકળી ગયો. શહેરની દિવાલો ઉંચી અને મજબૂત હતી અને બધી બાજુએથી મજબૂત બુરજોવડે સુરક્ષિત હતી. ફ્રેન્ચોએ હુમલો શરૂ કર્યો. દારુણ યુદ્ધ મચી રહ્યું. રાત્રિ પડી પણ લડાઇ તો ચાલુજ રહી. મધ્ય રાત્રિ પછી થોડીવારે એક ભયાનક ધડાકો થયો. ધૂમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને આખું શહેર દાવાનળના સ્વરૂપમાં ફેરવાઇ ગયું. મોટી મોટી ઈમારતો ભડભડ સળગવા લાગી અને દારૂગોળાના ભંડાર પ્રચંડ ધડાકાની સાથે આકાશમાં ઉડવા લાગ્યા. નેપોલિયન તંબુની બહાર બેસીને આ દેખાવ જોઇ રહ્યો હતો. તેણે કહ્યું, “ વિસુવિયસનો જ્વાળામુખી ફાટયો તે વખતે નેપલ્સના લોકોએ આવોજ દારુણ દેખાવ જોયો હતો. ”

સવાર પડતાં નેપોલિયને એક મિનારાપર ચડીને દૂરબીનથી જોયું તો રશિયન સૈન્યનો એક ભાગ રાજધાની સેંટ પિટર્સબર્ગ તરફ અને બીજો મોસ્કો તરફ નાસતો હતો. તેણે તરતજ માર્શલ નેને મોસ્કો તરફ બનતી ઝડપે કુચ કરી શત્રુના પૂંઠ લેવાની આજ્ઞા આપી.

ફ્રેન્ચ લશ્કર નગરમાં તો દાખલ થયું પણ ત્યાં બળતાં ઘર, મરી ગએલા અને મરવા પડેલા સિપાઇઓનાં અડધાં બળી ગએલાં અને બળતાં શરીરો સિવાય તેમણે કાંઇ ન જોયું. તેઓ આ ભયાનક દૃશ્ય જોઇને સ્તબ્ધ થઇ ગયા. કેટલાક બિચારાને તો કાંઇક કાંઇક ભાન હતું અને તેઓ દુઃખના માર્યા બૂમબરાડા પાડી રહ્યા હતા. નેપોલિયને બીજા કશાપર લક્ષ ન આપતાં પ્રથમ તો જેઓ જીવતા હતા તેમને બચાવી લઇને તેમની સારવાર કરવાની આજ્ઞા આપી. તેમના મિત્રો તેમને તજી ગયા હતા, પણ નેપોલિયનનું દયાળુ હૃદય શત્રુઓને પણ દુઃખી હાલતમાં

છોડી જવા ઇચ્છતું ન હતું.

એક ખ્રિસ્તી પાદરી સાચા ખ્રિસ્તીની માફક આવા આફતના સમયમાં બળતા શહેરમાં બહાદૂરીથી રહીને પીડાતા માનવબંધુઓની સેવાચાકરી કરી રહ્યો હતો. નેપોલિયન અને ફ્રેન્ચો તરફ રશિયન પ્રજાની અપ્રીતિ ઉત્પન્ન કરવાના હેતુથી રશિયાના ઉમરાવવર્ગે એવી અફવા ફેલાવી હતી કે નેપોલિયન રાક્ષસનો અવતાર હતો, અને મનુષ્યોની કતલ કરવામાં તે આનંદ માનતો હતો. ઉમરાવો અને આપખુદી રાજસત્તાથી કાયર થઇ ગએલો, સ્વત્વ ગુમાવી બેઠેલો અને ગુલામી હાલતમાં સબડતો ખેડુતવર્ગ નેપોલિયનના પક્ષમાં ન ભળી જાય તે માટે તેમને ભડકાવવા સારૂ આવી આવી જૂઠી વાતો તેમણે ફેલાવી હતી. ઉપર કહેલા પાદરીને કાને આ વાત આવી હતી. નેપોલિયનની રૂબરૂમાં જઇને તેણે આ શહેરનો નાશ કરવા માટે તેને નિડરપણે ઠપકો આપ્યો. તેની સઘળી વાત ધ્યાનથી તથા માનપૂર્વક સાંભળી રહ્યા પછી નેપોલિયને તેને પૂછ્યું, “ તમારૂં દેવળ બળી ગયું છે ? ”

પાદરીએ જવાબ આપ્યો, “ ના સાહેબ. તમારા કરતાં ઇશ્વર વધારે બળવાન છે. આ શહેરનો નાશ થવાથી જે જે ઘરબાર વગરનાં થયાં તેમને મેં મારા દેવળમાં આશ્રય આપ્યો છે તેથી ઇશ્વર તેનું રક્ષણ કર્યા વગર નહિજ રહે. ”

નેપોલિયને કાંઇક લાગણીસહિત કહ્યું, “ સાચું કહો છો. લડાઇનો ભોગ થઈ પડેલાં નિર્દોષ માણસોની ઇશ્વર જરૂર સંભાળ લેશે. તમે દાખવેલા ધૈર્યમાટે તમને તે સારૂં ફળ આપશે. જાઓ, સાધુ પુરુષ ! તમારી પવિત્ર જગ્યાએ પાછા જાઓ. જો બધા પાદરીઓએ તમારી માફક પોતપોતાની જગ્યા ન છોડી હોત અને જે પવિત્ર કાર્ય તેમને પરમાત્મા તરફથી મળ્યું હતું તેને કાયરતાથી તજી દીધું ન હોત તો મારા સિપાઇઓ પવિત્ર દેવાલયોને છેડતજ નહિ. **દેવાલયો તમારા જેવા સાધુચરિત સંતજનોને લીધેજ પવિત્ર હોય છે અને જ્યાં તેવા સંત નથી હોતા તે દેવાલયના નામને પણ યોગ્ય નથી.** મહાત્મન્ ! આપણે બધાએ ખ્રિસ્તનાજ અનુયાયીઓ છીએ. **તમારો ઇશ્વર તેજ અમારો** પણ ઇશ્વર છે. ”

આટલું કહીને નેપોલિયને તે ભલા પાદરીને થોડાક અંગરક્ષકો અને જરૂરની વસ્તુઓસહિત માનભેર પાછો મોકલ્યો. દેવળમાં ભરાઇ બેઠેલા લોકોએ પાદરીની સાથે ફ્રેન્ચ સિપાઇઓને જોઇને ભયની કારમી ચીસ પાડી પણ પાદરીએ તેમને સર્વને સાંત્વન આપતાં કહ્યું :—

“ તમે ડરશો નહિ. હું નેપોલિયનને મળી આવ્યો છું. તેની સાથે વાત કરી આવ્યો છું. મારાં બાળકો ! આપણે ઘણા ઠગાયા છીએ. ફ્રાન્સના શહેનશાહવિષે આપણને જે કહેવામાં આવ્યું હતું તેવો તે છેજ નહિ. તે અને તેના સિપાઈઓ આપણાજ પ્રભુને ભજે છે. જે લડાઇ તે લડવા આવ્યો છે તે ધર્મને લગતી લડાઇ

નથી. તે તો આપણા શહેનશાહ સાથે રાજનૈતિક કારણોને લીધે લડે છે. તેના સિપાઈઓ આપણા દેશના સિપાઇઓ સાથેજ લડે છે. તેઓ નિઃશસ્ત્ર પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની પણ કતલ કરે છે એમ જે આપણને કહેવામાં આવ્યું છે તે હડહડતું જૂઠાણું છે.” પછી તેણે ઈશ્વરનો પાડ માનવાને એક ભજન ગાયું અને આંખમાં અશ્રુસહિત સર્વ તેમાં સામેલ થયાં.

નાસતા રશિયનોની ટુકડીઓ ફ્રેન્ચોના સપાટામાં આવતી ગઇ અને ઘાસની માફક કપાઈ જવા લાગી. નાસનારાઓ પૂર ઝડપથી નાસતા હતા અને તેમની પૂઠે ફ્રેન્ચો શિકારી કૂતરાની માફક દોડયા આવતા. આટલી આટલી ફતેહ મેળવ્યા છતાં પરાજયમાંથી ઉદ્ભવતી તમામ મુશીબતો નેપોલિયનને સહન કરવી પડતી હતી. તેની આસપાસના પ્રદેશને તે દેશના માલીકેજ લૂંટી બાળી ઉજ્જડ કરી નાખ્યો હતો; તેથી સૈન્યને ખોરાકની વસ્તુઓ ઘણીજ મુશ્કેલીથી મળી શકતી હતી. લશ્કરમાં ભૂખ અને શ્રમને લીધે ઝપાટાબંધ ઘટાડો થતો હતો. બળતા શહેરનાં પંદર ઇંટેરી મકાન બચ્યાં હતાં. તે બધાં માંદા અને ઘવાયલા સિપાઇઓથી ભરાઇ ગયાં હતાં. દાકતરો પાસે પાટા બાંધવાનાં કાપડ ખૂટયાં ત્યારે પોતાનાં ખમીસ ફાડી ફાડીને તેઓ પાટા બાંધવા લાગ્યા. આખરે તે પણ ખૂટયાં ત્યારે કાગળ અને જંગલી વનસ્પતીની રૂઆંટીનો ઉપયોગ તેમને કરવો પડયો. કેવળ ભૂખમરાથીજ ઘણા સિપાઇઓ મરી ગયા. શહેનશાહને આ જોઇને ઘણો ઉંડો ખેદ થતો અને છાવણી ઉપર નિરાશાનું ઘેરૂં વાદળ છવાઇ ગયું. પાછા ફરવાથી આખા યૂરોપમાં હલકા પડવાનું જોખમ હતું. હતા ત્યાંને ત્યાં પડી રહેવાથી સર્વના પ્રાણ જવાની ખાત્રી હતી. તેથી ગમે તેમ થાય તોપણ આગળ વધવું એજ નિરાશાની છેવટની આજ્ઞા હતી.

અલેક્ઝાન્ડર પોતાના લશ્કરને અડધે રસ્તે છોડીને ઉતાવળે પગલે રશિયાની પ્રાચીન રાજધાની મોસ્કો ગયો. નેપોલિયને પોતાના કંટાળી ગએલા અને ભૂખથી અધમુઆ થએલા સિપાઇઓ સાથે પાંચસો માઇલની મજલ કાપીને મોસ્કો જવાનો નિશ્ચય કર્યો. ત્યાં પોતાના સૈન્યને માટે પૂરતી ખોરાકી અને આશ્રયસ્થાન મળી શકશે એવી તેની ધારણા હતી. તેણે એમ કદિ પણ નહિ ધારેલું કે ઝાર એ ત્રણ લાખની વસ્તીવાળા શહેરને પણ સળગાવી મૂકશે !

અલેક્ઝાન્ડર થોડા દિવસ મોસ્કો રહ્યો અને જો તે શહેર નેપોલિયનના હાથમાં આવે તો તેને આખુંને આખું સળગાવી મૂકવાની પૂરતી તૈયારી કર્યા પછી તે પોતાની રાજધાની સેન્ટ પીટર્સબર્ગ જવા ઉપડી ગયો. ત્યાં જઇને રશિયાને મળેલી ઉપરાઉપરિ ફતેહ (!) માટે તેણે ઈશ્વરનો જાહેર રીતે આભાર મનાવ્યો. આ સમાચાર સાંભળીને નેપોલિયને કહ્યું, “ તેઓ એકલા માણસની આગળજ નહિ પણ ઈશ્વરની આગળ પણ જૂઠું બોલવાના હિંમત ચલાવે છે ! ”

આગસ્ટની ૨૮ મી તારીખે નેપોલિયને મોસ્કોનો રસ્તો લીધો, અને ભયંકર વિટંબણાની શરૂઆત થઈ. દિવસ ને રાત કંટાળેલા, થાકેલા, ભૂખથી તવાઇ ગએલા પણ શહેનશાહનું મુખદર્શન કરીને પોતાનું બધું દુઃખ ભૂલી જતા ફ્રેન્ચ સિપાઇઓ દરેક પ્રકારની મુશ્કેલીઓની સામે માર્ગ કાપતા અને શત્રુની ટુકડીઓની સાથે ઝપાઝપી કરતા સપ્ટેંબરની ચોથી તારીખ સુધી આગળ વધ્યા. અહિં તેમણે ઓરોડિનો શહેરની નજીક એક લાખ સીત્તેર હજાર રશિયન યોદ્ધાઓને મોરચો મારીને પડાવ નાખેલા જોયા. રશિયન સેનાપતિ મોસ્કોના બચાવને માટે મજબૂત તૈયારી કરીને ફ્રેન્ચોની રાહ જોતો આ ઠેકાણે ઉભો હતો. છસો ભારે તોપો વિકરાળ દૈત્ય જેવી હારબંધ ગોઠવાઇ હતી અને આસપાસ ઘણે દૂરસુધી તોપનો ગોળો મોકલી શકાય એવી એક નજીકની ઉંચી ટેકરી ઉપર કામચલાઉ પણ મજબૂત બુરજ ઉભો કર્યો હતો.

એક લાખ વીશ હજાર ફ્રેન્ચ સિપાઇઓ ત્રણ લાંબી હારમાં વહેંચાઇ જઇને રણક્ષેત્રમાં દાખલ થયા. નેપોલિયન સૌની આગળ દોડી ગયો અને ટેકરી ઉપર ચડી બધું મેદાન તપાસી વળ્યો. કયી બાજુએથી શત્રુ ઉપર ધસારો કરવો તેનો પણ તેણે ત્યાંને ત્યાંજ નિશ્ચય કરી નાખ્યો. સેનાપતિઓને જરૂર પૂરતા હુકમો આપ્યા પછી તે પોતાના તંબુમાં ગયો અને લસ્કરમાં ફેલાવવા માટે નીચે મુજબ ઉદ્ઘોષણા લખાવી:—

“ યોદ્ધાઓ ! જે લડાઇની તમે લાંબા વખતથી રાહ જોઈ રહ્યા હતા તે હવે તમારી સામે આવી ઉભી છે. ફતેહ મેળવવી એ તમારા પોતાના હાથમાં છે. આસ્ટર્લિટ્ઝ અને ફ્રિડલેન્ડના સંગ્રામોની માફક આજે પણ તમારો પ્રતાપ બતાવજો. તમારા પુત્રો, પ્રપૌત્રો અને દૂરનાં ફરજંદો તમારૂં આજનું પરાક્રમ યાદ કરે અને તમારા દેશબાંધવો તમારા તરફ આંગળી ચીંધીને કહે કે “ મોસ્કોની નજીક લડાયલા સંગ્રામમાં આ હાજર હતો એવું વિજય મેળવજો.” આ ઉદ્ઘોષણા સિપાઇઓએ ઉત્સાહભેર સાંભળી અને “ શહેનશાહ ઘણું જીવો ” ની આકાશભેદી ગર્જનાથી ફ્રેન્ચ છાવણી ગાજી ઉઠી.

રાત્રિ ઠંડી અને અંધારી હતી. આકાશમાં ગાઢ વાદળ છવાયું હતું અને ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. ઓરોડિનોની વેરાન ટેકરીઓ ઉપર ઠંડા શરદ્ ઋતુના પવનના સુસવાટ વાતા હતા. વિશાળ અર્ધગોળાકૃતિમાં રશિયન સેનાની તાપણીઓ સળગતી હતી. ફ્રેન્ચ સિપાઇઓ પણ પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ જઈ તાપણીઓ સળગાવી પડયા હતા. નેપોલિયને પોતાનો તંબુ બાદશાહી સ્વારોની ચોરસ આકૃતિની વચમાં ઠોકાવ્યો હતો. રખેને હાથમાં આવેલું શત્રુસૈન્ય ફરીથી નાસી જાય તે માટે તે એટલો બધો ચિંતાતુર હતો કે ઘણું ઘણું સમજાવ્યા છતાં

તેણે આરામ લેવાની ચોકખી ના પાડી. મધરાત થતાં સુધી તેણે હુકમો લખાવ્યા કર્યા અને રશિયનો હજી તેમની જગ્યાએ બેઠા છે કે કેમ તેની તપાસ કરવા માટે જાસુસો દોડાવ્યા. રાત્રિ ઘણી ગંભીર અને ઉદાસીન હતી. નેપોલિયનના હૃદય ઉપર ઉદાસીનતાના કાળા પડછાયા પડવા લાગ્યા હતા. થોડાજ વખતમાં તેની પાયમાલી લાવનાર આપત્તિરૂપી રાહુની ઝાંખી કાળી છાયા તેના માર્ગ ઉપર પથરાવા લાગી હતી. વિપત્તિના સમાચાર એક પછી એક આવતાજ ગયા. તેજ રાત્રે એક ઘોડેસ્વાર મારતે ઘોડે ચાલ્યો આવ્યો અને, સ્પેનમાં સાલામાંકાના સંગ્રામમાં ફ્રેન્ચ સૈન્યના થએલા સંપૂર્ણ પરાજયના તથા વેલિંગ્ટને માડ્રિડ જીત્યાના સમાચારના પત્રો તેના હાથમાં મૂકયા. થોડા વખતપરજ તેને પેગામ મળ્યો હતો કે રશિયાએ તુર્કો સાથે સંધિ કરી હતી અને તુર્કસ્તાન આગળથી છૂટું થએલું રશિયન સૈન્ય તેના તરફ ચાલ્યું આવતું હતું. બીજી તરફથી મિત્રદ્રોહી સ્વીડનના રાજા બર્નાડોએ રશિયાના ઝાર સાથે શરમભરેલી સલાહ કર્યાના સમાચાર પણ તેને મળી ચૂકયા. રશિયાના ઝારે પ્રકટ કરેલાં જાહેરનામાંની અંદર તથા તેની લડવાની પદ્ધતિમાં એવી દુષ્ટતા અને શેતાનિયત જોવામાં આવતી હતી કે એકવાર તો પોતાનો વફાદાર મિત્ર આવો કટ્ટો શત્રુ શાથી બની ગયો હશે તે નેપોલિયનને ઘણું વિસ્મયકારક લાગ્યું અને પોલેન્ડવાસીઓને એજ ઝારની ખાતર પોતે મદદ ન આપી તે ભૂલને માટે પોતે પસ્તાવો કરવા લાગ્યો.

આવા દુઃખદાયક સમાચારની વૃષ્ટિની સાથે તેજ ઘડીએ સુખની, સાંત્વનની રૂપેરી વાદળી પણ ચળકી. એક બીજો સ્વાર હાજર થયો. તે રાજરાણી મેરિયા લૂઇસાનો પત્ર તથા નેપોલિયનના લાડકા પુત્રનું રમણીય ચિત્ર લાવ્યો હતો. સવાર થવાને અને દારુણ યુદ્ધની શરૂઆત કરવાને હવે થોડીજ વાર હતી. બધા એમ ધારતા કે રાજકુમારના ચિત્રવાળી પેટી હમણાં નેપોલિયન નહિ ઉઘડાવે; પણ તેણે તરતજ પેટી તોડવાની આજ્ઞા કરી અને પુત્રની પ્રતિકૃતિ જોઇ તેની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકયાં. રાજકુમાર પારણામાં બેઠો બેઠો રમત કરી રહ્યો હોય એવો તેને ચીતર્યો હતો. પુત્રવત્સલ પિતાની એવી ઇચ્છા હતી કે બધા અમલદારો અને બની શકે તેટલા સિપાઇઓ આ ચિત્ર જુએ. તેથી તેણે તેને તંબુની બહાર ખુરશી ઉપર મૂકાવ્યું અને સેંકડો લડાઈમાં ઘવાઇ રીઢા થએલા ખરબચડી આકૃતિવાળા સિપાઇઓ રાજપુત્રનું શાંત સુખી જીવનનું ચિત્ર નિહાળતા ઉભા રહ્યા. થોડીવાર પછી નેપોલિયને તેના ખાનગી મંત્રીને કહ્યું, " તેને અંદર લઇ લો અને સાચવીને મૂકી રાખો. લડાઈ જોવાને હજી તેને બહુ વાર છે. "

પછી તે પોતાના તંબુમાં ગયો. થાક અને ચિંતાથી તેનું ગળું સૂકાઈ ગયું હતું અને મનમાં અત્યંત અશાંતિ થતી હતી. તેની ઉંઘ તો સાવ ઉડીજ ગઇ હતી. તેને

પોતાના થાકી ગએલા અને ભૂખથી નિર્માલ્ય થઇ ગએલા ગરીબ સિપાઇઓમાટે ઘણીજ ચિંતા થતી હતી અને આજની લડાઇનો સખત પરિશ્રમ તેમનાથી સહન નહિ કરી શકાય એવી તેને ભારે ધાસ્તી હતી. આ અણીના વખતમાં તેનો છેલ્લો આધાર પેલા પ્રખ્યાત સ્વારોની પલટણ ઉપરજ હતો. તેણે દરેકને ત્રણ દિવસ ચાલે તેટલાં બિસ્કિટ અને ચોખા અપાવવાનો હુકમ કર્યો અને વખતે તેમ કરવામાં બેદરકારી ન થાય તે માટે તે જાતે ઉઠ્યો અને જ્યાં તે સ્વારો પડ્યા હતા ત્યાં જઇને પૂછપરછ કરી આવ્યો. ત્યાંથી પાછા ફરીને તેણે થોડીવાર જેવી તેવી ઉંઘ લીધી. પાછો તે બેઠો થયો અને બે હાથપર તાવથી ધગધગી ગયેલું માથું ટેકવીને ઘણા ઉદ્વેગભર્યા વિચાર કરતો પથારીમાં બેસી રહ્યો. શોકાતુર અવાજે તે બોલ્યો, " લડાઈ એ જંગલી માણસોનો ધંધો છે. એક મહત્ત્વની લડાઇ નજીક આવી ઉભી છે. ખરેખર ભયંકર લડાઇ લડવાની છે; તેમાં મારે વીશ હજાર સિપાઇઓ ખોવા પડશે."

આગલા દિવસથી તેના શરીરને ઘણીજ તીવ્ર પીડા થતી હતી. સ્વારીપરથી ઘણીવાર તે ઉતરી પડતો અને એકાદ તોપ સાથે માથું ટેકવીને બેસી જતો. તાવ, શ્રમ અને ચિંતાથી તેના શરીરમાં વ્યાધિએ ઘર કર્યું હતું. તેથી તેના શારીરિક અને માનસિક બળને પણ ઘસારો પહોંચ્યો હતો. ઉપરાંત સખ્ત અને વારંવાર આવતી ઉધરસથી તેનો શ્વાસ પણ રૂંધાઇ જતો હતો.

પ્રભાતનું પહેલું કિરણ ફૂટતાંજ નેપોલિયન પાછો ઘોડેસ્વાર થયો અને તેના મુખ્ય સેનાપતિઓ પણ તેની આસપાસ આવી ઉભા. તેના અદ્ભુત મનોબળે શારીરિક પીડાને દબાવી દીધી. રાત્રિનો અંધકાર દૂર થતો હતો અને ક્ષિતિજમાંથી સૂર્ય ધીમે ધીમે ઉંચે આવતો હતો. નેપોલિયને કહ્યું " જુઓ આ આસ્ટર્લિટ્ઝના સૂર્યનું દર્શન કરો. " આ ઉત્સાહક શબ્દો આખા ફ્રેન્ચ સૈન્યમાં વીજળીની ઝડપથી ફરી વળ્યા અને ચારે તરફથી ઉત્સાહના પોકાર સંભળાવા લાગ્યા. એક ટેકરીની ટોચ ઉપરથી તેણે રશિયન લશ્કરની ઝડપથી થતી હિલચાલ તપાસી. પોતે ઓળખાઇ ન જાય તે સારૂ તેણે માત્ર થોડાજ અંગરક્ષકો સાથે રાખ્યા હતા; તોપણ શત્રુસૈન્યે તેને ઓળખી લીધો અને ભયંકર લડાઇની શરૂઆત કરનાર પહેલોજ તોપનો ગોળો આ નાનકડી ટોળીમાં થઇને સડસડાટ કરતો ચાલ્યો ગયો.

નેપોલિયનની આજ્ઞા થતાંજ અસંખ્ય વજ્રનિનાદથી રણક્ષેત્ર ગાજી ઉઠ્યું અને ભયાનક હત્યાકાંડનો પ્રારંભ થયો. ત્રણ લાખ યોદ્ધાઓ, બળવાનમાં બળવાન નાશકારક યંત્રો અને આયુધોથી સજ્જ થઇને એક બીજા ઉપર તૂટી પડયા. સવારના પાંચથી પાછલા પહોરસુધી મનુષ્યરક્તનાં મોજાં સમુદ્રની ભરતીની માફક ઘડીમાં ફ્રેન્ચો તરફ તો ઘડીમાં રશિયનો તરફ ધકકેલાવા લાગ્યાં. જનરલ ડેવાઉ ગોળાના પ્રહારથી ઘોડા ઉપરથી ગબડી પડયો. નેપોલિયનને તેના મરણના સમાચાર મળ્યા

પણ એટલામાં તો તે નિડર યોદ્ધો ધૂળ ખંખેરીને ઉભો થયો અને કહેવડાવ્યું કે હજી હું જીવતો છું અને પાછો મોખરે જાઉં છું. જનરલ રૅપને ચાર ઘા વાગ્યા અને તેને લોહીલુહાણ હાલતમાં તંબુમાં આણ્યો. આ તેનો બાવીશમો જખમ હતો. નેપોલિયન તેને જોવા ગયો અને પ્રેમથી તેનો હાથ પકડીને કહ્યું, "વારંવાર ઘાયલ થવાનું તારાજ ભાગ્યમાં લખ્યું છે કે શું ? આખા દિવસમાં ફતેહના અને મૃત્યુના સેંકડો પેગામ તેને મળતાજ ગયા. ઉદાસીન વૈરાગ્યવાન ચિત્તે તે સર્વ સંદેશા સાંભળતો પણ તેની નજર, તેનું ધ્યાન તે રણયજ્ઞમાંથી ખસતું નહિ. મનને અસ્થિર કરે એવા ગમે તેટલા સમાચાર મળ્યા છતાં તે અચૂકપણે પોતાના ભયાનક લશ્કરી બળનું નિયમન કર્યેજ જતો હતો. લડાઇના આરંભથીજ તેણે લડાઇની રૂપરેખા ઘડી દીધી હતી અને ફતેહની તેને સંપૂર્ણ ખાત્રી હતી. તેના બાદશાહી સ્વારની પલટણો તો અનામત ખાતેજ ઉભી હતી. એકવાર દેખીતી રીતે ભયભરેલી હાલત આવી ગઇ અને એ વીશ હજાર સ્વારોને છોડી મૂકવાને સેનાપતિ બર્થિયરે ઘણુંએ દબાણ કર્યું પણ નેપોલિયને ઠંડે પેટે કહ્યું, " તેમના વગરજ આપણે જીતી શકીશું; કદાચ આવતી કાલેજ બીજી લડાઇ લડવાનો વખત આવ્યો તો શું કરશો ? બીજી વાર ફ્રેન્ચ લશ્કરની ભયંકર કતલ થવા લાગી અને તેઓ હઠયા, હાર્યા એવું બધાને જણાયું ત્યારે પણ તેણે શાંતિથી કહ્યું, " હજી ખરી લડાઇને વાર છે. બે કલાક પછી તમે જોઇ લેજો. "

તેની ગણત્રી સાચી હતી. ફ્રેન્ચોની સુવ્યવસ્થિત હિલચાલનું રશિયનો ઉપર વધારે વધારે દબાણ થવા લાગ્યું. દરેક કલાકે તેમની ગભરાટમાં પડેલી અને અવ્યવસ્થિત થએલી ટુકડીઓ ઉપર નવી નવી તોપોનો માર પડવા લાગ્યો. રશિયનો હવે હઠયા અને ખાઇઓ તથા દિવાલોની પાછળ ભરાયા. નિડર ફ્રેન્ચો તેમના તોપખાના તરફ ધસી ગયા. તેઓ સંગીનના પ્રહારથી ગભરાયલા રશિયનોને વીંધતા તથા ઘાયલ થએલાને અને મરેલાને પગતળે છુંદતા, કચરતા સમુદ્રની ભરતીના વેગથી યાહોમ કરીને શત્રુના તોપખાના ઉપર તૂટી પડયા. છેવટે એક મજબૂત બુરજની આસપાસ યુદ્ધનાં તમામ મોજાં એકઠાં થતાં ગયાં અને યુદ્ધની સમગ્ર ભીષણતાનું કેન્દ્રસ્થાન ત્યાંજ બનશે એમ લાગ્યું. એ બુરજ અને મોરચાની મજબૂત દિવાલોની ઉપર અને તેમની પાછળ રહીને એક લાખ યોદ્ધાઓ બાથંબાથા આવી ગયા હતા. ગંધકના ધૂમાડાનાં ગાઢ વાદળાં નીચે તેઓ ઢંકાઇ ગયા હતા. તેની અંદરથી વીજળીના જેવા ઝબકારા અને પ્રચંડ ગર્જનાઓ થતી હતી. મધ્યરાત્રિના જેવો ઘોર અંધકાર તે જગ્યાએ મચી રહ્યો હતો અને તેની અંદર પાયદળ, સ્વાર, તોપો અને તોપ ફોડનારા, માણસો અને ઘોડાઓ ગાંડાની માફક એક બીજા તરફ ધસ્યાં જતાં હતાં. આ દારુણ જ્વાળામુખીનું નેપોલિયન શાંતિથી અવલોકન કરી રહ્યો હતો; પણ આ ભયા-

નક કાર્ય લાંબો વખત ચાલુ રહ્યું નહિ. મનુષ્યરક્તથી અગ્નિ હોલવાઇ ગયો. તોપખાનાના ધડાકા શાંત થયા. પવનના ઝપાટાથી ધૂમાડાનાં વાદળાં વિખેરાઇ ગયાં અને આથમતા સૂર્યનાં કિરણમાં વિજયી થએલા ફ્રેન્ચ યોદ્ધાઓનાં હથિયાર, બખ્તર અને શિરપેચ ચળકવા લાગ્યાં.

સૂર્ય આથમતો હતો. રશિયનો નાસતા હતા પણ તસુ તસુ જગ્યાને માટે મક્કમપણે લઢતા જઇને નાસતા હતા. જો નેપોલિયને બાદશાહી સ્વારોની પલટણ છોડી મૂકી હોત તો શત્રુસૈન્યની ઘણીજ ભારે ખુવારી થાત; પણ શાણપણ અને દયાભાવની પ્રેરણાને વશ થઇને તેણે તેમ કરવાની ના પાડી. વળી તેણે પોતાની હમેશની ટેવ મુજબ આ ફતેહનો યશ પોતે ન લેતાં સેનાપતિઓને અને બહાદૂર સિપાઇઓનેજ આપ્યો.

ફ્રેન્ચોને યશ તો મળ્યો પણ આજે યશનો ઉલ્લાસ ન હતો. ઉંડા ઉદાસીન વિચારમાં ગરકાવ થઇ ગએલો નેપોલિયન શાંત બેસી રહ્યો હતો. આજે કોઇનો ભાઇ, તો કોઇનો મિત્ર હણાયા વગર રહ્યો ન હતો. ત્રેતાળીશ સરદારો મરાયા અથવા ઘાયલ થયા હતા. ત્રીશ હજાર સિપાઇઓ શત્રુની તલવાર કે ગોળાથી કપાઇને કે વીંધાઇને રણક્ષેત્રમાં પડયા હતા. બોરોડિનોની ફતેહથી હજારો સ્ત્રીઓએ તેમના પતિ અને બાળકોએ તેમના પિતા ગુમાવ્યા. એ દુઃખદ સમાચારથી આખા પારિસ નગર ઉપર શોકની છાયા ફરી વળી. રશિયાને થએલું નુકસાન તો એથી એ ભારે હતું. તેના પચાસ હજાર રશિયન સિપાઇઓ લોહીલુહાણ થઇને મેદાનમાં પડયા હતા.

સૂર્ય તો હજી આથમ્યોએ ન હતો. નાસતા રશિયનો અને તેમની પૂંઠે પડેલા ફ્રેન્ચોની તોપોનું ઘેરૂં ગર્જન હજી દૂરથી પણ સંભળાતું હતું છતાં નેપોલિયન ઘોડેસ્વાર થયો અને મરવા પડેલા તથા મરેલા સિપાઈઓથી છવાયલા રણક્ષેત્રમાં ફરવા લાગ્યો. આ દશ્યની ભયાનકતા અને બીભત્સતાની કલ્પના પણ થઇ શકે એમ નથી. આકાશમાં વાદળ ચડી આવ્યું અને ઠંડા પવનના સુસવાટ સાથે વરસાદનું સખત ઝાપટું પડવા લાગ્યું. ઘાયલ થએલા સિપાઈઓ, જેમનામાં ઉઠવાની પણ તાકાત રહી ન હતી, અને જેમનામાંથી કોઇના હાથ તો કોઇના પગ કપાઇ ગયા હતા, તેઓ જેમ તેમ પેટે ચાલીને આસપાસનાં ખાડી કોતરોમાં ભરાઇ જવા લાગ્યા. એવામાં એક ઘાયલ થઇને પડેલા રશિયન સિપાઇ ઉપર નેપોલિયનના ઘોડાનો પગ પડયો જેથી તે ચીસેચીસ પાડી ઉઠયો. નેપોલિયન તેની આર્ત ચીસથી ચમકી ઉઠયો અને તેની બરદાસ્ત કરવાની આજ્ઞા કરી. કોઇએ કહ્યું કે, “ એ તો રશિયન છે. ” નેપોલિયને ઉશ્કેરાઇને જવાબ આપ્યો કે, “**લડાઇ પૂરી થયા પછી કોઇને પણ શત્રુ ન માનવો જોઈએ, પણ તેને મનુષ્ય ગણવો જોઇએ.** ” તે પોતાના સિપાઇઓની સારવાર કરાવવા જેટલી કાળજી રાખતો હતો તેટલીજ કાળજી શત્રુના ઘાયલ

થએલા સિપાઇઓની સારવારમાટે પણ રાખતો હતો.

રશિયન લશ્કર મોસ્કો તરફ નાસતું ગયું. માર્ગમાં જ્યાં લાગ મળતો ત્યાં ત્યાં તોપો ગોઠવી ફ્રેન્ચોને તેઓ અટકાવતા; નદી ઉપરના પૂલ ઉડાવી દેતા; ગામડાંઓ અને ખેતરો સળગાવી મૂકતા; અને બિચારા ગુલામી હાલત ભોગવતા ખેડુતોને ઘરબાર વગરના કરીને ગામમાંથી હાંકી મૂકતા. સાત સાત દિવસસુધી થાકેલા અને ખોરાક વગર સૂકાઈ ગએલા ફ્રેન્ચોએ તેમની પૂંઠ લીધી. તેઓ જ્યાં જ્યાં લડયા ત્યાં જીત્યા ખરા , પણ તેમની હાલત સુધરી નહિ. અનાજનો એક દાણો કે ઘાસનો એક પૂળો પણ તેમને મળ્યો નહિ. બીજી બાજુએ મોસ્કોનો સુબો પણ શહેરને ખાલી કરાવી તેને સદંતર સળગાવી મૂકવાની જબ્બર તૈયારી કરી રહ્યો હતો.

સપ્ટેમ્બરની ૧૪ મી તારીખે એક ટેકરીની ટોચ ઉપરથી નેપોલિયનની નજર મોસ્કોના ચળકતા ઘુમ્મટ અને મિનારા ઉપર પડી. આ સમાચાર સૈન્યમાં પ્રસરી ગયા અને "મોસ્કો ! મોસ્કો !" ના હર્ષનાદ ચોતરફથી સંભળાવા લાગ્યા. મોસ્કોના દર્શનથી થાક્યા ભૂખ્યા સિપાઇઓના મનમાં પેટભરીને ખાવાની અને નિરાંત વાળી સૂવાની આશા પ્રકટી. તેઓ શહેરની નજીક આવી પહોંચ્યા પણ ત્યાં તો બધું શાંત અને ચૂપાચૂપ જણાયું; અને નેપોલિયનને ચોંકાવનારા સમાચાર મળ્યા કે શહેર તો ખાલીખમ થઇ ગએલું છે. શહેરને આગ લગાડવા માટે કેદખાનામાંથી છોડી મૂકેલા માત્ર થોડા ઘણા બદમાસ કંગાલ માણસોજ ત્યાં જોવામાં આવતા હતા. તેઓ દારૂ પીને ચકચૂર હાલતમાં આવેલા હતા અને તેમનો દેખાવ ગંદો, બીભત્સ અને ચીતરી ચડે એવો હતો. આખું શહેર સદંતર ખાલીજ થઇ ગએલું જોઇને નેપોલિયનની અજાયબીનો પાર ન રહ્યો. વળી શહેરને આગ લગાડવામાં આવનાર છે એવી અફવા પણ તેને કાને આવી. કોઇ પણ પ્રજા આવો ઉગ્ર ભોગ આપવા તૈયાર થાય એમ તેણે કદિ પણ માન્યું ન હતું. અડધી જંગલી અને નિરંકુશ રાજસત્તા નીચે કચરાયલી પ્રજાજ આવું આખરનું ભયંકર પગલું ભરવા તૈયાર થાય. શહેરમાંથી સિપાઇઓએ બંદુકના કુંદાનો માર મારીને બિચારી રાંકડી રૈયતને ઘરબાર વગરની કરીને કહાડી મૂકી હતી. તેમાંથી એક લાખ ઉપરાંત સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો ઠંડી અને ભૂખમરાથી મોતને શરણ થયાં. બાકીનાં જેમણે રશિયન સૈન્યની સાથે સાથે જવાનું પસંદ કર્યું હતું તેમાંથી પણ હજારો માણસો થાક અને ઠંડીથી મરણ પામ્યાં. નેપોલિયનનો તો આવા શ્મશાન જેવા અને ગોઝારા શહેરમાં દાખલ થવા પગજ ન ઉપડયો, અને તેથી તે શહેર બહારજ રહ્યો.તેણે હુકમ કર્યો કે સિપાઇઓ શહેર ન લૂંટે. તેઓ બિચારા ખોરાક અને રહેઠાણ શોધવા શહેરમાં રખડવા લાગ્યા. ગામલોકોએ શહેર એટલી ઉતાવળમાં ખાલી કર્યું હતું કે સ્ત્રીઓનાં કિંમતી ઘરેણાં તેમનાં શણગારનાં ટેબલો ઉપરજ એમનાં એમ પડયાં હતાં અને વેપારીઓના પત્રો અને સોનામોહોરોની

કોથળીઓ તેમની પેઢીઓ ઉપરજ પડી રહી હતી !

નેપોલિયન હવે પારિસથી અઢી હજાર માઇલ દૂર આવ્યો હતો. કોઇક આગામી ભયંકર આફતના ભણકારા તેને સંભળાતા હતા અને તેથી તે ઘણો ચિંતાતુર રહેતો હતો. તે આરામ લેવા સૂતો પણ આંખ ન મીંચાઇ. તે વારંવાર ઉઠી ઉઠીને પહેરાવાળાને પૂછતો કે કાંઇ અકસ્માત તો થયો નથી ને ? સવારમાં રશિયાના પ્રાચીન રાજાઓના ક્રેમ્લીન નામના ઐતિહાસિક રાજમહેલમાં તે પોતાનો મુકામ લઇ ગયો. ત્યાં ગયા પછી તેણે પોતાના હમેશના રિવાજ મુજબ અલેક્ઝાન્ડરને નીચે મુજબ પત્ર લખ્યો અને એક રશિયન અમલદાર જે દવાખાનામાં હતો તેની મારફતે રવાના કર્યો.

“ લડાઈના તડકા છાંયડી ગમે તે સ્વરૂપ લે પણ મારા એકવારના ટિલ્સિટ અને એર્ફર્થના મિત્રને માટે મારો સદ્ભાવ લેશમાત્ર પણ ઓછો થવાનો નથી. ”

લશ્કરને તેમના નવા રહેઠાણમાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં બીજો દિવસ આખો પસાર થઇ ગયો. સિપાઇઓ છૂટથી મોસ્કોની સૂની શેરીઓમાં રખડતા અને સુંદરમાં સુંદર રાચરચીલાંવાળા મહેલોમાં મુકામ કરતા. જનસમાજનાં કચરા જેવાં અને કમકમાટી ઉપજાવે એવા દેખાવવાળાં વીશ હજાર સ્ત્રીપુરુષો તેમનાં સંતાઇ રહેવાનાં રહેઠાણમાંથી છાનાંમાનાં નીકળી આવીને તેઓ પણ સિપાઇઓની સાથે ભળી ગયાં. દશ હજાર કેદીઓ જેમને શહેરને સળગાવી મૂકવા માટેજ છોડી મૂકયા હતા તેઓ હવે તેમના ભયંકર કૃત્યની ગુપ્ત રીતે તૈયારી કરવા લાગ્યા. ક્રેમ્લીનનો મહેલ જ્યાં નેપોલિયનનો મુકામ હતો તેની નીચે તથા જ્યાં સિપાઇઓના મુકામ હતા તે બધા મહેલની નીચે ભોંયરાઓમાં દારૂનો અથાગ ભંડાર આગળથી મૂકી રાખ્યો હતો. બોંબગોળા તથા એવાં બીજાં નાશકારક યંત્રો ઓરડા તથા ભોંયરાંમાં પુષ્કળ પ્રમાણમાં છુપાવી રાખ્યાં હતાં.એ બધાં સળગી ઉઠે તો આગ હોલવવા જનારાઓનો પણ નાશ થાય. પાણીના ફુવારા ભાગી નાખ્યા હતા, નળ કાપી નાખ્યા હતા અને આગ હોલવવાના બંબા પણ બન્યા તેટલા ઉઠાવી જવા ઉપરાંત બાકીનાને ભાંગી ફોડીને નકામા કરી નાખ્યા હતા. આવા રશિયાની આપખુદ સત્તા પોતાની રૈયત ઉપર પણ આવી અદ્વિતીય ક્રૂરતા વાપરવામાં ચૂકી ન હતી.

આ બધી તૈયારીઓ એક તો છૂપી રીતે કરવામાં આવી હતી અને વળી શહેરમાં દાખલ થવાની ગરબડમાં ફ્રેન્ચ લશ્કરના જોવામાં પણ તે આવી ન હતી; તો પણ આગ લગાડવામાં આવનાર છે એવી અફવા અને તેની સાથે તદ્દન ખાલી થઈ ગએલું સૂનકાર જેવું શહેર એ બેની ભેગી અસરથી ફ્રેન્ચ સિપાઇઓ જેઓ જીતનાર છતાં એક પ્રકારના કેદીના જેવા હતા. તેમના મનમાં નહિ સમજી શકાય એવી ધાસ્તી પેઠી હતી. છતાં દિવસ તો શાંતિમાં પસાર થઈ ગયો.

હવે ૧૮૧૨ ના સપ્ટેંબરની ૧૬ મી તારીખની ભયાનક કાળરાત્રિનો અમલ શરૂ

થયો. આકાશમાં વાદળ ઘેરાયું હતું અને પવન પણ છૂટયો હતો. કુદરત પણ રશિયનોને મદદ કરવા ચાહતી હતી. નેપોલિયન જીતતો જીતતો તેની રાજધાનીથી અઢી હજાર માઇલ દૂર આવ્યો હતો. ઇંગ્લંડ, સ્પેન, પોર્ટુગાલ, સ્વીડન જેની કુમકે ઉભાં હતાં અને યૂરોપ ખંડમાંના સૌથી બળવાન રાજ્યની રાજધાની આજે જેના હાથમાં હતી, તેનાં પરાક્રમ જોઈ સમગ્ર યૂરોપ આશ્ચર્યચકિત થઈ ગયો હતો; પરંતુ તે પોતે તો પોતાના વિજયના અવસરમાં પણ અત્યારે ગમગીન ચિત્તે બેઠો હતો. ભવિષ્યનાં અણચિંતવ્યાં સંકટના ભણકારા તેના મનને ઉદ્વિગ્ન કરી નાખતા હતા.

મધ્યરાત્રિએ શારીરિક અને માનસિક શ્રમથી થાકીને નરમ થઇ ગએલો નેપોલિયન સૂવા ગયો. ક્રેમ્લીનના રાજમહેલની આસપાસ પવનના કારમા સુસવાટા વાતા હતા. એવામાં એકાએક “આગ! આગ!” એવી બૂમ સંભળાઇ. પૂર્વ દિશામાં ઘણે દૂર સમુદ્રનાં મોજાંની માફક ઉછળતા ધૂમાડાનો ઘટ્ટ સમૂહ નજરે પડયો અને અગ્નિની ભયાનક ઝાળ તે ધૂમાડાને ભેદી બહાર ડોકીઆં કરવા લાગી. દારૂના ભંડાર સળગી ઉઠયા; હજારો બોંબગોળા ફાટયા; ઝળહળતા અગ્નિના મોટા મોટા સમૂહ આકાશમાં ઉડવા લાગ્યા અને મકાનો તથા મનુષ્યોનો સંહાર થવા લાગ્યો. મોટાં મોટાં મકાન ધડાકાની સાથે હવામાં ઉડી ગયાં અને નહિ હોલવી શકાય તથા ત્વરાથી સળગી ઉઠે એવા પદાર્થોથી ભરેલી સળગતી હવાઈઓ આકાશમાં ચોતરફ ઉડવા લાગી તથા તેઓમાંથી વરસતા અગ્નિવડે બીજાં મકાનો સળગવા લાગ્યાં. ચારે દિશાએ સેંકડો તોપો ફૂટતી હોય તેવા ધડાકા સંભળાવા લાગ્યા અને પ્રચંડ ધરતીકંપ થયો હોય તેમ પૃથ્વી ધ્રૂજવા લાગી. જોતજોતામાં નવી નવી ઇમારતો આગમાં સપડાતી ગઇ અને બધેજ દારૂ ભરેલો હોવાથી દરેક ઠેકાણેથી નવા નવા જ્વાલામુખી ફાટતા હોય તેમ સહસ્રશિખાયુકત અગ્નિની ઝાળ અને ધૂમાડાનાં વાદળાં ઉડવા લાગ્યાં. થોડાજ કલાકમાં આખું શહેર અગ્નિથી ઢંકાઇ ગયું. ધડાધડ બોંબગોળા ફૂટતા અને દારૂનાં પીપ સળગી ઉઠતાં. ફ્રેન્ચ સિપાઇઓએ આગ સળગાવનારા બદમાસોને સંગીનથી વીંધી વીંધીને માર્યા, પકડી પકડીને બળતી આગમાં હોમી દીધા પણ જીવતા રહેલાઓ દૈત્યોની માફક તેમનું કામ કરતાજ રહ્યા.

ધડાધડ થતા વિવિધ પ્રકારના ધડાકા અને કોલાહલથી નેપોલિયન જાગી ઉઠયો. તેની જિંદગીમાં પહેલીજવાર, આજ પ્રસંગે તે ગભરાયો. તેની ભવિષ્યવેધી નજર આગળ આગામી વિપત્તિઓ એક પળવારમાં ખડી થઇ ગઈ. તે ઓરડામાં આંટા મારતો ગયો, હુકમો છોડતો ગયો અને વારેવારે બારીએ જઇને આગ નિહાળતો ગયો. ક્રેમ્લીનના મહેલની આસપાસ વિશાળ બાગ હતો તેથી તે મહેલ તો સલામત રહેશે એવી આશા તેણે રાખી હતી; પરંતુ તેનાં ભોંયરાં પણ દારૂથી ભરેલાં હતાં અને બધે આગ ફેલાવી દેવાને સળગી ઉઠે એવા પદાર્થો જ્યાં ત્યાં વેરી મૂકેલા હતા.

આ ભયાનક બનાવવિષે બોલતાં નેપોલિયને કહ્યું હતું કે “ ટ્રોય નગરને ગ્રીક સૈન્યે બાળી ભસ્મીભૂત કરી નાખ્યું તેનું કલ્પના અને કવિત્વશક્તિવડે જે અતિશયોક્તિભરેલું વર્ણન કરવામાં આવ્યું છે તેના કરતાં પણ આ મારી નજર આગળ બનેલા બનાવની ભયાનકતા વધારે હતી. ”

સત્તરમી તારીખનો આખો દિવસ અને રાત્રિ પવન જોરથી ફૂંકાયા કર્યો અને આગ જરા પણ નરમ પડયા વગર આખા નગરમાં સર્વત્ર ફરી વળવા લાગી. કદિ પણ ન હોલવાય એવો પ્રચંડ જ્વાળામુખી પર્વતનું રૌદ્ર સ્વરૂપ મોસ્કો નગરે ધારણ કર્યું. આકાશમાં ઘણે ઉંચેસુધી વિવિધ રંગની જવાળાઓ ઉડવા લાગી. કાન બહેરા કરી નાખે એવા દારૂના અને સુરાખારના ધડાકા ઉપર ધડાકા લાગલાગટ ચાલુજ રહ્યા. ઇમારતોના લોખંડના અને પત્થરના વજનદાર ટુકડા જોરથી આકાશમાં ઉછળતા અને જેની ઉપર પડતા તેનો નિર્દયપણે ઘાણ કહાડી નાખતા. સેંકડો માણસો સાંકડી ગલીઓમાં ઘેરાઇ જઇ નાસવાનો માર્ગ નહિ મળવાથી બળીમુઆં. સિપાઈઓ પણ ધૂમાડાથી ગભરાઇ ગએલા અને આગથી અડધા શેકાઇ ગએલા બહાવરા બહાવરા આમતેમ દોડતા હતા. હતભાગ્ય સ્ત્રીઓ બગલમાં બાળકોને લઇને બીકથી ગાંડી બની જઇને ગમે તેમ નાસતી હતી અને આગમાં સપડાઇ જઇને દુઃખદાયક રીતે મરણ પામતી હતી. નેપોલિયને પોતાના સિપાઈઓને તથા બાકી રહી ગએલી શહેરની વસ્તીને બચાવી લેવા મહાભારત પ્રયત્ન જારી કર્યો.

આખરે એકાએક ભયાનક સમાચાર મળ્યા કે ક્રેમ્લીનનો મહેલ પણ આગમાં સપડાઈ ગયો છે. તેની આસપાસ ચારે દિશાએ આગ એવી વીંટળાઇ વળી હતી કે નાસવાનો માર્ગ રહ્યો ન હતો. પુષ્કળ તપાસ કર્યા પછી જણાયું કે પાછલે દરવાજે થઇને કદાચ જવાય તો જવાય. નેપોલિયન તેનાં માણસો સાથે તે રસ્તે થઈને જવા નીકળ્યો. તેમના માથા ઉપર અંગારા વરસતા હતા, ગરમી અને ધૂમાડાથી તેઓ ગુંગળાઇ જતા હતા. એવી હાલતમાં તેઓ આગળ ચાલ્યા અને જ્યાં અગ્નિનો પ્રચંડ અને નહિ ઓળંગી શકાય એવો સમુદ્ર બની ગયો હતો ત્યાં તેઓ આવી પહોંચ્યા. ત્યાંથી તેમને આજુબાજુએ બળતાં મકાનોની વચમાં થઇને એક સાંકડી અને વાંકીચૂકી ગલીમાંથી પસાર થવાનું હતું. આ માર્ગ એટલો જોખમભરેલો હતો કે જીવવાની આશા મૂકયા પછીજ એ રસ્તે પગ મૂકવો જોઇએ; છતાં નેપોલિયન તેના સાથીઓ સાથે એ રસ્તે વળ્યો. આ પ્રમાણે તેઓ ગરમી અને ધૂમાડાથી ગુંગળાતા અને માથાપર પડતા મોટા મોટા અંગારાથી દાઝતા આગળ ચાલ્યા. થોડે ગયા પછી ભોમીઓ ભૂલો પડયો અને બહાવરા જેવો ગુંચવાઇને ઉભો રહ્યો. સઘળાએ હવે બચવાની આશા મૂકી દીધી; પરંતુ આવા ભયંકર અને અણીના વખતમાં નેપોલિયને પોતાના ચિત્તની સ્થિરતા અને ધૈર્ય ગુમાવ્યાં ન હતાં. એવામાં

“ ફ્રાન્સની એક માત્ર આશા ” ને પ્રાણાન્તે પણ બચાવી લેવાની અથવા તો પ્રાણદાન કરવાની પ્રતિજ્ઞા લઇને જનરલ ડેવાઉ બળતી આગમાં યાહોમ ઝુકાવીને દોડી આવ્યો. નેપોલિયન તેને કૃતજ્ઞતાપૂર્વક ભેટી પડયો અને ડેવાઉની મદદથી બળતા મહેલમાંથી તે સહિસલામત બહાર આવ્યો.

ઓગણીસમી તારીખે છેવટે બળી શકે એવા પદાર્થ સીલીકમાં ન રહેવાથી આગ પોતાની મેળેજ શમી ગઈ. ભવ્ય મહેલો અને દેવાલયો, કળા અને વિલાસના નાદર નમુનાઓ, અનેક સૈકાઓ કાળની સામે ટક્કર ઝીલીને ઉભી રહેલી ઇમારતો, પ્રાચીન વીર પુરુષોની દરગાહો વગેરે સર્વ બળીને ભસ્મ થઇ ગયાં અને મોસ્કોની અસલની જાહોજલાલીના સ્મરણ સિવાય બીજું કાંઇજ અવશિષ્ટ ન રહ્યું.

ફ્રેન્ચ લશ્કરે હવે શહેર છોડીને ખુલ્લાં ખેતરોમાં મુકામ કર્યો. તેમની નવી છાવણી અત્યારે ઘણી આશ્ચર્યજનક દેખાતી હતી. તેમની નજીકમાં કિંમતીમાં કિંમતી રાચરચીલાં ભડભડ બળતાં હતાં. બાદશાહી મહેલના કિંમતી પડદાના તંબુઓ તેમને માટે ઉભા કરવામાં આવ્યા હતા. મોંઘામાં મોંઘી આરામખુરશીઓ અને પલંગો ઉપર સામાન્ય સિપાઇઓ આરામ લેતા હતા. ઉંચામાં ઉંચી કાશ્મીરી શાલો, સાઇબીરિયાના ઉમદામાં ઉમદા રૂવાંટીના પોશાક તથા હિંદુસ્તાન અને ઈરાનના હીરામોતીના ઢગલા તેમની સામે પડયા હતા. આટલી બધી અથાગ દોલત અને વૈભવની સામગ્રીઓ તેમની નજર આગળ હોવા છતાં તેઓને ખાવાને અન્ન ન હતું ! સોના ચાંદીની થાળીઓમાં તેઓ ઘોડાઓનું માંસ તથા આગમાં શેકેલા કાચા પાકા રોટલાજ ખાતા હતા ! આખા લશ્કરમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. તેઓ ફ્રાન્સથી અઢી હજાર માઇલ દૂર તદ્દન જંગલી અને શત્રુઓથી ભરેલા પ્રદેશમાં આવી ચડયા હતા અને તેમની આસપાસ બળવાન, કવાયતી અને કોઇ પણ પ્રકારનો ભોગ આપવાને તૈયાર થએલું શત્રુસૈન્ય ઝઝુમી રહ્યું હતું. શિયાળાનાં વાજાં વાગી રહ્યાં હતાં. મોસ્કોમાં તેમણે ખોરાક અને રહેઠાણની આશા રાખી હતી તે પણ આગની સાથે બળીને ભસ્મ થઇ ગઈ.

ક્રેમ્લીનનો મોટો ભાગ બચી જવા પામ્યો હતો. તેમાં નેપોલિયને ફરીથી પાછો પોતાનો મુકામ કર્યો. ત્યાં જતાં રસ્તામાં તેણે માબાપ વગરનાં રખડતાં બાળકોનો આશ્રમ જોયો. તેણે પોતાના ખાનગી કારભારીને કહ્યું કે જાઓ, આ બાળકો આગમાંથી બચ્યાં છે કે નહિ તેની તપાસ કરી આવો. તેણે ત્યાંના અધ્યક્ષને મળી સઘળી પૂછપરછ કરી અને નેપોલિયનને જણાવ્યું કે એક ફ્રેન્ચ પહેરેગીરની કાળજી અને મહેનતને લીધે બધાં બાળકો અને મકાન પણ બચી ગયું છે. આશ્રમના અધ્યક્ષે કહેવડાવ્યું કે “ તમારા શહેનશાહે ઈશ્વરની માફક અમારૂં રક્ષણ કરાવ્યું છે. તેની મદદ ન હોત તો આ આશ્રમ લૂંટાઇ જાત અને આગમાં તેનો નાશ થયો હોત. ”

આ સ્થળેથી નેપોલિયને અલેક્ઝાન્ડરને સલાહ કરવા પત્ર લખ્યો અને તેના ઉત્તરની થોડો વખત રાહ પણ જોઇ. દરમ્યાન તેણે લશ્કરની હાલત સુધારવા, અનાજ વગેરે મેળવવાની વ્યવસ્થા કરવા, અને ફ્રાન્સના રાજ્યવહીવટ સંબંધે આટલે દૂર રહ્યાં રહ્યાં જરૂરના હુકમો મોકલવા પુષ્કળ મહેનત કરી. શિઆળો બેસતા પહેલાં મોસ્કો છોડવાનો તેનો નિશ્ચય તો હતોજ તોપણ પોતે ત્યાંજ રહેવાનો છે અને વસંતઋતુ બેસતાં લડાઈ ચાલુ કરનાર છે, એવો ખ્યાલ રશિયનોને રહે એવી મતલબથી તેણે સારી પેઠે બહારનો ડોળ કરવાનું જારી રાખ્યું.

અક્ટોબરની ચોથી તારીખસુધી ઝાર તરફથી કશો ઉત્તર મળ્યો નહિ ત્યારે રશિયન સેનાધિપતિની પાસે સલાહની સરતો આપીને નેપોલિયને પોતાના એક ઉમરાવને મોકલાવ્યો. તેણે એકવાર પોતાના સેનાધિપતિઓને કહ્યું હતું કે, “ ઝાર મારો મિત્ર છે, પણ તેની સલાહ કરવાની આંતરેચ્છાને વશ થઇને તે પોતે સલાહનું કહેણ મોકલાવે તો તેના દરબારના ઝનુની, જંગલી ઉમરાવો તેને પદભ્રષ્ટ કરીને તેને જાનથી માર્યા વગર રહે નહિ. તેને આ સંકડામણથી ઉગારવાને માટે હું પોતેજ સલાહનું કહેણ મોકલાવું છું. ”

સલાહની સરતો લઇને ગએલા ફ્રેન્ચ ઉમરાવને રશિયન સેનાપતિએ જવાબ આપ્યો કે સલાહ કરવાની મને સત્તા નથી. નેપોલિયને પોતે ઝારને જે પત્રો લખ્યા હતા તેનો તો કશો ઉત્તરજ આપવામાં ન આવ્યો. રશિયાની પ્રજાનો મોટો ભાગ ગુલામના જેવી પરાધીન અને નિ:સત્ત્વ હાલતમાં છે. **નિરંકુશ રાજસત્તા હમેશાં પ્રજાવર્ગની ઉન્નતિને અને સ્વતંત્રતાની ઈચ્છાને દબાવી દેવાનો પ્રયત્ન કરે છે.** એટલા માટે રશિયન સરકારે પોતાના ખેડુતો અને ફ્રેન્ચ સિપાઇઓનો સંસર્ગ થતો અટકાવવા માટે બનતો પ્રયત્ન કર્યો. ગામડાં બાળીને ઉજ્જડ કરી નાખ્યાં અને તેઓ ફ્રેન્ચોને જોવા પણ ન પામે તેટલા માટે જે જે ગામો આગળ થઇને તેઓ કુચ કરવાના હતા ત્યાંના તમામ ગરીબ રહેવાસીઓને ગામમાંથી હાંકી કહાડયા; નેપોલિયન અને તેના સિપાઇઓ દૈત્યો જેવા છે એવું ગામડીઆઓને સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો; તે છતાં પણ રશિયન ગુલામ જેવી રાંકડી રૈયતમાંના કોઇ કોઇ માણસો ફ્રેન્ચોના સમાગમમાં આવવા પામ્યા અને સ્વતંત્રતા શી ચીજ છે તે જિંદગીમાં પહેલી વારજ શીખ્યા.

ફ્રેન્ચો માટે પ્રથમ તેમના મનમાં ભય હતો તેને ઠેકાણે હવે આશ્ચર્ય ઉત્પન્ન થયું અને પછી આશ્ચર્યને ઠેકાણે સન્માન ઉત્પન્ન થવા લાગ્યું. તેમણે જ્યારે જોયું કે નેપોલિયન દરેક લડાઇમાં જીત્યોજ જાય છે અને ઝારના સૈન્યને સૂકા છાલાની માફક ઉડાવતો ચાલ્યો આવે છે ત્યારે તેમણે પણ સ્વતંત્ર થવા માટે ઝારની સામે માથું ઉંચકવાનો વિચાર કર્યો. તેમનામાં પણ કોઇ કોઇ લોકનાયકો થઇ શકે એવા

હતા. તેમણે પોતાના જાતિભાઇઓને જાગૃત કર્યા અને તેમના મનમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની વૃત્તિને ઉત્તેજિત કરી. તેમણે નેપોલિયનને વારંવાર વિનગ્યો કે જો તમે અમને સ્વતંત્રતા અને અમારા મનુષ્ય તરીકેના કુદરતી અધિકાર અપાવો તો અમે લાખોની સંખ્યામાં તમારા લશ્કરમાં જોડાઇએ. નેપોલિયને તેમના કહેણનો અને મદદનો સ્વીકાર ન કર્યો. તેણે કહ્યું કે તેમ કરવાથી રશિયામાં માત્ર ગુલામો અને તેમના માલિકોનું યુદ્ધ જાગશે, અને રશિયાની સાથે સલાહ કરવાનું આપણેમાટે અસંભવિત બની જઈ આખા દેશમાં ખુનરેજી ફેલાઇ જશે.

તે કહેતો કે " ગુલામી હાલતમાં આવી પડેલા ગામડીઆઓ સ્વતંત્રતા માગે છે પણ તેને માટે તેઓ લાયક નથી. ઝારની રૈયતને તેની સામે બળવો કરવામાં હું મદદ કરૂં તો પછી તેની મૈત્રીની તો મારે આશાજ છોડવી પડે. "

આ પ્રમાણે નેપોલિયનની સ્થિતિ સામટી રીતે જોતાં એવી ગુંચવણીભરેલી હતી કે તેમાંથી મુક્ત થવાનો રસ્તોજ ન હતો. તેની જગ્યાએ એના કરતાં વધારે શાણપણ અને દીર્ઘદૃષ્ટિવાળો પુરુષ હોત તોપણ અંતે તેની પણ એજ વલે થાત. તેણે પોલેન્ડનું સ્વરાજ સ્થાપવાની ના પાડી અને તે બહાદૂર પ્રજાને નિરુત્સાહી કરી તેમની સહાયતા ગુમાવી; પરંતુ જો તેણે પોલેન્ડને સ્વરાજ અપાવ્યું હોત તો બીજા હાથપર પ્રશિયા અને આસ્ટ્રિયા તેનાં દુશ્મન થાત ! અલેક્ઝાન્ડરની પ્રજાએ બળવો કરવાની ઇચ્છા કરી તેમાં જો નેપોલિયને તેમને મદદ કરી હોત તો રશિયાના આખા વિશાળ પ્રદેશમાં મનુષ્યરક્તની પ્રચંડ જુઆળ ફરી વળત અને જંગલી ઝનુની જનતાના બળવાની તમામ ભયાનકતા તેના પૂર્ણ સ્વરૂપમાં દર્શન દેત. તેથી આખા યૂરોપના રાજાઓનો ક્રોધ નેપોલિયન તરફ દશગણો વધી જાત. રશિયન જનતાની સ્વતંત્રતા મેળવવાની ઇચ્છાને ઉત્તેજન ન આપ્યાથી તેમની પણ ઘણીજ ઉપયોગી મદદ નેપોલિયને ગુમાવી અને રશિયાના જંગલી ગામડીઆઓના છરાવડે ઠંડીથી ધ્રૂજતા ફ્રેન્ચ સિપાઇઓ માર્યા ગયા. નહિ સમજી શકાય એવી ઈશ્વરી યોજના પ્રમાણે હવે નેપોલિયનની પડતી નિર્માણ થઈ ચૂકી હતી. ગમે તેવા દીર્ઘદર્શી પુરુષથી પણ આ પરિણામ અટકાવાત નહિ. નેપોલિયન વારંવાર કહેતો કે " સેન્ટ હેલેના મારા પ્રારબ્ધમાં નિર્માણ થઇ ચૂકેલોજ હતો. " સર રૉબર્ટ વિલ્સન જાતે આ પ્રસંગે રશિયામાં હતો. તે લખે છે કે " નેપોલિયને રશિયાના બળવાખોરોને ઉત્તેજન ન આપ્યું તેનું કારણ માત્ર એટલુંજ હતું કે તે પોતે આભ્યંતરિક વિદ્રોહને ધિક્કારતો હતો અને કોઇ પણ દેશમાં ખુનરેજી થતી અટકાવવાની દયાર્દ્ર વૃત્તિને તે તાબે થયો હતો."

શિયાળો હવે નજીક આવવા લાગ્યો અને તેની સાથે ફ્રેન્ચ સૈન્ય ઉપર પડનારી આપત્તિનાં અશુભ ચિન્હ પણ દેખાવા લાગ્યાં. નેપોલિયનના સૈન્યની સંખ્યાની દરરોજ કમી થતી હતી ત્યારે શત્રુની વધતી જતી હતી. તેનો ફ્રાન્સ સાથેનો અને

રશિયામાં જે જે ઠેકાણે છાવણીઓ હતી તેની સાથેનો વ્યવહાર સીધો અને સરળ રહ્યો ન હતો. હજારો રશિયન સ્વારો દેશમાં ઘૂમી વળતા હતા; સીધાસામાનનાં ગાડાં લૂંટતા હતા અને નાની છૂટી છવાઇ ટુકડીઓ ઉપર લાગ મળે ત્યારે તૂટી પડતા હતા. આવા કઠણ સંજોગોમાં શું કરવું તે વિષે વિચાર કરવાને સેનાપતિઓની સભા મળી. લાંબી અને દુઃખદાયક ચર્ચા પછી એમ ઠરાવપર આવ્યા કે મોસ્કો છોડવું અને પોલેન્ડમાં શિયાળો વ્યતીત કરવો.

આખા જગતના ઇતિહાસમાં જેનો જોટો નથી મળતો એવા દારુણ યુદ્ધકાર્યમાં રોકાયલો છતાં ફ્રાન્સનો આર્થિક વહીવટ આટલે દૂર રહ્યાં રહ્યાં પણ નેપોલિયન એવી કુશળતાથી ચાલાવતો હતો કે તેની પ્રજા ભારે કરના દબાણમાંથી તદ્દન બચી જવા પામી હતી. કર્નલ નેપિયર એક અંગ્રેજ અને નેપોલિયનનો કટ્ટો પ્રતિસ્પર્ધી હોઇ તેનો નાશ કરવામાં પોતાની તલવાર વાપરી ચૂકેલો હતો. તે નેપિયર નેપોલિયનની કાર્યકુશળતા અને ચારિત્ર્યની પ્રશંસાપાત્ર પ્રમાણિકતાથી નોંધ લેતાં પોતાના ઇતિહાસમાં લખે છે કે " ફ્રાન્સનો વાર્ષિક ખર્ચ ઇંગ્લંડના કરતાં અડધો પણ ન હતો. રૈયત પાસેથી **રાજ્યની આર્થિક નીતિને ભ્રષ્ટ કરનારી લોન લેવાની પદ્ધતિનો** તે સ્વીકાર કરતો ન હતો. તે પોતાની પાછળ દેવું મૂકી ગયો નથી. તેના સમયમાં કોઈ પણ માણસ પોતે ખાસ અધિકારવાળા વર્ગનો છે એવો દાવો કરીને પ્રજાકીય દ્રવ્યનો આળસુપણામાં દુર્વ્યય કરી શકતો નહિ. રાજ્યના **નોકરોને સારો પગાર મળતો પણ તેની સાથે તેમને નોકરી પણ સારી રીતે બજાવવી પડતી. તેમનાથી રોટલા ખાઇને એટલા ભંગાતા નહિ.** તેણે યોજેલી સરકારી હિસાબ રાખવાની પદ્ધતિ સાદી, ચોકસાઇવાળી અને બધી બાબતોનો સમાવેશ કરે એવી હોવાથી તેમાં જરા પણ દગો કે ગોટાળો કરી શકાય એમ ન હતું. ફ્રાન્સની આર્થિક, આદ્યોગિક અને ખેતીવિષયક સ્થિતિ વિષેની હકીકતોનો સંગ્રહ કરવા માટે તેણે બતાવેલી રીતિ મુજબ તૈયાર કરેલું " કેદસ્ત્ર " નામનું દફતર એકલુંજ તેને પ્રજાપ્રિય બનાવવા માટે પૂરતું હતું. તેના વડે દરેક માણસ સમાજમાં પોતાનો દરજ્જો, પોતાની મિલકતની કિંમત, પોતાનું ખાનગી તેમજ પ્રજાકીય દેવું જોઇ શકતો હતો. તેના વડે વારસાહક્ક નક્કી કરી શકાતા, છેતરપિંડી થતી અટકતી, કચેરી ચડવાના પ્રસંગ ઓછા થતા, કરનો બોજો સર્વના ઉપર વાજબીપણે મૂકી શકાતો, મહેસુલમાં ઘટાડો ન થાય અને તે છતાં મહેસુલ ખાતાના અમલદારો રૈયત ઉપર સતાવણી કરી શકતા નહિ, અને ગરીબમાં ગરીબ માણસના પણ હ અને મિલ્કતને પૂરતું રક્ષણ મળતું. "

प्रकरण ५३ मुं–फ्रेन्चो मोस्कोथी पाछा फर्या



મોસ્કો ભસ્મીભૂત થયા પછી ફ્રેન્ચ સૈન્ય એક મહિના સુધી ત્યાં રહ્યું. નેપોલિયન ત્યાં એક લાખ ને વીશ હજાર માણસો સાથે દાખલ થયો હતો. તેણે આખો મહિનો થાકેલા સિપાઇઓને તાજા કરવામાં, ખોરાક મેળવવાની જોગવાઇ કરવામાં અને માંદાઓને સાજા કરવામાં ગાળ્યો. ઘાયલ સિપાઇઓની તે પ્રેમથી દેખરેખ અને બરદાસ્ત કરતો. એકે એક સિપાઈ તેને દિલોજાનીથી ચાહતો હતો. તેમને દવાખાનાઓમાં પડયા મૂકવામાં આવે તો જંગલી, નિર્દય રશિયનો તેમના ઉપર ઘાતકીપણું ગુજારે અને તેમને રીબાવી રીબાવીને મારે એવી હાલતમાં તેમને છોડી જવા કરતાં પોતાની જાત પર કોઈ પણ જાતનું સંકટ વેઠી લેવાનું તે પસંદ કરતો હતો. વળી અલેક્ઝાન્ડર સાથે સમાધાની થઇ જશે એવી પણ તેના મનમાં મજબૂત આશા બંધાઈ હતી.

નેપોલિયનની કુશળ વ્યવસ્થાશક્તિને પરિણામે આખું સૈન્ય પાછું સતેજ થઇ ગયું અને નાસીપાસ તથા દયામણા ન દેખાતાં બધા સિપાઇઓ હતા તેવા પાછા શત્રુનાં કાળજાં કંપાવે એવા બની ગયા. તેમને શહેનશાહ ઉપર અનહદ વિશ્વાસ હોવાને લીધે તેઓ આનંદી અને નિશ્ચિંત થઇ ગયા. માત્ર એકલા નેપોલિયનેજ માથે ઝઝુમી રહેલા સંકટને પૂરેપૂરું જોઈ લીધું હતું. તેની ચિંતા અસાધારણ હતી. તે ફિક્કો, કૃશ અને અસ્થિર બની ગયો હતો.

હવે અકટોબર માસ બેઠો હતો. ઝાડ ઉપરનાં પાંદડાં ખરવા લાગ્યાં હતાં. ઉત્તર દિશાએથી ઠંડો પવન ફૂંકાવા લાગ્યો હતો. નેપોલિયને છેલ્લાં ચાળીશ વર્ષનાં ઋતુ અને હવામાનનાં પત્રકો શિયાળો સાધારણ રીતે ક્યારે શરૂ થાય છે તે જાણવા માટે તપાસી જોયાં હતાં; પણ આ વર્ષે તેરમી અકટોબરે એટલે અગાઉના કોઈ પણ વર્ષ કરતાં ત્રણ અઠવાડીઆં આગમચ બરફ વરસ્યું.

આ દેખાવ જોઇ નેપોલિયન ભયભીત થયો. તેજ પળે મોસ્કો છોડીને પોલેન્ડમાં શિયાળો ગાળવાનો તેણે ઠરાવ કર્યો. પૅાલેન્ડ જવું સહેલું ન હતું. એક હજાર માઇલ

જેટલા વિશાળ ઉજ્જડ વેરાન પ્રદેશમાં થઇને પસાર થવાનું હતું. માર્ગ બરફથી પૂરાઇ ગયા હતા; રશિયન સ્વારો તીડનાં ટોળાંની માફક ચોતરફ દોડાદોડ કરી રહ્યા હતા. એવા સંજોગોમાં એક હજાર માઇલની મજલ કાપીને પાછા હઠવાની મુશ્કેલીનો વિચાર કરતાં પણ મન ભયભીત થયા વગર રહેતું નથી; પણ બચવાનો એજ માત્ર ઉપાય હવે રહ્યો હતો અને નેપોલિયનને તેજ સ્વીકારવો પડયો.

લશ્કર જરા પણ નિરુત્સાહી ન થાય અને શત્રુ ચેતી ન જાય તે માટે અતિશય દીર્ઘદૃષ્ટિથી અને બહારથી બેપરવાઇનો ડોળ કરીને આ કામ લેવાનું હતું. જે રસ્તે થઇને ફ્રેન્ચ સૈન્ય મોસ્કો આવ્યું તેને રશિયનોએ બાળીને એવો સદંતર ઉજ્જડ કરી નાખ્યો હતો કે તેથી બીજેજ માર્ગે થઇને જવાનું તેણે નક્કી કર્યું. અતિશય સંભાળથી માંદા અને ઘાયલ સિપાઇઓને બની શકે તેવી સગવડ અને આરામવાળી ગાડીઓમાં બેસાડીને સારા રક્ષણ નીચે રવાના કરવામાં આવ્યા. અઢારમી અકટોબરે બાકીના લશ્કર સાથે નેપોલિયને મોસ્કો છોડયું. રશિયન સેનાપતિ તેની બધી હિલચાલ તપાસી રહ્યો હતો. તે ફ્રેન્ચ સૈન્યને પાછળથી હેરાન ન કરે તે માટે થોડું સૈન્ય મોર્ટિયરની સરદારી નીચે મોસ્કોમાં પણ રાખ્યું અને બની શકે તેટલો ટકાવ કર્યા પછીજ છેક છેલ્લી ઘડીએ મોસ્કો છોડવું એવી સૂચના તેને નેપોલિયને આપી.

તે હજીસુધી સઘળે ઠેકાણે જીતતોજ આવ્યો હતો. શત્રુના રાજ્યના બરાબર મધ્ય ભાગસુધી તે પહોંચી ગયો પણ તેની ગતિને કોઇ રોકી શકયુ ન હતું. રશિયન સૈન્ય કેલોગા આગળ મજબૂત પડાવ નાખીને ઉભું હતું. તે તરફ હવે તે વિજયધ્વજા ફફડાવતો જતો હતો અને ત્યાં પણ શત્રુને છક્કડ ખવરાવીને થોડા મહિના પોલેન્ડમાં ગાળવાના ઈરાદાથી તે નીકળ્યો હતો. તેનું સૈન્ય વિજયવંત સૈન્યની માફક દૃઢતાથી અને મર્દાનગીથી કુચ કરતું હતું. ગભરાટ, ભય, અને નિરાશા તેમના હૃદયમાંથી ઉડી ગયાં હતાં.

ઓગણીસમી અકટોબરે ફ્રેન્ચ સૈન્ય નાની હારમાં ગોઠવાઇને વ્યવસ્થાપૂર્વક ચાલવા લાગ્યું. હવા ઠંડી હતી પણ આકાશ સ્વચ્છ હતું. તારાઓ ઝગમગતા હતા. થોડી વારે સૂર્ય ઉગ્યો અને બરફથી ઢંકાયલી ટેકરીઓનો પ્રદેશ તેના તેજથી ઝળહળી રહ્યો. આ ચિન્હ આશાજનક હતાં. બે દિવસસુધી વગર હરકતે તેઓ આગળ વધ્યા. આઠ હજાર સિપાઇઓની ટુકડી મોર્ટિયરની સરદારી નીચે મોસ્કોમાં રહી હતી. રશિયન સૈન્ય એટલી મોટી સંખ્યામાં એકઠું થયું હતું કે તેઓ તરફથી ફ્રેન્ચ સૈન્ય ઉપર પાછળથી હુમલો થવાનો પૂરેપૂરો સંભવ હતો. વળી મોસ્કોમાં દારૂગોળાનો એટલો ભંડાર ભેગો કરવામાં આવ્યો હતો કે બધો સાથે લઇ જવાય એમ ન હતું. તેમ તેને શત્રુના હાથમાં જતો અટકાવવાની પણ જરૂર હતી. નેપોલિયન બહાદૂર અને રાજભક્ત સેનાપતિ મોર્ટિયરને ભેટયો અને તેનાથી છૂટા પડતાં

તેણે ખેદથી પણ સરળભાવે કહ્યું, " હું તમારી ફતેહ ઉપર આધાર રાખું છું. આપણે ઘણીવાર આત્મબલિદાન આપવાં પડે છે. "

તે નિડર યોદ્ધાએ જરા પણ બબડયા વગર પોતાની જોખમભરેલી જગ્યા સ્વીકારી લીધી. તેની આસપાસ રશિયન દળ અષાઢ માસના વાદળની માફક જામતું ગયું. ફ્રેન્ચ સૈન્યને સરસામાનનાં ગાડાંસહિત મોસ્કો છોડતાં ચાર દિવસ લાગ્યા ત્યાં સુધી તેણે દુશ્મનોને બહાદૂરીથી ખાળી રાખ્યા. જે બુરજો ઉપર ઉભો રહીને તે લડતો તેનાં ભોંયરાંમાં હજારો ખાંડી દારૂગોળો ભરેલો હતો. શત્રુની તોપોના ગોળા ધડાધડ વરસતા હોવાથી એક તણખો પણ તે દારૂગોળાને લાગે તો તે પોતે આખા સૈન્યસહિત હવામાં ઉડી જાય તેમ હતું; છતાં પણ લેશમાત્ર પણ ડર્યા વગર શહેરમાંથી પસાર થતા પોતાના મિત્રોનું રક્ષણ કરવા માટે છેક છેલ્લો માણસ નીકળી જતાં સુધી પણ તે અડગપણે ઉભો રહ્યો. હવે આખરની પળ આવી પહોંચી. તેની ફરજ પૂરી થઈ. ભોંયરામાં ભરેલાં દારૂનાં પીપ સળગાવી મૂકવા માટેની જામગ્રીઓ તેણે તૈયાર ગોઠવી રાખી હતી. માત્ર દીવાસળી ચાંપવાનીજ વાટ હતી. મોર્ટિયર અને તેનાં માણસો ઉતાવળે પગલે તે જ્વાલામુખીના શિખરપરથી ઉતરી પડયાં અને તરત દીવાસળી ચંપાઇ. લૂંટવાને અધીરા બનેલા રશિયનો ભૂખ્યા તીડની માફક આગળ ધસ્યા; પરંતુ પૃથ્વીનાં પડે પડ તોડી નાખે અને આકાશને પણ ચીરી નાખે એવો પ્રચંડ ધડાકો થયો. ક્રેમ્લીનનો જબરદસ્ત મહેલ હવામાં ઉડી ગયો અને તેની સાથે હજારો રશિયનોના પણ ફુરચે ફુરચા ઉડી ગયા. ભારવટીઆ, વાંભલા, પથ્થરો જે આકાશમાં ઉડયા હતા તે ધડાધડ જમીનપર વરસવા લાગ્યા અને નીચે ઉભેલા રશિયન સૈન્યનો કચ્ચરઘાણ નીકળી ગયો. આ વખતે નેપોલિયન મોસ્કોથી ત્રીશ માઇલને છેટે હતો. એટલે દૂરથી સઘળાએ આ ભયાનક ધડાકો સાંભળ્યો અને તે દ્વારા મોસ્કો પડયાના સમાચાર તેમણે જાણ્યા. મોર્ટિયરે હવે નાસવા માંડયું અને થોડા વખતમાં તે મુખ્ય સૈન્યને જઇ મળ્યો.

૨૩ મી અકટોબરે નેપોલિયન મોસ્કોથી સાઠ માઇલ દૂર નીકળી ગયો. અઢાર હજાર ફ્રેન્ચ અને ઇટાલિયન સિપાઇઓ લઇને તેનો સાવકો પુત્ર યુજિન તેની મદદે ચાલ્યો આવતો હતો, અને માત્ર બારજ માઇલ દૂર હતો. ચાર વાગે તેના લાંબી મજલથી થાકેલા સિપાઇઓ ઉંઘતા હતા. તેવામાં પચાશ હજાર રશિયનોએ તેમના ઉપર છાપો માર્યો. યુજિને સમયસૂચકતા વાપરી લશ્કરને સાવધ કરી વ્યૂહબદ્ધ કરી દીધું અને સખત લડાઈ લડયા પછી ભારે ખુવારી સાથે રશિયનોને તેણે જંગલોમાં મારી કહાડયા. નેપોલિયન બીજે દિવસે ત્યાં આવી પહોંચ્યો અને પુત્રને ગર્વસહિત ભેટીને કહ્યું, " આજનું તારૂં પરાક્રમ સર્વોત્તમ ગણાશે. "

હવે તેમને સાંકડી ખીણોમાંથી પસાર થવાનું હતું. એ ખીણોમાં તેમના કરતા

વધારે મોટું રશિયન લશ્કર ઘણીજ મજબૂત જગ્યાએ ગોઠવાઇને તેમનો માર્ગ રોકીને ઉભું છે એવા સમાચાર મળ્યા. બાતમી મેળવવાને જનરલ બેસિયર્સને આગળથી મોકલવામાં આવ્યો. તેણે કહેવડાવ્યું કે એક લાખ અને ત્રીશ હજાર રશિયનો ખીણે ખીણ અને ટેકરીએ ટેકરીએ ગોઠવાઇ ગયા છે અને તેમણે પસંદ કરેલી જગ્યા એવી સુદૃઢ છે કે તેમના ઉપર હુમલો કરીને તેમને હઠાવાય એમ છેજ નહિ. આ સમાચાર સાંભળીને નેપોલિયન સ્તબ્ધ થઇ ગયો. તેનું માથું છાતીપર ઢળી પડયું અને અદબવાળી ઘણાજ ઉંડા અને ઉદ્વેગભર્યા વિચારોમાં ડૂબી જઇને તે ઓરડામાં આંટા મારવા લાગ્યો. તે આખી રાત ઉંઘ્યોજ નહિ. પથારીમાં જરા આડો થયો પણ તરતજ પાછો બેઠો થયો. નકશા જોઇ વળ્યો. હજાર જાતની પૂછપરછ કરી. તેના ચિત્તની ચંચળતાવડે તેની ચિંતાતુર હાલત જણાઇ આવતી હતી; પરંતુ જે મહાન આફતમાં તે ઘેરાયો હતો તે સંબંધી એક પણ શબ્દ તેના મોંમાંથી નીકળ્યો નહિ.

રશિયન સ્વારોનાં ટોળાં ઠેર ઠેર ઘૂમતા હતાં એવી ખબર હોવા છતાં તે ચાર વાગે અંધારામાં ઉઠીને થોડા માઇલ ફરી આવ્યો. એટલામાં સેનાપતિ બેસિયર્સ પણ આવી પહોંચ્યો. અંધારામાં ને અંધારામાંજ નેપોલિયને સરદારોને એકઠા કર્યા. ખીણોમાં ગોઠવાયલું રશિયન સૈન્ય અને તેમનું મજબૂત તોપખાનું જોતાં તે રસ્તે થઇને જવું એ આખા લશ્કરનો જાણી જોઇને નાશ કરી નાખવા જેવું સર્વને લાગ્યું.

આખરે ઘણીજ નાસીપાસી અને ખેદ સાથે નેપોલિયને પોતાનો મુકરર કરેલો માર્ગ છોડીને પ્રથમ પોતે જે રસ્તેથી મોસ્કો આવ્યો હતો તે રસ્તા તરફ વળવાનો ઠરાવ કર્યો. અહિંથી હવે તેના કમનશીબની શરૂઆત થઇ. અહિંથી તેનો સૂર્ય નમ્યો. અત્યારસુધી તેણે કદી હાર ખાધી ન હતી. તેણે મોસ્કો છોડયું હતું પણ તે શત્રુથી હારીને નહિ પરંતુ પૉલેન્ડમાં શિયાળો ગાળવા માટેજ છોડયું હતું; પણ આ પ્રસંગે ક્રૅલોગાની ખીણ આગળ તેણે પહેલીજવાર શત્રુ સૈન્યને પોતાના કરતાં ઘણું બળવાન ધારીને પાછાં પગલાં ભર્યાં. અહિંથીજ તે અત્યંત દુઃખદાયક કહાણી કે જેનો ઈતિહાસમાં જોટો મળી આવતો નથી તેનું પગરણ મંડાયું. સાતસો પચાસ માઇલના પ્રદેશમાં માત્ર બેજ ઠેકાણે નેપોલિયનના લશ્કરી થાણાં અને અનાજના ભંડાર હતા. ત્યાંજ માત્ર તેના સૈન્યને ખોરાક અને આરામ મળવાનો સંભવ હતો. બાકીનો તમામ પ્રવાસ બરફવાળા પ્રદેશમાંથી જવાની મુશીબતો, અન્નવસ્ત્રની તંગી અને તે ઉપરાંત તેમને પળે પળે રંજાડતી શત્રુના સ્વારોની ટોળીઓ, એ સર્વ અસહ્ય મુશ્કેલીઓની વચ્ચે કરવાનો હતો.

છતાં પણ હજી નેપોલિયનના નામ માત્રથી તેના શત્રુઓના મનમાં જે ભય પેદા થતો હતો તે તો હજી કાયમજ રહ્યો હતો. આશ્ચર્યજનક બીના એ બની કે આવો

મજબૂત મોરચો નાખીને ગોઠવાયલું રશિયન સૈન્ય નેપોલિયન નજીક આવ્યો છે એટલું સાંભળીનેજ ગભરાઇ ગયું અને પોતે લીધેલી મજબૂત જગ્યા છોડીને દૂર નાસી જવાની તૈયારી કરવા લાગ્યું ! એક બાજુએ જ્યારે તેમનાથી ડરીને નેપોલિયન અવળે રસ્તે જવા લાગ્યો ત્યારે તેજ વખતે રશિયનો તેનાથી ડરીને આઘા જવા લાગ્યા હતા; પણ બેઉ પક્ષે પોતાની હિલચાલથી સામા પક્ષને બિનવાકેફ રાખ્યો હતો. નેપોલિયનને શત્રુસૈન્યની હિલચાલની ખબર પડી હોત તો તે પોતાના અસલ ઠરાવ પ્રમાણે બેધડક આગળ વધ્યો હોત અને ફ્રેન્ચ સૈન્ય ભયંકર વિપત્તિમાંથી બચી જાત; પરંતુ કેટલીકવાર સાધારણ રીતે કેટલાક નજીવા જેવા બનાવોમાંથીજ જગત્ની મહાન ઘટનાઓ ઘડાય છે !

૨૬ મી અકટોબરે ફ્રેન્ચ સૈન્યે પાછાં પગલાં કર્યાં. દરેક સિપાઇ તેના સરદારના જેટલોજ ખિન્ન થએલો હતો. જે શત્રુને તેમણે અનેકવાર સૂકા ઘાસની માફક ઉડાવી દીધા હતા તેમની સામેથી તેઓ ચૂપચાપ નીચી નજર કરીને ઉદાસીનપણે પાછે પગલે હઠયા. ફ્રેન્ચો પાછા હઠયા છે એવી ખબર રશિયન સૈન્યને પડી કે તરતજ તેમણે તેમની પૂંઠ લીધી. કોઇ પણ સજ્જનને કંપારી ઉપજાવે એવી હેવાનિયતભરી વર્તણુક આ પ્રસંગે રશિયાએ બતાવી. બીજા હાથપર આ લડાઇમાં દયા અને સૌજન્યનો વધારે ઉપયોગ કરવામાટે નેપોલિયને પોતાથી બનતો સઘળો પ્રયત્ન કર્યો હતો. પોતે જે પ્રદેશમાંથી પસાર થતો હતો તેને પાયમાલ કરવાની મનાઇને લગતું જે જાહેરનામું તેણે પ્રકટ કર્યું હતું તેમાં તેણે લખ્યું હતું કે “ રૈયતનાં સંકટોમાં વૃદ્ધિ કરવા જતાં મારૂં હૃદય કંપે છે. થોડાક રશિયન બદમાસો જેઓ જંગલી અસભ્ય પ્રજાની નીચ યુદ્ધનીતિ ગ્રહણ કરે છે તેમને સજા કરવા જતાં હજારો ખેડુતોને પાયમાલ કરવાનું હું ઇચ્છતો નથી; અને બિચારા બે લાખ ગુલામ જેવા મજૂરો જેઓ આ જંગલીપણામાં ભાગીદાર નથી તેમને ગુજરાનના સાધન વગરના કરી મૂકવાનું હું પસંદ કરતો નથી.” તેણે રશિયન સેનાપતિને પણ પત્ર લખીને લડાઈ વધારે મર્દાની ભરેલી રીતે ચલાવવા વિનતિ કરી; પણ તેણે ઉત્તર આપ્યો કે “ રશિયન પ્રજાના સ્વદેશપ્રેમને હું રોકી શકતો નથી.” બસ. પછી આસુરી વૃત્તિએ પૂરેપૂરો ઉછાળો માર્યો. ફ્રેન્ચો ઉપર દરેક જાતનું ઘાતકીપણું ગુજારવામાં આવ્યું અને તેના બદલામાં તેમણે પણ કેર વર્તાવ્યો.

૨૮ મી તારીખે ફ્રેન્ચો બીજી વાર બોરોડિનોના મેદાન આગળ આવી પહોંચ્યા. હજી પણ વરૂઓએ અડધાં કરડી ખાધેલાં હજારો મુડદાં સ્થળને ભયાનક બનાવી રહ્યાં હતાં. લડાઇમાં ઘડાઇને રીઢા થઇ ગએલા સિપાઇઓ પણ આ ત્રાસદાયક દેખાવથી કંપારી ખાઇને બોલ્યા ચાલ્યા વિના એ જગ્યા વટાવી જવા લાગ્યા. ૨૯ મી તારીખે તેઓ એક જૂના મઠ આગળ આવ્યા. એ મઠનો હાલ લશ્કરી દવાખાના

તરીકે ઉપયોગ થતો હતો. પૂરતી ગાડીઓ મળી નહિ એ બહાને ઘણા ઘાયલ થએલા સિપાઇઓને પડયા રહેવા દીધેલા જોઇને નેપોલિયનને ઘણી નવાઈ લાગી. તેણે હુકમ કર્યો કે ગમે તે પ્રકારની ગાડી હોય તોપણ તેમાં ઓછામાં ઓછા એક સિપાઇને તો બેસાડી લેવોજ. આ હુકમનું પૂરેપૂરૂં પાલન થતા સુધી તે જાતે ત્યાંજ ઉભો રહ્યો.

નેપોલિયન અત્યારસુધી લશ્કરના પાછલા ભાગ સાથે ચાલતો હતો. ૩૧ મી તારીખે વિયેસ્મા ગામ આગળ પોતાના થાકેલા સિપાઈઓને આરામ આપવા માટે તેણે બે દિવસ સુધી કુચ થોભાવી. પછી લશ્કરના પાછલા ભાગની સરદારીની જોખમભરેલી જગ્યા માર્શલ નેને આપવામાં આવી. ૨ જી નવેંબરે પાછી કુચ શરૂ થઈ. ફ્રેન્ચોના પાછલા ભાગમાં ત્રીશ હજાર માણસોનું સૈન્ય હતું. તેના ઉપર સાઠ હજાર રશિયનો તૂટી પડયા. ફ્રેન્ચ સિપાઇઓમાંના ઘણાકના ઘા હજી રૂઝાયા ન હતા. કોઇના શરીર ઉપર પાટા હતા તો કોઈના હાથ ઝોળીમાં હતા. એવી હાલતમાં પણ તેઓ સાત કલાક સુધી એવા મરણીયા થઇને લઢયા કે રશિયનોને નાસવું પડયું, અને ફ્રેન્ચો આગળ વધ્યા.

દશ દિવસમાં નેપોલિયને ત્રણસો માઇલની મજલ તો કાપી નાખી તોપણ હજી ચાલવાનું બાકી હતું. પાછળથી આવતું શત્રુસૈન્ય દિવસે દિવસે વધારે બળવાન અને હિમ્મતવાન બનતું હતું. પાંચમી નવેંબરની સાંજે આકાશમાં વાદળ ઘેરાયું; જંગલનાં ઝાડોમાં થઇને પવન કારમી રીતે ફુંફવાડા કરતો વાવા લાગ્યો; અને થાકેલા સિપાઇઓ ઠંડીથી ઠરી જવા લાગ્યા. મધરાત્રે બરફનું ભયંકર તોફાન શરૂ થયું, છાવણીનાં તાપણાં હોલવાઈ ગયાં; અને ઉઘાડા મેદાનમાં સૂતેલા સિપાઇઓ ઉપર બરફનો વરસાદ વરસવા લાગ્યો. સવાર પડી પણ સ્થિતિમાં સુધારો થયો નહિ. સૂર્ય તો દેખાયોજ નહિ. આકાશમાંથી વરસાદની પેઠે વરસતા બરફથી સિપાઇઓની આંખો પૂરાઈ જવા લાગી. તેઓ ગભરાયા અને કયી તરફ જવું તેની ગમ નહિ પડવાથી આમતેમ અથડાવા લાગ્યા. પવન તેમનાં પાતળાં કપડાંમાં થઇને સોંસરો નીકળી જતો હતો. તેમનો શ્વાસ પણ મોંમાંથી નીકળતાંજ ઠરી જતો અને બરફ બનીને દાઢીએ ચોંટી જતો. તેમનાં અંગ ઠંડીથી અકડાઈ ગયાં અને હારબંધ ચાલી ન શકવાથી અવ્યવસ્થિત ટોળીઓમાં તેઓ રસ્તો કાપવા લાગ્યા. રસ્તામાં કોઈને ઠોકર વાગવાથી અથવા બરફથી ઢંકાયલા ખાડામાં પગ પડવાથી જે પડી જતા તેમનાથી ઉઠીને ઉભા થવાતું નહિ. બરફના પડ નીચે તે થોડાજ વખતમાં ઢંકાઇ જતા અને નાનો સફેદ બરફનો ટેકરો બની જતા.

ઉપર તથા આસપાસ બરફનું તોફાન અને ઉજ્જડ વેરાન પ્રદેશ સિવાય બીજું કાંઈ નજરે પડે એમ ન હતું. થોડાંક પાઇન જાતિનાં અહિં તહિં ઉગેલાં વૃક્ષ સ્થળની વેરાનતામાં અને ઉદાસીનતામાં વધારો કરતાં હતાં. સંખ્યાબંધ સિપાઇઓ અને

ઘોડાઓ ટપાટપ પડી પડીને મરી જતા. સિપાઈઓના ઠરી ગએલા હાથમાંથી બંદુકો પડી જતી અને કેટલાકના હાથ ઠરી જઈને હથિયાર ઉપરજ ચોંટી જતા. જંગલી કાગડાઓનાં ટોળાં ભયાનક ચીસો પાડીને તેમની ઉપર ઉડાઉડ કરતાં અને જમીનપર પડેલા સિપાઈનો જીવ જવા પહેલાંજ તેનું માંસ કહાડી ખાતાં.

આ કુદરતી આફતમાં વધારો કરવા આવતા હોય તેમ રશિયન સ્વારોનાં ટોળેટોળાં બિચારા ઠરી જતા ફ્રેન્ચ સૈન્યની આસપાસ ભમ્યાજ કરતાં અને વારંવાર તેમના ઉપર તૂટી પડતાં. આ જંગલી પશુતુલ્ય નરાધમો ઘાયલ થએલા અને મરવા પડેલા ફ્રેન્ચ સિપાઈઓનાં કપડાં ઉતારી લેતા, પડેલા ઉપર તલવારના પ્રહાર કરતા, ઉપરાઉપરિ સંગીનોના ગોદા મારતા અને અસહ્ય વેદનાથી જ્યારે તે બિચારા તરફડતા અને બરફમાં ઉઘાડા શરીરે મરી જતા ત્યારે દૈત્ય જેવા રશિયનો ખડખડ હસતા અને મશ્કરી કરતા.

રાત પડી–ભયાનક રાત્રિનો અમલ શરૂ થયો. આરામ લેવાની કે બરફની વૃષ્ટિમાંથી રક્ષણ મેળવવાની કોઈ પણ જગ્યા મળતી નહિ. તાપણી સળગાવવા જેટલાં સૂકાં લાકડાં પણ જોવામાં આવતાં નહિ. બરફનાં તોફાન અને ઠંડા પવનના સૂસવાટ તો નિર્દયપણે તેમનું કામ કર્યેજ જતાં હતાં. ચારે દિશાએ બરફ બરફને બરફજ પથરાઈ રહ્યું હતું. થાકયા, ભૂખ્યા, ઠંડીથી ધ્રૂજતા ભાગ્યહીન ફ્રેન્ચ સિપાઈઓ બરફથી ઢંકાયલી જમીન ઉપર સૂઈ જતા અને સૂતા તે સૂતાજ. તેમનામાંથી હજારો માણસો ફરી ઉઠવાજ પામતા નહિ. ઘોડા પણ માણસોની માફકજ મરવા લાગ્યા. મરેલા ઘોડાનાં ચામડાં સિપાઈઓ ઉખેડી લેતા અને તેના વડે પોતાનાં શરીર ઢાંકતા. કોઈ કોઈવાર સિપાઈઓને જેવો તેવો પણ કાંઈક પૌષ્ટિક ખોરાક મળે તેટલા માટે જીવતા ઘોડાઓને મારી નાખીને તેમનું ગરમાગરમ માંસ આપવામાં આવતું. પોતાની સાથે ઠંડીએ પ્રબળ અસહકાર સાધ્યો તે માટે રશિયનોએ ઈશ્વરનો અને તેમના સંતપુરુષોનો આભાર માન્યો અને ઠંડી વધારે વખત ચાલુ રહે તે માટે તેમની પ્રાર્થના કરી.

આખરે સોળ કલાકની લાંબી ભયંકર રાત્રિ પસાર થઈ ગઈ. છાવણી અને આસપાસનો ત્રાસજનક દેખાવ જોઈને સખતમાં સખત હૈયાનો માણસ પણ સ્તબ્ધ બની જતો. રાત્રે ગોળકુંડાળામાં બેઠેલા સિપાઈઓ ત્યાંના ત્યાંજ ઠરી ગએલા હતા અને તેમના ઉપર બરફનો થર જામી જવાથી ત્યાં નાના નાના અસંખ્ય બરફના ટેકરાઓ બની જતા હતા.

માર્શલ ને અસાધારણ પરિશ્રમ કરીને ઉપર કહી તેવી વિપત્તિમાં ઘેરાયલા સૈન્યનું પાછળથી રક્ષણ કરતો ચાલ્યો આવતો હતો. તેની આસપાસ શત્રુસૈન્યનું દળ જામતું હતું. તેઓ તેના ઉપર વારંવાર હુમલા કર્યાંજ કરતા હતા. તેમની સાથે તે માઈલે માઈલે ઉભો રહી રહીને લડતો; અજાયબ જેવા લશ્કરી દાવપેચથી શત્રુના વ્યૂહને ભેદીને

ઘણે દૂરસુધી તેમના ઘનસમૂહમાં તે ઘૂસી જતો. આ પ્રસંગે તેણે બતાવેલું પરાક્રમ અને કૌશલ્ય જોઇને જગત્ ચકિત થઇ ગયું.

ભયાનક રાત્રિ પૂરી થતાં પાછું ફ્રેન્ચ સૈન્ય અવર્ણ્ય વિટંબણાઓની પરંપરાઓ સહન કરતું આગળ ચાલ્યું. પગલે પગલે તોપોનાં અને સીધાસામાનનાં ગાડાં છોડી દેવાં પડતાં. જુવાન સિપાઇઓ હવે બેતાલીમ બની ગયા. અમલદારો અને સિપાઇઓ હવે અવ્યવસ્થિતપણે ગમે તેમ ચાલતા હતા. માત્ર બાદશાહી અંગરક્ષકોની પલટણોજ તેમની પ્રતિષ્ઠા અને તાલીમ જાળવી રાખ્યાં હતાં.

લશ્કરની દુર્વ્યવસ્થા અને પાયમાલીથી માર્શલ ને એટલો કાયર થઈ ગયો કે તેણે પોતાની હૃદયભેદક સ્થિતિનો હેવાલ કહેવા માટે એક અંગરક્ષકને નેપોલિયન પાસે મોકલ્યો. હવે આ વિપત્તિમાંથી બચવાનો કોઈ પણ ઈલાજ રહ્યો નથી અને પોતાને માથે એક પછી એક પડતી વિટંબણાઓ મૂંગે મોઢે સહન કર્યા સિવાય તેમને છૂટકોજ નથી. માર્શલ નેનો સંદેશો પૂરેપૂરો સાંભળવા જેટલી ધીરજ તેનાથી રાખી શકાઇ નહિ. તેણે કહ્યું, “સરદાર, હું તમારી પાસે એ બધી વિગતો સાંભળવા ચહાતો નથી.” આ વિપત્તિપૂર્ણ પ્રવાસમાં નેપોલિયન શાંત, ગંભીર અને સર્વ પ્રકારનાં દુઃખ સહન કરવાને તૈયાર થઇને બેઠો હતો. શારીરિક દુઃખની તો જાણે તેના ઉપર લેશમાત્ર પણ અસર ન થતી હોય તેમ તેના મોંમાંથી કચવાટનો ઉદ્ગાર સરખો પણ કદિ સંભળાતો નહિ. માત્ર તેની નજીકનાં માણસોનેજ કોઈ કોઈવાર ખબર પડી જતી કે તેને અસાધારણ માનસિક પીડા થતી હતી.

નવેંબરની નવમી તારીખે તે સ્મૉલેંસ્ક આવી પહોંચ્યો. અહિં તેણે પોતાના સિપાઇઓને માટે ખોરાક, વસ્ત્ર અને આશ્રય મેળવવાની આશા રાખી હતી પણ આવતાંની સાથેજ તેણે ખરાબી અને અનાજના સંપૂર્ણ અભાવની નિશાનીઓ જોઇ. માત્ર ભંડારમાં પુષ્કળ દારૂ હતો. મરણીઆ થએલા સિપાઇઓએ તે હદ ઉપરાંત પીધો, છાકટા થઇ ગયા અને બરફવાળી ઉઘાડી શેરીઓમાં પડીને દયામણી હાલતમાં મરી ગયા. સવારમાં જુએ તો સડકો ઉપર જ્યાં ત્યાં મુડદાં ને મુડદાંજ પડયાં હતાં. અહિંથી નેપોલિયને મોસ્કો જતી વખતે અનાજનો અથાગ ભંડાર ભરાવી રાખ્યો હતો પણ તેમાંનું આ વખતે કશુંજ ન નીકળ્યું.

આ અણીને વખતે અનાજનાં ગાડાંની એક ટુકડી ત્યાં આવી પહોંચી. નેપોલિયને તરતજ માર્શલ નેના સિપાઇઓને માટે તે રવાના કરાવી દીધી અને કહ્યું કે “**જેઓ અત્યારે આપણા રક્ષણને માટે લડે છે તેમને આપણે આપણા પહેલાં જમાડવા જોઇએ.**” તેજ વખતે તેણે માર્શલ નેને કહેવડાવ્યું કે તમે રશિયન લશ્કરને થોડા દિવસ તો જરૂર રોકી રાખજો કે જેથી કરીને મને મારા લશ્કરને આરામ આપવાનો તથા તેમને સુવ્યવસ્થિત કરવાનો વખત મળે. આ હુકમ તે

અપરાજિત યોદ્ધાએ માથે ચડાવ્યો અને રશિયનોના હુમલા સામે માત્ર બચાવ કરીનેજ બેસી ન રહેતાં તેણે તેમના ઉપર હુમલો પણ કરવા માંડ્યો અને એવો દૃઢ આગ્રહ કરીને લડ્યો કે તેમને નાસવું પડ્યું. તેની પાસે પૂરતી તોપો અને દારૂગોળો પણ ન હતાં પણ **કદિ પણ શિથિલ ન થાય એવું દૃઢ હૃદયબળ તેની પાસે અખૂટ હતું**. સામાન્ય સિપાઈઓની હારમાં હાથમાં બંદુક લઈને જ્યાં ગોળીઓની ઝડી વરસી રહેતી ત્યાં તે જીવની દરકાર કર્યા વગર ઉભો રહેતો. તેણે આ પ્રસંગે એક મરણીઆ સિપાઈની હિમ્મત ઉપરાંત સર્વ રીતે પ્રવીણ સેનાપતિની કુશળતા બતાવી. અત્યંત ચાલાકીભરેલા લશ્કરી દાવપેચવડે તથા તેના સિપાઈઓ યાહોમ કરીને મોતને તુચ્છકારીને લડતા હતા, તેથી તેણે રશિયનોને એવા તો હંફાવ્યા કે જેથી નેપોલિયનના લશ્કરને ચોવીશ કલાકનો આરામ તો મળીજ ગયો.

સ્મૉલેંસ્કમાં નેપોલિયનને પારિસથી આવેલો ઘણો જરૂરી પેગામ મળ્યો. રાજધાનીમાં મુશ્કેલીઓ વધતી જતી હતી. રશિયામાં ફ્રેન્ચ સૈન્ય ઉપર પડેલી મુશીબતોથી થએલી ખુવારીનો લાભ લઈને કેટલાક કાવત્રાખોરોએ રાજસત્તાને ઉથલાવી નાખીને તેની જગ્યાએ ઘેરીઆ રાજતંત્ર સ્થાપવાની કોશિષ કરવા માંડી હતી. માલેટ નામના એક અધિકારીએ નેપોલિયનના મરણની અફવા ફેલાવી હતી, અને એવા સમાચારથી પ્રજામાં જે ગભરાટ ફેલાયો તેનો તેણે લાભ લીધો હતો. થોડા પ્રજાકીય અંગરક્ષકોને પોતાના પક્ષમાં ફોડી લીધા અને પોતાના હાથમાં રાજતંત્ર લઈ લેવા તેણે ઘણોજ ઉદ્ધતાઈભરેલો પ્રયત્ન કર્યો. તેને સત્તાધારીઓએ પકડીને રાજદ્રોહી તરીકે ગોળીથી ઠાર કરાવ્યો, પણ આ બનાવમાં એટલું તો સ્પષ્ટ સૂચન રહેલુંજ હતું કે ફ્રાન્સની શાંતિનો આધાર માત્ર નેપોલિયનના આયુષ્યપરજ રહેલો છે; ફ્રાન્સમાં રાજસત્તા હજી પૂરેપૂરી જામી નથી; અને શહેનશાહનું મરણ નીપજતાંજ જૂદા જૂદા રાજનૈતિક પક્ષો વચ્ચે આભ્યંતરિક વિદ્રોહ જાગ્યા વિના રહેવાનો નહિ.

આ પેગામ વાંચીને નેપોલિયનને ઘણોજ ક્ષોભ થયો. તે સમજી ગયો કે તેના મરણના સમાચાર ફેલાતાંજ સામ્રાજ્યને ઉથલાવી નાખવાનો પ્રયત્ન થશે, ખૂનખાર આભ્યંતરિક કલહ શરૂ થશે અને જે રાજ્યતંત્રને તેણે અત્યંત પરિશ્રમ અને કાળજીથી પોષ્યું હતું, જે રાજ્યતંત્ર ફ્રાન્સને માટે કલ્યાણપ્રદ નીવડશે એવી તેણે આશા રાખી હતી, જે રાજ્યતંત્રના જનક તરીકે ભવિષ્યની પ્રજા તેનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરશે એવી તેને ઉમેદ હતી; તે રાજ્યતંત્ર માત્ર તેના સર્વોપરિપણા ઉપરજ ટકી રહ્યું હતું અને તેના મરણ પછી તરતજ છિન્નભિન્ન થઈ જવાનું હતું. તેનો પરમ પ્રિય દેશ તેના મરણ પછી પણ સુખશાંતિમાં રહે એવી આશાથી રાજ્યતંત્રને મજબૂત અને સુવ્યવસ્થિત કરવા માટે તેણે અહોનિશ પ્રયત્ન કર્યો હતો.

તે હેતુની સિદ્ધિને અર્થે તેણે ભારેમાં ભારે આત્મબલિદાન આપ્યું હતું, પ્રાણાધિક ઉદારચરિતા જોસેફાઇનનો ત્યાગ કરીને, આસ્ટ્રિયાના પામર રાજાની પુત્રી સાથે તેણે એજ હેતુથી વિવાહ કર્યો હતો; પરંતુ હવે તેને ભારે નિરાશા અને ખેદ સાથે માલમ પડયું કે તેના પુત્રના હક્કની કોઇ પરવા કરતું ન હતું. હવે તેને સમજાયું કે બિચારી માનભંગ થએલી જોસેફાઈન આસ્ટ્રિયાની રાજપુત્રી કરતાં તેને અને ફ્રાન્સને વધારે સબળ ટેકો આપી શકત. જોસેફાઇનને અન્યાય આપવાનો તેનો લેશમાત્ર પણ ઇરાદો ન હતો. એ તો ગેરસમજ અને અજ્ઞાનથીજ થએલું પાપ હતું, પણ પાપ તો હતુંજ. એ પાપ તેણે આખા જગત્ સમક્ષ કર્યું હતું અને આખા જગત્ સમક્ષ તેને ભયંકર શિક્ષા પણ મળી. તેણે ભારે પશ્ચાત્તાપ અને ઉદ્વેગ સાથે કહ્યું કે મારી પોતાની રાજધાનીમાં, બાર બાર વરસસુધી મારો અમલ રહ્યા પછી, મારાં લગ્ન અને પુત્રજન્મ થયા પછી અને મારી આટઆટલી પ્રતિજ્ઞાઓ છતાં પણ મારા મરણ પછી મારી પ્રજાને ફરીથી રાજ્યક્રાંતિના ભયાનક સંકટો સહન કરવાનાં રહે તો ખરેખર રાજમુકુટ ધારણ કરવાને હું લાયકજ નથી. પોતાના સ્વમાનને અને પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે એવી રીતે પહેલીજ તકે અત્રેથી સત્વર પારિસ ઉપડી જવાનો તેણે તરતજ નિશ્ચય કરી નાખ્યો. તેણે જનરલ રૅપને બોલાવીને કહ્યું કે "જ્યારે વિપત્તિ આવે છે ત્યારે ચોતરફથીજ સામટીજ આવે છે. હું એકલો બધે હાજર ન રહી શકું. માટે અત્યારે તો હજાર કામ પડયાં મૂકીને મારે પારિસજ જવું જોઇએ. લોકમતને ફરીથી હતો તેવો કરી દેવાને મારી હાજરી વિના ચાલે એમજ નથી. આપણને સૈન્યની અને નાણાંની પણ જરૂર પડશે. બીજી મોટી જીત મેળવશું એટલે જે કાંઇ બગડયું છે તે પણ સુધારી શકાશે."

આ ઠરાવની માત્ર થોડાકનેજ જાણ કરવામાં આવી હતી; કેમકે એથી સૈન્યમાં વધારે ગભરાટ અને નિરાશા ફેલાઇ જાય.

ત્યાર પછી સ્મૉલેંસ્કમાં નેપોલિયન પાંચ દિવસસુધી રહ્યો. તેટલા વખતમાં તેણે પોતાના વેરણખેરણ થએલા સૈન્યને એકત્ર કર્યું, સૈન્યની બીજી ટુકડીઓ જે જૂદે જૂદે રસ્તેથી આવતી હતી તેમની સ્થિતિની તપાસ કરાવી અને આગળ જતાં વધારે વિપત્તિ ન પડે તેને માટે બનતી તૈયારી કરી. યુજીનનું સૈન્ય લડતાં લડતાં ક્ષીણ થઇ ગયું હતું. તોપો, દારૂગોળો અને સામાનનાં ગાડાં તેને છોડી દેવાં પડયાં હતાં. ડેવાઉ અને નેના સૈન્યની ચારે બાજુએ રશિયન સ્વારોનાં ટોળાં ભમતાં હતાં. ફ્રેન્ચો ઉપર હુમલો કરવાની તો તેમની છાતી ચાલતી ન હતી, પણ નદીનાળાંપરના પૂલ ભાગીને અને ગામડાંઓ બાળીને તેમને બને તેટલું તેઓ પજવતા, અને જ્યારે જ્યારે જંગલ, ટેકરી કે ખીણની અનુકૂળતા મળી જતી ત્યારે સામે મોઢે હુમલો પણ કરતા અને પાછા તરતજ નાસી જતા.

ચૌદમી નવેંબરે સવારે ચાર વાગે નેપોલિયને પાછી કુચ શરૂ કરી. હવે તેના સૈન્યમાં ચાલીશ હજાર લઢી શકે તેવાં માણસો રહ્યાં હતાં. આખા સૈન્યના ચાર ભાગ પાડી મુરા, યુજીન, ડેવાઉ અને નેની સરદારી નીચે એકેક વિભાગ સોંપવામાં આવ્યો. નેપોલિયન સૌથી આગલા ભાગ સાથે ચાલ્યો. માર્શલ ને સાથી પાછળ રહેવાનો હતો. બધું લશ્કર પસાર થઇ જાય ત્યાર પછી તમામ તોપો અને સરસામાનનો નાશ કર્યા પછીજ સ્મૉલેંસ્ક છોડવાનો તેને હુકમ અપાયો હતો.

ઘોડાના નળ ઘસાઇ ગયા હતા; ઘણાકના તો ખરી પડ્યા હતા. તે બિચારાં પ્રાણીઓ રસ્તામાં તરફડીને મરણ પામતાં. સિપાઇઓને તોપો અને ગાડાં હાથે ખેંચવાં પડતાં હતાં. ઘણીવાર લપસણા બરફ ઉપર ચાલતાં નીચેનાં કોતરોમાં સિપાઇઓ તોપોસહિત ગબડી પડતા હતા. વારંવાર શત્રુની તોપોના ગોળા અને બંદુકોની ગોળીઓ તેમના ઉપર ધડાધડ વરસતી હતી. રશિયન સેનાપતિ નેવું હજાર સિપાઇઓનું લશ્કર લઇને ફ્રેન્ચોથી થોડે થોડે અંતરે તેમની સમાંતર લીટીમાંજ ચાલ્યો આવતો હતો. તેના સૈન્ય પાસે પૂરતાં વસ્ત્ર, હથિયાર, અને અનાજના ગાડાં હતાં. તેઓ થોડીવારમાં આગળ નીકળી ગયા અને અનુકૂળ જગ્યા શોધી કહાડી ત્યાં તોપખાનું ગોઠવી ફ્રેન્ચોનો રસ્તો રોકીને ઉભા; પણ બાદશાહી અંગરક્ષકોની પલટણ તેમને તુચ્છકારીને, યાહોમ આગળ ધસી અને એક સપાટામાં રસ્તો ખુલ્લો કરી નાખ્યો. રશિયનો નાઠા પણ ટેકરીઓ ઉપર રહ્યા રહ્યા અગ્નિની ઝડી વરસાવવા લાગ્યા. નેપોલિયનને જાળવવા માટે અંગરક્ષકો મોટી સંખ્યામાં તેની આસપાસ એકદમ વીંટળાઇ વળ્યા અને એ પ્રંમાણે પોતાના પ્રાણાધિક શાહેનશાહને જાળવવા સારૂ પોતાનાં અંગ ઉપર ગોળીઓના વરસાદ ઝીલતા તથા યુદ્ધગીત ગાતા ગાતા સર્વે આગળ ચાલ્યા.

આ પ્રમાણે પહેલો વિભાગ તો પસાર થઈ ગયો. હવે રશિયનોએ યુજીનના વિભાગને રોકવાનો યત્ન કર્યો. તેઓ મજબૂત ખાઇઓ ખોદીને તેનો રસ્તો ઘેરીને ઉભા રહ્યા. તુમુલ યુદ્ધ શરૂ થયું. યુજીનના પંદરસો સિપાઈઓની એક ટુકડી સૌથી આગળ ચાલતી હતી તે વીશ હજાર રશિયનોના વ્યૂહમાં ઘેરાઇ ગઇ. તેમણે તાબે થવાની મગરૂરીથી ના પાડી. નક્કર ચોરસ આકૃતિમાં ગોઠવાઈ જઇને તેઓ મરણીઆ થઇને દુશ્મનો ઉપર તૂટી પડયા અને તેમના વ્યૂહને ભેદીને યુજીન તરફ પાછા આવવા લાગ્યા. રશિયનોએ તેમને રસ્તો આપ્યો અને પોતાના સૈન્યની વચ્ચોવચ આવવા દીધા. પછી કાં તો આ નાનકડી નિ:સહાય ટોળી ઉપર દયા આવવાથી અથવા તેમના શૌર્યને માટે સન્માન ઉત્પન્ન થવાથી રશિયન સિપાઇઓ તેમને તાબે થવાને વિનવવા લાગ્યા. આવા બહાદૂર યોદ્ધાઓ ઉપર ગોળી ચલાવવા તેઓ અતિશય નારાજ જણાયા પણ ફ્રેન્ચોએ શાતિ અને દઢતાથી આગળ વધીને અને સંગીનો

ઉંચી કરીને તેમની માગણીનો જવાબ આપ્યો. શત્રુસૈન્ય તેમનાથી થોડા વારનેજ અંતરે હતું. જેવું તેમણે આગળ પગલું ભર્યું કે તરતજ તેમની ઉપર ચારે બાજુએથી ધડાધડ ગોળીઓ વરસવા લાગી અને તેઓમાંના અડધો અડધ તો પહેલેજ સપાટે જમીનદોસ્ત થઇ ગયા. બાકી રહેલા હજી પણ ડગ્યા નહિ. તેમનો નિશ્ચય શિથિલ થયો નહિ. તેમણે પોતાની હારને સાંકડી કરીને મરણીઆ બનીને આગળ વધવાનું ચાલુજ રાખ્યું. એમ કરતાં કરતાં લગભગ આખી ટુકડી ખતમ થઇ ગઇ અને માત્ર ગણ્યાગાંઠયા સિપાઇઓજ યુજીનના સૈન્ય પાસે જવા પામ્યા!

તેનું લશ્કર ઘેરાઇ ગયું હતું. શત્રુસૈન્ય તેનાથી બમણું મોટું હતું. તેમણે ટેકરીએ ટેકરીએ તોપો ગોઠવી દીધી હતી. એમાંથી એક પણ માણસ જીવતો જાય એવો સંભવ ન હતો. કોઇ પણ રીતે એ ટેકરીઓનો કબ્જો તો લેવોજ જોઇએ.

ત્રણસો માણસોએ એ બીડું ઝડપ્યું. તેઓ જીવપર આવીને ટેકરીપર ચડી ગયા પણ તોપોમાંથી વરસતા ગોળાના મારથી તેમના ફૂરચે ફૂરચા ઉડી ગયા. ત્રણસોમાંથી એક પણ પાછો આવવા પામ્યો નહિ. રાત પડી. અંધારી, ઠંડી અને લાંબી રાત્રિ યુજીનની મદદે આવી પહોચી. તેણે આ સંજોગનો લાભ લઇને નાસી જવાનો ઠરાવ કર્યો. સઘળા ગુપચુપ તૈયાર થઇ ગયા. તાપણીઓ સળગતી રહેવા દીધી. પગલાનો અવાજ કર્યા વગર, દમ ઘૂંટીને તેઓ શત્રુના અભેદ્ય કિલ્લા જેવી ટેકરીને વટાવીને પસાર થવા લાગ્યા. એટલામાં વાદળ ખસી ગયું અને ચંદ્ર ઝળકી નીકળ્યો. રશિયન પહેરેગીર ચેતી ગયો અને બૂમ પાડવા જતો હતો એટલામાંજ એક પોલેન્ડવાસીએ તેને રશિયન ભાષામાં કહ્યું કે અમે તો રશિયનો છીએ અને શત્રુ ઉપર છાપો મારવા જઇએ છીએ. ચોકીદાર છેતરાયો અને યુજીન તેની ટુકડી સાથે ત્યાંથી પસાર થઇ જઇને બીજે દિવસે નેપોલિયનને જઇ મળ્યો.

હવે ડેવાઉ અને તેની સલામતીને માટે નેપોલિયનને બેહદ ચિંતા થવા લાગી. તેની સ્થિતિ અત્યંત ભયંકર હતી, આસપાસ રશિયન સૈન્યનો જમાવ થયા કરતો હતો; છતાં પણ એ બેઉ આવે ત્યાંસુધી આગળ ન જવાનો ઠરાવ કરીને તેણે ત્યાંજ પડાવ નાખ્યો. બે દિવસસુધી આ નાનકડું સૈન્ય ખુલ્લા મેદાનમાં નિડરપણે ઉભું રહ્યું. તેમની આસપાસની ટેકરીઓ ઉપર શત્રુસૈન્ય ગોઠવાયું હતું પણ નેપોલિયનની તેમને એટલી બધી ધાક પેસી ગઇ હતી કે નજીક આવવાની તેમની હિંમત ચાલતી નહિ.

બે દિવસ પસાર થઇ ગયા. છતાં પણ એ બેઉ સેનાપતિના કશા સમાચાર મળ્યા નહિ. તેમને મદદ કરવા માટે પાછા જવાનો નેપોલિયને અત્યંત આશ્ચર્યજનક ઠરાવ કર્યો. **આના કરતાં વધારે સાહસિક અને ઉદારતાભર્યું કાર્ય જગત્ના ઇતિહાસમાં બીજું દષ્ટિએ નથી પડતું.** તે પોતે અને તેનું નાનકડું સૈન્ય હવે

સંપૂર્ણ રીતે સલામત હતું. શત્રુની છેલ્લામાં છેલ્લી હરોલને ભેદીને તે બહાર નીકળી ગયો હતો. ફ્રાન્સ જવા માટે તેને પોતાને માટે તો માર્ગ મોકળો થઈ ગયો હતો. વધારે દિવસ રોકાવાથી શત્રુસૈન્ય તેની આગળ નીકળી જાય, નદીઓ ઉપરના પૂલ અને ખીણોનો કબજો તે લે અને તેનો માર્ગ પૂરેપૂરી રીતે બંધ કરી નાખે એવો સંભવ હતો. આ બધું જોખમ તે સ્પષ્ટ રીતે જોઇ શકયો હતો અને તે છતાં પણ રશિયાના હિમમય પ્રદેશમાં પાછા જઇને પોતાના સેનાપતિઓને છોડવવાનો અથવા તેમની સાથેજ ત્યાં મરવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો.

નેપોલિયન તરફ તેના અનુયાયીઓ આવી અપૂર્વ ભક્તિ શામાટે દાખવતા હતા તે વિષે ઇંગ્લંડ અને અમેરિકાના લોકોને ઘણું આશ્ચર્ય લાગે છે. તેનું કારણ તો એટલુંજ છે કે તે તેમના પ્રેમ અને ભક્તિને માટે સર્વ રીતે યોગ્ય હતો; **તે સૌથી વિશેષ ઉદાર, સૌથી વિશેષ મહાનુભાવ અને સૌથી વિશેષ સ્વાર્થત્યાગી પુરુષ હતો.** જે નેપોલિયને ભૂખમરો અને સખતમાં સખત ઠંડીની જરા પણ પરવા કર્યા વગર, પોતાને હજી એક હજાર માઇલ કાપવાના બાકી હોવા છતાં પણ બરફથી છવાયલા પ્રદેશમાં જેમનો બચાવ કરવાને ફરીથી દાખલ થવાની હામ ભીડી તેને ડેવાઉ અગર ને કેમજ ભૂલી શકે ? તેની પાસે ભૂખમરાથી તવાઇ ગએલા, અશકત થઈ ગએલા અને લગભગ નહિ જેવાં શસ્ત્રવાળા માત્ર નવ હજાર સિપાઇઓ રહ્યા હતા. આ નિર્બળ ફોજવડે તેણે નેવું હજાર રશિયનો ઉપર ધસી જવાનું અપૂર્વ સાહસ કર્યું. તેમના મોરચાઓની અને તોપખાનાંઓની લગોલગ જઇ લડવામાં તેને તેમના ગોળા અને તલવારોથી માર્યા જવાનો ભય હતો; પણ તેમ કરવાથી ડેવાઉ અને ને ઉપર થતું દબાણ કમી થાય એ પણ ચોક્કસજ હતું. જો નેપોલિયન આ બાજુથી રશિયનો ઉપર હુમલો કરે તો ડેવાઉ અને ને બે મળીને તેમના તરફ કાંઇક કમી થએલા શત્રુસૈન્યને મારી હઠાવી શકે તેમ હતું. આવા અસામાન્ય અને દેવતાઇ ચારિત્ર્યને લીધેજ માણસો એવી દિવ્ય વિભૂતિઓને નમે છે.

નેપોલિયન ચારે બાજુએથી ઘેરાઇ ગયો હતો; તોપણ લેશમાત્ર ડર્યા વગર તેણે શત્રુના સૈન્યને ભેદીને અંદર ઘૂસી જવાનો અસામાન્ય પ્રયત્ન આદર્યો. એક દિવસ પોતાના કંગાલ તંબુમાંથી બહાર નીકળતાં તેણે કહ્યું, **" મેં ઘણાં વરસ બાદશાહનું કામ કરી લીધું. હવે પાછો સેનાપતિ બની જાઉં છું."**

શત્રુસૈન્યની એક મજબૂત ટુકડી નેપોલિયનની છાવણીની લગોલગ આવી પહોંચી હતી. તેણે જનરલ રેપને બોલાવીને કહ્યું, " અત્યારે ને અત્યારે જાઓ અને અંધારાનો લાભ લઇને તેમને સંગીનથી મારી કહાડો. મારી આટલી નજીક આવવાની ઉદ્ધતાઈ આજે તેઓ પહેલીજવાર બતાવે છે. તેમને એવી શિક્ષા કરો કે ફરીથી મારી મુખ્ય છાવણીની નજીક આવવાની તેઓ ખોડ ભૂલી જાય."

સવારમાં ખરેખરી લડાઇ શરૂ થાય તે પહેલાં રાતમાં ને રાતમાંજ બે હુમલા કરવામાં આવ્યા અને તેમાં પૂરેપૂરી ફતેહ થઇ. ફ્રેન્ચોએ બીલકુલ બંદુક ફોડયા વગર હાથમાં સંગીનો લઇને શત્રુની ખીચોખીચ હારો ઉપર ધસારો કર્યો. તેમના ઝનુની ધસારાથી રશિયનો ગભરાયા અને નાઠા.

સવાર પડી. નેપોલિયનનું નાતું સૈન્ય ત્રણ બાજુએથી ઘેરાયલું હતું. છ હજાર સિપાઇઓ લઇને તે શત્રુસમૂહના મધ્યભાગ તરફ હિંમતભેર આગળ વધ્યો. મોર્ટિયરે તેની જમણી પાંખ સાચવી અને બાદશાહી અંગરક્ષકો વજ્રદુર્ગ જેવી ચોરસ આકૃતિમાં ગોઠવાઇ જઇને ડાબી બાજુએ કિલ્લાની માફક ઉભા રહ્યા. દારુણ યુદ્ધ શરૂ થયું. રશિયન સૈન્યની સંખ્યાજ એટલી મોટી હતી કે તેઓ શસ્ત્રનો ઉપયોગ કર્યા વિના એકલા પોતાના વજનથી પણ ફ્રેન્ચોને છુંદી નાખવા શક્તિમાન હતા; પરંતુ તે છતાં પણ પોતાની ખાઇઓ છોડીને બહાર આવવાની તેમની હિમ્મત ચાલી નહિ. તોપોના મારથી તેઓ ફ્રેન્ચોનો સંહાર કરતા ગયા તોપણ ફ્રેન્ચો તો બેધડક આગળ વધતાજ ગયા. પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ બાજુએથી શત્રુની તોપોની ભયાનક ગર્જનાઓ સંભળાતી હતી અને માત્ર ઉત્તર દિશાજ ઉઘાડી રહી હતી; પરંતુ હવે તે બાજુ પણ પૂરી લેવા માટે મજબૂત રશિયન ટુકડી જતી હતી નેપોલિયન ચેતી ગયો. ચારે દિશાએથી ઘેરાઈ જવાય તો પછી નાસવાનો માર્ગજ રહે નહિ. માટે ઉત્તર તરફ રશિયનોને ખાળવા માટે સાથી મજબૂત પલટણ તેણે મોકલી દીધી અને પોતે યાહોમ કરીને શત્રુના વ્યૂહને ભેદતો આગળ વધ્યો ગયો.

બપોરના બે સુધી ઘોર સંગ્રામ મચી રહ્યો. નેપોલિયને રશિયનો ઉપર કરેલા ધસારાથી ડેવાઉ ઉપર દબાણ ઓછું થયું. તે રશિયન સ્વારોને મારતો, વીખેરતો આવી પહોંચ્યો. શત્રુની તોપોના ધડાકા વચ્ચે બેઉ સૈન્ય ભેગાં થઈ ગયાં અને ડેવાઉ તો બચ્યો; પણ હજી ને રહી ગયો. તેના કશા સમાચાર મળ્યા ન હતા. કદાચ તે માર્યો પણ ગયો હોય.

હજી પણ પોતાના બહાદૂર સેનાપતિને શત્રુઓની વચમાં એકલો પડતો મૂકીને ચાલ્યા જવાને નેપોલિયન નારાજ હતો. આખરે તેણે જોયું કે વધારે વખત થોભવાથી બધાએ માર્યા જશે એમ વિચારીને ફ્રાન્સ તરફ જવા કબુલ થયો. તેણે મોર્ટિયરને પોતાની રૂબરૂમાં બોલાવીને ઘણીજ દિલગીરી ભરેલા અવાજે કહ્યુ :—

“હવે આપણે એક પળ પણ ગુમાવવી ન જોઇએ. આપણે ચારે બાજુએથી ઘેરાતા જઇએ છીએ. આપણે માટે રશિયામાંથી બહાર નીકળવાનો બોરિસ્થેનિસનો એકજ માર્ગ છે. કદાચ રશિયન સેનાપતિ આપણી આગળ નીકળી જાય તો તે માર્ગ પણ બંધ કરી દે. માટે હું અંગરક્ષકોની ટુકડી લઇને ઉતાવળો તમારી પહેલાં જાઉં છું. તમે અને ડેવાઉ અહિં રહીને રાત પડતાં સુધી શત્રુને ખાળી રાખજો.

પછી તમે પણ ચાલવા માંડજો અને મને પકડી પાડજો."

બહાદુર નેને એકલો છોડીને જતાં તેનું હૃદય ચીરાઈ જતું હતું પણ નાઇલાજે તેણે રણક્ષેત્ર છોડીને ચાલવા માંડ્યું. ડેવાઉ અને મોર્ટયર ત્રણ હજાર માણસોવડે પચાસ હજાર રશિયનોને રોકવા લાગ્યા. જાણે બગીચામાં ફરવા નીકળ્યા હોય તેમ શત્રુના ગોળાના વરસાદથી જરા પણ ગભરાયા વગર અભિમાનપૂર્વક ઘણેજ ધીરે પગલે પોતાના ઘાયલ થએલા સોબતીઓને ઊંચકી લેતા તેઓ પાછા હઠતા ગયા.

નેપોલિયન અને તેનું સૈન્ય આગળ નીકળી ગયું. તે હાથમાં ઝાડની એક ડાળખી પકડીને સિપાઇઓની જોડે પગે ચાલતો હતો. હજી પણ જાણે તેના મનમાં નેની ખોળ કરવા પાછા ફરવાનો વિચાર ચાલી રહ્યો હોય તેમ અનિશ્ચિતપણે અને ધીરે ડગલેજ તે માર્ગ કાપતો હતો. તે દરેક પળે માર્શલ નેને યાદ કરી તેને માટે જીવ બાળ્યા કરતો હતો. તે વારંવાર તેની હિંમત, બુદ્ધિ અને ચારિત્ર્યનાં વખાણ કર્યાજ કરતો. ટુંકો દિવસ પૂરો થયો અને લાંબી, ભયંકર કાળરાત્રિ પાછી આવી પહોંચી. તે પોતાના તંબુમાં એકલો બેઠો બેઠો બબડતો કે "**મારા સિપાઇઓની વિપત્તિ જોઇને મારૂં હૃદય ચીરાઈ જાય છે.**" તેણે મિન્સ્કમાં લશ્કરને રાહત આપવાની આશા રાખી હતી; પણ નવા ખેદજનક સમાચાર મળ્યા કે તે શહેર પણ શત્રુના હાથમાં ગયું છે. પળવાર તો આ સાભળીને નેપોલિયન સ્તબ્ધજ થઇ ગયો પણ તરતજ તેણે સાવધાન થઇને કહ્યું, "કાંઇ ફિકર નહિ. આપણે આપણી સંગીનોવડે રસ્તો કાપી લઈશું."

એમ કરતાં કરતાં ક્ષીણ થઈ ગએલું ફ્રેન્ચ સૈન્ય નીપર નદીની પેલી પાર આવેલા ઓર્ચા શહેરમાં આવી પહોંચ્યું. મોસ્કો છોડયા પછી અહિંજ તેમને પહેલીવાર પેટપૂરતું ખાવાનું મળ્યું.

હજી પણ નેપોલિયન નેને માટે ઝંખ્યા કરતો હતો. આખા સૈન્યમાં ઉદાસીનતા ફેલાઈ ગઈ હતી. તેની છેલ્લી ખબર મળ્યાને ચાર દિવસ થઈ ગયા હતા. બધાએ હવે તેની આશા છોડવા માંડી હતી; તોપણ હજી તેઓ નીપર નદીની પેલી પાર નજર નાખતા હતા, કાન માંડીને સાંભળતા હતા; પણ રશિયન સ્વારોનાં ટોળાં સિવાય બીજું કાંઈ તેમની નજરે આવતું નહિ અને પવનના સુસવાટ સિવાય બીજું કાંઈ સંભળાતું નહિં.

રાત પડી અને આજે સિપાઇઓને ઘણે દિવસે આરામથી સૂવાનાં સાધન મળવાથી થોડીવાર તો તેઓ પોતાની બધીજ વિપત્તિઓ ભૂલી ગયા. નેપોલિયન વાળુ કરતો હતો એટલામાં અવાજ સંભળાયો કે "**માર્શલ ને સલામત છે!**" એક પૉલેન્ડવાસી અમલદાર ત્યાં આવી પહોંચ્યો. તેણે ખબર આપી કે માર્શલ ને થોડાજ માઇલને છેટે છે. રશિયન સ્વારો તેને કાયર કરે છે તેથી તે મદદ મંગાવે છે. આ

સમાચાર સાંભળતાંજ **નેપોલિયન ખુરશી ઉપરથી કુદકો મારીને ઉભો થયો;** અને લાગણીના જુસ્સાને વશ થઇને બોલ્યોઃ—

“ શું આ વાત ખરી છે ? મારા ટુઇલેરીસના ભોંયરામાંની બે અબજ–અધીજ સોના મોહોરો માર્શલ નેને બચાવવા માટે હું ખર્ચી નાખવા તૈયાર છું. ”

રાત્રિ ઘણીજ ઠંડી હતી અને ઘણા દિવસથી થાકેલા સિપાઇઓ ઉંઘી ગયા હતા; પણ યુજીનની સૂચનાને માન આપીને જરા પણ બબડયા વગર પાંચ હજાર સિપાઇઓ ઉઠીને ઉભા થયા. તેઓ અંધારે અંધારે બરફમાં અજાણ્યા રસ્તા ઉપર ૭ માઇલસુધી ચાલ્યા. વચમાં વચમાં તેઓ ઉભા રહેતા અને કાન માંડીને સાંભળતા પણ કશો અવાજ કાને આવતો નહિ. આખરે મધરાત થઇ ગઈ ત્યારે છેવટના ઉપાય તરીકે યુજીને થોડાક તોપોના બાર કરાવ્યા. ઘણે દૂરથી તેના જવાબમાં સામટી બંદુકો ફૂટયાનો ધીમો અવાજ સંભળાયો. બિચારા નેની પાસે એક પણ તોપ રહી ન હતી. બેઉ લશ્કર એક બીજા તરફ આવતાં ગયાં. બહાદૂર, નિડર, ઉદારચરિત યુજીન તેના મિત્રને ભેટી પડયો અને સિપાઇઓ, સેનાપતિઓ અને અમલદારો એક બીજા તરફ દોડી જઈ પ્રેમથી ભેટી પડયા.

બેઉ સૈન્ય હવે હર્ષભેર ઓર્ચા આવી પહોંચ્યાં. માર્શલ ને પોતાનાં સંકટોનું જ્યારે નેપોલિયન આગળ સવિસ્તર વર્ણન કરવા લાગ્યો ત્યારે તેણે તેનો હાથ પકડીને “ વીરશિરોમણિ ” ના ગૌરવયુક્ત નામથી બોલાવી અભિનંદન આપ્યું.

તે નિડર, અપરાજિત સેનાપતિએ પોતાનો જુસ્સો સઘળા સિપાઇઓમાં દાખલ કરી દીધો હતો અને તેથી તેમણે અદ્‌ભુત પરાક્રમો કરી બતાવ્યાં હતાં.

સ્મોલેંસ્કથી ઓર્ચા ૧૦૦ માઇલને છેટે હતું. એટલો પ્રવાસ કરતાં નેનાં ૭ હજાર માણસો પૈકી પંદરસો જીવતાં રહ્યાં હતાં. તેની પાસે એક પણ તોપ રહી ન હતી. માંદા અને ઘાયલ થએલાઓને શત્રુની દયા ઉપર રસ્તામાં છોડી દેવા પડયા હતા. આખે રસ્તે તેણે પોતાના દેશબંધુઓનાં, અને ઘોડાઓનાં ઠરી ગએલાં શબ, ભાંગેલાં હથિયાર અને ઉંધાં પડી ગએલાં ગાડાં જોયાં. તે ઉપરથી તેને ફ્રેન્ચ સૈન્યની વિટંબણાનો ખ્યાલ આવી ગયો. આથી તેણે હિમ્મત છોડી નહિ પણ આગળ વધ્યો. ક્રેસ્નો આગળ જ્યાં નેપોલિયને થોભીને પોતાના સરદારોના બચાવ માટે પોતાનાથી દશગણા શત્રુસૈન્યને હંફાવ્યું હતું ત્યાં તે આવી પહોંચ્યો. ત્યાં પણ તેણે ફ્રેન્ચ સિપાઇઓની લાસોના ઢગલા જોયા. એવામાં એકાએક બરફનું તોફાન થયું. રસ્તો સૂઝવા ન લાગ્યો; અને આવી સ્થિતિમાં તેમના કરતાં અનેકગણું મોટું શત્રુસૈન્ય મજબૂત તોપખાના સાથે રસ્તો રોકીને બેઠેલું તેમણે જોયું. એક રશિયન અમલદારે આવીને નેની તલવારની માગણી કરી. રશિયન સેનાપતિ ફ્રેન્ચ સેનાપતિના અદ્‌ભુત શૌર્યથી સારી પેઠે વાકેફ હતો તેથી આવી માગણી કરવા માટે

તેણે દિલગીરી પણ બતાવી.

રશિયન દૂતે કહ્યું કે “ તમારા જેવા મહાન્ સેનાપતિ અને જગવિખ્યાત યોદ્ધા આગળ આવી નિર્દય માગણી કરવાની અમારા સેનાપતિની જીભ પણ ન ઉપડત, પણ તમારે બચવાનો એક પણ માર્ગ રહ્યો નથી એવી અમારી ખાત્રી થવાથીજ તમે તાબે થાઓ એમ અમારે કહેવું પડે છે. તમારી આસપાસ એંશી હજાર રશિયનોનું સૈન્ય ગોઠવાઈ ગએલું છે. તમને શક હોય તો તમારા કોઇ પણ અમલદારને અમારી સાથે મોકલો. અમારા સેનાપતિ તરફથી તેને અમારૂં સૈન્ય ગણવાની રજા છે.”

પણ નેએ તેનો સુંદર જવાબ આપ્યો કે “ **ફ્રાન્સનો સેનાપતિ કદિ તાબે તો થાયજ નહિ.** ”

આ વાત ચાલતી હતી એટલામાં કાં તો દગાથી અથવા ભૂલથી ફ્રેન્ચ સિપાઈઓની બરાબર છાતીની સામે તાકીને રશિયનોની ચાળીશ તોપો ફોડવામાં આવી. સેંકડો સિપાઈઓ આ અણધાર્યા હુમલાથી લોહીલુહાણ થઈને પડયા. આ વાત આટલેથીજ ન અટકી; પરંતુ જરા પણ રહેમ બતાવ્યા વગર તેઓ ફ્રેન્ચો ઉપર લાગલાગટ અગ્નિનો વરસાદ વરસાવવા લાગ્યા. એક નજરે જોનાર કહે છે કે “અમારી આસપાસની તમામ ટેકરીઓ જેઓ ઠંડી અને શાંત દેખાતી હતી તે પળવારમાંજ જ્વાળામુખીની પેઠે ભભૂકવા લાગી; ” પણ આથી નિરુત્સાહી ન થતાં તેનું શૌર્ય વધ્યું; તેની લડાયક શક્તિ હવે અપૂર્વ રીતે ખીલી નીકળી.

તેની સામે એંશી હજાર મદોન્મત્ત, પ્રચંડ કદના અને સારામાં સારાં હથિયારવાળા રશિયન સિપાઇઓની પલટણો ગોઠવાઈ ગઈ હતી. તે ઉપરાંત સંખ્યાબંધ ઘોડેસ્વાર અને પુષ્કળ તોપખાનું પણ હતું. તેમણે લીધેલી જગ્યા પણ ઘણી મજબૂત હતી. આ બાજુ ને પાસે ભૂખમરાથી નિર્માલ્ય થઈ ગએલા પાંચજ હજાર સિપાઇઓ હતા. તેમનાં હથિયારની ખરાબમાં ખરાબ હાલત થઈ ગએલી હતી અને તેમને ઉપાડવા જેટલું પણ સિપાઇઓમાં બળ રહ્યું ન હતું. તોપખાનામાં માત્ર છજ તોપો તેની પાસે રહેવા પામી હતી. તે છતાં પણ નેએ જરા પણ ક્ષોભ કર્યા વગર શત્રુપર ધસારો કર્યો. પાચ હજાર સિપાઇઓથી એંશી હજાર સિપાઇઓનો કિલ્લા જેવો મજબૂત વ્યૂહ ભેદાયો નહિ. અંધારૂ થતાંસુધી તેઓ લઢયા, પણ હતા ત્યાંને ત્યાંજ રહ્યા. આથી હવે નેએ સિપાઇઓને સ્મૉલેંસ્ક તરફ પાછા ફરવાની આજ્ઞા આપી.

આ હુકમ સાંભળીને તેઓ ચોંકયા, ગભરાયા; રશિયાનાં બરફમય જંગલોમાં પાછા જવાના વાત સાંભળીને મુંઝાયા; પણ બબડયા વગર તાબે થયા. ઉતાવળે પગલે અંધારામાં ને અંધારામા તેઓ ચાલ્યા. બે એક કલાક ચાલ્યા પછી રસ્તામાં એક નાની નદી આવી. તેના ઉપર બરફનું પડ વળ્યું હતું. નેએ તેને ફોડા જોયું અને તે ઉપરથી નદીનો પ્રવાહ કયી દિશાએ જાય છે તે શોધી કહાડયું. તેણે કહ્યું, “ આ

નદી નીપર નદીને મળતી હોવી જોઈએ." આખું લશ્કર તેને કિનારે કિનારે ચાલ્યું. રસ્તામાં એક કઠણ હૈયાની સ્ત્રીએ તજી દીધેલું બાળક તેના જોવામાં આવ્યું. સિંહ જેવા શૂરવીર પણ સ્ત્રીના જેવા કોમળ દિલના તેએ તે બાળકને ઉપાડી લીધું અને તેની માને સોંપ્યું. તે નિર્દય માતાએ તેને ફરીથી ફેંકી દીધું. સિપાઈઓ ખીજવાયા. તેમણે તે પિશાચિણીને પકડીને બરફમાં ફેંકી દીધી અને બાળકને ધાબળામાં વીંટાળી પોતાની સાથે લઈને ચાલતા થયા. રશિયનો તેમની પાછળ પડયા હતા. ને પાસે તોપો તો રહીજ ન હતી એટલે ફ્રેન્ચોની બંદુકોની ગોળી ન પહોંચે તેટલે દૂર રહીને તેઓ તેમના ઉપર તોપોનો મારો ચલાવતા હતા. આવી અવસ્થામાં તેઓ આગળ વધતા ગયા અને આખરે ઓર્ચા આવી પહોંચ્યા.

નેપોલિયન પાસે હવે લઢી શકે એવી સ્થિતિના માત્ર બારજ હજાર સિપાઈઓ રહ્યા હતા. મૉસ્કો જીતનાર એક લાખ ને વીશ હજાર સિપાઈઓ, જેમના પરાક્રમથી યૂરોપ ચકિત થઈ ગયું હતું તેનો એ અવશેષ હતો. તેમની પાછળ બે મોટાં લશ્કર ચાલ્યાં આવતાં હતાં. તુર્કસ્તાન સાથે લડાઈ જાગવાનો સંભવ હોવાથી સાઠ હજાર સિપાઈઓની રશિયન ફોજ તે તરફ ગઈ હતી. ઈંગ્લંડે ચાણક્યનીતિ આદરીને એ લડાઈ અટકાવી અને રશિયા તથા તુર્કી વચ્ચે સલાહ કરાવી. નેપોલિયનની સહીનો એક બનાવટી દસ્તાવેજ તૈયાર કરાવીને તુર્કીના સુલતાનને બતાવ્યો. તેમાં એવું લખ્યું હતું કે તુર્કીના રાજ્યના ભાગલા પાડીને યૂરોપના રાજાઓએ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે વહેંચી લેવા. સુલતાનને જ્યારે ખરી વાતની ખબર પડી કે તુર્કીના ભાગલા કરવાની નેપોલિયને તો ઉલટી ના પાડી છે, અને રશિયા ઉપર નેપોલિયને ચડાઈ કરી છે; ત્યારે સુલતાને પેલી સલાહ મંજુર રાખવાની ના પાડી. છેવટે ઈંગ્લંડે સુલતાનને સખત ધમકી આપવાથી ગભરાઈને સુલતાને રશિયા સાથે સલાહ કરી. આ બનાવ બનવાથી તુર્કીમાં રોકાયલું રશિયન સૈન્ય છૂટું થયું અને તે પણ હવે ઓર્ચા તરફ ચાલ્યું આવતું હતું.

હવે નેપોલિયન માત્ર ઓરિસૉફ શહેર તરફ આશાની નજરથી જોતો હતો. ત્યાં તેણે અનાજ, કાપડ, તોપો અને દારુગોળાનો અથાગ ભંડાર ભરાવી રાખ્યો હતો; પણ કમનસીબીભરેલા સમાચાર મળ્યા કે એ શહેર અને ત્યાં રાખેલા તમામ ભંડાર શત્રુના હાથમાં ગયા છે. પળવારસુધી તે સ્તબ્ધ બની રહ્યો; પણ પછી આકાશ તરફ આંગળી ચીંધીને કહ્યું કે, " શું અમારે હાથે ભૂલોજ થશે એવું નિર્માણ થયું છે ? "

હવે નેપોલિયનના સૈન્યને માટે ફ્રાન્સ જવાનો કશો રસ્તો રહ્યો ન હતો. હજી નીમેન નદી સાતસો માઈલ દૂર હતી. લશ્કરી અમલદારોએ આગ્રહપૂર્વક વિનતિ કરી કે પૃથ્વી ઉપરના રસ્તા પૂરાઈ ગયા હોય તો આપ આકાશમાર્ગે પણ ફ્રાન્સ

ચાલ્યા જાઓ. અહિં રહેવા કરતાં પારિસ જવાથી આપ વધારે મદદ કરી શકશો.

નેપોલિયને નકશા મંગાવ્યા અને ઑરિસોફના આસપાસના પ્રદેશનું અવલોકન કર્યું. તેણે બીજા એક બે માર્ગ સૂચવ્યા; પણ તપાસ કરતાં જણાયું કે તે રસ્તા પણ શત્રુસૈન્યે બંધ કરી દીધા છે. ભૂખથી નબળા પડી ગએલા સિપાઇઓમાં દુશ્મનોની તોપોની સામે થઈને નદી ઓળંગવા જેટલી તાકાત રહી ન હતી. ઑરિસોફથી થોડેક દૂર એક નાનું ગામ હતું. ત્યાં આગળ નદીનું ઉંડાણ છ ફૂટ જેટલું હતું. ત્યાં આગળથી પેલી પાર જવાનો નેપોલિયને નિશ્ચય કર્યો. પૂલ ન હતો. સામે કિનારે પગ કળી જાય એવો ભીનો પ્રદેશ હતો, અને પાસેની ટેકરીઓ ઉપર શત્રુસૈન્ય ગોઠવાઇ ગયું હતું. તેથી આ સાહસ પણ કાંઈ જેવું તેવું ન હતું; છતાં પણ નેપોલિયનને પોતાની બુદ્ધિ અને સિપાઇઓની દૃઢ ભક્તિ ઉપર પૂરતો વિશ્વાસ હોવાથી તેણે સત્વર તૈયારી કરવા માંડી. તૈયારી થઈ રહી એટલે પાછી રશિયાનાં જંગલોમાં થઇને કુચ શરૂ થઇ. ઑરિસોફની નજીક આવ્યા એટલે તેમણે પુષ્કળ બૂમાબૂમ સાંભળી. પ્રથમ તો એમ લાગ્યું કે એ બૂમો રશિયન સિપાઈઓની હશે; પણ તરતજ ખુશખબર મળી કે ફ્રેન્ચ લશ્કરે ઑરિસોફ પાછું જીતી લીધું છે અને નેપોલિયનના આવ્યાની રાહ જોતું બેઠું છે.

આ પ્રસંગનો આનંદ અને શોક વર્ણવી શકાય એમ નથી. ઑરિસોફમાં રહેલા ફ્રેન્ચ સિપાઇઓને મોસ્કોથી આવતા તેમના ભાઇઓ ઉપર જે વિપત્તિ પડી હતી તેની કશી ખબર ન હતી. જ્યારે તેમણે પોતાના મિત્રોનાં ચીંથરેહાલ વસ્ત્ર, જેને જોડાજ ન કહી શકાય એવાં પગરખાં અને દુર્બળ હાડપિંજર જેવાં દયામણાં શરીર જોયાં અને મૉસ્કો જીતનાર સૈન્યમાંથી માત્ર આટલાજ જીવતા આવ્યા છે એવું તેમને કહેવામાં આવ્યું ત્યારે તેઓ એકબીજાને ગળે વળગીને રડવા લાગ્યા. નવા સૈન્યની ભરતી થવાથી હવે નેપોલિયન પાસે સત્તાવીશ હજાર સિપાઇઓ થયા.

ઑરિસોફથી થોડે અંતરે બેરેસિના વેગબંધ વહેતી હતી. રશિયનો તેના ઉપરનો પૂલ ભાંગી નાખીને સામે કિનારે તોપખાનું ગોઠવીને ઉભા હતા. નેપોલિયને ઑરિસોફમાં બે દિવસ મુકામ કર્યો. કયે ઠેકાણેથી પોતે નદી ઓળંગવાનો છે તે વિષે શત્રુને ભૂલાવો ખવરાવવા માટે તેણે બે દિવસમાં જૂદી જૂદી દિશામાં હિલચાલ કર્યા કરી. દરમ્યાન એક જગ્યાએ ગીચ ઝાડી હોવાથી ત્યાં શત્રુની નજર પડે એમ ન હતું. ત્યાં આગળ પૂલ બાંધવાની તૈયારી છુપી રીતે કરી રાખી. આ ઝાડીમાં ફ્રેન્ચ સિપાઇઓ છુપાઇ રહ્યા. અંધારૂં થાય એટલે તરતજ તેઓ પૂલ બાંધવા મંડી જવાના હતા. સૂર્ય આથમ્યો એટલે તરતજ તેઓ પોતપોતાને કામે મંડી ગયા. ફાનસ સળગાવાય એમ હતું નહિ. બધું કામ અંધારામાંજ આટોપી લેવાનું હતું. તેઓ ઘણીવાર ગળા સુધી ઉંડા પાણીમાં ઉભા રહી બરફનાં મોટાં ગચ્ચીઆં આવીને અથડાવા

છતાં પણ કામ પાછળ મંડયા રહ્યા.

નેપોલિયન પોતે પણ ઉભો ઉભો દેખરેખ રાખતો હતો. આ સાહસમાં નિષ્ફળતા મળવાનો પોતાને લેશમાત્ર પણ શક હોય એવી મતલબનો એક શબ્દ પણ તેના મોમાંથી નીકળતો ન હતો. કુલ્લ એક લાખ ને પચાસ હજાર માણુસોના સૈન્યની વચમાં તે ફસાઇ ગયો હતો. એક રશિયન ઇતિહાસકાર લખે છે કે " તેને જિંદગીમાં આના કરતાં વધારે ભયંકર સંકડામણુમાં તે કદિ ફસાયો ન હતો. તેના કરતાં ઓછી આવડતવાળા, અને ઓછી દ્રઢતાવાળા સેનાપતિને આવી સ્થિતિમાંથી મુક્ત થવાનો સંભવ પણુ ન દેખાય; પણુ નેપોલિયન એવી **અનિવાર્ય મુશ્કેલીઓને પણ પી જતો અને તેની ચમત્કારિક બુદ્ધિવડે તેને નવા નવા ઉપાયો સૂઝી આવતા."**

ફ્રેન્ચ સેનાપતિઓના અભિપ્રાય પ્રમાણે નદી ઓળંગવાનું કામ અસંભવિત હતું. રૅપ, મૉર્ટિયર અને ને કહેતા કે આ વખતે અહિંથી જો પસાર થઇ જવાય તો શહેનશાહનો કોઇ ઉત્તમ ગ્રહયોગ હોવો જોઇએ એમજ અમે તો માનીએ. મુરા જેવો બહાદૂર અને તદ્દન મરણીઓ માણસ પણ કહેતો કે હવે આપણે બચવાના નથી. ને તો એમજ કહેતો કે લશ્કરને બચાવવાની વાત છોડી દઇને એકલા શહેનશાહનેજ ગમે તેમ કરીને બચાવી લો; કારણ કે તેની સલામતી ઉપરજ ફ્રાન્સના ઉદ્ધારનો આધાર રહેલો છે. સામાન્ય સિપાઇઓને પણ એવીજ દહેશત હતી અને તેમની પણ તેવીજ ઇચ્છા હતી કે અમારૂં થવાનું હોય તેમ થાઓ પણ નેપોલિયન સલામતીથી ફ્રાન્સ જાય તેમ કરવું. કેટલાએક પોલેન્ડવાસી અમલદારોએ નેપોલિયનને છુપે રસ્તેથી પ્રશિયાની સરહદસુધી પહોંચાડી આવવાનું માથે પણ લીધું; પરંતુ એક નામર્દની પેઠે પોતાની પ્રતિષ્ઠા ગુમાવીને નાસી જવાની સલાહને તેણે તરતજ ધિક્કારી કહાડી. **પોતાના સૈન્યને સૌથી વધારે ભયભરેલી સ્થિતિમાં છોડીને નાસી જાય એવો તે હતોજ નહિ.**

એમ કરતાં કરતાં રાત્રિ પૂરી થઈ અને અરુણુનો ઝાંખો પ્રકાશ પૂર્વ દિશાએથી આવવા લાગ્યો. નેપોલિયને આગલે દિવસે જે જે હિલચાલો કરી હતી તે વડે દુશ્મનો બરાબર છેતરાયા. જે ઘડીએ ફ્રેન્ચ સૈન્ય આવી આવીને ઝાડીમાં છુપાતું હતું તેજ વખતે રશિયન સેનાપતિ પોતાના લશ્કરને તે ઠેકાણેથી અઢાર માઇલ દૂર લઇ જતો હતો ! સવારના ઝાંખા અજવાળામાં ફ્રેન્ચ સરદારોએ પોતાનાં દૂરબીનોથી જોયું તો રશિયન લશ્કર ટેકરીઓ ઉપરથી ઉતરીને ચાલવા લાગ્યું હતું. આ જોતાં તેમની અજાયબીનો પાર ન રહ્યો.

આ ખુશ સમાચાર નેપોલિયનને તેમણે પહોંચાડયા એટલે તરતજ ઘોડેસ્વારની એક ટુકડી નદી તરીને સામે કિનારે ગઇ. થોડીવારમાં એક પૂલ અને બે તરાપા તૈયાર થઇ ગયા. તે ઉપરથી લશ્કર સપાટાબંધ ઉતરવા લાગ્યું. થોડીવારમાં સામાનનાં

ગાડાં અને તોપોને માટે બીજો પૂલ પણ તૈયાર થઇ ગયો. આખો દિવસ અને ત્યાર પછીની આખી રાત આ પ્રવૃત્તિ ચાલુ રહી. દરમ્યાન રશિયનો પાછા આવવા લાગ્યા. તેમણે પાસેની ટેકરીઓ ઉપર તોપો ગોઠવી અને પૂલ ઉપર ગોળાની ઝડી વરસાવવા લાગ્યા. બીજે દિવસે સવારમાં તો તેઓ એટલી મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા કે ફ્રેન્ચો ઉપર નદીની બેઉ બાજુએથી તેમણે હુમલો કરવા માંડયો.

અત્યંત દારુણ યુદ્ધ શરૂ થયું. રશિયનો જરૂર જીતીશું એવી શ્રદ્ધાથી અને ફ્રેન્ચો નિરાશાને લીધે મરણીયા થઇને લડતા હતા. આ ભયાનક પ્રવૃત્તિની સાથે જાણે કુદરતની ઈચ્છા હોય તેમ પ્રચંડ વાવાઝોડું પણ શરૂ થયું. ગાડાં અને તોપોના વજનથી એક નિર્બળ પૂલ ભાગી ગયો. પૂલના છેડાને વળગીને સિપાઇઓ તરફડવા લાગ્યા. તોપોના ગોળા જીવતાં અને ઘવાયલાં માણસોના સમૂહ ઉપર નિર્દયપણે વરસવા લાગ્યા. સિપાઇઓ ધમ્માચકડી કરતા એક બીજા ઉપર પડાપડી કરવા લાગ્યા. ઘણાક નદીમાં પડી ગયા અને ચીસેચીસ પાડતા બરફથી ભરેલા પ્રવાહમાં ડૂબી મુઆ. આ વખતે નેપોલિયનનો બુદ્ધિવૈભવ તેના પૂર્ણતમ પ્રકાશમાં ઝળકી નીકળ્યો. તેના મિત્રો અને શત્રુઓ બેઉ કબૂલ કરે છે કે **બેરેસિના નદી ઓળંગતાં તેણે જે મહાભારત પરાક્રમ કર્યું છે તેવું બીજો કોઇ માણસ નહિજ કરી શકે.**

પોતાની આસપાસના ભયાનક દશ્યથી અને મહાન જોખમથી લેશ પણ ગભરાયા કે અસ્થિર થયા વગર તેણે પોતાના નિર્બળ સૈન્યવડે પોતાનાથી અનેકગણા શત્રુસૈન્યને હંફાવી નાખ્યું. તેની પાસે માત્ર સત્તાવીશ હજાર સિપાઇઓ હતા અને તે પણ ભૂખથી તવાઇ ગએલા, ચીંથરેહાલ કપડાં અને ખરાબ શસ્ત્રવાળા હતા. તેની સામે એક કિનારે સાઠ હજાર અને બીજા કિનારે ચાળીશ હજાર રશિયન સિપાઇઓ ઝૂઝતા હતા. નેપોલિયનના એક સેનાપતિ માર્શલ વિકટરે માત્ર છ હજાર સિપાઇઓવડે નદી ઓળંગતા સૈન્યનો બચાવ કર્યો અને સામે કિનારે વીરકેસરી નેએ આઠ હજાર સિપાઇઓવડે શત્રુસૈન્યને મારી હઠાવ્યું.

આ બધો વખત લશ્કરી ઈજનેરો જરા પણ ડર્યા વગર સ્થિર ચિત્તે પૂલને જાળવી રાખતા હતા; અને મરામત કર્યાજ કરતા હતા. દિવસ પૂરો થયો પણ યુદ્ધ પૂરું ન થયું. બરફથી ઢંકાયલી નદીના ધોળા પટને લીધે પૂલનો અને પૂલને ઓળંગતા સિપાઇઓનો કાળો લીટો ચોકખો દેખાઈ આવતો હતો. તે તરફ તાકી તાકીને તેમણે તોપો અને બંદુકો ફોડવી ચાલુ રાખી. સેંકડો માણસો ધમ્માચકડીમાં પડી જતાં અને છુંદાઈ મરતાં. તેમની પાછળ આવતા સિપાઇઓ માનુષીભાવ તજી દઇને ઘાયલ થએલાઓને સંગીનથી ખસેડી ખસેડીને પોતાને માટે રસ્તો કરતા હતા. આ સ્થળે મરેલાંઓની ગણત્રી કરી શકાઈ નથી પણ વસંતઋતુ બેસતાં બરફ પીગળ્યું ત્યારે તેમાંથી બાર હજાર મુડદાં બહાર કાઢવામાં આવ્યાં હતાં.

ઓગણત્રીસમી અકટોબરે નેપોલિયને આગળ કુચ શરૂ કરી. દરેક કલાકે તેમની વિપત્તિમાં વધારોજ થયા કરતો હતો. ચાર દિવસ સુધી તેઓ બરફ ઉપર ચાલ્યા. રસ્તામાં પ્રથમની માફક સિપાઇઓ ટપોટપ મરવા લાગ્યા. એમ કરતાં કરતાં ત્રીજી નવેંબરે તેમને વિલ્નાથી મોકલાવેલી મદદ મળી ત્યારે પાછા ઘણે દિવસે તેઓ પેટ પૂરતું ખાવા પામ્યા.

એવામાં એક નવી આફતના સમાચાર મળ્યા. ફ્રાન્સના લશ્કરની થએલી ખુવારીની વાત સાંભળીને પ્રશિયાનાં કેટલાંક રાજ્યો લડવાની તૈયારી કરી રહ્યાં હતાં. ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યને ભાંગી પાડવાનો આ લાગ ઘણો સરસ છે એમ જાણીને આસ્ટ્રિયા પણ શત્રુતા બતાવવા લાગ્યું હતું. નેપોલિયને પોતાના સેનાપતિઓની સભા બોલાવી અને તેમને સઘળી ભયભરેલી સ્થિતિથી વાકેફ કર્યા. છેવટે તેણે પોતાનો તાબડતોબ પારિસ ઉપડી જવાનો વિચાર પણ જણાવી દીધો. આ વિચાર સઘળાએ પસંદ કર્યો તોપણ તે લશ્કરની સાથે બે દિવસ વધારે થોભ્યો.

હવે જો કે તેઓ રશિયાની હદમાં હતા તોપણ તેઓ પ્રાચીન પૉલેન્ડમાં આવી પહોંચ્યા હતા તેથી હવે કશો ભય રહ્યો ન હતો. એટલુંજ નહિ પણ સર્વ પ્રકારની મદદ મળે એમ હતું. નેપોલિયને સઘળા સરદારો સાથે વાળુ કર્યું અને ઉઠતી વેળાએ કહ્યું કે આજે રાત્રે હું ફ્રાન્સ જવા ઉપડી જનાર છું; પણ થોડાજ વખતમાં ત્રણ લાખ માણસો લઇને આવીશ અને જે જીત ઠંડીને લીધે નથી મળી તે આપણે જરૂર મેળવીશું.

આવા સંજોગોમાં લશ્કરને છોડીને ચાલ્યા જવા માટે નેપોલિયન ઉપર ઘણા સખ્ત આક્ષેપ કરવામાં આવે છે. તેનું આ કાર્ય શરમભરેલું અને નામર્દાઈનું કેટલાક ગણે છે; પણ એક રોમન ઇતિહાસકાર તેને વધારે સારો ઇન્સાફ આપે છે. તે લખે છે કેઃ—

“નેપોલિયન આવા સંજોગો વચ્ચે ચાલ્યો ગયો તે વિષે જૂદા જૂદા ઇતિહાસકારો જૂદા જૂદા મત બાંધે છે; પરંતુ નેપોલિયન કેવળ સેનાપતિજ ન હતો, પરંતુ તેના ઉપર આખા ફ્રાન્સની સલામતીનો આધાર હતો. તેથી કરીને તેના સૈન્યનાં જીવલેણ સંકટો જોવા કરતાં તેના દેશની સલામતી ઉપર લક્ષ આપવાની તેની વિશેષ ફરજ હતી.”

બુરિયેન કે જે પોતાનાં લખાણોમાં નેપોલિયન તરફનો દ્વેષ અને વૈરભાવ કદિ પણ ગુપ્ત રાખતો નથી તે પણ આ પ્રસંગવિષે લખે છે કેઃ—

“નેપોલિયન લશ્કરને છોડીને ફ્રાન્સ ચાલ્યો આવ્યો તેમાં તેનું હીચકારાપણું હતું એવું સાંભળી મને ક્રોધ ઉપજ્યા વગર નથી રહેતો. શું નેપોલિયન નામર્દ હતો? એવું કહેનારાઓ તેને ઓળખતાજ નથી.”

આવી રીતે તેની વિરુદ્ધ પક્ષના પણ ઉદાર બુદ્ધિવાળા ઇતિહાસકારો તેનું ધૈર્ય, બુદ્ધિ, સમયસૂચકતા, ઉદારતા, સ્વાર્પણ અને ગમે તેવી મુશીબતોના ડુંગરના ડુંગર પોતાના માર્ગમાં ઉભા હોય તે છતાં તેમાંથી પોતાનો માર્ગ કાપી લેવાનું સામર્થ્ય એ સર્વ ગુણોની પ્રશંસા કરે છે; અને એ સર્વ ગુણવડે વિભૂષિત થએલો નેપોલિયન ભૂતકાળના તેમજ વર્તમાન કાળના મહાપુરુષોમાં શ્રેષ્ઠ હતો એમ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે.

તે પોતેજ કહે છે કે " અત્યારે ઘણી ગંભીર સ્થિતિ છે; પણ હું હિંમત હારતો નથી. મારા પ્રારબ્ધનો સૂર્ય ઘેરાયો છે પણ હજી બધી બાજી હાથમાંથી નથી ગઈ. ત્રણ મહિનામાં હું દશ લાખ શસ્ત્રધારી નાગરિકોનું અને ત્રણ લાખ સારામાં સારા સિપાઇઓનું સૈન્ય તૈયાર કરી શકીશ. હું શહેનશાહ છતાં પણ મનુષ્યજ છું; પરંતુ આખું ફ્રાન્સ એમ સમજે છે કે આ એકજ માણસ ઉપર તેમનાં કુટુંબોની સલામતીનો આધાર રહેલો છે."

નેપોલિયન ફ્રાન્સ જવા નીકળ્યો. રસ્તામાં તે રશિયનોના હાથમાં કેદ પકડાતો પકડાતો ઘણીજ મુશ્કેલીથી બચ્યો. વિલ્ના આગળ થઇને દશમી ડિસેંબરે તે વૉરસો પહોંચ્યો; અને ત્યાંથી ઘણીજ ત્વરાથી મુસાફરી કરતો બાવેરિયાના રાજ્યમાં દાખલ થયો. આખે રસ્તે દોડતો સ્વાર પણ ન પકડી શકે એટલા વેગથી તેની ગાડી ધડધડાટ દોડીજ જતી હતી. તેને પોતાના મિત્રરાજાઓના પ્રપંચીપણાની પૂરેપૂરી ખબર હતી; અને જો તે આટલી ઝડપથી પસાર ન થયો હોત તો ઈંગ્લંડનો વીરકેસરી રાજા રિચર્ડ જેમ આસ્ટ્રિયાના કેદખાનામાં પૂરાયો હતો તેમ નેપોલિયન પણ પૂરાત.

રાતદિવસ ક્ષણનો પણ આરામ લીધા વગર તે આગળ ચાલ્યોજ ગયો. ચૌદમી તારીખે તે ડ્રૂસ્ડન આવી પહોંચ્યો. થોડાજ મહિનાની વાત ઉપર કોઈ પણ રાજા જેની બરોબરી ન કરી શકે એવા બાદશાહી ઠાઠથી તેણે એ શહેર છોડયું હતું. ત્યાંનો રાજા જે તેનો પરમ મિત્ર હતો તેની સાથે તેણે લાંબા વખતસુધી ખાનગી વાતચીત કરી અને તરતજ પાછો ગાડીમાં બેઠો અને ચારજ દિવસમાં પારિસ આવી પહોંચ્યો.

તે વખતે મધ્યરાત્રિનો સમય થવા આવ્યો હતો. રાજરાણી મેરિયા લૂઇસા માંદી હતી. ચિંતાના બોજાથી તે ઘણીજ અશક્ત અને નિરુત્સાહી હાલતમાં સૂવા ગઇ હતી. તે તો એમજ ધારતી હતી કે શહેનશાહ હજી રશિયાનાં જંગલોમાં દુશ્મનો સાથે લડતો હશે. એટલામાં પાસેના ઓરડામાં ગરબડાટ મચી રહ્યો અને એક ઉમરાવજાદી પરિચારિકાએ આવીને તેને જગાડી. તે સફાળી બેઠી થઇ. એટલામાં બારણું ઉઘડયું અને રૂવાંટીવાળા કાપડનો ડગલો પહેરેલા એક પુરુષે દોડતા આવીને તેને છાતી સરસી ચાંપી. તે પુરુષ તે શહેનશાહ પોતેજ હતો.

નેપોલિયન આવી પહોંચ્યો છે એ વાત વીજળીને વેગે પારિસમાં ફરી વળી.

લશ્કરને પડેલી વિપત્તિના સમાચારથી પ્રજાને વાકેફ કરવા માટે તેણે એક બુલેટિન (સરકારી પત્ર) લખી મોકલ્યું હતું; તેમાં ખરી હકીકત છુપાવવાનો તેણે લેશમાત્ર પ્રયત્ન કર્યો ન હતો; પરંતુ તે બુલેટિન તેના આવ્યા પછી બીજે દિવસે આવી પહોંચ્યું. તેણે તેને તરતજ પ્રસિદ્ધ કરાવી દીધું. આવી અણધારી અને ભયંકર આફતના સમાચારથી આખા પારિસમાં ગભરાટ અને અચંબો ફેલાઇ ગયો.

બીજે દિવસે નવ વાગે તેણે દરબાર બોલાવ્યો. તેમાં હાજરી ઘણી સારી હતી; દરેકના ચહેરા ઉપર ચિંતા અને ઉદાસીનતાનું વાદળ છવાઇ રહ્યું હતું. શહેનશાહ એકલોજ શાંત હતો. તેને જે જે સવાલો બધાએ આતુરતાપૂર્વક પૂછ્યા તેના તેણે સ્પષ્ટ ઉત્તર આપ્યા. કોઈ સવાલને ઉડાવી દીધો નહિ; તેમ કશી વાત છુપાવી નહિ. લશ્કર મૉસ્કોથી પાછું ફર્યું ત્યારથી માંડીને સઘળી હકીકત તેણે યથાવત કહી સંભળાવી.

તેણે કહ્યું, "મૉસ્કો આપણા હાથમાં આવી ગયું હતું. દરેક પ્રકારની મુશ્કેલીને આપણે હઠાવી દીધી હતી. મૉસ્કો બળી ગયું તેથી પણ લશ્કરની આબાદી ઓછી થઇ ન હતી; પણ શિયાળાની સખત ઠંડીથી લશ્કર ભયંકર વિપત્તિમાં ઘેરાઇ ગયું. થોડી રાત્રિઓમાંજ સઘળી વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ, અને ઘણીજ ભારે ખુવારી થવા લાગી. જો મારા અંતઃકરણમાં મારી પ્રજાના કલ્યાણના વિચાર સિવાય બીજા વિચાર આવતા હોત તો લશ્કરનું દુઃખ જોઇને મારૂં હૃદય ચીરાઇ જાત. હું તો સલાહજ ઇચ્છું છું. સલાહને હું જરૂરની માનું છું. એમેન્સની સલાહનો ભંગ થયા પછી મેં આપણા દુશ્મનોને ચાર ચારવાર પ્રમાણિકપણે વિનવ્યા હતા; પણ રાજ્યનું સન્માન અને ગૌરવ સચવાય એવી સરતો મળ્યા સિવાય હું સલાહ કરવા તૈયાર નથી."

નેપોલિયન ફ્રાન્સ જવા ચાલી નીકળ્યો ત્યાર પછી ઠંડી પાર વગરની વધવા લાગી. ઉષ્ણતામાપક યંત્રનો પારો ઠારબિન્દુથી પણ સાઠ અંશ જેટલો નીચે ઉતરી ગયો, અને જે વિપત્તિઓ પડી તેનું તો વર્ણનજ થઈ શકે એમ નથી. બધાં મળીને સાઠ હજાર માણસોએ બેરેસિના નદી ઓળંગી હતી. તેમાં વીશ હજારનો પાછળથી ઉમેરો થયો હતો. તેમાંથી ભાગ્યેજ ચાલીશ હજાર વિલ્ના પહોંચ્યાં. આ ખુવારી માત્ર ઠંડીથીજ નીપજી હતી; કારણ કે હવે તો રશિયનો પણ ફ્રેન્ચોની માફકજ મરવા લાગ્યા હતા.

તેરમી ડિસેંબરે તેમણે નીમેન નદી ઓળંગી ત્યારે માત્ર ત્રીશ હજાર માણસ રહ્યાં હતાં. અંગરક્ષકોની પલટણમાં પણ હવે ત્રણસો યોદ્ધાઓ જીવતા રહ્યા હતા. છેવટની ઘડીસુધી તેઓ તેમના હમેશના રીવાજ મુજબ લડાયક ઢબે અને પરાજયને ઓળખતાજ ન હોય એમ અભિમાનપૂર્વક ચાલતા હતા. વીરશિરોમણિ તે હજી પણ અનેક પ્રકારની વિપત્તિઓને સહન કરતો, અદ્ભુત શૌર્ય દાખવતો સૈન્યના

પાછલા ભાગમાંજ ચાલતો હતો અને પાછળથી સર્વનું રક્ષણ કરતો હતો.

દરરોજ સાંજના પાંચ વાગે તે સારી જગ્યા પસંદ કરતો હતો અને ત્યાં રહીને રશિયનોને ખાળતો હતો. ત્યાર પછી તેના સિપાઈઓ તે ઠેકાણે જેવો મળે તેવો ખોરાક ખાઇ લઇને જરા આરામ લેતા હતા. રાતે દશ વાગે પાછી કુચ શરૂ થતી, સવારમાં સાત વાગે પાછી કોઇ અનુકૂળ જગ્યા શોધી કહાડતો હતો અને ત્યાં દશ વાગ્યાસુધી થોભતો. તેટલા વખતમાં શત્રુસૈન્ય આવી પહોંચતું, ને સાવધાનીથી લડતો જતો અને લશ્કરને ધીરે ધીરે પાછું હઠાવતો. એ પ્રમાણે તેનો આખો દિવસ લડવામાં જતો અને પાછો પાંચ વાગે સારી જગ્યા જોઇને ઉભો રહેતો. કોઈ કોઇ વાર રશિયનોને ભડકાવવા માટે ગાડામાં દારૂ ભરીને સળગાવી મૂકતો. ધૂમાડો જોઈને તેઓ દૂર રહેતા. એ પ્રમાણે એક મહિનાસુધી રાતદહાડો તે લડયાજ કરતો.

નીમેન નદી ઓળંગતી વખતે તેણે સાતસો વીણી કહાડેલા તાજા સિપાઈઓ અને ચોવીશ તોપો લઇને એક જગ્યાએ મોરચો રોપ્યો. આખું લશ્કર પસાર થઇ ગયું ત્યાંસુધી તેણે શત્રુસૈન્યને ખાળી રાખ્યું. તેના સાતસો યોદ્ધા ધીરે ધીરે ખપી ગયા અને માત્ર ત્રીશજ રહ્યા ત્યારે તે પંડે હાથમાં બંદુક લઇને ઉભો રહ્યો અને જ્યારે લશ્કરનો એકે એક સિપાઇ સામે કિનારે જઈ પહોંચ્યો ત્યારે શત્રુ તરફ પીઠ ન ફેરવતાં અભિમાનપૂર્વક પાછે પગલે ચાલવા લાગ્યો. બંદુકની ગોળીઓ તેની આસપાસ સણસણાટ કરતી ચાલી આવતી હતી તોપણ તે મહા અભિમાની વીરપુરુષ ચાલવામાં જરા પણ ઉતાવળ કરતો નહિ તેમ પીઠ ફેરવતો નહિ. તે ધીમે ધીમે ચાલતો ગયો અને નદી ઓળંગતાં રશિયનો તરફ છેલ્લી ગોળી છોડી લીધી. પછી પોતાની બંદુક નદીમાં ફેંકી દઈને તે સામે કિનારે આવી પહોંચ્યો. નેપોલિયનના મહાન સૈન્ય પૈકી રશિયન સરહદ છોડનાર તેજ સૌથી છેલ્લો હતો.

જનરલ ડુમા જર્મનીની સરહદપર આવેલા એક ગામના ફ્રેન્ચ વૈદ્યને ઘેર બેઠો હતો; એવામાં મોટો ડગલો પહેરેલો એક માણસ ત્યાં દાખલ થયો. તેની દાઢી લાંબી વધેલી અને ઓળ્યા વગર ગુંચવાઈ ગએલી હતી; ચહેરો સૂકાઇ ગએલો અને બંદુકના દારૂથી કાળો પડી ગયો હતો; તેના મોંપરના વાળ ઘણે ઠેકાણેથી બળી ગયા હતા; પણ તેની આંખ કદિ પણ પરાજયને ન સ્વીકારે એવા વીરત્વના તેજથી ચળકતી હતી.

તેણે ખુરશીપર નંખાતાં કહ્યું, “ આખરે હું આવી પહોંચ્યો. કેમ, જનરલ ડુમા ! તમે મને ન ઓળખ્યો ? ”

“ ના, તમે કોણ છો ? ”

“ ફ્રાન્સના મહાન સૈન્યમાં સૌથી પાછળ ચાલનાર હું માર્શલ ને છું. નીમેનના પૂલ ઉપરથી મેં છેલ્લો ગોળીબાર કરી લીધો, બંદુક નદીમાં નાખી દીધી અને ચાલ્યો ચાલ્યો અહિં આવી પહોંચ્યો છું. ”

प्रकरण ५४ मुं-ल्यूझेन अने बोझेनना संग्राम

नेપોલિયનની યુદ્ધવિષયક રચનાઓ કરતાં પણ તેના રાજ્યની આંતર્વ્યવસ્થાની સંગીનતા અને તેમાં જણાઈ આવતો તેનો બુદ્ધિપ્રભાવ વિશેષ અદ્ભુત હતાં. જે વખતે તે રશિયા સાથે મહાભારત યુદ્ધમાં રોકાયો હતો, અને જે વખતે યુદ્ધને માટે મોટા પાયાપર તૈયારી કરવામાં ફ્રાન્સનું ઘણુંજ બળ ખર્ચાઇ ગયું હતું તે વખતે પણ દેશ કેવો સમૃદ્ધ, સુખી અને સુવ્યવસ્થિત હતો તે આંતર્રાજ્ય વ્યવસ્થા ખાતાના પ્રધાને ધારાસભા સમક્ષ રજુ કરેલા વાર્ષિક રિપૉર્ટ ઉપરથી જણાઇ આવે છેઃ-

" દરિયા ઉપરના તથા જમીન ઉપરનાં યુદ્ધોને પહોંચી વળવા માટે ગંજાવર સૈન્યોને રોકવાની જરૂર પડી હતી તે છતાં દેશની વસ્તીમાં વધારો થતોજ આવ્યો છે. હુન્નરઉદ્યોગમાં પ્રગતિ થઇ છે. અગાઉના કોઇ પણ જમાના કરતાં અત્યારે ખેતી અને ઉદ્યોગ બેઉમાં વિશેષ સફળતા મળી છે અને સમાજના દરેક વર્ગમાં નાણાંની વહેંચણી વધારે સરખી રીતે થતી આવી છે. જે લાભ મળવાની ખેડુતોને આશા પણ ન હતી અને જેથી તેઓ કેવળ અજાણ્યા હતા તે લાભ હવે તેમને મળવા લાગ્યા છે. તેઓના ખોરાક, તેઓનાં વસ્ત્ર અને તેઓનાં ઘરોમાં અગાઉના કરતાં ઘણો સુધારો થયો છે અને પરિણામે તેની તંદુરસ્તી અને સુખનાં સાધન અનેક રીતે વધી ગયા છે. "

" ખેતીમાં અને ઉદ્યોગોમાં નવા સુધારા દાખલ થયા છે અને કોઇ પણ ઉપયોગી કળાને નવી ગણીને તેના તરફ બેદરકારી રાખવામાં નથી આવી. મહેનતને ઓછી કરવા માટે તથા તેને વિશેષ કાર્યસાધક બનાવવા માટે નવા નવા પ્રયોગ કરવામાં આવ્યા છે અને ઉપયોગી જણાતી દરેક નવી પદ્ધતિનો સ્વીકાર થયો છે. ઢોરને ચરવાનાં ગોચરમાં વધારો થયો છે; વાવેતરમાં ક્રમવાર ફેરબદલી કરવાના ફાયદા ખેડુતો વધારે સારી રીતે સમજ્યા છે અને ખેતી કરવાની નવી તથા સુધરેલી રીતો દાખલ થવાથી ખેતીની પેદાશ પણ વધી ગઇ છે. ઢોરની સંખ્યા વધી છે અને

તેમની ઓલાદમાં પણ ઘણો સુધારો થયો છે. આ સર્વ આબાદી ખાસ કરીને રાજ્યના ઉદાર કાયદાઓને લીધે થએલી છે. એ કાયદાઓવડે મંદિરોને લગતી જમીન પ્રજાની મિલકત બની છે અને ખેડુતો ખેતર ખેડનારા મજુરો નહિ, પણ ખેતરના માલિક ઠર્યા છે. આથી કરીને સેંકડો ભૂખે મરતાં કુટુંબોને રોજી મળવા લાગી છે. કચેરીના ચુકાદા પણ જલદી અપાય છે અને કચેરીમાં નોંધાતા દાવાની સંખ્યામાં સારો ઘટાડો થયો છે.”

જે મહાભારત યુદ્ધમાં નેપોલિયનને રોકાવું પડયું હતું તેમાં અથાગ નાણાંનો વ્યય કરવો પડયો હતો તે છતાં પણ જાહેર સુખાકારીનાં ખાતાઓમાં નીચે બતાવેલી રકમો ખર્ચવામાં આવી હતી. રાજમહેલો અને સરકારી મકાનો ખાતે ૬૨૫૦૦૦૦૦ ફ્રાન્ક, કિલ્લો અને બચાવનાં સાધનો ખાતે ૧૩૫૦૦૦૦૦૦; ફ્રાન્ક, બંદરો ડક્કા અને ગોદી બંધાવવા ખાતે ૧૨૫૦૦૦૦૦૦; રસ્તા અને સડકો ખાતે ૧૭૫૦૦૦૦૦૦ ફ્રાન્ક, પારિસ શહેરના પૂલ તથા બીજાં પરચુરણખાતાંમાં ૩૧૨૫૦૦૦૦, નહેરો, પાળો અને ભેજવાળી જમીનમાંથી પાણી ઉલેચી નાખવા ખાતે ૧૨૫૦૦૦૦૦૦, અને જાહેર મકાનો ખાતે ૧૦૦૦૦૦૦૦૦ ફ્રાન્ક.

આ આશ્ચર્યજનક કાર્ય નેપોલિયનની અલૌકિક બુદ્ધિ, એકનિષ્ઠા અને રાજ્યની કુલ સત્તા તેના એકલાના હાથમાં હોવાને લીધેજ તેનાથી થઇ શક્યું હતું. ગયા જમાનાનો કોઈ માણસ ફ્રાન્સ પાછો આવે અને આ અજાયબ જેવાં કામો જોઇને પૂછે કે આ પરિણામ લાવતાં સુલેહશાંતિનાં કેટલાં બધાં વર્ષ અને કેટલા પ્રજાહિતચિંતક રાજાઓની કારકીર્દી વીતી ગઇ હશે ? તો તેનો ઉત્તર એટલોજ આપી શકાય તેમ છે કે આ સર્વ કાર્ય લડાઈનાં બાર વર્ષ દરમ્યાન એકજ રાજા કરી શક્યો છે. ૧૮૧૩ ની સાલમાં ફ્રાન્સ તેની ઉન્નતિના શિખરે પહોંચ્યું હતું. ત્યાર પછી તરતજ ફરીથી ભયાનક દાવાનળ સળગી ઉઠયો; અને અનેક પ્રકારની અસાધારણ વિપત્તિઓમાં નેપોલિયન ફસાઈ ગયો અને ધીમે ધીમે તેના રાજ્યની પડતી દશા થવા લાગી. તેના પછી પદભ્રષ્ટ થએલા બુર્બોન વંશીય રાજાઓ પુનઃ ગાદીએ આવ્યા; તેમના પછી પણ અનેક યુગાંતરો થયાં પણ નેપોલિયનના સમયની જાહોજલાલી અને ચેતન તો ગયાં તે ગયાંજ.

નેપોલિયન આખા રાજ્યના લશ્કરી તથા મુલ્કી વહીવટ ઉપર જાતે દેખરેખ રાખતો. દરેક ખાતાના પ્રધાનોએ ઘડેલી યોજનાઓ તેની આગળ રજુ કરવામાં આવતી. રાજ્યનો હિસાબ તે જાતેજ તપાસી જોતો. સરકારી પત્રવ્યવહાર તે જોઈ જતો અને પોતાને હાથે તેમાં સુધારો કરતો. કદી પણ શ્રમિત થાય નહિ એવી તેની માનસિક અને શારીરિક શક્તિ જોઇને સર્વને અચંબો પેદા થતો. રશિયામાં થએલી ખુવારીથી આખું પારિસ ગભરાટમાં પડયું હતું તોપણ તેની શાંત મુખાકૃતિ

જોઇને અને એ ખુવારીનું ભયંકર સ્વરૂપ તેણે એવી સરળતાથી લેશમાત્ર પણ હકીકત છુપાવ્યા વગર સર્વને વિદિત કર્યું તેથી પ્રજાનો વિશ્વાસ પાછો સતેજ થયો અને પારિસનાં અગ્રગણ્ય પત્રોએ તેના બુલેટિનની સમાલોચના કરતાં તેની કુશળતાની અને ધૈર્યની પ્રશંસા કરી.

નેપોલિયનના શબ્દો સમસ્ત પ્રજાએ આતુરતાથી સાંભળ્યા અને આખા સામ્રાજ્યમાં ફેલાઈ ગયા. પારિસની અને આખા દેશની મુખ્ય મુખ્ય સંસ્થાઓએ પ્રેમ અને ભક્તિ દર્શાવનારા ઠરાવો કરીને તેના તરફ મોકલાવ્યા. રોમ, મિલન, ફ્લોરેન્સ, ટ્યુરિન, હૅમ્બર્ગ, આમ્સ્ટરડામ અને મેન્સના નાગરિકોએ રાજભક્તિનું સર્વોત્તમ દૃષ્ટાંત આપ્યું. તેઓ તેમના ઉદારચરિત નેતાની આસપાસ તેની ખરી આફતના વખતમાં કૃતજ્ઞતાપૂર્વક તેને સહાય આપવા એકઠા થયા તેમાં મનુષ્ય સ્વભાવના ઉમદામાં ઉમદા સ્વરૂપનું દર્શન થતું હતું. નમુના તરીકે મિલનના શહેરીઓએ નીચે મુજબનો સંદેશો મોકલ્યો હતો.

“ અમારા રાજ્યના આપ જન્મદાતા છો. અમારા રાજ્યના કાયદા, ઐતિહાસિક મકાનો, રસ્તા, ખેતી અને વ્યાપારની આબાદી, કળાનો વિકાસ, તેનું ગૌરવ અને સુલેહશાંતિ એ સર્વ અમને આપનાદ્વારા પ્રાપ્ત થયાં છે. ઈટાલિની પ્રજા આખા જગત્ સમક્ષ જાહેર કરવા તૈયાર છે કે આપે ઈશ્વરની પ્રેરણાથી જે મહાન કાર્ય આરંભ્યું છે, તે સિદ્ધ થાય તે માટે તેઓ કોઇ પણ પ્રકારનો ભોગ આપતાં અચકાતા નથી. અસાધારણ સંજોગોમાટે અસાધારણ બલિદાનની જરૂર છે અને તે અર્થે અમે બેહદ પરિશ્રમ લેવા તૈયાર છીએ. આપને હથિયાર, સૈન્ય, નાણું અને અટળ ભક્તિની જરૂર છે. અમારી પાસે જે કાંઇ સાધન છે તે સર્વ અમે આપના ચરણ આગળ ધરીએ છીએ. આપે અમને રાજનૈતિક જીવન બક્ષ્યું છે તેનું અમને કૃતજ્ઞતાપૂર્વક જ્ઞાન હોવાથી અમારા રાજ્યની સમસ્ત પ્રજાનો આ અવાજ છે. ”

પ્રશિયા અને આસ્ટ્રિયાએ ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યના સૈન્ય સાથે ઘણીજ નાખુશીથી સહકાર કર્યો હતો. હવે પ્રશિયાએ પ્રકટ રીતે શત્રુભાવ બતાવ્યો, અને થોડાજ સમયમાં તેમણે નેપોલિયનની વિરુદ્ધ રશિયા અને ઇંગ્લંડ સાથે કોલકરાર કર્યા. રશિયામાં ફ્રેન્ચ સૈન્યની પાયમાલી થઇ તેથી પ્રશિયાના રાજાને હિંમત આવી અને તેણે પણ રશિયા સાથે દરેક યુદ્ધમાં સામેલ થવાનું કબૂલ કરીને ફ્રાન્સ સાથે લડાઇ જાહેર કરી.

આ સમાચાર જ્યારે પારિસમાં આવી પહોંચ્યા ત્યારે નેપોલિયને કહ્યું કે “ શક પડતા મિત્ર કરતાં પ્રકટ શત્રુ વધારે સારો. પ્રશિયાના રાજાને હું ઘણીજ સહેલાઇથી પદભ્રષ્ટ કરી શકત પણ તે વખતે મેં તેમ ન કર્યું એ મારી મોટામાં મોટી ભૂલ થઇ. જો મેં તેમ કરીને ત્યાંની પ્રજાને સંપૂર્ણ સ્વરાજ આપ્યું હોત તો

તેઓ ગુલામગીરીમાંથી છૂટા થાત અને સંતુષ્ટ રહેત.”

હજીપણ આબરૂભરેલી ઉદાર સરતો પ્રમાણે સલાહ કરવા નેપોલિયન રાજી હતો. સલાહને માટે તે ઘણી બાબતમાં નમતું મૂકવા પણ તૈયાર હતો; પણ તેની સામે એકસંપી કરી બેઠેલા યૂરોપના આપખુદ રાજાઓ તેની ઉદારતા જોઈ શકતા ન હતા. નેપોલિયન સાચુંજ કહેતો હતો કે “ફ્રાન્સની રાજ્યક્રાન્તિના શત્રુઓ મરતાંસુધી લડવાનો નિશ્ચય કરી બેઠા છે.”

નેપોલિયનના પક્ષમાંથી પ્રશિયા છૂટું પડ્યું કે તરતજ ફ્રાન્સની સામે એકસંપી કરનારા રાજાઓએ એકરાર કર્યો કે જર્મનીનાં તમામ રાજ્યોએ નેપોલિયનની સામે લડવા માટે એકત્ર થઇ જવું અને જે ન જોડાય તેમને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવા. આવી રીતે તેઓએ રાજાઓની સ્વતંત્રતાને પગતળે છુંદી નાખી અને ગંભીરમાં ગંભીર એકરારનો બળાત્કારે ભંગ કરાવ્યો. કેટલાક રાજાઓ આવું નીચ કૃત્ય કરવા ખુશી ન હતા પણ તેઓ ડરના માર્યા આ એકસંપીમાં ભળ્યા. સૅક્સનીના વૃદ્ધ અને સમજુ રાજાએ પોતાના મિત્ર નેપોલિયનને દગો દેવાની ના પાડી. તેથી તેની ગાદી જોખમમાં આવી પડી અને તેને પોતાની રાજધાનીમાંથી નાસી જવું પડ્યું.

યૂરોપનાં મિત્રરાજ્યોનાં સૈન્ય એ રાજાના નાનકડા રાજ્ય ઉપર ઉલટયાં અને ત્યાંની રાજધાની ડ્રેસ્ડન કબજે કર્યું. ફ્રાન્સમાંથી પ્રકટ થતા ઉદાર અને સ્વતંત્ર વિચારોથી જેમને ડરવાનું કારણ હતું તેવા પક્ષના લોકોએ તેમને આવકાર આપ્યો. નેપોલિયને જે જે નાનાં નાનાં રાજ્યોને નવજીવન આપ્યું હતું, જેમને આપખુદ રાજ્યોની બેડીમાંથી છોડાવ્યો હતો તેમાંથી પણ કેટલાંક ડરનાં માર્યાં ખશી ગયાં. તટસ્થ રાજ્યોને પણ ઈંગ્લંડે ધમકાવીને આ એકસંપીમાં જોડાવાની ફરજ પાડી. ઈંગ્લંડનો એક કાફલો ડેન્માર્કની રાજધાની કોપનહેગન આગળ જઈ પહોંચ્યો અને તમે આ એકસંપીમાં જોડાઓ છો કે નહિ તેનો અડતાળીશ કલાકમાં હા કે નામાં ચોકખો જવાબ આપો, નહિ તો અમે શહેરને તોપને ધડાકે ઉડાવી દઇશું, એવી ધમકી આપી. આ યૂરોપીય વિગ્રહમાં જે જુલમભરેલું ચાંચીઆપણું કરીને ઇંગ્લંડે અનેકવાર પોતાના નામને કલંક લગાડયું છે તેમાંનું આ એક વધારે હતું. બિચારૂં ડેન્માર્ક ગભરાઇ ગયું. થોડા વખતપરજ ઈંગ્લંડે તેના ઉપર વર્તાવેલા ત્રાસની નિશાનીઓ હજી તાજી હતી. હજી તેના પુત્રોનાં લોહી તેના રસ્તાઓ ઉપરથી સૂકાયાં ન હતાં.

ફ્રાન્સ સાથેની લડાઈનો હિમાયતી અને પ્રજાસત્તાક રાજ્યતંત્રનો વિરોધી ઈંગ્લંડનો ટોરી પક્ષ હવે ખુશ ખુશ થઇ ગયો. આટલાં બધાં વર્ષસુધી નામોશી અને નુકસાન સહીને તેમણે લડાઇ ચાલુ રાખ્યા પછી હવે તેમને ફતેહનો સંભવ દેખાવા લાગ્યો. ઈંગ્લંડની સરકારના દલાલો મારફતે ફ્રાન્સના સમુદ્રકિનારાના તમામ પ્રાન્તોમાં હજારો લાખો પત્રિકાઓ છૂટથી વહેંચવામાં આવી. તેમાં નેપોલિયનની હલકામાં

હલકી બદનક્ષી કરવામાં આવી હતી. તે લોભી, જુલમગાર અને લોહીનો તરસ્યો કહેવામાં આવ્યો હતો અને ફ્રાન્સની રૈયતને તેની સામે બળવો કરવાની ઉશ્કેરણી પણ તેમાં હતી. આ લાંબી ભયંકર લડાઇઓ તેણેજ ઉભી કરી છે, સલાહ કરવાની તમામ માગણીઓ તેણે તરછોડી કહાડી છે, તેને મુલકો બાળવાનો અને માણસોની કતલ કરાવવાનો શોખ છે અને લશ્કરી કીર્તિ મેળવવાના અને સત્તાધારી થવાના લોભને લીધે તે આખા યૂરોપની પ્રજાને નવી નવી લડાઇઓ ઉભી કરીને રંજાડી રહ્યો છે—આવા આવા હડહડતા જૂઠા આરોપ તેના ઉપર મૂકવામાં આવ્યા હતા. સુધરેલી પદ્ધતિના અને પ્રજાને હસ્તક ચાલતા રાજ્યતંત્રના નાયકને કચરી નાખવાના પ્રયાસમાં છૂટથી નાણાંનો ઉપયોગ કરવા માટે ઇંગ્લંડની પ્રજા ઉપર આંધળીઆં કરીને દેવાના ડુંગર બનાવી મૂકયા હતા.

આસ્ટ્રિયાને લલચાવીને પોતાના પક્ષમાં વાળી લેવા માટે ઈંગ્લંડે તેને ઘણીજ ભારે લાંચ આપવા માંડી. “ ઈંગ્લંડે રશિયાને સાડા સત્તર કરોડ ફ્રાન્ક આપ્યા. તે ઉપરાંત તેણે અમને (આસ્ટ્રિયાને) પણ પચીશ કરોડ ફ્રાન્ક આપવા માંડયા. અમારી આર્થિક સ્થિતિ ઘણીજ તંગ છતાં અમે તે લાંચ સ્વીકારી નથી ” આવો એકરાર આસ્ટ્રિયાના રાજપ્રતિનિધિએ તેજ અરસામાં કર્યો હતો.

આ પ્રમાણે એક બાજુએ જ્યારે ઈંગ્લંડ પોતાની દોલત, લાગવગ, નૌકાબળ અને ચાણક્યનીતિવડે યૂરોપના રાજાઓની જબરદસ્ત એકસંપી રચી રહ્યું હતું તે વખતે તે રાજાઓ પણ પોતાની રૈયતને નેપોલિયનની વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. એ જમાનામાં દરેક દેશમાં પ્રજાવર્ગનો મોટો ભાગ રાજકીય સ્વતંત્રતા મેળવવા ઘણો ઉત્સુક બન્યો હતો. રાજાઓએ જાહેરનામાં પ્રકટ કર્યાં કે આ ન્યાયની લડાઇમાં પ્રજા સહાય આપશે તો તેમને લડાઇ પૂરી થયા પછી કાયદેસર બંધારણ મુજબની સ્વતંત્રતા આપવામાં આવશે. એ વચન તેમણે કદિ પણ પાળ્યાં નહિ અને અંગ્રેજ ઇતિહાસકાર નેપિયરના શબ્દોમાં કહીએ તો “ લોકોને ઠગવાનો તેમણે પ્રથમથીજ ઇરાદો રાખ્યો હતો. તેથી તેમણે ઘણીજ ઘૃણાપાત્ર નીચતા દાખવીને ખોટી ખોટી આશાઓ આપીને લોકોને ફસાવ્યા અને આ કપટજાળથી તેઓ અગાઉના કરતાં વધારે બળવાન સૈન્ય એકઠાં કરી શકયા. ”

સૅક્સનીમાં આવ્યા પછી તેમણે નેપોલિયનની વિરુદ્ધ અસંખ્ય જાહેરનામાં પ્રકટ કર્યાં. પ્રશિયાના સેનાપતિએ જાહેર કર્યું કે “ જર્મનો ! તમને પણ પ્રશિયનોના જેટલાજ હક્ક અને દરજ્જા આપવામાં આવશે. * હવે મજૂરનો છોકરો પણ શાહ-

---

* ગરજ વખતે મોટી મોટી લલચાવનારી આશાઓ આપવામાં યૂરોપના પ્રધાનો આજે પણ પાછી પાની કરે એવા નથી એ છેલ્લી લડાઇ પૂરી થયા પછી આપણે જોઈ શકયા છીએ.
ભા૦ ક૦

જાદાના જેટલાજ હક્ક ભોગવી શકશે. રાજા. સ્વતંત્રતા, ઈજ્જત અને સ્વદેશની ઉદાર ભાવનાઓમાં મનુષ્યો વચ્ચેના ભેદ ભૂંસાઇ જશે, માણસ માણસ વચ્ચે જો જરા પણ તફાવત રહેશે તો તે માત્ર ઓછી વધતી બુદ્ધિનોજ અને આપણા સર્વના સામાન્ય હિતને માટે લડવાના ઓછા વધતા ઉત્સાહનોજ રહેશે. ”

આવાં આવાં જૂઠાં વચનોવડે આપખુદ સત્તાને જાળવી રાખનારાઓએ અજ્ઞાન લોકસમૂહને ફસાવ્યો, અને તેઓ સમાનતા તથા સ્વતંત્રતાના રક્ષણને માટે નેપોલિયનની સામે લડે છે એવી તેમના ભોળા મન ઉપર છાપ પાડીને તેમનાજ પગમાં બેડી ઠોકવાના કાર્યમાં તેમનેજ સાધનભૂત બનાવ્યા. તેમણે લોકોને ઠગવા માટે પ્રજાને આધીન રાજ્યતંત્રનો ઝુંડો ઉપાડવાનો ઢોંગ કર્યો અને બિચારા ઉત્સાહી પણ ભોળા ગામડીઆઓ આ કપટજાળમાં ફસાયા અને તેમણે પોતાને હાથે પોતાના હિતનો નાશ કર્યો; પોતાનાજ લોહીમાં સ્વતંત્રતાની ઉગતી આશાને સદાને માટે તેમણે ડૂબાવી દીધી. વળી ફ્રાન્સના શહેનશાહની આસપાસ ભયંકર આફતોનાં કાળાં વાદળ ઘેરાતાં જોઇને આ પ્રસંગે તેને પડખે ઉભા રહેવાને બદલે તેઓએ એમજ માની લીધું કે એકલા માણસો નહિ, પરંતુ ઈશ્વર પણ તેના ઉપર રૂઠયો છે અને એમ સમજીને તેમણે પોતાના એકના એક સાચા હિતેચ્છુને તજી દીધો.

પોતાની આસપાસ ચાલ્યા આવતા આફતોના વાવાઝોડાને નેપોલિયન ધૈર્ય અને શાંતિથી જોયા કરતો હતો. જયારે તેના શત્રુઓ છેકજ ફતેહની આશામાં છકી ગયા છે ત્યારે તેમને સલાહને માટે કહેણ મોકલવું એ વૃથા માનભંગ કરવા જેવું છે એમ તે જાણી ગયો હતો. તેથી તેમના પ્રયત્ન અને કાવાદાવાને ધૂળધાણી કરી નાખવા માટે બમણા ઉત્સાહથી મંડી જવાનુંજ હવે તેને માટે રહ્યું હતું. ફ્રાન્સની પ્રજાએ ઉત્સાહથી તેના અવાજને ઉપાડી લીધો. છેવટના યુદ્ધને માટે માબાપોએ પોતાના વહાલા પુત્રોને અર્પણ કર્યા. શહેરે શહેર અને ગામડે ગામડે લડાઇની તૈયારીની ધૂમ મચી રહી. જાણે જાદુગરની ઇંદ્રજાળથી માયાવી સૈન્ય ઉભું થઈ ગયું હોય તેમ જોતજોતામાં મોટું સૈન્ય તાલીમ લઇને તૈયાર થઈ ગયું અને એપ્રિલ અધવારતા પહેલા તો ત્રણ લાખ સિપાઇઓનું લશ્કર શત્રુઓની પ્રચંડ ભરતીને ખાળવા માટે જર્મની તરફ ચાલતું થઇ ગયું. નેપોલિયનના કસાયલા પહેલવાન જેવા લડવૈયાઓ તો રશિયાનાં બરફમાં દટાઇ મુઆ હતા. બાકીના સ્પેનમાં રહ્યા રહ્યા ઇંગ્લંડ, પોર્ટુગાલ અને સ્પેનની સામે મહા મુશીબતે લડી રહ્યા હતા. તેથી કરીને આ નવું સૈન્ય “ માત્ર છોકરાઓ”તુંજ બન્યું હતું એમ સર વૉલ્ટર સ્કૉટ કહે છે તે ખોટું નથી.

પંદરમી એપ્રિલે નેપોલિયને લશ્કરના મુખ્ય મથક તરફ જવાને રાજમહેલ છોડયો. જયારે તેની ગાડી ચાલવા લાગી ત્યારે તેણે તે મહેલ તરફ થોડી વારસુધી જોયા કર્યું; પછી તે કપાળપર હાથ દઇને ઉંડા વિચારમાં પડી ગયો. તેણે કહ્યું,

“ મને મારા રાજ્યના ગરીબમાં ગરીબ ખેડુતના સુખની અદેખાઇ આવે છે. આ ઉમ્મરે તે પોતાના દેશનું દેવું અદા કરી નાખે છે અને પોતાની સ્ત્રી તથા બાળકો સાથે આનંદ કરતો હોય છે ત્યારે મારે સર્વને છોડીને લડવા જવું પડે છે ! મારા અતર્ક્ય પ્રારબ્ધમાં એવુંજ નિર્માણ થયું છે. ”

તેણે પોતાના સૈન્યને એર્ફર્થ આગળ એકત્ર કરવાની આજ્ઞા આપી હતી. પચીશમી એપ્રિલે તે ત્યાં આવી પહોંચ્યો. મિત્રરાજ્યોનાં સૈન્ય ફતેહથી અને તેમની વિશાળ સંખ્યાથી ઉન્મત્ત થઇ ગયાં હતાં, અને ફ્રાન્સમાં રાજાઓના પક્ષના લોકો બળવો કરશે એવી આશા રાખીને આગળ ચાલ્યાં આવતાં હતાં. નાની નાના કેટલીક ઝપાઝપી થઇ અને તેમાં શત્રુસૈન્યની સંખ્યા મોટી છતાં નેપોલિયનનું બુદ્ધિબળ સર્વોપરિ નીવડયું.

એમ કરતાં કરતાં બેઉ તરફનાં સૈન્ય ઘણી મોટી સંખ્યામાં લ્યૂઝેનના મેદાન આગળ સામસામા આવી ગયા. શત્રુના હાથ તરફથી એકાએક હુમલો કરવામાં આવશે એવું નેપોલિયને ધાર્યું ન હતું. તેથી તે નિઃશંકપણે કુચ કરતો હતો અને તેનું સૈન્ય લાંબી લાંબી હારમાં ચાલતું હોવાથી છેલ્લી ટુકડી ત્રીશ માઈલને અંતરે હતી. માર્ગમાં કેટલાક નાના ડુંગરાઓ આવેલા હતા. તેમની પાછળ મિત્રરાજ્યોનું એંશી હજાર સિપાઈઓનું લશ્કર ચાર ચાર હારમાં ગોઠવાઇને ઉભું હતું. તેમનું બળવાન તોપખાનું સર્વને મોખરે હતું અને પચીશ હજાર સારામાં સારા ઘોડેસ્વારોની ફોજ અનામત ખાતે ઉભી હતી. રસ્તાનો વાંક પૂરો થતાંજ ફ્રેન્ચ લશ્કરની આગલી હાર તેમની સામે એકાએક આવી ઉભી કે તરતજ આકાશભેદી ગર્જના કરતા ભરતીના પ્રચંડ મહામોજના વેગથી તેમના ઉપર શત્રુના સિપાઈઓ તૂટી પડયા. તોપખાનામાંથી એકસામટો અગ્નિનો વરસાદ વરસવા લાગ્યો. ફ્રેન્ચોની આગલી હારના જોતજોતામાં ફુરચે ફુરચા ઉડી ગયા. નેપોલિયનને ખબર કરવા સ્વાર પર સ્વાર દોડાવામાં આવ્યા, અને સેનાપતિએ કહેવડાવ્યું કે પાછળનું સૈન્ય જલદી આવી નહિ શકે તો બધું ગયું જાણજો. થોડીવારમાં તે ત્યાં આવી પહોંચ્યો. તેની પાસે માત્ર ચારજ હજાર સ્વાર હતા. શાંતિથી તેણે વસ્તુસ્થિતિ તપાસી લીધી અને પોતાના નાના સરખા સૈન્ય ઉપર ઉલટેલા પ્રચંડ મહાસાગર જેવા શત્રુસૈન્યને જોઈ જરા પણ ન ગભરાતાં તેણે કહ્યું:—

“ આપણી પાસે સ્વાર નથી. કાંઇ ફિકર નહિ. મિસરમાં જેમ કર્યું હતું તેમ આજે પણ ચલાવી લઇશું. ફ્રેન્ચ પાયદળ કોઇથી ઉતરે એમ નથી. મને મારા જુવાન સિપાઇઓની બહાદુરી ઉપર શ્રદ્ધા છે. ”

એમ કહીને તેણે ઘોડો દોડાવ્યો અને જ્યાં તોપોના અવિરત ધડાકા તથા ધૂમાડાના ઘાડા વાદળોવડે દારુણ સંગ્રામ મચી રહેલો જણાઇ આવતો હતો ત્યાં જઇ

પહોંચ્યો. ત્યાં મચી રહેલો ગભરાટ અને કતલ જોઇને સખતમાં સખત દિલના માણસની પણ હિંમત છૂટી જાય એમ હતું. નેપોલિયનના જુવાન નવા સિપાઇઓ રશિયન તોપોના ભયાનક અગ્નિવર્ષણથી ગભરાઇ નાસાનાસ કરી રહ્યા હતા. માત્ર થોડીક ઘડાયલા સિપાઇઓનીજ ટુકડીઓ લોહીલુહાણ અને છિન્ન ભિન્ન થએલી છતાં ધીમે ધીમે પાછળ હડતી હતી. બધા લશ્કરમાં નાસ ભાગ થાય એટલે તેમના ઉપર તૂટી પડીને ઘાસની માફક કાપી નાખવા માટે પાસેની ટેકરીઓ ઉપર ઘોડેસ્વાર તૈયાર થઇનેજ ઉભા હતા.

નેપોલિયનને આવેલો જોતાંજ સિપાઇઓમાં નવો ઉત્સાહ આવ્યો અને બધા તેની આસપાસ ભેગા થઇ ગયા. તેના થોડા ઉત્તેજક શબ્દોવડે તેમની ગએલી હિંમત પાછી આવી. વીખેરાઇને નાસી જતા સિપાઇઓ થોભ્યા અને તરતજ નાની નાની ચોરસ આકૃતિમાં ગોઠવાઇ ગયા.

તે ઝપાટાબંધ બધે ફરી વળ્યો. મરવાની અણીપર આવેલા સિપાઇઓના ચહેરા ઉપર તેનાં દર્શનથી આનંદનો ઉજાસ આવી જતો અને “ શહેનશાહ ઘણું જીવો ” કહી તેઓ પ્રાણ છોડતા. સિપાઇઓ, અમલદારો અને સેનાપતિઓએ આ પ્રસંગે અપૂર્વ શૌર્ય દાખવ્યું. નવા સિપાઇઓ જેમણે ખરેખરી લડાઈ કદિ જોઇ ન હતી તેમને પોતાના ઉદાહરણથી ઉત્તેજન આપવા માટે નેપોલિયન ગોળીઓની ઝડીની વચમાં જઇને ઉભો રહેતો.

આઠ કલાકસુધી દારુણ સંગ્રામ મચી રહ્યો. મુડદાં અને ઘાયલ થઇને પડેલા સિપાઇઓથી મેદાન છવાઇ ગયું. ફ્રેન્ચ સેનાપતિ જેરાર્ડને ઉપરાઉપરિ ગોળીઓ વાગવાથી લોહીથી ખરડાઇ ગયો હતો છતાં તે લશ્કરની આગળજ ઉભો રહ્યો હતો અને વારંવાર કહેતો કે “ ફ્રાન્સના પુત્રો ! ખરી અણીનો વખત આજે આવ્યો છે. જેઓ પોતાના દેશને ચાહતા હોય તેમણે આજે જીતવું કે મરવું. ”

નેપોલિયને પોતાના અપરાજિત શહેનશાહી રક્ષકોની ટુકડી અત્યારસુધી અનામત રહેવા દીધી હતી. આઠ કલાકના સંગ્રામ પછી તેમને છોડી મૂકવાનો અવસર આવી પહોંચ્યો. તેમની આગળ સાઠ તોપોની હાર રાખીને સજડા સજડી ગોઠવાયલી સોળ ટુકડીઓ મિત્રરાજ્યોના થાકથી શિથિલ થયેલા સૈન્ય ઉપર વજ્રની માફક તૂટી પડી. અવિરત અગ્નિના ભભૂકા અને તોપોના ધડાકા તેમની આગળ આગળ થતાજ રહ્યા. કોઇની પણ તાકાત ન હતી કે આ ધસારાની સામે પળવાર પણ ઉભા રહે. ધૂમાડાનાં અને ધૂળનાં વાદળાંમાં ઢંકાયલા હોવાથી નેપોલિયન તેમને જોઇ શકતો ન હતો; પરંતુ જેમ વખત જતો ગયો તેમ તેમની તોપોના ધડાકા વધારે ને વધારે દૂરથી સંભળાયા કરતા હતા. તે ઉપરથી સ્પષ્ટ જણાઇ આવ્યું કે તેઓ દુશ્મનોને મારી હઠાવતા આગળ ધસ્યા જતા હતા. છેવટે નેપોલિયને પૂરેપૂરી ફતેહ મેળવી

“ મને મારા રાજ્યના ગરીબમાં ગરીબ ખેડુતના સુખની અદેખાઇ આવે છે. આ ઉમ્મરે તે પોતાના દેશનું દેવું અદા કરી નાખે છે અને પોતાની સ્ત્રી તથા બાળકો સાથે આનંદ કરતો હોય છે ત્યારે મારે સર્વને છોડીને લડવા જવું પડે છે ! મારા અતર્ક્ય પ્રારબ્ધમાં એવુંજ નિર્માણ થયું છે. ”

તેણે પોતાના સૈન્યને એર્ફર્થ આગળ એકત્ર કરવાની આજ્ઞા આપી હતી. પચીશમી એપ્રિલે તે ત્યાં આવી પહોંચ્યો. મિત્રરાજ્યોનાં સૈન્ય ફતેહથી અને તેમની વિશાળ સંખ્યાથી ઉન્મત્ત થઇ ગયાં હતાં, અને ફ્રાન્સમાં રાજાઓના પક્ષના લોકો બળવો કરશે એવી આશા રાખીને આગળ ચાલ્યાં આવતાં હતાં. નાની નાના કેટલીક ઝપાઝપી થઇ અને તેમાં શત્રુસૈન્યની સંખ્યા મોટી છતાં નેપોલિયનનું બુદ્ધિબળ સર્વોપરિ નીવડયું.

એમ કરતાં કરતાં બેઉ તરફનાં સૈન્ય ઘણી મોટી સંખ્યામાં લ્યૂઝેનના મેદાન આગળ સામસામાં આવી ગયાં. શત્રુના હાથ તરફથી એકાએક હુમલો કરવામાં આવશે એવું નેપોલિયને ધાર્યું ન હતું. તેથી તે નિઃશંકપણે કુચ કરતો હતો અને તેનું સૈન્ય લાંબી લાંબી હારમાં ચાલતું હોવાથી છેલ્લી ટુકડી ત્રીશ માઇલને અંતરે હતી. માર્ગમાં કેટલાક નાના ડુંગરાઓ આવેલા હતા. તેમની પાછળ મિત્રરાજ્યોનું એંશી હજાર સિપાઈઓનું લશ્કર ચાર ચાર હારમાં ગોઠવાઇને ઉભું હતું. તેમનું બળવાન તોપખાનું સર્વને મોખરે હતું અને પચીશ હજાર સારામાં સારા ઘોડેસ્વારોની ફોજ અનામત ખાતે ઉભી હતી. રસ્તાનો વાંક પૂરો થતાંજ ફ્રેન્ચ લશ્કરની આગલી હાર તેમની સામે એકાએક આવી ઉભી કે તરતજ આકાશભેદી ગર્જના કરતા ભરતીના પ્રચંડ મહામોજના વેગથી તેમના ઉપર શત્રુના સિપાઈઓ તૂટી પડયા. તોપખાનામાંથી એકસામટો અગ્નિનો વરસાદ વરસવા લાગ્યો. ફ્રેન્ચોની આગલી હારના જોતજોતામાં ફુરચે ફુરચા ઉડી ગયા. નેપોલિયનને ખબર કરવા સ્વાર પર સ્વાર દોડાવામાં આવ્યા, અને સેનાપતિએ કહેવડાવ્યું કે પાછળનું સૈન્ય જલદી આવી નહિ શકે તો બધું ગયું જાણજો. થોડીવારમાં તે ત્યાં આવી પહોંચ્યો. તેની પાસે માત્ર ચારજ હજાર સ્વાર હતા. શાંતિથી તેણે વસ્તુસ્થિતિ તપાસી લીધી અને પોતાના નાના સરખા સૈન્ય ઉપર ઉલટેલા પ્રચંડ મહાસાગર જેવા શત્રુસૈન્યને જોઈ જરા પણ ન ગભરાતાં તેણે કહ્યું:—

“ આપણી પાસે સ્વાર નથી. કાંઇ ફિકર નહિ. મિસરમાં જેમ કર્યું હતું તેમ આજે પણ ચલાવી લઇશું. ફ્રેન્ચ પાયદળ કોઇથી ઉતરે એમ નથી. મને મારા જુવાન સિપાઇઓની બહાદુરી ઉપર શ્રદ્ધા છે. ”

એમ કહીને તેણે ઘોડો દોડાવ્યો અને જ્યાં તોપોના અવિરત ધડાકા તથા ધૂમાડાના ઘાડાં વાદળોવડે દારુણ સંગ્રામ મચી રહેલો જણાઇ આવતો હતો ત્યાં જઇ

પહોંચ્યો. ત્યાં મચી રહેલો ગભરાટ અને કતલ જોઇને સખતમાં સખત દિલના માણસની પણ હિંમત છૂટી જાય એમ હતું. નેપોલિયનના જુવાન નવા સિપાઇઓ રશિયન તોપોના ભયાનક અગ્નિવર્ષણથી ગભરાઇ નાસાનાસ કરી રહ્યા હતા. માત્ર થોડીક ઘડાયલા સિપાઇઓનીજ ટુકડીઓ લોહીલુહાણ અને છિન્ન ભિન્ન થએલી છતાં ધીમે ધીમે પાછળ હઠતી હતી. બધા લશ્કરમાં નાસ ભાગ થાય એટલે તેમના ઉપર તૂટી પડીને ઘાસની માફક કાપી નાખવા માટે પાસેની ટેકરીઓ ઉપર ઘોડેસ્વાર તૈયાર થઇનેજ ઉભા હતા.

નેપોલિયનને આવેલો જોતાંજ સિપાઇઓમાં નવો ઉત્સાહ આવ્યો અને બધા તેની આસપાસ ભેગા થઇ ગયા. તેના થોડા ઉત્તેજક શબ્દોવડે તેમની ગએલી હિંમત પાછી આવી. વીખેરાઇને નાસી જતા સિપાઇઓ થોભ્યા અને તરતજ નાની નાની ચોરસ આકૃતિમાં ગોઠવાઇ ગયા.

તે ઝપાટાબંધ બધે ફરી વળ્યો. મરવાની અણીપર આવેલા સિપાઇઓના ચહેરા ઉપર તેનાં દર્શનથી આનંદનો ઉજાસ આવી જતો અને "શહેનશાહ ઘણું જીવો" કહી તેઓ પ્રાણ છોડતા. સિપાઇઓ, અમલદારો અને સેનાપતિઓએ આ પ્રસંગે અપૂર્વ શૌર્ય દાખવ્યું. નવા સિપાઇઓ જેમણે ખરેખરી લડાઈ કદિ જોઇ ન હતી તેમને પોતાના ઉદાહરણથી ઉત્તેજન આપવા માટે નેપોલિયન ગોળીઓની ઝડીની વચમાં જઇને ઉભો રહેતો.

આઠ કલાકસુધી દારુણ સંગ્રામ મચી રહ્યો. મુડદાં અને ઘાયલ થઇને પડેલા સિપાઇઓથી મેદાન છવાઇ ગયું. ફ્રેન્ચ સેનાપતિ જેરાર્ડને ઉપરાઉપરિ ગોળીઓ વાગવાથી લોહીથી ખરડાઇ ગયો હતો છતાં તે લશ્કરની આગળજ ઉભો રહ્યો હતો અને વારંવાર કહેતો કે "ફ્રાન્સના પુત્રો! ખરી અણીનો વખત આજે આવ્યો છે. જેઓ પોતાના દેશને ચાહતા હોય તેમણે આજે જીતવું કે મરવું."

નેપોલિયને પોતાના અપરાજિત શહેનશાહી રક્ષકોની ટુકડી અત્યારસુધી અનામત રહેવા દીધી હતી. આઠ કલાકના સંગ્રામ પછી તેમને છોડી મૂકવાનો અવસર આવી પહોંચ્યો. તેમની આગળ સાઠ તોપોની હાર રાખીને સજડા સજડી ગોઠવાયલી સોળ ટુકડીઓ મિત્રરાજ્યોના થાકથી શિથિલ થયેલા સૈન્ય ઉપર વજ્રની માફક તૂટી પડી. અવિરત અગ્નિના ભભૂકા અને તોપોના ધડાકા તેમની આગળ આગળ થતાજ રહ્યા. કોઇની પણ તાકાત ન હતી કે આ ધસારાની સામે પળવાર પણ ઉભા રહે. ધૂમાડાનાં અને ધૂળનાં વાદળાંમાં ઢંકાયલા હોવાથી નેપોલિયન તેમને જોઇ શકતો ન હતો; પરંતુ જેમ વખત જતો ગયો તેમ તેમની તોપોના ધડાકા વધારે ને વધારે દૂરથી સંભળાયા કરતા હતા. તે ઉપરથી સ્પષ્ટ જણાઇ આવ્યું કે તેઓ દુશ્મનોને મારી હઠાવતા આગળ ધસ્યા જતા હતા. છેવટે નેપોલિયને પૂરેપૂરી ફતેહ મેળવી.

તેની પાસે પૂરતા સ્વાર ન હોવાથી તેના શત્રુની પૂંઠ ન લેવાઇ. શત્રુઓ નાસીને લિપ્ઝિક ગયા અને ત્યાંથી ડ્રેસ્ડન સુધી પાછા હઠી ગયા. તેઓ ધારતા હતા કે ફ્રાન્સના સૈન્યની રશિયામાં પાયમાલી થએલી હોવાથી હવે તેને સહેલાઇથી જીતી શકાશે, પરંતુ નેપોલિયનનું લશ્કરી બળ જેવું ને તેવું પ્રચંડ જોઇને તેઓ ગભરાટમાં પડી ગયા.

બીજે દિવસે સવારમાં ઘોડે બેસીને નેપોલિયન રણક્ષેત્રમાં ફરી વળ્યો. પોતાના કાચી ઉમ્મરના છ હજાર જુવાન સિપાઇઓનાં મુડદાં જોઇને તેના અંતઃકરણમાં ઉંડામાં ઉંડી શોકની લાગણી પેદા થઈ. તેમની કોમળ આકૃતિ અને નાજુક શરીર ઉપરથી જણાઈ આવતું હતું કે તેઓ સારામાં સારાં ખાનદાન કુટુંબોના ફરજંદ હતા અને લડાઇના રાક્ષસી કામને માટે અયોગ્ય છતાં દેશભક્તિની પ્રબળ લાગણીને લીધેજ તેમણે પોતાના પ્રાણની આહુતિ આપી હતી. એક મરવા પડેલો જુવાન છોકરવાદ પ્રશિયન સિપાઇ પોતાની છાતી સાથે કાંઇક દાબી રાખીને પડયો હતો. તપાસ કરતાં માલૂમ પડયું કે તેની પ્રિયતમાએ સ્નેહની નિશાની તરીકે રેશમના કકડાનો વાવટો બનાવીને તેને ભેટ આપ્યો હતો અને તે વહાલી ચીજને મરતી વેળા પણ તેણે છાતીએથી અળગી કરી ન હતી. આ કરુણ દૃશ્ય નેપોલિયન પળવાર જોઈ રહ્યો અને તેની આંખ ભરાઇ આવી. તેની દૃઢતા અને સ્વદેશભક્તિનાં વખાણ કરી તેના શબને તેણે લશ્કરી માન સાથે દફનાવવાનો હુકમ કર્યો. આવી રીતે શત્રુના **સદ્ગુણ તરફ પણ તે માનની નજરથી જોતો હતો.**

લ્યૂત્ઝેનની લડાઇ નેપોલિયનની બુદ્ધિની અને તેના સિપાઇઓની ભક્તિની સારામાં સારી સાબિતી તરીકે મનાય છે. તેના શત્રુઓએ લડવાની જગ્યા આગળથી પસંદ કરી રાખી હતી. ટેકરીઓની પાછળ છુપાઇને તેમણે ફ્રેન્ચો ઉપર છાપો માર્યો હતો. કુચ કરતાં કરતાં એકાએક શત્રુનો હુમલો થયો તે વખતે ફ્રેન્ચ સૈન્ય ત્રીશ માઇલ સુધી લંબાઈ ગએલું હતું અને શત્રુનું સઘળું બળ નેપોલિયનના સૈન્યના જમણા ભાગ તરફ તથા મધ્યભાગ તરફ એકત્રિત થઈ ચૂકેલું હતું; છતાં તેણે નવા, બિન-અનુભવી સિપાઇઓવડે પણ શત્રુનો હુમલો ખાળી રાખ્યો. પાછલા લશ્કરને આવી પહોંચતાં આઠ કલાક લાગ્યા ત્યાંસુધી ટકાવ કર્યો અને છેવટે સંપૂર્ણ ફતેહ મેળવી. નેપોલિયન તરફ તેના લશ્કરની વ્યક્તિગત ભક્તિવડેજ આ પરિણામ આવી શક્યું હતું. આજ લડાઇ દરમ્યાન એક ટુકડીને અત્યંત જોખમભરેલી જગ્યાએ મોકલવાની જરૂર જણાઇ હતી. એ ટુકડીના સરદાર ઉપર તમામ સિપાઇઓનો બેહદ પ્યાર હતો. તે સરદાર બહાદૂર હોવા છતાં તેને કોઇક દોષને લીધે તેના દરજ્જા ઉપરથી ઉતારી પાડવામાં આવ્યો હતો. મનુષ્ય સ્વભાવની વિચિત્રતાને નેપોલિયન કુદરતી રીતે ઘણી સહેલાઇથી ઓળખી શકતો હતો. આ વખતે જયારે યુદ્ધની રમઝટ મચી રહી હતી

તે વખતે સિપાઇઓના દેખતાં તેણે પેલા સરદારને માફી આપી તેના શાર્યનાં વખાણ કર્યાં; અને તે થતામાંજ તોપોના ધડાકાને પણ દબાવી દે એવો ગગનભેદી હર્ષનાદ તમામ સિપાઇઓએ એકસામટો ઉચ્ચાર્યો. તેઓના હાથમાં નવું જોર આવ્યું અને નદીના ધોધની માફક જ્યાં તેમને મોકલવાના હતા ત્યાં હર્ષનાદ કરતા તેઓ ધસી ગયા.

મે માસની બીજી તારીખે નેપોલિયન પોતાના વિજયી સૈન્યસહિત કુદરતી શોભાથી રમણીય દેખાતા ડ્રેસ્ડન નગર આગળ આવી પહોંચ્યો. તેની આસપાસની, સુંદર ટેકરીઓ વચ્ચેના મેદાનમાં શહેર નાટકની મનોહર રંગભૂમિની પેઠે શોભી રહ્યું હતું. નજીકમાં એલ્બા નદીનો પ્રવાહ શાંતપણે વહન કરતો હતો. તેના કિનારા ઉપર પુષ્પવાટિકાઓ અને ફૂલફળથી લચી રહેલાં વૃક્ષોની ઘટા આવી રહી હતી. આથમતા સૂર્યનાં કિરણ શહેરના મિનારાઓ, સુઘટિત ઘુમ્મટો અને રમણીય હવેલીઓ ઉપર ચળકી રહ્યાં હતાં. તેનાથી થોડે દૂર નાસતા શત્રુસૈન્યનાં શસ્ત્રો ઝળકતાં હતાં; તેમની પૂંઠે પડેલા ફ્રેન્ચોની તોપોના ધડાકા સંભળાતા હતા; અને નેપોલિયનને તેના પરમમિત્રની રાજધાનીમાં આવકાર આપવા માટે ડ્રેસ્ડનના દેવળોમાં ઘંટનાદ થતો હતો.

થોડાજ દિવસ અગાઉ શહેરના ઉમરાવ અને શ્રીમંતવર્ગે રશિયા અને પ્રશિયાના લશ્કરને આવકાર આપ્યો હતો. આજે પ્રજા સ્વાતંત્ર્યના મહાન રક્ષક નેપોલિયનને સાધારણ જનતા ઉલ્લાસથી વધાવી લેતી હતી. શહેરના માજીસ્ટ્રેટ અથવા મ્યુનિસિપાલિટીના સભાસદો જેમણે રાજદ્રોહ કરીને મિત્રરાજયના લસ્કરને આવકાર આપ્યો હતો તેઓ પાછા નેપોલિયનને પણ સલામી આપવા હાજર થયા હતા !

રશિયાના લશ્કરે નાસતી વખતે એલ્બ નદી ઉપરના પૂલને લગભગ નકામા જેવો કરી નાખ્યો હતો અને હવે તેઓ બોઝેન આગળ મજબૂત ખાઇઓ ખોદીને છેવટની લડાઈ લડવા તૈયાર થઇને બેઠા હતા. ફ્રેન્ચ ઈજનેરોએ ઝપાટાબંધ પૂલની મરામત કરી નાખી અને સૈન્ય ત્વરાથી નદી ઓળંગવા લાગ્યું. નદીકિનારે એક પત્થર ઉપર બેસીને નેપોલિયન પોતાના જુવાન સિપાઇઓને ઉત્તેજન આપી રહ્યો હતો અને તેઓ હર્ષનાદ કરતા પૂર ઉત્સાહમાં તેની પાસેથી પસાર થતા હતા. એ પ્રમાણે આખું સૈન્ય તોપો અને તમામ સરંજામસહિત એલ્બા નદીને સામે કિનારે જઇ પહોંચ્યું.

મેની બારમી તારીખે નેપોલિયન અને સેકસનીના રાજાની સ્વારી રાજમહેલ તરફ જવા નીકળી. તોપોના ધડાકા થતા હતા, રણવાદ્ય વાગતાં હતાં, દેવળોમાં મંગલસૂચક ઘંટનાદ થતા હતા અને લોકો તેમને હર્ષનાદથી વધાવી લેતા હતા. તેમના માર્ગ ઉપર પુષ્પવૃષ્ટિ થતી હતી અને શહેરની સુંદરીઓ મધુર હાસ્ય કરતી ઝરૂખાઓમાં રૂમાલ ઉડાવતી ઉભી હતી. નેપોલિયને આવા અનેક શુભ પ્રસંગો અનુભવ્યા હતા પણ તેમાંનો આ છેલ્લોજ હતો. તેની આસપાસ ઘેરાતી વિપત્તિઓનું

ખરેખરૂં મહત્ત્વ તે સમજી ગયો હતો તેથી અત્યારે વિજય અને હર્ષના અવસરમાં પણ પોતાના માર્ગમાં આવી ઉભેલી મુશીબતોની પર્વતમાલા તરફ તેનું લક્ષ્ય જતું હતું અને તે ઉદાસીન તથા વિચારમગ્ન બનીને ચાલતો હતો.

તેણે પાછળથી એકવાર કહ્યું હતું કે " મને છેવટના ભયંકર પરિણામનો દિવસ નજીક આવતો દેખાયો હતો. મારા હાથમાંથી રાજ્યની લગામ જાણે સરી પડતી હોય એમ મને લાગતું હતું. હું જાણતોજ હતો કે પોતાને જેથી લાભ થાય એવી મુશ્કેલીમાં હું સપડાઉં કે તરતજ આસ્ટ્રિયા પોતાનું વલણ બદલ્યા વગર નહિ રહે. "

પોતે જીતેલો છતાં હમેશના રિવાજ મુજબ તેણે સલાહને માટે કહેણ મોકલી જોયું. સલાહ કરવા તે ખરા અંતઃકરણથી રાજી હતો પણ સ્વમાન ગુમાવવા તે જરા પણ તૈયાર ન હતો. મિત્રરાજ્યોને ઉમેદ હતી કે આસ્ટ્રિયા તેમના પક્ષમાં ભળ્યા વગર નહિજ રહે; તેથી તેમણે એવી આકરી સરતો બતાવી કે જેનો અર્થ નેપોલિયનની પૂરેપૂરી પાયમાલી કરવી એવોજ થતો હતો. આ સરતો તેણે નજ સ્વીકારી. યુજીનને તેણે ઇટાલિ મોકલ્યો; કારણ કે આસ્ટ્રિયા પોતે એકવાર ગુમાવેલા પ્રદેશોનો કબજો પાછો મેળવવા ગુપ્ત રીતે ખટપટ કરી રહ્યું હતું.

એક અઠવાડીઉં આ રીતે ગયા પછી નેપોલિયને બોઝેન તરફ ચાલવા માંડ્યું. માર્ગમાં લડાઇને લીધે બળીને ઉજ્જડ થએલું એક ગામ આવ્યું. ત્યાંના લોકોની લાચાર હાલત જોઇને તેને ઘણું લાગી આવ્યું. લોકોને તેમની ચાલુ જરૂરીઆતને માટે તેણે એક લાખ ફ્રાન્કની મદદ આપી અને તેમનાં ઘર ફરીથી બાંધી આપવાનું વચન આપ્યું.

એકવીશમી તારીખે સવારમાં ફ્રેન્ચ સૈન્ય મિત્રરાજ્યોની ખાઇઓ નજીક આવી પહોંચ્યું. તેમની આગળ સ્પ્રી નદી વહેતી હતી. જમણા ભાગની ટેકરીઓ ઉપર રશિયાનું જબ્બર તોપખાનું ગોઠવાઇ ગયું હતું અને ડાબી બાજુએ આવેલી ખરબચડી ટેકરીઓ ઉપર પ્રશિયાની તોપો ડોળા ઘુરકાવી રહી હતી. નેપોલિયને નજર ફેંકતામાંજ જોઇ લીધું કે આ મજબૂત છાવણી ઉપર સીધો હુમલો કરવા જતાં ફાવી શકાય એમ નથી. તેણે જમણી બાજુ તરફથી દુશ્મનોની નજર ન પડે એટલો લાંબો ચક્રાવો લઇને છાવણીના પાછલા ભાગ તરફ આવી પહોંચવા માર્શલ નેને મોકલી દીધો અને શત્રુનું ધ્યાન રોકી રાખવાને આ બાજુથી પોતે બીજા સેનાપતિઓ સાથે હુમલો કર્યો.

ચાર કલાકસુધી ફ્રેન્ચોએ શત્રુઓની અભેદ્ય કિલ્લેબંદી ઉપર સમુદ્રનાં મોજાંની માફક એક પછી એક હુમલા કર્યાજ કર્યા. આખરે શત્રુના છાવણીની પાછલી બાજુ તરફથી નેના લશ્કરની રણતુરીનો નાદ સંભળાયો. " શહેનશાહ ઘણું જીવો "ની જયઘોષણા અને તોપોના તથા બંદુકોના પ્રચંડ ધડાકા સાથે માર્શલ નેનું લશ્કર થાકેલા દુશ્મનોની છાવણી ઉપર તૂટી પડ્યું. ચારે બાજુએથી એકસામટો હુમલો

થએલો જોઇને તેઓ ગભરાયા, વીખેરાયા અને જેમનાથી નસાયું તેઓ બોહીમિયાનાં જંગલોમાં ભરાઇ ગયા. નેપોલિયન બીજીવાર પણ જીત્યો. પૂરતા ઘોડેસ્વાર ન હોવાથી આ વખતે શત્રુની પૂંઠ ન લેવાઇ.

કેટલાક દિવસસુધી રાતદહાડો પળવારની પણ ઉંઘ કે આરામ લીધા વગર નિરંતર કામ કરવાથી નેપોલિયન એટલો બધો થાકી ગયો હતો કે આખરે આ યુદ્ધ દરમ્યાન તે એક તોપને અઢીંગીને સૂતો અને તોપોના ધડાકા અને યુદ્ધનો કોલાહલ છતાં પણ ધસઘસાટ ઉંઘી ગયો !

ફ્રેન્ચો જીત્યા ખરા પણ તેમણે શત્રુની તોપો ઉપર સીધો હુમલો કરેલો હોવાથી દુશ્મનો કરતાં તેમને થએલું નુકસાન વધારે હતું. પાંચ હજાર તો માર્યાજ ગયા અને બીજા વીશ હજાર લોહીલુહાણ હાલતમાં દવાખાનાંઓમાં ગયા.

આ લડાઈની યાદગીરી અને ફ્રાન્સ તથા ઇટાલીની પ્રજાએ કરેલી સેવાની પિછાન તરીકે એક કીર્તિસ્તંભ રચવાની આજ્ઞા કરી. દેશના રક્ષણ માટે ત્રણજ મહિનામાં બાર લાખ માણસો પ્રજાએ અર્પણ કર્યાં, તે સ્વદેશસેવાના કાર્યને ભવિષ્યની પ્રજા કૃતજ્ઞતા અને અભિમાનપૂર્વક જુએ એ આ કીર્તિસ્તંભનો હેતુ હતો. નેપોલીયનની પડતી થવાથી આ પ્રશંસનીય કામ અટકી પડયું અને પ્રજાસ્વાતંત્ર્યના હિમાયતીઓ, સ્વદેશપ્રેમના પ્રશંસકો અને સુંદર કળાના રસજ્ઞ પુરુષો, મિત્રરાજ્યોની ફતેહથી થએલી એ નુકસાની તરફ ખેદની લાગણીથી જુએ છે.

તે રાત્રે નેપોલિયને ઉંઘ લીધી ન હતી. તેણે બેડાં બેડાં હુકમો લખાવ્યા. પછી ત્રણ વાગ્યા એટલે એક સેનાપતિને સાથે લઇને તે ગુસ્ટાવસ એડોલ્ફસની દરગાહનાં દર્શને ગયો. રાત્રિની શાંતિ, ચંદ્રના પ્રકાશમાં મકબરાનો હૃદયને નરમ કરી નાખે એવો દેખાવ, જે લડાઇમાં પોતે રોકાયો હતો તે દરમ્યાન તેના સંજોગોની અત્યંત ગુંચવણ ભરેલી સ્થિતિ—આ બધાવડે તેના વિચારશીલ મન ઉપર ઉદાસીનતાની ઘેરી છાયા પથરાઇ. આ રીતે એક કલાકસુધી ત્યાં બેસીને બહાર આવ્યા પછી તેણે કહ્યું કે “ આ મહાપુરુષની સમાધિની યાત્રા વખતે મને અજાયબ જેવી રીતે ભવિષ્યનું જ્ઞાન થયું હતું અને મારા ભાવિની પોથી મારી આગળ ઉઘડી ગઈ હતી.”

સવાર પડતાંજ તેણે કુચ શરૂ કરી અને શત્રુસૈન્યના પાછલા ભાગને પકડી પાડયો. સખત ઝપાઝપી હવે શરૂ થઇ અને નેપોલિયન જ્યાં ઉભો હતો ત્યાં ગોળાનો વરસાદ પડવા લાગ્યો. તેનો એક અંગરક્ષક માર્યો ગયો. પોતાની પાસે ઉભેલા સરદાર ડૂરોને તેણે કહ્યું, “ આજે તમે કે હું, એમાંથી એકનો પ્રાણ જરૂર જશે. ”

બપોર પછી નેપોલિયન તેના અંગરક્ષકો સાથે દોડતે ઘોડે એક કોતરમાંથી પસાર થતો હતો તેવામાં એક ગોળો ઝાડને વાગ્યો અને ત્યાં અથડાઇને તેના એક સરદારના પ્રાણ લીધા અને ડૂરોને એવો સખત જખમ વાગ્યો કે તેના પેટનાં આંતરડાં

બહાર નીકળી ગયાં. નેપોલિઅન શોકથી વિહ્વલ થઈ ગયો અને બોલ્યો કે મારી ભવિષ્યવાણી ખરી પડી. તેણે નાના બાળકની માફક કલ્પાંત કરવા માંડયું અને કહ્યું કે હું કાલે જીતીને પાછો દેશ જઇશ પણ એ ફતેહથી મને આનંદ નહિ થાય. તે દૂરોની મરણપથારી પાસે જઇ બેઠો અને તે મરવા પડેલા મિત્રના હાથ પોતાના હાથમાં લઇને દાકતરોને વિનવવા લાગ્યો, પણ તેમણે આશા ન આપી. દૂરો પણ ગળગળો થઇ ગયો અને બોલ્યો કે મેં મારી આખી જિંદગી તમારી સેવામાં ગાળી છે અને હવે મારાથી તમારી સેવા નહિ થાય એટલા માટેજ મને મરવું નથી ગમતું. "

નેપોલિયને ગદ્દગદ સ્વરે જવાબ આપ્યો કે " દૂરો ! આત્મા અમર છે. મૃત્યુ પછી પણ પરલોકમાં જીવવાનું છે. ત્યાં તું મારી રાહ જોજે. એક દિવસ ત્યાં પાછા આપણે એકઠા થઈશું."

દૂરોની પીડા ઘણી તીવ્ર હતી અને તે જોઇને નેપોલિયનની આંખમાં આંસુનાં પૂર ચડી આવતાં હતાં. અંતે કાળજું કઠણ કરીને તે પોતાના મરતા મિત્રને ભેટ્યો અને છૂટો પડયો. લથડતે પગે અને રડતી આંખે તે પોતાના તંબુમાં ગયો અને આખી રાત ઉદાસીનતામાં ગાળી, સવાર પડતા પહેલાં દૂરોએ પ્રાણ છોડયા. તેની યાદગીરી જાળવી રાખવા માટે તેણે વીશ હજાર ફ્રાન્ક ખર્ચવાનો તથા તેની સુશિક્ષિતા પત્ની અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો હુકમ કર્યો. જે ખેતરમાં દૂરોને દટાવ્યો હતો તે આખરે તેના માલિક પાસેથી વેચાતું લીધું અને ચાર હજાર ફ્રાન્ક તેની યાદગીરીમાટે તખ્ત વગેરે કરાવવા પાછળ તથા બાકીના સોળ હજાર જમીનની કિંમત પેટે ખેતરના માલીકને આપ્યા. ત્યાર પછી થોડાજ વખતમાં નેપોલિયનનો પરાજય થયો અને ન્યાયને માટે લડાઇ કરનારા મિત્રરાજાઓ આ રકમ ખાઇ ગયા ! તેમ કરીને એક સારામાં સારા માણસનું સ્મરણચિન્હ થતું તેમણે અટકાવ્યું અને પોતાના પરમ મિત્રના શ્રાદ્ધ પાછળ નેપોલિયને ખર્ચવા ધારેલી રકમ ઉચાપત કરી જઇ પોતાની નીચતા બતાવી.

રશિયન સેનાપતિ કુટુસોફ જે નેપોલિયનનો રશિયન લડાઇ વેળા કટ્ટો હરિફ હતો તે પણ થોડાજ દિવસપર ઝેરી તાવની બિમારીથી મરણ પામ્યો હતો. તેની કબર ઉપર સ્મરણલેખ કોતરાવવાની કે મકબરો બંધાવવાની રશિયન સરકારને તો જરૂર જણાઇજ ન હતી; પરંતુ નેપોલિયને પોતાને ખર્ચે તેણે પોતાના હરિફની કબર ઉપર સારો મકબરો બંધાવવાનો હુકમ કર્યો. તે કાર્ય પણ મિત્ર રાજાઓ સહન ન કરી શક્યા અને તેમણે થવા ન દીધું. નેપોલિયનના અને તેના શત્રુઓના ચારિત્ર્ય વચ્ચે કેટલો ભેદ હતો તેનું આ ઉદાહરણ છે.

બે લડાઇઓમાં સખત હાર થવાથી મિત્રરાજાઓ હવે ઘણા ગભરાવા લાગ્યા. રશિયા અને પ્રશિયાથી તેમની કુમકે મોટાં સૈન્ય ચાલ્યાં આવતાં હતાં, પણ તેમને

આવતાં કેટલાંક અઠવાડીઆં લાગે એમ હતું. તેઓ આવી પહોંચે ત્યાંસુધી વખત કહાડાવી લેવા માટે તેમણે સલાહ કરવાનો ઢોંગ કરવા માંડ્યો, અને નેપોલિયનને કહેવડાવ્યું કે તમારી સરતો ઉપર વિચાર કરવા અમે તૈયાર છીએ. માત્ર પેલાં સૈન્ય આવી પહોંચે અને આસ્ટ્રિયાને સમજાવીને તેમના તરફ વાળી લેવાય ત્યાંસુધી તેમને લડાઇ થોભાવવી હતી. તેથી તેમણે સલાહની સરતોવિષેની ચર્ચા બને તેટલી લંબાવી. આસ્ટ્રિયાનો રાજા મધ્યસ્થ થયો. આ પ્રમાણે તેમણે પોતાને જોઇતો હતો તેટલો વખત લઇ લીધો. છેવટે તેમણે નેપોલિયનને સલાહની સરતોનો કાચો ખરડો મોકલાવ્યો. તેમાં જણાવ્યું હતું કે ઇટાલિના લોમ્બાર્ડી, ઇલિરિયા વગેરે પ્રાન્તો આસ્ટ્રિયાને આપી દેવા, હોલેન્ડ, પોલેન્ડ અને જર્મનીની પૂર્વ સરહદપરના કિલ્લા મિત્રરાજ્યોને આપી દેવા, સ્પેન, પોર્ટુગાલમાંથી ફ્રેન્ચ લશ્કરને પાછું બોલાવી લેવું અને હ્રાઇન નદીની આસપાસનાં સંયુક્ત રાજ્યો તથા બીજાં પ્રજાસત્તાક રાજ્યો ઉપરનો ઉપરિપણાનો હક્ક નેપોલિયને છોડી દેવો.

આવી બેહુદી સરતો તેમણે એટલાજ માટે કરી હતી કે નેપોલિયન ખીજવાઇને ના પાડે. તેણે કહ્યું કે “ આ સરતો હું કબૂલ કરૂં તોપણ ફ્રાન્સને તેથી શો લાભ હતો ? મારે નિરર્થક સ્વમાન ગુમાવવું અને આસ્ટ્રિયાને ભવિષ્યમાં આથી વધારે આકરી માગણી કરવાને તેના હાથ મજબૂત કરી આપવા ! એક વાર નમતું મૂકું તો આ લોકો આથી વધારે માગણી કર્યાજ કરે અને એમ કરતાં કરતાં મારી પોતાની પ્રજા પણ મારા ઉપર ખીજવાય અને પરદેશીઓની સત્તા નીચે તેમને લાવી મૂકનાર હુંજ છું એમ માનીને મનેજ ફ્રાન્સમાંથી દેશનિકાલ કરે. ”

આ સરતો સ્વીકારવાની તો તેણે દૃઢતાથી ના પાડી; પણ હવે તેને કેવળ ગભરાટજ નહિ પણ અતિશય ઉદ્વેગ પણ થતો હતો. હવે કરવું શું ? શત્રુઓ જે સૈન્યની રાહ જોતા હતા તે હવે આવી પહોંચ્યાં હતાં. તે અત્યારે મિત્રરાજ્યોની સરતો પ્રમાણે સલાહ ન કરે તો આસ્ટ્રિયા તેનો શત્રુ બનીને તેના ઉપર પાછળથી હુમલો કરવાને તૈયારજ હતો. ટેલિરેન્ડ અને ફૉશ જેવા તેના અંગના માણસો પણ સલાહ આપવા લાગ્યા કે આ સરતો હડહડતું માનભંગ કરનારી છે અને ફ્રાન્સને નુકસાનકર્તા છે તોપણ વખત વિચારી જાઓ અને અત્યારે તે કબૂલ કરી લો.

આ પ્રસંગવિષે પાછળથી સેંટ હેલેનામાં એકવાર વાત નીકળી ત્યારે તેણે કહ્યું હતું કે “ એ વખતે એ સરતો સ્વીકારી લેવામાં કેટલું જોખમ સમાયલું છે તે મારા સિવાય બીજા કોઇને સૂઝતુંજ ન હતું એ જાણીને મારી મુંઝવણનો પાર રહ્યો ન હતો. એક બાજુએ ફ્રાન્સના અસ્તિત્વનો નાશ કરવાનું પણ લઈ બેઠેલા રાજાઓ મને કાયર કરતા હતા અને બીજી બાજુએ મારા પોતાના માણસો તેમના અજ્ઞાન અને ટુંકી નજરને લીધે શત્રુઓના ત્રાજવામાં બેસી જતા હતા. મારા દુશ્મ-

નોને મારી પાયમાલી કરવી હતી; અને મારી પ્રજા અને મારા કેટલાક પ્રધાનોનો પણ આગ્રહ એવો હતો કે મારે હવે મારા દુશ્મનોને શરણે જવું. હું જોઇ શકતો હતો કે ફ્રાન્સનું અસ્તિત્વ, તેનું ભાવિ અને રાજ્યતંત્રવિષેના તેના સિદ્ધાંતો—સર્વનો આધાર મારા એકલાપરજ હતો. જે સંજોગોમાં મારો દેશ મૂકાયો હતો તે અસાધારણ અને તદ્દન નવાજ હતા. એવા પ્રકારની વસ્તુસ્થિતિ મેં કોઇ પણ પ્રજાના ઇતિહાસમાં જોઇ નથી. ફ્રાન્સના સામ્રાજ્યની ઇમારતની સુસ્થિતિ મારા ઉપર અને મારી દરેક લડાઇના પરિણામ ઉપર અવલંબતી હતી. ૧૮૧૪ અને ૧૮૧૫ માં ફ્રાન્સને જે વિપત્તિઓ સહન કરવી પડી છે તેવીને તેવીજ વિપત્તિઓ જો હું મારેન્ગોની લડાઇમાં હાર્યો હોત તોપણ સહન કરવી પડત. માત્ર બેઉ યુદ્ધોની વચ્ચેના ગાળામાં ફ્રેન્ચોએ મર્દાઇ અને અલૌકિક પરાક્રમ દાખવીને જગત્‌માં અમરતા પ્રાપ્ત કરી તે લાભ તેમને ન મળત. આસ્ટર્લિટ્ઝ, જેના અને વાગ્રામના સંગ્રામ વખતે પણ એની એજ વસ્તુસ્થિતિ હતી. અજ્ઞાન લોકો એમજ માનતા કે આ બધી લડાઇઓ મેંજ ઉભી કરી હતી; પણ તે વખતના યૂરોપના રાજનૈતિક વાતાવરણમાંથી સ્વાભાવિકરીતે આ કલહ ઉત્પન્ન થતા હતા. ભૂતકાળમાં થએલી ભૂલો અને ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પ્રજાકીય જાગૃતિના મહામોજનું ઉત્થાન એ બેની વચ્ચે સંઘર્ષણ થવાથી, અને ફ્રાન્સના શત્રુઓ તેને કચરી નાખવા એકત્ર થએલા હોવાથી અમે એવા સંજોગોમાં મૂકાયા કે લડયા વગર અમારો ઉદ્ધારજ ન હતો; અમને બીજાઓ ન જીતે તે માટે તેમને જીત્યા વગર અમારે ચાલે તેમજ ન હતું. ”

નેપોલિયન ખરા અંતઃકરણથી સલાહ કરવા ખુશી હતો અને સલાહ થાય તે માટે તે કેટલાક પ્રકારનો ભોગ આપવા પણ રાજી હતો; કારણ કે તેણે યૂરોપીય રાજાઓને પોતાના તરફથી સલાહની સરતો જણાવી તેમાં અને તેના શત્રુઓએ કરેલી સરતોમાં મહત્ત્વનો તફાવત ન હતો. તેના શત્રુઓમાં હવે બળની તો ઉણપ ન હતી પણ જેને હાથે તેમણે અનેકવાર છક્કડ ખાધેલી તેના પ્રતાપને લીધે હજી તેઓ ડરતા હતા. તેથી આ સરતો ઉપર સહી કરવાની તેઓ તૈયારીમાંજ હતા; એટલામાં સ્પેનથી સમાચાર આવ્યા કે વિટ્ટોરિયાના સંગ્રામમાં ફ્રેન્ચ સૈન્યનો પૂરેપૂરો પરાજય થતાં સ્પેનમાં તેમની સત્તા ઉપર પ્રાણઘાતક પ્રહાર થયો છે. પૂર્વ તરફ પોતાના બળને એકઠું કરવા માટે નેપોલિયને સ્પેનમાં લશ્કર ઓછું કરી નાખ્યું હતું. તેને પરિણામે આ સજ્જડ હાર તેમને ખમવી પડી હતી. હવે અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન એક લાખ માણસોનું સૈન્ય લઇને પિરિનીઝ પર્વત ઓળંગીને ફ્રાન્સના દક્ષિણ પ્રદેશ તરફ નદીના પૂરની માફક ચાલ્યો આવતો હતો. આ સમાચાર આવતાંજ મિત્રરાજ્યોની છાવણીમાં હર્ષનાદ થવા લાગ્યા, અને તરતજ તેમણે સલાહની વાતો પડતી મૂકીને લડવાની તૈયારી કરવા માંડી.

હવે મિત્રરાજ્યો લડાઇમાં જરૂર વિજય મેળવી શકે એવી સ્થિતિમાં હતાં. અલેક્ઝાન્ડરને બીજાં પચાશ હજાર માણસની મદદ મળી ગઇ હતી. સ્વીડનનું સૈન્ય લઇને બર્નાડો તેના જૂના યુદ્ધના સોબતીની તથા જન્મભૂમિની સામે લડવા માટે આવી પહોંચ્યો હતો. માજી ફ્રેન્ચ સેનાપતિ મોરો જેને નેપોલિયને માફી આપવાની ઉદારતા દાખવી હતી તે અમેરિકાથી દોડયો આવ્યો, અને તેના પોતાનાજ દેશની સ્વતંત્રતા છીનવી લેવા માટે લડાતા યુદ્ધમાં સામેલ થવા મિત્રરાજ્યોની છાવણીમાં હાજર થયો હતો. ફ્રેન્ચ સૈન્યના એક વિભાગનો મુખ્ય અમલદાર જનરલ જોમિનિ પણ આ આફતના વાવાઝોડા વખતે શત્રુને મળી ગયો અને નેપોલિયનની જે જે યોજનાઓ તે જાણી શકયો હતો તે સર્વથી તેણે પોતાના દેશના શત્રુઓને વાકેફ કર્યા.

આવી ઉપરાઉપરિ અનુકૂળતાઓ મળી જાય એટલે પછી શામાટે નેપોલિયન સાથે સલાહ કરવાનો તેના દુસ્મનોને વિચાર પણ આવે ? આગસ્ટની દશમી તારીખે રાત્રે આકાશમાં અસંખ્ય ઝળહળતી હવાઇઓ બોહીમિયા અને સાઇલેશિયાની ટેકરીએ ટેકરીએથી લડાઇની શરૂઆતનો ડંકો વગાડતી ઉડવા લાગી. બીજેજ દિવસે આસ્ટ્રિયાએ લડાઇ જાહેર કરી. નેપોલિયને આ સમાચાર શાંતિથી સાંભળ્યા અને તેના મુખમાંથી નીચે મુજબ ગંભીર ઉદાર શબ્દો નીકળ્યા—

“સ્વમાનનો ભંગ થવા દઇ શત્રુની ઇચ્છાને અધીન થવું, તેના કરતાં શત્રુની ફતેહ થવાની હોય તોપણ લડાઇમાં મર્દની માફક મરવાનું હું હજારવાર પસંદ કરૂં છું. બહાદુરીથી છેવટની ઘડીસુધી લડયા પછી કદાચ હાર થાય તોપણ ભવિષ્યની પ્રજા એવા વીરપુરુષ તરફ માનની નજરથી જોશે. માટે મારે હવે લડવુંજ છે. જો હું હારીશ તોપણ મારા શત્રુ રાજાઓના રાજનૈતિક લાભની સાથે મારૂં ભાવિ એવું અવિચ્છિન્ન રીતે સંકળાયલું છે કે તે જોતાં તેઓથી મારા પરાજયનો ઘણો લાભ નહિ લેવાય; અને જીતીશ તો તો કશું નુકસાન છેજ નહિ. હજી પણ સંજોગો મને અનુકૂળ છે તેથી હું છેકજ આશા છોડી દેતો નથી.’

આ આફતના સમાચાર નેપોલિયને પ્રથમ કૉલેનકોર્ટને મોઢેથી સાંભળ્યા. એ ગૃહસ્થ પોતેજ એ પ્રસંગે થએલી વાતચીત નીચે મુજબ હતી એમ લખે છેઃ—નેપોલિયને પૂછ્યું, “શું આસ્ટ્રિયાએ મારી સાથે સરકારી રીતે લડાઇ જાહેર કરી દીધી છે ?”

“હું માનું છું કે આસ્ટ્રિયા પણ રશિયા અને પ્રશિયાની સાથે સામેલ થઇ જશે.’ પણ તેને અટકાવીને નેપોલિયને કહ્યું, “તમે માનો છો એટલુંજ પણ તેથી કાંઈ એ સાચી વાત નજ કહેવાય.”

“નહિ, સાહેબ, સાચીજ વાત છે; અને આપ નામદારે ખાત્રીપૂર્વક માનવું જોઇએ કે આવી મહત્ત્વની બાબતોમાં હું કાંઇ અનુમાન કરીને અભિપ્રાય

બાંધતો નથી."

"ત્યારે તમારી પાસે શી સાબિતી છે?"

"યુદ્ધવિરામની મુદત પૂરી થતા પહેલાં બે દિવસ અગાઉ પ્રશિયન સેનાપતિ બ્લૂચર એક લાખ માણસોના લશ્કર સાથે સાઇલેશિયામાં ગયો છે અને તેણે બ્રેસ્લૂ કબજે કર્યું છે."

"આ કાંઈ સાધારણ વાત ન કહેવાય; પણ તમે ખાત્રીથી કહો છો?"

"હું પ્રેગ જવા નીકળ્યો તેને આગલે દહાડે મારે અને મેટર્નિક વચ્ચે આ વિષે ગરમાગરમ ચર્ચા થઇ હતી. વળી એજ દહાડે જનરલ જોમિની માર્શલ નેની છાવણી છોડી ચાલ્યો ગયો અને અત્યારે ઝાર અલેક્ઝાન્ડર પાસે બેઠો છે."

"જોમિની! જેને મેં અનેકવાર મહેરબાની બતાવીને નવાજી નાખ્યો છે તે જોમિની દેશદ્રોહી થયો! લડાઇની અણીને વખતે છાવણીમાંથી નાસી ગયો! દુશ્મનોને આપણી બધી વસ્તુસ્થિતિ અને યોજનાઓ પણ બતાવી દેશે! ખરેખર, આ માની શકાય એવું નથી!"

"આ શબ્દો જ્યારે તેના મોંમાંથી નીકળતા હતા ત્યારે અત્યંત ક્રોધની સાથે ચિત્તની પ્રબળ અસ્વસ્થતા તેના ચહેરા ઉપરથી હુ જોઈ શકતો હતો, તેની લાગણીનો આવેશ તેનાથી રોકયો રોકાતો ન હતો, અને તેથી હું વધારે બોલી ન શકયો."

પણ થોડીવારમાં પાછું તેણે પૂછવા માંડયું. "બસ? આટલુંજ તમારે કહેવાનું છે? કોલેનકોર્ટ! બોલી જાઓ; તમે જાણતા હો તે બધુંએ કહી નાખો. મારે બધું જાણી લેવુ છે."

"સાહેબ, યૂરોપીય રાજાઓની એકસંપી વધારે વ્યાપક બનતી જાય છે. સ્વીડને પણ આપણી સાથે લડાઇ જાહેર કરી દીધી છે!"

તેણે ધીરજ ખોઇને મને એકદમ અટકાવ્યો અને કહ્યું, "તમે આ કહો છો શું? બર્નાડો! બર્નાડો ફ્રાન્સ સાથે લડાઇમાં ઉતરે છે! આ મર્દનું લક્ષણ નહિ પણ ગધેડાની માફક પાછળથી લાત મારવાની નીતિ!"

"બર્નાડો તેના દેશની સામે લડાઇ જાહેર કરીનેજ બેસી રહ્યો નથી પણ આપણને છોડીને નાસી જનારાઓની તેણે પોતાના સૈન્યમાં ભરતી કરવા માંડી છે; અને પોતાના દેશબંધુઓના શાપ જાણે પોતે એકલો સહન કરી શકતો ન હોય તેમ બીજાઓને પણ ભાગીદાર બનાવતો જાય છે."

"એટલે શું?"

"જનરલ મોરો મિત્રરાજ્યોની છાવણીમાં જઇ પહોંચ્યો છે."

"મોરો મિત્રરાજ્યોની છાવણીમાં! આ મનાય એવું નથી. બર્નાડો કદાચ પોતાના દેશદ્રોહનો કોઇ પણ ખોટા બહાનાં હેઠળ ઢાંકપિછોડો કરે, પણ મોરો!

મોરો પોતાના દેશ અને દેશીઓ ઉપર વેર લેવા તૈયાર થયો છે ! હું એ નથી માની શકતો. મોરો નબળા મનનો છે, શક્તિહીણ થઇ ગએલો છે; ઘણો મહત્ત્વાકાંક્ષી પણ છે; છતાં જોમિની જેવા દેશદ્રોહીમાં અને મોરોમાં ઘણો તફાવત છે. નહિ, નહિ, આ હકીકત માની શકાય એવી નથી. તમે કયાંથી જાણી ?”

સલાહ કરવાની બાબતમાં નેપોલિયન અને મિત્રરાજાઓ વચ્ચે જે અરસપરસ સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા તેમાં કોલેનકૉર્ટે મહત્ત્વનો ભાગ લીધો હતો. તે પોતે એ વિષે નીચે પ્રમાણે લખે છે:—

“ આસ્ટ્રિયા સાથે સલાહ કાયમ રહેશે એવી મેં ઘણી જૂજ આશા રાખી હતી. રશિયા અને પ્રશિયાના સંબંધમાં તો મને મુદ્દલે આશા ન હતી. નેપોલિયનને પોતાની આસપાસ ઘેરાતા તોફાનને રોકવામાં પૂરેપૂરી નિષ્ફળતા મળવાની છે એની મને એવી ઉંડી પ્રતીતિ થઇ ગઇ હતી કે ઉપર ઉપરથી કૃત્રિમ હિંમત બતાવીને હું તે નાઉમેદી ઘણીજ મુશ્કેલીથી છુપાવી શકતો હતો. નેપોલિયનના લખાવ્યા પ્રમાણે જ્યારે હું સલાહની સરતોનો કાચો ખરડો લખ્યે જતો હતો તેજ વખતે અમારા માથા ઉપર તોફાનનું વાદળ ધડાકા સાથે તૂટી પડશે એવી મારી ખાત્રી હતી. વાજબી સરતો મુજબ સલાહ કરવાને તે કેટલો અંતઃકરણપૂર્વક ઉત્સુક હતો તેના કાયમના પૂરાવા તરીકે આ ખરડો સદાને માટે જગત્ સમક્ષ દીવાની જ્યોત જેવો ઉભો રહેશે; પણ અમે ગમે તેટલું જતું કર્યું તોપણ અમારા હમેશના કટ્ટા શત્રુ ઈંગ્લંડના કાવા દાવા આગળ અમારૂં કશું ચાલ્યું નહિ. એકલા ફ્રાન્સની સામે પાંચ પાંચ રાજ્યો એકઠાં થઇ ગયાં ! તેમના અત્યારસુધીના પરાજય અને અમારી આજ સુધીની તમામ ફતેહો વીશ લાખ સિપાઇઓના પગ નીચે કચરાઇ ગઇ. ફ્રાન્સના પુત્રોએ હમેશની માફક આ વખતે પણ શૌર્યની પરિસીમા બતાવી અને રણયજ્ઞમાં તેમના રુધિરની આહુતિ આપીને અમરત્વ પ્રાપ્ત કર્યું; પણ તેમની સામે આટલાં બધાં રાજ્યો કમ્મર બાંધી તૈયાર થએલાં હોવાથી તેમનો પરાજય નિર્માણ થઇ ચૂકયોજ હતો.

લ્યૂઝેનની લડાઇ જીત્યા પછી મેં અમારા શહેનશાહને નામે રશિયા અને પ્રશિયાને સલાહનું કહેણ મોકલાવ્યું હતું; પણ મારૂં તેમણે સાંભળ્યુંજ નહિ. થોડા દિવસ પછી અમે બોઝેનની લડાઇ પણ જીત્યા, પરંતુ એ ફતેહ પણ અમે અમારા દેશના બહાદૂરમાં બહાદૂર પુત્રોના ભોગેજ મેળવી હતી. ત્યાર પછી મને નેપોલિયને કહ્યું હતું કે આસ્ટ્રિયાના રાજપ્રતિનિધિ સાથેની વાતચીતનું કશું પરિણામ આવ્યું નથી. તેણે કહ્યું કે “ જેઓ જન્મથી રાજા બનેલા હોય છે તેમને મન સગપણના કાંઇ કિંમત હોતી નથી. તેની પોતાની દીકરી અને દૌહિત્રના લાભનો પણ તેને કશો વિચાર નહિ આવે અને તેના પ્રધાનમંડળે બતાવેલી નીતિનુંજ તે અક્ષરે અક્ષર

પાલન કરશે. એમની નાડીઓમાં લોહી નથી વહેતું પણ સ્નેહશૂન્ય રાજનીતિજ વહે છે. આસ્ટ્રિયા એકલુંજ મારા પક્ષમાં રહે તો હજી બધુંએ સાચવી લેવાય. ફ્રાન્સની સાથે જોડાવાથી આસ્ટ્રિયા એવું બળવાન બની જાય કે રશિયા અને પ્રશિયા તેની આગળ પળવાર પણ ટકી ન શકે; પણ આસ્ટ્રિયાની રાજગાદી ઉપર એક મહાલોભી અને દ્રોહી પુરુષ બેઠેલો છે. ”

આગળ ચાલતાં ફ્રોલેનકૉર્ટ લખે છે કે “ આ લડાઇ દરમ્યાન નેપોલિયને જે અથાગ શારીરિક તથા માનસિક પરિશ્રમ સહન કર્યો હતો તે જીરવવાનું સામર્થ્ય તેનામાં શી રીતે પેદા થયું તે હું કદી સમજી શકયોજ નથી. બે દિવસ તો લડાઇમાં અને આ જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં પસાર થયા. આ બે દિવસ દરમ્યાન તે દહાડે આખો વખત સ્વારી કરતો અને બધી રાત લખતો. બોઝેનનું યાદગાર યુદ્ધ આશરે ચોત્રીશ કલાકસુધી પહોંચ્યું હતું અને તે બધો વખત તેણે જરા પણ વિરામ લીધો ન હતો. બીજે દિવસે થાક અને નબળાઇને લીધે તે લેવાઇ ગયો તેથી તે ઘોડેથી ઉતર્યો અને તોપોના ધડાકા થતા હતા છતાં **એક કોતરના ઢોળાવ ઉપર લાંબો થઇને સૂઇ ગયો!** લડાઈમાં આપણી જીત થઇ છે એમ કહીને મેં તેને જગાડયો. તેણે જાગીને કહ્યું કે “ ઉંઘમાં આપણને લાભ થાય છે એમ કહેવાય છે તે આજે સાચું પડયું. ” એમ કહીને તે પાછો સ્વાર થઇ ગયો, કેમકે લડાઈનું પરિણામ આવી ગયું હતું છતાં સાંજના પાંચ વાગતાસુધી લડવાની પ્રવૃત્તિ ચાલુજ રહી હતી.”

प्रकरण ५५ मुं–पुनरावलोकन

નેપોલિયનની છેલ્લી લડાઇઓનું દુ:ખદ પ્રકરણ ઉઘાડવા પહેલાં તેના અત્યારસુધીના જીવન તરફ ફરીથી એકવાર નજર નાખી લઇએ અને આ ચમત્કારિક માણસને માટે તેના સૌથી કટ્ટા અને ઇર્ષ્યાભર્યા શત્રુઓને પણ કેટલે દરજ્જે છૂટછાટ મૂકવી પડતી હતી તે જરા વિસ્તારથી અવલોકીએ. તેમણે એની વિરુદ્ધ શું શું લખ્યું છે તે નોંધવાની હવે અગત્ય રહી નથી. દુનિયામાં તેનો સર્વત્ર પ્રચાર થઇ ચૂકયો છે.

એલિસન લખે છે કે "ઉંચામાં ઉંચી કોટિની બુદ્ધિ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દરજ્જાની માનસિક શક્તિઓ આટલા બધા પ્રમાણમાં કોઈપણ મનુષ્યને કુદરતે બક્ષેલી જોવામાં આવતી નથી; તેમ સારા અથવા નઠારા કામમાં કોઇએ આટલી બધી શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કર્યો હોય એમ પણ જણાતું નથી. સ્થિર વિચારશક્તિ, પ્રબળ કલ્પનાશક્તિ અને સંગીન તુલનાશક્તિ, એ ત્રણેનું એનામાં મિલન થયું હતું અને તે ઉપરાંત ઇટાલિની પ્રજામાં જોવામાં આવે છે તેવી બળવાન લાગણીઓ અને કવિત્વવૃત્તિની ઝમક તેનામાં હતી; અને તે છતાં પણ લાગણી અને કવિતાના પૂરમાં તણાઈ ન જતાં તેના પ્રત્યેક કાર્યમાં ઉંચામાં ઉંચા પ્રકારના વિચારક અને ફિલ્સુફની છાપ જોવામાં આવતી હતી. તે કોમળમાં કોમળ અને ઉદારમાં ઉદાર મનોભાવને પોષણ આપતો હતો; છતાં વિજ્ઞાનના ચુસ્ત અભ્યાસકમાં હોવી જોઈએ તેવી ચોકસાઇ અને તુલનાશક્તિ તેનામાં હતાં. તેનામાં વક્તાની છટા, કવિની કવિત્વવૃત્તિ અને પ્રબળ કલ્પના હોવા છતાં તે પોતાની કોમળ વૃત્તિઓને ગંભીર તુલનાશક્તિ અને ચોક્કસ અવલોકનશક્તિને વશ રાખીને તેમનો ઉપયોગ કરતો હતો."

"યોદ્ધા તરીકે તેણે મહાભારત કાર્યો કર્યાં હતાં તેને લીધેજ તેને મહત્ત્વનું સ્થાન નથી અપાતું; પણ દેશની આભ્યંતરિક સ્થિતિ સુધારવા માટે તેણે આદરેલાં અનેક લોકોપકારક કાર્યો ઉપર તેની કીર્તિ અને શ્રેષ્ઠતાનો આધાર રહેલો છે. તે મહાન સેનાપતિ હતો કારણકે તે મહાપુરુષ હતો, પોતાના અત્યંત વિપુલ વિગ્રહોમાં જે

અલૌકિક કાર્યસાધક શક્તિ અને એકાગ્રતાનો ઉપયોગ કરીને આશ્ચર્યજનક પરિણામ લાવી શકયો હતો તે તો તેની માનસિક શક્તિસમૂહના નાના સરખા અંશનો પ્રતાપ હતો; અને લડાઇ સિવાયનાં અન્ય કાર્યોમાં રાજ્યવહીવટમાં તેમજ તત્ત્વચિંતનમાં પણ એની એજ શક્તિઓનો સફળતા સાથે ઉપયોગ કરતો હતો. લડાઇને પ્રસંગે સૈન્યની સામાન્ય ગોઠવણ અને હિલચાલ કરવામાં, અથવા તેમાં સફળતા મળે એવી આબાદ યુક્તિ ઘડવામાં અથવા અનામત રાખેલા સૈન્ય વિભાગને ખરી અણીને વખતે છોડી મૂકવામાં–એ ત્રણમાંથી કોને લીધે તેને વિજય મળતો હતો તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે. ધારાસભામાં થતી રાજનૈતિક ચર્ચાઓ વખતે તેનો દીપી નીકળતો અગાધ જ્ઞાનભંડાર અને તેની તીક્ષ્ણ પૃથક્કરણ શક્તિ જોઇને જેમને આશ્ચર્ય થાય છે અને પોતાના રાજ્યમાં જગ્યાએ જગ્યાએ લોકકલ્યાણનાં અને સમાજસુધારણાનાં વિવિધ પ્રકારનાં કાર્યો તેણે યોજ્યાં હતાં તે જોઇને જેઓ વિચારમાં પડી જાય છે, તેઓ તેણે સેન્ટ હેલેનામાં એકાંતવાસ દરમ્યાન રાજનૈતિક વિચારશ્રેણિવિષે જે તત્ત્વચિંતનથી ભરપૂર વિચારો દર્શાવ્યા હતા તે જાણ્યા સિવાય તેની માનસિક શક્તિઓ વિષે ખરો અભિપ્રાય નહિજ બાંધી શકે. **ઉંચા પ્રકારની બુદ્ધિવાળો મનુષ્ય ગમે તે કાર્ય હાથ ધરે તેમાં તે સંપૂર્ણ સફળતા મેળવે છે** અને જીવનના અણધાર્યા સંજોગોને લીધે અથવા કેવળ ઇશ્વરેચ્છાથીજ તે માણસ કવિતાના પ્રદેશમાં હોમર જેવો ચિરંજીવ કવિ, બેકન જેવો ફિલ્સુફ અથવા નેપોલિયન જેવો સેનાપતિ નીવડે છે; એ સિદ્ધાંતની સારામાં સારી સાબિતી તેના જીવનના અભ્યાસમાંથી મળી આવે છે."

"એના અગાધ અને અનેકરંગી ચારિત્ર્યનું નિરૂપણ સારામાં સારો અવલોકનકાર અને કવિ હોય તેજ કરી શકે અને ભાષા ઉપર સારામાં સારો કાબુ ધરાવનારને માટે પણ ભાષાના શબ્દોનો અને વાકયોનો ભંડાર તેના ચારિત્ર્યલેખનમાટે લેખકના બધા વિચારો ઝીલવા સામર્થ્યવાન ન થાય. યુદ્ધકૌશલ્યમાં મહાન સિકંદરનો સમોવડીઓ, ધારાશાસ્ત્રી તરીકે મહાન રોમન સ્મૃતિકાર જસ્ટિનિયનથી પણ ચડીઆતો, રાજનૈતિક દૂરદર્શીપણામાં કદાચ બેકનથીજ બીજે નંબરે, અને રાજ્યવ્યવસ્થામાં સીઝરની બરોબરી કરનાર નેપોલિયનનું સ્થાન જગત્‌ના ઇતિહાસમાં અદ્વિતીય છે. શારીરિક પરિશ્રમને તે લેખવતો નહિ; મુશ્કેલીમાં ધૈર્યવાન હતો; કામથી તે કંટાળતો નહિ અને મુશીબતોથી ડરતો નહિ. જોરાવર માનસિક બળને લીધે મિસરનો તાપ અને રશિયાની ઠંડી બેઉને વગર ઇજાએ ખમી લેવાનું તેનામાં સામર્થ્ય આવ્યું હતું. કોઇ પણ કાર્ય શરૂ કરવા પહેલાં પૂરતી તૈયારી કરતાં તે થાકતો નહિ અને ખરેખરા ભયને વખતે પણ તેની બુદ્ધિ શાંત અને સ્થિર રહેતી. અઢાર અઢાર કલાકસુધી સ્વારી કરી આવતો અને ઘોડા ઉપરથી ઉતરીને તરતજ તે આખી રાત જાગીને હુકમો લખાવતો. લડાઇની ખરી રમઝટ જામી હોય, તોપોના ધડાકા પર ધડાકા થતા હોય અને

તેની આસપાસ ગોળાની ઝડી વરસતી હોય તેવા વખતમાં જરાક અવકાશ મળી આવે તો તે થોડુંક ઉંઘી લેતો. લડાઇ પતી ગયા પછીનો સુલેહનો સમય પણ તેને માટે વિશ્રાન્તિનો સમય ન હતો. રાજરાજેન્દ્રને છાજે એવા ઠાઠમાં રહેવા છતાં તે લોકકલ્યાણનાં કાર્યોની યોજના ઘડીને તેમનો અમલ કરાવવામાં તથા ભવિષ્યમાં લડાઇનું કારણ ન રહે તે માટે સંધિના કરારો ઘડવામાં નિરંતર રોકાયલો રહેતો. ”

“ લશ્કરના હલકા દરજ્જાના સિપાઇઓમાંથી તથા સામાન્ય પ્રજાજનોમાંથી વિશેષ બુદ્ધિ અથવા લાયકાત કોનામાં છુપાયલાં છે તે ખોળી કહાડવા અને તેમને યોગ્ય દરજ્જો આપવા નેપોલિયન ખાસ મહેનત લેતો, અને તે ઉપરાંત વીરભાવનો ઉદ્રેક કરે એવાં નાટકોવડે તથા તેની ટુંકી જવલંત ઉદ્‌ઘોષણાઓવડે ફ્રેન્ચ સિપાઇઓને રણઘેલા બનાવી દેવાની તેનામાં ખાસ આવડત હતી. એ એમાંજ તેણે મેળવેલી ફતેહની ખરી ચાવી રહેલી છે. યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દો વાપરવામાંજ જો વક્તૃત્વશક્તિની ખરી ખૂબી રહેલી હોય તો નેપોલિયન સિવાય બીજા કોઈ પણ માણસે એ કળા આટલી પૂર્ણપણે પ્રાપ્ત કરી નથી. ”

“ શારીરિક તેમજ માનસિક પરિશ્રમને જીરવવાની તેનામાં એવી અદ્‌ભુત શક્તિ હતી અને અવિશ્રાંતપણે રાતદિવસ કામ કર્યા કરવાનું તેનામાં એવું અખૂટ બળ હતું કે તેનું વર્ણન થઇ શકે એમ નથી. ધારાસભામાં તે કામ કરતો ત્યારે તેમાં પણ તેની મહેનત, આત્મબળ અને તીક્ષ્ણ બુદ્ધિ એવાં પ્રકટ રીતે દીપી નીકળતાં કે જે કોઇ જોતા તે ચકિત થઇ જતા. જેમને એની સાથે વધારે નિકટના સમાગમમાં આવવાની તક મળી હતી તેઓ એની અત્યંત તીક્ષ્ણ બુદ્ધિનાં, તરતને તરત અઘરામાં અઘરા પ્રશ્નોનો ઉકેલ કરવાની શક્તિનાં અને તેના મગજમાંથી નીકળતા ઉમદા વિચારોના અખૂટ પ્રવાહનાં વખાણ કરતાં કદિ કંટાળતાજ નહિ. કોઇ પણ કામમાં વિજય મેળવવાની ચાવી, તેના અંગનું દરેક કામ એકપછી એક પછી એ કળતાજ નહિ. કોઈ પણ કામમાં વિજય મેળવવાની ચાવી, તેના અંગનું દરેક કામ એક પછી એક ક્રમવાર ઉપાડી લેવામાં અને એક્કી વખતે એકજ કામ પૂર્ણ એકાગ્રતાથી કરવામાં રહેલી છે, એ સિદ્ધાંતને તેણે પૂરેપૂરો પોતાનો કરી લીધો હતો. અમુક સેક્રેટરીઓની સાથે આખો દિવસ તે સરકારી પત્રવ્યવહાર વાંચતો અને તેના જવાબ લખાવતો; ત્યાર પછી જરા પણ આરામ લીધા વગર બીજા સેક્રેટરીઓને બોલાવીને આખી રાત એનું એજ કામ જારી રાખતો. કોઇ કોઇ વાર વચમાં કૉચપર કલાક બે કલાકનો આરામ લઇ લેતો. એ પ્રમાણે સવાર થતાં સુધી તે કામમાં મચ્યો રહેતો. તેની કલ્પના એવી પ્રબળ અને જવલંત હતી, અને તેના નિશ્ચયો એવા મક્કમ હતા કે તેથી કરીને અમુક સમયસુધી તો તેને થાકનું ભાનજ થતું નહિ. ”

“ તેની પ્રવૃત્તિના ઘણાખરા પ્રસંગો લડાઇઓને લગતા છે; પરંતુ સલાહશાંતિના

વખતને પણ તેણે આરામનો માન્યો નથી. તેવા વખતમાં તે રાજનૈતિક કરાર કરવામાં, રાજ્યની આભ્યંતરિક સુધારણાનાં કાર્યોમાં તથા ધારાસભાની ચર્ચાઓમાં તે એવો નિરંતર રોકાએલો રહેતો કે તેને માટે એક પળવારનો પણ અવકાશ રહેતો નહિ. તે સવારમાં વહેલો ઉઠતો અને નાસ્તો કરતાંસુધી પોતાના ખાનગી અમાત્ય સાથે મંત્રગૃહમાં કામ કરતો. અડધો કલાક નાસ્તો કરવામાં જતો. પછી લશ્કરની કવાયત જોવા જતો. ત્યાર પછી દેશવિદેશના રાજપ્રતિનિધિઓને મુલાકાત આપતો, તથા કચેરીનું કામકાજ કરતો. પછી ત્રણ વાગે ધારાસભામાં જતો અથવા સ્વાર થઇને ફરવા નીકળી પડતો. ત્યાંથી ૭ વાગે ઘેર પાછો ફરતો એટલે જમવાનો વખત થતો. જમતાં બરાબર ચાળીશ મિનિટજ લાગતી. તેના મનમાં કાંઈ વિચાર ઘોળાતા ન હોય ત્યારે તો તે ખૂબ વાતે ચડતો, તોપણ ગપ્પાં મારવાનો તથા હાહા હીહી કરવાનો તો તેને કંટાળોજ હતો. તે જમીને તરતજ કાફી પીતો અને ત્યાર પછી સૂવા જવા પહેલાંના બાકીના વખતમાં એટલે રાતના અગીઆર વાગતાંસુધી તે રાજ્યના અમલદારો, દેશવિદેશના રાજપ્રતિનિધિઓ, પંડિતો, વિજ્ઞાનીઓ, પ્રસિદ્ધ ચિત્રકારો તથા શિલ્પીઓ સાથે વાતચીત અથવા ચર્ચા કરતો. ”

“ વિદ્વાનો, રાજનીતિનિપુણ પુરુષો, તત્ત્વવેત્તાઓ, વિજ્ઞાનીઓ, અને કલારસિક પુરુષોના સમાગમમાં તેને સાથી વિશેષ આનંદ પ્રાપ્ત થતો. એવે પ્રસંગે તે જાણી જોઇને ગંભીર અને ઉપયોગી વિષય ઉપર ચર્ચા ઉભી કરાવતો. ઘણીવાર નીતિશાસ્ત્ર, બુદ્ધિપ્રધાન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વગેરે વિષય ઉપર રસભેર ચર્ચા ચાલતી; અને તે દરેક વિષયનું તેણે અભ્યાસ અને મનનથી મેળવેલું વિશાળ જ્ઞાન તથા તેના સ્વતંત્ર અભિપ્રાયો જોઇને સર્વને આશ્ચર્ય ઉત્પન્ન થતું. દુનિયામાં એવું ઘણે ઠેકાણે બને છે કે શહેનશાહ કે એવો કોઇ મોટો માણસ સાધારણ જ્ઞાન કે બુદ્ધિનો ચમત્કાર બતાવે છે તોપણ લોકો તેની વાહવાહ બોલે છે અને આથી કરીને ઘણાને એવો શક જાય છે કે નેપોલિયનના સમકાલીન પુરુષો તેની ચર્ચા કરવાની શક્તિની જે તારિફ કરે છે તેમાં પણ ઘણે ભાગે અતિશયોક્તિ થએલી હશે; પણ સેન્ટ હેલેનામાં કેદી તરીકેના એકાંતવાસ દરમિયાન તેના જે પ્રસંગો અને સંભાષણો નોંધાયાં છે તે વળી તેના અગાઉનાં સંભાષણો કરતાં પણ ચડી જાય તેવાં છે. તે જોતાં ઉપલા શકને સ્થાનજ રહેતું નથી. ”

મનુષ્યની નીતિવૃત્તિને સંતોષ થાય એવી સાબિતીઓ આપવાનો આ પુસ્તકમાં સર્વ રીતે પ્રયત્ન કરવામાં આવ્યો છે અને ફ્રાન્સમાં થએલી રાજ્યક્રાંતિ પછીની લડાઇઓમાટે યૂરોપના મિત્રરાજાઓ એકલાજ જવાબદાર છે તેનાં પૂરતાં પ્રમાણ આપવામાં આવ્યાં છે. અમુક માણસો ખોટા વલણથી દોરવાઇ જઇને ભલે ગમે તે અનુમાનો બાંધે; પરંતુ જે ઐતિહાસિક લખાણો મોજુદ છે તેના આધારે તો કોઇ પણ

બુદ્ધિમાન માણસ, ઉપર જે લખાયું છે તેનાથી વિરુદ્ધ મત આપી શકશે નહિ. નેપોલિયનને “ રાક્ષસ, ” “ કદી પણ ધરાય નહિ એવો લોભી, ” “ લોહીનો તરસ્યો, ” “ જુલમગાર, ” “ આપખુદ સત્તા ધરાવનાર, ” “ બીજાનાં રાજ્યો છીનવી લેનાર ” એવાં એવાં વિશેષણો જેને લગાડવાં હોય તે લગાડી શકે છે; પણ એકલું નિરાધાર ફ્રાન્સ પોતાના પ્રજાકીય સ્વાતંત્ર્યનું રક્ષણ કરવા યૂરોપના એકત્ર થએલા રાજાઓના હુમલાની સામે સ્વરક્ષણ કરવા પૂરતુંજ બહાદુરીથી લડી રહ્યું હતું એ વાતની તો કોઇથી ના પાડી શકાય એમ છેજ નહિ. લડાઇથી નેપોલિયનને લાભ કરતાં હાનિ વધારે હતી અને તે તેને પસંદ પણ ન હતી. તેની સામે યૂરોપના રાજાઓએ ઉપરાઉપરિ એકસંપીઓ કરીને વરસોનાં વરસસુધિ લડાઇ જારી રાખી. તેથી આખરે ફ્રાન્સનું બળ ક્ષીણ થઈ ગયું અને લાંબા કાળસુધી ટકાવ કરી અમર કીર્તિ પ્રાપ્ત કર્યા પછી તેના અનેકગણા શત્રુઓના અધિકતર સૈનિક બળને લીધેજ તે લાચાર થઇ ગયું; અને યૂરોપના નૃપતિઓ તથા ઉમરાવોએ પ્રજાજનો ઉપર પોતાની સત્તા પાછી સ્થાપિત કરી ત્યાંસુધી યુદ્ધોની પરંપરા ચાલ્યા કરી. ”

“ તે સમયના યૂરોપના રાજાઓ પણ પોતાના વર્તનનો બચાવ કરવા જતાં એટલું તો કબૂલ કરી દે છે કે ફ્રાન્સનું પ્રજાસત્તાક રાજ્યતંત્ર આસપાસના રાજ્યકર્તાઓની સલામતીને માટે એવું જોખમભરેલું જણાતું હતું કે અમારે અમારી રાજગાદીનો બચાવ કરવા સારૂ તેનો નાશ કરવાની જરૂર પડી હતી. તેઓ સારી પેઠે જાણતા હતા કે નેપોલિયન તેમના જેવો રાજ્યકર્તા ન હતો પણ એક પ્રજાસત્તાક રાજ્યતંત્રના સિદ્ધાંત પાળનાર પ્રજાએ પોતે પસંદ કરેલો રાજા હતો અને પ્રજાવર્ગના અધિકારનો તે ચૂસ્ત હિમાયતી હતો. ઇંગ્લંડનો પ્રધાન વિલિયમ પિટ્ટ એકવાર બોલી ગયો હતો **કે નેપોલિયન રાજા છતાં “ પ્રજાસત્તાક રાજ્યનો રક્ષક હતો** અને તેમાંથીજ તેની સત્તાનો ઉદય થયો હતો ” માટે તેને દબાવી દેવોજ જોઇએ. જ્યારે જ્યારે નેપોલિયન ઇંગ્લંડના પ્રધાનોને સુલેહનું કહેણ મોકલતો ત્યારે ત્યારે તેની માગણીનો અસ્વીકાર કરવાનું કારણ જણાવતાં તેઓ કહેતા કે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યતંત્ર તરફના પ્રબળ વલણને લીધે કાયદેસર સ્થપાયલા રાજાઓની સત્તાને નુકસાન પહોંચે છે અને તે જ્યાંસુધી કાયમ રહે ત્યાંસુધી સલાહ થઇ શકેજ નહિ. અંગ્રેજ પ્રધાન ગ્રેનવિલ કહેતો કે “ રાજ્યવિપ્લવની શરૂઆત વખતે ફ્રાન્સના પ્રજાના જે અભિપ્રાય હતા તેના તેજ હજી કાયમ રહ્યા છે. ”

આજ કારણથી યૂરોપના નિરંકુશ રાજસત્તાના લોભી રાજાઓ ફ્રાન્સના પ્રજાસત્તાક તત્ત્વપ્રધાન રાજ્ય ઉપર ફરીથી બમણા બળથી પ્રહાર કરવા લાગ્યા. તેમના હુમલાનો પ્રતિકાર કરવા માટે ફ્રાન્સને તલવાર ખેંચવી પડી. કર્નલ નેપિયર સદ્ગૃહસ્થને છાજે તેવા પ્રમાણિકપણાથી લખે છે કે “ યૂરોપના ઉમરાવવર્ગની દુશ્મનાવટ-

ને લીધેજ ફ્રાન્સની પ્રજાનો જુસ્સો લડાઈ તરફ વળ્યો હતો ! અને તે વીર્યવાન પ્રજાનું વર્તન ગમે તેવું જુલ્માટભર્યું હોવા છતાં પણ તેને બહારના સંજોગોને વશ થઇનેજ એવો આકરો ઉપાય લેવાની ફરજ પડી હતી. ”

નેપોલિયને તેના લક્ષણગત ઉદાર, સરળ અને ઉચ્ચ હૃદયના ભાવપૂર્વક અંગ્રેજ રાજપ્રતિનિધિ લોર્ડ વ્હીટવર્થને એમેન્સની સલાહનો ઈંગ્લંડ ભંગ ન કરે તે માટે સમજાવતાં ઘણાજ ઉમદા શબ્દોમાં કહ્યું હતું કે “ આપ સારી રીતે જાણો છો કે મેં જે કાંઇ કર્યું છે તેનો હેતુ સલાહના કોલકરાર પ્રમાણે અમલ કરીને સર્વત્ર શાંતિનો પ્રચાર કરવાનો છે. હવે હું છીનવી લેવા માગતો હોઉં એવું એક પણ રાજ્ય હોય તો મને બતાવો. યૂરોપનો નકશો તપાસી વળો. આપ સારી રીતે જાણો છો કે એવું કશું છેજ નહિ. મિસરમાં ફ્રાન્સનું સંસ્થાન સ્થાપવાની મારી યોજના ઈંગ્લંડને ખૂંચતી હોય તો તે બાબતમાં પણ હું આપનો ખરખરો મટાડવા તૈયાર છું. મેં મિસરવિષે ઘણો વિચાર કર્યો છે અને જો મને આપ લડાઇ કરવાની ફરજ પાડશો તો એથી પણ વધારે વિચાર કરવો પડશે. આટલું છતાં પણ તે દેશની ખાતર જે સુલેહશાંતિ આપણે થોડા વખત ભોગવી છે તેનો ભંગ હું નહિ થવા દઉં. ”

તુર્કોની સત્તા ખોખરી થઇ ગઇ છે અને પડવાની તૈયારીમાં છે. તેને ટકાવી રાખવાને હું મારૂં બનતું કરીશ; પણ તે છતાં જો તે પડી ભાગશે તો ફ્રાન્સને તેમાંથી હિસ્સો આપવોજ પડશે; છતાં પણ ખાત્રીથી માનજો કે એ પરિણામને તેના સમય કરતાં વધારે જલદી લાવવાને હું કશો પ્રયત્ન કરીશ નહિ. ”

“ ફ્રાન્સ અને યૂરોપમાં જે સત્તા અને લાગવગ હું ધરાવું છું તેના વિષે હું ભૂલભરેલો ખ્યાલ ધરાવું છું એમ શું આપ માનો છો ? એ સત્તા એવી નથી કે વાજબી કારણ મળ્યા સિવાય હું કોઈ પણ રાજ્યને વગર જોખમે દબાવી શકું. તેમ કરવા જતાં આખા યૂરોપનું વલણ મારી વિરુદ્ધમાં ફેરવાઇ જાય અને મારા રાજકીય સર્વોપરિપણાનો તેજ ઘડીએ નાશ થાય. મારે ફ્રાન્સની પ્રજાની તો પૂરેપૂરી ખાત્રી કરી આપવીજ જોઇએ કે લડાઇ ઉભી કરનાર આપણે નહિ પણ આપણા પાડોશી રાજાઓજ છે. તેમ કરૂં તોજ આપ જ્યારે મને લડવાની ફરજ પાડો તે પ્રસંગે હું મારી પ્રજાની નસેનસમાં શૌર્યનો સંચાર કરી શકું. મારી જરા પણ કસુર ન હોય અને બધી આપનીજ કસુર હોય ત્યારેજ એ પરિણામ આવી શકે. આટલા કારણને લીધે બીજાં રાજ્યો સાથે મારા તરફથી લડાઇ જગાડવાનો હું વિચાર કરી શકતોજ નથી. ”

શું નેપોલિયન ફ્રાન્સનું રાજ્યાસન પચાવી પડ્યો હતો ? નેપોલિયનને તેના દેશીભાઇઓએ લગભગ સર્વાનુમતે કોન્સલ તરીકે અને પાછળથી શહેનશાહ તરીકે ચુંટી કહાડ્યો હતો એ વાત આગલાં પ્રકરણમાં આવી છેજ. એટલુંજ નહિ; પણ તે

નિર્વિવાદપણે સિદ્ધ કરવામાં આવી છે. ફ્રાન્સની પ્રજાએ પોતાનું રાજ્યતંત્ર કૉન્સલના હાથમાં સોંપ્યું અને નેપોલિયનને મુખ્ય કૉન્સલની પદવી આપી તેમાં તેમણે ડહાપણ વાપર્યું હોય યા ન વાપર્યું હોય, પણ એ કાર્ય પ્રજાના એકસામટા અવાજથી થએલું હતું. તેણે પોતાના દેશીભાઇઓને પરાધીનતાની બેડીમાંથી મુક્ત કરીને તેમને પોતાના રાજ્યકર્તાની ચૂંટણી કરવા સામર્થ્યવાન બનાવવામાં જે હિંમત બતાવી હતી તે જોઇને તેઓ ઉપકારવશ થઈ ગયા. ત્યાર પછી ફ્રાન્સની પ્રજાએ પોતાના સ્વતઃસિદ્ધ અધિકારની રૂયે નકકી કર્યું કે તેમના પ્રજાસત્તાક રાજ્યની સામે યૂરોપના તમામ મુકુટધારી રાજાઓ હથિયાર લઇને ખડા થઇ ગયા છે; તેમના દેશમાં અને દેશની બહાર પદભ્રષ્ટ થએલા બુર્બોન વંશીય રાજાઓના પક્ષકારો બનતી ખટપટ કરી રહ્યા છે; જરા પણ અરાજકતા ફેલાય તો લૂંટફાટ કરવાની તક મળે તેની જેકોબિન પક્ષ રાહ જોઈ રહ્યો છે; એવા અનેક પ્રતિકૂળ સંજોગો તરફ જોતાં પ્રજાસત્તાક રાજ્યતંત્રને નિભાવવા માટે એ માર્ગ ઘણોજ ડહાપણભરેલો ન હતો એમ કોઇ પણ કહી શકતું નથી.

એલિસનને વિષે એટલું તો નક્કીજ છે કે તે અંગ્રેજ હોઇ નેપોલિયનનો બચાવ કરવા માટે સાચાં અથવા ખોટાં બહાનાં ખોળી કહાડે એવો તો નથીજ. ફ્રાન્સની તે સમયની હાલતનું અવલોકન કરતાં એલિસન લખે છે કેઃ—

“ દશ વરસ દરમ્યાન અનેક સખત આભ્યંતરિક ઉત્પાત સહન કર્યા પછી ફ્રાન્સનું પ્રજાસત્તાક રાજ્ય એવું અવ્યવસ્થિત અને નિર્બળ થઇ ગયું હતું કે તેમણે રાજ્યવિપ્લવ વખતે કરેલા અત્યાચારની તેમને વાજબી શિક્ષા મળી છે એમજ કહી શકાય. જેકોબિન પક્ષ રાજ્યના ડિરેકટરો તરફજ નહિ પણ સમાજઘટનાના પાયારૂપ સર્વમાન્ય નિયમોની સામે પણ સખત ગર્જના કરી રહ્યો હતો. તેમનો ક્રોધ ખાસ કરીને સર્વ દેશોમાં રૂઢ થએલા મિલકીતના માલિકપણા ઉપર વરસતો હતો; અને ૧૭૯૩ માં થએલી કતલ અને લૂંટફાટને આદર્શ તરીકે વધાવી લેવામાં આવતી હતી. અલૌકિક, પ્રતિભાશાળી અને સર્વને પોતાના પ્રતાપથી દબાવી શકે એવો કોઇ સેનાપતિ આવે, અને રાજ્યનું સુકાન પોતાના હાથમાં લઇને પ્રજાસત્તાક રાજ્યના ડૂબતા વહાણને બચાવી લે એવો અણીનોજ એ વખત આવી ગયો હતો. રાજ્યની અંદરના અત્યાચાર અને બહારની આપત્તિઓને લીધે ફ્રાન્સ અધમમાં અધમ દશાને પામ્યું હતું.”

થેર્સ નામનો બીજો ઇતિહાસકાર એલિસનના કથનને ટેકો આપતાં ફ્રાન્સની તે વખતની હાલત નીચેના શબ્દોમાં વર્ણવે છેઃ—

“ જે જે વ્યક્તિઓમાં લાયકાત હતી તેમના ઉપર જુલમનો વરસાદ વરસતો; દરેક આબરૂદાર માણસોને બરતરફ કરવામાં આવ્યા હતા; લૂંટારાઓ તેમના સાક્ષાત્ નરક જેવા ભ્રષ્ટ અખાડાઓમાં એકઠા થતા હતા; દુષ્ટોના હાથમાં તમામ સત્તા આવી

ગઇ હતી; અત્યાચાર અને મારફાડના ધોરણને ટેકો આપનારાઓ ધારાસભાઓમાં કર્તાકારવતા થઇ ગયા હતા; ફરજીયાત લોનની પ્રથા દાખલ કરીને લૂંટને નવું સ્વરૂપ આપવામાં આવ્યું હતું; કતલની તૈયારી ચાલી રહી હતી; કતલખાનાનો ભોગ બનાવવા માટે હજારો કમનસીબ માણસોનાં નામ નોંધાઇ ગયાં હતાં, અને તેમને જાપ્તા નીચે રાખ્યા હતા; કતલ, લૂંટફાટ અને આગ એ ત્રણ પૈશાચિક સાધનોનો ઉપયોગ કરવા માટેના ઇશારા તરીકે ' દેશ જોખમમાં છે ' એવા સૂચક શબ્દો ક્યારે બોલવામાં આવે તેની ઈંતિજારીથી રાહ જોવાતી હતી; મંડળીઓમાં ૧૭૯૩ ની સાલના જેવાજ ઉદ્ગાર નીકળતા હતા; તેના તેજ જલ્લાદો તૈયાર હતા અને તેનાં તેજ બલિદાનો પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં; સ્વતંત્રતા, અને પોતીકી મિલ્કત એવું કશું રહ્યુંજ ન હતું; નગરવાસીઓને માટે તેમના જાનની ખાત્રી અને રાજ્યને માટે તેની તિજોરીની સલામતી રહી ન હતી; આખો યૂરોપ ફ્રાન્સની સામે લડવા સજ્જ થઇ ગયો હતો; અમેરિકાએ પણ આપણા જુલમ સામે પોકાર ઉઠાવ્યો હતો; આપણાં લશ્કર હારીને વેરણખેરણ થઇ ગયાં હતાં; આપણે જીતેલા મુલક આપણા હાથમાંથી જતા રહ્યા હતા; અને આપણા પોતાના દેશ ઉપર ચડાઇ કરવાની વિદેશીઓ ઉપરાઉપરિ ધમકી આપી રહ્યા હતા."

આવા સંજોગોમાં ફ્રાન્સને પોતાનું રાજ્યતંત્ર બદલવાનું મુનાસિબ લાગે એ નવાઇ જેવું નથી; છતાં આ પગલું ભરવામાં તેણે ડહાપણ વાપર્યું હોય યા ન વાપર્યું હોય તે આપણે જોવાનું નથી; કેમકે તેમ કરવાનો તેનો નિર્વિવાદ હક્ક હતો. નેપોલિયન તેના દેશીભાઇઓની મરજી અનુસાર વર્ત્યો માટે તેને રાજ્ય પચાવી લેનાર કહેવો એમાં ચોકખો અન્યાયજ છે; કારણ કે તેણે અરાજકતાનેજ સ્થાનભ્રષ્ટ કરી હતી; રાજાને નહિજ. ફ્રાન્સની પ્રજાએ બુર્બોન રાજાઓને પદભ્રષ્ટ કર્યા તે વખતે તો તેની સત્તાનો અને જાહેર જીવનનો આરંભ પણ થયો ન હતો.

જેમ હજાર પંદરસો બદમાસોનું ટોળું આખા શહેરને રંજાડી શકે છે તેમ થોડાક દૃઢ વિચારના માણસોના હાથમાં રાજ્યની લગામ આવે તો તેઓ પણ આખી પ્રજાને કચરી શકે છે. ફ્રાન્સનો અત્યંત મોટો ભાગ આવાજ પ્રકારની અરાજકતાની સામે પડયો હતો; નેપોલિયન જ્યારે કૉન્સલ તરીકે ચૂંટાયો હતો ત્યારે તેની તરફેણમાં ત્રીશ લાખ અગીઆરસો ને સાત મત નોંધાયા હતા અને વિરુદ્ધમાં માત્ર પંદરસો ને બાસેઠજ મત હતા. આવી એકમતી જગતના ઇતિહાસમાં પહેલીજ હતી; છતાં લગભગ પચાસ વર્ષસુધી આખો યૂરોપ કહેતો આવ્યો હતો કે નેપોલિયન કૉન્સલની જગ્યા પચાવી પડયો !

કૉન્સલની પદવી રદ કરીને તેની જગ્યાએ ફ્રાન્સે ફરીથી રાજસત્તાનો સ્વીકાર કર્યો તે માત્ર યૂરોપના રાજાઓના મનનું સમાધાન કરવા માટેજ હતું. આ ફેરફાર

ડહાપણભરેલો ન હતો એમ કદાચ કબૂલ કરીએ તોપણ એ સવાલ ફ્રાન્સનો હતો અને એકલા ફ્રાન્સનેજ તેનો નિર્ણય કરવાનો અધિકાર હતો. સ્વતંત્ર પ્રજા તરીકે તેમ કરવાનો તેને પૂરતો હક્ક હતો અને અન્ય પ્રજાઓની પરવાનગી લેવા તે બંધાયલું નહિજ હતું. વળી પ્રજાસ્વાતંત્ર્યને દબાવી દેનારા કોઇ આપખુદ રાજાના બળને તાબે થઇ લાચાર બનેલી પ્રજાએ આ ફેરફાર કર્યો ન હતો; પરંતુ આખી પ્રજાએ એકે અવાજે પોતાની સંપૂર્ણ મરજીથી આ કામ કર્યું હતું. તેમને તેમ કરવાનો હક્ક ન હતો એમ કોણ કહી શકશે ? ભલે એ કામમાં પણ શાણપણ ન હોય. ભલે તેથી મહત્ત્વાકાંક્ષી નેપોલિયનની લોભવૃત્તિ તૃપ્ત થઇ હોય; છતાં પણ એ સવાલ કેવળ ફ્રાન્સનોજ હતો અને તેજ તેનો નિર્ણય કરી શકે. તેઓએ એમ ધાર્યું કે રાજાની સત્તા સ્થાપવાથી આસપાસના રાજાઓના હુમલાઓની સામે પ્રજાવર્ગની સ્વતંત્રતાનું વધારે સારી રીતે રક્ષણ થઇ શકશે.

એલિસન લખે છે કે “ બધી દિશાએથી—લશ્કર તરફથી, મ્યુનિસિપાલિટી તરફથી, શહેરે શહેરથી, અને વેપારીઓનાં મહાજનો તરફથી નેપોલિયન રાજ્યાસન પર બેસે એવી મતલબનાં હજારો વિનતિપત્રો તેના ઉપર આવ્યાં હતાં.” ધારાસભાએ એક પણ વિરુદ્ધ મત વગર ઠરાવ પસાર કર્યો કે “ નેપોલિયન બોનાપાર્ટને શહેનશાહનું પદ આપવું અને તે હોદ્દાની રૂયે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યના વહીવટની સત્તા તેના હાથમાં આપવી. ” આ ઠરાવનો અમલ કરતાં પહેલાં લોકોને તે પસંદ છે કે નહિ તે જાણવા માટે ગામેગામની મ્યુનિસિપાલિટીઓ આગળ તે ઠરાવ રજૂ કરવામાં આવ્યો ત્યારે પણ તેની તરફેણમાં ત્રીશ લાખ પાંચસો અને બોત્તેર મત અને વિરુદ્ધમાં માત્ર અઢીહજાર અને અગણોતેર મત પડયા હતા. કોઇ પણ નવા રાજવંશની સ્થાપના આવી સર્વાનુમતિથી થએલી હોય એવો દાખલો કોઇ પણ દેશના ઇતિહાસમાં નોંધાયો નથી; છતાં નેપોલિયનને લગભગ દરેક ઇતિહાસકારે રાજ્યાસન પચાવી લેનાર તરીકે એવો વગોવી નાખ્યો છે કે કોઇ એથી ઉલટું કહેવાની હિંમત ચલાવે તો તેને સાક્ષરમંડળની અવકૃપાજ વહોરી લેવી પડે છે ! કેટલાક તો એવું પણ મારી મચડીને સાબિત કરવા મથે છે કે ફ્રાન્સની પ્રજાને પોતાનું રાજયતંત્ર બદલવાનો અને પોતાની મોંઘી સ્વતંત્રતા એક વ્યક્તિના હાથમાં સોંપી દેવાનો હક્કજ ન હતો. તેઓ કહે છે કે “ સ્વતંત્રતા અને પ્રજાકીય હક્ક એ એવી વસ્તુઓ છે કે જે પેઢી દર પેઢી વંશપરંપરાગત ચાલ્યાજ કરે. તેને ગુમાવવાનો કે કોઇને આપી દેવાનો કોઇ પણ સમાજને હક્ક નથી. ” પરંતુ એનો અર્થ તો એજ થાય છે કે પોતાના રાજાની અથવા પોતાની રાજ્યપદ્ધતિની પસંદગી કરવાનો હક્ક ફ્રાન્સના લોકોને હતોજ નહિ.

વારુ, ફ્રાન્સની પ્રજાએ ખરી રીતે અથવા ખોટી રીતે પણ નેપોલિયનને પોતાના રાજા તરીકે સર્વાનુમતે ચૂંટી કહાડયો. હવે સવાલ એ રહ્યો કે તેના હાથમાં જે

સત્તા સોંપવામાં આવી તેનો એણે કદી દુરુપયોગ કર્યો હતો ? તેણે નિરંકુશપણે સ્વચ્છંદતાથી રાજ્ય ચલાવ્યું હતું ? તેણે લોકોના અધિકારને કચરીને ધૂળભેગા કરી નાખ્યા હતા ? જે આપખુદ રાજાઓ તેની સાથે લડી રહ્યા હતા તેઓ આ પ્રશ્નોના ઉત્તરમાં હા કહે છે; પણ ફ્રાન્સની સમસ્ત પ્રજા જેમણે પોતાને હાથે ઉંચકીને તેને રાજ્યાસન પર બેસાડ્યો હતો, જેમણે પોતાના પ્રેમવડે તેને રાજ્યાસન ઉપર ટકાવી રાખ્યો હતો અને જેઓ હજી પણ પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક તેનું સ્મરણ કરે છે; તેઓ તો તે વાતની સાફ ના કહે છે નેપોલિયન અને ફ્રેન્ચપ્રજા પૂર્ણ સહકાર સાધીને ખભેખભો અડાડીને તેમના બેઉના શત્રુઓની સામે ભયંકર લડાઇઓમાં એકદિલથી લડયાં. તેને કોઈવાર ઘણાંજ સખત પગલાં લેવાની જરૂર પડી હતી તોપણ તેને પ્રજાની સંજુરી અને ટેકો મળ્યો હતો. કદાચ તે પગલાં ભૂલભરેલાં પણ હોય પણ તેમના શત્રુઓને હંફાવે અને આખી દુનિયાને ચકિત કરે એવી મહાભારત લડાઇઓ લડવામાં પ્રજાને જે જે ભોગ આપવા પડયા હતા તેમાં નેપોલિયન અને આખી પ્રજા સંપૂર્ણ રીતે એકમત હતી. તેમણે પોતાની આસપાસ ઘેરાયલું ભયંકર સંકટ જોઇને પોતાની મેળેજ ફરજીયાત લશ્કરી નોકરીની જરૂર સ્વીકારી હતી; તેવીજ રીતે વર્તમાનપત્રો ઉપર અંકુશ મૂકવાની અને નેપોલિયનના હાથમાં રાજ્યસત્તા સોંપવાની અગત્ય પણ તેમણે જોઈ હતી. ભલે કદાચ એમાં તેમની ગેરસમજ થએલી હોય, પરંતુ તેમણે જે કાંઈ કર્યું હતું તે કોઇના દબાણથી નહિ પણ સમજીનેજ કર્યું હતું. તેઓ નેપોલિયનને ફ્રાન્સનો ઉદ્ધારક માનતા હતા અને તેણે કરેલી દેશસેવાને લીધે કોઈ પણ રાજાએ કદિ પણ ભોગવ્યો ન હોય તેટલો પ્રેમ તેના તરફ દાખવતા હતા.

જ્યારે જ્યારે તે પ્રજાને આવાહન કરતો ત્યારે તેઓ પૂર ઉત્સાહથી તેના વાવટા હેઠળ આવીને ઉભા રહેતા અને મારેન્ગો, આસ્ટર્લિટ્ઝ અને મોસ્કોસુધી તેના અને તેણે અર્પેલી સ્વતંત્રતાના રક્ષણમાટે પોતાના લોહીને પાણીની પેઠે રેડી દેવા ઉલટભેર તૈયાર થતા, તે પ્રજાના પ્રેમનું દીવાની જ્યોત જેવું પ્રમાણ છે. જ્યારે તે એલ્બાથી પાછો આવ્યો ત્યારે આખું ફ્રાન્સ અલૌકિક ઉત્સાહથી તેને એકકે અવાજે આવકાર આપવા તૈયાર થઈ ગયું તે પણ આ પ્રેમનું પ્રમાણ છે. તેના મરણ પછી તેનાં અસ્થિને પારિસમાં લાવવાની આખા ફ્રાન્સે માગણી કરી હતી; તેની સમાધિ ઉપર ફ્રેન્ચ પ્રજાએ અતિ ભવ્ય મકબ્બરો ચણાવ્યો છે અને હજી પણ તેનું સ્મરણ દરેક ફ્રેન્ચ ખેડુતના ઝુંપડામાં થયાજ કરે છે; એ બધી તેની લોકપ્રિયતાની સચોટ સાબિતીઓ છે. જુલ્માટભરેલી રાજનીતિનું આવું સુંદર પરિણામ કદિ પણ આવતુંજ નથી. આવા માણસને જુલમગાર કહેવો એતો હડહડતુંજ જુઠું છે. આપખુદ સત્તાને ચાહનાર રાજાઓ અને અરાજકતાને ચાહનાર હુલ્લડખોરો ભલે તેની રાજ્યનીતિને વખોડે પણ જેણે જીવતાં અને મરણ પછી પણ આખી પ્રજાનો આશીર્વાદ મેળવ્યો છે

અને જેની સમાધિનું પણ આખી પ્રજા પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક દર્શન કરે છે તે જુલમગાર હોઈ શકેજ નહિ.

નેપોલિયનનો ઇતિહાસ લખનારાઓ પૈકી સર વૉલ્ટર સ્કૉટ તેનો કટ્ટામાં કટ્ટો વિરોધી હતો એ વાત તો જાણીતી છે. હવે એ સ્કૉટ શું લખે છે તે જોઇએ.

“ નેપોલિયન ફ્રાન્સની ગાદી પચાવી પડયો તેના બચાવમાં અથવા એ અપરાધનું મહત્ત્વ ઓછું કરવાને તેણે પોતે અને તેના પ્રશંસકોએ જે જવાબ ઘડી કહાડયો છે તેને ઘટતું વજૂદ આપવા આપણે તૈયાર છીએ. તેઓ ઘણે અંશે સાચું અને સકારણ કહે છે કે બોનાપાર્ટની એકંદર વર્તણુક સ્વાર્થપરાયણ ન હતી અને પોતે મેળવેલી સત્તાનો તેણે જે સારો ઉપયોગ કર્યો હતો તે જોતાં તેણે સત્તા મેળવવા માટે અખ્ત્યાર કરેલી નીતિનો દોષ ઓછો થઇ જાઇ છે. આ વાત સાચી છે. દૂરદર્શી રાજદ્વારી પુરુષો માને છે કે જે રાજાઓને ગાદી ઉપરનો હક્ક શક પડતો હોય છે તેઓ બીજા કારણથી નહિ તો પોતાના સ્વાર્થને માટે પણ એવી રીતે રાજ્ય ચલાવે છે કે તેથી લોકોને ખાત્રી થાય કે આ રાજાને તાબે થવાથી આપણને લાભ છે; પરંતુ આમ કહીને અમે નેપોલિયને મેળવેલો યશ કોઇ પણ રીતે ઓછો કરવા ચાહતા નથી. અમે ઘણીજ ખુશીથી કબૂલ કરીએ છીએ કે ફ્રાન્સનો જેમાં હિસ્સો ન હોય એવો કોઇ પણ અંગત લાભ લેવા બોનાપાર્ટ ચાહતો ન હતો; ફ્રાન્સની કીર્તિને વધારામાંજ તે પોતાનો સ્વાર્થ સમજતો હતો અને પોતાની ખાનગી દોલતને પણ તે પોતાના ખાનગી ઉપયોગની વસ્તુઓ પાછળ ન ખર્ચતાં ફ્રાન્સની શોભા વધારવામાં ખર્ચતો હતો. સુંદરમાં સુંદર કળાના નમુનાઓવડે પોતાના મહેલને ન શણગારતાં તેમને સાર્વજનિક સંગ્રહસ્થાનમાં તે મોકલાવી આપતો તેની સ્ત્રીને પોતાના બગીચામાં ઘણા મોંઘા રોપા ઉગાડવાનો શોખ હતો તે પણ તેને ખૂંચતો હતો; કેમકે તેથી વનસ્પતિશાસ્ત્રને લગતા સાર્વજનિક બગીચાઓને ગેરલાભ થતો.”

ફ્રાન્સ અને નેપોલિયનનાં હિત એક બીજા સાથે જોડાઇને એવાં એકાકાર થઇ ગયાં હતાં કે જેથી ફ્રાન્સનું હિત સાધીને તે એકરીતે પોતાનોજ સ્વાર્થ સાધતો હતો; ફ્રાન્સને સમૃદ્ધ કરીને પોતેજ સમૃદ્ધ બનતો હતો એમ પણ કેટલાક કહે છે; પણ આવી રીતે માણસના ચોકખામાં ચોકખા ઇરાદાની પણ છેક ઉંડી પરીક્ષા લેવા બેસીએ તો દરેકમાં કાંઇને કાંઈ આડકતરો સ્વાર્થ તો જણાયા વગર રહેજ નહિ. માણસ પોતાના સ્વાર્થમાં આખા દેશના હિતનો સમાવેશ કરી શકે છે. તેના સ્વાર્થની ભાવના પણ એવી ઉદાર, વ્યાપક અને શુદ્ધ છે કે તેને દેશભક્ત કહેવામાં હરકત નથી. બોનાપાર્ટની રાજ્ય ચલાવવાની નીતિમાં નિરંકુશતાનું તત્ત્વ તો હતુંજ, પણ પોતાના પુત્રને સુખી કરવાના હેતુથી એક

માયાળુ પિતા પુત્રને પોતાના કાબુમાં રાખે છે તેમ નેપોલિયન પ્રજાને પોતાની ઇચ્છાને વશ વર્તાવતો હોવા છતાં પણ તેનું લક્ષ્ય તો તેમનાં સુખ અને ઇજ્જત વધારવા ઉપરજ હતું. ”

આ પ્રમાણે તેના એક કટ્ટા વિરોધીને પણ તેની રાજ્યકર્તા તરીકેની શ્રેષ્ઠતા નાછૂટકે સ્વીકારવી પડે છે.

સને ૧૮૨૧ ની સાલમાં જ્યારે તે સેન્ટહેલેનામાં બંદીવાન હાલતમાં પડ્યો હતો તે વર્ષે આસ્ટ્રિયા, રશિયા અને પ્રશિયાના રાજાઓનું સંમેલન લેબેચ શહેરમાં થયું હતું. તે વખતે આસ્ટ્રિયાના રાજાએ ત્યાંના વિશ્વવિદ્યાલયના અધ્યાપકો આગળ પોતાનું પ્રખ્યાત ભાષણ આપતાં કહ્યું હતું કે:—

“ તમારા વિદ્યાર્થીઓને તમે હદ કરતાં વધારે ન શીખવી દો તેની સંભાળ રાખજો. હું વિદ્વાનો અને વિજ્ઞાનીઓને નથી માગતો. મારે તો મારા હુકમ માને એવી આજ્ઞાંકિત પ્રજા જોઈએ છે. ”

લેબેચ શહેરની પ્રજાને રાજનૈતિક અને ધાર્મિક સ્વતંત્રતાનો નેપોલિયને ચેપ લગાડ્યો હતો. તેથી કરીને ઉપર કહેલા સંમેલન વખતે એ ત્રણે રાજાઓએ નેપોલિયન માટે નીચ બદનક્ષીભર્યું જાહેરનામું પ્રકટ કર્યું હતું. તેનો સખત જવાબ મેલાઈનના વડા ધર્મગુરુએ આપીને તેણે એકવાર નેપોલિયનને કરેલા અન્યાયનું પ્રાયશ્ચિત્ત કર્યું હતું. તેમાં લખ્યું હતું કે:—

“ જ્યારે નેપોલિયનના હાથમાં શિક્ષા કરવાની સત્તા હતી ત્યારે જેઓ વર્ષો સુધી કૂતરાની માફક તેના પણ આગળ આળોટતા તેઓ આજે હવે જ્યારે તે પોતાનો બચાવ કરવાને પણ અશક્ત છે ત્યારે તેનું અપમાન કરવા નીકળ્યા છે ! હવે તેને ગાળો દેવાનો વખત રહ્યો નથી. સશસ્ત્ર માણસોએ નિઃશસ્ત્ર દુશ્મન સાથે માનથી વર્તવું જોઈએ. પોતાને તાબે થએલા શત્રુ તરફ અને ખાસ કરીને જે શત્રુને ચ્હડીઆતા બુદ્ધિબળથી નહિ પણ ચ્હડીઆતા પશુબળથી વશ કર્યો હોય તેના તરફ ન્યાયભરેલું વર્તન રાખવામાંજ જીતનારની શોભા છે. આટલાં બધાં વર્ષ સુધી જેમણે નેપોલિયનને ફ્રાન્સમાં અને તેથી કરીને યુરોપમાં સુવ્યવસ્થા પ્રવર્તાવનાર કહ્યો હોય, તેઓ હવે તેને વિપ્લવ ઉત્પન્ન કરનાર કહી શકેજ નહિ. હવે તે વખત ગયો. જે લોકોએ એકવાર તેની સાથે મિત્રભાવે હાથ મેળાવ્યો હોય, તેની સાથે સહકાર કર્યો હોય અને પોતાની ડગમગી ગએલી રાજગાદીને ટકાવી રાખવા માટે જેમણે તેને પોતાની દીકરી પરણાવી હોય તેઓ આજે તેની પૂઠ પાછળ બદનક્ષી કરે એ તો ઘણુંજ હીણપતભરેલું છે. ”

“ જે રાજ્યક્રાન્તિ અરાજકતા તરીકે નિંદાય છે, તેનો મુખ્ય પ્રતિનિધિ નેપોલિયન લડાઈઓના કોલાહલ અને વિદેશી રાજખટપટની જાળ ઉકેલવામાં રોકાયલો હતો

તેવા સમયમાં પણ તેણે રોમન સ્મૃતિકાર જસ્ટિનિયનની માફક ઘણીજ સંગીન, ઓછામાં ઓછી ખામીવાળી અને રાજવ્યવહારમાટે સૌથી શ્રેષ્ઠ કાર્યસાધક ધારાપોથી તૈયાર કરી હતી. આ રાજ્યક્રાન્તિનો પ્રતિનિધિ જેના ઉપર **તમામ લોકોપકારક સંસ્થાઓનો નાશ કરવાનો** આરોપ મૂકાય છે, તેણે વિશ્વવિદ્યાલયો સ્થાપ્યાં હતાં, સાર્વજનિક શાળાઓ ખોલી હતી, આખા રાજ્યને કળાકૌશલ્યના નાદર નમુનાઓથી શણગારી દીધું હતું અને માનવબુદ્ધિનો ઉંચામાં ઉંચો ખ્યાલ આપાવે એવી મહાન આશ્ચર્યકારક ઇમારતો ચણાવી હતી. આલ્પ્સ પર્વતે જેની આજ્ઞાને માન આપીને માર્ગ આપ્યો; ચેરબર્ગ, ફ્લશિંગ અને એન્ટવર્પ આગળ મહાસાગર પણ જેની આજ્ઞાને આધીન થઈ ગયો; જેના, બોર્દો અને ડયૂરિન આગળ જેણે રચાવેલા જંગી સેતુઓ નદીઓને પોતાના મજબૂત પગ તળે દબાવતા ઉભા રહ્યા છે; આખા ફ્રાન્સમાં જેણે નહેરોની જાળ પાથરીને સમુદ્રે સમુદ્રને જોડી દીધા હતા અને થોડાંજ વર્ષમાં પારિસ શહેરનું જેણે કલેવર ફેરવી નાખ્યું હતું; આવા પુરુષે જગતમાં વિનાશ અને ઉત્પાત સિવાય કાંઇ પણ કર્યું નથી એમ કહેવું એ કેટલું અસત્ય, કેટલો અન્યાય અને કેટલી ધૃષ્ટતા ? કેવા બુદ્ધિહીન માણસોને ઠગવા માટે આવું ઉઘાડું જૂઠાણું ઉપજાવી કહાડયું હશે ?"

હકીકત આ પ્રમાણે હોવા છતાં નેપોલિયન પ્રજામતના આધાર વગર ગાદીએ બેઠો હતો એમ કહેનારાઓએ તેઓ વૈર અને ઈર્ષ્યાને લીધે પૂરેપૂરા વિવેકશૂન્ય થઇ ગએલા હોવાથીજ આવો હડહડતો જૂઠો આક્ષેપ કરવાની ધૃષ્ટતા કરેલી કહી શકાય. સમસ્ત ફ્રેન્ચ પ્રજાએ કોઇ પણ પ્રકારના દબાણ વગર તેને દેશનું આધિપત્ય સોંપી દીધું હતું એ વાત બીજી અનેક ઐતિહાસિક ઘટનાઓની માફક નિર્વિવાદપણે સાબિત થઇ ચૂકેલી છે; અને તે છતાં પણ 'નેપોલિયને ગાદી ઝુંટવી લીધી હતી,' એમ કહેવાનું જેઓ પાપ કરે તેમની જીભ કપાઈ જવી જોઇએ.

प्रकरण ५६ मुं—ड्रेस्डन आगळ मेळवेली वधु फतेह

સને ૧૮૧૩ની ૧૨મી આગસ્ટને રોજ નેપોલિયનને અને તેની સાથે યૂરોપખંડમાં પ્રજાવર્ગની સ્વતંત્ર થવાની ઉગતી આશાને છુંદી નાખવાને યૂરોપીય રાજાઓએ કરેલી જબરદસ્ત એકસંપી સાથે આસ્ટ્રિયા સામેલ થયું. નેપોલિયનનો પક્ષ આસ્ટ્રિયા નરેશ ફ્રાન્સિસે તજી દીધો છે, અને તેનું બે લાખ સિપાઇઓનું સૈન્ય હવે મિત્ર રાજાઓના સૈન્યમાં ઉમેરાયું છે એ આગળથી ધારી રાખેલા સમાચારને તેમણે બેહદ ખુશાલીથી વધાવી લીધા. તેમનાં સૈન્યની ટુકડી ટુકડીએ આ વધામણી પહોંચી ગઇ અને ચારે દિશાએથી હર્ષોદ્ગાર ઉઠવા લાગ્યા. રાત્રે આકાશમાં હજારો હવાઇઓ ઉડવા લાગી અને બોહિમિયાનો પર્વતમાળાનાં શિખર યુદ્ધના પ્રારંભસૂચક હોળીઓથી ઝળહળી રહ્યાં. મિત્રરાજ્યો હવે પાંચ લાખ સિપાઇઓને લડાઇમાં ઉતારવા સમર્થ થયા હતા ત્યારે નેપોલિયન બે લાખ અને સાઠ હજાર સિપાઇઓ સાથે તેમની સામે ઉભો હતો. જનરલ જોમિની તથા બીજા ફ્રેન્ચ સેનાપતિઓ જે તેના શત્રુઓને મળી ગયા હતા તેમણે ફ્રેન્ચ સૈન્યની સ્થિતિ તથા નેપોલિયનની યુદ્ધવ્યવસ્થાવિષે શત્રુરાજાઓને વાકેફ કરી દીધા અને જનરલ મોરો તથા બર્નાડોએ મળીને હવે પછીના યુદ્ધની યોજના ઘડી કહાડી.

નેપોલિયનનું સૈન્યબળ ક્ષીણ થવા છતાં પણ તેનાં આગલાં પરાક્રમો સંભારી તેના શત્રુરાજાઓ હજી તેનાથી ધ્રૂજતા હતા; તેથી તેમણે જનરલ મોરો અને બર્નાડોને નેપોલિયનના દાવપેચથી સારી રીતે વાકેફ જાણીને તેમનાજ હાથમાં યુદ્ધનો સઘળો વહીવટ છોડી દીધો. તેમણે જે સૂચનાઓ પ્રકટ કરી હતી તે ઉપરથી જણાઇ આવે છે કે તેમને પોતાને પણ શત્રુ રાજાઓની સંખ્યામાં ચડીઆતાં સૈન્યો ઉપર કશો વિશ્વાસ ન હતો. તેમણે હુકમ કર્યો કે કોઇપણ સેનાપતિએ નેપોલિયનની સાથે યુદ્ધમાં ઉતરવું નહિ, પણ લડવાનો દેખાવ કરીને ફ્રેન્ચોને બને તેટલા ગભરાવવા અને આવી હીલચાલ કરતાં જો નેપોલિયન સૈન્યના મધ્ય ભાગથી દૂર નીકળી જાય તો તેની ગેરહાજરીનો લાભ લઇને તેના સેનાપતિઓ ઉપર તૂટી પડવું. આ પ્રમાણે

તેમણે નેપોલિયનને થકવી નાખવાનો તથા તેની યુદ્ધસામગ્રી અને સૈન્યને ક્ષીણ કરી નાખવાનો ઘાટ ઘડ્યો. એમ કરતાં કરતાં જ્યારે તેનું છેકજ બળ નરમ પડી જાય ત્યારે તેના ઉપર ચારે બાજુએથી હુમલો કરીને અનેકગણા સૈનિકબળવડે તેનો વિનાશ કરવો અથવા તો તેને કેદ પકડવો.

આ યુક્તિ ઘણીજ ડહાપણભરેલી હતી. નેપોલિયન તેનું રહસ્ય તરતજ સમજી ગયો અને પોતાના ઉપર આક્રમણ થાય તે પહેલાં પોતેજ નિશાબાજ સેનાપતિ બ્લૂચર ઉપર તુટી પડ્યો ! આગળથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે બ્લૂચર નાઠો કે તરતજ બે લાખ સિપાઇઓનું વિશાળ શત્રુસૈન્ય બોહિમિયાના પર્વતોની ખીણોમાંથી નીકળીને ડ્રેસ્ડન તરફ ચાલ્યું આવ્યું ! આ સ્થાન ઘણું અગત્યનું હતું. પારિસ સાથેના વ્યવહારની તે ચાવીરૂપ હતું. ત્યાં માત્ર ત્રીશજ હજાર સિપાઇઓ હતા. તેથી બ્લૂચરને રોકવા માર્શલ મેક્ડોનલ્ડને ઉભો રાખીને નેપોલિયન એટલી ઝડપથી ડ્રેસ્ડન તરફ પાછો વળ્યો કે તેની ત્વરાથી જાણીતા થએલા લોકો પણ આ વખતે અજાયબીમાં ગરકાવ થઈ ગયા.

આગસ્ટની ૨૫મી તારીખની સાંજે ડ્રેસ્ડનની આસપાસની ટેકરીઓ શત્રુસૈન્યનાં શસ્ત્રોથી ચળકવા લાગી. શહેરમાં ભારે ગભરાટ ફેલાઇ ગયો. જોતજોતામાં નજીકની ટેકરીઓ ઉપર બે લાખ સિપાઇઓ તોપખાનાસહિત ગોઠવાઈ જવા લાગ્યા. શહેરનો બચાવ કરનાર માત્ર ત્રીશ હજાર સિપાઇઓજ હતા; તોપણ સેનાપતિ સેન્ટ કાયરે છેવટની પળસુધી ટકી રહેવાનો નિશ્ચય કર્યો. શહેરના લોકો, બાળકો અને સ્ત્રીઓ થરથર ધ્રૂજવા લાગ્યાં અને તાબે થવા આતુર થયાં. પણ સેનાપતિએ તેમનું કાંઇજ સાંભળ્યું નહિ. યુદ્ધના કઠિન પ્રસંગમાં આવાં ભયંકર પગલાં લેવાની પણ જરૂર પડે છે.

સવાર પડતાંજ શહેર ઉપર આક્રમણ શરૂ થયું. પચાસ પચાસ તોપોસહિત શત્રુસૈન્ય છ વિભાગમાં વહેંચાઇ ડ્રેસ્ડન કોટ તરફ ધસ્યું. દારૂગોળાનો વરસાદ વરસી રહ્યો. શહેરના રસ્તા નગરવાસીઓના લોહીથી ખરડાઇ ગયા. તેઓ ભયભીત બની જઇને તાબે થવા બૂમરાણ કરવા લાગ્યા. દરમ્યાન પૂર ઝડપથી નેપોલિયન શહેર તરફ ચાલ્યો આવતો હતો. રસ્તામાં તેને સંદેશા ઉપર સંદેશા મળવા લાગ્યા કે હવે વધારે વખત ટકી શકાશે નહિ. તે લશ્કરની પણ આગળ નીકળી આવ્યો અને એક ટેકરીના શિખર ઉપરથી દૂરબીનવડે જોયું તો ફ્રેન્ચ સૈન્ય શહેરની દિવાલોની પાછળ યાહોમ કરીને લઢી રહ્યું હતું અને અસંખ્ય શત્રુસૈન્ય તેમનો થોડાજ વખતમાં નાશ કરવાની અણી ઉપર હતું. તેને આવવાના રસ્તા ઉપર રશિયા અને પ્રશિયાની તોપોએ દારૂગોળાની ઝડી વરસાવી મૂકી હતી; તોપણ તે વગર ઇજાએ તે રસ્તેથી તે પસાર થવા લાગ્યો.

હવે મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો. એટલામાં નદી તરફ ઉભેલા ફ્રેન્ચ સિપાઇઓએ તેમના શહેનશાહને જોયા અને “ શહેનશાહ ઘણું જીવો ” એવી ગર્જના થઇ રહી. ચારે દિશાએથી જોસભેર ગગનભેદી નાદ નીકળવા લાગ્યા. નેપોલિયન પહેલોજ ડ્રેસ્ડનના વૃદ્ધ રાજા પાસે ગયો અને તેને ખાત્રી આપી કે મારા સાઠ હજાર સિપાઇઓ થોડાજ વખતમાં શહેરમાં આવી પહોંચશે.

આ પ્રસંગે કૉલેનકૉર્ટ નેપોલિયનની સાથે હતો તે લખે છે કે “ શહેનશાહને પૂલને સામે છેડે જોતાંજ સૈન્યમાં જે આનંદ છવાઇ રહ્યો તેનું વર્ણનજ થઇ શકે એમ નથી. તેઓ તેની સામે દોડી ગયા ‘ પેલા આવે ! પેલા આવે !’ એવો ઉદ્‌ઘોષ નદીને કિનારે દૂર દૂરથી ઉઠવા લાગ્યો. સિપાઇઓ ઉમંગથી ઘેલા થઇ ગયા અને તેમના અમલદારોથી પણ તેમને કાબુમાં રખાયા નહિ. ”

નેપોલિયને કહ્યું, “ તેમને રોકશો મા. હમણાંજ શત્રુ ઉપર ધસી જવા માટે તેઓ મારો રસ્તો ખુલ્લો કરી દેશે. ”

આ શબ્દો આખા સૈન્યમાં ફેલાઇ ગયા અને તરતજ શહેનશાહને માર્ગ આપવા હર્ષઘેલા સિપાઇઓ પડાપડી કરવા લાગ્યા. નેપોલિયન શહેરમાં દાખલ થયો તે વખતનો દેખાવ જેણે જોયો હશે તેઓથી તે કદી વિસરાશે નહિ. આખે રસ્તે તાળીઓના ગડગડાટ અને હર્ષનાદ સિવાય બીજું કાંઈ સંભળાતુંજ નહિ. સ્ત્રીઓ, પુરુષો, બાળકો સર્વ સૈન્યમાં સામેલ થઈ ગયાં. તેમને એટલો બધો આનંદ થયો અને નેપોલિયનના આવ્યાથી તેમને એટલી બધી ધીરજ મળી ગઇ કે તેઓ તેમનો સઘળો ભય ભૂલી ગયાં.

નેપોલિયને તરતજ બહાર આવીને ગોળાઓના વરસાદ વચ્ચે ઉભા રહીને કોટ કિલ્લાની સ્થિતિ તપાસી લીધી અને અને શત્રુસૈન્યને મારી હઠાવવાની યોજના ઘડી કહાડી. થોડીવારમાંજ બાદશાહી અંગરક્ષકોની પલટણો અને સૈન્ય નદીના પૂરની માફક સપાટાબંધ શહેરમાં આવી પહોંચ્યું. લાંબી મજલો કર્યાથી તેઓ થાકયા હતા, ભૂખ્યા થયા હતા. તરસથી તેમનાં મોં સૂકાઇ ગયાં હતાં; છતાં પણ શહેરના લોકોએ તેમને માટે ખાવાપીવાની ગોઠવણ કરી રાખી હતી તેના તરફ તેમણે નજર પણ કરી નહિ. કોળીઓ અનાજ ખાવા કે ઘૂંટડો પાણી પીવા પણ તેઓ થોભ્યા નહિ. જરાપણ ગડબડાટ કે અવ્યવસ્થા વગર પાયદળ, સ્વાર અને તોપખાનાના સિપાઇઓ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. શત્રુરાજાઓની સાતસો તોપોનું જબરદસ્ત તોપખાનું અર્ધગોળાકૃતિમાં ગોઠવાયું અને ડ્રેસ્ડન શહેરનાં વીચોવીચ આવેલાં મકાનો ઉપર દારૂગોળાનો લાગટ વરસાદ વરસવાથી ભયાનક ખરાબી થવા લાગી.

એક હજાર કરતાં વધારે તોપોના એકસામટા ધડાકા, ધડાધડ ફાટતા બોંબગોળાના કાન બહેરા કરી મૂકે એવા અવાજ, ધૂમાડાનો ઘટાટોપ, યોદ્ધાઓના કોલાહલ,

ઘાયલ થતાં નિર્દોષ નિઃશસ્ત્ર સ્ત્રીપુરુષોની અને બાળકોની કરુણ ચીસો, કડાકડ તૂટી પડતી ઇમારતો, અગ્નિવર્ષણથી શહેરમાં ચોતરફ સળગેલી આગ એ સર્વથી એક એવો ત્રાસ, જુલમ અને રાક્ષસીવૃત્તિનો ઘોર પાપમય દેખાવ બની ગયો કે જેનું વર્ણન વાણીથી કરી શકાતું નથી અને કલ્પનામાં પણ જેનો સાચો ચિતાર આવી શકતો નથી. આ દારુણ સંગ્રામના ભયાનક નાટકનો છેલ્લો પડદો પડયા પછી પણ તેમાંથી પેદા થએલી વિપત્તિઓની પરંપરા ઘણાં વર્ષોસુધી ચાલુ રહી. હજારો પૈસે ટકે સુખી કુટુંબો ઘરબાર વગરનાં નિર્ધન થઇ ગયાં; હજારો સ્ત્રીઓ, પુરુષો અને બાળકો હાથ પગ કે આંખ વગરનાં અને જોતાં કમકમાટી ઉપજે એવી બેડોળ અને દયામણી આકૃતિનાં બની જઇ અત્યંત દુઃખ અને કંગાલિયતભરેલી બાકીની જિંદગીમાં રઝળતાં રવડતાં થઇ ગયાં. યૂરોપના રાજાઓએ આવા ભયાનક, અમાનુષી અત્યાચારો કરીને તેમનાં રાજ્યાસનોને ઉથલાવી નાખવાનું વલણ ધરાવતા પ્રજાકીય સ્વાતંત્ર્યના જુસ્સાને આ પ્રમાણે દબાવીને ગુંગળાવી નાખ્યો.

નેપોલિયન શહેરમાં આવી ગયો છે તેની શત્રુપક્ષને ખબર પણ પડી ન હતી ત્યાર પહેલાં તો તેણે અનુકૂળ તક જોઇને ત્રણે દિશાએ તેમના ઉપર એકસામટો એવો પ્રચંડ ઘસારો કરાવ્યો કે તેમને નાસવું પડયું અને ફ્રેન્ચ સ્વારોએ નાસતા શત્રુઓની ભારે ખુવારી કરી નાખી. સેનાપતિ સ્વાર્ઝનબર્ગ, ઝાર અલેક્ઝાન્ડર અને પ્રશિયાનો રાજા ફ્રેડરિક વિલિયમ એક ટેકરી ઉપર ઉભા હતા. તેઓ પોતાનાં સૈન્યોની ખુવારી જોઇને હતાશ થઇ ગયા. તેમણે કહ્યું, "નેપોલિયન ડ્રેસ્ડનમાંજ હોવો જોઇએ. શહેરને સર કરવાનો વખત ગયો. હવે તો આપણે આપણા વિખેરાયલા લશ્કરને વ્યવસ્થિત કરી શકીએ તોજ ઘણું છે."

આ દારુણ સંગ્રામ દરમ્યાન શત્રુએ જબરદસ્ત ઘસારો કરીને બે ફ્રેન્ચ બુરજો કબજે કરી લીધા. આમાંથી આગળ જતાં ભયાનક પરિણામ આવશે એમ જાણીને નેપોલિયન જાતે એક ટુકડી લઇને સૌથી આગળ ઘોડો દોડાવતો તે તરફ ઘસી ગયો. તેમના ઉપર ગોળીઓની ઝડી વરસી રહી. નેપોલિયનના લગભગ એકેએક અંગરક્ષકો માર્યા ગયા પણ તે છતાં તેણે પેલા બુરજો તો પાછા જીતીજ લીધા.

કૉલેનકૉર્ટ લખે છે કે હલકામાં હલકા દરજ્જાના સિપાઇ અને અખિલ સત્તાધારી શહેનશાહ નેપોલિયન વચ્ચે જે છૂટ, પરસ્પર વિશ્વાસ અને પ્રેમ જોવામાં આવતો હતો તે ખરેખર અપૂર્વજ હતો. સિપાઇઓ તેની સાથે બોલવા ચાલવામાં મિત્રભાવે જે છૂટ લેતા હતા, તેટલી છૂટ લેવાની તેના અંગત મિત્રોની પણ હિંમત ચાલતી નહિ. તેમના સરદારો સાથે તેઓ મોકળા મનથી અને સંપૂર્ણ છુટથી બોલી શકતા નહિ પણ નેપોલિયન તરફ તેઓ સર્વથી અનોખા પ્રકારના ભાવથી જોતા હતા.તેમને મનથી તે તેમનો રાજા પણ હતો, પિતા પણ હતો, અને મિત્ર પણહતો.

દિવસ હવે આથમવા આવ્યો હતો પણ વરસાદ અને પવનનું તોફાન પૂરજોસથી શરૂ થયું અને જાણે બારે મેઘ તૂટી પડયા હોય તેમ વરસાદ ધોધમાર વરસવા લાગ્યો. આવી સ્થિતિમાં પણ યુદ્ધ તો ચાલુજ રહ્યું હતું. વરસાદની ગર્જના સાથે તોપોના ધડાકા ભળી જતા હતા. નેપોલિયન સવારનો ઘોડા ઉપરથી ઉતર્યો ન હતો, અને તેનાં કપડાં પલળીને તરબોળ થઈ ગયાં હતાં. ઘણા દિવસનો અવિરત પરિશ્રમ અને અખંડ ઉજાગરાથી તેના શરીર ઉપર જબ્બર ઘસારો પડયો હતો અને પોતાની શક્તિને ગમે તેમ ટકાવી રાખીને તે ફરતો હોવા છતાં તેની શારીરિક નિર્બળતા ખુલ્લી જણાઇ આવતી હતી.

એક અગત્યના મથક ઉપર તેના બાદશાહી સ્વારોની ટુકડી પોતાના તોપખાનાસાથે આખો દિવસ શત્રુના પ્રબળ ધસારા સામે ટક્કર લેતી ઉભી હતી. એ જગ્યા ઘણીજ જરૂરની હતી તેથી નેપોલિયન તેમને ઉત્તેજન આપવા દોડી ગયો. તેના માર્ગમાં મરેલા અને મરવા પડેલા સિપાઇઓના ઢગલા થઇ ગયા હતા.

નેપોલિયને શોકાતુર અવાજે કહ્યું, “ આ જગ્યા જાળવવા માટે આપણે ભારે ભોગ આપવો પડયો છે. ” પછી પોતાના બહાદૂર સિપાઇઓ તરફ સંતોષપૂર્ણ દૃષ્ટિપાત કરીને કહ્યું, “ હું જાણતોજ હતો કે તમે આ જગ્યા રશિયનોના હાથમાં નહિ જવા દો. ”

એક સિપાઇ જેના કપાળ ઉપર તલવારનો ભયંકર જખમ લાગ્યો હતો અને તેના ઉપર રૂમાલનો પાટો બાંધેલો છતાં હજી જખમમાંથી લોહી ટપકતું હતું તેણે કહ્યું, “ તેમનામાં હિંમત હોય તો બીજીવાર આવી જાય. જીવતાજ ન જવા દઇએને ! પણ સાહેબ, આ જગ્યા તમારે માટે નથી. તમે અમારા દરેકના કરતાં વધારે થાકેલા જણાઓ છો. જાઓ અને આરામ લો. ”

નેપોલિયને કહ્યું, “ હું આરામ લઇશ પણ આપણે જીતીએ ત્યાર પછીજ. ” બીજા સિપાઇએ કહ્યું, “ નહિ સાહેબ, મારા મિત્રનું કહેવું ખરૂં છે. આપ નામદારનાં કપડાં પલળી ગયાં છે. મહેરબાની કરીને જાઓ અને કપડાં તો બદલો. ” તેણે આ શબ્દો એક પુત્ર પોતાના પ્રિય પિતાને કહે તેવી સહૃદયતા અને આજીજીભરેલા અવાજે ઉચ્ચાર્યા.

નેપોલિયન બોલ્યો, “ આરામ લઇશ પણ તમને સર્વને આરામ મળશે ત્યારે, એટલે લડાઇ જીત્યા પછીજ. ?”

પહેલા સિપાઇએ કહ્યું, “ અમે તમારા મનની વાત સમજી ગયા. તમને આ જગ્યાની ફિકર છે, પણ તે અમે જાળવી રાખીશુંજ. કેમ ભાઇઓ ! તમે શું કહો છો ? ” દરેકના મોંમાંથી હાહાના અવાજ નીકળ્યા. તેણે પછી કહ્યું, “ હવે જાઓ; જગ્યા તથા તોપખાનામાટે બેફિકર રહો. ”

નેપોલિયન આ બહાદૂર પુરુષો તરફ કૃતજ્ઞતાભરી નજર કરી ચાલતો થયો. આ પ્રમાણે દારૂગોળાની ઝડીની વચમાં ઉભા રહીને દરેક જગ્યાએ ફરી ફરીને સિપાઈઓને હિંમત આપ્યા પછી તે પોતાને મુકામે ગયો.

રાત્રિ પડી પણ વરસાદનું જોર નરમ પડયું નહિ. અંધકારનો લાભ લઇને પરાજય પામેલું શત્રુસૈન્ય વળી પાછું ડ્રેસ્ડનની આસપાસની ટેકરીઓ ઉપર એકઠું થવા પામ્યું. હજી નેપોલિયનને આરામ લેવાનો અવકાશ મળ્યો ન હતો. તેણે મોડી રાતસુધી બેસીને હુકમો લખાવ્યા. તેના મનઉપર ચિંતાનો અથાગ બોજો હતો. તેની અનિવાર્ય મુશ્કેલીનું ખરૂં સ્વરૂપ સમજાઇ ગયું હતું. મધરાત થઇ ગઈ પણ ઉતાવળે પગલે, બોલ્યા ચાલ્યા વગર તે પોતાના ઓરડામાં આંટા મારવા લાગ્યો. તે એકાએક ઉભો રહ્યો અને બોલ્યો, " મુરા આવી પહોંચ્યો છે. " વળી પાછો ઉંડા વિચારમાં પડી જઇ ચાલવા લાગ્યો; પાછો અટકયો અને બોલ્યો, " મેં તેને મારા સ્વારોની સરદારી આપી છે. તે મને દગો નહિ દે. મારો સિતારો પાંશરો છે ત્યાંસુધી તો મુરા મારોજ રહેશે; અને હાલની જંજાળ એટલી બધી છે કે હું ભવિષ્યનો વિચાર કરવા ચાહતો નથી. "

મધરાત વીતી ગઇ અને એક વાગ્યાનો સમય થયો. ઠંડા પવનના સૂસવાટા વાતા હતા અને સિપાઇઓ પાણીથી દદડતે કપડે. વરસાદની ઝડીમાં ઠંડીથી ધ્રૂજતા પોતાની જગ્યા સાચવી ઉભા રહ્યા હતા. સવાર થતાં કેવા ગંભીર બનાવો બનવાના હતા તે પોતે જાણતો હોવાથી વરસાદની પરવા કર્યા વગર નેપોલિયન સ્વાર થયો અને એકવાર ફરીથી સિપાઇઓને ઉત્તેજન આપવા બધે ફરી વળ્યો. તેમના ઉપર ગુજરતી દરેક વિપત્તિ તેની સહૃદયતાને લીધે તેને પોતાના જેવીજ લાગતી, અને તેમને તે જણાવી દેતો કે તમે જ્યારે કાદવમાં પડયા હો છો ત્યારે મારાથી નિરાંતે નરમ બિછાનામાં સૂઇ શકાતુંજ નથી. શત્રુની છાવણીમાં તાપણીઓ ઉપરથી તેણે તેમની સ્થિતિ તપાસી લીધી અને આવતી કાલને માટે લડવાની યોજના ઘડી કહાડી. સવાર થવા આવ્યું ત્યારે તે પોતાને ઉતારે પાછો આવ્યો.

ડ્રેસ્ડન શહેરથી થોડે થોડે દૂર જ્યાં જ્યાં ફ્રેન્ચ ટુકડીઓ હતી તે બધીને તેણે રાતોરાત તેડાવી લેવાના હુકમો મોકલ્યા અને સિપાઇઓએ તેનો એવો ઉલટભેર અમલ કર્યો કે સવાર થવા પહેલાં તો એક લાખ અને ત્રીશ હજાર સિપાઇઓ ડ્રેસ્ડન શહેરની દિવાલ આગળ ગોઠવાઇ ગયા. શત્રુ રાજાઓએ પણ રાતમાંને રાતમાં બે લાખ સિપાઇઓ ભેગા કરી દીધા.

વરસાદ અને પવનનાં તોફાન હજી શમ્યાં ન હતાં. અજવાળું થતાંજ સંગ્રામ શરૂ થયો અને સાંજના ત્રણ વાગતાં સુધી તે એકસરખા જુસ્સાથી ચાલુ રહ્યો. દરેક જગ્યાએ નેપોલિયનની જીત થઇ. શત્રુ રાજાઓનાં સૈન્ય બોહિમિયાના પર્વતો તરફ

નદીનાળાં અને પાણીથી ભરાયલાં ખેતરો ડોળતાં નાઠાં. રશિયા અને પ્રશિયાના રાજાઓએ ફરીથી એકવાર સૈન્યોનો પરાજય જોયો અને નેપોલિયનના બુદ્ધિબળથી પરાભવ પામીને તેમને નાસવું પડયું.

દેશદ્રોહી, દગાબાજ, કૃતઘ્ન સેનાંપતિ મોરોને તેના પાપનું ફળ મળ્યું. એક તોપના ગોળાથી તેના બેઉ પગ ઉડી ગયા. તેને ડોળીમાં બેસાડીને લઇ ગયા અને આવી દુઃખી હાલતમાં તેને એક ઝુંપડામાં સંતાડી રાખવો પડયો. દાકતરોએ તેના પગ મૂળમાંથી કાપી નાખ્યા. આ દુઃખદાયક શસ્ત્રક્રિયા તેણે ધીરજથી સહન કરી; પરંતુ છેવટે આવી હાલતમાં પણ તેને ખસેડવો પડયો, કેમકે તે જગ્યા ઉપર ફ્રેન્ચોના ગોળા ધડાધડ વરસવા લાગ્યા. બે દિવસ પછી તે મરણ પામ્યો. મરતાં મરતાં તેણે પોતાની સ્ત્રીને લખ્યું કે, “ ડ્રેસ્ડન આગળના યુદ્ધમાં મારા બેઉ પગ ઉડી ગયા છે. લુચ્ચા બોનાપાર્ટનું નસીબ હજી પણ જોર કરે છે. અમે પાછા હઠયા છીએ પણ હાર્યા નથી. માત્ર સેનાપતિ બ્લૂચરની નજીક જવા માટે અમે પાછાં પગલાં કર્યાં છે. ”

મરતાંસુધી મોરોએ દુઃખ તરફ સંપૂર્ણ બેદરકારી બતાવી હતી અને ઈશ્વરનો તથા ભવિષ્યના અનંત જીવનનો પોતાના મનમાં વિચાર સરખો પણ આવવા દીધો નથી. તેના શબને લશ્કરી માન સાથે સેન્ટ પિટર્સબર્ગમાં દટાવ્યું અને તેના કુટુંબને ઝારે સારૂં વર્ષાસન બાંધી આપ્યું. હજી તે તેના દેશના શત્રુઓના મુલકમાંજ સૂતો છે. નેપોલિયનના મૃતદેહને તેની વહાલી જન્મભૂમિમાં સૂવાડવા આખા ફ્રાન્સે એકે અવાજે માગણી કરી ત્યારે નિમકહરામ મોરોનું શબ હજી તેમનું તેમ રશિયામાંજ પડી રહ્યું છે !

આખા દિવસના ખૂનખાર યુદ્ધના પરિશ્રમ પછી નેપોલિયન થાકીને લોથપોથ થએલો, પાણીથી નીંગળતે કપડે ડ્રેસ્ડન પાછો આવ્યો. શહેરના લોકોએ તથા રાજકુટુંબે તેનો અત્યાનંદથી સત્કાર કર્યો. પોતાના મિત્રની રાજધાનીને તોપોના મારાથી થએલું ભારે નુકસાન જોઇને તથા તેનું મૂળ કારણ ફ્રાન્સ હતું એ વિચારથી તેનું હૃદય દ્રવ્યું અને તેણે પોતાના દિલની સાચી દિલગીરી દર્શાવી. તેની ઉદાર વૃત્તિઓ એકદમ સતેજ થઇ ગઇ. જેનાં જેનાં ઘર તૂટી ગયાં હતાં તેમને નુકસાની બદલ તેણે સારી રકમ આપી, સર્વને માયાળુપણે દિલાસો આપ્યો, ઘાયલ થએલા શહેરીઓ, પોતાના સિપાઇઓ તથા કેદીઓની પણ માવજત કરવાનો તેણે બંદોબસ્ત કરાવ્યો. જે દેશદ્રોહી ફ્રેન્ચ સિપાઇઓ શત્રુઓને જઇ મળ્યા હતા અને તેમાંના કેટલાક આ વખતે કેદ પકડાયા હતા તેમને માટે ઘટતો બંદોબસ્ત કરાવી તેણે પોતાની અદ્ભુત ઉદારતાનું દર્શન કરાવ્યું. આ મહાપુરુષનું ઉદાર હૃદય હમેશાં પ્રજા તરફ ઢળતું હતું અને તેઓ અજ્ઞાનને વશ થઇને તેની સામે શસ્ત્ર ઉગામતા હતા તોપણ તેમના ઉપરથી તેનો પ્રેમ ઓછો થતો ન હતો.

છેક મધરાત પછી નેપોલિયનને રાજમહેલ તરફ જવાનો અવકાશ મળ્યો. છત્રીશ કલાક દરમ્યાન તેણે એક પળનો પણ આરામ લીધો ન હતો. તેનાં કપડાંમાંથી પાણી નીંગળતું હતું અને ઠંડો પવન જોસભેર વાતો હતો. એવી હાલતમાં તેણે છત્રીશે કલાક કામમાં ને કામમાં પસાર કર્યા હતા. મુકામપર આવીને તરતજ તે હુકમો લખાવવા બેઠો. કૉલેનકૉર્ટ એટલો થાકી ગયો હતો કે તોપોના ઉપરાઉપરિ ધડાકા થતા અને ગોળીઓનો વરસાદ વરસતો છતાં તે ઘોડાપરને ઘોડાપરજ તેની આંખ મીંચાઇ જતી હતી. તે લખે છે કે " છેલ્લા પાંચ મહિનામાં જે પરિશ્રમ અમે સહન કર્યો હતો તે જીરવવાને માટે તો શરીર લોખંડનુંજ હોવું જોઇએ; પરંતુ તંદુરસ્તીને જોખમમાં નાખીને, શહેનશાહને મોતની સામે ઉભો રહેતો જોઇને અમને અમારો વિચાર પણ આવતો ન હતો. "

છેક ચાર વાગે નેપોલિયન કંતાનના ખાટલા ઉપર સૂતો અને તરતજ ઉંઘી ગયો; પણ માત્ર વીશજ મિનીટની ઉંઘ લીધા પછી તે ઉઠીને ઉભો થઇ ગયો અને કૉલેનકૉર્ટને પોતાના સેનાપતિઓના લશ્કરની સંખ્યા અને સ્થિતિની તપાસ કરી આવવાનો હુકમ કર્યો.

પછી તે બારીએ ગયો અને ઘણીજ ચિંતાસહિત ઋતુની હાલત તપાસવા લાગ્યો. વરસાદ તો હજી પણ મુશળધાર વરસતો હતો અને પવનના ઝપાટા સુસવાટ કરતા ચાલ્યા આવતા હતા. રસ્તા ઉપર પાણી ધડધડાટ વહેતું હતું અને દીવા ઝાંખા ઝાંખા બળી રહ્યા હતા. સિપાઇઓનાં તાપણાં હોલવાઇ ગયાં હતાં અને તેઓ બિચારા થાકીને કાદવ ઉપર જેમ તેમ કરીને પડયા હતા. તે નીચે ઉતર્યો. પહેરા ઉપર તેના બાદશાહી અંગરક્ષકોની પલટણ ઉભી હતી. તેમણે આખો દિવસ શહેનશાહ સાથે દડમજલ કૂચ કરી હતી. તેમનાં કપડાં ખરડાઇ ગયાં હતાં તોપણ પોતાનો મેલો દેખાવ નેપોલિયનની નજરે ન પડે અને પોતાનાં સાફસુફ કપડાં જોઇને તે ખુશ થાય તે માટે થાકને ન ગણકારીને તેમણે પોતાના પોશાકને જેમ તેમ કરીને ઠીકઠાક કરવામાં કલાકના કલાક ગાળ્યા હતા. સવારમાં તેઓ જાણે પારિસના કવાયતના મેદાનમાંજ ઉભા હોય તેમ ચોકખાં કપડાં પહેરી લશ્કરી ઢબમાં ઉભા હતા. નેપોલિયન એ જોઇને તાજુબ થઇ ગયો.

મનુષ્યહૃદયના ઉંડામાં ઉંડા ભાગને સ્પર્શ કરે એવા પોતાના હમેશના માયાળુ અવાજથી તેણે કહ્યું, " છોકરાઓ ! તમે આરામ લીધો નથી. આખી રાત તમે કપડાં સાફ કરવામાંજ ગાળી લાગે છે. "

એક સિપાઇએ કહ્યું, " તેની કાંઇ ચિંતા નથી. જેટલો આપ નામદારે આરામ લીધો છે તેટલો અમે લીધો છે. "

નેપોલિયને ઉત્તર આપ્યો, " મને તો આરામ વગર ચલાવી લેવાનો અભ્યાસ

છે.” એટલામાં તેની નજર એક જૂના સિપાઈ ઉપર પડી. તે મિસરની ચડાઇ વખતે અને અબુકરના સંગ્રામમાં હાજર હતો. નેપોલિયને તેની લાંબી સેવાની કદર કરીને ચાંદની બક્ષિસ આપી. સિપાઇ હર્ષઘેલો થઇ ગયો. તેણે કહ્યું, “આજે હું જરૂર આપને માટે મારો જાન આપીશ.” એમ કહી આવેશમાં આવી જઇ તેણે નેપોલિયનના ઇતિહાસપ્રસિદ્ધ ભૂરા ડગલાને બચકું ભરી એક ટુકડો તોડી લીધો અને તેને ટાંકણીવડે પોતાની છાતી આગળ ચોંટાડી કહ્યું, “**ચાંદ મળતાંસુધી આ ચાલશે.**” આખી પલટણે હર્ષનાદ કર્યો.

નેપોલિયન પોતાના હમેશના રિવાજ પ્રમાણે રણક્ષેત્રમાં ફરી આવ્યો. માઇલના માઇલોસુધી શબના ઢગલા, માણસ અને ઘોડાનાં શરીરના ટુકડા જ્યાં ત્યાં પડયા હતા. લશ્કરની પાછળ ભમતાં બદમાસ લૂંટારૂ સ્ત્રીપુરુષોએ ઘણાનાં વસ્ત્ર ઉતારી લીધાં હતાં. શત્રુરાજાઓએ એકલી યૂરોપની પ્રજાઓમાંથી નહિ પણ એશિયાની જંગલી પ્રજાઓમાંથી પણ પોતાનાં સૈન્યની ભરતી કરી હતી. વરૂનાં જેવો જંગલી ઝનુની રશિયન, શોખિન અને સુધરેલા ઉમરાવની સાથે ધૂળ ભેગો થયેલો જણાતો હતો. માંજરી આંખવાળા ગૉથ યોદ્ધાઓ, ઘઉં વર્ણા ઇટાલિયનો અને સમરકંદના જંગલી તાતાર યોદ્ધાઓ, સર્વ સાથે સેળભેળ થઇને સૂતા હતા.

આવી રાક્ષસી કતલ કરાવીને યૂરોપના આપખુદ રાજાઓએ તેમનું કાર્ય છેવટે જો કે સિદ્ધ કર્યું; પરંતુ તેમ કરીને તેમણે યૂરોપના વિકાસને અડધા સૈકાસુધી રોકી રાખ્યો અને હજી પણ આવીને આવી ભયાનક લડાઇઓ ફરીથી જાગવાનો દરેક સંભવ છેજ; પરંતુ પ્રજાને સમાન અધિકાર આપનારો, તથા યૂરોપને ખૂની રાજ્યવિપ્લવમાંથી ઉગારનારો બીજો નેપોલિયન તો પેદા થનાર નથીજ. યૂરોપનું ભાવિ ખરેખર ઘણુંજ નિરાશાજનક છે. ×

થોડીવારસુધી રણક્ષેત્રના ત્રાસજનક દશ્યનું શોકાર્દ્રહૃદયે અવલોકન કર્યા પછી નેપોલિયન આગળ ગયા અને નાસતા શત્રુઓ કયી કયી દિશાએ છે તેની તપાસ કરીને તેમની બરાબર પૂંઠ પકડવાની સૂચનાઓ આપવા લાગ્યો. વરસાદ અને ઠંડીમાં ભીને કપડે આખો દિવસ ફરવાથી, તથા ઘણા દિવસનો લાગટ પરિશ્રમ અને અખંડ ઉજાગરા સહન કરવાથી તે છેક લેવાઈ ગયો હતો. વરસાદના ઝડી અને ઠંડા પવનમાં તે થોડેક દૂર ગયો એટલામાં તેને પેટમાં ચૂંકની સખ્ત અકડી આવવા લાગી; તાવ ચડી આવ્યો અને તે ઉલટીપર ઉલટી કરવા લાગ્યો. તે ગાડીમાં બેસીને તરતજ

× ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, રશિયા, પોલન્ડ તથા તુર્કસ્તાનના પરસ્પર અવિશ્વાસ અને દ્વેષનો સંતોષકારક અને સાત્વિક નિર્ણય ન થવાથી ઉપલું ભવિષ્યકથન સાચું પડયું તે આપણે જોયું; અને હજી પણ યૂરોપનો જવાળામુખી ખરી રીતે હોલવાયો નથીજ.

ડ્રેસ્ડન પાછો ફર્યો. આ રીતે તે એકાએક સખત માંદગીને લીધે પથારીવશ થઈ પડ્યો તેથી શત્રુની પૂંઠ લેવાનું કામ નાઈલાજે સેનાપતિઓને સોંપવું પડ્યું.

મંદવાડની આ અણધારી વિપત્તિ ન પડી હોત તો શત્રુરાજાઓ જરૂર ગભરાઇ જાત અને તેમનેજ સલાહની માગણી કરવાની ફરજ પડત; પણ ફ્રાન્સનું ભાવિ વિપરીત હતું. તેમના ઉપર એક પછી એક આફતો આવવા લાગી. શત્રુરાજાઓના સૈન્યમાં વધારો થયાજ કરતો હતો, અને દરેક લડાઇમાં તેઓના સિપાઇઓ હણાતા તોપણ રોજ રોજ નવા સિપાઇઓ ઉમેરાવાથી તેમનું સૈનિક બળ ક્ષીણ ન થતાં ઉલટું વધતું હતું. આ બાજુએ ફ્રાન્સનું બળ ક્ષીણ થવા આવ્યું હતું. નેપોલિયન ઉપરાઉપરિ ફતેહ મેળવતો હતો છતાં દરેક વિજયને અંતે તેનું સૈન્ય ઓછું થતું હતું, અને નવું લશ્કર તૈયાર કરવાનો ઘણોજ થોડો સંભવ હતો. ફ્રાન્સ સાથે મૈત્રી રાખનારાં પ્રજાસત્તાક રાજ્યો બળવાન શત્રુઓથી ઘેરાઇ જઇ હતાશ થઇ ગયાં હતાં અને તેઓમાં પણ રાજસત્તાનો પક્ષ લેનાર વર્ગ હવે જોરપર આવ્યો હતો.

ફ્રેન્ચ સેનાપતિ જનરલ વેન્ડેમ એક ઘણીજ મજબૂત જગ્યા રોકી બેઠો હતો, અને તે એકલોજ સઘળા શત્રુનો નાશ કરી શકશે એવી નેપોલિયને તેના તરફથી આશા રાખી હતી; પણ એકાએક અનેકગણા શત્રુસૈન્યથી તે ઘેરાઇ ગયો અને કેદ પકડાયો. જનરલ ઓડિનોને બર્નાડો સામે મોકલ્યો હતો. તેના ઉપર પણ એંશી હજારનું શત્રુસૈન્ય તૂટી પડ્યું અને તેને હાર ખાઇને પાછા હઠવું પડ્યું. જનરલ જેરાર્ડ અને મેકડોનલ્ડ પણ સપડાઇ ગયા અને તેમણે સખત હાર ખાધી.

જ્યારે નેપોલિયન સખત માંદગીનો ભોગ થઇને બિછાને પડ્યો હતો ત્યારે ઉપર જણાવેલી આફતોના સમાચાર તેને મળતા ગયા, જેમાં તેના એકંદર ત્રીશ હજાર સિપાઇઓ માર્યા ગયા હતા. તેણે મુરાને કહ્યું, "લડાઈમાં આમજ બને છે; સવારમાં ફતેહ પણ સાંજ પડતા પહેલાં પાયમાલી! વિજય અને વિનાશની વચ્ચે માત્ર એકજ પગલાનું છેટુ હોય છે."

તેના ખાટલા પાસેના એક ટેબલપર જર્મનીનો નકશો પડ્યો હતો. તે નકશો હાથમાં લઇને તે ધ્યાનપૂર્વક જોવા લાગ્યો અને એક ફ્રેન્ચ કવિની નીચેની પંક્તિઓ ધીમે અવાજે ગણગણવા લાગ્યો:—

"મેં નોકરી કરી, સેનાપતિપણું કર્યું, ચૌદ વર્ષસુધી વિજયપર વિજય મેળવ્યા આખા જગતનું ભાવિ મેં મારા હાથમાં મૂકાયલું જોયું; પણ મેં જોયું કે મોટાં મોટાં રાજ્યોનું પ્રારબ્ધ એક પળ માત્રમાં બદલાઇ જાય છે."

તેની તબીયતમાં હજી સુધારો થયો ન હતો તોપણ આવા ભયાનક સમાચારથી નીપજતી બેચેની તેનાથી હવે સાંખી શકાઇ નહિ. શરીરે માંદો અને અશક્ત થએલો છતાં પણ તેણે બિછાનું છોડ્યું અને આવીને આવી હાલતમાં તેણે લશ્કરની સરદારી

લઇને પોતાની સર્વોપરિ બુદ્ધિ, શૌર્ય અને ધૈર્યનું એવું તો અદ્ભુત દર્શન કરાવ્યું કે જગતના ઇતિહાસમાં તેનો જોટોજ જડતો નથી એવું તેના મિત્રો અને શત્રુઓએ-એઉએ કબૂલ કર્યું છે; પરંતુ નેપોલિયન એક પછી એક લાગલાગટ ફતેહો મેળવતો મેળવતો વિનાશનાજ કિનારા તરફ જતો હતો. ચારે બાજુએથી તેના ઉપર હુમલો કરનારા અનેકગણા શત્રુસૈન્યથી તે ઘેરાઇ ગએલો હોવાથી તેને ફતેહથી કશો લાભ ન થતાં ઉલટું તેનું બળ ક્ષીણ થવા લાગ્યું, અને આજે પરાજય પામેલા શત્રુઓ બીજે દિવસે સંખ્યામાં બમણા થઇને તેની સામે લડવા માટે ઉભા રહેતા.

प्रकरण ५७ मुं

લિપ્ઝિક આગળ ફ્રેન્ચોની ખુવારી

સપ્ટેંબરની ૪થી તારીખે નેપોલિયને બોઝેન આગળ લશ્કરનું સેનાપતિપણું લીધું. પાસેની ટેકરીઓ ઉપર મજબૂત મોરચો નાખીને બ્લૂચરે પડાવ નાખ્યો હતો. નેપોલિયન આવ્યો કે તરત એક કલાકમાં સૈન્ય ગતિમાં આવી ગયું. શત્રુસૈન્યને તેમની જગ્યા છોડી નાસવું પડયું અને ફ્રેન્ચો તેમની પૂંઠે દોડયા. એટલામાં પેગામ આવ્યો કે શત્રુઓની એક મોટી ફોજ ડ્રેસ્ડન તરફ ચાલી આવે છે. નેપોલિયન તરતજ પાછો ફર્યો અને ડ્રેસ્ડનથી પંદર માઇલને છેટે તેણે દુશ્મનોને આવતા જોયા. પછી તેઓ પણ હિંમત છોડીને નાઠા. નેપોલિયને તેમને વીશ માઇલસુધી નસાડયા, પણ બીજી બાજુએથી પાછો બ્લૂચર ડ્રેસ્ડન તરફ આવતો જણાયો. નેપોલિયન તેના તરફ ફર્યો એટલે વળી પાછો બ્લૂચર નાઠો. તેની પૂંઠ લેતાં નેપોલિયને આસ્ટ્રિયન સેનાપતિ શ્વાર્ઝનબર્ગને પકડી પાડી તેને સખત હાર ખવરાવી અને તેના સૈન્યને વિખેરી નાખ્યું.

પણ બીજીવાર વરસાદની સખત હેલી થવાથી પાછું તેનું કામ બગડી ગયું. ફ્રેન્ચોથી શત્રુની પૂંઠ ન લેવાઇ, અને આસ્ટ્રિયનો રસ્તાના વધારે જાણીતા હોવાથી નાસી જવામાં ફાવ્યા. નેપોલિયન લડાઇ જીતીને ડ્રેસ્ડન પાછો આવ્યો પણ એ જીતથી તેને કશો લાભ ન હતો. ડ્રેસ્ડન આવતાંજ સમાચાર મળ્યા કે બર્નાડો એલ્બ નદી ઓળંગી ગયો છે અને ફ્રાન્સ સાથેના વ્યવહારનો માર્ગ રોકી બેઠો છે. નેપોલિયન તેના ભણી દોડી ગયો પણ પોતાના એક વખતના મિત્રના સપાટાથી ડરી જઇ બર્નાડો આઘો ખસીને ડ્રેસ્ડનની નજીક આવી ઉભો. આ પ્રમાણે એક મહિનાસુધી શત્રુરાજાઓએ ડ્રેસ્ડન લેવા ફાંફાં માર્યાં અને નેપોલિયને તેમનો વારંવાર પરાજય કર્યો છતાં તેમને આખરની લડાઇમાં ઉતરવાને તે લલચાવી શકયો નહિ.

દરરોજ નેપોલિયનનુ લશ્કર ઓછું થતું હતું અને તેના શત્રુઓ હારવા છતાં તેમનું લશ્કર વધ્યાજ કરતું હતું. નેપોલિયનના લશ્કરમાં ર્હાઇન નદીની આસપાસનાં

જર્મન રાજ્યોએ મોકલેલા સિપાઇઓ ઘણા હતા. તેઓ લાગણી વગરના હોવાથી જે સારો પગાર આપે તેના તરફ ભળી જતાં વાર લગાડે એવા ન હતા. નેપોલિયનને સંકટમાં ઘેરાયલો જોઇને તેમણે વિચાર્યું કે હવે તેનું આવી બન્યું છે; અને તેમ સમજીને તેઓમાંના ઘણાખરા ટોળાબંધ શત્રુસૈન્યને જઈ મળ્યા. ઈંગ્લંડે પોતાની તિજોરી ખુલ્લી મૂકી અને પોતાને આજસુધી દહેશતમાં રાખનાર શત્રુની સામે આ આખરની લડાઈમાં વિજયની લગભગ ખાત્રી હોવાથી તેના પક્ષમાં સામેલ થનાર સર્વને મોકળે હાથે નાણું આપવા માંડ્યું.

લૉર્ડ કૅથકર્ટ, સર રૉબર્ટ વિલ્સન તથા બીજા ઈંગ્લંડના એલચીઓ શત્રુરાજાઓની છાવણીમાં આવી પહોંચ્યા અને જેઓ પોતે જાતે અથવા બીજાઓને તેમના પક્ષમાં વાળી લાવવાનું માથે લેતા તેમની સાથે મહેનતાણાના કબાલા કરવા લાગ્યા. હજારો પત્રિકાઓ અને ચોપાનીઆં આખા યૂરોપમાં ફેલાવી મૂક્યાં. તેમાં નેપોલિયનની નીચમાં નીચ રીતે બદનક્ષી કરી હતી; આ તમામ લડાઇઓ ઉભી કરનાર તે પોતેજ હતો એમ દાંડાઇ કરીને જણાવ્યું હતું; અને વધારામાં લખ્યું હતું કે જગત્‌ને ફરીથી શાંતિ અને સ્વતંત્રતા અપાવવા આખા યૂરોપના અને ફ્રાન્સના લોકોએ પણ તૈયાર થઇ જવું જોઇએ. બિચારા અસ્થિર ચિત્તના અજ્ઞાન લોકો આ મિથ્યાવાદને સાચો માની બેઠા. તેઓ એટલુંજ જોતા હતા કે ઘણાં વર્ષથી નેપોલિયન આખા યૂરોપની સામે લડી રહ્યો છે. રાજ્યપ્રકરણી દાવપેચને બિચારા સાદા ભોળા ખેડુતો શી રીતે પારખી શકે? તેઓ એમ સમજ્યા કે નેપોલિયન માર્યો જાય તો ફ્રાન્સ અને જર્મનીને સુલેહશાંતિ મળી શકે. ઈંગ્લંડના પ્રધાનમંડળની આવી નીચ રાજનીતિને અંગ્રેજ ઈતિહાસકાર એલિસન ઘણીજ સખત ભાષામાં વખોડે છે.

સપ્ટેંબર પૂરો થતાં પહેલાં બાવેરિયાના રાજાનો ઘણોજ દિલગીરીભરેલો પત્ર નેપોલિયનને મળ્યો. તેમાં તેણે લખ્યું હતું કે વધારેમાં વધારે દોઢ મહિનાસુધીજ હું ફ્રાન્સની સાથે મૈત્રી રાખી શકીશ. શત્રુરાજાઓનાં સૈન્ય આખા જર્મનીમાં ઘૂમી વળ્યાં હતાં અને દરેક જર્મન રાજ્યને ધમકી આપવામાં આવી હતી કે ફ્રાન્સનો પક્ષ છોડી અમારા તરફ નહિ આવો તો તમારા રાજ્યની પાયમાલી થઇ જાણજો. તટસ્થ રહેશો તે પણ નહિ ચાલે. નેપોલિયન અત્યારે તેમનું રક્ષણ કરવાની સ્થિતિમાં ન હતો; તેથી બાવેરિયાને તેના પક્ષમાંથી ચલિત થવાની ફરજ આવી પડી.

વેસ્ટફેલિયાનો રાજા નેપોલિયનનો ભાઇ જેરોમ હતો. પણ શત્રુરાજ્યોનાં મોટાં મોટાં સૈન્ય જોઇને ત્યાંની રૈયત પણ ગભરાઇ. તેમણે બળવો કર્યો; જેરોમ નાઠો અને એ રાજ્ય પણ સામા પક્ષમાં ભળી ગયું.

સેકસનીનો રાજા અત્યાર સુધી ફ્રાન્સને નિશ્ચલ ભક્તિથી વળગી રહ્યો હતો; પણ સેકસન પ્રજા બીજી અજ્ઞાન પ્રજાઓની માફક અસ્થિર ચિત્તની હોવાથી નેપોલિયનના

ડૂબતા વહાણને છોડી જીતપર આવેલા પક્ષ સાથે સલાહ કરવા આતુરતા બતાવવા લાગી.

વર્ટેંબર્ગના રાજા ફ્રેડરિકને શત્રુરાજાઓ ધમકાવવા લાગ્યા, કે અમારા પક્ષમાં નહિ જોડાઓ તો રાજ્યની પાયમાલી કરી નાખીશું. અજ્ઞાન રૈયત ગભરાઇ ગઇ અને સલાહ કરવા અધીરી બની ગઇ. નેપોલિયન અત્યારે તેમનો બચાવ કરવા સમર્થ ન હતો, અને તેઓ તટસ્થ રહે તે પણ શત્રુરાજાઓ સાંખી શકતા ન હતા. આવા સંજોગોમાં વર્ટેંબર્ગ પણ ગયું.

આવી આવી દુર્વાર્ય મુશ્કેલીઓમાં નેપોલિયન ઘેરાયો જતો હતો; તોપણ તે ગભરાઇ નહિ જતાં પોતાની આસપાસ પથરાતી પ્રપંચની જાળ શાંત ચિત્તે અવલોકતો અને તેના કટ્ટામાં કટ્ટા શત્રુઓને પણ જેનાં વખાણ કરવાં પડે છે એવી ગંભીરતા, નિડરતા અને સ્થિરપ્રજ્ઞાવડે આશાની છેલ્લી ચીણગારી હોલવાતાંસુધી તેણે પુરુષાર્થ ચાલુ રાખ્યો.

કર્નલ નેપિયર લખે છે કે "તેણે હવે પોતાના મનમાં એવી ભવ્ય, વિશાળ, અત્યંત સાહસિક અને તદ્દન અપૂર્વ યોજના ઘડી કહાડી હતી કે તેના સમકાલીન સેનાપતિઓની કલ્પનામાં પણ તેનો ખ્યાલ આવી શકતો ન હતો. નેપોલિયન એલ્બ નદીને કિનારે પડી રહેવાની શામાટે જીદ લઇ બેઠો હશે તેનું કારણ વેલિંગ્ટન જેવા દૂરદર્શી સેનાપતિથી પણ કલ્પી શકાયું નહિ; પણ નેપોલિયને જે જગ્યા બાંધી હતી તે વિષે તેણે વધારે ઉંડો વિચાર કરી લીધો હતો."

જે અત્યંત આશ્ચર્યકારક યોજના નેપોલિયને કલ્પી હતી તેની રૂપરેખા નીચે મુજબ હતી:—શત્રુરાજાઓનાં સૈન્ય એલ્બ ઓળંગીને નેપોલિયનના સૈન્યની પાછલી બાજુએ ગોઠવાઈ ગયાં હતાં. તેથી આખરના પરાજય વખતે ફ્રાન્સ તરફ જતા રહેવાનો રસ્તો બંધ થઇ ગયો હતો. આવા સંજોગોમાં ફ્રાન્સ તરફ પાછા ન હઠતાં તેની સામી બાજુએ ગોઠવાયલાં શત્રુસૈન્યને ભેદીને નિડરપણે શત્રુના મુલકમાંજ ધસી જવાનું સાહસ નેપોલિયને આદર્યું. તેની પાસે ફક્ત એક લાખ સિપાઇઓ હતા છતાં પોતાનાજ મુલક ઉપર આક્રમણ થવાથી પોતપોતાની રાજધાનીઓના બચાવને ખાતર શત્રુરાજાઓને પોતાની જગ્યા એકદમ છોડી દેવાની જરૂર પડત.

કર્નલ નેપિયર લખે છે કે "આ યુક્તિમાં છેવટે નેપોલિયન ફાવ્યો હોત; પણ શત્રુરાજાઓ વગર શરમે નેપોલિયન ઉપર જે છળકપટનો આરોપ મૂકતા આવ્યા હતા તેજ છળકપટ તેઓ પોતે કરતા હોવાથી તેની આવી સરસ યોજના ધૂળ મળી ગઇ."

આ યોજના નેપોલિયને તરતજ અમલમાં મૂકી અને ફ્રેન્ચ સૈન્ય બર્લિન તરફ કુચ કરવા લાગ્યું; પણ એટલામાં ભયંકર સમાચાર મળ્યા કે બાવેરિયાનો રાજા તેના વચન પ્રમાણે દોઢ મહિનાસુધી ન થોભતાં શત્રુપક્ષમાં ભળી ગયો છે. વર્ટેંબર્ગના

રાજાએ પણ તેનું અનુકરણ કર્યું છે. આ રીતે નેપોલિયનના પોતાના મિત્રોજ તેના શત્રુઓ બની ગયા છે અને તેના પાછલા ભાગને ઘેરી લઇને તેના વ્યવહારમાર્ગ રોકી બેઠા છે. રશિયાના લશ્કરમાં બીજા એંશી હજાર સિપાઇઓની ભરતી થઇ છે; એક લાખ સિપાઈઓનું સૈન્ય ફ્રાન્સના દક્ષિણ ભાગમાં દાખલ થઇ ચૂક્યું છે; અને શત્રુરાજાઓ પાંચ લાખ સિપાઇઓના સૈન્યસહિત કુચ કરે છે. આ સમાચાર એટલા દુ:ખદ અને નિરાશાજનક હતા કે તે સાંભળીને બહાદૂરમાં બહાદૂર માણસ પણ નરમઘેંસ થઇ જાય.

છતાં પણ નેપોલિયને પોતાના ચિત્તની સ્થિરતા ગુમાવી નહિ. શત્રુઓની સ્વારીની સામે ફ્રાન્સનું રક્ષણ કરવા અસાધારણ પ્રયત્ન કરીને નવું લશ્કર તૈયાર કરવાની ફ્રાન્સની પ્રજાને તેણે વિનતિ કરી. રાજરાણી મેરિયા લૂઇસા જાતે સભામંદિરમાં ગઇ અને નેપોલિયને તેને માટે તૈયાર કરેલું ભાષણ વાંચી સંભળાવ્યું. ધારાસભાએ તરતજ ફરજીયાત લશ્કરી નોકરી લેવાની પદ્ધતિ ગ્રહણ કરી. એક લાખ અને એંશી હજાર સિપાઇઓનું લશ્કર તૈયાર કરવાનો ઠરાવ પસાર કર્યો. એકદમ તેટલું સૈન્ય ફ્રેન્ચ પ્રજાએ ઉભું કર્યું અને અનેક ગણા શત્રુસૈન્ય સામે લડતા પોતાના દેશબંધુઓને મદદ કરવા ચાલતું થયું. ફરજીઆત લશ્કરી નોકરીનો હુકમ કરવા માટે નેપોલિયનને વગોવવામાં આવે છે પણ આવા અસાધારણ સંજોગોમાં તેને આ માર્ગ ગ્રહણ કરવો પડયો હતો. ભવિષ્યની પ્રજાની ન્યાયવૃત્તિ તેને ન્યાય આપ્યા વગર નહિજ રહે.

પરંતુ ઉપરાઉપરિ આવી પડેલાં ભયંકર સંકટ જોઇને ફ્રેન્ચ સેનાપતિઓ એટલા બધા નિરુત્સાહી થઇ ગયા હતા કે નેપોલિયને આદરેલું વિકટ સાહસ ખેડવાની તેમની આ વખતે હિંમત ચાલી નહિ. બર્લિન ઉપર સ્વારી કરવાની તેની યુક્તિની હવે તો બધા પ્રશંસાજ કરે છે અને તેની અલૌકિક બુદ્ધિનાં તમામ અંગોનું આ યોજનામાં દર્શન થાય છે એમ બધા સ્વીકારે છે. તેણે દરેક પ્રકારના સંજોગોને ધ્યાનમાં લઇને બધી બાજુએથી તેને તપાસી જોઇ હતી; પણ તેના સરદારો હવે થાકયા હતા, પોતાનાં મિત્રરાજ્યોની બદલાયલી વૃત્તિ જોઇ નિરાશ થયા હતા અને પોતાની ચોગરદમ ઉભેલા અનેકગણા શત્રુસમૂહને જોઈ નાહિંમત બની ગયા હતા. બર્લિનસુધી પહોંચી જવાનું સાહસ માથે લેવા તેઓ નારાજ હતા. તેઓ પોતાનો અસંતોષ ખુલ્લા શબ્દોમાં જણાવવા લાગ્યા અને હ્રાઇન તરફ પાછા જવાનો આગ્રહ કરવા લાગ્યા. પોતાનાજ સરદારોની આવી વર્તણુક અને તેમણે નાખેલા વિક્ષેપ જોઇને નેપોલિયનને ઘણો ઉદ્વેગ થયો. આફતના કાળા પડછાયા હવે તેના ઉપર પડવા લાગ્યા હતા અને લાંબી મુદતની કસોટીએ ચડેલા વિશ્વાસપાત્ર મિત્રો પણ હવે તેમની ભક્તિમાં ન્યૂનતા અને શિથિલતા બતાવવા લાગ્યા હતા.

આખરે બધા સેનાપતિઓ પોતાનો વાંધો દર્શાવવા માટે એકઠા થઇને નેપોલિયન પાસે આવ્યા, અને તેમણે જણાવ્યું કે બર્લિન તરફ ન જતાં અમને લિપ્ઝિક તરફ પાછા વાળવા જોઇએ. નેપોલિયનની પોતાની કશી કસૂર નહિ છતાં તેનું વિપરીત પ્રારબ્ધ જોઇને સેનાપતિઓ બળવો કરવાનું વલણ બતાવવા લાગ્યા એ ઘણુંજ હીણપતભરેલું હતું. જે સરદારે આ સંભાષણ શરૂ કર્યું હતું તે છેવટે પોતાના કૃત્યને માટે પસ્તાવો કરતો કરતો મરી ગયો છે.

નેપોલિયને તેમની તકરાર ઘણીજ શાંતિથી સાંભળી. માત્ર તેના ગાલ ઉપર આવેલી રતાશ અને આંખમાં ચમકતું તેજ એ બે વડેજ તેના હૃદયમાં ચાલેલું લાગણીનું તોફાન જણાઇ આવતું હતું. પોતાના મોંમાંથી ક્રોધનો એક ઉદ્ગાર પણ ન નીકળી જાય એટલો તે પોતાની લાગણીઓ ઉપર કાબુ રાખી શકતો હતો. બધા બોલી રહ્યા પછી તેણે શાંતિથી અને પોતાના દરજ્જાને છાજે તેવી ગંભીરતાથી જવાબ આપ્યો. માત્ર તેના અવાજના થડકાટવડેજ તેના મનની સાચી સ્થિતિ જણાઇ આવતી હતી. તેણે કહ્યું:—

“ મેં મારી યોજનાવિષે પાકો વિચાર કર્યો છેજ. બાવેરિયાના બદલાયલા વલણને આપણા ગેરલાભના પલ્લામાં મૂકીનેજ હું છેલ્લા નિશ્ચયપર આવ્યો છું. બર્લિન ઉપર સ્વારી કરવાથી થતા લાભની મને ખાત્રી થઈ ચૂકી છે. આપણે હાલ જે સંજોગો વચ્ચે ઉભા છીએ તે જોતાં પાછા હઠવાથી ઘણુંજ નુકસાનકારક પરિણામ આવશે. જેઓ મારી યોજનાની સામે વાંધો ઉઠાવે છે તેઓ પોતાને માથે ઘણી ભયંકર જવાબદારી ખેંચી લે છે. છતાં ગૃહસ્થો, તમે જે કહો છો તે વિષે હું ફરીથી વિચાર કરીશ. ”

તે ઉઠયો અને પોતાના મંત્રણાગૃહનાં બારણાં બંધ કરીને ત્યાં એકલોજ બેસી રહ્યો. કલાકના કલાક વીતી ગયા પણ પોતે બહાર આવ્યો નહિ, તેમ કોઇને અંદર આવવા દીધા નહિ. કૉલેનકૉર્ટની ચિંતા વધી અને શું કરવું તેની સમજ ન પડવાથી તે બહારના ભાગમાં આંટા મારવા લાગ્યો. રાત્રિ ઘણીજ ઠંડી અને અંધારી હતી. પવનના કારમા સૂસવાટ તેમના શોકાવૃત્ત નિવાસને અથડાઇ ચાલ્યા જતા હતા. ઘણાજ ઉંડા શોકનો આ સમય હતો અને સર્વનાં અંતઃકરણ ચિંતાના બોજા નીચે દબાઇ ગયાં હતાં. મધરાત થવા આવી પણ હજી નેપોલિયન મંત્રણાગૃહમાં એકલોજ બેસી રહ્યો હતો અને પવનના સુસવાટ સિવાય બીજા કશાથી સ્મશાનવત્ ગંભીર શાંતિનો ભંગ થતો ન હતો. આખરે કૉલેનકૉર્ટની ધીરજ ખૂટી. દરવાન સાથે એક ચિઠ્ઠી મોકલીને અંદર આવવાની તેણે રજા માગી અને નેપોલિયને તે વાચીને તરતજ તેને અંદર તેડાવી લીધો.

તે એક કોચ ઉપર પડયો હતો. પાસેના એક ટેબલ ઉપર નકશાનો ઢગલો થયો

હતો. તેની આંખો નિસ્તેજ અને બહાવરી બની ગઇ હતી અને ઉંડા શોકની છાયા તેના ચહેરા ઉપર છવાઇ રહી હતી.

કૉલેનકૉર્ટે તેની નજીક જઇ આજીજીભરેલા અવાજે કહ્યું, “ સાહેબ, આ અવસ્થામાં રહેવાથી આપ જીવી શકશો નહિ. ”

નેપોલિયને કશો જવાબ ન આપતાં માત્ર ઇશારતથી કહ્યું કે “ કાંઈ ફિકર નહિ. ” પછી કૉલેનકૉર્ટે તેને વાતે વળગાડવા માટે સેનાપતિઓએ બતાવેલા વાંધાનો કાંઇક બચાવ કરવા માંડયો. તેણે કહ્યું, “ સાહેબ, તેમણે જે કંઇ કહ્યું છે તે માત્ર આપ તે ઉપર વિચાર કરો તેટલા માટેજ કહ્યું છે. ”

નેપોલિયને તેના તરફ ઉદાસીન નજરે જોઇને કહ્યું:—

“ કૉલેનકૉર્ટ, તમે ભ્રાન્તિમાં તો નહિ ગોથાં ખાતા હો. નહિ, તેમ બની શકે જ નહિ. આ વિનાશકારી બળવાનો પવન મારા સરદારોમાં હમણાં ફેલાયો છે તેનાં માઠાં પરિણામ તમારા ધ્યાન બહાર નહિજ હોય. ખાત્રીથી માનજો કે એમાંથી ઘણીજ ભયાનક અને અગણ્ય વિપત્તિઓ ઉદ્‌ભવશે. જેમનું કામ માત્ર લડવાનુંજ છે તેઓ જ્યારે આજ્ઞાનો અમલ ન કરતાં વિચાર કરવા લાગે છે ત્યારે રાજકર્તાના હાથમાંથી સત્તા ચાલી જાય છે. મારી આસપાસ હમણાં હમણા હું જે બેદિલી જોઉં છું તે મને ઉઘાડા બળવા કરતાં પણ વધારે આપત્તિરૂપ લાગે છે. સો સેનાપતિઓ મારી સામે ખુલ્લો બળવો કરે તેથી હું જરા પણ ગભરાઉં નહિ. સખતમાં સખત બળવો દાબી દેવાની મારા સિપાઇઓ તાકાત ધરાવે છે. સિપાઇઓ ચર્ચા કરતા નથી, તેઓ તો આજ્ઞાનો અમલ કરે છે, અને પૃથ્વીના છેડાસુધી મારી સાથે ઉલટભેર જવા તૈયાર થાય છે; પણ જે સંજોગોમાં આપણે મૂકાયા છીએ તે જોતાં લશ્કરના આગેવાનો અને મારી વચ્ચેની સંપૂર્ણ એકતા ઉપરજ દેશના જીવન અને મરણનો પ્રશ્ન અવલંબે છે. અવિશ્વાસ અને આનાકાનીવડે શત્રુઓની તલવાર કરતાં પણ વધારે ત્વરાથી આપણા દેશની પાયમાલી થઇ જશે. ”

પછી તે ઉઠીને ઉભો થયો અને વિચારમાં ને વિચારમાં આંટા મારવા લાગ્યો. થોડીવાર પછી તે થોભ્યો અને પોતાના મન સાથે બોલ્યો, “ હવે બધું થઇ ગયું ! હું પ્રારબ્ધની સામે ખાલી બાથો ભરૂં છું. ફ્રેન્ચ પ્રજાને આપત્તિ સહન કરતાં આવડતુંજ નથી. ” વળી પાછો તે કોચ ઉપર સૂઇ ગયો અને ઉંડા વિચારમાં લીન થઈ ગયો.

એમ કરતાં સવાર પડી અને બીજો દિવસ પણ ઘણાજ દુઃખદાયક સંદેહમાં પસાર થયો. નેપોલિયનના મનની મુંઝવણ બેહદ હતી. પોતાના સરદારોના સાચા દિલના ઉત્સાહપૂર્ણ સહકાર વગર તેનાથી બર્લિન તરફ આગળ વધવાનું બની શકે તેમ ન હતું. હ્રાઇન તરફ પાછા હઠવાથી લશ્કરની અને તેની સાથે ફ્રાન્સની પણ

પાયમાલી થશે એમ તેની ખાત્રી થઈ હતી. આખરે તે છેલ્લા નિર્ણયપર આવી ગયો. તેના મનનો ક્ષોભ હવે શમી ગયો. લિપ્ઝિક તરફ પાછા ફરવાનો અને સાચા મર્દની માફક છેવટની પળસુધી લડવાનો નિશ્ચય તેણે ઘણીજ શાંતિ અને દૃઢતાપૂર્વક કર્યો.

ભવિષ્યવેત્તાની માફક તેણે અતિ ગંભીરપણે કૉલેનકૉર્ટને કહ્યું:-

“ પ્રજાનો વિનાશ પ્રારબ્ધની પોથીમાં લખાઇ ચૂક્યો છે. ”

“ પણ સાહેબ, ” કૉલેનકૉર્ટે કહ્યું, “ પ્રજાનો નિશ્ચય પ્રારબ્ધના અક્ષરને પણ ભૂંસી શકે છે. ” નેપોલિયને જવાબ આપ્યો, “ હા, પણ તેવો નિશ્ચય પ્રજાએ નથી બતાવ્યો. કૉલેનકૉર્ટ, મારા શબ્દો યાદ રાખજો; ફ્રેન્ચો મારા મરણ પછી મને શાપ ન આપે. જેઓ પાછા હઠવાનો આગ્રહ કરી બેઠા છે તેમને પસ્તાવાનું કારણ ન મળે તો ઘણું સારૂં. ”

લશ્કરને પાછું હઠાવવાનો હુકમ તરતજ આપવામાં આવ્યો અને ૧૫ મી અક્ટોબરે સાંજે લિપ્ઝિકની દિવાલની આસપાસ નેપોલિયને પોતાનું નાનું પણ બહાદૂર લશ્કર ગોઠવી દીધું. તેજ દહાડે સાંજે શત્રુરાજાઓનું સૈન્ય પણ ચારે દિશાએથી નદીના પૂરની માફક ઝપાટાબંધ ચાલ્યું આવ્યું અને જોતજોતામાં શહેરની આસપાસ તેમના ત્રણ લાખ અને પચાસ હજાર યોદ્ધાઓ ગોઠવાઇ ગયા. પોતાની આટલી મોટી સંખ્યા જોઈને તેમને આ વખતે ફતેહની ખાત્રી હતી. ફ્રેન્ચો કરતાં તેમના શત્રુઓ ત્રણગણા હતા અને ફ્રેન્ચોની પાસે માત્ર છસેંજ તોપો હતી; તોપણ જ્યાં નેપોલિયન હાજર હોય ત્યાં ફતેહ થવીજ જોઇએ એવું તેમનું દૃઢ આકીન હોવાથી તેઓ જરા પણ નાઉમેદ થયા ન હતા. તેણે આખી રાત સરદારોને સૂચનાઓ આપવામાં, સિપાઇઓને ઉત્તેજિત કરવામાં અને શત્રુસૈન્યે લીધેલી જગ્યાનું નિરીક્ષણ કરવામાં પસાર કરી. સિપાઇઓ તેની હાજરીથી અને તેના પ્રોત્સાહક શબ્દોથી ભારે ઉમંગમાં આવી ગયા.

તેણે કહ્યું, “ સામે શત્રુઓ ઉભેલા છે. અત્યારે સોગંદ ખાઓ કે અમે મરીશું પણ ફ્રાન્સની અપકીર્તિ અમે નહિ જોઇએ. ”

“ અમે સોગંદ લઇએ છીએ, ” સિપાઇઓ પોકારી ઉઠયા અને “ શહેનશાહ ઘણું જીવો ” ની ગગનભેદી ગર્જના ફ્રેન્ચ છાવણીમાંથી ઉઠી અને તેના દીર્ઘ પ્રતિધ્વનિ ચકિત થએલા શત્રુઓને કાને પડયા.

પોતાનાથી અનેકગણા શત્રુસમૂહની સામે ભયંકર સંગ્રામમાં ઉતરવાનું જોખમ નેપોલિયન સારી રીતે સમજી શકયો હતો અને પોતાના સરદારોને હુકમ આપતી વેળા તેની બોલવાની ઢબ ઉપરથી તેના મનનો ગભરાટ જણાઈ આવતો હતો.

કૉલેનકૉર્ટ લખે છે કે “ તેણે પોતે દોરેલો લડાઇનો નકશો મને બતાવતાં કહ્યું કે ‘ કોઈ પણ પ્રકારના યુદ્ધકૌશલ્ય અને દાવપેચથી આપણી અત્યંત ઓછી સંખ્યા-

નો ખાડો પૂરી શકાશે નહિ. આપણે શત્રુઓની મોટી સંખ્યાથીજ આજે મહાત થઇ જઇશું. એક લાખ અને ત્રીશ હજારની સામે સાડાત્રણ લાખ અને તે પણ રીતસરની લડાઇમાં ! કાંઇ ફિકર નહિ; તેમને (ફ્રેન્ચ સરદારોને) આજ પરિણામ લાવવું હતું. ' આ નિરાશાભર્યા શબ્દો મેં તેના મુખમાંથી બીજી વાર સાંભળ્યા અને હજી પણ તેના ભયંકર ભણકાર મારા કાનમાં અથડાય છે."

બીજે દિવસે નવ વાગે લિપ્ઝિકનું ભયંકર યુદ્ધ શરૂ થયું. ધૂમાડા અને ધૂળનાં વાદળા પાછળ સૂર્ય આથમ્યો ત્યાંસુધી દારુણ સંગ્રામ મચી રહ્યો. ફ્રેન્ચો બહાદુરીથી લડયા પણ શત્રુઓની સંખ્યા ઘણી મોટી હોવાથી પૂરેપૂરી ફતેહ મળી શકે એમ ન હતું. શત્રુરાજાઓએ આ લડાઇમાં વીશ હજાર સિપાઇઓ ગુમાવ્યા. ફ્રેન્ચો બાંધકામ પાછળ ઉભા રહી લડતા હોવાથી તેમને તેથી ઓછું નુકસાન થયું હતું. એક આસ્ટ્રિયન ઉમરાવ કેદ પકડાયો હતો. તેના તરફ ઘણું વિવેકભર્યું વર્તન રાખીને નેપોલિયને તેને પોતાની પાસે બોલાવ્યો. પોતાનોજ સસરો આજે તેની સામે લડી રહ્યો છે એ વિચારથી તેને જે ખેદ થતો હતો, તે તેણે આસ્ટ્રિયન ઉમરાવને ખુલ્લા દિલથી દર્શાવ્યો. રશિયાની આપખુદ સત્તાને લીધે આખા યૂરોપને માથે કેટલો ભય છે તે સમજાવતાં તેણે કહ્યું:—

ફ્રાન્સને નિર્બળ કરવાથી આસ્ટ્રિયાને જરૂર હાનિ પહોંચશે. તમે વિચાર કરી જુઓ. આસ્ટ્રિયા, પ્રશિયા કે ફ્રાન્સ–ત્રણેમાંથી કોઈ પણ એક રાજ્યની તાકાત નથી કે રશિયાનાં અર્ધસુધરેલ જંગલી ટોળાંના આક્રમણ સામે ટકી શકે. રશિયાનું વલણ અસલથીજ જીતવા તરફ છે અને ચીનસુધી તેના રાજ્યની સીમા પહોંચી ગઈ છે માટે સલાહનો સંદેશો લઇને તમે જાઓ. જો તમે ફાવશો તો એક મહાન પ્રજા પ્રેમ અને આભારસહિત તમારા તરફ જોશે. હું પોતે અને ફ્રાન્સની પ્રજા સલાહ કરવા ઘણાંજ ઇંતેજાર છીએ. હું તે માટે ઘણા ભોગ આપવા પણ રાજી છું છતાં પણ જો સામો પક્ષ સલાહ કરવા ના પાડશે તો અમારા શરીરમાં પ્રાણ રહેશે ત્યાંસુધી અમે અમારા રાજ્યનો બચાવ કરીશું. "

પ્રશિયાનો રાજા, ઝાર અલેક્ઝાન્ડર, અને આસ્ટ્રિયાનો રાજા, ત્રણે અગાઉ નેપોલિયનના સપાટામાં આવી ચૂકેલા હતા, અને તેમની સાથે જયારે જયારે તેણે સલાહ કરી હતી ત્યારે ત્યારે એવી ઉદાર શરતો આપી હતી કે જેથી આખા યૂરોપને આશ્ચર્ય થયું હતું; પણ તેમના મહાનુભાવ શત્રુ ઉપર વિપત્તિનાં વાદળ ઘેરાયલાં જોઇને તેમણે તેના પ્રત્યે સામાન્ય વિવેક બતાવવા જેટલી પણ ભલમનસાઇ દાખવી નહિ. નેપોલિયને કરેલી યુદ્ધવિરામની પ્રાર્થનાનો તેમણે જવાબ પણ આપ્યો નહિ.

શત્રુરાજાઓ નેપોલિયનની સંકડામણ સમજી ગયા હતા અને તેને કચરી નાખવાનો આવો સારો લાગ જતો કરવા ઇચ્છતા ન હતા. ૧૭ મી તારીખે લડાઈ બંધ

રહી. તેમની સંખ્યા ફ્રેન્ચો કરતાં વધારે હોવા છતાં આગલે દિવસે ફ્રેન્ચોએ બહાદુરીથી ટકાવ કર્યો હતો તે અનુભવથી તેઓ વિશેષ સાવધ થયા હતા, અને બર્નાડો સાઠ હજાર સિપાઇઓસહિત આવી પહોંચે તેની રાહ જોતા હતા. નેપોલિયન એમ સમજ્યો કે પોતે મોકલેલા સલાહના કહેણુવિષે શત્રુરાજાઓ વિચાર કરે છે અને તેથી લડાઈ બંધ રહી છે એમ સમજીને તેણે પણ હુમલો ન કર્યો; અને આખો દિવસ ખરાબમાં ખરાબ પરિણામને માટે તૈયાર થવામાં ગાળ્યો. થાક તો તેને લાગતોજ ન હતો અને ભૂખ તથા ઉંઘની પરવા કર્યા વગર દરેક હિલચાલની તે જાતેજ દેખરેખ રાખતો.

રાત્રે ઘણીજ દુઃખી અને વ્યગ્ર હાલતે તે પોતાને તંબુએ પાછો ફર્યો, અને પેલા આસ્ટ્રિયન ઉમરાવના આવ્યાની રાહ જોવા લાગ્યો. જગતનું નહિ વર્ણવી શકાય એવું અત્યંત મહત્ત્વનું હિત ભારે જોખમમાં જોઇને તેનો આત્મા સંતાપથી વ્યગ્ર બની ગયો હતો. બીજે દિવસે થનારી ફ્રેન્ચોની એકસામટી નિર્દય કતલ, સૈન્યની સંપૂર્ણ ખુવારી, ફ્રાન્સ અને યૂરોપનાં બીજાં અનેક પ્રજાધીન રાજ્યોની સ્વતંત્રતાનો નાશ એ સર્વનું ભયાનક ચિત્ર તેનાં ચક્ષુ આગળ ખડું થઈ ગયું. પરિશ્રમ અને ઉજાગરાથી તેનું શરીર ઘસાઇ ગયું હતું અને વ્યાધિથી તેને પીડા થતી હતી. ક્ષણે ક્ષણે વધતી જતી ચિંતા હવે તે ગુપ્ત રાખી શકતો નહોતો. તેનો ચહેરો સૂકાઇ ગયો હતો અને વર્ણ છેક ફીક્કો પડી ગયો હતો. તેણે પેટે હાથ દઇને એક આરામ ખુરશી ઉપર પડતું નાખ્યું. છેવટે તેનો જીવ લેનાર પેટના ભયંકર વ્યાધિની શરૂઆત થવા લાગી.

છતાં ડૉકટરને તેડાવવાની તેણે સાફ ના કહી અને કહ્યું કે “ શહેનશાહનો તંબુ કાચના જેવો પારદર્શક છે. હું તો હમણાંજ ઉઠીને બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા છે કે નહિ તેની તપાસ કરી આવું છું. ”

કૉલેનકૉર્ટે તેને સૂઇ જવાને ઘણી આજીજી કરી પણ તેણે જવાબ આપ્યો કે **માંદો સિપાઇ રજા ભોગવી શકે છે ખરો, પણ હું સામાન્ય સિપાઇના જેટલી છૂટ પણ ન ભોગવી શકું. ”**

કૉલેનકૉર્ટ લખે છે કે, “ આ શબ્દો ઉચ્ચારતાં તેણે ઉંડો નિઃશ્વાસ મૂકયો અને તેનું માથું છાતી ઉપર ઢળી પડયું. આ દસ્ય મારા સ્મરણમાંથી કદી દૂર નહિ થાય. ભયાનકમાં ભયાનક કસોટીના સમયમાં જ્યારે મારી ધીરજ ખપી જતી હતી ત્યારે ૧૭ મી અકટોબરની રાત્રે નેપોલિયનની સ્થિતિ યાદ કરીને હું સાંત્વન મેળવતો હતો. ”

પછી નેપોલિયયને કહ્યું, “ ચિંતા કરવાનું કારણ નથી; મને હમણાં મટી જશે. કોઇને અંદર આવવા ન દેશો. ”

અડધો કલાક સખત વેદના ખમ્યા પછી તે બેઠો થયો અને સરદારોને બોલાવી

તેમને આવતી કાલને માટે હુકમો આપવા લાગ્યો. અરુણોદય થવા આવ્યો અને ભયંકર કતલ શરૂ થવાની તૈયારી ચાલી રહી.

નેપોલિયને ઘોડેસ્વાર થતી વખતે પોતાના અંગરક્ષક મંડળને કહ્યું, “ આજે એક મહત્ત્વની બાબતનો નિર્ણય થઇ જવાનો છે. લિપ્ઝિકના રણસંગ્રામમાં ફ્રાન્સનું પ્રારબ્ધ નિર્માણ થવાનું છે. આપણો જો આજે વિજય થશે તો હજી પણ આપણી બગડેલી સ્થિતિ આપણે સુધારી શકીશું; અને જો હારીશું તો આપણા પરાજયમાંથી શાં શાં માડાં પરિણામ ઉદ્ભવશે તેની આજે અટકળ પણ થઈ શકે તેમ નથી.”

સૂર્યોદય થતાંજ શત્રુરાજાઓનું તમામ સૈન્ય ગતિમાં આવી ગયું. લિપ્ઝિકના મિનારાઓ ઉપરથી આ દૃશ્યની ભયાનક ભવ્યતાનું યથાસ્થિત દર્શન કરી શકાતું હતું. ચારે દિશાએ દૃષ્ટિ પહોંચે ત્યાંસુધી શત્રુસૈન્યના મોટા સમૂહો શહેર તરફ ચાલ્યા આવતા હતા. પાંચ લાખ યોદ્ધાઓ, મનુષ્યબુદ્ધિએ રચેલાં ભયંકરમાં ભયંકર હથિયારોસહિત માત્ર થોડાજ માઇલના ઘેરાવામાં સજડાસજડી ગોઠવાઈ જતાં હતાં. થોડીજ વારમાં હજારો, મેઘગર્જનાના નાદ કરતાં પણ વધારે પ્રચંડ ફડાકા થવા લાગ્યા. શત્રુના આવા મહા બળવાન સૈન્યની સામે માત્ર એકજ લાખ ફ્રેન્ચો દૃઢતાથી ઉભા રહ્યા.

નેપોલિયન આખા રણસંગ્રામમાં મૃત્યુની પરવા કર્યા વગર મુડદાંના ઢગલા ઉપર થઇને પવનવેગે બધે ફરી વળતો અને તેનું જીવન જાણે દૈવરક્ષિત હોય તેમ તેની આસપાસ હજારો માણસોનો કચ્ચરઘાણ નીકળી જતો; તોપણ તેને લેશ પણ ઇજા થવા પામી નહિ. વિજયની અણીને વખતે જે શાંતિ, દૃઢતા અને સમયસૂચકતા તેની દરેક હીલચાલમાં જણાઈ આવતાં હતાં તેની તેજ શક્તિઓ આ પ્રસંગે પોતાના સૈન્યની સલામતીને માટે લઢતી વખતે તેણે પ્રકટ કરી. પોતાનાથી અનેકગણા શત્રુસૈન્યની સામે, લડાઇની બાજી હાથથી ગએલી છતાં જે કુશળતાથી તે પોતાની ઘવાયલી, વિખરાએલી અને પળે પળે ક્ષીણ થતી ટુકડીઓને ગોઠવી દેતો તે કુશળતા તો તેનાં આગલાં યુદ્ધોમાં પણ આ પ્રસંગના જેટલી પૂરેપૂરી પ્રકટી શકી ન હતી.

સાંજના ત્રણ વાગે બર્નાડો સ્વીડન, રશિયા અને પ્રશિયાના સંયુક્ત સૈન્ય સાથે આવતો જણાયો. તેમને જોતાંજ માર્શલ નેના તાબાના તમામ સૅક્સન સિપાઇઓ ફરી ગયા અને જતાં જતાં પોતાના અત્યારસુધીના સોબતીઓ ફ્રેન્ચ સિપાઇઓની છાતી તરફ બંદુકો તાકી ગોળીઓ વર્ષાવતા ગયા. આ અનુકૂળ તક જોઈ મિત્રરાજાઓનાં સૈન્ય ફ્રેન્ચોને ઘેરી લેવા આગળ ધસ્યાં; છતાં પણ ફ્રેન્ચોએ પોતાની આગલી કીર્તિ જાળવી રાખી. અસાધારણ પરિશ્રમ અને ધૈર્યથી તેમણે પોતાની જગ્યા જાળવી અને દરેક ઠેકાણેથી શત્રુસૈન્યને પાછાં હઠવાની ફરજ પાડી.

આખરે રાત્રિએ આ ભયાનક હત્યાકાંડ ઉપર પોતાનો કાળો પડદો પાડયો. બેઉ

સૈન્ય થાકીને લોથ થઇ ગએલાં હતાં. સવાર થતાંજ યુદ્ધ પુનઃ જારી રાખવાનો નેપોલિયનનો દૃઢ નિશ્ચય હતો. એ પ્રમાણે પોતાના સેનાપતિઓને જરૂરી સૂચનાઓ આપી અને યુદ્ધનો ક્રમ ગોઠવવા સારૂ તે પોતાના તંબુમાં ગયો. સાત વાગે તેને અત્યંત દારુણ સમાચાર મળ્યા કે દારૂગોળો ખલ્લાસ થવા આવ્યો છે અને જે છે તેટલાથી પૂરા બે કલાક પણ લઢી શકાય એમ નથી. હવે પાછા હઠવા સિવાય બીજો માર્ગજ હતો નહિ અને દારૂગોળા વગરના એક લાખ સિપાઇઓને સાડાત્રણ લાખ વિજયોન્મત્ત સિપાઇઓના દાવમાંથી બચાવીને નસાડી લઇ જવાનું કામ પણ કાંઇ સહેલું ન હતું.

તરતજ સેનાપતિઓની સભા બોલાવવામાં આવી. આ પ્રસંગના કરતા વધારે ગમગીનીભરેલા દેખાવની કલ્પના પણ થઇ શકતી નથી. યુદ્ધનો કોલાહલ શમી ગયો હતો અને રાત્રિની શ્મશાનવત્ શાંતિનો ભંગ માત્ર ઘાયલ સિપાઇઓની ચીસોથીજ થતો હતો. ફ્રેન્ચો પાસે અનામત લશ્કર હતું નહિ; બીજી મદદ આવી મળે એમ ન હતું. તેમનો દારૂગોળાનો ભંડાર ત્યાંથી પચાસ માઇલને છેટે હતો. બધા સેનાપતિઓ નેપોલિયનની આસપાસ નિરાશ થઇને બેઠા હતા. કોઇને કશું કહેવાનું હતુંજ નહિ. કોઇને આ મુશ્કેલી તરી જવાનો માર્ગ સૂઝતો ન હતો. થાકથી લેવાઇ ગએલો નેપોલિયન ખુરશી ઉપર ઉંઘી ગયો. પા કલાક પછી તે જાગ્યો, અને બોલ્યો, “ શું હું જાગું છું કે સ્વપ્ન જોઉં છું ? ”

બર્લિન તરફ કુચ કરવાની ના પાડીને જે સરદારો આ આફતનું કારણ થઇ પડયા હતા તેમના સંતાપમાં વધારો કરવા નેપોલિયને એક પણ ઠપકાનો શબ્દ ઉચ્ચાર્યો નહિ; અત્યારે તો પોતાના સિપાઇઓના જાન બચાવવાનો માર્ગ શોધવામાંજ તેની સઘળી શક્તિઓ રોકાઇ ગઇ હતી. એક કલાકમાં તો થાકેલા, ઘવાએલા, ભૂખ્યા ફ્રેન્ચ સિપાઇઓ રાતોરાત બનતી ઝડપથી પાછા હઠવા પ્રવૃત્ત થઈ ગયા. છાવણીનાં તાપણાં શત્રુને ભૂલથાપ ખવરાવવાને સળગતાં રહેવા દીધાં. માર્શલ ને અને માર્મોન્ટ નાસતા સૈન્યનો બચાવ કરવા બેઉ બાજુએ ગોઠવાઈ ગયા. નેપોલિયન આખી રાત જાતે ફરી ફરીને નાસતા સૈન્યપર દેખરેખ રાખવા લાગ્યો.

લિપ્ઝિક શહેર એલ્સ્ટર નદીને કિનારે આવ્યું હતું. નદી ઉપર માત્ર એકજ પૂલ હતો. તેના ઉપર થઇને લશ્કર અને તોપખાનું ઝપાટાબંધ પસાર થવા લાગ્યાં. એ પ્રમાણે આખી રાત ફ્રેન્ચ સૈન્યે પૂલ ઉપર થઇને વહ્યા કર્યું. સવાર થતાંજ મિત્ર રાજાઓને ફ્રેન્ચોની નાસભાગની ખબર પડી. રણવાદ્ય વાગ્યાં અને તોપોના ધડાકા થવા લાગ્યા. જયનાદ ગજવતા તેઓ આગળ ધસી આવ્યા પણ નેપોલિયને દીર્ઘદૃષ્ટિ વાપરીને કરી રાખેલી ગોઠવણથી તેમનો વેગ થંભ્યો.

ફ્રેન્ચોનો પાછલો ભાગ અને શત્રુસૈન્યનો આગલો ભાગ બિચારા લિપ્ઝિક શહે-

રની શેરીઓમાંજ અથડાઇ પડશે એ નક્કી હતું અને તેમ થતાં ત્યાંના લોકો અને મકાનોની ખુવારી થશે એ પણ નક્કી હતું. તેને બચાવી લેવા માટે નેપોલિયને યુદ્ધ-વિરામમાટે શત્રુઓ આગળ સફેદ વાવટો બતાવ્યો; પરંતુ તેઓ નાસતા ફ્રેન્ચોનો વિનાશ કરવા અધીરા થએલા હોવાથી તેને ન ગણકારતાં આગળ દોડયા આવ્યા. આ બાજુએ શત્રુના વેગને રોકવા માટે શહેરના કેટલાક ભાગને સળગાવી મૂકવાની નેપોલિયનને પણ જરૂર હતીજ; પણ જે ઉદારતા તેના શત્રુઓમાં ન હતી તે એનામાં હતી. તેણે આ ક્રૂર આજ્ઞા નજ આપી પણ ‘ જર્મનીને બચાવવા નીકળેલા ’ મિત્ર રાજાઓને આ જર્મન શહેરની પ્રજાની દયા નજ આવી; છતાં ભલા નેપોલિયનને તેમણે લોહીનો તરસ્યો રાક્ષસ કહીને વગોવ્યો. પોતાના સૈન્યને કાંઇક જોખમમાં નાખીને પણ લિપ્ઝિક શહેરનું રક્ષણ કરવાની તે આજ્ઞા આપતો ગયો.

સૅક્સનીનો વૃદ્ધ રાજા નેપોલિયનનો પરમ મિત્ર હતો. પોતાના સૈન્યે કરેલા દગાથી તે લજવાતો હતો. નેપોલિયને તેને હૃદયપૂર્વક દિલાસો આપ્યો અને કહ્યું, “ તમે તમારાથી બન્યું તેટલું કર્યું છે અને હવે અમને થોડી વધારે પળની નિરાંત માટે તમને તમારી સલામતી જોખમમાં નાખવાનું કહેવું એ તો તમારી ઉદારતાનો ગેરલાભજ લીધો કહેવાય. ”

બેઉ રાજાઓ છેલ્લીવારના ભેટયા અને છૂટા પડયા. નેપોલિયનનો માર્ગ પાયદળ સ્વાર અને તોપખાનાથી પૂરાઇ ગયો હતો, અને શત્રુઓની ગોળીઓ તેની આસપાસ, સણસણાટ કરતી ચાલી આવતી હતી. તેને એક બે વાર તો પાછા ફરવું પડયું. છેવટે શહેરની પ્રદક્ષિણા કરીને એક ભલા જર્મનની મદદથી ઘણીજ મુશીબતે પૂલના નાકાસુધી તે જઇ શક્યો.

એ પૂલ ઉપર થઇને આખું ફ્રેન્ચ સૈન્ય પસાર થતું હતું. તેની નીચે દારૂનાં પીપ ગોઠવી દીધાં હતાં, અને એક સરદારને આજ્ઞા પણ આપવામાં આવી હતી કે છેલ્લો ફ્રેન્ચ સિપાઇ પૂલ ઉપરથી પસાર થઇ રહે કે તરતજ દારૂનાં પીપને સળગાવી પૂલ ઉડાવી દેવો. એ સરદારે આ કામ એક હવાલદારને સોંપ્યું. નેપોલિયને લિપ્ઝિક છોડયા પછી શત્રુસૈન્ય સમુદ્રની ભરતીનાં મોજાંની માફક શહેરમાં દાખલ થઇ ગયું અને તેમને ખાળવા ઉભેલી ફ્રેન્ચ ટુકડીઓ પાછી હઠતી ગઇ. તેની સાથે પૂલ ઉપર અને તેની આસપાસ સિપાઇઓ, સ્વાર, ગાડાં અને તોપોની પુષ્કળ ભીડ થવા લાગી. હવાલદાર આ જોઈ ગભરાયો અને ગભરાટમાં દારૂનાં પીપને જામગરી ચાંપી દીધી. ધડાકાની સાથે પૂલ હવામાં ઉડી ગયો. પચીસ હજાર ફ્રેન્ચ સિપાઇઓ શત્રુની વચ્ચે નિરાધાર અવસ્થામાં રહી ગયા. ચારે દિશાએ ગભરાટ ફેલાઇ ગયો. જેનાથી જેમ નસાયું તેમ સૌ નાસવા લાગ્યા.

મિત્રરાજાઓનાં સૈન્ય હવે લિપ્ઝિક શહેરમાં ઉમટયાં. ગોળાના વર્ષણથી મકાનો

ભાંગી તૂટી ખંડિયેર જેવાં બની ગયાં; અને નિર્દોષ, નિઃશસ્ત્ર, નિરપરાધી પુરુષો, સ્ત્રીઓ અને બાળકોના આક્રન્દથી વાતાવરણ ભરાઇ ગયું. શહેરનો રાજભક્ત પક્ષ ભારે ઉમંગમાં આવી ગયો અને તેમણે રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયાના રાજાઓને સહર્ષ આવકાર આપ્યો. સ્વાતંત્ર્ય અને સમાનતાના હિમાયતીઓ નિરાશ થઇને પોતપોતાનાં ઘરમાં ભરાઇ બેઠા અથવા જેલ અગર ફાંસીથી બચી જવા પરદેશ નાસી ગયા. સ્વતંત્રતાનો ઉપાસક અને સંરક્ષક નેપોલિયન જેણે યૂરોપના જુલમગાર રાજાઓને આજસુધી પોતાના ધાકથી દબાવી રાખ્યા હતા તેની સત્તાનો આજથી નાશ થયો અને બિચારી જર્મનીની પ્રજા તેમના જુલમગાર રાજાઓને તાબે આવી પડી.

લાયકાત નહિ પણ જન્મવડે પોતાની શ્રેષ્ઠતા માનનારા મિત્રરાજાઓએ દેશદ્રોહી બર્નાડોનો તિરસ્કાર કર્યો; કેમકે તે ઉમરાવ નહિ હોઇને સામાન્ય જનતામાં તેનો જન્મ થયો હતો. તેની સહાયતાનો લાભ લીધા પછી તેને એક દૂર આવેલા સ્થાનમાં જવા આજ્ઞા મળી.

દરમ્યાન નેપોલિયન પોતાના વેરણખેરણ થએલા સૈન્યને જેમ તેમ જાળવીને એર્ફર્થ તરફ પાછો હઠતો ગયો. તેણે પોતાના મિત્રોને ભોગે પોતાનોજ જાનબચાવવા માટે પૂલ ઉરાડી મૂકયો એવી જૂઠી વાત તેના શત્રુઓએ આખા યૂરોપમાં ફેલાવી; પણ તેમનાં બીજાં જૂઠાણાંની માફક આ વાત પણ સત્યની કસોટી આગળ ટકી નથી.

ફ્રેન્ચ સૈન્ય નિરાશ થએલું છતાં હજી વ્યવસ્થા અને દઢતાપૂર્વક પાછું હઠતું હતું. પાંચજ મહિના ઉપર જે લ્યૂટ્ઝેનના મેદાનમાં તેમણે પૂરેપૂરી જીત મેળવી હતી તે મેદાન ફરી તેમણે જોયું. મિત્રરાજાઓનાં સૈન્ય તેમની પાછળ દોડયાં આવતાં હતાં. પાંચ દિવસમાં તેઓ એર્ફર્થ પહોંચ્યા. અહિં નવું સૈન્ય લઇ આવવાને બહાને નેપલ્સ જવાની મુરાએ રજા માગી. નેપોલિયનની પડતી દશા જાણી ચૂકેલો હોવાથી પોતાની નેપલ્સની ગાદી સાચવી રાખવા માટે તેણે નીચતાપૂર્વક નેપોલિયનના દુશ્મનો સાથે છુપા કોલકરાર કર્યા અને નેપલ્સ તરફ ચાલતો થયો. નેપોલિયનને આ વાતની ખબર હતી, છતાં તેની લક્ષણગત ઉદારતા તેની વિપત્તિના વખતમાં પણ તેને છોડી ગઇ ન હતી. તેણે પોતાના દિલનું દુઃખ દબાવ્યું; મુરાને એક ઠપકાનો શબ્દ પણ ન સંભળાવ્યો અને છૂટા પડતી વેળા તેને પ્રેમથી ભેટયો. મુરા ગયો તે ગયોજ. મદદ તો બાજુએ રહી પણ યુજીન જે નેપોલિયનની મદદે આવતો હતો તેને પણ રોકી બેઠો! આ નીચતા અને મિત્રદ્રોહના બદલામાં મિત્ર રાજાઓએ મુરાને નેપલ્સનું રાજ્ય વંશપરંપરાને માટે રહે એવું કબૂલ્યું, અને એ કરારનો પણ છેવટે તેમણે પોતાનાં બીજાં વચનોની પેઠે થોડાજ વખતમાં ભંગ કર્યો.

આ અત્યંત વિપત્તિના પ્રસંગમાં નેપોલિયને અનેકવાર અદ્વિતીય ઉદારતા બતાવી

હતી એમ એના શત્રુઓને પણ કબૂલ કરવું પડે છે. તેની પાસે હવે માત્ર એંશી હજાર સિપાઇઓ રહ્યા હતા અને તેની પાછળ છ લાખ માણસોનું શત્રુસૈન્ય ચાલ્યું આવતું હતું. જે જર્મન સિપાઇઓ હજી પણ તેને વફાદારીથી વળગી રહ્યા હતા તેમને તેણે નૈતિક બંધનમાંથી મુક્ત કર્યા અને તેમને ઘેર પહોંચતાંસુધી ચાલે તેટલું નાણું અને અન્ન આપીને વિદાય કર્યા; જો કે તેને ખાત્રી હતી કે એજ સિપાઇઓને તેમના રાજાના હુકમથી તેની સામેના પક્ષમાં જવું પડશે. એજ પ્રમાણે તેણે બાવેરિયાની પલટણને પણ મોકલી દીધી; જો કે બાવેરિયાનો રાજા ચેતવણી આપ્યા વગર શત્રુને જઇ મળેલો હોવાથી લડાઈના કાયદા મુજબ જો ધારત તો એ લશ્કરને નેપોલિયન કેદી તરીકે રાખી શકત.

નેપોલિયન એર્ફર્થ માત્ર એજ દિવસ રહ્યો. પોશાકમાં અને સ્વભાવમાં રાની પશુ જેવા રશિયનો તેની ચારે બાજુએ ભમતા અને વારંવાર પજવણી કર્યા કરતા હતા. બ્લૂચર તેનાથી ઘણે દૂર ન હતો અને નાસતા ફ્રેન્ચ સૈન્યનો નાશ કરવાનો લાગજ શોધ્યા કરતો હતો.

બાવેરિયાનું રાજ્ય શત્રુને શરણે ગએલું હોવાથી સાઠ હજાર આસ્ટ્રિયન અને બાવેરિયન સિપાઇઓ મજબૂત તોપખાના સાથે તેનો માર્ગ રોકીને ઉભા હતા; પણ ફ્રેન્ચો તેમના તોપખાના ઉપર મરણીયાની પેઠે તૂટી પડયા અને તેમને મારી હઠાવીને પોતાનો માર્ગ મોકળો કરી શકયા. બે દિવસમાં તેઓ ફ્રૅન્કફૉર્ટ પહોંચ્યા અને બીજે દિવસે એટલે નવેંબરની બીજી તારીખે સવારમાં તેઓ મેયેન્સમાં દાખલ થયા. અહિંયાં શત્રુઓને હ્રાઇન નદી ઓળંગતા અટકાવવાનો બંદોબસ્ત કરી, સૈન્યને સુવ્યવસ્થિત કરી નેપોલિયન પોતે એકલો પારિસ તરફ ઝડપથી ચાલતો થયો.

રાણી મેરિયા લુઇસાના ગભરાટનો પાર ન હતો. પોતાનો પિતાજ પોતાના પતિને દગો દઇને હવે તેનો વિનાશ કરવા પારિસ તરફ ચાલ્યો આવે છે તેથી કરીને હવે હું કેવી રીતે નેપોલિયનને મારૂં મોં બતાવું એ વિચારથી તે ઘણી સંતપ્ત થતી હતી. તે તેના ઓરડામાં દાખલ થયો કે તરતજ તે પતિની સાથે લપાઇ ગઇ અને તેની છાતી ઉપર માથું મૂકી ડસકે ડસકે રડવા લાગી. નેપોલિયને તેને સ્નેહાલિંગન દઇ આશ્વાસન આપ્યું અને પુત્રની ખબર પૂછી. એટલામાં તે ખૂબસુરત રાજકુમારને કોઇ બોલાવી લાવ્યું અને ત્યાર પછી એક અતિ કરુણ અને પ્રીતિભર્યાં સાંસારિક પ્રકરણની ઉત્પત્તિ થઇ. હજી નેપોલિયનની શાંતિ અખંડિત હતી. હજી તેની આશાનો સમૂળો વિધ્વંસ થયો ન હતો; તેથી વધારે સુખના દિવસની આશા બતાવી તે શોકગ્રસ્ત પત્નીના દિલને સાંત્વન આપવા લાગ્યો.

ફ્રાન્સની પૂર્વ સીમા તરફ શત્રુદળનાં વાદળ ઘેરાતાં હતાં. તેમની ગતિને ખાળવા માટે ગોઠવી રાખેલા ફ્રેન્ચ સરદારો ભૂખમરો અને શત્રુના દગાના ભોગ થઇ તેમને

શરણે જતા હતા. નાનાં મોટાં તમામ જર્મન રાજ્યો મિત્રરાજ્યોની ધમકીથી ડરી જઇ તેમના વાવટા નીચે આવી ગયાં હતાં. સ્પેનમાં ત્યાંના પ્રજાકીય પક્ષને કચરી, છુંદી ઇંગ્લંડ કરોડો પૌંડનો ધૂમાડો કરી જુલમગાર રાજા અને ધર્માન્ધ ધર્મગુરુઓની એડીવડે સ્પેનની પ્રજાને જકડી રહ્યું હતું. ત્યાં અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન પોતાનું બળ જમાવી રહ્યો હતો. નેપોલિયન આ બાજુએ વધારે ભયંકર લડાઇમાં રોકાયલો હોવાથી તેનાથી સ્પેન તરફ વધારે લક્ષ આપી શકાય એમ હતું નહિ. માત્ર જનરલ સૉલ્ટ ઘણીજ મુશીબતે સ્પેનમાં પગ રાખી રહ્યો હતો. તેને મારી હઠાવી પિરિનીઝ પર્વત ઓળંગી ફ્રાન્સની દક્ષિણ સીમા ઉપર આક્રમણ કરવાનું વેલિંગ્ટન માટે હવે ઝાઝું મુશ્કલ ન હતું.

પ્રકરણ ૫૮ મું—વળી લડાઇ શરૂ થઇ

યૂરોપના રાજાઓનો લડવાનો હેતુ હવે એકજ હતો અને તે એજ કે નેપોલિયનને પદભ્રષ્ટ કરવો અને ફ્રેન્ચ રાજ્યક્રાન્તિએ ઉત્પન્ન કરેલા સ્વતંત્ર વિચારોને યૂરોપમાંથી નિર્મૂળ કરી નાખવા. હરકોઇ રાજ્યતંત્ર ગમે તેટલું લોકપ્રિય હોય તોપણ તેને કોઇને કોઇ વિરોધી તો હોયજ. ફ્રાન્સ સાથે સંબંધ રાખતા દરેક યૂરોપિય રાજ્યમાં ઘણા રાજભક્ત પુરુષો હતા. પોતાના વિશેષ અધિકારની પ્રાપ્તિની આશાએ તેઓ મિત્રરાજાઓના સૈન્યમાં સામેલ થવા તૈયાર હતા. તેની સાથે સ્વતંત્રતાને માટે અધીરો બનેલો એક બીજો બળવાન વર્ગ ઉછાળો મારી રહ્યો હતો અને નેપોલિયનના વિજયમાં પોતાના પક્ષનો વિજય સમજી તેને આવકાર આપવા તૈયાર હતો. ખુદ ઇંગ્લંડમાં પણ આવો પક્ષ હોવાથી ટોરી પ્રધાનમંડળને ગમે તે ભોગે નેપોલિયનનો અને તેની સાથે સ્વતંત્રતાના વાતાવરણનો વિનાશ કરવાની અગત્ય લાગતી હતી.

મિત્રરાજાઓનાં સંયુક્ત સૈન્ય હવે હ્રાઇન નદી તરફ આવવા લાગ્યાં. નેપોલિયને આ વખતે તેની તમામ માનસિક શક્તિઓ જાગૃત કરી. વયનો ઘસારો લાગવાથી તેની ચંચળતા કાંઇક કમી થઇ હોય તોપણ અત્યારે તો સૌને તેનામાં ભરજુવાનીનું જોમ પ્રકટી નીકળેલું જણાતું હતું. હ્રાઇનથી પિરિનીઝ સુધીનો ફ્રાન્સનો પ્રદેશ યુદ્ધના વિશાળ કારખાના જેવો બની ગયો. વડી ધારાસભાએ નેપોલિયનને સલાહ આપવા માંડી કે ફ્રાન્સની સીમા તરફ શત્રુસૈન્ય ચાલ્યાં આવે છે એ શરમભરેલા સમાચાર પ્રજાને જાહેર ન કરવામાંજ ડહાપણ છે. તેણે તરતજ જવાબ આપ્યો કે “ શા માટે સાચી હકીકતથી પ્રજાને અજાણી રાખવી જોઇએ ? વેલિંગ્ટન દક્ષિણે, રશિયા ઉત્તરે, અને પ્રશિયા, આસ્ટ્રિયા અને બાવેરિયા પૂર્વ દિશાએ તમારા ઉપર તલપી રહ્યાં છે. શરમ નથી આવતી ? દેશનો દરેકે દરેક મર્દ આજે લડવા તૈયાર હોવો જોઇએ. **તમે ધારાસભાના સભાસદો હથિયાર ધારણ કરી પ્રજાને દાખલો આપો.** આજે તો આખા દેશમાંથી યુદ્ધનોજ પડઘો ગાજી રહેવો જોઇએ તેને બદલે લોકો સલાહની બાયલી વાતો કરતા થયા છે ! ”

રાજભક્ત કુટુંબો જેમને ક્ષમા આપી નેપોલિયને ફ્રાન્સમાં પાછાં આવવા દીધાં હતાં અને તેમની જપ્ત થએલી જાગીરો તેમને સ્વાધીન કરી હતી, તેઓ આજે મિત્રરાજાઓ સાથે સંદેશા ચલાવવા લાગ્યાં અને શસ્ત્રસજ્જ થવા લાગ્યાં. કેટલાએ ઉમરાવો વેલિંગ્ટનની છાવણી તરફ ચાલતા થયા. દગાબાજ ટેલિરેન્ડ નેપોલિયનની પડતી દશા કળી ગયો અને ભવિષ્યનો સ્વાર્થ સાધવા માટે મિત્રરાજાઓ સાથે પત્રવ્યવહાર જારી કરીને ધારાસભામાં પણ નેપોલિયનના પ્રયત્નને નિષ્ફળ કરવામાં પોતાની બુદ્ધિ અને વાક્ચાતુર્યનો ઉપયોગ કરવા લાગ્યો !

૨૦ મી ડિસેંબરે નેપોલિયને ધારાસભા આગળ પ્રોત્સાહક ભાષણ આપ્યું અને ફ્રાન્સનું ગૌરવ કેમ જળવાય તેનો ઉપાય વિચારી કહાડવા વિજ્ઞપ્તિ કરી. તેજ વખતે પોતાની અને મિત્રરાજાઓની વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર પણ તેણે સભા આગળ રજુ કર્યો. પોતે સલાહ કરવા બનતો પ્રયત્ન કર્યો છે અને તે નિષ્ફળ ગયા પછીજ યુદ્ધ પ્રવૃત્તિ કરી છે એ વાત પ્રજાના મન ઉપર ઠસાવવાની તેની ઈચ્છા હતી. ધારાસભાએ વિચાર કરવા માટે એક કમિટી નીમી. તેનો રિપોર્ટ નેપોલિયને આદરેલી નીતિના પક્ષમાં હતો; પણ તેમાં વપરાયલી દલીલો એવી હતી કે જનતા ઉપરનો તેનો કાબુ ઓછો થતો હતો. તે પોતે પ્રજાસત્તાક રાજ્યતંત્રનો પ્રબળ હિમાયતી છતાં આસપાસના રાજાઓના ચિત્તનું સમાધાન કરવા માટે અને રાજ્યની આંતરિક સ્થિતિનો વિચાર કરીનેજ તેણે રાજદંડ ધારણ કર્યો હતો. કમિટીના પ્રમુખે રિપોર્ટમાં લખ્યું કે નેપોલિયને ફ્રાન્સમાં રાજસત્તા સ્થાપીને તમામ નૃપતિમંડળને વિનાશમાંથી ઉગારી લીધા છે. લોકોને આ દલીલ ખૂંચી. રાજાઓને ઉગારનાર નેપોલિયન ! તેના વિજયની ચાવી તો તેણે જનતાના અધિકારનું રક્ષણ કર્યું તેમાં હતી. આવી ભાવનાથી ઓતપ્રોત થએલી પ્રજા દુભાઇ. જે અર્થે નેપોલિયને જોસેફાઇનનો ત્યાગ કર્યો, અને રાજચિન્હ ધારણ કરીને, રાજકન્યા પરણીને રાજાઓમાં ભળવા પ્રયત્ન કર્યો તે પ્રયત્ન તેનો વ્યર્થ ગયો. રાજાઓની મૈત્રી તેને ન મળી અને ઉલટી પ્રજાની તેના ઉપરની મમતા કમી થઇ.

ફ્રાન્સમાં નિરાશા ફેલાઈ ગઇ હતી. એક સૈન્ય રશિયાના બરફમાં દટાઇ ગયું; અને બીજું જર્મનીના મેદાનોમાં તારાજ થઇ ગયું. સૈન્યની ફરજીયાત ભરતી અને ભારે કરથી પ્રજા હવે નીચોવાઇ ગઈ હતી. એકલા પ્રજાસત્તાક ફ્રાન્સની સામે આખો યૂરોપ છેલ્લાં કેટલાંએ વર્ષોથી કટિબદ્ધ થઇ રહ્યો હતો. હવે લડાઇ ચાલુ રાખવાનું ફ્રાન્સમાં બળ રહ્યું ન હતું. ધારાસભાએ પણ ઉપરોક્ત કમિટીનો રિપૉર્ટ મંજુર રાખ્યો અને ભલામણ કરી કે આપણે ફ્રાન્સની સીમા વધારવા માગતા નથી એમ જાહેર કરીને તેમને ભયમુક્ત કરવા અને તેમાંજ આપણી ખરી મોટાઇ રહેલી છે. આ સાંભળીને નેપોલિયનનું દિલ ઘણું દુભાયું. ધારાસભાના ઠરાવમાં એવા પણ શબ્દો

હતા કે પોતાની સ્વતંત્રતાના રક્ષણને માટેજ પ્રજાનું લોહી રેડાય છે એવી પ્રજાની ખાત્રી કરી આપવી.

છતાં પણ નેપોલિયન ફ્રાન્સનું ગૌરવ જાળવવાના આગ્રહને વળગી રહ્યો. તેણે પ્રજાના પ્રતિનિધિઓને કહ્યું, "દેશને માથે કેટલું સંકટ છે તે તમે જાણો છો. તમારી સલાહ માગવા હું કાયદા પ્રમાણે બંધાયલો નહિ છતાં પણ મેં તમને પૂછી જોયું. તમે તો મને મદદ કરવાને બદલે ઉલટા મારા માર્ગમાં વિઘ્નો નાખવા માંડયા. અત્યારે શત્રુને અટકાવવાનો તમારો ધર્મ છે. તેમ ન કરતાં તમે તેને માટે રસ્તો મોકળો કરી આપો છો. આવા અણીના વખતે રાજ્યતંત્રને નિર્બળ કરી દેવાનો તમને શો અધિકાર છે? હું જે સત્તા ધરાવું છું તે મને તમોએ આપી નથી. મને તે સત્તા ઇશ્વરે અને પ્રજાએ આપેલી છે. હું કેવી રીતે રાજ્યાસન ઉપર આવ્યો છું તે તમે ભૂલી ગયા? તે વખતે પણ ધારાસભા તો હતીજ. તેના મત મેળવવાની અગત્ય જો મને જણાઇ હોત તો હું મેળવી શકત; પણ તેમ ન કરતાં મેં દેશના એકે એક માણસનો મત માગ્યો હતો. રાજ્યાસન એટલે એક વ્યક્તિને માટે આખી પ્રજાએ સર્વાનુમતિથી બતાવેલી ઇચ્છા. મારી સાથે એકમત થઇને તમે મને ઘણીજ મદદ કરી હોત, છતાં કાંઇ ફિકર નહિ. મને મારા પોતાનાજ માણસો ફસાવશે નહિ તો હું ધારૂં છું કે ઇશ્વરની અને મારા સૈન્યની મદદથી હું આ મુશ્કેલીમાંથી પણ છૂટી જઇશ; અને જો હું નિષ્ફળ જઇશ તો તેને પરિણામે આપણા દેશપર જે જે વિપત્તિઓ પડશે તેના કારણભૂત તમેજ ગણાશો."

મિત્રરાજાઓ અને ફ્રાન્સમાંના તેમના રાજભક્ત મિત્રોની તો દાનતજ એવી હતી કે ગમે તે રીતે નેપોલિયન અને પ્રજા વચ્ચે અંતર પડાવવું અને તે પોતાની પ્રજાને અળખામણો થાય તેવો પ્રયત્ન કરવો. તે અર્થે આખા ફ્રાન્સના સામ્રાજ્યમાં નેપોલિયનની બદનક્ષીભરેલી કરોડો પત્રિકાઓ વહેંચવામાં આવી. આ કામ માટે ઈંગ્લંડે પોતાની તિજોરી ખુલ્લી મૂકી. મિત્રરાજાઓએ જાહેરનામાં અને ઉદ્દઘોષણાદ્વારા લોકોને કહેવડાવ્યું કે અમે તો સુલેહશાંતિને માટે લડીએ છીએ; અને નેપોલિયન સત્તા વધારવાની તૃષ્ણાને લીધે લડે છે. અમે જનતાના અધિકારના રક્ષક છીએ; નેપોલિયન આપખુદ અને જુલ્મી રાજસત્તાના રક્ષણમાટે લડે છે. અમે તો હજીપણ સલાહ કરવા તૈયાર છીએ પણ સત્તાના મદથી છકી ગએલો નેપોલિયન તલવાર મ્યાન કરતો નથી. વળી તેમણે ફ્રાન્સની પ્રજાને ખાત્રી આપી કે અમારે તમારી સાથે કશું વેર નથી પણ જે માણસ પોતાના સ્વાર્થને ખાતર આખા યૂરોપને રુધિરપ્લાવિત કરી મૂકે છે તેની સાથેજ અમારો કલહ છે. આવાં જૂઠાણાં ઈંગ્લંડ, યૂરોપ અને અમેરિકાના લોકોએ પણ સાચાં માન્યાં અને હજી પણ તેની માઠી અસર ઘણાંનાં મન ઉપર રહી ગઇ છે.

કર્નલ નેપિયર પોતે વેલિંગ્ટનના સૈન્યમાં સામેલ થઇને ફ્રાન્સ ઉપર ચઢાઇ કરવામાં મિત્રરાજ્યોનો સહાયક હતો. છતાં તે પ્રમાણિકપણે જાહેર કરે છે કે ઉપલી બાબતો કેવળ જૂઠી છે. મિત્રરાજાઓને સલાહ કરવીજ નહોતી. તેમને તો માત્ર નેપોલિયન તરફ લોકોની ક્રોધવૃત્તિ જાગૃત કરાવવી હતી. નેપોલિયન અને મિત્રરાજાઓ વચ્ચે જે સુલેહનો વિચાર ચાલતો તેમાં સામા પક્ષે 'શરૂઆતથીજ ઠગાઇ કરવા માંડી હતી;' કારણ કે એક બાજુએ જ્યારે સલાહની સરતો ચર્ચાતી હતી ત્યારે બીજી તરફ ઈંગ્લંડનું પ્રધાનમંડળ તેથી ઉલટીજ દિશાએ કામ કરી રહ્યું હતું.

નેપોલિયને પોતાના એલચી કૉલેનકૉર્ટને બને ત્યાંસુધી સલાહ કરવાની સત્તા આપીને સામા પક્ષની છાવણીમાં મોકલ્યો. પોતાનું અનામત લશ્કર જે પાછળ હતું તે આવી પહોંચે તેટલો વખત લઈ લેવા માટે શત્રુપક્ષે સલાહ કરવાનો ઢોંગ કર્યો. ફ્રાન્સનું બળ ક્ષીણ થઇ ગયું હતું. આ લડાઇઓમાં મિત્રરાજાઓને હાથે ફ્રાન્સનાં એટલાં તો માણસો માર્યાં ગયા હતાં કે ત્યાંનાં ખેતરો પણ અણખેડયાં રહી જતાં હતાં; અને હજી બીજું દશ લાખ માણસોનું સૈન્ય તેની સ્વતંત્રતા લૂંટવા ચાલ્યું આવતું હતું; આવા સંયોગોમાં નેપોલિયન સલાહ કરવા રાજી ન હોય એ માનવા જેવુંજ નથી; પરંતુ માનભંગ કરતા મૃત્યુને વરવાનો તેણે મર્દને છાજે એવો નિશ્ચય કર્યો હતો.

કાલેનકૉર્ટને વળાવતી વખતે નેપોલિયને કહ્યું હતું કે " મારે સલાહ તો કરવી છેજ; પણ માનભંગ થાય એવી સરતો હું કદી કબૂલ કરીશ નહિ. જો સલાહની સરતો વાજબી અને કોઇ પણ પક્ષને અન્યાયકર્તા નહિ હોય તોજ તે સ્થાયી નીવડશે. નહિ આપી શકાય એવી માગણીઓ કરવી અને ફ્રાન્સનું ગૌરવ અને ઇજ્જત ગુમાવ્યા વગર કબૂલ ન થઇ શકે એવી શરતો કરવી એનો અર્થ એજ કે મારી સામે પ્રાણાન્ત સુધીનું યુદ્ધ."

કૉલેનકૉર્ટ લખે છે કે ફ્રાન્સના ખરેખરા શત્રુઓ તો ઈંગ્લંડ, આસ્ટ્રિયા, અને સ્વીડનનાં રાજ્યો હતાં. નેપોલિયનનું મૂળ ઉખેડી નાખવાનો તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો; તેથી સલાહ કરવાના બધા યત્ન ફોગટ ગયા. તેમણે બતાવેલી સરતો અમે જેમ જેમ સ્વીકારતા ગયા તેમ તેમ તેઓ વધારે આકરી માગણી કરતા ગયા અને એક મુશ્કેલીનો નીવેડો આવે કે તરત તેઓ બીજી ઉભી કરતા. તેથી આખરે મેં શહેનશાહને લખી દીધું કે એમની દાનત સલાહ કરવાની છેજ નહિ. માત્ર આપણા ઉપર બધી બાજુએથી ચઢાઇ કરી શકાય તેની તૈયારી કરી લેવા માટેજ તેઓ સલાહ કરવાનાં બાનાં બતાવે છે.

નેપોલિયનની ઇચ્છા એવી હતી કે પોતે રાજા થયો તે વખતે ફ્રાન્સનો જેટલો વિસ્તાર હતો તેથી ઓછો નજ થવા દેવો; કેમકે બીજાં રાજ્યોને મુકાબલે તે નબળું

પડી જઇ ભવિષ્યમાં માર્યું જાય. તે કહેતો કે ફ્રાન્સનું રાજ્ય મારા હાથમાં આવ્યું તે વખતે જેવું હતું તેવું તો મારે મૂકી જવુંજ જોઇએ; અને જો સામો પક્ષ તેટલું પણ રહેવા દેવા નહિ ઇચ્છે તો મારે માટે ત્રણ રસ્તા છે—લડીને જીવવું; લડતાં લડતાં આબરૂભેર મૃત્યુ માગી લેવું અથવા જો પ્રજાની મરજી હોય તો રાજ્યાસન છોડી દેવું. મને રાજ્યાસનનો મોહ નથી અને સ્વમાનનો ભોગ આપીને તો હું તે કદી પણ નહિ ઇચ્છું.

ફ્રાન્સના આ વિપત્તિના વખતમાં કેટલાંક સંપૂર્ણ નિઃસ્વાર્થપરાયણતાનાં અને સ્વદેશપ્રેમનાં ભવ્ય દૃષ્ટાંતો પણ નજરે પડે છે. કાર્નો નામે એક ગૃહસ્થ જે તેના પ્રમાણિકપણામાટે જાણીતો હતો તેણે પોતાના પ્રજાસત્તાક રાજ્યતંત્રના સિદ્ધાંતોને વળગી રહી રાજાની સેવા કરવા ના પાડી અને નેપોલિયન સાથે અસહકાર કરીને ચાલ્યો ગયો, અને અપ્રસિદ્ધપણે ગરીબાઇમાં દહાડા પસાર કરતો રહ્યો. નેપોલિયનને તેના ગુણની કદર હતી તેથી તેણે એક માયાળુ પત્ર સાથે કાર્નોને પૂરતું પેન્શન મોકલાવ્યું. ત્યાર પછી વર્ષોનાં વર્ષો વહી ગયાં. નેપોલિયન અને ફ્રાંન્સ ઉપર વિપત્તિનાં વાદળ ઘેરાવા લાગ્યાં, અને તેના પક્ષમાં ઉભા રહેવું એ પણ જોખમભરેલું મનાતું હતું. તે વખતે સાઠ વર્ષનો વૃદ્ધ કાર્નો રાજા સાથેનો અસહકાર બાજુએ મૂકીને સ્વદેશના રક્ષણમાટે સજ્જ થઈ ગયો. નેપોલિયને તેને એન્ટવર્પનો બચાવ કરવા મોકલ્યો અને તે કાર્ય તેણે અતિ ઉત્તમ રીતે બજાવી પોતના અનેક ગુણોનું દર્શન કરાવ્યું.

નેપોલિયનના શત્રુઓએ તેને અપ્રિય કરવા માટે જૂઠી પત્રિકાઓ દેશમાં બધે વહેંચી તે છતાં ફ્રાન્સના ઘણા જિલ્લાના લોકો ઉપર તેની અસર થવ પામી ન હતી. તેઓ ઉલટભેર શસ્ત્રની માગણી કરવા લાગ્યા અને કોઇ પણ વખતે દુશ્મનો સાથે મુકાબલો કરવા તૈયાર થઇને આજ્ઞાની રાહ જોતા ઉભા. જેકોબિન પક્ષના આગેવાનોએ ઇચ્છા દર્શાવી કે જો અમારા વકતાઓને બોલવાની, લેખકોને લખવાની, અને ગાનારાઓને રસ્તામાં યુદ્ધગીતો ગાવાની રજા આપવામાં આવે તો રાજ્યવિપ્લવ વખતે અમે કર્યું હતું તે પ્રમાણે આ વખતે નીચલા વર્ગના લોકોના ઝનુની સ્વભાવને અમે સારી પેઠે ઉશ્કરી મૂકીએ. નેપોલિયને તેમનું કહેવું સાભળી લીધા પછી એક પળવાર વિચાર કર્યો અને દૃઢતાપૂર્વક જવાબ આપ્યો, “ના, તેમ નહિ બને. ખરેખરી લડાઈ લડીને હજી મારે માટે ઉગરવાનો સંભવ છે ખરો, પણ ઝનુની ગુંડાશાહીના સરદારોની પાસેથી તો હું સલામતીની જરાએ આશા રાખતો નથી. તેઓ અને રાજશાસન વચ્ચે, ઝનુની મંડળો અને પ્રધાનમંડળો વચ્ચે કશો સંબંધ હોઈ શકેજ નહિ. મારી પડતી થાય તો ભલે થાય પણ જે વિપ્લવમાંથી મેં મારા દેશને ઉગાર્યો છે તેમાં હું તેને ડૂબવા નહિ દઉં.”

સ્વીડનનો પદભ્રષ્ટ થએલો રાજા ગુસ્ટાવસ જે નેપોલિયનને “ પશુ ” કહેતો

હતો તે હવે તેના પક્ષમાં .જોડાવા તૈયાર થયો. પ્રજાએ પદભ્રષ્ટ કરેલો જુલમગાર રાજા, પ્રજાના ચૂંટેલા રાજાની મદદ માગે એ ઓછું નવાઇ જેવું છે! નેપોલિયને તેની મૈત્રી સાધી હોત તો તે તેના શત્રુઓને જરૂર ગુંચવી શકત; પણ તેણે આ તકને પણ ઉદારતાથી પડતી મૂકી. પ્રજાનો ચૂંટાએલો રાજા પ્રજાપીડકને મદદ કરે તો તેની આખી કારકીર્દી ઉપર કલંક લાગી જાય.

ઉત્તર અને પૂર્વ તરફ જ્યારે ફ્રાન્સ ઉપર ચઢાઇ લઇ જવાની તૈયારીઓ ચાલી રહી હતી તે વખતે દક્ષિણ દિશાએથી વેલિંગ્ટન અંગ્રેજો, પોર્ટુગીઝો અને સ્પેનવાસીઓનું બળવાન લશ્કર લઇ ફ્રાન્સમાં દાખલ થઇ ચૂક્યો હતો. સ્પેનમાંથી તેણે ફ્રેન્ચ સૈન્યને મારીને ધકેલી મૂક્યું હતું. સ્પેન તેમના હાથમાંથી ગયું કે તરતજ નેપોલિયને ત્યાંના રાજકુમાર ફર્ડિનાન્ડને છૂટો કર્યો અને તેને સ્પેનની ગાદી લેવા મોકલ્યો. આ વિશ્વાસઘાતી રાજાએ તરતજ ઈંગ્લંડ સાથે મિત્રતા જાહેર કરીને પોતાની કૃતઘ્નતા પૂરવાર કરી આપી. કર્નલ નેપિયર પણ તેના રચેલા ઇતિહાસમાં એ શાહજાદાને ઘણોજ નીચ, કૃતઘ્ની, કાવત્રાખોર અને જુલમગાર રાજકર્તા તરીકે વર્ણવે છે. નેપોલિયનનો ભાઇ જોસેફ બોનાપાર્ટ જેને એકલા ઈંગ્લંડ સિવાય યૂરોપના તમામ રાજકર્તાઓએ સ્પેનના રાજા તરીકે સ્વીકાર્યો હતો તેના હાથ નીચે જો એ દેશ થોડાંજ વર્ષ રહ્યો હોત તો અનેક પ્રકારની સુંદર આંતર્વ્યવસ્થાને લીધે દીપી નીકળત; પણ ઈંગ્લંડે કરોડો રૂપીઆ અને હજારો માણસોના પ્રાણની આહુતિ આપીને તેને એક ભલા રાજકર્તાના હાથમાંથી છોડવીને ફર્ડિનાન્ડ જેવા અત્યાચારી રાજાને સ્વાધીન કરી .દીધો ત્યારથી તેની પ્રગતિ અટકી ગઇ છે. ભલો જોસેફ બોનાપાર્ટ નેપોલિયનની પડતી પછી યુનાઇટેડ સ્ટેટ્સમાં આવી રહ્યો હતો. મેક્સીકોની પ્રજાએ તેને પોતાનો રાજા થવા વિનતિ કરી, પણ તેણે જવાબ આપ્યો–

"મેં બે રાજ્યના મુકુટ પહેર્યા છે. મને ત્રીજો પહેરવાની ઇચ્છા નથી. હું જ્યારે સ્પેનનો રાજકર્તા હતો તે વખતે જેઓ મારી સત્તા સ્વીકારતા ન હતા, તેઓ આજે હું દેશનિકાલ થએલો છું તે છતાં મને રાજ્યાસન આપવા આવે છે એ મને પરમ સંતોષનું કારણ છે; પણ હું માનું છું કે રાજશાસન પદ્ધતિથી તમે સુખી નહિ થાઓ. અમેરિકાને માટે પ્રજાતંત્રની ઉત્તમતાની મને દિનપ્રતિદિન ખાત્રી થતી જાય છે. તેને ઈશ્વરની અમૂલ્ય બક્ષિસ તરીકે જાળવી રાખજો. તમારી અંદર અંદરની ગેરવ્યવસ્થાનો જાતે નિકાલ લાવજો; અને વોશિંગ્ટન જેવી લાયકાતવાળા કોઇ સજ્જનને તમારા પોતામાંથી ચૂંટીને તેને પ્રમુખપદ આપજો."

આમ કરતાં કરતાં જાન્યુઆરી માસની આખર આવી. ફ્રાન્સના શહેનશાહી પ્રજાતંત્રની પાયમાલી કરવા માટે દશ લાખ માણસોનું સૈન્ય ઉત્તર, પૂર્વ અને દક્ષિણેથી ચાલ્યું આવવા લાગ્યું. સૈન્યનો આવો વિશાળ સમુદાય જગતમાં બીજે ભાગ્યેજ

જોવામાં આવ્યો હશે. નેપોલિયનને પાંચ લાખ સિપાઈ રશિયામાં, ત્રણ લાખ જર્મનીમાં, અને અઢી લાખ સ્પેનમાં ગુમાવ્યા હતા અને તેના એક લાખ સિપાઇ જર્મનીના કિલ્લાઓમાં કેદ પૂરાયા હતા. આથી કરીને ભારેમાં ભારે પ્રયત્ન કરવા છતાં પણ નેપોલિયન બે લાખ કરતાં વધારે સિપાઇ એકઠા ન કરી શક્યો અને તેમાંથી ઉપર કહ્યા તેવા ગંજાવર શત્રુસૈન્યને રોકવા માત્ર સીત્તેર હજાર સિપાઈઓ લઈને તે મેદાન પડ્યો.



प्रकरण ५९ मुं–पारिस शरण थयुं

સને ૧૭૧૪ના જાન્યુઆરીની ૨૪ મી તારીખે નેપોલિયને પોતાના રાજ્યના મુખ્ય દરબારીઓનો મેળાવડો કર્યો. તેમની સમક્ષ એક ટુંકા ગંભીર અને હૃદયદ્રાવક ભાષણસહિત રાણી મેરિયા લૂઈસાનો રાજપ્રતિનિધિ તરીકે અભિષેક કરાવ્યો અને તેની પાસે રીતસરના સોગંદ લેવડાવ્યા. આ પ્રસંગનું તેનું ભાષણ સાંભળી ઘણાંની આંખો ભરાઇ આવી હતી. અભિષેકક્રિયા પૂર્ણ થઇ રહ્યા પછી તેણે સૌની વિદાય લેતાં કહ્યું, “ ગૃહસ્થો ! આપણે કદાચ ફરી મળીશું. ”

ત્યાર પછી તેણે પોતાના તમામ ખાનગી પત્રો બાળી નાખ્યા, સ્ત્રીપુત્રને પ્રેમથી છેલ્લીવારનું આલિંગન દઇ લીધું અને બીજે દિવસે સવારના ત્રણ વાગે રાજમહેલ છોડી છાવણી તરફ ચાલતો થયો. આ તેમનો આખરનો સમાગમ હતો. ફરીથી તે સ્ત્રીનું તેમજ પુત્રનું મોં જોવા પામ્યો નહિ.

મિત્રરાજાઓનાં સૈન્ય હવે હ્રાઇન નદી ઓળંગીને અબાધ્ય ગતિથી આગળ વધતાં હતાં. માર્ગમાં એ રાજાઓએ અતિશય ત્રાસદાયક જાહેરનામું પ્રગટ કર્યું કે જે કોઇ ફ્રાન્સવાસી શસ્ત્ર ધારણ કરીને પોતાના દેશનો બચાવ કરતો પકડાશે તો તેને ધાડપાડુની માફક ગોળીબારથી ઠાર કરવામાં આવશે અને જે કોઇ ગામ જરા પણ સામે થવા પ્રયત્ન કરશે તેને બાળીને તારાજ કરવામાં આવશે. લોકહાર્ટ જેવા અંગ્રેજને પણ કબૂલ કરવું પડે છે કે “ આ જાહેરનામાવડે માણસજાતના અતિ પવિત્ર અને સનાતન હક્કોનું ખૂન કરવામાં આવ્યું હતું. ”

નેપોલિયને ઘોડાગાડીમાં સો માઇલની મુસાફરી કર્યા પછી તેણે બ્લુચરના રશિયન સિપાઇઓની ટુકડીઓને વિખેરી નાખી. ત્યાંથી પચાસ માઇલ દક્ષિણે ટ્રોય આગળ બ્લુચરનું મજબૂત સૈન્ય પડયું હતું તેથી તેને મારી કહાડવા નેપોલિયન જંગલને માર્ગે થઇને બરફ અને વરસાદની ઝડીની વચ્ચે દોડી ગયો. કાદવમાં તોપો ઘસડાય નહિ છતાં સિપાઇઓમાં અજાયબ જેવો ઉત્સાહ વ્યાપી ગયો. માર્ગમાં ગામડાંના લોકો પણ પ્રેમ અને આભાર દર્શાવવા ચૂકતા નહિ. તા. ૨૯ મીએ બપોરે

નેપોલિયને પોતાના વીશ હજાર સિપાઇઓ બ્લુચરના સાઠ હજારની સામે ગોઠવી દીધા. શત્રુસૈન્ય બ્રિયેનના કિલ્લા અને ટેકરીઓવડે સુરક્ષિત હતું. આજ જગ્યાએ નેપોલિયન બાળપણમાં ભણ્યો હતો. તે વખતનાં સ્મરણોને તાજાં કરાવનાર પરિચિત સ્થળ તરફ તેની પળવાર નજર નાખી અને સિપાઇઓને તેમનાં ભીનાં કપડાં સૂકવવાની પણ રજા ન આપતાં વગર વિલંબે યુદ્ધ શરૂ કર્યું. સાંજ પડવા પહેલાં તો બ્લુચરને નાસવું પડ્યું. ત્યાંથી થોડા માઇલને અંતરે સ્વાર્ઝનબર્ગનો પડાવ હતો તેની સાથે જોડાઇ જવા બ્લૂચર નાઠો.

બીજે દિવસે તેઓ બેઉ ભેગા થયા અને બ્રિયેનથી નવ માઈલને અંતરે દોઢ લાખ સિપાઇઓસહિત તેમણે નેપોલિયન ઉપર આક્રમણ કર્યું. નેપોલિયન ઘણી મુસ્કેલીએ ત્યાં આગળ માત્ર ચાળીશ હજાર સિપાઇઓ ભેગા કરી શક્યો. આખો દિવસ શૌર્ય અને દઢતાસહિત આટલા મોટા સૈન્ય સામે ફ્રૈન્ચો પોતાનો બચાવ કરતા ઉભા રહ્યા. સાંજ પડી ત્યારે અંધારાનો લાભ લઇને નેપોલિયને પોતાના છ હજાર બહાદૂર સિપાઇઓ ગુમાવી ટ્રોયનો આશ્રય લીધો. રશિયા અને પ્રશિયાના નૃપતિઓ પાસેની ટેકરી ઉપરથી પોતાના હરિફની હાર જોઇને ખૂબ ખુશ થયા અને બ્લૂચરે તે રાત્રિ દારૂના ઉપરાઉપરિ સીસા ગટગટાવવામાં ગાળી. નેપોલિયનની મુંઝવણનો હવે પાર ન હતો. તેના સૈન્ય કરતાં અનેકગણાં સૈન્યો જૂદી જૂદી દિશાઓથી પારિસ તરફ ચાલ્યાં આવતાં હતાં. નવી નવી વિપત્તિઓના સમાચાર પળે પળે તેને મળ્યાજ કરતા હતા. હજી તેના અને મિત્રરાજાઓ વચ્ચે વિષ્ટિ ચાલતી હતી. તેણે કૉલેનકૉર્ટને વાજબી સરતે સલાહ કરી નાખવા લખ્યું.

પણ તેના શત્રુઓને તો સલાહ કરવીજ ન હતી. તેમને તો લોકોના મન ઉપર એટલીજ અસર પેદા કરવી હતી કે નેપોલિયન સલાહ કરવા રાજી નથી; બાકી અમે તો રાજી છીએ. તેથી તેમણે એવી સરતો બતાવી કે તે કબૂલ કરતાં નેપોલિયનને સ્વમાન ગુમાવવુંજ પડે. તેમણે જણાવ્યું કે નેપોલિયન ગાદીએ બેઠો તે વખતે ફ્રાન્સની જે સીમા હતી તેટલીજ રહેવા દઇ બાકીનો પ્રદેશ તેણે છોડી દેવો. એમ કરતાં ફ્રાન્સની ઈજ્જત જાય. તેનું બળ ઘટે; કેમકે એજ અરસામાં પોલેન્ડને ફોલી ખાઇને રશિયા, જર્મની અને આસ્ટ્રિયા પુષ્ટ થયાં હતાં; અને ઈંગ્લંડે મરાઠા અને ટીપુનાં રાજ્યો સ્વાહા કર્યાં હતાં; છતાં તેણે પુષ્કળ વિચાર કરી જોયો. વિપત્તિ તેના માથા ઉપર બરફના ડુંગરની પેઠે ધસી આવતી હતી. તેના સરદારો પણ સુલેહ કરવાનીજ સલાહ આપ્યા કરતા હતા. તેના ભાઇ જોસેફે પણ લખ્યું કે આવા સંજોગોમાં સલાહ કરવામાં નામોશી નથી. ગાદીનો ત્યાગ કરીને તમે અનેક ભક્તોને અસહાય કરી મૂકશો. આખરે તેણે એ સરતો કબૂલ પણ કરી અને સુલેહ કરવાની કૉલેનકૉર્ટને સત્તા આપી.

પણ સલાહ કરવાનો મિત્રરાજાઓને લેશમાત્ર પણ વિચાર ન હતો. તેમણે હવે એવી માગણી કરી કે રાજ્યક્રાન્તિ પહેલાં ફ્રાન્સની જે હદ હતી તેટલીજ રહેવા દઇ વધારાનો પ્રદેશ તેણે છોડી દેવો. આ સરત તો નેપોલિયન કદી પણ ન સ્વીકારે એવી હતી. જે સ્થિતિમાં ફ્રાન્સ તેના હાથમાં આવ્યું તેના કરતાં તેને નબળું બનાવી મૂકીને પોતે કયી રીતે પ્રજાની સામું જોઇ શકે? વળી ફ્રાન્સની સીમા પાછી હઠે એટલે આસ્ટ્રિયા અને પ્રશિયાની વધે. તેણે કહ્યું, “ હું દશદ્રોહી અને હિચકારાનો ડામ મારા કપાળપર કદી પણ નહિજ લાગવા દઉં.” તેણે આ સરતનો ઈનકાર કર્યો.

મિત્રરાજાઓની ખુશાલીનો પાર ન રહ્યો. ફ્રાન્સની સ્વતંત્રતામાટે લઢીને મરવા તૈયાર થએલા નાનકડા સૈન્યને ઘેરી લેવા તેમણે પોતાનાં વિશાળ સૈન્યો આગળ ચલવ્યાં. નેપોલિયન સાઠ માઇલ પાછો હઠીને તેમને ખાળવા નાગે આગળ થોભ્યો. શ્વાર્ઝનબર્ગે પાછું ટ્રોય જીતી લીધું. ત્યાંથી સીધા પારિસ પહોંચી જવાની તેની ધારણા હતી.

સેન નદીથી ઉત્તરે પચાસ માઈલને અંતરે માર્ન નદીની ખીણ આવેલી છે. બેઉ નદીઓ પારિસ નજીક ભેગી થાય છે. એ નદીની ખીણમાં થઇને બ્લૂચર સીત્તેર હજાર સિપાઇઓ સાથે પારિસ તરફ આવતો હતો. તેને ખાળનાર કોઈજ હતું નહિ. નેપોલિયનની સંકડામણ ભયંકર હતી. વેલિંગ્ટન દક્ષિણેથી અને બર્નાડો ઉત્તરેથી ચાલ્યા આવતા હતા. બ્લૂચર અને સ્વાર્ઝનબર્ગ પૂર્વ દિશાએ પારિસની નજીક આવી લાગ્યા હતા. ઈંગ્લંડનો કાફલો ફ્રાન્સના એકેએક અરક્ષિત બંદર ઉપર ગોળા વર્ષાવતો હતો અને તેના વ્યાપારનું સત્યાનાશ કહાડી નાખતો હતો. નેપોલિયનના મંત્રીઓ પણ સાથે હાથ દઈ બેઠા. તેઓ એમજ કહેવા લાગ્યા કે દુશ્મનો જે માગે તે આપીને પણ આ વખતે સલાહ કરી દો.

આવા અસાધારણ ગુંચવણના પ્રસંગમાં નેપોલિયને બતાવેલી દઢતા ખરેખર ભવ્ય અને અલૌકિક છે. તેમની આજીજીનો તેણે શાંતિપૂર્વક જવાબ આપ્યો કેઃ—

“ ના, ના, એમ નહિ બને. હમણાં સલાહનો વિચાર પણ તમને ન આવવો જોઇએ. હું હમણાંજ બ્લૂચરને મારી કહાડું છું. તે પારિસના રસ્તાપર છે. કાલે કે પરમ દિવસે તેને જરૂર મારી હઠાવીશ. એમાં મને ફતેહ મળશે તો બધી બાજી પલટાઇ જશે. પછી શું થાય છે તે જોઈશું.”

તેણે અગાઉ ઘણીવાર ખરેખરા પરાજયને પૂરેપૂરા વિજયના રૂપમાં પોતાના અદ્ભુત દાવપેચવડે ફેરવી નાખ્યો હતો. તેવો દાવ તેણે આ વખતે પણ અજમાવ્યો. સ્વાર્ઝનબર્ગને ખાળવા માત્ર દશજ હજાર માણસો નાગે આગળ રહેવા દઇ તે ત્રીશ હજાર માણસો લઇને માર્ન નદીની ખીણ તરફ પવનવેગે દોડયો. ૧૦ મી ફેબ્રુઆરીએ સવારના પહોરમાંજ વાવાઝોડાના ઝપાટાની માફક ફ્રેન્ચ સિપાઇઓ નાસ્તો ખાતા

રશિયનો ઉપર તૂટી પડયા. થોડીવારમાં તેમનો મધ્યભાગ તૂટયો અને તેમની બેઉ પાંખોને વારાફરતી વિખેરી નાખી નેપોલિયને એક રમતની માફક એ આખા સૈન્યની ધૂળધાણી કરી નાખી; પણ તેની પાસે અનામત લશ્કર નહિ હોવાથી શત્રુની પૂંઠ પકડાઇ નહિ. બીજે દિવસે બ્લૂચર પોતાના નાસતા લશ્કરમાંથી સાઠ હજાર માણસો એકઠાં કરીને પાછો બીજીવાર લઢવા આવ્યો; પણ તેને બીજીવાર પણ સખત હાર મળી. આ વિજયથી ફ્રેન્ચોમાં નવું જોર આવ્યું અને નેપોલિયનને પણ થયુ કે વખતે બગડી ગએલી બાજી સુધરી પણ જાય.

નેપોલિયન જયારે આ રીતે પોતાના ઉપર આવી પડેલાં વિપત્તિનાં વાદળ વિખેરતો હતો તે વખતે ટ્રોય નગરના કેટલાક વફાદાર રાજભક્તો ઝાર અલેક્ઝાન્ડરને વિનવવા ગયા અને પ્રાર્થના કરી કે વગર વિલંબે બુર્બોન વંશી રાજાના હક્કદાર વંશજને ફ્રાન્સના રાજા તરીકે જાહેર કરવા કૃપા કરો. એજ ગૃહસ્થોને નેપોલિયને દેશવટામાંથી છોડયા હતા અને જેમને એકવાર ખાવાના પણ સાંસા પડતા હતા તેમને તેમની અસલી જમીનો પાછી આપી આબાદ કર્યા હતા. એ ઉપકારનો તેઓ આજે આવો બદલો વાળતા હતા. ઝારે તેમને ઝાડું આપ્યું અને કહ્યું કે તમને હું ફતેહ ઇચ્છું છું પણ લડાઇના મામલા એવા છે કે આજે જીતેલો કાલે હારી જાય અને તમારા જેવા સુપાત્ર માણસો નાહક માર્યા જાય.

દશ દહાડામાં નેપોલિયન પાંચ લડાઇઓ જીત્યો તોપણ હજી શત્રુસૈન્યનો જુવાળ પારિસ તરફ આવ્યેજ જતો હતો. તેની આ વખતની શક્તિ અને ચપળતા જોતાં અગાઉના મહાન સેનાપતિઓ ઝાંખા પડી જાય છે. બ્લૂચરને મારી હઠાવી પાછો તે ઝડપથી સેનની ખીણ તરફ વળ્યો અને એક દિવસમાં ત્રીશ માઇલની કુચ કરી પારિસથી સાઠ માઇલને અંતરે શત્રુને ખાળવા માટે બહાદુરીથી ઉભો રહ્યો. ભયંકર યુદ્ધ શરૂ થયું. આસ્ટ્રિયાની તોપોએ કેર વર્તાવ્યો. કોઇ ફ્રેન્ચ તોપચી મરાતો તો નેપોલિયન જાતે તેની તોપ ફોડવા લાગતો. ગોળાના વર્ષાદથી સિપાઇઓ સંખ્યાબંધ પટાપટ ઉડી જતા હતા; છતાં એ અગ્નિની રમઝટમાં નેપોલિયન શાંતિપૂર્વક ઉભો રહ્યો હતો, અને પોતાના માણસોને કહેતો કે " ગભરાશો નહિ; મારો પ્રાણ લેનાર ગોળો હજી ઘડાયો નથી." સાંજ પડતાંની સાથે લડાઇ પૂરી થઇ અને અહિં પણ નેપોલિયન નિર્વિવાદપણે જીત્યો.

આ રીતે ઉપરાઉપરિ માર પડવાથી મિત્રરાજાઓ ગભરાયા અને તેમનું તમામ સૈન્ય જીવ લઇને નાસવા લાગ્યું. નેપોલિયને કમાલ કરી. ગમે તેટલી મોટી સંખ્યાથી પણ તે ગાંજ્યો ગયો નહિ. રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયાના રાજાઓ લમણે હાથ દઇ વિચારવા લાગ્યા કે હવે લશ્કરને શો હુકમ આપવો ? નેપોલિયન ચાળીશ હજાર સિપાઇઓ લઇને શત્રુના એક લાખ માણસોને મારતો, વિખેરતો ચાલ્યો જતો હતો.

તેણે રાજધાનીનો આબાદ બચાવ કરી નાખ્યો; પણ તેના વિજય ગમે તેવા આશ્ચર્યજનક અને યશદાયક હતા તોપણ તેમનાથી તેના વિનાશનો દિવસ બહુ તો થોડો પાછો હડ્યો હતો. જેની પાસે દશ લાખ સિપાઇઓ હાજર છે અને બીજા દશ લાખ અનામત છે તેમને બે લાખ સિપાઇઓ હારવાથી ઝાઝું ડરવા જેવું ન હતું.

આવા કટોકટીના વખતમાં તે પ્રાણપ્રિય જોસેફાઇનને ભૂલ્યો ન હતો અને તેને પત્રો મોકલતો હતો. એકવાર લડાઇની હિલચાલ કરતાં તે તેના ઘર નજીક આવી પહોંચ્યો એટલે લશ્કરથી છૂટો પડીને તેને મળી આવ્યો. આ તેમનો છેલ્લો મેળાપ હતો. એક પ્રસંગે બ્રિયેન આગળ ભયંકર લડાઈ જીત્યા પછી તેણે ઉતાવળે અક્ષરે ચિઠ્ઠી લખી જોસેફાઇનને મોકલાવી હતી. તેના છેલ્લા શબ્દો નીચે મુજબ હતા:–

“ મેં ઘણી લડાઇઓમાં મૃત્યુને શોધ્યું છે. મને હવે તેનો ડર રહ્યો નથી. મને તો તે આશીર્વાદરૂપ લાગે છે. માત્ર એકવાર જોસેફાઈનને મળી લઉં એટલી ઇચ્છા થયા કરે છે. ”

પોતાની પાસે મોટાં મોટાં સૈન્યો છતાં મિત્ર રાજાઓ નેપોલિયનના અલૌકિક બુદ્ધિપ્રભાવથી ડરીને વધારે સારી તૈયારી થઈ રહેતા સુધી વખત મેળવી લેવા સલાહ કરવાનાં ફરી પાછા બહાનાં બતાવવા લાગ્યા. આસ્ટ્રિયન સરદારો તો જર્મનીસુધી પાછા હઠી જવાની સલાહ આપવા લાગ્યા. નેપોલિયનને ભોળવવા તેના સસરા આસ્ટ્રિયાના રાજાએ પત્ર લખ્યો. તેમાં તેનાં શૌર્ય અને યુદ્ધકૌશલ્યનાં ખૂબ વખાણ કર્યાં. નેપોલિયને તેમની માગણી સ્વીકારી યુદ્ધવિરામ જાહેર કર્યો.

ત્યાંથી તે ટ્રોય ગયો. લોકો તેનો સત્કાર કરવા રસ્તામાં ટોળાબંધ ઉભા હતા. તેના હાથને ચુંબન કરવા, તેના ઘોડાનો સ્પર્શ કરવા લોકોમાં પડાપડી થતી હતી. નગરમાં દાખલ થતાંમાંજ તેણે પેલા અતિ રાજભક્ત ગૃહસ્થોને પકડી મંગાવ્યા અને એવા દેશદ્રોહીઓ ઉપર દાખલો બેસાડવા માટે તેમને ફાંસીને લાકડે લટકાવી દીધા.

એક બાજુએ જ્યારે સુલેહના કોલકરાર ઉપર ચર્ચા ચાલતી હતી તે વખતે રશિયા, પ્રશિયા અને આસ્ટ્રિયાના રાજાઓ તથા અંગ્રેજ એલચીઓ નવેસરથી લડવાનો ઘાટ ઘડતા હતા. અંગ્રેજ પ્રધાનો સાફ કહેતા કે ફ્રાન્સ તેના રાજાઓને નહિ સ્વીકારે ત્યાંસુધી સુલેહની આશાજ ફોકટ છે. આમ વારંવાર દગા છતાં સુલેહ નહિ કરવાનો દોષ તેઓ નેપોલિયન ઉપર મૂકતા હતા. તેમના કૃત્યથી તેઓ પોતે પણ મનમાં શરમાતા હતા અને તેથી ફ્રાન્સ ઉપર ચઢાઇ કરવાનો ખરો હેતુ તેમનાથી જાહેર કરાતો નહિ. તેમણે પોતાના સૈન્યના બળથી બુર્બોન વંશી અઢારમા લુઇને ગાદીએ બેસાડ્યા પછી પણ તેઓ બેધડક એમજ કહેતા કે ફ્રાન્સની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનો અમને લેશમાત્ર પણ વિચાર નથી. એ પછી થોડીજ મુદતમાં કંટાળેલી પ્રજાએ પાછો તેને હાંકી મૂક્યો કે તરતજ પાછા બધા રાજાઓ ભેગા થઇ

ગયા અને ફ્રાન્સના પુત્રોને મારી, છુંદી, કચરી એના એ રાજાને ગાદીએ બેસાડયો ત્યારેજ જંપ્યા ! સ્વતંત્રતાનું ઉપાસક ઇંગ્લંડ આ પાપયજ્ઞમાં બ્રહ્માને પાટલે બેઠું. પચ્ચીશ વર્ષસુધી આખા યૂરોપને લોહીથી ખરડી નાખ્યો અને જેણે યૂરોપના સંયુક્ત રાજાઓની સામે એકલે હાથે વીશ વર્ષ સુધી પોતાના દેશની સ્વતંત્રતાનું રક્ષણ કર્યું તેની બહાદૂરી અને સ્વદેશપ્રીતિને ન્યાય આપવાને બદલે ઉલટા તેના ઉપર અનેક જૂઠા આક્ષેપો મૂકયા; પણ હવે એ જમાનો વીતી ગયો છે. હવે પ્રજાએ ભૂતકાળના ઇતિહાસની તુલના કરવામાં પોતાનો હક્ક સ્થાપિત કર્યો છે. આપખુદ રાજાઓએ કરેલો અન્યાય તેઓ જરૂર ધોઈ નાખશે; એટલુંજ નહિ પણ ધોઇ નાખ્યો છે. દરેક દેશની પ્રજાના અંતઃકરણમાં નેપોલિયનને તેને લાયકનું રાજ્યાસન મળી ચૂકયું છે.

મિત્રરાજાઓએ નેપોલિયનને ગુંચવણમાં નાખવા પોતાના સૈન્યોના બે ભાગ કરી નાખ્યા. એક ભાગને લઇ બ્લૂચર માર્ન નદીની ખીણમાં થઇ પારિસ તરફ ઝડપથી જાય અને બીજો ભાગ લઇ શ્વાર્ઝનબર્ગે સેનની ખીણમાં ચાલ્યા આવવું, એવી યોજના ઘડી. શ્વાર્ઝનબર્ગને ખાળવા ટ્રૉય આગળ દશ હજાર સિપાઇઓ રહેવા દઈ ત્રીશ હજાર માણસોસહિત નેપોલિયન બ્લૂચર તરફ દોડયો. વારંવાર માર ખાઇને હેબક ખાઇ ગએલા પ્રશિયનો નાઠા. હજી નેપોલિયનના નામનો એટલો કરપ હતો કે એક લાખ માણસો તેના ત્રીશ હજાર થાકયાં પાકયાં માણસો આગળ ઉભાં પણ ન રહ્યાં.

બ્લૂચર માર્ન ઓળંગીને નાઠો અને જતાં જતાં નદીનાળાંપરના પૂલ ભાંગતો ગયો. નેપોલિયને નવા પૂલ બંધાવી તેની પૂંઠ લીધી; અને અજબ ચાલાકીભરેલી હિલચાલવડે તેને એવો અકળાવી નાખ્યો કે તેણે બચાવની આશા છોડી. એટલામાં ઉત્તરેથી બળવાન લશ્કર લઇને બર્નાડો આવી પહોંચ્યો. તેમના એક લાખની સામે નેપોલિયને પચીશ હજાર ગોઠવ્યા. તેનું આક્રમણ એવું જબ્બર હતું કે શત્રુના તોપખાનાનો પ્રચંડ માર છતાં તેણે દુશ્મનોને ગભરાવ્યા; પણ આટલી મોટી સંખ્યા સામે એકલી હિંમત કામ ન આવી; તોપણ શત્રુઓ ટકી રહેવા ઉપરાંત વધારે કરી ન શકયા. અંધારૂં થતાં રહીમ્સનો નેપોલિયને આશ્રય લીધો. શત્રુથી તેની પૂંઠ ન લેવાઇ.

શ્વાર્ઝનબર્ગે નેપોલિયનને બ્લૂચરની પાછળ પડેલો જોઇ સેનની ખીણમાં થઇને પારિસ તરફ બે લાખ માણસો લઇને ચાલવા માંડયું. દક્ષિણેથી ઝપાટાબંધ વગર અટકાવે વેલિંગ્ટન ચાલ્યો આવતો હતો. બુર્બોન વંશીય રાજકુમારો બળવાનો ઝુંડો ફરકાવી રહ્યા હતા. એક બીજું સૈન્ય આલ્પ્સના ઘાટ ઓળંગીને ફ્રાન્સમાં દાખલ થઇ ચૂકયું હતું. નેપોલિયન જ્યાં જ્યાં નજર નાખતો ત્યાં ત્યાં તેને શત્રુસૈન્યનો સમુદાય નજરે પડતો હતો. દેશની સ્થિતિના સમાચાર પણ તેને મુશ્કેલીથી પહોંચતા હતા. ઘણી વાર તો તેને અટકળથીજ કામ લેવું પડતું. સેનાપતિઓ હતાશ થઇ

ગયા હતા. ફ્રાન્સ બેબાકળું બની ગયું હતું.

આવે અણીને વખતે ધૈર્ય નહિ ખોતાં નેપોલિયને સ્વાર્ઝનબર્ગના સૈન્યના પાછલા ભાગ ઉપર આક્રમણ કરી તેનો જર્મની સાથેનો સંબંધ તોડી નાખવાનો બહાદૂરીભરેલો નિશ્ચય કર્યો. માર્નની ખીણમાંથી પવનવેગે સેનની ખીણમાં તે દાખલ થઈ ગયો અને પોતાના સૈન્યની પાછળ નેપોલિયનની તોપોના ધડાકા સાંભળીને સ્વાર્ઝનબર્ગ ગભરાઈ ગયો. તેઓ ગુંચવાયા અને નાઠા. રશિયા, આસ્ટ્રિયા અને પ્રશિયાના રાજાઓએ પારિસને બદલે ર્હાઇન તરફ ઘોડા દોડાવી મૂક્યા. સ્વાર્ઝનબર્ગનું નાસતું લશ્કર નેપોલિયનના સૈન્ય સાથે અકસ્માત રીતે અથડાઇ પડયું. તરતજ ખૂનખાર યુદ્ધ શરૂ થયું.

નેપોલિયન હવે કાંઇ પણ મુકરર યોજના વગર જીતવું કે મરવું એવો ઠરાવ કરીને ફાવે તેમ લડતો હતો. તેણે લોદી અને રિવોલીના જંગમાં બતાવેલા ચમત્કારો ફરી તાજા કરી બતાવ્યા. લડાઇની ખરી રમઝટ વખતે એકાએક છ હજાર રશિયન સિપાઈઓની ટુકડી શિથિલ થઇને ફ્રેન્ચ હારને વિખેરી ઝનુની ચીસો પાડતી ધસી આવી. આ અણધારી આફતને નેપોલિયનની તીક્ષ્ણ આંખે દૂરથી જોઇ લીધી. તરતજ દોડતે ઘોડે તે ત્યાં જઇ પહોંચ્યો. લશ્કરમાં નાસાનાસ અને ભારે ગેરવ્યવસ્થા થઇ ગઇ હતી. નેપોલિયન તેમના ટોળામાં દાખલ થઇ ગયો અને ઘોડાના પેઘડાંપર ઉભો થઇ યુદ્ધના કોલાહલમાં પણ સંભળાય એવા તીણા અવાજે કહ્યું, “ સિપાઈઓ ! પાછા આવો ! હું ઉભો છું અને તમે નાસી જશો ? સજડાક્ષજડી ગોઠવાઇ જાઓ અને ચાલો આગળ ! ”

તેનો જાણીતો અને અતિશય વહાલો અવાજ સાંભળી સિપાઇઓ પાછા ફર્યા અને તરતજ હારબંધ ગોઠવાઇ ગયા. નેપોલિયન હાથમાં તલવાર લઇ તેમની આગળ ચાલવા લાગ્યો અને “ શહેનશાહ ઘણું જીવો ’ ના પોકાર કરતા એક હજાર ફ્રેન્ચ સિપાઇઓ છ હજાર રશિયનોપર તૂટી પડયા અને તેમને મારી હઠાવ્યા; પણ દરેક કલાકે શત્રુસૈન્યની સંખ્યામાં વધારોજ થયા કરતો હતો. રાત્રિએ આ ભયંકર દશ્ય ઉપર અંધકાર ફેલાવ્યો ત્યારે નિર્બળ બની ગએલી ફ્રેન્ચ સેનાએ એક ગામડાનો આશ્રય લીધો. ર્હાઈન તરફ કુચ કરવાની નેપોલિયનની અતિ સાહસિક યોજનાથી મિત્રરાજાઓ એટલા બધા ડરી ગયા કે તેમણે માર્ન નદીપર આવેલા શેલોં ગામ આગળ પોતાનાં તમામ સૈન્ય એકત્ર કરવાનો વિચાર કર્યો. બ્લૂચર અને બર્નાડો પણ પાછા ફરીને ત્યાં આવ્યા.

બીજીવાર તેમણે પોતાના સેનાપતિઓની સભા બોલાવી. તેમને નેપોલિયનનો એટલો તો ડર લાગી ગયો હતો કે ઘણાએ ર્હાઇન સુધી પાછા હઠી જવાનો આગ્રહ કર્યો; કેમકે નહિ તો નેપોલિયન સીધો જર્મનીમાં ઘુસી જઇ પોતાના ત્યાં આગળ

ઘેરાયલા લશ્કરને છોડવે અને નવા જુની કરી નાખે. કેટલાકે ગમે તેમ થાય તોપણુ સીધા પારિસ તરફજ જવું એવી સલાહ આપી. તેમની છાવણી નેપોલિયનથી ત્રીશ માઇલ ઉત્તરે હતી. માર્ચની ૨૫ મી તારીખે તેમણે માર્ન નદીની ખીણુમાં થઇને પોતાનાં એકત્ર કરેલાં સૈન્યને પારિસ તરફ ભરતીના પૂરની માફક છોડી મૂકયાં. નેપોલિયન પારિસથી બસેં માઇલ દૂર હતો. તેણે સેનની ખીણુમાં થઇને બમણી ઝડપથી કુચ કરી શત્રુઓની સાથેજ પારિસ પહોંચી જઇ પગરની દિવાલ આગળજ છેલ્લું યુદ્ધ ખેલવાનો નિશ્ચય કરી ચાલવા માંડયું. સૈન્યને કુચ કરવાનો હુકમ આપી તેણે પોતાની ઓરડીનાં બારણાં બંધ કરી નકશા તપાસવા માંડયા.

ફૉલેનફૉર્ટ કહે છે કે " આ બીજી ભયાનક રાત્રિ પસાર થઇ. એક શબ્દ પણ કોઇથી તેની સાથે બોલાતો નહિ. તેની દુ:ખથી રૂંધાઇ ગએલી છાતીમાંથી ઉંડા નિ:શ્વાસ નીકળી જતા હતા. તેની શ્વાસ લેવાની શક્તિ પણ ચાલી ગઇ હોય એમ દેખાતું હતું. ભલા ભગવાન ! તેને કેટલું દુ:ખ થતું હશે ! "

પારિસના રક્ષણુનો ભાર જોસેફ બોનાપાર્ટને માથે હતો. તેના તરફ નેપોલિયને સ્વાર ઉપર સ્વાર દોડાવ્યા, અને તેને ઘણુાજ આગ્રહભર્યા શબ્દોમાં લખ્યું કે પ્રજાને જાગૃત કરજો અને કાંઇ ન બને તો મારા આવતાસુધી વિદ્યાર્થીઓને હથીઆર આપીને પણ ટકી રહેજો. તેણે ખાત્રી આપી કે જો તમે માત્ર બેજ દિવસ ટકી રહેશો તો હું આવી પહોંચીશ અને તેમને વાજબી શરતોએ સુલેહ કરવાની ફરજ પાડીશ. મારા છોકરાને વીલો મૂકતા નહિ. તે ફ્રાન્સના દુશ્મનોના હાથમાં પકડાઇ જાય તે કરતાં તે સેનમાં ડૂબી મરે એ મને ગમે.

નેપોલિયન તેના દુશ્મનો કરતાં પારિસથી ચાર મજલ વધારે દૂર હતો. બેઉ પક્ષનાં લશ્કરની કુચનો દેખાવ અદ્વિતીય હતો. એક બાજુએ માર્નની ખીણુમાંથી ત્રણુલાખનું શત્રુસૈન્ય પારિસ તરફ ધસ્યું આવતું હતું. બીજી બાજુએથી નેપોલિયન તેના થાકેલા, ઘવાએલા, લોહી નીંગળતા ત્રીશ હજાર સિપાઇઓને લઇને સેનની ખીણુમાં થઇને દોડયો આવતો હતો. શિયાળાનું બરફ હવે ઓગળતું હોવાથી રસ્તા કાદવથી ભરાઇ ગયા હતા અને ભારે તોપોનાં ગાડાંને લીધે તેમાં ઉંડા ઉંડા ચીલા પડી ગયા હતા. છતાં ફ્રેન્ચ સૈનિકો તેમની સાથે સાથેજ નેપોલિયનને ચાલતો જોઇને એટલા ઉત્સાહમાં આવી ગયા હતા કે પોતાના ભારે અસબાબને ફેંકી દઇને તેઓ રોજના પચાસ માઇલની ઝડપથી કુચ કરતા હતા. નેપોલિયનની લક્ષણુગત ઉદારતા આવા વિપત્તિના સમયમાં પણ સતેજ હતી. તેણે પોતાનો મુકામ ઉપાડતી વખતે ઘાયલ અને માંદા સિપાઇઓની સારવારમાટે ખાનગી સિલકમાંથી સેવિકામંડળને બે હજાર ફ્રાન્ક ભેટ કર્યા. ૨૯ મી તારીખે મધ્ય રાત્રિએ સૈન્ય પાછું ટ્રોય આવી પહોંચ્યું. સવાર પડતા પહેલાં ત્યાંથી આગળ કુચ શરૂ થઇ. નેપોલિયન તેના રક્ષકો

સાથે સૌથી આગળ ચાલતો હતો. પંદરેક માઇલ ચાલ્યા પછી તેના મનની અધીરાઇ એટલી વધી પડી કે નશીબજોગે મળી ગએલી એક ગાડીમાં બેસીને તે સેન્સ ગયો. ત્યાંના આગેવાનોને પાછળ આવતા લશ્કરને માટે જમવાનું તૈયાર કરવાની આજ્ઞા આપીને તે અંધારી રાતે ઘોડેસ્વાર થઇ ફોન્ટેન્બ્લો તરફ ચાલતો થયો.

બરાબર આજ વખતે પારિસમાં ભયાનક ઘટના થઇ રહી હતી. શત્રુસૈન્ય તોપનો ગોળો પહોંચે એટલે અંતરે આવી પહોંચ્યું હતું. જનરલ મોર્ટિયર અને માર્મોન્ટે મરણીઆ થઇને બચાવ કર્યો પણ વ્યર્થ ગયો. તેમનો દારૂગોળો ખૂટી પડયો; શત્રુના ભયંકર આક્રમણથી તેમનાં સૈન્ય છિન્નભિન્ન થઇ ગયાં. શત્રુસૈન્યે તેમને મારી હઠાવી પારિસની શેરીઓમાં ધકેલી દીધા. બહાદૂર માર્મોં હાથમાં ભાગલી તલવાર લઇ શત્રુની સાથે તસુ તસુને માટે થોભી થોભીને લઢતો હતો. તેની ટોપી અને કપડાંમાં બંદુકની ગોળીઓથી કાણાં પડી ગયા હતાં. ધૂમાડો અને દારૂની ભૂકી ઉડવાથી તેનો ચહેરો કાળો મેશ થઇ ગયો હતો. આઠ હજાર પાયદળ અને આઠ હજાર સ્વારવડે તેણે બાર કલાકસુધી પંચાવન હજાર માણસોના શત્રુસૈન્યને ખાળી રાખ્યું. શહેનશાહબાનુ, શાહજાદો અને મુખ્ય અધિકારીઓને તેણે દૂર બ્લોઇ ગામમાં નસાડી મૂક્યાં.

ત્રણ વરસનો કુમળો ખૂબસુરત શાહજાદો મહેલ છોડતાં ખૂબ રડયો. પહેલાં તો નહિ જવાની જીદ લઇ બેઠો. તેનામાં તેના બાપનો જુસ્સો હતો. તે ગુસ્સાથી લાલચોળ થતો બોલ્યો. "એ લુચ્ચાઓ મારા બાપાજીને તજી દેવા બેઠા છે. હું તો અહિંજ રહીશ. બાપાજીની ગેરહાજરીમાં હું રાજા છું."

મિત્રરાજાઓની તોપો પારિસની આસપાસની ટેકરીઓ ઉપર ગોઠવાઇ ગઇ હતી અને શેરીઓમાં ગોળા ધડાધડ વરસતા હતા. જોસેફે બચવાની આશા છોડી અને નિરપરાધી નગરવાસીઓના જાન બચાવવા તેણે ચોવીશ કલાકની મહેતલ માગી. તેજ વખતે માર્શલ માર્મો હતાશ થઇને બ્લૂચરને એવીજ મતલબનો પેગામ મોકલવા મથતો હતો. તોપોના મુખમાંથી વરસતા અગ્નિની અજસ્ર ધારાથી સાત સાત રાજદૂતો હણાયા ત્યારે બ્લૂચરને એ પેગામ પહોંચી શકયો. દરમ્યાન માર્મો નગર તરફ પાછો હઠતો હતો. તેનો એક હાથ ઘાયલ થયો હતો અને બીજો બંદુકની ગોળીથી ફાટી તૂટી નકામો બની ગયો હતો.

દરમ્યાન નેપોલિયન મારતેઘોડે અંધારી રાતે પારિસ તરફ દોડયો આવતો હતો. માર્ગમાં તેને કોઇ મળતું નહિ. બધે શૂન્યકાર હતો. દૂરનું ક્ષિતિજ શત્રુસૈન્યના તાપણાંથી ઝળહળી રહ્યું હતું. રાત્રિના બારના ટકોરા વાગતા હતા તે વખતે નેપોલિયન લાફૂર નામે ગામડામાં દાખલ થયો. ત્યાં આગળ તેને ફોન્ટેન્બ્લો તરફ જતા છૂટા છવાયા સિપાઇઓ મળ્યા.

નેપોલિયને પૂછ્યું, "આમ કેમ ? તમે પારિસ તરફ કેમ જતા નથી ?"

જનરલ બેલિયાર્ડે અંધારામાં શહેનશાહનો પરિચિત અવાજ ઓળખ્યો. તેણે કહ્યું, "પારિસ શરણ થયું છે. કાલે સૂર્યોદય પછી બે કલાકે શત્રુઓ નગરમાં પેસશે. આ સિપાઇઓ માર્મોં અને મોર્ટિયરના વિખરાયલા સૈન્યનાં અવશિષ્ટ માણસો છે. તેઓ આપના સૈન્યમાં સામેલ થવા ફોન્ટેન્બ્લો તરફ જાય છે."

આ સમાચારથી નેપોલિયનના ઉપર વજ્રપાત થયો. એક પળવારસુધી સંપૂર્ણ ચૂપકી ફેલાઇ. સંતાપથી નીપજેલા ઠંડા પરસેવાનાં ટીપાં તેના કપાળ ઉપર તરી આવ્યાં. પછી તે ઉતાવળે પગલે આમતેમ ખૂબ આંટા મારવા લાગ્યો; અને જાણે પોતાનેજ પૂછતો હોય તેમ સામા માણસના ઉત્તરને માટે જાણે થોભ્યા વગર ઉપરાઉપરિ સવાલ પૂછવા માંડ્યા—

"મારી સ્ત્રી ક્યાં છે ? મારો છોકરો ક્યાં છે ? લશ્કરનું શું થયું ? પારિસના પ્રજાકીય રક્ષકો જેઓ એકેએક માણસ મરતાસુધી નગરની દિવાલ આગળ લઢવાના હતા તે ક્યાં ગયા ?"

એક પળવાર થોભ્યા પછી અધીરા અવાજ અને ભાવસહિત તે બોલ્યો,— "હજી આખી રાત મારી છે. શત્રુઓ તો સવારેજ પેસવાના છે. ગાડી લાવો ! ગાડી ! અબઘડી દોડી જઇએ. બ્લૂચર અને શ્વાર્ઝનબર્ગના પહેલાં આપણે પહોંચી જઇએ. બેલિયાર્ડ ઘોડેસ્વારની ટુકડી સાથે મારી પાછળ આવે. આપણે પારિસની શેરીએ શેરીએ લઢીશું. મારી હાજરીથી, મારા નામથી, મારા સિપાઈઓની બહાદૂરીથી પારિસ જાગી ઉઠશે. એટલામાં પાછળ આવતું લશ્કર પણ આવી પહોંચશે. શત્રુના પાછલા ભાગ ઉપર તે તૂટી પડશે. ચાલો ! ચાલો ! હજી પાયમાલીને છેલ્લે પગથીએ પણ ફતેહને અવકાશ છે."

બેલિયાર્ડે પછી કયી શરતે પારિસ શરણ થયું છે તેની વિગત કહી. વળી નેપોલિયન પળવાર થોભ્યો અને બોલ્યો—

"શત્રુને રાજધાની સોંપી દીધી ! કેવા બાયલા ! જોસેફ પણ નાસી ગયો ! મારો સગો ભાઇ ! તેઓ તાબે થયા ! તેમના બંધુને, તેમના દેશને, તેમના રાજાને ફસાવ્યો ! યૂરોપ આગળ ફ્રાન્સની આબરૂ લૂંટાવી ! આઠ લાખની વસ્તીવાળું શહેર બંદુકોનો એક પણ બાર કર્યા વગર સોંપી દીધું ! આ ભયંકર બાબત છે. તોપખાનું ક્યાં બળી ગયું ? તેમની પાસે બસેં તોપો અને એક મહિનો ચાલે તેટલો દારૂગોળો છે. હું નથી હોતો ત્યારે એ બબુચકો છબરડા વાળી મૂકે છે."

થોડીવારમાં એક પછી એક એમ ઘણા લશ્કરી અમલદારો ત્યાં ભેગા થઇ ગયા. હવે નેપોલિયન કાંઈક શાંત પણ થયો હતો એટલે તેમને પૂછીને આફતની સઘળી વિગતથી વાકેફ થઇ ગયો. પછી કૉલેનકૉર્ટને બાજુએ લઈ જઈ કહ્યું, "એકદમ મારતે ઘોડે

એ રાજાઓની છાવણીમાં જા અને મારી સંમતિ વગર, મારી વિરુદ્ધ જે તહનામા ઉપર સહી થાય છે તે અટકાવવાનો હજી વખત છે. તને હું કુલ સત્તા આપું છું. એક પળ પણ ગુમાવીશ નહિ. હું તારી અહિંજ રાહ જોઉં છું.

કૉલેનકૉર્ટ ગયો પણ પહેરેગીરોએ તેનું નામઠામ આપવા છતાં તેને અંદર જવા ન દીધો. બે કલાકમાં તે પાછો આવ્યો. વળી તેમણે થોડીવાર મસલત કરી. પછી નેપોલિયને અત્યંત દુઃખપૂર્વક તેને કહ્યું, “ તું ફરી જા અને ઝાર અલેક્ઝાન્ડરને મળ. તને કુલ સત્તા છે. મને તારામાંજ હવે આશા છે.

આ બનાવ બન્યા પછી ઘણે વર્ષે કૉલેનકૉર્ટ એ વિષે વાત કરતાં કહે છે કે “ મારૂં માથું તપી જાય છે; મને તાવ ચઢી આવે છે. હું સો વર્ષ જીવીશ તોપણ એ બનાવ તો કદી નહિ વિસરાય. મારાં સંસ્મરણો અતિ ભયાનક છે. મારૂં શરીર તેનાથી ખવાઇ જાય છે. આટલા આટલા સંતાપ પછી કબરની શાંતિ મધુર લાગ્યા વગર રહેજ નહિ.”

રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો. કૉલેનકૉર્ટ પાછો બીજા ઘોડા પર પારિસને રસ્તે દોડી ગયો. નેપોલિયન સ્વાર થયો અને અત્યંત શોકમગ્ન સ્થિતિમાં ફોન્ટેન્બ્લોનો રસ્તો લીધો. તેના થાકેલા, નિરાશ થએલા, તથા દુઃખથી લેવાઇ ગએલા સિપાઇઓ અને સરદારો તેની પાછળ પાછળ ચાલ્યા. સવારના ચાર વાગે તેઓ ફ્રાન્સના પ્રાચીન રાજાઓના મહેલ આગળ આવી પહોંચ્યા. પોતાની પડતી થઈ ચૂકી છે તે જાણી રાજ્યત્વનું સ્મરણ કરાવનાર કોઇ પણ ચીજથી તે મનથી આઘો આઘો રહેતો હતો. ફોન્ટેન્બ્લોના રાજમહેલનાં ભવ્ય દિવાનખાનાં, જે તેની કીર્તિથી હજી શોભી રહ્યાં છે અને દેશે દેશના પ્રવાસીઓને હજી આટલે વર્ષે પણ આકર્ષે છે. તેમાં દાખલ ન થતાં તેણે એક સામાન્ય પ્રજાજનની માફક કિલ્લાના ખુણામાં એક નાનો એકાંત ઓરડો પોતાને માટે પસંદ કર્યો. અહિં તે એક પલંગપર સૂતો. તેનું ઉદાર હૈયું નહિ કલ્પી શકાય એવા દુઃખથી અત્યારે ચીરાઇ જતું હોવા છતાં તેની બાહ્યાકૃતિ શાંત અને ગંભીર હતી. ટ્રોયથી નીકળેલું તેનું સૈન્ય પણ હવે ત્યાં આવી પહોંચ્યું. તે અને પારિસથી ચાલ્યા આવેલા સિપાઇઓ મળી પચાસ હજાર માણસોનો ત્યાં જમાવ થયો. શાહેનશાહ તરફ તેમની ભક્તિ હમેશ કરતાં અત્યારે વધારે હતી અને પારિસમાં દાખલ થતા શત્રુના ત્રણ લાખ સિપાઈઓની સામે ઝુઝવા અમને લઈ જાઓ, એવા પોકાર તેઓ કરતા હતા.

प्रकरण ६० मुं–राज्यासन छोडयुं

નેપોલિયન જ્યારે અંધારામાં શોકપૂર્ણ પગલે ફોન્ટેન્બ્લો તરફ રસ્તો કાપતો હતો ત્યારે કૉલેનકૉર્ટ દોડતે ઘોડે પારિસ તરફ પ્રયાણ કરતો હતો. રાત્રિનો ઘન અંધકાર નગરની આસપાસ અર્ધગોળાકૃતિમાં પડેલા સૈન્યની તાપણીઓના પ્રકાશથી કાંઇક કમી થતો હતો. માર્ગમાં તેને અમલદારો અને સિપાઇઓનાં ટોળે ટોળાં મળવા લાગ્યાં. જ્યારે જ્યારે તેઓ તેને ઓળખતા ત્યારે તેને થોભાવી તેની આસપાસ ભેગા થઇ જતા અને અંતરના ઉમળકાથી ભરેલી અધીરાઇથી તેને ઉપરાઉપરિ સવાલ પૂછતા કે—

“ શહેનશાહ ક્યાં છે ? અમે તો રાત પડતાં સુધી લડયા. જો તે જીવતા હોય તો ફક્ત બહાર આવે અને પછી અમે જોઇ લઇએ. તેમની હવે શી મરજી છે તેજ બસ અમને જણાવી દો. શહેનશાહ અમને પારિસ લઇ જાય અને કાલે સવારને પહોર શત્રુને પારિસમાં દાખલ થવું હોય તો છેલ્લામાં છેલ્લા ફ્રેન્ચ સિપાઇના મુડદા ઉપર પગ મૂકીને દાખલ થાય. જો શહેનશાહ માર્યા ગયા હોય તો તે વાત પણ અમારાથી છુપાવો નહિ, પણ અમને શત્રુની સામા લઇ જાઓ. અમે તેમનું વેર લેશું.”

આખા લશ્કરમાં નેપોલિયનને માટે એકસરખો ઉત્સાહ જોવામાં આવતો હતો. એ સૈનિકો બધા સામાન્ય પ્રજાસમૂહમાંથી આવેલા હતા. ફ્રાન્સ તરફ તેના દુશ્મનોએ દાખવેલી અવિરત શત્રુતાને લીધે લશ્કરી સેવા ફરજીયાત કરવી પડી હતી અને તેમ થવાથી આખા રાજ્યના દરેકે દરેક ગામના લોકો ત્યાં એકઠા થયા હતા. મારેન્ગો, ફ્રેડલેન્ડ અને આસ્ટરલિટ્ઝના સંગ્રામ જીતનારા વીરો તો રશિયાના બરફમાં દટાયા હતા કે લિપ્ઝિકની દારુણ કતલમાં ખુવાર થઇ ગયા હતા. નેપોલિયનને અત્યારે અટળ પ્રીતિથી વળગી રહેનારા તરુણ સૈનિકોમાંના કેટલાક કારખાનાંમાંથી, કેટલાક ખેડુતવર્ગમાંથી તો કેટલાક શ્રીમંત વર્ગમાંથી પણ આવ્યા હતા. શહેનશાહને તેઓ પોતાના પિતાની પેઠે ચાહતા હતા. જનતાના એકનિષ્ઠ મિત્ર નેપોલિય-

નના વફાદાર અનુષંગીઓ, જેમના ચહેરા શ્રમ અને ચિંતાથી સોરાઇ ગયા હતા, કપડાં ફાટી ગયાં હતાં, જેમના જખમોમાંથી રુધિર ટપકતું હતું, તેઓ રસ્તાપર બેઠા બેઠા કે કાદવ ખૂંદતા તેમના પ્રાણાધિક પ્રિય શહેનશાહના દર્શનની રાહ જોઇ રહ્યા હતા. કૉલેનકૉર્ટ કહેતો કે શહેનશાહ જીવે છે અને ફોન્ટેન્બ્લોમાં તમારી રાહ જુએ છે; કે તરત “ શહેનશાહ ઘણું જીવો ” ના પોકાર કરતા તેઓ થાક, ભૂખ, અને જખમની વેદના ભૂલી જઈ હરખાતા હરખાતા દોડી જતા.

કૉલેનકૉર્ટે પારિસની પાસે આવી જોયું તો શહેરને શત્રુસૈન્યે ઘેરી લીધું હતું. દરેક નાકેથી તેને હડસેલી કહાડયો. સિપાઇઓને હુકમ મળ્યો હતો કે નેપોલિયનના કોઇ પણ દૂતને અંદર આવવા ન દેવા. સવાર પડી એટલે આખી છાવણી હર્ષનાદથી ગાજી ઉઠી. તોપોના ધડાકા, ધ્વજાઓના ફડફડાટ અને રણવાદ્યના અવાજો સાથે શત્રુઓનું સૈન્ય પારિસના શરમ અને અપકીર્તિથી ઝાંખા થઇ ગએલા રસ્તા પર થઇને પસાર થવા લાગ્યું. ગમગીન, અને નિરાશ થએલી જનતા તેમના સામે મૂંગે મોઢે જોઇ રહી. પરદેશી તલવારોના રક્ષણ નીચે ફરીથી રાજ્યાસનપર બેસવા આવતા બુર્બોન વંશીય શાહજાદાઓને પણ તેમણે જોયા. રાજભક્ત પક્ષે આનંદોત્સવનો દેખાવ કરવાનો કરેલો પ્રયત્ન મુડદાને લગ્નના પોશાકમાં શણગારવા જેવો હતો; કેમકે આખી પ્રજા જાતીય શરમમાં ડૂબી ગઇ હતી. મુઠીભર માખણદાસો “ રાજા ઘણું જીવો ” ના પોકાર કરતા હતા પણ પ્રજાનો મોટામાં મોટો ભાગ તો ફ્રાન્સની અવનતિ તરફ ક્રોધ અને નિરાશાપૂર્વક જોઇ રહ્યો હતો.

નેપોલિયન સામે લઢવા તૈયાર થએલા રાજાઓમાં ઝાર અલેક્ઝાન્ડર એકલાનીજ તેના તરફ કાંઈક સહાનુભૂતિ હતી. બીજા બધા જ્યારે તેને પૂરેપૂરો કચરી નાખવા અને ફ્રાન્સની ગરદનપર બુર્બોન રાજાઓની એડીઓ ઠોકી બેસાડવા તૈયાર થયા હતા ત્યારે એ એકલોજ અચકાતો હતો. જોરજુલમથી ઠોકી બેસાડેલા રાજાને પ્રજા તાબે થશે કે નહિ તે વિષે તેને શક હતો. તેણે કહ્યું કે થોડાજ દિવસપર પાંચ છ હજાર તદ્દન નવા ફ્રેન્ચ સિપાઇઓની ટુકડી મારી આંખ આગળ કપાઇને મરી ગઈ, પણ એકજવાર ‘ રાજા (આગલો રાજા) ઘણું જીવો ’ એવું બોલીને પોતાનો જાન બચાવવાની તેમણે ઇચ્છા ન કરી તે નજ કરી !

આખો દિવસ કૉલેનકૉર્ટ શહેરની પાસે એક ખેડુતના ઘરમાં ભરાઇ રહ્યો. સાંજે શત્રુસૈન્યના ઉત્સવનો કોલાહલ જરા શાંત પડવા આવ્યો ત્યારે તેણે નગરમાં પેસવાનો બીજીવાર આગ્રહપૂર્વક પ્રયત્ન કર્યો. બધી જગ્યાએ તેને નિષ્ફળતા મળી. અંતે નિરાશ થઇને તે પાછો ફરવા જતો હતો. એટલામાં રશિયાના ઝારનો ભાઈ ડ્યૂક કૉન્સ્ટન્ટાઈન સામે મળ્યો. તેણે કૉલેનકૉર્ટને તરતજ ઓળખ્યો; કેમકે તે રશિયાના દરબારમાં રાજપ્રતિનિધિ તરીકે ઘણો વખત રહ્યો હતો. ડ્યૂકે સાચી વાત કહી

દીધી કે દગાબાજ ટેલિરેન્ડ મિત્રરાજાઓને મળી ગયો છે અને તેના કહેવાથીજ નેપોલિયનના દૂતને મિત્રરાજાઓના મંત્રગૃહમાં પેસવાની મનાઇ કરવામાં આવી હતી. કૉલેનકૉર્ટની આજીજી અને તેના ભલા હૃદયને થતા દુઃખથી ડ્યૂકનું દિલ પલળ્યું. તેણે તેને પોતાનો રશિયન પોશાક પહેરાવ્યો અને અંધારાનો લાભ લઇ રશિયન સ્વારોના રસાલા સાથે એક રશિયન ઉંમરાવ તરીકે તે બધાં નાકાં વટાવી ગયો.

તેની ગાડી એકવાર જ્યાં નેપોલિયનનો નિવાસ હતો તે મહેલ આગળ ઉભી. ડ્યૂક ગાડીમાંથી ઉતર્યો અને કૉલેનકૉર્ટને રશિયન પોશાકમાં છુપાઇ રહેવાનું કહી પોતાને હાથે ગાડીનું બારણું બંધ કર્યું. નોકરોને પણ કહેતો ગયો કે કોઇને પણ ગાડી પાસે આવવા નહિ દેવો. એજ વખતે પાસેના ઘડીઆળમાં દશના ટકોરા થયા. રાજમહેલ અપાર માણસોથી ભરપૂર બનીને રોશનીથી ઝળહળી રહ્યો હતો. અનેક ગાડીઓ આવતી હતી અને જતી હતી. રશિયાનો ઝાર, પ્રશિયાનો રાજા, આસ્ટ્રિયાના રાજાનો પ્રતિનિધિ શાહજાદો શ્વાર્ઝનબર્ગ અને બીજાઓની સભા ભરાઇ હતી.

કલાકના કલાક પસાર થઈ ગયા પણ હજી ડ્યૂક ન આવ્યો. ગાડીમાં બેઠા બેઠા કૉલેનકૉર્ટ અનેક રાજ્યોના સેનાપતિઓ અને દરબારીઓની આવજા જોયા કરતો હતો. છેક સવાર પડવા આવી ત્યારે ડ્યૂક આવ્યો. તેણે કહ્યું કે ઝારને મળવાની પરવાનગી ઘણીજ મુશીબતે મળી છે. કૉલેનકૉર્ટ ગાડીમાંથી ઉતર્યો અને રશિયન પોશાકમાં છુપાઈ પોતાના રાજા અને મિત્રના શત્રુઓથી ભરેલા દિવાનખાનામાં થઇને ડ્યૂકની સાથે છેક અંદરના ભાગમાં ગયો.

તેની આકૃતિ ભવ્ય હતી અને રીતભાતમાં ખાનદાની તથા છટા ભરેલાં હતાં. મોટા મોટા રાજાઓ પણ તેના અકૃત્રિમ પ્રતાપવાન કાંતિ જોઇ નમી જતા. ઝારે તેનો વિવેક અને મમતાથી સત્કાર કર્યો. ઝાર નેપોલિયનને ચાહતો હતો. તેની સામે લડવાની તેના ઉમરાવોએજ તેને ફરજ પાડી હતી. નહિ તો નેપોલિયનના રાજનૈતિક સિદ્ધાન્તો તેને એટલા ગમી ગયા હતા કે જેથી રશિયામાં ઉદાર વિચારો દાખલ કર્યાનો તેના ઉપર આરોપ મૂકવામાં આવે છે. અત્યારે તે એકલોજ હતો. તેની સ્વાભાવિક ઉદારતા અને પોતાની હાલની વર્તણુકનો બચાવ કરવાની ઇચ્છા વચ્ચે ભારે ખેંચતાણ મચી રહી હતી.

ઝારે કૉલેનકૉર્ટના બેઉ હાથને પ્રેમથી પકડી કહ્યું, “મારા વહાલા ડ્યૂક! તમારે માટે મને ખરેખરૂં લાગી આવે છે. મને એક ભાઇ ગણીને મારા ઉપર વિશ્વાસ રાખજો. બોલો, હું તમને કયી રીતે ઉપયોગી થઈ શકું?”

“ સાહેબ, મારે પોતાને માટે કાંઇજ નહિ પણ મારા શહેનશાહમાટે બધુંય કરવું જોઇશે. ”

“ મને જેની બીક છે તે એજ વાતની છે ને? મારે ના પાડીને તમારૂં દિલ દુખવવું પડશે. નેપોલિયનમાટે મારાથી કાંઇજ નહિજ થાય. હું મારા મળતીઆ રાજાઓ સાથે વચનથી બંધાઇ ચૂકયો છું. ”

“ પણ આપ નામદારની ઇચ્છાનું પણ ઘણું વજન પડે, અને ફ્રાન્સના લાભમાં આસ્ટ્રિયા ઉતરે–કારણ કે આસ્ટ્રિયાનો રાજા તેની પુત્રી અને દૌહિત્રને રખડાવવાનું નજ ઇચ્છે–અને પછી બધાને શાંતિ મળે એવા ધોરણપર સુલેહ કરી શકાય. ”

“મારા વહાલા ડયૂક! ફ્રાન્સની ગાદી ઉપર નેપોલિયન રહે એ વાતને આસ્ટ્રિયાનો ટેકો હોઇ શકેજ નહિ. યૂરોપની સુલેહને ખાતર ને પોતાના અંગત સ્નેહને ખાતર તે પોતાના અંગત સ્નેહનો ભોગ આપવા તૈયાર છે. મિત્રરાજાઓએ પાકો નહિ ફેરવી શકાય એવો ઠરાવ કર્યો છે કે નેપોલિયનને તો હમેશને માટે ઉખેડી નાખવો. એ ઠરાવ તો ફરી શકશેજ નહિ. ”

આ સાંભળી કૉલેનકૉર્ટ ઉપર તો વજ્રપાત થયો. આ લોકો આવું પગલું લેશે તેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. વખત બારીક હતો. થોડા કલાકમાં બધું નક્કી થઇ જવાનું હતું. એક પળવાર પછી તેણે કહ્યું,—

“ ભલે તેમ. પણ શહેનશાહબાનુ અને શાહજાદાને પણ સપાટામાં લઇ લેવાં એ શું વાજબી છે? તમારા મિત્રરાજાઓ નેપોલિયનના છોકરાથી તો નજ ડરતા હોય. તેને ગાદી—”

અલેક્ઝાન્ડરે તેને બોલતો અટકાવી કહ્યું, “ અમે તેનો વિચાર કર્યો હતો પણ પછી નેપોલિયનનું શું કરવું? હમણાં તો તે તાબે થાય પણ તેનો અખૂટ ઉત્સાહ તેની તમામ શક્તિઓને પાછી સચેત કરી મૂકે અને પાછો યૂરોપમાં દાવાનળ સળગી ઉઠે. ”

“ હવે હું સમજી ગયો. શહેનશાહની પાયમાલી કરવાનોજ તેમનો નિશ્ચય થઇ ચૂકયો છે. ”

“ તેમાં દોષ કોનો? આ ભયાનક પરિણામ અટકાવવા માટે મેં શું શું નથી કર્યું? મેં તેને કહ્યું હતું કે ‘ અપમાનથી કાયર થએલા રાજાઓ તમારી સત્તા તોડવા એકસંપી કરી રહ્યા છે. તેમાં એકજ સહીની ઉણપ છે અને તે મારી છે.’ જવાબમાં એણે મારી સાથે લડાઇ જાહેર કરી, છતાં તેના તરફ ક્રોધ લાવવા જેવું મારા હૃદયમાં કશું નથી. તેનું નસીબ મારા એકલાના હાથમાં હોત તો ઘણું સારૂં થાત. ”

“ ઉદારશ્રેષ્ઠ નૃપતિ! આવા મોટા માણસને માટે હું આપની મદદ માગી રહ્યો છું અને મને ખાત્રી છે કે હું મિથ્યા નથી માગતો. આપજ તેનો બચાવ કરો. આ ઉદાર કામ આપને શોભે એવું છે. ”

“ હું પણ ઇચ્છું છું કે હું તેમ કરૂં; પણ તેમાં કાંઇ વળે એમ નથી. બુર્બોન

રાજકુટુંબને ફરી ગાદી આપવાની અહિંના એક વગવાળા પક્ષની ઇચ્છા છે. એ રાજાઓ ગાદીએ આવે તો ફરી લડાઇ જાગવાનો સંભવ અમને લાગતો નથી. નહિ તો ફ્રેન્ચ પ્રજાની મરજી વિરુદ્ધ એ રાજાઓને ગાદી ઉપર ઠોકી બેસાડવાની અમારી મરજી થાત નહિ. તેમને પોતાનો રાજા પસંદ કરવાની મારા જાહેરનામામાં ફુલ સત્તા આપવામાં આવી છે. મને ખાત્રી થઇ કે ફ્રાન્સને એ રાજાઓ જોઇએ છે. પ્રજાનો અવાજ તેમને પાછા બોલાવે છે.”

“સાહેબ ! આપને ઘણીજ ખોટી ખબર આપવામાં આવી છે. એ રાજાઓને ફ્રાન્સ સાથે કશીજ લેવા દેવા નથી. લોકો તેમને ચાહતાજ નથી. જે કૃતઘ્ન માણસો નેપોલિયનનું કાસળ કહાડી નાખવા માગે છે તેઓ પ્રજાના પ્રતિનિધિઓ નથી. જો આપને પ્રજાની મરજી જોવી હોય તો દરેક મ્યુનિસિપાલિટિની ઑફિસમાં મતપત્રો ખુલ્લાં મૂકી દો. પછી પ્રજા કોને પસંદ કરે છે તે માલમ પડે.”

અલેક્ઝાન્ડરના મનપર આ દલીલની અસર થઇ. તેણે કહ્યું:—

“તમે કહો છો તે ખરૂં લાગે છે. તમારી સૂચવેલી રીત સારામાં સારી છે; પણ એમાં ઘણો વખત જાય. અમારાથી અહિં ઘણું થોભાય એમ નથી. અમારે છેલ્લો ઠરાવ કરી નાખવાની જરૂર છે. છૂટકો નથી. મિત્રરાજાઓની આસપાસ ખુશામતીઆઓ પડ્યા ને પાથર્યાજ રહે છે; અને બુર્બોન રાજાઓને ફરી રાજા બનાવવાની વાત તેમના મન ઉપર ઠસાવ્યા કરે છે. આસ્ટ્રિયા નરેશ ગેરહાજર છે એ પણ નસીબનો અવળો પાસો છે. નેપોલિયનના છોકરાને રાજા બનાવવાની હું દરખાસ્ત લાવું પણ કોઈ મને ટેકો નહિ આપે. તમને હું નહિ મળું એવું મારી પાસે તેમણે કબૂલાવ્યું તે સકારણ હતું. તમારા દિલનો પ્રેમ, જેનાથી કરીને તમને અત્યારે લાગી આવે છે તે ચેપી છે. તમે મારી ઉદાર વૃત્તિઓને જાગૃત કરી છે. ઠીક છે, હું યત્ન કરી જોઇશ. કાલની સભામાં હું રાજપ્રતિનિધિ નીમવાની વાત કહાડીશ; તોપણ તમને અત્યારથી આશા નથી આપતો. જોઇએ શું થાય છે.”

હવે સવારના ચાર વાગવા આવ્યા હતા. જે ઓરડામાં આ અગત્યની વાતચીત થઇ તે નેપોલિયનનો સૂવાનો ઓરડો હતો. તેની પાછળ એક બીજો નાનો ઓરડો હતો જેમાં તે વાંચવા લખવા બેસતો. ઝારે કૉલેનકૉર્ટને એ ઓરડામાં સંતાઇ રહેવાનું કહ્યું. તે અત્યંત થાકેલો હોવાથી ઉંઘી ગયો. જાગ્યો ત્યારે આઠ વાગ્યા હતા. તેણે બારીના ચકમાંથી જોયું તો બગીચો લશ્કરથી ભરાઇ ગયો હતો. તેનાથી આ દેખાવ ન સંખાયો એટલે અંદર ડોકું ખેંચી લીધું.

તેણે આસપાસ જોયું તો નેપોલિયને તે ઓરડો જેવી સ્થિતિમાં છોડયો હતો તેવોજ તે અત્યારે પણ હતો. ટેબલપર રશિયાના નકશા, લડાઈની યોજનાઓ અને અધૂરાં લખાણ હતાં. કૉલેનકૉર્ટે પુસ્તકો અને નકશા ગોઠવી દીધા અને કાગળીઆંનો

નાશ કર્યો. આખો દિવસ તે ઝારના ઓરડામાં ભરાઇ રહ્યો.

સાંજના છ વાગે ઝાર આવ્યો. તેણે કહ્યું, "તમારી ખાતર મેં આજે એલચીનો પાઠ ભજવ્યો. ગમે તેમ બીજી મુશ્કેલીઓ ઉભી કરીને આખરે મેં તમારાવાળી વાત કબૂલ કરાવી છે. માટે જલદી નેપોલિયન પાસે જાઓ; તેને અહિંની સ્થિતિથી વાકેફ કરો. તેના પુત્રના લાભમાં તેનું રાજીનામું લઇને ચાલ્યા આવો."

"સાહેબ! પણ નેપોલિયનનું પોતાનું શું કરવા ધાર્યું છે?" કૉલેનકૉર્ટે દયામણા અવાજે પૂછ્યું.

"તમે મારો સ્વભાવ જેટલે અંશે જાણો છો તેટલા પરથી તમારી ખાત્રી હોવી જોઇએ કે હું તેનું અપમાન તો નહિજ થવા દઉં. ગમે તે નિર્ણય આવે તોપણ તેના તરફ વિવેકભર્યું વર્તન રખાશે. જલદી જઇ આવો. ખાસ કારણસર તાકીદ કરૂં છું."

બરાબર મધ્યરાત્રિએ કૉલેનકૉર્ટ ફોન્ટેન્બ્લો પહોંચ્યો. મહેલના આંગણામાં પડેલા સિપાઇઓ લડાઇમાટે અધીરા બન્યા હતા. તેમનામાં અતિશય ક્રોધ વ્યાપી ગયો હતો અને અમને લડવા લઇ જાઓ એવાં બૂમરાણ મચાવતા હતા. કૉલેનકૉર્ટને તેઓ નેપોલિયનનો એકનિષ્ઠ મિત્ર માનતા હોવાથી તેને 'શહેનશાહ ઘણું જીવો' ના પોકારથી તેમણે આવકાર આપ્યો.

નેપોલિયન હજી તેજ ઓરડામાં બેઠો બેઠો કાંઇક લખતો હતો. કૉલેનકૉર્ટ કહે છે, "એકજ દિવસમાં તેના શરીરને દશ વર્ષનો ઘસારો લાગ્યો હતો. તેના જોરથી બીડાયલા હોઠ તેના અંતરની વ્યથાનો ખ્યાલ આપતા હતા."

તેણે પૂછ્યું, "શું થયું? ઝારને મળ્યા? તેણે શું કહ્યું?"

કૉલેનકૉર્ટ દુઃખથી એટલો વ્યગ્ર થઈ ગયો કે તે બોલી શક્યો નહિ. નેપોલિયને કંપતા હાથે તેનો હાથ પકડી કહ્યું:—

"બોલ, કૉલેનકૉર્ટ, બોલ. હું માઠામાં માઠા સમાચાર માટે પણ તૈયાર છું."

કૉલેનકૉર્ટે બોલવા માંડયું, "સાહેબ, હું ઝારને મળી આવ્યો. તેનાજ ઓરડામાં હું ચોવીસ કલાક છુપાઇ રહ્યો. તે તમારો શત્રુ નથી. તે એકલોજ તમારા લાભમાં ઉતરે એવો છે."

નેપોલિયને સંદેહસૂચક માથું હલાવી પૂછ્યું—

"તેની શી મરજી છે? તેમનો શો મનસુબો છે?"

કૉલેનકૉર્ટે ગદ્ગદ સ્વરે કહ્યું, "સાહેબ, આપ નામદારને ભારે ભોગ આપવો પડે છે—આપના પુત્રને રાજ્યાસન સોંપી નિવૃત્ત થવાનો."

એક પળવાર નેપોલિયન ચૂપ રહ્યો. પછી અંતરના અગ્નિથી ધગધગતા શબ્દોમાં તે બોલ્યો—

"એનો અર્થ એ કે તેઓ મારી સાથે સલાહ કરવા નથી માગતા. મારી તલવારના બળથી પ્રાપ્ત કરેલું રાજ્યપદ તેઓ મારી પાસેથી છીનવી લેવા માગે છે? તેઓ મને એક ગુલામ જેવો, સૌના તિરસ્કાર અને મશ્કરીને પાત્ર બનાવવા માગે છે કે જેથી કરીને સડી ગએલાં રાજ્યાસનો ઉપર બેઠેલા માટીનાં પૂતળાં જેવા કાયદેસર રાજાઓને પોતાની બુદ્ધિના બળથી ડરાવવાની કોઇ હિંમત ન કરે; અને આ સમાચાર મને કહેનાર, કૉલેનકૉર્ટ! તુંજ તેમને મળી આવ્યો?"

થોડીવાર નેપોલિયને ઓરડામાં જોરથી આંટા માર્યા; પછી જાણે થાકી ગયો હોય તેમ તે ખુરશીપર બેસી પડ્યો, અને હાથવડે મોં ઢાંકી દીધું. પછી તે થોડીવારે બોલ્યો--

"કેમ ભાઇ, તારામાં આગળ બોલવાની હિંમત નથી? તારા એલેક્ઝાન્ડરે શું કહેવડાવ્યું છે તે તો કહી દે."

આ સખત શબ્દોથી કૉલેનકૉર્ટના હૃદયમાં ઉંડો જખમ વાગ્યો. તેણે કહ્યું, "સાહેબ, તમને મારી દયા નથી. આ ફટકો જે તમને હમણાં વાગે છે તેણે મારા હૃદયને તો ક્યારનુંએ ચીરી નાખ્યું છે." નેપોલિયન તરતજ હાર્યો. તેણે અત્યંત મમતાભર્યા શબ્દોમાં કહ્યું, "મારી ભૂલ થઇ. એકસામટી આફતો મને ઘેરી લે છે ત્યારે મારૂં મગજ ખોપરી ભાંગીને બહાર નીકળવા જોર કરતું હોય એમ મને થાય છે. મારા મગજનું બંધારણ એટલું મજબૂત છે કે મોટી મોટી લડાઇઓ અને જોખમોના આચકા સામે જે આજસુધી ટકી રહ્યું છે, તે ઉપરાઉપરિ પડતા ફટકા હવે નથી ખમી શકતું. તારી વફાદારીમાં મને શ્રદ્ધા છે."

કૉલેનકૉર્ટે કહ્યું, "સાહેબ, હું થાકી ગયો છું. તમે છેવટના નિર્ણયપર આવો તે પહેલાં તમને બધી વિગતથી વાકેફ કરવા જોઇએ. મારી હાલની સ્થિતિમાં મારાથી તે નહિ બને."

નેપોલિયને તેને આરામ લેવાની રજા આપી. દશ વાગે તેને બોલાવ્યો અને ખુરસી આપી કહ્યું, "બોલ, તેમને શું જોઇએ છે? આપણી પાસેથી કયી કયી સરતો કરાવી લેવી છે?"

કૉલેનકૉર્ટે પછી વિગત કહેવા માંડી. બુર્બોન રાજાઓને ગાદીએ બેસાડવાની બાબતમાં મિત્રરાજાઓની સભામાં થએલી ચર્ચાની વાત આવી એટલે નેપોલિયન એકદમ ઉભો થઇ ગયો અને બોલ્યો—

"તેઓ ગાંડા થઇ ગયા! બુર્બોન રાજાઓ ફ્રાન્સની ગાદીએ! એક વરસ પણ નહિ નભે! તેમને આખી પ્રજા ધિક્કારે છે; અને લશ્કરનું શું? મારા સિપાઇઓ તેમને કદિ પણ તાબે નહિ થાય. જે રાજાઓ વીશ વીશ વરસ સુધી પરરાજ્યોના રોટલા ખાઇને સ્વદેશની ખોદણી કરતા અને તેનું નુકસાન કરવાનોજ ઘાટ ઘડતા

તેમને ગાદીએ બેસાડવા ! એમાં એકલું ગાંડપણ નહિ પણ ફ્રાન્સ ઉપર દરેક પ્રકારનું દુઃખ નાખવાનો પણ સ્પષ્ટ હેતુ છે. શું તેઓ ગંભીરપણે આવો વિચાર કરે છે ?

કૉલેનકૉર્ટે ઉપલો હેતુ પાર પાડવા શાં શાં કાવત્રાં રચાયાં હતાં તેની બધી વિગત કાંઇ પણ છાનું રાખ્યા વગર કહી.

નેપોલિયન કહે, " ચાલો પાછા આપણે મૂળ વાતપર આવીએ. તેમને મારૂં રાજીનામું જોઇએ છે. હું રાજીનામું આપું તો રાજ્યાસન મારા પુત્રને અને રાજપ્રતિનિધિત્વ શહેનશાહબાનુને મળે. રાજ્યપદનો ત્યાગ કરવાનો મારો અધિકાર છે ખરો ? બધી આશાઓ નિર્મૂળ થતા સુધી તેમ કરવું વ્યાજબી પણ ગણાય ? હજી મારી પાસે પચાસ હજાર માણસો છે તેઓ હજી મને પોતાનો રાજા માને છે. તેઓ પારિસ જઇને લડવા ટમટમી રહ્યા છે. મારી તોપોના ધડાકાથી પારિસના પ્રજામાં શૌર્યનો સંચાર થશે; તેમનો પ્રજાકીય જુસ્સો ભભૂકી ઉઠશે; અને નગરમાં પરદેશીઓ મહાલે છે તે અપમાનનો ડંખ તેમને ખુંચશે. એકવાર ફતેહ મળ્યા પછી હું રાજ્યાસન નહિ છોડું—માત્ર ફ્રાન્સના લોકો મને છોડવાનું કહે તોજ છોડૂં. ચાલ, બાર વાગ્યા છે. મારે લશ્કરની તપાસ લેવી છે."

નેપોલિયનની આશાઓ હવાઇ કિલ્લા જેવી હતી અને શત્રુઓના બળ આગળ હવે તેનું કાંઈ ચાલે એમ નથી એ કૉલેનકૉર્ટ જાણતો હતો અને તેથી તેની ચિંતા વધતી હતી.

શહેનશાહને જોઇ સિપાઇઓ ખુશ ખુશ થઇ ગયા. " પારિસ લઇ જાઓ—અમને પારિસ " એવા પોકાર ચારે દિશાએથી થવા લાગ્યા.

નેપોલિયને કહ્યું, " હા, મારા મિત્રો, આપણે પારિસને છોડવવા જઇશું. કાલે જઇશું. "

આ વાકય પૂરૂં થતાંજ " શહેનશાહ ઘણું જીવો " એવા કાન બહેરા કરી નાખે એવા પોકારથી આકાશ ગાજી રહ્યું. સિપાઇઓમાં ફેલાઇ ગએલો અદમ્ય ઉત્સાહ જોઇને કૉલેનકૉર્ટને પણ લાગ્યું કે નેપોલિયનને હજી કાંઇક અવકાશ છે તો ખરો. તેણે ઘોડેથી ઉતરતાં કૉલેનકૉર્ટને પૂછ્યું, " કેમ ? હવે તારો શો વિચાર થાય છે ? " તેણે ઉત્તર આપ્યો, " આ બાબતનો નિર્ણય આપે એકલાએજ કરવો ઘટે છે. " પોતાની ખરી સ્થિતિની હજી નેપોલિયનને ખબર ન હતી. તરુણ સરદારો જેમને હજી કીર્તિ મેળવવાની બાકી હતી તેઓ પારિસ જવા એકકે પગે તૈયાર હતા; પણ ઘરડા સરદારો જેઓ કીર્તિ અને દોલત બેઉ મેળવી ચૂકયા હતા અને તેમને જાળવી રાખવા ઈન્તેજાર હતા, તેઓ જાણતા હતા કે હવે કાંઈ વળે એમ નથી તેથી ચૂપજ રહેતા. ધારાસભાનો પ્રમુખ ટેલીરેન્ડ હવે સામા પક્ષમાં ભળી ગયો હતો અને તેણે પોતાની લાગવગથી નેપોલિયનને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ ધારાસભામાં પસાર

કરાવ્યો. નેપોલિયને એ ઠરાવની પરવા પણ ન કરી, કારણ કે તેને ધારાસભાએ નહિ પણ લોકોએ રાજા બનાવ્યો હતો; પરંતુ એ ઠરાવની માઠી અસર એ થઇ કે લોકો હતાશ થયા, રાજભક્તોને જોર આવ્યું અને લશ્કરની વલણ ઉપર પણ ઘણી ખરાબ અસર નીપજી.

બીજે દહાડે બપોરે લશ્કરની તપાસ લીધા પછી નેપોલિયને ફોન્ટેનબ્લોમાં હતા તેટલા મુલ્કી અને લશ્કરી અમલદારોની સભા કરી. તેમાં તેને ભારે નિરાશા મળી. તેના ભારેમાં ભારે વગવાળા સરદારોએ પ્રથમ મુશ્કેલીઓ બતાવવા માંડી, પછી વાંધા દર્શાવવા માંડયા અને આખરે એમ પણ કહ્યું કે હવે કાંઇ વળે એમ નથી.

જો તેણે બહાર આવીને જુવાન અમલદારોના મત લીધા હોત તો એકે એક માણસ જવા ઉભો થાત અને સિપાઇઓ આગળ ગયો હોત તો તેને હર્ષનાદથી વધાવી લીધો હોત; પણ પોતાની આસપાસનાં માણસોની જડતા જોઇ તે નિરાશ થયો અને નીચેના ભવિષ્યસૂચક શબ્દો બોલ્યો—

" તમારે આરામ લેવો છે તો લો. હું લેવા દઇશ; પણ તમારા આરામના બિછાનામાં કેટલો ભય, કેટલું સંકટ છે તે તમે નથી જાણતા. આટલી ભારે કિંમતે જે આરામ તમે ખરીદો છો તેનાથી થોડાંજ વર્ષમાં ખૂનરેજી જાગી ઉઠીને લડાઇ કરતાં પણ વધારે જાનની ખુવારી થશે. "

એમ કહી તે પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. થોડા કલાક માણસજાતથી નહિ સહન થઇ શકે એવો સંતાપ સહન કર્યા પછી તેણે કૉલેનકૉર્ટને અંદર તેડાવ્યો. તે વખતે તેની કાંતિમાં ભયંકર ફેરફાર થઇ ગયો હતો; તોપણ વર્તનમાં શાંતિ અને દૃઢતા હતાં. તેણે ટેબલમાંથી પોતાનું રાજીનામું કહાડી કૉલેનકૉર્ટને આપતાં કહ્યું, " મારા મિત્ર ધીરજ રાખ. આ કૃતઘ્ન લોકો ભલે જીતશે પણ તેમના કૃત્યને માટે પસ્તાશે. "

રાજીનામું નીચે મુજબ હતું:—

" મિત્રરાજાઓએ જાહેર કર્યું છે કે સુલેહના માર્ગમાં માત્ર શહેનશાહ નેપોલિયનજ વિઘ્નકર્તા છે, તો શહેનશાહ નેપોલિયન પોતે લીધેલા સોગંદનું પાલન કરવા માટે પોતે જાહેર કરે છે કે હું રાજ્યાસનપરથી ઉતરવા તૈયાર છું. મારા દેશના ભલાને ખાતર ફ્રાન્સ તો શું પણ જીંદગી છોડવા તૈયાર છું. માત્ર એટલીજ સરતે કે રાજ્યાસન મારા પુત્રને અને રાજપ્રતિતિધિત્વ શહેનશાહબાનુને મળે અને રાજ્યના કાયદાઓનું પાલન થાય.

સને ૧૮૧૪ ના એપ્રિલની ૪થી તારીખે અમારા ફોન્ટેનબ્લોના મહેલમાં લખાયું."

માર્શલ મેકડોનલ્ડ અને માર્શલ ને, એ બે સરદારોને નેપોલિયને પોતાના તરફથી કમીશનર નીમ્યા. તેમણે કહ્યું, " સાહેબ, અમે આપને પોતાને માટે અમુક સરતો

કરાવી લેવા આગ્રહ કરીએ. ? ”

નેપોલિયને તરતજ જવાબ આપ્યો, “ મારે માટે તો કાંઇજ બોલતા ના, પણ ફ્રાન્સને માટે સારામાં સારી સરતો માગી લેજો. મારે પોતાને કશું માગવું નથી. ”

ટ. : ગયા પછી નેપોલિયને માર્શલ મામોંને બોલાવી લાવવા એક અમલદારને મોકલ્યો. તે બાર હજાર સિપાઇઓ સાથે પારિસ અને ફોન્ટેન્બ્લોની બરાબર વચ્ચે આવેલા ઇસોન ગામને સાચવીને બેઠો હતો. તે અમલદાર મોડી રાત્રે દોડતેઘોડે પાછો આવ્યો અને સમાચાર લાવ્યો કે મામોં પોતાના સૈન્ય સાથે શત્રુઓને મળી ગયો છે અને સૈન્યને છેતરીને શત્રુનાં સૈન્યની વચમાં ફસાવી દીધું છે. એટલે હવે તો ફોન્ટેન્બ્લો અરક્ષિત થઇ ગયું.

પ્રથમ તો નેપોલિયને આ વાત માનીજ નહિ; પણ પછી જ્યારે તેને વારંવાર કહેવામાં આવ્યું કે એ;વાત સાચીજ છે ત્યારે તે ખુરસીપર ફસાઇ પડયો અને સાંભળનારની આંખમાંથી આંસુ આવે એવા ઉદ્ગગાર કહાડવા લાગ્યો. “ તે ! મારો શિષ્ય ! મારા બાળક જેવો ! કૃતઘ્ન ! ભલે, મારા કરતાં તે વધારે દુ:ખી થશે ! ”

માર્શલ મામોંએ શત્રુના હાથમાં સૈન્યને સોંપી દેવા માટે પોતાના તાબાના અમલદારોને બોલાવ્યા. તેઓ બધા શહેનશાહને માટે જાન આપે એવા હોવાથી તેમને કહ્યું કે આજે શહેનશાહ પારિસ તરફ કુચ કરવાના છે માટે આપણે આગળ ચાલો. “શહેનશાહ ઘણું જીવો” ના પોકાર સાથે તેઓ આખા લશ્કરસહિત તૈયાર થઇ ગયા. અંધારી રાત્રે માર્શલ મામોં તેમને શત્રુની છાવણીના મધ્ય ભાગ સુધી લઇ ગયો. સવારમાં તેમણે જ્યારે પોતાની આસપાસ રશિયન તોપો અને લશ્કરની ટુકડીઓ ગોઠવાયલી જોઈ ત્યારેજ તે લશ્કરને ખરી સ્થિતિનું ભાન થયું. એકેએકના મોંમાંથી ક્રોધ અને શોકના ઉદ્ગગાર નીકળવા લાગ્યા. લશ્કરનો પાછલો ભાગ ચેતી ગયો એટલે તે તો છેલ્લી ઘડીસુધી શહેનશાહને બચાવવાનું વ્રત લઇને ઇસોનના પૂલ આગળજ ઉભો રહ્યો.

સરદારો આ દગો જોઇને ક્રોધે ભરાયા. સિપાઇઓ પણ ક્રોધથી ગાંડા જેવા થઇ ગયા. કર્નલ ઓડિનરે બીજા બધા સરદારોને બોલાવ્યા. તેમણે કર્નલ ઓર્ડિનરને પોતાનો સરદાર બનાવ્યો અને આખું ફ્રેન્ચ સૈન્ય ખીજવાયલા સિંહની માફક જીરપર આવીને, ચારે બાજુએ અસંખ્ય શત્રુસૈન્ય હોવા છતાં નેપોલિયન પાસે પાછા જવા ચાલી નીકળ્યું.

આ ખબર જાણીને મામોં તેજમાં તેજ ઘોડાપર સ્વાર થયો અને પાછા વળતા લશ્કરને તેણે પકડી પાડયું.

તેણે ઓર્ડિનરને દૂરથી બૂમ મારી કહ્યું, “ ઉભા રહો, નહિ તો હું તમને પોતાની મેળે સેનાપતિ થઇ પડવા માટે લશ્કરી કાયદા પ્રમાણે શિક્ષા કરાવીશ. ”

ઓર્ડિનરે જવાબ આપ્યો, " તમારાથી થાય તે કરી લેજો; પણ એવો કાયદો નથી કે લશ્કરે પ્રપંચને પણ તાબે થવું અને કાયદો હોય તોપણ આમાંથી કોઇ માને એમ નથી. "

પછી માર્મોંએ સિપાઇઓને સમજાવ્યા. પોતાના જખમનાં ચામઠા બતાવ્યાં; છેલ્લી લડાઇના નહિ રૂઝાયલા ઘા બતાવ્યા અને કહ્યું કે સલાહ થઇ ગઇ છે તેથી તમે ત્યાં જશો તો તમને અને શહેનશાહને નુકસાન થવાનું નથી. છેવટે કહ્યું કે તમે મને–તમારા સેનાપતિને છોડી જાઓ તે પહેલાં મને મારી નાખો. સિપાઇઓને આજ્ઞા માનવાની ટેવ પડેલી હોવાથી તેમણે આ શબ્દો સાચા માન્યા અને પાછા શત્રુસૈન્યની વચ્ચે જઇને તેઓ ઉભા રહ્યા.

દરમ્યાન પેલા ત્રણ કમીશનરો નેપોલિયનનું રાજીનામું લઇ પારિસ ગયા. ઉપર કહેલા દગાની તેમને કશી ખબરજ ન હતી. કૉલેનકૉર્ટ પોતાના સોબતીઓને છોડીને સીધોજ અલેક્ઝાન્ડર પાસે ગયો. તેણે તરતજ જણાવી દીધું કે વસ્તુસ્થિતિ ફરી ગઇ છે.

કૉલેનકૉર્ટ કહે, " સાહેબ, હું નેપોલિયનનું રાજીનામું લઇને આવ્યો છું. આર્શલ ને અને મેકડોનલ્ડ કમીશનર તરીકે આવ્યા છે. રીતસરનુંજ કરવાનું તે થઇ ગયું છે. હવે તો સુલેહનો દસ્તાવેજ ઘડી તેના પર સહી કરવાનુંજ બાકી છે. "

ઝાર કહે, " ઓ મારા વહાલા ડ્યૂક, તમે મારી પાસેથી ગયા તે વખતે નેપોલિયનની સ્થિતિ સામા પક્ષને ડર ઉપજાવે એવી હતી. તેનું લશ્કર, લશ્કરનો તેનાપર નિઃસીમ પ્રેમ, તેની પોતાની હિંમત અને કુશળતા, એ બધાં ડરાવે તેવાં હતાં; પણ આજે તે સ્થિતિ રહી નથી. "

કૉલેનકૉર્ટે કહ્યું, " આપ નામદારની ભૂલ થાય છે. હજી શહેનશાહ નેપોલિયન પાસે માત્ર થોડાજ માઇલના વિસ્તારમાં એંશી હજાર માણસો છે. તેઓ પારિસ ઉપર ચઢી આવવા ટમટમી રહ્યાં છે; અને શહેનશાહના રક્ષણમાટે એમાંનો છેલ્લો સિપાઇ મરતાં સુધી તેઓ પાછી પાની કરે એવા નથી. તેમના દાખલાથી પારિસમા પણ નવચેતન આવે. "

ઝાર કહે, " તમને વ્યથા આપવા માટે દિલગીર છું પણ તમને બદલાયલી સ્થિતિની ખબર નથી. ધારાસભાએ નેપોલિયન પાસેથી રાજ્યાસન લઇ લેવાનો ઠરાવ પસાર કર્યો છે. દરેક ઠેકાણેના સેનાપતિઓ અને નાયકો નવા રાજ્યતંત્ર તરફ વફાદારીના સંદેશા મોકલવા લાગ્યા છે. ધારાસભાની આજ્ઞા માથે ચડાવવાના બહાના હેઠળ તેઓ અત્યારે પોતાના કમનસીબ શહેનશાહને તજી દઈ પોતાની સ્થિતિ સલામત કરવાની આતુરતા છુપાવે છે. આવી કૃતઘ્ન દુનિયા છે. અત્યારે, આપણે વાત કરીએ છીએ તે વખતે ફોન્ટેન્બ્લો અરક્ષિત થઇ ગયું છે અને નેપોલિયન અમારા કબજામાં છે. "

કૉલેનકૉર્ટ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. તેણે કહ્યું, “ આ, બોલો છો શું? વળી પાછા નવા દેશદ્રોહીઓ જાગ્યા ? ”

ઝારે વિચારપૂર્વક કહ્યું, “ ઇસોન ખાલી થઇ ગયું છે. મામોં અને તેનું સૈન્ય બેઉ અમારી પાસે આવી ગયાં છે. ”

આ સમાચારથી કૉલેનકૉર્ટના ઉપર વજ્રપાત થયો. તેણે શોકાતુર સ્વરે કહ્યું, “ મને આપની ઉદારતા સિવાય હવે બીજા કશાની આશા નથી. ”

અલેક્ઝાન્ડર કહે, “ જ્યાં સુધી નેપોલિયનને તેના લશ્કરનો ટેકો હતો ત્યાંસુધી તેના શત્રુઓની સભા જરા તરા ડરતી હતી; પણ હવે તેના સેનાપતિઓ, સરદારો અને સિપાઇઓ તેને છોડતા જાય છે, તેથી હવે તેમની દૃષ્ટિમાં ફેર પડી ગયો છે. ફોન્ટેન્બ્લો શહેર પણ હવે અગત્યનું લશ્કરી મથક નથી રહ્યું. ત્યાંના આગેવાનોએ પણ વફાદારીના પત્રો લખી મોકલ્યા છે. હવે તમે પોતેજ વિચાર કરો કે મારે શું કરવું? ”

કૉલેનકૉર્ટ એટલો બધો ગુંચવાઈ ગયો કે તેનાથી કશો ઉત્તર ન અપાયો. અલેક્ઝાન્ડરે કહ્યું, “ જે માણસોએ તેમની દોલત, તેમની કીર્તિ, તેમનું સર્વસ્વ નેપોલિયનદ્વારા મેળવ્યું છે તે નીચ કૃતઘ્નીઓએ આજે તેને ફસાવ્યો છે. અમને રાજાઓને આમાંથી ધડો લેવાનો છે; પણ હિંમત રાખજો. હું તમારા પહેલાં સભામાં જઇશ અને મારાથી બની શકે તેટલું દબાણ કરીને હું તેને એલ્બા અથવા એવા કોઇ ટાપુનું રાજ્ય અને શહેનશાહની પદવી એટલું તો અપાવીશજ. ”

કૉલેનકૉર્ટ ત્યાંથી ઉઠીને પોતાના સોબતીઓ પાસે ગયો, પણ માર્શલ મામોંએ કરેલા દગાની વાત કહેવાની તેની જીભ ન ચાલી. તેઓ ત્રણે સભગૃહમાં ગયા. ત્યાં ફ્રાન્સની સાથે શત્રુતા રાખનારાં તમામ રાજ્યોના મોટા મોટા પુરુષો એકઠા થયા હતા. અલેક્ઝાન્ડર પ્રશિયાના રાજા સાથે બારીમાં ઉભો ઉભો વાત કરતો હતો, અને દેશદેશના દરબારીઓ રસ લઇ લઇને વાતો કરતા હતા.

ફ્રેન્ચ કમીશ્નરો દાખલ થયા એટલે તેમની વાતો અટકી. અલેક્ઝાન્ડર અને પ્રશિયાનો રાજા એક લાંબા ટેબલ આગળ બેઠા અને બીજા બધા પણ પોતપોતાની જગ્યાએ બેસી ગયા. આસ્ટ્રિયાનો રાજા પોતાના જમાઇની પાયમાલીની પૂર્ણાહુતિ વખતે હાજર ન રહેવાય તો સારૂં, એમ સમજીને ગેરહાજર હતો. ઈંગ્લંડનો પ્રતિનિધિ લૉર્ડ કાસલરે હજી આવ્યો ન હતો. કૉલેનકૉર્ટે નેપોલિયનનું રાજીનામું રજૂ કર્યું. એક પળવાર તો ગંભીર ચૂપકી ફેલાઇ. પછી પ્રશિયાનો રાજા બોલ્યો,

“ હવે ચાલુ સ્થિતિમાં શહેનશાહ નેપોલિયન સાથે સુલેહ થઇ શકે એમ નથી. ફ્રાન્સની તેના અસલી રાજાઓને પાછા બોલાવવાની ઇચ્છા છે એવી સાબિતીઓ બધી બાજુએથી મળતી જાય છે. ”

આના જવાબમાં મેકડોનલ્ડ બોલ્યો, " અમારા શહેનશાહને રાજ્યાસન ફ્રાન્સની પ્રજાએ આપેલું છે. સર્વત્ર સુલેહ પ્રવર્તાવવાની ખાતરજ તે રાજ્ય છોડે છે. મિત્ર રાજાઓ એમ કહે છે કે તે એકલાજ સુલેહના માર્ગમાં વિઘ્નકર્તા છે, તો પોતાના દેશના હિતની ખાતર પોતાની જાતને તે ખુશીથી હોમી દે છે; પણ જો મિત્રરાજાઓ તેના પુત્રનો રાજ્યાસન ઉપરનો હક્ક મંજૂર નહિ રાખે તો તેમાંથી ભારે માઠું પરિણામ આવશે. અમારૂં લશ્કર તેના માલિકના હકકના રક્ષણમાટે શરીરમાં લોહીનું ટીપું હશે ત્યાંસુધી લડશે. "

આ ઉદ્દગાર નીકળતાંની સાથેજ સભામાં ઘણા તિરસ્કારયુક્ત ઉપહાસ કરવા લાગ્યા; કેમકે મેકડોનલ્ડને નેપોલિયનની અરક્ષિત હાલતની ખબર નથી એમ બધા સમજી ગયા. એટલામાં તો માર્શલ માર્મોં પોતેજ ત્યાં આવ્યો અને ચારે બાજુએથી તેને અભિનંદન મળવા લાગ્યાં.

બર્નાડોના એક મિત્રે પોતાના મિત્રને ફ્રાન્સની ગાદી અપાવવાની આશાએ રાજપ્રતિનિધિત્વની સામે ખૂબ બખાળા કહાડયા અને નેપોલિયન ફ્રાન્સનો રાજા થાય કે તેનો પુત્ર; એ બેઉ યૂરોપની શાંતિને માટે સરખાંજ ઉપદ્રવકારક છે એમ ભારે છટાથી જાહેર કર્યું.

પણ તેની દલીલોના ટેલિરેન્ડે કટકે કટકા કરી નાખ્યા. તેણે વજનદાર ભાષામાં કહ્યું કે ફ્રાન્સને માટે બેજ રાજા હોઇ શકે—નેપોલિયન કે લૂઇ ૧૮ મો. નેપોલિયનના પછી કાયદેસર રાજ્યવારસ હોય તેજ રાજા થઈ શકે. નેપોલિયનને બાદ કરીએ તો ફ્રાન્સમાં–આખા જગત્માં એવો એકે માણસ નથી કે જેનો પ્રજા ઉપર કાબુ હોય. નેપોલિયન અને લૂઇ એ બે સિવાય ગમે તેની વાત કરશો તો હું કહીશ કે તેમાં દગો છે. એટલે બર્નાડોનો સવાલ તો સદાને માટે ઉડી ગયો.

ઇસોન ખાલી થયું એટલે તરતજ સેન નદીને કિનારે કિનારે રશિયન ફોજ ગોઠવાઇ ગઇ. નેપોલિયનની સ્થિતિ હવે ઉઘાડી રીતે નિરાશાભરેલી બની ગઈ. તેથી મિત્રરાજ્યો તેની પાસે કાંઇ પણ સરત વગર ચોકખું રાજીનામુંજ માગવા લાગ્યાં. તેની પાયમાલી થઇ ચૂકી એ વાત હવે ઉઘાડી પડી ગઈ અને આ ચર્ચા ચાલતી હતી તે વખતમાં પણ પડતા રાજાને તજી દેવાની આતુરતાવાળા ઘણા લોકો મિત્રરાજાઓના પક્ષમાં ખેંચાઈ આવવા લાગ્યા.

કમીશનરો પાસે બિનસરતે રાજીનામું માગવામાં આવ્યું તેથી તેઓ પોતાના શહેનશાહની અંગત સલામતી જાળવવા ભારે ગભરાટ સાથે ચાલતા થયા; કારણ કે હવે તે શત્રુઓના હાથમાં કેદ પકડાઇ જાય એવી ચોકખી ધાસ્તી હતી.

ને અને મેક્ડોનલ્ડ પારિસ રહ્યા. કૉલેનકૉર્ટ ફોન્ટેન્બ્લો પહોંચ્યો, ત્યારે નેપોલિયન બારી આગળ બેઠો હતો. તેનો ફિક્કો ચહેરો અને અવ્યવસ્થિત કપડાં ઉપરથી

જણાતું હતું કે તેને ગઇ રાતે ભાગ્યેજ આરામ મળ્યો હશે.

કૉલેનકૉર્ટ તેની પાસે ઉભો રહ્યો પણ પેલા ભયંકર સમાચાર કહેવા તેની જીભ ન ઉપડી. એટલે નેપોલિયનેજ શાંતિનો ભંગ કરી પૂછ્યું:—

"ઇસોનવાળું સૈન્ય ફરી ગયું એટલે હવે તેમને નવી સરતો કરવાનું બહાનું મળ્યું. કેમ ખરી વાતને ? હવે મને મારાંજ માણસોએ તજ્યો, મને ખુલ્લી રીતે ફસાવ્યો એટલે નવી સરતો થવીજ જોઇએ. કેમ, હવે તેઓ શું માગે છે ?"

કૉલેનકૉર્ટે જે જે જોયું હતું તે બધું ધીમે રહીને તેને કહ્યું અને પછી જણાવ્યું કે હવે તેઓ આપની પાસે બિનસરતે રાજીનામું માગે છે. આ સાંભળતા તેના ક્રોધનો પાર ન રહ્યો. તેની પ્રકૃતિગત અમાનુષી શક્તિ અને જુસ્સો જ્વાલામુખીની માફક ભભૂકી ઉઠયાં. આંખમાંથી અગ્નિ વરસવા લાગ્યો. અલૌકિક બુદ્ધિ અને દૃઢતાથી તેનો ચહેરો ચળકી ઉઠયો.

તે બોલ્યો, "શું એ છકી ગએલાઓ એમ ધારે છે કે દેશદ્રોહીઓએ તેમને સારૂ પારિસના દરવાજા ઉઘાડયા એટલે તેઓ ફ્રાન્સના માલિક થઈ ગયા ? મુઠ્ઠીભર લુચ્ચા કાવત્રાખોરોએ ખરાબીનો ખાડો ખોદ્યો એટલે શું પ્રજાએ તેમનું કાળું કૃત્ય મંજુર રાખ્યું ? હું લોકોનો આશ્રય લઇશ. મૂર્ખાઓ ! હજી તેઓ નથી સમજતા કે મારા જેવો માણસ તો કબરમાં દટાય ત્યારેજ બળહીન થયો કહેવાય. કાલે, આવતી કાલે તેમને મારી આસપાસ જકડેલી બેડીઓ તોડીને ફેંકી દઉં છું અને એક લાખ ત્રીશ હજાર યોદ્ધાઓનો નાયક બની હંમેશ કરતાં વધારે ભયાનક સ્વરૂપમાં પ્રકટ થાઉં છું.

"સાંભળ, આ પ્રમાણે મારી ગણત્રી છે. મારી પાસે અત્યારે શત્રુઓને ધ્રુજાવનાર ૨૫૦૦૦ યોદ્ધાઓ છે. તે મારા સૈન્યનું મધ્યબિન્દુ બનશે. લિયોંમાં ૩૦,૦૦૦ છે. ગ્રેનિયરના ૧૮,૦૦૦; સુશેટના ૧૫,૦૦૦ અને સૉલ્ટના છૂટા છવાયા ૪૦,૦૦૦ મળી એક લાખ ત્રીસ હજાર થાય છે. હજી ફ્રાન્સ અને ઇટાલિનાં મુખ્ય સ્થળોનો હું માલિક છું. કદાચ ત્યાં પણ પારિસના જેવા ખૂની અને દેશદ્રોહીઓ વખતે હોય, પણ પાછો હું ઉભો થાઉં છું. હજી કદિ પણ જે હાર્યું નથી એવા બહાદૂરમાં બહાદૂર સૈન્યનો હું નાયક છું."

નેપોલિયન આ પ્રમાણે બોલતો હતો અને સપાટાબંધ આંટા માર્યો જતો હતો.

"લખી દે મેકડોનલ્ડ નેને કે ચાલ્યા આવે. મારે સુલેહ નથી કરવી. મેં ફ્રાન્સને સુલેહ અપાવવા સારૂ અંગત ભોગ આપ્યા તે તેમને કબૂલ નથી ! ચાલો, બચ્ચાઓ આવી જાઓ."

કૉલેનકૉર્ટ તેના મનની ઉશ્કેરાએલી સ્થિતિ અને એવે વખતે તેને શાંતિથી સમજાવવાની નિષ્ફળતા જાણતો હોવાથી સલામ કરી રજા માગી.

નેપોલિયન એકદમ માયાળુ અવાજે કહ્યું, " આપણે સરખા છીએ. આપણી વિપત્તિઓ અસાધારણ છે. જા, આરામ લે. મારે માટે તો આરામ છેજ નહિ."

કૉલેનકૉર્ટ આરામ લેવા ગયો પણ તેણે ઘણા ઉદ્વેગમાં વખત પસાર કર્યો. શહેનશાહ પુનઃ યુદ્ધ શરૂ કરીને બહુ તો લડાઇ લંબાવે પણ તેને માટે ફતેહની આશા જેવું તો હતુંજ નહિ. શત્રુના છ લાખ સિપાઇઓ તો ફ્રાન્સમાંજ હતા અને બીજા બાર લાખ કોઇ પણ વખતે કમનશીબ પ્રજાસત્તાક રાજ્યપર તૂટી પડવા તૈયાર હતા. ફ્રાન્સના મોટા મોટા માણસો પણ હવે નવા રાજ્યતંત્રની કૃપા મેળવવા આતુર હતા. નેપોલિયને ઘણીવાર અતિ સાહસિક હિલચાલ કરીને યૂરોપને આશ્ચર્યચકિત કરી નાખ્યું હતું તેવું અત્યારે પણ તે કરી બેસે એવી તેનામાં શક્તિ અને બુદ્ધિ હોવાથી, તે ચારે બાજુએથી ઘેરાયલો છતાં પણ તેની પાસે આવવાની મિત્રરાજાઓની હિંમત ચાલતી ન હતી.

બીજે દિવસે કૉલેનકૉર્ટે ફરીથી તેને સમજાવવા માંડ્યું કે બળથી છૂટા થવાનો પ્રયત્ન કરશો તો દેશને, સૈન્યને અને પોતાની જાતને સર્વને જોખમમાં નાખશો એવી ભયભરેલી હાલની સ્થિતિ છે.

નેપોલિયન ચીડાઇ ગયો. તે બોલી ઉઠયો, " ભય વળી કેવો ? મને તેની પરવા નથી. નકામી જિંદગી બોજારૂપ છે, પણ બીજાઓને જોખમમાં ઉતારતાં પહેલાં મારે તેમનો અભિપ્રાય પૂછવો જોઇએ. જેટલા સરદારો હજી રહ્યા છે તેમને તેડી લાવ."

નિરાશ થએલા અને બહાવરા બની ગએલા સરદારો થોડીજ વારમાં ત્યાં એકઠા થયા. તેમને સંબોધીને નેપોલિયને બોલવા માંડ્યું:—" મેં રાજીનામું આપ્યું પણ તેમને તો મારા કુટુંબનું પણ રાજીનામું જોઇએ છે. તેઓ મને, મારા પુત્રને, મારી સ્ત્રીને અને મારા સર્વ કુટુંબીઓને પદભ્રષ્ટ કરવા ઇચ્છે છે. તમે તેમ થવા દેશો ? આપણી આસપાસ ગોઠવાયલા શત્રુસૈન્યને ભેદીને બહાર નીકળી જવાના મારી પાસે ઉપાય છે. હું ફ્રાન્સમાં ઘૂમી વળીશ અને આખા દેશને જગાડી મૂકીશ. આલ્પ્સનો આશ્રય લઇશ. ઑગેરિઆ, સૂશે, સોલ્ટ અને યુજીનને જઇ મળીશ. આપણે ઈટાલિ ચાલ્યા જઇશું અને ફ્રાન્સની પ્રજાનો અવાજ આપણને પાછા ન નોતરે ત્યાંસુધી આપણે પરદેશ નવાં રાજ્ય સ્થાપી નવી કીર્તિ મેળવીશું. કેમ, મારી સાથે આવવાની તમારી મરજી છે ?"

પરંતુ મરી ગએલા ઉત્સાહવાળા સેનાપતિઓનાં દિલ આથી ઉશ્કેરાયાં નહિ. તેમણે અનેક વાંધા બતાવ્યા. ફ્રાન્સનો લાભ, બિનજરૂરી લડાઇ, પરદેશી લસ્કર દેશમાં રહેવાથી થતા નુકસાન વગેરે અનેક બહાનાં બતાવ્યાં; પણ જેણે વીશ વર્ષસુધી

ફ્રાન્સની કીર્તિને ઉજ્જ્વળ રાખી હતી અને જેણે તેમના ઉપર અનેક ઉપકાર કર્યા હતા, તેની પડતીને વખતે એક પણ સહાનુભૂતિનો શબ્દ તેમના મોંમાંથી નીકળ્યો નહિ. કૉલેનકૉર્ટથી ન રહેવાયું. તે જવા ઉઠ્યો. નેપોલિયને કહ્યું, “ ઉભા રહો. ” એમ કહી તેણે ઝડપથી પોતાનું રાજીનામું લખી કૉલેનકૉર્ટના હાથમાં મૂક્યું અને શાંતિ પણ અહંકારસહિત સેનાપતિઓ તરફ ફરીને કહ્યું, “ ગૃહસ્થો, મારે હમણાં એકાંતની જરૂર છે. ” બધા ગયા પછી તેણે કહ્યું, “ આ માણસોને નથી હૃદય અને નથી સદ્બુદ્ધિ. હું મારા ક્રમનશીબ કરતાં મારા સોબતીઓના મિથ્યાભિમાન અને કૃતઘ્નતાથી વધારે હારી ગયો છું. આ અસહ્ય છે. બસ, હવે પતી ગયું. ”

શંકાની સ્થિતિ પસાર થઇ ગઈ અને જે થવાનું હતું તે થઇ ગયું. એટલે નેપોલિયનના હૃદયપરનો કેટલોક ભાર ઓછો થયો. હવે તેણે મિથ્યા મનોવ્યથા કરવાનું મૂકી દીધું અને માથાપર આવેલી વિપત્તિ ધૈર્યથી અને પોતાના દરજ્જાને શોભે એવી રીતે સહન કરવા માંડી. મનને સમજાવી, સમાધાન કરીને તેણે પોતાના ચહેરાપર સંતોષ અને પ્રસન્નતાની છાપ પાછી બેસાડી. તેના મોંમાંથી અસંતોષના ઉદ્ગાર નીકળતા ન હતા પણ દરેકની સાથે વિવેક અને માયાથી તે વાતચીત કરવા લાગ્યો. તેની આવી ભવ્ય સમાધાનવૃત્તિ જોઇ સર્વ આશ્ચર્ય પામતા અને તેને માટે સૌને ઘણું માન ઉત્પન્ન થતું.

પણ નેપોલિયનને પદભ્રષ્ટ કરીનેજ મિત્રરાજાઓને સંતોષ ન થયો. ફ્રાન્સની પ્રજાના હૃદય ઉપર તેણે પોતાનું રાજ્યાસન માંડ્યું હતું. એટલે મિત્રરાજાઓએ મેળવેલી ફતેહની પૂર્ણાહુતિ કરવા માટે નેપોલિયનની પ્રતિષ્ઠાનું પણ ખૂન કરવાની અને ફ્રાન્સમાં તેને સ્વાર્થી નિર્દય રાક્ષસ જેવો માનતા થાય એવી રીતે લોકમત ફેરવવાની જરૂર હતી. હવે આખા યૂરોપનાં છાપખાનાં તેમના હાથ નીચે આવ્યાં હતાં. બિચારો નેપોલિયન જેનો જવાબ પણ ન આપી શકે એવી બદનક્ષીથી ભરેલી લાખો કરોડો પત્રિકાઓને આખા યૂરોપમાં ફેલાવવાનાં તેમની પાસે સાધન હતાં. નેપોલિયનની કીર્તિને કલંકિત કરવા માટે, તેના ઉપર ખરાખોટા અનેક આરોપો ઠોકી બેસાડવા માટે મિત્રરાજાઓએ અનેક નીચ લેખકોની ઝેરમાં બોળેલી કલમનો ઉપયોગ કર્યો.

આ પ્રકારે ઈંગ્લંડમાં ટોરી પક્ષનો, યૂરોપમાં મિત્રરાજાઓનો અને ફ્રાન્સમાં બુર્બોન વંશી રાજાઓનો વિજય થયો. નેપોલિયનનું મોં બંધ થયું હતું; તેની સ્વાધીનતા લુંટાઇ ગઇ હતી; તેની શક્તિનો નાશ થયો હતો; તેના શત્રુઓના કોલાહલમાં તેના બચાવ કરનારનો અવાજ સંભળાય એમ હતુંજ નહિ અને આજે પણ તેનો બચાવ કરનારે સામા પક્ષના હુમલામાટે તૈયારજ રહેવું પડે છે; છતાં પણ જગતના લોકો તો તેને ચહાય છે અને ચહાશેજ.

આ રીતે મિત્રરાજાઓએ પોતાની ઇચ્છા સર્વાંશ પૂર્ણ કરી. નેપોલિયનના ઉપર આરોપ મૂકનાર તે વકીલ તે, પંચ તે, ન્યાયાધીશ તે અને જલ્લાદ પણ તે; કેસનો હેવાલ લખનાર પણ તે અને તેનું જીવનચરિત્ર લખનાર પણ તેજ; પણ હવે સો વર્ષ સુધી મૌન ધારણ કર્યા પછી નેપોલિયનનો આત્મા ઇનવેલાઇડસના ઘુમ્મટમાંથી નીકળી, નવી આલમને સંબોધીને કહે છે કે તમે મારો કેસ ફરીથી તપાસો. જેઓ સત્ય અને ન્યાયના પક્ષમાં હોય તેમણે શાંતિથી પરંતુ દઢતાથી કહેવું જોઇએ કે તેની માગણી વાજબી છે અને કોઇ પણ તેનો ઈન્કાર નહિ કરી શકે.



प्रकरण ६१ मुं–एल्बा तरफ प्रयाण

ગયા પ્રકરણના અંતમાં વર્ણવેલા બનાવ ૬ઠ્ઠી એપ્રિલે બન્યા. બીજે દિવસે સવારે કૉલેનકૉર્ટ પારિસ ગયો અને નેપોલિયનનું બીજી વારનું રાજીનામું મિત્રરાજાઓની સભામાં રજૂ કર્યું. આખા જગત્માં જેની કીર્તિ ફેલાઇ ગઇ હતી તેની સંપૂર્ણ અવનતિ જોઇ તેના શત્રુઓનાં હૃદય પીગળ્યાં. ફોન્ટેન્બ્લો તરફ તેઓ સૈન્ય મોકલવાના હતા તે વિચાર બંધ રહ્યો અને હવે શહેનશાહ તથા તેના કુટુંબની શી વ્યવસ્થા કરવી તેની આતુરતાથી ચર્ચા થવા લાગી.

બુર્બોન રાજાના પક્ષકારો તેને ફ્રાન્સથી આઘેમાં આઘે મોકલવા ઇચ્છતા હતા અને સેન્ટ હેલેનાનું નામ દેવાયું. કોઇએ કૉર્સિકાની ભલામણ કરી. કોઇએ એલ્બાનું નામ દીધું અને તેની સારી આબોહવાનાં વખાણ કર્યાં. કૉલેનકૉર્ટે આ તક સાધીને એલ્બાને માટે દબાણ કર્યું. બુર્બોન રાજાઓના માખણદાસો ગભરાયા. ફ્રાન્સની પ્રજાનો નેપોલિયન તરફ કેટલો પ્રેમ છે એ તેઓ સારી રીતે જાણતા હતા અને તેનો નિવાસ આટલો નજીક જોઇને તેઓ ડરતા હતા. તેમણે સખત વિરોધ બતાવ્યો; પણ અલેક્ઝાન્ડર ઉદાર ચિત્તે કૉલેનકૉર્ટની મદદે આવ્યો. ગરમાગરમ તકરાર ચાલી પરંતુ આખરે તેનું વજન પડ્યું અને નેપોલિયનને જીવતાસુધી એલ્બાનું રાજ્ય, અને શહેનશાહનો ખિતાબ ભોગવવા દેવાનો ઠરાવ થયો.

આ પ્રમાણે સખત ચર્ચા અને મનને વલોવી નાખે એવી રાજખટપટથી ભરેલા કેટલા દિવસ વીત્યા પછી સુલેહના કોલકરારનો ખરડો તૈયાર થયો. નેપોલિયન અને મેરિયા લુઈસાને જીવનપર્યન્ત શહેનશાહ અને શહેનશાહબાનુનો ખિતાબ, તેમજ નેપોલિયનની માતા, ભાઇઓ, બહેનો, ભત્રિજાઓ, ભત્રિજીઓ સર્વને રાજકુમાર અને રાજકુમારીનો ખિતાબ; નેપોલિયનને એલ્બાનું રાજ્ય અને ફ્રાન્સની આવકમાંથી વાર્ષિક પચીશ લાખ ફ્રાન્કનું પેન્શન, મેરિયા લુઇસાને ત્રણ ગામની જાગીર અને તેનાપર તેના પુત્રનો હક્ક; નેપોલિયનનાં માતા, ભાઇઓ, બહેનો વગેરેને પણ તેમના દરજ્જા પ્રમાણે વાર્ષિક પેન્શન, આવી આવી કેટલીક વ્યવસ્થા થઇ ગયા પછી એ ખરડા પર સહી કરવા માટે નેપોલિયનને બે દિવસની મુદ્દત આપવામાં આવી.

નેપોલિયન તરફ ઈંગ્લંડે દાખવેલી અવિરત શત્રુતા તેની આવી દયામણી સ્થિતિમાં પણ કમી થઇ ન હતી. આવી નિષ્ઠુરતાનો નમુનો જગત્‌ના ઇતિહાસમાં બીજે ઠેકાણે ભાગ્યેજ જોવામાં આવશે. યૂરોપનાં તમામ રાજ્યોએ એક પણ અપવાદ વગર પ્રજાનો પોતાનો રાજા ચુંટવાનો હક્ક સ્વીકાર્યો; ત્યારે એકલા ઈંગ્લંડેજ એ હક્કનો સ્વીકાર ન કર્યો અને વારંવાર ફ્રેન્ચોને બળવાખોર અને નેપોલિયનને રાજ્યાસન ઝુંટવી લેનાર કહીને અપમાન પહોંચાડયું હતું. આવા યશસ્વી લોકમાન્ય નૃપતિને એલ્બાનું નાનું સરખું રાજ્ય આપ્યું તે પણ ઈંગ્લંડની આંખમાં ખટક્યું. જો સભામાં ઈંગ્લંડના કમિશનરો હાજર હોત તો અલેક્ઝાન્ડર ગમે તેટલો ઉદાર છતાં પણ નેપોલિયનને કેદ અને અપમાનમાંથી નજ બચાવી શકત. ×

સુલેહની સરતો ચર્ચાતી હતી તે દરમ્યાન નેપોલિયને કૉલેનકૉર્ટને વારંવાર કહેવડાવ્યું હતું કે મારે સલાહ નથી જોઇતી, તું ચાલ્યો આવ; પણ તે પોતાના શહેનશાહની જોખમભરેલી સ્થિતિ જાણતો હોવાથી પોતાની અક્કલ વાપરીને સુલેહનો ખરડો ઘડાવી લાગ્યો.

૧૧ મી એપ્રિલે તે ફૉન્ટેન્બ્લો ગયો કે તરત તેને નેપોલિયને પૂછ્યું, “ મારૂં રાજીનામું પાછું લાવ્યો ? ” કૉલેનકૉર્ટે ઘણીએ દલીલ કરી કે એ મારા હાથમાં ન હતું. આપનું રાજીનામું છાપાંઓમાં બહાર પડી ચૂક્યું હતું; પણ નેપોલિયન કહે તેમાં મારે શું ? મારે સુલેહ નથી કરવી અને હું સહી કરવાનો નથી. ખૂબ ચર્ચા થઇ પણ કાંઇ પરિણામ ન આવ્યું.

બીજે દિવસે સાંજે ફરી પાછો કૉલેનકૉર્ટ નેપોલિયન પાસે ગયો. તે અત્યંત નિરાશામાં ગરકાવ બનીને બેઠો હતો. તેની ઉપર તૂટી પડેલો વિપત્તિનો ડુંગર જોઇ તે બહાવરો બની ગયો હતો. તેનું પ્રાણાધિક પ્રિય ફ્રાન્સ બુર્બોન રાજાઓને શરણે પડ્યું હતું; યૂરોપનાં તમામ ઉદાર રાજતંત્રોનો નાશ થઈ ગયો હતો; તેના અનુયાયીઓની પણ તેની સાથે સાથેજ પાયમાલી થઇ ગઇ હતી. જગતની સ્વતંત્રતા ઉપર કાળામાં કાળા ગ્રહણની છાયા પથરાઇ હતી. તેના મન ઉપર એવી જડતા વ્યાપી ગઈ હતી કે તેને જાગૃત કરવાનું કામ પણ સહજ ન હતું.

કૉલેનકૉર્ટ શોકથી વિહ્વલ બની ગયો હતો. તેને ખબર હતી કે જો નેપોલિયન

× ઈંગ્લંડના કમીશનર લૉર્ડ કાસલરે આ સલાહની સામે બે પ્રકારના વાંધા દર્શાવ્યા હતા. (૧) એથી કરીને નેપોલિયનનો ફ્રાન્સના શહેનશાહ પદનો દાવો જે, ઈંગ્લંડે સીધી યા આડકતરી રીતે કદી સ્વીકાર્યો નથી તે સ્વીકારાય છે. (૨) હજી રાજ્યક્રાંતિનો જ્વાળામુખી હોલવાયો નથી તેવા વખતમાં ફ્રાન્સ અને ઇટાલિની નજીક એલ્બાનું સ્વતંત્ર રાજ્ય તેને આપવામાં આવ્યું છે. એલિસન.

આ સુલેહના ખરડાપર સહી નહિ કરે તો તેના આના કરતાંએ વધારે માઠા હાલ થશે. ભારે મુશ્કેલીથી તેણે મિત્રરાજાઓ પાસે તેને માટે આટલી છૂટછાટ મૂકાવી હતી અને હવે નીમેલી મુદતમાં માત્ર થોડાક કલાકજ બાકી હતા. જો સહી નહિ થાય તો નેપોલિયનને તેમની દયા ઉપરજ રહેવું પડશે અને તેઓ મરજીમાં આવશે તેમ કરશે. તેણે અત્યંત દીન સ્વરે કહ્યું, “ મારા શિરતાજ, હું આપને આપની કીર્તિના સમ દઇને કહું છું કે છેવટના નિર્ણયપર આવી જાઓ. લાંબી ટુંકી કરવાનો આ વખત નથી. જ્યારે આ કૉલેનકૉર્ટ, આપનો દઢ વફાદાર ભક્ત ઘુંટણીએ પડીને કાલાવાલા કરે ત્યારે કાંઈ ઘણાંજ ગંભીર મહત્ત્વનાં કારણ હોવાં જોઇએ ”

નેપોલિયને ઘેનમાં ઘેરાયલી આંખો ઉંચી કરી કહ્યું, “ તારે શું કરાવવું છે ? ” વળી થોડીવારે કહ્યું, “ તેનું છેવટ આવવુંજ જોઇએ. મારો નિશ્ચય થઇ ચૂકયો. કાલે સહી કરી આપીશ. ”

તે શહેનશાહની રજા લઇને ગયો પણ મધ્યરાત્રિએ તેને કોઈએ જગાડયો અને કહ્યું કે તે સખત, ધારતી ઉપજાવે એવા મંદવાડના ભોગ થઈ પડયા છે. વાંચનારને યાદ હશે કે ડ્રેસ્ડનના યુદ્ધ પછી તેને ચૂંકનો ભયંકર વ્યાધિ થઈ આવ્યો હતો. થાક, ઉજાગરા અને ચિંતાથી એ રોગે બીજીવાર ઉછાળો માર્યો. જે જીવલેણ રોગ, કેદ અને અપમાનની માઠી અસરને લીધે પાછળથી વધી પડયો અને અંતે તેનો જીવ લીધો. તેનો આ શરૂઆતનો હુમલો હતો. શહેનશાહ પથારીમાં તરફડતો હતો. કપાળપરથી પરસેવાની ધારા છૂટતી હતી. વાળ ઉભા થઈ ગયા હતા અને બૂમો ન પડાય માટે દાંત વચ્ચે જોરથી રૂમાલ દબાવી રાખ્યો હતો. તેને લાગ્યું કે મારો અંતકાળ આવી પહોંચ્યો છે. કૉલેનકૉર્ટને કહ્યું, “ હું જાઉં છું. મારી સ્ત્રી અને પુત્ર તને સોંપી જાઉં છું. મારી કીર્તિનું રક્ષણ કરજે. ”

તેના દાક્તરે માત્ર ચાહ કરાવીને પાઈ. ધીમે ધીમે ચૂંક નરમ પડી અને કંપને લીધે અકડાઇ ગએલા અવયવ પાછા સ્થિતિસ્થાપક થવા લાગ્યા.

કૉલેનકૉર્ટ કહે છે કે તેના મંદવાડના દેખાવનું અને તેના દુઃખનું વર્ણનજ થઇ શકે એમ નથી. ઓરડામાં ગંભીર શાંતિ ફેલાઇ રહી હતી. માત્ર ત્યાં ઉભેલાઓના ડૂસકાંથીજ એ શાંતિનો ભંગ થતો હતો. આ ભયંકર દેખાવ જુએ અને આંખમાંથી આંસુ ન પડે એવો કોઇ હોઇ શકેજ નહિ.

આ મંદવાડનો પણ તેના શત્રુઓએ અવળો અર્થ કર્યો અને તેણે આપઘાત કરવાની કોશેશ કરી હતી એવી ખોટી અફવા ચારે દિશાએ ફેલાવી. તેમનાં બીજાં જૂઠાણાં જેમ ઉઘાડાં પડી ગયાં તેમ આ વાત પણ છેવટે ખોટીજ ઠરી છે. તેના રોગનું નિદાન, દાક્તરે આપેલી સાદી ચાહ, તેનું જલદી સારા થવું એ બધા સંજોગો ધ્યાનમાં લેતાં આ તહોમત જૂઠું ઠરે છે.

તેણે આખી રાત સારી નિદ્રા લીધી. સવારમાં કૅાલેનકૅાર્ટ તરફ ફરીને કહ્યું, “હજી મારે જીવવું જોઇએ એવી ઈશ્વરની ઇચ્છા છે. હજી મારી પાસે મરણ ન આવ્યું.” થોડીવાર પછી વળી તે બોલ્યો, “કૅાલેનકૅાર્ટ, આ છેલ્લા દિવસોમાં કોઈ કોઈવાર મને એવું થઈ આવતું કે જાણે હું ગાંડો થઇ જઇશ.” માથા તરફ આંગળી કરી કહ્યું, “અહિં મને જીવલેણ ગરમી લાગે છે! ગાંડપણ એ મનુષ્યની અવનતિની છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. એના કરતાં મૃત્યુ હજાર ગણું સારૂં.” વળી એક ક્ષણ અત્યંત એકાગ્ર ચિત્તે વિચાર કર્યા પછી તે બોલ્યો, “હું આજે સુલેહના ખરડાપર સહી કરીશ. જા, જરા આરામ લે.”

સહી કર્યા પછી તે ઉભો થયો અને મેક્ડોનલ્ડને સંબોધીને બોલ્યો, “તમારી છેલ્લી અનન્ય સેવાના બદલામાં તમને આપવા જેટલું મારી પાસે ધન નથી. છતાં આ પ્રસંગની યાદગીરીમાટે કાંઇકે આપું.” એમ કહી તેણે પોતાની જૂની તલવાર મંગાવી મેક્ડોનલ્ડને આપતાં કહ્યું, “આ તલવાર મને મિસરમાં મુરાદ બેએ આપી હતી. તમારા પ્રેમના બદલામાં હું તમને આ સિવાય બીજું આપી શકું એમ નથી.”

મેક્ડોનલ્ડે તરવારને છાતી સાથે દાબી અને કહ્યું કે મારા કુટુંબમાં આ અમૂલ્ય વસ્તુ હમેશને માટે પૂજાયા કરશે.” નેપોલિયને તેને પ્રેમાશ્રુસહિત આલિંગન કર્યું.

પોતાના કરતાં તેને પોતાના સૈન્યની સલામતીની વધારે ચિંતા હોવાથી તેણે એઉ કમીશનરોને કહ્યું, “મારૂં રાજીનામું અને સુલેહની સરતો મને ત્યારેજ બંધન કર્તા ગણાય કે જ્યારે તેઓ લશ્કરને આપેલાં વચન પાળે. તે ન થાય ત્યાંસુધી આ દસ્તાવેજ તમારા હાથમાંથી જવા ન દેશો.”

આ ખરડો મિત્રરાજાઓ તથા ફ્રાન્સની કામચલાઉ સરકારના સભાસદો આગળ રજૂ કરવામાં આવ્યો. જરૂરી બાબતોનો નિકાલ કરવામાં કેટલાક દિવસ નીકળી ગયા. દેશના મોટા મોટા માણસોની સહાનુભૂતિની નવા રાજ્યતંત્રને ઘણી જરૂર હતી. તેમને લલચાવવા માટે સારાં સારાં ઇનામની લાલચો આપવામાં આવી. તેમની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. નેપોલિયનને પ્રકટ રીતે મદદ કરી શકાય એમ હતું નહિ અને નવી સરકારની હકુમત નીચે હોદ્દા ન સ્વીકારનાર ઉપર હમેશને માટે શકની નજર રહે તેમ હતું; છતાં ઘણા લોકોએ નેપોલિયન તરફ અત્યંત ભક્તિને લીધે બુર્બોન રાજાઓની સાથે સહકાર કરવા ના પાડી; પરંતુ ઘણા ખરાએ તો પોતાના મનનું સમાધાન કરી નવી સરકાર સાથે સંબંધ જોડયો.

બીજો પ્રશ્ન નેપોલિયનને સહીસલામત એલ્બા સુધી વળાવવાનો હતો. એક તો તેને જોઇને પ્રજા ઉશ્કેરાય નહિ અને બીજું બુર્બોન રાજાના મળતીઆમાંથી કોઇ તેનું ખૂન ન કરી બેસે. એટલા માટે તેની સાથે મજબૂત અંગરક્ષકોની ટુકડી મોકલવાનું ઠર્યું.

એપ્રિલની ૧૬ મી તારીખે કૉલેનકૉર્ટ ફ્રોન્ટેન્બ્લો ગયો. માત્ર ગણ્યાગાંઠયા નિરાશ થઇ ગએલા સિપાઇઓ જેઓ હજી પણ પદભ્રષ્ટ થએલા શહેનશાહને વફાદારીથી વળગી રહ્યા હતા તેમના સિવાય ત્યાં બીજું કોઇ હવે રહ્યું ન હતું. જે મહેલનાં દિવાનખાનાં એકવાર દરબારના ભભકાદાર મેળાવડાથી શોભી રહેતાં તે આજે શ્મશાન જેવાં લાગતાં હતાં. નેપોલિયન પોતે પણ હવે ફ્રાન્સ છોડી જવાને ઘણો અધીરો બની ગયો હતો.

નેપોલિયનને તેના અંગરક્ષકો પૈકી ચારસો માણસોને પોતાની સાથે રાખવાની છૂટ આપી હતી. એ માન મેળવવા માટે ઘણાં ભકત હૃદયો આતુર હતાં. જ્યારે નેપોલિયન અને કૉલેનકૉર્ટ બગીચામાંથી પાછા ફરતા હતા તે વખતે એક ઘરડો સિપાઇ જે શહેનશાહ સાથે વાત કરવાનો લાગ જોયા કરતો તે બેબાકળો તેમની પાસે દોડી આવ્યો.

તે ધ્રૂજતો ધ્રૂજતો આજીજી કરતો બોલ્યો, “ નામદાર, હું ન્યાય માગવા આવ્યો છું. મને ભારે અન્યાય થયો છે. બાવીશ વરસ થયાં હું નોકરીમાં છું. ” તેણે પોતાની પહોળી છાતીપર જોરથી પ્રહાર કરી કહ્યું, “ મને ચાંદ પણ મળ્યો છે છતાં આપની સાથે આવનારા અંગરક્ષકોમાં મારૂં નામ નથી. જો મને ટાળી મૂકશો તો એમાંથી ખૂન થશે. જેઓ ચુંટાયા છે તેમાંથી એકને મારીને હું મારે માટે જગ્યા કરી લઇશ. એમ કર્યા વગર નહિ છોડું. ”

તેની ભકિત જોઈ નેપોલિયનને લાગી આવ્યું. તેણે કહ્યું, “ તારે મારી સાથે આવવાનું બહુ મન છે ? તેં પૂરો વિચાર કર્યો છે ? તારે ફ્રાન્સ, કુટુંબ અને ભવિષ્યમાં ઉંચી પાયરીએ ચડવાની આશા છોડી દેવી પડશે. ”

સિપાઈ કહે, “ મારા શહેનશાહ ! મને મન છે ! અરે ! મારો હક્ક છે; મારો દાવો છે. એમાંજ મારી આબરૂ છે. મારે ઉંચી પાયરીએ નથી ચડવું. મારી પાસે ચાંદ છે તે બસ છે; **અને મારે કુટુંબમાં તો આજે બાવીશ વરસ થયાં તમેજ છો.** ”

શહેનશાહ કહે, “ ઠીક ત્યારે, તને મારી સાથે લઈ જઇશ, મારા ભલા મિત્ર.”

“ તમારી મોટી મહેરબાની, મોટી મહેરબાની ” એમ કહી હરખાતો અને મનમાં ફૂલાતો ફૂલાતો તે સિપાઈ ચાલતો થયો.

સામાન્ય સિપાઈની પણ આવી ઉંડી ભકિત જોઇને નેપોલિયનના હૃદયમાં પ્રેમતરંગો ઉછળ્યા, અને કહ્યું, “ બધાને મારી સાથે લઇ જવાતા હોત તો કેવું સારૂં ?”

જ્યારે ફ્રોન્ટેન્બ્લોમાં ઉપર કહ્યા તે બનાવો બનતા હતા ત્યારે શહેનશાહબાનુ મેરિયા લુઇસા, શાહજાદા સાથે પારિસથી અગ્નિ કોણમાં ૧૮૦ માઇલ દૂર આવેલા બ્લોઇ ગામમાં ઘણા દુઃખી દિવસ ગાળતી હતી. તેની ઉમર માત્ર બાવીશ વર્ષની

હતી; દુનિયાનો અનુભવ તેને ઘણોજ થોડો હતો; અને સ્વાશ્રયનો ગુણ કેળવવાનો પ્રસંગ તો તેને મળ્યોજ ન હતો; છતાં તેના ઉપર ભારેમાં ભારે આફત તૂટી પડી હતી. શહેનશાહને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે એ વાત તેણે માનવાનીજ સાફ ના પાડી. તેણે કહ્યું કે મારા પિતાએ મને ફ્રાન્સની રાણી બનાવી ત્યારે વારંવાર વચન આપ્યું હતું કે તારે માથેથી હું રાજ્યમુકુટ નહિ ઉતરવા દઉં.

નેપોલિયન તેને વારંવાર પત્રો લખતો. ઘણીવાર તો દિવસમાં બે ત્રણ ચિટ્ઠીઓ પણ મોકલતો. તેણે પણ પોતાના પતિના આફતના વખતમાં તેની પાસે આવવાની પ્રબળ ઇચ્છા દર્શાવી; પણ રસ્તો સલામત ન હોવાથી નેપોલિયને તેને ના લખી. ૭ મી એપ્રિલે તેણે કહેવડાવ્યું કે “ મારૂં ખરૂં સ્થાન તો તમારી પાસેજ છે. તમારા સહવાસમાં મને કોઇ પણ ઠેકાણે રહેવામાં સંતોષ છે. ” આખરે તેના આગ્રહને વશ થઇને તેને ઓર્લિયાં સુધી આવવાની નેપોલિયને સલાહ આપી. ત્યાં તેણે કેટલાક દિવસ ચિંતા અને દહેશતમાં રડી રડીને ગાળ્યા. તેણે કહ્યું, “ મારે હવે શું કરવું ? શહેનશાહની સલાહ માગું છું ત્યારે તે કહે છે કે તારા બાપને લખ. મારા ઉપર આટઆટલી વિપત્તિ નાખ્યા પછી મારા બાપ પણ શું કહેવાના હતા ? છોકરાને લઇને એમની પાસે જાઉં ? પણ વખતે એમને પોતાનો જાન બચાવવા નાસી જવાનો વખત આવે તો મને વળી ક્યાં સાથે લઈ લઇને ફરતા ફરે ? મોઈ હું ! રડવાને માટેજ જીવી ! ”

તે બિચારી ખરેખર ઉપાયહીન હતી. એટલામાં મિત્ર રાજાઓએ તેને માટે રશિયન સિપાઇઓનો રસાલો મોકલાવ્યો અને તેમના રક્ષણ નીચે તે જઇને પોતાના પિતાને મળી. પછી ત્યાંથી વિયેના ગઇ. ત્યાં તેણે બાકીનું જીવન જે રીતે ગાળ્યું તે તેની સ્વેચ્છાથી કે પિતાની ધમકીથી ગાળ્યું તે નક્કી કરી શકાતું નથી.

શહેનશાહ નેપોલિયનને એલ્બામાટે પ્રયાણ કરવાનો દિવસ ૨૦ મી એપ્રિલનો મુકરર કરવામાં આવ્યો હતો. વચગાળાના દિવસ દરમ્યાન તે શાંત, ગંભીર અને નિશ્ચયી બની ગયો હતો; જાણે કશુંજ ન બન્યું હોય તેમ એલ્બાની સુંદર આબોહવા વિષે તે ચર્ચામાં ઉતરતો હતો. એજ ચર્ચા દરમ્યાન તેણે કહ્યું હતું કે “ પ્રારબ્ધ કેવી વસ્તુ છે ! છેલ્લી લડાઇમાં દેશની ભૂમિનું પગલે પગલે રક્ષણ કરતાં કીર્તિ સાથે મરણ પામવા માટે મેં ઘણાંએ ફાંફાં માર્યાં. બોંબ ગોળા પાસે ઉભો રહ્યો. મારા ઘોડાને તેનો સ્પર્શ થતાંજ ઘોડો અને હું હવામાં અદ્ધર ઉડી ગયા; પણ હું સલામત ભોંયપરથી ઉડીને ઉભો થયો. મારી આસપાસ ગોળીઓનો વરસાદ વરસતો. મારાં કપડાં કાણાં કાણાં થઈ ગયા છતાં એક પણ ગોળી મને વાગી નહિ. નિરાશાના ભોગ થઇને આત્મહત્યા કરવી એને તો હું ઘણુંજ નીચ કૃત્ય ગણું છું. આત્મહત્યા મારા સિદ્ધાતની વિરુદ્ધ છે અને જગત્‌ના તખ્તા ઉપર જે દરજ્જો હું

ભોગવું છું તેને શોભા આપતી નથી. જગતમાં કોઇને જો જીવવાની સજા થઈ હોય તો તે હું છું.”

એવામાં સેનાપતિ મોન્થોલન આવી પહોંચ્યો. તેણે કહ્યું કે દક્ષિણ વિભાગ તરફ જે સૈન્ય છે તેને ફરીથી ઉત્તેજિત કરીને બળવાન ફોજ ભેગી કરી શકાય. નેપોલિયને કહ્યું, “હવે ઘણું મોડું ગઇ ગયું છે. હું ધારત તો તેમ કરી શકત પણ તેમની (સરદારોની) મરજી ન હતી. હજી પણ હું એક વિગ્રહ લંબાવી શત્રુઓને હંફાવું પણ તેમ કરવા જતાં ફ્રાન્સમાં આભ્યંતરિક વિદ્રોહ જાગે અને તે હું નથી ઇચ્છતો. વળી હું રાજીનામું પણ આપી ચૂકયો છું અને એક પગલું ભરી ચૂકયા પછી પાછા હઠવું એ ઠીક નહિ. પ્રારબ્ધમાં સરજાયું હોય તે થવા દો.”

૧૯ મી તારીખે સવાર સુધીમાં જવાની બધી તૈયારી થઈ ગઇ હતી. નેપોલિયનને એવી આશા હતી કે તેના સેનાપતિઓ તેની છેલ્લી મુલાકાત લેવા આવશે. પળે પળે ગાડીનો ખડખડાટ થાય એટલે તે કોઇના આવ્યાની ઉમેદ રાખતો; પણ કોઇને આવેલું નહિ જોઇને તેને ઘણું ઓછું આવ્યું.

જવાનો વખત જેમ નજીક આવતો ગયો તેમ તેમ જો કે તેનું બહારનું વર્તન શાંત અને સમાધાનીભરેલું જણાતું હતું, તોપણ અંતરમાં તે ઘણીજ તીવ્રવેદના અનુભવતો હોય એમ દેખાઇ આવતું હતું.

કૉલેનકૉર્ટની વિદાય ઘણી હૃદયભેદક હતી. તેનાથી છૂટા પડતાં તેનું હૃદય ચીરાઇ જતું હતું. તેણે સાથે આવવાની પણ ઇચ્છા દર્શાવી. તેના ઉત્તરમાં નેપોલિયને કહ્યું, “તું અહિં રહ્યો રહ્યો મને વધારે ઉપયોગી થઈશ. પોલેન્ડના સંબંધમાં જે વ્યવસ્થા કરવામાં આવી છે તેનું પાલન થાય છે કે નહિ તે જોતો રહેજે.” એક પળવાર થોભ્યા પછી તેણે કહ્યું, “થોડા દિવસ પછી તો હું એલ્બા પહોંચી જઇશ. મારૂં મન હવે ત્યાં જવાને અધીરૂં થઇ ગયું છે. મેં ફ્રાન્સને માટે સારી આશાઓ બાંધી હતી, પણ હવે હું જોઇ શકયો છું કે તેમને વિપત્તિ ખમતાં નથી આવડતું. આખી દુનિયામાં સૌથી વધારે બુદ્ધિમાન અને બહાદૂર ફ્રેન્ચ પ્રજા લડાઇમાં ઝોકાવવા તૈયાર રહે છે, પણ જરા હાર થાય એટલે સત્ત્વહીન બની જાય છે. સોળ વરસ સુધી તેઓ મારી સાથે જીત ઉપર જીત મેળવતાજ ગયા પણ એકજ વરસ મુશીબતો વેઠવાની આવી કે બધો પાછલો ઇતિહાસ જાણે ભૂલી ગયા.”

પછી તેણે એક ઉંડો નિઃશ્વાસ મૂકીને કહ્યું—

“તેઓ મારી સાથે અત્યંત નીચપણે વર્ત્યા છે. તેઓ મને મારી સ્ત્રી અને પુત્રથી બળાત્કારે વિખૂટો પાડે છે. એક રાજાને તેના પિતા અને પતિ તરીકેના હક્ક પણ ન ભોગવવા દેવા એ કયી જંગલી પ્રજાના કાયદામાં લખાયલું છે? જેમને ઈશ્વરે જોડયાં છે તેમને છૂટાં કરવાનો અધિકાર તેઓને કયા અમાનુષી કાયદાએ

આપ્યો હશે! ઇતિહાસ મને ન્યાય આપશે. તે કહેશે કે "એક વિજયી યોદ્ધા તરીકે નેપોલિયન મોટા મનનો અને ઉદાર હતો. તે જ્યારે હાર્યો ત્યારે યૂરોપના રાજાઓએ તેની સાથે અપમાનભરેલું વર્તન ચલાવ્યું." તેણે થોડીવાર પછી કહ્યું, "આમાં તેઓની આગળથી નક્કી કરી રાખેલી તદબીર છે. મને પિસ્તોલથી મારી નાખવાની તેઓમાં હિંમત નહિ હોવાથી મારૂં ધીમે ધીમે ખૂન કરવાની આ યુક્તિ છે. માણુસને મારી નાખવાના હજાર રસ્તા છે."

કૅાલેનકૅાર્ટે તેને દિલાસો આપવા કહ્યું કે હું શહેનશાહબાનુના પિતાને સમજાવવા પ્રયત્ન કરીશ. તે પોતે પણ મને ટેકો આપશે અને હું ધારૂં છું કે તે થોડા વખતમાં આપની પાસે આવી પહોંચશે. આમ બહારથી કહેવા છતાં તે મનમાં સમજતો હતો કે એ આશા વ્યર્થ હતી; પણ જો આસ્ટ્રિયાના રાજાએ નેપોલિયનને તેના કુટુંબથી વિખૂટો ન પાડયો હોત તો કદાચ વૅાટર્લુ ન થઇ હોત અને નેપોલિયન સેંટ હેલેનામાં બન્દીવાન બની મરણ પામ્યો ન હોત.

તેણે થોડીજવારમાં ચિત્તની સ્વસ્થતા પુનઃ પ્રાપ્ત કરી અને બુર્બોન રાજાઓ તરફ કડવા ઉદ્દગાર કહાડયા વગર 'નવું રાજ્યતંત્ર કયી કયી મુશ્કેલીઓને લીધે કાયમનું નહિ રહી શકે' તે વિષે તેણે શાંતિથી ચર્ચા કરી. ત્યાર પછી કૅાલેનકૅાર્ટનો હાથ પ્રેમપૂર્વક પકડીને તે બોલ્યો:—

"મારા મિત્ર, આપણે છૂટા પડવું જોઇએ. આવતી કાલે મારા સિપાઇઓની રજા લેતાં મારામાં જેટલું ધૈર્ય હશે તે બધાનો ઉપયોગ કરવાની જરૂર પડશે. મારા બહાદૂર રક્ષકો! મારી ચઢતી તેમજ પડતીમાં પણ મને એકનિષ્ઠાથી વળગી રહેલા મારા મિત્રો! કાલે મારે તેમની છેલ્લી વિદાય લેવાની છે. બસ, એ એક છેલ્લી મનોવ્યથા મારે સહન કરી લેવાની છે." તેનો કંઠ રૂંધાઇ ગયો; હોઠ કંપવા લાગ્યા. પછી તે થોડીવારે બોલ્યો, "કૅાલેનકૅાર્ટ, મારા મિત્ર, આપણે એકવાર મળીશું." આટલું બોલતાં તેનું હૃદય ખૂબ ભરાઇ આવ્યાથી તે ઉઠીને બીજા ઓરડામાં જતો રહ્યો.

કૅાલેનકૅાર્ટ આ પ્રસંગવિષે કહે છે કે, "ફ્રૅાન્ટેન્બ્લોથી હું ત્રણ માઇલ દૂર નીકળી ગયો ત્યારે મને ભાન આવ્યું કે હું શું કરતો હતો અને કયાં હતો. શહેનશાહ મારી પાસેથી ઉઠીને ગયા એટલે હું મારી ગાડીમાં બેસી ગયો. દાવાનળ હોલવાઇ ગયો હતો. હજી આ વિપત્તિનું ઉંડાણુ હું મારી આંખે માપી શકયો ન હતો. નેપોલિયનના ગુણુની પ્રશંસા જેટલી મેં તે વખતે કરી તેટલી અગાઉ કદી કરી ન હતી. અત્યારે ફ્રાન્સમાંથી દેશવટો લેતી વખતે તેના ચારિત્ર્યની ભવ્યતા અગાઉના કરતાં સૌથી વિશેષરૂપે દીપી નીકળતી હતી. મારે ધંધો કરવાની જરૂર ન હતી પણ આરામની જરૂર હતી. મને માણુસોનો અને સર્વ વસ્તુનો

કંટાળો આવ્યો હતો. પણ તેના વગર મારા મનને આરામ રુચેજ કેમ ! મેં પરદેશમાં પ્રવાસ કરવાનો વિચાર કર્યો. ભવિષ્યનો વખત મને યુગ જેટલો લાંબો અને કંટાળાભરેલો લાગતો હતો, તેને કાંઇક સુખમાં પસાર કરવા મેં બુદ્ધિના વિષયનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો. ”

નેપોલિયનની ન્યાયવૃત્તિ કેટલી ઉંચા પ્રકારની હતી તે તેણે પોતાના સેનાપતિઓને રજા આપતી વખતે વાપરેલી ઉદાર ભાષા અને નવા રાજ્યતંત્રને વફાદાર રહેવાનો ઉપદેશ આપ્યો હતો તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. તેમણે સર્વને એકઠા કર્યા અને સૌના તરફ સ્નેહપૂર્ણ દૃષ્ટિ કરી કહ્યું—

“ ગૃહસ્થો ! જ્યારે હું તમારી પાસેથી દૂર જાઉં છું અને તમારા દેશ ઉપર રાજ્ય કરવા નવું રાજ્યતંત્ર રચાયું છે ત્યારે મારા તરફ તમે જેટલી વફાદારી દાખવી હતી તેટલીજ વફાદારીથી તેમની સેવા કરવામાં તમારી શોભા છે. હું તમને વિનતિ કરું છું–અરે, આજ્ઞા કરું છું કે તમે તેમજ વર્તજો. માટે જેમને પારિસ જવું હોય તેમને જવાની રજા છે અને જેઓ અહિં રહેવાના હોય તેઓ પણ વફાદારીના પત્રકપર સહી કરી મોકલાવી દે.”

૨૦ મી એપ્રિલની સવાર પડી. નેપોલિયને બપોરે નીકળવાનું ઠરાવ્યું હતું. દેશનિકાલ થતા શહેનશાહને છેલ્લું માન આપવા બાદશાહી અંગરક્ષકોની પલટણ ગોઠવાઈ ગઈ હતી. આસપાસના ગામડાંના અસંખ્ય લોકોના સમુદાય પોતાના વહાલા શહેનશાહનું છેલ્લીવારનું દર્શન કરવા એકઠા થયા હતા. ગંભીર અને શાંત ચહેરે નેપોલિયન બહાર આવ્યો. દરેકનું હૃદય અવર્ણનીય ભાવથી છલકાઇ જવા લાગ્યું અને ગંભીર શાંતિ છવાઇ રહી. નેપોલિયનના હાથને અનેકે સ્પર્શ કરી અશ્રુથી ભીંજવ્યો. દરેકનાં નેત્ર તેના ઉપર ઠર્યાં હતાં. મૃતદેહને દફન કરતી વેળા જેવી શાંતિ પથરાય છે તેવી શાંતિ ત્યાં પથરાઇ હતી. બોલવાનો આ અવસર ન હતો. સિપાઇઓના ખડબચડા ગાલ ઉપર અશ્રુધારા વહેવા લાગી હતી અને શહેનશાહની સાથે જવાને ભાગ્યશાળી થએલા તેમના ચારસો સોબતીઓની તેમને સૌને ઇર્ષ્યા આવતી હતી.

નેપોલિયને તેમને સર્વને પ્રેમપૂર્ણ નજરે જોઇ લીધા. તેનું હૈયું ભરાઇ આવ્યું, પણ મન દૃઢ કરીને આગળ આવ્યો; અને છેક છેલ્લી હારના સિપાઇને પણ સંભળાય એવા ચોખ્ખા અવાજે કહ્યું—

“ સેનાપતિઓ, અમલદારો અને સિપાઇઓ ! હું તમારી રજા માગું છું. પચીશ વર્ષ થયાં મેં તમને જેવા અખંડ કીર્તિની કમાણી કરતા જોયા છે; તેવીજ રીતે મારી પડતીના છેલ્લા દિવસમાં પણ તમે ધૈર્ય અને વફાદારીનો ઉંચો આદર્શ બતાવ્યો છે. આખો યૂરોપ આપણી સામે લડવા ઉતર્યો હતો. તે છતાં પણ તમારા જેવાની મદદથી આપણો પરાજય કદી પણ નહિ થાત. આપણે હજી પણ એક

લાંબી લડાઇ ટકાવી રાખત, પણ તેમ કરતાં આપણા દેશને ઘણું સોસવું પડત. આથી કરીને ફ્રાન્સનું હિત વિચારીને મેં આપણા હિતનો ભોગ આપ્યો. આજે હું તમારાથી દૂર જાઉં છું; પણ **મારા મિત્રો ! જે નવા નૃપતિને ફ્રાન્સે પસંદ કર્યો છે તેને વફાદાર રહેજો.** ફ્રાન્સનું કલ્યાણ એજ મારો નિરંતરનો વિષય હતો, અને હજી પણ મારી પ્રાર્થના વખતે હું એનુંજ કલ્યાણ વાંછીશ. મારે માટે ખેદ ન કરતાં તમે સુખી છો એવું જ્યાં લગી જાણતો રહીશ ત્યાં સુધી હું સુખીજ છું. મારી કીર્તિના વિનાશ પછી પણ હું જીવું છું તે માત્ર તમારી કીર્તિ વધારવાને માટેજ. આપણાં કામોનો ઇતિહાસ લખવાનો મારો ઇરાદો છે. કલ્યાણ થાઓ ! મારા પુત્રો ! મને એમ થાય છે કે જાણે તમને સૌને છાતી સરસા ચાંપું; તેમ નહિ તો તમારા સૌના વતી તમારા સેનાપતિને અને તમારા +ગરુડને તો ભેટુંજ.” સૌની આંખમાંથી ચોધારાં આંસુ વહ્યાં જતાં હતાં અને યોદ્ધાઓનાં કઠણ હૈયાં પણ લાગણીના વેગથી ઉછળતાં હતાં. નેપોલિયનની ઇશારતથી પલટણનો સેનાપતિ જનરલ પીટીટ જે એક કોમળ હૃદયનો પણ લશ્કરી રૂઆબવાળો યોદ્ધો હતો તે આગળ આવ્યો. નેપોલિયન અશ્રુપૂર્ણ આંખે તેને નિહાળી ભેટયો અને તે ઘડાયલો યોદ્ધો પણ નાના બાળકની પેઠે રડી પડ્યો. નેપોલિયને પાછું મન કઠણ કર્યું અને ગરુડને પોતાની પાસે લઈ આવવા કહ્યું. એક સિપાઇ તે ચીજ લાવ્યો. નેપોલિયને તે મૂર્તિને છાતી સરસી ચાંપી અને તેની ચાંદીની ચાંચપર ચુંબન કરતાં કહ્યું—

“ પ્રિય ગરુડ ! આ મારૂં છેલ્લું આલિંગન મારા દરેક વફાદાર સિપાઇના હૃદયમાં કાયમને માટે જાગૃત રાખજે. મારા મિત્રો ! તમારૂં પુનઃ કલ્યાણ ઇચ્છું છું.”

હવે જોનારાઓથી લાગણી ન ખળાઈ. દરેક જેમ ફાવે તેમ રડવા લાગ્યા. નેપોલિયન ગાડીમાં ચડી બેઠો અને બે હાથે મોં ઢાંકી દીધું. ગાડી ચાલવા લાગી અને પોતાની સાથે ફ્રાન્સના મોટામાં મોટા અને ઉદારમાં ઉદાર પુત્રને તેની વહાલી માતૃભૂમિથી દૂરને દૂર લેતી ગઇ.

* * *

+ સોનારૂપાની બનાવેલી વાવટાને ઠેકાણે વપરાતી ગરુડની મૂર્તિ.

प्रकरण ६२ मुं—नेपोलियन एल्बामां

નેપોલિયન મિસરથી પાછો ફર્યો ત્યારે ફ્રેજુ બંદરે ઉતર્યો હતો. તેજ બંદરેથી આ પ્રસંગે તે એલ્બા જવા ઉપડવાનો હતો. તે પારિસથી સાતસો માઇલને અંતરે આવેલું છે અને આ લાંબી મુસાફરી દરમ્યાન લગભગ બધી જગ્યાએ લોકોએ તેને માટે અતિશય સન્માન અને પ્રીતિ દર્શાવ્યાં હતાં. અમુક ભાગમાં જ્યાં રાજભક્ત વર્ગનું ઘણું જોર હતું ત્યાં આગળ તેને વળાવવા આવેલા કમીશનરોએ અગમચેતી ન વાપરી હોત તો સંભવ છે કે તેની જિંદગી સલામત ન રહેત. ૨૭મી તારીખે તે ફ્રેજુ પહોંચ્યો અને તેને માટે તૈયાર રાખેલા ફ્રાન્સના વહાણમાં ન બેસતાં ઈંગ્લંડના વહાણમાં મુસાફરી કરવાનું તેણે પસંદ કર્યું.

આવા સંજોગોમાં પણ તે જોસેફાઇનને ભૂલી શક્યો ન હતો. થોડા થોડા દિવસને અંતરે તેના ઉપર પ્રેમપૂર્ણ પત્રો મોકલતો હતો. ફોન્ટેન્બ્લો છોડતાં પહેલાં ચાર દિવસ અગાઉ તેણે નીચે મુજબ પત્ર લખ્યો હતો:—

“ પ્રિય જોસેફાઇન! મેં તને ગઇ ૮મી તારીખે પત્ર લખ્યો હતો પણ તે તને કદાચ નહિ મળ્યો હોય. તે વખતે લડાઇ ચાલુ હતી અને કદાચ રસ્તામાં કોઇએ તેને અટકાવ્યો હોય. હવે એ સંજોગો દૂર થયા હોવા જોઇએ. મેં મારો નિશ્ચય કરી નાખ્યો છે. મારૂં મગજ અને મારો આત્મા એક ભારી બોજામાંથી મુક્ત થઇ ગયાં છે. મારી પડતી ઘણી ભારે થઇ છે પણ તે કદાચ ઘણી ફાયદાકારક નીવડે. હું હવે તલવારને બદલે કલમ પકડવાનો છું. મારા રાજ્યનો ઇતિહાસ આતુરતાપૂર્વક વાંચવા જેવો થઇ પડશે. હજી દુનિયાએ મારા ચહેરાની એકજ બાજુ દીઠી છે. હવે હું તેને મારો આખો ચહેરો બતાવવા ઇચ્છું છું. હજી મારે ઘણી છુપી બાબતોનો ભેદ ખુલ્લો કરવાનો છે. દેશમાં એવી અનેક વ્યક્તિઓ છે કે જેઓ લોકોના માનને લાયક નહિ છતાં લોકમાં સન્માન પામે છે. મેં લાખો દેશનિકાલ થએલા રાજભક્તોના ઉપર ઉપકારના વરસાદ વરસાવ્યા પણ તેઓ અંતે મારા ન થયા અને મને ફસાવ્યો. માત્ર એમાંથી હું આપણા યુજીનનેજ બાદ કરૂં છું.

" સલામ, મારી પ્રિય જોસેફાઇન. મેં જેમ મારા ચિત્તનું સમાધાન કર્યું છે તેમ તું પણ કરજે; અને જે તને ભૂલી ગયો નથી અને ભૂલી શકશે નહિ તેને તું પણ ભૂલતી નહિ. "—નેપોલિયન.

"તા. ક. મને એલ્બામાં પત્રો મોકલતી રહેજે. મારૂં શરીર હવે જોઇએ તેવું સારૂં નથી. "

આ પત્ર વાંચીને જોસેફાઇન ખૂબ રડી. તેના હૃદયની પ્રીતિનો સમુદ્ર પોતાના અગાઉના જીવનસખાનું દુ:ખ જોઇને એકદમ ઉછળ્યો.

તેણે કહ્યું, " હવે મારાથી અહિં રહેવાય નહિ; મારી હાજરીની શહેનશાહને જરૂર છે. અલબત્ત, મારા કરતાં મેરિયા લુઈસાની ફરજ વધારે છે, પણ શહેનશાહ એકલા છે–એમનું ત્યાં કોઇ નથી. મારાથી એમને છોડાય તો નહિજ. એ સુખી હોય ત્યાંસુધી હું એમની પાસે ન હોઉં તો ચાલે, પણ અત્યારે તો જરૂર તે મારી વાટજ જોતા હશે."

તોપણ નેપોલિયન સાથેનો પોતાનો અત્યારનો બાહ્ય સંબંધ કેવા પ્રકારનો હતો તેનો વિચાર તેને ગુંચવણમાં મૂકતો હતો અને મેરિયા લુઇસા આ વખતે શું કરશે તે નહિ જાણી શકવાથી તે કશા નિશ્ચય પર આવી શકી નહિ. તેથી તેણે નેપોલિયનને નીચે પ્રમાણે લખ્યું:—

" મારો અને તમારો સંબંધ કાયદા મુજબ તોડવાથી આપણને કેટલું નુકસાન થયું છે તે હું અત્યારેજ પૂરેપૂરૂં સમજી શકી છું. હવે તમારા ઉપર આવી પડેલી ભારે અને અણધારી આફત જોઇને માત્ર શોક કર્યા સિવાય બીજું વધારે હું શું કરી શકું? કેમકે જગતની નજરે હું તમારી એક મિત્રજ ગણાઉં. મને એમ થાય છે કે હું તમારી પાસે ઉડીને આવું? હું એવી ભાગ્યહીન છું કે હું તમારી પાસે આવીને તમને ખાત્રી નથી આપી શકતી કે દેશનિકાલ થતાં માત્ર અસંસ્કારી જીવડાઓજ ભય પામે છે અને શુદ્ધ પ્રેમ વિપત્તિથી કમી ન થતાં ઉલટો વધારે બળવાન બને છે. હું ફ્રાન્સ છોડીને મારૂં બાકીનું જીવન તમારીજ સેવામાં અર્પણ કરવાની તૈયારીમાં હતી, પણ એકજ બાબતના વિચારથી અટકી છું અને તમે તે સમજી ગયા હશો. જો તમારા તરફથી મને એવી ખબર મળશે કે તમારી સેવા કરવા માટે હું એકલીજ છું તો હું અહિં એક પળવાર પણ થોભીશ નહિ અને જયાં મારાં ભવિષ્યનાં સુખશાન્તિ રહેલાં છે એવા એકજ સ્થાનમાં દોડી આવીશ. તમે એક શબ્દ કહેશો કે તરત હું ફ્રાન્સ છોડીશ. હું જેટલું લખું તેટલું અધૂરૂં છે; કારણ કે મારી લાગણી મારે શબ્દોથી નહિ પણ કૃતિથી દર્શાવવી છે અને તમને અત્યારે તેનીજ વધારે જરૂર છે. "

આ પત્ર લખ્યા પછી થોડાજ દિવસમાં બિચારી શોકથી ઘાયલ બનેલી જોસે-

ફ્રાઈન માંદી પડી અને સૌને તેનો અંતકાળ નજીક લાગ્યો. તેના છેલ્લા શબ્દોમાં પણ નેપોલિયન અને ફ્રાન્સપ્રત્યેના તેના ઉંડા પ્રેમનો રણકાર ગુંજી રહ્યો હતો. મરતાં મરતાં પણ તેણે નેપોલિયનને યાદ કરી તેનું રક્ષણ કરવાની ઈશ્વરને પ્રાર્થના કરી અને તેની છબી પોતાની છાતી ઉપર રાખી. "એલ્બા–નેપોલિયન" એવા કોમળ શબ્દોના ઉચ્ચાર સાથે આ મહાપતિવ્રતા સ્ત્રીએ પ્રાણ મૂક્યો. સફેદ સંગેમરમરનો તેનાજ જેવો સાદો શ્વેત રોજો હજી પણ નેપોલિયનની એ જીવન સહચરીનું સ્મરણ જાળવી રહ્યો છે.

એલ્બાનો દ્વીપ ફ્રાન્સના કિનારાથી ૨૦૦ માઇલને છેટે આવેલો છે. માર્ગમાં નેપોલિયન સૌની સાથે માયાળુપણે આનંદપૂર્વક અનેક વિષયોપર વાતો કરવા લાગ્યો. તેથી તે થોડાજ વખતમાં સૌને પ્રિય થઇ પડ્યો. અંગ્રેજ ખારવાઓ જેમને એમ ભરમાવવામાં આવ્યું હતું કે નેપોલિયન બોનાપાર્ટ તો દૈત્ય જેવો છે તેઓ પણ કહેવા લાગ્યા કે "**ગમે તેમ હોય પણ બોની ઘણો ભલો માણસ છે.**"

મે માસની ત્રીજી તારીખે એલ્બાના પર્વતોનાં શિખર દેખાયાં. વહાણ કિનારે લાંગર્યું એટલે ખલાસીઓને ઇનામ આપવા માટે નાખુદાને સારી જેવી રકમ આપી. તે કિનારે ઉતર્યો. કિનારે ઉતરતાંજ તેને ઈંગ્લંડના વહાણમાંથી તેમજ એલ્બાની રાજધાની પોર્ટો ફેરાજોના બુરજ ઉપરથી સો તોપોની સલામી આપવામાં આવી. બંદર ઉપરથી સીધો મહેલમાં ન જતાં સામાન્ય મુસાફરની માફક પોતાનો સામાન ઉતરાવવા કિનારા ઉપર થોભ્યો અને કોઇ કોઇવાર ખારવાઓને મદદ પણ આપતો.

ત્યાર પછી એક ટેકરીપર ચઢીને તેણે આખા દ્વીપનું અવલોકન કર્યું. તે સોળ માઇલ લાંબો અને બેથી બાર માઇલ પહોળો હતો. કુલ વસ્તી તેર હજાર માણસની હતી. થોડીવારસુધી ટાપુના વિસ્તાર તરફ તેણે નજર ફેરવી કહ્યું, "એટલું તો કબૂલ કરવું પડશે કે મારૂં રાજ્ય ઘણું નાનું છે."

એલ્બાના રહેવાસીઓએ તેનો ઘણા પ્રેમથી સત્કાર કર્યો. આવતાંવારનેજ તેની જનસુખાકારીમાં વધારો કરવાની વૃત્તિ અને કાર્યકારિણી શક્તિ કામે લાગી ગયાં. બે ત્રણ મહિનામાં તો ટાપુની એકે એક જગ્યા તે જોઇ વળ્યો. ખાણો, મીઠાના અગર, દ્રાક્ષની વાડીઓ, જંગલ, બંદર, કિલ્લા વગેરે દરેક સ્થળને વૈજ્ઞાનિક અને વ્યાવહારિક દૃષ્ટિથી તે જોઇ વળ્યો. તેના નાના સરખા રાજ્યમાં એકદમ ચેતન આવી ગયું. નવી સડકો બંધાઈ; નવી નહેરો ખોદાઇ; એક દવાખાનું સ્થપાયું; મીઠાની પેદાશમાં વધારો કરવા માટે નવાં બાંધકામ બંધાયાં. પોતાના નાનકડા રાજ્યની રૈયતને આબાદ કરવા અને તેમના ઉદ્યોગની ખીલવણી કરવા પાછળ તેની તમામ શક્તિ વપરાવા લાગી.

નેપોલિયનની હાજરીને લીધે એલ્બાનો ટાપુ આખા યૂરોપનું ધ્યાન ખેંચવા

લાગ્યો. દેશ દેશના પ્રવાસીઓનાં પગલાં તે તરફ વળવા લાગ્યાં. પોતે ક્ષુદ્ર ટાપુનો માલીક છતાં જે મહાપુરુષ પોતાની કીર્તિવડે આખા યૂરોપના રાજાઓમાં પ્રથમ સ્થાન ભોગવતો હતો તેનાં દર્શન કરવા અનેક દેશના આગેવાનો ચાલ્યા આવતા. તેમની સાથે અજાયબ જેવી મનની મોકળાશ અને હૃદયની સરળતાસહિત તે ચર્ચામાં ઉતરતો અને પોતાનું રાજનૈતિક મૃત્યુ થઈ ચૂક્યું હોય અને પોતાનો વૃત્તાંત પણ જાણે ઐતિહાસિક બનાવ હોય તેમ તટસ્થપણે વાત કરતો. મનની ઉદારતા અને વિચારની ઉચ્ચતાવડે તે સર્વનું સન્માન પ્રાપ્ત કરતો.

તેની પ્રકૃતિ હમેશાંજ શાંત રહેતી. તેના મોંમાંથી કદિ કડવો ઉચ્ચાર નીકળતોજ નહિ અને જેમણે તેનું ઘણામાં ઘણું નુકસાન કર્યું હતું તેમનાં કૃત્યો ઉપર પણ તે ઉદારતાનોજ ઓછાડ ઓઢાડતો. ખેડુતોની સાદી રમતગમતોમાં તે રસ લેતો અને એકવાર શરીરબળની હરિફાઇ વખતે લોકોના આગ્રહથી મધ્યસ્થ પણ તે થયો હતો.

તે ઘણું થોડું ઉંઘતો. ઘણીવાર તો કપડાં બદલ્યા વગરજ થોડીવાર પડી રહેતો અને પાછો ઉઠીને લખવા વાંચવા મંડી જતો. તેની રહેણી અને પોશાકમાં સાદાઇ નજરે પડતી હતી. તેના સ્વભાવના બંધારણમાં બુદ્ધિતત્ત્વ એટલું વિશેષ હતું કે શરીરની સ્થૂળ વાસનાઓને માટે અવકાશજ ન હતો.

આ રીતે તેનો ઉનાળો આનંદમાં વહી ગયો. યૂરોપન મિત્રરાજાઓ વિયેનાની રાજ્ય પરિષદ્‌માં જીતેલા પ્રદેશોની વહેંચણી કરતાં અંદર અંદર સાઠમારી કરવા લાગ્યા. બુર્બોન રાજાઓએ ફ્રાન્સ ઉપર પ્રથમની માફક જુલ્મી રાજનીતિ વાપરવા માંડી. થોડાક માંખણદાસો સિવાય પ્રજાનો મોટો ભાગ કાયર થઈ ગયો. અલેક્ઝાન્ડરે તેને ઘણીએ શિખામણ દીધી કે લોકલાગણીને માન આપતાં શીખ; ગાદીએ બેસતાં પહેલાં પ્રજાને હાથે તારી ચૂંટણી કરાવ; અને છેલ્લાં પચીશ વર્ષના રાજ્યકારોબારને કાયદેસર ગણ; પણ એ રાજાઓ પચીશ વર્ષ પરદેશ રહ્યા તે દરમ્યાન કાંઈ ભૂલ્યા પણ ન હતા અને કાંઈ નવું શીખ્યા પણ ન હતા.

નેપોલિયનની જગ્યા લેનાર ૧૮ મો લૂઇ સાઠ વર્ષની ઉમ્મરનો હતો. શરીરે એવો જાડો હતો કે તેનાથી પૂરૂં ચલાતું પણ ન હતું. તેણે પ્રથમ તો નેપોલિયનના શહેનશાહી રક્ષકોની પલટણને રજા આપી. ફ્રાન્સના ત્રિરંગી વાવટાને બદલે બુર્બોન વંશનો જૂનો વાવટો ચઢાવ્યો. મતાધિકાર ઉપર એટલો કાપ મૂકી દીધો કે પચાસ લાખને ઠેકાણે માત્ર આઠ લાખજ મતદારો રહ્યા. પાછલાં પચીશ વર્ષના કારોબારને ગેરકાયદેસર ગણ્યો અને પોતાના રાજ્યના પહેલા વર્ષને ઓગણીશમું વર્ષ ગણાવી આખી પ્રજાનું અપમાન કર્યું. એ ઉપરાંત મિત્રરાજાઓએ જે જે માગ્યું તે આપીને આખા દેશને શરમમાં ડૂબાવી દીધો. રાજ્યક્રાન્તિ પછી ફ્રાન્સે જે જે પ્રદેશ મેળવ્યા હતા તે બધા છોડી દીધા. બાર હજાર તોપો અને અથાગ

દારૂગોળાની લહાણી કરી. કિલ્લા નાબૂદ કર્યા. લશ્કર ઘટાડી માત્ર એંશીજ હજારનું કરી નાખ્યું. લોકોનો બૂમાટો વધ્યો અને સૌની નજર એલ્બા તરફ વળી. લોક-લાગણી એટલી બધી ઉશ્કેરાઈ ગઇ કે છાપખાનાં ઉપર અંકુશ મૂકવાની જરૂર પડી.

દેશદ્રોહી બર્નાડોએ પોતે કરેલા દેશદ્રોહનું ઇનામ માગ્યું. મિત્ર રાજાઓએ સ્વીડનની સાથે નૉર્વેને જોડી દેવાનો તેની સાથે છુપો કરાર કર્યો હતો; પણ નૉર્વે કાંઇ તેમની મિલ્કત ન હતી, એટલે પોતે આપેલું વચન પાળવા માટે તેઓ ધાડપાડુનો ધંધો કરવા તૈયાર થયા. નૉર્વેની પ્રજા સ્વતંત્રતાનો બચાવ કરવા તૈયાર થઇ ગઇ. પરતંત્ર થવા કરતાં મરવું તેણે પસંદ કર્યું. છેવટના ઉપાય તરીકે તેમણે સ્વતંત્રતાને પૂજનાર ઇંગ્લંડની મદદ માગવા એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. તેમણે દુશ્મનને પણ દયા આવે એવા કાલાવાલા કર્યા પણ અંગ્રેજ ઇતિહાસકાર એલિસનના કહેવા પ્રમાણે “ મિત્રરાજ્યો સ્વીડન સાથે એવાં પક્કા કોલકરારથી બંધાઈ ચૂક્યાં હતાં કે સ્વતંત્રતાને માટે મરવા તૈયાર થએલી શૂરવીર પ્રજાની હૃદયભેદક અરજ ઉપર ધ્યાન આપવાનો તેમને અવકાશજ ન હતો. ”

ઇંગ્લંડને નૉર્વે સાથે યુદ્ધ જાહેર કરવાનું કશું કારણ ન હતું છતાં તેનો કાફલો એ ગરીબડા દેશના સમુદ્રકિનારાને ઘેરી વળ્યો. બર્નાડોએ તેનું બળવાન સૈન્ય નૉર્વેની પ્રજા ઉપર છોડી મૂક્યું. તેઓ મરણીઆ થઇને લઢયા પણ અંતે અનેક પ્રહારથી છિન્નભિન્ન થએલા સિંહની માફક પડયા. મિત્રરાજાઓએ તેમની લોહીથી ખરડાયલી તલવાર લુછીને તેમનો લોહીલુહાણ થએલો શિકાર બર્નાડોના હાથમાં આપ્યો. ઇંગ્લંડની પાર્લામેન્ટમાં ઉદાર પક્ષે સખત ઝુંબેસ ઉઠાવી. બ્રિટિશ સરકારની આબરૂ ઉપર આ કાળામાં કાળું કલંક છે એમ પણ કહ્યું; પણ સત્તાના મદથી છકી ગએલા સામા પક્ષે ધીટપણે પોતાનુંજ ધાર્યું કર્યું. એજ પ્રમાણે પૉલેન્ડ, વૉરસૉ, મિલન, સેક્સની વગેરે જે જે રાજ્યોને નેપોલિયને ઉદાર રાજ્યતંત્ર અર્પ્યું હતું તેમના ઉપર પાછી આપખુદ સત્તાની બેડીઓ ઠોકાઇ અને તેમના રાજ્યના ટુકડા મિત્ર-રાજ્યો સ્વાહા કરી ગયાં.

એમ કરતાં શિયાળો પૂરો થયો. જે નાણું નેપોલિયન પોતાની સાથે લાવ્યો હતો તે વપરાઇ ગયું અને તેને પૈસાની ભારે તંગી પડવા લાગી. ફૉન્ટેન્બ્લોની સુલેહની સરત પ્રમાણે નેપોલિયનને જે વાર્ષિક પેન્શન મળવું જોઇએ તે પેટે ૧૮ મા લૂઇએ એક પાઇ પણ પરખાવી નહિ. આ નીચ કૃત્યમાટે મિત્રરાજ્યો પણ તેના ઉપર ફિટકાર વરસાવવા લાગ્યાં. ઇંગ્લંડને પણ આ વચનભંગથી શરમ ઉપજી. લૉર્ડ કાસલરેએ લુઇને ઘણુંએ સમજાવ્યો પણ તે શઠ એકનો બે ન થયો.

હવે આખા ફ્રાન્સની નજર દિનપ્રતિદિન વધારે ને વધારે આતુરતાપૂર્વક એલ્બા તરફ વળવા લાગી. લૂઇની રાજનીતિ સામે સખત પોકાર થવા લાગ્યા. તે

અને તેના મિત્રો ગભરાયા. રાજભક્ત વર્ગને તો મૂળથીજ ભય હતો કે નેપોલિયનની લોકપ્રિયતા હજી પણ યૂરોપના રાજ્યકર્તાઓને ઠરીને બેસવા નહિ દે. તેઓ તેને માર્ગમાંથી ખસેડી નાખવાની પેરવી કરતા હતા. તેનું ખૂન કરવાનાં કાવત્રાં રચાતાં પણ તેના મિત્રો ફ્રાન્સમાં રહ્યા રહ્યા તેને ચેતાવી દેતા હતા. અત્યારે તેની સ્થિતિ અરક્ષિત હતી અને ખૂનીનું ખંજર તેના ઉપર નિરંતર લટકતું હતું. બ્રિટિશ પ્રધાનમંડળને તેના નિવાસસ્થાનની બાબતમાં શરૂથીજ અસંતોષ હતો; કારણ કે એ જગ્યા યૂરોપથી જોઇએ તેટલી દૂર ન હતી. ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી સેન્ટ હેલેનાનો ટાપુ મેળવવાને એ પેઢીના ભાગીદારો સાથે બ્રિટિશ પ્રધાનો પત્રવ્યવહાર કરતા હતા. એમ કહેવાય છે કે ડયૂક ઑફ વેલિંગ્ટને હિંદુસ્તાન જતાં આવતાં એ ટાપુ જોયો હતો અને નેપોલિયનને માટે આ જગ્યા બહુજ મજબૂત કેદખાનું થઈ પડશે એવી સૂચના તેના તરફથી કરવામાં આવી હતી. મિત્રરાજાઓ નેપોલિયનને સેન્ટ હેલેના લઇ જવાના છે એ વાત તો આખા યૂરોપમાં ફેલાઇ ગઇ હતી, અને લૉર્ડ હૉલેન્ડ જેવો વજનદાર અંગ્રેજ પણ એ વાતની સાક્ષી પૂરે છે. તે લખે છે કે:—

" નેપોલિયન એલ્બા રહેવા ગયો ત્યાર પછી એકવાર મને મારી સ્ત્રીએ ઈંગ્લંડનાં વર્તમાન પત્રોના થોડાક અંક મોકલાવ્યા. તેમાંના એકમાં તેને સેન્ટ હેલેના લઇ જવા મિત્રરાજાઓ વિચાર કરે છે એવી હકીકત છપાઇ હતી. નેપોલિયને એલ્બામાંથી નાસી જવાનો વિચાર પણ કર્યો તે પહેલાં તેને સેન્ટ હેલેના લઇ જવાનો વિચાર મિત્રરાજાઓએ વધાવી લીધો એ શરમભરેલું અને વિશ્વાસઘાતક છે; પણ એ હકીકત સાચી છે. અમીરોની સભામાં બોનાપાર્ટ સાથે ચલાવેલા વર્તન વિષે ચર્ચા થતી હતી તે વખતે મેં આ વાત જાહેર કરી પણ એ વાત ખોટી છે એમ કોઇથી કહેવાયું ન હતું. મને વિયેનાની રાજપરિષદ્‌માં બેસનાર વિશ્વાસપાત્ર અંગ્રેજ ગૃહસ્થે આ વાત વૉટર્લુની લડાઇ પહેલાં કરી હતી. મિત્રરાજાઓ ઉપર કહ્યું તેવું કૃત્ય કરવાના છે એવો શક લાવવાનાં પૂરતાં કારણ હોય તો પછી ફોન્ટેન્બ્લોની સુલેહની સરતો તોડીને પોતે ગુમાવેલું રાજ્ય પાછું મેળવવા કોશેશ કરવાનો નેપોલિયનને હકક છે એમ કબૂલ કરવું પડે છે. "

આ વસ્તુસ્થિતિમાંથી નેપોલિયનની અશ્ચર્યકારક શક્તિની સારામાં સારી સાબિતી મળી જાય છે. એકલો અસહાય પુરુષ, જેની પાસે સૈન્ય નથી, નાણું નથી, જે સમુદ્રની વચ્ચે આવેલા નાનકડા ટાપુમાં પડ્યો પડ્યો પુસ્તકો વાંચ્યા કરે છે અને વાતો કર્યા કરે છે; છતાં તેના નામમાં એટલી શક્તિ છે; યૂરોપની **પ્રજાનાં** દિલ ઉપર હજી તેનો એટલો કાબુ છે કે આખા યૂરોપખંડના ભેગા થએલા રાજાઓ તેમનાં મહાબળવાન સૈન્યોથી સુરક્ષિત હોવા છતાં પણ તેની શક્તિનો વિચાર કરી ભયથી ધ્રૂજે છે !

ફોન્ટેન્બ્લોની સુલેહની સરતો સામા પક્ષે તોડી હતી તેથી નેપોલિયન તેનું પાલન

કરવા બંધાયલો ન હતો. ફ્રાન્સમાં બીજી વાર રાજ્યવિપ્લવ થવાની તૈયારી થતી હતી. આખી પ્રજા પોતાના દેશપાર થએલા શહેનશાહ માટે અધીરી બની હતી. નેપોલિયન ફ્રાન્સનાં છાપાં વાંચતો અને ત્યાંની સ્થિતિનું અવલોકન કરતો.

હવે ફેબ્રુઆરી માસ પૂરો થવા આવ્યો હતો. તેને એલ્બા આવ્યે દશ મહિના થઇ ગયા હતા. તેના શિરપરનું જોખમ પાર વિનાનું હતું. ખૂનીતું ખંજર કોઇ પણ વખતે તેની છાતીમાં ભોંકાય અથવા બદમાસોની ટોળી તેને ગુપચુપ પકડી જઈ કેદખાનામાં પટકી દે—એવી એવી મોત કરતાં પણ ભૂંડી હજાર પ્રકારની દહેશતો વચ્ચે તે રહેતો હતો. તેથી તેણે હવે નિશ્ચય કર્યો કે ફ્રાન્સ જવું અને પ્રજા આગળ હાજર થવું. તેની મરજીમાં આવે તો રાજ્યાસન આપે અને નહિ તો તેનો વધ કરે. તેમ કરવું એજ ઠીક છે.

તેની બેન પૌલાઇન યૂરોપ જઇ આવી. તે સમાચાર લાવી કે પ્રજા તૈયાર છે, અધીરી છે. સામા પક્ષને મળી ગયેલા સરદારો હવે પસ્તાય છે અને પોતાના નેતાની રાહ જુએ છે.

એજ અરસામાં એક ફ્રેન્ચ ઉમરાવ નેપોલિયનની મુલાકાતે આવ્યો. તેની સાથેની વાતચીતમાં તેણે જણાવ્યું હતું કે "પારિસમાં મારે માટે અનેક જૂઠી બનાવટી વાતો ફેલાવવામાં આવી છે. એમ પણ કહેવાય છે કે તેઓ મને માલ્ટા કે સેન્ટ હેલેના ઉપાડી જવાના છે; પણ યાદ રાખજો કે મારી પાસે હજી તોપો, બહાદૂર અંગરક્ષકો અને છ મહિના ચાલે તેટલો સરસામાન છે; અને એવું નીચ કૃત્ય કરવા આવનારને ભારે પડી જશે; પણ હું નથી માનતો કે મારા જેવો એકાકી માણસ જે કોઇનું કાંઇ બગાડતો નથી તેની સામે લડવા જેટલી નીચતા તેઓ કરે. અલેક્ઝાન્ડરને આબરૂ ઘણી વહાલી છે. સુલેહની સરત પ્રમાણે મને એલ્બાનું રાજ્ય આપવામાં આવ્યું છે. હું મારા ઘરમાં બેઠો છું. હું લડવાનું બાનું ન આપું ત્યાંસુધી મારા ઘરમાં આવીને મને હેરાન કરવાનો કોને અધિકાર હોય ?"

" હું માનતો હતો કે બુર્બોન રાજાઓ સુધર્યા હશે, પણ તેમણે એક પછી એક ભૂલોજ કીધી છે. શત્રુઓને બેલ્જીયમ, તોપો અને દારૂગોળો આપ્યાં તેમના કહેવા મુજબ કિલ્લા, બંદરો અને યુદ્ધસામગ્રીના ભંડાર બરબાદ કર્યા. નામોશીભરેલી રીતે મેં સુલેહ કરી હોત તો હું હજી પણ ફ્રાન્સનો રાજા હોત; પણ હું તો હાથ કાપી નાખું. ફ્રાન્સને નામોશી લગાડવા કરતાં રાજ્યાસન ખોવાનું પસંદ કરૂં."

" મારા દુશ્મનોએ એવી પણ વાત ફેલાવી છે કે સુલેહ કરવાની મેંજ ના પાડી હતી. તેઓ મને એક પાજી અને નરહત્યાનો જાણે મને શોખ હોય એવો ચીતરે છે. તેમનાં કૃત્યો જોતાં તેઓ એમ કરે એમાં નવાઇ પણ નથી. કૂતરાને મારી નાખવો હોય તો મારનાર એમજ કહે કે તે હડકાયલો છે; પણ હું ખરી હકીકત

યૂરોપને જાહેર કરીશ. ઇંગ્લંડ, આસ્ટ્રિયા અને રશિયાનાં કૃત્યોના ભેદ મારી કાતીલ કલમથી હું ફોડી નાખીશ. લુચ્ચાઇ અને નરહત્યાની તૃષા કોનામાં છે તે હું પૂરવાર કરી આપીશ. હું ધારત તો ઘણા વખત સુધી ફ્રાન્સમાં રહ્યો રહ્યો પર્વતોનો આશ્રય લઇને પણ શત્રુઓને હંફાવત; પણ મેં તેમ ન કર્યું. મને ખૂનામરકીનો કંટાળો આવ્યો હતો. ”

“ મારા નામથી અને થોડા ઘણા મને વળગી રહેલા બહાદૂર સિપાઇઓથી શત્રુઓ પારિસમાં રહ્યા રહ્યા પણ ડરતા હતા. તેમણે મારા રાજીનામાના બદલામાં એકવાર મને ઇટાલિનું રાજ્ય પણ આપવા માંડયું હતું; પરંતુ મેં ના કહી અને છેવટે એલ્બાજ પસંદ કર્યો.”

“ હજી પણ પેલા દેશદ્રોહીઓ જેમને મેં સ્વદેશમાં આવવા દીધા હતા તેમનો કીનો હોલવાયો નથી. ઇંગ્લંડનાં વર્તમાનપત્રોએ જેને નરપિશાચ અને ખૂની તરીકે જાહેર કર્યો છે તેની ટોળીના એક બદમાસને તેમણે મારો જીવ લેવા મોકલ્યો હતો. એ દેશદ્રોહીઓને પાછા આવવા દીધા એજ મેં મોટી ભૂલ કરી. તેમ ન કર્યું હોત તો તેઓ યૂરોપમાં રવડી રઝળીને મરી જાત; પણ એમ કરવામાં મારો એક હેતુ પણ હતો. મારે યૂરોપના મનનું સમાધાન કરીને રાજ્યવિપ્લવના ઉપર પડદો પાડવો હતો; પણ લશ્કરમાં હવે મારે વિષે શું બોલાય છે ? ”

“ તેઓ આપને નિરંતરસન્માન, અને શોકપૂર્વક સ્મરે છે. ” નેપોલિયને પૂછ્યું, “ ત્યારે તેઓ મને હજી ચહાય છે ? ”

“ હાજી, હું તો એમ પણ કહું કે તેઓ આપને અગાઉના કરતાં વિશેષ ચહાય છે અને કહે છે કે જો અમને અમારા સરદારોએ ફસાવ્યા ન હોત તો અમને જીતી શકાતજ નહિ. ”

નેપોલિયન:—“ હું જાણું છું કે ફ્રાન્સમાં અસંતોષની આગ સળગી ઉઠી છે. ઉમરાવો અને ધર્મગુરુઓ સિવાય બુર્બોન રાજાઓના પક્ષમાં કોઇ નથી. દરેક દેશહિતચિન્તક માણસ તેમની વિરુદ્ધ છે; પણ ફરીથી રાજ્યક્રાંતિ થાય એવાં ચિન્હ છે?”

“ લોકોમાં અસંતોષ અને ખીજવાટ એટલી હદ સુધી ફેલાઇ ગયા છે કે જરાક કારણ મળતાં ભડકો સળગી ઉઠે અને આવતી કાલેજ તેવું કાંઇ થાય તો નવાઇ પામવા જેવું નથી. ”

નેપોલિયન—“તમે બીજીવાર પ્રજાસત્તાક રાજ્ય સ્થાપશો ?”

“ પ્રજાસત્તાકનો તો કોઇને વિચાર નથી પણ રાજપ્રતિનિધિ નીમીને કામ ચલાવી લેવાય. ”

નેપોલિયન:—રાજ પ્રતિનિધિ ! હું મરી ગયો છું ?

“ પણ આપની ગેરહાજરી—”

નેપોલિયનઃ—ગાંડા છો ! પ્રજા બોલાવે તો બે દિવસમાં આવીને ઉભો રહું. હું આવું તો સારૂં કે ખોટું ?"

" હું પોતે તો શું કહી શકું ? પણ—

નેપોલિયનઃ—હા કે ના બોલો.

" ત્યારે હા. પ્રજા અને સૈન્ય આપને આવકાર આપવા તૈયાર છે. "

નેપોલિયનના મનમાં ઘણો ક્ષોભ થતો હતો. ભવિષ્યના ગંભીર બનાવોનું દર્શન તેની ભવિષ્યવેધી આંખને થતું હતું.

તેણે કહ્યું, " હું વિચાર કરૂં છું. કાલે મને ફરી મળજો. "

બીજે દિવસે તે ઉમરાવ તેની આગળ હાજર થયો. નેપોલિયન બોલ્યો—

" હું ફ્રાન્સ આવવા નીકળીશ. સાહસ ભારે અને જોખમભરેલું છે; પણ મારી શક્તિ ઉપરાંતનું નથી. મહત્ત્વના પ્રસંગમાં મારૂં પ્રારબ્ધ મને મદદ કરે છે. આખું ફ્રાન્સ મારૂં છે અને હું ફ્રાન્સનો છું. જાઓ જઇને × × × ને કહેજો કે ફ્રાન્સની ઇચ્છાને વશ વર્તી, તેને બુર્બોન રાજાઓના હાયમાંથી છોડવવા ભારેમાં ભારે જોખમ વેઠીને પણ ચાલ્યો આવીશ. "

એજ વખતે વિયેનાની રાજપરિષદ્‌માં દેશદ્રોહી ટલિરેન્ડ મિત્રરાજાઓના મન ઉપર **નેપોલિયનને ઉપાડી લઇ જવાની** જરૂર ઠસાવતો હતો. તે કહેતો કે હજી ફ્રાન્સના મન ઉપર તેના તરફની ફિકરનો બોજો છે અને ચંચળ વૃત્તિવાળા ઘણા માણસોના મનની આશાઓ તેના તરફજ હજી વળે છે. મિસરથી પણ તે એકવાર કોઇને ખબર ન પડે એમ સૌની અજાયબી વચ્ચે ફ્રાન્સમાં આવીને ઉભો રહ્યો હતો. બીજા બધાને તો આ વાત રુચતી હતી પણ અલેક્ઝાન્ડર વાંધો કહાડતો હતો. આખરે તેણે પણ મૌન ધારણ કરીને સંમતિ આપવા જેવું કર્યું; અને આ કામ અંગ્રેજ નૌકાધિપતિ સિડ્‌ની સ્મિથને સોંપવામાં આવ્યું. આવી જાતની દગલબાજીના ઇસારા ફ્રાન્સ, ઈંગ્લંડ અને જર્મનીનાં છાપાંઓમાં પણ આવી ગયા હતા અને નેપોલિયને તે વાંચ્યા પણ હતા.

આવા સંજોગોમાં તેણે એલ્બા છોડવાનો નિશ્ચય કર્યો. તેને માટે હવે બીજો માર્ગ હતોજ નહિ. વગર કારણે તેના ઘર ઉપર ધાડ પાડવાની શત્રુઓની પેરવી તે જાણતો હતો. તેમની સામે લાંબા વખતસુધી બચાવ કરવાનાં સાધન પણ તેની પાસે ન હતાં અને સુલેહની સરત પ્રમાણે જે વાર્ષિક પેન્શન તેને મળવું જોઇએ તે પણ આપવામાં આવ્યું ન હતું. એટલે તેની પાસે ત્યાં રહેવાનાં સાધન પણ ન હતાં.

* * *

प्रकरण ६३ मुं–एल्बाथी फ्रान्स

ફેબ્રુઆરી માસની ૨૬ મી તારીખે નેપોલિયનની બેન પૌલાઇને માનવંતા પરોણાઓને ખાણું આપ્યું હતું. તેમની સાથે નેપોલિયને હમેશની ઢબે વાતચીત કરી. તેની યોજના હજી તેના મનમાંજ હતી. સાંજના તેણે પોતાના બે સેનાપતિઓને બોલાવીને કહ્યું:—

"આપણે કાલે એલ્બા છોડીએ છીએ. બંદરપર લંગરાયલાં વહાણુ પર જાપ્તો રાખજો. આ સમાચાર ફૂટી ન જાય. અંગરક્ષકોને સવારે વહાણમાં ચઢાવી દેવાના છે."

બપોરે તોપોની સલામી સાથે તે પોતાના વહાણમાં દાખલ થયો. ક્યાં જવાનું છે તેની સિપાઇઓને કશી ખબર ન હતી પણ આજ્ઞાનું પાલન કરવા ટેવાએલા હોવાથી તેઓ કશી પૂછપરછ કે વિલંબ કર્યા વગર શહેનશાહ જ્યાં લઇ જાય ત્યાં જવા લાગ્યા. એલ્બાના પર્વતોનાં શિખર ક્ષિતિજમાં ઢંકાઇ ગયાં એટલે નેપોલિયને કહ્યું, "પાસો ફેંક્યો." સાધારણ પોલીસની ટુકડી સામે પણ બચાવ કરવા પૂરતા નહિ એટલા ગણ્યાગાંઠયાં માણસો લઇને આખા યૂરોપની મદદથી ફ્રાન્સની ગાદીએ બેઠેલા બુર્બોન રાજાને ખસેડી તેની જગ્યા લેવા આજે પાછો તે નિડરપણે ચાલ્યો.

આવું અદ્‌ભુત સાહસ તેના જીવનના અદ્‌ભુત સાહસોથી ભરેલા ઈતિહાસમાંથી ભાગ્યેજ બીજું જોવામાં આવશે; છતાં તેમાં વગર વિચાર્યું કે મૂર્ખાઇભરેલું કશુંજ ન હતું. તેના સંજોગોએ તેને ફરજ પાડી. તેનાથી એલ્બામાં રહેવાય એમ હતુંજ નહિ. મિત્રરાજાઓને મન સોગંદ બંધનકર્તા હતાજ નહિ. તેમણે પોતાના ગંભીર કરાર તોડયા હતા અને નેપોલિયનને કેદી બનાવવા ચાંચીઆબાજી કરવાની તૈયારીમાં તેઓ હતા. બીજે સ્થળે પહોંચી જઇને છુપે વેશે ભટકતા ફરવું અને હરઘડીએ પકડાઇ જવાની દહેશતમાં રહેવું તે કરતાં, ફ્રેન્ચ પ્રજા જે હજી તેને અટળ શ્રદ્ધા અને ભક્તિથી ચાહતી હતી તેનુંજ બહાદુરીથી ઉઘાડી રીતે શરણ લેવાનું તેણે પસંદ કર્યું. તેનું આ પગલું આબરૂભરેલું અને મર્દને છાજે એવુંજ હતું.

એલ્બાનો કિનારો દૃષ્ટિ બહાર ગયો એટલે તેણે તૂતક ઉપર પોતાના ચારસો

અંગરક્ષકોને એકઠા કરીને કહ્યું, "મિત્રો! આપણે ફ્રાન્સ જઇએ છીએ—આપણે પારિસ જઇએ છીએ." આ સાંભળતાંજ "ફ્રાન્સનો જય! શહેનશાહ ઘણું જીવો!" ના પોકાર ઉઠ્યા. સિપાઇઓમાં પાર વગરનો ઉત્સાહ આવી ગયો. જન્મભૂમિ ઉપર પગ મૂકતી વખતે બધા સ્વચ્છ લશ્કરી પોશાકમાં હોઇએ તો કેવું સારૂં એમ સમજી બધા વગર કહ્યે હથિયાર સાફ કરવા અને કપડાં સમારવા મંડી ગયા. નેપોલિયન બધે ફરતો ગયો અને પિતા પુત્રો તરફ જુએ તેમ સૌના તરફ સ્નેહપૂર્ણ નજર કરી કાંઇ કાંઇ બહાને બધા સાથે સાચા મિત્રભાવે વાત કરતો હતો. રાત્રે તેણે થોડાક લખનારાઓને બોલાવ્યા અને કહ્યું કે હું લખાવું તે દરેક જણ લખ્યે જાઓ. પછી તે આંટા મારતો ગયો અને ભાવપૂર્ણ છટાથી તેમજ ત્વરાથી એક અત્યંત જ્વલંત અને ચેતનપ્રદ ઉદ્ઘોષણા લખાવતો ગયો:—

સૈન્યને

"સૈનિકો! આપણે કદી હર્યાજ નથી. આપણામાંથી બે દેશદ્રોહીઓએ તેમના દેશને, તેમના રાજાને, તેમના ઉપર ઉપકાર કરનારને ફસાવ્યા. જેમણે પચીશ વર્ષસુધી યૂરોપમાં રખડી રખડીને આપણા શત્રુઓને આપણી સામે લડવા ઉત્તેજિત કર્યા છે—જેમની આખી જિંદગી પરદેશીઓનાં સૈન્યમાં ગઇ છે, જેઓ ફ્રાન્સને અપમાનિત કરે છે તેઓ શું આપણા કીર્તિવંતા ગરુડના પ્રજાકીય વાવટાની સ્વતંત્રતા લૂંટે? શું તેમને આપણા યશઃપૂર્ણ પરિશ્રમનાં ફળ આપણે ચાખવા દઇશું? જો તેમનું રાજ્ય કાયમ રહ્યું-તો આપણી અને આપણાં કામોની યાદગીરી પણ નહિ રહેવા પામે. અત્યારથીજ તેમણે આપણાં કાર્યોનો અવળો અર્થ કરવા માંડ્યો છે. જેને જગત્ વખાણે છે, તેના ઉપર કાળી પીંછી ફેરવવા તેઓ તૈયાર થયા છે."

"સૈનિકો! સ્વદેશથી દૂર રહ્યાં રહ્યાં મેં તમારી હાકલ સાંભળી છે અને હું દરેક પ્રકારનાં જોખમ અને અડચણોનો વિચાર કર્યા વગર ચાલ્યો આવું છું. તમારો સરદાર, જેને તમો લોકોએ સ્વેચ્છાથી રાજ્યાસનપર બેસાડ્યો હતો તે પાછો તમારી પાસે આવે છે. મારી પાસે દોડ્યા આવો. લોકમતે જેનો બહિષ્કાર કર્યો છે તે વાવટાને ફેંકી દો અને પચ્ચીસ વર્ષસુધી આપણને વિજયમાળ પહેરાવનાર ત્રિરંગી વાવટો ચઢાવી દો. આપણે બીજી પ્રજા ઉપર જીત મેળવી હતી એ વાત આપણે ભૂલી જઇએ પણ બીજી પ્રજાને આપણા દેશના કારભારમાં કેમ હાથ ઘાલવા દઇએ? આપણા ઉપર રાજ્ય કરવાનો મિથ્યા દાવો કરનાર કોણ છે? કોની તાકાત છે? આસ્ટર્લિટ્ઝ, જેના અને વાગ્રામના સંગ્રામ જીતનાર ગરુડના વાવટા ચડાવી દો. ગણ્યા ગાંઠ્યા દેશદ્રોહી ફ્રેન્ચોથી તમારા પ્રતાપી વાવટાના તેજ સામે જોવાશે પણ નહિ."

"તેઓ જ્યાંથી આવ્યા હોય ત્યાં ભલે ચાલ્યા જાય. હમણાં તેઓ જેમ છેલ્લાં ઓગણીશ વર્ષ થયાં રાજ્ય કરવાનો ઢોંગ લઇ બેઠા છે તેમ ત્યાં રહ્યા રહ્યા ભલે

એમના મનથી રાજ્ય કર્યા કરે. સૈનિકો! તમારા નાયકના વાવટા નીચે પાછા એકઠા થઇ જાઓ. તેનું તમારાથી જૂદું અસ્તિત્વ હોઈ શકેજ નહિ. તેના હક્ક એટલે તમારા હક્ક અને પ્રજાના હક્ક. તેનો સ્વાર્થ, તેનું માન, તેની કીર્તિ સૌ તમારામાંજ સમાઈ જાય છે. આપણો પ્રજાકીય વાવટો મિનારે મિનારે અને બુરજે બુરજે ફરકી રહેશે; અને થોડાજ વખતમાં પારિસના નોટરડેમના બુરજ ઉપર પણ ચડી જશે. ત્યારે તમે લોકોને તમારા જખમ આબરૂભેર બતાવજો; તમારાં પરાક્રમની વાતો કરજો; કેમકે તમે દેશને છોડાવ્યો હશે.”

“તમે ઘરડા થશો ત્યારે લોકો તમારી આસપાસ એકઠા થશે અને તમારાં પરાક્રમની કથા તમારે મોઢેથી માનપૂર્વક સાંભળશે. તે વખતે તમે છાતી ઠોકીને કહી શકશો કે ‘હું તે સૈન્યમાં હતો કે જે બે વાર વિયેના જીતી આવ્યું; રોમ, બર્લિન, માડ્રિડ અને મૉસ્કોની ખબર લઈ આવ્યું, અને દેશદ્રોહીઓએ નોતરેલા શત્રુની હાજરીથી પારિસને ચોટેલી અપવિત્રતા જેણે ધોઈ નાખી.’ ધન્ય છે તે વીર પુરુષોને! ફ્રાન્સ તેમની કીર્તિથી ઉજ્જવળ છે! અને ફ્રાન્સના હરામજાદા પુત્રો જેઓ પોતાનીજ જનેતાની છાતીમાં ખંજર ભોંકવા પચ્ચીશ વર્ષસુધી પરદેશીઓની હૂંફે પોતાના ભાઇઓની સાથે લડયા તેમને સદાનો ધિક્કાર હોજો!”

આવાજ પ્રકારનું જવલંત શબ્દોથી ભરપૂર, અને ભાવથી છલકાતું એક બીજું જાહેરનામું તેણે સમસ્ત પ્રજાજોગ લખાવ્યું. તેમાં પ્રજામાં ઉત્સાહ રેડવા ઉપરાંત શત્રુપક્ષમાં ચાલ્યા ગએલા અમલદારોને પૂરેપૂરી માફી આપવાનું સૂચન પણ તેણે ડહાપણ વાપરીને કર્યું હતું.

બેઉ જાહેરનામાં લખાઇ રહ્યાં એટલે જેટલા ખલાસીઓને અને સૈનિકોને લખતાં આવડતું તેઓ તેની નકલો કરવા મંડયા. ફ્રાન્સને કિનારે ઉતરીને તરત વહેંચવા માટે સંખ્યાબંધ નકલો તૈયાર થઈ ગઇ. સાંજે એક ફ્રેન્ચ વહાણના સઢ દેખાયા અને થોડીજવારમાં બેઉ વહાણ પાસે પાસે આવી પડયાં. વહેમ ન આવે એટલા માટે નેપોલિયને સિપાઇઓને સંતાઇ જવાનો હુકમ કર્યો. સામેના ખલાસીએ નેપોલિયનના વહાણના ખલાસીને શહેનશાહની ખબર પૂછી. નેપોલિયને તરતજ તેના હાથમાંથી વાત કરવાનું ભૂંગળું ઝુંટવી લીધું અને કહ્યું, “તે ખૂબ મજામાં છે.”

બીજે દિવસે સાંજે ફ્રાન્સના ભૂરા પર્વતોનાં શિખર દેખાવા લાગ્યાં. વહાણમાં આનંદોત્સવ થઇ રહ્યો. શહેનશાહે કહ્યું, “આપણો દેશ આપણને ઓળખે એટલા માટે આપણો પ્રજાકીય ત્રિરંગી વાવટો ચઢાવી દો.” બીજે દિવસે એટલે માર્ચની ૧ લી તારીખે સવારના કાને ગામની પાસેના નિર્જન ભાઠા ઉપર તેમણે પગ મૂકયો.

પાસેના ગામડાના થોડાક લોકો લશ્કરને જોઇ બીતા બીતા ત્યાં આવી પહોંચ્યા. તેમાંનો એક જણ અગાઉ નેપોલિયનના લશ્કરમાં હતો. તેણે તે શહેનશાહને

ઓળખ્યો અને કહ્યું કે મને પણ તમારા સૈન્યમાં સામેલ થવા દો. નેપોલિયને પોતાના સરદારને હસીને કહ્યું, “ જોયું ? આપણી ફોજમાં ભરતી થવા લાગી. ”

થોડાજ વખતમાં છસો સિપાઇઓ પોતાની સાથે એ ત્રણ નાની તોપો લઈને કિનારે ઉતર્યા. ત્રણ કરોડની વસ્તીવાળા પ્રદેશમાં થઇને આખા યૂરોપમાં સૌથી પહેલા નંબરની ગણાતી રાજધાની જીતવા તેમને જવાનું હતું. માર્ગમાં એક ઘણાજ મજબૂત કિલ્લાની અંદર એ લાખ સૈનિકો તેમને માટે તૈયાર હતા; અને યૂરોપના રાજાઓની પાસે પણ હજી વીશ લાખ યોદ્ધાઓ બુર્બોન રાજાઓના પાપી અમલનો બચાવ કરવા સજ્જ હતા. કલ્પિત કથાઓમાં પણ આવું સાહસ ભાગ્યેજ જોવામાં આવે છે; છતાં એ સાહસ ખેડનારે પૂરતો વિચાર કર્યો હતો. ફ્રાન્સનો લોકસમૂહ નેપોલિયનને પૂજતો હતો. તે પોતે પણ આ વાત જાણતો હતો અને તેમના પ્રેમને પોતે લાયક છે એમ પણ તે માનતો હતો.

રાત્રે અગીઆર વાગે તેમણે કુચ શરૂ કરી. એલ્બાથી ઘોડા તો ન લવાયા પણ ઘોડાનાં જીન આણ્યાં હતાં. તે ખાંધે મૂકીને તેમણે ચાલવા માંડયું. રસ્તામાં ઘોડો દીઠો કે તરત નેપોલિયન તેને વેચાતો લઈ લેતો. એમ ધીમે ધીમે તેણે દરેક સ્વારને ઘોડો અપાવ્યો. મોટાં શહેરોમાં બુર્બોન પક્ષનું બળ વિશેષ હોવાથી તેમને બાજુપર રહેવા દઇ તેઓ કિનારેથી પચાશેક માઇલ ચાલી આવ્યા. નેપોલિયનના આવ્યાની ખબર વીજળીને વેગે પ્રસરી ગઇ. દરેક ઠેકાણે લોકોએ તેને સાનંદાશ્ચયથી વધાવી લીધો અને ઘણા તો તેની સાથે જોડાવા તૈયાર થયા.

તેની મરજી હોત તો તે પોતાની સાથે વીશ લાખ ખેડુતોને લઇને પારિસ ગયો હોત પણ આ વખતે સૈન્યબળથી જીતવાનો તેનો ઇરાદો ન હતો. ફ્રાન્સની પ્રીતિ એજ મારૂં ત્રિભુવન વિજયી ખડ્ગ છે એમ તે માનતો હતો. બીજા પસાસ સાઠ માઇલ આગળ વધ્યા પછી લોકોમાં એવો પ્રબળ ઉત્સાહ જોવામાં આવ્યો કે બુર્બોન પોલિસની તો કશી ધાસ્તીજ રહી નહિ. લોકોની ગંજાવર સંખ્યા અને તેમનો ઉત્સાહ જોઈ “કાયદેસર” રાજ્યાસન પચાવી પાડનાર રાજાના અમલદારોજ ઉલટા ગભરાઇ ગયા. નેપોલિયનની આગળ જવાની આતુરતા એટલી બધી હતી કે સૈનિકોને પાછળ મૂકી પોતે છ સ્વાર અને બાવીશ અંગરક્ષકોને લઇને આગળ નીકળી ગયો. ગેપ શહેરમાં હજારો સ્ત્રીઓ, પુરુષો અને બાળકોએ તેને ઘેરી લીધો. પ્રેમ અને આનંદનો તરંગ ઉછળી રહ્યો. બુર્બોન રાજાના અમલદારો તો ત્યાંથી જીવ લઇને નાઠા. નેપોલિયને લોકોને સંબોધીને કહ્યું—

“ પ્રજાજનો ! તમે મારે માટે બતાવેલો સદ્ભાવ જોઇ મને ઘણું લાગી આવે છે. તમે મને તમારો પિતા માનો છો એ વાજબી છે; કારણ કે હું ફ્રાન્સની આબરૂ અને કીર્તિને માટેજ જીવું છું. મારા આવવાથી તમારી અશાંતિ ચાલી ગઇ છે અને

મિલ્કતની સલામતી તથા સૌનું સરખાપણું એ બે બાબતોમાં તમે નિર્ભય થઇ ગયા છો. જે હક્ક તમે પચીશ વર્ષ થયાં ભોગવ્યા છે અને જે નહિ મળવાથી તમારા પૂર્વજો ઘણા નારાજ રહેતા હતા, તે હક્ક હવે તમારા જેવું એક અંગ બની જાય છે.”

અહિં પેલી જાહેરખબરો છપાઈ અને લાખો પ્રતો સપાટાબંધ વહેંચાઈ ગઇ. આસપાસના પ્રદેશની વસ્તી સ્વદેશપ્રેમથી ઉત્સાહમાં આવી ગઇ અને ગણ્યા ગણાય નહિ એટલા માણસો શહેનશાહના સૈનિક બનીને તેની આગળ ચાલવા તૈયાર થયા. બપોરના બે વાગે લોકોના જયઘોષ સાથે પ્રયાણ શરૂ કર્યું. તેના માર્ગમાં બુર્બોન સરદારોનાં બળવાન સૈન્યનાં થાણાં આવતાં હતાં. તેથી લોકોને તેની સલામતી માટે ચિન્તા થવા લાગી. રાજ્યક્રાન્તિના વખતમાં કર્યું હતું તેમ ગામે ગામ ઘંટનાદ કરીને આખી પ્રજાને એકદમ જાગૃત કરવી અને સૌએ હથિયાર પકડી શહેનશાહની સાથે જવું એવો ઘણાનો વિચાર હતો પણ તેણે ના પાડી અને લોકોને કહ્યું–

“ તમારા મનનો અભિપ્રાય જાણ્યા પછી હવે મારી ખાત્રી થઇ છે કે મેં ભૂલ નથી કરી. વળી તેવોજ સદ્ભાવ મારા સિપાઇઓનો હશે એવુ મને તમારા વર્તન ઉપરથી સમજાય છે. જેઓ મને દેખશે તેઓ મારા પક્ષમાં ચાલ્યા આવશે. માટે રસ્તામાં જેમ મોટાં લશ્કર તેમ મારી ફતેહનો સંભવ વધારે. વાસ્તે હાલ તો તમે તમારા ઘરમાંજ શાંતિપૂર્વક બેસી રહો. ”

થોડા વખતમાં તેઓ ગ્રેનોબલ શહેર નજીક આવી લાગ્યા. અહિં તેને અટકાવવા છ હજાર સિપાઇઓની ફોજ ગોઠવાઈ હતી. નેપોલિયનની હાર થશે કે જીત તે નક્કી કરવાની બારીક કસોટીનો વખત અત્યારેજ હતો. તેણે પોતાનાં માણસોને થોભાવ્યાં અને એકલોજ ઘોડે બેસીને ધીમી ગતિથી સામે ગોઠવાયલા લશ્કર તરફ જવા લાગ્યો. આ અદ્ભુત દશ્ય જોવા આજુબાજુના ગામડાંના હજારો લોકો પણ ભેગા થઇ ગયા હતા. તેમણે “ શહેનશાહ ઘણું જીવો ” ના પોકાર કરી આકાશ ગજવી મૂક્યું.

નેપોલિયન જરાપણ ક્ષોભ પામ્યા વગર તેની સામે ઉભી કરવામાં આવેલી ચળકતી સંગીનોની દિવાલની નજીક જઇ પહોંચ્યો. પછી તે ઘોડેથી ઉતર્યો અને વગર હથિયારે આખા લશ્કરની સામે માત્ર દશજ ડગલાંને છેટે નિર્ભયપણે ઉભો રહ્યો. દરેક ફ્રાન્સવાસી ઓળખી શકે એવો પોતાનો હમેશનો સાદો પોશાક તેણે પહેર્યો હતો. સેનાપાતએ ગોળી ચલાવવાની આજ્ઞા આપી. સિપાઇઓ તેની આજ્ઞાનું પાલન કરતા હોય એમ દેખાયું. એકે એક બંદુક તેની છાતી સામે તાકવામાં આવી. આખી ફોજમાંથી એક પણ નીચ માણસે તેને ગોળી મારી હોત તો બુર્બોન રાજા તરફથી તેને ઘણું ભારે ઇનામ મળત, અને એકજ બંદુકના બારથી ફ્રાન્સનું ભવિષ્ય નક્કી થઇ જાત.

છતાં પણ નેપોલિયનના ચહેરા ઉપર લેશમાત્ર પણ ભયની નિશાની જણાઇ નહિ. તે તો નિડરપણે તેની સામે તકાયલી બંદુકોની નજીક જઇ, ડગલાનાં બટન કહાડી, છાતી ખુલ્લી કરી, એકવાર કાને પડયઃ પછી કદિ પણ નહિ વિસરાય એવા અવાજે બોલ્યો:—

" સૈનિકો ! જો તમારામાંથી કોઇને પોતાના શહેનશાહને મારવાની મરજી હોય તો હું અહિં તમારી સામે ઉભો છું. "

પળવાર સુધી તો તે જગ્યાએ સ્મશાન જેવી ગંભીર શાંતિ વ્યાપી ગઇ. પછી ધીમે રહીને એક બંદુક નીચી નમી; પછી બીજી; પછી ત્રીજી; એમ તેના છાતી સામે ધરાયલી બંદુકો એક પછી એક જમીનપર પડવા લાગી. લઢી લઢીને રીઢા થઇ ગએલા સિપાઇઓની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એક સિપાઇએ ગદ્ગદ કંઠે " શહેનશાહ ઘણું જીવો " એવો પોકાર કર્યો. તેના સાથેજ બીજા સિપાઇઓ અને ગામડીઆઓના મુખમાંથી તે પોકારનો પ્રચંડ પડઘો ઉઠયો. ગ્રેનોબલનું સૈન્ય, નેપોલિયનની સાથે આવેલા સિપાઇઓ, ગામડીઆઓ, સર્વ હર્ષઘેલા થઇ તેની પાસે દોડી આવ્યા અને તેણે હાથ પહોળા કરી જે હાથમાં આવ્યા તેમને ભેટવા માંડયું. બુર્બોન સેનાપતિ તો ઘોડાને એડી મારીને નાઠો. કોલાહલ શમ્યા પછી નેપોલિયને એક જૂના સિપાઇના થોભીઆ ધીમેથી ખેંચીને પૂછયું—

" અલ્યા ! × નાનકડા હવાલદાર તરફ બંદુક તાકવાનું તારૂં જીગરજ કેમ ચાલ્યું ? "

તે સિપાઇની આંખમાંથી દડદડ આંસુ ટપકવા લાગ્યાં. તેણે બંદુકની નળી ઉપર ટકોરો મારી તે ખાલી છે એમ બતાવી કહ્યું, " હવે વિચાર કરો, એનાથી આપને ઇજા થાય એમ છે ? બધીએ બંદુકો એવીજ છે. "

પછી તે સાને ગોળ કુંડાળામાં ઉભા રાખી નેપોલિયને કહ્યું—

" હું ગણ્યાંગાંઠયાં માણસ લઇને આવ્યો છું કેમકે મને તમારા ઉપર અને મારી પ્રજા ઉપર વિશ્વાસ છે. બુર્બોન રાજાઓને ગાદી ઉપર કશો અધિકાર નથી. તેઓ પ્રજાની મરજી વિરુદ્ધ રાજ્ય પચાવી બેઠા છે; કેમકે તેમની રાજ્યપદ્ધતિ થોડા અમીરોનેજ લાભની હોઇ જનસમૂહને પાયમાલ કરનારી છે. અત્યારે શી સ્થિતિ છે તેની તપાસ કરો. ખેડુતો ઉપરના વેઠવેરા, ઉમરાવોના ખેડુતવર્ગ ઉપરના ખાસ હક્ક એ બધી બદીઓ જેમાંથી તમે તમારાં પરાક્રમવડે છૂટા થયા હતા તે પાછી દાખલ થવાની તૈયારીમાં છે. "

તેણે આગળ ચાલવા માંડયું. ગ્રેનોબલવાળું લસ્કર હવે તેના સૈન્યના આગલા ભાગના રૂપમાં ફેરવાઈ ગયું. શહેર નજીક આવ્યું એટલે એક સંદેશો લાવનારે કહ્યું,

---

× ઘણાં વર્ષ અગાઉ સિપાઇઓએ લાડમાં પાડેલું નેપોલિયનનું નામ.

“ આપને હથિયારની કશી જરૂર નથી. બુર્બોન રાજાને તથા તેના અમલદારોને હાંકી કહાડવા માટે માત્ર **આપની ચાબુકજ પૂરતી** છે. જ્યાં જશો ત્યાં લશ્કર આપનુંજ છે. ”

શહેરમાં આનંદોત્સવ થઇ રહ્યો. સિપાઇઓ અને શહેરીઓ પરસ્પર ભેટવા લાગ્યા. સિપાઇઓ કહે કે અમે શું અમારા ભાઇઓ ઉપર ગોળી છોડીશું ? કદિ નહિ. પ્રજાપ્રેમનો પ્રવાહ ઉલટયો. તેને બુર્બોન પક્ષના અમલદારોથી તે કેમ ખળાય ? તેઓ દરવાજા બંધ કરી, કુંચીઓ સંતાડી નાઠા. લોકોએ દરવાજા ઉતારી નાખ્યા અને કુંચીઓને બદલે દરવાજાની નેપોલિયનને ભેટ કરી ! તેણે કહ્યું, “બસ, હવે હું પારિસ પહોંચી ગયો એમ સમજવું. ”

એક દિવસ થાકેલા સિપાઇઓને આરામ આપી તેણે લીઓં તરફ ચાલવા માંડયું. આખે રસ્તે ટેકરીએ ટેકરીએ પ્રજાને જાગૃત કરવા હોળીઓ સળગી રહી અને આખો દેશ હર્ષઘેલો બની નેપોલિયન તરફ પ્રીતિનો પ્રવાહ વહેવડાવવા લાગ્યો. પારિસમાં ખળભળાટ મચી રહ્યો. રાજા લૂઇ અને તેના મિત્રો બાવરા બની ગયા. શહેરમાં બળવો ન જાગે તે માટે જે જે આગેવાનો નેપોલિયનના પક્ષના લાગતા તેમની હિલચાલ તરફ ખૂબ નજર રખાવા લાગી. લીઓં નગરને સાચવવા મજબૂત સૈન્ય મોકલ્યું. બીજી જગ્યાએથી પણ લવાય તેટલી ટુકડીઓ ત્યાં લાવીને એકઠી કરવા માંડી. સિપાઇઓને ખવાડી પીવાડીને રાજી રાખવાની પણ યુક્તિ કરી; પણ તેઓ ખાતા ગયા અને “ શહેનશાહ ઘણું જીવો ” એવા પોકાર કરતા ગયા ! તેઓ પ્રકટ રીતે બોલવા લાગ્યા કે “ અમે અમારા બાપની સામે નહિ લડીએ. શહેનશાહ ઘણું જીવો ! ”

નેપોલિયનનું નામ સાંભળી લૂઇ ધ્રૂજવા લાગ્યો હતો. તે છતાં તેણે છઠ્ઠી માચનાં વર્તમાન પત્રોમાં નીચેની હકીકત છપાવી. તે હકીકત તદ્દન જૂઠી છે એ આપોઆપ સાબીત થાય છે; પણ નેપોલિયનના દુશ્મનો કેટલી હદ સુધી જૂઠું લખતા તેના નમુના તરીકે એ લખાણ આપવામાં આવે છે.

“ બોનાપાર્ટે મિત્રરાજાઓનાં રાજ્યોની પાયમાલી કરી હતી તેના બદલામાં તેમણે ઉદારતા બતાવીને તેને એલ્બાનું રાજ્ય આપ્યું હતું. ત્યાંથી તે નાસી ગયો છે. એ શખ્સે પોતાની સત્તાનું રાજીનામું આપ્યું પણ તેનો લોભ અને રાક્ષસી વૃત્તિ તો કાયમજ રાખ્યાં હતાં. એ માણસ, જેના માથા ઉપર વર્ષોનાં વર્ષો સુધી ચલાવેલી કતલનાં પાપ ચોંટેલાં છે તે પોતાની ખુની અને લોભી વૃત્તિ સિવાય બીજા કોઇ પણ પ્રકારના અધિકાર વગર ફ્રાન્સના રાજાની ‘કાયદેસર સ્થપાયલી’ રાજ્યસત્તાની સામે થવા પાછો આવે છે. જે દેશે તેને હમેશને માટે દેશનિકાલ કર્યો છે તે દેશની ભૂમિ ઉપર ગણ્યા ગાંઠયા ઇટાલિયનોને લઇને પગ મૂકવાનું તેણે સાહસ કર્યું છે;

તેણે ફ્રાન્સની પ્રજાને કરેલા જમખ, જેમને રૂઝવવાનો ફ્રાન્સનો રાજા દરરોજ પ્રયત્ન કરી રહ્યો છે, અને જે અડધા રૂઝાવા આવ્યા છે તેને ફરીથી તાજા કરવા તે આવ્યો છે. તેના ગાંડા બનેવીએ ઇટાલિમાં સહેજ છમકલું કર્યું અને અહિં તહિં થોડાક દેશદ્રોહીઓએ નજીવા પ્રયત્ન કર્યાં એટલે તે નામર્દ ફૂલાઈ ગયો છે અને મનમાં એમ સમજવા લાગ્યો છે કે હું એક શૂરવીર પુરુષની માફક મૃત્યુની સામે ચાલ્યો આવું છું; પણ તેનો મનસુબો ફોગટ છે. એ દેશદ્રોહીને માટે ફાંસીનું લાકડું રાહ જુએ છે; ફ્રાન્સે તેને કહાડી મૂક્યો છે, છતાં તે પાછો આવ્યો છે તો ફ્રાન્સ તેનો નાશજ કરશે."



प्रकरण ६४ मुं– पुनः पारिसमां

માર્ચની ૧૦ મી તારીખે નેપોલિયન સ્ત્રીઓ, બાળકો અને પુરુષોના અપૂર્વ રસાલા સાથે હ્રોન નદીને કિનારે આવી પહોંચ્યો. ત્યાં આગળ તેનો માર્ગ રોકવાનું કામ તેના એકવારના પરમ ભક્ત જનરલ મેક્ડોનલ્ડને સોંપાયું હતું. તેણે નવા રાજાને વફાદાર રહેવાના સોગંદ લીધા હતા તેથી એક પ્રમાણિક સેવક તરીકે તે પોતાના સ્વામીની સામે લડવા ઉભો હતો; પણ નેપોલિયનને જોતાંજ એકેએક સિપાઇ “ શહેનશાહ ઘણું જીવો”ના પોકાર કરતા પ્રેમના પ્રબળ આવેગમાં આવી જઇને સમુદ્રનાં પહાડી મોજાંની પેઠે તેની પાસે પહોંચી ગયા, અને આનંદની હેલી મચી રહી ! મેક્ડોનલ્ડને પણ થયું કે ઝાઝીવાર ઉભો રહીશ તો મારૂં મન પણ કાબુમાં નહિ રહે અને લીધેલા શપથ તોડવા પડશે, તેથી ધર્મસંકટમાંથી બચી જવા માટે તે નાસી ગયો.

નેપોલિયને પછી લીઓં નગરમાં મુકામ કર્યો અને ત્યાંના આગેવાન માણસો મારફતે દેશની અને દેશનાયકોની સ્થિતિ સમજી લીધી. પછી તેણે પૂછ્યું, “ મારા આવ્યાને લીધે મિત્રરાજ્યો શું કરશે તે વિષે દેશમાં શા શા વિચાર ચાલી રહ્યા છે ?” ફ્લ્યુરી નામનો એક ગૃહસ્થ જે પ્રધાનમંડળનો એકવાર મંત્રી હતો તેણે જવાબ આપ્યો, “ એમ કહેવાય છે કે આસ્ટ્રિયા આપના પક્ષમાં આવશે અને રશિયા તટસ્થપણે બુર્બોન રાજાઓની ફજેતી જોયા કરશે; કારણ કે એ લોકોનો ઈંગ્લંડ તરફનો પક્ષપાત જોઇ અલેક્ઝાન્ડર તો તેમનાથી કંટાળી ગયો છે.”

નેપોલિયન લીઓં નગરમાં ચાર દિવસ રહ્યો તેટલા દિવસમાં જાહેર આનંદોત્સવ થઇ રહ્યો. રાત્રે આખું શહેર રોશનીથી ઝળહળી રહેતું. રસ્તા, દુકાનો, કારખાનાં, ગોદીઓ હર્ષના અને આવકારના પોકારથી ગાજી રહેતાં. શેઠ અને સેવક એકબીજાના હાથ પકડી ગાતા, નાચતા અને આનંદસાગરમાં તરતા. તેમનો હર્ષ દિલમાં સમાતો નહિ. અજાણ્યા માણસો પણ માર્ગમાં એક બીજાને ભેટીને દિલનો ઉભરો ખાલી કરતા. નેપોલિયનની પધરામણીને દહાડે લીઓંની વસ્તીએ ઉત્સવ કર્યો અને તે ગયો તે દહાડે આખું શહેર શોકમાં ડૂબી ગયું.

એ ચાર દિવસ તેણે આરામમાં ગાળ્યા ન હતા. તેના મનની સર્વ શક્તિઓ પોતાના રાજ્યાસનને લોકનિયુક્ત બનાવવાની યોજના ઘડવામાં રોકાઈ ગઇ હતી. તેની કલમમાંથી એક પછી એક એવા હુકમો નીકળતા ગયા કે તેના શત્રુઓ દિઙ્મૂઢ બની ગયા અને પ્રજાના ઉત્સાહનો વેગ વધ્યો. તે પોતાના લક્ષણગત સરળભાવથી સૌને કહેતો કે—

“ ફ્રાન્સ ઉપર ગુજરેલી વિપત્તિમાં મારો પણ હાથ છે, પણ મારા સંજોગો એવા હતા કે રાજ્યનો વિસ્તાર વધાર્યા વગર મારે બીજો ઇલાજજ ન હતો. એ વિચાર મેં હવે છોડી દીધો છે. હવે ફ્રાન્સને વિશ્રાન્તિની જરૂર છે. મને મારા લોભે પાછો નથી બોલાવ્યો પણ મારા દેશ તરફના પ્રેમથી ખેંચાઇને આવ્યો છું. ફ્રાન્સ દુ:ખી છે અને તેને મારી મદદની જરૂર છે એમ જો મારા જાણવામાં ન આવ્યું હોત તો એલ્બાની શાંત, સુખરૂપ જિંદગીનો હું કદિ ત્યાગ ન કરત. રાજ્યક્રાન્તિએ જે જે હક્કનું પ્રજાને ભાન કરાવ્યું છે તે હક્કોનો બચાવ કરવા માટેજ હું આવ્યો છું. પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ કુંટુંબભાવનાથી સંગઠિત થાય અને તેઓ પ્રજાના હક્ક અને સ્વતંત્રતાનું રક્ષણ કરે એજ મારો અભિલાષ છે. જે મહાન પ્રજાનું મારા ઉપર અનેક પ્રકારનું ઋણ છે, તેને સુખી કરવા પ્રયત્ન કરવો એજ મારી મહેચ્છા છે અને એમાંજ મારી કીર્તિ છે એમ હું માનું છું.” તેના વટ હુકમની પ્રસ્તાવનામાં તેણે સ્પષ્ટ રીતે જણાવી દીધું કે નવા રાજાએ નીમેલી ઉમરાવોની સભા પ્રજાના શત્રુઓની બનેલી છે; ઉમરાવો અને જમીનદારોના વિશેષ અધિકાર સ્વીકારાય, જૂદા જૂદા વર્ગના લોકોના સમાન હક્કનો સિદ્ધાંત રદ થાય અને લોકોએ પચીશ વર્ષ સુધી દેશના શત્રુઓની સામે લઢીને જે હક્ક મેળવ્યા છે તેના ઉપર પાણી ફરી વળે તેમાંજ એ સભાસદોનો સ્વાર્થ સમાયલો છે. ઉમરાવવર્ગની પુનઃસ્થાપના કરીને પ્રજામતથી ચાલતા રાજ્યબંધારણને રદ કરીને, પરદેશી રાજાઓએ ફ્રેન્ચોની સામે લઢવા માટે કરેલું દેવું ફ્રેન્ચ પ્રજા ઉપર મઢી દઇને બુર્બોન રાજાઓને કાયદેસર અને ફ્રેન્ચ પ્રજાને બળવાખોર જાહેર કરીને અને “પ્રજા રાજાને માટે છે પ્રજાને માટે રાજા નથી” એવા મતને ટેકો આપીને—એવાં એવાં અનેક દુષ્કૃત્યો કરીને એ સભાએ પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે.

એક બાજુએ જ્યારે નેપોલિયન પોતાની બુદ્ધિ અને યોજનાશક્તિવડે બુર્બોન રાજાઓની રાજસત્તાને ઉખેડી નાખવા લાગ્યો હતો અને જ્યારે તેઓના પોતાના ગભરાટનો પાર ન હતો, તે વખતે તેમણે પારિસનાં વર્તમાન પત્રોમાં “પાજી બહારવટીઆ અને તેની ટોળી” ને વિષે સરકારી આજ્ઞા પ્રકટ કરાવી. તેમાં નેપોલિયનને બહારવટીઓ ગણ્યો હતો, તેનું માથું લાવનારને અમુક ઇનામ આપવામાં આવશે એવું જાહેર કર્યું હતું. જે દિવસે તે ગ્રેનોબલ શહેરમાં ભારે ફતેહ સાથે દાખલ થયો

તેજ દિવસના છાપામાં છપાયું હતું કે રાજાનો પક્ષ સર્વત્ર વિજયી થયો છે, નેપોલિયનનાં માણસો વેરણ ખેરણ થઇ ગયાં છે અને તે પર્વતમાં નાસતો ફરે છે જ્યાંથી રાજાની પોલિસ તેને થોડાજ વખતમાં પકડીને કેદ કરશે.

જનરલ મેક્ડોનલ્ડના પછી માર્શલ નેનો વારો આવ્યો. નેપોલિયનની પ્રગતિ અટકાવવા તેને ફરમાન થયું. ખરી ઇમાનદારીથી તેણે એ કામ હાથમાં લીધું. છાવણીમાં જતાંજ તેને સરદારોએ કહ્યું કે સિપાઇઓને ગમે તેટલા સમજાવો પણ શહેનશાહની સામે તેઓ ક્ષણવાર પણ લઢવા ઉભા રહેશે નહિ. તે લશ્કરની કવાયત જોવા ગયો, પણ સિપાઇઓએ તો તેને પણ "શહેનશાહ ઘણું જીવો" ના પોકારથી વધાવી લીધો. દર કલાકે તેને શહેનશાહની અજબ ફતેહના સમાચાર મળ્યાજ જતા. તેના માર્ગમાં જે જે ગામ કે શહેર આવતાં તે બધાં તેનાંજ થઇ જતાં હતાં. આખી પ્રજા તેને આવકાર દેતી હતી અને લશ્કર પણ તેનુંજ બની જતું હતું. માર્શલ નેની મુંઝવણ અસહ્ય થઇ પડી. એક તરફથી ઇમાનદારી તેના જીગરને ખેંચતી હતી અને બીજી તરફથી જે શહેનશાહે તેને છોડવવા માત્ર દશજ હજાર સિપાઇ સાથે એંશી હજાર રશિયનોના બળવાન તોપખાના ઉપર હુમલો કરીને તેને ઉગાર્યો હતો, તે પોતાના મિત્ર અને સ્વામી તરફની ભક્તિ તેને બીજી બાજુએ ખેંચતી હતી. તે પોતેજ કહે છે કે આ મનોવ્યથામાંથી મને મૃત્યુએ આવીને ઉગાર્યો હોત તોપણ ઘણું સારૂં થાત. તેણે પોતાના તાબાના સરદારોને બોલાવીને કહ્યું, કે "હું શું કરી શકું? મહાસાગર ઉલટયો છે તે કાંઇ મારી હથેળીથી ખળાવાનો હતો?" તેનું પોતાનું મન પણ ધ્રુવ તરફ લોહચુંબકની માછલી ખેંચાય તેમ નેપોલિયન તરફ ખેંચાતું હતું. નેપોલિયનજ આપણો સાચો સ્વામી છે અને તેનેજ સહાય કરવા આપણે જઇએ છીએ એવી મતલબનું જાહેરનામું તેણે સૈન્યમાં ફેલાવી દીધું. સિપાઇઓ ભારે ઉમંગમાં આવી ગયા અને આખી છાવણીમાં "શહેનશાહ ઘણું જીવો" ના પોકાર સિવાય બીજું કાંઇજ સંભળાતું નહિ.

તેજ દહાડે નેપોલિયને લીઓં છોડયું. તે વખતે તેણે ઝરૂખામાં ઉભા રહી એકઠા થએલા લોકોના ટોળા સમક્ષ ટુંકું પણ અસરકારક ભાષણ આપ્યું. તેની લોકો ઉપર ઘણી ઉંડી અસર થઇ. હજારો આંખોમાંથી આંસુની ધાર ચાલી અને ગદ્ગદ કંઠે તેમણે વિદાયના શબ્દો ઉચ્ચાર્યા. ત્યાંથી નીકળી તે શેલો ગયો. તેના માર્ગમાં ઘણીજ ગીચ વસ્તીવાળાં ગામ આવતાં હતાં. રસ્તાની બેઉ બાજુએ આતુર લોકો ટોળાબંધ ઉભાને ઉભાજ રહેતા. અનેક જગ્યાએ કમાનો અને તોરણોથી તેનો માર્ગ સુશોભિત કરવામાં આવતો હતો અને પળે પળે આવકારના પોકાર સંભળાતા હતા. તે શેલોં પહોંચ્યો ત્યારે વાવાઝોડા સાથે ભારે વરસાદ પડવા લાગ્યો હતો છતાં શહેરની આખી વસ્તીજ તેને આવકાર આપવા બહાર નીકળી આવી હતી.

ત્યાંના આગેવાનોએ આપેલા અભિનંદનનો જવાબ આપતાં તેણે કહ્યું હતું કેઃ–

" મારો દરબાર અલબત્ત ભવ્ય હતો; પણ તે મારે પોતાને માટે નહિ. **સામાન્ય સિપાઇનો ડગલો મારે માટે તો પૂરતો છે;** પરંતુ દેશની અનેક કળાઓ ખીલે તેટલા **માટેજ** હું ભવ્યતાને મારા દરબારમાં સ્થાન આપતો હતો. મેં લીઓંમાં હમણાં કૃત્રિમ ઉમરાવપદને નાબુદ કર્યું છે. ઉમરાવપદ એ ભ્રમ છે. અમુક માણસો જન્મથીજ ઉમરાવ અથવા નીચ હોય છે એવું માને એવા લોકો હવે મૂર્ખ રહ્યા નથી. **માણસ માણસ વચ્ચેનો ભેદ માત્ર બુદ્ધિ અને સ્વદેશસેવા કરવાની શક્તિ પરત્વેજ હોઇ શકે."**

હવે તો તે ખુલ્લી ગાડીમાં બેસીને આગળ વધતો ગયો. લોકોનું વલણ તેના પક્ષમાં એવું બળવત્તર હતું કે હવે તેની અંગત સલામતીને માટે કશી સાવચેતી રાખવાની જરૂર ન હતી. માત્ર થોડાક મિત્રોને લઇને સૈન્યની આગળ આગળ તે ચાલ્યો જતો હતો. લીઓંથી નીકળ્યા પછી તેને માર્શલ ને આવી મળ્યો. ફ્રોન્ટેન્બ્લોના છેલ્લા પ્રસંગ વખતે તેણે નેપોલિયનને મળવા આવવા જેટલી કૃતજ્ઞતા બતાવી ન હતી તેથી તેને કાંઇક ક્ષોભ થતો હતો, પણ તે પોતાની વર્તણુકનો લૂલો બચાવ કરવા જાય તે આગમચ તો નેપોલિયનેજ તેનો હાથ પકડીને કહ્યું, " મારા વહાલા ને! મને ભેટી પડ. તને જોઇ હું અત્યંત રાજી થયો છું. તને આવકાર આપવા મારૂં મન હમેશાં તલપી રહે છે; કેમકે તું હજીએ વીરશિરોમણિ છે. " કેટલીક વાતચીત થયા પછી તેણે પૂછ્યું કે પારિસમાં રાજાના પક્ષકારો મારી સામે થવા તત્પર થાય એમ છે ? નેએ જવાબ આપ્યો કે એ બનવાજોગ નથી. તે ઉપરથી નેપોલિયને કહ્યું કે મને પારિસથી એવા સમાચાર મળ્યા છે કે ત્યાંના સ્વદેશવત્સલ પુરુષો મારી આતુરતાથી રાહ જુએ છે અને બળવો કરવાની તૈયારીમાં છે. **મારા આવવાથી મનુષ્યરક્તનું એક ટીપું પણ રેડાય એ હું નથી ઇચ્છતો.** માટે તમે તમારા મિત્રોને લખી દો કે હું **એક પણ બંદુકનો અવાજ કરાવ્યા વગર ત્યાં આવી પહોંચીશ.** માટે બધા ગમે તેમ કરીને લોહી ન રેડાય અને સુલેહ જળવાય એવો પ્રયત્ન કરો. આપણો લડવાનો હેતુ જેવો શુદ્ધ છે તેવી આપણી ફતેહ પણ શુદ્ધ અને દોષરહિત હોવી જોઇએ.

માર્ગમાં તેનું ખૂન કરાવવા માટે રાજપક્ષકારોએ કેટલાંએ કાવત્રાં રચ્યાં પણ તેના મિત્રોએ તેને બચાવી લીધો. તેને પોતાને તો કશી ચિન્તા કે ડર હતોજ નહિ. તે તો વગર શંકાએ લોકોનાં ટોળામાં ઘુસી જતો હતો. સિપાઇઓ બળવો કરવાની તૈયારીમાં છે એવા સમાચાર મળવાથી તેણે તેમના સરદારોને લખી દીધું કે તમારા સિપાઇઓને કાબુમાં રાખજો, અને તેઓને ચીડ ચડે એવી ખબરોને ખોટી પાડવા પ્રયત્ન કરજો. યાદ રાખજો કે આપણે એક પણ લોહીનું ટીપું રેડવું નથી; કારણ

કે આપણી સામે થનારા પણ આપણા ભાઇઓજ છે. ફ્રાન્સના એક પણ પુત્રનું બલિદાન આપ્યા વગર ફ્રાન્સનું રાજ્યાસન લેવું છે.

થોડાક ઘોડેસ્વારો આગળ રાખીને તે એકાદ મિત્રની સાથે ખુલ્લી ગાડીમાં બેસીને હવે ફોન્ટેન્બ્લો તરફ જવા લાગ્યો. તેનું લશ્કર થોડાક કલાકના અંતરે પાછળ હતું. માર્ગમાં તેને બુર્બોન રાજાનું એક બળવાન સૈન્ય સામું મળ્યું, પણ તે તો "શહેનશાહ ઘણું જીવો" ના પોકાર કરતું તેની આગળ આવી ઉભું. બાળકો સાથે પિતા વાત કરે તેવા પ્રેમાળ શબ્દોથી તેણે એ સિપાઇઓને સંબોધ્યા કે જે સાંભળી તેમનો ઉત્સાહ બમણો થયો. આખી રાત પ્રવાસ કરી સવારના ચાર વાગ્યે તે ફોન્ટેન્બ્લોમાં દાખલ થયો.

હજી બગીચામાં અંધારૂં હતું. શાંત, વિચારમગ્ન સ્થિતિમાં કેટલીકવાર સુધી તેણે ત્યાં ફર્યા કર્યું. આજ સ્થળે તેણે રાજ્યાસનનો ત્યાગ કરતી વખતે મનુષ્યથી નહિ સહન થાય એવી અતિ તીવ્ર વેદના સહન કરી હતી. ત્યાંથી તે પોતાના વાચનગૃહમાં ગયો. અહિં જોસેફાઇનની સાથે બેસીને તેણે કેટલીએ વાર ફ્રાન્સની શોભા વધારવાની યોજનાઓ ઘડી હતી. પછી તે પેલી ખુણાવાળી ઓરડી કે જ્યાં તેણે અગીઆર મહિના ઉપર ગાદીનું રાજીનામું લખી આપ્યું હતું ત્યાં જઈને એક ખાટલા ઉપર સૂઈ ગયો અને થોડા કલાકની નિદ્રા લીધી.

જ્યારે નેપોલિયન ફોન્ટેન્બ્લો તરફ વધતો હતો, તેજ વખતે રાજા લૂઇ પ્રજાએ નેપોલિયનને આપેલો ઉત્સાહભરેલો આવકાર જોઇને ગભરાઇ ગયો, અને પોતાની પાસે કશો ઉપાય ન હોવાથી જે રાજાઓની લોહીથી ખરડાયલી સંગીનોની મદદથી તેને ફ્રાન્સનું રાજ્યાસન મળ્યું હતું તેની મદદ લેવા દોડી ગયો. ફરીથી ફ્રાન્સ ઉપર આગ અને તલવારથી કેર વર્તાવી મૂકવા યૂરોપના આપખુદ રાજાઓ આગળ તેણે પ્રાર્થના કરી.

બપોર થયા એટલે નેપોલિયને ગાડીમાં બેસી પારિસ જવા માંડ્યું, અને હવે તેનાં તમામ પરાક્રમોમાં પહેલે નંબરે આવે એવું અદ્ભુત અને આશ્ચર્યકારક પરાક્રમ તેણે કરી બતાવ્યું. પારિસ અને ફોન્ટેન્બ્લોની વચમાં રાજપક્ષકારોએ નેપોલિયનને રોકવાનો છેલ્લો પ્રયત્ન કરવાનો ઘાટ રચ્યો હતો. સ્વયંસેવકો, પ્રજાકીય સૈન્ય વગેરે મળીને એક લાખ માણસનું લશ્કર ત્રણ હારમાં એ સ્થળે ગોઠવાયું હતું અને તેમની વચમાં તથા બાજુએ મજબૂત તોપખાનું રાખ્યું હતું. ફોન્ટેન્બ્લોથી આવતો માર્ગ જંગલ છોડયા પછી એક ટેકરી ઉપરથી ઉતરતો હતો. તેથી કરીને એ રસ્તે આવનાર માણસને નીચેનું મેદાન અને નીચેના મેદાનમાં ઉભેલાઓને ટેકરી ઉપરથી આવતો માણસ સહેલાઇથી દેખાય એમ હતું.

પોતાની સામે આવું બળવાન સૈન્ય ઉભેલું છે તે જાણ્યા છતાં એક સામાન્ય

માણસનો પોશાક પહેરી માત્ર થોડાક સ્વાર સાથે રાખીને નેપોલિયન આગળ વધ્યો. બુર્બોન સેના ગંભીર શાંતિપૂર્વક ઉભી હતી; માત્ર વચમાં વચમાં સૈન્યને શૂર ચડાવવા માટે જૂના સમયનાં રાજભક્તિનાં ગીતોના સૂર વાગતા હતા. એવામાં એક ઉઘાડી ગાડી થોડાક સ્વારસહિત વૃક્ષની ઘટામાંથી નીકળીને ટેકરી ઉપરથી ઉતરવા લાગી. તેની અંદર બેઠેલા તેમના પ્રાણપ્રિય શહેનશાહનો ભૂરો ડગલો અને ટોપી સિપાઇઓએ ઓળખ્યાં. એક્કે વખતે સૌના મુખમાંથી એકજ શબ્દ નીકળી ગયો. ગાડી ધીમી ગતિથી આગળ આવતી ગઇ. હવે તેમણે નેપોલિયનની આકૃતિ સ્પષ્ટ રીતે જોઇ. તે ગાડીમાં ઉભો થયો હતો. કોટનાં બટન ઉઘાડી નાખ્યાં હતાં અને જાણે પોતાનાં છોકરાંને ભેટવા દોડયો આવતો હોય તેમ બેઉ હાથ પહોળા કર્યા હતા. સિપાઇઓએ અત્યારસુધી દબાવી રાખેલું પ્રેમ અને ઉત્સાહનું પૂર હવે બંધનમાત્રને તોડી નાખી વેગભેર ઉછળી ઉછળીને વહેવા લાગ્યું. "શહેનશાહ ઘણું જીવો" ના પોકારથી મેદાન ગાજી રહ્યું. તાલીમના તમામ નિયમો તૂટી ગયા અને સિપાઇઓ પોતપોતાની હારો તોડીને શહેનશાહ તરફ દોડી ગયા. તે પણ વારાફરતી જેટલાને ભેટાય તેટલાને ભેટયો. પછી સિપાઇઓ ગાંડાની માફક અંદર અંદર એકમેકને ભેટવા લાગ્યા. બુર્બોન સરદારો ગભરાઇને નાઠા, અને નેપોલિયને હવે સૈન્ય સાથે પારિસ તરફ ચાલવા માંડયું. પછી તો તેણે સૈન્યને પણ પાછળ રહેવા દઈ પોતે એકલાએજ ઝડપથી આગળ વધવા માંડયું અને રાત્રે નવ વાગ્યે પારિસ પહોંચી ગયો.

રાજમાર્ગની બેઉ બાજુએ લોકોની ઠઠ જામી હતી. તેમની વચમાં થઇને આવકાર અને હર્ષની ગગનભેદી ગર્જનાઓ સાંભળતો તે રાજમહેલ આગળ પૂરવેગથી ઘોડો દોડાવતો આવી પહોંચ્યો. આ પ્રસંગનું વર્ણન કરતાં અંગ્રેજ ઈતિહાકાર એલિસન લખે છે કેઃ—

"જેવી તેની ગાડી ઉભી રહી કે તરતજ ગાડીના બારણાં પાસે વાટ જોઇને ઉભેલા લોકોએ તેને પકડી લીધો અને તાળીઓ તથા હર્ષનાદની ગર્જનાઓ વચ્ચે તેને ઉંચકીને, લોકોની ગીચ મેદનીમાં થઇને તેને રાજમહેલના સુશોભિત દિવાનખાનામાં લઈ ગયા. અહિં આખા પારિસ નગરની સુંદરીઓના મંડળે તેનાં ઓવારણાં લીધાં."

આ પ્રમાણે માત્ર વીશજ દિવસમાં ફ્રાન્સના ખરેખરા મધ્ય ભાગમાં થઇને સાતસો માઇલની મજલ કરીને નેપોલિયન ટુઇલેરીસના રાજમહેલમાં પાછો આવી પહોંચ્યો. આખે રસ્તે સૈનિકોએ તથા નાગરિકોએ તેને અનહદ પ્રેમથી વધાવી લીધો હતો. તેને તલવાર ખેંચવાની કે બંદુકનો એક પણ બહાર કરવાની જરૂર પડી ન હતી. ત્રણ કરોડની વસ્તીવાળા પ્રદેશ ઉપર આ પ્રમાણે તેણે વગર હથિયારે સ્વારી કરી અને લોહીનું એક ટીપું પણ રેડયા વગર તેની સામે જે જે લશ્કરો આવ્યાં તે સૌને જીતી વળ્યો અને પ્રજાની મરજી વિરુદ્ધ રાજ્યાસન પચાવી પાડનાર લૂઇને પ્રજાના પ્રેમરૂપી

જાદુવડે ફ્રાન્સમાંથી હાંકી કહાડયો. આવી ચડાઈ અને આવી અપૂર્વ જીત દુનિયાના ઇતિહાસમાં બીજા કોઈએ કરી નથી. કોઇ પણ રાજ્યકર્તાની પસંદગી પ્રજાએ આવા સબળ અને એકસામટા અવાજે નથી કરી. સમસ્ત પ્રજાનો ટેકો એજ નેપોલિયનની રાજ્યાસનમાટે લાયકાત સિદ્ધ કરે છે; છતાં દશ લાખનાં સૈન્યવડે પ્રજાના હૃદયમંદિરના એ દેવતાને પદભ્રષ્ટ કરનારા રાજાઓ પોતાના તે દુષ્કૃત્યનો બચાવ કરતા નિર્લજજપણે કહેતા કે અમે તો એક જુલમગારના જુલમમાંથી પ્રજાને છોડાવવા માટેજ લડયા હતા !

બુર્બોન રાજાએ તો નેપોલિયનનું માથું લાવનારને માટે ઇનામ જાહેર કર્યું હતું; પરંતુ તેના બદલામાં નેપોલિયને આખા રાજ્યમાં આજ્ઞા ફેરવી દીધી કે બુર્બોન રાજા તથા તેના મિત્રોને કોઇએ અપમાન કે ઇજા કરવી નહિ. તે ધારત તો તેમને ઘણીજ સહેલાઇથી કેદી બનાવત અને તેમને પોતાના દાબમાં રાખીને મિત્રરાજાઓ પાસે વાજબી સરતો કરાવી લેત; પણ તેની અસાધારણ ઉદારવૃત્તિને આવો માર્ગ રુચ્યોજ નહિ.

પધરામણી અને સત્કારની ક્રિયા પૂર્ણ થઇ કે તરતજ તેની હમેશની રીત પ્રમાણે રાજ્યને પુનઃ સુવ્યવસ્થિત કરવા અને બુર્બોન રાજાએ કરેલા નુકસાનને ધોઇ નાખવા મંડી ગયો. તેના ફળદ્રૂપ મગજમાંથી હુકમપર હુકમ છૂટતા ગયા; રાજ્યતંત્ર ગોઠવાઈ ગયું અને પ્રધાનમંડળની ચૂંટણી કરી નાખી. કામ કરવા બેસતો ત્યારે આરામ કે નિદ્રાની તો તેને જરૂરજ પડતી નહિ. તે ઘણીવાર કહેતો કે **ચોવીશ કલાકમાંથી બાવીશ કલાકનો તો રૂડો ઉપયોગ મારે કરવોજ જોઇએ.**

સવાર થતાં તો મહેલની આસપાસ અસંખ્ય ગાંડાંતૂર બનેલાં સ્ત્રીપુરુષોની ઠઠ જામી. તેમના અતિ આગ્રહને વશ થઇને જ્યારે તેમને દર્શન આપવા તે ઝરૂખામાં આવતો ત્યારે તાળીઓ અને જયઘોષથી આકાશ ગાજી રહેતું. એટલામાં ફોટેન્બ્લોવાળું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું અને જે જગ્યાએ ગયે વર્ષે શત્રુસૈન્યે પડાવ નાખ્યો હતો ત્યાં આગળ ગોઠવાઇ ગયું. આખો દિવસ જૂદી જૂદી જગ્યાએથી અનેક ટુકડીઓ થોડા થોડા વખતને અંતરે આવતી ગઇ. બપોરે નેપોલિયન પોતાના સેનાપતિમંડળસહિત બહાર આવ્યો એટલે જયઘોષની ગર્જનાઓ થઇ રહી. સૈન્યની સલામી લેવાઇ રહ્યા પછી નેપોલિયનની મૂર્તિને બુર્બોન રાજાઓએ સ્થાનભ્રષ્ટ કરી નાખી હતી તેને તેના અસલ સ્થાનપર બેસાડવાની ક્રિયા કરવા લશ્કર તૈયાર થઇ ગયું પણ નેપોલિયને તેમને અટકાવી કહ્યું કે એ કામ કરવું કે નહિ તેનો નિર્ણય પ્રજા આગળ ઉપર કરી લેશે. આજે પ્રજાએ નિર્ણય કરી નાખ્યો છે અને એ મૂર્તિની પ્રજાએ પ્રેમથી પ્રતિષ્ઠા કરીને તેને સ્તંભના શિખર ઉપર પધરાવી છે. નેપોલિયનને જે પ્રજાકીય ગીતો અતિ આનંદ આપતાં, તેના આત્માને જાગૃત કરી

મૂકતાં તેજ ગીતો આજે પણ દરરોજ ત્યાં ગવાય છે અને એ લોકપ્રિય રાજેન્દ્રના આત્માનું હજી પણ ફ્રાન્સમાં એ રીતે પૂજન થાય છે. તેની જયન્તીને દિવસે પણ હજી હજારો નરનારીઓ તેને પુષ્પમાળાઓથી શણગારી તેનું શ્રાદ્ધ ઉજવે છે.

છતાં હજી નેપોલિયન તરફ તિરસ્કારની નજરથી જોનારા જીવો પણ છે. તેઓ દ્વેષ કરતાં દયાને વિશેષ પાત્ર છે. કોઇ કોઇ માણસોને જેમ રંગની પારખ નથી હોતી; કેટલાકો જેમ સૂરીલો કે બેસૂરો ધ્વનિ નથી ઓળખી શકતા; તેવીજ રીતે કેટલાકથી ચારિત્ર્યની ભવ્યતા પણ જોઇ શકાતી નથી. માટે તેમના ઉપર દોષારોપણ કરવાની કશીજ જરૂર નથી. તેઓ બાપડા કમનશીબ છે.

प्रकरण ६५ मुं–मित्रराजाओनी शत्रुता जेवी ने तेवीज

સૈન્ય તો હવે આનંદથી ઉન્મત્ત બની ગયું હતું. લૂઈના વાવટાને તેમણે ઉખેડીને પગતળે છુંદી નાખ્યો; ફ્રાન્સના ત્રિરંગી વાવટાને લઇ જયઘોષસહિત આખા પારિસ નગરમાં ફરી વળ્યા; અને શહેનશાહને સલામી આપવાની બેહદ ઉત્સાહથી માગણી કરવા લાગ્યા. નેપોલિયન ઘોડેસ્વાર થઇને તેમની સન્મુખ આવ્યો કે તરતજ આખા સૈન્યમાંથી જયઘોષની ગર્જના ઉપર ગર્જના ઉઠવા લાગી. તેણે હાથની ઇસારત કરી કે આખું સૈન્ય ચૂપચાપ ઉભું રહ્યું. પછી સૌ સાંભળે એવી રીતે તેણે કહ્યું:––

“ સૈનિકો ! હું માત્ર છસોજ સિપાઇઓ લઇને ફ્રાન્સ પાછો આવ્યો; કેમકે પ્રજા અને સૈન્યના પ્રેમ ઉપર મને વિશ્વાસ હતો. મને સમજાય છે કે મેં તેમાં ભૂલ નથી કરી. સૈનિકો ! હું તમારો આભાર માનું છું. મારા કામનો યશ તમે અને પ્રજાએ જે કરી બતાવ્યું તેનેજ આપવો ઘટે છે. મારો યશ તો એટલોજ કે હું તમારી પ્રીતિનું માપ કહાડીને તેની ખુબી સમજી શક્યો છું.”

“ બુર્બોન રાજાઓનો રાજ્યાસનપરનો દાવો કાયદેસર હતોજ નહિ; કારણ કે દરેક જાતીય સમિતિઓદ્વારા જાહેર થએલો પ્રજામત તેની વિરુદ્ધ છે; અને પ્રજા સમૂહના હિતવિરુદ્ધ થોડાક તુમાખી માણસોનેજ લાભ મળે એવા ધોરણપર તેમનું રાજ્યતંત્ર રચાયું હતું.

“ સૈનિકો ! હજી પરદેશી રાજાઓ સાથે મૈત્રી રાખનારા રાજવંશીઓ આપણા દેશમાં છે તેમને હાંકી કહાડવા આપણે જવાનું છે. આખી પ્રજા જરૂર આપણને ટેકો આપશે. હું તેમજ સમસ્ત પ્રજા તમારા ઉપરજ આધાર રાખીએ છીએ. બીજાં રાજ્યોની બાબતોમાં આપણે વચ્ચે માથું મારવા નથી ઇચ્છતા પણ આપણા કામમાં જેઓ દખલ કરવા આવે તેમને તો આપણે બતાવીજ આપીશું કે એ કામ સિંહના મોંમાં હાથ ઘાલવા જેવું છે. ”

જયઘોષની ગર્જનાઓ સાથે તે પોતાના મંત્રણામંદિરમાં પેઠો. ત્યાં માજી રાજા લૂઇનું સ્મરણ કરાવનારી ઘણી વસ્તુઓ પડી રહી હતી. એક ખુણામાં તેની આરામ

ખુરશી હતી કે જેના ઉપર તે પોતાની અતિશય ભારે અને રોગીષ્ટ કાયા ગોઠવતો. ટેબલપર તેના ખાનગી કાગળીઆંનો પૉર્ટફોલિયો (બાંધેલો થોકડો) ભૂલમાં રહી ગયો હતો; પણ નેપોલિયનને પોતાના શત્રુની ખાનગી બાબતો ઉપર નજર પણ ન કરતાં તેના ઉપર સરકારી સીલ કરાવી તેના માલિકને મોકલાવી દીધો.

પછી નેપોલિયને ફ્રાન્સનો નકશો મંગાવી તેને એક ટેબલપર પહોળો કરાવ્યો. તેનો એકદમ ઘટી ગએલો વિસ્તાર જોઇને તેનું હૈયું ભરાઇ આવ્યું; અને કૅલેનકૅાર્ટને કહ્યું, “ હું આખે રસ્તે સુલેહનો મંત્ર બોલતો આવ્યો છું, અને મારા હાથમાં હશે ત્યાંસુધી તો હું તેનો ભંગ નહિજ થવા દઉં. હું પારિસની સુલેહના કોલકરાર કબૂલ રાખીશ. મારે પોતાને હાથે ફ્રાન્સની સીમા ઉપર છરી મૂકવાની મેં ના પાડી હતી એટલાજ માટે કે તેમ કરતાં મારા નામને કલંક લાગે; પણ બીજાને હાથે એ કાપ મૂકાઈ ચૂકયો છે એટલે હવે દોષપાત્ર હું નહિ ગણાઉં. ફ્રાન્સને ભોગ આપવાની જરૂર પડી અને તેણે તે આપી દીધો છે. મારૂં રાજ્યાસન સાચવવા માટેજ મારાથી ફ્રાન્સને ભોગ આપવાનું ન કહેવાત. પણ હવે તો દેશ જે સ્થિતિમાં મારા હાથમાં આવે છે તે સ્થિતિમાં લેવા હું ખુશી છું અને સુલેહ જળવાઇ રહે એવું ઇચ્છું છું. મિત્રરાજાઓમાં ડહાપણ હશે તો તેઓ ફરીથી લડાઇ નહિ સળગાવે. ”

નેપોલિયનને તો સુલેહની ગરજજ હતી. હવે ફ્રાન્સનો વિસ્તાર ઘણોજ ઓછો થઇ ગએલો હોવાથી મિત્રરાજાઓ તેની સ્વતંત્રતા મંજૂર રાખશે એવી તેને આશા હતી. એથી કરીને લડાઇને માટે કશી પણ તૈયારી ન કરવી એની પૂરેપૂરી જરૂર હતી અને બીજી બાજુનો વિચાર કરતાં એમ કરવાથી ભારેમાં ભારે નુકસાન પણ હતું. મિત્રરાજાઓ પાસે તો તેમનાં વિશાળ સૈન્યો તૈયાર હતાં. ફ્રાન્સનું લશ્કર તો વેરણ ખેરણ થઇ ગયું હતું અને યુદ્ધસામગ્રીનું પણ કશું ઠેકાણું ન હતું. જો નેપોલિયન સૈન્ય ભેગું કરવાની જરા પણ હિલચાલ કરે તો તરત પેલા આખી દુનિયામાં દાંડી પીટી મૂકે કે તેના “ અખૂટ લોભની અને નરહત્યાના શોખની ” સાબિતી જોવી હોય તો જોઈ લેજો. તેથી કરીને તેણે પોતાની પ્રતિષ્ઠા જાળવવાની ખાતર લડાઇની તૈયારી ન કરતાં પોતે મોકલેલા સુલેહના કહેણનો શો જવાબ આવે છે તેનીજ રાહ જોવાનું રાખ્યું.

રાજ્યની આંતર્વ્યવસ્થા તેણે નહિ માની શકાય એવી ત્વરાથી પાછી હતી તેવી પદ્ધતિસર બનાવી દીધી. ધારાસભાના સભાસદો અને મંત્રીઓ પણ સઘળા પ્રતિષ્ઠાવાન, અને પ્રજાની દાઝ જાણુનારાજ ચૂંટાયા હતા. પ્રજાના અવાજથી તે રાજમહેલમાં પુનઃ દાખલ થયો હતો છતાં પણ શહેનશાહ તરીકે તેણે બીજીવાર પાછી જાહેર ચૂંટણી કરાવી અને દેશમાં ચાર રાજકીય પક્ષ હોવા છતાં તેની વિરુદ્ધ કરતાં તેની

તરફેણમાં દશ લાખ મત વધારે મળ્યા.

હજી યૂરોપના રાજાઓની પરિષદ્ જે વિયેનામાં મળી હતી તે પૂરી થઇ ન હતી. લોકવર્ગની સ્વતંત્રતા ઉપર કુહાડો મૂકી મેળવેલી લૂંટ વહેંચતાં તેઓ ઘણા મહિના થયાં અંદર અંદર ખૂબ ચડભડતા હતા. સાતસો રાજપ્રતિનિધિઓ એ પરિષદ્‌માં બેસતા હતા અને સભામાંથી કંટાળતા ત્યારે આસ્ટ્રિયાના ભલા શહેનશાહ તેમની મહેમાની માટે તૈયાર રાખેલી નૃત્ય, ગીત, વગેરે વિવિધ પ્રકારની વિલાસની સામગ્રીઓથી થાકેલા મનને વિનોદ કરાવતા હતા. આ પરોણાઓના ભોજનના ખર્ચ માટેજ આસ્ટ્રિયાની તિજોરી ઉપર રોજ સવા લાખ ફ્રાન્કની કાતર મૂકાતી હતી!

મિત્રરાજાઓ પોલેન્ડ, સૅકસની અને ઇટાલિની વહેંચણી કરતાં અંદર અંદર ખૂબ લઢાલઢી કરતા હતા અને પરિષદ્‌ને વિખેરી નાખી એક નવી જાદવાસ્થળી ખેલવાની તૈયારી કરતા હતા. એટલામાં એક કાસદે આવીને લૉર્ડ કાસલરેને સમાચાર આપ્યા કે નેપોલિયન એલ્બાથી નીકળી ચૂકયો છે. ટેલિરેન્ડ તે વખતે નૃત્યમંદિરમાં જવા શણગાર સજતો હતો. એટલામાં તેને પણ એના એજ સમાચાર મળ્યા. તેની ખૂબસુરત ભત્રિજીને પોતાનો નાચ મુલતવી રહેશે તેની ફિકર થવા લાગી!

એલિસન તેના ઇતિહાસમાં લખે છે કે "વિયેનાના બાદશાહી નૃત્યમંદિરમાં એકઠા થએલા સુસજ્જિત સ્ત્રીપુરુષોની વચમાં એકાએક વીજળી પડી હોત તોપણ તેઓ નેપોલિયનના સમાચાર સાંભળીને જેટલાં ગભરાયાં તેટલાં ગભરાત નહિ."

ટેલિરેન્ડ અને અંગ્રેજ પ્રતિનિધિ લૉર્ડ કાસલરે ઘણા કલાકસુધી વિચાર કર્યા પછી લૂઇ રાજાને કહેવડાવ્યું કે ગભરાશો નહિ. મિત્રરાજાઓ તમને મદદ આપ્યા કરશે પણ ફ્રાન્સના લોકો ઉપર વિશ્વાસ રાખશો નહિ.

નેપોલિયન એલ્બાથી નીકળ્યો છે પણ કયી તરફ જવાનો છે તેની કોઇને કશી ખબર ન હતી. શંકા, અટકળ અને સખત ચિંતામાં તેમના પાંચ દિવસ ગયા પછી બીજા નવા સમાચાર આવ્યા. એટલે તરતજ સઘળા નાચ તમાશા બંધ થઇ ગયા અને આખો યૂરોપ પાછો એકજ માણસનો વિચાર કરતો થઇ ગયો. દેશનિકાલ થઇ ગએલો નેપોલિયન વગર લશ્કરે, વગર નાણે, માત્ર પોતાના નામની જાદુઈ શક્તિવડે પાછો આખા યૂરોપના સેનાપતિઓ અને રાજનીતિજ્ઞ પુરુષોને ગભરાવવા લાગ્યો.

માર્ચની ૫ મી તારીખે વિયેનાની પરિષદ્‌ને સમાચાર મળ્યા કે નેપોલિયન ફ્રાન્સને કિનારે ઉતર્યો છે અને પ્રજાના અનહદ પ્રેમના તરંગ વચ્ચે પારિસ તરફ ચાલ્યો જાય છે. દરેકના ચહેરા ઉપર અજાયબી અને ગભરાટનાં ચિન્હ પ્રકટી નીકળ્યાં. એકદમ મિત્રરાજાઓ એકઠા થઇ ગયા. સૌએ પોતપોતાની તકરારો બાજુએ મૂકી દીધી અને શત્રુનો પરાજય કરવાનો ઘાટ ઘડવા લાગ્યા. તેમને ખરેખર ક્રોધ તો ફ્રાન્સની પ્રજા ઉપર ચઢયો; કારણ કે નેપોલિયન ઉપર તેઓ અટળ પ્રીતિ રાખતા

હતા. તેમને અને તેમની સ્વતંત્રતાની ભાવનાને તોપોના ગાડા અને ઘોડાના પગ તળે છુંદી નાખવા તેઓ ફરીથી સજ્જ થઈ ગયા. જે ફ્રાન્સે બે બે વખત નેપોલિયનને મુકુટ પહેરાવવાનું સાહસ કર્યું હતું તેનોજ પ્રથમ પરાજય કરવો, અને પછી તેને એવી રીતે વહેંચીને કકડેકકડા કરી નાખવા કે જાતીય ભાવનાથી પ્રેરાઈ તેઓ ફરીવાર કદિ ભેગાજ થઇ શકે નહિ. આવા પ્રકારના ઠરાવ તેમણે પોતાના મન સાથે કરી નાખ્યા. બુર્બોન રાજાઓનો અમલ ફરીથી સ્વીકારવાની ફ્રાન્સને ફરજ પાડવાનું તો હવે બની શકે એમજ ન હતું. બધા રાજાઓને હવે એમજ થયા કરતું હતું કે તેમનો પક્ષ છોડી દેવો અને પોલેન્ડની માફક બધાએ મળીને ફ્રાન્સને વહેંચી ખાવું. અલેક્ઝાન્ડર કહે, "જેને નથી આવડતું રાજ્ય કરતાં અને નથી આવડતું લઢતાં તેને ગાદી અપાવવા માટે શું મારે જીવતાસુધી લઢયાજ કરવું, અને મારા રાજ્યનું બધું બળ એવી લડાઇ લઢવામાંજ વાપરી નાખવું ? હું તો હવે કંટાળ્યો છું."

બુર્બોન રાજાઓની વકીલાત કરનાર આખી પરિષદ્‌માં એકલો ટલિરેન્ડજ હતો. આઠ દિવસ સુધિ હિંમત ન હારતાં શાંતિથી, કુનેહથી, વિવિધ પ્રકારોની દલીલોવડે આખી સભાનો અભિપ્રાય તેણે ફેરવી નાખ્યો. ફ્રાન્સને વહેંચી લેતાં આપણે અંદર અંદર લઢી મરશું એવો ભય તેણે બતાવ્યો. બુર્બોન વંશી રાજાઓનો કાયદેસર હક્ક તમે નહિ સ્વીકારો તો તમારો પોતાનો હક્ક પણ પછી કયાં રહેશે ? બુર્બોન રાજાઓ પદભ્રષ્ટ થતાં યૂરોપના એકે એક રાજાને પણ ગાદી છોડવાનો વખત આવશે એવી ભયસૂચક આગાહી કરી. એ રીતે સૌના વિચારમાં પલટો કરી નાખ્યા પછી તેણે છેવટમાં કહ્યું:—

"માત્ર એકજ માર્ગ વાજમી અને ડહાપણ ભરેલો છે. તે એ કે બોનાપાર્ટ અને ફ્રેન્ચ પ્રજાને છૂટાં પાડી નાખવાં. એમજ જાહેર કરવું કે અમારે ફ્રાન્સ સાથે સુલેહ છે; લડાઇ એકલા બોનાપાર્ટ સાથેજ છે. એમ કરવાથી લોકોના મન ઉપર એવી અસર થશે કે સુલેહ કરવામાં એકલો બોનાપાર્ટજ આડખીલીરૂપ છે. એમ સમજી ઘણા માણસો તેના પક્ષમાંથી નીકળી જશે એટલે બોનાપાર્ટનું બળ તૂટી જશે અને ફ્રાન્સને પણ લઢવાનું કારણ રહેશે નહિ. પછી છેવટે આપણે ફ્રાન્સની પ્રજાને કહેવું કે તમે બુર્બોન રાજાઓને નહિ સ્વીકારો ત્યાંસુધી યૂરોપ તમારા કોઇ પણ રાજાને મંજુર રાખશે નહિ."

મિત્રરાજાઓનાં મન પલળ્યાં. તેમણે ટેલીરેન્ડની સલાહ માન્ય રાખી અને દેશે દેશ નીચેનું પાપિષ્ટ જાહેરનામું ફેલાવ્યું:—

"મિત્ર રાજાઓને જાણ થઇ છે કે નેપોલિયન બોનાપાર્ટ નાસી આવ્યો છે અને જોર જુલમથી ફ્રાન્સમાં પેસી ગયો છે. તેથી કરીને તેમની પ્રતિષ્ઠા અને જનસમાજના ભલાને ખાતર પોતાનો અભિપ્રાય ગંભીરપણે જાહેર કરવાની તેઓ

પોતાની ફરજ સમજે છે. જે સરત પ્રમાણે તેને એલ્બાનો ટાપુ આપવામાં આવ્યો તે સરત તેણે પોતે તોડી છે તેથી કરીને જીવતા રહેવાનો જે કાંઈ તેને હક્ક હતો તે પણ તેણે ગુમાવ્યો છે. ફ્રાન્સમાં તોફાન જગવવા અને તેને તાબે કરવા તે આવેલો હોવાથી તેણે હાથે કરીને કાયદાનું રક્ષણ ગુમાવ્યું છે અને જગતને જણાવી દીધું છે કે હવે તેની સાથે સુલેહ કરવી અશકય છે. તેથી મિત્રરાજાઓ જાહેર કરે છે કે નેપોલિયન બોનાપાર્ટે સુધરેલી દુનિયા સાથેનો સંબંધ પોતાને હાથે તોડયો છે અને તેને દુનિયાનો દુશ્મન અને દુનિયાને રંજાડનાર ગણીને તેને શિક્ષા કરવાની જાહેર પ્રજાની ફરજ છે.”

પછી તેમણે એક બીજાને ગંભીર પ્રતિજ્ઞાવડે બાંધી લીધા કે “નેપોલિયનની છેવટ સુધી આપણે પૂંઠ લેવી અને તેમ કરવામાં આપણે આપણા રાજ્યનું તમામ બળ ખર્ચવું પડે તો ખર્ચવું.” આ કરારનામા ઉપર આસ્ટ્રિયા, સ્પેન, ઈંગ્લંડ, પોર્ટુગાલ, રશિયા, પ્રશિયા અને સ્વીડને સહી કરી.

નેપોલિયનને હમેશને માટે કચરી નાખવાને અસંખ્ય સિપાઇઓનાં સૈન્ય હવે એકત્ર થવા લાગ્યાં. આસ્ટ્રિયાએ શ્વાર્ઝનબર્ગની સરદારી નીચે સાડા ત્રણ લાખ સિપાઇ આપ્યા; ઈંગ્લંડ અને પ્રશિયાએ મળી વેલિંગ્ટન અને બ્લૂચરની સરદારી નીચે અઢી લાખ માણસો મોકલ્યાં; બે લાખ રાની રશિયનો લઇને અલેક્ઝાન્ડર જાતે મેદાન પડયો; અને બીજી પ્રજાઓનું મળીને દશ લાખનું લશ્કર ભેગું થઈ ગયું. રખેને નેપોલિયન નાસી જાય તે માટે ઈંગ્લંડનાં વહાણ ફ્રાન્સના કિનારાપર ચોકી કરવા લાગ્યાં. માત્ર એકજ માણસને લોકોના હૃદયમાંથી બળાત્કારે દૂર કરવા માટે આટઆટલી યુદ્ધસામગ્રી અને બળ એકઠાં થવા લાગ્યાં. આવી ભવ્ય સ્થિતિ બીજા કોઇએ પ્રાપ્ત નથી કરી. એના એક શત્રુએ ઘણી અસરકારક રીતે કહ્યું છે કે “જો નેપોલિયનનો ડગલો અને ટોપી એક લાકડીપર ભેરવીને કોઈ પણ જગ્યાએ મૂકી આવો તો આખો યૂરોપ એકદમ એક છેડેથી બીજા છેડાસુધી સશસ્ત્ર બની જાય.”

ફ્રાન્સની સ્વતંત્રતા ઉપર કુહાડો મારનારૂં મિત્રરાજાઓનું જાહેરનામું જોઇને ઈંગ્લંડના પ્રતિનિધિઓ બહુ ગુંચવણમાં આવી પડયા. વેલિંગ્ટન અને કાસલરે બેઉના અંગત અભિપ્રાય જનસમૂહની સ્વતંત્રતાની વિરુદ્ધ તો હતાજ પણ ઇંગ્લંડની પ્રજાની આંખમાં તેમનાથી ધૂળ નંખાય એમ ન હતું. ત્યાં તો ઉદાર રાજ્યબંધારણ, આમની સભા, છાપાનું છૂટાપણું અને પૂછપરછ કરનારા લોકો હતા. તેથી ત્યાના પ્રધાનોએ પ્રજાને ઠગવા માટે એમ જણાવ્યું કે અમે માત્ર સામાન્ય શત્રુની સામે લડવા પૂરતાજ યૂરોપી રાજ્યો સાથે જોડાયા છીએ. ફ્રાન્સની પ્રજાને પોતાનો રાજા પસંદ કરવાનો હકક છે તેમાં અમે દખલ કરવા માગતા નથી.

આવું આશ્ચર્યકારક કથન કર્યા પછી ઈંગ્લંડની સરકારે લડાઇના એક વર્ષના

ખર્ચ પેટે ૪૫૦,૦૦૦,૦૦૦ ફ્રાન્ક કાફલા માટે, ૬૯૫,૦૦૦,૦૦૦, ફ્રાન્ક સૈન્ય માટે અને ૨૭૫,૦૦૦,૦૦૦ ફ્રાન્ક બીજાં રાજ્યોને મદદ આપવા માટે મંજુર કર્યા. તે વર્ષનો લડાઇનો કુલ ખર્ચ ૨૭૫૦,૦૦૦,૦૦૦ ફ્રાન્ક થઇ ગયો હતો. જનતાના હકકનું રક્ષણ કરનાર નેપોલિયનને કચરી નાખવા આટલા અથાગ ખર્ચની અને આવા અતિ વિશાળ સૈન્યબળની જરૂર જણાઇ. યૂરોપમાં આપખુદ રાજ્યપદ્ધતિ જાળવી રાખવા માટે ઈંગ્લંડની પ્રજા પાસેથી આવી ગંજાવર રકમ ત્યાંની સરકારે કઢાવી લીધી.

એક બાજુએ જ્યારે યૂરોપના રાજાઓ જરા પણ દયા લાવ્યા વગર લડાઇનીજ તૈયારી કરવા લાગ્યા હતા ત્યારે નેપોલિયન સુલેહ કરવા માટે ફાંફાં મારી રહ્યો હતો ! એક તરફથી શત્રુસૈન્ય જર્મનીમાં થઇને ફ્રાન્સની સીમા તરફ આવવા લાગ્યાં હતાં, બીજી તરફથી ઈંગ્લંડનો કાફલો ફ્રેન્ચ વહાણોને ફાવે ત્યાંથી ઝડપી લેતો હતો; તોપણ ફ્રાન્સ અને યૂરોપને લડાઇની આફતમાંથી ઉગારી લેવા માટે વાજબી સરતે સુલેહ કરવાની ઉપરાઉપરિ માગણી તે કર્યા કરતો હતો. આસ્ટ્રિયાના રાજાને સમજાવવા તેણે પોતાની સ્ત્રી મેરિયા લૂઇસા ઉપર પત્ર મોકલ્યો પણ તેના ચાલાક પિતાએ તે પત્ર પુત્રીના હાથમાં જવાજ ન દીધો. તેની એકેએક પ્રાર્થનાને મિત્રરાજાઓએ નિર્દયપણે તરછોડી કહાડી. જોસેફ બોનાપાર્ટ, જે પોતાના ઉન્નત ચારિત્ર્યને લીધે યૂરોપના દરેક દરબારમાં આદરમાન પામતો હતો તેને વિયેના મોકલ્યો તે પણ વ્યર્થ ગયું. ત્યાર પછી તેણે યૂરોપના એકેએક રાજાને અત્યંત નમ્રતાભર્યો પત્ર લખીને મોકલાવ્યો. તેમાં બુર્બોન રાજાઓ પ્રજાને કેવા અણુજુગતા હતા, પ્રજાની લાગણીને તાબે થઇને પ્રજાના કલ્યાણને અર્થે તજેલું રાજ્યાસન કેવા સંજોગોમાં તેણે પાછું ગ્રહણ કર્યું છે, પોતે સુલેહ કરવા કેવો આતુર છે, એ બધું દુશ્મનને પણ દયા ઉપજે એવી ભાષામાં લખ્યું હતું; પણ તેના તરફનો કોઇ પણ સંદેશો નહિ સાંભળવાનો નિશ્ચય કરી બેઠેલા રાજાઓના હાથમાં એ પત્ર જવા પામ્યોજ નહિ. ફ્રાન્સની હદ છોડયા પછી એ પત્ર લઇ જનાર અમલદારોને અપમાન સાથે પાછા વાળવામાં આવ્યા.

આ દુઃખદ સમાચારના હેવાલને અંતે કૉલેનકૉર્ટે લખ્યું કે “ કાફલો તેમજ ખુસ્કી લશ્કર વધારવાના હુકમ ઈંગ્લંડમાં અપાઇ ગયા છે. ફ્રાન્સને બધી બાજુએથી સાવચેત રહેવાની જરૂર છે. કાં તો જમીનમાર્ગે આખો યૂરોપખંડ તેના ઉપર ધસી આવે અથવા તો શત્રુસૈન્ય સમુદ્ર કિનારે આવેલા કોઇ સ્થળ આગળ ઉતરી પડે. આસ્ટ્રિયા, પ્રશિયા, રશિયા અને જર્મનીના એકેએક સ્થળમાં—જ્યાં જુઓ ત્યાં યુદ્ધની તૈયારી ચાલી રહી છે અને લશ્કરની દોડધામ મચી રહી છે.”

બિચારા ફ્રાન્સને માટે આ સમાચાર ચોંકાવનારા હતા. મિત્રરાજ્યોએ તેને કેટલાંએ વર્ષો થયાં એક પછી એક યુદ્ધોમાં ઉતરવાની ફરજ પાડી હતી તેથી લડી લડીને તેનું

બળ એટલું તો ક્ષીણ થયું હતું કે નવી લડાઇ લડવા જેટલી તેનામાં હવે તાકાત રહી ન હતી. દશ લાખ માણસો તેના રમણીય દ્રાક્ષના માંડવા અને સુંદર ખીણોને ઉજ્જડ કરવા ચાલ્યાં આવતાં હતાં. મિત્રરાજાઓએ વળી નેપોલિયન અને ફ્રાન્સને છૂટા પાડી જાહેર કર્યું હતું કે અમારી લડાઇ તો માત્ર એની એકલાની સાથેજ છે. તેથી લાખો માણસો નિરાશાપૂર્વક એવો વિચાર કરવા લાગ્યા કે દેશને ખુનરેજીમાંથી ઉગારી લેવા આપણે વહાલા શહેનશાહને આખરે છોડી દેવો પડશે; છતાં પણ ચોધાર આંસુએ રડતી માતાઓએ પુત્રોને રણસંગ્રામમાં જવા વળાવ્યા અને ઘરડા ડોસાઓ તેમની આ વાજબી લડાઇમાં જીત થાય તે માટે ધ્રુજતે પગલે દેવળમાં જઇને પ્રાર્થના કરવા લાગ્યા.

આટલું છતાં પણ મિત્રરાજ્યો જેમના હાથમાં યૂરોપનાં તમામ છાપાંઓ હતાં તેમાં તેમણે નફટપણે છપાવ્યું કે મહાલોભી અને લોહીનો તરસ્યો નેપોલિયન સુલેહ કરતો નથી અને તેને શિકારી જાનવરની માફક મારી નાખવામાં નહિ આવે ત્યાસુધી તે દુનિયાને જંપવા દેનાર નથી. ઈંગ્લંડમાંથી તો પુસ્તકો, પત્રિકાઓ, અને ચિત્રોનો રાફડોજ ફાટયો ! કારણ કે આ લડાઇમાં તલવારના જેટલીજ કલમની પણ જરૂર હતી. પોતાના ઉપર આ પ્રમાણે નિંદા અને બદનક્ષીનો વરસાદ વરસવા છતાં પણ નેપોલિયનને પૂરો વિશ્વાસ હતો કે તેની પ્રતિષ્ઠાને લેશમાત્ર પણ ડાઘો નહિ લાગે.

સુલેહ કરવાના સઘળા પ્રયત્ન જ્યારે ફોકટ ગયા ત્યારે તેણે લડાઇની તૈયારી કરવા માંડી. મિત્રરાજ્યોએ પ્રગટ કરેલા જૂઠા જાહેરનામાના જવાબમાં તેણે લેશ માત્ર પણ ખરી હકીકત છુપાવ્યા વગર પોતાને એલ્બા છોડવાનાં કારણો જાહેર કર્યાં. ફરીથી રક્તના નદીઓ વહેશે અને યૂરોપની જર્જરિત થએલી પ્રજા ઉપર નવેસરથી વિટંબણાઓ પડશે, એ ખ્યાલથી તેને ઘણો સંતાપ થતો હતો પણ જનતાની સ્વતંત્રતાનું ખૂન કરવા તૈયાર થએલા શત્રુરાજાઓનો પાપી નિશ્ચય શિથિલ થતો ન હતો.

નેપોલિયને કહ્યું કે “ જો આસ્ટ્રિયા મારી બાજુમાં આવે તો અમે બે મળીને રશિયાના પંજામાંથી યૂરોપને ઉગારી શકીએ. મારા સિવાય તેને ખાળનાર કોઈ છેજ નહિ. મારો નાશ થયા પછીજ તેમને મારી ખરી કિંમત સમજાશે; પણ કાંઇ ફિકર નહિ. હજી તેમણે સિંહને જાગેલો નથી જોયો. તેમને મારા બળનો ખ્યાલ નથી. ૧૭૯૩ની સાલની રાજ્યક્રાન્તિસૂચક “લાલ ટોપી” પહેરી દઉં તો એક તડાકામાં એ બધાના બાર વગાડી દઉં. ”

આ વાત સાચી હતી. જો લાલચને વશ થઇને નેપોલિયને રાજ્યવિપ્લવનો દારૂગોળો સળગાવી મૂક્યો હોત તો ફ્રાન્સના એકેએક તુમાખી ઉમરાવનાં માથાં રવડી જાત અને પ્રજાના કોપાગ્નિની બળવાન રેલ આખા યૂરોપમાં અણખાળી ઘૂમી વળત; પણ આ મહાપુરુષ એવી લાલચને વશ થયો નહિ. તે જનતાના સ્વતંત્રતા

અને કાયદેસર વ્યવસ્થા એ એઉનો હિમાયતી હતો. એક બાજુથી ઉમરાવવર્ગની સ્વાર્થી લોભવૃત્તિને અને બીજી બાજુથી ઉશ્કેરાયલી, ઝનુની ગુંડાશાહીની સર્વનાશક રાક્ષસી વૃત્તિને એકસરખી રીતે ખાળી રાખવાની નીતિ તેણે આદરી હતી. આપખુદી રાજસત્તા તેમજ રાજવિપ્લવની આંધી એ એઉનો તે કટ્ટો વિરોધી હતો. ભારેમાં ભારે લાલચથી પણ તે પોતાના નિશ્ચયમાંથી ડગે તેમ ન હતું.

તેની એવી ઈચ્છા હતી કે રાજ્યાભિષેકની ઘણીજ ગંભીર અને ભવ્ય ક્રિયા કરાવીનેજ ફ્રાન્સનો રાજમુકુટ પુનઃ ધારણ કરવો. તેને માટે ૧ લી જૂનનો દિવસ ઠરાવવામાં આવ્યો. "શાં દે માર" નામક મહેલની આસપાસના વિશાળ આંગણામાં નાગરિકો અને સૈનિકોનો ભવ્ય સમુદાય એકત્ર થયો હતો. આખા રાજ્યના મતદાર મંડળોનાં મતપત્રો ધારાસભાના અધ્યક્ષે જાહેર કર્યાં. તેમાં તેની વિરુદ્ધ કરતાં તરફેણમાં દશ લાખ મત વધારે માલૂમ પડયા.

શહેનશાહ રાજવંશી પોશાકમાં સજ્જ થઇ સર્વની નજર તેના ઉપર પડી શકે એવા ઉંચા મંચ ઉપર ચડયો. મુખ્ય ધર્માધ્યક્ષે ધર્મક્રિયા કરતાં ફ્રાન્સની જાતીય ધ્વજાને મંત્રોચ્ચારથી પવિત્ર કરી, અને આ ન્યાયી લડાઈમાં પ્રજાના સૈનિકો વિજયી થાઓ એવો આશીર્વાદ આપ્યો. પછી પારિસના મતદાર મંડળ તરફથી નીચેનું માનપત્ર શહેનશાહને એનાયત કરવામાં આવ્યું:—

" ફ્રેન્ચ પ્રજાએ આપને રાજમુકુટ પહેરાવ્યો હતો તે આપે પ્રજાની સંમતિ વગર ઉતારી નાખ્યો હતો. આજે એજ પ્રજા પોતાના હક્કની રૂએ આપને એ રાજચિન્હ ધારણ કરવાની ફરજ પાડે છે. મિત્રરાજ્યોના સમૂહની શી ઈચ્છા છે ? અમારા દેશ ઉપર આક્રમણ કરવાનું અમે તેમને કશું કારણ આપ્યું નથી. માત્ર એટલુંજ કે જે રાજાને અમારા ઉપર અમલ કરવા તેમને મોકલવો છે તે અમને પસંદ નથી અને જે રાજા અમારે જોઇએ છીએ તે તેમને પસંદ નથી. અમારા ઉપર ચડાઈ કરવામાં આવશે એવી ધાસ્તી છે, પણ અમારી ઈજ્જત અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા અમે સર્વસ્વની આહુતિ આપવા તૈયાર છીએ. પરાધીનતાની ઝુંસરીને અમે ગમે તે ઉપાયે પણ માથું નહિજ નમાવીએ. પરદેશી સૈન્યે સ્થાપેલું રાજ્યાસન એક પળવારમાં, આપના આવવાની સાથેજ ક્યાંનું ક્યાં જતું રહ્યું; કારણ કે ખરી કીર્તિનો મહામંત્ર, પ્રજાની સાચી સમૃદ્ધિની ચાવી આપ અમારે માટે એલ્બાના એકાંતવાસમાંથી લેતા આવ્યા છો. "

એનો જવાબ આપવા નેપોલિયન ઉભો થયો તેની સાથેજ મેઘગર્જનાને વેગળી બેસાડે એવો તાળીઓનો ગડગડાટ થયો. તેણે કહ્યું:–

" શહેનશાહ, કોન્સલ અને સેનાપતિ તરીકે મેં જે કાંઈ કર્યું છે તે સૌ લોકોનેજ આભારી છે. સુખના અને દુઃખના દિવસમાં, રણસંગ્રામમાં અને સભામં-

દિરમાં, સિંહાસન ઉપર બેસતાં અને દેશનિકાલ થઈ પરદેશ રઝળતાં, મારા વિચાર અને મારાં કાર્યનું કેન્દ્ર ફ્રાન્સ અને એકલું ફ્રાન્સજ થતું આવ્યું છે."

પછી રાજવંશી ઝભ્ભો બાજુએ મૂકીને તે પોતાના રોજના સાદા પોશાકમાં ઉભો રહ્યો એટલે વળી અપૂર્વ અને અદ્વિતીય જયઘોષથી લોકોએ તેને વધાવી લીધો. તેણે સૈન્ય તરફ ફરીને કહ્યું:—

" સૈનિકો અને નાવિકો! સ્વદેશ મૈયાની ધ્વજાના રક્ષણનો ભાર હું તમારે શિર મૂકું છું. તમે પ્રતિજ્ઞા લો કે દેશના દુશ્મનોની સામે અમારા પ્રાણના ભોગે પણ અમે તેને જાળવીશું."

હજારો સૈનિકોના મુખમાંથી " અમે સોગંદ લઈએ છીએ " એવા શબ્દ નીકળતાંજ પ્રલયકાળની મેઘગર્જના જેવો ગંભીર, ભયસૂચક ધ્વનિ થઈ રહ્યો. પછી મંચ ઉપર ઘણે ઉંચે ગોઠવેલા સિંહાસન ઉપર તે આરૂઢ થયો. પોતાની ચારે બાજુએ પથરાયલા અતિ ભવ્ય દૃશ્ય તરફ તેણે એકવાર નજર કરી લીધી. મંચના નીચલા ભાગ આગળ લશ્કરી વાજાંવાળાઓ બેઠા હતા. તેમણે અદ્‌ભુત અને પ્રોત્સાહક ગાયનોની રેલછેલ કરી મૂકી. શહેનશાહે પછી સૈન્યના દરેક વિભાગને તેમના વાવટા આપ્યા અને તે આપતાં એવા શૂર ચડાવે એવા શબ્દો કહ્યા કે દરેક સિપાઈના જિગરના તાર ઝણઝણી રહ્યા. " શહેનશાહ ઘણું જીવો "ના જયઘોષથી આકાશ ગાજી ઉઠયું. તે વખતનો નાગરિકો અને સિપાઈઓનો બેહદ ઉત્સાહ જેમણે જોયો હતો તેઓ કદિ ભૂલી શકયા નથી. પોતાની ઈજ્જત અને સ્વતંત્રતાને ખાતર મરી ફીટવા આજના જેટલી તત્પરતા ફ્રેન્ચ પ્રજાએ રાજ્યક્રાન્તિના આખા ઈતિહાસમાં કદિ બતાવી નથી. તેમણે દર્શાવેલી લાગણી ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને નેપોલિયને 'શાં દે માર' છોડયો, અને બેલ્જિયમમાં ઘેરાતા વંટોળીઆની સામે બચાવ કરવાની તૈયારીમાં ચિત્ત પરોવ્યું.

प्रकरण ६६ मुं–वॉटर्लु

લડાઈની તૈયારી કરવામાં એક પળ પણ ગુમાવવાનો અવસર ન હતો. નેપોલિયનને પુષ્કળ મહેનતને પરિણામે બે લાખ અને એંશી હજાર સૈનિકો મળી આવ્યા. તેમાંથી એક લાખ અને વીશ હજારનેજ શત્રુના દશ લાખ સિપાઇઓના પૂરને ખાળવા લઇ જવાય એમ હતું. શત્રુસૈન્યના જૂદા જૂદા વિભાગ અનેક દિશાએથી પારિસ તરફ ચાલ્યા આવતા હતા. બે લાખ અને સાઠ હજાર સિપાઇઓ સાથે સ્વાર્ઝનબર્ગ હ્રાઇન નદી સુધી આવી લાગ્યો હતો. વેલિંગ્ટન અને બ્લૂચર દરેક એક એક લાખ સિપાઇઓ સાથે બ્રસેલ્સની નજીકમાં હતા. બે લાખ જંગલી રશિયનોનું લશ્કર જર્મનીની ભૂમિને પગતળે છુંદતું મોટી મોટી મજલે ચાલ્યું આવતું હતું. ફ્રાન્સની દક્ષિણ દિશાએથી પણ ચઢાઇ લઇ જવા માટે ત્રીશ હજાર સિપાઇઓ આપવાનું મિત્રરાજ્યોએ સ્વીટ્ઝર્લેન્ડ ઉપર પણ દબાણ કર્યું હતું. તેની સાથે આસ્ટ્રિયાના સાઠ હજાર સિપાઈઓ સામેલ થયા હતા. ઈંગ્લંડનું બલિષ્ઠ નૌકાસૈન્ય સિપાઇઓને લઈ જવાના, ફ્રાન્સના વહાણ લૂંટવાના અને તેનાં બંદરો ઉપર તોપનો મારો ચલાવવાનાં કામમાં પૂર જોસથી મંડી ગયું હતું. આ પ્રમાણે આખા યૂરોપખંડનાં બળવાન રાજ્યોનું તમામ બળ એકજ માણસને મહાત કરવા માટે પ્રવૃત્ત થઈ ચૂકયું હતું.

તેને માથે ભારેમાં ભારે સંકટ ઝઝુમતું હતું. આખું જગત્ આજે પણ જેને માટે તેને ધન્યવાદ આપે છે, એવા અનુપમ ધૈર્ય અને બહાદુરીથી એ સંકટની સામે તે વીર ઉભો રહ્યો. અત્યારે તો તે ખરેખર એકલોજ હતો. જોસેફાઇન પરલોકવાસી થઇ હતી. મેરિયા લુઇસા અને તેનો અતિ પ્યારો પુત્ર તો આસ્ટ્રિયાના રાજમહેલમાં કેદી હતાં. યુજીન પદભ્રષ્ટ થઈ ગયો હતો અને બાવેરિયામાં સપડાઇ ગયો હતો. મુરા તેના તરફ એકવાર દગો કર્યા પછી મનમાં ઝંખવાણો પડયો હતો. નેપોલિયને રાજ્યાસનનો ત્યાગ કર્યાની વાત જાણી તેને ભારે પસ્તાવો થયો હતો. વિયેનાની પરિષદ્‌માં તેને ઠગવાની તદબીર થાય છે એ જાણી તેનો ક્રોધાગ્નિ સળગી ઉઠયો હતો. નેપોલિયન પાછો પારિસ આવ્યો છે એ સમાચાર મળતાંજ ભૂતકાળની

ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા બધાની સલાહ વિરુદ્ધ તેણે મિત્રરાજાઓના પ્રદેશ ઉપર ચઢાઈ કરી અને સખત હાર ખાધી. આજે તે રાજપાટ ખોઇ નાસતો ફરતો હતો + એટલે તેના તરફથી પણ મદદની આશા ન હતી. લાની, એસિયર્સ, ડૂરો અને એવા બીજા સેંકડો લડાઇઓમાં ઘડાયલા સેનાપતિઓ મરી પરવાર્યા હતા. બર્થિયર શરમનો માર્યો મોં બતાવી શકતો ન હતો. માર્મો તો ગયા વર્ષથીજ દેશદ્રોહી બન્યો હતો. ઑડિનો અને મૅક્ડોનલ્ડ ઘણા પ્રમાણિક માણસો હોઈ એકવાર બુર્બોન રાજાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી એટલે તેને વળગી રહેવાની પોતાની ફરજ સમજતા હતા. માર્શલ ને પોતે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો તેથી તેજહીન અને નાઉમેદ બની ગયો હતો અને શાક્ત ગુમાવી બેઠો હતો.

નેપોલિયને લડાઈની બે યોજનાઓ મનમાં વિચારી રાખી હતી. એક એ કે પોતાનું નાનકડું સૈન્ય પારિસની આસપાસ એકઠું કરી રાખવું; શત્રુસૈન્યને નિરાંતે ત્યાં લગી આવવા દેવું અને પછી રાજધાનીની દિવાલ આગળજ યાહોમ કરીને છેવટનું ભયંકર યુદ્ધ લડી લેવું. બીજી યોજના એ હતી કે અત્યંત ત્વરાથી ફ્રાન્સની હદ ઓળંગીને શત્રુસૈન્ય નિઃશંકપણે કુચ કરતું હોય તેના ઉપર છાપો મારવો. પ્રથમ એક, પછી બીજું એમ એક પછી એક શત્રુસૈન્ય ઉપર તૂટી પડી તેમને વેરણખેરણ કરી નાખવા અને એમ કરીને શત્રુઓને સુલેહ કરવાની ફરજ પાડવી. બેઉ યોજનાઓમાં મરણીઆ થઇને લડવા જેવું હતું પણ પહેલા કરતાં બીજી યોજનામાં ઝાંખી ફતેહની આશા રહેતી હતી. નેપોલિયને દુશ્મનોને ખબર ન પડે એવી રીતે એકદમ બેલ્જિયમ દોડી જવાનો અને વેલિંગ્ટન તથા બ્લૂચર ભેગા થઇ જાય તે અગાઉજ બેઉનાં લશ્કરનો ભૂકો કહાડી નાખવાનો નિશ્ચય કર્યો.

૧૧ મી જૂનની આખી રાત્રિ નેપોલિયને પોતાના મંત્રણાગૃહમાંજ પસાર કરી. સંખ્યાબંધ હુકમો લખાવ્યા અને પ્રધાનમંડળને ખાનગી સૂચનાઓ આપી. તેમની વિદાય લેતી વખતે તેણે કહ્યું, “ હું સવાર પડતાં પારિસ છોડું છું. તમે તમારી ફરજ બજાવજો. લશ્કર અને હું અમારી બજાવીશું. તમે સંપ, ઉત્સાહ અને ખંતથી કામ કરજો. ગૃહસ્થો ! કુનેહથી કામ લેજો. સ્વતંત્રતા સ્વચ્છંદનું રૂપ ધારણ ન કરે અને અરાજકતા વ્યવસ્થાની જગ્યા ન લે તેની ખૂબ સંભાળ રાખજો. એટલું ખૂબ યાદ રાખજો કે સંપના ઉપરજ આપણા પરિશ્રમની સફળતાનો આધાર છે.”

જૂનની ૧૨ મી તારીખે મળસ્કાના ત્રણ વાગ્યે નેપોલિયન તેની છેલ્લી લડાઇમાં જવા ટુઇલેરીસના દાદરેથી નીચે ઉતર્યો. ગાડી નીચે તૈયાર હતી. તેણે કૉલેનકૉર્ટને પોતાનો હાથ આપતાં શોકપૂર્ણ પણ દૃઢ અવાજે કહ્યું “ કૉલેનકૉર્ટ, રજા લઉં છું.

+ આખરે મુરા પકડાયો અને ૧૫ મી અક્ટોબર ૧૮૧૫ ને રોજ તેને જાહેર રીતે ગોળીથી ઠાર કરવામાં આવ્યો હતો.

કાં તો જીતીશું કે મરીશું.” દાદરને છેલ્લે પગથીએ તે ઉભો રહ્યો અને જે મહેલમાં તે કદિ ફરીથી પગ મૂકનાર ન હતો તેને એકવાર નજર ભરીને જોઇ લઇને ગાડીમાં ચડી બેઠો. આખો દિવસ અને આખી રાત્રિ લાગટ મુસાફરી કરીને પારિસથી દોઢસો માઇલ દૂર આવેલા એવેસ્ને ગામ આગળ તે આવી પહોંચ્યો. અહિં તેણે બની શકે એટલું સૈન્ય એકત્ર કરાવ્યું હતું. આ લડાઇની ફતેહનો આધાર માત્ર ત્વરા ઉપર હતો. થોડા કલાકનીજ ઢીલ થાય તો શત્રુસૈન્ય એટલી મોટી સંખ્યામાં ભેગાં થઇ જાય કે તેની ચટણી કરી નાખે.

આખા લશ્કરે તેને જયઘોષથી વધાવી લીધો. ચાલાક અને શૂરવીર ફ્રેન્ચ સિપાઇઓ તેમના શત્રુઓની વિશાળ સંખ્યા અને બળ સારી પેઠે જાણતા હતા, છતાં હિમ્મતભેર આખા યૂરોપની સામે ટક્કર લેવા તેઓ મર્દની માફક ઉભા થયા હતા. નેપોલિયન જ્યાં ગયો હતો ત્યાંથી પચાસ માઇલ ઉત્તરે બ્રુસેલ્સ આગળ એક લાખ કરતાં વધારે સૈનિકો સાથે વેલિંગ્ટને પડાવ નાખ્યો હતો. તેનાથી થોડાક માઇલ દૂર એક લાખ ત્રીશ હજાર પ્રશિયનોનું લશ્કર તેમના સરદાર બ્લૂચર સાથે ઉભેલું હતું. એ બેઉ સૈન્ય ભેગાં થઈ જવાની અણીપર હતાં; પણ નેપોલિયને પારિસ છોડયું છે તેની બેઉ સેનાપતિઓને ખબર ન હોવાથી બે લાખ રશિયન સિપાઇઓની રાહ જોતા તેઓ પોતપોતાને સ્થાને નિરાંતે બેઠા હતા. આ બેઉ સૈન્યની વચમાં એક લાખ અને વીશ હજાર માણસોને લઇને ઘૂસી જવાનું સાહસ નેપોલિયને આદર્યું. તે છાવણીમાં આવ્યો કે તેની આસપાસ તેના સિપાઇઓ એકઠા થઇ ગયા. થોડાક જ્વલંત શબ્દો વડે તેણે તેમનામાં અલૌકિક ઉત્સાહ પ્રેર્યો. તેમણે આકાશ ફાડી નાખે એવા જયઘોષથી એના સંભાષણનો પડઘો પાડયો. તેમનો વહાલો સેનાપતિ ગમે તેવા ભારેમાં ભારે સંકટ તરફ લઇ જાય તો ત્યાં દોડી જવાને તેઓ આતુર બની ગયા.

એક કલાકમાં બધું સૈન્ય ગતિમાં આવી ગયું. દરેક ટુકડી જૂદે જૂદે રસ્તે થઇને ત્યાંથી પાંત્રીશ માઇલ દૂર આવેલા શાર્લેરૉય આગળ મુકરર વખતે આવી પહોંચે તે માટે ઝીણામાં ઝીણી બાબતની સૂચનાઓ આપી તેમને કુચ કરવાનો હુકમ આપ્યો. જનરલ બાર્મો એક સૈન્ય વિભાગનો નાયક હતો. અત્યારસુધી તે ચુસ્ત રાજભક્ત હતો પણ નેપોલિયન એલ્બાથી પાછો આવ્યો ત્યારથી તે પાછો પ્રજાના વિચાર સાથે મળી ગયો હતો. નેપોલિયનને તેનો વિશ્વાસ ન હતો પણ નેના આગ્રહથી તેને એક ટુકડીની સરદારી આપી. એ દુષ્ટ બાર્મો ખરી અણીને વખતે બ્લૂચરને જઇ મળ્યો અને વધારામાં નેપોલિયનની લડાઇની યોજનાની વિગતોથી તેણે શત્રુપક્ષને વાકેફ કર્યો. આથી કરીને છેલ્લી ઘડીએ નેપોલિયનને પોતાની યોજનામાં એકદમ ફેરફાર કરી નાખવો પડયો.

૧૪ મી તારીખે નેપોલિયન સાંજના શાર્લેરૉય આગળ આવી પહોંચ્યો. ત્યાં

આગળ પ્રશિયનોનો અગ્રભાગ મજબૂત મોરચો નાખીને પડ્યો હતો. સવારમાંજ તેના ઉપર આક્રમણ કરીને ફ્રેન્ચોએ તેમને મારી હઠાવ્યા અને શાર્લેરૉયનો કબજો લીધો. તે બ્રસેલ્સથી ત્રીશ માઈલને અંતરે આવેલુ છે. બેઉ સ્થળની વચમાં ‘ક્વાટર્બ્રાસ’ નામે ચાર રસ્તાપર આવેલું એક નાનું ગામડું છે. એ જગ્યા ઘણીજ અગત્યની હોવાથી માર્શલ નેને ૪૦,૦૦૦ માણસો આપી તેને એકદમ કબજે કરવા મોકલ્યો. જતી વખતે તેને નેપોલિયને કહ્યું કે એ જગ્યા એવી મજબૂત બનાવી દેજે કે ગમે તેવા સખત હુમલાને પણ પત ન કરે.

બ્લૂચર નામૂરના કિલ્લામાં તેનું લગભગ બધું સૈન્ય ગોઠવીને ઉભો હતો. ક્વાટર્બ્રાસ ફ્રેન્ચોના હાથમાં આવે તો વેલિંગ્ટનને બ્લૂચરનાં એક લાખ ત્રીશ હજાર માણસોની મદદ મળતી અટકી જાય. નેપોલિયનની તદબીર એવી હતી કે એ જગ્યાએ બ્લૂચરને ખાળી રાખવા જેટલાં માણુસો રહેવા દઈને બાકીનું બધું સૈન્ય લઇને બ્રસેલ્સ આગળ વેલિંગ્ટન ઉપર તૂટી પડી તેના લશ્કરનો ચૂરો કરી નાખવો અને પછી બ્લૂચરની પણ તેવીજ દશા કરી નાખવી. આ યોજનામાં નિષ્ફળ થવા જેવું કશું હતુંજ નહિ. શત્રુસૈન્ય ઉપર એક જબરો ફટકો વાગતાંજ બેલ્જીયમ અને યૂરોપના ઉદાર પક્ષનાં રાજ્યો જે મિત્રરાજ્યોની ધાકે દબાઇને બેસી રહ્યાં હતાં અથવા જેમને પોતાની ઇચ્છા વિરુદ્ધ નેપોલિયનની સામે લડવાની ફરજ પડી હતી તેઓ પાછાં તેના પક્ષમાં આવી જાય. સૅક્સની, ઇટાલી, હંગરી, પોલેન્ડ પાછાં ટટાર થઇ જાય અને ગુલામીની બેડીઓ તોડીને છૂટી થતી પ્રજાનો કોપાનલ જોઇ જુલમગાર રાજાઓ ધ્રૂજી ઉઠે. પંદરમી તારીખની સાંજ સુધી નેપોલિયનની યોજનાઓ સફળ થતી આવી.

સવારમાં તેને માર્શલ નેનો પેગામ મળ્યો કે ક્વાટર્બ્રાસ કબજે કર્યું છે એટલે ૧૬ મી તારીખે તે બીજે રસ્તે ક્વાટર્બ્રાસ અને નામૂરની વચ્ચે આવેલા લિગની તરફ આગળ વધ્યો. અહિં એકાએક તે બ્લૂચરના લશ્કર સાથે અથડાઇ પડ્યો. તેની પાસે સાઠ હજાર સૈનિકો હતા. ભયંકર યુદ્ધ શરૂ થયું. આખો દિવસ સમુદ્રના તરંગની માફક બેઉ સૈન્ય ઘડીમાં એક બાજુએ તો ઘડીમાં બીજી બાજુએ ધકેલાવા લાગ્યાં. સૂર્યાસ્ત થતાં નેપોલિયન જીત્યો અને પ્રશિયનો હમેશની માફક તેની બુદ્ધિના બળથી મહાત થઇને આ વખતે પણ હારીને નાઠા. માર્શલ નેને તેણે હુકમ કર્યો હતો કે ક્વાટર્બ્રાસ સાચવી રાખવા જેટલા માણસોને ત્યાં ગોઠવીને બાકીનું સૈન્ય લઇને ચાલ્યો આવ પણ તે આવી ન શક્યો. જો આવ્યો હોત તો એક પણ પ્રશિયન જીવતો જાત નહિ અને “ વૉટર્લુ ” થવા પામત પણ નહિ.

હવે માર્શલ નેએ શું કર્યું તે જોઇએ. પંદરમી તારીખે સાંજે ને ક્વાટર્બ્રાસ તરફ જવા લાગ્યો. રસ્તામાં સખત વાવાઝોડા સાથે વરસાદ પડ્યો અને રાત અં-

ધારી હતી. તેના સિપાઇઓ આગલા બે દિવસ સખત કુચ કરી થાકી ગએલા હતા. તેણે તપાસ કરાવી તો માલૂમ પડયું કે ક્વાટર્બ્રાસ ખાલી હતું તેથી તેણે લશ્કરને એક રાત આરામ આપી સવારે ત્યાં જવાનો વિચાર રાખ્યો; અને તે જગ્યા કબજે કરવાની તેની ખાત્રી હોવાથી નેપોલિયનને એમ પણ કહેવડાવી દીધું કે કવાટર્બ્રાસ મારા કબજામાં આવી ગયું છે. આટલું કર્યા પછી તેણે સૈન્યને આરામ લેવાની રજા આપી. થાકીને લોથ જેવા થઇ ગએલા સિપાઇઓ કાદવની પથારી ઉપર ઉંઘી ગયા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે માત્ર થોડાજ કલાકનો આરામ લઇને તેઓ નેપોલિયનનું રાજ્યાસન, ફ્રાન્સનું સામ્રાજ્ય અને આખા યૂરોપની સ્વતંત્રતા—એ સર્વની કબર ખોદતા હતા !

ને અને તેના સૈનિકો કવાટર્બ્રાસની નજીક આરામ લેતા હતા ત્યારે બ્રસેલ્સના વિવિધ વિલાસસામગ્રીથી ભરેલા મહેલમાં વેલિંગ્ટન નૃત્યની મઝા માણતો હતો. નૃત્યની રમઝટ મચી રહી હતી એવામાં એક જાસુસે તેને કાનમાં કહ્યું કે નેપોલિયને ફ્રાન્સની સીમા ઓળંગી છે અને બ્રસેલ્સથી દશજ માઇલને છેટે છે. વેલિંગ્ટન તો ફીકોજ પડી ગયો. એ અંગ્રેજ ઉમરાવ એવો તો સફાળો ઉઠીને ઉભો થઇ ગયો કે તેના ખોળામાં છોકરૂં ઉંઘી ગયું હતું તે પણ ભૂલી ગયો અને તે બાળક જોરથી ભોંયપર અફળાયું. વેલિંગ્ટન અને બીજા લશ્કરી અમલદારો એકદમ ત્યાંથી ચાલ્યા ગયા. તેની પ્રચંડ કાર્યકારિણી શક્તિ પૂરેપૂરા પ્રભાવમાં ભભૂકી નીકળી. રણતુરી વાગી, પડઘમો ગડગડી, સિપાઇઓ હારબંધ ભેગા થઇ ગયા, અને પાયદળ, સ્વાર, તોપખાનું તથા દારૂગોળાનાં ગાડાં વરસાદની હેલીમાં ઘોર અંધારી રાતે ધમધોકાર કરતાં ચાલતાં થઇ ગયાં.

રાત્રી અંધારી હતી; વરસાદનું તોફાન ચાલુ હતું. ત્રણ દિવસ થયાં લાગટ હેલી ચાલુ રહેવાથી રસ્તા પાણી અને કાદવથી ભરાઇ ગયા હતા. બ્રસેલ્સથી કવાટર્બ્રાસ પંદર માઇલને છેટે હતું. એ જગ્યાની અગત્ય જેટલી નેપોલિયનને હતી તેટલીજ વેલિંગ્ટનને પણ હતી. આખરે તેણે તે સ્થળ તરફ સૈન્યનો પ્રવાહ વહેવડાવી મૂક્યો. સવારમાં જાગીને નેએ જોયું તો કવાટર્બ્રાસની આસપાસ અંગ્રેજોની તોપોનો સમૂહ ગોઠવાઇ ચૂક્યો હતો. આ દૃશ્યથી તેના ભયનો પાર રહ્યો નહિ. દુશ્મનોએ રાતોરાત પોતાની જગ્યા એટલી મજબૂત કરી લીધી હતી કે સખતમાં સખત હુમલો કરીને પણ એ જગ્યા લેવાય કે નહિ એ શક પડતી વાત હતી.

એટલામાં તો શહેનશાહનો બીજો પેગામ આવ્યો કે કવાટર્બ્રાસ આગળ વેલિંગ્ટનને અટકાવવા પૂરતાં માણસો મૂકીને બાકીનું સૈન્ય લઇને ચાલ્યો આવ. હવે તો માર્શલ ને રડવા જેવો થઇ ગયો. શહેનશાહે કહાવ્યું હતું કે **“ ફ્રાન્સનું પ્રારબ્ધ હવે તારાજ હાથમાં છે. ”**

માર્શલ નેએ જો ઉપલી કમનસીબ ભૂલ ન કરી હોત તો બ્લૂચરના સૈન્યનો

તેજ દહાડે ભૂકો નીકળી જાત. બીજે દહાડે નેપોલિયન પોતાનું બધું સૈન્ય લઇ વેલિંગ્ટનની ખબર લેત અને પરિણામ શું આવત તે સહજ કળી શકાય એમ છે. શત્રુસૈન્યને એક બે સખત ફટકા પડત એટલે જર્મન અને બેલ્જીયમનાં સૈન્ય તેના તરફ ફરી જાત અને આખા જગતનો ઇતિહાસક્રમ બદલાઇ જાત. આમ કેટલીકવાર દેખીતા નજીવા બનાવ ઉપરજ માણસજાતનાં પ્રારબ્ધ અવલંબતાં હોય છે.

નેથી બ્લૂચરને ઘેરવા ન અવાયું અને તેનો આખો દિવસ કવાટર્બ્રાસ ઉપર નિષ્ફળ હુમલા કરવામાં ગયો. વેલિંગ્ટનને પણ તેની ભયભરેલી સ્થિતિની ખબર હોવાથી તેણે ત્યાં લસ્કરનો જમાવ કરવાનું ચાલુ રાખ્યું. દરેક કલાકે અંગ્રેજોનું બળ વધ્યાજ કરતું હતું. પોતે કરેલી ગફલતને માટે નેનો જીવ બળીને ખાખ થઇ જતો હતો. તેણે પોતાના એક સરદારને કહ્યું, "આ તોપોના ગોળા મારા શરીરના ચૂરેચૂરા કરી નાખે તો કેવું સારૂં ?" કેલરમેનને કહ્યું, "એકવાર પ્રયત્ન કરી જુઓ. હું તમને મદદ કરીશ પણ એકવાર અંગ્રેજ સૈન્યપર ધસારો કરી તેનો બ્યૂહ ભેદી નાખો. આપણો દેશ આપણી પાસે આટલી સેવા માગી રહ્યો છે."

કેલરમેને અંગ્રેજ સેના ઉપર દારુણ ધસારો કર્યો પણ તેના સૈન્ય ઉપર ગોળા, ગોળીઓ, બોંબગોળાનો વરસાદ વરસી રહ્યો. ઘોડા અને સ્વાર રુધિરપ્લાવિત મેદાનમાં રગદોળાઇ ગયા અને કેલરમેનના સૈનિકો અંગ્રેજોના અસ્ત્રના મારથી છિન્ન ભિન્ન થઇને પાછા હટયા.

અજાયબ જેવા પ્રતિકૂળ પ્રારબ્ધના યોગને લીધે નેપોલિયને ઘણાજ વિચારપૂર્વક રચેલી આ યોજના આ પ્રમાણે ધૂળ મળી ગઇ. બાર્મોંએ દગો કર્યો ન હોત તો બ્લૂચર બચત નહિ. નેએ કવાટર્બ્રાસ કબજે કર્યું નહિ અને કબજે કર્યું છે એવી શહેનશાહને ખોટી ખબર આપી તેથી તેના હાથમાં આવેલી પૂરેપૂરી જીત નકામી થઇ ગઈ. આટલું છતાં પણ આ મહાપુરુષે પોતાના પ્રારબ્ધને દોષ ન દીધો; બડબડાટનો એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. નેની દાનત સાફ હતી એમ તે જાણતો હતો. તેથી તેને ઉલટો દિલાસાનો સંદેશો મોકલ્યો અને બદલાયલા સંજોગો પ્રમાણે હવે જે કાંઇ કરી શકાય તે કરવાને તેણે પોતાનું સઘળું બળ એકત્ર કર્યું.

પાછી રાત પડી અને વરસાદનું તોફાન તો જેવું ને તેવુંજ રહ્યું. તે ૧૬ મી જૂનની રાત્રિ હતી. ફ્રેન્ચ સિપાઇઓ થાકેલા, ભૂખ્યા, પલળી ગએલા, ઘવાયલા, મરતા—બધા અંગ્રેજ સેનાની સામે કાદવમાં સૂતા. લિગની આગળ નેપોલિયન જીત્યો હતો. કવાટર્બ્રાસ આગળ નેનું પાણી અંગ્રેજ સેનાએ ઉતાર્યું હતું. બ્લૂચર રાતોરાત પાછો હઠીને વાવરે આગળ સહિસલામત જઇ પહોંચ્યો હતો. વેલિંગ્ટનને આ હિલચાલની ખબર હોવાથી તે પાછો હઠીને વૉટર્લુ આગળ થોભ્યો અને બ્લૂચરની રાહ જોતો ઉભો. નેપોલિયને ત્રીશ હજાર સિપાઇઓ આપીને બ્લૂચરની પૂંઠે પડી

તેને કાયર કરવા અને તેને વેલિંગ્ટનની મદદે આવતો અટકાવવા માર્શલ ગ્રાઉચીને મોકલ્યો.

૧૭ મી જૂનની સવાર પડી. હજી વરસાદ અને પવનનું તોફાન જેવાં ને તેવાંજ હતાં. ગ્રાઉચીના સૈનિકો છેલ્લા ચાર દિવસ થયાં માણસ જાતથી નહિ ખમી શકાય એટલો શ્રમ ઉઠાવીને લોથપોથ થઈ ગયા હતા. તેથી તેઓ ત્વરાથી નાસતા પ્રશિયનોને પકડી ન શકયા. નેપોલિયન કવાટર્બ્રાસ જઇ તેને મળ્યો અને એકંદરે સીત્તેર હજાર સિપાઇઓ લઇને વેલિંગ્ટનની પૂઠે પડયો.

વેલિંગ્ટન બ્રસેલ્સથી નવ માઇલ દૂર આવેલા વૉટર્લુના વિશાળ મેદાનમાં થોભ્યો હતો. અહિં તેણે કાળજીપૂર્વક જમીન પસંદ કરી આગળથી સૈન્ય ગોઠવી મૂકયું અને બ્લૂચરને સંદેશો કહેવડાવ્યો કે મારી મદદે જેમ બને તેમ જલ્દી આવો. બેઉનાં સૈન્ય ભેગાં થાય તો દોઢ લાખ સિપાઇઓ થઈ જાય અને તે વડે તેઓ ફ્રેન્ચોના સીત્તેર હજાર કરતાં સંખ્યામાં બમણા થઇ શકે.

સાંજ પડતાં એજ પ્રાણઘાતક મેદાનમાં નેપોલિયનનું સૈન્ય કાદવ ખૂંદતું આવી પહોંચ્યું. ઘણી ટુકડીઓ છેક મોડી રાતે આવી શકવાથી વરસાદ અને અંધકારને લીધે તેમને ગોઠવતાં નેપોલિયનને ઘણીજ મુસ્કેલી પડી. તેણે શત્રુસૈન્યનાં તાપણાં ઉપરથી જોઇ લીધું કે તેઓ મજબૂત વ્યૂહમાં ગોઠવાઇ ગયા છે અને લડાઇમાં ઉતરવા તૈયાર થઇને બેઠા છે તેથી તે પગે ચાલીને અંધારે અંધારે આખું મેદાન તપાસી વળ્યો અને જેમ જેમ ટુકડીઓ આવતી ગઇ તેમ તેમ સૌને ગોઠવતો ગયો. માર્શલ ગ્રાઉચીને તેણે પેગામ મોકલ્યો કે પ્રશિયનોની ખૂબ પૂંઠ પકડજે અને મારી સાથે સામેલ થઈ જવાય એવી જગ્યાએ ઉભો રહેજે. છેલ્લા અઢાર કલાક થયાં તે ઉંઘ, આરામ અને ખોરાક લઇ શકયો ન હતો. તેનાં વસ્ત્ર વરસાદથી પલળી ગયાં હતાં અને કાદવથી ખરડાઈ ગયાં હતાં. થાક અને શરદીની તેને પરવા ન હતી. શરદીથી ધ્રૂજતા સિપાઇઓની તાપણી પાસે પળવાર ઉભા રહી હુંફ લેવા જેટલી તેને ફુરસદ ન હતી. આખી રાત ધોધમાર વરસાદ વરસ્યોજ ગયો અને નેપોલિયને આવતી કાલના યુદ્ધની ગોઠવણ કરવા આખી રાત જાગીને ખડે પગે કામ કર્યું.

વેલિંગ્ટનના બોતેરથી નેવું હજાર સૈનિકો દોઢ માઇલ લાંબી સાધારણ ઉંચાઇની ટેકરીની ધારપર ગોઠવાયા હતા. તેની પાછળ જ્યાં જમીન નીચી હતી ત્યાં ગાઢ જંગલ હતું. તેના વડે ટેકરી સિવાયનું બાકીનું બધું સૈન્ય ઢંકાઇ શકતું હતું. નેપોલિયને તેના પાંસેઠથી પંચોતેર હજાર સૈનિકો શત્રુની હારની સમાંતરે ગોઠવી દીધા.

વૉટર્લુનું મેદાન આઠ આઠ દિવસની લાગટ હેલી, અસંખ્ય સૈન્યનો પગરવ અને હજારો તોપોનાં ગાડાં ફરવાથી કાદવમય બની ગયું હતું. ઘોડાના પગ ઢીંચણ સુધી ગરકી જતા હતા અને તોપોના પૈડાં તેના ઉપર અત્યંત કાદવ ચોંટી જવાથી

બહુજ મુશીબતે ગબડતાં હતાં. આવા સંજોગોમાં ફ્રેન્ચોને કાદવમાં ચાલીને, શત્રુની તોપ, બંદુકના સીધા મારની સામે થઇને એક પછી એક ટેકરીઓ ઉપરથી શત્રુ સૈન્યને મારી હઠાવવાનું હતું; ત્યારે વેલિંગ્ટનને તો બ્લુચરના આવતાં સુધી બચાવજ કરવાનો હતો.

૧૮ મી જૂનની યાદગાર સવાર પડી, આઠ વાગે વરસાદ થંભ્યો, આકાશ ઉઘડી ગયું અને સૂર્યનો ખુશનુમા પ્રકાશ થોડાજ વખતમાં મનુષ્ય રક્તથી ખરડાઇ જનાર મેદાન ઉપર પથરાવા લાગ્યો. તે દિવસે ખ્રિસ્તીઓનો વિશ્રાન્તિ વાર (રવિવાર) હતો. જાણે ઈશ્વર અને તેના ફિરસ્તાઓ મનુષ્યની મનુષ્યપ્રત્યેની ક્રૂરતાનું ભયંકર દૃશ્ય જોવા ઇચ્છતા હોય તેમ વાદળનો પડદો ચીરાઇ ગયો.

લડાઇની શરૂઆત થવા પહેલાં નેપોલિયને મુખ્ય સરદારોને એકઠા કરી તેમને જે કાંઈ જરૂરી સૂચનાઓ આપવા જેવી હતી તે આપી. તે વખતે તેણે કહ્યું, “ શત્રુસૈન્ય આપણા કરતાં લગભગ સવાયું છે. છતાં આપણે માટે જીતવાનો નેવું ટકા સંભવ છે અને હારવાનો દશ ટકા સંભવ છે. ”

એટલામાં ત્યાં માર્શલ ને આવી પહોંચ્યો. તેણે કહ્યું, “ બરાબર છે; પણ ડ્યૂક ઑફ વેલિંગ્ટન આપ નામદારના હુમલાની વાટ જુએ એવો ભોળો નથી. હું તો એ કહેવા આવ્યો છું કે તેના લશ્કરે કયારનું એ નાસવા માંડયું છે અને પેલી ટેકરી પાછળ આવેલા જંગલમાં તે અદૃશ્ય થતું જાય છે. ”

નેપોલિયને શાંત આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપ્યો, “ તમે જોવામાં ભૂલ કરી છે. તેનાથી હવે નસાય એમ છેજ નહિ. એમ કરવા જતાં તો જરૂર તે માર્યો જાય. તેણે પાસો ફેંકયો છે, અને હવે તે આપણા દાવમાં આવ્યો છે. ”

સાડા દશ વાગતાં જરૂરની હિલચાલો થઇ ગઇ અને બધી ટુકડીઓ પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ ગઈ. આખા મેદાનમાં ગંભીર શાંતિ પથરાઇ હતી. સિપાઇઓ બિન અવાજે પોતાની જગ્યા લેતા હતા. પાછલા ભાગમાં દવાખાનાં ઉભાં થઇ ગયાં હતાં અને દાક્તરો તેમનાં નસ્તર, કરવત તથા પાટા બાંધવાનાં કપડાં તૈયાર રાખી, ખમીસની બાંય ચડાવી તેમનું શોચનીય પણ દયાળુ કામ કરવા સજ્જ થઈને ઉભા હતા. શહેનશાહ ઘોડે બેસી તેના ઉપર પ્રાણ ઓવારનારા સૈનિકોની પલટણો આગળ ફરી આવ્યો. દરેકની આંખ તેના ઉપર ઠરતી હતી અને દરેક અંતઃકરણમાંથી “ ઈશ્વર તેને વિજય આપો ” એવોજ આશીર્વાદ નીકળી જતો હતો. એકસરખી પ્રીતિ, એકજ આશા અને એકજ આત્માથી પ્રેરાયલાં સીત્તેર હજાર મનુષ્યોના મુખમાંથી નીકળતા જયઘોષના પડઘા દીર્ઘકાળસુધી મેદાનમાં ગાજી રહ્યા અને સામે ઉભેલા શત્રુસૈન્યને ભયભીત કરવા લાગ્યા.

અગીઆર વાગ્યે ભયાનક કતલ શરૂ થઇ. માણસનાં જાન, બળ અને હિંમતથી જે

થઇ શકે તે બેઉ પક્ષના સૈનિકોએ કરી બતાવ્યું. "શહેનશાહ ઘણું જીવો" ના જયઘોષ ગજાવી ફ્રેન્ચો વારંવાર અંગ્રેજોની તોપોનાં મોઢાં સુધી ધસી જતા અને તેમાંથી વરસતા અગ્નિવર્ષણથી ક્યાં ના ક્યાંય ઉડી જતા. ત્રણ ચાર કલાક સુધી દારુણ કતલ મચી રહી અને હજારો સ્ત્રીઓના પતિ, હજારો માતાઓના પુત્રો, હજારો બાળકોના પિતા હતા ન હતા થઇ ગયા. ગોળા, ગોળીઓ અને બોંબ-ગોળાની અજસ્ર ધારા વરસી રહી અને સમુદ્રનાં મોજાંની માફક દોડતા સ્વારના પગ તળે પણ પુષ્કળ સિપાઇઓ કચરાઇ ગયા. બેઉ પક્ષનાં મળીને ચાલીશ હજાર મનુષ્યો લોહીલુહાણ થઇ ગયાં.

બપોરના બે ત્રણને સુમારે જ્યારે ઉપર વર્ણવેલી ભયાનક કતલ મચી રહી હતી અને વેલિંગ્ટનનો વ્યૂહ ભેદાવાની તૈયારી થઇ રહી હતી; તેના સૈનિકો હારીને નાસભાગ કરવાની અણી ઉપર હતા અને નેપોલિયનને પોતાની ફતેહની ખાત્રી થઇ ગઇ હતી; તેજ વખતે તેની જમણી બાજુએ ઘણે દૂરથી ત્રીસેક હજાર સિપાઇઓનું ટોળું જંગલમાંથી નીકળીને મેદાન તરફ આવતું તેની ચાલાક આંખે જોઇ લીધું. પ્રથમ તો તેણે આશા રાખી કે એ લશ્કર ગ્રાઉચીનું હશે અને જો તેમ હોય તો ફતેહનો પણ શક ન રહ્યો; પણ બીજીજ પળે જ્યારે તેના સૈન્ય ઉપર તે બાજુએથી ધડાધડ ગોળા આવવા લાગ્યા, ત્યારે ખબર પડી કે પ્રશિયન સેનાનો અગ્રભાગ લઇને બૂલો વેલિંગ્ટનની મદદે આવતો હતો.

આ બનાવથી શત્રુનું બળ અતિશય વધી ગયું. નેપોલિયન પાસે હવે પૂરા સાઠ હજાર સિપાઇ રહ્યા ન હતા અને નવા આવેલા લશ્કર સાથે વેલિંગ્ટન તેમની સામે હવે એક લાખ સિપાઇ ગોઠવી શકે; છતાં પણ તે ગભરાયો નહિ. તેણે શાંત રીતે માર્શલ સૉલ્ટને કહ્યું, "આજે સવારમાં જીતનો સંભવ નેવું ટકા હતો. બુલોના આવવાથી તેમાંથી ત્રીસ ટકા નીકળી જાય છે; તોપણ હજી આપણા લાભમાં સાઠ ટકા છે અને જો ગ્રાઉચી વેળાસર આવી પહોંચે તો આપણી ફતેહ વધારે સંપૂર્ણ થાય; કેમકે વેલિંગ્ટન અને બુલો બેઉનાં સૈન્ય આપણા હાથમાંથી બચવાનાં નથી."

નવાં ચાલ્યાં આવતાં ત્રીશ હજાર માણસોને મારી કહાડવા નેપોલિયનને દશ હજાર સિપાઇઓ મોકલવા પડયા. તેથી વેલિંગ્નના તૂટતા વ્યૂહ ઉપર દબાણ જરા ઓછું કરવું પડયું. પોતાની લડાઇનો હેતુ ન્યાયી છે એ ભાવનાથી ફ્રેન્ચોના હાથમાં એટલું બળ આવ્યું હતું કે તેમણે નવા શત્રુસૈન્યને પાછું જંગલમાં નસાડી મૂકયું. આ બાજુએ નેપોલિયને ઘટાડેલા સૈન્યથી પણ શત્રુ ઉપર સખત ધસારો જારી રાખ્યો. તેની આંખ તો ગ્રાઉચીની ચળકતી ધ્વજા જોવાને આતુરતાથી ક્ષિતિજપરજ ઠરી રહેતી હતી. તે અત્યારે વૉટર્લુથી બહુ દૂર ન હતો. યુદ્ધમાં વારંવાર ફૂટતી તોપોના ધડાકા પણ તેણે સાંભળ્યા હતા. તેના તાબાના સેનાપતિઓએ કહ્યું કે

આપણે ત્યાં જવું જોઇએ; પણ તેણે કહ્યું કે મને શહેનશાહનો હુકમ નથી મળ્યો. તેને તેડી લાવવા નેપોલિયને સવારથીજ કાસદ દોડાવ્યા હતા પણ કાં તો તેઓ દગાબાજ નીવડયા અથવા તો શત્રુના હાથમાં પકડાઇ ગયા. ગ્રાઉચીને શહેનશાહનો પેગામ નજ મળ્યો. અત્યારે તેની ફરજ શી હતી તે તેના સિવાય સૌને સ્પષ્ટ સમજાતું હતું. તેના ઉપર લોકો દેશદ્રોહનો આરોપ મૂકે છે પણ નેપોલિયન તો ઉદારતાથી કહે છે કે તેણે અક્કલ ન વાપરી. એક અનુભવી સરદારે કહ્યું કે "અત્યારે શહેનશાહ અંગ્રેજ સૈન્ય સાથે લડી રહ્યા છે. આવું ભયંકર ગર્જન સામાન્ય ઝપાઝપીનું નજ હોય. માટે ચાલો, આપણે બે કલાકમાં ત્યાં પહોંચી જઇશું;" પણ ગ્રાઉચીની અક્કલ મારી ગઈ હતી. તેની નજર આગળથી બ્લૂચર જતો રહ્યો હતો તોપણ તે ખસ્યોજ નહિ. જો તેણે બીજા સરદારોનું કહ્યું માન્યું હોત તો એક પણ અંગ્રેજ કે પ્રશિયન વૉટર્લુના મેદાનમાંથી જીવતો જાત નહિ, પણ નેપોલિયનના પ્રારબ્ધમાં "વૉટર્લુ" અને "હેલેના" લોહીને અક્ષરે લખાયાં હતાં તે કોણ મિથ્યા કરી શકે?

ફ્રેન્ચ સિપાઇઓએ જોયું કે બુલો આવ્યો કે તરતજ તેને નાસવું પડયું છે અને હવે શહેનશાહ શત્રુ ઉપર છેલ્લો હુમલો કરવા માટે બાદશાહી રક્ષકોની પલટણ જેનો ધસારો કદી પણ નિષ્ફળ ગયો નથી, તેને છોડી મૂકે છે; એટલે તેઓ સમજી ગયા કે ફતેહ થઇ ચૂકી. તોપોની ગર્જનાને પણ ડૂબાડી દે એવા તેમના પ્રચંડ જયઘોષ ગાજી રહ્યા અને તેમના દીર્ઘપ્રતિધ્વનિએ શત્રુસૈન્યનાં ગાત્ર ઢીલાં કરી નાખ્યાં. અંગ્રેજો ભયભીત થયા. તેમની ઘણી પલટણો તો છેક ક્ષીણ થઇ ગઇ હતી અને કેટલીક તો વ્યવસ્થાનો ભંગ કરીને નાસાનાસ કરવા મંડી ગઇ હતી. અંગ્રેજોના લશ્કરના પાછલા ભાગમાં નાસતા સિપાઇઓએ ભયંકર ગોટાળો મચાવી મૂક્યો હતો.

વેલિંગ્ટન એક ટેકરી ઉપર ચડી વારંવાર ઘડીઆળ જોતો અને અતિશય અધીરાઇથી બ્લૂચરના આવવાના માર્ગ તરફ નજર કરતો. પોતાના સૈન્યનો વ્યૂહ છિન્નભિન્ન થઇ જતો જોઇ તીવ્ર માનસિક સંતાપથી ઉત્પન્ન થતો પ્રસ્વેદ લુછતાં તે બોલ્યો, "હવે તો બ્લુચર આવે કે રાત પડે!"

આ અણીના વખતે, જ્યારે નેપોલિયન પોતાના સૈન્યને અંગ્રેજો ઉપર ચારે બાજુએથી એકસામટો ધસારો કરવાની આજ્ઞા આપતો હતો તેવામાં ત્રીશ ત્રીશ હજાર સિપાઇઓની બે લાંબી કાળી હાર દૂરની ટેકરીઓ ઉપરથી ઉતરીને થાકેલા ફ્રેન્ચો ઉપર ધસી આવતી દેખાઈ. નેપોલિયન પાસે લડાઈના આરંભમાં જેટલાં માણસો હતાં તેટલાંજ તાજાં માણસોનું સૈન્ય પ્રચંડ જયનિનાદ કરતું, તોપોના ધડાકા સાથે મેદાનમાં ચાલ્યું આવતું હતું. શૂરામાં શૂરા માણસનાં પણ ગાત્ર ઢીલાં કરી નાખે એવો આ અવસર હતો. જાણે પ્રારબ્ધેજ આકાશમાંથી વજ્રપાત કર્યો હોય એવી આ આફત હતી.

જનરલ જોમિનિ જે મિત્રરાજાઓને મળી ગયો હતો અને આ વખતે અલેક્ઝાંડરનો અંગરક્ષક બન્યો હતો તે કહે છે કે "ફ્રેન્ચ સૈન્યના પાછલા ભાગ તરફ ૬૫૦૦૦ પ્રશિયનો આવી ન પહોંચ્યા હોત તો નેપોલિયન વૉટર્લુની લડાઇ જીત્યો જ હતો."

તેનું સૈન્ય આઠ કલાક સુધી ઇતિહાસમાં ભાગ્યેજ જેનો જોટો હોય એવું અતિ ઘોર યુદ્ધ કરીને થાકી ગયું હતું. તેના વીશ હજાર સિપાઇઓ તો મૃત્યુથી અથવા જખમથી રણભૂમિમાં રોળાઇ ગયા હતા. દોઢ લાખની સામે યુદ્ધ કરવા તેની પાસે હવે પચાસ હજારજ માણસો રહ્યાં હતાં.

ચાલાક ફ્રેન્ચ સૈનિકો તેમની ભયંકર સ્થિતિ તરતજ જાણી ગયા તોપણ લેશમાત્ર પણ ગભરાયા વગર તેમના શહેનશાહની આજ્ઞાની રાહ જોતા દૃઢતાથી ઉભા રહ્યા. અંગ્રેજ અને પ્રશિયન સેનાએ એક દૃષ્ટિપાતથી પોતાનો ચઢતો પાસો જોઈ લીધો અને સૌના મુખમાંથી એકકે વખતે હર્ષનો પોકાર નીકળી ગયો. શહેનશાહ નેપોલિયને આ અણીને વખતે પણ આશ્ચર્યકારક રીતે મનની સ્થિરતા સાચવી રાખી; એકસામટો ધસારો કરવાને આપેલો હુકમ એકદમ પાછો ખેંચી લીધો અને આશ્ચર્યકારક કુશળતા અને ત્વરાથી જાદુઇ ચમત્કારની પેઠે તેણે આખા લશ્કરનું મોં એવું ફેરવી નાખ્યું કે પ્રશિયનો અને અંગ્રેજો બેઉની સામે મોઢે તે ઉભું રહ્યું.

હવે પ્રશિયનો વેલિંગ્ટનના સૈન્ય સાથે જોડાઇ જાય તે પહેલાં બાદશાહી રક્ષકોના તુમુલ ધસારાના પરિણામ ઉપર હારજીતનો આધાર હતો. એ અજય્ય પલટણને મોખરે તે પોતે ઉભો અને આ છેલ્લા હુમલાની સરદારી પોતે લેવાનો હોય તેમ અંગ્રેજ સેના તરફ ધસવા જતો હતો પણ તેના સરદારોએ આજીજી કરી કે ફ્રાન્સની સલામતીનો આધાર આપના ઉપર છે. તેથી તેમના આગ્રહને વશ થઇને તેણે એ કામ નેને સોંપ્યું.

જગતનાં મહાન યુદ્ધોની તવારીખમાં પહેલું સ્થાન લે એવો ખરોખરો ભવ્ય બનાવ હવે બનવા લાગ્યો. એ રક્ષકોની પલટણનો ધસારો કદી ખાલી ગયોજ ન હતો. એ યશસ્વી યોદ્ધાઓ બે વિભાગમાં વહેંચાઈ જઇ શત્રુનાં અગ્નિવર્ષણની સામે પોતાની પહોળી છાતી ધરીને યાહોમ કરીને ધસ્યા ત્યારે યુદ્ધ થંભ્યું અને બેઉ પક્ષનાં સૈન્ય આ મહા પરાક્રમીઓનું પરાક્રમ નિહાળવા ચૂપચાપ ઉભાં રહ્યાં. નેપોલિયન અને ફ્રાન્સનું ભાવિ આ હુમલાના પરિણામ ઉપર અવલંબતું હતું. આખા જગતનું ભવિષ્ય ઝોલે ચડયું હતું. પડધમનાં વાદ્ય થંભ્યાં હતાં અને કોઇના મોંમાંથી એક શબ્દ પણ નીકળતો ન હતો. શાંતિથી, ખરેખરા વીર પુરુષના ડરામણા રૂવાબસહિત, લેશમાત્ર પણ ક્ષોભ પામ્યા વગર તેઓએ ઘોડા દોડાવ્યા અને વેલિંગ્ટને પોતાની બધી બુદ્ધિ વાપરીને ગોઠવેલા, તોપો અને સંગીનોના દુર્ગ જેવા સમૂહ ઉપર ધસ્યા.

એકદમ અત્યંત તેજસ્વી વીજળીના જેવો ચમકાર થયો. સખતમાં સખત મેઘગર્જનાને ભૂલાવે એવા વજ્રનિનાદથી મેદાન ધણધણી રહ્યું. વિવિધ પ્રકારનાં અગ્ન્યાસ્ત્ર આ વીર પુરુષોના અંગ ઉપર વરસી રહ્યાં, અને તેમના મારથી વીધાઇ આખી હારની હારો કાં તો અદૃશ્ય થઇ જતી અથવા ધૂળમાં રગદોળાઈ જતી. મૃત્યુ ને તુચ્છકારતા તેઓ બ્રિટિશ વ્યૂહને ભેદતા, વિખેરતા, હણાયલા યોદ્ધાઓની જગ્યા પૂરી દઇને પોતાની હારની સુદૃઢતા જાળવી રાખતા આગળને આગળજ વધતા ગયા. થોડીવારમાં માર્શલ નેના પાંચ ઘોડા હણાયા, ત્યારે હાથમાં નાગી તલવાર લઈને તે વીર શિરોમણિ પોતાના સ્વારોની આગળ આગળ પગપાળો દોડવા લાગ્યો. આખી પલટણ ધૂમાડાથી ઢંકાઇ ગઇ ત્યાંસુધી તેમની પ્રગતિને નેપોલિયન અતિશય અધીરાઇથી નિહાળતો ઉભો રહ્યો.

તેજ પળે થાકીને નિર્બળ થએલા ફ્રેન્ચોને હડસેલતા, છિન્નભિન્ન કરી નાખતા પ્રશિયનોનું આખું સૈન્ય-પાયદળ, સ્વાર, તોપખાનું બધું ધસારાબંધ દોડી આવ્યું. પવનના ઝપાટાએ ધૂમાડાનું વાદળું વીખેરી નાખ્યું અને લડાઇની ધમ્માચકડીમાં નેપોલિયને પોતાના રક્ષકોની પલટણને શોધી કહાડવા નજર માંડી; પણ તેઓ રણક્ષેત્રમાં શોધ્યા જડયાજ નહિ. લગભગ એકેએક વીર મૃત્યુના મુખમાં હોમાઇ ગયો. નેપોલિયનનો ચહેરો આ જોતાંજ ધોળો પૂણી જેવો થઇ ગયો. રક્ષકોની આખી પલટણની પલટણ હોમાઇ ગઇ એ ફ્રેન્ચ સૈનિકો પણ જાણી ગયા. તેમના હાંજા ગગડી ગયા. હર્ષનાદ કરતા અંગ્રેજો અને પ્રશિયનો હવે બચાવ કરવો રહેવા દઇ મેદાનમાં દોડી આવ્યા અને પછી શું થયું તેનો ખ્યાલ કરતાં માનવહૃદય કંપી ઉઠે છે. આપખુદ પ્રશિયા અને સ્વતંત્રતાના ઉપાસક ઈંગ્લંડની ધ્વજાઓ એક થઇ ગઈ અને યૂરોપની જનતાની સ્વતંત્રતા લોહીથી ખરડાએલા રણક્ષેત્રમાં દફનાઇ ગઇ. બ્લૂચર અને વેલિંગટને હસ્તમિલનથી એક બીજાને મુબારકબાદી આપી. બેઉએ મળીને મેળવેલી જીતના માન ઉપર પોતાનો એકલાનોજ હક્ક હોય એવો બેઉએ દાવો કર્યો હતો. વેલિંગટનનું સૈન્ય તો એવું થાકીને લોથ થઇ ગયું હતું કે તેનાથી નાસતા ફ્રેન્ચ લશ્કરની પૂંઠ લેવાય એમ હતુંજ નહિ. બ્લુચર કહે, "એ કામ મારૂં છે. હું તેમની પાછળ દરેકે દરેક સિપાઇને તેમજ સ્વારને દોડવું છું." આ વચન તેણે પોતાના મૂળ સ્વભાવને શોભા આપે એવી ક્રૂરતાસહિત પાળ્યું. દયા તો તેણે બતાવીજ નહિ, પરંતુ નિઃશસ્ત્ર સૈનિકોને અને કેદીઓને પણ કાપી નંખાવ્યા.

અંગ્રેજ સિપાઇઓ, તેમના રિવાજ મુજબ, આ વખતે પણ લડાઇમાં જીત્યા પછી શત્રુઓ સાથે દયા અને ઉદારતાથી વર્ત્યા. તેઓમાંના ઘણા રણક્ષેત્રમાં ફરી વળ્યા અને એકલા જાતભાઇઓનેજ નહિ પણ ઘવાયલા અને મરતા દુશ્મનોને પણ તેઓ ખોરાક અને મદદ આપવા લાગ્યા.

નેપોલિયને થોડુંક લશ્કર અનામત રાખ્યું હતું. તેને ચોરસાકૃતિમાં ગોઠવી તેની સરદારી પોતે લઇ શત્રુસૈન્યના ઘીચોઘીચ સમૂહમાં ઘૂસવા માંડ્યું. પોતાના રક્ષકોની પલટણની માફકજ તેણે પણ મૃત્યુના મુખમાં હોમાવાનો નિશ્ચય કર્યો હતો; પણ એ ટુકડીના શૂરા સરદાર જનરલ કેમ્બ્રોને તેના ઘોડાની લગામ પકડી અને દયામણા અવાજે કહ્યું, "બાપુ! મૃત્યુ તો આપનાથી દૂરજ નાસે છે; અને તેથી જશો તો ઉલટા કેદી બનશો." નેપોલિયને ડોકું હલાવ્યું અને જરા અચકાયો. વધારે વિચાર કરતાં તેને સમજાયું કે આ પ્રમાણે જિંદગી ફેંકી દેવી એ એક પ્રકારની આત્મહત્યા કર્યા બરાબર છે. સ્વદેશસેવાની છેલ્લી આહુતિમાં પોતાના પ્રાણ હોમનાર બહાદૂર વીર નરોને નેપોલિયને આંસુથી છલકાતી આંખે અને શોકાચ્છન્ન વદને પ્રણામ કર્યા. છેવટની પળ સુધી તેની સેવામાં નિશ્ચળ ભક્તિથી ટકી રહેનાર યોદ્ધાઓએ કરુણ અવાજે "શહેનશાહ ઘણું જીવો" એવો નરમ ઉદ્ગાર કહાડયો. આ તેમના છેલ્લા શબ્દો હતા અને તેમની છેલ્લી વિદાય હતી. હતાશ થઇને નેપોલિયને ઘોડાને એડ મારી અને આ હત્યારૂં રણક્ષેત્ર છોડ્યું. તેજ ઘડીથી તેની સેન્ટ હેલેનાની મુસાફરી શરૂ થઇ.

પછી તે મુઠ્ઠીભર સૈનિકો વજ્રની દિવાલ માફક પોતાના નાસતા સોબતીઓનું રક્ષણ કરવા ઉભા રહ્યા. અંગ્રેજો અને પ્રશિયનોએ તેમને ત્રણે બાજુએથી ઘેરી લીધા. તેમનાં શરીર ઉપર અત્યંત નાશકારક અસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. તેમના ઉપર ઘોડેસ્વારની ટુકડીઓ દોડાવી. આટલું થયું છતાં પણ તેઓ જેવા ને તેવા ઉભા તે ઉભાજ. તેમની સામે તોપો ગોઠવી અને છેક નિર્દયપણે તેમના ઉપર ગોળાની ઝડી વરસાવી. તે છતાં આ અજય્ય વીર પુરુષો, બાદશાહી રક્ષકોના છેલ્લા અવશેષ, તેમના મહાનુભાવ ઉત્પાદકના પ્રાણથી પ્રાણવંત બનેલા યોદ્ધાઓ, જેમ જેમ પોતાના સાથીઓ પડતા ગયા તેમ તેમ તેમની જગ્યા પૂરતા ગયા, પોતાની હાર સંકડાવતા ગયા, અને વ્યવસ્થિતપણે સિંહની માફક પાછા હઠતા ચાલી લડતા ગયા. જનરલ કેમ્બ્રોન પોતે છ જગ્યાએ જખમી થયો હતો. તેની પાસે હવે માત્ર સો દોઢસો લોહીલુહાણ થએલા વીરો રહ્યા હતા. અંગ્રેજો અને પ્રશિયનો તેમના શૌર્યની મનમાં સ્તુતિ કરવા લાગ્યા અને તેમની નાહક કતલ કરવા રાજી નહિ હતા તેથી ગોળીવર્ષણ તેમણે થંભાવ્યું અને તેમને તાબે થવા સમજાવ્યા. જનરલ કેમ્બ્રોને અમર શબ્દોમાં ઉત્તર આપ્યો કે **"અમને મરતાં આવડે છે; તાબે થતાં નથી આવડતું."** થોડીક બંદુકોની ગોળીઓ, થોડાક તોપના ગોળા પડયા અને તે યોદ્ધાઓ અમરત્વ પામ્યા! આ રીતે નેપોલિલિયનની દિગન્ત વિજયી રક્ષકોની પલ્લટણ વૉટર્લુની હત્યારી ભૂમિ ઉપર નાશ પામી. તેની અદ્ભુત બુદ્ધિવડેજ એ અજીત સૈન્ય અસ્તિત્વમાં આવ્યું હતું; તેના પ્રાણવડે પ્રાણવાન થયું હતું અને તેની પડતી પછી હયાત રહેવાને પણ તે રાજી ન હતું.

ફ્રેન્ચ સૈન્ય હવે ચારે બાજુએ વેરણખેરણ થઇ ગયું હતું એટલે હવે તો પારિસ

જવું અને શત્રુને ખાળવા બીજું સૈન્ય ઉભું કરવાની પેરવી કરવા સિવાય નેપોલિયનથી બીજું કાંઇ થઇ શકે એમ ન હતું. આ રીતે મિત્રરાજાઓએ જનતાની સ્વતંત્રતાની જવાળાને મનુષ્યરક્તના પ્રવાહમાં હોલવી નાખી. રશિયા, આસ્ટ્રિયા અને પ્રશિયાની આપખુદ રાજસત્તાને દઢ બનાવી. ઈંગ્લંડ આ કાળા કૃત્યમાં સામેલ થયું તેથી તેની કીર્તિ કલંકિત થઇ છે.

રાત્રે એક વાગે નેપોલિયન કવાટર્બ્રાસ પહોંચ્યો. નાસતા ફ્રેન્ચ સૈન્યમાં ઘણી ખુવારી ન થાય અને તેઓ ફરીથી એક જગ્યાએ એકઠા થઇ શકે તેને લગતી સૂચનાઓ આપવા તે ત્યાં એક કલાક થંભ્યો. ત્યાંથી થોડાં માણસો સાથે રાખીને તે પાછો શાર્લેરૉય જવા નીકળ્યો. આખી રાત થાકેલા, ભૂખ્યા નેપોલિયને ભારે સંતાપ અને ખેદ સાથે દોડયાજ કર્યું.

શાર્લેરૉય પહોંચ્યો તે વખતે સવાર થવા આવી હતી. ભૂખ અને થાકથી અશક્ત થએલો હોવાથી તે થોડીવાર આરામ લેવા સૂતો; પણ તેના માથા ઉપરના આફત એવી ભારે હતી કે આરામ કે નિદ્રાનો સંભવજ ન હતો. તેના કેટલાક અમલદારો પણ ત્યાં આવી પહોંચ્યા. તેમની આંખો સુજી ગઈ હતી, મુખ કરમાઇ ગયાં હતા અને વસ્ત્ર રુધિર તથા કાદવથી ખરડાએલાં હતાં. આ શોકજનક દેખાવ જોઇને અને ફ્રાન્સ ઉપર આવી પડેલી ભારેમાં ભારે વિપત્તિનો ચિતાર તેની નજર આગળ ખડો થતાં તેની હિંમત તદ્દન છૂટી ગઇ. એક મિત્રનો હાથ પકડી તે ચોધાર આંસુએ રડી પડયો.

ત્યાંથી વળી પાછો ઘોડે બેસીને તે લીઓં તરફ જવા નીકળ્યો જ્યાં તે સાંજના ચાર વાગે પહોંચ્યો. ત્યાં બેસીને તેણે વૉટર્લુના યુદ્ધનો સરળ તેમજ પ્રામાણિક હેવાલ લખી કહાડયો. પ્રજા ઉપર આવી પડેલી અમાપ આફતનો આંક કહાડતાં તેણે લેશમાત્ર પણ હકીકત છુપાવી નહિ. તેણે એક સરદારને કહ્યું, “ સાંભળો, હું વૉટર્લુનો હેવાલ વાંચું છું. જરૂરની હકીકત રહી જતી હોય તો મને સંભારી આપજો. મારે કશું છુપાવવું નથી. જેમ મૉસ્કોવાળો હેવાલ તેના ખરા સ્વરૂપમાં પ્રજા આગળ મૂકયો હતો તેમ આ પણ મૂકવાનો છે. હું નેના માથા ઉપર આ આફતની કેટલીક જવાબદારી મૂકી શકત પણ તેની ભૂલ થઇ તે થઇજ ગઇ. તે વિષે ચૂંથણાં કરવાં એ ઠીક નહિ. ”

થોડા કલાક જેવો તેવો આરામ લઈ તે પારિસ જવા નીકળ્યો અને ૨૧ મી તારીખે એક વાગ્યાને સુમારે ત્યાં આવી પહોંચ્યો. હવે ટ્રૂઇલેરીસમાં મુકામ કરવાનું તેને અયોગ્યજ લાગ્યું તેથી તે બીજા સામાન્ય મહેલમાં જઇ રહ્યો. શ્રમ અને સંતાપથી તે છેકજ અશક્ત થઇ ગયો હતો. ચાલતી વખતે પગ લથડીઆં ખાતા હતા અને ડોકું ખભા ઉપર ઢળી પડયું હતું. કૉલેનકૉર્ટ, તેનો સદાનો વફાદાર મિત્ર,

તેનું સ્વાગત કરવા હાજર હતો. જતાં વારતેજ નેપોલિયન એક કૉચ ઉપર પડયો અને હાથવડે છાતી દબાવતાં બોલ્યો:—

“મને અહિં ઘણું દરદ થાય છે. લશ્કરે તો શૌર્યની કમાલ કરી બતાવી છે. આટલાં આટલાં પરાક્રમો કર્યા પછી આપણે હાર્યા એ વિચારજ દુઃખદાયક છે. ફ્રાન્સના લશ્કરની કારકીર્દી વૉટર્લુના પરાજયથી જેટલી ઉજ્જવળ થઇ છે તેટલી તો મારી મોટામાં મોટી ફતેહથી પણ નથી થઇ. આપણું સૈન્ય હાર્યુંજ નથી. શત્રુની સંખ્યા બેહદ વધી જવાથી તેઓ હોમાઇ ગયા, ખુવાર થઇ ગયા. રક્ષકોની પલટણના તો ટુકડા ટુકડા થઇ ગયા પણ તે તાબે નજ થયા. મને કહેતા કે “તમે આઘા જાઓ; મૃત્યુ તો તમારાથી આઘું ને આઘુંજ છે” એમ કહેતા જાય અને મારી આસપાસ તેમનાં શરીરની દિવાલ ઉભી કરતા જાય. મારા બહાદૂર, અતિપ્રશંસનીય રક્ષકો કપાઇ મુઆ અને હું અભાગીઓ તેમની સાથે ન મુઓ!”

આટલું બોલતાં તે શોકવિહ્વલ થઇ ગયો અને એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી બોલ્યો, “મારે હમણાં એકલાજ બેસવું છે.” એમ કહી તે પોતાના શાંત, નિર્જન મંત્રણામંદિરમા ભરાઇ બેઠો.

प्रकरण ६७ मुं-बीजी वारनो राज्यत्याग

પારિસની પ્રજા હવે ખરેખરી ઉશ્કેરાઈ ગઈ હતી. દશ લાખ સૈનિકો ફ્રાન્સની ભૂમિ છુંદતા રાજધાની તરફ ચાલ્યા આવતા હતા. આઠજ દિવસમાં બ્લૂચર અને વેલિંગ્ટન પારિસમાં દાખલ થઈ જવાના એ નક્કીજ હતું. નેપોલિયનના રાજકીય પ્રતિસ્પર્ધીઓએ આ ભયનો પૂરેપૂરો લાભ લેવાનો નિશ્ચય કર્યો. "મિત્રરાજાઓ એકલા નેપોલિયન સાથે લડે છે. ફ્રાન્સને આવા બળવાન શત્રુને મારી કહાડવો હોય તો તેને લોહીના સમુદ્ર ઓળંગવા પડે, પણ એમ કરવુંજ શામાટે જોઈએ? આપણે નેપોલિયનને તજી દઈએ એટલે દુશ્મનો રાજી રાજી થઈ જશે, અને પછી આપણી મરજી પ્રમાણે કાં તો પ્રજાસત્તાક રાજ્ય સ્થાપીશું અથવા એકાદ રાજા પસંદ કરી લઈશું." નેપોલિયનના પ્રતિસ્પર્ધીઓ આવા વિચાર લોકોમાં ફેલાવવા લાગ્યા હતા.

વળી આ ગરબડમાં ફ્રાન્સની દરેક રાજકીય ટોળી પોતાની મનકામના સફળ કરવાની આશા રાખતી હતી. બુર્બોન પક્ષવાળા લૂઈને ગાદીએ બેસાડવાની, લા ફાયેટ જેવા ઠરેલ અને પ્રમાણિક માણસો પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાની અને જેકોબિન પક્ષવાળાઓ છેક નીચલા વર્ગના લોકોને રાજકીય સત્તા અંપાવવાની આશા રાખી બેઠા હતા. ધારાસભાઓમાં આ ત્રણે ટોળીઓ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં નેપોલિયનને ઉથલાવી નાખવાની બાબતમાં એક થઈ ગઈ. ફ્રાન્સને માટે આ ભયાનક અવસર હતો. કોઈની બુદ્ધિ સ્થિર ન હતી. દેશદ્રોહી ફોશ, લૂઈને ફરીથી રાજ્યાસન અપાવવાની પેરવી કરી રહ્યો હતો અને પુષ્કળ લાંચ રૂશવત આપીને પ્રતિનિધિઓની સભામાં તેણે પોતાની વગ વધારી મૂકી હતી. ફ્રાન્સના પ્રતિનિધિઓની સભા અને ઉમરાવોની સભા એ બંને ઈંગ્લંડની આમની અને ઉમરાવોની સભાના જેવી સંસ્થાઓ હતી. પ્રતિનિધિઓની સભામાં પાંચસો સભાસદો હતા. તેઓમાંના ઘણા ખરા કાચા, ઉત્સાહી, હદપારના પ્રજાસત્તાક રાજ્યના વિચારવાળા અને નવાસવાજ ચૂંટાયલા હતા. તેથી કરીને થોડાક લુચ્ચા અને અનુભવી

આગેવાનો કાયદાકાનુનની તથા બંધારણની અનેક બારીકીઓ કહાડીને તેમને આંજી દેતા હતા. અત્યારની ગડબડ અને ઉથલપાથલમાં ઉમરાવોની સભાને તો કોઈ પૂછતુંજ ન હતું. બધી સત્તા પ્રતિનિધિઓ પોતાની કરી બેઠા હતા.

નેપોલિયને પોતાની વડી ધારાસભા બોલાવી. તેને તો ખાત્રી હતી કે આવી ભયંકર સ્થિતિમાં ચર્ચાઓમાં વખત કહાડવાથી સર્વસ્વનો નાશ થવાનો છે. તેના પોતાના હાથમાં કુલ અને બિનજવાબદાર સત્તા આપવામાં આવે તોજ દેશનો બચાવ થઇ શકે એમ તે સારી પેઠે સમજતો હતો; પણ બેઉ સભાના સભાસદો એ સત્તા આપે તોજ તે લેવા ચાહતો હતો. તેણે વૉટર્લુનો હેવાલ રજૂ કરતાં કહ્યું, “ કાંઇક અંશે દગો, કાંઇક અંશે ભૂલચૂક અને કિસ્મતના વિપરીત સંજોગોને લીધે લશ્કરે શૌર્યની કમાલ કરી તોપણ તેનું કશું ફળ નથી મળ્યું; પરંતુ જો મારા પ્રયત્નને દેશનો ટેકો મળે તો હજીએ બગડેલી બાજી સુધરે એમ છે. હું તમારી ઉદાર વૃત્તિઓને જગાડવાને પારિસ આવ્યો છું. નાહકની ચર્ચા અને વિચારમાં વખત બરબાદ ન કરો. દુશ્મનો આપણા દેશમાં ઘૂસ્યા છે. આઠજ દિવસમાં તે રાજધાનીના દરવાજા આગળ આવીને ઉભા રહેશે. દેશને ઉગારવો હોય તો મને કુલ સત્તા—અલબત્ત થોડા વખતનેજ માટે બનજવાબદાર કુલ સત્તા આપો. ”

ઉદાર કાર્નો બોલી ઉઠયો, “ હું જણાવું છું કે આ વખતે શહેનશાહના હાથમાં કુલ સત્તા આપવાની અનિવાર્ય અગત્ય છે, માટે તે મળવી જોઇએ. ”

ઘણાએ આ દરખાસ્ત ઉત્સાહભેર વધાવી લીધી, તેથી ફૉશ અને તેની ટોળીથી ઉઘાડો વિરોધ ન બતાવાયો પણ એક જણે બીતાં બીતાં કહ્યું કે “ મને માનવાનું કારણ છે કે જો આપ નામદાર સ્વેચ્છાથી રાજ્યાસનનો ત્યાગ નહિ કરો તો પ્રતિનિધિઓની સભા આપને તેમ કરવાની ફરજ પાડશે. ”

આનો રદીઓ તરતજ મળી ગયો કે “ ફ્રાન્સને બચાવવા માટે પ્રતિનિધિઓ શહેનશાહ સાથે એકમત નહિ થાય તો તે એકલા દેશનો બચાવ કરી લેશે. તે પોતાને હાથે બધી સત્તા લઇ લેશે. આખા ફ્રાન્સને દુશ્મનોથી ઘેરાયલો જાહેર કરીને દરેક ફ્રાન્સવાસીઓને શસ્ત્ર ધારણ કરવાનો હુકમ કરશે. ”

નેપોલિયને કહ્યું, “ પ્રજાએ તેમને ચુંટયા છે તે મને મદદ કરવા ચુંટયા છે, નહિ કે મને પદભ્રષ્ટ કરવા. દુશ્મનો દેશમાં છે તોપણ હજી તેમની દેશભક્તિ જાગતી નથી ? હું જરા ઇસારત કરૂં તો એ સભા અને સભાસદો પ્રજાના કોપાગ્નિમાં ભસ્મ થઇ જાય, પણ મારે તેમ કરવું નથી. ” પછી તેણે વૉટર્લુની વિપત્તિને ધોઈ નાખવા પોતે ઘડેલી યોજના ઘણીજ સુંદર દલીલથી સમજાવી. આખી યોજના તેના મનમાં એવી રમી રહી હતી કે ઝીણી ઝીણી બાબતો પણ રહી ન ગઇ. ઉત્સાહથી તેની કાંતિ ઝળકી ઉઠી હતી. નવીન પ્રકટેલી આશાથી તેનો અવાજ બળવાન

બન્યો હતો. આફત અને પરાજયના ભયંકર વાવાઝોડાના આઘાતથી શિથિલ થએલી તેની મહાબળવાન મગજશક્તિ જે પાછી સતેજ થઇ હતી તેની અદ્‌ભુતતાના વિચારમાં સૌ તલ્લીન બની ગયા, અને તેની યોજનાને સંપૂર્ણ ટેકો આપવાનો ઠરાવ પણ થઇ ગયો.

એજ વખતે પ્રતિનિધિઓની સભામાં લા ફાયેટે નેપોલિયનની વિરુદ્ધ કેટલાક ઠરાવ પસાર કરાવ્યા હતા. તેની દાનત સાફ હતી; તેના હેતુ ઉદાર હતા. મિત્રરાજાઓ ફ્રાન્સને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા દેશે એવી ખોટી આશાથી તે ઠગાતો હતો. પોતાની ધારણા કેવી ખોટી હતી તે જોવા અને સૌને જાહેર કરવા જેટલું તે જીવ્યો હતો. નેપોલિયને તરતજ પ્રતિનિધિઓની સભાને કહેવડાવ્યું કે “ હું મારા સેનાપતિઓ સાથે મસલત કરવા આવ્યો છું. મારૂં લશ્કર પાછું એકઠું થઈ ગયું છે, અને જાહેર સલામતીને લગતી જરૂરી વ્યવસ્થા કરવા પૂરતોજ અહિં થોભવાનો છું. ” પણ સભામાં એટલી બધી ગરબડ મચી રહી હતી કે આ સંદેશો કોઇથીજ સંભળાયોજ નહિ અને આખો દિવસ એની એજ ધમ્માચકડીમાં પસાર થઈ ગયો.

નેપોલિયન પાછો આવ્યો છે એ વાત જાણી, પારિસ તથા આસપાસનાં ગામડાંની વસ્તી તેના મહેલની આસપાસના ચોગાનમાં એકઠી થઈ હતી અને “ શહેનશાહ ઘણું જીવો ” ના પોકાર સિવાય કાન પડયું સંભળાતુંજ નહિ. તેનાં દર્શન કરવાને અધીરા થએલા લોકો નજીકનાં ઘરનાં છાપરાં, ઝાડ અને મહેલના આંગણાના કઠેરાપર ચડી ચડીને ડોકીઆં કરતા હતા. સાંજને પહોર નેપોલિયન તેના ભાઇ લુશીયન સાથે બગીચામાં ફરવા નીકળ્યો. એ લુશીયન આકરા પ્રજાસત્તાક વિચારવાળો હતો અને એ વિચારને વળગી રહી કેટલીએ રાજગાદીઓને તેણે લાત મારી હતી. એ લુશીયન તેને સમજાવતો હતો કે પ્રતિનિધિઓની સામે થાઓ અને કુલ સત્તા તમારા હાથમાં લઇ દેશને ઉગારી લો. તેણે કહ્યું, “ આ લોક તરફ નજર કરો. તેઓ નિઃસ્વાર્થ પ્રેમભાવનાથી અહિં દોડયા આવ્યા છે. તેઓ આ વખતે તમારા એકલામાંજ તેમના દેશને અને દેશની સ્વતંત્રતાને જુએ છે. તેમની બૂમો સાંભળો. તેઓ હથીઆર માગી રહ્યા છે. આખા દેશમાં બધે એજ સ્થિતિ છે. શું તમારે ફ્રાન્સને પરદેશીઓની દયાપર તજી દેવું છે ? ”

તોપણ આભ્યંતરિક કલહ નહિ જગાડવાનો તેનો નિશ્ચય નહિજ ડગ્યો. તેને લોભાવનારી લાલચ ઘણી પ્રબળ હતી. તે ધારત તો એક ઇસારતથી બધા દેશદ્રોહીઓનાં માથાં એક પળવારમાં ઉડાવી દેત; પણ તે માનતો હતો કે હું ફ્રેન્ચ પ્રજાનો શહેનશાહ તે વળી એક ટોળીનો નાયક થાઉં ? વળી તેની ભવિષ્યવેધી નજર જોઇ શકતી હતી કે આખા દેશના પરસ્પર સહકારથીજ તે ઉગરી શકે. જ્યાં ચાર ચાર રાજકીય પક્ષ હોય અને શત્રુ પક્ષને લાલચ આપે કે તમે નેપોલિયનને છોડી દો

તો અમે સલાહ કરીએ, ત્યાં પછી જીતવાની આશાજ શી ?

એવામાં એક સભાસદ ખબર લાવ્યો કે પ્રતિનિધિઓ આપનું રાજીનામું માગવાનો ઠરાવ પસાર કરવાની તૈયારીમાં છે. નેપોલિયને નરમાશથી કહ્યું, “ પણ તેમને તેમ કરવાનો હક્કજ શો છે ? તેમને શી સત્તા છે ? ” તેને પ્રતિનિધિઓએ નહિ પણ પ્રજાએ રાજ્યાસને બેસાડયો હતો. પછી જયઘોષની ગર્જનાઓ કરતા લોકોના ટોળા તરફ આંગળી કરી તે બોલ્યો:—

“ આ ગરીબ લોકો આજે મને દિલાસો આપવા આવ્યા છે. મેં તેમને ખિતાબો નથી આપ્યા તેમ ધન પણ નથી આપ્યું. જેવા હતા તેવા ને તેવા તેમને ગરીબીમાં મૂકીને હું જઇશ; પણ તેમનો અવાજ એ પ્રજાનો અવાજ છે. હું હમણાં એક શબ્દ બોલું તો પ્રતિનિધિઓ આ દુનિયાપર જીવતા પણ રહેવા ન પામે; પણ નહિ, મારે માટે કોઇનો પણ જાન નહિ જવા દઉં. હું એલ્બાથી આવ્યો છું તે પારિસમાં લોહી વહેવડાવવા નથી આવ્યો. ”

તેની આ પ્રસંગની ઉદારતાની તો તેના દુશ્મનોને પણ તારીફ કરવી પડે છે. તેના જેટલો અહંભાવત્યાગ, શુદ્ધ નિઃસ્વાર્થતા અને દેશના હિતમાંજ સંપૂર્ણ તન્મયતા બીજે શોધ્યાં જડે એમ નથી.

આ પ્રમાણે ૨૧ મી જૂનનો દિવસ પૂરો થયો. પ્રતિનિધિઓની સભામાં આખી રાત ધમ્માચકડી મચી રહી. જો સભામાં મતભિન્નતા ન હોત, દેશદ્રોહીઓએ તેના માર્ગમાં વિઘ્નો ઉભાં ન કર્યાં હોત અને તેની યોજનાને બહાલી આપી હોત તો તેની મહા બળવાન બુદ્ધિના પ્રભાવથી ગડબડ ગોટાળાની જગ્યાએ વ્યવસ્થા આવી જાત, આખું ફ્રાન્સ સચેત બનીને ખડું થઇ જાત અને કદાચ તે ઉગરી જાત; પણ તેમણે જગતના સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન પુરુષની શક્તિને ઠોકર મારી અને તેની પાસે રાજીનામું લખાવી લેવાનાજ ઠરાવપર તેઓ આવ્યા. બીજે દિવસે તેણે ફરીથી કહેવડાવ્યું કે તમે મારી સાથે એકમત થાઓ તો હજી પણ ફ્રાન્સ બચે એમ છે. પોતાની પાસે હજી કેટલું સૈન્ય છે, કેટલાં સાધન છે તે બધું તેણે કહેવડાવ્યું, પણ સભાસદોની મતિ ભ્રમિત થઇ ગઈ હતી; તેઓ ઉશ્કેરાઇ ગયા હતા; બહાવરા બની ગયા હતા. સખત ગરમાગરમ ચર્ચા પછી તેમણે શહેનશાહને નીચેનો જવાબ મોકલાવ્યો કે જે તેમના સમજવા પ્રમાણે ઘણી નમ્ર ભાષામાં લખાયો હતો:–“ જે લડાઇમાં ફ્રાન્સ બીજીવારનું સંડોવાયું છે તેની સાથે શહેનશાહ કરતાં પ્રજાને ઘણી થોડી લેવાદેવા છે. મિત્રરાજાઓએ ફ્રાન્સની સાથે સુલેહ રાખીને એકલા નેપોલિયન સાથે લડાઇ માંડી છે. જો શહેનશાહ દેશને બચાવી લેવા માટે બીજીવાર આત્મબલિદાન આપે તો તરતજ સુલેહ થાય એમ છે. ”

બસ, હવે તેને કાંઈ કરવાનું હતુંજ નહિ. તેણે તરતજ લુશીયનને કહ્યું કે લખવા

માંડ, પછી તે આંટા મારતો ગયો અને વિચારપૂર્વક નીચેનો ખરડો લખાવતો ગયોઃ—

“ ફ્રાન્સવાસીઓ ! પ્રજાકીય સ્વતંત્રતાના રક્ષણમાટે યુદ્ધની શરૂઆત કરતી વખતે મને એવો વિશ્વાસ હતો કે સર્વની ઇચ્છા અને મહેનત એકજ દિશાએ વળશે અને પ્રજાનાં સઘળાં મંડળો તેને ટેકો આપશે. ફતેહની આશા રાખવાનાં પૂરતાં કારણ હોવાથી મિત્રરાજાઓએ મારી વિરુદ્ધ પ્રકટ કરેલા જાહેરનામાની મેં પરવા પણ ન કરી; પરંતુ આજે સંજોગો બદલાઇ ગયા છે. ફ્રાન્સના શત્રુઓના વેરની વેદીમાં હું મારી જાતને હોમું છું. હું ઇચ્છું છું કે તેઓ બોલે છે તે પ્રમાણેજ વર્તે અને મને એકલાનેજ પોતાનો દુશ્મન ગણે ! ”

“ મારૂં રાજનૈતિક જીવન આજે પૂરૂં થાય છે અને હું મારા પુત્રને ફ્રાન્સનો શહેનશાહ જાહેર કરૂં છું. હાલ પ્રધાનો છે તેઓનુંજ કામચલાઉ કારોબારી મંડળ બની જાય. મારા પુત્રમાં મને સ્વાર્થ રહેલો છે તેથી પ્રતિનિધિઓની સભાને વિનવું છું કે તેઓ રાજપ્રતિનિધિ મંડળ નીમવાનો કાયદો પસાર કરે. દેશની સલામતીને ખાતર પરસ્પર સંપ રાખજો અને સ્વતંત્રજ રહેજો. તા. ૨૨-૬-૧૮૧૫—**નેપોલિયન.**”

વયોવૃદ્ધ, સ્વદેશવત્સલ કાર્નો આ રાજીનામું સાંભળીને પોક મૂકીને રડી પડયો. જ્યારે તે પ્રતિનિધિઓની સભામાં વંચાયુ ત્યારે સૌના મન ઉપર ઉંડી અસર થઇ. આ પ્રસંગની અને વિષયની ગંભીરતાથી એક સભાસદનું દિલ એવું તો ઉકળી આવ્યું કે તેણે ઉભા થઈને ભાષણ કર્યું અને ઘણીજ અસરકારક અને લાગણીથી છલકાતી ભાષામાં નેપોલિયને ફ્રાન્સ ઉપર કરેલા ઉપકાર, તેના છેલ્લા કાર્યમાં રહેલું અતિ ભવ્ય નીતિબળ, તેણે બિનસરતે પ્રજાના સુખને ખાતર પોતાના સર્વસ્વની કેવી આહુતિ આપી અને હવે તે દેશનિકાલ થઇને કોણ જાણે ક્યાં ભટકશે, કેવા કેવા સિતમ તેના માથા ઉપર ગુજરશે તેનું એવું આબાદ ચિત્ર ખડું કર્યું કે આખી સભાની આંખમાં આંસુ આવ્યાં અને નેપોલિયનના કટ્ટામાં કટ્ટા શત્રુઓનાં દિલ પણ નરમ થઇ ગયાં. તેમણે સર્વાનુમતે ઠરાવ કર્યો કે પ્રજાનાં સુખ અને સ્વતંત્રતાને ખાતર તેનો આભાર માનવો.

આ ઠરાવની રૂએ તેનો આભાર માનવા જે ગૃહસ્થો ગયા હતા તેમનું કહેવું સાંભળી લીધા પછી તેણે ધીમા અને ગંભીર અવાજે જવાબ આપ્યોઃ—

“ મારે માટે તમોએ જે લાગણી બતાવી છે તે બદલ હું તમારો આભાર માનું છું. હું આશા રાખું છું કે મેં રાજ્યાસનનો ત્યાગ કર્યો તેથી ફ્રાન્સ સુખી થાય પણ એ આશા ફળીભૂત થાય એમ મને લાગતું નથી. એથી રાજ્ય નેતા વગરનું, અને રાજનૈતિક જીવન વગરનું થઇ ગયું છે. રાજસત્તાને નિર્મૂળ કરવામાં હાલ જે વખત બરબાદ કરવામાં આવ્યો તેનો ઉપયોગ શત્રુને મારી હઠાવે એવી સ્થિતિમાં પ્રજાને મૂકવા પાછળ જો થયો હોત તો સારૂં થાત. હું પ્રતિનિધિઓની સભાને

ભલામણ કરૂં છું કે હમણાંને હમણાંજ નવું લશ્કર ઉભું કરે. જેને સુલેહ જોઇતી હોય તેણે લડાઇને માટે પણ તૈયાર રહેવું જોઇએ. પરદેશીઓની દયાપર દેશને છોડી દેતા નહિ. તમારી આશા તમને ઠગે નહિ તેની સંભાળ રાખજો. ખરેખરી ધાસ્તી તો ત્યાં છે. મારૂં ગમે તે થાઓ પણ ફ્રાન્સ સુખી હશે તો મને સંતોષજ છે.”

૨૩ જુનની સવાર થઇ. મિત્રરાજાઓનાં સૈન્યે કુચ શરૂ કરી હતી, પણ પ્રતિનિધિઓની સભાની મોહનિદ્રા હજી ઉડી ન હતી. જાત જાતની દરખાસ્તો આવતી પણ એકેનો અમલ થતો નહિ. જૂદી જૂદી ટોળીઓ પોતાની ધારણા પાર પાડવા ખેંચતાણ કરતી હતી. શત્રુસૈન્ય આવી પહોંચે ત્યાંસુધી આવું અંધેર રહે એવું ફૉશ અને તેની ટોળી ઇચ્છતી હતી. કામચલાઉ રાજ્યતંત્ર રચાયું અને ફૉશ તેનો પ્રમુખ ચૂંટાયો. એ લુચ્ચો અને દેશદ્રોહી માણસ બુર્બોન રાજાને ફરીથી રાજ્યાસને બેસાડવાની મતલબથી વેલિંગ્ટન સાથે ઘણીજ ચતુરાઇભરેલા કાવાદાવા કરી રહ્યો હતો. નેપોલિયનપ્રત્યે લોકો બેહદ પ્રેમ રાખતા હતા એજ તેના માર્ગમાં મોટી મુશ્કેલી હતી. લોકોનાં ટોળેટોળાં મહેલ પાસે ભેગાં થયાજ કરતાં અને રાજીનામું પાછું ખેંચી લઇને; પ્રજાની મદદથી શત્રુને મારી કહાડો એવું નેપોલિયનને કહ્યાજ કરતા. સ્વયંસેવકોની બે પલટણો તેની પાસે આવી ગઇ. તેમણે કહ્યું કે પ્રતિનિધિઓ તો લાંચ લઇને ફ્રાન્સને બુર્બોન રાજાના હાથમાં સોંપવાના છે. માટે આપ કુલ સત્તા આપના હાથમાં લઇ લો અને દેશને બચાવો. નેપોલિયન પાસે એકજ ઉત્તર આપવાનો હતો કે અંગત લડાઇને માટે હું એક પણ લોહીનું ટીપું નહિ પડવા દઉં.

તોપણ હજી ફોશની ટોળી નિશ્ચિંત રહી શકતી નહિ. તેમને ધાસ્તી હતી કે હજી પણ જો નેપોલિયન લોકોની ઇચ્છાને અનુકૂળ થઇ જાય તો તેમની બધી આશાઓ ધૂળધાણી થઈ જાય. તેના મિત્રોને એવી પણ દહેશત રહેતી હતી કે વખતે એ લુચ્ચાઓ એનું ખૂન પણ કરાવે. લોકોનાં ટોળાનો જમાવ અને તેમનો પોકાર પણ તેના મહેલની આસપાસ દહાડે દહાડે વધતો જવાથી શત્રુઓની દુશ્મનાવટથી નહિ પણ લોકોના પ્રેમમાંથી બચી જવા તે છુપે વેશે મહેલની બહાર નીકળી ગયો અને માલ્મેઈઝનમાં રહેવા ગયો.

તેની સાવકી પુત્રી હૉર્ટેન્સ ત્યાં અગાઉથી ગઇ હતી. તેણે પોતાની આંખમાંનાં આંસુ મનોનિગ્રહવડે ખાળ્યા હતાં–જાણે ફિલ્સુફનું જ્ઞાન અને ફિરસ્તાની મધુરતાવડે તે સર્વને ઈશ્વરની ઇચ્છાને રાજી ખુશીથી તાબે થવાનો ઉપદેશ આપતી હોય એવું તેનું વર્તન હતું.

જોસેફાઇનના સ્નેહના સ્મરણવડે પ્રિય થઇ પડેલા ઓરડા અને વાડીમાં ઉદાસીન પગલે શહેનશાહ ફર્યો. તેણે કહ્યું, “ અહિંની એકેએક ચીજ કાંઇ કાંઇ સંસ્મરણો તાજાં કરી આપે છે. આ જગ્યા મેં મારી પહેલી કમાણીમાંથી ખરીદી

હતી. અહિં મેં ઘણાંએ સુખનાં વર્ષ પસાર કર્યાં છે, પણ જેના વડે આ સ્થાન શોભી રહેતું હતું તે આજે અહિં નથી. મારા ઉપર પડેલી આફતના સંતાપથી એનો જીવ ગયો. ”

તે હવે ફ્રાન્સને છેલ્લી સલામ કરીને અમેરિકા જવાની તૈયારી કરતો હતો. પારિસના કામચલાઉ રાજકારોબારી મંડળે આશરે એંસી હજાર સિપાઈઓ ઉભા કરી રાખ્યા હતા. નેપોલિયનને હૈયે સ્વદેશનું હિત એવું ઉંડું વસી ગયું હતું અને સ્વાર્થવૃત્તિ એવી નિર્મૂળ થઇ ગઇ હતી કે તેણે પોતાના સૈન્યની વિદાય લેતી વખતે નવા રાજ્યતંત્રને વફાદાર રહેવાનો અને સ્વદેશની ઇજ્જત ગમે તે ભોગે જાળવવાનો આગ્રહપૂર્વક ઉપદેશ કર્યો.

પારિસના કામચલાઉ રાજકારોબારી મંડળે મિત્રરાજાઓની છાવણીમાં સુલેહની પ્રાર્થના કરવા પોતાના એલચીઓ મોકલ્યા. શત્રુઓનું વૈર નરમ કરવા માટે નેપોલિયનના રાજ્યાસન ત્યાગની ખબર તો તેમને તરતજ અપાઇ ચૂકી હતી. સુલેહની મુખ્ય સરતોમાં ફ્રાન્સની હાલની મર્યાદા કાયમ રહેવા દેવી, નેપોલિયનના પુત્રને ભવિષ્યના રાજા તરીકે કબૂલ કરવો અને બુર્બોન રાજાઓનો સદાને માટે બહિષ્કાર કરવો એ ત્રણ સરતો હતી; પણ એ તો પ્રજાને ઠગવા માટે બનાવી કહાડેલું જૂઠાણું હતું; કારણ કે ફોશે તેજ દિવસે લૂઇને પારિસમાં તેડી લાવવા દૂત મોકલ્યો હતો; અને તેની સાથે કહેવડાવ્યું હતું કે “ ત્રણ મહિના થયાં મેં તમારે માટે મારૂં માથું જોખમમાં મૂકીને કામ કર્યું છે. પ્રતિનિધિઓની સભાએ નેપોલિયનના પુત્રને રાજા તરીકે જાહેર કર્યો છે; પણ એ તો માત્ર તમારે માટે રસ્તો કરવાની યુક્તિજ છે. પ્રજાસત્તાક રાજ્યતંત્ર અને યૂરોપના રાજાઓનો કેદી બનેલો એક બાળક તેનો નિયામક, એવી આશા આપ્યાથી પ્રજા શાંત રહી છે. ભલે તેઓ થોડા દિવસ એવી આશામાંને આશામાં રમ્યા કરે. નેપોલિયનને પૂરેપૂરો ખસેડી નાખતાં સુધી પ્રજાને આવી ખોટી આશા આપવાની જરૂર છે. ”

લૂઇને ફોશે ઉપરનો સંદેશો કહેવડાવ્યો અને નેપોલિયનને કહેવડાવ્યું કે એલચીઓ સુલેહ માગવા ગયા છે અને આપના પુત્રને રાજ્યાસન આપવાની સરતે સુલેહ કરવાની છે. નેપોલિયને કહ્યું, “ બુર્બોન રાજાઓને ફ્રાન્સનું રાજ્ય અપાવવામાં મિત્ર રાજાઓનો એટલો બધો સ્વાર્થ સમાયલો છે કે તેઓ મારા પુત્રનો વિચાર પણ નહિ કરે. ફ્રાન્સનો રાજા તો આખરે તેજ થવાનો છે પણ હજી તે વખત નથી આવ્યો. ” તેના શબ્દો બરાબર સાચા પડયા. તેનો પુત્ર નહિ તોપણ તેનો ભત્રીજો તો * અત્યારે ફ્રાન્સની ગાદીએ બેઠો છે.

---

* મૂળ પુસ્તક લખાયું ત્યારે એટલે કે ફ્રાન્સ પ્રજાસત્તાક બન્યું તે પહેલાં ઉપલા શબ્દો લખાયા હતા.

મિત્રરાજાઓ પાસે સુલેહના કોલકરાર કરાવવા માટે જવા પહેલાં બેન્જામિન કૉન્સ્ટન્ટ નામનો એક એલચી શહેનશાહને મળવા આવ્યો હતો. તેણે પૂછ્યું "આપ હવે ક્યાં નિવાસ કરવા ઇચ્છો છો ?"

જાણે આ બાબત જરા પણ મહત્ત્વની ન હોય તેમ તેણે બેપરવાઇથી જવાબ આપ્યો, "હજી મેં નક્કી નથી કર્યું. નાસી જવાનો મને તિરસ્કાર છે. અહિં રહું તોપણ શું ? મારા જેવા નિઃશસ્ત્ર માણસને મિત્રરાજાઓ શામાટે હેરાન કરે ? અહિં હું એકાંતમાં મારૂં જીવન પસાર કરૂં. ઈંગ્લંડ જાઉં છું તો હું મારા મિત્રોની સ્થિતિ કફોડી કરી મૂકું છું. મને ફ્રાન્સ તેડી જવાની પેરવી કરવાનો તેમના ઉપર વારંવાર શક આવ્યાજ કરે. વળી લોકો વારેવારે એવી વાતો ઉડાવે તો વખતે મને પણ મન થઈ જાય. અમેરિકાજ મારે માટે બહુ યોગ્ય સ્થાન છે. ત્યાં હું માનપૂર્વક રહી શકીશ."

"પણ તેમ છતાં હું અહિં રહું તો તેમાં પણ મારે ડરવા જેવું શું છે ? કોઇ રાજા મને સતાવે તો તેની ગેરઆબરૂ થયા વિના રહેજ નહિ. એકને મેં તેનું અડધું રાજ્ય પાછું આપ્યું છે. બીજાએ કેટલીએવાર મારા જેવાની મૈત્રીના પ્રસંગને અહોભાગ્ય માન્યું છે ! લોકોએ મને જેટલી ત્વરાથી આવકાર આપ્યો તેટલીજ ત્વરાથી તેમણે પાછો મને છોડી પણ દીધો. હવે આ અસ્થિરતાનું બમણું કલંક તેઓ કીર્તિવડે ધોઇ નાખે એવું હું ઇચ્છું છું; પણ મને આશા નથી. આજે ફ્રાન્સને બચાવવા તેમણે મને છોડી દીધો તો કાલે તેમની જાતને બચાવવા ફ્રાન્સને પણ તેઓ છોડી દેશે."

મિત્રોની સાથે ખાનગી વાતચીતમાં કયા દેશમાં રહેવા જવું તેની ચર્ચા તે કરતો હતો. ઈંગ્લંડની પ્રજા તેને માનભર્યો આવકાર આપશે એવું તે શ્રદ્ધાપૂર્વક બોલતો હતો. તેના મિત્રો કહેતા કે ઈંગ્લંડની સરકારનો કદી વિશ્વાસ ન રાખશો. કેટલાક અમેરિકન ગૃહસ્થોએ તેને ખાત્રી આપી કે સંયુક્ત રાજ્યની સરકાર અને પ્રજા બેઉ તેને સારો આવકાર આપશે. એજ વખતે પ્રતિનિધિઓની સભાએ જણાવી દીધું કે મિત્રરાજાઓ સાથે સુલેહ થાય તે માટે તમારે ફ્રાન્સ છોડવાની આવશ્યક્તા છે. તેણે જવાબ આપ્યો કે મને બે વહાણ અપાવો એટલે હું અમેરિકા ચાલ્યો જઇશ. પરરાજ્ય ખાતાના પ્રધાને કહેવડાવ્યું કે વહાણ તૈયાર છે પણ ફ્રાન્સનો કિનારો ઈંગ્લંડના કાફલાએ ઘેરી લીધો છે તેથી વેલિંગ્ટનની સહીનો પાસપૉર્ટ મેળવવા પત્ર લખ્યો છે. દરમ્યાન રખેને લોકો નેપોલિયનને પાછો રાજા બનાવવા હુલ્લડ ન મચાવે તેથી પ્રધાનમંડળે મજબૂત લશ્કરની ટુકડી સાથે જનરલ બેકરને માલ્મેઇઝન મોકલ્યો. નેપોલિયનના માનને ખાતર આ લશ્કર મોકલ્યું છે એ બહાનું હતું, પણ ખરૂં કારણ તો તેના ઉપર સખત જાપ્તો રાખવાનું હતું.

પાસપૉર્ટ આપવાની વેલિંગ્ટને ઘસીને ના પાડી, અને ઈંગ્લંડની સરકારે કાફલામાં બમણો વધારો કર્યો. ફોશને ડર લાગ્યો કે વખતે નેપોલિયન આખરે અકળાઇને વળી પાછો પ્રજાની સરદારી લે તો કિનારે આવેલું વહાણ ડૂબી જાય; તેથી કરીને તેણે લખ્યું કે વહાણ તૈયાર છે. વગર પાસપૉર્ટે પણ તમે જઈ શકો છો. જનરલ બેકરને તેની સાથે રોચફૉર્ટ બંદર સુધી જવાનો હુકમ કર્યો.

જે પ્રદેશમાં થઇને તેમને જવાનું હતું, ત્યાંના વતનીઓનો નેપોલિયન તરફ પ્રબળ પ્રેમ હતો, અને તેને જોઇને તેઓ ઉશ્કેરાઇ જાય એ વાત પણ બનવાજોગ હતી. તેથી નેપોલિયન અને પારિસનું કારોબારી મંડળ બેઉએ સમજી જઇને એવો ઠરાવ કર્યો હતો કે નેપોલિયને જનરલ બેકરના ખાનગી સેક્રેટરી તરીકે મુસાફરી કરવી.

વૉટર્લુથી પાછા હઠતા લશ્કરના કેટલાએ સેનાપતિઓ તેની પાસે આવી ગયા અને બધાની એકજ પ્રાર્થના હતી કે હજી કશું બગડયું નથી. હજી પણ લશ્કરની સરદારી સ્વીકારો અને શત્રુને મારી કહાડો; પરંતુ તેણે જવાબ આપ્યો, “ તમારો આભાર માનું છું પણ હું તમારૂં કહ્યું નથી કરી શકતો. મારે આખા ફ્રાન્સના ટેકાની જરૂર છે, પણ અત્યારે તો અંધેર છે અને કોઇને કશી પડી નથી. થોડાક સિપાઇઓ લઇને આખા યૂરોપ સામે હું કેવી રીતે લડી શકું ? ”

મિત્રરાજાઓનું લશ્કર હવે પારિસથી બે મજલને અંતરે આવી પહોંચ્યું હતું. તેમની તોપોના ધડાકા નેપોલિયનને કાને પડતાં તેનો આત્મા સળગી ઉઠયો. તેની તમામ શકિતઓ પ્રચંડ સ્વરૂપમાં જાગૃત થઇ ગઇ. જનરલ બેકરને બોલાવીને તેણે કહ્યું :—

“ શત્રુસૈન્ય કાલે સવારે પારિસના દરવાજા આગળ ઉભું રહેશે. અત્યારના રાજ્યતંત્રને ખરી વસ્તુસ્થિતિ કેમ સૂઝતી નહિ હોય ? મિત્રરાજાઓના બેવચનીપણા વિષે જેને શક હોય તે કાં તો નામર્દ કે કાં તો દેશદ્રોહી હોવો જોઇએ. ફ્રાન્સનો રાજ્યભાર પોતાને માથે તાણી લેનારાઓને પોતાના કામની કશી આવડત નથી. મૂર્ખાઓ બધુંએ ગુમાવશે ! કામચલાઉ કારોબારી મંડળને મારા વતી જઇને કહો કે મને લશ્કરનો સેનાપતિ નીમે. તેમને સમજાવો કે મારે ફરીથી રાજસત્તા નથી લેવી, મારે તો શત્રુને હાર ખવડાવવી છે અને એકવાર તેનું બળ નરમ પાડીને તેની પાસે વધારે ઉદાર શરતો કરાવી લેવી છે. એટલું થયા પછી હું વચને બંધાઉં છું કે હું શાંતિથી ફ્રાન્સ બહાર ચાલ્યો જઇશ. ”

જનરલ બેકરે જઈને આ વાત સમજાવી. ઉદાર કાર્નોને તે ગળે ઉતરી પણ ફોશ જેના કાવત્રાંની પૂર્ણાહુતિ હવે થવા આવી હતી તેણે એવો વાંધો ઉઠાવ્યો કે નેપોલિયનજ લડાઇનું કારણ છે. એને સેનાપતિની જગ્યાએ જોઇને શત્રુઓ પાછા વધારે ખીજવાશે અને સુલેહને માટે વધારે આકરી શરતો બતાવશે; અને જો એ

જીતશે તો એની જીતવડેજ પાછો રાજા થઇ જવાનો.

નેપોલિયનની દબાઇ ગયેલી શક્તિઓ પાછી પૂર ભભકામાં ઝળકી નીકળી. તેને આશા હતી કે કારોબારી મંડળને ગળે પાણી આવી ગયાં છે એટલે મારી સેવા સ્વીકારશે. બ્લૂચર અને વેલિંગ્ટન, પોતાની સામે લડનાર કોઈ નહિ હોવાથી બેપરવાઇથી ચાલ્યા આવે છે તેમના ઉપર એકાએક વંટોળીઆની માફક તૂટી પડીશ અને વૉટર્લુની અપકીર્તિ ધોઇ નાખીશ. લડાઇનો પોશાક પહેરીને તે તૈયાર થઇ ગયો પણ એટલામાંજ જનરલ બેકર જવાબ લાવ્યો કે તેમણે નેપોલિયનની સેવાનો વિવેકથી પરંતુ દઢતાથી અસ્વીકાર કર્યો છે. તેણે આ સમાચાર જરા પણ ક્ષોભ વગર સાંભળ્યા અને પછી શાંતિથી બોલ્યો:—

“ બહુ સારૂં. તેઓ પસ્તાવાના છે. ચાલો, આપણે જવાની તૈયારી કરીએ. ” પછી એકાંતમાં તેણે એક મિત્રને કહ્યું:—

“ એ લોકોને સત્તા મેળવવાની ઘેલછા લાગી છે. તેઓ જાણે છે કે જો હું મારી જગ્યા પાછી મેળવું તો એ બધાએ મારા પડછાયા જેવા બની જાય. તેઓ પોતાના ખોટા મિથ્યાભિમાનને તૃપ્ત કરવા મને અને સ્વદેશને બેઉને હોમી દે છે પણ યાદ રાખજો, તેમને પાઘડી ઉતારીને લૂઇને પાછો ગાદીએ બેસાડવો પડશે. ”

વળી પાછો મનમાં કાંઇક નિશ્ચય કરી દીધો હોય તેમ તે બોલ્યો:—

“ જો તમારા પાંચ * શહેનશાહો મને દેશનું રક્ષણ નહિ કરવા દે તો હું તેમની રજા વગર પણ ચલાવી લઇશ. હું જઇને મારૂં મોં બતાવું એટલીજ વાર. લશ્કર અને પ્રજા મને બીજી વાર પોતાને પરાધીનતામાંથી છોડવનાર ગણીને આવકાર દેશે. ”

પેલા મિત્રે કહ્યું, “ મને તેમાં કાંઈ શક નથી; પણ બેઉ સભાઓ આપની વિરુદ્ધ ઠરાવ કરશે—કદાચ આપને કાયદાના રક્ષણની બહાર પણ મૂકી દે, અને એમ કરતાંએ આપને નસીબે યારી ન આપી અને સૈન્ય બહાદુરીની કમાલ કરી બતાવતાં છતાં શત્રુની મોટી સંખ્યાને લીધે હારી ગયું તો પછી આપનું અને ફ્રાન્સનું શું થાય ? મદોન્મત્ત શત્રુ કેર વર્તાવે અને આપના દેશના સદાના વિનાશના આપ કારણ થઇ પડવા માટે આપને કદાચ પસ્તાવું પડે. ”

થોડીવાર સુધી કાંઈ પણ બોલ્યા વગર તે ઉંડા વિચારમાં પડી ગયો. અનેક વ્યક્તિઓનાં હિત કેટલાં જોખમમા આવી પડે તેના ચિંતનમાં તેનો આત્મા ધ્યાનમગ્ન બની ગયો. પછી તેણે કહ્યું, “ તમારૂં કહેવું ખરૂં છે; સભા, સૈન્ય અને પ્રજા એ ત્રણના નિમંત્રણ વગર આવી ભારે જવાબદારી મારા માથા ઉપર લેવાની જરૂર નથી. ”

એવામાં તેનો એક પરમ ભકત ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું કે શત્રુઓનું

---

* કારોબારી મંડળના પાંચ સભાસદો.

લશ્કર પારિસની નજીક આવી પહોંચ્યું છે અને અહિં રહેવું શહેનશાહને માટે સલામતી ભરેલું નથી. નેપોલિયન કહે "હું તો આજેજ અહિંથી ઉપડી જવાનો છું. મને ફ્રાન્સના, પારિસનો અને મારો પોતાનો હવે કંટાળો આવી ગયો છે."

નવા આવનારે પૂછ્યું, "આપ કયા દેશમાં જવા ધારો છો?"

નેપોલિયને જવાબ આપ્યો, "સાચી વાત તો એ છે કે મારો માર્ગ વિઘ્નથી ભરેલો છે પણ નસીબ અનુકૂળ થાય તો હું અમેરિકાના સંયુક્ત રાજ્યોમાં જવા ધારૂં છું. ત્યાંની સરકાર મને જમીન આપશે, અથવા તો હું ખરીદી લઇશ અને ખેતી કરીશ."

"પણ ઇંગ્લંડ આપને નિરાંતે ખેતી નહિ કરવા દે. આપનાથી તે ડરતું આવ્યું છે. જ્યાં સુધી આપ છૂટા હો અગર જીવતા હો ત્યાંસુધી તેને ડર રહેવાનોજ. વળી અમેરિકાના લોકો આપને ચહાય છે; આપના ગુણની સ્તુતિ કરે છે. આપ કદાચ તેમને ઇંગ્લંડની સામે ઉશ્કેરો." નેપોલિયને કહ્યું, "અંગ્રેજો સારી પેઠે જાણે છે કે અમેરિકનો પોતાના દેશની સ્વતંત્રતા જાળવવા મરવું પડે તો મરવાને પણ તૈયાર છે પણ તેઓ પરદેશમાં જઈને લડાઇ લડે એવા નથી. અંગ્રેજોને ચિંતા ઉપજાવે એવી તેમની હજી સ્થિતિ પણ નથી. ભવિષ્યમાં તેઓ ઇંગ્લંડે સમુદ્રના અધિકારની બાબતમાં કરેલા અન્યાયની શિક્ષા તેને કરી શકે ખરા. એવો વખત નજીકમાં આવે એવું કરવાનાં મારી પાસે સાધન પણ હતાં, પણ હવે તે વખત દૂર ગયો છે. અમેરિકનો બહુ ધીમી પ્રગતિ કરે છે."

"આપ કહો છો તે કબૂલ કરીએ; તોપણ આપ તે સંયુક્ત રાજ્યોમાં છો એટલા કારણથી પણ યૂરોપના રાજાઓને તેમની સામે લડવાનું બહાનું મળશે. તેઓ તમને તેમના હાથમાં સોંપી દેવાની અથવા તો તેમના પ્રદેશમાંથી કહાડી મૂકવાની ફરજ પાડશે."

"ત્યારે હું મેકિસકો, કેલિફોર્નિયા, ગમે તે રાજ્યમાં જઇશ, દેશે દેશ અને દરિયે દરિયે ભટકીશ."

"પણ આપ એમ માનો છો કે આપ હમેશાં એમની જાળમાંથી, એમનાં વહાણના પહેરામાંથી બચી શકશો?"

"નહિ બચું તો મને પકડશે. ઇંગ્લંડની સરકાર તો ઉદાર નથીજ પણ ત્યાંની પ્રજા ઉચ્ચ આદર્શવાળી છે. મારો તેઓ ઠીક સત્કાર કરશે; પણ નહિ તો હું કરૂં એ શું? મને વેલિંગ્ટન બચ્ચાની માફક બધાને બતાવવા, તેની ફતેહની શોભા વધારવા પકડીને લંડન લઈ જાય તે તમને પસંદ પડે? મારે માટે એકજ માર્ગ છે કે અહિંથી ચાલ્યા જવું. બાકીનું પ્રારબ્ધ કરી લેશે. જેઓ મારાથી ડરે છે તેમને હું ભયમુક્ત કરૂં છું' એમ કહીને હેનીબાલની માફક હું પણ આપઘાત કરી

શકું છું; પણ હું માનું છું કે નબળા મનના અને અધમ આત્માઓજ એ કામ કરી શકે. મારા ઉપર ગમે તેવી આફત પડે તોપણ હું મારા આયુષ્યને એક પળવાર પણ ઓછું નહિ કરૂં. ”

જંગલી બ્લૂચર જ્યાં જ્યાં ગયો ત્યાં લોકો ઉપર લૂંટફાટ અને પાયમાલી વરસાવવા લાગ્યો. તે ખુલ્લું બોલતો કે જો નેપોલિયન મારા હાથમાં આવે તો બેઉ સૈન્યના દેખતાં હું મારે હાથે તેને ફાંસી દઉં. વેલિંગ્ટનને તેના રાની મિત્રની ધમકી અને વર્તણુકની શરમ આવતી.

જનરલ બેકર જેને નેપોલિયન ઉપર નજર રાખવા મૂકયો હતો તે તેનો એવો પરમ ભક્ત બન્યો હતો કે તેની સલામતીમાટે તેણે જોઇતી તજવીજ કરી રાખી હતી. મધ્ય રાત્રે કેટલાક મિત્રો પારિસથી આવ્યા. તેમણે ખબર આપી કે મિત્રરાજાઓએ નેપોલિયનને પાસપૉર્ટ આપવાની ના પાડી છે અને હવે નાસવાનો પણ ભાગ્યેજ વખત રહ્યો છે. નેપોલિયને આ સમાચાર જરા પણ ચિત્તના ક્ષોભ વગર શાંતિથી સાંભળ્યા.



प्रकरण ६८ मुं–शहेनशाह केदी बन्यो

જુનની ૨૯ મી તારીખની સવાર પડી. શહેનશાહ ચિંતા અને શોકથી સંતપ્ત બનીને બેઠો હતો. હૉર્ટેન્સ કે જે પ્રેમ અને ભક્તિમાં તેની ભલી માતાની બરોબરી કરે એવી હતી અને જેણે રડી રડીને આંખો અને મોં સુજાવી દીધાં હતાં, તે પોતાના દુઃખી પિતાના દુઃખમાં દિલાસો આપવા એક દીકરીથી જે કાંઈ થઇ શકે તે સઘળુંજ કરવા ચૂકી ન હતી. થોડાક ખરેખરા ચૂસ્ત સ્નેહીઓ જેઓ નેપોલિયનને અટળ ભક્તિથી વળગી રહી તેના ઉપર આવી પડનારાં તમામ દુઃખો અને મુશીબતો સહન કરવાને તૈયાર હતા તેઓ મ્લાન વદને તેની નજીક બેઠા હતા. તે પોતે ઝડપથી કાંઇક લખી રહ્યો હતો. એવામાં કૉલેનકૉર્ટ આવ્યો. હજારો આભારનાં સંસ્મરણોથી તેને અત્યંત પ્રિય થઈ પડેલા મિત્રને જોતાં તેણે કલમ હેઠે મૂકીને કહ્યું:—

"કૉલેનકૉર્ટ ! આજે દુઃખના પ્યાલાનું છેલ્લું ટીપું પણ પી લીધું. લશ્કરની સરદારી લઇને શત્રુની સાથે લડવા માટેજ મેં જવાનું માંડી વાળ્યું હતું. શત્રુને મારી હઠાવવામાં મદદ કરવાનીજ મારી ઇચ્છા હતી. મેં શહેનશાહત તો ઘણી ભોગવી લીધી. હવે હું ધરાઈ ગયો છું–કંટાળી ગયો છું. મારે હવે તે નહિ જોઇએ. હું રાજા મટી ગયો પણ સિપાઇ મટી ગયો છું ? શત્રુની તોપો સાંભળીને અને મારૂં સૈન્ય સેનાપતિ વગરનું છે તથા વગર લડયે તેમના પરાજયનું કલંક આવે છે એ વિચારથી મારૂં લોહી ઉકળી આવ્યું. મારે માત્ર મારા સૈનિકોની સાથે આબરૂભેર મરવું હતું; પણ દેશદ્રોહીઓએ કાવત્રું કરી મારી મદદની અવગણના કરી, ફ્રાન્સને તેના શત્રુઓના હાથમાં વેચી દીધું. ત્રણ કરોડની પ્રજા આજે જરા પણ લડયા વગર પોતાના દુશ્મનને માથું નમાવે છે. આવો શરમભરેલો બનાવ ફ્રાન્સના ઇતિહાસમાં આ પહેલોજ છે."

"મારૂં બહાદુર લશ્કર–મારા તરફ તેમણે બતાવેલા પ્રેમને માટે, વૉટર્લુ આગળ મારા દુશ્મનો સામે લડવા માટે તેમને ખમવું પડશે. અરે ! વૉટર્લુ શબ્દની

સાથે કેટલાં દુ:ખદ સંસ્મરણો અત્યારે તાજાં થઇ જાય છે! અરે! તમને બધાને તેઓ રંજાડશે. બસ, હવે બધું પતી ગયું. કૉલેનકૉર્ટ, હું તો થોડા દિવસમાં ફ્રાન્સ છોડીને અમેરિકા ચાલ્યો જઇશ, અને ત્યાંજ સ્થિર થઇ જઇશ. થોડાજ વખતમાં ત્યાં મારે ઘેર મારા સૈન્યના ચુનંદા હીરાઓ એક પછી એક આવી જશે, અને સા મારા ધરને પોતાનું ધર માનીને રહેશે."

એટલામાં બારણા આગળ ઘોડાનાં પગલાંનો અવાજ સંભળાયો. તેમને સૌને લઇ જવાને ગાડીઓ આવી પહોંચી. નેપોલિયનના મુખમાંથી એક દીર્ઘ નિશ્વાસ નીકળી ગયો અને થોડી વારસુધી તો તેનું હૃદય વલોવાઇ ગયું. કૉલેનકૉર્ટનો હાથ પોતાના હાથમાં લઇ, શબ્દથી નહિ દર્શાવી શકાય એવા પ્રેમથી તેની તરફ તે પળવાર જોઇ રહ્યો. તે શહેનશાહી રૂવાબનો માણસ આજે પ્રેમ અને શોકથી વિહ્વલ બની ગયો હતો અને ભારે પ્રયત્નથી દબાવી રાખ્યા છતાં તેની આંખમાં વારેવાર આંસુ ભરાઇ આવતાં હતાં.

પછી તે હૉર્ટેન્સને ભેટયો. તે બિચારી શોકથી વ્યાકુલ બની ગઇ હતી. ત્યાર પછી બીજા મિત્રો જેમને તે આ જિંદગીમાં કદિ પણ મળવાનો ન હતો તેમની તેણે વિદાય લીધી. જે બગીચામાં તેણે પ્રિય જોસેફાઇન સાથે કેટલાએ સુખમય કલાક પસાર કર્યા હતા, ત્યાં આગળ તે એક ક્ષણવાર થોભ્યો અને એ અતિ પ્યારા સ્થાન તરફ એક નજર કરી લીધી. તેને તે વખતે સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે સેન્ટ હેલેનાના ઉજ્જડ ખડક ઉપર એક ભાગુંતૂટું ઝુંપડુંજ હવે તેનું કેદખાનું અને કબર બનવાનું છે!

એક ગાડીમાં શહેનશાહ, જનરલ બેકર સેવરી અને કાઉન્ટ બર્ટ્રેન્ડ બેઠા. તેની પાછળ બર્ટ્રેન્ડની સ્ત્રા અને તેનાં છોકરાં, મોન્થોલન, તેની સ્ત્રી અને છોકરૂં લાકાસાસ તથા પદભ્રષ્ટ થએલા રાજાના દુ:ખના ભાગીદાર થવા આવેલાં બીજાં માણસોની ગાડીઓ, એટલો રસાલો હતો. પારિસથી રૉચફૉર્ટ ત્રણસેં માઇલ દૂર હતું. તેમને ધાસ્તી હતી કે રસ્તામાં કદાચ નેપોલિયનનું ખૂન કરવાનો દુસ્મનો પ્રયત્ન કરે તેથી તેમણે છુપી રીતે હથીઆર પણ સાથે આણ્યાં હતાં. શહેનશાહને પોતાને તો કાંઈજ લાગતું ન હોય એવો તેનો દેખાવ હતો.

૧ લી જુલાઇએ સમી સાંજે તે નીઓર શહેરમાં દાખલ થયો. તેને કેટલાકે ઓળખ્યો એટલે તેના આવ્યાની વાત શહેરમાં ફેલાઈ ગઇ. "શહેનશાહ ઘણું જીવો" ની ગર્જનાઓ સંભળાવા લાગી અને તેના મુકામની આસપાસ લોકોનું મોટું ટોળું એકઠું થઇ ગયું. લસ્કરના તથા બીજાં ખાતાંના અમલદારોથી તેનો ઓરડો ભરાઇ ગયો. અહિં તેને સમાચાર મળ્યા કે રૉચફૉર્ટ આગળ તેને માટે જે બે વહાણ તૈયાર રાખ્યાં છે તેને ઈંગ્લંડનાં વહાણોએ ઘેરી લીધાં છે. તેથી તેમનાથી બંદર

છોડાય એમ નથી. આ વખતે તેની સ્થિતિ સૌથી વધારે ગુંચવણભરેલી હતી. એક બાજુએ તેનો જવાનો માર્ગ રૂંધી લઇ તેને વાસ્તવિકરીતે કેદી બનાવવામાં આવ્યો હતો; ત્યારે બીજી બાજુએ કેટલાએ લશ્કરી અમલદારો અને લોકનાયકો તેને વિનવી રહ્યા હતા કે આપ સૈન્યની સરદારી લો અને જુઓ કે એકેએક સિપાઈ અને જનતા આપને અટળ ભક્તિથી સહાય આપે છે કે નહિ.

હજી પણ તે ધારત તો આખા ફ્રાન્સને ઉશ્કેરીને એવું બળ જમાવત કે તેને હરાવતાં ઘણા લાંબા સમય સુધી મિત્રરાજાઓને ખૂનખાર લડાઇઓ લડવી પડત, અને તેનું એટલું બળ જોયા પછી તેઓ તેને સહીસલામત જગ્યાએ માનભેર રહેવાં દેત; પણ પોતાની સલામતીમાટે એક પણ માણસના જાનની ખુવારી નથી કરવી એવા ઉદાર નિશ્ચયને તે અંતસુધી વળગી રહ્યો.

જનરલ બેકરે પારિસ ખબર આપી કે રૉચફૉર્ટનું બંદર ઘેરાયલું છે. અને નેપોલિયન એક સેનાપતિ તરીકે દેશને ઉપયોગી થવા ખુશી છે. તેને એવી આશા હતી કે છેલ્લી ઘડીએ પણ બેઉ સભાઓ તેની મદદ સ્વીકારશે. પણ ફોશનો જવાબ આવ્યો કે "નેપોલિયને વહાણમાં બેસવુંજ પડશે. જો તે ન બેસે તો તમે (જનરલ બેકર) તમારી સત્તાનો ઉપયોગ કરીને પણ તેને વહાણમાં ચડાવી દેજો. એમણે સેવા કરવાની ઇચ્છા બતાવી તેના સંબંધમાં જણાવવાનું કે અમારી ફ્રાન્સપ્રત્યેની ફરજ વિચારતાં અને પાડોશી રાજાઓને આપેલાં વચનો જોતાં અમે તેનો લાભ લઈ શકતા નથી."

ફોશ નેપોલિયનને કેદ પકડીને તેના શત્રુઓના હાથમાં સોંપવાને માટેજ કાવત્રું કરી રહ્યો હતો એ હવે પૂરવાર થઈ ચૂક્યું. તે જાણતો હતો કે જ્યાંસુધી નેપોલિયનને પાછો બોલાવવાનો લેશ માત્ર પણ સંભવ છે ત્યાંસુધી મિત્રરાજ્યોનાં અગણિત સૈન્ય હોવા છતાં બુર્બોન રાજાઓને ગાદી મળવાનો સંભવ નથી. તેથી નેપોલિયન તેના શત્રુઓનો કેદી બને એવીજ પેરવી તે કર્યા કરતો હતો. પારિસમાં શત્રુસૈન્ય દાખલ થાય ત્યાંસુધી તો તેને કેદ પકડવાની તેની હિંમત ન ચાલી, ત્યારે પાસપૉર્ટ મેળવવાને બહાને તેણે થોડા દિવસ ગુમાવ્યા. અને પછી જ્યારે રૉચફૉર્ટનું બંદર પણ અંગ્રેજોનાં વહાણથી બરાબર ઘેરાઈ ગયું ત્યારે તેને વહાણમાં ચડવાની તે ફરજ પાડવા લાગ્યો. નેપોલિયન વહાણમાં કેદ પકડાય તો ત્યાં લોકો ન હોવાથી લોકલાગણી ઉશ્કેરાય નહિ. આવો ફોશની યુક્તિ હતી.

જુલાઈની નવમી તારીખે નેપોલિયને પોતાને વળાવવા આવેલા મિત્રોની રજા લીધી. બંદરના ડક્કા ઉપર ચોધાર આંસુએ રડતા અને " શહેનશાહ ઘણું જીવો " ના પોકાર કરી ચીરાતા જિગરના ભાવ વ્યક્ત કરતાં માણસોનાં ટોળાં એકઠાં થયાં હતાં. તેમને સૌને છેલ્લી સલામ કરી તે પોતાને માટે રાહ જોતા એક વહાણમાં

બેઠો, અને રાત્રિ વહાણમાંજ ગાળી. તેનાં વહાણ ઉપરનો જાપતો ચાલુજ હતો છતાં તેને આશા હતી કે હવે પોતે નિવૃત્ત થઇ સંયુક્ત રાજ્યોમાં રહેવા જાય છે તેથી, અને તેણે કરેલા સ્વાર્પણથી તેના શત્રુઓનાં દિલ પલળશે અને તેને હવે હેરાન નહિ કરે.

તેણે બે દિવસ વહાણમાં પસાર કર્યા. ફ્રાન્સની ભૂમિ સાથે આ તેનો છેલ્લો સંબંધ હતો. ફ્રાન્સના નાવિકો, અમલદારો તથા લોકોએ તેને માન આપીને સાબીત કરી બતાવ્યું કે તે દેશનિકાલ થએલો છતાં ફ્રાન્સના હૃદય ઉપરનું તેનું રાજ્ય હજી કાયમજ રહ્યું છે. ૧૧ મી તારીખે તેણે પોતાના બે અનુયાયીઓને સુલેહનો સફેદ વાવટો આપીને ઈંગ્લંડના કાફલાના સેનાપતિ પાસે મોકલ્યા અને તેમની મારફતે પૂછાવ્યું કે શહેનશાહ ફ્રાન્સના કે કોઇ તટસ્થ રાજ્યના વહાણમાં બેસીને અમેરિકા જાય તો જવા દેશો નહિ. તેઓ અંગ્રેજ નાવિક કેપ્ટન મેટલેન્ડને મળ્યા. તેણે કહ્યું કે મને તો આ બંદરમાંથી પસાર થતા કોઇપણ વહાણને પકડવાનો હુકમ મળેલો છે.

પછી તેમણે પૂછયું કે જો શહેનશાહ પોતાના સોબતીઓ સાથે ઈંગ્લંડ આવવાનો વિચાર કરે તો તમે તેમને તમારા વહાણમાં બેસાડી લેશો ? કેપ્ટન મેટલેન્ડે સરળતાથી અને પ્રામાણિકપણે જવાબ આપ્યો કે હું હમણાંજ મારા ઉપરી અમલદારને પૂછાવું છું. દરમ્યાન જો શહેનશાહની મારા વહાણમાં આવવાની મરજી હશે તો હું મારી પોતાની જવાબદારી ઉપર તેમને લેવા તૈયાર છું.

નેપોલિયને આ વાત ઉપર થોડીવાર વિચાર કરી જોયો અને પછી નિશ્ચય કર્યો કે ઈંગ્લંડનાં વહાણ જો રોકે તોપણ તેમની સામે લડીને રસ્તો કરી લેવો. આ ઠરાવ કરીને તેણે પોતાના વહાણના નાખુદાને વહાણ હંકારવાની આજ્ઞા કરી, પણ તેણે જવાબ આપ્યો કે મારે વહાણ નહિજ હંકારવું એવો મને સરકારી હુકમ મળેલો છે. નેપોલિયન કહે “ મારો અંતરાત્મા મને આજ વાત કહ્યા કરતો હતો; પણ હું તે ખોટું સમજતો હતો. ફોશ કેવો અધમ ચાંડાળ છે તે જોયું ?”

એટલામાં તેના બીજા વહાણનો નાખુદો હાજર થયો. શહેનશાહની સલામતી આગળ બીજી બધી બાબતોનો વિચાર બાજુએ મૂકી તેણે પ્રાર્થના કરી કે આપ મને રજા આપો તો હું ઈંગ્લંડના વહાણ સાથે દ્વંદ્વયુદ્ધ ખેલું. મારૂં વહાણ ૬૦ તોપનું છે અને તે ૭૪ તોપનું છે તોપણ તેની સામે હું બે કલાક તો ટકી રહીશ અને મારૂં વહાણ ભાગી જાય તે પહેલાં હું ઈંગ્લંડના વહાણને એવું નકામું બનાવી દઇશ કે તે આપના વહાણને પકડીજ નહિ શકે. નેપોલિયનના મોંમાંથી એક શબ્દ નીકળ્યો હોત તો તેજ વખતે પેલો દેશદ્રોહી નાખુદો દરીયાના તળીએ બેઠો હોત, અને તેનાજ વહાણમાં બેસીને તે પસાર થઇ જાત; પણ પોતાનો જાન બચાવવા બીજાના જાનને જોખમમાં મૂકવામા તે કદી સંમત થાયજ નહિ. તેણે નાખુદાનો આભાર માન્યો અને કહ્યું કે બીજાના ભોગે મારે મારો જાન નથી બચાવવો.

ડેન્માર્કના એક વહાણના નાખુદાએ કહ્યું કે મારા વહાણમાં આપને લઇ જવા હું તૈયાર છું અને મારા વહાણમાં એવું છુપું ભોયરૂં છે કે આખું વહાણ દુશ્મનો જોઇ વળે પણ તે જગ્યાનો પત્તોજ ન લાગે. જોસેફ બોનાપાર્ટે શહેનશાહને માટે બોર્દો બંદર આગળથી અમેરિકા ચાલ્યા જવાનો બંદોબસ્ત કર્યો હતો અને યોજના એવી હતી કે નેપોલિયને જોસેફનું નામ ધારણ કરીને નાસી જવું અને જોસેફે તેની જગ્યાએ કેદી બનવું. બેઉ ભાઇ દેખાવમાં ઘણા મળતા હતા. નામ બદલીને કે વેશ બદલીને નાસી જવું એ તેના દરજ્જાને અને અત્યારસુધીની કીર્તિને કલંકિત કરે એવું હતું અને વળી પોતાના શિર ઉપરની આફત પોતાના ભાઇ ઉપર નાખવાની નીચ કાયરતા પણ તેના સ્વભાવમાં હતી નહિ. આથી તેણે એ બેઉ યુક્તિઓને નાપસંદ કરી. ત્રીજો માર્ગ ફ્રાન્સને કિનારે જઇ ફરીથી એકવાર રાજ્યવિપ્લવનો દાવાનળ સળગાવવાનો હતો. પણ તેણે કહ્યું કે તેમ કર્યાથી માત્ર એકજ લાભ છે અને તે એ કે હું મારી અંગત સલામતી મેળવી શકું છું; પરંતુ તેટલા માટે મારા મિત્રોના પ્રાણ જોખમમાં નાખવા, ફ્રાન્સની સુંદર ભૂમિને તેના પુત્રોના રુધિરથી ખરડી નાખવી અને તેનાં હજારો કુટુંબોને પાયમાલ કરવાં એ હું કેવી રીતે કબૂલ કરૂં? કેપ્ટન મેટલેન્ડનો જવાબ આવ્યો કે જો મારા વહાણમાં બેસીને ઈંગ્લંડ જવાની શહેનશાહની મરજી હોય તો તેમને લઇ જવાની મને મારા ઉપરી અધિકારીએ સત્તા આપી છે. આ જવાબ મળ્યા પછી તેણે પોતાના સોબતીઓની સલાહ લીધી. ઈંગ્લંડની આબરૂ અને પરોણાગત ઉપર વિશ્વાસ રાખવાની ઘણાખરાએ સલાહ આપી. માત્ર બેજ જણે વિરુદ્ધ મત આપ્યો. તેમણે કહ્યું કે ઈંગ્લંડની પ્રજા ઉદાર છે પણ ત્યાંનું પ્રધાનમંડળ આપણા સિદ્ધાન્તનું વૈરી છે અને ઈંગ્લંડ અને આયર્લેન્ડની પ્રજા આપને ચહાય છે તેથી તો આપને ઈંગ્લંડ રાખતાં પ્રધાનમંડળને ઉલટો વધારે ભય લાગશે. નેપોલિયને કહ્યું, “જો ફ્રાન્સને બચાવવાનો જરા પણ સંભવ હોત તો હું એલ્બાથી પાછો આવ્યો તેમ ફરી પાછો ફ્રાન્સ જાઉં; પણ આ તો મારી પોતાનીજ સલામતીનો સવાલ છે. જો હું એક પણ બંદુકનો બાર કરાવું તો દુશ્મનો મારા ચારિત્ર્યને દૂષિત કરવામાં ફાવી જાય. મારે તો હવે નિરાંતે બેસીજ રહેવું છે અને ઈંગ્લંડમાં મને એકાંત નિવાસસ્થાન આપવામાં આવે છે. હું ત્યાંના × યુવરાજને નથી ઓળખતો; પણ મેં તેને વિષે જે કાંઇ સાંભળ્યું છે તે ઉપરથી તેની ઉદારતા ઉપર હું વિશ્વાસ મૂકી શકું છું. આજે હું તેને પત્ર લખું છું અને કાલે સવાર થતાંજ આપણે ઈંગ્લંડના વહાણમાં ચાલ્યા જઇશું.”

તેણે તરતજ ઈંગ્લંડના યુવરાજને પત્ર લખવા માંડયો અને શબ્દની પસંદગી કે

×રાજા જ્યૉર્જ ત્રીજો ગાંડો થઇ જવાથી તેની હયાતીમાં તેનો પુત્ર રાજપ્રતિનિધિ નિમાયો હતો તે.

વિચારની ગોઠવણીને માટે એક પળવાર પણ થોભ્યા વગર તે લખ્યોજ ગયો. એ પત્ર તેની પ્રૌઢ, પ્રશાંત અને શોકપૂર્ણ શૈલીનો નમુનો છે અને સર્વત્ર વખણાયો છે.

"નામદાર યુવરાજ ! મારા દેશમાં અનેક રાજકીય પક્ષ પડી જવાથી અને આખા યૂરોપના રાજાઓની મારાપ્રત્યે દુશ્મનાવટ હોવાથી મેં મારા રાજનૈતિક જીવનને ખતમ કર્યું છે, અને હું અંગ્રેજોનો અતિથિ થવા ઈંગ્લંડ આવું છું. મારા સર્વ શત્રુઓમાં આપને સૌથી વધારે બળવાન, સૌથી વધારે ઉદાર અને સૌથી વધારે એકવચની માનીને હું આપની મારફતે ઈંગ્લંડના કાયદાનું રક્ષણ માગું છું."

સાંજ પડયા પછી ત્યાં ફ્રાન્સના નૌકાખાતાના ઘણા અમલદારો આવીને કહેવા લાગ્યા કે રાત્રિને વખતે કિનારે કિનારે ઘણે દૂર નીકળી જવાશે અને ઈંગ્લંડની સરકાર ઉપર ભરોંસો ન મૂકો. આબરૂ અને ઉદારતાની તેની પાસેથી આશા રાખવીજ ફોકટ છે. એવામાં જનરલ બેકર દોડતો આવ્યો. તેણે કહ્યું કે શહેનશાહને કેદ પકડવા માટે બુર્બૉન રાજાએ મોકલેલા અમલદારો રૉચફૉર્ટ સુધી આવી પહોંચ્યા છે. આ સાંભળતાંજ તેણે કપડાં પહેર્યાં અને એક મછવામાં બેસી ઈંગ્લંડના બેલેરોફોન વહાણ તરફ ચાલવા માંડયું.

તેની નજીક પહોંચતાંજ વહાણના ખલાસીઓ, અમલદારો તથા નાખુદાએ તેને પદવી, કીર્તિ અને હાલની પડતીને યોગ્ય વિવેકપૂર્વક માન આપ્યું. તેણે નાખુદાને કહ્યું, "કૅપ્ટન મેટલેન્ડ ! હું તમારા વહાણમાં ઈંગ્લંડના કાયદાનું રક્ષણ લેવા આવ્યો છું." એના ઉત્તરમાં તેણે નીચા વળીને નમન કર્યું. પછી વહાણના બીજા અમલદારો તેને એક પછી એક આવી આવીને નમન કરી ગયા. સઢ છૂટયા અને વહાણ ઈંગ્લંડ તરફ હંકારાયું. સાંજના એક બીજું ઈંગ્લંડનું વહાણ તેમને રસ્તામાં મળ્યું. તેના નાખુદાએ આવીને નેપોલિયનને વંદન કર્યું અને પોતાના વહાણમાં આવવા નિમંત્રણ કર્યું. ત્યાં તે જતો હતો તે વખતે તેને માન આપવા ખલાસીઓ હારબંધ ગોઠવાઇને ઉભા હતા. તે ઉભો રહ્યો અને કવાયતના હુકમ આપવા લાગ્યો. તેમની અને ફ્રેન્ચ સિપાઇઓની કવાયતની ઢબમાં ફેરફાર જોઇ તેણે એક ખલાસીના હાથમાંથી પોતાને હાથે બંદુક લઇને તેણે પોતે કવાયત કરી બતાવી. પ્રજાસત્તાક રાજ્યની ભાવનાવાળા શહેનશાહને સિપાઇની માફક કવાયત કરતો જોઇ અંગ્રેજ ખલાસીઓ અને અમલદારો ચકિત થઈ ગયા.

બેલેરોફોનને ઈંગ્લંડને કિનારે પહોંચતાં નવ દિવસ થઇ ગયા. દરમ્યાન નેપોલિયને સૌનું ચિત્ત હરી લીધું. તેના મન ઉપરથી પણ ચિંતાનો ભારે બોજો ઉતરી જવાથી તે પોતે પાછો આનંદી બનવા લાગ્યો હતો, અને વિવેકભર્યો સત્કાર મળવાથી તેના મનમાંથી વહેમ પણ નીકળી ગયો હતો. આખે રસ્તે તે શાંત ખુશનુમા રહ્યો હતો અને ઉલટો તેના મિત્રોને દિલાસો આપતો હતો. તેણે કૅપ્ટન મેટલેન્ડને પોતાની

સ્ત્રી અને પુત્રની છબી બતાવી અને જે તેને અત્યંત વહાલાં હતાં તેમનો વિયોગ સાભરતાં તે પ્રેમાળ પતિ અને પિતાની આંખમાંથી આંસુ નીકળી પડયાં.

રસ્તામાં વહાણના બધા અમલદારો તથા ખલાસીઓ નેપોલિયનને તેના પોતાના અનુયાયીઓની માફક સંબોધવા લાગ્યા. તે બહાર આવતો એટલે સૌ ઉભા થઇને ટોપી ઉતારતા અને તેને “ આપ નામદાર ” કહીને સંબોધતા. જુલાઇની ૨૫ મી તારીખે તેઓ ઇંગ્લંડના ટોર્બે બંદર આગળ આવી પહોંચ્યા. વહાણમાં શહેનશાહ નેપોલિયન છે એ વાતની જાણ થતાંજ જેની કીર્તિ આખા જગત્માં ગાજી રહી હતી તેનું દર્શન કરવાને આતુર બનેલાં જૂદી જૂદી શ્રેણીનાં સ્ત્રીપુરુષોથી ભરેલી હોડીઓથી બંદરનો ઉપસાગર ભરાઈ ગયો. તેઓના આગ્રહને વશ થઈને નેપોલિયન તેમને દર્શન આપવા કેટલીએવાર તુતકપર આવી ગયો. એક ગૃહસ્થે તેને ફળના કંડીઆ મોકલાવ્યા. અંગ્રેજ મહિલાઓએ રૂમાલ હલાવીને તેમના દિલની સહાનુભૂતિ દર્શાવી.

ઍડમિરલ કીથ જે થોડાક માઇલ દૂર પ્લીમથ બંદરે હતો તેણે કેપ્ટન મેટલેન્ડને કહેવડાવ્યું કે “ શહેનશાહને કહેજો કે હું તેમની સાથે ઓળખાણ કરીને કૃતાર્થ થઈશ અને તેમની મરજી સાચવવાને મારાથી બનતું કરીશ. મારો ભત્રીજો વૉટર્લુની લડાઇમાં ઘાયલ થયા પછી ફ્રેન્ચોના હાથમાં કેદ પકડાયો હતો ત્યારે તેની માયાળુપણે બરદાસ્ત લેવાનો હુકમ તેમણે પોતે આપ્યો હતો એ ઉપકાર હું કદી પણ નહિ ભૂલું. ”

એજ દિવસે રાત્રે પાછું વહાણ ઉપડયું અને બીજે દિવસે બપોરના પ્લીમથ બંદરે જઇ પહોંચ્યું. તરતજ શહેનશાહને તથા તેના સોબતીઓને સમજાઇ ગયું કે વહાણનાં માણસો આજે તેમની સાથે અગાઉની માફક વર્તતાં નથી. કેપ્ટન મેટલેન્ડ પોતે પણ ઘણોજ ઉદાસીન અને વિચાર તથા ચિંતામાં ડૂબી ગએલો જણાતો હતો. બેલેરોફોનની આસપાસ સંખ્યાબંધ હથિયારબંધ હોડીઓ ચોકી પહેરો કરવા લાગી, અને નૌકાસૈન્યાધિપતિના પરવાના વગર કોઈને પણ નજીક જવાની મનાઇ થઇ. જો ઈંગ્લંડના પ્રધાનમંડળને એવો વહેમ પડી ગયો હોત કે ઇંગ્લંડની પ્રજા બળવો કરવાની છે અને નેપોલિયનને પકડીને તેને પોતાનો રાજા બનાવી દેવાની છે તોપણ તેઓ અત્યારના કરતાં સાવચેતીના વધારે આકરા ઉપાય ન લઇ શકયા હોત. ઈંગ્લંડનાં કેટલાંક રોજીંદા છાપાંઓમાં પ્રકટ થએલી અફવાઓ ઠેઠ વહાણસુધી આવતી કે નેપોલિયનને કેદ કરીને સેન્ટ હેલેનાના ઉજ્જડ, વેરાન ટાપુમાં જન્મકેદની સજા કરીને મોકલી દેવો કે તેને ફ્રાન્સના રાજા અઢારમા લૂઇને સોંપી દેવો કે જે તેના ઉપર લશ્કરી અદાલતમાં કેસ ચલાવીને તેને ગોળાથી મારી નંખાવે એ બેમાંથી કયો માર્ગ ગ્રહણ કરવો તે વિષે પ્રધાનો વિચાર ચલાવતા હતા. ડયૂક

ઑફ વેલિંગ્ટન, ઈંગ્લંડનો ગર્વિષ્ટ ઉમરાવ,જેણે પોતાના હૃદયમાં વગર કારણે પ્રજાસત્તાક રાજ્યના યશસ્વી રાજાપ્રત્યે અણુછાજતો વૈરભાવજ પોષ્યો હતો તેણે પોતાના પત્રોમાં લખ્યું હતું કે "ભયંકર અને ખૂની ઠરાવ ઉપરજ આવજો." * આખરે ડયૂક ઑફ સસેક્સની ખરા જીગરની અને દયાભાવથી પ્રેરાયલી દલીલો સાંભળ્યા પછી તરતજ અંત લાવનારી બંદુકની ગોળીથી નહિ મારતાં તેને ધીમે ધીમે રીબાવી રીબાવીનેજ મારવાનો ઈંગ્લંડની સરકારે નિશ્ચય કર્યો.

ટૉર્બે કરતાં પ્લીમથના બંદર ઉપર તો હોડીઓનો અતિશય જમાવ થયા લાગ્યો. આસપાસની ત્રીશ ત્રીશ માઇલની વસ્તી નેપોલિયનને જોવા માટે ત્યાં એકઠી થવા લાગી. તેની મોટાઇને બધા લોકો મનથી પૂજતા હતા અને તે પ્રજાનો પરમ શુભેચ્છક છે એ વાત તેઓ વગર કહ્યે આપોઆપ સમજી જતા હતા; તેથી તેઓ જોસભેર જયઘોષ ઉચ્ચારતા તેના વહાણને ઘેરી વળતા. ખુદ ફ્રાન્સમાં પણ તેને આના કરતાં વધારે સાચા દિલનું અભિવંદન નહિજ મળ્યું હોય. તેના આવ્યાના સમાચારથી આખું ઈંગ્લંડ ઘેલું બની ગયું. પ્રધાનોએ તેની નિંદા અને બદનક્ષી કરવામાં બાકી રાખી ન હતી, તોપણ લશ્કરમાંથી પાછા ફરેલા સિપાઇઓએ તેની દયા અને ઉદારતાની તથા ગરીબ અને જુલ્મથી દબાઇ ગએલી પ્રજાની વહારે ધાવાની તેની તત્પરતાને લગતી વાતો ઝુંપડે ઝુંપડે ફેલાવી હતી. તે પ્રજાનો નાયક હતો તેથી પ્રજાનો પ્રેમ તેના તરફ સ્વાભાવિકરીતે વળતો હતો. કોઈ કોઇવાર તો એક હજાર હોડીઓ તેના વહાણને ઘેરી વળતી. તેના વહાણથી ત્રણસો વારને અંતરે રહેવાનો સરકારી હુકમ હતો. કોઇ કોઈવાર આગળ ધસી જતા લોકોને રોકવા ગોળીબાર થઇ કેટલાકના જાન પણ ગયા તોપણ લોકોનો જમાવ કમી થતો નહિ. આખરે લોકોનો અતિશય, ઉત્સાહ જોઇને પ્રધાનોને ખરેખરી ધાસ્તીજ લાગી કે લોકો નેપોલિયનને બ્રિટિશ વહાણમાંથી અને બ્રિટિશ બંદર ઉપરથી જરૂર છોડાવીને લઇ જશે !

શહેનશાહ પોતે તો દૃઢ, વિચારમગ્ન અને શાંત હતો. તેના સોબતીઓ અંગ્રેજી વર્તમાન પત્રોની અફવાઓ સાંભળીને ઘણાજ ગભરાઇ ગયા હતા. આખરે જુલાઈની ત્રીસમી તારીખે સાંજે ઍડમિરલ કીથ અને ઇંગ્લંડનો ઉપમંત્રી તેની પાસે આવ્યા અને એક કાગળના કકડાપર લખેલું વગર સહીનું લખાણ જેમાં નીચેની કાયદા વિરુદ્ધ અને નીચ હકીકત હતી તે વાંચી બતાવ્યું:—

× "બ્રિટિશ સરકારે કરેલો ઠરાવ જનરલ બોનાપાર્ટને વગર વિલંબે જણા-

---

* ૧૮૧૫ ના જુલાઇ માસના "ટાઇમ્સ" પત્રના ૨૪ મી અને ૨૫ મીના અંકો જોતાં આ વાતની સાબિતી મળી આવે છે.

× ફ્રાન્સની ગાદી ઉપર અગીઆર વર્ષ સુધી બેસનાર ચક્રવર્તી નેપોલિયનને

વ્યાથી તેને પોતાને કદાચ સગવડભરેલું થઇ પડે માટે તેને વાકેફ કરજો કે અમારા દેશ તરફની અને અમારા મહારાજાના મિત્રરાજાઓપ્રત્યેની ફરજ વિચારતાં જનરલ બોનાપાર્ટ બીજીવાર યૂરોપની શાંતિનો ભંગ કરે એવાં સાધનો અમે તેની પાસે રહેવા દઇ શકતા નથી. આ હેતુ સિદ્ધ કરવા માટે તેની અંગત સ્વતંત્રતા ઉપર દબાણ કર્યા વગર અમને ચાલે તેમ નથી. તેના હવે પછીના રહેઠાણ માટે સેન્ટ હેલેનાનો ટાપુ પસંદ કરવામાં આવ્યો છે. તેનાં હવાપાણી સારાં છે અને તે એવી જગ્યાએ આવેલો છે કે બીજી જગ્યા કરતાં ત્યાં તેને વધારે છૂટછાટ આપી શકાય એમ છે; કારણ કે એ જ્યાં રહે ત્યાં તેને સાચવી રાખવાને સાવચેતીના ઉપાય લીધા વિના ચાલે એમજ નથી. ”

તેને સેન્ટ હેલેના પહોંચાડી આવવાનો સર જ્યોર્જ કોકબર્નને હુકમ થયો હતો. તેને સાફ કહેવામાં આવ્યું હતું કે નેપોાલયનને કદી પણ શહેનશાહ તરીકે ન ઓળખવો પણ જ્યારે જરૂર પડે ત્યારે જનરલ શબ્દજ તેના નામ આગળ લગાડવો. તેની પેટીઓ, કપડાં, નાણાં, દાગીના, હુંડીઓ જે કાંઇ તેની પાસે હોય તેની ઝડતી લઇને ઈંગ્લંડના પ્રધાનમંડળને એ તમામ ચીજો સોંપી દેવી અને તેઓ આ વસ્તુઓ વેચશે અને તેના વ્યાજમાંથી તેના કેદખાનાનો ખર્ચ વસુલ કરશે.

આ પ્રમાણે ઈંગ્લંડના ન્યાય અને કાયદાને લાત મારીને ઇંગ્લંડના પ્રધાનોએ એક અતિ પ્રસિદ્ધ અને માનનીય વિદેશીને વગર આરોપે, વગર તપાસે જન્મકેદની શિક્ષા કરી. આ કૃત્ય કેટલું ગેરકાયદે છે. તે પ્રધાનો સારી પેઠે જાણતા હોવાથી એ કાગળ ઉપર સહી કરવાની પણ તેમની હિંમત ચાલી ન હતી. નેપોલિયને આ અતિ નીચ લખાણ વંચાયું તે લેશમાત્ર પણ ઉશ્કેરાયા વગર ગંભીર શાંતિથી સાંભળ્યા કર્યું. તેણે પોતાની મનોવૃત્તિ ઉપર ભારે કાબુ મેળવ્યો હતો. કાગળ વંચાઇ રહ્યા પછી તેણે નમ્ર અને શાંત પરંતુ પોતાના દરજ્જાને છાજે એવા અવાજે કહ્યું:—

“ હું ઇંગ્લંડનો પરોણો છું; કેદી નથી. હું મારી ખુશીથી બ્રિટિશ કાયદાનું રક્ષણ લેવા આવ્યો છું. મારી બાબતમાં તમારી સરકારે તેમના પોતાના કાયદાનો, આંતરરાષ્ટ્રીય કાયદાનો અને પરોણાગતના નિયમનો ચોકખો ભંગ કર્યો છે. આ કૃત્ય કરવાના તેમના અધિકાર સામે હું વાંધો ઉઠાવું છું અને અંગ્રેજ પ્રજાની સ્વમાનવૃત્તિને સતેજ કરી હું તેની મદદ માગું છું. ”

અંગ્રેજ અમલદારો ગયા પછી નેપોલિયને અત્યંત સંતાપપૂર્વક બોલવા માંડયું:—

“ સેન્ટ હેલેનામાં દેશનિકાલ થવાનો વિચાર પણ કેટલો ભયંકર છે ? ઉષ્ણકટિબંધમાં આવેલા એક ટાપુમાં પૂરાઈ રહેવું, અને દુનિયાથી, સ્વજનથી સદાને

રાજા નહિ પણ સેનાપતિજ કહેવો એવો ઇંગ્લંડના પ્રધાનોનો આગ્રહ જોઈ હસવું આવ્યા વગર નથી રહેતું.

માટે અળગા થઈ જવું ! આ કરતા તો મને બુર્બોન રાજાને સોંપ્યો હોત તો સારૂં થાત. મને તેઓ જનરલ કહે છે! મને ધર્મગુરુ શા માટે નથી કહેતા ? મને લંડનના કિલ્લામાં કેદ રાખ્યો હોત તોપણ હું આટલો નારાજ ન થાત; પણ ગરમમાં ગરમ પ્રદેશમાં મને ધકેલી મૂકયો ! મારા જેવો માણસ ત્યાં કેમજ જીવી શકે ? ”

પણ થોડી વાર પછી તે શાંત થઈ ગયો. તેના મનમાંથી ક્રોધ અને સંતાપનો વંટોળીઓ શમી ગયો. તેણે કહ્યું, “ ઠીક, આપણે આપણા ચિત્તને કામમાં પરોવીશું. આપણી જીવનકથા લખીશું. માણસે તેના પ્રારબ્ધને ભોગવી લેવુંજ જોઈએ, તો હું મારૂં ભોગવી છૂટીશ. ” તરતજ તેણે હમેશની પ્રસન્નતાથી બધાની સાથે વાત કરવા માંડી.

એલેરોફોનના બધા અમલદારોને તે એટલો બધો પ્રિય થઇ પડયો હતો કે આ વાત સાંભળીને તેમની શરમ અને ક્રોધનો પાર ન રહ્યો. કેટલાક અંગ્રેજ ગૃહસ્થોએ તેને ઈંગ્લંડના કાયદાનું રક્ષણ અપાવવા માટે સ્વેચ્છાએ ખટપટ કરવા માંડી. લંડનના બે દૈનિક પત્રોએ ઉદારતાથી તેનો પક્ષ લીધો અને પ્રધાનોના કૃત્યની સખત ભાષામાં સમાલોચના કરી. પ્રજાના ક્રોધનો અવાજ વધારે ગંભીર બનતો ગયો. બંદર ઉપર હોડીઓની સંખ્યા એકદમ વધી પડી અને તેમના ઉપર ગોળીબાર થવા લાગ્યા. જ્યારે જ્યારે તે તૂતકપર આવતો ત્યારે જયઘોષથી દિશાઓ ગાજી ઉઠતી. આથી તેને પણ આશા ઉત્પન્ન થઈ કે લોકમતને વશ થઇને પ્રધાનોને પોતાનું પગલું કદાચ ફેરવવું પડશે.

તેને “ નોર્ધમ્બર્લેન્ડ ” નામના વહાણમાં બેસાડીને સેન્ટ હેલેના લઈ જવાનો હતો પણ તે વહાણ હજી લાંબી મુસાફરીને માટે તૈયાર ન હતું. દરમ્યાન તેની તરફેણમાં લોકમતનો અવાજ એવો પ્રબળ થઈ ગયો કે પ્રધાનોને ડર પેઠો. તેથી તેને જેમ બને તેમ જલદીથી ઈંગ્લંડના કિનારાથી દૂર લઈ જવો એવો હુકમ તેણે નાકાખાતાના અમલદારને મોકલાવી દીધો. આવા સંજોગોમાં નેપોલિયને એક અંગ્રેજ વકીલની સલાહ લઇ બ્રિટિશ સરકારના ઉપલા ઠરાવ સામે પોતાનો વાંધો દર્શાવ્યો. તેમાં તેણે જણાવ્યું હતું કે હું ઈંગ્લંડનો પરોણો છું. મારી રાજીખુશીથી હું તમારા દેશના કાયદાનું રક્ષણ લેવા આવ્યો છું; કારણ કે મને તમારી આબરૂ ઉપર વિશ્વાસ હતો. ઈંગ્લંડના વહાણમાં આવ્યો એટલે ઈંગ્લંડની પરોણાગત ઉપર મારો હક્ક છે. જો એલેરોફોનના નાખુદાને મને વહાણમાં બેસાડવાનો હુકમ આપીને ઈંગ્લંડની સરકારે મને કેદ પકડવાની બાજીજ રચી હોય તો તેણે પોતાનું નામ ડૂબાવ્યું છે, અને હવે તેમને સત્ય, ન્યાય અને સ્વતંત્રતાની મોટી મોટી વાતો કરવાનો કશોજ હક્ક રહેવાનો નથી. છેવટમાં તેણે લખાવ્યું કેઃ—

“ હું ઇતિહાસ પાસે ન્યાય માગું છું. ઇતિહાસ કહેશે કે ઈંગ્લંડનો શત્રુ કે જે

તેની સાથે વીશ વરસ સુધી લડ્યો હતો; તોપણ તે આફતના વખતમાં પોતાની રાજીખુશીથી તેના કાયદાનું રક્ષણ માગવા આવ્યો હતો. ઈંગ્લંડના ઉપર તેને કેટલો વિશ્વાસ હતો, ઇંગ્લંડને માટે તેને કેવો સદ્‌ભાવ હતો, તેને માટે આના કરતાં વધારે સબળ પૂરાવો કયો હોઇ શકે ? પણ આવી ઉદારતાનો જવાબ ઈંગ્લંડે કેવી રીતે આપ્યો ? તેણે આશ્રય આપવાનો ઢોંગ કર્યો અને તેણે વિશ્વાસ મૂકીને આશ્રય લીધો એટલે તેને પકડીને હતો ન હતો કરી નાખ્યો. ”

લંડનના વકીલોએ તેને પ્રધાનોના પંજામાંથી છોડાવીને બ્રિટિશ કાયદાના રક્ષણ નીચે મૂકવા માટે બે યુક્તિઓ રચી. એક તો હેબિયસ કોર્પસ કાયદા પ્રમાણે વારંટ કઢાવીને તેનો કબજો લેવો; અને બીજી યુક્તિ એ હતી કે ફ્રેન્ચ નૌકાસૈન્યની સ્થિતિ નક્કી કરવાને ચાલતી તપાસમાં તેને સાક્ષી તરીકે ઉભો રાખવા માટે એક વાર ઈંગ્લંડને કિનારે ઉતારવો. જ્યારે સમન્સ બજાવવાને બેલિફ ત્યાં આવ્યો ત્યારે ત્યાંથી લોર્ડ કીથ નાઠો અને તે ઉપરથી બેલિફ અને લૉર્ડ કીથ ખૂબ નાસો ગોસો રમ્યા. છેવટે લૉર્ડ કીથ નજ પકડાયો અને એ સમન્સની બજાવણી ન થઇ.

નેપોલિયનને કેદમાંથી અને રીબાવી રીબાવીને મારવાના મૃત્યુમાંથી બચાવવાને જ્યારે ઉપરાઉપરિ પ્રયત્નો થવા લાગ્યા ત્યારે પ્રધાનો ખરેખરા ગભરાયા. તેમણે કેપ્ટન મેટલેન્ડને એકદમ હુકમ કર્યો કે નેપોલિયનને સેન્ટ હેલેના લઇ જનારાં વહાણ આવી પહોંચતાં સુધી દરિયામાં ફર્યા કરો, પણ કિનારો છોડો. ઈંગ્લંડની પ્રજાને માટે એટલું શોભાસ્પદ છે કે કોઇ પણ બંદર આગળ તે વહાણને નહિ લઇ જવાનો કેપ્ટન મેટલેન્ડને હુકમ કરવો પડ્યો.

આગસ્ટની ૭ મી તારીખે નોર્ધમ્બરલેન્ડ તથા તેની સાથે આવનારાં બીજાં બે વહાણ આવી પહોંચ્યાં. ઍડમિરલ કીથ પોતાને માથે આવી પડેલું નીચ કૃત્ય કરતાં શરમાયો. તે પૂરેપૂરો વિવેકી સજ્જન હતો. શહેનશાહનું અનેકરીતે અપમાન થયું હતું તેથી તેને ઘણું લાગી આવતું હતું. શરમથી તેના મોંપર શેરડા પડતા હતા અને જીભ થડકાતી હતી. તેણે કહ્યું કે મારે આપનો સરસામાન તપાસવો પડશે અને નાણું અથવા વેચી શકાય એવી જેટલી ચીજો હશે તે મારે લઇ લેવી પડશે; પણ હું આપને એટલી ખાત્રી આપું છું કે ઈંગ્લંડની સરકાર જનરલ બોનાપાર્ટને લૂંટવા માગતી નથી, પણ કેદખાનામાંથી નાસી જવામાં એ નાણું ખરચી ન નાખે તેટલા માટે જાળવી રાખવા માગે છે. વળી ઈંગ્લંડની સરકારે કહેવડાવ્યું છે કે “ જનરલ બોનાપાર્ટ મરતી વખતે વસિયતનામું કરી જાય તે પ્રમાણે તેની મિલકતની વ્યવસ્થા કરવામાં આવશે. ” શહેનશાહ તથા તેના સોબતીઓને તેમની તરવારો આપી દેવાનો હુકમ થયો. જનરલ બોનાપાર્ટને કહેવામાં આવ્યું કે જો તમે નાસી જવાનો પ્રયત્ન કરશો તો સખત જાપ્તા સાથે કેદ કરવામાં આવશે.

તેની એકેએક પેટી ખોલી નાખી અને બરાબર ઝડતી લીધી. એક લાખ ફ્રાન્ક પેટીઓમાંથી નીકળ્યા. નેપોલિયનના ગજવામાં હાથ નાખવાની લૉર્ડ કીથની હિંમત ન ચાલી; તેથી ચાળીશ લાખ ફ્રાન્કના હીરા અને હુંડીઓ બચી ગઇ. એક હીરાનો હાર જે તેને જતી વખતે હૉર્ટેન્સે પરાણે પરાણે વળગાડયો હતો તે તો તેણે અગાઉથીજ સંતાડી દીધો હતો; એટલે તે પણ બચી ગયો. તે બારી આગળ શાંત ઉદાસીન ભાવે ઉભો હતો. ત્યાં લૉર્ડ કીથે બીતાં બીતાં આવીને કહ્યું, "ઈંગ્લંડ તમારી તલવાર માગે છે !"

આ વિચિત્ર માગણી સાંભળીને નેપોલિયનની વિચારમાળા તૂટી અને તે જાગી ઉઠયો. જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તલવારની મૂઠ ઉપર હાથ મૂકીને તેણે લૉર્ડ કીથની સામે એવી બળતા અંગારા જેવી નજર નાખી કે જેની સામે ભાગ્યેજ કોઇ સામે મોઢે ઉભો રહી શકે. લૉર્ડ કીથ ડઘાઇ ગયો. પોતાની સામે ઉભેલા કમનસીબ પણ પ્રૌઢ પુરુષના હૃદયમાં એક વધારે જખમ કરવા તેના અંતરાત્માએ રજા ન આપી. તે નીચો નમ્યો અને એક શબ્દ બોલ્યા વિના ચાલ્યો ગયો. તેના સેક્રેટરીએ પૂછયું કે નેપોલિયનની તલવાર લેવાની પ્રધાનોની આજ્ઞા હતી ને ? લૉર્ડ કીથે તેના તરફ ક્રોધથી ફરીને કહ્યું, "તું તારૂં કામ કર્યા કર."

પછી તેણે કેપ્ટન મેટલેન્ડને બોલાવ્યો અને કહ્યું કે તમારા વહાણમાં મને જે પ્રેમપૂર્ણ સત્કાર મળ્યો છે તેને માટે હું તમારો અને તમારા વહાણમાંના સર્વનો આભાર માનું છું. હું ધારતો હતો તેના કરતાં મને ઈંગ્લંડે ઉલટોજ આવકાર આપ્યો છે; પરંતુ કોઈ પણ રાજયતંત્રના વર્તન ઉપરથી પ્રજાના ગુણદોષની તુલના નજ કરાય એ હું જાણું છું.

ત્યાર પછી તેના જે સોબતીઓને તેની સાથે આવવાની રજા ન હતી તેમની તેણે વિદાય લીધી. તેઓ પોકેપોક મૂકી રડવા લાગ્યા. તેઓથી ફ્રાન્સ તો જવાય એમ હતુંજ નહિ. દેશમાં તેમની માલમિલ્કત જપ્ત થઇ ગઇ હતી, અને હવે તેમને બાકીની જિંદગી પરદેશમાં રવડી રઝળીને પૂરી કરવાની હતી. બેલેરોફોનના અમલદારો તથા ખલાસીઓએ તેને જતી વખતે માન આપ્યું. તેણે પણ પ્રથમ અમલદારોને માટે અને પછી ખલાસીઓને માટે ટોપી ઉતારી સૌનો એકવાર ફરીથી આભાર માન્યા પછી તે નોર્ધમ્બર્લેન્ડ વહાણ ઉપર ચડયો તે વખતે ત્યાં ગંભીર શાંતિ વ્યાપી ગઇ. ત્યાં પણ તેને માન આપવામાં આવ્યું. આસપાસના માણસોને થોડા અતિ વિવેકભર્યા શબ્દો કહીને તે પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

જે મહાપુરુષે યૂરોપના મોટા ભાગ ઉપર રાજ્ય કર્યું, જેણે કેટલાયને રાજા બનાવ્યા, અને જેની રાજા તરીકેની પદવી ઈંગ્લંડ સિવાય યૂરોપનાં તમામ રાજ્યોએ સ્વીકારી હતી તેને રાજા નહિજ કહેવો, એ વાતને ઈંગ્લંડના પ્રધાનો એટલી બધી

અગત્યની માનતા કે તે જોઇને હસવું આવ્યા વગર નથી રહેતું. નેપોલિયન તો એવી ક્ષુદ્રતાની પરવા પણ કરતો ન હતો. તે પોતે તો કર્નલ ડૂરો અથવા મૂઇરોન એવું તખલ્લુસ ધારણ કરવા ઇચ્છતો હતો.

એક ઉદાર કાર્ય કરીને પોતાના ઇતિહાસની શોભા વધારવાની ઈંગ્લંડે એક સુંદરમાં સુંદર તક આ પ્રમાણે ગુમાવી. તેને માટે જેટલો શોક કરીએ તેટલો ઓછો છે. જો નેપોલિયનની પ્રાર્થનાનો ઈંગ્લંડે ઉદાર ઉત્તર વાળ્યો હોત તો ઈંગ્લંડની સરકારે અત્યારસુધી કરેલા અન્યાય ભૂલાઇ જાત; પણ હવે તો જેનામાં ન્યાય અને સ્વમાનની લાગણી મરી ન ગઇ હોય એવો ઈંગ્લંડનો એક પણ શુભેચ્છક નથી કે જે નેપોલિયન અથવા સેંટ હેલેનાનું નામ બોલતાં શરમથી ડઘાઇ ગયા વગર રહે.

બે વહાણ અને સાત લડાયક મછવા જે બધાં લશ્કરથી ભરેલાં હતાં તેમનો કાફલો એકજ માણસને સાચવતો સેન્ટહેલેના તરફ ચાલ્યો. તેનું ચારિત્ર્ય કેવું ભવ્ય હતું અને યૂરોપની પ્રજાનાં દિલ ઉપર તેણે કેવો કાબુ મેળવ્યો હતો તેને માટે આના કરતાં બીજો વધારે મજબૂત પૂરાવો શો હોઇ શકે ? ફ્રાન્સથી બે હજાર માઇલ દૂર આવેલા એકાંત ટાપુમાં તેને મોકલી દેવાની જરૂર પડે, તેના એકાંત ઝુંપડાની આસપાસ કાયમ લશ્કર બેસાડી રાખવું પડે, અને તે ટાપુની આસપાસ લડાયક વહાણો પ્રદક્ષિણા કરતાંજ રહે એ શું બતાવે છે કે તે એકલો આખા યૂરોપને ડરાવવા સમર્થ હતો.

એક બાજુએ જ્યારે ઉપલા બનાવો બનતા હતા ત્યારે બ્લૂચર અને વેલિંગ્ટનનાં સૈન્ય પારિસ તરફ જોસભેર ચાલ્યાં આવતાં હતાં. જંગલી બ્લૂચર તો રસ્તે જેટલાં ગામ આવે તેટલાં લૂંટતો અને બાળતો. પોતાના શહેનશાહના જવાથી ફ્રેન્ચ સિપાઇઓ નાહિંમત બની ગયા અને કામચલાઉ રાજ્યતંત્રને માટે લડવા રાજી પણ ન હતા. તેથી થોડી નિરાશાભરેલી લડાઇઓ જીત્યા પછી શત્રુઓ પારિસમાં પેઠા. ફ્રાન્સ નિસ્તેજ બની ગયું.

મિત્રરાજાઓ પણ તેમનાં અગણ્ય દળસહિત પારિસમાં આવી પહોંચ્યા. બિચારા ફ્રાન્સને તેમણે કકડે કકડા કરીને વહેંચી લીધું. તેના મજબૂત કિલ્લા ઝુંટવી લીધા. તેનાં સુંદરમાં સુંદર ચિત્રો અને કળાના નાદર નમુનાઓ છીનવી લીધા. તેની સ્વતંત્રા હરી લેવા માટે મિત્રરાજાઓને થએલા ખર્ચના વળતર પેટે ૧, ૫૩૭,૫૦૦, ૦૦૦ ફ્રાન્કનો તેના પાસેથી દંડ લીધો. ફ્રાન્સના લોકોનેજ ખર્ચે દેશને તાબે રાખવા માટે ત્રણથી પાંચ વર્ષસુધી દોઢલાખ સિપાઇઓનું મિત્રરાજાઓનું લશ્કર ફ્રાન્સના કિલ્લામાં રહ્યું. આટલાથીજ જાણે ફ્રાન્સની અપકીર્તિનો પ્યાલો ન ભરાયો હોય તેમ દાઝયા ઉપર ડામ દેવા માટે આખા રશિયન સૈન્યને એક મોટા મેદાનમાં ઉભું કરવામાં આવ્યું. એક તોપનો ધડાકો થતાંજ આખા લશ્કરે એકકે અવાજે ત્રણ હર્ષના પોકાર

કર્યા. આ ભયાનક ગર્જના જેમણે સાંભળી તેઓ જિંદગીમાં કદિ ભૂલ્યા નથી. પરાધીન બનેલી પ્રજાને તેમાં મોતનાં નગારાંનો અવાજ સંભળાતો હતો. એમાં આપખુદીપણાની કારમી ચીસના ભણકાર હતા. ત્યારેજ બુર્બોન રાજાઓના મળતીઆઓ સિવાય બીજા બધાને સમજાયું કે નેપોલિયનને ટેકો આપ્યો હોત અને તેની ડહાપણભરેલી સલાહ માની હોત તો ફ્રાન્સ જરૂર બચત. તેમને ઘણોએ પશ્ચાત્તાપ થયો. હવે તેમને સમજાયું કે આસપાસ બળવાન શત્રુરાજ્યોની સામે ટકી શકે એવું કોઇ પણ રાજ્યતંત્ર હોય તો તે નેપોલિયનનુંજ હતું; પણ હવે પશ્ચાત્તાપ નકામો હતો. તે બિચારો કેદી બનીને નિર્દય કેદખાનામાં રિબાઈ રિબાઇને મરવા માટે નિર્ણીત કરેલા કારાગાર તરફ જતો હતો. ફ્રાન્સ ઘવાઇ ઘવાઇને નિર્બળ બની ગયું હતું, હાથે પગે બંધાઈ ગયું હતું. તેથી તેનાથી ચેં કે ચું કરી શકાય એમ ન હતું.

પારિસ શરણે થયું તે વખતે ચોકખી સરત કરવામાં આવી હતી કે “ કોઈ પણ માણસને તેના રાજનૈતિક અભિપ્રાયને માટે અથવા * સો દિવસ દરમ્યાન ચલાવેલી વર્તણુકને માટે કોઇને પણ સતાવવામાં આવશે નહિ.” વેલિંગ્ટન અને બ્લૂચરે આ કરારનામા ઉપર સહી કરી હતી અને તેમના રાજાઓએ એ કરાર મંજૂર રાખ્યા હતા; તોપણ તેને “ કાગળનાં ચીથરાં ” ગણીને ૫૮ માણસોને દેશનિકાલ કર્યા અને ત્રણને મોતની શિક્ષા કરવામાં આવી. આ ત્રણમાં માર્શલ ને પણ આવી ગયો હતો. તેનો અપરાધ એટલોજ કે કોઈ પણ ઉદાર પ્રકૃતિના માણસના મનમાં ઉપડી આવે એવી પ્રબળ લાલચને વશ થઇને તે પોતાના હૃદયના માલીકની સેવામાં હાજર થયો હતો ! લૂઇની જગ્યાએ નેપોલિયન હોત તો આવા અપરાધ જરૂર માફ કરત. વીર શિરોમણિ ને જે ફ્રાન્સને માટે સેંકડો લડાઇઓ લડયો હતો અને તેની વિરુદ્ધ એક પણ લડયો ન હતો તેને દેશદ્રોહી ગણીને કૂતરાને મોતે મારી નાખવાનો હુકમ કરવામાં આવ્યો ! નાસ્તિકતાના જમાનામાં પણ તે સાચો ખ્રિસ્તી હતો. મરતી વખતે તેણે ધર્મવિધિ પ્રમાણે બાઇબલ અને ઇસુનું શરણ લીધું અને પોતાને ગોળીથી મારનાર સિપાઇઓની સામે ટટાર ઉભો રહ્યો. એક પળવાર તેણે પોતાની તીક્ષ્ણ નજર ચળકતી બંદુકો ઉપર સ્થિર કરી કહ્યું, “ મારા સોબતીઓ ! તમારી ગોળીઓ આવવા દો. ” તેની છાતીમાં દશ ગોળીઓ વાગતાં તે તત્કાળ મરણ પામ્યો. એના કરતાં શૌર્યમાં, દયાળુપણામાં અને સ્વદેશ ભક્તિમાં ચઢી જાય એવો માણસ ભાગ્યેજ કોઇ હશે. તેની સ્ત્રીએ ઘૂંટણીએ પડીને લૂઇના કાલાવાલા કર્યા પણ તેનું

---

* નેપોલિયને એલ્બાથી આવી રાજ્યનાં સૂત્ર પોતાના હાથમાં લીધાં અને તેનો બીજીવાર પરાજય થયો એની વચ્ચેના સમયને “ સો દિવસ ” કહે છે.

દિલ ન પીગળ્યું. પતિના મૃત્યુના સમાચાર મળતા તેને મૂર્છા આવી ગઇ અને થોડાજ દિવસમાં ઝુરી ઝુરીને તે પોતાના વહાલાની પાછળ ચાલી ગઇ.

ઈંગ્લંડની પ્રજાની પ્રતિષ્ઠા આવી રીતે હલકી કરવામાં અપરાધમાટે વેલિંગ્ટનને માફી નજ આપી શકાય. માર્શલ નેને મિત્રરાજાઓ ભલે અપરાધી ગણે, પણ જે કરાર ઉપર વેલિંગ્ટને પોતે સહી કરી હતી તે કરાર પ્રમાણે ને બચી જતો હતો. બ્લૂચર જેવા માણસ પાસેથી તો જંગલીપણા સિવાય બીજાની આશાજ ન રાખી શકાય એટલે બધો દોષ ઈંગ્લંડના ગર્વિષ્ઠ ઉમરાવ વેલિંગ્ટનને માથેજ આવે છે.

प्रकरण ६९ मुं-सेन्ट हेलेना

સને ૧૮૧૫ ના ઑગસ્ટની ૯ મી તારીખે નેપોલિયનને લઇને નોર્ધમ્બર્લેન્ડ તથા તેની સાથે આવનારાં વહાણોનો કાફલો સેન્ટ હેલેના માટે ઉપડયો. નેપોલિયન પોતાની વહાલી જન્મભૂમિનું છેલ્લું દર્શન કરી લેવાને તુતક ઉપરજ ઉભો રહ્યો હતો. આખરે એકાએક વાદળું વિખરાઈ જતાં ફ્રાન્સનો કિનારો નજરે પડયો. તેણે જે ભૂમિ ઉપર દીર્ઘ સમયસુધી યશસ્વીપણે રાજ્ય કર્યું હતું તેના તરફ થોડીવાર સુધી શાંતિપૂર્વક જોયાં કર્યું; પછી ફ્રાન્સની ટેકરીઓને ટોપી ઉતારી નમન કરતાં ઉંડી લાગણીસહિત કહ્યું, **"વીરપુરુષોની જન્મભૂમિ! હું તને વંદન કરૂં છું! ફ્રાન્સ! મારી છેલ્લી સલામ સ્વીકારજે."**

આની સઘળા માણસો ઉપર વીજળીના જેવી અસર થઇ. અંગ્રેજ અમલદારોએ પણ આ સ્વાભાવિક અને ભવ્ય વંદન જોઇને આપોઆપ ટોપીઓ ઉતારી દીધી અને પોતાના મહાનુભાવ બન્દીવાનના પવિત્ર શોક તરફ ઉંડી માનની લાગણી દર્શાવી.

શહેનશાહે અદ્‌ભુત ધૈર્યવડે પોતાની ચિત્તવૃત્તિને નવા સંયોગોને અનુકૂળ કરી લીધી અને તેની બુદ્ધિની સૌના ઉપર એવી જાદુઇ અસર થઇ ગઇ કે તેના તરફ સૌના સન્માન અને પૂજ્યભાવમાં દરરોજ વધારોજ થતો ગયો. તે ચાર વાગ્યાસુધી વાંચવામાં રોકાઇ રહેતો; અને પછી થોડો વખત બહાર આવીને ગમ્મતને માટે શેત્રંજ રમી લેતો. પાંચ વાગે તેને જમવાનું તેડું આવતું. તે અત્યંત સાદો ખોરાક લેતો અને કોઇપણ પદાર્થને વખાણતો પણ નહિ તેમ વખોડતો પણ નહિ. તે ઉઠતો એટલે સૌ ઉભા થતા અને તેના જતાં સુધી ઉભા રહેતા. આ ઉદાર અંગ્રેજ અમલદારો જગતના આ સર્વશ્રેષ્ઠ પુરુષને પોતાના ઉપર પડેલી અપૂર્વ વિપત્તિ આમ ચિત્તની પ્રસન્નતાપૂર્વક સહન કરતો જોઈને સ્વાભાવિકરીતે નમી પડતા.

એક દિવસ તેણે જોયું કે તે વહાણનો એક ઉતરતી પંક્તિનો અમલદાર જેના ઉપર વહાણની સલામતીનો આધાર હતો તેને નૌકાધિપતિ તથા બીજા અમલદારો

પોતાની સાથે જમાડતા નહિ; કેમકે તેનો દરજ્જો તેમના જેટલો ઉંચો ન હતો. તેને નેપોલિયને કહ્યું કાલે મારી સાથે જમવા આવજો. તેણે જવાબ દીધો કે મને નૌકાધિપતિ અને બીજા અમલદારો પોતાની જોડે નહિ બેસાડે. નેપોલિયન કહે "તે ન બેસવા દે તો ઘેર ગયા. મારા ઓરડામાં જમવા આવજો. આ કામ નેપોલિયનને માટે તો રોજનું અને સાધારણ હતું; પણ રિવાજ અને મિથ્યાભિમાનને પોષનારા નિયમોથી જકડાઇ ગએલા અંગ્રેજોને માટે તો એ શહેનશાહ સાધારણ માણસ જોડે જમવા બેસે એ નવાઇ જેવુંજ હતું ! એ વાત આખા વહાણમાં ફેલાઈ ગઈ અને તેનાથી શહેનશાહ અને ખલાસીઓ વચ્ચે ઐક્યની સાંકળ ગુંથાઇ. સેન્ટ હેલેનામાં તેના કેદખાનાની આસપાસ પહેરો ભરનારા અંગ્રેજ સિપાઈઓ અને ખલાસીઓ, ફ્રેન્ચ સિપાઇઓ અને ખલાસીઓની માફકજ તેને ચાહવા લાગ્યા હતા.

સાંજને પહોર તે તુતકપર ફરતો અને એક તોપ, જે પાછળથી શહેનશાહની તોપ કહેવાતી, તેના પર બેસીને ખૂબ રસભેર વાતચીત કરતો. લા કાસાસ આ વાતોની રોજ નોંધ રાખતો. તેને આ વાતની ખબર પડી એટલે તે નોંધ મંગાવીને વાંચતો અને પછી પોતાની લડાઇઓનો ઇતિહાસ લખાવતો.

અકટોબર માસની પંદરમી તારીખે સેન્ટ હેલેનાના વેરાન ઉંચા ખડકો દૃષ્ટિએ પડયા. એક મોટા કોતરની બાજુમાં કંગાલ વસ્તીવાળું ગામ દેખાતું હતું. ટેકરીની ધારે ધારે તોપો ગોઠવેલી હતી. તેના સમુદ્રકિનારા ઉપર ખડકની ઉભી દિવાલ બની ગઇ હતી. ફક્ત ત્રણ જગ્યાએજ વહાણથી જઇ શકાય એમ હતું. તેનાં હવાપાણી ઘણાંજ ખરાબ હોવાથી યકૃતનો રોગ અને મરડો એ તો ત્યાંને માટે ઘણા સાધારણ વ્યાધિ હતા. ત્યાંનો કોઈ પણ વતની કે વિદેશી ત્યાં રહીને પચાસ વર્ષની ઉમ્મરે પહોંચ્યો હોય એવો એક પણ દાખલો નથી.

૧૬ મી અકટોબરે સાંજે નેપોલિયને વહાણમાંથી નૌકાધિપતિનો તથા ખલાસીઓનો આભાર માનીને કિનારા ઉપર પગ મૂકયો. જે આંખોમાંથી ભાગ્યેજ આંસુ વહેતાં તે પણ અત્યારે અશ્રુભીની બની ગઇ હતી. નેપોલિયન જાણે પોતાની કબરમાં દટાવાનેજ જતો હોય તેમ તે વખતે અતિગંભીર શાંતિ અને ગમગીની વ્યાપી રહી હતી. ગામનું નામ જેમ્સ ટાઉન હતું. તેના ટીંબાટેકરાવાળા રસ્તાપર થઇને તે પગે ચાલીને પોતાના મુકામે જવા નીકળ્યો. ત્યારે સૂર્ય આથમી ગયો હતો. ઈંગ્લંડની સરકારે પોતાના રાજવંશી કેદીને માટે એક નાનું રાચરચીલા વગરનું ઝુંપડું ખાલી કરાવી રાખ્યું હતું. ત્યાં તેના સોબતીઓએ તેનો મુસાફરીનો લોખંડનો ખાટલો પહોળો કર્યો અને તેના ઉપર એક ગોદડું પાથર્યું. વહાણમાંથી સાથે આણેલી થોડી ચીજો ગોઠવીને તેમણે એ ઝુંપડાને રહેઠાણનો કાંઇક દેખાવ આપ્યો. ઝુંપડાની આસપાસ સંગીનોવાળા સંત્રીઓ ચોકી કરવા ઉભા હતા. યૂરોપના તમામ આપખુદ રાજાઓના સંયુક્ત બળને પણ નહિ



નેપોલિયન સેન્ટહેલીનામાં કેદ

પત કરનાર મહાપુરુષનાં દર્શન કરવા આખું ગામ ત્યાં ભેગું થઈ ગયું. નેપોલિયન થોડીવાર શાંત અને શોકાતુરભાવે બેસી રહ્યા પછી દીવો હોલવીને આવી સ્થિતિમાં જેવો આરામ લઇ શકાય તેવો લેવા માટે બિછાના ઉપર સૂઇ ગયો.

આ ઉજજડ અને ખડકાળ ટાપુ ઉપર જેમ્સ ટાઉનથી ત્રણ માઇલને છેટે સમુદ્રની સપાટીથી ૧૫૦૦ ફુટ ઉંચે ખડક અને ટેકરાઓની વચમાં, જ્યાં બાવળનાં કંગાલ, દુર્બળ ઝાડવાં સિવાય બીજું કાંઇ ઉગતું જ નહિ ત્યાં એક પડું પડું થઇ ગએલું ઝુંપડું હતું. અસલ તેનો ઢોર બાંધવાના કામમાં ઉપયોગ થતો હતો. પાછળથી તેમાં થોડો સુધારો કરીને ગરમીના વખતમાં ત્યાં કોઇ પડી રહેવા આવતા. આ મકાન નેપોલિયનને રહેવા માટે નિર્ણીત થયું હતું.

બીજે દહાડે નેપોલિયન તે જગ્યા, જે હાલ તેનું કેદખાનું અને પછીથી તેની કબર થવાની હતી, તે જોવા ગયો. તેના બૂરા હાલ કરવા માટે શત્રુઓએ કરી રાખેલી ગોઠવણ જોઇ તેના હૃદયપર ભારે આઘાત થયો; પણ પોતાના મનનો ઉદ્વેગ મોટા માણસને છાજે તેવી શાંતિથી તેણે દબાવી રાખ્યો. આ મકાન એકાદ બે મહિનામાં દુરસ્ત થઇ જાય એમ હતું. તેટલો વખત તેણે એક ભલા અંગ્રેજ ગૃહસ્થના મેમાન થવાનું કબૂલ કર્યું. તેનું ઘર તો નાનું હતું પણ તેની વાડીમાં એક નાની બંગલી હતી. તેમાં તેણે પોતાનો મુકામ કર્યો. અહિંજ તે જમતો, સૂતો અને લાકાસાસને પોતાનો ઇતિહાસ લખાવતો. અહિં પણ સંત્રીનો પેરો તો હતોજ. લાકાસાસ તેની સ્થિતિનું નીચે પ્રમાણે ચિત્ર આંકે છેઃ—

“શહેનશાહ નેપોલિયન જે થોડાજ વખત અગાઉ અમર્યાદિત સત્તા ભોગવતો હતો, અને રાજ્યોનાં રાજ્યોની લહાણી કરતો હતો તે આજે એક વેરાન ખડકની ટોચપર આવેલા સાંકડા ગોઝારા મકાનમાં પડયો છે. નથી તેના ઓરડામાં બેસવા ઉઠવાનાં સાધન અને નથી ત્યાં આરોગ્ય સચવાય તેવી સગવડો. એકના એક ઓરડામાં તે વાંચે છે, બેસે છે, કપડાં બદલે છે, જમે છે અને રાત્રે સૂઇ રહે છે. કચરો વાળવા નોકર આવે છે ત્યારે બિચારો બહાર જઇને ઉભો રહે છે. તેને ખોરાકમાં પણ હલકા માણસો ખાય એવી વસ્તુઓ અપાય છે અને તે પણ જાણે તે જેલમાં પૂરેલો ગુન્હેગાર હોય તેમ દૂરથી લાવવામાં આવે છે. તેને જિંદગીની જરૂરીઆતો પણ પૂરી પાડવામાં નથી આવી. પાણી, કાફી, માખણ, તેલ તથા એવી બીજી ચીજો કાં તો મળતીજ નથી અને મળે છે તો મોઢામાં પેસે એવી નથી હોતી. તેની તબીયતને માટે નહાવાના ઓરડાની ખાસ જરૂર છે પણ તેની સગવડ નથી, અને ઘોડે બેસીને કસરત કરવાની તો વાતજ શી?”

“તેના સોબતીઓ અને નોકરોને તેનાથી બે માઇલ દૂર રાખ્યા છે. તેમને મળવા આવવું હોય તોપણ જોડે સિપાઇ તો ખરોજ. ઠરાવેલા વખતથી તેમને પાછાં

આવતાં મોડું થાય તો આખી રાત તેમને ચોકીમાં પૂરાઈ રહેવું પડે છે. પહેરેગીરની હાકના જવાબમાં જે શબ્દ કહેવો જોઇએ તેમાં જો ભૂલચૂક થાય, અને એવી ભૂલ તો ઘણી વાર થતી, તોપણ એજ વલે.”

એક દિવસ બધા તેની આસપાસ એકઠા થયા અને પોતપોતાના વીતકની કથા કહેવા લાગ્યા. નેપોલિયન અત્યારસુધી પોતાના ઉપર ગુજરતું દુઃખ અને અપમાન મૂંગે મોઢે સહન કરી રહ્યો હતો; પણ પોતાના સોબતીઓની વિટંબણાઓની વાત સાંભળી તેનું લોહી ઉકળી આવ્યું. બ્રિટિશ પ્રધાનોને આપવા માટે તેણે એક લાંબો ખરડો તૈયાર કરાવ્યો અને નૌકાધિપતિ કૉકબર્નના હાથમાં આપ્યો. તેમાં તેણે પોતાના ઉપર ગુજરતી સઘળી વિટંબણાઓનું બ્યાન કર્યું. તેણે જણાવ્યું કે હું ઈંગ્લંડની ન્યાયબુદ્ધિ ઉપર વિશ્વાસ મૂકીને રશિયા કે આસ્ટ્રિયાને શરણે ન જતાં ઈંગ્લંડનો આશ્રય લેવા આવ્યો હતો. જો તમે મને તમારો કેદી સમજતા હો તોપણ સુધરેલા દેશોએ લડાઇના કેદીઓ તરફ કેમ વર્તવું તેના કાયદા ઘડાયા છે, તેમાંનો એકે તમે પાળ્યો નથી અને લડાઇ પૂરી થયા પછી તો મને કેદ કરી રાખવાનો તમને અધિકારજ નથી. આના કરતાં તો જંગલી પ્રજાઓ પોતાના કેદીઓને મારી નાખે છે તેમ મને મારી નાખ્યો હોત તો મારા તરફ વધારે ન્યાય અને દયા બતાવ્યાં કહેવાત; એવા મૃત્યુને આવી નિર્દય કેદને મુકાબલે હું આશીર્વાદરૂપ માનત. ખ્રિસ્તી ધર્મની પહેલી આજ્ઞા એ છે કે ભારેમાં ભારે દુઃખ પડે તે સહન કરવું પણ પોતાના દુઃખી જીવનને પોતાને હાથે પળવાર પણ ટુકું ન કરવું. આ સિદ્ધાંત પ્રમાણે હું વર્ત્યો છું એમ હું ગર્વ સાથે જાહેર કરૂં છું; પણ જો બ્રિટિશ પ્રધાનો મારા તરફ આવો અન્યાય અને જુલમ ચાલુ રાખશે તો પછી તેઓ મને મારી નાખે એમાંજ મારે સુખ માનવું પડશે.

એમ કરતાં અકટોબર માસની આખર આવી. તેમના ઉપરના ઉપદ્રવોમાં અજાયબ રીતે વધારો થવા લાગ્યો હતો. દરરોજ તેમને માટે નવા નવા નિયમો ઘડાતા અને નવી નવી આજ્ઞાઓ નીકળતી. અંગ્રેજ અમલદારોના મનમાં એકજ ભૂત ભરાઇ ગયું હતું કે રખેને નેપોલિયન નાસી જાય ! તેના મકાનની આસપાસ સંત્રીઓનો પહેરો હતો. આખા ટાપુની આસપાસ લડાયક વહાણોનો કાફલો ઘૂમતો હતો અને તે ટાપુ પણ પાસેમાં પાસેના દેશથી એક હજાર માઇલ દૂર હતો. છતાં યૂરોપના રાજાઓને આ એકલા, નિઃસહાય, નિઃશસ્ત્ર કેદીનો હમેશ ડર રહેતો. એજ તેના ચારિત્ર્યની અપૂર્વ ભવ્યતાનો પૂરાવો છે. તેઓ સારી પેઠે જાણતા હતા કે તમામ રાજ્યોની જુલમથી સંતપ્ત થએલી પ્રજા તેના એક શબ્દથી હર્ષોન્મત્ત બની જશે.

કસરત અને ખુલ્લી હવા વગર તેની તબીયત બગડતી હતી; પણ નિયમ એવો હતો કે તે ફરવા નીકળે ત્યારે તેની સાથે એક અંગ્રેજ અમલદાર હોવોજ જોઇએ.

આથી કંટાળીને તેણે ફરવા જવાનું માંડી વાળ્યું હતું. તે કહેતો કે જે કરવું તે ગણત્રી અને તુલના કરીને કરવું. જો ખુલ્લી હવા અને કસરતના આનંદ કરતાં મારા પહેરેગીરની હાજરીથી મારા જીવને વધારે સંતાપ થતો હોય તો એ આનંદ જતો કરવો. લા કાસાસે અંગ્રેજ અમલદારને ઘણાજ વિવેકથી આ હરકત સમજાવી. તેને પણ દયા આવી. તેણે કહ્યું કે હું મારા પોતાના જોખમે એમને ફરવા જવા દઉં પણ એવી ગેરવાજબી મહેરબાનીનો લાભ લેવા નેપોલિયને ના પાડી, અને ઘોડા પાછા મોકલાવ્યા.

નવેંબરની ૧૦ મી તારીખે તે લા કાસાસ સાથે પગે ચાલીને ફરતો હતો. જે અંગ્રેજ ગૃહસ્થે તેને પોતાના ઘરમાં રાખ્યો હતો તેની સ્ત્રી તથા એક અંગ્રેજ બાઇ જે મુંબઇથી વિલાયત જતાં ત્યાં ઉતરી હતી તેમની સાથે તે વાત કરતો હતો. એવામાં પુષ્કળ ભારે બોજો ઉંચકીને ઉંચા ઢોળપર અત્યંત મુસ્કેલીથી ચડતા કેટલાક ગુલામો આવતા દેખાયા. પેલી અંગ્રેજ સ્ત્રીએ તેમને ચીડવાઈને વેગળા રહેવા કહ્યું, પણ નેપોલિયન તેમને રસ્તો આપવા એક બાજુએ ખસી ગયો અને બોલ્યો, “તેમના માથા ઉપરના બોજાને માન આપો.” મુંબઇથી આવેલી સ્ત્રી જેણે એમજ સાંભળ્યું હતું કે નેપોલિયન દૈત્ય જેવો છે તે તો આ બનાવ જોઇને ચકિતજ થઇ ગઇ. તેણે પોતાની બહેનપણીને ધીમે અવાજે કહ્યું, “કેવો એનો ચહેરો અને એનો ઉમદા સ્વભાવ! મેં ધાર્યું હતું તે કરતાં તો બધું જૂદુંજ નીકળ્યું!”

નવેંબરની ૨૫ મી તારીખની નોંધમાં લા કાસાસ લખે છે કે “શહેનશાહની તબીયત છેક લથડી ગઇ છે. કેટલાક દિવસ થયાં તો ચાલુ મંદવાડ ભોગવે છે અને કેદી તરીકેની તેની એકસરખી રસહીન જિંદગીની તેના શરીર ઉપર માઠી અસર થવા લાગી છે. લોકો માને છે તેવું તેનું શરીર કાંઈ બહુ મજબૂત નથી. શરદીની અસર તો તેને હમેશ રહ્યાજ કરે છે. સાધારણ બનાવોનો પણ તેના શરીરને ઘસારો પહોંચે છે. રંગની વાસથી પણ તેની તબીયત બગડી આવે છે. તેના ખાવામાં અમુક ચીજ આવી હોય અથવા ઘરમાં સહેજસાજ ભેજ હોય તો તેની પણ તેના શરીરપર ઘણી માઠી અસર થાય છે. તેનું શરીર લોખંડ જેવું મજબૂત છે એવું લોકોમાં કહેવાય છે તે ખોટી વાત છે. **તેનું બધું બળ તો તેના મનમાંજં રહેલું છે.** સ્વદેશમાં અને સ્વદેશ બહાર તેણે કેવો લાગટ અને ભારેમાં ભારે પરિશ્રમ સહન કર્યો હતો એ તો જાણીતી વાત છે. કોઇ પણ રાજ્યકર્તાએ આવો શારીરિક પરિશ્રમ નથી ઉઠાવ્યો. મેં તેને રાજ્યકાર્યમાં કે ધારાસભામાં આઠ કે નવ કલાક સુધી લાગટ કામ કરતો જોયો છે અને ત્યાથી જ્યારે તે ઉઠતો ત્યારે જાણે કાંઇજ કામ કર્યું ન હોય એવું તેનું મગજ તાજુંને તાજુંજ હતું. મેં તેને સેન્ટ હેલેનામાં પણ લેશમાત્ર થાકયા વગર અઘરામાં અઘરા વિષયનાં પુસ્તકોનો અભ્યાસ કરતો જોયો છે. માણુસ

જાત ઉપર પડી શકે એવી ભારેમાં ભારે વિપત્તિઓનો ઘસારો તેણે વિનાક્ષોભે સહન કર્યો છે; પણ આ બધાંએ કામ તેના શરીરની નિર્બળતા છતાં કેવળ મનોબળને પ્રતાપેજ તે કરી શકયો છે.”

“શહેનશાહનો આહાર અતિ અલ્પ છે. તે ઘણીવાર કહે છે કે માણસ ઘણું ખાઇને માંદા પડે છે, પણ થોડું ખાવાથી માંદા પડયા હોય એવું મેં કદી સાંભળ્યું નથી. બીજે દહાડે સારી ભૂખ લાગે એટલા માટે કોઇ કોઇ વાર તે ચોવીશ કલાકના ઉપવાસ કરે છે. તેની નિદ્રા પણ અતિ અલ્પ અને અનિયમિત છે. ઘણીવાર તે સવારમાં વહેલો ઉઠીને લખવાવાંચવામાં રોકાય છે અને પછી પાછો સૂઈ જાય છે.”

“શહેનશાહને દવા ઉપર શ્રદ્ધા નથી, અને પોતે કદિ દવા લેતો નથી. તેણે પોતાને માટે વ્યાધિ મટાડવાની નવીન રીત શોધી કહાડી છે. તે એ છે કે જે કારણથી શરીર બગડયું હોય તેનાથી તદ્દન ઉલટી રહેણીકરણી રાખવી, એટલે કુદરતનું સમતોલપણું પાછું આવી જાય છે એમ તે માને છે. દાખલા તરીકે જો અમુક વખત આળસમાં ગયો હોય તો કાં તો આખો દિવસ તે શિકાર કરતો અથવા તો દોડતે ઘોડે સાઠ સાઠ માઇલ ફરી આવતો. એને જો એમ લાગતું કે શરીરને ઘણો શ્રમ પહોંચ્યો છે તો ચોવીશ કલાકસુધી પૂરેપૂરો આરામ લેતો. તે કહેતો કે કુદરતે મને બે ગુણ બક્ષેલા છે-એક તો જ્યારે મારે આરામની જરૂર હોય ત્યારે ગમે ત્યાં અને ગમે તે વખતે હું ઉંઘી શકું છું અને બીજું એ કે ખાવાપીવામાં લેશમાત્ર પણ ભૂલ થાય છે તો તરત મારૂં જઠર મને ચેતવી દે છે.”

એકવાર તેણે વાતચીતને પ્રસંગે કહ્યું હતું કે:—

“મને દવા ઉપર જરાએ આકીન નથી. મારે માટે તો ઉપવાસ અને ઉષ્ણસ્નાન બેજ ઔષધ પૂરતાં છે. છતાં બીજા ધંધા કરતા વૈદ્યોમાટે મને વધારે માન છે; કારણકે તેમનો ધંધો વકીલની માફક એક બીજાને લડાવી મારવાનો નથી; પણ માણસને સુખ આપવાનો છે. વકીલાતનો ધંધો મનુષ્ય સ્વભાવને બગાડયા વગર રહેતોજ નથી. જેને વારંવાર સાચાને જૂઠું કહેવાની ટેવ પડે અને અવળો ઈન્સાફ થાય ત્યારે જે રાજી થાય તે કદિ સત્યાસત્યની પરખ કરી શકતોજ નથી.”

જે ગૃહસ્થે તેને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો તેને ત્યાં એક હબસી ગુલામ હતો. તેનો ઇતિહાસ તેણે પૂછી લીધો અને તેને સુખી કરવાની તેને પ્રબળ ઇચ્છા થઇ આવી. તે મલાયાનો વતની હતો અને ત્યાંથી અંગ્રેજ ખારવાઓ તેને પકડી લાવીને અહિં વેચી ગયા હતા. તેની દયાજનક વાત સાંભળીને શહેનશાહને બહુ દયા આવી. ગુલામ પણ તેના તરફ વહાલ રાખતો અને તેની સાથે વાતો

કરવા આવતો. તેઓ બેઉ કેદી હતા–શહેનશાહ અને ગુલામ !

એકવાર આ ગુલામવિષે તે લા કાસાસ સાથે વાત કરતો હતો તે વખતે તેણે કહ્યું, "તમે ધારો છો કે હું અને તે ગુલામ બેઉ એકસરખા કેદી છીએ; પણ મારામાં અને તેનામાં ઘણો ફેર છે. તેના કરતાં મારા ઉપર જુલમ વધારે થયો હશે પણ મારી સહનશક્તિ પણ વધારે છે. તેના જેટલું આપણને શારીરિક દુઃખ નથી અને જો તેવું દુઃખ દેવાનો અખતરો કરવામાં આવે તો આપણામાં એટલું આત્મબળ છે કે આપણા ઉપર જુલમ કરનારાઓના પ્રયત્નને આપણે જરૂર નિષ્ફળ કરી મૂકીએ. બીજું આપણી હાલની સ્થિતિમાં પણ એક વિશેષ ખુબી છે. આખા જગતની આંખ આપણા ઉપર છે. આપણે માટે કરોડો માણસો સહાનુભૂતિ રાખે છે અને તેમના હૃદયની શુભેચ્છાઓ આપણા તરફ વરસી રહી છે. વળી જો હું મારો એકલાનોજ વિચાર કરૂં તો કદાચ હું આ સ્થિતિમાં આનંદ માની લઉં. મારી કારકીર્દીમાં વિપત્તિનો અભાવ હતો. જો હું રાજયાસન અને મારી અસલની સત્તા ભોગવતોજ મરી ગયો હોત તો ઘણા મને પૂરેપૂરો ઓળખીજ ન શકત; પણ આજે વિપત્તિએ તે પડદો ખોલી નાખ્યો છે અને હું જેવો છું તેવો જગતની નજરે પડું છું."

શહેનશાહે તે ગુલામને છોડવવાનો પ્રયત્ન કરવા માંડયો. પણ સેન્ટ હેલેનાના વડા અધિકારીએ જવાબ આપ્યો કે જનરલ બોનાપાર્ટ આ કામ કરીને આખી હબસી કોમને આભારી કરવા માગે છે. માટે હું તે નહિ થવા દઉં. આ જવાબથી શહેનશાહ આશ્ચર્ય પામ્યો, નિરાશ થયો અને બિચારો ગુલામ જિંદગીસુધી ગુલામનો ગુલામજ રહ્યો.

प्रकरण ७० मुं—लोंगवुडमां पहेलुं वर्ष

જેમ્સ ટાઉનથી ત્રણ માઇલ દૂર આવેલું જીર્ણ થઇ ગએલું ઘર જેની વાત આગલા પ્રકરણમાં આવી ગઇ છે તેનું નામ લોંગવુડ હતું. તે હવે દુરસ્ત થઇ ગએલું હોવાથી નેપોલિયન સને ૧૮૧૫ ના ડિસેંબરની ૧૦ મી તારીખે ત્યાં રહેવા ગયો. ઘર સાંકડું હતું તેથી તેના કેટલાક સોબતીઓને ઘર બહાર તંબુમાં તથા કેટલાકને એથીએ દૂર રહેવું પડયું.

અહિં આવ્યા પછી તેમની સતાવણીમાં દરરોજ ઉમેરો થવા લાગ્યો. તેઓ ફરવા જતા ત્યારે ભરીબંદુકવાળા સિપાઇઓ આખે રસ્તે ઉભા રહેતા. અમુક વખત પછી તેમને બહાર નીકળવાની મના હતી. ટાપુના કોઇ પણ રહેવાશી સાથે તેઓને વાત કરવાની પરવાનગી ન હતી. સમુદ્રકિનારે જવું એ તેમને માટે ગુન્હો હતો. શહેનશાહની બારી નીચે પણ સંત્રીનો પહેરો તો ખરોજ. જતી આવતી વખતે પહેરેગીરને કહેવાના શબ્દોમાં વારેવારે સુધારા વધારા થયાજ કરે. શહેનશાહના સોબતીઓ બબડતા, પણ તે પોતે એવી પ્રૌઢ શાંતિથી સહન કરતો કે તેને થતા એકે એક અન્યાય અને અપમાનની કથા તેના જીવનચરિત્રના સુંદરમાં સુંદર પ્રકરણનો વિષય થઇ પડે. સેન્ટ હેલેનામાંજ તેના ચારિત્ર્યનાં ખરેખરાં બાદશાહી લક્ષણો ઝળકી નીકળ્યાં હતાં.

એક અંગ્રેજ ગૃહસ્થે તેને કહ્યું કે આપને માટે જે જે વાતો અમારા દેશમાં ફેલાઈ છે તે બધી હું સાચી માનતો, એમ આજે તે પાપના પ્રાયશ્ચિત્ત તરીકે આપની આગળ કબૂલ કરૂં છું. તેણે કહ્યું, “ હું માનું નહિ તો શું કરૂં ? અમારાં વર્તમાનપત્રો અને પુસ્તકોમાં બસ એની એજ વાત ! બધાને મોઢે પણ એકનું એકજ નિંદાપુરાણ ! એક પણ માણસ આ વાતને ખોટી ન પાડે. ”

નેપોલિયને તેના ભલા સ્વભાવ મુજબ હસીને કહ્યું કે “ આ બધી મહેરબાની માટે હું તમારા દેશના પ્રધાનોનો આભારી છું. તેમણે મારા વિષેની નિંદાથી ભરેલી પત્રિકાઓ આખા યૂરોપમાં વેરી મૂકી હતી. મને કોઇએ કહ્યું કે એ જૂઠાણાનું ખંડન તમે કેમ નથી કરતા ? મેં કહ્યું કે અંતે જૂઠું વહી જાય છે અને સત્ય

ઠરી રહે છે. આ જમાનાના શાણા માણસો અને ભવિષ્યની પ્રજા સત્ય હકીકત જોઇને ન્યાય કરશે. વાદળાં તો અત્યારથીજ ફાટવા લાગ્યા છે. અજવાળાનાં કિરણ તેમાંથી નીકળવા મંડયાં છે અને મારૂં ચારિત્ર્ય હવે ધીમે ધીમે લોકોને સ્પષ્ટ દેખાતું જાય છે. **થોડાજ વખતમાં મને ન્યાય આપવો એ યૂરોપમાં એક ફેશન** થઈ પડશે, અને માત્ર લુચ્ચાઓ અથવા મૂર્ખાઓજ મારા શત્રુ રહેશે. વળી મારી નિંદા કરવા પાછળ લાખો રૂપીઆ બરબાદ કરવામાં આવ્યા છે, છતાં મેં બંધાવેલી ઇમારતો અને સ્થાપેલી જાહેર સંસ્થાઓ ભવિષ્યની પ્રજા આગળ મારો ઇતિહાસ આરસી જેવો ચોકખો બતાવી આપશે.

સેન્ટ હેલેનાના અંગ્રેજ સિપાઇઓ અને ખલાસીઓ તેના ઉપર ફિદા હતા. એક અંગ્રેજ ખલાસી, પહેરેગીર ન જોઇ શકે તેવી રીતે તેનું દર્શન કરી ગયો અને બોલ્યો, "બસ, હવે હું નિરાંતે મરીશ. ઈશ્વર નેપોલિયનને વધારે સુખ આપો એવી મારી પ્રાર્થના છે." આવા બનાવ તો ઘણીવાર બનતા. કોઇ તેને માટે ફૂલના ગુચ્છા પણ ગૂંથી ગૂથીને મોકલી દેતા. એક ખલાસીની આંખમાંથી તેને જોતાંજ પ્રેમાશ્રુ નીકળી પડયાં અને તેણે લા કાસાસને કહ્યું, "તે વહાલા જિગરને કહેજો કે એને લેશ પણ દુઃખ થાય એ હું નથી ઇચ્છતો. એને સુખ મળે એવી મારી પ્રાર્થના છે. અમે બધા એમજ ઇચ્છીએ છીએ. ઈશ્વર એને લાંબું આયુષ્ય અને તનદુરસ્તી બક્ષો !"

લોંગવુડની આસપાસ અડધા કલાકમાં જવાય એટલા અંતર સુધીજ નેપોલિયનને પહેરેગીર વગર ફરવાની છૂટ હતી. અંગ્રેજ અમલદારને સાથે રાખ્યા વગર એથી વધુ દૂર આ નાના ટાપુના કોઇ પણ ભાગમાં જવાની તેને મનાઇ હતી. આથી તેની લાગણી ઘણી દુખાતી અને તે ફરવા જવાનુંજ માંડી વાળતો. તેના સોબતીઓએ નૌકાધિપતિને ઘણોએ વિનવ્યો પણ તેણે આ અપમાનજનક નિયમને ઢીલો નજ કર્યો. નેપોલિયનને ઘણું લાગી આવ્યું અને ઠરાવેલી સીમા કરતાં આગળ જવુંજ નહિ એવોજ તેણે નિશ્ચય કર્યો. આવા અપમાનથી તેમજ જિંદગીની જરૂરીઆતો પણ નહિ મળવાથી તેની તબીયત બગડવા લાગી હતી.

×૧૫ મી જાન્યુઆરી. "બોનાપાર્ટનો છુપો ઇતિહાસ" એ નામનું એક પુસ્તક તેના હાથમાં આવ્યું. એ જૂઠું, અને અતિશય બીભત્સ નિંદાથી ભરપૂર હતું. તોપણ તે હસતો ગયો અને વાંચતો ગયો. તેની પોતાની માની હલકી નિંદા જે પ્રકરણમાં કરી હતી તે વાંચતાં તેનાથી ન રહેવાયું. પોતાના વ્યભિચારનો હેવાલ વાંચીને તેણે કહ્યું કે, "આખી દુનિયા જાણે છે કે મેં તો નીતિનો ફેલાવો કર્યો છે. વ્યભિચાર તરફ મારૂં સ્વભાવથીજ વલણ નથી અને હોત તોપણ મારે માથે

× આ અવતરણો 'લા કાસાસ' અને ડૉ૦ ઓ મીરાની રોજનિશીમાંથી લીધેલાં છે.

એટલાં બધાં કામ હતાં કે તે સંબંધી વિચાર કરવાની મને ફુરસદ પણ ન હતી.

૧૧ મી માર્ચ. કે.ઇએ તેને અ.જના દિવસની યાદ દેવડાવી ત્યારે તેણે ઉત્તરમાં કહ્યું કેઃ—

"ગયે વર્ષે તો હું આજે લિયોંમાં હતો. રાજાઓ અને લોકો બેઉ મારાથી ડર્યા અને યૂરોપમાં સુલેહ અને સમતા જાળવવા માટે સારૂં રાજ્ય બહુજ જરૂરનું છે તે એ બેઉથી નજ સમજાયું. તેમણે એ મોટી ભૂલ કરી છે અને તેમને સોસવું પડશે."

"રાજાઓને શાની બીક હતી? શું તેમને એવી ધાસ્તી હતી કે હું રાજ્ય વિપ્લવકારી વિચારો ફેલાવીને તેમનાં રાજ્યાસન ઉથલાવી નાખીશ; કેટલીએ વાર તેમનાં રાજ્યો મારા હાથમાં આવ્યાં હતાં. પ્રજાસત્તાક રાજ્ય માટે તેમની રૈયત માગણી કરતી પણ મેં તેમને ઉત્તેજન આપ્યું ન હતું. જો મેં તેમ કર્યું હોત તો અત્યારે પણ હું રાજાજ હોત અને તેઓ ક્યારનાએ રાજ્યાસન વગરના થઇ ગયા હોત. કાં તો રાજાને રૈયત પોતાનો ધર્મ બજાવવાની ફરજ પાડે અથવા તો રાજાની મારફતે પ્રજા પોતાનું કલ્યાણ સાધે. આ બેમાંથી બીજો રસ્તો મને ઇષ્ટ લાગે છે. કારણ કે **એકવાર પ્રજાનું બળ પ્રકટ થયા પછી તે ક્યાં જઇને અટકશે તે કહી શકાતું નથી.**"

"મેં રાજાઓને અને ઉમરાવોને નિર્ભય કર્યા હતા. આજે હું જતાં એ બેઉની સ્થિતિ જોખમમાં છે. મેં લોકોની સત્તા અને તેમના વાજબી હક્ક કાયમને માટે મર્યાદિત કરી લીધા હતા. આથી રાજા અને પ્રજા બેઉની તકરારોનો નિવેડો આવી ગયો હતો. હવે બેઉએ પોતપોતાની મર્યાદા તોડી છે અને હવે પાછો એ ઝગડો નવેસરથી શરૂ થવાનો છે. તેઓ ધારતા હશે કે હવે સુલેહશાંતિ થઇ ગઇ છે પણ ખરૂં જોતાં એકજ તણખો પડતાં આખા યૂરોપમાં દાવાનળ સળગી ઉઠે એવી સ્થિતિ અત્યારે છે."

૧૦ મી એપ્રિલ. યૂરોપથી એક વહાણ આવ્યું તેમાં વર્તમાનપત્રો પણ આવ્યાં હતાં. તેની અંદર ફ્રાન્સમાં વધતા જતા અસંતોષની ખબરો હતી. આ સમાચાર વાંચતાં નેપોલિયન ઘણો ઉશ્કેરાઇ ગયો, અને બોલ્યો કે "**સ્વતંત્રતાના વિચારો કદિ દબાયજ નહિ.** ઉદાર વિચારો ઇંગ્લંડમાં ઉગ્યા છે; અને અમેરિકામાં અજવાળું પાડે છે પણ ફ્રાન્સમાં તો પ્રજાએ તેમને પોતાના કરી લીધા છે; અને એ ત્રણ દેશની બનેલી દીપમાળામાંથી આખા જગતને અજવાળે એટલો પ્રકાશ નીકળે છે. જતે દિવસે એ વિચારો દરેક પ્રજાના ધર્મ, અને નીતિનું સ્થાન લેશે અને સામા પક્ષવાળા ગમે તેટલાં ફાંફાં મારે તોપણ તે મારા નામની સાથે અવિચ્છિન્નપણે જોડાયલા રહેશે. કારણ કે એ રોશની મેંજ સળગાવી અને મેંજ તેને

પવિત્ર કરી એની કોઇથી ના નહિજ પડાય.”

૧૭ મી એપ્રિલ. સેન્ટ હેલેનાનો નવો સુબો સર હડસન લો આજે મુલાકાતે આવ્યો. તેનો દેખાવ કંટાળો ઉપજાવે એવો છે. તેના ગયા પછી શહેનશાહે કહ્યું, “એ દેખાય છે તો ઘણોજ ભંયકર અને એનો ચહેરો પણ દુષ્ટ માણસના જેવો લાગે છે, પણ અત્યારથી આપણે અભિપ્રાય ન બાંધવો.”

૧૮ મી એપ્રિલ. સર હડસન લોએ નેપોલિયનના તમામ સોબતીઓને એક કાગળ વંચાવ્યો. જેમાં લખ્યું હતું કે તેમને સ્વદેશ પાછા જવું હોય તો જવાની છૂટ છે, પણ જો આ બેટ ઉપરજ રહેવાનો તેમણે નિશ્ચય કર્યો હોય તો તેમણે લખી આપવું પડશે કે શહેનશાહના ઉપર જે જે પ્રકારના જાપ્તા રાખવામાં આવશે તે બધા અમે સહન કરવા કબૂલ છીએ. એનો અર્થ એવો હતો કે જીવતા સુધી તેમણે અનેક પ્રકારનાં જુલ્મ, અપમાન સહન કરવાં. છતાં તેમણે બધાએ તરતજ એ કરારનામા ઉપર સહીઓ કરી દીધી.

૧૧ મી મે. સર હડસન લો અને નેપોલિયનના સોબતીઓ વચ્ચે દિવસે દિવસે કડવાટ વધવા લાગ્યો.

૧૬ મી મે. સર હડસન લો લોંગવુડ આવ્યો અને બોલ્યો કે મારે જનરલ બોનાપાર્ટને મળવું છે. ઘણા વખત સુધી બેઉ વચ્ચે કઠોર સંભાષણ ચાલ્યું. તેના ગયા પછી નેપોલિયને કહ્યું:–“ અમારે બેને ખૂબ ગરમાગરમ તકરાર થઇ. મારો મિજાજ પણ હાથમાં ન રહ્યો. તેમણે (બ્રિટિશ સરકારે) મારે માટે જેલરના કરતાં પણ વધારે ખરાબ માણસ મોકલ્યો છે. તે પૂરેપૂરો જલ્લાદજ છે. × × × × બસ, તેઓ જરૂર મારો અંતજ લાવશે.”

૨૮ મી મે. આજે શહેનશાહ ઘોડે બેસીને ફરવા ગયા હતા. રસ્તામાં અંગ્રેજ લશ્કરની છાવણી આવી. સિપાઇઓ તેને જોતાંજ તેની આસપાસ વીંટળાઇ વળ્યા. તેણે એ સંબંધમાં કહ્યું, ‘મને જોઇને જેના દિલમાં માન પેદા ન થાય એવો કોઇ પણ દેશનો સિપાઇ હોયજ નહિ.’ સિપાઇઓને ઉશ્કેરવાનું તહોમત પોતાના ઉપર ન આવે તે માટે તેણે એ પછીથી એ છાવણી તરફ જવાનું છોડી દીધું.

૧૮ મી જુન. આજે વૉટર્લુના સંગ્રામને એક વર્ષ પૂરું થયું. એ વાત યાદ આવતાં શહેનશાહના મુખ ઉપર શોકનું વાદળું છવાઇ ગયું. તેમણે ધીમે અને અતિ ગંભીર અવાજે કહ્યું, “ નહિ સમજી શકાય એવી આફતનો દિવસ! અપૂર્વ નસીબીની પરંપરા! ગ્રાઉચી અને ને! શું હશે? દેશદ્રોહ કે પ્રતિકૂળ પ્રારબ્ધ ? ! અફસોસ! રાંક ફ્રાન્સ!”

૧૮ મી આગસ્ટ. આજે વળી પાછો સર હડસન લો નેપોલિયનને મળવા આવ્યો. વાત કરતાં કરતાં બેઉ તપી ગયા. શહેનશાહ પણ અત્યારસુધી જુલ્મ

અને અપમાન વેઠી વેઠીને એવો કાયર થઇ ગયો હતો કે આજે તેનો ક્રોધ કાબુમાં ન રહ્યો. હડસન લોએ તેને કહ્યું કે તમારા ખર્ચ માટે તમારે વરસ દહાડે ત્રણ લાખ ફ્રાન્ક આપવા અને તમારા ઘરખર્ચમાં ઘટાડો કરો. નેપોલિયને પોતાના માટે બિનજરૂરી અને અપમાનભરેલા જાપ્તાના નિયમો બાંધવા માટે ગવર્નરને ખૂબ ખખડાવ્યો. બેઉ જણ એક બીજાથી વધારે ખીજવાઇને છૂટા પડયા.

બીજે દિવસે સર હડસન લો ડૉ૦ ઓ'મીરાને કહેવા લાગ્યો કે "તમે જનરલ બોનાપાર્ટને કહી દેજો કે તેના સુખ અને આરામનો આધાર માત્ર મારી મહેરબાની ઉપર છે. જો તે આ રીતે મારૂં અપમાન કર્યા કરશે તો મારી સત્તા કેટલી છે તેની તેને ખબર પાડી દઇશ. તે મારો કેદી છે અને જેવી તેની ચાલચલગત તેવી રીતે તેની સાથે વર્તવાનો મને અધિકાર છે. હું તેની અક્કલ ઠેકાણે લાવી દઇશ. તેણે લાખો માણસોની ખુવારી કરાવી છે અને છૂટે તો ફરી પાછો તેમજ કરે."

૩ જી સપ્ટેંબર. રાજ્યવિપ્લવવિષે વાત કરતાં નેપોલિયને કહ્યું:–" રાજ્યવિપ્લવ એ ઇશ્વરના શાપથી પ્રજાના ઉપર પડનારી મોટામાં મોટી આફત છે. સમાજમાં એક પ્લેગરૂપ છે. **સમાજનું ખરું સુખ તો પ્રજાનો દરેક વર્ગ એક બીજાને સુખ આપે અને લે અને સમાજનું બંધન સુવ્યવસ્થિત રહે તેમાંજ રહેલું છે.** હું ગરીબોને માટે દરવર્ષે લાખોની રકમ ખરચતો હતો; તોપણ ફ્રાન્સ ૧૭૮૭ની સાલમાં હતું; તેના કરતાં વધારે નિર્ધન રહ્યું છે. એનું કારણ એ છે કે રાજ્યવિપ્લવ ગમ તેટલો ડહાપણપૂર્વક કર્યો હોય તોપણ પ્રજા શરીરને તેથી એટલો આંચકો લાગે છે કે તેની ઉત્પાદક શક્તિનો નાશ થઇ જાય છે અને ઘણે વર્ષે તે કાંઇક ઠેકાણે આવવા લાગે છે. ફ્રાન્સની રાજ્યક્રાન્તિ એ આખા પ્રજા શરીરને લાગેલો ભયંકર આંચકો હતો અને વિસુવિયસ જ્વાળામુખીના પ્રચંડ ઉત્થાનના જેવી તેની અસર વ્યાપક અને આનવાર્ય હતી. **જ્યારે સમાજમાં વ્યાપી રહેલી સૂક્ષ્મ અસરો પરિપક્વ થાય છે ત્યારેજ રાજ્યક્રાન્તિ ભભુકી નીકળે છે."**

" જો બુર્બોન રાજાઓ એમ સમજતા હોય કે તેઓ રાજ્યાસન ઉપર સુદૃઢપણે સ્થાપિત થઇ ગયા છે, તો તે તેમની મોટી ભૂલ છે. હું તો વખતે ફરીથી જોવા ન પામું પણ એટલું તો ચોક્કસ જાણું છું કે જે રાજ્યદંડ ફ્રાન્સના શત્રુઓએ તેમના હાથમાં મૂક્યો છે તેમને એક દિવસ પ્રજા તોડયા વગર નહિજ રહે. લોકો જરૂર જાણી જશે કે મારા વંશજના રાજ્ય વગર તેમનું હિત જળવાય એમ છેજ નહિ."

સર હડસન લોએ નેપોલિયનને ખબર આપી કે તમારે ખર્ચમાં ઘટાડો કરવો અને નોકરો ઓછા રાખવા. તમારો માસિક ખર્ચ પચીશ હજાર ફ્રાન્કથી વધારે નજ આપવો જોઇએ અને વધારે કરવો હોય તો વધારાની રકમ તમારે પોતાને આપવી પડશે. નેપોલિયને જવાબ દીધો કે "લંડન, પારિસ કે સેન્ટ હેલેના એમાંથી

બ્રિટિશ પ્રધાનોની નજરમાં આવે તે ગામની બેન્ક સાથે મને વ્યવહાર કરવા દો અને મારા કાગળો સીલબંધ જાય અને આવે તેમાં દખલ ન કરો, તો હું મારો સઘળો ખર્ચ ઉપાડી લેવા તૈયાર છું. તેણે પોતાના તરફથી વચન આપ્યું કે એ પત્રોમાં નાણાં સિવાય બીજી બાબતને લગતો પત્રવ્યવહાર નહિ કરૂં; પણ હડસન લોએ ના પાડી, અને કહ્યું કે ખર્ચ ઘટાડવોજ પડશે. લાંબી કડવાશભરેલી તકરાર ચાલી. હડસન લો એકનો બે નજ થયો. કાઉન્ટ મોન્થોલને તેને ઘણોએ સમજાવ્યો કે શહેનશાહને બ્રિટિશ સરકાર તેની પોતાની મિલ્કત વાપરવા દેતી નથી અને તેથી કરીને ઘરખર્ચ ચલાવવાને માટે તેના પાસે સોનાચાંદીનાં વાસણ રહ્યાં છે તે વેચી નાખવાં પડશે. ખરેખર દર મહિને વાસણો વેચાતાંજ ગયાં અને છ નોકરને રજા આપીને ખર્ચ કમી કરવો પડયો.

તેણે એકવાર ડૉ૦ ઓ'મીરાને કહ્યું કે, " મને તમારા દેશના (ઈંગ્લંડના) પ્રધાનોની રીતભાતમાં કાંઇ સમજ નથી પડતી. તેઓ દર વર્ષે મારી પાછળ બાર લાખ ફ્રાન્ક ખર્ચવાનો દેખાવ કરે છે અને અહિં તો મને તોળી તોળીને ખાવાની અને નોકરોને કહાડી મૂકવાની ફરજ પાડે છે ! એક બાજુએ નકામો ગંજાવર ખર્ચ કરવાનો ડોળ અને બીજી બાજુએ જેનો જોટો પણ શોધ્યો ન જડે એવી નીચતા અને સાંકડું મન ! મારા કાગળ સીલબંધ ન જવા દે તો એવો કોણ મૂર્ખ હોય કે બુર્બોન રાજાની આંખે ચડવા અને પોતાની મિલ્કતને જોખમમાં નાખવા તેનો મને જવાબ આપે. વળી એકવાર જે પ્રધાનોએ મને બેલેરોફોન વહાણમાં લૂંટી લીધો તેઓ જો જાણે કે મારી ખાનગી મિલ્કત અમુક ઠેકાણે છે તો તેઓ લૂંટી લીધા વગર રહે પણ ખરા ?· પણ તેઓ આટલા ખર્ચનો ડોળ શામાટે કરે છે તે હું સમજું છું. એ લોકો ઈંગ્લંડની પ્રજાને ઠગે છે. ત્યાંના લોકો આટલા મોટા ખર્ચના આંકડા જુએ અને મારે માટે સરસામાન તૈયાર કરાવવાની ખોટી ધમાલ જુએ એટલે એમ જાણે કે હું અહિં સુખમાં છું. જો તેઓ એમ જાણે કે મને અહિં આવી વિટંબણા પડે છે, અને તેમની જાતીય પ્રતિષ્ઠા ઉપર કલંક લાગે છે, તો તેઓ તે સાંખી ન રહે. "

ત્રણ મહિનાની અંદર રૂપાના ઢોળવાળા વાડકા સિવાય બધાં કિંમતી વાસણ વેચાઇ ગયાં અને હવે તેને સાધારણ ઘરમાં વપરાતાં ધાતુનાં વાસણમાં ખાવાનો વખત આવ્યો. આથી તેના મન ઉપર એટલી બધી માઠી અસર થઇ કે અનાજનો કોળીઓ પણ તેને ગળે ઉતરતો નહિ.

આખરે સર હડસન લોની ખફગી નરમ પડી. આ વાતને આટલી હદસુધી લઇ જવા માટે તેણે દિલગીરી બતાવી અને કહ્યું કે લોંગવુડમાં પુષ્કળ સોનું છે એવી મારી સમજ હોવાથી મેં આવું પગલું ભર્યું હતું, અને " જો મને ખબર હોત

જનરલ બોનાપાર્ટને સામાન્ય માણસ વાપરે એવા વાસણમાં ખાવું પડશે તો એક પણ થાળી વેચાવા ન દેત.”

શહેનશાહને નાણાંની અતિશય તંગી વેઠવી પડે છે એવું જ્યારે તેના મિત્રો અને સગાંએ જાણ્યું ત્યારે તેમણે લખ્યું કે અમારી પાસે જે કાંઇ છે તે સર્વ તમારૂંજ છે. તેની માતા, જોસેફ, હૉર્ટેન્સ, પાઉલાઇન, જેરોમ, લૂઇ, બધાંએ લખ્યું કે અમારી પાસેથી જેટલું જોઇએ તેટલું નાણું મંગાવી લેજો.

આ પ્રમાણે નેપોલિયનનું સેન્ટ હેલેનામાં પહેલું વર્ષ પૂરૂં થયું. તેને કરવામાં આવતી તરેહ તરેહની પજવણીઓ અને અપમાનોની કથા વિશેષ લંબાવવાથી ઘણા વાચકોને દુઃખની લાગણી થાય તેમ છે. એ શોકમય કથા વાંચવા જેવું જેમને હૃદય હોય તેમને માટે સર હડસન લોના સરકારી કાગળોના પૂરાવાસહિત સેન્ટ હેલેનાના અનેક સંસ્મરણોની સામગ્રી તૈયાર છે.



प्रकरण ७१ मुं–केदनुं बीजुं तथा त्रीजुं वर्ष

શહેનશાહની તબીયત હવે દિવસે દિવસે બગડતી ચાલી, અને તે જોઇને તેના સોબતીઓને ઘણો શોક થતો હતો. અંગ્રેજ અમલદારને સાથે રાખ્યા વગર તેને પગે ચાલીને કે ઘોડે બેસીને ફરવાની મના હતી. હાથમાં ભરેલી બંદુકો લઇને સંત્રીઓ તેના ઘરની બારીઓ અને બારણાં આગળ રાતદહાડો ઉભાને ઉભાજ રહેતા. જ્યારે અંગ્રેજ અમલદાર સાથે ન હોય ત્યારે ટાપુના કોઇ પણ વતની સાથે તેને બોલવાની છૂટ ન હતી. સર હડસન લોએ શહેનશાહના તમામ સોબતીઓએ નીચેના કરારનામા ઉપર સહી કરવીજ પડશે, એવી જીદ લીધી.

“ હું નીચે સહી કરનાર આ ઉપરથી જાહેર કરૂં છું કે મારે સેન્ટ હેલેનામાં રહેવું છે અને બોનાપાર્ટના ઉપર જે જે અંગત અંકુશો મૂકવામાં આવે તે બધા મારા ઉપર મૂકાય તોપણ તે સહન કરવા હું રાજી છું. ”

તેઓ આના કરતાં પણ વધારે આકરી સરતો ઉપર સહી કરવા તૈયાર હતા પણ જે લખાણમાં શહેનશાહના સંબંધમાં ઘણીજ તોછડાઇ વાપરી હોય તેના ઉપર તેઓ સહી નજ કરે. તેમણે સહી તો કરી પણ બોનાપાર્ટને બદલે શહેનશાહ શબ્દ લખ્યો. સર હડસન લોએ કાગળો પાછા મોકલ્યા અને કહ્યું કે લખાણ છે તેમનું તેમજ રહેવા દઇને સહી કરવી પડશે. તેઓ બધા ગુંચવાયા અને નેપોલિયનના ઓરડામાં ભેગા થયા. તેણે કહ્યું:—

“ મારા તરફ પ્રેમ રાખનારાઓ ઉપર અપમાનનો વરસાદ વરસાવવામાં આવ્યો છે અને હજી પણ તેમાં વધારો થવાનો સંભવ છે. તેથી હું હવે તે સહન કરી શકતો નથી. બધા અહિંથી જાઓ. હું અહિં એકલોજ રહીશ. તમારા ઉપર આટઆટલો અંકુશ તો છે અને તેમાં વધારો થયાજ કરે છે તે હું જોઇ શકતો નથી. તમે યૂરોપ જાઓ અને અહિં મારા ઉપર કેવો ભયંકર જુલમ વરસી રહ્યો છે તે જાહેર કરી દો. હું કમોતે મરવાની તૈયારીમાં છું તેની સૌ આગળ સાક્ષી પૂરજો. હું

તમને આ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવાની મના કરૂં છું.”

પણ સર હડસન લોએ કહેવડાવ્યું કે તમારે માટે વહાણ તૈયાર છે અને તમારે બધાએ અહિંથી કેપ ઑફ ગુડ હોપ ચાલ્યા જવું. આ જવાબ સાંભળીને તેમના હોશ કોશ ઉડી ગયા. શહેનશાહની સેવા છોડવા કરતાં તેઓ કોઈ પણ જાતનું અપમાન ખમવા રાજી હતા. તેમણે નીચી ગરદને સહી કરી આપી. પછી નેપોલિયને કહેવડાવ્યું કે તમારે મારા નામ સાથે “ શહેનશાહ ”ની પદવી નજ જોડવી હોય તો અને કર્નલ દૂરો કે મુરિયોન કે એવું કોઇ તખલ્લુસ ધારણ કરવા દો. હડસન લોએ જવાબ આપ્યો કે આ બાબત બહુ અગત્યની છે તેથી મારે બ્રિટિશ પ્રધાનમંડળની મંજુરી મેળવવી પડશે.

આ સંબંધી વાત કરતાં નેપોલિયને ડૉ૦ ઓમીરાને કહ્યું કે:—

“ મેં રાજ્યાસન છોડ્યું પણ શહેનશાહની પદવી છોડી નથી. રાજાઓ હમેશાં એ પદવી પોતાના નામ સાથે જોડેજ છે. સ્પેનના રાજાએ રાજ છોડયું પણ પોતાને રાજા તો કહેવડાવતોજ હતો; પરંતુ તમારા પ્રધાનોને તો એવું કહેવડાવવું છે કે મને રાજ આપવાનો ફ્રેન્ચ પ્રજાને હક્કજ ન હતો; પણ તમારી સરકારે કોને એવો અન્યાય નથી આપ્યો ? જ્યૉર્જ વૉશિંગટનને પણ તમે બળવાખોરનો સરદાર કહેતા અને તેના રાજ્યતંત્રને ઓળખવાની પણ ના પાડતા; પણ જ્યારે તેણે તમારા દાંત ભાંગી નાખ્યા ત્યારે સંયુક્ત રાજ્યોને અને વોશિંગટનને તેમનું ખરૂં સ્થાન તમારે ચૂમાઇને આપવું પડ્યું. તમારા પ્રધાનોનો આવો દુરાગ્રહ ન હોત તો આવી અવસ્થામાં હું પોતાને શહેનશાહ કહેવડાવું એવો હું મૂર્ખ નથી.”

૧૪ મી નવેંબર. વળી પાછું સર હડસન લોએ કાંઇ નવું બહાનું શોધી કહાડ્યું. લા કાસાસે પૂછ્યું, “ તેનાં આવાં કૃત્યોથી આપનો અંગ્રેજો તરફનો ધિક્કાર ઘણો વધી ગયો હશે !”

શહેનશાહે પ્રસન્ન વદને જવાબ આપ્યો, “ જો કોઇ એવી વૃત્તિ રાખે તો તે હલકો અને તિરસ્કારને પાત્ર કહેવાય. હા, એમ કહો કે અમુક અંગ્રેજને માટે વ્યક્તિગત ધિક્કાર વધે. એ વાત ખરી છે. જ્યારે વાત નીકળી ત્યારે કહું છું કે માણસ—જે ખરેખરો માણસજ હોય તે કદી કોઇને ધિક્કારતો નથી; અને તેનો ક્રોધ પણ માત્ર ક્ષણવારનો—વિજળીના તારના તણખા જેવો હોય છે. ઉંચા પ્રકારનાં કામો કરવા માટે અને આવકાર ભોગવવા માટે સરજાયલો માણસ હમેશાં પોતાનું કાર્ય, તેનું મહત્ત્વ, અને પરિણામનેજ વિચાર કરે છે.”

૨૦ મી નવેંબર. લા કાસાસે હડસન લોને બતાવ્યા વગર એક પત્ર યૂરોપ મોકલાવ્યો. તેમાં તેણે શહેનશાહની માઠી હાલતના સમાચાર લખ્યા હતા. આ અપરાધને માટે તેને જરા પણ ચેતવણી આપ્યા વગર તેના પુત્રની સાથે એક મ-

હિના સુધી સખત બંદીખાને પૂરી રાખ્યો અને કેપ ઑફ ગુડ હોપ મોકલાવી દીધો, જતી વખતે તેને શહેનશાહને મળવા પણ ન દીધો. નેપોલિયનપર આ મંદવાડ અને દુઃખના વખતમાં લા કાસાસ જેવા મિત્રના વિયોગનો તેને કારી જખમ લાગ્યો. શહેનશાહે પોતાના દુઃખી થએલા મિત્રને નીચેના ભાવનો પત્ર લખ્યો.

“ મારા પ્રિય કાઉન્ટ લા કાસાસ,–તમારા ઉપર અત્યારે જે આફત પડી છે તે જોઇને મારૂં હૃદય ચીરાઇ જાય છે. તમારૂં વર્તન તદ્દન નિષ્પાપ અને આબરૂભરેલું છે. તમારા કાગળ પડાવી લેવાનું તેમને બહાનું જોઇતું હતું. તમારા કાગળમાં કાંઇ કાવત્રા જેવું તો હતુંજ નહિ. માત્ર તેમાં સાચા અને ઉદાર દિલની લાગણીનો ઉભરો હતો.”

“તમારા કાગળની સાથે સાથે મારા પર કેટલાક કાગળો છે તે વાત તેઓ જાણતા હતા તેથી મારા કાગળ પણ તેઓ લઇ ગયા. મને તે વાતના પાછળથી ખબર પડી. મેં બારીથી તમને લઇ જતા જોયા તે વખતે પોતાના કેદીને શેકીને ખાઇ જતા પહેલાં જંગલી મનુષ્યાહારીઓ નૃત્ય કરે છે તેવુંજ કાંઈક દશ્ય મારી આંખે દેખાયું.”

“તમારો સમાગમ મને બહુજ જરૂરનો હતો. તમે એકલાજ અંગ્રેજી વાંચી, લખી અને સમજી શકતા હતા. તમે મારા મંદવાડમાં કેટલીએ રાત્રિના અખંડ ઉજાગરા કર્યા હતા ! હવે તમે યૂરોપજ જજો. તમે કોઇ સુખમય સ્થાનમાં છો એ જાણીને મને ઘણું આશ્વાસન મળશે. જો કોઇ દિવસ તમે મારી સ્ત્રી અને પુત્રને મળી શકો તો મારો પ્રેમ તેમને પહોંચાડજો. બે વરસ થયાં મને તેમના પરોક્ષ કે અપરોક્ષ કશાજ સમાચાર મળ્યા નથી. એક જર્મન વનસ્પતિશાસ્ત્રી અહિં છ મહિનાથી છે. તેણે દેશ છોડયો તે પહેલાં તેણે તેમને એકવાર જોયાં હતાં એમ કહેવાય છે; પણ આ જંગલીઓ તેને મારી પાસે આવવા દેતાજ નથી.”

“દરમ્યાન, તમે ધીરજ રાખજો અને મારાં સ્વજનને આશ્વાસન આપજો. મારૂં શરીર તો શત્રુઓની દુશ્મનાવટનો ભોગ થઇ પડયું છે. તેમની વૈરવૃત્તિને તૃપ્ત કરવા તેઓ બનતું કરી છૂટે છે. તેમની ઇચ્છા તો એવી છે કે હું લાંબા વખત સુધી રીબાયાજ કરૂં; પણ ઈશ્વર એવો ન્યાયી છે કે આટલું કષ્ટ તે મને ઝાઝો વખત નહિજ સહન કરવા દે. અહિંની પ્રતિકૂળ આબોહવા, જિંદગીને ટકાવી રાખનારી દરેક ચીજનો અભાવ, અને સંતાપ એ ત્રણવડે મારો અંતકાળ થોડા વખતમાં આવશે એમ લાગે છે.”

નેપોલિયને આ પત્ર પોતાની સીલ મારીને મોકલાવ્યો. પણ હડસન લોએ પાછો મોકલાવ્યો અને કહેવડાવ્યું કે અમે વાંચીએ અને અમને વાંધાભરેલો ન લાગે તોજ તેના માલિકને આપવામાં આવશે. નેપોલિયને આ કાગળ પાછો લાવનારના સામે

પણ જોયું પણ કાગળ ઉપરની સીલ ઉખેડી લઈ કાગળ પાછો આપ્યો. ૩૦ મી ડિસેંબરે લા કાસાસને લઈ ગયા. પછી નેપોલિયને ડૉ૦ ઓ'મીરાને કહ્યું કે "હવે મોન્થોલનનો વારો આવશે; કારણ કે તેઓ જાણે છે કે લા કાસાસના ગયા પછી મને સૌથી વધારે ઉપયોગી અને વિશ્રાન્તિ આપનાર એ છે. એ પ્રમાણે બધાના ગયા પછી તમને તેઓ ઉપાડી જશે એટલે તેમના પાપની પૂર્ણાહુતિ થઇ જશે."

"મારા પોતાના માટે તો હું ફર્યાદ કરૂંજ નહિ, પણ કદાચ ઈંગ્લંડની પ્રજા મારે વિષે પ્રધાનોને સવાલ પૂછે તો તેઓ એમજ જવાબ આપે કે નેપોલિયને કશી ફર્યાદ કરી નથી એટલે સુખીજ હોવો જોઇએ. ફર્યાદનો એક શબ્દ પણ ઉચ્ચારવો એ મારા દરજ્જાને છાજે નહિ. બાકી હું તો એટલો કાયર થઇ ગયો છું કે મને ગોળીબાર કરવાનો હુકમ નીકળે તો હું તેને સુખરૂપ માનું."

૧૯ મી માર્ચ. ડૉ૦ ઓ'મીરા લખે છે કે–"આજે મેં શહેનશાહને બાઇબલ વાંચતા જોયા. મને એમજ થયું કે આ વાત ઘણા માણસો નહિ માની શકે; કારણ કે લોકોમાં એમ કહેવાતું હતું કે તે નાસ્તિક છે."

તેણે હસતે મોઢે જવાબ દીધો, "લોકો તેમ કહેતા હોય તોપણ એ વાત સાચી નથી. હું નાસ્તિક તો છુંજ નહિ. ધર્મગુરુઓનો ઢોંગ અને તેમનાં પાખંડ હું જાણું છું તોપણ મેં ફ્રાન્સમાં ધર્મની પુનઃ સ્થાપના કરાવી હતી. ધર્મવડે પ્રજાની સામાજિક નીતિને પોષણ મળે એમ હું ઇચ્છતો હતો. માણસને કાંઇક અલૌકિક તત્ત્વની જરૂર પડે છે. વળી ધર્મવડે ઘણાને આશ્વાસન અને ધૈર્ય મળે છે."

૩ જી એપ્રીલ. શહેનશાહે કહ્યું કે "મારા પહેલાંના રાજાઓ એવી પ્રતિજ્ઞા લેતા હતા કે અમે સઘળા નાસ્તિકોનો નાશ કરીશું. ગાદીએ બેસતી વેળા મેં એવી પ્રતિજ્ઞા લીધેલી કે હું તમામ મતસંપ્રદાયોને અભયદાન આપીશ."

૪ થી એપ્રિલ. ડૉ૦ ઓ'મીરા શહેનશાહને રહેવાના મકાનનું વર્ણન કરતાં લખે છે કેઃ–"ઉંદરો અતિશય વધી પડયા છે. પાટીઆંના પડદા અને માળનાં પાટીઆં તેમણે કોચી કોચીને કાણાં કરી નાખ્યાં છે. આખી રાત દોડાદોડ અને કુદાકુદ કરીને તેઓ એટલો તો કચકચાટ કરી મૂકે છે કે જેમણે સાંભળ્યો હોય તેમનેજ તેનો ખ્યાલ આવે. રાત્રે તેઓ જ્યારે મારા સૂવાના ઓરડામાં પેસીને ગરબડ મચાવે છે ત્યારે હું ચીડાઇને બૂટ અથવા જે કાંઇ હાથમાં આવે તે ફેંકું છું પણ તેનાથી એ હરામખોરો જરા પણ ડરતા નથી એટલે આખરે તેમને હાંકી કહાડવા મારે પથારીમાંથી ઉઠવુંજ પડે છે."

"એક તો જૂનું પુરાણું મકાન, છાપરૂં અને છત હલકા લાકડાનાં, તેના ઉપર ડામરવાળા કાગળ ચોટાડેલા, પડદા તે પણ લાકડાના, તેથી કરીને ઘણી સહેલાઇથી ઉંદર આવી શકતા, એટલુંજ નહિ પણ તેનાથી બીજી પણ, અગવડ પેદા થઇ હતી.

ગરમીથી ડામર ઓગળી જતો અને તેથી પાટીઆંની ફાટો ઉઘાડી થઈ જતી. તેમાંથી વરસાદનાં ઝાપટાં ને ઝાપટાં ઘરમાં ચાલ્યાં આવતાં. મોન્થોલનની સ્ત્રી બિચારી રાતમાં ઉઠી ઉઠીને છોકરાંને ભીનામાંથી કોરામાં સુવાડતી. આ ખોડ સુધરે એમ હતુંજ નહિ; કારણ કે જરા તડકો પડતો એટલે નવી નવી ફાટો પડતી. આ વાત કદાચ કોઇના માનવામાં ન આવે તો તેઓ તેમની મુસાફરી દરમ્યાન તેમનું વહાણ સેન્ટ હેલેના આગળ થોભે ત્યારે જે ઘરમાં ફ્રાન્સનો દેશનિકાલ થએલો પાદશાહ છ વરસ કેદ રહી મરણ પામ્યો હતો તે ઘરની સ્થિતિ જાતે જોઇ આવશે તો ખાત્રી થશે. ”

૨ જી જુલાઇ. હિંદુસ્તાનનો ગવર્નર જનરલ લૉર્ડ આમહર્સ્ટ વિલાયત જતાં ત્યાં થોભ્યો અને નેપોલિયનની મુલાકાતે આવ્યો. સાધારણ વાતચીત થઇ રહ્યા પછી તેણે કહ્યું કે જો ઇંગ્લંડના યુવરાજને કાંઇ ખાસ કહેવું હોય તો હું ખુશીથી કહીશ. નેપોલિયને પોતાના દરજ્જાને છાજે તેવા પ્રૌઢ પણ તીવ્ર મનોવ્યથાજનિત સ્વરે કહ્યું:—

“ તમારા રાજાને તેમજ તમારા દેશની પ્રજાને મને કેદ કરવાનો હક્ક નથી. બે કરોડ માણસો એક વ્યક્તિને કેવી રીતે સંતાપે તેનું ઉદાહરણ ઇંગ્લંડે આપ્યું છે. વહેલાં મોડાં ઇંગ્લંડને આ કૃત્યને માટે શરમાવુંજ પડશે. તમારી પાર્લામેન્ટ આ દરખાસ્તને ટેકો આપતી વખતે ધારાસભા તરીકેની પોતાની પવિત્ર પદવી ભૂલી ગઇ અને ઇંગ્લંડની પ્રજાને નામોશી લગાડે એવા કૃત્યને સંમતિ આપવા દોરવાઇ. ”

એ પછી પોતા ઉપરના જાસાઓ વગેરેની હકીકત કહ્યા પછી તેણે કહ્યું કે “ આ ઉપરાંત હજી પણ બીજું ઘણું તેઓ કરવા ઇચ્છે છે. મારો દેશ જેને માટે મગરૂર છે તે વાતનો તેમને મારે મોઢે ઇનકાર કરાવવો છે અને તેને લાંછન લાગે એવી ખોટી વાત મારી પાસે કબુલ કરાવવી છે. તેમને મારી પાસે એવું કબૂલ કરાવવું છે કે મને રાજ્યમુકુટ પહેરાવવાનો ફ્રાન્સને હક્કજ ન હતો અને સર હડસન લોની કલમના ગોદાવડે, મારે કપાળે રાજ્યગુરુએ કરેલું રાજચિન્હ ભૂંસી નાખવું છે. કેમ્પો ફોર્નિયો અને લૂનેવાઈલ આગળ જ્યારે મેં આસ્ટ્રિયાના શહેનશાહને સુલેહ કરવાની ફરજ પાડી ત્યારે હું જનરલ બોનાપાર્ટ કહેવાતો હતો. જ્યારે મેં ઇંગ્લંડની સાથે એમેન્સની સુલેહપર સહી કરી ત્યારે પણ હું તેજ નામથી ઓળખાતો હતો. હજી પણ હું એ નામ ધારણ કરવા મગરૂર છું પણ તે નામ જો હું ધારણ કરૂં તો ફ્રેન્ચપ્રજાએ કરેલા કામને રદ અને ગેરકાયદે ગણવાનો ઇંગ્લંડના રાજાને હક્ક છે એમ મેં કબૂલ કર્યું કહેવાય. હું તો ડૂરો અથવા એવું કાંઇક તખલ્લુસ ધારણ કરવાનો હતો પણ તમારા પ્રધાનો તથા તેમનો ભાડુતી ખૂની સર હડસન લો, આ બાબતમાં તરેહ તરેહના વોચપરોણા કરીને મને શહેનશાહની પદવી પકડી રાખવાની ફરજ પાડે છે. જો તમારા દેશની સરકાર એમ કહેવા માગતી હોય કે હું ફ્રાન્સનો પાદશાહ હતોજ નહિ, ત્યારે તો જ્યારે મેં એમેન્સની

સુલેહ ઉપર સહી કરી અને લૉર્ડ કાસલરે અને લૉર્ડ લૉડર્ડેલ મારા એલચીઓ સાથે સંધિવિચાર કરતા હતા ત્યારે ફ્રાન્સનો રાજા હું નહિ તો કોણ લૂઇ હતો ?

“ હું ઇંગ્લંડ સાથે મૂળથીજ સાચા દિલથી સુલેહ રાખવાજ ઇચ્છતો હતો. મારે તો રાજ્યવિપ્લવથી પડેલાં મોટાં મોટાં કોતરો પૂરી નાખવાં હતાં અને કાયદેસર બંધારણવાળું રાજ્યતંત્ર જે તમારા અને મારા દેશે ભયંકર સામાજિક આંદોલન કરીને મેળવ્યું છે તે યૂરોપના રાજાઓની મારફતે યુરોપનાં રાજ્યોને અપાવીને યૂરોપની રાજનૈતિક ઇમારતોને હલાવ્યા વગર તેની પુનર્ઘટના કરવાની મને અભિલાષા હતી. હું ફરીથી કહું છું કે મારે સુલેહજ જોઇતી હતી અને તે મેળવવાને માટેજ હું લઢતો હતો. વિયેનાની રાજપરિષદ એમ સમજતી હશે કે યુરોપમાં હવે સુલેહ થઇ ચૂકી છે. પણ તેની ભૂલ થાય છે. એક અતિ ભયંકર લડાઇ મારા સામ્રાજ્યની ભસ્મની અંદર છુપાઇને પોષાઈ રહી છે. જે રાજાઓને માફ કરી કરીને તેમના રાજ્યો મેં પાછાં આપ્યાં હતાં તેમણે મારા પ્રત્યે બતાવેલી કૃતઘ્નતાનું વૈર વહેલી મોડી પ્રજા લીધા વગર નહિજ રહે. રાજયુવરાજને કહેજો કે—“જે પાર્લામેન્ટના તમે મુખ્ય સભાસદ છો તેને કહેજો કે મારા જેલરના જુલમમાંથી મને છુટો કરવા મહેરબાની કરીને મારે માટે જલ્લાદનો કુહાડો તૈયાર કરાવો એટલુંજ હું માગી લઉં છું.”

મોન્થોલન લખે છે કે “આ પ્રૌઢ અને મર્મવિદ્ધ આત્માના દુઃખની કથા સાંભળીને લૉર્ડ આમહર્સ્ટને ઘણું લાગી આવ્યું. તેણે પોતાના મનની લાગણી ન છુપાવી. તેણે વચન આપ્યું કે આ બધી હકીકત હું યુવરાજને કહીશ અને આપની રજા હોય તો સર હડસન લોને પણ કાંઇક કહું.”

નેપોલિયને કહ્યું, “એમાં તો કાંઇજ વળે એમ નથી. એ માણસના સ્વભાવમાંજ પાપવૃત્તિ અને મારા પ્રત્યે વેર વસી રહ્યું છે. જેમ વાઘ પોતાના શિકારને નખવડે ફાડીને તેના દુઃખને લાંબો વખત પહોંચાડવામાં મઝા માને છે તેમ આ માણસને પણ પોતાની મઝાને ખાતર મને પીડવાની જરૂર પડે છે.”

અક્ટોબર માસના અરસામાં ડૉ૦ ઓ'મીરા નોંધ કરે છે કે “ શહેનશાહની તબીયત ઘણીજ ખરાબ રહે છે.” એવામાં વળી સર હડસન લોના ભેજામાં નવો તરંગ આવ્યો. તેણે હુકમ કર્યો કે જનરલ બોનાપાર્ટની તબીયતનો મને રોજ લેખી રિપૉર્ટ કરવો. નેપોલિયને વાંધો લીધો. જવાબ મળ્યો કે નેપોલિયનના નામ સાથે “ શહેનશાહ ” શબ્દ તો નહિજ લખાય. એકલું નેપોલિયન બોનાપાર્ટ ગમે તો લખો. આ વાત ડૉ૦ ઓ'મીરાએ તેને કહી પણ તેણે કબૂલ ન કરી. તે કહે કે એ લોકો જેમ મારૂં વધારે વધારે અપમાન કરતા જશે તેમ હું પણ શહેનશાહની પદવી પકડી રાખવા વધારે જીદ કરીશ. આખરે તેણે કહ્યું કે રિપૉર્ટમાં દરદી બોનાપાર્ટ

લખો, પણ આ રીત પણ સર હડસન લોએ નામંજૂર કરી. તેણે કહ્યું કે બસ "જનરલ બોનાપાર્ટ" સિવાય બીજું કાંઇ લખાશેજ નહિ. !

નેપોલિયને તે ઉપરથી દવા ખાવાનીજ સાફ ના પાડી, એમ કેટલાક દિવસ નીકળી ગયા. આખરે સર હડસન જરા નરમ પડયો, અને નેપોલિયનની તબીયતનો દૈનિક રિપૉર્ટ માગવાનું છોડી દીધું. ડૉ૦ ઓ' મીરા પાછો તેની સારવારમાં હાજર થયો. તે લખે છે કે "જમણી બાજુએ થોડું દુ:ખ તો તેને થયાંજ કરતું; તેની ભૂખ ઘટી ગઇ હતી; હજી પગે સોજા હતા અને કોઇ કોઇવાર ઉલટી આવે એમ થતું અને ઉંઘ તો છેક ઉડીજ ગઇ હતી."

હવે લા કાસાસની પછી આ દાક્તરની વારી આવી. નેપોલિયનને સંતાપવામાં તેણે સર હડસનને મદદ ન કરી એટલે હવે તેના ભોગ ફરી વળ્યા. તે અંગ્રેજ અમલદાર હતો તો પણ તેને એકદમ કેદ કર્યો. આ ઉપરથી તેને રાજીનામું આપવું પડયું અને તે માંદા અને મરવા પડેલા પાદશાહની રજા લેવા ગયો.

નેપોલિયને કહ્યું, " ડાકટર, ત્યારે તમે જાઓ છો. મારા ડાકટરને પણ તેમણે ન છોડયો એ વાત દુનિયાના માન્યામાં આવશે ? તમે મારી બરદાસ્ત લીધી તે માટે આભારી છું. જાઓ, આ અંધકાર અને પાપની બોડમાંથી છૂટા થઇ જાઓ. હું તો મારા રોગથી ગળાઇ ગળાઇને આ ગોદડી ઉપરજ વગર દવાએ ભલે મરી જઈશ; પણ મારા મોતનું કલંક તમારા દેશને માથે સદાને માટે ચોંટેલુંજ રહેશે."

નેપોલિયન તરફ જે જે દયા બતાવે તે સર હડસનના ખપ્પરમાં આવી જાય. ઓ'મીરાએ સત્તાવીશ દિવસ કેદ ભોગવી, આખરે યુરોપના રાજાઓના કમિશનરો સેન્ટ હેલેનામાં રહેતા હતા તેમણે સખત વાંધો ઉઠાવ્યો ત્યારેજ એ હડસન સાહેબ જરા નરમ પડયા અને ઓ'મીરાને છૂટો કરી તેને નેપોલિયનની સારવાર કરવા જવા દીધો; પરંતુ એ પણ ઝાઝો વખત ન નભ્યું. જુલાઈની ૨૫ મી તારીખે તેને હુકમ મળ્યો કે તમારે કોઈની સાથે પણ કશી વાતચીત કર્યા વગર એકદમ સેન્ટ હેલેના છોડીને ચાલ્યા જવું.

ડૉકટર ઓ'મીરા લખે છે કે "મારા ધંધાનો, નેપોલિયનની તબીયતની ખરેખરી સ્થિતિનો અને એક મનુષ્ય તરીકેની મારી ફરજનો વિચાર કરતાં મને એમજ લાગ્યું કે મારે આ નિર્દય હુકમ નજ માનવો. એક પળવારમાં મેં ઠરાવ કરી નાખ્યો. ગમે તેમ થાય તોપણ આ હુકમ તો નહિ માનું એવો સંકલ્પ મેં મારા મનમાં ઘડી કહાડયો;" છતાં પણ આખરે સર હડસનની સત્તા પ્રબળ થઇ અને ઓ'મીરાને સેન્ટ હેલેના છોડવોજ પડયો.

છેલ્લી વિદાય આપતાં તેને નેપોલિયને કહ્યું કે:—

"યૂરોપ પહોંચો એટલે તરતજ મારાં સગાંસંબંધીઓને મળજો અને તેમને

સમજાવજો કે મારી વિપત્તિઓ અને મારાં અપમાનનાં ભાગીદાર થવા તમે અહિં આવો એમ હું નથી ઇચ્છતો. મારી ભલી * લૂઇસી, મારી પૂજ્ય માતા, અને બેન પાઉલાઇનને મારો સ્નેહ પહોંચાડજો. જો કદી મારા પુત્રને તમે મળી શકો તો તેને મારાવતી આલિંગન દેજો. તે ફ્રેન્ચ રાજકુમાર છે એ વાત તે કદી પણ ન ભૂલે. તેને હાલ કેવી કેળવણી મળે છે તેની ખરેખરી વિશ્વાસપાત્ર હકીકત મને મોકલજો. આપણે હવે નહિ મળીએ. તમારૂં કલ્યાણ થાઓ !"

બે મહિના સુધી નેપોલિયનને અંગ્રેજ દાકતર પાસે સારવાર કરાવવાની ફરજ પાડવા સર હડસને ઘણીએ માથાકુટ કરી પણ તેણે દવા લેવાનીજ ના પાડી. એમ કરતાં સપ્ટેંબરની આખરે તેની તબીયત એકદમ છેકજ બગડી ગઇ ત્યારે સર હડસને થોડીક છૂટછાટ મૂકી અને શહેનશાહ પોતાની વાડીમાં જરા ફરતો હરતો થયો.

તેની તબીયત તો દહાડે દહાડે બગડતીજ હતી તોપણ છ મહિના સુધી તેણે દાકતરને પોતાની પાસે આવવા નજ દીધો. આ રીતે કેદનું ત્રીજું વર્ષ પસાર થઇ ગયું.

---

* રાણી મેરિયા લુઇસા.

प्रकरण ७२ मुं—केदनुं चोथुं अने पांचमुं वर्ष

ઈ. સ. ૧૮૧૮ ના નવેંબર અને ડીસેંબરની નોંધમાં મંદવાડ દુ:ખ અને અપમાન નેપોલિયને કેવા ધૈર્યથી સહન કર્યાં તેની શોકમય કથા છે. આખરે ૧૦ મી જાન્યુઆરીએ તેની હાલત એવી ભયંકર થઈ પડી કે એક અંગ્રેજ ડૉકટરને બોલાવવાની તેના મિત્રોને જરૂર લાગી. એ ડૉકટર તેને એક બે વાર જોઇ ગયો પણ નેપોલિયનને ધૂળથી પણ હલકો કરી મૂકવાનો નિશ્ચય લઇ બેઠેલા સર હડસને પછી તેને પણ જતો અટકાવ્યો. તેણે સર હડસનને બહુ લાગણીપૂર્વક લખ્યું પણ તેને દયા નજ આવી. આખરે ૨૧ મી જાન્યુઆરીએ તેણે પોતાના દરદીની રજા લીધી અને વળી પાછો નેપોલિયન દવા વગર મંદવાડનું કષ્ટ વેઠતો મોતને બિછાને પડયો રહ્યો.

આ રીતે દુ:ખમય એકાંત જીવનના લાંબા યુગ જેવા નવ મહિના વીતી ગયા; દરમ્યાન નેપોલિયન અતિશય કષ્ટ સહન કરતો ધીમે ધીમે તેની કબરમાં ઉતર્યો જતો હતો. સર હડસન લોની નિર્દયતામાં હજી ઘટાડો થયો ન હતો. તેના મંદવાડ વખતે પણ આ નિર્દય માણસ તેના ઓરડા આગળ આવી આવીને ધાંધલ મચાવી ગયો ત્યારે આખરે થાકીને અંદરથી બારણાને સાંકળ દઇ રાખવી પડી.

બ્રિટિશ સરકારે અંતે તેની સારવાર માટે એક ફ્રેન્ચ દાકતર પસંદ કરવાની રજા આપી; જે ઉપરથી ડૉ૦ એન્ટો માર્કી ૧૮૧૯ ના સપ્ટેંબર માસમાં સેન્ટ હેલેના આવ્યો. નેપોલિયનને એવી ઇચ્છા હતી કે તેના ઘરમાં ધાર્મિક ક્રિયાઓ પણ નિયમસર થવી જોઇએ તેથી આ ડૉકતરની સાથે બે ધર્મગુરુઓ પણ આવ્યા હતા.

૨૨ મી સપ્ટેંબર. આજે ડૉ૦ એન્ટોમાર્કીની પહેલી મુલાકાત હતી. જે ઓરડામાં શહેનશાહ બેઠો હતો તેમાં એટલું અંધારૂં હતું કે ડૉકટર તેને જોઇ શકયોજ નહિ. જો કે તે વખતે બપોરના સવા બે વાગ્યા હતા. પ્રથમ ડૉકટરની તમામ આગલી પાછલી હકીકત તથા તેણે આ દુ:ખદાયક સ્થાનમાં આવવાનું શામાટે કબૂલ કર્યું તે સઘળું પૂછી લીધા પછી તેણે બે ધર્મગુરુઓ સાથે વાત કરી અને કહ્યું કે હવે આપણે દર રવિવારે ઈશ્વરોપાસના કરીશું.

મોન્થોલન નાસ્તિક હતો. તે ખુલ્લી રીતે કહેતો કે "હું મારો ધર્મ છાવણીમાં ભૂલી આવ્યો છું." સાંજે તે અને નેપોલિયન એકલા બેઠા હતા તે વખતે ધર્મની વાત નીકળતાં નેપોલિયને પોતાના ધર્મવિચાર સંબંધી ઘણો અગત્યનો ખુલાસો કર્યો:—

"હું કબૂલ કરૂં છું કે જ્યારે હું રાજ્યાસનપર હતો ત્યારે નાસ્તિક સેનાપતિઓની આગળ, હું લોકાપવાદથી ડરતો હતો અને મારા વિચારો ખુલ્લી રીતે જાહેર કરવા જેટલું મારામાં બળ ન હતું તેથી 'હું ઈશ્વરને માનું છું' એમ પ્રકટ રીતે મેં કહ્યું નથી. મેં કહ્યું હતું કે ધર્મ એક શક્તિ–રાજનૈતિક એન્જીન છે; પરંતુ તે વખતે પણ કોઈએ મને સીધો સવાલ પૂછ્યો હોત તો હું તેને કહેત કે હા હું ખ્રીસ્તી છું.' વળી એટલો એકરાર કરવા માટે જો મારે ખુવાર થઈને મરી છૂટવું પડત તો તે વખતે મારી હિંમત અને દૃઢતાનું ખરૂં માપ હું જોઈ શકત. હું બધું સહન કરત પણ ઈશ્વરને નથી માનતો એવો જૂઠો એકરાર નજ કરત."

જનરલ બર્ટ્રેન્ડ નિરીશ્વરવાદી હતો. એક દિવસ આ અરસામાં નેપોલિયન તેની સાથે નિરીશ્વરવાદવિષે ચર્ચામાં ઉતર્યો. બર્ટ્રેન્ડે દલીલ કરી કે "આપનો અને એક ગોવાળીઆનો આત્મા એક કેવી રીતે? બેઉની વચ્ચે કેટલો અંતર? વળી આપ પોતાના કે બીજાના આત્માને જોઈ તો શકતાજ નથી. તો પછી આત્માનું અસ્તિત્વ માનવાનું પણ કારણજ શું?" એના જવાબમાં નેપોલિયને કહ્યું કે "તમે ગોવાળીઆ સાથે વાતચીત કરો ત્યારે તેના જવાબ ઉપરથી કેવો માણસ છે તેની તમે તરતજ તુલના કરી શકો છો. તમારી વિચારશક્તિ, તુલનાશક્તિ અને તમારી બીજી અનેક શક્તિઓ તેના કરતાં ચડીઆતી છે, એ તમે જેમ કબૂલ કરો છો; તેવીજ રીતે હું પણ પાકે પાયે અનુમાન કરૂં છું. જે અમાનુષિક (મનુષ્યથી નહિ બની શકે એવું કાર્ય હું જોઈ રહ્યો છું તે ઉપરથી મને તેના અદૃશ્ય કારણનું પણ અસ્તિત્વ સ્વીકારવાની ફરજ પડે છે. દૃશ્ય વિશ્વનું એ અદૃશ્ય કારણ એજ સર્વનું મૂળ કારણ છે; એજ અનંત સત્તા છે; એજ અનંત ચિત્શક્તિ છે; અને તેની સાથે સરખાવતાં તમે પણ અણુ સમાન છો અને હું, નેપોલિયન, મારી આટલી બુદ્ધિ છતાં એ કાંઈજ હિસાબમાં નથી. એ અનંત શક્તિને હું ઈશ્વર કહું છું. હું તેને માનું છું, હું તેને સમજી શકું છું અને હું તેની મદદ ચાહું છું. જો તેનું અસ્તિત્વ તમારી સમજમાં ન ઉતરતું હોય, જો તમે તેને ન માની શકતા હો તો એટલું તમારૂં કમભાગ્ય છે; પણ ઈશ્વર છે એમ એકવાર તમે પણ કબૂલ કરશોજ. હું ઘણા અપરાધ ક્ષમા કરી શકું છું પણ નાસ્તિક અને જડવાદથી તો હું કંપું છું. જેને આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા નથી તેની સાથે હું લગાર પણ સહાનુભૂતિ નથી રાખી શકતો. જે માણસ પોતાને એક માટીનું પૂતળું માને છે અને

પોતાની માફક મને પણ માટીનું પૂતળુંજ ગણે છે. તેની સાથે મારૂં મન મળી શકતુંજ નથી."

જનરલ બર્ટ્રેન્ડ અને નેપોલિયન ઘણીવાર ધર્મવિષયક ચર્ચા કરતા. એક વાર બર્ટ્રેન્ડે કહ્યું, "ઇશ્વર મનુષ્યાવતાર ધારણ કરે એ આપના જેવો બુદ્ધિસંપન્ન પુરુષ માનીજ કેમ શકે ? ઇસુખ્રિસ્ત બુદ્ધિમાં અને ચારિત્ર્યમાં ઉંચામાં ઉંચી કોટિનો મનુષ્ય હોય, અને દરેક બાબતમાં તેની બરોબરી કરી શકે એવો કોઇ મનુષ્ય ન હોય, એ હું કબૂલ કરૂં; પણ ગમે તેવો તોપણ તે એક માણસજ હતો. જો તેણે મનુષ્યોની પ્રીતિ મેળવી હોય અને તેમને ભક્તિઘેલાં બનાવીને પોતાના પગલે ચાલતાં કર્યાં હોય તો એ ચમત્કાર તેના બુદ્ધિબળનો અને તેની પ્રતિભાનો છે; કેમકે એ બે ગુણવડે જગતને તાબે કરી શકાય છે. સિકંદરે, સીઝરે, અને આપે પોતે પણ એજ ગુણવડે જગતને વશ કર્યું હતું." એના જવાબમાં નેપોલિયને તરતજ કહ્યું કેઃ–

"હું મનુષ્યસ્વભાવને ઓળખું છું અને હું તમને ખાત્રીથી કહું છું કે ઇસુ ખ્રિસ્ત આપણા જેવો મનુષ્ય નથી. ઉપલકીઆ જોનારને ઇસુ અને મારા કે સીઝર જેવા સામ્રાજ્યસ્થાપકોની વચ્ચે મળતાપણું દેખાય, પણ એ મળતાપણું ખોટું છે. રોમ અને ગ્રીસના મહાપુરુષો સ્મૃતિકારો અને લોકનાયકો માટે મને ઘણું માન છે. તેમને હું અન્યાય નથી કરતો. તેમની ખુબી હું જાણું છું. તેઓ મારી માફક મહત્ત્વનાં કામ કરી ગયા છે; પરંતુ તેઓ પણ દેવાંશી તો નહોતાજ, મેં અને તેમણે એવી એવી ભૂલો કરી છે, એવી એવી નિર્બળતા બતાવી દીધી છે કે અમારામાં અને ઇસુખ્રિસ્તમાં કેટલું અગાધ અંતર છે તે ઉઘાડું પડી જાય છે.

ઇસુખ્રિસ્તે કદિ પણ માનુષી નિર્બળતા નથી બતાવી. તેનું એકેએક કામ જોઇને હું ચકિત થઈ જાઉં છું. તેના આત્માનો પ્રતાપ જોતાં હું અંજાંઈ જાઉં છું. આખા જગત્માં કોઈની સાથે તેની સરખામણી થઇ શકે એમ છેજ નહિ. ઈસુ તે ઇસુજ. તેના આદર્શ, તેના ભાવ, તેના મુખમાંથી નીકળતાં પરમ સત્યો અને લોકોના ઉપર તે સત્યો ઠસાવવાની તેની અપૂર્વ રીતિ એ સર્વ મનુષ્યની શક્તિ ઉપરાંતનું છે. વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર તેના ઉપદેશની આધ્યાત્મિકતા આગળ ફીકાં પડી જાય છે. આત્મા સિવાય બીજા કોઇ અનાત્મ પદાર્થની તેને કશી પરવા નથી; આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કારજ તેને માટે અંતિમ લક્ષ્ય છે. × તેના જન્મ પહેલાં કોઈનું લક્ષ્ય આત્મા તરફ વળ્યું ન હતું. અને ભૌતિક પદાર્થોએજ જગતને મોહિત કરી નાખ્યું હતું. તેના આદેશથી સૌને સૌની યોગ્યતાના પ્રમાણમાં સ્થાન મળી ગયું.

× આ અને હવે પછીનાં કથન એકલા યૂરોપનેજ લાગુ પડે છે એમ સમજવું. યુરોપની બહાર થએલા ધાર્મિક વિકાસવિષે નેપોલિયનને પૂરતું જ્ઞાન નહિ હોવાથીજ તેની નજર માત્ર ઇસુ ઉપરજ ઠરી છે અને તે વાજબી છે.

વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રને ધર્મથી બીજા નંબરનું સ્થાન મળ્યું. આત્મજ્ઞાનનું સામ્રાજ્ય પાછું ફરીથી દૃઢ થયું. એકલી શ્રદ્ધાના જાદુઇ પ્રભાવથી મોટા મોટા પંડિતોની પંડિતાઇનાં ભીંતડાં જમીનદોસ્ત બની ગયાં. ઇસુના શબ્દમાં કેટલી શક્તિ છે ? તેના શબ્દથી જગત્‌ના વિચારમાં આસમાન જમીન જેટલો ફેરફાર થઇ ગયો. એનો એક શબ્દ તો જાણે ઈશ્વરનો આદેશ ! આવું અપૂર્વ કાર્ય ઈશ્વર સિવાય કોણ કરી શકે ?

“ તેના મરતી વખતના શબ્દો કેવા છે ? તેની કુમક કરનાર કોઇ નથી. થોડાક કંગાલ ચેલાઓ સિવાય તેનું કોઇ નથી. યાહુદી ધર્મગુરુઓ તેના ઉપર ક્રોધે ભરાયા છે. આખી દુનિયાનો તેના ઉપર ફિટકાર વરસી રહ્યો છે. આ વખતે પણ તેનું વર્તન અને તેના શબ્દો જુઓ:—‘ભલે તેઓ મને થોડાજ વખતમાં પકડીને ક્રૉસ ઉપર જડી દેતા; ભલે આખું જગત્ મારો ત્યાગ કરે અને મારો મુખ્ય શિષ્ય પણ ગુરુદ્રોહી બને; પણ મારા મરણથી હું માણસજાતનું પાપ ધોઇશ અને ઈશ્વરથી વિમુખ થઇ ગએલાં મનુષ્યો ફરીથી ઇશ્વરાભિમુખ બનશે. મારૂં મૃત્યુ મારા શિષ્યોને નવજીવન આપશે, અને તેઓ હાલ છે તે કરતાં વધારે આત્મબળસંપન્ન બનશે. હું સ્વર્ગમાં રહ્યો રહ્યો તેમની બુદ્ધિને પ્રેરીશ. ક્રૉસનું માહાત્મ્ય તેમને નવીન બળ આપશે અને તેઓ ચારે દિશાએ સદ્ધર્મનો પ્રચાર કરશે. વધસ્તંભ ઉપર શૂળીએ ચડીને પ્રાણત્યાગ કરવા દુનિયાની નજરે એક હતભાગી માણસના શબ્દો આજે અક્ષરે અક્ષર ખરા પડયા છે. ”

“ એકાદ લડાઇથી કે એકાદ દિવસમાં આ મહત્ પરિણામ નથી આવ્યું. એકજ મનુષ્યના જીવનમાં આ ફેરફાર નથી થયો. ઇસુના દેહાવસાન પછી પણ ત્રણ ત્રણ સૈકા સુધી તેના ચેલાઓએ પોતાના રુધિરથી ઇસાઇ ધર્મના પાયા ચણ્યા છે. આ મહાન્ ધર્મયુદ્ધમાં તમામ રાજાઓ અને દુનિયાની તમામ શક્તિઓ તેમની સામે ગોઠવાઈ ગઇ હતી. તેમની પાસે લશ્કર ન હતું. જગત્ જેને બળ કહે છે તેમાંનું કશુંજ ન હતું; પણ એક મહા બળવાન, ગૂઢ અને દિવ્ય શક્તિ તેમનામાં જવલંતભાવે ભભૂકી નીકળી હતી. તેમની સંખ્યા ઝાઝી ન હતી. છૂટા છવાયા પ્રભુના પાગલખાનાના થોડા ઘણા મહેમાનોજ માત્ર ઈસુના સૈન્યના સૈનિકો હતા. શ્રદ્ધા એજ તેમને સૌને સાંધનારી સાંકળ હતી.

“ પણ ક્રૉસના બળથી તેઓ બળવાન હતા. કેવું યશસ્વી યુદ્ધ ! એક બાજુએ ક્રોધ, તિરસ્કાર અને વૈરનાં આસુરી બળ તેમના ઉપર તૂટી પડયાં હતાં. બીજી બાજુએ ધૈર્ય, સહનશીલતા, ક્ષમા, અને નમ્રતા તેમનો દૈવી પ્રભાવ શત્રુપક્ષ ઉપર પાડી રહ્યાં હતાં. ત્રણ ત્રણ સૈકા સુધી શરીરબળ અને આત્મબળ, જુલમ અને સદ્વૃત્તિ, તામસિક આસુરી સંપત્તિ અને સાત્વિક દૈવી સંપત્તિ વચ્ચે સંગ્રામ મચી

રહ્યો. ઇસુના ચેલાઓનાં માથાં વધસ્તંભ ઉપર રવડવા લાગ્યા. તેમનાં લોહીની નીકો વહી. હસતે મુખડે, ઇશ્વરનાં ભજન ગાતા, જલ્લાદના હાથને ચુંબન કરતા તેઓ અમરત્વ પામ્યા. તેમનાં શરીર શરણ થતાં પણ તેમનો બળવાન આત્મા સદાને માટે વિજયી રહેતો. ઇસાઇઓ હણાયા પણ જ્યાં જ્યાં તેમનાં લોહી રેડાયાં ત્યાં ત્યાં તેઓ ફતેહનાં બીજ વાવતા ગયા.”

“તમે સિકંદર અને ઇસુની સરખામણી કરો છો અને બંનેએ તેમના સૈનિકોમાં શૌર્યનો સંચાર કર્યો હતો તેની વાત કરો છો; પણ કોઈ પણ માણસે સિકંદરના મરણ પછી તેને માટે સર્વસ્વ હોમી દેવા તૈયાર હોય એવા ભક્તોનું સૈન્ય તૈયાર કરી જીત મેળવી હોય એવું તમારા માનવામાં આવી શકે છે? જુઓ હું પોતે હજી જીવતો છું તોપણ મારા સૈનિકોએ મને વિસારી મૂકયો. આટલુંજ અમારૂં બળ અને આટલોજ લોકો ઉપર અમારો કાબુ! એકજ લડાઇમાં હાર થઇ એટલે બસ અમારી સર્વ સત્તા ચાલી ગઇ, અને અમારા મિત્રો વેરણખરણ થઇ ગયા!” +

“પણ ઇસુની જીત કેવી સ્થાયી છે તે જુઓ. મોટી મોટી પ્રજાઓનાં નામનિશાન ન રહ્યાં, મોટાં મોટાં મહારાજ્યોનાં હાડકાં રવડી ગયાં પણ ઇસુનું રાજ્ય તો અમરવેલીની માફક જીવંત અને પ્રગતિમાનજ રહ્યું છે. કયી શક્તિએ એ ધર્મને મોટી મોટી શહેનશાહતોના ખોફની સામે, અને પશુબળની પ્રચંડ ભરતીની સામે ટકાવી રાખ્યો? કયી શક્તિ અઢારસો વરસ થયાં અનેકાનેક નાશક શક્તિઓની સામે એ ધર્મને જાળવી રહી છે?”

“એમાંજ ઇસુનું ઇશ્વરત્વ રહેલું છે. તેના મોંમાંથી એક શબ્દ નીકળે છે, અને તરતજ સગપણના કરતાં વધારે સુદૃઢ, પવિત્ર અને શાશ્વત સબંધથી પ્રજાસમૂહ એકબીજા જોડે સંધાઇ જાય છે. તેના આત્મજ્યોતિના કિરણથી મનુષ્યમાં રહેલો પોતાની જાત તરફનો પ્રેમ બળીને ભસ્મ થઇ જાય છે.” *

+ એથી અનેકગણાં વરસો વીતવા છતાં અને પરધર્મીઓના સર્વથી વધારે આઘાત સહેવા છતાં પણ ઋષિમુનિઓનો ધર્મ આર્યસંતાનોમાંથી નષ્ટ થઈ શક્યો નથી. વળી એજ પ્રમાણે બુદ્ધ અને જરથુસ્તના અનુયાયીઓ પણ ખ્રિસ્તી ભાઇઓ કરતાં તો પ્રાચીનતાની બાબતમાં અધિક ગૌરવ લઇ શકે. સંપાદક.

* કેટલાક સભાશોખીન બારોટ જેવા માણસો વખાણનારા નીકળી આવે એટલે બિચારા સામાન્ય જનવર્ગના એકાદ અસામાન્ય માણસને પણ ઇશ્વર અથવા તેનો અવતાર કહેવા માંડો પરંતુ સુજ્ઞ આર્યસંતાન તો ઇસુખ્રિસ્તની આટલી મહત્તા છતાં પણ તેને ઇશ્વર કે ઇશ્વરનો અવતાર માને તેમ નથી. એ કરતાં અનેકગણી મહત્તા દર્શાવી આપનારા દધીચી, રામ, કૃષ્ણ, બુદ્ધ અને પ્રહ્લાદ જેવાઓને પણ ઇશ્વર

“ પણ હવે મારી હકીકત તરફ જુઓ. મારે માટે પ્રાણ આપતાં પણ અચકાય નહિ એટલે સુધી મેં મારા અનુયાયીઓમાં ભક્તિનો સંચાર કર્યો હતો. પણ મારા સૈનિકો અને ઇસુના ચેલાઓની સરખામણી કરવા જેટલી ધૃષ્ટતામાંથી મને પ્રભુ બચાવે! મારા સૈનિકોને હું પાણી ચડાવી શકતો, પણ તે મારી સમક્ષતા પૂરતુંજ. મારા શબ્દનો પ્રભાવ, મારી આંખમાંથી ઝરતો વિજળીનો પ્રવાહ, મારો પ્રતિભાભર્યો આદેશ એ વડે તેમનાં હૃદયમાં પવિત્ર અગ્નિ જાગૃત થતો. બીજાના આત્માને જાગૃત કરવા જેટલી મારામાં જાદુઈ શક્તિ છે, પણ તે શક્તિ ઇસુની માફક બીજાઓમાં સ્થાયી વારસારૂપે ઉતરે તેટલે દરજ્જે હું ન આપી શકયો; અને મારા સરદારો પણ એ શક્તિ મારી પાસેથી એટલે દરજ્જે નજ મેળવી શકયા. મારી હાજરી ન હોય ત્યારે, તેમજ મારા શબ્દમાં કે મારી દૃષ્ટિમાં જે શક્તિ હતી તેની મદદ લીધા વગર હું મારા સૈનિકોનો પ્રેમ કાયમને માટે નથી જાળવી શકયો.”

“ સમસ્ત મહારાજ્યોનો જીતનાર હું આજે સેન્ટ હેલેનામાં સડું છું. આજે મારૂં કોણ છે? મારે માટે લડનાર, મારે માટે રાજ્યો જીતી આપનાર આજે કોઇ છે? મારા દરબારીઓમાંના કોઈ પણ આજે મારી બાજુમાં ઉભેલા છે? મને યાદ પણ કોણ કરે છે? યૂરોપમાં મને છોડાવવા કોઇ પણ પ્રયત્ન કરે છે?”

“ દુનીયાઇ મહાપુરુષોની આજ સ્થિતિ છે! સીઝર અને સિકંદરનું પણ તેમજ થયું છે. મને પણ જગત્ ભૂલી જવા આવ્યું છે. મારા જેવા દિગ્વિજયી શહેનશાહનાં નામ અને ઇતિહાસ માત્ર શાળાના વિદ્યાર્થીઓજ યાદ રાખશે. અમારાં પરાક્રમોને માત્ર મહેતાજીઓજ તેમના વિદ્યાર્થીઓને પાઠ આપવા માટે ઉપયોગમાં લેશે! બસ! બિચારા એ મહેતાજીઓજ માત્ર અમારાં કામોની તુલના કરશે અને અમને ધન્યવાદ આપશે અથવા અમને વખોડી કહાડશે! ઇંગ્લંડના ઉમરાવવર્ગે મારૂં ખૂન કરાવ્યું છે અને હું અકાળે મરણ પામું છું. મારૂં શરીર હવે થોડાજ વખતમાં કબરમાં દફનાઇ જશે અને તેને કીડા કોતરી ખાશે. જુઓ, એકવાર જે મહાન્ નેપોલિયન કહેવાતો હતો તેની આ દશા! ઇસુનું શાશ્વત સામ્રાજ્ય અને મારી દુર્દશા એ બે વચ્ચે કેટલું વિશાળ અંતર? ઇસુનું મરણ તે મરણ નહિ પણ સાચું જીવન છે.”

એક પળવાર શાંત રહ્યા પછી તેણે જોયું કે બર્ટ્રેન્ડે કશો ઉત્તર ન આપ્યો ત્યારે

નહિ પણ ઇશ્વરની દિવ્ય વિભૂતિ તરીકેજ તેઓ પૂજે છે. (સંપ્રદાયને આધીન બહુસંખ્યક જનસમૂહની આ વાત નથી.) મહર્ષિ વસિષ્ઠ સાફ જણાવે છે કે રામકૃષ્ણાદિ તો શું પણ બ્રહ્મા વિષ્ણુ જેવા પણ પોતાના અસામાન્ય પુરુષાર્થને લીધેજ તે તે પદને પામેલા છે.

સંપાદક.

તે બોલ્યો:—

“ઇસુને તમે ઈશ્વરાવતાર માનતા નથી ત્યારે ખરેખર મેં તમને સેનાપતિ બનાવ્યા એજ મારી ભૂલ.”

૨૨ મી સપ્ટેંબર. ડૉ૦ એન્ટોમાર્કી પોતાની સાથે ચોપડીઓની પેટીઓ ભરીને લાવ્યો હતો. નેપોલિયને તે પેટીઓ મંગાવી અને ખોલાવી. એક જણે તેમાંથી પુસ્તકોનો થોકડો કહાડીને તેના હાથમાં મૂક્યો. પણ તેણે કહ્યું કે હમણાં મારે ચોપડીઓ નથી જોવી. યૂરોપથી આવેલા પાર્સલમાં બીજું ઘણુંએ હોય. એનું ધારવું ખરૂં પડયું. ચોપડીઓની અંદર ગોઠવી રાખેલી એક સુંદર છબી નીકળી. તે તેના પ્રાણાધિક પ્રિય પુત્રની હતી. તે જોતાંજ તેની આંખમાંથી અશ્રુ નીકળી પડયાં. તે ઘણી વારસુધી તે બાળકના સુંદર મુખ સામે એકી નજરે જોઇ રહ્યો, અને તેને વહાલથી ચુમી કરતાં બોલ્યો, “ કોઇ રાજખટપટનો ભોગ નહિ થઇ પડે તો તે પોતાના બાપનું નામ કહાડે એવો થશે.”

૮ મી અકટોબર. આજે શહેનશાહની તબીયત સારી હતી. આજે જનરલ બર્ટ્રેન્ડનાં છોકરાંને તેણે પોતાને ઘેર તેડયાં હતાં. તેઓ હરખાતાં હરખાતાં આવ્યાં અને હસાહસ કુદાકુદથી ધમાચકડી કરવા લાગ્યાં. શહેનશાહ પણ તેમની રમત અને મસ્તીમાં નાના બાળકની માફક રસ લેવા લાગ્યો. તેઓ સાંજે જમીને ગયા પછી તેણે કહ્યું:—

“એમને હું નોંતરૂં છું અને એમની સાથે હું રમું છું ત્યારે એ છોકરાં કેવાં ખુશ થાય છે! હજી તેમના દિલમાં પાપનો પ્રવેશ નથી થયો. તેમના જેવડો હતો ત્યારે હું પણ તેવોજ હતો. પણ પછી મારા જીવનમાં કેવાં કેવાં તોફાન જાગ્યાં!’

૧૩ મી નવેંબર. શહેનશાહની તબીયતમાં હવે ઘણોજ ગંભીર બગાડો થવા લાગ્યો. દરરોજ દર્દ અને નબળાઇ વધતાંજ ગયાં. આજે તે ઘણોજ અશક્ત હતો અને વાડીમાં પણ વિનાકષ્ટે ચાલી શકતો ન હતો. તે બેસી ગયો અને આસપાસના ઉજ્જડ વેરાન ટેકરાઓ તરફ નજર કરીને શોકપૂર્ણ સ્વરે બોલ્યો:—

“અરે ડૉકટર! ક્યાં ફ્રાન્સ અને ક્યાં તેનાં રમણીય આબોહવા! એકજવાર તે ભૂમિનાં દર્શન કરવા પામું તો કેવું સદ્‌ભાગ્ય! ત્યાંથી આવતી હવાનો એક શ્વાસ પણ મને મળે તો કેવું સારૂં? **જન્મભૂમિ એ સૌ ઔષધનું ઔષધ છે!**”

૧૮ મી નવેંબર. આજે શહેનશાહ અશક્ત તો હતા પણ એકંદર આરામ હતો. વાડીમાં ડૉકટરની સાથે ફરતાં તેને અતિશય નબળાઇ જણાઇ તેથી ડૉકટરને પૂછ્યું, “ આ અશક્તિનો શો ઉપાય?”

“આપે કસરત કરવી જોઇએ.”

“આ સિપાઈઓની વચમાં હું શી રીતે કસરત કરૂં?”

“ આપ વાડીમાં ખોદવાની કસરત કરો. કાલથી કોદાળી લઇને માટી તળે ઉપર કરી નાખો એટલે આળસ અને અપમાન બેઉમાંથી બચી શકાશે.” બીજે દિવસથી તેણે ખોદવાનું કામ શરૂ કર્યું. કયારા બનાવવા, ફૂલઝાડ રોપવાં, પાણી સીંચવું એવાં કામોમા થોડો વખત તો આનંદમાં પસાર થવા લાગ્યો; પરંતુ સર હડસન લોને તેના આટલા સુખની પણ અદેખાઈ આવી. તેનાથી મના તો ન કરાઈ પણ બોલ્યો કે આ બધી જૂઠી મહેનત છે. કશુંજ ઉગવાનું નથી. આટલું છતાં પણ દિવસે દિવસે તેનું શરીર ઘસાતું ગયું. એવી અવસ્થામાં કેટલાએ દુઃખ અને કંટાળાભર્યા મહિના વીતી ગયા. તે એક દિવસ તેના પ્રકાશહીન, ભેજવાળા અને જૂના પુરાણા ઓરડામાં કૉચ ઉપર ઉદાસીનભાવે સૂતો હતો. એવામાં તેને પોતાની માતાનું સ્મરણ થયું. એ ભલી માતાએ તેના તરફ જે પ્રેમ રાખ્યો હતો અને અતિશય વહાલથી બરદાસ્ત લીધી હતી તેનું સ્મરણ કરતાં તેનું હૈયું ભરાઇ આવ્યું.

તેને બાળકો ઘણાં ગમતાં. જનરલ બર્ટ્રેન્ડનાં છોકરાંને તે વખતો વખત નોતરતો. તેમની ધીંગામસ્તીથી આખું ઘર ગાજી રહેતું ત્યારે તેના જીવને ઘણી રાહત મળતી. તેમની સાથે તે પણ રમવા લાગતો, અને તેમના નાના કજીઆ પતાવતો. બપોરે કુંડમાંની રૂપેરી માછલીઓની કુદાકુદ જોવા છોકરાંને તેડી જતો. એક દિવસ ત્યાંથી ઘર તરફ પાછાં ફરતાં તેણે બર્ટ્રેન્ડની છોકરી હૉર્ટેન્સને પકડી રાખી અને ડૉ૦ એન્ટોમાર્કીને બોલાવી કહ્યું કે આ છોકરીના કાનમાં છેદ પાડો. મારી પાસે પરવાળાંની બે બુટ્ટીઓ છે તે એને પહેરાવી દઇએ. મોન્થોલને તે છોકરીને પકડી રાખી અને ડાકટર તેના કાન વીંધવા તૈયાર થયો. આ દેખાવ જોઇને છોકરીનો નાનો ભાઇ ગુસ્સાથી લાલચોળ થઇ ગયો. તેણે પગ પછાડયો અને નેપોલિયનને પોતાનો નાનો મુક્કો બતાવ્યો. નેપોલિયને તેને કહ્યું, “ ચૂપ રહે, ગરબડ કરીશ તો તારા કાન પણ વીંધી નંખાવીશ.” હૉર્ટેન્સના કાન વીંધાયા. નેપોલિયને તેને બેઉ કાને બુટ્ટી પહેરાવી અને તે ખૂબસુરત હસમુખી છોકરીને બચ્ચી કરીને કહ્યું, “ જા, માને બતાવજે અને જો તે નારાજ થાય તો કહેજે કે મેં નહિ પણ ડૉકટરે કાન વીંધ્યા હતા. છોકરી હસતી કૂદતી મા પાસે દોડી ગઈ. તેના ગયા પછી નેપોલિયને કહ્યું, “ પેલો છોકરો જોયો ? કેવો બહાદુર અને નિડર હતો ? એના જેટલી ઉમ્મરે હું પણ એવોજ હતો. પણ મારી માતા લેટીશીઆ અમારી સાથે પ્રેમ અને ધાક બેઉનો ઉપયોગ કરતી. અમે સારૂં કે ખોટું કાંઇ પણ કરતા તો તે મારી માતાના ધ્યાન બહાર હોયજ નહિ. દરેક હલકા વિચારને, અપવિત્ર વૃત્તિને તરતજ તે દબાવી દેતી અને અમારા મન ઉપર ભવ્ય અને મહાન્ કામોતીજ છાપ પડવા દેતી. અસત્યને તે ધિક્કારતી, આજ્ઞાભંગને માટે ક્ષિશા કરતી અને અમારી એક પણ કસુર તરફ આંખ આડા કાન કરતી નહિ. ”

એમ કરતાં ઇ. સ. ૧૮૨૦ નો સપ્ટેંબર માસ પૂરો થયો. હવે તેનું શરીર ધીમે ધીમે પણ દેખીતી રીતે ગળતું હતું. એક દિવસ તેને ડૉકટરે સૂતેલો જોઇને જગાડયો. તેણે જાગીને કહ્યું, “ ડાકટર, માફ કરો. ઉંઘમાં આપણે સુખી હોઇએ છીએ. ગરીબાઇ, ભૂખમરો, ચિંતા જંજાળ સૌ વિસારે પડી જાય છે.” એટલું કહીને તે પાછો ઉંઘવા મંડયો.

ખરાબ ઋતુને લીધે તેને ઘણા દિવસ સુધી ઘરમાં ભરાઇ રહેવું પડયું. મુડદાના જેવી ફિક્કાશ તેના ગાલ ઉપર છવાઇ ગઇ હતી. ઘણીવાર તેને ટાઢ ચડી આવતી. નબળાઇ એટલી બધી વધી ગઇ કે પથારીમાંથી ઉઠવું પણ તેને માટે અઘરૂં થઇ પડયું હતું. એવી સ્થિતિમાં ૧૪ મી અક્ટોબર આવી પહોંચી એટલે તેના ઉપર અન્યાય અને જોરજુલ્મથી ઠોકી બેસાડેલી કેદની શિક્ષાનાં પાંચ વર્ષ પૂરાં થયાં.



प्रकरण ७३ मुं–छेल्ला दिवस

હવે તેના નિર્દય કેદખાનાનું છઠ્ઠું વર્ષ બેઠું, પણ ઇશ્વરે તેના ઉપર દયા લાવીને તેના દુઃખની અવધ ટુંકી કરી અને બીજા ૭ મહિનામાંજ તેનો છૂટકો કર્યો. ૨૨ મી ઑકટોબરે દર્દનું જોર કાંઇક થંભ્યું અને થોડા સમયને માટે તે હુશીઆર થતો જણાયો.

તેણે દાક્તરને કહ્યું કે "હું એકવાર સાજો થાઉં પછી મારે તમારૂં કામ નથી. હું તમને આ વેરાન જગ્યામાં પૂરી રાખવા ચાહતો નથી. તમે એકવાર કહેતા હતા કે હજી મેં ફ્રાન્સ જોયું નથી માટે જઇને જોઇ આવજો. મારા રાજ્યનાં શાશ્વત સ્મરણચિન્હસરખી ત્યાંની રળીઆમણી નહેરો જોજો. મારી કારકીર્દી વીજળીના ઝબકારા જેવી હતી–ટુંકી પણ દેદીપ્યમાન, ઉપયોગી સંસ્થાઓ અને બાંધકામોથી મેં દેશને શણગારી નાખ્યો હતો."

"મેં સુંદર કાયદાઓ ઘડીને રાજ્યવિપ્લવને પવિત્ર બનાવી દીધો છે. મારી રચાવેલી ધારાપોથી, એ તો ફ્રાન્સની જીવનદોરી નીવડશે અને ભવિષ્યની પ્રજા મને આશીર્વાદ આપશે. આલ્પ્સ પર્વતને ખોદાવીને પારિસ સુધીની સડક મેંજ કલ્પી અને બંધાવી. હ્રોન નદી જે ખડકમાં થઇને વહેતી હતી તેને તોડી પડાવીને આખી નદીને નાકાવ્યવહારને માટે યોગ્ય બનાવી."

૧૯ મી નવેંબર. તેની ઘણીએ રાત્રિઓ બિલકુલ નિદ્રા વગર પસાર થતી, અને યકૃતમાં થતું ચાલુ દર્દ તેને હરઘડીએ પીડા કરતું હતું. શરીરમાં બળ અગર જુસ્સો રહ્યો ન હતો.

તે બોલ્યો, "ડૉકટર, આરામ તો એક આશીર્વાદ છે. અત્યારે તો એકલી પથારીજ મને સુખનું સાધન થઇ પડી છે. જગત્નાં રાજ્યોને માટે પણ હું તેને છોડવા નથી ઇચ્છતો. એક દિવસ એવો હતો કે મારી પ્રવૃત્તિ કદી અટકતીજ નહિ, મારૂં મન કદી થાકીને આરામ લેતુંજ નહિ; પરંતુ તેજ હું આજે સુસ્ત જડ જેવો પડી રહ્યો છું અને આંખનાં પોપચાં ઉઘાડતાં પણ મારે જોર કરવું પડે છે. આ તે

કાંઈ જેવી તેવી પડતી ? **એકવાર** હું એકી વખતે ચારપાચ મંત્રીઓને જૂદા જૂદા વિષયો ઉપર લખાવતો ને તેઓ પણ શબ્દે શબ્દ બોલાય કે તરત લખી લે એવા ચાલાક લખનારા હતા. તોપણ એ પાચે જણને હું થકવી નાખતો પણ તે વખતે હું નેપોલિયન હતો. આજે તો હું કાંઇજ નથી. આજે તો હું જીવતોજ નથી પણ ફક્ત અસ્તિત્વ ધરાવું છું એટલુંજ. ”

૨૬ મી ડીસેંબર—યૂરોપથી વર્તમાનપત્રો આવ્યાં તેમાં તેની બેન ઇલિઝાના મૃત્યુના સમાચાર હતા. તેના સ્વભાવની પ્રશંસા કર્યા પછી તે બોલ્યો, “ઇલિઝાએ પહેલ કરીને માર્ગ મોકળો કર્યો છે. અત્યાર સુધી અમારા કુટુંબ તરફ મૃત્યુએ જોયું નથી, પણ હવે શરૂઆત થઇ છે. હવે મારો વારો બહુ દૂર નહિજ હોય. નથી મારામાં બળ અને નથી મારામાં કશું ચેતન. હવે હું નેપોલિયન નથી રહ્યો. તમે આશા આપો છો એ બધું ફોગટ છે. વહી જતા જીવનસ્રોતને ખાળવાનો પ્રયત્ન મિથ્યા છે. પ્રારબ્ધના હાથ નહિ ઠેલાય. તેના ચૂકાદા નહિ ફરે. હવે મારા કુટુંબમાંથી ઇલિઝાની પાછળ જનાર એક સમયનો મહાન નેપોલિયનજ છે કે જે અત્યારે અતિશય કંગાલ જિંદગીનો ભાર વહી રહ્યો છે. તેવી દશામાં પણ યૂરોપને ભયમાને ભયમાંજ રાખે છે.”

૪ થી માર્ચ. શહેનશાહના મંદવાડના ઓરડામાં લલિત કળાઓવિષે વાત નીકળી. એક જણે સંગીતની કિંમત બહુ ઓછી આંકી. તે ઉપરથી નેપોલિયને કહ્યું “બીજી બધી લલિત કળાઓ કરતાં સંગીત મનુષ્યહૃદય ઉપર ઘણામાં ઘણી અસર ઉપજાવી શકે છે અને સમાજનાયકે એ કળાને સૌથી વિશેષ ઉત્તેજન આપવું જોઇએ. એક સુંદર ગીતની સ્વર લહરી એકદમ ચિત્તવૃત્તિને મૃદુ બનાવી દે છે અને નીતિ સંબંધી કોઇ પણ પુસ્તક કરતાં તેની નૈતિક અસર વધારે બળવાન હોય છે. પુસ્તકો સમજશક્તિ ઉપર કાબુ મેળવી શકે છે પણ તેનાથી સંગીતના જેવી ત્વરાથી અને ઉંડાણથી લાગણીઓ જાગૃત નથી થતી.

૩૧ મી માર્ચ. નેપોલિયનના મકાન ઉપર ચોકી કરવા બેસનાર અમલદારને સર હડસન લોએ હુકમ કર્યો કે તમારે જનરલ બોનાપાર્ટને દરરોજ જાતે જઇને રિપૉર્ટ કરવો. તે ૧૭ મી માર્ચથી તો પથારીમાંજ હતો.તે અમલદાર સજ્જન હોવાથી માંદા માણસના ઓરડામાં ઘુસી જઇ તેનું દિલ દુખવવા નારાજ હતો. નેપોલિયન હવે માત્ર શાંતિથી મરવાનીજ રજા માગતો હતો, અને તેના મંદવાડના ઓરડામાં આવીને જેલર તેને ત્રાસ ન આપે એટલીજ માત્ર તેની ઇચ્છા હતી. પણ સર હડસન લોનો ક્રોધ કાબુમાં ન રહ્યો. તે સિપાઇઓ અને અમલદારોનું ધાડું લઇને આવ્યો, આખા ઘરની આસપાસ ફરી વળ્યો અને પેલા અમલદારની ધૂળ કહાડી નાખી.

નેપોલિયનનું દિલ ન દુખાય અને પેલા અમલદારને ઠપકો ન મળે એવો વચલો

રસ્તો મોન્થોલને સૂચવ્યો. સવારમાં શહેનશાહ પથારીમાંથી ઉઠે તે વખતે મોન્થોલને કાંઇ કામને બહાને પડદો બાજુએ કરવો અને એ વખતે પેલો અમલદાર નેપોલિયનને જોઈ લે. પણ સર હડસનને આથીએ સંતોષ ન થયો. તેણે કહ્યું કે જો તમે મારા માણસને જનરલ બોનાપાર્ટના ઓરડામાં નહિ દાખલ થવા દેશો તો હું સિપાઇઓ લઇને આવીશ. અને બારણાં ભાગીને અંદર આવીશ. મોન્થોલને તેને ઘણોએ સમજાવ્યો, વિનવ્યો; જેની દુર્દશા થઈ હોય એવા માણસનું અપમાન કરવામાં ઘણું પાપ છે; બિચારા મરવા સૂતેલા શહેનશાહને આથી ઘણો કલેશ થશે, એવું એવું ઘણુંએ કહ્યું પણ તેના વજ્ર જેવા હૃદયને કશીજ અસર ન થઇ. એટલામાં પોતાના પૂજ્ય અને બિમાર શહેનશાહ ઉપર થતા જુલમથી રાતો પીળો થઈ ગએલો ડૉ. એન્ટોમાર્કી ત્યાં આવી પહોંચ્યો. તેને સર હડસન સાથે નીચે પ્રમાણે વાતચીત થઈ.

“ ક્યાં ગયો જનરલ બોનાપાર્ટ ? ”

“ અહિં જનરલ બોનાપાર્ટ નામનો કોઇ માણસ રહેતોજ નથી. ”

“ તે ક્યારનો નાસી ગયો છે ? ”

“ મને બરાબર યાદ નથી, પણ જનરલ બોનાપાર્ટ તેની છેલ્લી લડાઇ અબૂકુર બે આગળ લડ્યો હતો. તે લડતો હતો સંસ્કૃતિને માટે અને તમે લડતા હતા જંગલીપણાના બચાવ માટે. તેણે તમને અને તમારા મિત્રોને મારી હડસેલીને સમુદ્રમાં ફેંકી દીધા હતા. તમારો ગુસ્સો હજી પણ શાન્ત ન થતો હોય તો શહેનશાહના આયુષ્યના જે થોડા દિવસ બાકી રહ્યા છે તે આજેજ પૂરા કરી દો. ”

“ શહેનશાહ ? કયો શહેનશાહ ? ”

“ જેણે ઈંગ્લંડને ધ્રૂજાવ્યું હતું અને જેણે તમારા ઉમરાવવર્ગના વહેલા મોડા બાર વગાડી દે, એવું હથિયાર યૂરોપની પ્રજાના હાથમાં મૂક્યું છે તે શહેનશાહ. + એવા મહાપુરુષના મરણ વખતે પણ આવી આવીને ચોકી પહેરો કરે તે માણસ ટેમ્સના કાદવનોજ બનેલો હોવો જોઇએ. ”

૧૫ મી એપ્રિલ. સવારનો બધો વખત નેપોલિયને પોતાનું મૃત્યુપત્ર (વસિયતનામું) લખાવવામાં ગાળ્યો. તે નીચે પ્રમાણે હતું :—

૧. હું જન્મથી રોમન કૅથોલિક છું અને તેજ ધર્મ પાળતો મરણ પામું છું.

૨. મારી ઇચ્છા છે કે મારો મૃતદેહ મારા વહાલા ફ્રાન્સમાં સેન નદીને કિનારે દટાય.

૩. મને મારી પરમપ્રિય પત્ની શહેનશાહબાનુ મેરિયા લુઇસા તરફથી હમેશાં

+ આ વાક્યમાંથી ફલિત થતું ભવિષ્ય કેવું ખરું પડ્યું છે અને સ્વાર્થી અને આપખુદ ઉમરાવો, પૈસાદારો અને શહેનશાહોની સત્તા ઉખેડી નાખવાનું કામ અત્યારે જગતમાં ચાલી રહ્યું છે તેનાં બીજ વાવનાર પણ મહાન નેપોલિયનજ હતો તે વાત હવે પ્રત્યેકને સમજાય તેવી છે.
સંપાદક

પરમ સંતોષ હતો અને મારી છેલ્લી પળ સુધી તેને હું ઘણુજ પ્રેમથી યાદ કરૂં છું. મારા પુત્રને તે સંભાળપૂર્વક સાચવે અને આસપાસની રાજખટપટથી તેને જાળવે એવી મારી તેને વિનતિ છે.

૪. મારા પુત્રને હું ભલામણ કરતો જાઉં છું કે પોતે ફ્રેન્ચરાજકુમાર છે એ વાત તે કદી પણ ન વિસારે, અને યૂરોપની પ્રજાઓને કનડનાર રાજાઓના ત્રેખડાનો કદી હથિયાર ન બને. તે કદી પણ ફ્રાન્સની સામે ન લડે અથવા તો તેને લેશ માત્ર પણ નુકસાન ન થવા દે; અને "બધું ફ્રેન્ચ પ્રજાના હિતાર્થેજ છે એવા મારા મુદ્રાલેખને પોતાનો બનાવે."

ત્યાર પછી તેણે પોતાના હયાત મિત્રોને અને મરી ગએલા મિત્રોની વિધવાઓ અને બાળકોને યાદ કરીને તેમને સૌને ઉદારતાથી જે આપવું ઘટે તે આપ્યું.

એટલું કરી રહ્યા પછી તેણે પોતાના પુત્રને માટે નીચે મુજબ એક લાંબો કાગળ લખાવ્યો.:--

"મારા પુત્રે મારા મૃત્યુનું વૈર લેવાનો કદી પણ વિચાર ન કરવો. હું શું શું કરી ગયો છું તેનું તેણે કદી પણ વિસ્મરણ થવા ન દેવું. તેણે મારી પેઠે અણુએ અણુમાં પૂરેપૂરા ફ્રેન્ચ બનવાનો પ્રયત્ન કરવો. સુલેહશાંતિથી રાજ્ય કરવા તરફજ તેણે પોતાની બધી પ્રવૃત્તિઓને વાળી દેવી. જો મારૂં માત્ર અનુકરણ કરીનેજ અને ખાસ જરૂર વગર પણ તે લડાઇઓ લડવા જશે તો તેણે મારી વાંદરનકલ કરી એમજ ગણાશે. મેં જે જે કર્યું તે તે ફરીથી કરવું એનો અર્થ એજ કે મેં કાંઇજ કર્યું નથી. એકના એક સૈકામાં એક બનાવ બે વાર બનતો નથી. યૂરોપને શસ્ત્રબળથી ડરાવવાની મારે જરૂર હતી, પણ અત્યારે તો તેની સમજશક્તિ ઉપર કાબુ મેળવવાની જરૂર છે. મેં ફ્રાન્સમાં તેમજ યૂરોપમાં જે નવીન વિચારોનાં બીજ વાવ્યાં છે તેમની ગતિ પાછી ફરે એમ છેજ નહિ. મેં વાવ્યું છે તે મારો પુત્ર ઉછેરે અને ખીલવે. ફ્રાન્સમાં રહેલાં સમૃદ્ધિનાં મૂળતત્ત્વોનો વિકાસ કરે અને તેમ કરીને તે નામાંકિત રાજા બની શકશે."

"મારા મરણ પછી બુર્બોન રાજાઓથી પોતાનું રાજ્યાસન જાળવી શકાવાનું નથી. દરેક દેશમાં મારી તરફેણમાં પ્રત્યાઘાત શરૂ થશે. ઈંગ્લંડમાં પણ થયા વિના નહિ રહે. એજ મારા પુત્રને માટે સુંદર વારસો છે. અંગ્રેજો, કદાચ તેમણે કરેલાં પાપ ધોઇ નાખવા માટે મારા પુત્રને ફ્રાન્સમાં આવવા દેવાનું વલણ બતાવે, પણ એ દેશની સાથે મૈત્રી જાળવવી હોય તો તેના વ્યાપારની આડે ન આવવું. માટે એમાંથી એક માર્ગ ગ્રહણ કર્યેજ છુટકો-કાં તો ઈંગ્લંડ સાથે લડાઇ કરવી અથવા તો જગતના વ્યાપારમાં તેના ભાગીદાર બનવું. હાલ તો આ બીજો માર્ગજ ગ્રહણ કરી શકાય એવો છે. ફ્રાન્સની અંદર આભ્યંતરિક કરતાં દેશાવરના પ્રશ્ન હજી ઘણા

વખત સુધી વધારે અગત્યનું સ્થાન લેશે.”

“મારો પુત્ર ફ્રાન્સની ગાદીએ આવશે તે વખતે આભ્યંતરિક ઝગડા પૂરા થઇ રહ્યા હશે. માત્ર એકજ ડ્યૂક ઑફ ઓર્લિયાંવાળા પક્ષથીજ તેને સમાલવાનું રહે છે. તેણે કોઇ પણ પક્ષની પરવા ન કરતાં ફક્ત જનતા ઉપરજ નજર રાખવી. માત્ર જેમણે દેશદ્રોહી થઇને ફ્રાન્સને તેના શત્રુના હાથમાં ફસાવ્યું હોય તેમના સિવાય બીજા બધાની વર્તણુક તરફ તેણે આંખ આડા કાન કરવા. ચેટોબ્રિયેન્ડે મારા વિષે અતિશય ખરાબ અને હલકી નિંદાભરેલી પત્રિકા લખી હતી છતાં ગમે તેવો તોપણ આખરે તે ફ્રાન્સવાસી છે એમ જાણવું.”

“ફ્રાન્સ એ એવો દેશ છે કે જ્યાં રાજકીય પક્ષના નાયકોનું બહુ ચાલતુંજ નથી. તેમના ઉપર આધાર રાખવો એ રેતી ઉપર ઇમારત ચણવા જેવું છે. માત્ર જનતાની મદદવડેજ ફ્રાન્સમાં મોટાં મોટા કામ થઇ શકે એમ છે. વળી રાજ્યતંત્રને તો જ્યાંથી ટેકો મળતો હોય ત્યાંથી તેણે લઇ લેવો જોઇએ. નૈતિક નિયમ પણ કુદરતના જેવાજ શાશ્વત અને અનિવાર્ય હોય છે. બુર્બોન રાજાઓ, દેશનું રાજ્યબંધારણ ગમે તે હોય તોપણ ઉમરાવો અને ધર્મગુરુઓના ઉપરજ આધાર રાખવાના. પાણીને સંચાની મદદથી ગમે તેટલું ઉંચે ચડાવીએ પણ આખરે તેની મૂળ સપાટી ઉપર આવ્યા વગર રહેજ નહિ. મેં એથી ઉલટું કર્યું હતું. મેં લેશમાત્ર પણ અપવાદ વગર જનસમૂહની મદદ ઉપરજ આધાર રાખ્યો હતો. સૌનું હિત જળવાય એવું રાજ્યતંત્ર સ્થાપવાનો મેં દાખલો બેસાડ્યો હતો. મેં ઉમરાવો, ધર્મગુરુઓ, વેપારીઓ, નગરવાસીઓ એમાંના કોઇ એકાદના ટેકાથી કે તેનો પક્ષ લઇને રાજ્ય કર્યું નથી; પણ આખા પ્રજાસમૂહનું–સમગ્ર ફ્રેન્ચ પ્રજાનું જે સંયુક્ત કુટુંબ તેનું હિત જળવાય તેવી રીતેજ મેં રાજ્ય કર્યું છે.”

“ફ્રાન્સના ઉમરાવવર્ગ તરફથી મારા પુત્રે મદદની આશા ન રાખવી. એક જમાનો વીતી ગયા પછીજ તેઓ નાછૂટકે મારી નૈતિક ફતેહ સ્વીકારતા થયા હતા પણ ૧૮૧૫ પછી તો તેઓ બધાજ સામા પક્ષમાં જતા રહ્યા છે. મને મોટા મોટા સેનાપતિઓ ઉપર પણ પૂરેપૂરો વિશ્વાસ ન હતો. માત્ર આખું સૈન્ય અને લોકસમૂહજ મારા પક્ષમાં ઉભાં રહ્યાં હતાં. હું તેમનો સાચો પ્રતિનિધિ હતો. તેમને મારી અબાધિત સત્તા જરૂરની લાગતી હતી. એની સાબીતી એ છે કે હું માગતો તે કરતાં લોકો મારા હાથમાં વધારે સત્તા મૂકતા હતા; પણ મારા પુત્રના વખતમાં એની એ સ્થિતિ નહિ રહે. તેની સત્તાની સામે થનાર માણસો નીકળી આવશે. લોકોમાં વિશેષપણે પ્રકટ થતી સ્વતંત્રતાની તરસને તેણે પોતાની ગણત્રીમાં લેવી પડશે. સાધારણ વખતમાં ધારાસભાની મદદથી રાજ કરવું અઘરૂં નથી; કેમકે રાજાની જવાબદારીનો ઘણો ભાગ ધારાસભાઓ પોતાને માથેજ લઇ લે છે અને બેઉ સ-

ભામાં પોતાના તરફથી વધુમતી મેળવવી એ રાજાને માટે મુશ્કેલ હોતું નથી; પણ લાંચનો ઉપયોગ કરીને રાજ્યતંત્રને કદી પણ નીતિભ્રષ્ટ ન કરવું. રાજા માત્ર રાજ્યસત્તા ભોગવવાનેજ નહિ પણ રાજ્યમાં જ્ઞાન, નીતિ અને કલ્યાણનો ફેલાવો કરવા માટે રાજ્ય કરે છે.”

“ મારી જુવાનીમાં લાંચ રૂશવતનો ઉપયોગ કરવાની મને લાલચ થઈ આવી હતી પણ પાછળથી મેં એ ઇચ્છાને દબાવી દીધી. મોટા મોટા વકતાઓ, જેઓ પોતાની વાણીની છટાથી સભાને પોતાની કરી લે છે તેઓ કાંઇ અસાધારણ શક્તિવાળા નથી હોતા. તેમને હરાવવા માટે વકતૃત્વનો ઉપયોગ ન કરવો, કારણ કે આપણા કરતાં તેમની પાસે સારા સારા શબ્દો અને વાકયોનો ભંડોળ વધારે હોય છે. તેમને તો સાદી, સીધી અને સંગીન દલીલોથીજ તોડી પાડવા. તેમનું બળ મુદ્દા વગરનો લવારો કરવામાં હોય છે. તેમની સાથે ચોકખી હકિકતોજ રજુ કરવી. મેં મારા કરતાં સારા સારા વકતાઓને બે ને ચાર સાદી દલીલોથીજ મહાત કરી નાખ્યા હતા.”

“ ફ્રાન્સ દેશમાં ઘણા બુદ્ધિમાન અને વ્યવહારકુશળ માણસો છે. માત્ર તેમને શોધી કહાડીને તેમને યોગ્ય જગ્યાએ ગોઠવી દેવા જોઇએ. હમણાં પ્રધાનમંડળમાં એવો એક માણસ છે કે જેનામાં હળ ખેડવા કરતાં વધારે આવડત નથી અને એક માણસ જે હળ ખેડી રહ્યો છે તે પ્રધાન થવાને લાયક છે. દેખીતી રીતે ઘણાજ વિચારશીળ માણસો પણ કેવળ અસંભવિત યોજનાઓ લાવે તો તેથી વિસ્મય પામવું નહિ. ફ્રાન્સ એ એક એવો દેશ છે કે જ્યાંથી ખેડુતને સ્વતંત્ર બનાવવાના કાયદાથી માંડીને તે તુર્કસ્તાનના સુલતાનની આપખુદ સત્તાને નૌકો આપવા સુધીના દરેક પ્રકારના રાજનૈતિક સિદ્ધાંતને ટેકો આપનારા કોઇ ને કોઇ તો નાકળી આવશેજ. મારા પુત્રે બધાની વાત સાંભળવી; દરેકની વાજબી કિંમત આંકવી અને દેશના બાહોશમાં બાહોશ માણસોને પોતાની આસપાસ એકઠા કરવા. સૌની નજરમાં જેઓ માન અને પારિતોષિકને યોગ્ય હોય તેમનેજ તે આપવાં.”

“ મારા પુત્રે વર્તમાનપત્રોને સ્વતંત્રતા આપવીજ પડશે. આજના સમયમાં આ બાબત બહુજ જરૂરની છે. રાજ્ય કરવું એટલે થોડે ઘણે અંશે ખરા હોય એવા કોઇ નિયમને અનુસરવું એમ નહિ પણ જે સાધન હોય તેનો સારામાં સારો ઉપયોગ કરી રાજ્યતંત્રની ઇમારત ચણવી, જરૂર પડે ત્યારે નમી જવું અને તેવા અવસરનો પણ લાભ લઇ લેવો. વર્તમાનપત્રોની સ્વતંત્રતા એ તો આખા દેશમાં બધે ઠેકાણે ખરા અને સંગીન વિચારોનો ફેલાવો કરનારૂં સરકારના હાથમાં સારામાં સારૂં સાધન થઇ પડવું જોઇએ. તેના તરફ દુર્લક્ષ આપવું એટલે એક દારૂગોળાના ઢગલા

ઉપર ઉંઘી જવા જેવું છે. મારી એવી ધારણા હતી કે સુલેહ થઇ રહ્યા પછી આખા દેશના સારામાં સારા પત્રકારોનું એક મંડળ સ્થાપવું અને તેમનાદ્વારા મારા વિચારો અને યોજનાઓનો નાનામાં નાના ગામડા સુધી ફેલાવો કરી દેવો. ત્રણસેં વર્ષ અગાઉ ચાલતું તેમ હવે સામાજિક ફેરફારોને મૂંગા મૂંગા જોયા કરવાનું પરવડે તેમ નથી. હવે તો જીવને જોખમે પણ કાં તો તેની ગતિને પ્રેરવી અથવા તો એકદમ અટકાવીજ દેવી. ”

“ મારા પુત્રે નવા વિચારોને પોષવા અને જે પક્ષને મેં બધે સબળ બતાવ્યો હતો તેને ટકાવી રાખવો. વેઠવારા દૂર થાય, મનુષ્યમાત્રની પદવી ઉચ્ચતર થાય અને સમૃદ્ધિ વધે, એવી સંસ્થાઓ તેણે સ્થાપવી. અણસુધરેલા પ્રદેશોમાં ધર્મ અને સંસ્કૃતિનો પ્રકાશ ફેલાવવો. આજ કારણને લીધે ઉમરાવવર્ગના તિરસ્કારનો હું ભોગ થઇ પડયો છું. મારા શત્રુઓ તે મનુષ્યસમાજના શત્રુઓ છે. લોકોને દાસ બનાવવા એજ તેમનો હેતુ છે. લોકોને તેઓ પશુ સમાન ગણે છે.

“ વિરુદ્ધ વિચારના માણસો પણ અથડાયા વગર પોતાના રાજ્યમાં સમાધાનીથી રહે એવો મારા પુત્રે પ્રયત્ન કરવો. સમાજને સખત આઘાત કર્યા વગર નવીન વિચારો ફેલાય અને ઉંડાં મૂળ ઘાલે એવી પ્રવૃત્તિ કરવી. સમાજમાં જૂદા જૂદા વિચારનાં અને પરસ્પર વિરુદ્ધ હિતનાં માણસો ખૂનામરકી ન કરી બેસે તેની ખાસ કાળજી રાખવી. મારા મરણ પછી લોકોના મનમાં રાજાઓપ્રત્યે અવિચારી શત્રુતા કાયમ રહેશે તો મારૂં વૈર તો લેવાશે; પરંતુ નિર્દયપણે લેવાશે. લોહીની નદીઓ વહેશે અને વિજ્ઞાન તથા સંસ્કૃતિનો પ્રકાશ હોલવાઇ જશે. ”

“ મારા પુત્રે ઇતિહાસ વાંચવો અને તેના ઉપર ખૂબ મનન કરવું. ખરેખરૂં તત્ત્વજ્ઞાન ઇતિહાસમાંજ રહેલું છે. મોટા મોટા સેનાપતિઓની લડાઇઓના હેવાલ તેણે વાંચવા અને તેના ઉપર ખૂબ વિચાર કરવો. યુદ્ધશાસ્ત્ર શીખવાનું સારામાં સારૂં એજ સાધન છે; પણ તેના અંતઃકરણના ઉંડાણમાં સત્ય અને ન્યાય તરફ ઉત્કટ વલણ નહિ હોય તો બધું વાંચેલું અને જાણેલું નકામું છે. એ બે શુભવૃત્તિઓ વડેજ મોટાં કામ થઈ શકે છે. મને ઉમેદ છે, કે એ પોતાના ઉંચા ભાવિને યોગ્ય નીવડશે. ”

૨૦ મી એપ્રીલ. આજે શહેનશાહને કાંઇક આરામ હતો. તેની પ્રકૃતિ પણ આજે હમેશ કરતાં વધારે પ્રસન્ન હતી. તેના મિત્રો આથી આશા રાખતા હતા કે તે કાયમને માટે સાજો થઇ જશે. તે ઉપરથી તેણે હસીને કહ્યું:—

“ મારા મિત્રો, તમારી ભૂલ થાય છે. આજે મને સારૂં તો છે તોપણ મારો અંતકાળ મને પાસેજ લાગે છે. મારા મરણ પછી તમે બધા સુખેથી યૂરોપ જજો અને તમારાં સગાંવહાલાંને મળીને સુખી થજો હું પણ બીજી દુનિયામાં

મારા શૂરવીર મિત્રોને મળીશ. કલેબર, ડીસે, બેસિયર્સ, ડ્રુરો, ને, મૂરા, માસેના, બર્થિયર, લાની, બધા મને મળવા આવશે. અમે સાથે મળીને શું શું કર્યું હતું તેની અમે વાતો કરીશું અને મારી જિંદગીના છેલ્લા બનાવોની હકીકત હું તેમને કહીશ. મને જોઇને તેઓમાં ફરીથી શાૈર્ય અને ઉત્સાહનો સંચાર થઇ જશે. વળી ત્યાં અમને સીઝર, હેનિબલ, સિકંદર વગેરે મોટા મોટા સેનાપતિઓનો મેળાપ થશે અને અમે બધા અમારી લડાઇઓની વાતો કરીશું." પછી તેણે હસીને ઉમેર્યું, "આટલા બધા યોદ્ધાઓને પિતૃલોકમાં એકઠા થએલા જોઇને ત્યાંના લોકોને જો ધારતી નહિ લાગે તો અમને ખૂબ મજા પડશે."

એટલામાં ડૉ૦ આર્નો આવ્યો. તે અંગ્રેજ દાકતર હતો. તેને નેપોલિયને કહ્યું, "દાક્તર, બસ મારૂં હવે આવી બન્યું છે. છેલ્લો પ્રહાર થઈ ચૂક્યો. હું હવે જાઉં છું." પછી તેણે પોતાના ઉપર ગુજરેલા જુલમમાટે છેલ્લી વારનો રોષ દર્શાવવા કહ્યું:—

"હું બ્રિટિશ પ્રજાની પરોણાગતની આશા રાખીને આવ્યો હતો. મને તેઓ ઉદારભાવે રક્ષણ આપે એવી મારી પ્રાર્થના હતી. મનુષ્યના અધિકાર જે સર્વત્ર પવિત્ર મનાય છે તેનું ખૂન કરીને મારી પ્રાર્થનાના જવાબમાં મને બેડીઓ પહેરાવવામાં આવી. અલેક્ઝાન્ડર પાસે જો હું ગયો હોત તો તે મારા તરફ આવું આચરણ ન કરત. આસ્ટ્રિયાનો શહેનશાહ ફ્રાન્સિસ અને પ્રશિયાનો રાજા બેઉએ મારા તરફ માયાળુ અને ઉદાર વર્તન રાખ્યું હોત. આખા યૂરોપને છેતરીને ઉશ્કેરવાનું અને એક વ્યક્તિની સામે ચાર મોટાં મોટાં રાજ્યોને લડવા ઉભા કરવાનું માન એકલા ઈંગ્લંડનેજ ભાગે આવે છે. તમારા દેશના પ્રધાનોએ મારે માટે એવું સ્થાન પસંદ કર્યું છે કે જ્યાં કોઇ યૂરોપવાસી ત્રણ વર્ષની અંદર તો તદ્દન અશક્તજ થઇ જાય. એનો અર્થ એ કે તેઓ મારૂં ખૂન કરવા માગતા હતા, અને હું અહિં આવ્યો ત્યારના તેઓ મારી સાથે કેવી રીતે વર્તતા આવ્યા છે તે તો જુઓ! તેમણે મારૂં અપમાન કરવામાં, મને હલકો પાડવામાં કશી બાકી નથી રાખી. મારાં સગાં સંબંધીઓ સાથેનો વ્યવહાર તેમણે અટકાવ્યો છે. મારા ઘરના સમાચાર અને પત્રો મને મળવા દીધાં નથી મારી સ્ત્રી અને પુત્ર તો જાણે મારે મનથી જીવતાંજ નથી. સખત કેદની વ્યથા હું છ વરસ થયાં વેઠતો આવ્યો છું. ખરાબ આબોહવાવાળા ટાપુમાં પણ ખરાબમાં ખરાબ જગ્યા—જ્યાં ઉષ્ણ કટિબંધની ગરમ હવાની અસર ઘણી સખત રીતે લાગુ પડે એ જગ્યા મારે રહેવા માટે નક્કી કરી છે. હું ઘોડે બેસીને આખા યૂરોપમાં ફરી વળનાર તેને આ ચાર દિવાલની હદમાં ગોંધાઇ રહેવું પડે છે. ધીમે ધીમે મારૂં મરણ નીપજે એવી ખૂની યોજના ઘડીને મારૂં કકડે કકડે ખૂન કરવામાં આવ્યું છે. નીચ હડસન લોએ તમારા પ્રધાનોની ખૂની

યોજનાને અમલમાં મૂકી છે. પણ, ઇંગ્લંડ ! **મદોન્મત્ત વેનિસના જેવા બૂરા હાલ થયા તેવાજ તારા પણ થશે;** અને હું, મારાં સગાં વહાલાંથી વિખૂટો, એકલો આ ઉજજડ ટાપુમાં મરવા પડ્યો છું પણ મરતાં મરતાં ઇંગ્લંડના રાજકુળને મારા અંતરનો શાપ આપતો મરૂં છું. ”

૨૫ મી એપ્રિલ. શહેનશાહને આખી રાત સારી નિદ્રા આવી હતી. સવારમાં ચાર વાગે તે જાગી ઉઠ્યો અને અર્ધજાગૃત અવસ્થામાં બોલવા લાગ્યો:—

“ મેં હમણાંજ મારી ભલી જોસેફાઇનને દીઠી; પણ તે મને ભેટી નહિ. હું તેને ભેટવા જતો હતો એટલામાં તો તે અદૃશ્ય થઇ ગઇ. તે પણે આગળ બેઠી હતી. તેનામાં કશો ફેરફાર થયો નથી. જાણે હું તેને ગઇ કાલેજ મળ્યો હોઉં એવી તે દેખાતી હતી. તેણે મને કહ્યું કે હવે આપણે થોડાજ વખતમાં મળીશું અને પછી કદી પણ છૂટાં નહિ પડીએ. તમે તેને જોઇ ? આટલું બોલીને તે પાછો ઉંઘી ગયો.

૨૮ મી એપ્રિલ. નેપોલિયને કહ્યું, મારા મરણ પછી ડૉ૦ આર્નો સિવાય કોઇ પણ અંગ્રેજ દાકતર મારા શબને ન અડકે. મારૂં શરીર ચીરજો અને હૃદય કહાડી, અર્કમાં રાખીને મારી સ્ત્રી મેરિયા લુઇસાને પહોંચાડી આવજો. તેને કહેજો કે હું તેને ઘણોજ ચાહતો હતો–છેવટની પળ સુધી ચાહતો હતો. મારૂં જઠર તપાસજો. તેમાં કયા પ્રકારનું દર્દ છે તે નકકી કરીને તેમાંથી કેમ બચાય તે વિષેની જરૂરી સૂચનાઓ મારા પુત્રને આપજો. હું ધારૂં છું કે મારા પિતા પણ એજ વ્યાધિથી મરણ પામ્યા હતા. મારી માતાને તથા બીજાં સંબંધીઓને મળજો અને તેમને મારી હાલતની,મારા મંદવાડની અને મારા મૃત્યુની બધી હકીકતથી વાકેફ કરજો.”

૨ જી મે. તાવ સખત હતો અને સંનિપાત શરૂ થઈ ચૂક્યો હતો. તેનું ચિત્ત ભૂતકાળના બનાવો, તેનું પ્રાણાધિક પ્રિય ફ્રાન્સ, વહાલો પુત્ર અને મિત્રોએ સર્વમાં વારાફરતી ભટકતું. ભૂતકાળના બનાવો તેના માનસિક ચિત્રપટ ઉપર તરવરતા હતા અને તે જૂનાં યુદ્ધો ફરીથી લડતો હોય તેમ તે લવરી કરતો હતો:–ડિસે ! માસેના ! સાબાશ ! આપણે જીત્યા છીએ. દોડો ! ધસો ! એક છેલ્લો હુમલો કરી નાખો અને આપણે તેમને એક તડાકામાં ચોળી નાખીશું. ”

૩ જી મે. બપોર પછી તેની તબીયતમાં કાંઇક સુધારો થયો હતો અને તેણે નીચે પ્રમાણે વિચાર સ્થિર ચિત્તે જણાવ્યા:—

“ હવે મારૂં શરીર છૂટી જશે. તમે બધા યૂરોપ જજો. મેં જનસમાજનું હિત કરે એવા સિદ્ધાંતોને પોષ્યા છે અને કાયદાઓવડે તેમને સુરક્ષિત કર્યા છે. કમનશીબે મારા સંજોગો એવા પ્રતિકૂળ હતા કે મારે કોઇ કોઇ વાર સખ્તી કરવી પડી હશે અથવા તો મારી યોજનાઓનો અમલ કરતાં વિલંબ થયો હશે તો એટલામાં મારી ખરાબી થઈ ગઇ અને જે કમાન મેં ચડાવી હતી તેની પણછ ઢીલી કરવાનો મને

વખત ન મળ્યો. તેથી કરીને જે ઉદાર રાજ્યતંત્ર મારે ફ્રાન્સને આપી જવું હતું તે તેને નથી મળ્યું. મને તે માફ કરશે. મારા હેતુ તરફ નજર કરીને મારો આભાર માનશે. તમે બધા મારૂં સ્મરણ જાળવજો. જે વિચારો મેં પોષીને ફેલાવ્યા છે તેને વળગી રહેજો. ”

૫ મી મે. ચોથી તારીખે રાત્રે આકાશમાં વાદળ ચડી આવ્યું. અંધકાર છવાઇ ગયો અને સખત પવન ફૂંકાવા લાગ્યો. નેપોલિયનનાં વહાલાં ઝાડ ઉખડી ગયાં. તે પથારીમાં દુઃખથી તરફડતો હતો. બર્ટ્રૅન્ડનાં બાળકો તેમના વહાલા મિત્રનું છેલ્લીવારનું મોં જોવા આવ્યાં. તેની આકૃતિ એટલી બધી બદલાઈ ગઇ હતી કે તેઓ તેને ઓળખી શક્યાં નહિ. બિચારાં બેબાકળાં જેવાં તેની સામે જોઇ રહ્યાં. પછી ચોધાર આંસુએ રડતાં તેઓ તેના બિછાના પાસે ગયાં અને તેના હાથ ઉપર અશ્રુ અને ચુંબનો વરસાવવા લાગ્યાં. આ નિર્દોષ, નિઃસ્વાર્થી બચ્ચાંઓની પ્રીતિ જોઇને સૌને લાગી આવ્યું. આખા ઓરડામાં જેટલાં હાજર હતાં તે સૌનાં હૈયાં ચીરાઇ જવા લાગ્યાં. એક બાળકને તો મૂર્ચ્છા પણ આવી ગઈ.

આખી રાત્રિ આ સ્થિતિમાં પસાર થઈ ગઇ. ફ્રાન્સનો શહેનશાહ મૃત્યુને બિછાને પડ્યો હતો. તેને શ્વાસ ઉપડ્યો હતો અને તે વારંવાર લવરી કરતો હતો. મોન્થોલને નીચેના શબ્દ સ્પષ્ટ સાંભળ્યાઃ–“ ફ્રાન્સ-સૈન્ય–જોસેફાઇન. ”

ઉપલો બનાવ પાંચમી તારીખે સવારમાં છ વાગ્યે બન્યો. એ પછી આખો દિવસ તે ચત્તો પડી રહ્યો. તેનો જમણો હાથ પથારીની બહાર લબડતો હતો. તેનાં નેત્ર સ્થિર હતાં અને તે ઉંડા વિચારમાં પડી ગયો હોય, તેમજ તેને કશીએ પીડા ન થતી હોય એમ જણાતુ હતું. તેના મુખ[×] ઉપર મધુર, શાંત સ્મિત છવાઈ રહ્યું હતું. સાંજે સૂર્યાસ્ત સમયે તેનો આત્મા નાશવંત શરીરમાંથી મુક્ત થઇને કોઇ અન્ય અગોચર સૃષ્ટિમાં ચાલ્યો ગયો.

જોસેફાઈનના મરતી વખતના બોલ, “ એલ્બા–નેપોલિયન ” હતા. નેપોલિયનના મનમાં જો કોઇ વિચાર છેવટની પળ સુધી ગુંચવાઇ રહ્યા હોય તો તે “ફ્રાન્સ-સૈન્ય–જોસેફાઇન ” ને લગતા હતા.

નેપોલિયને પોતાના મૃત્યુપત્રમાં ખાસ આગ્રહપૂર્વક લખ્યું હતું કે મારા દેહને સેન નદીને કિનારે, મારા વહાલા ફ્રાન્સની ભૂમિમાંજ દાટવો. તેમ કરવાની રજા ન મળે તો મારી જન્મભૂમિ કૉર્સિકામાં તેના અવશેષ લઇ જવા. આ માગણી પણ

[×] ડૉ. એન્ટોમાર્કીએ નેપોલિયનનો પ્રાણ ગયા પછી તેના મોં ઉપર મીણ દાબીને એક આકૃતિ પાડી લીધી હતી. તેનાં અનેક બીબાં જોવામાં આવે છે. તે જોતાં અંતકાળને સમયે નેપોલિયને હસતે મોઢે, પ્રસન્ન ચિત્તે પ્રાણ મૂક્યો હતો એ સાબિત થાય છે. થોડાં વર્ષપર “આફ્રિક” પત્રમાં આ હકીકત પ્રકટ થઇ છે.

જો ઈગ્લંડના પ્રધાનો ન સ્વીકારે તો જે ઝરાએ મને ઘણીવાર શીતળ પાણી પાયું છે તેને કિનારે મને દાટવો. તેની આ ઇચ્છા મુજબ સર હડસન લોને અરજી કરવામાં આવી કે તેના મૃત દેહને યૂરોપ લઇ જવાની પરવાનગી આપો. જવાબ મળ્યો કે બ્રિટિશ સરકારનો એવો ચોફખો હુકમ છે કે તેને સેન્ટ હેલેનામાંજ દાટવો. નેપોલિયનના મિત્રોએ આંખમાં આંસુ લાવીને હડસન લોના કાલાવાલા કર્યા કે તેનાં અવશેષ તેનાં સગાં વહાલાંને સોંપવા દો; પણ તે એકનો બે નજ થયો. નેપોલિયનનો મૃત દેહ પણ આ પ્રમાણે યૂરોપના ઉમરાવવર્ગને ધ્રૂજાવતો હતો.

પછી તેના મૃતદેહને અંતિમ સંસ્કારને માટે તૈયાર કર્યું. જે ડગલો તેણે મારેન્ગોના સંગ્રામ વખતે પહેર્યો હતો તે ડગલો, સફેદ પાટલુન, લાંબા બૂટ, ટોપી વગેરે તેના શબને પહેરાવ્યાં. બન્દીખાનામાં રહ્યાં રહ્યાં પણ તેણે આ દ્વીપવાસીઓનાં દિલ જીતી લીધાં હતાં. છઠ્ઠી અને સાતમી તારીખે તેના મૃત દેહનાં દર્શન કરવા માણસોનાં ટોળે ટોળાં ચાલ્યાં આવતાં હતાં અને ગંભીર, પવિત્રભાવે નમન કરી ચાલ્યાં જતાં હતાં. છેવટની ઘડીએ સર હડસન લોનું દિલ પણ પીગળ્યું તેણે કહ્યું:—

"તે ઈંગ્લંડનો મોટામાં મોટો શત્રુ હતો; મારો પણ શત્રુ હતો; પરંતુ હું આજે તેને માફ કરૂં છું."

આઠમી મેને દિવસે પ્રાતઃકાળમાં તેના મૃતદેહને દાટવાની ક્રિયા કરવાની હતી. તોફાન શમી ગયું હતું. આકાશમાં એક પણ વાદળું ન હતું. સમુદ્ર શીતળ પવનની લહરીઓ પ્રેરી રહ્યો હતો. પોતાના દ્વીપને અમર કરનાર મહાનુભાવ કેદીના શબને છેલ્લું માન આપવા સેન્ટ હેલેનાની બધી વસ્તી ત્યાં એકઠી થઇ હતી. બપોરે સાડા બાર વાગે તેના શબને કલાઇ, સીસું અને લાકડાની ત્રેવડી પેટીમાં મૂકયું. તેને ચાર ઘોડાની ગાડીમાં ગોઠવ્યું. તેના મિત્રો, તથા દ્વીપના અંગ્રેજ અમલદારો એ ગાડીની સાથે શોકના પોશાક પહેરી ચાલતા હતા. અઢી હજાર સિપાઇઓનું અંગ્રેજ સૈન્ય માર્ગની ડાબી બાજુએ હારબંધ ઉભું હતું. શોકમય સ્વરો વાગતા હતા. આખું લશ્કર શબની ગાડી પાછળ ચાલ્યું. પર્વતની બાજુમાં તેને માટે ખાડો ખોદી રાખ્યો હતો ત્યાં તે પેટી મૂકી અને અંત્યેષ્ટિ ક્રિયા થઇ રહ્યા પછી તેને અત્યંત ધાર્મિક અને ગંભીરભાવે ખાડામાં ઉતારી દીધી. તેજ વખતે કિલ્લામાંથી અને બ્રિટિશ મનવારમાંથી એકસામટા તોપોના ધડાકા કરીને તે મહાન્ ચક્રવર્તી નરેશને છેલ્લું માન અપાયું.

નેપોલિયનના મિત્રોએ તેની કબર ઉપર રાખવા માટે નીચે મુજબનો એક સાદો સ્મરણલેખ કોતરાવ્યો હતો:—

નેપોલિયન.

જન્મઃ—એજેશિયો, તા. ૧૫–૮–૧૭૬૯

મરણઃ—સેન્ટ હેલેના, તા. ૫–૫–૧૮૨૧.

સમ્રાટે ઉપર પ્રમાણે સ્મરણલેખ પત્થર ઉપર કોતરી કહાડયો; પરંતુ એટલામાં સર હડસન લોએ કહેવડાવ્યું કે બ્રિટિશ સરકારનો સખત હુકમ છે કે નેપોલિયનની કબર ઉપર "જનરલ બોનાપાર્ટ" સિવાય બીજું કાંઈજ લખવા દેવામાં નહિ આવે. પોતાની સત્તાના ભોગ થઇ પડેલા કમનશીબ માણસના મરણ પછી પણ તેની પૂંઠ ન છોડવી એના કરતાં વધારે ક્રૂરતા બીજી શી હોય? વિનવણીની કશી અસર ન થઇ. આખરે કબર ઉપર લેખ વગરનો સાદો પત્થર મૂકવાની રજા મળી. મેની ૨૭ મી તારીખે નેપોલિયનના મિત્રો યૂરોપ જવા ઉપડી ગયા. જતા પહેલાં તેઓ પોતાના પ્રાણપ્રિય મિત્ર અને શહેનશાહની કબરનું અશ્રુ અને પુષ્પથી પૂજન કરી આવ્યા; પણ સાર્જન્ટ હ્યુબર્ટે તો પોતાના માલિકની કબરને પણ ત્યજી નહિ. અટળ પ્રેમથી ઓગણીશ વર્ષ સુધી તેણે **નેપોલિયનની સમાધિનું સાન્નિધ્ય છોડયું નહિ**, અને જ્યારે આખી ફ્રેન્ચ પ્રજાની સામટી ઇચ્છાના પ્રભાવે એ કબર ઉપરનો પત્થર ઉચકાયો અને તેમાંના કિંમતી પવિત્ર અવશેષ સેન નદીને કિનારે ઇનવેલાઇડસના ઘુમટ નીચે પધરાવાયાં ત્યારે પણ તે નિમકહલાલ સેવક તેની સાથે સાથે ત્યાં તેના કાયમના આરામગાહની સમીપ રહેવા ગયો.

प्रकरण ७४ मुं–शहेनशाहनां अस्थिने माटे मागणी

ઘણાં ખરાં માણસોનો ઇતિહાસ તેમના મરણની સાથેજ સમાપ્ત થાય છે; પણ નેપોલિયનની બાબતમાં તેમ નથી. તેની અદ્ભુત વીરરસથી ભરેલી કથાના પડઘા તેની કબરમાંથી પણ જગતને કાને અથડાય છે. તેના મરણ પછી નવ વર્ષ વીતી ગયાં. તે દરમ્યાન તેણે દીર્ઘકાળપર્યન્ત ભોગવેલા દુઃખ તરફ જગતનું ધ્યાન દિવસે દિવસે વધારે પ્રબળપણે ખેંચાવા લાગ્યું, અને પ્રત્યેકના દિલમાં તેના પ્રત્યેની અનુકંપા વધવા લાગી.

ઇ. સ. ૧૮૩૦ ના જુલાઇ માસમાં ફ્રાન્સે બુર્બોન રાજાઓની સામે ત્રીજીવાર બળવો કર્યો અને તેમને દેશમાંથી હાંકી કહાડયા. નેપોલિયનની આગાહી પ્રમાણે લૂઇ ફિલિપ ડયૂક ઑફ ઑર્લિંયાને ફ્રેન્ચ પ્રજાએ મુકુટ પહેરાવ્યો. આ બનાવ બન્યા

પછી એજ મહિનાની અંદર પ્રતિનિધિઓની સભાને કહેવામા આવ્યું કે નેપોલિયનનાં અસ્થિ ફ્રાન્સને પાછાં સોપવા માટે બ્રિટિશ સરકાર પાસે માગણી કરવી. તેની કીર્તિના સ્મરણથી ફ્રેન્ચ પ્રજાના અંતરમાં ઉછળતો પ્રેમનો ઝરો જે બુર્બોન રાજાઓના અમલથી દબાઈ ગયો હતો તે પૂર જોસથી છલકાઇ જવા લાગ્યો.

આના પછી ઉપરાઉપરિ અરજીઓ આવવા લાગી અને પ્રજાના દિલમાં એવી જ્વાળા પ્રકટી કે કેમે કરી હોલવાયજ નહિ. નેપોલિયનના સ્મરણ માટે લોકોના ઉત્સાહનો વેગ જોઈ લૂઇ ડરવા લાગ્યો પણ તેને સંતોષ્યા સિવાય બીજો ઉપાયજ હતો નહિ.

શત્રુના અપવિત્ર હાથે ગબડાવી પાડેલી નેપોલિયનની મૂર્તિને તેની અસલ જગ્યાએ પધરાવવાનો ઠરાવ ૧૮૩૧ ના જુલાઇ માસમાં પસાર થયો, અને ભારે ઠાઠ તથા જયઘોષની દિગંતવ્યાપી ગર્જનાઓ સાથે તેને પધરાવવામાં આવી. તેજ રીતે ઇનવેલાઇડસમાં તેની બીજી એક મૂર્તિ પધરાવાઈ તથા ફ્રાન્સના વરિષ્ઠ ન્યાયમંદિરમાં તેની સુંદર છબી ખુલ્લી મૂકવામાં આવી. એ છબીમાં નેપોલિયન જાણે પોતે રચાવેલી ધારાપોથી લઇને બેઠો હોય એવો તેને ચીતર્યો હતો. એ ધારાપોથીએ આખા જગતનું ધ્યાન ખેંચ્યું હતું અને તેનું સ્થાન સદાને માટે અદ્વિતીય જ રહેશે.

એ પછી બીજાં કેટલાંક વર્ષ વીત્યાં. દરમ્યાન ૧૮૩૨ માં નેપોલિયનનો પુત્ર તેના મોસાળમાં વાસ્તવિકરીતે કેદીની હાલતમાં એકવીશ વર્ષની વયે ગુજરી ગયો. ૧૮૪૦ ની સાલમાં નેપોલિયનની સંવત્સરીને દિવસે પ્રખ્યાત ઇતિહાસકાર ગીઝોને હાથે બ્રિટિશ સરકાર પાસેથી નેપોલિયનનાં અસ્થિ પાછાં માગવાનો રીતસરનો સરકારી પત્ર લખાયો.

હવે સમય બદલાઇ ગયો હતો તેથી આ માગણીનો અસ્વીકાર ન થઇ શક્યો, તરતજ લાગણીભર્યો ઉત્તર લૉર્ડ પામર્સ્ટનની મારફતે બ્રિટિશ સરકારે મોકલાવ્યો. તેમાં ફ્રાન્સના યશસ્વી શહેનશાહ તરફ કશાં નિંદા-વચનો ન હતાં; તે શહેનશાહ નહિ પણ રાજ્યાસન પચાવી પડનાર “ જનરલ બોનાપાર્ટ ” હતા એવી મતલબનો ઇસારો પણ તેમાં ન હતો. ફ્રાન્સ અને ઈંગ્લંડ વચ્ચેની દુશ્મનાવટ ધોઇ નાખવાની અને “ લેશમાત્ર પણ દુશ્મનાવટ રહી ગઈ હોય તો ‘**શાહેનશાહ નેપોલિયન**’ની કબરમાં દાટી દેવાની” ઇચ્છા તેમાં દર્શાવવામાં આવી હતી. ×

× ઈંગ્લંડના વર્તનમાં ફેરફાર થવાનું કારણ એ હતું કે ટોરી પક્ષની પાર્લામેન્ટમાં હાર થઇ હતી અને રશિયાનું બળ એટલું બધું વધી પડયું હતું કે નેપોલિયનની આગાહી પ્રમાણે આખા યૂરોપને અને હિંદુસ્તાનને લીધે ખાસ કરીને ઈંગ્લંડને ધાસ્તી પેઠી હતી. તેથી કરીને ફ્રાન્સની મહેરબાની મેળવવા ઈંગ્લંડ ઇંતેજાર હતું.

ઈંગ્લંડે ફ્રેન્ચ પ્રજાની સ્વતંત્રતા લૂંટવાનો જે અક્ષમ્ય અપરાધ કર્યો હતો તેનું આખરે તેણે આટલા શબ્દોથીજ પ્રાયશ્ચિત્ત કર્યું. નેપોલિયન કબરમાં સૂતો સૂતો પણ આખરે તો જીત્યોજ. ફ્રાન્સની પ્રજાએ ચૂંટેલા શહેનશાહનો રાજ્યાસન પરનો હક્ક આ પ્રમાણે ઈંગ્લંડને આખરે પણ સ્વીકારવોજ પડયો.

બે મનવાર સાથે નેપોલિયનના કેદખાનાના કેટલાક સોબતીઓ–લા કાસાસ, જનરલ બર્ટેન્ડ તથા ફ્રાન્સનો એક શાહજાદો, એટલા સેન્ટ હેલેના જવા ઉપડી ગયા. નેપોલિયનના મૃતદેહને માટે સુંદરમાં સુંદર નકશીદાર પેટી બનાવી હતી અને તેના ઉપર સોનેરી અક્ષરે "નેપોલિયન" એટલા અક્ષરો કોતર્યા હતા. બાદશાહી મુકુટ અને ચારે ખુણે ગરુડની મૂર્તિઓ તેના ઉપર બેસાડી હતી.

૮ મી અકટોબરે આ કાફલો સેન્ટ હેલેના જઇ પહોંચ્યો. ૧૫ મી અકટોબર કે જે દિવસે ૨૫ વર્ષ અગાઉ નેપોલિયને આ ટાપુને કિનારે પગ મૂકયો હતો તેજ દિવસે તેની કબર ઉઘાડવાનો ઠરાવ હતો. મધ્ય રાત્રિએ આ ગંભીર કામ કરવાનું હતું. નવ કલાક લાગટ ખોદકામ કર્યા પછી જે પેટીમાં તેના મૃતદેહને રાખવામાં આવ્યો હતો તેના ઉપરનો ભારે પત્થર ઉંચકાયો. ખ્રિસ્તી ધર્માનુસાર પ્રાર્થના કર્યા પછી તે પેટીને બહાર કહાડી. ગંભીરભાવે સૌ ત્યાં ઉભા રહ્યા. લાકડું, જસત અને કલાઈના ત્રેવડા પડવાળી પેટી ઉઘડી અને નેપોલિયનના શબ ઉપર ઓઢાડેલું સફેદ વસ્ત્ર ખસેડયું એટલે જાણે હમણાંજ ઉંઘી ગયો હોય એવો શહેનશાહનો આરસપહાણની મૂર્તિ જેવો દેહ સૌની નજરે પડયો. તે હવા અને ભેજથી એવો સુરક્ષિત રહ્યો હતો કે જેમણે તેને જીવતો જોયો હતો તે બધા તેને સહેલાઈથી ઓળખી શકયા. બે મિનિટ સુધી શબને ઉઘાડું રહેવા દીધા પછી તેને પાછું ફરીથી કાળજીપૂર્વક પેટીમાં મૂકી તેના ઉપર ઘણુંજ મજબૂત રેણ દઇને તેને માટે પારિસથી આણેલી પેટીમાં મૂકયું.

ત્યાંથી ઉડાવીને તેને ફ્રેન્ચ વહાણમાં લઇ જતી વખતે અંગ્રેજ લશ્કરે હથિયાર નમાવી માન આપ્યું, અને કિલ્લામાંથી તથા બ્રિટિશ મનવારમાંથી તેના માનમાં તોપો ફૂટી. નેપોલિયનના અવશેષને વળાવવા માટે સેન્ટ હેલેનાની તમામ વસ્તી બંદર ઉપર એકઠી થઇ. અંગ્રેજ મહિલાઓએ પોતાને હાથે ગુંથેલો રેશમી વાવટો તેના માનમાં અર્પણ કર્યો.

૧૮ મી અકટોબરે ફ્રેન્ચ કાફલાએ સેન્ટ હેલેનાનો ટાપુ છોડયો. ૨ જી નવેંબરે તેમને સમાચાર મળ્યા કે મિસર અને તુર્કી વચ્ચે થએલી સલાહની ભાંજગડને લીધે ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે ઘણું કરીને લડાઇ જાગી છે. કેદ પકડાઇ જવાનો ભય નજીક અને ચોક્કસ હતો, પણ નેપોલિયનના મિત્રોએ આ વખતે નિશ્ચય કર્યો હતો કે તેના શબને લઈને દરિયામાં ડૂબી મરવું, પણ અંગ્રેજોના હાથમાં તો તેને નજ

જવા દેવું. છેવટે સારા નસીબે ધાસ્તીનું વાદળું વેરાઈ ગયું.

૨ જી ડિસેંબરે, આસ્ટર્લિટ્ઝના સંગ્રામની જયન્તીને દહાડે ફ્રેન્ચ વહાણ શેરબોર્ગ બંદરે નાંગર્યાં. ત્યાં તેમને ૨૧ તોપનું માન મળ્યું. ૯ મી તારીખે તેઓ સેન નદીના મુખમાં દાખલ થયાં. હાવરે બંદર આગળ આખું શહેર દર્શન કરવાને બહાર આવ્યું હતું. દેવળમાં શોકસૂચક ઘંટારવ થયા, બંદર અને કિલ્લા ઉપરથી તોપો ફૂટી અને લશ્કરી વાજાંવાળાઓએ કરુણ સ્વરોની હેલી મચાવી.

ત્યાંથી પારિસ સો માઇલ દૂર હતું. નદીને કિનારે કિનારે લાખો માણસો એકઠાં થયાં હતાં. આસપાસના જિલ્લાઓ લગભગ ખાલી થઇ ગયા હતા અને ત્યાંના બધા લોકોનો સેન નદીને કિનારે જમાવ થયો હતો. કમાનો, તોરણો, પિરામિડો, જેમની બનાવટમાં રેશમ અને કિનખાબનો છૂટથી ઉપયોગ થયો હતો અને કારીગરોએ તેમની પૂરેપૂરી કુશળતા વાપરી હતી એવી અનેક રમણીય વસ્તુઓથી ડક્કા અને ઓવારા શણગારાઇ ગયા હતા.

પ્રજાકીય રક્ષકો અને નેપોલિયનના સૈન્યના જૂના સિપાઇઓ આનંદથી છલકાતે હૈયે અને અશ્રુભીની આંખે પોતાના વહાલા સરદારના મૃતદેહને આવકાર આપવા હાજર થયા હતા. તેઓજ તેના સાચા પુત્રો હતા. સેન નદીના વિશાળ, પારદર્શક પટ ઉપર થઇને દશ વહાણો ભારે દબદબાસહિત ચાલ્યાં આવતાં હતાં. સૌ બરાબર જોઇ શકે તે માટે તેમની ગતિ ધીમી કરી હતી, આજે ફ્રાન્સનો સાચો શહેનશાહ પોતાની વહાલી જન્મભૂમિને ખોળે સૂવા આવતો હતો. આજે ફ્રાન્સની ગયેલી પ્રતિષ્ઠા તાજી થઇ હતી. હજારો તોપોના ધડાકા અને ઘંટનાદ આ મંગળ અવસરની ઉદ્ઘોષણા કર્યા કરતા હતા. “ શહેનશાહ ઘણું જીવો ” ની ગગનભેદી ગર્જનાઓથી દિશાઓ ગાજી ઉઠતી હતી. હયાતીના સમયમાં એજ ગર્જના કાને પડતાં નેપોલિયનનું હૃદય આનંદથી ઉછળી રહેતું હતું. આ પ્રસંગે પણ તેનો આત્મા પિતૃલોકમાં રહ્યો રહ્યો આ દશ્ય જોઇને અવશ્ય પ્રસન્ન થતો હોવો જોઇએ. તેની હયાતીમાં જેટલું સન્માન તે પામતો તેટલુંજ આજે તેના અસ્થિને લોકો આપી રહ્યા હતા ! લોકોની આંખો આંસુથી ઉભરાઇ રહી હતી અને કંઠ ગદ્ગદ થઇ જતા હતા, તોપણ “ શહેનશાહ ઘણું જીવો ” ના પોકાર હર્ષથી ગાંડાં તૂર થઇ ગએલાં હજારો મનુષ્યોનાં મુખમાંથી નીકળતા હતા.

૧૪ મી તારીખે સાંજના ચાર વાગે કાફલો પારિસથી ચાર માઇલને અંતરે આવી પહોંચ્યો. પારિસથી હજારો માણસો ત્યાં આવી પહોંચ્યાં હતાં. તોપોની ગર્જના અને ઘંટનાદથી આકાશ ગાજી રહ્યું હતું. આજે ફ્રાન્સના લોકમતની ફતેહ થઇ છે, આજે પ્રજાનો ચૂટેલો રાજા આજે જાણે ફરીથી ફ્રાન્સના પાયતખ્ત ઉપર બિરાજતો હોય એવો ભાસ યૂરોપના આશ્ચર્યચકિત થએલા આપખુદ રાજાઓને


180 PARIS - L'Hôtel des Invalides X. Phot.

પારીસમાંની નેપોલિયનની પ્રખ્યાત કબર

A3942 Lakshmi Art Bombay 8

પ્રજાનો પ્રેમોન્માદ જોઇને થતો હતો. જોસેફાઇન જાણે પોતાના ભર્તારને આવકાર આપવા ઉભી હોય તેવા આકારની એક તેની મોટી મૂર્તિ ઉભી કરી હતી. પિતાને ઘેર સબડતી બિચારી મેરિયા લૂઇસાને તો કોઇએ યાદ પણ ન કરી !

“ મારી ઇચ્છા છે કે મારો મૃત દેહ મારા વહાલા ફ્રાન્સમાં સેન નદીને કિનારે દટાય ” એ શબ્દો દોઢસો ફૂટ ઉંચા એક સ્તંભ ઉપર કોતરવામાં આવ્યા હતા અને તેના ઉપર ગરુડની સુવર્ણાકૃતિ બેસાડી હતી. આખી રાત આખો કાફલો રોશનીથી ઝળહળી રહ્યો હતો. એક અઠવાડીઆ સુધી ફ્રાન્સ તેમજ દેશાવરના લોકો આ અપૂર્વ દૃશ્ય જોવાને આવ્યા કર્યા. ચાર ચાર માઇલ સુધી રસ્તાની બેઉ બાજુએ લોકોની મેદની જામી હતી. પારિસમાં આજે દશ લાખ કરતાં વધારે માણસો એકત્ર થયાં હતાં. રાજા લુઈ પણ રાજકુટુંબ તથા ધારાસભાના સભાસદો સાથે ત્યાં આવી પહોંચ્યો હતો.

સોળ ઘોડાની ગાડીમાં બેસાડીને નેપોલિયનના શબને તેને માટે નિર્ણીત કરેલા સ્થાનમાં લઇ જવામાં આવ્યું. આ વખતે પ્રજાનો ઉત્સાહ વર્ણવી શકાય એવો ન હતો. તેઓ હર્ષોન્માદમાં આવી ગયા હતા. કોઇ ગાતા, કોઇ રડતા, તો કોઈ પોકાર કરતા હતા.

નેપોલિયનની છેલ્લી ઇચ્છા પૂર્ણ થઇ. ઈન્વેલાઈડસના દેવળમાં તેનાં અસ્થિને પધરાવવામાં આવ્યાં અને પ્રજાએ પાછળથી તેના ઉપર કરોડો ફ્રાન્ક ખરચી સુંદરમાં સુંદર રોજો બંધાવ્યો. આ પ્રમાણે મરણ પછી પણ તેણે શત્રુઓ ઉપર ફતેહ મેળવી, અને પ્રજાના હૃદયમાં તે પોતાનું પાયતખ્ત હમેશને માટે સ્થાપિત કરી ગયો. અદ્યાપિ સુધી દેશપરદેશનાં અનેક પ્રવાસીઓ તેની કબરને ભક્તિભાવથી વંદન કરવા; અને તેમાથી પ્રેરણા મેળવવા ચાલ્યાં આવે છે અને ભવિષ્યમાં પણ આવ્યા કરશે.

સમાપ્ત.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે પ્રકટ કરેલા

उत्तम अने सस्ता ग्रंथो

અતિ ઉત્તમ ધાર્મિક ગ્રંથો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદ ઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
શ્રીવાલ્મિકી રામાયણ–મોટા બે ભાગમાં	૧૪૦૦	૬॥× ૧૦	૬)	૧।≈
મહાભારતનાં આદિ અને સભાપર્વ	૬૦૦	”	૨	૦॥≈
શ્રીદાસબોધ—નવી આવૃત્તિ	૬૨૦	૫॥ × ૮	૨॥	૦।≈
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–નવી આવૃત્તિ	૭૦૦	૫॥ × ૮॥	૨॥।	૦॥
શ્રીમદ્ ભાગવત—ઉત્તમ ભાષાંતર	૭૦૦	૮ × ૧૧	૫)	૧)
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫॥ × ૮	૨॥	૦।≈
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો. ભા ૧થી ૫	૫૦૦	૫॥ × ૮	૨)	૦।≈
” ” ગ્રંથ ૨ જો ભા. ૬ થી ૯	નવી આવૃત્તિ સત્વર પ્રસિદ્ધ થશે.			
” ” ગ્રંથ ૩ જો ભા. ૧૦-૧૧	૫૦૦	૫॥ × ૮	૨)	૦।≈
સ્વામી વિવેકાનંદ ગ્રંથ૧લો.ભા. ૧–૨–૩	૫૭૫	”	૨।	૦।≈
” ” ગ્રંથ ૨ જો ભા. ૪–૫	૬૦૦	”	૨।	૦।≈
” ” ભાગ ૬ થી ૮ નોખા	૧૦૦૦	૫ × ૬॥	૩)	૦।≡
” ” ભાગ ૯ મો–સંપૂર્ણચરિત્ર	૭૪૦	”	૨॥	૦।-
” ” ભાગ ૧૦ મો રાજયોગ	૩૦૦	”	૧।	૦)≡
શ્રીભજનસાગર–નવી આવૃત્તિ	૨૦૦	૫ × ૮	૦॥≈	૦)≈

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદ ઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
આગળ ધસો	૫૮૪	૫ × ૬॥	૧)	૦)≡
ભાગ્યના સૃષ્ટાઓ	૭૨૦	”	૧॥	૦।
સુખ સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨	”	૧)≡	૦)≡
પ્રભુમય જીવન	૨૧૬	”	૦॥	૦)≈

વૈદક સંબંધી ઉપયોગી પુસ્તકો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદ ઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૧૦૦૦	૫॥ × ૮॥	૪)	૦॥≈
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત	૧૪૦	૫ × ૬॥	૦।≈	૦)-

ઉત્તમ બોધદાયક જીવનચરિત્રો

કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર... ...... ૬૨૦... ૫ા × ૮ ...૨ાા ૦ા≡
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ જીવનચરિત્ર... ૭૪૦... ૫ × ૬ાાા...૨ાા ૦ા-
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી) ... ૩૫૦... ” ...૧) ૦)=

સ્ત્રીઓ તથા પુરુષો માટે બોધપ્રદ વાર્તાઓ

ટુંકી વાર્તાઓ ભાગ ૧, ૨, ૩, ૪ થોડા માસ પછી છપાઈ બહાર પડશે.
ટુંકી વાર્તાઓ-ભા. ૫ મો-૨૮ વાતો...... ૩૦૪... ૫ × ૬ાાા ...૦ાા= ૦)=
ટુંકીવાર્તાઓ-ભા. ૬ ઠ્ઠો- ૨૭ વાતો ... ૩૬૦... ” ...૦ાાા ૦)=
ટુંકીવાર્તાઓ-ભા. ૭ મો-અનેક વાતો... ૩૫૦... ” ...૧ા ૦)=ા
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી...... ૧૬૮... ૪ × ૭ા ...૦ા ૦)-

બાળકોમાટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો-૬૯ ખરા બનેલા બનાવો......૧૨૮... ૫ × ૭ા ...૦ા- ૦)-
બાળસદ્‌બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ... ૧૧૨... ” ...૦ા૦ા ૦)-
બાળકોની વાતો-રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ ......૯૬...૫ × ૬ાાા...૦ા ૦)-
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો...... ૯૦...૫ા × ૮ ...૦ા ૦)-

ભગવદ્‌ગીતા, પંચરત્ન ગીતા, ઇત્યાદિ

	કદ ઈંચ	સાદુપૂંઠું	પાકુપૂંઠું	પો૦
ભગવદ્‌ગીતા-ગુજરાતી સરલ ટીકા સહિત-	૩ાા× ૫ા	૦ા=	૦ાા	૦)=
” મરાઠી સુબોધ ટીકા સહિત-	”	૦ા=	૦ાા	માફ
” હિન્દી સરલ ટીકા સહિત-	”	૦ા=	૦ાા	”
ભગવદ્‌ગીતા-મૂલમાત્ર-નાના અક્ષરમાં ગુટકો	”	૦)≡	...	”
” ” મધ્યમ અક્ષરમાં	”	૦ા-	૦ા≡	”
” ” મોટા અક્ષરમાં	૫ા× ૭ા	૦ાા=	૦ાાા=	”
પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના અક્ષરમાં	૩ાા× ૫ા	૦ા-	૦ા≡	”
” ” મધ્યમ અક્ષરમાં	”	૦ાા	૦ાા=	”
” ” મોટા અક્ષરમાં	૫ા × ૭ા	૦ાાા=	૧)=	”

ગીતાનો ૧૮ મો અધ્યાય-ત્રણેમાંની હરકોઇ ટીકા સાથે ૦)૦ાા, ૧૦ નો રૂ ૦ા

છબીઓ { ૧-ભગવાનની, ૨-વ્યાસ તથા ગણેશની ૩-બહાદૂર સર્વદમનની, દરેકનું કદ ૭×૧૦, મૂલ્ય૦)૯. પ્રત ૧૦ નો ૦ાા

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમાવાદમાં-ત્રણદરવાજા બહાર, નદીને રસ્તે, સેશન કોર્ટ પાસે.
મુંબઈ—કાલબાદેવી રોડ, હનુમાન ગલીને નાકે. કાલબાદેવીના મંદિર સામેની દુકાન.

हवे पछी बहार पडनारा ग्रंथो

નીચલામાંના ઘણુખરા ગ્રંથો ચાલુ તેમજ આવતા—૧૯૮૧ ના વર્ષમાં વિવિધ ગ્રંથમાળાદ્વારા તેમજ છુટા નીકળશે અને તરતમાં લેનારને કિફાયતે મળશે.

ભારતનાં સ્ત્રીરત્નો—છપાય છે.
બંકિમનિબંધમાળા—બીજી આવૃત્તિ.
રામતીર્થ—ભાગ ૧૨ થી ૧૪
મહાન અકબર
ગિરધરકૃત શુદ્ધ રામાયણ.
પઢિયારનાં સ્વર્ગનાં પુસ્તકો.
ટુંકી વાતોના નહિ મળતા ભાગો.
ભારતના સંતપુરુષો

શ્રીગૌરાંગ મહાપ્રભુનું મોટું ચરિત્ર
સંતવાણીસંગ્રહ—અનેક ભાગોમાં.
તુલસીકૃત રામાયણ—મૂળ તથા ટીકા.
રાજસ્થાનનો ઇતિહાસ બંને ભાગ.
આંબની વાણી—છપાય છે.
યોગવાસિષ્ઠ બંને ભાગ—નવી આવૃત્તિ.
ભગવતી ભાગવત—નવી આવૃત્તિ.
મહાભારતનાં અઢારે પર્વ

संपूर्ण महाभारत

આ ગ્રંથ કહાડવાની યોજના અગાઉ આ સંસ્થાએ પડતી મૂકેલી. તે પાછી નવેસરથી શરૂ કરવાની તૈયારી ચાલે છે. ઈશ્વરેચ્છા તો આવતા વર્ષમાં તેની યોજના રજુ કરાશે અને બનતાં સુધી એકાદ વરસમાંજ આખો ગ્રંથ રૂ ૨૫)માં બહાર પડી જશે.

પુસ્તકો મંગાવનારને ખાસ સૂચના

૧—પોસ્ટેજ ઉપરાંત રજીષ્ટર તથા વી. પી. ખર્ચ પણ રૂ ૧૦ સુધીનું રૂ ૦। જૂદું લાગે છે. ૨—મુંબઈમાં પણ બહારગામનીજ (અમદાવાદથી સહજ વધુ) કિંમત લેવાતી હોવાથી બહારથી મંગાવનારે અમદાવાદજ લખવું. ૩—મંગાવેલામાંથી જે પુસ્તક ન આવે તે ખલાસ સમજવું. ૪—રૂ. ૧) થી ઓછાનાં પુસ્તકાદિ જોઇયે તો વી. પી. થી ન માગતાં મ. ઓ. કે ટીકીટજ મોકલવી. ૫—પૂરૂં મૂલ્ય તથા વધારાના પેકીંગ ઈ૦ બદલ ૦। પ્રથમથીજ મોકલીને દશેક રૂ. નાં સામટાં પુસ્તકાદિ રેલરસ્તે મંગાવનારને ખર્ચ બહુ ઓછો આવશે. ૬—કમમાં કમ ૨૫) નાં પુસ્તકાદિ લેનારને કમીશન પણ મળશે. ૭—બહારનાં પુસ્તકો લાવીને મોકલાશે નહિ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદમાં—ત્રણદરવાજા બહાર, નદીને રસ્તે, સેશન કોર્ટ પાસે.
મુંબઇમાં—કાલબાદેવી રોડ, હનુમાન ગલીને નાકે. કાલબાદેવીના મંદિર સામે.

વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો પૂરાં પાડનારી, આખા હિંદમાં
સર્વથી સસ્તી અને ૧૪ વર્ષથી ૫૦૦૦ પ્રતમાં નીકળતી

विविध ग्रंथमाळा

ચાલુ ૧૯૮૦ ના વર્ષમાં ઈંચ ૫ા×૮ ના કદનાં ૧૫૦૦ પૃષ્ઠ નાં ઉત્તમ પુસ્તકો રૂ.૪ માં અને પાકાં પૂંઠાં સાથે ૫ માં અપાશે. પો૦ માફ

ચાલુ ૧૯૮૦ નાં પુસ્તક—સ્વામી રામતીર્થ ભાગ ૧૦–૧૧, પૃષ્ઠ ૫૨૮, નેપોલિયન બોનાપાર્ટનું વિસ્તૃત ચરિત્ર પૃષ્ઠ ૮૪૦, ત્રીજું પુસ્તક પણ સત્વર છપાશે.

'વિવિધ ગ્રંથમાળા'ના સં. ૧૯૮૧ નાં પુસ્તકો:—સ્વામી રામતીર્થ ભાગ ૧૨–૧૩ મો, સત્યાગ્રહ અને અસહકાર, યોગી રામચરકનું આરોગ્યવિષેનું ઉત્તમ પુસ્તક, ટુંકી વાતોનો નવો ભાગ, દૃષ્ટાંતસંગ્રહ, રૂશિયન વીર મંડળ, સત્ય નિબંધાવલિ, બંકિમકૃત ધર્મતત્ત્વ, લઘુલેખસંગ્રહ, ભગવાન બુદ્ધ, ટાગોરકૃત ભારતધર્મ, સંતવાણીસંગ્રહ, ભારતીયનીતિ કથાઓ, મુસલમાન મહાત્માઓ, શ્રીગૌરાંગ ભગવાનનું વિસ્તૃત ચરિત્ર, સ્વામી વિવેકાનંદ ભા. ૧૧ મો જ્ઞાનયોગ. એમાંથી તેમજ વધુ પસંદગી જારી રહી તેમાંથી પણ નીકળશે.

સૂચના ૧—ગમે તે માસમાં ગ્રાહક થનારને પુસ્તકો આખા વર્ષનાંજ અપાઈ લવાજમ પણ વર્ષનુંજ લેવાય છે. વર્ષ વીત્યા પછી તે વર્ષના સૅટનું પો. જૂદું ચડે છે.

૨—આ માળાનાં પુસ્તકો મહિને મહિને નહિ પણ વર્ષ દિવસમાં મોટાં મોટાં ત્રણથી ચાર પુસ્તકો નીકળે છે; અને તે તૈયાર થતાં ચાલે તેમ તેમ મોકલાય છે.

૩—માળા ઉપરાંત બીજા પણ જે નાનામોટા ગ્રંથો નીકળે છે, તેની ખબર માળાનાં પુસ્તકોમાં છપાઈ તરતમાં લેનારને ખાસ કિફાયતે અપાય છે.

આગલાં વર્ષોના હજી મળતા સેટ

સંવત ૧૯૭૬ નાં ત્રણ પુસ્તક—(પૃષ્ઠ ૧૫૦૦, સાદાં પુંઠાં સાથે રૂ ૨ા, પો ૦ાા) સ્વામી વિવેકાનંદ ભાગ ૬–૭ મો, ભાગ્યના સૃષ્ટાઓ, ટુંકી વાર્તાઓ ભાગ ૬ ઠ્ઠો.

સંવત ૧૯૭૮ નાં ત્રણ પુસ્તક—(પૃષ્ઠ ૧૫૦૦, સાદાં પુઠાં રૂ. ૩ા પો ૦ાા) ટુંકી વાર્તાઓ ભાગ ૭, કાઉન્ટ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદ ભાગ ૧૦ મો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ અને
મુંબઈ નં.૨

વિજ્ઞાન, યુક્તિ અને અનુભવનાં પુષ્કળ દૃષ્ટાંતો આપી ઋષિ-મુનિઓના ઉત્તમ
સિદ્ધાંતોને સચોટ રીતે સમજાવનાર, માનવહૃદયને અપૂર્વ જ્ઞાન,
ઉત્સાહ અને મનોબળથી ભરપૂર બનાવી મૂકનાર,
તથા અનેક મનુષ્યોનાં જીવન પલટાવી નાખનાર

स्वामी रामतीर्थ ना उपदेश

ग्रंथ १ लो-भाग १ थी ५

ઈંચ ૫।।×૮નાં પૃષ્ઠ ૬૦૦, મૂલ્ય રૂ ૨) પો. ૦।=

આ ગ્રંથમાંના કેટલાક વિષયોનાં નામ:-સ્વામીશ્રીનું જીવન ચરિત્ર, આત્મકૃપા, બ્રહ્મચર્ય, નગદ ધર્મ, ભારતનો ભવિષ્યકાળ, હિંદની જરૂરીઆતો, યજ્ઞનું રહસ્ય, રાષ્ટ્રીય ધર્મ, ઉત્કર્ષનું રહસ્ય, સુધારક, પાપનું નિદાન, આપણું સત્યસ્વરૂપ, સત્યનો માર્ગ, ધર્મનું લક્ષ્યબિંદુ, માનસિક શક્તિઓ, સ્વર્ગનું રાજ્ય, પવિત્ર પ્રણવ, હૃદયસ્થ હરિ, સાક્ષાત્કારની વિધિ, ભ્રાતૃભાવ, પ્રારબ્ધ અને પુરુષાર્થ, સર્વ ધર્મનું સમાધાન.

ग्रंथ २ जो-भाग ६ थी ९

ઇંચ ૫।। ×૮ માં થોડા વખતમાં બહાર પડશે.

આ ગ્રંથમાંના કેટલાક વિષયો:-સર્વ ઇચ્છા પૂર્ણ કરવાનો માર્ગ, વિજયી આધ્યાત્મિક શક્તિ, મોઝીસનો દંડ, જગત્ ક્યારે અને શા માટે? કુટુંબ શી રીતે સુખી કરવાં? દુ:ખમાંથી ઈશ્વરમાં, રામનો સંદેશ, આર્યાવર્તની પ્રાચીન દિવ્યદૃષ્ટિ, જગતપર હિંદનું ઋણ, હિમાલયનાં દૃશ્યો, સ્વામીશ્રીના વાંચવા યોગ્ય પત્રો. ઈ૦ ઈ૦

ग्रंथ ३ जो-भाग १०-११

ઈંચ ૫।।×૮નાં પૃષ્ઠ ૫૦૦, મૂલ્ય રૂ ૨)પોસ્ટેજ ૦।=

ग्रंथ ४ थो-भाग १२ थी १४

આ ભાગ પણ કદ, મૂલ્ય, વગેરેમાં ત્રીજા ભાગના જેવાજ હોઇ ૧૯૮૧ માં નીકળશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ અને મુંબઈ.

જ્ઞાનભક્તિથી ભરપૂર અનુપમ ગ્રંથ.

શ્રીરામકૃષ્ણ કથામૃત-બંને ભાગ

બંનેભાગ ભેગા, કદ ૫ાા×૮, પૃષ્ઠ ૬૫૦. મૂલ્ય રૂ ૨ાા. પોસ્ટેજ ૦ા=

સ્વામીશ્રી વિવેકાનંદજીના જગપ્રસિદ્ધ ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા અદ્‌ભુત પુરુષની જૂદા જૂદા જીજ્ઞાસુઓ તથા વિદ્વાનો સાથેની અતિસરળ અને બોધપ્રદ વાતચીતો, તે દરમીયાન અપાયલાં સચોટ દૃષ્ટાંતો, ગવાયલાં અસરકારક ભજનો, તથા વખતો વખત તેમને થઇ આવેલી ભાવસમાધિઓનું આબેહુબ વર્ણન આ ગ્રંથમાં છે. પોતાની સહી પણ ન કરી જાણવા છતાં જીવન્મુક્ત દશાને પ્રાપ્ત થએલા આ પરમપૂજ્ય મહાત્માનાં કથનોમાં જે ઉપદેશામૃત, મીઠાશ અને અસર રહેલાં છે, તે વાંચવાથીજ સમજાય તેમ છે. **આમાંની થોડીક બાબતોનાં નામઃ**-પુસ્તકો વિના પણ જ્ઞાન થઇ શકે? જ્ઞાની કોણ ને અજ્ઞાની કોણ? પ્રતિમાપૂજન કેવી ભાવનાથી કરવું જોઇયે? શું કરીએ તો ઇશ્વરમાં ચિત્ત પરોવાય? વિષયી લોકો નિંદા, મશ્કરી કરે ત્યારે શું કરવું? દુષ્ટ લોક ઇજા કરવા આવે તો શું કરવું? ચાર પ્રકારના જીવ. સંસારીમાટે મુક્તિનો ઉપાય. શ્રદ્ધાનું માહાત્મ્ય. સત્સંગનું વ્યસન. ત્રિગુણાત્મક પ્રકૃતિ પ્રમાણે ત્રિગુણાત્મક ભક્તિ. શરીરત્યાગ કે આત્મહત્યા? ગુરુ કોણ? સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ. નિષ્કામ કર્મ અને કર્મત્યાગ. ભગવત્સેવા અને કુટુંબસેવા. ત્રણ જાતના આચાર્ય. પાત્રાપાત્રનો વિચાર. ખ્રિસ્તીધર્મ અને પાપનો સિદ્ધાંત. જ્ઞાનોન્માદ અને જીવન્મુક્તિ. અમલદારી અને અહંકાર. યોગ અને ભોગ. ત્યાગની પરાકાષ્ઠા અને સાચો સંન્યાસ. અનંતનું દર્શન. રામાનુજ અને વિશિષ્ટાદ્વૈત. ઇશ્વરપ્રાપ્તિ અને દુનિયાદારી. કાચો અહંકાર અને પાકો અહંકાર. સાચી ભક્તિ અને દેખાડવાની ભક્તિ. ખરો દરિદ્રી કોણ? હરિશ્ચંદ્રની કથા અને ભાવસમાધિ. ગુરુકૃપા અને અભયદાન. સંસારનું રામબાણ ઔષધ. ગુરુપણું અને નીચતા. ગૌરાંગપ્રભુનું દર્શન. મહાન્ ભક્ત જયમલનું ચરિત્ર. જનક ને શુકદેવ. પ્રારબ્ધ અને વામાચાર. જટિલ છોકરાની વાત. અનાહત શબ્દ. સિદ્ધિ અને અહંકાર. નાટકશાળામાં સમાધિ. શ્રીગૌરાંગનો પ્રેમોન્માદ. સર્વપર પ્રેમ શી રીતે રાખવો? માતાના પ્રેમની વાતો. સાધકે સ્ત્રી પ્રતિ કેમ વર્તવું? દેવી ચૌધુરાણીની વાત. ઇશ્વરપ્રાપ્તિ એજ ખરી ચાતુરી. પૈસાનો, ઐશ્વર્યનો અને સિદ્ધિનો ઉપયોગ. કર્મબંધનનું અમોઘ ઔષધ. ખરો વૈષ્ણવ કોણ? પ્રભુને જાણો એટલે બધું જણાઇ રહેશે. જુવાનીમાંજ ત્યાગવૈરાગ્યની જરૂર. સંસારી અને પ્રભુપ્રેમી વચ્ચેનો ભેદ. ઠાકોરસેવામાં પણ કુથલી? સાધના અને સાક્ષાત્કાર વિષે ગુહ્ય વાતચીત. પરમહંસદેવના અદ્‌ભુત અનુભવો. ઇશ્વરને ઓળખ્યા પછીજ સંસારમાં પ્રવેશ કરો. ઇશ્વરી આનંદ અને સંસારસુખ વચ્ચેનો તફાવત.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ અને મુંબઇ.

स्वामीविवेकानंदना सदुपदेश

ग्रंथ १ लो--भाग पहेलो, बीजो अने त्रीजो

ઈંચ ૫ાા×૮નાં પૃષ્ઠ ૫૭૫, મૂલ્ય ૨ા પો. ૦ા=

આમાંના કેટલાક વિષયો:—ધર્મ એટલે શું? વેદાન્ત અને સુધારો. આર્યતત્ત્વજ્ઞાનના પગથિયા. અનુભવનો માર્ગ. અમેરિકાની સર્વધર્મપરિષદ્‌માં વ્યાખ્યાન. ભારતમાં મળેલા અનેક માનપત્રો અને તેના બોધપ્રદ ઉત્તરો. ઈંગ્લૅન્ડ તથા અમેરિકાની સરખામણી. ભારતની જડતાનું કારણ—આત્મા પ્રતિ અવિશ્વાસ. તમારામાં અનંત સામર્થ્ય છે. મહાભારતના કૃષ્ણની પૂજા. પ્રાચીન સભ્યતાની વિશેષતા. ધાર્મિક ઉત્સવોની આવશ્યકતા. સ્ત્રીકળવણીની રૂપરેખા. સંઘશક્તિ એજ મહાશક્તિ. સંકલ્પસિદ્ધ ઋષિઓનું સામર્થ્ય. અવતારી પુરુષોનો અનુભવ. સેવાધર્મની ઉત્તમતા. ભોગ અને યોગ સાથે બનેજ નહિ. સંન્યાસમહિમા અને કર્તવ્ય. અમેરિકાની વિજયકથા. સૂક્ષ્મ મનનું સામર્થ્ય. પાદરીઓનો ઉપદ્રવ. પ્રેતયોનિનું અસ્તિત્વ. એક પ્રેતાત્માનો ઉદ્ધાર. ડારવીનનો સિદ્ધાન્ત. શક્તિ ખીલવવાનો માર્ગ. ઈશ્વરના કૃપાપાત્ર કેમ બનાય? મનને વશીભૂત કરવાનો માર્ગ.

ग्रंथ २ जो--भाग चोथो अने पांचमो

ઈંચ ૫ાા×૮નાં પૃષ્ઠ ૬૦૦, મૂલ્ય રૂ ૨ા પો. ૦ા=

આમાંના કેટલાક વિષયો:—વેદાન્તનું મહાન કાર્ય. મારા યુદ્ધની વ્યૂહરચના. ભરતખંડના મહાન પુરુષો. ભરતખંડનું ભવિષ્ય. હિંદુધર્મનાં સામાન્ય મૂળતત્ત્વો. સંન્યાસનો આદર્શ અને તેનું વ્યાવહારિક સ્વરૂપ. હું શું શીખ્યો છું? વર્તમાન હિંદના મહાન્ પ્રશ્નનું નિરાકરણ. પઉહારી બાબાનું વૃત્તાન્ત. પરોપકાર કર્મબંધનને તોડી શકે છે. પરોપકાર પોતાના કલ્યાણમાટેજ કરવાનો છે. કર્મયોગનો આદર્શ.

भाग छट्ठो तथा सातमो

ઈંચ ૫×૬ાાાનાં પૃષ્ઠ ૪૨૦, મૂલ્ય રૂ ૧) પો. ૦)≡

આ ગ્રંથમાં સ્વામીજીના પત્રો, અનેકો સાથેનાં સંભાષણો, મુલાકાતો, તથા સંવાદોના રૂપમાં અનેક બોધપ્રદ વિષયો સમાયલા છે. જેમકે:—બાળકમાં જન્મથી ખોડ કોના પાપથી આવે છે? મૃત્યુ પછીની દશા. બાળલગ્નનિષેધ. દુષ્કાળોનો ગહન સવાલ. સ્વાત્માર્પણ કરનારા કાર્યકર્તાઓ. દરેક જણ વિવેકાનંદ થઈ શકે. અખંડ બ્રહ્મચર્ય એજ બળની ચાવી. પૂર્વ જન્મોનું જ્ઞાન. ગુરુકુલની પ્રાચીન પ્રથા. રાષ્ટ્રીય શિક્ષણની અગત્ય. સત્યકામની વાર્તા. ત્યાગીઓના હાથતળેનું શિક્ષણ. પાઠ્ય પુસ્તકો કેવી રીતે તૈયાર કરવાં? જાપાનની મહત્તાનું રહસ્ય. અધિકારીવાદના અનર્થો.

भाग आठमो

ઇંચ ૫×૬॥નાં પૃષ્ઠ ૫૮૦, મૂલ્ય રૂ ૨) પો. ૦।

આમાંના કેટલાક વિષયો:–પૂર્વ અને પશ્ચિમ. ભક્તિયોગ. ભક્તિ અને મૂર્તિપૂજા. વૈદિક ધર્મના આદર્શો. થિયોસોફીવિષે વિચારો. જડભરતની વાર્તા. પ્રહ્‌લાદની વાર્તા. જગતના મહાન્ આચાર્યો.

भाग ९ मो--संपूर्ण जीवनचरित्र

ઇંચ ૫×૬॥નાં પૃષ્ઠ ૭૪૦, મૂલ્ય ૨) પાકું ૨॥ પો. ૦।–

અનેક ગ્રંથોને આધારે લખાયલા આ ચરિત્રમાં સ્વામીજીના જીવનની તમામ જાણવા જેવી બાબતો સમાઇ જાય છે. **કેટલાંક બાબતોનાં નામ:**–કુલવૃત્તાન્ત. બાલ્યાવસ્થા અને વિદ્યાર્થી અવસ્થા. આવી પડેલી વિપત્તિઓ. જાગૃત થયેલી સત્યની જિજ્ઞાસા. શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે સમાગમ. સાધક દશા. નિર્વિકલ્પ સમાધિ. હિમાલયમાં અને દેશના જૂદા જૂદા ભાગોમાં પ્રવાસી સાધુ તરીકેનું જીવન. અમેરિકાનો પ્રવાસ અને મુશ્કેલીઓ. સર્વધર્મપરિષદ્‌ના સર્વોપરિ ધર્મવક્તા અને વેદાન્તના અદ્‌ભુત ઉપદેશક. બેલૂર મઠ અને રામકૃષ્ણ મિશનની સ્થાપના. ભગિની નિવેદિતા વગેરે સાથેની ચર્ચાઓ. મરકી, દુષ્કાળ વગેરે પ્રસંગોમાં તેમની સેવાઓ. અનાથાશ્રમો, સેવાશ્રમો વગેરેની સ્થાપના. ફરીથી અમેરિકા જવું. બેલૂર મઠમાં જીવન. મહાસમાધિ. ઉપસંહાર.

भाग १० मो--राजयोग

ઇંચ ૫×૬॥નાં પૃષ્ઠ ૩૦૦, મૂલ્ય ૧) પાકું ૧। પો. ૦)=

આમાં સ્વામીજીનાં રાજયોગ ઉપરનાં આઠ મહત્ત્વપૂર્ણ ભાષણો ઉપરાંત યોગદર્શનનાં તમામ મૂળ સૂત્રો તેના અર્થ તેમજ વિવેચન સાથે આપેલાં છે. યોગશાસ્ત્રને લગતાં અનેક રહસ્ય તથા ખુલાસાઓ આમાં આવી જાય છે.

भाग ११--१२--१३ तथा १४

આ ભાગો હવે પછી વિવિધગ્રંથમાળાદ્વારા નીકળશે અને તેમાં સ્વામી વિવેકાનંદજીનો જ્ઞાનયોગ તથા બીજા બાકી રહેલા વિષયો આવશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ અને
મુંબઈ નં. ૨

યુગધર્મ

દર પૂર્ણિમાએ બહાર પડે છે; તંત્રી:ડૉ. સુમન્ત મહેતા

રાજનીતિ અને અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર, આરોગ્ય અને કેળવણી, સંસ્કૃતિ અને જીવનચરિત્ર વગેરે અનેક વિષયોની ચર્ચા ઉપરાંત પુસ્તકપરિચય, જ્ઞાનગોચરી, નોંધ ઇ૦ પ્રકટ કરતું ગુજરાતી ભાષાનું પ્રથમ પંક્તિનું માસિક.

વાર્ષિક લવાજમ: રૂા. ૬-૦-૦; પરદેશના રૂા. ૭-૮-૦. ગ્રાહક થવા માટે લખો યુગધર્મ કાર્યાલય, રાયખડ, અમદાવાદ.

યુગધર્મ કાર્યાલયનાં પુસ્તકો

અસહકાર: મહાત્મા ગાંધીજીના લેખો વિ૦નો સંગ્રહ રૂા. ૨-૮-૦
ખેડાની લડત: લેખક : શંકરલાલ દ્વારકાદાસ પરીખ રૂા. ૧-૮-૦
ચંપારણ્યમાં મહાત્માગાંધીજી:લેખક:બાબુ રાજેન્દ્રપ્રસાદ ૧-૮-૦
કાળા પાણીની કથા : લેખકો:શ્રી. બારીન્દ્રકુમાર ઘોષ વિ.રૂ. ૧-૪-૦
સુકુલ : (બીજી આવૃત્તિ) : બાળકોની વાર્તાઓ રૂા. ૦-૧૨-૦
રાષ્ટ્રગીતા:(ત્રીજી આવૃત્તિ):સંગ્રહકર્તા: ઇન્દુલાલ યાજ્ઞિકરૂ. ૦-૧૨-૦
કારાવાસની કહાણી : લેખક : શ્રી અરવિંદ ઘોષ રૂા. ૦-૧૨-૦
આટલું તો જાણજો : લેખક : નરહરિ દ્વારકાદાસ પરીખ રૂા. ૦-૬-૦
કોરીઆની લડત : લેખક : નંદલાલ મણિલાલ શાહ રૂા. ૦-૩-૦
અનંતા : લેખક : આરણ્યક રૂા. ૦-૮-૦

લખો : નવજીવન પ્રકાશન મંદિર—અમદાવાદ

બીડી પીનારાઓ સાવધાન!

વિદ્વાન એમ. ડી. ડૉક્ટરે બીડી પીનારા તથા બીડી નહિ પીનારાનાં ફેફસાં તપાસ્યાં. પરીક્ષાનું પરિણામ એ આવ્યું જે બીડી પીનારાનાં લગભગ બધાનાં ફેફસાંમાં ઉપદ્રવ જોવામાં આવે છે; જ્યારે બીડી નહિ પીનારામાં માત્ર સેંકડે સત્તાવીશ માણસોનાં ફેફસાંમાં ઉપદ્રવ માલુમ પડે છે. આ ઉપદ્રવને લીધે "ક્ષય"ના જંતુઓ તરતજ ઘર ઘાલી કરી જાય છે, અને નબળાં ફેફસાંવાળા ઉપર હલ્લો કરે છે. તેથીજ બીડી પીનારાઓને ક્ષય સાધારણ રીતે વધારે થાય છે. બીડી પીનારાઓ અને તમાકુના ગુલામો આ ઉપરથી કાંઇ ધડો લેશે કે પોતાનો ઇશ્ક માણ્યાજ કરશે ?

મહારાજ શ્રીનથુરામ શર્માકૃત પુસ્તકો

વેદાંતદર્શન પાકા પૂંઠાનું રૂ. ૩-૮-૦ વેદાંત દર્શન કાચા પૂંઠાનું રૂ. ૩-૦-૦ શ્રીશંકરાચાર્યનાં અષ્ટાદશ રત્નો રૂ. ૧-૮-૦ શ્રીસાંખ્ય પ્રવચન રૂ. ૧-૦-૦ જીવન્મુક્તિ વિવેક રૂ. ૫-૪-૦ સદુપદેશ દિવાકર પ્રથમ કિરણ ૦-૧૨-૦ સદુપદેશ દિવાકર દ્વિતીય કિરણ ૦-૧૨-૦ સદુપદેશ દિવાકર તૃતીય કિરણ ૦-૧૨-૦ સદુપદેશ દિવાકર ચતુર્થ કિરણ રૂ. ૧-૨-૦ ઉપદેશ ગ્રંથાવાલ અંક ૧ થી ૧૦ સુધી રૂ. ૦-૪-૦ ઉપદેશ ગ્રંથાવલિ અંક ૧૧ થી ૨૫ સુધી ૦-૮-૦ ઉપદેશ ગ્રંથાવલિ અંક ૨૬ થી ૩૫ સુધી ૦-૮-૦ સુબોધ કલ્પલતા રૂ. ૦-૯-૦ રાસ પંચાધ્યાયી પાકા પૂંઠાના રૂ. ૦-૭-૦ રાસ પંચાધ્યાયી કાચા પૂંઠાના રૂ. ૦-૫-૬ વિનોદમાળા રૂ. ૦-૫-૦ નાથ કાવ્ય રૂ. ૦-૫-૦ મનુષ્ય મિત્ર રૂ. ૦-૪-૦ સદુપદેશમાળા રૂ. ૦-૩-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ રૂ. ૦-૩-૬ પત્ર કલ્પ મંજરી રૂ. ૦-૩-૦ મહામંત્રમાલિકા રૂ. ૦-૩-૦ નાથ સ્વરોદય રૂ. ૦-૨-૬ રુદ્રસૂક્ત. પુરુષ સૂક્ત, ને ઇશાવાસ્ય ૦-૪-૦ સુવિચાર ચંદ્રિકા ૦-૨-૦ શ્રીપ્રણવ વિસ્તારપટ્ટ ૦-૨-૦ શ્રીપ્રણવપટ્ટ રૂ. ૦-૩-૦ સદુપદેશક પદ્યો રૂ. ૦-૧-૦ સ્વાભાવિક ધર્મ રૂ. ૦-૨-૬ સનાતન ધર્મની ગર્જના રૂ. ૦-૧-૦ શ્રીસૂક્ત રૂ. ૦-૦-૯ વૈરાગ્ય સુધાકર રૂ. ૦-૧-૬ ભક્તિસુધા રૂ. ૦-૦-૬ યોગ પ્રભાકર ૦-૩-૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ રૂ. ૦-૧-૬ પરમપદ બોધિની રૂ. ૦-૧૪-૦ યજુર્વેદીય આહ્નિક પ્રકાશ રૂ. ૦-૯-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર રૂ. ૦-૧-૦ યોગ કૌસ્તુભ રૂ. ૧-૮-૦ પંચરત્ન ગીતા રૂ. ૧-૮-૦ રહસ્યદીપિકા ટીકાવાળાં શ્રીમદ્ ભગવદ્ગીતા રૂ. ૩-૮-૦

ઉપરના ગ્રંથો નીચે લખેલે ઠેકાણેથી વિ. પિ. થી વા રોકડા મૂલ્યથી મળી શકશે.

ત્રિભુવન વિઠ્ઠલજી દવે. વ્યવસ્થાપક, આનંદાશ્રમ **બીલખા (કાઠિયાવાડ.)**

ચ્હા એ શું ખોરાક છે ?

ચાહ ખોરાક છે કે કેમ આ બાબત ઘણા ડોકટરો પ્રયોગો કર્યાજ કરે છે. લગભગ બધા એકજ મત થયા છે કે ચાહને ખોરાક કહેવો તે મૂર્ખાઇ છે. માત્ર ચાહની સાથે ખાંડ અને દુધ લેવામાં આવે છે તે ખોરાક રૂપ છે ખરાં. ચાહ તો માણસના શરીરને અશકિત લાવવાવાળી ચીજ છે. જ્યારે કોઈપણ કારણે શરીર થાકી જાય છે અને કુદરત કહે છે કે "તું કામ કરતો નહિ" ત્યારે આ થાકેલ માણસ ચાહનો પ્યાલો લઇ ઝેર પેટમાં નાખે છે. આ ઝેર કહે છે કે "રસ્તો ખુલ્લો છે આગળ ચલાવ" આ પ્રમાણે થાકેલ માણસ કુદરત વિરુદ્ધ જઇ કામ શરૂ કરે છે પરિણામ એ આવે છે કે થાક વિશેષ લાગતો જાય છે અને છેવટે ટાંટીઆ ભાગી જાય છે. ચાહના શોખીનો સમજી ચાહને બદલે છાશ પીવાનું કરે તો જરૂર ટાંટીઆમાં વધારે બળ આવે. ચાહ પીવાથી તો ટાંટીઆ ગળી જવાનાજ. પ્રભુએ આંખ આપી છે તેનો ઉપયોગ કરીને જનારને માટે દુનીયામાં દાખલા ઓછા બનતા નથી, અંધાને માટે તો કુદરતે મોટી ખાઇ ખોદી રાખી છે. ભલે આવીને તેમાં પડે.

સેલાઈથી તુટતી તીજોરીઓ

શેઠ ઇ. એસ. અબ્દુલ કયુમની વડગાદી ઉપરની દુકાનની તીજોરી આઠ મહીના ઉપર હથિયારબંધ ચોરોએ તોડી નાખી રૂ. ૧૭૦૦ નો અવેજ કાઢી ગયા હતા. ચોરી પછી અબ્દુલ કયુમ શેઠે ગોદરેજની તીજોરી ખરીદ કરી. ત્રણ મહીના ઉપર બીજીવાર હથીયારબંધ ચોરો દુકાનમાં પેઠા અને ગોદરેજની તીજોરી તોડવાનું બહુ મથન કર્યું પણ ખાલી હાથે પાછા ગયા.

ફાયરપ્રુફ કરવા માટે જે જે વસ્તુઓ ગોદરેજ વાપરે છે તેવી બીજાઓ વાપરતા નથી.

મુળજી જેઠા મારકીટની આગમાં બે દુકાનમાં બે બે તીજોરી જોડાજોડ હતી, એકેક ગોદરેજની અને એકેક જાણીતા વિલાયતી મેકરોની હતી. બંને ઠેકાણે ગોદરેજની તીજોરીમાં સર્વ સલામત હતું અને વિલાયતીમાં બળી ગયું

ચોર અને ઘરફાડુથી બચાવનારી સ્ટીલની

પોતાનો જોખમ સાચવવા માટે જેઓ તીજોરી ખરીદી શકે
માટે ગોદરેજે એક નવી જાતની બહુ મજબૂત સ્ટીલની પેટી બનાવવા
એ પેટીઓ મેજ અથવા કબાટની સાથે જડી શકાતી હોવાથી ચોર ઉપ
શકતો નથી. વકરો રાખવા દુકાનદારો એ પેટીઓ બહુ ખરીદે છે.

ગોદરેજનું કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.

ગોદરેજનો કપડાં ધોવાનો સાબુ.

બહુ લાંબા અનુભવ પછી ગોદરેજે આ સાબુ બનાવવા માંડ્યો છે. કિંમતમાં સસ્તો હોવા સાથે સારા વિલાયતી સાબુના જેવો છે કે નહિ તેની સમજ વાપરવાથી પડશે. દરેક જાણીતા દુકાનદારોને ત્યાં મળશે.

ગોદરેજનું ઘર રંગવાનું બેલ તેલ.

આમાં ઘાસતેલ યા બીજું કશું પણ ભેળવવામાં આવતું નથી. એ તેલ દરેક બાબતમાં ઉંચામાં ઉંચા વિલાયતી તેલની બરાબર ઉતરે છે. છતાં કિંમતમાં વિલાયતીથી ૨૦ ટકા કમી હોય છે. મોટા કંટ્રાકટરો અને ઇજનેરો બહુ ખરીદે છે.

ગોદરેજ ઓઇલ એન્ડ સૉપ કં૦ સુરતી મોહોલ્લા, ડંકન રોડ, મુંબઇ.

૦–૪

પદ્ :

તન ધર

ભક્તિસુધા

૦–૧–૬

સંખ્યાનો

રૂ. ૧–૮

ઉ

ત્રિ